ઇંડીયન લા રીપોર્ટ ઉપરથી

કલકતા હાઈકોરટના ફોજદારી ફેસલાનો સંગ્રહ*

सने १८७५ थी सने १८८८सुधी

વાલ્યુમ ૧ થી વાલ્યુમ ૧૫ સુધીના

ફેસલાનું ભાષાંતર

કરનાર

રા૦ ગોવીંદલાલ બાલાજી.

હાવાદની સ્માલકાજ કોરટના વકીલ.

તે

અમદાવાદમાં

"કૈસરે બાહાદુર" છાપખાનામાં "સવાઇભાઈ રાયચંદે" છાપી પ્રસીદ્ધ કર્યું.

આવૃત્તિ પહેલી.

સંવત ૧૯૪૫—સને ૧૮૮૯.

કિંમત રૂ૭—૦—૦

अनुक्रमणिका.

——❋——

વાલ્યુમ ૨ જું.

વાલ્યુમ ૩ જુ.

વાલ્યુમ ૪ થું.

વાલ્યુમ ૬ઠું.

વાલ્યુમ ૮ મું.

વાલ્યુમ ૯ મું

વાહલુમ ૧૦ મું.

વાલ્યુમ ૧૧ મું

વાલ્યુમ ૧૨ મું.

વાલ્યુમ ૧૩ મું.

વાલ્યુમ ૧૪ મું

વાલ્યુમ ૧૫ મું.

કલકતા હાઇકોરટના ફોજદારી ફેંસલા.

વાલ્યુમ ૧ લું

અસલ ફોજદારી મુકરદમા.

તા૦ ૨૧ મારચ તથા તા૦ ૧૦ એપ્રેલ સને ૧૮૬૯

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ

પોંટીફેકશ સાહેબોની હજુર

મહારાણી વી૦ હરીબોલચંદ્ર ઘોઝ.

પુરાવ આકટ (સને ૧૮૭૨ ના ૧ લા)ની કલમ ૨૫, ૨૬ અને ૧૬૭—પુરાવામાં કબુલત દાખલ કરવી—પોલીસ અમલદાર વગી માજીસ્ટ્રેટ—કલકત્તામાં ડીપુટી પોલીસ કમીશનર—સને ૧૮૬૫ ના લેટરપેટંટની કલમ ૨૬—આડવોકેટ જનરલે સરટીફીકેટ આપેલો મુકરદમો.

કેદીને પકડવામાં આવ્યો એટલે જે ઇન્સ્પેકટરના તાબામાં તે હતો તેમાંના એક ઇનસ્પેકટરની રૂબરૂ કબુલતના પ્રકારની હકીકત કહી અને તે પછી પોલીસ ઓફીસમાં ડીપુટી પોલીસ કમીશનરની રૂબરૂમાં તેણે તે ઉપર સહી કરી અને ડીપુટી કમીશનરે તે હકીકત માજીસ્ટ્રેટ તથા જસ્ટીસ ઓફ્ધીપીસના હોદાથી તે હકીકત લેઇ તે ઉપર પોતે સહી કરી. હાયકોરટના ફોજદારી સેશનમાં તે કેદીની તપાસ ચાલતાં તે કેદીની આ હકીકત તેના વીરૂધ પુરાવમાં ગુજારવામાં આવી. અને તે જડજે દાખલ કરી અને તેમણે કેદી તરફથી પુરાવ આકટની કલમ ૨૫ પ્રમાણે તો પુરાવમાં દાખલ કરવા લાયક નથી એવી હરકત લેવામાં આવેલી તે નામંજુર કરવામાં આવી. તેમાં ઠરાવવામાં આવ્યું કે પુરાવ આકટની કલમ ૨૫ મી પ્રમાણે તે કબુલત પુરાવમાં દાખલ કરવા લાયક નથી.

* * * * * * *

પાનુ ૨૦૭ હાયકોરટના ફોજદારી માસના સેશનમાં હરીબોલચંદ્ર ઘોઝ તથા કેશબચંદ્રબાનાની તપાસ કરવામાં આવી અને તેને ખાસ જ્યુરીએ ગુનેહાર ઠરાવ્યા તેમાં પાછલા કેદીને જુઠા બનાવટના દસ્તાવેજને ખરા તરીકે વાપરયા બાબત તથા પેહેલાને તે ગુનામાં મદદ કરયા બાબત ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે. તેથી તેઓને જસ્ટીસ મે

કફરેશન સાહેબે ૧૪સ વરસ સમુદ્રપારની શીક્ષા કરેલી છે તે તપાસ ચાલતાની દરમીઆનમાં કેદી હરીબોલના વીરૂધ તેણે કીદપુરમાં પોતાના બાપના ઘરમાં બે પોલીસ ઇનસ્પેકટરની રૂબરૂ તથા બીજા કેદીની રૂબરૂ કબુલતના પ્રકારની જે હકીકત કહેલી તે સ્ટાંડીગ કાઉનશીલે પુરાવમાં ગુજારવા માંડી. જે વખતે આ હકીકત કહેવામાં આવી હતી તે વખતે તે કેદીઓ પોલીસના પેરામાં હતા અને તે પેહેલાં કલકતાના ડીપોટી કમાશનર મી૦ લ્યાંબટ સાહેબે કાહાડેલા વારંટથી થોડીક મુદત ઉપર હરીબોલને પકડવામાં આવેલો હતો. આ હકીકત કહેવામાં આવી એટલે પોલીસ ઇનસ્પેકટરોમાંના એક પોલીશ ઇનસ્પેકટરે તે લખી લીધી અને તે કેદીઓને કલકતે લઇ જવામાં આવ્યા. ત્યારે પોલીશ ઓફીસના મકાન ઉપર પોલીસના દીપુટી કમીશનરની ખાનગી રેહેવાની જગા છે ત્યાં તેઉ સાહેબની રૂબરૂ હરીબોલે તે હકીકત શાચી છે એમ કબુલ કરી તે ઉપર સહી કરી અને તે કેદીની શહી નીચે મી૦ લ્યાંબટે માજીસ્ત્રેટ તથા જસ્ટીશ ઓફધીપીશ તરીકે સહી કરી.

આ હકીકત પુરાવમાં આપવા માંડી તે વખતે કેદી હરીબોલના કાંઉનશલે એવી હરકત લીધી કે પુરાવ આકટની કલમ ૨૫ પ્રમાણે તેના વીરૂધ તે પૂરાવમાં દાખલ થઇ શકતીનથી. પરંતુ જસ્ટીસ મ્યાકફરસન સાહેબે તે હરકત નામંજુર કરી ઠરાવ્યું કે તે હકીકત કલમ ૨૬ પ્રમાણે હરીબોલના વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક છે. જસ્ટીસ મ્યાકફરશન સાહેબે લેટરશપેટંટની કલમ ૨૫ પ્રમાણે તે બાબત અદબદ રાખવાને ના કહી. પરંતુ ખાસ હકીકત તરીકે આડવોકેટ જનરલ તરફ મોકલી તેથી તેઉ સાહેબે લેટરસપેટંટની કલમ ૨૬ પ્રમાણે એવું સરટીફીકેટ આપ્યું કે કાયદાની આ બાબતી વીશે વધારે વીચાર થવો જોઇએ તેથી તે કામ સદરહુ કલમ પ્રમાણે ફરી તમાસમાં સુનાવણી ઉપર આવ્યુ.

કેદી તરફથી મી૦ જ્યાકશન અને મી૦ આરએલન.

સરકાર તરફથી મી૦ સ્ટાંડીંગ કાઉન્શલ (મી૦ કેનેડી)

મી૦ જ્યાકશને તકરાર કરીકે જે હકીકત કબુલ કરવામાં આવેલી છે તે પોલીસ અમલદારની રૂબરૂ કરેલી કબુલત છે. માટે પુરાવ આકટની કલમ ૨૫ પ્રમાણે તેને ખુલી રીતે હરકત છે. આ કામમાં પોલીસ અમલદાર વળી માજીસ્ત્રેટ છે. તે હકીકતથી તે કલમના હેતુમાં કાંઇ ફેરફાર થતો નથી. કારણ કે તેથી પોલીસ અમલદાર તે કાંઇ ઓછા થતા નથી તેઉ પોતાનું પોલીસ અમલદારનું તથા માજીસ્ત્રેટનું કામ જુદુ પાડી શકતા નથી, માટે કલમ ૨૬ ના હેતુ પ્રમાણે તે માજીસ્ત્રેટ નથી. કલમ ૨૫ મી બીજી રીતે વાંચવામાં આવે તો તેમાં પોલીસ અમલદાર એવા શબ્દો છે

તે સાથે જો તે માજીસ્ટ્રેટ ના હોય તો એવા શબ્દો ઉમેર્યા થાય. અને તેથી હાલના ઠરાવનો અરથ કર્યો થાય નહીં. પરંતુ નવો કાયદો કર્યો થાય. વળી એવી અરજ કરવામાં આવે છે કે મી૦ લ્યાંબર્ટ પોલીસના માજીસ્ટ્રેટ નથી. અને તેમને કલકતામાં પોલીસના માજીસ્ટ્રેટ તરીકે કામ કરવાને કાંઇ અખત્યાર નહી હતો. સને ૧૮૬૬ ના બંગાળાના આક્ટ ૪ પ્રમાણે દીપોટી પોલીશ કમીશનરને કલકતાના પોલીશના માજીસ્ટ્રેટ નીમવા એવો કાંઇ અખત્યાર આપવામાં આવેલો નહી હતો. કલમ ૬ માં કહેલું છેકે પોલીસ કમીશનર સાધારણ રીતે પોલીસના માજીસ્ટ્રેટ થશે નહી પરંતુ તે કામ ઉપર ગવરનર જનરલની ખાશ મંજુરીથી તેમને નીમી શકાયછે. કલમ ૭ માં ઠરાવ્યું છે કે તેમને જસ્ટીશ ઓફધીપીશ નીમવા. પરંતુ જયાં સુધી તેમને પોલીસના માજીસ્ટ્રેટની હકુમત આપવામાં આવેલી ના હોય ત્યાં સુધી તેઉ ફકત સુલેહનો ભંગ નહી થવા બાબત જરૂરીયાત રીતે જસ્ટીસ તરીકે કામ કરસે. એટલે ગુના અટકાવવા તથા પોલીસના માજીસ્ટ્રેટની રૂબરૂ ગુનેહગારોને શોધી કાહાડી પકડીને રજુ કરવા સારૂ તેમને રાખવા તથા આ આકટથી તે કમીસનરનું જે કામ ઠરાવેલું છે ને કામ બજાવવાના કારણસર તે ફકત જષ્ટીસ છે. વળી તે કલમમાં ઠરાવ્યું છે કે દીપોટી કમીશનરને જસ્ટીસ ઓફધીપીશ નીમી શકાય છે અને જો તે પ્રમાણે નીમવામાં આવે તો ઉપરની મરીયાદા સાથે તેઓએ જષ્ટીસ તરીકે કામ કરવાનું છે. કલમ ૧૨ થી કલકતાને વાસ્તે લાયક સખસોને પોલીસના માજીસ્ટ્રેટ નીમવા બાબત લેફટીનંટ ગવરનર સાહેબને અખત્યાર આપવામાં આવેલો છે. પરંતુ એવી અરજ કરવામાં આવી છે કે તે અખત્યારનો અમલ કરવાનો કલમ ૬ અને ૭ કે જેથી ખાશ હકીકત હોય તો કમીશનરે પોલીસના માજીસ્ટ્રેટ નીમવા તથા દીપોટી કમીશનરને જસ્ટીસ ઓફધીપીશ નીમવા એવું ઠરાવેલું છે. પરંતુ પોલીસના માજીસ્ટ્રેટ તરીકે દીપોટી કમીશનરને નીમવામાં ઠરાવેલું નથી તે કલમોજ પ્રમાણે ચાલવું જોઇએ. કમીશનરને ફકત ગવરનર જનરલની મંજુરી સાથે નીમવા પણ દીપોટી કમીશનરને તે મંજુરી શીવાય નીમવા એવો કાયદો કરનારનો ઇરાદો હોય એમ સંભવતુ નથી. જો તેમને નીમવામાં આવેલા હોય તો તેમની નીમણુંક કાયદેસર નથી. અને રદ બાતલ છે, સબબ તે માજીસ્ટ્રેટ તે કામ કરી શકતા નથી, બીજો કોઇ આકટ નથી કે જે પ્રમાણે એમને નીમી શકાય. દીપોટી કમીશનરને ૨૪ પ્રગાણાના માજીસ્ટ્રેટ નીમવામાં આવેલા હોય તેથી તે કલકતામાં માજીસ્ટ્રેટ તરીકે કામ કરવાને શકતીવાન થતા નથી. અગર આ કામના કારણસર પુરાવ આકટની કલમ ૨૬ પ્રમાણે તે માજીસ્તરેટ થતા નથી. અને જો તે થાયતો ફોજદારી કામ

ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૨૨ માં ઠરાવેલી રીત પ્રમાણે આ હકીકત પુરાવમાં દાખલ કરતાં પેહેલાં ચાલવું જોઇતું હતું. પરંતુ તે પ્રમાણે કરવામાં આવેલું નથી.

એવી અરજ કરવામાં આવી છે કે આ હકીકત સ્પષ્ટ રીતે પોલીસ અમલદારની રૂબરૂ કહેવાગાં આવી છે. માટે તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી. આ બાબતનો સવાલ સને ૧૮૭૪ માં જસ્ટીશ મારકબી સાહેબની રૂબરૂ ઉતપન થયો હતો અને તેઉ સાહેબે કેદીના લાભમાં ઠરાવ કરેલો છે—માહારાણી વીરૂધ મ્યાકડોનલ.

તેજ બાજુ તરફથી મીં બાલન—કલમ ૨૫ નો ઇરાદો જે સખસ પોલીસ અમલદાર હોય તે જે કબુલત પાછળથી કેદીના વીરૂધ ઉપયોગમાં લેઇ સકાય તેવી કબુલત બીલકુલ લેઇ સકે નહીં તેવોછે. (જસ્ટીશ પોંટીફેક્સ—ધારો કે પોલીસનો ચીફ કલકતામાં માજીસ્ટ્રેટ તરીકે બીરાજતો હોય તો શું તમે એમ કહોછો કે તેમની રૂબરૂ તપાસ સારૂ એકાદો સખસ તેમની રૂબરૂ આવે અને પોતાનો ગુન્હો કબુલ કરે તેમ છતાં તેઉ તેને ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરી શકે નહીં) મા. તે વખતે તો તે ન્યાયની રૂઇએ કામ કરી શકેછે અને કેદીની હકીકત ગુન્હો કબુલ કરયાની થાયછે. પણ તે કાંઇ કબુલત નથી. (ધી. સ્ટાંડીંગ કાઉન્સલ—મીં લ્યાંબર્ટ તે કલકતાની પોલીસ ફોજના અંગ ભુત નથી, સને ૧૮૬૬ નો બંગાળાનો આકટ ૪ ની કલમ ૧૩ જુઓ.) તે પોલીસ અમલદારછે. તેમની જીલ્લાની અંદર પોલીસ સુપરીટેંનડેંન્ટ તરીકેની નીમનોક તા૦ ૨૪ જુલાઇ સને ૧૮૭૨ ના રોજના કલકતા ગેઝીટમાં કરવામાં આવેલીછે. તો પણ તે ડીપોટી કમીશનરછે. (જસ્ટીશ કોનટીફેક્સ—કલમ ૨૪ થી પોલીસ અમલદાર અને પોલીસના ડીપોટી કમીશનર તેમની વચમાં ભેદ ગણવામાં આવેલોછે. ચીફ જસ્ટીશ ગાર્થ શાહેબ—તે કલમ પ્રમાણે કમીશનર પોતે સમન્સ બજાવી શકેછે કે નહીં.) હા. તે બજાવી શકેછે. (ચીફ જસ્ટીશ ગાર્થ—કલમ ૧૦ જુઓ તે કલમ પ્રમાણે ડીપોટીકમીશનર પોલીશની ફોજના અંગભુત તરીકેછે એમ ગણી તેમનો કમીશનર દંડ કરી શકેછે. અગર તેમને બરતરફ કરી શકેછે કે નહીં.) કલમ ૫ થી તેમને બરતરફ કરવાનો ખાસ અખતીઆર લેફટેંનંટ ગવરનરને આપવામાં આવેલો છે, અને જો તે અખત્યાર આપવામાં આવેલો ન હોત તો તેમને તે અખત્યાર મળત. પેનશનના નીયમો તે ફોજના બીજા અંગભુતોને લાગુ થાય છે તેમને પણ તેમજ થાય છે. અને ડીપોટી કમીશનર તરીકે જેટલી મુદત તે કામ કરે છે તે કપાતી નથી. (ચીફ જષ્ટીસ ગાર્થ સાહેબ:—પોલીશના દરેક નોકરને તે કમીશનર નીમે છે અને તેને સરટી-

ફીકટ લેવાનું છે; કલમ ૧૦ અને ૧૩ જુઓ.) ડીપોટી કમીશનરની નીમનોક સારૂં ખાસ ઠરાવ કરવામાં આવેલા છે. પરતુ તેથી તે પોલીસ અમલદાર તે કાંઇ ઓછો થતો નથી. વળી તેમની પોલીસ સુપ્રીનટેનડેન્ટ તરીકેની નીમનોક થવાથી પણ તે પોલીસ અમલદાર થાય છે. (ચીફ જસ્ટીશ ગારથઃ—તમે શું એમ કહોછો કે તે કારણથી ખુલ્લી નીમનોક અગર હુકમ થયા શીવાય હરકોઇ ઠેકાણે તે પોલીસ અમલદારનું કામ કરી શકે) ના.—પણ તેવી હકીકત અહીંઆં નથી. મી૦ લ્યાંબરટને દીપોટી કમીશનર નીમવામાં આવેલા છે. અને તે નીમનોકથી તેમને પોલીશ અમલદારનું કામ કરવાને જરૂર છે. એશક તેમને હુંશીયાર પોલીસ અમલદાર તરીકે નીમવામાં આવેલા છે. સને ૧૮૬૬ ના બંગાળાના આકટ ૪ શીવાય પણ પુરાવ આકટની કલમ ૨૫ ના હેતુ પ્રમાણે તે પોલીશ અમલદાર છે.

ધી સ્ટાંડીંગ કાઉન્સલ—મી૦ લ્યાંબર્ટની દીપોટી કમીશનર તરીકે નીમનોક થવાથી તે કલકતામાં હોય ત્યાં સુધી પોલીસ ફોજનો અંગભુત થતો બંધ થએલો છે. મી૦ રોબર્ટશને પોલીસ ફોજમાંથી સીધી રીતે પોલીસ માજીસ્ત્રેટ નીમવામાં આવેલા હતા પણ ત્યાર પછી તે પોલીશ અમલદાર તરીકે રહેલા નહીં હતા. જે એવી તકરાર કરવામાં આવી છે કે ગમે ત્યાં હોય પણ પોલીસ અમલદાર તે પોલીસ અમલદારજ છે, પણ તેમ નથી; જુઓ સને ૧૮૬૧ નો આકટ ૫ કલમ ૨૫ પ્રમાણે જે પોલીસ અમલદાર હોય તે જ્યાં કબુલત કરવામાં આવેલી હોય ત્યાં પોતાનુ કામ બજાવવાને તેને અખતીઆર છે. અને ખરી રીતે ત્યાં તે બજાવે છે. જીલ્લામાં એક સખસને પોલીશ અમલદાર નીમવામાં આવે તેથી તે કલકત્તામાં પોલીસ અમલદાર થતો નથી. (ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબઃ—ધારો કે એક સખસને બંગાળાના અમુક ભાગમાં પોલીસ અમલદાર નીમવામાં આવેલો હોય અને તે બીજા ભાગમાં જાય. અને પછી પુરાવ આકટ તમામ હીંદુસ્થાનમાં લાગુ છે, માટે તે બીજા ભાગમાં તેમની રૂબરૂ કહેલી હકીકત કલમ ૨૫ પ્રમાણે પોલીસ અમલદારની રૂબરૂ કહેલી છે એમ કરી દાખલ કરવા લાયક નથી, એમ થાય કે શું. ના તેમ ના થાય. કબુલતો ધમકી આપી બળાતકારથી કરાવતાં અટકાવવાનો ઈરાદો છે. કમીશનર અને દીપોટી કમીશનર પોલીસ અમલદારો નથી. સને ૧૮૬૬ ના બંગાળાના આકટ ૪ ની ભાશા તેઓ તેમ થાય, તેથી વીરૂદ્ધ છે. તેઓને પોલીસ કોનસ્ટેબલનું કાંઇ કામ કરવાનું નથી. પોલીશ અમલદારો તો તે આકટના પ્રસીસ્ટમાં—નમુના અ માં બતાવેલા પોલીસ અમલદારો છે, પોલીશના કમીશ–

નર તેમ જીલ્લાના માજીસ્ત્રેટ કામ કરતા હતા તેમ થોડીક મુદત સુધી કરતા હતા. જીલ્લાના માજીસ્ત્રેટના કારોબારી કામના ભાગનો અમલ જસ્ટીશ ઓફ્ધીપીસ કરતા પરંતુ તેઓને કાંઇ પોતાનું ન્યાયનું કામ કરવાનું નહીં હતું. કમીશનર અને દીપુટી કમીશનરની સ્થીતીના સખસો એવા નથી કે જેમને સાધારણ રીતે પોલીસ કમીશનર ગણવામાં આવે. (જસ્ટીશ પોંટીફીકસ:—જો એકાદો પોલીસ અમલદાર પોતાના ખાનગી મકાનમાં ખાનગી સખશ તરીકે કબુલત સાંભળે તો તે ધ્યાનમાં લેવાને બંધાએલો છે, કારણ કે તે પોતાની ખાનગી અને પોલીસની સ્થીતી જુદી પાડી શકતો નથી. માટે તમો તેની પોલીસ અને માજીસ્ત્રેટ તરીકેની સ્થીતી શા કારણથી જુદી પાડી શકો? વળી મી૦ લ્યાંબર્ટ કેવી રીતે કેહે છે તે ધ્યાનમાં લેવું જોઇએ. અહીંયાં તે પોલીસમાં પોલીસ અમલદાર તરીકે રેહે છે, અને માજીસ્ત્રેટ તરીકે રેહેતા નથી.) એવી અરજ કરવામાં આવે છે કે તેમનું પોલીસનું કામ માજીસ્ત્રેટના કામમાં સમાઇ ગયું છે. તેમની ફરજો તથા કામો માજીસ્ત્રેટ તરીકેનાં અને ન્યાયની રૂઇનાં છે. આ કામમાં તેમણે શોધનું વારંટ કાહાડેલું છે તે માજીસ્ત્રેટનું કૃત્ય છે. જુના સને ૧૮૬૧ ના આકટ ૨૫ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે પોલીસ કમીશનરને ન્યાયની રૂઇનું કામ કરવાનું હતું. કલમ ૮૪ જુઓ. તે કલમમાં ઠરાવવામાં આવ્યું છે કે સુપ્રીમ્ કોરટની હકુમતની સ્થળ શામની અંદર માજીસ્ત્રેટે જે સખશ ઉપર, વારંટ કાહાડેલું હોય તેને પકડવામાં આવે ત્યારે કેવી રીતે કામ ચલાવવું. તે કલમ પ્રમાણે જો બીજી બાજુ તરફની તકરાર ચાલે તેવું હોય અને કેદીને જો પોલીસના માજીસ્ત્રેટની રૂબરૂ લેઇ જવામાં આવે તો તેણે કરેલી કબુલત પુરાવમાં દાખલ કરવા લાયક છે. પરંતુ જો તેને પોલીશના કમીશનરની રૂબરૂ રજુ કરવામાં આવેલો હોય તો તે દાખલ કરવા લાયક નથી. વળી કલમ ૮૭ જુઓ. કલમ ૮૪ થી ૧૦૦ સુધી. કલમ ૧૪૮ અને કલમ ૧૪૯ સાથે લેતાં પુરાવના આકટની કલમ ૨૫ અને ૨૬ ના જેવા શબ્દો છે તે પ્રમાણેજ સદરહુ પાછલી કલમોનો હેતુ પોલીસ અમલદારો એટલે શું તે બાબતનો છે. જો મી૦ લેંમબરટ ફકત જષ્ટીશ ઓફ્ધીપીસ હોય તો પણ તે પુરાવ આકટની કલમ ૨૬ મીના હેતુ પ્રમાણે માજીસ્ત્રેટ થાય છે. હરકોઇ સખશ જસ્ટીશ ઓફ્ધીપીશ હોય તેનો તે અરથમાં શમાશ થાય છે. આ કામમાં જેમ કબુલત કરવામાં આવેલી છે તે પ્રમાણે બેઉ રીતે તે માજીસ્ત્રેટની રૂબરૂ થએલી છે, એમ માનવું જોઇએ. તેમનું પોલીસ અમલદાર તરીકેનું રૂપ તેમના માજીસ્ત્રેટના રૂપમાં સમાઇ જાય છે.

ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે કહ્યું કે કોરટના અભીપ્રાયમાં આવે છે કે તે કહેલી હકીકત પુરાવમાં દાખલ કરવા લાયક નથી, માટે તે રદ કરવી જોઇએ, પરંતુ જસ્ટીશ મેકફરશને એવું સરટીફીકેટ આપેલું છે કે તે હકીકત શીવાય ગુન્હો શાબેત બ્યાજબી રાહે ઠરાવવાને પુકત પુરાવ છે.

પછી મી૦ જાકશને તકરાર કરી કે જો તે હકીકત અઘટીત રીતે પુરાવમાં દાખલ કરેલી હોય તો, તે કેદીનો નીરદોશ થવાનો હકક છે. તે કામમાં પાછું મોકલી શકાતું નથી. પરંતુ લેટરસ પેટંટની કલમ ૨૬ પ્રમાણે જે નીરણય કરવો હોય તો તેનો નીરણય કરવો જોઇએ. પરંતુ તેનો ચુકાદો બીલકુલ થઇ શકતો નથી. પુરાવ આકટની કલમ ૧૬૧ મીમાં જે એવો ઠરાવ છે કે પુરાવ અયોગ્ય રીતે દાખલ કરવામાં આવેલો હોય અગર નામંજુર કરેલો હોય તો તેથી કોઇ કામમાં ફેંસલો ફેરવવાનું તે કાંઇ કારણ થતુ નથી. તે જુરીથી ચુકવેલા ફોજદારી કામને લાગુ થતો નથી. પરંતુ જે કામ જડજે જ્યુરી વીના ચુકવેલું હોય તેનેજ ફકત લાગુ થાય છે. સને ૧૮૭૨ ના આકટ ૧૦ ફોજદારી કામ ચલાવવાની રીતીનો છે તેમાં જ્યુરીએ કરેલી તપાશના કામમાં અઘટીત રીતે પુરાવ દાખલ કરવામા આવેલો હોય તે બાબત ખાશ ઠરાવ કરવામાં આવેલો છે કલમ ૨૮૩ જુઓ અને કલમ ૨૮૦ મીથી અપીલ કોરટની નજરમાં યોગ્ય લાગે તેવો હુકમ કરવાનો અખત્યાર આપવામાં આવેલો છે. જો પુરાવ આકટની કલમ ૧૬૭ મી લાગુ કરવામાં આવે તો કલમ ૨૮૩ મી જરૂરની રેહેતી નથી. માહારાણી વી૦ નવરોજજી દાદાભાઇના કામમાં આવા કામોને કલમ ૧૬૭ મી લાગુ પડે તેવું છે કાંવા નહીં તે વીશે ઉતપન થયો હતો. પરંતુ તે શવાલ બાબત શંપુરણ રીતે વીચાર તે જડજેમાંના ફકત એક જડજ જસ્ટીશ બેલી શાહેબે કરેલો હતો અને તે કામમાં ચીફ જષ્ટીશ સારજંટ સાહેબે તથા જસ્ટીસ ગ્રીન સાહેબે તે બાબત બતાવેલી છે. પણ પોતાના ઠરાવના કારણ તરીકે બતાવેલી નથી. જસ્ટીશ બેલીએ મજબુત રીતે અભીપ્રાય આપેલો છે કે તે કલમ આવા કામને લાગુ નથી. તે કલમમાં "ઠરાવ" શબ્દ છે તે જ્યુરીના ઠરાવને લાગુ કરવા લાયક નથી. પુરાવ પુખ્ત છે કીંવા નહીં તે બાબત ઠરાવ કરવાને ફરી તપાશની કોરટ યોગ્ય હતી એમ કબુલ કરવામાં આવેલું જણાય છે. (ચીફ જસ્ટીશ ગાર્થ શાહેબઃ—તે બાબતનો શવાલ ઉઠાવવામાં આવ્યો નહી હતો.) ના, પરંતુ તમામ બાબત લાંબી તકરારો થયા પછી તે તકરારો જે કોરટની રૂબરૂ થએલી તે કોરટ યોગ્ય કોરટ નથી એવી સુચના કરવામાં આવી નહી હતી. (જસ્ટીશ પોંટીફેકશઃ—બીજી રીતે અમને ખુલ્લું દીશે છે એટ-

લે કે કલમ ૧૬૭ મીમાં જે કોરટ શબ્દ છે તેનો અરથ જે કોરટે કામની તપાશ કરેલી હોય તે કોરટ છે ચીફ જસ્ટીશ ગાર્થ શાહેબ:—તે કામમાં જે જડજ રૂબરૂ તે કામની તપાશ ચાલેલી તે જડજ જે ત્રણ જડજોની રૂબરૂ ફરી તપાશમાં તે કામની સુનાવણી થએલી તેમાં એક હતા.) હા, અને તેમણે ફરી તપાશની કોરટ તરીકે ફરીથી ફેંશલો આપેલો છે. આ કામ એટલી બાબતમાં તેથી જુદુ છે કે આડવોકેટ જનરલે શરટીફીકેટ આપેલુ છે, અને કોરટે કાંઇ અદબદ રાખેલું નથી. એવી અરજ કરવામાં આવી છે કે કલમ ૧૬૭ મી બીલકુલ ફોજદારી તપાશને લાગુ થતી નથી. તે કલમ શને ૧૮૫૫ ના આકટ ૨ ની કલમ ૫૭ મીના જેવી છે, અને તે ફોજદારી તપાસોને કોઇ વખતે લાગુ કરવામા આવી નથી. તેમાં શબ્દો એવા છે કે "જે કોરટની રૂબરૂ આવી હરકત લેવામાં આવી હોય" તે "ઉઠાવવામાં આવી નથી" એવા છે. તે જ્યુરીથી તપાસેલા કામોને લાગુ થતી નથી. અયોગ્ય રીતે દાખલ કરેલો પુરાવ જો જ્યુરીની રૂબરૂ ના હોત તો જ્યુરીના મનમા પરીણામે શું આવત તે કહી શકાતુ નથી. માટે કેદીને છોડી દેવો જોઇએ.

તેજ બાજુ તરફથી મી૦ આલન તે પ્રમાણે ચાલ્યા.

કોરટે પોતાનો ફેંસલો આપવાને વીચાર કરવાને મુદત લીધી. અને ત્યાર પછીને દીવસે શરકારના સ્ટાનડીંગ કોનશલની શાથે મી૦ ડંગરામ હાજર થએલા તેમને પૂરાવ આકટની કલમ ૧૬૭ મી બાબત પુછ્યુ, પરંતુ તે વીદ્વાન કોનશલે કહયુ કે તે બાબત તકરાર કરવાની તેના વીચારમાં જરૂર જણાતી નથી.

નીચે પ્રમાણે ફેંશલો આપવામાં આવ્યો:—

ચીફ જસ્ટીશ ગારથ સાહેબ:—આ કામમાં ફેબરૂઆરી માસના હાયકોરટના શેશન્સમાં કેદી હરીબોલચંદરગોઝે અમુક દસ્તાવેજને સાચા છે એમ કરી. વાપરયા બાબત તેની તપાશ કરી તેને ગુનહેગાર ઠરાવવામાં આવેલો હતો, અને તેને દશ વરશ સમુદ્રપારની શીક્ષા કરેલી છે. જસ્ટીશ માકફરશનની રૂબરૂ તપાશ ચાલતાં કેદીએ કરેલી કબુલત પુરાવમાં દાખલ કરવાને દરખાસ્ત કરવામાં આવેલી હતી. પ્રથમ તે કબુલત બે પોલીસના માણસોની રૂબરૂ કરવામાં આવેલી અને તે લખી લેવામાં આવેલીછે. પછી કેદીને કલકત્તામાં પોલીસ ઓફીસમાં પોલીશના દીપુટી કમીશનર મી૦ લ્યાંમબરટની રૂબરૂ રજુ કરવામાં આવેલો હતો, અને તે મી૦ લ્યાંમબરટની રૂબરૂ પણ કેદીએ સદરહુ પ્રથમ કહેલી હકીકત સાચી છે એમ કહયું. તેથી મી૦ લ્યાંબરટે પોતાના માજીસ્ત્રેટ તરીકે હોદાની રૂઇએ તે હકીકત લેઇને તે ઉપર પોતે સહી કરી.

આ કબુલત પુરાવમાં રજુ કરતાં કેદીના કાંઉસલે હરકત લીધી. એવા કારણથી કે તે કબુલત કેદીએ પોલીશ અમલદારની રૂબરૂ કરેલી છે. માટે પૂરાવા આક્ટ (સને ૧૮૭૨ નો ૧ લો) ની કલમ ૨૫ પ્રમાણે પુરાવમાં દાખલ કરવા લાયક નથી. આ હરકતના જવાબમાં ફરીઆદ તરફથી એવી તકરાર કરવામાં આવી કે (૧) મી० હ્યાંમબરટ ને કલમના હેતુ પ્રમાણે પોલીશ અમલદાર છે. (૨) જો તે પોલીશ અમલદાર હોય તો પણ તે હકીકત તેમની રૂબરૂ માજીસ્ત્રેટ તરીકે તે હતા અને કેહેવામાં આવેલી છે, અને તે વખતે તે પોલીશ અમલદાર નહીં હતાં. અને કલમ ૨૬ મીનો ઇરાદો કલમ ૨૫ મીને એવી શરત જોડવાનો છે કે જો માજીસ્ત્રેટની રૂબરૂ તે હકીકત કહેવામાં આવેલી હોય તો પછી તે પોલીશ અમલદારની રૂબરૂ કહેલી હોય તો પણ ન દાખલ કરવા લાયક છે. તે વીદવાન જડજે તે કબુલત પુરાવમાં દાખલ કરી અને તે બાબત અદબદ રાખવાને ના પાડી. પરંતુ હાયકોરટના લેટર્સપેટંટની કલમ ૨૬ પ્રમાણે એડવોકેટ જનરલે શરટીફીકેટ આપેલું છે કે તે બાબત યોગ્ય રીતે વીચાર કરવાની છે. માટે આ કોરટની રૂબરૂ તે રજુ કરવામાં આવેલી છે. અને તે વીશે અમારી રૂબરૂ સંપૂરણ રીતે તકરાર કરવામાં આવેલી છે.

કેદી તરફથી મી० જાકશને એવી તકરાર કરેલી છે કે કલમ ૨૫ ના શબ્દો ફરજ પાડે તેવા છે અને ગમે તેવી હકીકત હોય તોપણ પોલીશ અમલદારની રૂબરૂ કરેલી કબુલત તેના વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક નથી. અને કલમ ૨૬ મીનો ઇરાદો કલમ ૨૫ મી સાથે કાંઇ સરત જોડવાનો નથી. પરંતુ તેનો હેતુ એવો છે કે કોઇ કબુલત માજીસ્ત્રેટની રૂબરૂ કરવામાં આવેલી ના હોય અને કેદી કેદમાં હોય અને તેણે પોલીશ અમલદાર શીવાય બીજા કોઈ સખશની રૂબરૂ કરેલી હોય તો તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી, અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૨૫ મીનો આ ખરો અરથ છે. તેનો મુખ્ય હેતુ તોહોમતવાળાઓ પાસેથી તેમના ઉપર અઘટીત સતા વાપરી કબુલતો કરાવેલી હોય તે તેમના વીરૂધ પુરાવમાં લેતાં અટકળ કરવાનો છે. કોરટે આ ઠરાવનો સંપૂરણ અમલ કરવો જોઇએ. અને કલમ ૨૫ મીનો જે ખુલો અરથ છે તે સાથે કાંઇ સરત જોડવામાં આવે તે પ્રમાણે કલમ ૨૬ વાંચવાને કાંઇ યુકત શરત અમારા જોવામાં આવતી નથી.

પરંતુ પછી એવો સવાલ આવે છે કે કલમ ૨૫ ના હેતુ પ્રમાણે મી० હ્યામબર્ટ પોલીશ અમલદાર હતા કીંવા નહીં એવી તકરાર કરવામાં આવી છે અને તે કેટલાક જોરથી કરવામાં આવી છે કે પોલીશ અ-

મલદાર એ શબ્દોનો હેતુ પોલીશના ડીપોટી કમીશનર નથી. પરંતુ બંગાળા પોલીશ આકટ (સને ૧૮૬૬ નો આકટ ૪) માં પોલીશ ફોજના અંગભુતો એવા શબ્દો છે. તે વર્ગના સખસોનો તેમાં સમાશ થાય છે, અને મી૦ લ્યાંમબર્ટની સ્થીતી જેવા ગ્રહસ્થની રૂબરૂ કબુલત કરવામાં આવે તેવા ગ્રહસ્થને તે કબુલત લેતાં અટકાવવાને પુરાવ આકટનો હેતુ નથી. પણ પોલીશના જે સખસો સાધારણ રીતે જાથુ જાતે ગુનહા સોધી કાહાડવાને તથા ગુનેહગારોને પકડવાને રોકાએલા હોય છે તેઓને તે કબુલત લેતા અટકાવ કરવાનો હેતુ છે,

બંગાળાના સને ૧૮૬૬ ના આકટ ૪ ની જુદી જુદી કલમો જોતાં તે આકટનો હેતુ પ્રમાણે પોલીસના ડીપોટી કમીશનર પોલીસ ફોજના અંગભુત નથી, એમાં કાંઇ શક નથી. અને વલી સને ૧૮૬૧ નો પોલીસ આકટ જોતાં એવું માલમ પડશે કે તે આકટમાં પોલીસ અમલદાર એવા શબ્દો વાપરેલા છે તેનો અર્થ સને ૧૮૬૬ ના આકટમાં પોલીસ ફોજના અંગભુત જેવો છે. પરંતુ સને ૧૮૭૨ ના પુરાવ આકટની કલમ ૨૫ નો અરથ કરતાં અમારી નજરમાં આવે છે કે પોલીસ અમલદાર એવા શબ્દો કાંઇ સખત સાંકીત અરથના છે એમ વાંચવા નહીં જોઇએ. પરંતુ તેના વધારે ઓહોળા અને સાધારણ રીતે સમજવા પ્રમાણે જે અરથ થાય છે તે છે. સાધારણ રીતે વાત કરતાં લોકોમાં પોલીશના કમીશનર અને ડીપોટી કમીશનર જેમ પોલીસ ફોજના તેમનાથી વધારે સાધારણ અંગભુતો હોય છે. તેમ તેઓ પોલીશના અમલદારો અગર પોલીશ અમલદારો છે એવું સમજવામાં છે. અને જો કે મી૦ લ્યાંમબરટની સ્થીતીનો ગ્રહસ્થ હોય તો અઘટીત સાધનથી કે કેદી પાસેથી બળાતકારે કબુલત કઢાવવાનો જે ભય હોય છે, તે નથી. તો પણ મી૦ લ્યાંમબરટનો સરકારી હોદો અને જે જગોએ ડીપોટી કમીશનર તરીકે તેઉ બેસે છે. તે તોહોમતવાળાની નજરમાં દેહશત વગરની નથી, એમાં કાંઇ શક નથી. સબબ કલમ ૨૫ મી જેવી કલમનો હેતુ તોહોમતવાળાનું તદન રક્ષણ કરવાનો છે. માટે તેનો ઘણોજ ઓહોળો અને સાધારણ રીતે સમજવા પ્રમાણે અર્થ કરવો જોઇએ એ વધારે સારૂં છે એમ અમારી નજરમાં આવે છે.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કામમાં કેદીએ જે કબુલત કરેલી છે તે તપાસમાં દાખલ કરવી જોઇતી નહીં હતી.

પરંતુ હવે ઘણો અગત્યનો સવાલ આવે છે કે આ અઘટીત રીતે દાખલ કરેલા પુરાવથી કામમાં કેવો અશર થવો જોઇએ? પુરાવ આકટની કલમ ૧૬૭ મીમાં ઠરાવ્યું છે કે:—

"જ્યારે નહીં લેવા યોગ્ય પુરાવો લીધો હોય અથવા લેવા યોગ્ય પુરાવો નહીં લીધો હોય ત્યારે જે કોરટની રૂબરૂ એ બાબત હરકત ઊઠાવામાં આવી હોય તે કોરટની નજરમાં જો એમ આવે કે હરકતવાળા લીધેલા પૂરાવા શીવાય ઠરાવ મજકુર કરવાને જેટલો પુરાવો જોઈએ તેટલો પુરાવો હતો, અથવા નહીં લીધેલો પુરાવો લીધો હોત તો તે ઉપરથી ઠરાવમાં ફેર પડત નહીં તો સદરહુ મુજબ પુરાવો લીધો અથવા નહીં લીધો એટલાજ માત્ર સબબ ઉપરથી ફરી તજવીજ કરાવવી નહી કીંવા હરકોઇ કામનો હરકોઇ ઠરાવ રદ કરવો નહી." અને મી૦ જાકશનની તકરાર સાંભળતાં પેહલાં આ કલમ ફોજદારી તેમજ દીવાની કામોને લાગુ થાય છે એટલુંજ નહીં પણ જે પુરાવ વીશે હરકત લેવામાં આવેલીછે તે શીવાય બ્યાજબી રાહે ગુનાહ શાબેત ઠરાવવાને જોઇતું સાધન છે કીંવા નહીં તેનો નીરણય કરવાનો જે કોરટની રૂબરૂ કામની અશલ તપાસ થએલી તે નીચેની કોરટને કરવાનો છે. એમ નક્કી અમારી નજરમાં આવે છે. અને આ ધારણા ઉપરથી અમારા વીદવાન કામ કરનારા ભાગીઆ તથા અમે જસ્ટીશ મ્યાકફરશનની સલાહ પુછી અને તેમણે એવું સરટીફીકટ આપેલું છે કે સદરહુ કબુલત શીવાય આ કામમાં બ્યાજબી રાહે ગુન્હો શાબેત ઠરાવવાને નીચેની કોરટમાં પુસ્કળ પૂરાવ છે.

તો પણ મી૦ જ્યાકસને કલમ ૧૬૭ ઉપર તકરાર કરવાને મરજી રાખેલી છે. અને એવી તકરાર કરી છે કે તેમાં ૧ લી એવી કે તે કલમ ફોજદારી કામોને બીલકુલ લાગુ થતી નથી અને બીજી કે જો તે લાગુ થતી હોય તો તે ગુન્હાની શાબેતીનો ઠરાવ કાયમ રહેવો જોઈએ કીંવા નહીં તે બાબતનો ઠરાવ જે કોરટે તે કામનો તપાસ કરેલો તે કોરટે કરવાનો નથી. પરંતુ જે કોરટની રૂબરૂ પુરાવ દાખલ કરવાબાબત તકરાર કરવામાં આવી છે તે કોરટને કરવાનું છે. મી૦ જ્યાકશને એવો આગ્રહ કરયો છે કે કલમ ૧૬૭ માં ઠરાવ કોનો શબ્દ છે તે આ કોરટની અસલ બાજુમાં જે ફોજદારી કામની તપાસ કરવામાં આવે તેને લાગુ થતો નથી. અને કાયદા કરનારનો ઇરાદો જુરીને તપાસ કરવા લાયક કામ કે જે કામના યોગ્ય જડજને ફકત જુરી છે. તે અરથાર્થ રીતે જુરી વીનાની કોરટ ફરીથી તપાશે એવો હોઇ શકે નહીં. અને આ તકરારની પુષ્ટીમાં તેમણે માહારાણી વીરૂધ નવરોજજી દાદાભાઇનો ફેંસલો બતાવેલો છે.

તો પણ પુરાવ આકટની કલમ ૧૬૭ મી જેમ દીવાની કામોને લાગુ થાય છે તેમ ફોજદારી કામોને શા વાસ્તે લાગુ થવી નહીં જોઇએ. તેનું કાંઇ પુકત કારણ અમને માલુમ પડી શકતું નથી. ઠરાવ શા

બ્દ વધારે સાધારણ રીતે દીવાની કામોને લાગુ થાય છે, એમ વાપરવા માં આવે છે એ સંપુરણ શાચી વાત છે. પરંતુ તેથી કોઇ રીતે ફોજદારી કામોને બેશતો નથી એમ નથી, અને જે કાયદા કરનારનો ઇરાદો દીવાની તેમજ ફોજદારી કામોને એક સરખી રીતે લાગુ થાય તે પ્રમાણે તે શબ્દ વાપરવાનો હોય તો તેઓનો હેતુ વધારે સારી રીતે પર પડે તે માટે બીજો કોઇ શબ્દ ઘણું કરીને નથી. પુરાવ આકટના ઘણા બીજા ઠરાવો એક સરખી રીતે તમામ ન્યાયની રૂઇની તપાસોને લાગુ થાય છે માટે જે હરકત દુર કરવાને તે કલમનો ઇરાદો છે તેનો જો વીચાર કરવામાં આવે તો જેમ દીવાની કામોને જે કારણથી તે લાગુ થવી જોઇએ તેમ ફોજદારી કામોને પણ તે કારણથી તે લાગુ થવી જોઇએ. ફોજદારી કામમાં નવી તપાસ કરવાનો હુકમ કરવાને કોરટને અખત્યાર નથી. અને જે કામમાં અઘટીત રીતે પુરાવ દાખલ કરવામાં આવેલો હોય અગર ના મંજુર કરવામાં આવ્યા હોય તેવા દરેક કામમાં જો ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે તો ન્યાયનો હેતુ પસ્તાવા ભરેલી રીતે પાર પડે નહીં, એવો વાજબાર પરીણામ બને.

સબબ અમારો અભીપ્રાયમાં આવે છે કે કલમ ૧૬૭ મી ફોજદારી કામોને લાગુ થાય છે. પરંતુ વીચાર કરતાં અમારી નજરમાં આવે છે કે ગુનાની શાબેતીના ઠરાવની પુસ્ટીમાં પુકત પુરાવછે કીંવા નહીં તેનો નીરણય કરનાર કોરટ તે ફરી તપાસ કરનાર કોરટ છે અને નીચેની કોરટ નથી-યોગ્ય રીતે કેહેતાં તે બાબત નીચેની કોરટમાં ઉતપન થએલી છે પણ અપીલ કોરટમાં તે ઉત્પન થઅલી છે અને તેની તકરારથી વીચાર થએલો છે. એવું બંને થએલું છે માટે અમારી નજરમાં આવે છે કે અપીલ કોરટને કામ ચલાવવાનો ખરો રસ્તો જડજની નોટ ઉપરથી હકીકત મળે તે ઉપરથી અને જો જરૂર હોય તો તપાસ વખતે જે પૂરાવ ગુજરવામાં આવેલો હોય તે પુરાવની જડજની પોતાની જાત માહીતી મેળવી તે કામનો નીરણય કરવાનો છે.

પુરાવ આકટની કલમ ૧૬૭ મી કોરાણે રાખતાં લેટર્સપેટંટની કલમ ૨૬ કે જેને લીધે ફરી તપાસ કરવાને આ કામ અમારી તરફ મોકલેલું છે તે કલમ પ્રમાણે અમારી નજરમાં ગુનાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવાને અગર રદ કરવાને આવે તો તે કરવાનો અમારો હક છે. જે બાબત અદબદ રાખવામાં આવી છે અગર જેનું સરટીફીકેટ આપવામાં આવેલું છે તે બાબતનો નીરણય કરીને કોરટની નજરમાં યોગ્ય લાગે તેવો ફેંસલો અગર શીક્ષાનો હુકમ કોરટ તે કલમથી ક

રી શકે છે. સબબ યોગ્ય રીતે દાખલ કરેલા પુરાવ ઉપરથી તમામ કામનો ફરી વીચાર કરતાં જો અમારા અભીપ્રાયમાં એમ આવે કે તે કેદીને ગુનેગાર ઠરાવવાને પુક્ત કારણ છે. તો તે ગુનાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવો જોઇએ. એમ અમારી નજરમાં આવે છે તેથી આ કામમાં તપાસ વખતે જડજે કરેલી નોટની નકલો અમે મેળવી છે તથા કેદી હરી બોલચંદ્ર ઘોઝને પુરાવનો કીયો અમુક ભાગ લાગુ છે તે વીશે તે જડજ તરફથી હકીકત અમે મેળવી છે, માટે અઘટીત રીતે જે પુરાવ દાખલ કરવામાં આવેલો છે તે પુરાવ શીવાય ગુનાની શાબેતીના ઠરાવની પુસ્ટીમાં પુક્ત પૂરાવ છે કીંવા નહીં તે વીશે ગુણદોશ ઉપર કામમાં તકરાર સાંભળવાને હવે અમે તઇઆર થયા છીએ.

જસ્ટીસ પોંટીફેક્સ સાહેબઃ—અમારો પણ તેવાજ અભીપ્રાય છે કે મી० લ્યાંબર્ટની રૂબરૂ કેદીએ કરેલી કબુલત તે તપાસમાં દાખલ કરવી જોઇતી નહી હતી. પુરાવ આકટની કલમ ૨૫ પોલીસ સાથે સંબંધવાળા કોઇ સખસની રૂબરૂ કરેલી કબુલત પુરાવમાં દાખલ કરવા લાયક નથી. એટલું બધું કહયા શીવાય કારણ કે એવા કામો હોય છે કે જેમાં એકાદા સખસનો ઉંચી પદવીનો ન્યાયનો હોદો હોયછે તેમ છતાં તે પોતાના જીલામાં પોલીસનો નામનો ઉપરી હોય છે. અને પોલીસ ઉપર દાબ હોયછે માટે અમારી નજરમાં આવે છે કે મી० લ્યાંબર્ટને પોલીસના ડીપોટી કમીશનર તરીકે જે મકાન રહેવાને સોંપેલું અને તેમના તરફ દાબ નીચે જે પોલીસ હતી તે પોલીસ તેમની આશપાસ હતી માટે તેમણે પોલીસના હોદાથી તદન જુદા થવું એ તેમને અશકય હતું એમ અમારી નજરમાં આવે છે. વળી લેટરસ પેટંટની કલમ ૨૬ થી જયુરીની રૂબરૂ તપાસ થએલા કામોની વેવસ્થા થાય છે. માટે તે કલમ પ્રમાણે આ કામમાં દાખલ થવા લાયક પુરાવનો વીચાર કરવાને તથા અમારી નજરમાં યોગ્ય લાગે તેવો ફેંસલો તથા શીક્ષાનો હુકમ કરવાને અમે બંધાએલા છીએ તે અમે કબુલ કરીએ છીએ અને પુરાવ આકટની કલમ ૧૬૭ મી જોયા શીવાય અમે આજ નીસ્ચે કરીએ છીએ.

અમે કબુલ કરીએ છીએ કે ફોજદારી તપાસોને સદરહુ છેવટ કહેલી કલમ લાગુ થાય છે. પરંતુ ફકત તે કલમ પ્રમાણે જો અમે કામ ચલાવીએ તો તે ફેંસલાની બાબતમાં પુરાવ જોઇતો છે કીંવા નહીં તેનો વીચાર કરવાને અમે યોગ્ય કોરટ છીએ કીંવા નહી તે વીસે અમને કેટલોક શક છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ માર્ચ સને ૧૮૭૬

સર. રીચર્ડ ગાર્થ નાઈટ ચીફ જસ્ટીસ, મી૦ જસ્ટીશ એલ. એસ. જાકસન, મી૦ જસ્ટીસ મ્યાકફરશન. મી૦ જસ્ટીસ પોંટીફેકશ અને મી૦ જસ્ટીસ મોરીશ શાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ જુહીરૂદીન વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા [શને ૧૮૭૨ નો આકટ ૧૦]ની કલમ ૬૪—ઈંગરેજી ખાતામાં જડજને કામ કરવાનો અખત્યાર.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૬૪ પ્રમાણે કાગ બીજી કોરટમાં મોકલવાને અરજી કરવી તે હાય કોરટના ઈંગરેજી ખાતામાં કાગળ લખી કરવાની નથી. પણ કોરટ ન્યાયની રૂએ બેઠેલા હોય તેમની રૂબરૂ કરવી જોઈએ. અને તેની પુષ્ટીમાં એફીડેવીટ અગર હમેશની રીતી પ્રમાણે પ્રતીજ્ઞા કરવી જોઇએ.

પાનું ૨૧૯ તા૦ ૧૦ ફેબરવારી સને ૧૮૭૬ ના રોજ પટનાના આશીસટંટ માજીસ્ટ્રેટે હુકમ કરી તોહોમતવાળાને પટનાના સેશન જડજ તરફ કમીટ કરયો. એવા કારણથી કે તોહોમતવાળાએ તારીખ ૫ જુન સને ૧૮૭૫ ના રોજ ખુન તથા તેવાજ ગુના કરયા તે આરોપ બાબત તેની તપાસ કરવી અને તે હુકમમાં કહેલું છે કે આ કામનો ન્યાય કરવાને જે વાર લાગેલી છે તે તોહોમતવાળાએ જીલામાં અઘટીત શત્તા વાપરી છે તેથી લાગેલી છે. આ કારણથી જીલા માજીસ્ત્રેટની મારફતે શને ૧૮૭૨ ના આકટ, ૧૦ ની કલમ ૬૪ પ્રમાણે બીજા કોઈક જીલામાં તે કામ મોકલવાને હાયકોરટને અરજ કરી. કમીટ કરવાના કારણો ની નકલ તોહોમતવાળાને તા૦ ૨૦ ફેબરવારીને રોજ આપવામાં આવેલી છે. તે કામ બીજી કોરટમાં મોકલવાને જીલ્લા માજીસ્ત્રેટે અરજ કરેલી છે તે કાગળ લખી હાય કોરટને અરજ કરેલી તેથી તે કાગળ હાય કોરટના રજીસ્ટારે જસ્ટીશ જ્યાકશન સાહેબ ઈંગરેજી ખાતામાં કામ કરતા હતાં તેમની રૂબરૂ મુકયો. અને તેજ સાહેબે તોહોમતવાળાને નોટીશ આપ્યા શીવાય તે કામ પટનાના શેશન જડજની કોરટમાથી સાહાબાદના શેશન જડજની કોરટમાં મોકલવાનો હુકમ કરયો, પટનાના શેશન જડજની રૂબરૂ તપાસ જુરીથી થાત. પણ શાહાબાદની શેશન કોરટમાં જડજ તથા આશેશરોથી થવાની છે.

સદરહુ હકીકત ઉપરથી મી૦ ઇવન્સે એવી અરજ કરી કે, તે હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઇએ. તેનું કારણ સરકાર બતાવે

તે બાબત સરકાર ઉપર નોટીશ થવી જોઇએ. કારણ કે તે હુકમ હકુમત વીના કરવામાં આવેલો છે અને કોરટને જે અખતીઆર આપવામાં આવેલો છે તે અખતીઆર બળવાન રીતે વાપરેલો નથી અને તોહોમતવાળાને નોટીશ આપ્યા વગર કરવામાં આવેલો છે. અને યોગ્ય પ્રકત કારણ શીવાય હાઇકોરટને યોગ્ય રીતે અરજી કર્યા શીવાય કરવામાં આવેલો છે.

ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબ તથા જષ્ટીશ પોંટીફેકસ સાહેબની રૂબરૂ આ અરજી કરવામાં આવી અને તે અરજીમાં માગ્યા પ્રમાણે તેઉ સાહેબે હુકમ કરયો.

સરકાર તરફથી મી૦ માર્કે (તેમની સાથે જુનીઅર સરકારી વકીલ જગોદાનંદ મુકરજી) કારણ બતાવવાને લાહ હાજર થયા અને તેમણે તકરાર કરી છે કે તે હુકમ કરતાં પેહેલાં તોહોમતવાળાને નોટીશ આપવાની કાંઇ જરૂર નહી હતી, કારણ કે આ પ્રમાણે કામ કરવાની રીતી કાયદા કરનારાઓએ સુચવેલી નથી, ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૨૯૭ મીથી જયારે હાઇકોરટની નજરે એવું લાવવામાં આવે કે તોહોમતવાળાને અયોગ્ય રીતે છોડી દેવામાં આવેલો છે ત્યારે તે તોહોમતવાળાની તપાસ કરવાને કમીટ કરવાનો હાયકોરટને અખતીઆર છે અને તે વખતે તે સખસનો પોતાની તકરાર સંભળાવવાનો હક નથી તે કલમ દેખાડીને એવી તકરાર કરી છે કે હાયકોરટનો આવો જ્યારે અખતીઆર છે તો પછી તેથી કમીની બાબતે કામ બીજી કોરટમાં મોકલવાની છે તેમાં કાયદા કરનારાઓએ નોટીશ આપવાની જરૂરી રાખી નથી, (ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબઃ—અમારી નજરમાં નકી આવે છે કે જયારે એકાદો હુકમ કરવાથી તોહોમતવાળાને હરકત થતી હોય તો, તે કરતાં પેહેલાં તેને નોટીશ મળવી જોઇએ. જષ્ટીશ પોંટીફેકસ—ફો. કા. ચ. ની રીતીના કાયદાની કા૦ ૨૯૭ મી પ્રમાણે જયારે કામો હાયકોરટની રૂબરૂ આવે ત્યારે તેમાં પ્રથમની વખતે તોહોમતવાળાનાં રૂબરૂમાં પુરાવો લીધેલો હોય છે) વળી તે વીદ્વાન કાંઉશીલે એવી તકરાર કરી છે કે કલમ ૬૩ અને ૬૪ પ્રમાણે ગવરનર જનરલ ઇન કાંઉનશીલ તથા લેફ્ટીનેંટ ગવરનરને કામો ટ્રાંનસફર કરવાનો અખતીઆર હતો અને તે ટ્રાંનસફર કારોબારની રીતે કરવામાં આવતા હતા માટે કેદીની તરફથી કામ ચલાવવાની જે રીતી પ્રમાણે ચાલવાને માગવામાં આવેલું છે તે રીતી પ્રમાણે તેમને માટે બની શકે તેવું નથી. ચારટર આકટની કલમ ૧૩ પ્રમાણે હાયકોરટનો અખતીઆર છે તે તા૦ ૪ જુન સને ૧૮૬૭ રોજ કરેલા ધારા પ્રમાણે એક જડજ વાપરી શકે

છે બ્રાંકિટન શીવીલ પ્રોસીજરકોડનું પાનું ૭૦૪ જુઓ. સબબ જો તે બાબત ન્યાયની રૂઇની ના હોય અને તેથી કારોબારવાળા અને સરકારી કામ કરનારા અધીકારીને તેથી અસર થતો હોય તો આવા જડજને તેનો પોતે નીકાલ કરવાનો અખતીઆર છે. (જસ્ટીશ પોંટીફેકસઃ—લેટસપેટંટની કલમ ૩૬ પ્રમાણે એક જડજ શને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૬૪ મુજબ કામ કરી શકે છે કીંવા નહી.) કલમ ૧૩ થી હાઇકોરટને ન્યાયી અધીકારી અખતીઆર મળેલો છે. ને કલમ ૧૫ થી કારોબારી અખતીઆર મળેલો છે. માટે કામો ટરાનસફર કરવાનો અખતીઆર પાછલી કલમ પ્રમાણે આપવામાં આવેલ. છે તેથી કોરટના ન્યાયની રૂઇના કૃત્યો કરતાં તે કેસ કારોબારી છે.

તે હુકમની પુસ્ટીમાં મી. વુંદરોપ (તેમની સાથે મી૦ પવનસ અને મુનસી મહમદ યસફ)—રજીસ્ટારે જે કાગળ મોકલેલો છે તે કાગળ જો હાયકોરટના હુકમના રૂપમાં હોય તો હાયકોરટ કારોબારની રીતે હુકમ કરી શકતા નથી અને જો તે પ્રમાણે કરી શકે તો આવો હુકમ કરવાને ઇગરેજી ખાતાને અખતીઆર નથી હાયકોરટ જો કલમ ૬૪ પ્રમાણે હુકમ કરે તો તે ન્યાયની રૂઇનો છે અને કારોબારી રીતીનો નથી. આવો કોઇ દીવશ આપવામાં આવેલો નહી તેવો અખતીઆર કે જેથી અમુક કામોમાં કારોબારી રીતે અને ન્યાયની રૂઇએ થઇ શકે એવો કાયદો કરનારનો ઇરાદો હોઇ શકે નહીં. ફો. કા. ય. રીતીના કાયદાની કલમ ૫૨૦ મી ફકત છે. અને તે પ્રમાણે જે હુકમ ન્યાયની રૂઇએ ના હોય તેવો હુકમ કરવાને હાયકોરટને અખત્યાર છે. ગવરનર જનરલ ઈનકાઉનસીલને જે વીચારથી અસર થાય છે. તે હાય કોરટને જે વીચારથી અસર થાય છે. તેથી જુદા છે. જે એવી તકરાર છે કે હાય કોરટ ન્યાયની રૂઇના કામ શીવાય અખતીઆર વાપરે છે. તે તકરારને પુષ્ટી. કરવાને કલમ ૬૩ અને ૬૪ અ ઉપરથી કાંઇ તકરારનું અનુમાન થઇ શકતુ નથી. હાઇ કોરટ જે હુકમ કલમ ૬૪ પ્રમાણે કરેલો હોય તે ન્યાયની રૂઇના હુકમ કરતાં બીજી રીતનો છે એવુ બતાવવાને કાંઇ પણ નથી. માટે કાયદા કરનારના કૃત્યથી કોઇ સખસને હરકત થાય. તેવો અશર થતો હોયતો તે સખસનો પોતાનો બચાવ કરવાનો જે હક છે તે વીશે જો સ્પષ્ટ રીતે હદ બાંધવામાં આવેલી ના હોય તો તેને પોતાનો બચાવ કરવાનો લાગ મળવાનો હક છે. સ્ટાટયુટના ખુલાસા બાબત માકસવેલના ગ્રંથને પાને ૩૨૫ મે જુઓ કલમ ૨૯૭ પ્રમાણે હાઇ કોરટને ફરી તપાસનો અખત્યાર આપવામાં આવેલોછે તે ન્યાયની રૂઇના કામો બાબત છે. માહારાણી વીરૂધ બંદુનો ઠરાવ જુઓ. ફરીઆદ તરફ

થી અગર તોહોમતવાળા તરફથી રીતસર કોરટની રૂબરૂ જે હકીકત મુકવામાં આવેલી હોય તે બાબતજ ફકત કોરટ કામ ચલાવી શકેછે. અને વરતમાન પત્રો, કાગળો વીગરે જે વાત બીજા શાધનોથી જે બાતમી મેળવેલી હોય તે ઉપરથી કોરટ કામ ચલાવી શકતા નથી. બીજા કામોમાં તોહોમતવાળાએ કામ ટ્રાન્શફર કરવાને અરજીઓ કરેલીછે પણ તે અરજીઓની વ્યવસ્થા ન્યાયની રૂઇએ કરવામાં આવેલી છે. તેમાંની કેટલાકની તે પ્રમાણે વ્યવસ્થા જસ્ટીશ માકફરશન અને જસ્ટીસ પોંટીફેકશ શાહેબોએ કરેલી છે. આ પ્રમાણે ઇંગરેજી ખાતામાં તોહોમતવાળાએ અરજી કરેલી હોય એવો એકે દાખલો અમને માલુમ પડી શકતો નથી. (જષ્ટીશ જ્યાકશન શાહેબે તોહોમતવાળા તરફથી ઇંગરેજી ખાતામાં અરજ કરવામાં આવેલી એવાં ત્રણ કામો બતાવ્યાં) તે કામોમાં તોહોમતવાળાના હીતને માટે અરજીઓ થઇ શકતી હતી પણ તે તોહોમતવાળાએ કરેલી નથી પરંતુ માજીસ્ટ્રેટનો તે કામ શાથે શાક્ષી તરીકે અગર ફરીયાદી તરીકે શબંધ હોવાથી માજીસ્ટ્રેટે કરેલી છે તે વીદવાન કાઉનશીલે માહારાણી વીરૂધ પોગોશનો ઠરાવ બતાવ્યો. કે જે કામમાં ડાકાના જડજે તે જીલામાંથી કામ ટ્રાન્શફર કરવાને ઇંગરેજી ખાતામાં અરજ કરેલી અને તે અરજી રદ કરવામાં આવેલી એવા કારણથી કે કારોબારની રીતે તેની વ્યવસ્થા થઇ શકતી નથી તેથી કામના કાગળો મંગાવવાને તેમને અરજ કરી.

બીજે દીવશે કોરટ ફરીથી એકઠી થતાં નીચે પ્રમાણે ફેંસલા આપવામાં આવ્યો:—અમને કેહેવાને ખુશી થાય છે કે ગઇ સાંજરે કેટલાક કાગળો હાથ લાગ્યા છે, તેથી આ નીયમ બાબત વધારે વીચાર કરવાની જરૂર રહેતી નથી. સને ૧૮૬૯ માં એક કામમાં હકીકત ઘણું કરીને આ કામના જેવીજ હતી, અને તે કામમાં કોરટના નવ જડજોએ ઠરાવેલું છે કે કોરટ ન્યાયની રૂઇએ બીરાજેલા હોય ત્યારે હમેશાની રીતી પ્રમાણે આફીડેવીટ કરી કોરટને અરજ કરવી એ યોગ્ય રસ્તો છે. અને તે ઠરાવ કરવામાં મી૦ જસ્ટીશ લુઇસ જ્યાકશન સાહેબ જેવા પ્રખ્યાત જડજ પણ હતા તે જોવાને અમને અત્યંત ખુસી થાય છે. તે કામમાં ડાકાના એફીસીએટીંગ શેશન જડજ મી૦ હરસલ સાહેબે આ કોરટના રજીષ્ટ્રારને અરજ કરી. એવી સુચના કરેલી કે હાય કોરટમાં તપાસ થવા સારૂં પ્રોશીડીંગ મંગાવવાનો હુકમ મેળવવો જોઇએ. તેમનો તા૦ ૧૧ મી જુન સને ૧૮૬૯ ના રોજનો કાગળ અમે વાંચીએ છીએ.

"હું વીનંતી કરૂં છું કે નીચેની હકીકત હાયકોરટના નામદાર જડજ સાહેબોની રૂબરૂ તમો મુકશો, અને તે બાબત મારે વાસ્તે હુ-

કમ થવા હું અરજ કરૂં છું ડાકાના માજીસ્તરેટે આ સેહેરના ચાર મુખ્ય આરમેનીયન રહેવાશીઓ ઉપર નાણાંની મોટી રકમનો ખોટો ઉપયોગ કરયા બાબત આરોપ રાખી તેમને કમીટ કરેલા છે અને તે રકમ ડાકાનો વધારેમાં વધારે તાલેવન મરણ પામેલો છે તેની મીલકત છે. તે આરોપ કેળવણી ખાતાની અરજ ઉપરથી સરકાર તરફથી સખવામાં આવેલો છે. કારણ કે તે ખાતુ તે નાણાં એક નીશાળને માટે છે એવો ઇરાદો રાખવામાં આવેલો છે એવો દાવો રાખે છે. સાંકીત રીતે કલમ ૬૮ પ્રમાણે સરકાર ફરીયાદી છે. તે કામ ડાકાના કેળવણી પ્રામેલા વરગોની નજરમાં જેવું અગત્યનું લાગે તેવું અગત્યનું છે તેથી સ્વભાવીક રીતે તે વીશે ફેંસલા જોવાને ઘણો રસ રાખવામાં આવેલો છે. પરંતુ તે કામ અહીયાં નહીં ચાલતાં કલકતામાં ચાલવું જોઇએ, એ મને સલાહ ભરેલું જણાય છે. આવા કામને માટે મારૂં જયુરીનું લીસ્ટ ઘણુંજ ખોટી રીતે પ્રસન પડે તેવું છે.

રજીસ્ટ્રારને આ કાગળ મળતાં તેઉએ ચીફ જસ્ટીશ સર બારનસ પીકોકની રૂબરૂ તે પત્ર મુકયો. અને તેઉ સાહેબે તે ઉપરથી નીચે પ્રમાણે મીનીટ લખેલું છે:—"શેશન જડજે કાગળ લખીને અરજ કરેલી છે તે ઉપરથી કોરટે હાથ ઘાલવો નહીં જોઇએ એમ અમારી નજરમાં આવે છે. (જો સરકાર અગર જો સરકારે ફરીયાદ કરેલી ન હોય તો પ્રોસીકયુટર) અગર તોહોમતવાળાનો કોઇ તોહોમતવાળો આ પ્રીવીટ અગર પ્રતીગ્ના કરી અરજ કરવાની દુરસ્ત ધારે તો કોરટે શું કરવું જોઇએ, તેનો કોરટ ઠરાવ કરે છે. તા૦ ૧૬ જુન સને ૧૮૬૫. બી. પીકાક સાહેબની સહી. તે વીદ્વાન ચીફ જસ્ટીશના વીચાર સાથે કોરટના જડજો નીચે પ્રમાણે મળતા આવ્યા.—"હું ચીફ જસ્ટીશ સાથે મળતો છું"—જે. પી. નોરમન "અને હું" શી. ઓબ હાઇઉસ જી. લોચ એચ વી. બેલી—"હું મળતો છુ—ડી. એન મીસ્તર જાયુ"—ઇગલ્યું માર્કબી—ઇજ્યાકશન અને વળી અમે કહી ચુકેલા છીએ તે પ્રમાણે અમારા વીદ્વાન ભાગીયા મી૦ જસ્ટીસ લુઇશ જ્યાકસન મળતા આવેલા છે.

આ ઠરાવ સને ૧૮૬૫ માં થએલો છે તેથી તે બાબત નકી થઇ ચુકેલી જણાય છે અને સરકાર તરફથી તે બાબત વધારે તકરાર કરવાને યોગ્ય મી૦ મ્યાકરને લાગસે નહી એમ અમારી નજરમાં આવે છે. મી૦ મ્યાકરે કબુલ કરયું.

જસ્ટીસ જ્યાકશન શાહેબ:—મારી તરફથી વીરૂધ હકીકત જણાય છે તેથી ખુલાસા તરીકે થોડાક સબ્દો કહેવાને મારી મરજી છે.

તે વખતે જે રીતી પસંદ કરવામાં આવેલી તે અમે કબુલ કરેલી

તે એવી રીતે કે બીજા જડજે પોતાનો અભીપ્રાય મળતો છે તે બાબતમાં તેમને પોતાની સહીઓનાં નીશાન કરેલાં છે અને અમે જુદી એક નોટ લખેલી છે. અને તે નોટના શબ્દો આ છે;—"અમે ચીફ જષ્ટીસની સાથે તદન મળતા છીએ. કે આવી અરજી જો તેમની કહેલી રીતે કરવામાં આવેલી હોય તો ફક્ત સાંભળી શકાય છે. અમે એવું બતાવવાનો લાગ લઇએ છીએ કે એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં કામ ટ્રાન્સફર કરવાને કાગળ લખી ભલામણ કરવાનો શેશન જડજોનો એક ઘણો સાધારણ રીવાજ થઇ ગએલો છે. અને આવી ભલામણ ઉપરથી કામો વારંવાર ખશેડવામાં આવે છે માટે આવી અરજીઓની વ્યવસ્થા કરવા સારૂ કાંઇ નીયમ કરવો જોઇએ નહી કે કેમ તે વીચાર કરવા લાયક છે. તેજ પ્રમાણે વળી દીવાની કામો શબંધી બને છે."

સબબ તે વીચાર સાથે અમે ફક્ત મળતા છીએ એટલુંજ નહી પણ અમારી નજરમાં એવું દુરસ્ત આવે છે કે કોરટે એક રીતસર નીયમ કરવો જોઇએ કે જેથી આવા કામોમાં કામ ચલાવવાની રીતીનો એક નીયમ થાય અને જડજો તથા માજીસ્ત્રેટોની નજરમાં હવે પછી આવા રેફરંસો કરવાનું યોગ્ય આવે ત્યારે તે પ્રમાણે ચાલવાને તે વીશેની તેવોને ખબર મળે ત્યાર પછી તરતજ અમે દેશ છોડયો અને ચાર અગર પાંચ માસ ગેરહાજર હતા તે દરમીઆનમાં આ બાબત કોઇએ ઇલાજ કરયો નથી. પરીણામે કાંઇ રીતસર નીયમ બાંધવામાં આવ્યો નથી અને તેથી આ કામ લક્ષમાં રહેલું નથી ત્યાર પછી બે વરસે ઇંગરેજી ખાતુ અમારા ચારજમાં આવ્યું અને એવું માલમ પડયું કે આ ઠરાવ થયા છતાં આગળ જેવો રીવાજ ચાલતો હતો. તે પ્રમાણે તે જારી રહેલો છે. માટે જો કે આ ઠરાવ છે. તેમ છતાં જુનો રીવાજ છોડવામાં આવેલો નથી તેથી તે રીવાજ પ્રમાણે અમે આ કામ લીધેલું છે.

સર બારનસપીકાક સાહેબે કામ ચલાવવાની જે રીતી સુચવી છે, તે જયારે પક્ષકારો નીસબત રાખતા હોય ત્યારે બરોબર છે. એમ કહેવાને અમે કાંઇ આનાકાની કરતા નથી. પરંતુ રીવાજ અમે જેવો કહયો તેવો છે માટે જે હુકમ અમે કરેલો છે તે હુકમ કરવાને અમે વ્યાજબી કરેલું છે એમ અમારી નજરમાં આવે છે.

ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ—આ બાબતનો સારી પેઠે વીચાર કરી ખુલી કોરટમાં વાદ વીવાદ થએલો છે. તેથી અમે જાતે દીલગીર થતા નથી એમ કહેવાને અમે મરજી રાખીએ છીએ. આ દેશમાં સરકારને માટે જેવો રઇયતને માટે કાયદો છે તેવોજ છે એમ લોકોએ સંપુરણ રીતે સમજવું જોઇએ એ ઘણુંજ દુરસ્ત છે અને સરકારને માટે રીવાજ-

ની એક રીતી છે અને કેદીને માટે બીજી છે એમ નથી રઇયતના હકો બાબત જયાં નીશબત હોય ત્યાં ખુલી કોરટમાં ન્યાયની રૂઈએ તે બાબતની અમારે વ્યવસ્થા કરવી જોઇએ એ બીલકુલ ખરી વાત છે અને દરેક અરજીની પુષ્ટીમાં રીતીસર આફીડેવીટ અગર પ્રતીજ્ઞા હોવી જોઇએ.

આ કામમાં જે હુકમ બાબત ફરીઆદ કરવામાં આવી છે તે હુકમ રદ કરવાનો છેવટ હુકમ કરવામાં આવે છે માટે સરકારને જો સલાહ મળે તો બીજા કોઇ જીલામાં તે કામ ટ્રાનસફર કરવાને કોરટને વાસ્તવીક રીતે અરજ કરવાને સરકાર મુખતીઆર છે.

જસ્ટીશ મ્યાકફરસન સાહેબ:—તે હુકમ વીરૂધ સરકારે કાંઇ પાકું કારણ બતાવ્યું નથી. એ વીચાર સાથે અમે મળતા છીએ સબબ તે હુકમ છેવટ કાયમ કરવો જોઇએ.

જસ્ટીશ પોંટીફિકશ સાહેબ:—અમે મળતા છીએ.

જસ્ટીશ મોરીશ સાહેબ:—અમે પણ મળતા છીએ.

હુકમ કાયમ રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૭ એપ્રીલ સને ૧૮૭૬

મી૦ જસ્ટીશ મેકફરસન અને મી૦ જસ્ટીશ મોરીશ સાહેબોની રૂબરૂ

માહારાણી વી૦ ગોબીન તેવારી વીગરે.

ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૨૭૨—અપીલ ચાલતાની દરમીઆનમાં તોહોમતવાળાને પકડવો.

સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૭૨ મી પ્રમાણે અપીલ ચાલતાની દરમીઆનમાં તોહોમતવાળાને પકડવાનો હુકમ કરવાને હાઇકોરટને અખત્યાર છે.

પાનુ ૨૮૧ આ કામમાં ભાગલપુરના શેશન જડજે તોહોમતવાળા ગોબીન તેવારી અને જોદુલાલનો ખુનના આરોપ બાબત તપાસ કરી તેમને છોડી દીધા છે, અને આ નીરદોશ ઠરાવ્યાના હુકમ ઉપર સરકારે અપીલ કરી. તે અપીલ દાખલ કરતાં લીગલરીમેમ બ્રનસરે તોહોમતવાળાઓને ફરીથી પકડવાને અરજ કરી. (જસ્ટીશ મેકફરસન સાહેબ—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૯૨

પ્રમાણે કેદીઓને શા વાસ્તે પકડવા નહી જોઇએ?)

ધી લીગલરી મેમબ્રનસરે (મી० એચ. એલ સાહેબ) અરજ કરી છે કે તોહોમતવાળાઓને પકડવાને કોરટને અખતીઆર હતો. ખરી વાત છે કે કલમ ૨૭૨ મીથી કોરટને આ અખતીઆર સ્પષ્ટ રીતે આપવામાં આવેલો નથી. પરંતુ તે અખતીઆર કોરટને ગરભીત રીતે છે. જયાંહાં કોરટને અમુક ગુનહા બાબત હકુમત છે ત્યાંહાં કોરટની રૂબરૂ તે ગુનહાના તોહોમતવાળાને રજુ કરવાનો અખતીઆર છેજ.

અપીલ દાખલ કરવાથી તોહોમતવાળાનો આરોપ તાજો થએલો છે. અને જે સખસો ઉપર ખુનનો આરોપ હોય તેઓને અપીલના પ્રતીવાદી તરીકે ફકત ગણવામાં આવે અને તેના ઉપર ફકત અપીલની નોટીશ બજાવવામાં આવે તો અપીલની સુનાવણી થયા પછી વખતે મોતની શીક્ષા કરવામાં આવે તો ત્યારપછી તે એમ તકરાર કરે કે મને અપીલની નોટીશ મલેલી નથી. આવા કામમાં કોરટે શું કરવાનુ છે. અપીલની ફરી સુનાવણી કરવાને કાયદામાં કાંઇ ઠરાવ નથી. કલમ ૨૯૭ મી પ્રમાણે જયારે કોરટ એવો હુકમ કરે કે જે તોહોમતવાળાને અયોગ્ય રીતે છોડી દેવામાં આવેલો છે તેની તપાસ કરવી તોપછી તોહોમતવાળાને ફરીથી પકડવાને જો કે તે કલમમાં સ્પષ્ટ ઠરાવ નથી તોપણ કોરટ તેને ફરીથી પકડી શકેછે, એમાં કાંઇ શક નથી, અને તેજ પ્રમાણે તેમણે અરજ કરી છે કે કલમ ૨૭૨ મી પ્રમાણે અપીલ દાખલ કરવામાં આવી એટલે તોહોમતવાળાને ફરીથી પકડવાનો હુકમ કરવાને એક સરખી રીતે કોરટને અખતીઆર છે.

જસ્ટીશ મેકફરસન સાહેબઃ— ગોબીન તેવારી તથા જોદુલાલને ફરીથી પકડીને અપીલની સુનાવણી પુરી થતા સુધી પેહેરામાં રાખવાને ફરમાવવું. અરજ મંજુર.

તા० ૨૮ મારચ સને ૧૮૭૯.

મી० જસ્ટીશ મેકફરશન તથા મી० જસ્ટીશ માર્કબી, અને મી० જસ્ટીશ મોરીશ સાહેબોની રૂબરૂ.

ફો० કા० ચ० રી० ના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૨૯૪, ૨૯૫, ૨૯૬, અને ૨૯૭.—કલમ ૨૧૫ મી પ્રમાણે છોડી દેવાનો હુકમ.—પ્રોસીડીંગ તાજુ કરવું.

સબોરડીનેંટ માજીસ્ટ્રેટે પુરાવ તપાશીને ફો० કા० ચ० રી० ના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે અરજદારોને છોડી દીધેલા તેમના ઉપર અમુક ફોજદારી કામ તાજુ કરવાને ફરમાવવાનો જીલ્લા માજીસ્ટ્રેટે હુકમ કરયો છે તે કાયદા વીરૂધ છે, એમ કરી રદ કરવામાં આવ્યો.

તે કામમાં અયોગ્ય રીતે છોડી દીધાની બાબત છે, અને તે બાબત માજીસ્ત્રેટની રૂબરૂ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૫ મી પ્રમાણે આવેલી છે, માટે તેમનો ફક્ત યોગ્ય ઇલાજ એ હતો કે તેમણે તે હકીકતનો રીપોર્ટ હાયકોરટમાં હુકમ થવા સારૂં કરવાનો હતો, અને જો હાયકોરટના અભીપ્રાયમાં એમ આવત કે તોહોમતવાળાને અયોગ્ય રીતે છોડી દેવામાં આવેલોછે તો કલમ ૨૯૭ મી પ્રમાણે તેની ફરી તપાસ કરવાને તે હુકમ કરી શકતા હતા.

સીધા બીન સલના ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

પાનું ૪૮૨તમું. ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે બ્યારકપુરના કેનટોનમેન્ટ માજીસ્ત્રેટે અરજદારોને છોડી દીધેલા તેમના ઉપર અમુક ફોજદારી કામ ફરીથી ચલાવવાને અલ્લીપોરના માજીસ્ટરેટે હુકમ કરેલો તે રદ કરવાને આ અરજી છે.

આ રીપોરટના કારણસર જરૂરીઆત હકીકત આ કામની નીચે પ્રમાણે છે.—

સને ૧૮૭૫ ના જુલાઇ માસમાં એક ગોપાલ માલાએ અરજદારો ઉપર બ્યારકપુરના કેનટોનમેન્ટ માજીસ્ત્રેટની કોરટમાં તે વખતે કરનલ એલડન ટન સાહેબ બીરાજતા હતા અને એવો આરોપ રાખ્યો કે તેઓએ મને વ્યથા કરેલી છે. તેરૂ શાહેબે ફરીઆદ તરફનો પુરાવ સાંભળીને અરજદારોને પોતાનો બચાવ કરવાનું કહયું. પરંતુ તે કામનો ફેંસલો થતાં પહેલાં તે સાહેબની જગોએ કયાપટન હોપ કીનસન આવ્યા, અને તેઉએ પોતાના પુરવાધીકારની રૂબરૂ લેવાએલા પુરાવ ઉપરથી તે કામનો નીરણ્ય કરવાની ના કહી, અને તે કામની તપાસ ફરીથી કરી. કયાપટન હોપ કીનશન પેહેલા વર્ગના માજીસ્ત્રેટ છે તેમણે ફરીયાદ તરફનો પુરાવ માંગ્યો નહીં તેથી અરજદારોને તેમણે છોડી દીધા.

આ ઉપરથી ફરીઆદીએ જીલ્લા માજીસ્ત્રેટને અરજ કરી તે કામ ફરીથી ચલાવવાને માગ્યું, એવા કારણથી કે મારા તમામ શાક્ષીઓ કયાપટન હોપ કીનસને તપાસ્યા નથી. આવી એક તરફી હકીકત તા૦ ૧૦ ફેબરવારી સને ૧૮૭૬ ના રોજ કેહેવામાં આવી તે ઉપરથી તે કામ ફરીથી ચલાવવાને હુકમ કરયો, એવું ઠરાવીને કે તે કામ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાના બાબ ૧૭ મા પ્રમાણે તે કામ તપાસવા લાયક છે, માટે ફરીઆદ તરફથી તમામ શાક્ષીઓ તપાસ્યા વીના તોહોમતવાળાઓને છોડી દેવાનો હુકમ કરવો જોઇતો નહીં હતો. વળી તે માજીસ્ત્રેટે કહેલું છે કે જો આ કામ હાય કોરટની નજરે જાય તો, હાયકોરટ

બેશક તે છોડી દીધાનો હુકમ રદ કરે. પરંતુ તેમની નજરમાં રેફરંસ કરવાની જરૂરી લાગેલી નથી, કારણ કે કલમ ૨૧૫ મી પ્રમાણે છોડી દીધાનો હુકમ તે નીરદોશ ઠરાવ્યા સરખો હુકમ નથી, માટે તેની તે હકીકત બાબત ફરી તપાસ કરવાને હરકત નથી. તેથી તેમણે ફો૦ કા૦ચ૦ રી૦ ના કાયદાના બાબ ૧૭ પ્રમાણે તે અરજદારો ઉપર નવેસરથી કામ ચલાવવાને જોઈંટ માજીસ્ટ્રેટને હુકમ કરયો.

અરજદારોએ તા૦ ૧ મારચ સને ૧૮૭૬ ના રોજ તે હુકમ કાયદા વીરૂધ અને હકુમત વીના કરવામાં આવેલો છે તે કારણથી રદ કરવાને હાય કોરટને અરજ કરી. તે ઉપરથી જસ્ટીશ મેકફરશન અને જસ્ટીશ મોરીસ સાહેબોએ પ્રોસીકયુટર ઉપર એવો હુકમ કરયો કે તા૦ ૧૦ ફેબરૂઆરીના રોજનો તે હુકમ શા વાસ્તે રદ કરવો નહીં જોઇએ તેનું કારણ બતાવવું. અને ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૪ મી પ્રમાણે કામના કાગળો મંગાવ્યા. સીધાબીન સત્યાના કામનો ઠરાવ મુંબાઇ હાય કોરટે કરેલોછે અને જે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની પ્રીનશીપની નોટની ૫ મી આવૃતીમાં કલમં ૨૧૫ નીચે બતાવેલો છે તે ઉપરથી હાય કોરટની રૂબરૂ ઊઠાવેલી બાબત વીશે કાંઇક શક હોવાથી તે હુકમ બાબત તા૦ ૨૮ મારચના રોજ ત્રણ જડજો એટલે જષ્ટીસ મેકફરશન, જસ્ટીસ માર્કબી અને જષ્ટીશ મોરીસ સાહેબોની રૂબરૂ સુનાવણી ઉપર આવ્યો.

અરજદારો તરફથી બાબુ બ્રાજોનાથ.

સરકાર તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ મેકફરશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમને ખુલ્લુ જણાય છે કે આ કામ ૨૪ પ્રગણાના માજીસ્ટ્રેટની રૂબરૂ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૫ મી પ્રમાણે આવેલું છે, અને પ્રથમ તે માજીસ્ટ્રેટે તે કામની તે કલમ પ્રમાણે વ્યવસ્થા કરેલી છે. તે પ્રમાણે છે તો તેમનો ફકત ઇલાજ હાયકોરટનો હુકમ થવા સારૂં તે કામ બાબત હાયકોરટમાં રીપોરટ કરવાનો હતો, અને જો હાયકોરટના અભીપ્રાયમાં તોહોમતવાળાઓને અયોગ્ય રીતે છોડી દેવામાં આવેલા છે, એવું આવત તો, હાયકોરટ તેમની ફરી તપાસ કરવાનો હુકમ (કલમ ૨૯૭ પ્રમાણે) કરી શકતા હતા.

મી૦ પ્રીનશેપે પોતાની નોટની છેવટની આવૃતીમાં એક ઠરાવ (સીધાબીન સત્યા) મુંબાઇ હાયકોરટનો એવો બતાવેલો છે કે માજીસ્ટ્રેટે જે રીતીએ કરેલું છે તે બરોબર છે એવું તે ઉપરથી માલુમ પડે છે. પરંતુ તે ઠરાવ મુંબાઈ હાઇ કોરટના રેગ્યુલર ફેસલાના રીપોરટો છે તેમાં

રીપોરટ કરવામાં આવેલો નથી. તેમ તેનો કાંઇ રીપોરટ અમને માલુમ પડી શકતો નથી. સબબ અમે કહી શકતા નથી કે તે કોરટે તેમાં કેટલું જોયું હશે. જે તમામ હકીકતની વ્યવસ્થા મુંબાઇની હાય કોરટને કરવાની હતી તે અમારી રૂબરૂ નથી. માટે આ ફેંસલાની નોટ જે અમારી પાસે છે તેની થોડીકજ કીમત છે, અને તે છે તે પ્રમાણે કલમ ૨૯૫ પ્રમાણે જે કામો માજીસ્ત્રેટોની રૂબરૂ આવે તે બાબત અમે મળવાને તઇયાર થએલા નથી.

કલમ ૨૯૪ અને ૨૯૭ મી પ્રમાણે વ્યવસ્થા કરતાં અમારી નજરમાં આવે છે કે માજીસ્ટરેટના પ્રોસીડીંગમાં અગત્યની ભુલ છે, અને તેમણે હાલ કરેલી નવી ફરીયાદ લેવાને જોઇંટ માજીસ્ત્રેટને હુકમ કરેલો છે તે તથા ત્યાર પછીનું તમામ પ્રોસીડીંગ રદ થવું જોઇએ.

તા૦ ૨૧ જુલાઇ સને ૧૮૭૫ પછી ફરીયાદ ચલાવવાને જુદી જુદી વાર ગમે તે કાંઇથી થઇ હોય, પણ દરેક વાર ઘણી લાંબી અને કમ કીસમત ભરેલી વાર થએલી છે, એમાં કાંઇ શક નથી. જો કાંઇ ખાસ હકીકત ના હોય તો તેના તેજ ગુનહા બાબત તોહોમતવાળાની વારે વારે તપાસ કરવી એ હરેક રીતીએ ઘણુંજ ગેરવ્યાજબી અને ના દુરસ્ત એક નીયમ તરીકે છે. આ કામમાં ત્રીજી વખત તપાસ કરવાને ખાત્રી લાયક ખાસ કારણ કાંઇ નથી. માટે હવે ફરીઆદ ફરીથી શીરૂ થવી જોઇએ એવો હુકમ (કલમ ૨૯૪ મીના હેતુ પ્રમાણે) બરોબર નથી, અને યોગ્ય છે.

સબબ તા૦ ૧૦ ફેબરવારીના રોજનો હુકમ તથા ત્યાર પછીનું પ્રોસીડીંગ રદ કરવામાં આવેલું છે.

હુકમ રદ કરવામાં આવ્યો.

અસલ ફોજદારી મુકરદમો.

તા૦ ૧૩ એપ્રીલ સને ૧૮૭૬.

મી૦ જષ્ટીશ પોંટીફેક્સ સાહેબની રૂબરૂ.

મોરાદ અલ્લીની ફરીયાદ ઉપરથી માહારાણી વી૦ હાજી જીબનબક્ષ.

સને ૧૮૭૫ ના આક્ટ ૧૦ (હાય કોરટના ફો૦ કા૦ ચ૦ રી૦ના કાયદા) ની કલમ ૧૪૭.—કામ હાયકોરટમાં ટ્રાંસફર કરેલું.--ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવાથી દંડ પાછો આપવો.—માજીસ્ત્રેટે લીધેલા પુરાવની નોટ,

સને ૧૮૭૫ ના આક્ટ ૧૦ ની કલમ ૧૪૭ મી પ્રમાણે ગુન્હાની

શાએતીનો ઠરાવ રદ કરવામાં આવે તેથી દંડ પાછો આપવાનો હુકમ કર વાને હાયકોરટને અખત્યાર નથી.

તપાસ વખતે માજીસ્ત્રેટે પુરાવની જે નોટ કરેલી હોય તે ઉપરથી કલમ ૧૪૭ મી પ્રમાણે કાંમ ટ્રાનસફર કરવું જોઇએ કીંવા નહી તેનો આ કામમાં ઠરાવ કરેલો છે.

પાનુ ૩૫૪ આ કામમાં તા૦ ૩૦ મારચના રોજે જસ્ટીશ ફીયર સાહેબે કલકતાના ઉતર ભાગના પોલીશ માજીસ્ત્રેટ મી૦ ડીકન્સ ઊપર તથા ફરીઆદી મોરાદઅલી ઉપર એવો હુકમ કરેલોછે કે સને ૧૮૭૫ ના આ૦ ૧૦ ની કલમ ૧૪૭ મી પ્રમાણે તે કાંમ હાયકોરટમાં "ટરાનસફર" શા વાસ્તે નહી કરવું તેનું કારણ બતાવવું. હકીકત એવી છે કે ફરીયાદી તથા પ્રતીવાદી જોડા જોડ ઘરોમાં રહે છે, અને તે ઘરોની વચમાં એક ફકત કરાની દીવાલ છે. તે દીવાલમાં એક બાકુ દેખીતી રીતે પ્રતીવાદીની બાજુ તરફથી પડેલું માલુમ પડેલું તેથી મોરાદ અલીએ હાજી જીબન ઉપર શાપ્રાધ બીગાડના આરોપની ફરીઆદ કરી. તે આરોપનો માજીસ્ત્રેટ મી૦ ડીકીન્સે હાજી જીબનને ગુનેહગાર ઠરાવ્યો. અને રૂ ૫૦) તેના દંડ કરયાં તે ફરીઆદીને આપવાનો હુકમ કરયો. કાંમ હાયકોરટમાં ટરાનસફર કરવાની અરજીનું કારણ એ હતું કે તપાસ વખતે પ્રતીવાદી તરફનો તે બીગાડ કરવા બાબતના ઇરાદાનો કાંઇ પુરાવ ગુજારવામાં આવેલો નથી તેછે.

તે હુકમ વીરૂધ મી૦ બ્રાંનસન તથા મી૦ ઇવંશ કારણ બતાવવાને હાજર થયા.

વીરૂધ બાજુ તરફથી મી૦ જાકશન અને મી૦ બાનરજી.

મોરાદઅલી તરફથી મી૦ પીતારે અને હાજી જીબનબક્ષ તરફથી મી૦ લીશલી તથા હાજી જીબન બક્ષે એકાંમતે એકાજુતે આરીડવીટ ફાઇલ કરેલ છે. આ પાછળના આરીડવીટ સાથે માજીસ્ત્રેટ તોહોમતની સુનાવણી વખતે લીધેલા પુરાવની નોટની નકલ જોડેલી છે.

તે કાંમના ગુણદોશ ઉપર મી૦ બ્રાંનસને જઇ તકરાર કરી છે કે પ્રતીવાદીને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે તે બરોબર છે. (મી૦ જાકસન સાહેબઃ—માજીસ્ત્રેટની રૂબરૂ જે પુરાવની નોટ કરવામાં આવેલી છે તે સાધનથી કોરટે હાલ નીરણય કરવાનો છે. લુઇશનો ઠરાવ જુઓ. તે પુરાવમાં પુરવણી કરવાને આરીડવીટનો ઉપીયોગ થઇ શકતો નથી.) તેમાં કાંમ કલમ ૧૪૭ મી પ્રમાણે મગાવેલું હતું. આ હુકમથી તે કામ શાવાશતે નહી મોકલવું જોઇએ તેનું કારણ અમને પુછવામાં આવેલું છે. તે નોટમાં માજીસ્ત્રેટની રૂબરૂ લેવાએલો તમામ પુરાવ નથી. તે નોટ લ

ખી લેવાને બંધાએલા નહી હતા. (જષ્ટીશ પોંટીફેક્સઃ—કાંઇ પણ બી-ગાડ કરવાની તેમાં હકીકત છે કે નહી? તે દીવાલ કરાની જણાય છે. પણ જો તે ફરીઆદીની હોત તોપણુ પ્રતીવાદીના કૃત્યથી પ્રવેશ થાયછે, અને સાપ્રાધ બીગાડ થતો નથી.

તેજ બાજુ તરફથી મી૦ ઇવન્સઃ—મી૦ લીસલીના એફીડેવીટમાં જે પુરાવ કહેલો છે.તે માજીસ્ટ્રેટે પુરાવની નોટ લીધેલી છે તેમાં જણાતો નથી. જ્યાંહાં એમ માલુમ પડે છે કે કોરટની રૂબરૂ તમામ પુરાવ ન-થી ત્યાંહાં કોરટે તમામ પુરાવ મંગાવવો જોઇએ, અગર તે કામની ફરી તપાસ કરી શકે છે.

મી૦ જાકશને અરજ કરી કે નીરણીય કરવાને તમામ હકીકત કોર ટની રૂબરૂ છે, અને આ હકીકત ઉપરથી ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ.

પોલીશ કોરટમાંથી જે પુરાવ આવેલો છે તે ઉપરથી કોરટના અ-ભીપ્રાયમાં આવે છે કે પ્રતીવાદીને બીગાડનો ગુન્હેગાર ઠરાવવાને કાંઇ હકીકત નથી. કારણ કે તે બાકુ દીવાલમાં દવેશબુદ્ધી વગર ફરીવાદીને હેરાન કરવાના કારણુસર પાડેલું છે તે બાબત કાંઇ પુરાવ નથી. સબબ ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો છે.

મી૦ જાકશને દંડ પાછો મળવાનો હુકમ થવા અરજ કરી છે. પરંતુ કોરટના અભીપ્રાયમાં આવે છે કે તે કલમ પ્રમાણે દંડ પાછો આપવાનો હુકમ કરવાને કોરટને અખત્યાર નથી.

મી૦ જાકશને ખરચ બાબત અરજી કરેલી તે પણ ના મંજુર કર-વામાં આવી, કારણ કે કોરટના અભીપ્રાયમાં આવ્યું છે કે પ્રતીવાદી ત-દન ઠબકામાંથી છુટો થતો નથી, અને તે ફરીયાદ દવેશબુદ્ધીથી માંડવામાં આવી હોય એમ જણાતું નથી.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

તા૦ ૫, ૧૬, અને ૨૦ માર્ચ સને ૧૮૭૬.

મી૦ જસ્ટીશ ફીયર અને મી૦ જસ્ટીશ મારકબી

સાહેબોની રૂબરૂ.

માહારાણી વી૦ ઉપેંદ્રનાથ દોસ વીગરે.

સને ૧૮૭૫ ના આકટ ૧૦ (હાય કોરટ ક્રીમીનલ પ્રોસીજર આ-કટ) ની કલમ ૧૪૭.—હાયકોરટમાં ટ્રાંસફર કરેલું કામ.—

પ્રોસીક્યુટરને નોટીશ,—પીનલકોડની કલમ ૨૯૨ અને ૨૯૪—ખાસ આરોપ—હાયકોરટમાં ટ્રાન્સફર કરવાની કામ ચલાવવાની રીતી.

સને ૧૮૭૫ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ મી પ્રમાણે એક કામ કે જેમાં કેદીને ગુનહેગાર ઠરાવેલો અને તે કેદ ભોગવતો હતો તે ટ્રાન્સફર કરવાની અરજીના કામમાં પ્રથમ દર્શનીક પુકત કારણ બતાવવામાં આવે તો, સરકારને નોટીસ આપ્યા વીના કામ ખસેડવાનો હુકમ કરવો તે કોરટના કુલ અખત્યારમાં છે,

* * *

પાનું ૩૫૬ કેદીઓના ઉપર પીનલકોડની કલમ ૨૫૨ અને ૨૯૪ મી પ્રમાણેના ગુનાના આરોપ રાખવામાં આવેલા અને કલકતાના ઊતર ભાગના માજીસ્ટ્રેટે તેમને ગુનેહગાર ઠરાવી એક માંસની આશાન કેદની શીક્ષા કરેલી છે. તેઓએ આ અરજી કરવાથી જસ્ટીસ ફીઅર સાહેબે સને ૧૮૭૫ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ મી પ્રમાણે તે કામ હાય કોરટમાં મંગાવવાનો એક તરફી હુકમ કરયો, અને કલમ ૧૪૮ પ્રમાણે કેદીઓને જામીન ઉપર છોડયા. તે કામ હવે સુનાવણી ઉપર આવ્યું.

કેદીઓ તરફથી મી. બ્રાનસન, મી. એમ. ગોઝ અને મી૦ પાલીઠ.

સરકાર તરફથી સ્ટાંનડીંગ કોનશલ (મીં૦ કેનેડી.)

મી૦ બ્રાનશને તકરાર કરી કે ગુનાની સાબીતીનો ઠરાવ થઇ સકતો નથી. પેહેલા એવા કારણથી કે તોહોમત ગોલમ છે કારણ કે કેવા પ્રકારના ગુનાનો આરોપ રાખવામાં આવ્યો છે તે તેમાં બતાવેલું નથી. બીજુ કે કેદીઓએ કલમ ૨૯૨ અને ૨૯૪ મી પ્રમાણે ગુનો કરયો નથી; અને ત્રીજું કે તે પુરાવથી વ્યાજબી રાહે ગુનો શાબીત ઠરાવી શકાતો નથી. વળી તેમણે તકરાર કરી કે તે કામની સંક્ષેપ રીતે નીકાલ કરવાને તેમને કાંઇ સત્તા નથી.

સ્ટાંનડીંગ કોનશલે હાય કોરટમાં કામ મંગાવ્યાના હુકમ બાબત એવી હરકત લીધી કે સરકારને તે બાબત નોટીશ આપવામાં આવી નથી. સરકારને તે કામ ચલાવું હોયતો કોરટે તે કામ બંધ રાખવાનું કહયું પરંતુ સ્ટાનડીંગ કોનશલે કહયું કે તે બંધ રાખવાની જરૂર નથી. પછી તેમણે તકરાર કરી કે માજીસ્ટ્રેટને તેનો તપાસ કરી નીકાલ શંક્ષેપરીતે કરવાનો અખત્યાર હતો, અને પુરાવ ઉપરથી ગુનાની સાબેતીનો ઠરાવ કાયમ રહેવો જોઇએ. મી૦ બ્રાનશનનો જવાબ સાંભળ્યા પછી કોરટે વીચાર કરવાને મુદત લીધી અને બીજે દીવસે જષ્ટીશ ફીયર સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

કલકતાના ઉતર ભાગના માજીસ્ત્રેટની કોરટમાંથી આ કામ હાય કોરટના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૭ મી મુજબના હુકમથી આ કોરટમાં ખશેડવામાં આવ્યાથી તે અમારી રૂબરૂ આવેલું છે.

વીદવાન ષ્ટાનડીંગ કોનશલે સરકાર તરફથી એવી હરકત લીધીછે કે તે હુકમ ગેરશીરસ્તે કરવામાં આવેલો છે, કારણ કે તે બાબતની અરજીની સરકારને નોટીશ આપવામાં આવી નથી, અને તે અરજી ઉપર તકરાર કરવાને સરકારને લાગ આપેલો નથી, તોપણ અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કામમાં જેમ ગુનો સાબેત ઠરાવવામાં આવેલો છે તેમ સાબેત ઠરાવવામાંઆવે અને તેથી કેદી જયારે ખરી રીતે કેદ ભોગવે છે ત્યારે કેદીની અરજી ઉપરથી પ્રથમ દરશનીક પુકત કારણ બતાવવામાં આવેતો, સરકારને નોટીશ આપ્યા વીના કામ ખશેડવાનો હુકમ કરવાને કોરટને કુલ અખત્યાર છે. આ સુનાવણી બાબત મુદત જોઇતી હોયતો મુદત આપવાને તઇઆર છીએ એવું સ્ટાનડીંગ કાંઉનશલને અમે કહયું પરંતુ તેમણે કહયું કે કાંઇ પણ વાર નહી કરતાં તે કામ ચલાવવાને તઇયાર છે.

અરજદારો તથા બીજા અમુક સખસ ઉપર જે આરોપ બાબત માજીસ્ત્રેટે તપાસ કરેલી છે તે જે કોરટની બુક માજીસ્ત્રેટે અમારી તરફ મોકલી છે તેમાં છે. તેમાં નીચે પ્રમાણે શબ્દો છે:—પ્રતીવાદીઓએ તા૦ ૧ લી માર્ચના રોજ કલકતામાં બીડનના મેહેલ્લામાં કેટલાક બીભત્સ દેખાવ લોકોને બતાવ્યા એવો તેમના ઉપર આરોપ રાખવામાં આવ્યો છે. વળી પ્રતીવાદીઓ ઉપર એવો આરોપ રાખવામાં આવ્યો છે કે તેઓએ સદર કહેલી વખતે તથા જગાએ બીજાઓ હેરાન થાય તેવા બીભત્સ શબ્દો બોલ્યા. પીનલકોડની કલમ ૨૯૨ અને ૨૯૪." અને બેઉ બાજુ તરફથી આપેલો પુરાવ સાંભળ્યા પછી માજીસ્ત્રેટે અશલ હુકમ અથવા ગુનાની સાબેતીનો ઠરાવ કરીને સહી કરેલી છે તે નીચે પ્રમાણે જણાય છે:—"પ્રતીવાદીઓ (૨) અને (૩) ઉપેંદ્રનાથ દોશ અને અમ્રીતલાલ બોઝ" (આ કોરટને અરજ કરનારા બે અરજદારો) "ફોજદારી કાયદાની કલમ ૨૯૨ અને ૨૯૪ મી પરમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યા છે અને તેઓએ એક માસ કેદ ભોગવવી.

આ બેઉ કલમો ૨૯૨ અને ૨૯૪ મી પીનલકોડની છે તે દરેકનો હેતુ બોહોળો છે. પરંતુ કેવો દેખાવ દેખાડયો અને શા શબ્દો બોલવામાં આવ્યા અને તે બીભત્સ હતા તે ઓછામાં ઓછા કેદીઓનો બચાવ પુછવામાં આવ્યો તે પેહેલાં તોહોમતનામામાં બતાવવામાં આવ્યું

નથી. એ દીલગીરી ભરેલું છે. અને તોહોમતવાળા સખસો તથા લોકોના એ બેઉના હીતને સારૂ અગત્યની વાત છે કે માજીસ્ત્રેટે તે કામના પોતાના ઠરાવમાં સ્પષ્ટ બતાવવું જોઇતું હતું કે કેવો દેખાવ બતાવવામાં આવેલો અને શા શબ્દો બોલવામાં આવેલા કે જે બાબત તેમને તે કલમોના હેતુ પ્રમાણે બીભત્સ બાબત ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા છે.

માજીસ્ત્રેટની બુક ઉપરથી જેમ સમજાય છે. તે પ્રમાણે જો કામની હકીકત રહેલી હોયતો અમારે ખરી રીતે તે કામની ફરી તપાસ કરવી જોઇએ. અગર માજીસ્ત્રેટે ગુનો શાબેત ઠરાવ્યાનો હુકમ કરેલો છે તેનો આધાર માજીસ્ત્રેટના કાંઇ અભીપ્રાય ઉપર નથી. માટે તે કામ કાહાડી નાંખવું જોઇએ. તોપણ સારા નશીબે કરીને ગુનાની શાબેતીના ઠરાવ બાબત તે કામ આ કોરટમાં મંગાવવા અરજ કરી હરકત લીધેલીછે, ત્યારથી માજીસ્ત્રેટે હકીકત બાબત રીતસર સ્પષ્ટ ઠરાવ તથા હુકમ લખેલો છે માટે હવે અમે નીરભયતાથી એમ ધારી શકીએ કે પીનલકોડની કલમ ૨૯૨ અને ૨૯૪ ના હેતુ પ્રમાણે અરજદારો વીરૂધ પુરાવ ઉપરથી માજીસ્ત્રેટના અભીપ્રાયમાં જે કાંઇ શાબેત થએલું આવેલું છે તે તમામ બતાવી આપે છે. (માજીસ્તરેટનો ખાસ ઠરાવ અવલથી તે આખર સુધી જોઇ નામદાર સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે માજીસ્તરેટે જે હકીકત બાબત અભીપ્રાય આપેલો છે તે પુરાવ પ્રમાણે વ્યાજબી નથી. અને કલમ ૨૯૨ અને ૨૯૪ ના હેતુ પ્રમાણે તે શબ્દો તથા વાકયો બીભત્સ નથી. પછી તેઉ સાહેબે કહયું છે કે:—આ ઉપરથી જણાય છે કે જે કારણોથી માજીસ્તરેટે ગુનાની શાબેતીનો ઠરાવ કરેલો છે તે આ કામમાં નીશફળ જાય છે અને પુરાવ ઉપરથી બીજુ કાંઇ કારણ કાયદેસર રીતે તે ઠરાવને પુષ્ટી કરે એમ અમને માલમ પડી શકતુ નથી. સબબ ગુનાની શાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ, શીક્ષાનો હુકમ રદ કરવો જોઇએ; અને અરજદારોને જે મુચરકાનું બંધન છે તે બંધનમાંથી તેમને છુટા કરવા જોઇએ.

ગુનાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો

ફોજદારી અપીલ.

મી૰ જસ્ટીશ માકફરસન અને મી૰ જસ્ટીસ મોરીસ
સાહેબોની રૂબરૂ.

તા૰ ૨૩ અગષ્ટ સને ૧૮૭૬

માહારાણી વીરૂધ બાબુજુલાલ વીગરેની અરજીના કામમાં

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ

૧૦) ની કલમ ૪૭૧—સને ૧૮૬૧ ના આકટ ૨૩ ની કલમ ૧૬—જુઠી શાહેદી આપ્યાના ગુનાની તપાસ કરવાને કામ માજીસ્તરેટ તરફ મોકલ્યાનો હુકમ—આરંભની તપાસ—મોઘમ તોહોમત.

જો કે દીવાની કોરટોને જેવો અખત્યાર દીવાની તથા ફોજદારી કોરટોને એક સરખી રીતે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે આપવામાં આવેલો છે તેવોજ અખત્યાર સને ૧૮૬૧ ના આકટ ૨૩ ની કલમ ૧૬ પ્રમાણે આપવામાં આવેલોછે. તોપણ તે કલમો પ્રમાણેના કામોમાં કામ ચલાવવાની રીતીના કાયદાના ઠરાવ બાબત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૧ માં ઠરાવ કરેલો છે.

પાનું ૪૫) મયાના જડજે એક દીવાની દાવામાં વાદીને તથા તેના સાહેદીઓમાંના બે સાહેદીઓને જુઠી સાક્ષી આપી તથા તે ગુનામાં મદદ કરી એવા આરોપની તપાસ કરવા સારૂ તેમને એક માજીસ્તરેટ તરફ મોકલી દેવાનો હુકમ કરેલો તે હુકમ રદ કરવાને આ અરજી કરેલી છે. તે કામમાં હાલના અરજદાર બાઇજુલાલે અમુક મીલકતનો કબજો લેવા દાવો કરેલો છે. એવું કહીને કે પ્રતીવાદીએ મારી પાસેથી તે મીલકતનો કબજો ગેરકાયદે લીધેલો છે. તેણે એક રાજન કુંવરની પાસેથી પેટા પટે રાખનાર તરીકે દાવો રાખી કહ્યું છે કે તે મીલકતની માલેક રાણી સનતકુંવરની પાશેથી તે રાજકુંવર પટે રાખનાર છે. બીજા ઈસ્યુઓની સાથે એક ઇસ્યુ એવો કાહાડવામાં આવેલો છે કે રાણી સનતકુંવરે રાજન કુંવરને કાંઇ પટો લખી આપેલો છે કે નહીં. બીજો ઇસ્યુ એવો છે કે વાદીનો કોઇ વખત કબજો થએલો છે કે નહીં. તપાસ વખતે પુરાવ જોવામાં આવ્યો અને પેહેલા ઇસ્યુ વીશે જડજે વાદીના લાભમાં ઠરાવ કરયો અને કબજા વીશે અગત્યનો ઇસ્યુ છે તે બાબત પ્રતીવાદીના લાભમાં તેમનો અભીપરાય થવાથી તેમણે તે દાવો કાહાડી નાંખ્યો કબજા બાબતના ઇસ્યુ વીશે પ્રતીવાદીએ કોઇ સાહેદી આપેલા નથી. અને વાદી તરફથી ફકત બે સાક્ષીઓ આપવામાં આવેલા છે તે જગરનાથસીંગ તથા નવરંગીલાલ છે. અને તેમાંનો પેહેલો સાક્ષી આ અરજીમાં સામેલ થએલો છે. જડજે આ બે સાક્ષીનું કેહેવુ માન્યું નહીં, અને વાદી પોતાની હકીકત સાબેત કરવાને નીસ્ફળ થએલો છે એવો વીચાર કરીને તે ઇસ્યુ ઉપર પરતીવાદીનો પુરાવ માગ્યા શીવાય પરતીવાદીના લાભમાં ફેંસલો આપ્યો.

જડજે પોતાના ફેંસલાની છેવટની કલમમાં નીચે પરમાણે હુકમ કરેલોછે.

"જગર નાથસીંગ અને નવરંગીલાલની જુબાનીઓ તથા તે જુબાનીઓની ઇંગ્રેજી નોટો માજીસ્તરેટ તરફ એવા વીચારથી મોકલવામાં

આવશે કે તેઓએ ન્યાયની રૂઇના કામમાં બુદ્ધી પુરવક જુઠી શાહેદી આપેલી છે કે નહીં તે બાબત તેઉ તપાસ કરે, અને તે શાક્ષીઓ આ કામના વાદી બાઇજુલાલના નોકરો છે માટે તે વાદીએ તેમને અશર કરેલો હોય એ અનુંમાન કરવા લાયક છે. વળી હું ફરમાવું છું કે ન્યાયની રૂઇના કામમાં બાઇજુલાલે જુઠી શાહેદી આપવાના ગુનહામાં મદદ કરી છે કે નહીં અને વળી દાવાની જે અરજી ઉપર તેણે સુહી કરેલી છે તેમાં લખેલો મજકુર તે જુઠો છે એમ જાણુતો હતો કે નહીં, તે વીશે માજીસ્ત્રેટે તપાસ કરવી. તે તપાસ કરતાની દરમીઆનમાં વાદી કબજા વીસે જે કહેછે તે કહેલું રદ કરવાને પ્રતીવાદીઓએ જે શાક્ષીઓ લેવાને બતાવેલા પરંતુ વાદીના શાક્ષીઓ એટલા બધા તુટી ગએલ છે કે તે શાક્ષીઓ લેવા અમે જરૂર ધારયું નથી. તે શાક્ષીઓ માજીસ્ત્રેટ તપાસે તો ઠીક છે."

અરજદારો બાઇજુલાલ અને જગરનાથસીંગે નીચેના કારણોથી આ હુકમ રદ કરવાને અરજ કરેલી છે:—જગરનાથસીંગે કહેલી હકીકત જુઠી છે એવું બતાવવાને અથવા બાઇજુલાલે જુઠી સાક્ષીના ગુનહામાં મદદ કરી છે એવું બતાવવાને કાંઇ પણ પુરાવ નથી અને તેના સાક્ષીઓએ તેના લાભમાં જુબાનીઓ આપી છે તેથી તેને આવા ગુનહામાં મદદ કરી એવું અનુમાન કરવાને કાંઇ ખાત્રી થતી નથી. અને અગતના ઇસ્યુઓ બાબત જ્યારે વાદીના લાભમાં ઠરાવ થએલો છે ત્યારે દાવાની અરજીમાં લખેલી બાબત જુઠી છે એમ વાદી જાણુતો હતો કે નહી એ વીશેની તપાસ ઘણી સાધારણ અને મોઘમ છે. અને ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે તે જડજે આલવાને કસુર કરેલી છે તેમ તેમણે કાંઇ આરંભની તપાસ કરેલી નથી અને તે આરોપ બાબત તપાસ કરવાને પુકત કારણ છે એવો તેમનો અભીપ્રાય માલમ પડે તેવું કાંઇ પ્રોશીડીંગ લખેલું નથી અને તે હુકમમાં અમુક જે કત્યો અગર હકીકતોથી તોહોમતવાળો ગુનહો બનેછે એવા કાંઇ કત્યો અગર હકીકત તેમાં બતાવેલી નથી. અને તે પુરાવ નહી માનવાને તેમના સબબો છે. તે ઘણાજ કલ્પીત છે. અને આવા કારણોથી આવી ફરીઆદ ચલાવવાને પરવાનગી આપવી તે કાયદાના વીચાર અને હેતુ ઉપરાંત છે અને તે હુકમ હકુમત વીના કરવામાં આવેલો છે.

આ અરજ ઉપરથી હાયકોરટે કામના કાગળો મંગાવ્યા અને જડજને ફરમાવ્યું કે તમારો હુકમ શાવાસ્તે ફેરવવો નહી જોઇએ, તેનું કારણ તમારે બતાવવું.

જડજે તે બાબત જે રીર્ઠન કરયું તેમાં કહયું છે કે મેં તે હુકમ

સને ૧૮૬૧ ના આકટ ૨૩ ની કલમ ૧૬ પ્રમાણે કોરટને મળેલા અખતીઆરનો અમલ કરી કરેલો છે અને તે સાક્ષીઓના કહેવા બાબત મેં કાંઇ આરંભની તપાસ કરી નથી. અને તેમની વરતણુંક ઉપરથી તેમણે ખોટી સાક્ષી આપી છે એવી મારી ખાતરી થઇ છે અને તેથી તેમણે કહયું છે કે માજીસ્ત્રેટને તપાસ કરવાને જરૂર છે કીંવા નહી તેનો ફકત આરંભની તપાસમાં દીવાની કોરટે નીરણય કરવાનો છે. અને શાં રીત રીતે આરોપ ઘડવો એ કામ માજીસ્ત્રેટનુ છે અને જે કોરટ માજીસ્ત્રેટને તપાસ કરવાને ફરમાવે તે કોરટનું નથી. તે કોરટના કામની તો જે ગુનહા બાબત તપાસ કરવાની હોય તે ગુનહાનો પ્રકાર વ્યાજબી રાહે માલમ પડે તે પ્રમાણે બતાવી આપવો એવી મરીયાદા રાખવામાં આવેલી છે.

સરકાર તરફથી મી૦ ગ્રેગરીએ કારણ બતાવ્યું.

તે હુકમની પુસ્ટીમાં મી૦ બાનરજી અને મી૦ સાંડલ હાજર હતા.

કોરટનો ફેંસલો જષ્ટીશ મૅકફરસન સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

ગયાના જડજે ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે એક દીવાની દાવાના વાદીને તથા તેના બે સાક્ષીઓને જુઠી સાક્ષી આપ્યા વીગરેના તોહોમતો બાબત તપાસ કરવા માજીસતરેટ તરફ મોકલવાનો હુકમ કરેલો તે હુકમ રદ કરવા આ અરજી કરેલી છે.

ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે તે હુકમ કરવામાં આવેલો છે એમ અમે કહીએ છીએ કારણ કે સદરહુ કલમ ૪૭૧ થી દીવાની અને ફોજદારી કોરટોને એક સરખી રીતે જે અખતીઆર આપવામાં આવેલો છે. તેવોજ અખતીઆર સને ૧૮૬૧ ના આકટ ૨૩ ની કલમ ૧૬ થી દીવાની કોરટને અખતીઆર આપવામાં આવેલો છે. તો પણ કલમ ૪૭૧ મીમાં કાયદાનો તમામ ઠરાવ છે એમાં કાંઇ શક રહી શકતો નથી અને તે હુકમ સને ૧૮૬૧ ના આકટ ૨૩ ની કલમ ૧૬ પ્રમાણે કરવામાં આવેલો છે અગર થઇ શકતો હતો. અને કલમ ૪૭૧ પ્રમાણે કરેલો નથી. એવી સુચના કરવામાં આવેલી છે. તેથી આ બાબતમાં હાથ ઘાલવાને અમારી હકુમત છે તેને હરકત થતી નથી.

(તે વીદ્વાન જડજે કામની હકીકત બતાવી કહયું છે કે)

બાઇજુલાલ અને જગરનાથ તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે જડજને તે હુકમ કરવાને અખતીઆર નહી હતો. કારણ કે તેમણે કાંઇ આરંભની તપાસ કરી નથી અને કલમ ૪૭૧ પ્રમાણે તેવો હુકમ કરવાને જેવુ પુકત કારણ જોઇએ તેવું પુકત કારણ નહી હતું.

અમારી નજરમાં આવે છે કે તે હરકત બળવાન છે અને જડજે જે પરમાણે કરેલુ છે તે પ્રમાણે આ સખશોની વ્યવસ્થા કરવાને તેમને હકુમત નહી હતી જગરનાથની સાક્ષી તે જડજે માનેલી નથી. પણ તે સાક્ષી વીરૂધ એકે સાક્ષી બોલાવવામાં આવેલો નથી. અને બાઇજુલાલ ને તે જડજની રૂબરૂ બીલકુલ તપાસવામાં આવ્યો નથી. અને તે કામમાં તે ફકત વાદી હતો તે હકીકત શીવાય જુઠી સાક્ષી આપ્યાના ગુનહામાં તેણે મદદ કરી છે એવું બતાવવાને કાંઇ પણ નથી. જડજ કહે છે કે તેણે પોતાના સાક્ષીઓને અસર અનુમાની રીતે કરેલો હોવો જોઇએ. પણ આવું કાંઈ કાયદેસર અનુંમાન થતું નથી. અને અમે કહી શકીએ છીએ કે જો આવુ અનુંમાન થાય તો દીવાની કોરટોમાં કજીયાનું છેવટ આવે કારણ કે કોઇ વાદી નીરભય રહે નહી જડજે વાદી તરફથી બે સાક્ષીઓ બોલાવેલા તેમના ઉપર ભરૂસો રાખ્યો નથી. તેથી આરંભની તપાસ કરવાની જરૂર નથી એવુ વીચારેલું છે. પરંતુ તે કાયદા વીરૂધ છે કારણ કે આવી આરંભની તપાસ જે કરવાની જરૂર હોય તે કરયા પછી જડજના અભીપ્રાયમાં એમ આવે કે અમુક આરોપ બાબત ન્યાયની રૂઇએ તપાસ કરવાને હુકમ કરવાને પુકત કારણ છે તો તે કામ માજીસતરેટ તરફ મોકલવાને કાયદો જડજને પરવાનગી આપે છે.

તે જડજે આરંભની તપાસ કરી નથી અને અમુક કીયા આરોપો બાબત માજીસ્ત્રેટે તપાસ કરવાની છે તે જડજ જાણતા નહી હતા એ ખુલું છે. માજીસતરેટને એવો હુકમ કરવામાં આવેલો છે કે તે બે સાક્ષીઓએ ન્યાયની રૂઇના કામમાં ખુસી પુરવક જુઠી સાહેદી આપેલી છે કીંવા નહીં અને બાઇજુલાલે દાવાની જે અરજી ઉપર સહી કરેલી છે તેમાં જે હકીકત છે તે જુઠી જાણુતો હતો કીંવા નહી એવી સાધારણ રીતે તપાસ કરવાને ફરમાવ્યું છે. આ પ્રમાણે મોઘમ ફરીશન જુબાનીયોના સાચા અગર જુઠાપણા બાબત અગર દાવાની અરજીના સાચા અગર જુઠાપણા બાબત તપાસ કરવાને માજીસતરેટને કલમ ૪૭૧ પરમાણે જડજ હુકમ કરી શકતા નહીં હતા પણ અમુક હકીકત અગર મજકુરની બાબતમાં જડજના વીચારમાં તોહોમત રાખી માજીસતરેટે તે બાબત તપાસ કરવી જોઇએ, એવું આવેલું હોય તો તે અમુક હકીકત અગર મજકુર બતાવવાને તે જડજ બંધાએલા છે. તે જડજ કહે છે જે ગુનહાનો તપાસ કરવાનો હોય તે ગુનહાનો પરકાર વ્યાજબી રાહે બતાવવો અને વળી માજીસતરેટને તપાસ કરવાની જરૂર છે કીંવા નહી. એ બતાવવું એટલીજ આ કોરટની ફરજ છે. અમારી નજરમાં આવે છે કે કાયદાનો આ વીચાર બરોબર નથી. જુઠી સાહેદી બાબત ફરીઆદ માંડવામાં દીવાની

કોરટની રૂબરૂ જુઠી સાક્ષી આપેલી છે. એટલું ફક્ત બતાવવામાં આવે તેના કરતાં કાંઇ વધારે બતાવવાની જરૂર છે. કોરટની રૂબરૂ એવો કાંઇ પ્રતક્ષ અને વાસ્તવીક રીતનો પુરાવ જોઇએ કે જેથી એમ માલમ પડે કે સાક્ષીએ કહેલી હકીકત તદન જુઠી છે એમ અમારી નજરમાં આવે છે અમુક તોહોમતનો તપાસ કરવાને પુક્ત કારણ છે તે કાયદાના શબ્દો પ્રમાણે હોવું જોઇએ.

જડજે જેવી આરંભની તપાસ કરવાની જરૂર હતી તેવી તપાસ કરેલી નથી અને તે હુકમ ઘણો મોઘમ અને સામાન્ય રીતનો છે. માટે જડજનો તે હુકમ બીલકુલ બરોબર નથી, આ પ્રમાણે ઠરાવ કરવામાં અમે કાળીપ્રસનો બાગચીના ઠરાવ પ્રમાણે ચાલીએ છીએ.

કલમ ૪૭૧ થી જે અખતીઆર આપવામાં આવેલો છે તે સંભાળ અને યોગ્ય વીચાર સાથે વાપરવો જોઇએ. અને જે દરેક કામમાં પક્ષકાર પોતાની હકીકત સાબેત કરવાને નીશફળ જાય છે. તે કામમાં જડજે તે પક્ષકાર વીરૂધ ઠરાવ કરેલો હોય તો જડજ આ કલમ પ્રમાણે આપેલો અખતીઆર વ્યાજબી રીતે વાપરી શકે છે. જયાં સુધી કામ એવું હોય કે કાંઇપણ શક પડી શકે અગર તે દીવાની દાવામાં અપીલ કરવામાં આવે તો તે જડજનો ઠરાવ બાહાલ રહેવો જોઇએ એવું શંપુરણ રીતે નકી ના હોય તો જે વખતે જડજ દીવાની દાવામાં પોતાનો ફેંસલો આપે તે વખતે આ કલમ પ્રમાણે તેમને આપેલો અખતીઆર તેઉ વાપરે તો તેમણે ડહાપણ વીના ખોટી રીતે વાપર્યો થાય છે. તેની સાથે દીવાની તપાસ ચાલતાંની દરમીયાનમાં જડજની રૂબરૂ ફોજદારી ગુનહા બાબત સ્પષ્ટ અને ભુલ વગરનો પુરાવ હોય અને તે તપાસ પુરી થયા પછી વીચાર કરતાં તેમની નજરમાં તે વીશે એકદમ કામ ચલાવવાની જરૂર લાગે તો તે પ્રમાણે કરવું એ અલબત બરોબર છે. પરંતુ જડજોએ એટલું લક્ષમાં રાખવાનું છે કે કજીયામાં જે પક્ષકારો છે તે પક્ષકાર દીવાની દાવામાં અપીલ ફક્ત અટકાવવાને ફોજદારી ફરીઆદ કરવાને તે વારંવાર સુચના કરે છે માટે તરત તે સુચના પ્રમાણે નહી કરવાને તેમને સંભાળ રાખવાની છે. વળી તેઓએ યાદ રાખવાનું છે કે કલમ ૪૭૧ પ્રમાણે જયારે તેઓ કામ ચલાવે ત્યારે તે ફરીઆદની જવાબદારી તદન જડજના ઉપર છે કારણ કે આવી ફરીઆદ એકાદો ખાનગી પક્ષકાર કોરટની કલમ ૪૬૮ પ્રમાણેની મંજુરી સાથે ફરીઆદમાં અને તે ફરીઆદ ચાલે તેથી ઘણી જુદી છે.

હુકમ રદ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૨ જુ

ફોજદારી અપીલ

તા૦ ૧૫ જુન સને ૧૮૭૬

મી૦ જસ્ટીસ મેકફરશન અને મી૦ જસ્ટીસ મોરીસ
સાહેબોની રૂબરૂ.

ફોજદારી પરોસીડીંગ—ગેરશીરસ્તે—કેદીએ હક ખોવાનો અસર—જડજનો નાલાયક થાય તેવો હક સબંધ—જડજે જુદી શાહેદી આપવી.

જીલાના જેલરના ઉપર એક જેલના કલારકે એવો આરોપ રાખ્યો કે તેણે પોતાના હીસાબ જુઠો કરી સરકારને તેણે ઠગ્યોછે. તેથી તે બાબત જીલા માજીસ્ત્રેટે તપાસ કરી. તેથી તે માજીસ્ત્રેટના હુકમથી તે જેલરની માજીસ્ત્રેટના બેંચ ઉપર જીલા માજીસ્ત્રેટ પોતે તથા લ જેલના ઓફીશીએટીંગ સુપ્રીનટેનડેંટ અને બીજા ત્રણ ઓનરેરી માજીસ્ત્રેટો હતા તેમની રૂબરૂ તપાસ ચાલી. એમ કહેવામાં આવેલું છે કે તે કેદી અને તેના વકીલોને તે તપાસની શીરૂઆતમાં પુછવામાં આવેલું હતું અને તે બેંચની બાબતમાં તેગણે કાંઇ વાંધો લીધો નહીં હતો પરંતુ તે તોહેમતનો ઘડયા પછી કેદીના કોનશલે તે બેંચની બાબતમાં હરકત લીધી જીલા માજીસ્ત્રેટે સરકારી વકીલને તે કામ ચલાવવાને હુકમ કરયો અને તે જીલા માજીસ્તરેટ તથા લ એ બેઉએ ફરીઆદ તરફથી સાહેદીઓ આપી. ફરીઆદ તરફનુ કામ બંધ પડયા પછી બે રીતીનર આરોપો ઘડવામાં આવ્યા એટલે તે કેદીએ જેટલી કીમતથી ખરી રીતે તલ લીધા હતા તે કરતાં વધારે કીમત સરકારને ખાતે ઉધારી અને સરકારમાં તેલ ખાતે જે ભાવ જમે કરવામાં આવેલો તે કરતાં વધારે ભાવથી તેણે નાણાં લીધાંછે. પેહેલા આરોપની બાબતમાં જે નાણું લીધાં છે તે કેદીએ કેટલાક વૌચરના આધારથી લીધેલાં છે. અને તે વૌચર ખરાં છે એમ સમજાવી. લ ની તે ઉપર સહી કરાવેલી છે, અને જે દર સરકારમાં જમે કરવામાં આવેલો છે તે દરથી વેચાણ કરવાને લ એ મન્જુરી આપેલી છે. કેદીએ સાક્ષીઓને પોતાના બચાવમાં બોલાવવાનો ઇરાદો રાખેલો તેમનાં નામ આપતાં લ ને તેમના સાથે બીરાજેલા બીજા માજીસ્ત્રેટોએ જેલને લાગતા કેટલાક સાક્ષીઓને તપાસવા નીમ્યા, એટલા કારણથી કે તેઓ વીરૂધ બોલે નહીં અને તે પ્રમાણે લીધેલી જુબાનીઓ જો કે પુરાવ નથી તોપણ એમાંથી ગમે તે પક્ષકારને ઉપયોગમાં લેવાને દફતરમાં રાખેલી હતી. તે કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો, તે ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવાને અરજ કરતાં ઠરાવ્યું કે લ નો તેમાં સ્પષ્ટ અને વાસ્તવીક રીતનો હક સબંધ

છે, માટે જડજ તરીકે કામ કરવાને તે ના લાયક થએલા છે.

વળી ઠરાવ્યું કે જો કે એકાદા માજીસ્તરેટની ફરજ કામ શીરૂ કરવાની થઇ હોય તે ફકત કારણથી તે માજીસ્તરેટ ન્યાયની રૂઇએ કામની વ્યવસ્થા કરવાને ના લાયક થતા નથી તોપણ તે માજીસ્તરેટને જ્યાંહાં ન્યાયની રૂઇએ કામ કરવાની જરૂર ના હોય અને જયાં તેમણે પોતેજ ગુનો શોધી કાહાડયો હોય અને ફરીયાદ ચલાવી હોય અને જયાં તે ફરીઆદ તરફનો મુખ્ય શાક્ષી હોય ત્યાં ન્યાયની રૂઇએ કામ તેમણે કરવું નહીં જોઇએ.

વળી ઠરાવ્યું કે કેદીના સાક્ષીઓની હકીકત લખી લેવામાં આવી છે તે ગેરશીરસ્તે છે.

કાયદામાં ઠરાવેલી રીતીએ જો ફોજદારી કામ ચલાવવામાં આવેલુ ના હોય તો તે બરોબર નથી અને જો તે વાસ્તવીક રીતે બરોબર ના હોયતો, તે ખાંમી. કેદીએ પોતાનો હક ખોવાથી અથવા કબુલત આપવાથી દુરસ્ત થતી નથી.

પાનું ૨૩ મું. કેદી ભોળાનાથસેન મીદનાપુરના જીલ્લા જેલના જેલરની જગો ઉપર હતા તે દરમીઆનમાં તે જેલના કલારકોમાંના એક કલારકે જેના ઉપર જુદો હીસાબ બનાવી સરકારને ઠગ્યા બાબત આરોપ રાખ્યો. તે બાબત જીલ્લા માજીસ્ત્રેટ મી૦ હારીસને તપાસ કરીને તેમના હુકમથી તે કેદીને માજીસ્ત્રેટના બેંચ ઉપર" મી૦ હારીસન પોતે અને ચાર હાનરરી માજીસ્ત્રેટો હતા તેમની રૂબરૂ સરકારી નોકર તરીકે શાપરાધ વીશ્વાસઘાત કરયા બાબત તપાસ કરવાને રજુ કરવામાં આવ્યો. આ પાછલા ચાર માજીસ્ત્રેટમાંના એક મી૦ લેરીમોર હતા અને તે આ ગુન્હા કરતી વખતે તથા તપાસની વખતે જેલના ઓફીસીએટીંગ સુપરીનટેનડેન્ટ તથા તે કેદીનો પેહેલો ઉપરી હતો. મી૦ હારીસને પોતાના તે કામમાં આપેલા ફેંસલામાં કહેલું છે, આ તપાસ ચાલતા શીરૂઆતમાં કેદી તથા તેના વકીલોને માજીસ્તરેટોનું આ બેંચ કરવામાં આવેલું તે બાબત કાંઇ હરકત છે કે નહીં એમ પુછવામાં આવેલું હતું, અને તેમણે સ્પષ્ટ કહેલું છે કે અમારે કાંઇ હરકત નથી. તો પણ તે કેદીની કબુલત રીતસર કામમાં લખી લેવામાં આવી નથી, અને તોહોમત ઘડી કાહાડવામાં આવ્યાં ત્યાર પછી તે કેદીના કોનશલે તે બેંચ બાબતની હરકત લીધી. મી૦ હારીશન તરફથી હુકમ મળવાથી સરકારી વકીલ તે ફરીયાદ તરફનું કામ ચલાવવાને હાજર થએલા છે, અને મી૦ હારીસન તથા મી લેરીમોરે ફરીયાદ તરફનો પુરાવ આપ્યો. ફરીઆદ તરફનું કામ બંધ થયા પછી, તોહોમતવાળા ઉપર બે જુદાં જુદા આરોપ રાખવામાં આવેલા છે. પે-

હેલો એવો કે તલ ખરીદ કરવામાં આવેલા તેના કરતાં વધારે તલ ખરીદ કરવાનાં નાણા શરકારને ખાતે ઉધારવામાં આવેલાં છે, અને બીજો એવો કે અમુક તેનાં નાણાં સરકાર ખાતે જે દરથી જમે કરવામાં આવેલાં છે તે કરતાં વધારે દરથી લીધેલાં છે. પેહેલા "આરોપની બાબતમાં તલનાં નાણાં કેદીએ કેટલાંક વૌચરના આધારથી લીધાં છે તે ઉપર તે સાચા છે એવું મી૦ લેરીમોરને સમજાવી તે ઉપર સહી કરવાને તેમને લલચાવેલા છે, અને બીજા આરોપની બાબતમાં તે કેદીનો બચાવ એવો છે કે સરકારને ખાતે જે દરથી નાણાં જમે કરવામાં આવેલાં છે તે દર મી૦ લેરીમોરે પોતે મંજુર કરેલો છે. તોહોમતવાળાએ પોતાના બચાવમાં જે શાહેદીઓને બોલાવવાને ઇરાદો રાખેલો છે. તેઓનાં નામ આપતાં મી૦ લેરીમોરને તેમની સાથેના બીજા માજીસ્ટ્રેટોએ જેલ સાથે સબંધ રાખતા શાક્ષીઓને તપાસી શાક્ષીઓને ફોડવામાં આવેલા છે, એવી સુચના થતી અટકાવવાને તથા પાછળથી તેઓ ફરી જાય નહીં તે બાબત ચોકશી રાખવાના કારણસર બેઉ પક્ષકારોના એજંટોની રૂબરૂ એકદમ લખી લેવાને નીમેલા હતા. તે જુબાનીઓ જો કે પુરાવ નથી તો પણ એમાંથી દરેક પક્ષકારને ઉપયોગ કરવાને તે કામના કાગળોમાં રાખવામાં આવેલી છે. તે બેંચના જુદા જુદા માજીસ્ટ્રેટોએ જુદા જુદા ફેંસલા લખેલા છે; પરંતુ કોરટે પીનલકોડની કલમ ૪૦૯ પ્રમાણે શાપરાધ વીશ્વાસઘાતના બે આરોપોવાળા ગુન્હાના તે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી સખત મજુરી સાથે કેદની બે મુદતો એટલે બધી મળી બે વરસ સખત મજુરી સાથે કેદની તથા રૂ. ૧૦૦૦) દંડની શીક્ષા કરી. અને તે આપવામાં કસુર કરવામાં આવે તો. છ માસ સખત મજુરી સાથે કેદની વધારાની શીક્ષા કરી. એ ઠરાવ તથા હુકમ ઉપર તમામ માજીસ્ટરેટોએ સામેલ રહી સહીઓ કરી છે.

તે કેદીએ શેશન કોરટમાં અપીલ કરતાં તે અપીલ કાહાડી નાંખવામાં આવી, અને ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવાને તેણે હાય કોરટને અરજ કરી.

કેદી તરફથી મી૦ એમ ગોઝ (તેમની સાથે બાબુ બોઇદોનાથશેન) તે કામ ચાલતાંની દરમીઆનમાં તમામ વખતે ભારે ગેરશીરસ્તે થએલું તેટલાજ કારણથી તે ગુનાની શાબેતીનો ઠરાવ બરોબર નથી, એટલુંજ નહી પણ માજીસ્તરેટોનું બેંચ જેવું કરવામાં આવેલું તે પ્રમાણે તે કામની તપાસ કરવાને લાયક નહીં હતું તે તપાસ વખતે જે જીલ્લા માજીસ્તરેટ પ્રમુખ તરીકે બીરાજેલા હતા તે અર્થાથ રીતે પ્રોસીક્યુટર છે. અને ખરી રીતે તે તપાસના પરીણામ સાથે નાણાં સબંધી મી૦ લેરીમોરનો અગસ-

ની રીતે સબંધ છે, માટે તેઓ જડજ તરીકે કામ કરવાને ના લાયક થએલા હતા, માહારાણી વી૦ મેયર, માહારાણી વી૦ હીરાલાલદાસ, અને તે કેદીની જે કબુલાત અનુંમાન કરવામાં આવી છે તેથી તે નાલાયકાઇ દુરસ્ત થતી નથી. માહારાણી વી૦ બરફાન્ડ વળી આ ગ્રહસ્થો ફરીઆદ તરફના સાક્ષીઓ થાય અને કેદી ગુનેહગાર છે કે નીરપરાધી છે તેના જડજો થાય તે કાયદા વીરૂધ છે, અગર કમી કમીમાં તે ઘણું અયોગ્ય છે. ટેલર ઓન એવીડેન્સ ૫ મી આવૃતી. ૧૧૯૭ ફરીઆદ તરફથી સાક્ષીઓની જુબાનીઓ લેવાને માજીસ્તરેટના બેંચે મી૦ લેરીમોરને નીમ્યા તે ભારે ગેર શીરસ્તે કરેલું છે, અને તેથી કેદીના બચાવમાં અગત્યની રીતે હરકત થએલી છે.

કોરટનો ફેંસલો જસ્ટીસ મેકફરસન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે હાય કોરટમાં આ અરજી કરવામાં આવી છે.

અરજદાર ભોળાનાથસેનને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૦૯ પ્રમાણે વીસ્વાશઘાત કરયા બાબતના બે આરોપો નામીદનાપુરના મેજીસ્તરેટના બેંચે ગુનેહગાર ઠરાવેલો છે તેને કેદની બે મુદતો એટલે બન્ને મળી બે વરસ સખત મજુરી સાથે કેદની અને રૂ ૧૦૦૦) દંડ તથા તે આપવામાં કસુર કરવામાં આવેતો બીજા છ માસ કેદની શીક્ષા કરેલી છે.

તે ગુનાની શાબેતી જુદી જુદી વાસ્તવીક રીતીએ કાયદા વીરૂધ થએલું તથા ગેરશીરસ્તે થએલું અને તેમાની ઘણી ખરી આ કોરટમાં આપેલી અરજીમાં બતાવી છે તે કારણથી રદ કરવાને અમારી પાસે માગવામાં આવ્યું છે.

તે અરજીના સાતમા કારણમાં એવું કહેલુ છે કે એક મી૦ લેરીમોર જે માજીસ્તરેટોના બેંચે આ કામની તપાસ કરેલી છે તે માજીસ્તરેટોમાં હતા એ કાયદા વીરૂધ અને અઘટીત હતું. તે હરકતનું આ સારૂ કારણ છે, એમ અમારી નજરમાં આવે છે, અને હકીકત છે તે પ્રમાણે મી૦ લેરીમોરનું તે ફરીયાદમાં વાસ્તવીક રીતનું હીતછે તે હાજર હોવાથી તે પ્રોસીડીંગ રદ થએલું છે, માટે ગુનાની શાબેતીનો ઠરાવ રદ કરવાની જરૂર થાયછે.

કેદી ભોળાનાથ સેન મીદનાપુરમાં જીલાની જેલનો જેલર હતો અને તે ગુનો થયો તે વખતે તથા જે બાબત કેદી ભોળાનાથસેનની તપાસ કરવામાં આવી છે તે તપાસ વખતે તે જેલનો મી૦ લેરીમોર સુપ્રીનટેંડેન્ટ હતો. આ જેલનો વહીવટ કરવામાં મી૦ લેરીમોરના તરત તાબાના ભોળાનાથસેન હતો. અને પેહેલા તોહોમતવાળા જે નાણાં અમુક વૌચરો અથવા બાક્ષોની રૂહએ સરકાર પાસેથી તેણે લીધેલાં (તે જો કે ખરી રીતે તે બો

ટાં હતાં) તે વૌચરે અથવા બીજા ઉપર તોહોમતવાળાએ તે મી૦ લેરીમોરને સહી કરવાને લલચાવ્યો છે, અને બીજો આરોપ સરકારમાં જે દર જમે કરવામાં આવેલો તે દર કરતાં તેલના વધારે દરથી નાણા લીધા બાબતનો છે. તે વીસે બચાવ એવો છે (અને મી૦ લેરીમોરે તે સાચો છે એમ શાબીત કરેલો છે) કે કેદીએ જે દરથી વેચાણ સરકારમાં જમે કરેલું છે તે દરથી વેચાણ મી૦ લેરીમોરે પોતે મંજુર કરેલું છે.

તે કામની તમામ હકીકત એવી છે કે કેદીએ મી૦ લેરીમોરને ઠગીને નાણાની રકમો કપટથી લીધી છે, અને તે લીધા બાબત તથા તેનો ઉપયોગ કરયા બાબત તે કેદી ઉપર સાપરાધ વીસ્વાસ ઘાતનો આરોપ રાખવામાં આવેલો છે. મી૦ લેરીમોરના ચારજમાં સુપ્રીનટેનડેંટ તરીકે આ જેલ હતું, અને તે રીતીએ જે નાણાનો કેદીએ ખોટો ઉપયોગ કરયો કહેવામાં આવેલો છે તે નાણાની રકમ સાથે તેમનો સબંધ છે. માટે ખુલું છે કે આ બાબતમાં ઘણુંજ ખરી રીતે તેમનું હીત છે, અને તે સબંધી નાણાની બાબતમાં જવાબદારી છે તેમાંથી કોઇ રીતે તે છુટો નથી. આ પ્રમાણે છતાં તે જીલા માજીસ્તરેટે મી૦ લેરીમોરને તે કામમાં એક જડજ તરીકે બેસવાને તેને પસંદ કરવા યોગ્ય ધારેલું છે તે કમ નશીબની વાત છે.

તે માજીસ્તરેટ કહેછે કે મી૦ લેરીમોર તે કેદીની સાથે મીત્રાચારીમાં હતા. અને કેદીને મદદ કરવાના ઇરાદાથી મી૦લેરીમોરને બેંચ ઉપર રાખવામાં આવેલાછે. પરંતુ મી૦ લેરીમોરને પસંદ કરેલા હોય તો તેમણે ખરી રીતે ચુક કરેલી છે, કારણ કે તે ખાસ રીતે તે કેદીની સાથે મીત્રાચારીમાં હતા એવું ધારવામાં હતું, માટે વીરૂધ કારણથી જો તેમને પસંદ કરેલા હોત અને જેમ ભુલ થાત તેમજ તે ભુલ છે. ફોજદારી રાહે ફરીઆદ ચલાવવી તે મીત્રાચારી રીતે લવાદ હોય તેવું નથી. તે ગુનેહગારી ભરેલું કામ ઘણું ગંભીર અને વીચીત્ર પ્રકારનું છે. માટે તેમાં કાયદામાં ઠરાવેલા નીયમ પ્રમાણે ઘણી સખતાઇથી કામ ચલાવવું અશકય છે. જે બાબત તપાસ કરવાની હતી તે બાબતમાં કેદીની સાથે મી૦ લેરીમોરનો સબંધ જેવો છે તે પ્રમાણે તે જડજોમાંના એક જડજ તરીકે બેસે તે બરોબર છે એમ બની શકે નહીં. એક જુનામાં જુનો અને ન્યાયનો અને સાધારણ અકલના ખુલ્લામાં ખુલ્લો નીયમ છે કે જે કામમાં કોઇ સખસનો ખરી રીતે સબંધ હોય તે કામમાં તેણે જડજ તરીકે બેસવું નહી. તે કાયદો જેવો ઇંગ્લાંડનો છે તેવોજ આ દેશનો છે. (આ કોરટના ફુલબેંચે મહારાણી વી૦ હીરાલાલદાસના કામમાં તથા બતાવેલા ઠરાવો જુઓ વળી ઇંગ્લાંડમાં થોડી મુદત ઉપરનો ઠરાવ જુઓ.)

જીલા માજીસ્ટ્રેટઆ કામમાં મી૦ કહે છે કે લેરીમોરનું હીત ઘણુંજ

આડી રીતનું છે તે બાબતમાં અમે તેમની સાથે મળી શકતા નથી. કારણ કે મી૦ લેરીમોરે પોતે જુબાની આપેલીછે તે ઉપરથી પણ તેમનું ઘણુંજ ખુલ્લુ અને ખરી રીતનું હીત છે એ તદન ખુલ્લું છે. અમુક હકીકતોને લીધે નાણા સબંધી પ્રતક્ષ હીત છે, એમ શાબેત થઇ શકે. જીલા માજીસ્ટ્રેટ પોતેજ તે આરોપના બીજા ભાગ દુરસ્ત કરવાને કહે છે. "તેના કમીપણામાં આ કહેવાનું છે કે મી૦ લેરીમોરની કમુકત કીમતની બાબતમાં મેળવવામાં આવી હતી, અને જેટલો જથો વેચવામાં આવ્યો છે તે ઘણું કરીને માસીક હીસાબ બરોબર કરવાના હેતુથી તે હીસાબમાં ઘણું કરીને નકી કરવામાં આવ્યો હતો.

અમારી નજરમાં આવે છે કે ફકત એટલા કારણથી જો આ હોય તો ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ.

પરંતુ આ બાબતની સાથે બીજું કેટલુંક ગેરશીરસ્તે થએલું છે તે ઉપર અમારૂં લક્ષ માગવામાં આવેલું છે.

માજીસ્તરેટના બેંચમાં જીલ્લા માજીસ્તરેટ મી૦ હારીશન, જેલના ઓફીસીએટીંગ સુપ્રીનટેનડેન્ટ મી૦ લેરીમોર, ડાકટર બેચલર, અને બીજા બે દેશી અહદલો હતા એમ કરીને પાંચનું બેંચ હતું. તે તપાસ ચાલતાંની દરમીઆનમાં મી૦ હારીશન અને મી૦લેરીમોર બેઉની ફરીઆદી તરફના શાક્ષીઓ તરીકે જુબાનીઓ લેવામાં આવી છે. જે માજીસ્તરેટને ન્યાયની રૂઇએ અમુક કામની વ્યવસ્થા કરવાની છે તે માજીસ્ત્રેટ સાક્ષીઓના પાંજરામાં આવી શાક્ષી આપવી એ કાયદા વીરૂધ છે તે કહવા વીના ખુલ્લું છે કે આ બાબતની જરૂરી દુર થઇ શકે તેવું ના હોય તો, સામાન્ય નીયમો પ્રમાણે જડજને શાક્ષી તરીકે તપાસવો એ ઘણુંજ ના દુરસ્ત છે. માહારાણી વી૦ હીરા લાલદાસનો ઠરાવ જે બતાવવામાં આવ્યો છે તે જોવામાં આવ્યો, મી૦ લેરીમોર તથા મી૦ હેરીશન ફરીઆદ તરફના જરૂરીઆત શાક્ષીઓ છે એ ફકત હકીકત તેમાંનો એકકે બેંચ તે કેદીની તપાસ કરવાની તે બેંચ ઉપર હોવો નહીં જોઇએ તેનું તે ઘણુંજ મજબુત કારણ છે. મી૦ લેરીમોર જેમ બેંચ ઉપર બરોબર નહીં હતા તેમજ મી૦ હારીસન પણ નહીં હતા. કારણ કે જે કપટ કહેવામાં આવેલું છે તે તમાંમ મી૦ હારીસને સોધી કાહાડેલું છે, ફરીયાદ તેમણે સીરૂ કરી સરકારી વકીલને ખબર તેમણે આપેલી છે. અને ફરીયાદ તરફથી ઘણોજ અગત્યનો સાક્ષી હતો આવી જીલ્લા માજીસ્ત્રેટની સ્થીતી હતી તેમ છતાં તેમણે આ કામ (જે ખરી રીતે ઘણું અગત્યનું છે) કોઇક માજીસ્ત્રેટ કે જેમનો કોઇ રીતે તે કામ સાથે સબંધ નહી હતો, તેમની રૂબરૂ તેમણે તે કામ રજુ કરયું નહી તે

અમારા વીચારમાં આવી સકતું નથી. કારણ કે તે માજીસ્ટ્રેટે પોતાની હમેશાં નીશાની મુકી માજીસ્ટ્રેટના જે ખાસ બેંચ ઉપર બે દેખીતા હરકત ભરેલા છે તે બેંચ તરફ નહીં મોકલતાં પોતે નીકાલ કરત અથવા તોહોમતવાળાને તપાસ થવા શેશન કમીટ કરત.

આ વીચાર બતાવવામાં અમે એમ કહેતા નથી કે તે માજીસ્ટ્રેટે પોતાના માજીસ્ટ્રેટના હોદ્દાથી તે કામ શીરૂ કરવાની તેમની ફરજ થઇ હોય તેટલા ફકત કારણથી ન્યાયની રૂઇએ તે કામની વ્યવસ્થા કરવાને ના લાયક થએલા છે. અમે ફકત એટલું કહીએ છીએ કે જ્યારે જીલ્લા માજીસ્ટ્રેટે પોતે કહેવાએલું કપટ શોધી કાહાડેલું છે અને કામ શીરૂં કરયું છે. અને જ્યારે પોતે તે કેદી વીરૂધ એક મુખ્ય શાહેદી છે ત્યારે ન્યાયની રૂઇએ તે કામની વ્યવસ્થા કરવાને તેમને કાંઇ જરૂર નહીં હતી તેમ છતાં તે જીલ્લા માજીસ્ટ્રેટ તેમ કરે તો, તે બરોબર નથી.

વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે ફરીઆદ તરફનું કામ બંધ થયા પછી અને તોહોમત ઘડયા પછી અને તોહોમતવાળાએ પોતાની તરફના જે શાક્ષીઓને બોલાવવાને ઇરાદો કરેલો તે શાક્ષીઓના નામ આપ્યા પછી મી૦ લેરીમોરને તેમની સાથેના માજીસ્ટ્રેટોને આ શાક્ષીમાંના કેટલાક શાક્ષીઓ તપાસવાને નીમેલા હતા. મી૦ હારીસને પોતાના ફેંસલામાં નીચે પ્રમાણે કહેલું છે:—

"જ્યારે બચાવ તરફના શાહેદીઓના નામ દેવામાં આવ્યાં, ત્યારે તેમાંના ઘણા ખરા જેલ સાથે સબંધ રાખનારા હતા. તે શાક્ષીઓ જે પક્ષકારના વીરૂધ શાક્ષી આપે તે પક્ષકાર એમ કહે કે તે સાક્ષીઓને ફોડવામાં આવેલા છે. તેથી કોરટે સુચના કરી અને તે બેઉ બાજુએ કબુલ કરી કે બેઉ પક્ષકારોનાં એજંટોની તથા હાનરરી માજીસ્ટ્રેટોમાંના એક માજીસ્ટ્રેટની રૂબરૂ તેમની હકીકત એકદમ લખી લેવી કે જેથી તેઓ પાછળથી ફરી જાય નહીં. તેથી તેઓને સવાલ પુછવામાં આવેલા અને તેમના જવાબ તા૦ ૧૨ તથા તા૦ ૧૩ નવેમ્બરના રોજ લખી લેવામાં આવ્યા છે. પછી તે લખી લીધેલી હકીકત જો કે પુરાવ નથી તો પણ એમાંથી જે પક્ષકારને તેનો ઉપયોગ કરવો હોય તેના ઉપયોગ સારૂ તે કામના કાગળોમાં રાખવામાં આવેલી છે." આ પ્રમાણે કામ ચલાવવાનો શો હેતુ છે તે અમે સમજી શકતા નથી. અહીંઆં એક સખસની ભારે તોહોમત બાબત તપાસ ચાલે છે. તેણે પોતાને જે શાક્ષીઓને બોલાવવાને ઇરાદો રાખેલો છે તેના નામ આપેલાં છે, તે ઉપરથી "કોરટે સુચના કરી કે પાછળથી ફરી જાય નહીં માટે આ શાક્ષીઓનું કહેવું આનરરી માજીસ્તરેટોમાંના એક માજીસ્ટ્રેટની તથા કેદીના એજંટ—

ની રૂબરૂ એકદમ લખી લેવું જોઇએ. તેથી મી૦ લેરીમોરે તે હકીકત લ- ખી લીધી, પછી તે લીધેલી જુબાનીઓ જો કે પુરાવ નથી તોપણ ગમે તે પક્ષકારને તેનો ઉપયોગ કરવો હોય તો, તેના ઉપયોગ સારૂં તે કા- મના કાગળો સાથે રાખી આ ઘણુંજ ગેરશીરસ્તે અને ગેર વ્યાજબી પ્રોશીડીંગ છે, આવી રીતે લખી લીધેલી હકીકત મી૦ લેરીમોર અથવા બીજા કોઇ પાસેથી લેવાનો અથવા જો તે પુરાવના હોય તો કામમાં તે મુકવાનો કોરટનો હક્ક થઇ શકતો નથી. ખરી રીતે તે હકીકત લ- ખી લેવામાં આવી છે, અને તે કામના કાગળોમાં રાખવામાં આવી છે એટલાજ ફક્ત કારણથી કે તે કેદીના વીરૂધ વાપરી શકાય. ખરી રીતે તે માજીસ્ટ્રેટે (મી૦ હારીસને) તે પ્રમાણે તેનો ઉપયોગ કરેલો છે, અને તે માજીસ્ટ્રેટે પોતાના ફેંસલામાં કહ્યું છે કેઃ— "અમે ઉમા ચરણ ચાતુર- જીની શાક્ષી બાબત કહી ચુકયા છીએ કે તે બીલકુલ માનવા લાયક ન- થી, અને તા૦ ૧૩ નવેમ્બરના રોજ જ્યારે તેની હકીકત મી૦ લેરીમોર- ની રૂબરૂ લખી લેવામાં આવી ત્યારે આ ખરીદ કરવા બાબત કાંઇ સવાલ પુછવામાં આવ્યા નથી, અથવા તે બાબત કાંઇ પણ કહેલું નથી એમ માલુમ પડશે."

જે શાક્ષીઓને કેદી પોતાના બચાવની પુષ્ટીમાં બોલાવવાને ઇરા- દો રાખતો હતો તે શાક્ષીઓની હકીકત ગેર શીરસ્તે લખી લેવાને મી૦ લેરીમોરને નીમ્યા હતા. એ અમારા અભીપ્રાય પ્રમાણે ઘણી કમનસીબની બાબત છે. તે તદન કાયદા વીરૂધ અને ગેર વ્યાજબી છે. જીલ્લા માજીસ્ટ્રે- ટ મી૦ હારીશને પોતાના ફેંસલામાં કહયું છે કે જ્યારે કોરટે એવી સુ ચના કરી કે આનરેરી માજીસ્ટ્રેટોમાંના એક માજીસ્ટ્રેટની રૂબરૂ આ સ ખસોની તપાસ કરવી જોઇએ તેથી બેઉ બાજુ તરફથી કબુલ કરવામાં આવ્યું કે તે પ્રમાણે થાય તો વધારે સારૂં છે અને બેશક તેમણે તે ક- બુલત ઉપર આધાર રાખી એમ સમજેલા છે કે જે કરવામાં આવેલું છે તે વ્યાજબી અને મંજુર રાખવામાં આવેલું છે. તે પ્રમાણે મી૦ લે- રીમોર તે બેંચ ઉપર હતા તથા મી૦ હારીસન પણ ત્યાં હતા. તે બા- બત લીધેલી હરકત વીશે તેમણે કેદીએ પ્રથમ આપેલી કબુલત ઉપર આધાર રાખેલો છે.

અવલથી તે આખર સુધી આ પ્રોસીડીંગ જાણે તે દીવાની કોરટ માં ચાલેલું હોય તે પ્રમાણે ગણેલું છે અને દીવાની દાવા અને ફોજદારી ફરીઆદની વચ્ચમાં જે ઓહોળો ભેદ છે તે તેમના લક્ષમાં રહેલો નથી. ફોજદારી કામ કાયદામાં ઠરાવેલી રીતીએ ચલાવવામાં ના આવે તો તે બરોબર નથી.. અને જો તે ખરી રીતે બરોબર ના હોય તો તે ખામી

કેદીએ પોતાનો હકક ખોવાથી અગર કબુલત આપવાથી દુરસ્ત થતી નથી. જ્યારે તે ગેરશીરસ્તે થએલી બાબતો તમામ કેદીના ફાયદાની ના હોય અને અમારા અભીપ્રાય પ્રમાણે આ કામમાં નથી ત્યારે હકક ખોવામાં આવેલો તે અગર કબુલત તેને બંધન કારક થાય એમ કોઇ કોર્ટ ગણી શકતા નથી. કાયદામાં ઠરાવેલી કામ ચલાવવાની રીતી પ્રમાણે ચાલવું તે માજીસ્ટ્રેટોની તથા તમામ ફોજદારી કોરટોની ફરજ છે. અને તે કામ ચલાવવાની રીતીથી ઇરાદા પુર્વક વીરૂદ્ધ ચાલવામાં આવે તેવું કોઇ કાયદાથી મંજુર કરવામાં આવેલું નથી અને પછી આ પ્રમાણે વીરૂધ ચાલી તેથી થતાં પરીણામોથી બચવાને સારૂં તેઓ તોહોમતવાળા પાસે તે કબુલ કરે છે એમ કહેવરાવે તેથી તે બચવાને કોશીશ કરી થાય છે. જીલ્લાઓની અંદર ઘણા ખરા કેદીઓનો યોગ્ય રીતે બચાવ થતો નથી તેથી તેનો તપાસ કરનાર જડજ અગર માજીસ્ટ્રેટ જે ગેરસીરસ્તે બાબતની સુચના કરવાને પ્રસંન કરે એ કેદીઓ ઘણું કરીને કબુલ કરે. આવી કબુલત ઉપરથી મુદાની અને અગત્યની ગેરસીરસ્તાની બાબતો થાય એમ જો ઠરાવવામાં આવે તો કામ ચલાવવાની રીતીનું તમામ છેવટ આવી જાય, પણ તે બધા પછી તે બેંચ થવાને કેદીએ કેવા પ્રકારની ખરી રીતે કબુલત આપેલી છે? ફરીઆદ તરફના શાક્ષીઓ તપાસ્યા પછી તા૦ ૧૦ નવેંબરના રોજ રીતસર તોહોમત લખવામાં આવ્યા અને ગુન્હેગાર નથી એવી તકરાર પણ લખી લેવામાં આવી છે. તોહોમતવાળાએ પોતાના શાક્ષીઓના નામ આપ્યાં છે અને કામની સુનાવણી તા૦ ૪ ડીસેમ્બર સુધી બંધ રાખવામાં આવી હતી. મી૦ હારીસને પોતાના ફેંસલામાં કહેલું છે કે.—

"તોહોમત લખ્યા પછી અને બચાવ સારૂં લાંબી મુદત કામ બંધ રાખી કામ પાછુ સુનાવણી ઉપર આવ્યું તે વખતે તોહોમતવાળાના કાઉનસલે મી૦ લેરીમોર તથા હમે તે બેંચ ઉપર છીએ તે વીશે હરકત લીધી છે. આ કામની ખાસ હકીકત છે તે શીવાય મી૦ લેરીમોર તે બેચ ઉપર હોય તો દેખીતી રીતે અંદેશા ભરેલું છે અને તેથી કામની તપાસ સરૂ થતાં પહેલાં તોહોમતવાળો તથા તેના વકીલોને સ્પષ્ટ રીતે પૂછવામાં આવ્યું હતું કે જે બેંચ નીમવામાં આવ્યું છે તે વીશે તમારે કાંઇ હરકત છે કે નહીં તે વખતે તેમણે સાફ કહેલું છે કે અમારે કાંઇ હરકત નથી. વીગરે"

એટલું યાદ રાખવાનું છે કે તોહોમત લખી લેવામાં આવ્યાં અને ગુન્હેગાર નથી એવી તકરાર લખી લેવામાં આવી તેથી વધારે કામ આગળ ચાલેલું નહીં હતું, અને મી૦ હારીસન અને મી૦ લેરીમોરે ફે-

રીઆદ તરફથી શાક્ષી તરીકે શાહેદીઓ આપી તે પહેલાં તે હરકત ઉઠાવવામાં આવી હતી અને તે વીશે આગ્રહ કરયો હતો પણુ જે વખતે કેદીને પુછવામાં આવ્યુ કે તે નીમેલા બેંચ વીશે તારી કાંઇ હરકત છે કે નહીં. તે વખતે ફરીઆદ તરફથી મી૦ હારીસન અને મી૦ લેરીમોર એ બેઉ ઘણા અગત્યના શાક્ષીઓ છે એવું કહેવામાં આવેલું નથી, અને એવી ચેતવણી આપેલી એવું અમારે ધારવાને કાંઇ પણુ નથી. કામના કાગળો ઉપરથી એમ જણાતું નથી કે કેદીને તે બેંચની રૂબરૂ પહેલ વહેલો રજુ કરયો, તે વખતે તે બેંચ નીમ્યાની બાબત તેની હરકત છે કે નહીં એમ પુછવામાં આવેલું હોય તે બાબત ફકત મી૦ લેરીમોર પોતાની જુબાનીમાં કહે અને તે કેહેવું મી૦ હારીસને પોતાના ફેંસલામાં બાહાલ રાખ્યું છે તે લખી લેવામાં આવ્યું હોય કે નહીં તે મુકાબલે પરીણામમાં હલકી બાબત છે. પરંતુ જો માજીસ્ટ્રેટોએ ખરી રીતે તે કેદીની કબુલત ઉપર આધાર રાખેલો હોય તો જે વખતે તે કબુલત આપી તે વખતે રીતસર અને ચોકસાઈથી લખી લેવી જોઇતી હતી.

આ કારણોથી અને ગુનાની શાબેતીની બાબતમાં કેદીના કાઉનશીલે બીજી જે હરકતો લીધેલી છે તે તપાસ્યા શીવાય અમારી નજરમાં ખુલ્લું આવે છે કે આ કામના પ્રોસીડીંગમાં ઘણીજ ભારે અને અગત્યની ચુકો થએલી છે અને તેથી કેદીને ઘણી હરકત કારક છે. સબબ ગુનાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અમે ફેરાવીએ છીએ અને હુકમ કરીએ છીએ કે તેને છોડી મુકવો અને જો દંડ વશુલ કરવામાં આવેલો હોય તો તે તેને પાછો આપવો.

બેશક જીલા માજીસ્ટ્રેટને આ કામ માજીસ્ટ્રેટોના બેંચે તપાસવું એવો હુકમ કરવાને અખત્યાર હતો, પરંતુ આવું ગુચવણ ભરેલું અને કેટલીક મુશ્કેલીવાળું કામ આવી કોરટની રૂબરૂ મુકવું એ કોઇ રીતે દુરસ્ત નથી અને પરીણામ ઉપરથી જણાય છે કે તે પ્રમાણે થએલું છે. આ કામ એવું છે કે જેમાં ઘણીજ સખત ચોકસીની જરૂર છે તેમ છતાં જે પ્રોશીડીંગ ચાલેલું છે તે ઘણે દરજે રીતી પુરવક નથી. વળી કોરટનો એક ફેંસલો નથી પણુ કેટલાક ફેંસલાઓ છે. અને તે વીશે ઓછામાં ઓછું કહીએ તો તે ઘણુંજ અગવડ ભરેલું છે. મી૦ હારીસને પેહેલા આરોપ બાબત મોટો ફેંસલો લખેલો છે અને બીજા આરોપની બાબતમાં તેઉ કહે છે કે મી૦ લેરીમોરના ફેંસલા સાથે અમે મળતા છીએ. મી૦ લેરી મોરે બીજા આરોપ બાબત ફેંસલો લખેલો છે અને તેમણે કહયું છેકે અમે પેહેલા આરોપ બાબત મી૦ હારીસનના ફેંસલા સાથે મળતા છીએ.

દાકટર બાચુલરે લખ્યું છે કે મી૦ હારીસન અને મી૦ લેરીમોરે આ-પેલા ફેંસલા સાથે અમે મળતા છીએ અને બે દેશી માજીસ્ત્રેટોએ પોતપોતાના લાંબા ફેંસલા લખેલા છે. તોપણુ કોરટના આખરના ઠરાવ અને શીક્ષાના હુકમ ઉપર રીતીસર સહી કરવાને તમામ પાંચે માજીસ્ત્રેટો સા-મેલ રહેલા છે. કેટલીક ખાસ હકીકતને લીધે આ કામ અમારી રૂબરૂ આવેલું છે. કારણુ કે કેદીએ પોતાના કામના એક ભાગ બાબત શેશન કોરટને અપીલ કરવાનો તેનો હક હતો તે હકનો ફાયદો તેણે લીધેલો છે. તે અપીલમાં જે કોરટે તેનો તપાસ કરેલો તે કોરટના બંધારણ વીશે વારંવાર હરકતો લીધેલી તોપણુ તે અપીલ ફતેહ ભરેલી નહી હતી તે અપીલ કાહાડી નાંખવામાં આવેલી છે તોપણુ બેર શીરસ્તાની જે બાબતની અમે વ્યવસ્થા કરી છે તે એટલી બધી ભારે અને અગત્યની છે કે જેથી તમામ પ્રોસીડીંગ હાલ પણુ રદ કરવાને અમને ફરજ પડે છે.

ગુનાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ સપટેંબર સને ૧૮૭૫

મી૦ જસ્ટીશ માર્કબી અને મી૦ જસ્ટીશ મીતર સાહેબોની રૂબરૂ.

જગતચંદ્ર ચકરબતીની બાબતમાં

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ આકટ ૧૦) ની કલમ ૨૯૪ અને ૨૯૭—ફરી તપાસ—હાયકોરટનો અખતીઆર—મુદાની ચુક.

એક સુલેહના ભંગ થવાની ધાસ્તીના કામમાં માજીસ્તરેટે પક્ષકારોના રૂ. ૬૦૦૦૦) અગર તેથી વધારે રકમના મુચરકા લીધેલા. હાઇકોરટે તે હુકમ રદ કરયો. અને ઠરાવ્યું કે તે બીલકુલ ગેરવાજબી છે.

જસ્ટીસ માર્કબી શાહેબના અભીપ્રાયમાં આવ્યું કે જે કામોમાં કુલ અખતીઆર વાપરવાનો હોય તે કામોમાં પ્રોસીડીગ જોતાંજ એમ જણાય કે માજીસ્તરેટે બીલકુલ ડહાપણુ વાપરેલું નથી. અગર તે અખતીઆર બીલકુલ ગેરવાજબી રીતે વાપરેલો છે તો સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૪ અને ૨૯૭ પ્રમાણે હાય કોરટને હાથ ઘાલવાને હરકત નથી.

જષ્ટીશ મીત્તર સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે, હાઇકોરટના તાબાની કોરટોના કોઇ પણુ ન્યાયની રૂઇના કામમાં કાંઇ પણુ અગત્યની ભુલ થએલી હોય એટલે ન્યાયની રૂઇનું પ્રોસીડીંગ જોતાં એવી કોઇ ભુલ

માલમ પડે કે, જેથી પરીણામે ગેરવ્યાજબી હુકમ થએલો હોય તો તે કોરટના ફેંસલા શીક્ષાના હુકમો, અગર હુકમોમાં હાથ ઘાલવાને હાય કોરટને કલમ ૨૯૭ પ્રમાણે અખતીઆર છે.

પાનું ૧૧૦ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા(સને ૧૮૭૨ના આકટ ૧૦)ની કલમ ૨૯૭ પ્રમાણે આ અરજી છે.

આ કામમાં સુલેહનો ભંગ થવાની ધાસ્તીને માટે બાકરગંજના જોઇંટ માજીસ્ટ્રેટે અરજદારના રૂ ૧૦૦૦૦) નો મુચરકો તથા બે જામીન દરેક રૂ ૫૦૦૦) ના લીધેલા છે. એક તરફ અરજદાર અને એક બરોડા ચકરબતી અને એક સાબીન મયાનની વચમાં અમુક જમીન સબંધી તકરાર હતી જોઇંટ માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે ગયા અઆન સુધીમાં થોડાક સખસો સીવાય તમામ રઇયતે સાબીર મયાનને સાંથ આપેલી છે. પરંતુ તે માસમાં બરોડા ચકરબતીએ જુલમ કરવાથી કેટલાક લોકો તેની તરફ ગએલા છે તે વખત સુધી પક્ષકારોની વચમાં ભારે કજીયો ચાલતો હતો પરંતુ સુલેહનો ભંગ કરવાને કોસીશ કરવામાં આવી નહી હતી પણ જે વખતે સુલેહના ભંગની ધાસ્તી થઇ તે વખતે તકરારી જમીનની પાસે પોલીશ રાખવામાં આવી અને માજીસ્ટ્રેટના ફેંસલા પ્રમાણે તે રાખવાથી તોફાન થતું અટકેલું હતું. તેમ છતાં માજીસ્ટ્રેટની નજરમાં આવ્યું કે કાંઇક બીજા જામીન લેવા દુરસ્ત છે તે ઉપરથી ચાર સખસો ઉપર સમન કરવામાં આવ્યા તેમાં અરજદાર, બરોડા સાબીર, અને તેમના બે નોકરો હતા. તપાસ કરયા પછી જોઇંટ માજીસ્ટ્રેટે મુખ્ય સખસોના દરેકના રૂ ૧૦૦૦૦) ના મુચરકા અને બે જામીનો દરેક રૂ ૫૦૦૦) નો તથા નોકરોના હલકી રકમના એ પ્રમાણે હલકી રકમના મુચરકા તથા જામીન લીધા.

શેશન જડજને એક અરજી કરવામાં આવી તેમાં બીજા કારણોમાં એક કારણ એવું હતું કે મુચરકા જોઇએ તેના કરતાં વધારે રકમના લીધેલા છે. આ હરકતની વ્યવસ્થા કરતાં જડજે નીચે પ્રમાણે શબ્દો વાપરેલા છેઃ—"છેવટે એવી તકરાર કરવામાં આવી કે મુચરકા જોઇએ તે કરતાં વધારે રકમના છે તે વીશે અરજદાર સાથે અમે તદન મળતા છીએ. માટે મને કાંઇ રસ્તો જો મળતો હોત તો ફકત આટલા કારણથી તે કામમાં હાયકોરટને પુછત. પરંતુ આ બાબત હાયકોરટ હાથ ઘાલવાને ના કહેછે."

તે ઉપરથી અરજદારે હાયકોરટને આ અરજી કરેલી છે.

અરજદાર તરફથી બાબુ આતુતોશ.

સરકાર તરફથી કોઇ હાજર નથી.

નીચે પ્રમાણે ફેંસલા આપવામાં આવ્યા.

જષ્ટીશ માર્કબી (ઉપર પ્રમાણે હકીકત કહ્યા પછી કહેલું છે:—

આવી જાતના કામમાં કહેલી રકમના જામીન લેવા તે બાબત માજીસ્ટ્રેટનો કુલ અખતીઆર છે, તેમાં સાધારણ રીતે હાથ ઘાલવાને હાઇકોરટ ના કહેછે એવું શેશન જડજે ધારેલું છે તે બીલકુલ બરોબર છે. આ કોરટ કરતાં માજીસ્ટ્રેટ કેટલી રકમના જામીન લેવા જોઇએ તે સમજવાને વધારે સારી સ્થીતીમાં છે, કારણ કે જે ભય હોય તે ઉપર તથા પક્ષકારોના સાધન ઉપર લક્ષ રાખી તે નકી કરવાની છે. પરંતુ જે હુકમ તદન ગેરવ્યાજબી હોય તે માજીસ્ટ્રેટ કરી શકતા નથી. અહીંઆં જો કે હજુ સુધી શુલેહનો ભંગ થએલો નથી, અને મારામારી કરવાનો નકી નીશ્ચે દેખીતો કાંઇ છે નહી. તોપણ માજીસતરેટે તમાંમ મળી રૂ ૬૦૦૦૦ ના ખતો લખી આપવાને તે પક્ષકારોને જરૂર પાડી છે, તે પક્ષકારો દોલતવાળા જણાતા નથી. અને જેટલી રકમના જામીન આપવાને હુકમ કરવામાં આવેલો છે તેટલી રકમના ખરી રીતે જોઇતા હોય તો, ઘણું કરીને તો તે આપી શકાય તેવા નથી; તોપણ અમારા જોવામાં આવે છે કે જે પક્ષકારોને જામીન તરીકે કબુલ કરવામાં આવેલા છે તેમાંનો એક રૂ ૫૦૦૦) નો જામીન છે, અને તેનું વરણન કોટવાળ તરીકે કરેલું છે, અને બીજાનું મુખતીઆર તરીકે કરેલું છે. અને બધીં ખતો જે તારીખે હુકમ કરવામાં આવ્યો તેજ તારીખેજ લખી આપવામાં આવેલાં છે. આ ઉપરથી જણાય છે કે જાંણે તે ખતમાં બતાવેલી રકમો ફકત નાંમની છે, અને તેટલા જામીન ખરીરીતે લેવાની જરૂર નહી હતી.

આ કામમાં જાઇંટ માજીસ્ટ્રેટને કાયદા પ્રમાણે જે કરવાની જરૂર હતી તે કરેલું નથી એમ અમારી નજરમાં આવેછે. કાયદા પ્રમાણે સારી ચાલ સારૂ જામીન લેવાને તેમને જે કુલ અખત્યાર છે તે વાપરવામાં તે તદન નીશફળ થએલા છે, અગર જો તે વાપરેલો છે તો એવી રીતે વાપરેલો છે કે તે તદન ગેરવાજબી છે. ગમે તેમ હોય પણ આવો હુકમ કાયમ અમારે રેહેવા દેવો જોઇએ, એમ અમારી નજરમાં આવતું નથી.

તે હુકમની પુષ્ટી કરવાને સરકાર તરફથી કોઇ હાજર થયું નથી, અને માજીસ્ટ્રેટે અમને કાંઇ ખુલાસો આપ્યો નથી. તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૨૨ માથી હાઇ કોરટને તાબાની કોરટો ઉપર નીઘેબાની તથા ફરી તપાસ બાબત જે અખતીયાર આપવામાં આવેલો છે તે અખત્યાર પ્રમાણે હાથ ઘાલવા જેવું આ કામ છે કે નહી તેનો વીચાર કરવાને અમે જરૂર ધારેલું છે. કલમ ૨૯૪ અને ૨૯૭ મીના ઘણા મોઘમ શબ્દો છે તોપણ આ અખત્યાર વાપરતાં નીચેની કોરટમાં

જે પુરાવ લેવાએલો હોય તથા હકીકત ઉપર તે કોરટે જે નીસ્ચય કરેલો હોય તેમાં આ કોરટે તપાસ કરવો નહીં જોઇએ. તે ઠરાવોને વળગી રહેવાને અમારી મરજીછે. તેમ કરવાની જરૂરછે એમ અમારી નજરમાં આવે છે. કારણ કે જો તેમ કરવામાં ના આવેતો તાબાની કોરટના દરેક ઠરાવ ઉપર અર્થાર્થરીતે અપીલ થઇ થાય, અને તેમ કરવાનો કાયદા કરેનારનો ઇરાદો નથી એ ખુલ્લું છે. પણ જે કામમાં પ્રોસીડીંગ જોતાંજ એમ જણાય કે માજીસ્ટ્રેટે બીલકુલ ડહાપણ વાપરેલું નથી, અગર પોતાના કુલ અખત્યારનો અમલ એવી રીતે કરેલો છે કે તે તદન ગેરવાજબી છે. તો અમારી નજરમાં એમ આવતું નથી કે જે કામમાં કુલ અખત્યાર વાપરવાનો છે તે કામમાં હાથ ઘાલવામાંથી અમે બાતલ થએલા છીએ. અમારી નજરમાં આવે છે કે અમારો અખત્યાર છે, અને જેમ માજીસ્ટ્રેટ ખોટી વરતણુંકના ગુનેહગાર હોય અને અમારે હાથ ઘાલવો જોઇએ તેજ પ્રમાણે આવા કામમાં અમારે હાથ ઘાલવો જોઇએ દેખી ચરણ બીશવાસના કામની બાબતમાં આથી વીરૂધ કહેવાને અમે કાંઇ ઇરાદો રાખેલો નથી. તેમ અમારી નજરમાં એમ પણ નથી આવતું કે, બેલીલોસના કામની બાબતમાં જે ઠરાવછે તેમાં આ વીચારથી વીરૂધ કાંઇ ઠરાવવામાં આવ્યું હોય. તે કામમાં જસ્ટીશ પોંટીફેકસની જે ભાશા છે તથા બીજા કામમાં જે મારી ભાશા છે તે ઉપર એટલું દબાવીને કહી શકાય કે આ કોરટે જ્યારે ફરી તપાસનો અખતીયાર વાપરે ત્યારે તેમને ફકત કાયદાની ચુકો બાબતમાંજ જોવાનુ છે, સામાન્ય નીયમ પ્રમાણે તે મુજબ છે. ખોટી વરતણુંકના કામો અગર કુલ અખતીઆર વાપરવાની તદન ખાંમી કવચીત અને ખાસ રીતે હોય છે અને તેનો વીચાર તે ઠરાવો કરવામાં આવ્યા તે વખત કરવામાં આવેલો નથી એમ અમારી નજરમાં આવેછે અમારા અભીપ્રાયમાં આવેછે કે આ કોરટ જ્યારે ફરી તપાસનો અખતીઆર વાપરે ત્યારે આવા કામની વ્યવસ્થા વ્યાજબી રાહે કરી શકેછે, અને જે એવો નીયમ છે કે પુરાવ ઉપરથી નીચેની કોરટે જે નીશ્ચે કરેલો હોય તે આ કોરટે કબુલ કરવાનો છે તે નીયમમાં હાથ ઘાલ્યા વીના આ પ્રમાણે અમે કરી સકીએ છીએ.

પ્રોશીડીંગ વાંચતાં જોઇન્ટ માજીસ્તરેટે જામીનની રકમ ઠરાવવામાં ડાહાપણ ભરેલો અખત્યાર વાપરેલો નથી. અગર તે ગેરવ્યાજબી રાહે વાપરેલો છે, એમ જણાય છે, અને તેમાં માજીસ્ટ્રેટે અમને કાંઇ ખુલાસો આપેલો નથી તે કારણથી અમારી નજરમાં આવે છે કે અમારે તેમનો હુકમ રદ કરવો જોઇએ.

જસ્ટીશ મીત્તરઃ—અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કામમાં અમારે જોઇંટ માજીસ્ત્રેટનો હુકમ રદ કરવો જોઇએ. તાબાની કોરટોના ન્યાયની રૂઇના કામમાં ફેંસલા, શીક્ષાના હુકમો અથવા હુકમોમાં કાંઇ સુદ્દાની ચુક થએલી હોય તો, તેમાં હાથ ઘાલવાને કલમ ૨૯૭ મી પ્રમાણે આ કોરટને અખત્યાર છે. આ શબ્દોનો અરથ ન્યાયની રૂઇના પ્રોશીડીંગ જોતાં કાંઇ ભુલ જણાતી હોય અને તેથી પરીણામે ગેરવ્યાજબી હુકમ થએલો હોય તે છે. અમારા વિદ્વાન ભાગીઆએ જે કારણો બતાવેલાં છે, તેથી નીચેની કોરટનું પ્રોસીડીંગ જોતાં એવી મુદ્દાની ભુલ જણાયછે કે તે કોરટે કરેલો હુકમ આ કોરટે રદ કરવાની જરૂર પડે.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૦ જુન સને ૧૮૭૬

મી૦ જસ્ટીસ માર્કબી અને મી૦ જષ્ટીસ મીત્તર સાહેબોની રૂબરૂ

પરસુરાંમ બોરૂઆ અરજદારના કામમાં

માજીસ્ત્રેટોનો અખત્યાર—સંક્ષેપ હકુમત—ટરાંસફર—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૫૬ અને ૨૨૨—"ફરલો"

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૨૨ મી પ્રમાણે સંક્ષેપ હકુમત વાપરતાં કમરૂપના આસીસ્ટંટ કમીશનર મી૦ કારનેજીએ અરજદારને ગુનેહગાર ઠરાવેલો છે. સને ૧૮૭૨ માં આ અમલદાર શીબશાગર જીલ્લામાં જોરહાત ટુકડીનો ઇનચારજ હતો તે વખતે તેમને પેહેલા વરગનો અખત્યાર તથા તે આકટની કલમ ૨૨૨ મી પ્રમાણેનો અખત્યાર હતો. સને ૧૮૭૪ માં તે "ફરલો" ઉપર ઇંગલાંડ ગયા, અને સને ૧૮૭૫ માં પાછા આવ્યા ત્યારે તેમને કામરૂપ જીલ્લામાં મોકલવામાં આવ્યા. અને તેમને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અખત્યાર આપવામાં આવ્યો. ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૬ લાગુ થતી નથી. અને મી૦ કારનેજીને કમરૂપમાં સંક્ષેપ રીતની હકુમત નહી હતી.

જષ્ટીસ મારકબી સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે મી૦ કારનેજીને જે સરતથી તે હકુમત સરકારે આપેલી હતી તેનો હેતુ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૬ ના અરથ પ્રમાણે શીબસાગર શીવાય બીજે કોઇ ઠેકાણે તે હકુમત વાપરવી નહી એવું ફરમાવ્યાનો હતો.—

જષ્ટીસ મીત્તર સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે મી૦ કારનેજીને

કામરૂપમાં જે જગો ઉપર નીમવામાં આવેલા તે જગો શીબસાગરમાં જે તેમની જગો હતી તેના સરખી અગર તેથી ચડતા દરજ્જાની નહી હતી.

*　　　*　　　*　　　*

બાબુ ૧૨૭　અરજદાર તરફથી બાબુ રાસબેહારી ગોઝ અને કીશનકામલ ભટાચારજી.

સરકાર તરફથી ધી જુનીઅર સરકારી વકીલ (બાબુ જગોદાનંદ મુકરજી.)

નીચે પ્રમાણે જસ્ટીસ માર્કબી સાહેબનો ફેંસલો છે તેમાં હકીકત તથા તકરારો સંપુરણ રીતે કહેવામાં આવી છે.

આ કામમાં આશામ પ્રાંતમાં એક માજીસ્ટ્રેટના અખત્યાર વીશે અગત્યનો સવાલ ઉતપન થએલો છે.

ગયા ડીસેંબર માસમાં એક પરસુરામની સરકારી નોકરને જુઠી બાતમી આપી તે બાબત મી૦ કારનેજીએ સંક્ષેપ રીતે તપાસ કરી તેને ગુનેહગાર ઠરાવેલો છે એમ જણાય છે. હાલ અમારી રૂબરૂ જે બાબત છે તે શીવાયની બીજી બાબતો ઉપર આશામના જુડીસીયલ કમીશનરે આ કોરટમાં રેફરંસ કરેલું હતું, અને તે રેફરંસ ઉપરથી આ કોરટે હાથ ઘાલવાને ના કહેલી હતી. પછી તા૦ ૫ એપ્રીલના રોજ કેદી તરફથી અરજી આપવામાં આવી તેમાં એવું માગવામાં આવેલું છે કે મને સંક્ષેપ રીતે તપાસવાને મી૦ કારનેજીને અખત્યાર નહી હતો માટે ગુનાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરવો જોઇએ.

મી૦ કારનેજીનો તે કેદીને સંક્ષેપ રીતે તપાસવાનો જે અખતીઆર તેને લાગતી હકીકત આવી જણાય છે.

સને ૧૮૭૨ માં મી૦ કારનેજી આશામ જીલ્લામાં આસીસ્ટંટ કમીશનર હતો. અને તે વખતે બંગાળાના સ્થાનીક સરકારની નીચે તે જીલ્લો હતો અને તેમાં કાયદો ચાલુ નહી હતો. તા૦ ૧ જાન્યુએરી સને ૧૮૭૩ ના રોજ કલકત્તા ગેઝીટમાં સરકારનો એક ઠરાવ પ્રશીધ કરવામાં આવેલો છે તેમાં એવું ફરમાવવામાં આવેલું છે કે અમલદારો વીગરે જેઓનાં નામો તે લગાયત પ્રશીધ કરેલા પ્રલીષ્ટમાં બતાવવામાં આવ્યાં છે તેમણે દરેકે પોતાના નામ સામો જે અખત્યાર બતાવેલો છે તે, તે પ્રલીષ્ટમાં બતાવેલા જીલાઓમાં વાપરવો જોઇએ. શીબસાગર જીલાના મથાળા નીચે તે પ્રલીસ્ટમાં મી૦ કારનેજીનુ નામ બાબાણ જોવામાં આવેછે, અને તેના નામ સામા જોરહાત ટુકડીનો ચાર્જ કલમ ૨૨૨ મી પ્રમાણે પેહેલા વરગના અખત્યાર સાથે એમ બતાવેલું છે. આ પાછલી કલમ સંક્ષેપ તપાસ સબંધી છે.

તે પેહેલાંનું ગેઝીટ અગર તે પેહેલાંની મી૦ કારનેજીની નીમનોક અ-મારી રૂબરૂ રજુ કરવામાં આવી નથી, પરંતુ મી૦ કારનેજી શીબસાગર જીલ્લામાં જોરહાત ટુકડીના માજીસ્ટ્રેટ તે વખતે હતા અને તેમને તે જીલ્લા-માં સંક્ષેપ રીતે તપાસ કરવાની હકુમત હતી તે વીશે આ પુક્ત પુરાવ છે. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮ જુઓ). એમ અ-મારી નજરમાં આવે છે.

તા૦ ૬ ફેબરવારી સને ૧૮૭૪ ના રોજ સીબસાગર અને કામરૂપ જીલ્લાઓ સુધાંત કેટલોક મુલક બંગાળાના લેફ્ટીનંટ ગવરનર નીચેથી ખ સેડીને ચીફ કમીશનર નીચે રાખવામાં આવ્યો. સને ૧૮૭૪ ની એપ્રીલ માસમાં મી૦ કારનેજી શીક સરટીફીકેટ ઉપર રજા લઇ ત્યારૂ પછી થોડી મુદતમાં હીંદુસ્થાન છોડી તે ગએલા હતા. કેટલાક અધીકારીઓ એક પછી એક નીમવામાં આવ્યા તે વખતે મી૦ કારનેજી જોરહાત ટુકડીમાંથી ગેરહા-જર હતા. સને ૧૮૭૫ ના સપટેંબર માસમાં મી૦ કારનેજીએ સેક્રટરી ઓફ સ્ટેટ તરફથી પરવાનગી મેળવી કામ ઉપર પાછા હીંદુસ્થાનમાં આવી પ-હોંચ્યા. તે શીબસાગર જીલ્લામાં પાછા આવ્યા નહીં તેમ તેમણે તે જીલ્લા-માં માજીસ્ટ્રેટની નોકરી છોડી અગર ખાલી કરી ત્યાંહાં સુધી તે આવેલા નહી હતા. નહીતો ઉપર કહેલી હકીકતથી તેમણે તેમ કરેલું હોય. તા૦૨૫ સપટેંબરના રોજ આશામ ગેઝીટમાં જાહેર ખબર માલુમ પડી તેમાં મી. કારનેજી આશીસ્ટંટ કમીશનરને કામરૂપ જીલ્લામાં નીમવામાં આવ્યા અને તેજ તારીખે તે ગેઝીટમાં એક બીજી નોટીસ માલુમ પડી કે મી૦ કારનેજીને પેહેલા વરગના માજીસ્ટ્રેટનો અખત્યાર આપવામા આવેલો છે.

પ્રથમ જ્યારે તે બાબત અમારી રૂબરૂ આવી હતી ત્યારે હકીકત ઉ પરથી અમારી નજરમાં એમ આવેલું કે કામરૂપ જીલ્લામાં મી૦ કારનેજી-ને સંક્ષેપ રીતે કેદીનો તપાસ કરવાનો અખત્યાર નહી હતો. અસલ તે અ-ખતીયાર સીબસાગર જીલાને માટેજ હતો, અને મી૦ કારનેજીને કામરૂપ માં નીમવામાં આવ્યા (પછી તેનો ગમેતે હેતુ હોય) તે વખતે એક તરફ તેમને કામરૂપ જીલ્લામાં ખુલી રીતે પહેલા વરગના માજીસ્ટ્રેટનો અખત્યાર વાપરવાને આપેલો હતો, પરંતુ આગળ તેમને બાકીનો કેદીઓની સંક્ષેપ તપાસ કરવાને જે અખત્યાર આપવામાં આવેલો તે ફરીથી તેમને આપવા માં આવેલો નહી હતો.

આ તકે અમે કેદીઓને જામીન ઉપર છોડયા, પરંતુ હમે ગુનાની સાબેતીનો ઠરાવ અમે રદ કરેલો નહી હતો, કારણ કે તે બાબત એવી હ વી કે જેથી એક ન્યાયાધીકારની હકુમતને અસર થતો હતો અને વખતે ઘ ણા ન્યાયાધીકારીઓને તેથી અશર થાય તેવું હતું, માટે સ્થાનીક સરકાર

તરફથી કોઇ હાજર થવું જોઇએ એમ અમારા વીચારમાં આવ્યું.

સ્થાનીક સરકાર તરફથી હાલ બાબુ જગોદાનંદ મુકરજી હાજર થયે લા છે તેમણે કાંઇ વધારેની હકીકત હમને આપેલી નથી. પરંતુ તે ફોજ દારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૬ ના ઠરાવ ઉપર તે તદન આધાર રાખે છે. અને તે આધારથી તે તકરાર કરે છે કે શીબસાગરમાં મી૦ કારનેજીને જે અખત્યાર આપવામાં આવેલો હતો તે તેમને કામરૂપ- માં મળેલો છે. '

"તે કલમમાં ઠરાવ્યું છે કે જયારે કોઇ સખશ સરકાર નોકરીમાં હોય અને આ આકટ પ્રમાણે અગર આ આકટથી રદ થએલા કોઇ આકટ પ્રમાણે કોઇ જીલામાં તેને અખતીઆર આપવામાં આવેલો હોય અને પછી તેની બીજા જીલ્લામાં તેવી એક સરખી નોકરી ઉપર અગર ચડતા દરજાની નોકરી ઉપર બદલી કરવામાં આવે અને જો સ્થાનીક સરકાર બીજી રીતે હુકમ ન કરે તો જે જીલામાં તેની બદલી કરવામાં આવી હોય તે જીલામાં તેનોતે અખત્યાર વાપરે જાય."

આ કલમ બાબત બે સવાલો ઉત્પન થએલા છે કેઃ—પહેલો કે તે કલમના હેતુ પ્રમાણે મી૦ કારનેજીની બદલી કરવામાં આવી છે કે નહીં. બીજો કે સ્થાનીક સરકારે બીજી રીતે ફરમાવેલું છે તેથી તે કલમનો અમલ થતો અટકેલો છે કે નહીં.

આ સવાલોમાંથી એકે સવાલ મુશકેલી વીનાનો નથી. પેહેલા સ- વાલની બાબતમાં એમ કહેવામાં આવ્યું છે કે મી૦ કારનેજી ફરલો ઉ- પર ગયા એટલે તેમણે પોતાની નોકરી છોડેલી થાય છે. અને તે પાછા આવ્યા ત્યારે તેમની બદલી થઇ એમ થઇ શકતું નથી. અને તેમની બ- દલી કરવાનો કાંઇ હુકમ કરવામાં આવ્યો નથી. અને નીમવામાં આવ્યા છે એવા શબ્દો ઉપરથી બદલી થતી નથી પણ નવી નીમનોક થાય છે. પરંતુ તે શબ્દ અંદેશા ભરેલા છે. માટે આ કારણથી તે સવાલનો નીર- ણય કરતાં પહેલાં મી. કારનેજીએ ખરી રીતે પોતાની પ્રથમની નોકરી ખાલી કરી હતી કીંવા નહીં આ બાબતમાં અમારા જાણવામાં છે તે પ્ર- માણે કાંઇ આધારથી નીયમ ઠરાવવામાં આવ્યો નથી. સને ૧૮૬૮ પહેલાં હમેશાં એમ સમજવામાં હતું કે કોઇ અમલદાર ફરલો ઉપર જાય તો તે પોતાની નોકરી ખાલી કરેછે. એમ અમે માનીએ છીએ. અને તા૦ ૧૬ ડીસેંબર સને ૧૮૬૧ ના રોજનો હીંદુસ્થાન સરકારનો હુકમ છે, તેથી ખુલું ઠરાવવામાં આવ્યુંછે કે સીવીલ નોકરો ફરલો લે એટલે તેઓ પો- તાની નોકરી ખાલી કરેછે. મી૦ કારનેજી સનંદી શીવીલ નોકર નથી. અ- ને સને ૧૮૬૮ પહેલાં તે કીઆ ફરલોના નીયમોને પાત્ર હતા. તેની અ-

મને તદન ખાતરી નથી. પરંતુ જે અમલદારો ફરલો ઉપર જાય તેઓ પોતાની નોકરી ખાલી કરેછે એવો હમેશાંનો નીયમ હતો એમ અમે માનીએ છીએ.

તોપણુ તા૦ ૧૬ જુન સને ૧૮૬૮ ના રોજ એક હુકમ પ્રશીધ્ધ કરવામાં આવેલો છે. તેમાં એવું ઠરાવ્યું છે કે હવે પછી જે ઠરાવ કરવામાં આવ્યો છે તે શીવાય એકાદો અમલદાર ફરલો ઉપર જાય ત્યારે તેનો પોતાની કાયમ નોકરી ઉપર અગર તેવાજ પ્રકારની નોકરી ઓછા પગારની ના હોય તે ઉપર હક સબંધ રહેછે. આ હુકમ તમામ અમલદારો સનંદી કે સનંદ વીનાના હોય તેમને લાગુ થાય છે. આ છેવટ કહેલાં નીયમનો હેતુ તે અમલદાર ફરલો ઉપર જાય ત્યારે તેનો પોતાની નોકરી ઉપર હક રહેછે. એવો છે કે નહીં. એ વીશે અમને ઘણુંજ અંદેશા ભરેલું જણાય છે અમારા મનમાં કાંઇક ઉલટું આવેછે તો પણ તે નીયમો જે ફરલો બાબતના છે તે સરકારે ફીનાનસીઅલ ખાતામાં કરેલા છે. તેથી તે ઉપર તે બાબતને તદન આધાર ન રહે. એમ હોય કે જેથી ખરી રીતે નોકરી ખાલી થાય છે તે ફરલો ઉપર જવાથી નહીં. પરંતુ બીજા સખસની નીમનોક તે નોકરી ઉપર થવાથી થાય છે. અને અમારા સમજવામાં છે તે પ્રમાણે શીબસાગર જીલ્લામાં મી૦ કારનેજીની માજીસ્ટ્રેટ તરીકે નોકરી હતી તે ઉપર વીશેશે કરીને કોઇને નીમવામાં આવેલું નહીં હતું. શબોરડીનેંટ માજીસ્ટ્રેટોની સંખ્યા દરેક જીલામાં ઘણી હદ વીનાની હોય છે. માટે તે પ્રમાણે કરવાની કાંઇ જરૂર નહીં હતી. અને આશામના સ્થાનીક સરકારનો વીચાર પણ આવોજ જણાય છે. કારણ કે મી૦ કારનેજીનો અખતીયાર તેમને તરત નવો આપવામાં આવેલો તોપણ માજીસ્ટ્રેટ તરીકેની તેમને કાંઇ નવી જગો કોઇ વખતે મળી હોય એમ જણાતું નથી. બેશક એક જીલાની ટુંકડીના માજીસતરેટ તરીકે તે નથી-એમ ગણવામાં આવેલું છે પરંતુ તે પાછા આવ્યા ત્યારે પણ તે એક જીલ્લાના અગર જીલાની અંદર શબોરડીનેંટ માજીસ્ટ્રેટ છે એમ ગણવામાં આવેલું હતું અને તે જીલ્લો શીબસાગર સીવાય બીજો નહી હતો.

મી૦ કારનેજી ફરલો ઉપર ગયા. તેથી તેમણે પોતાની પ્રથમની નોકરી ખાલી કરી અને આ કારણથી કલમ ૫૬ ના હેતુ પ્રમાણે કામરૂપ જીલ્લામાં તેમની બદલી કરવામાં આવી નહીં હતી એવું ઠરાવતાં પહેલાં વધારે વીચાર કરવો જોઇએ એવી અમારી મરજી છે. આ બાબત કાંઇ અભીપ્રાય અમે બતાવતા નથી એમ સમજવાનું છે એવી અમે મરજી રાખીએ છીએ.

પરંતુ સ્થાનીક સરકારે બીજી રીતે ફરમાવવાથી તે કલમનો અમલ

થતો અટકેલો છે કે નહીં એવો બીજો સવાલ રહે છે.

જો કલમ ૫૬ મીના શબ્દે શબ્દોનો અરથ કરીએ તો તેમાં બીજી રીતે ઠરાવ એવા શબ્દો છે તે ઉપરથી એમ જણાય છે કે તે ઠરાવ બદલીના સરખો છે. કલમ ૩૮ પ્રમાણે જ્યાં અખત્યારની મરીયાદા અમૂક જગ્યાની બાબતમાં રાખવામાં આવી હોય ત્યાં દરેક બદલી વખતે ખાસ ઠરાવ થવાની આથી જરૂર છે. પરંતુ જ્યારે સ્થાનીક સરકારે આ બાબત પોતાનો ઇરાદો બતાવેલો છે ત્યારે આ નકામું છે એમ અમને જણાય છે, અને આવો અર્થ કલમ ૫૬ નો કરવો એવી જરૂર અમારી નજરમાં આવતી નથી. "સ્થાનીક સરકાર બીજી રીતે ફરમાવે નહીં તો એવા શબ્દો છે તેનો વ્યાજબી રાહે અર્થ કરતાં કલમ ૩૮ પ્રમાણેની પ્રથમની મરીયાદાનો તથા તેમજ બદલી કરવામાં આવે ત્યારે જે મરીયાદા છે તેનો સમાસ થાય છે. આ વીચાર આશામના સ્થાનીક સરકારે જે વીચાર કરેલો છે. (આગળ બતાવ્યો છે તે પ્રમાણે) કે મી૦ કારનેજીને જે અખત્યાર આપવામાં આવેલો તેનો અંત આવેલો છે એમ ખુલ્લું ગણેલું છે. તે સાથે મળતો છે.

સબબ આ છેલ્લા કારણથી અમે ઠરાવીએ છીએ કે કલમ ૨૨૧ મી પ્રમાણે મી૦ કારનેજીને સંક્ષેપ રીતે તપાસ કરવાનો અખત્યાર નહીં હતો માટે અમારી નજરમાં આવે છે કે અમારે ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરી જામીનોને જવાબદારીમાંથી છોડી દેવા જોઇએ.

જસ્ટીસ મીત્તર સાહેબ:—અમારો પણ તેવોજ અભીપ્રાય છે. તા૦ ૧ જાનેવારી સને ૧૮૭૩ ના રોજનો સરકારનો ઠરાવ છે તેનો હેતુ ફકત જોહાત પેટા ટુકડીમાં ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૨૨૨ મી પ્રમાણે મી૦ કારનેજીને અખત્યાર આપવાનો હતો. આ પ્રમાણે છે તો સીબ સાગરમાં જેવી નોકરી હતી તેવીજ અગર તેથી ચડતી નોકરી ઉપર તેમની બદલી કરવામાં આવી છે એમ કહી શકાતું નથી. કારણ કે તે કલમ પ્રમાણે તેમની બદલી કરવામાં આવી છે અને તેમણે પોતાની નોકરી ખાલી કરી નહીં હતી, એમ ધારીએ તો પણ કામરૂપ જીલ્લામાં જે જગો ઉપર તેમની બદલી કરવામાં આવી છે તે જગ્યો સીબસાગર જીલ્લામાં તેમની જેવી જગ્યો હતી તેવીજ અને તેથી ચડતા દરજાની નહીં હતી. તે કાયદાની કલમ ૨૭ મીને ૨૮ જોતાં માલમ પડશે કે પેહેલાં વર્ગના માજીસ્તરેટના તાબામાં કોઇ પેટા ટુકડીના હોય તેના કરતાં જીલ્લાની ટુકડીના માજીસ્ટ્રેટનો અખત્યાર ચડતા દરજાનો છે. સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે સદરહુ બતાવેલી કલમ ૫૬ પ્રમાણે જે અખત્યાર તેમને જોહાત પેટા ટુકડીમાં હતો તે

તેમણે જ્યારી વાપરેલો નથી.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફુલબેંચ.

તા૦ ૨૦ ફેબરવારી સને ૧૮૭૭.

સર. રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ, મી૦ જસ્ટીશ કેમ્પ. મી૦ જસ્ટીશ મ્યાકફરશન, મી૦ જસ્ટીશ માર્કબી. અને મી૦ જસ્ટીશ એઇનસલી સાહેબોની રૂબરૂ.

હીંદુસ્થાનના કેસરેહીંદ વીરૂધ દીલ્લુજોર મીસર.

પીનલકોડ અમલમાં આવતાં પેહેલાં કરેલા ગુનાહની શાબેતીનો ઠરાવ—સને ૧૭૯૭ ના કાયદા ૫—સને ૧૮૬૨ ના આકટ ૧૭—સને ૧૮૬૮ નો આકટ ૧ લાની કલમ ૬.

પીનલકોડ અમલમાં આવતાં પેહેલાં સને ૧૮૬૧ માં કેદીએ ખુન કર્યું તેથી તેને સને ૧૭૯૭ ના કાયદા ૫ પ્રમાણે ગુનહેગાર ઠરાવી હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરેલી હતી અને તે શીક્ષાનો હુકમ મંજુર કરવા સારૂ તે કામ હાયકોરટ તરફ મોકલ્યું હતું સને ૧૭૯૭ નો કાયદો ૫ મો સને ૧૮૬૨ ના આકટ ૧૭ થી રદ થએલો છે અને તે આકટ સને ૧૮૬૮ ના આકટ ૮ થી તથા સને ૧૮૭૨ ના આકટ ૧૦ થી તદન રદ થએલોછે. ફુલબેંચને રેફરંસ કરતાં ઠરાવવામાં આવ્યું છે કે ગુનાની શાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે કારણ કે સને ૧૮૬૮ ના આકટ ૧ લાની કલમ ૬ થી એવું ઠરાવ્યું છે કે કોઇ આકટ અગર કાયદો રદ થવાથી તે રદ કરનાર આકટ અમલમાં આવતાં પેહેલાં કાંઇ ગુન્હો બનેલો હોય તેને તે લાગુ નથી.

પાનું ૨૨૫ કેદી ઉપર ખુનનો આરોપ રાખવામાં આવેલો હતો. અને એવું કહેવામાં આવેલું છે કે પીનલકોડ અમલમાં આવતાં પેહેલાં તા૦ ૨૪ મે સને ૧૮૬૧ ના રોજ તે ખુન કરવામાં આવેલું પરંતુ તે મુદત સુધી કેદી પોતે પકડાય નહીં તેવી કોશીશ કરેલી હતી તા૦ ૭ અગષ્ટ સને ૧૮૭૬ ના રોજ સાહાબાદના શેશન જડજ મી. એ. વી. પાલમર સાહેબે સીક્ષણીય મનુષ્યવધનો ગુનેહગાર ઠરાવી હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરેલી છે. સને ૧૭૯૭ ના કાયદા ૫ ની કલમ ૩ પ્રમાણે હાયકોરટના હુકમ થવા સારૂ તે કામ જડજે મોકલેલુંછે. તેથી જસ્ટીસ માર્કબી તથા જષ્ટીસ એઇનસીલી સાહેબોની રૂબરૂ તે કામ આવતાં તેઉ સાહેબોએ નીચે પ્રમાણે નોટ કરેલીછે.

"સને ૧૭૯૭ નો કાયદો કેટલીક વાત કાયમ રાખીને સને ૧૮૬૨

ના આકટ ૧૭ થી રદ થએલો છે.' પરંતુ હમણાંજ એક કામમાં ઠરાવ થએલો છે તે પ્રમાણે તે કાયમ રાખેલી બાબતનો પણ રદ થએલો જણાય છે તેથી શેશન જડજે જે રેફરંસ કરેલું છે તે કરવાને તેમને અખતીઆર નથી તેમ તા૦ ૨૪ મી મેએ સને ૧૮૬૧ ના રોજ કરેલા સીક્ષણીય મનુષ્યવધ બાબત કેદીને સીક્ષા થઇ શકે એવો કોઇ કાયદો હોય એમ અ મારા જાણવામાં નથી. માટે જયાં સુધી વીરૂધ કારણ બતાવવામાં ના આવે ત્યાં સુધી તે ગુનહાની સાબેતીને ઠરાવ ગેરકાયદે ઠરાવી તે રદ કરવો જોઇએ."

સરકારી વકીલને તથા કેદીને નોટીશ આપવાનો હુકમ કરવામાં આવ્યો. અમે જષ્ટીશ માર્કબી, જષ્ટીશ એનશીલી, અને જષ્ટીશ મીતર સાહેબોની રૂબરૂ તે કાંમ આવતાં નીચેના લખાણ સાથે ફુલબેંચ પાસે તે કામ મોકલેલું છે:—

આ કોરટની રૂબરૂ અપીલમાં થોડી મુદત ઉપર એક કામ આવેલું તેમાં અમે ઠરાવ્યું છે કે સને ૧૮૬૨ ના આકટ ૧૭ મો, સને ૧૮૬૮ ના આકટ ૮ માંથી તથા સને ૧૮૭૨ ના આકટ ૧૦ થી તદન રદ થએલો છે. સબબ સને ૧૮૬૨ પેહેલાં થએલો કોઇ ગુનહો સાબેત ઠરાવી શકાતો નથી. તે કામમાં તકરાર કરવામાં આવેલી નહીં હતી તેથી તે બાબતમાં અમે જેવો શોધ કરી શકયા તે પ્રમાણે અમે અભીપ્રાય આપી શકયા છીએ. ત્યાર પછી થોડી મુદતે તા. ૨૪ મે સને ૧૮૬૧ ના રોજ થએલા ગુન્હા બાબત શાહાબાદના શેશન જડજે શીક્ષા કરેલી તે શીક્ષાનો હુકમ મંજુર કરવાને સને ૧૭૯૭ ના કાયદા ૪ ની કલમ ૩ પ્રમાણે તે કામ અમારી તરફ મોકલેલું છે. તેથી આ સવાલનો વીચાર અમે ફરીથી કરીએ તે સારૂ અમે નોટીશ આપેલી છે, અને જુનીયર સરકારી વકીલ તે તકરાર કરવાને હાજર થએલો છે તે કહે છે કે સને ૧૮૬૨ નો આકટ ૧૭ મો રદ થએલો છે તો પણ કેદીની તપાસ કરી તેને શીક્ષા થઇ શકે છે કારણ કે સને ૧૮૬૮ ના પહેલા આકટ ની કલમ ૬ નો વીશેસ ઠરાવ છે. આ કામમાં તે કલમનો અમલ કરવા બાબત નીશ્ચે કરવાને અમને ઘણી મુશકેલ લાગે છે, અને તે સવાલ સામાન્ય રીતે અગત્યનો છે માટે તે ફુલબેંચે સાંભળવો જોઇએ એમ અમારી નજરમાં આવે છે.

ફુલબેંચની રૂબરૂ કોઇ કાંઉનસીલ હાજર થયો નહીં.

ફુલબેંચનો અભીપ્રાય ચીફ જસ્ટીશ ગાર્થ શાહેબે નીચે પ્રમાણે આપ્યો. આ કામમાં તા૦ ૨૪ મી મે શને ૧૮૬૧ ના રોજ સીક્ષણીય મનુષ્ય વધ કરયાનો કેદીને ગુનહેગાર ઠરાવેલો છે અને તેને હયાતી સુધીની શમુદ્ર-

પારની શીક્ષા કરેલી છે. શને ૧૮૬૨ ના આકટ ૧૭ પ્રમાણે તે કેદીની તપાસ કરી આ ગુન્હાનો ગુન્હેગાર ઠરાવેલો છે પણ તે આકટ સને ૧૮૬૮ ના આકટ ૮ અને ૧૮૭૨ ના આકટ ૧૦ થી તદન રદ થએલો છે તો પણ એવી તકરાર કરવામાં આવીછે કે સને ૧૮૬૨નો આ.૧૭ તદન રદ થયો છે તો પણ સને ૧૮૬૮ ના ૧ લા આકટની કલમ ૬ ના ઠરાવ પ્રમાણે તે કેદીની તપાસ કરી શકાય છે અને તેને ગુન્હેગાર ઠરાવી શકાય છે, અમે આ કલમનો વીચાર કરયો અને તે તમામ ઉપરથી અમારી નજરમાં આવે છેકે તે કલમ આ કામને લાગુ થતી નથી. સબબ ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ, અને કેદીને છોડી દેવો જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ જાનેવારી સને ૧૮૭૭

મી૦ જસ્ટીશ જાકશન અને મી૦ જસ્ટીશ મેકડોનલ

શાહેબોની રૂબરૂ.

હીંદુસ્થાનના કેસરેહીંદ વી૦ જદુનાથ ગંગુલી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૨૭૨—અપીલ—અપીલ કરવાને નીમેલો અમલદાર—નીરદોશ ઠરાવ્યાનો ઠરાવ—સીક્ષણીય મનુશવધના તોહોમતવાળા ગુનાની સાબેતીનો ઠરાવ—નીરદોશ.

ખુનના આરોપ બાબત એક સખસની જ્યુરીથી તપાસ કરતાં, જુરીના અભીપ્રાયમાં આવ્યું કે તોહોમતવાળો ખુનનો ગુનેહગાર નથી, પરંતુ તેને શીક્ષણ્ય મનુંશવધનો ગુનેહગાર ઠરાવવામાં આવ્યો. તે ઠરાવ સાથે શેશન જડજ જોકે મળતા નહી આવ્યા, તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ મી પ્રમાણે હાય કોરટમાં તે કામ મોકલવાને તેમણે ના પાડી. તે ઉપરથી સ્થાનીક સરકારે તે કાયદાની કલમ ૨૭૨ પ્રમાણે અપીલ કરવાને હુકમ કરયો; અને આ હુકમ પ્રમાણે જુનીયર સરકારી વકીલે અપીલ કરી. તેમાં ઠરાવ્યું કે તે અપીલ રીતસર કરવામાં આવી છે. વળી ઠરાવ્યું કે જ્યુરીના ઠરાવ પ્રમાણે શેસન કોરટે ફેંસલો આપેલો છે કે કેદી નીરદોશ છે તે કલમ ૨૭૨ ના હેતુ પ્રમાણે નીરદોશ ઠરાવ્યાનો ફેંસલો છે. વળી ઠરાવવામાં આવ્યું કે ખુનના આરોપની બાબતમાં નીરદોશ ઠરાવવામાં આવેલો છે, માટે અપીલ ચાલી સકેછે.

પાનું ૨૭૩ કેદી જદુનાથ ગંગુલીએ એક દાશીરારના ખુન બાબત જુરીથી તપાસ કરેલો. તે ખુનના આરોપ બાબત જુરીએ

તેને નીરદોશ ઠરાવ્યો. પરંતુ તેને શીક્ષણ્ય મનુશવધનો ગુનેહગાર ઠરાવ્યો. શેશન જડજે જોકે લખેલું છે કે અમે જુરીના ઠરાવ સાથે મળતા નથી, તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે તે કામ હાય કોરટ તરફ મોકલવાને ના પાડી છે. તેમણે બે જુદા જુદા ઠરાવો તથા શીક્ષાના હુકમો લખેલા છે, અને તેમાં પેહેલું એમ કહેલું છે કે જુરીના અભીપ્રાયમાં તે ખુનનો ગુનેહગાર નથી એવુ આવેલું છે. અને તેને છોડી દીધોછે અને બીજું એવું કહેલું છે કે જુરીએ તેને સીક્ષણ્ય મનુસવધનો ગુનહેગાર ઠરાવેલો છે, અને તેને ૧૦ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષાનો હુકમ કરેલો છે. શેશન જડજે કેદીને ખુનના આરોપ નો નીરદોશ ઠરાવવાનો ફેંસલો આપેલો છે તે ફેંસલા ઉપર હાય કોરટમાં તે કાયદાની કલમ ૨૭૨ મી પ્રમાણે અપીલ કરવાને સ્થાનીક સરકારે લીગલરી મેંમબ્રંસન ઉપર હુકમ કરેલો છે. આ હુકમ પ્રમાણે સરકારના જુનીયર વકીલે તે અપીલ રજુ કરી ફાઇલ કરી.

સરકાર તરફથી મી૦ ઈ. આમ (તેમની સાથે સરકારી જુનીયર વકીલ બાબુ જગદાનંદ મુકરજી)

કેદી તરફથી મી૦ એમ. એમ. ગોઝ.

મી૦ ગોઝ આ અપીલની સુનાવણીમાં ત્રણ હરકતો છે. પેહેલી તો કલમ ૨૭૨ મીમાં જે સખસો કહેલાછે તેમાંના એકકે તે કરેલી નથી. હજુ સુધી તે કાયદાની કલમ ૫૭ પ્રમાણે પબ્લીક પ્રોસીકયુટર નીમવામાં આવ્યો નથી, અને આવી જાતની અપીલ કરવાને સામાન્ય રીતી પ્રમાણે સરકારના જુનીયર વકીલને નીમવામાં આવતા નથી. તેમ આ ખાસ અપીલ કરવાને તેમને ખાસ રીતે નીમવામાં આવેલા નથી. (મી૦ ઇ. આમે કહેલું છે કે આ કામની હકીકત અને લીગલરી મેમબ્રનશર તરફથી મળેલી છે, જસ્ટીશ જાકશન સાહેબ—તે અપીલ સરકારે કરેલી છે એમ માનવુંજ જોઇએ.) બીજું તે કેદીને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે, અને નીરદોશ ઠરાવવામાં આવ્યો નથી. જ્યાં અમુક હકીકત ઉપરથી એમ માલમ પડે છે કે અમુક ગુનાનો જુરીએ ગુન્હેગાર ઠરાવ્યો છે. અને અપીલ કરવાનો હક મળે તેવો કલમ ૨૭૨ મી પ્રમાણે નીરદોશ કરયાનો ઠરાવ નથી. તે કલમ તો તદન નીરદોશ ઠરાવ્યાનો ઠરાવ કરેલો હોય તેને લાગુ થાય છે. ત્રીજું કલમ ૨૭૨મી ઉપરથી નીરદોશ ઠરાવ્યાના ફકત ફેંસલાઓ ઉપર અપીલ ચાલે એવું ઠરાવેલું છે. માટે જે કામમાં જયુરીએ તપાસ કરેલો હોય તેમાં ફેંસલો નથી હતો, તેને તે લાગુ થઇ શકતી નથી. કારણ કે તેમાં જડજે હકીકત શારાંશમાં કહી બતાવેલી હોય છે, અને જયુરીએ ઠરાવ કરેલો હોય છે, અને શીક્ષા અથવા હુકમ કોરટ કરે છે. ફોજદારી

કામે ચલાવવાની રીતના કાયદામાં તમામ જગાએ ફેંસલો અને શીક્ષાનો હુકમ અથવા હુકમની વચમાં ભેદ છે. હકીકત બાબત અપીલ ચાલી શકે છે કીંવા નહીં. તે કલમ નવી છે, અને તેનો ઘણીજ સખતાઇથી અરથ કરવો જોઇએ.

સરકાર તરફથી મી૦ ઇ. ગરાંમઃ—તે કલમ નવીન છે તેથી ફક્ત તકરાર એટલી કાહાડવાની છે કે તે કલમના શબ્દો મોઘમ છે, માટે સ્થાનીક સરકારને સામાન્ય રીતે કુલ અખત્યાર આપવાને કાયદા કરનારે ઇરાદો રાખેલો છે. પ્રથમનો કાયદો ફોજદારી ઇનસાફના ઇંગરેજી વીચારના અશરથી ઘડવામાં આવેલો હતો. માટે જ્યુરીના ઠરાવમાં ફક્ત ફરી તપાસની કલમથી હાથ ઘાલવામાં આવતો હતો પરંતુ હાલના કાયદામાં તેવા ઠરાવમાં હાથ ઘાલવાની ત્રણ રીતીઓ છે એટલે કલમ ર૬૩મી પ્રમાણે તે ઠરાવ સાથે કોરટ મળતા ના આવે ત્યારે, કલમ ર૭રમી અને ર૮૮ મી પ્રમાણે છે. તે કેદીને ખુનના આરોપમાંથી નીરદોશ ઠરાવવામાં આવેલો છે, અને આવા નીરદોશના ઠરાવ ઉપર અપીલ ચાલે છે. કલમ ર૬૩ મી પ્રમાણે તોહોમતવાળા ઊપર જેટલા આરોપોની તપાસ હોય તે તમામ આરોપો બાબત જુરી ઠરાવ કરવાને બંધાએલા છે કલમ ૪૫ર પ્રમાણે દરેક ગુના બાબત જુદો જુદો આરોપ જોઇએ. અને કાયદાથી જે કામો બાતલ કરવામાં આવેલાં છે તે શીવાય દરેક આરોપ બાબત જુદી તપાસ થવી જોઇએ. પછી કલમ ૪૫૭ મીમાં તે કલમ મુજબ ખાસ કામ બાબત ઠરાવ કરવામાં આવેલો છે, અને તોહોમતવાળા ઉપર જે તહોમત રાખવામાં આવેલું હોય તેથી જુદો ગુન્હો કરેલો છે એમ સાબીત થાય તેને તે ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય છે. અને દ્રષ્ટાંત ઉપરથી જણાય છે કે ખુન અને શીક્ષાપ્ય મનુશવધ એ જુદા જુદા ગુનાછે. છેવટ કલમ ૪૬૧ મીમાં ઠરાવેલું છે કે કોરટ ફેંસલો આપે તેમાં કીયા ગુના બાબત તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેલો છે તે સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ. "ફેંસલો" શબ્દ કલમ ર૭ર મીમાં છે તેનો અર્થ ઠરાવ થયા પછી જે કોરટ તરફથી થાય છે તે છે. કારણો ઉપરથી છેવટ જે નીરચે આવછે, તે છે. * * * કલમ ર૬૩ મી ઉપર જણાય છે કે જ્યુરીથી તપાસ થતાં કામોમાં ફેંસલા હોયછે. "જુરીના ઠરાવથી જો કોરટ જુદા પડનાર જરૂર ધારે નહીંતો તેઠરાવ પ્રમાણે કોરટફેંસલો આપે." જુરીથી તપાસ થએલા કામોમાં અપીલ કરવાનો તોહોમતવાળાનો હક છે તે ફક્ત કાયદાની બાબતમાં છે, પરંતુ તેવી મર્યાદા કલમ ર૭ર મીમા નથી. જુરીથી થતી તપાસના કામોમાં પાછલી કલમ પ્રમાણે અપીલ કરવાનો અખત્યાર છે તે વીશે માહારાણી વી૦ કુજોલેયના કામમાં જષ્ટીસ ફીઅર સાહેબે વી-

ચાર બતાવ્યા છે તે જુઓ.

મી૦ ગોઝે જવાબ આપ્યો.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે જષ્ટીશ જાક્શન સાહેબે આપ્યો:—તકરારની દરમીઆનમાં મી૦ ગોઝે અમારી અરજ ઉપરથી કેદીની તરફથી સંભાળ ભરેલી અને સમજની રીતે હકીકત બતાવેલી છે. તેમાં તેમણે લીધેલી હકીકતના પેહેલા ભાગનો નીકાલ અમે કરેલો છે. તે હકીકત એવી હતી કે ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૨૭૨ પ્રમાણે અમારી રૂબરૂ અપીલ નહીં હતી કારણ કે અપીલની અરજી સરકારી પ્રોસીક્યુટરે અથવા ખાસ અગર સામાન્ય રીતે તે બાબત નીમેલા અરજદારે કરેલી નથી. એવું જણાયલું છે. ને હજુ પણ જણાય છે કે શેક્રેટરીનો લીગલરી મેમબ્રનસરના ઉપરનો કાગળ છે તેમાં આપેલા અખતીયાર પ્રમાણે સરકારી વકીલોમાંના એક વકીલે તે અપીલ યોગ્ય રીતે કરેલીછે, માટે લીગલરી મેમબ્રાનસરની તરફથી જે કાઉન્સીલ હાજર થએલાછે અને જેમને તેમણે હકીકત આપી માહીત કરેલા છે, તે રીતસાર યોગ્ય રીતે અમારી રૂબરૂ ચલાવી શકે છે.

મી૦ ગોઝે બીજી એવી તકરાર કરી છે કે પ્રથમ કલમ ૨૭૨ લાગુ કરવાનો હેતુ નથી અને જે કામોમાં તોહોમતવાળાની તપાસ જયુરીથી કરવામાં આવેલી હોય અને જયુરીએ નીરદોશ ઠરાવેલો હોય તે કામોને તે લાગુ થતી નથી. અને બીજી એવી તકરાર કરી છે કે અપીલ ચાલી શકતી નથી કારણ કે નીરદોશ ઠરાવ્યાનો ફેંસલો અમલમાં લાવવા લાયક નથી. અને કેદીને છુટો મુકવામાં આવ્યો નથી. પરંતુ જે હકીકત ઉપરથી તેના ઉપર ખુનનો આરોપ મુકવામાં આવેલો તે હકીકત ઉપરથી ઉતપન થતો તેથી હલકો ગુનહો તેણે કરેલો છે એવું ઠરાવ્યું છે- આ બાબતોમાંની એક બાબત નીરદોશ ઠરાવ્યાના ફેસલામાં શું આવે છે તે વીશે મહારાણી વીરૂધ કુમોલેટના કામમાં જષ્ટીશ ફીયર સાહેબે જો કે સ્પષ્ટ ઠરાવેલું નથી તોપણ તે બતાવવામાં આપેલું છે, પરંતુ તે અભીપ્રાય જે બતાવવામાં આવ્યો છે તે શીવાય પણ આ બાબત અમને કીંચીત પણ શક નથી. ફો. કા. ચ. રીતીના કાયદાની જુદી જુદી કલમો ફેંસલાઓ બાબત છે તે ઉપરથી સારી પેઠે જણાય છે કે જુરીના જે ઠરાવથી નીરદોશ ઠરાવવામાં આવે છે તે ઠરાવ પ્રમાણે શેશન કોરટે કરેલો ફેંસલો બેશક નીરદોશ ઠરાવ્યાનો ફેંસલો છે સ્થાનીક સરકાર નીરદોશ ઠરાવ્યાના કામમાં અપીલ કરવી હોય તો તે કરવાને કાંઇપણ હદ વીના ઘણોજ બોહોળો ઠરાવ કરી કાયદા કરનારે તેમને પરવાનગી આપેલી છે, હવે આ કામમાં નીરદોશ

કરયાનો ઠરાવ નથી એવી તકરાર કરવામાં આવી છે તે વીશે કામના કાગળોથી ખુલું જણાય છે કે ખુનના તોહોમતની બાબતમાં તે કેદીને નીરદોશ ઠરાવેલો છે અને તેને છોડી દેવાનો હુકમ કરવામાં આવેલો છે, અને તે તોહોમતમાં બીજા ગુનહા સબંધી જે તોહોમત હતું તે વીશે જયુરીએ ઠરાવ કરયો અને કોરટે સીક્ષાનો હુકમ કરેલો છે, પણ તે સીવાય કેદીને ખુનના આરોપની બાબતમાં તો તેને નીરદોશ ઠરાવી છોડી દીધેલો છે તેના ઉપર ખુનનું તોહોમત રાખવામાં આવેલું હતું અને તે ગુનહો શીક્ષણીય મનુષ્યવધના ગુનહાથી જુદો છે, તે જડજની નજરમાં કલમ ૨૬૩ પ્રમાણે તે કામમાં પુછવાને યોગ્ય આવેલું નથી માટે તે ફેંસલો નીરદોશ કરયાના ફેંસલા તરીકે કાયમ રહેલો છે. આવા કામોમાં સારવજનીક હીત સારૂ અપીલ કરવી જોઇએ કીંવા નહીં, તે વીચાર કરવાની જવાબદારી સ્થાનીક સરકાર ઉપર રાખેલી છે અને તે વીચારનો અમલ કરતાં આ અપીલ કરવાને સરકારે યોગ્ય ધારેલું છે માટે અમારી નજરમાં આવે છે કે તે અપીલ ચાલી શકે છે આ પ્રમાણે કરેલી અપીલ ઉપરથી અમારે કેવો ઠરાવ કરવો જોઇએ તે વીચાર કરવાનો છે. અને અમે કબુલ કરીએ છીએ કે, કલમ ૨૬૩ પ્રમાણે જે કરવું જોઇતું હતું તે નહી કરવા બાબતના કારણો નીચેની કોરટમાં જે વીદવાન શેશન જડજે આ કામનો તપાસ કરેલો છે. તેમણે પ્રોસીડીંગમાં યોગ્ય રીતે બતાવવાં જોઇતાં હતાં; અને હાયકોરટના જડજોને સારૂ કામમાં યોગ્ય સીક્ષાનો હુકમ કરવાની જવાબદારી ભરેલી અને દુખદાયક ફરજ રાખવી જોઇતી નહીં હતી એમ અમારે ઘણી મરજી રાખવી જોઇએ. (તે વીદવાન જડજે પુરાવનો વીચાર કરયો અને ઠરાવ્યું કે તોહોમતવાળો ખુનનો ગુનેહગાર છે, તેથી તેને મોતની શીક્ષા કરવામાં આવી છે.)

અપીલ મંજુર રાખવીમાં આવી.

અસલ ફોજદારી મુકરદમો

તા૦ ૧૯ અને ૨૨ મારચ સને ૧૮૭૭

મી૦ જષ્ટીશ વાઇટ સાહેબની રૂબરૂ.

હીંદુસથાનના કેસરેહીંદ માલકનની ફરીઆદ ઉપરથી વીરૂધ આસપર વીગેરે.

હાયકોરટના ફો. કા. ચ. રીતીના આકટ (શને ૧૮૭૫ના ૧૦) ની

કલમ ૧૪૭—પોલીશ માજીસ્ત્રેટની રૂબરૂનું કામ હાયકોરટમાં ટ્રાનસફ્-ર કરવું.

પીનલકોડની કલમ ૧૪૧ પ્રમાણે સાપરાધ બળ વાપરયા બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવ્યો હતો. ફરીઆદી તરફનો પુરાવ પોલીશ માજીસ્ત્રેટે સાંભળ્યો અને તે નહી માન્યા શીવાય ઠેરાવ્યું કે તોહોમતવાળો ગુનહો થતો નથી. ઠરાવવામાં આવ્યું કે તે કાયદાની ચુક થએલી છે. એમ ધારીએ તોપણ પ્રતીવાદીઓને કમીટ કરવાને માજીસ્ત્રેટ ઉપર હુકમ કરવા હાયકોરટને અખતીઆર નથી. આ કાંઇ એવું કામ નથી કે જેમાં માજીસ્ત્રેટે પોતાની હકુમતની ના કહી હોય તેમણે તો પોતાની હકુમત વાપરી કામની સુનાવણી કરેલી છે. વળી ઠરાવવામાં આવ્યું કે આ કામ એવું નથી કે હાયકોરટના ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે હાંયકોરટ ટ્રાનસફર કરી શકે.

પાનુ ૨૭૮ હાયકોરટના ફો. કા. ચ. રી. આકટ (સને ૧૮૭૫ ના ૧૦) ની કલમ ૧૪૭ પ્રમાણે કલકતાના પોલીશ માજીસ્ત્રેટમાંના એક માજીસ્ત્રેટ મી० ડીકન્સના ઉપર એક કામની સુનાવણી કરી તેનો આખર ચુકાદો કરવાને હાયકોરટમાં શાવાસ્તે ટ્રાનસફર કરવું નહી જોઇએ અથવા કમીટ કરવાની માજીસ્ત્રેટને ફરજ પાડવાને શા વાસ્તે હુકમ કરવો નહી જોઇએ. તેનુ કારણ બતાવવાનો હુકમ થવા સારૂ આ અરજી કરેલી છે. પીનલકોડની કલમ ૧૪૧ પ્રમાણે પ્રતીવાદીઓ ઉપર ગેરકાયદે મંડળીના અંગભુતો છે. અને તે મંડળીના સામાન્ય હેતુ પ્રમાણે સાપરાધ બળ વાપરેલું છે, અગર સાપરાધ બળ બતાવેલું છે અને ફરીઆદીના કબજામાં આરમેનીઅન દેવળ હતું તેનો કબજો છોડાવેલો છે. એવો માજીસ્ત્રેટની રૂબરૂ આરોપ રાખવામાં આવેલો છે, માજીસ્તરેટે તે કામમાં પુરાવ લીધો અને તે પુરાવ ઉપરથી એવો નીશ્ચે કરયો કે કાંઇ ગુનહો સાબેત થતો નથી- જ્યારે પહેલી અરજી કરવામાં આવી ત્યારે હકીકત પ્રમાણે કોરટે એવી સુચના કરી હતી કે કોર્ટને તે અરજી મંજુર કરવાને અખ્તીઆર નથી. અને આવા કામમાં કવીન્સ બેંચની કોરટ અથવા આ કોરટ સદરહુ પ્રમાણેનો હુકમ કરી શકે તેવું બતાવવાને આધાર માગ્યો અને તે અરજી ફરીથી કરવાને પરવાનગી આપી.

મી० ફીલીપ્સે (તેમની સાથે ગાજી ગ્રેગરી) તે અરજી ફરીથી કરી કહયું કે કમીટ કરવાને જષ્ટીશો ઉપર કવીન્સબેંચની કોરટે હુકમ કરેલો હોય એવો કોઇ ઠરાવ મને મળી શકતો નથી. પરંતુ ઇંગ્લાંડમાં તે ઇલાજ નહી આપવાને કારણ છે કે જે કારણ અહીંયાં નથી કવીન્સબેંચ જયાં

સુધી અરજદારને બીજા ઇલાજો હોય તે બધા પુરા થાય ત્યાં સુધી તે હુકમ કરતા નથી હવે ઇંગ્લાંડમાં આવા કામમાં મોટી જુરીની રુબરૂ જવાનો ઇલાજ છે. માટે તેવો હુકમ કરવાની અરજ ચાલતી નથી પરંતુ આ દેશમાં મોટી જુરી કાહાડી નાંખેલી છે. તેથી બીજો કાંઇ ઇલાજ રહેલો નથી. માટે કોરટને તે બાબતમાં કવીન્સબેંચની કોરટનો અખત્યાર છે, સબબ તે હુકમ કાહાડી શકેછે માજીસ્રેટે પુરાવ નથી માન્યો એમ નથી કારણ કે તેમણે ફરીઆદનું કામ અટકાવેલું છે. તેમની નજરમાં આવ્યું છે કે હકીકત સાબેત થએલી છે તે શાચી છે એમ કબુલ કરીએ તોપણ તે હકીકત ઉપરથી ગુનહો બનતો નથી બીજા શબ્દોમાં કહીએ તો તેમણે કાયદાની ચુક કરેલી છે જયાં પ્રથમ દરશનીક કામ સાબેત કરવામાં આવેલું હોય ત્યાં માજીસ્રેટ કમીટ કરવાને બંધાએલા છે. બર્નસ જષ્ટીશ ઓફધીપીસ વાલ્યુમ ૧ પાંનું ૭૭૩ બીજો તેમનો કાંઇ કુલ અખ્તીયાર નથી.

(જસ્ટીસ વાહીટ સાહેબઃ—ધારો આવા કામમાં તમે ઇંગ્લાન્ડમાં ગ્રાંડ જયુરીની રૂબરૂ ગયાછો તો તેઓ "બીલ" કાહાડી નાંખે. ખરી વાત છે કે તમે બીજી ગ્રાંડ જયુરીની રૂબરૂ જઇ શકોછો, પરંતુ તેઓ "બીલ" લક્ષમાં ના રાખે તો પછી કવીન્સબેંચ ગ્રાંડ જયુરીને ખરૂ બીલ શોધી કાહાડવાની ફરજ પાડે કે નહી? અને જો તે નથી તો તમે જે ઇલાજ કહોછો તે અધુરો છે કવીન્સબેંચ તે હુકમ નથી તેનું કારણ ગ્રાંડ જયુરીની રૂબરૂ જવાનો ઇલાજ છે તેજ છે કે નહીં તે વીશે અમને શક છે) તેજ છે એમ કબુલ કરવામાં આવેલું છે, અને તે કારણ જયુરી આહીંઆં કાહાડી નાંખવાથી આહીંયાં રહેલું નથી. માટે આ કોરટને તે હુકમ કરવાનો અખત્યાર છે જે કામોમાં બીજો કાંઇ ઇલાજ નથી હતો તે કામોમાં કવીન્સબેંચ તે હુકમ કરે છે. જે કામમાં બીજો ઇલાજ નથી હતો તે કામોમાં માજીસ્રેટને સમન્સ કરવાનો હુકમ કરી શકાયછે, ધી કીંગ વી. ધી જસ્ટીસ ઓફ કેંટનો ઠરાવ જુઓ. (જસ્ટીસ વાહીટ સાહેબઃ અહીંયાં માજીસ્રેટે પોતાની હકુમતનો અમલ કરેલો છે, અને કામ કાહાડી નાંખેલું છે તે તમારી મુશકેલી છે એમ અમને દીસે છે.) તેમનું કહેવું એવું છે કે તેથી એમ પણ કહયું થાય છે કે કાયદાથી તેમને અખત્યાર આપેલો નથી, કારણ કે કાંઇ ગુનોહ થએલો નથી એટલે તે કહે છે કે તેમને હકુમત નથી બીજા શબ્દોમાં તે હકુમતની ના પાડે છે. તે કમીટ કરવાને બંધાએલો છે તે બાબ ૧૯ જાર્જ ૪, બાબ ૭૪ ની કલમ ૨ જુઓ. કાંઇક તેવુંજ કામ સમન્સ કાહાડવાની મનાઇ કરવામાં આવી તેછે, અને તે કામમાં કવીન્સબેંચ સમન કાહાડવાનો હુકમ કરી શકેછે. ધી કવી

ન વી૦ આડમસન. આ ઠરાવ આરંભની બાબતમાં છે અને માજીસ્ટ્રેટે જે કામની સુનાવણી કરી ઠરાવ કરેલો છે તે નથી તે એક કાયદાની બાબતછે, અને તે બાબતમાં તેમનો કુલ અખત્યાર નથી. તે એક સમન્સની ના કહ્યા જેવું કામ છે, અને તેથી સુનાવણી ઉપર કામ મુક્યું થાય છે. (જસ્ટીસ વાહીટ સાહેબઃ—માજીસ્ટ્રેટે પોતાની હકુમત વાપરીછે અને તેની ના કહેલી નથી એમ અમને જણાયછે. તે સમન્સ કાહાડવાની બાબતથી જુદીછે તેમણે તે કામની સુનાવણી કરેલી છે.) તેમણે તે કામની વ્યવસ્થા એવી રીતે કરેલી છે કે જેથી હકુમત બાબત ના પાડી થાય. સમન્સ કાહાડવાને કામની હકીકત પ્રથમ દર્શનીક રીતે સાબેત કરવામાં આવેલી છે, અને માજીસ્ટ્રેટે તે કાહડવાને ના પાડી છે. (જસ્ટીસ વાહીટ સાહેબઃ—ક્વીન્સબેંચની કોરટનો અખત્યાર છે તે કરતાં અમારો વધારે અખત્યાર નથી, અને આવા કામમાં તે કોરટે આવો હુકમ કરેલો એવું એકે તમે અમને બતાવેલુ નથી. ફકત જે કામમાં અશર થવા લાયક ઇલાજ છે તેમાં તે હુકમ કરવાને ક્વીન્સબેંચે ના પાડી હોય છે.) તે પ્રમાણે છે એમ માનીએ તોપણ તે હુકમ અહીંયાંથી થાય છે, કારણ કે તેમાં અશરકારક ઇલાજ નથી એમ અરજ કરવામાં આવી છે.

કલમ ૧૪૭ મી પ્રમાણે તે ગ્રાંટ જયુરી કાહાડી નાંખવામાં આવેલી છે તેથી જેમ બને તેમ તે કલમનો અરથ ઓહોળો કરવો જોઇએ એમ તે હકીકતથી કોરટે દોરાવાનું છે. કલમ ૧૪૭ જુના કાયદાથી જુદી છે અને તેનો હેતુ વધારે ઓહોળા હેતુનો છે. ૩૩ જાર્જ ૩ બાબ પર કલમ ૧૫૩ માં જે આગળ કાયદો હતો તેમાં ગુનાની શાબેતી બાબતના હુકમોમાં હાય કોરટને હાથ ઘાલવાને કાંઇ હદ રાખવામાં આવેલી નથી. આ દેશમાં નીરદોશના ઠરાવો ઉપર અપીલ ચાલેછે. અને તે નીરદોશ કરવાનું કામછે ફકત તે કારણથી હાથ ઘાલવાને ના કહેવી તેથી ઇંગ્લંડમાં કે જ્યાં નીરદોશના ઠરાવ ઉપર અપીલો ચાલતી નથી ત્યાંના કાયદા પ્રમાણે કાયદો સંકોચ ભરેલો છે એમ થાય.

પીનલકોડની કલમ ૧૪૧ પ્રમાણે જે ગુનહો થાય છે તે ગુનહા બાબત આ કામમાં જે હકીકત છે, તેથી બનેછે. એમ અરજ કરવામાં આવેલી છે. (જષ્ટીશ વાહીટ સાહેબ—તમારી અરજીના આ ભાગ બાબત એક મુશકેલી છે કે જો તે કલમ પ્રમાણે અમે હાથ ઘાલીએ તો શું અમારે તે રદ કરવો જોઇએ કે બહાલ રાખવો જોઇએ કે—છોડી દીધાનો હુકમ રદ થઇ શકેછે. અને આ કોરટ તે કામની સુનાવણી કરી તેનો નીરણય કરી શકે છે. આ કોરટે જે હુકમ કરેલો છે. તે કામના ગુણદોશ ઉપરજ થવો જોઇએ. (જષ્ટીસ વાહીટ સાહેબ—શું તેથી એમ નથી

માલુમ પડતું કે કલમ ૧૪૭ થી જે પ્રોશીડીંગ બાબત ઇરાદો રાખવામાં આવેલો છે, તે ફોજદારી કોરટનુ આખરનુ પ્રોશીડીંગ કીંવા હુકમ છે?) એવી અરજ કરવામાં આવી છે કે ટ્રાન્સફર કરયા પછી કેટલીક વરસ્તવીક બાબતનો ન્યાય કરવો જોઇએ એટલુંજ તે ઉપરથી જણાય છે.

જસ્ટીશ વાઈટ સાહેબઃ—તકરાર ચાલતાની દરમીઆનમાં હમે હમારા વીચારો એટલા બધા સંપુરણુ રીતે બતાવેલા છે કે હમારે હમારા ઠરાવનાં કારણો ફરીથી કહેવાં નથી વધારે કાંઇ કરવાની જરૂર નથી.

ફરીઆદ તરફથી મી૦ ફીલીપ્સે એફીડેવીટ ઉપર અરજ કરી કે હાઇ કોરટના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૫ ના આકટ ૧૦) ની કલમ ૧૪૭ પ્રમાણે આ પ્રોશીડીંગોની સુનાવણી ફરી આખર નીરણ્ય કરવાને આ કોરટમાં શા વાસ્તે નહીં મંગાવવાં અગર પીનલકોડની કલમ ૧૪૧ પ્રમાણે ગેરકાયદે મંડળીના અંગભુત થયા બાબતના આરોપ વીશે કમીટ કરવાની માજીસ્ત્રેટને ફરજ શા વાસ્તે નહીં પાડવી તે એમાંનો એક હુકમ થવો જોઇએ.

જ્યારે તે કામ પેહેલ વહેલું હમારી રૂબરૂ આવ્યું ત્યારે હમને ખબર થએલી છે કે પોલીસ માજીસ્ત્રેટે તે કામની સુનાવણી કરી જે હકીકત શાબેત થએલી છે તે નથી માની એમ નથી, પરંતુ તેમના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તે હકીકતથી પ્રતીવાદીઓ ઉપર જે તોહોમતનો આરોપ છે તે તોહોમતવાળો ગુન્હો થતો નથી તેથી તેમણે તેમને કમીટ કરવાને ના પાડી છે. જ્યારે તે કામની હકીકત આવી હતી એમ અમે સાંભળ્યું, ત્યારે મી૦ ફીલીપ્સને અમે વીનંતી કરી કે તમારી અરજી મંજુર રાખવાનો કાંઇ આધાર બતાવો. પરંતુ, કવીન્સબેંચની કોરટે અથવા આ કોરટે આવા કામમાં તેવો હુકમ કરેલો એવો કાંઇ દાખલો અમારી રૂબરૂ રજુ કરેલો નથી. તેમણે બે ઠરાવો ખરેખાત અમને બતાવેલા છે. ધી. કવીન વી. આડમસન અને ધી૦ કીંગ વી. જસ્ટીશ ઓફ કેંટના કામમાં કવીન્સબેંચની કોરટે હુકમ કરેલો હતો. પહેલા, કામમાં જષ્ટીશોએ જે કામની સુનાવણી કરવાની ના કહેલી તે કામની સુનાવણી કરી નીકાલ કરવાને તેમને હુકમ કરવામાં આવ્યો હતો, અને બીજા કામમાં સમન્સ કાહાડવાને તેમણે ના કહેલી તે કાહાડવાને હુકમ કરેલો છે. પરંતુ જ્યારે આ બેઉ કામો તપાસવામાં આવ્યાં ત્યારે તે ઉપરથી એમ જણાય છે કે ઉત્તરતા દરજ્જાની કોરટ જો ખરી રીતે પોતાની હકુમત વાપરવાને ના પાડે અથવા એવી હકીકત થાય કે જેથી હકુમતની ના કહી થાય એવું ના હોય તો, કવીન્સબેંચની કોરટ તે હુકમ કરતા નથી. હવે આ કામમાં માજીસ્ત્રેટે પોતાની હકુમત વાપરવાને ના કહેલી નથી.

તેમણે કામમાં પુરાવ સાંભળીને એવો ઠરાવ કરેલોછે કે પીનલકોડ પ્રમાણે કાંઇ ગુનહો બનેલો નથી. અરી રીતે તેમણે હકુમત વાપરી છે, અને પ્રતીવાદીઓના લાભમાં ઠરાવ કરેલો છે તેથી આ મી० ફીલીપ્સની અરજીના એક ભાગની વ્યવસ્થા કરવાને બસ છે, તો પણ આ શીવાય પણ અમે કહી સકીએ છીએ કે જે રૂપનો હુકમ માગવામાં આવલો છે તે રૂપનો હુકમ થઇ શકતો નથી. જો કોઇ પણ હુકમ કરવામાં આવે તો, તે કમીટ કરવાને માજીસ્તરેટને હુકમ કરવાનો નથી, પણ તે કામની સુનાવણી ફરીથી કરવી અને પુકત કારણ બતાવવામાં આવેલું હોય તો તે કમીટ કરવું એવો કરવામાં આવે.

તે અરજીની બીજીબાબત. સને ૧૮૭૫ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ મી પ્રમાણે તે કામ આ કોરટમાં મંગાવવાની છે તે વીશે અમારી નજરમાં આવે છે કે જે રીતીએ કરવાને માગેલુંછે તે રીતીએ તે કામની વ્યવસ્થા કરવાને અમે એકસરખીરીતે અખત્યાર વીનાના છીએ. તે કલમમાં એવું ઠરાવેલું છે કે "જ્યારે હાય કોરટને એમ જણાય કે હવે પછી જે હુકમ કહેવામાં આવેલો છે તે કરવાથી ઇનશાફના હેતુમાં વધારો થશે તો અમુક કામ પોતાની પાસે મંગાવવાને તે મુખ્ત્યાર છે, અને તે પ્રમાણે મંગાવેલા કામનો નીરણય કરવાને તથા તેમાં જે ગુનાની શાબેતીનો ઠરાવ અગર પ્રોસીડીંગ રદ કરવાને અથવા બાહાલ રાખવાને હાયકોરટને અખત્યાર છે પરંતુ તેથી ફકત નમુનાની ખામીના કારણથી તે રદ કરવાનું નથી પણ ફક્ત ગુણદોશ ઉપરથી કરવાનું છે." અમારી નજરમાં આવે છે કે આ કામ તે કલમના હેતુ પ્રમાણે નથી. જો અમે તે મંગાવીએ તો તે કામમાં ગુનાની શાબેતીનો ઠરાવ અથવા બીજુ પ્રોશીડીગ રદ કરવા અથવા બાહાલ રાખવા મંગાવીએ, એમ નહી, પરંતુ તે કામની સુનાવણી કરી પુરાવ લઇને અમારે એ નકકી કરવાને કે કમીટ કરવાની હકીકત સાબેત થાય છે કે નહીં તે સારૂ મંગાવ્યું થાય. અમારી નજરમાં આવે છે કે તે પ્રમાણે અમે કરી શકીએ તેવી તે કલમ જોઇતી રીતે બોહોળી નથી. માટે જો આવું ટરાંસફર કરવાને તે કલમનો અમલ કરીએતો કાયદા કરનારના ઇરાદા ઉપરાંત તે કલમનો અરથ અમે કરયો થાય.

અમે સારી પેઠે ધારી શકીએ છીએ કે માજીસ્ટ્રેટ કમીટ કરવાને ના પાડે તેથી વારંવાર ઇનસાફનો હેતુ પરતાબ ધારેલી રીતે પાર પડે નહીં. પરંતુ જો કાયદા કરનારે આવા કામને માટે ઠરાવ કરવાનો ઇરાદો રાખેલો હોય તો, તેવા કામની બ્યવસ્થા કરવાને કોરટને, ખાસ રીતે અખત્યાર આપવો જોઇતો હતો. સ્પશ્ટ શબ્દો શીવાય આવા અખત્યારનું અમે અનુમાન કરી શકતા નથી. માટે અમે આ અરજી મંજુર કરી શકતા નથી.

આ કહેવામાં સીરૂથી તે આખર સુધી અમે ધારેલું છે કે કાયદાની ભુલ થએલી છે, પરંતુ તે ધારણા ફકત તકરારના કારણસર કરેલી છે; આ અરજીને લાગતો કાયદો અમે કહયો તેવો છે એમ વીચાર કરતાં, અમે તે આફીડેવીટ સાંભળવાને જરૂર નથી એમ ધારેલું છે. કમીટ કરવાને ના કહી તેથી નીરદોશ ઠરાવ્યા બરોબર થતું નથી, અને જો કે અમે કોઇ રીતે કહેતા નથી કે ફરીઆદ તરફથી ફરીથી માજીસ્ત્રેટની રૂબરૂ જવું જોઇએ તોપણ તેઓને પસંદ પડેતો તેઓ પાછા માજીસ્ત્રેટ પાસે જઇ શકે છે. સબબ તે અરજી નામંજુર કરવી જોઇએ.

અરજી નામંજુર કરવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ અને તા૦ ૨૩ એપ્રેલ સને ૧૮૭૭

મી૦ જસ્ટીસ મેકફરશન સાહેબની રૂબરૂ.

કલકતાના કારપોરશન વી૦ ભીકનરાંમ નાપીત ઉરફે ભીકન નાપીત.

હાય કોરટના ફોજદારી કામ ચલાવવાની રીતના એકટ (સને ૧૮૭૫ ના આકટ ૧૦) ની કલમ ૧૪—નીરદોશનો ઠરાવ—પ્રેસીડંશી માજીસ્ત્રેટના આક્ટ (સને ૧૮૭૭ ના ૪ થા) ની કલમ ૧૮૧—કલકતા મ્યુનશીપલ આકટ (સને ૧૮૭૬ ના બંગાળાના આકટ ૪) ની કલમ ૭૫—૭૬

હાય કોરટના ફોજદારી કામ ચલાવવાની રીતના આકટની કલમ ૧૪૭ મી પ્રમાણે હાય કોરટને હાથ ઘાલવાનો જે અખત્યાર આપવામાં આવ્યો છે તેનો માજીસ્ત્રેટે નીરદોશનો જે કામમાં ઠરાવ કરેલો હોય તેમાં અમલ કરવાનો ઇરાદો નથી. પરંતુ ફકત જે કામમાં ગુનાની શાબેતીના ઠરાવથી અથવા બીજા હુકમોથી પ્રતીવાદી નારાજી થયો હોય અથવા તેને ઇજા થએલી હોય તે કામમાં તેનો અમલ કરવાનો છે.

પાનું ૨૯૦ ફો. કા. ચ- રીતીના કાયદા (સને ૧૮૭૫ ના આ. ૧૦) ની કલમ ૧૪૭ મી પ્રમાણે અરજી કરવામાં આવી છે. તે અરજીની પૃષ્ટીમાં જે હકીકત છે તે આગળ કલકતા સેહેરના જષ્ટીશ ઓફ ધી પીસોના લાયસંન્સ ઓફીસર એમ. આર. સીરકારના કરેલા આફીડેવીટ ઉપરથી જણાય છે. અને સને ૧૮૭૬ નો બંગાળાનો આ૦ ૪ મંજુર કરવામાં આવ્યો ત્યારથી તે આકટ પ્રમાણેના કારપોરેશન તે સ્થાપેલા લાયશંન્સ ઓફીસર છે. તેમણે કહયું છે કે તે આકટની કલમ ૭૮ પ્રમાણે તે કારપોરેશનની તરફથી ખુલી રીતે તે આકટના ત્રીજા પુરીષ્ટમાં બતાવેલા કલકત્તા સેહેરની અંદરના હર-

કોઇ વહેપાર, ધંધો અથવા રોજગાર જે સખસો કરતા હોય તેમના ઉપર કર ઠરાવવાને તેમને અખત્યાર આપવામાં આવેલો હતો. અને તે અખ્તીઆર પ્રમાણે તેમણે પ્રતીવાદીને એક માઝમ વેસવાની દુકાન રાખનાર તરીકે કર આપવાને સને ૧૮૭૬ ના શાલ બાબત તે આકટના ૩ પ્રશીષ્ટમાં બતાવેલા ત્રીજા વર્ગ પ્રમાણે ઠરાવેલું હતું. અને તારીખ ૨૧ મી નવેંબર ૧૮૭૬ ના રોજ તે પ્રમાણે કર ઠરાવવામાં આવેલો છે એ વીશેની પ્રતીવાદી ઉપર નોટીશ બજાવવામાં આવેલી હતી. અને તેમાં એવી ખબર આપવામાં આવી હતી કે તે વર્ગ પ્રમાણે તે લાયશન્સ લેઇ રૂ ૨૫) ની રકમ નહીં ભરે તો બીજી નોટીશ આપ્યા વીના તમારા ઉપર ફરીયાદ ચલાવવામાં આવશે. પ્રતીવાદીએ તે લાયશંન્સ લેવાને કસુર કરી તેથી કલકત્તા શેહેરના ઓનરેરી માજીસ્ત્રેટની કોરટમાંથી તેણે સને ૧૮૭૬ ના બંગાળાના આકટ ૪ ની કલમ ૭૫ અને ૭૬ તથા પ્રશીશ્ટ ૩ માં ઠરાવ્યા પ્રમાણે લાયસન્શ લીધા વીના વેહેપાર કરયો અને તેથી તેણે કલમ ૭૭ પ્રમાણે સીક્ષા કરવા લાયક ગુનહો કરેલો છે તેનો તેણે જવાબ દેવો એવો તે પ્ર૦ ઉપર સમન્સ કાહાડવામાં આવ્યો તા૦ ૬ મારચ સને ૧૮૭૭ ના રોજ કલકત્તામાંના આનરેરી માજીસ્ત્રેટમાંના એક માજીસ્ત્રેટ બાબુ ઓમેશચંદ્ર દત્તની રૂબરૂ સદરહુ સમન્સ સુનાવણી ઉપર આવ્યો અને તેઉ સાહેબે પ્રતીવાદીને છોડી દીધો.

સુનાવણી વખતે એમ કબુલ કરવામાં આવેલું છે કે તેણે લાયશંન્સ લીધુ નથી પરંતુ બંગાળાના સને ૧૮૭૬ નો આકટ ૪ તા૦ ૧ લી જુલાઇ સને ૧૮૭૬ ના રોજ અમલમાં આવ્યો છે અને સને ૧૮૭૬ ની શાલના પાછલા ભાગના નીમે વરસના તે આકટ પ્રમાણે હીસ્સા રશીદ લાયસન્સના રૂ ૧૨—૮ આપવાને હું જવાબદારછું તે મેં આપવા માંડેલા હતા અને હું વધારે આપવાને જવાબદાર નથી એવી તેણે તકરાર કરી છે. તોપણ લાયશન્સ ઓફીસરે આખા વરસના રૂ ૨૫) કરતાં ઓછી રકમ કબુલ કરવાની ના કહી. માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તા૦ ૧ લી જુલાઇ સને ૧૮૭૬ ના રોજથી તે આકટ અમલમાં આવેલો છે સબબ પ્રતીવાદીની જવાબદારી તે તારીખથી સરૂ થઇ છે. પરંતુ તેટલી મુદતની ફી આપવા માંડેલી અને હજુ તે આપવાને ખુશી છે એમ જણાય છે તેથી માજીસ્ત્રેટે ઠરાવ્યું છે કે તેણે કાંઇ ગુનેહગારી કરેલી જણાતી નથી. અને તેને છોડી દીધો.

આ ઉપરથી તે કામ હાયકોરટમાં મંગાવવાને અગર તે કમીટ કરવાની માજીસ્ત્રેટને ફરજ પાડવાને હુકમ થનો જોઇએ, એવી આ અરજી કરેલી છે,

તે અરજીની પુષ્ટીમાં મી૦ જે. બી. બેલે તકરાર કરી છે કે મા-જીસ્ટ્રેટનો ઠરાવ કાયદા પ્રમાણે ભુલ ભરેલો છે. કારણ કે બંગાળાના સને ૧૮૭૬ ના આકટ ૪ પ્રમાણે જે અધીકારીએ કર ઠરાવેલો તે ઠરાવનો ફરી તપાસ કરવાને તેમને અખત્યાર નહીં હતો પરંતુ જે વરગ પ્રમાણે ના ઉપર કર ઠરાવેલો તે વર્ગ પ્રમાણે પ્રતીવાદીએ લાયસન્સ લીધુ નથી. એવું તેમને બતાવવામાં આવે એટલે કલમ ૭૭ પ્રમાણે તે પ્રતી-વાદીને ગુનહેગાર ઠરાવવાને તે બંધાએલા હતા. (સને ૧૮૭૬ ના બંગાળાના આકટ ૪ પ્રમાણે તે કારપેરેશનનો અમલદાર તે આકાર ઠરા-વવાને યોગ્ય અમલદાર હતો અને જો અપીલ કરવામાં આવેલી ના હોય તો તે આકારનો ઠરાવ આખરનો છે. આ કામમાં કાંઇ અપીલ કરવામાં આવેલી નથી. માલકન વીરૂધ ગ્યાસપર અને માલીરાણી વીરૂધ ધી. જસ્ટીશ ઓફ મીડલસેક્ષના ઠરાવો બતાવવામાં આવ્યા.

જસ્ટીશ માકફરસન સાહેબ:—અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૧૪૭ પ્રમાણે આ અરજી મંજુર કરવાને અમને અખત્યાર ગ-ણેલો નથી. ખરી રીતે નીરદોશના ઠરાવ ઉપર અપીલ કરવાનો હેતુ છે. પરંતુ કલમ ૧૪૭ પ્રમાણે આવી અપીલ કરવાને ઠરાવેલું નથી. તેનો હેતુ કામનો નીકાલ થતાં પહેલાં કામ ટ્રાન્સફર કરવાનો અગર માજીસ્ટ્રેટ ના હુકમથી જે સખસો નારાજી થએલા હોય અગર જેઓને ઇજા થએ-લી હોય તેઓની તરફથી હાથ ધાલવાનો છે, પરંતુ નીરદોશનો ઠરાવ રદ કરવા સારૂં હાથ ધાલવાનો અખત્યાર આપવાનો ઇરાદો નથી. જો તે ઇલાજ આપવાનો ઇરાદો હોત તો ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદામાં તથા પ્રેશીડેનસી માજીસ્ટ્રેટોનો સને ૧૮૭૭ નો આકટ ૪ છે, તેમાં જે પ્રમાણે સ્પષ્ટ આપવામાં આવેલો છે તે પ્રમાણે બેશક આપવામાં આવત. આ પાછલા આકટનીએક કલમ (કલમ ૧૮૧) છે તે ઉપરથી જણાય છે કે જ્યાં ગુન્હો શાબેત ઠરાવવામાં આવેલો હોય ત્યાંજ ફકત કલમ ૧૪૭ લાગુ કરવાનો ઇરાદો છે કારણ કે કલમ ૧૪૭ પ્રમાણે અરજી થઇ સકે તે પેહેલાં સરકારી પ્રોસીકયુટરને નોટીશ આપવાની તેથી જરૂર થાયછે.

અમને જો હાથ ધાલવાનો અખત્યાર હોત તોપણ અમે આવા કામમાં તે અખત્યાર વાપરીએ નહીં.

અરજ નામંજુર.

ફુલબેંચ.

તા૦ ૧૧ ડીસંબર સને ૧૮૭૬ તથા તા૦ ૨૦ ફેબ્રરવારી સને ૧૮૭૭

સર રીચડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીસ મી૦ જસ્ટીસ કેમ્પ મી૦ જસ્ટી

સ માકફરશન, મી૦ જષ્ટીસ માર્કબી, અને મી૦ જસ્ટીશ એઇનશલી
સાહેબોની રૂબરૂ.

ચંદરનાથસેન વીગરેની અરજીની બાબતમાં.

હાયકોરટની નીગેબાની—૨૪ અને ૨૫ વીક બાબ ૧૦૪. કલમ ૧૫—
ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા સને ૧૮૭૨ ના
આકટ ૧૦) ની કલમ ૫૧૮.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણે માજીસ્ત્રેટે જે હુકમો યોગ્ય રીતે કરેલા હોય તે હુકમોમાં ચારટર આકટની કલમ ૧૫ પ્રમાણે હાયકોરટ હાથ ઘાલી શકતા નથી.

પાનું ૨૯૩ મું. અરજદારો એક જુનું કાયમ થઇ ગએલા હાટના માલેકો છે. અરજદારોના તે હાટની નજીકમાં એક હરોનાથદાસે એક નવું હાટ ખુલ્લુ કરી એકજ દીવસોએ ભરયું. આસીસ્ટંટ માજીસ્ત્રેટની રૂબરૂ જે શાક્ષીઓ લેવાએલા છે તે શાક્ષીઓની સાહેદી ઉપરથી તથા પોલીશ રીપોટો ઉપરથી કામની હકીકત જેવી માલમ પડેલી તે ઉપર લક્ષ રાખતાં ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણે તે આશીસ્ટંટ માજીસ્તરેટે તકરારી દીવસોએ અરજદારોએ પોતાનું હાટ ભરવું નહીં એવો હુકમ કરયો. આ ઉપરથી આશીસ્ટંટ માજીસ્તરેટનો હુકમ રદ કરવાને અરજદારોએ હાયકોરટને અરજ કરી અને તે કામ જષ્ટીશ માર્કબી અને જષ્ટીશ મીત્તર સાહેબોની રૂબરૂ સુનાવણી ઉપર આવ્યું. એક કામમાં ચીફ જસ્ટીશ ગાર્થ તથા જષ્ટીશ બરચ સાહેબોએ સદરહુ કાયદાની કલમ ૫૨૦ ઉપર લક્ષ રાખતાં આવી અરજી સાંભળવાને હાયકોરટની હકુમત બાબતનો સવાલ ફુલબેંચને પુછેલો હતો. પરંતુ વધારે તપાસ કરતાં એમ નકી થયું કે તે પુછેલો સવાલ ઉતપન થએલો નથી તેથી તેનો નીરણય કરવામાં આવેલો નહી હતો તોપણ તે વીદવાન જડજોએ એવો અભીપ્રાય બતાવેલો કે તે સવાલ ફુલબેંચને પૂછવો જોઇએ તે ઉપરથી આ કામમાં જસ્ટીશ માર્કબી તથા જષ્ટીશ બર્ચ સાહેબોએ તે પ્રમાણે કરવાને પસંદ કરેલું છે,

અરજદારો તરફથી બાબુ કાલીમોહનદોશ અને ત્રીંબકશંકર મોઝુમદાર.

હરોનાથદોશ તરફથી બાબુ મોહીની મોહનરાય અને દુરગા મોહનદોસ.

બાબુ કાલી મોહનદોસઃ—જો કે કલમ ૫૧૮ પ્રમાણે કરેલા હુકમ ન્યાયની રૂઇના નથી. અને કલમ ૨૯૭ પ્રમાણે આ કોરટ હાથ ઘાલી શકતા નથી. અને તે હુકમ ઉપર અપીલ ચાલતી નથી. એવુ ઠરાવવામાં આવેલું છે તોપણ ચારટર આકટની કલમ ૧૫ પ્રમાણે આ કોરટ તે

હુકમો રદ કરી શકેછે. તે કલમ પ્રમાણે જે શરૂ ઇલાજો કરવાને ઠરાવવામાં આવેલું છે. તે ઇલાજો જે કામો કરવામાં આવેલાં ના હોય અને વળી તેમનો હુકમ કલમ ૫૩૧ પ્રમાણે થવો જોઇતો હતો તે કામોમાં આ કોરટે હાથ ઘાલેલો છેઃ – બની માધવગોઝ વીરૂધ વોમાનાથરાય ચોદ્રીત ચંદરકુમાર વીરૂધ ઓમેશચંદર મોજુમદાર, શ્રીનાથદત વીરૂધ અનોદાચરણદત્ત (જષ્ટીશ માર્કબી સાહેબ) તે ઠરાવો ફકત આવા છે કે માજીસ્ટ્રેટનું તમામ પ્રોશીડીંગ પ્રથમ દરશનીક ન્યાયની રૂઇનું હતું. પરંતુ કાયદા કરનારાઓએ ખુલી રીતે ઠરાવેલું છે કે અમુક પ્રોશીડીંગો ન્યાયની રૂઇના નથી એમ ગણવું જોઇએ. જો માજીસ્ટ્રેટની રૂબરૂનું એકાદુ પ્રોશીડીગ હોય અને તે પાછલા વરગ પ્રમાણે ગણવાનુ હોય તો તે વર્ગમાં તેનો સમાશ થાય છે તેવી હકીકત છે એમ બતાવવુ જોઇએ. આં કોરટને ફો. કા. ચ. રી. કાયદાના બાબ ૨૨ પ્રમાણે જે અખત્યાર છે તે અખત્યાર કરતાં ચારટર આકટની કલમ ૧૫ પ્રમાણે કઇ બાબતમાં વધારે અખત્યાર છે? અરજન મુલા વીરૂધ નાજર મલીકના કામમાં આપ નામદાર સાહેબે ઠરાવ્યું છે કે કલમ ૫૧૮ પ્રમાણે કરેલા હુકમોમાં ફો. કા. ચ. રીતીના કાયદા પ્રમાણે આ કોરટ હાથ ઘાલી શકતા નથી. પણ તે સાથે એમ કહેવામાં આવેલું હતું કે ચારટર આકટની કલમ ૧૫ પ્રમાણે અરજી કરવા ઉપરથી તમે હાથ ઘાલી શકોછો.

(જષ્ટીશ માર્કબી સાહેબઃ—તે કામમાં અમે કાંઇ અભીપ્રાય બતાવ્યો નથી. તેમાં આવા અભીપ્રાય બાબતનું કીંચીત ચીન્હ પણ નહી હતું.) તેજરામ વીરૂધ હરસુખના કામમાં અલાહબાદ હાયકોરટે ઠરાવ્યું છે કે તાબાની કોરટના હુકમમાં કાયદાની અગર હકીકતની ભુલના કારણથી આ કોરટ કલમ ૧૫ પ્રમાણે હાથ ઘાલી શકતા નથી પણ આ કોરટ તો તેથી પણ વધારે ગએલા છે અને ઠરાવ્યું છે કે કાયદા વીરૂધ પ્રોશીડીંગોમાં તેઉ હાથ ઘાલશે.

સામા પક્ષકારોના વકીલોને પુછવામાં આવ્યું નહીં.

ફુલબેંચનો ફેંસલો ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

માજીસ્ટ્રેટના કહેવા પ્રમાણે બખેડો થવાની ધાસ્તી હતી અને તે બખેડો અટકાવવાનો તેમણે કરેલા હુકમથી ઇરાદો હતો. અને તેથી તે અટકે એવો સંભવ પણ હતો. અને જે હકીકત માજીસ્ટ્રેટે કહેલી છે તે ઉપરથી જણાય છે કે તેમના બતાવેલા અભીપ્રાયનાં કેટલાંક કારણો હતાં. સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે જે હુકમ વીશે ફરીઆદ કરવામાં આવી છે તે હુકમ કરવાને ફો. કા. ચ. રી. કાયદાની કલમ ૫૧૮

પ્રમાણે તેમને અખત્યાર હતો. માટે સ્ટાટયુટ ૨૪ અને ૨૫ વીકની કલમ ૨૫ પ્રમાણે આ કોરટ હાથ ઘાલી શકવાની નથી. તેમ કોઇ બીજા કારણથી પણ આ કોરટ હાથ ઘાલી શકવાની નથી. કારણ કે કલમ ૫૨૦ પ્રમાણે જે હુકમ કરવામાં આવેલો છે તે ન્યાયની રૂઇનુ પ્રોશીડીંગ નથી. તેથી અરજદારોના અંદેશા વગરના કાયદેસર હકો જેછે અગર હોય તેનો (આ કલમ સીવાય) ભંગ થતો હોય તેની ચીંતા નહીં.

અરજી કાહાડી નાંખવામાં આવી.

*ફોજદારી અપીલ

તા૦ ૪ મે સને ૧૮૭૭

મી૦ જષ્ટીશ માર્કબી અને મી૦ જષ્ટીશ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ

કેસરેહીંદ વીરૂધ ચારૂ નાઇયા

સાપરાધ પ્રવેશ—સાર્વજનીક નદીમાં માંછલાં પકડવાનો સ્વતંત્ર હક તોડવો—પીનલકોડની કલમ ૪૪૭

સાર્વજનીક નદીના એક ભાગમા માંછલાં પકડવાનો સ્વતંત્ર હક કાયદા વીરૂધ તોડવામાં આવે તેથી હીંદુસથાનના ફોજદારી કાયદામાં આપરાધ પ્રવેશની વાખ્યા છે તે વાખ્યામાં સમાશ થાય તેવો ગુનહો થતો નથી.

*પાનુ ૩૫૪ ફો. કા. ય. રી. ના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે બાકર ગંજના સીવીલ તથા શેશન જડજે આ કામમાં રેફરંસ કરેલું છે.

તોહોમતવાળા ચારૂ નાઇયા તથા બીજા કેટલાક માંછીઓ ઉપર એવો આરોપ રાખવામાં આવ્યો કે ફરીયાદીનો અમુક નદીમાં માંછલાં પકડવાનો હક છે, તેમ છતાં તેઓએ જાળો નાંખી માંછલાં પકડયાં. પ્રથમ આ કામની તપાસ ડીપુટી માજીસ્ટ્રેટે કરી અને તેઉએ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૪૭ મી પ્રમાણે સાપરાધ પ્રવેશના ગુનેહગાર ઠરાવી તેમના રૂ ૫૦) દંડ અને તે આપવામાં કશુર કરવામાં આવે તો, એક માસ આશાન કેદની સીક્ષા કરેલી છે, જીલા માજીસ્ટ્રેટે ડીપુટી માજીસ્ટ્રેટનો તે હુકમ બહાલ રાખ્યોછે.

શીવીલ તથા શેશન જડજે આ કામમાં રેફરંસ કરેલું છે એવા કારણથી કે કેદીએ જે ગુન્હો કર્યો કહેવામાં આવેલું છે તે ગુન્હાનો પીન-

લફોડમાં સાપરાધ પ્રવેશની વાખ્યા છે તેમાં સમાશ થતો નથી. શેશન જડજે પોતાના કેશ્ર્સના કાગળમાં હાય કોરટનું નીચેના ઠરાવો ઉપર લક્ષ આપેલું છે. એતરનાથદત્ત વી૦ ઇનદરોનાળીઆ, શ્રીસ્તીધરપારોઇ વી૦ ઇંનદરોસુશન ચકરબતી, કાંસીચંદ્રદાસ વી૦ હરકીશોરદાસ, ભુસના પારૂ વી. દેનોનાથ બાનરજી.

કોરટનો ફેંસલો જસ્ટીસ મારકબી સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

કેદીને ખોટી રીતે કમીટ કરવામાં આવેલો છે એવું શેશન જડજના વીચારમાં આવેલું છે તે સાથે અમે મળતા છીએ. એક નદીમાં જે જગોએ ફરીયાદીનો માંછલાં પકડવાનો હક હતો ત્યાં કેદીએ માંછલાં પકડયાં એમ સાબીત થએલું છે. ડીપ્યુટી માજીસ્ત્રેટે ઠરાવ્યું છે કે આથી સાપ્રાધ પ્રવેશ થએલો છે. પરંતુ તેવું અમારી નજરમાં આવતું નથી તે કાયદામાં ઠરાવવામાં આવેલું છે કે બીજાના કબજાની મીલકતમાં અમુક ઇરાદાથી કોઇ પેસે અગર તે ઉપર જાય તો તે સાપ્રાધ પ્રવેશનો ગુન્હેગારછે. પરંતુ જો કે માછલાં પકડવાની જગા તે મીલકત છે, તોપણ એકાદા સખસનો માંછલાં પકડવાનો હક નહી છતાં સાર્વજનીકમાંથી માંછલાં પકડે તેથી તે કોઈના કબજામાં તે પેઠો એમ થતું નથી. જે નદીમાં કેદી પેઠેલો છે તે સાર્વજનીક નદી છે અને કોઇના સ્વતંત્ર કબજામાં નથી અને માંછલાં પકડવાનો હક તે કાંઇ એવી મીલકત નથી કે કોઇ માણુશ કાયદા વીરૂધ તે હક તોડે તો તે કલમના હેતુ પ્રમાણે કોઇ બીજાના કબજાની મીલકતમા તે પેઠો એમ કહી શકાય.

ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરસ

તા૦ ૩ મે સને ૧૮૭૭

મી૦ જસ્ટીસ માર્કબી અને મી૦ જસ્ટીસ પ્રીનશેપ

સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ જોય હરીકાર

દીવાનો—જામીન—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૪૨૬, ૪૩૨—ફોજદારી કોરટોની હકુમત.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૨૬ મી પ્રમાણે તોહોમતવાળાને ચીતભ્રમ ઠરાવવામાં આવેલો હોય અને તેને સ્થાનીક સરકારે નીમેલી યોગ્ય સંભાળ નીચે મોકલવામાં આવે એટલે ફોજદારી કોરટની તેના ઉપરની હકુમત બંધ થાય છે. અને તે હકુમત ફકત કલમ ૪૩૨ મીમાં કહેલી હકીકતથી તાજો થઇ શકે છે.

પાનું ૩૫૬ તા૦ ૨૯ જુન સને ૧૮૬૯ ના રોજ મુનસીગંજ ડા૦

કાનો એક દેશી જોય હરીકારની આત્મઘાત કરવાને કોસીસ કરયાના આરોપ બાબત કાચરના ડીપુટી કમીસનરની રૂબરૂ તપાસ ચાલેલી હતી. કોરટના અભીપ્રાયમાં આવ્યું કે તે ચીતભ્રમ છે, અને પોતાનો બચાવ કરવાને લાયક નથી, તેથી તેમણે ડાકાના દીવાની દવાખાનામાં તેને મોકલાવ્યો. ત્યાર પછી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૨૬ મી પ્રમાણે તે દીવાનાના ભાઇએ ડાકાના માજીસ્ત્રેટને અરજ કરી કે તે દીવાનો મારી સંભાળ નીચે શોંપવો જોઇએ અને હું તે આકટ પ્રમાણે જામીન આપવા તઇયારછું. હાયકોરટમાં રેફરંસ કરી એવું પુછવામાં આવ્યું હતું કે તે દીવાનાનું કામ અસલ કાચારમાં તપાસવામાં આવેલું ત્યાંથી ડાકાના માજીસ્ત્રેટને ત્યાં મોકલવું જોઇએ, કારણ કે તેમ કરવાથી તે કોરટ ફો. કા. ચલાવવાની રીતના કા.ની ક. ૪૨૬ પ્રમાણે કરેલી અરજીની વધારે સુગમતા શાથે વ્યવસ્થા કરી શકે

જસ્ટીસ માર્કબી સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.—

અમારી નજરમાં આવે છે કે જે હુકમ કરવાને માગવામાં આવેલું છે તે હુકમ અમારે કરવો નહી જોઇએ. કારણ કે જો તે કામ ડાકાના માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવેલું. હોય તોપણ અમારી નજરમાં આવતુ નથી કે જામીન લઇને તે દીવાનાને છોડવાનો તેમને અખતાર હોય, સ્થાનીક સરકારની શંભાળ નીચે દીવાનાને શોંપ્યો એટલે માજીસ્ત્રેટનો અખીતાર બંધ થાય છે, અને કલમ ૪૩૨ મી પ્રમાણે તે પોતાનો બચાવ કરવાને લાયક છે એવા સરટીફીકેટ સાથે માજીસ્ત્રેટ તરફ તે કેદીને પાછો મોકલવામાં આવે ત્યાં સુધી તે અખીતાર તાજો થતો નથી. જો ડીપુટી કમીશનરની નજરમાં યોગ્ય આવે તો તે સરકારની નજરે લાવી શકે છે.

અરજ નામંજુર

ફોજદારી અપીલ.

તા૦ ૭ મે સને ૧૮૭૭

મી૦ જસ્ટીસ માર્કબી તથા મી૦ જસ્ટીસ પ્રીનશેપ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ હલોદર પોરો વીગરે.

પીનલકોડની કલમ ૨૭૭—સાર્વજનીક ઝરો—હોજ

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૭૭ મીમાં "સાર્વજનીક ઝરો અથવા હોજ" એવા શબ્દો છે, તેમાં સારવજનીક નદીનો સમાસ થતો નથી. માટે એક નદીમાં સાખાઓ માંછલાં પકડવાને કહાડવી તે સદરહુ કલમ પ્રમાણે ગુનો નથી.

પાનું ૩૮૩ જેસોર જીલ્લામાં જાહાનીદાના ડીપુટી માજીસ્ટ્રેટે તોહોમતવાળા તથા બીજા માંછીઓની નોઆગંગા નદીમાં માંછલાં પકડવાના કારણસર તેમાં ડાળીઓ છુંટી છુંટી નાંખીને તે નદી બુધીપુરવક બગાડી એવા આરોપ બાબત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૭ મી પ્રમાણે સંક્ષેપ રીતે તપાસ કરેલી છે. તે ગુનો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૭૭ મી પ્રમાણે ઠરાવવામાં આવ્યો છે. તમામ તોહોમતવાળા ગુનેહગાર ઠરાવવામાં આવ્યા અને તેમનો દંડ કરવામાં આવ્યો હતો.

તે ઉપરથી પ્રતીવાદીઓએ હાય કોરટમાં અપીલ કરી.

જષ્ટીશ માર્કબી સાહેબ—અમારી નજરેમાં આવે છે કે આ કામ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૭૭ મી પ્રમાણે નથી એમ અમારે ઠરાવવું જોઇએ. જે પાણી ખરાબ કરવામાં આવ્યું છે તે હોજનું પાણી નથી તેમ અમારા અભીપ્રાય પ્રમાણે "સાર્વજનીક ઝરા"નું નથી. માજીસ્તરેટના ફેંસલા ઉપરથી જણાય છે કે તે પાણી નોઆગંગાનું છે. " કોઇ સાર્વજનીક ઝરાનું પાણી" એવા શબ્દો વાપરવાથી તેમાં કોઇ નદીના પાણીનો સમાસ થાય છે એમ અમારી નજરમાં આવતું નથી. તે કારણથી અમે તે હુકમ રદ કરીએ છીએ અને દંડ જો વસુલ આપવામાં આવેલો હોય તો તે પાછો આપવો એવું ફરમાવીએ છીએ.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામા આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૧૫ જુન સને ૧૮૭૭.

મી૦ જષ્ટીસ એઇનસ્લી તથા મી૦ જષ્ટીસ મેકડોનલ સાહેબોની રુબરુ.

કેસરેહીંદ વી૦ દેદાર સરકાર.

સારી ચાલના જામીન—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૫૦૫

હાય કોરટ માગેતો, અમુક રકમના જામીનની રકમ ઠરાવેલી હોય તેના કારણો કહેવાને માજીસ્ટ્રેટ બંધાએલા છે.

જે સખસની પાસેથી સારી ચલના જામીન માગવામાં આવેલા હોય તે સખસને જામીનની જે સરતો જોઇએ તે પ્રમાણે ચાલવાને તેને સારો લાગ આપવો જોઇએ.

પાનું ૩૮૪ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૬

પ્રમાણે દીનેજપુરના માજીસ્ત્રેટે નવ સખસના તેમની સારી ચાલ બાબત બે જામીન દરેક રૂપીયા. ૧૦૦૦) એ રીતે માગ્યા. અને બીજો એક દેદાર નામનો સખસ હતો તેના રૂ. ૫૦૦૦) ના જામીન માગ્યા. તે હુકમથી નારાજી થનાર પક્ષકારોએ હાય કોરટમાં અરજ કરી તે ઉપરથી જસ્ટીસ મારકબી તથા જસ્ટીસ પ્રીનશેપ સાહેબોએ માજીસ્ત્રેટને તે સખસોની જે જે રકમોના જામીન માગેલા તે દરેકની બાબતની હકીકત અથવા કારણ બતાવવાને કહ્યું.

જે હકીકત માગેલી તે માજીસ્ત્રેટે આપી, પરંતુ જુદી જુદી રકમના જામીન તેમણે ઠરાવેલા તેનાં કારણ કીયા આધારથી તેમને પુછવામાં આવેલાં તે વીસે સવાલ કરવાને તેમણે લાગ લીધો છે. આ કામ છેવટે જસ્ટીસ એઇનસલી અને જસ્ટીસ મેકડોનલ સાહેબોની રૂબરૂ આવ્યું.

અરજદાર તરફથી બાબુ ઇંદ્રોનાથ બાનરજી.

સરકાર તરફથી સરકારી જુનીયર વકીલ બાબુ જગદાનંદ મુકરજી.

કોરટનો ફેંસલો જસ્ટીસ એઇન્સલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

માજીસ્ત્રેટે જે હકીકત કહેલી છે તે પ્રમાણે અમારી નજરમાં આવે છે કે આ કામમાં કોરટે હાથ ઘાલવો એ દુરસ્ત નથી. માજીસ્તરેટે પોતાના કાગળની ૪ થી કલમમાં તેમણે જે રકમના જામીન ઠરાવેલા તેનાં કારણો તેમને પુછવાને હાયકોરટ મુખત્યાર છે કે નહીં તે વીશે શક બતાવેલો છે. આ બાબતમાં અમે ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદા ઉપર મી૦ પ્રીનસેપની નોટ છે તેને પાને ૪૫૦ મે મદ્રાસ હાયકોરટનો ઠરાવ છે. તે ઉપર લક્ષ તેમણે આપવાને તેમને કહેવાની ગરજી ગણીએ છીએ, કારણ કે તે બતાવેલા અભીપ્રાય સાથે અમે તદન મળતા છીએ. તેમાં કહેલું છે કે "કોઇ સખસ ગુન્હો કરે નહીં તે બાબત મંડળીના રક્ષણ સારૂં કેદ ઠરાવવામાં આવેલી છે, અને જે ગુન્હો કરવામાં આવેલો હોય તેની શીક્ષા તરીકે નથી. અને જામીન શોધવામાં તે કસુર કરે તો, તે શરતી છે. માટે જામીનની જે સરતો જોઇએ તે પ્રમાણે ઓછામાં ઓછું ચાલવાને દરેકને લાગ મળવો જોઇએ." જે કારણોથી માજીસ્ત્રેટે જામીનની રકમ ઠરાવેલી તે કારણો કહેવાને માજીસ્ત્રેટ ના પાડે તો, બાજબી અને કારણસર તે ઠરાવવામાં આવીછે. એમ આ કોરટ કહી શકે નહીં, અને અમારી રૂબરૂ તે હુકમ ગેરવ્યાજબી અને કાંઇ પણ પુસ્ટી વીનાનો છે તે કારણથી તે હુકમ દુરસ્ત કરવાને અમે બંધાએલા છીએ એમ અમારે સમજવું જોઇએ, એવો ઘણું કરીને પરીણામ થાય.

ફુલબેંચ.

તા૦ ૨૨ જાન્યુઆરી સને ૧૮૭૭.

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ. મી૦ જષ્ટીશ કેમ્પ, મી૦ જષ્ટીશ મેક ફરશન. મી૦ જસ્ટીશ માર્કબી, અને મી૦ જસ્ટીશ એઇનસ્લી સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ દવારકાનાથ ચોધરી વીગરે.

સ્ટાંપ આકટ (સને ૧૮૬૯ ના આકટ ૧૮) ની કલમ ૨૯ અને પૃશીષ્ટ ૨ ની આરટીકલ ૩૮—ટ્રાન્સફરનો દસ્તાવેજ—કલેકટરની ફરીવાદી—સ્ટાંપડયુટી વસુલ આપવો ન પડે તેવો ઇરાદો.

જોઇએ તેટલો નહીં એવા સ્ટાંપના કાગળ ઉપર દસ્તાવેજ લખી આપવામાં આવ્યો, તે કારણથી સને ૧૮૬૯ ના આકટ ૧૮ ની કલમ ૨૯ પ્રમાણે તોહોમતવાળા ઉપર ફરીયાદ ચલાવવામાં આવી. તે દસ્તાવેજમાં એવો મંજકુર લખેલો છે કે, "રૂ. ૬૯૫ ના અવેજમાં તા૦ ૯ મી જેઠ ૧૨૮૩ ના રોજ ના કબાલાથી રંગુડા અને ૩ કોરીઓ જમીન અ તથા બ એ મને વેચાણ આપી છે અને તમામ મળી જમીનનાં ૪ કોટા શુમારે રૂ. ૨૫) માટે તે વેચનારાઓને પાછી આપેલી છે અને તે જમીનના બદલામાં સદરહુ વેચનારાઓએ ૪ કોંટા જકાયત જમીન તેમના કબજામાં હતી તે મને આપેલી છે. તેથી હવે વેચનાર અને હું ખરીદદાર તથા મારા વારસોની વચમાં તે જમીન અદલા બદલી કરયા બાબત કાઇ તકરાર રહી નથી. માટે આ ચીઠી મેં વેચાણ ખત તરીકે અગર અદલા બદલીના ખત તરીકે લખી આપી છે તે જ્યારે જોઇએ ત્યારે ઉપયોગની થઇ શકે." આ દસ્તાવેજ ઉપર આઠ આનાનો સ્ટાપ છે, અને તે ફકત તોહોમતવાળાએ લખી આપેલી છે અને રજીષ્ટર કરવા રજુ કરેલી છે. ઠરાવવામાં આવ્યું છે કે દસ્તાવેજ સને ૧૮૬૯ ના આકટ ૧૮ ના ૨ જા પૃશીષ્ટની આરટીકલ ૩૮ પ્રમાણે તે ટ્રાન્સફર કરવાનો દસ્તાવેજ છે. વળી ઠરાવવામાં આવ્યું છે કે કાંઇ ગુનહેગારી ઠરાવવી જોઇએ કે નહીં અને ઠરાવવી જોઇએ તો કેટલી ઠરાવવી જોઇએ તેટલા સારૂં માજીસ્ટ્રેટ એવો વીચાર કરવાને બંધાએલા છે કે જે સખશ ઉપર ફરીઆદ માંડવામાં આવી છે તેનો ઇરાદો સ્ટાંપ નહીં આપી ઠગવાનો હતો કે નહીં.

પાનું ૩૯૯ મું. તોહોમતવાળા દવારકાનાથ ચૌધરીએ તોહોમતવાળા છોટેલાલ દરભંગાના એક મુખ્તીઆર અને રેવન્યુ એજંટ છે તેને પોતાને માટે એક દસ્તાવેજ તઇયાર કરી

દરભંગાની સબ રજીષ્ટ્રારની ઓફીસમાં રજીષ્ટર કરાવવાને નીમેલો હતો. તે પ્રમાણે છોટેલાલે તે દસ્તાવેજ તૈયાર કરયો, અને દ્વારકાનાથે તે ઉપર સહી કરી અને તે રજીસ્ટર કરાવવા સારૂં રજુ કરયો. તે દસ્તાવેજ ઉપર આઠ આનાનો સ્ટાંપ છે. તેમાં એવો મજકુર લખેલો છે કે "બકતાવર ચોધરીના દીકરા ઇદ્રમાન ચૌધરી તથા મોન ચૌધરી પાચોલકારીસ પ્રગણા રામચોવેંદના રહેવાશીઓ તથા શેર હોલડરો અને માલેકો એમને ૨ ગુડા અને ૩ કૌરી જે તમામ મીલકત સોલે આના છે તેમાંના ૧૧ ગુંડા અને ૨ કૌરીઓનો ચોથો હીસ્સો છે તે ૧૨૮૩ ના જેઠ માસની તા૦ ૯ મીના રોજના કબાલાની રૂઇએ રૂ. ૬૯૫) ના અવેજમાં વેચાણ આપેલા છે, અને તે વેચાણું ખતવાળા હીસ્સામાંથી બધી મળી ૪ કોટા જમીન રૂ. ૨૫) માટે મેં પાછી આપી છે, અને તે જમીનના બદલામાં સદરહુ વેચાણ આપનારાઓએ સદરહુ રામ ચોવાંદ પ્રગણામાં મોજે પંચોલકીસમાં તેમના તાબાની જરાયતે જમીન છે, તેનાંથી ૪ કોટા જરાયત જમીન મને આપેલી છે, માટે તે વેચનારાઓની તથા અમો ખરીદદારની વચમાં તે જમીનનો અદલો બદલો કરયા બાબત કાંઇ હરકત ઇયા તકરાર નથી. સબબ મેં અવનાનામા અથવા અદલા બદલાના દસતાવેજ તરીકે આ દસ્તાવેજ લખી આપેલો છે. તે જ્યારે ઉપયોગ પડે ત્યારે ઉપયોગ થઇ શકેછે" આ દસ્તાવેજ ઉપર ફક્ત દ્વારકાંનાથ ચૌધરીએ સહી કરી છે. તે દસ્તાવેજ ઉપર જોઇતો સ્ટાંપ નથી, એવું માલુમ પડવાથી તે કબજે કરવામાં આવ્યો અને મી૦ એ. પી. મેકડોનલ ઓફીશીએટીંગ માજીસ્ટ્રેટને કલેકટરના હોદાથી તે સબ રજીસ્ટ્રારે મોકલ્યો, તેથી તે કલેકટરે સને ૧૮૬૯ નો આ૦ ૧૮ સ્ટાંપનો હતો. તેની કલમ ૨૯ મી પ્રમાણે તોહોમતવાળા ઊપર ફરીયાદ માંડવામાં આવી. છોટેલાલનો જવાબ એવો હતો કે મે તે દસ્તાવેજના મુસદા ઉપરથી મેં ફક્ત નકલ કરેલી છે, અને તે ઉપર જોઇતો સ્ટાંપ નથી, એ મારા જાણવામાં નહીં હતું. સબબ કલમ ૨૯ પ્રમાણે મને ગુનેહગાર ઠરાવી શકાતો નથી. દ્વારકાંનાથે કહ્યું કે કેટલા સ્ટાંપની જરૂરછે તે હું જાણતો નહી હતો અને સરકારને ઠગવાનો મારો ઇરાદો નહી હતો.

ડીપુટી માજીસ્ટ્રેટ બાબુ ગોબીંદ મોહન ગોશે છોટેલાલને નીરદોશ ઠરાવ્યો, એવા કારણથી કે તે કલમ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવીશકાતો નથી. દ્વારકાંનાથની બાબતમાં તેમણે સરકારનો હુકમ નંબર ૨૮૫૭ તા૦ ૪ ડીસમબર સને ૧૮૭૫ ના રોજનો બતાવ્યો, અને ઠરાવ્યુ કે કપટ ભરેલા ઇરાદાનો પુરાવ હોવાની જરૂર નથી. અને જયારે કલમ ૨૯ વીરૂધ ચાલવામાં આવે ત્યારે શંપુરણ રીતે ગુનો થાય છે. અને તે કાયદાના ઠરાવમાંથી

બચવાનો ઇરાદો નહી હતો એવું કહેવામાં આવે તે કાંઇ બચાવ નથી. તેથી દવારકાંનાથને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો અને તેના રૂ. ૨૦ દંડ કરવામાં આવ્યા. ઓફીસીએટીંગ માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું કે છોટેલાલને નીરદોશ ઠરાવવામાં આવ્યોછે તે કાયદા વીરૂધછે અને તેને શને ૧૮૬૯ નાઆકટ ૧૮ ની કલમ ૨૯ મી પ્રમાણે તે દસ્તાવેજ કરયા બાબત તેને ગુનેહગાર ઠરાવવો જોઇતો હતો.

જસ્ટીશ એઇનસ્લી અને જસ્ટીશ મોરીસ સાહેબોની રૂબરૂ તે કામ આવતાં નીચેનું લખાણ કરી તે કામ તેઉ સાહેબોએ ચીફ જષ્ટીસ સાહેબોના હુકમ સારૂ મોકલ્યું:—

જસ્ટીસ એઇનસ્લી સાહેબઃ—દરભંગાના ઓફીસીએટીંગ માજીસ્ત્રેટે (જે ફરીઆદ કરનાર કલેકટર છે) છોટેલાલને નીરદોશ ઠરાવેલો છે તે કાયદા વીરૂધ છે તે વીશે આ કોરટને રેફરંસ કરેલું છે. આ બાબતમાં એટલું કહેવું બશછે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૨ પ્રમાણે નીરદોશ ઠરાવ્યાના ઠરાવ ઉપર સરકાર અપીલ કરવાને દુરસ્ત ધારે નહી તો આ કોરટ કોઇ રીતે હાથ ઘાલી શકતા નથી.

તે કામના કાગળો મોકલવામાં આવ્યા અને તે તપાસતાં ઘણા અગત્યના કેટલાક સવાલો ઉતપન થાય છે એમ જણાય છે અને દવારકાંનાથને ગુનેહગાર ઠરાવેલો છે. તેના અયોગ્યપણા વીશે આ શવાલોમાંના પેહેલા બે સવાલોના નીરણય ઉપર આધારછે તેથી તે વીશે વીચાર કરવાની જરૂરછે એમ અમારી નજરમાં આવે છે.

પ્રથમતો એવો શવાલ છે કે આ ફરીઆદનો જે દસ્તાવેજ ઉપર આધાર છે તે દસ્તાવેજનો સ્ટાંપ આકટના ૨ જા પ્રશીષ્ટની આરટીકલ ૬૮ માં ટ્રાનસફરના દસ્તાવેજ તરીકે સમાસ થાય છે કે નહીં. અગર જે સંપુરણ ટ્રાન્સફરથી તમામ પક્ષકારો બંધનમાં આવે છે તેવાજ દસ્તાવેજની બાબત તે આરટીકલ નથી કે કેમ. આ કામમાં તે દસ્તાવેજ ઉપર ફકત દવારકાંનાથ ચોદ્રીએ સહી કરેલી છે અને ઇંદરમાન તથા મોનચોદ્રી જે તે અદલો બદલો કહેવામાં આવ્યોછે તેમાં બીજા પક્ષકારો છે તેમણે તે ઉપર સહીઓ કરેલી નથી તેમ તે બીજા પક્ષકારો તે દસ્તાવેજથી કોઇરીતે બંધાએલા નથી.

બીજો એવો સવાલ છે કે જે સખશોના ઉપર ફરીઆદ માંડવામાં આવેલી છે તે સખસોના ઇરાદા બાબત વીચાર કરવાને માજીસ્ત્રેટ બંધાએલા છે કે નહીં. દવારકાંનાથના વીરૂધ સરકારને ઠગવાનો ઇરાદો હતો. એવો કાંઇ પુરાવ નથી અને તેણે પોતાના જવાબમાં કહયું છે કે મારો આવો ઇરાદો નહી હતો અને રૂ ૫૦) કરતાં ઓછી કીંમતની

મીલકતના વેચાણ ખત તરીકે (કીમતના રૂ ૨૫) બતાવવામાં આવેલા છે) તે દસતાવેજ ઉપર યોગ્ય સ્ટાંપ છે એમ હું માનતો હતો. ડીપોટી માજીસ્ટ્રેટે જે ગુનહાની સાબેતીનો ઠરાવ કરેલો છે તે ઠરાવ હકીકત ઉપર-થી બદદાનતનો ઈરાદો નીકળે છે એવા અનુમાનના આધારથી કરેલો નથી. પરંતુ તા૦ ૪ થી ડીસેંબર સને ૧૮૭૫ ના રોજ નંબર ૨૮૫૭ નો બંગાળા સરકારનો હુકમ છે તેમાં એવી રીતનો મચકુર છે કે કપટ ભરેલા ઇરાદાના સવાલનો કલેક્ટરે વીચાર કરી નીરણય કરવાનો છે અને માજીસ્ટ્રે કરવાનો નથી તે નીયમના આધારથી તે ઠરાવ તેમણે ક-રેલો છે.

ત્રીજો સવાલ એ છે કે (જો કે તે છોટેલાલની બાબતમાં રેફ્રરંસ કરવાથી ઉત્પન્ન થાય છે પણ તે વીશે અભીપ્રાય બતાવવો તે ઠીકછે.) એક મુખત્યાર સ્ટાંપના કાગળ ઉપર સાફ નકલ કરે અને તે સ્ટાંપ જો-ઇતી કીમતનો ના હોય તો તેણે તે આક્ટની કલમ ૨૯ પ્રમાણે દસ્તાવે-જ કર્યો એમ કહી શકાય નહીં.

આ કામમાં જે સવાલો અગત્યના ઉત્પન્ન થયા છે તે વીશે ઓછા માં ઓછા ત્રણ જડજોના બેંચથી વીચાર થવો જોઇએ. (જાણે કલમ ૪૧ પ્રમાણે રેવન્યુબોર્ડે રેફ્રરંસ કરેલું હોય.)

માટે હુકમો થવા સારૂં ચીફ જસ્ટીશ સાહેબ તરફ આ કામ મોકલવું જોઇએ અને આ હુકમની નોટીશ સરકારી વકીલને આપવી

સરકાર તરફથી લીગલરી મેમબ્રનસર (મી૦ બેગ. બેલ) સ્ટાંપ આક્ટ પ્રમાણે ગુન્હાની શાબેતીના ઠરાવને મુખ્તી કરવાને તોહોમતવા-ળાનો ઇરાદો તે કાયદાના ઠરાવમાંથી બચવાને હતો. એવું ફીરીઆદ ત-રફથી બતાવવું જોઇએ એવી જરૂર નથી. ઇરાદા શીવાય પણ સને ૧૮૬૯ ના આક્ટ ૨૯ પ્રમાણે તે ગુન્હો સંપુરણ છે. મ્યાકશ્વેલ ઓન સ્ટાટયુસ પાનું ૮૦ જુઓ. ઘણાં કામો હોય છે કે જેમાં ગુન્હો બનવાને બદદાનતનો ઇરાદો હોવાની જરૂર નથી. રૂના કપટ બાબતના આક્ટ પ્ર માણે જેમ કે ગુન્હા થાય છે તેમઃ— માહારાણી વીરૂધ પ્રેમજી ભગવાન. અથવા ઇંગરેજી તેવાજ આક્ટ પ્રમાણે રોબર્ટસ વીરૂદ્ધ ઇંજતન અને જેઓનો શીકાર કરવાનો હકક છે તેઓના રક્ષણ બાબતના સ્ટાટયુટ પ્રમા ણે વાડકીન્સ વીરૂદ્ધ મેજર. દંડ કમી કરવા સારૂં ઇરાદાના સવાલનો અલબત વીચાર કરવાનો છે પરંતુ તોહોમતવાળાનો તે કાયદામાંથી બ-ચવાનો ઇરાદો નહીં હતો એ બતાવવાનું કામ તોહોમતવાળાનુંજ છે.

કોરટનો ફેંસલો ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

આ રેફ્રરંસમાં પેહેલો સવાલ જે ઉતપન થએલો છે તે વીશે અ-

મારા અભીપ્રાયમાં આવે છે કે જે દસતાવેજના આધારથી આ ફરીઆદ છે તે દસ્તાવેજ સને ૧૮૬૯ ના આકટ ૧૮ ના બીજા પ્રશીષ્ટની આરટીકલ ૩૮ ના હેતુ પ્રમાણે તે ટ્રાનસફરનો દસ્તાવેજ છે.

બીજા સવાલની બાબતમાં અમે ઠરાવીએ છીએ કે કાંઇ ગુનેહગારી ઠરાવવી જોઇએ કે નહીં અને જોઇએ તો કેટલી ઠરાવવી જોઇએ. તે નક્કી કરવાના કારણુસર સ્ટાંપ આકટની કલમ ૨૯ પ્રમાણે જે સખશ ઉપર ફરીઆદ કરવામાં આવેલી હોય તે સખશનો કાયદા પ્રમાણે જોઇએ તેના કરતાં ઓછી કીમતનો સ્ટાંપ વાપરી સરકારને ઠગવાનો ઇરાદો હતો કીંવા નહીં એ સવાલનો વીચાર કરવાને માજીસ્ત્રેટ બંધાએલા છે:—

કલમ ૨૪ ના ઠરાવ પ્રમાણે દરેક કામમાં ફરીઆદ માંડવાને કલેકટરને અખત્યાર છે પરંતુ સ્ટાંપનો કર અસુલ આપવામાંથી બચાવ થાય એવો ઇરાદો હતો એવું માનવાને તેમને કારણ ના હોય તો તેમને તે કરવાનું નથી. જો તે ફરીઆદ ચલાવે તો કલમ ૨૯ ના ઠરાવ પ્રમાણે ગુનાહની શાબેતીનો ઠરાવ લખવાને માજીસ્ત્રેટ બંધાએલા છે. પરંતુ સ્ટાંપ વગરનો અગર જોઇએ તેટલાં સ્ટાંપ વીનાનો દસ્તાવેજ કરી આપવામાં આવેલો છે. વીગરે બાબત શાબેત થવી જોઇએ તો પણ જે દંડની રકમ ઠરાવવાની છે તે તદન માજીસ્તરેટના કુલ અખત્યાર ઉપર છે. કારણ કે કાયદામાં તો વધારેમાં વધારે કેટલો ઠરાવવો તેની હદ બાંધેલી છે. દંડ ઠરાવવામાં માજીસ્ત્રેટે કાંઇ પણ કુલ અખ્તીઆર વાપરવો એ અશકય છે. અગર જે સખસ ઉપર ફરીઆદ કરવામાં આવેલી હોય તે સખસે સુધ અંતઃકરણથી અગર બેરીકરાઇને લીધે અગર સ્ટાંપનો કર આપવો ન પડે એવા ઇરાદાથી સ્ટાંપ વાપરેલો નથી, અગર જોઇએ તેટલો વાપરેલો નથી એ વીશેનો નીરણય કરવાને માજીસ્ત્રેટને છુટ ના હોય તો અમુક કામમાં કેટલો દંડ કરવો જોઇએ તે કેહેવું તેમને અશકય થાય.

. ઇરાદાનો કાંઇ પણ પુરાવ આપવાને અગર જે કારણથી ફરીઆદ ચલાવવાને ઢીલ થએલું હોય તે કારણો કહેવાને પણ કલેકટર બંધાએલા નથી એ સાચી વાત છે તોપણ ઇરાદાનો શવાલ એક એવો છે કે જેનો વીચાર માજીસ્ત્રેટે કરવો જોઇએ. તેથી તોહોમતવાળાની હકીકત અને જે કાંઇ પુરાવ ગુજરે તે પુરાવ સબંધનો વીચાર કરવાને માજીસ્ત્રેટ બંધાએલા છે. કલેકટરે પોતાનો નીશ્ચે જોઇએ તેટલા કારણોથી કરયો નહોય અગર યોગ્ય વીચાર કર્યા વીના ફરીઆદ ચલાવવાને તેમણે હુકમ કરેલો પણ ફકત ફરીઆદ માંડવામાં આવી હોય તે ઉપરથીજ ગુનેહગારીના શવાલની બાબતમાં ચાલવાને માજીસ્તરેટ બંધાએલા નથી. હાલના કામ ઉ

પરથી જણાયછે કે જે સખસ એક દસ્તાવેજ ઉપર યોગ્ય સ્ટાંપ કેટલો જોઇયે તેની તપાસ જે જગોએથી ખરી હકીકત મળવાનો ભરૂંસો રાખતા હોય તે જગોએ કરયા છતાં તે બાબતમાં તે આડો દોરવાય અને તે પોતાના ઉપર જે ફરીયાદ થાય તેનો જવાબદાર થાય કારણ કે જે રજીષ્ટર કરનાર અમલદારે આ દસ્તાવેજ કલેકટર તરફ મોકલેલો છે તેમણેજ યોગ્ય સ્ટાંપ કેટલો વાપરવો તે વીસે ભુલ કરેલી છે. તેમણે એવું સરટીફીકેટ આપ્યું છે કે તે દસ્તાવેજ ઉપર રૂ. ૪ નો સ્ટાંપ જોઇએ પણ બીજા પ્રશીષ્ટની આરટીકલ ૩૮ માં તે બાબત રૂ. ૧૬) નો સ્ટાંપ ઠરાવેલો છે, તોહોમતવાળાએ રજીષ્ટર ઓફીસમાં તપાસ કરી હોત અને રૂં, ૪ નો સ્ટાંપ વાપરયો હોત તોપણ તેના ઉપર ફરીઆદ થવા ઉપરથી તે ગુનેહગાર થાત, પણ આવા કામમાં કલેકટર એટલા બધા ગેરવ્યાજબી થાય કે તેઉ ફરીઆદ માંડે તો પ્રતીવાદીએ જે હકીકત ગુજારી હોય તેનો વીચાર કરવાને તથા તહોમતવાળાનો નામનો દંડ કરી તેને છોડી દઇ તેના શુધ અંતઃકરણનો બચાવ કરવાને, માજીસ્ત્રેટ ખુલી રીતે બંધાએલાછે. શુધ અંતઃકરણથી ભુલ થયા બાબતનો બચાવ નીશંશય રીતે સાબેત થએલો હોય તોપણ તે સંપુરણ રીતે બચાવ નથી એમ થાય પણ તે બચાવ નથી એમ કહી શકાતું નથી.

ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ જે હકીકત હતી તેનો યોગ્ય વીચાર કરયા વીના તેમણે ફેંસલો કરેલો જણાય છે માટે તે હુકમનો જેટલો ભાગ દંડ બાબતનો છે ને રદ થવો જોઇએ. લીગલરી મેમબ્રનસરે કહ્યું છે કે આ કામની હકીકત ગમેતે હોય પણ દવારકાંનાથ ચોદ્રી તરફથી જે દંડ વસુલ કરવામાં આવ્યો છે તે પાછો આપવો માટે ડીપોટી માજીસ્ત્રેટે પોતાના હુકમનો ફરીથી વીચાર કરવો એવું તેમને ફરમાવવાની જરૂર નથી.

તા૦ ૪ થી જુલાઇ સને ૧૮૭૯ ના રોજ દરભંગાના દીપોટી માજીસ્ત્રેટે દવારકાંનાથ ચોદ્રીને જે શીક્ષનો હુકમ કરવામાં આવેલો છે તે રદ કરવામાં આવે છે. અને હુકમ કરવામાં આવે છે કે તેનો રૂ. ૨૦ દંડ કરવામાં આવ્યો છે તે જો વસુલ થયો હોય તો પાછો આપવો.

ફોજદારી અપીલ

તા૦ ૧૬—૧૮ અને તા૦ ૨૧ જુન સને ૧૮૭૭

મી૦ જષ્ટીસ માર્કબી, અને મી૦ જસ્ટીસ પ્રીનશેપ

સાહેબોની રૂબરૂ.

ડોનેલીની અરજીની બાબતમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨, નો આકટ ૧૦)ની કલમ ૨૧૫—તોહોમતવાળાને છોડી દેવો—પ્રોસીડીંગ તાજુ કરવું—પુરાવ—માજીસ્રેટ—લાયક શાક્ષી,

પ્રથમની વખતે કોરટની રૂબરૂ જે પુરાવ હોય અને તે કરતાં વધારે પુરાવ મળી આવે તેવું ના હોય તો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે જે તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો હોય તેના વીરૂધનુ ફોજદારી કામ માજીસ્રેટ પોતાની રૂબરૂ તાજુ કરેતો તે કાયદા વીરૂધ છે.

જષ્ટીશ માર્કબીના અભીપ્રાયમાં આવ્યું કે જયારે જોગ્ય રીતે તોહોમતવાળાને છોડી દેવામાં આવ્યો હોય ત્યારે માજીસ્રેટને ઇલાજ ખુલી રીતે એટલોજ કરવાનો છે કે હુકમ થવા સારૂ કામની હકીકતનો રીપોર્ટ હાયકોરટને કરે અને તે કોરટના અભીપ્રાયમાં જો એમ આવે કે તોહોમતવાળાને અઘટીત રીતે છોડી દીધો છે તો તે કોરટ ફરી તપાસનો હુકમ કરે.

ઠરાવઃ—જે કામમાં એક માજીસ્રેટ કાયદા અને હકીકતનો એક ફકત જડજ હોય તે કામમાં તે સાક્ષી થઇ શકતા નથી.

જષ્ટીશ માર્કબીઃ—આવા કામમાં તેમણે પોતાની સાક્ષી આપી તોહોમતવાળાને ગુનહેગાર ઠરાવેલો હોય તો તે પ્રમાણે વરતીને તે ગુનહાની સાબેતીનો ઠરાવ કરે તે બરોબર નથી. જષ્ટીશ પ્રીનસેપ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ બીલકુલ બરોબર નથી. જો તે કોરટના અભીપ્રાયમાં આવે કે માજીસ્રેટની શાક્ષી રદ કરતાં બીજો પુરાવ ગુનહાની સાબેતીની પુસ્ટીમાં બસ છે તો તે સાબેતીનો ઠરાવ મંજુર રાખવાને તે કોરટ મુખત્યાર છે.

ફોજદારી કામ ચ. રી. કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે આ પ્રોસીડીંગ છે. માટે કોરટે પુરાવમાં પેશવાની ના પાડી.

પાનું ૪૦૫ આ કામની હકીકત નીચે પ્રમાણે છેઃ—તા૦ ૭ એપ્રીલના રોજ હાવરાના પોસ્ટ માસ્તર બાબુ હેમનાથ બોસે એવી ફરીયાદ કરી કે મારા ઝોલામાં જે કાગળો બીડવામાં આવેલા તેમાં એક કાગળ ઉપર બે વખત વાપરેલી અગર રદ કરેલી સ્ટાંપ વાપરવામાં આવેલી હતી. જે કાગળ ઉપર અંદેશો લેવામાં આવેલો તે કાગળ માજીસ્રેટને આપવામાં આવ્યો, અને તે માજીસ્રેટે બીજે દીવસે તે પોષ્ટ માસ્તરની તથા તેના તાબાના કેટલાક સખસોની સાહેદી લીધી. તા૦ ૧૩ એપ્રીલ ના રોજ તે પત્ર લખનાર મેરીડાનલી એક સમન્સ ઉપરથી હાજર થઇ, અને તેણીને માજીસ્રેટે તપાસી. તેણીએ કબુલ કરયું કે તે કા-

ગળ મારા હાથ દસકતનો છે, પરંતુ તેણીએ તે ઉપર સ્ટાંપ ચોડયાની બાબત ઇનકાર કરી. તેના ખુલાશામાં તેણીએ કહેલું હતું કે મેં એક કુક ઇયાને રસોઇ કરનારને બે પઇશા સ્ટાંપ ખરીદ કરી તે ઉપર ચોહોડવા આપેલા હતા. તોહોમતવાળીના શાવકા બાપ રોબર્ટ ઇંગ્લીશની પણ જુબાની લેવામાં આવી. તે માજીસ્ત્રેટના હુકમથી જીલાના પોલીશ સુપ્રીન્ટેડેંન્ટે વધારે તપાસ કરી. અને ફરીથી તોહોમતવાળી તથા તેણીના શાવકા બાપને ફરીથી તપાસ્યા. તોહોમતવાળીના બે નાહાના ભાઇઓને તથા કુક ઇસ્માયલને પણ તપાસવામાં આવ્યા અને તેણે કહેલું છે કે તોહોમતવાળીએ મને કોઇ દીવશ ટપાલનો કાગળ આપેલો નથી. તા૦ ૨૮ એપ્રીલના રોજના એક પત્રથી માજીસ્ત્રેટ મી૦ પેલોએ પોસ્ટ માસતરને ખબર આપી કે અમે જે પુરાવ લીધો છે તે પ્રમાણે તથા પોલીશના રીપોર્ટમાં કહેલી હકીકત પ્રમાણે તોહોમતવાળીઉપર તે ગુનહો સાબેત ઠરાવી શકાતો નથી એમ મારી નજરમાં આવેછે, માટે તેણીને છોડી દેવામાં આવી છે. તે છોડી દીધાનો હુકમ પોલીશ રીપોર્ટની પીઠ લખેલો હતો. માજીસ્ત્રેટના સદરહુ પત્રના જવાબમાં પોસ્ટ માસતરે માજીસ્ત્રેટને લખ્યું કે, જે સ્ટાંપ ઉપર અંદેશો રાખવામાં આવેલો છે તેના ઉપર "ટીકીટ ચોડી છે" એવા શબ્દો લખેલા છે, અને તે વીશે પોતાના અભીપ્રાય તરીકે કહયું કે તે રદ થએલી સ્ટાંપ તે સ્ત્રીએ જાણી બુજીને વાપરેલી છે, માટે તે કામની તપાસ માજીસ્ત્રેટે કરવી જોઇએ એવું છેવટે તેમણે માગ્યું. આ કાગળ પહોચતાં તોહોગતવાળીને પકડવાનું મી૦ પેલોએ વારંટ કાહાડયું. અને તા૦ ૪ મેના રોજ તે તોહોમતવાળીના ઉપર બીજુ કામ ચલાવ્યું. પોસ્ટ માસતરની સાહેદી જેટલી અગત્યની છે તેટલી નીચે પ્રમાણે છે:—"મેં તે સ્ટાંપ રદ કરયાનાં નીશાન ખુલી રીતે જોએલાં છે તે મારી ઓફીસની સ્ટાંપથી કરેલાં નહી હતાં. વળી તે સ્ટાંપ ઉપર "ટીકીટ ચોડી છે" એવા શબ્દો મેં જોયા હતા તે શીરનામું જે દસકતથી લખેલું છે તેજ દસકતથી લખેલા જણાય છે. તે કાગળ પહેલો મેં જોયો તે વખતેજ મારા લક્ષમાં તે આવેલું હતું. તે મેં મારી જુબાનીમાં કહેલું નથી, કારણ કે કોરટે મને પુછેલું નહી હતું. તે કાગળ માજીસ્ત્રેટની રૂબરૂ જાતે લેઇ ગયો હતો, અને મેં લખેલો રીપોર્ટ આપેલો નથી. તે વખતે મેં એમ કહેલું હતું કે તે સ્ટાંપ ઉપર "ટીકીટ ચોડીછે" એવા શબ્દો લખેલા છે. પહેલા પ્રોશીડીગની માફકજ પોષ્ટ ઓફીશમાંના પ્રથમના સાક્ષીઓને ફરીથી તપાસવામાં આવ્યા. મી૦ પેલોએ પોતાની સાક્ષી તરીકેની જુબાની પોતાની મેળે લખી તેમની પોતાની જુબાની નીચે પ્રમાણે છે: —

" આ કાગળ હું ઓળખું છું. તા૦ ૬ અથવા તા૦ ૭ એપ્રીલના રોજ તે મને હાવરાના પોસ્ટ માસ્તરે મને આપેલો હતો. તેણે જાતે મને તે સ્ટાંપ રદ કરેલી બતાવેલી હતી, અને તે બાબત થોડીક હકીકત મને કહેલી હતી. મે ફરીઆદ ચલાવવાનો હુકમ કરેલો હતો અને તે કામ મેં પોતેજ ચલાવ્યું. મેં તે કાગળ ખોલ્યો અને માજીસ્તરેટ તરીકે પુરાવ લીધો. પછી તે બાબત પોલીસ તરફ મોકલી. હાલની તોહોમતવાળી મેરી ડોનલીને શમન્સ કરવામાં આવ્યો હતો, અને પોલીસની તપાસ પછી તેણીને તોહોમતવાળી કરવામાં આવી હતી. પરંતુ તે રદ કરેલી સ્ટાંપ કોણે તે કાગળ ઉપર ચોહોડી તે વીશે પુરાવ નથી, એમ માની તા૦ ૨૭ એપ્રીલના રોજ મેં મેરીડોનલીને છોડી દીધી. પછી પોષ્ટ માગસ્તરે તા૦ ૨૯ એપ્રીલના રોજ નંબર ૧૪૨ નો પત્ર લખી મને બતાવ્યું કે તે સ્ટાંપ ઉપર "ટીકીટ ચોહોડી છે" એવા શબ્દો લખેલા છે તેથી તે કામ મેં ફરીથી લીધું. તે કાગળ તા૦ ૬ અથવા ૭ મી એપ્રીલના રોજ પહેલો મને આપવામાં આવેલો તે તપાસ ચાલતાની દરમીયાનમાં પક્ષકારોને બતાવવામાં આવેલો તે શીવાય તે કાગળ મારા કબજામાંથી ગએલો નથી. તે હમેશાં મારી પેટીમાં રાખી પેટી બંધ રાખવામાં આવતી હતી. પોસ્ટ માસ્તરે તે સ્ટાંપ ઉપર લખેલા "ટીકીટ ચોહોડી છે" એવા શબ્દો મને બતાવ્યા હતા તે મને યાદ નથી, પરંતુ તેમણે તે બતાવ્યું હશે."

વળી હુક ઇસ્માયલને તપાસવામાં આવેલો અને તે ઇસ્માયલે પોતાની પ્રથમની હકીકત કહી. તે ઉપરથી તે માજીસ્ત્રેટે હીં૦ ફો૦ કાયદાની કલમ ૨૬૨ મી પ્રમાણે તોહોમતવાળીને તોહોમત ફરમાવ્યું અને તેણીનો બચાવ તથા તેણીની તરફના આપેલા શાશીઓ લેઇને તોહોમતમાં ફરમાવ્યા પ્રમાણે તેણીને ગુન્હેગાર ઠરાવવામાં આવી, અને તેણીને બે માસ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરી. તોહોમતવાળીએ હુગલીના શેસન્સ જડજને અપીલ કરી. પરંતુ તેમણે તે માજીસ્ત્રેટનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ બાહાલ રાખ્યો. કલમ ૨૯૭ મી પ્રમાણે અરજદારે હાયકોરટને અરજ કરતાં તે કામના કાગળો નીચેની કોરટમાંથી મંગાવવામાં આવ્યા.

અરજદાર તરફથી મી૦ જાકશનઃ—આ ગુન્હાની શાબેતીનો ઠરાવ મંજુર કરવાને કાંઇ પુરાવ નથી, વળી જે કામમાં માજીસ્ત્રેટ ફકત ન્યાયાધીસ હતા તે કામમાં તે માજીસ્તરેટ શાક્ષી તરીકે હાજર થઇ શકતા નથી તે કારણથી પણ તે ગુન્હાની શાબેતીનો ઠરાવ બરોબર નથી. માહારાણી વી૦ મુકતાસીંગના કામમાં જસ્ટીસ નોરમન સાહેબે આ બાબત-

માં ઇંગરેજી ઠરાવો એકઠા કરેલા છે તે તમામ આ તકરારના લાભના છે. તે બાબતમાં ઇંગરેજી "લા" માત્ર એટલો છે કે જે કામમાં જડજ ફકત એકલો તે જડજ તપાસ કરનાર નથી. તે કામમાં તે શાક્ષી થઇ શકે છે. એક્ન્સ આગ્રીઞમેન્ટ ટીટ પ્રમાણ શાસ્ત્રનું પાનું ૨૮૬, વળી હાકરનો ઠરાવ જુઓ. વળી માજીસ્ત્રેટે તેણીને છોડી દીધી ત્યાર પછી તેણીના ઉપર ફરીથી કામ ચલાવવાને તેમને અખત્યાર નહીં હતો. ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૪૨ અને ૨૧૫ મી ઉપરથી આ અખત્યાર છે એમ ધારી શકાય. પરંતુ કલમ ૨૯૫ અને ૨૯૬ ઉપરથી ખુલ્લુ જણાય છે કે કાયદા કરનારનો ઇરાદો ફકત અખ્તીઆર હાયકોરટને વાપરવા સારૂં રાખેલો જણાય છે. મેં બેરામીસ્ત્રી, જીંતશાહુ વી૦ ભીખનારોયના કામમાં આ બાબત ઠરાવ થઇ ગયેલોછે, તેથી સામી બાજુની તકરારને પુષ્ટી થાય છે એમ તે બતાવી શકાય છે. પરંતુ ચીફ જસ્ટીશ કૌચ શાહેબે બતાવ્યું છે કે બીજે પ્રસંગે માજીસ્તરેટની રૂબરૂ નવો પુરાવ હતો. પણ તે હકીકત આ કામમાં નથી. કીસ્નોરામ મોહાશ વી૦ એનીસનો ઠરાવ વળી જુઓ.

સરકાર તરફથી ધી લીગલરી મેમબ્રંસર (મી૦ એચ. બેલ તેમની સાથે સરકારના જુનીયર વકીલ બાબુ જગદાનંદ મુકરજી):—આ કામમાં માજીસ્ત્રેટે પોતે શાક્ષી થવાની કાંઇ જરૂર નહીં હતી. તેમણે જે શાક્ષી તરીકે કહેલું છે તે દરેક બાબત ન્યાયની રૂઇએ લક્ષમાં રાખી શકતા હતા. તેમની શાહેદી અગત્યની નથી. અને માજીસ્ત્રેટની શાક્ષી સીવાય કામમાં ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવાને બીજો પુક્ત પુરાવ છે, માટે માજીસ્ટરેટના તે કસૂરને લીધે નીચેની કોરટોના હુકમો ફેરવવાને કારણ થતું નથી. પુરાવ આકટની કલમ ૧૬૭ મી જુઓ. હરપરસાદ વી૦ સીવદયાળ, અને કીશોરશીંગ વી૦ ગણેશ મુકરજીના ઠરાવો જડજ પોતાની મેળે શાક્ષી તરીકે પોતાની જુબાની લખી શકેછે તેવા જડજના અખત્યારના લાભના ઠરાવો છે. એક અમેરીકાનું કામ રોસ વીરૂધ બટલરનું છે, તે ઠરાવ ટેલર પ્રમાણ શાસ્ત્રને પાને ૧૧૭૩ મે બતાવેલા છે તેમાં એવુ ઠરાવ્યું જણાય છે કે એકનો એક જડજ સાક્ષી તરીકે જુબાની આપી શકતો નથી. પરંતુ તે ગ્રંથ કરતાએ તે ઠરાવ પસદ કરેલો નથી. વળી બેષ્ટ ઓન એવીડંસની ૩ જી આવૃતીનું પાનુ ૨૬૦ જુઓ. (જષ્ટીસ માર્કબી સાહેબઃ— મી૦ બેષ્ટે જુરીથી તપાસ કરયાનો ઠરાવ બતાવ્યો છે, અને જે કામમાં જડજ હકીકતની તપાસ કરતા હોય તે બતાવ્યા નથી.) ઇંગલાંડ અને અમેરીકામાં હકીકત ઉપર અપીલ થતી નથી આ દેશમાં અપીલ ચાલે છે માટે તેવીજ હરકત લાગુ થતી નથી, પુરાવ આકટની કલમ ૧૧૮ પ્ર-

માણે જડજને સાહેદી આપતાં અટકાવ થતો નથી.—માહારાણી વીરૂધ તારસ પરસાદ—ભટાચારજી—(જષ્ટીસ માર્કબી સાહેબ—તે ઠરાવના બીલકુલ કારણો બતાવેલાં નથી.) જષ્ટીસ નારમન સાહેબે માહારાણી વીરૂધ મુકતાશીંગના કામમાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે જડજ લાયક સાહેદી છે અને તે પોતાની રૂબરૂ ચાલતા કામમાં પોતે સાહેદી આપી શકે છે. માહારાણી વી. ભોળાનાથ સેનનો ઠરાવ લાગુ થતો નથી કારણ કે તેમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે જે કામની તપાસ થએલી છે તે કામમાં માજીસ્ત્રેટનું પોતાનું હીત હતું. બીજી વખતે માજીસ્ત્રેટ કામની તપાસ કરી શકે તે પેહેલાં તેમની રૂબરૂ નવો પુરાવ બતાવવાની જરૂર છે તે વીશે કાંઇ આધાર બતાવ્યો નથી. કલમ ૪૬૪ પ્રમાણે છોડી દીધાનો હુકમ ખેંચી લેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર હતા. બીજી વખતના કામમાં જે પુરાવ આપવામાં આવેલો છે તે ઘણો વધારે વીગતવાર છે માટે હરીશીંગ વીરૂધ દાનીશમહમદના ઠરાવના હેતુ પ્રમાણે તે કામમાં પુકત પુરાવ હતો નવો પુરાવ બીલકુલ જરૂર છે એમ નથી—રામરાય મજુમદારનો ઠરાવ. મોહેશ મીસ્ત્રીનો ઠરાવ લાગુ થતો નથી. તે કામમાં જે ઠરાવવામાં આવેલું છે તે બધું એ છે કે કલમ ૧૪૨ પ્રમાણે કામ ચલાવવાને માજીસ્ત્રેટ પોતાના તાબાના માજીસ્તરેટ ઉપર હુકમ કરી શકતા નથી. માહારાણી વીરૂધ તીલકુ ગોવાળા, જીંદશાકુ વીરૂધ ભીખંદરાસ—કીસ્તોરામ મોહારા વીરૂધ એનીસ. શીદીયા બીન સતીયાના ઠરાવો જુઓ. કામના કાગળો ઉપરથી જણાય છે કે માજીસ્તરેટનું પેહેલું તથા બીજું પ્રોસીડીંગ કહેવામાં આવેલું છે તે ખરી રીતે એકજ પ્રોસીડીંગ છે.—પહેલું ચાલતું હતું અને બીજું ચલાવેલું છે.

મી૦ જાકશને જવાબ આપ્યો.

નીચે પ્રમાણે ફેંસલો આપવામાં આવેલો છે:—

જષ્ટીસ માર્કબી શાહેબ (માજીસ્તરેટની રૂબરૂ ચાલેલું કામ સારાંસમાં કહ્યા પછી કહ્યું છે કે.)— હુંગલીના શેશન જડજને અરજદારે અપીલ કરી તેથી તેઉ સાહેબે ગુનાની શાબેતી અને શીક્ષાના ઠરાવો તા૦ ૨૮ મી મેના રોજ બાહાલ રાખ્યા. તે પછી અરજદારે તે ગુનાની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે. પેહેલું આવા કારણથી કે અરજદારને છોડી દેવામાં આવી ત્યાર પછી તેણીના વીરૂધ નવી ફરીઆદ ચલાવવાને માજીસ્ત્રેટને અખત્યાર નહી હતો. અને બીજું કે માજીસ્તરેટ આકામમાં ફકત એકલાજડજ હતા માટે તે શાક્ષી તરીકે હાજર થઇ શકતા નહી હતા. સબબ ગુનાની સાબેતીનો ઠરાવ ફેરાવવો જોઇએ. તે કામની તકરાર સાંભળતાં એવી તકરાર કરવામાં આવી છે કે ગુનહાની શાબેતીના ઠરાવને પુષ્ટી થાય તેવો કાંઇ પુરાવ નથી.

છેલી બાબત વીશે અરજદારની તકરાર પુરી થએ અમે કહેલું છે કે કાંઇક પુરાવ છે તે પુરાવ જોઇએ તેટલો છે કે નહી તે વીસે અલબત અમે કાંઇ અભીપ્રાય આપ્યો નથી. તે બાબત એવી છે કે આવી જાતની અરજી ઉપરથી આ કોરટ કાંઇ જોતા નથી. તેમ આ પુરાવ ઉપર ટીકા કરવી તે દુરસ્ત નથી. પરંતુ મી૦ જાકમને જે તકરારનો ઉપયોગ કરેલો છે તે વીશે અમે કહી શકીએ છીએ કે અમારા અભીપ્રાય પ્રમાણે માજીસ્તરેટે દસકતનો મુકાબલો કરેલો તે મુકાબલાનો તેજ ફકત પુરાવ છે એમ નથી.

હવે અમે તે અરજીમાં કાયદાનાં જે કારણો બતાવ્યાં છે તે તપાશીએ છીએ.

કલમ ૨૧૫ પ્રમાણે તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો તે તોમતવાળા વીરૂધ પ્રોસીડીંગ તાજુ કરવાને માજીસ્તરેટના અખત્યાર બાબત તે કલમમાં ઠરાવ્યું છે કે તે કલમ પ્રમાણે છોડી દેવામાં આવે તેથી નીરદોશ કરયા બરોબર થતું નથી અને તેજ ગુનહા બાબત ફરીઆદ તાજી કરવાને હરકત થતી નથી. વળી કલમ ૧૪૨ પ્રમાણે કોઇ માજીસ્ટ્રેટને જે કામની તપાસ કરવાને અખત્યાર આપેલો હોય અગર તપાસ કરવાને કમીટ કરવાનો અખત્યાર આપેલો હોય તો ફરીઆદ વીના પણ જે સખશ ઉપર અંદેશો હોય તે સખસોને હાજર થવાની ફરજ પાડવાનો હુકમ કાહાડવાને તે મુખત્યાર છે. આ બે કલમો ઉપરથી એમ જણાય છે કે જો માજીસ્ટ્રેટ યોગ્ય રીતે લાયક હોય તો પછી છોડી દેવાનો હુકમ કાયદા વીરૂધ હોય, પુરાવ ઉપરથી તે હુકમ યોગ્ય હોય. જે ગુનહા બાબત તોહોમત રાખવામાં આવેલું હોય તે શીવાયનો બીજો ગુનહો કરેલો છે એમ માજીસતરેટને માલુમ પડેલું હોય અગર પ્રથમ જે પુરાવ તેમના જાણુવામાં ના હોય તે તેમના જાણવામાં આવેલો હોય તો તેમની નજરમાં આવે તે હરકોઇ કામ તાજુ કરવાને મુખ્તીઆર છે. અને તે કલમ પ્રમાણે માજીસ્ટ્રેટે જે કામની સુનાવણી કરેલી હોય તે કામ તે ફરી તાજુ કરી શકે છે એટલુંજ નહીં પણ તે પોતાના તાબાના હરકોઇ માજીસ્ટ્રેટે સાંભળેલું કામ તે તાજુ કરી શકેછે અને તે તાજુ કરીને કલમ ૭૪ પ્રમાણે જે માજીસતરેટે છોડી દીધાનો હુકમ કરેલો હોય તે માજીસ્ટ્રેટ તરફ તજવીજ અગર તપાસ થવાને તે પાછું મોકલી શકેછે. આ કલમ ૧૯૫ પ્રમાણે શેશન કોરટમાં અગર હાય કોરટમાં કમીટ કરવાના હેતુથી માજીસ્ટ્રેટે છોડી દીધાનો હુકમ કરયો હોય તેના જેવોજ બરોબર છે. માટે છોડી દીધાના તમામ કામોમાં તે કલમ પ્રમાણે તોહોમતવાળા ઉપરના પ્રોશીડીંગ તાજા કરવાનો કુલ અને દાબ વીનાનો માજીસતરેટને અખત્યાર મળેછે એ

મ જણાય છે.

તોપણ કાયદા કરનારનો ઇરાદો આવો નથી તે કલમ ૨૯૫ અને ૨૯૬ પ્રમાણે દેખીતું છે. જે કામમાં હુકમ કાયદા વીરૂધ થએલો માલુમ પડે (મારા અભીપ્રાય પ્રમાણે છોડી દીધાના હુકમ બાબતનો તેમાં સમાસ થાય છે.) તે બાબત કલમ ૨૯૫ માં ખાસ કામ ચલાવવાનો ઠરાવ કરેલો છે માટે તે પછી માજીસ્ટ્રેટ જે કરી શકે છે તે હાય કોરટનો હુકમ થવા સારૂ તે પ્રોસીડીંગનો રીપોટ કરે છે. તેજ પ્રમાણે કલમ ૨૯૬ થી માજીસ્ટ્રેટને જો એમ જણાય કે જે ગુના બાબત તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો છે. તેજ શીવાય કાંઇક બીજો ગુનો કરેલો છે.તો તે ગુનાહ બાબત તપાસ કરવાને સબોરડીનેટ માજીસ્ટ્રેટને હુકમ કરવાને તે મુખત્યાર છે પરંતુ તે માજીસ્ટ્રેટની રૂબરૂ તેશેશનનું કામ હોય ત્યારેજ તેઓ આમ કરી શકે છે. તેની સાથે છોડી દીધાના તમામ કામોમાં પ્રોસીડીંગો તાજા કરવાનો હદ વીનાનો અખત્યાર માજીસ્ટ્રેટને હોય અને તે વધારે તપાસ કરવાને પોતાના તાબાના માજીસ્ટ્રેટ તરફ તે કામ મોકલે એવો અખત્યાર કલમ ૪૪, ૧૪૨, ૧૯૫ અને ૨૧૫ પ્રમાણે પ્રથમ દર્શનીક તેમને મળેલો છે એમ જણાય તો આ ઠરાવો તદન હેતુ વીનાના થાય.

શરૂની કલમો ઉપરથી અમારી નજરમાં એમ આવે છે કે તે કલમોના સબ્દે શબ્દનો અર્થ કરતાં કેટલીક હદ રાખવાની જરૂર છે. માટે તે કલમોથી જે બોહોળો અખત્યાર આપવામાં આવેલો છે તે સાથે કલમ ૨૯૫ અને ૨૯૬ નું સમાધાન કરવું એ મુસ્કેલ છે અને તમામ આકટ જોતાં અમારો ફકત એવો નીરચય થઇ શકે છે કે છોડી દીધાના કામોમાં સબારડીનેટ માજીસ્ટ્રેટોના પ્રોસીડીંગોનો ફરી તપાસ કરવાનો કાંઇ પણ અખત્યાર સામાન્ય નીયમ તરીકે તે માજીસ્ટ્રેટને મળવો જોઇએ, એવો કાયદા કરનારાઓએ ઇરાદો રાખ્યો નથી. સબબ મજીસ્તરેટની નજરમાં છોડી દીધાનો હુકમ ગેરકાયદે અગર અયોગ્ય લાગે તો તે હુકમ હાય કોરટની રૂબરૂ રજુ કરવો જોઇએ. પેહેલી બાબતમાં કલમ ૨૯૫ પ્રમાણે રીપોટ કરી તે રજુ કરવાનો છે. અને બીજી બાબતમાં કલમ ૨૯૭ પ્રમાણે અરજ કરી રજુ કરવાનો છે. અને તે વખતે જો તે હુકમ હાય કોરટને અઘટીત લાગે તો હાય કોરટ તોહોમતવાળાની તપાસ થવાને અગર તપાસ થવા સારૂ કમીટ કરવાને હુકમ કરે. બીજી બાજુ તરફ પ્રથમની વખતે જે તપાસ થઇ તે વખતે જે પુરાવ કોરટની રૂબરૂ નહી હતો એવો નવો પુરાવ જો કાંઇ હોય તો તે પ્રોસીડીંગો તાજા કરવાને બીલકુલ જરૂર નથી. અને માજીસ્ટ્રેટ હાય કોરટને કાંઇ પણ રેફરંસ કરયા વીના કામ તે ચલાવી શકે છે. તે આકટનો આ અર્થ અમારી નજરમાં વ્યાજબી જણાય છે. અ

ને ફક્ત એ રીતીએ તે આકટના તમામ ઠરાવો એક બીજા સાથે અમે મળતા કરી શકીએ છીએ, અમારા માનવા પ્રમાણે આ ભેદ હરીશીંઘ વી. ઘનીસ મહમદના કામમાં શીલહેતના ઓરીસીએટીંગ શેશન જડજે રેફરંસ કરેલું તેમાં પરથમ શુચવેલો હતો. આ કોરટના વીદવાન જડજોએ તે કામમાં તે ભેદ મંજુર કરેલો છે કે નહીં તે વીશે કાંઇ કહેલું નથી. પ- રંતુ છોડી દીધાનો હુકમ જે વખતે કરવામાં આવ્યો તે વખતે કોરટની રૂબરૂ જે પુરાવ મળી શકે તેવો નહી હતો, તેવો પુરાવ હોવાના કારણથી માજીસ્ટ્રેટે ફરી તપાસ કરવાને કામ પાછું મોકલ્યાનો હુકમ કરેલો તે હુકમ તેઉ સાહેબોએ બાહાલ રાખેલો છે. પણ ઇનસાફ શેશન જડજના બતા- વ્યા પ્રમાણે નીશફળ થવાના કારણથી તે બાહાલ રાખેલો નથી. પરંતુ ફરીઆદ તરફના તમામ સાક્ષીઓ તપાસ્યા વીના તોહોમતવાળાને છોડી દીધાનો હુકમ કરેલો હોય તે કામમાં માજીસ્ટ્રેટ પોતાની ખાએશ ઉપરથી તે તાજુ કરી શકતા નથી એવું આ કોરટના પણ જડજોએ પાછળના એક કામમાં ઠરાવેલું છે. તે ફેંસલો આપવામાં અમે પણ હતા. અને ૨૦ માં વીકલી રીપોરટરમાં માજી ચીફ જષ્ટીસ તથા મી. જષ્ટીસ બેલો- વર સાહેબોનો ઠરાવ છે તે રદ કરવાનો અક્ષગત અમારો ઇરાદો નહી હ- તો. તે પ્રમાણે અમે કરી શકતા નહી હતા અને જે રીતીએ અમે કહ્યું છે તે પ્રમાણે આ ઠરાવો એકબીજા સાથે મળતા છે એમ અમારી નજર માં આવે છે. સબબ અમે ઠરાવીએ છીએ કે તે પ્રથમના વખતે કોરટની રૂબરૂ વધારે પુરાવ મળી શકેલો ના હોય તેવો વધારે પુરાવ ના હોયતો માજીસ્તરેટ પોતે હુકમ કરી કામ તાજુ કરી શકતા નથી.

સબબ ફક્ત સવાલ એ છે કે આ કામમાં બીજી વખતે કાંઇ પણ વધારે પુરાવ છે કે નહીં. અમારી નજરમાં આવેછે કે તે નથી. ખરે- ખાત અમે કબુલ કરીએ છીએ કે પેહેલો પુરાવ શો હતોતે સમજવું અ- મને ઘણું મુસ્કેલી ભરેલુંછે. અરજદાર ઉપર રદ કરેલો સ્ટાંપ વાપરવાનો આરોપ રાખવામાં આવેલો હતો જે કાગળના બીડા ઉપર તે સ્ટાંપ હતો તે બીડો પ્રથમની વખતે કોર્ટની રૂબરૂ હતો અને તે વખતે કોર્ટની રૂબરૂ તે સ્ટાંપ પણ હતો. એ વાત ઇનકાર કરવામાં આવેલી નથી. પરતુ એમ કહેવામાં આવેલું છે કે અમૂક શબ્દ તે વખતે થોડોક તે સ્ટાંપ ઉપર લ- ખેલો અને થોડોક તે કાગળ ઉપર લખેલો તે પુરાવ તરીકે કોર્ટની રૂબરૂ નહીં હતો. આવી રીતે કેમ બની શકે તે ખરી રીતે અમે શમજી શ- કતા નથી. પેહેલી વખતે માજીસ્ટ્રેટની રૂબરૂ તે પુરાવ હતો. પરંતુ તેના અસર ઉપર લક્ષ આપવું રહી ગયેલું તે વીસે અમે તદન સેશન જડજ સાથે મળતા છીએ. બીજી બાબત એ છે કે માજીસ્ટ્રેટે પોતે જુબાની

આપી તેથી ગુન્હાની શાબેતીનો ઠસવ કાયદા વીરૂદ્ધ છે કે નહીં. તે સવાલનો નીશ્ચય એવા સવાલ ઉપરથી થાય છે કે નહી કે જે કામમાં કાયદા અને હકીકતનો નીરણય કરવાને એકનો એક જડજ હોય તે કામમાં તેમણે પોતે પોતાની જુબાની આપી હોય તો તે નીરણય કરવાને તે મુખત્યાર છે કે નહીં.

સરકાર તરફથી મજબુત રીતે એવી તકરાર કરવામાં આવી છે કે તે ઉ તે પ્રમાણે કરવા મુખત્યાર છે. અને કાયદામાં જડજ પોતાની સાહેદી આપી ફકત પોતાના અભીપ્રાય ઉપરથી કામનો નીકાલ કરે તો તે વીશે કાંઇ હરકત નથી. પરંતુ આ દરખાસ્તની પુસ્ટીમાં કોઇ જડજનો અથવા ગ્રંથકારનો આધાર આવી પ્રકારનો બતાવેલો નથી. અને માલુમ પડેલાછે. જે ઇંગરેજી ઠરાવો છે. (તેઘણા થોડા અને ઘણા જુનાછે)ને ઉપરથી એટલું કાયમ થાય છે કે એકાદો સખસ ન્યાયની રૂઇએ કામ કરે છે અને તે કામનો પુરાવ બીજા સખસો તેજ વખતે તેમની સાથે બેસી ન્યાયની રૂઇએ સ્વતંત્ર ન્યાય આપતા હોય તેમની રૂબરૂ રજુ થઇ શકે તો તે પોતાની જુબાની આપી શકેછે અને તેથી વધારે તે ઠરાવો ઉપરથી નીકળતું નથી. (માહારાણી વીરૂધ મુકતાશીંગના કામમાં જષ્ટીસ નારમન સાહેબના અભીપ્રાય પ્રમાણે) લોરડ સ્ટાફર્ડની તપાસ પછી કોઇ તપાસમાં આવી હકીકત છતાં જડજને સાક્ષી તરીકે બોલાવેલો હોય એવો કોઇ મુકરદમો ઇંગલાંડમાં બતાવવામાં આવેલો નથી.

આ દેશમાં બનેલાં બે કામો બતાવવામાં આવેલાંછે. એક માહારાણી વીરૂધ તારાપ્રસાદ ભટાચારજીનું કામ અને બીજું સદરહુ બતાવેલું મી० જષ્ટીશ નોરમન સાહેબની રૂબરૂનું કામ છે. તે વીદ્વાન જડજે તે પ્રસંગે તે બાબત સંપૂરણ રીતે જોએલી છે અને તેમનો ફેંસલો અમે સંભાળથી વીચારમાં લેઈ એવો નીશ્ચે અમે કરેલો છે કે ઇંગરેજી ઠરાવોના પરીણામ કરતાં વધારે કાયદાનો અમલ કરવાને તેમણે ઇરાદો રાખેલો નથી. માજી નીઝામત, અદાલતની રૂબરૂના એક કામમાં મુસલમાની ધરમના અમલદારની મદતની સાથે તપાસ ચાલેલી તે કામ બતાવવાને તેમણે ઘણી સંભાળ રાખેલી છે- તે કામમા તે અમલદાર ફતવા પ્રમાણે કેદીને છોડી શકતા હતા. અને જો તેમણે તે પ્રમાણે છોડી દીધા હોત તો જે જડજે સાહેદી આપી હતી તે જડજ કેદીને ગુનેહગાર ઠરાવી શકતા નહીં હતા. પણ ફકત તે કામ નીઝામત અદાલત તરફ મોકલી શકતા હતા. પછી તેમણે પાને ૧૯ મે કહયું છે કે "ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો થતાં પેહેલાં સેશન જડજ મુસલમાન ધર્મના અમલદારની મદત સાથે કામની તપાસ કરતા હતા ત્યારે જડજ પોતાની રૂબરૂ જે

કામની તપાસ ચાલે તે કામમાં જુબાની આપી શકે એવું જે ઠરાવેલું બતાવેલા છે. તે ઉપરથી તથા ઇંગરેજી ઠરાવોનો મુકાબલો કરતાં માલુમ પડે છે. પરંતુ આસેસરોની મદતથી કામ કરવાની રીતી સરૂ થઇ ત્યાર-થી જુદા પ્રકારનો દાબ થએલો છે. આસેસરો પોતાનો અભીપ્રાય આપેછે અને જડજ તે લખી લેવાને બંધાએલા છે. માટે જડજે તપાસનું સારાઉંસ હાઇકોરટને મોકલવું જોઇએ. અને તે જોતાં કામના કાગળો મંગાવવા ને તે કોરટ મુખત્યાર છે.

સબબ તે વીદ્વાન જડજની નજરમાં આવેલું જણાય છે કે તે આસેસરો હોવાથી તે કામનો સમાશ ઇંગરેજી ઠરાવો ઉપરથી તેમણે જે નીયમ કાહાડેલો તેમાં થાય છે આ વાત તદન ખરી છે કે નહીં એ વી-શે કેટલોક અંદેશો પડી શકે એવું અમારી નજરમાં આવે છે અને તે વીદ્વાન જડજે પોતાના ફેંસલાની શરૂઆતમાં જે કહેલું છે તે સાથે તદન તે અનુસરતું નથી. પરંતુ છેવટે તે વીદ્વાન જડજે એવો વીચાર કરેલો છે એમ અમને જણાય છે. સબબ કાયદા અને હકીકતનો ન્યાય કરનાર એક-નો એક જડજ હોય તે કામમાં તે પોતે પોતાની જુબાની આપી શકે અને તે કામમાં પોતે સાક્ષી થવા છતાં પોતે તે કામનો નીરણય કરી શ-કે એવો કાંઇ પણ આધાર શીવાય જે કામ અમને ઘણુંજ હરકત ભરેલું જણાય છે તે કોઇપણ રીતે સ્વીકારવાને અમે ના પાડીએ છીએ—દરેક એમ કબુલ કરેછે કે એકાદા જડજની સાથે બીજા જડજો હોય તોપણ તે જડજ સાક્ષી આપે એ ઘણું હરકત ભરેલું છે. અમારી તરફથી પણ અમારા વીચારમાં એમ આવે છે કે આ હરકત એટલી બધી છે કે ત-માંમ કામોમાં જડજને સાહેદી તરીકે બોલાવવાનો રીવાજ બંધ કરવામા આવે તે જોવાને અમે ખુસી થઇએ. પરંતુ જે જડજ સાહેદી આપે તે એકનો એકજ જડજ હોય ત્યારે તો તે હરકતોમાં ઘણો વધારો થાય છે. તે કામ તદન તેમના અખત્યારમાં હોય છે. તેમને અટકાવવાને, તેમના ઉપર દાબ રાખવાને અગર તેમને દુરસ્ત કરવાને કોઇ હતુ નથી. જો તે કોઇ અગત્યની બાબતમાં પુરાવ આપે તો, જે પક્ષકારની વીરૂધ તેમની સાહેદી હોય તે પક્ષકાર તેમના ઉપર ભરૂંસો રાખવાની બાબતમાં તેમની ઉલટ તપાસ કરી અગર તેમના વીરૂધ બીજો પુરાવ રજુ કરી કાંઇ કર-વાને હીમત રાખી શકે નહીં, આવું પ્રોશીડીંગ બરોબર નથી એ વીશે કહેવાની અમારે કાંઇ જરૂર નથી. કોઇપણ તેના લાભમાં કહેવાને હીમત ધરે નહીં. માટે જુઠી સાક્ષીના સામા જે હમેશાં સાહુચેતી રાખવામાં આવે છે તે સાહુચેતી વીના તે જડજ પોતાની સાહેદી આપે, પણ તેવી રીતી વારવાર ના કબુલ કરવામાં આવી છે.

મી० બેલે એવી તકરાર કરી છે કે ઉંચા દરજ્જાની કોરટને અપીલ થાય તે જડજ ઉપર દાબ છે. કેટલેક દરજ્જે તેમ થાય પરંતુ જોઇતી રીતે નહી. અપીલ કોરટ તે જડજની સાક્ષી સુધાંતના પુરાવની વ્યવસ્થા કરે પરંતું અમારા અભીપ્રાયમાં આવે છે કે જડજની સાક્ષી હરકત લેવા લાયક નહી અગર તે ઉલટાવવામાં આવે નહી તેથી પણ તે લેવી નહી જોઇએ. વળી જેમ જડજો સાથે બેસે છે અને અરસ પરસ એક બીજા ઉપર દાબ છે, તેમ અપીલ કોરટ દાબ નથી. સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે કાયદા અને હકીકતનો એક જડજ પોતાની શાહેદી આપી શકતો નથી, માટે તે સાક્ષી આપ્યા પછીં તે કામનો ફેંસલો કરે તો, તે કારણથી પણ ગુનાની સાબેતીનો ઠરાવ બરોબર નથી પરંતુઆ કારણથી ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવા વીશે મી० જસ્ટીસ પ્રીનશેપને કેટલોક શક છે, માટે ફકત પેહેલા કારણથી અમારે ફેંસલો આપવો તે વધારે સારૂ છે.

તે ગુનાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ કરવામાં આવ્યો છે. પણ આગળ કામ ચલાવવાને કાંઇ અરજી અમને કરવામાં આવી નથી. અને તોહોમતવાળા વીરૂધ આગળ વધારે કામ ચલાવવાનો અમારી એબ હુકમ કરવાની જરૂર અમારી નજરમાં આવતી નથી. જસ્ટીસ પ્રીનસેપ શાહેબ:—હાલ અમારી રૂબરૂ જે કામ છે તે સાથે સંબંધ રાખનાર હકીકત ફરીથી કહેવાની જરૂર નથી. કારણ કે તે સંપુરણ રીતે કહેવામાં આવી ગએલી છે.

માજીસ્ટ્રેટે જે ગુનાની શાબેતીનો ઠરાવ કરેલોછે તે ત્રણ કારણોથી રદ કરવાને માગવામાં આવેલું છે. પેહેલું કે તે પૂરાવ કાયદા પ્રમાણે બસ નથી. બીજુ કે તે માજીસ્તરેટ ફરીયાદ તરફના સાક્ષી છે, તેથી કાયદા અને હકીકતના ફકત એકલા જડજ તરીકે ને કામની તપાસ કરવાને મુખત્યાર નથી. ત્રીજું કે તોહોમતવાળાને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે છોડી દીધો. પછી તે કામ તાજુ કરી તોહોમતવાળાની તપાસ કરવાને માજીસ્તરેટ મુખત્યાર નથી.

પેહેલી બાબતમાં અમે અમારા કામના વીદવાન ભાગીયા સાથે તદન મળતા છીએ કે કાંમ પુરાવ છે તે જો માનવામાં આવે તો, અરજદારને ગુનેહગાર ઠરાવવાને પુકત છે. મી० જસ્ટીસ માર્કબીએ બતાવેલું છે તે પ્રમાણે તે પુરાવ ફકત હરફ મુકાબલ કરયાનો નથી, અને મી० જસ્ટીસને તકરાર કરી છે કે દસકતના મુકાબલા ઉપરથી એક અનુંમાન કાયમ કરવું હોય તો, પ્રવીણ સખસની સાહેદીની બીલકુલ જરૂર છે તે તકરાર કબુલ કરવાને પણ અમે તઇયાર થએલા નથી. અલબત તે દુરસ્ત છે, પરંતુ

એક અવશ્યના નીયમ તરીકે તે ઠરાવવામાં આવે તો, આ દેશમાં ઘણું કરીને દરેક કામમાં આવો પુરાવ બાતલ કરવાનો થાય, કારણ કે આ દેશમાં પ્રવીણ સખસો મળી આવતા નથી. આવો પૂરાવ ખોટી રીતે લાગુ કરવામાં આવ્યો હોય તો અપીલ કોરટનો જે ફરી તપાસનો અખત્યાર છે તે, તે ખોટી રીતનું લાગુ કરવું દુરસ્ત કરવાને બસ છે.

પરંતુ આ કામનો આ ભાગ છોડી દેતાં પેહેલાં અમારી મરજી સાફ એમ કેહેવાની છે કે તે પુરાવના વજન ઉપર અથવા અરજદારના ગુનાહ અથવા નીરપરાધીપણા વીશે અમે કાંઇ અભીપ્રાય બતાવતા નથી.

બીજી બાબતમાં અમારી નજરમાં આવેછે કે માહારાણી વી૦ મુખતા શીગના કામમાં જસ્ટીસ મી૦ નોરમન સાહેબનો ફેંસલો છે તેમાં જે આધારો બતાવવામાં આવ્યા છે તે આધારે એકનો એક જડજ બેસે તો તે સાક્ષી થવાને લાયક નથી તે વીશે નીશ્ચય કારક છે. એકકે એવો મુકરદમો બતાવવામાં આવેલો નથી કે જેમાં આ પ્રમાણે કોઇ વખત બનેલું હોય માટે આવો નીયમ કરવાની જરૂર નથી, અને તેથી ખોટા પરીણામ થઇ શકે તેવું છે, સબબ તે વીશે ખુલાસો દેખીતો રેહેતો નથી. મી૦ બેસે જે ઠરાવ બતાવ્યો છે તેથી આ નીયમ સાબેત થતો નથી. અથવા શાક્ષીના મોહોથી જે હકીકત આવેલી હોય તે શીવાયની હકીકત ફેંસલામાં બતાવવાને અથવા તેનો વીચાર કરવાને જડજ મુખત્યાર નથી તેથી કાંઇ ચોરે ગમાં નથી.

પરંતુ આ કામમાં આ કારણથી તે પ્રોશીડીંગ રદ કરવાને અમારી મરજી થએલી નથી. કારણ કે મી૦ પેલોની સાહેદી અગત્યની નથી એમ અમોને દીસેછે, માટે જો તે વીચારમાં ના લેવામાં આવે તોપણ પુગવછે, અને તે જો માનવામાં આવેતો તે અરજદારને ગુનેહગાર ઠરાવવાને તે બસ છે.

છેવટની બાબત કલમ ૨૧૫ મી પ્રમાણે છોડી દીધાનો હુકમ માજીસ્ત્રેટ કરયા પછી માજીસ્ત્રેટ તે કામ તાજુ કરવાને મુખત્યાર છે કે નહીં તે બાબત અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કોરટના કેટલાક ઠરાવોથી જે કામોમાં નવો પુરાવ હોય તે કામોની બાબતમાં આ અખત્યાર છે એવી મર્યાદા રાખવામાં આવી છે. જો આ બાબત પેહેલ વેહેલી અમારી રૂબરૂ હોતતો, માજીસ્ત્રેટના લાયકપણા બાબત અમારે સવાલ ઉઠાવવો નહી જોઇએ, કારણ કે કલમ ૧૪૨ મીમાં બતાવેલો અખત્યાર તેમને આપવામાં આવેલો છે પરંતુ તે અભીપ્રાયને વળગી અમારે રેહેવું એ અમને વ્યાજબી લાગતું નથી, કારણ કે તે અભીપ્રાય આટલા બધા પાકા અનુભવી જડજોના અભીપ્રાય વીરૂધ છે.

નવો પુરાવ યોગ્ય રીતે કહી શકાય તેવો કાંઇ પૂરાવ છે નહી. એ વીશે અમારા મનમાં ખુલ્લું છે. તે માજીસ્ત્રેટે એવો વીચાર કરયો છે કે પુ

રાવ આકટમાં પુરાવ અને દસ્તાજવેની જે વાખ્યાછે તેથી રદ કરેલા સ્ટાંપ ઉપર ટીકટ ચોહડી છે એવા શબ્દ લખ્યા છે તે નવો પુરાવ છે એમ ગણવાને તેમનો હક છે કારણ કે તે લક્ષમાં લેવાને તમને કહેવામાં આવેલું નહીં હતું પરંતુ તે સ્ટાંપ ખરી રીતે પુરાવમાં હતી એમાં કાંઇ તકરાર નથી માટે તે સ્ટાંપથી ટીકીટ ચોહોડવામાં આવી છે એવા શબ્દ જુદા પાડવા અથવા અકસ્માત રીતે માજીસ્ત્રેટને અથવા જડજને કાંઇ જોવું રહી જાય અને તે જોવું કેમ રહી ગયું તે સમજવાને મુશકેલી હોય તો પછી જ્યારે તે પુરાવના ભાગ તરીકે વીશેશે કરીને લક્ષ આપવાનું કેહેવામાં આવે તે નવો પુરાવ છે એમ ઠરાવવું અશકય છે. વળી આ કામમાં. માજીસ્તરેટે પોતાની શાક્ષી તરીકે જે હકીકત કહેલી છે તેથી ટીકીટ ચોડીછે એ શબ્દો ઉપર તેમનું ધ્યાન પોષ્ટ માસ્તરે ખેંચેલું હતું કીંવા નહી એ વીશે શક રહેછે.

પછી એવી તકરાર કરવામાં આવી છે કે છોડી દીધાનો હુકમ કરયા પછી કુકની શાહેદી લખી લેવામાં આવેલી છે તે નવો પુરાવ છે, પરંતુ જો કે તે પ્રથમ લખી લેવામાં આવી નહી હતી તોપણ તેનું કહેવું કેવા પ્રકારનું છે તે પોલીસના જે રીપોટ ઉપરથી તોહોમતવાળાને છોડી દીધેલો છે તે રીપોટ ઉપરથી માજીસ્તરેટના જાણવામાં હતું તેમણે પોષ્ટ માસ્તરને આ કામના પરીણામ બાબત જે રીપોટ કરેલો છે તે રીપોટના કાગળમાં તે કહેલું બતાવેલું છે. અને તે સાક્ષી માજીસ્તરેટની રૂબરૂ હાજર થાય તેથી પોલીસે તેનો મુચરકો લીધેલો હતો પણ તેને તપાસવાને માજીસ્તરેટની નજરમાં જરૂર આવેલું નથી.

આવી હકીકત છતાં માજીસ્તરેટે તોહોમતવાળાને છોડી દીધાનો હુકમ કરયો ત્યાર પછી ગુનાની શાબેતીનો ઠરાવ તથા પ્રોસીડીંગ કરેલું છે તે રદ કરવામાં અમે મળતા છીએ, એવું ઠરાવીને કે આ કોરટના ઠરાવો પ્રમાણે માજીસ્તરેટ તે કામ તાજુ કરવાને મુખત્યાર નહીં હતા. અને વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે અમારી પોતાની ખાએસ ઉપરથી તે પ્રોસીડીંગ તાજુ કરવાને અમારે હુકમ કરવો નહીં જોઇએ.

આ હુકમ ઉપરથી તે શીક્ષાનો હુકમ બરોબર છે કીંવા નહીં તેનો વીચાર કરવાની જરૂર રેહેતી નથી.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૧ જુન સને ૧૮૭૭

મી૦ જસ્ટીશ માર્કબી અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

જોદુનાથ ગોઝની ફરીયાદ ઉપરથી કેસરેહીંદ વીરૂધ બ્રજોનાથદે.

બંગાળાના સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૨, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૫૭, અને ૫૮—જાહેરાંત ધોરી રસ્તા—જાહેરાંત ધોરી રસતો બંધ કરવાને અગર આડો લેઇ જવાને મ્યુનશીપાલ કમીશનરોનો અખત્યાર—કલકતા મ્યુનસીપાલ આકટ—(બંગાળાનો સને ૧૮૬૩ નો આકટ ૪) ની કલમ ૧૦૯, ૧૧૦

બંગાળાના સને ૧૮૬૪ ના આકટ ૩ થી તે આકટના કારણુસર જાહેરાંત ધોરી રસ્તા મ્યુનશીપાલ કમીશનરોના તાબામાં થાય છે. તેથી મ્યુનશીપાલ કમીશનરોને તેમજ એકલા વાઇસ ચેરમેનને તે રસતા બંધ કરવાને અગર આડા લેઇ જવાને અખત્યાર મળતો નથી.

પાનું ૪૨૫ આ કામની હકીકત નીચે પ્રમાણે છેઃ—શીરામપુર સેહેરના મ્યુનશીપાલ કમીશનરની હદમાં સટગોપારા નામથી કહેવાતી ગલી આગળ હુગલી નદી ઉપર જવાની હતી. આ ગલી આ કામના પ્રતીવાદી એક બ્રજોનાથદેના બાગમાં થઇને જતી હતી, સને ૧૮૬૯ માં આ ગલી તે પ્રતીવાદી તરફના સખસોએ બંધ કરી તેથી તે સખસોને ધોરી રસ્તાને હરકત કરયા બાબત હીંદુસથાનના ફો. કા. પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યા ત્યારપછી પ્રતીવાદીએ દીવાની કોરટમાં કામ ચલાવ્યું એવા હેતુથી કે તે ધોરી રસતો નહીં હતો એવુ ઠરાવી આપો પરંતુ તે કામમાં તે હારયો. અને આ કામમાં એવું કબુલ કરવામાં આવ્યું છે કે તકરારી જમીન એ ધોરી રસ્તો હતો. દીવાની કોરટોમાં તે કજીયાનું સને ૧૮૭૧ માં છેવટ આવેલું હતું. સને ૧૮૭૪ ના અગષ્ટ માંસમાં હાલના પ્રતીવાદીએ સીરામપુરના મ્યુનસીપાલ કમીશનરને અરજી કરી તેમાં ફરીથી તે ગલી જાહેરાંત રસતો છે કે નહી. એ સવાલ ખુલો કરવાને માગીને વળી એવી અરજ કરી કે મ્યુનશીપાલ કમીશનરોની નજરમાં યોગ્ય લાગે તેવી શરતોથી તે રસતો બંધ કરવાની પરવાનગી મળવી જોઇએ. તે અરજીની પીઠે તા૦ ૩૧ ડીસેંબર સને ૧૮૭૪ ના રોજ નો નીચે પ્રમાણે હુકમ લખ્યો:—

"અરજ મંજુર કરવામાં આવી એવી શરતથી કે અરજદાર પોતાની વાડીની દક્ષીણ અને પશ્ચમ તરફ પોતાના ખરચથી દશ ફુટ પોહોળો રસતો એવી રીતે કરે કે જેથી ડીશતીલરી અને નાપીટ પાહાડાની ગલીની વચમાં જવા આવવાનો રસ્તો રહે"

આ હુકમ ઉપર જે ઇ. બી, જેફર સાહેબે સહી કરેલી છે તે વખતે મી. જેફર તે મ્યુનશીપાલેટીના વાઇસ ચેરમેન હતા એ વાત કબુલ કરવામાં આવી છે. અને તે વીઇસ ચેરમેન તરીકે જે હુકમ કરવામાં

આવેલો નથી. એવી તકરાર કરવામાં આવી નથી શને ૧૮૭૬ ના જાનેવારી માસ પહેલાં સદરહુ રસતો બીલકુલ બંધ કરવામાં આવ્યો હતો. અને પ્રતીવાદીની વાડીની દક્ષીણ અને પશ્ચીમગાં એક બીજો રસ્તો કરવામાં આવ્યો હતો. તોપણ આ નવો રસતો ખરી રીતે નવો છે કે નહીં અગર તે પ્રથમ હતો અને ફકત પોહોળો કરવામાં આવ્યો છે કે નહીં, તે વીશે કેટલોક શખ હતો. પછી મ્યુનશીપાલ કમીશનરોને તથા મ્યુનસીપાલેટીના ચેરમેન કે જે તે જીલાના માજીસ્ત્રેટ પણ હતા. તેમને વાઇશ ચેરમેન મી૦ જાફ્રેના હુકમ ઉપર અરજો કરવામાં આવી પણ તે અરજો નામંજુર કરવામાં આવી, એવા કારણથી કે વાઇશ ચેરમેનના કરેલા હુકમમાં તે ચેરમેનને અગર મ્યુનશીપલ કમીશનરોને હાથ ઘાલવાને અખત્યાર નથી. પછી ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૫૨૧ પ્રમાણે તે કામ સીરામપુરના જોઇંટ માજીસ્તરેટની રૂબરૂ લેઇ જવામાં આવ્યું અને તેમણે સને ૧૮૭૬ ના અકટોબર માસમાં સડગોપારા ગલીને થએલી હરકત શા વાસ્તે ખસેડવી નહી જોઇએ તેનુ કારણ પ્રા. એ બતાવવું એવો હુકમ કરયો. છેવટે જોઇંટ માજીસ્તરેટે ઠરાવ્યું કે મી૦ જેફ્રેનો હુકમ કાયદેસર નથી તેથી વધારે હાથ ઘાલવાને તેમણે ના પાડી. ત્યાર પછી ફોજદારી કામ ચલાવાની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે તે કામ હાય કોરટની રૂબરૂ આવ્યું તેમાં એવો શવાલ ઉત્પન થયો કે મી૦ જાફ્રેનો હુકમ કાયદેસર છે એવું જોઇંટ માજીસ્તરેટે ઠરાવ્યું છે તે બરોબર છે કે નહીં.

મ્યુનશીપલ કમીશનર તરફથી કોઇ હાજર નથી.

ફરીયાદ તરફથી બાબુ તીલોકનાથ મીત્રઃ—બંગાળાના સને ૧૮૬૪ના આકટ ૩ પ્રમાણે જાહેરાત રસ્તો વેચવાને, આડો લઇ જવાને અગર બંધ કરવાને તે મ્યુનશીપાલીટીના વાઇશ ચેરમેનને અધીકાર નથી. કલમ ૧૩ થી તે આકટના કારણસર જમીન વેચવાને કમીશનરોને અખત્યાર આપેલો છે. તેથી તે આ કામને લાગુ થતી નથી. જો કે કમીશનરોને વાડોમાં, ફરસબંધીમાં અગર ધોરી રસ્તાના મોખરાઓમાં ફેરફાર કરવાને તે આકટની કલમ ૫૮ પ્રમાણે કમીશનરોનો અખત્યાર રાખેલો છે તોપણ જાહેરાત ધોરી રસ્તાને તેઓ હરકત કરી શકતા નથી. અગર હરકત કરવાને તેઓ મંજુરી આપી શકતા નથી. જીલ્લા મ્યુનશીપલ આકટ (બંગાળાનો સને ૧૮૬૪ નો આકટ ૩) ની કલમ ૧૦ થી મેહેલાઓ કમીશનરના તાબામાં છે. અને તે કલમ કલકતા મ્યુનસીપલ આકટ (સને ૧૮૬૩ નો આકટ ૬) ની કલમ ૧૦૫ ના બરોબર શબ્દોમાં છે. તોપણ કલકતાના આકટની કલમ ૧૧૦ થી મેહેલાઓ આડા લઇ જવાને અગર બંધ કરવાને કમીશનરોને અખત્યાર આપવામાં આવેલો છે. માટે એમ ધારી શકાય છે કે આવી અ-

લી પરવાનગી આપ્યા શીવાય કલમ ૧૦૯ ના શબ્દોથી કમીશનરોને તે અખત્યાર આપેલો નથી. એવું કાયદા કરનારે વીચારેલું છે. સને ૧૮૬૩ ના કલકત્તા આકટની કલમ ૧૧૦ માં જેવી ખુલ્લી પરવાનગી છે. તેવીજ સને ૧૮૬૪ ના જીલ્લા મ્યુનશીપલ આકટમાં નથી. આ બાબત બેશક ઇરાદા પુરવક છોડી દેવામાં આવેલી છે. અને તેથી તેવો અખત્યાર જીલ્લા મ્યુનશીપલ કમીશનરોને નહી આપવો એવો ઇરાદો જણાય છે. તેજ ભેદ કલકત્તા મ્યુનશીપાલ કંનશોલીડેશન આકટ (બંગાળાનો સને ૧૮૭૬ નો આકટ ૪) અને બંગાળા મ્યુનશીપલ આકટ (બંગાળાનો સને ૧૮૭૬ નો આકટ ૫) માં રાખવામાં આવેલો છે. સબબ આવી ખુલ્લી પરવાનગી શીવાય એકાદો રસ્તો તદન બંધ કરવાને કમીશનરોને અધીકાર છે એમ ધારી શકાતું નથી. બંગાળાના સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૧૨ અને ૧૫ થી એક જાહેરાત રસ્તાને બદલે બીજો કરવાને કમીશનરોને અખત્યાર આપેલો નથી. બંગાળાના સને ૧૮૭૬ ના મ્યુનશીપલ આકટની કલમ ૨૧૩ પ્રમાણે અમુક કારણોસર રસ્તો થોડી મુદત સારૂ બંધ કરવાને કમીશનરોને અખત્યારછે તે તકરારની દરમ્યાનમાં કેટલાક હવાલો બતાવવામાં આવ્યા.

પ્રતીવાદી બ્રજેનાથદેની તરફથી બાબુ તારકના દત્ત:—બંગાળાના સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૧૦ થી રસ્તા કમીશનરોના તાબામાં છે અને તેથી તેમનો તેવા રસ્તા બંધ કરવા અથવા આડા લેઇ જવાનો હક છે.

બાબુ તીલોકનાથ મીત્રે જવાબ આપ્યો.

જષ્ટીશ માર્કબી સાહેબે (કામની હકીકત કહયા પછી):—સને ૧૮૬૪ ના બંગાળાના આકટ ૩ ના અર્થ ઉપર તે સવાલ છે. કારણ કે જે વખતે મી૦ જેકૂરેએ તે હુકમ કરયો ત્યારે તે અમલમાં હતો. મ્યુનસીપાલ કમીશનરોના અખત્યાર અને ફરજોની વાખ્યા કલમ ૬ થી ૨૩ સુધીમાં કરવામાં આવી છે: તે આકટથી કોઇ ઠેકાણે સ્પષ્ટ શબ્દોથી જાહેરાત ધોરી રસ્તા બંધ કરવાને અથવા આડા લેઇ જવાને અખત્યાર આપવામાં આવેલો નથી. પરંતુ જાહેરાત ધોરી રસતા તે કાંઇ સરકારની મીલકત નથી, તેમ ખાનગી મીલકત નથી, માટે તે કલમ ૧૦ થી મ્યુનીશીપાલ કમીશનરોના તાબામાં રાખવામાં આવ્યા છે. કલમ ૯ મીથી મ્યુનશીપલ કમીશનરો કોરપોરેશનના નામથી દાવો કરવાને અથવા પોતાના ઉપર દાવો થવાને શકતીવાંન છે, સ્થાવર જંગમ મીલકત રાખવાને તથા વેચાણ આપવાને તથા તે આકટના કારણસર જરૂરીયાત તકરારો કરવાને શકતીવાન થએલા છે. કલમ ૧૨ મીથી તે આકટના કારણસર તેમના તાબામાં રાખેલી તમાંમ મીલકત કામે તેમને લગાડવાની છે.

તકરાર એવી છે કે સડગોપારા ગલી જાહેરાંત ધોરી રસતો છે. તે મ્યુનીશીપલ કમીશનરોના તાબામાં છે. અને તે આકટ પ્રમાણે મ્યુનીસીપાલ કમીશનરો પોતાની મરજીમાં આવે તે પ્રમાણે પોતાની મીલકતની વ્યવસ્થા કરી શકેછે, પણ તે તેમણે તો આકટના કારણ સારૂ કરવું જોઇએ અને તે કારણનો તે આકટના ઉદવેશમાં વાખ્યા બાંધેલી છે. એટલે "કચરાપટી, સુધારો, અને જાપતો" જે જીલામાં તેમની હકુમત હોય તે જીલાનો રાખવો. માટે તે શેહેરના કમીશનરો ફકત જડજો છે, સબબ શેહેરના સુધારાને સારૂ જો તે આ રસતો બંધ કરતા હોય તો, તે બંધ કરવાનો તેમનો હક છે, એવી તકરાર કરવામાં આવી છે. પરંતુ અમારા અભીપ્રાયમાં આવે છે કે આવો મોહોળો અખત્યાર મ્યુનીશીપલ કમીશનરોને ગર્ભીત રીતે આપવાનો કાયદા કરનારાઓનો ઇરાદો નથી. તે આકટની તે કલમોના ઠરાવો અમે વાંચ્યા તેથી કમીશનરોના અખત્યાર અને ફરજોની તદન જુદી રીતે વાખ્યા બાંધવામાં આવી છે. અમારી નજરમાં આવે છે કે કલમ ૯, ૧૦ અને ૧૨ ના શબ્દો ઉપર કલમ ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ મીના ખાસ ઠરાવોનો દાબ છે. ધોરી રસતા મ્યુનીસીપલ કમીશનરની મીલકત છે, માટે તે બાબતમાં મ્યુનશીપાલ કમીશનરોને તે રસતા કરવાનો, મરાંમત કરાવવાનો, યોગ્ય રીતે સાફ કરાવવાનો તથા કચરાપટીને સારૂ જે જરૂરીયાત હોય તે કરવાનો ફકત તેમનો અખત્યાર છે. જો કાંઇ વધારે ભારે કામ કરવાનું હોય તો, લેફ્ટેનંટ ગવરનરની કબુલત લેવાની જરૂર છે (કલમ ૧૬) અને લેફ્ટીનંટ ગવરનરની કબુલત, સાથે પણ તેમનો રસતો બંધ કરવાનો અખત્યાર નથી. તે મીલકત તે આકટના કારણસર મ્યુનશીપાલ કમીશનરોના તાબામાં ફકત રાખવાથી જે ભારે અખત્યાર બાબત તકરાર કરવામાં આવી છે તેવો અખત્યાર તેમને આપવામાં આવે તો, જે કલમોથી મ્યુનીશીપલ કમીશનરોના તે મીલકત ઉપરના અખત્યાર બાબત વાખ્યા કરવામાં આવેલી છે તે હેતુ વીનાની થાય.

તે આકટનો આ અર્થ જે ઘણુંજ વ્યાજબી અને યોગ્ય છે તેને ઘણોજ અનુંસરતો છે. એમ અમારી નજરમાં આવે છે, કલમ ૨૦ મીથી ચેરમેન અથવા વાઇસ ચેરમેન જે હુકમ પબ્લીક મીટીંગમાં કરવાનો ના હોય તે કરવાને મુખત્યાર છે, માટે જો તે આકટથી મ્યુનીશીપલ કમીશનરોને જાહેરાંત ધોરી રસતા બંધ કરવાનો અખત્યાર હોય તો, તે હુકમ ચેરમેન અગર કાંમ ચલાવનાર એકલા વાઇસ ચેરમેન કરી શકે નહી એ કહેવું મુશકેલ છે, અને આ કામમાં જે હુકમ કરવામાં આવ્યો છે તે વાઇસ ચેરમેને પોતાની એકલાની જવાબદારીથી કરેલો છે, ફકત એક સ.

અસને આવો અસાધારણ અખત્યાર આપવાનો કાયદા કરનારાઓનો ઇરાદો હોય એ ઘણુંજ અસંભવીત છે.

બંગાળાના સને ૧૮૬૪ ના આ૦ ૩ નો જે અર્થ અમે કરેલો છે તે કલકતા શેહેરને માટે બંગાળાનો સને ૧૮૬૩ નો આ. ૬ છે કે જે ઉપરથી દેખીતી રીતે સને ૧૮૬૪ નો આક્ટ કરવામાં આવ્યો. તેના ઠરાવો સાથે મુકાબલ કરતાં કાયમ રહેલો છે. (સને ૧૮૬૩ ના આ૦ ૬ ની કલમ ૧૦૯ થી જેમ સને ૧૮૬૪ ના આ૦ ૩ ની કલમ ૧૦ ના જેવા શબ્દોથી ધોરી રસ્તા મ્યુનીશીપાલ કમીશનરોના તાબામાં રાખવામાં આવ્યા છે તે પ્રમાણે કલકતાના મેહેલાઓ જષ્ટીશોના તાબામાં રાખેલા છે. પ્રથમના આકટની ક૦ ૧૧૦ થી બંગાળા સરકારની મંજુરી સાથે કાંઇ પણ જાહેરાંત રસતો ફેરવવાને, બતાવવાને, જારી હોય તે બંધ કરવાને અથવા તદન બંધ કરવાને જષ્ટીશોને અખત્યાર આપવામાં આવેલો છે. આ ઊપરથી એમ જણાય છે કે મ્યુનીશીપાલીટીની નજરમાં રસતો કરવાથી સેહેરને ફાયદેમંદ છે તો તેથી ધોરી રસતા જે મ્યુનીશીપાલેટીના તાબામાં રાખવામાં આવ્યા હોય તે કારણથી તે મ્યુનીશીપાલેટીને તે કેવળ બંધ કરવાનો અખત્યાર મળતો નથી એમ અમારી નજરમાં આવે છે. વળી અમારાં જોવામાં છે કે અમુક ધોરી રસતા મ્યુનીશીપાલેટીના તાબામાં રાખવાથી તે બંધ કરવાને મ્યુનીસીપાલેટીને અખત્યાર મળે છે. એવું ઠરાવવામાં આવે તો, તે ઊપરથી એવી રીતે થાય કે જે ધોરી રસતા તેમના તાબામાં રાખવામાં આવેલા ના હોય તે બંધ થઇ શકે નહી. આ ભેદ જે ધોરી રસતા સરકારના તાબામાં રાખેલા હોય તેને માટે જોઇતી રીતે વ્યાજબી છે, પરંતુ જે ધોરી રસતા ફકત ખાનગી સખસોની મીલકત હોય તેને માટે તદન ગેરવ્યાજબી છે.

માટે અમારી નજરમાં આવે છે કે બાબુ પ્રજનાથહેને અમુક સરતો સાથે જે આ ગલી બંધ કરવાને મી૦ જેફ્રેએ પરવાનગી આપ્યાનો હુકમ કરેલો છે તે તેમણે વાઇશ ચેરમેન તરીકે કરેલો નથી તેમ મ્યુનશીપલ કમીશનરોને તે કરવાનો અખત્યાર નહી હતો, માટે તા૦ ૨૭ ડીસંબર સને ૧૮૭૬ ના રોજનો જોઇંટ માજીસ્તરેટનો જે હુકમ મી૦ જેફ્રેનો હુકમ કાયદેસર ઠરાવ્યા બાબતનો છે તે કાયદા પ્રમાણે બરોબર નથી, તેથી તે રદ કરવો જોઇએ. કલમ ૫૨૧ મી પ્રમાણે પ્રજનાથહેના ઉપરના જે પ્રોસીડીંગના કાગળો છે તે જાઇંટ માજીસ્ત્રેટ તરફ પાછા મોકલવા. અને તે પ્રોસીડીંગના કારણસર મી૦ જેફ્રેનો હુકમ રદ બાતલ છે એવું ગણીને પોતાની નજરમાં યોગ્ય લાગે તેવો હુકમ કરી તે પ્રોસીડીંગોનો આખરે તે નીકાલ કરશે.

જે રસ્તો નજીકના રેહેવાશીઓના વાપરમાં હતો તેમાંથી તેઓને અઘટીત રીતે બાતલ કરવામાં આવેલા છે તે રસ્તો તેમના વાપરમાં પાછો આવે એવો અશર થાય તેવા પરણામ ઉપર અમે આવવાને ઘણા ખુશી છીએ. જોઇંટ માજીસ્ટ્રેટે તથા હાલના માજીસ્ટ્રેટ મી૦ જેફ્રેના હુકમથી શાર્વજનીક હક ફકત એક સખસને મટે બંધ કરવામાં આવ્યો છે તેથી ધીકકાર કરેલો છે તે સાથે અમે તદન મળતા છીએ.

જષ્ટીસ પ્રીનશેપ સાહેબઃ—સીરામપોર મ્યુનશીપાલીટીના વાઇશ ચેરમેન તરીકે મી૦ જેફ્રે બંગાળાના શને ૧૮૬૪ ના આકટ ૩ પ્રમાણે સડગોપારા ગલી બંધ કરવાને મુખત્યાર નહી હતા એવું ઠરાવવામાં તથા તે હુકમ રદ બાતલ ગણવો જોઇએ અને શીરામપુરના હાલના જોઇંટ માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૨૧ મી પ્રમાણે ચલાવેલું કામ ચાલવું જોઇએ તે સાથે અમે તદન મળતા છીએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફુલબેંચ,

તા૦ ૨૬ માર્ચ સને ૧૮૭૭

શર. રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જષ્ટીસ, મી૦ જષ્ટીસ કેંપ, મી૦ જષ્ટીસ જાકશન, મી૦ જષ્ટીસ મેકફરશન, અને મી૦ જષ્ટીસ એઇનસ્લી સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ જમા દુલા.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૨૭૨—અપીલ—નીરદોસ ઠરાવ્યા બાબત—મુદત—સને ૧૮૭૧ ના આ૦ ૯ ની કલમ ૫ ની રકમ બ અને પ્રશીષ્ટ ૨ ની આરટીકલ ૧૫૩—સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૩

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૨ પ્રમાણે સ્થાનીક સરકારની અપીલ નીરદોશના ઠરાવની તારીખથી છ માસની અંદર કરવામાં આવી હોય તો તે મુદતની અંદર છે સાઠ દીવસનો નીયમ લાગુ થતો નથી.

જષ્ટીસ મેકફરસન અને જષ્ટીસ બર્ચ સાહેબોએ નીચેનું કામ ફુલબેંચ તરફ મોકલેલું છે.

આ કામમાં નીરદોશના ઠરાવ ઉપર ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૨ મી પ્રમાણે સ્થાનીક સરકારે અપીલ કરેલીછે.

નીરદોશ કરયાનો ઠરાવ તા૦ ૨૯ અગષ્ટ શને ૧૮૭૬ ના રોજ ક-

રવામાં આવેલા છે, અને તે ઉપર અપીલ તા૦ ૬ ફેબરવારી સને ૧૮૭૭ સુધી એટલે પાંચ માસ અને સાત દીવસ થઇ ગયા સુધી રજુ કરવામાં આવેલી નહી હતી.

કોરટે (જસ્ટીસ માર્કબી તથા જષ્ટીસ મીતર સાહેબો) તે અપીલ દાખલ કરી એવી શરતની સાથે કે તે કાયદા પ્રમાણે મુદતની અંદર દાખલ કરવામાં આવી છે કીંવા નહીં તે સવાલનો વીચાર કરવાનોછે. જો સરકારને માટે તેમજ કેદીને માટે અપીલ કરવાની મુદત સાઠ દીવસની આપવામાં આવેલી હોયતો, અમારી નજરમાં આવે છે કે સરકારને માટે પણ બરોબર સાંઠ દીવસજ ઠરાવવા જોઇએ, કારણ કે સને ૧૮૭૧ ના આકટ ૯ ની કલમ ૫ ની રકમ ચ પ્રમાણે મુદત વધારવાને કાંઇ કારણ અમને બતાવવામાં આવેલું નથી.

અમારી નજરમાં આવે છે કે આ શવાલ એટલો બધો અગત્યનો છે કે તે વીશે ફુલબેંચના આધાર સહીત ઠરાવથી નકી થતું જોઇએ. કારણ કે વીશેશે કરીને જુદા જુદા કામોમાં એ સવાલ ઉતપન થએલો નથી અને સરકારે નીરદોશના ઠરાવ ઉપર કરેલી અપીલો સાઠ દીવસ વીત્યા પછી આનાકાંની વીના દાખલ કરવામાં આવી છે.

તે સવાલ નીચે પ્રમાણે ઉતપન થાય છે.

સને ૧૮૭૧ ના મુદતના આકટ ૯ માના ૨ જા પ્રશીષ્ટની આરટીકલ ૧૫૩ મીમાં કહેલું છે કે હાઇ કોરટમાં અપીલ કરવાની મુદત ફો. કા. ચ. રી. ના કાયદા પ્રમાણે સાઠ દીવશની છે અને જો શીક્ષાના હુકમ અથવા હુકમ ઉપર અપીલ કરવામાં આવી છે, તે અપીલની મુદત તે હુકમની તારીખથી ૬૦ દીવશથી શરૂ થાછે. તેજ આકટની કલમ ૬ પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે કે હીંદુસતાનના ઇંગરેજી રાજયમાં કોઇ કાયદાથી મુદતના આકટમાં ઠરાવેલી અપીલોની બાબતમાં જે મુદત છે, તેથી જુદી હોય તો સને ૧૮૭૧ ના આકટ ૯ ના કોઇ ઠરાવથી હરકત થશે નહીં.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા)ની કલમ ૨૭૨ ના ઠરાવથી નિરદોશ ઠરાવ્યાના ફેંસલા ઉપર સ્થાનીક સરકારને અપીલ કરવાનો અખત્યાર આપવામાં આવ્યો છે. અને એવું ઠરાવવામાં આવ્યું છે કે આ કલમ પ્રમાણે કરેલી અપીલોને મુદતના નીયમો લાગુ થતા નથી. સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૩ થી આ રકમ રદ કરવામાં આવેલી છે, અને તેને બદલે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો છે. "જે ફેંસલા બાબત ફરીયાદ કરવાની હોય તે ફેંસલાની તારીખથી છ માસ પછી કોઇ અપીલ આ કલમ પ્રમાણે

આપવામાં આવશે નહીં. તેથી સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૩ થી કલમ ૨૭૨ મી દુરસ્ત કરવામાં આવી છે તે પ્રમાણે નીરદોશ કરયાના ફેંસલા ઉપર સરકાર અપીલ કરી શકેછે પરંતુ તે ફેંસલાની તારીખથી ૭ માસ પછી આવી અપીલ ચાલતી નથી.

એક બીજી તરફ એવી તકરાર કરવામાં આવી છે કે નીરદોશ ક- રયાના ઠરાવ ઉપર સરકારની અપીલોને સાધારણ રીતે ૬૦ દીવસની મુદત લાગુ થાય છે, અને ૭ માસ સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૩ માં બતાવેલા છે, તે ૭ માસમાં કોઇ વખતે અપીલ કરવાનો હક આપવામાં આવેલો હોય એમ નથી, પરંતુ એ ઠરાવ એવી રીતે કરવામાં આવેલો છે કે ગમે તે હકીકત હોય પણ ૭ માસની અંદર અપીલ કરવી જોઇએ, અને તે મુદત પછી સને ૧૮૭૧ ના મુદતના આકટની કલમ ૫ ની રકમ બ પ્રમાણે ૬૦ દીવશની મુદતની અંદર અપીલ નહી કરયાના પુકત કારણ તરીકે કાંઇ સબબ કબુલ કરી સકાતો નથી.

બીજી બાજુ તરફ એવી તકરાર કરવામાં આવી છે કે સને ૧૮૭૧ નો આકટ ૯ મો આ અપીલોને બીલકુલ લાગુ થતો નથી. અને સને ૧૮૭૪ ના આકટ ૨૩ ના ઠરાવ શીવાય અપીલ કરવાના હકની કાંઇ મુ- દત નથી. સદરહુ કલમ ૨૩ માં કહેલું છે કે તે અપીલ ૭ માસની અં- દર કરવી જોઇએ.

જે શવાલ પુછવામાં આવેલો છે તે એ છે કે નીરદોશ ઠરાવ્યાની તારીખથી ૭ માશની અંદર તે ઠરાવ ઉપર કલમ ૨૭૨ પ્રમાણે શરકારે જો અપીલ કરેલી હોય અને તે ઠરાવની તારીખથી ૬૦ દીવશ પછી ક- રવામાં આવેલી હોય તો તે મુદતની અંદર છે કે નહીં.

સરકાર તરફથી આફીસીએટીંગ આડવોકેટ-જનરલ મી૦ પાલ ફુલએંચનો અભીપ્રાય નીચે પ્રમાણે છેઃ—

ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબઃ—અમારા અભીપ્રાયમાં આવેછે કે ની રદોશ કરયાના હુકમ ઉપર તે હુકમની તારીખથી ૭ માશની અંદર જો અપીલ આપવામાં આવેલી હોય તો, તે મુદતની અંદર છે. શાઠ દીવશ નો નીયમ લાગુ થતો નથી,

ફોજદારી અપીલ

તા૦ ૧૫ જુલાઇ સને ૧૮૭૭

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ માર્કબી શાહેબોની રૂબરૂ.

જાનકીનાથરામની અરજીની બાબતમાં.

અપીલ—પ્રશીડેનસી માજીસ્ત્રેટના આકટ (સને ૧૮૭૭ ના ૪ થા) ની કલમ ૪૧—ફરીયાદ—જડજની મંજુરી—હાય કોરટની હકુમત.

પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ આકટની કલમ ૪૧ પ્રમાણે ફરીયાદ ચલાવવા ને જડજનો હુકમ હોય તે ઉપર અપીલ આલતી નથી.

પાનું ૪૬૬ ભુબન મોહન નીયોર્જ વીરૂધ જાનકીનાથરાયના દાવામાં

કલકતાની સ્માલકાજ કોરટના જડજોમાંના એક જડજ મી૦ સ્કાન્શને પ્રતીવાદી (અપીલવાળો) ઉપર જુઠા સોગન તથા જુઠા દસ્તાવેજ બાબત ફરીયાદ ચલાવવાને હુકમ થવા સારૂ એક અરજી કરેલી છે. આવી ફરીયાદ ચલાવવાનો હુકમ કરવાને મી૦ સ્કાન્સે ના પાડી, અને સને ૧૮૭૭ના આકટ ૪ થાની કલમ ૪૧ પ્રમાણે હાય કોરટની અસલ બાજુમાં બીરાજનાર મી૦ જષ્ટીશ કેનેડીને વાદીએ એક તરફી એવી અરજી કરી કે પ્રતીવાદી ઉપર ફરીયાદ ચલાવવાને મને પરવાનગી છે એવો હુકમ થવો જોઇએ. આ અરજી મંજુર રાખવામાં આવી. તે મંજુરીના હુકમ ઉપર પ્રતીવાદીએ અપીલ કરી, એવા કારણથી કે તે વીદવાન જડજને તે હુકમ કરવાને હકુમત નહી હતી, અને કામની હકીકત પ્રમાણે તે હુકમ કરવો જોઇતો નહી હતો, અને તે હુકમ વીરૂધ તકરાર સાંભળવાનો અપીલવાળા ને લાગ આપવો જોઇતો હતો.

મી૦ બ્રાનસને (તેમની સાથે મી૦ બાનરજી) તે અપીલ દાખલ કરવાને અરજ કરી.

મી૦ બ્રાનસન—સાચી વાત છે કે ફોજદારી કામ ચલાવવાની રીતી પ્રમાણે અથવા સામાન્ય કાયદા પ્રમાણે જડજના કુલ અખત્યારમાં હાથ ઘાલવાને કોરટનો કાંઇ હક નથી, પરંતુ તે હુકમ ફેંસલા બરોબર છે. સને ૧૮૬૫ ના લેટર્સપેટંટની કલમ ૧૫ માં ફેંસલો શબ્દ છે તે આખરનો અગર આરંભનો અગર દરમીયાનનો ઠરાવ હોય તેવો તેનો અર્થ થાયછે. આ હુકમથી હકુમત ઉતપન થાય છે, અને તેટલે દરજે તે આખરનું છે, માટે તેટલી બાબતમાં અપીલ કરવાનો હકછે. તે વીદવાન કાનસલે કેટલાક ઠરાવો બતાવ્યા.

ચીફ જષ્ટીસ ગાર્થ સાહેબે કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં ખુલ્લી રીતે આવે છે કે આ કામમાં અપીલ ચાલતી નથી, અને તે અપીલ દાખલ કરવાને અમારે પરવાનગી આપવી નહી જોઇએ. જડજે કામ ચલાવવાને જે પરવાનગી આપેલી તે ચાર્ટરની કલમ ૧૫ ના હેતુપ્રમાણે ફેંસલો નથી. જો આધાર ના હોય તો કલકતાના જષ્ટીસ આવધી પીસ વીરૂધ ધી ઓરીએનટલ ગ્યાસ કંપનીનો

ઠરાવ અમારા ફેંસલાને માટે જોઇએ તેવો આધાર થાય, પરંતુ તે વાત કોરાણે રાખતાં તે કોરટે આ પરવાનગી આપી છે તેથી માજીસ્ટાટયુટ ઉત્પન થયો છે, જે વખતે ચારટર મંજુર કરવામાં આવ્યો તે વખતે તે અખત્યાર નહી હતો, તે ખાસ પ્રકારનો છે. ફોજદારી કામમાં અવીચારથી કામ ચલાવવામાં આવે તે ઉપર દાબ રાખવાનો હેતુ છે તેથી પરવાનગી વગર જે પ્રોસીડીંગ ચલાવાય નહી તે ચલાવવાનો અખત્યાર મળેછે. આવા હુકમ ઉપરથી અપીલ આપવાને કાયદા કરનારના વીચારમાં દુરસ્ત આવેલું નથી, સબબ અમારી નજરમાં આવે છે કે આ અપીલ કરવી નહીં જોઇએ.

અરજી નામંજુર કરવામાં આવી.

વાલ્યુમ ૩ જું.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ નવેંબર સને ૧૮૭૭

મી૦ જસ્ટીસ માર્કબી અને મી૦ જસ્ટીસ મીતર સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ હરાઇ મીરધા અને ઉમેદ સરદાર.

ફોજદારી કા. ચ. રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૨૬૩—હાઇ કોરટ, તેમનો અખત્યાર, જ્યુરીએ નીરદોશ કરયાનો ઠરાવ કરેલો.

જે તોહોમત રાખવામાં આવેલાં હોય ને તોહોમત બાબત જે કામમાં જ્યુરીએ કેદીઓને નીરદોશ ઠરાવ્યા હોય પણ તે કામમાં એવી હકીકત તેમને માલુમ પડી હોય કે જેથી બીજો.ગુન્હો બનતો હોય અને કેદીઓને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૭ મી પ્રમાણે તે ગુનાના ગુનેહગાર ઠરાવેલા.—તેમાં ઠરાવવામાં આવ્યું કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ મી પ્રમાણે હાય કોરટની રૂબરૂ કામ આવતાં હાયકોરટ તે કેદીઓને તે ગુનાના ગુનેગાર ઠરાવીશકેછે.

પાનુ ૧૮૯ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે નદીઆના કામ ચલાઉ શેશન જડજે આ કામમાં હાય કોરટને પુછેલું છે.

બે કેદીઓ તથા બીજા ચાર સખશોની હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨ અને ૧૪૯ તથા ૩૨૬ અને ૧૪૯ પ્રમાણે નદીઆના કામ ચલાઉ શેશન જડજે તપાસ કરી હતી. આ કેદીઓમાંના બે કેદી-

ઓ બાબત જ્યુરીના અભીપ્રાયમાં આવ્યું છે કે તેઓ કલમ ૩૨૯ પ્રમાણે ગુનેહગાર છે. બીજા બે ગુનેહગાર નથી. પરંતુ બાકીના બે હરાઇ બીરધા અને ઉમેદ સરદાર તોહોમતમાં બતાવેલા તોહોમતના ગુનેહગાર નથી.પણ બીજાઓની સાથે તેઓ હાજર હતા એવું જ્યુરીમાંના ત્રણ જ્યુરરોએ ઠરાવ્યું. પરંતુ એમ કહેવામાં આવેલું છે કે તેઓ ફકત બખેડા કરવાના કારણસર ગએલા હતા. પણ જ્યુરીએ તેનો અરથ ખુલાશાથી એવો કરેલો છે કે તેઓ કેટલેક દરજ્જે મરનારને શીક્ષા કરવા સારૂ ગયા હતા. પરંતુ તેને મહાવ્યથા કરે તે સારૂ તેઓ ગયા નહીં હતા.

કામની હકીકત નીચે પ્રમાણે છે. મરનારને જમીનદારના લોકોની સાથે બનાવ નહીં હતો. અને તે લોકોમાં આ બે કેદીઓ હતા. તે બે કેદીઓ બીજાઓની સાથે તે મરનારને ઘેર ગયા. અને મરનારને ફોસલાવી બાહાર કાહાડયો અને તેને બે જખમ થએલા છે તેમાં દરેક જખમ તેનું મોત કરવાને બસ હતાં એમ પુરાવ ઉપરથી જણાય છે. તે મરનારને જખમ થયો સાર પછી તે કેટલેક દુર. તે દોડયો અને તે મરનારની પાછળ તે પડી ગયો ત્યાં સુધી બીજાઓની સાથે હરાઇ અને ઉમેદ દોડયા હતા. એમ કેટલાક શાક્ષીઓએ જોએલું છે. વળી જે વખતે મરનારે પોતાના મોત વખતે જે હકીકત કહેલી છે તે કહેતી વખત એક બાદુલ હાજર હતો, તેની રૂબરૂ હરાઇ અને ઉમેદ મારી પાછળ પડવામાં હતા એમ તે મરનારે તેઓનાં નામ દીધેલાં છે. અને શેશન જડજ સાહેબની કોરટમાં તેઓએ જો કે એવી તકરાર કરી છે કે અમે તે જગોએ નહી હતા. તોપણ જ્યારે તેમને પ્રથમ ડીપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યા. ત્યારે તેઓએ કબુલ કરયું હતું કે અમે હાજર હતા પરંતુ તે તોફાનમાં કાંઇ ભાગ લીધો નથી, હરાઇ અને ઉમેદની બાબતમાં જ્યુરીના ઠરાવથી સેશન જડજ સંતોષ નહીં થવાથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે કામની હકીકત હાઇ કોરટમાં મોકલી.

ફરીઆદ તરફથી સરકારી જુનીયર વકીલ બાબુ જગોદાનંદ મુકરજી.

કેદીઓ તરફથી મી૦ જી. ગ્રેગરી સાહેબ.

જસ્ટીસ માર્કબી સાહેબ—હરાઇ અને ઉમેદ એ બે કેદીઓનું કામ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે હાલ અમારી રૂબરૂ છે, તેઓના ઉપર સેશન કોરટની રૂબરૂ એવા તહોમતની તપાસ ચલાવવામાં આવી હતી કે ગેર કાયદે મંડળીના અંગભુતો તરીકે તે મંડળીનો સરખો હેતુ પાર પાડવાને તેઓએ ખુન કરયું છે. આ તોહોમત હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨ અને ૧૪૯ પ્રમાણે રાખવામાં આવ્યું હતું વળી તેઓના ઉપર એવો આરોપ રાખવામાં આવે-

લો હતો કે તેઓએ ગેરકાયદે મંડળીના અંગભુતો તરીકે તે મંડળીનો સ રખો હેતુ પાર પાડવાને તેઓએ બુધીપુરવક મહાવ્યથા કરેલી છે. આ આ રોપ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૨૬ અને ૧૪૯ પ્રમાણે આ તોહોમત રાખેલું છે. તેની સાથે બીજા કેદીઓ ઉપર પણ એજ પ્રમાણે તોહોમત રાખવામાં આવેલાં હતાં. અને આ બે કેદીઓની બાબતમાં જુરીનો ઠરાવ બેઉ તોહોમતો વીશે નીરદોશ ઠરાવેલો હતો. પરંતુ શેશન જડજે જુરીને સવાલ પૂછતાં જવાબમાં તેમણે કહ્યું છે કે આ બે કેદીઓ હરાઈ અને ઉમેદ બીજા કેદીઓ કે જેઓને જુરીએ બીજા તોહોમત બાબત એટલે બખેડો કરયા બાબત ગુનેહગાર ઠરાવેલા છે. તેઓની સાથે હતા. પરંતુ તેઓએ તે ગુનહો કરયો નથી. અને વળી મરનારને મહાવ્યથા કરવામાં તેઓ હાજર નહીં હતા. શેસન જડજે આ બેઉ કેદીઓને નીરદોશ ઠરાવવાનો ઠરાવ લખવાને ના પાડી છે, અને તેમને ઉપર જે બે તોહોમતો કહેલાં છે. તેમાંના બીજા તોહોમત બાબત આ બે કેદીઓને ગુનેહગાર ઠરાવવા સારૂ કામ આ કોરટમાં મોકલેલું છે. હવે અમે કહી શકીએ છીએ કે સરકાર જે રીતીએ ચાલ્યા છે તે રીતી અમારા અભીપ્રાય પ્રમાણે ડહાપણ ભરેલી છે તેથી આ કામમાં તમામ મુશકેલીમાંથી અમે બચી ગયા છીએ. સરકાર જે માગેછે તે બધામાં એટલુંજ માગે છે કે હીંદુસથાનના ફો. કા. ની કલમ ૧૪૩ પ્રમાણે ગુનહાની સાબેતી ઠરાવવી જોઇએ. એટલે કે જે કેદીઓ હાલ અમારી રૂબરૂ છે તે ગેરકાયદે મંડળીના અંગભુતો હતા. આથી એટલુંજ થાયછે કે જે હકીકત વીશે આ બે કેદીઓની બાબતમાં જુરીએ અભીપ્રાય આપેલો છે તે અભીપ્રાયના યોગ્ય પરીણામ પ્રમાણે કરવાને અમારી પાસે માગવામાં આવેલું. શેશન જડજે આ કામ અમારી તરફ મોકલવાને બદલે તે પ્રમાણે લક્ષ રાખ્યું હોત તો તકરારની દરમીયાનમાં મી. જષ્ટીશ મીતરે જેમ બતાવ્યું છે તે પ્રમાણે તેઉ જુરીને બતાવી શકતા હતા કે તેઓ હકીકતની બાબતમાં જે અભીપ્રાય આપેલો છે તેથી હીંદુસથાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૩ પ્રમાણે ખરી રીતે ગુનહો બનેછે અને ફો. કા. ચ. રી.ના કાયદાની કલમ ૪૫૭ પ્રમાણે તેઓ તે કેદીઓને ફોજદારી કાયદાની સદરહુ કલમ પ્રમાણે ગુનેહગાર ઠરાવી શકે છે, તે કેદીઓની બાબતમાં તેઓના અભીપ્રાયમાં આવ્યું કે તે કેદીઓ તેઓના ઉપર રાખેલાં તોહોમતવાળા તમામ ગુનહાના ગુનેહગાર નથી. પરંતુ તે તોહોમતના જે ભાગથી જુદો ગુનહો બનેછે તેના ગુનેહગાર છે. આ કામ એવું નથી કે જેમાં જુરીના નીશ્ચેથી કોઇ રીતે અમારે જુદા પડવાની જરૂર પડે. અમે આ નીશ્ચય મંજુર રાખીએ છીએ અને કલમ ૨૬૩

પ્રમાણે ખરી રીતે અમારો અખત્યાર કેટલો છે. તેની મર્યાદા બાંધવાની જરૂરીયાતમાંથી પણ અમે બચેલા છીએ. કલમ ૨૬૩ પ્રમાણેના આવી જાતના રેફરંસની વ્યવસ્થા કરવા સારૂ આ કોરટની સ્થીતી ગમે તેવી હોય પણ તે વીશે અમે કાંઇ અભીપ્રાય બતાવતા નથી. તોપણ જે કાંઇ ગુનહા બાબત મુકેલાં તોહોમત ઉપરથી જુરી કેદીને ગુનેહગાર ઠરાવી શકતા હતા તે ગુનહા વીશે કેદીને ગુનેહગાર ઠરાવવાને આ કોરટનો હક છે. આ કામમાં જુરીની રૂબરૂ તોહોમત ઘડીને જે રજુ કરવામાં આવ્યું છે તે પ્રમાણે આ કેદીઓને કલમ ૧૪૩ પ્રમાણે તે જુરી ગુનેહગાર ઠરાવી શકતા હતા સબબ બેશક તે અખત્યાર અમારો છે. માટે તે બે કેદીઓ ગેરકાયદે મંડળીના અંગભુતો હતા. અને તેથી તેમણે હીંદુસથાનના ફો. કા. ની કલમ ૧૪૩ પ્રમાણે સીક્ષા કરવા લાયક ગુનહો કરેલોછે. સબબ અમે ફરમાવીએ છીએ કે છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી.

ફોજદારી અપીલ.

તા૦ ૯ જાન્યુએરી સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઇન્સલી તથા મી૦ જસ્ટીસ મેકડોનલ સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ થાકુર દયાલશીંગ વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૫૩૦—અર્થાથ કબજો—દરમીયાન કબજેદારો.

બે બરોબરી કરનારા જમીનદારોની વચમાં તકરારી કબજાના કામમાં દરમીયાન કબજેદાર (ઠીકેદાર) ને રઇયત સાથે આપે તેથી અરથાથ કબજો એવી રીતે થતો નથી કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૦ મીના હેતુ પ્રમાણે તે કબજો થાય.

પાનું ૩૨૦ નીચેની હકીકત ઉપરથી આ રેફરંસ હાય કોરટમાં કરવાને ઉતપન થયું છે:—એક બાજુ તરફથી શીધુશીંગ અને કાશાશીંગ તથા બીજી બાજુ તરફથી દીરગોપાલશીંગ અને ઠાકુરશીંગની વચમાં એક સરખા જમીનદારો તરીકે અમુક ગામોના હીસ્સા બાબત તકરારો ઉતપન થઇ છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૧ મી પ્રમાણે છ માસ શુધી સુલેહનો ભંગ નહી કરવા સારૂ દરેક પ્રકારના મુચરકા ડીપુટી માજીસ્ત્રેટે લીધેલા હતા. સીંધુશીંગ તથા કાસાશીંગે જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરી. તેઉ સાહેબે ડીપ્યુટી માજીસ્ત્રેટનો હુકમ મંજુર રાખી એવી સુચના કરી છે કે આ કામ તકરારી કબજાનુંછે, માટે

તેની વ્યવસ્થા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૦ મી પ્રમાણે વ્યવસ્થા થઇ શકે છે. તેથી આ કલમ પ્રમાણે ડીપ્યુટી માજીસ્રેટે કામ ચલાવવાને શીરૂ કરયું. તે ગામોની તકરારી જમીન શીધી રીતે તે જમીનદારોના કબજામાં નહી હતી. પરંતુ ટીકકા ઇયાને દરમ્યાન કબજેદારને રઇયત સાંથ આપે છે. ડીપુટી માજીસ્રેટે દરગોપાળ અને ઠાકુર દયાલના દાવા વીરૂધ ઠરાવ કરયો. અને તેથી તેઓએ જીલા માજીસ્રેટને અપીલ કરી છે અને તેમણે તે બાબત હાય કોરટમાં પુછેલુ છે.

અપીલવાળાઓ તરફથી બાબુ ગોપાલલાલ મીત્તર અને બાબુ આનંદ ગોપાલ પાલીત.

કોરટનો ફેંસલો જસ્ટીશ એઇન્સલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—(તેઉ સાહેબે આ રીપોટના કારણુસર જે કારણો અગત્યનાં નથી તેમની વ્યવસ્થા કરી કહયું છે કેઃ—) આ શીવાય પણ એક બીજું કારણ છે તેથી તે હુકમ રદ કરવોજ જોઇએ. તે માજીસ્તરેના જે હુકમથી ડીપ્યુટી માજીસ્રેટને તે કામમાં ખુલાસો પુછવામાં આવેલો છે. તેમાં એમ કેહેવામાં આવેલું છે કે તે હુકમમાં જે ત્રીસ ગામો છે તેમાંના છવીસ ખરી રીતે ટીકાના કબજામાં છે. ડીપોટી માજીસ્રેટે પોતાના જવાબમાં અમુક ગામો તીકાદારના કબજામાંછે તે વાત ઇનકાર કરતા નથી. પરંતુ તે તકરાર કરેછે કે તકરારી પક્ષકારોની વચમાં સાંથ વસુલ કરવા વીશેની તકરાર છે. માટે ખાસ અને ટીકાના કબજાવાળા તમામ ગામોના મઝીઆરા કબજા શબંધીના શવાલનો નીરણ્ય કરવાની જરૂર છે તેથી દેખીતી રીતે તેઉનો હેતુ એવો છેકે તે ગામો ખાસ હોય કે પટે આપ્યાનો હોય પરંતુ તમામના કબજા વીસે નકી કરેવું જોઇએ. બેશક એવું ઠરાવવામાં આવ્યું છે કે શાંથ રઇયત પાસેથી સીધી રીતે વસુલ કરવા વીશેના જમીનદારો વચ્ચેના શવાલોનો વીચાર માજીસ્રેટ કરી શકે છે. અને શાંથ વસુલ કરવાનો આ હક તે કલમ ૫૩૦ મીના હેતુ પ્રમાણે ખરી રીતે કબજો છે. એવું ઠરાવવામાં આવેલું છે. પરંતુ જ્યારે દરમીયાન કબજેદાર રઇયત પાસેથી શાંથ લે છે. ત્યારે તે ઠરાવ લાગુ નથી, શબબ એક અગર બીજા જમીનદારની પાસે તમામ ગામોનો કબજો સીધી રીતે નથી. પરંતુ પટે રાખનારાઓની પાસે છે. તેથી ડીપોટી માજીસ્તરેટનો હુકમ બરોબર નથી એ ખુલ્લુ છે. તે ગામો છવીશ હોય કે ઓછાં હોય તે અગત્યનાં નથી. આ કામના કાગળો ઉપરથી કીયાં ગામો પટે આપેલાં છે ને કીયાં નથી આપેલાં. તે જણાતું નથી. માટે ડીપોટી માજીસ્તરેટના હુકમનો અમુક ભાગ અમે રદ કરી શકતા નથી.

અમારી રૂબરૂ ફકત શવાલ એવોછે કે અમારે તેમનું પ્રોસીડીંગ તમામ રદ કરવું જોઇએ કે વધારે તપાસ કરવાને અમારે ફરમાવવું જોઇએ.

તમામ હકીકત ઉપરથી અમારી નજરમાં આવેછે કે હાલના પ્રોસીડીંગ ઉ- પરથી વધારે તપાસ કરવાની કાંઇ જરૂર નથી. તે પ્રોસીડીંગ અસલ જી- લ્લા માજીસ્ત્રેટની સુચના ઉપરથી ઉત્પન્ન થએલું છે. અને તે પ્રોસીડીંગ ચાલ્યું ના હોત તો કલમ ૫૩૦ પ્રમાણે પેટા ટુંકડીના અમલદાર કાંઇ કા- મ ચલાવત નહીં. તેઉતો સુલેહનો ભંગ નહી કરવાને બેઉ પક્ષકારોના મુચરકા લીધેલા તેથી સંતોશ થએલા હતા તેઓની નજરમાં અયોગ્ય લા- ગેતો હજુ તેઉ તપાસ કરી શકેછે. અને જો તેમને એવી ખાતરી થતી હોય કે કલમ ૫૩૦ પ્રમાણે કામ ચલાવ્યા વીના સુલેહનો ભંગ થવાની દે- શત છે તો તેઉ ફરીથી કામ ચલાવી શકે છે. પરંતુ જો કલમ ૫૩૦ પ્ર- માણે તેમની નજરમાં કાંઇ નવુ કામ ચલાવવાને યોગ્ય લાગે તો તેમને એવું ખુલ્લી રીતે નક્કી કરવાની જરૂર પડશે કે જે ગામો અગર ગામોના ભાગો એક અગર બીજા પક્ષકારના પોતાના કબજામાં નથી તે ગામો અગર ગામોના ભાગો ઠેરાણે રાખી કીઆ ગામો અગર ગામોના ભાગોને તે તજવીજ લાગુ કરવી.

ફુલબેંચ.

તા૦ ૧૮ ફેબરૂવારી સને ૧૮૭૯

સર રીચર્ડ આર્થ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ કેમ્પર મી. જષ્ટીશ એલ. એસ. જાકશન, મી૦ જષ્ટીશ માર્કબી અને મી૦ જષ્ટીશ એઇનસલી. સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ બઇદનાથદાશ.

દંડ અને જપતીની શીક્ષા કરવા લાયક ગુનહો—સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૯—સંક્ષેપ રીતે તપાસ કરવા લાયક ગુનહાઓ સમન્સના કામો—શીક્ષાનો હુકમ—ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૪—૮—૧૪૮—૧૪૯—અને ૨૨૨

સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૯ પ્રમાણેનો ગુનહો ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૨૨ પ્રમાણે સક્ષેપ રીતે તપાસ કરવા લાયક છે માટે કલમ ૪૯ પ્રમાણે જે માલ જપ્ત કરવામાં આવે છે તે ગુનહાની સાબેતીના ઠરાવનો ફકત પરીણામ છે. અને ગુનહાની શીક્ષાનો ભાગ નથી.

પાનુ ૩૬૬ સને ૧૮૫૬ ના આ. ૨૧ની ક. ૪૯ પ્રમાણે રંગપુરના જોઇંટ માજીસ્ત્રેટે કેદીએ ગેરકાયદે ગાંજો કબજામાં રાખ્યો. એમ તેને ગુનેહગાર ઠરાવી તેના રૂ ૧૦૦) દંડ અથવા તે આપવામાં કશુર કરવામાં આવે તો એક માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી

છે. શેશન જડજે જદુનાથશાનો ઠરાવ જોઇ એવો અભીપ્રાય બાંધ્યો કે તે હુકમ કાયદાસર નથી. કારણુ કે જોઇંટ માજીસ્ત્રેટને તે કામની તપાસ સંક્ષેપ રીતે કરવાને અગર સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવાને અખત્યાર નથી. તેથી તેઉ સાહેબે સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે આ કામમાં રેફરંસ કરેલું છે.

હાઇ કોરટે (જષ્ટીશ માર્કબી અને જષ્ટીશ પ્રીનસેપ સાહેબો) ઠરાવ્યું કે સખત મજુરી સાથે કેદની સીક્ષાનો હુકમ કાયદા વીરૂધ છે. તેથી તે વીશે તે હુકમ દુરસ્ત કરયો પણ તે ગુનહા વીશે સંક્ષેપ તપાસ થઇ શકેછે કીવા નહી એ સવાલ નીચેના લખાણુ સાથે "ફુલબેંચ-ને પુછયોઃ--

જષ્ટીશ પ્રીનસેપ સાહેબ (જષ્ટીશ માર્કબી સાહેબ મળતા આવ્યા) અમારે નીરણય કરવાની જે બાબત રહેછે તે, એ છે કે સને ૧૮૫૬ ના આક્ટ ૨૧ ની કલમ ૪૯ પ્રમાણેના ગુનહાની તપાસ ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૨૨ પ્રમાણે સંક્ષેપ રીતે થઇ શકે છે કીંવા નહી.

જે શીક્ષાના ઉપર આ ગુનહાનો આધાર છે તેનુ વરણન એવી રીતે કરવામાં આવ્યું છે કે આવા દરેક ગુનહા બાબત ગુનેહગારનો રૂ ૨૦૦) સુધી દંડ કરવામાં આવશે. વળી એમ કહેવામાં આવ્યું છે કે "અને દ૦ ૩ વીગરે કેફની ચીજો તેના વાહનો તથા દાગીના તથા જે ઢાંકણુમાં હોય તે ઢાંકણો અગર જે જાનવર અગર વાહનોથી તે લેઇ જવામાં આવે તે તમામ જપ્ત કરવા લાયક છે."

તે કાયદાની કલમ ૨૨૨ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે જીલા માજીસ્ત્રેટ અમુક ગુનહાઓની સક્ષેપ રીતે તપાસ કરી શકેછે અને આ ગુનહાઓમાં આ કાયદાની કલમ ૧૪૮ માં બતાવેલા ગુનહાઓ આવી જાય છે. તે કાયદાની કલમ ૪ માં આવા ગુનહાઓનું વરણન સમન્સના કામમાં એવું કહેલું છે. માટે વાખ્યા જુઓ.

૧૪૮ જયારે જયારે આ બાબના કારણ સારૂ કાંઇ સ્થાનીક ચોક-શી કરવાની જરૂર હોય ત્યારે તે ચોકશી કરવાને પોતાના તાબા માંહેના હરકોઇ માજીસ્ત્રેટને મોકલવાને તથા તેણે શીરીતે ચોકશી કરવી તે બાબત માં તેની સમજુતી થવા સારૂ જરૂર જણાય તેવો લખેલો હુકમ ચાલું ક-રવાનું ધોરણુ રાખીને તેને કરવાને અને ચોકશી કરવાનો જરૂરનો સઘળો ખરચ અથવા તેમાંનો કોઇ પણ ભાગ કોણે આપવો તે ઠરાવવાને હર-કોઇ જીલા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

આ બાબ પ્રમાણે ચલાવેલાં કોઇ કામમાં કોઇપણ પક્ષકારને સા-હેદોની અથવા પ્લીડરોની અથવા એ બંનેની ફી બાબત કાંઇ ખરચ

થયો હોય ત્યારે તે ખરચ કોણે આપવો, સદરહુ પક્ષકારે આપવો કે તે કામના બીજા કોઇ પક્ષકારે આપવો તે, અને તે ખરચ સઘળો આપવો કે થોડો આપવો કે ફાળા પડનો આપવો તે ફરમાવવાનો અધીકાર ૧૪૫ મી અથવા ૧૪૬ મી અથવા ૧૪૭ મી કલમ પ્રમાણે ઠરાવ કરનારા માજીસ્ટ્રેટને છે, જે ખરચ આપવાનું એ પ્રમાણે ફરમાવ્યું હોય તે સઘળો ખરચ જાણે દંડ હોય એવી રીતે વસુલ કરવાનો અધીકાર છે.

તેથી ફકત જે ગુનાઓ ફકત દંડની શીક્ષાને અગર છ માસથી વધારે નહી એવી કેદની શીક્ષાને પાત્ર હોય તે ગુનાઓ ઉપર કલમ ૨૨૨મી બતવવામાં આવીછે તેની રકમ ૧ લી પ્રમાણે સંક્ષેપ રીતે તપાસવા લાયકછે.

સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૯ પ્રમાણેનો ગુનો ફકત દંડની શીક્ષા કરવા લાયક છે કે કેમ અથવા ગુનાની સાબેતી ઠરાવ્યા પછી માલ જે જપ્ત કરવામાં આવે છે તે સીક્ષાનો એવી રીતે ભાગ થાયછે કે જેથી તપાસ કરવાની રીતી જે પસંદ કરવાની તે વીસે ગુનાહના રૂપમાં ફેરફાર થાય કે શું.

આ કોરટના બે રીપોટ કરેલા ઠરાવો ખેતર મોહન ચોરંગી અને જદુનાથ શાહાના છે તેમાં ઠરાવવામાં આવ્યું છે કે આવાં કામો સમન્સનાં કામો નથી. માટે તે શંક્ષેપ રીતે તપાસ કરવા લાયક નથી. કારણ કે તે ફકત જપ્ત તથા દંડની સીક્ષા કરવા લાયક છે.

આ ઠરાવોના ખરાપણા બાબત અમને ભારે શક છે, અને તે શક આ કોરટના જે જડજ ફકત હાજર છે. તેમને પણ પડેલો છે અને તેઓ તે ઠરાવો કરવામાં સાંમેલ હતા. એમ અમે કહીએ છીએ, અમને એવું જાહેર કરવામાં આવ્યું છે આ ઠરાવોમાં જે નીયમ ઠરાવવામાં આવેલો છે, તેની ઘણું કરીને અજ્ઞાનતાથી આવી જાતના ગુનહાઓની તપાસ સંક્ષેપ રીતે માજીસ્ટ્રેટો હમેશાં કરેછે. માટે તે બાબત આ કોરટના ફુલબેંચનો આધાર સાથે ઠરાવ થવાને મોકલવાને અમે દુરસ્ત ધારીએ છીએ.

અમારી નજરમાં આવે છે કે આવા ગુનાની તપાસ સંક્ષેપ કામ તરીકે સંક્ષેપ રીતે નીચેના કારણોથી થઇ શકે છે અને તે કારણો અમે બતાવીએ છીએ. કારણ કે પક્ષકારો તરફથી કોઇ હાજર થએલું નથી- માટે વકીલો તરફથી કાંઇ તકરાર થવાનો સંભવ નથી.

ગુન્હાઓની તપાસમાં કામ ચલાવવાની રીતી બાબત તે કાયદામાં ત્રણ વરગો કરેલા છે.

કલમ ૧૪૮ માં સમન્સના કામોની વાખ્યા બતાવેલી છે. કલમ ૧૪૯ માં વારંટના કામોની વાખ્યા બતાવવામાં આવેલી છે. કલમ ૪ માં

શેસનના કામો અથવા શેશન કોરટમાં તપાસવાની વાખ્યા કરવામાંઆવેલીછે.

સને ૧૮૬૫ ના આકટ ૨૧ ની કલમ ૪૯ પ્રમાણેનો ગુનો જો સમન્સનું કામ ના હોય તો તે વારંટનું અગર શેશનનું કામ થવું જોઇએ. અને સમન્સના કામની સ્થીતીમાં તે આવવા બાબત ગમે તે અભીપ્રાય બતાવી શકાય પરંતુ બીજા બે વરગોમાંથી એકેમાં તે આવી શકતું નથી એ ખુલ્લું છે. આવા ગુનાની બાબત તપાસ કરવાને ખાસ રીતી ઠરાવવામાં આવી નથી. માટે આવા કામો કાયદા કરનારાઓને જોવાં રહી ગયાં છે. એમ ધારવું મુસ્કેલ છે.

આ મુસ્કેલીનું યોગ્ય રીતે સમાધાન એવું જણાય છે કે તે કાયદાના હેતુ પ્રમાણે માલ જપ્ત કરવામાં આવે તેથી તે એવી રીતની શીક્ષા થતી નથી કે જેથી તપાસની રીતીને હરકત થાય.

એમ કહી શકાય છે કે શીક્ષાનો હુકમ તે જે શીક્ષા કરવામાં આવી હોય તે ઠરાવવા બાબતનો છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૦ મીમાં સીક્ષા કરવા સબંધી માજીસ્તરેટોના અખત્યાર બતાવવામાં આવેલા છે. અને તે અખત્યારોની કેદ, દંડ. અને ફટકાની બાબતમાં મરીયાદા રાખવામાં આવેલી છે. આવી શીક્ષા બાબતના ફક્ત વીચારથી તપાસની જુદી જુદી રીતો કાયદામાં ઠરાવવામાં આવી છે અને જો કે ખાસ અગર રેવન્યુ કાયદા પ્રમાણે કોઇ ગુનાની શાબેતી ઠરાવવા ઉપરથી અમુક માલ જપ્તી કરવાને ઠરાવ કરી શકાય છે. પરંતુ તે માલ જપ્તી થવાથી કાયદામાં એવું વીચારવામાં આવેલું નથી કે તે શીક્ષાના હુકમનો ભાગ થાય. અગર ગુનાહના પ્રકારને અથવા તપાસની રીતીને તેથી હરકત થાય.

વળી અમારા જોવામાં આવે છે કે તે કાયદાની કલમ ૮ માં સ્થાનીક અગર ખાસ કાયદા પ્રમાણેના ગુનાની તપાસ વીશે ઠરાવ કરતાં કહેલું છે કે કોઇ કોરટ પોતાના અખત્યાર બાહાર કોઇ શીક્ષાનો હુકમ કરવો નહીં. અને ગુનેહગાર ઠરાવેલા સખસોને શીક્ષાનો હુકમ કરવા સબંધીમાં માજીસ્ટ્રેટના અખત્યાર બાબત કલમ ૨૦ મીમાં બતાવવામાં આવેલું છે. અને તે આગળ કહયા પ્રમાણે ત્રણ પ્રકારની શીક્ષાઓ એટલે કેદ, દંડ અને ફટકા સબંધીજ ફક્ત છે. તોપણ સને ૧૮૫૬ ના આકટ ૨૧ પ્રમાણે અને વળી નીમકના આકટ પ્રમાણે માલ જપ્તી કરવાને માજીસ્તરેટ હુકમ કરી શકેછે.

આવી હકીકત છતાં એમ ઠરાવવાને અમારી મરજી થાય છે કે ફો. કા. ચ. રીતના કાયદા પ્રમાણે જપ્તી કરવાનો હુકમ એ શીક્ષાના હુકમનો ભાગ નથી. અગર શીક્ષા નથી પણ ગુનાહની શાબેતીના ઠરાવના પરીણામમાં તે થાય છે.

જે સવાલ પુછવામાં આવેલો છે તે આ રેફરંસની પેહેલી કલમમાં બતાવેલો છે. જો તે સવાલનો જવાબ હાકારમાં થાય તો ગુનાહની શાબેતી નો ઠરાવ કાયમ રહે જો જવાબ નાકારમાં થાય તો ગુનાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ જપ્તીના હુકમની સાથે રદ થાય છે. અને નવો તપાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ફુલબેંચની રૂબરૂ કોઇ પક્ષકાર હાજર થયો નથી

ફુલબેંચનો ઠરાવ ચીફ જસ્ટીસ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારા અભીપ્રાયમાં ખુલ્લું આવે છે કે સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૪ પ્રમાણેના ગુનાહની તપાસ ફો. કા. ચ.ની રીતના કાયદાની કલમ ૨૨૨ પ્રમાણે સંક્ષેપ રીતે થઇ શકે છે.

કલમ ૪૪ માં માલ જપ્ત કરવા બાબત જે ઠરાવ કરવામાં આવેલો છે તે ગુન્હાની સાબેતીનો ફકત પરીણામ છે અને ગુન્હાની શીક્ષાનો કાંઈ ભાગ થતો નથી. ખેતર મોહન ચોરંગીના કામનો ઠરાવ અમને બતાવવામાં આવેલો છે. તેમાં અમારા જોવામાં આવે છે કે જે શવાલ વીશે નીરણય કરવાને અમને ફરજ પાડવામાં આવી છે તે તકરાર કરયાવીના સરકારી વકીલે છોડી દીધેલો હતો. અને બીજા કામમાં વિદ્વાન જડજે પેહેલા કામમાં કરેલા ઠરાવ પ્રમાણે ફકત ચાલેલા છે. તેથી આ બાબતનો ખરી રીતે વીચાર પ્રથમ આ પ્રસંગે કરવામાં આવેલો છે એમ જણાય છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ મી જાન્યુઆરી સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઇનશલી અને મી૦ જસ્ટીશ મ્યાકડોનલ સાહેબોની રૂબરૂ

મીચલની ફરીઆદ તરફથી કેસરેહીંદ વીરૂધ જુગેસર મોચી.

સરકાર ચલણી નોટ, તેની ચોરી—અસલ માલેકનો હક—અપીલ કરવા લાયક હુકમ—ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૪૧૮ અને ૪૧૯—ચલણી નોટ વટાવવી—વેચાણ કરાર આકટની કલમ ૭૪—૭૬ અને ૧૦૮

અ પાસેથી એક સરકાર ચલણી નોટ ચોરવામાં આવેલી તે **બ** એ શુધ અંતઃકરણથી **ક** ને માટે તેનાં નાણાં આપ્યાં **ક** ને ચોરીના ગુ

ન્હેગાર ઠરાવવા ઉપરથી માજીસ્ટ્રેટે તે નોટ ब ને આપવાનો હુકમ કર્યો. अ એ શેસન જડજને અપીલ કરી પણ તેમના અભીપ્રાયમાં આવ્યું કે ફો. કા. ચ. રી. કાયદાની કલમ ૪૧૯ પ્રમાણે તેમાં હાથ ઘાલવાને અપીલ કોરટ તરીકે અમને અખત્યાર નથી. પરંતુ તેમણે તે કામ હાયકોરટનો હુકમ થવા સારૂ મોકલ્યું.

ઠરાવવામાં આવ્યું કે ફો. કા. ચ. રી. કા. કલમ ૪૧૯ પ્રમાણે તે જડજ તે કામનો નીકાલ કરી શકે છે અને તે કલમમાં અપીલ શબ્દ છે તે અવશ્ય કરીને જે કોરટની રૂબરૂ અપીલ ચાલું હોય તેનેજ ફકત લાગું છે એમ નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે કરાર આકટની કલમ ૭૬ લાગુ થતી નથી. કારણ કે ચલણી નોટ વટાવવાથી વેચાણનો કરાર થતો નથી. અને તે નોટ પ્રમાણીકપણે ब ના હાથમાં આવી હતી. માટે માજીસ્ટ્રેટનો હુકમ બરોબર છે.

પાનું ૨૭૯ આ કામની હકીકત શેશન જડજે રેફરંશથી યાદી લખેલી છે તે ઉપરથી પુકત રીતે જણાય છે તે યાદી નીચે પ્રમાણે છે.

"ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૧૮ પ્રમાણે જોઈંટ માજીસ્ટ્રેટે હુકમ કરેલો કે રૂ ૧૦૦ ની ચલણી નોટ કયાપટન મીચલની ચોરા એલી માલમ પડેલી તેથી તેના ચોરને ગુન્હેગાર ઠરાવતાં સખવચંદરપોદર કે જેને ત્યાંથા ચોરે વટાવેલી તેને આપવાને હુકમ કરેલો છે. અને કાંઇ અસલ માલેકને આપવાનો કરેલો નથી. તેથી હુકમ બરોબર નથી, તે વીશે આ અરજી કરવામાં આવેલી છે. જયારે પેહેલવેહેલી આ અરજી મને કરવામાં આવી ત્યારે કલમ ૪૧૯ ના શબ્દો ઉપર લક્ષ આપતાં મારા વીચારમાં આવ્યું કે અરજદારને અપીલ કરવાનો હક છે પરંતુ ફરીથી વીચાર કરતાં ફકત આવા હુકમ ઉપરથી અપીલ ચાલતી નથી એવો મારો અભીપ્રાય થયો છે. ફકત કલમ ૪૧૮ પ્રમાણેના હુકમ ઉપર અપીલ કરવા દેવાને કાયદાનો કોઇ ખુલ્લો ઠરાવ નથી. માટે કલમ ૨૮૬ પ્રમાણે અપીલ સાંભળી શકાતી નથી એમ જણાય છે. કલમ ૪૧૯ ના શબ્દો ઉપરથી એમ જણાય છે કે જે કામમાં ગુન્હાની સાબેતીના ઠરાવ અગર નીરદોશના ઠરાવ ઉપર અપીલ કરવામાં આવી હોય તેને તે લાગુ થાય છે. અને કલમ ૪૧૮ પ્રમાણેનો હુકમ તે આવા હુકમનો ભાગ અગર પરીણામ છે. માટે અપીલ કોરટ અગર રેફરંશ અગર ફરી તપાસ કરનાર કોરટ કે જેમને તે હુકમ બંધ પાડવાને અગર તેમાં દુરસ્ત કરવાને અગર તેમાં ફેરફાર કરવાને અગર તે ફેરવવાને અખત્યાર

હોય છે, તેમના વીચારમાં તે આવે છે. કાયદાનો આ પ્રમાણે વીચાર કરતાં જે અરજી મને કરવામાં આવી છે તે કલમ ૪૧૮ પ્રમાણે જે બાબતની બ્યવસ્થા કરવામાં આવી છે, તે બાબત સબંધી ફકત છે. માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે અપીલ કોરટ તરીકે હાથ ઘાલવાને અમે મુખત્યાર નથી. પરંતુ અમારો એવો અભીપ્રાય વળી થએલો છે કે તે જોઇંટ માજીસ્ત્રેટનો તે હુકમ કાયદા વીરૂધછે સબબ હાયકોરટનો હુકમ થવા સારૂં આ કામ અમે મોકલીએ છીએ.

"પુરાવ છે તે પ્રમાણે પોદરના ત્યાંથી તે ચોરે શદરહુ ચલણી નોટ ત્યાંથી વટાવી તેથી તે પોદરનાં પ્રમાણીકપણા વીશે શક રાખવાને કાંઈ કારણ નથી. શવાલ માત્ર એટલો છે કે તે નોટના જે અસલ માલેક પાસેથી તે ચોરવામાં આવેલી તેના વીરૂધ પોદર પાસે તે રાખવાની પરવાનગી આપવી જોઇએ કે નહીં. અમારી નજરમાં આવે છે કે આ બાબતની માજીસ્ટ્રેટ યોગ્ય રીતે બ્યવસ્થા કરી શકે છે. પરંતુ જોઇંટ માજીસ્ત્રેટે કરેલો હુકમ જો કે ઇંગલાંડના કાયદાના નીયમો પ્રમાણે છે. તોપણ કરાર આકટની કલમ ૧૦૮ પ્રમાણે નથી. ચલણી નોટ તે આકટની કલમ ૭૬ માં બતાવેલી વાખ્યા પ્રમાણે બરોબર છે. એમ જણાય છે. માટે આ કામ કલમ ૧૦૮ મી ના દ્રષ્ટાંત અ માં બતાવેલાં કામ જેવું છે.

"તોપણ આપણા કાયદા વીશે સાલમના કલેકટરના કામમાં જુદો વીચાર કરેલો જણાય છે તે કેહેવું હું દુરસ્ત ધારૂંછું, પરંતુ તે કામમાં ફકત સરકારની સ્થીતીનો વીચાર કરવાનો હતો અને ફેંસલો એવા કારણથી આપેલો જણાય છે કે કાયદા પ્રમાણે સરકાર તીજોરીનો અમલદાર ચલણી નોટનાં નાણાં આપવાને બંધાએલો હતો. અને તેથી તે પ્રમાણે ચોરાએલા નોટનાં નાણાં આપવામાં આવે તો તે બાબત કોઈના દાવા વીરૂધ સરકારનું રક્ષણ કરવામાં આવેલું છે. આ કામમાં પોદરને તેવું કાંઇ બંધન નહીં હતું માટે જે સખસની પાસેથી તે નોટ ચોરવામાં આવેલું છે, તેને આપવા વીશે પોદરને ફરમાવવું તેથી કાંઇક ગેરવ્યાજબી થાય છે. તોપણ અમારા અભીપ્રાયમાં આવે છે કે તે હીંદુસ્થાનના આપણા કાયદા પ્રમાણે છે સબબ નામદાર હાયકોરટનો હુકમ થવા સારૂં તે કામ હાયકોરટમાં મોકલવાને હું બંધાએલોછું એમ મને લાગે છે."

આ રેફરંશની સુનાવણી વખત કોઈ હાજર થયું નથી. અને કોરટનો ફેંસલો જસ્ટીશ એઇનસ્લી સાહેબે નીચે પ્રમાણે આપ્યો છેઃ—

અમારી નજરમાં આવે છે કે આ કોરટને રેફરંશ કરયા શીવાય ક્રીં૦ કા૦ ય૦ રી૦ ના કાયદાની કલમ ૪૧૯ પ્રમાણે શેશન જડજ આ

કામનો નીકાલ કરી શકત.

તે કલમમાં અપીલ કોરટ એવા શબ્દો છે તે અવશ્ય કરીને તે વખતે જે કોરટની રૂબરૂ અપીલ હોય તેનેજ અવશ્ય કરીને લાગુ હોય એમ નથી. જે પ્રમાણે આ કામમાં છે તે પ્રમાણે વારંવાર એમ બની શકે કે કોરટની રૂબરૂ રજુ કરેલી કોઇ મીલકતની વ્યવસ્થા બાબત કલમ ૪૧૮ પ્રમાણે હુકમ કરવામાં આવેલો હોય તે હુકમની યોગ્યતા વીશેનો ઠરાવ કોઇ રીતે ગુન્હેગાર ઠરેલા સખશની સાથે નીસબત રાખતો નથી. માટે અમારી નજરમાં આવે છે કે કલમ ૪૧૯ નો એવો ગેરવ્યાજબી હુકમ કરયો થાય. કે જો બીજા સખશે અપીલ કરી હોય તો જડજને તે દુરસ્ત કરવાને, ફેરવવાને, અને તે રદ કરવાને, અખત્યાર છે. અને જો તે અપીલ કરવાને પસંદ ના કરે તો નથી.

આ આકટોમાં જે કામો બતાવેલાં છે તે શીવાય એવા શબ્દો કલમ ૨૮૬ માં છે તેથી માજીસ્ત્રેટના હુકમમાં જે કામનાં ફેરફાર કરવાના હોય અગર તે રદ કરવાનો હોય તે કામોનો તેમાં સમાસ થવો જોઇએ.

વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કામમાં અમારે હાથ ઘાલવાની જરૂર નથી. રેફરંસના હુકમમાં એમ કબુલ કરવામાં આવ્યું છે કે પોદરને માજીસ્ત્રેટે તે નોટ પાછું આપ્યું છે, અને પોદરના હાથમાં તે પ્રમાણીકપણે તે આવેલું હતું. શેશન જડજે હીંદુસ્થાનના કરાર આકટની કલમ ૧૦૮ અને તેજ આકટની કલમ ૭૬ માં માલની વાખ્યા બતાવવામાં આવી છે તે બતાવેલી છે. પણ તે અમુક બાબના કારણસર તેમાં વેચાણના કરારોની વ્યવસ્થા કરવામાં આવી છે અને તે બાબત તે શબ્દની વાખ્યા કરવામાં આવેલી છે.

તે બાબતો વીશે અમારી રૂબરૂ તકરાર કરવાને કોઇ હાજર થયું નથી, હાલ જેવી સલાહ મળેલી છે તે પ્રમાણે અમારા અભીપ્રાયમાં આવે છે કે કરાર આકટના તે ઠરાવો આ કામને લાગુ થતા નથી, સરકાર ચાલણી નોટ નાણાં તરીકે આપવામાં આવે તે જેમ માલ લેઇને નોટ આપવામાં આવે તેના કરતાં કાંઇ વધારે તે નોટનું વેચાણ નથી. આ કામમાં સને ૧૮૭૧ ના આકટ ૩ ની કલમ ૧૫ પ્રમાણે નોટમાં બતાવેલાં નાણાં આપવાને બદલે નોટ આપેલી છે. કરાર આકટની કલમ ૭૭ માં વેચાણની જે વાખ્યા કરવામાં આવી છે તે એવી છે કે કીમત લેઇ મીલકત આપવી. પરંતુ આ તો એક રીતે જેમ નાણાંને બદલે નાંણું આપવામાં આવે છે તેમ તે નાણાંનો અદલો બદલો છે તેમાંથી ગમે તે રીતે નાણાં આપવામાં આવે માટે તે એક બીજાની કીમત છે એમ

કહી શકાતું નથી. જો અમારે કરાર આકટની કલમ ૭૬ મી જોવી હોય તો તે કલમ ૭૭ સાથે વાંચવી જોઇએ, અને પાછલી કલમ ઉપરથી જણાય છે કે તે આકટના ઠરાવો આ કામને લાગુ થતાં નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ ફેબ્રવારી સને ૧૮૭૮.

મી૦ જષ્ટીશ એલ. એસ. જ્યાકસન, અને મી૦ જસ્ટીશ કનીંગહામ સાહેબોની રૂબરૂ.

જોહારૂડી સેખ હુમાતુલાની ફરીઆદ ઉપરથી કેસરેહીંદ.

ફોજદારી કામ ચલાવવાના રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૨૧૫—ફરીઆદ તરફનો પુરાવ—શાક્ષીઓની તપાસ.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે તોહોમતવાળાને માજીસ્ટ્રેટ છોડી દે તે પેહેલાં માજીસ્તરેટે તમામ સાક્ષીઓ તપાસવા જોઈએ. અને ફરીઆદ તરફથી જે સાક્ષીઓ લેવામાં આવેલા હોય તે સાક્ષીઓની કહેલી મતલબનાજ બીજા શાક્ષીઓ હોય તેટલાંજ ફકત કારણથી તે બીજા સાક્ષીઓને તપાસવાને માજીસ્તરેટે ના કહેવી નહીં જોઇએ.

પાનું ૩૮૯ આ કામમાં ફરીઆદી જુહારડીએ એક બીજા શખશ ઉપર જબરાઇથી પાડી કાપ્યા બાબત આરોપ રાખેલો હતો. જે ડીપોટી માજીસ્ટ્રેટ તરફ તે કામ મોકલવામાં આવેલું તેમણે જમીનના કબજા તથા તકરારી કરશણ બાબત પુરાવ લીધો. ફરીઆદીએ ચાર સાક્ષી રજુ કરયા. તેમાંથી ડીપોટી માજીસ્ટ્રેટે ફકત બે તપાસ્યા. કારણ કે બાકીના બે સાક્ષીઓ પ્રથમ તપાસેલા બે સાક્ષીઓએ કહેલી ફકત હકીકત જાણનારા છે. ડીપોટી માજીસ્ત્રેટે બેઉ પક્ષકારોની તકરારો સાંભળી ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે તોહોમતવાળાને છોડી દીધો. કારણ કે ફરીઆદ તરફના પુરાવ ઉપરથી ફરીઆદી તેવો બેત કરેલો હતો. એમ સાબેત સ્પષ્ટ રીતે થએલું નહીં હતું.

માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું કે બીજા બે સાક્ષીઓ તપાસવા જોઇતા હતા, તેથી ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે તે કામ હાયકોરટમાં મોકલ્યું.

તે રેફરંશની સુનાવણી વખતે કોઈ હાજર થએલું નથી અને કોરટનો ફેંસલો જસ્ટીશ. જયાકશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

હીં. ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે ફરીઆદ તરફના તમામ સાક્ષીઓને સાંભળવાને તે દીપોટી માજીસ્ત્રેટ બંધાએલા હતા. માટે અમે ફરમાવીએ છીએ કે તેમણે તે પ્રમાણે કરવું. અને પછી પુરાવ ઉપરથી તેમની નજરમાં જે લાગે તે પ્રમાણે કામમાં હુકમ કરવો.

—— ❖ ——

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ ફેબ્રવારી સને ૧૮૭૮.

મી૦ જસ્ટીશ એલ. એશ. જયાકસન અને મી૦ જસ્ટીશ કનીંગહામ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ અમીરૂદીન.

પીનલકોડની કલમ ૨૧૭—૨૧૮ ગુન્હો થયો છે તે વીશે પુરાવ:—

પીનલકોડની કલમ ૨૧૭ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવાના કારણશર તોહોમતવાળાએ જાણીબુજીને સરકારી નોકર તરીકે જે રીતે પોતે ચાલવાનું. તે બાબતમાં કાયદાના ઠરાવ વીરૂધ કર્યું છે. અને તેણે એકાદા સખસને કાયદાશર શીક્ષામાંથી બચાવવાના ઈરાદાથી તે કરેલું હોય તો બસ છે. પરંતુ એમ બતાવવું જોઇએ કે જે સખસને બચાવવાનો ઇરાદો રાખેલો હોય તે સખસે ખરી રીતે ગુન્હો કરયો હતો અગર કાયદેશર શીક્ષાને તે વ્યાજબી રાહે પાત્ર હતો.

પાનું ૪૧૨ કેદી એક પોલીસ કાન્સટેબલ છે તેને તા૦ ૨૮ મી જુલાઇના રોજ હેડકોન્સટેબલ તરીકે ગોરૂડે પોલીસ સ્ટેશન પોતાના ચારજમાં હતું તે વખતે એક ફરીઆદી આધારી ઘોપાના વીરૂધ પોતાનું કામ કાપી નાંખ્યા બાબત ફરીઆદ કરવા આવેલો તે ફરીઆદીનું સમાધાન કરવા તે ફરીઆદી રાધાચરણ ઘોપાને લલચાવ્યો, અને વળી તેણે પોતાની ફરજ તોડી રાધાચરણ ઘોપા ફરીઆદ કરવા આવ્યો હતો તે વાત દબાવી રાખી અને તે કરવામાં આધારી ઘોપાને કાયદેશર શીક્ષામાંથી બચાવવાના ઇરાદાથી સરકારી દફતર ખોટું ઘડી કાહાડયું. એવા આરોપ તેના ઉપર રાખવામાં આવ્યા હતા. તે કેદી અમીરૂદીનને પીનલકોડની કલમ ૨૧૭ અને ૨૧૮ પ્રમાણે તપાશ ક-

રવાને કમીટ કરવામાં આવ્યો હતો, અને આ કલમો પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવી કેદ તથા દંડની સીક્ષા કરવામાં આવેલી હતી, તેથી તેણે હાયકોરટમાં અપીલ કરી.

અપીલવાળા તરફથી મી૦ એમ. એમ. ઘોઝઃ—

કોરટનો ફેંસલો જષ્ટીશ જ્યાકશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો. આ અપીલમાં અમારી રૂબરૂ એવો આગ્રહ કરવામાં આવ્યોછે કે તે કેદીને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૭ પ્રમાણે યોગ્ય રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો નથી, કારણ કે ગુન્હો થએલો છે. તેવું બતાવવાને હાલની તપાસમાં કોરટની રૂબરૂ કાંઈ પુરાવ નથી, તો પછી જે સખસની બાબતમાં પોલીસ અમલદાર કેદીએ જે ખોટું કૃત્ય કરેલું તે શખશે તેવો ગુન્હો થોડોજ કરેલો છે. જે હકીકત માલમ પડે છે તે એવી છે કે આધારી ઘોપા નામના એક સખશ ઉપર શેશન કોરટની રૂબરૂ આરોપ રાખવામાં આવેલો અને તેની તપાશ થઇ કોઇકનો કાન કાપ્યાના ગુન્હા વીશેના આરોપમાંથી નીરદોશ ઠરાવવામાં આવેલો હતો, અને આ કામમાં અમુક કૃત્ય કેદીએ કરેલું છે તે પોતાનું શરકારી કામ કરવામાં કાયદાના અમુક ઠરાવ વીરૂદ્ધ જાણી બુજીને કરયું થાય છે. તે કરવાનો હેતુ ઉપર પ્રથમ કહેલા આરોપવાળા સખશને કાયદેસર શીક્ષામાંથી બચાવવાનો હતો. અમારી નજરમાં આવે છે કે કલમ ૨૧૭ પ્રમાણે ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવા સારૂં તોહોમતવાળાએ સરકારી નોકર તરીકે જે રીતે ચાલવું જોઇએ તે રીતની બાબતમાં કાયદાના ઠરાવ વીરૂદ્ધ જાણી બુજીને કરયું હોય પણ અમુક સખશને કાયદેશર શીક્ષામાંથી બચાવવાના ઇરાદાથી કરેલું હોવું જોઇએ. અને તે ઈરાદાથી કરયું હોય તો તે બશ છે, અને જે શખશને બચાવવાને ઇરાદો રાખવામાં આવેલો તે સખસે ગુનહો કરયો હતો અગર તે કાયદેસર શીક્ષાને પાત્ર હતો એવું ખરી રીતે બતાવવાની જરૂર નથી. જો કે અમુક સખશને કાયદેસર શીક્ષામાંથી બચાવવાનો ઇરાદો તે સખશ કાયદેસર શીક્ષાને પાત્ર છે એવા ભુલ ભરેલા ઇરાદાથી રાખવામાં આવેલો તો પણ સદરહુ કલમ પ્રમાણે સરકારી નોકર ઉપર આરોપ રાખવામાં આવેલો હોય તો તે એક સરખી રીતે શીક્ષાને પાત્ર થાયછે, એક કામમાં અમે જે ફેંસલો આપ્યો હતો તે કામ માહારાણી વીરૂદ્ધ જોય નારણ પાત્રોનું છે. તે વીશે અમને ઘણોજ આગ્રહ કરવામાં આવ્યોછે તે ફેંસલો બરોબરછે કીંવા નહીં તેનો વીચાર હાલ કરવાને અમને જરૂર નથી, કારણ કે જે કલમ ઉપર તે કામમાં આધાર રાખ્વામાં આવેલો તે કલમથી હાલ જે કલમ વીચારમાં લેવાની છે તે તદન જુદી

છે. તે કલમ પ્રમાણે મંડળીમાંનો હરકોઇ અંગભુત શીક્ષાને પાત્ર છે અને તે ગુન્હામાં મુખ્ય જે બાબતની વ્યવસ્થા કરવાની તે એ છે કે, જે તે સખસે જાણવું જોઇએ કે ગુન્હો થએલો છે. અગર તેવું માનવાને કારણ તેને હોવું જોઈએ, આ ગુન્હો ફકત સરકારી નોકરોને લાગુ છે માટે અમુક કુલ ગુન્હા તરીકે શીક્ષા થવા લાયક હોય તે જ્યારે કાયદાના ઠરાવ વીરૂદ્ધ જાણી બુજીને કરવામાં આવે અને એકાદા સખસને કાયદેસર શીક્ષામાંથી બચાવવાના છરાદાથી કરવામાં આવે તો તે ગુન્હો છે. પછી જેને કાયદેસર શીક્ષામાંથી બચાવવાનો ઇરાદો હોય તેણે તે ગુન્હો કરયો હોય કીંવા નહીં તેની ચીંતા નહીં.

સબબ અમારી નજરમાં આવે છે કે આ કામમાં ગુન્હાની શાબેતીનો ઠરાવ જે કરવામાં આવેલો છે તે બરોબર છે. માટે અપીલ કાહાડી નાંખવી જોઇએ.

અપીલ કાહાડી નાંખી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મારચ સને ૧૮૭૮.

મી૦ જસ્ટીશ એલ. એસ. જ્યાકસન અને મી૦ જસ્ટીશ કનીંગહામ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ કદરૂ ગુલ્લા વીગરે.

રીવાજ—તોહોમત લખ્યા પછી તપાસ થવા કમીટ કરવું—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦] ની કલમ ૪, ૨૨૦. ૨૨૧,

તોહોમત ઘડયા પછી કામ બંધ રાખી તપાસ થવા કમીટ કરવાનો હુકમ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૨૧ પ્રમાણે માજીસ્ટ્રેટને અખત્યાર છે.

જો કે કલમ ૨૨૦ માં એવું ઠરાવ્યું છે કે જો તોહોમત લખવામાં આવ્યું હોય તો કેદીને ગુન્હેગાર ઠરાવવો જોઇએ અગર નીરદોશ ઠરાવવો જોઇએ. પરંતુ તેથી જે માજીસ્ટ્રેટે તોહોમત લખ્યું હોય તે માજીસ્ત્રેટે ગુન્હાની શાબેતીનો અથવા નીરદોશનો ઠરાવ કરવો જોઈએ એમ કાંઇ નથી.

પાનું ૪૯૫ પીનલકોડની કલમ ૧૪૭ પ્રમાણે કેદીઓ ઉપર બખેડો કરવાનો આરોપ રાખવામાં આવેલો હતો.

કામની હકીકત અને રેફરંસ કરવાના કારણો શેશન જડજે હાયકો-

રટમાં રેફરંસ કરયું છે તે ઉપરથી પુકત રીતે જણાય છે. તે રેફરંસ નીચે પ્રમાણે છે.

"આ કામની તપાસ કરવાને સારૂ કોરટની બેઠકમાં કમીટ કરવાનો હુકમ જોતાંજ ગેરકાયદે થએલું માલુમ પડયું છે. જોઇંટ માજીસ્તરેટે તે કામ તપાસેલું છે, પરંતુ તોહોમત લખીને તેનો નીરણય કરયો નથી. અને બચાવ તરફના શાક્ષીઓ તપાશી બે ફેંસલા અગર એક ફેંસલો તાબા હુકમ સાથે લખેલો છે. તેમાં પેહેલો તા૦ ૨૫ ડીસંબર સને ૧૮૭૭ ના રોજનો અને બીજો તારીખ ૧૮ જાનેવારી સને ૧૮૭૮ ના રોજનો છે. આ છેવટ કહેલી તારીખે જાઇંટ માજીસ્તરેટે એવો હુકમ લખ્યો છે કે જે તોહોમત અમે લખેલું છે તે રદ કરવામાં આવેલું છે અને કેદીઓને શેશન કમીટ કરવામાં આવ્યા છે, હું ઠરાવુંછું કે જોઇંટ માજીસ્ટરેટને આવી રીતે કરવાને અખતયાર નહી હતો. તોહોમતનામું લખ્યા પછી જોઇંટ માજીસ્ટરેટ ગુનહો સાબેત ઠરાવવાને અગર નીરદોશ ઠરાવવાને બંધાએલા હતા, તેઉને માટે કાંઇ તીજો રસ્તો નહી હતો. ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૨૨૦ નો ખુલાશો જુઓ, એવી તકરાર થઇ શકતી નથી કે કલમ ૨૨૧ થી જોઇંટ માજીસ્ટરેટને મદદ મળે છે. કારણ કે તે બેઉ કલમો એકઠી વાંચવી જોઇએ એ ખુલું છે. એમ કહી શકાતું નથી કે કલમ ૨૨૦ મીથી સ્પષ્ટ રીતે કામ ચલાવવાની જે રીતી બંધ કરવામાં આવેછે. તે કામ ચલાવવાની રીતી પ્રમાણે કલમ ૨૨૧ મુજબ વ્યાજબી રાહે ચલાવી શકાય છે, અને કલમ ૨૨૦ મીનો ખુલાશો ફો. કા. ચ. રી. ના કાયદામાં જયારે તદન જુદો છે એવુ લક્ષમાં રાખવામાં આવે ત્યારે આ પ્રમાણે કરવાને વધારે કારણ છે. માટે કાયદા કરનારાઓને શું કરવાનું હતું. તે તેઓ ખુલી રીતે જાણતા હતા. અને પોતાની ખુલી આંખ્યોની સાથે કલમ ૨૨૦ ના ખુલાશામાં "જે એવો ઠરાવ છે તે કેદીને નીરદોશ ઠરાવવો જોઇએ અગર ગુનેહગાર ઠરાવવો જોઇએ. એવો કાયદામાં ઠરાવ દાખલ કરી બાગ્યેજ કલમ ૨૨૧ માં માજીસ્ટરેટ તીજા રસ્તા પ્રમાણે ચાલી શકે એમ ઠરાવે. માટે અમે ઠરાવીએ છીએ કે કલમ ૨૨૧ માં તપાસની હરકોઇ વખતે એવા શબ્દો છે તેથી કાયદા કરનારાઓએ સંપુરણ રીતે વીચાર સાથે એવો ઇરાદો રાખ્યો છે કે પ્રથમની કલમમાં જે ખુલાશો છે તે પ્રમાણે ચાલવું જોઇએ અને તે શબ્દો અનુંસરીને વાંચવા જોઇએ. અને તે વાંચવાનો મતલબ એવી રીતે કે માજીસ્ટરેટ તોહોમત લખે તે પહેલાં હરકોઇ વખતે વાંચવો જોઇએ.

"આ કામમાં વળી એક મુશકેલી છે. જોઇંટ માજીસ્ટરેટે કેદીઓ ઉપર જે પોતાને તપાસવા લાયક તોહોમત રાખેલાં તે ઉપરથીજ તેને ક-

મીટ કરવામાં આવેલા છે માટે કમીટ કરવાની દેખીતી જરૂર નથી. આ મુશકેલી વીશે ખુલાશો થાય તે વીશે રીપોટ કરેલા ઠરાવો અમે સોધ્યા પણ મળી શકયા નહીં. જરૂર કોઇ પણ વખતે આગળ માજીસ્ટ્રેટે રાખેલું તોહોમત રદ કરેલું એમ અમારા સાંભળવામાં નથી. સબબ આ કામ હાયકોરટમાં ક્રીમીનલ પ્રોશીજરકોડની કલમ ૧૫૭ ના ખુલાશા પ્રમાણે જોઈંટ માજીસ્ટ્રેટનો કમીટ કરયાનો હુકમ રદ કરવા સારૂ મોકલવું જોઇએ."

રેફરંસની સુનાવણી વખતે કોઇ હાજર થયું નથી. અને કોરટનો ફેંસલો જષ્ટીશ જાકશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪ માં તપાસની વાખ્યા છે તે પ્રમાણે તોહોમત લખ્યા પછી જે કામ ચાલેછે તેછે. સબબ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૨૧ કે જે કલમ ૨૨૦ પછી આવેછે તે પ્રમાણે ખુલું છે કે તેથી જો કે માજીસ્ટ્રેટે તોહોમત લખેલું હોય તોપણ તપાસ થવાને કમીટ કરવાનો હુકમ કરવાને સારૂ આગળ કામ નહીં ચલાવવા તેમને અખત્યાર આપવામાં આવેલો છે. આ કારણુસર કલમ ૨૨૧ મી તે કલમ ૨૨૦ મીના બીશેશ ઠરાવ વીશે ગણવી જોઇએ. એમ કહી સકાય છે કે જો કે કલમ ૨૨૦ મીના ખુલાશામાં તોહોમત લખવામાં આવ્યું હોય તો કેદીને ગુનેહગાર ઠરાવવો અગર નીરદોશ ઠરાવવો એવો ઠરાવ છે તોપણ તેથી જે માજીસ્ટ્રેટે તોહોમત લખ્યું હોય તેજ માજીસ્ટ્રેટેજ ગુનાની સાબેતીનો અથવા નીરદોશનો ઠરાવ કરવો જોઇએ એમ નથી.

સબબ કમીટ કરવાનો હુકમ રદ કરવાને અમારી નજરમાં કાંઇ કારણ આવતું નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૪ મારચ સને ૧૮૭૮

મી૦ જષ્ટીશ એલ. એશ. જયાકશન અને મી૦ જષ્ટીશ કનીંગહામ શાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ બતોક્રીસ્તોદોશ વીગરે.

સરકારી નોકર—પીનલકોડની કલમ ૨૧ અને ૧૦૯.

સરકારની મંજુરી સાથે સરકારી શોલીશીટરે ગવરનર જનરલ ઇન કાંઊનશીલની કરેલી ગોઠવણ પ્રમાણે કલકતાની પોલીશ કોરટોમાં પ્રાશી-

કયુટરનું કામ કરવાને એક સખસને નીમ્યો હતો તે હીંદુસતાનના ફો. કા. ની કલમ ૨૧ મીના હેતુ પ્રમાણે સરકારી નોકર છે.

પાનુ ૪૯૭ મી૦ હયુમ જે સરકારી નોકર છે એમ કહેવામાં છે તે મને તોહોમતવાળાએ રૂસવત આપવા માંડી તેથી તેના ઉપર પીનલકોડની કલમ ૧૦૯ પ્રમાણે તોહોમત રાખવામાં આવેલું છે, ગવરનર જનરલ ઇન કાંઉનસીલે મંજુર કરેલી ગોઠવણ પ્રમાણે સરકારની મંજુરી સાથે સરકારના સોલીસીટરે કલકતાની પોલીશ કોરટોમાં સરકારી પ્રોસીકયુટર તરીકે કામ કરવાને મી૦ હયુમને નીમ્યા હતા. એમ જણાય છે.

હાય કોરટના અભીપ્રાય સારૂ પ્રેસીડેનસી માજીસ્ત્રેટે એવું પુછેલું છે કે આવી હકીકત છતાં મી૦ હ્યુમને સરકારી નોકર ગણાય કે નહીં.

આ રેફરંસની સુનાવણી વખત કોઇ હાજર થયું નથી અને કોરટનો ફેંસલો મી૦ જ્યાકશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો છેઃ—

અમારી નજરમાં ખુલ્લું આવે છે કે ગવરનર જનરલ ઇન કાંઉનશીલે કરેલી ગોઠવણ પ્રમાણે સરકારની મંજુરી સાથે સરકારી સોલીસીટરે તે સખસને નીમેલો છે. માટે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧માંના હેતુ પ્રમાણે તે સરકારી નોકર છે.

ફોજદારી અપીલ

તા૦ ૧૭ જાન્યુએરી સને ૧૮૭૮

મી૦ જસ્ટીશ એઇનસ્લી અને મી૦ જસ્ટીસ મ્યાકડોનલ્ડ સાહેબોની રૂબરૂ.

રામ માણેકીઆ ચકરબતી વીગરેની ફરીઆદ ઉપરથી કેસરેહીંદ વીરૂધ ડોનંન જોયબારજ

રીવાજ—જુદા જુદા ગુન્હા—જુદાં જુદાં તોહોમતો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૫૩૨ ૫૫૩—૫૫૪—નું દ્રષ્ટાંત બે—૫૫૫

એક તપાસના કાયદેસર ભાગ તરીકે તોહોમતોની સંખ્યા બાબત ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૪૫૩ પ્રમાણે કાયદા પ્રમાણે મરીયાદા રાખવામાં આવેલી છે. તોપણ તેજ વરસમાં તે પ્રકારના જુદા જુદા ગુન્હા માંના કોઇ ગુનાની તેજ તારીખે જુદો આરોપ રાખી તપાસ કરાવવાની તોહોમતવાળાને તે કલમથી અટકાવ થતો નથી.

પાનુ ૫૪૦ રેફરંસના કાગળ ઉપરથી જણાય છે કે તોહોમતવાળાએ

કેટલાંક ગામના રેહેવાશીઓ પાસેથી જુદી જુદી રકમો બળાત્કારથી કઢાવેલી તે બાબતના આ હુકમોમાં ડીપોટી માજીસ્ટ્રેટે તેની તપાસ કરી ગુનેહગાર ઠરાવેલોછે. દરેક કામમાં ફરીયાદી જુદા જુદા સખશો છે. તે કામોમાંનાં પાંચ કામો એકે તારીખે તપાસવામાં આવેલાં છે. અને રેફ્રંસના કાગળ ઉપરથી સમજાય છે તે પ્રમાણે તે દરેક કામની જુદી જુદી તપાસ કરવામાં આવી હતી એમ જણાય છે. દરેક કામોમાં શીક્ષાના હુકમો જુદા જુદા કરવામાં આવ્યા હતા. તોહોમતવાળાએ જીલા જડજને અપીલ કરી. તેમાં તેઉ સાહેબે દીપોટી માજીસ્ટ્રેટનો હુકમ બાહાલ. રાખ્યો. પછી તોહોમતવાળા તરફથી શેશન જડજને આરજી કરવામાં આવી તેથી તેમણે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે તે કામ હાય કોરટમાં મોકલ્યું એવા કારણથી કે ગુનાની શાબેતીના ઠરાવો કાયદા પ્રમાણે બરોબર નથી. જે ગુનાહ કેહેવામાં આવેલા છે તે એકજ પ્રકારના એકજ વરસમાં કરવામાં આવેલા છે. સબબ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ પ્રમાણે તેવા ત્રણ ગુનાહ કરતાં વધારે ગુનાહ બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખી તપાસ થઇ શકતો નથી.

આ રેફ્રંસની સુનાવણી વખતે કોઇ હાજર થયું નથી,

કોરટનો ફેંસલો જષ્ટીસ એઇનસ્લી સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

હાથ ઘાલવાને અમારી નજરમાં કાંઇ સબબ આવતો નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ થી કલમ ૪૫૨ દુરસ્ત કરવામાં આવેલી છે. માટે દરેક જુદા જુદા ગુનાહ બાબતની જુદી જુદી તપાસ ત્રણ તોહોમતની એક વરસમાં કરેલી હોય તો એક વખતે તપાસ થઇ શકે છે. પરંતુ તેનો હેતુ એમ નથી કે એક વખતે આગર એક વરસની અંદર આગર એક વખતે એકાદો સખસ એકજ પ્રકારના પચાસ જુદા જુદા ગુનાહ કરેતો તેના ઉપર એક તારીખે ત્રણ ગુનાહ કરતાં વધારે ફરીઆદ ચલાવવી નહીં. આ પ્રમાણે કલમ ૪૫૪ ના ब દ્રષ્ટાંત ઉપરથી ખુલ્લું છે.

ફોજદારી અપીલ

તા૦ ૨૫ માર્ચ અને તા૦ ૨૭ માર્ચ સને ૧૮૭૮

મી૦ જષ્ટીસ જાકશન અને મી૦ કનાંગહામ સાહેબોની રૂબરૂ.

દીનોનાથ ઘાતકની ફરીઆદ ઉપર કેશરેહીંદ વીરૂધ રાજ કુમારશીંગ વીગરે.

સહ માલેકોના કબજાની જમીન—અપકૃત્ય બંધ કરવું— બખેડો—અપરાધ પ્રવેશ—બીગાડ—પીનલકોડની કલમ ૧૪૧, ૧૪૭, ૪૨૫—બચાવ તરફના સાક્ષીઓની તપાસ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૨૧૯, ૩૫૯, ૩૬૨, હાયકોરટની અસાધારણ હકુમત—હાય કોરટ ચારટરની કલમ ૧૫.

અમુક જમીનના સહ માલેક અ એ બીજા સહ માલેક બ ની કબુલત વીના તથા તેની મરજી વીરૂધ તે જમીન ઉપર એક ઇમારત બાંધી તેથી તકરાર ઉતપન થઇ અને માજીસ્ટ્રેટે તેની તપાસ કરી. ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે જમીનના જે ભાગ ઉપર ઇમારત બાંધવામાં આવી હતી તે ભાગનો કબજો સ્વતંત્ર રીતે અ ને અપાવ્યો. જષ્ટીસ જ્યાંકશન સાહેબે ઠરાવ્યું કે આ હુકમ ભુલ ભરેલો છે કારણ કે આ બાબત એવી નથી કે જેને કલમ ૫૩૦ લાગુ થઇ શકે.

ત્યાર પછી બ એ તે તમામ જમીન ઉપર પોતાના મજીયારા કબજાનો હક ઠરાવવા તથા તે ઉપર અને ઇમારત ઉપર હક નથી. એવું ઠરાવવાને તથા વળી તે ઇમારત ખસેડવી જોઇએ એવો દીવાની કોરટમાં દાવો કરયો. બ એ હુકમનામું મેળવ્યું તે ઉપરથી તેના નોકરો તે ઇમારત ઉપર ગયા અને તે ઇમારત તોડી પાડી. તે ઉપરથી તેઓના ઉપર ડીપોટી માજીસ્ટ્રેટની રૂબરૂ બીગાડ કરવાનો આરોપ રાખવામાં આવ્યો અને તે તેમને ગુનેહગાર ઠરાવી તેમનો દંડ કરવામાં આવ્યો. જસ્ટીસ જ્યાકશન સાહેબે ઠરાવ્યું કે ખોટી રીતે નુકશાન કરવામાં આવ્યું નથી. તેથી તોહોમતવાળો બીગાડનો ગુનેહગાર થતો નથી.

તા૦ ૮ અકટોંબરના રોજ તોહોમતવાળાઓ જે કે બ ના નોકર હતા તેમને એવું માલમ પડયું કે અ ની નોકરીમાંના માણસો તે જમીન ઉપર પાછી ફરીથી ઇમારત નોબત ખાંનાની બાંધતા હતા. તેથી તેમણે તે બાંધણીના કામની સામી તકરાર કરી વાંસ નીચે તોડી પાડયા. અને એક સખસ વાંસ ઉપર ચડેલો હતો. તેને નીચે નાંખી દઇ અ ના નોકરોને કોરાણે રાખ્યા. તા૦ ૯ અકટોંબર સને ૧૮૭૭ના રોજ આ નોકરોના ઉપર માજીસ્ટ્રેટની રૂબરૂ બખેડો કરયા બાબત આરોપ રાખવામાં આવ્યો અને તેમનો બચાવ પુછતાં તેમણે કેટલાક સાક્ષીઓનાં નામ દીધાં. તેથી તે સાક્ષીઓ ઉપર બીજે રોજ સવારમાં હાજર થવાના સમન્સો કહાડવામાં આવ્યા. પણ તેઓ મળ્યા નહીં. તેથી તોહોમતવાળાઓએ સાક્ષીઓને હાજર થવા સારૂ બીજી મુદત માગી તે મુદત માજીસ્ટ્રેટે આપવાને નાપાડી અને તા૦ ૧૨ અકટોંબર સને ૧૮૭૭ ના રોજ તોહોમતવાળાઓને ગુનેગાર ઠરાવ્યા. જષ્ટીસ જ્યાકસન સાહેબે ઠરાવ્યું કે આ વારંટનું કામ છે. માટે તોહોમતવાળા

જે સાક્ષી આપે તેમના ઉપર સમન્સ કરવાની માજીસ્ટેટની ફરજ છે અને તેઉ તે વખતે પોતાના કુલ અખત્યાર પ્રમાણે તે કામ બંધ રાખી શકતા હતા.

વળી જષ્ટીસ જ્યાકશન સાહેબે ઠરાવ્યું કે ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૫૫૯ નો હેતુ એવો છે કે તોહોમતવાળાઓએ જે શાક્ષીઓનાં નામ દીધાં હોય તેમાં કોઇ શાક્ષીનું નામ હેરાન કરવાને તથા વાર લગાડવાને દેવામાં આવેલું છે. એમ જો માજીસ્તરેટની નજરમાં આવે તો તેમણે પોતાની સમજનો અમલ કરી તે સાક્ષી અગત્યનો છે કે નહીં તેની તપાસ કરવી. પરંતુ તે કલમનો ઇરાદો એવો નથી કે તોહોમતવાળાનો બચાવ કેવો છે તેની તપાશ કરવી અને તે બચાવનો પ્રકાર કેવો છે તે જાણી તોહોમતવાળાએ બતાવેલા તમામ સાક્ષીઓ ઉપર સમન્સ કરવા કે નહી તેનો તેઉ વીચાર કરે, અને વળી આ કામમાં કાંઇ હેરાનગતી અગર વાર લગાડવાનું કાંઇ કારણ નહી હતું. અને બીજી મુદત આપવાને ના પાડી છે તેથી તોહોમતવાળાને પોતાના બચાવમાં ઘણું કરીને હરકત થએલી છે.

વળી જષ્ટીશ જ્યાકસન સાહેબે ઠરાવ્યું કે તોહોમતવાળા તકરારી જમીન ઉપર ગેરકાયદે મંડળીના અંગભુતો તરીકે નહી હતા તેમ કાયદા વીરૂધ કારણથી પણ નહી હતા સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ તેમજ કામ ચલાવવાની રીતી કાયદા વીરૂધ છે.

જષ્ટીશ કનીંગહામ સાહેબે ઠરાવ્યુ કે ખાનગી અપકૃત્ય બંધ કરવાને તોહોમતવાળાઓ ફકત ઇલાજ કરતા હતા. અને પોતાનો બચાવ કરવાનો કાયદાસર હકછે. તેનો અમલ કરતા હતા.

વળી જષ્ટીશ કનીંગહામ સાહેબે ઠરાવ્યું કે ફરીઆદીઓએ નોબત ખાનુ બાંધ્યું, તેથી બીગાડ થાય છે અને તેનો પીનલકોડની કલમ ૪૨૫ માં સમાશ થાય છે.

જષ્ટીશ એઇનસલી તથા જષ્ટીશ મ્યાકડોનલ સાહેબે ઠરાવ્યું કે ફોજદારી કામમાં તમામ ઇલાજો કાયદા પ્રમાણે પુરા થઇ ગયા ના હોય તો હાયકોરટ પોતાની અસાધારણ હકુમતનો અખત્યાર વાપરી તેમાં હાથ ઘાલી શકતા નથી. સબબ માજીસ્ટ્રેટે જે કામમાં પક્ષકારોને બખેડાના ગુનેહગાર ઠરાવેલા હોય અને તેમનો શેશન કોરટમાં અપીલ કરવાનો હક છતાં તે અપીલ કરવાને બદલે ચારટરની કલમ ૧૫ પ્રમાણે હાયકોરટમાં અરજ કરેલી પરંતુ સદરહુ અપીલનો ઇલાજ જ્યાં સુધી લેવામાં આવ્યો નથી. ત્યાં સુધી હાયકોરટ તેમાં હાથ ઘાલતા નથી.

પાનું ૫૭૩ આ કામમાં એક જમીનનો કડકો ગોપી કીસ્તો ગોસાઇ અને સામા ચરણ લાહરી તથા એક ત્રીજો પક્ષકાર કે જેણે આ કામમાં કાંઇ ભાગ લીધો નથી. તેની મજીયારી મીલ-

કતનો છે. સને ૧૮૭૬ માં દુરગા પુજાના તેહેવાર પછી થોડી મુદતમાં સામા ચરણુલા હરીએ સદરહુ મજીઆરી જમીનના એક ભાગ ઉપર વાંસના આધારથી નોબતખાનું બેસાડવાને એક ચોરો બાંધ્યો તેમાં ગોપી કીસ્તો ગોસાઇએ હરકત લીધી. તેથી ગોપી કીસ્તો ગોસાઇની તથા શામા ચરણુલા હરીની વચમાં તકરાર ઉતપન થઇ આ તકરાર સાંભળીને પેટા ત્રુકડીના માજીસ્ટ્રેટે તકરાર કરી અને ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે સામાચરણુલા હરીને જમીનના જે ભાગ ઉપર નોબતખાનુ બાંધેલું હતું તેનો સ્વતંત્ર કબજો અપાવ્યો. આ ઉપરથી ગોપી કીસ્તે ગોસાઇએ સબારડીનેંટ જડજની કોરટમાં દાવો કરયો. એવા હેતુથી કે તે જમીનના તમામ કડકા ઉપર અમો ગોપી કીસ્તો ગોસાઇનો મજીયારો કબજો રાખવાનો હક છે, અને જે ઉપર નોબતખાનું બાંધવાને સામા ચરણુલા હરીનો હક નથી. એવુ ઠરાવી આપો તથા તે નોબતખાનું ખશેડાવી આપો તા૦ ૧૯ મે શને ૧૮૭૭ ના રોજ સબારડીનેંટ જડજે હુકમનામું કરયું. તેમાં એવો ઠરાવ હતો કે વાદીના દાવા મુજબ હુકમનામું કરવામાં આવ્યું છે.

સપટેંબર સને ૧૮૭૭ માં સામા ચરણુલા હરીએ તા૦ ૧૯ મી મેના હુકમનામા પ્રમાણે તે નોબતખાનું ખશેડયું નહીં. તેથી ગોપી કીસ્તો ના કેટલાક નોકરો તે જગ્યા ઉપર ગઆ અને તે તોડી નાંખ્યું આ ઉપરથી શામા ચરણુલા હરીએ ફરીઆદ માંડી અને જે સખસોએ તે નોબતખાનુ તોડી નાંખેલું તે સખસોને ડીપોટી માજીસતરેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યા અને તા૦ ૨૮ સપટેંબર સને ૧૮૭૭ ના રોજ હીંદુસથાનના ફો. કા. ની કલમ ૪૨૫ પ્રમાણે બીગાડનો ગુનહો કરયાના ગુનેહગાર ઠરાવ્યા અને તેમનો દંડ કરવામાં આવ્યો.

તા૦ ૮ અકટોબર શને ૧૮૭૭ ના શવારમાં ગોપી કીસ્તોના કેટલાક નોકરો આ કામના અરજદારો સુધાંતના જોવામાં આવ્યું કે શામા ચરણુની નોકરીમાંના કેટલાક ધારમીસો તે નોબતખાનું ફરીથી બાંધવાને મંડેલા હતા. તેથી તેઓએ તે બાંધવા વીરૂધ તકરાર કરી એટલુંજ નહી પણુ તે વાંસો તોડી નાંખ્યા. અને તે વાંશોમાંના એક વાંસ ઉપર એક સખશ ચડેલો હતો તેણે નીચે આવવાને ના કહેવાથી તેને જમીન ઉપર નાંખ્યો અને શામાચરણુલા હરીના નોકરોને કોરાણે કરયા.

તા૦ ૯ અકટોબરના બપોરે શામાચરણ લાહરીએ જોઇંટ માજીસ્ટ્રેટને ફરીઆદ કરી તેથી તેઉ સાહેબે તોહોમતવાળા ઉપર શમન્સ કરયાં. અને તેઓને તેજ તારીખે કોરટની રૂબરૂ રજુ કરતાં તેઉએ પ્રથમ તે કામની સંક્ષેપ રીતે તપાશ કરવાને ખાએશ બતાવી પરંતુ તે પ્ર

માણે કરવામાં તોહોમતવાળાના વકીલોએ હરકત લીધી તેથી હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૧૪૧ અને ૧૪૭ પ્રમાણે તોહોમત રાખ્યાં. અને ત્યાંને ત્યાં તેજ વખતે તોહોમતવાળાનો બચાવ પુછયો. બચાવ તરફથી કેટલાક સાક્ષીઓનાં નામ દેવામાં આવ્યાં. અને બીજે રોજ સવારમાં તેમને હાજર થવાને સમન્સ કાહાડવામાં આવ્યા પરંતુ તેઓ મળ્યા નહીં તેથી તોહોમતવાળાએ તા૦ ૧૨ મી ના રોજ જોઈંટ માજીસ્ત્રેટોને તોહોમતવાળાએ બીજી મુદત મળવા અરજ કરી અને જાહેર કર્યું કે તે વખત પુજાનો હતો. માટે અમારા સાક્ષીઓને હાજર કરવાનો અમને સારો લાગ મળેલો નહીં હતો. જોઈંટ માજીસ્ત્રેટે બીજી મુદત આપવાને ના પાડી અને હીંદુસ્તાનના ફો. કા. ની કલમ ૧૪૭ પ્રમાણે બખેડો કરયા બાબત કેદીઓને ગુન્હેગાર ઠરાવ્યા અને દરેકને ત્રણ માશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

તે કેદીઓએ શેશન કોરટને અપીલ નહીં કરતાં તા૦ ૨૬ અકટોબરના રોજ ચારટરની કલમ ૧૫ પ્રમાણે હાયકોરટને (જસ્ટીશ વાઈટ અને જસ્ટીશ મ્યાકડોનલ સાહેબો) કામના કાગળો મંગાવવા અરજ કરી અને તે ઉપરથી શદરહું શીક્ષાના હુકમ શા વાસ્તે રદ કરવા નહીં જોઇએ. તેનું કારણ બતાવવાને ફરીઆદી દીનોનાથ ઘાતકના ઉપર હુકમ કરયો. અને હાયકોરટે તે કેદીઓને જામીન ઉપર છોડયા. તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૭૮ ના રોજ જસ્ટીશ એઈનશલી અને જસ્ટીશ મ્યાકડોનલ સાહેબોના રૂબરૂ શદરહુ હુકમ તકરાર ઊપર આવ્યો અને તેમાં તે રદ કરવામાં આવ્યો. તેમાં તે વીદ્વાન જડજોએ નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે.

જસ્ટીશ એઈનરલી સાહેબ:—મી૦ જશટીશ વાહીટ શાહેબે એવી મરજી બતાવી છે કે આ બાબતનો નીકાલ આ બેંચે કરવો જોઇએ. અમારા અભીપ્રાયમાં આવે છે કે કાયદા મુજબના તમામ ઇલાજો લેવામાં આવી રહેલા હોય નહીંતો હાયકોરટ પોતાની અશાધારણ હકુમતનો અખત્યાર વાપરી હાથ ઘાલી શકતા નથી. આ કામમાં અરજદારોને અપીલ કરવાનો ખુલ્લો ઇલાજ છે. માટે તે ઇલાજ લેવામાં આવેલો ના હોય ત્યાંહાં સુધી ચારટરની કલમ ૧૫ મી યોગ્ય રીતે લાગુ કરવા બાબત જે વીચાર અમે કરીએ છીએ તે પ્રમાણે આ કોરટે હાથ ઘાલવો જોઇએ નહીં.

" ગમેતે હકીકત હોય પણ તે પ્રમાણે તે કરે કીંવા નહીં તે કેહેવાની અમારે ગરજ નથી. માટે તે હુકમ રદ કરવામાં આવશે. જો અરજદારોની નજરમાં અપીલ આપવાનુ યોગ્ય લાગે તો, આજની તા-

રીખથી એક અઠવાડીયા સુધી માજીસ્ટ્રેટના હુકમની બજાવણી બંધ રાખી તે દાખલ કરવાની યોગ્યતા બાબત અમારા વિદ્વાન ભાઇએ જે સુચના કરેલી છે તે સાથે અમે મળતા છીએ."

"જસ્ટીશ મેકડોનલ સાહેબ:—અમારે ફક્ત એટલું કહેવાનું છે કે અમારા વિદ્વાન ભાઇ એઈનસ્લી સાહેબે જે વીચાર કરેલો છે તે સાથે મી૦ જસ્ટીશ તદન મળતા છે, અને અપીલ તેમાં ચાલે તેવું છે, એવું અમારી નજરે લાવવામાં આવેલું છે, માટે અમારી નજરમાં આવે છે કે ને હુકમ અમારે મંજુર રાખવો નહીં જોઇએ. તેની સાથે હમારી નજરમાં આવે છે કે જે હકીકતછે તે પ્રમાણે જડજ જે મુદત થઈ ગયા પછી તે અપીલ દાખલ કરશે તો તેમણે પોતાનો કુલઅખત્યાર ડાહાપણથી વાપરયો એમ થાય."

"જમાન ઉપર હાલ અરજદારો છે, માટે જો આજની તારીખથી એક અઠવાડીયાની અંદર અપીલ તેઓ નહીં કરે તો, શીક્ષાના હુકમનો અમલ કરવામાં આવશે,"

આ ઉપરથી હુગલીના જડજને અપીલ કરવામાં આવી. તા૦ ૫ ફેબરવારી સને ૧૮૭૮ ના રોજ તે વિદવાન જડજે શીક્ષા વધારીને ૭ માસ કેદની શીક્ષા કરીને તે અપીલ કાહાડી નાંખી અને વળી ફરમાવ્યું છે કે તોહોમતવાળાઓને કામે રાખનાર ગોપીકીસ્તો ગોસાઈ ઉપર તથા તેના દીકરા નંદોલાલ ગોસાઇ ઊપર કામ ચલાવવું.

ગુન્હાની શાબેતીનો ઠરાવ શા વાસ્તે રદ કરવો નહીં જોઈએ. તેનું કારણ બતાવવાનો હુકમ હાયકોરટે કરી કામના કાગળો મંગાવવાથી તે કામ તકરારો ઊપર આવ્યું.

ફરીઆદી તરફથી મી૦ જે. ડી. બેલે (તેમની સાથે બાબુ શ્રીનાથ ચંદ્રે) કારણ બતાવ્યું.

અરજદારો તરફથી મી૦ બાનસન (તેમની સાથે મી૦ જાકશન તથા બાબુ બાઈલકોનાથ મીત્તર અને બાબુ ઉમોયચરણ બોઝ,)

મી૦ બેલ:—પીનલકોડની કલમ ૪૨૫ મી પ્રમાણે તે નોબતખાંનું તે બીગાડ છે. (જષ્ટીશ જાકશન સાહેબ.—ગુપીકીસ્તો ગોસાઇનો તમામ જમીન ઉપર મજીઆરા કબજાનો હક છે એવું મુખત્યાર દીવાની કોરટે ઠરાવેલું છે એમ અમારે માનવું જોઇએ.) જો કે તેનો અમુક હક હોય, તો પણ તે કાયદો પોતાના હાથમાં લેઇ શકતો નથી અને અહીંયા જેવું કહેલું છે તે પ્રમાણે તે હકનો અમલ કરી શકતો નથી. જો દીવાની કોરટના હુકમનામા વીરૂધ અગર તેને અનુસરતું નહીં તેવી રીતે સામે ચાલ્યા હોત તો, દીવાની કોરટના ઉપર અપીલ કરી શકા-

તા. અને કામ ચલાવતાં બંધ રાખવાને તાકીદ હુકમ મેળવવામાં આવી શકત. જે મીલકત મજીયારે કબજામાં હોય તેને કલમ ૪૨૫ મી લાગુ થાય છે. (મી૦ બ્રાનસનઃ—નોબતખાંનું કાંઇ મજીયારી મીલકત નહીં હતું.) વળી સામી બાજુની વરતણુંકથી સાપ્રાધ પ્રવેશ કલમ ૪૪૧ મી પ્રમાણે કરયો થાય છે; (જસ્ટીશ કનીંગહામ.—મજીયારી મીલકતના ભોગવટાની બાબત જો સહ માલેકોમાં અણબનાવ થાય તેથી જો તોફાન થાય તો તે બખેડો કહી શકાય કે શું?) હા. કાયદા વીરૂધ મંડળી છે એમ ધારીને તેનો દરેક અંગભુત બખેડાનો ગુન્હેગાર થાયછે. સામી બાજુવાળાઓનો હકકછે એમ કબુલ કરીએ તો પણ જે સાધનથી શાપ્રાધ બળ કલમ ૩૫૦ મીમાં બતાવેલી વાખ્યા પ્રમાણે થાય છે તે સાધનથી તે હકકનો અમલ કરવાને તેમણે માગેલું છે વાંસો તોડી પાડવામાં આવ્યા છે, અમારા માણશોને કોરાણે પાડવામાં આવ્યા છે, એક માણસને તો જમીન ઉપર નાંખી દેવામાં આવ્યો છે. ખુલ્લી રીતે આ શાપ્રાધ બળ હતું અને તે પાંચ કરતાં વધારે માણસો હાજર હતાં ને કરવામાં આવેલું છે, માટે તે ગેરકાયદે મંડળી થાય છે, તેથી તે પક્ષકારો બખેડાના ગુન્હેગારો છે. જે પુરાવ આપવામાં આવેલો નથી તે કામ ચલાવવાની રીતીની બાબતમાં કાંઇ મુદ્દાની બાબતમાં હરકત થએલી નથી, કારણ કે તેથી માજીસ્ટ્રેટનો ઠરાવ ફરત નહીં. વળી તે શાક્ષીઓને સમન કરવામાં આવેલા છે અને જો કે તેઓ સીરાંમપુરમાં હતા તો પણ તેમણે હાજર થવાને પસંદ કરેલું નથી.

મી૦ બ્રાનસનઃ—પાંચ સખસો હાજર હતા એ ખુલ્લું નથી. માટે જો તે ના હોય તો ગેરકાયદે મંડળી થતી નથી. એક શખશને ધકકો મારીને કોરાણે કાહાડયો તે શીવાય બળ વાપરવામાં આવ્યું નથી. જો બળ વાપરવામાં આવ્યું હોત તો પોલીશ વચમાં પડત. દીવાની કોરટના હુકમનામામાં નોબતખાંનું ખશેડવાનો તાકીદ હુકમ હોત તો વધારે શીરસ્તા પૂરવક હતું તો પણ દીવાની કોરટના તે હુકમથી તે નોબતખાંનું તોડી નાંખવાનો અમારો હકક હતો. અમારા નોકરોમાંના પાંચ સખસો હાજર હતા એમ કબુલ કરીએ તો પણ તેથી કાયદા વીરૂદ્ધ મંડળી થતી નથી, કારણ કે તેઓનો ફકત જે હરકત હતી તે ખસેડના હતા. બ્લાકસ્ટન કમેંટરી વા૦ ૩ પાંચમી આવૃતી. પાનું ૩૫૨ (૧) વીચાર કરવાનો સવાલ એ છે કે તે જમીન ઉપર કાયદેસર હકક કોનો હતો? લોઝ વી૦ તેલફોર્ડ. અહીંયા તો તે માણશો પોતાના શેઠની મીલકત સાચવતાં હતાં, તેથી તેઓની ગેરકાયદે મંડળી હતી એમ થઇ શકતું નથી. સંકરસીંગ વી૦ બરમાહા માહાતો. અમે અમારી મી

હકતનુ રક્ષણ કરતા હતા અને તેનો બીગાડ કરતાં અટકાવવાને અમે કોશીશ કરતા હતા. એટલે ખરી રીતે ખાંનગી બચાવના હકકનો અમલ કરતા હતા, અને તેથી શામાધ બળ થયું એમ કહી શકાતું નથી. પ્રીન્જેસીંગ વી૦ ખુબલાલ.

કામ ચલાવવાની રીતીની બાબતમાં તોહોમતવાળાના શાહેદીઓ તપાસવામાં નહીં આવવાથી તેમના બચાવને હરકત થએલી છે, કારણ કે તેઓની શાહેદી ઘણીજ અગત્યની પણ હોય.

નીચે પ્રમાણે ફેંસલાઓ આપવામાં આવ્યાઃ—

જસ્ટીસ જાકશન સાહેબઃ—(ઉપર પ્રથમનું પ્રોશીડીંગ બતાવવામાં આવ્યું છે. તે કહયા પછી તેમણે નીચે પ્રમાણે કહયું છે):—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૩૦ મી પ્રમાણે આ કામમાં જોઈંટ માજીસ્ટ્રેટે કાંઇ હુકમ કરેલો છે તેમાં તેમની ચુક છે. તે બાબત એવી છે કે તેને તે કલમ લાગુ થઇ શકતી નથી એમ અમને દીસે છે. ખરી રીતે તેમાં કબજાનો સવાલતો નથી. તે જમીન તકરારના પક્ષકારોના મજીયારા કબજામાં હતી. માટે ફકત સવાલ એટલો છે કે તેમાંનો એક મજીયારો માલેક તે જમીનનો ઉપયોગ કરી શકે છે કે જેને બીજો મજીયારો માલેક બુજા ગણી શકે અને તેની મરજી વીરૂધ થાય. ખરી રીતે માજીસ્ટ્રેટે પોતે પોતાના ફેંસલામાં એક જગોએ તે કલમ પ્રમાણે હકુમત શા વાસ્તે વાપરવી નહી જોઇએ તેનું સરશમાં શરસ કારણ આપેલુ જણાય છે. ગોપી ડીંટોના ભોગવટાની રીતી બંધ કરવાના હકબાબત તોહોમતવાળાના વકીલની તકરારની બાબતમાં તેમણે કહેલું છે કેઃ—"આ નીયમ લાગુ કરવાને અમે કબુલ કરી શકતા નથી. તે વકીલે કહયું છે કે મજીયારી જમીન ઉપર સહ હીસ્સેદારને પોતાના એકલાના ઉપયોગ સારૂ એક મકાન બાંધી શકે તો એ નીયમ ઘણોજ ભારે કહેવાય" વીગરે પછી તેમણે કહયુ છે કેઃ—"તે હરકત અહિંયાં લાગુ થતી નથી કારણ કે નોબતખાનું કાંઇ મકાન નથી. તે નોબતખાનું તો નહી જેવી અને ખરી રીતની નહીં તેવી બાંધણી છે. તેથી જમીનનું રોકાણ કરયા કરતાં હવાનું રોકાણ થાય છે. તે તો એક ઊંચો ચોરો બાંધવામાં આવે છે, કે જેથી તે ઉપર ગવઇઆ બેશી શકે તે નીચે ઘાસ ઉગી શકે છે, અને બકરાં અને ઢોરો ત્યાં ચરે છે." માટે માજીસ્ટ્રેટની પોતાની તકરાર એવી છે કે શામાચરણ લાહરીએ તે નોબતખાનું બાંધવામાં હવાની રોકાણ બતાવી છે, માટે જો કે કલમ ૫૩૦ મી જમીન અને પાણીને લાગુ છે તો પણ તેમાં હવાનો સમાશ થતો નથી. કલમ ૫૩૦ મી પ્રમાણેનો હુકમ માજીસ્ટ્રેટના અખત્યાર ઉપરાંતનો છે, અને તે કરવો જોઈ તો નહી હતો એ વીશે આગલે કાંઈ

શક નથી. તોપણ માજીસ્ટ્રેટે તે હુકમ કરેલો છે એટલુજ નહી પણ અમારી રૂબરૂના કામમાં તે ઉપર આધાર રાખવામાં આવ્યો છે, કારણ કે તેમણે કામમાં તે હુકમની નકલ ફાઇલ કરવાને હુકમ કરેલો છે, તો પણ પાછળથી જે બનેલુ છે તે ઉપરથી ખુલ્લુ છે કે તે હુકમનો કાંઇ પણ અશર થતો બંધ થએલો છે, કારણ કે તે હુકમના પરીણામથી ગોપીકીસ્તોને અશર થએલો છે, તેથી તેણે તરત દીવાની કોર્ટમાં દાવો કરયો અને કોરટે ઠરાવ્યું છે કે પ્રતીવાદીનો તે જગોએ નોબતખાનું બાંધવાને હક નહી હતો અને ખરી રીતે એવું હુકમનાંમુ કરેલુ છે કે તે ખશેડવું જોઇએ. પરંતુ કલમ ૫૩૦ મી પ્રમાણેનો હુકમ જે સખશને કબજો આપવામાં આવેલા હોય તે સખશનો કબજો કાયદા પ્રમાણે યોગ્ય રીતીએ છોડાવવામાં આવે ત્યાંહાં સુધી ફક્ત બળવાન છે, અને દીવાની કોરટના તે ફેંસલાનો હેતુ શામાચરણે લાહારીની પાસેથી કબજો છોડાવવાનો છે એ નક્કી છે, માટે માજીસ્ટ્રેટનો હુકમ બીજાકોઇ કામમાં જોવો નહી જોઇએ, અમારા શમજવા પ્રમાણે દીવાની કોર્ટનું હુકમનામુ અપીલમાં રદ કરવામાં આવ્યું નથી. પરંતુ તે ઉપર અપીલ કરવામાં આવી હોય કીંવા નહીં અને તેવી અપીલ કરવામાં આવી હોય તો તેનો પરીણામ ગમે તે હોય તોપણ તે ઠરાવના ખરાપણા બાબત વીચાર કરવો એ હાલ અમારૂં કામ નથી. પક્ષકારો જેવી નીશબત રાખે છે તે પ્રમાણે બેશક તે યોગ્ય કોરટનો બળવાન ઠરાવ છે અને માજીસ્ટ્રેટ તેમજ પક્ષકારો તેને માન આપવાને બંધાએલા છે. સપટેંબર સને ૧૮૭૭ માં જે હકીકત બની છે તે વીશે દીપોટી માજીસ્ટ્રેટે પેહેલા ગુન્હાની સાબેતીનો ઠરાવ કરયો છે તે ભુલ ભરેલો અમને દીસે છે, માજીસ્ટ્રેટે તોહોમતવાળાઓને બીગાડના ગુન્હેગાર ઠરાવેલા છે. હવે બીગાડની વાખ્યા હીંદુસ્તાનના ફો. કા. ની કલમ ૪૨૫ મીમાં છે. તે નીચે પ્રમાણે છે.

લોકોને અથવા કોઇ સખશને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાના ઇરાદાથી અથવા તેવી હાની કે નુકશાની કરવાથી થવાનો સંભવ છે એમ જાણીને જે માણસ કાંઇ મીલકતનો નાશ કરે અથવા કાંઇ મીલકતમાં કે તેની સ્થીતીમાં એવો કાંઇ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીમતનો અથવા ઉપીયોગીપણાનો નાશ થાય અથવા તેની કીમત કે ઉપીયોગીપણું ઓછું થાય અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણસે "બીગાડ કરયો એમ સમજવું."

હવે અમારા સમજવામાં આવે છે તે પ્રમાણે તોહોમતવાળાઓએ તે કામમાં વાંસની સ્થીતી બદલેલી એટલુંજ ફક્ત કરેલું હતું. (કારણ કે તેનો બીજી રીતે નાશ), અગર તેને હરકત કરવામાં આવી

નથી.) એટલા સારૂ કે તે બાંધણીના રૂપમાં રહે નહીં. હવે ખોટી રીતનું નુકશાન હીંદુસ્તાનના ફો. કાયદામાં તેની વાખ્યા બતાવી છે તે પ્રમાણે જે સખસનો મીલકત ઉપર કાયદેશર હક થતો હોય તે સખસનું તે મીલકત નો કાયદા વીરૂધ સાધનથી નુંકસાંન કરવું તેછે. હવે દીવાની કોરટનો જે ઠ-રાવ તે વખતે લાગુ હતો તે પ્રમાણે સામાચરણ લાહરીનો નોબતખાનાં ના રૂપમાં તે જગોએ વાંસ એકઠા મુકવાનો કાયદેશર હક નહીં હતો. માટે તોહોમતવાળાઓએ જે કૃત્ય કરેલું છે તેથી ખોટી રીતનું નુકશાન થતું નથી. માટે ગુનહાની સાબેતીનો ઠરાવ આ કોરટની રૂબરૂ ફરી તપાશ નો અખત્યાર અમલ કરતાં રજુ કરવામાં આવ્યો હોત તો તે રદ કરવા-માં આવત એમ અમને જણાય છે. પરંતુ તોહોમતવાળાઓને નોકર રાખ-નારને આ કામમાં અવલથી તે આખર સુધી અજાયબ રીતે ખોટી સલાહ મળેલી છે. કલમ ૫૩૦ પ્રમાણે થએલો તેના વીરૂદ્ધનો ગેરકાયદે હુકમ કાયમ રહેવા દેવામાં આવેલો હતો. તેણે દીવાની કોર્ટમાં દાવો કરયો તેનો બર અમલ કરવાને તેણે કસુર કરી તેના નોકરને કાયદા વીરૂદ્ધ બીગા-ડના ગુન્હેગારો ઠરાવેલા હતા. અને તે ગુન્હાની સાબેતીના ઠરાવ વીશે હ-રકત લેવામાં આવી નથી તેણે જમીનનો આ કડકો લાકડાના કડકા ઈંટો અને બીજાં સામાનથી ઢાંકવો એવી તેને સલાહ મળેલી જણાય છે. પરં-તુ તે કૃત્ય બેશક ગેરવ્યાજબી છે. તેના નોકરો ઉપર તે વખતે બખેડાનો આરોપ રાખવામાં આવેલો હતો. તેથી તેઓના કાંઉન્સલે ફકત દીવાની કોર્ટના ઠરાવ ઉપર આધાર રાખવાને બદલે હકના સવાલ વીશે લંબાણુ-થી માજીસ્ટ્રેટની રૂબરૂ તકરાર કરવાને યોગ્ય ધારયું હતું. છેવટે ગુન્હો સા-બેત ઠરાવવામાં આવ્યો એટલે અપીલ કોર્ટમાં જવાને બદલે તોહોમ-તવાળાઓને આ કોર્ટની રૂબરૂ આવવાની સલાહ મળેલી છે પણ એવી રીતે કામ ચલાવવાની રીતીથી શેશન જડજના મનમાં તે-મના વીશે હરકત આવેલી છે અને તેથી આ કામ ચલાવવાના ખરચમાં તથા ફીકરમાં ઘણો વધારો થએલો છે.

હવે અમારી રૂબરૂ કેટલાંક અમુક કામો છે તે ઉપર અમે આવી-એ છીએ. આ અરજદારો ઉપર બખેડાનો આરોપ રાખવામાં આવેલો છે. હવે પ્રથમ કામ ચલાવવાની રીતાની બાબતમાં જે ઝડપથી ફરીઆદ તરફનું કામ ચલાવવામાં આવ્યું છે તેથી બેશક તોહોમતવાળાઓને હરકત થએલી છે એમ અમને જણાય છે. કેવા સારવજનીક હેતુથી અગર માજીસ્ટ્રેટ જે કામ બતાવે છે તે કામની અમુક એવી અગત્-તાથી આ પ્રમાણે કરવામાં આવેલું તે અમે શમજી શકતા નથી. માજી-સ્તરેટની ડાયરીમાં તોહોમતવાળાઓને નોકર રાખનારનો હેતુ પાર પડે

નહીં એ કાંઇક અગત્યની બાબત આવેલી છે અને તે ઉપરથી પરીણામ એવો બનેલો જણાય છે કે ફરીઆદીને પોતાનો હેતુ પાર પડે એ ઘણી અગત્યની વાત છે એમ તેમણે વીચારેલું છે એટલે કે આ ફરીઆદનો પરીણામ ગમે તે થાય તો પણ આ કામનું અરથાર્થ શામાચરણ લાહરી છે તે પોતાની નજરમાં દુરસ્ત ધારે તે કારણસર આ નોબતખાનું બાંધી રાખી શકશે જોઇએ એવું વીચારેલું છે. અને માજીસ્ટ્રેટે કેટલીક મુદત ઉપર આ કોરટમાં ખુલાસો આપેલો છે તેમાં એક જગોએ કહ્યું છે કે તે કામનું પ્રોસીડીંગ જોતાં બીજો શો રસ્તો અમે કરી શકત તે અમે શમજી શકતા નથી. અમે કબુલ કરીએ છીએ કે આ સવાલ દીવાની કોરટમાં ગએલો હતો અને તે સાંભળવાને તે કોરટ મુખત્યાર હતી. અને તે કોરટે ખરી રીતે અગર ખોટી રીતે ઠરાવ્યું હતું કે સામાચરણ લાહરી તે ભોગવટાના અમુક રૂપનો હકદાર નથી તે વીચાર કરતાં અમને અજાયબ જણાયછે અને દીવાની કોરટે જે એવું ઠરાવેલું કે જે કરવાને શામાચરણ લાહરીનો હક નથી. તે ગમે તે હોય પણ બીજો ઠરાવ તે બાબતમાં મેળવતાં સુધી તે કરવાને તેને અટકાવવામાં આવે તેથી માજીસ્ત્રેટ પોતાની મુસ્કેલી દુર કરી શકતા હતા એવું તેમની નજરમાં આવ્યું નથી એ અજાયબ જણાય છે.

હવે માજીસ્ત્રેટે તોહોમતવાળાઓના શાક્ષીઓને હાજર થવાને મુદત આપવાને ના કહેલી છે તે વીશે અમારે અવલોકન કરવાનું છે. માજીસ્ત્રેટ અને અમે કહીએ છીએ કે આ બાબતમાં માજીસ્ત્રેટનો જે કુલ અખત્યાર કહેવામાં આવેલો છે તે ઉપર શેશન જડજે આધાર રાખ્યો છે. હવે આ કામ વારંટનું કહેવામાં આવેલું છે. અને આ બાબતમાં માજીસ્ત્રેટની ફરજ ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૨૧૯ મીમાં બતાવેલી છે તે કલમમાં કહયું છે કે.

કામ કમિટ કરયા પછી અને ઇનશાફ સરૂ થતાં પેહેલાં પુરવણી શાહેદોને સમને કરીને તેઓની જુબાની લેવા, અને હાજર થઇને શાક્ષી આપવા સારૂં આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે તેમને બાંધી લેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

જે મુકરદમામાં કોઇ પ્રેશીડેનશી માજીસ્ત્રેટ બસે રૂપીઆથી વતા દંડની, અથવા ૭ મહિનાથી વત્તી મુદત સુધી કેદની શીક્ષા કરે તેવા દર એક મુકદમામાં તેણે શાહેદોની શાહેદી પોતાને હાથે લખી લેવી, અથવા ખુલ્લી કોરટમાં પોતે મોઢેથી બોલીને લખી લેવડાવવી એ પ્રમાણે લખી લીધેલી સઘળી શાહેદી ઉપર તે માજીસ્ત્રેટ સહી કરવી અને તેને દફતરના ભાગ દાખલ ગણવી જોઇએ.

તે કલમમાં કલમ ૩૫૯ મી બતાવેલી છે. તેમાં કહયું છેકે, "હેરાન કરવાને અગર વાર લગાડવાને અગર ઇનશાફનો હેતુ પાર નહીં પાડવાને શાક્ષીઓની ઇઓદમાં કોઈ શાક્ષી બતાવવામાં આવ્યો છે એવું જો માજીસ્ટરેટની નજરમાં આવે તો." તે શાક્ષી મુદાનો છે એવું માનવાને યોગ્ય કારણ છે એવી અમને ખાતરી કરી આપવી જોઈએ એવું તોહોમતવાળા પાસે તેઉ માગી શકે છે. હવે આ કલમ ૩૫૯ નો હેતુ અમે સમજીએ છીએ તે પ્રમાણે બચાવ તરફના શાક્ષીઓ બતાવવામાં આવ્યા હોય તેમાંનો કોઈ શાક્ષી હેરાન કરવાને અગર વાર લગાડવાને બતાવવામાં આવેલો છે એવું માજીસ્ટ્રેટની નજરમાં આવે તો તેઉ પોતાની સમજનો ઉપયોગ કરી તે શાક્ષી અગત્યનો છે કીવા નહીં. તેનો તેમને તપાસ કરવાનો છે તે ઠરાવથી માજીસ્ટ્રેટ તોહોમતવાળાનો બચાવ મોઘમ કેવો છે તેનો તપાસ કરે અને તે બચાવ કેવો છે તે જાણવામાં આવે એટલે તોહોમતવાળાના તમામ શાક્ષીઓ ઉપર સમન્સ કરવા છોડી દેવા કે નહીં તેનો વીચાર કરે એવો ઇરાદો રાખવામાં આવેલો હોય એમ અમારા સાંભળવામાં નથી. આવો કુલ અખત્યાર કોઈ વારંટમાં વાપરવામાં આવ્યો હોય એમ અમારા જાણવામાં નથી. આ વાત કોરાણે રાખતાં પણ આ શાક્ષીઓને સમન્સ કરવામાં આવેલા તે હેરાનગતી અને વાર કરવાના કોઇ કારણથી કરવામાં આવેલા એમ શું કહી શકાય છે. તે તપાશ ઘણી ઝડપથી ચાલતી હતી. તે કેદીઓ ઉપર જે આરોપ રાખવામાં આવ્યો હતો તે આરોપવાળો ગુન્હો ઘણોજ ભારે હતો અને કાયદા પ્રમાણે તેમના વીરૂદ્ધ જે હકીકત બતાવવામાં આવી હોય તે રદ કરવાને અગર તેનો જવાબ દેવાને તેઓ શાક્ષીઓ બોલાવી શકે છે અને આ શાક્ષીઓને હાજર કરવાને પ્રથમ જે કોશીશ કરેલી તે વરશની જે વખતે કરેલી તેનો વીચાર કરતાં તે કારણુસર વધારે મુદત આપવી એ વ્યાજબી હતું એમ અમને જણાય છે. અને વળી અમારી નજરમાં આવે છે કે તે મુદત નહીં આપવાથી કેદીઓને પોતાના બચાવમાં હરકત થવાને શંભવ હતો કારણ કે આ એક કાંઇ સાદો સવાલ નહીં હતો તે તો કેટલાક બારીક સવાલો ઉપર રહેલો છે. પક્ષકારોની વરતણુંક તથા એક અગર બીજી બાજુ તરફથી કેવી રીતે ચાલવામાં આવ્યું તે પ્રથમ તોહોમતવાળાએ કાંઇ ગુનહો કરેલો છે કે નહીં તેનો નીરણય કરવાને અને બીજું કે તે ગુનહો કેવા પ્રકારનો અને કેટલે દરજ્જે કરેલો તેનો વીચાર કરવાને ઘણોજ અગત્યનો છે. માજીસ્તરેટે તે ના પાડેલી તેનું વ્યાજબીપણું બતાવવાને તેમણે ખરેખાત કહયુંછે કે તોહોમતવાળાઓએ તેમના ઉપર રાખેલાં તોહોમતવાળો ગુન્હો કબુલ કરેલોહતો પણ તોહોમતવાળા

ઓએ એવું કાંઇ પણ કબુલ કરયું નથી. તેમના ઉપર કાંઇ આરોપ રાખ વામાં આવ્યો નથી. તેમણે જે કબુલ કરયુંછે તે એ કે અમોએ આ વાંસો ખેંચી કાહાડી અને બાંધણી વછોડી નાંખીઃ—આ કહેવું બખેડાનો ગુનો કબુલ કરયાથી ઘણું દુર છે. બીજી જે બાબત ઉપર અમે અમારા વીચારો બતાવવાને બંધાએલા છીએ. એવું અમારી નજરમાં આવે છે તે એ છે કે માજીસ્ત્રેટને અનુંમાન પ્રમાણે પક્ષપાત વીનાનો પુરાવ એટલે કે પોતાના પોલીસ અમલદારની શાક્ષીઓ મેળવવાનું સાધન પોતાના અખત્યારમાં હતું તેમ છતાં તેમાંના કોઇને બોલાવ્યો નથી અગર તપાસ્યો નથી. ફરીઆદ તરફના સાક્ષીઓ અમારા માનવા પ્રમાણે ફકત બે હતા અને આવા કામમમાં પોલીસ અમલદારોને એક અગર બીજી બાજુ તરફ અનુંમાન પ્રમાણે કાંઇ વીરૂધપણું નાહોય માટે તેમની શાક્ષી લેવી જોઇતી હતી. એમઅમારે ઉમેદ રાખવી જોઇયે. આ કામમાં કામ ચલાવવાની રીતી બાબત આટલુંછે.

હવે અમે ગુનાની શાબેતીના ઠરાવ ઉપર જઇએ છીએ. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૭ માં બતાવેલા ગુનાહ બાબત તોહોમતવાળાઓને ગુનેહગાર ઠરાવેલા છે. સારી પેઠે વીચાર કરયા પછી તે કલમ પ્રમાણે તેઓએ ગુનોહ કરયો છે એમ અમારી ખાતરી થતી નથી. હીંદુશ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે ગેર કાયદે મંડળીનો એક સરખો હેતુ અમલમાં લાવવાને જે બળ વાપરવામાં આવે તે બખેડો છે. માટે અમને એવું માલમ પડવું જોઇએ કે કાયદા વીરૂધ મંડળી હતી, તેઓનો એક સરખો હેતુ હતો. અને તે એકસરખા હેતુનો અમલ કરવા સારૂ બળ વાપરવામાં આવ્યું હતું. હવે પાંચ કરતાં વધારે સખસો આ પ્રસંગે એકઠા થએલા હતા. એ ઘણું સંભવીત છે એમ અમારી નજરમાં આવેછે. પરંતુ તે સખસો કોણ હતા. જેઓ એકઠા થયા હતા તે કાંઈ કાયદા વીરૂધ કારણશર થએલા નહી હતા તેમ તેઓને સુલેહનો ભંગ કરવાને એકઠા બોલાવવામાં આવેલા નહીં હતા. તેઓ સાધારણ નોકરો હતા અને હકીકતના શબંધમાં કહેતાં ઘણું કરીને બાબુ ગોપીકીસ્તો ગોસાઇના સાધારણ રીતના થોડાક નોકરો તે હતા. તેમાંના એકને ચુપકીથી માલમ પડયું કે બીજી ટોળીવાળા રાતની અંદર જે બાંધણી તેમને બાંધવાનો દીવાની કોરટથી અખત્યાર નહીં હતો તે તેઓ બાંધે છે. અને આ બાંધણી બાંધવાનુ જે કૃત્ય હતું તે કાયદા વીરૂધ હતું, માટે તે ખશેડવાને મદદમાં સામી તકરાર કરવાને બીજા નોકરોને તેણે બોલાવ્યા એવી સુચના કરવામાં આવી છે કે આ બાબતનો સમાસ કલમ ૧૪૧ ની ત્રીજી અથવા ચોથી રકમમાં થાય છે. હવે ત્રીજી રકમમાં જે હેતુ બતાવવામાં આવ્યો છે તે કાંઇ બીગાડ અગર સાપ્રાંશ પ્રવેશ અગર બીજો કોઇ ગુનહો કરવાનોછે. બીગા

કની બાબતમાં આગળના ગુનહાની સાબેતીનો ઠરાવ છે તેના સબંધમાં અમે કહી ચુકયા છીએ તેથી તેમાં બીગાડ નથી એમ અમને જણાયછે. શાપરાધ બાબતની બાબતમાં જે કહેવામાં આવ્યું છે તે અમારી નજરમાં બરોબર નથી. તોહોમતવાળા સખસો પોતાના શેઠની જમીન ઉપર જ્યાં હોવા જોઇએ ત્યાંજ હતા. તેઓ ત્યાં પ્રવેશ કરવાને સારૂ અગર બીજા કોઇ કાયદા વીરૂધ કારણ સારૂ ગએલા નહી હતા. પછી એમ કહેવામાં આવેલું છે કે કાંઇક હક અગર ધારેલા હકનો અમલ કરવા શારૂ વખતે ત્યાં ગયા હતા. પણ આવા કાંઇ કારણથી તેઓ ત્યાં ગયા હતા. એમ અમને કાંઇ દીસતું નથી. પરંતુ બીજી બાજુ તરફથી અમુક હક કે જે કોરટે તેમનો નહીં હતો એવું ઠરાવેલું તેવું તેમના જાણવામાં સંપુરણ છતાં તે હકનો અમલ કરવાને તે ગયા હતા. આ સખસો તો ફકત પોતાના શેઠની તરફથી પોતાના શેઠનો હક તુટે નહી તે સારૂ સામા થવાને ગએલા હતા એવું કબુલ કરવામાં આવ્યું છે કે કાંઇ બળ અગર જોર વાપરવામાં આવ્યું નથી. અને આ કામ વળી એવું છે કે પોલીસના અમલદારો તે જગોએ હાજર હતા તેમ છતાં તેમને વચમાં પડવાનો પ્રસંગ નહી હતો. તે ઉપરથી તેવું અનુમાન થાયછે. માટે અમને એમ જણાયછે કે આ શખસને બખેડાના ગુનેહગાર ઠરાવવાને કાંઇ કારણ નહી હતું કારણ કે તેઓ ત્યાં કાયદા વીરૂધ મંડળીના અંગભુતતરીકે નહીં હતા. તેમ કાંઇ કાયદા વીરૂધ કારણથી તેઓ ત્યાં નહીં હતા. સબબ અમારી નજરમાં આવે છે કે ગુનાની સાબેતીનો ઠરાવ તથા તે ઠરાવ કરવાને જે રીતીએ કામ ચલાવ્યું છે તે રીતી કાયદા વીરૂધ હતી સબબ તે રદ થવા જોઇએ.

હવે શેશન કોરટમાં જે હકીકત બનેલી છે તે વીશે અમારે એક અગર બે વીચાર બતાવવાના છે. માજીસ્રેટે જે ભુલ કરેલી છે તેનો ખુલાસો સેહેલાઇથી એવો આપી શકાય છે કે તેમને પોતાની ફરજ એવી લાગેલી હતી કે મારે તે જીલાની સુલેહનો ભંગ ના થાય એટલુંજ નહી પણ મારી પોતાની કોરટના અખત્યાર વીરૂધ પણ કાંઇ ના થાય અને વળી પ્રથમના કામમાં તેમણે ઘણો ભાગ લીધેલો અને તે કામ ઉપરથી ગુનહાની સાબેતીનો આ ઠરાવ થએલો છે. માટે તેમણે જે કાંઇ કરેલું છે તે ભુલ ભરેલું છે. પરંતુ સ્વભાવીક ના હોય એમ નથી એવું અમારી નજરમાં આવેછે પરંતુ આ વીચારો શેશન કોરટને લાગુ થતા નથી. શેશન જડજ ઘણા ભારે અનુંભવી અમલદાર છે. તેમને માજીસ્રેટની કોરટના અધીકારનો નીભાવ કરવાની જરૂરીથી કાંઇ અસર થયો નથી. પ્રથમના કામમાં કાંઇ ભાગ લેવાથી પણ અસર થયો નથી. તેમ છતાં માજીસ્રેટે જે ભુલો કરેલી છે તે બતાવવાને તેમણે ફકત કસુર કરી છે એટલુંજ

નહીં પણ જે રીતીએ માજીસ્ત્રેટે કરેલું છે તેના પણ ઉપરાંત ખરી રીતે તેઉ ગએલા છે. જોઈંટ માજીસ્ત્રેટે જરૂર બતાવેલું છે કે મારી કોરટનું માન રાખવાને હુ કાંઇ ધીમો રહેલો નથી. અને અરજદારોને ત્રણ માસ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરી તે ખરી રીતે સમજીને સખત શીક્ષા કરેલી છે. તે શીક્ષા શેશન જડજે ફકત કાયમ રાખી એટલુંજ નહી પણ તેથી બમણી શીક્ષા કરેલી છે તે શા કારણોથી તે અમારા સમજવામાં આવી શકતું નથી. સબબ અમારી નજરમાં આવેછે કે આ હુકમ કાયમ કરવો જોઇએ અને ગુનહાની સાબેતીનો ઠરાવ અને પ્રોશીડીંગ રદ કરવાં જોઇએ. જોઈંટ માજીસ્ત્રેટે ગોપી કીશ્તો ગોસાઇ અને મંગલાલ ગોસાઇ ઉપર જે કામ ચલાવેલું છે તેપણ તેથીજ બંધ પડવું જોઇએ.

જષ્ટીસ કનીંગહામ સાહેબ:—ગુનહાની સાબેતીના આ ઠરાવો રદ કરવાને અમે મળતા છીએ. કામમાં જે હકીકત છે તે ઉપરથી સાબેત થાય છે કે અમુક સહમાલેકો પોતાની મજીયારી મીલકત ભોગવવામાં તેમની તથા બીજા સહ માલેકની વચમાં યોગ્ય કોરટથી જે ઠરાવ થએલો તે ઠરાવ વીરૂધ તેઓ કરતા હતા. એટલે એક ચોરો બાંધવાની મનાઇ કરવામાં આવેલી તેમ છતાં તે બાંધતા હતા તે કાયદા વીરૂધ હતું; તે ઉપરથી ત્યાં બીજા સહમાલેકો આવ્યા. અને કાંઇ પણ જફા અથવા બીન જરૂરીયાત બળ વીના અને સુલેહનો ભંગ કરયા શીવાય તે બાંધણીનું કામ વાંસનું હતુ તે તોડી નાંખી તે અપકૃત્ય બંધ કરયું. આ કારણથી તેઓને કાયદા વીરૂધ મંડળીના અંગભુત થયાના ગુનેહગાર ઠરાવેલા છે. તેથી તમને ત્રણ માસ સુધી સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવેલી છે આ સીક્ષાનો હુકમ અપીલમાં વધારી છ માસની શીક્ષા કરવામાં આવી છે.

તોહોમતવાળાઓ ખાનગી અપકૃત્ય બંધ કરવાને ઈંગરેજી લા પ્રમાણે જે જાણીતો ઇલાજ છે તે ફકત તેમણે વાપરેલો છે એમ અમને જણાય છે આ હકનુ વરણન સ્ટીફન સાહેબની ટીકાની પાંચમી આવૃતીના ત્રીજા વાલ્યુમને પાને ૩૫૪ મે કરેલુ છે.

પેરી વીરૂધ ફીટઝહવના કામમાં લોર્ડ ડેનમેન સાહેબે તે નીયમ ઠરાવેલો છે. તે કામમાં એક સાધારણ સખશનો ચારવાનો હક હતો તેણે તે જમીન ઉપર ઇમારત બાંધી હરકત કરી તેથી તેણે તે તોડી નાંખી તે વખતે વાદી અને તેનું કુટંબ તેની અંદર હતું. તેમાં કોરટે ઠરાવ્યું કે આ કામમાં મનુંષ્યના જાનની ભારે બાબત રહેલી છે. અને તેથી જપ્તી બાબતના કાયદાને અનુસરતા સુલેહનો ભંગ થવાનો ભારે ભય હતો માટે વાદીનો કૃત્ય કરવાનો હેતુ કાયદા વીરૂધ હતો.

આ કામમાં કાંઇ જફા અને સુલેહના ભંગની ધાસતી ખરી રીતે નહી હતી. પાસે પોલીશ હતી અને તે જોતા હતા અને તે હરકત બંધ કરવામાં આવી માટે તે કાયદેસર છે.

કાયદાનો તેવોજ વીચાર હીંદુસથાનના ફોજદારી કાયદામાં ફરીથી દાખલ કરેલો છે બીગાડની વાખ્યા કલમ ૪૨૫ મીમાં (હીંદુસથાનનો ફોજદારી કાયદો) કરવામાં આવેલી છે. અને તેના બીજા ખુલાશા ઉપરથી જણાય છે કે જે મીલકતનો બીગાડ કરનાર બીજાઓની સાથે તે મીલકતનો સહમાલેક હોય તો તે બીગાડ થાય છે આ વાખ્યા પ્રમાણે ફરીઆદીએ તે બાંધણી કરી તે અમારા માનવા પ્રમાણે બીગાડ છે.

હીંદુસ્થાનના ફો. કાયદાની કલમ ૯૮ પ્રમાણે સ્થાવર અગર જંગમ મીલકતનો બીગાડ થતાં અટકાવવાને પોતાના બચાવ સારૂ હક છે. કલમ ૯૯ નો ત્રીજો અપવાદ લાગુ થતો હોય એમ અમારી નજરમાં આવતો નથી. કારણ કે તોહોમતવાળાઓનો તે બાંધ કામ અટકાવવાનો હતો અને જો તાકીદ હુકમ મેળવવાને કોરટમાં જવાને તેઓ થોભ્યા હોત. તો તે પ્રમાણે કરી શકત નહીં.

આવોજ મુકદમો બીરજુશીંગ વીરૂધ ખુબલાલનો હતો તેમાં ચીફ જષ્ટીશ કાંઉચ સાહેબે જે વીચારો બતાવેલાછે તે આ કામમાં તોહોમત—વાળાઓને લાગુ થાયછે એમ જણાય છે.

આ પ્રમાણે વીચાર કરતાં અમારી નજરમાં આવે છે કે તોહોમતવાળાઓએ કાયદેસર પોતાના બચાવનો હક કાયદેસર વાપરેલો છે માટે તેમાં કાંઇ સાપરાધ બળ વાપરયું નથી. ગેરકાયદે મંડળી થઇ નથી અને બખેડો પણ થઓ નથી. સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ.

—•—

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ ડીસેંબર સને ૧૮૭૭

મી૦ જષ્ટીશ માર્કબી અને મી૦ જષ્ટીશ મીતર સાહેબોની રૂબરૂ

અરજદાર ભુઅનેશ્વર દતની બાબતના કામમાં.

સમન્સની પોહોચ આપવાને ના કહેવી—હિ. ફો. કાયદા (સને ૧૮૬૦ ના આ. ૪૫) ની કલમ ૧૭૩.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૩ મી પ્રમાણે સમન્સની પોહોચ આપવાની ના કહેવાથી ગુનહો બનતો નથી.

માહારાણી વી૦ કાલીયાબીન ફકીરના કામમાં ચાલાવામાં આવ્યું.

પાનુ ૬૨૧ આ કામમાં કેદીના ઉપર સમન્સની પોહોચ આપવાની ના કહ્યાનો આરોપ રાખવામાં આવ્યો હતો. કેદીએ અપીલ કરી, એવા કારણથી કે મને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે. તે કાયદેસર નથી. કારણ સમન્સની પોહોચની વાત જાતે અથવા બીજાની મારફતે કબુલ કરવાનો ના કહેવાથી હિં. ફો. કાયદાની કલમ ૧૭૩ મી પ્રમાણે ગુનહો બનતો નથી.

અરજદાર તરફથી બાબુ અમારેંદ્રનાથ ચાતરજી.

જસ્ટીસ માર્કબી સાહેબઃ—ગુનાની શાબેતીનો આ ઠરાવ રદ કરવો જોઇએ એમ અમારી નજરમાં આવે છે. તે અરજદારના ઉપર જે આરોપ રાખવામાં આવ્યો છે તે એવો છે કે શમન્સ પહોચ્યાની તેણે ના કહી. માહારાણી વી૦ કાળીયા બીન ફકીરના કામમાં મુંબાઈ હાઇ કોરટે ઠરાવેલું છે. હી. ફો. કાયદાની કલમ ૧૭૩ મી પ્રમાણે આ કાંઇ ગુનાહ બનતો નથી અને તે કલમ પ્રમાણેજ આ ગુનાહની શાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો છે. માટે અમે તે ઠરાવ સાથે મળતા છીએ.

સબબ આ ગુનાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યોછે અને જો દંડ વસુલ આપવામાં આવેલો હોય તો પાછો આપવો. જો તે અરજદાર જેલમાં હોય તો, તેને છોડી દેવો.

તા૦ ૧૬ એપ્રીલ સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ માર્કબી અને મી૦ જષ્ટીસ પ્રીનશેપ

સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ ગંગાધર ભનજો વીગેરે.

સ્ટાંપ આકટ (સને ૧૮૬૯ નો ૧૮ મો)ની કલમ ૨૯, ૪૩—કામ ચલાવવાની રીતી—ફરીઆદ ચલાવવાને માજીસ્ત્રેટને આપેલો અખત્યાર.

એક જીલ્લાના કલેકટરે સ્ટાંપ આકટ કલમ ૪૩ પ્રમાણે સ્ટાંપના કાયદા વીરૂધ ગુનાહ કરનારાઓ ઉપર ફરીઆદ ચલાવવાને એક માજીસ્ત્રેટને અખત્યાર આપેલો તેથી તે માજીસ્ત્રેટ જે સખસોના ઉપર ફરીઆદ માંડે તે ફરીઆદનુ કામ તપાસવાને મુખત્યાર નથી. સબબ ફરીઆદ તરફનું કામ ચલાવવાને માજીસ્ત્રેટ સીવાય બીજા કોઇ સખસને કલેકટરે નીમવો જોઇયે.

પાનુ ૬૨૨ સને ૧૮૬૯ ના આકટ ૧૮ ની કલમ ૨૯ પ્રમાણે અરજદારોને સ્ટાંપના કાયદા વીરૂધ ચાલ્યા બાબત કોનટાઇના આશીસ્ટંટ માજીસ્ત્રેટે ગુનેહગાર ઠરાવી રૂ. ૧૮) દંડ કરેલા છે.

જસ્ટીસ પ્રીનશેપ સાહેબઃ—આ કામો મીદનાપુરના શેશન જડજ

સાહેબે અમારી તરફ મોકલેલાં છે. કારણુ કે માંહારાણી વીરૂધ નાહીચંદ પોડરના કામમાં ઠરાવેલા નીયમના વીરૂધ સ્ટાંપનો કાયદો તોડયા બાબત કોનટાઇ ડુકડીના માજીસ્ટ્રેટે દંડની શીક્ષા કરેલી છે.

આ કામમાં સ્ટાંપ આકટની કલમ ૪૩ પ્રમાણે આ અમલદારને ફરીઆદ કરી ચલાવવાને કલેકટરે અખત્યાર આપેલો જણાય છે. આવી હકીકત છતાં અમારી નજરમાં આવે છે કે તેઓની તપાસ કરવાને તે મુખત્યાર નથી. કલમ ૪૩ પ્રમાણે સરકારી વકીલ અગર બીજા કોઇ સખસને નીમી કલેકટરે બનતી હરકત દુર કરી શકતા હતા. સબબ અમે ગુનાહની શાબેતીના ઠરાવો અને શીક્ષાના હુકમો રદ કરીએ છીએ. અને જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

તા૦ ૧૮ અપ્રેલ સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ માર્કબી અને જષ્ટીસ પ્રીનસેપ સાહેબની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ માઇરે.

ફોજદારી કામ ચલાવવાના રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૨૬૩—ઠરાવ —જુરરના અભીપ્રાય મલતા નહી આવે તે—ઘણા મતથી આપેલા ઠરાવથી જડજનું જુદુ પડવુ—હાય કોરટનો અખત્યાર.

એક ઓરતના હાથમાં એક છોકરૂં હતું અને તે ઓરતને તોહોમતવાળાએ જોરથી માથા અને ખભા ઉપર મારી તેમાં એક ઘા સદરહુ છોકરાના માથા ઉપર વાગ્યો તેથી તે છોકરો મરણ પામ્યો. ઠરાવવામાં આવ્યું કે મહાવ્યથાની વાખ્યામાં આ ગુનાહનો સમાસ થાય તે પ્રમાણે આ છોકરાને તે તોહોમતવાળાએ વ્યથા કરેલી છે.

જે કામમાં જયુરીનો અભીપ્રાય એકમતથી ના હોય અને જડજ તેમના બતાવેલા અભીપ્રાયોથી જુદા પડતા હોય તો સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૬૩ પ્રમાણે કામમાં પુછતાં જયુરીએ ઘણા મતથી નીરદોશનો ઠરાવ કરયો હોય તોપણુ તે કેદીને ગુનહગાર ઠરાવવાને હાય કોરટ મુખત્યાર છે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૬૩ અને ૪૬૪ પ્રમાણે જ્યારે નીરદોશના ઠરાવ સાથે જડજ મળતા આવતા ન હોય ત્યારે હાય કોરટમાં તે કામ મોકલતાં તે જડજના અભીપ્રાયમાં ગુન્હો થએલોછે એવું કહેવું તે તેમની ફરજ છે.

પાનું ૬૨૭ ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે આ રેફરંસ કરવામાં આવેલું છે. એક ઓરતના ઉપરના કેદી

એ હુમલો કરયો, અને તે વખતે તેણીના હાથમાં એક છોકરૂં હતું અને જે માર તે કેદી તે ઓરતને મારવાને તાકતો હતો તે મારતાં૪ એક ઘા તે છોકરાના માથા ઉપર વાગ્યો. તેથી તે છોકરો મરણ પામ્યો.

તેથી તે કેદી ઉપર (૧) સીક્ષીણ્ય મનુષ્યવધનો (૨) અવીચાર અને કસુર ભરેલાં કૃત્યથી મોત કરયાનો (૩) મારહાવ્યથાનો (૪) વેથાનો આરોપ રાખવામાં આવ્યો. માના ઉપર હુમલો કરયા સબંધી કાંઇ આરોપ રાખવામાં આવ્યો નથી.

જ્યુરીએ એકમતથી ઠરાવ્યું કે તે ઓરત ચેતીઆને માર મારયા બાબત કેદી ગુન્હેગાર છે પરંતુ છોકરાની બાબતમાં કાંઇ કહેલું નહી. તેઓનો ઠરાવ તેમણે પોતે ફરીથી વીચાર કરવો એવું. તેમને કહેવામાં આવતાં તેમાના ત્રણે કહયુ કે કેદીએ તે છોકરાને મારી નાંખ્યું છે એગર અમે માનતા નથી; પરંતુ બાકીના બેના અભીપ્રાયમાં આવેલુ છે કે ને કેદીએ તે છોકરાનો સીક્ષીણ્ય મનુષ્યવધ કરેલો છે.

જ્યુરીનો આવો ઠરાવ થયો તેથી પટણાના કામ ચલાઉ શેશન જડજ જુદા પડયા અને કામ તા. ૨૯ મી માર્ચ સને ૧૮૭૮ ના રોજ તેમણે હાય કોર્ટમાં મોકલ્યું.

ફરીઆદ તરફથી બાબુ જગોદાનંદ મુકરજી.

કેદી તરફથી મી૦ કવીડેલ:—

કોરટનો ફેસલો જષ્ટીસ માર્કબી સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

આ કામની હકીકત ઉપર કાંઈ શક રહેતો હોય એમ જણાતુ નથી. એક સખસ નામે બીહારી, તેની ઓરત ચેતીઆ અને તેની બેહેન ફુલકુમારીને કામે રાખનાર કેદી હતો. આ કુટંબને મુસારો આપવા સબંધી કાંઇ તકરાર થઇ જણાય છે. તકરારી સવારમાં કેદી તે બીહારીને ઘેર ગયો. અને તે બીહારીની ઓરત ચેતીઆને તથા તેની બેહેન ફુલકુમારીને બોલાવી કાંઇક કામ પોતાની તરફથી કરવાનું કહયું. તે કરવાને તેઓએ ના કહી અને કેટલાક શબ્દો બેશક બેઅદબી ભરેલા હતા તે તેઓ બોલી, તેથી તે કેદીના પગમાં જોડો હતો તે જોડાવતી ચેતીઆના માથામાં અને ખભા ઉપર માર મારવા માંડયો. તે વખતે ચેતીઆના હાથમાં થોડાક મહીનાનું એક છોકરૂં હતું અને તેણીના કહેવા પ્રમાણે તે છોકરાનું માથું તેણીના ખભા ઉપર અગર ખભાની નજીક હતું તેમાં માર મારતાં એક ઘા તે કેદીએ તે છોકરાના માથા ઉપર મારયો. અને તેથી ઘણું કરીને છોકરૂં મરી જાય અને તે મરી ગયું.

તે કેદી ઉપર તે છોકરાના ખુન બાબત શીક્ષણ્યમનુષ્યવધનો, અવીચાર અને કસુર ભરેલાં કૃત્યથી તે બાળકનું મોત કરયાનો, તે બાળકનો મ

હાબ્યથા કરયાનો, અને તે બાળકને વ્યથા કરયાનો આરોપ રાખવામાં આ- વ્યો હતો. તેમાં છેવટના બે આરોપો શેશન જડજે વધારેલા છે. મને માર મારયો તે વીશે કાંઇ આરોપ રાખવામાં આવ્યો નથી.

તે તપાસનો પરીણામ એવો થયો કે જ્યુરીમાંના ત્રણ સખસોના અભીપ્રાયમાં આવ્યું કે તેને બીલકુલ નીરદોશ ઠરાવવો જોઇએ. અને બાકીના બે સખશોએ એવો વીચાર કરેલો જણાય છે કે તે બાળકનો શીક્ષ- ણ્ય મનુંષ્યવધ તે કેદીએ કરેલો છે.

જડજે અમને કહેલું છે કે ઘણામતથી ઠરાવ કરવામાં આવેલો છે કે કેદી તદન નીરદોશ છે, તેથી તેઓ જુદા પડેલા છે પરંતુ તેમના અભીપ્રાયમાં કેદીએ કેવો ગુનહો કરેલો છે તે તેમણે અમને કહેલું નથી. માટે કેટલીક મુશકેલી અમને લાગેછે. ફો. કા. ચ. રીતીના કાયદાની કલ- મ ૨૬૩ અને ૪૬૪ એકઠી વાંચતાં અમારી નજરમાં આવે છે કે આ- વી જાતના કામમાં જો જડજ નીરદોશના ઠરાવથી જુદા પડે તો કેદીએ જે ગુનહો કરેલો તેમના વીચારમાં આવતો હોય તે ગુનહા વીશે તેમને પોતાનો અભીપ્રાય બતાવવો એ તેમની ફરજ છે. અમારી નજરમા આવે છે કે આવા કામમાં શેશન જડજના અભીપ્રાયની આશા રાખવાનો આ કોરટને હક છે. તોપણ આ બાબતની વ્યવસ્થા કરવાને અમે મુખત્યાર છીએ અને અમારી રૂબરૂ જે સરકારી વકીલ હાજર થએલા છે તેમણે શીક્ષણીય મનુંષ્યવધનો ગુનહો ઠરાવવાને આગ્રહ કરેલો નથી. એ ઘણું અયોગ્યછે. શીક્ષીણ્ય મનુંષ્યવધના આરોપને શાબીત રીતે પુષ્ટી થઇ શ- કેછે કીંવા નહી એ વીસે અમને ઘણુંજ અંદેશા ભરેલું છે, પરંતુ જે હ- કીકત સાબેત થએલી છે તે ઉપરથી કલમ ૩૨૨ પ્રમાણે મહાવ્યથા કરયા બાબત તે કેદી ગુનેહગાર છે. એમ અમે વ્યાજબી રાહે ઠરાવીએ છીએ એવુ અમારી નજરમાં આવે છે. કામમાં જે હકીકત છે તે વીશે શક ન- થી માટે જુરીમાંના ત્રણ સખસોએ બીલકુલ નીરદોશનો ઠરાવ કરેલો છે તે ઘણું કરીને તે બાબતમાં કાયદો સંપુરણ રીતે તેઓ સમજેલા નથી. તેથી તે ઠરાવ કરેલો છે. માટે સદરહુ કલમ પ્રમાણે તે કેદીને ગુનેહગાર ઠરાવવાને અમને કાંઇ આનાકાની નથી કેદીએ માને ઇજા કરવાનો ઇરાદો રાખેલો હતો એમાં કાંઇ શક નથી માટે તે છોકરાને ઇજા કરવાને એક રીતે તેને બીલકુલ ઇરાદો રાખેલો નહી હતો. પરંતુ કલમ ૩૨૧ ના શ- બ્દોમાં એકાદો શખશ એક માણસને માર મારવાનો ઇરાદો રાખે અને બી જાને વાગે તો તેવા કામનો સમાશ થાય છે. એવુ અમારી નજરમાં આ- વેછે. તે કલમમાં કહયું છે કે

જે માણસ કોઇ સખશને વ્યથા કરવાના ઇરાદાએ અથવા

તેથી કોઇ સખશને પોતાથી વ્યથા થવાનો સંભવ છે. એમ જાણ્યા છતાં કાંઇ કામ કરે અને તે કામથી કોઇ સખસને વ્યથા કરે તો તે માણુસે ખુશી પુરવક વ્યથા કરી એમ સમજવું.

તે કલમની ભાશા ઘણીજ મોઘમ છે તે સપષ્ટ રીતે આવી જાતના કામોનો તેમાં સમાસ થાય તે કારણથીજ વાપરવામાં આવી છે એમ અમારી નજરમાં આવે છે. વળી અમારી નજરમાં આવે છે કે તે કેદી મહાવ્યથા કરયા બાબત જવાબદાર છે.

કોઇ માણુસ ખુશી પુરવક વ્યથા કરે અને વ્યથા કરવાનો તેનો ઇરાદો હોય અથવા જે વ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે વ્યથા અગર મહાવ્યથા હોય તથા જે વ્યથા તે કરે તે વ્યથા મહાવ્યથા હોય તો તે માણુસે ખુશીપુરવક મહાવ્યથા કરી એમ સમજવું.

જયારે એક સખશ એક ઓરતના હાથમાં છોકરૂં હોય અને તે ઓરતના બદનના જે ભાગ ઉપર અગર નજીક તે છોકરાનું માથું હોય અને તે ભાગ ઉપર માર મારે તો તેથી તે બાળકને મહાવ્યથા કરવાનો સંભવ છે એમ તે જાણે નહીં એવું કહેવું અશક્ય છે એમ અમારી નજરમાં આવે છે સમજુ માણુસ તરીકે તેણે જાણવું જોઇએ કે તે ઓરતને તે મારવાનો ઇરાદો રાખે છે. પરંતુ તે બાળકને વાગવાનો જે સંભવછે તેથી વધારે બીજો સંભવ કાંઇ નથી. અને તે છોકરાના માંથા ઉપર ઘા વાગે તો તેથી તેના જાંનને હરકત થવાનો સંભવ છે. મહાવ્યથાની વાખ્યામાંની આ એક વાખ્યા છે માટે અમારા અભીપ્રાયમાં આવેછે કે તે કેદીને કલમ ૩૨૨ પ્રમાણે ગુનેહગાર ઠરાવવો જોઇએ.

આ કામમાં કેદીએ શી શીક્ષા ભોગવવી એ ઘણીજ અગત્યની બાબત અલબત છે. પુરાવ ઉપરથી નકી જણાય છે કે તે કેદીની વરતણુંક ઘણીજ જફા ભરેલી હતી. માની બાબતમાં પણ તેની વરતણુંક વ્યાજબી હતી એમ કાંઇ થઇ શકતું નથી. અને એકાદી ઓરતના હાથમાં નાનું બાળક હોય અને તે ઓરતને મારવી એ ઘણુંજ ગેરવ્યાજબી કામ છે. બેશક તે કેદીએ તે બાળકને કાંઇ ઇજા કરવાનો ઇરાદો રાખેલો નહીં હતો. પરંતુ તેણે એવું કૃત્ય કરેલું છે કે જેથી તે સખત શીક્ષાને પાત્ર થાય છે સબબ હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૩૨૨ પ્રમાણે તેને બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૬ ફેબરવારી સને ૧૮૭૮

સર રીચર્ડ ગાર્થ નાઈટ ચીફ જસ્ટીસ મી૦ જષ્ટીસ માર્કબી,

અને મી૦ જષ્ટીસ બર્ચ સાહેબોની રૂબરૂ.

જેવુલીયમસ (અરજદાર) વીરૂધ વુલીયમશ (અપીલનો પ્રતીવાદી) અને કોનરાન (અપીલનો સહ પ્રતીવાદી)

છેડા છુટકાનો આકટ (સને ૧૮૬૯ નો આકટ ૪ થો) ની કલમ ૧૪—વાર લાગવી—આંખ આડા કાન—અનુંમાન રદ કરવું.

એક બાજુ તરફ લગ્નના છેડા છુટકાની અરજીની બાબતમાં કેવળ મરીયાદા નથી. તોપણ જે વખતે છીનાળાનો આરોપ રાખવામાં આવે છે તે વખતે પ્રથમ કોરટને એવું જોવાનું છે કે તે છીનાળાની બાબતમાં અરજદારે આંખ આડા કાન કરેલા અગર તે તદન બેદરકાર હતો એવો નીશ્ચય થાય તેવી ઢીલ થએલી છે કે નહી. પરંતુ દેખીતી ઢીલ ઉપરથી જે અનુંમાન થાય તે હમેશાં હકીકતના ખુલાસા ઉપરથી રદ થઇ શકેછે.

પાનું ૬૮૮ ચીફ જસ્ટીસ ગાર્થ સાહેબ—આ કામમાં અરજદાર જોહાન અલેકજાંડર વીનસેંટ વુલીયમસે પોતાની ઓરત ગ્રેસઇ વીલીના વુલીયમશથી છેડા છુટકો કરવાને દાવો કરેલો છે એવા કારણથી કે તેણીએ સહપ્રતીવાદી રોબર્ટ કોનરાન સાથે વ્યભીચાર કરયો છે અને વળી તે સહ પ્રતીવાદી પાસેથી નુંકશાન મળવા તે દાવો રાખે છે. જીલ્લા જડજે છેડા છુટકાનુ હુકમનામુ તથા સહ પ્રતીવાદી પાસેથી રૂપીયા ૩૦૦૦) નુંકશાનીના અપાવા એવું હુકમનામુ કરેલું છે અને આ હુકમનામુ હાલ અમારી રૂબરૂ મંજુરી સારૂ આવેલું છે.

સને ૧૮૫૮માં તે પક્ષકારોનું લગ્ન બનારસમાં થએલું એમ જણાય છે તેઓને સાત છોકરાં થએલાં પરંતુ ફક્ત એક હયાત રહેલું છે. સને ૧૮૬૩ માં અલ્હાબાદમાં પોલીસની બરાકોમાં તેઓ એકઠાં રહેતાં હતાં. અને ત્યાં સહપ્રતીવાદી જે એકલો છડો માણુસ છે તે પણ રહેતો હતો અને તે વખતે અરજદાર તથા સહપ્રતીવાદી બેઉ પોલીશ અમલદારો હતા. તે સહપ્રતીવાદીને તે અરજદાર તથા તેની ઓરત સાથે ઘણો સ્નેહ હતો. પરંતુ તે અરજદારને કાંઇ અંદેસો ઉતપન થાય એવું તે વખતે માલુમ પડેલું નહી હતું.

સને ૧૮૬૪ અગર સને ૧૮૬૫ માં તે અરજદાર અને તેની ઓરત બનારસ રહેવા ગયાં અને સને ૧૮૬૬ માં મીસીશ વુલીયમશ એટલી બધી માંદી થઇ કે તેના જીવની આશા છોડવામાં આવી હતી. તે વખતે

તેણીએ સહપ્રતીવાદીને જોવાને પોતાની મરજી બતાવી તેણીએ કહયું કે હું મરીશ એમ હું ધારૂછુ અને મારૂ એકનું એક છોકરૂં છે તે મારે તેને સોંપવું એવી મારી મરજી છે, તેથી અરજદારે સહપ્રતીવાદીને બોલાવ્યો પરંતુ તે છોકરાને ખરી રીતે સોંપવામાં આવ્યું એમ જણાતું નથી. તે સહપ્રતીવાદી થોડા દીવશ રહયો અને પછી અલ્હાબાદ ગયો. એક અઠવાડીઆ પછી અપીલની પ્રતીવાદીની અરજ ઉપરથી તેણીની બેહેને સહ પ્રતીવાદીને ફરીથી બોલાવ્યો અને તે પાછો તે ઘેર આવ્યો.

શુમારે એક મહીના પછી બનારસથી અરજદારની કાહાનપુર બદલી થઇ. અપીલની પ્રતીવાદીઅણુને તે વખતે આરામ થતો હતો તેથી અરજદારે કહયું છે કે તે વખતે એવી ગોઠવણુ કરવામાં આવી કે કાહાનપુર એક મકાન રાખીને જયારે તે પ્રતીવાદીઅણુ થોડી વધારે મજબુત થશે ત્યારે ત્યાં મારે તેને લેઇ જવી. તે અરજદારે કહયું છે કે હું ત્યાં ઘર તઇયાર કરતો હતો તે દરમીયાનમાં મારી ઓરત તરફથી એક કાગળ મને મળ્યો તેમાં એવું કહેવામાં આવ્યું હતું કે મારે તેને મરી ગયા બરોબર ગણવી અને તે મારી પાસે આવવાની નથી. આ કાગળ રજુ કરવામાં આવ્યો નથી તેમ તેની તારીખ બતાવવામાં આવી નથી. તે વખતે અરજદારે પોતાની ઓરતને સોધવાને જે કોસીશ કરેલી છે તે ફક્ત કાગળો લખી કરેલી છે, પરંતુ તે કાગળો કોને લખ્યા તે કહેતો નથી તેમ તે પ્રતીવાદીઅણે ફરીથી તેની પાસે નહીં આવવાને પોતાનો ઇરાદો બતાવ્યો ત્યાર પછી પંદર અગર વીશ દીવસે મી૦ કોનરાનને તેને કાગળ લખ્યો તે કહેછે તે સીવાય તેને જે બાતમી મળેલી તેની કાંઇ વીગત તેણે બતાવેલી નથી. આ કાગળ પત્રના વહેવારનો હેવાલ નીચે પ્રમાણે છે.

"મારી ઓરતે કાગળ લખી મને કહ્યું કે તે પાછી મારી પાસે આવવાની નથી ત્યાર પછી પંદર અગર વીસ દીવસે મી૦ કોનરાનને લખ્યું હતુ તેણે એવું લખ્યું હતું કે લાઇન ઉપર જુદા જુદા સ્ટેશનોમાં પોતાની નોકરી કરતો હતો તે દરમીયાનમાં તે તેણીને મળતો કે નહીં. તેણે શીધો જવાબ આપ્યો નહીં. અને મને તેણે એવો અપમાન ભરેલો જવાબ આપ્યો કે મારી ઓરતની વડીયાઇમીશીશ મ્યાકફીનને મને કહ્યું હતું કે મારી સાળી સાથે તે વરતેછે તે હું પસંદ કરતો નથી. અને આવી હકીકતછે તો મારે કાંઇ બાતમી તેને પુછવી જોઇએ નહી. મેં તે કાગળનો જવાબ લખ્યો ત્યારે તેણે મને લખ્યું કે હવે ફરીથી મારી સ્થીતી સાંભળવાને તેને મરજી નથી. કારણ કે હું તેની નીતી બાબત સારો અભીપ્રાય ધરાવતો નથી." આ કાગળોમાંનો એકે કાગળ રજુ કરવામાં આવ્યો નથી. વળી તેણે કહયું છે કે સને ૧૮૬૮ માં મારી ઓરત તરફથી મને ખબર મ-

મોલી તેમાં તેણીએ એવી ફરીઆદ કરી કે તેણીના સગા તેણીના ઉપર તેણીની ખોટી ચાલ બાબત ખોટા આરોપ રાખે છે. આ કાગળ તે રજુ કરતો નથી. તેમ ક્યાં તે બીડવામાં આવ્યો હતો તે કાંઇ તે કહેતો નથી પરંતુ તે કહે છે કે મેં તેણીના સગાને લખ્યું હતું કે આ આરોપો પાયા વગરના છે. તે એવું સ્પષ્ટ કહેતો નથી, પરંતુ દેખીતી રીતે તે એવું સમજાવવાને મરજી રાખે છે કે સને ૧૮૬૬ માં જ્યારે મેં તેણીને છોડી અને સને ૧૮૭૭ ના ફેબરવારી મહીનામાં ફક્ત અકસ્માત રીતે બનારસમાં એક સખસે મને ખબર આપી કે મારી ઓરત તે વખતે બરદવાનમાં મી૦ કોનરાન સાથે છે. તેની વચમાં તેની ઓરત તરફથી તેને ખબર મળેલી તે, બધી આજ છે. તે કહે છે કે આ ખબર મળ્યા પછી દીનાપૂર થઇને હું જતો હતો ત્યારે તે સહપ્રતીવાદીને રેલવેના પ્લાટ ફોરમ ઉપર મેં જોયો. તે કહે છે કે તે વખત હું તેની જોડે બોલ્યો નહી હતો. કારણ કે ત્યાર પેહેલાં લાંબી મુદત ઉપર મેં તેને લખ્યું હતું અને તે ઉપર કહયા પ્રમાણે તેનો નાદારી ભરેલો જવાબ મને મળ્યો હતો. પછી તેણે કહ્યું છે કે તે વીશે તપાસ કરવાને એક મી૦ સ્મીથને રાખ્યો હતો. અને તે મી૦ સ્મીથે ખાતરી કરી કે તે પ્રતીવાદીઅણુ દીનાપુરના સહપ્રતીવાદી સાથે રહે છે આ ઉપરથી તે અરજદાર પોતે દીનાપુરમાં આવ્યો અને એક દેસી સખસનો વેશ લઇને તે તે ઘેર ગયો. અને તે પોતાની ઓરતને મળ્યો ત્યાર પછી મી૦ સ્મીથે મી૦ કોનરાનને ડાકના બંગાલામાં બોલાવ્યો અને તેણે તે વ્યભીચાર કરયાનુ કબુલ કરયું. ત્યાર પછી તરત આ કામ ચલાવવામાં આવ્યું છે.

અરજદારે પોતાનો સને ૧૮૬૮થી હેવાલ આપેલો છે તે ઘણો નકી નથી. તે કહે છે કે તેણે સને ૧૮૭૨ માં પોલીસ ખાતુ છોડયું અને ત્યાર પછી દર માસે રૂ. ૨૦૦) ના પગારથી અયોધ્યામાં એક મીલ્કતના વહીવટદાર તરીકે તેર માસ નીમાએલો હતો. પછી તેજ પગારથી બનારસના રાજાના લશકરનો ઉપરી થયો હતો. તે નોકરી તેણે નવ માસ કરી અને ત્યાર પછી તે આશેનશોલ વીગરે જગોએ મીશસ કાટીના એજંટ તરીકે કામ કરે છે, અને પોતાને હીસાબે દીનાપુરમાં દેખીતી રીતે સામાન્ય ધંધો ચલાવે છે. તે ક્યાં રહેલો તે તેણે કહયું નથી. તેનું છોકરૂં ક્યાંછે. તેની ખબર નથી એમ તે કહે છે, પરંતુ તેણે સાંભળ્યું છેકે દારજીલીંગમાં એક નીશાળમાં તે છે.

અપીલની પ્રતીવાદીઅણે પોતાનો ધણી છોડયો ત્યારથી તે કાંહાં રહેલી છે તેની અમને બરોબર ખબર નથી. પરંતુ એમ સાબેત થએલું છે કે મે સને ૧૮૭૫ માં એક બાળકને દીનાપુરમાં રીચર્ડ કારટર અને

મશાહ વીલીનાની દીકરી તરીકે ખ્રીસ્તી કરવામાં આવેલું છે, અને તેમાં તે બેગોળમાં રહેનાર છે એમ વરણન કરવામાં આવેલું છે. દીનાપુરનું એક પુર બેગોળ છે અને દીનાપુરના હમેશાંના રેલવેના સ્ટેશન તરીકે ખરી રીતે તે છે. તે સહપ્રતીવાદી હમેશાં પોલીશમાં હતો અને હજુ પોલીશમાં છે. અરજદાર સોગન ઉપર કહે છે કે ફેબરૂવારીમાં તેને ખબર મળી કે તેની ઓરત બરદવાનમાં સહપ્રતીવાદીની સાથે છે તાંહાં સુધી તેને પોતાની તે ઓરત ઉપર તેને અંદેસો નહી હતો.

આ દાવામાં અપીલના પ્રતીવાદી હજર નથી તેમ સહપ્રતીવાદી પણ હાજર નથી.

જડજની નજરમાં અરજદારની કહેલી હકીકત જો કે ટીકા કરવા લાયક છે તોપણ દરેક બાબતમાં સાચી છે અને આંખ આડા કાંન, સાજશ, અગર અસાધારણવાર થએલી નથી એવું બતાવવાને બસ છે એવું આવેલું છે.

અમે તે બાબતનો આ વીચાર કબુલ કરી શકતા નથી.

છેડા છુંટકાની અરજી ખરી રીતે મરીયાદા નથી એવું એક બાજુ તરફ છે, તોપણ જયારે વ્યભીચારનો આરોપ રાખવામાં આવે છે ત્યારે તે વ્યભીચારની બાબતમાં અરજદારે આંખ આડા કાન કરેલા છે અગર તે બાબત તે તદન બેદરકાર હતો એવો નીશ્ચે કરવો પડે તેવી વાર લાગેલી છે કીંવા નહી તે કોરટને જોવાનું છે પરંતુ દેખીતી વાર ઉપરથી જે અનુંમાન ઉતપન થાય છે તે હકીકતના ખુલાશા ઉપરથી હમેશાં દુર થઇ શકે છે. તે નીયમ તે આકટની કલમ ૧૪ મીમાં કબુલ કરવામાં આવ્યો છે.

હવે આ કામમાં અરજદાર ઢીલની બાબતમાં ખુલાશો એવી રીતે કરે છે કે સને ૧૮૬૬ માં તેણે પોતાની ઓરતને છોડી ત્યારથી ગયા ફેબરૂવારી માસમાં અકસ્માત તેને ખબર પડી ત્યાંહાં સુધી તેણે પોતાની ઓરતની સારી ચાલની બાબતમાં અંદેશો રાખ્યો નથી એવું મનાવવાને તે મરજી રાખે છે. વળી તે એમ અનુંમાન કરાવવાને માગે છે કે અગીયાર વરશથી પોતાની ઓરત કયાંહાં રહેછે તેની તને ખબર નથી અને સાચી જેવી તેના જાણવામાં આવી તેવું આ કામ તેણે ચલાવ્યું છે. આ કામમાં જે પુરાવ ગુજારેલો છે તે ઉપરથી આ વાત બીલકુલ માંનવા લાયક નથ એમ અમારી નજરમાં આવેછે. તેની ઓરતની વીચીત્ર વરતણુંક કે જયારે તેણીના ધારવામાં હું મરી જઇશ એવુ આવ્યું ત્યારે તેણીએ બેવાર મી૰ કારસ્તાનને બોલાવ્યો અને પોતાના બાળકને તેને આપવાની મરજી બતાવી અને ત્યાર પછી તેણીએ એક માસ પછી પોતાનો ધણી છોડી દેવાનો

ઇરાદો કહી બતાવેલો છે, તેમ છતાં તે મી૦ કારનાન ઉપર અંદેશો ન રાખે એ માંનવા લાયક નથી. અને અરજદારનો પોતાની અને મી૦ કારનાનની વચે ચાલેલા કાગળ પત્રનો હેવાલ છે તેનો વીચાર જયારે અમે કરીએ છીએ ત્યારે તે વધારે અજાયબ છે. કારણ કે તે હેવાલજ ફકત હરકોઇ સાધારણ માંણુસને અંદેશો ઉતપન કરવાને બસ છે. ઓછામાં ઓછી એવી ઉમેદ રાખવામાં આવે કે અરજદારને પોતાની ઓરતનો કાગળ મળ્યો એટલે તે કાનપુરથી બનારસ આવે અને તે કેહેછે તે પ્રમાણે જો ખરી રીતે તેની મરજી પોતાની ઓરતે તેની પોતાની પાસે આવવું જોઇએ એવી ઇછા રાખતો હતો તો તેણીને મલવુ જોઇએ, અને તેણીની સ્થીતી તથા પોલીસ અમલદાર તરીકે જે સેહેલાઇ તેને તપાસ કરવાને હતી માટે જો તેણે તે પ્રમાણે લક્ષ રાખ્યું હોત તો, તે તેણીને સેહેલાઇથી સોધી કાહાડી શકત એમાં કીચીંત પણ અંદેશો રહી શકતો નથી. તેમ છે તો અગીયાર વરસ સુધી તેની ઓરત કયાંહાં રહેલી છે, તેનું કાંઇપણુ તે જાણી શકયો નથી અગર મી૦ કારનાન સાથે રહે છે એવો તેને શક નહી હતો એ થોડુંજ માંનવા લાયક છે. તે કોઇ દીવશ ઘણે દુર ગએલી નથી અને દીનાપુરમાં રેલ્વેની નજીક મી૦ કારનાન સાથે લાંબી મુદતથી તે રહેતી હતી અને ત્યાંહાં તે પક્ષકારો ધણી ધણીઆણી તરીકે રહેતાં હતાં. અરજદાર વારંવાર દીનાપુર જતો તે વાત તે ઇનકાર કરતો નથી અને તાંહાં તે પોતાનો ધંધો, ચલાવતો, માટે ત્યાંહાં જતો હતો એવું વ્યાજબી રાહે અનુમાન થાય છે. મી૦ કારનાન પરણેલા સખશ તરીકે દીનાપુરમાં રહેછે તે તેના જાણુવામાં આવ્યા વીના રહે એમ કહેવું અશકય છે, અને તે વાત પ્રતક્ષ રીતે તેના સાંભળવામાં આવી ના હોય તો જે ઓરત દીનાપુરમાં મીશસ કારનાન તરીકે રહેછે તે પ્રતીવાદીઅણુ છે તે અરજદાર જાંણે નહી.એ ઘણુંજ અસંભવીત છે. ગમે તેમ હોય તો પણુ મીશસ કારનાન કયાંહાં માલુમ પડી શકે તે તેના જાણવામાં નહી હતું એ અશકય છે. અને આવી રીતે તેના જાણુવામાં છતાં તેની પોતાની ઓરત અથવા પોતાનું બાળક કયાંહાં છે તેની ખબર મળવાને તેણે કાંઇ કોશીશ કરી નથી.

તમામ હકીકત ઉપરથી જણાય છે એવો નીશ્ચય થયા વીના રહી શકતો નથી કે પ્રથમથી અરજદારના જાણુવામાં સારી પેઠે હતું કે તેની ઓરત મી૦ કોનરાન સાથે રહે છે, અને આવું જાણ્યા છતાં છેડો છુટકો કરાવવાને તેણે ઇલાજ કરેલો નહીં હતો. આથી જો અરજદાર વાર લાગ્યાનો ખુલાસો બતાવેતો, અરજદારનો જે છેડો છુટકો કરાવવાનો હક છે તે જતો નથી. પરંતુ તે વાર લાગ્યાની બાબતનો ખુલાશો આપેલો નથી એ-

ટલુંજ નહી પણ અરજદારે કોરટને ઠગીને તે મુકશકેલી દુર કરવાને પ્રયત્ન કરેલું છે. માટે જે એવો નીશ્ચે થાય છે કે આ કામમાં જો સાચી વાત જાણવામાં હતી તો આંખ આડા કાન કરયાની અથવા નીશકપટપણું નહી રાખ્યાની જે હકીકતછે તેથી અરજદાર જે દાદ માગેછે તે મળવાનો તેનો હક નથી.

આ કામની ખરી હકીકત જો અરજદારે કહી હોતતો તે હુકમ કરવાને વારના કારણથી હરકત અમે બીચારમાં લેત નહી. પરંતુ ખરી હકીકત અમારાથી છુંપાવીછે, માટે જે દાદ અરજદાર માગેછે તે તેને અમે આપી શકતા નથી. સબબ જીલા જડજે જે છેડા છુંટકાનું હુકમનામું કરેલું છે તે મંજુર કરવાને અમારે ના કહેવી જોઇએ, અને અમે ફરમાવીએ છીએ કે તે અરજી કાહાડી નાંખવામાં આવી છે.

અરજી કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૩૦ એપ્રીલ સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ માર્કબી અને મી૦ જસ્ટીસ પ્રીનશેપ સાહેબોની રૂબરૂ.

ત્રોયલોક્યનાથ બીસવાસ અને રામચર્ણ બીશવાસ (અરજદારો)

મોતના કારણની તપાસ—માજીસ્ત્રેટનો રીપોટ—હકવાળો વ્યવહાર—ન્યાયની રૂઇનું કામ—ઠરાવ—કોરોનરની તપાસ—ફો. કા. ચ. રીતના કાયદા (સને ૧૮૭૨ ના આક્ટ ૧૦) ની કલમ ૧૨૭, ૧૩૩, ૧૩૫, ૨૯૬ પુરાવ આક્ટ (સને ૧૮૭૨ ના ૧ લા)ની કલમ ૧૨૪.

અંદેશા ભરેલી હકીકતથી એક સખસ મરણ પાંમેલો તેના મોતના કારણનો તપાસ ફો કા. ચલાવાની રીતના કાયદાની કલમ ૧૩૫ મી પ્રમાણે એક ટુકડીના માજીસ્ત્રેટે તપાસ કરી તેમાં કોઇ સખસના ઉપર કાંઇ ખાસ આરોપ રાખ્યા વીના તેમણે પોતાની કરેલી તપાસના પરીણામનો રીપોટ લખ્યો અને તે જીલા માજીસ્ત્રેટ તરફ મોકલ્યો, અને ત્યાર પછી શાક્ષીઓમાંના એક સાક્ષી વીરૂધ કામ ચલાવવામાં આવ્યું. અને પરીણામે નીરદોશનો ઠરાવ કરવામાં આવ્યો. હાય કોરટે ઠરાવ્યું કે કલમ ૧૩૫ મી ના શબ્દોમાં એવુ કાંઇ નથી કે જે માજીસ્તરેટને તે કલમ પ્રમાણે તપાસ કરવાની તે માજીસ્ત્રેટે રીપોટ કરવો અથવા અભીપ્રાય લખવો. માટે જે રીપોટ ખરી રીતે મોકલવામાં આવ્યો છે તે ન્યાયની રૂઇના કામના ભાગ તરીકે ગણી શકાતો નથી. સબબ ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે હાયકોરટને તે મંગાવવાને અખત્યાર નથી.

કોરોનરની તપાસ અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે મોતના કારણની તપાસ વચ્ચે તર્ક ઉપરથી કાંઈ મુકાબલો થતો નથી.

પાનું ૭૪૨ આ કામમાં મી૦ જસ્ટીસ માર્કબીના ફેંસલામાં કામની હકીકત પુકત રીતે કહેલી છે, અને નદીઆના માજીસ્ટ્રેટ ઉપર એવો હુકમ કરાવવામાં આવ્યો છે કે એક રાંમગોદી બીશવાસનુ મરણ થએલું તેના મોતની તપાસ ટુકડીના માજીસ્ટ્રેટ મી૦ શ્કાઇને કરેલી તે તપાસના પરીણામનો રીપોર્ટ તેમણે શા વાસ્તે મોકલવો નહીં, અને કોર્ટ જે તે રીપોર્ટ ન્યાયની રૂઇનુ કામ ઠરાવેતો તે કાયદાની કલમ ર૯૭મી પ્રમાણે તે કામ શા વાસ્તે રદ કરવું નથી જોઇએ તેનું કારણ બતાવવું.

નદીયાના માજીસ્ટ્રેટ તરફથી આડવોકેટ જનરલ તથા મી૦ કીલબી કારણ બતાવ્યું—તે સવાલ બીલકુલ એક નીયમનો છે. જો આવો દસ્તાવેજ ન્યાયની રૂઇના કામનો ભાગ ગણાયતો તાબાના અમલદારો ભરૂસા ઉપરથી રીપોર્ટો પોતાના ઉપરીયોને મોકલી શકે નહીં. (જસ્ટીસ માર્કબી સાહેબ:—ત્રણ બાબતોનો વીચાર કરવાનો છે. (૧) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૫ મી પ્રમાણે મી૦ સ્કાઇનને રીપોર્ટ કરવાની જરૂર હતી કીંવા નહીં? (૨) એમ ધારીએ કે જરૂર નહીં હતી તો પણ તે રીપોર્ટ કરવાને તેને છુટાપણું હતું કે નહી. (૩) કલમ ૧૩૪ મી પ્રમાણે આ રીપોર્ટ કરવામાં આવ્યો છે કે નહીં અથવા તે સીવાય તે કરવામાં આવ્યો છે કે કેમ.) જેવો રીપોર્ટ કરવામાં આવ્યો છે તેવો કરવાને કાયદામાં કાંઇ ઠરાવ નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૫ મીમાં એકે શબ્દ એવો નથી માજીસ્ટ્રેટનો જે નીશ્ચય થાય તે તેમણે લખવો. તે બાબત છોડી દેવામાં આવી છે તે ઇરાદા પુરવક છે. એમ કલમ ૧૨૭ અને કલમ ૧૩૩ મીના ઠરાવો ઉપરથી જણાયછે. આ બેઉ કલમોમાં પોલીસ અમલદારોએ તપાસ કરી રીપોર્ટ કરવાનું ઠરાવ્યું છે. આ રીપોર્ટો જીલ્લા માજીસ્ટ્રેટ તરફ મોકલવાના છે. કલમ ૧૩૫મી માજીસ્ટ્રેટની તપાસ સબંધી છે. તેથી તેમને રીપોર્ટ કરવાની જરૂર નથી. આ કલમ પ્રમાણે મી૦ સ્કાઇન ચાલેલા છે, માટે તેમને રીપોર્ટ કરવાનું ફરમાવ્યું નહીં હતું તેમ કાયદા પ્રમાણે તેમનો રીપોર્ટ જોઇતો નહીં હતો. માટે તેમણે જે રીપોર્ટ કરેલો છે તે નોકરીના ધારા પ્રમાણે કરેલો હોવો જોઇએ અને તે કાંઇ પ્રોસીડીંગનો ભાગ નથી. ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૪ થીમાં ન્યાયની રૂઇના 'કામની વાખ્યા એવી કરવામાં આવી છે કે "કોઇ પ્રોસીડીંગમાં કાંઇ ફેંસલો, શીક્ષાનો હુકમ અથવા છેવટનો હુકમ કરવામાં આવ્યો હોય તે." તે હુકમ થાય તેવો હોય કીંવા નહી. આ રીપોર્ટ કાંઇ ફેંસલો, શીક્ષાનો હુકમ અથવા આખરનો હુકમ ન

શી. તેતો કેટલાક કાગળો જોડે મોકલી નદીઆના માજીસ્ટ્રેટને રીપોટ કરેલ છે. તે કાગળના રૂપમાં છે. આ કાગળો હાય કોરટ તરફ મદદને સારૂ મોકલેલા છે. કારણ કે સદરહુ કાગળનો કેટલોક ભાગ વંચાય તેવો નહી હતો. તે કાગળો કાંઇ તે કામના કાગળોનો ભાગ નથી. તે રીપોટનુ રૂપ ન્યાયની રૂઇનું નથી. ન્યાયની રૂઇનો રીપોટ કરવાને માટે ઇરાદો હોવો જોઇએ. આ કાગળ માજીસ્તરેટ ઉપર લખવામાં આવેલો છે તે શીવાય કાંઇ વધારે નથી. (જસ્ટીસ માર્કબી સાહેબ—મી૦ ગોઝે તે હુકમ થવાને તકરાર કરવામાં એવી તકરાર કરી છે કે તે દસ્તાવેજ આખો આપ કહી આપે છે અને તેની પેહેલી લીટી ઉપર તેમણે આધાર રાખેલો છે.) છેલી પાંચ કલમો ઉપરથી જણાય છે કે આ કાંઇ ફેંસલો નથી. પરંતુ ખાનગી કાગળ ઈ. અમુક હકીકતનો જે કાંઇ પુરાવ થાય છે તે અવશ્યે કરીને કામના કાગળનો અગર ન્યાયની રૂઇના કામનો ભાગ નથી. ધારો કે માજીસ્ટ્રેટ સંક્ષેપ રીતે તપાસ એક કામની કરે છે અને તે ફેંસલો લખવાને બંધાએલા નથી. અને પુરાવ લખી લેવામાં આવ્યો નથી. ધારો કે ત્યાર પછી એક શાક્ષી ઉપર કેદી જુઠા સોગનનો આરોપ રાખે છે. તેથી કાંઉનશીલના ધ્રીફમાં માજીસ્ટ્રેટની રૂબરૂ સુનાવણી ચાલતાંની દરમીઆનમાં જે નોટ લખી લેવામાં આવી હોય તે કામના કાગળનો ભાગ નથી. તે કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે કાંઇ કામ નથી. મુકરદમો તે કોઇ સખસના વીરૂધ કામ ચલાવવામાં આવે તે છે. આ રીપોટ કાંઇ પ્રોશીડીંગ નથી. એમ કહી શકાતું નથી. કે ન્યાયની રૂઇના કામમાં કાંઇ મુદાની ભુલ થએલી છે. એમ ધારીએ કે મી૦ કાઇને આ રીપોટ લખેલો નથી. તોપણ કાંઇ તજવીજ કરવાને હુકમ થઇ શકતો નથી. કારણુ કે તે પ્રોસીડીગ તદન મરજી ઉપરનું છે અને એવું કાંઇ નથી કે જેના આધારથી કોરટ કાંઇ ફેંસલો અગર શીક્ષાનો હુકમ કરી શકે તે નીયમ પ્રમાણે આ પ્રોશીડીંગ શા વાસ્તે રદ કરવું નહી જોઇએ. મી૦ ષ્ટીવન્સે તેનું કારણુ બતાવવાનું છે. શું રદ કરવાનુ છે તેથી તે પ્રોસીડીંગથી કોઇને હરકત થએલી નથી તે ફકત અભીપ્રાય છે માટે તે રદ થઇ શકતો નથી, તે કાંઇ ફેંસલો, હુકમ, અગર શીક્ષાનો હુકમ નથી. છેવટે આ ભરૂંસા લાયક મી૦ કાઇન્સનો રૂપમાં અને બાબતમા કાગળ છે. જે હકીકત બનેલી તે તેમાં લખેલી છે. જો કોરટ એવો હુકમ કરે કે આ રીપોટ આપવો તો દીવાની કામ કરતાં ફોજદારી કામમાં વધારે કરી શકે છે. ધારો કે આ સ્પેશીઅલ અપીલ છે. તો શું તે રીપોટ એક કાગળ તરીકે ગણુવામાં આવશે કે ફેંસલા તરીકે ગણુવો જોઇએ. સરકારની નજરમાં આવ્યું છે કે પુરાવ આકટની કલમ ૧૨૪ પ્રમાણે તે હકવાળો કાગળ છે તે ઉપરથી કામના કાગળનો ભાગ થઇ શ-

કરતો નથી. કામના કાગળો પ્રોસીડીંગના બીજા કાગળો સાથે માજીસ્ટ્રેટની ઓફીસમાં રાખવા જોઇએ. આવી જાતના કાગળો કારોબારી ખાતાના છે અને ન્યાયખાતાના નથી.

તે રૂલની પુસ્ટીમાં મી૦ એમ. એન. ઘોઝ અને મી૦ પોલીટે તકરાર કરી. પેહેલા સવાલની બાબતમાં માજીસ્ટ્રેટને ઠરાવ અગર રીપોટ કરવાની જરૂર હતી એમ અમે અરજ કરીએ છીએ. કલમ ૧૩૫ માં બે બાબતોનો ઠરાવછે. માજીસ્ટ્રેટ ન્યાયની રૂઇએ તપાસ કરી શકેછે અને પોલીસને બંધ પાડી શકેછે અગર તેઓનું પ્રોસીડીંગ પસંદ કરી શકેછે.(જસ્ટીસ માકૅબી૦ સાહેબ, ધારોકે એક પોલીશ અમલદાર રીપોટ કરેછે તોશું માજીસ્ટ્રેટે ઠરાવ કરવો જોઇએજ કે કેમ)જો તે તપાસ કરેતો તેમણે ઠરાવ કરવોજ જોઇએ. જે માજીસ્ટ્રેટને આવી તપાસ તે માજીસ્ટ્રેટ ઠરાવ કરયાની ના પાડેતો, તેમ કરવા દેવાને કાયદા કરનારાઓ ઇરાદો રાખી શકે નહીં. તે પરોસીડીંગ અધુર રહે એવો ઇરાદો રાખી શકાતો નથી. ધારોકે માજીસ્ટ્રેટ પુરાવ લીધા પછી ઠરાવ કરવાની ના કહેતો શું કોરટને તેમની પાસે ઠરાવ કરાવવાનો અખત્યાર નથી કે કેમ, જ્યારે કામ એવા પ્રકારનું હોય કે માજીસ્ટ્રેટ તે કલમ પ્રમાણે અખત્યાર વાપરે ત્યારે તે પ્રોસીડીંગ ન્યાયની રૂઇનું થાય છે. અને હાયકોરટને તેનો તપાસ કરવાને હકુમત છે. આ કામમાં માજીસ્ટ્રેટે કેટલાક સખસોને પકડયા, તેમને છોડી દીધા, તપાસ કરી અને તેનો પરીણામ એક કાગળમાં લખ્યો. અને તે કાગળને તેમણે પોતાનો સરકારી રીપોટ કહેલો છે. આ એક ન્યાયની રૂઇનો દસતાવેજ છે. કારણ કે મી૦ કાંઇને તે ઠરાવ કરવાની ફરજ હતી. જો તેમને ફરજ ના હોત તોપણ તેમણે જે ઠરાવ કરેલો છે તે ન્યાયની રૂઇનો છે. તે રીપોટમાં કેટલાંક વાકયો છે એ ખરી વાત છે પણ તે ફેંસલાના રૂપમાં નથી. પરંતુ તે રીપોટનો તમામ વીચાર કરતાં તે ન્યાયની રૂઇનો છે તેને ભરૂંસા તરીકે ગણવો એવો મી૦ કાંઇને કોઇ દીવસ ઇરાદો રાખ્યો નથી. (જસ્ટીશ માકૅબી સાહેબ—ઇરાદાના સવાલ બાબત મી૦ સ્ટીવન્સે તે રીપોટ ભરૂસા ભરેલો છે માટે તે મોકલવાની ના કહી તેથી તે કહેવાથી અમે બંધાએલા છીએ, એવો અમારે વીચાર કરવો જોઇએ મી૦ કાંઇનનો ઇરાદો અગત્યનો નથીઃ—હું કહેતો નથી કે તેમનો ઇરાદો અગત્યનો છે મી૦ સ્ટીવન્સના અભીપ્રાયથી તે બાબતનું નકી થતું નથી. તેમણે પોતાની તરફનો અભીપ્રાય ફકત કહી બતાવેલો છે અને પોતાની જાણેલી હકીકત કહેલી નથી જયાં કાયદામાં એવું ઠરાવવામાં આવેલું હોય કે અમુક પ્રોશીડીગો ન્યાયની રૂઇનાં છે. ત્યાં એકાદા અમલદારની તરફથી ભુલ થઈ હોય તેથી તે પ્રોશીડીગના રૂપમાં ફેરફાર થતો નથી. ધારો કે તેના

ઉપર એક દાવો કરવામાં આવેલો છે ને તેમાં તે ન્યાયની રૂઇએ તે કામ કરતો હતો તેવી તે તકરાર કરી શકે છે અને તેથી તેનું રક્ષણ થાય છે. આ સવાલનો નીરણય કરવામાં તે રીપોટના રૂપથી અમને મદદ મળતી નથી. તેના કેટલાક ભાગો ન્યાયની રૂઇના જણાતા નથી. અને તે કાગળના રૂપના છે પરંતુ આ ફકત દસતાવેજમાં તે તપાસનો ફકત પરીણામ લખેલો છે. તેમાં નહી લગતી બાબત લખેલી છે તેથી તેના રૂપમાં ફેરફાર થતો નથી. એવી તકરાર કરવામાં આવી છે કે મી૦ ક્રાઇને જે રીપોટ કરેલો છે તે પોતાના કારોબારી હોદાની રૂઇએ કરેલો છે. પરંતુ ન્યાયની રૂઇના સવાલોનો ઠરાવ કરવામાં માજીસ્રેટોનુ કારોબારી કામ નથી અને તેમને પોલીસ અમલદાર કરવાને કાંઇ નથી. જે ભેદો છે તે સંપુરણ રીતે ખુલાછે. ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૧૮ માં, કાંઇક થોડા અખત્યારો ન્યાયની રૂઇના નથી એવુ ઠરાવવામાં આવેલું છે તે શીવાય માજીસ્ટ્રેટના તમામ અખત્યારો ન્યાયની રૂઇના છે. ફેંસલો એ શબ્દની વાખ્યા તે કાયદામાં કરવામાં આવી નથી. (જસ્ટીસ પ્રીનશેપ સાહેબઃ—તમે કાયદાના બાબ ૩૪ મામાં જોયું છે કે નહીં.) તે બાબતમાં તપાસમાં જે ફેંસલો કરવામાં આવે તેમાં શું હોવું જોઇએ તે ફકત બતાવેલું છે. આ રીપોટ એક પરોસીડીંગ છે અને તેની નકલ મળવાને જેમ મારા અશીલોને તેથી હરકત થએલી હોય ને કલમ ૨૭૬ પ્રમાણે હક થાય તેમ તેની નકલ મળવાને મારા અશીલોને હક છે. આ કલમ સને ૧૮૭૪ ના આક્ટ ૧૧ થી દુરસ્ત કરવામાં આવી છે અને તેથી તે ઘણી બોહોળી થએલી છે. તે રીપોટમાં બે શીવાયના તમામ સાક્ષીઓ ઉપર ફરીઆદ કરવાને ફરમાવ્યું છે અને તે ફરમાવ્યા પ્રમાણે મારા અશીલો ઉપર ફરીઆદ ચલાવવામાં આવી છે. (જસ્ટીસ પ્રીનસેપ સાહેબ—તમે જે કલમ બતાવો છો તે ઉપરથી ફકત ફરીઆદની સુચના મળે છે.) તે મંજુરી છે. (જસ્ટીસ પ્રીનસેપ સાહેબ—તે કોને.) જેની મરજી ફરીઆદ ચલાવવાની થાય તેને માટે તે પુરાવ મંજુરી છે. જ્યાં સુધી કાયદા પ્રમાણે આ કાગળ ન્યાયની રૂઇનો છે. ત્યાં સુધી તે કાગળને ગમે તે કહેવામાં આવે તેની ફીકર નથી. તેમાં નકામી બાબત હોય અને ગેરશીરસ્તે હોય પરંતુ તેથી તેનું ન્યાયની રૂઇનું રૂપ તે જતુ નથી. એવી તકરાર કરવામાં આવીછે કે શંક્ષેપ તપાસમાં કાઉનશીલની નોટ તે કામના કાગળોનો ભાગ થતી નથી. પરંતુ ધારો કે જો કે માજીસ્ટ્રેટ પુરાવ લખી લેવાને બંધાએલો નથી તેમ છતાં તે લખી લેતો શું તે કામના કાગળનો તે ભાગ તે ના થાય, અને શું તે રજુ કરવાને તે ન બંધાય.

જસ્ટીસ માર્કબી સાહેબઃ—આ હુકમની વ્યવસ્થા કરવાના કારણસર

કામની સારાઉશમાં હકીકત કહેવાની જરૂર છે. તે એવીછે કે ગયા જુન માસની તા૦ ૧૦ મીના રોજ લોખનાથપુરના કારખાનાથી ઘણે દુર નહી એવી જગોએ એક સખસ નામે રામગોટી બીસવાસ મરી ગએલો માલમ પડયો. જે હકીકત ઉપરથી તે માલમ પડેલો તે હકીકત પ્રમાણે તે માણસે આત્મઘાત કરયોતો અગર તેને મારી નાંખવામાં આવ્યો હતો, એમાં કાંઇ શક રહી શકતો નથી. અગર એમ માનવાને સારૂ કારણ હતું. માટે ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૩૧ પ્રમાણે તપાસ કરવાને યોગ્ય હકીકત હતી અને તે પ્રમાણે તે ટુકડીના માજીસ્ટ્રેટ આ તપાસ કરવાને ગએલા હતા એમ હાલ અમે માનીએ છીએ. તે કામ લાંબી મુદત સુધી ચાલ્યું. અને છેવટે તે પ્રોસીડીંગની જીલ્લા માજીસ્ટ્રેટને ખબર આપવામાં આવી. જે માજીસ્તરેટે આ તપાસ કરેલી તે માજીસ્તરેટે આખર એવો નીશ્ચય કરયો કે તે માણુશે આત્મઘાત કરેલો છે અને તે આત્મઘાત તેણે એવા હેતુથી કરેલો છે કે હકીકત પ્રમાણે એવો અંદેશો ઉતપન થાય કે તે કારખાનાના લોકોએ અગર તે કારખાના સાથે સબંધ રાખનારા કેટલાક સખસોએ તેનુ મોત કરેલું છે. ત્યાર પછી આ તપાસ ઉપરથી અરજદારો જે હાલ અમારી રૂબરૂ છે તેમાંના એક વીરૂધ કામ ચલાવવામાં આવ્યું અને તે કામ નદીઆના શેશન જડજની રૂબરૂ અપીલમાં ગયું. નદીઆના શેશન જડજે તે અરજદારને નીરદોશ ઠરાવ્યો. પરંતુ કલમ ૧૩૫ પ્રમાણે તે પ્રોસીડીંગ જોવાને તેમણે મરજી રાખી તેથી તે પરોસીડીંગ તેમણે મંગાવ્યું. પરંતુ જીલ્લાના જે માજીસ્તરેટ પાસે તે કામ હતું તેમના વીચારમાં આવ્યું કે તે કામ બીલકુલ ન્યાયની રૂઇનું નથી. માટે તે મોકલવાને તેમણે ના પાડી. નદીઆના શેશન જડજે તે બાબતનો આ કોરટને રીપોટ કરયો. અને આ કોરટના એક બીજા બેંચે તે બાબત લીગલરી મેમ્બ્રનસરને પુસાં ભળી એવો નીશ્ચય કરયો કે જે માજીસ્તરેટ મી૦ કરાઇને તે તપાસ કરેલી છે તે કલમ ૧૩૫ પ્રમાણે પરોસીડીંગ છે તેથી તે ન્યાયની રૂઇનુ પરોસીડીંગ છે તોપણુ તેઉએ તે પરોસીડીંગ નદીઆના શેશન જડજ તરફ મોકલવાને હુકમ કરયો નથી. પરંતુ તે કામ તેમણે પોતેજ મંગાવ્યું છે, અને એવો હુકમ કરેલો છે કે કલમ ૧૩૫ પ્રમાણેના પરોસીડીંગના કાગળો આ કોરટ તરફ મોકલી દેવા. નદીઆના માજીસ્તરેટે તે હુકમના જવાબમાં કેટલાક કાગળો મોકલ્યા અને તેની સાથે કહયું કે મારી પાસે મી૦ કાઇનનો રીપોટછે. પરંતુ તે રીપોટ મી૦ કાઇને મને એક ભરંસાના રીપોટ તરીકે કરેલો છે માટે તે રીપોટ મેં મોકલ્યો નથી.

તે પ્રોસીડીંગની આ વખતે જે બેંચે તે હુકમ કરેલો તેમની તરફથી આ બેંચ તરફ તે મોકલવામાં આવેલું છે અને જેવી બાબત છે તે પ્રમા

છે. અમારે વીચાર કરવાની ફક્ત એટલીજ બાબત છે કે નદીઆના માજી સ્તરેટે જે વીચાર કરેલો છે કે મી૦ કાઇનનો રીપોટ કલમ ૧૩૫ પ્રમાણેના પ્રોસીડીંગનો ભાગ નથી. તે બરોબર છે કીંવા નહી. તોપણુ તે દરમીઆનમાં આ વીશે અમે કાંઇ નીશ્ચય કરતાં પેહેલાં હાલની અરજી કરવામાં આવી છે અને તેમાં ખાસ અરજ કરી છે કે અમારે આ રીપોટ મંગાવવો જોઇએ. અને તે મંગાવીને તે રદ કરવો જાઇએ.

હવે આવી અરજી મંજુર કરતાં પેહેલાં ઘણા સવાલોનો વીચાર કરવાનો છે. તે અરજદારોમાંનો ફક્ત એક તૈલોક્યનાથની તપાસ કરવામાં આવેલી અને તેને નીરદોશ ઠરાવવામાં આવેલો છે. તો અરજદારોને આ અરજ કરવાને કાંઇ હક છે કે નહીં તે વીશે કેટલોક શક રહી શકે છે બીજા બધા સવાલો કોરાણે રાખતાં પણ અરજદારની સ્થીતીના સબબસોની બાએસ ઉપરથી કલમ ૧૩૫ પ્રમાણેનો ઠરાવ આ કોરટથી રદ કરાય કે નહી એ વીશે ઘણો શક રહી શકે છે, અને વળી એડવોકેટ જનરલે જે હરકત લીધી છે કે તે તપાસ ફક્ત મરજી ઉપરનો હતો માટે નવુ કામ ચલાવવાનો હુકમ કરવાને આ કોરટને અખત્યાર નહીં હતો. અને નવું કામ ચલાવવામાં આવે નહીંતો અમારે કાંઇ પણ હાથ ઘાલવાનો થોડોક ઉપયોગ છે. અને આ હરકતનો ખરી રીતે જવાબ આપવામાં આવ્યો નથી. પરંતુ આ સવાલોમાં પેશવાની જરૂર નથી કારણ કે એક બીજાકારણથી આ અરજી નીસ્ફળ થવીજ જોઇએ. એમ અમારી નજરમાં આવે છે.

આવી હકીકતો છતાં તેનો વધારે વીચાર કરયા વીના જે કારણથી આ હુકમ કાહાડવાને અમે દુરસ્ત ધારેલું તે કારણુ એ છે કેઃ—જે રીતીએ આ કામ અમારી રૂબરૂ આવેલું છે તે રીતીએ નદીઆના માજીસ્તરેટ આ કોરટના હુકમ પ્રમાણે બરોબર ચાલ્યા છે. કીંવા નહીં તેનો વીચાર કરવાને અમને કેવળ જરૂર છે. તે કામ મંગાવવામાં આવ્યું હતું, પરંતુ રીપોટ મોકલવામાં આવ્યો નથી અને મી૦ સ્ટીવંસે આ કોરટને એવો ઠરાવ કરવાને શોંપેલું છે કે તે રીપોટ મોકલવાને તે બંધાએલા હતા કે નહી એમ અમારા સમજવામાં આવે છે. તે વીશે અમે કહી શકીએ છીએકે મી૦ સ્ટીવંસે તે બાબતમાં જે કરેલું છે તે સંપુરણ યોગ્યતાથી કરેલું છે. પરંતુ આ અરજી શીવાય જે સવાલ તેમણે પુછેલો છે તેનો નીરણય કરવાની જરૂર છે. વળી અમારી પોતાની તરફથી અમારી મજબુત ઇચ્છા છે કે આવી જાતના વાદવીવાદમાં સરકારના સલાહકારોની મદદ અમને મળવી જોઇએ. તે સવાલ ઘણો અગત્યનો છે. અને કેટલાક કામોમાં ઘણો ભારે પરીણામનો થાય તેવો છે, પછી આ કલમની તપાસનો પરીણામ તે બાબ

તમાં કાંઇ પણ કુલ અખત્યાર વાપરવાનું બની શકયા વીના માજીસ્તરેટ જા હેરાંતમાં મુકવાને બંધાએલા હોય કીંવા નહીં. તેથી સરકારને તે બાબતમાં લાવીને તે સવાલનો વીચાર કરવા સારૂ અમે તે હુકમ કરવાને દુરસ્ત ધા રેલું છે. તેથી આ કલમના અરથ બાબંત સરકારના કોનશલની તકરારનો ફાયદો મળવા સારૂ હુકમ અમે કહાડેલો છે.

તે બાબતની તકરાર હાલ કરવામાં આવીછે. માટે આ કલમનો ખરો અર્થ શો છે તેનો અમારે નીરણય કરવાનો છે. પરંતુ તે સવાલનો વીચાર કરતાં પેહેલાં આ કામમાં અરજદારોનો હેતુ અમારા સમજવા પ્રમાણે કેવો છે તે વીસે એક શબ્દ કહેવાને અમે મરજી રાખીએ છીએ. અમે એકદમ એમ કહી શકીએ છીએ કે આ પ્રોસીડીંગ ઉપરથી કોઇ પણ સખસના ઉપર આરોપ રાખી કામ ચલાવવાનો ઇરાદો છે એમ કીંચીત પણ બતાવવામાં આવ્યું હોત તો, તે બાબત એક ક્ષણવાર પણ તકરાર કરવામાં પક્ષકાર અમે થાત નહીં. આવા કામને ઉતેજન જેવું કાંઇ પણ તે હુકમ કરી અમે કરત નહીં. પરતુ હાલ મી૦ વૌઝે જે પ્રમાણે બતાવ્યું છે તે પ્રમાણેજ અમે પ્રથમથીજ સંપુરણ રીતે સમજેલા હતા. કે તે કામનો હેતુ તેવો નહી હતો. આ કામનો ખરો હેતુ મરનારના ઉપર જે બેશક આરોપ રાખવામાં આવેલો છે. તે આરોપમાંથી તેની યાદગીરીની સફાઇ કરવાનો છે. જેવો કાયદો છે તે પ્રમાણે અમે તે પરીણામ ઉપર આવીએ કીંવા નહીં તે જુદી બાબત છે. પરંતુ કાયદા પ્રમાણે તે હેતુ થતો હોય તો તે સંપુરણ રીતે યોગ્ય હેતુ છે, એમ વીચારવાને અમે બંધાએલા છીએ. જે સખસો આ કમનશીબદાર માણસની સાથે સંબધ રાખનારા છે તેમને માજીસ્ટ્રેટ જે હકીકતથી તે સખશે આત્મઘાત કરયો કહે છે તે હકીકત ઘણીજ દુખદાયક થવી જોઇએ. બેશક કોઇ કોઇ વખત સરકારી નોકરોને ફરજથી બીજાઓને દુખ કારક હકીકતો કહેવી પડે છે. પરંતુ તે કહેવાથી જે સખસોને હરકત થતી હોય તે સખસો પોતાના અખત્યાર પૈકીના કાયદેસર સાધનોથી દુર કરવાને અજમાવે એમાં કાંઇ હરકત ભરેલું નથી. અને અમે એક ડગલું આગળ ભરીએ છીએ કે જ્યારે આ મરનાર સખસના સગાઓને આવી જાતનો દષ્તાવેજ છાપીને પ્રસીધ થએલો માલમ પડયો ત્યારે તેમણે જે અનુમાન કરેલું છે કે તે દસ્તાવેજ ન્યાયની રૂઇની તપાસના ન્યાયની રૂઇના પરીણામ તરીકે મુકવાને ઇરાદો રાખવામાં આવલો છે તે અનુંમાન કાંઇ અવીચાર ભરેલું નથી. તેની શરૂઆતમાં એવું લખેલું છે કે નદીઆના માજીસ્ટ્રેટ તરફ મોકલનાર સ્પેશીઅલ ડુટી ઉપરના કામ ચલાઉ જાઇંટ માજીસ્ટ્રેટ એફ. એચ. સ્કાઇન એસકવાયર. રામગોદી બીસવાસના મોતના કારણની તપાસના પરીણા

ણામનો રીપોટ હું મોકલુછું.” માટે તેઓને વ્યાજબી રાહે એમ લાગેલું કે સરસમાં સરસ સાધન ઉપરથી આ કાંઇ એક સખસનો અભીપ્રાય બાંધેલો છે એમ કાંઇ નથી. અને પોતાના અખત્યારમાં જે કાંઇ સાધન હતું તે ઉપરથી તે અભીપ્રાય બાંધેલો અને પોતાના ઉપરી અમલદારોને ભરૂંસાથી રીપોટ કરેલો એમ નથી. પરંતુ પુરાવા ઉપરથી એક ન્યાયાધીકારીએ ન્યાયની રૂઇએ બાંધેલો અભીપ્રાય છે. જો કે આવી જાતનો તે દસ્તાવેજ છે તેવું ધારવામાં તેઓ આડા દોરવાયા છે તોપણ તે દસ્તાવેજ તેવો છે એમ તેઓ વ્યાજબી રાહે ધારે એ ઘણું કારણસર છે એમ અમારી નજરમાં આવે છે. વળી અમે કહીએ છીએ કે જો તે દસ્તાવેજ તેવા પ્રકારનો હોત અને તેથી અમારા દાદ નીચે હોત અને કાયદા પ્રમાણે જો અમે તે રદ કરી શકતા હોતતો એક ક્ષણવાર પણ અમારે આનાકાની કરવી જોઇતી નહી હતી. ન્યાયની રૂઇના કામમાં અને કારોબારી કામમાં સ્પષ્ટ ભેદ રાખવો એ ઘણું અગત્યનું છે. એમ અમારી નજરમાં આવે છે અને જો આ રીપોટ જુડીશીઅલ પ્રોસીડીંગ તરીકે અમારી રૂબરૂ હોતનો તે ઘણો અસંતોશ કારક છે એમ કહેવાને અમે બંધાએલા છીએ. મી૦ કાઇને જે તપાસ કરેલી તેનો પરીણામ આ નથી. એવું જોયા શીવાય આ દસ્તાવેજ વાંચવો અશકય છે, એમ અમારી નજરમાં આવે છે અને વળી મી૦ કાઇને ઉતરતા દરજ્જાના જુદા જુદા સખસોએ મદદ કરેલી એવું જોયા શીવાય પણ તે વાંચવો અશકય છે. છેવટના હેતુને માટે તે ઘણી ઉપયોગી બાબત થાય, પરંતુ માજીસ્ત્રેટ જુડીશીયલ પ્રોસીડીંગ તરીકે દુનીયામાં તેવી તપાશ થવી જોઇએ નહીં માટે જો તે જુડીશીઅલ પ્રોસીડીંગ હોતતો હાલ અમે જે કરીએ છીએ તેથી ઘણી જુદી રીતે અમારે તેની બરદાસ કરવી જોઇતી હતી એમ અમારી નજરમાં આવે છે અને અમો ઉમેદ રાખીએ છીએ કે આ જુડીશીઅલ પ્રોસીડીંગ નથી એમજો એક વખત સમજવામાં આવે તો તેનો ઇજા કારક અસર જે છે તેમાંથી તે બાતલ થાય.

હવે અમારે ઘણી જરૂરની બાબતનો વીચાર કરવા સબંધી શી છે. તકરારની દરમીયાનમાં અમે કબુલ કરી શકીએ છીએ કે આ કલમ કરવાનો કાયદા કરનારનો શો ઇરાદો છે તે વીસે કેટલોક અમને શક હતો. જ્યારે માજીસ્ત્રેટ ન્યાયની રૂઇની તપાસ કરે અને પુરાવ લેવાને તેમને અખત્યાર હોય ત્યારે કાંઇક પરીણામ ઉપર આવવું જોઇએ એવો ઇરાદો રાખવામાં આવેલો છે. એવી અમારે ઉમેદ રાખવી જોઇએ એ પ્રથમ દર્શનીક વ્યાજબી રાહે તકરાર થઇ શકે છે એવું અમારી નજરમાં આવે છે પણ જો કે પ્રથમ દેખીતું એવી રીતે છે તોપણ વધારે વીચાર કરતાં તે કલમના

બરોબર શબ્દો છે. તે શીવાય તે આકટમાં સામાન્ય નીયમ કરતાં પણ કોઇ રીતે એમ સ્પષ્ટ નથી કે તે કાયદા કરનારનો તેવો ઇરાદો છે. આ તપાસ કરવાના ત્રણ હેતુ હોય. આવું અસ્વભાવીક અને જફા ભરેલું મોત થવાથી લોકોના દીલમાં જે અચંબો ઉતપન થએલો તે અચંબો સમાવવો અને પાયા વીનાના વેમો દુર કરવા એવો હેતુ હોય અગર અમુક સખસના ઉપરકાયદાનો અમલ કરવાનો હેતુ હોય અગર અધીકારીઓને પોતાનો કુલ અખત્યાર છે તે પ્રમાણે બાતમીનો ઉપયોગ કરવાને તે બાતમી ફક્ત મેળવવાનો હોય. હવે આ કલમનું તથા તેની ઉપરની કલમોનું સામાન્ય રૂપ જોતાં કોઇ અમુક સખસના વીરૂધ કાયદાનો અમલ કરવાના ફક્ત કારણસર આ કલમની કાંઇ પણ જરૂર હતી એમ અમારા જોવામાં તો આવી શકતું નથી, અમે સમજી શકીએ છીએ તે પ્રમાણે અમુક ગુનોહ બન્યા બાબત કોઇ સખસના ઉપર મજીસ્ત્રેટને અંદેશો હોયતો આ કલમની કાંઇ પણ મદદ શીવાય માજીસ્તરેટને પુષ્કળ અખત્યાર છે. સબબ તપાસ અગર તજવીજ જેમ કોઇ કોઇ વખતે કહેવામાં આવે છે તે પ્રમાણે સરકારના અમલદારોને જાણવાને માટે અગર બધા લોકોને જાણવાને માટે કે ખરી રીતે શું બનેલું છે અગર શું બન્યાનો અંદેશો રાખવામાં આવેલો છે. અને તેથી તે તપાસ થવી જોઇએ. હવે કોઇ રીતે અમે એમ કહેવાને તઇઆર થયા નથી કે તે તપાસનો પરીણામ પ્રસીધ કરવાથી જે નુંકશાન થાય છે તે કરતાં કાંઇ ફાયદો વધારે થસે. બેશક જે કામોમાં તે પરીણામ પ્રશીધ કરવો ઘણો દુરસ્ત છે તે કામો અમે ધારી શકીએ છીએ. પરંતુ જો તે પરીણામ પ્રસીધ કરવામાં આવેતો જે કામોમાં ઘણીજ હરકત ભરેલું છે તે કામો પણ અમે ધારી શકીએ છીએ. અમે આ કહીએ છીએ તે ફક્ત એટલું બતાવવાને માટે કે એક અગર બીજો અરથ કરવાના કાંઇ પણ મજબુત કારણો માલુમ પડી શકયા શીવાય આ કલમના શબ્દોનો વીચાર અમે કરીએ છીએ, માટે તે આકટનું વલણ તેનો અરથ કરવાને એક બતાવનાર તરીકે છે તોપણ ખરી રીતે તે વલણ કેવું છે એવું બતાવવાને કાંઇ પણ નથી તે કલમની ભાશા એવી છે કેઃ—

જે સખસની ઉપર સદરહુ હુકમ કરયો હોય તેણે.—

(અ) તે હુકમમાં લખેલી મુદતમાં તે હુકમથી ફરમાવેલું કામ કરવું અથવા.

(બ) સદરહુ હુકમ પ્રમાણે હાજર થવું અને તેની વીરૂધ કારણ બતાવવું અથવા તે હુકમ વ્યાજબી તથા યોગ્યછે કે નહીં તેનો ઇનસાફ કરવાને એક જ્યુરી મુકરર કરવા સારૂ જે માજીસ્ત્રેટે તે હુકમ કરયો હોય તે માજીસ્તરેટને અરજી કરવી.

હવે મી૦ ઘોઝે તકરાર કરી છે કે તે કલમની ભાષાથી કલમ ૧૩૩ નો ઠરાવ એકદમ જણાઇ આવે છે અને માજીસ્તરેટ જે તપાસ કરે છે તે કલમ ૧૩૩ પ્રમાણે પોલીસ અમલદારે કરેલી તપાસની પુરવણીમાં અગર તેને બદલે કરવાનો જો તેમને યોગ્ય લાગે તો તે કરે છે અને તેમણે કલમ ૧૩૩ પ્રમાણે રીપોટ કરવો જોઇએ છીએ. એવું અમને જે બતાવ્યું છે તે બરોબર છે કારણ તે કલમમાં કહયું છે કે પોલીસ અમલદારે તપાસ કરવી અને મોતના દેખીતા કારણનો રીપોટ કરવો વીગરે. પ્રથમ જે તકરાર અમને માલુમ પડેલી તે નીષ્ફળ થાય છે એમ અમારી નજરમાં આવે છે. કારણ કે પોલીસ અમલદારને અવસ્ય કરીને કોઇ ઉપરી હોય છે અને ઉપરીને તે રીપોટ કરી શકે છે. પરંતુ માજીસ્તરેટની બાબતમાં કોઇ રીતે હમેશાં તેવું નથી હતુ. જીલ્લાના માજીસ્તરેટ કલમ ૧૩૫ પ્રમાણે તપાસ કરે છે. પરંતુ ફો. કા. ચ. રીતના કાયદા પ્રમાણે તેમનો કારોબારી ઉપરીક કે જેને તે રીપોટ કરી શકે એવો કોઇ નથી હોતો. જડજને અથવા કમીશનરને અથવા સરકારને તે રીપોટ કરે એ કાંઇ અશકય નથી પરંતુ અમે કહી શકીએ છીએ કે આ દેશમાં એક અગર બીજાને જે તેમના ન્યાયની રૂઇએ રીપોટ કરવાનો હોય અને કારોબારની રીતીએ ના હોયતો કામ ચલાવવાની સામાન્ય રીતી બાહાર કેવળ કરયું થાય, ગમે તેમ હોય તોપણ અમને ખાતરી લાગે છે કે જો શેશન જડજને અગર કમીશનરને અગર સરકારને માજીસ્તરેટે ન્યાયની રૂઇએ રીપોટ કરવો જોઇએ. એવો ઇરાદો રાખવામાં આવ્યો હોત તો તે સ્પષ્ટ રીતે તે આકટમાં બતાવત.

પછી મી૦ ઘોઝે કહયું છે કે જો કે માજીસ્ટ્રેટ રીપોટ કરવાને બંધાએલા નથી તો પણ તેમને ઠરાવ કરવો જોઇએ. પરંતુ કાયદા કરનારનો ખુલ્લી રીતે તેવો ઈરાદો નથી. કારણ કે કલમ ૧૩૩ પ્રમાણે જો કે માજીસ્ટ્રેટને રીપોરટ કરવાનો છે તે ખુલ્લી રીતે ઠરાવ નથી તો પણ કોઇ સખશને કોઈ પણ ઠરાવ કરવાને કાંઇ પણ હુકમ આપવામાં આવેલો નથી. જો રીપોરટ કરવાનો ના હોય તો પણ 'રીપોટથી જુદો પડે તેવો ઠરાવ થવોજ જોઈએ એવી તકરારને કાંઇ પુસ્ટી થાય એવું અમારા જોવામાં આવી શકતું નથી. તે કલમના શબ્દો ઉપરથી રીપોટની જરૂર નથી તેમ કાંઈ ઠરાવ થવાની જરૂર નથી અને આ કલમ પ્રમાણે જો અમે એમ કહીએ કે જે માજીસ્ટ્રેટ તપાસ કરે છે તે રીપોટ કરવાને અગર ઠરાવ કરવાને બંધાએલા છે તો કાયદા કરનારની જે ભાશા છે તેમાં અમે ગેર વ્યાજબી રીતે વધારો કરયો થાય એમ અમને દીસે છે.

કારોનરની તપાસ અને કલમ ૧૩૫ મી પ્રમાણે તપાસની વચમાં કેટલોક મુકાબલો કરવામાં આવેલો છે. અમારા જોવામાં આવી શકે છે તે પ્રમાણે કલમ ૧૩૫ માં નહીં પરંતુ તે પેહેલાંની કલમોમાં કે જેમાં કાયદા કરનારાઓએ માજીસ્ત્રેટોની જુદી જુદી ફરજો બતાવેલી છે તે માં તપાસ બાબત જે ઈંગરેજી શબ્દ વાપરેલા છે તે ઉપરથી તે મુકાબલો કરવાને કાંઈ આધાર જેવું થાય છે, અમારી નજરમાં આવે છે કે જે મુકાબલો ખરી રીતે નથી તે અમારે દાખલ કરવો નહીં જાઇએ. કારોનરનું પ્રોસીડીંગ કે તેના રૂપ પ્રમાણે રેગ્યુલર ફોજદારી પ્રોસીડીંગ છે અને તેનો પરીણામ હોય છે અને તે પરીણામ જો કોઇ શખશને હરકત કરતા હોય તો છેવટે તે શખશના વીરૂદ્ધ કામ ચલાવી શકાય છે. જ્યારે અમે એમ કહીએ છીએ કે કેટલાંક કામોમાં કોઈ અમુક સખશને તે પરીણામથી અશર થતા ના હોય તો પણ તેનો એવો અશર થતો હોય કે મીલકત સરકાર દાખલ થાય તો તે અમે બરાબર કહયું છે એમ અમારી નજરમાં આવે છે. બેશક આ પરીણામોના કેટલાંક પરીણામો હાલ નથી અને ઉપયોગમાં રહેલાં નથી. પરંતુ અમારે યાદ રાખવું જોઇએ કે કારોનરની તપાસથી પરીણામે શા વાસ્તે ઠરાવ થવા જોઇએ એવું અગર જ્યારે પુછવામાં આવ્યું છે ત્યારે કારોનરની અસલ તપાસ કેવી છે.

આ તમામ ઉપરથી અમારી નજરમાં આવે છે કે જે હુકમ કરવામાં આવેલો છે તે રદ કરવો જોઇએ, એવા કારણથી કે નદીઆના માજીસ્તરેટ મી० કાઇને જે રીપોર્ટ મોકલેલો છે તે ન્યાયની રૂઇના કામનો ભાગ નથી.

જસ્ટીશ પ્રીનસેપ સાહેબઃ—ફો० કા० ચ० રીતના કાયદાની કલમ ૧૩૫ નો જે વિચાર મિ० જસ્ટીશ માકબી સાહેબે બતાવ્યો છે તથા તેમણે જે એવું ઠરાવેલું છે કે મુઆડાગના ટુકડીના માજીસ્ત્રટ મી० રકાઇને જીલ્લા માજીસ્ત્રેટ મી० સ્ટીવંશને જે રીપોરટ મોકલેલો છે. તે સદરહુ કલમ પ્રમાણે જે ન્યાયની રૂઇએ કામ ચાલે છે તેનો ભાગ નથી. કલમ ૧૩૫ મી પ્રમાણે જે રૂપની તપાસ કરવામાં આવે છે તે કાંઇ ગુન્હો કરયા બાબત વ્યાજબી અંદેસો પડે તે પહેલાં જરા ભરેલું અથવા અસ્વભાવીક મોતની હકીકતનો વધારે ખુલાસો કરવાને સારૂં કરવાને ફરમાવવામાં આવે છે અને જ્યારે આવાં કારણો હોય છે ત્યારે તે કાયદાના બીજા ભાગમાં તે તપાસનો સમાસ થાય છે.

જે રૂપમાં આ અરજી કરવામાં આવી છે તે વીશે અમારે કેહેવું જોઇએ કે અરજદારોનો તે કરવાના હકક બાબત હમેશાં અમને ભારે

શકક રહેલો છે અને તે હાલ જે ફેંસલો આપવામાં આવેલો છે તેમાં બતાવવામાં આવેલો છે. કારણ કે આ અમુક રીપોરટની બાબતમાં માજીસ્ત્રેટની સ્થિતીનો નીરણ્ય કરવાને તે અગત્યની બાબત છે અને તેણે જે કામ ચલાવેલું છે તે સાથે અમે મળતા છીએ,.

અમારી રૂબરૂ તે રીપોરટ જે રૂપમાં રજુ કરવામાં આવેલો છે તે પ્રમાણે તે રીપોટના શબ્દો વીશે મરનારના સગાઓને ફરીઆદ કરવાને ગમે તે કારણો હોય અને વળી મરનાર રામગોટી બીસવાસની ઈયાદગારી વીશે જે વાતો કહેવામાં આવેલી છે તે વીશે ફરીઆદ કરવાને તેમને ગમે તે કારણો હોય તો પણ અમારી નજરમાં આવે છે કે વિદ્વાન આડવોકેટ જનરલે પોતાની તકરાર કરતાંની દરમીઆનમાં જે વીચારો બતાવેલા છે ને ઉપરથી તે રીપોરટમાં રામગોટી વીશે જે શબ્દો લખેલા છે તે શબ્દોની બાબતમાં તેઓ જે હરકત લે તેનો સંપૂરણ રીતે નીકાલ થઇ જાય છે. આ અરજદારોના મીત્રો અગર સલાહકારોએ કેટલીક ચકચાર કરી ત્યાં સુધી તે રીપોરટ પ્રશીધ કરવામાં આવેલો નહીં હતો અને તે ચકચારથી સરકારના ઉપર દબાણ થએલું હતું અને તેથી સરકારે જે રૂપમાં તે રીપોટ અમારી રૂબરૂ મુકવામાં આવેલો છે તે રૂપમાં પ્રશીધ કરવાને કબુલ કરેલું છે. જો અરજદારો તરફથી તે પ્રમાણે કરવામાં આવ્યું ન હોત તો તે રીપોરટ પ્રશીધ કરવામાં આવત નહીં, અગર નીશબત રાખનાર અમલદારો શીવાયને તે જણાવવામાં આવત નહીં માટે જે પ્રમાણે તે રીપોટ રદ કરવાને અમારી પાસે માગવામાં આવેલું છે તે પ્રમાણે તે રદ કરવાને અમને અખત્યાર નથી. તેમ તે તપાસ કોઇ રીતે ફરીથી ખુલ્લી કરીને ઇનશાફનો હેતુ પરીણામે સારી રીતે પાર પડશે એવી કાંઈ સુચના કરવામાં આવી નથી કારણ કે રામગોટી બીસવાસના મોતની હકીકત વીશે ખુલાસો થાય એવું કાંઈ નીકળી આવ્યું નથી, અને નીકળવાનો સંભવ નથી એમ કબુલ કરવામાં આવ્યું છે.

ફોજદારી અપીલ.

તા૦ ૩૦ એપ્રીલ સને ૧૮૭૮.

મી૦ જસ્ટીસ માર્કબી અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ

સાહેબોની રૂબરૂ.

સફરૂદીન વીરૂદ્ધ ઇબ્રાહીમ.

હુકમત—માજીસ્ત્રેટોનું બેંચ—ફો૦ કા૦ ચ૦ રી૦ના કાયદા (સને

૧૮૭૨ નો આક્ટ ૧૦) ની કલમ ૫૦—૫૩૦.

ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણેના કામોની વ્યવસ્થા કરવાને માજીસ્ત્રેટોના બેંચને અખત્યાર નથી. તે કાયદાની કલમ ૫૦ પ્રમાણે જેવા કામો અગર જે વરગના કામો બાબત અમુક હદની અંદર સરકાર ફરમાવે તેવા કામો અગર તે વરગના કામોનો તપાસ કરવાને અખત્યાર તે બેંચનો છે. તપાસ એ શબ્દની વાખ્યા ઉપરથી જણાય છે કે તે ગુન્હાની તપાસોને લાગુ થાય છે અને તે કલમ ૫૩૦ માં જે પરચુરણ બાબતો બતાવેલી છે તેમાં તે આવતી નથી.

પાનું ૭૫૪ મું. આ કામમાં રેફરંસ નીચે પ્રમાણે કરવામાં આવેલું છે.

"ઇબ્રાહીમ અને સફરૂદીનની વચ્ચમાં કેટલીક જમીનના કબજા બાબત તકરાર થએલી હતી. તેમાં ઇબ્રાહીમ તે જમીન ઉપર તેવો દાવો રાખતો હતો કે કાશમત કીસ્તો કે તેમાં ગોબીંદચંદ્ર બાનરજીનો બ્રમાતર હકકના પેટામાં માહારી હાસિલ જમીન તરીકે મારી વાવેતર ની છે. સફરૂદીન એવો દાવો રાખે છે કે મારો બરગા હકક છે. માટે મારો સ્વતંત્ર કબજો છે. ઇબ્રાહીમની અરજી ઉપરથી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે જીલ્લાના માજીસ્ત્રેટે તે કામ લીધું. અને ડીપોટી માજીસ્તરેટ બાબુ તઇલોકનાથ સેન કે જે બીજા વરગનો અખત્યાર વાપરે છે, તેમની તરફ મોકલી દીધું એવા હુકમની સાથે કે જે બેંચમાં પેહેલા વરગના અખત્યાર સાથે તેઉ બીરાજે છે તે બેંચમાં તેની તપાસ કરવી. તે બેંચ ડીપોટી માજીસ્ત્રેટનું તથા ઓનરેરી માજીસ્ત્રેટ બાબુ ચંદ્રનાથ સેનનું હતું અને તેથી તેમણે તે કામ લીધું. અને સફરૂદીનના શાહેદીઓ તમામ તપાસ્યા. અને ઇબ્રાહીમ તરફના અગત્યના શાહેદીઓમાંથી બે તપાસ્યા. પરંતુ ત્યાર પછી તે જ ડીપોટી માજીસ્ત્રેટ અને એક બીજા ઓનરેરી માજીસ્ત્રેટ મોલવી મહમદ ફાજીલે બાકીના શાક્ષીઓ તપાસ્યા. અને કામનો છેવટ નીકાલ કરી ફરમાવ્યું કે કાયદા પ્રમાણે ઇબ્રાહીમ પાસેથી કબજો છોડવવામાં આવે ત્યાં સુધી તે જમીનનો કબજો ઇબ્રાહીમે રાખવો.

"આ કામમાં પ્રથમ એવો આગ્રહ કરવામાં આવ્યો છે કે તે પુરાવ યોગ્ય રીતે લેવામાં આવેલો છે. કારણ કે કેટલાક શાક્ષીઓ એક બેંચે સાંભળ્યા છે અને બીજા કેટલાક શાક્ષીઓ માજીસ્ટરેટના બીજા બેંચોએ સાંભળેલા છે. કામના કાગળો ઉપરથી જણાય છે કે બીજી બાજુના તમામ શાક્ષીઓ તે ડીપોટી માજીસ્ત્રેટ તથા ઓનરેરી માજીસ્ત્રેટ બાબુ ચંદ્રનાથ સેને સાંભળેલા છે. અને વળી તેમણે ઘણાજ અ

ગસના બે શાક્ષીઓ સીતાનાથ અને નોબીનને પેહેલી ટોળી તરફથી ક-બજો છોડયા બાબત શાબેત કરવાને સાંભળેલા છે. ત્યાર પછી પેહેલી ટોળીના ત્રણ શાક્ષીઓ ડીપોટી માજીસ્ટ્રેટ તથા ઓનરેરી મોલવી મહમદ ફાજીલના બેંચે સાંભળેલા છે, અને છેવટ હુકમ આ છેલ્લા કહેલા બેંચે કરેલો છે. હવે આ પ્રોસીડીંગ છે તે કેવળ ગેરકાયદે છે. કારણ કે બીજી ટોળીના કામની બાબતમાં તે કામનો નીકાલ કરનાર મોલવી મહમદ ફાજીલ કાંઈ પણ જાણતા નહીં હતા, અને પેહેલી ટોળીની હકીકત બાબત તેમની માહેતી ઘણી અપૂર્ણ હતી."

"પછી એવો આગ્રહ કરવામાં આવેલો છે કે તે હુકમની પુસ્ટી કરવાને કાંઈ પુરાવ નથી. આ વાત ડીપોટી માજીસ્તરેટના ખુલાસા ઉપરથી ઠીક રીતે તે ખુલ્લી જણાય છે એમ અમારી નજરમાં આવે છે. કારણ કે તેમણે કહ્યું છે કે શાક્ષીઓની શાહેદી કરતાં સબ ઇનસપેકટરના રીપોરટ ઉપર વધારે વજન રાખવામાં આવેલું છે પણ તે સબ ઈનસ્પેકટરનો રીપોટ કાંઈ પણ પુરાવ નથી. જો તેને તપાસવામાં આવ્યો હોત તો તે ઘણી જુદી બાબત હતી."

"માટે અમારી નજરમાં આવે છે કે તે હુકમ કાયમ રહેવો નહીં જોઇએ, અને ઉપર કહેલી હકીકત પ્રમાણે તે રદ કરવાને અમે ભલામણ કરીએ છીએ."

જસ્ટીશ પ્રીનસેપ સાહેબઃ— શેશન જડજે જે કારણો કહેલાં છે તે સાથે અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૫૩૦ પ્રમાણે માજીસ્ટરેટના બેંચને કામનો નીકાલ કરવાને અખત્યાર નહીં હતો. જે કામો અગર જે વરગના કામોનો અમુક હદની અંદર સરકારે ફરમાવેલું હોય તે કામો અગર તે વરગના કામોનો તપાસ કરવાને કલમ ૫૦ પ્રમાણે તે બેંચને અખત્યાર આપી શકાય છે. તપાસ શબ્દની વાખ્યા ઉપરથી જણાય છે કે તે ફકત ગુન્હાઓ સબંધીછે અને કલમ ૫૩૦ માં જેવી પરચુરણ બાબતો છે તેવી પરચુરણ બાબતોને તે લાગુ થતી નથી. માટે કાયદાનો આવો વીચાર કરતાં પણ તે હુકમ કાયદા વીરૂધ કરેલો છે. સબબ તે રદ કરવામાં આવે છે.

ફોજદારી રેફરંસ.

તા૦ ૩૦ એપ્રીલ સને ૧૮૭૮.

મી૦ ચીફજસ્ટીસ માર્કબી અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

ચમનશા વીગરેની બાબતમાં.

કબુલત—શાક્ષી કરવાની કયારે જરૂર નથી—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦); ની કલમ ૩૨૪, ૩૪૬.

તપાસની વખતે તપાસ કરનાર અમલદારની રૂબરૂ કોરટમાં જ્યારે કબુલત આપવામાં આવી હોય ત્યારે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૬ મી પ્રમાણે શાક્ષી કરાવવાની જરૂર નથી.

પાનું ૭૫૬ મું. ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ કેદીએ કોરટમાં કબુલત આપેલી તેથી મુખ્યેત્વે કરીને તે કબુલતની રૂઈએ ડીપોટી માજીસ્ત્રેટે તે કેદીને ગુન્હેગાર ઠરાવેલો છે માટે તે ગુનહાની શાબેતીનો ઠરાવ ફકત એટલા કારણથી રદ થઇ શકે છે કે નહીં કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૬ પ્રમાણે તે કબુલત લખી લેવામાં આવી છે તેના ઉપર શાક્ષી કરવામાં આવેલી નથી.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૧૧ પ્રમાણે ડીપોટી માજીસ્તરેટે કેદીને ડીપોટી માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવેલો છે અને તેને એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

ગુન્હાની આ શાબેતીનો ઠરાવ કાયમ રહી શકે છે કે કીંવા નહીં. એ વીશે શેશન જડજને અંદેશો પડવાથી તે બાબત હાયકોરટમાં તેમણે પુછયું તેમાં હાયકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરયો છે:—

જષ્ટીશ પ્રીનસેપ સાહેબ—(જસ્ટીશ માકબી સાહેબ મળતા આવ્યા):—કે ચમનશાની કાંઈ પણ કબુલત માજીસ્ત્રેટને લખવાની જરૂર નહીં હતી. કારણ કે કંઈ પણ વધાર લખાણ કરયા શીવાય તેની કબુલત ઉપરથી તેઉ તેને શીક્ષા કરવાને મુખત્યાર હતા. (ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમે ૩૨૪.)

ફોજદારી રેફરંશ.

તા૦ ૨૪ જુન સને ૧૮૭૮.

મી૦ જષ્ટીશ એઇનસ્લી અને મી૦ જસ્ટીશ બ્રાઉસન સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ તુરલહક વીગરે.

મુચરકો—જ્યારે તે તોડવામાં આવે ત્યારે હાથ ઘાલવાનો હાયકોરટનો અખત્યાર.

જ્યારે મુચરકા પ્રમાણે ચાલવામાં આવેલું ના હોય ત્યારે તે મુચરકાની રકમ કમી કરવાને હાયકોર્ટને અખત્યાર નથી. પરંતુ સખતાઈની વખતે તે બાબત સરકારને પુછવું જોઇએ.

પાનું ૭૫૭ સને ૧૮૭૭ના એપ્રીલ માસમાં આ કામમાં તુરલક અને ડીસેબર મીત્તર એક વરસ સુધી સુલેહ રાખવાને દરેક રૂ ૭૦૦ ની ગુન્હેગારીથી બંધાએલા હતા. તા. ૩૧ ડીસંબર સને ૧૮૭૭ ના રોજ ખુલનાના આસીસ્ટંટ માજીસ્ત્રેટે કેટલાક નાળીઅર સબંધી બીગાડ કરયા બાબત તેમને ગુન્હેગાર ઠરાવ્યા અને દરેકનો રૂ ૨૦ દંડ કરયો. અપીલમાં જે શોરના કામ ચલાઉ માજીસ્ત્રેટે આ શીક્ષાનો હુકમ બાહાલ રાખેલો છે.

તા. ૨ મે સને ૧૮૭૮ ના રોજ ખુલનાના આસીસ્ટંટ માજીસ્ત્રેટે એવો હુકમ કરયો કે તેમના જમાની ખતમાં જે રૂ ૭૦૦ ની ગુન્હેગારી ઠરાવેલી છે તે વસુલ કરવી જોઇએ. જે માજીસ્ત્રેટને આ હુકમ ઉપર અપીલ કરવામાં આવી તેમના અભીપ્રાયમાં આવ્યું કે તોહોમતવાળાઓ એક જમીનદારની કચેરીમાં શીપાઇઓ છે અને ઘણું કરીને દરમાસે રૂ ૭ અગર ૩૮ પેદા કરેછે. સબબ બીગાડના કામમાં જે દંડ કરવામાં આવ્યો છે તેની સાથે જમાની તોડયા બાબત દરેકના રૂ ૭૦૦ ગુન્હેગારી ઠરાવી છે. તે જરૂર હોય તેના કરતા વધારે છે. તેથી તેમણે તે કામનો રીપોટ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોર્ટમાં હુકમ થવા સારૂં કરયો.

આ રેફરસ ઉપરથી જસ્ટીશ એઇનસ્લી સાહેબે નીચે પ્રમાણે હુકમ કરયો:—

નીલમાધવ ગોસલના કામમાં આ કોરટના એક બેચે ઠરાવ્યું છે કે મુચરકા વીરૂધ ચાલવામાં આવ્યું હોય તો મુચરકાની રકમ કમી કરવાને આ કોરટને કાંઈ અખત્યાર નથી. મુંબાઈ હાંયકોરટે પણ તેવોજ અભીપ્રાય બતાવ્યો છે.”

માટે કાગળો પાછા મોકલવા જોઇએ. કામ ચલાઉ માજીસ્ટરેટની નજરમાં જો એમ આવતું હોય કે મુચરકાની રકમ જોઇએ તેના કરતાં વધારે છે તો તે બાબત તેઉ સરકારમાં પુછવું જોઇએ.

ફોજદારી રેફરંસ.

તા૦ ૫ જુન સને ૧૮૭૮.

મી૦ જસ્ટીશ એઇનસ્લી અને મી૦ જસ્ટીશ વાઇટ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ કલકત્તાની મ્યુનીસીપાલ કોરપોરેશન.

રેફરંસ—મ્યુનીશીપાલ કમીશનરો—સરકારી નોકરો—સને ૧૮૭૭ નો આકટ (પ્રેશીડેનશી માજીસ્ટ્રેટ આકટ) ની કલમ ૩૯—૨૪૦—હીંદુસ્થાનના ફો૦ કાયદાની કલમ ૧૧-૨૧—

વર્ણન ૧૦ દ્રષ્ટાંત ૧ લું.

મ્યુનશીપાલ કોરપોરેશન એ સને ૧૮૭૭ના આકટ ૪ ની કલમ ૩૯ ના હેતુ પ્રમાણે સરકારી નોકર નથી માટે તે કલમ મુજબ પ્રથમ સરકારની મંજુરી મેળવ્યા શીવાય પીનલકોડ પ્રમાણે તેમના ઉપર ફરીઆદ ચલાવી શકાય છે.

પાનું ૭૫૮ મું. કલકત્તાની મ્યુનીશીપાલ કોરપોરેશન ઉપર એવો આરોપ રાખવામાં આવ્યો છે કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૬૮—૨૬૯—૨૭૦ અને ૨૯૦ પ્રમાણે ફરીઆદીના મકાનો કલકત્તા સેહેરમાં સરીફ દફતરીની ગલીમાં છે તેમની નજીકમાં નરકની ડોપો રાખેલી છે અને તેથી સારવજનીક ગંદકી થયેલી છે. આ ફરીઆદ ઉસમન બીબી વીગેરેની ખાએશથી ચલાવવામાં આવી છે.

સુનાવણીને માટે ઠરાવેલા દીવસે ચીફ માજીસ્ટ્રેટને એવો શક પડયો કે આ તોહોમત હું શાંભળી શકુછું કે નહીં, કારણ કે તેમના વીચારમાં આવ્યું છે કે મ્યુનીશીપલ કમીશનરો સરકારી નોકર છે માટે પ્રેશીડેન્શી માજીશ્ટરેટના આકટની કલમ ૩૯ મીમાં ઠરાવ્યા પ્રમાણે સરકારની મંજુરી શીવાય તેમના ઉપર ફરીઆદ ચલાવી શકાતી નથી.

તે આકટની કલમ ૨૪૦ મી પ્રમાણે હાયકોરટના અભીપ્રાય સારૂં તે બાબત પુછયું. અને તેમણે પોતાના રેફરંસના કાગળમાં પોતાના વીચાર બાબત નીચે પ્રમાણે કારણો બતાવેલાં છે.

(૧) લું—સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૩૯ માં ઠરાવ્યું છે કે જે સરકારી નોકરને પોતાની નોકરીમાથી સરકારની મંજુરી શીવાય ખસેડી શકાતો નથી તેના ઉપર તેણે પોતાની નોકરીનું કામ બજાવવામાં કરેલાં કાંઇ કૃત્ય બાબત સરકારની પ્રથમ મંજુરી મેળવ્યા શીવાય ફરીઆદ ચલાવવામાં આવશે નહીં.

(૨) જું—પીનલકોડની કલમ ૨૧ ના દ્રસ્ટાંતમાં ઠરાવ્યું છે કે મ્યુનીશીપાલ કમીશનર સરકારી નોકર છે, અને તે કાયદાની કલમ ૧૧ પ્રમાણે શખશ એ શબ્દમાં શવાલોના સમુદાયનો સમાશ થાય છે એવું કહેવામાં આવેલું છે.

(૩) જું—માટે મ્યુનીશીપાલ કોરપોરેશનમાં દરેક મ્યુનીશીપાલ

કમીશનરો જે હોય છે તેનો એક સમુદાય તરીકે તેવોજ હકક છે.

ફરીઆદીઓ તરફથી મી૦ ફીલીપસઃ—કલમ ૩૯ આ કામને લાગુ થતી નથી. પ્રથમ જે નોકરને પોતાની નોકરી ઉપરથી કાહાડી મુકવા વીશે સરકારનો દાબ હોય છે તે બાબતમાં ફકત તે મંજુરી લાગુ થાય છે. અહીંયા સરકારનો કાંઇ આવો દાબ નથી. કાયદા કરનારાઓએ કલકતાનું કારપોરેશન ઉત્પન કરેલું છે અને એમની કાંઇ નોકરી નથી અને તેથી તેઓ સરકાર તરફથી કાહાડી મુકવાને લાયક નથી. ફક્ત કાયદા કરનારના કૃત્યથી તે બંધ થવાને પાત્ર છે. જ્યારે સરકારને તે ગુન્હેગારને કાહાડી મુકવાની મંજુરી આપી દાદ આપવાનું કાંઇ સાધન નથી હોતું ત્યારે શરકારને ફરીઆદ ચલાવવાની મનાઇ કરવાને અખત્યાર મળવો જોઇએ એવો ઇરાદો કદાપી રાખવામાં આવ્યો નથી. આ બાબત તદન માજીસ્ત્રેટને જોવી રહી ગએલી છે.

બીજું કે કારપોરેશન એ કાંઇ સરકારી નોકર નથી, માજીસ્ત્રેટ એવું અનુંમાન કરે છે કે કારપોરેશન સરકારી નોકર છે. પરંતુ પીનલકોડની કલમ ૨૧ માં સરકારી નોકરની વાખ્યા છે તેની કોઇ પણ રકમમાં તેનો સમાસ થતો હોય એવું તેમને માલમ પડેલું છે એમ તેઉ બતાવતા નથી. તેમનો સબબ એવો જણાય છે કે એક મ્યુનશીપલ કમીશનર એકલો સરકારી નોકર છે. માટે મ્યુનસીપલ કમીશનરોનો સમુદાય પણ સરકારી નોકર થવોજ જોઇએ. અને તેમની નજરમાં તે કારપોરેશન હાલના તમામ મ્યુનશીપલ કમીશનરોના સમુદાયના સરખું આવેલું છે, માટે તે એમ ઠરાવે છે કે કારપોરેશન એ સરકારી નોકર છે. વળી સદરહુ બાબત બતાવ્યા શીવાય તેઉ ઠરાવે છે કે એક મ્યુનસીપાલ કમીશનરનું તેના ઉપર થતી ફરીઆદમાંથી રક્ષણ કરવામાં આવેલું છે તો તમામ તે સમુદાયનું એક સરખી રીતે રક્ષણ થવું જોઇએ.

હવે કારપોરેશન એ હાલ જેવો તે મેંબરોનો તમામ સમુદાય છે તેના જેવો નથી. હાલ જે મેંબરો છે તેમનાથી તે કારપોરેશન તદન જુદી બાબત છે અને તેમાં તમામ માજી અને હવે પછીના મેંબરોનો સમાસ થાય છે. માટે તમામ મેંબરો તેવી રીતના છે. વળી જો કે કારપોરેશનના તમામ મેંબરોનું રક્ષણ થતુ હોય તો તે કારપોરેશનનું પણ રક્ષણ થવું જોઇએ. એવો માજીસ્ત્રેટનો ભુલ ભરેલો વીચાર છે. ફકત એકાદો મેંબર હોય તો તેનું આવું રક્ષણ કરવાની જરૂરછે કારણ કે તે જાતે આ નાણાં સબંધી કેટલુંક સહન કરે પરંતુ તે કારપોરેશનને કાંઇ કેદમાં મોકલી શકતા નથી. તેમ તેના મેંબરોને જુદી જુદી રીતે તસ્દી આપી શકાતી નથી.

માટે કારપોરેશનનો જે પ્રકાર છે તેજ તેનું રક્ષણ કરવાને બસ છે માટે માજીસ્ટ્રેટના અનુમાનતું કારણ રહેતું નથી. વળી પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ તે આકટની કલમ ૩૯ મીથી જેવું રક્ષણ આપવામાં આવે છે તે સામાન્ય હકના વીરૂધ છે તે અનુંમાનથી લાગુ થઇ શકતું નથી.

કારપોરેશન તરફથી મી૰ પ્રીફર્ડ.—

જસ્ટીસ એઇન્સલી સાહેબ:—પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે એવો સવાલ પુછેલો છે કે સને ૧૮૭૭ ના આક્ટ ૪ ની કલમ ૩૯ પ્રમાણે કેટલાક ખાનગી સરકારી નોકરોને રક્ષણ આપવામાં આવે છે તેવી એક -સરખી રીતે હીંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે સાર્વજનીક 'અપકર્ત્ય કરયા બાબત મ્યુનશીપાલ કારપોરેશન ઉપર ફરીઆદ માંડવામાં આવી હોય તો તે મ્યુનસીપાલ કારપોરેશનને તે રક્ષણ લાગુ થાય છે કે નહીં.

પીનલકોડની કલમ ૧૧ થી સખસ એ શબ્દની વાખ્યામાં સખસોનું ભંડોળ હોય કીંવા નહી. પરંતુ તેમના સમુદાયનો સમાસ થાય છે માટે કલમ ૨૧ માં સખસ સબ્દ ભંડોળવાળા સખસોના સમુદાય તરીકે વાંચી શકાય છે. તે કલમમાં સરકારી નોકર એવા શબ્દો છે. માટે તે પણ ભંડોળવાળા સખશોના જે સમુદાયનો તે કલમમાં બતાવેલાં વરણનોમાંના કોઇ વરણનમાં સમાસ થનો હોય તો તેમનો તેમાં સમાસ થાય છે. દશમા વરણન સીવાય બીજું કાંઇ બતાવવાની જરૂર નથી. દશમા વરણનમાં કહયું છે કે મ્યુનશીપલ કમીશનર એ સરકારી નોકર છે. પરંતુ તે ઉપરથી એમ થતું નથી કે સને ૧૮૭૬ ના આકટ ૪ થી જેવા કોરપોરેશન ઉતપન કરવામાં આવેલા છે તેવા કોરપોરેશન પણ તે કલમના હેતુ પ્રમાણે સરકારી નોકર છે.

દસમી રકમમાં દરેક અમલદાર એવા શબ્દોછે તે ઉપરથી ભંડોળવાળા સમુદાય કરતાં એક સખસ. સબંધી છે એમ જણાય છે પરંતુ એમ ધારીએ કે પીનલકોડની કલમ ૨૧ ના હેતુ પ્રમાણે કલકતાનું મ્યુનશીપલ કારપોરેશન એક સરકારી નોકર છે તોપણ તેનો પ્રેશીડેનસી માજીસ્ટ્રેટના આકટની કલમ ૩૯ ના ઠરાવમાં સમાસ થતો નથી એમ અમારી નજરમાં આવે છે. તે આકટથી તે કલમમાં વરણન કરેલા કોઇ આવા જડજ અથવા સરકારી નોકરના ઉપર પ્રથમથી સરકારની મંજુરી મેળવેલી ના હોય તો તેણે પોતાની નોકરીનું કામ કરતાની દરમીયાનમાં જે કાંઇ કરેલું હોય તે વીશે ફરીઆદ ચાલી શકતી નથી. સરકારી નોકરનો જે જે વર્ગ તેમાં બતાવવામાં આવેલો છે તે જે સરકારની મંજુરી શીવાય નોકરીમાંથી ખશેડવા લાયક નથી. તેછે આ વરણન તમામ વાચવું જોઇએ એમ અમારી નજરમાં અવેછે અને નોકરીમાંથી ખશેડવા લાયક નહીં. એ

શબ્દો તે નીચે સરકારની મંજુરી સીવાય એવા શબ્દો છે તેનાથી જુદા પાડી શકાતા નથી.

પરંતુ તે તમામ એવી રીતે વાંચવામાં આવે કે જેથી સરકારની પ્રથમ મંજુરી વીના તે વર્ગ ઉપર ફરીઆદ ચાલી શકે નહી તો તે વરણુન નોકરીમાંથી ખશેડવા લાયક નહી એવા વરગને ફક્ત લાગુ થઇ શકે તો સરકારની મંજુરી શીવાય એ શબ્દો છોડી દેવા જોઇએ. કારણ કે તે શબ્દો આવા સરકારી નોકરોને લાગુ કરવાનો કાંઇ હેતુ નથી.

કોઇ સખસ અગર સખસોનો શમુદાયથી એકાદા સખસને ઇજા થઇ હોય તો તેના ઉપર ફરીઆદ ચલાવવાનો સામાન્ય હક છે તે હકની મરીયાદા ફક્ત ખાસ કાયદાઓથી બાંધી શકાય છે. માટે તે હક લેઇ લેવામાં આવ્યો છે કીંવા નહી તેનો વીચાર કરવા સારૂ અમારે જોવું જોઇએ કે તે સ્પષ્ટ શબ્દોથી અગર જરૂરીઆત ગરભીતપણાથી તે લેઇ લેવામાં આવ્યો છે. સરકારની મંજુરી શીવાય નોકરીમાંથી ખશેડવા લાયક નહીં એ શબ્દોથી અવશ્ય કરીને ગરભીત રીતે એમ થતું નથી કે ગમે તે હકીકત હોય પણ નોકરીમાંથી ખશેડવા લાયક ના હોય તેઓનો પણ કાયદા કરનારાઓએ તેમાં સમાસ કરવાનો ઇરાદો રાખેલો છે.

તેવુંજ રક્ષણ કલકત્તાના મ્યુનશીપલ કારપોરેશન જેવા સમુદાયને લાગુ કરવાને સરકારનો હેતુ હોય એમ ધારવાનું કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી. કારણ કે તેવા સમુદાયને એકાદા વારંટથી પકડી શકાતું નથી અગર તેને કેદની શીક્ષા થઇ સકતી નથી. પણ જો તે કારપોરેશનની નોકરીમાંના કેટલાક સખસોને તે લાગુ કરવાને દુરસ્ત ધારવામાં આવેલું છે અને તેથી કલકત્તા મ્યુનશીપાલ આકટની કલમ ૫૩૨ અને પ્રેશીડેનસી માજીસ્ત્રેટના આકટની કલમ ૩૯ થી બેશક તેમનું રક્ષણ કરવામાં આવેલું છે.

સબબ જે સવાલ અમને માજીસ્ત્રેટે પુછેલો છે તેનો જવાબ અમે એવો આપીએ છીએ કે હીંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે જે મ્યુનશીપાલ કારપોરેશન ઉપર ફરીઆદ ચલાવવામાં આવી હોય તેને સદરહુ રક્ષણ લાગુ થતું નથી.

જસ્ટીસ વાઇટ સાહેબઃ—અમારો પણ તેવોજ અભીપાય છે. પ્રેસીડેનસી માજીસ્ત્રેટે જે સવાલ અમને પુછેલો છે તેનો આધાર પ્રેસીડેનસી માજીસ્ત્રેટ આકટની કલમ ૩૯ ના હેતુ અને ખરા અર્થ ઉપર તદન રહેલો છે.

તે કલમ કલકતા શેહેરનાં કારપોરેશનને જો લાગુ કરવામાં ના આવે તો જેમ અપકૃત્ય બાબત ખાનગી શાધારણ શખસે કરેલું હોય તે પ્રમાણે

પીનલકોડ મુજબ તે કારપોરેશનના ઉપર ફરીઆદ ચાલી શકે છે એ વીશે કાંઇ તકરાર નથી. અને તકરાર થઇ શકતી પણ નથી. જેમ કસુર અગર અપકૃત્ય કરયા બાબત તેમના ઉપર ફરીઆદ ચાલે છે તે પ્રમાણે તેમના વીરૂધ ફોજદારી કામ પણ ચલાવી શકાય છે. માહારાણી વીરૂધ ધી. બરમીગહામ અને ગ્લાઉશેસ્ટર રેલવે કંપની, માહારાણી વીરૂધ સ્કોટ અને માહારાણી વીરૂધ ધી. ગ્રેટનોર્થ ઓફ ઈંગલંડ રેલવે કંપની.

એકાદો જડજ અગર કોઇ શરકારી નોકર સરકારની મંજુરી શીવાય નોકરીમાંથી ખસેડવા લાયક ના હોય તે પ્રથમ સરકારની મંજુરી શીવાય કોઇ ગુનાહની ફરીઆદનો જવાબદાર નથી એવું કલમ ૩૯ માં ઠરાવ્યું છે તે કલમમાં સરકાર એવો શબ્દ વાપરેલો છે તેનો હેતુ સરકાર પોતાનું કારોબારી કામ કરતા હોય તેવા હેતુથી એવી તકરાર કરવામાં આવી છે કે જે સરકારી નોકર સરકારની મંજુરી શીવાય ખશેડવા લાયક નથી. તેમાં કલકતા કારપોરેશનનો સમાસ થાય છે. પણ તે કારપોરેશન તેના જુદા જુદા મેંબરોથી જુદુ છે માટે તે સરકારી નોકર બીલકુલ છે કે નહી એ વીશે ઘણો શક રાખવા જેવું છે એમ અમારી નજરે આવે છે કારણ કે આ શબ્દોની વાખ્યા પીનલકોડની કલમ ૨૧ માં કરવામાં આવેલી છે અને સદરહુ આકટની કલમ ૩૯ મી જેનો વીચાર કરવામાં આવે છે તેની સાથે રાખેલાં છે. તોપણ તકરારના કારણસર એમ ધારીએ કે તે બાબતનો પ્રતીવાદીઓની તકરારના લાભમાં ઠરાવ થએલો છે. તોપણ અમને એમ ખુલ્લું જણાય છે કે કલકતા કારપોરેશનનો જે સરકારી નોકર સરકારની મંજુરી શીવાય નોકરીમાંથી ખસેડવા લાયક નથી. તેના વરણનમાં સમાસ થતો નથી.

તે કારપોરેસન સને ૧૮૭૬ ના આકટ ૪ થી ઉતપન કરવામાં આવેલું છે. તે આકટની કલમ ૪ થી બોતેર સખસો કમીશનર નીમવામાં આવેલા છે તેમાં અડતાળીસ કર આપનારાઓ તરફથી નીમેલા છે અને ચોવીસ સરકારે નીમેલા છે અને તે બધાઓને એકઠા કરી કલકતા સેહેરનું કારપોરેશન એવું નામ આપવામાં આવેલું છે તે કારપોરેશન હમેશાં ઉતરોતર થાય છે, તેમનો એક સરખો શીકા હોય છે અને તેમના એકઠા નામથી દાવા કરે છે અને તેમના ઉપર દાવા થાય છે તે આકટમાં એવો ઠરાવ એકે નથી કે જેથી તે કારપોરેશનનો અંત આવે અગર સરકારની મંજુરી એટલે અમે કહયું છે તે પ્રમાણે કારોબાર ચલાવનાર સરકારની મંજુરીની સાથે અગર શીવાય તેમને ખશેડવાને અગર કાહાડી મૂકવાને તેમાં કાંઇ નથી.

કાયદા કરનારના આકટથીજ તે બંધ થાય છે માટે તે સમુદાયની

સ્થીતીમાં જ્યાં સુધી કાયદા કરનાર હાથ ઘાલે નહીં ત્યાં સુધી તે જ્યારી રહેવોજ જોઇએ. સરકારની મંજુરી શીવાય ખશેડવા લાયક નહીં એવો સરકારી નોકર એ શબ્દો આવા કારપોરેશનની કાયદેસર સ્થીતીનું વરણન કરવાને બીલકુલ બેસતા નથી.

વળી તે કારપોરેશનની ઉપરાંત જઇ તેના બોતેર મેંબરોની સ્થીતી નો વીચાર કરવાની જરૂર પડેતો પ્રેસીડેનશી માજીસ્ટ્રેટ આકટની કલમ ૩૯ માં કહેલા સરકારી નોકરમાં અમુક વરણનમાં આવ્યા શીવાય એક સરખી રીતે તેઓ જણાય છે.

કલમ ૨૨ થી તેઓને ત્રણ વરશ માટે પસંદ કરવામાં આવે છે અને તેટલી મુદત તેઓ તે કામ ઉપર રહેછે. કલમ ૨૩ મીમાં જે જે હકીકતોથી તે કારપોરેસનના મેંબર તરીકે બંધ થાય છે તે બતાવવામાં આવેલું છે અને ફકત તેટલી હકીકતથીજ તેઓ તે પ્રમાણે બંધ થાય છે તે હકીકતો એ છે કે મોત, રાજીનામું આપવું, અગર ના લાયક થવું. નાલાયકપણું એવી રીતે ઉતપન થાય છે કે તે નાદાર થાય અગર કારપોરેસનની સાથેના કંટ્રાકટમા હીત રાખનારા હોય અગર લાગલુંજ ૭ માસ સુધી કલકતામાં તે ગેરહાજર હોય અગર કેદની શીક્ષા થએલી હોય તે છે. માટે તે કારપોરેસન થતાં પેહેલાં તે કારપોરેસનના મેંબરો વીશે જોતાં તેમના વીશે એમ કહી શકાતું નથી. કે તેઓ સરકારની મંજુરી સીવાય ખસેડવા લાયક નહી એવા સખશો છે.

મી. પ્રીફર્ડે એવી તકરાર કરી છે કે કલમ ૩૯ કે જેનો હાલ અમે વીચાર કરીએ છીએ તેના શબ્દોનો ઇરાદો બે વર્ગના સરકારી નોકરો વીસે છે (૧) જેઓ નોકરીમાંથી બીલકુલ ખસેડવા લાયક નથી અને (૨) જેઓ સરકારની મંજુરી સાથે ફકત ખસેડવા લાયક છે તે. પરંતુ તકરારી તે શબ્દોનો ખરો અરથ તેવો છે, એ વીશે અમે તેમની સાથે અમે મળી શકતા નથી.

તે શબ્દો અમને ફકત એકજ વરગના સરકારી નોકરો એટલે કે જેઓ ફકત સરકારની મંજુરી સાથે ખસેડવા લાયક છે તેને લાગુ થાય છે. તે વરગને તે શબ્દો લાગુ કરવામાં આવે તો તે શબ્દો પ્રમાણે કરયું થાય છે. પણ અહીંયાં તો અમુક સખસોના લાભમાં એક હક ઉતપન કરવામાં આવેલો છે. માટે જે શબ્દોથી તે હક ઉતપન કરવામાં આવ્યોછે તે શબ્દોનો ખુલો અને સ્વભાવીક હેતુ છે તે ઉપરાંત તેનો હેતુ લાગુ થવો નહી જોઇએ. મી० પ્રીફર્ડની તકરાર ઉપરથી અમારે તે કલમનો અર્થ એવો કરવો પડે કે જાણે તે કલમની ભાશામાં કોઇ સરકારી નોકરને તેની સરકારી નોકરીમાંથી ખસેડવા લાયક ના હોય અગર જો તે ખ-

સેડવા લાયક હોય તો સરકારની મંજુરી શીવાય ખસેડવા લાયક નહી. એવા શબ્દો તેમાં હોય.

આવો અરથ કરવાને જે તકરાર કરવામાં આવી છે તો તે માટે કેટલાક શબ્દો વધારાના તેમાં દાખલ કરવા પડે તેથી તે હકીકત આ તકરારને પાયમાલી કરનારી છે એમ અમારી નજરમાં આવેછે.

અમારા ભાઇ એઇનસલી સાહેબે ઠરાવ્યું છે કે જો કલમ ૨૯ થી આપેલો હક અમે જોઇએ તો જે સરકારી નોકરને ખસેડવાને સરકારની મંજુરીની જરૂર છે તેનાગાં અને કલકતા મ્યુનીસીપાલેટીની સ્થીતીના કારપોરેસનમાં ટાંકી રાખવા લાયક ભેદ છે. સરકારને સદરહુ પ્રથમ બતાવેલા નોકરો ઉપર ચાલતી ફરીઆદમાંથી જો પ્રથમ મંજુરી આપવામાં આવી ના હોય તો તેમનું રક્ષણ કરવાને સરકારનું હીત છે. પરંતુ કારપોરેસન પોતે જે કૃત્યો કરે તેના પરીણામમાંથી તેમનું રક્ષણ કરવાને સરકારનું કાંઇ હીત નથી. વળી જો કારપોરેસનને જો ગુનેહગાર ઠરાવવામાં આવે તો તેમને કાંઇ કેદની શીક્ષા થઇ શકતી નથી. પરંતુ ફક્ત દંડની સીક્ષા થઇ શકે. કાયદા કરનારાએ એમ ધારવું જોઇએ કે જે સરકારી નોકર સરકારની મંજુરી શીવાય ખશેડવા લાયક નથી એવો કોઇ સરકારી નોકર સરકારની મંજુરી વીના કેદને પાત્ર થાય એ અગત્યની બાબત છે. પરંતુ પરીણામે જયારે ફક્ત દંડની સીક્ષા કરવાની હોય અને આખરે તે કલકતા શેહેરના કર આપનારાઓથી વસુલ કરવાનો હોય ત્યારે તેમને સરકારની મંજુરીનાં તે કારણો લાગુ થતા નથી.

સબબ પ્રેશીડેનસી માજીસ્ટ્રેટે જે સવાલ અમને પુછેલો છે તેનો જવાબ નાકારમાં આપવો જોઇએ. એ અભીપ્રાય સાથે અમે મળતા છીએ.

ફોજદારી અપીલ

તા૦ ૧૦ મી મે સને ૧૮૭૮

મી. જષ્ટીશ આર. શી. મીતર અને મી૦ જષ્ટીશ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ મોહીમ ચંદ્ર રાય વીગરે.

આસેસરો—જે કામ યોગ્ય રીતે આસેસરો સાથે તપાસવા લાયક હોય તેની જુરીએ કરેલી તપાસ—હકીકત ઉપર અપીલ—સને ૧૮૭૧ નો આકટ ૮ ની કલમ—ફો. કા. ચ. રી. કા. (સને ૧૮૭૨ નો આ૦ ૧૦) ની કલમ ૨૩૩.

જષ્ટીશ મ્યાકલીન સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે (જષ્ટીશ મીત્તર સાહેબ મળતા આવ્યા પરંતુ અમુક બાબતનો તેમણે અભીપ્રાય બતાવ્યો નહી) જે ગુનહાની તપાસ આસેસરોથી કરવા-લાયક હોય તે જુરીએ કરેલી હોય તેથી તે કારણથી તે તપાસ નાબુદ થતી નથી. પરંતુ આસેસરોએ તે કામ તપાસ્યું હોત તો હકીકત ઉપર તોહોમતવાળાઓનો અપીલ કરવાનો હક થાત. માટે તે જુરીએ કરેલી તપાસ ગેરકાયદે થતી નથી તે કારણથી ફકત તેઓના તે અપીલના હકને હરકત થતી નથી.

પાનું ૭૬૫ સને ૧૮૭૧ ના આક્ટ ૮ ની કલમ ૮૦ પ્રમાણેનો આરોપ આ કામમાં અરજદારો ઉપર રાખવામાં આવેલો તેથી ચોવીશી પ્રગણાના શેશન જડજે જુરીની મદદ સાથે તપાસ કરી તેઓને ગુનેહગાર ઠરાવેલા છે.

અરજદારો તરફથી બાબુ બધ્દીનાથ દત્તે—બીજી કેટલીક તકરારોની સાથે એવી તકરાર કરી છે કે જે ગુનહા બાબત તપાસ કરવાને સને ૧૮૬૨ ના જાનેવારી મહીનાની સરકારી જાહેર ખબરથી જુરી લાગુ કરવામાં આવી નથી. (કલકતા ગેજીટ) અને તેઓની તપાસ જડજે આસેસરોની મદદ સાથે કરવી જોઇતી હતી. તેમ છતાં જુરીએ કરેલી છે. માટે આ હકીકતને લીધે તે તપાસ તથા ગુનહાની સાબેતીનો ઠરાવ નાબુદ છે. અને જો તે નાબુદ ના હોય, કાયદા પ્રમાણે જો તેમની તપાસ કરવામાં આવી હોત અને તેમને હકીકત ઉપર અપીલ કરવાનો હક મળત તેવી અપીલ કરવાનો તે તોહોમતવાળાનો હક છે.

સામી બાજુ તરફથી સરકારી વકીલ બાબુ જગદાનંદ મુકરજી.

કોરટે કેદીઓને કરેલી શીક્ષાનો હુકમ મંજુર રાખ્યો એવા અભીપ્રાયથી કે નીચેની કોરટનો ઠરાવ હકીકતની બાબતમાં બરોબર છે પણ તે બાબતમાં નીચે પ્રમાણે ફેંશલો આપવામાં આવેલો છે.

જસ્ટીશ મ્યાકલીન શાહેબ—શને ૧૮૭૧ ના આકટ રજીસ્ટર બાબતનો છે તે પ્રમાણે એક ગુનહા બાબત ચોવીસી પ્રગણાના શેશન જડજે અપીલવાળાઓને ગુનહેગાર ઠરાવેલા છે અને તે તપાશ જુરીએ કરેલી છે તેથી તા૦ ૧૩ મી અપ્રેલના રોજ ફાઇલ કરેલી અપીલની અરજીમાં જડજે જુરીને કામની હકીકત બતાવી તેમાં ખામીઓ હતી એવી, કાયદાની ચુકો બતાવી છે. આર પછી તા૦ ૧૭ મી અપ્રેલના રોજની અરજી છે. તેમાં કેદીઓએ એવો દાવો રાખ્યો છે કે હકીકત તેમજ કાયદાના શવાલો બાબત ગુનહાની શાબેતીના વીરૂધ્ધ અમને સાંભળવા જોઇએ કારણ કે જે ગુનહા વીસે અમને ગુનેહગાર ઠરાવેલા છે તે જે ગુનહાઓની તપાશ જુરીએ શને ૧૮૬૨ ના જનેવારી માશમાં શરકારની જાહેર ખબરથી કરવાને

ઠરાવેલું છે તે ગુનહાઓમાંનો આ ગુનહો નથી (તા૦ ૮ જાનેવારી શને ૧૮૬૨ ના રોજનું કલકતા ગેજીટ પાનુ ૮૭.)

સરકારી વકીલે અમારી રૂબરૂ એવી તકરાર કરી છે કે તોહોમતવા ળો ગુનહો જો કે શદરહુ બતાવેલી સરકારી જાહેર ખબરમાં બતાવેલો નથી તોપણ સેશન જડજ તે કેદીઓની તપાસ જયુરીની શાથે કરવાને મુખત્યાર હતા માટે કેદીઓ પોતાના ગુનાની શાબેતીના ઠરાવ વીરૂધ કાયદાની બાબત સીવાય અપીલ કરવાને હકદાર નથી. પરંતુ તે શવાલનો નીરણય કરવાને આ અપીલના કારણુશર જરૂર નથી. આસેશરોની મદદ શાથે તપાશ કરવા લાયક ગુનાહની તપાશ જયુરીએ કરેલી હોય તેથી તે નાબુદ થતી નથી. (ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૩૩ ખુલાસો.) પરંતુ જો આસેસરોની મદદ સાથે તે કામની તપાસ થઇ હોતતો કેદીઓનો હકીકત ઉપર અપીલ કરવાનો હક થાત. સબબ જ્યુરીએ કરેલી તપાસના કારણુથી તે કાયદા વીરૂધ નથી એટલા સબબથી તેઉના તે હકને હરકત થતી નથી. કામ ચલાવવાની રીતીમાં થએલી ચુકથી કામના ગુણ દોશને અશર થતો ના હોય તોપણ તેથી કેદીને અપીલ કરવાનો હક છે તેને હરકત થવી નહી જોઇએ.

તોપણ આ અપીલની હકીકતની અપીલ તરીકે બ્યવસ્થા કરતાં અમારી નજરમાં આવે છે કે કેદીઓને ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે તે બરોબર છે માટે અમે તે અપીલ કાહાડી નાંખીએ છીએ.

જષ્ટીસ મીત્તર સાહેબ:—અમે મળતા આવીએ છીએ પરંતુ હકીકતના સવાલ બાબત કેદીઓને અપીલ કરવાનો હક છે કીંવા નહી એ વીશે કાંઇ અભીપ્રાય બતાવવાને અમે મરજી રાખતા નથી. પરંતુ તેઓનો તે હક છે એમ ધારીએ તોપણ કેદીઓને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા છે. તેને પુરાવથી સંપુરણ રીતે પુષ્ટી થએલી છે. એનો અમારા વીદ્વાન ભાગીયાનો વીચાર છે તે સાથે અમે મળતા છીએ. સબબ અમે આ અપીલ કાહાડી નાંખીએ છીએ.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

વાલ્યુમ ૪ થું.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ જુલાઇ સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ વાહીટ તથા મી૦ જસ્ટીસ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ અબદુલ કરીમની બાબતમાં.

સગીર સ્ત્રી બાળક જે પરણાવવામાં આવેલું તેના મુસલમાન વાલી તેણીના ધણીની હયાતીમાં તેણીના નામથી બીજા એક સખસ સાથે લગ્ન કરે પરંતુ તેણીએ કાંઇ પણ તે વ્યવહારમાં ભાગ લીધો ના હોય તો, પીનલકોડની કલમ ૧૦૯ અને ૪૯૪ પ્રમાણે મદદ કરવાનો ગુનો તેણે કર્યો થતો નથી.

આવા વર્ગના કામોમાં જે તકરારો ઉતપન થએલી તેનો નીરણય કરવાના હેતુથી ફોજદારી કામ ચલાવવાનો રીવાજછે તે ખોટો છે.

પાનું ૧૦ હરનીસા બેગમ એક મુસલમાન સ્ત્રી બાળક છ વરશની વયનું તેને એક મા અને બે કાકા અબદુલ કરીમ અને અબદુલ સોભાન હયાત હતા અને તે બાળકની માએ તે બાળકને એક અબદુલ હુસેનની શાથે પરણાવી. આ લગ્ન બળવાન નથી એમાં કાંઇ તકરાર નથી. કારણ કે એકલા કાકા તે મુશલમાન શરેહ પ્રમાણે તે બાળકની વ્યવસ્થા કરી શકતા હતા અને મા તે કરી શકતી નહી હતી. પછીતેના તે પક્ષકારોની વચે ત્યાર પછી થોડી મુદતમાં બીજું લગ્ન કરવામાં આવ્યું તે વખતે શદરહુ બે કાકામાંનો નાહાનો કાકો અબદુલ શોભાન હાજર હતો એમ કહેવામાં છે, પરંતુ અને તેણે તે કન્યાને આપેલી છે એમ કહેવામાં છે. ત્યાર પછી થોડાક અઠવાડીઆ પછી તેજ હરનીશાં બેગમને ફરીથી એક દાબીરૂદીન શાથે તેણીના બેઉ વાલીઓ અબદુલ કરીમ અને અબદુલ સોભાને પરણાવી. આ ઉપરથી તે વાલીઓ અબદુલ કરીમ અને અબદુલ શોભાન ઉપર હીં. ફો, કાયદાની કલમ ૪૯૪ અને ૧૦૯ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનાહના આરોપ રાખવામાં આવ્યા.

ફરીઆદ તરફની હકીકત એવી છે કે બાળક હુરનીસા બેગમનુ લગ્ન તેણીના કાકા અબદુલ શોભાંનની કબુલત સાથે કરવામાં આવેલું હતું, માટે તે શરેહ મુજબ કાયદેશર છે. તેથી તોહોમતવાળાએ દાબીરૂદીનની સાથે લગન કરવાને મંજુરી આપી ઉતેજન કરયું છે તેથી તેઓ તે જાંણુતા હતા કે તે રદ બાતલ છે એમ જાણ્યા છતાં તેમ કરયું તેથી તેમણે મદદ કરયાનો ગુન્હો કરેલો છે.

અબદુલ શોભાંને તકરાર કરી કે મેં કાંઇ તેમાં ભાગ લીધો નથી.

અને બેમાંથી એકકે લગ્ન વખતે હું હાજર નહીં હતો. અબદુલ કરીમે કબુલ કરેલું છે કે દાબીરૂદીનનું લગન કરવાને મેં મંજુરી આપેલી છે. અને તે વખતે હું હાજર હતો, પરંતુ અબદુલ હુસેન સાથેનું લગ્ન જે કહેવામાં આવેલું છે તેની કાંઇ માહેતી મને નથી અને જો કાંઇ તેવું લગન મારી કબુલત વીના કરવામાં આવેલું હોય તો તે બળવાન નથી એવી તેણે તકરાર કરી.

હુગલીમાં સેશનકોરટે તપાસ કરી તેનો પરીણામ એવો છે કે કોરટ તથા આશેસરોના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તે બાળક હુરૂનીશા બેગમને ખરી રીતે કહેવામાં આવેલું છે તે પ્રમાણે અબદુલ હુસન સાથે તોહોમતવાળા અબદુલ શોભાંનની રૂબરૂ તેની કબુલત સાથે પરણાવવામાં આવી હતી, માટે તે થએલું લગન બળવાંન છે. પરંતુ તોહોમતવાળા અબદુલ શોભાંને પાછળથી દાબીરૂદીનની સાથે થએલા લગનમાં કાંઇ ભાગ લીધો નથી. તેથી તેઓએ તોહોમતવાળા અબદુલ શોભાંનને નીરદોશ ઠરાવેલો છે. અબદુલ કરીમની બાબતમાં તેઉના અભીપ્રાયમાં આવ્યું કે જે વખતે દાબીરૂદીનની સાથે લગ્ન કરવામાં આવ્યું તે વખતે તેણે પોતાની કબુલત આપી અને તેમાં ભાગ લીધો. તે વખતે તેના જાણવામાં આવેલું હોવુંજ જોઇએ કે પ્રથમ અબદુલ હુશનની સાથે લગ્ન થએલું છે, અને તે બળવાંન છે. તેથી અબદુલ કરીમને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો અને અરાઢ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા તેને કરી.

ગુન્હાની સાબેતીના આ ઠરાવ અને શીક્ષાના હુકમ ઉપર અબદુલ કરીમે હાયકોરટમાં અપીલ કરી.

અપીલવાળા તરફથી મી૦ ઇ. પી. વુડ તથા મોલવી શીરાજુલ ઇસલાંમે તકરાર કરી કે નીચેની કોરટની રૂબરૂ જે પુરાવ છે તે પ્રમાણે નીચેની કોરટનો ઠરાવ ભુલ ભરેલો છે અને વળી અરજ કરી કે નીચેની કોરટના અભીપ્રાયમાં આવેલું છે તે પ્રમાણે હકીકત સમજતાં અપીલવાળો કોઇ ગુન્હાનો ગુનેહગાર નથી, અને જે લગન અમસ્તુ કહેવામાં આવેલું છે તે લગન તેની સંભાળ નીચેના બાળક અને અબદુલ હુશનની વચમાં થએલું તે જાણુતો હતો અગર તે જાણુતો હતો એમ માંનવાને કારણુ હતું તોપણુ અમસ્તુ કહેવામાં આવેલું લગન કે જેનું બળવાન પણું તેણે ઇનકાર કરેલું છે ને તેણે લક્ષમાં રાખેલું નથી તોપણુ તેથી તેણે ગુન્હો કરયો થતું નથી, અને તે લગ્નોમાંથી કીયું લગ્ન બંધન કારક છે તે દીવાની કોરટને સારૂ રાખી જે લગ્ન પસંદ કરવાને તે ખુશી હતો તે લગ્ન કરવાને તેણે મંજુરી આપી તેમાં કાંઈ તેણે ગુન્હો ક-

રચો નથી. વળી અપીલવાળાના કામની હકીકતને હુરૂનીશા બેગમ દાખી-રૂદીમની સાથેના લગ્ન વખતે જાતે હાજર નહીં હતી તેથી પુસ્ટી મળે છે. અને જે હકીકત બનેલી છે તે એટલીજ છે કે તેણે પોતાનો વાલી તરીકેનો હક કહેલો છે તે શીવાય બીજુ કાંઈ બનેલું નથી.

જસ્ટીશ વાહીટ સાહેબઃ—(હકીકત કહયા પછી નીચે પ્રમાણે કહેલું છે) અમારી રૂબરૂના કેદીએ શેશન કોરટના ઠરાવ ઉપર હકીકત બાબત અને તે કોરટે કાયદાના જે નીસ્ચય કરેલા છે તે વીશે અપીલ કરેલી છે તે અપીલના ગુણ દોશમાં પેસવાની જરૂર અમારી નજરમાં દીસતી નથી, કારણ કે નીચેની કોરટના અભીપ્રાયમાં જેવી હકીકત આવી છે તે પ્રમાણે તે શાચી માંનીએ અને કાયદો લાગુ કરેલો છે તે સાચો માંનીએ તોપણ અમારા અભીપ્રાય પ્રમાણે તે ગુનહાની સાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી.

પીનલકોડની કલમ ૪૯૪ મીં પ્રમાણેના ગુન્હામાં મદદ કરયા બાબત આ કેદી ઉપર આરોપ રાખવામાં આવ્યો છે. પીનલકોડ પ્રમાણે મદદ કરયાનો આરોપ સાબેત થવાને તોહોમતવાળાએ કોઇ શખશને ઉશકેરેલો હોવો જોઈએ અથવા તે ગુનો કરવામાં કોઇ શખશ સાથે મસલતમાં તે રહેલો હોવો જોઇએ. આ કેદીની સાંમે અબદુલ શોભાંન ઉપર આરોપ રાખવામાં આવેલો તેને નીરદોસ ઠરાવવામાં આવેલો હોય તેથી મસલતની બાબતનો અંત આવે છે, કારણ કે અબદુલ શોભાંન શીવાય મસલતની બાબતમાં પુષ્ટી કરવાને કાંઇ પુરાવ નથી માટે જો ગુનહાની સાબેતીનો ઠરાવ જો મંજુર રાખી શકાતો હોય તો, કેદીએ હુરૂનીસા બેગમને તે બીજુ લગ્ન કરવામાં ઉશકેરેલી અથવા મદદ કરી તેથી મંજુર રાખી શકાય. પુરાવ ઉપરથી જણાય છે કે કેદીએ હુરૂનીશાના નામથી જે ક્રીયા કરાવી તેમાં તેણીએ કાંઈ ભાગ લીધો નથી, તેમ તે વખતે હાજર પણ નહીં હતી. માટે ઉશકેરણી અથવા મદદ કરયાનો બીલકુલ પુરાવ નથી એટલુંજ નહીં પણ હુરૂનીશાની સલાહ પુછવામાં આવી હતી અગર તે ક્રીયા થતાં પેહેલાં કેદીએ તેણીની જોડે વતચીત કરી હતી તે બાબતનો કીંચીતપણ પુરાવ નથી. ખરી રીતે તે વ્યવહારના પ્રકાર ઉપરથી તે બાળકની બાબતમાં મદદ કરયાનો વીચાર થતાં ઘણું કરીને અટકે છે. તે કેદીએ લગ્નમાં તેણીની બવસ્થા કરી તે તેણીના તરફથી મળેલા કાંઇ અધીકારથી કરી નથી અગર તેણીની મરજી પુછીને કરેલી નથી પરંતુ તેની જે મોટા કાકા તરીકેની કાયદેશર સ્થીતી તેને લીધે કરેલી છે. તે છોકરી તો આ વ્યવહારમાં કાંઈપણ નહીં હતી. તેણીનું નામ વાપરવામાં આવેલું, ક્રીયા તેણીની તરફથી કરવામાં આવી, અને કેદીએ

એક નામની દાબીરૂદીન સાથે તેણીને પરણાવેલી છે. પરંતુ તે કેદીના જાણવામાં જાતે કાંઇ નથી. ધારીએ કે તે કેદીએ પોતાને કાયદા પ્રમાણે મળેલા અખત્યારથી કરેલું તેથી તે પ્રમાણે કરારથી તે બાળક બંધાએલી છે તેથી તે લગનનો અસર થાય, તોપણ તે કીયા અને કરાર બેઊથી જાતે તે કાંઇ અંજાણી છે તેમાં ઓછું થતું નથી.

સબબ અમારી નજરમાં આવે છે કે કેદીની અપીલથી જે હકીકત અથવા કાયદાના સવાલો ઉતપન કરવામાં આવ્યા છે તેનો નીરણય કરયા વીના તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ, એવા કારણથી કે પીનલકોડના હેતુ પ્રમાણે મદદના ગુનાનો કેદી ગુનેગાર છે. એવું બતાવવામાં ફરીયાદ તરફથી નીશફળ થએલા છે. શેશનકોરટે ઠરાવ્યા પ્રમાંણે હકીકત અને કાયદો છે એમ ધારીએ તોપણ કેદીએ પોતાના રક્ષણ નીચેના નાંહાંના બાળકની વ્યવસ્થા લગનમાં જે કરેલી છે. તે તે બાળકની નાંહાંના કાકાએ તેણીને કાયદાશર પ્રથમ પરણાવેલા તેવું જાણ્યા પછી કરેલી છે માટે તે તેણે કાયદા વીરૂધ કરેલું છે. પણ પુરાવ પ્રમાંણે આ કરવામાં તે ફકત એકલો હતો. અને જો કે તે કૃત કાયદા વીરૂધ છે તોપણ જો તે એકલાએ કરેલું હોયતો પીનલકોડમાં ઠરાવ્યા પ્રમાણે ગુનો ઠરતા નથી.

આ કામનો નીકાલ કરતાં હમે કહીએ છીએ કે આ કામના હકીકત પ્રમાણે ફોજદારી ફરીઆદ થવી નહીં જોઇએ. દેખીતી રીતે તે સગીર છોકરીના સગાઓની વચમાં તકરાર ઉત્પન્ન થએલી છે કારણ કે તે છોકરીનો કેટલીક મીલકત ઉપર હક થએલો જણાય છે. માટે લગ્નમાં તેણીની વ્યવસ્થા કોણે કરવી જોઈએ તે વીશે તકરાર થએલી છે. તે તકરાર ઉપરથી કેટલાએક સવાલો ઉત્પન થએલા છે. એટલે કે તે છોકરીની તરફથી લગનની શી કીયા કરવામાં આવેલી છે. અને તે કોણે કરેલી છે, અને તેનો કાયદેસર અશર કેવો છે. આ બધા પ્રખ્યાત સવાલ વીશેના પક્ષકારો મળતા આવે નહીં. તો તે દીવાની કોરટમાં સોંપવાના છે સબબ આ બાગત ફોજદારી તપાસના સાધનથી કેટલાક બરાબરી કરનાર પક્ષકારોમાંથી એક પક્ષકાર ઠરાવ કરાવાને પ્રયત્ન કરે તો તે થવા દેવું નહીં જોઇએ.

આવી તકરાર કે જે વીશે ફોજદારી ફરીઆદ થએલીછે તે કરવામાં તોહોમતવાળાને જે આબદા અને હરકત પડે છે તે આ કામથી સારી પેઠે બતાવી આપવામાં આવેલી છે. પેહેલું લગ્ન જે માએ કર્યું તે ફરીઆદ તરફથી તદન નાબુદ થએલું હેતું કબુલ કરવામાં આવેલું છે. બીજું લગન જે કેદીએ કરેલું છે તે નાબુદ છે, હેતું બતાવવાને સારૂં

ફરીઆદ તરફથી અવસ્ય કરીને શાબેત થવું જોઇએ કે દરમીયાન ક્રીયા જે થએલી છે. તેમાં અબદુલ શોભાને તે છોકરીને લગ્નમાં આપેલી હતી. અને તે દરમીયાન થએલી ક્રીયાથી મુશલમાની શરેહ પ્રમાણે તે બળવાન લગ્ન હતું. આ સવાલ વીશે અબદુલ સોભાનની સાહેદી જો કે ઘણી અગત્યની છે તો પણ ફરીયાદ તરફથી તેને કેદીની સાથે સહ તપાસમાં રાખેલો હતો અને તેથી તેને સાક્ષી તરીકે બોલાવાને અટકાવ કરવામાં આવેલો છે. અબદુલ સોભાને બીજુ લગ્ન કર્યાની વાત ઇનકાર કરીછે. અને આ મુદાની બાબતનો ફોજદારી કારટે જે નીરણય કરેલો છે. તે તેની સાહેદ. સાંભળ્યા વગર કરેલો છે.

આ કામમાં એ વીશે જે બીજી હરકત લેવામાં આવી છે કે બધા કુરાનોમાંથી ક્રીયા છોકરાનો તે છોકરી સાથ કાયદેશર પ્રણવાનો હકક છે એ નકી કરવા સારૂ હવે પછી કોઇ વખને દીવાની કારટ કામ ચલાવે તેને ફોજદારી તપાસથી હરકત થતી નથી અને આ પ્રમાણે કામ ચલાવવામાં આવે તો કેદીને ફોજદારી કામમાં ગુનેગાર ઠરાવાનો ઠરાવ દીવાની કામમાં તેના વિરૂધ કાંઇ પુરાવ થતો નથી. પક્ષકારો જે પુરાવ આપે તે પુરાવ ઉપરથી તમામ બાબતનો તપાસ કરવાનો છે. અને ફોજદારી કારટે જે નીશ્ચય કરેલો છે. તેથી દીવાની કારટ તેનો જુદો નીશ્ચય કરી શકે અને જે લગ્નનો કરાર કરવા બાબત કેદીને ગુનેગાર ઠરાવ્યો છોતે લગ્ન તે મંજુર રાખે.

સબબ ગુનાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરવામાં આવે છે અને કેદીને છોડી દેવામાં આવે છે.

જસ્ટીશ પ્રીનસેપ સાહેબ—હમારા વીદ્વાન ભાગીઆએ આ કામમાં જે હેતું ઠરાવ્યું છે કે હકીકતની બાબતમાં આ કામમાં કાંઇ ઠરાવ કરવાની જરૂર નથી. અને ફરીઆદ તરફથી જેવી હકીકત કહેવામાં આવેલી છે તેવી હકીકત કબુલ કરતાં હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૦૯ અને ૪૯૪ પ્રમાણેના ગુનામાં મદદ કરયા બાબત અપીલવાળાને ગુનેગાર ઠરાવી શકાતો નથી.

છોકરી હુરૂનીશા બાબત આ કામ છે. તે શુમારે છ વરશની છે અને દેખીતી રીતે તેની ઘણી મીલકત છે અને તેથી કરી તેણીની જાત બાબત તથા બે કુટંબોમાંથી એક અગર બીજા કુટંબમાં તેણીને પરણાવવા સારૂ તકરાર થએલી છે. તેણીને તેના માની કબુલત સાથે અબદુલ હુસન સાથે પરણાવવામાં આવી હતી. પરંતુ તે લગ્ન બળવાન થાય તેવી યોગ્ય કબુલત તે નહી હતી. ફરીયાદ તરફથી કહેવામાં આવ્યું છે તે પ્રમાણે ફરીથી તેણીને તે છોકરા અબદુલ હુસન સાથે તેણીના બે વાલી-

ઓ છે. તેમાંનો એક વાલી તેનો નાનો કાકો સોભાન છે. તેની કબુલત સાથે પરણાવામાં આવી છે. પછી ફરીયાદ તરફથી કેહેવામાં આવેલું છે. ત્રીજી વખત ગુન્હો થાય તે પ્રમાણે મોટા કાકા અબદુલ કરીમ અપીલ વાળાની કબુલતથી અને તેની ઉશકેરણીથી બીજા છોકરા સાથે પરણાવવામાં આવેલી છે. હવે પહેલું લગ્ન રદ બાતલ છે. એમાં કાંઇ વાંધો નથી અને ફરીઆદીએ કહી છે તે પ્રમાણે જો હકીકત હોય તો ત્રીજુ લગ્ન પણ રદબાતલ થાય. પણ ગમે તેમ હોય તોપણ તે બાબતનો નીરણય થવો જોઇએ હેવું આગ્રહથી બતાવવામાં આવેલું છે અને તે દીવાની કોરટે ફકત યોગ્યરીતે ઠરાવી શકે છે. અપીલવાળા અબદુલ કરીમે જો તે લગ્ન કરેલું હોય તો પણ ફરીઆદ તરફથી હકીકત કહેવામાં આવી છે તે પ્રમાણે તે ગુનામાં મદત તેણે કરી છે હેવો તેને ખરી રીતે ગુનેગાર ઠરાવી શકાતો નથી. આ લગ્ન તે છોકરીની તરફથી કરવામાં આવ્યું. તે વખત તે છોકરી હાજર હતી અથવા તે કરવાનું છે. તેવું તેણીના જાણુવામાં હતું એમ જાણવામાં નથી. એટલુંજ નહી પણ તેમ કેહેવામાં પણ આવેલું નથી. મદતનો ગુનો અને તેની વાખ્યા હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૨૭ મીમાં છે અને મદત કરનારની વાખ્યાની તે કલમમાં પુરવણી કલમ ૧૦૮ માં કરવામાં આવેલી છે. પરંતુ આ બેઉ કલમોનો હેતું કોઇ શખશને વારતવીક ગુનામાં મદત કરયાનો અથવા તેમાં ઉશકેરણી કરયાનો અગર અપીલવાળાની સ્થીતી જેવા સખશની તરફથી એક અગર વધારે સખસો સાથે મશલત કરયાનો છે. મી૦ જસ્ટીશ વાહીટ સાહેબે બતાવ્યું છે કે અમુક કૃત્ય કરવામાં મુખ્ય શખશ તે કરનાર હોવો જોઈએ અગર તે કૃત્ય કરવામાં ઉશકેરનાર હોવો જોઇએ, અગર અપીલવાળાની સાથે મદત કરવામાં કોઇ શખશ હોવો જોઇએ. અને તેથી હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે મદત કરાનો ગુનો થાએ છે. પણ તેમાંનુ કાંઇ ફરીયાદ તરફથી કહેવામાં આવેલું નથી માટે જો અપીલવાળાએ તેના ઉપર મુકેલા દોશનાં તમામ કૃત્ય કરેલાં હોય તોપણુ હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાંણે તે કાંઈ ફોજદારી ગુનાનો ગુનેગાર થતો નથી.

સબબ ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે છે અને કેદીને છોડી દેવામાં આવે છે.

ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંશ.

તા૦ ૩ જુલાઇ સને ૧૮૭૮.

મી૦ જસ્ટીશ માર્કબી તથા મી૦ જસ્ટીસ પ્રીનસેપ
સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ હરીદયાલ દામોદર.

ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૧૯૫, ૨૯૫, ૨૯૬ તોહોમતવાળાને છોડી દેવા—હકુમત—અસલ પુરાવ પ્રોશીડીંગ તાજુ કરવું.

એક ડીપુટી માજીસ્ત્રેટે પીનલકોડની કા. ૩૮૦ મી પ્રમાણે દાખલ કરેલું કામ જે પુરાવ તેમની નજરમાં કાંઇ કીંમત વીનાનો આવેલો તે લીધા વીના કાહાડી નાંખ્યું તે ઉપરથી જીલ્લાના માજીસ્ત્રેટે ફરીઆદીની અરજી ઉપરથી તે પુરાવ લીધો. અને શેશનકોરટની રૂબરૂ તપાશ બાબત તોહોમતવાળાને કમીટ કરયો.

હાઇકોરટમાં રેફરંશ કરતાં ઠરાવવામાં આવ્યું કે ફો. કા. ચ. રી, તીના કાયદાની કલમ ૨૯૬ મી મા "શેશન્સનું કામ" એવા શબ્દો છે તે ફકત સેસનકોરટને તપાસવા લાયક કામ સબંધી છે, માટે તે કલમ પ્રમાણે માજીસ્ત્રેટે કરેલુ કૃત્ય ચાલી શકતું નથી, પરંતુ (ડીપુટી માજીસ્ત્રેટે લીધેલા પુરાવની સાથે વધારાનો પુરાવ છે) કેસરેહિંદ વીરૂધ ડોનલીના કામામાં ઠરાવ્યા પ્રમાણે તે ચાલી શકે છે.

પાનું ૧૬ આ કામમાં તોહોમતવાળા ઉપર પીનલકોડની કલમ ૩૮૦ પ્રમાણે હરકોઇ માજીસ્ત્રેટને તપાસ કરવા લાયક ગુન્હો ચોરીનો કરયા બાબત આરોપ રાખવામાં આવ્યોં છે. ફો. કા. ચ. રી. કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે ડીપોટી માજીસ્ત્રેટે તે કામની તપાસ કરી તોહોમતવાળાને છોડી મુકેલો છે પરંતુ તેઉએ ફરીઆદ ચલાવનારની માની સાહેદી ઘણી અગત્યની છતાં લીધી નથી તે અનુમાન કરવા પ્રમાણે એ. ટલા કારણથી કે નબળી અકલની છે એમ જાણીતી વાત છે. ફરીઆદીની અરજી ઉપરથી જીલ્લા માજીસ્ત્રેટે આ શાક્ષીને બોલાવીને તપાસી અને તપાસ થવા સારૂ તે કામ શેશન કમીટ કરયું અને તોહોમતવાળાએ હકુમતની ખામી બાબત તકરાર ઉઠાવેલી તે રદ કરી એવા કારણથી કે તોહોમવાળા ઉપર જે ગુન્હાનો આરોપ રાખવામાં આવેલો છે. તે શેશન કોર્ટને તેમજ માજીસ્ત્રેટને તપાસવા લાયક છે. અને ફો. કા. ચ. રી. કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે કોર્ટને તપાસ કરવા સારૂ તે કામ કમીટ કરવાને તેમને હકુમત છે શેશન જડજે હાય કોર્ટમાં તે બાબત પૂછયું. અને રેફરંશ-

ના કાગળમાં એવું કહેલું છે કે અમારી નજરમાં આવે છે કે હાલ જેવો કાયદો નકકી થએલો છે તે વિરૂદ્ધ માજીસ્ત્રેટનો હુકમ છે. જે ગુન્હા બાબત કેદીની તપાસ કરવામાં આવી છે તે હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૩૮૦ પ્રમાણે ચોરી છે અને તે ફકત શેશન કોર્ટને તપાસવા લાયક ગુન્હો નથી. માટે માજીસ્ત્રેટને તે કમીટ કરવાનો અખત્યાર નથી."

જસ્ટીશ માર્કબી સાહેબઃ—ડીપોટી માજીસ્ટ્રેટ મોલવી અબદુલ ગફુરે તોહોમતવાળાને છોડી દીધો છે પરંતુ ફરીઆદીની અરજી ઉપરથી જીલ્લા માજીસ્ટ્રેટે શેશન કોરટમાં કમીટ કરેલો છે. અને તે માજીસ્ત્રેટની હકુમત વીશે હરકત લેવામાં આવેલી પણુ તે વીશે કાંઇ વીચાર કરવામાં આવ્યો નથી માજીસ્ત્રેટની નજરમાં તેમને હકુમત છે એવું આવેલું જણાય છે કારણુ કે આ કામ શેશનકોરટને તપાસવા લાયક તેમજ માજીસ્ટ્રેટને તપાસવા લાયક છે. સબબ ફો. કા. ય. રી. કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે તે વરતી શકે છે.

શેશન જડજે આ કામ તે કમીટ કરયાનો હુકમ કાયદા "રીરૂધ ગણી તે રદ કરવા સારૂં મોકલેલું છે.

જે કારણોથી માજીસ્તરેટે ઠરાવ્યું છે કે તેઉ આ કામ ફરીથી ખોલી શકતા નથી એ બરોબર નથી. કારણ કે કલમ ૨૯૬ માં શેશન નું કામ એવા શબ્દો છે તે ફકત શેશનકોરટને તપાસવા લાયક કામ છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે તે કમીટ કરવાનો હુકમ બીજા કારણથી ચાલવો જોઇએ.

ડીપોટી માજીસ્તરેટે આ કામમાં જે વખતે ઘરમાંથી ચોરી થઇ તે વખતે જે સ્ત્રી એકલી હાજર હતી તે મુખ્ય સાહેદીને તપાસ્યા વગર તોહોમતવાળાને છોડી દીધો છે કારણુ કે શેશન જડજના બતાવ્યા પ્રમાણે તે મગજની મજબુત નહીં હતી એવી અફવાઇ ચાલતી હતી. માટે ડીપોટી માજીસ્તરેટનો હુકમ બરોબર નથી, અને બીજો પુરાવ ઉપયોગમાં આવે તેવું છે તેથા કેસરેહીંદ વીરૂધ દાનલીના કામમાં જે નીયમ ઠરાવ્યો છે તે પ્રમાણે તે કામ તાજુ કરવાને જીલા માજીસ્તરેટ મુખત્યાર હતા.

સબબ અમે તેમાં હાથ ઘાલવાને ના પાડીએ છીએ.

તા૦ ૬ જુન સને ૧૮૭૮.

મી૦ જસ્ટીશ એઇનસલી અને મી૦ જસ્ટીશ બ્રાઉટન

સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ અબદુલ કરીમ અને કેસરેહીંદ વીરૂધ

ગુલામમહમદ.

સંક્ષેપ રીતે કામ ચલાવવાની રીતી—મોત કરે તેવા હથીઆર સાથે ગેરકાયદે મંડળી—હીંદુસ્તાનના ફો. કા. ની કલમ ૧૪૩—૧૪૪

જે ભાગ મળીને ગુનહો બનતો હોય તે ગુનહાના વીભાગ સંક્ષેપ રીતે હકુમત મળવાના કારણસર કરવાને કોઇ માજીસ્ત્રેટને હક નથી. એકાદા ગુનહાનો આરોપ સંક્ષેપ રીતે તપાસવા લાયક હોય નહીં તેવો આરોપ મુકીને સોગન આપવામાં આવેલા હોય અને ફરીઆદીની જુબાની ઉપરથીજ માજીસ્ત્રેટ એમ બતાવી શકતા ના હોય કે જે ગુનહા બાબત હકીકત કહેવામાં આવી છે તે ખરી રીતે અતીસીયોક્તી છે અને માનવાની નથી. તો માજીસ્ત્રેટે તે પ્રમાણે કામ ચલાવવું જોઇએ. માટે માજીસ્ત્રેટની રૂબરૂ એકાદા સખશ ઉપર ગેરકાયદે મંડળીનો તે અંગભુત હતો. અને તે મોત કરે તેવા હથીયાર સાથે હતો એવો આરોપ રાખવામાં આવ્યો હોય તો તે આરોપના જે ભાગથી મોત કરે તેવા હથીયાર સાથે તે કેદી હતો. તે ભાગ નહીં ગણગારવાને માજીસ્ત્રેટને છુટ નથી. કે જેથી માજીસ્ત્રેટને તે કામની સંક્ષેપ રીતે તપાસ કરવાની હકુમત મળે. અને ત્રણ માસ કરતાં વધારે નહીં એવી કેદનીશીક્ષા કરી કેદીને જે અપીલ કરવાનો હક છે તેમાંથી બાતલ કરવામાં આવે.

પાનું ૧૮ આ કામમાં કેદીઓના ઉપર ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ ગેરકાયદે મંડળીના અંગભુતો તરીકેનો ગુનહો કરયા બાબત આરોપ રાખવામાં આવેલો છે. અને જે પુરાવ છે તે સાચો હોય તો તે ઉપરથી જણાય છે કે તેઓ પાસે તે વખતે તરવારો હતી. માટે હીંદુસથાનના ફો. કા. ની કલમ ૧૪૪ પ્રમાણે તેઓ શીક્ષાને પાત્ર થએલા હતા. કેદીઓના ઉપર હીંદુસથાનના ફો. કા. ની કલમ ૧૪૪ પ્રમાણે જે પુરાવથી ગુનહો કરયાનું થાય છે તે પુરાવનો ભાગ લક્ષમાં નહી રાખવાને ડીપોટી માજીસ્ત્રેટે પસંદ કરેલું છે અને તે આરોપ કલમ ૧૪૩ પ્રમાણે ગણી સંક્ષેપરીતે તપાસ કરી તેમને ગુનેહગાર ઠરાવેલા છે અને દરેકને ત્રણ માસથી વધારે નહીં એવી કેદની શીક્ષા કરેલી છે.

ડીપોટી માજીસ્ત્રેટનું ચલાવેલું કામ પટણાના કામ ચલાઉ સેશન જડજની નજરે લાવતાં તેઉએ હાયકોરટનો હુકમ થવા સારૂ તે કામના

કાગળો મોકલેલા છે અને તેની સાથે હાયકોરટના રજીસ્ટર ઉપર એક પત્ર લખેલો છે. તેમાંનો નીચે મૂજબ ઇંતેકાફ છે.

"ડીપોટી માજીસ્ત્રેટને તે કામમાં સંક્ષેપ રીતે કામ ચલાવવાનો હક નહી હતો એમ અમને ખુલું જણાય છે. કારણ કે એમ કહેવામાં આવ્યું છે કે ગેરકાયદે મંડળી જે કહેવામાં આવી છે. તે મંડળીના અંગભુતો હથીયાર સાથે હતા. આ પ્રમાણે છે તો તે ગુનહો કલમ ૧૪૪ અને કલમ ૧૪૩ પ્રમાણે છે. તેજ પ્રમાણે ગુલામ મહમદ કે જેના ઉપર ગેરકાયદે મંડળીમાં સામેલ કરવાને માણસો ભાડે રાખ્યાં એવો આરોપ રાખવામાં આવેલો છે. તે માણસો જો કલમ ૧૪૪ પ્રમાણે ગેરકાયદે મંડળીના અંગભુતો તરીકે હથીઆર સાથે હોય તો શીક્ષાને પાત્ર છે. માટે તેની સંક્ષેપ રીતે તપાસ થઇ શકતી નથી.

અરજદારો તરફથી મી૦ એમ. એલ. સેંડલે તકરાર કરી કે ડીપોટી માજીસ્ત્રેટે જે રીતી પસંદ કરેલી તે રીતીએ તે અરજદારોને ઇજા થએલી છે. તેમણે તેઓના ઉપર પીનલકોડની કલમ ૧૪૪ પ્રમાણે આરોપ રાખવો જોઇતો હતો. કલમ ૧૪૩ મી પ્રમાણે તેમના ઉપર આરોપ રાખીને તથા તેમને ટુંકી મુદતની કેદની શીક્ષા કરીને તેઓનો જે અપીલ કરવાનો હક હતો, તેમાંથી બાતલ કરેલા છે.

જસ્ટીશ એઇન્સલી સાહેબ, (જસ્ટીશ બ્રાફટન ગણતા આવ્યા) જયારે સીક્ષાનો હુકમ ત્રણ માસ કરતાં વધારે કેદનો ના હોય અને ગુનેહગારને ગુનેહગાર ઠરાવવાને પહેલા વરગના માજીસ્ત્રેટે સંક્ષેપ રીતે તપાસ કરેલી હોય તો, ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૨૭૪ મી પ્રમાણે તેમનો અપીલ કરવાનો હક લેઇ લેવામાં આવેછે. માટે આ કામમાં જો ડીપુટી માજીસ્ત્રેટે સંક્ષેપ રીતે તપાસ કરેલી છે તે બરોબર કરેલું છે તો, ગુનેહગાર ઠરેલા સખસોને ત્રણ માસ કરતાં વધારે શીક્ષા કરવામાં આવેલી નથી, માટે તેઓનો હકીકતની બાબતમાં અપીલ કરવાનો હક બાતલ થએલો છે:—

જે વખતે કેદીઓને તપાસ કરવાને રજુ કરવામાં આવ્યા તે વખતે ડીપોટી માજીસ્ત્રેટની પાસે પોલીશના કાગળો નહી હતા કે જેથી કોરટના સબઇનસ્પેકટરે કહેલી મુખજુબાનીની હકીકત ઉપરથી તે કામની વ્યવસ્થા કરવાને તેઉનો હક થાય. એમ તેમણે વીચારેલું જણાય છે. પરંતુ કામના કાગળ જોતાં એવું જણાય છે કે ફરીઆદ તરફના પેહેલા સાક્ષીએ સ્પષ્ટ રીતે કહયું છે કે ગેરકાયદે મંડળીના આગેવાન તરીકે બે સખસો (જો આ સાક્ષીની જુબાની માંનવામાં આવે તો) તરવારો સાથે જણાતા હતા. ડીપોટી માજીસ્ત્રેટે તેમની રૂબરૂ સોગન ઉપરનો જે પુ-

રાવ હતો તે તપાસ કેવી રીતે ચલાવવી તેનો નીરણય કરવા સારૂ જોવો જોઇતો હતો અને કોરટના સબ ઇનસપેકટરની કાંઇ પણ મુખજુબાનીની હકીકત જોવી જોઇતી નહી હતી. અને તેમની રૂબરૂ જે આરોપ રાખવામાં આવેલો તે આરોપ પીનલકોડની કોઇ પણ કલમ પ્રમાણે સંક્ષેપ રીતે તપાસ થઇ સકે તેવો નહી હતો. એવું માલુમ પડયું ત્યારે તેમણે તે કામ સાધારણ તપાસો પ્રમાણે ધડી કાહાડવું જોઇતું હતું. જો આ ગુહાની સાબેતીનો ઠરાવ કલમ ૧૪૪ પ્રમાણે લખવામાં આવ્યો હોત તો તોહોમતવાળાને અપીલ કરવાનો હક મળત.

"આ કોરટે વારંવાર ઠરાવ્યું છે કે અમુક બાબતના જે ભાગોથી ગુનહો બનતો હોય તે ગુનાહના તે ભાગો માજીસ્ત્રેટે પોતાને સંક્ષેપ હકુમત મળવાના કારણસર જુદા પાડવા નહીં. માટે જો એકાદો ગુનોહ સંક્ષેપ રીતે તપાસવા લાયક ના હોય અને તેવા ગુનાહ વીશે આરોપ રાખી સોગન ખાવામાં આવ્યા હોય અને માજીસ્ત્રેટ ફરીઆદીની જુબાથી ઉપરથી શરૂઆતમાંજ એવું બતાવી શકે તેવું ના હોય કે જે ગુનાની હકીકત કહેવામાં આવી છે તે ફકત ખરી રીતે અતીશીઓકતી છે અને તે માનવાની નથી તો માજીસ્ત્રેટે તે કામ તે પ્રમાણે ચાલાવવું.

ડીપોટી માજીસ્ત્રેટ આ કામની વેવસ્થા કલમ ૧૪૮ ના આરોપ તરીકે કરવાને બંધાએલા હતા. માટે ફો. કામ ચ. રીતના કાયદાની કલમ ૩૪ મીના અરથ_ઉપરથી એવું નીકળે છે કે તેમનું તે પ્રોસીડીંગ રદ બાતલ છે એવું ઠરાવવાને અમે બંધાએલા છીએ.

સબબ આ પ્રોશીડીંગ રદ કરવું જોઇએ અને તે કેદીઓની તપાસ તે ડીપોટી માજીસ્ત્રેટે ફરીથી કરવી જોઇએ.

ગુલામ મહમદના કામમાં પણ તે પ્રમાણે હુકમ કરવામાં આવશે.

પ્રોસીડીંગ રદ કરવામાં આવ્યું.

તા૦ ૨૪ જુન સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઇનસલી અને મી૦ જસ્ટીસ પ્રાઉનટન

સાહેબોની રૂબરૂ.

હરીસુંદરી ચોદ્રેન (અરજદાર)ની અરજીની બાબતમાં.

પડદા નશીન ઓરત—કમીશનથી શાહેદી આપવાનો હક—સાક્ષી લેતી વખતે કામ ચલાવવાની રીતી—અએેલા હુકમ વીરૂધ માજીસ્ત્રેટે જે કારણ બતાવવું જોઇએ તેની રીતી.

એક પડદા નશીન ઓરત્ત ઉપર સાક્ષી તરીકે ફોજદારી કામમાં સમન્સ કરવામાં આવ્યો હતો પરંતુ તે ઓરતનો જાતે કોરટમાં હાજર ન-

હીં થવા બાબત તથા કમીશનથી શાહેદી આપવાનો હક છે.

જ્યારે એકાદા માજીસ્ત્રેટ હાય કોરટે કરેલા હુકમ વીરૂધ કારણ બતાવવા મરજી રાખતા હોય તો તે કારણ બતાવવાને તેમને યોગ્ય રસ્તો એછે કે લીગરીમેમબ્રનસરને પોતાની તરફથી તે કોરટમાં હાજર થવાને અરજ કરવી અને રજીસ્ટરારને તે વીશે કાગળ લખવો નહીં.

પાનું ૨૦ આ કામમા અરજદાર હરો ચોદ્રેનના ઉપર મી૦ મેનશીંગના માજીસ્ત્રેટે પોતાની કોરટમાં તા૦ ૭ જુનના રોજ ફરીઆદ તરફથી સાક્ષી એક કામ કે જેમાં તેણીનો દીકરો તથા બીજા પાંચ સખસો તોહોમતવાળા હતા. તેમાં આપવા સારૂ સમન્સ કરવામાં આવ્યો હતો. તા૦ ૩૦ મીના રોજ અરજદારે માજીસ્ત્રેટને અરજ કરી કે મને જાતે હાજર થવામાંથી માફી આપવી જોઇએ. એવા કારણથી કે હું પડદા નશીનછું વળી તેણીએ કહયું છે કે જે બાબતની તપાસ કરવાની છે તે બાબતની જાતીકી મારી માહેતી નથી. માટે તેણીએ અરજ કરી છે કે જો મારી સાહેદીની જરૂર હોય તો તે કમીશનથી લેવી જોઇએ. અને ખુલી કોરટમાં લેવી નહી જોઇએ. "માજીસ્તરેટનો તે અરજી ઉપર હુકમ એવો છે કે હરોસુંદરી ચોધ્રાણની સાક્ષીની પોલીસે ઓગન ઉપર આપેલી બાતમી પ્રમાણે પ્રથમ અગત્યની જણાય છે. માટે તેણીએ હાજર થયા વગર ચાલે તેવું નથી".

અરજદારે આ હુકમ ઉપર હાય કોરટમાં અપીલ કરી તેથી તારીખ ૧૨ મી જુનના રોજ હાય કોરટે માજીસ્ત્રેટ ઉપર હુકમ કરી ફરમાવ્યું કે હરોસુદરી ચોદ્રેણને તપાસ કરવા સારૂ કમીશન કહાડવું અને તેની સાથે તેમને એવી પરવાનગી આપી કે તે કમીશન નહીં કાહાડતાં તેમણે કરેલો હુકમ શા વાસ્તે રદ કરવો નહીં જોઇએ તેનું કારણ બતાવવું હોય તો તે બતાવે. માજીસ્ત્રેટે પોતાની તરફથી કોરટમાં હાજર થવાને લીગલરીમેમબ્રનસરને અરજ કરવાને બદલે હાય કોયકોરટના રજીસ્ટરાર ઉપર નીચે પ્રમાણે કાગળ લખ્યો.—

"સાહેબ—ચાલતા માસની તા૦ ૨૧ મીના રોજનો નંબર. ૮૪૧ નો હાયકોરટનો હુકમ પોહોચ્યો તે કબુલ કરી હું અરજ કરૂછું કે નીચેના કારણોથી શ્રીમતી હરો સુંદરી ચોદ્રેણની શાહેદી કમીશનથી લેવા બાબત તે કોરટે હુકમ કરેલો છે તે કોરટ મેહેરબાની કરી ખેંચી લેશો.

"આ કામમાં મોહીમચંદ્ર ચોદ્રીના વીરૂધ તેની મા અરજદારની સાક્ષી જોઇએ છીએ. પરંતુ કેવા પ્રકારની જુઠ ખુલી પાડવાની છે તે બરોબર મારા જાણવામાં નથી. માટે બધી બાબત શાચી [illegible] આવે તે સારૂ કેટલાક સવાલો હું ઘડી શકતો નથી.

"તેણીનો દીકરો ગેરહાજર હતો ત્યારે તે અરજદારનો મીલકતના વહીવટમાં હાથ નહી હતો એવું જે કહેવામાં આવ્યું છે તે ખરૂં નથી. અને તે અરજદારના લખના ઉપરથી કેટલાક કાગળો લખેલા છે એ મત લખના કાગળો મારા કબજામાં આવેલા છે અને તે કાગળો બેશક નાયબે તેણીના રહેવાના મકાનમાં લખેલા છે. આ કાગળોમાં લાકડીઓવાળા માણસો એકઠા કરવા તથા તેમને નાણાં આપવા તથા તેણીના દીકરા તરફથી હુલ્લડ કરવા ખાસ ફરમાવેલું છે.

"આ બાબતમાં જમીનદારોની ભર જવાબદારીનો નીરણય કરવાને હરોસુંદરી ચોદ્રેણની શાક્ષી જરૂરની છે એમ કોરટની નજરમાં હવે આવશે એમ હું ધારૂં છું.

"વળી અરજદાર પોતાને હાજર થવું ના પાડે તેવા પ્રયત્ન કરે જશે એવો સંભવ છે. માટે હાય કોરટના જડજોની એવી મેહેરબાની થવા હું અરજ કરૂંછું કે તેણીના ખરી રીતે માહારી રૂબરૂ હાજર થવા પંદર દીવસમાં જામીન લેવામાં આવે."

તા૦ ૨૪ જુન સને ૧૮૭૮ ના રોજ અરજદાર તરફથી એડવોકેટ જનરલ (જીસીપાલ) હાજર થયા અને અરજ કરી કે માજીસ્ત્રેટે રજીસ્ટરાર ઉપર કાગળ લખેલો છે તે આ હુકમની વ્યવસ્થા કરવાને 'કોરટ યોગ્ય રીતે વીચારમાં લઇ શકતા નથી. અને વળી તે કાગળમાં જે હકીકત લખી છે તે ઉપરથી તે હુકમ રદ કરવાને કાંઇ કારણ થતું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીસ એઇનસલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો તે જસ્ટીસ બ્રાઉટન સાહેબ મળતા આવેલા છે:—

ચાલતા માસની તા૦ ૧૨ મીના રોજ હરોસુંદરી ચોદ્રેણની સાક્ષી લેવા સારૂ કમીશન કાહાડવાને તે માજીસ્ત્રેટને અમે હુકમ કરેલો અને તેની સાથે તે હુકમ શા વાસ્તે ખેંચી લેવા નહીં જોઇએ તેનું કારણ બતાવવાને તેમને પરવાનગી આપેલી છે.

હાલ તે માજીસ્ત્રેટે આ કોરટના રજીસ્ટરાર ઉપર એક કાગળ લખેલો છે. પરંતુ જેવી રીતીએ તે કારણ તેમને બતાવવું જોઇતું હતું તેવી તે યોગ્ય રીતી નથી જો કારણ બતાવવાની તેમની મરજી હોયતો કોરટમાં પોતાની તરફથી હાજર થવાને તેમણે લીગલરીમેમબ્રનસનને અરજ કરવી જોઇતી હતી.

માટે માજીસ્ત્રેટ બીલકુલ હાજર થયા નથી તે પ્રમાણે ગણી આ બાબતની વ્યવસ્થા અમે કરી શકીએ છીએ. પરંતુ હકીકત પ્રમાણે તે હુકમનો નીકાલ ગુણદોશ ઉપર કરવો એ વધારે સારૂ છે એમ અમારી નજરમાં આવે છે.

માજીસ્ટ્રેટે જે કારણો પોતાના કાગળમાં બતાવેલાં છે તે અમને બી લકુલ જોઇએ તેવાં લાગતાં નથી. આ સ્ત્રી તેમજ બીજો કોઇ સખસ સાહેદી આપતાં જે વાત તદન સાચી ના હોય તેવી વાત તે કહે પરંતુ જો લખેલા સવાલો કરવાની કાંઇ પણ જરૂર પડેતો તે લખેલા સવાલોના જવાબો ઉપરથી જે કોઇ નવી બાબત નીકળી આવે તે બાબત તપાસ ક રવાને સારી પેઠે ખબર આપેલો લાયક શખસ નીમી માજીસ્ટ્રેટ તે ટીરૂ ધ સાવધ રહી શકે છે. ગમે તેમ હોય પરંતુ તે શાક્ષી જુઠું બોલસે એમ પેહેલેથી ધારી શકાતું નથી.

માજીસ્તરેટના કાગળમાં કેટલુક એવું બતાવવામાં આવેલું છે કે તે સાક્ષી જે જવાબ દે તેથી તે ગુનેહગાર થાય એવી કોસીશ કરવાની છે પણ તે થવું નહી જોઇએ. અને વળી જે તે ઓરત હકીકત આપે તે પોતે સંભાળથી તેનું વજન કરે અને સંપુરણ વીચાર કરયા વીના આપે નહી માટે તેણીની સાહેદી કમીશનથી લેવાનું ફરમાવવાને એક કારણ થાય છે.

સબબ તે હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ કાયમ રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૧૩ મી જુન સને ૧૮૭૮

મી. જષ્ટીશ માર્કબી અને મી. જષ્ટીશ પ્રીનશેપ સાહબોની રૂબરૂ શીબપ્રસાદ પંડયાની અરજીના કામમાં.

આબરૂ ઉપર હુમલો—પીનલકોડની કલમ ૫૨, ૪૯૯ (અપવાદો) સુધ અંતઃકરણ—રીવાજ—સને ૧૮૬૨ ની કલમ ૨૬—૨૭—પુરાવ આકટ (સને ૧૮૭૨ નો ૧ લો) ની કલમ ૧૦૫

પુરાવ આકટ (સને ૧૮૭૨ નો ૧ લો) મંજુર થયો ત્યારથી તોહોમ- મતવાળાના ઉપર જીલાની અંદર તપાસ થતાં તમામ કામોમાં એવું સા- બેત કરવાની ફરજ છે કે જે હકીકતથી તે ગુનહા બાબત આરોપ રા- ખવામાં આવેલો છે તે હકીકત પીનલકોડના કોઇ ભાગમાં સાધારણ અ- ગર ખાસ અપવાદોમાં અથવા વીશેશ ઠરાવોમાં અગર આવા ગુનહાની વાખ્યા કોઇ કાયદાથી કરવામાં આવેલી હોય તેમાં આવી જાયછે.

ઇલાકાના શેહેરોમાં આ બાબતમાં કાયદાની સ્થીતી કેવી છે તે વીશે પ્રશ્ન છે.

શુધ અંતઃકરણની સવાલની વ્યવસ્થા કરવામાં જે યોગ્ય બાબત

નો નીરણય કરવાનો છે તે તોહોમતવાળાએ આબરૂ ઉપર હુમલો કરવા-ની પુષ્ટીમાં જે કહેલું તે સાચું છે કે નહીં તે નથી. પરંતુ તે કહેલી હકીકત યોગ્ય સંભાળ અને ધ્યાન આપ્યા પછી તે સાચી છે એમ માનવાને તેને ખબર મળી હતી અને સારૂ કારણ હતુ કે નહી તેનો નીરણય કરવાનો છે.

જષ્ટીશ માર્કબી સાહેબ—જો કે સને ૧૮૬૧ ના ૨૫ મા આકટની કલમ ૨૩૫ અને ૨૩૭ રદ થએલી છે તોપણ હાલના ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૩૯ ના અદ્રષ્ટાંત ઉપરથી એવું અનુંમાન થઇ શકેછે કે પીનલકોડમાં બતાવેલા તમામ અપવાદો અગર કેટલાક અપવા-દો નથી એમ તોહોમતનામામાં ખાસ રીતે બતાવવાની જરૂર નથી. તો-પણ તે દ્રષ્ટાંતનો અમલ તોહોમતનામામાં બતાવેલા ગુનહાની હકીકતને-જ લાગુ થાય છે.

પાનું ૧૨૪ એક શીવપ્રસાદ પાંડેને હીંદુસથાનના ફો કા. ની કલ-મ ૫૦૦ પ્રમાણે બાલાશોરના જોઇંટ માજીસ્ટ્રેટે ગુનેહ-ગાર ઠરાવ્યો એવી રીતે કે તેણે એક અરજી માજીસ્તરેટને આપેલી તેમાં આબરૂને નુંકશાન થાય એ પ્રમાણે એવું કહેલુ કે એક હરનારણ મારા ઉપર જુઠાં તોહોમતો લાવવાને તઇયાર કરે છે અને તેથી તઉ સાહેબે તેને બે માસ આસાન કેદની શીક્ષા કરેલી છે. તે માજીસ્ટેટના અભીપ્રાય માં આવ્યુ કે પ્રતીવાદીના સાક્ષીઓ કે જેમણે એવું કહેલું છે કે હર નારાયણ બીજાઓની સાથે જુઠું તોહોમત તઇયાર કરી શકે એવો વાદ વીવાદ કરતો હતો એવું અમે સાભળેલું છે તે સાહેદીઓ તદન જુઠા છે અને શીબપાંડેએ શુધ અંતઃકરણથી એવી રીતે કરેલું નથી કે જેથી જયારે તેણે અરજી ફાઇલ કરી ત્યારે પીનલકોડની કલમ ૪૯૯ ના અપ-વાદોમાં સમાશ થાય એ પ્રમાણે તેણે કરયું થાય.

શીક્ષાનો આ હુકમ અપીલમાં કામ ચલાઉ શેશન જડજે બાહા-લ રાખ્યો.

કામ ચલાઉ શેશન જડજનો તે હુકમ રદ કરવાને હાવકોરટમાં તે વીસે એક અરજી કરવામાં આવી.

કેદી તરફથી મી० બાનસન અને બાબુ મોહેદ્રલાલ મીત્તર—કેટલાક સાક્ષીઓથી પુરકળ રીતે સાબેત થએલુંછે કે ફરીઆદ ચલાવનાર શીઓના ઉપર જુઠા આરોપ લાવવાનો હતો એવું તેઓએ સાંભળ્યું હતું. અને તેથી જે અરજી ફાઇલ કરવામાં આવી છે. (જે આ આબરૂના નુંકશાનનો આધાર છે) તે સાચી છે અને તેનો કલમ ૪૧૯ ના અપવાદોમાં સમાસ થાય છે અને ૧૮૬૧ ના આકટ ૧૮ ની કલમ ૨૭ માં ખુલ્લું ઠરાવેલું છે કે

જ્યાં સુધી વીરૂધ માલમ ના પડે ત્યાં સુધી સુધ અંતહકરણનું અનુંમાન કરવાનું છે.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે જસ્ટીસ માર્કબી સાહેબે આપ્યો.

જસ્ટીસ માર્કબી સાહેબ—આ કામમાં તોહોમતવાળાને પીનલકોડની કલમ ૫૦૦ પ્રમાણે આબરૂ ઉપર હુમલો કરયા બાબત બાલાસોરના જાઈંટ માજીસ્ત્રેટે ગુનેહગાર ઠરાવેલોછે અને તેને બે માસ આશાન કેદની શીક્ષા કરેલી છે. તેથી તે તોહોમતવાળાએ તે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ કાયદા વીરૂધ છે, માટે રદ કરવો જોઇએ એવી અરજ કરી છે. આબરૂના જે હુમલા બાબત આરોપ રાખવામાં આવ્યો છે તે બાલાસોરના માજીસ્ત્રેટને કરેલી અરજીમાં છે. તે અરજીમાં એવું કહેવામાં આવ્યું છે કે હરનારણ માહાપતર વીગરે તેના ઉપર જુઠા તોહોમતો રાખવાની તઇઆરી કરતા હતા અને તે હરનારણ માહાપતરે ફરીયાદ સદરહુ અરજીમાં કહેલી બાબત મારી ચાલને ઇજા કારકછે એવી કરેલીછે તેથી આ કામ ચલાવવામાં આવ્યુંછે. તે તોહોમતવાળાએ તપાસમાં એવું સાબેત કરવાને પ્રયત્ન કરેલું છે તે અરજીમાં જે કહેવામાં આવેલું છે તે સાચી વાતછે, અને તેણે કેટલાક સાક્ષીઓ બોલાવ્યા છે તેમણે સોગન ઉપર કહેલું છે કે હરનારાયણ માહાપત્તર અને બીજા શખસની વચમાં એવી વાત ચીત થતાં અમે સાંભળ્યું હતું કે હરનારણ માહાપત્તરે પોતાનો ઇરાદો તોહોમતવાળાના ઉપર જુઠા આરોપ રાખવાનો બતાવ્યો હતો. અને તેઓએ આ વાત ચીતની વાત તોહોમતવાળાને કહી હતી. જોઇંટ માજીસ્ત્રેટે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવ્યો છે. પરંતુ તેઉ પોતાના ફેંસલામાં સ્પષ્ટ રીતે કહેતા નથી કે તે સાક્ષીઓએ જે કહેલું છે કે અમે તે વાત ચીતની હકીકત તોહોમતવાળાને કહી હતી અથવા તે વાત ચીત થએલી હતી તે તેઉ માને છે કે નહીં. પરંતુ તેમણે એવું ઠરાવ્યું છે કે તોહોમતવાળાએ તે અરજી ફાઇલ કરી તેથી સુધ અંતઃકરણથી વરતો નથી. સેશન જડજે ફકત એટલા સવાલનો વીચાર કરેલો જણાય છે કે પ્રતીવાદીએ તે અરજી આપી ત્યારે તે સુધ અંતઃકરથી વરતેલો છે કે નહીં. આ બાબતમાં તેમના વીચારમા આવ્યું છે કે જે ઇંગરેજી રીવાજ તેઉ કહે છે તે ફોજદારી ન્યાયશાસ્ત્રના તર્ક અને નીયમોની સાથે વધારે અનુંસરતો છે, પરંતુ તેમના વીચારમાં એમ આવ્યુંછે કે જસ્ટીસ ફીયર તથા જસ્ટીસ જાકશન સાહેબોએ એક ફેંસલો કરેલો છે તેથી તે ઇંગરેજી રીવાજ પ્રમાણે ચાલવાને તેમને અટકાવ થએલો છે. અમો અનુંમાન કરીએ છીએ કે "ઇંગરેજી રીવાજ" કહેવાનો તે જડજનો હેતુ જ્યાં સુધી વીરૂધ સાબેત કર-

વામાં આવે નહી ત્યાં સુધી તોહોમતવાળો સુધ અંતઃકરણથી વરતેલોછે એમ અનુમાન થાય છે. આવા કામમાં કેવી રીતે ચાલવું જોઇએ તે વીશે કોઇ પણ વ્યાજબી રાહાની સાધારણ અકલના જડજને કાંઇ પણ કાયદાનો ખાસ ઠરાવ કોરાણે રાખતાં શક પડે એમ અમારી નજરમાં આવતું નથી. પ્રતીવાદી જે રીતીએ ચાલેલો છે તે જો ઘણી અસાધારણ ના હોય તો ઓછામાં ઓછી તે કાયદા પુરવકતો નથીજ. જે આરોપ રાખવામાં આવેલો છે તે ઘણો ભારે છે. અને તે ઘણી જાહેરાંત રીતે મુકવામાં આવ્યો છે. માટે જ્યારે ફરીઆદીએ પોતાના સોગન ઉપર અગર સાક્ષીઓથી જે આરોપ મુકવામાં આવેલો છે તે ઇનકાર કરેલો છે તો પછી તે આરોપ સાચો છે અથવા જે સાધનથી તે બાતમી મળી તે જોતાં તોહોમતવાળાને તે સાચા છે એમ માનવાને યોગ્ય કારણ હતું એવું બતાવી તેને તે આરો પ મુકવાને યોગ્ય કારણ હતું એવું બતાવવાને તોહોમતવાળા પાસે માગવું એ વ્યાજબી છે એમ અમારી નજરમાં આવે છે. પરંતુ તે બાબતની વ્યવસ્થા કાયદા કરનારાઓએ કરેલીછે અને તે બાબત જે ઠરાવો કરવામાં આવ્યા છે તે કોઇરીતે સમજવાને સેહેલ છે એમ નથી.

પીનલકોડમાં એક બાબત છે તેમાં ભુલ, બાળ્યાવસ્થા, દીવાનાપણું, કેફ, કબુલત, ખાનગી બચાવ કરવાનો હક વીગેરે, જેવા અપવાદો છે. વળી તે કાયદાની કેટલીક કલમોમાં અપવાદો છે. તેમાંની કેટલીકથી ગુનહાની વાખ્યા દુરસ્ત કરવામાં આવી છે, અને બીજીથી શીક્ષા દુરસ્ત કરવામાં આવીછે અથવા તે લાગુ કરવા લાયક નથી એમ જણાય છે.

પ્રથમ ફો. કા. ચ. નીરીતીના કાયદા (કલમ ૨૩૫) માં ઠરાવ્યુંછે કે જે હકીકત ઉપરથી તે હકીકતનો સામાન્ય અપવાદોમાં સમાસ થતો નથી તે હકીકત તોહોમતનામામાં બતાવવાની જરૂર નથી, તેમ તે અપ વાદોમાં તેનો સમાસ થતો નથી એમ મોઘમ કહેવાની જરૂર નથી, પરંતુ દરેક આરોપ ઉપરથી એમ ધારવુંજ જોઇએ કે આવી કાંઇ હકીકત તેમાં નથી. કલમ ૨૩૭ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે "જે કલમ તોહોમતમાં બતાવવામાં આવી હોય તેમાં અપવાદ હોય અને જો તે સામાન્ય અપવાદોની ના હોય તો આવી હકીકત સ્પષ્ટ રીતે ઇનકાર કરવામાં આવ્યા વીના તે તોહોમતનામાથી તે કલમમાં આવો જે અપવાદ થાય તેવી હકીકત નથી એમ ધારણા કરવામાં આવેલું છે એમ સમજવાનુ નથી." આ ઠરાવોના શબ્દો પ્રમાણે ફકત તકરારના નીયમો છે એમ જણાય છે. તે આરોપની પુષ્ટીમાં જે પુરાવ ગુજારવાનો છે તેને કોઇ રીતે તેથી હરકત થાય છે કે નહી એ મુશકેલીનો સવાલ છે. ત્યાર પછી સને ૧૮૬૨ નો આક્ટ ૧૮ મો મંજુર થએલો છે, તેની કલમ

૨૬ મીમાં ઠરાવેલું છે કે "પીનલકોડ પ્રમાણે જે હકીકતથી કાંમનો સામાન્ય અપવાદોમાં સમાશ થતો હોય તે હકીકત નથી એવું કહેવાની જરૂર નથી, પરંતુ તેવી હકીકત છે તે વીશે જો તોહોમતવાળો પુરાવ આપે તો, ફરીયાદ ચલાવનાર તે નથી એ વીશે પુરાવ આપી શકેછે." કલમ ૨૭ મીમાં ઠરાવ્યું છે કે "આબરૂ ઊપર હુમલો કરયાના તોહોમતમાં પીનલકોડની કલમ ૪૯૯ અમુક અપવાદોની રૂઇએ બચાવ કરવામાં આવે તો, શુધ અંતઃકરણનું અનુંમાન કરવાનું છે." આ ઠરાવો તકરારો અને પુરાવ બેઉને લાગુ થાય છે, એમ જણાયછે. દેખીતી રીતે તે સુપ્રીમ કોરટ ફકતને લાગુ કરવાનો ઇરાદો રાખવામાં આવેલો છે. આ પછી સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૧૦૫ મીમાં ઠરાવ્યું છે કે "જ્યારે કોઇ સખસ ઉપર કોઇ ગુનહાનો આરોપ રાખવામાં આવે ત્યારે જે હકીકતથી તે કાંમનો સમાશ હિંદુસ્થાનના ફોજદારી કાયદામાં સામાન્ય અપવાદો છે તેમાંના કોઇમાં અથવા કોઇ ખાસ અપવાદમાં અથવા વીશેસ ઠરાવ જે તે કાયદાના બીજા કોઇ ભાગમાં અગર જે કાયદામાં ગુનહાની વાખ્યા હોય તેમાં હોય તેમાં થાય છે તેવી હકીકત શાબેત કરવાનો બોજો તોહોમતવાળાને સીર છે, અને કોરટે તેવી હકીકત નથી એવું અનુંમાન કરવાનુંછે". સદરહુ ઠરાવ આગળના ફો. કા. ચ. નીરીતીના કાયદામાં હતા તે રદ થએલા છે, અને તેવાજ ઠરાવો નવા ફો. કા. ચ. ની રીતીના કાયદામાં નથી. પરંતુ કલમ ૪૩૯ ના દ્રષ્ટાંત (અ) ઉપરથી એમ અનુંમાન થઇ શકેછે કે, તે બાબત કહયા વીના તમામ સામાન્ય અપવાદો નથી એમ આગળની માફક અનુંમાન કરવાનું છે, અને કેટલાક બીજા અપવાદો પણ નથી એવુ કહેવામાં આવેલું છે એમ અનુંમાન કરવાનુ છે પરંતુ તે તમામ અપવાદોને લાગુ થાય છે કે નહી એ વીશે ખુલું કહેવામાં આવ્યું નથી. તોપણ તોહોમતનામામાં ગુનહાની જે હકીકત કહેવામાં આવી હોય તેને ફકત તેથી અસર થાય છે, અને જીલાઓની અંદરની કોરટોમાં પ્રમાણશાસ્ત્રના નીયમો સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૧૦૫ મીના તમામ ઠરાવ લાગુ થવા જોઇએ. માટે પ્રથમ દરશીક એમ જણાય કે સને ૧૮૬૨ ના આકટ ૧૮ માની કલમ ૨૬, ૨૭, પુરાવ આકટના ઠરાવથી રદ થએલી ના હોય તો, જીલાના કરતાં ઇલાકાના શેહેરોમાં આ બાબતમાં કાયદો પ્રતક્ષ રીતે જુદોજ છે. પુરાવ આકટની કલમ ૧૦૫ મીમાં જેવો એકદમ આવો ઠરાવ છે તે પ્રમાણે તમામ કામોમાં સારો અમલ થાય કે નહી તે વીશે અમને ઘણો શક રહેવો જોઇએ. પરંતુ આ કામમાં તો જીલાની કોરટોનો નીયમ દેખીતો જે સાધારણ અકલ શીખવે છે તે છે. એટલે કે આવી જાતના કામમાં જે પક્ષકાર

દોશ મુકતો હોય તે પક્ષકારને તે મુકવાનું વ્યાજબી કારણ હતું એવું બતાવવાને તે પક્ષકાર પાસે પુરાવ માગવાનો કોરટનો હક છે.

તોપણ આ કામમાં અમારી નજરમાં આવે છે કે તે તોહોમત મુકવાંને તોહોમતવાળાએ વ્યાજબી કારણ હતું એવું તેણે બતાવ્યું છે. લાંબી મુદતથી તેને હરનારાયણ માહાપતરની સાથે દુશમનાઇ હતી. તેના ઉપર સને ૧૮૬૮ માં જુઠી રીતે આરોપ રાખવામાં આવ્યો હતો, અને તેણે જીલ્લો છોડયો હતો. ત્યાર પછી સરકારના કોઇ અમલદાર તરફથી તેને એવી ખાતરી કરવામાં આવી કે તને કાંઇ હરકત કરવામાં આવશે નહીં તેથી તે પાછો આવ્યો. વળી તેના ઉપર આ વરસના જાન્યુઆરી માશમાં જુઠો આરોપ મુકવામાં આવ્યો હતો, અને આ બધા તોહોમતોમાં હરનારાયણ માહાપતરનો સબંધ હતો એમ માનવાને વ્યાજબી રાહે કારણ છે. છેવટનો આરોપ મુકયા પછી તરતજ તોહોમતવાળાએ તે અરજી આપી તેથી આ કામ ચલાવવાનો આધાર થએલો છે. તોહોમતવાળો ઘણું કરીને બીહીકણ માણસ છે, અને આ વાતચીતો સ્પષ્ટ એવા હેતુથી ઉભી કરવામાં આવી કે તે તેને કહેવામાં આવશે, અને પડોશમાંથી તેને ધારતી મળવાથી તે જતો રહેસે તે શીવાય બીજું વધારે સંભવીત કાંઇ પણ નથી. જે હેતુથી આ કામનો વીચાર કરવાનો હતો તે હેતુની આ ખરી બાબત જણાય છે. શેશન જડજે પોતાની રૂબરૂ તે સવાલ કાંઇ કાયદાનો છે એવો વીચાર કરેલો છે, પરંતુ અમારા મતમાં તે તદન હકીકતનો સવાલ છે. અમારા અભીપ્રાય પ્રમાણે શેશન જડજનો ફેંસલો કાયદા પ્રમાણે ભુલ ભરેલો છે, કારણ કે તેમને નીરણય કરવા સારૂ જે શવાલ ખરી રીતે ઉતપન થએલા તેનો વીચાર કરેલો નથી પરંતુ આ કામ પાછું મોકલવાની જરૂર અમારી નજરમાં આવતીનથી. તોહોમતવાળાને નીરદોશ કરવો જોઇતો હતો તે વીશે અમને કાંઇ શક નથી.

માટે જોઇંટ માજીસ્ત્રેટે ગુનાની શાબેતીનો કરેલો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરવામાં આવે છે.

જસ્ટીસ પ્રીનશેપ સાહેબઃ—એક શીઓપ્રસાદ પાંનદેને પોતાના જમીનદારો અને પોતાના કેટલાક સગાઓની સાથે તકરારમાં ગુંથાએલો હતો તેથી તેના ઉપર ફોજદારી કોરટમાં બે કામો ચલાવવામાં આવેલાં છે તે કાહાડી નાંખવામાં આવેલાં છે. પછી તા૦ ૧૪ ડીસંબરના રોજ તેણે બાલાસોરના જોઇંટ માજીસ્ત્રેટને અરજી આપી તેમાં એવું કહેલું છે કે મને ખબર મળી છે, અને મારે એવું માનવાને વ્યાજબી કારણ છે કે મારા દુશમનો એકઠા મસલતો કરતા હતા. અને થોડી મુદતમાં મારા ઉપર ભારે જાતના આરોપ મારા ઉપર મુકવાના છે. આ અરજી માજીસ્ત્રેટને સુ

માન્ય રીતે ખબર આપવાના ઇરાદા વીના બીજા કોઇ ઇરાદાથી કરવામાં આવી હોય એમ જણાતુ નથી. પરંતુ તે અમલદારે તે પાછી આપવી જોઇતી હતી. હરનારાયણ માહાપતર એક મુખત્યારનો "મોહરીર"છે તેનું નામ તે અરજીમાં બતાવવામાં આવેલું હતું તેથી તેણે પોતાની પીનલકોડની માહેતીનો એકદમ ફાયદો લેઇ કલમ ૫૦૦ પ્રમાણે આબરૂ ઉપર હુમલો કરયાનો આરોપ મુકેલો છે. કલમ ૪૯૯ મીમાં બતાવેલી વાખ્યા પ્રમાણે તે અરજીથી આબરૂ ઉપર હુમલો થાય છે એ વીશે કાંઇ અંદેશો રાખી શકાતો નથી. તે માજીસ્ત્રેટે આ કામની વ્યવસ્થા કરતાં તોહોમત વાળાએ જે દોશ મુકેલો છે તે સાચો છે એવું તેણે સાબેત કરવું જોઇએ. એમ તેની પાસે માગેલું છે, પરંતુ તે સાબેત કરવામાં તથા કલમ ૪૯૯ મીના અપવાદ ૮ અને ૯ મામાં સમાસ થાય તેવું શુધ અંતઃકરણ સાબેત કરવામાં તે નીશફળ થએલો છે. તેથી માજીસ્ત્રેટે તેને ગુનેહગાર ઠરાવી બે માસ આશાન કેદ અને રૂ. ૫૦) દંડ અથવા તે દંડ આપવાને કસુર કરવામાં આવેતો બીજા એક માસ કેદની શીક્ષા કરેલી છે. કટકના શેશન જડજે અપીલ કાહાડી નાંખી, એવું ઠરાવીને કે તોહેમતવાળો ૮ અને ૯ મા અપવાદનો ફાયદો મળે તેવું શુધ અંતઃકરણ શાબેત કરી શકયો નથી અને બચાવ તરફના સાક્ષીઓ જુઠા છે તે બાબતમાં તેઉ માજીસ્ત્રેટ સાથે મળતા આવે છે.

અમો ફરી તપાસની કોરટ તરીકે બેઠા છીએ તેમાં અમારી રૂબરૂ મી० બ્રાનસન હાજર છે તેમણે તકરાર કરી છે કે જ્યાં સુધી વીરૂધ સાબેત થાય નહીં ત્યાં સુધી શુધ અંતઃકરણનું અનુંમાન સને ૧૮૬૨ ના આકટ ૧૮ ની કલમ ૨૭ મી પ્રમાણે કરવું જોઇએ. અને બીજી એવી તકરાર કરી છે કે તોહોમતવાળાને તેના સાહેદીઓ જે આબરૂવાળા છે તે મનાથી પોતાના વીરૂધ મસૈલત્તની ખબર મળી તેથી તે ખબર માનવાને તેને સારૂ કારણ હતું કે નહીં તે વીશે માજીસ્ત્રેટે વીચાર કરેલો નથી. તેમ સેશન જડજે પણ વીચાર કરેલો નથી.

પરંતું તેઓએ ફકત એટલોજ વીચાર કરેલો છે કે તેઓએ પોતે તોહોમતવાળાને ઇજા કરવાની ધમકી વાપરતાં સાંભળેલું છે કે નહી. પહેલી હરકત ખરી રીતે સમજવાને કાયદાના કેટલાક ઠરાવોનો વીચાર કરવાની જરૂર છે. ફોજદારી કાયદો (સને ૧૮૬૦ ના આ० ૪૫) તા० ૧ જાન્યુઆરી સને ૧૮૬૧ થી તમામ હિંદુસ્થાન માંહે ઇંગરેજી રાજ્યની અંદર અમલમાં આવ્યો છે, તેથી ઇલાકાના શેહેરો જે સુપ્રીમ કોરટો અથવા હાયકોરટોની અસલ હકુમતની અંદર છે; તેમને તેમજ તે હકુમતની બહાર જીલાની કોરટોની હકુમત છે તેમને એક સરખી રીતે લા-

રુ થાય છે. તેની સાથે સને ૧૮૬૧ ના આકઠ ૨૫ માથી ઇલાકાના શેહેરા વીનાની કોરટો શીવાય તમામ કોરટોને સારૂ ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો ઠરાવેલો છે.

પીનલકોડના એક બાબમાં (બાબ ૪ માં) ગુનાહના સામાન્ય અપવાદો છે, અને અમુક ગુનાહો (કે જેમાંનો એક આબરૂને હુમહલો કરયાનો છે.) ની બાબતમાં ખાસ અપવાદો ઠરાવવામાં આવ્યા છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં આ અપવાદો બાબત તથા તે સાબેત કરવા સારૂ પુરાવના બોજા સારૂ ખાસ ઠરાવો કરવામાં આવ્યા છે. કલમ ૨૩૭ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે તોહોમતનામામાં જો ગુનહાને કોઈ ખાસ અપવાદ નથી એવુ કહેવામાં આવેલું હોય તો જે હકીકતથી તેવો અપવાદ થાય છે તે હકીકત નથી એમ અનુંમાન થાય છે. સને ૧૮૭૨ નો પુરાવનો આકટ ૧ લો તથા સને ૧૮૭૨ નો ફો. કા. ચ. રી. નો કાયદો મંજુર કરવામાં આવ્યો ત્યાં સુધી ઇલાકાની શેહેરની બાહાર કાયદાની આવી રીતી હતી. તે વખતે કલમ ૨૩૫ અને ૨૩૭ બાકીના કાયદાની સાથે રદ કરવામાં આવી. અને તેને બદલે પુરાવ આકટની કલમ ૧૦૫ ઠરાવવામાં આવી. તે ઉપરથી સામાન્ય રીતનો અગર ખાસ અપવાદ કોઇ પણુ છે એવુ સાબેત કરવાનો બોજો તોહોમતવાળાને શીર નાંખ્યો છે. સને ૧૮૬૨ ના આકટ ૧૮ જે તે વરસની તા૦ ૧ લી મેના રોજ અમલમાં આવેલો છે. તેમાં અસલ ફોજદારી હકુમતનો અમલ કરવા સારૂ હાયકોરટને કેટલીક બાબતોમાં કામ ચલાવવાની રીતી ઠરાવવામાં આવીછે. અને તે આકટની કલમ ૨૬ મીમાં સને ૧૮૬૧ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૩૫ અને ૨૩૭ માં જેવો નીયમ ઠરાવેલો હતો તેવો નીયમ ઠરાવવામાં આવેલો હતો. પરંતુ કલમ ૨૬ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૯ ના બીજા, ત્રીજા, પાંચમા, છઠા, સાતમા, આઠમા, નવમા, અથવા દસમા અપવાદ પ્રમાણે હકીકત છે એવું બચાવમાં સાબેત કરવામાં આવે તો જયાં સુધી વીરૂધ સાબેત થાય નહીં ત્યાં સુધી શુધ અંતઃકરણ છે એમ અનુંમાન થવું જોઇએ. જો કે સને ૧૮૬૨ ના આકટ ૧૮ નો ઘણો ખરો ભાગ સને ૧૮૭૫ ના આકટ ૧૦ થી રદ થએલો છે. અને પુરાવ આકટની કલમ ૧૦૫ મી તે આકટ ૧૮ માની કલમ ૨૬ મા જેવી છે, તે ટીકા કરવા લાયક છે. તોપણ તે કલમ ૨૬ અને ૨૭ બેઉ હજુ કાયમ કાયદો છે. માહારાણી સરકારની ન્યાયાધીકારી સુપ્રીમ કોરટોને માટે ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો તઇયાર થતો હતો તે દરમીયાનમાં સને ૧૮૬૨ નો આકટ ૧૮ મો મંજુર કરવામાં આવેલો છે. એવું તેના ઉદેશમાં બતાવેલું છે, માટે આ-

બીજ કોરટોને ફકત તે કાયદો લાગુ થાય છે. કલમ ૨૭ મીમાં જે ઠરાવ છે તે જીલ્લાની કોરટોને લાગુ થતો નથી. અને જે કાયદો સપષ્ટ રીતે એક પ્રકારની કોરટોને વાસ્તે છે તે અવસ્ય કરીને બીજા પ્રકારની કોરટોને લાગુ થવો જોઇએ એમ કહેવાને અમે તઇયાર થએલા નથી, એક અગર બીજા કારણને માટે કાયદા કરનારાઓએ આ કાયદો સુપ્રીમ કોરટો અગર જે હાયકોરટો હાલ કહેવાય છે તેમને માટે કાયદા કરનારાઓએ તેઓની અસલ ફોજદારી કોરટો માટે કરવો દુરસ્ત ધારેલોછે. પરંતુ હીંદુસ્થાનના ઇંગરેજી રાજયની અંદર બીજી કોઇ જગોએ તે કાયદો નથી. એ ખુલું છે. માહારાણી વીરૂધ કીકાભાઇ પરભુદાશના કામમાં મુંબાઇ હાય કોરટે તે પ્રમાણે ઠરાવ્યું છે એમ અમારા જોવામાં આવે છે.

હવે સવાલ એવો રહે છે કે તોહોમતવાળાએ માજીસ્ટ્રેટને તે અરજી કરી તેમાં શુધ અંતઃકરણથી (એટલે યોગ્ય સંભાળ અને પીનલકોડની કલમ ૨૨ ઉપર લક્ષ આપી) વરતેલો છે કે નહીં. અમારી નજરમાં આવે છે કે આ બાબત માજીસ્ટ્રેટે અગર અપીલમાં શેશન જડજે યોગ્ય રીતે તપાસ કરેલો નથી. માજીસ્ટ્રેટે તોહોમતવાળાને તેના સાહેદીઓએ મસલતની બાબત કહેલી અને તેથી તે સાચી છે એમ માનવાને તેને સાર કારણ હતુ કે નહીં એવું ઠરાવવાને બદલે તે મશલતની વાત કહેવામાં આવી છે તે સાચી છે કે નહીં તેનોજ નીરણય કરવામાં પોતાનું લક્ષ આપ્યું છે કે નહીં માટે તેમના ફેંસલા ઉપરથી તેઉએ મસલત કરવામાં આવી હતી તે બાબતના સાક્ષીઓ માન્યા નથી એમ સમજીએ નહીં તો તોહોમતવાળાને તે સાક્ષીઓને માનવાને જોઇતું કારણ નહી હતુ અને તેથી તે સખશોના કહેવાની રીતી વાશે ભરૂસો રાખવાને યોગ્ય સંભાળ અને લક્ષથી એટલે શુધ અંતકરણથી સ. વરતેલો નથી એમ થાય છે. માજીસ્ટ્રેટના ફેંસલાનો વ્યાજબી રાહે આવો અરથ થઇ શકેછે એમ અમારી નજરમાં આવતું નથી. શેશન જડજે ફકત હકીકતના સવાલનો વીચાર કરવાને બદલે કલપીત વીચાર કરેલા છે એમ જણાય છે અને તેમણે પોતાના ફેશલાની છેવટે માજીસ્ટ્રેટના ફેસલાને સારાઉંસમાં પુષ્ટી કરેલી છે. આ કારણોથી અમારી નજરમાં આવે છે કે ગુનહાની સાબેતી અને સીક્ષાનો હુકમ જેવા છે તેવા તે ચાલી શકતા નથી, અને જે ખરા સવાલની તકરાર હતી તેની તપાસ કરવામાં આવેલી નથી. પરંતુ આ કામમાં ફરીઆદી એક મુખત્યારનો ગુમાસ્તોછે તેણે તથા બીજાઓ કે જે ચડતા દરજાની ચંચળાઇ તથા કાયદાની માહેતીવાળાછે, તેમણે તોહોમતવાળો કે જે મુફાબલે અગ્નાન અને બીકણ માણુસ છે તેને ઘણો હેરાન કરેલો છે એમ હકીકત ઉપરથી અમને જણાય છે. માટે આ તપાસ જારી રાખવી જો—

ઇએ એમ અમારી નજરમાં આવતું નથી. અને જો કે માજીસ્ત્રેટને તે-ણે આ અરજી કરેલી છે તેથી અસાધારણ રીતે તે કાંઇ વરતેલો છે એમ જણાય છે તોપણ બીજાઓને ઇજા કરવાને બદલે પોતાનુ રક્ષણ કરવાની ઇછાથી માજીસ્ત્રેટને તેણે એક અપીલ કરી હતી એમાં અમને થોડોકજ શક છે. અને અમે કહીએ છીએ કે માજીસ્ત્રેટે જો આ અરજી લીધી ના હોત તો તેમણે વધારે દુરસ્ત કરયું થાત, કારણ કે તે લેવાથી આ કામ ઉતપન થએલું છે.

સબબ અમે ગુનહાની સાબેતી અને શીક્ષાનો હુકમ ફેરવવામાં અ-મે મળતા આવીએ છીએ.

ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરાવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૧૨ નવેંબર સને ૧૮૭૮

મી૦ જષ્ટીશ જાકશન અને મી૦ જષ્ટીશ વાઇટ સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ ત્રઇલખોનાથ ચોદ્રી વીગરે.

મદદમાં મદદ—માલેકની કબુલતોની સાથે—પણ સાપરાધ ઇરાદા-થી મીલકત ખશેડેલી—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની ક-લમ ૧૦૮ ખુલાસો ૨, ૪. કલમ ૩૭૮, ખુલાશો ૫.

બનાશેઠની મીલકતની ચોરી કરવાના ઇરાદાથી **અ** એ **બ** ની મદદ માગી. **બ** એ પોતાના શેઠની કબુલત અને માહેતી સાથે, પરંતુ **અ** ને શીક્ષા કરાવવાના કારણસર અને પોતાનો હેતુ પાર પાડવાને મદદ કરી ચોરી બાબત **અ** ના ઉપર ફરીઆદ ચલાવતાં ઠરાવવામાં આવ્યું કે તે મીલકત તે માલેકની માહેતી સાથે લીધેલી છે માટે ચોરીનો ગુનહો કરવામાં આ-વેલો નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે મદદને મદદ કરવા માટે આરોપ રાખવાને સારૂ એવી જરૂર નથી કે જે ગુનહામાં મદદ કરેલી હોય તે ગુનહો ખરી રીતે કરેલો હોવો જોઇએ.

પાનું ૩૬૬ કલકતાના કામ ચલાઉ ચીફ માજીસ્ત્રેટે હાયકોરટને નીચે પ્રમાણે રેફરંસ કરેલું છે તે ઉપરથી કામની હકીકત પુકત રીતે જણાય છે:—"પ્રેશીડેનશી માજીસ્ત્રેટ આકટની કલમ ૨૪૦ પ્રમાણે હાયકોરટમાં રેફરંસ કરવામાં આવેલું છે."

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૮૦ પ્રમાણે તોહોમતવાળા-

એ ઉપર મેસર્સ માકીનન મેકેનજી અને કંપનીની વખારો ફેરલીપ્લેસ માં છે તેમાંથી લોઢા તથા પીતળના સ્ક્રુ ચોરયાનો આરોપ રાખવામાં આવેલો છે. તે કામમાં નીચેની હકીકત સાબેત થએલી છે. મેસર્સ માકીનન મેકેનજી અને કંપની મેસર્શ મેકેનજી, લ્યાલ અને કંપનીની એજન્સીની મારફતે હરાજીમાંથી કેટલોક સામાન વેચતાં હતાં. આ વેચાણને સારૂ એક સખસે વખારમાં આવી માલના લાટ કરયા અને નમુના લીધા અને પછી હરાજીઓ કરવામાં આવી. તે હરાજીઓ થયા પછી તેનો તે સખસ (સરકાર) ખરીદદારની સાથે આવ્યો અને તેણે તે માલ આપ્યો. છેવટ લીલામ તા૦ ૧૬ મી અગસ્ટના રોજ થયું, તા૦ ૧૫ મીના રોજ પેહેલો તોહોમતવાળો માલ આપવાને આવ્યો અને તેણે વખાર સંભાળનાર મી૦ કમીન્સની પાસે હરાજીના પત્રકમાં જે ખરી રીતે માલ બતાવેલો છે તો તેના કરતાં વધારે માલ લેઇ જવા દેવાને માગ્યું. અને તેઓની અંદર ૯ થી ૧૦ ના પરમાણમાં નફો વહેંચી લેવાનું કહયું. કમીન્સે આ વાત માલેકો તરફથી મી૦ મોનક્રીફ હતા તેમને કહી, અને તેની પરવાનગીની સાથે તેણે પેહેલા તોહોમતવાળાનું કહેવું કબુલ કરયું. પછી તા૦ ૨૪ અગષ્ટના રોજ તે કમીન્સને ઘેર આખરની ગોઠવણ કરવામાં આવી. તારીખ ૪ થી સપટેમ્બરના રોજ પેહેલો તોહોમતવાળો બીજો અને ત્રીજો તોહોમતવાળો જેઓ ખરીદનાર હતા તેની સાથે આવ્યો અને પેહેલા તોહેમતવાળાની અને કમીન્સની વચમાં કરાર થયો હતો તે પ્રમાણે પત્રકમાં માલ દાખલ કરવામાં આવેલો તે કરતાં વધારે માલ ખસેડવામાં આવ્યો. પરંતુ પોલીસને આ બાબતની ખબર કરેલી હતી, તેથી પોલીસ જાપતા ઉપર હતી તેથી તરત પોલીસવાળાઓએ તે તોહોમતવાળાઓને પકડયા. વળી એમ સાબેત થએલું છે કે ખરીદદારોને માટે વેહેપારમાં મેકેનજી લ્યાલના બાબુ (જે આ કામમાં પેહેલો તોહોમવાળો છે) ને પોહોંચ આપી વધારે માલ લઇ જવાનો વારંવાર રીવાજ હતો અને તે બાબુ માકીનન મેકેનજી અને કંપનીને પોતાની તરફથી પોહોચ આપતો હતો અને તે વેચનારની પેઢી સાથે ખરીદદારને કાંઇ પણ સબંધ નહીં હતો. ખરીદદાર તોહોમતવાળાઓની વીરૂધ બદદાનતનો કાંઈ પણ કાયદેસર પુરાવ નથી. પેહેલા તોહોમતવાળાની બાબતમાં અમે ઠરાવ્યું છે કે તેણે તે ત્રીજો તોહોમતવાળાની સ્પષ્ટ અને ગરભીત કબુલતોની સાથે ખસેડેલી છે. માટે તેના કલમથી કાંઇ ચોરી થવી નથી. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૭૮ નો ખુલાસો ૫ માહારાણી વીરૂધ ડોલન, માહારાણી વીરૂધ હેનકોક. વળી અમે ઠરાવ્યું છે કે કલમ ૧૧૬ પ્રમાણે પેહેલો તોહોમતવાળો ગુનેહગાર ઠરાવી શકાય છે. કારણ કે કલમ ૧૦૮ ના ખુલાસા ૧૦૪ ઉપરથી

જોકે ચોરીનો ગુનહો કરવામાં આવ્યો ના હોય તોપણ તે તોહોમતવાળા એ ચોરીનો ગુનોહ કરવામાં પોતાને મદદ આપવા સારૂ કમીન્શને ઉશ્કેરેલો હતો. સબબ સદરહુ બતાવેલી કલમ પ્રમાણે તે ગુનેહગાર છે એમ અમને જણાય છે. તોપણ આ બે બાબતો એટલે કે (૧) માલેકની કબુલત સાથે માલ ખસેડવામાં આવેલો છે તેનો વીચાર કરતાં તે તોહોમતવાળાના કૃત્યથી ચોરી થાય છે કે નહી. અને (૨) હકીકત છે કે તે પ્રમાણે તે તોહમતવાળો કલમ ૧૧૬ પ્રમાણે ગુનાહને પાત્ર થાયછે કે નહીં. એ બે બાબતો વીસે અમને કેટલોક શક છે માટે તે વીશે હાય કોરટનો અભીપ્રાય મળવાને હું અરજ કરૂછું. હાય કોરટ ઠરાવ કરે તે પ્રમાણે ચાલવાની શરતથી મેં મારો ફેંસલો આપેલો છે પરંતુ શીક્ષાનો હુકમ એક પખવાડીયા સુધી બંધ રાખેલો છે. નામદાર કોરટ જમાનની બાબતમાં જે હુકમ કરે તે પ્રમાણે ચાલવાની શરતથી મેં કેદીને પેહેરામાં પાછો મોકલેલો છે.

સરકાર તરફથી ધી સ્ટાંડીંગ કાઉનશલ (મી૦ જે. ડીબેલ)

જસ્ટીસ જાકશન સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૦૮ ના ખુલાસા ૪ પ્રમાણે ગુનાહની મદદમાં મદદ કરવાથી ગુનોહ થાય છે અને કમીનશને જે કરવાને કેદીને ઉસ્કેરેલો છે તે જો તેણે કર્યું હોતનો ગુનો થાત માટે તે કેદીએ પોતે ગુનોહ કરેલો છે. અને મદદનો ગુનોહ કરવાને બીજા ખુલાસા પ્રમાણે જે કૃત્યને મદદ કરવામાં આવી હોય તે થએલું હોવું જોઇએ. એવી જરૂર નથી. કારણ કે માલેકની માહેતી સાથે તે મીલકત ખસેડવામાં આવેલી તેથી શાંકીત રીતે ચોરીનો ગુનોહ થયો નથી. પણ તેથી કેદી જે મદદ કરયાનો ગુનેહગાર છે તેના પરીણામમાં તે બચતો નથી. માટે તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે તે બરોબર છે.

સબબ તે કેદીને શીક્ષા સારૂ માજીસ્ત્રેટની રૂબરૂ રજુ કરવો.

જસ્ટીસ વાઇટ સાહેબ—માજીસ્ત્રેટે હકીકત ઉપરથી જે ઠરાવ કરેલો છે તે ઉપરથી કેદીને ગુનાહમાં મદદ કરયાના ગુનાહ બાબત યોગ્ય રીતે ગુનેહગાર ઠરાવી શકાય છે. એવું વીચારવામાં અમે મળતા છીએ.

ફોજદારી અપીલ

તા૦ ૪ ડીસંબર સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઇનસલી અને મી૦ જસ્ટીસ બ્રાઉનટન સાહેબોની રૂબરૂ.

લાલદાસ વીરૂધ નેકણુજે ભાઇ સીંહાણી.

માજીસ્ટ્રેટે ખોરાકી પોસાકીનો હુકમ કરેલો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આક્ટ ૧૦ ના બાબ ૫૧—અનકુરંસ છોકરાનો કબજો.

સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ના બાબ ૫૧ પ્રમાણે અમુક કામોમાં વહુઓ તથા કુટંબોની ખોરાકી પોશાકી બાબતનાં સવાલોનો નીરણય કરવામાં કોઇ છોકરાના કાયદેસર વાલીપણાના સવાલ બાબત તપાસ કરવાને માજીસ્ટ્રેટને અખત્યાર નથી.

તે કાયદામાં એવું કાંઇ નથી કે જેથી માને તેણીનું અનકુરસ છોકરૂં તેના બાપને સોંપવાને માજીસ્ટ્રેટ હુકમ કરી સકે પછી તે છોકરૂં પાકી ઉમરનું થયું હોય તોપણ ચીંતા નહીં. માટે માએ તે છોકરાનો કબજો આપવાને માટે ના કહી હોય તો પ્રથમથી જે ખોરાકી પોશાકીનો હુકમ થએલો હોય તે ખોરાકી પોશાકી બંધ થવાને કાંઇ કારણ થતું નથી.

પાનું ૩૭૪   આ રેફરંસની હકીકત એવી છે કે એક અનકુરસ છોકરાના હીંદુ બાપ ઉપર તે છોકરાની માએ ખોરાકી પોશાકી સારૂ દાવો કરયો હતો. તેમાં માજીસ્ટ્રેટે તે માને દર મહીને અમુક રકમ આપવાને ઠરાવી હતી.

સને ૧૮૭૮ ના જાનેવારી માસમાં તે છોકરો તે વખતે આઠ વરસની ઉમરનો હતો તેના કબજા બાબત બાપે માજીસ્ટ્રેટને અરજ કરી તે માજીસ્ટ્રેટે ઠરાવ્યું કે તેનો તે છોકરાનો કબજો લેવાનો હક છે તોપણ તે માએ તે છોકરાને આપ્યો નહીં. પણ તે માજીસ્ટ્રેટની જગોએ આવનાર બીજા માજીસ્ટ્રેટને તેણીએ અરજ કરી તેમણે જ્યારથી ખોરાકી પોશાકી લેહેણી થએલી ત્યારથી વસુલ કરવાનો છેવટ હુકમ કરયો. તા૦ ૪ નવંબર સને ૧૮૭૮ ના રોજ માજીસ્ટ્રેટે તે માના લાભમાં હુકમ કરયો. અને તે બાપની હરકત નામંજુર કરી.

નવેંબર સને ૧૮૭૮ ના માસમાં મુરસીદાબાદના શેશન જડજની રૂબરૂ તે કામ આવતાં તેમના વીચારમાં આવ્યું કે માજીસ્ટ્રેટનો તા૦ ૪ થી નવેંબર સને ૧૮૭૮ ના રોજનો હુકમ બરોબર નથી. કારણ કે તે છોકરાનો હકદાર વાલી બાપ છે. અને તે માજીસ્ટ્રેટને પોતાની જગોએ આગળ થઇ ગએલા માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવાને અખત્યાર નહીં હતો તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાઇ કોરટનો હુકમ થવા સારૂ તેમને તે કામના પ્રોસીડીંગનો રીપોટ મોકલ્યો.

આ રેફરંસ વખતે કોઇ પણ હાજર નહીં હતું. અને કોરટ તરફથી જસ્ટીસ એઇનસ્લી સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છેઃ—

માજીસ્ટ્રેટના તે હુકમમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ. તે

છોકરાનો કાયદાસર વાલી કોણ છે તેનો નીરણય તે માજીસ્ટ્રેટે કરવાનો નથી. ફો. કા. ચ. ની રીતના કાયદાના બાબ ૫૧ ના ઠરાવ પ્રમાણે તે ફક્ત તેની ઓરત અગર છોકરાની બાબતમાં કોરટને એવી ખાતરી થાય કે તેની પાસેજોઈતુ સાધન છતાં ખોરાકી પોશાકી તે આપતો નથી અગર આપવાની ના પાડે છે. તો તે ખોરાકી પોશાકી આપવાનો હુકમ કરી શકે છે.

આ કામમાં તે છોકરો પોતાની માના કબજામાં છે. અને તે કાયદામાં એવું કાંઇ નથી કે જે ઉપરથી તે છોકરો તેના બાપને સોંપવાનો માજીસ્ટ્રેટ હુકમ કરી શકે. તેણીએ તે છોકરો સોંપવાની ના કહી તેથી પ્રથમથી જે ખોરાકી પોશાકી આપવાનો હુકમ થએલો છે તે ખોરાકી પોશાકી બંધ કરવાને કાંઇ પણ કારણ થતું નથી. તે છોકરાને કબજે લેવાને બાપનો જો કાંઇ હક હોય તો તેનો નીરણય બીજે ઠેકાણે થવો જોઇએ. અને માજીસ્ટ્રેટની કોરટમાં થવો નહીં જોઇએ.

હુકમ મંજુર રાખવામાં આવ્યો.

તા૦ ૧૦ ડીસંબર સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઇનસલી અને મી૦ જસ્ટીસ બ્રાઉનટન સાહેબોની રૂબરૂ.

મદન મોહનની અરજીની બાબતમાં.

પીનલકોડ—(સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૨૧ ની રકમ ૯ તથા કલમ ૧૬૧—કાયદા વીરૂધ નાણું લેવા—સરકારી નોકર—

કોરટ ઓફ વારડસની મીલકતના વહીવટદારે સરકારની ત્રીજોરીનું કામ ચલાવતાં સરકાર તરફથી નાંણાની એક રકમ બેંકમાં ભરી. તે બેંકનો એક પોડર છે તેને તે નાણું લેવાની મેહેનત બદલ ઇનામ માગીને લીધું. ઉપર હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૬૧ પ્રમાણે તોહોમત રાખી ફરીઆદ ચલાવતાં ઠરાવવામાં આવ્યું કે જો કે તે નાણું સરકારના હીસાબે આપવામાં આવ્યાં હશે. પરંતુ તોહોમવાળાએ જે નાંણું લીધાં છે તે સરકારના હીસાબે લીધાં નથી પણ બેંકની તરફથી લીધાં છે. અને તે પોડર ફક્ત બેંકનો નોકર છે. અને પીનલકોડની કલમ ૨૧ ની રકમ ૯ ના હેતુ પ્રમાણે તે સરકારી નોકર નથી.

પાનું ૩૭૬ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે ફરી તપાસ કરવાને હાય કોરટમાં અરજી આપવામાં આવી છે, એક કાસીચંદ્રસેન અમુક મીલકતનો સરકારે વહીવટદાર નીમેલો

તેથી મીલકતને હીસાબે રૂ. ૧૫૦૧ પોતાના માણુસોના જાપતામાં બંગાલા-બેંકની ઢાકાની શાખામાં અનામત મુકવા સારૂ જુન સને ૧૮૭૫ માં મોકલ્યા. બંગાળાબેંકની આ શાખાનો સરકાર ઉપયોગ કરતા હતા. તેથી સરકાર તરફથી ભરવામાં આવે તે બેંક લેતા હતા. વળી તેનો સરકારની ટ્રેઝરીની માફક ઉપયોગ કરવામાં આવતો હતો.

સદરહુ નાણુા ભરવાને સારૂ સદરહુ બેંકમાં આવતાં તે બેંકના એક નોકર મદન પોદરે કહ્યું કે મારી મેહેનત બદલ રૂ. ૫) મને આપવામાં આવશે નહીંતો હું તે નાણું લેવાનો નથી. પછી છેવટે ને નાણુા લઇ જે નોકરો આવેલા હતા, તેમાંના એક ગોવીંદચંદ્ર ગાંગુલીએ એક રૂપીઓ તે પોદરને આપ્યો.

સદરહુ મીલકતના વહીવટદારે જીલ્લાના કલેકટરને ફરીઆદ કરી તેથી કલેકટરે તેને ફરમાવ્યું કે તેણે પોદરના ઉપર તે પૈસા કાયદા વીરૂધ લીધા બાબત ફરીઆદ માંડવી. કારણ કે તે પોદર તે વખત સરકારી કામ કરતો હતો, અને તે બેંકમાં સરકારની ટ્રેઝરી છે તેનો તે વખતે તે પોદર હતો અને તેથી સરકારી નોકર હતો. સુનાવણી વખતે આ કામ આવતાં, ડીપુટી માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તોહોમતવાળો પીનલકોડની કલમ ૧૬૧ મી પ્રમાણે તોહોમતનામામાં બતાવેલા ગુનાહનો ગુનેહગાર છે, અને ફરમાવ્યું છે કે તેના રૂ. ૮૦) દંડ કરવા, અથવા તે આપવાને કસુર કરવામાં આવેતો, એક માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવી.

પોદરે શેશન જડજને અપીલ કરી, પરંતુ તેઓએ તે અપીલ કાઢી નાંખી એવું ઠરાવીને કે ઢાકાની બંગાળા બેંકની શાખાનો પોદર તે સરકારી નોકર હતો અને તેણે સરકારી નોકર તરીકે કાયદા વીરૂધ નાણાં લીધાં છે, માટે તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે તે બરોબર છે.

તે શીક્ષાનો હુકમ તથા ગુનાહની શાબેતીનો ઠરાવ રદ કરાવવાને ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે પોદરે હાય કોરટમાં અરજી કરી.

અરજદાર તરફથી બાબુ હરી મોહન ચકરબતી દેએ તકરાર કરી કે તે બેંકમાં કેટલાક પોદરો છે તેમાંનો તે એક પોદર છે. અને તે તમામને તે બેંકના ખજાનચીએ નોકર રાખેલા છે અને સરકારે મોકલેલાં નાણાં લેવાને જુદા પોદરો રાખવામા આવેલા નથી. માટે નીચેની કોરટોએ તેને પીનલકોડની કલમ ૨૧ મી પ્રમાણે સરકારી નોકર ઠરાવેલો છે તે બરોબર નથી.

સરકાર તરફથી જુનીયર સરકારી વકીલ બાબુ જગદાનંદ મુકરજી.

કોરટનો ફેંસલો જષ્ટીશ એઇન્સલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે આ અરજદારને પીનલકોડની કલમ ૧૬૧ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો છે તે બરોબર નથી. તે માજીસ્ટ્રેટે એમ માની લીધું છે કે બંગાળાની બેંકનો પોદ્દર તે પીનલકોડની કલમ ૨૧ ની રકમ ૯ પ્રમાણે સરકારી નોકર છે. તે સેસન જડજે તેવોજ નીશ્ચે કરવાને અમુક કારણો બતાવ્યાં છે- પરંતુ તે બાબતના પુરાવ વીશે વીચાર કરવાને બેમાંથી એકે કોરટે ધારેલું નથી. માટે તે વીદવાન જુનીયર સરકારી વકીલ જે ગુનહાની સાબેતીના ઠરાવની પુષ્ટીમાં હાજર થએલો છે તે કાંઇ પુરાવ છ એમ બતાવી શકતા નથી,

તે આકટના શબ્દોમાં ફેરફાર કરવાથી સેશન જડજે ભુલ કરેલી છે. તેમણે કહયું છે કે સરકારના હીસાબે નાંણા ભરેલાં છે તે લેવાને સરકારની ફરજ હતી. સરકારી નોકરની વાખ્યા જો કાંઇ હોય તો આ કામને લાગુ થાય છે તે એવી છે કે "દરેક સરકારી નોકર કે જેમની ફરજ સરકાર તરફથી લેવાની છે તે છે."

સરકારની તરફથી કોરટ ઑફ વોર્ડસના વહીવટદારે તે નાંણું આપ્યાં છે એમ હોય પરંતુ તે જે લેવામાં આવેલાં છે તે તોહોમતવાળાએ સરકાર તરફથી લીધેલાં નથી પણ બેંકની તરફથી લીધાં છે પણ તે બેંકનો નોકર હતો માટે તેણે પોતાનુ કામ કરવામાં કાંઇ પણ કશુર કરી હોત અને તેથી પરીણામે જે કાંઇ નુકશાન થાત તે બેંકના ઉપર પડત અને આ નાણાં અનામત મુકવામાં જેમ બીજા કોઇ સખસે જેમ વહેવાર કરયો હોય તે પ્રમાણે સરકારે તે બેંકની સાથે વેહેવાર કરેલો છે.

માટે ગુનહાની સાબેતીનો ઠરાવ તથા સીક્ષાનો હુકમ રદ કરવામાં આવ્યો. માટે જો દંડ ભરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

ગુનહાની સાબેતીનો ઠહાવ રદ કરવામાં આવ્યો.

તા૦ ૨૮ મી નવેંબર સને ૧૮૭૮

મી૦ જષ્ટીશ જાકસન અને મી૦ જષ્ટીશ મ્યાકડોનલ સાહેબોની રૂબરૂ.

મેકેનજીની અરજીની બાબત વીરૂધ શેર બહાદુર સાઇ

કબજો—બટવારા પ્રોશીડીંગ—અમીને આપેલો કબજો, તેનો અસર—ફો. કા. ચ. રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ના કલમ ૫૩૦.

બટવારા પ્રોસીડીંગમાં અમીને કબજો આપેલો હોય તો તે ફકત

માલેકપણાનો છે અને તે કબજોજ છે એમ નથી. સબબ આવો કબજો ફો. કા. ન્યા. રી. ના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણેના પ્રોશીડીંગમાં કબજો આપતા પેહેલાં સાંથે રાખનાર તરીકે જે જમીનનો કબજો હોય તે છોડાવવામાં આવ્યો છે એમ કરાવી શકાતું નથી.

પાનું ૨૭૮ આ કામમાં અરજદારે જમીનના બે કકડાના જુદા જુદા બે પટા લખાવી લીધેલા છે તે જમીન અપીલના પ્રતીવાદી તથા બીજા કેટલાક સહમાલેકોની મજીઆરી અને અવીભક્ત મીલકત છે. પછી આ માલેકોની વચમાં વહેંચણુ કરવામાં આવી તેથી સદરહુ બે પટામાંના દરેકમાં જે જમીન છે તેનો ભાગ તથા બીજી જમીન અપીલના પ્રતીવાદીના હીસામાં આવી તેથી તેણે સદરહુ કારણસર નીમાએલા કોરટના અમીન પાસેથી રીતસર કબજો લીધો. તે ઉપરથી તકરાર ઉતપન થઇ અને અરજદારે ફોજદારી કોરટને ફો. કા. ન્યા. રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે તકરારી જમીનનો કબજો રાખવાને અરજ કરી એવું કહીને કે સુલેહનો ભંગ થવાની ધાસ્તી છે. તે ફોજદારી કોરટના અભીપ્રાયમાં આવ્યું કે અમીને જે ઇલાજ કરેલો છે તેથી અપીલના પ્રતીવાદીને ખરી રીતે તે કબજો મળેલો છે માટે અરજદારની અરજી તેમણે નામંજુર કરી.

તે ઉપરથી અરજદારે ફો. કા. ન્યા. રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે હાય કોરટમાં અરજ કરી.

અરજદાર તરફથી મી૦ જાકશન.

સામાવાળા તરફથી મી૦ બ્રાઉનફેલ્ડ.

કોરટનો ફેંસલો જસ્ટીસ જાકશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારી નજરમાં આવે છે કે માજીસ્ટ્રેટનો હુકમ ભુલ ભરેલો છે એ ખુલ્લુ છે. તેઉ એમ સમજેલા જણાય છે કે બટવારા પ્રોસીડીંગ તથા તેમાં થએલા હુકમોનો અશર જે પક્ષકારોનો કબજો મજીયારે અગર કબુલતથી જુદો જુદો હતો તેમની તરફથી રાખેલા સાંથે રાખનારાઓનો કબજો છોડાવવામાં આવ્યો એમ થાય છે. પરંતુ તેમ ખુલ્લું નથી જો તેમ થાયતો ભારે ગેરઇનસાફ થાય.

બટવારા અમીનને આ કામમાં જે શેરબાહાદુરને કબજો આપેલો છે તે માલેક તરીકેનો આપેલો છે અને કબજો રાખનાર તરીકેનો આપેલો નથી. સબબ માજીસ્ટ્રેટનો હુકમ રદ થવો જોઇએ. તેથી મી૦ જાકશનનો અસીલ જે ફરીયાદી છે તેના ખરી રીતના કબજાની બાબત માજીસ્ટ્રેટે તપાસ કરવી અને જો તેનો કબજો માલુમ પડેતો તે રહેવા દેવો.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૭ અગષ્ટ સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઇનસલી અને મી૦ જષ્ટીસ મ્યાંકલીન સાહેબોની રૂબરૂ.

મોહેશચંદરખાંનની અરજીનો બાબત

દીવાની કોરટના અધીકાર વીના કબજો લેઇ લેવો—સલાહ સાંતી ભરેલો કબજો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨નો આકટ ૧૦) ની કલમ ૫૩૦

એક સખસના કબજામાં મીલકત કાયદેસર હોય તે બીજો સખસ લેઇ લેતો ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણેના પ્રોસીડીંગમાં કબુલ કરવામાં આવે એવો તેને હક મળતો નથી. જ્યારે તે તકરારી પક્ષકારોમાંનો એક પક્ષકાર સલાહ શાંતી ભરેલો કબજો ભોગવતો હોય ત્યારે કોરટે તે કજીઓ થતાં પહેલાંની જે મુદતે તેવો કબજો હોય તે વીશે લક્ષ આપવું જોઇએ.

પાનું ૪૧૭ અરજદાર તરફથી મી૦ એ. બોઝ (તેમની સાથે બાબુ ગીરજાશંકર મોજુમદાર અને બાબુ દુરગા મોહનદાસ)

સામાવાળા તરફથી બાબુ રાશબીહારી ગોઝ અને બાબુ કીશોરી મોહનરામ.

આ કામની હકીકતમાં જસ્ટીસ એઇનસલી સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે (તે સાથે જસ્ટીસ મ્યાકલીન સાહેબ મળતા આવ્યા છે.) તે ઉપરથી પુક્ત રીતે જણાય છે.

ગયા પોશ માસની બારમી તારીખ એટલે ચાલતા વરસના જાનેવારી માસની તા૦ ૧ લીના રોજ એક પ્રમોથોનાથ સામદયાળ સગીર હતો તે મરણ પામ્યો તેની હયાતીમાં તેના વાલીઓમાં એક, ભોળાનાથખાંન પણ વાલી હતો અને ડીપોટી માજીસ્ટ્રેટની ભાશા વાપરીએતો તે સગીરના મરણ વખતે તે સગીર પ્રમોથોનાથ સામદયાળનો એકનો એક હયાત ટ્રસ્ટી ભોળાનાથખાંન હતો અને તેને મીલકત મળેલી હતી. ખેતરનાથ ચક્રબતીએ પોતાના દીકરા સીબનાથ ચક્રબતી તરફથી મરનાર પ્રમોથોનાથ સામદયાળની મીલકત ઉપર દાવો રાખ્યો તેણે ગયા ફેબરવારી માસની તા૦ ૨૮ મીના રોજ સને ૧૮૬૦ ના આકટ ૨૭ પ્રમાણે સરટીફીકટનો હુકમ મેળવ્યો. અને ત્યાર પછી તેણે તે સરટીફીકેટ લીધું પછી તે ગામો ઉપર ગયો અને આ સરટીફીકેટના આધારે કેટલીક રઇયતને કબુલતો આપવાને લલચાવી. પોલીશે ડીપોટી માજીસ્ટ્રેટને એવી ખબર આ

પી કે સુલેહનો ભંગ થવાને સંભવ છે તેથી ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે તેમણે કામ ચલાવી એક બાજુ તરફ ખેતરનાથ ચક્રબતીને બીજી બાજુ તરફ મોહેશચંદ્રખાંન અને ભોળાનાથખાંન પાસે તે મીલકતનો કબજો જો તેઓ સાબેત કરી શકે તો સાબેત કરવાને માગ્યું. "ડીપોટી માજીસ્ટ્રેટે કહયું છે કે બેઉ બાજુ તરફથી એવુ કહેવામાં આવ્યું છે કે મરનારનું મોત ગયા પોસ માસની તારીખ ૧૨ મીના રોજ થયું ત્યારથી જે રઇયતનો કબજો છે તેમની પાસેથી તે મીલકતની શાંપ અમે લઇએ છીએ અને તેથી અમારો કબજો છે માટે સદરહુ તારીખથી તકરાર પેહેલ વેહેલી શરૂ થઇ એમ વ્યાજબી રાહે અનુંમાન થઇ શકે છે. તોપણ પુંરાવ ઉપરથી એમ ખુલ્લું છે કે જડજની કોરટમાંથી ખેતરનાથ ચક્રબતીએ જે સરટીફીકેટ મેળવ્યું છે તેના આધારથી પોતાનો કબજો બતાવવાને આલંગામાં રહેવાનું મકાન અને જમીનદારી કચેરી છે તેમાં તે પેસી શકતો નથી. તે બજારમાં રહેલો છે અને ત્યાં રઇયત તેની પાસે આવતી હતી અને તેમને તે પોતાને સરટીફીકેટ જે મળેલું છે તેથી મળેલો અધીકાર તથા મરનાર પ્રેમોથોનાથ સાનદયાળે મુકેલી મીલકત સબંધી તેના છોકરાની સ્થીતી સમજાવેલી છે અને તેણે તે મીલકત મેળવ્યાનાં નીશાન તરીકે તમામ બાજુએ વાંસ ઠોકેલા છે અને તેથી રઇઆત આવી ને પોતાના પટા કબુલ કરતા અને ભાડુ આપતા અને તે ઉપરથી જમીનદાર અને ભાડુ આપનારનો સબંધ સાબેત થએલો છે.

સબબ ડીપોટી માજીસ્ટ્રેટે એવો નીશ્ચે કરેલો છે કે ખેતરનાથ ચક્રબતીને કબજો મળેલો છે. પછી તે ગમે તે રીતીએ મેળવેલો હોય પરંતુ તેનો તે મીલકતનો કબજો સલાહ શાંતી ભરેલો છે એમ માનવું જ જોઈએ. માટે તેમણે તે ગામોનો કબજો તેનો છે એવું મંજુર કરયાનો તથા સામી બાજુનો આલંગામાં જમીનદારી કચેરીનો કબજો છે એવું મંજુર કરયાનો હુકમ કરેલો છે.

બીજી બાજુ તરફથી જે કહેવામાં આવેલું છે તેની વ્યવસ્થા કરતાં ભોળાનાથની સ્થીતી તે માજીસ્ટ્રેટને જોવી તદન રહી ગએલી જણાય છે ભોળાનાથે કહયું છે કે હું મરનાર સમીર પ્રમોથોનાથ સાંન દયાળની મીલકતનો ટ્રષ્ટીછું અને તેની મા મારી સાથે કામ કરતી હતી. પરંતુ તે ભાદરમાં મરી ગઇ અને ગયા પોસ માસમાં મારા વાલીપણા નીચે જે સગીર છે તે મરણ પામ્યો તેથી તે મરનાર સગીરના માના બાપના ભાઇ મોહેશચંદરખાંને તેના એકલા કાયદેસર વારસ તરીકે કબજો લીધો. ભોળાનાથની સ્થીતી બાબત ડીપોટી માજીસ્ટ્રેટે જે કહેલું છે તે ઉપરથી તથા ભોળાનાથે જે હકીકત પોતે કહેલી છે તે પ્રમાણે તેમણે જે કહેલું

છે તે ઉપરથી ખુલ્લું છે કે પ્રમોથોનાથના મરણ વખતે તે મીલકતની વ્યવસ્થા કરવાનો સવાલ તદન ભોળાનાથ પાસે હતો માટે તેણે તે મીલકતની જે રીતીએ વ્યવસ્થા કરી છે તે રીતી બાબત તે જવાબદાર છે. માટે જ્યાં સુધી ભોળાનાથે તે કબજો છોડયો ના હોય અગર જેને તે મીલકત આપવાને પસંદ કરેલું હોય તેણે તે મીલકતનો કબજો છોડેલો ના હોય તેમ છતાં કોઇ સખસ દીવાની કોરટની મંજુરી શીવાય તે લેવા આવે તો તે માજીસ્ત્રેટ તેની બાબતમાં નીસબત રાખે છે તે પ્રમાણે તે પ્રવેશ કરનારની સ્થીતીમાં છે.

આ કામમાં કબજો કાંઇ છોડી દેવામાં આવ્યો નથી એ સંપુરણ રીતે ખુલું છે. તમામ જે પુરાવ ઉપર ડીપોટી માજીસ્ત્રેટે જે ટીકા કરેલી છે તે ઉપરથી જણાય છે કે પ્રોમોથોનાથ મરણ પામ્યો ત્યારથી મોહેશચંદરના વીરૂધ ખેતરનાથે પોતાના દીકરાનો હક બતાવી તકરાર ઉતપન કરેલી છે. અને તે મોહેશચંદ્ર પ્રમોથોનાથની હયાતીમાં કાયદેસર કબજાવાળો પક્ષકારછે એવી પુરટી કરેલીછે. સુલેહનો ભંગ થાય એમ ઘણું બની શકે તેવુંછે. પરંતુ સુલેહનો ભંગ અટકાવવાને યોગ્ય ઇલાજએ હતોકે સુલેહ રાખે તેસારૂ ખેતરનાથના ભારે રકમના મુચરકા લેવા જોઇતા હતા અને જે સખસનો બેશક કબજો હતો તેની પાસેથી તે કબજો છોડાવવો જોઇતો નહી હતો.

જે બે પક્ષકારોતરફથી તકરાર કરવામાં આવે તેમાં એકનો કાયદેસર કબજો હોય અને બીજો કબજો મળવાને તરફડીઆં મારતો હોય અને તેમાં તે બીજો સખસ કબજાવાળા સખસનો કબજો છોડાવી ફતેહ પામેતો ડીપોટી માજીસ્ત્રેટે એમ વીચાર કરેલો જણાય છે કે જો કે તે કબજો કોઇ દીવસ કબુલ કરવામાં આવેલો નથી અને ખરી રીતે તેથીજ તેમને હાથ ઘાલવાનું કારણ થએલું છે તોપણ તેઉ વધારે મજબુત અને જીતનાર પક્ષકારને કબુલ કરે. આ એક ભુલ છે. માજીસ્ત્રેટે જે કબજો સલાહ સાંતી ભરેલો કહેવાય તેવોજ હોવો જોઇએ. જ્યારે હાલની તકરાર ઉતપન થઇ ત્યારે તે વખતે શું હતું તે તેમણે જોવું જોઇએ. અને તે તકરારનાં પરીણામ જોવાંજ નહીં જોઇએ.

આ કામમાં માજીસ્ત્રેટને ઘણો સાદો ઇલાજ હતો પરંતુ કાયદા પ્રમાણે જે તેમને અખત્યાર આપવામાં આવેલો છે તે તેમણે કમ કીશમતથી ખોટી રીતે લાગુ કરેલો છે અને ખેતરનાથે પોતાના દાવાનો શીરજોરીથી અમલ કરવાને જાણી બુજીને કોશીશ કરેલી છે તેમાં મદદ આપેલી છે.

માટે ડીપોટી માજીસ્ત્રેટનો હુકમ રદ કરવો જોઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફુલબેંચ.

તા૦ ૧૦ જુલાઇ સને ૧૮૭૮

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ
જાકશન, મી૦ જસ્ટીસ માર્કબી, મી૦ જસ્ટીસ એઇનસ્લી
અને મી૦ મ્યાકડોનલ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ આશુ તોશ ચક્રબતી વીગરે.

પુરાવ આકટ (સને ૧૮૭૨ નો ૧ લો) ની કલમ ૩૦—એક કેદીની કબુલતથી પોતે તથા બીજાને લપટાય તે—તેનો અસર.

પુરાવ આકટની કલમ ૩૦ પ્રમાણે એક કેદીના ઉપર તથા બીજા સખસ ઉપર જ્યારે તેના તેજ ગુનાહ બાબત આરોપ રાખવામાં આવે ત્યારે તે કેદીએ પોતાને તથા તે બીજા સખસને હરકત થાય તેવી કબુલત જ્યારે યોગ્ય રીતે સાબેત થાય ત્યારે તે એઉના વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક છે. પરંતુ જ્યારે તે કબુલતને બીજા પુરાવથી પુષ્ટી થએલી ના હોય ત્યારે તે કબુલતની રૂઇએ તે બીજા સખસને કાયદેસર રીતે ગુનેહગાર ઠરાવી શકાતો નથી.

પાનું ૪૮૩   ત્રણ કેદીઓ આશુતોશ, અકબર અને બનેશ્વરના ઉપર અમુક ઓરતનું ખુન કરયાનું તોહોમત મુકવામાં આવેલું છે. આશુતોશને જ્યારે પકડવામાં આવ્યો ત્યારે માજીસ્ટ્રેટની રૂબરૂ તેણે સંપુરણ રીતે પોતાના ગુનાહની એવી કબુલત આપેલી છે કે જેથી બીજા બે કેદીઓને તેમાં લપેટેલા છે. અકબર અને બનેસ્વરને પકડતાં તેમણે પણ માજીસ્ટ્રેટની રૂબરૂ અમુક કબુલતો આપેલી છે. અકબરે કબુલ કરયું છે કે જો કે મેં તે ખુનમાં ભાગ લેવાની ના પાડેલી છે. તોપણ મરનારનુ ખુન કરવા સારૂ બીજાઓની સાથે હું મસલત કરવામાં હતો. બનેસ્વરે કબુલ કરયું છે કે જે રાત્રે તે ખુન કરવામાં આવ્યું તે તારીખે મારા ઘર આગળ થઇ તે લાસ આસુતોશ અને અકબરને લઇ જતાં મેં જોયું હતું.

અલીપુરના વધારાના શેશન જડજની રૂબરૂ આ કાંમ આવતાં પુરાવનો પરીણામ તે કેદીઓ વીરૂધ તેઉ સાહેબે સારાંશમાં નીચેના શબ્દોમાં બતાવ્યો છે:—"આશુતોશના વીરૂધ તમારી પાસે સંપુરણ રીતે પાહરીદર ખાતરીનો હકીકતી પુરાવ છે તેથી તે ખુનમાં જે સખસો હતા તેમાંનો તે એક છે એમાં ઘણોજ થોડો શક રહે છે. વળી તમારી પાસે તેની માજીસ્ટ્રેટની રૂબરૂની સંપુર્ણ કબુલત તથા તેની થોડીક કબુલત આ કોરટમાં આપેલી છે, બનેશ્વર અને અકબરના વીરૂધ તમારી

પાસે તેઓએ માજીસ્તરેટની રૂબરૂ આપેલી કબુલતો છે. તેઓની આશપાસનાઓની બાબત તથા પાછળની વરતણુંકની બાબત તમારી પાસે કેટલીક અંદેશા ભરેલી હકીકત છે અને છેવટે તમારી પાસે આશુતોશની કબુલત છે તે જો કે એક શાખેતીની કબુલત છે અને તેથી તે ઘણીજ સાવધગીરી સાથે દાખલ કરવાની છે તોપણ હકીકતી પુરાવ જો જોઈએ તેવો છે તેથી તથા ધાશ્યા વીનાની રીતીએ તે કેદી અકબરની કબુલત સાથે મળતી આવે છે તેથી તેને પુષ્ટી મળેલી છે." જયુરીએ એક મતથી ઠરાવ કરયો કે તે કેદીઓના ઉપર જે ગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું છે તે ગુન્હાના તેઓ ગુન્હેગાર છે તેથી શેશન જડજે તેમને મોતની શીક્ષા કરેલીછે. આ કામ ફો. કા. ચ. ની રી. કાયદાની કલમ ૨૮૭ મી પ્રમાણે હાયકોરટમાં સીક્ષાનો હુકમ મંજુર થવા સારૂ મોકલવામાં આવ્યું, અને કેદીઓએ અપીલ કરેલી હતી.

કેદીઓ તરફથી બાબુ ભગરબચંદ્ર બાનરજી, બાબુ પ્રાણનાથ પંડીત,. અને બાબુ ગીરજાશંકર મોઝુમદાર.

તે કામ સાંભળ્યા પછી જસ્ટીશ મેકડોનલ્ડ અને જસ્ટીશ બ્રાઉનટન શાહેબોએ ફુલબેંચના વીચાર શારૂં નીચે પ્રમાણેના શવાલો તથા લખાણ મોકલ્યું:—

ત્રણ કેદીઓને ૨૪ પ્રગણાના આડીશનલ શેશન જડજે ખુનના ગુન્હેગાર ઠરાવ્યા છે અને તેમને મોતની શીક્ષા કરેલી છે. તેથી ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૮૭ પ્રમાણે તે કામ શીક્ષાનો હુકમ મંજુર થવા સારૂં આ કોરટમાં મોકલવામાં આવેલું છે. તે ઉપરથી તે કેદીઓએ અપીલ કરી છે. કેદીઓ બનેશ્વર અને અકબરની બાબતમાં અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે કામના કાગળોમાં જે પુરાવ છે તે તેઓને તોહોમતવાળા ગુન્હાના ગુન્હેગાર ઠરાવવાને બસ નથી આશુતોશની જે કબુલત અને હકીકત કહેવામાં આવી છે તે બીજા બે કેદીઓની વીરૂધ કાયદેશર રીતે પુરાવમાં દાખલ કરવા લાયક નથી. અને જડજે આશુતોશની કબુલત જયુરીની રૂબરૂ મુકી તેમને કહયું કે તમો બીજા બે કેદીઓની વીરૂધ તે વીચારમાં લઇ શકોછે તે તેમણે કાયદાની ચુક કરેલી છે.

સને ૧૮૭૨ ના એકટ ૧ લા ની કલમ ૩૦ મી ઉપરના જુદા જુદા ઠરાવો અમને બતાવવામાં આવેલા છે. આ ઠરાવોમાં માહારાણી વી. આલીપાબીન કાપાના (૧) માહારાણી વી० મોહેશ બીશવાસ* (૨) માહારાણી વીરૂધ જાફરઅલ્લી (૩) માહારાણી વી० બેલાતઅલ્લી મુનશી (૪) માહારાણી વી० શાધુમંડલ (૫) માહારાણી વી० નાગા (૬) માહારાણી

વી૦ ભટાચારજી (૭) માહારાણી વી૦ કેશબ ભુનીયા (૮) માહારાણી વી. બૈજુ ચૌધરી અને (૯) માહારાણી વી. નારાયણ તેલ (૧૦) નો ઠરાવ તા. ૨૭ મે સને ૧૮૭૫ ના રોજ જસ્ટીશ માર્કબી તથા જસ્ટીશ મોરીશ સાહેબે કરેલો છે. તેમાં ઠરાવવામાં આવ્યું છે કે આવી કબુલતોની પુષ્ટીમાં બીજો પુરાવ ના હોય તો તે થોડીક વજન ભરેલી છે, અને સોબતીની સાહેદીમાં જે નબલાપણું છે તે તમામ તેમાં છે. ખરી રીતે તે સોગન ઉપર આપવામાં આવેલી નથી હતી, અને તે કરનાર પક્ષકાર ઉલટ તપાસને પાત્ર થએલો નથી હતો, માટે તે કમી વજનની છે. વલી માહારાણી વી. ચંદ્રભટા ચારજીના કામમાં એવું ઠરાવવામાં આવેલું છે કે તે એક કામના આધાર તરીકે ઉપયોગમાં લેઇ શકાતી નથી. પરંતુ બીજા સ્વત્રંત પુરાવના પ્રત્યંતરી પુરાવ તરીકે ફક્ત ઉપયોગમાં આવી શકે છે. કેટલાક ઠરાવો કરેલા છે તેમાં માહારાણી વી૦ નાગા, માહારાણી વી૦ ચંદ્રભટાચારજી અને માહારાણી વી૦ નારાયણ તેલ નો ઠરાવ તા૦ ૨૭ મી મે સને ૧૮૭૫ ના રોજ "જસ્ટીશ માર્કબી તથા જસ્ટીશ મોરીસ સાહેબે કરેલા છે તેમાં એમ બતાવવામાં આવ્યું છે કે કાયદા કરનારાઓએ હકીકતને પુરાવ તરીકે કહેવું છોડી દીધું છે, અને છેવટે નારાયણ તેલના કામમાં ઠરાવવામાં આવેલું છે કે હકીકત (જ્યુરીએ તપાસ કરેલા કામમાં) લેવામાં આવી હોય તે જ્યુરીની રૂબરૂ મુકવી નહી જોઈએ, અને કલમ ૩૦ મીમાં "કોરટ" શબ્દ છે, તેનો અર્થ ફક્ત જડજ છે, અને જ્યુરી નથી, અને પુરાવ આકટની કલમ ૩ માં "પુરાવ" ની વાખ્યા કરવામાં આવી છે તે પ્રમાણે તે પુરાવ નથી, માટે એક કેદીની કબુલત તેની સાથેના બીજા કેદીઓના વીરૂધ જ્યૂરીને વીચારમાં લેવા દેવી નહીં જોઇએ. અમને હાલ શલાહ મળી છે તે પ્રમાણે છેવટના ઠરાવ સાથે અમે. મળતા નથી.

અમારી નજરમાં આવેછે કે જો એકાદી કબુલતનો કોઈ પણ ઉપયોગ લેઈ શકાતો હોયતો, તે જે કોર્ટ કામની વ્યવસ્થા કરેછે તે કોર્ટેજ તેનો ઉપયોગ કરવો જોઇએ. એટલે કે જ્યારે તપાસ જડજ અને જ્યુરીથી થયેલી હોય ત્યારે જડજ અને જ્યુરીએ અને જ્યારે જડજ અને આસેસરોથી તપાસ કરવાની રીતી પસંદ કરેલી હોય ત્યારે જડજ અને આસેસરોએ તેનો ઉપયોગ કરવો જોઇએ. માટે "કોર્ટ" શબ્દનો અર્થ જે કોર્ટમાં અમલદારો હોય તેમની કોર્ટ એમ થઈ શકેછે. વળી જો તેનો કાંઈ પણ ઉપયોગ કરવાનો હોય તો. તે પુરાવ તરીકે ઉપયોગમાં લેઇ શકાય છે, અને બીજી કોઇ રીતે તેનો ઉપીયોગ થઇ શક્તો નથી. તોપણ બીજા જે વીદવાન જડજોએ બીજાં કામો ચુકવેલાં છે તેમની સાથે એવો વીચાર

કરવામાં અમે મળતા છીએ કે સોબતીની સાહેદી જે પ્રત્યંતરી પુરાવ વીના ફક્ત ઘણીજ ખાસ હકીકતથી કબુલ કરવાની છે, તેના કરતાં પણ તે કબુલત ઘણીજ હલકા પ્રકારની અને ઘણાજ થોડા વજનની છે, કારણ કે જે સખસ તે કબુલત કરેછે તે ઉલટ તપાસને પાત્ર થતો નથી.

જ્યારે આવી કબુલતો બીજાઓના વીરૂધ ઉપીયોગમાં લેવામાં આવે ત્યારે તેને ફક્ત પ્રત્યંતરી પુરાવની જરૂર છે કે માહારાણી વી૦ ચંદર ભટાચારજીના કામમાં ઠરાવ (તે ઠરાવ અમે બીજા ઠરાવો બતાવ્યા છે તેથી જુદો છે પણ અમે તે સાથે મળતા છીએ.) કરયો છે કે આવી કબુલતનો કામના આધાર તરીકે ઉપયોગ થઇ શકતો નથી, પણ બીજો સ્વતંત્ર પુરાવ હોય તેને પુશ્ટી આપવા તરીકે ઉપયોગમાં લેઇ શકાય છે તે વીશે કેટલાક એક બીજા વીરૂધ અભીપ્રાય છે એમ અમને જણાય છે.

જે સવાલોનો ફુલબેંચે વીચાર કરવાને અમે મરજી રાખીએ છીએ તે એ છે કે:—

(૧) એકાદા સખસની તેના તેજ ગુનાહ બાબત બીજાઓની સાથે તપાસ થએલી હોય અને તે સખસે જે કબુલત આપેલી હોય તેથી પોતાને અને પોતાની સાથેના શખસોને હરકત થતી હોય (અને તેવું શાબેત થએલું છે) તો સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૦ પ્રમાણે તે બીજા સખસોની વીરૂધ પુરાવ તરીકે ગણવાની છે કે નહીં, અથવા તે કલમને છેવટે "કબુલત વીગરે કોરટ વીચારમાં લઇ શકે છે." એવા શબ્દો છે તેનો અરથ આવી કબુલત પુરાવ તરીકે ગણવી નહીં, પણ કોઇ બીજી રીતે ગણવી કે શું, અને જો તેમ હોયતો, તે કબુલત કેવી રીતની ગણવી જોઇએ?

(૨) તે કલમમાં કોરટ શબ્દ છે તેનો અર્થ જડજ જ્યુરીની સાથે તપાસ કરે તોપણ ફક્ત જડજ થાય છે કે તેમાં જડજ અને જ્યુરી બેઉ આવી જાય છે.

(૩) આવા એક સખસે કરેલી કબુલત બીજા સખસના વીરૂધ તોહોમતવાળા ગુનાહની શાબેતીના આધાર તરીકે વાપરી શકાય છે કે નહીં. અને જો તેને પુસ્ટી કરતા બીજો પુરાવ હોય તો તે ઉપરથી ગુનાહની શાબેતી ઠરાવી શકાય છે કે નહીં અગર ગુનાહની સાબેતી ઠરાવવાને બીજા સ્વતંત્ર પુરાવની ફક્ત પુષ્ટી દાખલ આવી કબુલતનો ઉપયોગ થઇ શકે છે કે નહીં.

અપીલવાળાઓ તરફથી બાબુ ભેરવચંદ્ર બાનરજી:—પેહેલો સવાલ વીચાર કરવાનો છે તે બાબતમાં પુરાવ આકટની કલમ ૩૦ માં કહ્યું છે કે આ કામમાં જેવી કબુલત આપવામાં આવી છે તેવી કબુલતથી બીજો

સખસ લપેટાયો હોય તો તેના વીરૂધ પુરાવમાં લેઇ શકાય છે. જે સખ સે તે કબુલત આપી હોય તેના વીરૂધ તે પુરાવ તરીકે છે. પરંતુ તેની સાથે બીજા સખસની તપાસ કરવામાં આવી હોય તેના વીરૂધ "કોરટ વીચારમાં લઇ શકે છે" એવા શબ્દો છે તેથી એવું અનુમાન કરવાનું ર- હે છે કે અમુક હકીકતથી તે વીચારમાં લઇ શકાય, અને અમુક હકીકત- થી તે વીચારમાં નહીં લેવી જોઇએ. જસ્ટીસ મેકડોનલના ફેંસલામાં જે ઠરાવો બતાવેલા છે તે તમામ ઠરાવોમાં કહેલું છે કે આવી કબુલતોની પુ સ્ટીમાં બીજો પુરાવ ના હોય તો તે થોડી વજનદાર છે વળી આવી ક બુલત સોગન ઉપર આપવામાં આવતી નથી જે સખસ તે કબુલત કરે છે તે ઉલટ તપાસને પાત્ર થએલો નથી હતો. આવી હકીકત અગર કબુ- લત એ પુરાવ નથી એમ માહારાણી વીરૂધ નાગા અને માહારાણી વીરૂ ધ ચંદરભટાચારજીના કામોમાં ગણવામાં આવ્યું છે. પુરાવ શબ્દની વા- ખ્યા સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩ માં કરવામાં આવેલી છે. અને તેમાં (૧) તમામ હકીકતો જે કોરટ સાક્ષીને કહેવાને પરવાનગી આ પે અગર સાક્ષી પાસે માગે તેનો અને (૨) કોરટને તપાસવા સારૂ રજુ કરેલા તમામ દસ્તાવેજોનો સમાસ થાય છે. જે હકીકત અગર કબુલત આ કામમાં કોરટની રૂબરૂ લખી લેવામાં આવી છે તે સોગન ઉપર લખી લેવામાં આવી નથી. તેથી કોરટે તપાસેલા સાક્ષીનો આપેલો પુરાવ નથી. (ચીફ જષ્ટીસ ગાર્થ સાહેબ—કલમ ૩૦ માં સાબેત થએલું એવા શબ્દો છે તે આગળથી આપેલી કબુલતને લાગુ થવા જોઇએ.)

કોરટ એ શબ્દમાં જડજ એકલાનો અગર જડજ અને જુરીનો સ માસ થાય છે તે વીશે પુરાવ આકટની કલમ ૩ માં એવી વાખ્યા કર- વામાં આવી છે કે અમુક શખસોને પુરાવ લેવાને કાયદેશર રીતે અખત્યા ર આપેલો હોય તે કોરટ છે. હવે જડજને તેવો અખત્યાર છે અને જુરી ને નથી. પૂરાવ લેવો એ જુરીનું કામ છે એમ થઇ શકતુ નથી. (જસ્ટીશ જાકશન શાહેબ—તે કલમમાં જે એવા શબ્દો વાપરેલા છે કે કોરટ એ શબ્દમાં જેવા શખસો તેમાં બતાવેલા છે તેવા શખસોનો શમાશ થાય છે અને તેની નીચેની બીજી રકમમાં હકીકત એ શબ્દની વાખ્યા કરવાને જે શબ્દો વાપરેલા છે તે એ છે કે હકીકતનો અરથ થાય છે અને તેમાં ઇ ત્યાદીનો શમાશ થાય છે માટે પેહેલી વાખ્યાનો હેતુ તમામ રીતનો નથી) ફો. કા. ચ. ની રીતના કાયદા શને ૧૮૭૨ નો આકટ ૧૦ ના બાબ ૧૯ માં કોરટ અને જયુરી એ શબ્દમાં ભેદ બતાવેલો છે. કલમ ૨૩૧, ૨૪૩, ૨૫૧, ૨૫૩, ૨૫૫, ૨૫૬, ૨૬૨ અને ૨૬૫ આ બધા ઉપરથી એવું જ જણાય છે કે કોરટ એ શબ્દનો અરથ ફકત જડજ છે. (જષ્ટીશ એઇન-

સ્ટી શાહેબઃ—કલમ ૨૫૩ ના પેહેલા ભાગમાં કોરટ શબ્દનો અરથ જ-ડજ થાય છે. પરંતુ બીજા ભાગમાં કોરટનુ મકાન થાય છે.) શને૧૮૭૨ આકટ ૧૦ ની કલમ ૨૪૯ માં એવું કહેલું છે કે માજીસ્ટ્રેટની રૂબરૂ આ પેલા પુરાવના આધારથી ચડતા દરજ્જાની કોરટ ફેંસલો આપી શકેછે. જો તેનો ફકત તે પ્રમાણે આધાર સખવામાં આવ્યો હોય તો આવા પુરાવા ઉપરથી છેવટ ફેંસલો આપી શકાય તે પેહેલાં કાંઇક વધારે હોવું જોઇએ. પુરાવ આકટની કલમ ૩૦ કલમ ૨૪૯ ની સાથે વાંચવી જોઇયે.

બીજા સખસની વીરૂધ આપેલી કબુલત ઉપરથી ગુનાહની સાબતી-નો ઠરાવ થઇ શકે કે નહીં. તે વીશે અમારે ધારવું જોઇએ કે તે પુ-રાવ છે અને તેવા પુરાવના અસર વીસે અમારે વીચાર કરવાનો છે. માહારાણી વીરૂધ નાગા અને માહારાણી વીરૂધ ચંદરભટાચારજીના કામમાં ઠરાવવામાં આવ્યું છે કે આવી કબુલત ઉપરથી કામનો આધાર થઇ શક-તો નથી. પરંતુ કાંઇક બીજો અગત્યનો સ્વતંત્ર પુરાવ હોવો જોઇએ. પુરાવ આકટની કલમ ૩૦ નો અરથ માહારાણી વીરૂધ જાફરઅલ્લી વીગરે ના ઠરાવમાં ખુલ્લી રીતે બતાવવામાં આવેલો છે. (જસ્ટીશ જાકશન સા-હેબ—કલમ ૧૩૩ વીરૂધ મુંબાઇનો ઠરાવ છે.

સરકાર તરફથી જુનીયર લીગલરી મેંમબ્રનસર (મી૦ કીલલી)—એ-વી અરજ કરવામાં આવીછે કે આ કામમાં હાય કોરટના ફેંસલામાં મી. જસ્ટીસ મેકડોનલ સાહેબે "પુરાવ" શબ્દનો અર્થ કરેલો છે તથા સામાન્ય રીતે બતાવેલા કામોમાં કરવામાં આવેલો છે તે કરવો જોઇએ.

મી૦ બેસ્ટના પ્રમાણશાસ્ત્રને પાને ૧૦ મે એવી વાખ્યા કરવામાં આ-વી છે કે "હકીકતની કોઇ બાબત જેનો અસર, વલણ અથવા હેતુ મ-નમાં હકીકતની બીજી બાબત છે કે નહીં તે વીશેની સમજ ઉતપન થાય તે છે અને વળી તે પાનાની નીચે નોટ છે તેમાં એવું વરણન કરવામાં આવ્યું છે કે કાંઇ પુરાવ સાંમાન્ય રીતે માલુમ પડે તે પછી મનુષ્યના દફતરના કાગળનો અથવા લખતનો પુરાવ હોય તેની ચીંતા નહીં."

પુરાવ આકટમાં જે બાબતની તપાસ કરવામાં આવે છે તે બાબત સબંધી સાક્ષીઓનું જે કહેવું થાય તેનેજ તે શબ્દ લાગુ થાય છે એમ ઠ-રાવવામાં આવ્યું છે. પરંતુ કબુલત શબ્દની વાખ્યા કલમ ૧૭ માં કરવા-માં આવી છે. ફોજદારી કોરટોમાં જે કબુલત આપવામાં આવે છે તે વીશે "કન"ફેશન શબ્દ વાપરવામાં આવે છે તેનો સમાસ કબુલત બા-બત ઇંગરેજીમાં એડમીશન શબ્દ છે તેમાં થાય છે માટે "એડમીશન" અથવા "કનફેશન" એ શબ્દોથી જે કબુલત થાય છે તે ઉપરથી કોરટે ગુનાહનો અથવા નીરઅપરાધીપણાનો અનુમાન કરવાનું છે. જ્યારે "કનફેશન"

(ફોજદારી કામમાં આપેલી કબુલત) સાબેત કરવામાં આવે છે ત્યારે કલમ ૩૦ પ્રમાણે તે હકીકત થાય છે અને તે બરોબર કલમ ૩૦ પ્રમાણે છે. સબબ પુરાવની જે વાખ્યા એવી કરવામાં આવે કે લાગતી જે હકીકત ઉપરથી ગુનાહનું અગર નીરપરાધીપણાનુ અનુંમાન કરવાનું છે તે પુરાવ છે તો કલમ ૩૦ ના શબ્દો બરોબર છે.

કોરટ એ શબ્દનો અર્થ જડજ અને જ્યુરી એવો થવો જોઇએ. કારણ કે જ્યુરીનો અભીપ્રાય જડજ નાપસંદ ના કરે તો જ્યુરીના અભીપ્રાય પ્રમાણે જડજે ચાલવું જોઇએ. કોરટ એ શબ્દનો અરથ કલમ ૩ માં સાબેત થએલું એ શબ્દોની વાખ્યામાં બતાવવામાં આવેલો છે માટે તેનો અરથ એવો થવો જોઇએ કે જડજ અને જુરી તે કોરટ છે. કારણ કે ફો. કા. જડજ એકલા ફૈંસલો આપતા નથી. (જસ્ટીસ બાકશન સાહેબ—અમારે કહેવું જોઇએ કે કલમ ૨૪ અને ૨૮ મીમાં કોરટ શબ્દ જે કોરટમાં કબુલત આપવામાં આવી હોય તે કોરટ [illegible] ખુલ્લી રીતે છે.)

ફુલબેંચે નીચે પ્રમાણે ફૈંસલો આપ્યો.

ચીફ જસ્ટીસ ગાર્થ સાહેબઃ—અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૩૦ પ્રમાણે કેદીની જે કબુલતથી તેને પોતાને તથા બીજા કેદીને તેના તેજ ગુનાહ બાબત હરકત થતી હોય તો જ્યારે તે કબુલત બીજા કેદીઓની વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક છે અને કોરટે તેની તે વ્યવસ્થા કરવી જોઇએ. જ્યારે આ કબુલત યોગ્ય રીતે શાબેત થએલી હોય તો તે કલમની સ્પસ્ટ ભાશા પ્રમાણે તે કેદીઓમાંથી ગમેતે કેદી વીરૂધ વીચારમાં લઇ શકાય છે અને પુરાવ શીવાય બીજી કેાી રીતે તે વીચારમાં લેઇ શકાય એ અમારા જોવામાં આવતું નથી. તે કલમમાં એવો કાંઇ ઠરાવ નથી કે તે એક કેદી વીરૂધ એક રીતે પુરાવમાં લેવા લાયક થાય અને બીજા કેદી વીરૂધ બીજી રીતે પુરાવમાં લેવા લાયક થાય. પરંતુ અમારા અભીપ્રાય પ્રમાણે તે કેદીઓમાંના ગમેતે કેદીઓ વીરૂધ સદરહુ કલમથી તે કબુલત પુરાવમાં દાખલ કરવા લાયક છે તોપણ તેવા પુરાવની ઉપર જે વજન રાખવું જોઇએ તે અને તે કબુલત એકલી જોતાં ગુનાહની સાબેતીનો ઠરાવ વ્યાજબી રીતે થાય કીંવા નહીં એ બાબત કાયદાની છે માટે તે સવાલનો વીચાર જે જડજ કામનો તપાસ કરતા હોય તેમણે કરવાનો છે.

કેદી અ એ એક કબુલત આપી તેમાં કેદી બ ને ગુંથેલો છે. પરંતુ તે કબુલતના આધારમાં બીજો કાંઇ પુરાવ નથી માટે તે બ વીરૂધ ઘણોજ નબળા પ્રકારનો પુરાવ છે.

તે હકીકત ત્રીજા સખસે સોગન અગર પ્રતીજ્ઞા શીવાય કહેલી છે માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે આવા પૂરાવ ઉપરથી કેદી બ ને કોઇ કોરટે ગુનેહગાર ઠરાવવો નહીં જોઇએ.

વળી અમારી નજરમાં આવે છે કે આવા પુરાવ ઉપરથી કેદીને ગુનેહગાર ઠરાવવામાં આવે પછી તે જુરીએ ઠરાવેલો હોય કે બીજી રીતે ઠરેલો હોય પણુ જો આ કોરટને અપીલ કરેતો ગુનાહની સાબેતીનો ઠરાવ રદ થવો જોઇએ. અને વળી કોઇ પણુ શેશન જડજ આવા કામને તપાસ જુરીની રૂબરૂ કરેતો તેમણે કેદીને નીરદોશ ઠરાવવાને હુકમ આપવો જોઇએ. આ કબુલતની સાથે કેદીને ગુનેહગાર ઠરાવવાને પ્રસંતરી પુરાવ કેટલો બસ થાય તેનો આધાર દરેક કામની હકીકત ઉપર હોવો જોઇયે.

કોરટ એ શબ્દનો અરથ જે કોરટની રૂબરૂ કેદીની તપાસ કરવાની હોય છે તે કોરટ અને જુરીની તપાસમાં જડજ અને જુરી એવો થવો જોઇએ એમ અમારી નજરમાં આવે છે. અમે એમ ધારી શકતા નથી કે કોરટ શબ્દનો અરથ કરવાનો એવો ઇરાદો રાખવામાં આવેલો છે કે કબુલતના એક ભાગ બાબત જડજ અને જુરી થાય અને બીજા ભાગ બાબત ફકત જડજ થાય.

બીજા પુરાવ ઉપરથી કબુલતને પુષ્ટી થતી હોય તો તપાસમાં હકીકત સાબેત કરવાને બીજા પુરાવ પેહેલાં કબુલત આપવામાં આવી હોય અગર કબુલત આપતાં પહેલાં બીજો પૂરાવ થયો હોય તેથી કાંઇ હરકત છે એમ અમારી નજરમાં આવતું નથી. દરેક કામમાં પુરાવ કેવી રીતે આપવો તે ફરીઆદ તરફની શુગમતાનો સવાલ છે. માટે તેઓ પોતાની નજરમાં યોગ્ય લાગે તે પ્રમાણે પુરાવ આપવાને હકદાર છે.

જષ્ટીસ જાકશન સાહેબ:—પુરાવ આકટની કલમ ૩૦ માં જે કબુલત કહેવામાં આવેલી છે તેનો અરથ કાયદા કરનારાઓના ઇરાદા પ્રમાણે ઇંગરેજીમાં કાયદેસર શબ્દ શાધારણુ રીતે પુરાવ છે તે છે. વળી અમારી નજરમાં આવે છેકે હીંદુસ્થાનમાં શેશનની તપાસમાં જુરીને વાસ્તે પણુ તે પુરાવ છે. પરંતુ તેની સાથે અમારી નજરમાં એમ આવે છે કે ગુનાહની સાબેતી ઠરાવવાને તે ફકત એકલી બસ નથી. એટલે કે જે સખસે ગુનોહ કબુલ કરયો હોય, તેથી તેની તેવી ફકત કબુલત ઉપરથી તેના શીવાય બીજા તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવી શકાતો નથી. તેમ અમારા અભીપ્રાય પ્રમાણે તે કબુલતની પુષ્ટીમાં હકીકતી પુરાવ જો એવો ના હોય કે જેથી જો તે માનવામાં આવેતો ગુનાહની શાબેતીના ઠરાવને પુસ્ટી થાય તો તેને પણુ તે કબુલત ઉપરથી ગુનેહગાર ઠરાવી શકાતો નથી.

આવા સવાલોનો વીચાર કરતાં જો ઇંગરેજી પ્રમાણુ શાસ્ત્રની ધાર

ણા કરીને પછી પુરાવ આકટમાં શો ફેરફાર કરવામાં આવેલો છે તેનો ત પાસ કરવાને અમારા ધારવા પ્રમાણે અમે બંધાએલા છીએ. તેને લઈને તે કાયદામાં જે રીતી, નીયમો અને વારંવાર જે કામો આવે છે તેને તે નીયમો લાગુ કરવાની બાબત તેમાં છે માટે જે હરકત અને મુશકેલી છે તે ઘણી ઓછી થઇ જાય.

મી૦ નોરટને પોતાના પ્રમાણ શાસ્ત્ર (આઠમી આવૃતી) ની પ્રસ્તાવ-નામાં જેવું વીચારેલું છે તે પ્રમાણે તે આકટ ઘડનારે જયારે હીંદુસ્થાનમાં લાગુ થતો ટેલર સાહેબનો ગ્રંથ તમામ ૧૬૭ કલમોમાં બતાવવાને દાવો રાખ્યો ત્યારે તેમણે તેની બુજ જોએ તેના કરતાં વધારે કરેલી છે એમ થાય. કારણ કે એવાં કામો ઉતપન થવાં જોઇએ કે જે બાબત નીરણય કર-વાને કાંઇ નકી હકીકત તે આકટમાં માલુમ પડી શકે નહીં એ વીશે કાં ઇ શક રહી શકતો નથી. માટે તેવા કામોમાં અમે તે આકટના સામા-ન્ય હેતુને અનુસરતા ઇંગરેજી નીયમો હોય તે નીયમો પ્રમાણે વ્યાજબી રાહે ઘણું કરીને ચાલીએતો તે હમેશાં નીર્ભય છે. પરંતુ જે વીશે ત આ કટમાં સ્પષ્ટ ઠરાવ કરવામાં આવેલો છે તે વીસે શરૂથીજ તે આકટ પ્ર-માણે અમારે ચાલવું જોઇએ અને તેની વ્યવસ્થા ઇંગલાંડમાં ચાલતુ પ્રમાણ શાસ્ત્ર ફકત દુરસ્ત કરવામાં આવ્યું હોય તે પ્રમાણે કરવી ન-હીં જોઇએ.

અમારા અભીપ્રાય પ્રમાણે કાયદા કરનારે તોહોમતવાળાની કબુલત તે સહ કેદીના વીરૂધ પુરાવ છે એમ કહેતાં બંધ કરેલું નથી. તેઓએ તે પ્રમાણે કહેલું નથી કારણ કે તે આકટની વાક્ય રચના તેવી નથી. તે આકટ ઘડનારાઓનો મુખ્ય હેતુ એવો જણાય છે કે હકીકત લાગતી કેઇ છે, અને લાગતી કેઇ નથી. કે જેથી અમુક રીતે તે માનવાનું કારણ થાય. અને બીજું કે જે હકીકત લાગુ હોય તે કેવી રીતે સાબેત કરવી, તે તેમણે સ્પષ્ટ રીતે બતાવવાને જેમ યોગ્ય રીતે બતાવાય તેમ બતાવવા દુરસ્ત ધારેલું છે. * * * *

જસ્ટીસ માર્કબી સાહેબ:—કાયદા કરનારના આકટના અર્થના સવા લની બાબત જુદા જુદા અભીપ્રાય હોવા નહીં જોઇએ એ ઘણું દુરસ્તછે. અમારા વીદ્વાનભાઇઓએ એવો નીશ્ચય કરયો છે કે સાબતીની પ્રસંતરી કબુલત ઉપરથી જુરીએ ગુનાહની સાબેતીનો ઠરાવ કરયો હોય તો તે જે સખસે કબુલત આપેલી હોય તે સીવાય બીજા સખસની વીરૂધ કબુલત ન-થી. તેથી અમે અમારા શકો છોડી દેઇ તેઓએ જે ઠરાવ કરેલો છે કે શાબતીની કબુલત હીંદુસ્થાનના કાયદા પ્રમાણે સહ કેદીના વીરૂધ પુરાવ છે તે સાથે અમે મળતા આવી અમે સંતોશ રહીએ છીએ.

જસ્ટીસ એઇનસલી સાહેબ:—હકીકતના સવાલની વ્યવસ્થા કરવામાં જે હકીકત કહેવામાં આવેલી હોય તે શાબેત થએલી છે કે તે ના સાબેત કરવામાં આવેલી છે અગર તે સાબેત કરવામાં આવી નથી. તેનો ન્યાયની કોરટોએ નીરણય કરવાનો છે. માટે તેમની રૂબરૂ જે હકીકત કહેવામાં આવેલી તે હકીકતછે કીંવા નહીં, તેનો વીચાર કરી આ થઇ શકેછે અને તેવી હકીકતછે કીંવા નહીં એવું જે ઉપરથી જણાય તે હકીકતની બાબતમાં પુરાવછે.

હીંદુસ્થાનના પુરાવ આકટની કલમ ૩૦ મીમાં કેદીએ કરેલી કબુલત તે કેદીના વીરૂધ વીચારમાં લેઇ શકાય છે; એટલુંજ નહીં પણ તેના તેજ ગુનાહ બાબત તેની સાથેના બીજા સહ કેદી વીરૂધમાં લેઇ શકાય છે. એવું બતાવેલું છે. આવી કબુલતો ઉપરથી સહ કેદી વીરૂધ ગુનાહનો પુરાવ થાયછે. અને જો એમછે તોતે કબુલતનો પુરાવ શીવાય બીજુ કાંઇછે એવું વરણન કરવું અસકય છે. જે કબુલત મુખ જુબાનીથી અગર પ્રથમથી માજીસ્ત્રેટે લખી લીધેલી તે ઉપરથી અને તે લખી લીધાનો કાગળ રજુ કરવા ઉપરથી સાબેત કરવામાં આવેતો. પુરાવ આકટની કલમ ૩માં પુરાવની વાખ્યા જે બતાવેલી છે તેમાં આવી સાબેતીનો ખુલી રીતે સમાસ થાય છે. શેશન કોરટમાં તપાસ ચાલતાં ખુલી કોરટમાં કબુલત આપવામાં આવેલી હોય તે કાંઇ જુદી છે. એમ ઠરાવવાને કાંઇ કારણ બની શકતું નથી. સબબ અમે ઠરાવીએ છીએ કે તમામ જે કબુલતો કલમ ૩૦ પ્રમાણે ઉપયોગમાં લઇ શકાય છે તે પુરાવ છે.

જુરીથી જે કામની તપાસ કરવામાં આવે તેમાં તોહોમતવાળા ઉપરના આરોપો સાબેત કરવાને જે પુરાવ ગુજારવામાં આવેલો હોય તે ભરૂંસા લાયક છે કે નહીં તેનો નીરણય કરવો એ મુખ્યત્વે કરીને જુરીનું કામ છે. પરંતુ જે પુરાવ લાગુ થતો ના હોય તે બાતલ કરવો એ જડજની ફરજ છે પણ જે પુરાવ લાગુ છે એવું ઠરાવવામાં આવ્યું હોય તે માનવા લાયક છે કે નહીં, અને સાધારણ રીતે જોઇએ તેટલો છે કે નહીં, તેનો નીરણય કરવો એ જુરીની ફરજ છે.

જો કામ જુરીની રૂબરૂ જવાને મુકેલું હોય તો તમામ દાખલ કરવા લાયક પુરાવ જુરીની રૂબરૂ આવવો જોઇએ માટે પુરાવ ઉપરથી જે જુરરોને નીરણય કરવાનો હોય તે જુરરોનો કલમ ૩૦ માં કોરટ શબ્દ છે તેમાં સમાસ થવો જોઈએ.

પણ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૧ પ્રમાણે શેશન જડજની નજરમાં એમ આવે કે અમુક કામમાં કામ ચલાવવાનું તથા જુરીને નીરદોશનો ઠરાવ કરવાને ફરમાવવાનું કારણ નથી. તો તે કામ મોકલ્યા સીવાય તે સેશન જડજને તે કામ બંધ પાડવાનો

અખત્યાર આપવામાં આવેલો છે.

માટે કેટલેક દરજ્જે પુરાવ જોઇએ તેટલો છે કે નહીં તેનો નીરણય જડજે કરવાનો છે, અને જુરીની રૂબરૂ મોકલવાને કાંઇ પુરાવ ના હોય પણ ફકત તપાસમાં સહકેદીની પ્રત્યંતરી પુરાવ સીવાયની કબુલત હોય તો નીરદોશનો ઠરાવ કરવાને જુરીને ફરમાવવાને જડજને અખત્યાર આપવામાં આવેલો છે.

અમારી નજરમાં આવે છે કે આ અખત્યાર તેમને આપવામાં આવ્યો છે એટલુંજ નહીં પણ તે વાપરવાને તેઉ બંધાએલા છે. આ કામનો ખરી રીતે કલમ ૧૩૩ ના શબ્દોમાં સમાસ થતો નથી. અને તે કલમ કલમ ૧૧૪ મીના ચ દ્રષ્ટાંત સાથે વાંચવી જોઇએ. અને તે પ્રમાણે વાંચતાં એમ માલમ પડે છે કે સાબતીની પુષ્ટીમાં મુદાની બાબતમાં પ્રત્યંતરી પુરાવ ના હોય તો તે માનવા લાયક નથી એવું અનુંમાન કરવું તે વ્યાજબી છે. મુદાની જે બાબતો વારંવાર બતાવવામાં આવી છે તે પ્રમાણે તે તોહોમતવાળાનો ગુનહા સાથે સબંધ રાખે છે તેછે. અને ગુનહાની સાધારણ વાતને જેથી ફકત પુંષ્ટી થતી હોય તે નથી. જયારે તોહોમતવાળાની વીરૂધ તેની સાથે તે ગુનહા બાબત એકજ તપાસમાં તપાસવામાં આવેલા સહકેદીની પ્રત્યંતરી પુરાવ વગરની હકીકત સીવાય બીજું કાંઇ ના હોય તો તે તપાસ બંધ કરવાને શેશન જડજ બંધાએલા છે. અને તે કરવામાં તેઉ કશુર કરે તો તે કાયદાની ચુક છે અને તેથી આવી હકીકત છતાં જુરીએ ગુનહાની સાબેતીનો ઠરાવ કરયો હોય તો તે રદ થાય છે. એ વીચારને અનુંસરતો ના આવે એવો કોઇ ઠરાવ અમારા અભીપ્રાય પ્રમાણે કાયદામાં નથી.

જષ્ટીશ મેકડોનલ સાહેબ—પેહેલી અને બીજી બાબત અમે અમારા વીદ્વાન ભાઇઓ સાથે અમે મળતા છીએ. જે વખતે કામ ફુલબેંચ તરફ મોકલ્યું તે વખતે અમે તેવોજ વીચાર કરયો હતો. ત્રીજી બાબત મી૦ જષ્ટીશ જેનકશન સાહેબના ફૈંસલા સાથે અમે તદન મળતા છીએ.

ફોજદારી અપીલ

તા૦ ૩૧ જાનેવારી સને ૧૮૭૯

મી૦ જષ્ટીશ બર્ચ અને મી૦ જષ્ટીશ મીત્તર સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ ફતેજાખાંન વીગરે.

સેશન કોરટની હકુમત—જે કામો ફકત શેશન કોરટને તપાસવા

લાયક ના હોય તે પોતાની તરફ કમીટ કરવાનો અખત્યાર—ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ નો આકટ આ૦ ૧૦ ની કલમ ૨૩૧ ૪૭૧—અને ૪૭૨

જે કામ ફકત શેશન કોરટને તપાસવા લાયક ના હોય તે કામ સેશન કોરટને પોતાની તરફ કમીટ કરવાને અખત્યાર નથી.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૭૧ માં પોતાની તરફ ક-મીટ કરવું એવા શબ્દો છે તે કલમ ૨૩૧ ના સબંધમાં વાંચતાં સેશન કોરટને આવું કામ પોતાની તરફ કમીટ કરવાને અખત્યાર આપેછે એમ ઠરાવી શકાતું નથી.

પાનુ ૫૭૦ આ કામમાં બરદવાનના શેશન જડજની રૂબરૂ તો-હોમતવાળાના ઉપર હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ મી પ્રમાણે ન્યાયની રૂઇનું કામ ચાલતાંની દરમીઆનમાં ઇરાદા પુરવક જુઠી સાહેદી આપ્યાનો આરોપ રાખવામાં આવેલો છે. જે જડજની રૂબરૂ તે કહેલી જુઠી સાહેદી આપવામાં આવી છે તેણે આરંભની તપાસ કરેલી છે, અને તોહોમતવાળાને પોતાની કોરટમાં તપાસ કરવાને કમીટ કરેલો છે.

ફો, કા. ચ. ની રીતીના કાયદાની ફરી તપાસની કલમ પ્રમાણે આરં-ભની તપાસ તથા કમીટ કરવાનો હુકમ કરવામાં જે પ્રોશીડીંગ ચલાવેલું તે રદ કરવાને તોહોમતવાળાએ હાયકોરટમાં અરજ કરી, એવા કારણથી કે તે કામ હકુમત વીના ચલાવવામાં આવેલું છે.

અરજદાર તરફથી બાબુ ગુરૂદાસ બાનરજી.

કોરટનો ફેંસલો જષ્ટીશ બર્ચ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામમાં ન્યાયની રૂઇના કામમાં એટલે હિં. ફો. કાયદાની ક-લમ ૧૯૩ મી પ્રમાણે સેશન કોરટમા ચાલેલી તપાસમાં અરજદારે જુઠી સાહેદી આપી તે બાબતની શેશન કોરટની રૂબરૂ તપાસ થવા સારૂ બર્દવાનના સેશન જડજે તેને કમીટ કરેલો છે. સેશન જડજે પોતે આરંભની તપાસ કરેલી છે અને તે કામ શેશન કોરટમાં કમીટ કરેલું છે.

આ કમીટ કરયાનો હુકમ ફો. કા. ચ. ની રીતીના કાયદાના ઠરાવ વીરૂધ કરવામાં આવેલો છે, માટે તે કમીટ કરયાનો હુકમ રદ કરવાને અ-મારી પાસે માગવામાં આવેલું છે.

શેશન જડજે જે ખુલાશો અમારી તરફ મોકલેલો છે તેમાં કહેલું છે કે તેમના અભીપ્રાય પ્રમાણે કલમ ૪૭૧ મીથી આ કામ કમીટ કરવા-ને તેમને અખત્યારછે, અને તે નીચેની કલમ ૪૭૨ મીના ઠરાવથી તે અ-ખત્યારની કાંઇ મર્યાદા બાંધવામાં આવેલી નથી.

અમારી નજરમાં આવે છે કે તે વીદવાન જડજે કાયદાનો ભુલ ભરેલો વીચાર કરેલો છે. માટે આ કલમોનો અરથ તેઉ જે કરેછે તેને પુષ્ટી થઇ શકતી નથી.

ફનેજયાળખાંનના ઉપર જે આરોપ રાખવામાં આવેલો છે, તે ફક્ત શેશન કોરટને તપાસવા લાયક છે, એમ નથી. તે વીશે કાંઇ તકરાર નથી. ફક્ત સેશન કોરટને તપાસવા લાયક કામોમાંજ કલમ ૪૬૭, ૪૬૮ અને ૪૬૯ મીમાં બતાવેલા ગુનહાના તોહોમત બાબત તોહોમતવાળાની તપાસ કરવાને તેને કમીટ કરવાનો અથવા જામીન ઉપર છોડી તપાસવાનો તે જડજને અખત્યાર છે. આવી જાતના કામો કે જે ફક્ત શેશન કોરટને તપાસવા લાયક નથી તેમાં કલમ ૪૭૧ મી પ્રમાણે તોહોમતવાળાની તપાસ કરવા સારૂ અથવા કમીટ કરવા સારૂ માજીસ્ત્રેટને હકુમત હોય તે માજીસ્ત્રેટ તરફ મોકલવાનો જડજને અખત્યાર છે.

"કામ પોતે કમીટ કરવુ" એવા શબ્દો કલમ ૪૭૧ મીમાં છે તેનો હેતુ એવો નથી કે તે જડજ ખુલાશો કરેછે તે પ્રમાણે શેશન કોરટ કમીટ કરી શકેછે. જો તે કલમનો આ અરથ થતો હોય તો, કલમ ૨૩૧ મીથી કલમ ૪૩૫ અને ૪૭૨ માં બતાવેલી બાબતો શીવાય બધા ફોજદારી કોરટની હકુમત તરીકે શેશન કોરટના ઇલાજની હદ બાંધવામાં આવી છે.

અમારા અભીપ્રાયમા આવે છે કે આ કામમાં શેશન જડજે જે કામ ચલાવવાની રીતી પસંદ કરેલી છે તે કાયદા પ્રમાણે નથી. સબબ શેશન કોરટમાં કમીટ કરવાનો જે હુકમ કરવામાં આવેલો છે. તે અમે રદ કરીએ છીએ. અને શેશન જડજને ફરમાવીએ છીએ કે તે કામ માજીસ્ત્રેટ તરફ તપાસ થવા મોકલવુ કે જેથી તેઉ તેમને યોગ્ય જણાશે. તે પ્રમાણે તેની વ્યવસ્થા કરશે.

સને ૧૮૭૯ ના નંબર ૧ ના કામમાં દવારકાંનાથ બાનરજીની અરજીને આ હુકમ લાગુ કરવામાં આવશે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ અગષ્ટ સને ૧૮૭૮

"મી૦ જષ્ટીશ માર્કબી અને મી૦ જષ્ટીશ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

"કેસરેહીંદ વી૦ આ.ચીરાજલાલ વીગરે (અરજદારો)

પોલીસની બાતમી—જમીનના માલેકનો એજંટ—ફો. કા. ચ. રીત

ના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૯૦

જષ્ટીશ માર્કબી સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે ફો. કા. ચ. નીરીત ના કાયદાની કલમ ૯૦ ના હેતુ પ્રમાણે "ખજાનચી" એ કાંઇ એજંટ નથી. દીવાનનો શેઠ જો ગેરહાજર હોય તો દીવાન એજંટ છે. પરંતુ જો સેઠ ઇયાને મારતર રહેતા હોય અને તેમના હુકમ પ્રમાણે દીવાન કામ કરતો હોય તો, તેને કલમ ૯૦ માંનો ઠરાવ લાગુ થતો નથી.

જષ્ટીશ પ્રીનસેપ સાહેબ—પ્રશ્ન—કાંઇ એકાએક અથવા અસ્વભાવીક મોત થાય તો, તેની બાતમી આપવાને કલમ ૯૦ મી પ્રમાણે ફકત એજંટ જવાબદાર છે કે નહીં?

અરજદારો તરફથી મીં૦ બાંનસન અને મી૦ ઇવન્સ (તેમની સાથે બાબુ દુરગા પરસાદ દાસ.)

સરકાર તરફથી મીં૦ આશીસ્ટંટ લીગલરી મેંબરનમ્બર(મી. કીલબી)

આ કામમાં અમુક ગાંમના જમીનદારના ખજાનચી તથા દીવાનને તે ગાંમમાં થએલી ચોરીની ખબર પોલીસે નહીં આપવાથી ફો, કા. ચલાવવાનીરીતના કાયદાની કલમ ૯૦ માં પ્રમાણે તપાસ કરી ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે.

તે કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી.

જષ્ટીશ માર્કબી સાહેબ—(માજીસ્ટ્રેટની કાંમ ચલાવવાની રીતીમાં કેટલુંક બેરસીરસ્તે થએલું તે લક્ષમાં લીધા પછી નીચે પ્રમાણે કહેલું છે) પરંતુ વળી અમારી નજરમાં આવેછે કે ફો. કા. ચ. નીરીતીના કાયદાની કલમ ૯૦ મીમાં આ બેમાંથી એકે સખસનો સમાસ થતો નથી. જે સખશ ખરી રીતે ખજાનચી જણાય છે તે જો કે ખરી રીતે બીજું કામ કરેછે તોપણ કાંઇ પણ હકીકત છતાં તે કલમ જમીનદારના તમામ નોકરોને લાગુ કરવાને અગાઊ વલણ થવું નહીં જોઇએ. અને જયાં સુધી તે નોકરોને તે કલમ લાગુ અમે કરીએ નહીં ત્યાંહાં સુધી તે એજંટ થાય છે, એમ અમારી નજરમાં આવતું નથી. દીવાનની બાબતમાં જો તેમનો શેઠ ગેર હાજર હોય તો, તે એજંટ તે આકટના હેતુ પ્રમાણે થાય છે. પરંતુ જો શેઠ અમુક જગોએ રહેતા હોય અને ત્યાંહાં દીવાન શેઠના હુકમ પ્રમાણે કાંમ કરતા હોય ત્યાંહાં તે આકટનો અમલ તે દીવાનને લાગુ કરવો એ ગેરવ્યાજબી થાય. તે કલમની ભાશા ઘણીજ મોંઘમ છે, માટે જો ખરી સખતાઇથી તેનો અરથ કરવામાં ના આવે તો, તે એક ભારે જુલમનુ તે હથીયાર થઇ શકેછે.

સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરવો જોઇએ. અને અરજદારોને નીરદોશ ઠરાવવા જોઇએ.

જષ્ટીસ પ્રીનશેપ સાહેબ (જષ્ટીશ માર્કબી સાહેબે જે ગેરશીરસ્તે થએલું બતાવેલું છે તે લક્ષમાં લીધા પછી નીચે પરમાણે કહયું છે):— કલમ ૯૦ મીની બાબતમાં અમારી નજરમાં આવે છે કે મી૦ બ્રાંનસનની તકરાર એવી છે કે જો કે તે કલમનો શીરૂનો ભાગ જમીનનો જે માલેક અગર કબજેદાર માજીસ્ટ્રેટને બાતમી આપવાને જવાબદાર છે તે સબંધીછે તોપણ જયારે તેમાં તે બાતમીનો પ્રકાર ઠરાવવામાં આવ્યો છે. ત્યારે પેહેલી ત્રણ કલમોના ઠરાવો ઉપરથી તે વર્ગ બાતલ કરવામાં આવેલો છે અને તે ફકત બીજા વરગો સબંધી છે. કાયદા કરનારાઓને આ બાબત અકસમાત રહી ગએલી છે. અગર કાયદા કરનારાઓએ સ્પષ્ટ રીતે એવો ઇરાદો રાખેલો છે કે એજંટ ફકત છેલી રકમની બાબત એટલે કે અકસમાત અને અસ્વભાવીક મોત થએલું હોય તેની ફકત બાતમી આપવાને જવાબદાર છે તોપણ આ કારણથી આ કામમાં ગુનહાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ અમે રદ કરતા નથી, પણ કાયદાની તે સ્થીતી ઉપર લક્ષ ખેંચવાની જરૂર છે, એમ અમારી નજરમાં આવેછે. કે જેથી જો તે અકસમાત રીતે રહી ગએલી હોય તો, જયારે તે કાયદો દુરસ્ત થાય ત્યારે તે બાબત દુરસ્ત કરવામાં આવે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૭ ડીસંબર સને ૧૮૭૮

મી૦ જષ્ટીસ એઇનસ્લી અને મી૦ જષ્ટીસ બ્રાઉટન
સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ શાશીભુશન ચકરબતી.

શાશીભુશન ચકરબતીની અરજની બાબતમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આ.૧૦) ની કલમ ૯૦—ગુનાહની બાતમી પોલીસને આપવી રહેલી.

જે કામોમાં પોલીસને બીજા સાધનોથી અમુક ગુનોહ બન્યાની ખબર મળેલી હોય ત્યારે જે સખશે તે બાતમી પોલીસને આપેલી ના હોય તેના વીરૂધ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૯૦ મીના ઠરાવનો અમલ કરવો નહીં જોઇએ.

પાનું ૬૨૩ મોજે મોશુમદાના ગુમાસ્તાઓમાંનો એક ગુમાસ્તા તરીકે તોહોમતવાળો ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ૯૦ મી પ્રમાણે અબીરશેખની પાડીની ચોરી થયાની બાતમી આપવાને બંધાએલો હતો, તેમ છતાં તેણે તે બાતમી આપી નહીં તેથી પીનલકોડની ક-

લમ ૧૭૬ મી પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો. પુરાવ ઉપરથી એવું જણાય છે કે જે ગુનોહ કહેવામાં આવ્યો છે તે ગુનાહની બાતમી તે થયા પછી થોડીક વખતમાં બે સખસોએ ડીપુટી માજીસ્ત્રેટને આપેલી હ-તી, અને તે બે સખસોમાં એકતો બીજા તે ગામના ગુમાસ્તાઓમાંનો ગુમાસ્તો છે.

અરજદારને ડીપુટી માજીસ્ત્રેટે ગુનેહગાર ઠરાવતાં તેણે ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે હાય કોરટમાં અરજી કરી.

અરજદાર તરફથી બાબુ કીશોરી મોહનરાય.

સરકાર તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જષ્ટીસ એઇનસલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો. (તેમાં જષ્ટીસ બ્રાઉટન સાહેબ મળતા આવ્યા છે):—ફો. કા. ચ. ની.રીતના કાયદાની કલમ ૯૦ મીના ઠરાવનો તથા ફો. કાયદાની કલમ ૧૭૬ મીના ઠરાવનો હેરાનગતી કરવાના કારણસર ઉપયોગ કરવો નહીં જોઇએ. પરંતુ માજીસ્ત્રેટને તથા પોલીસને પોતાની હકુમતમાં ગુનાહ થએલા હોય તેની બાતમી યોગ્ય રીતે મળે તે સારૂ તે ઠરાવોનો ઉપયોગ કરવાનો છે. જો તે બાતમી નજીકમાં નજીકના માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદારને જે પક્ષકારો તે આપવાને બંધાએલા હોય તેમાંના એકે આપેલી હોય તો બીજા બધાને તે આપવાને બંધાએલા હોય તેમણે તે આપેલી નહીં હોય તેથી તેમના ઉપર ફરીઆદ તે બાબત ચલાવવી એ વ્યાજબી નથી. પોલીસ અમલદારને જ્યારે પેહેલો રીપોટ મળે ત્યારપછી તે રીપોટની અડધી ડજન નકલો મળેલી હોય તેથી પોલીસ અમલદારને કાંઇ વધારે સારૂં થતું નથી. કામના જે કાગળો જે અમારી પાસે આવેલા છે તે ઉપરથી હકીકત તરીકે આ કામમાં અમને માલુમ પડે છે તે પ્રમાણે તે ચોરી થઇ ત્યાર પછી ચોથા દીવસ સુધી તે અરજદારનેજ તેની ખબર મળી નહી હતી અને તે દરમીયાનમાં તે ચોરીનો હેવાલ એક બીજા ગુમાસ્તાએ તથા ગામના એક પંચે પોલીસને યોગ્ય રીતે આપેલો હતો. આવી હકીકત છે તો વધારે તે બાતમી આપવાથી કાંઇ પણ ફાયદો મેળવવાનો નહીં હતો. કાયદા પ્રમાણે જે સાચવવાનો ઇરાદો છે તે બધામાં એ છે કે આ બાબતો છુપાવવી નહીં જોઇએ, અને તે સાચવવામાં આવેલું છે. માટે અમારા અભીપ્રાય પ્રમાણે આ ફરીયાદ ગેરવ્યાજબી છે.

માજીસ્ત્રેટે જે શીક્ષાનો હુકમ કરેલો છે તે પીનલકોડની કલમ ૧૭૬ મી પ્રમાણે થઇ શકતો નથી. માટે તે શીક્ષાનો હુકમ જે કરવામાં આવેલો છે તે અમે રદ કરીએ છીએ, અને અમારી નજરમાં આવે છે કે કાંમની હકીકત છે તે પ્રમાણે તે હુકમને બદલે બીજો કોઇ હુકમ કરવાની જ

ફેર નથી. માટે તોહોમતવાળાને છોડી દેવો.

ગુનાહની શાબેતીનો ઠરાવ રદ કરયો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૧ જાન્યુઍરી સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ એઈનસ્લીતથા મી૦ જષ્ટીસ બ્રાઉટન સાંહેબોની રૂબરૂ

દીનાદુરદત્ત વીગરેની અરજીની બાબતમાં

છોડી દેવાનો હુકમ—કામ પાછુ ફરી તપાસ સારૂ મોકલવાનો પાછળથી હુકમ કરેલો—ફો. કા. ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ના આકટ ૧૦)ની કલમ ૨૯૫, ૨૯૭.

ફોજદારી કામ એક વખત કાહાડી નાંખવામાં આવ્યા પછી તે કામની ફરી તપાસ કરવા સારૂ સબોરડીનટ માજીસ્ટ્રેટ તરફ તે કામ મોકલવાને માજીસ્ટ્રેટને અખત્યાર નથી. તેઉને જે ઇલાજ કરવાના છે તે એવાકે કે (૧) નવો પુરાવ જે તે કામ કાહાડી નાંખ્યું તે વખતે કોરટની રૂબરૂ ના હોય તેવા પુરાવની મદદ સાથેનવી ફરીયાદ લેવી, અથવા (૨) જો તે વધારાનો પુરાવ મેળવવાનો ના હોયતો, સને ૧૮૭૨ ના આ. ૧૦ ની કલમ ૨૯૬ મી પ્રમાણે હાય કોરટનો હુકમ થવા સારૂ તે કામનો રીપોટ કરવો.

પાનું ૬૪૭ એક પ્રસોનો કુમાર મીતરદતે બીજા દુરદત વીગરે ઉપર નદીઆના ડીપુટી માજીસ્તરેટની રૂબરૂ પીનલ કોડની કલમ ૬૪૩ અને ૩૫૨ મી પ્રમાંણે આરોપ રાખ્યો હતો. પરંતુ તોહોમતવાળાઓને તા૦ ૯ મે સને ૧૮૭૮ ના રોજના હુકમથી છોડી દેવામાં આવ્યા છે. અને તે માજીસ્તરેટના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તે ફરીઆદીએ કાંઈ બખેડો કરેલો નથી અને તે તોહોમતવાળો ફક્ત પોતાના બચાવમાં વરતેલો છે.

પછી પ્રશોનોકુમારે તે હુકમ ઉપર શેશન જડજને અરજી કરી, પરતુ શેશન જડજે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૫ મી પ્રમાણે કરેલા હુકમમાં હાથ ઘાલવાની ના કહી અને એવી શલાહ આપી કે માજીસ્તરેટને અરજી કરવી જોઇએ.

પછી માજીસ્ટ્રેટે જીલ્લા માજીસ્ટ્રેટને અરજ કરી. તેથી તેઉએ તા૦ ૮ નવંબર સને ૧૮૭૮ ના રોજ તે કાંમની ફરી તપાસ કરવાનો હુકમ કરયો. એવા કારણથી કે ગેર ઇનશાફ થએલો છે, કારણ કે તોહોમતવાળા ઉપર તોહોમતનામું લખી તોહોમત ફરમાવવામાં આવેલું નથી, અને આંનગી મીલકત બચાવવાના હકની તકરાર બરોબર નથી, કારણ

કે જે જગોએ તોફાન થયું ત્યાં મીલકતનો બચાવ કરવાને પોલીસ હતી. પરંતુ બખેડાની અંદર બેઉ પક્ષકારોને જે નુકશાન કરવામાં આવેલુ તેનું વેર લેવાની ફક્ત લડાઇ હતી.

તોહોમતવાળાએ તા૰ ૮ નવંબરના રોજનો હુકમ રદ કરાવવાને હાયકોરટમાં અરજી કરી.

અરજદાર તરફથી બાબુસરોડા ચરનમીતર તા૰ ૮ નવંબરના રોજનો હુકમ કાયદેશર નથી, કારણ કે તે કામની ફરી તપાશ કરવાનો હુકમ કરવાને માજીસ્તરેટને અખત્યાર નહીં હતો. તે માજીસ્ટ્રેટે સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે આખરના હુકમો થવા સારૂં તે કામમાં તેમણે હાયકોરટમાં પુછવું જોઇતું હતું.

તે કામ પીનલકોડની કા. ૧૪૩ અને ૩૫૨મી પ્રમાણે છે, માટે તે ફક્ત માજીસ્તરેટને તપાસવા લાયક હતું, અને છોડી દીધાનો હુકમ ફરીથી ખોલવાનો હુકમ કરવાને જીલા માજીસ્તરેટને અખત્યાર નહી હતો. ક્રીસ્તોરામ મોહારા વી૰ આનીશ. તોહોમતવાળાની ઉપર તોહોમત રાખીને ફરમાવવામાં ફક્ત આવેલું નહીં તેથી તે ફેંસલો રદ કરવાને પુક્ત કારણ બનતું નથી.

પ્રશોનોકુમાર મીતર તરફથી બાબુ ઓપેંદ્રચંદ્ર બોસ અને બાબુ બીત્રાદાશ ગોકરજી.

હાલના રીપોર્ટને શારૂં જોઇએ તેટલો ફેંસલો નીચે પ્રમાણે જસ્ટીશ એઈન્સલી સાહેબે આપેલો છે. (તે સાથે જસ્ટીશ બ્રાઉટન સાહેબ મળતા આવ્યા.) આ હુકમની બાબતમાં પેહેલી બાબત એ કેહેવાની છે કે જે વીચારથી શીંરૂ તે કરવામાં આવેલો છે તે સમજવાને મુશકેલી છે. જો મી૰ રીકટને એવી ખાત્રી થએલી હોય કે પુરાવનો વીચાર કરતાં, તોહોમતવાળાઓના ઉપર તોહોમત ફરમાવવાને કાંઇ કારણ નહી હતુ તે તોહોમત ઘડવામાં આવેલું નથી તેથી ગેર ઇનશાફ કેવી રીતે થયો તે જણાતું નથી. તોહોમત લખવાથી પરીણામ ફક્ત એવો થાત કે નીરદોશ કરવાનો હુકમ કામમાં લખાત.

માજીસ્ટ્રેટે બાજા વીચારો બતાવ્યા છે તે અસલ કોરટના ફેંસલા ઉપર અપીલ કોરટે ટીકા કરેલી હોય તેના છે. મીલકતનો ખાંનગી બચાવ કરવાના હક બાબત, તેમજ પુરાવના વજનની બાબતમાં મી૰ રીકટશે જે નીશ્ચય કરેલો છે તે બરોબર છે કાંવા નહીં તેનો વીચાર તે માજીસ્તરેટને કરવાનો નહી હતો. કારણ કે મી૰ રીકટસના ફેંસલા ઉપર તેમને કાંઇ અપીલ થવાની નહીં હતી. આ કામમાં જો તે કાંઈપણ કરી

શકે તો, કીસ્તોરામ મોહોરા વી૦ આનીસના કામમાં કહેલાં કારણો એ ટલે કે તોહોમતવાળાને છોડી દીધાનો હુકમ જે વખતે કરવામાં આવ્યો તે વખતે જે બીજો પુરાવ નહીં હતો તે મળવા લાયક છે અને તે ફકત કારણુથી નવી ફરીયાદ સાંભળીને તેઉએ તે કરેલો હોવો જોઇએ. પરંતુ તદન ખુલ્લું છે કે બીજો કાંઇ પુરાવ કોરટને વીચારમાં લેવાનો ખરી રીતે છે તે વીશે માજીસ્તરેટે કાંઈ ખાત્રી કરેલી નથી. અને તેમના હુકમના ૧૫ ઉપરથી જણાય છે કે આ કારણુ ઉપરથી તેમણે તે કાંમ ચલાવ્યું નથી, નવા પુરાવની મદદ સાથેની નવી ફરીયાદ તેમણે લીધી નથી. પરંતુ તે કાંમની ફરી તપાશ કરવાને તે કાંમ પાછું મોકલવાનો હુકમ કરેલો છે, અને મી૦ રીકેટસની મંદગીની હરકત થએલી ના હોત તો તેમની તરફ તે પાછું મોકલવામાં આવત, અને તેઉ અમારા સમજવા પ્રમાણે પેહેલા વર્ગના માજીસ્તરેટનો અખત્યાર વાપરે છે.

કીસ્તોરામ મોહારા વી૦ આંનીશના કામનો ઠરાવ ઉપર બતાવવામાં આવ્યો છે તે ઉપરથી ખુલુ જણાય છે કે તે કામ પાછું મોકલવાનો હુકમ કરવાને તે માજીસ્તરેટને અખત્યાર નહી હતો. વળી ત્યારપછીનો એક મુકરદમો છે તેનું મથાળું નીચે પ્રમાણે છેઃ—"શબારડીનેટ માજીસ્તરેટે પુરાવ જોઈને ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે અરજદારોને છોડી દીધેલા છે. તેમના ઉપરનું અમુક ફો. કા. તાજુ કરવાને જીલા માજીસ્તરેટે હુકમ કરેલો છે. તે કાયદા વીરૂધ છે. તે કામમાં અઘટીત રીતે છોડી દીધાનો હુકમ કરેલો તે બાબત ફો. કા. ચ. રી૦ ના કાયદાની કલમ ૨૯૫ પ્રમાણે તે માજીસ્તરેટની રૂબરૂ આવી ત્યારે તેમણે ફકત યોગ્ય ઇલાજ કરવાનો હતો. તે એ હતો કે હાયકોરટના હુકમ સારૂં તે કામનો રીપોટ કરવો અને હાયકોરટના અભીપ્રાયમાં જો એમ આવે કે તોહોમતવાળાને છોડી દીધાનો હુકમ અઘટીત રીતે કરવામાં આવેલો છે તો કલમ ૨૯૭ પ્રમાણે હાયકોરટ ફરી તપાસ કરવાને હુકમ કરી સકતા હતા."

સબબ અમે તા૦ ૮ નવંબર સને ૧૮૭૮ ના રોજનો હુકમ રદ કરીએ છીએ. અને ફરમાવીએ છીએ કે કાંઇ કામ ચલાવવું નહીં, અને જો કાંઇ ચલાવવામાં આવ્યું હોય તો તે તરત બંધ પાડવું,

હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૧૮ ડીસેંબર સને ૧૮૭૮.
મી૦ જસ્ટીશ એઇન્સલી અને મી૦ જસ્ટીશ બ્રાઉટન
સાહેબોની રૂબરૂ.
કુનંદ નારાયણભુપની અરજીની બાબતમાં

ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ ના આક્ટ ૧૦) ની કલમ ૫૩૦ તે રૂઇએ માજીસ્તરેટનો અખત્યાર—પક્ષકારોને હાજર થવાની નોટીશ, તેનો નમુનો—વચમાં હરકત કરનાર.

કોઇ મીલકતના કબજા સબંધી બંધન કારક ઠરાવ કરવાને માજીસ્ટ્રેટને અખત્યાર આપવામાં આવેલો છે તે એક ખાસ અખત્યાર છે અને ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૦ થી જે કામોમાં માજીસ્ટ્રેટની એવી ખાતરી થએલી હોય કે તકરારથી સુલેહનો ભંગ થવાને સંભવ છે એવી તકરાર છે તો તેજ કામોમાં તે અખત્યારનો અમલ કરવાનો છે. આ સંભવ અને તેથી તરત ઇલાજ કરવાની પરીણામે જે જરૂર તેથી માજીસ્ટ્રેટ જે ઇલાજ કરે તે બરોબર છે. સુલેહનો ભંગ થવાને સંભવ છે એવું માનવાનાં તેમનાં કારણો કામમાં લખવાં જોઇએ.

માજીસ્ટ્રેટની રૂબરૂ આ કલમ પ્રમાણે પક્ષકારોએ હાજર થવા સારૂ નોટીશ આપવી. તે નોટીશની અમુક રીતી ઠરાવવામાં આવેલી નથી. તો પણ તે કલમ ઉપરથી જણાય છે કે તે નોટીશ જાણીતા સખશો ઉપરની લખવી જોઈએ અને જાહેર નામા તરીકેના નમુનામાં લખવી નહીં જોઇએ.

આ કલમ પ્રમાણે માજીસ્ટ્રેટે કામ ચલાવતાં વચ્ચમાં કોઇ સખશને તે કામમાં દરમીયાનગીરી કરવાને રજા આપવા સારૂ ફો. કા. ચ. રી. ના કાયદામાં કાંઇ ઠરાવ નથી.

પાનું ૬૫૦ તા. ૨૩ મી માર્ચ સને ૧૮૭૮ ના રોજ ક્રીમીનલકોડની કલમ ૧૪૭–૩૭૭—અને ૩૮૩ પ્રમાણે અમુક સખશો ઉપર આરોપ રાખવામાં આવેલો તેથી માજીસ્ટ્રેટે સ્થાનીક તપાસ કરીને તોહોમતવાળાને છોડી દેવાનો હુકમ કરયો. એવા કારણથી કે તે કામ અમુક મીલકતની બાબત તકરારનું છે એમ તેમને જણાએલું છે અને તેથી તોહોમતવાળાના ઉપર બખેડાનો આરોપ તેઉ રાખી શકતા નહીં હતા અને તેઓ ભયંકર હથીઆર સાથે કાયદા વીરૂદ્ધ મંડળીના અંગભુતો હતા તે વીશેના આરોપ સબંધી પુરાવા ઉપરથીજ ખુલ્લુ જણાય છે કે હથીઆર સાથેની મંડળી હતીજ નહીં. પરંતુ જમીન સબંધી એવી તકરાર હતી કે જે ઉપરથી હવે પછી કાંઈ કજીયો ઉત્તપન્ન થાય તેથી તેઉએ ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે તપાસ કરવાનો હુકમ કરયો છે.

ને પક્ષકારો ઉપર હાજર થવાની જે નોટીસ કાહાડવામાં આવેલી તે ની ચેના શબ્દોમાં હતી:—" જે લાખી રાજદારના ફરીઆદ ચલાવનારો સાથે રાખનારા છે તે એક પક્ષકાર અને બીસની જમીનના કબજેદાર બીજા પક્ષકારોએ તા. ૧૬ મી ના રોજ તપાસ બાબત લખેલી હકીકતો રજુ કરવી."

સુનાવણી થતાં પેહેલાં રાજા કુનંદ નારાયણ ભુપ બીસની જમીન કબજેદાર અને પુડો કીશોર બરમા (લાખી રાજદાર) એ સમાધાન કરી તે રાજાએ જે જમીન બાબત તકરાર હતી તે જમીન પુડો પાસેથી ખરીદ કરી આ સમાધાન કરતાં પહેલાં તા. ૯ મે ના રોજ એક ગોપીનાથ ચકરબતીએ તકરારી જમીનના ભાગના કબજા બાબત દાવો રાખ્યાની અરજી રજુ કરી.

તા૦ ૨૪ મી જુનના રોજ માજીસ્તરેટે હુકમ કરીને એવું ઠરાવ્યું કે તે સમાધાનના ઠરાવ પ્રમાણે તે રાજાનો કબજો છે અને વળી એવું ઠરાવ્યું કે જે ભાગ બાબત ગોપીનાથ ચકરબતીએ દાવો કરેલો છે તે ભાગનો કબજો ગોપીનાથ ચકરબતીનો છે.

ફો. કા. ચ. રીતના કા. ક. ૨૯૭ પ્રમાણે તા૦૨૪ મી જુનના રોજનો હુકમ રદ કરાવવા સારૂ રાજા કુનંદ નારાયણભુપે અરજ કરી.

અરજદાર તરફથી બાબુ હેમચંદર બાનરજી અને બાબુ ઇસરચંદર ચકરબતી:—જ્યારે માજીસ્તરેટને એમ જણાયું કે તા૦ ૨૬ મારચના રોજ જે પ્રોશીડીંગ લખવામાં આવેલું છે તે ઉપરથી કાંઈ બખેડો, ગેર કાયદે મંડળી અને તકરારી જમીન સબંધી હથીઆરબંધી તોફાન થએલું નથી. ત્યારે કલમ ૫૩૦ પ્રમાણે તપાસ કરવાને માજીસ્તરેટે હુકમ કરવો જોઈતો નહીં હતો. વળી તે કલમ પ્રમાણે એવા કારણથી તપાશ કરવાને તે હુકમ કરવામાં આવ્યો છે કે તે તકરારથી હવે પછી કજીઓ થાય તેવું છે તે બરોબર નથી. કારણ કે તે મતલબનો પુરાવ નથી.—

તે કામમાં માજીસ્તરેટે જે નોટીશ કાહાડેલી તે નોટીસમાં ગોપીનાથને દાખલ કરેલો નહીં હતો માટે તે કામમાં તે ગોપીનાથને પક્ષકાર તરીકે દાખલ કરવો જોઈતો નહીં હતો. અને તે રાજા અને ગોપીનાથની વચમાં સુલેહનો ભંગ થવાનો સંભવ થાય તેવી તકરાર હતી એમ કોઈ જગોએ જણાતું નથી. સબબ તે હુકમ રદ કરવો જોઈએ.

સામાં પક્ષકાર તરફથી, બાબુ ગુરૂદાશ બાનરજી અને ઉમા કાલી મુકરજી.

હાયકોરટનો ફેંસલો મી૦ જસ્ટીશ એઇનશલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

ગોલપરાના એકસ્ટ્રા આશીસ્ટંટ કમીશનરની રૂબરૂ જે કામ ચાલેલુ તેથી તા૦ ૨૩ ફેબરવારી સને ૧૮૭૮ ના રોજ તેઉ સાહેબે એવું માનેલું કે એક બાજુ તરફ રાજા કુનંદ નારાયણભુપ અને બીજી બાજુ તરફ પુડો કીશોર બરમા વીગરેની વચમાં અમુક જમીન સબંધી તકરાર હોવાથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે. તે ઉપરથી તેઉ સાહેબે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે કામ ચલાવવું જોઇએ. એવું ફરમાવ્યું અને તે વીશે તકરારનો, મચકુર લખ્યાનું પ્રોશીડીંગ કરી શદરહું બતાવેલા પક્ષકારો ઉપર તેમણે નોટીશ કાહાડી.

છેવટે તેઓની તકરારનું તે શખશોની વચમાં સમાધાન થયું. પરંતુ તે દરમીયાનમાં આ સમાધાન થતાં પેહેલાં થોડીવાર પહેલાં એક બીજો પક્ષકાર ગોપીનાથ ચકરબતી તા૦ ૯ મી મેના રોજ વચમાં આવ્યો. અને માજીસ્તરેટની નોટીશવાળી જમીનના એક ભાગના કબજા બાબત તેણે દાવો રાખ્યો.

છેવટે તા૦ ૨૪ મી જુનના રોજ માજીસ્તરેટે તે પક્ષકાર ગોપીનાથનો કબજો છે એવું એક હુકમ કરી ઠરાવ્યું.

આ ઉપરથી તે હુકમ હકુમતવીના કરવામાં આવેલો છે માટે તે રદ કરવો જોઇએ એવી તે રાજાએ આ કોરટને અરજ કરી અને અમારે વીચાર કરવાનો ફક્ત શવાલ છે તે ફક્ત એક હકુમતનો છે.

ઘણાક કામોમાં ઠરાવવામાં આવ્યું છે કે આવી જાતના કામોમાં કલમ ૫૩૦ પ્રમાણે શરૂઆતમાં કામ ચલાવવું જોઇએ. અને કાશી કીશોરરાય વીરૂધ તારીણીકંત લાહોરીના કામમાં મી૦ જસ્ટીશ નોરમન સાહેબે એવું બતાવ્યું છે કે જે કામોમાં સુલેહનો ભંગ થવાની ધાસ્તી હોય અને સુલેહ રાખવાના કારણશર ફોજદારી કોરટમાં ઇલાજ લેવાની જરૂર હોય તે શીવાય કબજા બાબતના જે કામો સાધારણ રીતે દીવાની કોરટોથી ચુકવાં જોઇએ. તેવા કબજા બાબતના શવાલોમાં અવીચારથી માજીસ્તરેટ હાથ ધાલતાં અટકે તે બતાવવામાં આ વીશેનો એક હેતુ છે.

મીલકતના કબજા બાબત માજીસ્તરેટને બંધન કારક ઠરાવ કરવાને જે અખત્યાર આપવામાં આવેલો છે. તે એક ખાશ અખત્યાર છે. અને તે કાયદાના અગીઆરમા ભાગના અમુક બાબથી કે જેનું મથાળું માજીસ્ટ્રેટની અટકાવ કરવા લાયક હકુમત એવું છે તે બાબથી તે અખત્યાર આપવામાં આવેલો છે. જે કામમાં માજીસ્તરેટની એવી ખાતરી થાય

કે સુલેહનો ભંગ થવાને સંભવ થાય તેવી તકરાર છે અને તેવા સંભવથી તરત ઇલાજ કરવાને જે જરૂર પડે તે જરૂરના કારણથી માજીસ્તરેટ બાબ ૪૦ પ્રમાણે જે ઇલાજ કરે તે બરોબર છે અને જે કારણોથી સુલેહનો ભંગ થવાને સંભવ એવું માનતા હોય તે કારણો પ્રોશીડીંગમાં લખવાને તેમને જરૂર પડે છે.

સને ૧૮૬૧ ના કાયદાની કલમ ૩૧૮ અને હાલના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે અમારા માનવા મુજબ જે બાતમી ઉપરથી માજીસ્તરેટના ઇલાજનો આધાર હોય તે બાતમીમાં બતાવેલા પક્ષકારો ઉપર એક સરખી રીતે નોટીશ કાહાડવાનો રીવાજ છે. તે કાયદામાં એવો ઠરાવ નથી કે નીશબત રાખનાર તમામ પક્ષકારોએ માજીસ્તરેટની કોરટમાં હાજર થવા સારૂં એક જાહેર ખબર અગર જાહેરનામું કાહાડવું. ખરી વાત છે કે "આવી તકરારમાં નીશબત રાખનાર તમામ પક્ષકારોને પુછવામાં આવશે. એવા શબ્દો છે તેથી નોટીશ આપવાની કાંઇક અમુક રીતી સ્પષ્ટ રીતે ઠરાવવામાં આવી નથી. તોપણ અમારા અભીપ્રાયમાં આવે છે કે તે કલમની ભાશા ઉપરથી તે નોટીશ જાણીતા સખશો ઉપર કરવી એમ જણાય છે. તે માજીસ્તરેટને એવી ખાતરી થવી જોઇએ કે સુલેહનો ભંગ થાય તેવો સંભવ થવાને ભારે તકરાર છે. જો કે જે બાતમી ઉપરથી તેઓ ઈલાજ લેવાને ખાએશ રાખતા હોય તે બાતમીના રૂપ સબંધી મરીયાદા કોઇ રીતે બાંધવામાં તે ખુલાસા ઉપર તે આવતી નથી. તોપણ ખુલ્લુ છે કે ઓછામાં ઓછું તે બાતમી ઉપરથી તે તકરારના પક્ષકારો કોણ છે તે જણાવવું જોઇએ. એક બાજુ તરફ તકરારમાં કોઇ એક અગર કેટલાક સખશો છે તે સાથે બીજી બાજુ તરફે એક અગર વધારે સખશો છે એમ જો માજીસ્તરેટ બતાવી શકે તેવું ના હોય તો તકરાર છે" એવું વ્યાજબી રાહે તેઉ કેવી રીતે કહી શકે એ સમજવું મુશકેલ છે. અને જ્યારે માજીસ્તરેટને ફકત એવી ખાતરી થાય કે તકરાર છે ત્યારે તે તકરાર સાથે નીશબત રાખનારા તમામ પક્ષકારોને તેમને બોલાવવાના છે. આ ઉપરથી ખુલ્લુ જણાય છે કે તે સખશોને બોલાવવામાં આવેલા હતા. અને બધા લોકોને બોલાવવામાં આવેલા નહીં હતા.

"નીશબત રાખનાર તમામ સખશોને બોલવવા તે ઉપરથી કાયદાનો હેતુ સામાન્ય લોકોને બોલાવવાનો કાંઇક હોય એવો થાય છે. અને આ વીચારને તે કલમના છેવટના શબ્દો જે એવા છે કે "આ મુદત સુધી કબજાના તમામ તોફાનની મનાઇ કરવામાં આવે છે." તે શબ્દો જોતાં પુષ્ટી થાય છે એમ બાબુ ગુરૂદાશ બાનરજીએ આધાર રાખેલો છે

પરંતુ જાહેરનામાં કરવા બાબતની કામ ચલાવવાની રીતી વીશે જ્યાં સુધી કાંઇ ખાસ ઠરાવ કરવામાં આવ્યો નથી. ત્યાંસુધી અમારા વીચારમાં આવે છે કે શદરહું પાછલા શબ્દો જે પક્ષકારો વીશે તે તકરારની બાબતમાં માજીસ્ત્રેટને ખબર હોય છે તેજ પક્ષકારોને ફક્ત તે લાગુ થાય છે એમ માની શકાય છે.

કલમ ૫૩૧ ની ભાશાથી આ વીચાર કાયમ રહે છે. તે કલમમાં એવા શબ્દો છે કે "જો આવા માજીસ્તરેટ એવું ઠરાવે કે પક્ષકારોમાંના કોઈ પક્ષકારનો કબજો નથી અગર તે ઠરાવી શકતા ના હોય" વીગરે જો તે ઠરાવ બધા લોકોને બંધનકારક થાય એવો તેનો અમલ કરવાને ઇરાદો રાખવામાં આવ્યો હોતતો "કોઈ પક્ષકારનો કબજો નથી" એવા શબ્દો લખવામાં આવત. તે કલમ જેવી છે તે ઉપરથી જણાય છે કે જે સખસો ખરી રીતે માજીસ્તરેટની રૂબરૂ હોય (અગર જેઓને બોલાવવામાં આવ્યા હોય પણ તેઓ હાજર થયા ના હોય) તેમના ઉપર માજીસ્તરેટનો તે હુકમ છે.

તે કાયદાનો આવો વીચાર કરતાં અમારી નજરમાં આવે છે કે સમાધાન થયા પછી જે પ્રોશીડીંગ ચલાવવામાં આવેલું છે તે બરોબર નથી. કલમ ૫૩૦ પ્રમાણે માજીસ્તરેટે જે કામ ચલાવેલું તે ચાલતાંની દરમીયાનની વચમાં કોઈ ત્રીજા સખસને તેમાં દાખલ થવા દેવાને ફો. કા. ચ. રી. ના કાયદામાં કાંઈ ઠરાવ નથી. આવા ત્રીજા પક્ષકારની બાબતમાં તેની તથા બીજા કોઇ સખસની વચમાં તકરાર હોવાથી સુલેહનો ભંગ થાય એવી કાંઈ બાતમી માજીસ્તરેટ પાસે હતી નથી. માટે આવા ત્રીજા પક્ષકારના કબજા વીશે તપાશ કરવાને ફક્ત જે કારણથી તેઉ તે કામની શરૂઆતમાં જુએ તે કારણ હતું નથી. ત્યારપછીની કાંઈપણ બાબત વીશે તેઉ હકીકત પ્રમાણે અને કાયદો પરવાનગી આપે તે પ્રમાણે જુદુ પ્રોશીડીંગ ચલાવી ઇલાજ કરી શકે છે.

ગોપીનાથ ચકરબતીના લાભમાં તા૦ ૨૪ મી જુન સને ૧૮૭૮ ના રોજ એકસ્ટરા આશીસ્ટંટ કમીશનરે જે હુકમ કરેલો છે તે રદ કરવામાં આવે છે માટે તેના સબંધી ચાલેલું તમામ પ્રોશીડીંગ પણ રદ કરવામાં આવે છે. માજીસ્તરેટની રૂબરૂ જે અસલ પક્ષકારો હતા. તેમની બાબતમાં હુકમ કરવાની કાંઇ જરૂર નથી. કારણ કે તેઓની વચેની તકરારનું છેવટ થઇ ગએલું છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ નવેંબર સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ જાકશન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મેકડોનલ સાહેબોની રૂબરૂ.

નાજીરખાંન વીરૂધ્ધ પ્રલ્હાદત વીગરે.

જુગાર—બંગાળાના સને ૧૮૬૭ ના આકટ ૨ ની કલમ ૫—અખત્યાર વીના પેસવું તથા પકડવું—પૂરાવા.

જ્યાં એકાદા પોલીસ અમલદારને માજીસ્ટ્રેટે અથવા જીલાના પોલીસ સુપ્રીનટેનડેન્ટે જે મકાન જુગારનુ કેહેવામાં આવેલું હોય તેમાં પેશી અને શોધ કરી તેમાં જે સખસો માલમ પડે તેમને પકડવા એવો અખત્યાર આપેલો ના હોય તેમ છતાં તે પોલીસ અમલદાર તે મકાનમાં પેસી શોધ કરી તેવા સખસોને પકડે અને જો એમ સાબેત થાય કે તે મકાન જુગારનુ છે એમ બંગાળાના સને ૧૮૬૭ ના આકટ ૨ ની કલમ ૬ પ્રમાણે થતાં અનુંમાન સીવાય સાબેત થાય તો માજીસ્ટ્રેટ તેવા સખસોને વ્યાજબી રાહે ગુનેહગાર ઠરાવી શકે છે.

પાનું ૬૫૯ સને ૧૮૭૨ ના આ ૧૦ ની કલમ ૨૯૬ તથા હાય કોરટ સરકયુલર નંબર ૧૮ તા૦ ૫ જુલાઇ સને ૧૮૬૩ ના રોજનો છે તે પ્રમાણે કરેલું રેફરંસ છે,

એક હેડકોનસટેબલે પોતાની મેળે માજીસ્ટ્રેટ અગર જીલાના પોલીસ સુપ્રીનટેનડેન્ટ તરફથી કાંઇ હુકમ મળ્યા વીના એક મકાન કે જેમાં જુગાર ચાલે છે એમ કહેવામાં હતું તેમાં પેઠો અને કેટલાક સખસો ત્યાં માલુમ પડયા તેમને તેણે પકડયા, અને તેઓને માજીસ્ટ્રેટની રૂબરૂ લઇ જતાં માજીસ્ટ્રેટે પોલીસ અમલદાર તથા એક હરીકીસન ગોસ્વામીની સાહેદી એવી હતી કે તે મકાન જુગારનુ છે અને જેમને પકડવામાં આવ્યા છે તે મનું છે તે ઉપરથી તોહોમતવાળાઓને બંગાળા સને ૧૮૬૭ ના આ. ૨ પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યા, અને તેમનો દંડ કરયો.

શેશન જડજની રૂબરૂ તે કામના કાગળો આવતાં, તેમના અભીપ્રાયમાં આવ્યું કે બંગાળાના સને ૧૮૬૭ ના આકટ ૨ ની કલમ ૫ તથા ૬ તથા તારીખ ૨૪ જુન સને ૧૮૬૮ ના રોજના કલકતા ગેઝીટના પાને ૧૧૮૧ મે જાહેર ખબર છે તે ઉપર લક્ષ રાખતાં, તે પ્રોસીડીંગ ગેરશીરસ્તે છે. અને શ્રીરામચંદ્ર લરખાન વી૦ બીપીનદાસના કામમાં થએલા ઠરાવના આધારથી તા૦ ૨ ફેબરવારી સને ૧૮૭૭ ના રોજ ઠરાવવામાં આવ્યું છે કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ થવા સારૂ તે કામ હાયકોરટમાં મોકલવુ જોઇએ.

આ કામની તકરાર કરવાને કોઇ હાજર થએલું નથી.

હાય કોરટનો અભીપ્રાય જસ્ટીસ જાકશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો છે:—

શેશન જડજે જે ઠરાવ બતાવેલો છે તેની સાથે બરોબર રીતે આ કામને લાગતો નથી.

તે કામમાં આ કોરટના ડીવીઝનબેંચના અભીપ્રાયમાં આવ્યું છે કે તે આકટના હેતુ પ્રમાણે અમુક મકાનમાં પેશી શોધ કરવામાં આવેલો તે જુગારનું મકાન છે એવો તે કામમાં સ્વતંત્ર પુરાવ નહી હતો, માટે તે તેવું મકાન હતું એમ તે આકટની કલમ ૬ પ્રમાણે અનુંમાન થઇ શકતું નથી. કારણ કે તે પેહેલાંની કલમ પ્રમાણે જ્યારે પ્રોશીડીંગ અખત્યાર સાથેનું હોય ત્યારેજ ફકત તે અનુમાન થઇ શકે છે, અને તે ફેંસલામાં કહેલા કારણોથી તે અખત્યાર સાથે નહી હતું એમ ઠરાવવામાં આવેલું છે.

આ રેફરંસવાળા કામમાં સાક્ષી હરીક્રીશ્ન ગોસ્વામીની પ્રતક્ષ સાક્ષી ઉપરથી જણાય છે કે કાનગલી ઘોણીનું મકાન જુગારને માટે હતું માટે જો કે પોલીસે કરેલું કામ કાયદા વીરૂધ હોય તોપણ તેથી તોહોમતવાળો ગુનેહગાર થતો નથી એમ નથી અગર માજીસ્ત્રેટને બીજા સ્વતંત્ર પુરાવના આધારથી ગુનેહગાર ઠરાવવામાં અટકાવ થતો નથી.

માટે ડીપુટી માજીસ્ત્રેટના હુકમમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ. ગુનાહની શાબેતીનો ઠરાવ બાહાલ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ ડીશેંબર સને ૧૮૭૮

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જષ્ટીસ મી૦ જષ્ટીસ જાકસન અને મી૦ જષ્ટીસ મેકડોનલ સાહેબોની રૂબરૂ.

કેસરેહીદ વીરૂધ ટાસ્કુ.

હકુમત—રાગુનમાં ખાસ કોરટ—કામ ટ્રાનસફર કરવામાં આવ્યું.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આ૦ ૧૦) ની કલમ ૬૪—બરમાકોરટોનો આકટ (સને ૧૮૭૫ નો આ૦ ૧૭) ની કલમ ૩૫.

ફો. કા ચ. રી ના કાયદાની કલમ ૬૪ તથા સને ૧૮૭૫ ના આકટ ૧૭ (બરમાકોરટોનો આકટ) ની કલમ ૩૫ પ્રમાણે કોરટે એક કામ કે જેમાં જુડીશીઅલ કમીસનરે મોતની સીક્ષા વીગરે શીક્ષાનો હુકમ કરેલો તે કામ શેશન જડજની કોરટમાંથી પોતાની કોરટમાં મંગાવેલું તેમાં

તે સીક્ષાના હુકમ ઉપર અપીલ બ્રીટીશ બરમાની ખાસ કોરટને સાંભળવાનો અખત્યાર છે અને ટ્રાનસફર કરયા પછી કામની જે સુનાવણી કરવામાં આવે છે તે જુડીશીયલ કમીશનર તરફથી ખાસ હકુમત વાપરવામાં આવી થાય છે.

પાનું ૬૬૭ એક ફોજદારી કામમાં રાગુનની ખાસ કોરટના બે જડ્જોનો જુદો જુદો અભીપ્રાય થયો તેથી બરમા કોરટનો આકટ (સને ૧૮૭૫ નો આં૦ ૧૭) ની કલમ ૮૦ ની રકમ ૬ પ્રમાણે કલકતાની હાયકોરટમાં આ રેફરંશ કરવામાં આવેલું છે.

શવાલ એવો પુછવામાં આવેલો છે કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૬૪ માં બતાવેલા અખત્યારનો અમલ કરતાં તે જુડીશીયલ કમીશનરે એક કામ પોતાની કોરટમાં ટ્રાનસફર કરેલું તેમાં કરેલા ગુનહાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાના હુકમ ઉપર ખાશ કોરટમાં અપીલ ચાલી શકે કીંવા નહીં.

એક ચીનો નામે ટીરકુને તથા બીજા કેટલાક સખશોને તેમના ઉપર જુદા જુદા આરોપ કે જેમાં એક ખુનનો આરોપ પણ છે- માટે તેમને શેશન જડજની કોરટમાં (ટીનાસરીમ ટુકડીના જે કમીશનર છે. તે છે.) મરગુઇના ડીપોટી કમીસનરે તપાસ થવા સારૂ કમીટ કરેલા છે.

તે જુડીશીયલ કમીશનેરોએ પોતાની ખાએશ ઉપરથી તથા ને ચોકસીમાં કરેલા ફેંસલાની શરૂઆતમાં બતાવેલા કારણથી તે કામ પોતાની કોરટમાં મંગાવ્યું અને મરગુઇમાં તેની તપાસ કરવા બેઠા ફરીઆદ તરફનું કામ પોલીશ સુપ્રીટેંડેન્ટ મેજર મનરો સાહેબે કરેલું જણાયછે. અને તે તપાસ ત્રણ આશેશરોની મદદથી કરવામાં આવી છે. પરંતુ તે ત્રણ આશેશરોમાંના બે ફકત તે કામનું છેવટ આવ્યું ત્યાં સુધી બેઠેલા હતા અને તે કામ કોરટે ત્રણ વખત બંધ રાખેલું હતું. તેમાં એક વખત તો તા૦ ૮ મીના રોજ અમુક જગાઓ જોવાને સારૂ બંધ રાખેલું હતું, અને બે વખત તા૦ ૧૪ મીના રોજ તે જગા ઓળખવાને માટે તથા પંચાશમાં જોવાને સારૂ રાખેલું હતું અને તે તપાસ તા૦ ૭ મીથી તે તા૦ ૧૭ મી અગષ્ટ સુધી ચાલેલી હતી અને જે દીવશે જુડીશીઅલ કમીશનરે ફેંસલો આપ્યો તે દીવસે તે ફેંસલાથી તેઉ સાહેબ બે આસેશરોથી જુદા પડી ટીરકુને ગુનેહગાર ઠરાવીને તેને મોતની શીક્ષાનો હુકમ કરયો.

તેઓની રૂબરૂ બે સવાલો ઉતપન થએલા હતા:—પહેલો એવો કે સીક્ષાનો હુકમ ખાસ કોરટથી મંજુર થવો જોઇએ કે નહીં અને બીજો કે તેમના ફેંસલા ઉપર તે કોરટમાં અપીલ ચાલી શકે કીંવા નહીં

જુડીશીઅલ કમીશનરે પહેલા સવાલ વીશે નાકારમાં ઠરાવ કરયો, પરંતુ તે બાબત જીંદગી અગર મોતની હતી તેથી તે શીક્ષાનો હુકમ ખાસ કોરટમાં અપીલ ચાલતાંની દરમીયાનમાં અમલ કરવાને બંધ રાખેલો હતો.

ખાસ કોરટના જડજો આવી હકીકત છતાં તે કોરટમાં અપીલ ચાલે કીંવા નહીં તે વીશે જુદા પડયા.

હાયકોરટમાં કોઇ હાજર થયું નથી. અને હાય કોરટનો અભીપ્રાય ઉપર પ્રમાણે હકીકત કહીને ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે:—

આ બાબતમાં ખાસ કોરટના ફેંસલાનો સંપુરણ રીતે વીચાર કરતાં જુડીશીઅલ કમીશનરે જે ગુનહાની સાબેતીનો ઠરાવ તથા સીક્ષાનો હુકમ કરેલો છે, તે ઉપર તે કોરટમાં અપીલ ચાલી શકે છે. તેમાં અમને કાંઇ શક નથી.

વીદવાન રીકોરડરે જે એવો વીચાર બતાવેલો છે કે કોઇ "અસલ હકુમત" એ શબ્દોનો અરથ જેવો તેઉએ કરેલો છે તે પ્રમાણે સાધારણ રીતે સ્વભાવીક થવો જોઇએ, તે સાથે અમે તદન મળતા છીએ. અને અમારી નજરમાં આવે છે કે જુડીશીઅલ કમીશનરની પાસે ફોજદારી કામો હરકોઇ રીતે આવેલા હોય પણ જ્યારે તે કામોમાં તેઓ અસલ હકુમત વાપરે ત્યારે તેમના ઠરાવ ઉપર ખાસ કોરટમાં અપીલ ચાલી શકે છે એ ખુલ્લું છે.

જો કાયદો બીજી રીતે હોતતો અમારી નજરમાં આવે છે કે ફોજદારી ન્યાયના વ્યાજબી કારોબારને ભારે હરકત થાત. અને તેથી તે કામમાં કાયદા કરનારાઓને તરત હાથ ઘાલવાને ફરજ પડત. અને પછી તેમાં જુડીશીઅલ કમીશનર પોતાની નજરમાં આવે તેવા હરકોઇ કારણથી પોતાની કોરટમાં કોઇ પણ કામ મંગાવે અને તે પ્રોસીડીંગ ઉપર તદન દાબ વાપરે અને તેમનો ફેંસલો ગમે તેવો ગેરવાજબી અગર ભુલ ભરેલો હોય તોપણ કેદીને પોતાને અપીલ કરવાનો હક તેમાંથી તેને બાતલ કરે.

ખરી રીતે અમારી નજરમાં આવે છે કે આવી રીતે થવાની ધાસ્તીનો જબરાઇ ભરેલો દાખલો આ કામમાં છે કારણ કે જુડીસીયલ કમીશનરે જે કલમો જોઇ કેદીનો તપાસ કરવાને હકુમતની ધારણા કરેલી છે તે કલમો જોતાંજ તેઉને તે પ્રમાણે કરવાને કાંઇ પણ અખત્યાર હતો કીંવા નહીં એ વીશે અમને ભારે શક છે. માટે તેમની હકુમત વીશે અપીલ કોરટમાં તપાસ થઇ શકે નહીંતો તે સવાલ ઉઠાવવાને કાયદામાં બીજી કોઇ રીતી ઠરાવી હોય એમ કોઇ રીતે ખુલ્લું નથી.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે અમને જે બાબત પુછવા માં આવી છે તે બાબતમાં જુડીશીયલ કમીશનરના ઠરાવ ઉપર ખાસ કો રટમા અપીલ ચાલી શકે છે.

ફોજદારી અપીલ

તા૦ ૧૯ ફેબરવારી સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ મોરીશ અને મી૦ જસ્ટીસ વાહીટ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ મનુતામુલી.

પુરાવ—કબુલત બાબત બીજા દરજ્જાનો પુરાવ દાખલ કરવો તે—ફો. કા. ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૩૪૬ પ્રમાણે કબુલત લેવામાં આવેલી નહીં તે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૨૨ પ્રમાણે કેદીની કબુલત લેવામાં આવેલી. પરંતુ તે કાયદાની કલમ ૩૪૬ માં ઠરાવેલી રીતી પ્રમાણે લેવામાં આવેલી નહીં તેથી તે ખામી ભરેલી હતી. તેમાં ઠરાવવામાં આવ્યું કે તે કબુલત લખનાર અમલદારની એવી સાહેદી હોય કે ખરી રીતે તેકબુલત આપવામાં આવેલીછે. પરંતુ તે સાહેદી સદરહુ ખામી દુરસ્ત કરવાને દાખલ કરવા લાયક નથી.

પાનું ૬૯૬ આ કામ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૬૩ ના ઠરાવ પ્રમાણે હાય કોરટમાં મોકલવામાં આવેલું છે. કેદીના ઉપર બોઝીયા નામની ઓરતનું ખુન કરયાનો આરાપ રાખવામાં આવેલો અને તેને પકડવામાં આવતાં તેણે ડીપોટી માજીસ્ટ્રેટ—ની રૂબરૂ તે ગુનોહ કરયાની કબુલત આપેલી છે શેશન જડજની રૂબરૂ તપાસ ચાલતા તે કબુલત ઉપરથી તેને ગુનેહગાર ઠરાવી તેને મોત ની શીક્ષા કરેલી છે. પણ તે હુકમ કરવામાં જુરીના ત્રણ સખસોએ નીરદોશ કરયાનો અભીપ્રાય આપેલો અને બાકીના બે તેને ગુનેહગાર ઠરાવવા માં મળતા આવેલા છે. તોપણ તપાસ વખતે એવી હરકત લેવામાં આવી હતી કે જે રીતીએ તે કબુલત લખી લેવામાં આવી છે તેમાં ગેરશીરસ્તે થએલું છે. તે કબુલત નીચે કેદીએ પોતાનુ નીશાન કરયું નથી. એ કબુલ થએલી હકીકત છે. અને તે કબુલત દેશી ભાશામાં લખવામાં આવી નથી અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૬ પ્રમાણે તે ની સાથે યોગ્ય સરટીફીકેટ જોડેલું નથી. અને ફક્ત કલમ ૧૨૨ પ્રમાણે શરટીફીકેટ છે. માટે એવી તકરાર કરવામાં આવી છે કે તે કબુલત પુરાવમાં લઇ શકાતી નથી. અને માહારાણી વીરૂધ બાઇ રતનના કામમાં

મુબાઇ હાઇ કોરટે ઠરાવ કરયો છે તે પ્રમાણે તે માજીસ્ત્રેટની શાક્ષી તે કબુલતની બાબતમાં દાખલ કરવા લાયક નથી. અને તેથી કેદીને નીરદોશ થવાનો હક છે. પણ તે હરકત નાગંજુર કરવામાં આવી અને તેને મોતની શીક્ષા કરવામાં આવી.

હાય કોરટની રૂબરૂ આ કામ આવતાં સરકાર તરફથી લીગલરી મેમબ્રનસર (મી૦ ઓકીનીલી) હાજર થયા.

કેદી તરફથી બાબુ ઓમેરંદ્રો ચાતરજી.

નીચે પ્રમાણે ફેંસલા આપવામાં આવ્યા.

જષ્ટીશ મોરીશ સાહેબ:—તા૦ ૧૭ મી નવેંબર સને ૧૮૭૮ ના રોજ કેદીએ જે કબુલત આપેલી છે તે ફો. કા. ચ. ની રી. ના કાયદાની કલમ ૧૨૨ મીના ઠરાવ પ્રમાણે લખી લેવામાં આવેલી છે. એમ ગણુવું જ જોઇએ એવું અમારી નજરમાં આવે છે. તે કેદીને તા૦ ૧૬ મીના ત્રીજા પોહોરે પોલીશે પકડેલો હતો. અને બીજે રોજ શવારમા વહેલાં ડીપોટી માજીસ્ત્રેટ મી. વાઇટની રૂબરૂ લઇ જવામાં આવ્યો હતો ને તે વખતે તેઉ સાહેબના ચાર્જમાં જે ટુંકડી હતી તે ટુકડીની બહાર એક જગોએ (બંકી પુર) હતા. મી. વાહીટે તે કેદીની કબુલત લખી લીધી અને કલમ૧૨૨ પ્રમાણે સાથે સરટીફીકેટ જોડયું. માટે ખુલું છે કે મી૦ વાહીટે એવો વીચાર કરેલો જણાય છે કે તેઉ તે કલમના ઠરાવ પ્રમાણે ચાલતા હતા. ત્યાર પછી મી. વાહીટ પોતાની ટુકડીની હદની અંદર બાહારમાં પાછા આવ્યા અને કેદીના ઉપરનુ કામ ચલાવવાને અખત્યાર હતો તેથી આરંભની તપાસ કરી અને કલમ ૩૪૬ માં ઠરાવ્યા પ્રમાણે કેદીને તપાસ્યો. અને છેવટે તે તારીખે એટલે તા૦ ૨૦ મી નવેંબરના રોજ શેશન કોરટની રૂબરૂ તપાસ થવા તેને કમીટ કરયો.

તા૦ ૧૭ મી નવેંબરના રોજની કબુલત બેશક ખામી ભરેલી છે કારણુ કે તેનો યોગ્ય સરટીફીકેટ નથી અને તેં ઉપર કેદીએ સહી કરી નથી અગર પોતાનું નીશાંન કરયું નથી. આ બાબતમાં કલમ ૧૨૨ માં ઠરાવ્યા પ્રમાણે તે કબુલત કલમ ૩૪૬ માં ઠરાવેલી રીતી મુજબ લેવામાં આવેલી નથી. માટે એવો સવાલ ઉતપન થાય છે કે કલમ ૩૪૬ ની છેલી રકમમાં અખત્યાર આપવામા આવ્યો છે. તે પ્રમાણે સદરહુ ખામીઓ તે કબુલત લખી લેનાર અમલદારની એવી સાહેદી આપવામાં આવી છે કે તે લખી લીધેલી હકીકત તે કેદીએ યોગ્ય રીતે કહેલી છે. તે સાક્ષી ઉપરથી દુરસ્ત થઇ શકે છે કે નહીં. હાલ જેવી સલાહ મળી છે, તે પ્રમાણે અમારી નજરમાં આવે છે કે માહારાંણી વીરૂધ બાઇ રતનના કામમાં આ બાબતમાં મુંબાઇ હાયકોરટના ફુલબેંચે જે ઠરાવ કરેલો

છે તે પ્રમાણે અમારે ચાલવું જોઇએ. અને તેથી અમે ઠરાવીએ છીએ કે કલમ ૧૨૨ મીના ઠરાવ પ્રમાણે લીધેલી કબુલત અપુરણ લખેલી છે. માટે તે બીજા દરજાના પુરાવથી દુરસ્ત થઇ શકતી નથી. સબબ તે કેદી પોલીશના કબજામાં હતા. અને માજીસ્ત્રેટની રૂબરૂ તેણે આપેલી કબુલત અપૂરણ રીતે લખી લેવામાં આવી તે આરંભની તપાસની દરમીયાનમાં તે દુરસ્ત કરવાને ખાસ અને સ્પષ્ટ ગોઠવણ કરવામાં આવી છે. તેથી દુરસ્ત થઇ શકતી નથી. કારણ કે આવી કબુલત તો કલમ ૩૪૬ માં ઠરાવેલી રીતી પ્રમાણે લેવાની છે. આ પ્રમાણે વીચાર કરતાં તા૦ ૧૭ મી નવેંબરના રોજની કબુલત પુરાવમાં દાખલ કરવા લાયક નથી માટે તે વીચારમાંથી બીલકુલ કાહાડી નાંખવી જોઇએ.

હવે એવો વીચાર કરવાનું રહેછે કે આ કબુલત કોરાણે રાખતાં તે કેદીને ગુનેહગાર ઠરાવવાને કામના કાગળોમાં પુરતા પુરાવ છે કે નહીં (તે વીદ્વાન જડજ સાહેબે બાકીનો પુરાવ જોયો. ને ઠરાવ્યું કે તે કેદીને ગુનેહગાર ઠરાવવાને તે પુરાવ બસ છે.

જસ્ટીશ વાહીટ સાહેબઃ—અમારો પણ તેવોજ અભીપ્રાય છે. અમે કબુલ કરીએ છીએ કે તા૦ ૧૭ મી નવેંબરના રોજ કેદીએ જે હકીકત કહેલી છે. અને જેથી કબુલત થાય છે એમ કહેવામાં આવેલું છે તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી. ફો. કા. ચ. ના રીતીના કાયદાની કલમ ૧૨૨ પ્રમાણે તે લેવામા આવેલી તે ખુલું છે. તે કેદીને મી. વાહીટની રૂબરૂ તેની જે કબુલત કહેવામાં આવી છે તે લખી લેવાના ફકત કારણસર રજુ કરવામાં આવ્યો હતો. માટે જે વખતે મી. વાહીટે તે કેદીની તે વખતે હકીકત લખી લીધી. તે વખત તે કેદાની આરંભની તપાસની દરમીયાનમાં તપાસ કરતા હતા. અગર તેમ કરવાને તેમણે ઇરાદો રાખ્યો હતો. એવું કહેવાને કાંઇ કારણ નથી. મી૦ વાહીટ કમીટ કરનાર માજીસ્ત્રેટ છે. તે કારણથી અમારા અભીપ્રાય પ્રમાણે તા૦ ૧૭ મી નવેંબરના રોજ તેમણે જે પ્રોશીડીંગ ચલાવેલું તે પ્રોશીડીંગનો અર્થ જે હકીકતથી ઉલટાવવામાં આવ્યો છે. એવો અર્થ કરવાને કાંઇ સબબ મળતો નથી. અમારા ભાઇ મી. જષ્ટીશ મોરીશ સાહેબે તા૦ ૧૭ મી નવેંબરના રોજની જે કબુલત ખામી ભરેલી જે કારણોથી કહેલી છે તે કારણોથી તથા માહારાણી વીરૂધ્ધ બાઇ રતનના કામમાં થએલા ઠરાવના આધારથી મી૦ વાહીટની તપાસ કરવાથી તે ખામીઓ દુરસ્ત થઇ શકતી નથી.

સબબ તા૦ ૧૭ મી નવંબરના રોજની કબુલત અમે જોઇ શકતા નથી તોપણ તે કબુલત શીવાય બીજો સ્વતંત્ર પુરાવ છે કે જે ઉપરથી

તે કેદીએ તેના ઉપર રાખેલા તોહોમતનો ગુનોહ કરેલો છે તે વીશે કાંઇ બ્યાજબી શક નથી. (પછી તે વીદવાન જડજે બાકીનો પુરાવ જોયો અને તે કેદીને ગુનેહગાર ઠરાવવામાં મળતા આવ્યા.)

ગુનાહની શાબેતીનો ઠરાવ બાહાલ રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨ ફેબરવારી સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ મેકડોનલ સાહેબોની રૂબરૂ

શ્રીરામચંદર લરકાન વીરૂધ બીપીનદાસ વીગરે.

જુગાર—બંગાળાના સને ૧૮૬૭ ના આકટ ૨ ની કલમ ૫ અને ૬—અખત્યાર વીના પેશીને પકડવું.

માજીસ્રેટ અગર જીલાના પોલીસ સુપ્રીનટેનડેંટ તરફથી અખત્યાર મળેલો ના હોય તો ડીપોટી પોલીસ ઇનસપેકટરને જે જુગારનું મકાન કહેવામાં આવેલું હોય તેમાં પેશી જડતી લેવાનો અખત્યાર નથી, માટે જે કામમાં આ પ્રમાણે અખત્યાર વીના પેસવામાં આવેલો હોય અને પાછળથી તે જુગારના મકાનમાંના સખશોને પકડવામાં આવે અને સને ૧૮૬૭ ના આકટ ૨ જાની કલમ ૫ પ્રમાણેના ગુનાહ બાબત બીજો કાંઇ પુરાવ ના હોય તો જે પુરાવ ઉપરથી માજીસ્રેટ તેને ગુનેહગાર ઠરાવી શકે તેવો તેમની રૂબરૂ કાંઇ પુરાવ થતો નથી,

તે આકટની કલમ ૬ પ્રમાણે જે પુરાવ જોઇએ તેનું અનુંમાન થઇ શકતુ નથી. કારણ કે જ્યારે કલમ ૫ પ્રમાણે અખત્યાર સાથે કામ ચલાવવામાં આવ્યું હોય ત્યારેજ તે અનુંમાન થઇ શકે છે.

પાનું ૭૧૦ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે આ કામમાં હાય કોરટમાં પુછવામાં આવેલું છે. એક પોલીસના સબ ઇનસ્પેકટરે માજીસ્તરેટના હુકમ શીવાય પોતાની મેળે એક મકાન કે જેમાં જુગાર ચાલે છે એમ કહેવામાં આવેલું તે મકાનમાં પોતાને શીર રાખી તે પેઠા. અને તેમને ત્યાં જે સખસો માલુમ પડયા તેઓને તેમણે પકડયા. અને તે સખસોને માજીસ્રેટની રૂબરૂ લાવતાં માજીસ્તરેટે સને ૧૮૬૭ ના આકટ ૨ પ્રમાણે ગુનેહગાર ઠરાવી તેમનો દંડ કરયો.

શેશન જડજની રૂબરૂ કામના કાગળો આવતાં તેમના અભીપ્રાયમાં આવ્યું કે બંગાળાના સને ૧૮૬૭ ના આકટ ૨ ની કલમ ૫ તથા તારીખ ૨૪ જુન સને ૧૮૬૮ ના રોજના કલકતા ગેઝીટના પાને ૧૮૮૧ માં જે જાહેર ખબરછે તે ઉપર લક્ષ રાખતાં જે કામ ચલાવવામાં આવેલું

છે તે તદન "ગેરશીરસ્તે" છે. સબબ માજીસ્ત્રેટનો તે હુકમ રદ થવા સારૂ કામના કાગળો તેમણે હાય કોરટમાં મોકલેલા છે.

સદરહુ તા૦ ૧૭ મી જુન સને ૧૮૬૮ ના રોજની જાહેર ખબર નીચે પ્રમાણેછે:—"સને ૧૮૬૭ ના આકટ ૨ ની કે જે આકટ બંગાળાના લેફ્ટીનંટ ગવરનરના તાબાના મુલકમાં જાહેરાંત જુગાર તથા સામાન્ય રીતે જુગારના મકાનો રાખવામાં આવે તે વીશે શીક્ષા કરવા સબંધીની છે. તેની કલમ પાંચમાં ઠરાવ્યું છે કે ફકત સબ ઇનસ્પેકટરોની પાયરીના અગર તેમનાથી ચડતા દરજાજાના પોલીસ અમલદારોને તે કલમમાં બતાવેલા અખત્યારનો અમલ કરવાને અખત્યાર છે".

આ કામમાં તકરાર કરવાને કોઇ હાજર થયું નથી.

કોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે જસ્ટીસ મીતર સાહેબે આપ્યો.

રાણુઘાટના ડીપોટી માજીસ્ત્રેટે સદરહુ કામમાં તા૦ ૭ સપટેમબર સને ૧૮૭૬ ના રોજ જે હુકમ કરેલો છે તે કાયદેસર નથી. તે બાબત અમે જડજની સાથે મળતા છીએ માટે તે હુકમ રદ થવો જોઇએ.

તે જડજની રૂબરૂ જે સવાલો ઉતપન થએલા તેમાં એક શવાલ એવોછે કે સને ૧૮૬૭ ના આકટ ૨ બંગાળાનો છે. તેની કલમ ૧૧ ના ઠરાવ પ્રમાણે તે રાણુઘાટને લાગુ કરવામાં આવ્યો નથી તે વીશેનો હતો. આ બાબતમાં જડજે કાંઇ અભીપ્રાય બતાવ્યો નથી. અને તે રાણુઘાટને લાગુ કરવામાં આવેલો છે. તે વીશે અમારી પાસે તેમ કહી શકીએ તે પ્રમાણે કાંઇ સાધન નથી. પરંતુ તે રાણુઘાટને લાગુ છે એમ માનીએ તોપણ અમારી નજરમાં આવે છે કે આ કામમાં ગુનાહની સાબેતીનો ઠરાવ ચાલી શકે તેવો નથી.

તે આકટની કલમ ૫ પ્રમાણે એક પોલીશ અમલદારને તે કરવાને અખત્યાર નહી હતો. તેમ છતાં તેની તરફથી કામ સરૂ કરવામાં આવેલું છે. ડીપોટી માજીસ્તરેટનો ખુલાશો જે જડજ તરફ મોકલવામાં આવેલો છે તેમાં બતાવેલી જાહેર ખબરથી પોલીસના સબ ઇનસ્પેકટરને જે મકાન જુગારનુ કહેવામાં આવે તેમાં પેસી જડતી લેવાને નીમવામાં આવેલો હોય તો તે કાયદેસર છે. પરંતુ તે કારણસર તેમને અખત્યાર જીલા માજીસ્તરેટ તરફથી અથવા જીલ્લાના પોલીશ સુપ્રીટેંડેન્ટ તરફથી મળવો જોઇએ. આ કામમાં આવો અખત્યાર આપવામાં આવેલો નથી.

આ પ્રમાણે છે તો અમે કહી શકતા નથી કે તે કામમાં તે ઘરમાં પેશીને જડતી લેવામાં આવેલી તે સદરહુ આકટના હેતુ પ્રમાણે જુગારનું ઘર ઠરાવવાને કાંઇ પણ પુરાવ છે, અમે તે કામના કાગળો તમામ જોએ

લા છે. અને આ બાબતમાં લગતો કાંઇ પુરાવ અમારા જોવામાં આવ્યો નથી. તે વીસે તે આકટની કલમ ૬ પ્રમાણે અનુમાન થઇ શકતું નથી. કારણ કે તે અનુમાન ફકત જયારે ઉપરની પેહેલી કલમથી કામ ચલાવવામાં અખત્યાર આપવામાં આવેલો હોય ત્યારેજ થઇ શકે અને અમે આગળ બતાવ્યું છે તે પ્રમાણે આ કામમાં અખત્યાર આપવામા આવેલો નથી.

સબબ ડીપોટી માજીસ્ટ્રેટનો હુકમ રદ થવો જોઇએ અને જે દંડ વસુલ થયો હોય તો તે પાછો આપવો જોઇએ અને જે મીલકત સરકાર દાખલ કરવાને ઠરાવ કરવામાં આવેલો છે. તે જે પક્ષના કબજામાંથી લીધી હોય તે પક્ષકારોને પાછી આપવી જોઇએ.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨ ડીસેંબર સને ૧૮૭૮

મી૦ જષ્ટીસ જેનકશન અને મી. જષ્ટીશ ટોટનહામ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ નીપચ્યા વીગરે.

ફરીઆદ કરવાને મંજુરી—ફરીઆદીએ મંજુરીનો ઉપીયોગ કરેલો ના હોય તો જીલા માજીસ્તરેટને તે કામ ચલાવવાનો અખત્યાર—તોહોમત દુરસ્ત કરવું.—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૪૫૦—૪૭૦

શને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬૮ પ્રમાણે એક સખસે ખોટો આરોપ મુકયા બાબત તેના ઉપર ફરીઆદ ચલાવવાને ડીપોટી માજીસ્તરેટે એક સખસને પરવાનગી આપેલી પરંતુ તે પરવાનગી પ્રમાણે કામ ચલાવવામાં આવ્યું નહીં તેથી કલમ ૧૪૨ મી પ્રમાણે વગર ફરીઆદીએ જીલા માજીસ્તરેટ તે કામ ચલાવી શકે છે,

પાનું ૭૧૨ ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટમાં આ રેફરંસ કરવામાં આવ્યું છે.

બે ચોકીદારોની સાહેદી ઉપરથી ડીપુટી માજીસ્તરેટે એક હનીફના ઉપર આરોપ રાખવામાં આવ્યો હતો. તોપણ તેને નીરદોશ ઠરાવવામાં આવેલો છે, અને ડીપુટી માજીસ્તરેટે હિ. ફો. કાયદાની કલમ ૨૧૧ મી પ્રમાણે તે ચોકીદારો ઉપર ફરીઆદ ચલાવવાને તે તોહોમતવાળાને પરવા-

નગી આપી, તેથી બીજે રોજ ને માજીસ્તરેટની રૂબરૂ હાજર થવા સારૂ તે ઓફીદારોના જામીન લેવામાં આવ્યા. હનીફે ફરીયાદ કરી નહીં, પરંતુ પોલીશના રીપોર્ટ ઉપરથી જીલ્લા માજીસ્તરેટે તે કામ લીધુ અને કલમ ૨૧૧ મી કરતાં પીનલકોડની કલમ ૧૯૨ તે કામને વધારે લાગુ થાય છે, એવું તેમની નજરમાં આવવાથી તેમણે તે કલમ પ્રમાણે કેદીઓને કમીટ કરયા.

શેશન જડજની રૂબરૂ તે કામ આવતાં તેમના અભીપ્રાયમાં આવ્યું કે ફરીયાદ વીના માજીસ્તરેટ તે કામ ચલાવવાને મુખત્યાર નહી હતા અને હનીફને જો કે તેમણે અખત્યાર આપેલો તેમ છતાં હનીફે તે કરયું નથી, માટે માજીસ્ટ્રેટ પોતાની મેળે તે તોહોમતવાળાના ઉપર તોહોમત રાખી શકતા નથી. વળી તેમના અભીપ્રાયમાં આવ્યું છે કે તે પ્રોસીડીંગ કાયદેસર છે એમ ધારીએ તોપણ તોહોમતવાળાને વ્યાજબીરાહે ગુનેહગાર ઠરાવવાને પુક્ત પુરાવ નથી.

આ કામમાં તકરાર કરવાને કાંઇ હાજર થયું નથી.

કોરટનો અભીપ્રાય જસ્ટીસ તોટનહામ સાહેબે નીચે પ્રમાણે આપ્યો. તેમાં જસ્ટીસ જાકશન સાહેબ મળતા આવેલા છે:—જડજે આવલથી તે આખર સુધી કાયદા પ્રમાણે કરેલું નથી એમ અમને દીસે છે.

તે ડીપુટી માજીસ્ટ્રેટે કલમ ૨૧૧ મી પ્રમાણે સ્પષ્ટ રીતે મંજુરી આપેલી અને તોહોમતવાળાને હાજર થવાને જામીન પણ લીધા હતા. માટે તે મંજુરી કાંઇ થોડી બળવાન નહીં હતી, કારણ કે તે જે સખસને આપવામાં આવેલી તે શખસે તેનો ઉપયોગ કરેલો નથી અને તે મંજુરી આપવામાં આવેલી હતી, માટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલલ ૧૪૨ મી પ્રમાણે જીલ્લા માજીસ્તરેટ ફરીયાદ વીના તે કામ ચલાવવાને મુખત્યાર હતા.

કલમ ૨૧૧ મીથી ફેરવીને કલમ ૧૯૨ પ્રમાણે આરોપ રાખવામાં આવેલો છે, પરંતુ એક ગુનાહની બાબતમાં જે મંજુરી છે તે તેનીતેજ હકીકત ઉપરથી બીજા ગુનાહની બાબતમાં પણ થાય છે. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૦ અને ૪૫૦)

પરંતુ તે બધુ થયા પછી એમ જણાય છે કે ગુણદોશ ઉપરથી જડજ તે કેદીઓને નીરદોશ ઠરાવશે. સબબ જડજે કાયદાનો તે વીચાર કરેલો છે તે ભુલ ભરેલો છે એ બતાવવાને તે બસ થસે.

તેમણે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૫ ની રકમ ૨ પ્રમાણે લખી લીધેલી જુબાનીઓ ઉપર સહી કરેલી નથી તે ઉપર તેમનુ ધ્યાન વળી ખેંચવું જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૬ ફેબરવારી સને ૧૮૭૫

મી૦ જસ્ટીસ એઇનસલી અને મી૦ જસ્ટીસ બ્રાઉટન

સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ કેતાબદી મંડલ.

સીક્ષણ્ય મનુસ્ય વધ—અવીચાર, કસુર—પીનલકોડની કલમ ૩૦૪ ૩૦૪ અ, ૩૩૬, ૩૩૭ અને ૩૩૮—શીક્ષાનો હુકમ વધારવો.

જ્યારે અમુક સખસના વીરૂધ બુધીપુરવક ગુનોહ કરવામાં આવ્યો હોય ત્યારે પીનલકોડની કલમ ૩૦૪ અ લાગુ થતી નથી.

જો એકાદો સખસ આવો ગુનોહ ઇરાદા પુરવક કરે અને તેનો જે તરતનો હેતુ હોય તે ઉપરાંત પરીણામ થાય તો ખરો પરીણામ તેના કૃત્યથી થવાનો સંભવ તે કેટલે દરજ્જે જાણતો હતો તેનો નીરણય કોરટે કરવાનો છે, અને જો તેની માહેતી હતી એમ થઇ શકતુ હોય તો, તે પરીણામ ફક્ત અવીચારથી થએલોછે એમ થતું નથી. જો તેવો દોશ મુકી શકાતો ના હોય તો, બુધીપુરવક ગુનાહથી અવીચારનુ રૂપ થતું નથી. કારણ કે તેના પરીણામો કમ કીશમતના છે. જે કૃત્યોથી બીજાઓને ધાસ્તી થઇ શકે અથવા થવાનો સંભવ હોય પરંતુ જે ગુનાઓ કલમ ૩૩૬, ૩૩૭, ૩૩૮ અથવા ૩૦૪ અ પ્રમાણે ભયંકર પરીણામ નહી થવા સારૂ યોગ્ય સંભાળ લીધા વીના કરવામાં આવેલા હોય તો તે કલમો પ્રમાણે ગુનાહ થાય છે. જે કૃત્યો આપો આપ ગુનાહ છે ગુનેહગારની માહેતી, અથવા માહેતીના સાધનની બાબત તથા તેજ જાતના ગુનાહના વરગમાં જોઇતી જગોએ રાખવામાં આવેલા છે તેનો ન્યાય કરવો જોઇએ. નીંદામારતી નાગાજુશા નામનો ઠરાવ બતાવવામાં આવ્યો અનેતે મંજુર કરવામાં આવ્યો.

પાનુ ૭૬૪ એક સ્ત્રી બાળક આઠ અગર નવ વરસની વયનું હતું તે સ્ત્રીના ચીન્હમાં આવેલી નહીં હતી તે કેદીની સાથે પરણેલી હતી. તેણીને તે તેણીનો બાપ તે કેદીને ઘેર મુકવાને લાવ્યો. પરંતુ તેણીની દીલગીરીના કારણથી તે રાત તેણીનો બાપ ત્યાંહાં રહયો. રાત્રે તે છોકરી અને તોહોમતવાળો તે મકાનની અંદર ગયા. તે છોકરીનો બાપ તથા તોહોમતવાળાનો બાપ બાહાર વરંડામાં રહયા. ગધરાત પછી તે છોકરી પોતાના બાપને ઘેર જવાના ઇરાદાથી એક નાહાની હોડી હતી તેમાં બેઠી, પરંતુ તે હોડી ડુબી તેથી તે પાણીમાં પડી તેમાંથી કેદીના બાપે તેણીને બચાવી અને કદીએ ઘેર આંણી. કેદીએ તેણીને ઘરમાં ખેંચી, અને ઉઘાડા પગથી તેણીની પીઠ ઉપર લાત મારી. તે ઉપરથી તે

છોકરી નીચે પડીને ઘણું કરીને તરત મરણ પાંમી.

વઈદકી પુરાવ ઉપરથી જણાય છે કે તે છોકરી તદન તનદુરસ્ત હતી. પરંતુ બદનના ઉપરના મારથી તેણીના કોઠા ઉપરનું પડ તુટી પડયુ તે ઉઘાડા પગથી મારેલી લાતથી થએલું હશે. વળી માથા ઉપર થોડોક જખમ હતો અને ગરદનની પછવાડે ઉઝરડા થએલું હતું, અને અકુશધી અમલદારે કહેલું છે કે તે છોકરીને મરદ સાથે કાંઇ સબંધ થએલો નહીં હતો. તેથી તે કેદી ઉપર શીક્ષણય મનુષ્યવધનો આરોપ રાખવામાં આવેલો છે. શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તે કામમાં શીક્ષણીય મનુષ્યવધ થએલો નથી, કારણ કે તે કેદીનો મોત કરવાનો ઇરાદો નહીં હતો, અને તે કૃત્યથી મોત થશે તેવી તેને ખબર નહીં હતી. તેથી તેમણે કલમ ૩૦૪ અ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવી એક વરસ સખત મજુરી શાથે કેદની શીક્ષા કરી. કારણ કે તે કેદીએ પોતાનો વ્યથા કરવાના ઇરાદાનો અમલ કરતાં અવીચારનું કૃત્ય કરેલું છે, માટે તેથી મોત થવાનો શંભવ છે એવું તે જાણતો ના હોય તોપણ તે એવા પ્રકારનું તદન નહીં હતું કે જેથી તે પરીણામ થવાને અશંભવીત થાય.

હાય કોરટની રૂબરૂ આ કામ આવતાં એવો હુકમ કરવામાં આવ્યો કે તે ગુનાહની શાબેતીનો ઠરાવ શા વાસ્તે દુરસ્ત કરી શીક્ષા વધારવી નહીં તેનું કેદીએ કારણ બતાવવું.

કેદી અગર સરકાર તરફથી કોઇ હાજર નથી.

જસ્ટીશ એઇનસ્લી શાહેબે નીચે પ્રમાણે અભીપ્રાય આપ્યો તેમાં જસ્ટીસ બ્રાઉટન સાહેબ મળતા આવેલા છે.

શેશન જડજે કાયદાનો જે વીચાર કરેલોછે. તે સાથે અમે મળતા આવતા નથી. આ કોરટે તા૦ ૩ સપટેમબર સને ૧૮૭૭ ના રોજ ખોરનનોમીયાના કામમાં ઠરાવેલું છે કે, જે કામમાં અમુક સખસ વીરૂધ ગુનોહ બુધીપુરવક કરવામાં આવેલો હોય છે તે કામમાં કલમ ૩૦૪ અ લાગુ થતી નથી. જો એકાદો સખસ ઇરાદાથી આવો ગુનોહ કરે અને તેના હેતુ ઉપરાંત તેનો પરીણામ થાય તો આવા કૃત્યથી જે ખરી રીતે પરીણામ થાય તે વીશે તેને કેટલી માહેતી હતી તેનો નીરણય કોરટે કરવાનો છે. આવી માહેતી હતી એમ જો થાય તો, તે પરીણામ ફકત અવીચારથી થએલું છે, એમ થતું નથી. જો તેવી માહેતી ઠરાવી શકાતી નાહોય તોપણ જાણી બુઝીને જે ગુનોહ કરવામાં આવેલો છે તેથી અવીચારનું રૂપ થતું નથી. કારણ કે તેનાં પરીણામ કમનસીબ ભરેલાં થએલાં છે. જે કૃત્યોથી ઘણું કરીને બીજાઓને ભય થાય તેવું હોય અગર થઇ શકે તેવું હોય, પણ તે કૃત્યોજ ગુનોહ ના હોય તોપણ ભયંકર પરીણામ ના થાય તે સારૂ યોગ્ય

શંભાળ લીધા વીના કરવામાં આવ્યાં હોયતો, કલમ ૩૩૬, ૩૩૭, ૩૩૮ અથવા ૩૦૪ અ પ્રમાણે ગુનાહ થાય છે. જે કૃત્યો પોતેજ ગુનાઓછે તેની ગુનેહગારની માહેતી તથામાહેતીના સાધન તથા તેજ જાતના ગુનાઓના વર ગમાંતેની ખરી જગાએ રાખવામાં આવેલાછે તે વીશે ન્યાય થવો જોઇએ.

મદ્રાશ કોરટનો એક ઠરાવછેઃ—નીદામારતી નાગાભુશાનાંમ (૧)–જેમાં મી૦ જષ્ટીશ હોલોવેએ પીનલકોડમાં "અવિચાર" અને "કસુર" એવા શબ્દો વાપરવામાં આવેલા છે તેનો ખુલાસો કરેલો છે, અને આ ઠરાવ થોડી મુદત ઉપર પંજાબની ચીફ કોરટે પશદ કરેલો છે અને તે તમામ દીવાની કોરટો ઉપર તે કોરટે એક શરકયુલર કરેલોછે તેમાં ફરીથી બતાવેલો છે.

મી૦ જષ્ટીશ હાલોવે કહે છે કે—"ગુનહો થાય તેવા અવીચારથી સમજ રાખીને ચાલવામાં આવે તો, તેથી નુંકશાન કારક તથા કાયદા વીરૂધ પરીણામો થઇ શકે છે, પરંતુ તેવો પરીણામ થાય નહીં તે સારૂ જોઇતી સાવધગીરી તે કૃત્ય કરનારે લીધી છે એવું વારવાર માનવાથી તે પરીણામ થતા નથી. એમ ઉમેદ રાખવામાં આવી છે.

"સમજ છતાં તે કરવામાં આવે માટે આરોપ મુકવા લાયક થાયછે.

"સમજ્યા વીના ગુનહો થવા લાયક કસુર કરવામાં આવે તો, કાયદા વીરૂધ અથવા નુંકશાન કારક અસરો થાય છે, પરંતુ જે હકીકત ઉપરથી એમ જણાય કે તે કરનારે જે શાવધગીરી રાખવાની જરૂર હતી તેણે રાખેલી નથી, અને જો તે રાખી હોત તો, તેને સમજ રેહેત તેછે.

"આશપાસનો વીચાર કરવાની સુધરેલ ફરજ છે તેની કસુર કરવાથી આરોપ મુકવા લાયક થાય છે.

"જાતીકી ધાત સમજીને અને ઈરાદાથી ઉતપન કરેલી ના હોય તે ઉપરની બાબતોમાંની એકે બાબતમાં નથી આવતી એ ખુલુંછે, કારણ કે તે બાબતો જે કામમાં જે કૃત્ય અગર કૃત્યો કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો હોય તે કૃત્ય અગર કૃત્યોથીજ મોત ઉતપન કરનારા હોય તેને બીલકુલ લાગુ થતી નથી.

સબબ કલમ ૩૦૪ અ પ્રમાણેના ગુનહાની સાબેતીના ઠરાવ અમે રદ કરીએ છીએ.

ઉપરં જે હકીકત બતાવી છે તે ઉપરથી અમારે તોહોમતવાળાને કલમ ૩૦૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવવો જોઇએ, એમ જણાય છે.

તોહોમતવાળાને માહેતી હતી તેનો નીરણય કરવાને અમારે હકીકતનો વીચાર કરવો જોઇએ એક સખશ ઘા વાગે તેથી અથવા સામાન્ય હકીકતને લીધે હમેશાં કામ કરવાની રીતી પ્રમાણે મોત થવાનો સંભવ ના પણ

થાય તો પણ તેથી બીજાને ભારે ભયંકર અથવા ખાસ હકીકત હોય તો, તેમ પણ થાય.

એક બાળક વયની છોકરીને એવી લાત મારવામાં આવે કે જેથી તન દુરસ્ત છતાં તેણીનુ પહેડું અંદરથી તુટી પડે તો તે કેસ અમને એવુ જણાય છે કે કોઇ વ્યાજબી સમજનું માણસ તે છોકરીનું મોત થવાનો સંભવ છે એ વીશે અજ્ઞાન રહી શકે નહી.

સબબ હિં. ફો. કાયદાની કલમ ૩૦૪ ના પાછળના ભાગ પ્રમાણે કેદી કેતાબદીનને અમે ગુનેહગાર ઠરાવી પાંચ વરશ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરીએ છીએ, અને તે સીક્ષા અસલ શીક્ષાની તારીખથી સીરૂ થાય.

ગુનહાની સાબેતીનો ઠરાવ દુરસ્ત કરવામાં આવ્યો અને સીક્ષા વ-
ધારવામાં આવી.

ફોજદારી અપીલ

તા૦ ૩૧ મારચ સને ૧૮૭૯

મી. જષ્ટીશ મોરીશ તથા મી૦ જષ્ટીશ વાહીટ સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી. સફા તુલા વીગરે.

પીનલકોડની કલમ ૩૦૪ अ અવીચાર અને કસુર ભરેલું કેસ કરવું—જુરીને ફરમાવવું.

એક તોહોમતવાળાના ઉપર સીક્ષીણીય મનુષ્ય વધનો આરોપ રાખવામાં આવેલો અને પુરાવ ઉપરથી એવું માલુમ પડેલું છે કે તે મરનારની વાંસાની કરોડ પોહોળી હતી, અને તે મરનારના શરીર ઉપર તોહોમતવાળાએ ધા મારવાથી તે કરોડ તુટવાથી તેનું મોત થએલું છે.

ઠરાવ્યું. કે તોહોમતવાળાને પીનલકોડની કલમ ૩૦૪ अ પ્રમાણે અવીચારના કેસનો ગુનેહગાર ઠરાવવાને જુરીને ખાત્રી કરવાને જીલામાં કરોડ મોહોટી થવાનો રોગ ફેલાએલો છે અને તેથી તે મરનારને માર મારવામાં શાબ્રાધ અવીચ્ય થએલો છે એમ તે ઉપરથી અનુમાન કરવું તે બસ નથી. પરંતુ તેમને એવી પણ ખાત્રી કરવી જોઇએ કે તે જીલામાં આવો રોગ ફેલાએલો તે તોહોમતવાળાના જાણવામાં હતું અને વળી તે રોગથી જે સખશ હેરાન હતો તેને મારવાથી જીવનુ જોખમ છે એમ પણ તેના જાણવામાં હતું.

પાનું ૮૧૫　કોરટનો ફેંસલો જષ્ટીશ વાહીટ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે તેમાં હકીકત જોઇતી રીતે બતા-

વવામાં આવી છે:—

આ કામમાં કેદીઓને શીક્ષીણીય મનુષ્ય વધના ગુનહામાંથી નીરદોશ ઠરાવેલા છે, અને તેથા હિંદુસથાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૪ અ પ્રમાણે એક આલીમ કોરેગરનું મોત એવી રીતે કરેલું છે કે જેથી શીક્ષીણીય મનુષ્યવધ થએલો છે.

પુરાવ ઉપરથી એમ જણાય છે કે મરનારની વાંસાની કરોડ કેટલાક વરશથી મોહોટી થએલી હતી, અને તે તુટવાથી તેનું મોત થએલું છે અને મરનારના શરીરના થડ ઉપર તે હયાત હતો તે વખતે કેદીએ હાથથી મુકા મારેલા છે, તેથી તે તુટેલી છે.

જડજે જુરીને કલમ ૩૦૪ અ ની બાબતમાં નીચે પ્રમાણે કહેલું છે:—"જો તમારી નજરમાં તે કૃત્યથી શીક્ષીણીય મનુષ્ય વધ થએલું છે, એમ ના આવતું હોય પરંતુ આ જીલામાં કરોડના રોગનો ફેલાવ એવો થએલો છે કે જેથી શરીરના થડ ઉપર મારવામાં આવે તો તે કૃત્ય શાપ્રાધ અવીચારતું થાય તોપણ તમે વ્યાજબી રાહે તોહોમતવાળાને કલમ ૩૦૪ અ પ્રમાણે ગુનેહગાર ઠરાવી શકોછો."

તે જડજે આ બાબત બરોબર રીતે જુરીની રૂબરૂ મુકી નથી એમ અમને જણાય છે. જે જીલામાં મરનાર રહેછે તે જીલામાં કરોડના રોગનો ફકત ફેલાવો હોવાની હકીકતથી આ કલમ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવવાને બસ નથી. વળી જુરીને કહેવું જોઇતું હતું કે તોહોમતવાળાને તે જીલામાં આવો રોગ છે એવી માહેતી હતી, અને વળી આ રોગ જેને થએલો હોય તેને શરીરના થડ ઉપર મારવામાં આવે તો જીવનું જોખમ છે એવું પણ તેના જાણુવામાં હતું એ બાબત તમારે ખાત્રી કરવીજ જોઇએ.

તોપણુ કેદીઓ પુરાવ ઉપર બુધી પુરબક વ્યથા કરવાના ખુલી રીતે ગુનેહગાર છે, અને શીક્ષા પણ જેવી તેવા ગુનાહને માટે તેવીજ કરવામાં આવેલી છે, માટે ગુનાહની શાબેતીના ઠરાવમાં હાથ ઘાલવાને અમારે કાંઇ કારણ નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ મારચ સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ બર્ચ અને મી૦ જસ્ટીસ મીતર સાહેબોની રૂબરૂ.

ચંદ્રનારાયણની અરજીની બાબત વી૦ ફાર કવારસન.

સાપ્રાધ પ્રવેશ

અ ને બ ની જમીન ઉપરથી જવાને ચેતવણી આપવામાં આવેલી, તે અ એ બ ની જમીનની હદ ઉપર હરણ ઉપર ગોળી મારી, અને તે હરણુ બ ની જમીન ઉપર દોડયું તેથી તે અ તે હરણને મારવા સારૂ તેની પછવાડે તે જમીન ઉપર દોડયો. તેમાં ઠરાવવામાં આવ્યું કે તેણે આ પ્રમાણે કરયું તેથી સાપ્રાધ પ્રવેશ થતો નથી.

પાનું ૮૩૭ આ કામમાં ફરીયાદી એક ચાહાની વાડીનો વહીવટદાર છે તેણે અરજદારને એવી ચેતવણી આપી હતી કે મારી પરવાનગી શીવાય મારી વાડીમાં તેણે શીકાર સારૂ આવવું નહીં. આ નોટીસ મળ્યાં પછી થોડીક મુદતે ફરીઆદીની વાડી નજીકની બીજી વાડીમાં તે અરજદારે એક હરણ ઉપર ગોળી મારી હતી તેથી તે જાનવરને મારી નાંખવા સારૂ તેની પછવાડી દોડતો દોડતો ફરીયાદીની જમીન ઉપર ગયો. આ ઉપરથી અરજદારના ઉપર સાપ્રાધ પ્રવેશનો ફરીઆદીએ આરોપ રાખ્યો. અને તેને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૪૭ મી પ્રમાણે કામરૂપના આસીસ્ટંટ કમીશનરે રૂ. ૫૦ દંડ કરયા. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે અરજ કરવા ઉપરથી આ કામ હાય કોરટની રૂબરૂ આવેલું છે.

અરજદાર તરફથી બાબુ એધકંતોનાથદાસ.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

જષ્ટીસ મીતર સાહેબ:—કામરૂપના આસીસ્ટંટ કમીશનર સાહેબે તા૦ ૮ અગસ્ટ સને ૧૮૭૮ ના રોજ એક ચંદ્રનારાયણને હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૪૪૭ પ્રમાણે સાપરાધ પ્રવેશ કરયા બાબત ગુનેહગાર ઠરાવ્યો અને તેના રૂ. ૫૦ દંડ કરેલા તેથી તે ચંદ્રનારાયણે આ. અરજી કરેલી છે.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે આ અરજી કરવામાં આવેલી છે. નીચેની કોરટના જોવામાં જેવી હકીકત આવી છે તે પ્રમાણે ફરીઆદીના કબજાની મીલકત ઉપર અરજદાર ગયો હતો, પરંતુ તે કોરટને એવું પણ માલમ પડેલું છે કે ફરીઆદીના કબજાની વાડીની બાહેરની જગો ઉપર એક હરણ મારવાને હરણની પછાડી પડવાને સરૂ થએલું હતુ. હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૪૪૧ માં સાપરાધ પ્રવેશની વાખ્યા છે. માટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે, તે રદ કરવો જોઇએ.

માટે અમે તે ઠરાવ રદ કરીએ છીએ અને હુકમ કરીએ છીએ કે જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

જષ્ટીશ બર્ચ સાહેબ:—અરજદારને કલમ ૪૪૭ પ્રમાણે 'સાપરાધ

પ્રવેશ કરયા બાબત ગુનેહગાર ઠરાવી તેના રૂ ૫૦) દંડ કરેલા છે તે કામની સંક્ષેપ રીતે તપાસ કરવામાં આવેલી હતી પરંતુ પુરાવ લેવામાં આવેલો છે અને તે પુરાવ ઉપરથી એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે અરજદારે જે કૃત્ય કરેલું છે. તે સાપરાધ પ્રેવેશની વાખ્યા પ્રમાણે થવાને પુકત રીતે ઇજા કારક છે. તે ઠરાવ ઉપરથી તે ઇનામની હદ ક્યાં છે. એ વીસે કાંઇ શક રહેલો જણાય છે. તે અરજદાર તથા તેનો સોબતી એક હરણની પછવાડે એક તળાવ સુધી ગયા કે જે તળાવ તે ચાહ વાવનાર કહેછે કે માહારી હદની અંદર છે અને તાંહાં તેઓએ તે હરણ મારેલું છે. મી. પારકવાર સંને અરજદારને કહેલું કે તમારે શીકાર કરવાને માહારી ચાહની વાડીમાં આવવું નહીં. તે ઉપરથી આશીસ્ટંટ કમીશનરે ઇજા કરવાના ઇરાદાનું અનુમાન કરેલું છે. પરંતુ તે ઠરાવ ઉપરથી જે હકીકત માલમ પડી છે, તે પ્રમાણે અમારી નજરમા આવે છે કે સાપરાધ પરવેશના ગુનહો થયો નથી. સબબ તે પ્રોશીડીંગ અમે રદ કરીએ છીએ અને હુકમ કરીએ છીએ કે દંડ પાછો આપવો.

મુલબેંચ.

તા૦ ૨૬ મારચ સને ૧૮૭૯.

સર. રીચર્ડ ગાર્થ નાઈટ ચીફ જસ્ટીશ, મી૦ જસ્ટીશ જાકશન
મી૦ જસ્ટીશ પોંટીફેકસ, મી૦ જસ્ટીશ એઈનસલી, અને
મી૦ જસ્ટીશ બર્ચ સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ નોબીનચંદદત્ત.

પૂરાવ—મુચરકો તોડ્યા બાબત પ્રોસીડીંગ—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૫૦૨.

જે પક્ષકાર ઉપર સુલેહના ભંગનો આરોપ રાખવામાં આવેલા હોય તે પક્ષકારને જે શાક્ષીઓની સાહેદી ઉપરથી તે મુચરકા પ્રમાણે અમલ શા વાસ્તે નહીં કરવો જોઈએ તેનું કારણ બતાવવાને હુકમ કરવામાં આવેલા છે તે શાહેદીઓને ઉલટ તપાસ કરવામાં લાગ મળેલો ના હોય તો શને ૧૮૭૨ નો આકટ ૧૦ ની કલમ ૫૦૨ પ્રમાણે માજીસ્ટ્રેટ તે મુચરકાનો અમલ વ્યાજબી રાહે કરી શકતા નથી.

પાનું ૮૬૫ મું. તા૦ ૨૮ શપટેમ્બરને સને ૧૮૭૭ ના રોજ મુનશીગંજના ડીપોટી માજીસ્ટરેટે બે જુદા જુદા મુચરકાથી એટલે દરેક રૂ ૫૦૦) ના મુચરકાથી એક વરશ સુલેહ રાખવા સારૂં નોબીનચંદ્રદત્ત અને કીશ્નકુમારદત્તને બંધનમાં રાખેલા હતા.

તે વરશ પુરૂં થતાં પહેલાં અમુક સખસોના ઉપર આરોપ રાખવામાં આવ્યો અને તેમને ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા. તે ડીપોટી માજીસ્ત્રેટે પોતાની રૂબરૂ જે પુરાવ હતો તે ઉપરથી ઠરાવ્યું કે જો નોબીન તે હુમલાના ગુન્હામાં જો તે નીશબત રાખતો નથી. તો પણ તેણે સુલેહનો ભંગ કરેલો છે તેથી તેના ઉપર નોટીસ કાહાડવામાં આવી એવા કારણશર કે તે મુચરકાનો અમલ શા વાસ્તે નહી કરવો તેનું કારણ તેણે બતાવવું. નોબીન તે કારણ બતાવવા હાજર થયો, પરંતુ માજીસ્ત્રેટે સદરહુ કામમાં જે પુરાવ લેવામાં આવેલો તે શીવાય બીજો પુરાવ લીધા વગર તે પુરાવનો તેના વીરૂદ્ધ ઉપયોગ કર્યો. અને નોબીનની તરફથી કાંઇ પણ પુરાવ સાંભળ્યા વગર એવો હુકમ કરયો કે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૦૨ પ્રમાણે તેના મુચરકાનો અમલ કરવો.

તે કામ શેશન જડજની રૂબરૂ આવતાં તેમના અભીપ્રાયમાં આવ્યું કે માજીસ્ત્રેટે તે કામ યોગ્ય રીતે ચલાવેલું છે. પહેલું એવા કારણથી કે તે મુચરકાની સરતો તુટેલી છે એવું નોબીનના વીરૂદ્ધ કાંઇ પુરાવથી શાબેત થએલું નથી. અને બીજું એવા કારણથી જો કે તેના ઉપર કારણ બતાવવાની નોટીશ કાહાડવામાં આવેલી હતી, તો પણ ડીપોટી માજીસ્ત્રેટે નોબીને પોતાના બચાવમાં જે શાક્ષીઓને બોલાવવાને મરજી રાખેલી તે શાક્ષીઓ ઉપર સમન્સ કરયા વગર તે મુચરકાનો અમલ કરયો, અને તેથી તે કામ હાયકોરટના હુકમ સારૂં તેમણે મોકલેલું છે.

હાયકોરટની રૂબરૂ આ કામ આવતાં મી૦ જસ્ટીશ એઇનસ્લી અને મી૦ જસ્ટીશ બ્રાઉટન સાહેબોએ તે કામ નીચેના લખાણ સાથે ફુલબેંચ તરફ મોકલેલું છે.

જે "પુરાવ ઉપરથી નોબીનચંદ્રદતના ઉપર એવો આરોપ રાખવાને માગવામાં આવેલું છે કે તેણે આપેલા મુચરકા પ્રમાણે તે ગુન્હેગારીને પાત્ર થએલો છે એવું કૃત્ય કરેલું છે. પુરાવ તેની રૂબરૂમાં લેવામાં આવેલો નથી, માટે જે પુરાવ ઉપર માજીસ્ટરેટ આધાર રાખે છે તે જે સખસોએ સાહેદી આપેલી છે તે સખશોની શાહેદી છે. પરંતુ તેમાંના કોઈની ઉલટ તપાસ કરવાને તેને લાગ મળેલો નથી. કાલીકતરાય ચોધરીના કામમાં કોરટે ઠરાવ્યું છે કે જુના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૩ ના શબ્દો જે સને ૧૮૭૨ ના કાયદાની કલમ ૫૦૨ ના જેવા વાસ્તવીક રીતે છે. તે પ્રમાણે ઠરાવ્યું છે કે સુલેહનો ભંગ કરયા બાબત મુચરકાનો અમલ કરવો એવું માજીસ્ત્રેટ ઠરાવી

શકે તે પેહેલાં અને શીક્ષા કરતાં પેહેલાં રેગ્યુલર ન્યાયની રૂઇની તપાસ અને કાયદેસર તજવીજ થવી જોઇએ,

તે કામની હકીકત આ કામના જેવી જણાય છે.

તે કાયદાના શબ્દો જોતાં આ વીચાર શકતાઇની રીતે બરોબર છે કે નહીં. તે શક ભરેલું છે એમ અમારી નજરમાં આવે છે તો પણ તેથી જે રીતી ઠરાવવામાં આવેલી છે તે એક એવી છે કે જેનો હેતુ અમે પસંદ કરીએ છીએ.

તે કલમમાં કહયું છે કે:—"માજીસ્ટ્રેટની રૂબરૂ જ્યારે એમ સાબેત થાય કે કોઈ મુચરકા વીરૂદ્ધ ચાલવામાં આવેલું છે તો તેમણે તેવા પુરાવના કારણો લખવા. અને તે મુચરકાથી જે સખશ ગુન્હેગારી આપવાને બંધાએલો હોય તેને તે આપવાને હુકમ કરવો અથવા તે સાવાસ્તે નહીં આપવી જોઇએ તેનું કારણ બતાવવાને હુકમ કરવો" અને તે નીચેની રકમમાં જો પુકત કારણ બતાવવામાં આવે અને ગુન્હેગારી વસુલ આપવામાં ના આવી હોય તો તે રકમ વારંટથી વસુલ કરવાને માજીસ્ટ્રેટે કામ ચલાવવાને ઠરાવ કરેલો છે માટે જે સખશ ઉપર હુકમ કરવામાં આવેલો હોય તે સખશ કારણ બતાવવાને બીલકુલ હાજર ના થાય તો તેના વીરૂદ્ધ કાંઇ પણ કામ ચાલેલું તે તેને સાંભળવાને કાંઇ લાગ મળતાં પહેલાં જે પુરાવ લખી લેવામાં આવ્યો હોય તે પુરાવ ઉપરથી માજીસ્ટ્રેટ વરતી શકે છે.

આ કલમમાં જે કામ ચલાવવાની રીતી ઠરાવેલી છે તે એક સામાન્ય નીયમનો અપવાદ છે—"એકાદ સખશ ઉપર જો આરોપ રાખવામાં આવેલો હોય તો તેને તેની રૂબરૂમાં લેવાએલા પુરાવ ઉપરથીજ ગુન્હેગાર ઠરાવી શકાય છે.

જે સખશ ઉપર મુચરકા તોડયા બાબતના કેસનો આરોપ રાખવામાં આવેલો હોય તે સખશનો માજીસ્ટ્રેટે જે સાક્ષીઓ ઉપર આધાર રાખેલો હોય તે સાક્ષીઓની ઊલટ તપાસ સારૂ પાછા બોલાવવાનો હકક છે એમ હોય પરંતુ કાયદાના શબ્દો પ્રમાણે જેમ સામાન્ય તપાસોમાં થાયછે તે પ્રમાણે તોહોમતવાળા સખશની રૂબરૂમાં આવા શાક્ષીઓને તપાસવાને માજીસ્ટ્રેટ કાયદેશર બંધાએલા નથી એમ જણાય છે.

આ અગત્યની બાબત વીશે અમારી નજરમાં આવે છે કે ફુલબેંચે નીર્ણય કરવો જોઈએ તેથી અમે એવો શવાલ પુછીએ છીએ કે જે સખશ મુચરકાથી બંધાએલો હોય તે સખશે મુચરકો તોડયો એવું જે પુરાવ ઉપરથી માજીસ્ટ્રેટે ઠરાવ્યું હોય તે પુરાવ તે સખશની રૂબરૂમાં લખવાને કાયદા પ્રમાણે માજીસ્ટ્રેટ બંધાએલાં છે કે નહીં.

શેશન જડજે બીજીબાબતમાં જે એવો વીચાર કરયો છે કે જ્યારે નોબીનચંદ્ર જ્યારે કારણ બતાવવાને હાજર થયો તે વખતે તેને પોતા-ના સાક્ષીઓને તપાસવાનો હકક હતો તે સાથે અમે મળતા છીએ પરંતુ ફુલબેંચે આ રેફરંસનો નીકાલ કરતાં સુધી કાંઈ પણ છેવટ હુકમ કરવાને અમે બંધ રાખીએ છીએ.

એમાંથી એકે પક્ષકાર હાજર થયો નથી.

ફુલબેંચનો ફેંસલો ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ નીચે પ્રમાણે આપ્યો

અમને જે કામમાં પુછવામાં આવેલું છે તેમાં અમને એવું માલમ પડેલું છે કે નોબીનચંદ્રદત્ત (૨ ૫૦૦)ની રકમનો મુચરકો આપી એક વરસ સુધી સુલેહ રાખવા સારૂ બંધાએલો હતો. આ મુદતની અંદર બીજા કેટલાક સખશોની ઉપર ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ સુલેહનો ભંગ કરયા નો આરોપ રાખવામાં આવ્યો તેથી તેઉએ ક્રીસ્ન તાપાદાર વીગેરેને હુમલો કરયા બાબત ગુન્હેગાર ઠરાવ્યા; અને જો કે નોબીનને તે ગુન્હા સાથે જાતી કો શબંધ નહીં હતો અને તે તપાસમાં તેને પ્રતીવાદી કરવામાં આવ્યો નહીં હતો તોપણ માજીસ્ત્રેટે પુરાવ ઉપરથી ઠરાવ્યું છે કે ગુ-ન્હેગાર ઠરેલા સખસોની મદદથી તે નોબીને સલેહનો ભંગ કરાવેલો છે તેથી તેના મુચકાનો અમલ શા વાસ્તે નહીં કરવો તેનું કારણ તેને પુછેલું છે. અને તે કોરટમાં હાજર થયો તે વખતે ક્રીશ્ન તાપાદાર વી-ગેરેની ફરીઆદ ઉપરથી જે પુરાવ દાખલ કરવામાં આવેલો તે શીવા-ય બીજો કાંઈ પુરાવ તેના મુચરકા તોડયા બાબતનો ઠરાવ કરવાને નથી.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૦૨ થી (જુના કાયદાની કલ-મ ૨૯૩ થી સુલેહની બાબતના મુચરકાની બાબતમાં ઇંગલાંડમાં ઘણા ખરા કામોની બાબતમાં જેવું ભારે પ્રોશીડીંગ થાય છે તેની જગોએ ઠ-રાવેલી રીતી છે.

આ કામમાં પ્રતીવાદીએ જે મુચરકા આપેલા છે. તે પ્રતીવાદીને અમુક તકરાર કરવાનો તથા એવો શવાલ ઉતપલ કરવાનો લાગ હોય છે કે તે હુમલાનો ગુન્હેગાર હોય છે કે નહીં અને તે તકરારના ઉતપન થ-એલા છસ્યું ઉપર તપાશ થાય છે અને તે તપાશમાં જેમ દીવાની કામ-માં પુરાવ જોવામાં આવે છે તેમ બરોબર પુરાવ જોવામાં આવે છે.

માટે કલમ ૫૦૨ નો વ્યાજબી અરથ કરતાં અમારી નજરમાં આ-વે છે કે જે પક્ષકારના ઉપર સુલેહનો ભંગ નહી કરવા બાબત આરોપ રાખવામાં આવેલો હોય છે તેને જે સાક્ષીઓની સાહેદી ઉપરથી કારણ બતાવવાનો હુકમ કરવામાં આવેલો હોય તે શાહેદીઓની ઉલટ તપાશ ક-રવાનો લાગ તેને મળેલો ના હોય તો તે કલમ પ્રમાણે માજીસ્તરેટ ત્યા

જપ્તી રહે તે મુચરકાનો અમલ કરી શકતા નથી.

માજીસ્તરેટની રૂબરૂ સુલેહનો ભંગ થવા બાબત અગર બીજા કોઇ ગુન્હા બાબત તોહોમતવાળાના ઉપર ફરીઆદ કરવા ઉપરથી તે લાગ ઉતપન થાય. જે કામમાં તોહોમતવાળો પ્રતીવાદી થાય તે કામમાં તોહોમતવાળાને ફરીઆદ તરફની ઉલટ તપાસ કરવાનો હક છે. અગર માજીસ્ટેટને તે મુચરકાનો અમલ કરવાને અરજ કરવામાં આવેલો પણુ તે હક થાયછે માટે તે વખતે જે સાક્ષીઓની સાહેદી ઉપરથી તે કારણુ બતાવવાનો હુકમ કરવામાં આવેલો હોય તે હુકમ વીરૂદ્ધ જ્યારે કારણુ બતાવવામાં આવે ત્યારે તે વખતે તે સાક્ષીઓએ હાજર રહેવું જોઇએ. અને તે વખતે તોહમતવાળો તેની ઉલટ તપાસ કરી શકેછે.

જો કાંઇ કારણુ બતાવવામાં આવેલું ના હોય અગર સાક્ષીઓની ઉલટ તપાશ કરવાને તોહોમતવાળો ના પાડતો હોય તો જેવો પુરાવ છે તે પુરાવ ઉપરથી માજીસ્તરેટ તે કામનો નીકાલ કરવાને અલબત મુખત્યાર છે.

સબબ ઈનશાફના કારણુશર તોહોમતવાળાને ઉલટ તપાશ કરવાનો લાગ મળેલો હોય તો તે દેખીતી રીતે બસ છે.

હુકમ ફેરવવામાં આ૦યો.

ફોજદારી અપીલ.

તા૦. ૩ અપરેલ શને ૧૮૭૯

મી૦ જસ્ટીશ એઈનશલી અને મી૦ બ્રાઉટન સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ ઈરાદઅલી તોહોમતવાળો.

પીનલકોડની કલમ ૧૮૨ અને ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાની મંજુરી—મંજુરી બાબત શવાલ ઉઠાવવાને ડીપોટી માજીસ્તરેટનો અખત્યાર.

પીનલકોડની કલમ ૧૮૨ અને ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાની મંજુરી ઉપર અધીકારીએ આપેલી હોય તો તે મંજુરી બાબત વાંધો લેવાને ડીપોટી માજીસ્તરેટને અખત્યાર નથી.

આવી મંજુરી ખોટી કે ખરી રીતે આપવામાં આવેલી હોય તે વીશે યોગ્ય કોરટની રૂબરૂ તકરાર કરવાને તોહોમતવાળાનો હક છે.

પાનું ૮૬૯ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે આ રેફરંશ કરવામાં આવેલું છે.

એક નાશીબુન્નીશાની ઉપર પોલીશની રૂબરૂ ચોરી કર્યા બાબત

એક ઇરાદઅલીએ આરોપ રાખેલો છે એમ જણાય છે. તે આરોપની બાબત તપાશ કરતાં પોલીશે રીપોટ કરયો કે તે બાબત જુઠી છે તો પણ તે પોલીશનો રીપોટ આવતાં પહેલાં ઈરાદઅલીએ તે માજીસ્તરેટની રૂબરૂ તોહોમતની એક ફરીઆદ ફરીથી કરેલી હતી. તે ઉપરથી તે માજીસ્તરેટે તે તોહોમતવાળા ઉપર સમન કરયા શીવાય તે બાબત રીપોટ કરવા શારૂં તે કામ ડીપોટી માજીસ્તરેટ તરફ મોકલી દીધું. તે અમલદારના અભીપ્રાયમાં આવ્યું કે તે આરોપ જુઠો છે. તેથી તે જુઠો છે એ પ્રમાણે દાખલ કરવાને તેમણે પોલીશને ફરમાવ્યું. પરંતુ તેમણે તે કામ રીતસર કાહાડી નાંખ્યું નથી એમ જણાય છે. ત્યારપછી નાશી બુનીશાએ પીનલકોડની કલમ ૧૮૨ અને ૨૧૧ પ્રમાણે જુઠા આરોપ બાબત તે ઈરાદઅલી ઉપર ફરીઆદ કરવાની પરવાનગી મળવા માજીસ્તરેટને અરજ કરી. તેથી માજીસ્તરેટે તે પરવાનગી આપી. અને તે માજીસ્તરેટે તોહોમતવાળા ઉપર સમન્સ કરવાનો હુકમ કરીને તે કામ તપાસ કરવા શારૂ ડીપોટી માજીસ્તરેટ તરફ મોકલી દીધું,

નીચેના કારણોથી તે ડીપોટી માજીસ્ત્રેટે તે તોહોમતવાળાને છોડી દીધો.

(૧) કલમ ૧૮૨ અને ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાની જે પરવાનગી આપવામાં આવી છે તે કાયદેશર નથી. કારણ કે ચોરીનો જે આરોપ અસલ તોહોમતવાળાએ કરયા બાબત રાખવામાં આવેલો તેની તપાસ કરવાને ન્યાયની રૂઇએ કામ ચલાવવામાં આવેલું નથી.

(૨) ઇરાદઅલીની અરજી ઉપરથી તે માજીસ્ત્રેટે કામ કાહાડી નાંખ્યાનો રીતસર હુકમ કરેલો નથી.

(૩) ઇરાદ અલીએ જે શાક્ષીઓ રજુ કરેલા તે શાક્ષીઓ શબ ડીપોટી માજીસ્ત્રેટે તેની ફરીઆદ જુઠી છે એવું ઠરાવતાં પહેલાં સાંભળવા જોયતા હતા પણ તે તમામ સાંભળેલા નથી.

ડીપોટી માજીસ્ત્રેટના તે પ્રોશીડીંગ વીશે માજીસ્ત્રેટે હરકત લેઇ હાયકોર્ટમાં તે કામમાં પુછ્યું.

તે વીશે તકરાર કરવાને કોઇ હાજર થએલું નથી.

હાયકોર્ટનો અભીપ્રાય જસ્ટીશ એઇનસ્લી સાહેબે નીચે પ્રમાણે આપ્યો. અને તે સાથે જસ્ટીશ બ્રાઉટન સાહેબ મળતા આવ્યા છે.

અમારી નજરમાં આવે છે કે તે માજીસ્તરેટે આપેલી મંજુરી વીશે ડીપોટી માજીસ્તરેટે વાંધો લીધો છે તે બરોબર નથી. તે હુકમ કાયદાના અમુક ઠરાવ પ્રમાણે ઉપલી કોર્ટથી કરવામાં આવેલો છે. પછી તે ખરી કે ખોટી રીતે કરવામાં આવેલો છે તેની તપાસ કરવાનું કામ શબારડીનેટ કોર્ટનું નથી, જીલ્લા માજીસ્તરેટે જે કામમાં પીનલકોડની કલમ

૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાને મંજુરી આપેલી છે તે જે રીતેએ આપી તે કામનો તેમણે નીકાલ કરયો છે તે રીતીનો તપાસ કરવાને ડીપોટી માજીસ્તરેટ અપીલ અગર ફરી તપાસની કોર્ટ તરીકે બેઠેલા નથી. તેઉ તો તે મંજુરી બળવાન તરીકે કબુલ કરવાને અગર જો તેવી સલાહ મળે તો યોગ્ય કોર્ટની રૂબરૂ તોહોમતવાળો તે વીશે તકરાર કરે તે પ્રમાણે તોહોમતવાળાને રાખવાને તે બંધાએલા હતા.

માટે ડીપોટી માજીસ્તરેટનો હુકમ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તેમની રૂબરૂ તોહોમતવાળાના ઉપર જે આરોપ છે તે વીશે તેમણે તપાસ કરવી.

હુકમ રદ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૫ મું.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ એપ્રીલ સને ૧૮૭૯.

મી૦ જસ્ટીશ એઈનસ્લી અને મી૦ જસ્ટીશ બ્રાઉટન સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ રોહીમુદીન (નંબર ૧.) નાજીર મહમદ [નંબર ૨) અને શોમીરૂદીન [નંબર ૩.]

ખુન—શીક્ષણ્ય મનુષ્ય વધ—હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૦ (અપવાદો ૪ અને ૫.)

કલમ ૩૦૦ નો પાંચમો અપવાદ જે કામમાં અમુક કૃત્ય કરવાને એકાદો શખશ કબુલ કરે પણ તે જાણતો હોય કે તે કરવાથી નક્કી મોત થશે અગર મોત થવાનો સંભવ છે તો તે કામને લાગુ થાય છે પરંતુ જે કામમાં અમુક બાબત ઉપરથી મોત થવાની ધાસ્તી હોય તે બાબત એકાદો સખશ જો પોતાથી બની શકે તો અટકાવવાને ઇરાદો રાખતો હોય તો પછી જે સખશની તરફથી ધાસ્તી રહેવાને વીચારવામાં આવતું હોય તે સખશનું મોત કરી તે અટકાવવામાં આવે તો પણ તેને તે લાગુ થતો નથી.

જસ્ટીશ બ્રાઉટન સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે પ્રથમથીજ વીચાર કરીને જે લડાઇ કરેલી હોય તેને કલમ ૩૦૦ નો અપવાદ ૫ મો લાગુ થતો નથી. પરંતુ સતી જેવા જુદી રીતના કામને તે લાગુ થાયછે.

પાનું ૩૧ મું. બાકરગંજના શેશન જડજના હુકમ ઉપર આ ફોજદારી અપીલ કરવામાં આવેલી છે.

એક જમીનના કટકા સબંધી અબદુલ લશકર અને અબદુલ ખુદકરની વચ્ચમાં તકરાર ઉત્પન્ન થએલી જણાય છે, અને તેથી તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૮ ના રોજ અબદુલ લશકર ભાલા તથા ડાંગો સાથે ના પચાસ અગર સાઠ માણસના ટોળા સાથે આવ્યો અને તકરારી જમીનમાં હોલ ખેડવું શરૂ કરયું. તે ઉપરથી ખુદકરના માણસો પણ તે વીજ રીતે હથીઆર સાથે હતા તેથી તેમણે પણ તે માણસોને અટકાવવાને કોશીશ કરી તેથી બખેડો થયો. તો પણ કેટલાક આબરૂદાર માણસો વચ્ચમાં પડવાથી તેઓએ અબદુલ લશકરને તેના માણશોને બંધ કરવાને લલચાવ્યો તેથી તે બખેડો બંધ પડયો. ત્યાર પછી આ માણસોને ફરીથી ગુસ્સે કરવામાં આવ્યાં તેથી તે પાછાં આવ્યાં. અને તે ઉપરથી જે ટોળી થઇ તેમાં અબદુલ ખુદકરની ટોળીનો એક અસરૂદીન હતો તેને જખમ થયો અને તેથી તે મરણ પામ્યો.

ત્રણ માણસો તે અબદુલ લશકરની ટોળીના હતા, એટલે રોહીમુદીન, નાજીર મહમદ, અને સોમીરૂદીનને પકડવામાં આવ્યા અને તેમના ઉપર હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૩૦૨—૧૪૮, અને ૧૪૯ પ્રમાણે આરોપ રાખવામાં આવ્યો.

શેશન જડજની નજરમાં આવ્યું કે જે હકીકત છે તે પ્રમાણે તે કેદીઓને ખુનના ગુન્હેગાર ઠરાવી શકાતા નથી. પણ ઘણામાં ઘણું કરીએ તો મનુષ્યવધના ગુનહેગાર ઠરાવી શકાય છે. પુરાવા ઉપરથી ખુલ્લુ શાબેત થએલું છે કે તે અશરૂદીન એક નાશીરૂદીનની આગેવાની નીચે પોતાના ધંધાની રૂઈએ ડાંગવાળા માણસો તરીકે તે બખેડામાં હાજર હતો. અને તે મરનાર તથા બીજા માણસો કે જેની પક્ષ તે લેતો હતો તે પણ ધંધેથી ભાલાવાળા માણસો હતા. અને તેમણે તે લડાઇ ઈરાદા પુરવક કરી અને તેઓ પ્રથમથીજ કબુલ કરીને ખુશીથી તે લડાઈમાં પડયા એવું સારી પેઠે જાણીને કે તેમ કરવાથી તે ઉને કેવું જોખમ છે. તે ઉપરથી શેશન જડજે ઠરાવ્યું છે કે પીનલકોડની કલમ ૩૦૦ ના અપવાદ ૫ માં આ કામનો સમાસ થાય છે. કારણ કે તેમાં ઠરાવ્યું છે કે "જે શખશનું મોત થાય તે સખશ અઢાર વરશની વયનો હોય તે પોતાની કબુલતથી પોતાનું મોત થવાદે અગર પોતાના મોતનું જોખમ રાખે તો તે શીક્ષણીય મનુષ્યવધ છે." સબબ તેઉએ આસેસરો સાથે મળતા આવી રોહીમુદીન, નાજીર મહમદ અને સોમીરૂદીનને પીનલકોડની કલમ ૩૦૪ અને ૧૪૯ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી પેહેલા બે કેદીઓને દશ વરસની અને ત્રીજા કેદીને પાંચ વરસની સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તે કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી.

તે કામમાં તકરાર કરવાને કોઇ હાજર થયું નથી.

કોર્ટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવ્યો:—

જષ્ટીશ એઇનસ્લી સાહેબ—જડજ અને આસેસરો મળતા આવી તે કેદીઓએ એક બખેડાની દરમીઆનમાં મનુષ્ય વધનો ગુન્હો કરેલો છે એવું ઠરાવી તેઓને હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૪ તે કલમ ૧૪૯ સાથે વ.ચતાં તેઓને શીક્ષા કરેલી છે. બીજા સખસો ઉપર તેજ બાબત પ્રથમ તપાસ ચલાવી ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે તેઓને કલમ ૩૦૨ તે કલમ ૧૪૯ સાથે વાંચતાં ખુનના ગુન્હેગાર ઠરાવેલા છે. આ ને તે ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ તા૦ ૧૨ નવંબર સને ૧૮૭૮ ના રોજ આ કોરટે બાહાલ રાખેલો છે. આ તપાશમાં કામ ચલાઉ જડજે ઠરાવ્યું છે કે પીનલકોડની કલમ ૩૦૦ નો પાંચમો અપવાદ એવો છે કે "જે સખસનું મોત કરવામાં આવે તે અઢાર વરસની વયની ઉપરનો હોય અને તે પોતાનું મોત થવાદે અગર તેની કબુલતથી તે પોતે મોતનું જોખમ લે તો તે શીક્ષણ્ય મનુંષ્યવધ છે" તેમાં આ કામનો સમાશ થાય છે, તેઉએ કહયું છે કે "ધંધેથી ડાંગવાળા માણસો મોત કરે તેવા હથીઆરબંધ હોય અને તે સખસોમાંનો કોઇ ખુશીથી તેઓએ ગુસ્સો ઉતપન કરેલી લડાઇમાં પડે અને તેમાં તેને મારી નાંખવામાં આવે તો તેનુ મોત તે ખુન થઈ શકતું નથી, અને તે પેહેલાંના વાકયમાં તેમણે કહયું છે "કે તેઓને કોઇની જાત અગર મીલકતના બચાવ શારૂં લડવાની ફરજ પડેલી નહીં હતી. પરંતુ તેઓએ તે લડાઈ ગુસ્સેથી ઉતપન્ન કરી અને પ્રથમથીજ પોતાની કબુલતની સાથે ખુશીથી તેઓ તેમાં પડયા. તેઓ ધંધેથી ડાંગવાળા માણુસો ભાલા સાથે હતા અને તેના સામાવાળા પણ ભાલા સાથે હતા. માટે તેઓ સારી પેઠે જાણુતા હતા કે તેઓ કેવા જોખમમાં પડે છે. અને તેઓની વરતણુક ઉપરથી એવું માલુમ પડે છે કે તે જોખમ તેમણે પોતાને માથે ખુશીથી રાખેલું છે.'' સારાંઉશમાં હકીકત એવી છે કે અમુક સખશો જેઓ લશ્કરની ટોળીના છે કે જેમાંના કેદીઓ પણ છે તે ભાલા તથા ડાંગો સાથે એક અબદુલ રહીમ ખુંદકરે દાવો રાખેલી જમીન ઉપર હોળ નાંખવાને ગયા તેથી તે અબદુલ રહીમે માણસો એકઠાં કરયાં અને તોફાન થયું, તેથી ઢેપાં નાંખવામા આવ્યાં. પરંતુ કેટલાક નજીક ઉભેલા હતા તેઓ વચ્ચમાં પડવાથી તેઓને જુદા પાડવામાં આવ્યા. લશકરી ટોળી પાછી હઠવા માંડી તે ઉપરથી ખુંદકરની ટોળીએ તેમને ગાળો દેવા માંડી અને એક હરી જે પોતાનું હોળ ખસેડતો હતો

તેની તરફ કેટલુંક બળ વાપરવામાં આવ્યું. આ ઉપરથી લસકરની ટોળી પાછી આવી તે ઉપરથી ખુદકરના કેટલાક માણસો લડવાને તૈયાર થયા અને લડાઇ થઇ. તેમાં ખુદકરની ટોળીનો એક અસુરૂદીન કેટલાક ભાલાના જખમથી મરાયો, અને બીજા સખશને પણ જખમ થયા હતા.

પુરાવ ઉપરથી જણાય છે કે લશકરના માણસોના હુમલાની શામે તૈયારી કરવાને આ માણસોએ વીચાર કરેલો હતો. સબબ એકાએક કજીઓ ગુસ્સાના આવેશમાં એકાએક લડાઇ તરીકે થએલો હોય એ પ્રમાણે ૪ થા અપવાદમાં આ કામનો સમાશ થતો નથી. પ્રથમ તે માગનારાઓ મોત કરે તેવા હથીઆરો સાથે ગયા હતા. અને પાછળથી જ્યારે લડાઈ થઇ ત્યારે બેઉ પક્ષકારોએ તે લડાઇ સમજીને ઇરાદાથી કરેલી હતી. જડજે જે એવો વીચાર કરેલો છે કે પાકી વયના સખસો મોત કરે તેવા હથીઆરો સાથે બુદ્ધીપૂરવક એક લડાઇમાં પડે તેથી તેઓ પોતાની કબુલતથી મોતનું જોખમ રાખે છે અને તેથી પરીણામે જે શીક્ષણીય મનુષ્યવધ થાય તે ખુન નથી. આ વીચાર સાથે અમે મળી શકતા નથી. જો આ વીચાર બરોબર હોય તો ૪ થો અપવાદ બીન ઉપીયોગી થાય છે. પ્રથમથી વીચાર કરીને મોત કરે તેવા હથીયાર સાથે લડાઇ કરેલી હોય તેમાં મનુષ્યવધ એ ખુન થતુ ના હોય તો પ્રથમથી વીચાર કરયા વીના એકાએક કજીયા ઉપરથી થએલા ગુસ્સાના આવેશમાં એકાએક લડાઇ થાય તેમાં થએલું મનુષ્યવધ અલબત ખુન થાય નહીં. અમને એમ માલમ પડે છે કે ૪ થા અપવાદથી ખુલ્લુ જણાય છે કે જો લડાઈ પ્રથમથી વીચાર કરયા વીના થએલી હોય અને તેમાં બતાવ્યા પ્રમાણે એકાએક કજીયાના થયેલા ગુસ્સાના આવેશમાં અકસ્માત થએલી ના હોય તો તેમાં થએલો મનુષ્યવધ એ ખુન છે. લડાઇ થવાથી કાંઇ હકીકતમાં કર્માપણું થતું નથી. પ્રથમ વીચાર કરયા વીનાની લડાઇ હોય તો તેથીજ તેમ થઇ શકે છે. જે હકીકત ઉપરથી એવું અનુંમાન થતું હોય કે મનુષ્યવધ પ્રથમથી વીચાર થઇને કરેલો છે. તે હકીકત પ્રમાણેની લડાઇમાં જે સખસો હોય તેઓ તેના પરીણાંમમાં તમામ રીતે જવાબદાર થાય છે. ૫ મો અપવાદ કોઇ રીતે આ કામને લાગુ થતો હોય એમ અમારી નજરમાં આવતો નથી. જે કામમાં અમુક કૃત્ય કરવાં ને કોઇ સખશ કબુલ કરે અને તે તેમાં જાણતો હોય કે તેથી નક્કી તેમાં મોત થશે. અગર પરીણામે મોત થવાનો સંભવ છે તેને તે અપવાદ લાગુ થાયછે એમ અમો શમજીએ છીએ. પરંતુ જે કામમાં અમુક બાબત ઉપરથીજ મોત થાય તેવું હોય તે બાબત બની શકે ત્યાં સુધી અટકાવવાને જે સખશ તરફથી

ભય રાખવામાં આવતો હોય તે સખશનું મોત કરીને તે અટકાવવાનો ઇરાદો રાખવામાં આવે તેથી તે મોતના જોખમને તે અપવાદ લાગુ થતો નથી. પીનલકોડની મોરગન અને મ્યાકફરસનની આવૃતી છે તેને પાને ૨૬૫ મે ઇંડીયન લા કમીશનરોનો રીપોર્ટ છે તેમાંના ઇનતેકાફમાં જે કામોમાં આ અપવાદ લાગુ થાય છે તે કામોના દાખલા બતાવવામાં આવેલા છે. અને અમારા અભીપ્રાય પ્રમાણે ફકત આવી જાતના કામોની તે પ્રમાણે યોગ્ય રીતે વ્યવસ્થા કરવાની છે. માટે તે કેદીઓને પીનલકોડની કલમ ૩૦૨ તે કલમ ૧૪૯ સાથે વાંચતાં ગુનેહગાર ઠરાવવા જોયતા હતા અને તે પ્રમાણે તેમને શીક્ષા કરવી જોઇતી હતી. સબબ અમે બાકરગંજના કામ ચલાઉ શેસન જડજે જે શીક્ષાનો હુકમ તથા ગુન્હાની સાબેતીનો ઠરાવ કરેલો છે તે રદ કરીએ છીએ. અને કેદી રોહીમુદીન, નાજીર મહમદ, અને સોમીરૂદીનને હીંદુસ્તાનના ફો૦ કા૦ ની કલમ ૩૦૨ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો અસુરૂદીનનું ખુન કરયા બાબતનો કરેલો છે. એમ ઠરાવી તેમને હયાતી સુધીની સમુદ્રપારની શીક્ષા કરીએ છીએ.

જસ્ટીશ પ્રાઉટન સાહેબઃ—વળી અમારી નજરમાં આવે છે કે તે કેદીઓને હીં. ફોજદારી કાયદાની કલમ ૩૦૨ તથા ૧૪૯ પ્રમાણે ખુનના ગુન્હેગાર ઠરાવવા જોઈએ. જે સખસો એકઠા થએલા હતા. તે સખસોનો એક સરખો હેતુ તે જમીનમાંથી શામી ટોળીનો કબજો છોડાવવાનો હશે. પરંતુ તેઓ પાછા ગયા હતા. અને બીજા લોકો વચમાં પડવાથી તેઉએ તે હેતુ છોડી દીધો હતો. પણ પાછળથી સામી ટોળીએ ફરીથી આવવાની તેમની સાથે તકરાર કરી અને તે મરનાર માણસ તથા બીજો એક ભાલા સાથેનો માણસ લડાઈ કરવાની સ્થીતીમાં પડયા. અને કેદીઓની ટોળી પાછી આવવાને રાહ જોઈને ઉભા રહયા. તેઓ પાછા આવ્યા તેમાં કેટલાક ભાલા સાથે હતા. અને સામી ટકર કબુલ કરી. જેઓ પાછા આવ્યા તેમાં તે કેદીઓ હતા. તેઓનો હેતુ તે જમીનમાંથી બીજાઓનો કબજો છોડાવવાનો નહીં હતો તોપણ મોત કરે તેવી લડાઇમાં ભાલા સાથે પડવાનો હતો. એકાદો સખશ કલમ ૧૪૧ માં બતાવેલી ગેરકાયદે મંડળીનો અંગભુત હોય અને જો તે મોત કરે તેવા હથીઆરની સાથે હોય તો પછી કાંઈ બળ વાપરવામાં આવેલું ના હોય તોપણ તે કલમ ૧૪૪ પ્રમાણે શીક્ષાને પાત્ર થઇ શકે છે. જો કાંઈ બળ વાપરવામાં આવેલું હોય તો તે કલમ ૧૪૮ પ્રમાણે શીક્ષાને પાત્ર થઇ શકે છે. અને જો તે ડેકાઇટી કરનારની ટોળીનો અંગભુત હોય અને તેણે ખુન કરયું હોય તો તે કલમ ૩૯૬ પ્રમા

એ શીક્ષાને પાત્ર થાય છે. આ કામમાં મોત કરે તેવું હથીઆર વાપરવામાં આવ્યું નહી હોય પણ જો તે વાપરવામાં આવ્યું હોય તો તે કલમ ૩૯૮ પ્રમાણે સીક્ષાને પાત્ર થાય છે. આ તમામ દાખલાઓ ઉપરથી જણાય છે કે તે ટોળીના હેતુ અગર ઇરાદા જુદા જુદા હોય છે. માટે તેનો ન્યાય કામની સાબેત થએલી હકીકત ઉપરથી કરવો જોઇએ. આ કામમાં તે ટોળીનો હેતુ અને ઇરાદો ખુલી રીતે એ પ્રમાણે લડવાનો હતો કે જે હથીઆરો તેઓએ વાપરયાં હતાં. તેથી તેમાંના એક સખસનું મોત થાય અગર મોત થવાનો સંભવ હતો. અગર તેમના સામાવાળાઓમાંના એકનું મોત થાય અગર મોત થવાનો સંભવ હતો. શેશન જડજે એવું કહેલું છે કે જે સખસને મારી નાંખવામાં આવેલો છે તેણે મોત માગેલું હતું અગર મોતનું જોખમ રાખ્યું હતું અને આથી હી૦ ફોજદારી કાયદાની કલમ ૩૦૦ ના અપવાદ ૫ મામાં આ કામનો સમાશ થાય છે. પણ જો તે અપવાદ આ કામને લાગુ થાય તો અપવાદ ૪ થાનું કાંઇ કારણ જણાતું નથી. તકરાર કરનાર બે પક્ષકારોની વચમાં જયારે લડાઇ થએલી હોય ત્યારે ૪ થો અપવાદ લાગુ કરવાને શારું તે લડાઇ એકાએક પ્રથમથી વીચાર કરયા વીનાની થએલી જોઈએ એવી જરૂર છે. માટે હરકોઇ હકીકતથી એકાદી લડાઇ થઈ હોય તો તેમાં શેશન જડજના બતાવ્યા પ્રમાણે કબુલ ન હોવી જોઇએ. આ કામમાં સામી તકરાર લેવામાં આવી અને લડાઇ થઇ તેની વચમાં અમુક મુદ્દત હતી. પછીથી ટુંકી મુદત હશે પણ વીચાર કરવાને વખત હતો. અને જે વખતે સામી તકરાર લેવામાં આવી તે વખતે પક્ષકારો એક બીજાથી દુર હતા. માટે તેઓએ મોત કરે તેવા હથીઆરની સાથે લડાઇમાં જવું કીંવા નહી તેનો વીચાર કરવાને તેઓને વખત હતો તેઓએ લડવાનું નકકી કરયું અને તેના પરીણામમાં એક માણશનું મોત થયું. પં મો અપવાદ જુદી જાતના કામને લાગુ થાય છે એમ અમને જણાય છે. જેમકે સતીના કામમાં પ્રથમથીજ વીચાર કરેલી લડાઇ હોય તેને લાગુ થતો નથી. આ કેદીઓએ અપીલ કરેલી છે અને તેઓ કહે છે કે પુરાવ છે તે નીશ્ચયકારક નથી. અને નાજીર મહમદ કેહે છે કે હું તે જગોએ હતોજ નહીં એ વાત સાબેત કરવાને મારા સાક્ષીઓ છે. બચાવ તરફના શાક્ષીઓ તપાસવામાં આવેલા છે અને કોઈ સાહેદી લેવામાં આવેલો નથી એમ જણાતું નથી. આ સાક્ષીઓ ફરીઆદ તરફના કામને પુષ્ટી કરે છે અને વળી તદન સ્વતંત્ર સાક્ષી એટલે જે સખશો વચમાં ભાંજગડ કરવાને પડેલા તેઓની શાહેદી ઉપરથી પણ તે સાબેત થાય છે. અને તેઓએજ ખરી રીતે તકરારી પક્ષકારોની

વખમાં દુશમનાઇ બંધ કરેલી હતી. શેશન જડજે જે એમ કહેલું છે કે તે હકીકત ખુલી રીતે બેઉ તરફના સાક્ષીઓથી સાબેત થએલી છે તે બરોબર છે. પરંતુ તે ગુન્હો ખુનનો છે કે શીક્ષણીય મનુષ્ય વધનો છે તે વીશે શેશન જડજની ભુલ થએલી છે. તેવો વીચાર કરવાને અમે મળતા આવીએ છીએ. અમારા અભીપ્રાય પ્રમાણે તે ખુનનું કામ છે અને તે પ્રમાણે છે તો તે કેદીઓને હકીકત પ્રમાણે હયાતી સુધી સમુદ્ર પારની શીક્ષા થવી જોઈએ.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ

તા૦ ૧૪ મી મે સને ૧૮૭૯

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જસ્ટીશ વાહીટ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ ચંદ્રનાથ દત,

પ્રેશીડેન્સી માજીસ્ટ્રેટ આકટ (સને ૧૮૭૭ નો આકટ ૪) ની કલમ ૮૨—૮૬ અને ૮૭ ખુલાશો ૨—ફરીઆદ તરફનું કામ તાજુ કરવું—શાક્ષીઓનો તપાશ.

સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૮૭ ના ખુલાસા ૨ માં "ફરી આદ તરફનું કામ તાજુ કરવું" એવા શબ્દો છે તેથી જે અસલ ફરીઆદ તરફના કામમાંથી તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો હોય તે જયારી નથી. ફરીઆદ તરફનું કામ તાજુ કરવાને આવે એટલે ફરીઆ આદ તરફના જે સાક્ષીઓ ઉપર ભરૂસો રાખવામાં આવેલો હોય તેમને માજીસ્ટ્રેટની રૂબરૂ તપાશવા જોઇએ. અને જો તેમાંના કોઈ અસલ ફરીદીના કામ વખતે તપાશવામાં આવેલા હોય તોપણ તેમને ફરીથી તપાસવા જોઈએ.

પાનું ૧૨૧ આ કામમાં હાયકોરટમાં નીચે પ્રમાણે પુછવામાં આવેલું હતું:—

"તોહોમતવાળા ઉપર બે રજીસ્ટર કરયા વગરના કાગળો કે જેમાં ચલણી નોટો તથા હુંડી હતી. તે કાગળો ચોરીને કપટથી ઉપયોગ કરયા બાબત આરોપ રાખવામાં આવેલો તે ઉપરથી તા૦ ૨૬ જુલાઇ સને ૧૮૭૮ ના રોજ આ કોરટે તેને પકડવાને વારંટ કાહાડેલું તેથી તોહોમતવાળો તા૦ ૩૦ મી જુલાઇ સને ૧૮૭૮ ના રોજ તે વારંટને શરણ થયો. તેના ઉપર તા૦ ૩૦ મી જુલાઇ સને ૧૮૭૮ ના રોજ મારી રૂબરૂ આરોપ રાખવામાં આવેલો છે. ફરીઆદ તરફથી કેટલાક

સાક્ષીઓ બોલાવવામાં આવ્યાં. તેથી તે કામ શેશન કમીટ કરવા સારૂં તે શાક્ષીઓની શાહેદી લખી લેવામાં આવી પણ પ્રેશીડેન્શી માજીસ્ટ્રેટના આક્ટની કલમ ૧૩૫ પ્રમાણે જે વારંટ મેળવવામાં આવેલું હતું તે મેળવ્યા છતા જે મુદાના શાક્ષીની શાહેદી ઉપરથી સદરહુ ચોરીની વાત શાબેત થશે તે શાક્ષી રજુ કરવામાં તેઓ નીશફળ થયા એમ કહેવામાં આવે છું, સબબ તે ગુન્હા સાથે તે તોહોમતવાળાને જોડવાને કાંઈ પુરાવ નહીં હતો. અને તે ગેરહાજર શાક્ષીને રજુ કરવાને ફરીઆદ તરફ ઘણો બનતો લાગ આપવામાં આવ્યો. ત્યાર પછી સને ૧૮૭૭ ના આક્ટ ૪ ની કલમ ૮૭ પ્રમાણે તા૦ ૧૪ સપટેંબર સને ૧૮૭૭ ના રોજ તેને છોડી દેવામાં આવ્યો. તા૦ ૮ એપ્રીલ સને ૧૮૭૯ ના રોજ આ શાક્ષી ગોપાલ ચંદ્રઘોઝનેપકડવામાં આવ્યો. તેણે જે હકીકત કહી તેથી કામ ચલાઉ સરકારી પ્રોશીક્યુટરે તોહોમતવાળા ચંદ્રનાથ દત્ત ઉપરનો આરોપ તાજો કરવાને અરજી કરી નવું વારંટ માગ્યું. અને તે તેને મળ્યું. તે ઉપરથી તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૯ ના રોજ તે પ્રતીવાદીને આ કોરટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો તે વખતે તેના રૂબરૂ ગોપાલચંદ્ર ઘોઝની શાક્ષી લખી લેવામાં આવી. હવે સરકારી પ્રોશીક્યુટર બીજા કોઈ શાક્ષીઓને તપાસવાને ખાએશ બતાવતા નથી. અને એવી અરજ કરે છે કે તે તોહોમતવાળાને છોડી દેતાં પહેલાં જે પુરાવ લેવામાં આવલો છે તે પુરાવ ઉપરથી તથા તેને ફરીથી પકડયા પછી લીધેલા પુરાવ ઉપરથી તેને શેશન કમીટ કરવો જોઇએ. તેમણે એવી તકરાર કરી છે કે સને ૧૮૭૭ ના આક્ટ ૪ ની કલમ ૮૭ ના બીજા ખુલાશામાં "તાજુ કરવું" એવા શબ્દ છે તે ઉપરથી એમ નીકળે છે કે આ કલમ પ્રમાણે જે છોડી દીધેલા સખસની વીરૂદ્ધ પ્રોશીડીંગ ચાલેલું હોય તે હરકોઇ વખતે તાજુ થઇ શકે છે. અને જ્યાંથી તે છોડી દેવામાં આવ્યું હોય ત્યાથી બીજી વખત ચાલેલાં પ્રોશીડીંગમાં શરૂ થાય છે. પરંતુ આ વીચાર સાથે અમે મળતા નથી. મારી નજરમાં આવે છે કે પુરાવની ખામીને લીધે જ્યારે એકાદા કેદીને છોડી દેવામાં આવ્યો હોય ત્યારે પ્રથમનું ચાલેલું કામ છેવટ થઇ ગયેલું થાય છે. અને જ્યારે તે તાજુ કરવામાં આવે ત્યારે તે નવું પ્રોશીડીંગ છે માટે તેમાં પુરાવ ફરીથી લેવો જોઈએ.

અમારે ભાગ્યેજ એમ ધારવું જોઇએ કે કલમ ૮૭ પ્રમાણે છોડી દીધાનો હુકમ કરેલો હોય તે વગર મુદતે કામ પાછું મોકલવામાં આવ્યુ હોય એવો હેતુ કાયદા કરનાર રાખી શકે "તાજુ કરવું" એ શબ્દના ઉપયોગ ઊપરથી તકરાર કાહાડવામાં આવેલી છે પરંતુ તે તક-

રાર અમારી નજરમાં બરોબર આવતી નથી. જો એક ફરીઆદ તાજી કરવાને બદલે તે ફરીઆદ તાજી કરવી એવા શબ્દો હોત તો આ તકરારમાં કેટલુક વજન મળી શકત. કલમ ૮૭ ના ખુલાસા ઉપરથી તોહોમતવાળાને કેટલીક અમુક તકરાર કરવાને ફકત અટકાવ થાય છે. પરંતુ જેવી તકરાર કરવામાં આવી છે તેવી ખાસ કામ ચલાવવાની રીતી ઉતપન્ન થતી નથી. ઉપર કહેલા કારણોથી અમારી મરજી એવું ઠરાવવાને થઇ છે કે તે કામ કમીટ કરવાને હુકમ થઇ શકતો નથી. અને સરકારી પ્રોશીકયુટરે આ કામની મુદાની હકીકત શાબેત કરવાને શાક્ષીઓ તપાસવાને તથા નવા પુરાવની બાબતમાં તોહોમતવાળો તેઓની ઉલટ તપાશ કરી શકે એવી ખાએશ બતાવી નથી માટે ફરીઆદ તરફનું તે કામ નીશફળ થવું જોઇએ. ”

સવાલ એવો પુછવામાં આવ્યો છે કે સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૮૭ ના બીજા ખુલાસા પ્રમાણે ફરીઆદ તરફનું કામ તાજુ કરવામાં આવેલું હોય તો તેથી જુનું પ્રોશીડીંગ શરૂ થાય છે કે નહીં અને તે તાજા કામમાં પુરાવ ફરીથી લેવો જોઇએ કે નહીં. હાઇકોરટનો અભીપ્રાય આવતાંની દરમીઆનમાં તોહોમતવાળાને ચાલતા માસની તા૦૨૦ મી ના રોજ હાજર થવા સારૂ તેને જામીન ઉપર છોડયો છે.

હાયકોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે જસ્ટીશ વાઈટ સાહેબે આપ્યો તેમાં જસ્ટીશ મોરીસ સાહેબ મળતા આવેલા છે:—

કામ ચલાઉ ચીફ માજીસ્ટ્રેટના રેફરંસથી શવાલ જે ઉઠાવવામાં આવેલોછે તે પ્રેશીડેનશી માજીસ્ટ્રેટના આકટના બાબ ૮ ની રૂઇના કાંમોમાં કેવી રીતે કામ ચલાવવું તે બાબતનો છે. એટલેકે જ્યારે તે આકટની કા. ૮૭ મી પ્રમાણે તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો એવા કારણથી કે તે કેદીને તપાસ થવાને કમીટ કરવાને જોઇતાં કારણો નહી.હતાં, પણ પાછળથી તેજ ગુન્હા બાબત એક માજીસ્ટ્રેટની રૂબરૂ તેના ઉપર ફરીથી ફરીયાદ ચલાવવામાં આવી છે ત્યારે કેવી રીતે કામ ચલાવવું તે બાબતનો શવાલછે. જ્યારે બાબ ૮ પ્રમાણે તોહોમતવાળાને માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો હોય ત્યારે તે આકટની કા. ૮૨ મીમાં ખાશ રીતે લાગુ કરવાનીમાં કામ ચલાવવાની રીતી ઠરાવેલી છે, અને પહેલી વખતની અને બીજી વખતની ફરીયાદ તરફનું કામ ચલાવવાની રીતીમાં કાંઇ ભેદ રાખવામાં આવ્યો નથી. જે એવી તકરાર છે કે જે સાક્ષીઓની સાહેદી પહેલી વખત લેવામાં આવી હોય તેમની બીજી વખત ફરીથી સાહેદી લેવાની જરૂર નથી” પરંતુ બીજી વખત જે ફરીયાદનું કામ ચલાવવામાં આવે તેની પુષ્ટીમાં તે આપેલી છે. એમ ગણી શકાય તેનો

આધાર તદન તે કા. ૮૭ મી ના ૨જા ખુલાસામાં કાયદા કરનારે તે બીજી વખત ફરીયાદ તરફનું કામ ચલાવવાની બાબત એક "ફરીઆદ તરફનું કામ તાજુ કરવું" એ શબ્દો ફક્ત ઉપર છે. અમારી નજરમાં આવે છે કે તે તકરાર મજબુત નથી અને તેનો પુકત આધાર નથી. "તાજુ કરવું" એ શબ્દો ઉપરથી તે તકરારનું ખરી રીતે અનુમાન કરવામાં આવેલું છે. કલમ ૮૭ મી ના ૨ જા ખુલાસાનો હેતુ 'એક વખત છોડી દેવામાં આવે એટલે ફરીથી ફરીયાદ ચલાવવામાં આવે તેને હરકત છે એવી ધારણા ના થાય તે છે." જો આ પ્રમાણે બીજી વખત ફરીયાદનું કામ ચલાવવામાં આવે તો, કેવી રીતે કામ ચલાવવું તે વીશે તે ખુલાસામાં કાંઇ વ્યવસ્થા કરવામાં આવી નથી. કાયદા કરનારે બીજી વખત ફરીયાદ તરફનું કામ ચલાવવું તે વીશે "ફરીયાદ તરફનું એક કામ તાજુ કરવું" એવું વર્ણન કરેલું છે. તેથી અમારા અભીપ્રાય પ્રમાણે એવું અનુંમાન થતુ નથી કે જે પુરાવના આધારથી પેહેલી વખતનું ફરીઆદ તરફનું કામ હતું તે પણ તાજુ થાય છે. અગર બીજી વખતના ફરીઆદ તરફના કામમાં કામ ચલાવવાની રીતી કલમ ૮૨ મીમાં બતાવેલી રીતીથી જુદી છે. આ વીચારની બાબતમાં વધારે વીચાર તે આકટના તેજ બાબતમાં કામ બંધ રાખવાનો ઠરાવ છે તેમાંથી માલુમ પડે છે. છોડી દીધા પછી બીજી વખત ફરીઆદનું કામ ચલાવતાં જો માજીસ્ટ્રેટ પહેલી વખત ચલાવેલા કામનો પુરાવ હોય તેનો બીજી વખતના કામમાં ઉપીયોગ કરે અથવા અમારી રૂબરૂના આ રેફરંશમાં જેમ કહેલામાં આવેલું છે તે પ્રમાણે "જયારે કેદીને છોડી દેવામાં આવ્યો હોય ત્યારે તે છોડતી વખતે જ્યાંહ સુધી કામ આવેલું હોય ત્યાંહથી તે ફરીયાદ તરફનું કામ શરૂ કરવું" એમ જો થાય તો માજીસ્ટ્રેટમતલબે વગર મુદતે તે કામ બંધ રાખ્યું હોય એમ થાય. ફક્ત કાયદા કરનારે કા. ૮૭ ના ૨ જા ખુલાશામાં "એક ફરીયાદ તરફનું કામ તાજુ કરવું" એવા શબ્દો વાપરેલા છે તેથી કલમ ૮૨ મીમાં હદ વીનાની મુદત સુધી બંધ રાખવાને ઠરાવ કર્યા છતાં માજીસ્ટ્રેટને આવો અખત્યાર આપવાને ઇરાદો રાખ્યો છે, એમ ધારી શકાતુ નથી. કામ ચલાઉ ચીફમાજીસ્ટરેટના સવાલનો અમારા અભીપ્રાય પ્રમાણે યોગ્ય જવાબ એ છે કે "ફરીઆદ તરફનું એક કામ તાજુ કરવું" તે અસલ ફરીઆદ તરફના જે કામમાંથી તોહોમતવાળાને છોડી દેવામાં આવ્યો હોય ત્યાંથી શીરૂમાં છે એમ નથી, અને ફરીઆદ તરફનુ કામ તાજુ થતાં પ્રોસીકયુટર વ્યાજબી રાહે તોહોમતવાળાને કમીટ કરવાને જે શાક્ષીઓ ઉપર આધાર રાખવામાં આવતો હોય તે શાક્ષીઓને માજીસ્ટ્રેટની રૂબરૂ તપાસવા જોઇએ, અને તેમાંના કોઇને અસલ

ફરીઆદના કામમાં તપાસવામાં આવેલા હોય તોપણ તેમને ફરીથી તપાસવા જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૧ એપ્રીલ સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ એઇનસ્લી અને મી૦ જષ્ટીસ પ્રાઉટન

સાહેબોની રૂબરૂ.

અબદુલ વીગેરે(અરજદારો)લખી નારાયણ મંડળ વીગેરે(સામાવાળાઓ.)

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૮ પ્રમાણે હુકમ-હુકમની હદ.

જષ્ટીસ એઇનસ્લી સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૮ મી પ્રમાણે એકાદી રઇયતના દીવાની હકની વ્યવસ્થા કરવામાં જે કૃત્ય બાબત મનાઇ કરવામાં આવી છે તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે, અથવા જે સખસને તે કરવાની મનાઇ કરવામાં આવી હોય તેણે પોતાના કાયદેસર હક ઉપરાંત કરેલું છે, એવી સંપુરણ અને જોઇએ તેટલી તપાસ કરવાને માજીસ્ટ્રેટને પોતાના હુકમનો જરૂર જણાય તેટલી વ્યાજબી મુદત સુધી અમલ કરવાની મરીયાદા બાંધવી તે તેમની ફરજ છે, અને જો જરૂર હોય તો ફોજદારી કામ ચલાવવાની રીતના બીજા ઠરાવ પ્રમાણે સુલેહના ભંગના કામોનો નીકાલ તેઉ કરી શકે છે.

જષ્ટીસ પ્રાઉટન સાહેબ:—જ્યારે હુકમ જોતાંજ એમ જણાય કે તે હકુમત વીના કરવામાં આવ્યો છે તો પાછળથી કાંઇ ખુલાસો આપવામાં આવે તેથી તે બરોબર થતો નથી.

પાનું ૧૩૨ એક હીંદુ ગામના ચાર મુસલમાન રેહેવાશીઓએ મીદનાપુરના ડીપુટી માજીસ્ટ્રેટને એવી અરજ કરી કે તે ગામમાં જાનવર મારવામાં હીંદુ રેહેવાશીઓ અમને હરકત કરે નહીં તથા વળી તેઓ સુલેહનો ભંગ કરે નહી એવો હુકમ થવો જોઇએ.

તે કામ બાબત પોલીસને રીપોટ કરવાને માજીસ્ટ્રેટે હુકમ કરયો. તેથી તેઉએ એવી ભલામણ કરીછે કે તે ગામથી ચાર માઇલ દુર તે જનાવરો મારવાં જોઇએ. આ રીપોટ ઉપરથી તા૦ ૧૦ જુન શને ૧૮૭૭ ના રોજ ડીપુટી માજીસ્ટ્રેટે એવો હુકમ કરયો કે "ગાયો તે ગામમાં મારવાની અરજી ના મંજુર કરવામાં આવી છે."

તે ઉપરથી ફોજદરી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૫ મી પ્રમાણે તે મુસલમાનોએ સેશન જડજને અરજ કરી, અને તેઉએ તે

અરજી તા૦ ૨૦ સપટેંબર સને ૧૮૭૭ ના રોજ નામંજુર કરી. એવા કારણથી કે હીંદુઓ તરફથી જ્યાં સુધી ખરી રીતે તોફાન કરવામાં આવે નહીં ત્યાં સુધી મુસલમાનોની બાબતમાં પોલીસ હાથ ઘાલી શકતા નથી.

ત્યાર પછી મુસલમાનોએ જાનવર મારવાં શીરૂ કરયાં, અને તેમ કરતાં તેમાંના એક ઉપર પીનલકોડની કલમ ૧૮૮ મી પ્રમાણે તે ગામમાં ગાયો મારવી નહીં એવો ડીપુટી માજીસ્ત્રેટે હુકમ કરેલો તેનુ અપમાન કરયા બાબત આરોપ રાખવામાં આવ્યો અને તેને એક માસ કેદ અને રૂપીઆ ૨૦ દંડની શીક્ષા કરવામાં આવી.

ગુનાહની આ સાબેતીના ઠરાવ ઉપર અપીલ કરતાં તા૦ ૧૯ માર્ચ સને ૧૮૭૮ ના રોજ તે જડજે તે હુકમ રદ કરયો, એવું ઠરાવીને કે ગાયો મારવાની ડીપુટી માજીસ્ત્રેટે મનાઇ કરેલી તેથી કાંઇ કાયદેસર મનાઇ કરવામાં આવી નથી.

તે વખતથી તે તા૦ ૧૧ નવેંબર સને ૧૮૭૮ ના રોજ એક હીંદુ પોલીસ ઇનસ્પેકટરે "ઇકરારનામુ" કરી કબુલ કરયું. ગાયો મારવાને ચાર માઇલ ઉપર અમુક જગાએ મારવી ત્યાંહાં સુધી આગળની માફક મુસલમાનો જાનવર મારે ગયા હતા. આ રીપોર્ટ ઉપરથી તે માજીસ્ત્રેટે એક તકરારી હુકમ તા૦ ૨૧ નવમબર સને ૧૮૭૮ ના રોજ એવા શબ્દોથી કરયો કેઃ—"ઇકરારનામામાં બતાવેલી જગોએ ગાયો મારી શકાય છે, અને બીજી કોઇ જગોએ મારી શકાતી નથી અને ઉપરની મતલબનું એક જાહેરનામુ કરવું."

આ હુકમ ઉપર મુસલમાનોએ અપીલ કરી. અને જોઇંટ માજીસ્ત્રેટની હકુમતની બાબતમાં જડજ તથા જોઇંટ માજીસ્ત્રેટની વચમાં કેટલાક કાગળ પત્રનો વ્યવહાર ચાલ્યા બાદ તે અપીલ નામંજુર કરવામાં આવી.

સદરહુ હુકમ રદ કરવા સારૂ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે તે મુસલમાનોએ હાય કોરટમાં અરજી કરી.

અરજદારો તરફથી મુનશી મહમદ યુશફ અને મોલવી સુલાજુલ ઇસલામ—જાનવર મારતા પેહેલાં કાંઇ ઇલાજ કરવામાં આવેલો નથી, કે જેથી માજીસ્તરેટને મુસલમાનો ઉપર એવો હુકમ કરવાની હકુમત મળે કે તેમણે જાનવર મારવાં નહીં, માટે ફો. કા. કા. ચ. ની રી. ના કાયદાની કલમ ૫૧૮ મી પ્રમાણે હુકમ કરવાને તે માજીસ્તરેટને કાંઇ અખ્તીયાર નહી હતો. સુલેહનો કાંઇ ભંગ થવાની ધાસ્તી નહીં હતી, અને ફક્ત કલમ ૫૧૮ મી પ્રમાણેના હુકમ કરવાને ફક્ત જરૂરની વખતે માજીસ્ત્રેટને અખત્યાર છે ગમે તેમ હોય પણ તે કલમ પ્રમાણે અમુક જગા શીવાય અમારે જાનવર મારવાં નહી એવો હુકમ તે કલમ પ્રમાણે કરવા

તેમને કાંઇ હકુમત નહીં હતી.

શામાવાળા તરફથી બાબુ મોહીની મોહનરોય અને બાબુ ભોબનીચરનદત્ત.

કોરટનો ફેંસલો જષ્ટીશ એઇનસલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો:

માજીસ્ત્રેટના જે હુકમ બાબત ફરીઆદ કરવામાં આવી છે તે તા• ૨૧ નવેંબર સને ૧૮૭૮ ના રોજનો નીચેના શબ્દોમાં છે:—

"ઇકરારનામામાં બતાવેલી જગાએ ગાયો મારી શકાય. તેઓને બીજી કોઇ જગોએ મારી શંકાતી નથી. આ મતલબની જાહેર ખબર ઢંઢેરો પીટી કાહાડવી".

આ હુકમ જોતાંજ તે કલમ ૫૧૮ મીના હેતુ પ્રમાણે નથી. તેમ માજીસ્ત્રેટને તે કલમના ઠરાવ પ્રમાણે ચાલવાને કાંઇ જરૂરી હતી એવું તેમાં નીરણય કરવામાં આવ્યું નથી. તે હુકમ કલમ ૫૧૮ મી પ્રમાણે છે કે પછી નથી. જો તે કલમ પ્રમાણે નથી તો માજીસ્ત્રેટ બીજા કોઇ કાયદાના ઠરાવ પ્રમાણે કરી શકે એવો ઠરાવ જણાતો નથી, માટે તે નહી માનવા બાબત પીનલકોડની કલમ ૧૮૮ મી પ્રમાણે ફરીઆદ ચાલી શકતી નથી. જો તે કલમ ૫૧૮ મી પ્રમાણે કરવામાં આવ્યો હોય તો તે બરોબર નથી. કારણ કે તેથી એકાદા સખસના દીવાની હકની બાબતમાં મુદતની હદ રાખ્યા વીના વ્યવસ્થા કરેલી છે.

કલમ ૫૧૮ મીનો હેતુ જરૂરની વખતે માજીસ્ત્રેટ સુલેહના ભંગની ધાસ્તી વીગરે હોય તો તે અટકાવવાના કારણસર તરત હુકમ કરી શકે તેછે. પરંતુ જે હકીકત તેવી સુલેહનો ભંગ વીગરે થવાનું હોય તે હકીકત બાબત તેમની તપાસ કરવાની ફરજ છે તેમાંથી તે બચતા નથી. માટે સંપુરણ અને પુકત તેવી તપાસ તેઉ કરે તે માટે તેમણે પોતાના હુકમના અમલની મર્યાદા રાખવી એ તેમની ફરજ છે, અને જો જરૂર લાગે તો ફો. કા. ચ. ની રીતીના કાયદાના બીજા જે ઠરાવથી સુલેહના ભંગ વીગરેની બાબતમાં વ્યવસ્થા થઇ શકતી હોય તેની વ્યવસ્થા તેઉ કરી શકે. કલમ ૫૧૮ મી પ્રમાણે જે હુકમ કરવામાં આવે છે તે ફકત ખાંનગી સખશોના કાયદેસર હકમાં હરકત થાય છે એટલાજ કારણથી બરોબર નથી, એટલુંજ નહી પણ જ્યારે આવી રીતે હાથ ઘાલવાની જરૂર પડેછે ત્યારે માજીસ્ત્રેટથી બની શકે તેટલી મર્યાદા રાખવી એ તેમની ફરજ છે. અને તે એટલા કારણથી કે તે હકીકત બાબત તેઉ તપાસ કરી એવો નીરણય કરી શકે કે જે કસની મનાઇ કરવામાં આવી છે તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે તે જેને મનાઇ કરવામાં આવી છે તેના કાયદેસર હકની અંદર છે કે તે ઉપરાંત છે, જો એમ માલુમ પડે કે એકાદા સખસને પોતાને જે કાયદેસર કરવાનો હક છે તે,

તે સખશ કરેછે, તેમ છતાં તેનો પડોશી તેમાં ગુસે થાયછે. અને તે પરી- ણામે તોફાન કરવાનો છે તો ખુલુ છે કે પેહેલા કાયદેસર હકવાળાને પોતાના હકમાંથી બાતલ નહી કરતાં તે કાયદેસર હકનો અમલ કરે તેમાં તે બીજો કાયદા વીરૂધ [હરકત કરે નહી એમતે બીજાને અટકાવવો એ માજીસ્ત્રેટની ફરજ છે.

અગારી નજરમાં આવે છે કે આ કામમાં તા૦ ૨૧ નવેંબર સને ૧૮૭૮ ના રોજનો હુકમ કલમ ૫૧૮ મીમાં આપેલા અખ્તીઆર બહાર છે. અગર માજીસ્ત્રેટની હકુમતની બાહાર બીલકુલ છે, માટે તે ર- દ થવો જોઈએ.

જષ્ટીશ બ્રાઉટન સાહેબઃ—અમારા વીદ્વાન ભાગીયાએ જે વીચાર બતાવ્યા છે તે સાથે અમે મળતા છીએ. જે હરકત ઉઠાવવામાં આવી છે તે હરકતની બાબતમાં ફકત એક શબ્દ અમે કહીએ છીએ એટલે કે તે માજીસ્ત્રેટનો પાછળનો જે કાગળ પત્રનો વ્યવહાર છે તેથી તેમનો હુકમ કેવા પ્રકારનો છે તે સમજાય તેવું છે. જો તે હુકમ જોતાંજ એમ જ- ણાય છે કે તે હકુમત વીના કરવામાં આવેલો છે તો પાછળથી ચાલેલો કાગળ પત્રનો વ્યવહાર અગર ખુલાસો આપવાથી તે દુરસ્ત થતો નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૬ એપ્રીલ સને ૧૮૭૯

મી૦ જષ્ટીશ એઇનસલી તથા મી૦ જષ્ટીશ બ્રાઉટન સાહેબો- ની રૂબરૂ.

બોખતેરામ (ફરીયાદી) વી૦ હીરા દ્રોલીતા (તોહોમતવાળો.)

પીનલકોડ (સને ૧૮૬૦ ના આ૦ ૪૫) ની કલમ ૧૮૨, ૨૧૧ આરંભની તપાસ—સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૪૭૧.

પીનલકોડનીં કલમ ૨૧૧ મી પ્રમાણેના ગુનહામાં કલમ ૧૮૨ મી પ્રમાણેના ગુનહાનો સમાસ થાય છે, માટે વધારે ભારે સખત ગુનહો હોય તો કલમ ૨૧૧ મી પ્રમાણે કામ ચલાવવું દુરસ્ત છે તોપણ તે બે- માંથી એક કલમ પ્રમાણે માજીસ્ત્રેટ કાંમ ચલાવી શકેછે.

પાતું ૧૮૪ સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે હાય કોરટમા આ રેફરંસ કરવામાં આવ્યું છે.

એક હીરાએ પોલીશ થાણાના એક બખતરાંમ ઉપર ચોરીનો આરોપ મુકયો. પોલીશે તે બાબત તપાસ કરી રીપોટ કરયો કે તે કામ

જુઠું છે આ ઉપરથી બખતરામે તે હીરાના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે આશીસ્ટંટ કમીશનરની રૂબરૂ ફરીઆદ કરી.

હીરાને તે બખતરામના ઉપર મુકેલું તોહોમત સાબેત કરવાની તે-ની મરજી હોય તો તે સાબેત કરવાને તેને કોરટમાં તેને લાગ આપ્યા વીના કલમ ૧૮૨ પ્રમાણેના તોહોમત બાબત તેની તપાસ કરવાને રા-ખ્યો. અને સંક્ષેપ તપાસમાં તેને ગુનેહગાર ઠરાવી ત્રણ માસ શખત મ-જુરી સાથે કેદની શીક્ષા કરી આ કામ જીલા જડજની રૂબરૂ આવતાં તે કેદીની અરજ ઉપરથી હાયકોરટમાં તે કામમાં પુછ્યું કારણ કે આસી-સ્ટંટ કમીશનરના ઠરાવ ઉપર અપીલ ચાલતી હતી. તેમના અભીપ્રાયમાં એવું આવેલું કે આસીસ્ટંટ કમીસનરનુ ચલાવેલું કામ રદ કરવું જોઇયે. કારણ કે જે કેદીના ઉપર ફરીઆદીએ જે આરોપ બાબત ફરીયાદ કરી હ-તી તે આરોપથી જુદા આરોપ બાબત તે કેદીની તપાસ કરવામાં આવે-લી છે. અને વળી એમના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તે કેદીને સ-દરહુ બખતરામે તેના ઉપર તોહોમત રાખેલી ચોરી ખરી રીતે કરી હતી. એવું સાબેત કરવાને તેને લાગ આપ્યા સીવાય તે કેદીને તપાસ કરવી તે કાયદેસર નથી.

આ કામની તકરાર કરવાને કોઇ હાજર થયું નથી:—

કોરટનો અભીપ્રાય જષ્ટીસ એઇનસ્લી સાહેબે નીચે પ્રમાણે આપ્યો તેમાં જસ્ટીસ બ્રાઉટન સાહેબ મળતા આવ્યા:—

આ કામમાં કેદીએ પોલીસ થાણામાં એવી ખબર આપી કે સાબે-રામ, બખતરામ, અને બીજા બે સખસોએ મારા ઘરમાંથી ચોરી કરેલી છે. અને એવો મને અંદેસો છે પોલીસ અમલદારે તે કામની તપાશ કરી અને તેમનો એવો અભીપ્રાય થયો કે તે બાતમી જુઠી છે, તેથી તે વીશે આસીસ્ટંટ કમીશનરને રીપોટ કરયો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે સદરહુ આશીસ્ટંટ કમીશનરનો રીપોટ આવ-તાં તે ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ કરયો. તે આસીસ્ટંટ કમીશનરે આ કરવું જોઇતું નહીં હતું. આ કેદીએ કાંઇ ફરીઆદ તેમને કરેલી નહી હતી તેમ પોલીસ ઓપીસરનો રીપોટ આ કારણસર ફરીઆદ તરીકે ગણી શકાતો નથી, કારણ કે તેમણે એવો રીપોટ કરેલો હતો કે તે બાતમી જુ-ઠી છે. ને ઉપરથી બખતરાંમે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે તે કેદીના ઉપર ફરીઆદ માંડવાને આસીસ્ટંટ કમીશનરની પરવા-નગી મળવા અરજ કરી.

આવી પરવાનગી અગર મંજુરીની જરૂર નહી હતી, કારણ કે જે ગુનોહ બનેલો હોય તો તે કોઇ કોરટની રૂબરૂ કરવામાં આવેલો નથી. ફો

જદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮ તથા બંગાળા શર કાર વીરૂધ ગોકુળચંદ્ર ચોદ્રી અને રામરંજાણુ ભંડારી વીરૂધ માધવ ઘોઝ ના ઠરાવો જુઓ., આસીસ્ટંટ કમીશનરે તે મંજુરી આપી નહીં પણ ક- લમ ૨૧૧ પ્રમાણે જે ઇલાજ કરવાની જરૂર નહી હતી. એવો ઇલાજ ક- રી તે કામ ડીપુટી કમીશનર તરફ મોકલ્યું.

ડીપોટી કમીશનરે કહ્યું છે કે "જો આસીસ્ટંટ કમીશનરની એવી ખાત્રી થઇ હોય કે હીરાએ બખતરાંમને ઇજા કરવાના કારણથી પોલીસને ખોટી બાતમી આપી તો બખતરાંમની અરજ ઉપરથી પીનલકોડની કલમ ૧૮૨ પ્રમાણે તે કામની તપાસ તે કરી શકે છે."

કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચાલી શકે તે સારૂ ડીપોટી કમીશનર ની તરફથી કાંઇ અખત્યાર હોવાની જરૂર નહીં હતી. માટે સદરહુ ડીપો ટી કમીશનરનો જવાબ તે એક સલાહ તરીકે માનવો જોઇએ. કારણ કે આસીસ્ટંટ કમીશનરને કાંઇ મુશકેલી માલમ પડે તો તે વીશે તેમણે તે પુ છયું એ બરોબર છે, અને ડીપોટી કમીશનરે તે સલાહ આપી તે પણ બ રોબર છે. અગર કલમ ૧૮૨ પ્રમાણે કરેલા ગુનાહ બાબત સરકારી નો કર ઉપર ફરીઆદ ચલાવવાને સરકારી ઉપરી અધીકારીની કલમ ૪૬૯ પ્ર- માણે મંજુરીની જરૂર છે, તેવી તે મંજુરી છે. તે દસ્તાવેજ એ રીતીએ વાંચી શકાય છે. બખતરાંમની અરજી કલમ ૧૮૨ પ્રમાણે આસીસ્ટંટ ક મીશનર તે કામની તપાસ ચલાવી શકે તે સારૂ મંજુરી મળવાની છે. અ ગર બખતરાંમે બીજી અરજી કરી હોય એટલે કે ફરીઆદી કરી હોત તો તે કલમ પ્રમાણે આશીસ્ટંટ કમીશનર કામની તપાસ નીરભયતાથી ચ- લાવી શકે છે.

આશીસ્ટંટ કમીશનરે પ્રથમના હેતુની તે અરજી છે એમ જાણેલું છે. તેમણે પીનલકોડની કલમ ૧૮૨ પ્રમાણે હીરાની તપાસ કરવાને તેના ઉપર સમન્સ કાહાડેલો, છે અને જરૂરીઆત પુરાવ રજુ કરવા સારૂ પોલીસને ફ રમાવ્યું છે. બખતરામ હાજર થયો અને શાહેદી આપી અને તે કેદીને ગુનેહગાર ઠરાવી તેને પીનલકોડની કલમ ૧૮૨ પ્રમાણે ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

હવે બખતરાંમ એવી ફરીયાદ કરતો નથી કે મને કલમ ૨૦૯ પ્ર- માણે ફરીઆદ ચલાવવા દેવામાં આવી નથી. પરંતુ તેમાં અપીલ ચાલતી નહીં હતી તેથી કેદીએ શેશન જડજને બે કારણોથી એટલે (૧) કે માહા રી કલમ ૨૧૧ પ્રમાણે તપાસ થવી જોઇતી હતી અને કલમ ૧૮૨ પ્રમા ણે થવી જોઇતી નહી હતી. અને (૨) કે મને માહારી હકીકત કે મારા ઘરમાં ખરી રીતે ચોરી થએલી છે અને બખતરામ તથા સાધીરાંમ વીગ-

રૈના ઉપર ચોરી બાબત શુધ અંતઃકરણથી મેં અંદેશો રાખેલો છે. તે સાબેત કરવાનો મને લાગ આપ્યા વીના મારી તપાસ કરેલી તે કાયદેસર નથી. માટે તે કારણોથી આ કામ હાય કોરટમાં મોકલવું જોઇએ. આ ઉપરથી શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તેમાં આરંભની તપાસ થવી જોઇતી હતી.

પેહેલા સવાલની બાબતમાં કલમ ૨૧૧ પ્રમાણેના ગુનાહમાં કલમ ૧૮૨ પ્રમાણેના ગુનાહનો સમાસ થાય છે. માટે જો કે વધારે સખત જાતના ગુનાહના કામમાં કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવું એ યોગ્ય રીતી છે, તોપણ આવી જાતના કામમાં તે બેમાંથી એક કલમ પ્રમાણે કામ શા વાસ્તે ચલાવવું નહીં જોઇએ તેનું કાંઇ કારણ નથી.

રાધી મહમદ વીરૂધ આબાશખાંનનો મુકરદમો આવો હતો. માટે તેની વ્યવસ્થા માજીસ્ત્રેટ કરી શકતા નથી.

બીજી હરકતની બાબતમાં કલમ ૪૭૧ માં ઠરાવ્યું છે કે જ્યારે કોઇ સખસને કોરટ પોતાની પાસે અગર માજીસ્ત્રેટ તરફ તપાસ કરવા કમીટ કરે તો તે કમીટ કરતાં પેહેલાં આરંભની તપાસ થવી જોઇએ. કારણ કે તેવી આરંભની તપાસનો હેતુ એવો છે કે તે ગુનોહ થએલો છે એમ માનવાને સારાં કારણો છે તે વીશે કોરટની ખાતરી થાય. જ્યારે ફરીયાદ તરફનું કામ કોરટે પોતે માંથે રાખેલું ના હોય અને તે અખત્યાર કોરટને અથવા તે સરકારી નોકરના ઉપરી અધીકારીને સોંપવામાં આવ્યો હોય છે. ત્યારે હેરાન કરતાં તથા વગર પાયાની ફરીયાદોમાંથી કોરટોની અગર સરકારી અધીકારીઓની રૂબરૂ જે સખસો કામ કરનારા હોય તેમને બચાવવાને તેનો ઇરાદો છે અને તે અખત્યારનો મંજુરી આપીને અગર નહી આપીને અમલ કરવાનો છે. આ કામમાં ઉપરી અધીકારીએ ફરીઆદ કરવાને મંજુરી આપી છે. અને કેટલાક કામોમાં કોરટ અને સરકારી નોકરના ઉપરી અધીકારી એકના એકજ હોય છે. અને તે ફકત કોરટ દીવાની અગર ફોજદારી રાહે કામ ચલાવતા હોય ત્યારે તેમની રૂબરૂ ચાલેલા કામમાંજ બને છે. તો કલમ ૪૭૧ તેમને લાગુ થઇ શકે છે.

સબબ તે ઉપરથી એમ થાયછે કે શેશન જડજે જે કારણ બતાવ્યું છે તે કારણથી અમારે હાથ ઘાલવો જોઇએ. એ અમારી નજરમાં આવતું નથી. પરંતુ તે કામના કાગળો અમારી રૂબરૂ છે અને તે ઉપરથી અમારા જોવામાં આવે છે કે અશલ તોહોમતવાળાની કહેલી ફકત હકીકત શીવાય કાંઇ પણ પુરાવ નહીં છતાં તે કેદી હીરાને ગુનેહગાર ઠરાવેલો છે. સબબ અમારી નજરમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કા

મહાની કલમ ૨૯૭ પ્રમાણે સદરહુ કારણથી તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ.

ગુનાહની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૭ અપ્રેલ સને ૧૮૭૫

મી૦ જસ્ટીસ જાકશન અને મી૦ જસ્ટીસ મેકડોનલ

સાહેબોની રૂબરૂ.

બરદવાનના માહારાજા (અરજદાર) વીરૂધ દારજીલીંગની મ્યુનશીપાલીટી (સામાવાળો.)

જવા આવવાનો હક—ફો. કામ ચલાવવાની રીતના કાયદાની (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૫૩૨

એક ખાનગી રસ્તા ઉપર એક સખસ પોતે એકલા માલકપણાનો દાવો રાખતો હતો માટે સુર્ય ઉગે તે આથમે ત્યાં સુધીમાં તે ખાનગી રસ્તો લોકો વાપરતાં અટકે તે ઇરાદાથી તે રસ્તાને છેડે તે સખસે બારણાં મુક્યાં. અને તે ઉપરથી દારજીલીંગના ડીપોટી કમીશનરે લોકો તરફથી કામ કરતાં માજીસ્ટ્રેટનો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે એવો હુકમ મેળવ્યો કે તે સખસ યોગ્ય દીવાની કોરટથી તેના એકલાનો કબજો રાખવાનો હક છે એવો ઠરાવ કરાવે ત્યાં સુધી લોકોને બાતલ કરી તે દાવો રાખનાર સખસે તે ખાનગી રસ્તાનો કબજો લેવો નહીં.

ઠરાવવામાં આવ્યું કે કોઇ સખશ સુર્ય ઉગતાથી સુર્ય આથમતાં સુધી તે રસ્તે થઇને જાય આવે છે, અગર તેવો દાવો રાખે છે એ વીશે કાંઇ પુરાવ નથી. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે તે તકરાર નથી. માટે માજીસ્ટ્રેટે તે હુકમ અધીકાર વીના કરેલો છે, તે રદ થવો જાઇએ.

તદન હક ઠરાવ્યાનો હુકમ માજીસ્ટ્રેટ કલમ ૫૩૨ પ્રમાણે કરી શકતા નથી. તે કલમથી જે હકો લોકો અગર એકાદો સખશ અગર અમુક વરગના સખસો ખરી રીતે ભોગવતા હોય તેમાં કોઇ સખસ સ્વછંદી રીતે હરકત કરે તો તેને અટકાવી શકાય છે.

પાનું ૧૯૫ અરજદાર તરફથી મી૦ વુંડરોફ (તેની સાથે મી૦ શીલ) અને બાબુ ભવાની ચરણ બોઝ.

સામાવાળા તરફથી મી૦ ફીલીપસ (સ્ટાંડીંગ કાઉંશલ) અને બાબુ રોમેશચંદ્ર મીત્તર.

આ કામની હકીકત કોરટનો ફેંસલો જષ્ટીશ જાકસન સાહેબે નીચે પ્રમાણે આપેલો છે અને જેની સાથે મી. જષ્ટીશ મેકડોનલ્ડ સાહેબ મળતા આવ્યા છે તે ઉપરથી પુકત રીતે જણાય છે:—

બરદવાનના મહારાજાની અરજી ઉપરથી આ કામ અમારી રૂબરૂ આવેલું છે. તેમણે એવી ફરીઆદ કરી છે કે દારજીલંગમાં માજીસ્ટ્રેટના અખત્યાર સાથે આસીસ્ટંટ કમીસનર મી૦ આબેટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે હુકમ કરેલો છે. આ હુકમ તે મહારાજાની જમીન ઉપર થઇ દેખીતી રીતે એક રસ્તો જાય છે અને જે વીશે તે માહારાજા પોતાના ખાનગી રસ્તા તરીકે દાવો રાખેછે અને તે કોઇ રીતે લોકોનો છે એમ બતાવવામાં આવ્યું નથી. પણ એમ કહી શકાય છે કે તે રસ્તા ઉપર થઇ લોકોની મરીયાદા સાથે જવા આવવાનો હકછે તે રસ્તા સબંધી છે.

દારજીલીંગના ડીપુટી કમીશનર મેજર લેવીશે તે સ્ટેશનના રસ્તા તપાસતાની દરમીયાનમાં જોએલું છે કે આ રસ્તાને એક છેડે દરવાજા અગર દરવાજાના થાંભલા છે, પરંતુ તેમને એમ લાગેલું છે કે તે રસ્તો ધોરી હતો, અગર હોવો જોઇએ, એમ જણાય છે. આ ઉપરથી તેમણે મ્યુનસીપાલ કમીશનરોને પુછ્યું અને પરીણામે તેઓએ તે બાબતમાં ઇલાજ લેવાને અને જો જરૂર હોય તો જે રસ્તાનો હક ધારવામાં છે તે હક ઠરાવવાને કામ ચલાવવાને તેમને અખ્તીઆર આપ્યો.

તે ઉપરથી મેજર લેવીશે ડીપુટી કમીશનર તરીકે કામ ચલાવી મી. આબેટ તરફ સુનાવણી તથા તપાસ થવા સારૂ તે મોકલ્યું. અને મી. આબેટે એવો હુકમ કરયો છે કે ગાડીના રસ્તાના ઉપર દરવાજાના બાક આગળથી તે વીકટોરીયા રોડ ઉપરના દરવાજા સુધી અને આ બે દરવાજાઓની વચમાંના રસ્તામાં કબજે દારજીલીંગ મ્યુનીશીપાલેટીઓના રેહેવાસીઓને બાતલ કરી બરદવાનના માહારાજા યોગ્ય દીવાની કોરટથી પોતાને સ્વતંત્ર કબજે ભોગવવાનો હક છે. એવો હક ધરાવે ત્યાં સુધી તે માહારાજાએ તે લેવો નહીં એવો હુકમ કરેલો છે તે વીશે હાલ ફરીઆદ કરવામાં આવેલી છે.

અમારૂ ધ્યાન એવી હકીકત ઉપર ખેંચવામાં આવ્યું છે. કે જયારે આ હુકમ કરવામાં આવ્યો ત્યારે તે કામ ચુકવનાર માજીસ્ટ્રેટ તે મ્યુનીશીપાલેટીના વાઇસ ચેરમેન હતા તેથી તેઉ તથા મેજર લેવીશ થોડાક ફરીઆદીઓ અને થોડાક આ બાબતના જડજો એવી સ્થીતીમાં હતા તે વીશે કેટલીક ટીકા કરવામાં આવી હતી. પરંતુ અમારી નજરમાં આવે છે કે આવા એક કરતાં વધારે કામ વખતે વખતે બેશક આવી પડે છે.

અને તેથી આવા કામમાં માજીસ્ત્રેટની સ્થીતી કેટલીક ખોટી થાય છે, પરંતુ એક કરતાં વધારે કામોની જરૂરી વીના પણ આ કામ ફેંસલ કરવાને ખરી રીતે બળવાન હરકત મી० આબેટને નહી હતી. કારણ કે જે વીચારમાંથી આ કામ ઉતપન થએલા છે. તે મ્યુનીસીપાલેટીના વીચારમાં તેમણે કાંઇ ભાગ લીધો નથી એમ જણાય છે.

પરંતુ આવો હુકમ કરવાને માજીસ્તરેટના અધીકાર બાબત તથા તે હુકમની યોગ્યતા બાબત વધારે ભારે સવાલ ઉતપન થએલો છે.

કલમ ૫૨૨ ના શબ્દો કલમ ૫૩૦ ના શબ્દોથી બેશક જુદા છે, એવી રીતે કે જે તકરાર ઉપરથી આ કામો ઉતપન થવાને ધારવામાં આવેલું છે તે તકરાર એવી રીતે બતાવવામાં આવી નથી કે જેથી સુલેહનો ભંગ થાય, અને મ્યુનીશીપાલેટી તરફથી જે વીદ્વાન સ્ટાંડીંગ કાંઊંશીલે ઘણા વ્યાજબીપણા અને હુસીઆરીથી તકરાર કરેલી છે. તેમને એવી રીતે તકરાર કરવાની ફરજ પડી છે કે કલમ ૫૩૨ માં જે તકરારનું વરણુન કરેલું છે તેનો હેતુ કે કોઈ જાતની પણ તકરાર પછી એક દાવો કરવામાં આવ્યો હોય અને તે ઇનકાર કરવામાં આવ્યો હોય અગર દાવાના સામા થવામાં આવ્યું હોય પરંતુ તેમને પૂછતાં આવી તકરારોમાં તપાસ કરવાનો માજીસ્તરેટનો જે અધીકાર તેની હદ સીછે તે વીશે તેઓ કાંઇ સુચના કરી શકયા નથી.

જે તકરારમાં તે માજીસ્તરેટ આ કલમ પ્રમાણે હાથ ઘાલી શકેછે, તે તકરારથી સુલેહનો ભંગ થવાનો સંભવ હોવો જોઇએ એવું કહેવા સીવાય ગમે તેમ હોય પણ તે એવી વાસ્તવીક તકરાર હોવી જોઇએ કે જેથી કોઇક રીતીએ અગર બીજી રીતીએ ફોજદારી અધીકારીઓને હાથ ઘાલવાની જરૂર પડે એવું અમને જણાય છે. ફકત તકરાર અગર જેવો હક બતાવેલો છે તેવા હક વીશે જે સખસો દાવા રાખતા હોય તેમની વચમાં મુખજુબાનીથી કજીયો થયો હોય તે બસ નથી, પણ તે તકરાર ખરે ખરી હોવી જોઇએ.

હવે આ કામમાં ખુલું છે કે તે મહારાજા અને બીજા કોઇ સખસની વચમાં તે મ્યુનીસીપાલેટીનો આગેવાન કે જે માજીસ્તરેટ પોતેજ છે તેમણે અમે કહીએ છીએ કે આ રસ્તા ઊપર જાહેરાત રીતે જવા આવવાનો હક હોવો જોઇએ કે નહીં એવો સવાલ કલ્પીત રીતે ઊઠાવ્યો ત્યાં સુધી કાંઇ પણ તકરાર નહી હતી. પુરાવ ઊપરથી જણાય છે કે કોઇ સખસને કાંઇ હરકત થએલી નથી અને આજ સુધી બીન હરકતે દરેકને જવા દેવામાં આવેલા તે શીવાય ત્યાં થઇને જવા આવવાને કોઇ

સખસે દાવો રાખ્યો નથી. તે માજીસ્તરેટ અને તે મહારાજાના એજંટ મી૦ મીલરની વચમાં કેટલોક કાગળ પત્રનો વહેવાર ચાલેલો છે. અને તે વહેવારમાં જે હક સુર્ય અથમતાંથી તે ઉગતાં સુધી જવા આવવા બાબતના દાવા વીસે કોઇએ દાવો રાખ્યો નથી. અગર તેવો અમલ કરયોજ નથી એવું પુરાવ ઊપરથી જણાય છે, તે હક સબંધી શવાલ ઉઠાવેલો છે. હવે આ કાંઇ ધોરી રસ્તાનો શવાલ નથી. પરંતુ ફકત જવા આવવાના હકનો છે. માટે ખુલું છે કે કાંઇક મરીયાદા સાથેનો હક થાય તેથી અમારી નજરમાં આવે છે કે જે જમીન ઉપર આવો હક હોય તે જમીનનો માલેક બ્યાજબી રાહે હાલનો તે જે હક છે તેમાં વધારો ના થાય તે વીશે સાવધગીરી લે. અને તે લે તે ડહાપણ ભરેલી રીતે કરયું થાય. માટે અદાપી સુધી જે જવા આવવાનો હક હતો તે કરતાં વધારે હક અટકાવવાના ઇરાદાથી તે માહારાજાને અરજ કરવા ઉપરથી તેમણે પોતાનો તેવો ઇરાદો બતાવ્યો હોત તો તેથી માજીસ્તરેટ ઇલાજ કરી શકે એવી કાંઇ તકરાર થતી નથી. તેથી જે તકરાર કહેવામાં આવી છે તે ફકત કલ્પીત પ્રકારની છે.

આ સાથે આ કામ એવું નથી કે જેમાં માજીસ્તરેટને કાંઇ હુકમ કરવાને કાંઇ અખ્તીઆર હોય એમ અમને જણાય છે. કારણ કે તે કલમથી માજીસ્તરેટ તદન હકનો હુકમ કરી શકતા નથી. તે કલમથી તો કોઇ સખશ તેવા હકને સ્વછંદી રીતે હરકત કરે તેનો તેઉ અટકાવ કરી શકેછે, તકરારી જે હક છે તે ફકત રાતના વખતનો છે. કોઇ સખસે રાતમાં આ રસ્તે થઇને જવા આવવાનો હક વાપરયો હોય અગર તેવો દાવો રાખ્યો હોય એવુ બતાવવાને કાંઇ પુરાવ નથી. અમે આગળ કહયું છે, એ પ્રમાણે મરીયાદા સાથેનો જવા આવવાનો હક હોવો જોઇએ એટલે કે તે રસ્તે થઇને દાહાડે જવાનો હક હોવો જોઇએ અને રાતરે હોવો નહીં જોઇએ. એમ વીચારમાં આવવા લાયક છે અને પુરાવ ઉપરથી જણાય છે કે તે મરીઆદા સાથેના હકમાં કોઇ દીવશ હરકત કરવામાં આવી નથી. માટે આ કામ એવું નથી કે જેમાં હાથ ધાલવાને માજીસ્તરેટનો હક થાય. સબબ અમારી નજરમાં આવે છે કે આ કામમાં જે હુકમ કરવામાં આવેલો છે તે અધીકાર વીના કરવામાં આવેલો છે માટે તે રદ થવો જોઇએ.

ડીપોટી કમીશનરે જ્યારે આ કામ તપાસ્યું ત્યારે તેમણે ઘણી અકલમંદીથી કહેલું છે કે આવી રીતે કામ ચલાવવાનું કારણ એ છે કે તેના પરીણામથી દીવાની કામમાં તે માહારાજાને દાવો કરવાની ફરજ પડે તેથી વાદી તરીકેનું ખરચ તેમને શીર પડે. અલબત તકરાર કરનાર ફકત

બેઉ પક્ષકારો ખાનગી શખશો હોય ત્યારે તે ઘણો સ્વભાવીક અને વ્યાજબી રસ્તો છે. પરંતુ તેમાં એક પક્ષકાર માજીસ્તરેટ પોતેજ હોય ત્યારે એ હુકમ યોગ્ય છે કે નહીં એ વીશે ઘણું ખુલ્લું નથી. કારણ કે ફોજદારી કોરટમાં જે નીશ્ચય થાય તે કોરટના અધીકારી ઉપર કાંઇ પણ આરોપ રાખ્યા શીવાય શદરહુ બતાવ્યા જેવો કાંઇ નીશ્ચય થાય.

હુકમ ફેરવવામાં આ૦યો.

—— ——

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ જુન સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જષ્ટીસ ટોટનહામ સાહેબોની રૂબરૂ.

અસરાફઅલ્લી વીગરે(કેદીઓ)વીરૂધ કેસરેહીંદ (અપીલના પ્રતીવાદી.)

જુઠો આરોપ—પીનલકોડની કલમ ૨૧૧ અને ૧૦૯—પોલીસ અમલદારની રૂબરૂ મુકેલો આરોપ.

જે કામોમા ન્યાયની કોરટમાં જુઠા આરોપો સાબેત કરવાને કોશીશ કરવામાં આવેલી હોય તે કામોમાં પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે તેમાં બતાવેલી ગુનેહગારી લાગુ થાય છે. એવું તેમાં કાંઇ પણ નથી.

સબબ આ કલમ પ્રમાણે પોલીશની રૂબરૂ જુઠો આરોપ મુકવામાં આવ્યો હોય તો તે શીક્ષાને પાત્ર છે.

પાનું ૨૮૧   તા૦ ૧૬ નવેંબર સને ૧૮૭૮ ના રોજ પોલીશ સ્ટેશનમાં એક અશરફઅલી એક બટાઇના ઉપર એવી ફરીઆદ કરી કે તેણે મારી એક પેટી એક ગુલજારખાંનના ઓરડામાં હતી તેમાંથી નાણું ચોર્યાં છે. ગુલજારખાંન પોલીશ સ્ટેશનમાં અશરફઅલી સાથે ગયો હતો. અને તે ગુલજારે અશરફને કહેલું તે ઉપરથી ને આરોપ રાખવામાં આવ્યો હતો. તે બાબત તપાસ કરવામાં આવી અને જાઇંટ માજીસ્તરેટને રીપોટ કરવામાં આવ્યો તેમણે તે રીપોટ ઉપરથી એવું ઠરાવ્યું કે તે આરોપ જુઠા છે. અને હુકમ કર્યો તે અશરફ તથા ગુલજારને જુઠો આરોપ ઉભો કરયા બાબત કમીટ કરવો જોઇએ. આ પ્રમાણે કરવામાં આવ્યું. તેથી અશરફ અને ગુલજારના ઉપર તોહોમત રાખવામાં આવ્યાં તેમાં પેહેલાના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે અને બીજાના ઉપર તેજ ગુનહામાં મદદ કરયા બાબતનો આરોપ રાખવામાં આવ્યો. તેમાં શૈશન જડજે અશરફને પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો, અને ગુલજારને તે કામમદ

ની કલમ ૧૦૯ પ્રમાણે કલમ ૨૧૧ મી મુજબના ગુનહામાં મદદ કરવા બાબત ગુનેહગાર ઠરાવ્યો. અને તેમણે ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી,

અપીલવાળાઓ તરફથી મી૦ આરાઇટ વીડેલે તકરાર કરી કે ગુનહાની સાબેતીનો ઠરાવ તથા સીક્ષાનો હુકમ બરોબર નથી, કારણ કે અશરફ અને ગુલજારે અશલ ફરીયાદ કરેલી તેની તપાસ કરવામાં આવી નથી, તેમ તે ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ પણ લખવામાં આવ્યો નથી. અને ગમે તેમ હોય પણ જે શીક્ષા કરવામાં આવી છે તે ઘણી ભારે છે.

કોરટનો ફેંસલો જષ્ટીશ મીત્તરે આપ્યો અને તે સાથે મી૦ તોટનહામ મળતા આવ્યા છે તે નીચે પ્રમાણે છેઃ—

અપીલવાળાઓની તરફથી અમારી રૂબરૂ એક કાયદાનો સવાલ ઊઠાવવામાં આવ્યો છે. એવી તકરાર કરવામાં આવી છે કે આ કામમાં ચાલેલું તમામ પ્રોશીડીંગ કાયદેસર નથી. કારણ કે અપીલવાળાઓને પોતાની ફરીઆદ સાબેત કરવાનો કોઇ ફોજદારી કોરટમાં લાગ આપવામાં આવ્યો નથી. આ તકરારના આધારમાં આ કોરટના કેટલાક ઠરાવો અમારી રૂબરૂ રજુ કરવામાં આવ્યા છે. આ કાંમો જુદાં પાડવા લાયક છે આ તમામ કાંમોમાં તોહોમતવાળાએ એક કોરટમાં કાંમ સીરૂ કરેલાં હતાં. તેમાં ઠરાવવામાં આવેલું છે કે તોહોમતવાળાને પોતાની ફરીઆદવાળા આરોપ શાબેત કરવાનો સંપુરણ લાગ આપ્યા વીના હિં. ફો. કાયદાની કલમ ૨૧૧ મી પ્રમાણે તેમના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપવી જોઇએ નહીં. આ કામમાં અપીલવાળાઓએ કોઇ ફોજદારી કોરટની રૂબરૂ રીતસર ફરીયાદ કરી નહી હતી. ચોરીનો આરોપ એક પોલીશ અમલદારની રૂબરૂ મુકવામાં આવેલો, અને તે અમલદારે તે આરોપ જુઠો છે, એવો રીપોટ કરયો છે. અપીલવાળાએ કોઇ ફોજદારી કોરટની રૂબરૂ આ આરોપ ફરીથી રાખ્યો નથી. સબબ અમારી રૂબરૂ જે તકરાર કરવામાં આવી છે તેથી તેમાં કાંઇ વજન છે, એમ અમારી નજરમાં આવતું નથી, અને જે ફેંસલાઓ ઉપર આધાર રાખેલો છે તેથી તે તકરારને કાંઇ પુષ્ટી થતી નથી.

તેમ તે કાયદાની કલમ ૨૧૧ મીમાં એવું કાંઇ નથી કે જેથી તેમાં બતાવેલી ગુનેહગારી જેમાં જુઠા આરોપો સાબેત કરવાની કોશીશ ન્યાયની કોરટમાં કરવામાં આવેલી હોય તે કામોનેજ લાગુ થાય. પોલીશની રૂબરૂ જુઠો આરોપ રાખવામાં આવેલો હોય અને કોરટમાં તે ચલાવવાને કોઇ

દીવસ ઇરાદે રાખવામાં આવેલો ના હોય તો પીનલકોડની કલમ ૪૪ મીમાં બતાવેલી વાખ્યા પ્રમાણે ઘણી ખરેખરી ઇજા તોહોમતવાળાને થાય તે દેખીતુ છે.

સબબ અમે બેઉ કેદીને ગુનેહગાર ઠરાવ્યાનો હુકમ બાહાલ રાખીએ છીએ, પણ જેવી હકીકત છે તે પ્રમાણે ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કાંઇ પણ જરૂરી વીના ઘણી સખત છે, માટે દરેક અપીલવાળાની બાબતમાં તે શીક્ષા કમી કરી અરાઢ માસની અમે રાખીએ છીએ.

અપીલ કાહાડી નાંખી.

ફોજદારી અપીલ

તા૦ ૨૮ જુલાઇ સને ૧૮૭૯

મી૦ જષ્ટીશ મેકડોનલ તથા મી૦ જષ્ટીશ આઉટન સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ ગણેશ દુલે અને ગોપી દુલે (તોહોમતવાળો)

હિં. ફો. કાયદાની કલમ ૩૦૪, ૩૦૪ અ—શીક્ષીણીય મનુંષ્ય વધ—કસુરથી મોત કરવું.

એક વાદીએ એક ઝેરી સર્પ બતાવ્યો, અને તે જાણતો હતો કે, તેના દાંત કાહાડવામાં આવેલા નથી. તેણે પોતાની અકલ તથા હાથ ચાલાકી બતાવવાને સારૂ અને કોઇને ઇજા કરવાના ઇરાદા સીવાય તમાસગીરોમાંના એક તમાસગીરીના માથે તે સર્પ મુક્યો. તે સર્પને તે તમાસગીરીએ કાહાડી નાંખવાને અજમાવ્યું એટલામાં તે સર્પ તેને કરડયો, અને તેથી તે મરણ પામ્યો.

તેમાં ઠરાવવામાં આવ્યું કે તે વાદી પીનલકોડની કલમ ૩૦૪ પ્રમાણે શીક્ષીણીય મનુંષ્યવધનો ગુનેહગાર છે, અને ફકત કસુરથી મોત કરયા બાબત કલમ ૩૦૪ અ પ્રમાણેનો તે ગુનેહગાર નથી.

માહારાણી વી૦ પુનાઇ ફતેમાનો ઠરાવ જુદોછે એમ ઠરાવવામાં આવ્યું.

પાનુ ૭૫૧ આ કામમાં બે વાદીઓ ગણેશ અને ગોપીએ એક ઝેરી સરપ પકડયો. ત્યાર પછી થોડાક દીવશે તેઓ બાહેરાંત એક જગાએ તેને બતાવવા ગયા ત્યાં એક લોકોનું ટોળું હતું, તેમાં એક છોકરો નામે બ્રજો હતો. તમાશો બતાવવામાં ગણેશે પોતાની હાથ ચાલાકી બતાવવામાં તે બ્રજો ઠીક છે એમ કરી તેને પસંદ કરયો. તેથી તે છોકરાના માથા ઉપર ગણેશે તે સર્પ મુક્યો. તે છોકરો બીહીનો તે સર્પ

તેના ખભા ઉપર પડયો તેથી અથવા બીજા કોઇ કારણથી, અને તે તે: એ કાહાડી નાંખવાને અજમાવતાં સર્પ તેને હાથ ઉપર ડસ્યો. આ ઉપર. થી ગણેશ અને ગોપી બેઉના ઉપર ખુન, શીક્ષણ્યમનુશવધ અને કસુરથી મોત કરવાના ગુનાહ જે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨. ૩૦૪ અને ૩૦૪અ પ્રમાણે શીક્ષા કરવા લાયકછે તેના આરોપ રાખવામાં આવ્યા.

જયુરીના અભીપ્રાયમાં આવ્યું કે આવી જાતના તમાસો વાદીઓ બ તાવે છે તે રીવાજ પ્રમાણે છે. અને કેદીઓનો અગર તેમાંના એકનો તે છોકરાને મારી નાંખવાનો ઇરાદો નહીં હતો, માટે તેનું મોત ફકત આક. સ્માત રીતે થએલું છે, તેથી તેઉએ તે કેદીઓને નીરદોશ ઠરાવ્યાં.

શેશન જડજ જયુરીથી જુદા પડતાં તેમના વીચારમાં આવ્યું કે તે કામનો કલમ ૩૦૪ અ માં સમાસ થાય છે, કારણ કે તોહોમતવાળાઓ ધં ધેથી સર્પ પાળનારા છે, માટે તે સર્પ મોત કરે તેવો તેનો સ્વભાવ છે એવું સંપુરણ રીતે જાણતા હતા. માટે તે છોકરાને અને બીજા તમાસો જોનારાઓની રૂબરૂ તેમણે તે ઝેરી સર્પ છુટો મુકયો તેઓને જે જોખમમાં તેમણે નાંખ્યા તેમાં ઘણીજ ભારે કસુર કરી છે.

આ કામમાં હાય કોરટમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા ની કલમ ૨૬૩ મી પ્રમાણે પુંછતાં જસ્ટીસ મેકડોનલે નીચે પરમાણે હુ. કમ કરયો:—

૨૪ પ્રગણાના આડીશનલ કામ ચલાઉ જડજે ફોજદારી કામ ચલા વવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે આ કામમાં પુછેલું છે:—(ના. મદાર સાહેબે કામની હકીકત કહી કહેલું છે) કે:—કેદી ગણેશે જે ગુનો હ કરેલો છે તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૪ પ્રમાણેનો ગુ. નોહ છે એમ અમારી નજરમાં આવે છે. તેણે તે છોકરાનું મોત ઇરાદા પુરવક કરેલું નથી, તેમતે એમ પણ જાણતો નહી હતો કે તે કૃત્ય એ. ટલું બધુ ભયંકર છે કે જેથી મોત થવાનો તમામ સંભવ હતો. અને તેણે તે સર્પ તે છોકરાના ઊપર મુકયો હતો.

માહારાણી વીરૂધ પુનમફતેમાના કામનો ઠરાવ ફરીયાદ તરફથી રજુ કરવામાં આવેલો તે જડજે જોએલો છે, પરંતુ તેમાં જે સખસને મારી નાંખવામાં આવેલો તે સખસને કેદીએ ખરી રીતે સર્પ કરડાવ્યો હતો. તે જડજના કહેવા પ્રમાણે મુદ્દાની બાબતમાં તે કામ આ કામથી જુદુ હતું. કારણ કે તેમાં તે મોત થાય તેવા તમામ સંભવીતપણાનો ભારે ભય છે એવી માહેતી ખુલ્લી રીતે હતી.

તે જડજે આ કામ મોકલતાં એવો અભીપ્રાય આપેલો છે કે તે કે. દીને કલમ ૩૦૪ અ પ્રમાણે શીક્ષા થવી જોઇએ, પરંતુ આ કલમ આ.

કામને લાગુ થતી નથી તેનાં કારણો ઉપર બતાવવામાં આવ્યાં છે, માટે અમારી નજરમાં આવેછે તે અવીચારના કામથી શીક્ષણ્ય મનુષ્યવધ થયેલોછે.

આ કામમાં અમે એમ કહી શકીએ કે ગણેશે એવું ધારયું નહીં હતું કે તે સરપ તે છોકરાને કરડશે એમ અમારી નજરમાં આવે છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે તે કૃત્ય એવી માહેતીથી કરવામાં આવેલું છે કે તેથી મોત થવાનો સંભવ છે, પરંતુ તે મોત કરવાના ઇરાદા વીના કરવામાં આવેલું છે. માટે અમારી નજરમાં આવે છે કે ગણેશને ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવી જોઇએ. ગોપીએ તે ગણેશને મદદ કરી છે એમ અમારી નજરમાં આવે છે, માટે તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૧૪ અને ૩૦૪ પ્રમાણે શીક્ષાને પાત્ર છે, પરંતુ તે બાબતમાં તેણે થોડોક ભાગ લીધો છે, માટે તેને ફકત એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવી જોઇએ. સબબ તે કેદીઓને અમે તે પ્રમાણે શીક્ષા કરીએ છીએ.

જ્યુરીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ

તા૦ ૨૭ નવંબર તથા તા૦ ૧૮ ડીસંબર સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ વીલસન સાહેબની રૂબરૂ.

તોકી બીબી વી૦ અબદુલખાંન.

નાદાર દેવાદારવા આકટ (૧૧ અને ૧૨ વીક બાબ ૨૧) ની કલમ ૧૨—ખોરાકી પોશાકીની ચડેલી બાકી—" દેવું અગર જવાબદારી"—રક્ષણનો હુકમ—નાદાર દેવાદારને પકડવો-પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ આકટ(સને ૧૮૭૭ ના આકટ ૪) ની કલમ ૨૩૪—નાદાર દેવાદારે ફાઇલ કરેલા શીડયુલમાં ચડેલી ખોરાકી પોશાકી દાખલ કરેલી તે નાદાર દેવાદાર આકટ (૧૧ અને ૧૨ વીક બાબ ૨૧) ની કલમ ૧૩ ના હેતુ પ્રમાણે દેવું અગર જવાબદારી છે, માટે જે નાદારે રક્ષણનો હુકમ મેળવેલો હોય તેને તે ચડેલી ખોરાકી પોશાકી બાબત પકડાતો નથી.

પ્રશ્નઃ—નાદારે સેડયુલ ફાઇલ કર્યા પછી કાંઇ ખોરાકી પોશાકી તેને દેવી થઇ હોય તે સબંધીમાં તે નાદારનું તે રક્ષના હુકમથી રક્ષણ થાય છે કે નહીં.

પાનું ૫૩૬ પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ આકટ (૧૮૭૭ નો આકટ ૪ પ્રમાણે સને ૧૮૭૮ માં અબદુલખાંનની આરત તોકીબીબીએ ખોરાકી પોશાકી સાર ફરીઆદ ચલાવેલી ને તા૦ ૧૫ જુન

સને ૧૮૭૮ ના રોજ તે અબદુલખાંનને એવો હુકમ કરવામાં આવેલો કે દર માસે રૂ ૧૫) તેણીને આપવા. તા૦ ૧૦ મે સને ૧૮૭૯ ના રોજ અબદુલખાને નાદારીમાં અરજી ફાઇલ કરી અને હમેશાંની રીતી પ્રમાણે વેષ્ટીંગ ઓડર કરવામાં આવ્યો તા૦ ૧૦ મી જુનના રોજ તેને પોતાનું શેડયુલ ફાઇલ કરયું. તે વખતે સદરહુ ખોરાકી પોશાકી એપ્રીલ અને મે માસ સુધાંની જે દેણી થએલી તે સદરહુ શેડયુલમાં બતાવી હતી. તા૦ ૧ લી જુલાઇના રોજ તે નાદારે દરમીયાન રક્ષણ થવા અરજ કરી અને તે રક્ષણની સાથે તા૦ ૧૨ મી અગસ્ટ સુધી સુનાવણી બંધ રાખવામાં આવી. તા૦ ૧૨ મી અગષ્ટના રોજ તેણે પોતાની જાતે છુટો થવાને અરજ કરી અને દરમીયાનમાં રક્ષણની સાથે છ માસ સુધી તે સુનાવણી બંધ રાખવામાં આવી. તા૦ ૩ જુલાઇના રોજ પ્રેસીડેનસી આકટની કલમ ૨૩૪ પ્રમાણે એપ્રીલ અને મે મહીનામાં ખોરાકી પોશાકી લેવા સારૂ તે ઓરતે કામ ચલાવ્યું. તે નાદારીનું કામ માજીસ્ત્રેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યું. તેમના અભીપ્રાયમાં આવ્યું કે હાલ જે કલમ બતાવવામાં આવેલી છે તે પ્રમાણે હુકમ કરવાને તે કામથી હરકત થતી નથી. તેથી તા૦ ૨૭ મી અગષ્ટના રોજ તેઉએ અબદુલખાનને એવો હુકમ કરયો કે એપ્રીલ અને મે માસની ચડેલી ખોરાકી કોરટમાં ભરવી અગર તે ભરવામા કસુર કરશે તો તેણે એક પખવાડીયું સખત મજુરી સાથે કેદ રહેવું. આ હુકમ વીશે ફરીઆદ કરવામાં આવેલી છે તે નાદારે માજીસ્ત્રેટ ઉપર એવો હુકમ મેળવ્યો કે તે પ્રોસીડીંગ હાઇ કોરટમાં શા વાસ્તે જવું નહીં નહી જોઇએ. અને જે હુકમ બાબત ફરીવાદ કરવામાં આવી છે તે શા વાસ્તે રદ થવો નહીં જોઇએ તેનું કારણ બતાવવું.

આડવોકેટ જનરલ(ઓનરેબલ જી. સી. પાલ)તેની સાથે મી૦ જે. ડી. બેલે કારણ બતાવ્યું.

સદરહુ હુકમની પુષ્ટીમાં મી૦ ટ્રીવેલીયન હાજર હતા.

આડવોકેટ જનરલ:—એવી તકરાર કરવામાં આવી છે કે નાદાર દેવાદારના આકટ પ્રમાણે તે કેદી આ દેવાને સારૂ પકડી શકાતો નથી. કલમ ૧૩ મીથી નાદારને પકડવામાંથી દરમીયાન રક્ષણ આપવાને સારૂ કોરટને અખત્યાર આપેલો છે. અને આવો કોઇ દરમીયાન હુકમ તેના શેડયુલમાં બતાવેલા તમામ દેવાને અગર જવાબદારીઓને અગર તેમાંની કોઇને પણ લાગુ થઇ શકે છે. અને કોઇ દેવા અગર જવાબદારીને આ હુકમ લાગુ થાય છે. એટલે તેને પકડવામાંથી અગર કેદમાં રાખવામાંથી તેનુ રક્ષણ થાય છે. તે કલમમાં દેવું "અગર જવાબદારી" એ શબ્દોનો અરથ નકી કરવા સારૂ કલમ ૪૭—૬૧ અને ૬૨ નો વીચાર કરવાની જરૂર છે.

કલમ ૪૭ થી તે નાદાર સખસને જાતે છુટો કરવાને કોરટ શક્તિવાનછે. અને તેથી તેના શેડયુલમાં દાખલ કરેલા તમામ દેવા સબંધી પકડવામાંથી તેનું રક્ષણ થાય છે. વળી તે નાદારને કોઇ દેવા અગર માગણા બાબત કોરટ તેને કેદમાં મોકલી શકે છે. કલમ ૬૧ થી જે કોઇ દેવું, દાવો અગર માગણીમાંથી તે નાદાર છુટો થએલો હોય તે સબંધી પ્રોશીડીંગ બંધ કરવાને કોરટને અખત્યાર આપવામાં આવેલો છે અને કલમ ૬૨ થી રાજાનુ લેહેણું દંડ, ગુનેહગારી વીગરે તે આકટના અમલમાંથી બાતલ કર વામાં આવેલાં છે. કલમ ૧૩ અને ૪૭ અને કલમ ૬૧ ફકત જે દીવાની રાહાની જવાબદારી કહી શકાય છે. તેને લાગુ થાય છે. અને માજીસ્ટ્રેટનો તે હુકમ તે કલમના હેતુ પ્રમાણે દેવું અગર જવાબદારી નથી. આ ના ણા આપવાની કસુર એવી છે કે જેથી ઇગ્લાંડમાં એકાદો સખસ કેદને પાત્ર થાય. ઇગરેજી દેવાદારનો આકટ ૩૨ અને ૩૩ વીક બાબ ૬૨ ની કલમ ૪ થી કોઇ સખસ જસ્ટીસ અગર જષ્ટીસઆફધીપીશની રૂબરૂ સં ક્ષેપ રીતે વસુલ કરવા લાયક રકમ આપવાની કસુર કરે તો તેને કેદ થઇ શકે છે, આ કેદીએ મુખત્યાર કોરટનો હુકમ માન કરેલો નથી તેથી તે કેદને પાત્ર છે.—હરવે વીરૂધ હોલ ઇંગરેજી દેવાદારના આકટ પ્રમાણેનું આ કામ હતું લુંષ્ટનાધરૂધ સરવીનના કામમાં લોર્ડ જસ્ટીસ જેનસે કહયું છેકે "જે કામમાં યોગ્ય હકુમતવાળી કોરટે નાણાની અમૂક રકમ આપવાને હુકમ કરેલો હોય પછી તે ખરચ હોય અગર બીજુ કાંઇ હોય તોપણ તે હુકમ કરવાને જે કોરટ યોગ્ય હોય તે કોરટના હુકમ અગર ફેંસલા પ્રમા ણે તે રકમ તેની પાસે લેહેણી થાય છે. એમ અમારી નજરમાં આવે છે કરારથી જે દેવું થાય અને ખરચની બાબનમાં દેવું થાય તે એક બીજા થી કોઇ રીતે જુદું છે એવું કહેવું તે એક શબ્દોની રમત છે એમ અમા રી નજરમાં આવે છે કોરટે અમુક રકમ આપવાને હુકમ કરેલો છે અને તે હુકમ પ્રમાણે તે દેવું છે. મી૦ ફ્રાયરની જે સુચના છે કે નાંણા આપ વાને કસુર કરવી તે સદરહુ આકટમાં દેવું શબ્દ છે તે જુદુ છે. તે સુચના અમને બહુ લાગેલી છે પરંતુ બીજા પેટાભાગમાં તેજ કલમમાં જે ભાષા અમારા જોવામાં આવે છે તે ભાષાથી તે સુચના બાતલ થએલી જણાયછે. તેમાં એવા શબ્દો છે કે "તે અગર બીજી કોઇ મુખત્યાર કોરટના કોઇ હુ કમ અગર ફેંસલા પ્રમાણે જે દેવું કોઇ સખસે આપવાનું હોય તે હફતેથી આપવાને ફરમાવી શકે છે. અને તે હુકમમાં વખતે વખતે ફેરફાર કરી શકે છે. અગર તે રદ કરી શકે છે." આ પ્રમાણે છે તો ખુલ્લું છે કે જે દેવું કહેવામાં આવેલું છે તે કોરટના હુકમ અગર ફેંસલાને લીધે એકાદા સખસનું દેવુ થાય છે. તે ખુલી રીતે તે આકટના હેતુ પ્રમાણે એમ મને

દીસે છે અને તે શા વાસ્તે તેવું થવું નહીં જોઇએ, તેનું કાંઇ કારણ અ મારા જોવામાં આવતું નથી." નાદાર દેવાદાર આકટની કલમ ૧૩ જોતાં દેવું અગર જવાબદારી એ શબ્દો એટલા બધા ઓહોળા છે કે જેમાં આ હુકમનો સમાસ થાય છે. પરંતુ બીજી કલમો ખુલ્લી રીતે ફક્ત દેવાની જ- વાબદારીઓને લાગુ થાય છે. ફોજદારી કામમાં કાંઇ નાણુા આપવાનો હુ- કમ તે ગુનેહગારીના પ્રકારનો છે. માટે જો તે નાણાં ના આપવામાં આવે તો કોરટનો તીરસ્કાર થાય છે.—મારટીન વીરૂધ લારેન્સ આવા કામમાં તે કેદીને છોડી દેવો તે નાદાર દેવાદારના કાયદાના હેતુ વીરૂધ છે માટે માજી સ્ટેટનો હુકમ કોરટે બાહાલ રાખવો જોઇએ.

મીઃ ટ્રીવેલીયનઃ—જયારે સરટીફીકેટ મળ્યા વીનાનો નાદાર ધણી હોય અગર નાદાર દેવાદાર હોય ત્યારે ખોરાકી પોશાકીનાં કામો ઇંગલાં- ડમાં આ કામના જેવાં છે. બાઉનહોન ડાઇવોર્સટ ૧૩૪ નાદાર દેવાદાર- ના આકટ પ્રમાણે જે સખસે પોતાનો છુટકારો મેળવવાને હુકમ મેળવેલો હોય તે ખોરાકી પાસાકીનાં નાંણાં આપવાની જવાબદારીમાંથી બચે છે. કેમકે તે નહી આપવાથી તેનો છુટકારો થવાનો હુકમ થતાં પેહેલાં તે હ- કીકત આવી ગએલી હોય છે. માટે આવી ખોરાકી પોશાકી બાબત તે ની મીલકત ઉપર જપ્તી આપવામાં આવતી નથી. આતો ફક્ત નાંણાં આપવાની ફરજ પાડવાને દીવાની રાહનો હુકમ છે, તેનો સુગમતાના કા- રણસર પોલીશ કોરટ અમલ કરેછે. કાંઇ ગુનહો કરવામાં આવેલો નથી. આ કાંઇ એવું દંડનુ કામ નથી કે, નાદાર દેવાદારના આકટની કલમ ૫૨ પ્રમાણે બાતલ થાય. ઇંજીટનના કામમાં લોર્ડ ડેના આકટ પ્રમાણે સવાલ ઊંતપન થએલો હતો તેમાં દીવાની અને ફોજદારી રાહના હુકમો વચે ભેદ બતાવવામાં આવેલો છે. પ્રેસીડેન્શી માજીસ્ટ્રેટ આકટ પ્રમાણે ચડેલી ખોરાકી પોસાકી વસુલ કરવાનો હુકમ તે ખરી રીતનો એક ઇલાજ છે. તે ધણીઆણી આ કોરટમાં કે સ્માલકાજ કોરટમાં દાવો કરી શકતી ન- થી. પરંતુ કાયદા કરનારે ઠરાવ્યું છે કે તેણીની ખોરાકી પોશાકી વસુલ કરવાને ખાસ સાધન છે, માટે સવાલ એ છે કે તે નહીં આપવાથી ફો- જદારી ગુનહો બનેછે કે નહીં? કાંઇ દંડ કરવામાં આવ્યો નથી. તે આક- ટમાં એવું ઠરાવ્યું છે કે અમુક રકમ આપવાને હુકમ કરવામાં આવ્યો હોય તો તે અમુક રીતે વસુલ કરવી. તે માજીસ્ટ્રેટે ફક્ત રકમ આપવાને માટે હુકમ થએલો તે રકમ આપવાને હુકમ કરયો છે. ઇંગલાંડમાં ગરી- બોની બાબતમાં કર આપવામાં આવતો નથી અને જેવુ કામ ચાલે છે, તેવું આ કામ છે. તેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે તે ગરીબોનો કર આપવો તે દીવાની જવાબદારી છે. અને ફોજદારી નથી. મહારાણી વી-

૩૫ કોસ્ટ સ્ટ્રીટ પ્રીઝનના ગવરનર તથા આરચી બોલ્ડ ઓનએકર ચેશી સને ૧૮૫૦ ની આવૃતી વાલ્યુમ ૨ પાનું ૨૦૭ જુઓ.

(જષ્ટીશ વીલસન સાહેબઃ—ઈગલાંડમાં એવું ઠરેલું છે કે કૃત્રીમ છોકરાની બાબતનુ કામ દીવાની છે, અને ફોજદારી નથી. મહારાણી વી૦ ફ્લેચર) ક્વાંન ઓક્ટ વી૦ મી. ચેલના કામનો ઠરાવ ખુલી રીતે મારા વીરૂધનો ઠરાવ છે. પરંતુ નાણાં નહીં આપવા બાબતથી ગુનેહગારી ઠરાવવાને કોરટને અખતીયાર નહી હતો.

જષ્ટીશ વીલસન સાહેબઃ—પ્રેશીડેન્સી માજીસ્ત્રેટની કોરટમાં એક કામ ચાલેલું તેમાં કરેલો હુકમ રદ કરાવવાને સારૂ આ કોરટમાં તે કામ મંગાવવા સારૂ હાયકોરટને પ્રોશીજર આકટની કલમ ૧૪૭ મી પ્રમાણે આ અરજી કરવામાં આવી છે. (નામદાર સાહેબે કામની હકીકત ઉપર પ્રમાણે કહીને નીચે પ્રમાણે કહેલું છે):—જે કલમ પ્રમાણે ખોરાકી પોશાકીનો હુકમ થઇ શકેછે તે પ્રેશીડેન્સી માજીસ્ત્રેટના આકટની કલમ ૨૩૪ મી છે તે નીચે પ્રમાણે છેઃ-

"જો કોઇ પુકત સાધનવાળો સખશ પોતાની સ્ત્રી, અઊરસ અથવા અનૌરસ છોકરાં જે પોતાનો નીભાવ કરી શકે નહી. તેવો હોય તેમને ખોરાકી પોશાકી આપવાની કશુર કરે અથવા ના પાડે તો, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ તે બાબતના યોગ્ય પુરાવ ઉપરથી તેની સ્ત્રી, અથવા છોકરૂ અગર બેઉને પોતાની નજરમાં યોગ્ય લાગેતેની દરમાસે રૂપીયા પચાસથી વધારે નહી તેવી રકમ આપવાનો હુકમ કરવાને તથાવખતે વખતે તે રકમ તે સખસને આપવાનું ફરમાવવાને મુખ્તીયાર છે.

"તે રકમ હુકમની તારીખથી લહેણી થાય છે,

"આ પ્રમાણે જે સખસને હુકમ કરવામાં આવ્યો હોય તેવો કોઇ સખશ જાણી બુજીને તે હુકમ પ્રમાણે ચાલવાનો કસુર કરે તો, તે હુકમ જે જે વખતે તોડવામાં આવે તે દરેક વખતે આગળ દંડ વસુલ કરવાની રીતી ઠરાવવામાં આવી છે તે પ્રમાણે તે વસુલ કરવાને વારંટ કાહાડવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને દરેક માસ જે ખોરાકી પોશાકી આપ્યા વીના રહેલો હોય તે દરેક માસ બાબત એક માસથી વધારે નહી એવી કેદની શીક્ષા કરવાને મુખત્યાર છે.

"પરંતુ જો તે સખશ પોતાની સ્ત્રીની ખોરાકી પોશાકી એવી સરતથી આપવાને ખુસી હોય કે જો તે મારી સાથે રહેતો હું આપુ, અને તે સ્ત્રી તેની સાથે રહેવાની ના પાડે તો, તે સ્ત્રીને ના કહેવાના જે કોઇ કારણો હોય તેનો વીચાર કરવાને માજીસ્ત્રેટ મુખ્તીઆર છે, અને જો તેમની એવી ખાત્રી થાય કે તે શખશ વ્યભીચાર કરેછે, અથવા તે

પોતાની સ્ત્રી સાથે ઘાતકીપણાથી વરતે છે તો, આવી રીતે સરતની સાથે આપવાને તે તઇયારી બતાવે તોપણુ તે કલમ પ્રમાણે હુકમ કરી શકે છે.

"જો સ્ત્રી વ્યભીચારણી તરીકે રહેતી હોય અથવા કાંઇ પણ પુકત કારણુ વીના તે પોતાના ધણી સાથે રેહેવાને ના પાડે, અથવા તે બેહની કબુલતથી તેઓ જુદાં રહેલાં હોય તો, કોઇ સ્ત્રીનો પોતાના ધણી પાસેથી તે લેવાનો હક નથી."

નાદાર દેવાદાર આકટ (૧૧ અને ૧૨ વીક બાબ ૨૧) ની કલમ ૧૩ મી પ્રમાણે દરમીયાંન રક્ષણનો હુકમ કરવામાં આવે છે.•× × ×

આડવોકેટ જનરલે એવી તકરાર કરી છે કે આ કલમ પ્રમાણે "દેવુ અગર જવાબદારી"નો નીરણય કરવામાં છેવટ છોડી દીધાનો ને ત્યાર પછીની જે કલમો તેથી તેને વ્યવસ્થા કરવામાં આવી છે તે અમારે જોવી જોઇએ. એટલે કલમ ૪૭ મીમાં "દેવું અગર જવાબદારી" શબ્દોને બદલે "માગણી" અને "દેવુ અગર માગણી" વાપરવામાં આવ્યો છે. કલમ ૬૧ મીમાં વળી "દેવું, દાવો, અગર માગણી" એવા શબ્દો વાપરવામાં આવ્યા છે, અને કલમ ૬૨ મીમાં અમુક બાબતો તે આકટના અમલમાંથી બાતલ થાય છે.

એમ બાગ્યેજ ખરી રીતે તકરાર થઇ શકે છે કે, કલમ ૬૨ મી લાગુ થાય છે. કારણ કે ખોરાકી પોશાકી આપવાને જે હુકમ કરવામાં આવ્યો છે તે દંડ, ગુનેહગારી, વીગરે છે.

પરંતુ એવું કહેવામાં આવેલું છે કે કલમ ૧૩, ૪૭, અને ૬૧ મીથી ફકત દીવાની રાહાના કાંમો બતાવવામાં આવેલાં છે. ફોજદારી રૂપના બતાવેલાં નથી. અને હાલ જે જવાબદારી બાબત તકરાર છે તે ફોજદારી જવાબદારી છે. તે જવાબદારી ફોજદારી છે એ બાબત બે કારણો બતાવવામાં આવેલાં છે. પહેલું તો તમાંમ કામ ફોજદારી કોરટની રૂબરૂ ચાલેછે; બીજુ કે ખોરાકી પોશાકી આપવામાં ના આવે તો, સખત મજુરી સાથે કેદની શીક્ષા થાય છે. હવે ખરેખરી જે જવાબદારી છે તે તો ખોરાકી પોશાકીના હુકમની રૂઇએ નાંણું આપવાની જવાબદારી થાય છે. તે પ્રથમ દરશનીક ફકત દીવાની રાહાની જવાબદારી છે અને તે દેવું અગર જવાબદારી અગર દાવો, અથવા માગણુ તે તે નાદાર દેવાદારના આકટના હેતુ પ્રમાણે છે. ફોજદારી કોરટથી તે ઉતપન કરેલા દેવાનો અમલ કરવામાં આવે છે. તેથી આ બાબતને હરકત થતી નથી. ઘણાક તદન દીવાની હકો ફકત સુંગમતાના કારણસર ફોજદારી કોરટોથી અમલમાં લાવવા લાયક છે. તેમ અમારા અભીપ્રાય પ્રમાણે એક

દેવું નહી આપવાથી પરીણામે ગુનેહગારી ઠરાવેલી હોય તેથી તે કાંઇ દેવું છે તેમાં ઓછું થતું નથી.

ઈંગલાંડમાં કત્રીમ છોકરાની બાબતનું કામ દીવાની છે, અને ફોજદારી નથી, એમ ઠરાવવામાં આવ્યું નથી મહારાણી વી૦ બારી, મહારાણી વી૦ ફુલચર અને આ કામ પણ તેવુંજ છે.

અમારી નજરમાં આવે છે કે ખોરાકી પોશાકીની જે બાકી તે સેઠમુલમાં બતાવેલી છે તે નાદાર દેવાદાર આકટની કલમ ૧૩ મીના હેતુ પ્રમાણે દેવું અથવા જવાબદારી છે, અને રક્ષણના હુકમથી તે બાબતમાં તે નાદારને પકડવામાંથી અથવા કેદમાં જવાથી રક્ષણ થાય છે, માટે તે કામ આ કોરટમાં મંગાવવામાં આવસે અને માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવામાં આવસે.

તે શીડયુલ આપ્યા પછી જે ખોરાકી પોશાકી લેહેણી થએલી હોય તેને નાદારીના પ્રોસીડીંગથી અસર થવાની બાબતમાં અમે કાંઇ કેહેતા નથી, અને પ્રેસીડેનસી માજીસ્ટ્રેટના આકટની કલમ ૨૩૫ મી પ્રમાણે માજીસ્ટ્રેટનો જે કુલ અખત્યાર છે તેમાં હાથ ઘાલવા વીસે અલબત આ ઠ ાવમાં કાંઇ પણ નથી.

હુકમ કાયમ રાખવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૩ અગસ્ટ સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ એઈનસ્લી તથા મી૦ જસ્ટીસ મેકડોનલ્ડ સાહેબોની રૂબરૂ.

અબદુલ રેહેમાંન વીગરે (અરજદારો) વીરૂધ્ધ સખીના વીગેરે (અપીલના પ્રતીવાદી.)

શોભાન વી૦ સુબરાતન

ઓસુફ વી૦ સાંમા.

પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ આકટ (સને ૧૮૭૭ ના આકટ ૪) ની કલમ ૨૩૪, ૨૩૫—ખોરાકી પોશાકી—ખોરાકી પોશાકીના હુકમમાં છેડા છુટકાના હુકમનો અસર.

સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૨૩૪ મી પ્રમાણે ખોરાકી પોશાકી આપવાનો હુકમ બંધ રાખવાને તથા તે કલમની ૩ જી રકમ પ્રમાણે વારંટ કાહાડવાની ના કહેવાને તથા ખોરાકી પોશાકી મળવા જે સ્ત્રીનો હક છે તેને અસર કરતા માજીસ્ટ્રેટની રૂબરૂ ઉતપન થએલા તમામ સવાલોનો તપાસ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે. હીંદુસ્થાનના છેડા છુટકાના આ-

કટ તથા મુસલમાની શરેહ પ્રમાણે છેડા છુટકામાં કાંઇ ભેદ કાહાડી સકાતો નથી. ધણી ધણીઆણીનું સગપણ સાબેત થાય એટલે કલમ ૨૩૪ મી પ્રમાણે તે ઓરતને ખોરાકી પોશાકી આપવાનો હુકમ માજીસ્ત્રેટ કરી શકેછે. પરંતુ જ્યાંહાં એવો પુરાવ આપવામાં આવ્યો હોય કે તે સગપણ બંધ થએલું છે તો તે કલમ પ્રમાણે કરેલો હુકમ તેઉ બંધ કરવાને મુખત્યારછે.

પાનુ ૫૫૮ સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૨૪૦ પ્રમાણે કલકતાના પ્રેશીડેનશી માજીસ્ત્રેટે આ રેફરંસ કરેલું છે.

કલકતાના પ્રેશીડેનસી માજીસ્ત્રેટો (મી૦ અમીરઅલ્લી અને મી૦ એ. સાઉટર)એ તા૦ ૨૮ જુલાઇ મને ૧૮૭૯ ના રોજ એકઠા બેસી કેટલાક મુસલમાનોને તેમની ઓરતોની ખોરાકી પોશાકી આપવાના હુકમો કરેલા તે હુકમો રદ કરવા સારૂ તે મુસલમાનોએ અરજીઓ કરેલી એવા કારણ થી કે મુસલાની શરેહ પ્રમાણે અમે અમારી ઓરતને તલાક આપેલીછે, તે અરજીઓ કાહાડી નાંખી.

તોપણ તે હુકમ હાય કોરટનો અભીપ્રાય થાય તે પ્રમાણે ચાલવાની શરતથી કરવામાં આવેલો છે. જે બાબત તે અભીપ્રાય માગેલો છે તે રેફ રંસના હુકમમાં નીચે પ્રમાણે બતાવવામાં આવી છે:—

" સને ૧૮૭૭ ના આકટ ૪ (પ્રેશીડેંન્સી માજીસ્ત્રેટ આકટ)ની કલમ ૨૩૪ પ્રમાણે કરેલા કેટલાક હુકમો રદ કરવાને થોડીક મુદત ઉપર કેટલીક અરજીઓ અમને કરવામાં આવીછે. એવા કારણથી કે જે ઓર– તોના લાભમાં તે હુકમો કરવામાં આવેલા તે અરજદારોએ તેમને તલાક આપેલી છે. આ કોરટોમાં આજ સુધી એવો રીવાજ ચાલે છે કે આવી અરજીઓ સંક્ષેપ રીતે કાહાડી નાંખવી. પરંતુ તેમાં રહેલા શવાલની અ ગત્યતાનો વીચાર કરતાં અમો અમારી રૂબરૂ તે બાબતોની તકરાર કરવા ને પક્ષકારોને પરવાનગી આપેલી હતી. તે અરજીઓ તે આકટની કલમ ૨૩૪ પ્રમાણે કરવામાં આવેલી છે. "તે કલમમાં એવું ઠરાવ્યું છે કે પ- ક્ષકારોની સ્થીતીમાં ફેરફાર થયાનો પુરાવ થવા ઉપર જે રકમ બાબત હુક મ કરવામાં આવેલો હોય તે રકમમાં માજીસ્ત્રેટ ફેરફાર કરી શકે છે." આ કલમના શબ્દ જોતાં તથા બંગાળાના સને ૧૮૬૬ ના આકટ ૪ની કલમ ૩૦ કે જેને બદલે સદરહુ કલમ કરવામાં આવેલી છે. તે કલમ સાથે જોતાં અમે ઠરાવ્યું છે કે તલાક આપવાના કારણથી તે કલમ પ્રમાણે આ બાસ હુકમો રદ કરવાને અમને અખત્યાર નથી. વળી અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે તે મુસલમાની શરેહ પ્રમાણે હરકોઇ વખતે અને હરકોઇ કારણથી ધણી પોતાની ઓરતનો છેડો છુટકો આપી શકે છે માટે તેવો છેડો છુટકો આપ્યા પછી માજીસ્ત્રેટના હુકમનો અમલ થઇ શકે

તો નથી. આ તકરારની પુસ્ટીમાં બે ઠરાવો બતાવવવામાં આવેલા છે.— નેપુરઆરત વીરૂધ જુરાઇ અને કાશમ પીરભાઇના કામમાં કરેલાછે—તો- પણુ તેમાંના એક ઠરાવમાં તે બાબત નકી નીરણય કરવામાં આવેલો ન થી. અને કાશમ પીરભાઇના કામમાં જે ઠરાવ કરવામાં આવેલો છે તે ઉપરથી એમ જણાય છે કે તેમાં તલાક કબુલ કરવામાં આવેલી હતી. અ ગર તેનું બળવાનપણુ યોગ્ય હકુમતવાળી કોરટથી મંજુર થએલું હતું. મુ સલમાની શરેહ પ્રમાણે તલાક આપવાના જુદા જુદા રૂપો છે. અને તે દ રેક રૂપનું કાયદેસર પરીણામ એક બીજાથી જુદો થાય છે. માટે આવા સવાલમાં ફોજદારી કોરટો પેસેતો મુશકેલી ઉતપન થાય. માટે અમે ઠરાવે લું છે કે જે કામમાં તલાકના બળવાનપણુા વીશે ઓરત તકરાર કરતી હો ય તે કામમાં તે બળવાનપણુા વીશે તપાશ કરવાને અમને અખત્યાર નથી.

"તોપણુ આ સવાલ ઘણો અગત્યનો છે અને અમારી નજરમાં આવે છે કે તે હાયકોરટને પુછવા લાયક છે સબબ નીચેની બાબત અમે નામદાર હાયકોરટનો અભીપ્રાય માગીએ છીએ:—(૧) કલમ ૨૩૪ પ્ર- માણે કરેલા હુકમો રદ કરવાને કલમ ૨૩૫ પ્રમાણે પ્રેશીડેંશી માજીસ્ત્રે- ટોને અખ્તીઆર છે કે નહીં અને (૨) જયારે તલાક આપ્યાની બાબત અગર તેનુ કાયદેસરપણું ઓરતે તકરાર કરી હોય ત્યારે તે સવાલનો ત- પાસ કરવાને ફોજદારી કોરટોને અખ્તીયાર છે કે નહીં."

અરજદારો તરફથી મુનશી મહમદ યુશબ.

કોરટનો અભીપ્રાય જષ્ટીશ એઇનસલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

જષ્ટીશ એઇનસલી સાહેબ—સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૨૩૪ પ્રમાણે ઓરતની ખોરાકી પોશાકી આપવાનો હુકમ કરવામાં આ- વેલો હોય તે હુકમનો અમલ બંધ કરવાને માજીસ્ત્રેટને અખ્તીયાર છે. તે મજ તે કલમની ૩ જી રકમ પ્રમાણે વારંટ કાહાડવાની ના કહેવાને પણુ અખ્તીયાર છે. પછી જયારે તે હુકમ કરવામાં આવેલો હોય ત્યારે તે હુકમ કાયદેસર અને યોગ્ય રીતે કરવામાં આવેલો હતો. એવું માનવુ જોઇએ. અને તેઉ તે હુકમ રીતસર રદ કરી શકતા નથી. તેની ચીંતા નહીં. સબબ તે ખોરાકી પોશાકી લેવાને સ્ત્રીને જે હક હોય તે હકને હરકત કરતા જે સવાલો ઉતપન થએલા હોય તે તમામ સવાલોની ચોક શી કરવાને તેઉ મુખત્યાર છે. તે રેફરંસમાં મુંબાઇ હાયકોરટનો જે ઠરા વ બતાવવામાં આવેલો છે તે ઠરાવનો મુંબાઇ હાયકોરટે આવો વીચાર કરેલો છે. (કાસમ પીરભાઇના કામમાં) તે કોરટે પોતાની ફોજદારી હકુમ મત વાપરતાં જે તલાક કહેવામાં આવેલો તે તલાક આપ્યા વીસે તથા તેના કાયદેસરપણુા વીશે તપાસ કરેલી હતી. અને તે તલાક કાયદેસર

છે એવું તેમની નજરમાં આવવાથી તેમણે ઠરાવ્યું છે કે તે હુકમ ઉપરથી કોરટે જાતી આપવી નહીં જોઇએ. અગર બીજી રીતે તેનો અમલ કરવો નહીં જોઇએ.

આ પ્રમાણે ચાલવાને માજીસ્રેટને જે અખ્તીઆર છે તે સને ૧૮૬૬ ના બંગાળાના આકટ ૪ ની કલમ ૩૦ ના ઠરાવમાં સને ૧૮૭૧ ના આકટ ૪ ની કલમ ૨૩૫ મીથી જે ફેરફાર કરવામાં આવેલો છે તે ફેરફાર ઉપરથી તે અખ્તીઆર ઉતપન થએલો નથી. અને જે એવા શબ્દો છે કે જે "અલાઉંશ બાબત હુકમ કરવામાં આવેલો હોય તે અલાઉંસમાં તેઉ પોતાની નજરમાં આવે તે પ્રમાણે તેમાં ફેરફારિ તે કરી સકે છે."

આ શબ્દોની નીચે જે વીશેશ ઠરાવ છે કે "દર માસે રૂ ૫૦) કરતાં વધારે નહીં તે સાથે તથા તે પેહેલાંના કાયદાનો ઠરાવ કે જે તે રકમમાં કમી કરવાને માટે છે. અને જે સખસને હુકમ કરવામાં આવેલો હોય કે ખોરાકી પોશાકી આપવી તે સખશની સ્થીતીનો ફેરફાર થઇ સારી થએલી હોય તેથી તે રકમ વધારવાને માજીસ્રેટને અખ્તીયાર આપવામાં આવેલો નથી. તે સાથે વાંચતાં અમારી નજરમાં આવે છે કે નવી સ્થીતી થવાથી તેના ફેરફાર વીશે તે રકમમાં ફેરફાર કરવાના હેતુથી પ્રથમ પુરાવ કરવામાં આવેલો હોય તો તે ખોરાકી પોશાકીના હુકમનો ફરીથી વીચાર કરવાને ફક્ત માજીસ્રેટને અખ્તીયાર છે."

અમારી નજરમાં આવે છે કે જે વીદ્વાન માજીસ્રેટ આ રેફરંસ કરેલું છે. હીંદુસ્થાનના છેડા છુટકાના આકટ પ્રમાણે તલાક આપવા ઉપરથી માજીસ્રેટનો ખોરાકી પોશાકીનો હુકમ છે, તેનો અમલ રહેતો નથી. એવો તેમણે સખ રાખેલો હોય પરંતુ જે સખસો તે આકટને પાત્ર છે. અને મુસેલમાનો પોતાની નજરમાં આવે ત્યારે કોઇ કોરટને મધ્યશ રાખ્યા શીવાય તે છેડા છુટકાનો અમલ કરી શકેછે. તેની વચમાં ભેદ છે. એમ તેઓએ માનેલું ગણ્યું છે. પરંતુ તે તલાક એક રીતે અગર બીજી રીતે આપેલી હોય પરંતુ તે એક વખત બળવાન થઇ એટલે માજીસ્તરેટનો તે સ્રીના લાભમાં જે થએલો હુકમ તે બંધ પડવો જોઇએ. માટે સદરહુ ભેદ અમારા અભીપ્રાય પ્રમાણે ચાલી શકતો નથી. લગનના હક બંધ થયા. એટલે તેને લગતી જવાબદારીઓ પણ બંધ થાય છે. આ સગપણ કાયમ છે. એવો ફક્ત પુરાવ થવા ઉપરથી માજીસ્રેટ કાંઇ પણ હુકમ કરી શકેછે, અને જે કાંઇ હુકમ કરવામાં આવે છે તે ઓરતની માશીક ખોરાકી પોશાકી સારૂ કરવાને આવે છે અને તે ઓરતે તે એલાઉંસ ધણીયાણી તરીકે જારી રહી લેવાનું છે. કલમ ૨૩૪ ની છેલી

હુકમના શબ્દો એવા છે કે ખોરાકી પોશાકીનો હુકમ કરતા પેહેલાં કે પ-ત્નીને સારૂ લાગુ થાય. અને તે ઉપરથી જણાય છે કે લગનનો હક કાયમ હોત તોપણ જો સ્ત્રી પોતાની ધણીયાણી તરીકેની ફરજને અનુસરતી નહીં એવી વરતણુંક ચલાવે તો તેણીનો ખોરાકી પોશાકી મળવાનો હક જાય છે. જો એકાદી સ્ત્રી પોતાના ધણી ઉપર ખોરારી પોશાકી મળવા સારૂ હુકમ કરવાને માજીસ્તરેટને અરજ કરે અને ધણી ધણીઆણીના સબંધ વીસે તકરાર કરે તો તેણીએ તે સબંધ સાબેત કરવો જોઇએ. વખતે લગ્ન થયું હતું એમ કબુલ કરવાને આવે પણ એમ કહેવામાં આવે કે છેડા છુટકો થએલો છે. માટે પેહેલી બાબતમાં લગ્ન થયાની હકી-કતની તપાસ અવસ્ય કરીને માજીસ્તરેટે કરવી જોઇએ. અને બીજી બાબતમાં છેડા છુંટકો થયાની તપાસ એમને કરવી જોઇએ. અને જે ઠરાવો બતાવવામાં આવેલા છે. તેમાંના એકમાં વીદ્વાન ચીફ માજીસ્તરેટે છેડા છુંટકાની તકરારની તપાસ કરેલી છે. માટે તે અરજ કરનાર સ્ત્રી ધણીયા-ણી ના હોય તો તેણીને ખોરાકી પોશાકી આપવાનો હુકમ કરવાનો તેમને અખ્તીયાર નથી. છેડા છુટકાના કામમાં તલાક આપ્યાની વાત સાબેત થવી જોઇએ. પછી તે પક્ષકારો ખ્રીસ્તી હોય કે મુસલમાન હોય ના તે સાબેત કરવાના સાધનો જુદાં જુદા છે. પરંતુ કામ ચલાવવાની રીતી માજીસ્તરેટને માટે તો એકની એકજ છે. પુરાવ ઉપરથી તેમણે એવો નીરણય કરવાનો છે કે તલાક વીસે કહેવું સાચુ છે નહી. એકની બાબત-માં છેડા છુંટકો કરવાની રીતી યોગ્ય હકુમતથી હુકમનામું મેળવવાની છે. અને તે હુકમનામું નીશ્ચયકારક પુરાવ થાય છે. અને બીજાની બાબતમાં કોરટની મદદની બીલકુલ જરૂર નથી. માટે યોગ્ય કોરટથી પક્ષકારો-ની વચમાં તે સવાલનો નીરણય થએલો ના હોય તો માજીસ્તરેટે પોતાની રૂબરૂ મુખજુબાની વીગેરેનો પુરાવ જે રજુ થાય તે ઉપરથી થતા સરસમાં સરસ નીશ્ચે કરવા જોઇએ.

મુસલમાની શરેહથી તલાક આપવાને અખત્યાર આપવામાં આવેલો છે. અને તેથી સને ૧૮૭૭ના આકટ ૪ની કલમ ૨૩૪માં કાયદા કર-નારાઓએ જે ઇરાદો બતાવેલો છે. તે ઇરાદો તથા તેવાજ બીજા આકટોનો ઇરાદો પાર પડે નહીં. તેથી એમ જણાય છે કે હજુ બીજો કાયદો કરવાની જરૂર છે. પરંતુ જેવો હાલ કાયદો છે તેને તેથી અસર થતો નથી. વીદ્વાન વકીલ જે અરજદારો તરફથી અમારી રૂબરૂ હાજર થએલા છે તેમણે કહ્યું છે કે લગ્ન તુટયા પછી તરત મેહેર લેવાનો જે હક છે તેથી તે અખત્યારનો તીરસ્કાર બંધ પડવાને બસ છે. તોપણ આ બાબત હાલ વીચાર કરવાની નથી.

કલમ ૨૩૪ ના ઠરાવ પ્રમાણે અમારા અભીપ્રાય પ્રમાણે અશલ જે મુજબ તે સ્ત્રી ધણીયાણી હતી ને ખોરાકી પોશાકી લેતી તે પ્રમાણે સને ૧૮૭૭ ના પ્રેસીડેનસી માજીસ્ત્રેટના આકટના બાબ ૧૮ માના કારણસર તે ધણીયાણી તરીકે જ્યારી રેહેવી જોઇએ. સબબ જ્યારે તલાકનો શવાલ ઉઠાન થાય ત્યારે માજીસ્ત્રેટની રૂબરૂ જે પુરાવ હોય તે પુરાવ ઉપરથી કાયદેસર બળવાન તલાક આપવામાં આવેલો છે કે નહીં તેનો તેમણે નીરણય કરવો જોઇએ. જો તેમને એમ માલમ પડે કે તે લગ્નનો સબંધ કાયદેસર રીતે તુટેલો છે તો તે તુટયાની તારીખથી તે ખોરાકી પોશાકીનો હુકમનો અમલ કરવાને કાંઇ પણ ઇલાજ તેમણે કરવો નહીં જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ મી નવેંબર સને ૧૮૭૯

મી૦ જસ્ટીશ જાકશન અને મી૦ જષ્ટીસ તોટનહામ

સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ ગ્રીરીસચંદર તાલુકદાર.

કોરટે બોલાવેલો સાક્ષી—ઉલટ તપાસ કરવાનો હક—પુરાવ આકટ (સને ૧૮૭૨ નો) ની કલમ ૧૬૫.

ફરીઆદ તરફથી સાક્ષીઓ ઉપર સમન્સ કરવામાં આવેલા અને તેમને બોલાવવામાં આવેલા નહી હોય તો તેઓને સાક્ષીના પાંજરામાં ઉલટ તપાસ કરવાને સારૂ રજુ કરવાજ જોઇએ કે જેથી તે હકનો અમલ કરવાને બચાવ તરફથી લાગ મળે અને પુરાવ આકટની ૧૬૫ પ્રમાણે કોરટે આવા સાક્ષીને બોલાવી તપાસેલા હોય તો અલબત કેદીને તેની ઉલટ તપાસ કરવાને પરવાનગી આપવી જોઇએ.

પાનું ૬૧૪   ફરીઆદ તરફથી એક સાક્ષીને શેશન કોરટમાં કામ કમીટ કરતાં પેહેલાં ચાલેલી તપાસમાં માજીસ્ત્રેટે બોલાવી તપાસ કરેલો પરંતુ શેશન કોરટમાં તપાસમાં તેને બોલાવવામાં આવ્યો નહીં. ફરીયાદ તરફથી તે સાક્ષીની ઉલટ તપાસ કરાવવાને રજુ કરવામાં આવ્યો નહીં. પરંતુ બચાવ તરફનું કામ બંધ થએ આ શાક્ષીને જડજે પોતે બોલાવીને તપાસ્યો. પરંતુ તેની ઉલટ તપાસ કરવાને પરવાનગી આપી નહી એવા કારણથી કે પુરાવ આકટની કલમ ૧૬૫ પ્રમાણે કોરટે કરેલા શવાલ ઉપરથી તેની ઉલટ તપાશ થઇ શકતી નથી.

તોહોમતવાળાએ હાયકોરટમાં અપીલ કરી.

અપીલવાળા તરફથી મી૦ એચએલઃ—તોહોમતવાળાનો આ સાક્ષીનો ઉલટ તપાસ કરવાનો હક હતો. મીરસુજાદ અલીખાંન વીરૂધ લાલા કાશીદાસના વીગરેના ઠરાવ જુઓ.

સરકાર તરફથી બાબુ રામચરણ મીત્તર.

જષ્ટીશ જાકસન સાહેબઃ—(આ કામની હકીકતની વ્યવસ્થા કરયા પછી કહયું છે કે):—શેસન કોરટમાં કામ ચલાવવાની રીતીમાં જે ખામી કહેવામાં આવેલી છે તે વીશે અમને કાંઇ શક નથી કે કોરટે બોલાવેલા સાક્ષીને ઉલટ તપાસ કરવાની શેશન જડજે પરવાનગી આપવાની ના કહી એ બરોબર નથી. યોગ્ય રીતે સ્થાપેલી કોરટોમાં સાધારણ રીવાજ એવો છે કે ફરીઆદ તરફથી સાક્ષીને બોલાવવામાં આવે નહીં તો તેને સાક્ષી તરીકે બોલાવવામાં આવે છે કે જેથી તેની ઉલટ તપાસ કરવાને બચાવ તરફથી લાગ મળે. અને નકી જે કામમા જડજની નજરમાં અમુક જે હકીકત ફરીઆદ તરફથી જરૂરની લાગેલી હોય તે હકીકત કઢાવવાના કારણસર તે સાક્ષીઓમાંનો કોઇ સાહેદી જડજ બોલાવે તો તે સાક્ષીને તેની ઉલટ તપાસ કરવામાં કેદી જે સવાલ પુછે તે પુછવાની તેને પરવાનગી આપવી જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦૨ માર્ચ સને ૧૮૮૦

મી૦ જષ્ટીશ જાકશન અને મી૦ જષ્ટીશ ટોટનહામ સાહેબોની રૂબરૂ.

કૈશરેહીંદ વીરૂધ ખેરેલ્ડચંદર મોજુમદાર વીગરે.

સેશનનું કામ—જુઠા બનાવેલા દશતાવેજને ખરા તરીકે કપટથી વાપરયો—પીનલકોડ (સને ૧૮૬૦ નો આક્ટ ૪૫) ની કલમ ૧૯૬ અને ૪૭૧.

એક તોહોમતવાળા ઉપર એવો આરોપ રાખવામાં આવેલો કે અમુક દસ્તાવેજ જુઠો છે તે જાણતો હતો. તેમ છતાં તેણે તે દસતાવેજ શાચા તરીકે એક દીવાની કોરટમાં વાપરયો એમ કહેવામાં આવેલું છે. તો તે ગુનહો પીનલકોડની કલમ ૪૭૧ પ્રમાણે તપાસવા લાયક છે. સબબ તે તોહોમતવાળા ઉપર તે કલમ પ્રમાણે તોહોમત મુકવું જોઇએ. અને કલમ ૧૯૬ પ્રમાણે મુકવું નહીં જોઇએ.

પાનુ ૭૧૭ આ કામમાં જે હકીકત કહેવામાં આવેલી છે તે એવી છે કે તોહોમતવાળાઓએ એક કાજી લુતફુલ હક-

ના ઉપર એક દીવાની દાવો કરેલો તેમાં પ્રતીવાદીએ તે તોહોમતવાળા-ઓને એક પોહોચ આપેલી હોય તે પ્રમાણે એક પોહોચનો કાગળ રજુ કરઓ. તે દસ્તાવેજની તારીખ ૧૨૮૧ ની શાલ હતી તે ફેરવીને ૧૮૮૨ (સને ૧૮૭૬ થી સને ૧૮૭૭) કપટથી ફેરવવામાં આવેલી છે એમ કહેવામાં આવેલી છે, વળી એમ કહેવામાં આવ્યું છે કે આ બે સાક્ષીઓના નામો તે દસ્તાવેજ ઉપર સાક્ષી કરી હોય તે પ્રમાણે તોહોમતવાળાએ તેવાજ કપટ ભરેલા ઇરાદાથી પાછળથી વધારેલાં છે. હીંદુસ્થાનના ફો. કાયદાની કલમ ૧૯૬ પ્રમાણે તે માજીસ્ત્રેટે રાખેલા તોહોમતની તપાસ કરી હકીકત ઉપરથી તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવ્યા.

શેશન કોરટની રૂબરૂ અપીલ ચાલતાં પેહેલી એવી તકરાર કરવામાં આવી કે જો તોહોમતવાળાએ કાંઇ પણ ગુનહો કરેલો છે તો તેની પીનલકોડની કલમ ૪૭૧ માં સમાશ થાય છે અને તેવા ગુનહા તરીકે તે ફકત શેશન કોરટને તપાસવા લાયક હતો. સબબ માજીસ્ત્રેટે તે તોહોમત કલમ ૧૯૬ પ્રમાણે રાખી પોતે તપાસ કરી છે તે તેમની ચુક છે. શેશન કોરટે આ હરકત નામંજુર કરી અને હકીકત ઉપરથી માજીસ્ત્રેટે કરેલી શીક્ષાનો હુકમ બહાલ રાખ્યો. આ કામ ફો. કા. ચ. ની રીતીના કાયદાની ફરી તપાસની કલમો પ્રમાણે હાયકોરટની રૂબરૂ આવ્યું.

અરજદાર તરફથી મી૦ મન મોહનગોઝ (તેમની સાથે બાબુ અખીલ ચંદ્રશેન) જે કામમાં માજીસ્ત્રેટનો અભીપ્રાય ફકત શેશન કોરટને તપાસવા લાયક છે, એવો થએલો હોય તે કામમાં તે મોટો ગુનહો નહીં લક્ષમાં રાખતાં તોહોમતવાળાની હલકા ગુનહા વીશે માજીસ્ત્રેટને પોતાના અખ્તીયારમાં તપાસ કરવાનુ લાવવાને અધીકાર નથી. આ કામમાં તોહોમતવાળાને સેશન કમીટ કરવાને માજીસ્ત્રેટને અરજ કરવામાં આવી હતી. મેહેરઅલીનુ રીપોટ કરયા વીનાનુ જે કામ . તે જડજે બતાવેલું છે. તેમાં કેદીને પીનલકોડની કલમ ૧૯૩ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવેલો હતો, કારણ કે તેણે જુઠા બનાવટના દસ્તાવેજની પુષ્ટીમાં સાહેદી આપી હતી. અને તે કલમ પ્રમાણે માજીસ્ત્રેટને તે કામ તપાસવાને હકુમત હતી, આ કામમાં ગુનહાની સાબેતીનો ઠરાવ વાસ્તવીક રીતે જુઠો બનાવટનો દસ્તાવેજ ખરો છે. એમ કરી વાપરયા બાબતનો છે, (જષ્ટીશ જાકશન સાહેબે માહારાણી વીરૂધ ઉદનલાલના કામનો ઠરાવ બતાવ્યો. તે તપાસ જ્યુરીએ કરેલી હતી. માટે તે સવાલ તે કામમાં ઊતપન થએલો નહીં હતો.

જષ્ટીસ જ્યાકશન સાહેબઃ—હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે તપાશવા લાયક બરોબર આ કામ છે અને કલમ ૧૯૬ પ્ર-

માટે નથી. માટે માજીસ્ટ્રેટને તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવાને હકુમત નહી હતી. પણ તેને શેશન કોરટમાં તપાસ કરવા કમીટ કરવો જોઇતો હતો. એમ અમને જણાય છે. અમારા જોવામાં આવે છે કે માહારાણી વીરૂધ ઉદનલાલનું એક કામ છે. તેમાં ગુનાહની સાબેતીનો ઠરાવ કાંઇક આ કામના જેવો હતો. તે કલમ ૧૯૬ પ્રમાણે કાયદેસર ઠરાવવામાં આવેલો હતો. પરંતુ તે કામમાં ગુનાહની શાબેતીનો ઠરાવ શેશન જડજે જ્યુરીની મદદથી કરેલો હતો. માટે હકુમતનો સવાલ ઉતપન થએલો નહીં હતો. તે કામના નીયમ પ્રમાણે બીજા કોઇ કામોમાં ચાલવામાં આવ્યું હોય એમ અમારા જાણવાનાં નથી. ને તે ઠરાવ એક જડજે કરેલો હતો. સબબ અમારી નજરમાં આવે છે કે ગુનાહની શાબેતીનો તે ઠરાવ રદ કરવો જોઇએ. અને કેદીને માજીસ્ટ્રેટે તપાસ થવા સારૂ કમીટ કરવો જોઇએ.

ગુનાહની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૦ ફેબ્રવારી સને ૧૮૮૦

મી૦ જસ્ટીસ મોરીશ અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

રોશન દુશાધ વીગરે વીરૂધ કેસરેહીંદ.

પ્રથમ ગુનોહ સાબેત ઠરેલો તે—વરતણુંકનો પુરાવ નહીં લગતો: તે—કેટલી શીક્ષા—પુરાવ આકટ (સને ૧૮૭૨ નો આકટ ૧ લો)ની કલમ ૫૪.

ચોરેલો માલ બદદાનતથી કેદીએ પોતાના કબજામાં રાખ્યો તે વીશેની તપાસ કરતાં જુરીને સમજાવવામાં જડજે જુરીને ચોરી બાબત પ્રથમ ગુનોહ કરેલો તે વીશેનો પુરાવ વીચારમાં લેવો અને તે ઉપરથી તોહોમતવાળાની વરતણુંક બાબત યોગ્ય રીતે અનુમાન થઇ શકે છે.

ઠરાવ્યું કે આથી ખોટું ફરમાવ્યું થાય છે કારણ કે જો કે પુરાવ આકટની કલમ ૫૪ માં એવું ઠરાવ્યું છે કે "તોહોમતવાળાએ પ્રથમ ગુનોહ કરેલો એવું સાબેત થએલું હતું. તે લગતી હકીકત છે." તોપણ તે કલમમાં ફરમાવ્યું છે "કે જે હકીકતથી તેની ખોટી વરતણુંક થતી હોય એવી લાગતી હકીકત નથી." માટે તે પુરાવ લગતો નથી. અને દાખલ કરવા લાયક નથી.

ઘણી ખાસ હકીકત હોવા શીવાય જો કેદીને તોહોમતવાળા ગુનાહનો ગુનેહગાર ઠરાવવામાં આવે તો તે વીશે કેટલી શીક્ષા કરવી તેનો નીરણય કરવા સારૂ પ્રથમ ના ગુનાહની સાબેતીનો ઠરાવ ઉપયોગમાં લેવો એ-

યોગ્ય હેતુ છે.

પાનું ૭૬૮. આ કામની હકીકત જસ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો છે કે જે સાથે જસ્ટીશ મોરીસ સાહેબ મળતા આવ્યા છે તે ઉપરથી પુકત રીતે જણાય છે.

અમારી નજરમાં આવે છે કે આ કામમાં નવી તપાસ થવી જોઈએ. ત્રણ સખસો ઉપર હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૧૧ પ્રમાણે જે અમુક ચીજો ફરીઆદીના ઘરોમાંથી ચોરાએલી એવો ફરીઆદીએ દાવો રાખેલો છે તે ચીજો બદદાનતથી તેઓએ પોતાના કબજામાં રાખી એવો આરોપ રાખવામાં આવેલો છે. તે કેદીના કબજામાં એક ધોતર અને પાત્રડી માલમ પડી હતી. તે મીલકત ફરીઆદીની છે. એવું તે ફરીઆદીએ તથા તેના દોસ્તે ઓળખ્યું હતું. બીજી બાજુ તરફ રોશને કહ્યું છે કે તે માહારી મીલકત છે પરંતુ તેના કહેવાને કાંઇ પુરાવનો આધાર નથી. માટે શેશન જડજે જ્યુરીને જે એમ કહેલું છે કે "ફરીઆદી અને તેના દોસ્તે કાંઈક ચુક કરેલી છે કે નહીં એવું માનવાને કાંઈ કારણ હોય કીંવા નહીં" એ બરોબર છે પરંતુ "રોશનને ચોરીની બાબત બે વખત કેદ કરવામાં આવેલો હતો એ કાંઇ વજન વગરનું નથી, માટે મીલકત ઓળખવાનો પુરાવ માનવાનો નીર્ણય કરતી વખતે તે તમારે વિચારમાં લેવાનું છે" એવુ કહેલું છે તે કહેવામાં તેમણે તદન ખોટું કરેલું છે. પુરાવ આકટની કલમ ૫૪માં જો કે એવું ઠરાવ્યું છે કે "તોહોમતવાળાને પ્રથમ ગુન્હેગાર ઠરાવેલો તે લગતી હકીકત છે" તોપણ એવું ઠરાવવામાં આવ્યું છે કે "જો અમુક હકીકત ના હોયતો તેની ખોટી વર્તણુક એ લગતી હકીકત નથી." કેદીને પ્રથમ ગુન્હેગાર ઠરાવેલો તે વર્તણુકનો પુરાવ છે એમ શેશન જડજે ગણેલું છે. અને તે વીશે જ્યુરીને તેમણે કહેલું છે કે કેદીના કબજામાં જે મીલકત માલમ પડેલીછે તે ઉપર કેદી જે દાવો રાખે છે તે દાવાની બુજં કરવાને નીર્ણય કરવા સારૂ તે વીચારમાં લેવી જોઇએ. આ કામમાં શેશનજડજે જ્યુરીને ખોટું બતાવેલું છે એ ખુલ્લું છે. કારણ કે આ પુરાવ લગતો નથી અને દાખલ કરવા લાયક નથી. તેમણે તો ફકત આ મીલકત ઉપર સામસામી દાવા કરવામાં આવેલા છે તે બતાવવું જોઇતું હતું અને તેમને કહેવું જોઈતું હતું કે તમે તે કીયો પુરાવ માનોછો. અને તે સાથે તમારે યાદ રાખવું કે કાંઇ પણ યોગ્ય શક પડેતો તેનો ફાયદો મળવાનો કેદીનો હક છે. માટે અમારી નજરમાં આવે છે કે આ ભુલથી કેદીને હરકત થએલી છે. તેથી તેની ફરી તપાશ થવી જોઈએ. ઘણી ખાસ હકીકત આ કામમાં છે નહીં અને તેવી હકીકત શીવાય જો કેદી તોહમતવાળા

ગુન્હાનો ગુન્હેગાર ઠરે તો તેને કેટલી શીક્ષા કરવી તેનો નીર્ણય કરવા માં પ્રથમના ગુન્હાનીસાબેતીનો ઠરાવ ઉપયોગમાં લેવો એ યોગ્ય હતુછે.

ફરી તપાસનો હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૭ મેએ સને ૧૮૮૦.

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જસ્ટીશ પ્રીનસેપ કેસરેહીંદ

વીરૂદ્ધ વાઇમણીલી.

વાઇનણીલી વીરૂદ્ધ કેસરેહીંદ.

ફોજદારી પ્રોસીડીંગ—તોહોમતવાળાને તોહોમત સમજાવવાની જરૂર—પરદેશની ભાષામાં માજીસ્ટ્રેટને કહેલી હકીકત—ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦]ની કલમ ૧૨૨, ૨૩૭, ૩૪૬.

તોહોમતવાળા ઉપર તોહોમત ફરમાવવામાં આવે તો, ત્યારે તેની તકરાર લેતાં પહેલાં કોરટે તેના ઉપર રાખેલું તોહોમત સંભાળ ભરેલી તથા સ્પષ્ટ રીતે તોહોમતવાળાને એવી યુકત રીતે સમજાવવું જોઇએ કે જેથી કેવા પ્રકારના તોહોમતનો તેને જવાબ આપવાનો છે તે વીશે તે સારી પેઠે સમજી શકે.

તોહમતવાળાએ પરદેશની ભાષામાં કોર્ટમાં હકીકત કહેલી હોય તો તે ભાસાના શબ્દોથી તે લખી લેવાની જરૂર નથી. માટે તે હકીકત ઇન્ટરપ્રીટરે કોરટને જે ભાશામાં સમજાવી હોય તે ભાશામાં તે લખવી જોઇએ.

ખાતું ૮૨૬ મું. અરજદાર તરફી બાબુ કાળીચરણ બાનરજી.

આ કામની હકીકત કોરટનો ફેંસલો જસ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો છે તે ઉપરથી પુખ્ત રીતે જણાય છે:— કેદી વાઇમણીલી એક મદ્રાસી છે. તેના ઉપર ચોવીસ પરગણાના આડીશનલ શેશન જડજની રૂબરૂ એક ત્રીવેદી અને નાગાનું મોત કરી શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હો કરયો તથા ભયંકર સસ્ત્રવડે વ્યવસ્થા કરી. એવા આરોપ રાખવામાં આવેલા હતા. આ ત્રણે સખસો મદ્રાશી હતા અને તે આમાં ચામડા કમાવવાની જગોએ કામ કરતાં હતાં,

તે કેદી તામીલ ભાશા શીવાય બીજી કાંઈ ભાષા જાણતો નહીં હતો તેથી મદ્રાસી ચર્ચના પાદરી મી૦ એશ. એ. દાનીઅલને ઈનટરપ્રીટર તરીકે સોગન આપવામાં આવેલાં હતાં.

આડીશનલ શેશન જડજની તપાસમાં તેઉએ લખેલું છે કે ઇનટર પ્રીટર મી૦ દાનીઅલની મારફતે કેદીને પુછ્યું કે તે ગુન્હો કબુલ કરે છે કે પોતાની તપાસ થવાને દાવો રાખે છે અને તે પુછતાં પહેલો આરોપ ત્રીવેદીના ખુન બાબતનો છે તે તેણે કબુલ કરયો. તે ઉપરથી શેશન જડજે તે ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી હાય કોર્ટની મંજુરી સાથે તેને મોતની શાક્ષા કરી. ત્યાર પછી બે દીવસે એટલે તા. ૭ ફેબરવારીના રોજ મી૦ દાનીઅલ આડીશનલ શેશન જડજની રૂબરૂ આવ્યો અને તેણે એવા આપીડીવેટ કરયાં કે ખુન શબ્દનો સંપુર્ણ અર્થ શમજાવવામાં ખરે ખરા શબ્દો વાપરયા નથી. અને જે શબ્દો વાપરવામાં આવેલા તેથી ત્રીવેદીને મારી નાખવામાં આવ્યો અગર તેના મોતનું કારણ શું એવું માલમ પડેલું હતું. આડીશનલ શેશન જડજે તે કેદીની તપાસમાં પોતાની કોર્ટમાં જે હકીકત બનેલી તે લંબાણથી લખેલી છે અને તે હકીકત સરકારી વકીલે આપીડેવેટ રજુ કરેલા છે તે ઉપરથી મંજુર ગણવામાં આવેલી છે. તે આડીશનલ શેશન જડજે એવું લખ્યું છે કે "ત્રીવેદીના ખુનનું આરોપ ઇનટર પ્રીટરને સરકારી વકીલે વાંચી બતાવેલો તે ઇનટર પ્રીટરે તે કેદીને કહયો તે ઉપરથી કેદીએ કહયું કે હા મે ત્રીવેદીને મારી નાંખેલો છે"

આ ઉપરથી આ જવાબ જોઇએ તેવો નહીં હતો કારણ કે તેને સ્પષ્ટ રીતે પુછવું જોઇતું હતું કે ત્રીવેદીના ખુનનો ગુન્હો તારે કબુલ છે કે તું તારી તપાસ થવાને માટે દાવો રાખે છે. એવું મેં એકદમ કહયું તે ઉપરથી તેણે કેદીને ફરીથી કહયું અને તેણે કહેલી હકીકતનો તરજુમો એવો કહયો કે હા, હું ગુન્હેગાર છું.

તે તપાસમાં શું બનેલું તેની આ હકીકત અમે બીલકુલ કબુલ કરીએ છીએ પરંતુ ફો. કા. ચ. રી. ના કાયદાની કા. ૨૩૭ મી પ્રમાણે તે તોહોમત, તોહોમતવાલાને વાંચી સમજાવવાનું છે, એ અમારા જોવામાં આવે છે. "ખુન" શબ્દનો હિં. ફો. કાયદાના અર્થ પ્રમાણે ખાંસ અર્થ છે. સબબ જડજે તેનો અર્થ ઇનટર પ્રીટરને સમજાવવાને સંભાળ રાખવી જોઇતી હતી કે જેથી કરીને તેનો સંપુર્ણ અર્થ તે કેદીને સમજાવી શકે. અહીંયાં મી૦ ડાનીયલે વર્ણન કરેલું છે તે પ્રમાણે કાયદાના હેતુ મુજબ તે તોહમતનો પુર્ન રીતે ખુલાસો કરવામાં આવેલો નહી હતો જેથી ગુન્હો કબુલ કરયાની હકીકત યોગ્ય રીતે કબુલ થઇ શકે.

જો કેદીએ ત્રીવેદીને મારી નાંખ્યાની વાત ઇનકાર કરી હોય તો તે તોહમત વધારે સમજાવવાની બાબતનું કામ ચલાવવાને જરૂર પડત નહીં. પરંતુ હાલ અગારી રૂબરૂ જે કામ છે તેમાં જે કબુલત છે તે ઉપરથી

હિંદુસ્તાના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં કરેલી વાખ્યા પ્રમાણે તે ગુન્હો કરેલો છે, એમ ગણી શકાતું નથી. કારણ કે ત્રીવેદીને ફકત મારી નાંખ્યો અગર મારી નંખાવ્યો તેથી તે ગુન્હો બનતો નથી તેની પોતાની કબુલત ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવે તે પહેલાં ત્રીવેદીનું મોત કરવાને તેણે ઇરાદો રાખ્યો હતો. અગર ફોજદારી કાયદાની કલમ ૩૦૦માં બતાવ્યા પ્રમાણેની માહેતી સાથે તે તેણે કરેલું છે. એવું તેણે કબુલ કરેલું જોઇએ. મુખ્યત્વે કરીને આ કામમાં આવી કબુલત મેળવવાની જરૂર છે. કારણકે કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ કેદીએ કબુલ કરેલું છે કે મેં ત્રીવેદીને મારી નાંખ્યો પરંતુ એવું કહ્યું છે. કે તે ત્રીવેદીએ મારા ઉપર પહેલો હુમલો કરયો તે, ઉપરથી મારામારીમાં મેં તેને મારી નાંખેલો છે. જ્યારે તેમની રૂબરૂ આવી હકીકત હતી ત્યારે આડીશનલ શેશન જડજે કેદીથી એવી ખાતરી કરવી જોઇતી. હતી કે તોહોમતવાળો ગુન્હો સંપુર્ણ રીતે તે કબુલ કરે છે કે નહીં અગર તેણે પ્રથમ જે હકીકત કહેલી છે તે હજુ કાયમ રાખે છે કે નહીં.

આવી હકીકતછે તો અમારા અભીપ્રાયમાં આવછે કે તે કેદીને પોતાની કબુલત ઉપરથી ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. સબબ અમે ફરમાવીએ છીએ કે શેશન કોર્ટમાં તેની ફરી તપાસ થવી જોઇએ. વળી આ કામમાં એવી હકીકત છે કે જેથી કેદીને પોતાની કબુલત ઉપરથી ગુન્હેગાર ઠરાવવાને બદલે પુરાવ લેવાને આડીશનલ સેશન જડજે લલચાવું જોઇતું હતું. જે હકીકતથી આ ગુન્હો કર્યો કહેવામાં આવેલું છે તે ઘણી ખાસ છે અને તે ઉપરથી એવી સુચના થાયછે કે તે વખતે કેદીના મનની સ્થીતી વીશે શક રહેછે. આ બાબતમાં કમીટ કરનાર માજીસ્ટ્રેટે બેશક કાંઇ ભુલ કરેલી છે. અને જ્યારથી કેદીને તુરંગમાં મોકલવામાં આવ્યો ત્યારથી દાક્તર જોબર્ટ સાહેબની ખાસ નજર નીચે તે હતો અને તેથી તેની ખાસ તપાસ કરવામાં આવેલી છે. તે અમલદારની સાહેદી આ બાબતમાં કોઇ રીતે નીશ્ચયકારક ગણી શકાતી નથી માટે જે સાક્ષીઓ તે કેદીની સાથે કામ કરનારાઓ હતા. તેઓને તેની સાધારણ ટેવ તથા વર્તણુક તથા આ નાશવંત બનાવ બન્યો ત્યાર પહેલાં અને પછી તેની વર્તણુક વીશે તેમને કાંઇ સવાલો માજીસ્ટ્રેટે પુછ્યા નથી. એ કાંઇ અચંબા ભરેલું છે. આડીશનલ શેશન જડજે તે સાક્ષીઓ કોર્ટમાં તપાસ્યા હોત અને કેદીના મનની મજબુતાઇ અને નબળાઇ સબંધી જ્યુરી પાસે ઠરાવ કરાવ્યો હોતતો તેમણે પોતાનો ડહાપણ ભરેલો અંગીકાર થાત. કારણકે જો કે જે વખતે આ કામ કરવામાં આવ્યું તે વખતે કેદી તોહમતવાળા કૃત્યનો પ્રકાર જાણવાને ચીતભ્રમના કારણથી નાલાયક નહીં હતો તોપણ તેના શરીર અને

મનની સ્થીતી એવી હોય કે જેથી તેને શીક્ષા કરવા બાબત જડજને સંભાળથી વજન કરવું પડે.

વળી આડીશનલ શેશન જડજે પોતાના ફેંસલામાં બતાવ્યું છે કે માજીસ્ટ્રેટની રૂબરૂ કેદીએ કહેલી હકીકત પુરાવમાં દાખલ કરવા સબંધી શક છે. કારણકે કેદીએ જે તામીલ ભાષામાં તે હકીકત કહેલી છે તે ભાષામાં તે લખી લેવામાં આવી નથી. આ બાબતમાં જો કે કાયદા પ્રમાણે કેદીની કહેલી તમામ હકીકત જેમ બને તેમ તેના શબ્દે શબ્દથી ચોકસ રીતે લખી લેવાની જરૂર છે તો પણ કોરટ અગર માજીસ્ટ્રેટના જાણવામાં જે પરદેશની ભાશાના હોય તે ભાષામાં તે લખવી જોઇએ એમ કાયદા પ્રમાણે જરૂર નથી. અને તેવી ભાષા વાપરવામાં આવવાથી ઇનટર પ્રીટરની મદદની જરૂર પડે છે.

જે ભાષામાં ઇનટર પ્રીટરે તે હકીકત કોરટને સમજાવી છે તે ભાષામાં તે હકીકત લખી લેવી જોઇએ, એવું અમારા અભીપ્રાયમાં આવે છે. જો આમ ના હોય તો જે કામમાં પરદેશી તોહોમતવાળો હોય તે કામમાં ન્યાયના કારોબારને ભારે મુસ્કેલી અને હરકત પડે.

ફરી તપાસનો હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ મી મેએ સને ૧૮૮૦.

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જસ્ટીશ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

બંગાળા શરકાર વીરૂદ્ધ માહાદી વીગરે.

જે ગુન્હાં બાબત સ્વતંત્ર રીતે આરોપ રાખવામાં આવેલો ના હોય તે ગુન્હો શાબેત થવાથી ઠરાવ—એક મતથી ઠરાવ—જડજનું જુદુ પડવું—આવા કામોમાં કામ ચલાવવાની રીતી—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો અકટ ૧૦) ની કલમ ૨૬૩—૪૫૭—પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫) ની કલમ ૧૪૯—૩૨૫.

તોહોમતવાળા ઉપર પીનલકોડની કલમ ૧૪૮ તથા ૩૨૫ પ્રમાણે ગેરકાયદે મંડળીના અંગભુત તરીકે મહાવ્યથા કર્યાનો આરોપ રાખવામાં આવેલો હતો. જ્યુરીએ ગેરકાયદે મંડળી સબંધીનો પુરાવ માન્યો નહીં પરંતુ તોહોમતવાળાઓમાંના બે તોહોમતવાળાઓ કલમ ૩૨૫ પ્ર-

આ બે માહા૦વધા કરવાના ગુન્હેગાર છે. એવું જયુરીએ એકમતથી ઠરાવેલું છે.

ઠરાવ્યું છે કે ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૪૫૭ પ્રમાણે તે ઠરાવ કાયદેસર પ્રમાણે ચાલી શકે તેવો નથી. પછી તે ગુન્હા વીશે જુદો આરોપ રાખવામાં આવ્યો નહીં હતો તેની ચીંતા નહીં. અસલતો તોહોમતના જે ભાગો ઉપરથી કેટલીક હકીકત બનતી હોય તેથી કલમ ૪૫૭ પ્રમાણે ઠરાવ આપી શકાય છે.

ફકત જે કામમાં જયુરી એક મત નાહોય તે કામમાં કોરટ ફરીથી વીચાર કરવાને જયુરીને પાછા મોકલી શકે છે જે કામમાં જયુરીએ એક મતથી ઠરાવ આપેલો હોય તે કામમાં જો તે ઠરાવ કાયદા વીરૂધ ના હોય તો જડજે તે કબુલ કરવોજ જોઇએ.

કાયદા પ્રમાણે જયુરીએ એક મતથી ઠરાવ કરેલો હોય તેથી જડજ વીરૂધ પડે તો ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૨૬૩ ની ૫ મી રકમમાં ઠરાવેલા નીયમ પ્રમાણે જડજે જે કામ ચલાવવાનું છે.

પાનું ૮૭૧ ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૨૭૨ પ્રમાણે નીરદોશના ઠરાવ ઉપર સ્થાનીક સરકારે આ અપીલ કરવાને ફરમાવેલું છે.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસ (મી૦ જી. શી. ફીલબી)

તોહોમતવાળા તરફથી બાબુ નંદલાલ પાઇન.

કોરટનો ફેંસલો જસ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે. તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છેઃ—

માહાદી અને પાંચુ તથા બીજા કેટલાક સખસો ઉપર પીનલકોડની કલમ ૧૪૯ મી કલમ ૩૦૨—૩૦૪ અને ૩૨૫ સાથે એક પછી એક વાંચતાં તે પ્રમાણે આરોપ રાખવામાં આવેલો છે એટલે (૧) તેઓ ગેરકાયદે મંડળીના અંગભુતો હતા. તે વખતે તેઓએ ખુન કરયું. અગર (૨) શીક્ષણીય મનુષ્યવધ કરયો અગર (૩) માહા૦વધ્ધ કરી તે કરવામાં તે મંડળીના કેટલાક સખસોએ તેનો એક સરખો હેતુ પાર પાડવાને તે કરેલું છે.

જયુરીએ માહાદી અને પાંચુ શીવાય તમામને નીરદોશ ઠરાવેલા છે. પરંતુ આ બે સખસોની બાબત જયુરીએ એકમતથી એવો અભીપ્રાય આપેલો છે કે ભારે અગર અકસ્માત ગુસ્સો કરયા શીવાય પીનલકોડની કલમ ૧૨૫ પ્રમાણે આ બે સખશો બુધીપુરવક માહા૦વધા કરયાના ગુનેહગાર છે એમ જયુરીએ એક મતથી ઠરાવેલું છે ત્યારપછી શેશન જડજે એવું લખેલું છે કેઃ—"કોરટે જયુરીને એવું જાહેર કરયું

કે આ કલમ પ્રમાણે આરોપ નથી. માટે તેઓએ પોતાના ઠરાવનો ફ-રીથી વીચાર કરવો એવી તેઓને અરજ કરવામાં આવી. જયુરી તે ઉપરથી પાછા ગયા. તેઓ સાંજના ચાર વાગ્યામાં દસ મીનીટ કમ હતા. ને તેઓ કોરટમાં પાછા આવ્યા. જયુરીના આગેવાને કહયું કે તે કે-દીઓના વીરૂધ ઠરાવ કરવાને અમો એક મત થતા નથી. તેથી કોરટે તેઓને વીનંતી કરી કે તેઓએ પોતાના ઠરાવનો ફરીથી વીચાર કરવા ને ફરી જવું તે જયુરી ચાર વાગ્યામાં પાંચ મીનીટ કમ હતા ને પાછી આવી અને આગેવાનોએ કહયું કે જયુરીના ઘણા મતથી (એક તરફ ૩ અને બીજી તરફ ૨) એવો ઠરાવ કરવામાં આવે છે કે તમામ તોહોમતવાળાઓ તમામ આરોપો બાબત ગુનેગાર નથી."

"હવે માહાદી અને પાંચુ વીરૂધ જે ઠરાવ કરવામાં આવ્યો છે તે વીશે શેશન જડજે પોતાનો અભીપ્રાય એવો લખેલો છે કે અમે તે ઠ-રાવ કબુલ કરી શકતા નથી. કારણકે "(૧) કલમ ૩૨૫ પ્રમાણે તેઓના ઉ-પર આરોપ નથી અને (૨) અમારા અભીપ્રાય પ્રમાણે તેમના વીરૂધ કલમ ૩૨૫ પ્રમાણે પુરાવ નથી."

માહાદી અને પાંચુને નીરદોશ ઠરાવ્યાના ઠરાવ ઉપર સરકારે અ-પીલ કરેલી છે એવા કારણથી કે શેશન જડજ જયુરીનો એક મતનો ઠરાવ પીનલકોડની કલમ ૩૨૫ પ્રમાણે આ કેદીઓને ગુન્હેગાર ઠરાવ્યા નો છે તે કબુલ કરવાને બંધાએલા હતા અને જયુરીને પોતાના ઠરા-વનો ફરીથી વીચાર કરવાને ફરમાવવા શારૂ તેઉ મુખત્યાર નહી હતા. અને જો કે કલમ ૩૨૫ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાનો જુદો આ-રોપ નથી. તોપણ તે ઠરાવ બરોબર છે અને હિંદુસ્તાનના ફોજદારી કા યદાની કલમ ૩૨૫ પ્રમાણે તે કેદીઓને જયુરી ગુનેગાર ઠરાવી શકે તે-વો પુરાવ છે.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસર તથા કેદીઓના વ-કીલને અને ત્રાહીત મી૦ રેલીને સાંભળ્યા પછી અમારા અભીપ્રાયમાં આવે છે કે આ તમામ કારણોથી શેશન જડજે કાયદાની ચુક કરેલી છે. અને માહાદીએને પાંચુને કલમ ૩૨૫ પ્રમાણે જયુરીએ એક મતથી ગુન્હેગાર ઠરાવેલાં છે તે ઠરાવ તેમણે કબુલ કરવો જોઈતો હતો.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૫૭ ના ઠરાવ પ્રમાણે અમારા અ-ભીપ્રાયમાં આવે છે કે પીનલકોડની કલમ ૩૨૫ પ્રમાણે જયુરી ગુન્હો સાબેત ઠરાવવાને મુખત્યાર હતા. પછી તે ગુન્હા બાબત આરોપ રાખવા-માં નહીં આવ્યો હતો પરંતુ પીનલકોડની કલમ૧૪૯ ની સાથે તે સાથે-લો હતો. તેની ચીંતા નથી. ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૫૭

પ્રમાણે અસલ આરોપના જે ભાગો ઉપરથી હલકો ગુન્હો બનતો હોય તે ઉપર તેઉ ઠરાવ કરી શકે છે. તે પ્રમાણે આ કામમાં કેદીઓ ઉપર માહાવ્યથાનો આરોપ રાખવામાં આવેલો નથી. પરંતુ તેઓના ઉપર ગેરકાયદે મંડળીના અંગભુત તરીકે આરોપ રાખવામાં આવેલો છે કારણ કે તે મંડળીના કેટલાક શખશોએ એક સરખો હેતુ પારપડવાના ઈરાદાથી માહાવ્યથા કરેલી છે. તે જ્યુરીનો ઠરાવ અમારા સાંભળવામાં છે. તે પ્રમાણે તેવી મંડળી નથી. પણ આ બે કેદીઓએ માહાવ્યથા કરેલી છે. એવો કરેલો છે કલમ ૨૬૩ પ્રમાણે જે તોહોમતો બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખી તપાસ થએલો હોય તે તમામ તોહોમતો વીશે જ્યુરીએ ઠરાવ કરવો જોઈએ કલમ ૪૫૭ પ્રમાણે તે આરોપોમાંના એક ભાગ તરીકે હલકા ગુન્હાની સાબેતીનો ઠરાવ જ્યુરી કરે તો તે કાયદા પ્રમાણે કર્યું થાય માટે જે ઠરાવ શેશન જડજે કબુલ કરવાને ના પાડી છે તે ઠરાવ અમારા અભીપ્રાય પ્રમાણે બરોબર અને કાયદેસર છે.

કલમ ૨૬૩ મીમાં વધારે વીચાર કરવા સારૂ જ્યુરીને શેશન જડજ પાછા ક્યારે મોકલી શકે છે તે બીના ઠરાવમાં આવેલી છે એટલે કે જ્યારે જ્યુરી એક મત થતા ના હોય ત્યારે પાછા મોકલી શકે છે. માટે જો કાયદા વીરૂદ્ધ જ્યુરીનો ઠરાવ ના હોય અને તે એક મતથી કરવામાં આવેલો હોય તો, તે કબુલ કરવોજ જોઇએ. જ્યુરીનો ઠરાવ કાયદા વીરૂદ્ધ ના હોય તે સાથે શેશન જડજ મળતા આવતા ના હોય તો તેમણે કલમ ૨૬૩ મીની રકમ ૫ માં ઠરાવ્યા પ્રમાણે ચાલવું જોઇએ. અમારી રૂબરૂ જે કામમાં જ્યુરીએ આ કેદીઓને કલમ ૩૨૫ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યા છે તેમાં કાંઈ પણ કાયદા વીરૂદ્ધ નથી. પરંતુ મી૦ રીલીએ ઘણી યોગ્ય રીતે મારી નજરે આણેલું છે કે જો તેઉનો અભીપ્રાય એવો થયો હોય કે પીનલકોડની કલમ ૩૨૫ મી પ્રમાણે ફકત તે કેદીઓને ગુન્હેગાર ઠરાવી શકાય છે તો, તેઓએ તેમને નીરદોશ ઠરાવવા જોઇએ, કારણ કે તેવો ઠરાવ ચાલી શકે તેવો કાયદેશર પુરાવ નથી. પરંતુ તે કામના કાગલોમાંના ઇતેકાદ ઉપરથી જણાય છે તે પ્રમાણે શેશન જડજે આ કામમાં તેમ ગણેલું નથી પરંતુ તેવું કારણ હોય તો પણ શેશન જડજ કાયદાની વીરૂધ કરત અને તેથી અપીલ ચાલવાનો વાજબી સબબ થાત; કારણ કે કાયદેસર પુરાવ છે તે જો માનવામાં આવેતો તે ઠરાવ ચાલવાને બસ છે. જે જખમ થએલા સખશને આ બે કેદીઓએ ઇજા કરેલી તે સખશની કહેલી હકીકત બાબત જે શાહેદીઓએ કહેલું છે તે વીશે કરીને અમે બતાવીએ છીએ. આ ઇજા કરવાથી તેનું મોત થએલું છે, માટે પુરાવ આકટની કલમ ૩૨ મી પ્રમાણે તેની કહેલી હકીકત કાયદે-

શર છે. અને તેથી કરીને જ્યુરી પોતાનો ઠરાવકરી શકે.

આ કારણોથી અમે ફરમાવીએ છીએકે જ્યુરીએ માહાદી અને પાંચુને નીરદોશ કર્યાનો ઠરાવ કરેલો છે. તે રદ કરવો જોઇએ અને તેની જગોએ તેઓને કલમ ૩૨૫ મી પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યાનો એક મત થઈ ઠરાવ કરેલો તે કામમાં દાખલ કરવો. તેથી અમે માહાદી અને પાંચુને સાત વરશની શીક્ષાનો હુકમ કરીએ છીએ.

હમેશાંની રીતી મુજબ વારંટો શેશન જડજે કાહાડવાં.

અપીલ મંજુર રાખવામાં આવી.

ફોજદારી અપીલ

તા૦ ૨૮ મે સને ૧૮૮૦

મી૦ જસ્ટીશ મોરીસ તથા મી૦ જસ્ટીશ પ્રીનસેપ

સાહેબોની રૂબરૂ.

હરકત—રસ્તો—માજીસ્ત્રેટનો હુકમ—જ્યુરીનું કામ—માજીસ્ત્રેટે કામ ચલાવવાની રીતી—ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ ના આ. ૧૦) ની કા. ૫૨૧, ૫૨૩, ૫૩૨,

જે રસ્તો ધોરી રસ્તો કહેવામાં આવેલો છે તે ઉપરથી હરકત ખસેડવાને ફોજદારી કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૨૧મી પ્રમાણે માજીસ્ત્રેટ હુકમ કરે તે પહેલાં કલમ ૫૩૨મી પ્રમાણે તેમણે પ્રથમ એવો ઠરાવ કરવોજ જોઇએ કે તે રસ્તો લોકો વાપરી શકે તેવો છે.

કલમ ૫૨૩મી પ્રમાણે નીમેલી જ્યુરી ફક્ત જે કામો કરી શકે છે તે એ છે કે કલમ ૫૨૧મી પ્રમાણે માજીસ્ત્રેટે કરેલો ગુન્હો વ્યાજબી છે કે નહીં તેનો તેમણે વીચાર કરવો, કારણ કે મીલકતમાં પક્ષકારોના હક્કનો નીર્ણય કરવો એ તેઓની ફરજનો ભાગ નથી.

માટે ઠરાવવામાં આવ્યુ કે જે કામમાં માજીસ્ત્રેટે કાયદાનો ભુલ ભરેલો વીચાર કરી કલમ ૫૨૧મી પ્રમાણે રસ્તા ઉપરની હરકત ખસેડવાને હુકમ કરેલો હોય અને તે રસ્તો સાર્વજનીક છે કે નહી એવો તેમણે કાંઇ નીશ્ચય કરતાં પહેલાં સદરહુ હુકમ જ્યુરીના વીચાર સારૂ મોકલેલો હોય તો તેમને કલમ ૫૨૧મી પ્રમાણે તમાંમ પ્રોસીડીંગ બંધ રાખી ૫૩૨મી પ્રમાણે ઇલાજ કરવાનો છે.

પાનું ૮૭૫ અરજદાર તરફથી બાબુ ભુબન મોહન દાસ.

સામાવાળા તરફથી બાબુ શ્રીનાથ બાનરજી અને હરી મોહન ચક્રબતી

કોરટનો ફેંસલો જસ્ટીસ મોરીસ સાહેબે નીચે પ્રમાણે આપેલો

છે તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છે.

ધોરી રસ્તાને હરકત થવા સબંધી તા૦ ૧૫ ફેબ્રુવારી સને ૧૮૭૯ ના રોજ એક ફરીયાદ કરવામાં આવેલી તે ઉપરથી આ કામ ઉતપન થએલું છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૨૧ પ્રમાણે સદરહુ ફરીઆદ થતાં પેહેલાં થોડાક માસ ઉપર તેજ રસ્તાના એક બીજા ભાગને હરકત થવા બાબત કામ ચલાવવામાં આવેલું હતું અને તે કામ કલમ ૫૨૩ પ્રમાણે એક જુરી તરફ મોકલ્યું, તે જુરીનો રીપોટ એકમતનો હતો. પરંતુ તા૦ ૬ ફેબ્રુવારી સને ૧૮૭૯ ના રોજ તે માજીસ્ત્રેટે જ્યુરીએ તે રસ્તો ખાનગી છે અને સાર્વજનીક નથી. એવો અભીપ્રાય આપલો તે કબુલ કરયો હતો.

બેમાંથી એકે બાજુની કબુલત વીના તે માજીસ્ત્રેટે તે જુરીને એવું ફરમાવ્યું કે આ બીજા કામનો રીપોટ કરવો ત્યાર પછી થોડીક મુદતે તે તકરારમાંના એક પક્ષકારે શદરહુ જુરીમાંનો એક માણશ કે જેને માજીસ્તરેટે નીમેલો હતો તેની બાબતમાં હરકત લીધી એવા કારણથી કે પેહેલા કામમાં તેણે ખાસ વીરૂધ ઠરાવ કરેલો છે બીજા પક્ષકારને નોટીશ આપ્યા શીવાય તે માજીસ્તરેટે આ હરકત મંજુર કરી. અને પેહેલો જુરીમાં જે શખસ નીમેલો હતો તેને બદલે એક બીજો શખશ નીમ્યો અને તેનો મતલબ એવો હતો કે બીજી બાજુ તરફ ઘણા મત કરવાં અને તે હરકત લેનારના લાભમાં રીપોટ કરવો એવી રીતેકે તે રસ્તો શાર્વજનીક છે અને ખાનગી નથી.

અમારા અભીપ્રાયમાં આવે છે કે એક પક્ષકારની ખાએશ ઉપરથી માજીસ્તરેટે બીજા પક્ષકારની પીઠ પછવાડે તે જુરરોમાંના એક જ્યુરરની નીમનોક રદ કરવી જોઇતી નહી હતી. પછી તે જ્યુરર તેનો પોતાનો નીમેલો હોય તેની ચીંતા નહીં, જે હરકત લેવામાં આવી છે તે બરોબર હોય તો તે હરકત એક શરખી રીતે બધા જ્યુરોરને લાગુ થાયછે. કારણકે પેહેલા કામમાં તે બાબતમાં પ્રથમ અભીપ્રાય આપેલો હતો.

તોપણ આ વીસે વધારે લક્ષ આપવાની જરૂર નથી. કારણ કે તમામ કામ માજીસ્ટ્રેટ અને જુરીની ફરજ સબંધી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૩૯ પ્રમાણે કાયદાના ભુલ ભરેલા વીચારથી ચલાવવામાં આવ્યું છે.

ધોરી રસ્તા ઉપરથી એક સાર્વજનીક જગો ઉપરથી કાયદા વીરૂધ હરકત ખસેડવાનો માજીસ્ટ્રેટ હુકમ કરે તેવી તેમને હકુમત મળવા સારૂ પેહેલું એવું માલમ પડેલું જોઇએ કે તે હરકત જે જગોએ થએલી છે તે

જગો ધોરી રસ્તો અગર સાર્વજનીક જગો છે. જે પક્ષકારને નોટીસ આ પવામાં આવી છે તે પક્ષકારે જો આ તકરાર કરી હોયતો માજીસ્ટ્રેટે કલમ પ૨૩ પ્રમાણે આ કામ જુરીને ઠરાવ કરવા સારૂ સોંપવું જોઇએ નહીં. તે કલમથી જુરીની ફરજ એવી તપાસ કરાવાની છે કે માજીસ્ટ્રેટે તે હ રકત દુર કરવાને હુકમ કરેલો છે તે કારણસર અને યોગ્ય છે કે નહી, અ ને જે જગાને હરકત થએલી છે તે જગા સાર્વજનીક મીલકત છે. ખાનગી છે તેવી તપાસ કરવાની નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા ની કલમ ૫૩૨ પ્રમાણે આ બાબતનો નીરણય ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે અથવા દીવાની કોરટથી કરવામાં આવે ત્યાંહાં સુ- ધી કલમ પર૧ પ્રમાણે હુકમનો અમલ કરવો નહી જોઇએ અથવા જુરી ને સોંપવું નહી જોઇએ, પરતુ તે બધ રાખવું જોઇએ.

તોપણ જો કાયદાના ભુલ ભરેલા વીચારથી જવા આવવાના હકનો સવાલ ઉઠાવવાની હરકત છતાં માજીસ્ટ્રેટ જુરીને નીમે તો રાય ઓમેશચં દ્રસેનના કામમાં મી૦ જસ્ટીસ પીયરે બતાવ્યા પ્રમાણે જે હરકત બાબત ફરીયાદ કરવામાં આવી છે તે હરકત ખસેડવાને માજીસ્ટ્રેટનો હુકમ છે તે આવી જુરી વ્યાજબી અને યોગ્ય છે એમ ઠરાવી શકતા નથી. કારણ કે તપાસની શીરૂઆતમાંજ તેઓને શુધ અંતઃકરણથી એવી હરકત કરવામાં આવશે કે તે રસ્તો ખાનગી છે અને સાર્વજનીક મીલકત નથી. આવા કામમાં તેઓ માજીસ્ટ્રેટને ફક્ત એવો રીપોર્ટ કરી શકે કે મીલકત ઉપર પક્ષકારોના હકનો નીરણય કરવો એ અમારી ફરજ નથી. પછી માજીસ્ટ્રેટે ફરીયાદ કરનાર પક્ષકારને દીવાની કોરટમાં મોકલવો જોઇએ. અગર પોતાનો કુલ અખત્યાર વાપરી કલમ. ૫૩૨ મી પ્રમાણે કામની તપાસ કરવી જોઇએ.

કાયદાના આ વીચારની પુસ્ટીમાં અમે નીચે બતાવેલાં કામો બતા- વી શકીએ છીએ. જસ્ટીસ લોક અને જસ્ટીસ મુકરજીએ બ્યારાંમભટા ચારજીનું ચુકવેલું કામ તથા રાય ઓમેશચંદ્રસેન વી૦ ઇચ્છાનાથ મોજુ મદાર, પીતાંબર જગી વી૦ નાસરૂદીના કામનો ઠરાવ. જસ્ટીસ ગ્લોવર ત થા જસ્ટીસ આર. સી. મીતર સાહેબે કરેલો છે અને મદ્રાસ હાય કોરટ- ના કેટલાક પ્રોસીડીંગો મી૦ વેસ્ટે મદ્રાસ કોરટના હુકમોના સંગ્રહનુ પુસ્તક પ્રસીધ કરેલું છે તેને પાને ૩૦૪ અને ૩૦૫ મે. છે.

સબબ અમે તા૦ ૧૨ એપ્રીલના રોજનો હુકમ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે જો માજીસ્ટ્રેટને આગળ કામ ચલાવવાની જરૂર જણાય તો તેમણે હાલ જે રીતી બતાવેલી છે તે રીતીએ કામ ચલાવવું.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ મે સને ૧૮૮૦

મી૦ જષ્ટીસ વાહીટ અને મી૦ જષ્ટીસ માકલીન સાહેબોની રૂબરૂ.

નોશાઇ મીસ્રીં અને રામચંદ હાલદાર વી૦ કેસરેહીંદ.

કબુલત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૧૨૨ અને ૩૪૬—પુરાવ આકટ (સને ૧૮૭૨ ના ૧ લા)ની કલમ ૩૩

કમીટ કરનાર અમલદારે અને રીકાર્ડ કરનાર અમલદારે કામ લેતાં પેહેલાં જે તપાસ કરવામાં આવેલી તેમાં માજીસ્ત્રેટની રૂબરૂ કરેલી કબુલત જ્યારે હોય ત્યારે બરોબર રીતે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા ની કલમ ૧૨૨ અને ૩૪૬ મી પ્રમાણે લખી લીધેલી હોવી જોઇએ. પણ જો તે લખી લેનાર અમલદાર આ કલમોના ઠરાવ પ્રમાણે ચાલેલો ના હોય તો શેશન કોરટ એવો પુરાવ લઇ શકેછે કે તોહોમતવાળાએ જે હકીકત લખી લેવામાં આવી છે તે યોગ્ય રીતે કહેલી છે. પરંતુ તે કમીટ કરનાર અમલદારની રૂબરૂ લખી લેવામાં આવેલી હકીકત એવા દાખલા સાથે મોકલવામાં આવે તે હકીકત યોગ્ય રીતે કહેવામાં આવી છે. જે કામોમાં તે લખી લેનાર અમલદાર ઘણુંજ ખરચ અને મેહેનત થયા વીના હાજર થઇ શકતો ના હોય તે કામો શીવાયના આવા કામોમાં તે લખી લેનાર અમલદારને બોલાવવો જોઇએ અને તેની શાહેદી લેવી જોઇએ.

માનુ ૯૫૮ આ કામમાં બે અપીલવાળાઓને કેટલાક બીજાઓની સાથે ડેકાઇટીના તોહોમત બાબત પકડેલા હતા. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૧૫ પ્રમાણે જીલ્લાના માજીસ્ત્રેટે દેખીતી રીતે ડીપુટી માજીસ્ત્રેટની રૂબરૂ આરંભની તપાસ કરવાને ફરમાવ્યું હતું. ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ ફરીઆદ તરફથી જે સાક્ષીઓ રજુ કરવામાં આવેલા હતા તે શીવાય તેમણે અપીલવાળાઓને પણ તપાશેલા છે. અને તેમણે કહેલી હકીકત જે દરેકની બાબતમાં ગુનહાની કબુલત થાય છે તે લખી લીધેલી છે. પરંતુ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૨૨ અને કલમ ૩૪૬ પ્રમાણે જે સરટીફીકેટ જોઇએ. કે તે તપાસ તેમની રૂબરૂ તથા તેમના શાંભળતાં લખી લેવામાં આવી છે અને તોહોમતવાળાએ કહેલી તમામ હકીકત તેમાં છે. અને તે કબુલત ખુશીથી આપવામાં આવેલી છે. એવું તેઉ માનેછે, તે રહી ગએલું છે ત્યાર પછી તે કામ જોઇંટ માજીસ્તરેટ તરફ મોકલવામાં આવ્યું અને તે સાહેબે કેદીઓને શેશનમાં તપાસ થવા સારૂ કમીટ કરેલા છે એ-

ષ્ટ માજીસ્તરેટના સાંભળવામાં આવ્યું કે કલમ ૧૨૨ અને ૩૪૬ પ્રમાણે બરોબર રીતે ચાલવામાં આવ્યું નથી, માટે આ ખામી દુરસ્ત કરવાને સારૂ તેમણે પોતે ડીપોટી માજીસ્તરેટને બોલાવી તપાસ્યા. અને તેમની જુબાની તે કામમાં સામેલ કરી અને બીજી જુબાનીઓ સાથે શેશન કોરટમાં મોકલ્યા. સેશન કોરટે ડીપોટી માજીસ્તરેટની તે જુબાની અપીલવાળાઓએ આપેલી કબુલત યોગ્ય રીતે લખી લેવામાં આવેલી છે. અને તેથી તે પુકત પુરાવ થાય છે એમ ગણીને તેઓની કબુલતો ઉપર તેથી તે અપીલવાળાઓને ગુનેહગાર ઠરાવ્યા.

આ હુકમ ઉપર અપીલવાળાઓએ હાયકોરટમાં અપીલ કરી. એવા કારણથી કે:—

૧ સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૩ પ્રમાણે ડીપોટી માજીસ્તરેટની જુબાની પુરાવમાં દાખલ કરવી જોઇતી નહીં હતી કારણ કે ગેરવ્યાજબી દેર અથવા ખરચ થયા શીવાય તેઉ હાજર થઇ શકે તેવું નહીં હતું એમ જણાતું નથી અને.

૨ તે જુબાની યોગય રીતે દાખલ કરયા શીવાય અગર ડીપોટી માજીસ્તરેટની સાહેદી લીધા શીવાય અપીલવાળાઓની કબુલતો પુરાવમાં દાખલ કરવી જોઇતી નહીં હતી.

બેઉ અપીલવાળાઓ તથા સરકાર તરફથી કોઇ હાજર નહી હતું.

કોરટનો ફેંસલો જષ્ટીશ વાહીટ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અનંતરાંગ શીંધના કામમાં ફુલબેંચે જે ઠરાવ કરેલો છે તે સબંધીમાં અમે હાલ નોસાઇ મીસ્તરીન રામચંદર હાલદારના કામોનો અમો વીચાર કરેલો છે. અને અમારા અભીપ્રાયમાં આવે છે કે તે ઠરાવ આ કામને લાગુ થતો નથી. પરંતુ તે કબુલતો નીચેના કારણોથી દાખલ કરવા લાયક નથી:—

અમારા અભીપ્રાય પ્રમાણે તે કબુલતો તે કાયદાની કલમ ૧૨૨ પ્રમાણે લખી લેવામાં આવેલી છે. અને કલમ ૩૪૬ પ્રમાણે તે ઉપર જે સરટીફીકેટ લખવું જાઇએ તે ડીપોટી માજીસ્તરેટે લખેલું નથી. સબબ કલમ ૩૪૬ ની છેલી રકમ પ્રમાણે પુરાવ લેવાથી તે ખામી દુરસ્ત થઇ શકતી નથી.

આ હરકત સીવાય તે કલમ પ્રમાણે તે ખામી દુરસ્ત થઇ શકતી હોત તોપણ અમારી નજરમાં આવે છે કે શેશન જડજની રૂબરૂ તે બાબત એવો પુરાવ નથી કે જે પ્રમાણે ચાલી શકત. કારણ કે કલમ ૩૪૬ની છેલી રકમમાં ઠરાવ્યું છે કે શેશન કોરટે તે પુરાવ લેવો. આ કામમાં તે કબુલતો લખી લેનારની જુબાની કમીટ કરનાર માજીસ્તરેટે

લીધેલી છે. પણ તે પ્રમાણે કરવાને તેમને અધીકાર નહીં હતો એમ જ-ણાય છે. વળી અમારી નજરમાં આવે છે કે કમીટ કરનાર માજીસ્તરેટને તે લખી લેનાર માજીસ્તરેટની સાહેદી લેવાને જે અખ્તીઆર હતો તોપણ શેશન જડજે એમ બતાવ્યું નથી કે સને ૧૮૭૨ ના પુરાવ આકટની કલમ ૩૩ પ્રમાણે તે માજીસ્તરેટની જુબાની યોગ્ય રીતે દાખલ કરવામાં આવી છે. કામના કાગળો ઉપરથી એવું કાંઇ જણાતુ નથી કે તે લખી લેનાર માજીસ્તરેટને હાજર થવાને તે ખરચ અને મેહેનત પડે તે કોરટ-ના અભીપ્રાય પ્રમાણે ગેરવ્યાજબી હતું.

સબબ અમે ગુનહાની સાબેતી તથા સીક્ષાનો હુકમ ફેરાવીએ છીએ અને ફરમાવીએ છીએ કે અપીલવાળાઓ નોસાઇ મીસતરી અને રામ-ચંદ્ર હાલદારને છોડી દેવા.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

—— ◆ ——

વાલ્યુમ ૬ ઠું.
ફોજદારી અપીલ.

તા૦ ૨૨ અપ્રેલ સને ૧૮૮૦

મી૦ જષ્ટીશ પોન્ટીફેકસ અને મી૦ જષ્ટીશ મેકડોનલ સાહે-બોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ કાળાચંદદાશ વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ-કટ ૧૦) નીં કલમ ૫૦૫—૫૦૬—સારી ચાલના જામીનને બદલે અના-મત રકમ મુકવી તે.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૦૫—અને ૫૦૬ પ્રમાણે જે અખ્તીઆર આપવામાં આવેલો છે. તેનો અમલ ઘણા ડાહાપણથી કર વો જોઇએ અને તેમાં કલમ ૫૦૫ જે સખશ કોઇ રીતે માન ભરેલી વરતણુંકનો નથી. તેને લાગુ કરવાનો ઇરાદો રાખવામાં આવેલો નથી.

જે સખસને સારી ચાલના જામીન આપવા જોઇએ, તે જામીન બદલે તેની પાસેથી અનામત નાણું માગવાં તે કાયદા પ્રમાણે વા-જબી નથી,

પાનુ ૧૪ બરીશાલના શેશન જડજ જે સ્મીથ એસકવાયર સાહેબે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટમાં આ રેફરંસ કરેલું છે. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે તોહોમતવાળા સખશો ઉપર ઘણોજ પ્રખ્યાત રીતે

ખોટી રીતનો ગુજારો ચલાવતા હતા. એવો આરોપ રાખવામાં આવેલો તેથી સ્થાનીક તપાશ કે જે તપાસમાં ફરીઆદી તથા તોહોમતવાળા તરફથી સાક્ષીઓ લેવામાં આવ્યા હતા. તેમાં જીલ્લા માજીસ્તરેટે એવું ઠરાવેલું છે કે તે તોહોમત સાબેતં થાય છે માટે નીચે મુજબ હુકમ કરવામાં આવ્યો છેઃ—રાતે કેદીઓ કાલાચંદ, રામસાગર, નોબીન હોલદાર, રામકુંમારદાસ, પોડો લોચન, રાજ કુમાર દેવ એ લોકોમાં દરેકે એક વરસ સુધી સારી ચાલ બાબતના જામીન રૂ ૫૦૦) ના ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે આપવા. વળી તે દરેકની પાસેથી મુચરકા માગી રોકડાં નાણાં અનામત મુકાવવાની ફરજ પાડી છે. અને તેમાં કાલાચંદ, રામશાગર, અને રામકુમાર દેવ એ દરેકે રૂ ૧૦૦૦) મુકવા અને રાજકુમાર દેવ અને રામકુંમારદાસ એ લોકોમાંથી દરેકે રૂ ૫૦૦) અને નોબીન હોલડર તથા પોડો લોચન એ દરેકે રૂ ૨૫૦) ના મુચરકા આપવા. આ હુકમ પ્રમાણે ચાલવામાં કસુર કરવામાં આવશે તો તેઓએ કલમ ૫૧૦ પ્રમાણે સદરહુ બતાવેલી મુદતની સખત મજુરી સાથે કેદ ભોગવવી.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે સારી ચાલ બાબત ખત લખી આપવાને બદલે તોહોમતવાળા પાસેથી અનામત નાંણાં માગેલાં છે તે કાયદા પ્રમાણે બરોબર નથી. માટે તેમણે તે બાબત આ રેફરંસ કરેલું છે,

એકે બાજુ તરફથી સુનાવણી વખતે કોઇ હાજર નથી.

કોરટનો ફેસલો જષ્ટીશ પોંન્ટીફેકસ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

આ કામમાં અમે શેશન જડજ સાથે મળતા છીએ કે સારી ચાલ સારૂ ખત લખાવી લેવાને બદલે અનામત નાણાં માજીસ્તરેટે માગવાનો હુકમ કરેલો છે. તે કાયદા પ્રમાણે બરોબર નથી સબબ તે રદ થવો જોઇએ.

* * * * * * * * *

નંબર ૫ નો તોહોમતવાળો માજીસ્તરેટે કહેલું છે તે પ્રમાણે પોતાની કબુલાત ઉપરથી કોઇ રીતે આબરૂ ભરેલી વરતણુંકનો નથી. એમાં શક નથી. પરંતુ તે કબુલાત ખરી રીતે કામના કાગળો ઉપરથી નીકળી આવતી નથી. પરંતુ અમારા અભીપ્રાયમાં આવે છે કે આવી વરતણુંક અને આબરૂના માણસને કલમ ૫૦૫ લાગુ કરવાનો ઇરાદો નથી. માટે તે કલમ પ્રમાણે માજીસ્તરેટને તેની વ્યવસ્થા કરવાની હકુમત નથી, અને સાધારણ રીતે કહેતાં માજીસ્તરેટે જે હુકમ કરેલો છે, તે ખોટો છે એમ અમારી નજરમાં આવે છે. સાત તોહોમતવાળાઓમાંથી દરેકના રૂપીઆ

૫૦૦) ના જામીન માગેલા છે, તે તોહોમતવાળા ત્રણમાંના દરેકના રૂપીયા ૧૦૦૦) રોકડા માગેલા છે અને તેમાંના બેછે તેમાં દરેકના રૂ ૫૦૦) અને બાકીના બે છે તેમાં દરેકના રૂ ૨૫૦) એ પ્રમાણે માગવામાં આવેલું છે, અને તે પ્રમાણે કરવામાં કસુર કરે તો એક વરશ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરવામાં આવેલી છે.

તે અનામતની બાબતમાં તે હુકમ ગેરકાયદે છે એમ અમે મળતા આવીએ છીએ જામીની સબંધીમાં તે મનાઇ ભરેલુ છે કારણ કે દરેક ના ૧૪ જામીનો ભાગ્યેકળતી જેવી જગોમાં ભાગ્યેજ મળી આવે. કલકતામાં અમારા અનુંભવ પ્રમાણે અમને માલુમ પડયું છે કે કલકત્તાના આબરૂદાર લોકો કે જેઓને વહીવટપત્ર આપતી વખતે જામીન આપવા પડે છે તેઓને તે જામીનોને ભારે રકમ આપવી પડેછે અને તે ઉપરથી અમે એટલું ધારી શકીએ છીએ કે જાણીતા બદમાસોને પોતાની સારી વરતણુંક બાબત જામીન આપવા પડે તે તેમને ભારે ખરચ ભરેલું થાય. આ ઉપરથી એવું થાય છે કે દરેકના રૂ ૫૦૦) ફકત અંદેશાના કારણથી મતલબે દંડ કરેલો થાય.

વળી આ કામમાં જે હેતુથી આ કામનો નીરણય કરવામાં આવેલો છે તે હેતુ પ્રમાણે જો તે કામમાં ચાલવામાં આવે તો એક બદમાશના જામીન થવામાં આવે તેથી તે જામીન પણ બદમાસ છે એમ પુકત રીતે સાબેત થાય છે.

આ ઘણીજ સખત કલમોનો અમલ કરવાને ઘણુંજ ડાહાપણુ પણ વાપરવું જોઇએ. આ કામમાં માજીસ્તરેટે લગતી રીતે તે અટકાવવા નો ઘણો યોગ્ય ઇલાજ બતાવેલો છે. તે ગામમાં તેણે કહ્યું છે કે "થોડાક માસ ઉપર ખરેખાત એવી હકીકત બનેલી છે કે ત્યાં બે કોનસટેબલો રાખવા ની જરૂર ગણવામાં આવી હતી, અને હજુ ત્યાં તે છે...... તોહોમતવાળા નો જે વખતે ચોરીઓ વારંવાર થતી હતી તે વખતે રાત્રે લાંબી હોડીઓ જે ચાટુવાથી ચલાવવામાં આવે છે તેમાં બેશી "બાળો"માં ફરવાનો તેનો રીવાજ હતો. બેશક આ પોલીસના આવી પહોચતા પહેલાં લાંબી મુદત ઉપર થએલું હતું, અને પોલીસ ખસેડવામાં આવે તો, પછી જુની સ્થીતીમા પાછા આવ્યા થાય.

તે માજીસ્ટેટના જે હુકમથી અનામત નાણા આપવાનુ તથા જામીન આપવાનું ફરમાવવામાં આવેલું છે તે હુકમ અમે રદ કરીએ છીએ, અને તેને બદલે અમે ફરમાવીએ છીએ કે નંબર ૫ ના તોહોમતવાળા શીવાય નંબર ૧, ૨, ૩, ૪, ૬ અને ૭ ના તોહોમતવાળાએ જે રકમ તેમની પાસે રોકડી માગવામાં આવેલી તે રકમના જામીન આપવા જામીનો આવું

પવાને તથા અનામત રકમ મુકવાને કસુર કરવામાં આવ્યાથી જે તોહોમ તવાળાઓ કેદ ભોગવે છે તે તમામ તોહોમતવાળાઓને તરત છોડી દેવા.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૩ મે સને ૧૮૮૦

મી૦ જસ્ટીસ મોરીસ અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

કેયસરેહીંદ વીરૂધ બટોક્રીસ્નોદાસ વીગરે.

આડવોકેટ અથવા આટરનીએ ફરીયાદ તરફનું કામ ચલાવેલું—માજીસ્ટ્રેટે આપેલી પરવાનગી—પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ આકટ (સને ૧૮૭૭ના આકટ ૪)ની કલમ ૧૨૯

સ્થાનીક સરકાર તરફથી આડવોકેટ જનરલ, સ્ટાનડીંગ કોનસીલ, સરકારી શોલીશીટર, અગર બીજા જનરલ અથવા ખાશ અખત્યાર પામેલા અમલદાર શીવાય પ્રેસીડેનસી માજીસ્ટ્રેટની પરવાનગી શીવાય કોઈ ફોજદારી કામમાં ફરીયાદ ચલાવવાના હક ઉપર કોઇ કોનશલ અથવા અટરની દાવો રાખી શકતા નથી.

પાનું ૫૯ સને ૧૮૭૭ ના આકટ ૪ થા (પ્રેસીનસી માજીસ્ટ્રેટ આકટ)ની કલમ ૨૪૦ પ્રમાણે નીચે મુજબ રેફરંસનો પત્ર ચીફ પ્રેસીડેનસી માજીસ્ટ્રેટે તેમાં પુછેલા સવાલ બાબત હાયકોરટનો અભીપ્રાય લેવા મોકલેલો છે.

"સને ૧૮૭૭ ના આકક ૪ ની કલમ ૨૪૦ પ્રમાણે હાય કોરટના અભીપ્રાય સારૂ નીચે લખેલો સવાલ હું પુછુછું:—

"પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ આકટની કલમ ૧૨૯ મી પ્રમાણે કોનશલ અથવા આટરનીનો પ્રેસીડેનસી માજીસ્તરેટની કોરટમાં કામો ચલાવવાનો હક છે તેમ કરવાને તેઓએ તે માજીસ્તરેટની મંજુરી મેળવવી જોઇએ?"

કોરટનો અભીપ્રાય જષ્ટીસ મોરીશ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

પ્રેસીડેનશી માજીસ્ટ્રેટ આકટની કલમ ૧૨૯ પ્રમાણે આડવોકેટ જનરલ, સ્ટાંનડીંગ કોનશીલ, સરકારી સોલીશીટર અગર બીજો અમલદાર જેને સ્થાનીક સરકારે ખાસ અગર જનરલ અખત્યાર તે બાબતમાં આપેલો છે. તે શીવાય પ્રશીડેનશી માજીસ્તરેટની પરવાનગી વીના હરકોઇ ફોજદારી કામમાં કોનશલ અથવા આટરનીને ફરીયાદ તરફનું કામ ચલાવવાને દાવો રાખી શકતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ જુન સને ૧૯૮૦

મી૦ જષ્ટીસ જાકશન તથા મી૦ જષ્ટીસ તોટનહાંમ સાહેબો-ની રૂબરૂ.

ફ્વીરોઝની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વી૦ આલન વીગરે.

હક—હક ખોવો—યુરોપીયન ઇંગરેજી રઇયત—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ના આ૦ ૧૦) ની કલમ ૮૨ અને ૮૪

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૮૪ મીનો અરથ સખતા ઇથી કલમ ૭૨ મી સાથે કરવો જોઇએ, માટે યુરોપીઅન ઇંગરેજી રઇયતને કલમ ૭૨ મી પ્રમાણે આપેલો હક તેણે છોડી દીધો છે, એમ ગણી શકાય તે પેહેલા એમ જણાવવું જોઇએ કે તેના તે હકની સ્પષ્ટ રીતે ખબર આપવામાં આવી હતી, અને તેણે તે હક રાખવો કીંવા નહીં તે પસંદ કરવાને સારૂ તે શકતીવાંન થએલો હતો એમ જણાવવું જોઇએ.

ફો, કા. ચ, ની રીતીના કાયદાની કલમ ૭૨ નો ઠરાવ જે કારટને યુરોપીઅન ઇંગરેજી રઇયતના ઉપરની ફરીઆદ અગર આરોપનો તપાસ કરવાને હકુમત છે ને જે કારટને તે તપાસ કરવાને હકુમત નથી તે સબંધી છે. અને તેથી એક હક થાયછે. એટલે તે એવા સબ્દો નથી કે જેથી ઇંગરેજી રઇયતની અમુક વરગના માજીસ્ત્રેટો તપાસ કરી શકે અને બીજાઓ કરી શકે નહીં તે પ્રમાણે તમામ હકુમત તેથી લેઇ લેવામાં આવી હોય કારણ કે જેથી તે કાયદામાં તે હક તે છોડી દેઇ શકે એવો ઠરાવ કરેલો છે.

જે હકીકત તોહોમતવાળાની જાતીકી ના હોય તે હકીકતને લીધે કોઇ માજીસ્ટ્રેટ અગર જડજ તપાસ કરવાને ના લાયક થએલો હોય તે માજીસ્ટ્રેટ તપાસ કરી શકે તે પ્રમાણે કોઇ સખસ પોતાનો હક છોડી દેઇ શકે અગર કબુલત આપી શકે એમ થઇ શકતું નથી.

માહારાણી વીરૂધ ભોળાનાથસેનનો ઠરાવ જુદો છે એમ ઠરાવવામાં આવ્યું.

યુરોપીયન ઇંગ્રેજી રૈયતને ફો૦ કા૦ ચ૦ ની રી૦ ના કાયદાના બાબ ૭ પ્રમાણેના તમામ હકો તદન છોડી દેવા સારૂ કલમ ૮૪માં કહેલો છોડી દેવાનો હક હોવો જોઇએ ને તે " પ્રમાણે માજીસ્ટ્રેટની રૂબરૂ વ્યવસ્થા કરેલી હોય, એ શબ્દનો અર્થ તે બાબમાં બતાવેલી દરેક બાબત છે

એટલે કે તે કામની તપાસ કરવાને જે કોર્ટને હકુમત હોય તે કોર્ટની કામ ચલાવવાની રીતી અને શીક્ષાને તોહમતવાળો પાત્ર થાય છે.

પાનું ૮૩ આ કામની હકીકત નીચે પ્રમાણે છેઃ—તા૦ ૧૮મી મે સને ૧૮૮૦ના રોજ આશીસ્ટંટ માજીસ્ટ્રેટ કે જેમને ફક્ત બીજા વર્ગના માજીસ્ત્રેટનો અખત્યાર હતો તેમની રૂબરૂ ક્વીરોઝ અને માંડસ તથા બીજા કેટલાક સખસોના ઉપર બખેડો તથા મારામારીનું તોહમત રાખવામાં આવેલું હતું. તે આશીસ્ટંટ માજીસ્તરેટના જાણવામાં હતું કે આ તોહમતવાળાઓ યુરોપીયન ઈંગરેજી રઈયતછે માટે કલમ ૭૨ પ્રમાણે જસ્ટીશ ઓફધીપીશના અખત્યાર સાથેના પેહેલા વર્ગના માજીસ્તરેટ ફક્ત તેમની તપાસ કરી શકે છે. તેથી તે દરેક તોહોમતવાળાને તેમણે પુછયું કે હું ફક્ત બીજા વર્ગનો માજીસ્ત્રેટછું. માટે મારી રૂબરૂ તમારી તપાસ થવાને તમારી કાંઈ હરકત છે કે નહીં. તોપણ કલમ ૭૨ પ્રમાણે તે કામ તપાસવાને મારી હકુમત નથી અને ફક્ત ચડતા દરજ્જાના માજીસ્તરેટ તેની તપાશ કરી શકે છે એવી ખબર તેઓને આપેલી એમ જણાતું નથી. દરેક તોહોમતવાળાએ કહયું છે કે તે આસીસ્ટંટ માજીસ્ત્રેટ તે તપાસ ચલાવે તેમાં મારી કાંઈ હરકત નથી તેથી તે તપાસ ચલાવવામાં આવી અને તમામ તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા. ક્વીરોઝ અને માંડસને બે વરસ તથા એક માસ એમ દરેકને સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી અને બીજાઓનો દંડ કરવામાં આવ્યો.

ક્વીરોઝ અને માંડસે હાયકોરટમાં એવી અરજ કરી કે તમામ પ્રોશીડીંગ રદ કરવું જોઈએ. એવા કારણથી કે કલમ ૭૨ પ્રમાણે તે આશીસ્ટંટ માજીસ્ત્રેટને ફક્ત બીજા વર્ગના માજીસ્ત્રેટનો અખત્યાર હતો માટે યુરોપીયન ઈંગરેજી રઈયતની તપાસ કરવાને તેમને હકુમત નહીં હતી.

અરજદારો તરફથી મી૦ પીફ્ર્ડ હાજર થયા.

સરકાર તરફથી કોઈ હાજર નથી.

મી૦ પીફ્ર્ડ—કલમ ૭૨ ના ઠરાવ પ્રમાણે જે અમલદારોને યુરોપીયન ઈંગ્રેજી રઈયત ઉપર હકુમત છે તે બતાવવામાં આવેલું છે આ કામમાં તે માજીસ્ત્રેટને હકુમત નહી હત. (જસ્ટીશ જાકસંન શાહેબ તમારા અસીલોએ પોતાનો હકક છોડી દીધો છે માટે તે માજીસ્ત્રેટને હકુમત નહી હતી એમ તેઓ હાલ કહી શકતા નથી.) કલમ ૭૨ થી હકુમત મળી શકે એ પ્રમાણેનો હકક છોડી દેઈ શકાય એવો આપવામાં આવેલો નથી. કબુલતથી હકુમત મળી શકતી નથી. —ફોગનો ઠરાવ (જસ્ટીશ

જાકશન સાહેબ તે કામનો ઠરાવ ફો. કા. ચ. રી. નો કાયદો મંજુર થયો ત્યાર પહેલાં કરવામાં આવેલો છે શું કલમ ૮૪ થી તમારી હાલની તકરારનો જવાબ થતો નથી.) હું અરજ કરૂં છું કે તે જવાબ થતો નથી જે એવો નીયમ છે કે કબુલતથી હકુમત મળી શકતી નથી તે નીયમ પ્રમાણે કોર્ટો કેટલાક વરસોથી ચાલે છે. કાયદા કરનારાઓએ તે નીયમ બંધ કરયો નથી. તેઓએ તો ફકત એવું કહેલું છે કે જો દાવો રાખવામાં ના આવે તો ઇંગરેજી રઈયત તરીકે તેનો હકક છે તે તોહોમતવાળાએ છોડી દીધો છે એમ ઠરાવવામાં આવશે. તેથી તે છોડી દેવાનો પરીણામ ઠરાવવામાં આવ્યો નથી તેમ તે છોડી દેવાથી હકુમત ઉતપન્ન થાય છે એમ કહેવામાં આવ્યું નથી અને જો કાયદા કરનારાઓએ તેવો ઈરાદો રાખ્યો હોત તો યોગ્ય શબ્દો વાપરવામાં આવત— (જસ્ટીશ જાકશન સાહેબ—"તેણે પોતાનો હકક ખોયો" એવા શબ્દોનો અર્થ જો એમ ના થાય કે જે કોર્ટમાં તેનું કામ હોય તે કોર્ટને તેનો તપાસ કરવાને અખત્યાર મળે તો પછી તે શબ્દોનો શો અર્થ છે.) સાધારણ હરકત પ્રમાણે એકાદ માજીસ્ટ્રેટ હકુમત વીના એક સખસની તપાસ કરી તેને શીક્ષાનો હુકમ કરે અને કેદમાં મોકલે તો ખોટી કેદ કર્યા બાબત નુંકસાનીના દાવાના તેઉ જવાબદાર થઈ શકે છે. માટે આવા પરીણામમાંથી માજીસ્ટ્રેટને બચાવવાનો કાયદા કરનારનો હેતુ છે—માહારાણી વીરૂદ્ધ ભોળાનાથસેન. જો કબુલતથી ગુન્હાની સાબેતીનો ઠરાવ બળવાન થઈ શકતો હોય તો તેથી નીરદોષ થવાનો ઠરાવ પણ બળવાન થવોજ જોઇએ. ધારો કે એક શખસ ચડતા દરજ્જાની કોરટથી પોતાની તપાસ થવાનો હક્ક એક મિત્રની રૂબરૂ તપાસ થવાના કારણસર છોડી દે અને પછી તેને નીરદોષ ઠરાવવામાં આવે અગર ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય અને હલકી સજા કરવામાં આવી હોય તો શું આવી રીતે નીરદોષ અગર ગુન્હાની સાબેતીનો ઠરાવ કરેલો હોય તેનાથી તેના વીરૂદ્ધ બીજું કામ ચલાવવાને હરકત થાય.

કોરટનો ફેંસલો જસ્ટીશ જાકસન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

અમારા અભીપ્રાયમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૭૨ એવી તરેહની કોરટને લાગુ થાય છે કે જે કોર્ટને યુરોપીયન ઈંગ્રેજી રૈયતના ઉપરની ફરીઆદ અગર આરોપની તપાસ કરવાને હકુમત થાય અને જે કોરટને તે તપાસ કરવાની હકુમત ન થાય અને તેથી તે ઠરાવથી એક હક્ક થાય છે એટલે કે તે શબ્દોથી જેમ અમુક વર્ગના માજીસ્ટ્રેટોને ઈંગ્રેજી રઇયતની તપાસ કરવાને હકુમત આપવામાં આવેલી છે' અને બીજાઓને આપવામાં આવેલી નથી. અને જે ક

છે તે કાયદા પ્રમાણે તે છોડી દેઇ શકે છે. તે પ્રમાણે તમામ હકુમત લેઇ લેવામાં આવેલી હોય એમ નથી. કલમ ૮૪ ના યોગ્ય અર્થ પ્રમાણે તે કલમનો ફકત એવોજ હેતુ છે એમ અમને જણાય છે અમને એક ઠરાવ બતાવવામાં આવેલો છે તે ફોયનો ઠરાવ છે અને તેથી અમે જાણીતા છીએ અને તેમાં સર એલ પીલ સાહેબે ફેંસલો આપેલો હતો અને થોડી મુદત ઉપર મી૦ જસ્ટીસ મેકફરશન અને મી૦ જસ્ટીસ મોરીશ સાહેબોની રૂબરૂ મહારાણી વીરૂદ્ધ ભોળાનાથસેનનો ઠરાવ થયેલો તે પણ અમને બતાવવામાં આવેલો છે ફોયનો ઠરાવ હાલ બતાવવાની જરૂર નથી એમ અમને જણાય છે કારણ કે કાયદાની જે સ્થિતી અને હકુમતની સ્થિતી પ્રમાણે તે ઠરાવમાં આવેલો તે તદન જુદી હતી.

અને ખરી રીતે તે રહેલી નથી. જસ્ટીશ મેકફરશન સાહેબે જે ફેંસલો આપ્યો છે તે બાબતમાં અમે તદન મળતા છીએ. તે એવા કારણથી કે ફો. કા. ચ. રીતીના કાયદામાં એવો કોઇ ઠરાવ નથી. અને એવો કોઇ ઠરાવ થઇ શકે એમ પણ અમને લાગતુ નથી કે જેથી તોહોમત વાળો જે હકુમત પોતાની જાતીકી નથી તે હકુમત વીશેની હરકત પોતે છોડી દેઇ શકે એટલે કે જે જડજ અગર માજીસ્તરેટ જે હકીકત તોહોમતવાળાની જાતીકી નથી તે હકીકતથી કામની તપાસ કરવાને ના લાયક હોય તે જડજ અગર માજીસ્તરેટને કોઇ શખસ તે હક છોડી દેઇ અગર કબુલત આપી તે કામની તપાસ કરવાને શકતીવાન કરી શકે. આ વીજ હકીકત મી૦ જસ્ટીશ મેકફરસન સાહેબની રૂબરૂના કામમાંજ હતી તે કામમાં એમ કહેવામાં આવ્યું હતું કે જે ત્રણ માજીસ્તરેટોનું બેંચ હતું તેમાંનાં એક પ્રમુખ માજીસ્તરેટ અર્થાર્થ રીતે પ્રાશીકયુટર હતા અને બીજા એક માજીસ્તરેટનો જાતીકો નાણા સબંધી તે કામમાં હક છે. અને તેથી આજે તેઉની નાલાયકાઇ તે કેદી પોતાની કબુલત આપી તે દુર કરી શકતો નથી. કલમ ૮૪ની બાબતમાં જે બાધા છે તે ખાસ છે તેનાં એવું ઠરાવવામાં આવ્યું નથી કે યુરોપીયન ઇંગરેજી રઇયત પોતાનો હક છોડીદેઇ શકે. પરંતુ તેમાં એવું ઠરાવ્યુંછે કે જે માજીસ્ટ્રેટની રૂબરૂ તેની તપાસ થયેલી હોય અગર તેને કમીટ કરેલો હોય તે માજીસ્તરેટની રૂબરૂ તપાસ થવાને જો એક યુરોપીયન બ્રીટીશ રઇયત દાવો ના રાખે તો તેણે યુરોપીયન ઇંગરેજી રૈયત તરીકેનો પોતાનો હક છોડી દીધો છે એમ ઠરાવવામાં આવશે. મી૦ પીફ્ફે અમને એવી સુચના કરીછે કે “તેણે પોતાનો હક છોડી દેવો” એવા શબ્દોનો અર્થ એવો છે કે તોહમતવાળો હકુમતની ખામી વીશે જે હક કલમ ૭૨થી તેને આપવામાં આવેલા છે તે તમામ હક પોતે એવી રીતે રાખે કે જેથી અમુક કોરટ અગર માજીસ્તરેટ શીવા

ય પોતાની તપાસ થઇ શકે નહીં તોપણુ તે પોતાની મેળે પોતાને નુકસાનીનો દાવો કરવાનો હક છે તેમાંથી તે બાતલ થાય. પરંતુ તે અર્થ બાજબી છે એમ અમારી નજરમાં આવતું નથી. અમે એમ ધારતા નથી કે એક માજીસ્તરેટ અમુક સખસની તપાસ કરે અગર કમીટ કરે તો તેનું તે તપાસ કરવાનું અગર કમીટ કરવાનું કૃત્ય તદન નાબુદ થાય અને તે કૃત્ય યોગ્ય કોરટને અરજ કરી રદ થઇ શકે એવો હેતુ કાયદા કરનારાઓ રાખી શકે. પરંતુ તે હક છોડી દેવાથી તોહમતવાળો પાછળથી નુકશાનીની જવાબદારીમાંથી માજીસ્તરેટનું રક્ષણ કરી શકે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના આ બાબ સબંધી જે તમાંમ હકો છોડી દેવાને કહેવામાં આવેલું છે તે યુરોપીયન ઇંગરેજી રૈયત સબંધી છે. એમ અમારી નજરમાં આવે છે અને માજીસ્તરેટની રૂબરૂ થયેલી બ્યવસ્થા એ શબ્દોનો અર્થ આ બાબમાં જે દરેક બાબત છે તે છે એટલે કે જે કોરટને તે કામની તપાસ કરવાને હકુમત હોય તે કોર્ટની કામ ચલાવવાની રીતી અને શીક્ષાને તે પાત્ર થાય છે.

પરંતુ અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૮૪નો અર્થ કલમ ૭૨ સાથે સખતાઇથી કરવો જોઇએ. અને તે કલમો જાણે "પણ" શબ્દથી જોડાએલી છે એમ અમારે તે વાંચવી જોઇએ એટલે કેઃ—"કોઇ યુરોપીયન ઇગરેજી રઇયતના ઉપરની ફરીઆદની તપાસ કરવાને અગર તેના ઉપરની તપાસ કરવાને જે કોઇ માજીસ્ટ્રેટ પહેલા વરગનો માજીસ્તરેટ નહીં હોય તેમને હકુમત નથી. પરંતુ જે માજીસ્તરેટની રૂબરૂ તેની તપાસ થએલી હોય અગર તેને કમીટ કરવામાં આવેલો હોય તેની રૂબરૂ આ પ્રમાણે પોતાની બ્યવસ્થા થવાને જો તે દાવો ના રાખે તો તેણે પોતાનો તે હક છોડી દીધો છે એમ ઠરાવવામાં આવશે." અને ખુલ્લી રીતે અમારી નજરમાં આવે છે કે કલમ ૭૨ પ્રમાણે યુરોપીયન ઇંગરેજી રઇયતને મળેલો હક તેણે છોડી દીધો છે. એમ ગણી શકાય તે પહેલાં એમ જણાવવું જોઇએ કે તેનો તેવો હક છે તેવું સ્પષ્ટ તેને જણાવવામાં આવેલું હતું અને તેણે પોતાના તે હકનો દાવો રાખવો કીંવા નહીં તે વીશે પોતાની પસંતા અને સમજનો તે અમલ કરી શકે એવો તે શકતીવાન થએલો હોવો જોઇએ. હવે અમારી રૂબરૂ હાલ જે કામ છે તેમાં વીરૂધ કાંઇ માલમ પડે પરંતુ તોહમતવાળાને જે સવાલ પુછવામાં આવેલો છે તે ફક્ત એટલોજ પુછવામાં આવ્યો હશે કે માજીસ્ટ્રેટ તરીકે મી० ક્યાસપઝેને તમારી તપાસ કરવાને કાંઇ જાતીકી હરકત છે કે નહીં. સ્વભાવીક રીતે જવાબ એવો થાય કે મી० ક્યાસપઝેથી તપાસ થાય તેમાં અમારી કાંઇ હરકત નથી. પરંતુ જો સવાલ એવો થયો હોત કે તમે યુરોપીયન

ઇંગરેજી રઇયતછો એમ હું જાણું છું અને તેવી ઇંગરેજી રઇયત તરીકે જે વર્ગના માજીસ્ત્રેટોથી તપાસ થવાને તમારો દાવો રાખવાને હક છે તે વર્ગનો હું માજીસ્ત્રેટ નથી તે શીવાયના માજીસ્તરેટથી તમારો તપાસ થાય નહીં એવો તમારો દાવો રાખવાનો હક છે તે હક ઉપર તમે દાવો રાખોછો કે નહીં. જવાબ તદન જુદો થાય અને તેઓ તે હકનો ઉપયોગ કરે કે નહીં તેનો તદન તેમની ખુશી ઉપર આધાર રહે આવો કાંઇ સવાલ પુછવામાં આવેલો હતો એમ જણાતું નથી. સબબ અમારી નજરમા આવેછે કે આશીસ્ટંટ માજીસ્તરેટની રૂબરૂ ચાલેલું કામ બરોબર નથી તેથી તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ.

મી૦ પીથ્રંડે એવી અરજ કરેલી છે કે કેદીઓ કે જેઓને ગુન્હેગાર ઠરાવેલા છે. પરંતુ જેઓ અમારી રૂબરૂ અરજદાર નથી તેમને આ ફેંસલો લાગુ કરી શકાય છે. અમારી નજરમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના ઠરાવ આ બે કેદીઓને ખરી રીતે જણાવવામાં આવ્યા હતા કે નહીં તેનો જવાબ દેવાને મી૦ કયાસપર્ડને અમારે પુછવુંજ જોઇએ.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

તા૦ ૧૫ જુન સને ૧૮૮૦

મી૦ જસ્ટીશ જાકશન તથા મી૦ જસ્ટીશ તોટનહામ સાહેબોની રૂબરૂ.

સુરજનારાયણદાસ વીગેરેની અરજીની બાબતમાં.

ઠી. આરડીલીની ફરીયાદ તરફથી કેસરેહિંદ વી૦ સુરજનારાયણદાસ વીગરે.

એકઝીકયુટીવ અમલદારનો હુકમ— આવા હુકમના કાયદાસરપણા બાબત જુડીશીયલ કોરટનો અખત્યાર.

જયારે કારોબારી અમલદાર એકાદો હુકમ જાહેર ખબર ફો. કા. ચ. રીતના કાયદાના ઠરાવ પ્રમાણે કરે ત્યારે તેવા હુકમ અગર જાહેર ખબરથી તે તોડયા બાબત પેનલટી લેવાની કોસીશ કરી તેનો અમલ કરવામાં આવે ત્યાં સુધી ન્યાયાધીકારીને તે હુકમ અથવા જાહેર ખબર વીશે સવાલ ઉઠાવવાને અખત્યાર નથી. પછી ન્યાયાધીકારીની ફરજ તે હુકમ અથવા જાહેર ખબર બરોબર છે કે નહી તેનો વીચાર કરવાની થાય છે.

પાનું ૮૮ અરજદારો તરફથી મી૦ એમ. ઓઝ અને બાબુ દુરગા મોહનદાસ.

સરકાર તરફથી મી૦ ફીલણી.

જસ્ટીશ જાકસન સાહેબે કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપ્યો છે. તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છેઃ—

આ કામમાં શેશન જડજનો ઠરાવ અમે પસંદ કરવાને બીલકુલ શક્તિવાન નથી, કારણ કે કામમાં ખરી બાબતો છે તે તેમને જોવી રહી ગયેલી છે અને જે બાબત તેમણે સ્વીકારવી જોઇતી નહી હતી તે બાતને તેમના ફેંસલાથી આગળ કરવામાં આવી છે અને તેને બળવાન ગણેલી છેઃ—

આ તકરાર પક્ષકારોની કહેલી હકીકત ઉપરથી અમારા સમજવામાં છે એ પ્રમાણે ટીપેરાના માહારાજાની માલેકપણાની જે બીન તકરારી જમીન છે તે ઉપરથી વાંસ કાપવા બાબત અમુક જકાત લેવાને તે માહારાજાએ દાવો રાખ્યો છે એટલુંજ નહીં પણ જે જમીનના માલેકપણાનો શક છે અને શીલહડના કલેકટરે આ કામમાં સામા પક્ષકારોને ગમે તેમ હોય પણ આપેલી છે તે જમીન ઉપરના વાંસ કાપ્યા બાબતનું જકાત લેવાને પણ દાવો રાખે છે. પણ તે કેવા પ્રકારનું જકાત તે કહેવામાં આવેલું નથી. તે જમીન જેને આપવામાં આવેલી તેની અરજ ઉપરથી કે બીજી રીતે ડીપોટી કમીશનરે કલેકટર તરીકે તમામ નીશબત રાખનાર સખશોને જાહેરનામું કરી એવી ચેતવણી આપેલી છે કે તે માહારાજાની તરફથી તે જકાત અગર દાણ જે લેવામાં આવે છે તે કાયદેશર નથી. તે જાહેરનામું કરયા છતાં તે માહારાજાના લોકોએ બીજું જકાત લેવાને માગ્યું તેમાં કલેકટર તરફથી જેને જમીન આપવામાં આવેલી તેણે સામી હરકત લીધી અને તેથી તકરાર ઉતપન થઇ અને પરીણામે અમુક સખશોને એકસ્ટરા આસીસ્ટંટ કમીશનરની કોરટમાં ગુન્હેગાર ઠરાવી તેમને સખત મજુરી સાથે કેદ તથા દંડની શીક્ષા કરવામાં આવેલી છે. આ શખસોએ સેશન જડજને અપીલ કરી તે ઉપરથી શેશન જડજે અમારા અભીપ્રાય પ્રમાણે ઘણું અજાયબ રીતે કહેલું છે. કેઃ—"ડીપોટી કમીશનરનો હુકમ જયાં સુધી કાયમ છે અને રદ કરવામાં આવ્યો નથી. ત્યાંસુધી આ અપીલવાળાઓને તે ડીપોટી કમીશનરનો હુકમ નહીં માનવાને અને કાયદો પોતાના હાથમાં લેવાને કાંઇ હક નથી, ડીપોટી કમીશનરનો તે હુકમ કાયદેસર છે કે નહીં તે વીશે આ કોરટને અભીપ્રાય બાંધવાનો નથી. આ અપીલવાળાઓને કામે રાખવાનો ઇલાજ દાવો કરવાનો અગર બીજી રીતનો છે." શેશન જડજે આ ઠરાવ કરેલો છે તે ઉપરથી કોઇપણ સરકારી નોકર અધીકાર સાથે અગર અધીકાર વીના કાંઇપણ જાહેર ખબર કાહાડવાને પોતાને ઠીક લાગે તો

તે કાહાડવાને મુખત્યાર છે અને તેવી જાહેર ખબર વીરૂધ કોઇ સખશ કાંઇ કામ કરેતો તે શીક્ષાને પાત્ર છે એવો નીયમ વ્યાજબી થાય એમ જણાય છે. પછી જડજે કહ્યું છે કેઃ—

"ફરીઆદ તરફના પુરાવ ઉપરથી સાબેત થાય છે કે અપીલવાળાઓ ગેરકાયદે એકઠા થએલા હતા." હવે તે ડીપોટી કમીશનરના જાહેરનામા વીરૂધ તે મંડળી ફેંડેટલી હતી તે સીવાય તે કાંઇ પણ ગેરકાયદે હતી એમ જણાતું નથી. વળી તે જડજે કહ્યું છે કેઃ—"ડીપોટી કમીશનરના હુકમથી ચોટુલી બાગના વહીવટદારોને શાલચારાની દક્ષીણ બાજુનો તગામ હક આપેલો છે અને ટીપેરાના મહારાજાને તથા તેમના લોકોને કાંઇ પણ વસુલ કરવાની મનાઇ કરેલી છે એમ ખુલું જણાય છે." અમારા પ્રથમના અનુભવ ઉપરથી અમને જે કાંઇ માહેતી મળેલી છે તે કરતાં ડીપોટી કમીશનરના કામનો વીચાર આ ઘણો બોહોળો છે. ફો. કા. ચ. ની રીતીના કાયદામાં જયારે સુલેહનો ભંગ નહીં થવા સારૂ અથવા તેવાજ કારણો સારૂ કારોબાર ચલાવનાર અધીકારીઓને હુકમ કરવાને અખત્યાર આપવામાં આવેલો હતો ત્યારે હમેશાં ઠરાવવામાં આવેલું હતું અને તે પ્રમાણે હાલના કાયદામાં ઠરાવેલું છે કે આવા હુકમો યોગ્ય રીતે છે કે નહીં તે સવાલનો વીચાર તેવીજ સ્થીતીમાં અપીલના ન્યાયાધીકારીઓએ કરવાનો નથી. જયારે કારોબાર ચલાવનાર અધીકારીઓ તે હુકમનો અમલ કરવાને જયારે ગુનેહગારી ઠરાવે ત્યારે કોરટોએ તેમાં હાથ ઘાલી જોવાનુ છે કે તે હુકમો અખત્યાર સાથે કરવામાં આવ્યા છે કે નહીં શેશન જડજની ફરજ તે હુકમ યોગ્ય રીતે કરવામાં આવ્યો છે કે નહી. તેનો વીચાર કરવાને હતી તે ફરજ બરોબર આ પ્રસંગે હતી શેશન જડજનો હુકમ જે કારણના આધારથી છે. તે કારણને પુષ્ટી મળી શકતી નથી ટીપેરાના મહારાજાના એજંટોએ અગર તેમની પાસેથી પટે રાખનારે કાંઇ પણ હક અગર ધારેલા હકનો અમલ કરવાના હેતુથી હીંદુસ્તાનના ફો० કાયદાની કલમ ૧૪૧ ના હેતુ પ્રમાણે કાંઇ કૃત્ય કરેલું છે અને તેથી તેઓ યોગ્ય રીતે શીક્ષાને પાત્ર થએલાછે એ વીસેનો વીચાર કરેલો નથી માટે બેશક તે વીચાર કરવાનો છે તે સવાલ શેશન જડજે તપાસવો જાઇએ માટે તે વીચાર કરવાને સારૂ આ કામ પાછું જવું જોઇએ. જો તે માહારાજાનો આ જકાત અગર દાણ અગર જે કાંઇ કહેવાતું હોય તે લેવાનો રીવાજ હોય અને જે સખસો પાસે તે લેહેણું થએલું હોય તે સખ્સો પાસેથી આ પ્રસંગે લેવાને કોશીશ કરેલી હોય તો તે એક હક અગર ધારેલા હકનો અમલ કરવાને કોશીસ કરેલી

છે તેમાં કાંઇ શક રહી સકતો નથી.

કાગ પાછું મોકલવામાં આવ્યું.

—— ——

ફોજદારી અપીલ

તા૦ ૨૪ જુન સને ૧૮૮૦

મી૦ જષ્ટીશ મોરીશ અને મી૦ જષ્ટીશ પ્રીનશેપ સાહેબોની રૂબરૂ

હુસેન બખશ વીગરે વીરૂધ કેશરેહીંદ.

આરોપો, સ્પષ્ટ અને જુદા, જુરીએ એકઠા તપાસેલા—બખેડામાં સામા થએલા પક્ષકારો—ગેરકાયદેસર કામ ચલાવવાને તોહોમતવાળા તરફથી વકીલોની કબુલત સેશન જડજે તોહોમતવાળાની કરેલી તપાસ—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૨૪૩ ૨૫૦—૨૬૪—૨૬૫

એક બખેડામાં બે સામ સામી ટોળીઓના અંગભુતો હતા. તેઓને શેશન જડજ તથા જુરીની રૂબરૂ તપાસ થવા સારૂ બે જુદી જુદી વખતે કમીટ કરયાં. ફરીઆદ તરફનુ કામ આ કામો પૈકી એક કામમાં પુરૂં થયું તે વખતે શેશન જડજે તોહોમતવાળા તરફના વકીલોની કબુલતથી બચાવ તરફનો પુરાવ લેવો બંધ રાખ્યો. અને તે જુરીની રૂબરૂ સામા પક્ષકારોની ફરીઆદના સાક્ષીઓ તપાસવા માંડયા. ત્યાર પછી કોરટે પેહેલાં કામના બચાવ તરફના સાક્ષીઓ લીધા. અને પછી સામા કામના બચાવ તરફના સાક્ષીઓ લીધા. અને બચાવ તરફના જુદા જુદા વકીલોની તકરાર તથા સરકારી વકીલનો જવાબ સાંભળીને બેઉ કામની હકીકત સારાઉંસમાં જુરીને સમજાવી. અને તેથી જુરીએ તમામ તોહોમતવાળાની બાબતમાં ઠરાવ કરયો. તેમાં ઠરાવવામાં આવ્યું કે જે ખાસ નીયમથી આ તપાસો જુદી જુદી સ્પષ્ટ રીતે તપાસ કરવાની જરૂર છે તે નીયમ ખરી રીતે તોડેલો છે. અને તે કરવાથી તોહોમતવાળાના હીતને મુદાની બાબતમાં હરકત થએલી છે સબબ તે ગુનહાની સાબેતીના ઠરાવો રદ કરવા જોઇએ.

માહારાણી વીરૂધ સેખ બાજુના કામનો ઠરાવ જુદો છે એમ ઠરાવવામાં આવ્યું.

વળી ઠરાવ્યું કે કોરટે સુચના કરેલી ગોઠવણ બાબત બચાવ તરફના વકીલોએ કબુલત આપેલી હોય તેથી કામ ચલાવવાની રીતીમાં જે ખામી હોય છે તે દુરસ્ત થઇ શકતી નથી.

શેશન જડજને તોહોમતવાળાની તપાસ કરવાને જે અખ્તીઆર આ-

ખ્યામાં આવેલો છે તેનો હેતુ તોહોમતવાળાની ઉલટ તપાસ કરવાનો નથી. તેમ જડજ કેટલાક શોધીક સવાલો કરી તોહોમતવાળો પોતે ગુનેહગાર થાય તેવી તેને ફરજ પાડવાની તે કોશીશ કરી શકતા નથી. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે જે અખત્યાર આપવામાં આવેલો છે તેનો ખરો હેતુ સાક્ષીઓએ જે કાંઇ હકીકત કહેલી હોય તે હકીકતનો તોહોમતવાળો પોતાની ઇછા રાખતો હોય તેવો ખુલાસો આપી શકે (વીશેશે કરીને જો તે બચાવ કરયા વીનાનો હોય) તે કારણુસર વખતે વખતે તે ખુલાસો જડજ નકી કરી શકે અગર ફરીઆદ, તરફનું કામ બંધ થએ કોરટના અભીપ્રાય પ્રમાણે પૂરાવના જે ભાગો ઉપરથી તોહોમતવાળાએ તોહોમતવાળો ગુનહો કરયો થતો હોય તે પુરાવના ભાગોનો તેમનો શો ખુલાશો છે તે તોહોમતવાળા તરફથી કડાવવાનો હેતું છે.

પાનુ ૯૬ બાબુ ગોપીનાથ મુકરજી અને મી૦ સાંડલ તોહોમતવાળા તરફથી હાજર છે.

કોરટનો ફેંસલો જષ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે તેથી આ કામની હકીકત પુક્ત રીતે જણાય છે:—

શીકંદરપુરના ગામના રેહેવાશીઓએ પાણીનો રસ્તો બાંધેલો તેને થએલી હરકત દુર કરવા સારૂ જગરનાથપુર ગામના કેટલાક રેહેવાશીઓએ કોસીશ કરતાં બખેડો થયો અને તે જગરનાથપુરના લોકોમાંનો એક સરીતુલ્લાને મારી નાંખવામાં આવ્યો.

આવા કામોમાં આ કોરટના કેટલાક ઠરાવો થએલા છે તેમાં ઠરાવેલી કામ ચલાવવાની રીતી પ્રમાણે દરેક પક્ષકારના વીરૂધ માજીસ્રેટે જુદુ જુદુ કામ ચલાવ્યું અને તેમના વીરૂધનો પુરાવ પણ જુદો જુદો લખ્યો. અને તેઓએ તે તકરારી ગામોના લોકોને શેશન કોરટમાં તપાસ થવા સારૂ જુદા જુદા કામોમાં કમીટ કરયા તે શીકંદરપુરના ગામના લોકો ઉપરનુ કામ સુનાવણી ઉપર પહેલું આવ્યું. ફરીઆદ તરફનો પુરાવ પુરો થયા પછી શેશન જડજે લખેલું છે તે પ્રમાણે વકીલોની સાથે ગોઠવણ કરી આ તપાસના બચાવ તરફનુ કામ સાગા કામની ફરીઆદ તરફનું કામ પુરૂં થતા સુધી એટલે જગનનાથપુરના લોકો ઉપરની ફરીઆદ તરફનું કામ પુરૂં થતાં સુધી બંધ રાખ્યું પછી આ છેવટ કહેલા કામની તપાસ શરૂ કરી. "શીકંદરપુરના ગામના લોકો ઉપરની ફરીઆદની તપાસ કરવા સારૂ જે જુરી બેઠેલી હતી તે જુરી આ તપાસમાં પણ તે જડજે બેસારી. ફરીઆદ તરફના તથા બચાવ તરફના બેઉ કામનો વકીલોએ આ રીતી સુચવેલી હતી." આ કામમાં ફરીઆદ તરફનો પુરાવ બંધ થયા

પછી શેશન જડજે પાકે પહેલા કામમાં બચાવ તરફનો પુરાવ લીધો પછી તેમણે બીજા કામમાં બચાવ તરફનો પુરાવ લીધો. બેઉ કામોમાં બચાવ તરફના વકીલોએ તકરારો જાહેર કરી. સરકારી વકીલે બેઉ કામોમાં જવાબ આપ્યો. શેશન જડજે બેઉ કામોની હકીકત એકઠી લખીને સારાઉંસમાં સમજાવી અને બેઉ કામોમાં તમામ કેદીઓને જુરીએ ગુનેહગાર ઠરાવ્યાનો ઠરાવ તેઉએ લખ્યો છે. તે ઉપરથી કેદીઓને શીક્ષા કરવામાં આવી અને તેઓએ આ કોરટમાં હાલ અપીલ કરેલી છે.

બેઉ અપીલોમાં જે હરકત લેવામાં આવી છે તે એકની એકજ છે કે બેઉ કામોની અર્થાર્થ રીતે તપાસ એકઠી થએલી છે તેથી તે કેદીઓને હરકત થએલી છે. આ હરકતની વ્યવસ્થા કરતાં પહેલાં અમે એમ કહેવાને બંધાએલા છીએ કે બખેડાના આરોપમાં સામસામી ટોળીના માણસોના કામોમાં જે રીતી પ્રમાણે ઘણાક વરસથી તપાસ કરવામાં આવે છે તે રીતી વીરૂધ શેશન જડજ સાહેબે બીલકુલ કરેલું છે. એમ અમને લાગે છે.

જે એવો ખાસ નીયમ છે કે આવા કામમાં દરેક પક્ષકારની જુદી જુદી તપાસ થવી જોઇએ તે નીયમ શેશન જડજે તે કામ ચલાવવાની રીતીમાં ખરી રીતે તોડેલો છે. શાચી વાત છે કે તોહોમતવાળાનો દરેક કામમાં પુરાવ લીધો છે તે બાબતમાં શેશન જડજ આ નીયમ પ્રમાણે ચાલેલા છે. પરંતુ તેમણે કામ ચલાવવાની જે રીતી આગળ બતાવેલી છે તે જોતાં અમે કોઇ રીતે કહી શકતા નથી કે આ તપાસો જુદી જુદી હતી. તે તપાસો એક બીજાથી નક્કી જુદી નથી. કારણ કે તે બે તપાસો તેજ જુરીની રૂબરૂ થએલી છે એટલુંજ નહીં પણ તે કામોમાં જે વકીલો હતા તે વકીલો પોતાની તકરારો જાહેર કરવામાં સામેલ થયા અને શેશન જડજે હકીકત સારાંઉંસમાં સમજાવી ત્યાં સુધી તે તપાસો સમાનતર રીતીએ ચલાવવામાં આવી છે. આ પ્રમાણે કામ ચલાવવાની રીતી વીશે કાયદાનો કાંઇ આધાર નથી પરંતુ એવી સુચના કરવામાં આવી છે કે કેદીઓને પોતાને હરકત થઇ છે એવી તેઓ તકરાર કરી શકતા નથી. કારણ કે તપાસ કરવાની આ રીતી તે કામના વકીલોની સુચના અને કબુલતની સાથે પસંદ કરવામાં આવી છે. તોપણ મહારાણી વીરૂધ ભોળાનાથસેનના કામમાં જષ્ટીસ મેકફરસન સાહેબે બતાવ્યું છે તે પ્રમાણે જ્યારે ફો. કામો વાસ્તવીક રીતે બરોબર ચલાવવામાં આવેલાં ના હોય ત્યારે તોહોમતવાળા અગર તેમના વકીલો કાંઇ હક છોડી દે અગર કબુલત આપે તો આ ખામી દુરસ્ત થઇ શકતી નથી. માટે આ સુચના અમે કબુલ કરી શકતા નથી. તે ગોઠવણ શેશન જડજે ક-

કહ્યું છે તે પ્રમાણે વકીલોને પોતાની સુગમતાને સારૂ પસંદ કરવામાં આવેલી જણાય છે. પરંતુ તેઓએ પોતાના અશીલોનો તેથી ફાયદો થસે એવો વીચાર કરેલો છે ને ભુલ ભરેલો છે. તે બાબતમાં કેદીઓનો કાંઇ પણ અભીપ્રાય અગર સમજ હતી એમ અમે કહી શકતા નથી.

હવે કેટલાક કેદીઓની સ્થીતી સબંધીમાં દરેક કામમાં કેટલીક વખતે આવી રીતે કામ ચલાવવાથી કેવો અસર થએલો છે તેનો અમે વીચાર કરીએ છીએ.

તે કાયદામાં (ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૬૫) માં ઠરાવ્યું છે કે કોરટને યોગ્ય જણાય તે પ્રમાણે ઘણા તોહોમતવાળાઓની તપાસ એક પછી એક તેની તે જુરી કરી શકેછે.

આ ઉપરથી અમે એમ સમજીએ છીએ કે એક તંપાસ પુરી થાય એટલે તેની તે જુરી બીજા કામમાં તોહોમતવાળાની તપાસ કરે. તે કાયદાનો હેતુ એવો નથી કે તે બે તપાસો એવી રીતે ચલાવવામાં આવત કે તે જયારે પુરી થાય ત્યારે એક સરખી બાબતોનો તેઓને વીચાર કરવાનો છે અને તોહોમતવાળાઓ બેઉ કામોમાં ગુનેહગાર છે કીંવા નહી તેનો સંભાળથી વીચાર કરવાનો છે. માટે જુદા જુદા વરગના પુરાવ ઉપરથી જુરીને એકજ વખતે ઠરાવ કરવાનું કહી સકાય. કામ ચલાવવાના રીતીમાં ગેરસીરસ્તે થએલું હોય તે સીવાય પણ અમારી નજરમાં આવે છે કે કોઇ જુરીને આવી હરકત ભરેલી સ્થીતીમાં મુકવી નહીં જોઇએ. જે ઇસ્યુ બાબત કેદીઓની તપાસ કરવાની હોય તે ઇસ્યુને લગતો પુરાવ જુરીની રૂબરૂ મુકવો અને બીજા નહીં લગતી બાબતના વીચારનો બોજો જુરીના મન ઊપર મુકવો નહીં એજ ફકત વ્યાજબી છે.

તોહોમતવાળાઓના વકીલોએ તે ગોઠવણ બાબત જયારે કબુલત આપી તે વખતે તેઓના મનમાં આ વીચાર હતા. એમ જણાતું નથી પરંતુ આગળ બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે તે વકીલોની કબુલતથી કેદીઓને પોતાની અપીલમાં તે કામ ચલાવવાની રીતીથી મુદાની બાબતમાં હરકત થએલી છે એવું બતાવવાને હરકત થતી નથી. ખુલું છે કે આ બીજા કામમાં જે કેદીઓ તોહોમતવાળાઓ હતા તેઓને કલમ ૨૪૩ નો તમામ ફાયદો મળેલો નથી. જો પેહેલું કામ જે સીકંદરપુરના તોહોમતવાળાનુ છે તે તપાસવામાં આવેલું હોત અને તેના પરીણામમાં નીરદોસનો ઠરાવ થયો હોત તો જગરનાથપુરના તોહોમતવાળાઓ તે તમામ જુરરો બાબત એવી તકરાર કરત કે તે જુરરો બેસવા નહીં જોઇએ એમાં કોણ સક રાખી શકે તે પ્રમાણે સીકંદરપુરના લોકો વ્યાજબી રાહે એવી ફરીઆદ કરી શકે કે તેઓની તપાસ ચાલતાં પહેલાં તેઓને તે

તકરાર કરવાનો હક હતો તોપણ તે જુરીથી બીજા કામની તપાસ કરવામાં હરકત લેવાનો તેઓનો હક થઇ શકતો નથી. પછી તેઓની પીઠ પાછળ પોતે ગુનેહગાર થાય તેવો પુરાવ લેવાથી તેઓને ભારે હરકત થતી હોય અને તેઓને ઉલટ તપાસ કરવાને લાગ મળેલો ના હોય તેની ચીંતા નહીં.

એવી તકરાર કરવામાં આવી છે કે તે કાયદા પ્રમાણે સેશન જડજને તે તપાસ બંધ કરવાને અખત્યાર છે, માટે પહેલી તપાસ પુરી થતાં પહેલાં બીજી તપાસ સીરૂ તેમની તરફથી કરવામાં આવે તો તે કાયદા વીરૂધ નથી. પરંતુ કલમ ૨૬૪ પ્રમાણે જયારે એમ માલુમ પડે કે તપાસ બંધ રાખવાથા ઇનસાફનો હેતુ પાર પડસે તોજ ફકત કોરટ તપાસ બંધ રાખી શકે છે. દરેક તપાસ વારા ફરતી બંધ રાખવાને કાંઇ કારણ બતાવવામાં આવેલું નથી. સેશન જડજે સારાંઉસમાં હકીકત સમજાવી છે તેના શબ્દો ઉપરથી એવું જણાય છે કે તે ગોઠવણ બાબત તેઉ પોતેજ સુચના કરેલી હતી અગર સરકારી પ્રોશીકયુટરે સુચના કરેલી હતી, કારણ કે તેઉએ કહેલું છે કે બેઉ કામોમાં બચાવ તરફના વકીલોએ તે કબુલ કરેલી છે. અમારા અભીપ્રાય પ્રમાણે તે તપાસો બંધ રાખવામાં આવી હતી તે બરોબર નહી હતી, તેમ ન્યાયનો હેતુ પાર પડે તેવું નહીં. હતું પરંતુ એમ કબુલ કરીએ કે કેટલીક હકીકત હોય તો પહેલી તપાસ ચાલતાંની દરમીયાનગાં બીજી તપાસ તેની તેજ જ્યુરી ચલાવી શકેતો, તે ઉપરથી કોઇ રીતે એમ થતુ નથી કે બેઉ કામોની સારંશમાં હકીકત એકઠી સમજાય અને તેનો ફેંસલો પણ એકઠોજ થાય.

શેશન જડજે સારાંઉસમાં હકીકત સમજાવેલી છે તેની શરૂઆતમાં પોતે આ કામ ચલાવવાની રીતી પસંદ કરેલી તે પીરોની આ હરકત બતાવેલી છે. તેમણે જ્યુરીને કહયું છે કે "જો કે દરેક કામમાં ખાસ બચાવ કરવામાં આવેલો છે તોપણ એક કામમાં જે પુરાવ છે તે ખરી રીતે બીજા તરફનો બચાવ તરફનો પુરાવ થાય છે" બેશક જડજને જુરી જે મુશકેલીમાં પડેલી હતી તે લાગી હતી કારણ કે તેમણે કહયું છે કે "આ એકજ આરોપ બાબત જેમ બનશે તેમ દરેક કામનો પુરાવ હું તમારી રૂબરૂ મુકીશ. તોપણ તે આરોપ બાબતના બેઉ કામોનો પુરાવ હું સારાંઉસમાં તમને કહુછું." શેશન જડજે આ સબંધી પોતાની ફરજ બજાવવાને જે યત્ન કરેલો છે તે અમે કબુલ કરીએ છીએ. પરંતુ દરેક કામના કેટલાક કેદીઓને બીજા કામમાં સાક્ષીઓ તરીકે તપાસવામાં આવેલા છે. અને આવી હકીકત છે તો તે કેદીઓએ સાક્ષી તરીકે જે હકીકત કહેલી તે તેઓને તોહોમતવાળા તરીકે તપાસતાં તેમણે જે કબુલ કરેલું તેથી

જુદી પાડવાને જુરી પોતાના મનમાં શકતીવાન થાય એવી આશા રાખ-વી એ અશકય છે. પુરાવ આકટની કલમ ૧૩૨ પ્રમાણે સાક્ષીને કોઇ સવાલ પુછવામાં આવે અને તેનો જવાબ દેવાથી તે શાક્ષી ગુનેહગાર થાય, અગર પ્રતક્ષ અગર આડી રીતે તે ગુનેહગાર થાય એવું હોય તેથી તે સાક્ષીને તે જવાબ દેવાને માફી મળી શકતી નથી. પરંતુ કાયદામાં એવો પ-ણ ઠરાવ કરવામાં આવેલો છે કે આવો જવાબ દેવાને શાક્ષીને ફરજ પાડવામાં આવે તો તેવો જવાબ દેવાથી જુઠી સાક્ષી આપવા બાબત ફ-રીઆદ ચલાવવામાં આવે તે શીવાયના કોઇ ફોજદારી કામમાં તેના વીરૂધ તે સાબેત થશે નહીં. સાત કેદીઓમાં એક બાજુ તરફ ત્રણ અને બી-જી બાજુ તરફ ચાર એવોએ સાક્ષી તરીકે જે હકીકત કહેલી છે તે બતાવવાની જરૂર નથી. પરંતુ વીશેશે કરીને ઉલટ તપાસમાં તેમણે કેટલીક ગુનોહ બને તેવી હકીકત કહેલી છે. આ હકીકત બાતલ કરવાને શેસન જડજે કાંઇ યત્ન કરયો નથી. અને અમારી નજરમાં આવે છે કે જુરીએ પોતાની તરફથી તેમજ જડજની તરફથી મજબુતમાં મજબુત સાવધગીરી રાખેલી છે તોપણ તેઓ એક કામના પુરાવથી બીજા કામમાં વગર સમજે તેમને અશર થાય તેથી આ બેઉ કામોના પુરાવનો એકઠો વીચાર કર-તાં દરેક કામનો પુરાવ તેઓ જુદો કરી શકયા નથી. બેઉ તપાસની વચ-ગાં એવી મુદત ગએલી નથી કે એક કામમાં ઠરાવ કરવાનો વીચાર કરતાં બીજા કામના પુરાવનો જે અશર તેમના મનમાં થએલો હોય તે દુર થઇ શકે માટે જે કેદીઓને સાક્ષી તરીકે બેઉ કામમાં તપાસેલા છે તેઉની બાબતમાં આ ગેરસીરસ્તે થવાથી તેમના બચાવમાં મુદાની બાબતગાં તેગને હરકત થએલી છે એમ ખુલું અમને જણાય છે. આ તોહોમતવાળાઓ સાક્ષી તરીકેની સ્થીતીમાં હતા. તેથી સેશન જડજે તપાસ કરવાની જે રીતી પસંદ કરેલી છે તેને લીધે તોહોગતવાળાઓને ભારે હરકત થ-એલી છે એવો ઠરાવ કરવાને અમને થોડી આનાકાની છે તોપણ આ તોહોમતવાળાઓ અને તેમના સાથેના બીજા તોહોમતવાળાઓની વચ્ચેની હકીકત જુદી પાડવી એ ઘણું કરીને અશકય છે.

કેટલાક ઠરાવો અને તેમાં વીશેશે કરીને માહારાંણી વીરૂધ શેખ બાજુના ઠરાવ ઉપર અમારૂ લક્ષ ખેંચવામાં આવેલું છે. તે ઠરાવમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે એક બખેડાના કામમાં બે પક્ષકાર હતા. તે બેઉની એકઠી તપાસ કરવાથી તેઓને એવી હરકત થતી નથી કે જેથી તેઓના ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરવવો પડે અને ફરી તપાસ કરવાની જરૂર પડે. પરંતુ અમારા જોવામાં આવે છે કે આ તમામ કામોમાં તે તપાસો આસેસરોની મદદ સાથે કરવામાં આવી હતી. અને જેમ

આ કામમાં જુરીથી કરવામાં આવેલી છે તેમ કરવામાં આવેલી નહીં હતી, તે તપાસના આ જુદાપણાથી તે કેદીની બાબતમાં જે અમુક અસર થાય છે તે ઘણીજ અગત્યનો છે. એક રીતની તપાસમાં શેશન જડજને ઠરાવ કરવાનો હોય છે અને બીજી રીતની તપાસમાં જુરીને કરવાનો હોય છે. માટે બીજી રીતની તપાસમાં તેઉને જે માલમ પડેલી હોય તેથી જુરીને જે અસર થવાનો સંભવ છે તે અશર શેશન જડજને થવાનો થોડો સંભવ છે અને વળી જુરીનો ઠરાવ હકીકતની બાબતમાં આખરનો છે પણ શેશન જડજનો ઠરાવ અપીલમાં હાય કોરટ દુરસ્ત કરી શકેછે.

આ કારણોથી અમારી નજરમાં આવે છે કે આ કામમાં કેદીઓની તપાસ દરેક કામમાં જુદી જુદી જુરીથી ફરીથી થવી જોઇએ. સબબ અમે તે ગુનહાની સાબેતીના ઠરાવો તથા શીક્ષાના હુકમો ફેરવીએ છીએ ને ફરમાવીએ છીએ કે સેશન જડજે તે પ્રમાણે કામ ચલાવવું.

તોહોમતવાળાની તપાસ જે રીતીએ ચલાવવામાં આવી છે તે જોવાને અમે દીલગીર છીએ. તપાસ ચાલતાની દરમીયાનમાં વખતે વખતે તોહોમતવાળાને તપાસવાને શેશન જડજને જે પરવાનગી આપવામાં આવી છે તેથી કાયદાનો હેતુ એવો નથી કે એકાદો કાંઉશીલ વીરૂધ સાક્ષીઓની ઉલટ તપાસ જે રીતે કરે તે રીતે તેઉ કેદીની સખત તપાસ કરી કામ સરૂ કરે.

આ કોરટે એક કરતાં વધારે વખત તે શેશન જડજ સાહેબને બતાવેલું છે કે કલમ ૨૫૦ પ્રમાણે અખ્તીઆર વાપરીને શેશન કોરટ અમુક રીતની તપાસની કોરટ થઇ શકતા નથી. અને કેટલાક બારીક સવાલો એવા કરવામાં આવે કે જેનો બરોબર હેતુ કેદી તરફ સમજી શકે નહીં. એવા સવાલો કરીને કેટલીક ગુનહા ભરેલી કબુલતો કરી તે ગુનેહગાર થાય એવી તેને ફરજ પાડવામાં આવે એમ થતું નથી. તેનો ખરો હેતુ એવો છે કે જે કામમાં કેદી બચાવ વગરનો હોય તો અમુક હકીકત જે સાક્ષીએ કહેલી હોય તે હકીકતનો અગર કામ બંધ થયા પછી તેને ગુનેહગાર ઠરાવવા લાયક પુરાવ જે જડજની નજરમાં આવે તેનો ખુલાસો જે તે આપવાને મરજી રાખતો હોય તે વખતે વખતે જડજ નક્કી કરી શકે તે છે. અમારી રૂબરૂ આ કામો છે તેમાંના એક કામમાં અમારા જોવામાં આવે છે કે તોહોમતવાળાની તપાસ કરવામાં પેહલો આખો દીવશ જડજ રોકાએલા હતા. તેવી રીતે બીજા કામમાં ફરીઆદ તરફનું કામ શીરૂ થતાં પહેલાં તેમણે તોહોમતવાળાને લંબાણથી તપાસેલો છે. આ પ્રમાણે કામ ચલાવવું તે કાયદા પ્રમાણે આપેલા અખ્તીઆરનો તેથી તીરસકાર કરયો એમ અમારી નજરમાં આવે છે.

માટે આ પ્રમાણે જે તપાસો શરૂ કરવામાં આવેલી તે બરાબર ચલાવવામાં આવી હતી એમ અમે ગણી શકતા નથી. તે તોહોમતવાળાઓને એક સાક્ષીની તપાસથી ગુનેહગાર ઠરાવતાં પહેલાં આ પ્રમાણે ઉલટ તપાસ કરવાની રીતી હતી. અને તોહોમતવાળાએ શરૂઆતમાં જવાબદારી વીનાની જે હકીકતો કહેલી તેથી જડજ અને જુરીનુ મન વીરૂધ થએલું હતું. અમે ભરંસો રાખીએ છીએ કે આ કોરટે આ રીવાજ ખોટો છે એમ વારંવાર બતાવેલું છે કારણ કે અમારા અભીપ્રાય પ્રમાણે હીંદુસ્થાનમાં કાયદાના તદન હેતુ વીરૂધ તેછે માટે તે રીવાજ તે સેશન જડજ બંધ કરશે.

ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરવવામાં આવ્યો અને ફરી તપાસનો હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૩૧ જુલાઇ સને ૧૮૮૦

મી૦ જસ્ટીશ વાહીટ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

શમશેરખાં વીગરે વીરૂધ કેસરેહીંદ વીગરે.

બખેડા—ગેરકાયદે મંડળી—શીક્ષણીય મનુષ્યવધ—બે ટોળીઓ મોત કરે તેવા હથીઆરની સાથે હતી તે બેઉની વચમાં થએલી લડાઇ પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૩૦૦ નો અપવાદ ૫ મો.

જે કામમાં બે ટોળીઓના માણસોનો ઘણો ભાગ મોત કરે તેવ હથીઆરની સાથે હોય અને તેઓની વચમાં થએલી લડાઇથી પરીણામે મોત થાય અને પુરાવ ઉપરથી વળી ખુલું જણાતું હોય કે જે સખસનું મોત થએલું છે તે પાકી વયનો હતો અને તે લડાઇની દરમીઆનમાં બેમાંથી એક બાજુએ ખોટી રીતનો ફાયદો લીધો નથી તો તે જે ગુન્હો થાય તે શીક્ષણીય મનુષ્યવધ છે અને ખુન નથી.

પાનું ૧૫૪ આ કામની હકીકત ફેંસલાઓ ઉપરથી પુકત રીતે જણાય છે.

અપીલવાળાઓ તરફથી મી૦ વુડ તથા મી૦ ,બોનરજી (તેમની સાથે બાબુ નલીતચંદ્રશેન, બાબુ જોગેશચંદ્રરાય, અને મુનશી શી રાજુલ યશલામ.)

સરકાર તરફથી બાબુ દુરગામોહનદાસ.

નીચે પ્રમાણે ફેંસલો આપવામાં આવેલો છે.

જસ્ટીસ વાહીટ સાહેબઃ—એક બખેડાની દરમીઆનમાં પાંચ અપીલવાળાઓ નામે શમેશરખાં ઉરફે શરદાર અબદુલ રોહમાન મુનશી, સાહેબખાન, ઉવાસી મુદી મીઆ, અને ફકીરઉલ્લાખાંનને ખુનના ગુન્હેગાર ઠરાવી તેઓને જુદી જુદી સમુદ્રપારની શીક્ષા કરેલી છે તેથી તે ગુન્હાની સાબેતીના ઠરાવ ઉપર આ અપીલ કરવામાં આવેલી છે.

અમારા અભીપ્રાય પ્રમાણે જે પુરાવ લેવામાં આવેલો છે તે ઘણી બીન જરૂરીયાત રીતે લંબાણથી લેવામાં આવેલો છે. તે પુરાવમાં એકની એક વાત વારંવારે આવેલી છે પણ કેટલીક અગત્યની બાબતોમાં જેવી શોધીક તજવીજ થવી જોઇએ એવી થએલી નથી. તોપણ ખુલ્લું છે કે આ વરશના જાનેવારી મહીનાની તા. ૧૭ મીના રોજના સવારમાં જે ગામ લાટસેલા કહેવાય છે તે ગામમાં ઘણો ભારે બખેડો થયો હતો. અને તેના પરીણામમાં એક માણસને જખમ થયો અને બીજાનું મોત થયું તે ગામના એક હીસ્સાના એક ભાગના બે શેરહોલ્ડરો નામે કરીમ સરદાર તથા ડોસમહમદે પોતાના હીસ્સા બાબત કજીઓ કરી કરેકે પોતાના હીસ્સાનો એક ભાગ બે સામા જમીનદારો ખાનસાહેબ અને દવારકાનાથરાયને વેચાણ આપ્યા. એવા હેતુથી કે તે તકરારમાં બે જબરા પડોશીઓ નજીકમાં આવે. ખાનસાહેબે જે વેચાણ લીધેલું તે પોતાના છોકરા આરીજના નામથી લીધેલું છે. કરીમ સરદારે પોતાનો હીસ્સો વેંચ્યો ત્યારે તે વખતે તે હીસ્સો તેના કબજામાં નહીં હતો. અને તે બખેડો થતાં પહેલાં થોડી મુદત ઉપર ખાન સાહેબે જે ભાગ ખરીદ કરેલો તે ભાગનો કબજો લેવાને તે ઇલાજ કરતો હતો અને તે કારણસર કેદી ફકીરઉલ્લા જેને તે ગામમાં એક નાનો તાલુકદાર કહેવામાં આવેલો છે અને જે ખાન સાહેબનો ભાગીઓ થએલો હતો તેની જમીન ઉપર એક કચેરી બાંધી ત્યાર પછી તે ફકીરઉલ્લાની બારીમાં કેટલીક લાકડીઓ નાંખી તા० ૧૭ જાનેવારીના રોજ સવારમાં ડોસમહમદે પણ પોતાના ઘરબારની જમીન ઉપર કેટલાંક માણસો એકઠાં કરયાં તે બખેડાની ઉત્તપતીની બાબતમાં ઘણીજ ભરસો રાખવા લાયક સાહેદી કોન્સટેબલ નોબીબક્ષ કે જેને સરકાર તરફથી તે ગામમાં સુલેહનો ભંગ નહી થવા સારૂ પ્રથમથી રાખવામાં આવેલો હતો અને જે તે બખેડાની વખતે તે બખેડાની જગોએ હાજર હતો તેની સાહેદી છે એમ અમારી નજરમાં આવે છે. આ શાહેદી ઉપરથી જણાય છે, કે તે સવારમાં ફકીરૂલ્લાની બારી આગળ ડોસમહમદ અને તેની ટોળીનાં કેટલાંક માણસો આવ્યાં અને તે કાંનસ્ટેબલના જોવામાં આવ્યું કે બેઉ બાજુ તરફથી તઇયારી થાય છે. અને તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એમ તેણે મા-

ન્યું. તેથી તેણે એક રીપોર્ટ લખી થાણા તરફ મોકલ્યો અને તે-માં એવા અરજ કરી હતી કે પોલીસ ઇનસ્પેકરે હાજર થવું પરંતુ તે પોલીશ ઇનસ્પેક્ટર આવી શકયો તે પહેલાં બેઉ બાજુ તરફથી બે ટોળીઓ ફકીરઉલ્લાની બારીના કીનારાની બાહાર તરત "ધાણું" સર-કારનું ખેતર છે તે ખેતરમાં તે બેઉ ટોળીઓ હથીઆર સાથે સામસામી થઈ. થોડીક લડાઈ થયા પછી ડોસમહમદની ટોળીનો એક ગરીબબુલા હતો તેને તેના કોઠામાં ભાલાથી ઝખમ થયો. આ ઉપરથી ડોસમહમદ ની ટોળી સુમારે પચાશ વાર દુર પુર્વમાં એક ઝાડ તરફ દોડી અને તે-ની પછવાડે ખાનસાહેબની ટોળી પડી અને પછી ડોસમહમદની ટો-ળીમાં ભાલા તથા લાઠીઓ સાથે કેટલાંક વધારે માણુસોની ભરતી થઇ ત્યારે ખાનસાહેબની ટોળી દોડી. પરંતુ સુમારે ૮૦ વાર દોડતાંની અંદરમાં કેટલાક આંબાના ઝાડની નજીકમાં તેઓના ઉપર હુમલો કરવામાં આવ્યો તેથી ફરીથી લડાઇ શરૂ થઇ અને તેથી તરતજ એક બોલાજનામનો મા ણુસ કે જે ડોસમહમદની ટોળીમાંનો હતો તેને મારી નાંખવામાં આવ્યો. ફકીરઉલ્લાની જમીન ઉપર જે કચેરી બાંધવામાં આવી હતી તે કચેરી ના બચાવ સારૂ ખાનસાહેબની ટોળી એકઠી થએલી તે કાયદેસર મંડળી હતી એવું બતાવવાને ઘણી તકરાર અમને જાહેર કરવામાં આવેલી છે. પ્રથમ તે ટોળીને ભેગા થવાનો હેતુ બચાવ કરવાનો હતો એમ હોય પરંતુ તેઓનાં કૃત્યો અને વર્તણુક તથા પાછળથી જે બનાવ બનેલો છે તે ઉપરથી સમજતાં અમારી નજરમાં આવે છે કે તેઓ અસલ ગુન્હો કરવાને તેમજ બચાવ કરવાને તેઓ મળેલાં હતાં. અને ખાનસાહેબે જે હીસ્સો ખરીદ કરેલો હતો તેની સાંધ વસુલ કરવાનો પોતાનો હક અગર ધારેલો હક તેઉ જબરાઇથી બલવાપરી બતાવવાનો હતો અને તા૦ ૧૭મી ના સવારમાં ડોસમહમદે તેઓના સામા થવાને માણુસોનું ટોળું જ્યારે એ કઠું કરયું અને જ્યારે તે અને તેના કેટલાક ભાગીઆઓ વીરૂધ ઇરાદાથી ફ-કીરઉલ્લાની બારી પાસે આવી પહોંચ્યા ત્યારે તેઓએ ફકીરઉલ્લાની બારીથી હથીઆર સાથે થયા. અને તે પ્રમાણે ડોસમહમદની ટોળી સાથે લડવાને એક સરખા હેતુથી તે પણ નીકળ્યા. પુરાવ ઉપરથી બેશક જણાય છે કે ડોસમહમદની ટોળી તે સવારમાં શરૂ હુમલો કરનાર હતી. અને ફ-કીરઉલાહની બારી પાસેથી ખાનસાહેબની ટોળીને આવવા સારૂ ગુસ્સો ઉતપન કરવા સારૂ ખુલી રીતે કેટલાંક કૃત્યો કરેલાં હતાં. પરંતુ બીજી બા જુ તરફ ખુલ્લું છે કે ડોસમહમદ અગર તેની ટોળી જે કાંઈ સામી તકરાર કરે તે સામી ટકર કબુલ કરવાને ખાનસાહેબની ટોળી તદન ખુ-શી હતી આ બેઉ ટોળીઓના માણુસો અગર દરેક બાજુના ઘણા માણુ-

સો લાઠીઓ અને ભાલા જેવા મોંત કરે તેવાં હથીઆરો સાથે હતા અને તેમાં ખાનસાહેબની ટોળીમાં ઘણા માણસો ધંધાના લડવાઇઆ હતા. તે બારીથી ખાનસાહેબની ટોળી નીકળી ત્યારથી તે ખુવાજનું મોંત થયું ત્યાં સુધી એક શરૂ લડાઇ થએલી હતી તે અમે જોઈએ છીએ પછી તે લડાઇ જુદી જુદી વખતે થએલી હતી તેની ચીંતા નહીં માટે અમારી નજરમાં આવેછે કે લડાઈ કરવાનો એક સરખો હેતુ પાર પાડવામાં ગરીબખુલા જખમ થયો હતો અને ખુવાજને મારી નાંખવામાં આવ્યો હતો.

જે શખસોએ એક સખશના ઉપર મહાવ્યથા કરી અને બીજા શખસનું ઘા કરી મોંત કરયું તે સખશો હાલ અમારી રૂબરૂ નથી તો પણ તે પાંચ કેદીઓ જે હકીકત બનેલી છે તે હકીકત બાબત કેટલે દરજજે જવાબદાર છે તે વીશે વીચાર કરતાં પહેલાં જખમ અને મોત કરી જે ગુન્હા કરવામાં આવેલા છે તે વીશે અમારો વીચાર કેવો થાય છે તે અમે બતાવીએ છીએ.

ગરીબખુલાની જખમની બાબતમાં અમારી નજરમાં આવે છે કે તેથી માહાવ્યથા થએલી છે એમ ઘણીજ સંતોષ કારક રીતે સાબેત થએલું છે. તે જખમ ભાલાનો હતો, અને તે ભાલો પેડુ ઉપરની ચામડીમાં પેઠેલો હતો. તે સખત જખમ હતો અને તેથી દાકતરથી સાબેત થાય છે તે પ્રમાણે તે માણસને પરીમાણે વીશ દીવસ કરતાં વધારે મુદત દવાખાનામાં રહેવું પડયું હતું. પરંતુ જો પરમેશ્વરની મેહેરબાની ના હોત તો તે માણસનો જાહાન જાત કારણ કે જો તે ભાલો પેડુની અંદર પેઠો હોત તો તેનું મોત થાત.

જે શખશને મારી નાંખવામાં આવેલો છે તેના સબંધી અમારા અભીપ્રાયમાં આવે છે કે તેને મારી નાંખવાથી શીક્ષણ્ય મનુંષ્યવધનો ગુન્હો થએલો છે પણ ખુન થએલું નથી. કારણ કે ખુવાજ પાકી ઉમરનો હતો અને બેઉ ટોળીઓ જાણીને તથા સમજીને લડતી હતી અને બેઉ બાજુઓ અગર તેમાંના ઘણા ખરા માણસો લાઠીઓ તથા ભાલા જેવા મોત કરે તેવા હથીઆરો સાથે હતા અને તે લડાઇની દરમીયાનમાં એક ટોળીએ અરસપરસ ખોટી રીતે ફાયદો લીધો હોય એમ પુરાવ ઉપરથી જણાતું નથી.

આ બાબતમાં એક બેંચ કે જેમાં અમે પણ હતા, તેમણે તારીખ ૧૩ નવંબર સને ૧૮૭૭ ના રોજ માહારાણી વી૦ દુકીયરના કામમાં ફેંસલો કરેલો છે તે અમે બતાવીએ છીએ. તે કામમાં હાલના કામના જેવી હકીકતથી જયારે મોત કરવામાં આવેલું હોય ત્યારે ગુન્હાનું

રૂપ કેવા પ્રકારનું છે તેનો વીચાર અમે કેટલોક લંબાણથી કરેલો છે, અને તેમાં અમે ઠરાવેલું છે તે ગુન્હો ખુનનો થતો નથી, કારણ કે તેનો હીં૦ ફોજદારી કાયદાની કલમ ૩૦૦ના ૫ મા અપવાદમાં સમાસ થાય છે. આ બાબતમાં બુધીપુરવક શીક્ષણીય મનુસ્યવધના ગુનહા વીશે ઈંગલાંડ અને હીંદુસ્તાનના કાયદામાં ભેદ બતાવ્યા પછી અમે કહેલું છે કેઃ—'એકાદો સખસ પોતાના સામાવાળા સાથે લડાઇ કરવાને મોત થાય તેવાં હથીઆર સાથે જાય અને તે સામાવાળા પાસે પણ મોત થાય એવું હથીઆર હોય તોતે લડવા જનાર શખ્સે જાણવું જોઇએ કે મારા જીવનું જોખમ થાય. અને તેથી બુધીપુર્વક તેવી સ્થીતીમાં પડેતો તેને તે જોખમ કરવાને કબુલત આપી એમ માનવુંજ જોઈએ. જો આ વીચાર લડાઈ કરનારની એક જોડને માટે બરોબર છે એટલે કે જે જોડ પહેલેથી વીચાર કરીને લડેલા હોય તેમને માટે બરોબર છે તો બે બખેડા અગર ટોળીઓ જેઓ લડવાને કબુલ કરે તેઓમાંના સખસોને એક સરખી રીતે તે લાગુ થાય છે કારણ કે દરેક બાજુ તરફ કેટલાકોની પાસે મોત થાય તેવાં હથીઆર હતાં એમ તમામ શખસોના જાણુંવામાં હતું".

આ કોર્ટના કેટલાક જડજો પ્રથમથી વીચાર કરી જેલડાઇ થએલી હોય તે બાબતને ૫ મો અપવાદ લાગુ કરવા વીશે અમારા વીચારથી જુદો વીચાર કરે છે તેનાં બે કારણો છેઃ—પહેલું કે જે શખસને મારી નાંખવામાં આવેલો હોય તેનો ઇરાદો પોતાનું બની શકે ત્યાંસુધી પોતે મરાય તેવો હતો નથી. પરંતુ તે અપવાદની ભાંશા જે કામમાં એક સખશે મોત થવાને કબુલ કરેલું હોય તેનેજ લાગુ છે એમ નથી. પરંતુ જે કામમાં તેને મોતનું જોખમ રાખવાને કબુલ કરયું હોય તે કામને પણ લાગુ થાય છે. ખ્વાજનો ઇરાદો પોતાનું બની શકે તો મોતમાંથી બચવાનો હતો. પણ જ્યારે સામા હથીઆર બંધ સાથે માણસોના સામુ થવાને હથીયાર બંધ માણશો સાથે સામો થયો અને તે તેણે બુધીપુરવક કરયું અને તેથી તેની કબુલત સાથે કરેલું છે. માટે તેણે મોતનું જોખમ ઓછું રાખ્યું છે એમ કાંઇ નથી.

બીજું કારણ એવું છે કે એકાએક લડાઇ થવાથી ચોથો સ્પષ્ટ અપવાદ છે તે અપવાદની બાબત થાય છે. માટે એવી તકરાર કરવામાં આવી છે કે પ્રથમથી વીચાર કરીને કરેલી લડાઇનો ૫ મા અપવાદમાં જે દાખલાઓ બતાવેલા છે તેમાંના એકેમાં સમાશ થાય એવો કાયદા કરનારાઓ ઇરાદો રાખી શકે નહીં. આ તકરાર ૫ મા અપવાદના મજબુત અર્થના આધારથી કરવામાં આવેલી હોય એમ અમને જણાતું નથી. પા-

ફી વયના સખસે ખુશી પુરવક કબુલત આપેલી હોય તેથી દરેક કામમાં પ્રથમથી વીચાર કરવામાં આવેલો હોય એમ થાય છે. સતીના કામમાં દુનીયાના અભીપ્રાય પ્રમાણે તે કામનો ૫ મા અપવાદમાં સમાશ થાયછે કારણ કે વીધવા વીચારીને એવો ઇરાદો રાખે છે કે મારે બળી મરવુંછે. અને જે સગાઓ તે વીધવાને બળી મરવાની ચીતા સળગાવે છે. તેઓ ઇરાદાથી અને ઘણુંજ પ્રથમના વીચારથી તે કત્લ કરેછે એવા ઇરાદા સાથે કે તે વીધવા બળસે અને તેનુ મોત થશે માટે તે લડાઇ પ્રથમથી વીચાર કરેલી હોય તેમાં એવું કાંઇ નથી કે જેથી ૫ મા અપવાદના અમલમાંથી તે બાતલ થાય. તે શબ્દોનો સાધારણ અને સ્વભાવીક અર્થ છે તે પ્રમાણે જો એકાદો હથીયાર બંધ સખશ એમ જાણતો હોય કે બીજો હથીયાર બંધ સખશ છે અને તેની સાથે વીચારથી તે લડે અને તેથી તે મોતનું જોખમ રાખવાની કબુલત આપે છે એમ જો અમારા વીચારવા મુજબ થતું હોય તો સામાવાળો જે સખશ તેને મારી નાખે તેને ૫ મા અપવાદના ફાયદામાંથી શા વાસ્તે બાતલ કરવો જોઇએ. કારણ કે બીજા એક અપવાદમાં અકસમાત લડાઇની અંદર એકાદો સખશ પોતાના સામાવાળાને મારી નાંખે તે વીશે ખાસ ઠરાવ કરવામાં આવેલો છે. પ્રથમથી વીચાર કરેલી લડાઇમાં એકાદો સખસ પોતાના સામાવાળાને મારી નાંખે તેથી અકસમાત લડાઇમાં જે હકીકતથી એકાદો સખશ પોતાના સામાવાળાને મારી નાંખે તે જુદી બાબત છે અને બેઉનો ગુનહો ફક્ત શીક્ષણીય મનુષ્યવધનો થાય એવો જો કાયદા કરનારાઓએ ઇરાદો રાખ્યો હોય તો તેવો ઇરાદો બે સ્પષ્ટ અપવાદો કરી સ્વભાવીક રીતે બતાવવામાં આવે. વળી મનુષ્યવધ બાબત ઇંગરેજી લામાં અકસ્માત લડાઇનો ભેદ કબુલ કરવામાં આવેલો છે. માટે તે કાયદો ઘડનારાઓએ ફક્ત અકસ્માત લડાઇની બાબત સ્પષ્ટ અપવાદ કરેલો છે એમ ધારી શકાય છે. અને તેથી પ્રથમ વીચાર કરેલી લડાઇનો જોખમ ખરી રીતે ૫ મા અપવાદનો સમાશ થતો હોય તો તે અપવાદમાંથી તે બાતલ કરવાનો તેઓનો ઇરાદો છે એમ નીકળતું નથી. મજબુત અર્થ અમારા મનમાં એવો છે કે જે કામોમાં પ્રથમના વીચારથી કરેલા કત્લને લીધે મોત થતું હોય અને જે સખશને મારી નાંખવામાં આવેલો હોય તેને પોતાની કબુલતથી મોતનું જોખમ રાખ્યું હોય તેવા તમામ કામોને ૫ મો અપવાદ લાગુ થાય છે અને ૪ થો અપવાદ જુદો છે તે જે કામોમાં અકસમાત પ્રથમથી વીચાર કરયા વીના થએલી લડાઇમાં મોત થાય તેને લાગુ થાય છે. અને તેથી કરીને ૫ મા અપવાદનો જે સ્વભાવીક અમલ છે તે કોઇ રીતે બંધનમાં આવતો નથી.

(પછી તે વીદવાન જડજે દરેક કેદીએ તે બખેડામાં ભાગ લીધેલો તે વીશેનો પુરાવ જોયો. અને શેશન જડજના હુકમમાં ફેરફાર કરયો.)

માટે શેશન જડજે જે ગુનહા સાબેત ઠરાવેલા છે તે ઠરાવ તથા શીક્ષાના હુકમો રદ કરવામાં આવસે અને અમે ઉપર જે ગુનહાની સાબેતીના ઠરાવ તથા શીક્ષાના હુકમો બતાવેલા છે તે તેને બદલે કરવામાં આવશે.

જષ્ટીશ ફીલ્ડ સાહેબઃ—જે ફેંસલો આપવામાં આવેલો છે તે સાથે અમે મળતા છીએ. તારીખ ૧૭ મીના શવારમાં તે ગામમાં ખાન સાહેબ તરફથી કેટલાક લાઠીઓવાળા માણસો એકઠા કરવામાં આવેલા હતા અને કેટલાક ડોશમહમદ તરફથી એકઠા કરવામાં આવેલા હતા.

ખરી રીતે હકીકત એવી બની છે કે તે કોનસટેબલ ડોશમહમદની બારી આગળ ગયો અને કેટલાક માણશો એકઠાં થએલાં છે એવુ માનવાને તેને કારણુ હોવાથી તે ફકીરઉલાની બારી આગળ ગયો અને ત્યાં પણુ તેવી સ્થીતી માલમ પડી. ડોસ મહમદના માણસો તે કાનસટેબલની પછવાડે ગયા. અને ફકીરઉલાની ઘરથારની જમીનની છેક નજીકમાં એક ધનું સરકારની અમુક જમીન છે ત્યાં મોરચો કરયો તે વખતે તે કાનસટેબલે એક રીપોટ લખી ભગવાન ચોકીદાર સાથે થાણામાં મોકલ્યો. અને ફકીરઉલાની બારી અગર ઘરથારની જમીનની દક્ષીણુમાં ફકીરઊલાની જમીન ઉપર થોડીક મુદત ઉપર કચેરી બાંધેલી છે તેમાંથી તે આવ્યો. અને તે વખતે ડોસમહમદે તેને જાહેર કરયું કે ફકીરઉલાની ઘરથારની જમીનમાં કેટલાક માણશો હથીયારબંધ એકઠાં થએલાં છે, માટે તેમને પકડવા જોઇએ. તે વખતે તે કાન્સટેબલે તે પ્રમાણે કરવાની આનાકાની કરી તેથી તેણે પોતાનો બતાવેલો ઇરાદો પોતે અમલમાં લાવવા સારૂ પોતાની મદદમાં પોતાના માણસોને બોલાવ્યાં. ડોશમહમદના ઘણા માણસો ડોશમહમદની બારીની પછવાડે રહેલા હતા. અથવા ફકીરઉલાની ટોળીના જોર વીશે ડોસમહમદે ખોટો વીચાર કરેલો છે એમ જણાય છે. ગમે તેમ હોય પણ ફકીરઉલાના માણશો ડોસમહમદના માણસોને ફકીર ઊલાની જમીન ઉપર આવવા દેવાને થોભ્યા નહીં. પણ તેઓએ શરૂઆત કરી અને હદ ઓલંગીને ધનુ સરકારની જમીન ઊપર ગયા અને ત્યાં બખેડા શરૂ થયો અને તે પેહેલોજ થયો.

આવી હકીકત છે તો અમારા વીચારમાં આવે છે કે ખાન સાહેબની ટોળી ફકત બચાવ તરફનું કામ કરતી હતી અગર બીજા શબ્દોમાં કહીએ તો જાત અગર મીલકતના ખાનગી બચાવનો હક વાપરતાં એમ

કહેવું અશક્ય છે. બેઉ પક્ષકારો હથીઆર બંધ હતા અને બેઉ લડવાને તઇયાર થઇ ગએલા હતા. અને નહી જેવી હકીકતને તો લડાઇ થાય તેવું હતુ એ કેવળ ખુલ્લું છે. દરેક ટોળીનો તે લડાઇ કરવાનો જીત મેળવવાનો હેતુ હતો. અને તેમ કરવામાં તેઓ જાણી બુજીને જાણતા હતા કે તે લડાઇનું જોખમ છે. એ કહેવું વ્યાજબી છે એમ અમારી નજરમાં આવે છે. આવી હકીકત છે. માટે પીનલકોડની કલમ ૩૦૦ નો ૫ મો અપવાદ લાગુ થાય છે એમ અમે કબુલ કરીએ છીએ અને જો કે શીક્ષા ઠરાવવામાં પ્રથમ કેઇ ટોળીએ શરૂ હુમલો કરેલો તેનો વીચાર કરવો જોઇએ. પરંતુ તે બાબત ઘણી અગત્યની છે એમ અમારી નજરમાં આવતુ નથી. જ્યારે એકાદો સખસ હથીઆરબંધ ટોળામાંનો હોય અને ખોઆજ જેમ મોત કરે તેવા હથીઆર સાથે હતો એવું પુરાવથી જણાય છે તેમ હથીઆર સાથે તે હોય અને તે લડાઇમાં ભાગ લે અને તે હથીઆર પોતાના સામાવાળાની વીરૂધ વાપરેતો કલમ ૩૦૦ ના ૪ થા અપવાદ પ્રમાણે જે કૃત્ય ભયંકર છે અને જેથી ઘણું કરીને મોત થવુંજ જોઇએ અગર સરીરને એવી ઇજા થવી જોઇએ કે જેથી મોત થવાનો સંભવ થાય તેવું તે જાણતો હતો એમ કહેવું વ્યાજબી છે એમ અમારી નજરમાં આવે છે કે હાલ જે પ્રમાણે કહેવામાં આવેલું છે તે પ્રમાણે મોત કરવાનું કાંઇ પણ જોખમ રાખવાના કાંઇ બાના શીવાય તેને આવું કૃત્ય કરેલું છે જ્યારે તે ખોવાજ અને તેની ટોળીને તેમના જેવા હથીઆર બંધ સખસો તેમના સામા થયા અને તેઓ પોતાનાં હથીઆર તેજ પ્રમાણે વાપરતા હતા. ત્યારે ૫ મા અપવાદના હેતુ પ્રમાણે તે પોતાની કબુલત સાથે મોતનું જોખમ રાખે છે.

ગુનાહની સાબેતીમાં તથા સીક્ષાના ઠરાવોમાં ફેરફાર કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૬ જુલાઇ સને ૧૮૮૦

મી૦ જસ્ટીસ વાહીટ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

ગોગનચંદ્ર ઘોઝ વીરૂધ કેસરેહીંદ.

પુરાવ, તે દાખલ કરવો—દીવાની દાવાના ફેંસલા ઉપરથી ઉતપન થતી ફરીઆદ.

અ એ એક ખત લખી આપનાર ઉપર દાવો કરયો તેમાં કોરટે પોતાના ફેંસલામાં બતાવેલાં કારણોથી એવું ઠરાવ્યું કે તે ખત લખી આપનારની સહીઓ ખરી નથી. તેથી જુઠો દસ્તાવેજ બનાવ્યાના આરોપ

વીસે અ ઉપર ફરીઆદ ચલાવવાને ઠરાવ્યું. જુરીની રૂબરૂ અ ની તપાસ ચાલતાં ફરીઆદ તરફથી તે દીવાની કોરટનો આ ફેંશલો પુરાવમાં રજુ કરવામાં આવ્યો. અને તેથી સેશન જડજે જુરીને આરોપ સમજાવ્યો તેમાં તે ફેંસલાના મજકુર ઉપર તેમણે ટીકા કરેલી છે.

ઠરાવવામાં આવ્યું કે આ ફેંસલો ગેરકાયદે દાખલ કરવામાં આવ્યોછે.

પાનું ૨૪૭ તોહોમતવાળા તરફથી મી૦ ; એમ. ઘોઝ તથા બાબુ બાઇકંઠનાથદાસ:—

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે જસ્ટીસ વાહીટ સાહેબે આપેલો છે તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છે:—

કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે કેદી ગોગનચંદ્ર ઘોઝને ગુનેગાર ઠરાવી પાંચ વરસ સખ્ત મજુરી સાથે કેદની સીક્ષા કરેલી છે તેથી તે ઠરાવ ઉપર તે કેદીએ અપીલ કરી છે.

જે હકીકત ઉપરથી આ ફરીઆદનું કામ ઉતપન થએલું છે તે એવી છે કે તે કેદીએ બાસીરામ મંડળ અને તેના બે ભાઇઓ બાબુરામ મંડળ તથા ધરણીધર મંડળની પાસેથી એક ખતની રૂઇએ મુદલ તથા બ્યાજના રૂ. ૭૨૬) લેવા દાવો કરેલો હતો. એવું કહીને કે તે ખત તે ત્રણે ભાઇઓએ તેને લખી આપેલું છે.

મુનશફના અભીપ્રાયમાં આવ્યું છે કે તે ખત તે ત્રણેમાંથી તે ધરણીધરે લખી આપેલું છે પરંતુ તે દાવો કાહાડી નાંખ્યો કારણ કે તેમના અભીપ્રાયમાં આવ્યું કે બીજા બે પ્રતીવાદીઓ બાશીરામ અને બાબુરામની સહીઓ જુઠી બનાવેલી છે અને તે વીશે તેમનો અભીપ્રાય એટલો બધો મજબુત હતો કે તે ખત ખોટું બનાવી તે ખોટું છે એમ જાણ્યા છતાં ખરા તરીકે વાપરયું એવી ફરીઆદ તે કેદી ઉપર ચલાવવાને તેમણે ઠરાવ કરેલો છે. અને તે ફરીઆદનો હમો હાલ વીચાર કરીએ છીએ.

આ કામની તપાસ જુરીથી કરવામાં આવેલી છે, અને જુરીએ એક મત થઇ એવો ઠરાવ કરયોછે કે કેદી તે ખત જુઠું બનાવટનું છે એમ જાણ્યા છતાં તે ખરા તરીકે વાપરયાનો ગુનેહગાર છે, અને એક સવાલના જવાબમાં તેઓએ કહેલું છે કે અમારા અભીપ્રાય પ્રમાણે બાસીરામ અને બાબુરામની સહીઓ જુઠી બનાવટની આવે છે, પરંતુ ધરણીધરની સહી ખરી છે દીવાની દાવામાં મુનસીફના ફેંસલા બાબત જો કે સાંમી હરકત લેવામાં આવી છે તોપણ ફરીયાદ તરફથી રજુ કરવામાં તે આવેલો અને જુરીને વાંચી બતાવવામાં આવેલો છે, અને વળી સેશન જડજે આરોપ જુરીને સમજાવ્યો, તેમાં તે ફેંસલાનો મતલબ જુરીને બતાવવામાં આવેલો હતો.

આ અપીલનું કારણ એ છે કે તે ફેંસલો પુરાવમાં દાખલ કરવામાં આવેલો છે તે બરોબર નથી, માટે તે ફેંસલો પુરાવમાંથી કોરાણે રાખવામાં આવે તો, તે ઠરાવ વ્યાજબી રાહે કરવાને પુક્ત પુરાવ નથી. શાંકી ત રીતે તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી, કારણ કે તે તેના તેજ પક્ષકારોનો બચેનો નથી. આ કામમાં કાયદા પ્રમાણે એક તરફ મહારાણી કેશરેહીંદ અને બીજી તરફ તે કેદી પક્ષકાર છે, અને તે દીવાની દાવામાં તે કેદી અને ત્રણ પ્રતીવાદીઓ પક્ષકારો હતા, અને વળી તે એવા વાશેશ ખરા કારણથી પુરાવમાં દાખલ કરવા લાયક નથી કે દીવાની દાવામાં અને ફોજદારીમાં જે હરયુ છે તે એકનો એક નથી, અને પુરાવનો બોજો પણ જુદા જુદા સખસોના શીર હતો. દીવાની દાવામાં તે ખત ત્રણે પ્રતીવાદીઓએ લખી આપેલું સાબેત થએલું નથી, તે કરતાં વધારે ઠરાવ કરવાની જરૂર નહી હતી. પણ જ્યારે મુનશીફે તે ખત જુઠુ બનાવટનુ ઠરાવી ફરીઆદ ચલાવવાનુ ઠરાવેલુ છે, ત્યારે તે ઠરાવ જુઠા દસ્તાવેજના સવાલ બાબત નથી. માટે તે તો ફક્ત એક અભીપ્રાય છે, સબબ જો કે તે અભીપ્રાય બતાવવાનો તેમનો હક છે તોપણ એક કો માજીસ્ટ્રેટ ફોજદારી આરોપ માટે કેદીને કમીટ કરી પોતાનો અભીપ્રાય બતાવે તે કરતાં વધારે તે પુરાવમાં રજુ થવો નહીં જોઇએ.

જડજે સારાંઉશમાં હકીકત સમજાવતાં જયુરીનું લક્ષ આ ફેંસલા ઉપર તથા તેમાં મુનશફે જે અભીપ્રાય બતાવેલો છે તે ઉપર ખેંચેલું અને તેમણે નીચે પ્રમાણે શબ્દો વાપરેલા છેઃ—"મુનશીફે એવું માન્યું છે કે તે ભાઈઓમાંના એક ભાઈ ધરણીધરે તે ખત લખી આપેલું છે, અને બીજાં નામો પાછળથી તે કેદીએ વધારેલાં છે, અગર તેની માહેતી સાથે અને બદદયાંનત ભરેલા ઈરાદા સાથે વધારેલાં છે. આ અગર ત્રણે નાંમો જુઠા બનાવટનાં હોય પણ ગુન્હો તેનો તે છે." પછી ખરી વાત છે કે જયુરીને જડજે કહ્યું છે કે "તમે કોઇ રીતે મુનશફના ઠરાવથી બંધાએલા નથી." ત્યારપછી વળી તેમણે જયુરીનું લક્ષ એમ ખેંચેલુ છે કે દીવાની દાવામાં પુરાવનો બોજો તે કેદી ઉપર હતો પણ જુઠા બનાવટના દસ્તાવેજ બાબતની તપાસમાં તે બોજો ફરીયાદ તરફની બાજુ ઉપર છે. પરંતુ તે ફેંસલો પુરાવમાં નથી, તેમ તેમનો અભીપ્રાય પણ પુરાવમાં નથી. માટે જડજે તે જયુરીને જો બતાવેલું હોય તો પણ તેમણે જયુરીને ફક્ત કહેવું જોઈતું હતું કે તેઓ તેથી બંધાએલા નથી એટલુંજ નહી પણ એમ પણ કહેવું જોઇતું હતું કે તે હકીકત તેમણે પોતાના મનમાંથી બીલકુલ કાહાડી નાંખવી જોઈએ. હવે અમારે એવો વીચાર કરવાનો છે કે તે હરકત લેવા લાયક પુરાવા શીવાય જયુ-

રીનો કરેલો ઠરાવ વ્યાજબી રાહાનો છે એમ ઠરાવવાને પુકત પુરાવ છે કે નહીં.

પછી તે વીદવાંન જડજે તે કામના પુરાવનો વીચાર કરયો અને છેવટે તેમના અભીપ્રાયમાં એવું આવ્યું કે . મુનશીફના ફેંસલા શીવાય બીજો પુરાવ જો માંનવામાં આવે તો પણ તે એવો પુકત નથી કે જેથી વ્યાજબી રાહે તે તોહોમતવાળાને નકી ગુનેગાર ઠરાવી શકાય. સબબ તેઉએ તેને નીરદોશ કરયાનો હુકમ કરયો.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૦ જુલાઇ સને ૧૮૮૦.

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ, અને મી૦ જસ્ટીશ તોટનહામ સાહેબોની રૂબરૂ.

નુરબક્ષ કાજી વીગરે વી૦ કેસરેહીંદ.

પુરાવ આકટ (સને ૧૮૭૨ ના આ૦ ૧ લા) ની કલમ ૩૦,૧૩૮ ફોજદારી કામમાં કબુલત—દીવાની કામમાં કબુલત—સાક્ષીઓની તપાસ જડજ—પીનલકોડ (સને ૧૮૬૦ ના આ૦ ૪૫) ની કલમ ૧૧૪, ૧૪૯ અને ૩૦૨.

એક કેદીના ઉપર બીજાઓની સાથે ગેરકાયદે મંડળીના અંગભુત તરીકેનો આરોપ રાખવામાં આવેલો, તેથી તેણે કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ એવી હકીકત કહેલી છે કે જેથી પોતાની સાથેના કેદીઓ ને તથા એક બીજા સખસને તેમાં ગુંથેલો છે. પછી તેણે પોતાની કહેલી તે હકીકત ખેંચી લીધી અને બીજી હકીકત કહેલી છે તેમાં તેણે પોતે ગુન્હામાંથી નીકળી જવાને કોશીશ કરેલી છે.

ઠરાવ્યું કે પુરાવ આકટની કલમ ૩૦ પ્રમાણે આ હકીકત બીજા કેદીઓના વીરૂધ પુરાવ નથી. તે કાંઇ ફોજદારી કામમાં કરેલી કબુલત નથી તેમ તે કેદીએ તોહોમતવાળો ગુન્હો કરયા બાબતની કોઇ રીતે કબુલત આપેલી નથી. પરંતુ તે વખતે પોતે ત્યાં હાજર હતો તેનો ખુલાસો આપવાને તેણે એવી રીતે કોશીશ કરી છે કે જેથી તે પોતે તેમાંથી બચી જાય, અને આવી હકીકતમાં બીજા સખસો તે બખેડામાં હતા, એવું કહેલું હતું તે તદન નહીં લાગતી હકીકત છે અને તેઓના વીરૂધ તે કોઇ પુરાવ નથી.

શેશન કોરટની રૂબરૂની તપાસમાં ફરીયાદ તરફના સાક્ષીઓની ફ-

રીયાદ તરફની તપાસ પુરી થતાં જે બાબત ઉલટ તપાસ નકી ગૌ- ગ્ય રીતે થવાની તે જડજે જાણવુંજ જોઈએ. તે બાબતો ઉપર જડજે તે સાક્ષીઓને લંબાણથી સવાલો કરેલા છે.

ઠરાવ્યું કે આવી રીતે કામ ચલાવવું એ ગેરશીરસ્તે છે, અને પુરાવ આકટની કલમ ૧૩૮ મીના ઠરાવ વીરૂધ છે.

દરેક બાજુના વકીલોએ મુદાનો શવાલ અથવા સવાલો પુછવા રહી ગએલા ના હોય તો, તે સાક્ષીઓને તપાસવા એ કોરટના અખત્યાર પછકી નથી, માટે તે આકટની કલમ ૧૩૮ મીમાં ઠરાવ્યા પ્રમાણે સાક્ષીઓની વ્યવસ્થા વકીલો કહે તેમ સામાન્ય નીયમ પ્રમાણે રાખવું જોઇએ.

પાનું ૨૭૯ કોઈ સો માણસોના ટોળામાં પાંચ સખસો જામીર મંડલ, તઇયબ, રાબીઉલ્લા, નુરબક્ષ, કાઝી, અને

ડાધુના ઉપર તે ટોળીના અંગભુત તરીકે હતા એવો આરોપ રાખવામાં આવેલો, અને તે ટોળું એક અમીરૂદીનખાંનની ઉશકેરણી ઉપરથી તા૦ ૧ લી ફેબરૂઆરી સને ૧૮૮૦ ના રોજ ભાલા તથા લાકડીઓ સાથે મોજા કુમારપુરમાંની અમુક જમીનનો કબજો લેવા ગએલું હતું એવું કહેવામાં આવેલું છે કે એક કાલુશેખે (જે કોરટની રૂબરૂ નથી.) એક કોબીન સરકાર કે જેણે પોતાની જમીન ઉપર તે ટોળીને પેશતાં શામી હરકત કરી હતી તેને ભાલો મારયો. અને જામીર મંડલે તેના માથા ઉપર લાકડી મારી, અને તે ઈજા થવાથી તે મરણ પામ્યો વળી તેજ વખતે તઇયબે એક રેઝાગહમદ કે જે કોબીનનો પીત્રાઇભાઈ થાય તેને ભાલાથી થોડોક જખમ કરયો અને તે વખતે ત્યાંહાં નુંરબક્ષ કાઝી (હથીઆર વીના) અને રબીઉલ્લા, અને ડાધુ (ગોત કરે તેવા હથીયારો સાથે) તે બખેડો કરનારાના આગેવાનો તરીકે હાજર હતા એવો આરોપ રાખવામાં આવ્યો છે.

પેહેલા કહેલા ચાર તોહોમતવાળાઓએ એવી તકરાર કરી છે કે અમે તે જગોએ હાજર નહી હતા. ડાધુને તા૦ ૫ મી ફેબરૂઆરીને રોજ પકડવામાં આવેલો તેણે કમીટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂ કહેલું છે કે હું હથીઆરબંધ માણસોની ટોળી સાથે કમારપુર ગએલો હતો. અને કાલુ, જામીર મંડલ, તઈયબ અને નુરબક્ષ તે ટોળીમાં હતા. પરતું તા૦ ૨૪ ફેબરૂઆરીના રોજ તેણે આ હકીકત શેશન જડજની રૂબરૂ નાકબુલ કરી કહયું છે કે બીજા હથીયારબંધ માણસો સાથે મને જબરાઈથી લેઇ જવામાં આવ્યો હતો. પરંતુ હું તેમની સાથે કમારપુરની નજીક હસએંડી કરીને જગા છે, ત્યાંસુધી ફકત ગયો હતો, અને ત્યાં હું

નાશી ગયો, અને હું કમારપુરમાં ગએલો નહીં તેથી નુરબક્ષ, રાબીઉ-લા,અગર જામીર મંડલને મે જોએલા નથી.

શેશન જડજે આસેસરોથી જુદા પડી ઠરાવ્યું છે કે નુરબક્ષ; જામીર મંડલ અને તઈઅબ એક સરખો હેતુ પાર પાડવાને શારૂ થએલી ગેરકાયદે મંડળીના અંગભુતો હતા. અને તેમાં એક કાલુએ ખુન કરેલુ છે અને તે ગુન્હો થવાનો સંભવ છે એવું તે જાણુતા હતા. અને જે વખતે તે ગુન્હો થઓ તે વખતે તેઓ હાજર હતા. અને તેથી તેઓએ ખરી રીતે મદદ કરી છે અને પીનલકોડની કલમ ૩૦૨ સાથે કલમ૧૧૪ ૧૪૯ વાંચતાં જે ગુન્હો બને છે તેવો ગુન્હો કરેલો છે. પરતુ એક આસેસર સાથે મળી તેમના અભાપ્રાયમાં આવ્યું છે કે ડાગુ અને રાબીઉલા મોત થાય તેવાં હથીઆરો સાથે બખેડો કરયાનો ગુન્હેગાર છે તેથી-તેને પીનલકોડની કલમ ૧૪૮ પ્રમાણે ગુન્હો કરેલો છે.

માટે તેમણે પાછલા બે સખશોને બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી અને પેહેલા ત્રણુને મોતની શીક્ષા કરેલી છેઃ—

હમેશની રીતી પ્રમાણે મોતની શીક્ષાની મંજુરી થવા સારૂ કામ હાયકોરટમાં મોકલવામાં આવ્યું અને તે શીક્ષાના હુકમ ઉપર નુરબક્ષ કાજી, જામીર મંડલ, અને તઈયબે અપીલ કરેલી છે.

અપીલવાળાઓ તરફથી મી૦ જાકશન અને મુનશી શીરાજલ ઇશલામઃ—કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ ડાગુએ જે હકીકત કહેલી છે. તે પુરાવ આકટની કલમ ૩૦ માં બતાવેલી કબુલત થઇ શકતી નથી. તે કેદીઓને ગુન્હામાં લાવવા સારૂ ડાગુ પોતેજ ગુન્હેગાર થવો જોઇએ તેમ તેણે કરયું નથી. ડાગુને તેની પોતાની હકીકત ઉપર ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. તેમ ડાગુની કહેલી હકીકત ઉપરથી તે કેદીઓને ગુન્હેગાર ઠરાવી શકાતા નથી. વળી તે કહેલી હકીકત સેશન કોરટમાં ખેંચી લેવામાં આવી છે. (ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબેઃ—જો તેને કહેલી હકીકતથી તેની એવી કબુલત થતી હોય કે તે ગેરકાયદે મંડળીનો અંગભુત હતો તો તે નકી તેના વીરૂધ પુરાવ છે. અને અમીરૂદીનના માણુસો સાથે તે હાજર હતો એ તેની નકી કબુલત છે.) કલમ ૩૦ પ્રમાણે એકાદી હકીકત ઉપરથી કબુલત થવાને એવું જણાવવું જોઇએ કે જે સખસના વીરૂધ તે વાપરવામાં આવે તે જેટલે દરજજે વપરાય તેટલે દરજજે તે કબુલત કરનાર સખસ ગુન્હેગાર થાય છે. માહારાણી વીરૂધ બેલાતઅલી, વળી માહારાણી વીરૂધ મોહેશ બીસવાસનો ઠરાવ જુઓ. કબુલત અને ફોજદારી રાહે કબુલત તેમાં ભેદ છે. ફોજદારી રાહ

ની કબુલત એવી જોઈએ કે જેથી બીજા પુરાવા શીવાય કોરટ વરતી શકે. (ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબઃ—જો તે હકીકત નુરબક્ષ હાજર હતો તે બતાવવાના કારણશર પુરાવામાં દાખલ કરવા લાયક હોય તો શું હમે તે કબુલતને બીજા પુરાવ સાથે જોડી શકીએ નહીં. જો કોરટને એમ ખાતરી થાય કે તે કેદીઓજ હતા. તો શું તેથી બસ ના થાય.) માહરાણી વીરૂધ ચાતા ગોવિંદાના કામના ઠરાવથી તેનો જવાબ થાય છે તે કામમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે એકાદા ગુનહાનો મદદ કરનાર તે ગુન્હો બનતી વખતે હાજર હોય તેથી તેના ઉપર જો મુખ્ય ગુનેગાર તરીકે તેના ઉપર આરોપ રાખવામાં આવે તો તે ગુન્હો કરવામાં આવ્યો. ત્યાં સુધી તેની મદદ જારી હોવી જોઇએ, તે હકીકત બનતાં પહેલાં હરકોઈ વખતે પોતાનું મન તે ફેરવે અને મદદમાંથી નીકળી જાય. કલમ ૩૦ માં જે એવા શબ્દો છે કે "કોરટ વીચારમાં લેવા મુખત્યાર છે" તેનો શો અર્થ કરવાનો છે. નુંરબક્ષની ગેરહાજરીમાં તે હકીકત કહેવામાં આવી છે એવો કાંઈ પુરાવ નથી. તે તા૦ ૬ ફેબરવારીના રોજ કહેવામાં આવી હતી અને તે તારીખે નુરબક્ષને પકડેલો છે અને ફરીઆદ તરફના જે સાક્ષીઓ છે તે મરનારના નજીકના સગાઓ છે તહયબના વીરૂધની હકીકતની બાબતમાં એવી સુચના કરવામાં આવી નથી કે ખુન કરવામાં આવ્યું તે વખતે તે હાજર હતો. પીનલકોડની કા. ૧૪૯ નો ઈરાદો ખુનના આરોપ સબંધી નથી. માહારાણી વીરૂધ સાબેત અલીનો ઠરાવ જુઓ.

સરકાર તરફથી કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

(તેઉ સાહેબે કામની હકીકત કહીને દરેક કેદી વીરૂધનો પુરાવ તપાસ્યો. અને કમીટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂ નુંરબક્ષને હરકત કરતા હકીકત ડાગુએ કહેલી છે તે વીશે તેઉ સાહેબે કહયું છે):—

વળી જડજ તે કેદીઓમાંના એક ડાગું નામના કેદીએ અસલ કબુલત કરી એમ તેઉ કહે છે (કે જેને પીનલકોડની કલમ ૧૪૮ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે) તે કબુલત તેણે કમીટ કરનાર માજીસ્ત્રેટ રૂબરૂ કરેલી તેમાં તેણે કહયું છે કે નુરબક્ષ કાજી હાજર હતો તે ઉપર કેટલું વજન આપેલું છે ડાગુની આ હકીકત જે અમે વાંચી છે તે પુરાવ આકટની કલમ ૩૦ પ્રમાણે નુરબક્ષના વીરૂધ કોઇ રીતનો પુરાવ નથી એમ જડજને બતાવવાને અમારી ફરજ છે, કારણ કે તે કબુલત નથી. અને તેથી ડાગુએ પોતે એવી કબુલત કરી હોય કે પોતે તોહોમતવાળા ગુન્હાનો કોઇ રીતે ગુન્હેગાર છે. એવી તે કબુલત થતી

નથી. પરતુ તે હકીકતથી તો તેણે પોતે તે ગુન્હામાંથી નીકળી જવાને કોશીશ કરવા સારૂ તે પોતે ત્યાં હાજર હતો. તેનો ખુલાસો આપેલો છે. આવી કહેલી હકીકતમાં બીજા સખસો બખેડામાં હતા એ બીલકુલ લાગતી હકીકત નથી. કલમ ૩૦ અગર બીજી રીતે તેમના વીરૂધ તે પુરાવ નથી.

(પછી વીદવાંન ચીફ જસ્ટીશ સાહેબે પુરાવ તપાસી તુરબક્ષ સબંધી ઠરાવ્યું કે તે વખતે તે હાજર હતો. તે વીશે પુકત પુરાવ નથી. માટે તેના સબંધી ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે છે બીજા બે અપીલવાળાઓ સબંધી ચીફ જસ્ટીશ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે તેઓ ગેરકાયદે મંડળીના અંગભુતો હતા. પરંતુ તે મંડળીનો હેતું કોબીનનુ ખુન કરવાનો હતો એવું બતાવવાને પુકત પુરાવ નથી. તેમ તે મંડળીના આગેવાનો તરીકે તેનું ખુન કરવાને બીજાઓને ખુલી રીતે ઉશકેરયા એવો પણ પુરાવ નથી, પરંતુ પીનલકોડની કલમ ૧૪૮ પ્રમાણે ફકત બખેડા બાબતનો પુરાવ છે. પછી છેવટે તે વીદવાન ચીફ જસ્ટીશ સાહેબે નીચે પ્રમાણે કહયું છે):—

અમારી નજરમાં આવે છે કે ફરીઆદ તરફના સાક્ષીઓ તપાસવામાં શેશન જડજે જે રીતી પ્રસંદ કરેલી છે તે પુરાવ આકટની કલમ ૧૩૮ના ઠરાવ વીરૂધ છે અને તે કેદીઓની બાબતમાં વ્યાજબી નથી. એમ શેશન જડજને બતાવવું બરોબર છે.

અમારા અભીપ્રાયમાં આવેછે કે મુખ્ય તપાસ પુરીથઇ એટલે તે જડજે જાણવુંજ જોઇએ કે જે બાબતો કે કેઇ બાબતો ઉપર નક્કી અને યોગ્ય રીતે ઉલટ તપાસ કરવામાં આવશે તેમ છતાં તેમણે તે બબતો ઉપર ઘણું કરીને તમામ સાક્ષીઓને ઘણી લંબાણથી પુછેલું છે. અલબત આથી પરીણામ એવો થઓ છે કે કેદીના વકીલોની ઉલટ તપાસ કરવાને જે કારણોથી જે બાબતો યોગ્ય હતી. તે બાબતોનો ખુલાસો કરવાને સાક્ષીઓને મદદ કરી તેથી તે ઉલટ તપાસનો અસર ઘણે દરજજે નહીં જેવો થએલો છે.

બેમાંથી એક તરફના વકીલો જયાંસુધી મુદાનો શવાલ અગર શવાલો પુછવા છોડી દે નહીં ત્યાં સુધી શાક્ષીઓને તપાસવા એ કોરટના અખત્યાર પૈકી નથી. માટે કોરટે તો સામન્ય નીયમ તરીકે તે આકટની કલમ ૧૩૮માં ઠરાવ્યા પ્રમાણે સાક્ષીઓને વકીલોથી બ્યવસ્થા થાય એ પ્રમાણે રાખવા જોઇએ. કલમ ૧૬૫માં સવાલો કરવાનો જડજને જે અખત્યાર આપવામાં આવેલા છે તે આ કામમાં જે રીતી અમે બતાવી છે તે રીતીએ વાપરનો ઇરાદો નક્કી નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૭ સપટેમ્બર સને ૧૮૮૦

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ શંકર ગોપ.

ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૬૬—ઈંગરેજ સરકારના મુલકની બાહાર ચોરેલો માલ ઇંગરેજ સરકારના મુલકની અંદર બદદાનતથી રાખવો.

નેપાલની એક રઈયતે નેપાલમાં એક ઢોર ચોરેલું તે લેઇ અંગરેજ સરકારના મુલકમાં આવ્યો. અને ત્યાં તેને પકડી એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી. ઠરાવવામાં આવ્યું કે ચોરી બાબત તેની તપાશ થઈ શકતી નથી. પરંતુ તેણે બદદાનતથી ચોરેલો માલ રાખ્યો તે બાબત તેને ગુન્હેગાર ઠરાવી શકાય છે.

માહારાણી વીરૂધ લખીઆ ગોવંદના કામના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૩૦૭   ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે આ રેફરંશ કરેલું છે.

એક નેપાળની રઈયતે નેપાળમાં બે જુદા જુદા સખસોની ગરથારની જમીનમાંથી ઢોર ચોરયું અને તે લેઈ ઈંગરેજ સરકારના મુલકમાં આવ્યો. તેથી તેને પકડવામાં આવ્યો અને પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે મોહુબારીના કામ ચલાઉ જોઇંટ માજીસ્ટ્રેટે એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા તેને કરી.

દરભંગાના કામ ચલાઉ માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તે કામ અંગરેજ સરકારના મુલકમાં ચાલવા લાયક નથી. માટે તે બાબત તેમણે હાયકોરટમાં પૂછ્યું.

હાયકોરટનો અભીપ્રાય ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે શંકરગોપને પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે કાયદેશર છે સબબ અમારે તેમાં હાથ ઘાલવો નહીં જોઈએ. શંકરગોપે નેપાળના રાજ્યમાં ઢોર ચોરેલું કબુલ કરયું છે. અને ઈંગરેજ સરકારના મુલકમાં તેના કબજામાં તે ઢોર માલમ પડયું છે. ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૬૬ દ્રષ્ટાંત ન માં ઠરાવ્યું છે કે ચોરેલો માલ લીધા

બાબત અથવા રાખ્યા બાબતના આરોપનો તપાશ જે જીલામાં માલ ચોરવામાં આવેલો હોય તે જીલામાં અગર જે જીલામાં ને માલમાંનો કાંઇ પણ માલ બદદાનતથી લેવામાં અગર રાખવામાં આવ્યો હોય તે જીલામાં યોગ્ય રીતે ચાલી શકે છે. હવે આ ચોરી ઈંગરેજ સરકારના મુલકની બાહાર થએલી છે માટે તે ગુન્હાનો તપાશ આપણી કોરટમાં થઈ શકતો નથી. માહારાણી આદી વી૦ ગાડુના કામનો ઠરાવ જુઓ. પરંતુ આ કામતો ઈનડીઅન લા રીપોટમાં માહારાણી વીરૂધ લખીઆ ગોવંદના કામમાં કરેલો ઠરાવ પ્રશીધ્ધ કરવામાં આવેલો છે તેને ઘણું મળતું છે. માટે અમારા વીચારમાં આવે છે કે ગુન્હાની સાબેતીનો ઠરાવ ચાલી શકે છે.

પરરાજ્યમાં ભરેલા ગુન્હા સબંધી કાંઇ પણ કહેવાની જરૂર નથી. તે બાબતની વ્યવસ્થા સરકારના હુકમ પ્રમાણે સ્થાનીક અધીકારીઓ કરશે.

ગુન્હાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૭ અકટોંબર સને ૧૮૮૦

સર. રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મેકલીન સાહેબોની રૂબરૂ.

મતુલાલ ઘોઝ વીગરેના કામમાં

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૪૭૧, ૪૬૭. ૧૫૩—ફોજદારી કામ ચલાવવું, દીવાની કોરટમાં ચાલુ અપીલ.

દીવાની અથવા ફોજદારી કામ ચલાવવાની દરમીયાનમાં જડજ અથવા માજીસ્ત્રેટની નજરમાં જો એમ આવે કે તે કામના પક્ષકારોએ અથવા સાક્ષીઓએ જુઠા શોગન ખાધા છે અથવા સાર્વજનીક ન્યાય વીરૂધ બીજો કાંઇ ગુનોહ કરેલો છે તો, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૧ મી પ્રમાણે પોતાની કોરટમા જે તપાસ થએલી હોય તે કરતાં કાંઇ વધારે તપાસ કર્યા વીના ફોજદારી કામ ચલાવવાને બાજબી રાહે ઠરાવી શકે છે.

એકાદા સખસને તેની પોતાની ઉલટ સુલટ કહેલી હકીકત ઉપરથી સોગનના આરોપ બાબત કમીટ કરતાં પેહેલાં જે કામમાં જુઠા સોગનનો આરોપ રાખવામાં આવેલો હોય તે કામમાં અપીલ ચાલુ હોય તો તે અ

પીલની સુનાવણી થતાં સુધી ઠરાવ થોભે તો કુલ અખત્યાર અને બોમ્બલા પ્રમાણે તે બરોબર છે.

પાનું ૩૦૮ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૭. ૪૭૧ ૧૯૩ પ્રમાણે દીવાની દાવામાં જુઠા સોગન તથા જુઠા દસ્તાવેજ બાબત મુનીલાલ ઘોજ, રામકુમાર મંડળ, બેચારામ રાય, અને હેરૂલાલ ગોજના ઉપર હુગલીના જીલા જડજે ફરીયાદ ચલાવવાને હુકમ કરેલો હતો.

તોહોમતવાળાઓ તરફથી હાય કોરટમાં એવી અરજી કરવામા આવી કે દીવાની દાવામાં કરેલા અપીલ સ. મળતા સુધી તે ફોજદારી પ્રોસીડીંગ બંધ રાખવું જોઇએ.

અરજદાર તરફથી બાબુ જગતચદ્ર બાનરજીએ એવી તકરાર કરીકે જીલા જડજનો હુકમ રદ કરવો જોઇએ, અગર તે બધ રાખવો જોઇએ અને તે જડજે એવો હુકમ કહાડવો જોઇતો હતો કે અરજદારો ઉપર કલમ ૪૭૧ મી પ્રમાણે ફરીયાદ ચલાવતાં પહેલાં તે ફરીયાદ ચલાવવી શા વાસ્તે નહી જોઈએ તેનું કારણ બતાવવું—માહારાણી વી૦ બાઇજુલાલ

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આ પ્યો છે

ફોજદારી કામ રદ કરવાને અથવા તે બધ રાખવા કાંઇ સબબ નથી એમ અમારી નજરમાં આવે છે.

આ કોરટનો ફુલબેંચનો ઠરાવ રાંમપ્રસાદ હજરાની અરજીની બાબતમાં છે તે આ બાબતમાં પ્રતક્ષ આધાર છે. તે ઠરાવ એવો છે કે જ્યારે જીલા જડજે દીવાની દાવો ચાલતાંની દરમીયાનમાં તેના પક્ષકારો અથવા તેમાંના સાક્ષીઓના ઉપર ફોજદારી ફરીઆદ ચલાવી હોય તો અપીલમાં તે જડજનો દીવાની કામમાં જે ઠરાવ હોય તે ઠરાવની હાય કોરટ સુનાવણી કરે ત્યાંહાં સુધી તે કામ બંધ રાખવાનો હાય કોરટને અખત્યાર નથી.

બીજી બાબતમાં માહારાણી વી૦ બાઇજુલાલના કામનો ઠરાવ કાંઇક ખોટો સમજવામાં આવેલો છે; એમ અમારી નજરમાં આવે છે. તે ઠરાવ ઉપરથી એમ ધારવામા આવેલું જણાય છે કે દીવાની કે ફોજદારી જે કોરટે કામની તપાસ કરી સુંનાવણી કરેલી હોય તે કોરટને પ્રથમ તપાસ કરયા વીના અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૧ મી પ્રમાણે શા વાસ્તે તે કામના કોઇ પક્ષકારના વીરૂધ કામ નહી ચલાવવું તેનું કારણ પુછયા વીના તેવું કામ ચલાવવાનો હક નથી.

અમારી નજરમાં આવે છે કે આ એક સ્પષ્ટ ચુક છે. દીવાની કે ફોજદારી કામ ચાલતાંની દરમીયાનમાં જડજ અથવા માજીસ્ટ્રેટની નજરમાં એમ આવે કે તે કામના પક્ષકારોએ અથવા સાક્ષીઓએ જુઠા સોગન ખા

યા છે, અથવા સારવજનીક ન્યાય વીરૂધ બીજો કોઇ ગુનહો કરેલો છે તો, તેમણે પોતાની કોરટમાં જે તપાસ કરેલી છે તે શીવાય વધારે તપાસ કરયા વીના તે સખસો ઉપર કલમ ૪૭૧ મી પ્રમાણે ફોજદારી કામ ચલાવવાનો તેઓ વ્યાજબી રાહે હુકમ કરી શકે છે.

મી૦ જષ્ટીસ મેકફરસને તેજ કામમાં ઘણું સ્પષ્ટ રીતે કહેલું છે કે "દીવાની તપાસ ચાલતાની દરમીઆનમાં એક ફોજદારી ગુનહો થયા વીશે ખુલ્લો અને ભુલ વીનાનો પુરાવ જો જડજની રૂબરૂ હોય અને તે તપાસ થયા પછી વીચાર કરતાં જો જડજની નજરમાં એવી જરૂર લાગે કે તે કામ એકદમ ચલાવવું જોઇએ તો, અલબત તેમ કરવું તે બરોબર છે."

માટે પ્રોબેટના કામમાં જડજે જે તપાસ કરેલી છે તે કરતાં બીજી વધારે તપાસ તેઓના ઉપર કામ ચલાવતાં પહેલાં કરવી જોઇતી હતી તે કારણથી આ કામનું પ્રોસીડીંગ અમે શમજી શકીએ છીએ તે પ્રમાણે રદ કરવાનુ કાંઇ કારણુ નથી.

તેની સાથે અમારી નજરમાં એમ આવે છે કે જે ફેંસલો અમે બતાવેલો છે તે ફેંસલામા મી૦ જસ્ટીસ માકફરસન સાહેબે તાબાની કોરટોને જે ઘણી સરસમાં સરસ સલાહ આપેલી છે તે ઉપરથી તે જડજને ચેતવણી મળી શકે છે. આ કામના ગુણદોશ બાબત અલબત અમે કાંઇ અભીપ્રાય આપતા નથી. પરંતુ જ્યારે તમામ પુરાવ એક રીતનો છે અને આ કોરટમાં અપીલ ચાલુ છે ત્યારે ફોજદારી કામ ચલાવવું એ કાંઇક અવીચાર ભરેલું છે એ નકી જણાય છે. તોહોમતવાળાઓની તેમની પોતાની કહેલી ઉલટ સુલટ હકીકત ઉપરથી તેમને જુઠા શોગન બાબત કમીટ કરવાને તે જડજે હીમત ધરી તે પેહેલાં ડહાપણ અને અને યોગ્યતા તરીકે તે અપીલની સુનાવણી થતાં સુધી તેઉ થોભી શકતા હતા એમ અમારી નજરમાં આવે છે.

અરજી કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ સપટેંબર સને ૧૮૮૦.

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જષ્ટીસ તથા મી૦ જષ્ટીસ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

કાશીચંદર મોઝુમદારની અરજીની બાબત.

જગતચંદર મોઝુમદાર વીરૂધ કાસીચંદર મોઝમદાર.

જુઠી સાહેદી આપ્યા બાબત ફરીઆદ ચલાવવાને મંજુરી-ફો. કા.

આ ની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આ૦ ૧૦) ની કલમ ૪૬૮ મં જુરી આપવાની હકુમત—પુરાવ વગર કામનો ફેડચો કરવો—જડજોની ફરજો—પ્રતીજ્ઞા કરવાની જરૂર નહી તેમ છતાં પ્રતીજ્ઞા કરેલી અરજીના પુરાવ ઉપરથી જુઠી સાહેદી બાબત ફરીઆદ ચલાવવી તે.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬૮ પ્રમાણે કામ ચલાવવા ની પરવાનગી આપવાને જે કોરટોને હકુમત છે તે જે કોરટોની રૂબરૂ ગુનહો બનેલો કહેવામાં આવેલો હોય તે તથા તેની કોરટો જે કોરટોને તાબે હોય તે કોરટો છે.

ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબ—જે કામનો નીકાલ પુરાવ જોયા વીના કરવામાં આવેલો હોય તો જે કોરટમાં દાવો કરવામાં આવેલો હોય તે કોરટને સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬૮ પ્રમાણે તે દાવાના કોઇ પક્ષકાર ઉપર ફોજદારી કામ ચલાવવાની મંજુરી આપવાનો અખ્તીઆર હોય તોપણ તે પ્રમાણે કરવાથી ઘણું યોગ્ય અને ડહાપણ ભરેલા કુલ અખ્તીઆર વીરૂધ કરેલું થાય છે. કારણ કે તે દાવાના અગર બચા વ વીશે શુધ અંતઃકરણ બાબત ન્યાય કરવાને ઉપલી કોરટને લાગ મળી શકતો નથી.

પાનું ૪૪૦   પબનાના જીલા જડજે નીચેની હકીકતથી એક ફરીઆદ ચલાવવાને પરવાનગી આપેલી તે પરવાનગીનો હુકમ આ અરજીથી રદ કરવામાં આવેલો છેઃ—

તા૦ ૧૭ જુલાઇ સને ૧૮૬૮ ના રોજ એક જગતચંદર મોજુમદારે રાજસાહીગાં અમુક નાણાની રકમ વ્યાજ સાથે આપવાને સારૂ એક કાશીચંદર મોજુમદારને અમુક મીલકતનું ગીરો ખત લખી આપ્યું છે. તા૦ ૨૮ અકટોબર સને ૧૮૭૮ ના રોજ સને ૧૮૦૬ ના કાયદા ૧૭ પ્રમાણે ગીરોથી ચડાવવાનો હક બંધ થવા સારૂ રાજસાઇ કોરટમાં તે ગીરો રાખનારે પ્રતીજ્ઞા કરી એક અરજી આપેલી છે આ અરજીની તારીખ પછી રાજસાઇ જીલાના વીભાગ કરવામાં આવ્યા અને ગીરોવાળી જમીન પબના જીલામાં ગઇ તા૦ ૧૫ ડીસેબર સને ૧૮૭૯ ના રોજ રાજસાઈ કોરઠમાં ગીરો આપનારે એક સામી અરજી આપેલી છે તેમાં કહેલું છે કે ગીરોવાળા તમામ નાણું આપવામાં આવેલાં છે. (તે કહેવાની પુષ્ઠીમાં એક રજીષ્ટર થએલી પહોંચ ફાઇલ કરવામાં આવી છે તે પહોંચ જોતાં તે નાણું સને ૧૮૬૯ માં આપવામાં આવેલાં હોય એમ જણાય છે) અને અરજ કરી છે કે તે મીલકત સદરહુ ગીરોની જવાબદારી માંથી છુટી થએલી છે એમ ઠરાવવું જોઇએ. તે ગીરો રાખનારે તે અરજીના સામા થઇ તકરાર કરી કે જો કે નાણું આપવાને માટે કબુલ કર-

વામાં આવ્યું હતું. અને તે આપવાં જોઇએ એવો ઇરાદો રાખેલો હતો તોપણ ખરી રીતે તે નાંણું આપવામાં આવેલા નથી, તા૦ ૨૪ ફેબરવારી સને ૧૮૮૦ ના રોજ તે ગીરો રાખનારે તે દાવામાં બીજી અરજી આપી તેમાં એવું કહેલું છે કે તે બાબતનું અંદર અંદર સમાધાન થએલું છે, માટે ગીરોથી છોડાવવાનો હક બંધ થવાના દાવામાં જે અરજી છે તે ફાઇલ ઉપરથી કાહાડી નાંખવી જોઇએ. કબુલતથી તે અરજીમાં માગ્યા પ્રમાણે હુકમનામું કરવામાં આવ્યું.

સને ૧૮૮૦ ના જુલાઇ માસમાં તે ગીરો આપનારે પબનાના જીલા જડજને એવી અરજ કરી કે કાશીચંદર મોજુમદાર (ગીરો રાખનાર) તા૦ ૨૮ અકટોબર સને ૧૮૭૮ ના રોજ અરજી આપેલી છે તેમાં કહેલી હકીકત બાબત પીનલકોડની કલમ ૧૯૩ પ્રમાણે તેના ઉપર ફરીઆદ ચલાવવાને પરવાનગી આપવી જોઇએ તેથી તે જીલા જડજે રાજસાઇ કોરટમાં ચાલેલા કામનો વીચાર કરતાં તથા રજીષ્ટર કરાવેલી પહોંચ લક્ષમાં લેતા તે ફોજદારી કામ ચલાવવાની પરવાનગી આપી.

તે ઉપરથી કાશીચંદર મોજુમદારે જીલા જડજનો તે હુકમ રદ કરવાને હાય કોરટમાં અરજી કરી અને તે હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણુ બતાવવાને સામી બાજુ ઉપર હુકમ કરાવ્યો.

તે હુકમની પુષ્ટીમાં મી૦ એમ. એન. ઘોઝ અને બાબુ કાળીચરણ બાનરજી:—પબનાના જડજે તે હુકમ કરવાને હકુમત નહી હતી કારણ કે જો કાંઇ જુઠી શાહેદી આપવામા આવેલી છે તો તે રાજસાઇના જડજની હકુમતમાં આપવામાં આવેલી છે પણ તે હુકમ કાયદેસર છે એમ ધારીએ તો તે હુકમ વ્યાજબી રાહે કરવાને તે જડજની રૂબરૂ પુક્ત પુરાવ નહીં હતો. વળી સને ૧૮૭૮ ના અકટોબર માસમાં ફાઇલ કરેલી અરજી ઉપર પ્રતીજ્ઞા અગર શોગન ખાવાની જરૂર નહીં હતી. માટે અમસ્તી પ્રતીજ્ઞા કરવાથી પીનલકોડ પ્રમાણે જુઠી સાહેદી આપવાના ગુનાહ બાબત તે અરજદાર જવાબદાર થતો નથી.

સદરહુ હુકમના સામી તકરાર કરવાને કોઇ હાજર થયું નથી:—

કોરટનો ફેંસલો ચીફ જષ્ટીસ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

કામની હકીકત કહ્યા પછી તેઉ સાહેબે કહ્યું છે કે તે હુકમ બરોબર નથી એવી જે કારણુથી તકારાર કરવામાં આવેલી છે 'તે પબના કોરટના જડજને તે હુકમ કરવાની હકુમત નહી હતી તે છે.

ફકત આ કારણુ ઉપરથી ખુલ્લી રીતે તે હુકમ કાયદા વીરૂધ છે એમ અમને જણાય છે. પીનલકોડની કલમ ૧૯૩ પ્રમાણે ન્યાયની રૂઇના કામમાં જુઠી સાહેદી આપ્યા બાબત તે કાશીએ ગુનોહ કરેલો છે એમ કહે

ખામાં આવેલું છે અને આ સુધી સાહેદી શને ૧૮૭૮ માં રાજસાહીની જીલ્લા કોરટમાં જે અરજી ફાઇલ કરેલી છે તે અરજીની ચોથી કલમમાં છે જો આથી કાંઇ પણ ગુનોહ થતો હોય તો અમને ખુલું જણાય છે કેવો ગુનોહ રાજસાહીની જીલ્લા કોરટની રૂબરૂ કરવામાં આવેલો છે માટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮ પ્રમાણે કાંઇ પણ ફોજદારી કામ ચલાવવાને પરવાનગી ફક્ત તે કોરટ અગર જે કોઇ કોરટને તાબે રાજસાહીની કોરટ હોય તે કોરટ તે મંજુરી આપી શકે છે. જે ગુનોહ કરયો કહેવામાં આવેલું છે તે વખતે પબનાની જીલ્લા કોરટ હતીજ નહીં, માટે તે ગુનહો નકી તે કોરટની રૂબરૂ થએલો નથી.

પબનાના જીલા જડજના સમજવામાં એમ આવેલું જણાય છે કે તે ગીરોવાળી જમીન પબનાની હકુમતમાં સોંપવામાં આવી ત્યારથી જે ગુનહા બાબત કાશીના ઉપર આરોપ રાખવામાં આવેલો છે તે ગુનહો પબનાની જીલા કોરટની રૂબરૂ થએલો છે એમ ગણવુંજ જોઇએ. પણ આ એક ખરી રીતે ભુલ છે ગીરોવાળી મીલકત કેઇ હકુમતનીઅંદર છે તે સવાલ નથી પરંતુ ગુન્હો કેઇ કોરટની રૂબરૂ બન્યો તે સવાલ છે. અને જો કાંઇ ગુનહો બન્યો હોય તો તે રાજસાઇની જીલા કોરટની રૂબરૂ બનેલો છે. સબબ અમારી નજરમાં આવે છે કે ફકત આ કારણથી પબનાના જડજે આપેલી મંજુરી કાયદેસર નથી.

પરંતુ વળી એવી તકરાર કરવામા આવી છે કે તે જડજને હકુમત હતી એમ માનીએ તોપણ તેમની રૂબરૂ એવો કાંઇ પૂરાવ અગર સાધન નહીં હતું કે જે ઉપરથી તેઉ કાયદા પ્રમાણે વ્યાજબી રાહે તે હુકમ કરી શકે. હાલના કારણુસર આ બીજા સવાલનો નીરણય કરવાની જરૂર નથી. પરંતુ આવી અરજી બીજા રાજસાઇની કોરટમાં થઇ શકે એવું છે. અને તે સવાલ ઉઠાવામાં આવેલો છે. માટે તે વીશે અમે અમારા વીચારો બતાવવા દુરસ્ત ધારીએ છીએ.

બર્કતુલાખાન વીરૂધ રેણીના કામમાં અલાહબાદના ફુલબેંચે ઠરાવ્યું છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૬૮ પ્રમાણે જે કામમાં પુરાવ આપવામાં આવેલો હોય તે પુરાવ લેનાર કોરટે ફોજદારી કામ ચલાવવાને પરવાનગી આપી હોય તો ઉપરી કોરટનો તે મંજુરીનો યોગ્યતા બાબત કાંઇ શવાલ ઉઠાવવાને હક નથી રામપ્રશાદ ઝરાની અરજીની બાબતમાં આ કોરટના ફુલબેંચે ઠરાવ્યું છે કે એકાદો દાવો ચાલતાની દરમીયાનમાં એક પક્ષકારને જુઠા સોગન અગર જુઠા દસ્તાવેજના આરોપ વીશે દીવાની કોરટ કમીટ કરે અગર તે બાબત તેના ઉપર ફોજ-

જદારી કામ ચલાવવા બાબત તે કોરટ મંજુરી આપે તો હાઇકોરટ ફરી તપાસની કોરટ તરીકે તે મંજુરી અગર હુકમ એવા કારણથી તે ફેરાવી શકતા નથી કે તે હકીકત પ્રમાણે બરોબર નથી.

તેવીજ મતલબના પણ બીજા સવાલો છે. પરંતુ તે ઠરાવોમાંના કોઇ ઠરાવ ઉપરથી એવું ઠરાવ્યું હોય કે જયારે એકાદી કોરટની રૂબરૂ ચાલતાં કામમાં તેના એક પક્ષકાર ઉપર પુરાવો આપતા પેહેલાં અને તે કોરટની રૂબરૂ પોતે યોગ્ય અધીકાર વાપરી શકે એવું સાધન હોવા શીવાય તે કોરટ ફો. કા. ચલાવવાને પરવાનગી આપે તો તે પરવાનગી રદ થઇ શકતી નથી. એમ અમે સમજતા નથી.

આ નીયમ કલમ ૪૬૮ માં ઠરાવ્યો છે તેનુ કારણ અમને એવું દીસે છે કે દાવાના પક્ષકારોને પોતાની તકરારોની પુષ્ટીમાં સંપુરણ રીતે બોલવા તથા ઇલાજ કરવાનો લાગ આપવો જોઇએ, અને જયાં સુધી તે છુટ શુધ અંતઃકરણથી તથા પરમાણીકપણેથી વાપરે ત્યાં સુધી તેમના ઉપર દવેશ બુધીથી ફરીઆદો ચલાવવી નહીં જોઇએ.

પક્ષકારોના શુધ અંતઃકરણ તથા સાક્ષીઓના સાચાપણા બાબત જે કોરટ પુરાવ સાંભળે તે કોરટને અભીપ્રાય બાંધવાનું સારામાં સારૂં શાધન છે માટે તે કોરટ અગર ઉપરી કોરટ કે જેને તે પ્રોસીડીંગ જોવાનો અખ્તીઆર છે તે કોરટની પક્ષકારો અગર તેઓના સાક્ષીઓ ઉપર ફો. કા. ચલાવવાની મંજુરી આપવાને અગર તેની ના કહેવાને કાયદા પ્રમાણે ફરજ રાખવામાં આવેલી છે.

પરંતુ પુરાવ જોયા વીના જો કામનો નીકાલ કરવામાં આવે તો દાવાના અગર બચાવના શુધ અંતઃકરણ બાબત જે કોરટમાં દાવો કરવામાં આવ્યો હોય તે કોરટને ન્યાય કરવાનો લાગ નથી. અને આવી હકીકત પ્રમાણે બેમાંથી એક પક્ષકાર ઉપર ફોજદારી કામ ચલાવવાને મંજુરી આપવાને તે કોરટને કાંઇ અખત્યાર હોય એ વીસે અમને ઘણો શક છે. પણ જો કદાપી હોય તોપણ અમારી નજરમાં આવે છે કે તે કોરટ તેમ કરવાથી ઘણી યોગ્યતા ભરેલું અને ડહાપણ ભરેલા કુલ અખત્યાર વીરૂધ કરયાની ગુનેહગાર થાય છે. આ કામમાં કાંઇ પુરાવ જોવામાં આવ્યો નથી. ગીરો રાખનારે સને ૧૮૭૮ માં સને ૧૮૦૬ ના ૧૭ મા કાયદા પ્રમાણે કામ ચલાવેલું છે તેમાં આપેલી અરજી ઉપર સાધારણ રીતે પ્રતીજ્ઞા થવી જોઇએ એવી તે કાયદા પ્રમાણે જરૂર નથી. તે દાવો સાર પછી કબુલતથી અંદર અંદર ચુકી ગએલો હતો. અને દરેક પક્ષકારે ખરચ પોત પોતાને શીર રાખેલું હતું. અને એકે પક્ષકારે કાંઇ પુરાવ આપેલો નથી. તેથી સને ૧૮૭૯ માં તે કામ ચલાવવામાં આવ્યું, તે વ

અને ગીરોનાં નાણાં આપેલાં હતાં કીંવા નહી એ વીશે ખરો ઠરાવ કરવા ને તદન અશક્ય હતું એમ અમને જણાય છે.

વળી મી० ઘોજે બીજી તકરાર કરી છે તે વીશે વીચાર કરતાં તે ઉપર કેટલું વજન રાખવું જોઇએ.

સને ૧૮૭૮ માં ગીરો રાખનારે જે અરજી આપેલી છે તે ઉપર અમે આગળ વીચારયું છે તે પ્રમાણે કાંઇ સોગન અગર પ્રતીજ્ઞા કરવાની જરૂર નહી હતી. માટે જો કે તે પ્રતીજ્ઞા કરવામાં આવેલી છે તોપણ તે કરવાને બંધાએલો નહી હતો સબબ મી० ઘોઝની જે એવી તકરાર છે કે જો તે અરજી ઉપર પ્રતીજ્ઞા કરવાને તે અરજદાર કાયદેસર બંધાએલો નહીં હતો તેમ છતાં તેણે અમસ્તી પ્રતીજ્ઞા કરેલી છે તેથી તેણે જુઠી સાહેદી આપી અગર જુઠો દાવો કરયો એ પ્રમાણે તેના ઉપર ગુનોહ સાબેત ઠરાવી શકાતો નથી. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૧ અને ૧૯૩ જુઓ.

જે કામમાં સોગન લેવાની જરૂર ના હોય તે કામમાં ખુશીથી લેવામાં આવેલા હોય તો તેથી ઇંગરેજી લા પ્રમાણે જુઠા શોગનના આરોપને પુષ્ટી થતી નથી. માટે જયારે સોગન લેવાની જરૂર ના હોય તેમ છતાં સોગન લેઇ હકીકત કહેવામાં આવી હોય તો પીનલકોડની કલમ ૧૯૧ પ્રમાણે તે શોગન લેવાની જરૂર નહીં છતાં તે લેવાથી તે કલમમાં સમાસ થાય છે કીંવા નહી તે વીશે અમને શક રહેવો જોઇએ. પરંતુ તે સવાલનો નીરણય કરવાને અમારા હાલના કારણસર જરૂર નથી.

સબબ જીલા જડજે ફોજદારી કામ ચલાવવાને મંજુરી આપવાનો જે હુકમ કરયો છે તે પેહેલા કારણથી રદ કરવામાં આવે છે.

જસ્ટીસ મ્યાકલીન સાહેબ:—જે કોરટની રૂબરૂ ગુનોહ બનેલો છે તે કોરટ પબનાં અને બોગરાના જડજની કોરટ નથી. માટે તે કારણથી તે પ્રોસીડીંગ રદ કરવાને અમે મળતા આવીએ છીએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા० ૨૫ નવેંબર સને ૧૮૮૦

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ અને મી० જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

મહમુદ ઇશાકની અરજીની બાબતમાં.

મંદર મારવાડી વીરૂધ મહમદ ઇશાક.

અપીલ—હકુમત—નીમનોકના હુકમની તારીખ—કયારથી ગણવી.

એક આશીસ્ટંટ માજીસ્ટ્રેટે તા૦ ૧૨ અગસ્ટના રોજ તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવ્યો અને તેજ તારીખે તેમને પેહેલા વરગના માજીસ્ટ્રેટનો અખત્યાર આપવામાંઆવેલો હતો. પરંતુ તે આપલી ખબર તે માજીસ્ટ્રેટને તા૦ ૨૩ અગસ્ટ સુધી આવેલી આપવામાં નહી હતી તોહોમતવાળાએ જીલા માજીસ્ટ્રેટને અપીલ કરી અને તેને નીરદોશ ઠરાવવામાં આવ્યો. તે નીરદોશનો ઠરાવ રદ કરવા સારૂ હાયકોરટમાં અરજ કરવામાં આવી એવા કારણથી કે લેફ્ટેનંટ ગવરનરે તે આશીસ્ટંટ માજીસ્ટ્રેટને વધારે અખત્યાર આપ્યો તે આપ્યા તારીખ પછી જીલા જડજને અપીલ થઈ શકતી નથી. ઠરાવ્યું કે લેફ્ટેનટ ગવરનરનો હુકમ તે આશીસ્ટંટ માજીસ્ટ્રેટને પેહેલા વરગના અખ્તીઆર આપવાને કરયો ત્યારથી તેમને તે અખ્તીઆર મળ્યો એમ ધારીએ તોપણ જીલા માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કરતાં પહેલાં એવું બતાવવું જોઈએ કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ થતાં પહેલાં તે લેફ્ટેનંટ ગવરનરે તે હુકમ ઉપર સહી કરેલી હતી.

પ્રશ્ન—એક માજીસ્ટ્રેટને પહેલા વરગના માજીસ્ટ્રેટનો અખ્તીઆર આપવામા આવે પણ તે માજીસ્ટ્રેટને સરકારી રાહે તે હુકમની ખબર આપવામાં આવે ત્યાં સુધી તે હુકમ કાંઇ બળવાન છે કે નહીં અગર તે એવો અખ્તીયાર છે કે જેનો તે અમલ કરી શકે કે નહીં.

પાનુ ૪૭૬ પીનલકોડની કલમ ૪૦૮ પ્રમાણે ચંદ્ર મારવાડી તોહોમતવાળા ઉપર શાપ્રાધ વીશ્વાસ ધાતનો આરોપ આ કામમાં રાખવામાં આવ્યો છે, અને આશીસ્ટંટ માજીસ્ટ્રેટે તેને ગુનેહગાર ઠરાવ્યો અને તા૦ ૧૨ અગસ્ટ સને ૧૮૮૦ ના રોજ ચાર માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તેથી તોહોમતવાળાએ માજીસ્ટ્રેટને અપીલ કરી, તેથી તેમણે ઠરાવ્યું કે ફોજદારી કાયદામાં તેનો સમાશ થાય એવી રીતે તે વરતેલો નથી, માટે કેદમાંથી તેને છોડવામાં આવ્યો છે.

પછી પ્રોશીકયુટરે જીલા માજીસ્ટ્રેટનો ફેંસલો રદ કરવા સારૂ હાય કોરટમાં અરજી કરી, એવા કારણથી કે જે તારીખે (તા૦ ૧૨ અગસ્ટ સને ૧૮૮૦) તોહોમતવાળાને તે માજીસ્ટ્રેટે ગુનેહગાર ઠરાવેલો તે તારીખે લેફ્ટીનંટ ગવરનરે તે માજીસ્ટ્રેટને પહેલા વરગના માજીસ્ટ્રેટ ઠરાવ્યા હતા, અને તેથી જીલા માજીસ્ટ્રેટને પોતાના ઠરાવ ઉપર અપીલ કરવાને હકુમત નથી. બરદવાનના માજીસ્ટ્રેટે હાયકોરટના રજીસ્ટ્રાર ઉપર એવો પત્ર લખેલો છે કે આશીસ્ટંટ માજીસ્ટ્રેટને સરકારે પહેલા વરગના 'માજીસ્ટ્રેટનું કાંમ કરવાને અખ્તીઆર આપેલો હતો, પરંતુ તે બાબત બરદવાનના

માજીસ્ટ્રેટને ખબર આપવાનો પત્ર લખેલો તે તા૦ ૨૧ આગસ્ટ સુધી પહોચેલો નહીં હતો અને તા૦ ૨૩ મી સુધી તેની ખબર આસીષ્ટ માજીસ્ટ્રેટને આપવામાં આવી નથી. તોહોમતવાળા ઉપર એવો હુકમ કરવામાં આવ્યો હતો કે અપીલમાં જે હુકમ કરવામાં આવેલો છે તે શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ બતાવવુ.

તોહોમતવાળા તરફથી મી૦ એમ. પી. ગ્યાસપર (તેમની સાથે બાબુ અમારેંદ્રનાથ ચાતરજી)

તે હુકમની પુષ્ટીમાં મી૦ એમ. ઇ. મેડીશ.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ આપ્યો:॰

આ કામમાં એક મહમદ એશાકે આ કોરટને એવી અરજ કરેલીછેકે જીલા માજીસ્ટ્રેટે એક કામમાં ચંદ્રા મારવાડીને નીરદોશ ઠરાવેલો છે, પરંતુ તે જીલા માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કરવા સારૂ તે કાગ મંગાવવું જોઇએ.

ચંદ્રા મારવાડીને એક મહમદ એશાકે કાંમે રાખેલો, અને તે મહમદ એશાકની ફરીઆદ ઉપરથી તે ચંદ્રા મારવાડીને ગયા માસની તા૦ ૧૨ મીના રોજ આશીસ્ટંટ માજીસ્ટ્રેટે શાપ્રાધ વીસ્વાસઘાતનો ગુનહો કરયા બાબત ગુનેહગાર ઠરાવ્યો હતો. જીલા માજીસ્ટ્રેટને એક અપીલ કરવામાં આવી, તેમાં જીલા માજીસ્તરેટે તે કામની સુનાવણી કરીને ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરાવ્યો અને કેદીને નીરદોશ ઠરાવ્યો.

જીલા માજીસ્તરેટનો આ ફેંસલો રદ કરવાને અમારી પાસે માગવામાં આવેલું છે એવા કારણથી કે જે તારીખે મી૦ ગ્યાસપરજે ચંદ્રા મારવાડીને ગુનેહગાર ઠરાવેલો તે તારીખે તે મી૦ ગ્યાસપરને લેફટીનંટ ગવરનરે પેહેલા વરગના માજીસ્તરેટ ઠરાવેલા છે, માટે તેમના ઠરાવ ઉપર અપીલ સાંભળવાને જીલા માજીસ્તરેટને હકુમત નહી હતી.

પરંતુ તે કામની હકીકતની ખરી બાબત હાલ નકી કરતાં અમારી નજરમાં આવે છે કે આ હરકતમાં કાંઇપણ નથી. પ્રથમતો અમને એવો શક છે કે ફકત લેફટેનંટ ગવરનરે એવો હુકમ કરેલો કે તે માજીસ્તરેટને પહેલા વરગના માજીસ્તરેટ ઠરાવેલા છે તેથી જયાં સુધી તે લેફટીનંટ ગવરનરના હુકમની સરકારી રાહે ખબર તે માજીસ્તરેટને આપવામાં આવી ના હોય એટલે જયાંહાં સુધી લેફટીનંટ ગવરનરનો હુકમ શોછે તેની તેમને સરકારી રાહે ખબર થએલી ના હોય ત્યાંહાં સુધી તે લેફટીનંટ ગવરનરનો હુકમ એવો બળવાન થાય છે અગર તે અખ્તીઆર વાપરે એવો માજીસ્તરેટને તેવો અખ્તીઆર છે કે નહીં, અને તા૦ ૧૨ અગષ્ટના રોજ તે હુકમ કરવામાં આવેલો છે, માટે તે તારીખ પછીના દી૦

વશ સુધી તે હુકમ મી૦ આશપઝને મળી શકતો નહી હતો, માટે તા૦ ૧૨ અગષ્ટના રોજનો તે તેમનો ઠરાવ છે તે ઉપર જીલા માજીસ્તરેટને અપીલ સાવાસ્તે કરવી નહીં જોઇતી હતી તેનુ કોઇ કારણ નથી.

પરંતુ એમ ધારીએ કે "તે માજીસ્તરેટને લેફટીનંટ ગવરનરે જે તારીખે પહેલા વરગના માજીસ્તરેટનો અખત્યાર આપવાનો હુકમ કરયો તે વખતથી તેમને અખત્યાર મળેલો છે તોપણ આ કામમાં એવું જણાતું નથી કે જે હુકમથી મી૦ ગ્યાસપઝને પહેલા વરગના માજીસ્તરેટ ઠરાવવામાં આવ્યા તે હુકમ ઉપર તે ગુન્હાની સાબેતીનો ઠરાવ થતા પહેલાં સહી કરવામાં આવી હતી. એમ બને કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ જે તારીખે વેહેલો થએલો હોય અને મી૦ક્યાસપઝને પેહેલા વરગના માજીસ્તરેટનો હુકમ કરયા બાબતનો હુકમ પછી કરવામાં આવેલો હોય, માટે જ્યાંસુધી તે અપીલમાં જીલ્લા માજીસ્તરેટને તે અપીલ સાંભળવાને અખત્યાર નહી હતો, ત્યાંસુધી અમારી નજરમાં આવેછે કે અમારે હાથ ઘાલવો નહી જોઇએ તે ખુલ્લુ છે.

પરંતુ પછી એમ કહેવામાં આવેલું છે કે અમારી રૂબરૂ તે કામ છે તેમાં જો અમને એવું માલુમ પડે કે તે ઠરાવમાં કાયદાની ચુક થએલી છે તો જીલા માજીસ્તરેટનો તે ઠરાવ અમારે રદ કરવો જોઇએ. | તે બાબત અમારો અખ્તીઆર કેવો છે તે વીશે અમને શક છે તે અમે કબુલ કરીએ છીએ, પરંતુ તે અખ્તીયાર અમને છે એમ ધારીએ તોપણ આ કામની હકીકત પ્રમાણે તે નીરદોશનો ઠરાવ રદ કરવાને નાખુશ અમારે નકી થવું જોઇએ. શાપ્રાધ વીશ્વાશઘાતના આ કામોમાં ઘણા બારીક સવાલો રહેલા છે અને માજીસ્તરેટની રૂબરૂ જે હકીકત હતી તેથી પ્રોશીકયુટર અને કેદીની વચમાં જે ભરૂંસા ભરેલો શબંધ હતો તે ઉપર લક્ષ રાખતાં માજીસ્તરેટ બ્યાજબી રાહે એમ ઠરાવી શકત કે તે કેદીએ જે કૃત્ય કરેલું છે તે કેદી પોતાના શેઠને દીવાની રાહે જવાબદાર છે, અને ફોજદારી રાહે નથી. આ પ્રમાણે છે તો અમારી નજરમાં આવે છે કે અમારે તે કામમાં હાથ ઘાલવો નહીં જોઇએ, અને કરેલો હુકમ રદ કરવો જોઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૩ ડીસેંબર સને ૧૮૮૦

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

મીર એકરારઅલીના કામમાં.

કેશરેહીંદ વી૦ મીરએકરારઅલી.

પીનલકોડ (સને ૧૮૬૦ ના આ૦ ૪૫) ની કલમ ૧૯૨, ૪૬૪, ની રકમ ૨—જુઠો પુરાવ બનાવવો—જુઠો દસ્તાવેજ—દસ્તાવેજની તારીખમાં ફેરફાર.

દસ્તાવેજની તારીખ જો ફેરવવામાં આવેલી ના હોય તો બીજી રીતે તે રજીષ્ટર થાય નહીં તેથી તે રજીષ્ટર કરાવવાના કારણસર તે ફેરવવામાં આવેલી હતી, તેથી જે ગુનહો કરવામાં આવેલો છે તે જુઠો બનાવટનો દસ્તાવેજ નથી, કારણ કે કામમાં પીનલકોડની કલમ ૪૬૪ મીની રકમ ૨ ના હેતુ પ્રમાણે "બદદયાનતથી અથવા કપટ ભરેલી" રીતે કપટ કરવામાં આવેલુ છે એવું બતાવવાને કાંઇ નથી, માટે તે કલમ ૧૯૨ પ્રમાણે જુઠો પુરાવ બનાવ્યો થાય છે.

પાનું ૪૮૨ કોરટનો ફેંસલો નીચે પ્રમાણે ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે આપેલો છે:—

તા૦ ૧૮ ડીસેંબર સને ૧૮૭૯ ના રોજ તોહોમતવાળાએ એક ખત રજીસ્ટર કરવા સારૂ રજુ કરયું. આ ખત અસલ તા૦ ૬ અગસ્ટ સને ૧૮૭૯ ના રોજનું હતું એમ કહેવામાં આવેલું છે. જો આ તારીખ રહી હોત તો, જે મુદતની અંદર દસ્તાવેજ રજીસ્ટર કરાવવા સારૂ રજુ કરવો જોઇએ તે મુદત વીતી ગયા પછી તે દસ્તાવેજ રજુ કરવામાં આવ્યો હતો, એમ થાય. તોહોમતવાળાએ તારીખ ૨૬ મી અગષ્ટની તારીખ તે દસ્તાવેજ તે મુદતની અંદર લાવવાને ફેરવેલી છે. એમ કહેવામાં આવેલું છે, અગર તે પ્રમાણે તારીખ ફેરવેલી છે એમ જાણ્યા છતાં તે રજીષ્ટર કરવા સારૂ રજુ કરેલો છે. આવી હકીકતથી તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો તે જુઠો બનાવટનો દસ્તાવેજ નથી એમ અમને દીસે છે કારણ કે પીનલકોડની કલમ ૪૬૪ મીની રકમ ૨ ના હેતુ પ્રમાણે બદદયાનતથી અથવા કપટથી તે કરવામાં આવેલું એવું બતાવવાને કાંઇ પણ નથી.

તે ખત સાચુ નથી અગર જુઠા ખતથી જુઠા દાવાને પુષ્ટી કરવા સારૂ તોહોમતવાળાએ ઇરાદો રાખેલો હતો, એવી તકરાર કરવામાં આવી નથી. તે ખતની તારીખમાં ફેરફાર કરવાનો તેનો ઇરાદો રજીષ્ટરના કામમાં રજીષ્ટર કરનાર અમલદાર ભુલ ભરેલો અભીપ્રાય બાંધે તેમ કરવાનો હતો, તે ખુલું છે, અને આ પ્રમાણે છે તેના તે કૃત્યથી જુઠો પુરાવ બનાવ્યો (પીનલકોડની કલમ ૧૯૨, ૧૯૩,) અને જુઠો પુરાવ વાપરયો (પીનલકોડની કલમ ૧૯૬) એમ થાય છે.

કાયદાનો એવો વીચાર થાય છે, અને શેશન જડજે તે બનેલા ગુનહા બાબત સખત વીચાર કરેલો નથી, માટે અમે શીક્ષા કમી કરી બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ દંડ બાબત શીક્ષાનો હુકમ કાયમ રાખવામાં આવ્યો છે.

શીક્ષાનો હુકમ દુરસ્ત કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૭ ડીસેંબર સને ૧૮૮૦

સર. રીચર્ડ. ગાર્થ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

ધી૦ લીગલરી મેમબ્રનસરની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વી૦ નોબો ગોપાળ બોઝ

બીજા એક જીલામાં ફોજદારી કામ ટ્રાંસફર કરવું—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૬૪-તોહોમતવાળાએ તે અરજીમાં સાંમી તકરાર કરેલી હોય ત્યારે ટ્રાન્સફરનો હુકમ કરાવવાનાં કારણો.

એક કોરટમાંથી બીજી કોરટમાં ફોજદારી કામ મોકલતાં પહેલાં તોહોમતવાળો તે મોકલવાને હરકત લે તો, ફરીઆદ તરફથી ઘણોજ સરસમાં સરસ પુરાવ રજુ કરી એમ સાબેત કરવુ જોઇએ કે જે જીલામાં તે કામ શાધારણ તપાસ થવા લાયક છે તે જીલ્લામાં વ્યાજબી તપાસ થઇ શકે તેવું નથી.

પાનુ ૪૯૧ સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૬૪ મી પ્રમાણે ફોજદારી કામ ટ્રાંશફર કરવાને આ અરજી કરવામાં આવી છે.

તા૦ ૧૯ નવેંબર સને ૧૮૮૦ ના રોજ સરકાર તરફથી એવો હુકમ મેળવવામાં આવ્યો કે બરદવાનની કોરટોમાંથી હુગલીની કોરટમાં

અગર કોરટ ફરમાવે તે બીજા જીલ્લાની કોરટમાં તે કામ શાવાસ્તે ટ્રાંશફર કરવું નહીં તેનુ કારણ તોહોમતવાળાએ બતાવવું.

જે કારણોથી તે કારણ પુછવાનો હુકમ મેળવવામાં આવેલો છે તે કારણો બરદવાનના જીલ્લા માજીસ્તરેટ મી૦ સ્ટીવંશે પોતાના આફીડેવીટમાં બતાવેલાં છે અને તે એવી મતલબનાં છે કે આ કામથી તે જીલ્લામાં ઘણી ઉથલ પાથલ થઇ રહેલી છે એવી તેમને ખબર મળી છે, અને તેઉ તે માને છે, અને પ્રોસીક્યુટર તથા તોહોમતવાળાઓમાંનો એક તોહોમતવાળો તે જગોએ સત્તાવાળા માણસો છે અને તે જીલ્લાના ઘણા ખરા રેહેવાસીઓનુ લાગવાપણું એક અગર બીજી બાજુ તરફ છે.

તા૦ ૭ ડીસેંબર સને ૧૮૮૦ ના રોજ તે હુકમ સુનાવણી ઉપર આવ્યો.

તે હુકમ વીરૂધ મી૦ એમ. પી. ગ્યાસપર કારણ બતાવવાને હાજર થયા:—

મી૦ સ્ટીવન્સ (જેમને થોડી મુદત ઉપર બરદવાનના માજીસ્તરેટ ઠરાવવામાં આવેલા છે) ના કરેલા આફીડેવીટમાં જે કારણો બતાવેલાં છે તે પુકત નથી. તેમનુ કહેવું છે તેનો આધાર તમામ મળેલી હકીકત તથા માનવાપણા ઉપર છે, અને એકે વખતે કોઇ બાતમીદારનું નામ આપવામાં આવેલું નથી. મારા અશીલે પોતાના આફીડેવીટમાં કહેલુ કે છે મારી બરદવાંનમાં થોડીક અથવા બીલકુલ સતા નથી, અને કોરટના હુકમથી મેં બત્રીશ સાક્ષીઓ ઉપર સમન્સ કરેલા હતા, અને તેઓને હાજર થવાને ખરચને સારૂ રૂ ૩૦૦) અનાગત કોરટમાં ભરવા પડયા હતા, અને તે સાહેદીઓમાંનો ઘણો ભાગ બરદવાનમાંજ રહેલો છે. માટે જો તે કામ ટ્રાંશફર કરવામાં આવે તો મને ભારે ખરચ થશે. અને બરદવાનમાં જુરીની લીસ્ટમાં ૨૯૦ જુરરો છે તેમાં મારે ઘણુંજ ઓળખાણ વધારેમાં વધારે ચઉદ સખશો સાથે છે. અને બીજા ૧૮૦ સખસોની સાથે મારે બીલકુલ પીછાન નથી. વળી રીપોરટોમાંના કોઇ રીપોટમાં આગળ સરકારનું હાલ બતાવેલું કારણ કબુલ કરવામાં આવેલું એવો દાખલો નથી, જે કારણો ઉપર તેઓ આધાર રાખે છે તે વીરૂધ તેઓને ઘણી રીતની નીરભયતા છે.

તે હુકમની પુષ્ટીમાં બાબુ જગોદાનંદ મુકરજી:—

કોરટના ફેંસલા નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે.

ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ:—અમારી નજરમાં આવે છે કે આ હુકમ રદ કરવા જોઇએ. તે હુકમ લીગલરી મેંમબનસરની ખાયશ ઉપરથી એવો કરવામાં આવેલો છે કે નોબોગોપાળ બોસે તથા બીજા કેદી

ઓએ તેમના ઉપર બરદવાનની શેશન કોરટમાં હાલ જે કામ તપાસ સાર છે તે હુગલી અથવા ૨૪ પ્રગણામાં અથવા બીજા કોઇ જુરીવાળા જીલામાં એવા સબબથી શા વાસ્તે નહીં મોકલવું કે બરદવાનમાં વ્યાજબી તપાશ થવાનો સંભવ નથી, માટે તેનુ કારણ બતાવવું.

બરદવાનના જીલા માજીસ્તરેટ મી૦ સ્ટીવંન્સે આ હુકમની પુષ્ટીમાં આફીડેવીટ કરેલા છે અને તે ઘણા મોઘમ શબ્દોથી લખવામાં આવેલા છે એ નકી છે.

મી૦ સ્ટીવંશે કહેલું છે કે "મને ભરૂંસો રાખવા લાયક રીતીની ખબર મળી છે, અને હું તે માનુંછું કે તે કામથી તે જીલામાં ઘણી ઉથલ પાથલ થએલી છે, તે પ્રોશીક્યુટર તથા કેદી નોબો ગોપાળ બોઝ તે જગાએ સતાવાળા માણુશો છે, અને બરદવાન તથા તેની નજીકના ઘણા ખરા લોકોનુ લાગવાપણું એક અગર બીજી બાજુ તરફ છે. પરંતુ તે બાતમી કીયા શાધનથી તેમને મળી તે, તેમણે મને કહેલું નથી, તેમ તેમનુ માંનવાપણું છે તેપણ મોઘમ શબ્દો શીવાયનું નથી.

તોપણ તે હુકમ કરવાને અમને લલચાવવામાં આવેલા છે, કારણ કે તે આફીડેવીટમાં જે કહેવામા આવેલું છે તે લક્ષમાં લેતાં, અમારા વીચારમાં આવ્યું છે કે બેઉ બાજુ તરફથી તે કાંમની તપાસ બીજી કોઇ જગોએ થાય તેવી ગરજી રાખવામાં આવી શકે, અને જેમ સરકારને બરદવાનમાં તપાસ ના થાય તો દુરસ્ત છે, તેમજ કેદીઓને પણ દુરસ્ત થશે.

તોપણુ હાલ એમ જણાય છે કે તમામ કેદીઓ, અને તેમાં વીશેશે કરીને નોબો ગોપાળ બોઝ તે કાંમ ટ્રાંશફર કરવાની બાબતમાં ઘણી મજબુતાઇથી હરકત લેવામાં આવી છે, તે બે કારણથી કે ખરચ અને બીજી રીતે હરકત ભરેલું છે. માટે એવો નીરણય કરવાની અમારી ફરજ થાય છે કે તે આફીડેવીટોમાં જે હકીકત બતાવવામાં આવી છે તે પ્રમાણે જે કોરટમાં તે કામ કાયદેસર રીતે તપાસવા લાયક છે ત્યાંથી અમે વ્યાજબી રાહે તે ખસેડી શકીએ છીએ કે નહીં.

અમારો સ્પષ્ટ અભીપ્રાય છે કે તોહોમતવાળાઓની મરજી વીરૂધ એક ફોજદારી કામ બીજા જીલામાં અમે ટ્રાંશફર કરીએ તે પેહેલાં અમારી રૂબરૂ સરસમાં સરસ પુરાવ એવો હોવો જોઇએ કે વ્યાજબી રાહે તપાસ થઇ શકે તેવું નથી. અગર બીજા શબ્દોમાં કહીએ તો, જુરી પોતાની ફરજ નીરપક્ષપાતે રીતે બજાવસે એવો ભરૂંશો રાખી શકાતો થી એમ અમારી રૂબરૂ આવવું જોઇએ.

હવે અમે આગળ કહેલું છે તે પ્રમાણે મી૦ સ્ટીવંશના આફીડેવીટ ની ભાશા ઘણી મોઘમ છે. તેઉ પોતેજ તે જીલામાં ફકત ત્રણ માસ થી આવેલા છે, એમ જણાય છે. તેઉને કીયા સાધનથી તેવી ખબર મળી અથવા તેમને તે માંનવાના શાં કારણો છે તે તેમણે અમને કહેલું નથી, અને મી૦ ગ્યાશપરે જેવી શુચના કરી છે તે પ્રમાણે તેઉ પોલીશ ના રીપોરટ ઉપરથી વરતેલા છે, અને પોલીશની મરજી તે કાંમ બીજા જીલામાં ચલાવવાની હસે.

બીજી બાજુ તરફ અમારી પાસે કેદી નોબો ગોપાળના આફીડેવીટ છે, તેમાં તેણે પ્રથમ એવું કહેલું છે કે બરદવાનમાં તપાસ થવાને મેં ગોઠવણ કરેલી છે, અને તે કરવામાં ભારે ખરચ કરેલું છે, અને પછી તેણે કહયું છે કે બરદવાન જીલાની જુરીમાં બસો કરતાં વધારે સખસો છે, તેમાં ઓછામાં ઓછા એકસોનેએશી માણસો સાથે તો તેને પીછાન નથી. અને તેના માનવા પ્રમાણે તેમાંનુ કોઇ તેને ઓળખતુ હોય એમ તે જાણતો નથી. અને છેવટે મી૦ સ્ટીવંશનું જે એવું કહેવું છે કે આ કામથી લોકો ઉશકેરાએલા છે તે બાબત તેણે પ્રતક્ષ રીતે ઉલટાવી છે.

વળી આવી જાતની એક જીલામાંથી બીજા જીલામાં કામ મોકલવા ની અરજોની વ્યવસ્થા કરવામાં અમારે મનમાં યાદ રાખવુ જોઇએ કે આ દેશમાં જુરીની તરફથી અઘટીત રીતે વારૂધતા થાય તેને માટે ઘણી નીરભયતાઓ છે.

જો એમ માનવાને ખરૂં કારણ હોય કે જુરી ખોટી રીતે વીરૂધ થએલી છે તો, બેમાંથી એક જે પક્ષકારના તરફમાં જુરીમાંનો કોઇ થએલો હોય તેની સાથે સાંમી તકરાર કરવાનો પ્રથમ તો હક છે. બીજી નીરભયતા મી૦ ગ્યાસપર કહે છે અને તે ઘણી ઘટીત રીતે કહેછે તે પ્રમાણે જુરીનો ઠરાવ નહી ગણગારવાને જડજની નજરમાં આવે તો, તે તદન નહી ગણગારી શકે છે, અને વળી કોઇ રીતે ગેરઇનસાફ થાય, તો છેવટ હાયકોરટનું સાધન છે. માટે નીરપક્ષપાત જુરી મળી શકે તેવો સંભવ નથી એ કારણથી કાંમ એક જીલામાંથી બીજા જીલામાં મોક-લવાને ઈંગલાંડમાં જે કારણ બની શકે તે કરતાં અહીંયાં ઓછું કાર-ણ બની શકે છે.

સબબ જો સરકારની નજરમાં તે તપાસ બીજી કોઇ જગાએ થાં-ય તો દુરસ્ત છે એમ આવતુ હોય તો, અમારી રૂબરૂ જે કારણો છે તે કરતાં ઘણાં વધારે મજબુત કારણો અને હકીકતથી તે અરજી કરવી જો-ઇતી હતી. સબબ સરકારી વીદવાન વકીલે જે એવી સુચના કરેલી છે કે જે બીજી નવી હકીકત મેળવવામાં આવે ત્યાંહાં સુંધી અમારે અમારો

ઠરાવ કરવો બંધ રાખવો તે સુચના અમે કબુલ કરી શકતા નથી.

અમારે કહેવું જોઇએ કે જો આ બાબતમાં અમને જે શક છે તે કરતાં વધારે હોત તો, અમે કબુલ કરીએ છીએ કે અમે અમારા વીદ્વાન ભાઇ તથા શરકારી વીદ્વાન વકીલ તરફથી જે સાંભળેલું છે તે ઉપરથી અમારા મનમાં ઘણી અગત્યની રીતે અસર થાત. તે વકીલે (જો કે આ કોરટમાં ઘણા વરશોનો તેમનો ભારે અનુંભવ છે. તોપણ) અમને ખબર કરી છે કે ફોજદારી કામ આવી રીતે ટરાંસફ્ર કોઇ કામ મા કરવામાં આવેલું તેવો એક દાખલો તેઉ હાલ બતાવી શકતા નથી. અને અમારા વિદ્વાન ભાઇનો જીલ્લા જડજ તથા માજીસ્તરેટ તરીકેનો જીલ્લાનાં અંદરનો ભારે અનુંભવ છે તોપણ આવી રીતે કામ ટરાંસફ્ર કરયું એવું તેમને યાદ નથી, પછી ઘણીક વખતે જે હકીકતથી લોકોમાં ભારે ઉશકેરણી થએલી હોય તે હકીકતનેલીધે ફોજદારી તપાશો ચલાવવામાં આવી છે તેની ચીંતા નહીં.

સબબ તે હુકમ રદ કરવો જોઇએ.

જસ્ટીશ ફીલ્ડ સાહેબઃ—આ હુકમ રદ કરવો જોઇએ એ વીચારર સાથે અમે મળતા આવીએ છીએ.

ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૬૪ મી પ્રમાણે બરદવાંન જીલાની શેશન કોરટમાંથી એક ફોજદારી કામ હુગલી, હાવરા, અથવા ૨૪ પ્રગણામાં ટરાંસફ્ર કરવા સારૂ આ અરજી કરવામાં આવી છે.

કલમ ૬૪ પ્રમાણે આ પ્રમાણે ટરાંશફ્ર કરી શકાય છે તે એ છે કે—(૧) તેથી ઇનશાફ્નો હેતુ વધારે પાર પડે અગર (૨) તેથી પક્ષકારો અથવા તેમના સાક્ષીંઓને વધારે સુગમતા મળે.

હવે બીજા કારણનો નીકાલ તો એકદમ થઇ શકે છે, કારણ કે આ કામમાં એમ બતાવવાને કોશીશ કરવામાં આવીજ નથી કે બરદવાનથી તે કામ ટરાંસફ્ર કરવામાં આવે તો, તેથી પક્ષકારો અથવા સાક્ષીઓને વધારે સુગમ થશે; પણ તેથી ઉલટું તોહોમતવાળા તરફથી મજબુત રીતે એવી અરજ કરવામાં આવી છે કે જો તે કામ ટરાસફ્ર કરવામાં આવે તો, બચાવ તરફથી જે સાહેદીઓને તે બોલાવવાને માગેછે. તે શાહેદીઓને હાજર કરવામાં અઘવડ અને ખરચ તેને થશે. હવે પેહેલાં કારણની બાબતમાં અમારી નજરમાં એવું આવે છે કે મી૦ સ્ટીવંશના આફીડેવીટમાં જે બતાવવામાં આવેલું છે તે કરતાં વધારે સમજાય તેવું અને નીશ્ચય આ કોરટને કાંઇક બતાવવું જોઈએ કે જેથી તે ટરાંસફ્ર થાય. આ ગુડસ્થે પોતાના આફીડેવીટમાં કહેલી હકીકત માનેલી છે એમ હોય, અને તેઉએ માની છે. એમાં અમને શક રેહેતો નથી, પ-

રંતુ જે તેમણે કહેલું છે તે પોતાની જાતીકી માહેતી ઉપરથી કહેલું નથી, પરંતુ ત્રીજા પક્ષકારોએ જે હકીકત તેમને આપેલી તે બાતમી તથા પોતાના માનવા ઉપરથી તે કહેલું છે, પરંતુ તે ત્રીજા પક્ષકારો કોણ છે તે બતાવવામાં આવેલા નથી, અને તેમને જાણવાના સાધન તથા શુધ અંતઃકરણ બાબત અભીપ્રાય બાંધવાને અમારી પાસે કાંઇ સાધન નથી.

અમારી નજરમાં આવે છે કે બીજી હકીકત આ આફીડેવીટની પુષ્ટીમાં નથી, માટે ઈંગલાંડમાં ફોજદારી કાયદાની રીતી છે તે પ્રમાણે પણ તે બસ નથી, સબબ અમારી નજરમાં આવે છે કે આ દેશમાં તો તે વધારે જોઇએ તેવા નથી અને તેનું આ કારણ છે. ઇંગલાંડમાં ફોજદારી કાયદાની રીતી છે તેથી હિંદુસ્થાનમાં ત્રણ બાબત સબંધી ને રીતી જુદી છે. પ્રથમમાં જયુરી અવસ્યે કરીને એક મત થવાની જરૂર નથી. જયુરીના ઘણા મતનો ઠરાવ બસ થય છે. બીજુ કે જો જયુરી અથવા તેમાંના ઘણા મતથી તોહોમતવાળાને ગુનેહગાર ના ઠરાવે તો, તોહોમતવાળાને અવસ્યે કરીને નીરદોસ ઠરાવવાનો નથી. જયુરીના અભીપ્રાયથી શેશન જડજનો અભીપ્રાય જુદો થાય તો. તેઓ તે કામ હાયકોરટમાં વીચાર થવા સારૂ મોકલી શકે છે, અને એવું ઠરાવવામાં આવેલું છે કે આ પ્રમાણે મોકલેલા કામમાં હાયકોરટ તે કામની હકીકતનો તેમજ કાયદાની બાબતનો વીચાર કરી શકે છે.

ઇંગલાંડ અને હીંદુસ્તાનના કાયદામાં આવો અગત્યની બાબતોમાં ભેદ છે તે લક્ષમાં રાખતાં અમારી નજરમાં આવે છે કે આવી જાતની અરજીના સામી તકરાર જયારે જે સખસની તપાસ કરવાને કમીટ કરવામાં આવેલો તે સખશે કરેલી છે ત્યારે ઇંગલાંડની માફકજ આ દેશમાં મજબુત હકીકત બતાવવી જોઇએ, અને અમારી પોતાની તરફથી તો કહીએ છીએ કે વધારે મજબુત હકીકત બતાવવામાં આવે તો તે અરજીમાં ફતે થાય.

જે આફીડેવીટ ઉપરથી આ હુકમ કરવામાં આવેલો છે તે આફીડેવીટમાં એવું કહેવામાં આવેલું છે કે ગીરધારી મોહંતની ફરીયાદ ઉપરથી તોહોમતવાળાને કમીટ કરવામાં આવેલો છે તેની તોહોમતવાળાનો નોબો ગોપાળના સામી મજબુત ટોળી છે, તેમ ગીરધારીના વીરૂધના સખશો ઉપર નોબો ગોપાળની સતા છે; માટે જો નોબો ગોપાળ પોતેજ એવી મરજી રાખી શકે કે તે કામ બીજા જીલામાં ચાલે તો ઠીક છે, પરંતુ તેની મરજી પોતાની તપાસ બરદવાનમાં કરાવવાની છે. અને ગીરધારી તેના વીરૂધ જે સતા વાપરે તેનું જોખમ પોતાને માથે રાખવાને તે જયારે ખુશી છે, ત્યારે તો જો અમને એવી ખા-

તરી થાય કે નોબો ગોપાલ જયુરી ઉપર સત્તા વાપરે અથવા વાપરી શ- કે તેવું છે અને તેથી ઇનશાફનો હેતુ પાર પડે નહી તોજ તે તપાશ ટરાંશફર કરવાનો હુકમ કરી શકાય. પરંતુ આ બાબત આફીડેવીટ ઉપ રથી અમારી ખાતરી થતી નથી, અને ફકત તે પુરાવ અમારી રૂબરૂ છે. સબબ તે હુકમ રદ્દ કરવા સાથે અમે મળતા આવીએ છીએ:—

તા૦ ૯ ડીસંબર સને ૧૮૮૦

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ

ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫) ની કલમ ૨૧૧—જુઠો આરોપ રાખવા બાબત ફરીયાદ—આરોપનું સાચાપણું સાબેત કરવાને તોહોમતવાળાને લાગ.

પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે કોઇ સખસને જુઠો આરોપ રાખવા શારૂ તપાશ ઉપર મુકવામાં આવે તે પહેલાં તેણે કરેલી ફરીયાદનું સાચાપણું સાબેત કરવાને તેને એક લાગ આપવોજ જોઇએ, અને તેવા લાગનો ફાયદો લેવાને તે મરજી રાખતો હોય તો તે પોલીસની રૂબરૂ નહી પણ માજીસ્ત્રેટની રૂબરૂ આપવા જોઇએ.

માજીસ્ત્રેટોએ ખુલી રીતે સમજવું જોઈએ કે પોલીસ પુરાવ એકઠો કરવાની પોતાની ફરજ બજાવે છે, તે પ્રમાણે તે એકઠો કરેલો પુરાવ બસ છે કે નહી અથવા ભરૂશો રાખવા લાયક છે કે નહી તેનો નીરણય માજીસ્ત્રેટોએજ એકલાએ કરવાનો છે.

પાનું ૪૯૬ કુબર્ડીઆ થાણાના ઇનચારજ હેડકાન્સટેબલની રૂબરૂ એક કરીગદારે તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૮૮૦ ના રોજ એવી ફરીયાદ કરી કે પીનલકોડની કલમ ૩૪૨ પ્રમાણે એક શરકારી અમલદાર દુરગાચરણ ઘોઝ તથ. તેના શીપાઇએ ગુન્હો કરેલો છે. પોલીશે તે બાબતની તપાશ કરી રીપોટ કરયો કે આરોપ જુઠો છે.

તા૦ ૨૦ મી અગષ્ટના રોજ તે પેટા હુકડીના ઇનચારજ ડીપોટી માજીસ્તરેટે તે પોલીસના રીપોટ ઉપરથી એવા મતલબનો હુકમ લખ્યો કે જે આરોપ રાખવામાં આવ્યો છે તે બીલકુલ જુઠો છે. અને ભલામણ કરી કે જીલા માજીસ્તરેટે પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે કરીયાદ ઉપર કામ ચલાવવાને હુકમ કરવો જોઇએ. તે માજીસ્ત્રેટે પ્રથમથી કરીગદાદ ઉપર એવો સમન્સ કરયો હતો કે ડીપોટી માજીસ્તરેટ પાસે

એક ડીપોટી માજીસ્રેટ હેડકવાટર હોય તેમની રૂબરૂ આવી પોતાની હકીકત કહેવી. પરંતુ તેણે તે હાજર થવાને કસુર કરી.

તા૦ ૩૧ અગષ્ટના રોજ તે માજીસ્રેટે પીનલકોડની કલમ ૨૧૧ અને ૧૯૮ પ્રમાણે તે કરીમદાદ ઉપર કામ ચલાવવાને મંજુરી આપી અને ડીપોટી માજીસ્રેટે એવો હુકમ કરયો કે તે કામ તેમણે ચલાવવું.

તે ડીપોટી માજીસ્રેટે તા૦ ૨૧ શપટેંબરના રોજ તે કામની તપાશ કરયા વીના નીચે પ્રમાણે હુકમ કરયો:—"કે જે કામમાં કરીમદાદ ફરીઆદી છે તે કામની પહેલી સુનાવણી થયા વીના હીંદુસ્તાનના ફો૦ કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવી શકાતું નથી. સબબ હુકમ કરવામાં આવેછે કે સાક્ષીઓ તથા શીપાઈ ગોલખસીંગ કે જે કરીમદાદ જે કામમાં ફરીઆદી છે તે કામમાં તોહોમતવાળો છે તેને મોકલવાને પોલીશને હુકમ કરવો અને કામની મુદત તા૦ ૩૦ મી સપટેંબરની ઠરાવવી જે સાક્ષીઓ હાજર છે. તેમણે તે તારીખે હાજર રહેવું."

તા૦ ૩૦મી સપટેંબરના રોજ ગુલખસીંગ હાજર નહીં હતો તેથી તે બાબત ડીપોટી માજીસ્રેટે જીલા માજીસ્રેટ ઉપર રોક પત્ર લખ્યો અને તેનો જવાબ આવતાં સુધી તે કામ બંધ રાખ્યું.

જીલ્લા માજીસ્રેટના વીચારમાં એવું આવ્યું કે ડીપોટી માજીસ્તરેટે જે રીતીએ આ કામ કરેલુંછે તે બરોબર નથી માટે અને ૧૮૭૨ના આકટ ૧૦ની કલમ ૨૯૬ પ્રમાણે તેમણે તે કામના કાગળો હાઇકોરટમાં મોકલ્યા.

હાઇકોરટમાં કોઇ હાજર થયું નથી.

કોર્ટે નીચે પ્રમાણે અભિપ્રાય આપ્યો:—

ડીપોટી માજીસ્રેટે આ કામમાં જે હુકમ કરેલો છે તે ગેરકાયદે અગર ગેરશીરસ્તે છે એમ અમારી નજરમાં આવી શકતું નથી. કરીમદાદની ફરીઆદના સાચાપણા વીશે માજીસ્તરેટે કરીમદાદ પોતાના શાક્ષીઓ સાથે હાજર થઇ પોતાની હકીકત જ્યારે સાબેત કરવાને તેણે માગી ત્યારે પોલીસના રીપોર્ટ ઉપરથી ગમે તે અભિપ્રાય બાંધેલો હોય પરંતુ અમારી નજરમાં આવેછે કે કરીમદાદ તથા તેના સાક્ષીઓને સાંભળીને તેણે રાખેલા આરોપના સાચા અગર જુઠાપણા બાબતનો નીર્ણય કરયા વીના પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે તે માજીસ્રેટ તેની તપાસ ચલાવી શકતા નથી. જ્યાં સુધી ફરીઆદીને પોતાની ફરીઆદ સાબેત કરવાને લાગ આપવામાં આવેલો ના હોય ત્યાંસુધી જુઠી ફરીઆદની તપાસ કરવી નહીં જોઇએ એ દેખીતો ન્યાયછે માટે જો તેવા લાગનો ફાયદો લેવાને ચાહતો હોય તો તે લાગ પોલીસની રૂબરૂ નહીં પણ માજીસ્ત

રેટની રૂબરૂ આપવો જોઇએ ફક્ત પોલીસ અમલદારના રીપોટ ઉપરથી અમુક સખસો ઉપર પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવામાં આવે કે તેઓની ફરીઆદ સાચી નથી તો તે ફરીઆદ સાચી છે કીંવા નહીં તેના જડજ પોલીસ થાય. માજીસ્તરેટનું આવું કામ બીજાને સોપવાનો કાયદાનો હેતુ નથી અને ન્યાયના હેતુને તેથી કેવી રીતે ભયંકર છે એ સમજવાને આ દેશના થોડાક અનુભવની જરૂર છે.

પોલીસ પુરાવ એકઠો કરવાની યોગ્ય રીતે પોતાની ફરજ બજાવે પરંતુ જ્યારે તે પુરાવ એકઠો કરવામાં આવે ત્યારે તે પુરાવ જોઇએ તેટલો અગર માનવા લાયકછે કે નહીં તેનો નીર્ણય કરવાનું કામ ફક્ત માજીસ્તરેટનું છે એ વાત તમામ દરજ્જાના માજીસ્ત્રેટો ખુલ્લી રીતે સમજી શકતા નથી.

સબબ અમે તેમાં હાથ ઘાલવાને ના કહીએ છીએ.

ફોજદારી અપીલ

તા૦૫ જાનેવારી સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જસ્ટીશ પ્રીન્સેપ સાહેબોની રૂબરૂ.

જોગેંદ્રનાથ ઓઝની ફરીઆદ ઉપરથી કેસરેહીંદ વીરૂધ થામસન.

પ્રેસીડેન્શી માજીસ્ત્રેટ આકટ (સને ૧૮૭૭નો ૪ ની) કલમ ૧૨૪ હાઇકોરટ ક્રીમીનલ પ્રોશીજર આકટ (સને ૧૮૭૫નો ૧૦મો) ની કલમ ૧૪૭—ફરીઆદી હાજર નહીં થવાથી કામની થોડી સુનાવણી કરી ફરીદ કહાડી નાંખવી—નવું કામ ચલાવવું.

સને ૧૮૭૭ના આકટ ૪થાની કલમ ૧૨૪ પ્રમાણે કહાડી નાંખ્યાનો હુકમ કરવામાં આવેલો હોય તેનો અમલ નીરદોષના ઠરાવ પ્રમાણે થતો નથી.

પાનું ૫૨૩ એક જેમ્સ ઓગસ્ટસ થામસન(જે થોમસન અને કુંડુ તરીકે ધંધો કરેછે)ના ઉપર કલકત્તા પ્રેશીડેન્સી માજીસ્તરેટની રૂબરૂ એવો આરોપ રાખવામાં આવ્યો હતો એક તારદેબરૂગરના એક્ઝીકયુટીવ ઇનજીનીઅરે મોકલેલો અને જે જોગેદ્રનાથ ઓઝ (જે થોમસનં કુંડું અને કંપનીના નામથી વેપાર કરતા હતા.)તેને આપવો જોઇતો હતો તે તાર કપટથી તેણે રાખ્યો અને પોતાની પેઢીના ઉપયોગમાં બદ દાનથી કામમાં લીધો તેથી હીંદુસ્થાનતા તાર આકટ (સને ૧૮૭૬નો ૧

લો) ની કલમ ૨૨ તથા પીનલકોડની કલમ ૪૦૩ પ્રમાણે ગુન્હા કરયા છે તે ઉપરથી તે જેમ્સ ઓગસ્ટસ થામસને અરજી કરવા ઉપરથી સને ૧૮૭૫ના આકટ ૧૦ની કલમ ૧૪૭ પ્રમાણે આ કામ હાઇકોરટની રૂબરૂ આવેલું છે.

સદરહુ જેમ્સ ઓગસ્ટસ થામસન તે થામસનકુંકું અને કંપનીનો આગળ ભાગીઓ હતો અને તે સંબંધ સને ૧૮૭૯ની સાલમાં તે પેઢી સાથેથી છોડી તે પેઢીમાંનો પોતાનો હીસ્સો તે પેઢીના પોતાના ભાગીઆ જોગંદ્રનાથ બોઝને વેચાણ આપ્યો તેથી તેને થામસ અને કુંકુના નામથી ધંધો ચલાવ્યો આ બેઉ પેઢીઓના ધંધાની જગાઓ એકજ મેહેલામાં હતી. જેમ્સ ઓગસ્ટસ થામસને તે થામસનકુંકું અને કંપની ના નામનો એક તાર સને ૧૮૮૦ના અગષ્ટ મહીનામાં લેઇને ખોલ્યો હતો એવું કબુલ કરવામાં આવેલું છે અને તેના બચાવમાં એવો જવાબ આપવામાં આવ્યોછે કે તે તાર ભુલથી પણ સુધ અંતઃકરણથી લેઈ રાખવામાં આવેલો હતો.

તા૦ ૧૫ મી સપટેમ્બર સને ૧૮૮૦ના રોજ પ્રેશીડેનશી માજીસ્ત્રેટની રૂબરૂ આ કામ આવતાં થોડોક પુરાવ લેવામાં આવ્યો પરંતુ કેટલાક સાક્ષીઓ તે તા૦ ૧૫ મીના રોજ હાજર થઇ શક્યા નહી હતા તેમને હાજર થવા સારૂ તે કામ તા૦ ૨૨ મી સપટેમ્બર સુધી બંધ રાખવામાં આવ્યું તા૦ ૨૨ મીના રોજ તે કામ લેવામાં આવતાં ફરીઆદી ગેરહાજર હતો તેથી તે કાહાડી નાંખવામાં આવ્યું. ત્યાર પછી થોડીક વારે તે ફરીઆદી તથા તેના સાક્ષીઓ હાજર થયા અને માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તે તપાસ અમે તાજી કરી શકતા નથી. સબબ ફરીઆદીને એવો હુકમ કરયો કે તેણે નવી ફરીયાદ કરવી. આ પ્રમાણે બીજે દીવસે ફરીઆદ કરવામાં આવી તેથી તોહોમતવાળા ઉપર ફરી સમન્સ કરવામાં આવ્યો અને તે તપાસ તા૦ ૨૦ મી અકટોબરના રોજ થઇ અને તા૦ ૨૫ મી અકટોબરના રોજ માજીસ્ત્રેટે તે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી તેને રૂ ૨૦૦ દંડની શીક્ષા કરી.

તોહોમતવાળાએ તા૦ ૨૯ મી નવેંબરના રોજ સને ૧૮૭૫ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ પ્રમાણે ફરીઆદી ઉપર એવો હુકમ કરાવ્યો કે તે પ્રેશીડેનશી માજીસ્ત્રેટનો હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ બતાવવું.

તોહોમતવાળા તરફથી મી. જાનસન.

ફરીઆદી તરફથી બાબુ ગુરૂદાસ બાનરજી.

જસ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે તે ઉપર

થી કાગની હકીકત પુકત રીતે જણાય છે.

તાર આાકટની કલમ ૨૨ પ્રમાણે પ્રેશીડેનશી માજીસ્રેટની રૂબરૂ એક ફરીઆદ કરવા ઉપરથી ગયા સપટેબર માસની તા૦ ૪ થીના રોજ એક સમન્સ કાહાડવામાં આવ્યો અને તપાસની મુદત તા૦ ૧૫ મીના રોજની ઠરાવવામાં આવી તે ફરીઆદી અને એ સાહેદીઓ (ટેલીગ્રાફ્ કલાર્ક તથા શીપાઈને તપાસવામાં આવ્યા અને ફરીઆદીએ જે પેઢીના નામનો તાર હતો તે પેઢીમાં પોતાનો હકક ખરીદ કરેલો તે સાબેત કરી શકે તે સારૂ તા૦ ૨૨ મી સુધી તે કામ બંધ રાખવામાં આવ્યું હતું અને તે દીવસે એક વાગ્યે હાય કોર્ટના એક અમલદાર મી૦ શી ટી. ડેવીશના ઉપર હાજર થવાને એક સમન્સ આપવામાં આવેલો હતો.

પ્રેશીડેનશી માજીસ્રેટ બેઠા અને શરૂઆતમાં તે કામ લેવામાં આવ્યું પરંતુ ફરીઆદીનું નામ છ વખત બોલાવ્યા છતાં તે ગેરહાજર હતો તેથી તે કામ કાહાડી નાંખવામાં આવ્યું થોડીક વારમાં તે ફરીઆદી તેમી. દેવીસને સાથે લેઇ હાજર થયો. તે માજીસ્રેટે પોતે આ પ્રમાણે એકા એક કામ કરેલું તેનો કમનશીબ ભરેલો પરીણામ જોયો. પરંતુ તેમના વીચારમાં આવ્યું કે તે તપાસ તેઉ તાજી કરી શકતા નથી. તેથી તેને બદલે બીજી રીતે પસંદ કરી ફરીઆદીને ફરમાવ્યું કે નવી ફરીઆદ કરવી આ પ્રમાણે બીજે દીવસે કરવામાં આવી તેથી તોહોમતવાળા ઉપર ફરી સમન્સ કરવામાં આવ્યો અને તા૦ ૨૦ અકટોબરના રોજ તે તપાસ કરી અને તા૦ ૨૫ મી અકટોબરના રોજ તેને ગુન્હેગાર ઠરાવી તેના રૂ ૨૦૦ દંડ કરયો.

આ કામ હાય કોર્ટ ક્રીમીનલ પ્રોશીજર આકટ (સને ૧૮૭૫ નો આકટ ૧૦) ની કલમ ૧૪૭ પ્રમાણે હાલ અમારી રૂબરૂ આવેલું છે તેમાં એવી તકરાર કરવામાં આવી છે કે ગયા સપટેબર માસની તા૦ ૨૨ મીના રોજ તે કામ કાહાડી નાંખ્યાનો હુકમ કરવામાં આવ્યો છે તેથી નીરદોશ કરયાનો ઠરાવ થાય છે. અને માજીસ્રેટને જે હકીકત માલુમ પડી છે તે પ્રમાણે તાર આકટની કલમ ૨૨ મુજબ તેને ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે.

અમે જોઇએ છીએ કે પ્રેશીડેન્સી માજીસ્તરેટ આકટ (સને૧૮૭૭ નો આકટ ૪) માં પુરાવ લેવાની રીતી (કલમ ૧૧૫) તોહોમત તઇયાર કરવાની રીતી (કલમ ૧૧૬) અને ગુન્હાની સાબેતી તથા શીક્ષાનો હુકમ જે અપીલ થવા લાયક હોય તેમાં તે સાથે ગુન્હાની સાબેતીના કારણો સારાંશમાં બતાવવા (કલમ ૧૨૬) તે શીવાય હાયકોરટમાં જે કામોમાં અપીલ ચાલે છે અને જે કામોમાં તે માજીસ્તરેટના હુકમો આખરના છે

તેમાં કાંઇ ભેદ રાખવામાં આવેલો નથી. માટે તે આકટની જે કલમો- થી ફરીઆદ કાહાડી નાંખવાના હુકમ વીશે ઠરાવ કરવામાં આવેલા છે. તે પ્રશીડેન્શી માજીસ્તરેટ જે તપાસો કરે તે તમામ તપાશોને એક શરખી રીતે લાગુ થાય છે. જ્યારે ફરીઆદીને તપાસ્યા પછી માજીસ્તરેટની નજરમાં એમ આવે કે કામ ચલાવવાને પુકત કારણ નથી. ત્યારે કલમ ૩૨ પ્રમાણે જે વ્યવસ્થા કરવામાં આવે છે તે શીવાય કાહાડી નાંખ્યાના હુકમનો છે ખરો અસર કેવો છે તે વીશે ઠરાવવામાં આવેલું નથી. આવાં કામોમાં સ્પષ્ટ ઠરાવવામાં આવેલું છે કે ફરીઆદ કાહાડી નાંખવાથી જેના ઉપર ફરીઆદ કરવામાં આવેલી હોય તેના ઊપર પાછળથી કામ ચલાવવાને અટકાવ થતો નથી.

પણ તે આકટથી તોહોમતવાળાને હાજર થવાને જે દીવસ ઠરાવવામાં આવેલો હોય તે દીવશે અગર ત્યારપછી જે દીવસે તે કામ લેવામાં આવે તે દીવશે (કલમ ૧૧૮) અગર સાક્ષીઓને હાજર થવા સારૂ અગર બીજા કોઇ કારણશર જે તારીખ શુધી કામ બંધ રાખવામાં આવ્યું હોય તે તારીખ સુધી (કલમ ૧૨૪) કોરટ બેસે અને શરૂઓ તો કામ ચલાવતાં ફરીઆદી ગેરહાજર હોય તો તે ફરીઆદ કાહાડી નાંખવાને માજીસ્તરેટને પરવાનગી આપવામાં આવેલી છે. આ બેઉ વખતે ફરીઆદ કાહાડી નાંખવી કે સુનાવણી ફરીથી બંધ રાખવી તે માજીસ્તરેટના કુલ અખત્યાર ઉપર છે. તેમણે નીરણય કરવાનો છે કે ફરીઆદીએ હાજર થવાને કસુર કરી તેથી તેને છેવટમાં છેવટના પરીણામને પોહોંચાડવો જોઇએ કે ફરીથી તે કામ બંધ રાખવું જોઇએ.

મી૦ બ્રાનસન આ કામમાં તે હુકમની પુષ્ટી કરે છે. તેમણે એવી તકરાર કરી છે કે કલમ ૩૨ માં એવું ઠરાવ્યું છે કે અમુક હકીકતને લીધે કાહાડી નાંખ્યાનો હુકમ કરવામાં આવેલો હોય તો તેથી આગળ કામ ચલાવવાને હરકત થતી નથી. માટે એવું અનુમાન થવું જોઇએ કે બીજા બધા કામોમાં આવા હુકમનો અસર નીરદોશના ઠરાવ પ્રમાણે થાય તેવો કરવાને કાયદા કરનારે ઈરાદો રાખેલો છે.

બીજી બાજુ તરફ બાબુ ગુરૂદાશ બાનરજી તકરાર કરે છે તે ઘણા જોરથી કરે છે કે જ્યારે માજીસ્તરેટની નજરમાં તપાસ કરતાં તોહોમતવાળો ગુન્હેગાર છે એમ આવે નહીં ત્યારેજ ફકત કલમ ૧૨૬ પ્રમાણે નીરદોશનો હુકમ થઈ શકે છે અને કાયદામાં ઠરાવવામાં આવ્યું છે કે જ્યારે માજીસ્તરેટની પરવાનગી સાથે ફરીઆદ ખેંચી લેવામાં આવી હોય (કલમ ૧૨૫) ત્યારેજ ફકત બીજા કાંઈ હુકમનો અમલ તો

હોમતવાળાને નીરદોશ કરયાનો થાય છે. અને આ વાતને કલમ ૧૧૩ ના શબ્દોથી પુષ્ટી થાય છે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૨૧ના બરોબર શબ્દો કાયદા કરનારની રૂબરૂ પ્રતક્ષ હતા તેમ છતાં પ્રેસીડેન્શી માજીસ્ત્રેટ કહાડી નાંખ્યાનો હુકમ કરે તેના બરોબર અશર વીશે તેમણે કાંઈ શક રાખેલો છે એ દીલગીરીની વાત છે. તોપણ બેઉ બાજુ તરફથી જે કહેવામાં આવેલું છે તે તમામનો સંભાળથી વીચાર કરતાં કાયદાના શબ્દો અને આગળ બતાવવામાં આવ્યુંછે તે પ્રમાણે કાંઇ વાત રહી જવાથી જે યોગ્ય રીતે અનુમાન થઇ શકે છે તે પ્રમાણે કલમ ૧૧૪ મુજબ કહાડી નાંખ્યાના હુકમનો અમલ તોહોમતવાળાને નીરદોષ ઠરાવ્યા તરીકે થઇ શકતો નથી. કલમ ૧૩૨ના સ્પષ્ટ શબ્દો ઉપરથી અમારા અભિપ્રાય પ્રમાણે યોગ્ય રીતે એવું કાંઇ અનુંમાન થઇ શકતું નથી કે તમામ બીજા કામોમાં કહાડી નાંખવાના હુકમથી પાછળથી જેના ઉપર ફરીઆદ ચલાવવામાં આવી હોય તેના ઉપર કામ ચલાવવાને હરકત થાય. +×+ અમારા જોવામાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં તપાસની વાખ્યા સુગમતાથી આપેલી છે તે પ્રમાણેની તપાસની વાખ્યા નથી પરંતુ અમારી રૂબરૂ હાલ જે કામ છે તે પ્રમાણે જે પુરાવ માજીસ્ત્રેટને જોઇએ તે ' તગામ પુરાવ આપવામાં આવેલો ના હોય અને માજીસ્ત્રેટ તે કામની સુનાવણી ફરી શરૂ કરવાને તથા પુરાવ રજુ કરવાને મુદત ઠરાવે તે પહેલાં ફરીઆદીને ગેરહાજરીના કારણથી ફરીઆદ કહાડી નાંખે તો તે તપાસ પુરી થએલી છે એમ કહી થકાતું નથી.

જો તોહોમતવાળાની પાસે ફરીઆદ કાહાડી નાંખ્યા પછી ફરીથી હાજર થઇ જવાબ માગ્યો હોય તો અઘવડ થાય છે એ વીશે કેટલુંક કહેવામાં આવેલું છે. પરંતુ તે ફરીઆદ તાજી કરતાં માજીસ્તરેટ હુકમ કાહાડે તે પહેલાં કલમ ૩૨ પ્રમાણે કામ ચલાવવાને કાંઇ પુક્ત કારણ છે કે નહીં તેનો વીચાર તેઉ કરી શકેછે. અને જો માજીસ્તરેટને એવી ખાતરી નહીં થાય કે ફરીઆદવાળો ગુનહો ભારે 'સખત રૂપનો છે અને અશલ ફરીઆદ કાહાડી નાંખવી જોઇતી નહીં હતી તો તે કામ ચલાવવાને પુક્ત કારણ નથી. માટે તે ફરીઆદ સંક્ષેપ રીતે કાહાડી નાંખવામાં આવે છે એવું સંપુરણ વ્યાજબી રાહે માજીસ્તરેટ ઠરાવી શકેછે.

આવી હકીકત છે માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે નવી ફરીઆદ આપી ફરીથી કામ ચલાવવાને કાયદેસર હરકત કાંઈ પણ નથી. માટે અમારી રૂબરૂ જે હરકત લેવામાં આવી છે તે નામંજુર કરવી જોઇએ. તોપણ અમે એવો ભરૂંસો રાખીએ છીએ કે માજીસ્તરેટે તે

ફરીઆદ એકાએક કાહાડી નાંખવાથી પરીણામે જે ગેરઇનસાફ થ-એલો છે તેથી કાયદા પ્રમાણે જે કુલ અખ્તીઆર તેમને વાપરવા આકુલ રીતની ચેતવણી મળશે. આ કામમાં તે હુકમ ગેરવ્યાજબી છે, એટલુંજ નહીં પણ તે તખસનો વખત મોડો ઠરાવ્યો હતો. અને ફરીઆ-દીના તે કામની સુનાવણી કરવા સારૂ હાજર થવાની કાંઇ જરૂર નહીં હતી. વળી તે ગુનહાનો પ્રકાર જોતાં તે બે વરશ કેદ તથા દંડને પાત્ર હતો. તેથી તે કામ તે દીવશે મોડુ લેવા દેવાને બદલે આવી સં-ક્ષેપ રીતે પુરૂં કરતાં પહેલાં તે માજીસ્તરેટને આનાકાની કરવી જોઈતી હતી.

માજીસ્તરેટને જે હકીકત માલમ પડી છે તે પ્રમાણે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવાને કાયદાની બાબતમાં કાંઈ પણ બળવાન કારણ નથી એમ અમારા જોવામાં આવે છે. સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે તે હુકમ રદ્દકરવો જોઇએ.

જસ્ટીસ મોરીસ સાહેબ સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૧૪૪ પ્રમાણે તે કાહાડી નાંખ્યાના હુકમનો અસર કેવો છે. તે વીશે કાયદા કરનારે કાંઇ ઠરાવ કરયો નથી એ દીલગીરીની વાત છે. જેમ જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે પ્રેશીડેન્શી માજીસ્તરેટની રૂબરૂ જે કામનો વીચાર કરવાનો હતો તે કામ ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે વા-રંટનું કામ છે. એક રજુવાત તોહોમતવાળાની રૂબરૂ થઇ ગએલી હતી અને પુરાવ લેવામાં આવ્યો હતો. તા૰ ૨૨ સપટેંબરના રોજની એક બીજી રજુવાત ઠરાવવામાં આવી હતી. પણ તે તારીખે જો કે તોહોમત-વાળો હાજર થયો હતો તોપણ ફરીઆદી હાજર થએલો નહીં હતો અને તેથી માજીસ્તરેટને તે કલમ પ્રમાણે જે કુલ અખ્તીઆર હતો તે પ્રમાણે માજીસ્તરેટે તે ફરીઆદ કાહાડી નાંખેલી છે. જો કાયદામાં સંપુરણ રીતે એવું સ્પષ્ટ હોત કે તોહોમતવાળો એ વખત રજુવાત વખતે હાજર થાત અને જો જવાબ દેવાનો હોય તો તે જવાબ દે તેમ છતાં તેના ઉપર કરેલી ફરીઆદ કાહાડી નાંખવામાં આવે પછી હરકોઇ વખતે તેજ ફરીઆદની બાબત નવું કામ ચલાવવામાં આવે તો તે સંતોશકારક હતું. કલમ ૩૨ માં ફરીઆદની તપાસ કરયા પછી ફરીઆદ આપવામાં આ-વેલી હોય તે ફરીઆદ કાહાડી નાંખ્યા વીશે બ્યવસ્થા કરવામાં આવેલી છે અને તેમાં એવો ખાશ ઠરાવ દાખલ કરવામાં આવ્યો છે કે તે કાહા-ડી નાંખવાથી જે સખશના ઉપર ફરીઆદ હોય તે સખસના ઉપર પા-છળથી કામ ચલાવવાને અટકાવ થતો નથી. અને બાબ ૮ પ્રમાણેના કા-મોમાં એટલે હાયકોરટને તપાશવા લાયકની કામોની માજીસ્તરેટ તપાસ

કરેછે તેમાં શાક્ષીઓની તપાસ થયા પછી ફરીઆદીની ગેરહાજરીમાં પણ તોહોમતવાળાની રૂબરૂમાં તે તપાસ કરવામાં આવેલી હોય તો શારી તે કરવું. ને કાયદામાં ઠરાવ્યું કે (કલમ ૮૭) જયારે ગુનહો કાયદેસર રીતે સમાધાન કરવા લાયક હોય, તે સીવાય અને ફરીઆદી ગેર હાજર હોય તો તોહોમતવાળાને છોડી દેવાને પુકત કારણ થતું નથી. અને તે છોડી દેવાનો હુકમ તે નીરદોશના ઠરાવ જેવો નથી. અને તેથી તેજ ગુનહા બાબત ફરીઆદનું કામ તાજુ કરવાને હરકત થતી નથી.

× + + + + +

અમારી રૂબરૂ જે આમુક કામ છે તેમ. તા૦ ૨૨ મી સપટેં ૧૨ ના રોજ માજીસ્તરેટે કાંઇ પણ ઠરાવ કરયો નથી. અને નીરદોશ અગર ગુનહાની સાબેતીનો ઠરાવ કરવાનો હુકમ લખેલો નથી. કલમ ૧૧૯ ના શબ્દો લક્ષનાં રાખતાં જે તારીખે તોહોમતવાળો પ્રથમ ૮.૪૨ થયો એટલે સુનાવણીની જે તારીખ ઠરાવવામાં આવી હતી તે તારીખ તે કામ શરૂ થયું હતું એમ અમે સમજીએ છીએ. અને ફરીઆદી ગેરહાજર હતો તે હકીકત બાબત ખાસ રીતે કલમ ૧૨૪ માં ઠરાવ કરવામાં આવેલો છે, માટે તે પુરૂં કરવામાં આવેલું નહીં હતું. સબબ કલમ ૧૯૩ માં જે એવું ઠરાવવામાં આવ્યું છે કે એકાદ ગુનાહ બાબત કોઇ સખસ ને ગુનેહગાર ઠરાવવામાં આવેલો હોય અગર નીરદોશ ઠરાવવામાં આવેલો હોય ત્યારે તે ગુનહાની સાબેતીનો ઠરાવ અગર નીરદોશનો ઠરાવ જો કાયમ હોય તો તેજ ગુનહા બાબત તેની ફરી તપાસ કરવામાં આવશે નહીં તે કલમ સાથે આ કલમો (૧૨૪ અને ૧૨૬) જોતામાં આવે છે ત્યારે એવો નીશ્ચે થતો જણાય છે કે આગળ થએલી તપાસના પરીણામમાં ગુનહાની સાબેતીનો અગર નીરદોશનો ઠરાવ કરવામાં આવ્યો નહીં હોય તો તેજ ગુનહા બાબત ફરીથી તે સખશની તપાસ થવાને અટકાવ થાય તેવું કાયદામા કાંઇ પણ નથી. સબબ તે નવું કામ ચલાવવાને તે કાહાડી નાંખવાના હુકમથી હરકત થતી નથી.

કામના ગુણદોશ ઉપર વીચાર કરતાં માજીસ્તરેટના ઠરાવમાં હાથ ઘાલવાને કાયદા પ્રમાણે કાંઇ કારણ નથી તે વીચાર સાથે અમે મળતા છીએ. તોહોમતવાળા થામસને તે તાર રાખ્યો તે દેખીતી રીતે પોતાની બરોબરી કરનાર પેઢીના શરનામાનો હતો તેમ છતાં યોગ્ય સંભાળ અને લક્ષ આપી તેણે તે રાખ્યો નથી. માટે તે શુધ્ધઅંતઃકરણથી વરતેલો નથી એવું બતાવવાને પુરાવ છે.

હુકમ રદ કરવામાં આવ્યો.

અશલ ફોજદારી મુકરદમો.

તા૦ ૨૯ જાન્યુઆરી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ પ્રીનશેપ સાહેબની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ દેબી પરસાદ.

પકડતા પહેલાં પોલીશ અમલદારની રૂબરૂ કરેલી કબુલત—પુરાવ આકટ (સને ૧૮૭૨ ના આ૦ ૧ લા) ની કલમ ૨૫, ૨૬,

પકડતા પેહેલાં તોહોમતવાળા સખસે પોલીશ અમલદારની રૂબરૂ કબુલત આપેલી હોય તો, તે પુરાવમાં દાખલ કરવા લાયક છે.

પાનુ ૫૩૦ આ કામમાં તપાસ ચાલતાની દરમીયાનમાં શ્ટાંડીંગ કોનસલે (મી૦ ફીલીપ્સ) એક સાક્ષી પોલીશ ઇનસ્પેકટર ક્રીસ્તોચંદ્ર બાનરજી હતો તેણે જયારે એવું કહેલું હતું કે તોહોમતવાળાને પકડવામાં આવેલો નહી હતો, ત્યારે તે વખતે તેને શું કહેવામાં આવેલું તે પુછેલું હતું.

તોહોમતવાળા તરફથી મી૦ શેલે એવી હરકત લીધી કે તે વખતે તોહોમતવાળાને તે વખતે પકડવામા આવેલો હતો. છેવટે મી૦ શેલને તે બાબત ઉલટ તપાસ તે સાક્ષીની કરવાને પરવાનગી આપવામાં આવી. તેમાં કોરટે ઠરાવ્યું કે તોહોમતવાળાને તે વખતે પકડવામાં આવેલો નહીં હતો.

તેથી તે સ્ટાંનડીંગ કોનસલે તે સાક્ષીને પ્રથમ જે સવાલ કરેલો તે ફરીથી પુછયો.

મી૦ સેલે ફરીથી હરકત લીધી—તોહોમતવાળાને પકડવામાં આવેલો હોય કીંવા નહીં એ મુદાની બાબત નથી—હીરણમીયાના કામની બાબતનો ઠરાવ જુઓ. કોઇ પ્રકારની હકીકત અથવા કબુલત પોલીશ અમલદારની રૂબરૂ તોહોમતવાળાએ કહેલી અગર કરેલી હોય તો તે પુરાવમાં ગુજારી શકાતી નથી. પુરાવ આકટની કલમ ૨૫ મીમાં જે મનાઇ છે તે જે કામોમાં તોહોમતવાળાને પકડવામાં આવેલો હોય કીંવા નહી તેને લાગુ થાય છે, અને કલમ ૨૬ મીમાં જે કામોમાં તોહોમતવાળો પહેરામાં હોય તેની વ્યવસ્થા કરવામાં આવી છે. કલમ ૨૫ મીમાં કહેલું છે કે "કોઇ કબુલત (તોહોમતવાળાએ કાંઇ કબુલત કરેલી ના હોય તે નહી) પોલીશ અમલદારની રૂબરૂ કરવામાં આવી હશે તે તોહોમતવાળાના વીરૂધ સાબેત થશે નહી." તે કલમમાં શબ્દોમાં ફેરફાર છે, પણ કબુલત બાબત જે "આડમીશન" અને "કનફેશન" શબ્દો છે, તેમાં કાંઇ ભેદ ગણવામાં આવ્યો નથી. હીરામીયાંના કામનો ઠરાવ જુઓ. કલમ ૨૫

મીનો અર્થ ઘણોજ બહોળી રીતે શબ્દાર્થ કરવો જોઇએ. માહારાણી વી૦ હરીબોલ ચંદ્રગોઝનો ઠરાવ જુઓ. તેમ કલમ ૨૬ મીથી તેની કોઇ રીતે મર્યાદા બાંધવામાં આવી નથી. "કનફેશન" શબ્દની વાખ્યા પુરાવ આકટમાં કરવામાં આવી નથી, પરંતુ "આડમીશન" શબ્દની વાખ્યા કરવામાં આવી છે. તે ઉપરથી એવું અનુંમાન થઈ શકે છે કે તે શબ્દો વચ્ચે ભેદ ગણવાનો કાંઇ ઇરાદો રાખવામાં આવ્યો નથી, અને તે આકટના કારણુશર તે શબ્દો એક બીજાને બદલે છે. ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો (સને ૧૮૭૨ ને ૧૦ મો) પુરાવ આકટની સાથેજ ઘણું કરીને મંજુર કરવામાં આવ્યો છે. "કનફેશન" શબ્દમાં "આડમીસન" અને ગુનાહની "કનફેશન"નો સમાસ થાય છે. કેશરેહીંદ વી૦ રામા બીરાપા અને માહારાણી વી૦ જોરા હાંસજીના ઠરાવ જુઓ. માહારાણી વી૦ મેકડોનલના કામમાં જે ઠરાવ જસ્ટીસ ફીયર સાહેબે કરેલો છે તેમાં કોનશલ તરફની તકરારો પ્રથમ બતાવવામાં આવી નથી અને તેનો રીપોટ ઘણો જ નહીં જેવો છે.

ધી સ્ટાનડીંગ કોનશલ (મી૦ ફીલીપ્સ)ને પુછવામાં આવેલું નથી.

જષ્ટીસ પ્રીનસેપ સાહેબઃ—તે સવાલ પુછી શકાય છે. માહારાણી વી. મેકડોનલના કામમાં જસ્ટીશ ફીયર સાહેબે એનો અભીપ્રાય બતાવ્યોછે કે પુરાવ આકટમાં "આડમીશન" અને ગુનહાની કબુલત (આડમીશન)માં ભેદ ગણવામાં આવ્યો છે તે સાથે અમે મળતા છીએ. જે બીજા ઠરાવો બતાવવામાં આવ્યા છે તો સાથે તે બીલકુલ આ બાબતને લાગતા નથી.

તા૦ ૩૧ જાન્યુએરી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ પ્રીનશેપ સાહેબની રૂબરૂ.

કેશરેહિંદ વી૦ દેબી પ્રસાદ.

ફોજદારી તપાસમાં કમીશનથી લેવામાં આવેલા શાક્ષીની સાહેદી ક્યારે દાખલ કરવા લાયક છે.—હા. કો. ના ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૫ ના આ૦ ૧૦) ની કલમ ૭૬—પ્રેસીડેન્સી માજીસ્તરેટ આકટ (સને ૧૮૭૭ ના આ૦ ૪) ની કલમ ૧૫૮—પુરાવ આકટ (સને ૧૮૭૨ ના ૧ લા) ની કલમ ૩૩

કમીશનની રૂબરૂ સાક્ષીની લીધેલી સાહેદી હાયકોરટની રૂબરૂના ફોજદારી કામમાં લેવામાં આવેલી હોય તો તે સને ૧૮૭૫ ના આકટ ૧૦ ની કલમ ૭૬ પ્રમાણે તે કોરટે કરેલા હુકમથી લેવામાં આવી છે, એવું

બતાવવામાં ના આવે તો અથવા પુરાવ આકટની કલમ ૩૩ મી પ્રમાણે તે દાખલ કરવા લાયક ના હોય તો, તે તપાસમાં દાખલ કરવા લાયક નથી.

પાનુ ૫૩૨ પ્રેશીડેન્શી માજીસ્તરેટ આકટ (સને ૧૮૭૭ ના આ૦ ૪) ની કલમ ૧૫૮ પ્રમાણે કમીટ કરનાર માજીસ્તરેટે કાહાડેલા કમીશન ઉપરથી એક વાયદ ગાબાલ બેગમની સાક્ષી લેવામાં આવેલી છે તે આ કામમાં તપાસ ચાલતાં (સ્ટાનડીંગ કોનશલ) મી૦ ફીલીપ્સે વંચાવવાને દરખાસ્ત કરેલી છે

તે કેદી તરફથી મી૦ શેલે હરકત કરી. આ કોરટમાં ફોજદારી તપાસમાં કમીશનથી લીધેલા સાક્ષીની સાહેદી વાંચી શકાય તે પહેલાં એવું બતાવવું જોઇએ કે સને ૧૮૭૫ ના આકટ ૧૦ કલમ ૭૬ પ્રમાણે હાયકોરટે તે સાહેદી લેવાને હુકમ કરેલો હતો. અહિંયાં તો કમીટ કરનાર માજીસ્તરેટે તે હુકમ કરેલો હતો, અને હાયકોરટે કરેલો નથી. જે કારણથી તે કમીશન કાહાડવાને તે માજીસ્તરેટ લલચાયા હતા તે કારણ કમીટ કરવાની અને હાયકોરટમાં તોહોમતવાળાની તપાસ કરવાની વચમાં ગએલી મુદત બધ થઇ હોય. વળી જો તે પુરાવ હાલ રજુ કરવાને કોશીશ કરવામાં આવે તો, તે બાબતમાં સને ૧૮૭૫ ના આ૦ ૧૦ ની કલમ ૭૬ પ્રમાણે હાયકોરટને જે કુલ અખ્તીઆર આપવામાં આવ્યો છે તે કુલ અખ્તીઆર માજીસ્તરેટના ઠરાવના તાબામાં કરયો થાય સારાંશમાં તે માજીસ્તરેટનો અભીપ્રાય આ કોરટને બંધનકારક થાય. ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૫ ના આ૦ ૧૦) ની કલમ ૭૫ મીથી જે કામમાં પુરાવ આકટ અથવા તે બાબતના બીજા કોઇ કાયદા પ્રમાણે આવો પુરાવ જે કામોમાં દાખલ કરવા લાયક છે તે કામોમાં ગેરહાજર સાહેદની સાહેદી જોવાને કોરટને અખ્તીઆર આપવામાં આવ્યો છે. એવો કોઇ કાયદો નથી કે જેના આધારથી જે પુરાવ આપવા માંડવામાં આવ્યો છે તે દાખલ થઇ શકે.

સરકાર તરફથી ધી. સ્ટાનડીંગ કોનશલ (મી૦ ફીલીપ્સ) આ કામમાં એવો પુરાવ છે કે સાક્ષી વાયદ ગાબાલ બેગમ તે અયોધ્યાના પદભ્રષ્ટ રાજાની ઓરતોમાંની એક ઓરત છે, અને તેથી તે પડદાનશીન છે. માટે એમ અનુંમાન થઇ શકેછે જે કારણથી તે માજીસ્તરેટ તે કમીશન કાહાડવાને લલચાયા હતા તે હજુ કાયમ છે, અને તેનું વજન આ કોરટમાં એક સરખી રીતેજ થાય. વળી પ્રેશીડેન્શી માજીસ્તરેટ આકટની કલમ ૧૫૮ મીમાં ઠરાવેલું છે કે "કમીશન ઉપરથી એક વખત જુબાની લેવામાં આવી એટલે તે કામના કાગળોનો ભાગ થાય છે." કલમ ૭૬ મી.

હાઇકોરટ ક્રીમીનલ પ્રોશીજરકોડની છે તે ફક્ત જે કામમાં કમીટ કરયા પછી કમીશન લેવાનુ કારણ ઉતપન થએલું હોય તે સબંધી ફક્ત છે. (જસ્ટીશ પ્રીનશેપ સાહેબ: - પુરાવ આકટની કલમ ૩૩ મી ઉપરથી જણાય છે કે તે આવી જાતના કાંમને લાગુ નથી.)

જષ્ટીશ પ્રીનશેપ સાહેબ:—તે જુબાની પુરાવમાં દાખલ કરવા લાયક નથી. હાયકોરટ ક્રી. પ્રો. કોડની કલમ ૭૬ મીનો હેતુ એવો છે કે કમીશનથી લેવાએલા પુરાવનો ઉપીયોગ હાયકોરટમાં કરવાનો જો ઇરાદો હોય તો તે કલમ પ્રમાણે તે કોરટે કરેલા હુકમ ઉપરથી તે લેવો જાઇએ પ્રશીડેન્શી માજીસ્તરેટના આકટની કલમ ૧૫૮ મીના જે શબ્દો મી૦ પ્રીલીપ્સે બતાવેલા છે તે તપાસના કાગળોને અથવા માજીસ્તરેટની રૂબરૂની તજવીજ સબંધી ફક્ત છે. માજીસ્તરેટના હુકમથી કમીશનથી લીધેલો પુરાવ આ કામમાં પુરાવ આકટની કલમ ૩૩ પ્રમાણે દાખલ થઇ શકતો નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૫ જાન્યુએરી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જસ્ટીશ પ્રીનશેપ સાહેબોની રૂબરૂ

રામચંદ્ર શાહા વીગરે વી૦ કેશરેહીંદ.

બંગાળાના જકાતના આકટ (સને ૧૮૭૮ ના બંગાળાનો આ૦ ૭ ની કલમ ૯, ૫૮, ૭૪—જલદદારૂ બીજી જગોએ તઇયાર કરેલો કલકતામાં દાખલ કરવો—કલેકટરે ઠરાવેલી હદ—વધારાની શીક્ષા—બીજી શીક્ષાને બદલે કેદની શીક્ષા.

બંગાળાના જકાત આકટની કલમ ૭૪ મીમાં તેવાજ ગુનહા બાબત પ્રથમ સાબેતીનો ઠરાવ થએલો હોય તો વધારાની શીક્ષા કરવા બાબત જે ઠરાવ છે તેમાં ફક્ત જે ગુનેહગારે રૂ ૨૦૦) અથવા તેથી વધારે સીક્ષાને પાત્ર થાય તેને તે ગુનોહ કરયો સાબેત થએલો હોય અને તેજ સીક્ષા કરવા લાયક બીજો ગુનહો કરયો એમ તેના ઉપર ફરીથી સાબેત થાય તેના હેતુ સબંધી ફક્ત ઠરાવ છે માટે તેજ ગુનહા બાબત પ્રથમથી ગુનેહગાર ઠરેલો હોવો જોઇએ એવી જરૂર નથી.

- તોહોમતવાળાને પ્રેશીડેન્શી માજીસ્તરેટે બંગાળાના જકાત આકટની કલમ ૫૮ અને ૭૪ પ્રમાણે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેલો અને દરેકના રૂ ૨૦૦) દંડ અને તે આપવામાં કશુર કરવામાં આવે તો, ત્રણ માસ કેદની શીક્ષા કરેલી અને તેની સામે વધારાની છ માસ કેદની સીક્ષા

કરવામાં આવેલી છે તે કલમ ૭૪ મી પ્રમાણે વધારેમાં વધારે શીક્ષા છે. ઠરાવ્યું કે પ્રેસીડેનશી માજીસ્તરેટ આકટની કલમ ૧૨ મીથી માજીસ્તરેટને જે અખ્તીયાર આપવામાં આવેલો છે તે કરતાં કેદની શીક્ષા વધારે નથી, માટે તે વધારાની સીક્ષા કરવાથી તે માજીસ્તરેટને જે અશલ સીક્ષા કલમ ૫૮ મી પ્રમાણે કરવાનો અખ્તીઆર છે તેને હરકત થતી નથી.

તે આકટની કલમ ૯ પ્રમાણે કલકત્તામાં કોઇ દારૂની ભઠી બાબત હદ રાખવામાં આવી નથી કે જેથી અમૂક ભઠી શીવાય બનેલો જલદ દારૂ ખાસ પાસ વીના દાખલ કરવામાં અગર વેચવામાં આવે અને જેથી કલમ ૫૮ મી પ્રમાણે ગુનહાની સાબેતીનો ઠરાવ કરવાને આવી હદ બાંધવાની જરૂર થાય, સબબ આ કામમાં ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવેલો છે.

પાનું ૫૭૫ આ કામમાં ઓબીનાશ ચંદ્રશા, હસનુંખાંન, રાંમચંદ્રશા, ચીનીબાશશા, આધારેચંદ્રશા, અને બાનેશરશાની ઉપર કલકતામાં ૧૪ મચુઆ બજારમાં કલેકટરની ખાસ પરવાનગી શીવાય જલદદારૂ વેચવા સારૂ સને ૧૮૯૮ ના આ૦ ૭ બંગાળાનો જકાતનો છે તેની કલમ ૧૮ પ્રમાણે તે ઉપર "ડયુટી" આપ્યા શીવાય અને તે સદરહુ આકટની કલમ ૯ અને ૫૮ મીના વીરૂધ તે સેહેરની હદની અંદર ભઠીમાં બનાવવામાં આવેલો નહીં અને તેમના કબજામાં તે રાખવાને તે આકટની કલમ ૧૭ અને ૬૧ વીરૂધ પાસ જોઇએ તે પાસ લીધા વીના રાખવામાં આવેલો તે દાખલ કરયો એવો આરોપ રાખવામાં આવ્યો છે. તેઓની તપાસ કલકતાના ચીફ પ્રેશીડેનશી માજીસ્તરેટની રૂબરૂ થઇ, તેથી ઓબીનાશ અને બાનેશરએ દરેકના રૂ૧૦૦)દંડ અને દંડ આપવામાં કશુર કરે તો, ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલીછે. અને રામચંદ્ર, ચીનીબાશ અને આધારેચદ્ર એ દરેકના રૂ ૨૦૦) દંડ અનેતે આપવામાં કશુર કરે તો ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા અને તેની સાથે છ માસ સખત મજુરી શાથે કેદની શીક્ષા કરેલી છે. હસનુખાંનને છોડી દેવામાં આવ્યો.

શીક્ષાના આ હુકમ ઉપર રાંમચંદ્ર, ચીનીબાશ, અને આધારેચંદ્ર હાયકોરટમાં અપીલ કરી.

અપીલવાળાઓ તરફથી મી૦ આર. આલન.

સરકાર તરફથી ધી૦ સ્ટાંનડીંગ કોનશલ (મી૦ પીલીપ્સ.)

કોર્ટનો ફેંસલો જસ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારી રૂબરૂ ત્રણ અપીલવાળાઓ છે તેમને તથા બીજા બે શ૰

ખસોને બંગાળાના જકાત આકટ (સને ૧૮૭૮ ના બંગાલાના આ. ૭) ની કા. ૫૮ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરેલી છે, અને તે શીક્ષાની સાથે કલમ ૭૪ મી પ્રમાણે તેઓને તેઓ પ્રથમ રૂ ૨૦૦ અગર તેથી વધારે સીક્ષા કરવા લાયક ગુન્હાના ગુન્હેગાર ઠરેલા તેથી તેમને કેદની શીક્ષા કરવામાં આવી છે.

તે તપાસના પ્રોશીડીંગ્ઝ ઉપરથી પ્રેશીડેંશી માજીસ્ત્રેટે એવું કામમાં લખેલું છે કે "પ્રતીવાદીઓએ (હસનુ કે જેને છોડી દેવામાં આવ્યો છે તેના શીવાય) પાસ શીવાય જલદ દારૂ દાખલ કરયો અને જકાતના આકટની કા. ૫૮ મી પ્રમાણે ગુન્હો કરયો છે તેમાં તેમને કીંચીત પણ શક નથી."

કલમ ૫૮ મીના પાછલા ભાગ પ્રમાણે ગુન્હો બનવાને "જલદ દારૂ ખપાવવાને જે જગાની હદ ઠરાવવામાં આવેલી હોય તે હદની અંદર ભઠીમાં (એટલે કે કલમ ૯ પ્રમાણે સ્થાપેલી ભઠી) તઈયાર કરેલો દારૂ કલેકટરની ખાશ પાસ શીવાય બીજી જગોમાં લેઇ જવામાં આવે અથવા લેઇ જવાની કોશીશ કરવામાં આવેલી હોવી જરૂર છે.

આ કામમાં અમારી નજરમાં આવે છે કે કેટલોક પુરાવ છે તે ઉપરથી જે દારૂ કલકત્તામાં પકડવામાં આવેલો છે તે તાલીગંજ એક પરૂ છે ત્યાંહાં બનાવવામાં આવ્યો છે એમ જણાય છે એમ માજીસ્ત્રેટે માનેલું છે. હકીકત છે તે પ્રમાણે તે પુરાવના વજન બાબત કાંઇ અભીપ્રાય અમારે બતાવવાની જરૂર નથી. પરંતુ અપીલવાળા તરફથી મી૦ આલને તકરાર કરીછે અને સરકાર તરફથી સ્ટાનડીંગ કૌશીલ જે ગુન્હાની સાબેતીના ઠરાવની પુષ્ટીમાં હાજર થયા છે તેમણે છેવટે કબુલ કરી છે તે એવી તકરાર છે કે કલકત્તાના કલેકટરે આજ સુધી કલમ ૯ પ્રમાણે કલકત્તામાં કોઇ ભઠી સબંધીમાં એવી હદ ઠરાવવામાં આવી નથી કે અમુક ભઠીમાં ખાસ પાસ શીવાય દેશી દારૂ તઈયાર કરવામાં આવે અગર વેચવામાં આવે, સબબ કલમ ૫૮ મી પ્રમાણે ગુન્હો બનવાને ખાસ રક્ષણની જરૂર નથી, અને ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અપીલવાળાઓને કરવામાં આવ્યો છે તે રદ કરવો જોઇએ.

અપીલવાળાઓની સાથે બીજા બે સખશોને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા છે, અને તે બીજા બે શખસોની શીક્ષાનો હુકમ અપીલ કરવા લાયક નહી તેથી તેઓ અપીલ કરી શકતા નથી. અમે ઠરાવી ચુકયા છીએ કે કાંઇ ગુન્હો બનેલો નથી, માટે ફો. કા. ચ. રી. નો કાયદો હાઇકોર્ટનો છે તેની કલમ ૧૪૭ પ્રમાણે તેઓના કામની વ્યવસ્થા કરવાને અમે બંધાએલા છીએ, એમ અમને લાગે છે. સરકાર તરફથી ધી સ્ટાનડીંગ કૌનસલ છે

તેમણે પ્રેશીડંશી માજીસ્ટ્રેટ આક્ટની ક. ૧૮૧ મીમાં ઠરાવેલી રીતી પ્રમાણે ખાસ ઇલાજ કરયા વીના આ કામની અમે સંક્ષેપરીતે વ્યવસ્થા કરીએ તે બાબત કબુલ કરેલું છે, અને કાંઇ પણ બનાવ ફાયદા વીના ફકત નમુના પ્રમાણે ચાલન.ની આથી જરૂર થાય છે, માટે અમે ઠરાવીએ છીએ કે આ બે સખશો ઓબીનાશચંદ્રશા અને બાનેસરશાને ગુન્હેગાર ઠગાવ્યાનો તથા શીક્ષા કરયાનો હુકમ રદ કરીએ છીએ. માટે જો દંડ વસુલ થયો હાય તો પાછો આપવો, અને અપીલવાળાઓને જેલમાંથી છોડવા.

શીક્ષાના જે હુકમો કરવામાં આવેલા છે તેના કાયદેશરપણા વીશે આ અપીલમાં જે બે હરકતો લેવામા આવી છે. તે લક્ષમાંજ લેવી ન જોઇએ તે બરાબર છે. મી૦ આલન પેહેલી એવી તકરાર કરી છે કે બંગાળાના જકાતના આક્ટની કલમ ૭૪ પ્રમાણે ગુન્હેગારને વધારાની શીક્ષાને પાત્ર કરવાને પ્રથમ તેના તેજ ગુન્હા બાબત તે ગુન્હેગાર ઠરેલો હોવાની જરૂર છે. કારણ કે તેવોજ ગુન્હો એ શબ્દ છે તે તેજ ગુન્હા બરાબર છે. તોપણ એમ જણાય છે કે રૂ ૨૦૦ અગર તેથી વધારે શીક્ષા કરવા લાયક ગુન્હો કરેલો છે એમ પ્રથમ સાબેત થએલો હોય તે પણ તેજ ગુન્હો બીજી વખતે ફરીથી તેણે કરયો એવો ઠરાવ થવો જોઇએ. તેવોજ ગુન્હો એ શશબ્દનો આ અર્થ બરાબરછે. માટે હાલ જે અમારી રૂબરૂ કામ છે તેમાં કલમ ૫૮ પ્રમાણે ગુન્હો સાબેત થએલો હોય તો કલમ ૭૪ પ્રમાણે જે વધારે શીક્ષા કરવામા આવેલી હોય તે કાયદા વીરૂદ્ધ નથી.

બીજી હરકત એવીછે કે દંડ વસુલ આપવામાં ના આવે તો ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવેલીછે તે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ આક્ટ (સને ૧૮૭૭નો ૪થો)ની કલમ ૧૨ પ્રમાણે માજીસ્ટ્રેટ જે શીક્ષા કરી શકેછે તે ઉપરાત છે. મી૦ આલન તકરાર કરેછે કે બંગાળાના જકાત આક્ટની કલમ ૭૪ પ્રમાણે અપીલવાળાઓ છ માસ કરતાં વધારે મુદતની શીક્ષાને પાત્ર નહીં હતા. માટે તે દંડ વસુલ ના થઇ શકે તો છ માસનો એક ચતુરથાઉંસ એટલે છ અઠવાડીઆ કરતાં વધારે કેદની મુદતની શીક્ષા પ્રેશીડેંન્સી માજીસ્તરેટ આક્ટની કલમ ૧૨ પ્રમાણે માજીસ્ટરેટ કરીશકતા નહીં હતા.

તોપણ અમને એમ જણાયછે કે અપીલવાળાઓને બેશીક્ષાઓ કરવામાં આવેલી છે એટલે દરેક કલમ ૫૮ પ્રમાણે રૂ ૧૦૦ દંડ આપવા અને તે આપવામાં કસુર કરવામાં આવે તો ત્રણ માસ સખત મજુરી સાથે કેદ ભોગવવી તે એક શીક્ષા અને બીજી શીક્ષા એવી કરવામાં આવી છે કે કલમ ૭૪ પ્રમાણે દરેક કલમ ૫૮ માં ઠરાવેલી શીક્ષાની

સાથે ૭ માસ કેદ ભોગવવી એવી કરવામાં આવેલી છે. કલમ ૫૮ પ્રમાણે અસલ શીક્ષા સબંધી માજીસ્ટ્રેટનો જે અખત્યાર છે. તેને વધારાની શીક્ષા કરવાથી કાંઈ હરકત થતી નથી. કલમ ૫૮ પ્રમાણે કરેલી શીક્ષાનો હુકમ એકલો સંપુરણ રીતે કાયદેશર છે. તે વીશે ઇનકાર થઈ શકતી નથી. પરંતુ એવી તકરાર કરવામાં આવી છે કે કલમ ૭૪ પ્રમાણે જે વધારાની શીક્ષા કરવામાં આવેલી છે તેથી કલમ ૫૮ પ્રમાણે થએલો દંડ આપવાને કસુર કરવામાં આવે તો કેદની જે મુદત ઠરાવવામાં આવી છે તે જોઇએ તેના કરતાં વધારે છે અને તેથી તે કાયદેશર નથી. આ તકરારના બલવાનપણા વીશે અમે કાંઇ સબબ જોતા નથી. અને કલમ ૫૮ પ્રમાણેની જે શીક્ષા સંપુરણ રીતે કાયદેશર છે તે બંગાલાના જકાત આકટ પ્રમાણે પ્રથમના ગુન્હાની સાબેતીના ઠરાવને લીધે ગુન્હેગારને જે વધારાની શીક્ષા કરવામાં આવે તેથી તે કાયદેશર ના થાય એ ખરેખાત બરોબર નથી.

જો કે આ કામનો ઠરાવ તેના પ્રકાર ઉપર જોતાંજ સાધારણ રીતે પેહેલી રજુવાતે થઈ શકે તેવું હતું. તોપણ માજીસ્તરેટે આ કામની સુનાવણી તા૦૬—૯મી અને ૧૬મી નવેંબરના રોજ કરેલી છે. એમ અમારા જોવામાં આવે છે. તે કામ બંધ રાખવામા આવેલું તે વીશે કાંઇ કારણ બતાવવામાં આવ્યું નથી. અગર તે ફરીઆદ તરફનો જરૂરીયાત પુરાવ નહીં હોવાને લીધે બંધ રાખવામાં આવ્યું હતું. આ વાત જોવાની જરૂર છે એમ અમારી નજરમાં આવે છે કારણ કે વારંવાર કામ બંધ રાખવાથી પક્ષકારોને થતા ખરચમાં વધારો થાય છે માટે તે રીતી બંધ કરવી જોઇએ.

વળી અમારા જોવામાં આવે છે કે તે આપેલી એફીડીવટમાં એમ કહેવામાં આવ્યું છે કે પ્રેશીડનશી માજીસ્તરેટના આકટની કલમ ૧૭૦ ના ઠરાવ છતાં આ કામમાં પુરાવની નકલોને માટે માજીસ્તરેટને અરજ કરવામાં આવેલી પરંતુ તે ના મંજુર કરવામાં આવેલી છે.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૫ જાનેવારી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીશ મ્યાકલીન

સાહેબોની રૂબરૂ

મંગળશીંગ વીગરેની અરજીની બાબત.

કેસરેહીંદ વીરૂદ્ધ પંજાબસીંગ વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ- કટ ૧૦) ની કલમ ૨૨૭ ની રકમ (એચ)—ગુન્હાની સાબેતીના ઠ- રાવ બાબત કારણો લખવા—ફરી તપાસમાં હાયકોર્ટનો રીવાજ.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૨૭ (એચ) પ્રમાણે જો કે માજીસ્તરેટને કાંઇ પુરાવ લખી લેવાની જરૂર નથી તોપણ ગુન્હાની સાબેતીના ઠરાવ બાબત તેઉ કારણો લખે તેમાં તેઉએ એમ બતાવવું જોઈ- એ કે ફરી તપાસમાં ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવાના આધારમાં જોઈતું સાધન તેમની રૂબરૂ હતું કીંવા નહીં તેનો હાયકોર્ટ ન્યાય કરી શકે.

જે કામમાં આ પ્રમાણે બતાવવામાં આવ્યું ના હોય તે કામમાં અરજ ઉપરથી હાયકોર્ટ ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરે છે.

પાનું ૫૭૯ પીનલકોડની કલમ ૪૪૭ પ્રમાણે તે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો એમ જણાએલું છે કે એક જાફરીના મકાનમાં જુગારનું કામ ચાલતું હતું અને તેમાં તોહો- મતવાળાએ ભાગ લીધેલો એ કબુલ કરવામાં આવેલું છે તે જુગારમાં છેવટે કજીઓ થયો અને તેથી પરીણામે તોફાન થયું અને તે તોફાનને લીધે તે મકાનમાંની ઓરતોને ભારે ઈજા અને અચંબો થયો. આશીસ્ટંટ કમીશનરના અભીપ્રાયમાં આવ્યું છે કે અસલ તે મકાનમાં જવામાં આવે લું તે કાયદેશર ગણી શકાય. તોપણ તેઓ જુગાર રમીને તોફાન કરવા- ને ત્યાં રહયા. તેથી પીનલકોડની કલમ ૪૪૭ પ્રમાણે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવાને બસ છે. તોહોમતવાળાએ આ હુકમ ઉપર હાયકોર્ટને અરજી કરી.

અરજદારો તરફથી મી૦ એમ. એમ ઘોઝ અને બાબુ બઈડો ના- થદત્ત હાજર થયા છે.

કોર્ટનો ફેંસલો જસ્ટીશ મીત્તર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવેછે કે આ કામમાં ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવો જાઇએ. નીચેની કોરટના અભીપ્રાયમાં આવ્યું છે કે હીં- દુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૪૭ પ્રમાણે કેદી સાપરાધ પ્રવેશનો ગુન્હેગાર છે. તે ગુન્હો થવાને સારૂ ફરીઆદ તરફથી એવું સાબેત કરવા- ની જરૂર છે કે એક શખસ બીજાની મીલકતમાં પેસે તો તેનું તે પેસવું એક ગુન્હો કરવાના ઈરાદાથી અગર જે શખસનો કબજો જે હોય તે શખસને ધમકી આપવા, અપમાન કરવા, અગર તેને ઇજા કરવાના ઇરાદાથી તે પેઠેલો જોઇએ. અગર તે કાયદેશર રીતે પેઠેલો હોય તો તે મકાનમાં ધમકી આપવાને સારૂ ઈજા કરવાને સારૂ

અથવા અપમાન કરવાને સારૂ અથવા ગુન્હો કરવાના ઇરાદાથી તેમાં તે રહેલો હોવો જોઇએ. આ કામમાં સંક્ષેપ રીતે તપાસ કરવામાં આવેલી છે. તે ઉપરથી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૨૭ ની રકમ (એચ) પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવાને અભીપ્રાય તથા કારણો ફકત અમારી રૂબરૂ છે. તે કલમ પ્રમાણે માજીસ્ટ્રેટને કાંઇ પુરાવ લખી લેવાની જરૂર નહીં હતી.

અમારી નજરમાં આવેછે કે તે રકમ(કલમ ૨૨૭ની રકમ એચ) પ્રમાણે માજીસ્તરેટ ગુન્હાની સાબેતીના કારણો લખે તેમાં તેમણે એવું બતાવવું જોઇએ કે જેથી તેમની રૂબરૂ ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવાને જોઇતું સાધન હતું કે નહીં તે ફરી તપાસમાં આ કોરટ ન્યાય ઠરી શકે.

આ કામમાં એવો કાંઇ ઠરાવ તે બતાવેલા કારણોમાં માલમ પડતો નથી કે જે મકાનમાં તે અરજદારો પેઠા કહેવામાં આવેલું છે. તે પીનલકોડની કલમ ૪૪૭માં બતાવેલા કાંઈ ઇરાદા સાથે પેસીને પ્રવેશ કરેલો હતો નીચેની કોરટે જે આ બાબતમાં કહેલું છે તે એ છે કે "તે મીલકતમાં અસલ પેસવામાં આવ્યું તે કાયદેસર હતુ' પરંતુ તેઓ જુગાર રમીને તોફાન કરવાને ત્યાં રહયા તેથી તે તોહમતવાળાઓનો કલમ ૪૪૭માં સમાસ થાય છે એમ ઠરાવવુજ જોઇએ". તેમાં એમ પણ કહેવામાં આવ્યુંનથી કે તેઓ તોફાન કરવા સારૂ ગયા પણ ફકત એમ કહેવામાં આવ્યુંછે કે તેઓ જુગાર રમવાને ગયા અને પછી તેઓએ તોફાન કરયું જો નીચેની કોરટનો એવો અભીપ્રાય થયો હોત કે તેઓ તોફાન કરવાને રહયા હતા. તોપણ તેવો ઠરાવ બસછે કે નહીં. એવીશે શક ભરેલું થાત. કારણ કે તે કરવાને તેઓનો જેવો ઇરાદો હોય તે પ્રમાણે તેઓ ઇજા કરશે એવો સંભવછે તેવી તેમને માહીતીહતી. તેને અનુસરતી બાબત હતી. પરંતુ હાલ જેવો ઠરાવ છે તે પ્રમાણે | કલમ ૪૪૭ પ્રમાણે જેવો ઇરાદો સાબેત કરવાની જરૂર છે તેવા કોઇ ઇરાદા સાથે તેવો ત્યાં રહયા હતા એવું નીચેની કોર્ટ ઠરાવી શકે તેવો તે કોર્ટની રૂબરૂ કાંઈ પુરાવ હતો એમધારવાને કીંચીત પણ કારણ નથી.

સબબ ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેછે અને હુકમ કરવામાં આવેછે કે અરજદારોને છોડી દેવા.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૦ જાનેવારી સને ૧૮૮૧.

મી૦જસ્ટીસ મીત્તર અને મી૦જસ્ટીશ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

મોના શેખ વીરૂધ ઇસન બરધાન

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨નો આકટ નો ૧૦)ની કલમ ૨૧૧—નીરદોષનો હુકમ—તોહમતવાળાને કંપનશેશન.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે નીરદોષનો હુકમ કરવા ઉપરથી ફરીઆદી વીરૂધ કંપનશેશનનો હુકમ થઇ શકે છે.

પાનું ૫૮૧   ફરીઆદી ગોનાશેખે ગોપાલપુરના પોલીસની રૂબરૂ એવી ફરીઆદ કરી કે તોહમતવાળા વીગેરેએ મને ૫ કડીને એક પોરાનબરેધાનના મકાનમાં લઇ ગયા. અને ત્યાં મને હેરાન કરયો અને કેદમાં રાખ્યો પણ પછી છોડી દીધેલો છે તોહમતવાળાને એક સબ ડીપોટી માજીસ્તરેટ કે જેઉ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે ફકત ત્રીજા વરગના અખત્યાર વાપરી શકતા હતા, તેમણે સુનાવણી વખતે છોડી દીધો અને ફરીઆદીને એવો હુકમ કરવામાં આવ્યો કે તેણે તોહમતવાળાને કંપનશેશન તરીકે રૂ૨૦) આપવા. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે જોઇંટ માજીસ્ટ્રેટે આ કામમાં હાઇકોરટને પુછેલુ છે.

કોરટના અભીપ્રાયનો મુદ્દાનો ભાગ નીચે મુજબ છેઃ—

જસ્ટીશ મીત્તર સાહેબઃ—અમારી નજરમાં તે તપાસ તથા નીરદોષનો ઠરાવ ગેરકાયદે છે એમ આવતું નથી કંપનશેશનની બાબતમાં કલમ ૨૦૯મીનો હેતુ તોહમતવાળાને નીરદોશ કરવા કરતાં ફરીઆદ કાઢી નાખવાનો જણાયછે પરંતુ કલમ ૨૧૨ અને જે અનુક્રમમાં તે કલમો આવેલી છે તે જોતાં નીરદોશના ઠરાવ સાથે કંપનશેશન આપવાનો હુકમ થઇ શકતો નથી. એમ કહેવાને અમે તઇયાર થયા નથી.

ફોજદારી રેફરંશ.

તા૦૧૩ જાનેવારી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦જસ્ટીસ મ્યાકલીન સાહેબોની રૂબરૂ

કેશરે હીંદ વીરૂધ સાલીકરાય.

પીનલકોડ (સને ૧૮૬૦ના આકટ ૪૫)ની કલમ ૨૧૧ પોલીસનો રાપોર્ટ કામ જુઠું છ એવો વીચાર કરવા ઉપરથી મુકેલો આરોપ—જુઠી બાતમી આપ્યાનો આરોપ.

ફરીઆદ તોહમતવાળાએ કરેલી હોય તેનોન્યાયની રૂઇએ તપાસ કરવામાં આવેલો ના હોય પરંતુ તે કામ જુઠું છે તેનો આધાર પોલીસના રીપોર્ટ ઉપર, હોય તે ફકત કારણથી તોહમતવાળા સખશોને ઇજા ક-

રવાના ઈરાદાથી જાણી જોઇને જુઠો આરોપ રાખ્યા બાબત પીનલકોડનીકલમ ૨૧૧ પ્રમાણે તપાસ થવા સારૂ કામ કમીટ કરેલું હોય તો તે કાયદા વીરૂધ નથી.

પાનું ૫૮૨ તોહમતવાળા સાલીકરાયે ચોકીદારની મારફતે પોલીસમાં એવી બાતમી મોકલી કે અમુક શખસોએ મારા ઘરમાં આગ મુકી છે. અને જે પોલીશ અમલદાર તે કામની તપાસ કરવાને તેને ગામગયો. તેની રૂબરૂ તેને આ આરોપ ફરીથી કહેલેછે. છેવટે પોલીશે રીપોટ કરયો કે તે કામ જુઠું છે તે ઉપરથી માજીસ્તરેટે સાલીરાયને પોતાની હકીકત સાબેત કરવાને કહયા શિવાય અગર કાંઈ લાગ આપ્યા શીવાય તેના ઉપર જુઠી બાતમી આપ્યા બાબત તેના ઉપર ફરીઆદ ચલાવવાને એકદમ હુકમ કરયો તેથી પીનલકોટની કલમ ૨૧૧ પ્રમાંણે તે સાલીકરાયે જે શખસોના ઉપર આરોપ રાખેલો ને શખસોને ઈજા કરવાના ઇરાદાથી જાણી જોઇને જુઠો આરોપ રાખ્યો હતો તે વીશેની તપાસ થવા સારૂ સાલીકરાયને શેશન કોરટમાં કમીટ કરવામાં આવ્યો.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તે કમીટ કરવાનો હુકમ કાયદા વીરૂધ તથા હાઇકોરટના ઠરાવ વીરૂધ છે. પણ તેમણે તે ઠરાવ કીયો તે બતાવ્યું નથી અને તે કામ તે કમીટનો હુકમ રદ કરવાને અગર હાઇકોરટને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવાને હાઇકોરટમાં મોકલેલું છે.

હાઇકોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે છેઃ—

જસ્ટીશ મીત્તર સાહેબ—સારણના જડજે આ રેફ્રંસ કરી કમીટ કરયાનો હુકમરદ કરવાને અમારી પાસે માગેલું છે. તે રદ કરવાના કારણમાં એવું બતાવવમાં આવ્યુ છે કે જે તોહમતવાળા ઉપર પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણેના ગુન્હાનો આરોપ રાખવામાં આવ્યો છે તેની ફરીઆદની જ્યાંસુધી ન્યાયની રૂઇએ તપાસ કરવામાં આવી નાહોય ત્યાં સુધી તેને તપાસ થવા સારૂ કમીટ કરવો જોઇતો નહીં હતો અને જડજે આ કોરટનો એક ઠરાવ બતાવેલો છે તે તેમના વીચારમાં આ કામને લાગુ થાય છે એમ આવેલું છે.

શેશન જડજે જે ઠરાવ બતાવેલો છે તે બીઓજી બભતના કામનો ઠરાવ હોય તો અમે બતાવી શકીએ છીએ કે તે કામ તમામ બાબતમાં આ કામના જેવું નહીં હતું તે કામમાં ફરીઆદી પોલીસની તપાસ અને રીપોટથી નાસાજી થએલો હતો તેથી તેણે માજીસ્ટેટને ફરીઆદ

કરી હતી. પણ માજીસ્ટ્રેટે તેના શાહેદો સાંભલ્યાવીના તે ફરીઆદ કાહાડી નાંખેલી હતી.

આ કામમાં માજીસ્ટ્રેટને કાંઇ ફરીઆદ કરવામાં આવી હતી એવું કામના કાગળો ઉપરથી અમને કાંઈ માલમ પડતું નથી. પરંતુ તે હકીકત જુઠી છે તેવો પોલીશે રીપોટ કરેલો તે ઉપરથી તે ફરીઆદીના ઉપર કામ ચલાવવામાં આવેલું છે.

આ કામમાં કાંઇપણ ગેરકાયદે થએલું છે એમ અમે કહી શકતા નથી. અને આ વીચારમાં કેસરેહીંદ વીરૂધ અબુહસનના કામના ઠરાવથી અમને પુષ્ટી થએલી છે તેથી વીરૂધ મતલબનો કોઇ ઠરાવ આ કોરટે થોડી મુદત ઉપર કરેલો હોય એમ અમારા જાણવામાં નથી. સબબ જે કારણના આધારથી જડજે ભલામણ કરેલી છે તે કારણથી તે કમીટ કરવાનો હુકમ રદ કરવાને અમે ના પાડીએ છીએ.

અશરફઅલી વીરૂધ કેસરેહીંદ.

ફોજદારી રેફરંશ.

તા૦ ૨૦ જાનેવારી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મીતર અને મી૦ જસ્ટીશ મ્યાકલીન

સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ સીઓબીહારા.

પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૨૧૧—જુઠો આરોપ મુકવા બાબત ફરીઆદ ચલાવવાને મંજુરી.

જે સખસના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે આરોપ રાખી ફરીઆદ ચલાવવાને મંજુરી આપવામાં આવે પણ જો તે સખસ જે સાક્ષીઓ રજુ કરવાને માટે ઇછા રાખતો હોય તે સાક્ષીઓને તપાસ્યા વીના તે મંજુરી આપવામાં આવી હોય તો તે કાયદેશર નથી.

કામ ચાલતાં હરકોઇ વખતે ગેરકાયદે કમીટ કરયાનો હુકમ રદ કરવાને હાયકોરટને અખત્યાર છે.

પાનું ૫૮૪ તોહોમતવાળા શીઓ બીહારાએ ઢીઆપો પોલીશના થાણામાં એક બાલીજેના વીગરે ઉપર ચોરનો આરોપ મુકયો. પોલીશે તે કામની તપાસ કરી તે આરોપ જુઠો છે એવો રીપોટ કરયો અને તે ઉપરથી માજીસ્ટ્રેટે પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે સીઓબીહારા ઉપર ફરીયાદ ચલાવવાને મંજુરી આપી પરંતુ આ હુકમ કરતાં પહેલાં શીઓએ ન્યાયની રૂઇએ તપાસ થવાને માજીસ્ટ્રેટને અરજી કરી માગેલું

હતું. પરંતુ તે અરજીનો નીકાલ થએલો જણાતો નથી. કલમ ૨૧૧ પ્રમાણે તે કામ ડાપોટી માજીસ્ટ્રેટ તરફ મોકલવામાં આવ્યું હતું અને તેમણે તે તોહોમતવાળાને તપાસ થવા સારૂ કમીટ કરયો હતો. શેશન જડજની રૂબરૂ તોહોમતવાળાએ તકરાર કરી કે હું ગુન્હેગાર નથી અને મારી તપાસ થઇ શકતી નથી એવી હરકત લીધી એવા કારણથી કે મેં જે ન્યાયની રૂઇએ તપાસ માગેલી તે કરવાની ના પાડવાથી મને હરકત થએલી છે.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તે હરકત બરોબર છે માટે તે કમીટ કરયાનો હુકમ રદ થવો જોઇએ તેથી તેમણે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે તે કામમાં હાયકોર્ટને પુછ્યું. અને પોતાના રેફરંસમાં નીચેના ઠરાવો બતાવ્યાઃ—ગોરમોહનસીંગના કામનો ઠરાવ, બીશો બારીક, અસરફઅલી વીરૂધ કેસરેહીંદ, નશીબુ નીસાબીબી વીરૂધ શેખ ઇરાદઅલી, શેખ. ઇરાદઅલી વીરૂધ નશીબુ નીસાબીબી, અને સરકાર વીરૂધ કરીમદાદ.

હાયકોર્ટનો અભીપ્રાય નીચે પ્રમાણેછેઃ—

જસ્ટીશ મીત્તર સાહેબઃ—જડજે એક વખતે તપાસ સરૂ કરયા પછી તે તપાસ બંધ રાખવામાં જડજે બરોબર કરેલું હોય કીંવા નહીં પરંતુ અમારી નજરમાં આવે છે કે ફો. કા. ચાલતાં હરકોઈ વખતે ગેર કાયદે કમીટ કરયાનો હુકમ રદ કરવાને આ કોર્ટને અખત્યાર છે.

આ બેઉ કામોમાં અમારા અભીપ્રાયમાં આવે છે કે કમીટ કરયાના હુકમો રદ કરવા જોઇએ, કારણ કે કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાને જે મંજુરી આપેલી છે તે કાયદા વીરૂધ આપેલી છે. નશીબુની સાબીબી વીરૂધ શેખ ઈરાદઅલીના કામમાં ગમે તે કહેલું હોય પરંતુ પાછલના ઠરાવોમાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે ફરીઆદી જે શાક્ષીઓ કોર્ટમાં રજુ કરવાને મરજી રાખતો હોય તે તમામ સાક્ષીઓને સાંભળ્યા વીના કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાની પરવાનગી આપવામાં આવે તો તે કાયદા વીરૂધ છે. સબબ આ કામોમાં કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાને મંજુરી આપવાના અસલ હુકમો કરવામાં આવેલા છે તે કાયદા વીરૂધ છે. જો આ પ્રમાણે છે તો તે કમીટ કરયાના હુકમો પણ કાયદા વીરૂધ છે. સબબ અમે જડજની ભલામણ પ્રમાણે તે હુકમો રદ કરીએ છીએ.

જસ્ટીશ મ્યાકલીન સાહેબઃ—આ કામોમાં જે નીયમ આવેલો છે તે ચક્રોધર પાટીનું કામ હમણા ચુકાવ્યું તેમાં જે નીયમ હતો તેનો તેજ છે. માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે જે કમીટ કરયાના હુકમો રદ કરવાને અમારી પાસે માગવામાં આવેલું છે તે હુકમોની રદબાતલ કરે-

લી તપાસમાં કરેલા ગુન્હાની સાબેતીના ઠરાવો રદ થાય છે. સબબ આ મારી નજરમાં આવે છે કે તે પ્રોશીડીંગ રદ કરવાં એ સાદામાં સાદો રસ્તો છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મી જાનેવારી સને ૧૮૮૧

મી૦ જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ મ્યાક્લીન સાહેબોની રૂબરૂ.

જમુનાની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વીરૂધ જમુના.

પીનલકોડ (સને ૧૮૫૦ ના આકટ ૪૫) ની કલમ ૨૧૧—જે કોરટ અગર અમલદારને હકુમત ના હોય તે કોરટ અગર અમલદારની રૂબરૂ જુઠો આરોપ મૂકવો.

પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે ગુનહાની સાબેતીનો ઠરાવ કરવા-ને જે કોરટ અગર અમલદારને તેની તપાસ કરી તજવીજ થવા સારૂ તે કામ મોકલવાની હકુમત હોય તે કોરટ અગર અમલદારની રૂબરૂ તે જુઠો આરોપ મુકેલો જોઇએ.

પાનું ૬૨૦ તોહોમતવાળા જમુનાના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે એક શેખ અહમદને છળ કરવાના હેતુથી દોરંડાના ક્યાનટોનમેંટ સ્ટેશન સ્ટાફ ઓફીસર ક્યાપટંન શીપસન-ની રૂબરૂ બળાતકાર સંભોગ કરયાનો તેના ઉપર જુઠો આરોપ રાખ્યો હતો એવો આરોપ રાખવામાં આવેલો હતો.

તેણીએ તે આરોપ રાખ્યાની વાત સાબેત થએલી છે, અને બળી એવું સાબેત કરવામાં આવેલું છે કે તે આરોપ જુઠો હતો, તેથી તેણીને એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તે કેદીએ હાયકોરટમાં અપીલ કરી.

કોરટનો ફેંસલો જષ્ટીશ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

રજાની અંદર આ બેંચના એક જડજની રૂબરૂ આ કામ આવેલું હતું, તેમાં તેઉના મનમાં આવ્યું કે જે કોઇને તે આરોપ ઉપરથી કામ કરવાનો અખ્તીઆર હોય તેમની રૂબરૂ તે આરોપ રાખવામાં આવ્યો નથી. તેથી સ્ટેશન સ્ટાફ ઓફીસરના અખ્તીઆર (પોલીશ અથવા માજી-સ્ટ્રેટના) સબંધી તપાસ કરવામાં આવી.

તેમાં જે કાગળો છે તે ઉપરથી જણાય છે કે તેમને તેવો અખ્તી-આર નથી.

અપીલવાળો ૧૧ મી એમ નેટીવ. ઇનફેંટ્રીના આજુટંટ અને સ્ટાફ

ઓફીસર કપ્તાન શીપશાનની રૂબરૂ હાજર થઈ એક કમીશન વીનાના અમલદારની ઉપર બળાતકાર સંભોગનો આરોપ રાખ્યો. તેમાં તપાસ કરવામાં આવ્યો હતો, અને લશકરી અમલદારોના અભીપ્રાયમાં તે આરોપ જુઠો આવેલો છે, તેથી કમાનડીંગ ઓફીસરે કલમ ૨૧૧ મી પ્રમાણે અપીલવાળા ઉપર ફોજદારી અધીકારીની રૂબરૂ કામ ચલાવ્યું છે. તેથી તેણીનો તપાસ થવા સારૂ તેણીને કમીટ કરવામાં આવી છે, અને તે કલમ પ્રમાણે જુડીશીઅલ કમીશનરે તેણીને ગુનેહગાર ઠરાવેલી છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે અપીલવાળાએ ફોજદારી કામ ચલાવ્યું નથી, તેમ ચલાવરાવેલું નથી. તે કમીશન વીનાના અમલદાર ઉપર બેશક તેણીએ એક ગુનાહનો આરોપ રાખેલો હતો. પરંતુ તે સ્ટેશન સ્ટાફ અમલદારને માજીસ્ટ્રેટનો કે પોલીશનો અખ્તીઆર અમને ખબર મળી છે તે પ્રમાણે નથી, માટે કલમ ૨૧૧ ની લાગુ થતી નથી એમ અમને જણાય છે. તે કલમોના શબ્દો જે કોરટ અથવા અમલદારને તજવીજ કરી કામ તપાસ સારૂ મોકલવાનો અખ્તીઆર હોય તે કોરટ અથવા અમલદારની રૂબરૂ તે જુઠો આરોપ મુકેલું હોવું જોઇએ એમ થાય છે અને તેથી તે શબ્દો અઘટીત રીતે સુધ કરેલા છે એમ અમારી નજરમાં આવતું નથી.

સબબ ગુનાહની શાબેતીનો ઠરાવ અમે રદ કરીએ છીએ, અને અપીલવાળાને છોડી દેવાને ફરમાવીએ છીએ,

ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરવવામાં આવ્યો.

ફોજદારી રેફરંશ.

તા૦ ૨૮ જાન્યુઆરી સને ૧૮૮૧

મી૦ જષ્ટીશ મીત્તર તથા મી૦ જષ્ટીશ મેકલીન સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ નોબો કુમારપાળ.

બંગાળાના જકાત આકટ (સને ૧૮૭૮ ના આ૦ ૭) ની કલમ ૫૩ પરવાનાવાળા વેચનારે પરવાનાના ઠરાવ વીરૂધ કરેલું વેચાણ.

પરવાનાવાળો વેચનાર પરવાનાના ઠરાવ વીરૂધ વેચાણ કરે તેથી તેને બંગાળાના જકાત આકટની કલમ ૫૩ મી લાગુ થતી નથી. તે કલમમાં તે આકટની કલમ ૫૮ ની ૨ ૭ રકમમાં જે પરવાનાની સરત તોડયાનો સમાસ થતો ના હોય તે બાબત ઠરાવ કરવામાં આવ્યોછે.

પાનું ૬૨૧ નોબો કુમારપાળને પરદેશથી આણેલો દારૂ બાટલીઓથી વેચવાનો પરવાનો નહી હતો, તેમ છતાં તેણે તે

પ્રમાણે દારૂ વેચ્યો અને તેથી તેણે બંગાળાના જકાત આકટ (સને ૧૮૭૮ ના બંગાળાના આ૦ ૭) ની કલમ ૫૩ પ્રમાણે ગુનહો કરયો છે, એવો આરોપ તેના ઉપર હાવરાના માજીસ્ટ્રેટની રૂબરૂ મુકવામાં આવેલો તેથી તેની સંક્ષેપ તપાસ કરવામાં આવેલી છે. જે ગુનહો કરયો કહેવામાં આવ્યો છે તે વખતે તોહોમતવાળાની પાસે એક પરવાનો હતો (બાર્ડ ઓફ રેવન્યુએ તે આકટમાં ઠરાવેલા ૪ અ ના નમુના પ્રમાણે) તેથી તેને પરદેશથી આવેલો દારૂ ફકત ગલાસથી પરવાનગીવાળા મકાનમાં પીવા સારૂ વેચવાનો તથા તે વેચતાં અવલ ત્યાંથી ખશેડવો નહીં એવો અખત્યાર આપવામાં આવેલો હતો. તેના ઉપર જે આરોપ રાખવામાં આવેલો તે એવો હતો કે તેણે કેટલીક વખતોએ તે પરદેશનો દારૂ બાટલીઓથી વેચ્યો, અને પોતાના ગ્રાહકોને તેમના રેહેવાના મકાનોમાં તે આપ્યો.

તેને સદરહુ આકટની કલમ ૫૩ પ્રમાણે ગુનેહગાર ઠરાવી માજીસ્ટ્રેટે તેને રૂ ૨૦૦) દંડ અને તે આપવામાં કસુર કરવામાં આવે તો, સખત મજુરી શાથે કેદની શીક્ષા કરેલી છે. સેશન જડજને એક અરજી કરવામાં આવી, તેમાં તેમની નજરમાં આવ્યું કે ગુનાહાની શાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે એવું આવ્યું, તેથી ફો. કા. ચ. ના રીતીના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે તેમણે તે કામમાં હાયકોરટમાં પુછ્યુ.

કોરટનો ફેંસલો જષ્ટીસ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

હાવરાના માજીસ્ટ્રેટે અરજદાર નોબો કુમારને બંગાળાના સને ૧૮૭૮ ના આ૦ ૭ (બંગાળાના જકાતના આકટ) ની કલમ ૫૩ પ્રમાણેના ગુનહાનો ગુનેહગાર ઠરાવી તેને રૂ ૨૦૦) દંડ અને તે આપવામાં કસુર કરવામાં આવે તો, સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે, તેથી તેણે હુગલીના જડજને અરજી કરી એવા કારણથી કે ફોજદારી કામ ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે તે પ્રોશીડીંગ હાયકોરટમાં મોકલવું જોઈએ.

નોબો કુમારપાસે ગુનહાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાના હુકમ ની બાબત બે હરકતો ઉઠાવેલી હતી. પહેલી કે જલદદારૂ પરચુરણ વેચવાનો પરવાનો તેની પાસે હતો. માટે તેને તે આકટની કલમ ૫૩ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવી શકાતો નથી, અને બીજી કે તે દંડ આપવાને કસુર કરવામાં આવે તો, તે સખત મજુરી સાથે કેદને પાત્ર નથી.

તે જડજે આ કામમાં આ કોરટમાં પુછેલું છે, અને તેમના અભિપ્રાય પ્રમાણે તે આકટની કલમ ૫૯ લાગુ થાય છે, અને કલમ ૫૩ ની બાધ થતી નથી. તેમણે પ્રોશીડીંગના માજીસ્ટ્રેટમાં કેટલુંક રીતસર

કરવામાં આવેલું નથી એવું લક્ષમાં આણેલું છે, અને ભલામણ કરી છે કે તે પ્રોશીડીંગ રદ કરવું જોઇએ અગર દંડ કમી કરી રૂપીયા ૫૦) કરવો જોઇએ.

અમને મોકલેલા કાગળોનો અમે સંભાળ ભરેલો વીચાર કરેલો છે, અને અમારો નીશ્ચય થએલો છે કે તે આકટની કલમ ૫૩ મી આ કામને લાગુ થતી નથી. નોબો કુમારપાળની પાસે પરદેશનો "જલદદારૂ પરચુરણ વેચવાનો પરવાનો હતો, અને તે પરવાનો જે બે વરગના પરવાનાને આકટમાં બતાવ્યા છે તેમાંનો એક છે એમાં કાંઇ તકરાર નથી. તોપણ તે પરવાના (નંબર ૪૯—૪—અ) થી ગલાસથી વેચાણ કરવાની મર્યાદા રાખવામાં આવી છે, અને તે પરવાનાની કલમ ૬ થી તે દારૂ તે દુકાનમાંજ વેચવાનો ઠરાવ છે, અને તેમાં ઠરાવ્યું છે કે જલદદારૂ વીગરે તે મકાનમાંજ પીવામાં આવશે. તે માજીસ્ટ્રેટની નજરમાં આવ્યું છે કે નોબો કુમારપાળ પાસે ફકત પરચુરણ વેચાણનો પરવાનો (નમુના ૪ અ) નહી હતો, અને તે મકાનની બહાર ઉપીયોગમાં લેવા સારૂ બાટલીઓથી તેણે તે દારૂ વેચેલો છે, માટે તેઉ તેને કલમ ૫૩ મી પ્રમાણે વ્યાજબી રાહે ગુનેહગાર ઠરાવી શકેછે.

તે જડજે જે એવો વીચાર કરેલો છે કે પરવાનાવાળો વેચનાર પોતાના પરવાનાના ઠરાવ વીરૂધ વેચાંણ કરે તેને કલમ ૫૩ મી લાગુ થતી નથી તે સાથે અમે મળતા છીએ. આ પ્રમાણે કલમ ૬૦ મીનો કલમ ૫૩ મી શાથે વીચાર કરતાં થાય છે. પરચુરણ વેચવાનો પરવાનાવાળો વેચનાર જથાબંધ વેચે તેને જો કલમ ૫૩ મી લાગુ કરવાની હોય તો, રૂ ૫૦૦) નો દંડ થઇ શકેછે. પણ કલમ ૬૦ મી પ્રમાણે તે ગુનહા બાબત વધારેમાં વધારે રૂ ૨૦૦) ના દંડની શીક્ષા છે. કલમ ૫૩ મીનો અરથ માજીસ્ટ્રેટે જેવો કરેલો છે તેવો બરોબર હોય તો, કલમ ૬૦ મી બીન ઉપીયોગી થાય, પરંતુ અમે જે અરથ તેનો કરીએ છીએ, તે પહેલાંની કલમ સાથે તદન અનુસરતો છે, અને તેથી એમ ઠરાવવામાં આવ્યું છે કે કલમ ૫૮ મીની ૨, જી રકમમાં જે પરવાનાનો શમાશ થાય નહીં તે પરવાનો તોડયા બાબતમાં ઠરાવ કરવામાં આવ્યોછે.

આગળ કહેવામાં આવી ગએલું છે, તે પ્રમાણે નોબો કુમારપાલની પાશે પરચુરણ વેચાણનો પરવાનો છે. શાધારણ પરચુરણ વેચાંણ કરનાર એક પરવાનાવાળો બાર "કવાર્ટ બોટલો" સુધી વેચી શકે છે, પરંતુ કલમ ૨૮ મી પ્રમાણે અખત્યાર છે તે પ્રમાણે નોબો કુમારપાળના પરવાનાની શરતો બોર્ડઓફ રેવન્યુએ નીયમમાં રાખેલી છે, અને તેની એવી મર્યાદા બાંધી છે કે તેણે ગલાસથી વેચવું, એવી શરતની સાથે કે તે

દારૂ તેની દુકાનમાંજ પીવામાં આવે. તેના વીરૂધ જે બાતમી આપવામાં આવી છે તે એ છે કે, એપ્રીલ, મે, અને જુલાઇ સને ૧૮૮૦ માં શાન તારીખોએ તેણે બાટલીથી વેચવાના પરવાના શીવાય બાટલીઓથી દારૂ વેચ્યો આ એક સાધારણ પરચુરણ પરવાનાનાજાનો એક બીજો સુધારો કરયો છે.

ફો. કા ચ. ની રીતીના કાયદાના બાબ ૧૮ મા પ્રમાણે માજીસ્ટ્રેટની રૂબરૂ કાંમ ચલાવવામાં આવેલું છે, માટે કાઇગુનહો સાબેત ઠરાવવાને કાયદેસર પુરાવ છે કે નહીં તે કહેવું મુશકેલ છે. માજીસ્ટ્રેટે પોતાની "સમરી" અને કારણોમાં બતાવ્યું છે કે હીસાબના ચોપડા, હુકમો, અને બીલો ઉપરથી તેમની ખાત્રી થાય છે કે તે ગુનહો કરવામાં આવ્યો હતો. જે પુરાવ ઉપરથી તે હુકમા તથા બીલો સાબેત થએલાં છે તે પુરાવ સંક્ષેપમાં માજીસ્ટ્રેટે બતાવ્યો હોત તો, તે રજુ કરવાને ફકત તે પુરાવ નથી. તે હુકમોના બે હુકમો "લેમોનેડ" ની બાબતના છે, અને આ ચીજ જકાત લેવા લાયક છે કે નહીં તે અમારા જાણવામાં નથી.

ખરી રીતે કીયા ગુનહા બાબત તે કેદીની તપાસ કરવામાં આવેલી તે અમે કહી શકતા નથી. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૪ મી પ્રમાણે ફરીયાદીની તપાસ કરવી જોઇએ તે પ્રમાણે તેને તપાસવામાં આવ્યો નથી, અને તે બાતમીમાં બતાવેલા સાત ગુનહાની તપાશ એક તપાશમાં થઇ શકતી નથી એ નકી છે. પ્રોશીજરકોડની કલમ ૪૫૩ જુઓ. તે ગુનહો કરયાની તારીખ પ્રોશીજરકોડની કલમ ૨૨૯ પ્રમાણેના રજીષ્ટરમાં લખવી રહી ગએલી છે તે મુદાની ભુલ છે, અને તમાંમ હકીકત ઉપરથી જણાય છે કે બાબ ૧૮ પ્રમાણેની તપાસમાં કાયદા મુજબ થોડી વીગત જોઇએ છે તે લખવાની જરૂર છે.

કામના કાગળો જોવા છે તે પ્રમાણે અરજદારને ગુનેહગાર ઠરાવાય, તેવો કાંઇ ગુનહો શાબેત થએલો છે એમ અમે કહી શકતા નથી, માટે બંગાળાના સને ૧૮૭૮ ના આ૦ ૭ં પ્રમાણે ઠરાવેલા ગુનહાની 'સાબેતીનો ઠરાવ અમારે રદ કરવો જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૭ ફેબરૂઆરી સને ૧૮૮૧

મી૦ જષ્ટીશ કનીંગહામ તથા મી૦ જષ્ટીશ પ્રીનસેપ સાહેબો-ની રૂબરૂ.

સમશેરખાંનની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વી૦ સમશેરખાંન.

ફો. કા. ચ ની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૩૬—શેશન જડજે શીક્ષાનો હુકમ કરેલો તે બહાલ રાખવો,

શેશન જડજે શીક્ષાનો હુકમ કરેલો હોય તેની મંજુરીની બાબત-માં ફો. કા. ચ. ની રી. ના કાયદાની કલમ ૩૬ મી છે તે જે કામો-માં કેદની શીક્ષા ત્રણ વરશ ઉપરાંતની હોય અને દંડ અથવા ફટકાની શીક્ષાનો સમાશ કરયા વીનાના જે હોય તે શબધી છે.

પાનું ૬૨૪ તોહોમતવાળો એક હેડ કોનશટેબલ છે. તેના ઉપર રૂશવત લીધાનો આરોપ રાખવામાં આવ્યો. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૬ મીથી ખાશ આપેલા અખ્તીયાર પ્રમાણે તે તપાસ કરવામાં આવી છે. અને તેને પીનલકોડની કલમ ૧૬૧ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવી ત્રણ વરશ સખત મજુરી શાથે કેદ તથા રૂ ૧૦૦૦) દંડ અને તે આપવામાં કશુર કરવામાં આવે તો બીજી છ માસ સખત મજુરી શાથે કેદની રીક્ષા કરેલી છે.

અપીલવાળા તરફથી બાબુ રાશબેહારી તથા બાબુ શારોડા પ્રશનોરાય

કોરટનો ફેંસલો જષ્ટીશ કનીંગહામ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:-

અમારી નજરમાં આવે છે કે આ અપીલ કાહાડી નાંખવી જોઇ-એ, એવા કારણથી કે માજીસ્ટ્રેટે જે વીચાર કરીને નીશ્ચે કરેલો છે તે વીશે હરકત લેવાને કાંઇ પુકત કારણ બતાવવામાં આવેલું નથી.

તે સીક્ષાનો હુકમ શેશન જડજે મંજુર રાખવાની જરૂર છે તે બા બતમાં અમારી નજરમાં આવે છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદા ની કલમ ૩૬ મીના શબ્દોનો અરથ એવો કરવો જોઇએ કે તે કલમ જે કામોમાં કેદની શીક્ષા ત્રણ વરશ ઉપરાંતની હોય તે કામોને લાગુ થા-ય છે, અને માજીસ્ટ્રેટ જે દંડ અગર ફટકાની સીક્ષા કરે તે કોરાણે રાખવાની છે.

સબબ અમારી નજરમાં આવે છે કે આ કાંમમાં કરેલો શીક્ષાનો હુકમ શેશન જડજે બહાલ રાખવાની જરૂર નથી.

માટે તે અપીલ કાહાડી નાંખવામા આવી.

અપીલ કાહાડી નાંખી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ જાન્યુએરી સને ૧૮૮૧

મી૦ જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીસ મેકલીન સાહેબોની રૂબરૂ

જાનકીનાથ ગુપતાની અરજીની બાબતમાં.

ફેશરેદીક પી. જાનકીનાથ ગુપતા.

પોલીશ આકટ (સને ૧૮૬૧ નો ૫ મો) ની કલમ ૨૯—રજા શીવાય રજા ઉપર વધારે રહેવું.

એક પોલીશ કોનસટેબલ પોતાની રજા ઉપરાંત રહી પોતાનું કામ પાછું લેવાને કશુર કરે તેથી સને ૧૮૬૧ ના આ૦ ૫ ની કલમ ૨૯ મી પ્રમાણે ગુનહો થતો નથી.

પાનું ૬૨૫ તોહોમતવાળો એક પોલીશ કોનસટેબલ છે, તેણે પોતાની નોકરી ઉપર ગેરહાજરીની રજા લીધી, અને તે રજા તા૦ ૧૫ અકટોબર સને ૧૮૮૦ ના રોજ પુરી થઇ. તેણે તે રજા વધારવી નહીં, પરંતુ અડધો ડીસેંબર માસ થયો ત્યાંહાં સુધી તે પાછો પોતાના કામ ઉપર આવ્યો નહીં. તેથી તેના ઉપર વગર રજાએ પોતાની રજા કરતાં વધારે ગેરહાજર રહયો અને તેથી સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ મી પ્રમાણે ગુનહો કરવાનો આરોપ રાખી તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો અને તેને બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી.

આ ગુનહાની સાબેતીના ઠરાવ તથા શીક્ષાના હુકમ ઉપર તેણે હાઇકોરટમાં અરજી કરી.

અરજદાર તરફથી બાબુ બઇકુંઠનાથ દાશ.

કોરટનો ફૈસલો જસ્ટીશ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો છે:—

અરજદાર એક કોનસટેબલ છે તેણે એક માસની રજા લીધી, પણ તે મુદત પુરી થએ તે પોતાના કામ ઉપર હાજર થઇ શકયો નથી. તેની તરફથી સને ૧૮૬૧ ના આ૦ ૫ ની કલમ ૨૯ પ્રમાણે આ કશુર ને લીધે કમીટ કરવામાં આવ્યો. અને તેને બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

અમારી નજરમાં આવે છે કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. કારણ કે તે રજા પુરી થએ તેણે પોતાના કામ ઉપર હાજર થવાને કશુર કરી તેથી અમારા અભીપ્રાય પ્રમાણે તે કલમ મુજબ ગુનહો થતો નથી.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૨ જાન્યુઆરી અને તા૦ ૯ ફેબરૂવારી સને ૧૮૮૧

સર. રીચર્ડ ગાર્થ નાઈટ ચીફ જષ્ટીશ, મી. જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ એમ. જે. વ્યાપુરી મુડલીયર

પુરાવ, તે દાખલ કરવો—ગેરકાયદે નાંણું લેવાં-પીનલકોડ (સને૧૮૬૦ ના આ૦ ૪૫, ની કલમ ૧૬૧—૧૬૫,—બાર પછી પક્ષકારોનો અશલ ક્રયા સબંધીછે તે માલુમ પડે તેવી વગર સબંધની પહોચોનો પુરાવ—પુરાવ આકટ (સને ૧૮૭૨ ના ૧ લા) ની કલમ ૫ ૧૩ અને ૧૪

સને ૧૮૭૬ માં ત્રણ ખાસ વખતોએ ક અને કંપની પાસેથી ગેર કાયદે રૂશવત તોહોમતવાળાએ લીધાનો તેના ઉપર આરોપ રાખવામાં આવેલો હતો. સને ૧૮૭૬, ૧૮૭૭ અને સને ૧૮૭૮ માં ક અને કંપની કમીશેરીએટના કંટરાકટર તરીકે કામ કરતા હતા, અને કમીશરીયટ ઓફીસના વહીવટદાર તરીકે તોહોમતવાળો હતો. ઠરાવવામાં આવ્યું કે ક અને કંપની પાસેથી કાયદા વીરૂધ રૂશવત લીધાના સને ૧૮૭૭ અને ૧૮૭૮ ના દાખલાઓનો તેવોજ પુરાવ, પુરાવ આકટની કલમ ૫ થી ૧૩ સુધી કલમો પ્રમાણે તેના વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક નથી,

પાનુ ૬૫૫ બ્રીટીશ બરમાની ખાશ કોરટના બે જડજોનો જુદો જુદો અભીપ્રાય થવાથી આ રેફરંસ કરવામાં આવેલું છે જે હકીકત પુછવામાં આવી છે તે નીચે પ્રમાણે છે:—

"તોહોમતવાળા ઉપર પીનલકોડની કલમ ૧૬૧ મી પ્રમાણે કાયદા વીરૂધ રૂશવત ત્રણ જુદી જુદી વખતે ટાગુમાં કોહન અને કંપનીની પેડીમાંથી સને ૧૮૭૬ માં લીધાનો આરોપ રાખવામાં આવ્યો છે. વળી તેજ રકમોની બાબતમાં પીનલકોડની કલમ ૧૬૫ મી પ્રમાણે ત્રણ તોહોમતો તેના ઉપર રાખવામાં આવેલાં છે. તેની તપાસ આડીશનલ રીકોર્ડર તથા જુરીની રૂબરૂ કરવામાં આવી હતી, અને જુરીના ઘણામતથી આડીશનલ રીકોર્ડરનો જુદો મત થવાથી આ કાંમ ફોજદારી કામ ચ. ની રીતીના કાયદાની કલમ ૨૬૩ મી પ્રમાણે સ્પેશીઅલ કોરટ તરફ મોકલવામાં આવેલું હતું.

તપાસ વખતે થેયટમીયોમાં સને ૧૮૭૭ અને ૧૮૭૮ ના વરશોમાં તેજ કોહન અને કંપનીની પહેડી પાસેથી તે તોહોમતવાળાએ કાયદા વીરૂધ રૂશવત લીધાની તેવીજ પણ સબંધ વીનાની પહોચ્યો પુરાવમાં

૫૦

દાખલ કરવામાં આવી છે. બેઉ જગાએ અને સને ૧૮૭૬, ૧૮૭૭ અને સને ૧૮૭૮ એ ત્રણ સાલોમાં કોહન અને કંપની કમીશેરીયટ કંટ્રાકટર તરીકે કાંમ કરતા હતા, અને પ્રથમ ટોગુ અને પછી થાયેટ મીયોમાં તે તોહોમતવાળો કામીશેરીયટ ઓફીસનો વહીવટદાર હતો.

"સ્પેસીઅલ કોરટની રૂબરૂ તપાસ ચાલતાં, ઓફીશીએટીંગ જુડીશીઅલ કમીશનરના અભીપ્રાયમાં આવ્યું કે થેયટમીઓ કાયદા વીરૂધ રૂશ-વત સને ૧૮૭૭—અને ૧૮૭૮ માં લીધેલી તેની આવીજ પણ સબંધ વીનાની પ્હોચ્યો સને ૧૮૭૬ નો ખાશ આરોપ શાબેત કરવાને પુરાવ-માં દાખલ કરવા લાયક નથી. માટે તેમના વીચારમાં આવ્યું કે જુરીએ ઘણુા મતથી તે તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યો છે તેમાં હાથ ઘાલવો નહી જોઇએ આડીશનલ રીકોડરના અભીપ્રાયમાં આવ્યું કે તે પુરાવ દાખલ કરવા લાયક છે, તેથી તે જુરીનો ઘણુા મતનો ઠરાવ ફેર-વવો જોઇએ.

"ઓફીશીએટીંગ જડજો તેથી એક બીજા સાથે ઠરાવની બાબત મળતા ના આવ્યા અને બરમા કોરટોના આકટ (સને ૧૮૭૫ ના ૧૭) ની કલમ ૮૦ મી પ્રમાણે ફોર્ટ વીલીયમની ન્યાયાધીકારી હાયકોરટને આ કામમાં પુછેલું છે.

"જે બાબતમાં ઓફીસીએટીંગ જડજોનો અભીપ્રાય જુદો જુદો થએલો છે તે બાબત નીચે પ્રમાણે છેઃ—

"સને ૧૮૭૬ માં ટોંગુમાં કોહન અને કંપનીની પેહેડી પાશેથી કાયદા વીરૂધ રૂશવત લીધાના તરણુ ખાસ આરોપોનો તપાસ કરતાં સને ૧૮૭૭ અને ૧૮૭૮ એ શાલોમાં થાયેટમીયોની તેની તે પેહેડી પાસેથી કાયદા વીરૂધ રૂશવત લીધેલી તેની તેવીજ પણ સબંધ વીનાની પોહોચ્યો નો પુરાવ દાખલ કરવા લાયક છે કે નહી".

સરકાર તરફથી ધી સ્ટાંન્ડીંગ કોનસલે (મી૦ ફીલીપ્સે) તકરાર કરી કે આ પુરાવદાખલ કરવા લાયક છે. જે આધારથી આ રકમો લેવામાં આ-વેલી છે તે સને ૧૮૭૬–સને ૧૮૭૭–સને ૧૮૭૮માં તે ફરેલો નહીં હોય હવે એમ જણાયછે કે સને ૧૮૭૮માં જે આધારથી કોહન અને કંપની પાસેથી કેદીએ જે નાણું લીધેલાં છે તે એવો હતો કે તે રકમોની પ્હોંચ ખોટા હેતુ ભરેલી હતી જો તે સને ૧૮૭૬ની સાલના આધારથી-જ લેવામાં આવેલાં હોય તો તે ઉપરથી તેમ જણાયછે કે કેદીએ ગુન્હો કરે-લો છે' પછી એવી સમજ કરવામાં આવી છે કે તે પુરાવ દાખલ કર-વા લાયક છે. (ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ લાંબી દરમીઆન મુદત જેમકે દશ વરસમાં શું બન્યું તે બતાવવાને તમે પુરાવ આપી શકો

છો.) હા, અમે તે પ્રમાણે આપી શકીએ છીએ. કોહન અને કંપની તથા કેદીનો સબંધ કેવા આધાર ઉપર હતો તે બતાવવાને પક્ષકારોની પાછળની વર્તણુંક જોઇ શકાય છે. જેમ દરમીઆન મુદત વધારે થાય તેમ તે આધાર તેનો તેજ રહે તે વીશે થોડું સંભવીતપણું થાય છે માટે તે પુરાવ નીસ્ચેકારક હોવાને માટે પણ સંભવીતપણું કંગી થાય છે પણ તે દાખલ કરવા લાયક છે (ચીફ જસ્ટીસ ગારથ સાહેબ—શું તેનો આધાર ઇરાદા ઉપર નથી. આકામમાં ઇરાદાના શું કાંઈ સવાલ છે.) હા છે પીનલકોડની કલમ ૧૬૧ જુઓ. (ધારો કે સને ૧૮૭૬માં ચોરી કરયા બાબત એક માણસના ઉપર આરોપ રાખવામાં આવેલો છે. ત્યાર પછી સને ૧૮૭૭માં એટલે એક વરસ પછી તેણે કાંઇક વસ્તુ ચોરેલી હોય તો તે પહેલાં ગુન્હાની બાબતમાં કાંઇ પુરાવ થતો નથી.) એવા બાબતમાં જાથું હેતુ રહેતો નથી. પરંતુ આ કામમાં તો પક્ષકારોનો સબંધ એક બીજાની સાથે તેનોતેજ હોઇ શકે અને તેનો આધાર પણ તેનો તેજ હોય અને જગા અને વીગતની બાબતમાં ફેરફાર થાય તે મુદાની વાત નથી.

તે પુરાવ તદન લાગતો નથી એમ કહી શકાતું નથી. પાછળથી સીકકા અગર નોટો બતાવ્યાનો પુરાવ દાખલ કરવા લાયક છે. પ્રમાણુ સાસ્ત્ર ઉપર ટેલરસાહેબના ગ્રંથની સાતમી આવૃતીની કલમ ૩૪૫ જુઓ તોપણ જો તે નોટ અગર સીકકા જુદી જાતનો હોય તો તેમ બની શકતું નથી. તેજ ગ્રંથની નોટ એક આ પ્રમાણે મહારાણી વીરૂધ સ્મીથ અને મહારાણી વીરૂધ તાવરનરના કામમાં તે પુરાવ સદરહુ કારણથી દાખલ કરવા લાયક નથી એમ ઠરાવવામાં આવેલું હતું. તેમજ મહારાણી વીરૂધ હારીશના કામમાં પણ ઠરાવેલું છે. આ કામમાં અસલ આધાર ઘણું કરીને તેનો તેજ છે માટે પાછળની કાયદા વીરૂધ નાણાની પહોંચ તે પુરાવમાં દાખલ કરવા લાયક છે. ધારો કે તે આધાર નીરઅપરાધી છે તો શું તે કેદીનો તથા તે કંપનીને એક બીજા સાથેનો સબંધ કેવા હતો કે તે પોતાનું નીરઅપરાધીપણું બતાવવાને શું પુરાવ આપી ના શકે. તેણે ગુન્હો કરેલો છે તે સાબેત કરવાને પાછળનો આધારનો પુરાવ શા વાસ્તે દાખલ ના થઇ શકે અસલ આધાર તેનો તેજ છે આ કામમાં સવાલ માત્ર એટલો છે કે તે તદન પુરાવમાં દાખલ કરવા લાયક નથી કે કેમ અને ગુન્હો સાબેત ઠરાવવાને તે પુરાવ બસ છે કે નહીં તેવો સવાલ નથી. બોડી વીરૂધ બોડી અને ગ્રાવરના કામમાં છેવટ જે કસનો આરોપ રાખવામાં આવેલો તે કત્ય કરયાની તારીખ પછી વ્યબીચાર કરેલાં કત્યેનો પુરાવ યોગ્ય રીતે બદ લાગે. તેવા પ્ર-

થમનાં કૃત્યોનું રૂપ અને ગુણ બતાવવાને પુરાવમાં લેવા લાયક છે એમ ઠરાવવામાં આવેલું હતું. આ કામમાં અમારે જે બતાવવાનું છે તે નાણાં લીધાનાં અપકૃત્યોનો રૂપ અને ગુણ કેવો છે તે બતાવવાનો છે. ઘણા જુદા જુદા કૃત્યો અમારે બતાવવાનાં નથી. પરંતુ કાંઈક આધારથી કે જે આધાર અવલથી તે આખર સુધી તેનો તેજ રહેલો હોય તેવા આધારથી કરેલાં કૃત્યો બતાવવાનાંછે. (ચીફજસ્ટીશ ગાર્થ સાહેબ-પુરાવ ઉપરથી જણાયછે કે તે ગોઠવણ સને ૧૮૭૭માં ફેરવવામાં આવી હતી) આ કામમાં એવું બતાવવાનો પુરાવ છે કે દર માસે અમુક રકમ આપવા બાબતનો પ્રથમ કરાર હતો પરંતુ તેનું કારણ બતાવવામાં આવ્યું નથી. હવે સને ૧૮૭૭માં તે કારણ જણાયછે તો તે સાથે જોડવાને શું તેનો પુરાવ ના આપી શકાય ઘણું કરીને કે જ્યારી વેહેવારના ભાગો છે. પુરાવ આકટની કલમ ૬ પ્રમાણે આ પુરાવ દાખલ કરવા લાયક છે. તે કૃત્યો તેના તેજ આધારથી કરવામાં આવેલાં છે કે નહીં એ જ્યુરીને કહેવાનું છે. અને જો આ પુરાવ બાતલ કરવામાં આવે તો સને ૧૮૭૬માં પક્ષકારો કેવા આધાર ઉપર હતા તે જોઇને તે આધાર તેનો તેજ છે. એવું જોવાને જ્યુરીને તદન અટકાવ થાય. વળી પુરાવ આકટની કલમ ૮-૯—૧૪ અને ૧૫ બતાવવામાં આવી અને એવી તકરાર કરવામાં આવે છે કે તે કલમો પ્રમાણે પણ તે પુરાવ લાગતો છે.

નીચે પ્રમાણે ફેંસલા આપવામાં આવેલાછે:—

ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ (મી૦ જસ્ટીશ મ્યાકલીન સાહેબ મળતા આવ્યા)—આ કામમાં રંગુનમાં સ્પેશીયલ કોર્ટની રૂબરૂ કેદી ઉપર સરકાર નોકરી તરીકે કાયદા વીરૂધ નાણાં લીધા બાબત એટલે હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૧૬૧ અને ૧૬૫ વીરૂધ નાણા લીધા વીશે ત્રણ તોહોમત રાખવામાં આવેલાં છે.

જે વહેવારની રૂએ તે આરોપ રાખવામાં આવેલો છે તે સને ૧૮૭૬ ની સાલમાં તમામ બને છે અને તે વહેવારનો પ્રકાર એવો છે કે તાગુમાં મેસર્સ કોહન બદર્સ કોમીસેરીએટના કંટરાકટર તરીકે કામ કરતા હતા અને ત્યાં કોમીશેરીએટ ઓફીસનો કેદી મેનેજીંગ કલાર્ક હતો તથી તેણે સરકારી હોદાની રૂએ જે કામ કરેલું કહેવામાં આવેલું છે તે બદલ મેસર્સ કોહન પાસેથી અમુક મેહેનતાણું કબુલ કરયું.

ફરીઆદ તરફની હકીકત એવી છે કે આ પ્રમાણે કામ કરવામાં આવેલું હતું અને જે ગોઠવણ સને ૧૮૭૬ માં હતી. અને સને ૧૮૭૭ માં પુરી થએલી તે ગોઠવણ પ્રમાણે કેદીએ તે મેહેનતાણું લીધેલું છે.

સને ૧૮૭૭ માં કેદીની બદલી થેઅતમીઓની કામેશરીઅટ ઓ-

ફીસમાં થઈ અને ફરીઆદ તરફથી એવું કહેવામાં આવ્યું છે કે મેસર્સ કોહન તે જગોએ પણ કામેશરીઅટ કંટરાકટર તરીકે ધંધો ચલાવતા હતા. તેથી તેમણે કેદીની સાથે આવીજ ગોઠવણ કરી અને આવી.જ નોકરી કરવા બદલ મેહેનતાણા તરીકે તેને અમુક રકમ આપવામાં આવી.

તપાસ વખતે ફરીઆદ તરફથી એવું બતાવવાને પુરાવ આપવામાં આવેલો છે આ રકમો પોહોચેલી છે અને આ ગોઠવણ સને ૧૮૭૭ માં હતી. પરંતુ સ્પેશયલ કોર્ટમાં તે પુરાવ દાખલ કરવા લાયક છે કે નહીં તે વીશે વીદ્વાન જડજોનો અભીપ્રાય જુદો જુદો થયો તેથી બરમા કોર્ટોના આકટની કલમ ૮૦ પ્રમાણે નીચેના શબ્દોથી તે શવાલ તેમણે અમને પુછેલો છે.

(અહીયા પુછેલી બાબત વાંચવામાં આવી.)

સરકાર તરફથી મી० ફીલીપ્સે એવી તકરાર કરી છે કે મેસર્સ કોહન અને તે કેદીના વચમાં સને ૧૮૭૭ માં જે વહેવારો થએલા તે કાયદા વીરૂધ હતા. માટે તે વરસમાં કાયદા વીરૂધ અવેજને સારૂ તે કેદીએ જો તે રકમો લીધેલી છે તો સંભવીતપણું એવું છે કે તેના આગલા વરશમાં પણ કેદીએ જે રકમો લીધી છે તેનો અવેજ પણ કાયદા વીરૂધ છે એવું બતાવવાને પુરાવ આકટની કલમ ૫ થી તે ૧૪ સુધીમાંની કોઇ એક અથવા વધારે કલમો પ્રમાણે તે પુરાવ દાખલ કરવા લાયક છે.

અમારા માનવામાં છે કે પુરાવ આકટની કલમ ૫ થી તે તેર સુધીમાંની કોઈ કલમ પ્રમાણે આ પુરાવ દાખલ કરવા લાયક નથી તે વીશે અમે બધા મળતા છીએ. પરંતુ અમારા ભાઇ મીત્તર સાહેબના અભીપ્રાયમાં તેમના ફેંસલામાં લખેલા કારણોથી કલમ ૧૪ પ્રમાણે તે પુરાવ દાખલ થઇ શકે છે એવું આવેલું છે.

આ બાબતનો સંભાળ ભરેલી રીતનો વીચાર કરતાં તથા જે આધાર ઉપર મી० ફીલીપ્સે અમારૂં લક્ષ ખેંચેલું છે તેનો વીચાર કરતાં અમારો એવો નીશ્ચય થાય છે કે તે પુરાવ દાખલ કરવા લાયક નથી.

કલમ ૧૪ મી જે કામોનો વીચાર ટેલર સાહેબના પ્રમાણુસારના ગ્રંથની છઠી આવૃતીની કલમ ૩૧૮ થી ૩૨૨ સુધીમાં વીચાર કરવાંમાં આવેલો છે. એટલે જે કામોમાં અમુક કસ જે સખશ કરે તે સખશના મનની અગર શમજની સ્થીતી પ્રમાણે તે કસ થોડું અગર ઘણું સાપરાધ અગર ગુન્હા ભરેલું હોય એવા કામના વર્ગને લાગુ થાય છે એમ જણાય છે. જેમકે નીંદયા અગર જુઠી કેદ અથવા દવેશ બુધ્ધીથી ફરીઆદ માંડવી તેમાં જે અપકસ બાબત આરોપ રાખવામાં હોય છે. તેમાં મુદાની બાબત દવેશ હોય છે. માટે તોહોમતવાળો ઇરીશા અથવા

દુશમાનાઈથી વાદી વીરૂધ ઉસ્કેરાએલો હતો એવું બતાવવાને પુરાવ દાખલ કરવા લાયક છે અગર વળી જુઠો બનાવટનો શીક્કો બતાવવામાં તે શીક્કો જુઠો બનાવટનો છે એવું કેદી જાણતો હતો. તે બતાવવાને પુરાવ દાખલ કરવા લાયક છે. કારણ કે તેના કબજામાં તેવોજ બીજો શીક્કો હતો અગર તોહોમતવાળી અમુક વખતના પહેલાં અગર પછી તેણે આવો શીક્કો વાપરેલો હતો. કલમ ૧૪ ના દાખલા તેમજ ટેલર કેસમાં બતાવેલા આધારો ઉપરથી જોઈતી રીતે ખુલ્લું જણાય છે કે કેવા પ્રકારના કામોમાં આવા પુરાવ દાખલ કરવા લાયક છે.

પરંતુ અમારી નજરમાં આવેછે કે તે કલમનો અમલ બીજા જે કાસોમાં ગુન્હાનો અગર નીરઅપરાધીપણાનો આધાર ખરી હકીકત ઉપર હોય અને માણસના મન અગર શમજ ઉપર ના હોય તે કામોને તે લાગુ થતો નથી. એક સખશે એક ચોરી અગર કાંઈ ગુન્હો એક વખતે કરયો હતો. તે બીજી વખતે તેવા ગુન્હા તેણે કરયા છે તેવું બતાવવાને સાબેત કરવાને અમારો હક નથી.

દાખલા તરીકે ધારો કે આ દેશના કાયદા પ્રમાણે જુલમી વ્યાજ લેવું એ ગુન્હો છે. અને સને ૧૮૭૦ માં જે વહેવાર થએલો છે. તે વહેવારમાં अ. ब. પાસેથી કેદીએ જુલમી વ્યાજ લીધું એવો તેના ઉપર આરોપ રાખવામાં આવેલો છે હવે સને ૧૮૭૦ નો વહેવાર કેવા પ્રકારનો છે તે સાબેત કરવાને તે પક્ષકારોની વચમાં સને ૧૮૭૧ માં જુલમી વ્યાજનો કાંઈક બીજો વહેવાર થએલો હતો તેનો પુરાવ આપી શકાતો નથી એમ તદન ખુલ્લું અમને જણાય છે. આવા કામમાં એવો સવાલ થતો નથી કે તે કેદીના મનનું વલણ જુલમી વ્યાજ લેવાનું હતું. અગર જુલમી વ્યાજના કરારો કરવાની ટેવ હતી કે નહીં પણ એવો સવાલ થાય છે કે અમુક કામમાં કેદી ખરી રીતે તે જુલમી વ્યાજ લીધાનો ગુન્હેગાર છે કે નહીં.

હવે અમારા સાંભળવા પ્રમાણે આ કામમાં સરકાર તરફથી જે તકરાર છે તે એવી છે કે સને ૧૮૭૬ માં તાગુમાં મસર્સ કોહન કામીશેરીએટ કંટ્રાક્ટરો હતા અને તે કામીશેરીએટમાં તે કેદી મેનેજીંગ ક્લાર્ક હતો. સને ૧૮૭૬ માં થેઅતમીઓમાં તે પક્ષકારો તેવીજ રીતે કામ ઉપર હતા. સને ૧૮૭૬ માં તે કેદી ઉપર એવો આરોપ રાખવામાં આવેલો હતો કે તે કેદી પોતાના સરકારી હોદાની રૂઈએ મેસર્સ કોહનને કાંઈક મેહેરબાની બતાવેલી તે બદલ અમુક નાણું તેણે લીધાં હતાં અને તે રકમો ખરી રીતે લીધેલી એવું સાબેત થએલું હતું. આવી હકીકત છતાં મી. ફીલીપ્સ તકરાર કરે છે કે સને ૧૮૭૭ માં મેસર્સ કોહન

પાસેથી બીજી રકમો રૂશવત તરીકે લીધેલી તે સને ૧૮૭૬ માં જે રકમો લીધેલી છે તે રકમો પણ રૂશવત તરીકે લીધેલી છે તે સાબેત કરવાને પુરાવ-માં દાખલ કરવા લાયક છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે મેસર્સ કોહનને મેહેરબાની કરવા સારૂ સને ૧૮૭૬ માં તેણે તે રકમો લીધી હતી કે નહીં એ સવાલ દરેક કામમાં તદન હકીકતનો સવાલ છે. અમને માલુમ પડે છે તે પ્રમાણે તે કાંઇ ઇરાદા અગર શમજ અગર માહીતીનો સવાલ નથી. માટે સને ૧૮૭૬ માં તેણે સરકારી નાણાં ચોરયાં હોય તે બતાવવાને તે પુરાવમાં લેઈ શકાય તેના કરતાં સને ૧૮૭૭ માં મેસર્સ કોહન પાસેથી રૂશવત લીધેલી તે બતાવવાને કાંઇ વધારે પુરાવ દાખલ કરવા લાયક નથી.

સબબ અમને જે સવાલ પુછવાગાં આવેલો છે તેનો જવાબ અમા-રા અભીપ્રાય પ્રમાણે તે પુરાવ દાખલ કરવા લાયક નથી.

જસ્ટીશ મીત્તર સાહેબ:— જે કામમાં આ રેફરંસ કરવામાં આ-વ્યું છે તેની હકીકત નીચે પ્રમાણે છે:—

તોહમતવાળા ઉપર સરકારી નોકર તરીકે કાયદા વીરૂધ રૂશવત લી-ધા બાબત ઉપર બાર આરોપ કલમ ૧૬૧ અને ૧૬૫ પ્રમાણે રાખી તે-ને તપાસ થવા સારૂ કમીટ કરવામા આવ્યો છે. કારણ કે આ કેટલીક રકમો ૧૮૭૬, ૧૮૭૭ અને ૧૮૭૮ એ ત્રણ વરસો સુધીનાં નાણાંની પહોંચો છે.

તપાસ વખતે ફરીઆદ તરફથી ત્રણ આરોપો બાબત કામ ચલા-વવાને પસંદ કરેલું છે. જે વ્યવહાર ઉપરથી તે આરોપો ઉત્પન થએલા છે તે આરોપો સને ૧૮૭૬માં બનેલા છે. સને ૧૮૭૬માં ટોંગુમાં તોહમ-તવાળો કમીશરીએટ ઓફીસરમા મેનેજીંગ કલારક હતો અને ત્યાં કોર્ટનો કમીશેરીએટ કન્ટરાક્ટર તરીકે કામ કરતા હતા. ફરીઆદ તરફનો પુ-રાવ એવો છે કોરટનો અને તોહમતવાળાઓની વચમાં એવી સમજ થ-એલી છે કે જેથી તોહમતવાળો પોતાનું સરકારી કામ કરતાં અમુક મે-હેરબાની બતાવે તે બદલ અમુક મેહેનતાણું તેને આપવું અને તે-કરાર જ્યારે તોહમતવાળો થીએટકામીશેરીએટ ઓફીસમાં બદલી ઉપર ગ-યો ત્યારે સને ૧૮૭૭ના જાનેવારી માસમાં પુરો થયો હતો. અને તે વ-રસના જુન મહીનામાં કોહનસો તે જગોએ કામેશરીના કંન્ટરાક્ટરનું કા-મ કરતા હતા તેથી તોહમતવાળા સારૂ તેમણેજ તેવો કરાર કરયો અને આ છેવટ કહેલા કરાર પ્રમાણે સને ૧૮૭૭ અને સને ૧૮૭૮માં નાણાં આપવામાં આવેલાં તે વીશેનો પુરાવ તપાસ ચાલતાની દરમીઆનમાં ગુ-જારવામાં આવેલો છે. હાલનો જે સવાલ અમને પુછવામાં આવેલો છે

તે નીચે પ્રમાણે છે. (તે પુછેલા સવાલની હકીકત વાંચી.)

અમારા અભીપ્રાયમાં આવે છે કે તોહોમતનામામાં બતાવેલી ત્રણ રકમો તોહોમતવાળાએ લીધી છે. તે સાબેત કરવાને થાએટમીઓમાં સને ૧૮૭૭ અને સને ૧૮૭૮ માં કાયદા વીરૂધ રૂશવત લીધેલી તે સાબેત થઈ શકતી નથી. તે બેઉ વહેવારો એક બીજા સાથે એવા જોડાએલા નનથી કે જેથી પુરાવ આકટની કલમ ૫ થી ૧૩ સુધીમાં એક બીજા સાથે લાગતા થાય. કલમ ૬ લાગુ થઇ શકતી નથી. કારણ કે સને ૧૮૭૭ અને સને ૧૮૭૮ મા જે નાણાં આપવામાં આવેલાં તેનો આ કામની ઇસ્તુવાળી હકીકત સાથે એવો સબંધ નથી કે જેથી તેના તેજ વહેવારનો તે ભાગ થાય. સને ૧૮૬૬ નો જે કરાર કહેવામાં આવેલો છે તે ફરીઆદ તરફની હકીકત પ્રમાણે સને ૧૮૭૭ ના જાનેવારી માસમાં પુરો થએલોછે. અને સને ૧૮૭૭ અને ૧૮૭૮માં જે નાણાં આપેલાં કહેવામાં આવેલા છે તે જુદી સમજથી આપવામાં આવેલા હતાં.

બીજી જે કલમ પ્રમાણે નીચેની કોરટમાં એવી તકરાર કરવામાં આવી છે કે સને ૧૮૭૭ અને સને ૧૮૭૮ ના વહેવારો લગતી હકીકત છે તે કલમ ૮ મી છે પરંતુ ઇસ્યુવાળી હકીકતનો હેતુ અગર તે કારણુસર તઇયારી તે ઉપરથી થાય છે એમ કહી શકાતું નથી. તોહોમતવાળાની વરતણુક સને ૧૮૭૭ અને સને ૧૮૭૮ ના કહેલા વહેવારોમાં બતાવવામાં આવેલી છે તેને તે કલમમાં જે હેતુથી આ શબ્દો વાપરેલા છે તે હેતુ પ્રમાણે ઇસ્યુવાળી હકીકતથી અસર થાય છે. એમ કહી શકાતુ નથી. બેશક એક શખસ એકાદો ગુન્હો બીનહરકતે કરે તો તેવોજ બીજો ગુન્હો તે કરવાને તઇયાર થાય એમ સાધારણ રીતે માલમ પડી શકે. અને તે પ્રમાણે પેહેલા કરેલા ગુન્હાથી બીજા ગુન્હાને અસર થયો છે એમ ગણી સકાય છે. પરંતુ તેવી જાતના સબંધનો આ કલમનો હેતુ નથી. જો તે કલમનો તેવો હેતુ હોય તો જે કામમાં એક સખસ ઉપર એક ગુન્હા બાબત આરોપ રાખવામાં આવેલો હોય તો તે શખસના પહેલાની જીંદગાનીનો તમામ ઇતીહાસ લાગતી હકીકત થાય કારણ કે ગુન્હો બનતા પહેલાં તેની હયાતીમાં દરેક બીના બનેલી હોય તેથી કોઇક રીતે તેને અસર થએલો છે એમ ગણી શકાય પરંતુ તે કલમનો અરથ તેવો નથી. જે અસર અહીયાં બતાવવામાં આવેલો છે તે પ્રતક્ષ અને દેખીતો હોવો જોઈએ. અને આ પ્રમાણે ઇસ્યુવાળી હકીકતથી સને ૧૮૭૭ અને સને ૧૮૭૮ ના વહેવારોને કોઇ રીતે અસર થએલો છે એમ અમે કહી શકતા નથી. કલમ ૧૧ ના આધારથી જે તકરાર કરવામાં આવેલી છે તેને જ આ પીઆરો લાગુ થાય છે વળી બણુ સંબધીત, એવા શબ્દો છે તે ઉપરથી ઇ-

સ્યુત્તાળી હકીકત અને સમાનતર હકીકત જે સાબેત કરવાને માગવામાં આવેલી હોય તે બેઉની વચ્ચે તે સબંધ એવો હોવો જોઇએ કે જેથી તે બેઉ સાથે રહેલી છે એમ ઘણું સંભવીત થાય.

ફકત બીજી જે કલમ લક્ષમાં લેવાની જરૂર છે તે કલમ ૧૪મી છે. તે કલમ પ્રમાણે મનની કાંઇ સ્થીતિ હોવાનો સવાલ જો કાંઇ હોય તો તેમાં બનાવેલી સમાન્તર હકીકત સાબેત થઈ શકે છે. આ કામમાં તોહોમતનામામાં કહેલી કેટલીક નાણાંની રકમો બીજા પુરાવથી કોરટને સંતોષ થાય તે પ્રમાણે લીધા વીશેના આરોપો સાબેત થએલા ગણાય, અને તોહમતવાળાએ પોતાનું સરકારી કામ કરતાં મેહેરબાની બતાવવાના હેતુથી તે લીધી કીંવા નહીં તે નકકી કરવાની જરૂર પડે તો સને ૧૮૭૭ અને સને ૧૮૭૮ના જે વહેવારો કહેવામાં આવેલા છે. તે લગતી હકીકત આ કલમ પ્રમાણે થાય. પરંતુ સને ૧૮૭૯માં નાણાં આપ્યાની બાબત સાબેત કરવા સારૂ તે વહેવારો લાગતી હકીકત નથી.

ફોજદારી અપીલ

તા૦ ૨૮ ફેબરવારી સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ કનીંગહામ અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ

દીલામાતન (અરજદાર) વીરૂદ્ધ શીવદયાળકોયરી (સામાવાળો)

પૂરાવ—સાક્ષીઓને સમન્સ કરવા—કેદીના સાક્ષીઓ ઉપર શમન્સ કરવાને માજીસ્તરેટે ના કહેલી— ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨નો આકટ ૧૦ની) કલમ ૩૫૯.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૫૯માં બતાવેલાં કારણો શીવાય તોહમતવાળા શખસે જે સાક્ષી બતાવેલો હોય તે સાક્ષી ઉપર શમન્સ કરવાની ના કહેવાને માજીસ્ટ્રેટ મુખત્યાર નથી. અને જો તે ના કહેતો તે કલમ પ્રમાણે કામ ચલાવવાને તે બંધાએલા છે. બચાવ તરફનું કામ પુરૂં થયા પછી નવા પુરાવનો ખુલાસો કરવાને તેના ઉપર શમન્સ કરવાને એવા કારણથી ના પાડવામાં આવે કે તોહમતવાળાએ તે સાક્ષીને તપાસવાની ના કહી છે, તે કાંઇ સબબ નથી.

પાનું ૭૧૪ આ અરજી ઉપરથી અરજદાર તરફથી મી૦ આર. ઇ. ત્વીડેલ હાજર થયા છે.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે જષ્ટીસ કનીગહામ સાહેબે આપેલો છે તે ઉપરથી આ રીપોર્ટના કારણસર આ કામની હકીકત પુરતી રીતે જણાય છેઃ—

અમારી નજરમાં આવે છે કે ફો, કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૫૯ માં બતાવેલાં કારણો સીવાય તોહોમતવાળાએ બતાવેલા શાક્ષીઓ ઉપર સમન કરવાને ના કહેવાને માજીસ્ત્રેટ મુખત્યાર નથી. અને જો તેઉ તે કારણોથી ના કહે તો તેમણે તે કલમ પ્રમાણે કામ ચલાવવું જોઇતું હતું. કામ બંધ થયા પછી સાક્ષીઓને તપાસવાને તો-હોમતવાળાએ ના કહી હોય પણ બચાવ તરફની તકરારો સાંભળ્યા પછી માજીસ્ત્રેટે જે નવો પુરાવ લીધો હોય. તે પુરાવનો ખુલ્લાસો કરવાને તે સાક્ષીઓના ઉપર સદરહુ કારણેાા સમન્શ કરવાની માજીસ્ત્રેટ ના પાડે તે શબબ નથી. માટે અમારે ફરમાવવું જોઇએ કે તેટલેથી તે કામ શરૂ કરવું અને માજીસ્ત્રેટે પુરાવો લેવો અગર જો તે ના લે તો તેમણે કારણો કામમાં લખવાં અને કાયદામાં ફરમાવ્યા પ્રમાણે કામ ચલાવવું.

કામ પાછું મોકલવામાં આવ્યું

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ ફેબ્રુવારી સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ મ્યાકલીન.

જબદર કાજી અને ગુલાબખાંનની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વીરૂધ જબદરકાજી અને ગુલામખાંન.

રીવાજ—એકઠી શીક્ષા—જુદા જુદા આરોપો—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૪૫૪ દ્રસ્ટાંત (એફ)—પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫) ની કલમ ૧૪૭—૧૪૮ અને ૩૨૪.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૫૪ પ્રમાણે એકઠી શીક્ષા પીનલકોડની કલમ ૧૪૭—૧૪૮ અને ૩૨૪ મુજબ કરવામાં આવેતો ભારેમાં ભારે જે ગુન્હો હોય તે ગુનહા બાબત જે શીક્ષા થઇ શકે તે કરતાં તે વધારે હોવી નહીં જોઇએ.

પ્રશ્ન——પીનલકોડની કલમ ૧૪૭ અને ૩૨૪ પ્રમાણે જુદા જુદા ગુન્હાની સાબેતીના ઠરાવો કાયદેસર છે કે નહીં.

પાનું ૭૧૮ એકજ તપાસમાંથી આ બે અપીલો ઉતપન થએલી છે એક ગેરકાયદે મંડળીમાંના કેટલાક શખસો ભાલા અને ઢાલો સાથે તથા કેટલાક લાઠીઓ સાથે ૧૨૫૬ના કારતગ મહીનાની બારમી તારીખના રોજ એટલે તા૦ ૨૮મી અકટોબર સને ૧૮૭૯ના રો-જ ભેગા થએલા હતા. અને તે ટોળીના કેદીઓ જબદરકાજી અને ગુ-

લાબખાંન અંગભુત હતા. અને તેના પરીણામમાં એક ગુરૂચરણ નામના માણસનું મોંત થયું અને બીજા બાબુલચંદ નામના શખસને ભારે ઇજા થઇ. બીજા કેટલાકોની સાથે આ કેદીઓ ઉપર હીંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે કેટલાક આરોપો રાખવામાં આવેલા હતા પરંતુ શેશન જડજે આસેસરોની સાથે મળી જબદરકાજીને કલમ ૩૦૨ અને ૩૦૪ ના ભારે તોહમતમાંથી નીરદોષ ઠરાવેલો હતો અને ગુલાબખાંનને કલમ ૩૨૪ અને ૩૨૬ પ્રમાણેના આરોપમાંથી નીરદોશ ઠરાવ્યો. પણ તે બેઉને કલમ ૧૪૮ અને વળી કલમ ૧૪૯ તથા ૩૨૪ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યા. અને કલમ ૧૪૮ પ્રમાણે દરેકને ત્રણ વરસ સક્ત મજુરી સાથે કેદની શીક્ષા કરી. અને કલમ ૧૪૯ તથા ૩૨૪ પ્રમાણે બીજી બે વરસની સખત મજુરી સાથે શીક્ષા કરી એવા ઠરાવની સાથે કે પેહેલી શીક્ષા પુરી થએ બીજી શીક્ષા શરૂ થાય અને વળી કલમ ૧૪૮ પ્રમાણે પેહેલા કેદી જબદરકાજીને ૨૨૦૦ દંડ અગર તે આપવાને કસુર કરે તો બીજી છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી એવો હુકમ કરયો. આ શીક્ષાના હુકમો ઉપર તે કેદીઓએ હાય કોરટમાં અપીલ કરી

અપીલવાળા જબદરકાજી તરફથી મી૦ એલ. એમ. ગોઝ. અને બાબુ બખ્દનાથ દત હાજર થયા.

સરકાર તરફથી જગોદાનંદ મુકરજી.

બીજા અપીલવાળા ગુલાબખાન તરફથી કે.ઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

એકજ તપાસમાંથી આ બે અપીલો ઉતપન થએલી છે અપીલવાળાઓ એક ગેરકાયદે મંડળીના અંગભુતો હતા. તેમાં એક ગુરૂચરણને ઇજા થઇ તેથી તે મરણ પામ્યો. અને એક બાબુલચંદને તેથી થોડીક પણ સખત ઇજા થએલી છે એ પ્રમાણે તેમને ગુનેહગાર ઠરાવેલા છે.

ગુરૂચરણના મોતની બાબતમાં ગુનહો કરયામાંથી તેઓને નીરદોશ કરયા એમ જણાય છે. અને કલમ ૧૪૮ પ્રમાણે મોત કરે તેવાં હથીઆર સાથે તેઓએ બખેડો કરયો તથા પીનલકોડની કલમ ૩૨૪ મી કલમ ૧૪૯ સાથે વાંચતાં બાબુલચંદને વ્યથા કરી એ વીશે ગુનેહગાર ઠરાવેલા છે. કલમ ૧૪૮ પ્રમાણે તરણ વરસની શીક્ષા કરવામાં આવેલી છે અને કલમ ૧૪૯ અને ૩૨૪ પ્રમાણે બે વરસની શીક્ષા કરવામાં આવેલી છે.

નંબર ૨૧ ની અપીલમાં અપીલવાળા જદબરકાજી તરફથી જે વીદવાન કાંઉનશીલ હાજર થએલા છે. તેમણે ફક્ત એટલીજ તકરાર કર

રી છે કે કાયદા પ્રમાણે મારા અશીલને જે સીક્ષા થઇ શકતી હતી તેના કરતા વધારે કરવામાં આવેલી છે અને બાબુલચંદને ગેરકાયદે મંડળીના એક અંગભુત તરીકે મારા અશીલે ઇજા કરી એમ ઠરાવવામાં આવેલું નથી અને તે ઇજા તે મંડળીનો એક સરખો હેતુ પાર પાડવાને કરવામાં આવેલી નથી.

તે વીદવાન કાંઉનશીલની તકરારો ગુલાબખાંનના કામને એક સરખી રીતે લાગુ થાય છે.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫૪ ઉપર પેહેલી બાબતનો આધાર છે. તે કલમમાં ઠરાવ્યું છે કે કાયદાની જુદી જુદી વાખ્યામાં સમાસ થતા એક ગુનહા બાબત અગર જુદા જુદા કત્યોથી એક કરતાં વધારે ગુનહો બને પરંતુ તેનો એક વાખ્યામાં સમાશ થાય. તે સારૂ એકઠી શીક્ષા થઇ શકેછે. પહેલી બાબતમાં એક શીક્ષા થઇ શકેછે અને બીજી બાબતમાં જુદી જુદી શીક્ષા થઇ શકેછે. પરંતુ તે ગુનહામાંના એક ગુનહા બાબત જે શીક્ષા થઇ સકે તે કરતાં તે વધારે હોવી નહીં જોઇએ અને બીજી બાબતમાં કેટલાક ગુનાહમાં જે ભારેમાં ભારે ગુનાહ હોય તે બાબત અથવા એકઠા થએલા ગુનાહ બાબત જે શીક્ષા થઇ શકે છે તે કરતાં તે એકઠી શીક્ષા વધારે કરવી નહીં જોઇએ. જડજે દ્રસ્ટાંત एफ બતાવેલું છે તે ઉપરથી જણાય છે કે કલમ ૧૪૭, ૩૨૪, ૧૫૨ પ્રમાણેના ગુનાહની બ્યવસ્થા જુદી જુદી થઇ શકે છે.

આ કામમાં કલમ ૧૪૭ અને ૩૨૪ પ્રમાણેના ગુનાહની સાબેતીનો ઠરાવ છે અને આ કોરટે ઠરાવ્યું છે કે તે કલમો પ્રમાણે ગુનહાની સાબેતીના જુદા ઠરાવો કાયદેસર નથી. માહારાણી વીરૂધ દરજુલ્લાનો ઠરાવ જુઓ. પરંતુ કેસરેહીંદ વીરૂધ રામઆધીનના કામમાં દેખીતી રીતે માહારાણી વીરૂધ કલાચંદના કામના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલું છે. અને તે ઠરાવ વીરૂધ છે પણ ગુનાહની સાબેતીના ઠરાવ જુદા થઇ શકે કીંવા નહી તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૪ પ્રમાણે ભારેમાં ભારે ગુનાહ વીશે જે શાક્ષી થઇ સકે તે કરતાં એકઠી શીક્ષા વધારે હોવી નહીં જોઇએ, માહારાણી વીરૂધ તકાયા બીન તામાના.

સબબ આ દરેક અપીલવાળાની બાબતમાં શીક્ષા કમી કરી ત્રણ વરસની શીક્ષા કરીએ છીએ.

જબદરઆલીની અપીલમાં જે બીજો સવાલ ઉઠાવવામાં આવેલો છે તે વીસે વીચાર કરવાની જરૂર નથી.

શીક્ષાનો હુકમ દુરસ્ત કરવામાં આવ્યો.

—:o:—

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મી ફેબરવારી સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ કનીંગહામ અને મી૦ જસ્ટીસ મ્યાકલીન

સાહેબોની રૂબરૂ.

મયાદેબ ગોસામીની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ મયાદેબ ગોસામી.

ન્યાયની રૂઇના કામમાં જુઠો પુરાવ—તોહોમતવાળાની જુબાની પુરાવમાં ક્યારે દાખલ કરવા લાયક છે—દીવાની કાયદા (સને ૧૮૭૭ નો આકટ ૧૦)ની કલમ ૧૭૮, ૧૮૨, ૧૮૩ અને ૬૪૭—પુરાવ આકટ (સને ૧૮૭૨ નો આકટ ૧ લો)ની કલમ ૯૧.

સને ૧૮૭૭ નો આકટ ૧૦ (દીવાની કાયદો)ની કલમ ૧૮૨, ૧૮૩ ના ઠરાવો પ્રમાણે ન્યાયની રૂઇના કામમાં કસુર કરવામાં આવેલી હોય તો તે એક રીતી વીરૂધ એવું થાય છે કે તોહોમતવાળાની જુબાની ઉપરથી જુઠી શાહેદી આપ્યાના આરોપ રાખવા ઉપરથી પુરાવમાં તે તોહોમવાળાની જુબાની દાખલ કરવા લાયક થતી નથી અને સને ૧૮૭૨ ના આકટ ૧ લા (હીંદુસ્થાનનો પુરાવ આકટ) ની કલમ ૯૧ પ્રમાણે આવી જુબાનીનો બીજો પુરાવ દાખલ કરવા લાયક નથી.

પાનું ૭૬૨ અપીલવાળા તરફથી બાબુ બઇકુંઠનાથ

સરકાર તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ કનીંગહામ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

આ કામમાં કેદીએ બે બાળકોની મીલકત સબંધી સને ૧૮૫૮ ના આકટ ૪૦ પ્રમાણે સરટીફીકેટ મળવાને અરજી કરેલી હતી અને તે અરજીના આધારમાં ગયા અકટોબર માસની તા૦ ૪ થીના રોજ જીલ્લા જડજની રૂબરૂ તેણે સોગન ઉપર જુબાની આપી હતી.

તેની જુબાની આસામી ભાશામાં આપવામાં આવેલી તેનો તરજુમો કોરટના શીરસ્તેદારે કરેલો અને જડજે તે ઇંગરેજીમાં લખી લીધેલી છે. તેમણે તેના ઉપર સહી કરી નથી તેમ તે સાક્ષીને વાંચી બતાવવામાં અગર તરજુમો કરી બતાવવામાં આવેલો નથી. માટે દીવાની કાયદાની કલમ ૧૮૨ અને ૧૮૩ પ્રમાણે ચાલવામાં આવ્યું નથી. તે ડીપોટી કમીશનરની રૂબરૂ શીરસ્તેદારની જુબાની થએલી છે તે ઉપરથી ખુલ્લું જણાય છે. તે જડજે પોતાની કોરટમાં કામ બંધ થયું એટલે એવું વીચારેલું છે કે તે કેદીએ ખોટી સાહેદી આપેલી છે અને ફરમાવ્યું છે કે તેના ઉપર ફરીઆદ ચલાવવી જોઇએ તેના પરીણામમાં તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે, અને આ કોરટની નજરે જે હકીકત લાવવામાં

આવેલી છે તે ઉપરથી કોરટના અભીપ્રાયમાં આવેછે કે જે જડજની રૂબરૂ તે જુદી શાહેદી આપવામાં આવેલી તે જડજની રૂબરૂ અપીલ ચાલવી નહી જોઇએ તેથી તે અપીલ આ કોરટમાં મંગાવવામાં આવેલી છે.

બચાવ તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે તોહોમતવાળાની જુબાની લખી લેવામાં જે રીતી વીરૂધ થએલું છે તેથી તે જુબાની પુરાવમાં દાખલ કરવા લાયક નથી. અને પુરાવ આકટની કલમ ૯૧ પ્રમાણે તેની જુબાનીનો બીજો પુરાવ દાખલ થઇ શકતો નથી. અમારી નજરમાં આવે છે કે આ તકરાર મજબુત છે. દીવાની કાયદાની કલમ ૬૪૭ પ્રમાણે તે કાયદામાં ઠરાવેલી રીતી દાવા અને અપીલો શીવાય તમામ કામોમાં હરકોઇ કોરટે જેટલી લાગુ થઇ શકે તે પ્રમાણે ચાલવું જોઇએ. કલમ ૧૭૮ પ્રમાણે દાવાના પક્ષકારને શાક્ષી આપવાની છે અને તેને સાક્ષીઓના નીયમ લાગુ થાય છે. કલમ ૧૮૨ અને ૧૮૩ તોહોમતવાળાને લાગુ થાય છે અને તે કલમો પ્રમાણે ચાલવામાં આવેલું નથી. સબબ તે જુબાની દાખલ કરવા લાયક નથી.

માટે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને કેદીને છોડી દેવો જોઇએ.

જીલા જડજની રૂબરૂ જે કામ ચાલેલું તે કામના કાગળો ઉપરથી એવું જણાતું નથી કે સને ૧૮૭૩ ના આકટ ૧૦ ની કલમ ૫ પ્રમાણે શીરસ્તેદારને સોગન અગર પ્રતીજ્ઞા આપવામાં આવેલી હોય, માટે જડજનુ લક્ષ આ ઉપર ખેંચવું જોઇએ. અને આ ફેંસલાની નકલ આ કોરટ તરફથી તેમને મોકલવી જોઇએ.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૦ મારચ સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ પોંટીફસ અને મી૦ જસ્ટીસ વીલ્સ સાહેબોની રૂબરૂ.

અશગર હુસેન વીગરેની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ અશગર હુસેન વીગરે.

સાક્ષી આપવાને નાલાયક—પુરાવ આકટ (સને ૧૮૭૨ નો આકટ ૧ ની કલમ ૩૩—કમીટ કરનાર માજીસ્ટ્રેટની ફરજ—સાક્ષીઓ—સોગન ઉપર તપાસ—સાક્ષીઓએ કહેલી હકીકત.

સાક્ષી આપવાની નાલાયકકાઇ પુરાવ આકટની કલમ ૩૩ મીમાં બતાવેલી છે તે કાયમ નાલાયકકાઇ હોવાની જરૂર નથી.

પ્યારીલાલના ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

જે માજીસ્ટ્રેટને ફરીઆદ કરવામાં આવેલી તે માજીસ્ટ્રેટે તોહોમતવાળાઓની ગેરહાજરીમાં કેદીઓની વીરૂધ કાંઇ હકીકત છે કે નહીં અને છે તો શી છે તે ફકત નકી કરવાના કારણસર કેટલાક સખસોને શોગન ઉપર તપાસ્યા. પરંતુ તે પ્રમાણે તપાસેલા સખસોની હકીકત લખી લેવામાં આવી નથી તેમાં ઠરાવવામાં આવ્યું કે તોહોમતવાળાની ગેરહાજરીમાં સાક્ષીઓને સોગન ઉપર તપાસવામાં આવેલા હોય તો તે માજીસ્ટ્રેટે બરોબર કરેલું નથી. અગર તે હકીકત હતી કીંવા નહી તે નકી કરવાને સારૂ તે પ્રમાણે સાક્ષીઓને તપાસવામાં આવેલા હોય તો તે લખી લેવાને તેઉ બંધાએલા નથી.

પાનું ૭૭૮ આ કામમાં એક અશગર હુસેન પોલીસ હેડ કોનસટેબલ છે તેના ઉપર તથા ચાર ચોકીદાર ઉપર બે સખસો નામે દુલી અને દરશાંનને બુધીપુરવક માહાવ્યથા કરયાનો આરોપ રાખવામાં આવ્યો હતો. કમીટ કરનાર માજીસ્ટ્રેટે તોહોમતવાળાની ગેરહાજરીમાં કેટલાક સખસોને તપાસેલા છે ને તેમાંના કેટલાકને સાક્ષી તરીકે બોલાવવામાં આવેલા છે. જો કે તે સખસોને શોગન ઉપર તપાસવામાં આવેલા હતા તોપણ કમીટ કરનાર માજીસ્તરેટે તે તપાસની નોંધ કરી લીધી નથી. તપાસમાં એમ શાબેત થએલું છે કે ફરીઆદીઓમાંનો એક ફરીઆદી દરસાંન ઘણો માંદો હોવાથી પોતાના ઘરની બાહાર નીકળી શકતો નહી હતો. અને કમીટ કરનાર માજીસ્તરેટની રૂબરૂ દરસાંને જુબાની આપેલી તે જુબાની પુરાવ આકટની કલમ ૩૨ મી પ્રમાણે પુરાવમાં દાખલ કરવા દીધેલી છે. શેશન જડજે આસેસરો સાથે બેશી કેદીઓને ગુનેહગાર ઠરાવેલા છે તેથી તે કેદીઓએ હાય કોરટમાં અપીલ કરેલી છે.

અપીલવાળા તરફથી મી० એમ. એમ. ઘોઝ:—ડીપોટી માજીસ્તરેટે તે જુબાનીની નકલો આપવાને ના પાડેલી અને તેની રૂઇએ કમીટ કરવાનો હુકમ કરેલો છે તેથી તેમની તે વરતણુંકથી કેદીઓને પોતાના બચાવમાં હરકત થએલી છે વળી ફરીઆદી દરસાંનની જુબાની પુરાવમાં દાખલ કરવી જોઇતી નહી હતી કારણ કે પુરાવ આકટની કલમ ૩૩ ના અરથ પ્રમાણે સાક્ષી આપવાની નાલાયકાઇનો પુરાવ નથી. પ્યારીલાલનો ઠરાવ જુઓ.

કોરટનો ફેંસલો જસ્ટીસ પોંટીફેકસ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

(તે વીદ્વાન જડજે પુરાવ તપાસીને સેશન જડજનો ઠરાવ બાહાલ રાખ્યો પછી તેમણે કહયું છે કે):-ડીપોટી માજીસ્ટ્રેટની રૂબરૂ એક ફરીઆદી દરસાંનની જુબાની લેવાએલી તે પુરાવ આકટની કલમ ૩૩ પ્રમાણે સેશન જડજે પુરાવમાં દાખલ કરેલી છે કારણ કે કેટલાક સાક્ષીઓએ એ

વું કહેવું છે કે તે ઘણો માંદો હોવાથી ઘરની બાહાર નીકળી શકતો નથી અમારા અભીપ્રાયમાં આવેછે કે તે ગંદગીનો પુરાવ, પુરાવ આકટની ક. ૩૩ પ્રમાણેબસ નથી. શેશન જડજે તે સાક્ષીની માંદગી કેવી હતી અને તેની નાલાયકાઈ વીશેનો વધારે બરોબર પુરાવ લેવો જોઇતો હતો. પ્યારીલાલનો એક ઠરાવ અમને બતાવવામાં આવેલો હતો તેમાં ઠરાવ્યું છે કે સાક્ષી આપવાની નાલાયકાઇ કલમ ૩૩ મીમાં બતાવવામાં આવેલી છે તે કાયમ નાલાયકાઇ હોવી જોઇએ. અમારા અભીપ્રાય પ્રમાણે તેવો જરૂરે કરીને અરથ થતો નથી. તે તમામ કલમના અરથ ઉપરથી તથા તેની ઉપરની કલમ ૩૨ મી જોતાં અમારી નજરમાં આવે છે કે કાયમ નાલાયકાઇ કરતાં કાંઇ ઓછી હોય તોપણ તેના સાક્ષી આપવાની નાલાયકાઇ એ શબ્દોમાં સમાસ થાય છે તોપણ આ કામમાં તે સવાલનો નીરણય કરવાની જરૂર નથી. નહીંતો અમરે તે કામ ફુલબેંચ તરફ મોકલવું પડે. દરશાંનની જુબાની વાંચ્યા શીવાય ગુનાહની સાબેતીના ઠરાવને પુષ્ટી કરવાને આ કામમાં બસ છે.

પ્રથમ એવી હરકત લેવામાં આવેલી છે કે કમીટ કરનાર માજીસ્ટ્રેટે એક જાતની આરંભની તપાસ કરેલી તેમાં કેટલાક સાક્ષીઓ તપાશેલા હતા. અને તેમાંના કેટલાકને પાછળથી સાક્ષીઓ તરીકે બોલાવવામાં આવેલા છે અને અમારી રૂબરૂ જે અપીલવાળો છે તેણે આ સખસોની જુબાનીઓ મળવા અરજ કરેલી અને તે પ્રમાણે તે સાક્ષીઓને તપાસવામાં આવેલા તેમ છતાં તે અરજીના જવાબમાં કાંઇ જુબાની છે નહીં આ કારટે તે વીશે ખુલાશો માગેલો હતો. ડીપોટી માજીસ્ટ્રેટે એવો ખુલાશો આપ્યો છે કે આરંભની તપાસ તોહોમતવાળાની રૂબરૂ કરવામાં આવેલી નહીં હતી. અને અમુક સખસોને જે તપાસવામાં આવેલા તે કાંઇ હકીકત છે કે નહીં અને છે તો શીજે તે નકી કરવા સારૂ તપાસવામાં આવેલા હતા. માટે જો કે તેમને સોગન ઉપર તપાસવામાં આવેલા હતા તોપણ તેમનો કહેલી હકીકત લખી લેવામાં આવી નથી. અમારી નજરમાં આવે છે કે જે કારણ કહેવામાં આવેલું છે તે કારણુસર તે પ્રસંગે આ સાક્ષીઓને સોગન આપવામાં આવેલા છે તે બરોબર નથી. પરંતુ સોગન આપવામાં આવેલા તેથી હકીકત પ્રમાણે અમારા અભીપ્રાય પ્રમાણે તે હકીકત લખી લેવાને તેઉ બંધાએલા નહીં હતા. ડીપોટી માજીસ્ટ્રેટ ફક્ત કમીટ કરનાર અધીકારી છે અને તેમણે તે કામની તપાસ કરી નથી. માટે અમારી નજરમાં આવે છે કે આ બાબતમાં ફરીઆદ કરવાને તોહોમતવાળાને કાંઇ કારણ નથી. સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ મંજુર રાખવામાં આવ્યો.

ગુનહાની સાબેતીનો ઠરાવ મંજુર રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૭ માર્ચ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ પોન્ટીફિકસ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ બેહાલાબીબીની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂદ્ધ બેહાલાબીબી.

પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૨૦૧—જુઠી બાતમી.

એક ઓરત પોતાનું નાહાનું છોકરૂં લેઇને પોતાના ધણીના ઘરમાંથી નાશી ગઇ પછી છોકરૂં ગુમ થએલું તેથી તે છોકરાનું ખુન કરયા બાબતના આરોપ વીશે તેણીને પાછળથી પકડવામાં આવી તેણીએ ત્રણ જુદી જુદી હકીકતો કહેલી છે. (૧) કે તે છોકરાને મેં મારા ધણી સાથે મુકેલું હતું; (૨) મને એક. ર. ફોસલાવી લેઇ ગયો હતો અને તે મારી પાસેથી તે છોકરૂં લેઇ ગએલો છે. (૩)એક ર એ તે છોકરાને ડુબાવેલું છે. શેશન જડજે આ છેવટ કહેલી હકીકત માંની અને તેણીને પીનલકોડ ની કલમ ૨૦૯ પ્રમાણે ગુનહેગાર ઠરાવી.

ઠરાવ્યું કે તે ગુનહાના સાબેતીનો ઠરાવ બરોબર નથી. માટે તે ર૦ કરવો જોઇએ.

જે કામમા કોઇકો સખશ ગુનહેગાર હોય એવું સંભવીત હોય અગર બની શકે તેવું હોય અને તે સખશ જે હકીકત કહે તેથી પોતે ગુનહામાંથી નીકળી જતો હોય અને બીજા સખશને ગુનહામાં લાવતો હોય તો તે કામને પીનલકોડની કલમ ૨૦૧ લાગુ નથી.

પાનું ૭૮૯ આ કામની હકીકત મી૦ જસ્ટીશ પોન્ટીફિકસ સાહેબના ફેંસલામાં બતાવવામાં આવેલી છે.

અપીલવાળા અગર અપીલના પ્રતિવાદી તરફથી કોઇ હાજર નથી.

જસ્ટીશ પોન્ટીફિકસ સાહેબ:—અમારી નજરમાં આવે છે કે આ કામમાં ગુનહાની સાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી.

આ કામની હકીકત નીચે પ્રમાણે છે:—અપીલવાળી બીહાલા પોતાના ધણી સાથે એક ઓરડામાં પોતાના બાળકને લેઇને સુતેલી હતી. પરોઢમાં તેણીનો ધણી જાગી ઉઠયો. ત્યારે તે ઓરત તથા તેનું છોકરૂં તેને ગુમ થએલાં માલમ પડયાં. કેટલોક શોધ કરયા પછી તે એક સગાના ઘરમાં માલમ પડી પણ ત્યાં તે છોકરા વીના હતી. છોકરાને શું થયું તે વખતે તેણે એક બીજા વીરૂધ હકીકતો કહી. એક વખત તેણે

એમ કહ્યું કે મેં તેને મારા ધણી પાશે તેજ ઓરડામાં મુકેલું છે. બીજી વખત તેણે કહ્યું કે મને એક રાખલ ફોસલાવી લઇ ગયો તે વખતે છોકરૂં રોયું તેથી રાખલે મને કહ્યું કે મને તે છોકરાને તેના બાપ પાસે જઇને મુકી આવવા દો પછી તરત તે છોકરાંને લઇને ગયો અને જલદીથી પાછો આવ્યો અને પછી હું તથા રાખલ બે સાથે ગયા.

માજીસ્તરેટની રૂબરૂ તેણીએ કહ્યું છે કે મને એક હીરાસાતુલા ફોસલાવી લેઈ ગયો અને તેણે તે છોકરાને નદીમાં નાંખી દીધું છે.

સેશન જડજે આ છેવટ કહેલી હકીકત માની અને [illegible]ના બા. બક ગિજાલાના ખુન સબંધી તે ખુન કરનારને એટલે હીરાસાતુલાને કાયદેસર શીક્ષામાંથી બચાવવાને ઇરાદાથી જુઠી બાતમી આપ્યા બાબત પીનલકોડની કલમ ૨૦૧ પ્રમાણે તે ઓરતને ગુન્હેગાર ઠરાવી. જે જુઠી બાતમી કહેવામાં આવેલી છે તે તેણીએ રાખલ સબંધી હકીકત કહેલી છે તે છે. હવે રાખલના વીશે કહેલી હકીકત કરતાં હીરાસાતુલાની બાબતમાં કહેલી હકીકત વધારે સાચી છે એવું બતાવવાને કાંઈ પુરાવો નથી. માટે એક કરતાં બીજી બાબત જડજે આ વાસ્તે પસંદ રાખવી તેનું કાંઇ કારણ નથી.

રાખલની બાબતમાં તે ઓરતે જે હકીકત કહેલી છે તેના બરોબર શબ્દો વીશે તથા તે શબ્દો જે વખતે વાપરવામાં આવ્યા તેના વખત વીશે પુરાવો ઘણો નહીં જેવો છે. અને પોલીસ અમલદાર બારિસરે જે હકીકત કહેલી છે તે ગિજાલાના ખુન સબંધી બાતમી નથી એ નક્કી છે. કારણ કે તેણીએ કહેલું છે કે રાખલે તે છોકરાને તેના બાપની પાસે મુકી આવું. એવો ઇરાદો તેણે બતાવ્યો અને ત્યાર પછી તેને તે લેઈ ગએલો હતો.

તે કમનસીબદાર ઓરત રાતમાં પોતાના ધણીની બાજુએથી જતી રહી એમ જણાય છે. અને તે વખતે તે પોતાના છોકરાને લેઈ ગએલી એમ ધારવાને ઘણું કારણ છે. તે છોકરૂં ઘણુંજ નાહાની વયનું હતું. અને પોતાની સંભાળ લઈ શકે એવું નહી હતું અને તેના વીના તે ઓરત કેટલીકવાર પછી માલમ પડી હતી. આવી હકીકત છે તો તે ઓરતના ઉપર ભારે અંદેશો રહે છે. જયારે તેને પકડવામાં આવી ત્યારે એક બીજા વીશે હકીકત કહેવામાં આવેલી છે તેણીનો તે હકીકતો કહેવાનો હેતુ પોતે ગુન્હામાંથી નીકળી જવાનો દેખીતો છે. આવું કામ કે જેમાં જે સખસ ઘણું કરીને ગુન્હેગાર છે અગર ગુન્હેગાર હોઇ શકે તે સખસ પોતે ગુન્હામાંથી નીકળી જાય અને બીજા સખસને ગુન્હા-

ના લાવે એવી હકીકતો કહે તેને પીનલકોડની કલમ ૨૦૧ લાગુ કરવાનો ઇરાદો રાખવામાં આવેલો નથી.

હીરામાતુલાએ તે છોકરૂં મારી નાંખી અને બીહાલાએ તે વાત જાણ્યા છતાં હીરામાતુલાને શીક્ષામાંથી બચાવવાને તે ખુન સબંધી બાતમી આપી તે વાતેનો આધાર કંઇ પુરાવ ઉપર નથી. સબબ ગુન્હાની સાબેતીના ઠરાવ અમે ફેરવીએ છીએ અને અપીલવાળી બીહાલાને છોડવાનો હુકમ કરીએ છીએ.

ગન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

——————

ફોજદારી રેફરંશ.

તા૦ ૯ મારચ સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ પોંટીફેક્સ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

ક્રમપેરોર વિરૂધ નદીઆર ચાંદશા તાહેમનવાજો.

જકાત—જથાબંધ વેચાણ—નોકરે કરેલું વેચાણ—બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૧૫—૫૮—૬૦

જલદ દારૂની બાર બાટલીઓ અગર બે ગ્યાલન વેચવામાં આવેલાં તે એકજ વખતે વેચવામાં આવેલાં હોય તો જથાબંધ વેચાણ છે.

પ્રશ્ન—એક જાતની બાર બાટલીઓ અને બીજી જાતની ત્રણ બાટલીઓ એકજ વખતે વેચવામાં આવે તો કલમ ૧૫ ના બતાવેલા ખુલાસા પ્રમાણે જે મનાઇછે તેમાં તેનો સમાસ થાય છે કે નહીં.

કલમ ૬૦ પ્રમાણે પરવાનાવાળો પરચુરણ વેચનાર હોય તેનેજ ફક્ત ગુન્હેગાર ઠરાવી શકાય છે.

પાનુ ૮૩૨ ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટને આ રેફરંશ કરવામાં આવેલું છે.

એક નદીઆર ચાંદશા પરદેશથી આણેલો દારૂ પરચુરણ વેચનાર પરવાનાવાળો હતો તેનો નોકર હતો. તેણે બીરની બાર બાટલીઓ તથા બ્રાંનડીની ત્રણ બાટલીઓ (આ બેઉ જાતના દારૂ સાથે આપવામાં આવેલાં હતાં.) એક જાહેર કરનારને વેચાણ આપવામાં આવેલી હતી. આ હકીકત સાબેત થવા ઉપરથી આકરાના જોઇન્ટ માજીસ્ત્રેટે સને ૧૮૭૮ ના બંગાળાના આક્ટ ૭ની કલમ ૬૦ પ્રમાણે પરદેશનો જકાત લેવા લાયક દારૂ જથાબંધ વેચ્યા બાબત નદીઆરચાંદને ગુન્હેગાર ઠરાવ્યો અને એકસો રૂપીઆ દંડ આપવાની તેને શીક્ષા કરી

શેશન કોરટની રૂબરૂ આ કામ આવતાં જડજના અભીપ્રાયમાં આવ્યું કે જે હકીકત સાબેત થએલી છે તેથી તે આકટની કલમ ૬૦ પ્રમાણે ગુન્હો બનતો નથી. કારણ કે જુદા દારૂના બે જુદા જથા તમામ મળીને બે ગ્યાલન કરતાં વધારે થાય છે પણ તેથી તે આકટના હેતુ પ્રમાણે જથાબંધ વેચાણ થતું નથી વળી તેમણે કહ્યું છે કે તે વેહેવાર શદરહુ આકટની કલમ ૧૫ પ્રમાણે મનાઇ કરેલો હતો અને ગુન્હેગાર સખસના શેઠની પાસે જે પરવાનો છે તે પરવાનાની સરતોથી પણ મનાઇ કરેલો છે માટે તેના શેઠ તે આકટની કલમ ૫૮ પ્રમાણે શીક્ષાને પાત્ર છે. માટે તેનો રૂ૫૦) દંડ થવો જોઇએ. પરંતુ તે ગુન્હાનો સમાસ કલમ ૬૦ માં થતો નથી. વળી તેમના અભીપ્રાયમાં આવ્યું કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. કારણ કે તે વેચનારના નોકરની બાબતમાં કરવામાં આવેલો છે. કલમ ૫૮ ની છેલી રકમ પ્રમાણે તે વેચનાર એકલો જવાબદાર થાય છે. માટે હાયકોરટના અભીપ્રાય સારૂ આ કામમાં તેમણે પુછેલું છે.

સુનાવણી વખત કોઈ હાજર નથી.

કોરટનો અભીપ્રાય જસ્ટીશ મોટીફીંલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

તોહોમતવાળાને સને ૧૮૭૮ ના બંગાળાના જકાત આકટ ૭ ની કલમ ૬૦ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. તે કલમમાં ઠરાવ્યું છે કે "દરેક પરવાનાવાળો પરચુરણ વેચનાર જથાબંધ વેચે તો દરેક ગુન્હા બાબત તેનો રૂ૨૦૦ સુધી દંડ કરવામાં આવશે".

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યુ કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. કારણ કે (૧) બીરની બાર બાટલીઓ અને બ્રાંડીની ત્રણ બાટલીઓ એકજ વખતે વેચવામાં આવે તેથી જથાબંધ વેચાણ થતું નથી. અને (૨) જે સખસને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે તે સખસ પરચુરણ વેચનાર નથી પરંતુ તેવા વેચનારનો નોકર છે.

અમારી નજરમાં આવે છે કે આ બીજી બાબતનો કાયદા વીશે શેશન જડજે જે વીચાર કરેલો છે તે બરોબર છે.

પેહેલી બાબત વીશે શક રહેવાને વધારે કારણ છે. બંગાળાના જકાત આકટની કલમ ૧૫ પ્રમાણે બાર બાટલીઓ કરતા વધારે જલદ દારૂ વેચવામાં આવે તો તેથી જથાબંધ વેચાણ થાય છે. માટે બીરની અગર બ્રાંડીની એટલે એકજ જાતના દારૂની બાર કરતાં વધારે બાટલીઓ એકજ વખતે વેચવામાં આવે તો તેથી જથાબંધ વેચાણ થાય છે. આવી બાબતમાં કલમ ૧૫ મીની એક રકમમાં ઠરાવ કરવામાં આવેલો

છે તે રકમ ખરી રીતે ખુલાસો છે એટલે "જલદ અગર ભઠીથી કહાડેલો દારૂ ઉપર બતાવેલા જથા કરતાં વધારે પરવાનાવાળા પરચુરણ વેચનારે વેચવાની મનાઇ કરવામાં આવેલી છે." જો આ ઠરાવ એકલો હોત અને તેની નીચે બીજો ઠરાવ સરત બાંધેલો ના હોત તો આ કામની હકીકતનો વેચાણની બાબતમાં તે મનાઈમા ઘણું કરીને સમાશ થાત. પછી તે કલમમાં ઠરાવ્યું છે કે "નીયમ કરી આ કલમના કારણસર જથો કોને કહેવો તે બોર્ડ ઠરાવવાને મુખત્યાર છે" અમારા જોવામાં છે તે પ્રમાણે બાર બાતલીઓ બીરની અને ત્રણ બાતલીઓ બ્રાંડીની વેચવામા આવે તો તેનું વેચાણ આ કામમાં છે તે કોઇ વાખ્યામાંથી બાતલ થાય તેવી વાખ્યા તે બોર્ડે કરેલી નથી. આ પ્રમાણે છે તો તકરારી વેચાણનો સદરહુ ખુલાસામાં બતાવેલી મનાઇમાં ઘણું કરીને સમાસ થાય છે. પરંતુ આ બાબત આ કોરટને નીરણય કરવાની જરૂર નથી કારણ કે અમારી નજરમાં આવે છે કે બીજા કારણથી ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરવવો જોઈએ.

પરવાનાવાળો પરચુરણ વેચનાર પોતેજ ફક્ત કલમ ૬૦ પ્રમાણે ઠરાવેલી ગુનેહગારીને પાત્ર છે. એ વીશે અમને શક નથી. માટે આ કલમ પ્રમાણે તેવા વેચનારનો નોકર તે ગુનહાનો ગુનેહગાર થતો નથી.

સબબ નદીઆર ચાંદશા વીશે જે ગુનહાની સાબેતીનો ઠરાવ બંગાળાના જકાત આકટની કલમ ૬૦ પ્રમાણે કરેલો છે તે રદ કરી અમે તેને નીરદોશ ઠરાવીએ છીએ અને ફરમાવીએ છીએ કે જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૪ મારચ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ પોંટીફેકશ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ

ગોબીંદચંદર મોહીનરા (અરજદાર) વીરૂધ અબદુલ સઈયદ વીગરે (સામાવાળો)

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૪૯૧ અને ૫૩૦—ચલેદનો ભંગ થાય તેવી તકરાર—હક બાબત દીવાની કોરટનો ઠરાવ—પોલીશ રીપોટ—તે બતાવવો.

તા૦ ૨૦ મારચ સને ૧૮૭૯ ના રોજ અ એ થોડી મુદત ઊપર અમુક જમીન ખરીદ કરેલી તે પોતાના નામ ઉપર રજીસ્ટર કરાવવાને

અરજ કરી. ડીપોટી માજીસ્ટ્રેટે જે એવો ઠરાવ કરેલો કે अ એ પોતાનો કબજો સાબેત કરેલો છે. માટે તે રજીસ્ટર કરાવવાનો તેનો હક છે તે ઠરાવનો હુકમ તા૦ ૨૪ ડીસેંબર સને ૧૮૭૯ સુધી કરવામાં આવેલો નહીં હતો. अ ના ખરીદ કરતાં પેહેલાં ब તથા क એ તા૦ ૬ મારચ સને ૧૮૭૯ ના રોજ તેજ મીલકત રજીસ્ટર કરાવેલી હતી. તે પ્રોશીડીંગ કમીશનર તરફ મોકલવામાં આવ્યા તેથી તેમણે તા૦ ૨૯ મી સપટેમ્બર સને ૧૮૮૦ ના રોજ अ નો તે જમીન ઉપર હક છે એવું ઠરાવ્યું અને અકટોબર માસમાં ब તથા क ના નામનું રજીસ્ટર હતું તે રદ કરયું અને છેવટે अ નું નામ રજીસ્ટર કરવામાં આવ્યું. સને ૧૮૮૦ ના જુલાઇ માસમાં અમુક રઈયતે એવી અરજ કરી કે अ ની ઉસકેરણી ઉપરથી બીજી રઈયત એવાં કામો કરેછે કે જેથી સુલેહનો ભંગ થાય તેથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે કામ ચલાવવું શરૂ કરયું. જે ડીપોટી માજીસ્ટ્રેટે તે કલમ પ્રમાણે કોનો કબજો છે તેનો વીચાર કરી ब અને क નો કબજો ઠરાવેલો છે તેજ ડીપોટી માજીસ્ટ્રેટે ડીપોટી કલેકટર તરીકે તે જમીન अ ના નામમાં રજીસ્ટર કરવાનો ઠરાવ કરેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે તે રજીસ્ટરનો હુકમ ફકત રેગ્યુલર દાવામાં ફરી શકેછે માટે આ કામમાં તે હુકમ તે ડીપોટી માજીસ્ટ્રેટ રદ કરી શકતા નથી.

ડીપોટી માજીસ્ટ્રેટે તે પ્રોશીડીંગ લખેલું છે તેમાં એક તરફ अ. અને બીજી તરફ ब. તથા क. નીવચમા સુલેહનોભંગ થાય તેવી તકરાર છે તે વીશે તેમની ખાત્રી થએલીછે. એવું સ્પષ્ટ શબ્દોથી લખ્યું નથી. તેમ તેવી તકરાર છે. તેવી તેમની ખાત્રી થએલાં કારણો પણ બતાવ્યાં નથી.

માટે ઠરાવ્યું કે તે પ્રોશીડીંગ ખામી ભરેલું છે.

તે પ્રોશીડીંગમાં માજીસ્ટ્રેટે પોલીસનો રીપોર્ટ બતાવેલો છે પરંતુ સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું તેમાં તે ઉપરથી જણાતું નથી.

ઠરાવવામાં આવ્યું કે તે રીપોર્ટ બતાવવામાં આવેલો છે એટલે તે જોઇ શકાય છે, પણ તેથી તે હુકમ બાબજણી રાહે થઇ શકતો નથી,

પાનું ૮૩૫   આ કામમાં એક ગોબીંચંદ્ર મોહત્રાએ અબદુલ સઇયદ વીગેરે ઉપરનો હુકમ મેળવેલો છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે અમુક જમીનનો કબજો તેઓની પાસેથી કાયદેસર રીતે છોડાવવામાં આવે નહીં

ત્યાંસુધી તે કબજો રાખવાનો તેમનો હકછે, અને ત્યાં સુધી કાંઈ તોફાન કરવું નહીં એવી મનાઇ કરવામાં આવીછે તે વીશેનો હુકમ પબનાના ડીપોટી માજીસ્ત્રેટે કરેલોછે તે શા વાસ્તે નહીં ફેરવવો તેનું કારણ તેઓએ બતાવવું.

આ કામની હકીકત જસ્ટીશ પોંટીફીકસના ફેંસલાઉપરથી પુકત રીતે જણાય છે.

તે હુકમની પુસ્ટીમાં મી૦ એચ એલ તથા બાબુ ઈશરચંદ્ર ચક્રબતી.

મી૦ લીચ તા. બાબુ નારકનાથ પાલીટે કારણ બતાવ્યું.

જસ્ટીશ પોંટીફીકસ સાહેબઃ—અમારી નજરમાં આવેછે કે આ હુકમ કાયમ રાખવો જોઇએ અને ડીપોટી માજીસ્ત્રેટનો હુકમ રદ કરવો જોઈએ. આ ઠરાવ કરવાના અમારા કારણો બતાવવામાં ડીપોટી માજીસ્ત્રેટે તે હુકમ કરયો તે પહેલાં કેટલીક હકીકત બનેલી છે તે સારાંશમાં બતાવવી જરૂરછે. જે સખશે આ હુકમ કરવાને માટે અરજ કરેલીછે તે ગોબીંદચંદ્ર મોહત્રાછે. તેણે કહ્યુંછે કે સને ૧૮૭૯ના મારચ માસમાં જે મીલકત સબંધી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે હુકમ કરવામાં આવેલોછે અને જે હાલ તે રદ કરવાને માગે છે તે મીલકત મેં ખરીદ કરી હતી. સદરહુ હુકમ તા૦ ૨૦મી જાનેવારી સને ૧૮૮૧ના રોજનો છે.

તા૦ ૨૦ મારચ સને ૧૮૭૯ના રોજ ગોબીંદચંદ્રે એવી અરજ કરી કે જમીન સબંધી રજીસ્ટર આકટ છે તે પ્રમાણે તે જમીન મારા નામ ઉપર ચડાવી આપવી જોઇએ જે ઠરાવમાં ડીપોટી કલેકટરના અભીપ્રાયમાં એવું આવેલુંછે કે ગોબીંદચંદ્રે પોતાના કબજો સાબેત કરેલો છે અને તેનો તે જમીન પોતાના નામ ઉપર ચડાવવાનો હકછે. તે ઠરાવ તા. ૨૪ ડીસેમ્બર સને ૧૮૭૯ સુધી કરવામાં આવેલો નહીં હતો.

હવે એમ જણાય છે કે ગોબીંદચંદ્ર મોહત્રા, અબદુલ સૈયદ અને અબદુલ માજીન જેમણે આ હુકમ વીરૂદ્ધ તકરાર કરેલી છે તેમણે લીધેલા વચાણના પેહેલાં જમીન સબંધી રજીસ્ટ્રાર આકટ છે તે પ્રમાણે તા૦ ૬ મારચ સને ૧૮૭૯ના રોજ તે મીલકત પોતાના નામ ઉપર રજીસ્ટર કરાવી લીધી છે. તા૦ ૨૪મી ડીસેમ્બર સને ૧૮૭૯ના રોજ ડીપોટી કલેકટરે જે એવો હુકમ કરેલો છે કે ગોબીંદચંદ્ર મોહત્રાના નામ ઉપર તે જમીન રજીસ્ટર થવી જોઇએ તે હુકમ થઇ શકેતેવું નહી હતું. તે કારણસર તેમનું પ્રેસીડીંગ કમીશનર તરફ જવું જોઈએ અને જો ડીપોટી કલેકટરનો તે ઠરાવ તે કમીશનરે મજુર રાખ્યો હોય તો ગોબીંદચંદ્રના નામથી તે રજીસ્ટર કરવાને સારૂ અબદુલ સૈયદ અને અબદુલ

મજીદના નામોનું રજીસ્ટર રદ કરવાનો હુકમ કરવાને ફકત તે કમીશનરને અખત્યાર હતો. તેથી તે પ્રોશીડીંગ તે કમીશનરની રૂબરૂ ગયું હતું પરંતુ તેમણે તા૦ ૨૫ સપટેમ્બર સને ૧૮૮૦ સુધી કાંઈ આખર હુકમ કરેલા નહી હતા. અને તે હુકમોની રૂઈએ સને ૧૮૮૦ ના અકટોબર માસમાં અબદુલ સૈયદ અને અબદુલ મજીદના નામોનું રજીસ્ટર રદ કરવામાં આવ્યું અને ગોબીંદચંદ્ર મોઈત્રાનું નામ આખરે રજીસ્ટર કરવામાં આવ્યું. તેથી આ રજીસ્ટરના પ્રોશીડીંગોમાં તા૦ ૧૮ માર્ચ સને ૧૮૭૯ થી તે અકટોબર સને ૧૮૮૦ સુધીની મુદત ગએલી છે. તો પણ તા૦ ૧૪ ડીસેમ્બર સને ૧૮૭૯ ના રોજ તે ડીપોટી કલેકટરે ગોબીંદચંદ્રના કબજાના લાભમાં ઠરાવ કરેલો તે ઉપરથી અબદુલ સૈયદ અને અબદુલ મજીદને દેખીતું હતું કે તે પ્રોશીડીંગોનો પરીણામ એવો થવાનો દરેક સંભવ હતો કે તે મીલકત ગોબીંદચંદ્ર મોઇત્રાના નામથી રજીસ્ટર કરવામાં આવશે. પરંતુ આ પરીણામો નહીં થવા દેવા સારૂ કમીશનરની રૂબરૂ તે રેફ્રંસ ચાલુ હતું. તે દરમીઆનમાં કલમ ૫૩૦ પ્રમાણે કામ ચલાવવામાં આવેલું અને તે સને ૧૮૮૦ ના જુલાઈ માસમાં શરૂ કરેલું છે એમ અમને જણાય છે.

જમીનના રજીસ્ટર આકટ પ્રમાણે તે રજીસ્ટરના પ્રોશીડીંગમાં ડીપોટી કલેકટરે તે સવાલનો ઠરાવ બેઉ પક્ષકારોની રૂબરૂ કરેલો હતો દરેક પક્ષકારની પોતાની હકીકત સાબેત કરવા સારૂ જે પુરાવા ગુજરવાને તેમના વીચારમાં આવેલું તે તમામ ગુજારવાને પુશકળ લાગ હતો. દરેક પક્ષકારે પુરાવ ગુજારેલો છે અને જમીનના રજીસ્ટ્રાર આકટ પ્રમાણે ડીપોટી કલેકટરે કામ ચલાવતાં તે પુરાવ ઉપરથી આખરે ઠરાવ્યું છે કે ગોબીંદચંદરે કબજો સાબેત કરેલો છે માટે તેનો પોતાનું નામ રજીસ્ટ્રાર કરાવવાનો હક છે. હવે જુલાઈ સને ૧૮૮૦ ના માસમાં ફોકાગ અમુક રઈયતે એક ફરીઆદ કરી સરૂ કરયું હતું. અને તેમાં એવુ કહેલું છે કે ગોબીંદચંદ્ર મોઇત્રાની ઉશકેરણીથી બીજી કેટલીક રઈયત અમુક કૃત્યો કરે છે કે જેથી સુલેહનો ભંગ થાય, આ ફરીઆદ આપવામાં આવતાં પોલીશનો રીપોટ મંગાવવામાં આવ્યો તેથી પોલીશે રીપોટ કરયો, તેઓનો રીપોટ એવો છે કે બે સખશો જમીનના માલેકો થવાને દાવો રાખે છે તેમાં કેટલીક રૈયત એક બાજુ તરફ છે અને કેટલીક રૈયત બીજી બાજુ તરફ છે અને જે વખતે પાક કાપવામાં આવશે તે વખતે જે બાજુ તરફ તે વાવવામાં આવેલું છે. તેને તે કાપવા નહી દેતાં બીજી બાજુ તરફથી કાપવામાં આવશે અને તેથી તે સુલેહનો ભંગ થઈ શકે તેવું છે પણ પોલીશે એવી ભલામણ કરી હતી કે દરેક બા-

જુના આગેવાનોના સુલેહ રાખવા સારૂ જામીન લેવાનાં આવે તો બસ છે. તે રીપોટ ઉપરથી જીલ્લા માજીસ્ત્રેટ કે જેમને રજીસ્ટરના પ્રોશીડીંગોની ખબર ના હોય એમ બની શકે તેમણે કલમ ૫૩૦ પ્રમાણે કામ ચલાવી તે કામ ડીપોટી માજીસ્ત્રેટ તરફ મોકલી દીધું અને તે ડીપોટી માજીસ્ત્રેટ જે ડીપોટી કલેક્ટરે ગોબીદચંદ્ર મોહત્રાના લાભમાં એવો ઠરાવ કરેલો કે તેણે તે મીલકતનો કબજો સાબેત કરેલો છે. માટે તે જમીન તેના નામ ઉપર ચડાવી જોઇએ તે હતા.

હવે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે કરેલી અરજી ચાલુ હતી તે દરમીયાનમાં રજીસ્ટરનું કામ ચાલતું હતું માટે તે કારણથી તેઉને જ્યાં સુધી એવી ખાતરી થઈ ના હોય કે ખરી રીતે તકરાર થએલી છે. અને સુલેહનો ભંગ થવાની ધાસ્તી છે ત્યાં સુધી કલમ ૫૩૦ પ્રમાણે કાંઇ પણ હુકમ કરવા સારૂ તે ડીપોટી માજીસ્ત્રેટે ઘણી સંભાળ રાખવી જોઇતી હતી. વાગરે કારણો ઉપરથી તે હુકમ કાયમ કરવામાં આવ્યો અને ડીપોટી માજીસ્ત્રેટનો હુકમ રદ કરવામાં આવ્યો છે.

જસ્ટીસ પીંહી સાહેબ:—અમારા અભીપ્રાયમાં આવે છે કે આ હુકમ કાયમ થવો જોઇએ. અને ડીપોટી માજીસ્ત્રેટનો હુકમ રદ થવો જોઇએ. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે પ્રથમ એવું પ્રોશીડીંગ લખવું જોઇએ કે સુલેહનો ભંગ થાય તેવી જમીન વીગરે સબંધી તકરાર થવાનો સંભવ છે એવી અમારી ખાતરી થાય છે. અને જે કારણોથી તેમની તે ખાતરી થય તે કારણો તે પ્રોશીડીંગમાં બતાવવાં જોઇએ: પરંતુ એક બાજુ તરફ ગોબીદચંદ્ર મોહત્રા અને બીજી બાજુ તરફ મીઆઓની વચમાં તકરારી જમીન સબંધી સુલેહનો ભંગ થાય તેવી તકરાર થવાનો સંભવ છે તેવી જીલ્લા માજીસ્ત્રેટની ખાતરી થઇ હતી, એમ સ્પષ્ટ શબ્દોથી બતાવેલું નથી. માટે તે માજીસ્ત્રેટે લખેલું પ્રોશીડીંગ ખામી ભરેલું છે અને વળી તેવી ખાતરી થવા બાબતનાં પોતાનાં કારણો તેમાં બતાવેલાં નથી તેથી પણ તે ખામી ભરેલું છે. તે માજીસ્ત્રેટના પ્રોશીડીંગમાં પોલીશનો રીપોટ બતાવેલો છે માટે તે જાઇને દાખલ કરવામાં આવેલો છે એમ વખતે માની શકાય. અમારી નજરમાં આવે છે કે માજીસ્ત્રેટને હકુમત મળવા સારૂ અવશ્યની તમામ વીગતવાર હકીકત તે પ્રોશીડીંગમાં આવવી જોઇએ. અને તે અવશ્યની વીગત નક્કી કરવા સારૂ બીજો કોઇ દસ્તાવેજ જોવાની જરૂર પડે એમ થવું નહીં જોઇએ. પણ તે રીપોટ તે પ્રોશીડીંગનો ભાગ છે એમ જો માનવામાં આવે તોપણ મહરહુ ખામીઓ દુર થએલી નથી. કારણ કે તે રીપોટ ઉપરથી એટલું જણાયછે કે તે ગામની રહેતની બે બાજુઓ વચે તકરાર

છે. અને તે રઇયતમાંની કેટલીક ગોબીંદચંદ્ર મોઇત્રા તરફ છે અને કેટલીક મીઆઓ તરફ છે હવે હાલના પ્રોશીડીંગોમાં તે રઇયત પક્ષકારો નથી. પણ એક બાજુ તરફ ગોબીંદચંદ્ર મોઇત્રા અને બીજી બાજુ મીઆઓ છે તેથી એમ જણાય છે કે તે તકરાર સાથે ખરી રીતે જે પક્ષકારોનો સબંધ છે તે પક્ષકારોને કોરટમાં હાજર થઇ પોતાના ખરી રીતના કબજા બતાવવાને હુકમ કરવામાં આવેલો નથી. વળી ડીપોટી માજીસ્ટ્રેટનો હુકમ એક બીજા કારણથી પણ રદ થવો જોઇએ. એમ અમારી નજરમાં આવે છે અને તે કારણ એવું છે કે કલમ ૫૩૦ ના હેતુ પ્રમાણેની તકરાર નથી. માજીસ્ટ્રેટે તે કલમ પ્રમાણે આરંભનું પ્રોશીડીંગ એક વખતે લખેલું હોય અને તે તકરાર સાથે સબંધ રાખનાર પક્ષકારોને પોતાની રૂબરૂ હાજર થવા સારૂ હુકમ કરેલો છે પણ તે કલમના એવા સ્પષ્ટ શબ્દો નથી કે જેથી સુલેહનો ભંગ થાય તેવી કાંઇ તકરાર છે તે વીશેની કાંઇ વધારે તપાસ કરવાનો ઠરાવ થાય. જ્યારે પક્ષકારો એક વખત માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થાયત્યારે ખરી રીતના કબજા બાબત ફક્ત તપાસ થવી જોઇએ. એમ કાયદા પ્રમાણે ખુલું છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે હકુમત સારૂ જે ખરી હકીકત અને આધાર છે તેનો આધાર સુલેહ થવાનો સંભવ થાય એવી તકરાર ઉપર છે અને તેમ હોય તો માજીસ્ટ્રેટ કલમ ૫૩૦ પ્રમાણે હકુમત વાપરી શકેછે. અને માજીસ્ટ્રેટની રૂબરૂ પક્ષકારો હાજર થાય ને તેઉ એમ બતાવી શકે કે તેવી તકરાર છે. અગર જો તે પ્રમાણે તે ના બતાવી શકે તો માજીસ્ટ્રેટ આગળ કામ ચલાવવું નહીં જોઇએ.

કલમ ૫૩૦ માં તકરાર શબ્દ છે તેનો અર્થ કારણસર તકરાર અગર ખરી રીતની તકરાર જે પક્ષકારોનો દરેકનો કાંઇક હક હોય તેમની વચમાં નહીં હોવી જોઇએ. એવો અર્થ થાય છે. રાય મોહનરાય વીરૂધ્ધ વાઇઝના કામમાં આ કોરટે ઠરાવ્યું છે કે તકરારી જમીન સબંધી દીવાની કોરટે હુકમનામું કરેલું હોય તો માજીસ્ટ્રેટે તે પ્રમાણે ચાલવું એ તેમની ફરજ છે. અને ફો૦ કા. ચ. ની રીતીના કાયદાની આ કલમ પ્રમાણે આવી જમીન સબંધી ફરીથી કામ ચલાવવાને તેમને અખત્યાર નથી. આ ઠરાવનો નીયમ એવો છે કે મુખત્યાર કોરટે પક્ષકારોના હક વીસે નીરણય કરેલો હોય તો તે તકરારનુ છેવટ થાય છે. સબબ જે પક્ષકાર જીતેલો હોય તે પક્ષકારનો હક માજીસ્ટ્રેટ તરફથી ચલાવવા દેવો તે તેમની ફરજ છે, બીજી રીતે કહેતાં જે પક્ષકાર હારેલો હોય ને પક્ષકાર ફોજદારી કોરટમાં જઇ તકરાર છે એમ બતાવે અને મુખત્યાર દીવાની કોરટના હુકમનામાનો અસર નહીં જેવો કરવાને માજીસ્ટ્રેટ તથા પોલીશની

મદદ માગે તેમ તેને કરવા દેવું નહીં જોઇએ. પક્ષકારોના હકનો નીરણુય થયો એટલે કલમ ૫૩૦ ના હેતુ પ્રમાણે તે તકરાર વધારેવાર રહેતી નથી. માટે માજીસ્તરેટે જે યોગ્ય રીતીએ ચાલવાનું છે. તે એ છે કે જો કોઇના પક્ષકાર કાંઇ એવું કૃત્ય કરે કે જેથી સૂલેહનો ભંગ થાય તો તેમણે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૯૧ પ્રમાણે કામ ચલાવી સુલેહ રાખવા સારૂ તે સખસના જામીન લેવા જોઇએ.

રાય મોહનરાય વીરૂધ વાઇઝના કામમાં હકના સવાલનો નીરણુય દીવાની કોરટે કરેલો હતો અને અમારા જાણુવામાં છે તે પ્રમાણે એવું કોઇ કામ બનેલું નથી કે જેમાં તે ઠરાવના નીયમનો વધારે અમલ કરવામાં આવેલો હોય અગર કબજાના સવાલ વીશે ફક્ત સંક્ષેપ રીતે ફેસલો કરવામાં આવેલો હોય તેને તે લાગુ કરવામાં આવેલો હોય તોપણુ અમારી નજરમાં આવે છે કે જમીનના રજીસ્ટ્રાર આકટ પ્રમાણેના કામોમાં તે નીયમ લાગુ થવો જોઇએ.

આ આકટ પ્રમાણે રેવન્યુ અધીકારીને તપાસ કરવાને ફરમાવ્યું છે અને તે તપાસ આ કામમાં બેઉ પક્ષકારોની રૂબરૂ થએલી હતી. અને તે રેવન્યુ અધીકારીની રૂબરૂ તે જમીનના પોતાના કબજા બાબત પુરાવ આપવાને લાગ મળેલો હતો. આ તપાસ કરયા પછી તે રેવન્યુ અધીકારીએ એવો નીશ્ચય કરેલો છે કે ગોબીંદચંદ્ર મોઇત્રાનો કબજો છે અને તે મીલકતના કબજેદાર તરીકે કલેકટરના જનરલ રજીસ્ટરમાં તેનું નામ દાખલ કરેલું છે. અને તેનો પરીણામ એવો થયો છે કે સાંથે રાખનારાઓ ઉપર સાંથ લેવાને બીજાઓનો હક નથી કારણુ કે કલેકટરના જનરલ રજીસ્ટ્રારમાં તેઓનાં નામ નોંધાવામાં આવેલાં નથી એ જવાબ આવા કોઇ દાવામાં બસ છે.

રેવન્યુ અધીકારીની રૂબરૂ રીતસર પ્રોસીડીંગ ચાલ્યા પછી કલમ ૫૩૦ પ્રમાણે કામ ચલાવવાને માજીસ્ટ્રેટ જો મુખત્યાર હોય તો આ કલમ પ્રમાણે કરેલા હુકમથી રજીસ્ટ્રનું પ્રોશીડીંગ જેમ આ કામમાં નહીં જેવું થએલું છે તેમ તદન થાય. અને ઘણી ગડબડ અને ગેરઇનસાફ થઇ શકે. જે સખશોને જીલ્લાઓની અંદરનો અનુભવ છે. તેઓ સારી પેઠે જાણીતા છે કે ઘણા કામોમાં કલમ ૫૩૦ પ્રમાણે હુકમ દાદકારણથી માગવામાં આવે છે. આવો હુકમ મુદતની બાબતમાં અગત્યનો છે. કલમ ૫૩૦ પ્રમાણે જે સખસનો કબજો માજીસ્ટ્રેટના હુકમથી ઠરાવવામાં આવેલો હોય તે સખશ મુદતની તકરારના જવાબમાં તે કબજો ફતેહ ભરેલી રીતે બતાવી શકે છે.

પુરાવના બોજાનો સવાલ કાંઇ અગત્ય વગરનો છે એમ નથી.

અને તેનો આધાર મુદ્દાની રીતે દીવાની દાવામાં પક્ષકાર વાદીની સ્થીતીમાં છે કે પ્રતીવાદીની સ્થીતીમાં છે તે ઉપર છે અને જે સખસ પોતાનો કબજો છે એવો માજીસ્તરેટનો હુકમ મેળવે તેને પાછળથી થતા કજીઆમાં કાંઇક થોડું કારણ મળે છે એમ નથી.

માટે જે સખસોનો સારો હક હોય તે પોતાના લાભમાં પુરાવ આપવા સારૂ સાક્ષીઓ આપી શકે છે તેનો આધાર તેનો કબજો છે કે નહીં તે ઉપર કાંઇ થોડો છે એમ નથી. આ વીચારો લક્ષમાં લેતાં અમારી નજરમા આવે છે કે કલમ ૫૩૦ ની ના ઠરાવો લાગુ કરવાને માજીસ્તરેટો એ ઘણીજ સંભાળ રાખવી જોઇએ. અને જયાં સુધી તેઓને એવી ખાતરી થાય નહીં કે ખરી, વ્યાજબી, અને જેમાં દરેક બાજુ તરફ કાંઇ હક રહેલો છે તથા તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે તેવી તકરાર છે ત્યાં સુધી આ કલમ પ્રમાણે તેઓએ કામ ચલાવવું નહીં જોઇએ અમારી એવી ખાતરી થએલી છે કે કોઇ કામ રેગ્યુલર દાવાનું હોય અગર સંક્ષેપ રીતનું હોય પણ મુખત્યાર કોરટે અમુક સખશનો જમીન ઉપર હક છે અગર તેનો કબજો છે એવું ઠરાવેલું હોય તો તે કામને આ કલમના ઠરાવો લાગુ કરવા એવો કાયદા કરનારના ઇરાદો નથી.

આ વીચારની પુષ્ટીમા વધારે તકરારની રીતીએ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૧ અમે જોઇ સકીએ છીએ. આ કલમમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે "આ બાબના કોઇ ઠરાવથી કલેક્ટર અગર કલેક્ટરનો અખત્યાર વાપરનાર સખશ અગર રેવન્યુ કોરટના અખ્તીઆરને હરકત થશે નહીં"

જે અમલદાર જમીનના રજીસ્ટ્રાર આક્ટ પ્રમાણે કામ ચલાવેછે તે ઘણું કરીને રેવન્યુ કોરટ છે. માટે એવા રેવન્યુ અધીકારીએ જમીનના રજીસ્ટ્રાર આક્ટના ઠરાવ પ્રમાણે એવું ઠરાવેલું હોય કે અમુક સખસનો કબજો નથી તેમ છતાં મજીસ્ટ્રેટ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે તે સખસનો કબજો છે એમ ઠરાવે તો તેથી આવા રેવન્યુ અધીકારી અગર કોરટના અખ્તીઆરને મુદ્દાની બાબતમાં હરકત કરી થાય છે,

સબબ અમારી નજરમાં આવે છે કે ડીપોટી માજીસ્ટ્રેટનો તે હુકમ રદ કરવો જોઇએ કારણ કે (૧) જીલ્લા માજીસ્ટ્રેટનું શરૂનું પ્રોશીડીંગ ખામી ભરેલું છે; અને (૨) તમામ કામ હકુમત વીના ચલાવવામાં આવેલું છે.

હુકમ કાયમ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૭ મું

ફોજદારી રેફરંસ.

તા૦ ૩૧ મારચ શને ૧૮૮૧

મી૦ જષ્ટીશ પોંટીફેકસ અને મી૦ જષ્ટીશ ફીલ્ડ સાહેબો-
ની રૂબરૂ

જમક નોનીઆ વીરૂધ સદાશીબરાય.

અટકાવ—સાંથના આકટ (સને ૧૮૬૯ નો બંગાળાનો ૮ મો) ની કલમ ૭૨—૭૪—અને ૭૬—સાપરાધ પ્રવેશ.

ખ ના નોકર અ ઉપર ક ની જમીન ઉપર સાપરાધ પ્રવેશ કરવા બાબત ગુનહો ઠરાવવામાં આવેલો એવી રીતે કે તે ક શદરહુ ખ ના સાંથે રાખનારાઓમાંનો એક સાંથે રાખનાર છે તેને પોતાનો પાક કાપતાં અટકાવ્યો. ખ ને સાપરાધ પ્રવેશમાં મદદ કરવાનો ગુનેહગાર ઠરાવ્યો. અ અને ખ એ એવી તકરાર કરી કે તે અટકાવ કરવાનો અમારો કાયદેસર હક હતો.

સાંથના આકટ (શને ૧૮૬૯ ના બંગાળાના ૮ મા) ની કલમ ૭૨ પ્રમાણે ચડેલી બાકીની રકમ લખેલી માગણી કરી માગેલી નથી, તેમ કેવા કારણોથી માગણી કરવામાં આવેલી એમ બતાવવામાં આવેલું નથી. અને કલમ ૭૬ પ્રમાણે લખેલો અખ્તીઆર ખ એ અ ને આપેલો નથી.

ઠરાવવામાં આવ્યું કે અ અને ખ કાયદાના ઠરાવ પ્રમાણે ચાલેલા છે અગર ફરીઆદીનો પાક અટકાવવાને શુધ અંતઃકરણથી ઇરાદો રાખી તેઓ ચાલેલા છે એવુ બતાવવાનો બોજો તે અ અને ખ ઉપર છે. માટે ગુનહાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે બરોબર છે,

વળી ઠરાવવામાં આવ્યું કે કલમ ૭૪ પ્રમાણે ઉભો અને વીણ્યા વગરનો પાક અટકાવવામાં આવેલા હોય તોપણ તે ખેડુત લણી શકેછે. સબબ તે શુધ અંતઃકરણથી ચાલેલો હોય તોપણ ક ને પોતાનો પાક કાપવાને તે અ ને અટકાવવાનો હક નથી.

પાનુ ૨૬ કોરટના ફેંસલો નીચે પ્રમાણે જષ્ટીશ પોંટીફેકસે આપેલો છે તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છેઃ—

હિંદુસ્તાનના ફો. કાયદાની કલમ ૧૪૭ મી પ્રમાણે શીક્ષા કરવા લાયક શુધ્ર શીગરાએ શાપ્રાધ પ્રવેશનો ગુનહો કરયો તથા શીવશાહીએ કલમ ૪૪૭ મી કલમ ૧૦૯ સાથે વાંચતાં સાપ્રાધ પ્રવેશમાં મદદ કરવા

નો ગુનહો કરયો એવું આ કામમાં ઠરાવવામાં આવેલું છે, કામની હકીકત નીચે પ્રમાણે જણાય છે:—

શીવશાહી અને તેની પાસેથી સાંથે રાખનારાઓની વચમાં શાંથની બાબતમાં તકરાર છે. આ ફોજદારી કામવાળો બનાવ જે તારીખે બન્યો તે તારીખે શીવશાહીના નોકર સદાશીવ તથા બીજા કેટલાક સખશો ફરીયાદીના ખેતરમાં ગયા અને તેને "પાડી" કાપતાં અટકાવ્યો. સદાશીવને રૂ ૧૦) દંડની શીક્ષા અને તેના શેઠે મદદ કરી તેથી તેને રૂ ૧૦૦) દંડની શીક્ષા કરવામાં આવી છે. શીવશાહીની અપીલ ઉપરથી શેશન જડજે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરયો, અને તેમણે હાલ આ કોરટને રેફરંસ કરેલું છે એટલા કારણથી કે સદાશીવને શેશન જે ગુનેહગાર ઠરાવેલો છે, તે હુકમ તથા શીક્ષાનો હુકમ રદ કરવો જોઇએ. શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું છે કે તે પુરાવા ઉપરથી જે હકીકત જણાય છે તે પ્રમાણે અપરાધ પ્રવેશનો ગુનહો બનતો નથી. તે હકીકતનો આવો વીચાર અમે કરી શકતા નથી. જે નોહોગતવાળાઓ પોતાના બચાવમાં એમ કહે છે કે તે અટકાવ તેમણે પોતના કાયદેસર હકથી કરેલો હતો, તેઓને બતાવવાનું છે કે તેઓ કાયદાના ઠરાવ પ્રમાણે ચાલતા હતા, અથવા તેઓને સાબેત એવું કરવાનું હતું કે જો કે કેટલીક બાબતોમાં તેઓએ કાયદા વીરૂધ, કરેલું છે તોપણ ફરીયાદીનો પાક અટકાવવાના શુધ અંતઃકરણ ભરેલા ઇરાદાથી તેઓએ કરેલું છે એવું વાજબી રીતે અનુમાન થાય.

સાંથના આકટની કલમ ૭૨ મી પ્રમાણે તે અટકાવ કરનાર જે સાંથ આપનાર કસુર કરે તેની પાસે ચડેલી સાંથ જે કારણેથી માગવામાં આવતી હોય તે કારણ સાથે લાગતી માગણી કરવાને બંધાએલો હતો, આ પ્રમાણે કરવામાં આવ્યું હતું તે બતાવવાને કાંઇ કોશીશ કરવામાં આવી નથી, તે આકટની કલમ ૭૨ મી પ્રમાણે શીવશાહી પોતે અટકાવવાને જવાને બદલે તેણે તે અટકાવવાને એક નોકર રાખેલો હોય તો, તેના નોકરને લખેલા અખત્યાર આપવાને તે બંધાએલો હતો, આવો અખત્યાર આપવામાં આવ્યો હતો. એવું બતાવવાને કાંઇ કોશીશ કરવામાં આવી નથી. તે કામના કાગળોમાં એવું બતાવવાને કેટલોક પુરાવો છે કે મીલકત બાબત તે ફરીયાદી રઇયત હતો, તે મીલકતમાં શીવશાહી ફકત એક હીસ્સેદાર છે, સાંથના આકટની કલમ ૯૮ મીના ઠરાવો પ્રમાણે એક મજીયારી તમામ મીલકતના તમામ હીસ્સેદારો તરફથી જે વહીવટદારને સાંથ વસુલ કરવાનો અખ્તીઆર આપવામાં આવ્યો હોય તે વહીવટદારની મારફત શીવાય બીજી રીતે તે મજીયારી મીલકતની વહેંચણ કર-

તાં પેહેલાં તેનો એક હીસેદાર તેવો અટકાવ કરવાનો અખ્તીઆર વાપરી શકતો નથી, આ કામમાં જે ફરીયાદીની મીલકતનો અટકાવ કરવામાં આવેલો કહેવામાં આવ્યો છે તે અટકાવ કરનાર સખશ તમામ હીસેદારો તરફનો વહીવટદાર છે એમ તે બતાવવાને કાંઇ કોસીશ કરવામાં આવી નથી. તોપણ અમારી મરજી એવું કહેવાની છે કે આ કામનો નીરણય કરવામાં આ છેવટ કહેલી બાબત ઉપર વધારે વજન અમે આપતા નથી, કારણ કે પુરાવ ઉપરથી ખુલું જણાતુ નથી કે જે મીલકતમાં શીબશાહીનો હક છે તેનો ઉપરની વાખ્યામાં સમાશ થાય છે કે નહીં, માટે સાંથના આકટની કલમ ૭૪ મી પ્રમાણે જને કે અટકાવ કરવામાં આવ્યો છે તોપણ ઉભો ભાગ તથા બીજી વીણ્યા વીનાની નીપજ તે જપ્ત કરી શકતો નથી, હવે પુરાવ ઉપરથી એમ માલુમ પડે છે કે ગદાશીવરાય તથા બાજશો તેની સાથે હતા તેમણે તે ફરીઆદીને "પાહી" કાપતાં અટકાવ્યો, પણ જો તેમણે તે અટકાવવાના અખ્તીઆરનો અમલ કરતાં શુધ અંતઃકરણથી તે કરેલું હોય તોપણ તે કરવાનો તેઓનો હક નહી હતો તે ખુલ્લું છે. બચાવ તરફના સાક્ષીઓમાંના એક સાક્ષીએ કહેલું છે કે રઇતોએ જે સાંથ કોરટમાં ભરેલી તેની પોહોચે રજુ કરવાને તેઓની પાસે શીબસાહીએ માગેલું હતું, પરંતુ તે રજુ તેઓએ કરી નહી, તેથી તેઓનો પાક અટકાવવામાં આવ્યો છે. તે ફરીઆદીએ શોગન ઉપર કહેલું છે કે દીવાની કોરટમાં એક કામમાં મે માગી પોહોચ ફાઈલ કરેલી છે. માટે જો તે પ્રમાણે હોય તો, તે માગ્યા છતાં તે રજુ નહીં કરવાને તેને સારૂ કારણ હતુ. તેની સાથે એવુ અવલોકન કરવાનું છે કે તે સાંથ કોરટમાં ભરવામાં આવેલી છે એવો પુરાવ છે. જો તે પ્રમાણે ભરવામાં આવેલા હોય તો સાંથના આકટની કલમ ૪૭ મી પ્રમાણે શીવશાહીને એ કોરટે એક નોટીશ આપવાની હતી. આ નોટીશ શીવશાહીને મળેલી છે તે વાત તેણે ઇનકાર કરેલી નથી.

આ તમામ હકીકત નજરમાં રાખતાં, શદાશીવરાયનો જે દંડ કરવામાં આવેલો છે તે વીશેશે કરીને તેનો શેઠ ઘણું કરીને વસુલ આપશે. માટે તે શીવરાયના ગુન્હાની સાબેતીના ઠરાવમાં અમારે હાથ ઘાલવો નહી જોઇએ. એમ અમારા વીચારમાં આવે છે, અને વળી અમારા વીચારમાં આવે છે કે શીવશાહીના ગુન્હાની સાબેતીનો ઠરાવ ફેરવવામાં આવેલો છે તે બરોબર છે, એમ અમારી નજરમાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ મારચ સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ પોંટીફેક્સ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

ફૈઝઅલી વીગરે (અરજદારો) વી૦ કરીમદી (સામાવાળો)

સાક્ષીઓને પાછા બોલાવવા, તે શારૂ મુદત—ફરીઆદ તરફના સાક્ષીઓને પાછા બોલાવવાનો તોહોમતવાળાઓનો હક—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૨૧૭—૨૧૮.

ફો૦ કા૦ ચ૦ રી૦ કાયદાની કલમ ૨૧૭ અને ૨૧૮ મી એકઠી વાંચતાં એમ જણાય છે કે જો તોહોમતવાળાની મરજી ફરીઆદીના સાક્ષીઓને ફરીથી બોલાવી તેમની ઉલટ તપાશ કરવાની હોય તો, તેની મરજી જે વખતે તેને તોહોમતનામું વાંચી બતાવવામાં આવે તથા તેનો બચાવ માગવામાં આવે તે વખતે બતાવવાની છે, અને ત્યારપછી કામમાં હરકોઈ વખતે તે સાક્ષીઓને પાછા બોલાવવા તે માજીસ્તરેટના કુલ અખત્યાર ઉપર છે, તોપણ તે સાક્ષીઓને ખસુસ પાછા બોલાવવાજ જોઇએ, એવો આગરહ કરવાનો તે તોહોમતવાળાનો હક નથી.

પાનું ૨૮　આ કામમાં અરજદારો ઉપર એક કરીમદીને ખોટી રીતે કેદ રાખ્યાનો આરોપ રાખવામાં આવ્યો છે. ફરીઆદીના સાક્ષીઓને તપાશવામાં આવેલા છે, અને તેમની ઉલટ તપાશ કરવામાં આવી છે. તા૦ ૧૭ ડીસેંબર સને ૧૮૮૦ ના રોજ તોહોમતનાંમુ લખવામાં આવેલું છે અને બીજા દીવશ સુધી તે કામ બંધ રાખવામાં આવેલું હતું. તે રોજ તે હોમતવાળાએ એક અરજી આપી તેમાં એવું માગ્યું કે ફરીઆદીના સાક્ષીઓને ફરીથી બોલાવી તેમની ઉલટ તપાશ કરવાની મને પરવાનગી આપવી જોઈએ. આ અરજી નામંજુર કરવામાં આવી એવા કારણથી કે તે અરજી ઘણી મોડી કરવામાં આવી હતી, અને અરજદારોને ગુન્હેગાર ઠરાવેલા અને તેમને દંડ તથા કેદની શીક્ષા કરેલી છે. માજીસ્ટ્રેટને કરેલી અપીલ કાહાડી નાંખવામાં આવી. તે ઉપરથી અરજદારોએ ફરીઆદી ઉપર એવો હુકમ મેળવ્યો કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ શા વાસ્તે એવા કારણથી રદ કરવો નહી જોઇએ કે અરજદારોને ફરીયાદી શાક્ષીઓને ફરીથી બોલાવી તેમની ઉલટ તપાશ કરવા દેવાને ડીપોટી માજીસ્તરેટે ના કહેલી તે બરોબર નથી.

તે હુકમની પુષ્ટીમાં બાબુ ગીરીશચંદ્ર ચોધરી.

બાબુ જોય ગોવીંદ શોમે કારણ બતાવ્યું.

જસ્ટીશ પોંટીફેકસ સાહેબઃ—આ હુકમ બાબત અરજ કરવામાં આવેલી તથા તે મંજુર કરવામાં આવેલીછે તે એવા કારણથી કે કલમ ૨૧૭ મી પ્રમાણે તોહોમત લખ્યા પછી ફરીઆદીના સાક્ષીઓને ફરીથી બોલાવી તેમની ઉલટ તપાસ કરવાની અરજદારોને પરવાનગી આપવાને ડીપુટી માજીસ્ટ્રેટે ના કહેલી છે તે બરોબર નથી. તેજ હરકત અપીલમાં માજીસ્ટ્રેટની રૂબરૂ લેવામાં આવી હતી, અને માજીસ્તરેટે પોતાના ઠરાવમાં ઠરાવેલું છે કે યોગ્ય મુદતની અંદર કલમ ૨૧૮ પ્રમાણે ફરીઆદ તરફના સાક્ષીઓને ફરીથી બોલાવી તેમની ઉલટ તપાશ કરવાનો અરજદારોનો હકક હતો તેનો અમલ કરયો નથી એમ તેમના અભીપ્રાયમાં આવેલું છે. માટે હવે ડીપુટી માજીસ્તરેટે તે સાક્ષીઓને પાછા બોલાવવાને ના પાડેલી તે કારણથી કાંઈ હરકત લેવાને તેઓનો કાંઈ હક નથી.

હવે અમારી રૂબરૂ જે અરજી છે તેમાં એવુ કહેલુ છે કે તે તોહોમત તા૦ ૧૭ ડીસબર સને ૧૮૮૦ ના રોજ લખવામાં આવેલુ છે, અને તેજ તારીખે ડીપુટી માજીસ્તરેટને અરજ કરવામાં આવેલી તેમાં એવું માગવામાં આવેલું છે કે વધારે ઉલટ તપાસ કરવા શારૂ તે સાક્ષીઓને પાછા બોલાવવા જોઈએ. તો પણ એમ જણાય છે કે ડીપોટી માજીસ્તરેટની રૂબરૂની અરજી જો કે તા૦ ૧૭ ડીસંબર સને ૧૮૮૦ ના રોજની તારીખની છે તોપણ તે તા૦ ૧૮ ડીસંબર સને ૧૮૮૦ પહેલાં ફાઇલ થઇ શકતી નહી હતી અને તે તારીખે સ્ટાંપ ખરીદ કરેલો છે, અને તે તારીખે તે શેરાવાળો હુકમ કરવામાં આવ્યો છે. તે અરજીમાં તે સાક્ષીઓને ફરીથી બોલાવવા જોઈએ એવું માગેલું છે. ડીસંબર માસની શરૂઆતમાં ફરીઆદ તરફના અને તોહોમતવાળાઓના બેઉના સાક્ષીઓને તપાસવામાં તથા ઉલટ રીતે તપાશવામાં આવેલા હતા; અને તા૦૧૭ ડીસંબરના રોજ તોહોમત લખવામાં આવેલુ છે, અને ડીપોટી માજીસ્તરેટે એવો હુકમ કરેલો છે કે આજ રોજ વકીલો તથા "મુખત્યારોને સાંભળીને કામ આવતા કાલ સુધી બંધ રાખવામાં આવ્યું." શાધારણ રીતે અનુમાન એવું થાય કે વકીલો તથા મુખત્યારોની તકરારો સાંભળી એટલે કામ બંધ થએલુ હતું, અને ડીપુટી માજીસ્તરેટે ફેંસલા ઉપર રાખેલું હતું. પરંતુ ગમે તેમ હોય તોપણ તોહોમતવાળાનો તે હક ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૮ મી પ્રમાણે છે. હવે કલમ ૨૧૭ પ્રમાણે તોહોમતવાળાને તોહોમત વાંચી બતાવવાને

છે, અને સમજાવવાનું છે, અને તેને પુછવાનું છે કે તેને પોતાનો કાંઈ બચાવ કરવાનો છે કે નહી. તે પ્રમાણે તા૦ ૧૭ ડીસંબરના રોજ કરવામાં આવેલું હતું. કલમ ૨૧૮ મી પ્રમાણે જો, તોહોમતવાળાને પોતાનો બચાવ કરવાનો હોય તો, તેને તે કરવાને તથા પોતાના સાક્ષીઓ રજુ કરવાને કેહેવાનું છે, અને ફરીઆદ તરફના સાક્ષીઓને ફરીથી બોલાવી ફરીથી તેમની ઉલટ તપાસ કરવાની તેને પરવાનગી આપવી જોઇએ. આ બેઉ કલમો એકઠી છે તેથી એવો ઇરાદો રાખવામાં આવેલો જણાય છે કે ફરીયાદ તરફના સાક્ષીઓને ફરીથી બોલાવી ઉલટ તપાસ તેમની કરવાને તોહોમતવાળાની જો મરજી હોય તેણે તેવી મરજી બતાવવાની જે વખત છે તે જ્યારે તેને તોહોમત વાંચી બતાવવામાં આવે અને તેને તેનો બચાવ પુછવામાં આવે ત્યારે તે વખત છે. તે પ્રમાણે તા૦ ૧૭ ડીસંબરના રોજ કરવામાં આવ્યું. તે અરજી તે શાક્ષીઓને પાછા બોલાવવાની તા૦ ૧૮ મી સુધી રજુ કરવામાં આવી નહી હતી. માટે અમારી નજરમાં આવે છે કે જો કે ડીપુટી માજીસ્ત્રેટની નજરમાં યોગ્ય લાગે તો, તેઓને ફરીથી બોલાવવાનો તેમનો કુલ અખત્યાર છે, તો પણ તેઓને પાછા બોલાવવાનો આગ્રહ કરવાને તોહોમતવાળાના અખત્યારમાં નથી. હવે તા૦ ૧૮ ડીસંબરના રોજ તેમણે એક બીજો હુકમ કરેલો છે કે તે કામ ફરીથી તા૦ ૨૦ મી ના રોજ ચાલશે; પરંતુ તા૦ ૨૦ મીના રોજ તે હુકમ પાછો ખેંચી લેવામાં આવ્યો; પણ તે ઉપર સહી કરવામાં આવેલી નહી હતી ને તેમાં એવું ફરમાવેલું હતું કે તા૦ ૨૮ મીના રોજ તે શાક્ષીઓને ફરીથી તપાસવા સારૂ રજુ કરવા. ડીપુટી માજીસ્ત્રેટે તે હુકમ ઉપર સહી કરેલી નથી, કારણ કે તે હુકમ ઉપર સહી કરવાને તઇયાર થતાં પેહેલાં ફરીઆદ તરફના શાક્ષીઓમાં એક સાક્ષી પોલીસવાળો હતો તે કોર્ટમાં હતો તેને રજુ કરવામાં આવ્યો અને ફરીયાદ તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે તોહોમતવાળાની મરજી આ શાક્ષીની ઉલટ તપાસ કરવાની હોય તેની તે તપાસ એકદમ તેણે કરવી જોઇએ. તે વખતે તોહોમતવાળાએ તેની ઉલટ તપાસ કરવાની ના કહી એવું કહીને કે જો તમામ સાક્ષીઓની ઉલટ તપાસ સાથે કરવામાં ના આવે તો મારા કામને હરકત થાય. તે ઉપરથી ડીપુટી માજીસ્ત્રેટના વીચારમાં આવ્યું કે તે ઉલટ તપાસની અરજી તે કામમાં ઢીલ કરવાના હેતુથી કરવામાં આવી છે, અને તે શુધ અંતઃકર્ણથી કરવામાં આવી નથી. અને હકીકત પ્રમાણે તે શાક્ષીઓને પાછા બોલાવવા કે નહી તે તેમની મરજી ઉપર છે, અને તોહોમતવાળાએ કા. ૨૧૮ મી પ્રમાણે પોતાનો હકક ખોયો છે તેથી ડીપુટી માજીસ્ત્રેટે ઠરાવ્યું કે જે હુકમ ખેંચી લેવામાં આવ્યો તે ઉપર તે-

ઉ સહી કરશે નહી અને કામનો નીકાલ તેમણે કરયો. માજીસ્ટ્રેટની રૂબ- રૂ અપીલમાં માજીસ્ટ્રેટના વીચારમાં આવેલું છે કે ડીપુટી માજીસ્ટ્રેટ યો- ગ્ય રીતે વર્તેલા છે, અને તે અભીપ્રાય સાથે અમે મળતા છીએ. અમા- રી નજરમાં આવે છે કે આ અરજી કરવાને પુકત કારણ નથી. માટે તે હુકમ રદ કરવો જોઇએ.

જસ્ટીશ ફીલ્ડ સાહેબ:—દેશી ભાષાના કામના કાગળો છે તે ઉપ- રથી જણાય છે કે "વકીલો તથા મુખત્યારો" એટલે અમારા સમજ્યા પ્રમાણે બેઉ બાજુના વકીલો અને મુખત્યારોને તા૦ ૧૭ મીના રોજ ત- પાસવામાં આવેલા હતા." હવે દીવાની કાયદામાં જેવો ઠરાવ ફરીયાદી તરફના અગર બચાવ તરફના વકીલો તથા મુખત્યારોની તકરારો સાંભળ- વાની જે વખત અથવા અનુક્રમ બાબત કરેલો છે તેવો ફો. કા. ષ. રી. ના કાયદામાં ઠરાવ નથી તોપણ જીલ્લાની અંદર ચાલતા રીવાજ પ્રમાણે આ બાબતમાં હમેશાં ચાલવામાં આવે છે. શબબ કામના દેશી ભાષાના કાગળો ઉપરથી અમારા સમજવામાં આવે છે કે તોહોમતવાળાના વકીલ અથવા મુખત્યારે કોર્ટને તકરાર જાહેર કરેલી હતી અને તેના જ- વાબમાં ફરીયાદ તરફના વકીલ અથવા મુખત્યારને સાંભળવામાં આવ્યો હતો. આ પ્રમાણે છે, તો, તા૦ ૧૭ મી ના રોજ તે કામ બંધ રાખવામાં આવ્યું છે. અને તોહોમતવાળાઓનો ઇરાદો તેમને કા. ૨૧૮ મી પ્રમાણે જે હકક આપેલો છે તે હકકનો અમલ કરવાનો હતો તો તા૦ ૧૭ મીના રોજ તે કામ બંધ થએલું છે એમ અમે માનીએ છીએ તે વખતે તેનો અમલ તેમણે કરયો નથી અને પોતાનો ઈરાદો તે વખતે તેમણે બતાવવો જોઇતો હતો. શબબ અમારી નજરમાં આવે છે કે તે હકકનો અમલ પાછળથી તેઓ કરી શકતા નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ માર્ચ સને ૧૮૮૧

મી. જસ્ટીશ પોંટીફીકસ તથા મી. જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂ- બરૂ.

રોછીઆ મોહાતો (અપીલવાળા) ની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ રોછી મોહાતો.

પુરાવા આકટ (સને ૧૮૭૨ ના આકટ ૧ લા) ની કલમ ૩૨ ની રકમ ૧ લી અને કલમ ૩૩—ઇરસુવાળા સવાલો—સેશનમાં આરોપો વધારેલા—માજીસ્તરેટની રૂબરૂની જુબાંનીઓ—સાક્ષી મરણ પામે અગ

ર નાશી જાય—જયુરીને સમજાવવું—પુરાવ લક્ષમાં લેવો રેહેતે—જયુરીવાળાની લાઈકાઇ.

માહાઙયથાના કામમાં માજીસ્તરેટની રૂબરૂના પ્રોશીડીંગમાં બીજા સાક્ષીઓની સાથે બે સાક્ષીઓ હતા તેમાં એકતો જેના ઉપર હુમલો કરવામાં આવેલો તેની તપાશ ફરીયાદ તરફથી કરવામાં આવી. ત્યારપછી જે સખસના ઉપર હુમલો કરવામાં આવેલો તે સખશ પોતાને ઇજા થયેલી તેથી મરણ પામ્યો. શેશન જડજની રૂબરૂ તપાશમાં માહાઙયથાના આરોપ સાથે ખુન તથા શીક્ષણીય મનુંસ્યવધનો આરોપ વધારવામાં આંવ્યો. મરનાર સાક્ષીની જુબાની રજુ કરવામાં આવી ને તે તપાશમાં વાંચવામાં આવી.

ઠરાવ્યું કે તે શેશન કોરટની રૂબરૂ વધારાના આરોપો રાખવામાં આવ્યા છે તોપણ પુરાવ આકટની કલમ ૩ર ની રકમ ૧ લી અગર કલમ ૩૩ પ્રમાણે તે પુરાવ દાખલ કરવા લાયક છે.

પુરાવ આકટની કલમ ૩૩ મીનો વીશેશ ઠરાવ એટલે કે ઈસ્યુવાળા સવાલો વાસ્તવીક રીતે તેના તેજ છે કે નહી તેનો આધાર તેના તે કૃત્ય ઉપરથી જો કે જુદા પરીણામ થાય છે તોપણ તે પુરાવ લાગુ કરવા લાયક છે કે નહી તે ઉપર છે.

તપાસમાં એવું શાબેત થએલું છે કે જે બીજા સાક્ષીને માજીસ્તરેટની રૂબરૂ તપાસવામાં આવેલા તે ગુમ થએલા છે, તેથી તેમના ઉપર શમન્સ બજવા મુશકલ છે. તેથી તેની જુબાની વાંચવામાં આવી.

વળી ઠરાવવામાં આવ્યું કે કલમ ૩૩ પ્રમાણે તે જુબાની યોગ્ય રીતે દાખલ કરવામાં આવી છે.

જ્યુરીને કામની હકીકત સંક્ષેપમાં સમજાવવામાં જયુરીએ બચાવ તરફના સાક્ષીઓની સાહેદી ઉપર લક્ષ આપવું એવું કહેવું જડજને રહી ગયું. આ પુરાવ હાયકોરટની નજરમાં ભરૂસો રાખવા લાયક નથી એવું આવ્યું.

ઠરાવવામાં આવ્યું કે શદરહું બાબત જડજને રહી ગએલી તેથી જડજે જે હકીકત સારાંશમાં સમજાવેલી છે તે ખામી ભરેલી નથી.

જીલા માજીસ્તરેટની ઓફીસમાં એક સખસ કલારક હોય તેથી તેને જયુરીમાં બેસવાને ના લાયક થવાને બસ થતુ નથી.

પાનું ૪૨ આ કામનો ફેંસલો આપવામાં આવેલો છે તે ઉપરથી કામની હકીકત પુકત રીતે જણાય છે.

અપીલવાળા તરફથી મી૦ ગ્યાસપર.

ફરીઆદ તરફથી મી૦ એમ. ફીઝ.

કોરટનો ફેંસલો મી૦ જસ્ટીશ પોંટીફેંક્સ સાહેબે નીચે પ્રમાણે આપ્યો છે:—

જયુરીએ ગુન્હાની સાબેતીનો ઠરાવ કરેલો હોય તેમાં જડજની કાયદાની ચુક અગર ખોટી રીતે તેની તરફથી બતાવવામાં આવેલું હોય તોજ અમે તેમાં હાથ ઘાલી શકીએ છીએ. જયુરીએ ગુનહાની સાબેતીનો ઠરાવ કરેલો તે ઉપર આ અપીલ કરવામાં આવેલી છે. હવે એવું કહેવામાં આવેલું છે કે અમારે બે કારણોથી તેમાં હાથ ઘાલવો જોઇએ, તેમાં પેહેલું કારણ એવું છે કે જયુરીની રૂબરૂ તે પુરાવ ખોટી રીતે રજુ કરવામાં આવેલો છે. અને બીજુ એવું છે કે અમુક હકીકત ખોટી રીતે બતાવવામાં આવેલી છે અગર જડજે જે બતાવેલું છે તેમાં ખામી છે.

પેહેલા કારણની બાબતમાં ફરીઆદ એવી છે કે માજીસ્તરેટની રૂબરૂ બે સાક્ષીઓ તપાશવામાં આવેલા છે તેમની જુબાનીઓ પ્રાશીક્યુશન તરફથી ખોટી રીતે જડજે દાખલ કરવા દીધી છે. અને નીચેની હકીકત પ્રમાણે શેશન કોરટે તેનો ઉપયોગ કરેલો છે.

આ સાક્ષીંઓમાંના એક સાક્ષીના ઊપર હુમલો કરયા બાબત તોહોમતવાળાના ઉપર તથા તે ટોળીના ઉપર આરોપ રાખવામાં આવેલો છે. અને ત્યારપછી મરણ પામેલો છે. હવે માજીસ્તરેટની રૂબરૂ ફકત માહાવ્યથાનો આરોપ હતો. પરંતુ તે શખશનું મરણ થવાથી એટલે ખેદરંને ઇજા થવાથી તેનું મોત થવાથી શેશન જડજની રૂબરૂ ખુન તથા શીક્ષણીય મનુષ્યવધ એવાં બે તોહોમતો વધારવામાં આવેલાં છે. આ વધારાના આરોપોને લીધે એવી તકરાર કરવામાં આવી છે કે પુરાવ આકટની કલમ ૩૩ પ્રમાણે શેશન કોરટની રૂબરૂ તથા માજીસ્તરેટની રૂબરૂના બેઉ પ્રોશીડીંગોમાં ઇસ્યુવાળા સવાલો તેના તે નહીં હતા, ખરી રીતે તે કેદીને માહાવ્યથાનો ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હતો માટે માજીસ્તરેટની રૂબરૂં જે ઇસ્યુનો ઠરાવ તોહોમતવાળા વીરૂધ જયુરીએ કરેલો છે. તે ફકત તે ઇસ્યુ વીશે હતો. કલમ ૩૩ મીમાં ઇસ્યુવાળા સવાલો વાસ્તવીક રીતે તેના તેજ હોવા જોઇએ. એવું ઠરાવામાં આવેલું છે તેથી એવો ઇરાદો રાખવામાં આવ્યો નથી. કે જે કામમાં કેદીને ઇજા થએલી હોય અને માજીસ્તરેટની રૂબરૂ તપાશ થયા પછી મરણ પામે તો તેની જુબાની શેશન કોરટની રૂબરૂ વાપરવાની નથી. કારણ કે તેનું મોત થવાથી તોહોમતવાળા ઉપર બીજા આરોપ રાખવામાં આવેલા છે. અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૩૩ પ્રમાણે આ કામમાં મરનારની સાહેદી દાખલ કરવા લાયક છે અને જો તે કલમ ૩૩ પ્રમા-

ણે દાખલ કરવા લાયક ના હોય તો પુરાવ આકટની કલમ ૩૨ ની રક મ ૧ લી પ્રમાણે તે દાખલ કરવા લાયક થાય છે.

કલમ ૩૩નો વીશેશ ઠરાવ લાગુછે કે નહી એટલે કે ઇસ્યુવાળા સવાલો ખરી રીતે તેના તેજ છે કે નહીં તેનો આધાર તેના તે પુરાવ લાગુ થાયછે કે નહી તે ઉપરછે. પછી તેના તે કૃત્ય ઉપરથી જુદા જુદા પરીણામો બની શકે તેની ચીંતા નહિ. હવે આ કામમાં જે કૃત્ય છે તે એક તરવારનો ઘા છે તેથી એકે તરતનું તરત મરનારનું મોત થએલું નહીં હતું. પણ પાછળથી તે પરીણામ થએલોછે તે સખશના મરણ પામવાથી અનુમાની રીતે તે ગુન્હાની અગત્યતા વધેલી છે પરંતુ જે પુરાવથી તે કેસ સાબેત કરવાનું છે અને જે વીશે તોહમતવાળા ઉપર આરોપ રાખવામાં આવેલો છે તે બરોબર રીતે એકનું એકજ છે. સબબ અમારી નજરમાં આવેછે કે આ પુરાવ કલમ ૩૩ પ્રમાણે યોગ્ય રીતે દાખલ કરવામાં આવેલા છે.

બીજી જુબાની કે જે રજુ કરવામાં આવેલી છે અને શેશન કોરટની રૂબરૂ વાંચવામાં આવેલી છે તે સબંધી એવું જણાય છે કે એક જાનઅલી નામનો સખશ તીકેદારનો ગુમાસ્તો કહેવામાં આવેલો છે. અને તેને માજીસ્તરેટની રૂબરૂ તપાસવામાં આવેલો છે અને તે કચેરીના મકાનમાં રહે છે. તેથી તે જાનઅલી ઉપર તે કચેરીના મકાનમાં સમન બજાવવાને યોગ્ય રીતે લેવામાં આવેલો હતો. પરંતુ શીપાઇએ પોતાના રીપોટમાં કહેલું છે કે જાનઅલી મળ્યો નહિ તેથી તે સમન્સ તેની જાત ઉપર બજાવી શક્યો નથી. તેથી તે શમન્સ કચેરીના મકાનમાં લટકાવેલો છે. વળી તે જાનઅલી તે કચેરીના મકાનમાંથી એકાએક ગુમ થયો એવું બતાવવાનો પુરાવ છે. વળી એવું બતાવવામાં આવેલું છે કે તે પોતાના ગામમાં પાછો આવેલો છે કે નહીં તેની તપાસ કરવામાં આવી હતી. પરંતુ તે તપાસના પરીણામમાં કાંઇ પણ સાંભળવામાં આવેલું નથી માટે જાનઅલી ક્યાં છે અગર તેના ઉપર ક્યાં સમન્સ બજાવવો તે કહી શકાતુ નથી. આવી હકીકત છતાં અમારી નજરમાં આવે છે કે કલમ ૩૩ પ્રમાણે તેની જુબાની શેશન કોરટની રૂબરૂ યોગ્ય રીતે ઉપયોગમાં લેવા લાયક છે. અમારા અભીપ્રાયમાં આવે છે કે કામના કાગળોમાં જે વખતે તે જુબાની વાંચવામાં આવી તે વખતે તે હરકત લેવામાં આવી હતી એવું માલમ પડી શકે તેવી કાંઇ અરજી અગર ઈઆદ નથી. પરંતુ અમને માલમ પડેલું છે કે પ્રા૦ ની પોતાની તરફથી માજીસ્તરેટની રૂબરૂ જે સાક્ષીઓ લેવામાં આવેલા તેમાંના એકની જુબાની રજુ કરવામાં આવેલી અને પુરાવ તરીકે તે ઉપયોગમાં લીધી છે. સબ

જ અમારી નજરમાં આવે છે કે આ કામમાં બેઉ જુબાનીઓ તે જ-ડજે ઉપયોગમાં લીધેલી છે તેથી તે યોગ્ય રીતે દાખલ થએલી છે.

હવે અમારી રૂબરૂ બીજુ કારણ છે તે ઉપર અમે આવીએ છીએ તે કારણ એવું છે કે જડજે જયુરીને ખોટી રીતે બતાવ્યું અગર તે બતાવામાં ખામી હતી. એવું કેહેવામાં આવેલું છે કે જયુરીની નજરે ઘણી બાબતો લાવવી જોઈતી હતી. પરંતુ તે બાબતો જડજે જયુરીને હકીકત સમજાવવામાં કહેલી નથી. અને તેમાં વીશેશે કરીને જડજે બ-ચાવ તરફના સાક્ષીઓની સાહેદી બતાવેલી નથી તે ઉપર વધારે જોર રાખવામાં આવેલું છે. અમે એવું માગેલું હતું કે બચાવ તરફના સા-ક્ષીઓને પુરાવ અમારી રૂબરૂ વાચવો જોઇએ અને તે અમારી રૂબરૂ વાચવામાં આવેલો છે. તેથી અમે એમ કહેવાની કાંઇ આનાકાની કરતા નથી. કે જડજે જયુરીને હકીકત સમજાવી તે વખતે તે પુરાવ જયુરીને બતાવેલો નથી તેના લીધે કેદીના લાભમાં કાંઇ થએલું છે. અને બીજી રીતે થએલું નથી કારણ કે જો તે પુરાવ બતાવવામાં આવ્યો હોતતો તે સાક્ષીઓ એક બીજાની સાથે મળતા નથી એવું જયુરીને બતાવવાની જરૂર પડત. અને તે સાક્ષીઓની સાહેદીમાં તફાવત છે અને બચાવ તરફથી જે મુખ્ય સાક્ષીની સાહેદી ઉપર આધાર રાખવામાં આવેલો છે તે ખરી રીતે ભરૂશો રાખવા લાયક નથી એમ પણ બતાવવાની જરૂર પડત.

વળી અમે જાણીએ છીએ કે નીચેની કોરટમાં તે કેદીનો બચાવ કાંન્સલે કરયો હતો અને જડજે જયુરીને હકીકત સમજાવી તેમાં અમુક બાબતો સમજાવેલી નહી હોય પરંતુ અમને કાંઈ થોડો પણ શક નથી કે તોહોમતવાળાના કાંન્સલે તે બાબતો યોગય રીતે ઘણી બતાવેલી હ-તી. માટે જયુરીએ પોતાના ઠરાવનો બીચાર કરયો તે વખતે તેમના મનમાં આ બાબતો નહી હતી એમ ધારવાનું નથી, જડજ જયુરીને હકીકત સંક્ષેપમાં સમજાવે તે વખતે પુરાવની દરેક વીગતમાં તેઉને પેશવું એ અશકય છે. જે બાબતો કામમાં અગત્યની અને મુદાની હોય તે ઉપર જયુરીનું લક્ષ દેવરાવવુ ફકત જરૂર છે.

બીજી એક હરકત જોવાની જરૂર છે. તે અમારી રૂબરૂ જયુરીના બંધારણ વીશે લેવામાં આવી છે તે છે. પરંતુ તે વીસે આ કોરટમાં જે અપીલ છે તેના કારણોમાં કાંઇ નથી એવું કેહેવામાં આવેલું છે કે તે જયુરીનો આગેવાન માજીસ્તરેટની કોરટનો એક કલારક હતો, પરંતુ અમારા સમજવા પ્રમાંણે ફકત આ કારણથી તેના વીશે હરકત લેઇ શકાય છે, જડજની રૂબરૂ તે વીશે તકરાર કરવામાં આવી હતી તેથી તે કલા

રકને જયુરીમાં બેસવા દેવા નહીં જોઇએ એવાં પૂકત કારણો છે કે નહી તેનો જડજે નીરણય કરવાનો હતો.

તે કારણો જડજની નજરમાં બસ આવેલાં નથી તેમ તે માજી સ્તરેટની ઓફીસમાં કલારક છે. તેથી તે જયુરીમાં બેસવાને ના લાયક શા વાસ્તે થવો જોઇએ તેનું કાંઈ કારણ અમારા જોવામાં આવતું નથી.

આવી હકીકત છે તો આ અપીલ અમારે કાહાડી નાંખવી જોઇએ. માટે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ કાયમ રહે છે.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ મારચ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ પોંટીફીકશ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

કાળી કીસ્તો ઠાકર (અરજદાર) વીરૂધ ગુલામઅલી ચોધરી
(સામાવાળા)

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૫૩૦—કારણો દાખલ કરવાં—પોલીસ રીપોટમાં બતાવવો તે—કબજાનો પુરાવ—હકનો પુરાવ.

ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણેના પ્રોશીડીંગમાં માજીસ્તરેટે નીચેના શબ્દો લખેલા છે એટલે કે "પોલીસના રીપોટ ઉપરથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે." અને તેમના અભીપ્રાયમાં આવેલું છે કે અમુક શખશોનો કબજો છે. ઠરાવવામાં આવ્યું કે જો કે જે કારણો લખેલાં છે તે શંતોશ કારક નથી કારણ કે કાયદા પ્રમાણે પ્રથમ પ્રોશીડીંગમાં જે લખવું જોઇએ તે લખેલું નથી. એટલે પ્રથમ માજીસ્તરેટની એવી ખાતરી થવી જોઇએ કે સુલેહનો ભંગ થાય તેવી તકરાર છે, અને જે કારણથી તેવી તેમની ખાતરી થઇ હોય તે બતાવવું જોઇએ તે બતાવેલું નથી. તોપણ પોલીસના રીપોટ ઉપરથી સુલેહનો ભંગ થવાની ધાસ્તી રાખવાનાં કારણો તે રીપોટ જોઇ સમજી શકાય છે માટે તે આખરનો હુકમ ખામી ભરેલો નથી.

ગોબીંદચંદ્ર મોઇત્રાના કામનો ઠરાવ જુદો છે એમ ઠરાવવામાં આવ્યું.—

માજીસ્તરેટની રૂબરૂ જે કબજા બાબતનો પુરાવ રજુ કરવામાં આ

વેલો છે તે બસ નથી. પરંતુ માજીસ્તરેટે જે સખસના લાભમાં ઠરાવ કરેલો છે. તે સખસના હક વીશે પુરાવ આપવામાં આવેલો છે અને તે પુરાવ ઉપર માજીસ્તરેટે પોતાના ઠરાવનો આધાર રાખી પક્ષકારોને કબજો લેવાના હક બાબતના તેમના દાવાના ગુણદોશ સબંધી નીરણય કરેલો છે.

ઠરાવવામાં આવ્યું કે કબજા વીશેના પુરાવની પુસ્ટીમાં માજીસ્તરેટ હકનો પુરાવ વ્યાજબી રાહે જોઈ શકે છે. પરંતુ તેમણે હકના પુરાવના આધારથી ઠરાવ કરેલો છે તે બરોબર નથી. માટે તેમનો હુકમ રદ કરવામાં આવ્યો.

પાનું ૪૬ આ કામમાં ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે અમુક જમીન મુનશી ગુલાગઅલીના કબજામાં છે એમ ઠરાવવામાં આવેલું છે. તેથી તેના ઉપર એવો હુકમ મેળવેલો છે કે,માજીસ્તરેટે જે પ્રથમ પ્રોશીડીંગમાં લખેલું છે કે પોલીસના રીપોર્ટ ઉપરથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે તે ખામી ભરેલું છે અને બીજુ કે માજીસ્ટ્રેટે તે હુકમ કરેલો બરોબર નથી. કારણ કે જે જમીન સબંધી તે હુકમ કરવામાં આવેલો છે તે જમીનના ખુટ બતાવેલા નથી અને ત્રીજુ કે માજીસ્ટ્રેટે પોતાનો વીચાર કબજાના સવાલ ઉપર કરેલો નથી. પરંતુ હકકના સવાલ વીશે કરેલો છે અને તેમની રૂબરૂ કબજાનો એવો પુરાવ નહી હતો કે જેથી વ્યાજબી રાહે તે હુકમ કરી શકે.

તે હુકમની પુષ્ટીમાં મી. એમ ઘોઝ, બાબુ દુરગા મોહનદાસ, બાબુ કાળી મોહનદાસ, અને બાબુ રામસુખાઘોઝ.

મી. એચ. બેલ અને બાબુ શીતાંનાથરાયે કારણ બતાવ્યું:—

કોર્ટનો ફેંસલો જસ્ટીસ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે આ કામ છે. તકરારી જમીન નવી બનાવેલી ચરની જમીનનો એક કડકો છે. એક પક્ષકારે તે જમીન માહારી જાજ મારા મીલકતના તાબાની છે એવો દાવો રાખેલો છે અને બીજા પક્ષકારે મહારી માહાલ પંચકતી મીલકતના તાબાની છે એવો દાવો રાખેલો છે ખરી રીતે આ હુકમ ત્રણ કારણોથી મેળવવામાં આવેલો છે. પહેલું કે માજીસ્ટ્રેટનું આરંભનું પ્રોશીડીંગ ખામી ભરેલું છે. બીજુ કે માજીસ્ટ્રેટે કરેલો હુકમ બરોબર નથી કારણકે તે જમીન ઓળખાય તે પ્રમાણે તેમાં ખુટ બતાવેલાં નથી. અને ત્રીજુ કે માજીસ્તરેટે કબજાના સવાલનો વીચાર નહીં કરતાં હકના શવાલનો વીચાર કરેલો છે. અને તેમની રૂબરૂ કબજાનો એવો પુરાવ નથી કે જે-

થી બ્યાજબી રાહે તેઉ તે હુકમ કરી શકે. આ બાબતોમાંની પહેલી બા-
બત વીશે અરજદારના વીદવાન કૌનસલે સેખ મંગલો વીરૂદ્ધ દુરગા
નારાયણ નાગના ઠરાવ ઉપર આધાર રાખેલો છે તે કામમાં
ફોજદારીકામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે જે મા-
જીસ્તરેટે પ્રોશીડીંગ સરૂ કરેલું તે માજીસ્ટ્રેટે કાંઇ પણ પ્રોશીડીંગ
લખેલું નહીં હતું. તેમાં પોલીશ રીપોટની પીઠ ઉપર એક શેરો ક-
રી એવો હુકમ લખેલો હતો કે "ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા
ની કલમ ૫૧૮ પ્રમાણે ઝુંપડું બાંધતાં એકદમ બંધ થવું એવી નોટી-
શ દુરગાચરણ ઉપર બજાવવી અને આજથી આઠે દહાડે બેઉ પક્ષકારો
પોતાના દસ્તાવેજો સાથે માહારી રૂબરૂ હાજર રહે ને તેથી સદરહુ કાય-
દાની કલમ ૫૩૦ પ્રમાણે તકરારી જમીન કોના કબજામાં છે તેનો હું
નીર્ણય કરી શકું".

હાલ અમારી રૂબરૂ જે કામ છે તેમાં પ્રોશીડીંગ છે તેમાં માજી-
સ્ટ્રેટે એવું લખેલું છે કે પોલીસ રીપોટ ઉપરથી સુલેહનો ભંગ થવાનો
સંભવ છે. ગોબીંદચંદ્ર મોઇત્રાનું કામ થોડાક દીવસ ઉપર આ બેંચની
રૂબરૂ હતું તેમાં અમે એવો અભીપ્રાય બતાવેલો છે કે માજીસ્ટ્રેટ કલ
મ ૫૩૦ પ્રમાણે કામ ચલાવે તે પેહેલાં તેમણે એવું પ્રોશીડીંગ લખવું
જોઈએ કે પેહેલી તો તેમની ખાતરી થએલીછે કે સુલેહનોભંગ થાય તેવી
તકરાર છે અને બીજું કે તેવી ખાત્રી શા કારણથી થએલી એવું પ્રોશી-
ડીંગ લખવાની તે માજીસ્તરેટની ફરજ છે અને આ વીચારો વીશે હા-
લ અમારી રૂબરૂ આગ્રહ કરવામાં આવેલો છે. નક્કી અમે એમ ધારી
એ છીએ કે કલમ ૫૩૦ પ્રમાણેના કામોમાં માજીસ્તરેટને જે કાયદા
પ્રમાણે લખવાની જરૂર છે તે સ્પષ્ટ રીતે તેમણે લખવું જોઇએ. પરંતુ કા-
યદા પ્રમાણે બરોબર માજીસ્ટ્રેટ ચાલેલા ના હોય તેથી દરેક કામમાં તેમનો
હુકમ રદ કરવાને બસ કારણ થાયછે કે નહીં તે એક બીજી બાબત છે.
ગોબીંદચંદ્ર મોઇત્રાનું કામ થોડી મુદત ઉપર આ બેંચની રૂબરૂ હતું તે-
માં માજીસ્તરેટના પ્રોશીડીંગમાં પોલીશનો રીપોટ બતાવેલો હતો અને
અમે અભીપ્રાય બતાવેલો છે કે શરૂના પ્રોશીડીંગમાં પોલીશનો રીપોટ
બતાવેલો છે તે જોવામાં આવે એટલે તે તેમાં દાખલ કરેલો છે એમ
માનવામાં આવેતો પણ કાયદા પ્રમાણે ચાલવાને તે બસ બાબત થતી
નથી. આ કામમાં માજીસ્ટ્રેટનું પ્રોશીડીંગ છે તે કાયદા પ્રમાણે ચાલ-
વામાં આવ્યું હોય એવું જોઇએ તેવું નથી. પરંતુ આ પ્રોશીડીંગમાં જે
પોલીશનો રીપોર્ટ બતાવેલો છે તેથી તે તેમાં દાખલ કરવામાં આવેલો
છે તો તે એમ બતાવવાને બસ છે કે સુલેહનોભંગ થાય તેની તકરાર

છે અને બીજું તે ઉપરથી એવું જણાયછે કે માજીસ્ટ્રેટને બ્યાજબી રાહે શા કારણોથી ખાતરી થએલી. અમારો સ્પષ્ટ અભીપ્રાય છે કે આ કામમાં જેવું પ્રાંશીડીંગ લખવામાં આવ્યુંછે તેવું પ્રોશીડીંગ જે માજીસ્ટ્રેટ લખે છે તે માજીસ્ટ્રેટ પોતાની ફરજ તાબડતોબ સંતોશ કારક રીતે બજાવતા નથી. પરંતુ અમે એમ કહેવાને તઇઆર થયા નથી કે તે આખરનો હુકમ ખામી ભરેલો છે એવા કારણથી કે શરૂના પ્રોશીડીંગમાં કાયદા પ્રમાણે જે લખવું જોઇએ તે લખેલું નથી. પરંતુ તે કલમ પ્રમાણે ચાલવાને પોલીસના રીપોટમાં જોઇએ તેટલી બાબત છે, તે જોવા સારૂ પોલીસનો રીપોટ અમારે જોવાનો છે, માટે અમને એમ જણાય છે કે આ પેહેલી હરકત વીદ્વાન કાંઉશીલે લીધેલી છે તે ઉપરથી તે નીશાફળ થવા જોઇએ. બીજુ કારણ ખુંટ સબંધી છે તે વીશે તકરારી જમીનનો પ્રકરં તથા ચરની જમીનની બરોબર શીમાં બતાવવાની મુશકેલી લક્ષમાં રાખતાં જોઇતું વરણન તે વીસે ઘણુ કરીને કરવામાં આવેલું છે. પરંતુ આ શવાલમાં પેસવાની જરૂર નથી. કારણ કે અમારા અભીપ્રાંય પ્રમાણે બીજા જે કારણની અમે વ્યવસ્થા કરવાના છીએ તે કારણથી માજીસ્ટ્રેટનો તે હુકમ અમારા અભીપ્રાય પ્રમાણે રદ થવો જોઇએ. તે કારણ એવું છે કે ડીપોટી માજીસ્ટ્રેટ તે હુકમ બ્યાજબી રાહે કરવાને કબજાનો પુરાવ નથી અને કબજાના સવાલ ઉપરથી તેમણે પોતાનુ મન ખસવા દીધેલું છે પણ તેમની ફરજ તો કાયદા વીશે નીરણય કરવાની હતી. અને તેમ છતાં તેમણે પોતાનો હુકમ હક સબધી જે વીચાર કરેલો છે તેના ઉપર આધાર રાખી તદન કરેલો છે.

માજીસ્ટ્રેટની રૂબરૂ જે અરજદાર છે તેમની તરફથી જે સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તેમની સાહેદીઓ અવલથી તે આખર સુધી અમે વાંચી છે. માટે અમારી નજરમાં આવે છે કે તે પ્રમાણે બતાવેલા કારણોથી આ હુકમ કાયમ કરવો જોઇએ. ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૨૦ મીમાં એવુ ઠરાવ્યું છે કે માજીસ્ટ્રેટ કબજો લેવાના કોઇ સખશના હકના દાવાના ગુણદોશનો વીચાર કરયા વીના તકરારી બાબત કોના કબજામાં છે તેનો તેમણે વીચાર કરવો. અમારી રૂબરૂ હાલ એવી તકરાર કરવામાં આવી છે કે આ શબ્દોનો ખરો અરથ એવો કરવો જોઇએ કે માજીસ્ટ્રેટ પક્ષકારોના હકનો કાંઇ પુરાવ લેઇ શકતા નથી. હક હોવાથી કબજો થાય છે, અને આવી જાતના કામમાં કબજા બાબતના સવાલનો ઠરાવ કરવાને પોતાના વીચારમાં હકના ફકત પુરાવની મદદ તેઓ લે તો તેઉ તેટલા કારણસર તે મદદ લે તેથી હમ-

ચુંજ જે ઠરાવ બતાવેલો છે તે ઉપરાંત ગયા એમ થતુ નથી. પરંતુ ખરી રીતે કબજાનો નીરણય કરવાને બદલે જો તેઉ અર્થાથે રીતે ફક્ત હકના સવાલનો નીરણય કરે તો, કાયદામાં જે બાબત વીસે મનાઇ તેમને કરવામાં આવી છે તે તેમણે કરયું થાય. આ કામમાં ડીપુટી માજીસ્ટ્રેટે પોતાના ફેંસલાની શીરૂઆતમાં કહયું છે કે પક્ષકારોને પોત પોતાનો તે ચર ઉપરનો દાવો સાબેત કરવાને કહેવામાં આવેલું છે. તેમણે એમ કહેલું નથી કે તેમને પોત પોતાનો કબજા બાબતનો દાવો સાબેત કરવાને કહેવામાં આવેલું છે. પછી તેમણે હકના સવાલનો વીચાર કરયો છે. અને તે ચર કેવી રીતે થયો તેનો વીચાર કરવાને એક પક્ષકાર કરતાં બીજા પક્ષકારની મીલકતના તાબાની તે નવો બતાવેલો ચર છે એવુ ધારવાને તેમણે કારણો બતાવ્યાં છે. તેમણે હકના સવાલનો પોતાના ફેંસલાના ઘણા ભાગમાં વીચાર કરી તેમણે કબજાના સવાલનો નીકાલ કરયો છે, તેમણે પોતાના ફેંસલાના આ ભાગમાં સીરૂઆતમાં એવુ કહેલું છે કે "હવે કબજો બતાવવાને બાબુ કાળી કીસ્તો ઠાકુરના માણસોએ કેટલાક સાક્ષીઓ તપાસેલા છે તેમાંનો એક મુનશીફનો શીપાઇ છે." પછી અટકાવનું પ્રોશીડીંગ સાબેત કરવાને જે સાહેદી બોલાવવામાં આવેલા છે તેમની સાહેદીની તેમણે વ્યવસ્થા કરેલી છે. અને તે પ્રોશીડીંગ તેમના માનવામાં જુઠું આવેલું છે, અને છેવટે તેમણે કહયું છે કે "આ સાક્ષીઓની જુબાની ઉપર અમે વધારે જોર આપતા નથી. મુનશી ગુલામઅલીના લાભમાં હકીકત અને સંભવીતપણું જનય છે, તે વીશે તથા આ ઠરાવની બીજી કલમમાં જે અમે કહેલું છે તે વીશે તકરારી જમીન જાહાજ મારા મીલકતની બાહાર અને ચરપંચ કડીની નજીકમાં છે, અને તે ગુલામઅલીના કબજામાં છે એમ અમે માનીએ છીએ, માટે અમે ફરમાવીએ છીએ કે, મુખત્યાર કોરટથી બીજી રીતે ઠરાવ કરવામાં આવે ત્યાંહાં સુધી તકરારી જમીન મુનશી ગુલામઅલીના કબજામાં રહેવી જોઇએ, એવું અમે ઠરાવીએ છીએ." અહીંયાં ડીપુટી માજીસ્ટ્રેટે ખુલી રીતે કહેલું છે કે તે સાક્ષીઓની સાહેદી ઉપર તેઉ વધારે જોર આપતા નથી અને આ મુખજુબાનીનો પુરાવ જો અમે કોરાણે રાખીએ તો, જે બાજો પુરાવ છે તે મુખત્વે કરીને હકના સવાલ બાબત છે. માટે જે મૂખજુબાનાના જે પુરાવ ઉપર તેઉ વધારે વજન રાખતા નથી તે પુરાવ કોરાણે રાખતાં કબજાના સવાલનો નીરણય ડીપુટી માજીસ્ટ્રેટ કરી શકે તેવો બીજો પુરાવ નથી, કારણ કે હકના પુરાવથી કબજાના પુરાવને પુષ્ટી થાય, પણ તે હકના એકલા પુરાવથી કબજાની સાબેતી થતી નથી. તે સાક્ષીઓની શાહેદીથી જો એમ માલુમ પડતું હોય કે તે કબજો ગુલામ

અલીનો છે અને તે પુરાવની પુસ્ટીમાં કાંમની હકીકત તથા સંભવીતપણાનો તથા હકના પુરાવનો ઉપીયોગ કરવામાં આવેલો હોય તો, ડીપુટી માજીસ્રેટના હુકમને પુષ્ટી કરવાને કાંમના કાગળોમાં બસ થાય. પરંતુ આ મુખજુબાનીનો પુરાવ તપાસતાં અમારા અભીપ્રાયમાં આવે છે કે તે ફક્ત મુખત્વે કરીને હકના સવાલ બાબત છે અને કબજાના સવાલ બાબત તેમાં કાંઇ નથી.

જે બાબતમાં તે સાક્ષીઓ તપાસવામાં આવેલા છે તે બાબત ઉપરથી તથા ડીપુટી માજીસ્રેટના ફેંસલા ઉપરથી તમામ બાબતનો વીચાર કરતાં ખુલું છે કે તે માજીસ્રેટની ફરજ ખરી રીતે કબજાનો તપાસ કરવાની હતી, તેમ છતાં તેગણે પોતાનુ મત તે સવાલ ઉપર રાખેલું નથી અને જે બાબત કલમ ૫૩૦ મીના ઠરાવ પ્રમાણે તપાસવાને તેમને મનાઇ કરવામાં આવેલી છે એટલે કબજે રાખવાના હકના પક્ષકારોના દાવાના ગુણદોશની બાબતનો તેમણે નીરણય કરયો છે. આ પ્રમાણે છે તો અમારી નજરમાં ડીપુટી માજીસ્રેટનો ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૦ મી પ્રમાણેનો તે હુકમ રદ થવો જોઇએ.

આ હુકમ કાયમ કરવામાં આવશે.

જશ્ટીસ પોંટીફેકસ સાહેબ:—તે પોસીડીંગ રદ કરવું જોઇએ એમ અમે પણ કબુલ કરીએ છીએ, અને અમારા વિદ્વાન ભાઇએ ફેંસલો આપેલો છે, માટે અમારે એટલુંજ કહેવાની જરૂર છે કે અમારા અભીપ્રાય પ્રમાણે શીરનું કામ ચલાવવાના કારણસર ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૦ મી પ્રમાણે ફુકત રીતે પ્રોશીડીંગ લખવામાં આવેલું છે. વળી અમારે વધારે એટલું કહેવાની મરજી છે કે જો કબજા બાબતનો વાસ્તવીક પુરાવ અગર તે સવાલ વીશે વીરૂધ પુરાવ હોત તો કબજાના પુરાવની મદદમાં હક બાબતનો પુરાવ માજીસ્રેટ વ્યાજબી રાહે જોઇ શકત. પરંતુ અમારા વીદ્વાન ભાઇઓએ તે સાક્ષીઓની જુબાનીઓ વાંચી છે તે ઉપરથી જણાય છે કે કબજાનો પુકત પુરાવ નથી. માટે હકના પુરાવ ઉપરથી તે કાંમનો નીકાલ થવો જોઇતો નહીં હતો એમ અમે કબુલ થઇએ છીએ.

તે હુકમ કાયમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨ એપ્રીલ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મોરીશ તથા મી૦ જષ્ટીશ પ્રીનસેપ સાહેબો-
ની રૂબરૂ.

ચંદ્રનાથ સરકાર વીગરેની અરજીની બાબતમાં

કેશરેહીંદ વી૦ ચંદ્રનાથ સરકાર વીગરે.

કબુલત—જે સખશો ઉપર સાથે આરોપ રાખવામાં આવેલો—સહ કેદીઓની ગેર હાજરીમાં કેદીએ કહેલી હકીકત—પુરાવ આકટ (સને ૧૮૭૨ ના ૧ લા) ની કલમ ૩૦

પીનલકોડની કલમ ૧૪૮, ૩૦૨, ૩૨૪ અને ૩૨૬ મી કલમ ૧૪૯ સાથે વાંચતાં કેટલાક સખશો ઉપર આરોપ રાખવામાં આવ્યા છે. કેદીઓ સેશન જડજ તપાસવાના હતા તે વખતે જે કેદીને તપાસવામાં આવે તે શીવાયના તમામ કેદીઓને કોરટ બાહાર તેમનો વારો તેમની તપાસ કરવા સારૂ આવે ત્યાંહાં સુધી કાહાડેલા હતા. અને દરેક કેદીને તેની કોરટમાંથી ગેર હાજરીની દરમીઆનમાં સહકેદીએ જે કહેલું તે ઉ- પર મુખતે કરીને આધાર રાખીને ગુનેહગાર ઠરાવેલા છે.

ઠરાવવામાં આવ્યું કે આ પ્રમાણે આપેલો પૂરાવ દાખલ કરવા લાયક નથી.

પાનું ૬૫ ફેંસલા ઉપરથી આ કામની તમામ હકીકત જણાય છે

અપીલવાળાઓ તરફથી મી૦ વ્યાસપર અને બાબુ ગીરીશચંદ્ર ચૌધ્રી

કોરટનો ફેંસલો જષ્ટીશ મોરીશ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કાંમ બખેડાનું છે, તેમાં પરીણામે એક ગોપીનાથ મનજીનુ મોત થએલું છે, બંધુકની ગોળીઓથી ખાદમસેખને જમણે હાથે કાયમ ઇજા થએલી છે, અને વળી કાપનાર હથીઆરથી બીજાઓને હલકી ઇજાઓ થએલી છે.

સેશન જડજે બેઉ આસેસરો સાથે મળતા આવી પીનલકોડની ક- લમ ૧૪૮ મી પ્રમાણે ચંદ્રનાથ સરકાર, આલમ પરમાનીક, નંદોમાનજી અને હકીમ પરમાનીકને બખેડો કર્યાના ગુનેહગાર ઠરાવેલા છે, પરંતુ તેઉ આશેસરોથી જુદા પડી તેઉએ ચંદ્ર અને નંદો માનજીને શીક્ષીણીય મનુષ્યવધના ગુનેહગાર ઠરાવેલા છે. અને તેમણે ચંદ્રનાથ સરકારને હયા- તી સુધી સમુદ્રપારની સીક્ષા કરેલી છે અને નંદો માનજીને દશ વરસની સમુદ્રપારની શીક્ષા કરેલી છે, અને આલમ પોરમાનીક અને હકીમ પો- રમાંનીકને ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

એક આસેસરની સાથે મળતા આવી, પણ બીજાઓથી જુદા પડી વળી શેશન જડજે માલુસેખ, મદનસેખ, મધીસેખ, અને કાલીમદીન પઠાંણને બખેડાના ગુનેહગાર ઠરાવ્યા છે, પરંતુ તેમણે બેઉ આસેસરોથી જુદા પડી વળી એવું ઠરાવેલું છે કે સદરહુ છેવટ કહેલો કાળી મદીન પઠાંણ શીક્ષીણીય મનુષ્યવધનો પણ ગુનેહગાર છે તેથી તેને હયાતી સુધી શમુદ્રપારની શીક્ષા કરેલી છે અને બીજા ત્રણ સખસોને તરણ વરસ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરેલી છે. બીજા બે માણસોને સેશન જડજે નીરદોશ ઠરાવેલા છે.

આ તમામ સીક્ષાના હુકમો ઉપર અપીલો કરવામાં આવેલી છે.

અપીલવળાઓની તરફથી શેશન કોરટમાં અને અમારી રૂબરૂ મી૦ ગ્યાસપરે બચાવ કરેલો છે પણ આવા સારવજનીક અગત્યના અને વીચીત્ર રૂપના કામમાં સરકાર તરફથી હાજર થવાને લીગલરી મેમ્બ‍નસરને હુકમ કરવામાં આવેલો નથી. એ જોવાને અમને અચંબો લાગેલો છે,

બેઉ પક્ષકારો રઇયત પાસેથી શાંથ લેવાને દાવો રાખે છે. તેમાં એક પક્ષકાર સોલોપના અમુક સાંનદઆળો છે તથા કળીશંદર શાનદ આળ વીગરે છે. અને બીજા પક્ષકારમાં પેહેલા પક્ષકાર શાંન દઆળો છે તેના ભાઇ બઇકુંઠ સંડાલનો હક શબંધી લીલામમાંથી ખરીદ કરનાર એક દેવીદાશ છે તેમની વચમાં ટેપરી ગામમાં કેટલીક મુદતથી તે વીશે તકરાર ચાલે છે એમ જણાય છે. આ બનાવ બનતાં પહેલાં દેવી દાસ મરણ પામ્યો પરંતુ તેની તરફથી તેનો છોકરો જીબનરામ હાજર હતો.

આ તકરારો હોવાથી તથા તેમાં છેવટે ભારે બખેડો થયો તે નજીકમાં અઢી કોસ અગર પાંચ માઇલ ટેપરીથી દુર પોલીસ સ્ટેશન છે તેમના જાણવામાં સારી પેઠે આવેલું હતું અને જે દીવશે બખેડો થયો તે દીવશે સવારમાં મોડા તે ગામમાં થએલા તોફાનથી બનેલા ગુનાહનો તપાસ પૂરો કરી હેડ કોનસ્ટેબલે તે જગો છોડી હતી. પુરાવ ઉપરથી જણાય છે કે બેઉ બાજુએ પોત પોતાનો દાવો જબરાઇથી બતાવવાને એકઠા થએલા હતા ને તે ગામના લોકોને બીવરાવવાને તથા તોફાન થાયતો પોતાના વધારે જોર અને હુશીઆરીનો ફાયદો દરેક બાજુ તરફ આપવાને પરદેશના દેશવાળીઓ લાકડીઓ સાથે રાખવામાં આવ્યા હતા.

૧૨૮૩ અગર સને ૧૮૭૬ માં બઇકુંઠ સાંનદયાલનો હક દેવીદાશે ખરીદ કરેલો તેથી તે ગામની સાંથનો તમામ સોળેઆની હીસ્સો લેવાને તે દાવો રાખતો હતો. તેના સામા બીજા સંડાળો થયા એવું કહીને

કે બધકુંઠ સંડાળનો હક ફક્ત એકઆની કરતાં વધારે નથી. તે ગામના રહેવાશીઓએ દેવીદાસનો દાવો છોડી દીધેલો હતો. પરંતુ માજી વરગના મનજીપરાના રૈહેવાશીઓમાંના કેટલાક સખસોએ તેમની પાસે માગેલી સાંથ આપવાની ના કહી અને તે સાંન ડાળાએ સાંમી હરકત લેવામાં તેમને પૂસ્ટી કરી ઉતેજન આપ્યું.

દેવીદાસની જમીનદારી કચેરી નંદો માજીનું ઘર જે માજીના મકાનની નજીક છે તેમાં કરવામાં આવતી હતી તેથી દસરત અને સબળ માજીના ઘરબારની જમીનમાં જવાના રસ્તાના શરૂઆતમાં વાડ નાંખેલી હતી. તે રસ્તો નંદોમાજીના ઘરથારની જમીનની નઇરૂતમાં છે. આ કરવાનો હેતુ દેખીતો કચેરીની જગો ઉપર એકાએક હુમલો થતાં માજીઓનું રક્ષણ થાય તેનો છે. આ હકીકત જે હેડકોનસટેબલ તે બખેડાની સવારમાં ટેપરીમાં હતો તેને જાણવામાં આવેલીજ જોઇએ વળી તે નજીકના પોલીસ સ્ટેશનના ઉપરી અમલદારોના જાણવામાં તે હકીકત નહી હતી. એ કેહેવું અસકય છે. માટે દેખીતી રીતે સુલેહનો જે ભંગ થવાનો સંભવ હતો તે અટકાવવાને અથવા આગના શસ્ત્ર તથા તે ગામમાં દેશવાળીઓ પેસવા દેતાં અટકાવવાને સખત ઉપાયો તેઓએ કરયા નથી એ ઘણીજ અચંબાની વાત છે તેઓએ આ કસુર કરી તેથી આ કોરટનાં સ્વતંત્ર પૂરાવ આવી શકયો નથી. માટે આ બખેડાની ઉતપતીની સાથે સબંધ રાખનાર ખરી હકીકત શી છે અગર કઈ ટોળીએ શરૂઆત કરી. એ વીશે નકી કરવાને દરેક બાજુ તરફથી મેળવણી કરેલો હેવાલ બતાવવામાં આવેલો છે તે ઉપરથી ઘણું મુસકેલ થએલું છે. તોપણ પુરાવ ઉપરથી અમારા સમજવામાં આવે છે કે તા૦ ૧૦ જુલાઇ સને ૧૮૮૦ (અશાડ ૨૭ મી ૧૨૮૭) ના રોજ ચંદ્રનાથ સરકારે નંદોમાજીનું મકાન જે કચેરીને માટે રાખવામાં આવેલું તે મકાનની નજીક એક ઝાડ નીચે ખુલી કચેરી કરેલી હતી, અને દેવીદાસની તરફથી ગામના લોકો પાસેથી સાંથ ઉઘરાવવી શરૂ કરી હતી.

મજીપરાના રૈહેવાશીઓ પાસેથી સાંથ વસુલ કરવાની કોશીશ કરવામાં આવેલી તેથી મંજીઓએ સાંનડ આલના દેશવાળીઓની મદદથી તેમના ઉપર એકાએક જબરાઇથી હુમલો કરવામાં આવ્યો હતો. અને તે વખતે ગોપાળ મંજીના ઘરમાં અગર નજીકમાં ભાગીરથી ઠાકરના ઘરમાં તેઓને રાખવામાં આવ્યા હતા. ગોપી માજી, દશરત અને સબળના મકાનોએક જથે હતા. અને ત્યાં તે તોફાન થયું. અને બેઉ બાજુ તરફથી ઘણા માણસો તરત ભેગાં થયાં અને લડાઇ સરૂ થઇ. એક અગર બે બંદુકો મંજીઓ ઉપર ફોડવામાં આવી અને પરીણામે ગોપીનાથ માજી, ખાઇખશેખ, અને બો-

નાંઈ જખમી થયા. તા૦ ૧૩ મીના રોજ આ ઇજા થવાથી ગોપીનાથ દવાખાનામાં મરણ પામ્યો અને ખાઇમને પોતાનો જમણો હાથ હતો તે ઉપીયોગમાંથી ગયો. વાંસનીવાડ આગળ ગલીમાં તે ઉભેલા હતા એમ જણાય છે. કેટલી ગોળીઓ મારવામાં આવી અને કોણે મારી તે સબંધીના પુરાવમાં ઘણો તફાવત છે. પરંતુ તેથી જે ઇજા થએલી છે. તે ઇજાના રૂપ ઉપરથી તથા તે જગોએ ગોળીના જે નીશાનો થએલાં છે તે ઉપરથી એમ માલુમ પડે છે કે એક કરતાં વધારે બંદુકો છોડવામાં આવેલી હતી. આ ગોળીઓ અકસ્માત માજીઓએ કરેલી તકરાર ઉપરથી છોડવામાં આવેલી એવો ખુલાસો આપવાને કેદીઓ તરફથી કોશીશ કરેલી છે. પરંતુ આ ખુલાસો કબુલ કરવાને કાંઇ કારણ નથી. તે બદુકો તે માજીઓને ઇજા કરવાને સારૂ તથા દેવીદાસની ટોળીને જીતવા સારૂ છોડવામાં આવી હતી એમાં કાંઇ શક રહી શકતો નથી. કેટલાક સાક્ષીઓએ કહેલું છે કે માજીઓને હાંકી કાહાડવા સારૂ કેટલાક સખસો કે જેમાં કેદી કાળી મંદીન હતો. તેમને બંદુકો છોડવા સારૂ હુકમ કરવામાં આવ્યો હતો. માટે ગમે તે ટોળીએ પેહેલી સરૂઆત કરી હોય પણ દરેક ટોળી સામી ટકર લેવાને સંપુર્ણ રીતે તઇયાર હતી એ ખુલું છે. અને દેવીદાસની ટોળી માજીઓ ઉપર પડી અને તે માજીઓ નાશી ગયા પછી તેઓના મકાનો લુંટી લીધાં તેપણ એક સરખા રીતે ખુલું છે. તે કેદીઓએ પોતાનો બચાવ કરવાનો કાયદેસર હક છે તેનો અમલ કરવામાં તેઓ વરતેલા છે એવુ બતાવવાને કાંઇ પૂરાવ નથી. માટે જે સખશ ત્યાં હાજર હતો એવું સાબેત થએલું હોય તે સખશ તે બખેડામાં રોકાએલો હતો. તેથી તે સાથે સબંધ રાખનાર ગુનહા વીશે તે ગુનહાનો જવાબદાર હતો. શેશન જડજને એમ લાગેલું છે કે માજીઓના સાક્ષીઓ ઉપર બરોબર ભરૂંસો રાખવો એ મુશકેલી છે. અને દરેક બાજુ તરફથી મુખ્યતવે કરીને શું કહેવામાં આવેલું છે તે ઉપરથી કેદીઓને ગુનેહગાર ઠરાવવાને તેમણે અસાધારણ ઉપાય કરેલા છે. કાયદો ગમે તે હોય (પુરાવ આકટની કલમ ૩૦) કે જેથી એક કેદીએ કરેલી કબુલત તેને પોતાને તથા બીજા કેદીને હરકત થાય તેવી હોય પણ તેથી તેનો વીચાર થઇ શકે તોપણ તે કેદીઓની હકીકતો લખી લેવામાં શેશન જડજે જે રીતી પસંદ કરેલી છે અને જે બાબત શેશન જડજે આ બાબત અમે કરેલી તપાસ ઉપરથી જવાબમાં ના કહી નથી તે રીતી પ્રમાણે સદરહુ કાયદાનો ભર અમલ કરતાં અમને અટકાવ થાય. સેશન જડજને કેદીઓની જયારે તપાસ કરવાની હતી ત્યારે દરેકની તપાસ કરતાં સુધી તેને કોરટ બહાર રાખવામાં આવ્યો હતો એમ જણાય છે. તેથી મુખ્ય કેદી

ચંદ્રનાથ સરકારની તપાસ બીજા કેદીઓની ગેર હાજરીમાં કરેલી હતી અને તેના લીધે તે બીજા કેદીઓને તેણે શું કહયું તેની ઇનકારીયત કરવાનો અગર જાણુવાનો પણ લાગ નહી હતો.અને તે પ્રમાણે તેમની ગેરહાજરીમાં કહેલી હકીકત ઉપરથી તેમને ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે, મુળ એવો નીયમ છે કે કોઇ સખશને તેની ગેરહાજરીમાં દોશવંત ઠરાવવો નહીં તેમ છતાં તે નીયમ વીરૂધ પ્રતક્ષ રીતે શેશન જડજે કરેલું છે. માટે એક કેદીએ બીજાની ગેરહાજરીમાં બીજાને હરકતકાર્ક જે હકીકત કહેલી હોય તે હકીકત તદન વીચારમાંથી છોડી દેવાને અમને ફરજ પડેલી છે. (પછી નામદાર સાહેબે પુરાવનો વીચાર કરી અપીલો કાહાડી નાંખી.)

અપીલ કાહાડી નાંખી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૬ એપ્રીલ સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ મોરીસ અને મી૦ જસ્ટીસ ટોટનહામ

સાહેબોની રૂબરૂ.

સખીના બીબીની અરજીની બાબતમાં

કેસરેહીંદ વીરૂધ ગીરીશચંદ્રનંદી.

જુઠવારો—પીનલકોડ—(સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૨૧૧—આરોપ સાબેત કરવાનો લાગ.

ઇજા કરવાના ઇરાદાથી જુઠો આરોપ રાખવામાં આવેલો તે બાબતની તપાસ થવા ઉપરથી એવું માલમ પડયું કે અશલ ફરીઆદ એક્ષ્ટ્રા આસીસ્ટંટ કમીશનરની કોરટમાં કરવામાં આવી હતી. અને મુખત્યાર પોલીસ અમલદારે સ્થાનીક તપાસ કરવી એવો હુકમ કરયો હતો. તે અમલદારે રીપોટ કરયો કે તે આરોપ જુઠો છે અને ભલામણ કરી કે તે કેદી ઉપર ફરીઆદ ચલાવવી જોઇએ. એક્સ્ટ્રા આશીસ્ટંટ કમીશનરે હુકમ કરયો કે તે કાગળો ડીપોટી કમીશનર તરફ મોકલવા અને તેમણે ફરીઆદ ચલાવવાનો હુકમ કરયો અને કેદીને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો.

ઠરાવવામાં આવ્યું કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર નથી. પોલીસનો રીપોટ આવવા ઉપરથી એકસ્ટરા અસીસ્ટંટ કમીશનરે તે કેદીને પોતાની ફરીઆદ સાબેત કરવાને લાગ આપવો જોઇતો હતો અને પછી તે ફરીઆદનો નીકાલ કરવો જોઇતો હતો.

પાનં અરજદાર તરફથી બાબુ જોયગોબીંદ સોમ.

કોરટનો ફેંસલો જસ્ટીશ મોરીશ સાહેબે નીચે પ્રમાણે આપેલોછે ને ઉપરથી આ કામની હકીકત યુક્ત રીતે જણાયછે.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે 'સખીના બીબીની તપાસ કરવા સારૂ કાંઇ કાયદેસર આધાર નહીં હતો ' એમ અમને જણાય છે. સખીનાબીબીએ કલમ ૩૫૪ તથા ૩૭૬ મી કલમ ૫૧૧ શાથે રાખતાં એકસ્ટ્રા આસીસ્ટંટ કમીશનરની કોરટમાં ફરીઆદ કરી હતી. તેણીને તપાસ્યા પછી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૬ પ્રમાણે મુખત્યાર પોલીશ અમલદારે સ્થાનીક તપાશ કરવી એવો હુકમ કરયો હતો. આ અમલદાર એક શબ ઇનસ્પેકટર હતો તેમણે રીપોટ કરેલો છે તેમાં એવો અભીપ્રાય બતાવેલો છે કે તે આરોપ જુઠો છે. અને જુઠી ફરીઆદ કરયા બાબત તે ફરીઆદી ઉપર કામ ચલાવવું જોઇએ.

આ ઉપરથી એકસ્ટરા આશીસ્ટંટ કમીશનરે નીચે પ્રમાણે હુકમ કરયોઃ—"તે કાગળો જુઠા છે એમ દાખલ કરવા અને ફરીઆદી ઉપર કલમ ૨૧૧ અને ૧૮૨ પ્રમાણે કામ ચલાવવા શબંધી યોગ્ય હુકમ થવા શારૂ તે કાગળો ડીપોટી કમીશનર તરફ મોકલવા". આ ઉપરથી ડીપોટી કમીશનરે તારીખ ૩ ડીસેંબરના રોજ એવો હુકમ કરયો કે ફરીયાદીની ચાલને લીધે તે ફરીઆદ અમારા વીચાર પ્રમાણે લક્ષમાં લેવી નહીં જોઇતી હતી. પરંતુ તે તજવીજ કરવામાં આવેલી છે. માટે જો જીલ્લાના પોલીશ સુપ્રીનટેનડેનટની મરજી હોય તો તે અરજદાર ઉપર ફરીયાદ માંડવાને અમે પરવાનગી આપીશું જીલ્લા પોલીશ સુપ્રીનટેંડેંટે એવી મરજી બતાવી કે ફરીઆદ માંડવી જોઇએ. આ ઉપરથી ડીપોટી કમીશનરે તા૦ ૨૦ ડીશંબરના રોજ તે ફરીઆદ માંડવાનો હુકમ કરયો.

શખીના બીબીએ કરેલી ફરીઆદનો યોગ્ય ઇનશાફ એકસ્ટ્રા આશીસ્ટંટ કમીશનરે કરેલો નથી એમ અમને ખુલ્લું જણાય છે. શબ ઇનસ્પેકટરના તે રીપોટ આવ્યો તે વખતે તેણીએ પોતાની મરજી બતાવી હોય તો તેની ફરીઆદમાં બતાવેલા શાક્ષીઓ રજુ કરવાને અગર પોતાની ફરીઆદની પુસ્ટીમાં તેણીની નજરમા આવે તેવો યોગ્ય પૂરાવ આપવાને લાગ આપવો જોઇતો હતો અને તે રીપોટના મજકુરની ખબર તેણીને કરવી જોઇતી હતી આ પ્રમાણે પુરાવ આપી તેણીને પોતાની ફરીયાદ શાબેત કરવાનો લાગ આપીને એકષ્ટરા આશીસ્ટંટ કમીશનરે તે કામનો નીકાલ કરવો જોઇતો હતો. આ રીતીએ તે બીલકુલ ચાલ્યા નથી. અને શખીનાબીબી પોતાની ફરીઆદની પુસ્ટીમાં પુરાવ આપવાને તઇયાર હતી સબબ અમારી નજરમાં આવે છે કે કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ માંડવાનો હુકમ કરવાને તે ડીપોટી કમીશનરને કાંઇ અખત્યાર નહીં હતો.

આ ઠરાવ સઇયદ નીસાર હુસેનની વીરૂધ રામ ગુલામશીંગ અને સરકાર વીરૂધ ફરીમદાદના કામમાં કરેલા તે ઠરાવો પ્રમાણે છે. વળી ડીપોટી કમીશનરે તે ફરીઆદ ચલાવવા બાબત પોતાનો વીરૂધ અભીપ્રાય આપેલો તે છતાં ફકત જીલા પોલીસ સુપ્રીનટેંન્ડેટની મરજીને માન્ય આપીને તે ફરીઆદ માંડવાનો હુકમ કરેલો છે તે બરોબર નથી. એમ અમને લાગેછે અને વળી તે પોલીસ સુપ્રીનટેંડેંટના તાબાના નોકર વીરૂધ તે ફરીયાદછે.

આશીસ્ટંટ કમીશનરે ફરીઆદીના સાક્ષીઓની તપાસની બાબતમાં જે ખુલાસો આપેલો છે તે સબંધી અમારે એટલું અવલોકન કરવાનુ છે કે પોલીશના સબ ઇનસ્પેકટરે અશલ ફરીઆદમાં તપાસ કરતી વખતે જયારે તેઓને તપાસ્યા અને પાછળથી બચાવ તરફથી સાક્ષીઓ તરીકે આ કામમાં તેમને તપાસવામાં આવ્યા તેથી તે કેદીને પોતાની અશલ ફરીઆદ સાચી છે તે સાબેત કરવાનો લાગ મળી શકતો નથી અને તેણીના ઉપર જુઠા આરોપ વીશે કાયદેસર રીતે ફરીઆદ ચલાવી શકાય તે પેહેલાં તેણીનો તે લાગ મળવાનો હક હતો.

સબબ કલમ ૨૧૧ પ્રમાણે જે પ્રોશીડીંગમાં સખીના બીબીને ગુનેહગાર ઠરાવેલી છે. તે પ્રોશીડીંગ અમે રદ કરીએ છીએ, અને ૧૮ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા તેણીને કરવામાં આવેલી છે. તે શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તેણીને છોડી દેવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૧ એપ્રીલ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જષ્ટીશ ટોટનહામ સાહેબોની રૂબરૂ.

ગોપાળ ધાનકની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વીરૂધ ગોપાળ ધાનક.

ગુનહો કબુલ કરવો—જુઠો આરોપ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૨૧૧—તકરાર લખવી—આરોપ સમજાવવો—ફો, કા, ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૨૭

એક અ ઉપર એવો આરોપ રાખવામાં આવેલો કે તેણે અવીચારી અને કશુર ભરેલા કૃત્યથી એક સખસનુ મોત કરેલું છે. તેથી તેણે કલમ ૩૦૪ અ પ્રમાણે શીક્ષીણીય મનુશવધ થાય નહીં તેવો ગુનહો કરે-

લો છે. એવો આરોપ કેદીએ તેને ઇજા કરવાના ઇરાદાથી જુઠો રાખેલો તે વીશેનુ તોહોમત પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાંણે રાખેલું તેથી કેદીએ તપાસ વખતે કહેલું છે કે મેં જે અશલ ફરીઆદ કરી હતી તે જુઠી હતી અને તે વીચાર વગર કરી હતી, શેશન જડજે તેનુ આ કહેવું ગુનહો કબુલ કરયાનુ છે એમ માન્યુ અને તેને સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૩૭ પ્રમાણે પ્રોશીડીંગમાં કેદીની તકરાર લખી લીધેલી જણાતી નથી તેમ તોહમત તે કેદીને વાંચી શંભળાવવામાં આવ્યુ હતું એમ પણ જણાતું નથી. અને જડજના વીચારમા આવેલું છે કે કલમ ૩૦૪ ઞ પ્રમાણેના ગુનહાનો જુઠો આરોપ તે અશલ ફરીઆદ ઉપરથી થતો નથી.

ઠરાવવામાં આવ્યું કે ગુનાહની શાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૯૬ આ કામમાં એક ઓપાળ ધાનકે પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે એક બેદવાને ઇજા કરવાના ઇરાદાથી જુઠું તોહોમત રાખેલું હતું એવો તેના ઉપર આરોપ રાખવામાં આવેલો છે. એવું જણાય છે કે કેદીએ પોલીસને એમ કહેલું કે બેદવાએ એક મનજારને મારયો તેથી તે મનજાર ત્યાર પછી થોડીકવારે તે મરી ગયો અને તે મરણ તે મારનારના પરીણામથી થએલુંછે. શેશન જડજની રૂબરૂ તપાસ ચાલતાં તે કેદીએ કહ્યુંછે કે અશલ ફરીઆદ પોલીસની રૂબરૂ જે કરી હતી તે જુઠી હતી અને તે મેં વીચાર કરયા વીના કરી હતી. તે ઉપરથી જડજે તેનું તે કહેવા ઉપરથી તેણે ગુન્હો કબુલ કરયો એમ માન્યું અને તે કેદીને આઠ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૭ પ્રમાણે કામના કાગળોમાં કેદીની તકરાર લખી લીધેલી જણાતી નથી. તેમ તે તોહોમત વાંચી શમજાવવામાં આવ્યું હતું, એમ પણ જણાતું નથી. અને શેશન જડજે ફેંસલો આપતાં કહયું છે કે અશલ ફરીઆદ જો કે દવેશ ભરેલી હતી તો પણ તેને શીક્ષપાત્રમનુષ્યવધનો આરોપ થાય એમ ભાગ્યેજ ગણી શકાય.

તે કેદીએ હાય કોરટમાં અપીલ કરી.

કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીસ મોરીસ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

ગુનાહની શાબેતીનો આ ઠરાવ બરોબર કાયદા પ્રમાણે નથી માટે તે રદ કરવો જોઇએ. સેશન જડજે કહયું છે કે કેદી આરોપવાળો ગુનોહ કબુલ કરે છે. માટે શી સીક્ષા કરવી જોઇએ તે ફકત સવાલ છે. કેદીએ જ્યારે ગુનોહ કબુલ કરયો છે ત્યારે ફોજદારી કામ ચલાવવાની રીતના કા

યદાની કલમ ૨૩૭ પ્રમાણે કેદીની તકરાર લખી લેવામાં આવેલી નથી. એમ પ્રોશીડીંગ ઉપરથી અમને માલમ પડે છે. જે હકીકત બનેલી અને કે દીએ તે કહેલી તેનો ફકત હેવાલ જડજે લખેલો છે એવું અમારા જોવા માં આવે છે. આ ઉપરથી તે આરોપ કેદીને વાંચી સંભળાવવામાં આ વ્યો હતો (કલમ ૨૩૭ જુઓ) એમ અમને માલુમ પડતું નથી. અને પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે ગુનોહ થવાને જે અગત્યની બાબત જોઇએ છીએ કે બીજાને ઇજા કરવાનો ઇરાદો હતો. તે તેણે કબુલ ક- રયું નથી. તે કેદીએ વીચાર વગર જુઠી ફરીયાદ આપેલી હતી. એમ ક હેવામાં આવેલું છે. આ ઉપરથી ગુનોહ કબુલ કરયો થતો નથી.

વળી તે જડજે તે કેદીએ ગુનોહ કબુલ કરયો છે એમ કહી તેથી કાં ઈ વીરૂધ એવું બતાવવાને તેઓ ગએલા છે. કે તોહોમતવાળા ગુનાહનો તે ગુનેહગાર નથી. કારણ કે તોહોમતનામામાં પીનલકોડની કલમ ૩૦૪ મ નો ગુનોહ બતાવેલો છે. પણ તેણે તે ગુનાહની ફરીઆદ કરી નથી.

સબબ તપાસ કરયા વીના તે કેદીને ગુનેહગાર ઠરાવ્યો છે તે જડ- જની ભુલ છે. માટે તે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અ મે રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે કેદીની તપાસ કાયદા પ્ર માણે કરવી. અને તેમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૫ માં બતાવેલી રીતી પ્રમાણે કામ ચલાવવું.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૬ એપ્રીલ સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ કનીંગહામ અને મી૦ જસ્ટીસ પ્રીનસેપ.

ગ્યાનચંદ્રરાય વીગેરે (અરજદારો) વીરૂધ પ્રતાપચંદરદાસ (સામાવાળા.)

જુઠો આરોપ—ફરીયાદ કાહાડી નાંખવી—પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ માંડવી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૧૪૪—૧૪૭—૪૬૮—૪૭૦ અને ૪૭૧

જ્યારે એકાદા સખસ ઉપર આરોપ રાખવામાં આવેલો હોય અને માજીસ્ટ્રેટ ફરીઆદીનું કહેવું સાંભળીને પણ તેના સાક્ષીઓને સાંભળ્યા શી વાય માજીસ્ટ્રેટ તે ફરીઆદ કાહાડી નાંખે અને ત્યાર પછી તોહોમતવાળા- ની અરજ ઉપરથી ફરીઆદી ઉપર જુઠા આરોપ બાબત ફરીઆદ માંડ વાને પરવાનગી આપેતો તે પ્રોશીડીંગ ગેર શીરસ્તે નથી. અને વળી મા-

જીસ્ટ્રેટ તે પ્રમાણે કરેતો તે વ્યાજબી છે. વળી કલમ ૪૭૦ પ્રમાણે જ્યારે મંજુરી આપવામાં આવેલી હોય ત્યારે જે પ્રોસીડીંગ ચલાવવાનું છે તેમાં અને કોરટ પોતાની ખાએસ ઉપરથી કલમ ૪૭૧ પ્રમાણે ફરીઆદ ચલાવે તેમાં ભેદ છે.

સઇઅદ તીસારહુસન વીરૂધ રામગુલામસીંગના ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

પાનુ ૨૦૮ આ કામમાં અરજદાર ગ્યાનચંદરાયે પોલીશમાં ફરીઆદ કરેલી તે વીશે તપાસ કરયા બાદ માજીસ્ત્રેટને એવો રીપોટ કરવામાં આવેલો કે તે જુઠી છે. પછી ફરીથી ગ્યનચંદર રાયે માજીસ્ત્રેટની રૂબરૂ તે ફરીઆદ કરી. અને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૬૪ પ્રમાણે માજીસ્ત્રેટે તેને તપાશી કલમ ૧૪૭ પ્રમાણેની ફરીઆદ કાહાડી નાંખી. ત્યાર પછી એક પખવાડીએ તોહોમતવાળા સખશે માજીસ્ત્રેટને અરજ કરી. અને તે ફરીઆદી ઉપર પોતાના ઉપર જુઠો આરોપ રાખ્યા બાબતની ફરીઆદ ચલાવવા સારૂ મંજુરી મેળવી તે ઉપરથી એક બીજા માજીસ્ત્રેટની રૂબરૂ તે કામ સરૂ થયું અને તેમણે તા૦ ૨૦ ડીસેંબરના રોજ અરજદારને સેશન કોરટમાં કમીટ કરયો. તે ઉપરથી અરજદારે હાયકોરટમાં તે ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ રદ કરાવવાને અરજ કરી. અને ફોજદારી ફરીઆદ ચલાવવાની મંજુરીનો હુકમ તથા તે પ્રમાણે ચાલેલું પ્રોશીડીંગ રદ કરવામાં આવ્યું. એવા કારણથી કે માજીસ્ત્રેટ તે ફરીઆદ કાહાડી નાંખવાને તથા તેજ ફરીઆદ સાબેત કરવાને જે સાક્ષીઓ આપવામાં આવેલા તે સાક્ષીઓ તપાસ્યા શીવાય તે ફરીઆદ ચલાવવાને મંજુરી આપવાને મુખત્યાર નહી હતા.

આ હુકમો શાવાસ્તે રદ કરવા નહી જોઇએ. તેનું કારણ બતાવવાને સામા પક્ષકાર ઉપર હુકમ કરવામાં આવ્યો.

તે હુકમની પુસ્ટીમાં મી. એમ. ગોઝ, મી૦ ઇવન્સ, બાબુ દુરગા મોહનદાસ અને બાબુલાલ મોહનદાસ.

એડવોકેટ જનરલ મી૦ પાલ, મી૦ બાનસન અને બાબુ બઇકુંઠના થહાસે કારણ બતાવ્યું.

કોરટના ફેંસલા નીચે પ્રમાણે આપવામાં આવ્યા:—

જસ્ટીશ કનીંગહામ સાહેબ:—આ કામમાં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે ફરીઆદ કાહાડી નાંખવાને માજીસ્ટ્રેટ લાયક છે કે નહી એ વીશે સવાલ ઉતપન થએલો છે. તથા તે કાયદાની કલમ ૪૬૮ પ્રમાણે ફરીઆદીનો પુરાવ સાંભળ્યા સીવાય ફરીઆદી ઉપર જુઠો આરોપ લાવ્યા વીસે ફરીઆદ ચલાવવાને મંજુરી આપવાની છે. માજીસ્ત્રે

કના વે પ્રોસીડીંગના કાયદેસરપણા વીશે વાંધો ઉઠાવવાને અમારી નજરેમાં કાંઇ સબબ આવતો નથી. કલમ ૧૪૭ પ્રમાણે ફરીઆદીને તપાસ્યાં પછી માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં એમ આવે કે કામ ચલાવવાને પુકત કારણ નથી. તો માજીસ્ટ્રેટને તે ફરીઆદ કાહાડી નાંખવાને અખ્તીઆર આપવામાં આવેલો છે. અને કલમ ૪૫૮ માં એવું કાંઇ નથી કે જેથી મંજુરી આપનાર કોરટને જેમ કમીટ કરનાર કોરટ કમીટ કરવાના કામમાં અગર કલમ ૪૭૧ પ્રમાણે તપાસ કરવાના કામમાં જેવી તજવીજ જરૂરે કરીને કરેછે તેવી કાંઇ તજવીજ કરવાને જરૂર હોય એમ જણાય આ બાબતમાં સઇઅદ નીસારહુસન વીરૂધ રામ ગુલામશીંગના કામમાં જે અભીપ્રાય બતાવવામાં આવેલો છે. તે અભીપ્રાય સાથે અમે મળી શકતા નથી. માટે તે અરજી નામંજુર કરવી જોઇએ.

જષ્ટીશ પ્રીનશેપ સાહેબ (સદરહુ કહેલી હકીકત કહ્યા પછી તેઓ સાહેબે કહ્યું છે કે):—આ કોરટના કેટલાક ઠરાવો મી. એમ. ઘોષે પોતાની તકરારમાં આધારો બતાવેલા છે. પરંતુ સઇઅદ નીસાર હુશન વીરૂધ રામગુલામસીંગના એક ઠરાવ શીવાય એકે ઠરાવ બરોબર આ બાબતને લાગુ નથી,

ફો૦ કા૦ અ૦ રીતીના કાયદાની કલમ ૪૭૦ પ્રમાણે મંજુરી આપવામાં આવે તેમાં અને કલમ ૪૭૧ પ્રમાણે કોરટ પોતાની ખાએસથી જે પ્રોશીડીંગ ચલાવે તેમાં ખુલી રીતનો ભેદ છે. અમારી રૂબરૂ હાલ જે કામ છે તે કલમ ૪૭૦ પ્રમાણેનું છે. અને તે કલમ અમુક ગુન્હાઓ જે કલમ ૪૬૭—૪૬૮—૪૬૯ માં બતાવવામાં આવેલા છે. તે વીશે મેળવેલી પરવાનગી પ્રમાણે ખાનગી ફરીઆદો ચલાવવામાં આવે છે તે સબંધી છે. ફરીઆદ ચલાવવાને મંજુરી આપવાં પહેલાં અસલ ફરીઆદ યોગ્ય રીતીએ પુરી થાય એવું પ્રોશીડીંગ થએલું જોઇએ પછી માહારાણી વીરૂધ મહમદ હુસન અને રાધાનાથ બાનરજી વીરૂધ કંગાળી મુલાના કામમાં બતાવ્યા પ્રમાણે કોરટમાં જે અરજી કરવામાં આવેલી છે તે અરજી કરવાને પાકુ કારણ છે કે નહીં અગર માહારાણી વીરૂધ બઇજુલાલના કામમાં બતાવ્યા પ્રમાણે શામાવાળા ઉપર જુલમ કરવા સારૂ તથા તેને ઈજા કરવા શારૂ અને જે કાંઇ બીજા કાયદેસર ઈલાજો કરવાને તેનો હક હોય તે કરતાં તેને અટકાવવા સારૂ ફકત તે અરજી કરવામાં આવી છે કે નહી તેનો કોરટે વીચાર કરવો જોઇએ. "દરેક કામમાં એકાદો પક્ષકાર પોતાની હકીકત સાબેત કરવાને નીશફળ જાય એટલે જે જડજે તે પક્ષકાર વીરૂધ ઠરાવ કરયો હોય તે પક્ષકારની બાબતમાં આ કલમથી જે અખત્યાર આપવામાં આવેલો છે. તે

વ્યાજથી રાહે દરેક કામમાં કોઈ રીતે વાપરી શકાતો નથી. જયાંસુધી કોઈ કામમાં કાંઇ શક રહી શકે તેવું હોય અગર દીવાની દાવામાં અપીલ થાય તો તે જડજનો ઠરાવ મંજુર થવોજ જોઇએ એમ સંપુરણ રીતે નકી ના હોય તો તે જડજ જે વખતે દીવાની દાવામાં પોતાનો ફેંસલો આપે એ વખતે આ કલમ પ્રમાણે તે આપેલો અખત્યાર વાપરે તો તે વીચાર સાથે વાપરવામાં આવ્યો એમ થતું નથી. માટે તે બરોબર નથી. તેનીજ સાથે દીવાની તપાસ ચાલતાંની દરમીઆનમાં જડજની રૂબરૂ ફોજદારી ગુન્હા વીશે ખુલો અને ભુલ ભરેલો પુરાવ હોય અને તે તપાસ પુરી થયા પછી જો તેમના વીચારમાં એમ આવે કે તે વીશે એકદમ કામ ચલાવવું જોઇએ. તો તે પ્રમાણે કરવું એ અલબત બરોબર છે. તોપણ જડજોએ મનમાં સમજવું જોઇએ કે જીતનાર પક્ષકારોને દીવાની દાવામાં થતી અપીલ ફકત અટકાવવાને સારૂ ફોજદારી ફરીઆદો માંડવાને વારંવાર સુચનાઓ થાય છે. માટે આવી સુચનાઓને એકાએક મદદ આપવામાં ના આવે તેવી તેઓએ સંભાળ રાખવી જોઇએ. વળી તેઓ જયારે કલમ ૪૭૧ પ્રમાણે કામ ચલાવે ત્યારે તેઓએ યાદ રાખવુ જોઇએ કે તે ફરીઆદ માંડવાની જવાબદારી તદન જડજના ઉપર છે કારણ કે કલમ ૪૬૮ પ્રમાણે ફકત મંજુરી આપવાથી ખાનગી સખસની ફરીઆદ ઉપરથી કામ ચલાવવામાં આવેલું હોય તેમાં અને આવી ફરીઆદના કામમાં ઘણી જુદી બાબત છે.” જે ઠરાવો અમારી રૂબરૂ બતાવવામાં આવ્યા છે એટલે માહારાણી વીરૂધ ગોર મોહનસીંગ, અસરફઅલી વીરૂધ કેસરેહીંદ, અને રસીકલાલ મલીકના કામોમાં ફકત પોલીસે રીપોટો કરેલા કે તપાસ ઉપરથી તે ફરીઆદો જુદી માલમ પડે છે. તે ઉપરથી ફરીઆદો ચલાવવાને હુકમ કરવામાં આવેલા હતા આ તમામ કામોમાં તથા થોડી મુદત ઉપર તા૦ ૯ ડીસેંબર સને ૧૮૮૦ ના રોજ કેસરેહીંદ વીરૂધ કરીમદાદના કામમાં ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબ તથા જસ્ટીશ ફીલ્ડ સાહેબે ઠરાવ કરેલો છે તેમાં કોરટે બતાવેલું છે કે ફરીઆદીની કહેલી હકીકત અગર તેણે આપેલા પુરાવનો વીચાર કરયા શીવાય ફકત પોલીસના રીપોર્ટ ઉપરથી કામ ચલાવવું એ બરાબર નથી. માહારાણી વીરૂધ હીરાલાલ ઘોઝ અને ગંગુસીંગના કામોમાં માજીસ્તરેટે ફરીઆદ તરફનો પુરાવ સાંભળવાને શરૂ કરેલો પણ તમામ સાક્ષીઓ જે આપવામાં આવેલા તે તેમણે સાંભળયા શીવાય સંક્ષેપ રીતે તે કામ બંધ કરયું. એવી રીતે કે જેથી ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૨૧૫ ના ત્રીજા ખુલાસાના હેતુ પ્રમાણે છોડી

દીધાનો હુકમ બરોબર નથી એમ થાય. હાલ અમારી રૂબરૂ જે કામ છે તેથી આ કામો ઘણાં જુદાં હતાં. કારણકે તેમાં તો ફરીઆદીને સાંભળીને માજીસ્ટ્રેટ તે ફરીઆદ કાહાડી નાંખવાને સંપુરણ રીતે મુખત્યાર હતા. અને તેથી પોતાની રૂબરૂનું પ્રોશીડીંગ છેવટ લાવેલા છે.

ગુલાબી તેલીના કામમાં માજીસ્ટ્રેટે કલમ ૧૪૭ પ્રમાણે કાહાડી નાંખવાનો હુકમ કરયા પછી જુઠી ફરીઆદ બાબત ફરીઆદ માંડવાને હુકમ કરેલો. પરંતુ તે કામમાં કલમ ૪૭૧ પ્રમાણે ચાલી તે ફરીઆદ દાખલ કરવાને હુકમ કરવા સારૂ પોતાને માથે રાખેલું હતું. માટે તે કલમના શબ્દો પ્રમાણે તે ફરીઆદ દાખલ કરવાનો હુકમ કરતાં પહેલાં આરંભની જેવી તજવીજ કરવાની જરૂર હોય તેવી તજવીજ કરવાને તે બંધાએલા હતા. માટે તેમાં કોરટે ઠરાવ્યું છે કે આવી ફરીઆદ માંડવાને કાંઈ કારણ નથી. એવું બતાવવાનો લાગ તે ફરીઆદીને આપવાને તેઓ બંધાએલા હતા. તોપણ આ કામ તે કામથી ઘણું જુદુ છે. કારણ કે આ કામમાં ફોજદારી ફરીઆદ માંડવાની જવાબદારી ખાનગી સખસે કબુલ કરેલી અને અસલ ફરીઆદ ઉપરથી ચાલેલું કામ રીતી પુરવક પુરૂં થએલું છે. અને માજીસ્ટ્રેટની રૂબરૂ જે હકીકત બની છે. તે ઉપરથી તેમને ખાતરી થએલી છે કે જે પરવાનગી માગવામાં આવેલી છે તે આપવી જોઈએ.

બીઓગી ભગતના કામમાં જસ્ટીશ જાકસન સાહેબે કાયદાનો જે વીચાર બતાવેલો છે તે સાથે અમે મળતા છીએ. તોપણ તે કામમાં કલમ ૧૪૭ પ્રમાણે કાહાડી નાંખ્યાનો હુકમ કરવામાં આવેલો છે તે બરોબર કરેલો નથી. કારણ કે ફરીઆદીને તપાસવામાં આવ્યો નથી. તેથી તે હુકમ રદ કરવામાં આવ્યો છે.

જો ફરીઆદીની નજરમાં યોગ્ય લાગે તો અમારી રૂબરૂના આ કામમાં તે કાહાડી નાંખવાનો હુકમ કરવામાં આવ્યો છે તોપણ તેની ફરીઆદની વધારે તજવીજ કરવા સારૂ હુકમ કરવાને કલમ ૨૯૮ પ્રમાણે તે નકી અરજ કરી શકે છે. પરંતુ તે પ્રમાણે કરવાને તેણે દુરસ્ત ધારયું નથી. તેમ છ અઠવાડીઆની મુદત વીતી ગઈ અને તેના વીરૂધ કામ ચલાવવામાં આવ્યું તેથી તેને જુઠી ફરીઆદ કરયા બાબત શેશન કમીટ કરવામાં આવ્યો ત્યાંસુધી તેણે પોતાની ફરીઆદની ફરી તપાસ કરાવવાને અગર પોતાના કોઈ સાક્ષીને તપાસરાવવાને કોઈ રીતે કાંઈ ઈલાજ કરવામાં આવ્યો નથી.

તે બાબતમાં તેણે કાંઈ ઈલાજ કરયો નથી તેથી આ કામ સઈયદ નીસારહુસન વીરૂધ રામગુલાંમસીંગના કામમાથી જુદુ છે એમ અમ

ને જણાયછે. પરંતુ જો તેમ ના હોય તો પણ તે કામમાં વીદવાન જડજે એ જ્યારે એમ કહેલું છે કે "આસીસ્ટંટ માજીસ્તરેટ અને માજીસ્ટ્રેટ પીનલકોડની ક૦ ૨૧૧ પ્રમાણે અરજદારને પોતે જે આરોપ રાખેલો હોય તે સાચો છે. એવું સાબેત કરવાને લાગ આપ્યા શીવાય મંજુરી આપે તો તે ખુલી રીતે કાયદા વીરૂધ છે" ત્યારે તે કામમાં ઠરાવેલા નીયમ સાથે અમે મળી શકતા નથી.

આ કારણોથી જે કામ ચલાવવામાં આવી ગએલું છે તેમાં કાંઇ ગેરકાયદે થએલું છે એમ અમારા જોવામાં આવી શકતું નથી. સબબ આ હુકમ રદ કરવા સાથે રદ કરવામાં અમે મળતા આવીએ છઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૩ જુન સને ૧૮૮૧

સર રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીશ અને જસ્ટીશ પ્રીનસેપ સાહેબોની રૂબરૂ.

રીઆશત અલી ઉર્ફે બાબુમીઆં ઉર્ફે બોદી મુંઝુમાંની અરજીની બાબતમાં

કેસરેહીંદ વીરૂધ રીઆશતઅલી ઉર્ફે બાબુમીઆં ઉર્ફે બોદી મુંઝુંમા.

જુઠો દસ્તાવેજ—જુઠો દસ્તાવેજ કરવાની કોશીશ—હીંદુસ્તાનના ફોજદારી કાયદા (સને ૧૮૬૦ નો આક્ટ ૪૫) ની કલમ ૪૬૫ અને ૫૧૧.

હીંદુસ્તાનના ફો૦ કા૦ ની કલમ ૫૧૧ પ્રમાણે ગુન્હો કરવાની કોશીશ બાબતનો આરોપ સાબેત થએલો હોય પણ તે ગુન્હો સાબેત થએલો ના હોય તો તે કોસીશ કરયા બાબત કોઈ સખસને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી.

કીમતી દસ્તાવેજ જુઠો બનાવવાની કોશીશ કરયા બાબત એક સખસ ઊપર આરોપ રાખવામાં આવેલો, તેને જયુરીએ તે જુઠો દસ્તાવેજ બનાવવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવ્યો. જયુરીએ પોતાના આ ઠરાવનો એવો ખુલાશો કરેલો છે કે "બંગાળા કોલ કંપની" જેવા પોહોચોના નમુના વાપરે છે તેવા પોહોચોના કેટલાક નમુના બાપ-

વાને તે કેદીએ હુકમ આપેલો હતો, અને તેમાં એક નમુનો તો છાપવામાં પણ આવેલો છે, અને તેનું પ્રૂફ પણ તેણે સુધારેલું છે અને તે છાપેલા નમુનામાં તે કેદીનો ઇરાદો એવો હતો કે જેથી તે જુઠો દસ્તાવેજ થાય, અને તેણે તે અપ્રમાંણીક રીતે અને કપટ કરવાના ઇરાદાથી કરેલું છે. તેથી શેશન જડજે જુઠો દસ્તાવેજ કરવાની કોશીશ કરયા બાબત હિં૦ ફો૦ કા૦ કલમ ૪૬૫ અને ૫૧૧મી પ્રમાણે એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તેમાં ઠરાવવામાં આવ્યું કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી, માટે તે રદ કરવો જોઇએ

પાનું ૩૫૨. આ કામમાં કેદી ઉપર હીં. ફો. કાયદાની કલમ ૪૧૭, ૪૧૯ પ્રમાણે ઠગાઈનો, અને તે કલમો પ્રમાણે ઠગવાને કલમ ૫૧૧ મી પ્રમાણે કોશીશ કરયા બાબત, કલમ ૧૦૯, ૧૧૬ અને ૪૬૫ મી પ્રમાણે જુઠો દસ્તાવેજ બનાવવામાં મદદ કરયા બાબત તથા કલમ ૪૬૭, ૪૬૮ અને ૫૧૧ મી પ્રમાણે ઠગવાના કારણસર કીમતી દસ્તાવેજ જુઠો બનાવવાની કોશીશ કરવાનો આરોપ રાખવામાં આવ્યો છે. કેદીએ તકરાર કરી છે કે હું ગુન્હેગાર નથી. પુરાવ ઉપરથી એમ જણાય છે કે જે આ પોહોચોના નમુના આગળ બંગાળા કોલ કંપની વાપરતા હતા, તેવા એકસો નમુના બરદવાનના છાપખાનામાં છાપવાનો હુકમ કરવામાં આવેલો હતો, અને આ નમુનાઓમાંનો એક નમુનો તેણે દુરસ્ત કરયો હતો, અને તે કંપની હાલ જેવો નમુનો વાપરે છે તેવો નમુનો કરવા સારૂં બીજા પ્રૂફમાં વધારે દુરસ્ત કરવાને તે સુચના કરતો હતો, તે વખતે તેને પોલીસે પકડયો. ફરીઆદ તરફથી એમ કેહેવામાં આવ્યું છે કે કેદી આ પોહોચોનો ઉપીયોગ કરી તે બંગાળા કોલ કંપનીની પોહોચો છે એ પ્રમાણે ઠગવાને સારૂ બતાવવાને ઇરાદો રાખતો હતો. શેશન જડજના વીચારમાં આવ્યું કે પેહેલા અને બીજા આરોપો બાબત કામ ચલાવવાને કાંઇ કારણ નથી. કેમકે બરદવાનના છાપખાનામાં છાપનારે નાણું લેઇને તે નમુના છાપવાને કબુલ કરયું હતુ., અને ઠગાઇ કરી તેવો કાંઈ પુરાવ નથી. તેથી આ બે આરોપો વીશે જ્યુરીને ફરમાવ્યું કે તે ગુન્હેગાર નથી એમ ઠરાવ કરવો જોઇએ. બીજા બે આરોપો બાબત જ્યુરીએ એકમત થઈ ઠરાવ્યું કે તે જુઠો દસ્તાવેજ બનાવવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર છે, પણ કીમતી દસ્તાવેજ જુઠો બનાવવાને કોશીશ કરયા બાબત તે ગુન્હેગાર નથી. અને જુઠો દસ્તાવેજ કરવામાં મદદ કરયાનો પણ તે ગુન્હેગાર નથી. જ્યારે જ્યુરીને તે કેદીને ગુન્હેગાર ઠરાવવાનો ખુલાસો પુછવામાં આવ્યો

ત્યારે જ્યુરીએ કહ્યું છે કે તે કેદીએ તે નમુના છાપવાને હુકમ આપેલો હતો. અને જો તે નમુનો ખરી રીતે છાપવામાં આવેલો છે અને તે પીનલકોડની કલમ ૨૯ પ્રમાણેનો દસ્તાવેજ નથી. તો પણ તેમાં કેદીનો એવો વધારો કરવાનો ઇરાદો હતો કે જેથી તે જુઠો દસ્તાવેજ થાય. અને તેણે આ બદદાનતથી અને કપટ કરવાના ઇરાદાથી કરેલું છે. તે કેદીને પીનલકોડની કલમ ૪૬૫ અને ૫૧૧ પ્રમાણે એક વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામા આવેલી છે. તેથી કેદીએ હાયકોરટમાં અપીલ કરી છે.

કેદી તરફથી મુનશી સીરાજુલ ઉસલામ.

સરકાર તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેસલો ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામમા કેદી ઉપર જુઠો દસ્તાવેજ બનાવવાની કોશીશ કરયા બાબત આરોપ રાખવામાં આવેલો છે અને એવી હકીકત સાબેત થએલી છે કે બંગાળા કોલકંપની આગળ પોહોચના જેવા નમુના વાપરતા હતા તેવા અકરો નમુના છાપવાને સારૂં બરદવાનના છાપખાનાને તેણે હુકમ આપ્યો હતો. અને તે નમુનાનું એક પ્રૂફ તેણે દુરસ્ત કરેલું છે, અને તે કંપની હાલ જેવો નમુનો વાપરે છે તેવો નમુનો થવા સારૂં બીજા પ્રૂફમાં વધારે દુરસ્ત કરવાને તે સુચના આપતો હતો તે વખતે તેને પોલીસ પકડયો. જ્યુરીએ તેને જુઠો દસ્તાવેજ બનાવ્યાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવ્યો. કારણ કે તે દસ્તાવેજ જુઠો થાય તે પ્રમાણે વધારો કરવાના ઈરાદાથી બદદાનતથી અને કપટ કરવાના ઇરાદાથી તેણે તે દસ્તાવેજ છપાવેલો છે.

ને કેદીએ ખરી રીતે જે કરેલું તે વીશે જ્યુરીનો ઠરાવ બરોબર છે એમ ધારીએ તો પણ સવાલ એ છે કે તેને જુઠો દસ્તાવેજ કરવાની કોશીશ કરયા બાબત કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવી શકાય છે કે નહીં. આ કામના કારણ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૩ અને ૪૬૪ માં જુઠા દસ્તાવેજની વાખ્યા છે તે બતાવવાની જે જરૂર છે તે નીચે પ્રમાણે છે:— કલમ ૪૬૩ માં કહ્યું છે કે "કોઈ સખસ જુઠો દસ્તાવેજ અગર દસ્તાવેજનો ભાગ કપટ કરવાના ઈરાદાથી કરે તેણે જુઠો દસ્તાવેજ કરયો થાય છે," અને કલમ ૪૬૪ માં કહેલું છે કે "એકાદો સખસ એકાદો દસ્તાવેજ અગર તેનો ભાગ બદદાનતથી કરે અગર તે ઉપર સહી કરે એવા ઇરાદાથી કે જે સખસે તે કરી આપેલો કહેવામાં છે તે સખસે તે કરી આપેલો નથી. અગર તે ઉપર શીક્કો અગર સહી કરી નથી, એમ જાણ્યા છતાં તે અમુક સખસે તેના અ-

ખ્યાલારથી તે કરી આપવામાં આવેલો છે અગર તે ઉપર સહી અગર શીક્કો કરેલો છે એમ મનાવવું, તો તેણે જુઠો દસ્તાવેજ કર્યો થાય છે.

આ કામમાં જ્યુરીના અભીપ્રાયમાં એવું આવ્યું નથી કે તે પોલ્હોઅનો નમુનો જુઠો દસ્તાવેજ છે. જો તેમ આવ્યું હોત તો તેઓ કેદીને જુઠા દસ્તાવેજનો ગુન્હેગાર ઠરાવત. અને તે કરવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવત નહીં. તેઓના વીચારમાં આવેલું છે અને અમને દીસે છે તે પ્રમાણે બરોબર આવ્યું છે કે બંગાળા કોલ કંપનીની સહી અગર શીક્કો તે ઉપર છે. એવો વધારો કરયા શીવાય તે છાપેલો નમુનો જુઠો દસ્તાવેજ થતો નથી. અમારા સમજવા પ્રમાણે તેઓનો વીચાર એવો જણાય છે કે એકાદો દસ્તાવેજ છાપવો અગર લખવો શરૂ કરવામાં આવે અને તે જ્યારે પુરો થાય ત્યારે જો તે ઠગવાના ઈરાદાથી કરેલો હોય તો તે જુઠો દસ્તાવેજ કરવાની કોશીશ થાય છે.

પરંતુ એવી સુચના કરવામાં આવી છે કે એક નમુનો છાપીને દુરસ્ત કરવામાં આવ્યો, અને તેમાં વધારો કરવાનો ઈરાદો રાખવાથી કલમ ૪૬૪ મીના હેતુ પ્રમાણે જુઠા દસ્તાવેજનો ભાગ થાય છે અને તેથી તે જુઠો દસ્તાવેજ બનાવ્યો થાય છે. જો આમ થાય તો એકાદો શબ્દ ગમે તેટલો નીરઅપરાધી હોય તો પણ તે શબ્દ એક કાગળના કડકા ઉપર છાપવામાં અગર લખવામાં આવે અને તેની સાથે એવો ઈરાદો રાખવામાં આવે કે તેમાં બીજા એવા શબ્દો વધારવા કે આખરે તે જુઠો દસ્તાવેજ થાય તો તે છાપેલો અગર લખેલો શબ્દ જુઠા દસ્તાવેજનો ભાગ થાય છે એમ અમને જણાય છે અમારા અભીપ્રાય પ્રમાણે કલમ ૪૬૪ નો તેવો હેતુ નથી. માટે અમારા વીચારમાં આવે છે કે તે કલમનો આવો અર્થ કરવાથી થાય એ શબ્દનો ખોટો વીચાર કર્યો થાય એટલુંજ નહી પણ તે કલમમાં એકાદા દસ્તાવેજનો ભાગ એવા શબ્દો છે તેનો પણ ખોટો અર્થ કર્યો થાય.

અમારા વીચારમાં આવે છે કે દસ્તાવેજ અગર તેનો ભાગ કરી આપવો તેનો અર્થ તે લખવો અગર છાપવો એમ થતો નથી. પરંતુ તે ઉપર સહી કરવી. અગર બીજી રીતે તે કરી આપવો એમ થાય છે કારણ કે કલદેશર જે શબ્દો વીશે આપણે એમ કહીએ છીએ કે એક દસ્તાવેજ અગર પ્રામેશરી નોટ કરી આપવી તેનો અર્થ એવો નથી કે તે દસ્તાવેજનો નમુનો લખવો પરંતુ તે દસ્તાવેજ અગર નોટ ઉપર શીક્કો અગર સહી કરવી તેવો થાય છે. કરી આપવો એવા શબ્દ તે કલમમાં વાપરેલા છે તે સહી કરવી, શીક્કો કરવો, અગર તે કરી આપવાનું કાંઈ નીશાન કરવું તેની સાથે વાપરવામાં આવેલા છે તે ઉપરથી સ્પષ્ટ જણાય

છે કે આ અર્થ સાચો છે. જે શબ્દો નીરઅપરાધી છે. તે લખવાથી જુઠો દસ્તાવેજ અગર તેનો ભાગ થતો નથી. પરંતુ કોઇ સખશનો શીકકો અગર સહી દસ્તાવેજ ઉપર અગર દસ્તાવેજના ભાગ ઉપર કરવામાં આવે અને તે કરનાર એમ જાણતો હોય કે તે શીકકો અગર સહી તે સખશની નથી અગર તે શખશના અખત્યારથી તે કરવામાં આવી નથી. તો તે જુઠો દસ્તાવેજ અગર તેનો ભાગ છે. બીજી રીતે કહીએ તો તે દસ્તાવેજ અગર તેના ભાગ ઉપર એકાદા સખશની સહી કરવામાં આવે અને ખરી રીતે તે સખસે સહી અગર શીકકો કરેલો ના હોય તો તે બાબતમાં જુઠાપણું છે.

વળી જ્યુરીનો ઠરાવ જોતાં કેદીએ જે કરેલું છે તેથી ફકત તઇયારી થાય છે કે તે ગુન્હો કરવાની કોશીશ થાય છે. એવો સવાલ છે એમ અમને જણાય છે.

મહારાણી વીરૂદ્ધ ચીજમેનના કામમાં લોર્ડ બ્લકબર્ન સાહેબે ગુન્હો કરવાની કોશીશની વાખ્યા કરેલી છે. તેઉ સાહેબે કહયું છે કેઃ—"એકાદો ગુન્હો થતાં પહેલાં જે તઇયારી થાય અને ખરી રીતે કોશીશ કરવામાં આવે તેમાં ભેદ છે એમાં કાંઈ શક નથી. પરંતુ જો ખરી રીતે અમુક કૃત્ય શરૂ કરવામાં આવ્યું હોય અને જો તેને હરકત ના થાય તો તેથી છેવટે ગુન્હો બનતો હોય તો તે ગુન્હો કરવાની કોશીશ કરી એમ થાય છે" અને મ્યાકફરસનના કામમાં ચીફજસ્ટીશ કોકબર્નસાહેબે કહયું છે કેઃ—કોશીશ એ શબ્દની સાથે એવો વીચાર રહેલો છે કે જો તે કોશીશ પાર પડી હોત તો જે ગુન્હા બાબત આરોપ રાખવામાં આવેલો છે તે ગુન્હો કરવામાં આવત તે કરવાને કોશીશ એવી જોઇએ કે જો તે પાર પડે તો આરોપવાળો અઘોર અપરાધ બનત" ગુન્હો કરવાની કોશીશ કરવાની આ વાખ્યા મજબુત અમને જણાય છે અને તે આ કામને લાગુ થાયછે માટે સવાલ એ છે કે કેદીએ જે કરેલું છે તેથી જુઠો દસ્તાવેજ બનાવવાને કોશીશ કરી થાય છે કે નહીં. અમારા અભીપ્રાય પ્રમાણે અમે કહી ચુકેલા છીએ કે તે છાપેલો નમુનો જુઠો દસ્તાવેજ નથી. અને તેથી તે જુઠો દસ્તાવેજ અગર તેનો ભાગ જ્યાં સુધી તેના ઉપર બંગાળા કોલકંપનીનો શીકકો અગર સહી એવી રીતે કરવામા આવી ના હોય કે જેથી તે કંપનીની સહી અગર શીકકો જણાય. ત્યાં સુધી કલમ ૪૬૪ ની વાખ્યા પ્રમાણે તે જુઠો દસ્તાવેજ અગર તેનો ભાગ થતો નથી. માટે જ્યાં સુધી તે છપેલા નમનાનુ રૂપ જુઠા દસ્તાવેજ તરીકે કરવામાં ના આવે ત્યાં સુધી તે કેદીએ જુઠો દસ્તાવેજ બનાવ્યાનો ગુન્હો કરયો એમ થતું નથી. અને તેજ કારણોથી અમારી નજરમાં

આવે છે કે તે નમુનામાંના એકાદા નમુનાને જુઠા દસ્તાવેજ તરીકે કરવાને તેણે જ્યાં સુધી કાંઇ કૃત્ય કરયું નથી ત્યાં સુધી જુઠો દસ્તાવેજ બનાવવાની કોશીશ તેણે કરી એમ થતું નથી. જેમકે તે છાપેલા નમુના ઉપર કંપનીનું નામ તે લખનો હોય અને તે લખતાં તેને પકડવામાં આવે અને તે પકડતાં તે નામનો એકજ દસકત લખવામાં આવેલો હોય તો અમારી નજરમાં આવે છે કે તે તોહોમતવાળા ગુન્હાનો ગુન્હેગાર થાય, કારણ કે લોર્ડ બ્લાકબર્ને જે શબ્દો વાપરયા છે. તે પ્રમાણે ખરી રીતે અમુક કૃત્ય શરૂ કરવામાં આવેલું હોય અને જો તેને હરકત ના થાય તો છેવટે ગુન્હો બને એવું હોવું જોઇએ. પરંતુ તેણે જે કરેલું છે તે ફકત ગુન્હો કરવાની તઈઆરી કરેલી છે, માટે તેણે એકાદી જગોમાંથી ચોરી કરવાના ઇરાદાથી જુઠી કુંચી બનાવી હોય અને તે ચોરી કરવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર થાય તે કરતાં જુઠો દસ્તાવેજ બનાવ્યાની કોશીશ કરયા બદલ તે વધારે ગુન્હેગાર થતો નથી.

શબબ અમારી નજરમાં આવે છે કે ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવો જોઈએ અને તે કેદીને છોડી દેવો જોઈએ. તે ગુન્હો પુરો કરતાં પેહેલાં તેને પકડવામાં આવ્યો તેથી તે પુરો કરતાં અટક્યો તેથી તે ઘણો નશીબદાર છે એમ તે ધારી શકે છે.

જસ્ટીશ પ્રીનસેપ સાહેબઃ— અપીલવાળાને જ્યુરીએ જે ઠરાવ તથા શીક્ષાનો હુકમ કરેલો છે તે રદ કરવાને અમે મળતા આવીએ છીએ કારણ કે અમારા અભીપ્રાય પ્રમાણે જ્યુરીને જે હકીકત માલમ પડેલી છે તેથી કોશીશ થતી નથી. પરંતુ ઘણામાં ઘણું ફકત જુઠો દસ્તાવેજ કરયાની તઇયારી કરી થાય છે. અને તે તૈયારીનો અમલ આગળ કરવામાં ના પણ આવે. ચીફ જસ્ટીશ સાહેબે ગુન્હો કર્યાની કોશીશની જે વાખ્યા બતાવી છે કે અમુક કૃત્ય શરૂ કરવામાં આવે અને જો તેને હરકત ના થાય તો છેવટે ગુન્હો બને તે સાથે અમે મળતા છીએ માટે કેદીને નીરદોશ ઠરાવી છોડી દેવો જોઇએ.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ
કરવામાં આવ્યો.

—•○•—

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ મે સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જષ્ટીશ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

દામોદર બીદ્યાધર, મોહાપતરાવ વીગેરે (અરજદારો) વીરૂદ્ધ સામાનંદ (સામાવાળો.)

સુલેહનો ભંગ— ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આક્ટ ૧૦) ની કલમ ૫૩૦—માજીસ્ટ્રેટે આરંભનું પ્રોસીડીંગ લખેલું નહીં.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણે માજીસ્ટ્રેટને વ્યાજબી રાહે હાથ ધાલવા સારૂં અમુક જમીન સબંધી તકરાર છે અને તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એટલે સુલેહનો ભંગ થસે એવી વ્યાજબી રાહની ધાસ્તી છે, અને તેથી તે અટકાવવાને તરત ઇલાજ કરવાની જરૂર છે એવી તેમને ખાતરી કરવાની જરૂર છે. અને કલમ ૫૩૦ મી પ્રમાણે જો કામ ચલાવવામાં ન આવે તો ફકત સુલેહનો ભંગ થવાનો સંભવ છે, એવી ખાતરી બસ નથી.

માજીસ્તરેટને હકુમત મળવા સારૂં પ્રથમ આરંભનું પ્રોશીડીંગ લખવાની જરૂર છે કે નહી આ એક શવાલ છે.

પાનું ૩૮૫ આ હુકમ ફો૦ કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૦ મી પ્રમાણેના પ્રોશીડીંગ ઉપરથી કરવામાં આવેલો છે. માજીસ્તરેટે સુલેહનો ભંગ થવાનો સંભવ થાય તેવી તકરારછે તેનાં કારણો બતાવી તે કલમ પ્રમાણે પ્રથમ તો તેમણે 'આરંભનું પ્રોશીડીંગ લખેલુ નથી. પરંતુ તેમણે પોતાના આખરના ફેંસલામાં તેમણે કહેલું છે કે તકરાર ચાલતી હતી અને તકરારી જમીન સબંધી ગયા પાચ માસથી બેઉ પક્ષકારોના વચમાં તકરારો ચાલતી હતી, માટે હકીકત પ્રમાણે સુલેહનો ભગ થાય તેમાં કાંઇ અસંભવીત નથી. માટે તેઉએ ઠરાવ્યું છે કે જ્યાંસુધી તકરારી જમીનનો કબજો રાજા સામાનંદ પાસેથી કાયદા પ્રમાણે છોડાવવામાં ના આવે ત્યાંસુધી તેમનો તે કબજો રાખવાનો હક છે. તેથી અરજદારોએ હાયકોરટમાંથી સામાવાળા ઉપર એવો હુકમ કરાવ્યો છે કે માજીસ્તરેટનો તે હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઇએ.

તે હુકમની પુષ્ટીમાં મી૦ બ્રાંનસન તથા બાબુ અંબીકાચરણબોસે,

મી૦ એમ. એમ. ગોશ અને બાબુ ઉમેશચરણ બોશે કારણ બતાવ્યું.

કોરટનો ફેંસલો જસ્ટીશ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અરજદાર અને સામાવાળાની વચમાં જેલપાઇ જમીન ૧૧૦૦ માનના કબજા સબંધી ગયા ફેબરૂઆરી માસની તા૦ ૧૪ ને રોજ બાલાશોરના ડીપુટી માજીસ્તરેટે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ

૫૩૦ મી પ્રમાણેના કામમાં શામાવાળાનો કબજો કાયમ રાખેલો છે. કામ ના કાગળો ઉપરથી સુલેહનો ભંગ થાય તેવી તકરાર છે એવી માજીસ્ટ્રેટને ખાત્રી થવાનાં કારણો બતાવવામાં આવેલાં હોય એવું આરંભનું પ્રોશીડીંગ લખવામાં આવેલું નથી. ઘણું કરીને આ કારણથી છેવટ સુનાવણી વખતે માજીસ્ટ્રેટની હુકમત વીશે હરકત લેવામાં આવી છે, અને તેમણે આ સવાલની વ્યવસ્થા પોતાના આખરી ફેંસલામાં કરી છે.

જે કારણોથી આ હુકમ મેળવવામાં આવેલો છે તેમાંનું એક કારણ એવું છે કે સદરહુ બતાવેલું પ્રોશીડીંગ માજીસ્ટ્રેટે લખેલું નથી, તેથી તમામ પ્રોશીડીંગ કાયદા વીરૂધ છે, માટે તે રદ કરવું જોઈએ. સામાવાળા તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે આખરના ફેંસલા ઉપરથી જણાય છે કે સુલેહનો ભંગ થાય તેવી તકરાર છે એવી માજીસ્ટ્રેટને ખાત્રી થએલી છે, માટે કલમ ૫૩૦ મીની બીજી રકમ પ્રમાણે ફક્ત આરંભનું પ્રોશીડીંગ લખવામાં આવેલું નથી તેથી તે મુદ્દાની રીતે ગેરસીરસ્તે નથી અને તેથી ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૨૮૩ પ્રમાણે નીચેની કોર્ટનું પ્રોશીડીંગ રદ કરવાનું કારણ બનતું નથી. બીજી બાજુ તરફથી એવી બોળી તકરાર કરવામાં આવી છે કે આ પ્રોશીડીંગ લખવું રહી ગએલું છે તેથી તમામ હકીકત પ્રમાણે એવી ભુલ થએલી છે કે કલમ ૨૮૩ મીનો ઠરાવ છતાં આ કોર્ટ વ્યાજબી રાહે તે પ્રોશીડીંગ રદ કરી શકે. શેખ ગંગલોવી. દુરગાનારાયણ નાગનો ઠરાવ અમારી રૂબરૂ બતાવવામાં આવેલો છે. તેથી જરૂર આ તકરારને પુષ્ટી થાય છે. પરંતુ ગોરમોહન મોજીવી. દુલભમોજીનો ઠરાવ તેથી વીરૂધ છે.

એક અગર બીજી તકરાર સાચી હોય કીંવા નહીં, પરંતુ નીચેની કોર્ટમાં જે આધારો બતાવવામાં આવેલા છે તે ઉપરથી અમને ખુલ્લુ જણાય છે કે જો માજીસ્ટ્રેટને એવી ખાત્રી થાય નહીં કે સુલેહનો ભંગ થાય તેવી તકરાર છે એટલે એવા સુલેહના ભંગની ધાસ્તી જોઇએ કે જેથી તે અટકાવવાને કા. ૫૩૦ પ્રમાણે તરત ઈલાજ કરવાની જરૂર પડે તો તે કલમ ૫૩૦ મી પ્રમાણે માજીસ્ટ્રેટને હકુમત મળી શકતી નથી. ઘણાક ઠરાવો બતાવવામાં આવ્યા છે.

આ બાબતમાં ડીપુટી માજીસ્ટ્રેટે પોતાના આખરના ફેંસલામાં જે અભીપ્રાય બતાવેલો છે તેનો વીચાર અમે કરેલો છે, અને તેથી અમારા અભીપ્રાયમાં આવે છે કલમ ૫૩૦ મી પ્રમાણે તેમને હકુમત મલવાને તે બસ નથી. તેમણે જે કહેલું છે તે અમને એવું કહેલું જણાય છે કે જો કલમ ૫૩૦ મી પ્રમાણે પ્રોશીડીંગ ચલાવવામાં ના આવે તો, સુલેહનો ભંગ થવાનો સંભવ છે. આટલો અભીપ્રાય થવાથી તેમને હકુમત મળતી નથી.

મબબ અમે તેમનો હુકમ રદ કરીએ છીએ અને આ હુકમ કાયમ રાખીએ છીએ.

——

ફોજદારી ફેરી તપાસ

તા. ૧ અગસ્ટ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ મોરીશ અને મી૦ જસ્ટીશ તોટનહામ સાહેબોની રૂબરૂ

પુનાચરણપાલની બાબતમાં

ફરીઆદ ચલાવવાની મંજુરી—પ્રેસીડેનસી માજીસ્ત્રેટ આકટ (સને ૧૮૭૭ ના આકટ ૪) ની કલમ ૪૧, ૪૨, અને ૧૫૮—જનરલ અને ખાસ મંજુરી—છોડી દેવાનો હુકમ—હાયકોરટની નીચેનાની—ચાર્ટર આકટ (૨૪ અને ૨૫ વીકની બાબ ૧૦૪) ની કલમ ૧૫.

પ્રેસીડેનસી માજીસ્ત્રેટે છોડી દીધાનો હુકમ કરેલો હોય—તે હુકમ રદ કરવાને સારૂ જ્યારે માગવામાં આવેલું હોય ત્યારે ફકત જે રીતી પ્રમાણે ચાલવાનું છે તે રીતી સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૧૫૮ મીમાં ઠરાવવામાં આવેલી છે, અને તે કલમ પ્રમાણે જે ફરીઆદી ખાંનગી સખસ હોય છે તેને અપીલ કરવાનો હકક આપવામાં આવેલો નથી, માટે તેને જો અપીલ કરવાનો હકક હોત અને હાયકોરટ તરફથી જે તે મેળવી શકત તે કોરટના અશાધારણ અખત્યાર પ્રમાણે ચાર્ટરની કલમ ૧૫ મી પ્રમાણે હાયકોરટની મદદ માગી મેળવી શકતો નથી.

પાનું ૪૪૭ સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૪૧ અને ૪૨ ના ઠરાવો પ્રમાણે તા૦ ૨ મેએ સને ૧૮૮૧ ના રોજના પૂના ચરણપાલે મી૦ જસ્ટીશ બ્રાઉટન સાહેબ પાસેથી એવી મંજુરી મેળવી કે તે દવારકાં મોહનદાસ અને તેના ગુમાસ્તા અનંતો હરીપાળના ઉપર તે ફરીઆદ ચલાવી શકે છે. એવા કારણથી કે દવારકાં મોહનદાસ વીરૂધ પુના ચરણપાલના દાવામાં દવારકાં મોહનદાસે બે દસ્તાવેજો કરારો છે એમ કહી પુરાવમાં પોતાની તરફથી વાપરેલા છે. અને તે દસ્તાવેજો મી૦ જસ્ટીશ બ્રાઉટન સાહેબે ખરા નથી એમ ઠરાવેલું છે અને સદરહુ અનંતો હરીપાલે દાવાની અરજી ઉપર પ્રતિજ્ઞા કરવાને પરવાનગી મળવા અરજી કરેલી તેની પુષ્ટીમાં જુઠા આફીડેવીટ ફાઈલ કરેલાં છે. પોલીસ કોરટમાં ફરીઆદ ચાલતી વખતે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૭૧—૧૯૩ અને ૨૦૯ પ્રમાણે બેઉ તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવેલા છે. સમન્સો કાઢવામાં આ-

જ્યાં અને પક્ષકારો હાજર થયા પછી માજીસ્તરેટે એવી હરકત લીધી કે પ્રેશીડેનશી માજીસ્તરેટ આકટની કલમ ૪૧ પ્રમાણે જે બાબતમાં મંજુરીની જરૂર છે તે બાબતની તપાસ થઇ શકતી નથી. અને જે મંજુરી મેળવવામાં આવી છે તે મરીયાદા બાહેર છે માટે તેમણે એવું ઠરાવ્યું છે કે કલમ ૧૯૩ અને ૨૦૯ પ્રમાણે ફરીયાદ સાંભળી શકાતી નથી. પરંતુ કલમ ૪૭૧ પ્રમાણેના આરોપ વીશે ફરીયાદ ચાલી શકે છે. તે દાવાની તપાસ વખતે તોહોમતવાળાએ કપટથી જુઠો દાવો કરી જુઠો પુરાવ આપ્યો તે સાબેત કરવાનો હકક ફરીયાદીએ છોડી દેવાનું કબુલ કરયું નહીં તેથી માજીસ્ટરેટે હુકમ કરયો કે તોહોમતવાળાને છોડી દેવો અને ફરીયાદીના રૂ. ૫૦ દંડ કરયા અને કંપનસેશન તરીકે દરેક તોહોમતવાળાને અપાવ્યા.

ફરીયાદી તરફથી મી. લીએ અરજ કરી કે માજીસ્તરેટ ઉપર એવો હુકમ મેળવ્યો કે તે દંડ શા વાસ્તે માફ કરવો નહીં જોઇએ અને પ્રેશીડેન્શી માજીસ્તરેટ આકટની કલમ ૪૧ અને ૪૨ પ્રમાણે ફરીઆદ ચલાવવાને તે મંજુરી શા વાસ્તે કબુલ કરવી નહીં જોઇએ. અને ફરીઆદી તથા તેના સાહેદીઓનો પુરાવ તમણે શા વાસ્તે લખી લેવો નહીં જોઇએ તેનું કારણ બતાવવું.

તોહોમતવાળા તરફથી મી૦ જાકશને અરજ કરી ફરીઆદી ઉપર એવો હુકમ મેળવ્યો કે તોહોમતવાળાને શા વાસ્તે નહીં સાંભળવા તેનું કારણ બતાવવું અને કોર્ટે હુકમ કરયો કે આ બેઉ હુકમો એકજ તારીખે રજુ કરવા.

આ હુકમોની સુનાવણી વખતે મી૦ લીએ તકરાર કરી કે તોહોમતવાળાને આ કામમા હાજર થઇ તકરાર કરવાનો હકક નથી અને આ હુકમની તકરાર વખતે હકકથી હાજર થવાને તેનો દાવો નથી. કારણ કે માજીસ્ટ્રેટના ઠરાવ ઉપર આ કાંઇ અપીલ નથી. પરંતુ ચારટરની કલમ ૧૫ પ્રમાણે નીગેબાનીનો સામાન્ય અખત્યાર હાયકોર્ટને વાપરવાનો છે તે પ્રમાણેની આ અરજી છે. અને કંપનસેશન તરીકે તેને રૂ ૫૦ અપાવવામાં આવેલા છે તે પાછા આપવાને તોહોમતવાળાને ફરજ પાડવા સારૂ કોર્ટને અખત્યાર નથી. માટે આ વખતે બચાવ કરવાને હાજર થવાને તેનો હકક થતો નથી. (મી૦ બોનરજી માજીસ્ટ્રેટ અને સરકાર તરફથી હાજર થયા અને કોર્ટને જાહેર કરયું કે તોહોમતવાળાને સાંભળવામાં આવે તેમાં તેમની કાંઇ હરકત નથી. તેપર કોરટે ઠરાવ્યું કે તોહોમતવાળા હાજર છે અને તેની તરફનો બોલવાનો લાભ છે માટે તેનો હાજર થવાનો હકક છે.)

માજીસ્ટ્રેટ અને સરકાર તરફથી મી૦ બોનરજીએ તે હુકમ વીરૂધ કારણ બતાવ્યું અને તકરાર કરી કે આ અરજી અપીલના પ્રકારની છે અને તે પ્રમાણે છે તો અરજદારને હાજર થવાનો હક નથી. કારણ કે નીરદોશના ઠરાવ ઉપર પ્રેસીડેન્શી માજીસ્ટ્રેટ આકટની કલમ ૧૬૮ માં ઠરાવ્યા પ્રમાણે ફકત સ્થાનીક સરકાર અપીલો દાખલ કરી શકે છે. તે માજીસ્ટ્રેટે કાયદેસર કરેલું નથી. કારણ કે ફરીયાદ ચલાવવાને જે મંજુરી આપવામાં આવેલી છે તે મર્યાદા સાથે છે અને મોઘમ નથી અને મંજુરીમાં જે ગુનહાઓ ખાસ રીતે બતાવવામાં આવેલા નથી. તે ગુનહાની ફરીઆદ સાંભળવાને માજીસ્તરેટને હકુમત નથી. માટે ફરીઆદ તરફથી આ અરજી કરવાનો હક નથી. ફો, કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૭ મી એવી બોહોળી નથી કે જેથી હાયકોરટ તે સાંભળી શકે. કેશરેહીંદ વીરૂધ ગ્યાસપર. (જસ્ટીશ મોરીશ સાહેબઃ—કલમ ૧૪૭ મી ધનમાફને ઉતેજન આપનારી છે.) આ કોરટનો અખત્યાર પ્રેસીડેન્શી માજીસ્તરેટ આકટથી કમી કરવામાં આવેલો છે.

તોહોમતવાળા તરફથી મી૦ જાકસન (તેમની સાથે મી૦ ગોઝ અને મી૦ ટ્રીવીલીયન) કલમ ૧૪૭ પ્રમાણે હુકમ રદ કરવાનો જો હક હોય તો તે હક જો સરકારનો છે તેવોજ સારવજનીક છે પણ જો તેમ હોય તો સરકાર જે અપીલ કરે તે શીવાય નીરદોશના ઠરાવ ઉપર અપીલ ચાલશે નહીં એવો ઠરાવ કાયદા કરનાર શીરીતે કરી શકે કેશરેહીંદ વીરૂધ મીયાજી આમદ જે સખશોને અપીલ કરવાનો હક નથી તે સખસો શું ફરી તપાસની રીતીએ કોરટમાં આવી શકે છે, કલકતા કોરપોરેસન વીરૂધ બીનકરામ નપીતના કામમાં ઠરાવ્યું છે કે કલમ ૧૪૭ મી ફકત ગુનહાની સાબેતીના ઠરાવ કે જેથી તોહોમતવાળાઓ નારાજી થએલા હોય તેને લાગુ થાય છે. તે કલમ પ્રમાણે ફરીઆદીઓ આવી શકતા નથી, તેમ જયારે અપીલ નથી ત્યારે ચારટરની કલમ ૧૫ પ્રમાણે કોરટ પોતાનો અસાધારણ અખ્તીઆર વાપરતાં નથી, રાજકુમારસીંગ વીરૂધ દીનાનાથ ગતક બાલજી શીતારામના કામમાં યોગ્ય રીતની મંજુરીમાં શું જોઇએ તે બતાવેલું છે. જે અરજી ઉપરથી તે હુકમ મેળવવામા આવેલો છે તે ચોકશ નથી. અને જે સખસે તે ઉપર સહી કરેલી છે. તે પોલીશ કોરટમાં હાજર હતો એમ જણાતુ નથી નીચેના કામો ઉપરથી જણાય છે કે જયારે કોરટમાં અગત્યની હકીકત બતાવવામાં આવેલી ના હોય ત્યારે તે હકીકતના આધારથી કરેલી કાંઇ પણ અરજી કોરટે હમેશાં નામંજુર કરેલી છેઃ—ધી આટરની જનરલ વીરૂધ, લીવરપુલના મીયર, વીરસન વીરૂધ અલેકઝેન્ડર, સોંબનારાય ગોઝ વીરૂધ અલોધરદાસ દંડ પાછો આપવા-

ના સવાલ બાબત કોરટને આવો હુકમ કરવાને અખ્તીઆર નથી મહારાણી વીરૂધ હાજી જીબન બખસ,

તે હુકમની પૂષ્ટીમાં મી૦ લી:—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે તે અરજી થઇ શકતી નથી એવું ધારીએ તોપણ ચારટરની કલમ ૧૫ પ્રમાણે કોરટને તેમાં હાથ ઘાલવાનો અખ્તીયાર છે તે અરજી અપીલ તરીકે કરવામાં આવી નથી, કારણ કે કાંઇ તપાસ કરવામાં આવી નથી અને કલમ ૧૯૮ મી નીરદોશના ઠરાવ, કહાડી નાંખ્યાના, અગર છોડી દીધાનો હુકમ કાંઇ તપાસ કરયા પછી કરવામાં આવે છે તે સબંધી છે, પહેલાં બે આરોપો વીશે પુરાવ લેવાની માજીસ્તરેટે ના પાડી છે અને હાયકોરટે જે મંજુરી આપેલી તે ફકત મરીઆદા સાથેની છે એવો તેમણે ખોટો અરથ કરેલો છે તેથી તેમણે પોતાની ફરજ બજાવવાને ના પાડી છે વળી કંપન શેશનનો ઠરાવ કાયદા વીરૂધ છે, પ્રેસીડેનશી માજીસ્તરેટ આકટના કલમ ૨૪૨ માં ઠરાવ્યુ છે કે જો ફરીઆદ કરવાને પૂકત કારણ નથી એમ જણાતું હોય તો કંપન શેશન તરીકે રૂ ૫૦) સુધીની રકમ અપાવવી જોઇએ. પરંતુ કોરટે જે મંજુરી આપેલી છે ને પુકત કારણ છે એમ માનવું જોઇએ તેમ જયાં સુધી માજીસ્તરેટે કામ અગર તેના જોઇતા ભાગની તપાસ કરી ફરીયાદીને ફરીયાદ કરવાનુ પકું કારણ નથી એવું તે ઠરાવી શકે નહીં ત્યાં સુધી માજીસ્તરેટને દંડ કરવાનો અખ્તીઆર નથી, હાયકોરટને હાથ ઘાલવાની હકુમત સબંધી ચંદરકુમારરાય વીરૂધ એમેશચંદર મોજુમદારનો ઠરાવ જુઓ.

કોરટનો ફેસલો જસ્ટીશ મોરીશ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અરજદારે જે બે સખસોના ઉપર ફરીઆદ કરેલી તે બે સખસોને અમુક કંપન શેશન અપાવવામાં આવેલું તે માફ કરવાને તથા પ્રેશીડેનશી માજીસ્ટરેટે છોડી દીધાના હુકમ કરેલો તે રદ કરવાને અને હાયકોરટની અસલ બાજુમાં એક દીવાની દાવામાં તે અરજદાર પ્રતીવાદી હતો અને જે સખસો ઉપર ફરીઆદ કરવામાં આવેલી તે સખસો વાદી હતા. તેમાં મી૦ જષ્ટીશ બ્રાઉટન સાહેબે ફેસલો આપ્યા પછી ફરીઆદ ચલાવવાની મજુરીનો હુકમ કરેલો છે તે હુકમનો જે અર્થ કરવો જોઇએ તે કરવામાં આવ્યો નથી. માટે તે અર્થ પ્રમાણે કામની તપાસ ચલાવવાનો હુકમ કરવાને ચારટર આકટની કલમ ૧૫ પ્રમાણે નીગેબાનીનો અમારો અખ્તીયાર વાપરવાને અમારી પાસે માગવામાં આવેલું છે.

જે ઇલાજ કરવામાં આવેલો છે તે ઇલાજની પુષ્ટીમાં વીદવાન સ્ટાંડીંગ કાનસલને સાંભળ્યા પછી તથા પ્રેશીડેનશી માજીસ્તરેટે હુકમ કરેલો

અને તે કામની વધારે તપાસ ચલાવવાનો હુકમ કરવાથી જે સખસોને હરકત થાય તે સખસોની તરફથી મી૦ જાકશન હાજર થએલા છે. અને તેમને તકરાર અમને જાહેર કરવાને પરવાનગી આપેલી હતી અને જવાબમાં મી૦ લીએ જે તકરારો અમને જાહેર કરેલી છે તેનો વીચાર કર્યા પછી અમારા અભીપ્રાયમાં આવે છે કે આ બાબતમાં ચારટર આકટ પ્રમાણે નીગેબાનીનો અખ્તીયાર યોગ્ય રીતે અમે વાપરી શકતા નથી. માટે તે અરજી નામંજુર કરવી જોઇએ.

પ્રેશીડેન્શી માજીસ્તરેઠ આકટની કલમ ૧૯૧ માં પ્રેશીડેન્શી માજીસ્તરેટે છોડી દીધાનો હુકમ કરેલો હોય અને તે રદ કરવાને માગેલું હોય તો કેવી રીતે ચાલવું જોઇએ તે બતાવેલું છે. અને ફકત તે રીતી પ્રમાણે તે હુકમની બાબતમાં ચલવાનુ છે. ફકત સરકારને અપીલ કરવાનો હક છે, અને ચારટર આકટની કલમ ૧૫ પ્રમાણે કોરટની મદદ માગવાને અરજી કરી સરકાર અને ખાનગી સખસો બેઉ જો તે હેતુ મેળવી શકે તો અમારી રૂબરૂ તકરાર કરવામાં આવી છે તે પ્રમાણે કાયદા કરનારાઓએ સરકારના લાભમાં કાંઇ આવો ખાસ અપવાદ કરેલો નહીં હોત એ ખુલું છે.

પ્રેશીડેનશી માજીસ્તરેટ આકટની કલમ ૧૬૮ મી જે કામોમાં તપાસ થએલી હોય તે કામો શબંધી છે. અને આવું કામ કે જેમાં તપાસની શરૂઆતમાં જે પ્રોશીડીંગ ચાલતુ હોય તે દરમીયાનમાં છોડી દીધાનો હુકમ કરેલો હોય તે કામને લાગુ થતી નથી. એવી મી૦ લી. તકરાર કરે છે. વળી મી૦ લીએ એવી હકીકત બતાવી છે કે તપાસ કરવાને ઠરાવેલા દીવશે બેઉ પક્ષકારો કોરટની રૂબરૂ હતા. પણ ફરીઆદી અને તેના સાક્ષીઓની તપાસ કરવામાં આવી નથી. તે એવા કારણથી કે મી૦ જષ્ટીશ પ્રાઇટને તે મંજુરીનો જે વીચાર કરેલોછે તે વીચાર પ્રમાણે સમન્સમાં બતાવેલા તમામ આરોપો વીશે કામ ચલાવવા દેવાને પ્રેશીડેનશી માજીસ્તરેટે ના કહેલી હતી.

આ હરકત પ્રથમ પ્રેશીડેનસી માજીસ્ટ્રેટે પોતે ઉઠાવેલી છે તોપણ તોહોમતવાળાના કોનશલ મી૦ ગોજે તે હરકત લીધેલી છે. અને આ પ્રમાણે છે તો સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૧૧૯ મીના ઠરાવ ઉપર લક્ષ આપતાં અમને એમ દીસે છે કે તે આકટમાં જે હેતુથી "તપાસી' શબ્દ વાપરવામાં આવેલો છે તે હેતુથી તે તપાસ શીરૂ કરવામાં આવેલી હતી. આ હરકત ઉપરથી અમારા સમજવામાં આવે છે કે તોહોમતવાળાએ એવું કારણ બતાવવું જોઇએ કે તેમને શા વાસ્તે ગુનેહગાર ઠરાવવા નહીં, અને તેમની હરકત ચાલે તેવી હતી તેથી તેમને છોડી

દેવાનો હુકમ કરવામાં આવ્યો.

વળી તે હુકમ રદ જે ખરી રીતે ફરીયાદીનો દંડ કરવાનો થાયછે અને જેથી તોહોમતવાળાને કંપનશેશન અપાવવામાં આવેલું છે તે હુકમ રદ કરવાની બાબતમાં અમારી નજરમાં આવે છે કે અમે તે બાબતમાં હાથ ઘાલવાને અખત્યાર વીનાના છીએ. કંપનસેશન અપાવવાની બાબત તે તદન પ્રેશીડેનસી માજીસ્ટ્રેટના કુલ અખત્યારની છે અને તે કામની જે હકીકત કહેવામાં આવી છે તે ઉપરથી અમે એમ કહી શકતા નથી કે તે કુલ અખત્યાર ગેરવ્યાજબી અગર અઘટીત રીતે વાપરવામાં આવ્યો છે, કોરટની રૂબરૂ બે જુદી જુદી વખતે તોહોમતવાળાને રજુ કરવાથી નકી તેને ઘણો હેરાન કરવામાં આવેલો છે, અને એક વખતે ફરીયાદીએ પોતાની તરફથી કામ ચલાવવાને યોગ્ય ધારેલું નથી. છેવટની વખતે એટલે તા૦ ૯ જુલાઇના રોજ જસ્ટીસ પ્રાઉટને આપેલી મંજુરી મરયાદા સાથેની છે એવો વીચાર તે માજીસ્ટ્રેટે કરયો તોપણ તોહોમતવાળા વીરૂધ પુરાવ ગુજારવાને ફરીયાદીને અટકાવ થાય તેવું કાંઇ નહીં હતું.

ફરીયાદીના કોનશલે કબુલ કરયું છે કે મેં તે કામ ચલાવવાને ના કહી હતી એવી ઉમેદથી કે મી૦ જસ્ટીસ પ્રાઉટનને પુછી તેમણે કેવા પ્રકારની મંજુરી આપેલી છે તે બાબતનો અભીપ્રાય હું લાવી શકુ તેટલી મુદત કામ માજીસ્ટ્રેટ બંધ રાખવાની પરવાનગી આપશે તે તપાસ બંધ રાખવાને ના પાડી છે તે માજીસ્ટ્રેટે તદન પોતાના હક પ્રમાણે કરેલું છે, માટે તેમનો છોડી દીધાનો હુકમ કાયદા પ્રમાણેછે એમ અમને દીસેછે.

જો અરજદારને આગળ કામ ચલાવવાની સલાહ મળેતો, આ હુકમથી તેમ કરવાને કાંઇ હરકત નથી. માટે તેથી ચારટર આકટની કલમ ૧૫ મી પ્રમાણે આ કોરટને હાથ ઘાલવાની જરૂર નથી.

સબબ અરજી કાહાડી નાંખવામાં આવી અને હુકમ રદ કરવામાં આવ્યો. હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ જુલાઇ સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ મોરીસ તથા મી૦ જસ્ટીસ તોટનહામ સાહેબોની રૂબરૂ.

ખમીરની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વી૦ ખમીર.

પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫)ની કલમ ૧૧૪, ૩૭૨

૪૭૯,૪૯૮. માજીસ્તરેટે છોડી દીધાનો હુકમ કરવો—શેશન જડજનો કમીટ કરવાનો હુકમ—આવા કમીટ કરયાના હુકમ વીરૂધ કારણ બતાવવાને તો-હોમતવાળાને કહેવામાં આવેલું નહીં—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આક્ટ ૧૦)ની કલમ ૨૯૬, ૨૮૩

પાનું ૬૬૨ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે આવા કમીટ કરવાના હુકમ વીરૂધ કારણ બતાવવાને પ્રથમ લાગ આપ્યા વીના ડીપુટી માજીસ્તરેટે છોડી દીધેલા સખસને કમીટ કરવાનો હુકમ કરવાને શેશન કોરટને કાંઇ અખત્યાર નથી.

પણ સને ૧૮૭૪ ના આકટ ૧૧ માથી કલમ ૨૬૯ મી દુરસ્ત કરવામાં આવી છે તે પ્રમાણે જે ગુનાઓમાં તે કોરટની નજરમાં એવું આવે કે કમીટ કરવાનો હુકમ કરવો જોઇએ તે ગુનાહની તપાસ કરવાને તાબાની કોરટને હુકમ કરવાને કોરટને અખત્યાર છે.

પરંતુ જ્યારે શેશન જડજે કમીટ કરવાના હુકમથી તપાસ યોગ્ય રીતે કરેલી હોય અને સેશન જડજની ભુલથી કાંઇ ખરી રીતે ગેરઇનસાફ થએલો ના હોયતો, તેમનો ફેંસલો ફેરવવાને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩ પ્રમાણે કાંઇ હરકત થતી નથી.

પાનુ ૬૬૨ ડીપુટી માજીસ્તરેટ (બીજા વરગના) ની રૂબરૂ તોહોમતવાળા ઉપર પીનલકોડની કલમ ૪૯૮ મી પ્રમાણે એક પરણેલી સ્ત્રીને સાપરાધ ઇરાદાથી ફોસલાવી લેઇ જવાનો, અથવા લેઇ જવાનો અથવા તેણીને અટકાવવાનો આરોપ રાખવામાં આવેલો હતો. પરંતુ તેને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે માજીસ્રેટે છોડી દીધેલો છે.

પછી ફરીયાદીએ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે ઇલાજ કરવાને શેશન જડજને અરજી કરી અને કામના કાગળો મંગાવ્યા પછી સેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તોહોમતવાળા વીરૂધ જે હકીકત કહેવામાં આવી છે તે ખરી રીતે બલાતકાર સંભોગ તથા વ્યભીચારનો ગુનોહ થાય છે. તેથી તેમણે તોહોમતવાળાને કલમ ૧૧૪, અને ૩૭૬ અને ૧૧૪ અને ૪૯૭ પ્રમાણે કમીટ કરવાને તથા શેશન કોરટની રૂબરૂ તપાસ થવા તેમને મોકલવાને તેમણે હુકમ કરેલો છે, એવું લખીને કે તે કામની કલમ ૪૯૮ મી પ્રમાણે સમાસ થાય તોપણ ડીપોટી માજીસ્તરેટને તે કામની તપાસ કરવાની હકુમત નથી, કારણ કે તેમને ફકત બીજા વરગના માજીસ્તરેટનો અખત્યાર છે. તેથી કમીટ કરવાનો હુકમ કરવામાં આવ્યો અને શેશન જડજની રૂબરૂ તપાસ ચાલી.

આસેસરોના અભીપ્રાયમાં આવ્યું કે તોહોમતવાળાને પીનલકોડની કલમ ૧૧૪ અને ૪૯૭ મી પ્રમાણે કમીટ કરવાનો હુકમ કરવાને શેશન જડજને અખત્યાર નહી હતો, કારણકે તે માજીસ્તરેટ કલમ ૪૯૮ મી પ્રમાણે તે કામની તપાસ કરવાને મુખત્યાર હતા, અને તોહોમતવાળાને છોડી દીધેલો હતો, અને વળી તેને કમીટ કરવાનો હુકમ તે હુકમ વીરૂધ કારણ બતાવવાને તોહોમતવાળાને કહયા વીના કરવામાં આવેલો છે. બંધુના કામનો ઠરાવ,. નવાબશીંગ વી૦ કોકલશીંગ માટે તે કમીટ કરવાનો હુકમ રદ કરવો જોઇએ.

કોરટનો ફેંસલો જસ્ટીસ મોરીસ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

આ અપીલમાં પેહેલી એવી તકરાર કરવામાં આવી છે કે જે હુકમની રૂઇએ અપીલવાળાને શેશન કોરટમાં તપાસ થવા સારૂ કમીટ કરવામાં આવેલો તે બે જુદા જુદા કારણોથી કાયદા વીરૂધ અને ગેરવ્યાજબી છે. અને બીજી એવી તકરાર કરવામાં આવી છે કે કામના મુદ્દોશ ઉપરથી તે કેદીને ગુનેહગાર ઠરાવવો નહીં જોઈતો હતો.

પીનલકોડની કલમ ૪૯૮ મી પ્રમાણે તે કેદી વીરૂધ આ કામ ચલાવવામાં આવેલું છે. પુરાવ સાંભળીને ડીપુટી માજીસ્ટ્રેટે તોહોમતવાળાને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ મુજબ છોડી દીધાનો હુકમ કરેલો છે.

તેથી ફરીયાદીએ ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે ઇલાજ કરવા સારૂ શેશન જડજને અરજ કરી.

તે અધીકારીના અભીપ્રાયમાં આવ્યું કે જે હકીકત તોહોમતવાળાની વીરૂધ કહેવામાં આવી છે તેથી બલાતકાર સંભોગ અગર વ્યભીચારને મદદ કરી થાય છે, અને તે ગુનાહ ફકત શેશન કોરટમાં તપાસવા લાયક છે. તેથી તેમણે ડીપુટી માજીસ્ટ્રેટને એવો હુકમ કરયો કે તોહોમતવાળાને કમીટ કરવો.

તેમણે કહ્યું છે કે જો આ કામનો યોગ્ય રીતે કલમ ૪૯૮ મીમાં સમાસ થતો હોય તોપણ તેનો તપાસ કરવાને ડીપુટી માજીસ્ટ્રેટને અખત્યાર નથી કારણ કે તેમને ફકત બીજા વરગના માજીસ્તરેટનો અખત્યાર આપવામાં આવેલોછે. આ નીયમ પીનલકોડની ક. ૪૯૮ મી સબંધીમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૪ માં ઠરાવ કરેલો છે તેના વીરૂધ છે.

તોપણ ખુલ્લું છે કે ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂની હકીકત કલમ ૪૯૮ પ્રમાણે છે અને આવા કામની તપાસ કરવાને તે કલમ પ્રમાણે તેમને

અખત્યાર આપવામાં આવેલા છે. તેથી તેમણે કલમ ૨૧૫ પ્રમાણે તોહો મતવાળાને છોડી દીધો છે. તેથી કલમ ૩૭૬ અને ૪૭૭ પ્રમાણે કમીટ કરવાનો હુકમ કરવાને શેશન જડજને અખ્તીઆર નહી હતો. સને ૧૮૭૪ ના આ૦ ૧૧ પ્રમાણે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૬ મી સને ૧૮૭૪ ના આ૦ ૧૧ માથી દુરસ્ત કરવામાં આવી છે તે પ્રમાણે આ ગુનહાઓની તપાસ કરવાને તાબાની કોરટને હુકમ કરવાનો તેમને અખત્યાર હતો, અને વધારે કાંઇ નહીં હતો. તે કમીટ કરવાનો હુકમ કરવાથી જડજે કાયદા ઉપરાંત કરેલું છે એમાં કાંઇ તકરાર નથી.

અપીલવાળા તરફથી જે આફીડેવીટ કરવામાં આવેલા છે તે ઉપરથી જણાય છે કે જડજે તોહોમતવાળાને કમીટ શા વાસ્તે નહી કરવો તેનુ કારણ બતાવવાનો તેને લાગ આપ્યા વીના તેને કમીટ કરવાનો તેમણે હુકમ કરેલો છે, અને તે કામ કરવાની રીતી આ બાબતમાં હાયકોરટે ઠરાવલુ છે તે પ્રમાણે નથી. બંધુનો ઠરાવ, નવાબસીંગ વી. કોકીલસીંગનો ઠરાવ જુઓ. એવી અરજ કરવામાં આવી છે ઉપર બતાવેલા બે કારણોથી તે તપાસ તથા ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ. બેશક ભારે ગેરશીરસ્તે થએલું છે અને વીશેશે કરીને પહેલી બાબતમાં થએલું છે તે પ્રતક્ષ રીતે કાયદાના ઠરાવ ઉપરાંત છે. માટે જો તે તપાસ ચાલતાં પહેલાં આ કોરટની નજરે લાવવામાં આવેલી હોતતો તે કમીટ કર્યાનો હુકમ ઘણુકરીને રદ કરવામાં આવત, પરંતુ તપાસ થએલીછે, અને તે ભુલોથી કાંઈ ખરી રીતે ગેરઇનસાફ થએલો હોય એમ અમારી નજરમાં આવતુ નથી, સબબ અમો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૮૩મી પ્રમાણે ઠરાવીએ છીએ કે આ કારણોથી તે ફેંસલો ફેરવવાને કાંઇ હરકત નથી.

(પછી નામદાર સાહેબોએ તે કામનાં ગુણદોષનો વીચાર કરયો અને ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરયો)

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૮ મું.

ફોજદારી અપીલ.

તા૦ ૧ અકટોંબર સને ૧૮૮૧

મી૦ જષ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ વીલસેન સાહેબોની રૂબરૂ.

ધનોકાજી વીગરેની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ ધનો કાજી વીગરે.

પૂરાવ—ફરીઆદ તરફની ફરજ—સાક્ષીઓને બોલાવવાને કસુર કરવા ઉપરથી જે અનુમાનો કરવાં તે—ખોટું બતાવવું.

ફરીઆદની સાથેના વેહેવાર સાથે તેઓનો સબંધ છે એવું જે સાક્ષીઓથી શાબેત થતું હોય અને અગતયની બાતમી આપવાને જેઓ શકતીવાન હોવાજ જોઇએ. તે તમામ સાક્ષીઓને બોલાવવાની ફરજ પ્રથમ દરસનીક ફરીઆદ તરફની છે.

જો આવા સાક્ષીઓને પૂકત કારણ બતાવ્યા શીવાય બોલાવવામાં ના આવે તો કોરટ ફરીઆદ વીરૂધ યોગ્ય રીતે અનુંમાન કરી શકે છે.

આવા શાક્ષીઓને બોલાવવામાંથી ફરીઆદી ફકત એટલાજ કારણથી બચી શકે છે કે જો તેઓને બોલાવવામાં આવેતો તેઓ સાચુ બોલશે નહીં એમ તેમનું વ્યાજબી શહે માનવું છે.

આવું કાંઇ અનુંમાન તોહોમતવાળા વીરૂધ થઇ શકતું નથી.

પાનું ૧૨૧ ખોરશદ કાજી અને ધનો કાજીના ઉપર આરોપ રાખવામાં આવેલો છે તેમાં એકના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે તેણે બદદાનતથી જુઠો બનાવટનો દસ્તાવેજ સાચા તરીકે વાપરયો. અને બીજાના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે તેણે તેમાં મદદ કરી છે.

જે દસ્તાવેજ વીશે દેશ મુકવામાં આવેલો છે તે દસ્તાવેજ તોહોમતવાળાઓના બાપે તેઓના લાભમાં બક્ષીસ પત્ર લખી આપેલું હોય તે મતલબનો છે.

કામની હકીકત એવી છે કે બે તોહોમતવાળાનો બાપ શદરૂદીન પોતાની પાછળ બે દીકરા તથા એક દીકરી જે પરણેલી છે તેમને મુકી મરણ પામ્યો. તે બાપ મરણ પામવાથી કુટંબની મીલકતમાંથી પાંચમા હીસ્સાની તે દીકરી વારસ થઇ તેથી તા૦ ૧૭ મી અગરટ સને ૧૮૭૮ ની રોજ તેણીએ પોતાનો હીસ્સો એક બદરૂદીનને વેચાણ આપ્યો અને

તે બદરૂદીનને તે મીલકતનો કબજો લેતાં આ બે તોહોમતવાળાઓએ અટકાવ્યો. તે ઉપરથી બદરૂદીને મુનસીફની કોરટમાં પોતાનો હક ઠરાવી દાવો કરયો તોહોમતવાળાઓએ તે દાવામાં બચાવ કરયો એવું કહીને કે અમારા બાપે પોતાની હયાતીમાં એક બક્ષીસ પત્ર લખી આપી તમામ મીલકત અમને આપેલી છે. પ્રતીવાદીઓને સેશન કોરટની રૂબરૂ તપાસ થવાને કમીટ કરવામાં આવ્યા.

શેશન કોરટમાં ફરીઆદ તરફથી જે પુરાવ ઉપર આધાર રાખવામાં આવેલો છે. તે પુરાવ એવો છે કે તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૫૪ ના રોજ નંબર ૩૨ નું તે બક્ષીસપત્ર અમુક કાજીની રૂબરૂ રજીસ્ટર કરવામાં આવેલું છે. તે ઉપરથી તે દસ્તાવેજ જુઠો છે એમ જણાય છે પરંતુ રજીસ્ટર ઓફીસની બુકો ઉપરથી જણાય છે કે તે નંબરનો આવો કાંઇ દસ્તાવેજ રજીસ્ટર કરવામાં આવ્યો નથી તેમ કાજી તરીકેનો તે દસ્તાવેજ ઉપર શીકો છે. તે શખસ સને ૧૮૫૪ માં કાજી નહીં હતો.

તે દસ્તાવેજ ઉપર દશ શાક્ષીઓની સાખો છે તેમાં સાત મરણ પામેલા છે અને બે ઉપર તોહોમતવાળા તરફથી સમન્સ કરાવવામાં આવેલા હતા પણ તેઓને બોલાવવામાં આવેલા નથી. અને ત્રીજો બીલકુલ હાજર થયો નથી.

શેશન જડજે જ્યુરીને કામ સમજાવતાં બતાવેલું છે કે રજીસ્ટ્રારની બુકો ઉપરથી જણાય છે કે તા૦ ૧૨ એપ્રીલ શને ૧૮૫૪ ના રોજ આવો દસ્તાવેજ રજીસ્ટર કરવામાં આવેલો એવું કહેવામાં આવેલું છે. પરંતુ તેવો કોઇ દસ્તાવેજ રજીસ્ટર થએલો નથી અને તેની સાથે તેમણે એવું કહ્યું હતું કે તે દસ્તાવેજ ઉપર ખરી રીતે કોઇ સરકારી કાજીએ શાહેદી અગર તે રજીસ્ટર કરેલો હોય એમ પુરાવ ઉપરથી જણાતું નથી. એ ખુલ્લું છે અને આ પ્રમાણે કરેલી સાહેદી તથા રજીસ્ટર સ્પષ્ટ રીતે જુઠાં બનાવેલાં છે. વળી તેઉએ જુરીને એવી રીતે કહયુ હતું કે તમારી નજરે તોહોમતવાળાના વકીલે દીવાની દાવામા તે દસ્તાવેજ પુરાવમાં તોહોમતવાળો તથા તેનો ભાઇ પુરાવમાં ગુજારે છે. એવો તે ઉપર શેરો ને રજુ કરતાં પહેલાં કરાવી લેવાની અશાધારણ સાવધગીરી રાખેલી છે તે લાવવાને હું દુરસ્ત ધારૂછું.

ફરીઆદ તરફથી જે પુરાવ રજુ કરવામાં આવે તે પોતાની નજરમાં આવે તે રજુ કરે પરંતુ તમામ પૂરાવ તેમણે રજુ કરવો જોઇએ એવી જરૂર નથી. અને કાંઇ પુરાવ રહી ગયેલો હોય તો તે વીશે જુરીને વીચાર કરવાનો છે તે દસ્તાવેજની સાહેદીની બાબતમાં તેમણે કહેલું છે કે બચાવ તરફથી ત્રણ હયાત સાક્ષીઓને બોલાવવામાં આવે

ત્યાં હોત તો તેઓ અગત્યની સાક્ષી આપી શકત. જો આવો પુરાવ હોવાથી બચાવને પુષ્ટી થાત તો તે કેમ આપવામાં આવ્યો નથી. ફકત આ હકીકત ઉપરથી તમારો હક એવું અનુમાન કરવાનો છે કે આ સાક્ષીઓ બચાવ તરફથી બોલાવવામાં આવ્યા હોત તો તેઓ બચાવને પુષ્ટી કરત નહીં

જયુરીના અભીપ્રાયમાં આવ્યું છે કે પીનલકોડની કલમ ૪૭૧ પ્રમાણે પેહેલો તોહોમતવાળો ગુનેહગાર છે અને કલમ ૪૭૧ અને ૧૦૯ પ્રમાણે બીજો તોહોમતવાળો ગુનેહગાર છે તેથી કોરટે એકને પાંચ વરસ અને બીજાને એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી.

અપીલવાળાઓ તરફથી બાબુ અંબીકાચરણ બોઝ. સરકાર તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જષ્ટીસ ઘુલસેન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારી નજરમાં આવે છે કે આ કામમાં નવી તપાસ થવી જોઇએ. પેહેલા તોહોમતવાળા ઉપર એવો આરોપ રાખવામા આવેલો છે કે તેણે જાણી જોઇને બદદયાનતથી જુઠો બનાવટનો દસ્તાવેજ સાચા તરીકે વાપરયો બીજા ઉપર તે ગુનહામાં મદદ કરયાનો આરોપ રાખેલો છે. જે વાપરયા બાબત આરોપ રાખવામાં આવેલો છે. તે એક દીવાની દાવામાં પુરાવ તરીકે તે દસ્તાવેજ વાપરયો છે. તે દાવો અમુક જમીન સબંધી હતો. તેમાં વાદીને તોહોમતવાળાની બેહેનને પોતાના બાપ તરફથી વારસાનો હક થએલો તેથી તેણીની તરફથી હક મળેલો હતો. તોહોમતવાળા તરફથી જે દસતાવેજ રજુ કરવામાં આવેલો છે અને જે બાબતમાં આરોપ રાખવામાં આવેલો છે તે તોહોમતવાળાઓને તેમના બાપે પોતાની હયાતીમાં મીલકત આપ્યા મતલબનો છે.

વીદવાન જડજે જયુરીને જે હકીકત સમજાવેલી છે તે તમામ જોતાં જુરીને ખરા ઇસ્યુઓ બતાવેલા છે. તે ઇસ્યુઓ સારાંસમાં એવી રીતે કહેવામાં આવેલા છે કે તે દસ્તાવેજ બનાવટનો છે કે નહીં, તે બનાવટનો છે એવું જાણીને વાપરેલો છે કે નહીં અને કપટથી અગર બદદયાનતથી આ કરેલું છે કે નહીં.

પરંતુ આ ઇસ્યુઓને લગતા પુરાવની વ્યવસ્થા કરવામાં કેટલીક અગત્યની બાબતમાં જુરીને તે વીદવાન જડજે ભુલ ભરેલી રીતે બતાવેલું એમ અમને જણાય છે.

તે વીદવાન જડજે કહયું છે કે "મારે તમારી નજરે લાવવુ જોઇએ કે દીવાની દાવામાં તોહોમતવાળાના વકીલે આ દસતાવજ રજુ કરવા

ને પોતાના માંથે લેતાં પહેલાં પોતાના અશીલ પાસે એવો સેરો તે દસ્તાવેજ ઉપર કરાવી લીધો છે કે તે અસીલ તથા તેનો ભાઇ તે દાવામાં તે દસ્તાવેજ પૂરાવમાં ગુજારે છે અને તેવી અસાધારણ સાવધગીરી તોહોમતવાળાના વકીલે રાખેલી છે." વકીલ તરફની આ વરતણુક હમેશના રીવાજ પ્રમાણે છે કે નહીં પરંતુ ફરીઆદ તરફથી તોહોમતવાળા વીરૂધ તે કાંઇ પુરાવ નથી.

જે સાક્ષીઓની સાખો તકરારી દસ્તાવેજ ઉપર છે તેમાંના હયાત સાક્ષીઓ રજુ કરવામાં આવેલા નથી તે વીશે વીદવાન જડજે જે રીતીએ વ્યવસ્થા કરી છે તેમાં ઘણી વધારે ભારે ભુલ છે. તેવીદવાન જડજે પેહેલું એવું બતાવ્યું છે કે "દશમાંના ત્રણ ફકત હયાત છે અને તેમાંથી બેને ફકત કોરટમાં બોલાવવામાં આવેલા છે. પરંતુ તેઓને સાહેદી આપવા સારૂ બચાવ તરફથી બોલાવવામાં આવેલા નથી અને ત્રીજો કાંઇક મનમાં આવે તેવી રીતે દુર રહેલો છે." પછી તેઉએ પુરાવનો બોજો ફરીઆદી ઉપર છે એવું તદન ખરી રીતે કહયા પછી કહયું છે કે કોઇ સખસ પુરાવ કેટલો છે તે બતાવ્યા શીવાય ફરીઆદ તરફથી પોતાની ખુશીમાં આવે તે પ્રમાણે પુરાવ આપે. જો તેઓ જુરીને ખાતરી થાય તેવો બસ પુરાવ ના આપેતો અલબત તેનો ટપકો તેમને માથેજ છે. પરંતુ પોતાની તરફનો તમામ પુરાવ આપવોજ જોઇએ એવી જરૂર નથી."

પછી તેમણે ખરી રીતે બતાવ્યું છે કે ફરીઆદ તરફથી અગતયનો પુરાવ રજુ કરવામાં ના આવે તે વીશે જે વજન રાખવાનું છે તેનો આધાર કામની હકીકત ઉપર છે અને તે બરોબર છે એમ અમને જણાય છે. પછી તેમણે કહયું છે કે "હવે આ કામ ઘણું ખાસ છે. અર્થાર્થ રીતે એક બેહેને બે ભાઇઓ ઉપર ફરીઆદ ચલાવેલી છે અને જુદા બનાવટના દસ્તાવેજનો ભારે ગુનોહ કરયો એવો આરોપ રાખેલો છે. તમે એક દમ સમજશો કે જે સાખ કરનાર સાક્ષીઓ હજુ ઉપયોગમાં આવે તેવા છે તેઓની સાહેદી ઉપર ફરીઆદ તરફથી આધાર રાખવો એ વીશે કેવી મુસ્કેલી છે. આ શાક્ષીઓમાંનો એક સાક્ષી તો બેઉ બાજુ તરફથી નાસ્તો ફરે છે અને બે બચાવના લાભમાં છે અને તેમાંનો એક તોહોમતવાળાની નોકરીમાં છે. પરંતુ તે બીજા સાક્ષીઓને છોટે બચાવ તરફથી તમારી રૂબરૂ બોલાવવામાં આવ્યા નથી". અને તેમણે તેની સાથે એવું કહયું છે કે "આ સાક્ષીઓને બચાવ તરફથી બોલાવવામાં આવેલા પરંતુ જો તેઓની સાહેદી આપવામાં આવી હોતતો તેઓ બચાવને મદદ કરત નહીં એવું આ ફકત હકીકત ઉપરથી અનુમાન કરવાનો તમારો હકછે." ત્યાર પછી તેઉએ કહયું છે કે "તોહોમતવાળાએ પ્રથમની તપાસમાં અ

પીલ કરી તેમાં એવું કહ્યું હતું કે ફરીઆદીએ તેઓને બોલાવવા જોઇતા હતા. અને તે બોલાવી શકતા હતા. પરંતુ બચાવ તરફથી બોલાવવામાં આવ્યા હતા એવું કહયા પછી ફરીઆદ તરફથી તે શાખ કરનાર બે સાક્ષીઓને ખેંચી લેવામાં આવેલા છે."

વીદ્વાન જડજે સારાંસમાં જે હકીકત સમજાવેલી છે તેમાંના ઘણા ખરા ભાગનો આધાર આ વાકયોમાં બતાવેલા વીચાર ઉપર છે. પરંતુ ફરીઆદી અને તોહોમતવાળાની ફોજદારી કામમાં જે સ્થીતીછે તે વીશેભુલ ભરેલા વીચાર તે ઉપરથી બતાવવામાં આવેલાછે એમ અમને જણાય છે.

ફરીઆદ તરફનો યોગ્ય હેતુ ફકત ગુનહાની સાબેતીનો ઠરાવ કરાવવાનો નથી પણ ઇનસાફ કરાવવાનો છે. માટે કોરટની રૂબરૂ ફરીઆદીએ કેટલો પુરાવ રજુ કરવો તે પસંદ કરવાને તે મુખ્તીયાર નથી. તોહોમતને જે પુરાવ પ્રતક્ષ રીતે લાગુ હોય તે તમામ પુરાવ તે લાગુ કરવાને તે બંધાએલો છે. માટે તકરારી વેહેપાર સાથે તેઓનો સબંધ જે સાક્ષીઓથી સાબેત થાય તથા જે સાક્ષીઓ અગત્યની હકીકત આપી શકે એવા હોવા જોઇએ. તે તમામ સાક્ષીઓને બોલાવવાની તેની પ્રથમ દરશનીક ફરજ છે. જો તે વ્યાજબી રાહે એમ માનતો હોય કે જો તેઓને બોલાવવામાં આવે તો તેઓ સાચુ બોલશે નહીં તોજ તે ન બોલાવવાથી બચી શકેછે પુકત કારણ બતાવ્યા શીવાય તે સાક્ષીઓને બોલાવવામાં ના આવે (બચાવ તરફથી ફકત તેમના ઉપર સમન્સ કરાવવામાં આવેલા હોય તેથી કોઇ રીતે અવસ્ય કરીને પુકત કારણ થતું નથી.) તો ફરીઆદ વીરૂધ કોરટ યોગ્ય રીતે અનુંમાન કરી સકેછે.

આવું કાંઇ અનુંમાન તોહોમતવાળા વીરૂધ થતુ નથી તેને તો ફકત પોતાનો બચાવ કરવાનો છે તેથી તેની ફરજ પોતાના શીવાય કોઇ બીજાની તરફ નથી તે પોતાની વીરૂધના તમામ કામ ઉપર અગર તેના કાંઇ ભાગ ઉપર ફરીઆદ તરફના સાક્ષીઓની બાબતમાં આધાર રાખી શકેછે અગર સાક્ષીઓ બોલાવી શકેછે. અગર પોતાને પસંદ પડે તેવી બીજી રીતે તે આરોપનો જવાબ દેઇ શકેછે અને તેથી તેના વીરૂધ કાંઇ અનુમાન થઇ શકતુ નથી કારણ કે તે એક અગર બીજો ઇલાજ કરી શકેછે આ કામમાં આ વીચારો ખાસ જોરની સાથે લાગુ થાય છે વીદવાન જડજે જે સાક્ષીઓ બતાવેલા છે તે સાક્ષીઓ ફરીઆદ તરફથી ભરૂસો રાખવા લાયક છે એમ ધારવામાં આવેલું હોય તો ફરીઆદ તરફથી તેઓને બોલાવવાનુ બંધન છે. જો તેઓને ભરૂંસા લાયક નથી એમ ધારવામાં આવેલું હોય તો તોહોમતવાળાઓએ તેમને ના બોલાવ્યા તે વીશે તેમને ઠપકો દેવો એ ખાસ રીતે ગેરવ્યાજબી છે

એમ અમને જણાય છે.

આ કારણોથી અમારી નજરમાં આવે છે કે તોહોમતવાળાને હરકત થાય તે પ્રમાણે જયુરી આડી દોરવાએલી છે તેથી તે કામની તપાસ ફ રીથી થવી જોઇએ.

આ કામની તપાસ બે વખત થઇ ચુકેલી છે. માટે તેઓની ત્રીજી વખત તપાસ હુગલીમાં થવી નહીં જોઇએ તે જે વીદવાન જડજને સારાં શમાં હકીકતનો અમારે વીચાર કરવામાં આવેલો છે તેમને વધારે સંતો શકારક થશે એમ અમારી નજરમાં આવે છે અને તે વધારે સારૂ છે એ મ અમને જણાય છે. માટે અમે હુકમ કરીએ છીએ કે તે નવી તપાસ બરદવાનમાં ક. વી.

શેશન જડજ તરફથી તપાસની તારીખ નીમ્યાની ખબર મળ્યા પ છી બરદવાનમાં શેશન કોરટની રૂબરૂ સાક્ષીઓને હાજર થવાની ગોઠવણ હુગલીના માજીસ્ત્રેટે કરવી.

અપીલ મંજુર રાખવામાં આવી અને કામ પાછું- મોકલવામાં આવ્યું.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ સપટેંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ પ્રીનસેપ તથા મી૦ જસ્ટીસ વીલસન સાહેબોની રૂબરૂ.

કાળીચરણ ચુનારી વીગેરેની અરજી બાબતમાં.

કેશરેહીંદ વીરૂધ કાળીચરણ ચુનારી વીગેરે.

પુરાવ—પોલીસ અમલદારે કરેલી યાદ—સાક્ષીની યાદદાસ્ત તાજી કરવી—સાક્ષીની તપાસ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૧૧૯ અને ૧૨૬

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૧૯ પ્રમાણે પો લીસ અમલદારની તપાસ ચાલતાની દરમીયાનમાં પોલીસ અમલદારે કરેલી યાદ તેની યાદદાસ્ત તાજી કરવાને તેને બતાવવી જોઇએ એવો આગ્રહ ક રવાનો તપાસ વખતે કેદીનો હક નથી.

માહારાણી વીરૂધ ઉતમચંદ કપુરચંદનો ઠરાવ જુદો છે એમ ઠરા- વવામાં આવ્યુ,

પાનું ૧૫૪ જે ડીપુટી માજીસ્ત્રેટે આ કામની તપાસ કરેલી છે તે મની રૂબરૂ ફરીઆદ તરફના બે સાક્ષીઓએ એવી હકીકત

કહેલી જણાયછે કે જે તેમણે આરંભની તપાસમાં પ્રથમ પોલીસઓફીસરે તપાશ કાંમની કરેલી તેમાં તેમની રૂબરૂ હકીકત કહેલી તેથી કેવળ વીરૂધ કહેલી છે એમ તોહોમતવાળાએ કહેલું છે. તોહોમતવાળાએ માજીસ્ત્રેટને એવી અરજ કરી છે કે તે ઇનસ્પેકટરને પોતાની યાદ દાસ્ત તાજી કરવા સારૂ સદરહુ કહેલી હકીકત મંગાવવી જોઇએ. ડીપુટી માજીસ્ત્રેટે તે વીશે ના પાડી, અને તોહોમતવાળાએ (જેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો હતો) જીલા જડજને અપીલ કરી. તેમનો ફેંસલો આ રીપોટના કારણસર નીચે પ્રમાણે છેઃ—

"અમારી નજરમાં આવે છે કે આ કામમાં સબ ઇનસ્પેકટરે પોલીસની ડાયરીઓ સાથે હાજર થવું એવો સમન કહડાવવાનો એટલે આ રીતીએ તે ડાયરીઓ રજુ કરાવવાનો આ કામમાં કેદીઓનો હક નથી. તે સબ ઇનસ્પેકટરની રૂબરૂ જે હકીકત કહેવામાં આવેલી છે તે વીશે તે સબ ઇનસ્પેકટરને સમન્સ કરાવી તેને તપાસવાને તેઓ સંપુરણ રીતે મુખત્યાર છે. અને તેણે તે હકીકતની લખી લીધેલી ડાયરીઓ જે તેની પાસે હોય અને તે જોયા વગર જો તે યાદ કરી શકતો ના હોય તો તે ડાયરીઓ તે જુએ તે બરોબર છે. તોપણ અમારા સમજવામાં આવે છે કે જે વખતે તે સબ ઇનસ્પેકટરને તપાસવામાં આવ્યો તે વખતે તે ડાયરીઓ તેની પાસે નહીં હતી. પાછળથી તે મંગાવવામાં આવી હતી અને ડીપોટી માજીસ્ત્રેટે તે તપાસેલી છે પરંતુ તે પેહેલાં તેમની રૂબરૂ તે રજુ કરવામાં આવી નથી એ દીલગીરીની વાત છે. કારણ કે બાણુશી અને નાફર બે અગત્યના સાક્ષીઓ છે તેમણે પોલીસની રૂબરૂ જે હકીકત કહેલી તેથી ઘણી જુદી હકીકત ડીપોટી માજીસ્ત્રેટની કોરટમાં કહેલી છે. અપીલવાળાઓએ દેખીતી રીતે સબ ઇનસ્પેકટરથી આ વાત સાબેત કરવાને અજમાવ્યું છે. પરંતુ તેઓએ શું કહેલું તે યાદ કરી શકયો નથી. આ બે સાક્ષીઓની શાહેદી એક અગર બે અગત્યની બાબતોમાં એક બીજા વીરૂધ છે. અને તમામ હકીકત પ્રમાણે તેના ઉપર ભરૂંસો રાખી શકાતો નથી એમ અમારી નજરમાં આવે છે."

જીલા જડજની નજરમાં આવ્યું કે કામમાં જે બીજો પુરાવ છે તે કેદીઓને ગુનેહગાર ઠરાવવાને બસ છે. તેથી તેમણે તે અપીલ કાહાડી નાંખી. આ ઉપરથી તોહોમતવાળાઓએ હાય કોરટમાં આ ઠરાવ ફેરવવાને અરજ કરી એવા કારણથી કે તે ઇનસ્પેકટરે લખી લીધેલી યાદો મંગાવી પુરાવમાં દાખલ કરવી જોઇતી હતી કારણકે ફરીઆદ તરફનું કામબંધ થતાં પહેલાં બચાવ તરફનો કેટલોક પુરાવ માજીસ્ત્રેટે દાખલ કરેલો છે. અને તેથી તોહોમતવાળાને પોતાના બચાવમાં હરકત થએલી છે.

અરજદારો તરફથી મી૦ એસ. સી. મેડીજ.

કોરટનો ફેંસલો જષ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારા અભીપ્રાય પ્રમાણે આ કામમાં હાથ ઘાલવાને કાંઇ કારણ નથી એવી હરકત લેવામાં આવી છે કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૧૧૯ પ્રમાણે પોલીશ અમલદારે એક સાહેદીની જુબાની લખી લીધેલી તે ઉપરથી તે પોલીશ અમલદારને પોતાની યાદદાસ્ત તાજી કરવાને જરૂર પાડવા સારૂ તે ડીપોટી માજીસ્તરેટે ના કહેલી છે. જે વખતે તે પોલીશ અમલદારને સાક્ષી તરીકે તપાસવામાં આવ્યો તે વખતે તે પોલીશ અમલદાર પોતાની યાદદાસ્ત તાજી કરવાને ઇછા રાખતો હોય એમ જણાતું નથી. અમારી નજરમાં આવે છે કે તે પોલીશ અમલદારે પોતાની નોટ જોઇ પોતાની યાદદાસ્ત તાજી કરવી એવો આગ્રહ કરવાને તોહોમતવાળાનો હક નથી. કારણ કે કલમ ૧૨૬ પ્રમાણે પોલીસે કરેલી તપાસની દરમીયાનમાં આ નોટો અગર કાંઇ કાગળો તઇયાર કરેલા હોય તે તેને પોતાને જોવાનો હક નથી. અને કલમ ૧૧૯ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે આવી નોટો કામના કાગળના ભાગ તરીકે અગર પુરાવ તરીકે વાપરવી નહીં. માહારાણી વીરૂધ ઉતમચંદ કપૂરચંદનો ઠરાવ લાગતો નથી.

બીજી જે હરકત લેવામાં આવી છે તે વીશે ડીપોટી માજીસ્તરેટે જે રીતે કામ ચલાવેલું છે તે રીતથી તોહોમતવાળાને પોતાના બચાવમાં મુદાની રીતે હરકત થએલી છે એમ અમને બતાવવામાં આવેલું નથી. ફરીઆદ તરફના કેટલાક સાક્ષીઓ હાજર થએલા નહીં હતા. પણ તેઓની ઉલટ તપાસ થઇ શકે તે પ્રમાણે હાજર થાય ત્યાં સુધી બચાવ તરફના સાક્ષીઓને તપાસવાને થોભવું તે કરતાં તે સાક્ષીઓ જે તારીખે હાજર હતા. તેજ તારીખે તેઓને તપાસવાને ડીપોટી માજીસ્તરેટને ઘણું સારૂ કારણ હતું સબબ આ અરજી નામંજુર કરવામાં આવેલી છે.

જષ્ટીશ વુલસન સાહેબ:—બીજી હકીકતની બાબતમાં મી૦ જષ્ટીશ પ્રીનશેપ સાહેબની સાથે અમે તદન મળતા છીએ:—પેહેલી હરકત યાદદાસ્ત તાજી કરવાના સવાલ સબંધી છે તે વીશે અમારે થોડાક શબ્દ કહેવાના છે. અમારી રૂબરૂ જે ઠરાવ બતાવવામાં આવેલો છે. તેમાં મુંબાઇ કોરટે જે ઠરાવ કરેલો છે તે સાથે અમે તદન મળતા છીએ. તે કામમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે એકાદો સાક્ષી તપાસમાં આવી પોતાની જુબાની એવી રીતે આપે કે તેને પ્રથમ પોલીશની રૂબરૂ આપેલી જુબાનીથી વીરૂધ થાય તો તેની પ્રથમની આપેલી જુબાની બાબત તોહોમતવાળાનો અગર તેના વકીલનો તે સાક્ષીની ઉલટ તપાસ કરવાનો

હક છે. અને જો તે ઇનકાર કરે તો તેના વીરૂધ બતાવી શકાય છે અને તે વીરૂધ બતાવવાની રીતીઓમાંની એક રીતી એવી છે કે જે પોલીશ અમલદારની રૂબરૂ તેણે જુબાની આપેલી હોય તે પોલીશ અમલદારને બોલાવવો અને તે પોલીશ અમલદાર પોતાની ડાયરી ઉપરથી પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે. મુંબાઇ કોરટનો જે ઠરાવ છે તે બધો આ છે એમ અમને જણાય છે. પરંતુ અમારી રૂબરૂ જે સવાલછે કે તે સાક્ષીએ પ્રથમ જે જુબાની આપેલી તે બાબત તેની ઉલટ તપાસ થઇ શકેછે કે નહીં. એવો નથી તેમ તેને ઉલટાવવાને તે પોલીશ અમલદારને તપાશી શકાય છે કે નહીં તેવો નથી. તેમ તે અમલદાર પોતાની ડાયરી જોઇ શકેછે કે નહી તેવો પણ નથી. પરંતુ શવાલ એછે કે જો તે ડાયરી કોરટમાં ના હોય તો તે મંગાવવાને શારૂ કેદીને આગ્રહ કરવાનો હક છે કે નહીં અગર જો કોરટમાં હોય તો પોલીશ અમલદારને યાદદાસ્ત તાજી કરવા શારૂ તે જોવાય કે નહીં. અમારી નજરમાં આવે છે કે તે કેદીનો આવો હક નથી. એકે આધાર અમારા જાણવામાં એવો નથી કે જે ઉપરથી એમ કહી શકાય કે જે પક્ષકાર તે દસ્તાવેજ તે શાક્ષીને બતાવે તે પક્ષકારના કબજામાં ના હોય અગર તે એવી રીતનો હોવો જોઇએ કે તે રજુ કરાવવાને આગ્રહ કરી શકે તેમ ના હોય તો તે શાક્ષીઓને કાઇ દસ્તાવેજ ઉપરથી પોતાની યાદદાસ્ત તાજી કરવાને ફરજ પાડી શકાય. આ દસ્તાવેજ એવો છે કે બચાવ તરફથી તે જોવાનો હક નથી. એવું કાયદામાં સ્પસ્ટ ઠરાવેલું છે. કલમ ૧૨૬ માં કહ્યું છે કે "કોઇ ફોજદારી કોરટ કાંઇ તપાશમાં અગર તજવીજમાં પોલીશની ડાયરી મંગાવી શકે છે. અને તે તજવીજ અગર તપાશમાં મદદ મળવાને શારૂ તે ડાયરીનો ઉપયોગ કરી શકે છે." તે હક કોરટનો છે. "કેદી અગર તેના એજંટોનો તે મંગાવવા હક નથી. તેમ કોરટે તે જોએલાં હોય તેટલાજ ફકત કારણથી તે કેદી અગર એજંટોનો જોવાનો હક નથી. પરંતુ જો તે પોલીશ અમલદારે તે લખી લીધેલા હોય તે પોતાની યાદદાસ્ત તાજી કરવાને તેનો ઉપયોગ કરે અગર તે પોલીશ અમલદારને ઉલટાવવા સારૂ કોરટ તેનો ઉપયોગ કરે" તો આ બેમાંથી દરેક વખતે કેદીને તે જોવાનો હક છે. પરંતુ જયાં સુધી આ રીતીએ કરવામાં આવેલું ના હોય ત્યાં સુધી આવો હક નથી. સબબ ડીપોટી માજીસ્રેટનો ઠરાવ બરોબરછે એમ અમને જણાયછે.

તે કલમમાં બતાંવ્યા પ્રમાણે તે દસ્તાવેજ વાપરવાની પરવાનગી આપવાને કોરટે પોતાનો અખત્યાર કેવી રીતે વાપરવો તે કહેવાને સારૂ અમે સાવધગીરી રાખીએ છીએ. આ કામમાં તે કુલ અખત્યાર ડહાપણથી વા

પરવામાં આવેલો છે કે નહીં એ સવાલ અમારી રૂબરૂ નથી.

અરજ નામંજુર.

ફોજદારી અપીલ.

તા૦ ૧૬ સપટેંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ ટોટનહામ અને મી૦ જસ્ટીસ પ્રાઉટન

સાહેબોની રૂબરૂ.

બંગાળાબેંકની ફરીઆદ ઉપરથી કેસરેહીંદ વીરૂધ દીનોનાથરાય

(સામાવાળો.)

પ્રસીડેનશી માજીસ્ટ્રેટ આકટ (સને ૧૮૭૭ ના આકટ ૪ થા)ની કલમ ૧૬૭—૧૭૦—એકાદા હુકમથી જે સખસને હરકત થએલી તે—હુકમ તથા જુબાનીઓની નકલ બાબત અરજી—ના કહેવી—વીશેશ ન્યાયના આકટ (સને ૧૮૭૭ નો ૧ લો) ની કલમ ૭—૪૫

પ્રસીડેનશી માજીસ્તરેટે તમામ ફરીઆદીઓના આરોપો કાહાડી નાંખેલા અને છોડી દીધાનો હુકમ કરેલો અને તેથી તેઓને હરકત થએલી માટે પ્રશીડેંનસી માજીસ્તરેટ આકટની કલમ ૧૭૦ પ્રમાણે તેમના હુકમની તથા તેમની રૂબરૂ લીધેલી જુબાનીઓની નકલો મળવાનો તે ફરીઆદીઓનો હકછે.

પાનુ ૧૬૬ આ કામમાં પ્રેસીડેશી માજીસ્ટ્રેટ આકટની કલમ ૧૭૦ પ્રમાણે એવો હુકમ કરવામાં આવ્યો છે કે બંગાળા બેંકે દીનોનાથરાય ઉપર ફરીઆદ કરેલી પણ તે દીનોનાથરાયને છોડી દેવાનો હુકમ કરેલો છે તેથી સાક્ષીઓની જુબાનીઓની તથા તેમાં કરેલા હુકમની નકલો તે બેંકના નીમેલા આટરની મી૦ માકનેરની મારફતે તે બેંકને શામાટે નહીં આપવી તેનું કારણ બતાવવું.

તે હુકમ વીરૂધ મી૦ બાનરજીએ કારણ બતાવ્યું.—વીશેશ ન્યાય આકટ પ્રમાણે આવી જાતનો હુકમ કરવાને તે કોરટનો હક નથી. કલમ ૭ મીમાં કહેલું છે કે ગુનેહગારીના કાયદાનો ફકત અમલ કરવા સારૂ ખાસ દાદ અપાવી શકાતી નથી. કલમ ૪૫ મીથી માજીસ્ટ્રેટે તે નકલો આપવી એવી તેમને ફરજ પાડવાનો કોરટને અખ્તીઆર આપવામાં આવ્યો નથી. બાબ ૮ મા પ્રમાણે હુકમ કરતાં પહેલાં તેમાં બતાવેલી કેટલીક શરતો પ્રમાણે ચાલવુંજ જોઇએ. કલમ ૪૫ મીમાં "મીલકત, હક" વીગરે શબ્દો છે તે દીવાની કાંમોને લાગુ છે, અને ફોજદારી કાંમોને લાગુ નથી. વીશેશ ન્યાયના દસ બાબો છે તેમાં નવ બાબો દીવાની કાં-

મોને લાગુ થાય છે. જે હુકમ કરવાને હાલ માગવામાં આવેલુ છે તે બરોબર નથી એ કલમ ૪૮ મીમાં બતાવવામાં આવેલું છે. તેમાં કહેલું છે કે "બાબ ૮ મા પ્રમાણેના દરેક હુકમનો અમલ કરવામાં આવશે અને હાયકોરટની અશલ દીવાની શાધારણ હકુમતનો અમલ કરતાં જાંણે હુકમનામું કરવામાં આવેલું હોય તે પ્રમાણે તે ઉપર અપીલ ચાલી શકે છે." શું એમ કહી શકાય છે કે જો આ હુકમ કરવામાં આવે તો તે ઉપર માજીસ્ટ્રેટ અપીલ કરી શકે છે? કલમ ૪૫ મીમાં "જાતીકો હક" એવા શબ્દોછે તે દીવાની કાંમો સબંધી છે. પ્રેશીડેનશી માજીસ્ટ્રેટ આકટની કલમ ૧૭૦ પ્રમાણે તે બેંકને તે આકટ મુજબના હુકમથી હરકત થએલી છે અને તેથી તે હુકમ અને જુબાનીઓ મળવાનો તેમનો હક છે, એમ કહી શકાતું નથી. કલમ ૧૬૭–૧૮૨ મી અપીલના સવાલો સબંધી છે. કલમ ૧૭૦ મીથી જે સખસને તે હુકમથી હરકત થએલી હોય તે સખસ ખરચ આપે એટલે હુકમની તથા જુબાનીઓની નકલ મળવાનો હક છે. તે કલમોની રૂથીતી જોતાં "જે સખસને હરકત થએલી હોય" તે જે સખશને માજીસ્ટ્રેટના હુકમથી હરકત થએલી હોય તે છે. કલમ ૧૮૦ મીમાં કહયું છે કે "આ આકટથી અગર ચાલુ કાયદાથી જે કાંમો બાબત ઠરાવ કરવામાં આવ્યો છે તે શીવાય પ્રેશીડેંશી માજીસ્તરેટના હરકોઇ હુકમ ઉપર અપીલ થશે નહીં." અહીંયાં માજીસ્તરેટના વીરૂધ ફરીઆદ કરવામાં આવી છે. તેમની પાસે કલમ ૧૭૦ પ્રમાણે નકલો માગવામાં આવેલી છે, અને તેમણે ના કહી છે, અને આ પ્રમાણે ના કહયાના હુકમ ઉપર અપીલ કરવાનો અખત્યાર નથી. તેમ બંગાળાની બેંક "જે સખસને તે હુકમથી હરકત થએલી હોય" તેવા સખસ નથી. તે બેંકના વીરૂધ કંપનશેશનનો કાંઇ હુકમ કરવામાં આવ્યો નથી. સ્થાનીક સરકાર પાસે અપીલ કરાવવાનો હક હોવાથી તે બેંક "જે સખસને હરકત થાય" તેવા સખશ નથી

(જસ્ટીશ પ્રાઉટન સાહેબ:—મી૦ આડવોકેટ જનરલ જો તમે એમ બતાવી શકો કે "તે હુકમથી હરકત થાય" તેવી તે બેંક છે તો વીશેશ ન્યાયનો આકટ લાગુ કરવાને અમને કાંઇ હરકત પડે નહીં)

આ હુકમના આધારમાં મી૦ આડવોકેટ જનરલ (આનરેબલ જી. શી. પાલ.)—પ્રેશીડેન્શી માજીસ્તરેટ આકટની કલમ ૧૭૦ મી ફોજદારી કા. ચ. ની રી. ના કાયદાની કલમ ૨૭૬ મી સાથે મુકાબલ કરતાં એમ જણાય છે કે ફોજદારી કોરટોના હુકમો છે તે પ્રમાણે કોરટના હુકમથી જે સખસને હરકત થાય તેને નકલો મળવા લાયક છે. સને ૧૮૭૪ ના આ૦ ૧૧ ની કલમ ૨૭૬ મી કલકતાને લાગુ થતી નથી. પરંતુ

પ્રેશીડેશી માજીસ્તરેટ આક્ટની કલમ ૧૭૦ મી દેખીતી રીતે તે કલમમાં થી લીધેલી છે. આ દેશમાં પબ્લીક પ્રોશીક્યુટર નથી. કલમ ૨૭૫ મીથી પબ્લીક પ્રોશીક્યુટરને પરવાનગી આપવામાં આવી છે, માટે પ્રેશીડેશી માજીસ્તરેટના આકટની કલમ ૧૭૦ મીનો પણ તેવોજ મતલબ હોવો જોઇએ. અમે કલમ ૧૯૭ મી પ્રમાણે અમને અપીલ કરવાની પરવાનગી મળવાને સ્થાનીક સરકારને અરજ કરી શકીએ છીએ. એકાદા સખસને છોડી દીધાનો હુકમ તથા જુબાનીઓ મળ્યા શીવાય તે દવેશબુધીથી ફરીઆદ ચલાવ્યા બાબત કેવી રીતે દાવો કરી શકે? સબબ અમને નકલો આપવાને ના કહેવામાં આવી છે, તેથી અમને હરકત થએલી છે.

કોરટનો ફેંસલો જસ્ટીસ બ્રાઉટન સાહેબે નીચે પ્રમાણે આપ્યો—.

દીનોનાથરોયના ઉપર બંગાળાબેંકે ફરીયાદ કરેલી તેમાં તે દીનોનાથરોયને છોડી દેવામાં આવેલો તે હુકમની તથા સાક્ષીઓ લેવામાં આવેલા તેમની જુબાનીઓની નકલો બંગાળાબેંકને શા વાસ્તે નહી આપવી તેનું કારણ બતાવવાને ચીફ પ્રેસીડેનસી માજીસ્તરેટને કહેવામાં આવેલું છે.

આ હુકમ બાબત વીશેશ ન્યાયના આકટ તથા પ્રેસીડેનશી માજીસ્તરેટ આકટની કલમ ૧૭૦ મી પ્રમાણે અરજ કરવામાં આવી છે

આ કામમાં બે સવાલો ઉતપન થાય છે. પ્રથમ કે પ્રેશીડેનશી માજીસ્તરેટ આકટની કલમ ૧૭૦ મી પ્રમાણે આ કામમાં બંગાળાબેંકનો પ્રોશીક્યુટર તરીકે તે નકલો મળવાનો હકછે કે નહીં અને બીજો એમ ધારીએ કે તેઓનો તે હક છે તેપણ હાય કોરટ વીશેશ ન્યાયની કલમ ૪૫ મી તથા તે નીચેની કલમો પ્રમાણે તે માજીસ્તરેટને પોતાની ફરજ બજાવવાને હુકમ કરવા સારૂ કામ ચલાવી શકે છે કે નહીં.

જો આ હુકમ બાબત વીશેશ ન્યાયના આકટ પ્રમાણે અરજી કરવામાં આવી છે તોપણ હાય કોરટોના ચારટર આકટની કલમ ૧૫ મીના ઠરાવ પ્રમાણે બેશક અમને એવું જણાય છે કે જો તે કોરટને તે હુકમ કરવો જોઇતો હોય તો તે હુકમ કરી શકે છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે વીશેશ ન્યાય આકટની કલમ ૪૫ મી એટલી બધી બોહોળીછે કે તે આવા કામને લાગુ તેના શબ્દો પ્રમાણે કરવાને બસ છે. વીશેશ ન્યાયના આકટની કલમ ૭ મી ઉપરથી એવું જણાય છે કે ગુનેહગારીના કાયદાનો ફકત અમલ કરવાના કારણસર વીશેશદાદ અપાવી શકાતી નથી. તોપણ જુબાનીઓ તથા હુકમોની નકલો લેવાની અરજી તે ફકત ગુનેહગારીના કાયદાનો અમલ કરવાને અરજી છે એમ કહી શકાતું નથી, નકલો ઘણા કારણોથી જોઇએ છે.

હવે તે વીશેશ રીતનુ કૃત્ય સહન કરવાથી અગર કરવાથી જે સખશની મીલકતને, હકને અગર જાતીકા હકને ઇજા થએલી હોય તે સખસે તે અરજ કરવી જોઇએ. જો તે પ્રોશીકયુટરનો હક તે નકલો મળવાનો હોય, અને તે વીશે ના કહેવામાં આવે તો, તેના જાતીકા હકને હરકત થાય છે. અને અરજદારનો કાંઇ બીજો ખાસ અને યોગ્ય ઇલાજ છે, એમ જણાતું નથી.

માટે સવાલ એ છે કે પ્રેશીડેન્સી માજીસ્તરેટ આકટની કલમ ૧૭૦ મી પ્રમાણે તે અરજદારનો જુબાનીઓ તથા હુકમની નકલો મળવાનો હક છે કે નહી. કલમ ૧૭૦ મીમાં ઠરાવ્યું છે કે "આ આકટ પ્રમાણે કરેલા હુકમથી કોઈ સખસને હરકત થએલી હોય અને તે સખસની મરજીને હુકમની અગર કોઇ જુબાનીની અગર તે કામના કાગળોમાંના કાગળની નકલ લેવાની હોય અને ખાસ કારણને લીધે માજીસ્તરેટની નજરમાં ખરચ લીધા વીના આપવી એવું આવેલું ના હોય તો, તે સખશ તે નકલો મળવા અરજ કરે અને ખરચ આપે એટલે તેને તે આપવી" એવી તકરાર કરવામાં આવી છે કે આ કલમ પ્રોસીકયુટરને લાગુ થતી નથી. કારણ કે સરકાર પ્રોસીકયુટર છે, અને ખાનગી સખશ નથી. સાંકેત રીતે બેશક સરકાર પ્રોશીકયુટર છે. પરંતુ એમ ધારો કે આપણે એમ કહીએ કે તે કારણથી ખાનગી સખશ જુબાનીઓની નકલ મળવા અરજ કરી શકતા નથી તો પરીણામ ઘણો વીચીત્ર થાય. માજીસ્તરેટને દરેક કામમાં તે નકલો આપવાનું જો કહેવામાં આવે તો, ઘણું હરકત ભરેલું થાય એમ કહેવામાં આવેલું છે. ગમે તેટલી વધારે હરકત થાય, પણ જો નકલો બાબતની અરજી જો તેઉ વ્યાજબી રાહે નામંજુર કરે તો. ઘણા ભારે વીચીત્ર રીતે થાય. હરકતની બાબતમાં માજીસ્ટ્રેટ ખાસ હુકમ ખરચ આપ્યા વીના નકલો આપવાને ના કરે તો નકલોનું ખરચ આપવામાં આવે એટલે નકલો આપવી એવુ તે કલમમાં ઠરાવેલું છે

તે પ્રમાણે આપવાથી તે હરકત ભારે થાય એમ બતાવવામાં આવેલું નથી. પરંતુ ધારો કે ફરીયાદી પોતાની ફરીયાદમાં નીશફળ જાય તેથી તેને જુબાનીની નકલો આપવામાં આવે નહી તો પરીણામ તેને ઘણોજ વીચીત્ર થાય, એક દાખલા તરીકેમાંનો કે એક પ્રોશીકયુટર તોહોમતવાળા ઉપર આબરૂને હરકત કરયાનો આરોપ રાખે અગર એવા કોઇ આરોપ તેના ઉપર રાખવામાં આવે કે જેથી તેની ચાલને અસર થાય અને ધારો કે કાંઇ કારણથી પ્રોસીકયુટરની ચાલને સંપુરણ રીતે ચોખી અને કલંક વીનાની થાય અને તેથી તોહોમતવાળાને છોડી દેવાનો હોય પછી આ કલમ પ્રમાણે જો ફરીઆદીને તે નકલો મળી શકતી ના હોય તો, એમ ક

હી શકાય કે તે સખસે એક સખસની આબરૂને હાની થાય તેવો આરોપ રાખ્યો અને તેમ છતા તોહોમતવાળાને નીરદોશ ઠરાવવામાં આવે તેથી લોકો એમ ધારે કે પ્રોસીક્યુટર ઉપર જે આરોપ રાખવામાં આવ્યો છે તેનો તે ગુનેહગાર છે. અમારી નજરમાં આવે છે કે ફકત આ દાખલા ઉપરથી નકલો આપવાને ના કહેવાથી ઘણોજ માઠા પરીણામ થાયછે એમ જણાય છે. આવા કામમાં અને બીજા કોઇ કામની વચમાં કાંઇ ભેદ રાખી શકાતો નથી. તે કલમ સંપૂરણ રીતે મોઘમ છે. આ કામમાં જેમ પ્રોશીક્યુટરે બીજાના ઉપર બદદયાનતનો આરોપ રાખવામાં આવેલોછે તેમ આરોપ રાખવામાં આવે અને તે આરોપ તે શાબેત કરી શકે નહીં. અને તે કામના સાચા કાગળો રજુ કરી તે એમ બતાવી શકે નહી કે શુધ અંતઃકરણ ભરેલું તેનું કૃત્ય હતું તો તે પ્રોસીક્યુટરને ગેરવ્યાજબી તોહોમત સહન કરવાનું થાય. એ અને બીજા કામમાં પરોશીક્યુટર હોય છે તેમાં કાંઇ ભેદ ગણી શકાતો નથી. જે ફરીઆદીઓના આરોપો માજીસ્ટ્રેટે કાહાડી નાંખેલા છે તેમને તે કાહાડી નાંખ્યાના હુકમથી અમારા અભીપ્રાય પ્રમાણે હરકત થાય છે અને હુકમ અને જુબાનીઓ તથા હુકમની નકલો કલમ ૫૭૦ મી પ્રમાણે મળવાનો હક છે માટે તે હુકમ કાયમ કરવામાં આવ્યો.

સબબ અમે ફરમાવીએ છીએ કે તે નકલો પરોસીક્યુટરના આટરની મી૦ મેકનેરને આપવી.

હુકમ કાયમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૬ સપટેંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ મીતર તથા મી૦ જસ્ટીસ મેકલીન સાહેબોની રૂબરૂ.

રાદોઇનાથ શાહાની અરજીની બાબતમાં

કેશરેહીંદ વીરૂધ રાદોઇનાથ શાહા.

જકાત આકટ (બંગાળાના સને ૧૮૭૮ ના આ ૭) ની કલમ ૫૩, ૫૯, અને ૬૪—બંગાળાના સને ૧૮૮૧ ના આકટ ૪ ની કલમ ૨—પરવાના વીના જલદ દરૂ વેચવો—ગુનાહની સાબેતીની બાબત માજીસ્તરેટના ઠરાવનાં કારણો લખવાં—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૨૭, રકમ (ડ)

જે કામોમાં અપીલ ચાલતી નથી તે કામોમાં તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવાના કારણો સારાંશમાં લખવાને માજીસ્તરેટ બંધાએલા છે.

જયાંહાં એકાદા સખસને પકડવામાં આવે અને પોલીસની મુકમાં

તેના ઉપર અમુક આરોપો દાખલ કરવામાં આવેલા હોયતો વધારાના આરોપોની પ્રથમ ખબર તેને આપ્યા વીના વધારાના આરોપો બાબત તેનો જવાબ તપાસને દીવસે માગવો નહી જોઇએ.

પાનું ૧૯૫ એક રાદોઇનાથને તા૦ ૧૨ જુલાઇ સને ૧૮૮૧ ના રોજ પકડવામાં આવ્યો અને તેના ઉપર પરવાનગી વીના (બંગાળાના સને ૧૮૭૮ ના આક્ટ ૭ ની કલમ ૫૩ પ્રમાણે) પરદેશનો આણેલો જલદદાર કબજામાં રાખી વેચવાનો આરોપ રાખવામાં આવેલો છે.

તે કેદીને જમાન ઉપર છોડવામાં આવ્યો છે અને માજીસ્તરેટે તેની નીચેના આરોપ બાબત સંક્ષેપ રીતે તપાસ તા૦ ૨૫ જુલાઇ સને ૧૮૮૧ ના રોજ કરી ત્યાં સુધી તે કામ બંધ રાખવામાં આવેલું હતું.

૧ લો—પરવાનો રજુ કરવાની ના કહી (કલમ ૫૯)

૨ જો—પરદેશનો દારૂ કાયદા વીરૂધ વેચ્યો. (કલમ ૫૩)

૩ જો—પરદેશનો દારૂ ગેરકાયદે કબજામાં રાખ્યો. (કલમ ૬૪)

૪ થો—પરવાનાની શરત તોડવી (કલમ ૫૯ મી)

તે કેદીએ તકરાર કરી છે કે હું ગુનેહગાર નથી. પરંતુ કલમ ૫૩ અને ૫૯ પ્રમાણે તે ગુનેહગાર છે, એવું ઠરાવી તેના રૂ. ૧૦૦ દંડ કરવામાં આવ્યા.

પરંતુ સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૬૭ (એચ) પ્રમાણે તેણે ગુનહો કરયો સાબેત ઠરાવેલો તેનાં કારણો બતાવવામાં આવેલાં નથી. કેદીએ ફરી તપાસની કલમ પ્રમાણે હાયકોરટને અરજ કરી.

અરજદાર તરફથી બાબુ જડબચંદ્ર શીલે તકરાર કરી કે કલમ ૬૪ મી પ્રમાણે ગુનહો સાબેત કરવામાં આવેલો છે તે બરોબર નથી, કારણ કે તે કલમ સને ૧૮૮૧ ના બંગાળાના આક્ટ ૪ ની કલમ ૨ થી ૨૬ થએલી છે, અને ગુનહાની સાબેતીનો ઠરાવ તમામ કાયદા વીરૂધ છે, એવા કારણથી કે સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૬૭ (એચ) પ્રમાણે તે ગુનહાની સાબેતીનાં ઠરાવના કારણો બતાવવામાં આવેલાં નથી.

કોરટના ફેંસલાઓ નીચે પ્રમાણે છે:—

જસ્ટીશ મીતર સાહેબ:—બારકપોરના પોલીશ સ્ટેશનની હકુમતની અંદર ચંદનપૂકર ગામમાં અરજદારની માલેકપણાની એક દારૂની દુકાન છે એમ કહેવામાં આવ્યું છે. તા૦ ૧૨ જુલાઇના રોજ રાતરે પોલીશ ઇનસપેક્ટર એ. એચ. પ્રીચર્ડ તેને પકડયો, અને તેને પોલીશ સ્ટેશન ઉપર લેઇ જવામાં આવ્યો, તાંહાં તે ઇનસપેક્ટરે તેના ઉપર એવો આરોપ રાખ્યો કે પરવાના વીના ઇંગરેજી દારૂ વેચતો હતો, અને તેના

કબજામાં હતો. તેને જામીન ઉપર છોડવામાં આવ્યો અને બીજે દીવશે એટલે તા૦ ૧૩ જુલાઇના રોજ બારયાકપોરના માજીસ્તરેટની રૂબરૂ તે આરોપોનો જવાબ દેવા સારૂ હાજર રહેવાનુ તેને ફરમાવવામાં આવ્યું હતું. તેની અરજી ઉપરથી તે કામ તા૦ ૨૫ જુલાઇ સુધી બંધ રાખવામાં આવ્યું અને તે તારીખે માજીસ્તરેટે તેની નીચેના આરોપ બાબત સંક્ષેપ રીતે તપાસ કરી.

૧ લો—પરવાનો રજુ કરવાને ના કહી. (કલમ ૫૯)

૨ જો—પરદેશનો આણેલો દારૂ ગેરકાયદે વેચ્યો. (કલમ ૫૩)

૩ જો—પરદેશનો આણેલો દારૂ ગેરકાયદે કબજામાં રાખ્યો. (કલમ ૫૪)

૪ થો—પરવાનાની સરત તોડવી. (કલમ ૫૯)

તે અરજદારે તમામ આરોપોવાળા ગુન્હાની ઈનકારીયત કરી છે. પરંતુ તેને તે આકટની કલમ ૫૩ અને ૫૪ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેના રૂ. ૧૦૦) દંડ કરેલા છે. માજીસ્ત્રેટે કહેલું નથી કે કલમ ૫૯ મી પ્રમાણે બેઉ આરોપો અગર તેમાંનો ફકત એક આરોપ શાબેત થએલો છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ ની રકમ (એચ) પ્રમાણે માજીસ્ત્રેટે ગુન્હાની શાબેતીના કારણો સારાંસમાં બતાવવાં જોઇએ. પરંતુ તે કારણો લખવામાં આવ્યાં નથી. તે તપાશ ખરી રીતે ઘણીજ સંક્ષેપ રીતે કરવામાં આવી છે. કલમ ૨૬૩ પ્રમાણે જે કામના કાગળો તથા રજીષ્ટર રાખવામાં આવેલું છે, તેમાં એવી કાંઈ હકીકત નથી કે જે ઉપરથી ગુન્હાની શાબેતીનો આધાર થવાને કારણ બને.

હવે પેહેલા અને ચોથા આરોપની બાબતમાં અમારી નજરમાં આવે છે કે માજીસ્તરેટે તે બાબત તપાસ કરવી જોઇતી નહી હતી. તેને પકડવામાં આવ્યો, અને પરવાના વીના પરદેશનો દારૂ વેચ્યા બાબત તથા તે કબજામાં રાખ્યા બાબતનો તેના ઉપર આરોપ રાખવામાં આવેલો છે. માટે ફકત તે આરોપોનો જવાબ દેવા તે તઇયાર થાય. તા૦ ૧૨ મી જુલાઇ અને તા૦ ૨૫ જુલાઇ જે દીવશે તપાસ થઇ તેની વચમાં તેને તે શીવાય બીજા આરોપોનો જવાબ દેવાનો છે એવી કાંઇ ખબર આપવામાં આવી હતી એમ જણાતું નથી. માટે અમારા અભીપ્રાય પ્રમાણે સદરહુ કહેલા પહેલા અને ચોથા આરોપની બાબતમાં તપાસ કરવી જોઇતી નહી હતી

કલમ ૫૪ મી પ્રમાણેના આરોપ બાબત માજીસ્તરેટના જાણવામાં તે કલમ આ વરશના ૪ થા આકટની કલમ ૨ થી ૨૬ કરવામાં આવેલી

છે એમ ધણું કરીને નહી હતું. માટે પરવાના શીવાય પરદેશનો દારૂ વેચવા સારૂ કલમ ૫૩ પ્રમાણેનો આરોપ રહેલો છે ગુનહાની સાબેતીના ઠરાવના કારણો નથી, માટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ કેટલેદરજ્જે કાયદેસર છે તેનો ન્યાય આ કોરટને કરવો અશક્ય છે. માજીસ્તરેટે જે ખુલાશો મોકલ્યો છે તે ઉપરથી પરદેશના દારૂના વેચાણનો કાંઇ પુરાવ છે એમ જણાતું નથી. પરંતુ ગમે તેમ હોય પણ અમારી નજરમાં આવે છે કે આ કામની હકીકત પ્રમાણે તે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ, એવા કારણથી કે માજીસ્તરેટે પોતાના ઠરાવના કારણો જે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૨૭ મી પ્રમાણે લખવાની જરૂર હતી તે લખેલાં નથી. સબબ અમે તે રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે કલમ ૫૩ મી પ્રમાણે પરવાના વીના પરદેશનો દારૂ વેચ્યા બાબતનો જે ગુનહો કહેવામાં આવેલો છે તે વીશે અરજદારની ફરી તપાસ કરવી. માટે તે દંડ પાછો લેવાનો તે અરજદારનો હક થશે કે નહી તેનો આધાર ફરી તપાસ ઉપર છે.

જસટીશ મેકલીન સાહેબઃ—સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૨૨૭ મી પ્રમાણે રાખેલા રજીષ્ટરમાં જે પ્રોશીડીંગ લખવામાં આવેલું છે તે ગુનહાની સાબેતીના ઠરાવના આધારમાં યોગ્ય પુરાવ છે એવું બતાવવાને બસ નથી. તે ગુનાહની સાબેતીનો સારાંશ ફેરવાલ રકમ (એચ) પ્રમાણે બીલકુલ નથી અને માજીસ્તરેટના તા૦ ૧૫ આગષ્ટના રોજના પત્રમાં જે ખુલાશો છે તે બીલકુલ સંતોશકારક નથી,

પ્રથમ તો એમ જણાય છે કે એક પરવાનો તોહોમતવાળો રજુ કરે તેવું નહી હતું. પણ તેણે બે રજુ કરેલા છે. પરંતુ તે દેશી દારૂ વેચવાના છે. પરદેશનો આણેલો દારૂ વેચવાનો તે તોહોમતવાળાની પોતાની પાસે પરવાનો હતો, એમ કહેવામાં આવેલું નથી માટે તે રજુ નહી કરવા બાબત તેને શીક્ષા થઇ શકતી નથી.

બીજો આરોપ પરદેશનો દારૂ ગેરકાયદે વેચ્યા બાબતનો છે કામના કાગળો ઉપરથી તે આરોપ કેવી રીતે સાબેત થયો તે જણાતું નથી. પરંતુ એક દ્વારકાંનાથ ગાંજે એક પરવાનો રજુ કરેલો અને તેણે કહેલું છે કે તે તોહોમતવાળો મારો નોકર છે એમ જણાય છે. ગયા મે માસમાં પોતાની કોરટમાં કેટલીક હકીકત બનેલી તે ઉપર લક્ષ રાખતાં, માજીસ્ટ્રેટ કહે છે કે અમે તે માનતા નથી. તે કામના કાગળો આ કામમાં કાંઇ પૂરાવ નથી. પરંતુ જો તે હોય તો, અનુંમાન એવું થાય છે કે ત્યાંહા જે કજીયો થએલો તે બે માણસો ગળી જવાથી થએલો હતો. એક પરવાનાથી જો દ્વારકાનાથ બે દુકાનોએ દારૂ વેચતો હોય તથા તેણે તે

ગુનહો કરયા બાબત તેના ઉપર કામ ચલાવવું જોઇએ. અને તોહોમત-વાળાએ જો તે ગુનહામાં મદદ કરી હોય તો, તેના ઉપર મદદ કરનાર તરીકે કામ ચલાવવું જોઇએ.

કલમ ૬૪ મી બંગાળાના સને ૧૮૮૧ ના આ૦ ૪ થાથી કલમ ૬૪ મી રદ થએલી છે, માટે તે કલમ ૬૪ મી શીવાય બીજી કોઇ કલમ પ્રમાણે પરદેશનો દારૂ કબજામાં રાખ્યા બાબત વ્યવસ્થા કરવી જોઇએ. છેલો આરોપ તેના પરવાનાની શરત તોડયા બાબતનો છે તે કાંમના કાગળો ઉપરથી તે શરત તોડી એમ જણાતું નથી.

છેવટ ગુનહાની સાબેતીના ઠરાવમાં બતાવવું જોઇતું હતું કે કીયા ગુનહા બાબત શીક્ષા કરવામાં આવી છે, અને કેટલો દંડ કરવામાં આવેલો છે, કારણ કે કલમ ૫૯ મી પ્રમાણે એક ગુનહા બાબત રૂ ૫૦) કરતાં વધારે સીક્ષા થઇ શકતી નથી.

સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવા સાથે અમે મળતા છીએ અને ફરમાવીએ છીએ કે જો માજીસ્ત્રેટની નજરમાં આવે તો તેમણે તોહોમતવાળાની ફરી તપાસ કરવી.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરયો.

ફોજદારી અપીલ.

તા૦ ૨ નવેંબર સને ૧૮૮૧
મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીશ ટોટનહામ
સાહેબોની રૂબરૂ.

બનેમાદબસા. વીગરેની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વીરૂધ બનેમાદબશા વીગરે.

બકાત—નોકરે કરેલું વેચાણ—પરવાનાની શરત તોડવી—બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ માંની કલમ ૪૧—૪૨—અને ૫૯.

પરવાનાવાળા દારૂ વેચનારના નોકરોએ પરવાનાની શરત તોડેલી તે બાબત તેમને ગુંન્હેગાર ઠરાવેલા તે અવરયે કરીને કાયદા વીરૂધ નથી.

ઇશરચંદરશાના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

કેશરેહીંદ વીરૂધ નદીઆર ચંદશાના ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

એક પરવાનાવાળા દ.રૂ વેચનારના બે નોકરો ઉપર પરવાનાની

બે સરતો તોડયા બાબત આરોપ રાખવામાં આવેલો અને દરેક સરત તોડયા બાબત વધારેમાં વધારે દંડ કરવામાં આવેલો છે.

ઠરાવવામાં આવ્યું કે આ પ્રમાણે દરેક નોકરને જુદી જુદી શીક્ષા કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર હતા.

જકાતના અમલદારની રૂબરૂ પરવાનાવાળો દારૂ વેચનાર પોતાનો પરવાનો રજુ કરવાને બંધાએલો છે પરંતુ તે જકાતનો અમલદાર ચડતા દરજાની પાયરીનો જોઇએ. અને કોઇ પોલીશ અમલદાર જકાતના અમલદારનો અખ્તીયાર વાપરતો હોય તેવા નહીં જોઇએ.

પાનું ૨૦૭   આ કામમા અરજદારો ઉપર તા૦ ૬ સપટેંબર સને ૧૮૮૧ ના રોજ ચીફ પ્રશીડેનશી માજીસ્તરેટની રૂબરૂ સને ૧૮૭૮ ના બંગાળાના આકટ ૭ની કલમ ૫૩ વીરૂધ વધારાના પરવાના શીવાય પરદેશના જલદ દારૂની બે બાટલીઓ વેચ્યા બાબત આરોપ રાખવામાં આવ્યો હતો અને વળી સદરહુ આકટની કલમ ૫૯ પ્રમાણે તેઓએ પોતાના પરવાનાની છઠી અને બારમી શરત તોડી એવો આરોપ રાખેલો હતો.

તે અરજદારોને ગુનેહગારો ઠરાવી દરેકના રૂ. ૧૦૦ એટલે તે પરવાનાની બે શરતો બાબતમાં દરેક શરતો બાબત રૂ. ૫૦) દંડ કરેલાછે.

અરજદારો તરફથી બાબુ સોરેંદ્રનાથ બાનરજી.

તે ગુનાહની સાબેતીના ઠરાવના આધારમાં કામ ચલાઉ સ્ટાંડીંગ કોનશલ મી૦ બોનરજી.

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામમાં અરજદારો એક પરવાનાવાળા દારૂ વેચનારના બે નોકરો છે. તેમને ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે એવી રીતે કે પ્રથમ બ્રાનડીની એક બાટલી મકાનમાં પીવામાં નહીં આવતાં તે લઇ જવામાં આવી અને બીજો એવી રીતે કે પોલીશ ઈનસ્પેકટરે તેઓની પાસે પરવાનો માગ્યા છતાં તેઓએ રજુ કર્યો નહીં.

પેહેલી જે શરત તોડવામાં આવી છે તે વીશે એવી હરકત લેવામાં આવી છે કે પરવાનાવાળો વેચનાર શેઠ ફકત જવાબદાર છે અને નોકરો જવાબદાર નથી. આ કોરટના ફેંસલાઓ આ બાબતમાં છે તેનો વીચાર અમોએ કરેલો છે:—ઇશરચંદ્રશાનો ઠરાવ તથા કેસરેહીંદ વીરૂધ નદીઆર ચાંદશાનો ઠરાવ થોડી મુદત ઉપર જસ્ટીસ પોંટીફેક્સ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબોએ કરેલો છે. આ ઠરાવો એક બીજા વીરૂધ છે. અમારો અભીપ્રાય ઇશરચંદ્રશાના ઠરાવ પ્રમાણે થાય છે. અને તે ઠરાવ થોડી મુદત ઉપર જે જડજોએ ફેંસલો કરેલો છે,

તેમની નજરે લાવવાની જરૂર નથી. એ વાત ધ્યાંનમાં લાવતાં અમારી નજરમાં આવે છે કે તે ઇશરચંદ્રશાના ઠરાવ પ્રમાણે અમારે ચાલવું એ વ્યાજબી છે. સબબ અમે ઠરાવીએ છીએ કે તે નોકરોને ગુનેહગાર ઠરાવ્યા છે તે અવસ્ય કરીને ગેરકાયદે છે એમ નથી

બીજી હરકત એવી લેવામાં આવી છે કે આ બાબતમાં પરવાનાની ફકત એક શરત તોડવામાં આવી છે તેથી ફકત એક શીક્ષા કરવી જોઇતી હતી તેમ છતાં દરેક નોકરને વધારેમાં વધારે દંડ કરવાથી તે શીક્ષા બમણી થએલી છે. જો માજીસ્ત્રેટની નજરમાં જેમ દેખીતી રીતે આવેલું છે તેમ જો આવેલું હોય કે દરેકે તે પરવાનાની શરત તોડી છે તો દરેક નોકરને તેમણે સીક્ષા કરી છે તે પ્રમાણે શીક્ષા કરવાને તે મુખત્યાર હતા. બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૫૯ માં બેશક ઠરાવ્યું છે કે શેઠ પાસેથી તે રકમ વશુલ થઇ શકે છે. પણ શેઠ પોતાના નોકરની બેશીકરાઇ અગર કસુરને માટે એક ભર સજા કરતાં વધારે સજા સહન કરવાને વ્યાજબી રાહે હરકત લઇ શકે તેમણે કાયદા પ્રમાણે ઠરાવેલી તમામ રકમ આપવાને તે નોકરો જવાબદાર ના થાય એમ અવશ્યે કરીને થતું નથી. સબબ અમારી નજરમાં આવે છે કે ગુનાહની શાબેતીના ઠરાવો તથા જે દંડ કરવામાં આવેલા છે તે દંડ તે આ પરવાના તોડયાની બાબતમા કાયમ રહેવા જોઇએ.

ઇનસ્પેટર મી૦ રીજરહેડે પરવાનો રજુ કરવાને માગ્યો તેરજુ કરવાને ના કહેવાથી તેજ પરવાનાની શરતો તોડવામાં આવી તે વીશે બીજી શીક્ષા કરવામાં આવેલી છે તે બાબત અમારા અભીપ્રાયમાં આવે છે કે તે ગુનાહની સાબેતીના ઠરાવોના આધારમાં જે વીદવાન સ્ટાંનડીંગ કાનશલ હાજર થયા છે તેમણે એવી તકરાર કરી છે કે કલમ ૪૧ અને ૪૨ સાથે વાંચતાં જે અમલદારોને કલમ ૪૨ પ્રમાણે અખત્યાર આપવામાં આવેલો છે તે અમલદારો માહાલના કામમાં જે ઇનસ્પેકટર છે તેમનો સમાસ થાય છે. માટે તે આકટના ઠરાવ પ્રમાણે તેને જકાતના અંમલદાર તરીકે માનવા જોઇએ અને જે પોલીસ અમલદાર જકાતના અમલદાર તરીકે કામ કરતો હોય તેને પરવાનો માગવાને અખત્યાર ના હોય તો તે પોતાની ફરજો બજાવી શકે નહીં. પણ જો કે તે પરવાનો માગી શકેછે અને તે રજુ કરવાને ના કહેવામાં આવે તો આકટમાં ઠરાવ્યા પ્રમાણે પકડવાને અગર મીલકત જપ્ત કરવાને કામ ચલાવી શકે છે. તોપણ જ્યાં સુધી પરવાંનાવાળો અગર તેના નોકરો તે રજુ કરવાને બંધાએલા છે એવું સ્પષ્ટ રીતે ઠરાવેલું ના હોય ત્યાં સુધી તે રજુ કરવાને ના કહેવાથી તે અગર તેઓ પરવાનો તોડયા બાબત કલમ ૫૯ પ્રમાણે દંડને પાત્ર

થાય છે એમ અવસ્યે કરીને થતું નથી. તે પરવાનામાં નીચેની મતલબ ની શરત છે. "તેણે (પરવાનાવાળાએ) હેડકોનસટેબલ અગર ચપરાશી કરતાં ચડતા દરજ્જાનો કોઇ જકાતનો અમલદાર પરવાનો માગે તો તે પરવાનો અને હીસાબ રજુ કરવો વીગરે.

હવે તે પરવાનાની કલમમાં ફક્ત જકાતનો અમલદાર એવા શબ્દ વાપર્યા હોતતો આબકારી આકટના અરથ પ્રમાણે તે શબ્દોનો અર્થ જકાતનો અમલદાર થવો જોઇએ એમ ઠરાવવાને અમારે મરજી નહીં રાખવી એમ કરવું નહીં જોઇએ. માટે ઇનસ્પેકટર ફીજરલ્ડ જેવા પોલીસ અમલદારને તે આકટની કલમ ૪૨ પ્રમાણે યોગ્ય રીતે અખત્યાર હતો તે પરવાનાની કલમમાં તે જકાતનો અમલદાર હેડ કોનસ્ટેબલ અગર ચપરાશી કરતાં ચઢતા દરજ્જાનો અમલદાર જોઇએ એવું ઠરાવેલું છે તેથી અમારા અભીપ્રાયમાં આવેછે કે તેપરવાનાનો આ નમુનો જેણે લખ્યો તે લખનારનો ઇરાદો ચઢતા દરજ્જાનો જકાતનો અમલદાર હોવો જોઇએ એવો હતો. માટે ફક્ત તેવોજ અધીકારી જકાતનો અમલદાર છે અને જે કોઇ પોલીસ અમલદાર જકાતના અમલદારનો અખત્યાર વાપરે તે નથી. તે પરવાનાના શબ્દોનો આ વીચાર કરતા અમારી નજરમાં આવે છે કે બીજી શરત તોડયા બાબત જે ગુનાકની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે રદ કરવો જોઇએ. અને જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ ડીસંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ પોંટીફેકસ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

સમીરૂદીનની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ સમીરૂદીન.

પુરાવ—મરતી વખતે કહેલી હકીકત—તોહોમતવાળાની રૂબરૂ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫)ની કલમ ૩૦૦—તોહોમત ઘડવું.

મરનાર સખસની મરતી વખતની હકીકત તોહોમતવાળાની રૂબરૂ લખી લેવી જોઇએ માટે જો તે પ્રમાણે લખી લેવામાં આવેલી ના હોયતો તે લખી લીધેલી હકીકત તે કહેલી હકીકત સાબેત કરવાને પુરાવમાં દાખલ થઇ શકતી નથી. તે હકીકત સાધારણ રીતે જે સખસે સાંભળેલી હોય તેનાથી સાબેત થઇ શકે છે. અને તે સાક્ષીની યાદદાસ્ત તાજી કરવાને તે લખત ઉપયોગમાં લઇ શકાય છે.

કેદી ઉપર અમુક હથીઆરથી અને જખમ કરવામાં આવ્યો એવા ઇરાદાથી કે તેનું મોત થાય એવી તેના શરીરને ઇજા થાય અગર મોત થવાનો સંભવ છે એવું તે જાણતો હતો અને અ નુ મોત કરેલુ છે એવો આરોપ રાખવામાં આવેલો હતો.

ઠરાવ્યું કે તે આરોપ ખામી ભરેલો છે અને પીનલકોડ ની કલમ ૩૦૦ ની રકમ ૨ જી અને ૩ જીમાં ખુનની વાખ્યા છે તે સબંધી બરોબર નથી. બીજી રકમની બાબતમાં અ નુ મોત થવાનો સંભવ છે એવા શબ્દો હોવા જોઇએ. ૩ જી રકમની બાબતમાં સાધારણ રીતે એવા શબ્દો હોવા જોઇએ.

પાનું ૨૧૧ એક સમીરૂદીનના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે બાળવીર ઉર્ફે બાબરઅલીને શરીરે એવી ઇજા થાય કે જેથી સાધારણ રીતે તેનું મોત થાય એવા ઇરાદાથી અગર મોત થવાનો સંભવ છે એવું તે જાણતો હતો અને એક હથીઆરથી તેને જખમ કરયો અને તેથી તેનુ મોત થયું એવો આરોપ રાખવામાં આવેલો છે.

મરનારનુ મરતી વખતનુ જે કહેવુ છે તે ડીપોટી માજીસ્ત્રેટે જુબાની તરીકેનુ લખી લીધેલું છે પરંતુ તે મરનારને તોહોમતવાળાની રૂબરૂ તપાસવામાં આવેલો હતો એમ જણાતું નથી. તોપણ જો કે ડીપુટી માજીસ્ત્રેટને તે લખી લીધેલી હકીકત સાબેત કરવાને બોલાવવામાં આવેલો નથી તોપણ શેશન જડજની રૂબરૂની તપાસમાં આ પુરાવ દાખલ કરવામાં આવેલો છે.

શેશનની તપાસમાં જે વૈદકી પુરાવ છે તેમાં માજીસ્ત્રેટની રૂબરૂ લીધેલી દેશી વઇદકી જુબાનીછે. પરંતુ સ્વભાવીકરાહે મોત થાય એવી જોઈતી ઈજા થએલી હતી તે બતાવવાને કાંઇ પુરાવ આપવામાં આવેલો નથી.

શેશન જડજે આસેસરોની સાથે મળતા આવી ઠરાવ્યું છે કે તે કેદી પીનલકોડની કલમ ૩૦૨ પ્રમાણે ગુન્હેગાર છે તેથી તેને મોતની શીક્ષા કરી. આ શીક્ષાનો હુકમ હાયકોરટમાં મંજુર થવા સારૂં મોકલવામાં આવ્યો છે. અને કેદીએ અપીલ કરેલી છે.

કેદી તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જસ્ટીશ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

ફરીદપુરના શેશન જડજે આસેસરો સાથે બેથી સમીરૂદીનને આ કામમાં ખુનનો ગુનહેગાર ઠરાવી તેને મોતની શીક્ષા કરેલી છે. આ શીક્ષાનો હુકમ મંજુરી સારૂં મોકલેલો છે અને તેની સાથે તે કેદીએ અપીલ કરેલી છે.

આ કામ મોકલતાં શેશન જડજે શીવીલ સરજનની તરફથી આવેલા કાગળની એક નકલ મોકલેલી છે અને જે સખસના મોત વીશે તે કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે તે સખસને કેવી રીતનો જખમ કરવામાં આવેલો તે વીશે અભીપ્રાય બતાવેલો છે. આવી ન્યાયની બાહારની બાબત અમે કબુલ કરી શકતા નથી અગર તે ઉપરથી કાંઈ કરી શકતા નથી. શીવીલ સરજને ફક્ત જે અભીપ્રાય આપેલો છે તે કામની ન્યાયની રૂઇએ તપાસ કરતાં વીચારમાં લેઈ શકાય છે, અને હમેશાં શાક્ષીઓને જે અજમાસોની સાથે તપાસવામાં આવે છે તે અજમાસો પ્રમાણે સાક્ષી તરીકે તેમને તપાસવામાં આવ્યા ત્યારે તેમણે જે અભીપ્રાય આપેલો તે અભીપ્રાય છે.

આશેસરોના અભીપ્રાયમાં આવેલું છે કે તે કેદીને ખુનનો ગુનહેગાર ઠરાવવો જોઇએ. પરંતુ જ્યારે અમારા જોવામાં એમ આવે છે કે કેટલીક અગત્યની બાબત જે પુરાવામાં દાખલ કરવી જોઇતી નહીં હતી તે દાખલ કરવામાં આવેલી છે તેથી તેમના મનને અસર થએલો છે ત્યારે અભીપ્રાયની કીમત ઘણી ઓછી થઇ જાય છે.

જે પુરાવ બાબત આ વીચારો બતાવવામાં આવ્યા તે મરનાર બાબર અલ્લીની મરતી વખતની કહેલી હકીકત છે. આ હકીકત ડીપોટી માજીસ્ટ્રેટે જુબાની તરીકે લખી લીધેલી છે. પરંતુ તોહોમતવાળા શખીરૂદીનની રૂબરૂમાં તે બાબરઅલ્લીને તપાસવામાં આવેલો હોય એમ જણાતું નથી. અને ડીપોટી માજીસ્ટ્રેટે પોતાની ન્યાયની રૂઇની હકુમત વાપરતાં તેને તે પ્રમાણે તપાસેલો ના હોય તો તે મરનારની કહેલી હકીકત શાબેત કરવાને તે માજીસ્ટરેટની લખી લીધેલી હકીકત દાખલ થઇ શકતી નથી. આ હકીકત જે સખસે સાંભળેલી હોય તેનાથી સાધારણ રીતે શાબેત થઇ સકે છે. જો ડીપોટી માજીસ્ટ્રેટને તે શાબેત કરવાને બોલાવવામાં આવ્યા હોત તો જે વખતે તે હકીકત કહેવામાં આવી તે વખતે તેમાં લખી લીધેલી હકીકતથી તે પોતાની યાદદાસ્ત તાજી કરી શકત.

તે કેદી ઉપર એક બાગ મીર ઉરફે બાબર અલ્લીને તેનું મોત થાય તે પ્રમાણે શરીરે ઇજા કરવાના ઇરાદાથી અગર તેનું મોત થવાનો સંભવ છે એવું જાણીને તેને એક હથીઆરથી જખમ કરયો અને તેથી તેનું મોત થયું એવો આરોપ રાખવામાં આવેલો છે. આ આરોપ ઘણું કરીને પીનલકોડની કલમ ૩૦૦ માં ખુનની વાખ્યા છે, તેની બીજી અને ત્રીજી રકમ પ્રમાણે છે એવો ઇરાદો રાખવામાં આવેલો છે

પરંતુ તે ખામી ભરેલો છે અને બેઉ રકમોની બાબતમાં બરોબર નથી. બીજી રકમની બાબતમાં તેમાં એવા શબ્દો હોવા જોઇએ કે બાબર અલ્લીને ઇજા કરવામાં આવી તેથી તેનું મોત થવાનો સંભવ હતો. ત્રીજી રકમની બાબતમાં તેમાં એવું કહેવું જોઇતું હતું કે સાધારણ સ્વભાવીક રીતે.

આ કામમાં વઇદકી પુરાવ છે તેમાં દેશી વઇદની જુબાની છે પરંતુ તેને શેશન કોરટમાં તપાસવામાં આવેલો નથી, અને તેને તપાસવો જોઇતો હતો એમ અમારી નજરમાં આવે છે. આ જુબાની ઉપરથી એવું જણાય છે કે લાશ ઉપર જે ઇજા થએલી જોવામાં આવેલી છે તેથી તે મરનારને ડાબા ફેફસામાં અમુક રોગ થએલો તેથી તે મરણ પામેલો છે વળી તે વૈદે કહ્યું છે કે મરનારને જે જખમ કરવામાં આવેલો તે સદરહુ રોગ થવાને બસ હતો.

સાધારણ સ્વભાવીક રીતે મોત થાય તેવી તે ઇજા બસ હતી એવો કાંઇ પુરાવ નથી. જે જખમ કરવામાં આવેલો તેથી તે રોગ થાય અગર તે થવાનો સંભવ હો અગર તે રોગથી તે મોત થવાનો સંભવ છે એવો કાંઇ પુરાવ નથી. દેશી વઇદને એમ પુછવામાં પણ આવ્યુ નથી. કે તે ઇજાથી મોત થવાનો સંભવ હતો કીંવા નહીં તેમ તેણે તેવું કહેલું પણ નથી.

કામમાં જે પુરાવ છે તે ઉપરથી અમારી નજરમાં આવે છે કે તે કેદીને ખુનનો અગર શીક્ષાપાત્ર મનુષ્ય વધના ગુન્હેગાર ઠરાવી શકાતો નથી તેની પોતાની કબુલાત ઉપરથી તથા શાક્ષીઓ પલન મંડલ અને હોસેનરહમાનની શાહેદી ઉપરથી અમને ખાતરી થાય છે કે તેણે મરનારને એક હથીઆરથી જખમ કરયો હતો અગર ઇજા કરી હતી. સબબ અમારી નજરમાં આવે છે કે તેને પીનલકોડની કલમ ૩૨૬ મી પ્રમાણે ભયંકર સહસ્ત્રથી મારાવ્યથા કરયાનો ગુન્હેગાર ઠરાવવો જોઇએ. તેથી ખુનના ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ. અને કેદી શમીરૂદીનને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૨૬ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી દશ વરશ સખ્ત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૪ ડીસેંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ પોંટીફેકસ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ
સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વી૦ ફોલા લાલંગ વીગરે.

આકટનો અરથ—બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ
૧૫, ૧૭ અને ૬૧—દારૂનો બનાવેલો જથો—વધારેમાં
વધારે રકમ.

શીક્ષા બાબતના કાયદાનો અરથ સખ્તાઇથી કરવો જોઇએ, એટ-
લે જે કાંઇ સ્ટાટયુટના શબ્દોમાં અગર સ્પષ્ટ રીતે અને સમજાય તે
પ્રમાણે બજાવવામાં આવેલું ના હોય તે સ્ટાટયુટના અર્થ પ્રમાણે છે એમ
માનવું નહીં જોઇએ.

બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૧૫ મી પ્રમાણે
આશામના ચીફ કમીશનરે બોર્ડ ઓફ રેવન્યુનો અખત્યાર વાપરતાં એક
સરકયુલર હુકમથી પરચુરણ વેચાણ સારૂં દેશી દારૂની, ૭ બાટલીઓની
હદ રાખેલી છે, અને તોહોમતવાળાના કબજામાં તે કરતાં વધારે બાટલી-
ઓ હતી એવો આરોપ રાખવામાં આવેલો છે, પરંતુ જે રકમ તેની પા
સે હતી તે કલમ ૧૫ મીમાં કહેવામાં આવેલી છે તે કરતાં ઓછી હતી.

ઠરાવ્યું કે કલમ ૬૧ પ્રમાણેના કોઇ ગુન્હાનો તે ગુન્હેગાર નથી અને
કલમ ૧૫ મીમાં દેશી દારૂ જે ખાસ રીતે બતાવેલો છે તે વધારેમાં વ-
ધારે આવા કોઇ કલમ ૧૫ પ્રમાણે કરેલા હુકમથી ઠરાવી શકાય છે.
તે કરતાં ઓછો જથો કલમ ૬૧ મીના અર્થ પ્રમાણે કલમ ૧૫ મીમાં
બતાવેલો છે એમ ગણવું જોઇએ.

પાનું ૨૧૪ કામરૂપના ડીપોટી કમીશનરે આ કામમાં
હાય કોરટમાં પુછેલું છે, તે હકીકત નીચે પ્ર-
માણે છે:—

સોનાપુરની અંદર દેશી દારૂ બનાવવાને તથા વેચવાને એક ગુરા
ડીયાલ મોહાલદત્તને ઇજારો આપવામાં આવેલો તેમ છતાં તોહોમતવા-
ળાને તા૦ ૪ અકટોબર સને ૧૮૮૧ ના રોજ પોલીસ તરફ એવા આ-
રોપની સાથે મોકલવામાં આવેલો છે કે તે સોનાપુરમાં તેના કબજામાં
દેશી જલદ ભઠીમાંથી કાહાડેલા દારૂની ચાર બાટલીઓ તથા એક મોટું
વાસણ જેમાં દશ જલદ દારૂની બાટલીઓ હતી તે માલમ પડેલી છે.

ઠરેલ તોહોમતવાળાના કબજામાં કેટલો જથો હતો તે વીસે એક

સ્ટ્રા આસીસ્ટંટ કમીશનરને ખાતરી થએલી નહીં તેથી તેમના અભીપ્રાયમાં આવેલું કે બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ માની કલમ ૬૧ પ્રમાણે કોઇ પણ સખશ પોતાના કબજામાં બાર બાટલીઓ રાખી શકે છે તેથી તેમણે તોહોમતવાળાઓને છેડી દેવાનો હુકમ કરયો, તો પણ તોહોમતવાળાની કહેલી હકીકત ઉપરથી જણાય છે કે તેમાંના એકની પાસે એક વાસણ ભરેલું દશ બાટલીઓનું હતું.

વળી એમ જણાય છે કે ગવરનર જનરલ ઈનકાંઉનશીલની પ્રથમ મંજુરી સાથે ચીફ કમીશનરે બંગાળાનો સને ૧૮૭૮ નો આકટ ૭ મો આશામને લાગુ કરયો છે અને તે આકટમાં તે મતલબનો અખત્યાર છે તેથી ચીફ કમીશનર કે જેમને બોર્ડ ઓફ રેવન્યુના જેવો અખત્યાર છે તેથી તેમણે તા૦ ૧૨ જુન સને ૧૮૮૦ ના રોજના સરક્યુલર નંબર ૨ (ઇ)થી દેશી જલદ દારૂ પરચુરણ વેચવાને ૭ બાટલીઓની હદ ઠરાવેલી છે

આ હકીકત ઉપરથી ડીપોટી કમીશનરની નજરમાં ઇનશાફ થએલો નથી એવું આવવાથી તે કામ હાયકોરટમાં મોકલેલું છે. એવા કારણુથી કે એકસ્ટ્રા આસીસ્ટંટ કમીશનરે જે એવું ઠરાવ્યું છે કે બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ માની કલમ ૧૫ માં બતાવેલો જલદ દારૂનો જથો આ વીચારવાળા કામને સારૂં બાર બાટલીઓનો ગણવાનોછે તે બરો બર નથી. પરંતુ ચીફ કમીશનરના સરક્યુરથી ૭ બાટલીઓ ઠરાવવામાં આવેલી છે તે પ્રમાણે તેમણે ગણવું જોઈતું હતું.

રેફરંસની વખતે કોઇ હાજર થયું નથી.

કોરટના ફેંસલાઓ નીચે પ્રમાણે આપવામાં આવેલા છેઃ—

જસ્ટીશ ફીલ્ડ સાહેબઃ—સને ૧૮૭૮ ના બંગાળાના આકટ ૭ માની કલમ ૧૫ અને ૬૧ સબંધીનો સવાલ આ કામમાં છે. તે આકટની કલમ ૬૧ પ્રમાણે બે સખશો ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે કલમ ૧૫ માં બતાવેલા જથા કરતાં વધારે દેશી જલદ દારૂની ૭ બાટલીઓ થાય છે. અને તે અમુક જકાત લેવા લાયક છે તેમ છતાં તે તેમના કબજામાં હતી એવો આરોપ રાખવામાં આવેલો છે. હવે કલમ ૧૫ મી નીચે પ્રમાણે છે. "જો તે બોરડે ખાસ રીતે બીજી રીતે ફરમાવ્યું ના હોય તો નીચે બતાવેલા કરતાં વધારે જથાનાજી કોઇ પણ જકાત લેવા લાયક ચીજનું વેચાણુ કરવામાં આવે તો તે જથા બંધ વેચાણ છે અને બીજો કોઇ જથો વેચવામાં આવે તે પરચુરણ વેચાણુ છે એમ સમજવાનું છે. જલદ અગર ભઠીમાંથી કાહાડેલા દારૂના બે ગ્યાલનો અગર બાર બાટલીઓ. કલમ ૧૫ ના ઠરાવ પ્રમાણે

આસામના ચીફ કમીશનરે બોર્ડ ઓફ રેવન્યુનો અખત્યાર વાપરતાં વધારેમાં વધારે છ બાટલીઓ ઠરાવેલી છે. માટે સવાલ એ છે કે તેથી એ છો જથો તે આકટની કલમ ૧૫ પ્રમાણે આપેલા અખત્યારથી બોરડ ઓફ રેવન્યુએ વધારેમાં વધારે જથા તરીકે ઠરાવેલો હોય તો કલમ ૬૧ ના અરથ પ્રમાણે કલમ ૧૫ મીમાં દરેક રકમનો જથો બતાવેલો છે તે પ્રમાણે તે માની શકાય કે નહીં. હવે એવો નીયમ છે કે ગુન્હેગારીના સ્ટાટયુટનો અરથ સખતાઇથી કરવો જોઈએ. આ નીયમનો હેતુ એવો છે કે જે કાંઇ બાબત સ્ટાટયુટના શબ્દોમાં સફાઇથી સમજી શકાય તે પ્રમાણે બતાવેલી ના હોય તે બાબત સ્ટાટયુટ પ્રમાણે ગણવાની નથી. લોરડ હનટીંગ ટાવર વીરૂધ ગારડીનરના કામમાં એવું કહેવામાં આવ્યું છે કે જે ગુન્હા બાબત આરોપ રાખવામાં આવેલો હોય તેનો સ્ટાટીયુટના શબ્દોમાં સમાસ થતો ના હોય તો તે ગુન્હેગારીના સ્ટાટયુટનો અમલ કરવો નહીં જોઇએ. અને માહારાણી વીરૂદ્ધ બો_ના કામમાં જસ્ટીશ આબટ સાહેબે કહ્યું છે કે પારલ્યામેન્ટના આકટના ખુલ્લા શબ્દોથી જે નીશ્ચે કરવાને માટે અખ્તીઆર આપવામાં આવેલો ના હોય તેવા નીશ્ચેના લાંબા વીચારો કરી એકાદા સખશને ગુન્હેગાર ઠરાવવો એ ઘણું ખોટું જ છે. વળી ખોટ વીરૂધ રોબીનસનના કામમાં જસ્ટીશ વાઇલ્સ સાહેબે કહેલું છે કે ફોજદારી બાબતના ઠરાવો અરથ કરી લાગુ કરવાના નથી અને કાયદા વીરૂધ ગુન્હો કરયો જ્યારે કહેવામાં આવેલો હોય અને તે ગુનહાનો ફોજદારી કાયદાની ભાશામાં સમાસ થાય છે કે નહીં તે વીશે કોરટને વીચાર કરવાનો હોય ત્યારે કાયદાનો ફક્ત હેતુ તોડવામા આવેલો છે એવી કોરટને ખાતરી કરવી જોઇએ એટલુંજ નહી પણ કાયદા કરનારે જે શબ્દો વાપરેલા છે તેમાં તે ગુન્હાનો સમાસ થાય છે, અને તેથી તે ગુન્હા ભરેલું બને છે એવી પણ ખાતરી કરવી જોઈએ. અર્થ કરવાનો આ કામને લાગુ કરતાં અમારી નજરમાં આવે છે કે તે આકટની કલમ ૧૫ ના ઠરાવ પ્રમાણે કોઈ નીયમ અગર હુકમથી દેશી જલદ દારુનો ઓછો જથો કલમ ૬૧ ના અરથ પ્રમાણે કલમ ૧૫ માં બતાવેલો જથો છે એમ માની શકાય છે એ કેહેવું અશકય છે એકાદી વસ્તુ બતાવવામાં આવેલી હોય તો તે નક્કી કહેવામાં અગર ઓળખાવવામાં આવેલી થાય છે, અને હવે પછી કોઇક વખતે એકાદો નીયમ અગર હુકમ કરવાનો હોય તેના ઉપર તેનો આધાર રહે છે એમ ભાગ્યેજ કહી શકાય કલમ ૧૫ મી પરવાનાવાળા વેચનારાઓને લાગુ છે અને તે કલમ પ્રમાણે જથામાં ચીફ કમીશનરે કાંઇ ફેરફાર કરયો હોય તો તેઓ સ્વભાવીક રીતે જાણે. પરંતુ કલ-

મ ૬૧ બધા લોકોને લાગુ થાય છે. અને તેઓને આવા કાંઇ ફેરફારની સાધારણ રીતે ખબર ના હોય. તે આકટને જેઓએ ઉત્તેજન આપેલું છે. તેઓનો ઈરાદો જુદો હતો એમ બની શકે પરંતુ જો એમ હોય તો અમે એટલું કહી શકીએ કે તે ઇરાદાનો અમલ કરવાને જોઇતી ભાશા વાપરવામાં આવી નથી. અમારી નજરમાં આવે છે કે આશીસ્ટંટ કમીશનરનો તે હુકમ બરોબરછે અને તેમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ.

જસ્ટીશ પોંટીફેકસ સાહેબઃ—અમારા અભીપ્રાયમાં આવે છે કે આસીસ્ટંટ કમીશનરનો તે હુકમ બરોબર છે અને તેમાં અમે હાથ ઘાલી શકતા નથી.

બંગાળાના જકાતના આકટની કલમ ૬૧ પ્રમાણે આરોપ રાખવામાં આવેલો છે. આશીસ્ટંટ કમીશનરે ઠરાવ્યું છે કે જે સખસોના ઉપર આરોપ રાખવામાં આવેલો છે કે તેઓના કબજામાં તે આકટની કલમ ૧૫ મીમા બતાવેલા જથા કરતાં વધારે દેશી જલદ દારૂનો જથો ના હોય તો તે સખસો દંડને પાત્ર નથી.

કલમ ૧૫ માં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :—જો તે બોરડે ખાસ બીજી રીતે ઠરાવ્યું ના હોય તો નીચે બતાવેલા જથા કરતાં કાંઈ પણ જકાત લેવા લાયક ચીજનો વધારે જથો વેચવામાં આવેલો હોય તો તે જથાબંધ વેચાણ સમજવું.—જલદ દારૂ અથવા ભઠ્ઠીમાંથી કાહાડેલા દારૂના બે ગ્યાલનો અથવા બાર બાટલીઓ.

આ કલમ પરવાનાવાળા દારૂ બનાવનારા અને વેચનારાઓને ફકત લાગુ થાય છે.

\+ \+ \+ ×

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ ડીસેમ્બર સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ પોંટીફેકસ અને મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂદ્ધ સદાનંદ માહાનંત્તી વીગરે.

સ્ટાંપ આકટ (સને ૧૮૭૯ નો ૧ લો) ની કલમ ૩૭—૪૦—પંચ—પંચનો ઠરાવ—સ્ટાંપનો કર આપવો પડે નહીં તે વીશે કબુલ કરવું.

૭ સખશોએ પોતાના ગામના બે સખસોની વચમાંની તકરારમાં લવાદ તરીકે કામ કરયું અને પોતાનો ફેંસલો લખીને આપ્યો. ત્યાર પછી તે તકરારના પક્ષકારોમાંના એક પક્ષકારે કટકના મુનસફની કોરટમાં એક દીવાની દાવામાં પુરાવ તરીકે તે ફેંસલો દાખલ કરયો તેથી તે મુનસફે તે ફેંસલા ઉપર સ્ટાંપ નહીં હોવાથી તે દસ્તાવેજ અટકાવ્યો અને કલેકટર તરફ મોકલ્યો તેથી કલેકટરે તે લખનાર ઉપર ફરીઆદ ચલાવવાનો હુકમ કરયો. જે ડીપોટી માજીસ્ત્રેટ તરફ તે કામ મોકલવામાં આવેલું તેમણે સદરહુ ૭ લવાદો ઉપર સમન્સ કરયા અને દરેકના રૂ. ૨૫) દંડ કરયા. જીલ્લા માજીસ્ટરેટે હાયકોરટમાં રેફરંસ કરયું. તેમાં ઠરાવવામાં આવ્યું કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે માટે તે રદ કરવો જોઇએ. વળી ઠરાવવામાં આવ્યું કે સ્ટાંપ આકટની કલમ ૩૭ માં ઠરાવેલી કામ ચલાવવાની રીતી પ્રમાણે સખતાઇથી ચાલવું જોઇએ. અને કલમ ૪૦ પ્રમાણે ફરીઆદ દાખલ કરતાં પહેલાં તે ગુન્હો સ્ટાંમનો યોગ્ય કર નહીં આપવાના ઇરાદથી કરેલો છે કે નહીં એ વીશે અભીપ્રાય બાંધવાને તે કલેકટર બંધાએલા છે.

પાનું ૨૬૦ આ કામમાં ૭ સખસોએ પોતાના ગામના બે સખસોની વચમાં એક જમીન સબંધીની તકરારમાં લવાદ તરીકે કામ કરેલું હતું. તે જમીનની કીમત રૂ ૫૦) કરતાં વધારે નહી હતી. તેમાંના એક પક્ષકારે કટકના મુનસફની કોરટમાં તે લવાદનો ફેંસલો દાખલ કરયો તેમાં જડજે ઠરાવ્યું કે તે ઉપર રૂ. ૫ નો સ્ટાંપ જોઈએ તેથી પેનલટી સાથે રૂ. ૫૫] થાય છે. આ રકમ આપવામાં આવી નહીં તેથી મુનસફે તા૦ ૨૦ જુન સને ૧૮૮૧ ના રોજ તે દસ્તાવેજ અટકાવ્યો અને કલેકટર તરફ મોકલ્યો અને કલેકટરે ફોજદારી ફરીઆદ ચલાવવાનો હુકમ કરયો જે ડીપોટી માજીસ્ત્રેટ તરફ તે કામ મોકલવામાં આવેલું તે ડીપોટી માજીસ્ટરેટે ૭ પંચોને સમન્સ કરી બોલાવ્યા અને દરેકના રૂ. ૨૫) દંડ કરયા, તે કામ માજીસ્ત્રેટે હાય કોરટમાં મોકલ્યું.

કોરટના ફેંસલાઓ નીચે પ્રમાણે આપવામાં આવેલા છેઃ—

જસ્ટીશ ફીલ્ડ સાહેબઃ—

નીચેની હકીકતથી આ કામમાં ૭ સખસોને સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટ ૧ લાની કલમ ૬૧ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે. આ ૭ સખસો એક પંચાયતના અંગભુતો હતા. તેઓએ પોતાના ગામના બે સખસોની વચમાં એક જમીનના કડકા સબંધી તકરાર હતી તેનો પંચ અથવા સરપંચ તરીકે કામ કરી ફેંસલો કરેલો હતો. આ ફેંસ-

લો અથવા પંચનો ઠરાવ લખવામાં આવેલો હતો, પરંતુ તે ઉપર સ્ટાંપ લગાડવામાં આવેલો નહીં હતો. જે સખસોની ખાયશથી તે ઠરાવ કરવામાં આવેલો તેમાંનો એક પાછળથી દીવાની કોરટની મદદ લેવા ગયો, અને તે દાવામાં આ લખેલો ઠરાવ ફાઇલ કરવામાં આવ્યો. આ કાગળ ઉપર સ્ટાંપ આકટના પ્રસીષ્ટ ૧ લાની આરટીકલ ૧૦ ના હેતુ પ્રમાણે લવાદનો ફેંસલો થઇ શકે એવું હતું, તેથી જે મુનસીફની રૂબરૂ તે ફાઈલ કરવામાં આવેલો તેમણે તે અટકાવ્યો, અને ત્યાર પછી સ્ટાંપ આકટની કા. ૩૫ મીના ઠરાવ પ્રમાણે તેમણે તે દસ્તાવેજ કલેકટર તરફ મોકલ્યો. આ ઉપરથી કલેકટરે હુકમ કરયો કે તે દસ્તાવેજ લખનારને ફોજદારી કાયદા પ્રમાણે તપાસ થવા સારૂ ડીપુટી માજીસ્ટ્રેટ તરફ મોકલવો. તેથી ડીપુટી માજીસ્ટ્રેટે સદરહુ જે છ સખશોએ લવાદ તરીકે કામ કરેલું તેમને સમન્સ કરી બોલાવ્યા અને દરેકના રૂ ૨૫) પ્રમાણે તમામ, મળી રૂ ૧૫૦ દંડ કરયા.

આ ગુન્હાની શાબેનીનો ઠરાવ કાયદા વીરૂધ છે, માટે તે રદ કરવો જોઇએ, એમ અમને જણાય છે. જ્યારે તે મુનશીફે સદરહુ ફેંસલો સ્ટાંપ આકટની કલમ ૩૫ મી પ્રમાણે કલેકટર તરફ મોકલ્યો ત્યારે કલેકટરે તે આકટની કલમ ૩૭ મી પ્રમાણે ચાલવું જોઈતું હતું. તે કલમની ભાષા આજ્ઞા તરીકેની છે. "તેમણે નીચે પ્રમાણેની કામ ચલાવવાની રીતી પસંદ કરવી." જો કલેકટરના અભીપ્રાયમાં આવ્યું હોય કે તે દસ્તાવેજ ઉપર સ્ટાંપ જાઇએ, અને તે ઉપર યોગ્ય સ્ટાંપ લગાડવામાં આવેલો નથી, તો તેમને યોગ્ય સ્ટાંપ અથવા યોગ્ય સ્ટાંપ થવાને જેટલી રકમ બાકી હોય તે તથા પેનલટી લેવાની હતી. (જુઓ કલમ ૩૭ ની રકમ) (બ). જો આ કર અને પેનલટી આપવામાં આવેલું હોત તો, કલમ ૪૦ મીના ઠરાવ પ્રમાણે તે વસુલ આપવાથી જે દસ્તાવેજ સબંધી કલમ ૪૦ મીના વીસેશ ઠરાવ મુજબ જે સખસે સ્ટાંપના કાયદા વીરૂધ ગુન્હો કરેલો હોય તે સખશના ઉપર ફરીઆદ ચલાવવાને હરકત થાય નહીં. જ્યાહાં સુધી કલેકટરને એમ માલુમ પડે નહીં કે યોગ્ય સ્ટાંપ આપવો પડે નહીં તે ઈરાદાથી તે ગુન્હો કરવામાં આવેલો છે, ત્યાંહાં સુધી ફોજદારી ફરીયાદ દાખલ થઇ શકતી નથી. સદરહુ બતાવેલા વીશેશ ઠરાવ ઉપરથી ખુલ્લુ જણાય છે કે પ્રથમનો કાયદા કરનારનો ઇરાદો છે કે પેનલટી સાથે સ્ટાંપ આપવાને ફરજ પાડવી. સ્ટાંપનો કર ભરવાથી ઉપજતું નુકશાન થતાં બચાવ થાય. ઘણાં ખરાં કામોમાં બીલકુલ સ્ટાંપ મારવામાં આવતો નથી તે કશુર, ગફલત, અગર સ્ટાંપના કાયદાની અજ્ઞાનતાને લીધે મારવામાં આવતો નથી, માટે થોડી

ક પેનલટી લેવામાં આવે તો બસ શીક્ષા થાય છે. જે કાંમોમાં સ્ટાંપ ન
હી આપવાનો ઇરાદો હોય તે કાંમોમાંજ ફોજદારી ફરીઆદનુ વધારે
સખત કામ ચલાવવાનું છે, માટે ફોજદારી ફરીઆદમાં જતાં પેહેલાં આવો
ઇરાદો છે કે નહી તે વીશે કલેકટરને અભીપ્રાય બાંધવાની ફરજ છે. હવે
આ કામમાં કલેકટરે તે આકટમાં કામ ચલાવવાની રીતી ઠરાવેલી છે તે
પ્રમાણે કરેલુ નથી. આ કામ સાથે નીશબત રાખનારાઓ પક્ષકારોને કલમ
૩૭ ની રકમ બ પ્રમાણે સ્ટાંપનો કર તથા પેનેલટી આપવાને કહેલું
નથી. જો તે કહેવામાં આવ્યું હોત તો તે આપવામાં આવત નહી એવું
ધારવાને કાંઇ કારણુ નથી. મુનસફે જે પેનલટી માગેલી તે સ્ટાંપ
આકટ પ્રમાણે માગવી જોઇતી હતી તે કરતાં વધારે માગેલી છે એ દે-
ખીતું છે અને કલેકટરે તેથી ઓછી રકમ માગી હોત તો તે ઠીક હતું
અને તે ઓછી રકમ તે પક્ષકારો આપત, માટે જો તે કર પેનલટી સા-
થે કલેકટરે ઠરાવ્યા પ્રમાણે આપવામાં આવ્યો હોત અને યોગ્ય કર નહી
આપવાના ઇરાદાથી તે સ્ટાંપ લગાડવામાં આવેલો નહી એવું કલેકટરને જ
ણાય નહી તો ફોજદારી ફરીઆદ ચાલી શકે નહી આવો ઇરાદો કાંઇ
નહી હતો અને સ્ટાંપનો કર તથા સ્ટાંપની પેનલટી શરકારી ઉપજના
હીત સારૂ લેવામાં આવી હોત તો કલેકટરને સંતોશ થઇ શકે તેવું હતું.
અમારા જોવામાં આવી શકે છે કે તે ફેંસલાની રૂઇએ તે પંચો કાંઇ
ફાયદો લેવાને દાવો રાખતા નથી. અને સ્ટાંપનો કર નહી આપવાથી તેમ
ને કાંઇ ફાયદો મળી શકતો નથી. માટે તે સ્ટાંપ નહી આપવાનો ઇરાદો
રાખેલો એવું સમજવુ સહેલું નથી. સ્ટાંપનો આકટ ઉપજ સબંધીનો કા
યદો છે માટે તેનો અરથ સકતાઈથી કરવો જોઇએ. અને સ્ટાંપની ઉપજ
સબંધી ગુનહા બાબત કોઇ સખસને સીક્ષા કરતાં પેહેલાં તે આકટમાં
કામ ચલાવવાની રીતી ઠરાવેલી છે તે પ્રમાણે સખતાઇથી ચાલવું જો-
ઇએ. લોર્ડ મેન્સફીલ્ડે હાટલી વીરૂધ ડુકરના કામમાં કહ્યું છે કે સ્ટા-
ટીયુટથી જો નવો ગુનહો બનતો હોય અને કોમનલા પ્રમાણે ખાસ હુકુ
મત ઠરાવેલી હોય તો તે પ્રમાણે ચાલવું જોઇએ. જો સખતાઇથી ચાલ-
વામાં ના આવે તો તમામ બાબત રદ બાતલ છે. સબબ અમારા અભી
પ્રાયમાં આવે છે કે આ કામમાં તે આકટમાં ઠરાવેલી કામ ચલાવવાની
રીતી પ્રમાણે ચાલવામાં આવ્યું નથી. માટે ડીપોટી માજીસ્ટ્રેટની રૂબરૂ
જે ફરીઆદ ચલાવવામાં આવેલી છે તે ચલાવવી જોઇતી નહી હતી.
સબબ કાયદા પ્રમાણે ગુનહાની શાબેતીનો ઠરાવ બરોબર નથી. માટે
ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરાવીએ છીએ. અને ફરમાવીએ છીએ કે
જો દંડ વસુલ કરવામાં આવેલો હોય તો તે પાછો આપવો.

જસ્ટીસ પોંટીફેકસ સાહેબ:—અમારો પણ તેવોજ અભીપ્રાય છે.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૮ ફેબરવારી સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ શાસ્તી ચરણ નાપીત.

માજીસ્ટ્રેટની રૂબરૂ લેઇ જતાં પેરામાંથી નાશી જવું—આ પ્રમાણેના શી જવા બાબત પાછળથી કરેલા ગુનાહની સાબેતીનો ઠરાવ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫ મા) ની કલમ ૨૨૪-૨૨૫

માજીસ્ટ્રેટની રૂબરૂ સારી ચાલ બાબત જામીન લેવાને સારૂ તેમની રૂબરૂ લેઇ જતાંની દરમીઆનમાં પેરામાંથી નાશી જવામાં આવ્યું હોયતો પીનલકોડની કલમ ૨૨૪ અગર ૨૨૫ પ્રમાણે તે શીક્ષા થવા લાયક નથી.

પાનું ૩૩૧ એક સારતીચરણ નાપીતને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે જામીન લેવાને સારૂ માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરતાં પેહેલાં તેને પકડવામાં આવ્યો હતો. માજીસ્ટ્રેટની રૂબરૂ તેને રજુ કરતાં પેહેલાં તે પેરામાંથી નાશી ગયો.

તોપણ તેને ફરીથી પકડવામાં આવ્યો અને તેજ માજીસ્ટ્રેટની રૂબરૂ તે નાશી ગયા બાબત તેની તપાસ કરી અને પીનલકોડની કલમ ૨૨૪ પ્રમાણે છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

જીલ્લા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે કારણ કે તેને એકાદા ગુનાહ બાબત કાંઇ પેરામાં રાખવામાં આવ્યો નહીં હતો તેથી કલમ ૨૨૪ લાગુ થતી નથી. અને જામીન આપવાનો હુકમ કરવાની શરૂઆતમાં તેને પેરામાં પકડવામાં આવેલો હતો માટે કલમ ૨૨૫ મી પણ લાગુ થતી નથી. તેથી તેમણે હાય કોરટમાં આ કામમાં પુછેલું છે.

કોરટનો અભીપ્રાય જસ્ટીસ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે તે શાસ્તી નાપીતને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે કાયદેસર પકડવામાં આવેલો હતો. એમ ધારીએ તોપણ કાંઇ ગુનાહ બાબત તેને પેરામાં કાયદા પ્રમાણે રાખવામાં આવેલો નહીં હતો. તેમ કલમ ૨૨૪ મી પ્રમાણે શીક્ષા થઇ શકતી નહીં હતી. કારણ કે સારી ચાલના જામીન આપવાને તેણે કસૂર કરી નથી.

સબબ ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને તેને કેદ માં મોકલવાનું વારંટ પણ રદ થવું જોઇએ.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૮ ફેબરવારી સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ મ્યાકલીન સાહેબોની રૂબરૂ.

તીકોટા શેખદાર વીગરેની અરજીની બાબતમા.

તીકોટા શેખદાર વીગરે વીરૂધ અમીર માજી આરીજ પાયકર વીગરે.

સબોરડીનેટ માજીસ્રેટો તરફથી અમુક વરગના કામો ટરાન્સફર કરવા—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૪૮—ટ્રાનસફર કરતાં પહેલાં પક્ષકારોને નોટીસ.

સબારડીનેટ કોરટમાંથી બીજી કોઇ સબોરડીનેટ કોરટમાં જીલ્લા માજીસ્રેટ કામ ટરાનસફર કરી શકે તે પેહેલાં તે ટરાનસફર કરવાના ઇરાદાની નોટીસ પક્ષકારો ઉપર બજાવવી જોઇએ એવી રીતે કે તે ટરાનસફર કેમ કરવું નહી જોઇએ તેનું કારણ બતાવવું.

પાનું ૯૭૩ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮ પ્રમાણે કામ ચલાઉ જીલા માજીસ્રેટે હુકમ કરી ડીપોટી માજીસ્તરેટની કોરટમાંથી એક કામ પેટા ટુકડીના અમલદાર તરફ મોકલી દીધું તે કામમાં ફરીઆદીઓએ હાય કોરટમાં તે ટરાનસફર કરવાનો હુકમ રદ કરવાને અરજ કરી એવા કારણથી કે (૧) કલમ ૪૮ પ્રમાણે તે હુકમ થઇ શકતો નહીં હતો. (૨) તે ટરાનસફર કરવાના ઇરાદાની પ્રથમ તેઓને નોટીસ આપ્યા વીના તે હુકમ કરવો જોઇતો નહીં હતો. (૩) જે કોરટ તરફ તે ટ્રાનસફર કરવામાં આવેલું છે તે તેઓના ઘરોથી ઘણી દુર છે.

અરજદારો તરફથી મી૦ મ્યાંડીઝ.

કોરટનો ફેંસલો જસ્ટીસ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો—

અરજદારો કહે છે કે એક કામમાં અમો અરજદારો ફરીઆદી છીએ અને અમીરમાજી વીગરે પ્રતીવાદીઓ છે. તે કામ જંગીપુરના ડીપોટી માજીસ્તરેટની કોરટમાં ચાલતું હતું. પણ જીલ્લા માજીસ્તરેટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮ પ્રમાણે હુકમ કરી લાલબાગની પેટા ટુકડીના અમલદાર તરફ મોકલેલું છે તે ટરાનસફર કરવાનો હુક

મ રદ કરવાને આ કોરટને અરજદારોએ અરજ કરેલી છે. એવા કારણથી કે (૧) કલમ ૪૮ પ્રમાણે તે હુકમ થઇ શકતો નહીં હતો (૨) તે ટરાનસફર કરવાના ઇરાદાની પ્રથમ તેઓને નોટીસ આપ્યા વીના તે હુકમ કરવો જોઇતો નહીં હતો. (૩) જે કોરટ તરફ તે ટરાનસફર કરવામાં આવેલું છે તે તેઓના ઘરેથી ઘણી દુર છે.

કામ ચલાઉ સદરહુ માજીસ્તરેટે હુકમ કરી ફરમાવ્યું છે કે ચકલા રામ ચંદરપુરમાં બનતાં તમામ ફોજદારી કામો અને ત્યાં જે તકરારો આ સે છે તે સબંધી જે કાંઇ કામો હોય તે તમામ કામો અથવા કોઇ કામ ઉતપન થાય તે જંગીપુરના પેટા ટુકડીના અમલદારની હકુમતમાંથી ખેંચી લેવાં અને લાલબાગના પેટા ટુકડીના અમલદારે તપાશવાં.

કલમ ૪૮ પ્રમાણે તે કામ ચલાઉ માજીસ્ત્રેટનો હુકમ બરોબર છે કે નહીં તે શક ભરેલું છે. પરંતુ જેટલે દરજ્જે તે કામ આવેલું હતું તેટલે દરજે તે કામ ટરાનસફ કરવાનો તેમને અખત્યાર હતો એમ ધારીએ તો પણ વાદીઓને કાંઇ પણ નોટીસ આપ્યા શીવાય અગર તે બાબતમાં તેમને સાંભળવાનો કાંઇ લાગ આપ્યા શીવાય તેમણે આ અખત્યાર વાપરયો છે તે તેમની ખુલ્લી રીતની ભુલ છે જાફરઅલીના કામનો ઠરાવ તથા વળી ઉમરાવસીંગ વીરૂધ ફકીરચંદના કામનો ઠરાવ જુઓ. માટે કામ ચલાઉ માજીસ્ત્રેટનો આ કામ ટરાનસફર કરવાના હુકમ રદ કરવામાં આવ્યો છે અને જંગીપૂરના પેટા ટુકડીના અમલદારે તે કામ હવે કાયદા પ્રમાણે ચલાવવું.

ફોજદારી અપીલ

તા૦ ૭ ડીસંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ પોંટીફેકસ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબ

બેની રૂબરૂ.

ગીરધારી મંડળ વીગરેની અરજીની બાબતમાં.

ગીરધારી મંડળ વીરૂધ અચીતજા.

જુઠા આરોપ બાબત ફરીઆદ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૨૧૧—ફરીઆદ ચલાવવાને પરવાનગી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૪૬૮

ફરીઆદ ચલાવનારના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવાને સારૂ પ્રથમ તેણે પોતે અસલ કરેલી ફરીઆદની ન્યાયની રૂઇએ તપાસ કરાવવાનો લાગ આપ્યા શીવાય માજીસ્ત્રેટે હુકમ કરવો

નહી જોઇએ.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૯૮ ના હેતુ પ્રમાણે ફરીઆદ ચલાવવાની પરવાનગી તે ફરીઆદ ચલાવવાનો હુકમ નથી. પરંતુ ખાનગી સખશને તે ફરીઆદ ચલાવવી કે નહીં એવો તેને બંધન વીનાનો કુલ અખ્તીયાર વાપરવા સારૂ પરવાનગી આપવામાં આવે છે.

પાનું ૪૭૫　　તા૦ ૨૫ મે સને ૧૮૮૧ ના રોજ એક ચમરૂ મંડલે જોઇંટ માજીસ્ટ્રેટ જીલામાં ફરવા ગએલા તે વખતે તેમને એવી ફરીયાદ કરી કે મારા ભાઇ ગીરધારીના ઘરમાં ડાકાઇટી થએલી છે. તેથી તે જોઇંટ માજીસ્ટ્રેટ તે જગોએ ગયા અને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૧૫ મી પ્રમાણે પોતાના કારોબારી હોદાની રૂઇએ આરંભની તપાસ કરી : તેમાં ચમરૂએ કહેલું છે કે તે ડાકાઇટી કરનારાઓમાં હું એક અમી જાહાને ઓળખુછુ. તા૦ ૨૮ મેના રોજ જોઇંટ માજીસ્ટ્રેટે જીલા માજીસ્ટ્રેટ, જીલાના પોલીશ સુપ્રીનટેંડેન્ટ તરફ પોતાના પ્રોશીડીંગની યાદ ખબર થવા મોકલી-તેજ દીવશે જીલા માજીસ્તરેટે જોઇંટ માજીસ્તરેટના પ્રોશીડીંગ સાથે મળતા છીએ એવો ઠરાવ લખ્યો, પરંતુ તે કામમાં કાંઇ આખરનો ઠરાવ કરવામાં આવેલો નથી, ત્યાર પછી એક બદ્રી ડોસાના ઉપર એવો અંદેશો રાખવામાં આવ્યો કે તે ડાકાઇટીના ગુનહામાં ગુંથાએલો છે. અને બદ્રી ડોસાની પાશેથી કેટલીક મીલકત માલુમ પડેલી તે ઓળખવાને સારૂ ગીરધારી મંડળને બોલાવવામાં આવ્યો હતો. તોપણ તે મીલકત તે ઓળખી શક્યા નહી તેથી બદ્રીને છોડી દેવામાં આવ્યો. તા૦ ૧૩ જુલાઇના રોજ જીલા માજીસ્ટ્રેટે ફરીયાદીને અથવા તેના સાક્ષીને તપાસ્યા વીના અને અચીત જાહાના ઉપરના ડાકાઇટીના આરોપની કાંઇ પણ ન્યાયની રૂઇની તપાસ કરયા વીના જીલા માજીસ્ટ્રેટે નીચે પ્રમાણે હુકમ કરયો:—"અચીત જાહાએ પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે કામ ચલાવવુ". તેથી તા૦ ૩૦ અગષ્ટ સને ૧૮૮૧ ના રોજ તે માજીસ્ટ્રેટે જીલાના પોલીશ સુપ્રીટેંનડેન્ટને ફરમાવેલું છે કે તે ફરીઆદ ચલાવવી. તે મંડલોએ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે સદરહુ તા૦ ૧૩ જુલાઇના રોજનો હુકમ રદ કરવાને અરજ કરી, અને એવો હુકમ માગ્યો કે ડાકાઇટીનુ કામ ચલાવવુ જોઇએ, અને ડાકાઇટીના કામનો નીકાલ થતાં સુધી અમારા ઉપરનુ કલમ ૨૧૧ પ્રમાણેનુ કામ બંધ રાખવુ જોઇએ.

અરજદારો તરફથી મી૦ વુંડ અને બાબુ આનંદ ગોપાળે તકરાર કરી છે કે અચીત જાહાની ઉપરના આરોપની પ્રથમ તપાસ ચલાવ્યા વીના તે હુકમ કરવાને કોરટનો કાંઇ હક નથી, અને ગીરધારી મંડલે જો-

હું નથી કે ડાકાઇટીમાં અચીત જાહાને મેં ઓળખેલો હતો અને અચીત જાહાની તપાસ કરેલી નથી અગર કોરટમાં હાજર થવાને તેના ઉપર સમન્સ પણ કરવામાં આવેલો નથી.

સરકાર તરફથી મી૦ કીલબી.

કોરટનો ફેંસલો જષ્ટીશ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામની હકીકત નીચે પ્રમાણે છે:—ગયા મેં માસની તારીખ ૨૫ મીના રોજ મી૦ પ્રાટ પુરણીના જોઇંટ માજીસ્ટ્રેટ જીલાના એક ભાગમાં રહેતા હતા. અને તે રોજ સવારમાં એક ચમરૂં મંડળ તેમની પાસે આવ્યો અને ફરીઆદ કરી કે મહારા ભાઇ ગીરીધારી મંડળના ઘરમાં આગલી રાતરે ડેકાઇટી કરવામાં આવેલી છે. તેથી મી૦ પ્રાટ તે જગોએ ગયા. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૫ પ્રમાણે આરંભની તપાસ અગર સ્થાનીક તપાસ જે જોઇંટ માજીસ્તરેટ તરીકે ન્યાયની રૂઇના હોદાથી નહીં પરંતુ પોલીસ અમલદાર તરીકે કારોબારની રીતે તપાસ કરી એમ અમારે ધારવું જોઇએ. કેટલીક હકીકત ઉપરથી આવો નીશ્ચય અમે માનીએ છીએ. પ્રથમ તો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં ઠરાવ્યા પ્રમાણે ન્યાયની રૂઇએ કામ ચલાવવા સારૂ સાક્ષીઓની તપાસ લખી લેવામાં આવી નથી. બીજું કે મી૦ પ્રાટે ડકાઇટીના કામનો છેવટ નીકાલ કરવાને કામ ચલાવ્યું નથી. અને જો તે ન્યાયની રૂઇના અમલદાર તરીકે તેમણે કામ કરયું હોતતો ઘણું કરીને તેઓ કરત. ત્રીજું કે તા૦ ૨૮ મી મેના રોજ માજીસ્તરેટ તથા જીલાના પોલીસ સુપ્રીનટેનડેંટને ખબર થવા સારૂ તેમણે યાદ પોતાના પરોસીડીંગની મોકલેલી છે. તેથી મી૦ પ્રાટે કારોબારની રીતે અને પોલીસ અમલદાર તરીકે પોતે કામ ચલારેલું એવો તેમનો વીચાર હતો તેવી ધારણા સાથે ફક્ત આ અનુંસરતુ છે. તા૦ ૨૫ અને તા૦ ૨૮ મી મેના વચમાં જોઇંટ માજીસ્તરેટે તે તપાસ કરેલી એમ જણાય છે. તા૦ ૨૮ મી મેના રોજ મી. પ્રાટે જે તજવીજ કરેલી અને તે ઉપરથી તે નીશ્ચય કરેલો તે કેટલી સંભાળની સાથે લખી લીધેલું છે અને આગળ બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે આ કાગળો જીલ્લાના માજીસ્ટ્રેટ તરફ મોકલવામાં આવેલા છે. તે તારીખે માજીસ્ટ્રેટ મી૦ વીકસે કેટલાક વીચારો લખી જોઇંટ માજીસ્ટ્રેટે કરેલા નીશ્ચય સાથે ઘણું કરીને તેઓ મળતા છે એમ બતાવેલું છે પરંતુ કાંઇ આખરનો હુકમ તે કામમાં કરવામાં આવેલો નથી. પછી એમ જણાય છે કે પોલીસ અગર અમુક માજીસ્ટ્રેટ ખાતાના અધીકારીની રૂબરૂ કેટલુંક બીજું પ્રોશીડીંગ ચાલતાંની દરમીઆનમાં એક બદ્રી ડોસાધે એવી હકીકત કહેલી છે કે અમુક ડેકાઇટીઓમાં મેં ભાગ લીધેલો છે. અને

તે ડેકાઇટીઓમાંની કેટલીક મીલકત મેં લીધેલી તે મારા કબજામાં છે. તારીખ ૨૫ મી મેના રોજ ગીરધારી મંડળ કે જેના ઘરમાં તે ડેકાઇટી થએલી કહેવામાં આવેલી છે તેને તથા તેના કુટંબના માણસોને બોલાવવામાં આવ્યા અને તેઓને તા૦ ૧૩ મી જુનના રોજ જોઇંટ માજીસ્તરેટે તપાસેલા છે. પરંતુ બદ્રીડોસાધે જે મીલકત રજુ કરેલી તે મીલકત તા૦ ૨૫ મી મેની રાતરે લીધેલી મીલકત છે એમ આ સાક્ષીઓએ ઓળખેલી નથી. તે જોઇંટ માજીસ્તરેટે ગીરધારી મંડળ તથા તેના કુટંબના માણસોને તપાસ્યા પછી બદ્રી ડોસાધને રૂ ૫૦) ના જામીન ઉપર છોડી દીધેલોછે. અને તા૦ ૨૮ મી જુનના રોજના હુકમથી તે બદ્રી ડોસાધનુ કામ હુકમ થવા સારૂ જીલા માજીસ્તરેટ તરફ તેમણે મોકલ્યું તા૦ ૬ જુલાઇના રોજ જીલ્લા માજીસ્તરેટ મી૦ વીકરો તે કામ લીધું અને બદ્રી ડોસાધને જામીનમાંથી છોડવાનો હુકમ કરયો. તે દર મીઆનમાં ચમરૂ મંડળે ડેકાઈટી કરેલી એવો અસલ આરોપ તા૦ ૨૫ મી મેના સવારમાં જોઇંટ માજીસ્રેટની રૂબરૂ મુકવામાં આવેલો તે વીશે કાંઇ ન્યાયની રૂઇએ કામ ચલાવવામાં આવેલું નથી, એમ જણાયછે. અને જોઇંટ માજીસ્રેટ મી૦ પ્રાટે આરંભની તપાસનો રીપોટ કરેલો તે ઉપરથી કાંઇ આખરનો હુકમ કરવામાં આવેલો નથી. પછી અમારા અભીપ્રાયમાં આવે છે કે તા૦ ૧૩ મી જુલાઇના રોજ જીલા માજીસ્રેટે આ કામ લીધું અને નીચે પ્રમાણે હુકમ કરયો. એટલે કે પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવાને નનુને ફરમાવવામાં આવેલું છે નનું તે અચીત જાનું નામ છે અને તેનું નામ ચમરૂ મંડળે તથા ગીરધારી મંડળે દીધેલું છે. અને કહેલું કે તે ડેકાઇટીની વખતે તેના અવાજ ઉપરથી અગર બીજી રીતે તે સખસને અમે ઓળખેલો હતો. અમારી રૂબરૂ જે કાગળોછે તે ઉપરથી અચીત જાને પકડવામાં આવ્યો હતો. અગર ન્યાયની રૂઇએ રીતસર ન્યાયના પ્રકારની તપાસ અચીતની તથા બીજા સખસો કે જેઓનાં નામ ચમરૂ મંડળે તથા તેના ભાઇ ગીરધારી મંડળે તે ડેકાઇટી વખતે તે હાજર હતા એ પ્રમાણે દીધેલાં છે. તેમના ઉપરના ડેકાઇટીના આરોપ બાબતની કરવામાં આવેલી હોય એમ કાંઇ જણાતું નથી. આ કોરટે વારંવાર બતાવેલું છે કે ફરીઆદીને તેણે અસલ રાખેલા આરોપ વીશે ન્યાયનીરૂઇની તપાસનો પ્રથમ લાગ આપ્યા શીવાય પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે તેના વીરૂધ તજવીજ ચલાવવાનો હુકમ કરવો એ બરોબર નથી. આ કામમાં ચમરૂ મંડળ તથા તેના ભાઇ ગીરધારીને તા૦ ૨૫ મી મેના રોજ તેમણે જે આરોપ ડેકાઇટી બાબત અસલ રાખેલો તે માજીસ્રેટની રૂબરૂ સાબેત કરવાને સાક્ષીઓ આપવાને લાગ આપવામાં આવેલો નથી

એ ખુલ્લું છે. સબબ આ હકીકતને લીધે અમારી નજરમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૮ પ્રમાણે મંજુરી આપવાના ઇરાદાથી સદરહુ બતાવેલો તાo ૧૩ મી જુલાઇના રોજનો હુકમ કરવામાં આવેલો હોય તો તે યોગ્ય ડહાપણ વાપરયા વીના અને આવી બાબ તોમાં યોગ્ય રીતે કામ ચાલવું તે વીશે આ કોરટે વારંવાર ઠરાવેલું છે તે વીરૂધ કરવામાં આવેલો છે. પણ કામનો સંપુરણ રીતે વીચાર કરતાં અમને એમ જણાય છે કે કલમ ૪૯૮ ના હેતુ પ્રમાણે આ હુકમ મંજુરી તરી કે ગણી શકાતો નથી. ન્યાયની રૂઈએ કામ ચલાવવામાં આવ્યું નથી અ ને જો કાંઇ ગુનોહ કરવામાં આવેલો હોય તો તે કોરટની રૂબરૂ અગર કોરટની વીરૂધ કરવામાં આવેલો નથી. એવું ઠરાવવામાં આવેલું છે કે પોલીસને જે કામમાં ફરીઆદ કરવામાં આવી હોય તેમાં કલમ ૪૯૮ પ્ર માણે મંજુરીની જરૂર નથી. વળી એટલું જોવાનું છે કે તાo ૧૩ મી જુલાઇના રોજનો આ હુકમ કલમ ૪૯૮ પ્રમાણે મંજુરી બાબત ઈલાયદો રાખી કરેલો હોય તો તે યોગ્ય રીતે બતાવવામાં આવેલો નથી. "નવુંને ફરમાવવામાં આવે છે કે કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવું". 'જીલ્લાની અંદર ફરીઆદીની સ્થીતીના સખસને આવો હુકમ કરવાથી તેનો અસર એવી રીતે થાય કે જેથી તેને એમ લાગે કે જીલાના ચીફ માજીસ્ટ્રેટ મને જે કુલ અખત્યાર આપવામાં આવેલો છે તેનો અમલ કરવાને મારી ફર- જ છે. કલમ ૪૯૮ ના હેતુ પ્રમાણેની જે મંજુરી છે તે આથી કાંઇક ઘણી જુદી છે. કારણ કે તેથી ખાનગી ફરીઆદ કરનારને તે પ્રમાણે કામ ચલાવવું કે નહીં તે વીશે તે પોતાની મરીયાદા વગરની ખુશી ઉપ ર છે. વળી અમને માલમ પડ્યું છે કે તાo ૩૦ અગસ્ટના રોજનો હુકમ કે જેમાં માજીસ્ટ્રેટે જીલ્લાના પોલીસ સુપ્રીનટેનડેંટે ફરીઆદ માંડવા નો હુકમ કરેલો છે. એવો હુકમ થએલો છે. આ કામમાં જીલ્લા માજીસ્ટ્રેટે પબલીક પ્રાશીક્યુટરનું કામ ધારણ કરેલું હોય અગર સરકાર તરફથી ક- લમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાની હોય એમ અમે ધારી શકતા નથી. આ પ્રમાણે છે તો અમારા અભીપ્રાયમાં આવે છે કે 'જીલ્લા મા- જીસ્ટ્રેટને જે આ બીજો હુકમ એવો કરવામાં આવેલો છે કે તેમણે ફરી આદ ચલાવવાનો હુકમ કરવો તેથી જે તોહોમતવાળાઓ ઉપર કલમ ૨૧૧ પ્રમાણે આરોપ રાખવા સારૂ નવુંને હુકમ કરેલો છે તે તોહોમતવાળાઓને વધારે હરકત થાય છે એમ ગણવામાં આવેલું છે. ડેકાઇટીનું પ્રોશીડીંગ કોરટની રૂબરૂનું નથી. માટે કલમ ૪૯૮ પ્રમાણે મંજુરીની જરૂર નથી. અને તે પ્રોસીડીંગ ફક્ત પોલીસ અમલદારની રૂબરૂનું છે એમ ગણતાં અમારી નજરમાં આવે છે કે કલમ ૨૧૧ પ્રમાણે નવુંને ફરીઆદ કરવા

નો માજીસ્તરેટે હુકમ કરેલો છે તથા જીલ્લાના પોલીસ સુપ્રીનટેનડેંટને તે ફરીઆદ ચલાવવાનો હુકમ કરેલો છે તે હકુમત વીના કરવામાં આવેલો છે તેથી તે રદ કરવો જોઇએ. વળી અમારી પાસે એમ માગવામાં આવેલું છે કે અચીતજાએ ખાનગી ફરીઆદ ચલાવવી અગર ડેકાઇટીના આરોપ વીશે ન્યાયની રૂઇએ તપાસ થાય ત્યાં સુધી તે ફરીઆદનું કામ બંધ રાખવું એવો હુકમ કરવો જોઇએ. અમારી નજરમાં આવે છે કે આ મતલબનો હુકમ કરવાને અમને હકુમત નથી. અને જો અચીતજાની મરજીમાં આવે તો તે પોતાની ખાએશથી પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણેના આરોપનુ કામ ચલાવે તેમાં તેને અટકાવવાને અમે હાથ ઘાલી શકતા નથી. તેની સાથે અમારી નજરમાં એમ આવે છે કે ચમરૂ મંડળી અને ગીરધારી મંડળની મરજી તે ડેકાઇટીના અશલ આરોપની ન્યાયની રૂઇએ તપાસ કરાવવાની હોય તો તા૦ ૨૫ મી મેના સવારમાં અશલ જે આરોપ રાખવામાં આવેલો તેની ન્યાયની રૂઈએ તપાસ કરવાની ના કહેવાને જીલ્લા માજીસ્તરેટ મુખત્યાર નથી. એમ કહેવું બરોબર છે.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૭ ફેબરૂઆરી સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ મોરીસ તથા મી૦ જસ્ટીશ ઓકીનીલી સાહેબોની રૂબરૂ.

શ્રીનાથ કુંઅરની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ શ્રીનાથ કુંઅર,

પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫) ની કલમ ૧૬૭, ૪૬૬, ૪૭૧—ફો૦ કા૦ ચ૦ રીતના કાયદા. (સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૪૫, ૪૪૬, ૪૫૩—જુદી તપાસો—તેના તેજ પ્રકારનો ગુન્હો—આરોપ દુરસ્ત કરવો.

કેદીને પંચાવન આરોપો બાબત તપાસ થવા સારૂં કમીટ કરવામાં આવ્યો હતો. તેમાં પીનલકોડની કલમ ૧૬૭, ૪૬૬, અને ૪૭૧ મી પ્રમાણે ત્રણ આરોપો આવી ગએલા છે. જીલ્લા જડજે આસેસરોની સાથે બેસી તપાસ કરેલી, તેમાં કોરટે તે કેદીને ખબર આપી કે છેવટ કહેલા ફકત ત્રણ આરોપો બાબત તપાસ ચાલશે. તે કેદીને તે ત્રણ

આરોપની બાબતમાં ગુન્હેગાર ઠરાવ્યો, પરંતુ બાકીના તમામ આરો-પોની બાબતમાં ફરીઆદ તરફથી પુરાવ આપવા દીધો. અને તે બા-કીના આરોપની બાબતમાં તે કેદીને નીરદોશ ઠરાવવામાં આવ્યો.

અપીલમાં હાયકોરટે ઠરાવ્યું કે ફો૦કા૦ચ૦ રીતના કાયદાની કલમ ૪૪૫ ૪૪૬, પ્રમાણે મળેલો અખત્યાર જીલ્લા જડજે વાપરવો જોઇતો હતો અને પછી તે તપાસો કરવી જોઈતી હતી, અને તેઉ પીનલકોડની કલમ ૧૬૭ અને ૪૬૬ પ્રમાણેના આરોપોની તપાસ એકઠી કરી શકતા નહીં હતા, કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ મીના અરથ પ્રમાણે તે ગુન્હાઓ એકજ પ્રકારના નથી, પરંતુ આ આરોપો બાબત તે ગુન્હાની શાબેતીના ઠરાવો મંજુર રાખવામાં આવેલા છે, કારણ કે જે રીત કામ ચલાવવાની પસંદ કરવામાં આવી છે તે રીતે કેદીને હરકત થએલી છે, એમ જણાતું નથી.

પાનું ૪૫૦. આ કામમાં કેદીને પંચાવન આરોપો બાબત તપાસ કરવાને કમીટ કરવામાં આવેલો, પરંતુ તેને પીનલકોડની કલમ ૧૬૭ પ્રમાણે એ ગુન્હા બાબત તથા કલમ ૪૬૬ અને ૪૭૧ પ્રમાણે તે મીમાંનસીંગના જડજની કોરટમાં હીસાબી કલારક હતો તે વખતે ગુન્હો કરેલો તે વીશે તેને ગુનહેગાર ઠરાવવામાં આવેલો છે. એક દીનોનાથરાયેના એજંટ તરીકે ક્રીસ્તોકત ગોઝેન તે દીનોનાથરોયના લાભમાં રૂ. ૪૦૫–૯–૬ કોરટમાં નાણાં ભરવાથી ચેક લીધેલો તે પેહેલા ગુન્હાની શાબેતીનો ઠરાવ છે. આકાઉનટંટ તરીકે તે કેદીના કબજામાં તમામ કગળો અને ચોપડા હતા. તેથી અનામતના રજીસ્ટરો બરોબર રાખવામાં આવેલા છે તે બીજી બાબતોની સાથે જોવાને તે બધાએલો હ તો. અને ખરી રીતે ઘણી ખરી રકમો આ રજીસ્ટરોમાં તેના હાથની લખેલી છે. તે નાણાં પાછાં આપવા બાબતમાં તેનું કામ નીચે પ્રમાણે હતું:— "રબોકારી હમેશા સ્થાનીક કોરટની તરફ ગ અરજી કરે છે તે અરજી આવતાં તેણે પોતાનું રજીસ્ટર જોઇ તે રકમના સાચાપણા બાબત પ્રતીજ્ઞા કરેલી છે અને આકાઉંટંટ જનરલના ઉપરના કાગળ શામેત કરેલો છે, અને તે નાણાં પાછાં આપવાને તેમની પાસે માગેલું છે. આ અમલદારની મંજુરી જયારે થઇ ત્યારે તે કેદીએ "રબોકારી" ને પુછ્યું કે તે નાણાં કોને આપવાનાં, તેનું નામ સોધી કાહાડો. પછી તેમણે ચેક ભરયો અને જેને આપવાનાં તેનું નામ દાખલ કરયું અને જડજની સહી લેઇ જે સખસનો તે નાણાં લેવાનો હક હતો તેને તે દસ્તાવેજો આપ્યા. આ નાણાં પાછાં આપવા સબંધી તમામ બાબતો તે કેદીનાજ દાબ નીચે હતી, અને તેની વ્યવસ્થા તેણે

એકલાએ કરેલી છે, અને બીજા કોઈ અમલદારે કોઈ દીવસ ચેકો ભરી જડજની સહી કરવા સારૂં તે રજુ કરયા નથી. તે ચેકની બાબતમાં તે કેદીના ઉપર એવો આરોપ છે કે તેણે નુકશાન કરવાના ઈરાદાથી તે ચેક તેણે જે રીતી ખરી નથી એમ પોતે જાણતો હતો તે રીતીએ તે ચેક લખ્યો છે. જે સખસને ખરી રીતે નાંણાં આપવાનાં હતાં તે માકાદાશીના ભત્રીજા કુંજા કીશોરલાલા હતો, પરંતુ તેને બદલે દીનોનાથરોયના એજંટ તરીકે કીસ્તોકંતગોઝનું નામ દાખલ કરવામાં આવેલું હતું. હકીકત જોતાં તે કેદી પોતાની ફરજના ભાગ તરીકે તે ચેકો ભરતો હતો, અને તે ખોટું નામ તેના હાથથી લખવામાં આવેલું છે એમ શાબેત થયેલું છે, અને તે કીસ્તોકંત એક ગરીબ માણસ અને મુખત્યારનો "મહોરીયર" છે, અને તે કેદીનો સગો છે અને તેની સાથે રહે છે, અને તે ચેકનું જે ઉપજેલું છે તે, તે શીપાઇ તથા કેદીના કબજામાંથી માલુમ પડેલું છે, માટે તે કેદીને શેશન કોરટે ગુન્હેગાર ઠરાવ્યો છે તે વીશે હાયકોરટને કાંઇ શકક રહી શકતો નથી.

તે કામના આ ભાગ સાથે જે હકીકતનો નજીકનો સબંધ છે તે તા૦ ૮ મારચ સને ૧૮૮૦ ના રોજના રબેકારીની દાખલાવાળી નકલના દસ્તાવેજની બાબત છે. તેમાં જે અનામત પુરૂં થએલું તે આપવાની મંજુરી મેળવવાને જીલ્લા જડજને વિનંતી કરવામાં આવેલી હતી. આ "રબેકારી." બનાવવામાં આવી, અને અસલ પૃશીષ્ટ ગેહેરી નાંખવામાં આવ્યું અને નવું પૃશીષ્ટ લખવામાં આવ્યું છે. તે ખરી રીતે ઇનકાર કરવામાં આવેલું નથી. ખરી રીતે તે છોલી નાખ્યાનાં નીશાન દેખીતાં છે. પરંતુ હાયકોરટની રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે તોહોમતવાળાએ ગુન્હો કરયો એવું ઠરાવવાને પુકત પુરાવ નથી. પરંતુ તે પૃશીષ્ટમાં જે લખાણુ છે તે કેદીના જેવું છે એવા શોગન ખાધામાં આવેલા છે, અને તે દસ્તાવેજ તેની પાસેથી મળેલો છે, અને ચેકથી લીધેલાં નાણાં લેવાને સારૂં કરેલી યુકતીને પુષ્ટી ફકત કરવાને સારૂં તે જુઠું લખાણુ કરવામાં આવેલું છે. હાયકોરટના વીચારમાં આવ્યું છે કે તે દસ્તાવેજ જુઠો તે કેદીએ બનાવ્યો તે ઠરાવવાને આ પુરાવ બસ છે.

પરંતુ તેણે તે કોઈ વખતે તેનો ઉપીયોગ કરયો એવું બતાવવાને કાંઈ નથી, તેથી નામદાર સાહેબોની નજરમાં આવ્યું છે કે પીનલકોડની કલમ ૪૭૧ મી પ્રમાણેના ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ. છેલ્લા આરોપનો આધાર બીજા ચેક ઉપર છે. પ્રથમ કહેલા ચેકની રૂઇએ જેવો આરોપ રાખવામાં આવેલો તેવો તે આરોપ છે. તે દસ્તાવેજો એકજ પ્રકારના છે, અને બઉ આરોપોની પુષ્ટીમાં પુરાવ ઘ-

ણું કરીને મળતો છે. હાયકોરટના અભીપ્રાયમાં આવ્યું છે કે તે કેદીને આ આરોપની બાબતમાં પણ યોગ્ય રીતે ગુન્હેગાર ઠરાવેલો છે.

તે કેદીની તરફથી મી૦ એ. એમ. બેઝ (તેમની સાથે બાબુ કાળીચરણ બાનરજી) હાજર થઇ તકરાર કરી છે કે સેશન કોરટે જે રીતે તપાસ કરવાની પસંદ કરેલી છે તેથી તે કેદીને હરકત થએલી છે, અને તેની તપાસ પીનલકોડની કલમ ૧૬૭, ૪૬૬ ! અને ૪૭૧ મી પ્રમાણેના આરોપો રાખી કરવામાં આવી છે, પરંતુ તે આરોપો તેના તેજ પ્રકારના ગુન્હા બાબત નથી. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૨ ના ઉદાહરણો) અને તે જડજે પોતાની મરજીમાં આવે તે રકમ પસંદ કરવાને સરકારી વકીલને હુકમ કરી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૪૫ અને ૪૪૬ પ્રમાણે પોતાનું તોહોમતનામું દુરસ્ત કરવું જોઇતું હતું.

સરકાર તરફથી ધી. આડવોકેટ જનરલ (મી૦ જી. સી. પાલ) હાજર થએલા છે તેમણે કહ્યું છે કે કાંઇ ગેરશીરસ્તે થએલું નથી. કારણ કે તે આરોપો એકજ પ્રકારના છે, અને જો કાંઇ થએલી હોય તો, તે કેદીને ખરી રીતે હરકત થએલી નથી. પુરાવ આકટની કલમ ૧૬૭.

કોરટનો ફેંસલો જસ્ટીશ ઓકીનલી સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

(તેઉ સાહેબે કામની હકીકત, તે કેદી ઉપર રાખેલા આરોપો, અને તે બાબતમાં પોતાનો તથા જસ્ટીશ મોરીસનો કામના ગુણદોશ ઉપરનો ઠરાવ ઉપર બતાવ્યો છે. તે પ્રમાણે કહ્યા પછી કહ્યું છે કે):—

નીચેની કોરટે જે રીતે તે કામની તપાસ કરેલી છે તે રીતને લીધે આ કામની વ્યવસ્થા કરવામાં કેટલીક મેહેનત અમને પડેલી હતી. ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ આરંભની તપાસ ચાલતાં તે પ્રોશીડીંગોમાં ઘણા વ્યવહારોનો સમાસ કરવા દેવામાં આવેલો હતો. તે કેદીને પંચાવન આરોપો બાબત કમીટ કરવામાં આવેલો છે, તેની સાથે સરકાર ટ્રેઝરીમાંથી નાણાં મેળવવામાં બીજા સખસોએ તેને મદદ કરેલી તેમને કમીટ કરવામાં આવેલા છે. આ ગેરશીરસ્તે થએલું તે શેશન જડજના જોવામાં છે, પરંતુ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૪૫ અને ૪૪૬ પ્રમાણે તેમને મળેલો આખત્યાર વાપરતાં કેદીને તેમણે કેટલીક અશાધારણ રીતી પસંદ કરી જાહેર કરેલું છે કે જે આરોપો બતાવવામાં આવી ગએલા છે તે શીવાયના આરોપો બાબત તેને નીરદોશ હું કરીસ અને ફકત તે આરોપો બાબતજ તપાસ કરવામાં આવશે તે નીર્ણય કરયા પછી તે પોતાની ખાત્રી પ્રમાણે ચાલી શકયા નહી,

અને જો જરૂર હોય તો બીજા આરોપો બાબતના નીરદોશના ઠરાવ શીરૂધ સરકારને અપીલ કરવાનો લાગ આપવાના બાહાનાથી તે બાબતમાં પુરાવ તેમણે ગુજારવા દીધો.બીજી બાજુ તરફ એમ કબુલ કરવું જોઇએ કે પસંદ કરેલા આરોપો બાબત એકઠો સારાંસના રૂપમાં પુરાવ તે જડ જે લખી લીધેલો છે. અને ફકત તે બાબતજ કેદીને તપાસી તેનો ખુલાસો માગેલો હતો વળી આ અમુક આરોપો જે પસંદ કરવામાં આવેલા છે તે કેદીના લાભમાં સારામાં સારા પ્રસંદ કરી શકાય તેવા છે. એ ચેકો એકજ તારીખના વ્યવહાર સબંધીના છે તેથી તે કેદીના બચાવને આ હકીકતથી ઘણી શેહેલાઈ મળેલી છે. માટે તેના નીરઅપરાધીપણા વીશે અગર તેના ગુન્હા વીશેનો આધાર તેના હીસાબની સ્થીતી ઉપર છે એમ અમે કહી શકીએ છીએ. વળી તે બે એકજ જાતના વ્યવહાર કે જેથી તે કેદી જુઠા દસ્તાવેજો બનાવી બદદાનતથી તથા કપટ ભરેલી રીતે સરકારનાં નાણાં મેળવવામાં પાર પડેલો છે તે વ્યવહારમાંથી ઉત્પન્ન થતાં કૃત્યો બાબતનાજ તે આરોપો છે. માટે તેઓની તપાસ એકઠી કરવી જોઇતી હતી અને તે પ્રમાણે તે નાણાં મેળવવા બાબત એક તપાસ કરવામાં આવી હોત તો હાલના આરોપો બાબત તમામ પુરાવ તેના વીરૂદ્ધ ચોગ્ય રીતે દાખલ થાત.

તે કેદીની તરફથી આ કોરટમાં એવી તકરાર કરવામાં આવી છે કે પીનલકોડની કલમ ૧૬૭ અને ૪૬૬ પ્રમાણે તે ગુન્હાઓ સબંધી જુદી જુદી તજવીજ તે કેદીના થવી જોઇતી હતી, અને નીચેની કોરટમાં તેની તપાસ જે ગેર શીરસ્તે કરેલી છે તેથી તે કેદીને હરકત થએલી છે. તેના જવાબમાં એડવોકેટ જનરલે કહેલું છે કે એકજ પ્રકારના ૧૬૭ અને ૪૬૬ કલમો પ્રમાણેના આરોપો છે, અને જો કદાપી એમ ના હોય તો પણ કેદીને ગેરશીરસ્તે થવાથી તે તપાસમા કેવી રીતે હરકત થઈ તે કેદીએ બતાવેલું નથી

અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૧૬૭ અને ૪૬૬ પ્રમાણેના ગુન્હા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ માં બતાવેલી વાખ્યા પ્રમાણે એકજ જાતના નથી. કેટલીક બાબતો છે કે જેમાં તે જુદા જુદા છે તે કાયદાના એક બાબમાં પણ નથી કલમ ૧૬૭ પ્રમાણે તોહોમતવાળો સરકારી નોકર હોવો જોઇએ પરંતુ તેના બદદાનત અગર કપટ ભરેલા ઇરાદાથી તેણે કાંઈ કરેલું હોવું નહીં જોઇએ. કલમ ૪૬૬ પ્રમાણે આ પાછલી બાબત હોવી જોઇએ અને આગલી હોવાની જરૂર નથી. સબબ એકજ સખશ એકજ વ્યવહારમાં તે બેઉ ગુન્હા કરે તો પણ તે એકજ પ્રકારના નથી, તેથી તે જુદા જુદા છે એમ

અમને જણાય છે. પરંતુ નીચેની કોરટના પ્રોશીડીંગથી કેદીને પોતાના બચાવમાં હરકત થએલી તેવી તકરારને પુષ્ટી કરવા સારૂં કાંઇ બાબત અમારી નજરે લાવવામાં આવી નથી. અમે આગળ કહ્યું છે તે પ્રમાણે જે આરોપો તપાસ કરવાને પસંદ કરેલાછે તે કેદીના હીત સારૂં છે. અને જે વ્યવહારોમાંથી તે ઉત્પન્ન થએલા છે તે એકજ સ્થીતી અને જાતના છે અને તે ફકત બે છે. વળી નીચેની કોરટોમાં આવી જાતની કાંઈ હરકતનો કાંઇ આગ્રહ કરવામાં આવ્યો નથી માટે જુઠો દસ્તાવેજ વાપરવા બાબત જે ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો છે તે અમે રદ કરીએ છીએ. તે શીવાય બીજા ગુન્હાની સાબેતીના ઠરાવો અમે બાહાલ રાખીએ છીએ. શીક્ષના હુકમો કાયમ રહેશે પરંતુ ત્રીજી શીક્ષાના હુકમને બદલે પીનલકોડની કલમ ૪૬૬ અને ૪૭૧ નહીં લખતાં પીનલકોડની કલમ ૪૬૬ પ્રમાણે તે હુકમ લખવો.

કલમ ૪૭૧ શીવાયના ગુન્હાની શાબેતીના ઠરાવો મંજુર રાખવામાં આવ્યા છે.

ફોજદારી રેફરંસ.

તા૦ ૭ મારચ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ કનીંગહામ અને મી૦ જસ્ટીશ ટોટનહામ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ તેગાશીંગ.

હથીઆરના આકટ (સને ૧૮૭૮ નો ૧૧ મો) ની કલમ ૧૯ ની રકમ (ફ) અને કલમ ૨૫—૩૦—એક મંદિરમાંથી હથીઆરો—પુજાના કારણસર વપરાતાં હથીઆરો જપ્ત કરવામાં આવ્યાં—ખાસ અખત્યાર પામેલો ઇનસપેકટર—હથીઆર કબજે રાખવાનો પરવાનો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૫૭૯ અને પ્રશીસ્ટ ૪—બાબત કાયદાઓ વીરૂધ ગુન્હાઓ.

પટનામાં એક શીખના મંદીરમાં બે સઇકાં કરતાં વધારે મુદતથી પુજાના પદાર્થ તરીકે છોડવાનાં હથીઆરો ચાર નાની તોપો ચાર પીસતુલો અને એકતરીસ બંદુકો એકઠી કરી રાખવામાં આવેલી હતી તે મંદીરના માહાનંતે સને ૧૮૭૮ના આ ૧૧ પ્રમાણે આ હથીઆરો સબંધી પરવાનો લેવાને કસૂર કરી. બાતમી મળવા ઉપરથી એક પોલીસ ઇનસપેકટરને શદરહુ આકટ પ્રમાણે ચાલવામાં આવેલું છે કે નહીં તે જોવાને સારૂ નીમેલો તેથી તેમણે તે મંદીરની જડતી લીધી અને તે હથીઆરો માલમ પડવાથી તે મંદીર જે સખસના કબજામાં હતું તેના ઉપર ફરી-

આદ માંડી તે સખસને પટનાના ડેપ્યુટી માજીસ્ટ્રેટે ૧૮૭૮ના આક્ટ ૧૧ ની કલમ ૧૯ની રકમ (ફ) પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેનો ૩૫૦) દંડ કરયો. અગર જો તે દંડ આપવામાં કશુર કરે તો બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા તે ભોગવે એવો હુકમ કરયો વળી ડેપ્યુટી માજીસ્ટ્રેટે હુકમ કરયો કે તે હથીઆર જપ્ત કરવાં. અને તેની જે કીમત ઉપજે તે તથા દંડ સદરહુ બાતમી આપનાર તથા પોલીસ ઈનસપેકટરે વેહેચી લેવો. પટનાના શેશન જડજે રેફ્રંસ કરવા ઉપરથી જણાયું કે સને ૧૮૭૨નાં આકટ ૧૦ની કલમ ૫૭૯ તથા તેજ આકટના ૪થા પ્રસીશ્ટના છેલ્લા મથાલા પ્રમાણે તથા સને ૧૮૭૮ આકટ ૧૧ની કલમ ૧૯ની રકમ (ફ) પ્રમાણે પોલીસ ઇનસપેકટરનું પ્રોશીડીંગ તથા તોહોમતવાળાની બાબતમાં ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ નથી.

હથીઆરના આકટ પ્રમાણે પરવાનો લેવાને અગર કલમ ૨૭મી પ્રમાણે માફી લેવાને ચાલતું જોઇએ તે ચાલવામાંથી એકાદા મંદીરના કબજેદારોને માફી આપવામાં આવી હોય એવું તે હથીઆરના આકટમાં કાંઇ પણ નથી.

હથીઆર આકટની કલમ ૨૫ જે કામોમાં માજીસ્ટ્રેટની નજરમાં એમ આવતું હોય કે પરવાનાની રૂઇએ અગર પરવાના સીવાય હથીઆરો કાયદા વીરૂધ કારણ સર કબજામાં રાખેલાં છે. અગર સૂલેહગાં ધારતી થાય એવી હકીકતથી રાખેલાં છે તેને લાગુ થાય છે.

હથીઆર આકટની કલમ ૩૦નો હેતુ જે અમલદાર જડતી લેતો હોય તે શીવાયના ખાસ અખત્યાર પામેલો અમલદાર હાજર હોવાનો છે.

પાનું ૪૭૩   પટણાના શેશનજડજે ફો૦ કા૦ ચ૦ રી૦ ના૦ કાયદાની કા. ૨૯૬મી પ્રમાણે આ રેફ્રંસ કરવામાં આવેલું છે તે રેફ્રંસના શબ્દો નીચે પ્રમાણે છેઃ —

પટણા શેહેરમાં એક શીખનું મંદીર પ્રખ્યાત છે તેને હરમંદીર કહેવામાં આવે છે તે ગુરૂ ગોવીંદશીંગની જન્મભુમિની જગા ઉપર બાંધવામાં આવેલું છે, અને તેમાં તેમનું પાહણું તથા તેમની સહીનું એક પુસ્તક તેમાં સાચવી રાખવામાં આવેલું છે. આ પુસ્તકની બાબતમાં દાવો ચાલ્યો હતો તેનો રીપોર્ટ ચાલતા માસના ઇંડીયન લા રીપોર્ટને પાને ૭૬૬ મે થએલો છે. તે મંદીરમાં કેટલાંક આગથી છોડવાનાં હથીઆરો હતાં તેમાંનાં એક અગર બે વખતે તોપની વાખ્યામાં 'આવે તેવાં છે. પોલીસ ઇનસપેકટરે તેનું વરણન ચાર નાહાની તોપો એવું કહેલું છે. વળી ત્યાંહાં ચાર "જીંગાલો," ચાર પીસ્તોલો, અને એકત્રીસ બંધુકો હતી. આ હથીઆરો તે મંદીરમાં બે સંઇકાના સુમારથી હતાં,

અને તેટલી ફક્ત હકીકત ઉપરથી જણાય છે કે તે લડાઇના કામમાં ઘ-ણા આવી શકે તેવા નથી. ડીપુટી માજીસ્તરેટ કબુલ કરે છે તે પ્રમાણે તે હથીઆરો તે મંદીરમાં પુંજા કરવા સારૂ રાખવામાં આવેલાં છે. તે આકટ પ્રમાણે ચાલવામાં આવે છે કે નહીં તે જોવા સારૂં એક પોલીસ ઈનસપેકટરને નીમવામાં આવેલો હતો, અને કોઈકે તેમને કહેલું છે કે તે મંદીરમાં પરવાના વીના આગથી છોડવાના હથીઆરો છે, તેથી તે-મણે ઝડતી લીધી અને તે માલુમ પડયાં તેથી માહંતની ગેર હાજરીમાં તે મંદીરના કબજેદાર સખશને મોકલવામાં આવેલો. તેથી તે આકટની કલમ ૧૪ (તેમાં વધારે ખરી રીતે કલમ ૧૯ ની રકમ (એફ.) પ્ર-માણે તે ડીપુટી માજીસ્ટ્રેટે તેને ગુનહેગાર ઠરાવ્યો, અને રૂ. ૫૦) દંડ અગર બે માસ સખત મજુરી શાથે કેદની શીક્ષા કરેલી છે. વળી તે-મણે હુકમ કરયો કે તે આગથી છોડવાના હથીયારો જપ્ત કરવાં અને તેંની કીમત તથા દંડ ને ઇસ્પેકટરો તથા બાતની આપનારને વેંચી આ-પવો. નીચેનાં કારણોથી ડીપ્યુટી માજીસ્ત્રેટનાં પ્રોસીડીંગ કાયદા વીરૂધ છે.

(૧) જે ફક્ત સાક્ષી તપાસવામાં આવેલો છે તે પોલીસ ઇનસ્પે-કટર દીગમલાલ પરંતુ તેની શાહેદી દાખલ કરવા લાયક નથી કારણ કે તે મંદીરમાં ઝડતી લેવાને તેમનો કાંઇ હક નથી. તે આકટ પ્રમાણે તેને નીમવામાં આવેલો છે, પરંતુ માજીસ્ત્રેટના વારંટ શીવાય તેથી તેમને મ-કાનોમાં ઝડતી લેવાનો અખત્યાર હોય એમ થતું નથી. કલમ ૨૫ પ્રમા-ણે તેમને માજીસ્ત્રેટ તરફથી વારંટ મળેલું નથી. તેમને હથીઆરો તે મં-દીરમાં કાયદા વીરૂધ કારણસર છે એવું માજીસ્ત્રેટને માનવાનુ કારણ હોવા શીવાય તે હથીયારો છે તેથી માજીસ્ત્રેટ તરફથી તે વારંટ મળી શકત પ-ણુ નહીં. કલમ ૩૦ મીના આધારથી અનુમાન કરવા પ્રમાણે તે ઇનસ્પે-કટર વરતેલા છે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સબંધી છે અને વારંટ વીનાના ગુનાહમાં ઝડતી લેવાને તેથી તેમને અખત્યાર મળ-તો નથી. હવે ફક્ત હથીઆર કબજામાં હોવાથી વારંટ વીનાનો ગુનાહ થતો નથી, પછી હથીયાર સાથે જવાથી કલમ ૧૩ પ્રમાણે તે વારંટ વી-ના ગુનાહ થાય એટલે પોલીસ તેને વારંટ વીના પકડે અને હથીયાર તેના પાસેથી છોડાવે. વળી કલમ ૧૭ ની રકમ (ઙ) આ કામને લાગુ થતી નથી. તેમ બીજી કોઇ કલમ અથવા નીયમથી માજીસ્ત્રેટના વારંટ શીવાય ઝડતી લેવાને પોલીસને અખત્યાર આપવામાં આવેલો હોય એમ અમારા જોવામાં આવી શકતું નથી. જો દીગમલાલનું પ્રોશીડીંગ કાયદા વીરૂધ છે તો, તેની સાહેદી રદ થવી જોઇએ, એમ અમારી નજરમાં આવે છે, અને પછી તે ગાશીંગની હકીકત શીવાય કાંઇ પુરાવ નથી અને તે હથી-

આરો તોપો છે એમ તે કહેતો નથી.

(૨)—તેના ઉપર તેના કબજામાં હથીયાર છે એવો આરોપ રાખવા-માં આવ્યો નથી, પરંતુ તે તેના દાબ નીચે છે એવો આરોપ તેના ઉપર રાખવામાં આવ્યો છે. ઘણું કરીને આ ખરી વાત નથી, કારણ કે તે હથીયાર ખશેડવાને અથવા તેની બીજી રીતે વ્યવસ્થા કરવાને તેમને અખત્યાર છે એવો સંભવ નથી. તે તો ફક્ત કાંમ ઉપરથી દુર થએલો સખશ છે અને તેનો ચારજ છે, માટે તેનો જાતીકો દંડ થઈ શકે અને કસુર તે આપવામાં કરે તો તેને કેદમાં મોકલી શકાય એ શક ભરેલું છે. તે દંડ વસુલ કરવાને ફક્ત તે મંદીરની મીલકત વેચી શકાય છે.

(૩) તે આકટ મંદીરોને લાગુ છે કે નહીં તે વીશે મને શક છે. તેની ભાશા પુકત રીતે બોહોળી છે, અને તેમાં તેઓનો સમાશ થાય છે, પરંતુ અમારા વીચારમાં આવે છે કે એવી તકરાર થઇ શકે છે કે તેના ઠરાવો ચડતા દરજાનો સને ૧૮૫૮ નો મહારાણીનો ઢંઢેરો છે તેના દાબ નીચે રહેવા જોઇએ. એવું હું અનુમાન કરૂછું. તે જાહેરનામાથી ઠરાવ-વામાં આવેલું છે કે કોઇ સખશ પોતાના ધરમને માનતો હોય અગર ધરમ પ્રમાણે ચાલતો હોય તે કારણથી તેને ઇજા અગર હરકત કરવી નહી જોઇએ, અને મહારાણી તરફથી તમાંમ અખત્યારવાળા સખશોને સખતાઇથી તાકીદ કરવામાં આવેલી છે કે મહારાણીની કોઇ રઇયતે પો-તાનો ધરમ માંને અગર પુજા કરે તેમાં તેમણે હરકત કરવી નહી. તે આગથી છોડવાના હથીઆરો તે દેવાલયમાં પુજા કરવાની વસ્તુઓ તરીકે છે તે કબુલ કરવામાં આવેલું છે, અને તે ઘણાક વરશોથી છે તેથી તે વીશે પરવાનો લેવો એવી ફરજ પાડવી અને તે જપ્ત કરવાનો હુકમ ક-રવો તેથી શીખ ધર્મમાં નકી હરકત થઇ થાય છે. તે ડીપુટી માજીસ્ત-રેટ કહે છે કે તે હથીયારો બાબત તે માંહંતે પરવાનો લેવો જોઇતો હ-તો, અને તેમણે તેમ કરયું હોત તો વધારે સારૂ હતું, પરંતુ જો હથી આરો ખરી રીતે તોપો હોય તો કોઇ માજીસ્તરેટ અગર સ્થાનીક સરકાર પણ તેને પરવાનો આપી શકે નહીં.

છેવટે—તે માજીસ્તરેટનું પ્રોશીડીંગ કાયદા વીરૂધ ના હોય તોપણ તેમણે કરેલો હુકમ રદ કરવો જોઇએ, એવા કારણથી કે તે શીક્ષા ઘણી સખત કરવામાં આવી છે, એમ અમારી નજરમાં આવે છે. નામનો દંડ કરવો જોઇતો હતો.

રેફરંસ વખતે કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ કનીંગહામ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૭૯ અને ચોથા પ્રશીષ્ટ

ના છેવટના પ્રશીષ્ટ (બીજા કાયદા વીરૂધના ગુનહાઓ) અને હથીયારના સને ૧૮૭૮ ના આકટ ૧૧ માની કલમ ૧૯ ની રકમ (એફ) પ્રમાણે અમારી ખાત્રી થતી નથી કે આ કામમાં પોલીશ ઇનસપેકટરના પ્રોસીડીંગમાં અથવા તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવામાં કાંઇ પણ કાયદા વીરૂધ થએલું હોય.

જે કામોમાં હથીઆરો પરવાનાથી અગર પરવાના વીના કાયદા વીરૂધ કારણસર કબજામાં હોય અગર સુલેહને ધારતી થાય તેવી હકીકતથી તે કબજામાં રાખવામાં આવેલાં હોય તે કામોને તે હથીઆરના આકટની કલમ ૨૫ લાગુ થાય છે એમ જણાય છે એવું તે માજીસ્તરેટની નજરમાં આવેલું છે, અને આ શરતોમાંની એકે શરત 'આ કામમાંછે એમ શુચના કરવામાં આવેલી નથી. પોલીસ ઇનસ્પેકટરને કલમ ૩૦ મી પ્રમાણે ખાસ અખત્યાર આપવામાં આવેલો હતો કે નહીં તે સેશન જડજના રેફરંસ ઉપરથી ખુલ્લી રીતે જણાતું નથી. તે કલમ પ્રમાણે ઝડતી લેવાનું જે અમલદાર કામ કરે તે શીવાય કોઇક ખાસ અખત્યાર પામેલો અમલદાર હાજર હોવો જોઇએ, એવી જરૂર છે. એમ જણાય છે.

તે દેવાલયના કબજેદારોને તે આકટ પ્રમાણે પરવાનો લઇ અગર કલમ ૨૭ મી પ્રમાણે માફી મેળવી ચાલવાને માફી આપવામાં આવી હોય એવું તે આકટમાં કાંઇ નથી.

બીજી બાજુ તરફ તેઓએ એમ ધારેલું હોય "હથીયાર" શબ્દના બરોબર અરથ પ્રમાણે તે હથીયાર હોય તે કરતાં હીત અથવા પુજા કરવાના પદારથો તરીકે જે હથીયાર હોય તેને તે આકટ લાગુ નથી.

આગથી છોડવાનાં હથીઆરોની કીમત તથા દંડ તે બાતમી આપનાર અને ઇનસ્પેકટરની વચમાં વહેંચી લેવાનો જે ડીપુટી માજીસ્તરેટનો હુકમ છે તે અમે રદ કરીએ છીએ અને અમે ફરમાવીએ છીએ કે આ કામ બંગાળા સરકારની નજરમાં આવે તેવો તેમાં હુકમ થવા સારૂ તે સરકાર તરફ મોકલવું.

ફોજદારી અપીલ.

તાo ૧૦ મારચ સને ૧૮૮૨

મીo જસ્ટીસ મીતર તથા મીo જસ્ટીસ મેકલીન સાહેબોની રૂબરૂ.

અમીરૂદીનની અરજીની બાબતમાં.

અમીરૂદીન વીરૂધ ફરીદ સરકાર વીગરે.

જુદા જુદા આરોપો બાબત કમીટ કરવું—એક ગુનહા બાબતની તપાસ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૪૫૪—જુદી જુદી તપાસ.

જે સખસો ઉપર બખેડાનો તથા વ્યવસ્થા કરયાના આરોપો રાખવામાં આવેલા હોય તેમની ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૪ મી પ્રમાણે એક ગુનાહ તરીકે તપાસ જો કે થઇ શકે છે, તો પણ તે બેઉ ગુનાહ બાબત જુદી જુદી તપાસ કરવી તે કાયદા વીરૂધ નથી.

પાનું ૪૮૧ ફરીદ સરકાર, અલ્લી સરકાર અને નીજામદીના ઉપર એક કચેરીમાં જબરાઇથી પેશીને બખેડો કરયો એવો આરોપ રાખવામાં આવેલો હતો. તે કામની તપાસ રીતસર કરવામાં આવેલી છે, અને પૂરાવ સંપુરણ રીતે લખી લેવામાં આવેલો છે. વળી એક શીપાઇ અમીરૂદીને ફરીદ સરકાર, અને અલ્લી સરકાર ઉપર તે બખેડાની વખતે વ્યથા કરયાનો આરોપ રાખેલો છે. આ પાછલા આરોપની સંક્ષેપ રીતે તપાશ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૭ મી પ્રમાણે કરેલી છે.

તે માજીસ્તરેટે બેઉ કામોમાં એક ફેંસલો લખ્યો અને પેહેલા કામની બાબતમાં પીનલકોડની કલમ ૧૪૭ મી પ્રમાણે તોહોમતવાળાઓને બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે, અને બીજા કામના તોહોમતવાળાઓને પીનલકોડની કલમ ૩૨૩ મી પ્રમાણે રૂ. ૫૦) દંડની શીક્ષા કરેલી છે.

તે બખેડાના કામમાંના કેદીઓએ શેશન જડજને અપીલ કરી. અને શેશન જડજની ખાયસ ઉપરથી જે તોહોમતવાળાઓનો દંડ કરવામાં આવેલો છે તેમણે તે ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરાવવાને અરજ કરેલી છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ક. ૪૫૪ મી પ્રમાણે તે સેસન જડજે ઠરાવ્યું કે ફકત એક તપાસ થવી જોઇતી હતી, તેથી તેમણે તમામ કામની વ્યવસ્થા એકઠી કરી ગુનાહની સાબેતીના ઠરાવો ફેરવ્યા.

અમીરૂદીને સેશન જડજનો હુકમ રદ કરાવવાને હાય કોરટને અરજ કરી.

અરજદાર તરફથી બાબુ બામા ચરણ બાનરજી.

તોહોમતવાળા તરફથી બાબુ બઇકુંઠનાથદાશ.

કોરટનો ફેંસલો જસ્ટીસ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

ફરીદ સરકાર અને અલ્લી સરકાર વીગરેના ઉપર એક જમીનદારીની કચેરીમાં જબરાઇથી પેસીને બખેડાના ગુનાહનો આરોપ રાખવામાં

આવેલો છે. પેહેલા એના ઉપર એક શીપાઇ અમીરૂદીને જુદી ફરીયાદ કરેલી કે પેહેલા કામવાળા બખેડાની દરમીઆનમાં તેને વ્યથા કરેલી છે. તે બેઉ કામોમાં તોહોમતવાળાઓને માજીસ્તરેટે ગુનેહગાર ઠરાવેલા છે. તે મણે એક ફેંસલો લખેલો છે, તેમાં તેમણે કહેલું છે કે તેમણે બખેડાના કામની રીતસર તપાશ કરેલી છે અને વ્યથાના કામની શંક્ષેપ રીતે તપાશ કરેલી છે. જે શીક્ષાનો હુકમ આ પાછલા કામમાં કરવામાં આવેલો છે તે દરેકના રૂ. ૫૦) દંડ કરયાનો છે. બેઉ કામો શેશન જડજની રૂબરૂ ગએલાં હતાં. પેહેલું અપીલમાં અને બીજું અરજી કરી ગએલું છે. તે જડજે ઠરાવેલું છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૪ એક તપાશ થવી જોઇતી હતી, અને તમામ કામનો એકઠો વીચાર કરી ગુનાહની શાબેતીનો ઠરાવ ફેરાવેલો છે. કલમ ૪૫૪ પ્રમાણે એક તપાસ થઇ શકતી હતી તે વીશે જો કે અમે જડજ સાથે મળતા છીએ તોપણ તે બેઉ કામોની તપાસ જુદી જુદી કરવી કાયદા વીરૂધ છે. એમ અમને જણાતું નથી. માટે વ્યથાના કામમાં ગુનાહની શાબેતીનો ઠરાવ ફેરાવવાને તે જડજને હકુમત નહીં હતી. માટે તેમનો હુકમ જેટલો આ કામ સબંધી છે તેટલો રદ કરવોજ જોઇએ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૭ મી પ્રમાણે સંક્ષેપ તપાસ કરવામાં આવેલી છે તેના કાગળો અમે જોયા છે, અને તે બાબત કાંઇ હરકત લેવા લાયક નથી, માટે અમે ફરમાવીએ છીએ કે ફારીદ સરકાર તથા અલ્લી શરકારે દરેકે રૂ. ૫૦ નો દંડ આપવાનો હુકમ કરવામાં આવેલો છે તે પાછો બાહાલ રાખવામાં આવ્યો છે.

અરજ ના મંજુર કરવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ ફેબરવારી સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મીત્તર અને મી૦ જસ્ટીસ મેકલીન સાહેબોની રૂબરૂ.

નોબીનચંદ્ર બાનીકીઆની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વી૦ નોબીનચંદ્ર બાનકીઆ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦)ની કલમ ૩૪૯—કેદીને નીરદોશ ઠરાવવો—નીરદોશનો ઠરાવ કરયા પછી મારી આપેલા સાક્ષીની મારી ખેંચી લેવામાં આવી—તપાસમાં અશલ ગુનાહની સાબેતીનો ઠરાવ યોગ્ય રીતે કરવામાં આવેલો નહી તે, હામ કોરટનો તે રદ કરવાનો અખત્યાર.

શેશનની તપાસમાં જડજે કેદીને નીરદોશ કરયા પછી એક માફી સા હેદને (શેશન કોરટમાં માફી સાહેદી પ્રમાણે પોતાની જુબાની આપેલી) આપેલી માફી ખેંચી લઇ, તેને કમીટ કરવાનો હુકમ કરવાનો હુકમ ક- રયો. તે માફી સાહેદના ઉપર આરોપ રાખી તેની તપાસ રાખવામાં આવી અને તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો. જસ્ટીસ મીતરે ઠરાવ્યું કે તે માફી સાહેદીની માફી ખેંચી લેવાનો તથા તેને કમીટ કરવાનો હુકમ ફો જદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ મીના ઠરાવ વીરૂધ છે, તે કલમમાં "ફેંસલો કરતાં પેહેલાં" એવા શબ્દો છે તેથી અમુક હદ ઠરાવેલી મુદતની અંદર તે માફી ખેંચી લેવાનો હુકમ ખરી રીતે કરી શ કાય છે, માટે તે માફી શાહેદની તપાસ કાયદા વીરૂધ છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ મીમાં શે- શન કોરટને કમીટ કરવાનો હુકમ કરવાનો અખત્યાર આપવામાં આવેલોછે તે અખત્યારનો અમલ ફકત ફેંસલો આપતાં પહેલાં થઇ શકે છે.

જસ્ટીસ મેકલીન સાહેબે ઠરાવ્યું કે ફેંસલો આપતાં પેહેલાં તે હુકમ કરવાની જરૂર નથી. પરંતુ જડજને ફેંસલો આપતાં પેહેલાં એવું માલમ પડેલું હોવું જોઇએ કે તે માફીની શરતો પ્રમાણે ચાલવામાં આવેલું ન- થી, અને આ કામમાં નીરદોશનો ઠરાવ કરયા પછી તોહોમતવાળાને ક- મીટ કરવાનો હુકમ લખેલો છે (તોપણ તે ફેંસલામાં લખેલો છે) તેથી તે ફેંસલો કરતાં જડજને તે હુકમ કરવાનાં કારણો હતાં એમ જણાએલું નથી.

વળી જસ્ટીસ મેકલીન સાહેબના અભીપ્રાયમાં આવ્યું છે કે સ્થાની ક સરકારને પુછયા વીના જે તપાસ યોગ્ય રીતે ઉતપન થએલી હોય તે ત પાસમાં ગુનાહની સાબેતીનો કરેલો ઠરાવ હાય કોરટ રદ કરવાને મુખત્યારછે.

પાનુ ૫૬૦ રાણકીસ્તોનોબીન બાનીકીયા વીગરેના ઉપર એક મ- દન બાનકીયાના ખુનમાં મદદ કરયાનો આરોપ રાખવામાં આવેલો છે. ડીપોટી માજીસ્ટ્રેટની રૂબરૂ નોબીને કબુલત કરી અને ફોજદા રી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૭ પ્રમાણે તેને માફી આ પવામાં આવી. તપાસની વખતે સેસન જડજની રૂબરૂ નોબીને માફી સા હેદી તરીકે સાક્ષી આપી તે સાહેદી જેવી તેને કમીટ કરનાર અમલદારની રૂબરૂ આપેલી હતી તેવીજ મતલબની હતી. પરંતુ જડજે આશેશરો સા થે મળીને તોહોમતવાળાને નીરદોસ ઠરાવ્યો અને તે કેદીને નીરદોર કરયા નો રીતસર ઠરાવ કરયા પછી (જો કે ફેંસલામાં) વધારાનો એવી મતલ બનો હુકમ કરયો કે નોબીનને જે માફી આપવામાં આવેલી છે તે ખેંચી લેવી જોઇએ. અને મદનનું ખુન કરયા બાબત તેની તપાસ કરવી જોઇયે અને તેમાં તેમણે એવું કહેલું છે કે રામકીસ્તોના વીરૂધ તે નોબીને જા

ણી મુજીને અવસ્થની હકીકત છુપાવી છે. અને જુઠી સાહેદી આપી છે તેથી તે રામક્રીસ્તો નીરઅપરાધી છે એવો અભીપ્રાય બાંધી તે જડજે તેને નીરદોશ ઠરાવેલો છે.

પછી તે નોબીનની મદનના ખુનમાં મદદ કરવા બાબત તપાસ કરી અને તેણે પ્રથમની તપાસમાં જે જુબાની આપી તે જુબાની આ તપાસમાં તેના વીરૂધ વાપરી અને જડજે આશેસરોથી જુદા પડી ઠરાવ્યું કે જે વખતે તે ખુન કરવામાં આવ્યું હતું તે વખતે તે હાજર હતો તેથી તેને હયાતી સુધીની સમુદ્રપારની શીક્ષા કરવી.

નોબીને હાય કોરટમાં અપીલ કરી.

અપીલવાળા તરફથી મી૦ એમ ઘોજે (તેની સાથે બાબુ આણંદો ગોપાળ પાલીત) તકરાર કરી કે (૧) જે વખતે શેશન જડજે તે માફી ખેંચી લીધેલી છે તે વખતે તે માફી ખેંચી શકાતી નથી. (૨) તેમને તે માફી ખેંચી લેવાને બીલકુલ હકુમત નથી. અને જો તેમને તે અખત્યાર હોય તો કામની હકીકત પ્રમાણે વ્યાજબી રાહે તે ખેંચી લઇ શકતા નથી. (૩) એમ ધારીએ કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ ની છેવટની રકમ ઉપર લક્ષ રાખતાં તે જડજને તે હકુમત હતી તોપણ નોબીનના વીરૂધ જે હકીકત વાપરવામાં આવેલી છે. તે હકીકત પુરાવમાં દાખલ કરવા લાયક નથી. (૪) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ ની છેલી રકમથી પૂરાવ આકટના ઠરાવો રદ થવા જાઇએ એવો ઇરાદો રાખવામાં આવ્યો નથી અને (૫) તે કલમ ૩૪૯ ની છેલી રકમ પુરાવ આકટની કલમ ૨૪ મી સાથે અનુસરતી રીતે વાંચી શકાય છે. પેહેલું કે જડજને ઠરાવ કરયા પછી માફી રદ કરવાનો અખત્યાર નથી. કલમ ૩૪૯ માં આ અખત્યાર કયારે વાપરવો તે વીશે મુદત ઠરાવવામાં આવેલી છે. તેનો હેતુ તપાસના પરીણામથી જડજોને અસર થતો અટકે તેવો છે. માફી સાહેદી ગુનાહની સાબેતીનો ઠરાવ કરાવવાને માંથે લેતો નથી. તેમ તેની માફીની એવી શરત પણ નથી કે તેને માનવાનો છે. જો તેની સાહેદીની મુદ્દાની બાબતમાં પ્રત્યંતરી પુરાવ ના હોય તો પ્રથમ દરશનીક તે ભરંશો રાખવા લાયક નથી. કોરટે પોતાનું દીલ એક અગર બીજી રીતે કરેલું હોય તે પેહેલાંતેઅખત્યાર વાપરવો જોઇએ. જો એમ ના થાય તો દરેક જે કામમાં માફી સાહેદી ગુનાહની સાબેતીનો ઠરાવ કરવામાં નીશફળ જાય તો તે કામમાં તેને કમી કરી શકાય. બીજું કે એમ ધારીએ કે તે માફી રદ કરવાને જડજને હકુમત હતી. તોપણ કામની હકીકત પ્રમાણે વ્યાજબી રાહે તેઉ તે કરી શકતા નહીં હતા. તે જુબાનીનું જુઠાપણું તે જોતાંજ માલમ પડવું જોઇએ. હું

તકરાર કરૂંછું કે તે કેદીએ દેખીતી રીતે સાચું કહેલું છે અને તેને જુઠી સાહેદી આપેલી છે એમ ઠરાવવાને કાંઇ કારણ નથી. જસ્ટીસ મીતર સાહેબ પરંતુ તમે ગુણદોશ ઉપર એવી તકરાર કરોછો કે જો તેના વીરૂધ તેની કહેલી હકીકત પુરાવમાં દાખલ કરવા લાયક હોયનો તે અમારે માનવી નહી જોઇએ. તોપછી તેણે જુઠી સાહેદી આપી નથી. એમ ઠરાવવાને તમે અમારી પાસે કેવી રીતે માગી શકોછો.) મારી ફકત હાલની તકરારના કારણસર હું આપ નામદારની પાસે એવું ઠરાવવાને માગુછું કે તે કેદીએ જે દેખીતી રીતે સાચુ છે તે કહેલું છે. જો તેણે સાચુ કહેલું હોયતો તેની માફી જે રદ કરવામાં આવેલીછે તે બરોબર નથી. માટે તેની પોતાની જુબાનીના આધારથી જો તેણે સાચું કહેલું ના હોય તો તેને ગુનહેગાર ઠરાવવો નહીં જોઇએ. (જસ્ટીસ મ્યાકલીન સાહેબ:— જો અમે એમ ઠરાવીએ કે તેને આપેલી માફી યોગ્ય રીતે ખેંચી લેવામાં આવેલી છે તો શું અમને કાંઇ હાથ ઘાલવાનો અખત્યાર છે. હું અરજ કરૂછું કે આ કોરટ તે વખતે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરી શકે છે ને તે માફી આખરની છે એમ ઠરાવી શકે છે. (જસ્ટીસ મ્યાકલીન સાહેબ:—દારજીલીંગનો કેશરેહીદ વીરૂધ શ્રીનોબીન વીરૂધ ભટીયાના કામનો ઠરાવ તા૦ ૧૭ મારચ સને ૧૮૮૦ ના રોજનો કરવામા આવેલો છે તેમાં જસ્ટીસ વાઇટ સાહેબે તથા અમે ઠરાવ્યું છે કે તે માફી ખેંચી લેવી જોઇતી નહીં હતી. અને સ્થાનીક સરકારને ભલામણ કરવી જોઇતી હતી કે તે કેદીને માફી આપવી તે તમારા જાણવામાં છે કે નહી.) તે કામમાં બચાવ તરફથી કોઇ નહીં હતું અને તે સવાલની તકરાર કરવામાં આવેલી નથી. ઇગલાંડમાં ગમે તે હકીકત હોય પણ સ્ટાટયુટથી માફી ઠરાવવામાં આવેલી છે માટે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવાને કામ સ્થાનીક શરકાર તરફ મોકલ્યા શીવાય આપ નામદાર સાહેબ મુખત્યારછો. ચોથી તકરારની બાબતમાં તે વીદવાન કાંઉનશલે કલાયનાદીન વીરૂધ બ્લીસનું કામ બતાવ્યું એવું બતાવવાને કે પાછળના આકટથી ગરબીત રીતે પેહેલાનો આકટ રદ થતો નથી. માટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ મીથી પુરાવ આકટ નહી જેવો થતો નથી. સામાન્ય કાયદાના શબ્દોથી તેમાં સ્પશ્ટ સબ્દો લખી દુરસ્ત કરયા શીવાય અમુક કાયદો રદ થતો નથી. વીલબર્ફ ફોસ્ટનો સ્ટાટયુટ લો પાનું ૩૨૬ કાયદાઓ રદ કરવાને જે સામાન્ય નીયમ છે તે વીશે અમુક નીયમ ઠરાવવામાં આવેલો છે. પરંતુ હાકારમાં પાછળના આકટોમાં નવી ગુનેહગારીઓ ઠરાવવામાં આવેલી હોય અને કામ ચલાવવાના નવા ઇલાજો દાખલ કરવામાં આવેલા હોય તો પ્રથમની ગુનેહગારીઓ તથા કામ ચ-

લાવવાના ઇલાજે નાકારના શબ્દો શીવાય રદ થતા નથી. રીજસ્ટર્ડ વીરૂધ ચ્યાંપનીના કામમાં ઠરાવવામાં આવ્યું છે કે પાર્લમેંટના સામાન્ય આકટથી સ્પષ્ટ શબ્દો લખી બતાવવામાં આવેલું ના હોય તો પ્રથમનો ખાસ આકટ રદ થતો નથી. એસકટ વીરૂધ માસટીન અને ઈવન્સ વીરૂધ રીઝના ઠરાવો જુઓ. નોંધીને જે હકીકત કહેલીછે તે પૂરાવ આકટ પ્રમાણે દાખલ કરવા લાયક નથી. અનેફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ થી આ આકટ જે પહેલાંનો છે તે ગરભીત રીતે રદ થતો નથી. (જસ્ટીસ મીતર સાહેબઃ—તે હકીકત વાંચી શકાયછે કે નહીં એવીશે અમે અમારો અભીપ્રાય અદલ રાખીએ છીએ. અને આ શરતની સાથે તમે તે વાંચી શકોછો.)

સરકાર તરફથી મી૦ બ્રાનસન (બાબુ કાલેચંદ બાનરજી)—તે માફી ખેંચી લેવા સબંધીમાં તે હુકમ કલમ ૩૪૯ ના ઠરાવ પ્રમાણે હતો. કારણ કે તે કલમ પ્રમાણે શેશન કોરટને ફકત એટલો નીસ્ચય કરવાની જરૂર છે કે તોહોમતવાળો જે શરતોથી તેને માફી આપવામાં આવેલી હતી તે શરતો પ્રમાણે ચાલેલો નથી. એવું ફેંસલો આપતાં પહેલાં ઠરાવતું જોઇએ. અને જો આ શરત પ્રમાણે ચાલવામાં આવ્યું હોય તો કમીટ કરવાનો જે ખરી રીતનો હુકમ તે હરકોઇ વખતે થઇ શકે છે.

જવાબમાં મી૦ ગોજે કહ્યુંછે કે જો ફકત એવો ઇરાદો કે ફેંસલો આપતાં પહેલાંજ જડજને એમ જણાવવું જોઇએ કે તે કેદી પોતાની માફીની શરતો પ્રમાણે ચાલેલો નથી. અને જડજ હરકોઇ વખતે તે માફી રદ કરી શકે છે. તો દરેક કામમાં ગમે તેટલી લાંબી મુદત વીતી ગયા પછી તપાસની દરમીયાનમાં જડજ કામમાં એમ લખે કે માફી .સાહેદી પોતાની માફીની શરતો પ્રમાણે ચાલેલો નથી. અને તે અખત્યાર વાપરી શકે જો જે અરથ બાબત તકરાર કરવામાં આવી છે તે સાચો હોયતો તપાસ થયા પછી અને માફી સાહેદીની સાક્ષી પ્રમાણે શેશન કોરટ ચાલે તે પછી પણ માજીસ્ટ્રેટ માફી રદ કરી શકે એવા કારણથી કે તે માજીસ્ટ્રેટની નજરમાં પ્રથમ એવું આવેલું હતું કે જેવા પરીણામ બાબત ઇરાદો રાખી શકતો નહીં હતો. તેવા પરીણામ થાય એવી રીતે તે માફી સાહેદી તમામ બાબત સાચી બોલ્યો નથી. કામના ગુણદોશ બાબત હું તકરાર કરૂછુ કે કેદીની જે જુબાની ઉપરથી ગુનહાની શાબેતીનો ઠરાવ મુખ્યત્વે કરીને થએલો છે તે પોલીશે અગટીત રીતે કરાવેલો છે. માટે તે કેદીના પોતાની વીરૂધ પણ તે માનવી નહીં જોઇએ.

કોરટના ફેંસલાઓ નીચે પ્રમાણે આપવામાં આવ્યા.

જષ્ટીશ મીતર સાહેબઃ—એક સખસ નામે મદન બાનકીયાના ખુ.

નમાં મદદ કરવાનો ગુનહો (પીનલકોડની કલમ ૧૧૪—૩૦૨) અપીલવાળાએ કરેલો છે એમ ઠરાવવામાં આવેલું છે. અને તેથી તેને હયાતી સુધીની સમુદ્રપારની શીક્ષા કરવામાં આવેલી છે. આસેસરોએ અપીલવાળાને નીરદોશ ઠરાવવાનો અભીપ્રાય આપેલો છે. ગયા જેઠ મહીનાની ૮ મી તારીખ (તા૦ ૨૦ મે) શુક્રવારની રાતરે મદન પોતાના ઝુંપડાની અંદર સુતેલો હતો. અને તેનું ખુન કરવામાં આવ્યું છે. અને બીજે રોજ સવારમાં એક રામદાઓ નજીક પડેલો હતો. અને તેની સાથે તેની લાશ માલમ પડેલી હતી એ વાત સાબેત થએલી છે. એ વીશે કાંઈ પણ શક રહી શકે તેવું નથી. તે ખુન આ અપીલવાળાએ કરયું છે એવો અંદેસો રાખવામાં આવેલો તેથી તા૦ ૨૨ મી મેના રોજ પોલીસે તેને પકડયો અને તા૦ ૩૦ મી મેના રોજ રજુ કરયો તા૦ ૩૧ મી મેના રોજ પેટા ટુકડીના ઈનચારજ ડેપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ તે અપીલવાળાએ હકીકત કહેલી છે. તેમાં પોતે ગુનહો કરયો કબુલ કરી પોતાના ગામના એક રામકીસ્તો બાનકીયા અને બીજા ચાર મુશલમાનોને તેમાં લપેટેલા છે. તા૦ ૧૭ મી જુનના રોજ ડેપુટી માજીસ્ટ્રેટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૭ પ્રમાણે તે અપીલવાળાને માફી આપી અને તેણે તે માફી કબુલ કરી તેથી તે કામમાં તેને સાક્ષી તરીકે તપાસવામાં આવ્યો. અને તે કામ રામકીસ્તો તથા સદરહુ ચાર મુસલમાનોના ઉપર ચાલતું હતું તે કામ છેવટે શેશન કોરટમાં તપાસ થવા સારૂ કમીટ કરવામા આવ્યું. સેશનની તપાસ મી૦ કર્કવુંડ સાહેબે કરેલી છે. તેમાં તા૦ ૨૭ મી જુલાઈના રોજ અપીલવાળાને સાક્ષી તરીકે તપાસવામાં આવેલો છે. કમીટ કરનાર અમલદારની રૂબરૂ જે જુબાની તેણે આપેલી તેની તે જુબાની વાસ્તવીક રીતે તેણે આપેલી હતી. તા૦ ૨૮ જુલાઇના રોજ બચાવ તરફનો પેહેલો સાક્ષી તપાસવામાં આવ્યો. ત્યાર પછી આસેસરોએ જડજને કહ્યું કે અમારા અભીપ્રાય પ્રમાણે ફરીઆદ તરફનો જે પૂરાવ ગુજારવામાં આવેલો છે તે ગુનાહની સાબેતીનો ઠરાવ કરવાને બસ નથી. તે જડજે તે અભીપ્રાય સાથે મળતા આવી તપાસ બંધ કરી અને બીજે દીવશે પોતે લખેલો ફેંસલો આપી તે વખતે જે શખશોની તપાસ ચાલતી હતી તેમને નીરદોશ ઠરાવ્યા. તે ફેંસલાની છેવટમાં તેમણે એક હુકમ લખી ફરમાવ્યું કે તે મદનના ખુનની બાબત અપીલવાળાની તપાસ કરવા સારૂ માજીસ્ટ્રેટે તેને કમીટ કરવો, કારણ કે તેમને એમ માલુમ પડેલું છે કે તે અપીલવાળાએ અવશ્યની હકીકત જાણી બુજીને છુંપાવેલી તેનો તથા રાંમકીસ્તો વીરૂધ જુઠી સાહેદી આપ્યાનો ગુનેહગાર છે, તેથી જે સરતોથી તેને માફી આપવામાં આવેલી તે

શરતો પ્રમાણે ચાલેલો નથી. આ હુકમ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૯ મી પ્રમાણે કરવામાં આવેલો છે. તે અપીલવાળાને છેવટે કમીટ કરવામાં આવેલો છે અને ઉપર કહયા પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે. હાલના શેશન જડજ મી૦ બીટને પોતાના નીચેના આધારમાં તે અપીલવાળાએ માફી આપ્યા પછી વખતે વખતે જે હકીકત કહેલી તે ઉપર વીશેશે કરીને ભરૂસો રાખેલો છે, અને તેમની નજરમાં આવેલું છે કે જે "રામદાઓ" ખુન થએલા સખશની લાશની નજીક માલુમ પડેલું હતું તે અપીલવાળાએ એક લવારનાંમે રાંમગોપાળ પાસેથી સદરહુ બનાવ બનતાં પેહેલાં પંદર અગર શોલ દીવશ પહેલાં ખરીદ કરેલું હતુ એમ સાબેત થાય છે.

અમારી રૂબરૂ અપીલવાળાના વીદવાન કોનશલે તકરાર કરી છે કે (૧) ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૯ મી પ્રમાણે મી૦ કર્કવુડે જે અપીલવાળાને કમીટ કરવાનો હુકમ કરેલો છે તે ફેંસલો આપ્યા પછી કરેલો છે, અને તે સદરહુ કલમ પ્રમાણે બરોબર નથી; (૨) ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૯ મીનો સ્પષ્ટ ઠરાવ છે તોપણ માફીની રૂઈએ અપીલવાળાએ જે હકીકત કહેલી છે તે પુરાવમાં રજુ કરવા દેવી જોઇતી નહીં હતી, કારણ કે તે હકીકતથી અપીલવાળાની ગુનાહની કબુલત જેવું થાય છે. માટે પૂરાવ આકટની કલમ ૨૪ મી પ્રમાણે તે હકીકત લાગતી હકીકત નથી; (૩) કામમાં જે પુરાવ દાખલ કરવામાં આવેલો છે તે પુરાવના વજન વીરૂધ તે શેશન જડજનો ઠરાવ છે.

ગુનાહની સાબેતીના ઠરાવની પુસ્ટીમાં જે વીદવાન કોનશલ અમારી રૂબરૂ હાજર થએલા છે તેમણે એવી તકરાર કરી છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૯ મી પ્રમાણે મી૦ કર્કવુડનો હુકમ છે તે સદરહુ કલમના ઠરાવ પ્રમાણે છે, કારણ કે તેમના ફેંસલા ઉપરથી ખુલુ છે કે તેમની નજરમાં અપીલવાળો તેને આપેલી માફીની શરતો પ્રમાણે ચાલેલો નથી એવુ આવેલું છે અને તે કલમ પ્રમાણે ફેંશલો આપતાં પેહેલાં શેશન કોરટે ફકત નીશ્ચય કરવાનો છે; અને જો આ શરત પ્રમાણે ચાલવામાં આવેલું હોત તો કમીટ કરવાનો જે ખરી રીતે હુકમ કરવામાં આવેલો છે તે કાંઇ પણ હદ મીના હરકોઇ વખતે થઇ શકેછે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે મી. કર્કવુડે જે હુકમથી અપીલવાળાને આપેલી માફી ખેંચી લીધી છે, અને તેને કમીટ કરવાને ફરમાવેલું છે તે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૯ મીના ઠરાવ વીરૂધ કરવામાં આવેલું છે. તે કલમમાં "ફેંસલો આપતાં પેહેલાં" એવા શબ્દો

દાખલ કરેલા છે તે એવા હેતુથી દાખલ કરેલા છે કે સેશન કોરટને મા ફી ખેંચી લેવાનો જે અખત્યાર આપવામાં આવેલો છે તે અમુક મુદતની અંદર વાપરી શકાય તેવો છે એમ અમને જણાય છે. ગુનાહની સાબેતી ના આધારમાં જે વીદવાન કોનશલે હાજર થઇ જે અરથ તે શબ્દો કરવા ને તકરાર કરેલી છે તે અરથ જો કરવામાં આવે તો કાયદા કરનારાઓ નો આ ઇરાદો પાર પડે નહીં. તેમની તકરાર પ્રમાણે તો ફેંસલો આપતા પહેલાં શેશન કોરટે એવો નીશ્ચય કરેલો હોય કે જે સખસને માફી આપ- વામાં આવી છે તે માફીની શરતો પ્રમાણે ચાલેલો નથી તો પછી ગમે તે- ટલી લાંબી મુદત પછી તેને તે કોરટ કમીટ કરવાનો હુકમ કરી શકે. આ અરથ વ્યાજબી નથી એમ અમને જણાય છે. તેથી જે મુદતનો હેતુ ઠરા વવામાં આવેલો છે તે પાર પડતો નથી. અમારા અભીપ્રાય પ્રમાણે શેશન કોરટને સદરહુ કલમથી જે અખત્યાર આપવામાં આવેલોછે તેનો ફકત ફેંસલો આપતાં પેહેલાં અમલ થઇ શકે છે. માટે આ કામમાં ફોજદારી કામ ચ લાવવાની રીતના કાયદાની કલમ ૩૪૭ પ્રમાણે અપીલવાળાને સાક્ષી પ્રમા ણે તપાસીને ફેંસલો આપ્યા પછી તેને આપેલી માફી ખેંચી લઈ તેને ક મીટ કરવાનો હુકમ કરવાને મી૦ કર્કવુંડને કાંઇ અખત્યાર નહીં હતો માટે અપીલવાળાની પાછળથી જે તપાસ કરવામાં આવી છે તે કાયદેસર નથી. માટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી. કાયદાના સવાલનો આ વીચાર કરતાં ગુનહાની સાબેતીના ઠરાવના બળવાનપણા વીરૂધ જે બીજી હરકતો લેવામાં આવેલી છે તે વીશે કાંઇ પણ અભીપ્રાય અમારે બ તાવવો તે જરૂર નથી. સબબ અમે ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરાવીએ છીએ અને તેને છોડવાનો હુકમ કરીએ છીએ.

જસ્ટીસ મેકલીન સાહેબઃ—તે કામમાં અપીલવાળાએ વીસ વરસની ઉમર લખાવેલી અને તેને માજીસ્ત્રેટની રૂબરૂ મદન બાનકીયાના ખુનમાં મદદ કરયા બાબત તેની પોતાની કબુલત ઉપરથી તેના ઉપર આરોપ રા ખવામાં આવેલો છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૭ પ્રમાણે બીજા જે ચાર સખસો ઉપર વળી ખુનનો આરોપ રાખવા માં આવેલો છે તેમને ગુનેહગાર ઠરાવવાના હેતુથી તેને માફી આપવાને માજીસ્ત્રેટે દુરસ્ત ધારયું છે તે અપીલવાળાએ તે માફી કબુલ કરી અને ગયા જુન માસની તા૦ ૭ મીના રોજ તે માજીસ્ત્રેટની રૂબરૂ તેને તપાશ વામાં આવ્યો. શદરહુ બીજા શખસોને તપાસ થવા સારૂ કમીટ કરવામાં આવ્યા હતા. અને તા૦ ૨૭ મી જુલાઇના રોજ તે અપીલવાળાએ પોતા ની જુબાની આપેલી છે. તા૦ ૨૮ જુલાઇના રોજ બચાવ તરફના પેહેલા સાક્ષીની સાહેદી પુરી થઇ એટલે આરોપીઓએ કહેલું છે કે અમે અમારા

મનમાં નીશ્ચય કરેલો છે. અને વધારે પુરાવ સાંભળવાની અમારી મરજી નથી. તે સાથે જડજે પોતાનો અભીપ્રાય મળતો છે એમ બતાવ્યું પણ તે દીવસે કાંઇ ઠરાવ લખેલો નથી. બીજે દીવસે આસેસરોનો અભીપ્રાય લખવામાં આવેલો છે. અને જે સખશોની તપાસ ચાલતી હતી તેઓને નીરદોશ ઠરાવ્યાનો ફેંસલો આપેલો છે તે ફેંસલો બંધ કરતી વખતે જ ડજે લખેલું છે કે જે શરતથી અપીલવાળાને માફી આપવામાં આવેલી તે શરતો પ્રમાણે તે ચાલેલો નથી. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯) અને તેમણે ફરમાવ્યું છે કે જે ગુનાહની બાબતમાં તેને તે પ્રમાણે માફી આપવામાં આવેલી તે ગુનાહની તપાસ થવા સારૂ અપીલવાળાને કમીટ કરવો જોઇએ. ત્યાર પછી તે અપીલવાળાને કમીટ કરવામાં આવ્યો. અને એક જુદા જડજ તથા આશેસરોની રૂબરૂ તેની તપાસ કરવામાં આવી. આસેશરો તેને નીરદોશ ઠરાવત પરંતુ તે જડજે ખુનમાં મદદ કરયા બાબત તેને ગુનેહગાર ઠરાવી હયાતી શુધી શમુદ્રપાર-ની શીક્ષા કરેલી છે.

તે તપાશ ચાલતા પેહેલાં અને તપાશમાં પ્રોશીડીંગના વીરૂધ અપીલ વાળાના કોંનશલે તકરાર કરેલી છે. તેથી કામના ગુણદોશની વ્યવસ્થા કરતાં પહેલાં બે બાબતોનો નીકાલ કરવાનો છે.

પ્રથમ એવી તકરાર કરવામાં આવી છે કે તા૦ ૨૯ જુલાઇના રોજ અપીલવાળાને કમીટ કરવાનો જડજે હુકમ કરેલો છે તે ફેંસલો આપતાં પેહેલાં કરેલો નથી. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ પ્રમાણે તે કાયદા વીરૂધ છે ફરીઆદ તરફના કોંનશલે તે હકીકતના આ વીચાર વીરૂધ એવી તકરાર કરી છે કે ફેંસલો આપતાં પે-હેલાં તે હુકમ કરવો એવી જરૂર નથી. કારણ કે તે કલમ પ્રમાણે ફકત એટલીજ જરૂર છે કે જે શરતોથી માફી આપવામાં આવેલી હોય તે શરતો પ્રમાણે ચાલવામાં આવેલું નથી. એવું ફેંસલો આપતાં પેહેલાં શેશન કોરટને માલમ પડેલું હોવું જોઇએ. અમારી નજરમાં આવે છે કે ફેંસ-લો આપતાં પેહેલાં જડજને એવું જણાવવુંજ જોઇએ કે માફીની શરતો પ્રમાણે ચાલવામાં આવેલું નથી. એવો અરથ સદરહુ કલમમાં બરોબર છે. અને આ કામમાં ફેંસલો વાંચતાં તેમને તે પ્રમાણે માલમ પડેલું હતું. એમ પુષ્કળ રીતે ખુલ્લું જણાય છે. નીરદોશ ઠરાવ્યા પછી તોહોમત વાળાને કમીટ કરવાનો હુકમ લખેલો છે. (જો કે ફેંસલામાં લખેલો છે) તેથી ફેંસલો આપતાં પેહેલાં તેમનો તે હુકમ કરવાને કારણો હતાં એવું તે જડજને માલમ પડયું નથી. એમ ઠરાવવું અશકય છે. ફેંસલા ઉપર સહી કરતાં પેહેલાં તેમાં જે હકીકત બતાવેલી હોય તે તમામ કામનો વી

ચાર કરી જડજે બતાવેલી છે એમ માનવું જોઇએ. અને કલમે કલમની ચરચા કરીને જે હુકમના આધાર ઉપરથી અમે કાંઇ નીશ્ચય કરીએ તે કોઇ રીતે વ્યાજબી નથી. સબબ આ હરકત અમે નામંજુર કરીયે છીયે.

બીજી હરકત એવી છે કે, જો કે કલમ ૩૪૯ (ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો)ની છેલ્લી રકમમાં એવું ફરમાવેલુ છે કે માફીના આધારથી જે જુબાની આપવામાં આવે તે તેના વીરૂધ દાખલ થઇ શકે છે, તોપણ માફીની રૂઇએ તા૦ ૨૭ મી જુલાઇના રોજ અપીલવાળાએ જે હકીકત કહેલી છે. તે તેના વીરૂધ અઘટીત રીતે વાપરવામાં આવેલી છે. આ હરકતની પુસ્ટીમાં એવી તકરાર છે કે પુરાવ આકટની કલમ ૨૪ પ્રમાણે, કોરટને જો એમ જણાય કે લાલચ, ધમકી અગર વચન વીગરેથી તોહોમતવાળાએ ગુનાહની કબુલત કરેલી છે તેથી તે હકીકત લાગતી હકીકત નથી. અને તેને લીધે પુરાવ આકટની કલમ ૨૪ માં અને તે પાછળના આકટની કલમ ૩૪૯ માં એક બીજા વીરૂધ ઠરાવ છે. અપીલવાળાના કોંનશલે અમારી પાસે એવું માગેલું છે કે "જો તે બીજી રીતે પુરાવમાં દાખલ કરવા લાયક હોય" એવા શબ્દો તે કલમમાં છે તે પ્રમાણે તે કલમ વાંચવી જોઇએ. અમારે કહેવુંજ જોઇએ કે અમારા અભીપ્રાય પ્રમાણે કોંનશલે જે માગેલું છે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૯ મી છેલ્લી રકમનો ખોટો અરથ કરવાને માગેલું છે તે બે કલમોની વચમાં કાંઇ પણ સબંધ હોય તેમ અમારા જોવામાં આવી શકતું નથી. માફીની રૂઇએ અપીલવાળાએ જે જુબાની આપેલી છે અગર હકીકત કહેલીછે, તે તોહોમતવાળા સખસે કરેલી કબુલત નથી. તારીખ ૨૭ મી જુલાઇના રોજ તે અપીલવાળો તોહોમતવાળો સખસ નહીં હતો. તા૦ ૭ જુનના રોજ જ્યારે તેને માફી આપવામાં આવી ત્યારે પછી તે તોહોમતવાળો રહેલો નહીં હતો. અમારો આવો અભીપ્રાય છે માટે પેહેલાંના તથા પાછળના આકટોની વચમાં એક બીજા વીરૂધ ઠરાવોની જે ધારણા કરવામાં આવેલી છે, તે ધારણાવાળા ઠરાવોના અરથ બાબત વીચાર કરવાને કાંઇ વખત ગાળવાને અમે ના પાડીએ છીએ,

(તે વીહવાને જડજે કામની હકીકત કહયા પછી કહયું છે કે.)

આ કામમાં પેહેલી જે બાબતનો વીચાર કરવાનો છે તે એ છે કે એકની એકજ હકીકત પહેલું કામ જે જડજે તપાસેલું તેમણે કેટલીક બાબતમાં જુઠી અને કેટલીક બાબતમાં ભરૂંસો રાખવા લાયક નથી એમ માનેલું છે. અને જે જડજે આ કામની તપાસ કરેલી છે તે જડજે ઘણી બાબતમાં તે હકીકત્ત ઉપર દોશ રાખેલો છે તો અપીલવાળાને ગુનેહગાર ઠરાવવાને તે વ્યાજબી રાહે કબુલ થઇ શકેછે કે નહીં.

અપીલવાળાએ જે વાત કહેલી છે તે મુદામાં સાચી છે અને મદન
બાનકીયાનું ખુન તે કેદીના દાવથી અને તેની માહેતી અને કબુલતથી ક
રવામાં આવેલું છે એવો અમારો ઘણો મજબુત અભીપ્રાય છે. જે બે
જડજોએ તે કામનો વીચાર કરેલો છે. તેમણે રામકીસ્તો બાનકીયા સબં-
ધી તે હકીકત જુઠી છે. એમ માનેલું છે. તેમાં અમે ભાગ લેઇએ છી
એ. અમારૂં સમજવું એવું છે કે મદન બાનકીયાની લાસની નજીક તે
દાવ માલમ પડેલું છે, તેથી અપીલવાળા વીરૂધ એવી મજબુત હકીકત
માલમ પડેલી છે કે તે પોતે થોડો લપેટાય અને રામકીસ્તો ગુનેહગાર ઠ-
રે એવી હકીકત કહેવાને તે લલચાએલો હતો એમ ધારવામાં આવેલું છે.
તા૦ ૨૨ મીથી તે તા૦ ૩૧ મી મે સુધી અપીલવાળો પોલીશના કબ-
જામાં હતો તે દેખીતું છે. અને તેની જવાની તથા દાવ માલમ પડવાથી
તથા તેના કુટંબ વીરૂધ અટકાવ કરી જે દબાણ કરવામાં આવેલું તે
થી તે શરણ થએલો એમ અમે તદન સમજી શકીએ છીએ.

તોપણ અમે કબુલ કરીએ છીએ કે તેના ઉપર વ્યાજબી રાહે
અમે ફરીઆદ ચલાવી શકતા નથી. જે જડજે તેને કમીટ કરવાનો હુ-
કમ કરેલો તેમણે બે કારણોથી કરેલો હતો:—પહેલું કે તેણે કાંઇક અ-
વસ્યની વાત છુંપાવી હતી અને બીજુ કે તેને જુઠી સાહેદી આપેલી હ-
તી. આ છેવટના કારણથી તે ગુનહા બાબત તેની વ્યાજબી રાહે તપા-
સ થાત. પરંતુ તે ગુનહામાં તેણે ભાગ લીધેલો એ વીશે તેની જુબાની
જુઠી છે એવું બતાવવાને તે તપાસમાં કાંઇ બનેલું નથી. જો તે બાબ-
તમાં તે જુઠી હોય તો તેને એવા કારણથી નીરદોસ ઠરાવવો જોઇએ કે
તેની તે ખુન સાથે કાંઇ નીસબત નહીં હતી. તેણે પોતે જુઠા સોગન
ખાધા તે તેણે પોતે સાબેત કરવું જોઇએ. એવી ઉમેદ સખવાની નથી.
માટે ને ચુપ રહયો તેના અરથ ખોટી રીતે થઇ શકતો નથી. અવસ્યની
બાબત છુંપાવવા વીશે અમારા જોવામાં કાંઇ આવી શકતું નથી. કાંઇક
એમ જણાય છે કે તેણે જુઠી હકીકત કહેલી છે. માટે તે કામનો અમે
વીચાર કર્યો. તે પ્રમાણે પરીણામે તે તપાસમાં ગુનાહની સાબેતીનો ઠ-
રાવ કરેલો છે તે બરોબર છે. પણ તે તપાસ એવી છે કે જે કરવી
જોઇતી [illegible] હતી.

પરંતુ પ્રથમના પ્રસંગે અમે ઠરાવ્યું છે કે યોગ્ય રીતે કરેલી ત-
પાસમાં જે ગુનાહની સાબેતીનો ઠરાવ કરેલો હોય તે રદ કરવાને આ
કોરટને અખત્યાર નથી. જે આ ઠરાવ અમે બતાવીએ છીએ તે ઘણી
રીતે આ કામને મળતો છે. તે અપીલવાળાઓ માફી કબુલ કરી હતી.
જડજે તેની કહેલી હકીકત જુઠી માની અને તેની તપાસ કરવાનો હુકમ

કરયો. તે બેંચમાં અમે પણુ એક અંગભુત હતા. અને તે બેંચે ઠરાવેલું છે કે અપીલવાળાની હકીકત જુઠી નહી હતી અને માફીની સરતો પ્રમાણે ખરી રીતે ચાલવામાં આવેલું હતુ તે ઉપરથી અમે તે ગુનહાની સાબેતીનો ઠરાવ. કાયમ રાખી માફી મળવાના હેતુથી તે કામ સ્થાનીક સરકાર તરફ મોકલવાને દુરસ્ત ધારયું હતું અને તે પ્રમાણે કરવાને માફી આપવામાં આવી હતી તોપણુ ફરીથી વીચાર કરતાં અમારી નજરમાં આવે છે કે જે તપાસ અઘટીત રીતે ઉતપન થએલી હોય તેમાં જે ગુનાહની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો હોય તે આ કોરટ પોતે રદ કરી શકે છે. અને આ કારણથી અપીલવાળાને છોડવાને અમે હુકમ કરીએ છીએ.

અપીલ મંજુર કરવામાં આવી અને ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફ્રંસ.

તા૦ ૬ મારચ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ કનીંગહામ અને મી૦ જસ્ટીસ ટોટનહામ

સાહેબોની રૂબરૂ.

બાઉલે વી૦ જમીશન સાહેબો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૨૯૭—૫૧૮—તાકીદ હુકમ—હુકમની ફરી તપાસ—જે હુકમ રદ કરવામાં આવેલો તે તાજો કરવો—હાય કોરટની નીધેબાની રેફ્રંસ—ચારટર આકટ ૨૪ અને ૨૫ વીક, બાબ ૧૦૪ ની ક. ૧૫

તા૦ ૭ જુન સને ૧૮૮૧ ના રોજ હીલકાંડીના આશીસ્ટંટ કમીશનરે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૮ મી પ્રમાણે એવો હુકમ કરેલો કે બીજી નોટીસ આપતાં સુધી અમુક ચાહાની વાડીના વહીવટદારે ગુરૂવારને રોજ બજાર ભરવું નહી. તા૦ ૨૫ અગસ્ટ સને ૧૮૮૧ ના રોજ આ હુકમની આસીસ્ટંટ કમીશનરે ફરી તપાસ કરી અને એવો નીશ્ચય કરયો કે આવા તાકીદ હુકમ કરવાને અમને અખત્યાર નહી હતો તેથી તે કામ ફાઇલ ઉપરથી કાહાડી નાંખ્યું અને તેની સાથે ડીપુટી કમીશનરને રેફ્રંસ કરયું, પણુ તેઉએ તેમાં હાથ ઘાલવાની ના પાડી. આશીસ્ટંટ કમીસનરને ખબર આપી કે તેમના હુકમમાં કાંઇ કાયદા વીરૂધ થએલું જેવામાં આવતું નથી. તે ઉપરથી આશીસ્ટંટ કમીશનરે હુકમ

ફરી ઠરાવ્યું કે તા૦ ૭ જુન સને ૧૮૮૧ ના રોજનો તેનો હુકમ ભર અમલમાં રહેલો છે. હાય કોરટમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે શીલકેટના ઓફીસીએટીંગ શેશન જડજને રેફરંસ કરતાં.

ઠરાવવા આવ્યું કે તા૦ ૨૫ અગસ્ટ સને ૧૮૮૧ ના રોજ માજીસ્ટ્રેટે તા૦ ૭ જુન સને ૧૮૮૧ ના રોજનો હુકમ રદ કરી ફાઇલ ઉપરથી કામ કાહાડી નાંખેલું છે અને નવું પ્રોસીડીંગ કરયા વીના તે હુકમ તાજો કરવાને તેમને અખત્યાર નહી હતો.

વળી ઠરાવવામાં આવ્યું કે ફો. કા. ચ. રીતના કાયદાની ક. ૫૧૮ પ્રમાણે કાયમ તાકીદ હુકમ કરવાને તે માજીસ્ટ્રેટને અખત્યાર નહીં હતો.

ગોપી મોહન મલીક વી૦ તારામોની ચોધરાણીના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

વળી ઠરાવવામાં આવ્યું કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૮ મી પ્રમાણે જે હુકમ કરવામાં આવેલો છે તે ન્યાયની રૂએ કરેલો હુકમ નથી. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે વ્યવસ્થા કરવાને હાય કોરટને અખત્યાર નથી. પરંતુ તા૦ ૬ સપટેંબર સને ૧૮૮૧ ના રોજનો હુકમ કાયદા વીરૂધ છે, તેથી ચારટર આકટ ૨૪ અને ૨૫ વીક બાબ ૧૦૪ પ્રમાણે હાય કોરટ તે રદ કરે છે.

ચંદ્રનાથસેનની અરજીના કામમાં તે પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનુ ૫૮૦ શીલકેટના ઓફીસીએટીંગ શેશન જડજે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૨૯૭મી પ્રમાણે આ રેફરંસ કરેલું છે. તેના શબ્દો નીચે પ્રમાણે છે

"કામની હકીકત એવી છે કે ફેંચાચીરા અને કાટીચીરાની ચાહાની મીલકતના વહીવટદારોએ એક બીજાની નજીક એકજ રોજ બજારો કાડેલાં છે. આ બેમાં ફેંચાચીરા બજાર જુનું છે. હીલકાંડીના પેટા ટુકડી અમલદારે તા૦ ૭ જુન સને ૧૮૮૧ ના રોજ કાટીચીરાના વહીવટદારને એવો હુકમ કરેલો કે બીજી નોટીસ આપતાં સુધી ગુરૂવારને રોજ તેણે બજાર ભરવું નહીં. તે હુકમ કરવાને તેમણે જે કારણો આપેલાં છે તે નીચે પ્રમાણે છે.

"તમામ સખશો વસ્તુઓ ફેંચાચીરા બજારમાં વેચવા લાવે છે, અને કાટીચીરાને બદલે ત્યાંહાં તેઓ પોતાની ચીજો વેચે તો, દરેક બગીચાના કોળીઓની વચમાં તકરાર કોઇ ખોટી દયાનતવાળા સખશો ઉઠાવી શકે એવું કહીને કે સેટાકાંડીના કોળીઓ કાટી ચીરાના કોળીઓનો

માલ અટકાવે છે, પછી આસીસ્ટંટ કમીશનરે પોતાના હુકમનો ફરી તપાસ તા૦ ૨૫ અગસ્ટ સને ૧૮૮૧ ના રોજ કરયો. અને એવું લખેલું છે કે કાયમ તાકીદ હુકમ કરવાને તેમને અખત્યાર નહી હતો. તેથી તે કામ ફાઇલ ઉપરથી કાહાડી નાંખી તે કામ ડીપુટી માજીસ્ત્રેટ તરફ મોકલ્યું. પરંતુ ડીપુટી કમીશનરે તેમાં હાથ ઘાલવાને ના પાડી, અને ડીલકાંડી માજીસ્ત્રેટને ખબર આપી કે તેમના હુકમમાં કાયદા વીરૂધ થએલું એમ અમારા જોવામાં આવતુ નથી. આ હુકમ મળતાં આશીસ્ટંટ કમીશનરે તા૦ ૬ સપટેંબર સને ૧૮૮૧ ના રોજ નીચે પ્રમાણે હુકમ કરયો છેઃ—મેશર્શ જમીશન અને બ્રાડલેને ખબર આપવી કે ડીપૂટી કમીશનર કલેકટર તરીકે હાથ ઘાલવાને ના પાડે છે, તેથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૮ મી પ્રમાણે મારો હુકમ અમલમાં રહેલો છે.

"સદરહુ હુકમ તથા ગુરૂવારને રોજ કાટીચીરા બજાર ભરવું નહી એવો હુકમ કરવામાં આવેલો છે તે કાયદા પ્રમાણે બરોબર નથી એમ અમને જણાય છે. પહેલું એવા કારણથી કે મુદતની કાંઇ હદ વીના તાકીદ હુકમ કરવાને આશીસ્ટંટ કમીશનરને અખત્યાર નહીં હતો, અને બીજુ કે તા૦ ૬ સપટેબરના રોજનો તેમનો હુકમ વધારે તપાસ કરયા વીના તાજો કરી સકતા નથી."

કોરટનો ફેંસલો જસ્ટીશ કનીંગહામ સાહેબે નીચે પ્રમાણે આપ્યો—

અમારી નજરમા આવે છે કે તા૦ ૨૫ અગસ્ટ સને ૧૮૮૧ ના રોજ માજીસ્ત્રેટે પોતાનો તા૦ ૭ જુન સને ૧૮૮૧ ના રોજનો હુકમ રદ કરી તે કામ ફાઇલ ઉપરથી કાહાડી નાંખવામાં આવેલું છે, પરંતુ તેમને તે હુકમ (નવું પ્રોશીડીંગ કરયા વીના) તા૦ ૬ સપટેંબરના રોજના હુકમથી તાજો કરવાને અખત્યાર નહી હતો, અને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણે કાયમ તાકીદ હુકમ કરવાને અખત્યાર નહી હતો. ગોપીમોહન મલીક વી૦ તારામોની ચોદ્રાનીના કામનો ઠરાવ જુઓ, કલમ ૫૧૮ પ્રમાણેના હુકમો ન્યાયની રૂઇનું પ્રોશીડીંગ નથી, માટે કલમ ૨૯૭ પ્રમાણે આ કામની વ્યવસ્થા કરવાને અમને અખત્યાર નથી, પરંતુ ચન્દ્રનાથસેનની અરજીના કામમાં આપેલા ફેંસલા ઉપરથી અમે અનુંમાન કરીએ છીએ કે તે હુકમ અમારા અભીપ્રાય પ્રમાણે કાયદા વીરૂધ છે; માટે તે ચારટર પ્રમાણે અમે તેની વ્યવસ્થા કરી શકીએ છીએ સબબ અમે તે હુકમ રદ કરીએ છીએ.

હુકમો રદ કરવામાં આવ્યા.

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ મારચ સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ તોટનહામ તથા મી૦ જષ્ટીશ કનીંગહાન સાહેબોની રૂબરૂ.

મુનશી સેખ વીગરેની અરજીના કાંમની બાબતમાં.

કેશરેહીંદ વી૦ મુનસી શેખ વીગરે

તોહોમતવાળા સખશની કબુલત—તોહોમતવાળાની તપાશ—સવાલ અને જવાબ—તપાસ લખવી—તોહોમતવાળાની હકીકત—ફો, કા. ચ. નો રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૩૪૬

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૬ પ્રમાણે સવાલ જવાબના રૂપમાં તોહોમતવાળાની કબુલત લખી લેવાની છે તેને બદલે ફકત હકીકત તરીકે લખી લેવામાં આવેલી છે. તે કબુલતના રૂપમાં અથવા કાંમની હકીકતમાં એવું કાંઇ નથી કે જે ઊપરથી એવુ અનુંમાન થઇ શકે કે તે તોહોમતવાળાને ભુલથી હરકત થએલી છે.

ઠરાવવામાં આવ્યું કે તે ભુલથી તે હકીકત પુરાવમાં દાખલ કરવાને હરકત થએલી નથી.

પાનુ ૬૧૬ આ કામમાં અપીલવાળાઓને બીજા સખસોની સાથે બુધી પુરવક મદાબ્યથા કરયાના ગુનેહગાર ઠરાવી ૨૪ પ્રગણાના શેશન જડજે છ વરસ સખત મજુરી શાથે કેદની શીક્ષા કરેલી છે. જ્યારે માજીસ્રેટ અપીલવાળાઓને તપાસ્યા ત્યારે પ્રથમ તેઓએ ગુનહો કબુલ કરેલો હતો, પરંતુ તે કબુલત હકીકતના રૂપમાં લખી લેવામાં આવેલી છે. તે વીદવાન જડજે જુરીને ફરમાવ્યું છે કે જો તેઓ તે કબુલતો બુધીપુરવક ખરી અને માનવા લાયક આપવામાં આવેલી છે એવું ગણેતો, ફકત તે કબુલતો ઉપરથી તે અપીલવાળાઓને તેઓ ગુનેહગાર ઠરાવી શકે છે. જુરીએ તે કેદીઓને ગુનેહગાર ઠરાવ્યા. તે ઉપરથી તે કેદીઓએ હાંય કોરટમાં અપીલ કરી છે.

અપીલવાળાઓ તરફથી બાબુ બઇદીનાથ દત અને બાબુ નારાપ્રસોનોસેન.

કોરટનો ફેંસલો જસ્ટીસ કનીંગહામ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કામમાં કાંઇ ખોટું બતાવવામાં આવેલું નથી. અપીલમાં જે મુખ્ય કારણ બતાવવામાં આવેલું છે તે એવું છે કે તોહોમતવાળાઓમાંથી બે તોહોમતવાળાઓની કબુલતો સવાલ જવાબના રૂપમાં લખવાને બદલે હકીકતના રૂપમાં લખવામાં આવે

હી છે. જો કબુલતોના રૂપ ઉપરથી અથવા કામની હકીકત ઉપરથી જો અમે એવું અનુંમાન કરી શકીએ કે તે કબુલતો લખી લેવાની રીતીથી પરીણામે તે કેદીઓને કાંઇ હરકત થએલી છે તો અલબત અમારે નવી તપાસ કરવાને ફરમાવવું જોઇએ. પરંતુ એવું કાંઇ નથી કે જે ઉપરથી અમે આ અનુંમાન કરી શકીએ. અને કલમ ૩૪૬ ની છેવટની રકમ લક્ષમાં રાખતાં અમારી નજરમાં આવે છે કે જડજે આ કબુલતો જુરીને જોવા દીધી તેથી કાંઇ ખોટું બતાવવામાં આવેલું છે એવું અમે ઠરાવી શકતા નથી.

તોહોમતવાળા મુનશી શેખની બાબતમાં તે સવાલ ઉતપન થતો નથી, કારણ કે તે જડજે જુરીને કહેલું છે કે તેની નીશબત છે તે પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવતાં પહેલાં તેઓને ખાત્રી થવી જોઇએ કે તેનો ગુનોહ બ્યાજબી રાહે તે કબુલત શીવાય પુકત પૂરાવ છે.

સબબ તે કબુલતો ગેરશીરસ્તે લખી લેવામાં આવી છે, પણ તે ગુનાહની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવો જોઇએ, એમ અમારી નજરમાં આવે છે.

ગુનાહની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૩૧ મારચ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકડોનલ તથા મી૦ જસ્ટીસ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

ઉતમ કુંદુ વીગરેની અરજીની બાબતમાં

કેશરેહીંદ વીરૂધ ઉતમ કુંદુ વીગરે.

પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) કલમ ૪૧૧, ૪૧૩—જુદી જુદી જાતના ગુનાઓ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૨૮૩, ૪૫૩—કામ ચલાવવાની રીતીમાં ખામી—શીક્ષા કમી કરવી—તપાસમાં કેવી રીતે ચાલવું.

ચોરેલો માલ લીધા બાબત અગર રાખવા બાબત અને હમેશાં તેવા અગર તેની બ્યવસ્થા કરવા બાબતની કેદીની તપાસ એકની એક વખતમાં થઇ શકતી નથી. તોહોમતવાળાની તપાસ કરવાનો યોગ્ય રસ્તો પેહેલો એવો છે કે કલમ ૪૧૧ પ્રમાણેના ગુનાહની તપાસ કરવી. જે તે ગુનેહગાર ઠરેતો કલમ ૪૧૧ પ્રમાણે પ્રથમ ગુનાહની સાબેતી થએલા તે પૂરાવમાં દાખલ કરી કલમ ૪૧૩ પ્રમાણે તેની ત-

પાસ કરવી. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ ના ઠરાવથી કલમ ૪૧૧ પ્રમાણે બાકીની જે મીલકત માલુમ પડેલી હોય એમ સાબેત કરીને જુદુ તોહોમત રાખી શકાતું નથી.

પાનુ ૬૩૪ ઉતમ કુંદુ અને ક્રીસ્ન મોની તેલાનીના ઉપર બદદાનતથી ચોરેલો માલ રાખ્યા બાબત તથા ચોરેલા માલની હમેશાં બ્યવસ્થા કરયા બાબત પીનલકોડની કલમ ૪૧૧ અને ૪૧૩ પ્રમાણે સાત જુદાં જુદાં તોહોમતો રાખી તેમને કમીટ કરવામાં આવેલા છે.

આ સાતે તોહોમતોની સેશન જડજે એકઠી તપાસ કરેલી છે અને નીચે પ્રમાણે ઠરાવો લખેલા છેઃ—"કોરટ આસેસરો સાથે મળતા આવી ઠરાવે છે કે ઉતમ કુંદુ અને ક્રીસ્ન મોની તેલાની તોહોમતનામામાં પ્રથમ જે સાત મથાળા નીચે ગુનાહો બતાવેલા છે તેના ગુનેહગાર છે. એટલે તેઓએ નોબીન ઘોઝ, મંદનશા, મીરજાન, સોનાતન ઘોઝ. નાબાકુમાર આ તરજી, તામીજુદીન, અને પોરાસુલાની ચોરાએલી મીલકત તે ચોરાએલી મીલકતછે. એવું જાણ્યા છતાં અગર એવું માનવાને કારણ છતાં બદદાનતથી રાખી. અને તેથી તેઓએ પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનહો કરેલો છે. તેથી કોરટ ફરમાવે છે કે તે ઉતમ કુંદુએ પાંચ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી. અને ક્રીસ્ન મોની તેલાનીએ ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી વળી ઉતમ કુંદુએ રૂ. ૧૦૦ દંડ આપવો અને તે આપવામાં કસુર કરે તો બીજી એક વરસ સખત મજુરી સાથે કેદ ભોગવવી તે કેદીઓએ આ હુકમ ઉપર હાય કોરટમાં અપીલ કરી.

એમાંથી એકે બાજુ તરફથી કોઈ હાજર થયું નથી

કોરટનો ફેંસલો જસ્ટીસ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

(તેઉ સાહેબે કામની હકીકત બતાવ્યા પછી કહયું છે કે) પીનલકોડની કલમ ૪૧૩ પ્રમાણે ઠરાવ અગર શીક્ષાનો હુકમ કરવામાં આવેલો નથી. શેશન જડજે તોહોમતનાં સાત મથાળાં કહેલાં છે તે ભુલથી કહેલાં છે. સાત જુદા જુદા આરોપો છે. અને એક તોહોમતનાં સાત મથાળાં નથી. કલમ ૪૧૧ પ્રમાણે એક તોહોમત સાબેત ઠરાવવામાં આવે એટલે વધારેમાં વધારે ત્રણ વરસ કેદની સીક્ષાનો હુકમ કરી સકતો હતો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ ના ઠરાવ ઉપર લક્ષ આપતાં એકજ પ્રકારના ત્રણ કરતાં વધારે ગુનાઓની ચોકસી એકજ તપાસમાંથી કેદીની થઇ શકતી નહીં હતી. માટે શેશન જડજે તે સાતે આરોપોનો એકઠો તપાસ કરેલો છે તે બરોબર નથી. પણ અપીલ વાળાઓએ કામ ચલાવવાની રીતીમાં આ ગેર શીરસ્તે થએલું છે તે વી

ને ફરીઆદ કરી નથી. અને તે ગેર શીરસ્તે થવાથી ફરીઆદ તરફનું કામ યોગ્ય રીતે ચલાવવામાં હરકત થઇ અગર કેદીઓને પોતાના બચાવમાં (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩)માં હરકત થઈ ઇનસાફ થએલો નથી. એમ જણાતું નથી. સબબ શેશન જડજનું પ્રોસીડીંગ રદ કરીને નવી તપાસ કરવાને હુકમ કરવાની જરૂર નથી. એમ અમારી નજરમાં આવે છે. પરંતુ તે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ થવોજ જોઇએ. અને (૧) નોબીનઘોજે (૨) મીયાં જાન અને (૩) પોરા સુલાની મીલકત સબંધીના ત્રણ આરોપો બાબત તે કેદીઓને ગુનેહગાર ઠરાવવામાં આવશે પેહેલા અને બીજા ગુનાહ બાબત તે કેદીઓને દરેક ગુનાહ બાબત દરેકે એક વરસ સખત મજુરી સાથે કેદની સીક્ષા ભોગવવી પડશે. ત્રીજા ગુનાહ બાબત ઉતમ કુંદુએ ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી. અને ક્રીસ્ન મોની તેલાની એ એક વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી. અમારી નજરમાં આવે છે કે દંડની શીક્ષા કરવી જરૂર નથી.

અમે કહી શકીએ છીએ કે ચોરેલો માલ લીધા બાબત અગર રાખ્યા બાબત (કલમ ૪૧૧) અને ચોરેલો માલ હમેશાં લેવા બાબત અગર તેની વ્યવસ્થા કરવા બાબત (કલમ ૪૧૩) ના બે ગુનાઓ એકજ પ્રકારના ગુનાહ નથી. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩) માટે તે કેદીઓની તપાસ એક તજવીજમાં થઈ શકતી નથી. યોગ્ય રીતી એવી હતી કે કલમ ૪૧૧ પ્રમાણેના ગુનાહની તોહોમતવાળાની પેહેલી તપાસ કરવી અને તે ગુનેહગાર ઠરે તો કલમ ૪૧૧ પ્રમાણે પથમ જે ગુનાહની સાબેતીના ઠરાવો થએલા તે ઠરાવો પુરાવામાં લઇ તથા બાકીની મીલકત સબંધી ઠરાવ સાબેત કરી કલમ ૪૧૩ પ્રમાણેના ગુનાહની તેની તપાસ કરવી અને બાકીની મીલકત સબંધી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ ના કલમના કારણથી કલમ ૪૧૧ પ્રમાણે જુદો આરોપ રાખી શકાતો નથી. તોપણ અમારા અભીપ્રાય પ્રમાણે કલમ ૪૧૧ પ્રમાણે જે શીક્ષા કરવામાં આવેલી છે તે બસ છે. માટે કલમ ૪૧૩ પ્રમાણે વધારે કામ ચલાવવાની જરૂર નથી. તેથી અપીલ કાહાડી નાંખવામાં આવે છે અને ઉપર ફરમાવ્યા પ્રમાણે ગુનાહની સાબેતીના ઠરાવમાં તથા શીક્ષાના હુકમમાં ફેરફાર થાય છે.

સીક્ષાના હુકમમાં ફેરફાર કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૫ એપ્રીલ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકડોનલ અને મી૦ જસ્ટીસ રીહડ

શાહેબોની રૂબરૂ

મેલામડી ફકીર વીરૂધ તારી પુલા પ્રમાણીક.

ઉતરતા દરજ્જાની કોરટના કામના કાગળો—કરેલા હુકમનો ખુલાસો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૨૯૫—જામીન આપવાની કસુર કરવાથી અની યમીત મુદતની કેદ, તે બાબત હુકમ.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૫ પ્રમાણે શેશન જડજ નીચેની કોરટના કામના કાગળો મગાવેલા પરંતુ તે કામ હુકમ થવા સારૂ હાય કોરટમાં મોકલતાં પેહેલાં નીચેની કોરટના કરેલા હુકમનો ખુલાસો નીચેની કોરટ પાસે માગવા તેઉ બંધાએલા છે અને તે કામના કાગળો સાથે તે ખુલાસો હાય કોરટમાં મોકલવો જોઇએ. જામીન આપવામાં આવે ત્યાં સુધી તોહોમતવાળાને કેદ રાખવો એવો હુકમ બરોબર નથી. એક વરસ કરતાં વધારે નહી એવા નીયમીત મુદતની કેદ તે હુકમમાં બતાવવી જોઇએ.

પાનું ૬૪૪ પીનલકોડની કલમ ૩૫૨ પ્રમાણે એક મેલામદી ફકીરે તોરીપુલા પ્રમાણીક ઉપર હુમલો કરયાનો આરોપ રાખ્યો.

આ કામની તપાસ હાનરરી માજીસ્ત્રેટના બેંચે સંક્ષેપ રીતે કરી અને તે બેચે તેને ગુનેહગાર ઠરાવી તેના રૂ. ૧૦) દંડ અને તે આપવામાં કસુર કરેતો, પંદર દીવસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી અને વળી રૂ. ૧૦૦) નો મુચરકો એક વરસ સુલેહ રાખવા સારૂ આપવો તથા તેટલી રકમના બે જામીનો આપવા અને તે આપવામાં કસુર કરવામાં આવે તો, તે આપતાં શુધી આશાન કેદ ભોગવવી એવો હુકમ કરયો.

શેશન જડજે તે હુકમ ખોટો છે એવો અભીપ્રાય બતાવી આનરરી માજીસ્ત્રેટોનો ખુલાશો માગ્યા વીના કામ હાય કોરટમાં મોકલ્યું.

પક્ષકારો તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જસ્ટી મેકડોનલ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ રેફરંસ કરવામાં શેશન જડજ તરફથી ઘણીવાર થએલીછે. તે બેંચ ઉપર જે આનરેરી માજીસ્ત્રેટો બીરાજેલા હતા. અને જેઓ હયાત છે તેઓનો ખુલાશો મોકલવો જોઇતો હતો; કામના કાગળો ઉપરથી જણાય છે કે કલમ ૩૫૨ પ્રમાણે આરોપ રાખવામાં આવ્યો હતો અને બીજો કાંઇ ક-

રાદો હતો એવી ખરી રીતે કાંઇ તકરાર કરવામાં આવી નથી. તોહોમતવાળો જામીન આપે ત્યાં સુધી તેને કેદ રાખવો એવું તે હુકમથી ફરમાવેલું છે તે બરોબર નથી, અને તે હુકમના આ ભાગમાં એક વરસ કરતાં વધારે નહી એવી મુદત દાખલ કરવી જોઈતી હતી.

આવી હકીકત છતાં અમારી નજરમાં આવે છે કે તે હુકમમાં સુલેહ રાખવાને સારૂ જે મુચરકો તથા જામીન માગેલા છે તે રદ કરવામાં આવે એટલે બસ છે. સબબ આ પ્રમાણે તે હુકમનો આ ભાગ અમે રદ કરીએ છીએ.

હુકમમાં ફેરફાર કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૦ એપ્રીલ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકડોનલ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

અબાસુબેગમ વીરૂધ અમદાખાનમ વીગરે.

શુલેહ રાખવાને મુચરકો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૪૯૨ પ્રમાણે સમનનો નમુનો;

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૨ માં જે શબ્દો છે તે ફરમાન તરીકે છે અને ફરજ પાડનાર નથી. માટે તે કલમ પ્રમાણે જે મુચરકો તથા જામીન લેવાનો હોય તેની રકમ તે સમન્સમાં લખેલી ના હોય તેથી સુલેહ રાખવાને પક્ષકારોને બંધન કરતાં પાછળ ચાલેલું કામ નાબુદ થતું નથી.

પાનું ૭૨૪ તા૦ ૨૭ અકટોંબર સને ૧૮૮૧ ના રોજ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૧ પ્રમાણે આ શીસ્ટંટ માજીસ્ટ્રેટે અમુક સખસો ઉપર એવો હુકમ કરયો કે તમારે હાજર થઇ સુલેહ રાખવા સારૂ સા વાસ્તે બંધનમાં રહેવું નહીં જોઇએ તેનું કારણ બતાવવું. તે સમન્સમાં ખતની રકમ, કેટલી મુદત સુધી તે જારી રહેસે, કેટલા જામીનો આપવા અને કેટલીક રકમને સારૂ તેમણે બંધાવવું જોઇએ તે બતાવેલું નહીં હતું.

શેશન જડજના વીચારમાં આવ્યું કે કે હુકમ કાયદા વીરૂધ છે કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૨ પ્રમાણે ચાલવામાં આવ્યું નથી. તેથી તેમણે નીચેનો સવાલ હાય કોરટમાં પુછયો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૨ ના ઠરાવ પ્રમાણે

(ખતની રકમ, કેટલી મુદત સુધી તે જારી રહેવાનું, કેટલા જામીનો આ પવા અને કેટલી રકમને સારૂ તેઓ બંધાવવા જોઇએ તે વીશે) સખતાઇ થી ચાલવું જોઇએ કે ફકત તે કલમ પ્રમાણે કાંઇ પણ વીગત બતાવ્યા શીવાય કારણ બતાવવાનો હુકમ કરેલો હોય તે બસ છે કે શી રીતે.

તે હુકમથી નીશબત રાખનારા જુદા જુદા પક્ષકારો તરફથી બાબુ રામેશચંદર બોઝ, બાબુ રામચરણ મીતર અને બાબુ જોગેશચંદરદે હાજર હતા.

કોરટનો ફેંસલો જસ્ટીશ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

આ કામમાં એક અમદાખાનની પાસે એક વરશ સુધી સુલેહ રાખ વા શારૂ મુચરકા તરીકે રૂ. ૧૦૦૦) આપવાને તથા બે જામીનો દરેક રૂ. ૫૦૦) નો આપવાને તથા એક બાહાદુરલાલ પાશે તેટલીજ મુદતને માટે સુલેહ રાખવાને સારૂ મુચરકા તરીકે રૂ. ૨૦૦) આપવાને તથા બે જામીનો દરેક રૂ. ૧૦૦) ના આપવાને માગવામાં આવેલું છે.

ગયાના શેશન જડજે આ કામ આ કોરટમાં તે હુકમ રદ કરવાને સારૂ મોકલેલું છે. એવા કારણથી કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૧ અને ૪૯૨ પ્રમાણે કાહાડેલા સમન્સમાં મુચરકાની રકમ, માગેલા જામીનની સંખ્યા અને તેઓ દરેકે કેટલી રકમને સારૂ બંધનમાં રહેવું તે બતાવવુ જોઇતું હતું તે બતાવેલું નથી,

કલમ ૪૯૨ મા સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે જે રીપોટ અગર બાતમી ઉપરથી તે શમન્સ કાહાડવામાં આવેલો હોય તેનો મતલબ ખતની રકમ અને કેટલી મુદત સુધી તે અમલમાં રહેશે તે અને જો જામીન માગવામાં આવેલા હોય તો જામીનની સંખ્યા અને કેટલી રકમને સારૂ તેઓએ દરેકે બંધનમાં રહેવું અને કઇ વખતે અને કઇ જગોએ જે સખસના ઉપર સમન્શ કરવામાં આવેલો હોય તેણે હાજર રહેવું જોઇએ તે બતાવવું. અમારી નજરમાં આવે છે કે માજીસ્રેટોએ પોતાની ફરજ બજાવતાં કાયદાના તે ઠરાવ ઉપર સખતાઇથી લક્ષ આપવું જોઇએ એ ઘણું દુરસ્ત છે. આ બાબત ઘણા કારણોથી દુરસ્ત છે. તે બીજા કોઇ કારણથી નહીંતો ફકત એટલા કારણથી કે ઘણી વખત પુછવામાં આવે અને આ કોરટનો ઘણો વખત જાય તેમાંથી બચાવ થાય અને માજીસ્રેટોએ તે લક્ષ આપવું જોઈએ એવી વ્યાજબી રાહે ઉમેદ રાખી શકાય છે. માટે તે પ્રમાણે બની શકે તેવું છે. આ કામમાં તે કલમ પ્રમાણે શદરહુ શમન્શમાં કેટલીક વીગત આસીસ્ટંટ માજીસ્રેટે લખેલી નથી. તેથી તે પ્રમાણે રીતી પુરવક નહીં કાહાડેલા શમન્શ ઉપરથી પાછળથી જે તમામ પ્રોસીડીંગ ચાલેલું હોય તે રદ થાય છે કે કેમ તેનો અમારે નીરણય કરવાનો છે.

હવે આ કામમાં જે પક્ષકારો બંધાએલા છે તે બેઉ પક્ષકારોને તે સમન્સમાં કહેલું છે કે તમારી પાસેથી મુચરકો તથા જામીન શા વાસ્તે લેવા નહીં તેનુ તમારે કારણ બતાવવું. તે સમન્સમાં મુચરકાની રકમ અગર જામીનની રકમ બતાવવામાં આવેલી નથી.

જો તેમ છે તો ફો. કા. ચ. ની રીતીના કાયદાની આ કલમમાં જે હુકમો છે તે કેવા પ્રકારના છે. તે ફરજ પાડે તેવા છે કે ફકત ફરમાન તરીકે છે. તે કાયદામાં સ્પષ્ટ શબ્દોથી કહેલું નથી કે કલમ ૪૯૨ ના બરોબર ઠરાવો ઉપર લક્ષ નહીં આપવાથી કેવો પરીણામ થશે અને એવું કહેવામાં આવેલું છે કે જયાં કાયદા કરનારાએ તે બાબતમાં કાંઇ ઇરાદો બતાવેલો નથી. ત્યારે તે બાબત ઘણોજ યોગ્ય ઇરાદો છે એમ સમજવુંજ જોઈએ. તે ઇરાદો અકલને અનુસરતો તથા સુગમતા અને ન્યાય ઉપર યોગ્ય રીતે વીચાર રહે એવો તે હોવો જોઇએ.

આ નીયમ લાગુ કરતાં સામાન્ય રીતે એવો વીચાર કરવામાં આવેલો છે કે એકાદા સ્ટાટયુટના ઠરાવો સારવજનીક ફરજ બજાવવા સબંધી હોય તો જેઓની તે ફરજ રાખવામાં આવી હોય તેઓને સમજવાને તથા તે પ્રમાણે ચાલવાને ફકત બોધ છે એમ સમજવું જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો તે ફકત ફરમાન તરીકે છે અને ફરજ પાડે તેવા નથી. તેના દાખલાઓ એ છે કે જયાં એકાદા કાયદામાં એવું ઠરાવ્યું હોય કે સુલેહના કમીશનમાં જે સખશનું નામ હોય તેને કાયદા પ્રમાણે શોગન લેઇ તે ઉપર શહી કરેલી ના હોય ત્યાં શુધી જસ્ટીશ ઓપધીપીશનુ કામ કરવાને અખત્યાર આપવો નહીં જોઇએ. અને તે કમીશનમાં બતાવેલા સખશે સોગન લેઇ શહી કરયા સીવાય તે કામ કરેલું તેથી ઠરાવવામાં આવેલું હતું કે તેને સોગન લીધા વીના તે કામ કરયું તેથી તે કામના બળવાનપણાને હરકત થતી નથી, વળી પ્યારોચીયલ આસેશમેન્ટ આકટ પ્રમાણે ગરીબોના દરમાં જે સખશ તથા મીલકત સબંધી દર ઠરાવવાનો હોય તેમની બાબત અમુક વીગત લખવી જોઇએ. આ ઠરાવ પણ ફકત ફરમાન તરીકે ઠરાવવામાં આવેલો છે. અને તે દરમાં જે તમામ વીગત બતાવવી જોઇએ તે નહી બતાવવાથી તે દરના બળવાનપણાને હરકત થતી નથી.

સ્ટાટયુટ લો ઉપર મી૦ વીલબર ફોરશે થોડીક મુદત ઉપર ઘણો સરસ નાનો ગ્રંથ પ્રશીધ્ધ કરેલો છે. તેમાં ઠરાવાનું પરીણામ એવી રીતે કહેલો છે કે "જે સ્ટાટયુટમાં અમુક બાબત અમુક રીતે કરવી એવુ ઠરાવેલું હોય તેનો એવોજ અરથ કરેલો છે. જો 'કાયદા કરનારાઓએ ના કારના શબ્દો વાપરયા હોય [અગર બીજા જે શબ્દો ઉપરથી અમુક ફ-

ત્યના બળવાનપણાને સારૂ ફરજ બજાવવાની રીતી અવશ્યની છે. એવું માલમ પડતું ના હોય અગર સ્ટાટયુટમાં ખાસ અખ્તીઆર આપેલો હોય અને તે પ્રમાણે સખતાઇથી ચાલવુ જોઇએ એવુ ના હોય તો આવો ઠ રાવ હમેશાં ફરમાન તરીકે ગણુવામાં આવે છે." હવે અમારી રૂબરૂ જે કામ છે તેમાં સમન્સમાં સ્પષ્ટ રીતે અરજદારોને ખબર આપી ના હોય કે તેઓએ જામીન શાવાસ્તે ના આપવા તેનું કારણ બતાવવું અને સદરહુ બાબત તેમાં બતાવવી રહી ગએલી તેમ છતાં તેમની પાશેથી જામીન લીધેલા છે તો અમારી નજરમાં આવે છે કે સમન્સના તે નમુનાથી તેઓને હરકત થાય. પરંતુ તે સમન્સમાં સ્પષ્ટ રીતે મુચરકો તથા જામીન તેમને આપવાના છે એવી નોટીશ આપેલી છે પછી તે મુચરકા અને જામીનની રકમ બતાવવામાં આવી નથી તોપણુ અમારી નજરમાં આવે છે કે તે ગેરશીરસ્તે એવી રીતે થયું નથી કે જેથી ખરી રીતે તે અરજદારોને હરકત થાય અને તે સમન્સમાં મુચરકાની તથા જામીનની રકમ બતાવવી જોઇએ એવો તે કાયદાનો ઠરાવ છે તે ફકત ફરમાન તરીકે ગણુવો જોઇએ અને ફરજ પાડે તેવો નથી. આ પ્રમાણે વીચાર કરતાં તે સમન્સમાં સદરહુ બાબત નહી લખવાથી પાછળનું ચલાવેલુ પ્રોશીડીગ નાબુદ થતુ નથી.

માટે આશીસ્ટંટ માજીસ્ટ્રેટના તે હુકમમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ એપ્રીલ સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ મેકડોનલ અને મી૦ જષ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

ગોપાળચંદર સરદારની અરજીની બાબતમાં.

ગોપાળચંદર સરદાર વીરૂધ ફુલમોની બેવા.

મદદ—જબરાઇથી કડાવવું—ગામનો ચોકીદાર—પીનલકોડ—(સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૩૮૪

ગામના ચોકીદારની રૂબરૂ પીનલકોડની કલમ ૩૮૪ પ્રમાણે તેની તરફથી કાંઇ નામંજુરી કડાવ્યા શીવાય જબરાઇથી કડાવ્યાનો ફકત ગુનહો કરવામાં આવ્યો હોય તેથી તે ગુનહામાં મદદગાર તરીકે તે ચોકીદાર જવાબદાર થતો નથી.

પાનું ૭૨૯ આ કામમાં અરજદાર ગોપાળચંદર સરદારના ઉપર

એવો આરોપ રાખવામાં આવેલો છે કે એક શીબચંદ ભંડારીએ એક કુલમોનીબેવા પાશેથી રૂ ૧૫) જબરાઇથી કડાવ્યા તેમાં તે શીબચંદ ભંડારીને તેણે મદદ કરી ડીપોટી માજીસ્રેટે તેમણે પોતાના ફેંસલામાં કહયું છે કે "ફરીઆદ તરફના પુરાવ ઉપરથીજ સાબેત થાય છે કે તોહોમતવાળા સીબચંદરે ફરીઆદી ઉપર એવો આરોપ રાખેલો કે તેના હુકાની બેઠકની તેણે ચોરી કરેલી છે અને જો તેણીને રૂ ૩૦) આપવામાં નહી આવે તો તેના ઉપર આરોપ રાખવાને ધમકી આપેલી છે અને તેથી તોહોમતવાળાએ છેવટે રૂ ૧૫) લેવાને કબુલ કરેલું અને તે રકમ ફરીઆદીએ પોતાની જાત ઉપરનો દાગીનો એક ઉમેશપરખેતને જામીન તરીકે આપી તેની પાશેથી તે રકમ કાહાડી અને તોહોમતવાળાને આપી છે. તોહોમતવાળો ચોકીદાર ગોપાળચંદર સરદાર હાજર હતો એવી જુબાની આપવામાં આવી છે. અને તેણે જો કે કાંઇ બાબત કહી હોય અગર કરી હોય એમ જણાતું નથી તોપણ તે બનાવ બનતી વખતે તે હાજર હતો તેથી એટલી હકીકત વધે છે કે સીબચંદરના શબ્દો તથા બરતણુંક તથા તેનું કૃત્ય તેણે નાપસંદ કરેલું નથી તેથી તેની તરફથી મદદ કરવામાં આવી હતી એમ પુકત રીતે જણાય છે. ડીપોટી માજીસ્રેટે પીનલકોડની કલમ ૩૮૪ પ્રમાણે શીબચંદર ભંડારીને ગુનેહગાર ઠરાવી એક માસ સખત મજુરી સાથે કેદ તથા રૂપીયા ૩૦) દંડ અગર જો તે આપવાને કશુર કરવામાં આવે તો તેવીજ વધારાની એક માસ કેદની શીક્ષા કરેલી છે. તેમણે અરજદાર ગોપાળચંદર સરદારને પીનલકોડની કલમ ૩૮૪ અને ૧૦૯ પ્રમાણે ગુનેહગાર ઠરાવી એક માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. સીબચંદરે જીલા જડજને અપીલ કરી તેમાં તેઉ સાહેબે ફરીઆદ તરફનો પુરાવ નહી માનતાં તેના ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરાવી દંડ પાછો આપવાનો હુકમ કરેલો છે. ગોપાળચંદરે હાયકોરટમાં એવી અરજ કરી કે ડીપોટી માજીસ્રેટનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ ફેરાવી રદ કરવો જોઇએ.

અરજદાર તરફથી બાબુ બઇકોનાથ દત.

કોરટનો ફેંસલો જષ્ટીશ મેકડોનલ સાહેબે નીચે પ્રમાણે આપ્યો—

આ કામમાં એક શીબચંદર ભંડારી ઉપર એક ઓરતને ચોરીનો આરોપ મુકવાની ધમકી આપી તેણીની પાસેથી રૂ ૧૫) જબરાઇથી કડાવ્યા એવો આરોપ રાખવામાં આવલો છે.

અમારી રૂબરૂ અરજદાર ગોપાળચંદર સરદાર છે તે ગામનો ચોકીદાર હતો. અને તેને સીબચંદર ભંડારીએ જબરાઇથી કડાવ્યાનો ગુનોહ કરયો તેમાં મદદ કરયાનો ગુનેહગાર ઠરાવેલો છે.

ડીપોટી માજીસ્ત્રેટે પોતાના ફેંસલામાં કહયું છે કે "જો કે તેણે (ગોપાળ ચંદર સરદારે) કાંઇ બાબત કહી અગર કરી નથી તોપણ તે હકીકત બની તે વખતે તે હાજર હતો. તેથી સીબચંદરના શબ્દો તથા વરતણુંક અને કૃત્ય તેને નાપસંદ કરેલું નથી. તે હકીકતમાં તે હાજર હોવાની હકીકતનો વધારો થાય છે. અને તે ઉપરથી તેની તરફથી મદદ કરવામાં આવી હતી એમ પુકત રીતે જણાય છે."

અમારી નજરમાં આવે છે કે હકીકત છે તે પ્રમાણે શીબચંદર ભંડારીની વરતણુંક ગોપાળચંદર સરદારે ના પસંદ કરી નથી તેથી મદદ કરી છે એમ કહી શકાતું નથી. પીનલકોડની કલમ ૧૦૭ ની વાખ્યાનો ફકત જે ભાગ લાગુ થાય છે એવું ધારી શકાય છે તે ત્રીજી રકમ છે, એટલે અમુક કૃત્ય કરવામાં કાંઈ કૃત્ય કરીને અગર કાયદા વીરૂધ નહી કરીને ઇરાદા પૂરવક મદદ કરવામાં આવેછે તે છે, હવે આ કામમાં ચોકીદાર તરફથી કાયદા વીરૂધ કાંઇ છોડી દેવામાં આવ્યું નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૮૯ અગર ૯૦ પ્રમાણે તે જબરાઇથી કઢાવ્યાનો ગુનહાનો રીપોટ કરવાને તે બંધાએલો નહીં હતો. અને તે પ્રમાણે તે બંધાએલો હોય તોપણ તે ગુનહો થયા પછી તેણે રીપોટ કરવો છોડી દીધો તેને લીધે જે બાબત તે ચોકીદાર રીપાટ કરી શકે તે કરતાં પહેલાં તે બાબત બનેલી હોવીજ જોઇએ તેથી તેણે તે બાબતમાં ઇરાદા પુરવક મદદ કરી એમ કહી શકાતું નથી.

જબરાઇથી કઢાવ્યાનો ગુનોહ વારંટ વીનાનો ગુનોહ નથી માટે તે ચોરીનો આરોપ જુદો છે એમ તે ચોકીદાર જાણતો હતો એમ જણાતું નથી. તોપણ તે જાણતો હતો એમ અમે ધારીએ તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૯૫ અગર ૯૭ લાગુ થતી નથી.

તે ચોકીદારે જબરાઇથી કઢાવ્યાનો ગુનોહ કરવામાં કાંઇ કૃત્ય કરી ઇરાદા પુરવક મદદ કરી નથી. એવું ડીપોટી માજીસ્ત્રેટના ઠરાવ ઉપરથી જ થાય છે અને કાયદા વીરૂધ કાંઇ બાબત છોડી દઇને તેણે મદદ કરી એવું અમારા જોવામાં આવી શકતું નથી. સબબ ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અમારે રદ કરવો જોઇએ.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૪ એપ્રીલ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકડોનલ્ડ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સા

હેબોની રૂબરૂ.

લડન સાહીબાની અરજીની બાબતમાં

લડન શાહીબા વીરૂધ મીરજા કામર કદર.

ખોરાકી પોશાકી—મતારૂપનું લગન—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૫૩૬—મુસલમાની શ રેઅ—શીહાની જાત.

મુસલમાનોના સીહાની જાતના નીયમ પ્રમાણે મતાની ઓરતનો ખોરાકી પોશાકી લેવાનો હક થતો નથી. પરંતુ તે નીયમના આવા ઠરાવથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ થી ખોરાકી પોશાકી બાબત કાયદાનો જે હક આપવામાં આવેલોછે તેમાં હરકત થતીનથી.

મુસલમાનના શીહાની જાતના નીયમ પ્રમાણે મતાના લગનમાં લગનના કબુલ થઇ શકતું નથી.

પ્રશ્નઃ—તલાક આપવાના જે રૂપને જીહાર કહેવામાં આવે છે તેનો અમલ મતારૂપના લગનમાં થઇ શકે છે કે નહીં.

પાનું ૭૩૬ એક લડન સાહીબાએ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ પ્રમાણે માજીસ્ટ્રેટને ખોરાકી પોશાકી સારૂ અરજી કરી એવું કહીને કે હું મારા ધણી સાથે મતારૂપથી પચાસ વરશથી પરણેલીછું. અને હાલ મારો ધણી મને ખોરાકી પોશાકી આપવાને ના કહે છે.

તે ધણીએ કહયું છે કે તે મતાનો કરાર ફકત દોઢ માસથી થએલો છે. અને તે એક માસ તે લડનની સાથે રહયો અને તે ઓરત મારી કબુલત સીવાય પોતાને ઘેર ગઇ તેથી બાકીના પંદર દીવસમેં છોડી દીધેલાછે.

ડીપોટી માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે શીહના નીયમ પ્રમાણે તે પક્ષકારો એ ચાલવાનું છે. અને તે મતાની ઓરત છે તેથી તે ઓરતનો ખોરાકી પોશાકી લેવાનો હક નથી કારણ કે તેણીને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાને તે લાગુ થતી નથી. અને ધણીએ તે મતાના લગનની મુદતનો એક ભાગ છોડી દીધો છે તેથી કલમ ૫૩૬ ના અરથ પ્રમાણે તે ઓરત તેની ધણીઆણી રહેલી નથી. તેથી તેઓએ તે અરજી કાહાડી નાંખી.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૪ પ્રમાણે હાય કોરટની રૂબરૂ આ કામ આવ્યું.

તે અરજદાર તરફથી મી૦ અમીરઅલ્લી અને મુનશી સીરાજુલ ઇ શલામે તકરાર કરી કે શીહાની જાતના નીયમથી કલમ ૫૩૬ પ્રમાણે એ રાકી પોશાકી બાબત જે કાયદાનો હક આપવામાં આવેલોછે તેમાં હરકત થઇ શકતી નથી.

સામાવાળા તરફથી મી૦ અબદુલ રેહેમાને તકરાર કરી કે જે મુદત ને સારૂ તે લગ્નનો કરાર કરેલો તે મુદતનો ભાગ છોડી દેવાથી અસર એવો થયો છે કે ધણીધણીઆણીનો સબંધ રહયો નથી.

કોરટનો હુકમ નીચે પ્રમાણે છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ પ્રમાણે અર જદારે કુંવર મીરજા કામર કદરની ઓરત તરીકે પોતાની ખોરાકી પોશાકી નો હુકમ મેળવવા સારૂ એક અરજી કરેલી છે. તે પક્ષકારો સીહા જાતના છે એ બન્નાઓએ કબુલ કરેલું છે અને તે મતાની ઓરત છે તેપણ કબુ- લ કરેલું છે તેણીએ કહયું છે કે માહારી અને પ્રતીવાદીની વચમાં જે કરાર પચાસ વરસથી થએલો છે. બીજી બાજુ તરફ પ્રતીવાદીએ કહયું છે કે તે ફકત દોઢ માસથી થએલો છે.

જે ડીપોટી માજીસ્ટ્રેટની રૂબરૂ તે કામ નીકાલ થવાને સારૂ આવેલું તેમના અભીપ્રાયમાં પહેલું એવું આવ્યું છે કે સીહાના નીયમ પ્રમાણે મ- તાની ઓરતનો ખોરાકી પોશાકી લેવાનો હક થતો નથી માટે અરજદારનો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ ના ઠરાવ પ્રમાણે ખોરાકી પોશાકીનો હુકમ મેળવવાને હક થતો નથી. અને બીજું તેમના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તે પ્રતીવાદીએ મતાના લગ્નની બાકીની મુદત પ્રતીવાદીએ છોડી દીધેલી છે. માટે કલમ ૫૩૬ ના અરથ પ્રમાણે તે અરજદાર ધણીઆણી રહેલી નથી.

પેહેલી બાબત વીશે તકરાર નથી કારણ કે સીહાના નીયમ પ્રમાણે મતાની ઓરતનો ખોરાકી પોશાકી લેવાનો હક થતો નથી. પરંતુ મી. મીર અલીએ તકરાર કરી છે કે શીહાના આ ઠરાવથી ફોજદારી કામ ચલા- વવાની રીતના કાયદાની કલમ ૫૩૬ માં ખોરાકી પોશાકી બાબત કાયદાએ જે હક આપેલો છે તેમાં હરકત થઇ શકતી નથી.

અમારી નજરમાં આવે છે કે આ તકરાર બરોબર છે ખોરાકી પો શાકીના હકનો આધાર દરેક સખસના જાતીકા નીયમ ઉપર છે. પણ તે નો અમલ થઇ શકે છે અને તે યોગ્ય રીતે દીવાની કોરટમાં દાવો કરવા લાયક છે પરંતુ અમારી નજરમાં આવે છે કે આ હકનો આધાર તેણીના જાતીકા નીયમ ઉપર છે. તે કલમ ૫૩૬ થી ખોરાકી પોશાકી બાબત કા યદાએ જે હક આપેલો છે તેથી તદન જુદો છે. અને તે હક દરેક કામમાં

જે સખસને જોઈતું સાધન હોય તે સખસ પોતાની ઓરતને ખોરાકી પો શાકી આપવાને કસુર કરે અગર ના પાડે તે સબંધી છે.

બીજી બાબત વીશે બેઉ તરફથી કબુલ કરવામાં આવ્યું છે કે જે મુદતને માટે મતા લગનનો કરાર કરેલો હોય તે મુદતનો બાકીનો ભાગ તે ધણી છોડી દેઈ શકે છે. પ્રતીવાદી તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે તે બાકીની મુદત છોડી દેવાના અસરથી ધણી ધણીઆણીનો અસર બંધ પડે છે. આ તકરારની પુષ્ટીમાં કાંઇ આધાર અમને બતાવવામાં આવ્યો નથી. અને હાલ સલાહ મળે છે તે પ્રમાણે જે એવી તકરાર કરવામાં આવી છે કે તે બાકીની મુદત છોડી દેવાથી ધણી ધણીઆણીનો સબંધ બંધ પડે છે. તે તકરાર સાથે અમે મળી શકતા નથી, સીહાના નીયમ પ્રમાણે મતારૂપના લગ્નમાં તે નાકબુલ કરી શકાતુ નથી. અને બાકીની મુદત છોડી દેવાથી તેવો અશર થાય તો ખરી રીતે આ રૂપનું લગ્ન ના કબુલ કરવાની મનાઈ છે તે નીયમનો નાશ થાય છે.

સબબ અમારી નજરમાં આવે છે કે ડીપોટી માજીસ્ત્રેટે જે કારણોથી તે અરજી કાહાડી નાંખેલી છે તેમાંના એકે કારણથી તે કાહાડી નાંખવી બરોબર નથી. સબબ તેમનો તે હુકમ અમે રદ કરીએ છીએ અને કામ એવો નીરણય કરવાને પાછું મોકલીએ છીએ કે અરજદારના કહેવા પ્રમાણે પચાસ વરસથી તે મતાનો કરાર થએલો છે કે પ્રતીવાદીના કહેવા પ્રમાણે ફકત દોઢ માસથી થએલો છે એટલે બીજા શબ્દોમાં એવો નીરણય કરવાનો છે કે અરજદાર તે પ્રતીવાદીની હજુ ઓરત છે કે નહીં,

તે તકરાર ચાલતાંની દરમીયાનમાં અમારી રૂબરૂ એક સવાલ ઉતપન થએલો છે તે વીશે અમે કાંઇ અભીપ્રાય બતાવતા નથી. કારણ કે તે શવાલ ડીપોટી માજીસ્તરેટની રૂબરૂ ઉઠાવેલો નથી. તે સવાલ ઝીહાર તરીકે તલાકનુ જે રૂપ છે તેનો અમલ મતાના રૂપના લગ્નમાં થઇ શકે છે કે નહી એવો છે એમ અમે બતાવીએ છીએ. મીo બેલી કહેછે કે આ બાબતમા કેટલોક મતભેદ છે, પરંતુ દંત કંથાના આધાર પ્રમાણે જે અભીપ્રાય છે તે પ્રમાણે તેનો અમલ થઇ શકે છે. ડીપોટી માજીસ્તરેટની રૂબરૂ તે પ્રતીવાદીએ એવી તકરાર કરેલી છે કે તેણે બાકીની મુદત છોડી દીધેલી છે. તેથી ધણી ધણીઆનીનો હક બંધ પડેલો છે. તેણે કાંઇ એવું કહયું નથી કે ઝીહારનો મેં અમલ કરેલો છે અગર તેનો અમલ કરવાનો મારો હક હતો.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૮ એપ્રીલ સને ૧૮૮૨

મી૦ જષ્ટીસ મેકડોનલ અને મી૦ જષ્ટીસ પીલ્ડ સાહેબોની રૂબરૂ.

જમુ મહાતન વીગરેની અરજીની બાબતમાં.

કેસરેહીંદ વીરૂધ જમુ મહાતન વીગરે

પૂરાવ—યાદદાસ્ત તાજી કરવાને લખત—તે લખત તપાસવાનો કોંશલનો હક—આવો હક વાપરવાને કસુર—વઇદકી સાક્ષીની જુબાની—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૨૪૦—૩૨૩—જયુરીને કામ સમજાવવામાં જડજની ફરજ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૩૪ પ્રમાણે અથાર્થ ખુન—કલમ ૧૪૯—પ્રમાણે જે બીજાઓ ઉપર આરોપ રાખવામાં આવેલો હોય તેને થતો અસર—કામ ચલાવવાની રીતીમા તથા પુરાવ દાખલ કરવામાં ગેરશીરસ્તે થએલું તે.

જષ્ટીશ પીલ્ડ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે જે કારણોથી સામા પક્ષકારને લખત તપાસવાની તથા સાક્ષીને યાદદાસ્ત તાજી કરવાને પરવાનગી આપવામાં આવે છે. તે ત્રણ પ્રકારના છેઃ—(૧) તમામ હકીકત બાબત સાક્ષીની યાદદાસ્તનો સંપુરણ ફાયદો લેવો તે (૨) યોગ્ય દસ્તાવેજોના ઉપયોગ્ય ઉપર દાબ રાખવો. (૩) તેની લખેલી હકીકત સાથે તેની મુખજુબાનીનો પુરાવ મુકાબલ કરવો.

જષ્ટીશ પીલ્ડ સાહેબના અભીપ્રાયમાં આવ્યું છે કે અમુક શવાલના જવાબ દેવાને સાક્ષી પોતાની યાદદાસ્ત તાજી કરવાને સારૂ કાંઇ લખતનો ઉપયોગ કરે તે પેહેલાં અગર તે વખતે તે લખત જોવાનો સામા પક્ષકારનો હક છે. પરંતુ પોતાનો તે હક વાપરવાને તે કશુર કરે તો તે સાક્ષીની પાછળથી જે તપાસ થાય તેમાં તે હક તે જારી રાખી શકતો નથી.

જષ્ટીશ પીલ્ડ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૨૩ પ્રમાણે એકાદા વઇદકી સાક્ષીના તપાસ કરી તે ઉપર યોગ્ય રીતે સહી કરવામાં આવેલી હોય તો કોઇ પણ ફોજદારી તપાસમાં તે પુરાવમાં આપી શકાય છે. પરંતુ કોઇ પણ એકાદા તોહોમતવાળાની વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક થાય તે સારૂ તે તપાસ તોહોમતવાળાની રૂબરૂમાં થએલી હોવી જોઇએ.

જષ્ટીશ પીલ્ડ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે જયુરીને કાયદો બતાવવામાં જડજની એવી ફરજ છે કે હકીકતને લગતો કાયદો તેમને

સમજાવવો અને તેઓ અમુક પ્રશ્નનો નીરણય કરી શકે તે પ્રમાણે જોઈતી રીતે તમામ સમાશ થાય તે પ્રમાણે કાયદાનો ખુલાશો જો તે ના આપે તો તે ખોટું સમજાવ્યું થાય છે.

જષ્ટીસ ફીલ્ડ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૪ પ્રમાણે જે કામમાં કેદી અર્થાથ રીતે ખુનનો ગુનેહગાર હોય તો કલમ ૧૪૯ પ્રમાણે તેણે ખુનનો ગુનહો એવી રીતે કરયો કહી શકાય કે જેથી બીજા કેદીઓને બેવડો અર્થ કરી ખુનના ગુનેહગાર ઠરાવી શકાય એ અંદેશા ભરેલું છે.

જષ્ટીશ ફીલ્ડ સાહેબે ઠરાવ્યું કે જુરરો પસંદ કરવામાં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૪૦ પ્રમાણે ગેરશીરસ્તે થએલું હોય અને વધદકી સાક્ષીની જુબાની દાખલ કરવામાં તે પ્રમાણે ગેરશીરસ્તે થએલું હોય પરંતુ તેથી કેદીઓને હરકત થએલી છે એવું બતાવવામાં આવેલું ના હોય તો તે ઠરાવમાં હાથ ઘાલવાને કારણસર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૩ અને પુરાવ આકટની કલમ ૧૬૭ નો ઠરાવ લક્ષમાં રાખતાં તે હરકતો સાંભળવી નહી જોઇએ.

પાનું ૭૩૯ પટનાના શેશન જડજના હુકમ ઉપર આ અપીલ કરવામાં આવી છે.

જષ્ટીશ ફીલ્ડ સાહેબના ફેંસલામાં કાંમની હકીકત સંપૂરણ રીતે બતાવવામાં આવી છે.

અપીલવાળાઓ તરફથી મી૦ બ્રાંનસન, મી૦ હડા અને મી૦શાડલ.

સરકાર તરફથી ધી૦ ઓફીશીએટીંગ આડવોકેટ જનરલ (મી. ફીલીપ્સ) તથા મી૦ ગોઝ.

નીચે પ્રમાણે ફેંસલા આપવામાં આવેલા છે.

જષ્ટીશ ફીલ્ડ સાહેબઃ—આ કામમાં આઠ સખસોને પીનલકોડની કલમ ૩૦૨ જી કલમ ૧૪૨ મી સાથે વાંચતાં તે પ્રમાણે તપાસ કરી ગુનેહગાર ઠરાવી તેમને હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરેલી છે, જે હકીકત ઉપરથી આ કામ ઉતપન થએલું છે તે જમીનના ટુકડા સબંધી તથા તે જમીન ઉપર તે બનાવ વખતે જે કરશણ હતું તે વીશે તે હકીકત ઉપરથી તકરાર થએલી હતી.

પહેલા કેદી જખુ ઉપર પીનલકોડની કલમ ૩૦૨, ૩૯૯, અને ૧૪૮ પ્રમાણે અશલ આરોપ રાખવામાં આવેલો છે. તપાસ ચાલવાની દરમીયાનમાં બીજા બે આરોપો તેના ઉપર વધારવામાં આવેલા છે એટલે કે જબરાઇથી અમુક કરશણ લેવાનો એક કાયદા વીરૂધ મંડળીનો એક સરખો હેતુ હતો તે હેતુ પાર પાડવામાં તે મંડળીનો તે જખુ અંગભુત

હતો, અને તે મંડળીના એક અંગભુને એક ઇબ્રાહીમ હુસનનું મોત કરયું છે તેથી તે જભુ પીનલકોડની કલમ ૩૦૨ તથા ૧૪૯ મી કલમ સાથે વાંચતાં ગુનેહગાર થએલો છે, અને બીજો એવો કે એક સરખો હેતુ તે કરશણ જબરાઇથી લેઇ જવાનો હતે પાર પાડવાના હેતુથી એક કાયદા વીરૂધ મંડળીના અંગભુતે એક તોરાબઅલીને મહાવ્યથા કરેલી છે, અને તે મંડળીનો તે અંગભુત છે, માટે તેણે પીનલકોડની કલમ ૩૨૫ મી તે કલમ ૧૪૯ મી સાથે વાંચતા શીક્ષા કરવા લાયક ગુનહો કરેલો છે.

બીજા બે કેદીઓ લક્ષમણ માહતન અને ઉગરાઓ માહાતનના ઉપર પીનલકોડની કલમ ૩૦૨ તે કલમ ૧૪૯ સાથે વાંચતાં, કલમ ૩૨૬ મી કલમ ૧૪૯ મી સાથે વાંચતાં, અને કલમ ૩૯૬ મી પ્રમાણે આરોપો રાખવામાં આવેલા છે. કલમ ૩૦૨ પ્રમાણે તોહોમત એવી રીતે રાખવામાં આવેલું છે કે "તમે ગેર કાયદે મંડળીના અંગભુતો છો, અને તે મંડળીના અંગભુત જભુએ એક ગુનહો કરેલો છે, અને એક અંગભુંતે ઇબ્રાહીમ હુસેનનું ખુન કરેલું છે એવી રીતે કે તે કરવાનો સંભવ છે એવું તમે જાણુતા હતા, અને તે કરવાનો એક સરખો હેતુ તે કરસણ જબરાઇથી લેવાનો હતો." વળી લક્ષમણ ઉપર કલમ ૧૪૮ મી પ્રમાણે મોત થાય તેના હથીયાર સાથે બખેડો કરયાનો આરોપ રાખવામાં આવેલો છે.

બાકીના પાંચ કેદીઓ હરી હરમાહાતન, રાંમદેહાલ માહાતન, સજવાન માહાતન, માહાબીર માહાતન, અને રામજીવણ માહાતનના ઉપર પીનલકોડની કલમ ૩૦૨ અને ૧૪૯ મી સાથે વાંચતાં, કલમ ૩૨૬ મી કલમ ૧૪૯ સાથે વાંચતાં અને કલમ ૩૯૬ પ્રમાણે આરોપ રાખવામાં આવ્યા છે. અને તે આરોપોમાં એવું કહેવામાં આવેલું છે કે એક સરખો હેતુ તે કરસણ જબરાઇથી લેઇ જવાનો હતો. ખુન તથા મહાવ્યથાના આરોપોમાં કહયુ છે કે આ ગુનહાઓ તે એક સરખો હેતુ પાર પાડવા સારૂ કરવાનો સંભવ છે એવું તે તોહોમતવાળાઓ જાણતા હતા વળી હરીહર માહાતના ઉપર વધારાનો કલમ ૧૪૮ મી પ્રમાણેનો આરોપ રાખવામાં આવલો છે.

જભુ શીવાયના કેદીઓની બાબતમાં બે વીચારો બતાવી શકાય છે. પેહેલો કે તેમના ઉપરના તોહોમતનામામાં તે ગેર કાયદે મંડળીનો એક સરખો હેતુ પાર પાડવાને ખુંન તથા મહાવ્યથાનો ગુનોહ કરવામાં આવેલો છે, તેમ છતાં જુરીએ ઠરાવ્યું છે કે તે કેદીઓ ગુનેહગાર છે, એવા કારણથી કે ગેર કાયદેમંડળીનો એક સરખો હેતુ પાર પાડવાને ખુનનો ગુનો

હ કરવામાં આવેલો છે. તોહોમતનામાં જેવાં ઘડવામાં આવેલાંછે તેની મતલબ બાબતમાં એટલે કે તે ખુનનો ગુનોહ એવો છે કે એક સરખો હેતુ પાર પાડવાને તે ખુન કરવાનો સંભવ છે એવું તે કાયદા વીરૂધ મંડળીના અંગભુતો જાણુતા હતા એ પ્રમાણે જડજે કાંઇ બતાવેલું નથી. તે તોહોમતનામામાં જેમ બતાવેલું હોય તે પ્રમાણે તે ખુન એક સરખો હેતુ પાર પાડવાને કરવામાં આવેલું છે એમ સારાંશમાં તેઉએ સમજાવેલું છે, પણ તે તોહોમતનામામાં તેમ બતાવેલું નથી. તે જડજે ખોટું સમજાવ્યું જુરીની ભુલ થએલીછે એમ ધારવું વ્યાજબી છે. બીજું કે તોહોમતનામામાં બતાવવામાં આવેલું છે કે ખુન અને મહાવ્યથા એ ગુનહા જણુ માહાતને કરેલા છે. તે તોહોમતો નીચે પ્રમાણેના શબ્દો એટલે "અગર બીજો કોઇ સખસ જે જાણુવામાં નથી તે ગેરકાયદે મંડળીનો અંગભુત હતો." એવા શબ્દો તેમાં દાખલ કરી દુરસ્ત કરવામાં આવેલો નથી. જણુ એ કાયદા વીરૂધ મંડળીનો એક સરખો હેતુ પાર પાડવાના હેતુથી તે ખુન કરેલું છે એવા કારણુથી તે જણુ શીવાયના કેદીઓને અર્થાથે રીતે કેવી રીતે ખુનના ગુનેહગાર ઠરાવી સકાય તે સમજવું સેહેલું નથી.

તે બખેડાની દરમીઆનમાં પાંચ સખશો એટલે ઇબ્રાહીમ હુસન, ઇમદાદઅલ્લી, ગોરઅલ્લી, તોરાબઅલ્લી, અને અબદુલ કરીમને ઇજા થએલી છે એમ કહેવામાં આવેલું છે આ સખસોમાંના ઇબ્રાહીમને તે બખેડાના પ્રસંગે જે ઇજા થએલી તે ઇજાથી ફરીયાદ તરફથી કહેવામાં આવ્યું છે તે પ્રમાણે તે વખતે મરણુ પામેલો છે.

આ કોરટમાં અપીલની અરજી આપવામાં આવી છે તેમાં કેટલીક બાબતોની તકરાર કરવામાં આવી છે. પરંતુ તે તમામ બાબતો વીશે અમારી રૂબરૂ કાંઇ આગ્રહ કરવામાં આવેલો નથી, માટે જડજે જુરીને હકીકત સમજાવી તેની વ્યવસ્થા કરતાં પેહેલાં તે બાબતોમાંની ફક્ત જે બાબતો વીસે અમારી રૂબરૂ તકરાર જાહેર કરવામાં આવી છે તે અમે લક્ષમાં લેઇએ છીએ.

પેહેલી બાબત એવી છે કે જે જુરરોએ તે કામની તપાસ કરેલી છે તેઓને જે સખસો જુરરો તરીકે કામ કરવાને સમન્સ કરેલા હતા તેમનામાંથી લાટથી પસંદ કરવા જોઇતા હતા, પણુ તે પ્રમાણે પસંદ કરેલા નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૩૯ મીમાં ફરમાવ્યું છે કે જડજે આશેસરોને પસંદ કરવા. કલમ ૨૪૦ મીમાં ઠરાવ્યું છે કે જે સખસોને જુરરો તરીકે કામ કરવાને સમન્સ કરેલા હોય તેમાંથી "લાટ"થી જુરરોને પસંદ કરવા. અપીલની અરજીમાં કહેવામાં આવેલું છે તે પ્રમાણે જુરરોને લાટથી પશંદ કરવાને બદલે જડજે તેઓને પશંદ કરે

લા હોય તો, તેઉ કલમ ૨૪૦ મીના ઠરાવ વીરૂધ ચાલેલા છે. પરંતુ જ- ડજે આ બાબતમાં કરેલું કહેવામાં આવેલું છે તેથી અપીલવાળાઓને કોઇ રીતે હરકત થએલી છે એવી ખરી રીતે તકરાર કરવામાં આવી ન- થી, શબબ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩ ના ઠરાવો ઉપર લક્ષ રાખતાં અમારી નજરમાં આવે છે કે તે ઠરાવમાં હાથ ઘાલવાના કારણુસર તે હરકત સાંભળવી જોઇએ તેવી તે હરકત નથી.

બીજી બાબત એવી છે કે જો કે પોલીસ અમલદાર રાંમસરણુલાલ ને પોતાની ડાયરી જોઇ પોતાની યાદદાસ્ત તાજી કરવાની પરવાનગી આ પવામાં આવી હતી તોપણ બચાવ તરફના કોનશલને આ ડાયરી જોવાને શેશન જડજે ના કહેલી છે તે અઘટીત રીતે ના*કહેલી છે. ખરી રીતે જે હકીકત બનેલી છે તે આ છે. પોલીસ અમલદાર રામસરણુલાલને જયા રે તપાસવામાં આવ્યો ત્યારે તેને પુછવામાં આવેલું કે શાક્ષી લીકટે જે- હકીકત કહેલી તે તેમણે લખી લીધી હતી કે નહીં, અને તેમણે જવાબ આપેલો છે કે તે લખી લીધી છે. પછી તેમણે તે લખી લીધેલી અશલ હકીકત વાંચી જોઇને પોતાની યાદ દાસ્ત તાજી કરી. અમારા સમજવા પ્ર માણે આ હકીકત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૧૯ પ્રમાણે તે લખી લીધેલી હકીકત છે અને પોલીસ અમલદારને કલમ ૧૨૫ મી પ્રમાણે જે "ડાયરી" રાખવાની જરૂર છે તે ડાયરીનો અવશ્ય કરીને તે ભાગ નથી. કલમ ૧૨૫ મી પ્રમાણે જે વીગત પોલીસ ડાયરીમાં લખવા ની જરૂર છે તેમાં કાંઇ કલમ ૧૧૯ પ્રમાણે લખી લીધેલી હકીકતનો સ માશ થતો નથી. અને અમારી રૂબરૂ જે કાગળો રજુ કરવામાં આવેલા છે તે ઉપરથી જણાય છે કે ખરી રીતે તે લખેલી હકીકત તે "ડાયરી"નો ખરી રીતે ભાગ નથી. લીકટની કહેલી હકીકત જોઇને પોલીસ અમલદાર ને કેદીના કોંનશલે સવાલ પુછેલો તેના જવાબમાં કહેલું છે કે જભુ તે ઇબ્રાહીમ ઉપર કુદી પડયો હતો, એવું તેમાં કાંઇ નથી. આ સવાલ પુછ- વાનો હેતુ એવું બનાવવાનો હતો કે લીકટે પ્રથમ પોલીસની રૂબરૂ હકીકત કહેલી તેમાં કેદી જભુ તે મરનાર ઇબ્રાહીમ ઉપર કુદી પડેલો તે વીશે કાં ઇ કહેલું નથી. વઇદકી પુરાવ ઉપરથી જણાય છે કે ઇબ્રાહીમને અંદરની ઇજા થએલી હતી અને બચાવ તરફથી એવી કલ્પના કરવામાં આવી છે કે તે ઇબ્રાહીમને પાછળથી પંચોએ તપાસ્યો ત્યારે ઇજાઓ શોધી કાહાડેલી હતી માટે તે તપાસમાં અંદરની ઇજા થએલી સોધી કાહાડવામાં આવેલી તેનો ખુલાસો કરવાના હેતુથી લીકટે પોતાની શાહેદી સુધારીને તેમાં એટલું વધારે કહેલું છે કે જભુ તે ઇબ્રાહીમ ઉપર કુદી પડયો હતો. તોપણ પો લીસ અમલદારે કહેલું છે કે લીકટે જભુ તે ઇબ્રાહીમ ઉપર કુદી પડયો

તે વીશે કાંઇ કહેલું નથી. માટે તે સવાલનો હેતુ પાર પડેલોછે, માટે તે ડાય-રીમાં જોવાને કેદીના કોનશલને માગવાની જરૂર નહી હતી.

વળી એક શવાલના જવાબમાં પોલીશ અમલદારે કહેલું છે કે તેમ ણે જે હકીકત લીધેલી છે તેમાં જજુએ હુકમ આપેલો હતો એવું કાંઇ લ ખવામાં આવેલું નથી. શેસન જડજે નીચે નોટ કરેલી છે તે ઉપરથી જ ણાય છે કે તે શાક્ષીએ જે હકીકત લીધેલી તે જોઇને આ સવાલનો તેણે જવાબ દીધેલો છે, અને તે વખતે શેશન કોરટમાં પાછળથી ફરીયાદ ત રફથી જે સખશોને બોલાવવામાં આવેલા તે સખશોને તેઉએ તે "પુછેલું હતું. આ વખતે પણ તે સાક્ષીએ તે કેદીના કોનશલ જેવી ઇચ્છા રા-ખી શકે તેવો જવાબ દીધો હતો, માટે તે સાક્ષીએ જે અશલ હકીકતથી પોતાની યાદદાસ્ત તાજી કરેલી તે જોવાની તે કોનશલને કાંઇ જરૂર નહીં હતી, અને તે જોવાને તેમણે માગેલું પણ નથી.

આ પછી ઘણું કરીને દોઢ પૃષ્ટ તેજ સાક્ષીની ઉલટ તપાસ શ-એલી અમારી પાસે છે, અને તેમાં અમારા જોવામાં આવે છે કે તે સાક્ષીને એમ પુછવામાં આવ્યું હતું કે "તમને તેરાબઅલીએ ગોરઅલી, ઇમદાદઅલી, અને અબદુલ કરીમને માર મારયો તે જોએલું તે વીશે તેણે કહેલું કે નહી. તેમાં જવાબ એવો છે કે "મને ઇયાદ નથી." આ જવાબ આપતાં પેહેલાં એવી તકરાર કરવામાં આવી નથી કે તે સા-ક્ષીએ તે સાહેદીની અશલ હકીકત ફરીથી જોએલી હતી, અને જડજે પછી નોટ એવી કરી છે કે બચાવ તરફનો કોનશલ ડાયરી જોવાની અને તે સાક્ષીની યાદદાસ્ત તાજી કરાવવાની મરજી રાખે છે. કોરટે આ કરવાની ના પાડી છે." હાલ એવી તકરાર કરવામાં આવી છે કે પહેલા બે સવાલોનો જવાબ દેતાં પહેલાં તે સાક્ષીએ પોતાની યાદદાસ્ત તાજી ક-રવા સારૂ અશલ હકીકતો જોએલી હતી, માટે જ્યારે તે સાક્ષીએ પોતા-ની સાહેદીમાં પાછળથી તે સાક્ષીએ એવો જવાબ આપ્યો કે "મને યા-દ નથી" ત્યારે તે કોનશલનો તે ડાયરી જોવાનો હક છે અમારી નજર-માં આવે છે કે આ તકરાર ચાલી શકતી નથી. પ્રથમ અમારે એવું અ-વલોકન કરવાનુ છે કે જો કે "ડાયરી" શબ્દ વાપરેલો છે તો જડજે ત-થા તે કોનશલે ખરી રીતે બતાવેલું છે તે કલમ ૧૧૯ પ્રમાણે પોલીશ અમલદારે જે હકીકત કલમ ૧૧૯ મી પ્રમાણે લખી લીધેલી તે બતા-વેલી છે. પુરાવ આક્ટની કલમ ૧૬૧ મી ઉપર લક્ષ આપતાં પોલીશ અમલદારે પેહેલા બે સવાલોનો જવાબ દેવા સારૂ પોતાની યાદદાસ્ત તાજી કરવાને જે લખતનો ઉપીયોગ કરેલો તે લખત તે કેદીના કોનશલ-ને જોવાનો હક હતો. તે લખત પહેલા સવાલની બાબતમાં લીકટની અ-

શલ હકીકત છે. બીજા સવાલની બાબતમાં કીયુ લખત હતું તે વીશે ઘણું ખુલું નથી.

જયારે તે સાક્ષીએ કહયું કે મને યાદ નથી ત્યારે તે કેદીના કાંશલે લીકટની હકીકત જોવાને મરજી બતાવી નહી હતી. પરંતુ તુરાબઅલીની હકીકત તે જોવાને મરજી રાખતા હતા. તે કેદીઓના કાંઉશલે પહેલા અને બીજા શવાલનો જવાબ દેવામાં આવ્યો ત્યારે તે લખત જોવાનો પોતાના હકનો અમલ કરયો નથી. પણ તે સાક્ષીની તપાસ ચાલવા દીધી છે. માટે અમારી નજરમાં આવે છે કે તે શાક્ષીએ પહેલા અને બીજા સવાલનો જવાબ દેતાં પહેલાં જે લખત જોએલું તે જોવાનો દાવો રાખવાનો લાગ તેમણે ખોએલો છે. જે હકીકત લીકટની લખાવેલી છે. તે કાંઉશલને જોવાનો હક હતો. તેથી લીકટ શીવાયના બીજા સખશોની હકીકત જે કાગળોમાં હતી. તે કાગળો જોવાને તે કાંઉશલનો હક હતો એવી તકરાર અમે કબુલ કરતા નથી. કારણ કે લીકટની હકીકત જે તપાસ પોલીશે કરેલી તેમાં લખા લેવામાં આવેલી છે. અને તેજ તપાસમાં બીજા સખશોની હકીકત લખી લેવામાં આવી છે તે સીવાય તે બીજી હકીકતનો લીકટની હકીકત સાથે કાંઇ સબંધ નથી. તેમ અમુક શવાલનો જવાબ દેવાને શારૂ શાક્ષી પોતાની યાદદાસ્ત તાજી કરવાને અમુક લખતનો ઉપીયોગ કરે તે પેહેલાં અગર તે વખતે તે કાંઉશલનો હક છે. તેમ છતાં તે હકનો અમલ કરે નહી અને તે સાક્ષી (પાછળથી થએલી તમામ સાહેદીમાં તે રાખી મુકે તોપણ કાંઉશલનો તે લખત જોવાનો હક છે તે તકરાર પણ અમે કબુલ કરી શકતા નથી.

જે કારણોથી અમુક લખત તપાસવાને તથા સાક્ષીની યાદદાસ્ત તાજી કરવાને સામા પક્ષકારને પરવાનગી આપવામાં આવે છે તે ત્રણ પ્રકારના છે. (૧) તમામ હકીકત બાબત સાક્ષીની યાદદાસ્તનો સંપુરણ ફાયદો લેવો; (૨) અઘટીત દસ્તાવેજો ઉપીયોગમાં આવતાં તેના ઉપર દાબ રાખવો. અને (૩) તેની મુખજુબાનીની સાક્ષી તેની લખેલી હકીકત શાથે મુકાબલ કરવી. અઘટીત દસ્તાવેજોના ઉપીયોગ ઉપર દાબ રાખવાને સારૂ તે લખત કેવા પ્રકારનુ છે તે જોવાને સામો પક્ષકાર મુખ્તીયાર છે પરંતુ ફકત આ કારણ શીવાય તેવાજ લખતોમાં બીજી સ્વતંત્ર બાબતો વીશે તે શાક્ષીને પુછવાને તેમનો હક છે કીંવા નહીં તે વીશે અમને શક છે. સબબ અમારી નજરમાં આવે છે કે કેદીઓના કાંઉશલે જે ડાયરી કહેલી છે તેથી અમે એવુ અનુંમાન કરીએ છીએ કે પોલીસ અમલદારે જે સખશોને તપાસેલા તે તમામ સખશોની હકીકત જે દસ્તાવેજોમાં હતી તે તમામ દસ્તાવેજો કહેવાનો તેમનો મતલબ છે અને તે જોવાને; અમુક

બખત માગે છે. પણ અમુક રીતીએ જે તે દાવો રાખે છે તે દાવો રાખવાનો તેમનો હક નથી. વળી અમારી નજરમાં આવે છે કે સાક્ષીને પોતાની યાદદાસ્ત તાજી કરવાને જે ડાયરી કહેવામાં આવી છે તે ડાયરી જોવાની ફરજ પાડવાને સેશન જડજ બંધાએલા નહી હતા. અને તેમણે તે પ્રમાણે કરવુ કીંવા નહી તે તદન તેમની ખુસી ઉપર હતું.

ત્રીજી બાબત એ છે કે માજીસ્ત્રેટની રૂબરૂ જ્યારે ફકતત્રણ કેદીઓ જગ્ગુ, લક્ષમણ અને ઉમરાવ હતા. ત્યારે વઇદકી અમલદારની જુબાની લેવાએલી છે અને તે જુબાની બાકીના પાંચ કેદીઓની બાબતમાં શેશન કોરટમાં અઘટીત રીતે પુરાવ તરીકે ઉપયોગમાં લેવામાં આવી છે. કારણ કે માજીસ્ત્રેટે તે જુબાની તેઓની રૂબરૂ લીધેલી નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૭૨૩ પ્રમાણે સીવીલ શરજનની અગર બીજા વઇદકી સાક્ષીની તપાસ માજીસ્ત્રેટે લેઇ તે ઉપર યોગ્ય રીતે સહી કરેલી હોય. અને પછી તે તપાશેલા સાક્ષીને સાક્ષી તરીકે બોલાવવામાં ના આવે તોપણ તે જુબાની હરકોઇ ફોજદારી તપાસમાં પુરાવમાં આપી શકાય છે. પરતુ જો કોરટને સીવીલ સરજન અગર વઇદકી સાક્ષીને બોલાવવાનું પુકત કારણ જણાય તો કોરટ તેમને બોલાવવાને મુખત્યાર છે. અમે એમ માનીએ છીએ કે કોઇ પણ તોહોમત વાળાની વીરૂધ તે જુબાની આ કલમ પ્રમાણે પુરાવમાં લેવા સારૂ તે જુબાની માજીસ્ત્રેટે તેની રૂબરૂ લીધેલી હોવી જોઇએ. અમારી નજરમાં આવે છે કે આ કામમાં જગ્ગુ, લક્ષમણ, અને ઉમરાવ શીવાયના પાંચ કેદીઓની રૂબરૂ તે વઇદકી સાક્ષીની જુબાની લેવાએલી નહીં હતી. એમ ઘણું સંભવીત છે. તેની સાથે અમે એમ કહી શકતા નથી કે આ બાબત એવી છે કે જેના ઉપર કાંઇ પણ શક રહી શકતો નથી. વઇદકી અમલદારની જુબાની દાખલ કરવાની બાબતમાં શેશન કોરટમાં આ કારણથી હરકત લેવામાં આવી નથી. જો આવી હરકત લેવામાં આવી હોતતો તે પાંચે તહોમતવાળાઓ જાતે અગર એજંટની મારફતે (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૧) જે વખતે માજીસ્ત્રેટે તે વઇદકી અમલદારને તપાસ્યો તે વખતે હાજર હતા એવું માલમ પડે તેવી હકીકત આવી શકત.

તે વઇદકી અમલદારને શેશન કોરટમાં બોલાવવામાં આવ્યા હતા તેથી અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે તેમને બોલાવવામાં આવ્યા હતા. માટે માજીસ્ત્રેટે લીધેલી જુબાની બીલકુલ દાખલ કરવા લાયક નથી. અમારી નજરમાં આવે છે કે યોગ્ય રીતે લીધેલી જુબાની કામમાં દાખલ થઇ શકે છે. અને તે વઇદકી અમલદારને બોલાવી શકાય

છે અને માજીસ્ટ્રેટે જે બાબતમાં તેમને મુકત રીતે તપાસેલા ના હોય તે બાબતમાં તેમને સવાલ થઇ શકે છે. આ કામમાં તે વઇદકી અમલદારને બોલાવવામાં આવ્યા હતા અને કેદીઓના કાંશલે તેની ઉલટ તપાસ કરેલી છે સાચી વાત છે કે તે તપાસ સ્પસ્ટ રીતે ફકત એક કેદીની તરફથી કરેલી કહેવામાં આવેલી છે. પરંતુ તે કોનશલને તમામ કેદીઓની તરફથી ઉલટ તપાસ કરવાનો લાગ હતો. એ એક સરખી રીતે સાચી વાત છે. જે સખસની રૂબરૂ જુબાની લેવાએલી ના હોય તે સખસને હરકત થાય તે પ્રમાણે માગવામાં આવેલું હોય તે કારણથી તે દાખલ કરવા લાયક નથી. તેનો સબબ એ છે કે તે સાક્ષીની ઉલટ તપાસ કરવાને તે સખસને લાગ નથી હોતો. આ કામમાં તમામ તોહોમતવાળાઓને શેશન કોરટમાં આ લાગ હતો. વળી એવી તકરાર કરવામાં આવી નથી કે જો કે વઇદકી અમલદારની મુખ્ય તપાસ શેશન કોરટમાં કરવામાં આવી હોત તો જે કાંઇ ફાયદો અપીલવાળાઓને થાત તે ફાયદો જ્યારે તે સાક્ષીને શેશન જડજે બોલાવ્યો અને તેની ઉલટ તપાસ કરી ત્યારે તે મળી શકેલા નથી.

આ રીતે હકીકત છતાં અમારી નજરમાં આવે છે કે જો ગેર સીરસ્તે થએલુ હોય તો પણ તેથી કેદીઓને હરકત થએલી છે એમ અમને બતાવેલું નથી. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩ અને પુરાવા આકટની કલમ ૧૬૭ પ્રમાણે અમારી નજરમાં આવે છે કે તે ઠરાવમાં આ હરકતના કારણથી અમે વ્યાજબી રાહે હાથ ઘાલી શકતા નથી.

આ આરંભના સવાલોનો નીકાલ કરીને હવે અમે જડજે જ્યુરીને હકીકત સમજાવેલી તેનો વીચાર કરીએ છીએ, અને તે વીશે જે નીશ્ચે કરવાને અમને ફરજ પડે છે તે એવો છે કે તે સમજાવેલી હકીકત ઓછામાં ઓછી બે અવશ્યની બાબતોમાં ખરી રીતે ખામી ભરેલી છે. માટે તે સમજાવેલી હકીકતના અવશ્યના ભાગો બતાવી આ નીશ્ચે કેવા કારણોથી અમારે કરવો પડે છે એ કાંઇક સંપૂરણ રીતે અમે બતાવીએ છીએ.

આરંભના કેટલાક વીચારો બતાવ્યા પછી તે જડજે કહ્યું છે કે "જે સવાલનો તમારે નીર્ણય કરવાનો છે તે એ છે કે સોપીવાન ગામમાં છીકીતીઆ કુંદા કરીને જગો કહેવાય છે ત્યાં ગયા નવેમ્બર માસની તા૦ ૨૮ મી સોમવારને રોજ સવારમાં તોફાન થએલું હતું કે નહીં. અને ઇબ્રાહીમ અને ચાર સખસો જખમ થએલા હતા કે નહીં. ઇબ્રાહીમ મરણ પામેલો છે એમાં કાંઈ શક નથી. અને તેને મારી નાંખવામાં આવ્યો છે તેમાં કાંઈ વ્યાજબી રાહે શક રહી શકે છે એ-

મ અમે કાંઇ ધારતા નથી. વઇદકી પુરાવ ઉપરથી જણાય છે કે તેના ડાબા હાથ ઉપર સખત અને ભયંકર જખમ થયો હતો, તેની અંદર-ની ધોરી નસ કપાઇ ગયેલી હતી, અને હાડકું ભાગી ચુરે ચુરા થઈ ગયેલું હતું અને આ જખમ તલવારથી થએલો હતો. તે વઈદકી પુરાવ ઉપરથી જણાય છે કે સદરહુ જખમ અને ઘોકો પોહોચેલો તેના પરી-ણામથી તે મોત થએલું છે.”

પછી તેઉએ તોરાબઅલ્લી, ઈમદાદઅલ્લી, ઘોરઅલ્લી, અને અબ-દુલકરીમને જે ઇજા કરેલી કહેવામાં આવી છે તે બાબત લખાણ કરેલું છે, અને ત્યાર પછી તેઉ કહે છે કે:— “બીજા જે સવાલોનો તમારે નીર્ણય કરવાનો છે તે એ છે કે તે તોફાન વખતે તે કેદીઓ હાજર હ-તા કે નહીં? તેઓએ તેમાં ભાગ લીધો છે કે નહીં? તે તોફાન તે બ-ખેડો હતો કે નહીં? તે બખેડો કરનારનો બધાનો હેતુ વાડીનું કસરણ જબરાઈથી લેઇ જવાનો હતો કે નહીં, અને ઇબ્રાહીમ હુશનને મારી નાં-ખવામાં આવ્યો, અને બીજા ચાર સખસોને જખમ કરવા તે બખેડો ક-રનારાઓનો બધાનો હેતુ પાર પાડવાને હતો કે નહીં? કેદીઓ હાજર હ-તા, અને તે બખેડામાં તેમણે ભાગ લીધો તે બાબતના સવાલનો વી-ચાર દરેક કેદીની બાબતમાં તમારે જુદો કરવાનો છે. તે પુરાવ ઉપરથી દરેક કેદી હાજર હતો અને તે બખેડામાં તેણે ભાગ લીધો છે એમ પુ-રાવ ઉપરથી જણાય છે કે નહીં તેનો તમારે વીચાર કરવો જોઇએ. તે કેદીઓમાંના કોઇ કેદીની બાબતમાં તે હાજર હતો અને તેણે ભાગ લીધો તે વીશે તમને કાંઇ શકક હોય તો, તમે તે શકકનો ફાયદો તેને આપસો. જો તમારા અભીપ્રાયમાં એમ આવે કે બખેડો થએલો છે, અને તેમાં કેદીઓએ ભાગ લીધો છે, તો કેવી હકીકતથી તે બખેડો થ-એલો છે તેનો વીચાર તમારે કરવાનો છે. વાડીનું કસરણ કાપવાની બાબ-ત તકરાર હતી એ ખુલ્લું છે. એક ઘણોજ અગત્યનો સવાલ અહીંયા ઉત્પન્ન થાય છે એટલે કે તે “વાડી” કોણે ખેડી અને વાવી હતી?

ત્યાર પછી તેઉએ તે વાડી કોણે વાવી હતો વીચાર કરેલો છે અને કહ્યું છે કે:—

તમે તમારી મેળેજ વીચાર કરશો કે તે વાડી કોણે વાવી છે? તે જમુ કે લીકટ હતો? જો તમારા અભીપ્રાયમાં એમ આવે કે તે જમી-ન લીકટે વાવી હતી તો પછી જમુની તે જમીન ખરી રીતે હોય કીં-વા નહીં પણ તે જમુનો પોતાનો ખાંનગી બચાવ કરવાનો હકક જાય છે. કારણ કે જો તેણે લીકટને અસાડમાં કબજે લેવા દીધો હોય તો પછી અઘાંનમાં તે કાપવાને તે લીકટના સાંમી તકરાર કરવાને તેનો હક

નહી હતો. જો લીકરે અસાડમાં તે જમીન ખોટી રીતે વાવી તો પણ તે કરશણ "અધ્રાનમાં" કાપી જાય તેથી ચોરી વીગરે એવી રીતે થ ્યું નથી જેથી જમુને પોતાના ખાંનગી બચાવનો હકક મળે. જો તમારા અભીપ્રાયમાં એમ આવે કે લીકરે તે કરશણ વાવેલું હતું અને તે કેદીઓ હજર હતા અને તે બખેડામાં તેમણે ભાગ લીધો છે. તો અમારી નજરમાં આવે છે કે તમારે તેઓને ગુન્હેગાર ઠરાવવા જોઈએ.

"વળી જો તમારા અભીપ્રાયમાં આવે કે તે કરશણ જમુએ વાવેલું હતું તો તમારે એવા સવાલો વીચાર કરવાનો છે કે તે તથા તેની ટોળી ખાંનગી બચાવનો હકક છે તેના કરતાં વધારે ચાલેલા છે કે નહીં. કલમ ૯૯ ના ૪ થા અપવાદમાં ઠરાવ્યું છે કે બચાવ કરવાના કારણમ્‍ર જેટલી ઈજા કરવાની જરૂર હોય તે કરતાં વધારે ઇજા કરવાને ખાનગી બચાવનો હકક નથી.

ત કેદીઓ અગર તેમાંનો કોઇ આ મરીયાદા ઉપર ચાલેલો છે કે નહીં પુરાવ ઉપરથી જણાય છે કે તલવારો તથા લાઠીઓ સાથે ૨૦૦ કણ્બીઓ હતા અને ફકત ચાર અગર પાંચ મુસલમાનો હતા અને તેઓની પાસે હથીઆર નહીં હતાં. અમારી નજરમાં આવતું નથી કે તે વાડાનો બચાવ કરવાને ત્રણ સખસોને જખમ કરવાની અને ચોથાને મારી નાંખવાની તેઓને ગરજ હતી એમ કહી શકાય. આ કામ ભારે અકસ્મત ગુસ્સો થવાથી મારી નાંખ્યાનું તથા જખમ કરયાનું છે. માટે તે કલમ ૩૦૪—૩૩૪ અને ૩૩૫ પ્રમાણે શીક્ષા કરવા લાયક છે. હવે દરેક કેદી વીરૂધના પુરાવનો તમારે વીચાર કરવાની જરૂર છે."

પછી શેશન જડજે તે બનાવમાં ઝમુએ જે ભાગ લીધેલો છે તેનો વીચાર કરેલો છે એને પોલીશની રૂબરૂ સાક્ષીઓએ જે હકીકત કહેલી તેમાં તથા મરનાર ઈબ્રાહીમે પોતાની મરતી વખતની જુબાનીમાં ઝમુએ હુકમ આપ્યો અગર ઇબ્રાહીમ જ્યારે પડયો ત્યારે તેના ઉપર તે કુદી પડયો હતો. એવું કાંઇ કહેવામાં આવેલુ નથી. પુરાવના આ ભાગ વીશે જડજે જે બતાવેલું છે તે વીનસે કરીને કેદી ઝમુના ફાયદાનું છે. દરેક બીજા તોહોમતવાળાના વીરૂધ્ધ પુરાવનો અસર કેવો છે તે વીશે જ્યુરી વીચાર કરી શકે તે માટે વીધવાન જડજે કહેલું છે કે હુ અહીંયા દરેક સાક્ષીની જુબાની સારાંસમાં બતાવું છું પરતું જે હકીકત સમજાવવામાં આવેલી છે તેમાં આ સારાસ નથી પછી તે જડજે કહયું છે કે "જો તમારા અભીપ્રાયમાં આવે કે તે કરશણ ઝમુએ વાવેલું હતુ અને તેનો તથા બીજા કેદીઓનો તે કાપી જાય નહીં અને તુરાબ અને લીકરનીઓથી તે લેઇ જાય નહી એવું રક્ષણ કરવાનો હકક હતો. પરંતુ ખાનગી બ-

બચાવના હકકની જે મરીયાદા છે તે ઉપર જવામાં આવેલું છે તો દરેક કેદીએ તમારા અભીપ્રાય પ્રમાણે શું કરેલું છે તેનો તમે વીચાર કરશો. ઝખુએ ઇબ્રાહીમને મારી નાંખવાનો હુકમ હુકમ આપ્યો અને તે કરવામાં તેની છાતી વગેરે ઉપર બેસી મદદ કરી એવું કહેવામાં આવેલું છે. વળી તેણે એક ઘરડા અને નબળા માણસ તુરાબને જખમ કરેલો છે. એવું કહેવામાં આવેલુંછે. તેને પોતાની મીલકત બચાવવાને સારૂ આ કરવાની જરૂર હતી એમ ભાગ્યેજ કહી શકાય. લક્ષમણે ગોરઅલીને તરવારથી જખમ કરયો છે એમ કહેવામાં આવેલું છે. અને હરીહરે અબદુલ કરીમને તલવારથી જખમ કરેલો છે એમ કહેવામાં આવેલું છે, બીજા પાંચ તમામ કેદીઓએ પોતાની લાઠીઓ વાપરેલી કહેવામાં આવેલી છે જો તમે એમ માનો કે તેઓએ તે કરીને પોતાના ખાનગી બચાવના હકક ઉપરાંત કરેલું છે તો તમે તે વ્યથાના ગુન્હેગાર ઠરાવી શકો છો. વળી તમારે યાદ રાખવાનું છે કે તમામ કેદીઓએ એકઠા મળીને બીજી બાબત ઉપર જો હુમલો કરેલો હોય અને ખાનગી બચાવના કાયદા પ્રમાણે વ્યાજબી રાહે તેઓ તે પ્રમાણે જો કરી શકતા ના હોય અગર જો બીજી ટોળીને મારી તેથી તેઓ પોતાના હક ઉપરાંત ગએલાં હોય તો તેઓની કાયદા વીરૂદ્ધ મંડળી હતી. માટે દરેક તે મંડળીના અગર તેના કોઇ અંગભુતના કરેલા કૃત્ય બાબતના જવાબદાર છે. વળી તમે યાદ રાખશો કે કાયદો એવો છે કે જે મંડળી અસલ કાયદા વીરૂધ ના હોય તે પાછળથી કાયદા વીરૂધ થઈ શકે છે. જો તે કરશાન ઝખુનું હોય અને તેથી તે તથા બીજા કેદીઓ તેનો બચાવ કરવાને ગયા હોય તો તેઓએ મંડળી તરીકે બખેડો કરયો નથી. પરંતુ જો તેઓએ જઇને સામી ટોળી ઉપર હુમલો કરયો હોય અને તે કરવામાં પોતાના ખાનગી બચાવના હકક ઉપરાંત ગએલા હોય તો તેઓની કાયદા વીરૂધ મંડળી થાય છે.”

હવે આ કામની પેલી હકીકતના જે ભાગો છે. અને તેમાં વીશેષે કરીને છેલ્લા વાકયમાં જે એવા શબ્દો છે કે “સામી ટોળીને મારીને તેઓ પોતાના હક ઉપરાંત ગએલા હોય તો તેઓની કાયદા વીરૂધ મંડળી હતી માટે તે મંડળીના અગર તેના કોઇ અંગભુતના કરેલા કૃત્ય બાબત દરેક જવાબદાર છે.” આ શબ્દો તદન ખામી ભરેલા અને આડા દોરવાય એવા અમને જણાય છે. પરંતુ આ સમજાવેલી હકીકત બીજી અમારી નજરમાં વીચાર કરવા લાયક છે. પરંતુ તેના દરેક ભાગ ઉપર ટીકા કરવાને અમે ખાએશ રાખતા નથી. ફકત બે ખામીઓ અમે લક્ષમાં લેઇએ છીએ. કારણ કે તે અમને એવી ભારે જણાય છે

કે જે બારે આરોપ બાબત અપીલવાળાઓને ગુન્હેગાર ઠરાવેલા છે તે વીસે અપીલવાળાઓની બરોબર તપાસ થએલી નથી. એવો અભીપ્રાય બતાવવાને અમને ફરજ લાગે છે. આ ખામીઓ એ છે કે (૧) સેશન જડજે જયુરીને ખુન સબંધીના કાયદાનો ખુલાસો અગર સમજુતી આપેલી નથી. (૨) આ સમજાવેલી હકીકતનો પીનલકોડની કલમ ૧૪૯ સાથે સબંધ છે અને તે હકીકતના તે ભાગ સબંધી જયુરીને ખોટું સમજાવવામાં આવેલું છે.

શેશન જડજે જયુરીને યોગ્ય રીતે બતાવેલું છે કે ઝબુ શીવાય બીજા સાત કેદીઓના ઉપર જે કોઇ કસથી ખુનનો ગુન્હો બની શકે તેવું કાંઇ કૃત્ય કરયું એવો આરોપ રાખવામાં આવ્યો નથી. તેઓના ઉપર એવો આરોપ છે કે ઝબુએ ખુન કરયું અને તેઓ ઝબુની સાથે હતા તેથી તે કાયદા વીરૂધ મંડળીના અંગભુતો હતા. અને તેઓની સાથે કાયદા વીરૂધ મંડળીનો ઝબુ અંગભુત હતો અને તેણે ખુન કરયું છે. તેથી કલમ ૧૪૯ ના ઠરાવથી તેઓ ખુનના ગુન્હેગાર છે. કારણ કે તેઓ જાણતા હતા. કે ગેરકાયદે મંડળીનો સરખો હેતુ પાર પડવાને ખુન કરવાનો સંભવ છે. આ આરોપની બાબતમાં પહેલો અવસ્યનો સવાલ એ હતો કે ઝબુએ ખુન કરેલું છે કે નહીં. તોહોમત એવી રીતે દુરસ્ત કરેલું નથી કે ઝબુએ કરેલું ના હોય તો તેના શીવાય બીજા કોઇ સખશે તે ખુનનો ગુન્હો કરેલો છે કે નહીં. બીજો અવશ્યનો સવાલ એ છે કે તે ગેરકાયદે મંડળીનો સરખો હેતુ પાર પાડવાને ઝબુ શીવાય બીજા કેદીઓ તે ખુનના ગુન્હાનો સંભવ છે એમ જાણતા હતા કે નહી.

પહેલી બાબત વીશે જયુરીના અભીપ્રાયમાં આવ્યું છે કે ઝબુએ ખુન કરેલું નથી. અને આ પ્રમાણે છે તો જેવું તોહોમતનામું લખેલું છે તે પ્રમાણે કલમ ૧૪૯ સાથે કલમ ૩૦૨ વાંચતાં બીજા સાત કેદીઓને કેવી રીતે ગુન્હેગાર ઠરાવી શકાય તે સમજવું સેહેલું નથી. શેશન જડજે જે હકીકત સમજાવેલી છે તેમાં અવલથી તે આખર સુધી તેઉએ એમ ધારેલું જણાય છે કે ઇબ્રાહીમે જે પોતાનો જીવ ખોએલો છે તે ખુન થવાથી ખોએલો છે. ખુન શાથી બને છે તે વીશે કંઇ પણ સમજુત આપવામાં આવેલી હોય એમ અમારા જોવામાં આવતું નથી. હકીકતને લાગતો કાયદો જયુરી સમજે તે પ્રમાણે જયુરી તે બતાવશે એ જડજની ફરજ છે. મા! તેઓ અમુક ઇન્સાફનો નીરણય કરી શકે તે પ્રમાણે જોઇતો ઓહોળી રીતનો કાયદાનો ખુલાસો તે જડજના આપેલો તે ખોટું સમજાવેલું થાય છે. આ કામમાં બચાવની પુરાવા ઉપ-

રથી ત્રણ પ્રકારની ઇજા થએલી જણાય છે. (૧) માથા અને મગજ ઉપર ઇજા થએલી હતી. આ વીશે જ્યુરીને કાંઇ પણ કહેવામાં આવેલું નથી. (૨) નાહાનાં આંતરડાંને ઈજા થએલી હતી. (૩) હાથ ઉપર તલવારનો જખમ થએલો હતો. વઇદકી અમલદારે તે મોતના કારણ વીશે જે અભીપ્રાય આપેલો છે તે એવો છે કે નાહાના આંતરડાને ઈજા થવાથી તથા હાથ ઉપર જખમ થવાથી ધોકો પોહાંચ્યો તેથી મોત થએલું છે. ફકત હાથ ને ઇજા થવાથી પરીણામે મોત થએલું છે અગર મોત થઈ શકે તે વાસે તેમણે કાંઇ અભીપ્રાય આપ્યો નથી અને તેમનો અભીપ્રાય પુછેલો નથી એ દેખીતું છે. જો જ્યુરીએ એમ માનેલું હોય કે ઝમુએ હાથ ઉપર જખમ કર્યો અને આંતરડાને પણ તેણે ઇજા કરી તો આ કાંઇ ઘણી મુદાની બાબત નથી. તો પણ જ્યુરીએ જો એમ માનેલું ના હોય કે ઝમુએ આંતરડાંને ઇજા કરી હતી. પણ તેણે હાથ ઉપર જખમ કર્યો હતો. એમ માનેલું .હોય તો આ ઘણી અગત્યની વાત છે. ઝમુ તે મરનારના ઉપર કુદી પડ્યો અને તેથી તેના આંતરડાને ઇજા થઇ એ વાશેનો પુરાવ જ્યુરીએ માનેલો નથી એમ જણાય છે. જો આ પ્રમાણે છે તો એકદમ એવો સવાલ ઉત્પન્ન થાય છે કે હાથ ઉપર જખમ થવાથી પરીણામે એવો જોઇએ તેટલો ધોકો પોહોંચ્યો કે તેથી તેનું મોત થયું અગર થઇ શકત કે શી રીતે.

જો ફકત હાથ ઉપર કરેલા જખમથી તે મોત થએલું ના હોય અગર થઇ શકતું ના હોત તો ઝમુએ ખુન કર્યું એમ કહેવું અશક્ય છે જો તે મોત હાથ ઉપર જખમ થવાથી તથા આંતરડાંને ઇજા પોહોચવાથી જે મીશ્ર અસર થયો તેથી પરીણામે મોત થએલું હોય અને જ્યુરીએ એમ માનેલું હોય કે ઝમુએ હાથ ઉપર જખમ કરેલો છે. અને કોઇ બીજો સખસ કે કોઇ જાણવામાં નથી. તેણે અંદરની ઇજા કરેલી છે. તો પીનલકોડની કલમ ૩૪ ના ઠરાવ પ્રમાણે ઝમુ ખુનના માટે જવાબદાર થાય છે. કારણ કે તેમાં ઠરાવ્યું છે કે તમામનો એક સરખો ઇરાદો પાર પાડવાને કેટલાક સખસોએ જ્યારે કાંઇ સાપરાધ કૃત્ય કર્યું હોય ત્યારે દરેક સખસ જાતે તેણે એકલાએ કર્યું હોય તે પ્રમાણે તે કૃત્ય માટે જવાબદાર થાય છે પરંતુ આ કામમાં ઝમુ યથાર્થ રીતે ખુનનો ગુન્હેગાર છે તો એવો સવાલ થઇ શકે છે કે કલમ ૧૪૯ ના અર્થ પરમાણે ઝમુએ ખુનનો ગુન્હો એવી રીતે કરેલો છે કે બેવડો અર્થ કરીને બીજા કેદીઓને ખુનના ગુન્હેગાર ઠરાવી શકાય કે શી રીતે.

આ અવશ્યની બાબતો વીશે જ્યુરીને કાંઇ પણ શમજાવવામાં આવેલું નથી.

પછી જ્યારે ઝંબુએ બેઉ ઈજાઓ અગર તેમાંની એક ઇજા કરી હતી એમ જ્યુરીના મનમાં આવેલું હોય અગર તેમાંની એકે કરેલી નથી એવું આવેલું હોય અગર જો તે એમ માનતા હોય કે તેણે એક અગર બેઉ ઇજાઓ કરેલી છે તો તેથી કેવો ગુન્હો બને છે તેનો વીચાર કરવાને તેઓને ફરમાવવું જોઈતું હતું. અને તેઓ તે પરમાણે કરી શકે તે સારૂ ખુનના કાયદા વીશે તેઓને સમજાવવું જોઈતું હતું. કલમ ૩૦૦ ની પેહેલી રકમની બાબતમાં જે ઇજા કરવામાં આવલી તે મોત કરવાના ઇરાદાથી કરવામાં આવેલી એવી સુચના કરવાને દેખીતું કંઇ પણ નથી માટે શરીરને ઈજા કરવાનો ઇરાદો હતો કે નહીં તેનો વીચાર કરવાની જરૂર થાય છે અને જો તેવો ઇરાદો હતો તો આ શરીરની ઇજાથી ઇબ્રાહીમનું મોત થવાને સભવ છે એમ ઝંબુ જાણુતા હતો કે નહી. (કલમ ૩૦૦ની રકમ ૨) જો જ્યુરીના અભીપ્રાયમાં એમ આવેલું હોય કે ઝંબુએ સરીરને ઇજા કરવાનો ઇરાદો રાખ્યો હતો પરંતુ તેથી મોતનો સંભવ છે તે જાણુતો નહી હતો તો તેઓએ એવો વીચાર કરવો જોઈતો હતો કે સ્વભાવીક રીતે મોત થાય તેવી આ શરીરની ઇજા બસ છે કે નહીં અને આ બાબત વઈદકી સાક્ષોનો અભીપ્રાય ઘણો અગત્યનો થાત. જો જ્યુરીના અભીપ્રાયમાં આવેલું હોય કે તે ઇજા બસ નહી હતી. તો કલમ ૩૦૦ની ચોથી રકમ પ્રમાણે તેઓએ એવો વીચાર કરવો જોઇતો હતો કે આ કૃત્ય ઘણું ભયંકાર છે અગર મોત થાય તેવો ઘણો સભંવ છે અગર શરીરને ઇજા વીગરે થાય તેવું છે એવું તે ઝંબુ જાણુતો હતો કે નહીં (કલમ ૩૦૦ની રકમ૪થી) વળી તે કૃત્ય ઘણું ભયંકર છે કે નહીં તે વીશે વઇદકી સાક્ષીનો અભીપ્રાય અગત્યનો થાત. જો જ્યુરીના અભીપ્રાયમાં એવું આવ્યું હોત તો તે કલમ ૩૦૦ ની ૪ રકમોમાંની કોઈ પણ રકમમાં ઝંબુનો સમાશ થતો નથી તો ઝંબુએ ખુન કરેલું છે એમ તેઓ ઠરાવી શકતા નહી હતા.

પરંતુ જો કે ઝંબુના કૃત્યનો સમાસ કલમ ૩૦૦ ની કોઇ પણ રકમમાં થાય નહીં. તો પણ કલમ ૨૯૯ પ્રમાણે તેણે એવા શરીરની ઇજા કરવાના ઇરાદાથી તે કરેલું હશે કે જેથી મોતનો સંભવ થાય. અગર એવા કૃત્યથી મોત થવાનો સંભવ છે એવું તેની માહેતીમાં હતું. તે શરીરની ઇજાથી મોત થવાનો સંભવ હતો કે નહીં તે વીશે પણ વઇદકી શાક્ષીનો અભીપ્રાય પણ ઉપીયોગી થાત. જો જ્યુરીના અભીપ્રાયમાં એમ આવેલું હોત કે હમણાં બતાવેલી કલમ ૨૯૯ ના

ભાગમાં ઝમુના કૃત્યનો સમાસ થાય છે, તો તેથી શીક્ષણીય મનુષ્ય વધ થાય છે.

જો ઝમુની જગોએ કોઇ સખશ અગર સખસો કે જે જાણવામાં નથી. એમ ઝમુ નહીં તો તેઓ એમ તોહોમતમાં રાખવામાં આવેલા હોય અગર બીજી રીતે રાખવામાં આવેલાં હોય તો તેના તેજ વીચારો લાગુ થાય છે.

આ તમામ અગત્યની બાબતો ઉપર જ્યુરીને કાંઇ કહેવામાં આવેલું નથી. માટે આ ખોટીરીતે શમજાવવાથી અગર તે શમજાવવામાં થએલી ખામીથી અપીલવાળાઓને ભારે હરકત થએલી છે એ વીશે અમને કાંઇ પણ શક નથી. જો આ બાબતમાં જ્યુરીને યોગ્ય રીતે શમજાવવામાં આવેલું હોત તો ઇબ્રાહીમ જે કૃત્યથી મરણ પામ્યો તે ખુન નહીં હતું. એમ તેવો ઠરાવત એવું કેવલ બની શકે તેવું છે. અને જે સખસે તે કૃત્ય કર્યું તેણે તેથી હલકો ગુન્હો શીક્ષીણ્ય મનુષ્યવધનો કરેલો છે એમ તેઓ ઠરાવત તેઓ એમ પણ ઠરાવી શકત કે આ કૃત્યથી શીક્ષીણ્ય મનુષ્યવધનો ગુન્હો થનો નથી. પણ ફકત માહાવ્યથાનો થાય છે.

હમે અહીંયાં એટલું કહી શકીએ છીએ કે જો કે કલમ ૩૨૬ અને ૩૯૬ પ્રમાણેના આરોપો હતા તો પણ તે આરોપો વીશે શેશનજડજે કાંઇ પણ શમજુત આપેલી હોય એમ જણાતું નથી.

હવે અમે બીજી બાબત ઉપર આવીએ છીએ. જડજે પોતાની તથા જ્યુરીની વચમાં જ્યુરી ઠરાવનો વિચાર કરવાને ગયા ત્યાર પછી જે બનેલું તેની નીચે પ્રમાણે નોટ કરેલી છે. “સુમારે પુણા કલાક પછી જ્યુરી પાછી આવી અને કહયું કે જ્યુરીના આગેવાન શુધાંત અમારામાંના પાંચે તમામ કેદીઓને ગુન્હેગાર ઠરાવ્યા છે પાંચમા જ્યુરર કેશ એરાંગબટ કેદીઓ ગુન્હેગાર છે તે બાબત શકક રાખે છે અને તેમને નીરદોશ ઠરાવે છે. આગેવાને કહ્યું છે કે અમોએ તમામ કેદીઓને કલમ ૧૪૯ પ્રમાણેના આરોપના ગુનેહગાર ઠરાવ્યાં છે. તેઓના અભીપ્રાયમાં આવતું નથી કે ઝમુએ પોતે ઇબ્રાહીમ હુસનને મારી નાંખ્યો, માટે કલમ ૩૦૨ પ્રમાણે તેના ઉપર ઇબ્રાહીમ હુસનને જાતે મારી નાખ્યાનો આરોપ રાખવામાં આવ્યો છે તે આરોપનો તે ગુન્હેગાર નથી. પરંતુ તેઓના અભીપ્રાયમાં આવ્યું છે કે ઇબ્રાહીમ હુસનને ગેર કાયદે મંડળીના કોઇક અંગભુતે તે ઇબ્રાહીમ હુસનને મારી નાંખેલો છે, અને તે મંડળીનો એક શરઓ હેતુ પાર પાડવાને સારૂ તે ખુન કરવામાં આવેલું છે. તેઓના અભીપ્રાયમાં આવ્યું છે કે તમામ આઠે કેદી હાજર હતા અને બખેડામાં ભાગ લીધો છે અને તેથી તે આઠે બધાએ ઇબ્રાહીમ હુસનનું ખુન કરવા

બાબત કલમ ૧૪૯ તથા ૩૦૨ પ્રમાણે ગુનેહગાર છે. કોરટના સવાલના જવાબમાં તેઓમાંના ચારે એટલે જે ચાર એક મત હતા તેમણે કહેલું છે કે તે કરસણ લીકટ હુસને વાવેલું છે. એક સવાલના જવાબમાં પાંચમા જુરીવાળાએ કહેલું છે કે તે કરસણ કોણે વાવેલું તેનો મને અંદેશો છે. કોરટ તે ઠરાવ સાથે મળતા આવ્યા. તે કરસણ કોણે વાવેલું હતું તે વીશે કોરટને કેવળ નકી થએલું લાગેલું નહી હતું. પરંતુ તે બાબતનો એક વખતે ઘણા મતથી લીકટના લાભમાં ઠરાવ કરવામાં આવેલો છે માટે તે ઉપરથી એમ નીકળે છે કે તે તોહોમતવાળાએ ખુનનો ગુનહો કરેલો છે. લીકટે તે કરસણ વાવેલું તેવો ઘણો ગત થએલો છે તેથી જુદા પડવાને કોરટ તઈયાર થએલા નથી. તે વીશેના તેઓ સરસમાં સરસ ન્યાયાધીસો હતા અને સમજાવેલી હકીકતમાં કોરટે કહેલું છે કે લીકટે તે વાવેલું હતું એવું એક વખત ઠરાવવામાં આવેલું છે, માટે જણુનો ખાનગી બચાવનો હક ગએલો છે. જુરીએ ઠરાવ્યું નથી કે જણુએ પોતે ઇબ્રાહીમનું ખુન કરેલું છે, તેથી માટે બીજાઓ કરતાં તે વધારે ગુનેહગાર છે, એમ કોરટ ગણી શકતા નથી, તેમ કોરટના વીચારમાં આવેલું નથી મોતની શીક્ષા આઠે માણુસોને કરવી."

કોરટ દરેક કેદીને કલમ ૩૦૨ અને કલમ ૧૪૯ પ્રમાણે હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરે છે.

બીજી કલમો પ્રમાણે કોરટે કાંઇ શીક્ષાનો હુકમ કરેલો નથી.

અમે અહીંઆં એવો વીચાર બતાવી શકીએ છીએ કે જ્યારે જુરી પોતાના ઠરાવ બાબત એકમત થયા નહોતા ત્યારે વધારે વીચાર કરવાને તેઓને પાછા મોકલવાને જડજ યોગ્ય રીતે હુકમ કરી શકતા હતા. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૩) વળી તેજ કલમ પ્રમાણે જડજને એવી પરવાનગી આપવામાં આવેલી છે કે જુરીનો ઠરાવ શો છે તે નકી કરવા સારૂ જે સવાલો કરવાની જરૂર પડે તે સવાલો જુરીને તેઉ પુછી શકે છે અને તેમાં ઠરાવવામાં આવ્યું છે કે આ સવાલો તથા જવાબો લખી લેવા જોઇએ. તે સવાલો અને તેના જવાબો કાયદા પ્રમાણે લખી લેવાનો ઠરાવ છે તે ઠરાવ પ્રમાણે તે વીદ્વાન શેશન જડજ ચાલેલા નથી. પરંતુ તેમણે ફકત તેનો મતલબ બતાવેલો છે.

જડજે જે હકીકત સમજાવેલી તેમાંના સદરહુ ઇતેખાપ ઉપરથી તથા જડજ અને જુરીની વચમાં બનેલી હકીકત જે સદરહુ લખી લેવામાં આવેલી છે તે ઉપરથી જણાય છે કે તે મંડળીનો એક સરખો હેતુ પાર પાડવાને તે ખુન કરવામાં આવેલું છે કે નહીં તેનો વીચાર કરવાને જુરીને ફરમાવેલું હતું. અને જુરીના અભીપ્રાયમાં આવેલું છે કે તે એક સરખો હે-

તુ પાર પાડવાને તે ખુન કરવામાં આવેલું છે. હવે જખુ શીવાય બીજા કેદીઓના તોહોમતનામામાં ગેરકાયદે મંડળીનો એક સરખો હેતુ પાર પાડવાને શારૂ તે ખુન કરવામાં આવેલું છે એમ કહેવામાં આવેલું નથી. તેમાં જે કહેવામાં આવેલું છે તે એ છે કે તે હેતુ પાર પાડવાને ખુન થશે એવો શંભવ છે એવું તે કેદીઓ જાણતા હતા. અને આ વીશે જે હકીકત સમજાવવામાં આવી છે તેમાં કાંઇ બતાવવામાં આવેલું એમ અમારા જોવામાં આવતું નથી. તેથી તોહોમતમાં કાંઇ હકીકત કહેવામાં આવેલી નથી તેનો આકારમાં ઠરાવ કરવાને જયુરી આડા દોરવાએલા છે.

જખુ શીવાયના બીજા કેદીઓ તે કરસણનો જબરાઈથી કબજો લેવાને એક સરખો હેતુ પાર પાડવાને ખુન થવાનો સંભવ છે એવું જ્યાં સુધી જાણુતા ના હોય ત્યાં સુધી તોહોમતો લખવામાં આવ્યાંછેતે પ્રમાણે તેઓને ખુનના ગુનેહગાર ઠરાવી શકાતા નહી હતા. જે હકીકત ઉપરથી જુરી અનુમાન કરી શકે છે કે તે કેદીઓ આ સંભવની બાત જાણુતા હતા. તે હકીકત તેમની રૂબરૂ મુકવામાં આવી નહીં હતી. જે વાત તહોમતમાં નહી હતી. એટલે જબરાઇથી કરસણનો કબજો લેવાને એક સરખો હેતુ પાર પાડવાને તે ખુન કરવામાં આવેલું છે કે નહીં તે વીશે ઠરાવ કરવાને તેઓને કહેવામાં આવેલું છે.

માહારાણી વીરૂધ સાબેદઅલ્લીના કામમાં જે ઠરાવ કરવામાં આવેલો છે તે લક્ષમાં લેતાં અમારી નજરમાં આવે છે કે તે એક સરખો હેતુ પાર પાડવાને જે કહેવાઅલું ખુન કરવામાં આવેલું છે તે તોહોમતમાં કહેવામાં આવેલું હતું. એમ ધારીએ તોપણુ તે જડજે આ બાબતમાં જે વીચારો બતાવેલા છે તે નહી જેવા અને ખામી ભરેલા છે અને જખુ સીવાય બીજા કેદીઓને અર્થાર્થ રીતે ખુનના ભારે ગુનાહના ગુનેહગાર જુરી વ્યાજબી રાહે ઠરાવી શકે તેવી હકીકત સ્પસ્ટ રીતે સમજવાને તેઓને જોઇતી હતી તે શમજવાને સારૂ જુરીને તેથી મદદ મળે એમ નથી.

અમારા જોવામાં આવે છે કે શેશન જડજનો આ કામમાં આઠ દીવસનો વખત ગએલો છે. માટે ન્યાયનું હીત શંતોશ કારક રીતે પાર પડે તેવો કોઇ બીજો રસ્તો અમારા જોવામાં આવતો હોય તો તે કામની ફરી તપાસ કરવાને માટે તે કામ પાછું મોકલવાને અમારે ઘણુાજ દીલગીર થવું જોઇએ જે ખામીઓ અમે બતાવેલી છે તે લક્ષમાં લેતાં આ કેદીઓની બરોબર તપાશ થએલી હતી એવી અમારી ખાતરી થઇ શકતી નથીતેની સાથે તેઓ તદન નીરઅપરાધી હતા તે એવી ચોખી રીતે સક ભરેલું અગર શક વીનાનું નથી. કે જેથી કામમાં જે પુરાવછે તે ફરીથી જુરી તરફ મોકલવો જોઇએ. એમ કહેવાને અમને વ્યાજબી લાગે.

શબબ અમારી નજરમાં આવે છે કે તે ગુનાહની શાબેતીનો ઠરાવ અને સીક્ષાનો હુકમ રદ કરી નવી તપાશ કરવાને હુકમ કરવો એ ફકત યોગ્ય રસ્તો છે. અને અમારી નજરમાં આવે છે કે તે નવી તપાશ શરૂ કરતા પહેલાં હકીકત પુરાવ ઉપરથી જેવી માલમ પડી છે તે પ્રમાણે વધારે બરોબર તોહોમતો ફરીથી લખવાં જોઇએ.

તે કેદીઓને જામીન ઉપર બીજી તપાસની દરમીયાનમાં છોડવો કે નહી તે વીશે અમે કાંઇ અભીપ્રાય બતાવી શકતા નથી. કારણ કે તે બાબત ફકત શેશન જડજના કુલ અખ્તીઆરની છે.

જષ્ટીશ મેકડોનલ્લ શાહેબઃ—અમારા વીદવાન ભાઇએ જે ફેંસલો આપેલો છે તે શાથે અમે મળતા છીએ. અમે ઠરાવીએ છીએ કે જુરીને હકીકત ખોટી રીતે શમજાવવામાં આવી છે. તેથી ન્યાયના ખાતર ગુનહાની શાબેતીનો ઠરાવ અને સીક્ષાનો હુકમ રદ કરવાની અમને ફરજ છે એટલુંજ નહીં પણ નવી તપાશ કરવાને અમારે ફરમાવવુ જોઇએ. તે તપાશમાં અવલથી તે આખર સુધી તે જડજે એવું ધારેલું જણાય છે કે જો તોહોમતવાળો પોતાના ખાનગી બચાવના હકની તકરાર શાબેત કરી શકે નહીં તો જે કૃત્યથી ઇબ્રાહીમ મરણ પામ્યો છે. તે ખુન છે.

ખુન અને શીક્ષીણીય મનુશ્યવધની વચમાં જે ભેદ છે તે ખુલી રીતે જુરીને શમજાવવામાં આવેલો નથી. અને ગેરકાયદે મંડળીમાંના એકે ખુન થાય તેવો શીક્ષીણીય મનુષ્યવધ કરેલો હોય તે ઉપરથી પણ અમારી નજરમાં આવતું નથી કે અર્થાથ રીતે જે સખશે ખુનનો ગુનહો કરેયો હોય તેના સીવાય બીજા તોહોમતવાળાઓને ગુનેહગાર બ્યાજબી રાહે ઠરાવવાને જુરીને જોઈતી રીતે હકીકત બતાવવામાં આવી હતી.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો અને નવી તપાસ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંશ.

તા૦ ૨૦ એપ્રીલ સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ મેકડોનલ્લ અને મી૦ જષ્ટીશ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

દીનોચંદ્રનાથ સાનીયાળની અરજીની બાબતમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આ૦ ૧૦) ની કલમ ૪૭—૪૫૧—જીલ્લા માજીસ્ટ્રેટ—કામ ખેંચી લેવું—સને

૧૮૭૪ ના આક્ટ ૧૧ ની કલમ ૬.

સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ નો ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો છે તેની કલમ ૪૭ નો ઠરાવ શને ૧૮૭૪ નો આક્ટ ૧૧ ની કલમ ૬ થી દુરસ્ત કરવામાં આવ્યો છે તે પ્રમાણે તેજ કાયદાના કલમ ૪૫૧ માં શમાશ થતું કામ ખેંચી લેવાને જીલા માજીસ્ટ્રેટને અખ્તીયાર મળે તેવો બોલ્ડોળો છે.

પાનુ ૮૫૧　　આ કામમાં જે રેફ્રરંશ કરવામાં આવ્યું છે તેના શબ્દો નીચે પ્રમાણે છે:—

"શીરાજગંજના જોઇંટ માજીસ્ટ્રેટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫૧ પ્રમાણે ચાલી અરજદાર દીનંદ્રનાથ શાનીયાળ વીગરેના ઉપર એવા શમન્સો કાહાડેલા છે કે એક વરસ સુલેહ રાખવા શારૂ તમારે રૂ ૨૦૦૦) ના જામીન અને રૂ ૨૦૦૦ નો મુચરકો શાવાસ્તે નહી આપવો તેનું કારણ બતાવવું અશલ શમન્શ તા૦ ૧૭ ફેબરવારી શને ૧૮૮૨ ના રોજનો છે. ત્યાર પછી તા૦ ૧૧ મારચ શને ૧૮૮૨ ના રોજના દેસી ભાશાના હુકમમાં પ્રતીવાદીઓને ફરમાવ્યું છે કે તા૦ ૨૦ મી મારચ ના રોજ પબનાના જીલા માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવાને રૂ ૨૦૦) ના દરેકે જામીન આપવા. પરંતુ તેમણે પોતાના તે હુકમમાં કાંઇ કારણ બતાવ્યું નથી. કામના કાગળો ઉપરથી જણાતું નથી કે તે કામ ખેંચી લેવાને શારૂ અગર તે કાગળો મોકલવાને જોઇંટ માજીસ્ટ્રેટને જીલા માજીસ્તરેટે હુકમ કરેલો હોય તે કામ હાલ જીલા માજીસ્તરેટની રૂબરૂ ચાલે છે.

"આ કામમાં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૭ મી લાગુ થાય છે એવું ઠરાવવું જોઇએ. એમ અમને જણાતું નથી. જીલા માજીસ્તરેટનો તા૦ ૧૫ મી એપ્રીલના રોજનો કાગળ આ લગામત છે તે ઉપરથી અમારા જોવામાં આવે છે કે જીલા માજીસ્તરેટે એક કાગળ લખી જોઇંટ માજીસ્તરેટ તરફથી 'તે કામ ખેંચી લીધેલું છે. અને તે કાગળની નકલ જીલા માજીસ્તરેટે પોતાના કાગળ શાથે અમારા તરફ મોકલેલી છે. પરંતુ તે પ્રોશીડીગ કાયદેશર છે કે નહી તે વીશે અમને શક છે. વીશેસે કરીને શમન્સો કાહાડયા પછી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫૧ પ્રમાણે પ્રોસીડીગ ખેંચી લેવું એવો તે કાયદાની કલમ ૪૭ નો હેતુ છે એમ અમને જણાતું નથી. તે શમન્શમાં એક માજીસ્તરેટ, એક મુદત અને એક જગા બતાવેલી છે તા૦ ૧૧ મારચના હુકમમાં ફરમાવ્યું છે કે બીજા માજીસ્તરેટની રૂબરૂ, બીજી તારીખે, અને અયથાર્થ રીતે બીજી જગોએ હાજર થવાના જામીન આપવા. આ કામ

મ જે કામ ખેંચી લેવામાં આવેલું છે તે કાંઇ હુકમથી ખેંચી લેવામાં આવ્યું નથી. પરંતુ માજીસ્ટ્રેટ તરફથી ડીપોટી માજીસ્ટ્રેટે એક ઇઆદ ઉપર સહી કરેલી તે ઇઆદ ઉપરથી ખેંચી લેવામાં આવેલું એમ જ- ણાય છે. જોઇંટ માજીસ્ટ્રેટનો ખુલાશો જીલા માજીસ્ટ્રેટની મારફતે માગેલો હતો. પરંતુ તે ખુલાસો આપવાને તેમને લખવું નહીં તેના કારણો જી- લા માજીસ્ટ્રેટે પોતાના કાગળમાં બતાવેલાં છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે જીલા માજીસ્ટ્રેટની રૂબરૂ તે કામ ચાલવા દેવું નહીં જોઇએ. અને જોઇંટ માજીસ્ટ્રેટે જે દેશી ભાશાના હુકમ ઉપર સહી કરેલી છે તે હુકમ રદ બાતલ ગણવો જોઇએ. એવી ભલામ- ણ કરવાને અમે અરજ કરીએ છીએ." .

આ રેફરંસમાં કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેસલો જસ્ટીસ મેકડોનલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારા અભીપ્રાયમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીત ના કાયદાની કલમ ૪૭ નો ઠરાવ સને ૧૮૭૪ ના આક્ટ ૧૧ ની કલમ ૬ થી દુરસ્ત કરવામા આવ્યો છે તે પ્રમાણે તે કાયદાની કલમ ૪૭૧ માં સમાસ થતું કામ ખેંચી લેવાને જીલા માજીસ્ટ્રેટને અખત્યાર છે એવો જે ઇતી રીતે ઓહોળો છે.

જો તેમ ના હોય તો જે રીતી પ્રમાણે કામ ચલાવવામાં આવેલું છે તે સખસને સમન્સ છે. તેને કોઇ રીતે હરકત થએલી છે એમ શુચ- ના કરવામાં આવી નથી. અને તેવું અમારા જોવામાં આવી શકતું નથી. માટે અમારી નજરમાં આવે છે કે આ એક દરમીઆન હુકમની બાબત માં જે રેફરંસ કરવામાં આવેલું છે તે ન્યાયના ખાતર જરૂરનું નથી.

ફોજદારી રેફરંસ

તા૦ ૬ મે સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ પ્રીનસેપ અને મી૦ જસ્ટીસ ઓકીનીલી સાહેબોની રૂબરૂ.

રામલાલની અરજીની બાબતમાં

કેશરેહીંદ વીરૂધ રામલાલ.

જીલ્લા માજીસ્ટ્રેટનો અખત્યાર—હાય કોરટને રેફરંસ—અપીલ કો- રટનો હુકમ—હકુમત—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આક્ટ ૧૦)ની કલમ ૨૯૫, ૨૯૬, અને ૨૯૭

જીલ્લા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે અપીલમાં શેશન જડ-

જે કંટોનમેંટ માજીસ્ટ્રેટનો ગુનાહની સાબેતીનો કરેલો ઠરાવ રદ કરેલો છે તે બરોબર નથી. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે તેમણે તે કામ હાય કોરટમાં રેફરંસ કરી મોકલ્યું. ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટને આવું રેફરંસ કરવાને અખત્યાર નથી.

પાનુ ૮૭૫ આ કામમાં દીનાપૂરના કંટોનમેંટ માજીસ્ટ્રેટ મી૦ હેસ્ટીંગસે એક રામલાલને એક બળદને ઝેર દીધા બાબત ગુનેહગાર ઠરાવેલો છે. અને પીનલકોડની કલમ ૪૨૯ પ્રમાણે તેને બે વરસ કેદની શીક્ષા કરેલી છે. તે કેદીએ અપીલ કરી તેથી અપીલમાં શેશન જડજે ઠરાવ્યું કે પીનલકોડની કલમ ૪૨૮ પ્રમાણે તે કેદીને ગુનેહગાર ઠરાવવો જોઇતો હતો અને શીક્ષા કરવી જોઇતી હતી. અને કલમ ૪૨૯ પ્રમાણે ગુનેહગાર ઠરાવી શીક્ષા કરવી નહીં જોઇતી હતી. તેથી તેમણે શીક્ષા કમી કરી એક વરસ કેદ ઠરાવી આ ઉપરથી મી૦ હેસ્ટીંગસે પટનાના માજીસ્ટ્રેટને લખ્યું. અને શેશન જડજે ખોટું કરેલું છે એમ ધારવાને પોતાનાં કારણો બતાવ્યાં. અને એવુ માગ્યું કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે ફરી તપાસ થવા સારૂ હાય કોરટમાં તે કામના કાગળો મોકલવા જોઇએ. માજીસ્ટ્રેટે તે પ્રમાણે કરી હાય કોરટમાં લખ્યું તેમાં કેનટોનમેંટ માજીસ્ટ્રેટના અભીપ્રાયને પુષ્ટી કરી.

રેફરસમાં કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીસ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

આ રેફરંસ એવા કારણથી કરવામાં આવ્યું છે કે જે કંટોનમેંટ માજીસ્ટ્રેટ તે કામની તપાસ કરેલી છે તેમના તથા જીલા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં શેશન જડજે અપીલ કોરટ તરીકે શીક્ષા અઘટીત રીતે કમી કરીછે.

જીલા માજીસ્ટ્રેટને ફરી તપાસની કોરટ તરીકે આ કોરટને જે કામમાં રેફરસ કરવાને અખત્યાર છે તેનું વરણન ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૫, ૨૯૬ માં કરવામાં આવેલું છે. કલમ ૨૯૫ માં ઠરાવ્યું કે જીલા માજીસ્ટ્રેટ "હરકોઇ વખતે પોતાના તાબાની હરકોઇ કોરટના કામના કાગળો શીક્ષાનો હુકમ અગર હુકમ કાયદેસર છે. અને તે તાબાની કોરટનું પ્રેસીડીંગ રીતી પુરવક છે. તેની ખાતરી કરવા સારૂ મંગાવી શકે છે." અને કલમ ૨૯૬ માં એવું વધારે ઠરાવામાં આવ્યું છે કે જો જીલા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં ફેંસલો અગર હુકમ કાયદા વીરૂધ છે અગર શીક્ષા ઘણી સખત છે. અગર જોઇએ તેટલી નથી. એવું આવે તો હાય કોરટનો હુકમ થવા સારૂ તે પ્રોસીડીંગનો તે રીપોટ કરી શકેછે પરંતુ કલમ ૨૯૫ થી કલમ ૨૯૬ ઉપર દાબ છે અને એવો ઇરાદો જણાતો નથી કે અપીલ કોરટ જે હુકમ કરે તે હુકમને યોગ્યતા બાબત તા૦

બાની કોરટને સવાલ કરવાનો અખત્યાર મળવો જોઇએ અને ફરી તપાસ સારૂ અપીલ કોરટનો હુકમ હાય કોરટમાં તે તાબાની કોરટે મોકલવો જોઇએ. એવા કારણથી કે તેમની નજરમાં એમ આવતું હોય કે અશલ સીક્ષાનો હુકમ બરોબર હતો. અને તે શીક્ષા કમી કરવી જોઇતી નહી હતી. જો આ પ્રમાણે બની શકે તો આવી જાતના દરેક હુકમ ફરી તપાશમાં હાય કોરટની રૂબરૂ ઘણું કરીને આવે. અને અપીલ કોરટનો હુકમ કાયદાના હેતુ પ્રમાણે આખરીનો થાય નહીં. માટે અમે તેમાં હાથ ઘાલવાને ના પાડીએ છીએ.

—·—

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૫ મે સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ પ્રીનશેપ અને મી૦ જષ્ટીશ ઓકીનીલી સાહેબે.

ની રૂબરૂ.

ઇશરચંદ્રનાથની અરજીની બાબતમાં,

ઇશરચંદ્રનાથ વીરૂધ કાળી ચરણનાથ વીગરે.

જીલ્લા માજીસ્તરેટનો અખ્તીયાર—કામ ખેંચી લેવું—ફો, કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૫૨૧

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૨૧ પ્રમાણેના પ્રોશીડીંગમાં જયાં માજીસ્તરેટને એવી ખાતરી થાય કે તે કલમ પ્રમાણે આગળ કામ ચલાવવાની જરૂર નથી. તો તેઉ બંધ પાડવાને મુખત્યાર છે.

શીનાઇ પરમાણીકના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૮૮૩ આ કામમાં રેફરંશના શબ્દો નીચે પ્રમાણે છે:

માજીસ્તરેટની રૂબરૂ એવી ફરીઆદ આપવામાં આવી છે કે માણસો તથા ઢોરો એક ધોરી રસ્તો વાપરતા હતા તે એક કાળી ચરણનાથ વીગરેએ બંધ કરેલો છે. પોલીશ તરફથી રીપોટ લીધા પછી માજીસ્તરેટે તે તોહોમતવાળાઓ ઉપર એવો હુકમ કરયો કે તે રસ્તો ખોલવો. અગર ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૨૧ પ્રમાણે વીરૂધ કારણ બતાવવું. કાળીચરણ હાજર થઇ તા૦ ૨૪ મી મારચના રોજ કારણ બતાવ્યું. અને જેઓના ઉપર નોટીશ કાહાડવામાં આવી હતી તે માંના એક રામાનંદ અધીકારી ત્યાર પછી ત્રણ દીવશે હાજર થયો. અને કલમ ૫૨૩ પ્રમાણે જુરી નીમવાનો દાવો રાખ્યો. આ બે સખસોનું હીત સામ સામી જણાએલું છે. તેઓએ એક બીજા વીરૂધ કહેલું છે. અને દરેક અરસપરસ તે રસ્તાને હરકત કરયાનો આરોપ રાખે છે,

તા૦ ૩૧ મી મારચના રોજ માજીસ્તરેટે એક જુરી નીમી. પરંતુ બીજે દીવસે કાળીચરણે અરજી કરી. તે ઉપરથી તેમણે તે હુકમ રદ કરયો કારણ કે કલમ ૫૨૧ નો ઠરાવ લાગુ કરવાનું આ કામ નથી. અને બે પ્રતીવાદીઓનુ હીત એક બીજા વીરૂધ છે. એવું તેમની નજરમાં આવ્યું તેથી તેમણે ફરીઆદીને દીવાની કોરટમાં જવાનો હુકમ કરયો. કાળી ચરણે એવી હરકત લીધી કે તે બાબતનો ફેંસલો મારા લાભમાં મુનસફ કોરટના હુકમનામાથી થઇ ગએલો છે. અને તે ઉપરથી જણાય છે કે તે રસ્તો જાહેરાંત નથી. તે હુકમનામું સને ૧૮૭૭ ના આકટ ૧ લાની કલમ ૯ પ્રમાણેનું છે. અમારી નજરમાં આવે છે કે જુરી બાબત જે હુકમ કરવામાં આવેલો છે. તે કાયમ રહેવો જોઇતો હતો. કારણ કે કાળી ચરણનુ પોતાના હુકમનામાથી કેટલું રક્ષણ થાય છે તે જુરરો નકી કરત. જે પ્રમાણે હકીકત છે તે પ્રમાણે જો રહેવા દેવામાં આવે તો ફરીઆદીનો કાંઇ ઇલાજ રહે નહી. કારણ કે જાહેરાંત રસ્તાને હરકત કરયા બાબત દીવાની રાહે દાવો ચાલે નહી. વળી સામા પક્ષકારે વીરૂધ કહેલી હકીકતથી ફરીઆદીની સ્થીતીને હરકત થઇ શકે છે. એમ અમારી નજરમાં આવે છે. જો જુરી તેના લાભમાં ઠરાવ કરે તો તે બેમાંની એકને અગર બેઉને જો જરૂર પડે તો તે હરકત દુર કરવાને ફરજ પાડી શકે છે. શદરહુ કારણોથી અમારી નજરમાં આવે છે કે જુરીનો હુકમ જે હુકમથી રદ કરવામાં આવ્યો છે તે હુકમ રદ કરવો જોઇએ. અને જુરીને વીચાર કરવાને ફરમાવવુ જોઇએ."

તે રેફરંસમાં કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારી નજરમાં હાથ ઘાલવાનુ કાંઇ કારણ આવતું નથી. બીજી ડીવીઝન કોરટ સોનાઇ પરમાણીકના કામમાં જે એવો ફેંસલો કરેલો છે કે કલમ ૫૨૧ પ્રમાણે કામ કરવાને કાંઇ કારણ નથી. એવી માજીસ્તરેટની ખાતરી થએલી છે. (હાલ જેમ અમારી રૂબરૂના કામમાં થએલું છે તે પ્રમાણે) માટે તે કામ બંધ પાડવાને તે મુખ્તીયાર હતા તે સાથે અમે મળતા છીએ.

ફોજદારી રેફરંસ

તા૦ ૩૦ મે સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ ઓફીનીલી સાહેબોની રૂબરૂ.

ડાકાની મ્યુનસીપલ કમીટી વીરૂધ હીરુરાજની બાબત.

ફરી તપાસ તરીકે હાય કોરટનો અખત્યાર—નીરદોશનો હુકમ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૨૯૬

નીરદોશ કરવાના હુકમમાં ફરી તપાસની કોરટ તરીકે હાય કોરટ હાથ ઘાલતા નથી.

પાનું ૮૯૫ આ કામમાં એવું માલમ પડેલું છે કે તોહોમતવાળા હીંગુરાજે ડાકાના મ્યુનશીપલ અધીકારીઓને એક સળંગ ખોદવાની પરવાનગી મળવાને અરજી કરેલી હતી અને તે અરજી નામંજુર કરેલી હતી. તેમ છતાં તે હીંગુરાજ તે સળંગ ખોદતો ગયો. આ ઉપરથી ડાકાના ઓનરરી માજીસ્ટ્રેટોના બેંચની રૂબરૂ તેના ઉપર આરોપ રાખવામાં આવ્યો. પરંતુ તેને નીરદોશ ઠરાવવામાં આવ્યો. કારણ કે તે સળંગ ખોદવાને પરવાનગી શાવાસ્તે ન આપવામાં આવી તેનું કારણ તે માજીસ્તરેટોને માલમ પડયું નહી. તેથી ડાકાના માજીસ્તરેટે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાય કોરટમાં પુછયું.

તે રેફરંસ વખતે કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આ યો.—

આ કોરટનો એવો નીયમ છે કે નીરદોશના ઠરાવમાં ફરી તપાસની કોરટ તરીકે તે હાથ ઘાલી શકતા નથી.

માટે તે કાગળો પાછા જવા દેવા.

ફોજદારી અપીલ

મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીસ મેકફરસન સાહેબોની રૂબરૂ.

પ્રાણકીશ્ન સરમાની અરજીની બાબતમાં

કેશરેહીંદ વીરૂધ પ્રાણકીસ્ન શરમા.

મનુષ્ય નયન—મદદ—પીનલકોડ—(સને ૧૮૬૦ નો આકટ ૪૫)ની કલમ ૧૦૫, ૩૬૩—છોકરાં કબજે લેવાનો હક.

બાપના વીરૂધ મા પોતાના અઉરસ છોકરાનો કબજો મેળવવાનો હક રાખી શકતી નથી. સાધારણ રીતે જે માનો કબજો હોય છે તે બાપનો કબજો છે. માટે એક જગાએથી બીજી જગોએ છોકરાંઓને મા ખશેડે તો બાપનો વાલીપણાનો જે હક છે તે હકને તે અનુશરતું છે. એમ માનવું જોઇએ. અને બાપના કબજામાંથી લેઇ લેવામાં આવ્યાં છે એમ નથી. પરંતુ જયાં એકાદી હીંદુ સ્ત્રી પોતાના ધણીનુ ઘર છોડી

પોતાની બાળક દીકરીને લેઇને બ ને ઘેર ગઇ અને તેજ દીવસે બાપ-ની કબુલત સીવાય તે દીકરીને બ ના ભાઇ ક સાથે પરણાવી તેમાં ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૦૯ અને ૩૬૩ પ્રમાણે મનુષ્ય નયનના ગુનહામાં મદદ કરયા બાબત બ ને ગુનેહગાર ઠરાવેલો છે તે બરોબર છે.

પાનુ ૯૬૯ અરજદાર તરફથી બાબુ દુરગામોહનદાશ.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસર (મી૦ કીલબી.)

કોરટનો ફેંસલો જષ્ટીશ વીલસન સાહેબે નીચે પ્રમાણે આપ્યો છે. તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છે.

જસ્ટીસ વીલસન સાહેબઃ—આ કામમાં પીનલકોડની કલમ ૧૦૯ અને ૩૬૩ પ્રમાણે મનુષ્ય નયનના ગુનાહમાં મદદ કરયા બાબત ગુનાહની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો છે. અપીલમાં બે શવાલો વીશે તકરાર કરવામાં આવી છે. પેહેલી એ કે અશલ ગુનહો બનેલો છે કે નહીં. અને બીજી એકે મદદ બાબત જોઇતો પુરાવ છે કે નહીં બીજો સવાલ અમે એકદમ એમ કહીને કાહાડી નાંખી શકીએ છીએ કે જો અશલ ગુનહો બનેલો હોય તો મદતનો પુષ્કળ પુરાવ છે. ખરો શવાલ મનુષ્યનયન વીશે નો છે. જે હકીકત સાબેત થએલી છે તે નીચે પ્રમાણે છેઃ—

ઉમાચરણ પાટકની ઓરત પરમેશ્વરી રાતની વખતે પોતાના ધણીનું ઘર છોડી પોતાની ૭ અગર શાત વરસની દીકરી તથા તેથી નાહાનો એક છોકરો લેઇને ગઇ તે પોતાના પીતરાઇ ભાઇને ઘેર ગઇ કે જે તોહોમતવાળો અને તેનો નાનો ભાઇ ગુરૂદાશ જે ઘરથારની જમીનમાં ર-હેતા હતા તે ઘરથારની જમીનમાંના એક મકાનમાં રહેતો હતો. તેજ રાતરે પરમેશ્વરીએ પોતાની દીકરીનું લગ્ન ગુરૂદાસ સાથે કરયું. પ્રથમથી તે પરમેસ્વરીની અને તોહોમતવાળાની વચમાં ગોઠવણ થએલી હતી. તે પ્રમાણે તેણીએ પોતાના ધણીનુ ઘર છોડયું. અને પોતાની દીકરીને ગુરૂ દાશ સાથે પરણાવી અને તે લગ્ન તે છોકરીના બાપની મંજુરી અ-ગર માહેતી વીના કરયું. એવું સાબેત થએલું છે કે પરમેસ્વરીના ધણીએ તેણીના ઉપર કેટલુંક ઘાતકીપણું કરેલું હતું પરંતુ નીચેની કોરટના અભીપ્રાયમાં એવું આવેલું નથી કે તે ઘાતકીપણું એવું હતું કે જેથી વ્યાજબી રાહે તે પોતાના ધણીનુ ઘર છોડી શકે અને જો તે હકીકત સાબેત થએલી હોય તોપણુ તેથી હાલના આરોપને હરકત થઇ શકે છે. તેમ અમારી નજરમાં પણ તેવુ આવેલું નથી કારણ કે અમારી નજર-માં એવુ આવે છે કે તે થઇ શકતું નહી હતું.

હીંદુશાસ્ત્ર પ્રમાણે બાપ પોતાના છોકરાનો વાલી છે અને તેનો સા-

ધારણ રીતે તેઓને કબજે રાખવાનો હક છે. એ વીસે કાંઇ તકરાર નથી. પરંતુ એવી સુચના કરવામાં આવી છે કે ઘણી નાની ઉમરનું છોકરૂં બાપને પોતાના કબજામાં રાખવાનો હક છે તેવોજ માનો હક છે. અને તેથી પણ વધારે છે એમ બની શકે. માટે મા તે છોકરીને લઇ જાય તેથી પીનલકોડની કલમ ૩૬૧ ના અરથ પ્રમાણે તેના કાયદેસર વાલીના કબજામાંથી લેઇ જવામાં આવી છે એમ નથી. આ બાબતની પુસ્ટીમાં લગ્ન અને સ્ત્રી ધનના નીયમ વીસે દાકતર ગુરૂદાસ બાનરજીના ગ્રંથને પાને ૧૭૨ મે એક વાકય છે. તે બતાવવામાં આવેલું છે પરંતુ બાપના વીરૂધ મા પોતાના અઉરસ છોકરાનો કબજો મેળવવાનો હક રાખી શકે છે. એવું કહેવાને કાંઇ પણ આધાર અમને મળી શકે છે અને આવી બાબતોમાં હીંદુશાસ્ત્રના જે નીયમો પ્રમાણે ચાલવાનું છે તે નીયમોને આ વીચાર અનુસરતો નથી એમ જણાય છે. ગમે તેવી સાધારણ રીતની હકીકત હોય તોપણ માનો કબજો તે બાપનો કબજો છે. અને મા એક જગોએથી બીજી જગોએ છોકરાંઓને લઇ જાય તો બાપનો વાલી તરીકેનો હક છે. તેને તે અનુંસરતો છે એમ માનવું જોઇએ. અને તેના કબજામાંથી તે લઇ ગએલી છે એમ માનવાનું નથી. પરંતુ આ કામ ઘણું ખાસ છે. મા એ પોતાની દીકરીને બાપના ઘરમાંથી બાપની કબુલત શીવાય તેણીને પરણાવવાના સ્પષ્ટ કારણથી તે લેઇ ગએલી છે. અને તેથી તે દીકરીનું વાલીપણું તે બાપનું હતું તથા કબજો હતો. તેમાંથી તે બાતલ થએલો છે. આ ઉપરથી અમારી નજરમાં આવે છે કે કાયદેસરવાલીના કબજામાંથી તેણીને લેઇ લેવામાં આવી છે સબબ ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબરછે

ગુનાહની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવામાં આવ્યો.

અશલ ફોજદારી મુકરદમો.

તા૦ ૯ જુલાઇ સને ૧૮૮૨

સર. રીચર્ડ ગાર્થ નાઇટ ચીફ જસ્ટીસ મી૦ જસ્ટીશ કનીંગહામ અને મી૦ જસ્ટીસ મેકલીન સાહેબોની રૂબરૂ.

કેશરેહીદ વીરૂધ પેમેંટલ.

અનઉરસ છોકરાનું વાલીપણું—મનુષ્ય નયન—કાયદેસરવાલી—પીનલકોડ (સને ૧૮૬૦ ના આ ૪૫) ની કલમ ૩૬૧, ૩૬૬

અનઉરસ છોકરૂં ઉછરતું હોય તે મુદતની અંદર તેની યોગ્ય અને સ્વભાવીક વાલી તેની મા છે. માટે મા પોતાના મોતના બીછાનામાં પોતાનું છોકરૂં એવા સખસને સોંપે કે જે સખસ તે છોકરો ટ્રસ્ટમાં કબુલ

કરે અને તે છોકરાનો નીરવાહ કરે તો તે સખસને પીનલકોડની કલમ ૩૬૧ મીના હેતુ પ્રમાણે તે સગીરની શંભાળ અને કબજો "કાયદેસર રીતે સોંપવામાં આવેલો થાય છે."

કલમ ૩૬૧ મીમાં "કાયદેસર વાલી" એવા શબ્દો છે તેનો ખુલાશાથી અપહરણના કામોમાં જે સખશની સંભાળમાંથી સગીરનુ અપહરણ કરવામાં આવેલું હોય તે વાલી શબ્દનો જે કાયદેસર અરથ કબુલ કરવામાં આવે છે તે પ્રમાણે તે વાલી હતો એવુ સખતાઇથી સાબેત કરવાને જે ફરીયાદ તરફથી બંધન છે તેમાં જે મુશકેલી છે તે મુશકેલી દુર કરવાનો ઇરાદો રાખવામાં આવેલો છે.

પાનુ ૫૭૧   કેદીના ઉપર આરોપ રાખી તેની તપાસ કરવામાં આવી છે, અને પીનલકોડની કલમ ૩૬૬ પ્રમાણે એક ઇવાફ્લ્યુરીએ વ્યભીચાર કરવાના ઈરાદાથી ફોસલાવી લેઇ ગયો એવો તેને ગુનેહગાર ઠરાવ્યો છે.

શેશન કોરટમાં તપાસમાં જે પુરાવ આપવામાં આવેલો છે તે ઉપરથી એવું જણાય છે કે ઇવાફ્લ્યુરી એક મીશીશ ફ્લ્યુરીની અનઉરસ છોકરી છે અને તેણે મોતના બીછાનામાં તે છોકરી ત્રણ વરશની ઉમરની હતી અને એક મીશીશ લોરેન્ઝટીનના કબજામાં સોંપી હતી ત્યારથી તે જે ગુનહો કહેવામાં આવ્યો છે. ત્યાંહાં સુધી ઇવાફ્લ્યુરી મીશીશ લોરંઝટીનના મકાનમાં અને તેના સંભાળ તથા રક્ષણ નીચે રહેલી છે.

જે વખતે ગુનહો કરવામાં આવ્યો તે વખતે સગીર ઇવાફ્લ્યુરી સોલ વરસ અંદરની ઉમરની હતી. અને તે તપાસતાં કારણુસર પીનલકોડની કલમ ૩૬૧ના અરથ પ્રમાણે મીશીસ લોરંઝટીન તે છોકરીની કાયદેસર વાલી થવાને દાવો રાખતી હતી.

તે તપાસમાં તે કેદીને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો અને તેને ત્રણ વરસની કેદની સીક્ષા કરવામાં આવી. પરંતુ કાંઉશીલની અરજ ઉપરથી જે વીદવાન જડજ (જષ્ટીશ કનીંગહામ) ની રૂબરૂ તે તપાસ ચાલી હતી તેમણે પીનલકોડની કલમ ૩૬૧ ના અર્થ પ્રમાણે મીસીસ લોરીઝટીનને તે છોકરીની કાયદેસર વાલી કહી શકાય કે નહી એ સવાલ અદબદ રાખેલો હતો.

તે અદબદ રાખેલી હકીકત કોરટની રૂબરૂ આવતાં કેદી તરફથી મી૦ રોએ તકરાર કરી કે મીશીશ લોરેઝટન તે ઇવાની કાયદેસર વાલી છે અને અનઉરસ છોકરાના માબાપનો કાયદેશર વાલીપણાનો હક ના હોય તોપણ તે પોતે મીશીશ ફ્લ્યુરીન તે સગીરની વાલી નહી હતી માટે તેણીનો તે વાલીપણાનો હક મીશીશ લોરીસ્ટનને સોંપવાનો હક નહી

હતો. ઇંગરેજી લો પ્રમાણે સાત વરસ ઉપરતુ છોકરૂં પોતાનો વાલી પસંદ કરી શકે છે. કલમ ૩૬૧ નો ઇરાદો માબાપનો હક સાચવવાનો છે. અને આ છોકરી અનઉરસ છે. માટે કાયદાના હેતુ પ્રમાણે તે કોઇની છોકરી નથી.

સરકાર તરફથી ઓરીસીએટીંગ સ્ટાંડીંગ કાંશલ મી૦ બેનરજી અને મી૦ જે. જી. અપકારને . પુછવામાં આવ્યું નથી. પરંતુ તેઉએ માહારાણી વીરૂધ કોનફાર્થ અને એક તરફી ગ્લોવરનો ઠરાવ બતાવેલા છે.

કોરટનો ફેંસલો ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કેદીની તપાસ કરી ગયા મારચ માસની તા૦ ૨૦ મીના રોજ પીનલકોડની કલમ ૩૬૬ પ્રમાણે એક ઇવાફ્લ્યુરીને વ્યભીચાર કરવાને સારૂ તે ફોસલાવી શકાય માટે તેણીનું નયન કરી ગએલો છે એવો તેને ગુનેહગાર ઠરાવેલો છે. લાંબી મુદત ઉપર મીશીશ ફ્લ્યુરી મરી ગએલી છે તેની „અનઉરસ છોકરી ઇવાફ્લ્યુરી છે અને જે વખતે આ ગુનહો કરવામાં આવ્યો તે વખતે તે છોકરી મીશીશ લોરીસ્ટંનની સંભાળ અને કબજાની છે. તેણીના ઘરમાં રહેતી હતી. અને પીનલકોડની કલમ ૩૬૧ ના અર્થ પ્રમાણે તે મીશીશ લોરીસ્ટંન કાયદેસર વાલી થવાને દાવો રાખે છે. જે વખતે ગુનહો કરયો તે વખતે તે ઇવાફ્લ્યુરી સોલ વરશની અંદરની ઉમરની સગીર હતી. અને મીશીશ લોરીસ્ટંન જે વાલી થવાનો દાવો રાખે છે તેનો આધાર એવી હકીકત ઉપર છે કે મીશીશ ફ્લ્યુરી પોતાના મોતના બીછાનામાં હતી તે વખતે તેણીએ ઇવા તથા એક બીજા છોકરાને તેણીના કબજામાં સોંપેલો હતો. આ હકીકત બાર વરસ ઉપર બનેલી હતી. મીસીશ લોરીસ્ટંને [તે] ટ્રષ્ટ કબુલ કરી ત્યારથી તે છોકરી તેના કબજામાં હતી અને તે પોતાના ખરચથી તેનો નીરવાહ ચલાવતી હતી.

કેદી તરફથી કાંઉશીલે તપાસમાં એવી તકરાર ઉતપન કરેલી છે કે જે વખતે કહેવાએલો ગુનહો બન્યો તે વખતે પીનલકોડની કલમ ૩૬૧ પ્રમાણે ઇવાફ્લ્યુરીની કાયદેસર વાલી મીશીશ લોરીસ્ટંન નહી હતી જે વીદવાન જડજે તે કામની તપાસ કરેલી તેમણે આ બાબત અદબદ રાખી અને કેદીને કલમ ૩૬૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવી તેને સીક્ષા કરેલી છે. માટે આ. કોરટને હાલ નીરણય કરવાનો એ છે કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ ચાલી શકેછે કે નહીં.

તે કેદીની તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે ઈવાફ્લ્યુરીની કાયદેસરવાલી મીશીશ લોરીસ્ટન નથી. અને જે વખતે મીશીશ ફ્૦

લ્યુરી મરણ પામી તે વખતે તે છોકરીની તે કાયદેસર વાલી નહી હતી. માટે તેણીનો મીશીશ. લોરીસ્ટનને અગર બીજા કોઈ સખસને તે છોકરીનો કાયદેસર વાલી નીમવાને હક નહી હતો. અને છેવટે કલમ ૩૬૧ નો ઇરાદો સગીર કરતાં વાલીઓના હકનો રક્ષણ કરવાનો છે. માટે જો જે વાલી કહેવામાં આવેલો છે. તેણીને કાયદા પ્રમાણે વાલી તરીકે કબુલ કરી શકાય નહી તો તેણીનો તે કલમના અરથમાં સમાશ યતો નથી.

તોપણ અમારી નજરમાં આવે છે કે કાયદાની તે કલમનો તથા તેવીજ બીજી કલમોનો હેતુ માબાપ અને વાલીઓના હક સાચવવાનો છે તેવીજ રીતે નાની ઉમરના છોકરાનુ અઘટીત કારણસર અપહરણ કરવામાં આવે નહીં અગર તેમને ફોસલાવવામાં આવે નહીં એ પ્રમાણે તે છોકરાંઓનુ ઓછામાં ઓછુ રક્ષણ કરવાનો છે. અને વળી અમારી નજરમાં આવે છે કે કલમ ૩૬૧ મીમાં કાયદેસર વાલી એવા શબ્દો છે તેના ખુલાસાથી અપહરણના કામોમાં જે સખશની સંભાળમાંથી સગીરનું અપહરણ કરવામાં આવેલું હોય તે વાલી શબ્દનો જે કાયદેસર હક કબુલ કરવામાં આવે છે તે પ્રમાણે તે વાલી હતો. એવું સખતાઇથી સાબેત કરવાને જે ફરીઆદ તરફથી બંધન છે તે મુશકેલી દુર કરવાનો ઇરાદો રાખવામાં આવેલો છે.

સગીરને ઉછેરવાની મુદતની દરમીઆનમાં અનઉરસ છોકરાંની મા તેની યોગ્ય અને સ્વભાવીક વાલી છે અને તે મુદતની દરમીયાનમાં મા મરણ પામે અને જેમ આ કામમાં બનેલું છે તે પ્રમાણે કોઇક પ્રમાણીક મીત્ર ટ્રસ્ટ કબુલ કરે તેને તે છોકરૂં તે મા સોંપે અને તે કબુલ કરનાર પોતાના ઘરમાં પોતાના ખરચથી તે સગીરનો નીરવાહ કરે તો અમારી નજરમાં આવે છે કે કલમ ૩૬૧ ના હેતુ પ્રમાણે તે સખસને તે સગીરની સંભાળ અને કબજો કાયદેસર રીતે સોંપેલો છે એ ખુલું છે.

આ કામમાં જેવી હવાલ્લ્યુરી છે. તે પ્રમાણે માબાપ વગરના અનઉરસ છોકરાંઓનેજ કાયદાના રક્ષણની જરૂર પડે છે એમ વારંવાર બને છે અને મીશીશ લોરીસ્ટન તે છોકરીની એકલી રક્ષણ કરનાર છે. એમ જણાય છે. તો તેવા સખશોને સદરહુ ખુલાશાના હેતુ પ્રમાણે કાયદેસર વાલી ગણવામાં જો ના આવે તો ઘણા કામોમાં કે જેમાં વીસેશ કરીને હાથ ઘાલવાની જરૂર છે તેમાં કાયદો ખરી રીતે બીન ઉપીયોગી થાય.

વાલ્યુમ ૯ મું

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૫ મે સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ પ્રીનસેપ અને મી૦ જસ્ટીસ ઓફીનીલી

શાહેબોની રૂબરૂ.

ડાકાની મ્યુનશીપાલીટીની અરજીની બાબતમાં.

ડાકાની મ્યુનશીપાલ કમીટી વીરૂધ સોમીર.

માજીસ્ત્રેટોના બે પનો અખત્યાર—બંગાળાના સને ૧૮૭૬ ના આક્ટ ૫ ની કલમ ૧૮૦, ૨૧૫, ૨૧૬—હરકત દુર કરવી છોડી દેવુ.

જે હરકત લેવામાં આવેલી છે તે દુર કરવી એ વીસે શને ૧૮૭૬ ના બંગાળાના આક્ટ ૫ ની કલમ ૨૧૫ પ્રમાણે આ ઉપર એક નોટીસ કાહાડવામાં આવી હતી. તે નોટીશ પ્રમાણે ચાલવામાં નહીં આવવાથી આ ઉપર ઓનરેરી માજીસ્ત્રેટોના બેંચની રૂબરૂ કલમ ૨૧૬ પ્રમાણે ફરીઆદ માંડવામાં આવી.

ઠરાવવામાં આવ્યું કે જે હરકત કહેવામાં આવેલી છે તે હરકત ખરી રીતે છે કે કીંવા નહીં તેની તપાસ કરવાને કોરટને અખત્યાર હતો,

પાનું ૩૮ ડાકાના માજીસ્તરેટે સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ૨૯૬ પ્રમાણે આ રેફરંસ કરવામાં આવેલું છે. તારીખ ૨૮ ફેબ્રવારી સને ૧૮૮૨ ના રોજ બંગાળાના સને ૧૮૭૬ ના આક્ટ ૫ ની કલમ ૨૧૫ પ્રમાણે ડાકાના મ્યુનશીપલ કમીશનરો તથા સેક્રટરીએ તોહોમતવાળા સોમીર તામકાળાના ઉપર એવી નોટીસ કાહાડેલી હતી. કે જે હરકત લેવામાં આવેલી છે તે દુર કરવી. તોહોમતવાળો તે હુકમ પ્રમાણે ચાલ્યો નહીં તેમ તે આક્ટની કલમ ૧૮૦ પ્રમાણે હરકત પણ લીધી નહીં. માટે તે આક્ટની કલમ ૨૧૬ પ્રમાણે તેના ઉપર ફરીઆદ માંડવામાં આવી હતી.

આનરેરી માજીસ્ત્રેટોના બેંચે તોહોમતવાળાને છોડી દીધો કારણ કે તેઓમાંના એક તે જગોએ ગયા હતા. અને તેમના અભીપ્રાયમાં કાંઇ દબાણું થએલું માલમ પડયું નથી. માજીસ્તરેટે આ કામમાં હાય કોરટમાં રેફરંસ કરેલું છે. કારણ કે તેમના અભીપ્રાયમાં એવું આવેલું છે કે બંગાળાના સને ૧૮૭૬ ના આક્ટ ૫ ની કલમ ૨૧૬ પ્રમાણે જે કોરટ તપાસ કરતા હોય તે કોરટને કાંઇ દબાણુ એવી રીતનું થએલું છે કે જેથી વ્યાજબી રાહે નોટીસ કાહાડી શકાય કે શી રીતે તેની તજવીજ કરવાને અખત્યાર નથી. તે ઇસ્યુ સદરહુ આક્ટની કલમ ૧૮૦ માં ઠરાવેલા ની

યમ પ્રમાણે જે તપાસ થાય છે. તે તપાસમાંનો છે. તે કલમથી જે સખ સ ઉપર નોટીસ બજાવવામાં આવી હોય તેને હરકત લેવાની પરવાનગી આપવામાં આવી છે. પણ હું અરજ કરૂછું કે તેણે તેવી હરકત લીધી નથી. માટે તે નોટીસનો હુકમ કાયમ રહેલોછે તેથી તે પ્રમાણે ચાલવુંજ જોઇએ. સબબ તે પ્રમાણે નહી ચાલવાના કારણથી તે સખસ ઉપર જયારે ફરીઆદ ચલાવવામાં આવે ત્યારે કાંઇ દબાણ થએલું છે કે નહી એ સવાલ ખોળવો એ ઘણું મોડું છે.

રેફરંસ વખતે કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ ગ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે સને ૧૮૭૬ ના બંગાળાના આકટ ૫ ની કલમ ૨૧૬ પ્રમાણે ફરીઆદ ચલાવવામાં આવી હોય તે ફરીઆદમાં જે હુકમનો અમલ કરવામાં આવેલો ના હોય તો તે હુકમ યોગ્ય રીતે કાહાડેલો છે કે નહીં એટલે આ કામમાં મ્યુનસીપલ અંમલદારીના હુકમ ઉપરથી જે હરકત દુર કરવાને તે.હોમતવાળો બંધાએલો હતો તે હરકતવાળુ દબાણ રસ્તા ઉપર થએલું છે કે નહીં. તેનો નીરણય કરવાને માજીસ્તરેટોના બેંચને હકુમત હતી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણેના આવાજ કામમાં પીનલકોડની કલમ ૧૮૮ પ્રમાણે અમુક અપકૃત્ય ખસેડવાને માજીસ્તરેટે હુકમ કરેલો તે હુકમનો અમલ કરવાને કસુર કરવાના કારણથી ફરીઆદ માંડવામાં આવેલી તેથી તેમાં ઠરાવવામાં આવ્યું છે કે જો કે જે હુકમ યોગ્ય રીતે કરવામાં આવ્યો હોય તો તે વીશે કોઇ કોરટમાં સવાલ ઉઠાવી શકાતો નથી. તોપણ જ્યારે તે હુકમનું અપમાન કરયા બાબત તોહોમતવાળા ઉપર ફરીઆદ ચલાવવામાં આવે ત્યારે તે એવો દાવો રાખી શકે છે કે તે હુકમથી હું બંધાએલો નથી કારણ કે તે માજીસ્તરેટના અખત્યાર અને હકુમત ઉપરાંત કરેલો છે માટે તેથી હું છુટો છું.

ફોજદારી રેફરંસ

તા૦ ૧૩ જુલાઇ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકલીન અને મી૦ જસ્ટીસ નોરીસ

સાહેબોની રૂબરૂ.

ધુનમકાજી વીગરેની અરજીની બાબતમાં

કેશરેહીંદ વીરૂધ ધુનમકાજી વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ

૧૦)ની કલમ ૨૬૩—કોરટનો કુલ અખત્યાર—જુરીનો ઠરાવ—જુઠો દ-શતાવેજ તથા મદદ—જુરીએ નીરદોશ ઠરાવ્યો—જડજે જુદા પડવું—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦)ની કલમ ૨૬૩ પ્રમાણે જે નીયમો પ્રમાણે કોરટનો કુલ અખત્યાર ચલાવવો તે—કપટ અને બદદાનતથી બતાવવો—ઇરાદો—કપટનું અનુમાન.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૬૩ પ્રમાણે હાય કોરટને ભારે કુલ અખત્યાર જો કે છે તોપણ ઇંગલાંડની કોરટના જે નીયમો છે કે જ્યાં સુધી જુરીનો ઠરાવ ઉલટો નથી અને અગત્ય રીતે ખોટો નથી. અગર જડજની ભુલથી તે લલચાએલા ના હોય ત્યાં સુધી કોરટ જુરીનો ઠરાવ રદ કરતા નથી. તે નીયમ પ્રમાણે કોરટ ઘણુંકરીને ચાલે છે. અને જ્યારે કોરટને એવી અરજ કરવામાં આવે કે તે ઠરાવ પુરાવા વજન વીરૂધ છે. માટે તે રદ કરવો જોઇએ. ત્યારે એવો સવાલ નથી કે જે વીદ્વાન જડજે કામની તપાસ કરેલી તેઉ જુરીના ઠરાવથી સંતોશ થએલા હતા કે નહીં થએલા હતા. અગર જુરીએ જે નીશ્ચય કરેલો છે તે નીશ્ચય તેઉ કરત કે નહીં. પરંતુ એવો સવાલ છે કે તે ઠરાવ વ્યાજબી દીલના માણસોએ જેવો કરવો જોઇતો હતો તેવો કરેલો છે કે નહીં

એક સખસે પોતાના ઉપર અમુક મીલકતનો કબજો લેવાના દાવામાં પોતાના હકની પુસ્ટી કરવાને સારૂ જુઠો બનાવેલો એક દસ્તાવેજ વાપર્યો. પછી તે વાપરવાની જરૂર ના હોય તોપણ તે વાપરવું સ્પસ્ટ રીતે કપટ ભરેલું છે.

ખોટી રીતે એક સખસને ફાયદો કરવો અગર બીજાને ખોટી રીતે નુકશાન કરવું એવો ઇરાદો રાખ્યા શીવાય પણ ઠગવાનો સામાન્ય રીતનો ઇરાદો જો સાબેત થાય તો તે ગુનાહની સાબેતીના ઠરાવને પુસ્ટી કરવાને બસ છે. જો જુરીને એવી ખાતરી થાય કે તોહોમતવાળાને જુઠો દસ્તાવેજ સાચા તરીકે બતાવેલો છે એટલે તે જુઠો બનાવેલો એમ જાણે છે અને તેમ છતા તે સાચો મનાવે છે. તો આવા ઇરાદાનુ જરૂરીયાત અનુમાન કરવાને જુરીને ફરમાવવું જોઇએ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે જુરીનો ખરી રીતે ઠરાવ શો છે તે નકી કરવા સારૂ જે શવાલ કરવાની જરૂર પડે તે શવાલ જુરીને કરવાને કોરટને અખત્યાર છે, પરંતુ જે કામમાં તે ઠરાવ વખતે ભુલ ભરેલો હોય પરંતુ અંદેશા ભરેલો નાહોય તો કાંઇ શવાલ પુછ્યા વીના તે લખી લેવો એ જડજની ફરજ છે.

પાનું ૫૩   તા૦ ૧ લી ફેવરવારી સને ૧૮૭૯ ના રોજ અગર તે અરસામાં એક ધનમ કાજી ઉપર પીનલકોડની કલમ ૪૭૧

પ્રમાણે એવો આરોપ રાખવામાં આવ્યો કે અમુક હીબા જુઠો બનાવેલો દસ્તાવેજ છે. એમ તે જાણતો હતો અગર એમ જાણવાને તેને કારણ હતું તેમ છતાં મુનશફની કોરટમાં કપટ ભરેલી રીતે અને બદદાનતથી ઉપયોગ કરયો અને એક ખોરશેદ કાજી ઉપર પીનલકોડની ક. ૪૭૧–૧૦૯પ્રમાણે તે જુઠો દસ્તાવેજ કપટ ભરેલી રીતે બદદયાનતથી વાપરવામાં મદદ કરી. તે દસ્તાવેજ તોહોમતવાળાઓના બાપે તોહોમતવાળાના લાભમાં લખી આપેલો અને તા૦ ૧૪ એપ્રીલ સને ૧૮૫૪ ના રોજ તે રજીસ્ટર થએલો એવી મતલબનો છે.

પુરાવ ઉપરથી ખુલ્લું જણાએલું છે કે રજીસ્ટરનું સરટીફીકેટ જુઠું બનાવેલું છે. માટે તોહોમતવાળાએ એવી તકરાર કરી છે કે તે તોહોમત ફક્ત લખી આપનારનું નામ જુઠું બનાવીને લખ્યું, તે સબંધી છે આ રજીસ્ટરનું સરટીફીકેટ જુઠું બનાવ્યું તે સબંધી નથી. જુરીએ એક મત થઇ તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યો. પરંતુ તે નીરદોશના ઠરાવથી જડજ ફક્ત એટલાજ કારણથી જુદા પડ્યા કે તે ઠરાવ પુરાવના વજન વીરૂધ છે તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે તેમણે તે કામ હાય કોરટમાં મોકલેલું છે.

હાય કોરટમાં જડજે રીપોટ મોકલેલો છે તે ઉપરથી જણાય છે કે તે ઠરાવ કરયા પછી જડજે જુરીને તે ઠરાવનાં કારણ પુછેલાં છે અને તેમણે જવાબ આપેલો છે કે " તે રજીસ્ટરનું સરટીફીકેટ જુઠું કોણે બનાવેલું છે. તે વીશેની કાંઇ સાબેતી નથી. એટલે તોહોમતવાળાના બાપે કે તોહોમતવાળાએ પોતે તે જુઠો બનાવેલો તેની સાબેતી નથી. અને તે રજીસ્ટરનું સરટીફીકેટ કયારે જુઠું બનાવ્યું એટલે મુનશીફની કોરટમાં તે હીબા દાખલ કરવામાં આવ્યો ત્યાર પહેલાં બનાવેલું હતું કે પછી બનાવેલું હતું તેની સાબેતી નથી. અને તે સરટીફીકેટ જુઠું બનાવેલું છે. એવું તોહોમતવાળા જાણતા હતા તે વીશેની સાબેતી નથી. માટે તેઓએ ઠરાવ્યું છે કે તે રજીસ્ટરનું સરટીફીકેટ જુઠું બનાવેલું છે. પરંતુ તે હીબા ઊપર શહી કરનારની શહી જુઠી બનાવેલી નથી."

અપીલવાળા તરફથી બાબુ અંબીકા ચરણ બોઝ

સરકાર તરફથી બાબુ રામચરણ મીતર.

કોરટનો ફેંસલો જસ્ટીસ નોરીસ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામમાં તોહોમતવાળા ધનમ કાજી ઉપર તા૦ ૧ લી ફેબરવારી સને ૧૮૭૯ ના રોજ અગર તે અરસામાં જાંહાંનાબાદના મુનશફની કોરટમાં ૧૨૬૦ ના ફાગણ મહીનાની તા૦૧૨ મીના રોજનો અમુક દસ્તાવેજ જુઠો બનાવેલો છે. એવું તે જાણતો હતો. અગર એવું જાણવાને તેને

કારણ હતું. તેમ છતાં વાપરયો. એવો પીનલકોડની કલમ૪૭૧–૧૦૯પ્રમાણે આરોપ રાખવામાં આવેલો છે. અને તોહોમતવાળા ખોરસેદ કાજી ઉપર તે દસ્તાવેજ જુઠો બનાવેલો છે એવું તે જાણતો હતો અગર એવું જાણવાને તેને કારણ હતું. તેમ છતાં કપટ ભરેલી રીતે બદદાનતથી તેનો ઉપયોગ કરવામાં આવ્યો તેમાં તેણે મદદ કરી એવો આરોપ રાખવામાં આવેલો છે. જુરીએ એક મત થઇ તોહોમતવાળાને નીરદોશ ઠરાવેલા છે. બરદવાનના કામ ચલાઉ શેશન જડજની રૂબરૂ તે તોહોમતવાળાની તપાસ ચાલેલી, તેમા તે શેશન જડજે નીરદોશના ઠરાવથી જુદા પડી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ ના ઠરાવ પ્રમાણે હાય કોરટમાં આ કામ મોકલેલુ છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે અમને જે કુલ અખત્યાર આપવામાં આવેલો છે તે અખત્યાર વાપરવામાં અમારે કીયા નીયમો પ્રમાણે ચાલવુંજોઇએ. તેનો નીશ્ચય કરવાને અમે આધાર વીના રહેલા નથી. કેશરેહીંદ વીરૂધ મખનકુમારના કામમાં ચીફ જસ્ટીસ ગાર્થ સાહેબે કહયું છે કેઃ—

"આ શવાલોમાંના પેહેલા સવાલ સબંધી"(એટલે ફોજદારી કામ ચલાવની રીતના કાયદાની કલમ૨૬૩ પ્રમાણે ખુલ્લા અને ખુલાસા વીનાનો જુરીના ઠરાવ વીરૂધ તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવામાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે મોકલેલા કામમાં હાય કોરટ કેટલે દરજજે વ્યાજબી છે) "અમને એવું જણાય છે કે તે કલમથી કાયદા કરનારાઓનો હાય કોરટને ઘણો બારે કુલ અખત્યાર આપવાનો ઇરાદો છે, અને જે અશકય નથી તોપણ તે કુલ અખત્યાર ઉપર દાબ રાખવાને કાંઇ નીયમ ઠરાવવો તે અમને યોગ્ય નથી. હકીકતની બાબતમાં જુરી કાયદેસર નીમેલા જડજો છે. માટે જુરીના ઠરાવ ઉપર અમારા અભીપ્રાય પ્રમાણે યોગ્ય વજન રાખવું જોઇએ. કારણ કે તેઓને તે કામની તપાસ જોવાનો અને સાક્ષીઓને તપાસતાં સાંભળવાનો (અને તેથી વધારે અગત્યનું ઉલટ તપાસ કરતાં) ફાયદો મળેલો હોય છે. અને જેમ એક મતનો ઠરાવ થએલો હોય તેમ કાંઇ આનાકાની અગર ભુલથી અસર થવાનો થોડો સંભવ છે. માટે તે ઠરાવને અમારૂ માન્ય અને વીચાર મળવાનો હક છે. પરંતુ અમને જણાય છે તે પ્રમાણે ઘણા પ્રસંગો હોય છે કે જેમાં તેઓના ઠરાવ ઉપર થોડુંકજ અગર કાંઇ પણ વજન રાખવામાં આવતું નથી. જેમકે પાંચ સખસોની જુરીમાં ત્રણ સખસો એક રીતે વીચાર કરતા હોય અને બે સખસો બીજી રીતે કરતાં હોય અને કોરટના જડજ થોડા મત સાથે મળતા હોય અંગર

જુરીની વરતણુંક ઉપરથી અગર બીજી રીતે એમ ખુલું માલુમ પડતું હોય કે તેઓના દીલને આનાકાનીથી અશર થએલો હતો. તેથી ખરો ન્યાય કરવાને તેઓને અટકાવ થએલો હતો. માટે આ કલમ પ્રમાણે અમારી રૂબરૂ જે કામો આવે તેમાં અમારો કુલ અખત્યાર વાપરતાં જષ્ટીશ મેકફરસન અને જષ્ટીશ મોરીશ સાહેબોએ માહારાણી વીરૂધ વજીર મંડળના કામમાં ઠરાવ્યું છે કે જે કામમાં ભારે અને ભુલ વગર ન્યાય ખોટો થએલો હોય તે સીવાયના કામમાં જુરીના ઠરાવમાં હાથ ઘાલવો નહી જોઇએ. એટલું બધું અમારે જવુ નહી જોઇએ. તેમ બીજી તરફ જુરીના ઠરાવને યોગ્ય વજન આપ્યા શીવાય પુરાવ ઉપરથી અમારા પોતાના વીચાર પ્રમાણે કોઇ કામનો ફેંસલો કરવો એ વ્યાજબી છે એમ અમારે ગણવું નહી જોઇએ તે કલમનો અમે વીચાર કરીએ છીએ તે પ્રમાણે દરેક કામનો આધાર તે કામની હકીકત ઉપર રહેવો જોઇએ."

માહારાણી વીરૂધ ખંડેરાવ બાજીરાવના કામમાં જષ્ટીશ વેસ્ટ સાહેબે કહયું છે કેઃ—"અમે જે કલમ બતાવી છે. (ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૬૩) તેમાં ઠરાવ્યું છે કે કોરટ તોહોમતવાળા ઉપર રાખેલા આરોપો જોયા સીવાય તેને નીરદોશ ઠરાવી શકે છે અગર ગુનેહગાર ઠરાવી શકેછે. બીજા સબ્દોમાં કહીએ તો જડજ અને જુરી એ બેઉનુ કામ કોરટ ઉપર નાંખેલું છે. અને તેથી ઇંગલાંડની કોરટોની જે સ્થીતી છે. તેથી ઘણી બોહોળી રીતે અમારી સ્થીતી ઘણી જુદી થાય છે. આ ભેદ છે તોપણુ હીંદુસ્થાનમાં હાયકોરટો ઉપર જેનતે ભેદને લીધે વધારે જવાબદારી ભરેલી ફરજો રહેલી છે તોપણુ હમે એવી ઇછા રાખીએ છીએ કે ઇંગરેજી લા સાથે તર્કથી મુકાબલો કરી જેમ બને તેમ તે પ્રમાણે અમારે ચાલવું જોઇએ એવો સારી પેઠે. કબુલ કરેલો નીયમ છે કે જયાં શુધી જુરીનો ઠરાવ ઉલટો અને અગત્યની રીતે ખોટો નથી અગર જડજની ભુલથી જુરી લલચાએલા ના હોય ત્યાંશુધી ઇંગલાંડની કોરટો જુરીનો ઠરાવ રદ કરતા નથી. જો કે અમને ભારે કુલ અખત્યાર છે. તોપણુ ઘણું કરીને આ નીયમ પ્રમાણે અમે ચાલીએ છીએ તેનુ પહેલું એવું બંધારણનું કારણુ છે કે કાયદા કરનારાઓએ અશલ જેઓના હાથમાં તે બાબત શોંપેલી છે તેઓની પાસેથી જેમ બને તેમ ઓછુ લેઇ લેવું અને બીજુ કે જુરીને માંથે જવાબદારી છે. એવું જુરીએ સમજવું જોઈએ એ દુરસ્ત છે. માટે અઘટીત રીતે હાથ ઘાલવામાં આવે તો તે જવાબદારીની સમજ કમી થાય, તોપણુ અમારી નજરમાં આવે છે કે યોગ્ય કામમાં જુરીનો ઠરાવ અમે દુરસ્ત કરીએ

તેથી તે જવાબદારીની સમજ અમે વધારીશું અને ઘટાડીસું નહી."

સાલોમન વીરૂધ બીટનનુ કામ થોડી મુદત ઉપર હતું તેમાં ઇંગરે જ કોરટોએ નવી તપાસ કરવાનો ઠરાવ એવા કારણથી કરવો કે નહી કે પુરાવ વીરૂધ જુરીનો ઠરાવ છે તે ઠરાવ કરવામાં તે કોરટોએ કીયા નીયમો પ્રમાણે ચાલવું તેનો વીચાર કરવામાં આવેલો છે. તેમાં અપીલ કોરટે કહયું છે કે "જુરીનો ઠરાવ પુરાવ વીરૂધ છે: તેથી તે શંતોશકારક નથી. એવા કારણથી નવી તપાસ કરવાનો હુકમ કરવો કે નહી તેનો આધાર જે વીદવાન જડજે તે કામની તપાસ કરેલી હોય. તેઉ જુરીના ઠરાવથી સંતોશ થયા હતા કે નહી થયા હતા તે સવાલ ઉપર નથી. અગર જુરીએ જે ઠરાવ કરેલો છે તેજ ઠરાવ તેઉ કરત કે નહી તે ઉપર નથી. પણ વ્યાજબી દીલના માણસોએ જે ઠરાવ કરવો જોઇએ તેવો તે ઠરાવ છે કે નહી તે સવાલ ઉપર છે."

જડજે તે કામ અમારી તરફ મોકલેલું છે તેમાં પોતાના રીપોટમાં આનાકાનીના કારણથી જુરીની વરતણુંક બાબત કાંઇ ફરીઆદ કરી નથી. તેઉ ફકત એવી ફરીઆદ કરે છે કે તે ઠરાવ પુરાવના વજન વીરૂધ છે. અને તે ફરીઆદ સાબેત કરવાને જુરીએ ઠરાવ કરયો ત્યાર પછી જુરીને કેટલાક સવાલો પુછેલા તે સવાલના જવાબો જુરીએ દીધેલા તે જવાબો ઉપર લક્ષ આપવાને તેઉ માગે છે. અમે આ જવાબો અમણાંજ જોઇશું.

અમે જે ઠરાવ બતાવેલો છે તે ઠરાવમાં ઠરાવેલા નીયમો પ્રમાણે અમે ચાલવાને પ્રયત્ન કરતાં અમારે પોતાનેજ પુછવાનું છે કે આ ઠરાવ જે રદ કરવાને માગેલો છે તે વ્યાજબી દીલના માણસોએ કરવો જોઇએ. તેવો છે કે નહીં. આ શવાલનો જવાબ દેવાને ગુનાહની સાબેતીનો ઠરાવ વ્યાજબીરાહે કરાવવા સારૂ તોહોમતવાળા વીરૂધ શું શાબેત કરવાને ફરીઆદ તરફનું બંધન હતું તેનો વીચાર કરવાની જરૂર છે. (૧) ફરીઆદ તરફથી એવું સાબેત કરવાની જરૂર હતી કે તોહોમતવાળાએ જે દસ્તાવેજ વાપરેલો છે તે ખરી રીતે જુઠો બનાવેલો છે. (૨) તોહોમતવાળાએ તે વાપરેલો છે, (૩) કે તોહોમતવાળાએ જે વખતે તે વાપરયો. એ વખતે તોહોમતવાળો તે જુઠો બનાવેલો છે એમ જાણતો હતો. અગર તે જાણવાને તેને કારણ હતું. (૪) કે તે દસ્તાવેજ જુઠો બનાવેલો છે એમ તે જાણતો હતો અગર તેવું જાણવાને તેને કારણ હતું તેમ છતાં તેમણે તે વાપરયો તેથી તેઓએ કપટ ભરેલી રીતે અગર બદદયાનતથી તે પ્રમાણે કરેલું છે. આ બાબતોમાંની કોઇ પણ બાબત વીશે શક રેહેલો હોય તો જુરી નીરદોશ ઠરાવવાને બંધાએલા હતા. તે નીરદોશનો ઠરાવ વ્યાજબી

દીલના માણુસો જેવો ઠરાવ કરે તેવો થાય છે.

જે દસ્તાવેજ જુઠો બનાવેલો કહેવામાં આવેલો છે તે હીબા બીલ ઇવાજ અથવા બક્ષીસનો છે તે તોહોમતવાળાઓના લાભમાં તેમના બાપ સદરૂદીન કાજીએ લખી આપેલો અને તા૦ ૧૪ એપ્રીલ સને ૧૮૫૪ ના રોજ જાહાનાબાદના એક ગુલામરસુલ કાજીએ રજીસ્ટર કરેલો એવી મતલબનો છે. સદરૂદીનકાજી દસ અગર બાર વરસ ઉપર એ તોહોમતવાળાઓ એક દીકરી તથા વીધવા તે ત્રણ છોકરાંઓની માને મુકીને મરણ પામેલો છે. જો તે હીબાનો દસ્તાવેજ સાચો હોય તો, તે વીધવા તથા તે દીકરીને વારસામાંથી બાતલ કરવામાં આવેલાં થાય છે. જો તે દસ્તાવેજ જુઠો બનાવટનો હોય તો તે દીકરાનો પોતાના બાપના મરણ પછી બાપની મીલકત સાત અસ્ટમાંઉસમાંથી એક પંચમાંસ લેવાનો હક થાયછે તે દીકરી પોતાના બાપના મરણ પછી એક અમીનુદીન કાજી સાથે પરણી. ફરીઆદ તરફથી એવું કહેવામાં આવેલુ છે કે તે બાપે દસ્તાવેજ લખી આપ્યો તે અને તે ઉપરનો રજીસ્ટરનો શેરો બેઉ જુઠું બનાવેલું છે, પરંતુ તે કેદીઓમાંના એકે ખરી રીતે તે જુઠા બનાવેલા છે, એવું કહેલું નથી. તે બાપની સહી ખોટી બનાવેલી એવો તપાસમાં લાયક પુરાવ આવેલો નથી, અને ખરી રીતે તે ભાગ ફરીયાદ તરફથી છોડી દેવામાં આવેલો છે. બીજી બાજુ તરફ રજીસ્ટર બાબતનું ગુલામરસુલનુ સરટીફીકેટ છે તે વીશે સાબેત કરવાને નીરસંશય પુસ્કળ પુરાવ છે. અને આગને પુશ્કળ રીતે ખાત્રી થએલી છે તે જુઠો બનાવેલો છે, આ પ્રમાણે પેહેલી બાબત જે ફરીયાદ તરફની સાબેત કરવાને જરૂર હતી તે સાબેત થએલી છે. પછી તોહોમતવાળાએ તે હીબાનો ઉપયોગ કરેલો છે તે તેમની પોતાની કબુલતો ઉપરથી સાબેત થએલું છે આ પ્રમાણે બીજી બાબત પણ સાબેત થએલી છે.

ત્રીજી બાબત કે જે સ્પસ્ટતાને સારૂ અમે બદદયાનતવાળી માહીતી તે કેદીઓની હતી તે સાબેત કરવાને ફરીયાદ તરફથી એવું સાબેત કરવાને માગેલું છે કે સદરૂદીનના મરણ પછી તેની વીધવા આ તોહોતતવાળાઓના ભેગી રહેતી હતી, અને તે દીકરી તેઓની સાથે એક સરખી રીતે તે મીલકત ભોગવતી હતી, અને અમીનુદીન પોતાની ઓરતનો હીસ્સો તોહોમતવાળાઓને વેચાણ આપવાને અજમાવેલું હતું, તે વખત તે તોહોમતવાળાઓએ હીબાની બાબત કહેલી નથી એટલું નહીં પણ, તે ખરીદ કરવાને ભાંજગડ કરી હતી, પણ તોહોમતવાળાઓએ જોઇતી રકમ નહીં આપવાથી તે ભાંગી પડી હતી, અને અમીનુદીનની સાથે થએલી તે ભાંજગડ ભાગી પડી ત્યાર પછી તોહોમતવાળાઓ જાણતા હતા કે તે આ

મીનુંદીન એક શેખબદરૂદીનને તે હીરસો વેચાણુ આપવાની ગોઠવણુ કરતો હતો તે કોલ કરાર થતા કરવા દીધા અને હીબા વીશે તેઓએ કાંઇ કહેલું નથી, અને બદરૂદીનને તે વેચાણુ આપ્યો ત્યારે તે કબજો લેવા ગયો ત્યારે તેને ધનમકાજીએ કહયું કે મારો (ધનમનો) ભાઇ કલકતે ગએલો છે, અને તે પંદર દીવસ સુધી પાછો આવવાનો નથી, અને તે વખતે કબજો આપવામાં આવશે, પણુ પંદર દીવસ પુરા થએ ધનમે તેને કહ્યું કે હું કબજો આપવાનો નથી, ત્યારે તે બદરૂદીને તે તોહોમતવાળા તથા તેમની બેહેન ઉપર મુનશીફની કોરટમાં દાવો કરયો. તોહોમતવાળાઓ તે હીબા એકદમ રજુ કરવાને બદલે પોતાની લખેલી કેફીયત રજુ કરવાને પંદર દીવસની મુદત માગી અને તે મુદત પુરી થએ બીજી વખત મુદત માગી અને ત્યાર પછી ત્રીજી વખત માગી અને ત્રીજી વખત મુદત આપવામાં આવી ત્યાંહાં સુધી તે હીબા મુનશીફની કોરટમાં ફાઇલ કરવામાં આવેલું નહીં હતું. જો આ હકીકત અગર તેમાંની વધારે અગત્યની જો સાબેત કરવામાં આવી હોતતો, વ્યાજબી મનના માણસો પ્રમાણે જુરીએ એવો ઠરાવ કરવો જોઇતો હતો કે તોહોમતવાળાની બદદયાનતવાળી માહેતી હતી તે સાબેત થએલી છે એવું અમારા અભીપ્રાયમાં આવવું જોઇએ. પરંતુ આ હકીકત અગર તેમાંની વધારે અગત્યની સાબેત થએલી છે એવી કોઇ રીતે અમારી ખાત્રી થતી નથી તે હકીકતનો આધાર અમીનુંદીન અને બદરૂદીનની સાહેદી ઉપર છે. બદરૂદીને કબુલ કરેલું છે કે ચોરેલો માલ રાખ્યા બાબત તે ત્રણુ માસ કેદમાં ગએલો હતો, અને અમીનુદીન પાસેથી તે ખરીદ કરતાં પેહેલાં તેને તોહોમતવાળાઓ સાથે બનાવ નહી હતો, અને તેણે ખોરશેદના ઉપર એક બકરૂ ચોરયા બાબત આરોપ રાખેલો હતો; અને તે આરોપ કાહાડી નાંખવામાં આવેલો હતો, અને ત્યાર પછી તેઓની સાથેવીશ અગર પચીસ દીવાની દાવા થએલાછે, અને વળી તેણે કહેલું છે કે અમીનુદીનને અને તોહોમતવાળાઓને બનાવ નહીં હતો. સાચી વાત છે કે તેણે કહયું છે કે તે હજુ તોહોમતવાળાને ઘેર ખાયછે. પરંતુ અમારા સમજવામાં છે તે પ્રમાણે ઘણુાજ તીરસ્કારની હકીકત હોય છે ત્યારે એક મુસલમાન બીજાને નીમક ખાવા પણુ આપે નહી, આ કબુલતો ઉપરથી આ સાક્ષીની જુબાનીના સાચાપણા બાબત અમને ખાત્રી થતી નથી. અમીનુંદીન કબુલ કરે છે કે મારે તોહોમતવાળાઓની સાથે દાવો ચાલ્યો હતો, અને મારે અને તેઓને બનાવ નથી અને તોહોમતવાળાઓની સાથે તેને કજીયો ચાલતો હતો અને તેમાં બદરૂદીન મદદ કરતો હતો, અને જો કે તેણે એમ કહેલું છે કે તોહોમતવાળાઓને તે મીલકત વેચાણુ આપવાને મેં અજમાવ્યું તે વખતે ત્રણુ અથવા ચાર સખશો હા-

જર હતા, તોપણ તેઓનાં નામ તેને યાદ નથી. આ શાક્ષીની સાહેદીના સાચાપણા બાબત અમને ખાત્રી થએલી નથી. માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે તોહોમતવાળાઓની બદદયાનતવાળી માહેતી હતી એવું સાબેત કરવામાં ફરીયાદ તરફથી નીશફળ જવામાં આવેલું છે અને આવો નીશ્ચે કરવાને અમને કાંઇ રસ્તો મળી શકે તો જુરી કે જેમણે સાક્ષીઓની વરતણુંક જોએલી છે તેમણે તે સાક્ષીઓના ઉપર ભરૂસો રાખવાની બાબતનો ન્યાય કરવાને સંપુરણ લાગ હતો તે પણ તેવોજ નીસ્ચય કરી શકે. જુરીએ અમીનુદીન અને બદરૂદીનની જુબાનીઓ બાબત કાંઇ અભીપ્રાય કહેલો નથી એમ બેશક કહી સકાય. પણ તે બાબતમાં એટલું કહેવું બશ છે કે તેમનો અભીપ્રાય પુછવામાં આવ્યો નથી, અને તેઓએ ગુનેહગાર નથી એવો મોઘમ ઠરાવ કરેલો છે, તેથી અમારો હક એવું ધારવાનો થાય છેકે પૂરાવનો જે સુમાર અમે બાંધેલો છે તે શાથે આ સુમાર મળેલો છે.

આ ઠરાવ ઉપરથી કામનો નીકાલ થાય છે. તોપણ અમારી રૂબરૂ થએલી સુનાવણીમાં તોહોમતવાળા તરફથી જે તકરાર કરવામાં આવી છે તેની બ્યવસ્થા કરવી બરોબર છે; એવી તકરાર કરવામાં આવી છે કે "બદરૂદીનના દાવામાં હીબાની મદદ લીધા શીવાય તોહોમતવાળાઓને સારો બચાવ હતો. તે પ્રમાણે છે તો તે હીબાનો દસ્તાવેજ જુઠો બનાવેલો છે અને તોહોમતવાળાઓએ બદદાનતથી વાપરેલો છે એવું ધારીએ તોપણ તે વાપરવાને તેઓને કાયદેસર જરૂર નહીં હતી. માટે તેઓએ તે કપટથી અગર બદદાનતથી તેવોએ વાપરયો એમ કહી શકાતું નથી" અમારા અભીપ્રાયમાં આવે છે કે આવી હકીકતથી હીબાનો ઉપયોગ કરવામાં આવેલો હોય તે કપટ ભરેલો છે. પીનલકોડની કલમ ૨૫ માં કપટ ભરેલી રીતે એ શબ્દોની વાખ્યા એવી બતાવેલી છે કે એકાદો સખશ બીજી રીતે નહીં પણ ઠગવાના ઇરાદાથી જો કાંઇ બાબત કરે તો તે તે કપટ ભરેલી રીતે થાય છે. આ કપટ ભરેલી રીતે સબ્દોની વાખ્યા કલમ ૨૪ માં બદદાનતથી તે શબ્દોની વાખ્યા કરવામાં આવેલી છે તેથી તદન જુદી છે. બદદાનતથી અમુક બાબત કરવાને એક સખશને ખોટી રીતનો ફાયદો અને બીજાને ખોટી રીતનું નુકશાન કરવાનો ઇરાદો હોવો જોઇએ. અને ખોટી રીતનો ફાયદો એ શબ્દોની વાખ્યા એવી કરવામાં આવેલી છે કે જે સખશને અમુક મીલકત કાયદેસર મળવાનો હક ના હોય તે સખશ કાયદા વીરૂધ ઇલાજેથી તે મીલકત મેળવે તે છે. અને ખોટી રીતનુ નુકશાનની વાખ્યા એવી કરવામાં આવી છે કે જે સખસને અમુક મીલકત કાયદેસર મળવાનો હકહોય તેમ છતાં

કાયદા વીરૂધ ઈલાજોથી તે મીલકતનુ તેને નુંકશાન કરવું તે છે. એક સ-ખશને ખોટી રીતે ફાયદો કરવો અને બીજાને ખોટી રીતે નુકશાન કરવું એવો ઈરાદો રાખ્યા વીના સામાન્ય રીતે ઠગવાનો ઇરાદો જો સાબેત થાય તો ગુનહાની સાબેતીના ઠરાવને પુષ્ટી કરવાને તે બસ છે. મહારાણી વીરૂધ નાશના કામમાં જષ્ટીસ માલ સાહેબે કહયું છે કે ઠગવાની શકતી અગર લાગ હોવા શીવાય ઠગવાનો ઇરાદો હોય અને પાને ૫૦૩ મે કહયું છે કે કોઇ સખશ ઠગાય એવી સ્થીતીમાં હોવાની જરૂર નથી. અમારા અભીપ્રાયમાં આવે છે કે જેવી હકીકત તકરારમાં અમારી રૂબરૂ બતાવવામાં આવી છે. તેવી હકીકતથી જે પક્ષકારની બાબતમાં (આ કામમાં બદરૂદીન છે) તે દસ્તાવેજ બતાવવામાં આવેલો તેને ઠગવાનો ઈરાદો હતો એવું અનુમાન કરવાને જુરીને ફરમાવવું જોઇતું હતું. મહારાણી વીરૂધ હીલ અને મહારાણી વીરૂધ કુર્ક એકાદા સખશનો મીલકત ઉપર સારો હક હોય તે પણ જો તેના ઉપર તે મીલકતનો કબજો મેળવવાને તેના ઉપર દાવો કરવામાં આવે તે દાવાની દરમીયાનમા આ હીબા જેવા જુઠા બનાવેલા દસ્તાવેજનો ઉપીયોગ કરવાની જરૂર ના હોય તેમ છતાં પણ જો તે પોતાના હકની પુરટીમાં તે વાપરે તો અમારા અભીપ્રાયમાં સ્પષ્ટ રીતે આવે છે કે તેણે તે કપટ ભરેલી રીતે વાપરેલો છે.

અમુક શવાલો જડજે જ્યુરીને તેઓએ ઠરાવ આપ્યા પછી કરેલા તે સવાલોના જવાબો લક્ષમાં લેવાની બાબત ફકત હવે અમારે રહે છે. કોરટના સવાલોના જવાબમાં જુરીએ પોતાના ઠરાવના કારણો તરીકે એવું કહેલું છે કે "રજીષ્ટરનુ સરટીફીકેટ મુનશફની કોરટમાં આ નીશાનનો દસ્તાવેજ (હીબા) ફાઇલ કરવામાં આવ્યો તે પેહેલાં કે પછી જુઠું બનાવવામાં આવ્યું તે બતાવવાને કાંઇ પણ પુરાવ નથી. વળી રજીષ્ટરનુ સરટીફીકેટ કોણે જુઠું બનાવ્યું. એટલે તોહોમતવાળાઓના બાપે કે તોહોમતવાળાઓએ પોતે જુઠું બનાવ્યું, તે વીસે કાંઇ સાબેતી નથી. અને જો તોહોમતવાળાનાં બાપે બનાવેલું હોય તો તોહોમતવાળાઓ તે જુઠું બનાવેલું જાણતા હતા. એ વીસે કાંઈ પુરાવ નથી તેઓના અભીપ્રાયમાં આવે છે કે રજીષ્ટરનું સરટીફીકેટ જુઠું બનાવેલું છે પણ તે દસ્તાવેજ લખી આપનારની સહી જુઠી બનાવેલી નથી."

સરકાર તરફથી જે વીદવાન વકીલ હાજર છે તેમણે એવો આગ્રહ કરેલો છે કે આ જવાબો ઉપરથી એવું જણાય છે કે પુરાવ ઉપરથી જુરીએ જે નીશ્ચય કરેલો છે. તે ઘણો બેવકુફાઇ ભરેલો છે. માટે તે બેવકુફાઇ ભરેલા નીશ્ચય ઉપરથી તેઓએ નીરદોશનો ઠરાવ કરેલો છે એમ તે

મણે ધારવું જોઇએ. તે નીસ્ચય એનકુફાઇ ભરેલો હશે. પરંતુ આ જ-વાબો વીચારમાં લેવાને બીલકુલ અમે ના કહીએ છીએ. કારણ કે અમારા અભીપ્રાયમાં આવે છે કે જે સવાલોથી જવાબો માગેલા તે સવાલો કરવાને જડજનો હક નહી હતો. જુરીનો ઠરાવ શો છે તે નકી કરવાને જે શવાલો કરવાની જરૂર પડે તેવા સવાલો કરવાને કલમ ૨૬૩ પ્રમાણે કોરટને અખત્યાર છે આ કામમાં જુરીએ ગુનેહગાર નથી. એવો સ્પષ્ટ અને સાદો ઠરાવ કરેલો છે. તે ભુલ ભરેલો હોય પરંતુ અંદેશા ભરેલો નથી એ નકી છે માટે તે વીશે કાંઇ પણ શવાલ પુછયા વીના તે કબુલ કરીને લખી લેવું એ જડજની ફરજ છે.

આ કારણોથી અમારા અભીપ્રાયમાં આવે છે કે નીરદોસનો ઠરાવ કાયમ રહેવો જોઇએ.

ઠરાવ કાયમ રાખવામાં આવ્યો.

ફોજદારી અરજી

તા૦ ૬ જુલાઇ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકલીન અને મી૦ જસ્ટીસ મ્યાકફરસન

સાહેબોની રૂબરૂ.

હવાલદારરાય વીગરેની અરજીની બાબતમાં.

હવાલદારરાય વીગરે વીરૂધ જગુમીઆન.

માજીસ્ત્રેટોના બેંચના ઠરાવ ઉપર અપીલ—સંક્ષેપ રીતે કામ ચલાવવાની રીતી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની (સને ૧૮૭૨ નો આકટ ૧૦) નીઠબાબત.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૮ પ્રમાણે એક કામ તપાસવામાં આવેલું તેમાં બીજા વરગના માજીસ્ત્રેટના અખત્યાર સાથેના આસીસ્ટંટ માજીસ્ત્રેટ અને બીજા બે અગર વધારે ઓનરેરી માજીસ્ત્રેટોના બેંચે ઠરાવ કરેલો છે તે ઉપર જીલા માજીસ્તરેટની રૂબરૂ અપીલ ચાલતી નથી.

પાનું ૯૬ અરજદારો તરફથી મી૦ એમ. એમ. ઘોઝ.

સામા પક્ષકાર તરફથી મી૦ કીલબી.

કોરટનો ફેંસલો જસ્ટીસ મેકલીન સાહેબે આપેલો તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છે.

જગદેશપુરમાં માજીસ્તરેટોના એક બેંચની રૂબરૂ કલમ ઉપર પ્રમાણે અરજદારો ઉપર આરોપ રાખી તેમની તપાસ કરવામાં આવી છે તે

બેંચમાં આસીસ્ટંટ માજીસ્તરેટ બીજા વરગના અખત્યાર સાથેના તથા ત્રણ ઓનરેરી માજીસ્તરેટો હતા. તેમાં પેહેલાએ અને પાછળમાંના બે માજીસ્તરેટોએ તે અરજદારોને ગુનેહગાર ઠરાવ્યાના ફેંસલા ઉપર સહી કરી અને દરેકના રૂ. ૫) દંડ કરેલા છે.

જીલા માજીસ્તરેટને અપીલ કરવામાં આવી તેમાં વાહીદઅલ્લીની અપીલ કાહડી નાંખવામાં આવી. અને હવાલદારરાયને કરેલી સીક્ષામાં બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા વધારી.

કાઉન્શીલે અરજી કરેલી છે તેમાં પ્રોશીડીંગ મંગાવી બેઉ બાજુ તરફથી કાંશીલને સાંભળવામાં આવેલા છે. અમારે નીરણુય કરવાનો પેહેલો સવાલ એવો છે કે જીલા માજીસ્રેટને કાંઇ અપીલ થઇ શકે છે કે નહીં. આ શવાલ અપીલવાળાઓને પોતાની તરફથી ઉઠાવવામાં આવેલો છે. ખરી રીતે તેઓએ હાલ કહેલું છે કે અમારી અપીલ અઘટીત રીતે કરવામાં આવેલી છે. જો તે શીક્ષા વધારવામાં આવેલી ના હોત તો અમે આ હરકત લેત નહીં. તે કામની તપાસ સંક્ષેપ રીતે કામ ચલાવવાની રીતી પ્રમાણે (બાબ ૧૮) કરવામાં આવેલી છે, અને જો તે બેંચને પેહેલા વરગનો અખ્તીઆર હોતતો કાંઇ અપીલ થાત નહીં. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૭૪ જુઓ. સને ૧૮૭૩ ના કલકતા ગેજીટના પાને ૧૭ તથા ૬૬૨ મે જે સરકારી હુકમો પ્રસીધ કરેલા છે તેની પેહેલી કલમ પ્રમાણે બે અગર વધારે ઓનરેરી માજીસ્રેટોની સાથે પગાર સાથેના માજીસ્રેટ હોય અને તેમને બીજા વરગના અખ્તીઆર કરતાં ઓછો અખ્તીઆર ના હોય તેઓના બેંચને પહેલા વરગનો અખ્તીઆર આપવામાં આવે છે. તે નીયમ પ્રમાણે અમારી રૂબરૂ જે કામ છે તેનો તપાસ પેહેલા વરગના અખત્યાર સાથે બેંચે કરેલો છે. ડીપોટી લીગલરી મેમબનસરે અમારી રૂબરૂ તા૦ ૩૧ મી મારચ સને ૧૮૮૨ ના રોજના સરકારના કેટલાક હુકમો રજુ કરેલા છે તેથી શાહબાદમાં તે બેંચોના બંધારણુ સબંધી તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૭૮ ના રોજના હુકમો દુરસ્ત કરવામાં આવ્યા છે. તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૭૮ ના રોજના હુકમોની બાબત અમને કાંઇ ખબર નથી. તા૦ ૩૧ મી મારચ સને ૧૮૮૨ ના જે હુકમો છે તે ઉપરથી અમે બાજબી રાહે એવું ઠરાવી શકીએ છીએ કે એક પગારવાળા માજીસ્રેટ બીજા વરગનો અખત્યાર વાપરે છે તેમના પ્રમુખપણા નીચે જગદેશપૂરનો બેંચ છે તેથી તે બેંચને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૨૨ પ્રમાણેના કામો એટલે પહેલા વરગના માજીસ્રેટને સંક્ષેપ રીતે તપાસ કરવાના કામો તમામ તપાસવાને હકુમત છે.

સબબ અમારી નજરમાં આવે છે કે તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૮૨ ના રોજનો તે બેંચે શીક્ષાનો હુકમ કરેલો છે. તે ઉપર અપીલ સાંભળવાને જીલા માજીસ્ટ્રેટ મૂખત્યાર નથી. માટે તા૦ ૩ જી મેના રોજ હવાલદારરાયને બે માસ કેદ રાખવાનો જે હુકમ કરેલો છે તે અમે રદ કરીએ છીએ. તા૦ ૨૨ મી એપ્રીલના હુકમ વીશે અરજદારોના કાઉન્સીલે પોતાની હકીકત આગ્રહ કરી બતાવી નથી. તેથી અમે તે વીશે હાથ ઘાલતા નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૧૯ જુલાઇ સને ૧૮૮૧

મી૦ જસ્ટીશ વીલશન અને મી. જસ્ટીશ એફાનીલી સાહેબોની રૂબરૂ.

પ્રાગશીંગ વીગરેની અરજીની બાબતમાં.

કેશરેહીંદ વીરૂધ પ્રાગશીંગ.

હકુમત—મીલકતનુ રક્ષણુ—ફો. કા. ચ ની રીતીના કાયદાની (શને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૫૧૮.

ફકત મીલકતનુ રક્ષણુ કરવાને સારૂ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણે હુકમ કરવાને માજીસ્ટ્રેટને હકુમત નથી.

પાનું ૧૦૩　　એક ગૌઉખાના નામે વેહેળો છે તે ઉપર પ્રાગસીંગ વીગરેએ એક બંધ બાંધેલો છે તે બંધ ખસેડવાને તથા પ્રાગશીંગ વીગરે તે બંધ કરવાને દીવાની કોરટમાં પોતાનો હક સાબેત કરી લાવે ત્યાં સુધી તે પાણીનો રસ્તો ખુલો રાખવાને તે પ્રાગશીંગ વીગરેને નવાડાના આશીસ્ટંટ માજીસ્ટ્રેટે હુકમ કરેલો છે તે હુકમ રદ કરવાને આ અરજી કરવામાં આવી છે. તે બાબત સબ ડીપોટી કલેકટરને તપાસ કરી રીપોટ કરવાને મોકલેલી હતી, તેથી તેમણે હકીકત નીચે પ્રમાણે કહેલી છે:—

"આ કામની ખરી હકીકત એવી છે કે ગઉખાના કરીને વેહેળો કહેવાય છે તે હાસ્વાના ચરમાંથી નીકળે છે. અને પાંચેસ, બગુર, બજરાં, સખરા, અને કકુવારામાં થઇને ધાનરજી નદીને મળે છે. સદરહુ હદના ઉપર મીયાંબેગા ગામમાંથી સખરાની સરકારી મીલકત છે તે આ વેહેળામાં મળે છે. તે મીયાંબેગાનુ પીન તે વેહેળાનાં તળીયા કરતાં થોડુંક મોટું છે. માટે મીયાંબેગા ગામમાં પાણીનો જોઇતો જથો લેઇ જવાને તે હક

કરવાની જરૂર થાય છે. પરંતુ તે મીયાં બેગાના માલેકોએ પોતાનું પીન ઉંડું કરવાને બદલે ગયા સપટેંબર માસમાં પોતાના પીનમાં પાણી લેવાને તે વેહેળાના ઉપર આડો એક બંધ બાંધેલો છે. આ બંધ સખરાની સરકારી મીલકતમાં પાણીનું એક ટીપું પણ જવા દેતો નથી. અને તે મીલકતની ખેતીને નુકશાન કરે છે તેથી તેસીલદારે તે બાબત પેટા ટુકડીના અમલદાર મી૦ સરકોરને ગયા સપટેબર માસની તા૦ ૨૮ મીના રોજ રીપોટ કરેલો છે તે ઉપરથી તેજ તારીખે મીયાબેગાના માલેકોને એવો હુકમ કરવામાં આવેલો છે કે તે બંધ એકદમ ખશેડી લેવો અગર જો તેઓને કાંઇ હરકત હોય તો હરકતની અરજી ફાઇલ કરવી. તે માલેકોએ તા- રીખ ૩૦ મી સપટેંબરના રોજ તે નોટીસનો એવો જવાબ લિખ્યો છે કે અમે અમારી હરકતો પંદર દીવસની અંદર ફાઇલ કરીશું પરંતુ તેમણે કાંઇ હરકતો ફાઇલ કરેલી નથી. તેથી તે બંધ ખુલ્લો મુકવામાં આવેલો છે. વળી તા૦ ૧૧ ડીસેમબર સને ૧૮૮૧ ના રોજ તે વેહેળા ઉપર આડો બંધ કરયો. અને તે સાચવવાને લાઠીઓ સાથેના સુમારે એક ડજન માણુસ રાખ્યાં કે જેથી કરી સખરાના માણુસો તે ખુલ્લો કરી શકે નહીં. મીયાં બેગાના માલેકોએ કબુલ કરયું છે કે અમે તે બંધ બાંધેલો છે અને વ્યાજબીપણાની તકરાર કરી છે. એવું કહીને કે તે બંધ ઘણો જુનો છે અને અમો કેટલીક પેહેડીઓથી તે સાચવતા આવ્યા છીએ. સબ ડીપોટી કલેકટરની રૂબરૂ કેટલાક સાહેદીઓ તપાશવામાં આવેલા છે તેથી તેમણે એવા નીસ્ચય કરેલો છે કે તે મીયાંબેગાના માલેકોને તે બંધ રાખવાનો કાંઇ પણ હક નથી. પછી તેઉએ કહયું છેકે " તે જમીનમાંની ઘણી ખરી જમીનને તે બંધથી એટલી બધી હરકત થએલી છે કે જે રઇયત" સાંથમાં નાણા આપે છે તે રઇયત જો તે બંધ ખશેડવામાં નહી આવે તો શુલેહનો ભારે ભંગ કરશે એમ અમને લાગે છે. આવી હકીકત છતાં અમારી નજરમાં આવે છે કે મીયાંબેગાના બીજા માલેકો તથા પ્રાગસીંગે તે બંધ એકદમ ખસેડવો અને એક અઠવાડીયામાં એક અગર બે દીવશ થી વાય તે વેહેળાના મુખ્ય પ્રવાહમાં હરકત કરવી નહી. વળી અમારી નજરમાં આવે છે કે તે પ્રતીવાદીઓએ સખરાની ખેતીવાડી કરવાની પાણીની નેહેરના ઉપર બંધ બાંધી બીગાડ કરયો અને તેથી તે મીલકતની ખેતીને ભારે નુકશાન થએલું છે તે સારૂ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૩૦ પ્રમાણે તે પ્રતીવાદીઓ ઉપર ફરીઆદ ચલાવવી જોઇએ."

સબ ડીપોટી કલેકટરની તપાસ અને રીપોટના આધારથી તથા જે જગોએ બંધ બાંધવામાં આવેલો તે જગો તેઉએ જાતે જઇ જોએલી તે ઉપરથી આસીસ્ટંટ માજીસ્ટ્રેટે જે હુકમ હાલ રદ કરવાને માગેલું છે

તે કરેલો છે

અરજદારો તરફથી બાબુ અંબીકાચરણ બોઝ અને બાબુ પ્રાણનાથ પંડીતઃ—

કોરટનો ફેંસલો જસ્ટીશ વીલશેન શાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

આશીસ્ટંટ માજીસ્ત્રેટનો હુકમ રદ કરવો જોઇએ કારણ કે તે હકૂમત વીના કરવામાં આવેલો છે જ્યારે કાંઇ હરકત ઇજા કોઇ સખશને અગર મનુષ્યની જાતને, તનદુરસ્તીને અગર તેની નીરભયતાને અગર ખ એડો થાય તેવી હોય, તે અટકાવવાની જરૂર પડે ત્યારેજ ફકત કલમ ૫૧૮ પ્રમાણે હુકમ થઇ શકે છે. આવો હુકમ ફકત મીલકતનુ રક્ષણ કરવાને થઇ શકતો નથી.

આ કામમાં આશીસ્ટંટ માજીસ્ત્રેટનો ઠરાવ ઘણોજ વધારેમાં વધારે લેઇએ તો તેથી તકરારી બંધથી નીચી સપાટીવાળી જમીનમાં જે પાણી પુર પડે છે તે કમી થાયછે. તેથી કાંઇ વધારે થઇ શકતું નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

—— ——

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૬ જુલાઈ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકલીન અને મી૦ જસ્ટીસ મેકફરસન

સાહેબોની રૂબરૂ.

તામીજ મંડળ વી૦ ઉમીદ કારીગર

સારી ચાલના જામીન—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૫૦૪, ૫૦૫

એક તોહોમતવાળા સખસને ચોરીનો ગુનેહગાર ઠરાવી તેને બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી તેને વળી એવો હુકમ કરવામાં આવેલો કે તે કેદની મુદત પુરી થયા પછી એક વરસ સુધી સારી ચાલના જામીન બે આપવા તે દરેક રૂ. ૫૦ ના તથા તેટલીજ રકમનો તેણે મુચલકો આપવો.

તેમાં ઠરાવવાંમાં આવ્યું કે તે હુકમનો પાછળનોભાગ બરોબર નથી. માટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૪ ની રકમ ૨ પ્રમાણે માજીસ્તરેટે ચાલવું જોઇતું હતું.

કેશરેહીંદ વી૦ પરતાબના કામના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૨૧૫ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦)ની કલમ ૨૯૬ પ્રમાણે આ ફોજદારી રેફરંશ

કરવામાં આવેલું છે. તે રેફરંસના શબ્દો નીચે પ્રમાણે છે:—"હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૮૦ પ્રમાણે કોશતીના આશીસ્ટંટ માજીસ્ત્રેટે ઉમીદ કારીગરને ગુનેહગાર ઠરાવેલો છે, અને તેને બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી એવો હુકમ કરવામાં આવેલોછે કે તે કેદની મુદત પુરી થયા પછી એક વરશ સુધી સારી ચાલ રાખવા શારૂ રૂ. ૫૦)નો મુચલકો તથા બે જામીન દરેક રૂ. ૫૦)ના આપવા, અને તે આપવામાં કસુર કરેતો એક બીજું વરશ શખત મજુરી શાથે કેદ રહેવું. જામીનનો હુકમ તથા તે જામીન આપવામાં કસુર કરવામાં આવે તો બીજુ એક વરસ સખત મજુરી સાથે કેદ રહેવાનો હુકમ કરવામાં આવેલો છે. તે કાયદેસર જણાતો નથી. તે શીક્ષાના હુકમનો આ ભાગ શા વાસ્તે રદ કરવો નહીં જોઇએ તે વીશે આશીસ્ટંટ માજીસ્ત્રેટનો રીપોર્ટ માગેલો તે ઉપરથી તેમણે કહયું છે કે કેશરેહીંદ વીરૂધ પરતાપના કામના ઠરાવ પ્રમાણે હું ચાલેલોછું પરંતુ હજુ અમારા અભીપ્રાયમાં આવે છે કે અમુક ગુનાહ બાબત તોહોમતવાળાને સીક્ષા કરયા પછી તેની પાસેથી હવે પછી સારી ચાલના જામીન માગવા એ કાયદા વીરૂધ છે. અને આ વીચાર સાથે શેશન જડજ કે જેમણે તેવીજ શીક્ષાનો હુકમ એક બીજા કામમાં થોડી મુદત ઉપર ફેરાવ્યો છે તે મળતા આવે છે એમ જણાય છે."

આ કામની તકરાર કરવાને કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંશલો જસ્ટીશ મેકલીન શાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

કેશરેહીંદ વીરૂધ પરતાપના કામમાં જે જડજ બીરાજેલા હતા તેમણે જે યોગ્ય રીતીએ ચાલવાનું બતાવેલું છે તે રીતી પ્રમાણે આસીસ્ટંટ માજીસ્ત્રેટ ચાલ્યા હોતતો વધારે શારૂં હતું.

અમે ફરમાવીએ છીએ કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે કરેલો તે હુકમ રદ કરવો જોઇએ અને કલમ ૫૦૪ ની રકમ ૨ પ્રમાણે જો તેમની નજરમાં યોગ્ય લાગે તો તેમાં ઠરાવેલી રીતી પ્રમાણે આસીસ્ટંટ માજીસ્ત્રેટે ચાલવું.

ફોજદારી અરજી.

તા૦ ૭ અગસ્ટ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મેકડોનલ અને મી૦ જસ્ટીસ ઓફીનીલી સાહેબોની રૂબરૂ.

શ્રીનાથ બાનરજી વીગરે.

કેશરેહીંદ વીરૂધ શ્રીનાથ બાનરજી વીગરે,

ખોટી રીતે રોકી રાખવું પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૩૪૬

પીનલકોડની કલમ ૩૪૬ પ્રમાણે એકાદા સખસને જવાબદાર ઠરાવવા સારૂ એવું જણાવવું જોઈએ કે જે સખસને ખોટી રીતે રોકી રાખવામાં આવ્યો હોય તે માલમ પડવો નહીં જોઈએ એવી રીતે તે ખોટી રીતે રોકી રાખવાનો ઇરાદો હતો.

પાનું ૨૨૧ અરજદારોના કેટલાક સગાએ એક હીંદુ સ્ત્રીની ખોટી બરદાશ કરી તેણીને માર મારયો એવી ફરીઆદ તા. ૧૭મી ફેબ્રવારીના રોજ ચોવીસ પરગણાના માજીસ્ટ્રેટની કોરટમાં કરવાને સારૂ તે સ્ત્રી ગઈ. તેણીની ફરિઆદની સુનાવણી તા. ૧૭મીના રોજ પુરી થઇ નહી હતી તેથી તેણીના વકીલને તેણીને કહયું કે તું જા અને બીજે દિવશે પાછી આવવું. બાકીની હકીકત ચોવીશ પરગણાના જડજે પોતાના ફેંસલામાં નીચે પ્રમાણે કહેલી છે:— "જે વખતે તે ગઇ તે વખત અપીલવાળા ગંગાધર ધારી અને શ્રીનાથે યુકતી કરીને તેણીએ કહયું છે કે મને એક ગાડીમાં બેસાડી અને તે ગાડી હાંકીને જુદી જુદી જગાઓ જે મને અજાણી અને મહારા જાણવામાં નહી હતી ત્યાં લેઇ ગયા. અને તેમાંની એક અગર બીજી જગોએ આ ફરીઆદ દાખલ કરયા પછી હું ગુમ થઇ એવી હીલચાલ ચાલી ત્યાં સુધી મને રાખી અને પછી હાલના અપીલવાલાઓએ પાછી આણીને માજીસ્ટ્રેટની કોરટના એક વકીલને ત્યાં લેઇ ગયા. અને બીજે દીવસે એટલે તા. ૯ મી મારચ સુધી તે વકીલના મકાનમાં હું રહી. અને તે દીવસે મને પોલીસને સોંપવામાં આવી. આ અપહરણ કરયા બાબત તથા કોરટમાંથી તેણીની ફરીઆદ ચલાવતાં તેણીને અટકાવી તે વીશે હાલના અપીલવાળાઓને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા."

ડીપોટી માજીસ્ટ્રેટે કલમ ૨૦૧ અને ૩૪૬ પ્રમાણે તોહોમતવાળાઓને ગુનહેગાર ઠરાવી ફકત કલમ ૩૪૬ પ્રમાણે શીક્ષા કરી. અપીલમાં શેશન જડજે કલમ ૨૦૧ પ્રમાણેના ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરયો. અને કલમ ૩૪૬ પ્રમાણે ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા સીક્ષાનો હુકમ બાહાલ રાખ્યો. જડજની રૂબરૂ એવી હરકત લેવામાં આવેલી છે કે. "તે સ્ત્રીની વાત સાચી માની તોપણ તેણીને પોતાની મરજી પ્રમાણે જે જગો તેણીને રોકેલી કહેવામાં આવેલી તે જગોએ રાખેલી હતી. અને જયાં પોતાની નજરમાં આવે ત્યાં તે જવાને તથા પોલીસની મદદ માગવાને તે છુટી હતી." પરંતુ આ દેશની નીચા વરગની ઓરતો બીકણુ અને શરણ થાય તેવા સ્વભાવની જયારે સત્તા

બાળા મધ્યમ વર્ગના માણુસો તથા બ્રાહ્મણોની ખબર આવે છે ત્યારે હોય છે. તેને તથા તેણીના પરથી કેટલાંક માછલો તેણીને અંજાણી જગોએ લેઇ જવામાં આવેલી તેને જડજે વીચાર કરી શદરહુ હરકત નામંજુર કરી તે ઉપરથી અરજદારોએ શેસન જડજના તે હુકમ તથા ગુન્હાની શાબેતીનો ઠરાવ રંદ કરવાને અરજ કરેલી છે.

અરજદારો તરફથી બાબુ અંબીકા ચરણબોઝ.

સરકાર તરફથી બાબુ રામચંદ્ર મીતર.

કોરટનો ફેંસલો જસ્ટીશ મેકડોનલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:-

આ કામમાં કેદીઓને પીનલકોડની કલમ ૨૦૧ અને ૩૪૯ પ્રમાણે અરજદારોને ગુન્હાના ગુન્હેગાર ઠરાવેલા છે. અપીલમાં શેશન જડજે કલમ ૨૦૧ પ્રમાણે તેઓને યોગ્ય રીતે નીરદોશ ઠરાવેલા છે. પરંતુ કલમ ૩૪૯ પ્રમાણે ગુન્હાની શાબેતીનો ઠરાવ બાહાલ રાખેલો છે. અમારા અભીપ્રાયમાં આવે છે કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી. કલમ ૩૪૯ પ્રમાણે એકાદા સખસને જવાબદાર ઠરાવવાને એવું બતાવવું જોઇએ કે ખોટી રીતનું રોકાણુ એવા પ્રકારનું હતું કે જેથી જે સખશને રોકવામાં આવેલી તે માલુમ પડે નહીં એવો ઇરાદો જણાય. આ કામમાં અગત્યની બાબત નથી.

વળી અમને એમ જણાય છે કે તે ફરીઆદણ ખોટી રીતે રોકાણમાં બીલકુલ નહીં હતી. તે જડજે પોતે કહ્યું છે કે તેણીને લલચાવવામાં આવી હતી. અને તેણીના ઉપર જબરાઇ કરવામાં આવી નહીં હતી. અને તેણીનું રોકાણુ ખરી રીતે નહીં હતું. પણ તે કહે છે તે પ્રમાણે તે થઇ શકે તેવું હતું. આ હકીકત બસ નથી સબબ તે ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ અને કેદીઓને નીરદોશ ઠરાવી તેમને છોડવાનો હુકમ કરીએ છીએ.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૧ અગષ્ટ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ વીલસન મી૦ જસ્ટીશ મેકડીન અને મી૦ જષ્ટીશ મેકફરશન સાહેબોની ખબર.

હેનરી કાઇટની અરજીની બાબતમાં.

સરકાર વીરૂધ હેનરી કાઇટ.

જગાત આકટ—[સને ૧૮૭૮ નો બંગાળાનો આકટ ૭] મોની

કલમ ૬૧—પરદેશથી આણેલો દારૂ—કબજો—પાસ—જેના
ઉપર મોકલવામાં આવેલો છે તે—એજંટ.

કલકતામાં નાવારીનો આગબોટની મારફતે અમુક દારૂ આવેલો તે આગ્રામાં મ અને કંપનીને મોકલ્યો અને તેમણે અ ને એવી અરજ કરી હતી કે અમારી તરફથી જકાત તથા તે ઉતારવાનું ખરચ આપવું અને તે માલ આગ્રે મોકલી દેવો. તે આગબોટથી રેલવે સ્ટેશન સુધી લેઇ જતાં બંગાળાના સને૧૮૭૮ના આકટ ૭ની કલમ ૬૧ના હેતુ પ્રમાણે તે માલ અ ના કબજામાં પાસ વીના હતો. માટે તે માલ પકડયો અને ગુન્હેગાર ઠરાવી તે આકટના ઠરાવ પ્રમાણે તેનો દંડ કરયો.

તેમાં ઠરાવવામાં આવ્યું કે આ ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૨૨૩ આ કામમાં તા. ૧લી ડીસેંબર સને ૧૮૮૧ ના રોજ પ્રેશીડેન્સી માજીસ્ત્રેટની રૂબરૂ હેનરી કાઇટના ઉપર એવો આરોપ મુકેલો છે કે તા. ૩૦ નવમેબર સને ૧૮૮૧ના રોજ તેના કબજામાં પરદેશથી આણેલો દારૂ પાસ અગર પરવાના વીનાનો(ત્રીસપેટીઓ પોર્ટની અને વીસ પેટીઓ સેરીની દરેકમાં એક ડજન હતો) બંગાળાનો સને ૧૮૭૮નો આકટ ૭ની કલમ ૧૭ અને ૬૧ બંગાળાના સને ૧૮૮૧ ના આકટ ૪ની કલમ ૮ તેથી દુરસ્ત કરવામાં આવેલીછે તે પ્રમાણેના ઠરાવ વીરૂધ હતો તોહોમતવાળાએ એવી તકરાર કરી છે કે હું ગુન્હેગાર નથી આ કામની હકીકત સંપુરણ રીતે મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીશ મેકફરસનના ફેંસલામાં બતાવવામાં આવેલી છે. તે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવતાં માજીસ્ત્રેટે કહ્યું છે કે " જો તોહોમતવાળાની પાસે જથા બંધ વેચાણનો પરવાનો હતો પણ તેને તે માલ લેઇ જતાં તે માલનું રક્ષણ કરવાને સારૂ પાસ લેવાની જરૂર હતી. આ કામમાં તેની પાસે પરવાનો નહી હતો. તેમ પાસ પણ નહીં હતો માટે તે કાયદા પ્રમાણે શીક્ષાને પાત્ર છે. અને તે દારૂ જપ્ત થવો જોઇએ. તો પણ કામની તમામ હકીકત પ્રમાણે તે તોહોમતવાળાના રૂ૩૦ હું દંડ કરૂંછું. અને તે દારૂનો એક પંચમાસ એટલે દશ પેટીઓ જપ્ત કરી સરકાર દાખલ કરવાને હુકમ કરૂંછું.

તોહોમતવાળાએ હાયકોર્ટને માજીસ્ત્રેટનો સદરહુ હુકમ રદ કરવા સારૂ હાલ અરજ કરેલી છે.

અરજદાર તરફથી બાબુ કાલીચરણ બાનરજી અને બાબુ ઉમેરચંદ્રનાથ ચાતરજી નીચે પ્રમાણે ફેંસલાઓ આપવામાં આવેલો છે.:—

જસ્ટીશ મેકલીન સાહેબ અરજદારનો વકીલ તા. ૧ ડીસંબર

સને ૧૮૮૧ ના રેંજનો ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયદાના ખરા વિચારના આધારથી નથી. એવી અમારી ખાત્રી કરવાને નીષ્ફળ થએલો છે અને તે ગુન્હાની સાબેતીના ઠરાવની તારીખથી છ માશ વીતી ગયા પછી કોઇ પણ હકીકત પ્રમાણે તે કામ ફરીથી ખોલવાને અમે હરકત લેઇએ છીએ.

અરજદારના કબજામાં દારૂ નહીં હતો એમ કહેવાને અમે તઇઆર થયા નથી એવું કબુલ કરવામાં આવેલું છે કે તેને કસ્ટમમાંથી મળેલો હતો. અને આગ્રામાં એક સખસ ઉપર રવાને કરવાનો હતો. અમારી એવી ખાતરી થતી નથી કે જે સખસને પરવાનો આપેલો હોય તે પરવાનો અહીંયાના જકાતના અધીકારીઓએ આપેલો ન હોય તો તે બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ના હેતુ પ્રમાણે પરવાનાવાળો વેચનારછેકાયદાનો આ વીચાર કરતાં અરજદારને પોતાના હીસાબે અગર જેના ઉપર મોકલવાનો હતો તેના હીસાબે તેના કબજામાં તે હતો. પરંતુ કલેકટર અગર યોગ્ય અખત્યાર પામેલા અમલદાર પાસેથી પાસ મળ્યા વીના તે કબજામાં હતો. સબબ બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ની કલમ ૬૧ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવેલો છે. એમાં કાંઇ કાયદા વીરૂધ્ધ અમારા જોવામાં આવતુ નથી.

જષ્ટીશ મેક્ફરસન સાહેબઃ—અમે જુદા પડવાને દીલગીર છીએ પરંતુ કાંઇ ગુનહો બનેલો નથી. તે કારણથી તે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. એવુ નકી અમારી નજરમાં આવે છે. તે હકીકત એવી છે કે આગ્રામાં પરવાનાવાળા વેચનારા માસ્ટીનેઝ અને કંપનીના ઉપર અમુક દારૂ મોકલવામાં આવેલો અને તે નાવારીનો આગબોટમાં આવેલો છે. જેના ઉપર મોકલવામાં આવેલો તેની અરજ ઉપરથી અરજદારે જકાત તથા ઉતારવાનું ખરચ આપી આ દારૂ લીધો હતો આગબોટમાંથી જેના ઉપર તે મોકલવામાં આવેલો તેના ઉપર તે રવાને કરવાને હાઉરા સ્ટેશન ઉપર લેઇ જતાં અમુક રસતામાં આબકારી અધીકારીઓએ તે પકડેલો છે. બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ જકાતનો છે. તેની કલમ ૧૭ અને ૬૧ ના વીરૂધ તે દારૂ તે અરજદારના કબજામાં હતો એમ ગણી તેને ગુનેહગાર ઠરાવેલોછે. તે પરવાનાવાળો વેચનાર નથી. તેમ તેની પાસે કલેકટરની તરફથી મળેલી પાસ પણ નહીં હતી. માટે સવાલ એ છે કે તે કલમોના હેતુ પ્રમાણે તે દારૂ તેના કબજામાં હતો કે નહીં.

કબજો એ શબ્દનો વ્યાજબી રાહે અરથ કરતાં અમે ઠરાવીએ છીએ કે તે નહીં હતો, કબજો અને બીજા સખસની તરફથી થોડી મુદત

ને સારૂ કબજો અગર હવાલો હોય તેમાં નકી ભેદ છે. એ દારૂ એ પરવાનાવાળા વેચનારનો હતો. અને તેના ઉપર મોકલવામાં આવેલો હતો અરજદાર કે જેણે ફ્કત તે માલ લેઈને જયાં યોગ્ય રીતે જવાનો હોય ત્યાં તે મોકલે તેથી અરજદારનો કબજો હતો. એમ કહેવું તેથી તે કલમોનો એંચીને અરથ કરયો થાય. જો તે તેના કબજામાં હતો તો એક સરખી રીતે જે ગાડાવાળા તે લઇ જતા હતા તેમના કબજામાં પણ તે હતો અરજદારની જે નીશબત છે તે પ્રમાણે જેના ઉપર તે મોકલવામાં આવેલો તે બંગાળામાં પરવાનાવાળો વેચનાર નથી. પરંતુ ઉપરના પ્રાંતોમાં છે તેથી કાંઇ તફાવત થતો નથી. એમ અમારી નજરમાં આવે છે. જો આ ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર હોય તો **અ** કે જે પોતાના ઉપયોગને સારૂ પરદેશથી તે દારૂ લાવેલો છે. તે એક વખતે ખરી રીતે તેના કબજામાં આવે એટલે કાંઇ ગુનાહનો ગુનેહગાર થાય નહીં. પરંતુ **અ** ની તરફથી **બ** કામ કરતો હતો. અને તેણે તે દારૂ કશ્ટમ હાઉસમાંથી લેઇ **અ** ને ઘેર લઇ જાય તો કલમ ૬૧ પ્રમાણે **બ** ગુનેહગાર થાય. કારણ કે તે **બ** ના કબજામાં હતો. અને તે કબજો તેના પોતાના ખાનગી ઉપયોગને સારૂ નહીં હતો. કોરટોએ ગુનેહગાર ઠરાવતાં પહેલાં કબજાના કારણની તપાસ કરવી જોઇએ. અને વળી અમારી નજરમાં આવે છે કે તે કેવા પ્રકારનો હતો તેની પણ તપાસ કરવી જોઇએ.

આ કામમાં એટલું યાદ રાખી શકાય છે કે સરકારી સોલીસીટરને હમેશની રીત પ્રમાણે નોટીશ આપવામાં આવેલી છે. પરંતુ તે ગુનહાની સાબેતીના ઠરાવને પુષ્ટી કરવાને સરકાર તરફથી કોઇ હાજર થયું નથી અને જો કે પાછળના બે કામોમાં બરોબર આવીજ હકીકત હતી. તેમ છતાં પ્રેસીડેનશી માજીસ્ટ્રેટે વીરૂધ ઠરાવ કરેલો છે. અને તે ઠરાવો જકાતના અધીકારીઓએ કબુલ રાખેલા છે, તોપણ આ વાત કોરાણે રાખતાં અમારી નજરમાં આવે છે કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. તેથી તે અમે રદ કરીએ છીએ.

આ અરજી કરતાં વાંર થએલી છે. તેનો ખુલાશો પુકત રીતે આપવામાં આવેલો છે. આ હુકમ નહી કરવાને વાર થવાથી કાંઇ કારણ બને. પરંતુ જયારે તે હુકમ કરવામાં આવેલો હોય ત્યારે તે અરજી ના મંજુર કરવાને કાંઇ કારણ બનતું નથી.

જડજો એક બીજા વીરૂધ પડયા. તેથી તે પ્રોશીડીંગ મી. જષ્ટીશ વીલશન સાહેબની રૂબરૂ મુકવામાં આવ્યું. તેમાં તેમણે નીચે પ્રમાણે ફેંસલો આપવામાં આવેલો છે:—

જષ્ટીશ વીલશન શાહેબ:—તમામ વાતનો વીચાર કરતાં તે ગુ-

નહાની સાબેતીનો ઠરાવ બરાબર નથી. એમ અમે જષ્ટીશ મેકફરસન સાહેબ સાથે મળતા છીએ.

અમારી નજરમાં આવે છે કે જે હકીકત છે તે ફકત આ છે કે અમુક દારૂ મારટીનેઝ અને કંપનીને સારૂ નાવારીનો આગબોટમાં આવેલો અને તોહોમતવાળાને તેઓએ એવી અરજ કરેલી કે અમારી તરફથી જકાત અને ઉતારવાનુ ખરચ આપવું અને તે દારૂ આગરે મોકલી દેવો. તે દારૂ કલકતામાં તોહોમતવાળાના કબજામાં બંગાળાના શને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૬૧ ના હેતુ પ્રમાંણે પાસ વીના હતો. એથી તે પ. કડવામાં આવેલો હતો.

અમારી નજરમાં આવતું નથી કે જ્યાં સુધી અમે એવી બોહોળી રીતે ઠરાવી શકીએ નહીં કે કોઇ સખસને દારૂ રવાને કરવા સાથે નીશબત હોય તેનો આ કલમમાં સમાશ થાય છે. ત્યાં સુધી આ ગુનાહની શા. બેતીના ઠરાવને અમે પુસ્ટી કરી શકીએ છીએ. જો તોહોમતવાળાનો આ કલમમાં સમાશ થનો હોય તો વાહાણુના માલેકોને જો માલ ઉતારવામાં આ વેલો હોય તો શા વાસ્તે એક શરખી રીતે ગુનેહગાર ઠરાવવા નહી જોઇયે તે અમારા જોવામાં આવતું નથી, રેલવે કંપની તે માલ ખેંચી ગએલા હોયતો બંગાળાના દરેક જીલાંમાં થઇને તે ખેંચી લઇ જાય તેમને તે દરેક જીલ્લાની પાસ મેળવવાની કેમ જરૂર નથી તે અમારા જોવામાં આવતું નથી,

જે વાર થએલી છે તે બાબતમાં માજીસ્તરેટે એક વખત તે ગુનાહ ની શાબેતીનો ઠરાવ ના મંજુર કરેલો અને તોહોમતવાળાએ તે ઠરાવ ફેરાવવાને અગર તે રદ કરાવવાને જુદી જુદી જગાઓએ યત્ન કરેલો છે. અને સરકાર તરફથી કાંઈ હરકત લેવામાં આવી નથી. તે હકીકતનો વીચાર કરતાં અમારી નજરમાં આવે છે કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ અમે યોગ્ય રીતે રદ કરી શકીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે દંડ પાછો આપવો અને જે માલ જપ્ત કરી શરકાર દાખલ કરવાનો ઠરાવ કરવામાં આવેલો છે તે છોડી દેવો.

ફોજદારી અરજી

તા૦ ૩૧ મી અગસ્ટ શને ૧૮૮૨

(મી૦ જસ્ટીશ વીલનસ અને મી૦ જસ્ટીસ ઓકીનીલી સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ હરેકોલ

હકુમત—અપીલ—ફરી તપાસ—હીંદુસ્થાન માહેના ઇંગરેજી રાજ્ય

બાહાર કરેલો ગુનોહ.

હીંદુસ્થાન માંહેના ઇંગરેજી રાજ્યની હદની બાહાર. મોહોરબંજમાં કરીને જગો છે. ત્યાં ગુનાહ કરવામાં આવે તે ગુનાહની બાબતમાં હકુમત વાપરતાં ટ્રીબ્યુટરી માહાલના સુપ્રીનટેનડેંટે શીક્ષાનો હુકમ કરેલો હોય તે માં અપીલ તરીકે અગર ફરી તપાસ તરીકે હાથ ઘાલવાને હાય કોરટને અખત્યાર નથી.

કેસરેહીંદ વીરૂધ કેશબ માહાજન અને હરસી માહાપતરાત્ર વીરૂધ દીનાબંદુપતરોના ઠરાવો જોવામાં આવ્યા.

પાનુ ૨૮૮ અપીલવાળા હરોકોલ ઉપર આ કામમાં મોરબંજમાં હીગલીમાં તા૦ ૬ અકટોબર શને ૧૮૮૧ ના રોજ એક ગોસાઇ કોલનુ ઇરાદા પુરવક ખુન કરયું. એવો આરોપ રાખવામાં આવેલો હતો. તા૦ ૧ લી મારચ શને ૧૮૮૨ ના રોજ બાલાશોરમાં ટ્રીબ્યુટરી માહાલના સુપ્રીનટેડેનટે તે કેદીની તપાશ કરી તેને ગુનેહગાર ઠરાવ્યો. અને તેને હયાતી સુધીની સમુદ્રપારની શીક્ષા કરી તે ઉપર થી તેણે હાયકોરટમાં અપીલ કરી છે.

આ કામમાં તકરાર કરવાને કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંશલો જષ્ટીશ વીલશન શાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

કટક ટ્રીબ્યુટરી માહાલના સુપ્રીનટેંડેન્ટે એક ગુનહાની સાબેતીનો ઠરાવ કરેલો છે તે ઉપર અપીલ કરવામાં આવેલી છે. તે ગુનાહ મોહોર બંજમાં થએલો હતો તોહોમતવાળો મોહોર બંજનો દેશી છે. તે તપાશ બાલાસોરમાં થએલી છે. ફુલબેંચે ઠરાવ્યું છે કે મોહોરબંજ હીંદુસ્થાનમાં હેના ઇંગરેજી રાજ્યનો ભાગ નથી. કેશરેહીંદ વીરૂધ કેશબ માહાજન હાલ જે ઠરાવ બતાવવામાં આવ્યો તેમાં તથા હરશી માહાપાતરાત વીરૂધ દીનાબંધુ પતરોના કામમાં જે કાયદાઓ તથા હુકમો તપાશવામાં આવેલા છે. તે પ્રમાણે મોહોરબંજ સુધાંતના તે માહાલોમાં જે ગુનાઓ બને છે તે ગુનાહોની બાબતમાં ટ્રીબ્યુટરી માહાલના સુપ્રીનટેનડેનટ અને તેના આશીસ્ટંટ હકુમત વાપરે છે.

હમારે હાલ જે વીચાર કરવાનો છે. તે સદરહુ હકુમત વાપરવામાં આવેલી છે તે કાયદા પ્રમાણે વાપરવામાં આવેલી છે કે નહીં તેનો વીચાર કરવાનો નથી. પરંતુ ફકત એટલો વીચાર કરવાનો છે કે તે અધીકારીના ઠરાવમાં હાથ ઘાલવાને આ કોરટને અપીલ કોરટ તરીકે અગર ફરી તપાસની કોરટ તરીકે હાથ ઘાલવાનો કાંઇ અખત્યારછે કે નથી હાલ જે લેટસપેટંટ ચાલુ છે. (સને ૧૮૬૫ નો) તેની કલમ ૨૭ થી બંગાળાના ડીવીઝનમાં ફોજદારી કોરટો ઉપરની તથા આ કોરટની નીચેઆની નીચે.

ની તમામ બીજી કોરટો ઉપર આ કોરટને અપીલ કોરટ ઠરાવવામાં આવેલી છે. અરથ કરવાનો સારો પ્રખ્યાત નીયમ છે. તે પ્રમાણે તે શબ્દોનો અરથ એવો થવો જોઇએ કે હીંદુસ્થાન માંહેના ઇંગરેજી રાજ્યની કોરટો એટલે હીંદુસ્થાન માંહેના ઇંગરેજી રાજયમાં અને તે રાજયને માટે સ્થાપેલી કોરટો જે છે તેછે કલમ ૨૮ થી આ કોરટની અપીલ બાજુની હકુમતને તાબે જે ફોજદારી કોરટો છે તે કોરટોમાંથી કરેલા રેફરંસો તથા તે કોરટોમાંથી આવેલાં કામોની ફરી તપાસ કરવાને આ કોરટ છે. માટે આ કલમથી તે કામ આગળ જતું નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં શેશન જડજો અને બીજા કેટલાક બતાવેલા અમલદારો કે જે બધાએ હીંદુસ્થાન માંહેના ઇંગરેજી રાજયના અમલદારો છે અને જેઓ પોતાનું કામ હીંદુસ્થાન માંહેના ઇંગરેજી રાજયની અંદર અને તે રાજયને માટે કરે છે તેમના ઉપર અપીલ આ કોરટમાં કરવાનો ઠરાવ છે. ફરી તપાસ કરવાનો તે કાયદાથી જે અખતયાર આપવામાં આવેલો છે તે તેવીજ રીતે આ કોરટોના તાબાની કોરટોની બાબતમાં ફકત છે. અને તે કોરટો જે કારણો બતાવવામાં આવેલાં છે તે કારણોને લીધે ફકત ઇંગરેજી રાજયની કોરટોજ સમજવી જોઇએ. સબબ આ અપીલ સાંભળવાનો અમને અખત્યાર નથી. તે કારણથી આ અપીલ રદ થવી જોઇએ. અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૯ અકટોબર સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ ફીલ્ડ અને મી૦ જસ્ટીસ નોરીસ સાહેબોની રૂબરૂ.

મનુંમીયાં વીરૂધ કેસરેહીંદ.

તોહોમનો એકઠાં રાખવાં—જુદા જુદા સખસોની બાબતમાં એકજ નજરના કરેલા ગુનાહ ફોજદારી કામ ચ. ની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૪૫૨, ૪૫૩, ૪૫૫.

તોહોમતવાળા ઉપર ચાર મથાળાનો એક આરોપ રાખવામાં આવ્યો હતો. એટલે,

(૧) અ ના ઘરમાં ચોરી કરવાના ઇરાદાથી રાત્રે ઘર ફોડયું.

(૨) તે ઘરમાંથી ચોરી કરી.

(૩) તેવાજ ઇરાદાથી બ નું ઘર રાતરે ફોડયું.

(૪) તે ઘરમાંથી ચોરી કરી.

અને તેમાં પેહેલા અને ત્રીજા આરોપ બાબત તેણે ગુનહો કબુ-

સ કરયો.

ઠરાવવામાં આવ્યું કે તે કામનો કલમ ૪૫૩ માં સમાશ થાય છે. અને એકજ પ્રકારના ગુનાઓની તે કલમના ખુલાસાથી મરીયાદા બાંધવામાં આવી નથી. પરંતુ જે કામમાં ઘર ફોડવાના બે ગુનહાઓ એક વરસની અંદર કરેલા હોય તેમાં તેનો સમાસ થાય છે.

વળી ઠરાવવામાં આવ્યું કે એકજ પ્રકારના ગુનાઓ એ શબ્દોની મરીયાદા એકજ સખસ વીરૂધના ગુનાઓની બાબતમાં રાખવામાં આવેલી નથી.

જસ્ટીસ પીલ્ડ સાહેબના અભીપ્રાયમાં આવ્યું છે કે કલમ ૪૫૩ ના ખુલાસાથી તે કલમનો અરથ વધારેલો છે અને તેની મરીયાદા બાંધેલી નથી. એમ સમજવું જોઇએ.

જસ્ટીશ નોરીસ સાહેબના અભીપ્રાયમાં આવ્યું છે કે તોહોમતો એકઠાં રાખવાથી તોહોમતવાળા સખસોને કાંઇ હરકત થતી નથી. એવી સંભાળ રાખવી જોઇએ. અને જુદા જુદા આરોપોની બાબતમાં જુદી જુદી તપાશી કરવાને તેમની તરફથી કાંઇ અરજી કરવામાં આવે તો હરકોઇ વખતે કોરટે ખુશીથી સાંભળવી જોઇએ.

કેશરેહીંદ વીરૂધ મોરારીના ઠરાવથી વીરૂધ પડવામાં આવ્યું.

પાનુ ૩૭૧ મી૦ જસ્ટીસ નોરીસના ફેંસલા ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છે.

બેમાથી એકે બાજુ તરફથી કોઇ હાજર નથી.

જસ્ટીસ નોરીસ સાહેબઃ—આ કામમાં આરોપવાળી ચાર બાબતો છે એટલે પેહેલી કે એક બરોડા પ્રસાદના ઘરમાંથી ચોરી કરવાના ઇરાદાથી રાતરે ઘર ફોડયું, બીજી તે ઘરમાંથી ચોરી કરી, ત્રીજી એક ત્રીનીચરણ દતના ઘરમાંથી ચોરી કરવાના ઇરાદાથી રાતરે ઘર ફોડયું, અને ચોથી કે તે ઘરમાંથી ચોરી કરી.

શેશન જડજની રૂબરૂ તપાસ ચાલતાં તે કેદીએ પેહેલી અને ત્રીજી બાબતવાળો આરોપનો ગુનોહ કબુલ કરયો. તેથી પેહેલી બાબત સારૂ ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા અને ત્રીજી બાબતના ગુનાહ સારૂ ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા સદરહુ પેહેલી સીક્ષાની મુદત પુરી થએ ભોગવવી એવો હુકમ કરયો.

બીજી અને ચોથી આરોપવાળી બાબતમાં કાંઇ તકરાર લખી લેવામાં આવેલી હોય એમ જણાતુ નથી તે જડજે ફક્ત કહયું છે કેઃ—"બીજી અને ચોથી આરોપવાળી બાબત કાંઇ શીક્ષા કરવામાં આવી નથી, કારણકે તેનો પેહેલી અને ત્રીજી આરોપવાળી બાબતમાં સમાસ થયેલો છે."

માજીસ્ત્રેટે કેદીને ફક્ત આરોપ બાબત કમીટ કરેલો હતો. તેમાં આ રોપવાળી ચારે બાબતો જે અમે બતાવી છે તે આવી ગએલી હતી, તે થી તે માજીસ્ત્રેટના મોકલવા પ્રમાણે સેશન જડજે એક આરોપ તરીકે તેની તપાસ કરેલી છે.

માજીસ્ત્રેટે તથા શેશન જડજે જે રીતીઓ પ્રમાણે કામ ચલાવ્યું છે તે કાયદા વીરૂધ છે એમ અમારી નજરમાં આવતું નથી. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫૨ મીમાં કહયું છે કેઃ—દરેક જુદા ગુનહા બાબત કોઈ સખશ ઉપર આરોપ રાખવામાં આવ્યો હોય તેની બાબત માં જુદો આરોપ હોવો જોઇએ, અને અહીંયાં જે કામો બતાવવામાં આવેલાં છે તે શીવાયના કાંમોમાં તે દરેક આરોપ બાબત જુદી તપાશ કરવી જોઇએ. કલમ ૪૫૩ મીમાં કહયું છે કેઃ—જયારે એકાદા સખશે એક પ્રકારના ગુનહા એક કરતાં વધારે એક વરશની અંદર કરેલા હોય ત્યારે તેમાંના હરકોઇ ત્રણ કરતાં વધારે નહી એવા ગુનાહના આરોપ તેના ઉપર રાખી શકાય છે અને તપાસ થઇ શકે છે" પછી ખુલાસોછે જો ગુનહાઓનો સમાશ કલમ ૪૫૫ માં થતો હોય તો, તે ગુનહાઓ એકજ પ્રકારના છે એમ કહેવામાં આવે છે." કલમ ૪૫૫ મીમાં કહયું છે કે "એક કૃત્ય અથવા કેટલાક કત્યો એવા પ્રકારનાં હોય કે જેથી જે હકીકત સાબેત થઇ શકે તે ઉપરથી કેટલાક ગુનહાઓમાંથી કીયો ગુનહો બને છે તે અંદેશા ભરેલું હોય તો, તોહોમતવાળાના ઉપર હરકોઇ આવા ગુનહાનો આરોપ રાખી શકાય છે, માટે તે આરોપોમાંના હરકોઇ આરોપની એકદમ તપાસ થઇ શકે છે, અથવા તે ગુનહાઓમાંનો એક નહી તો બીજો ગુનહો કરયો છે એવો તેના ઉપર આરોપ રાખી શકાય છે."

હવે જો અમે એમ ઠરાવીએ કે કલમ ૪૫૩ મીમાં "એકજ પ્રકારના ગુનહાઓ" એ શબ્દો કલમ ૪૫૫ મીના ઠરાવમાં જે ગુનહાઓનો સમાશ થાય છે" એવા શબ્દો છે તે સબંધી છે, અને તે ગુનહાઓ ફકત તેમાં આવી જાય છે, તો બેશક કાયદા વીરૂધ થએલું છે. "તોહોમતમાં અથવા તપાસ ઉપરથી ચાલેલા પ્રોસીડીંગમાં ભુલ અગર ખાંમી" રહેલી છે. માટે જો અમારો એવો અભીપ્રાય હોય કે તે ભુલ અથવા ખાંમીથી તે કેદીને પોતાના બચાવમાં હરકત થએલી છે તો, તેમાં અમારે હાથ ઘાલવાની જરૂર છે. પરંતુ તે કેદીએ ગુનહો કબુલ કરેલો છે; માટે તેને આ પ્રમાણે હરકત થએલી છે, એમ કહી શકાતું નથી. પરંતુ અમારા અભીપ્રાયમાં આવે છે કે અમે તે પ્રમાણે ઠરાવી શકતા નથી. તે પ્રમાણે કરવાથી કાયદામાંથી કલમ ૪૫૩ બીલકુલ કાહાડી નાંખવામાં આવી થાય છે. અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૪૫૩ "એકજ પ્રકારના

ગુનહાઓ" એવા શબ્દો છે, તેની તે કલમના ખુલાશાથી રાખવામાં આવી નથી, પરંતુ આ કામની માફક જે કામમાં એક વરસની અંદર ઘર ફોડવાના બે ગુનહાઓ કરવામાં આવેલા હોય તેનો તેમાં સમાશ થાય છે. કલમ ૪૫૫ મીમાં "જે ગુનહાઓ" કહેવામાં આવેલા છે તે ખરી રીતે 'એકજ પ્રકારના ગુનહાઓ' નથી, પરંતુ "એક કૃત્ય ઉપરથી અથવા કેટલાક કૃત્યો" ઉપરથી જુદી જુદી જાતના ગુનહાઓ ઉત્પન થાય છે તેછે. વળી એક કૃત્ય અથવા કેટલાક કૃત્યો' ઉપરથી ઉત્પન થતા જુદી જુદા જાતના ગુનહાઓ એકજ વખતે તે કલમના હેતુ પ્રમાણે કરેલા હોવા જોઇએ. અને એક થયા પછી એક વરસની અંદર બીજો બનેલો એવા શબ્દો કલમ ૪૫૩ મીમાં વાપરવામાં આવ્યા છે તેથી ખુલું જણાય છે કે જુદી જુદી વખતે બનેલા ગુનહાઓ તે પછી ૩૬૪ દીવશને અંતરે જુદા જુદા થએલા હોય. માટે તે આકટના શબ્દો ઉપરથી અમારા અભીપ્રાયમાં આવે છે કે કાંઇ કાયદા વીરૂધ થએલું નથી.

હવે અમે બીજી બાબતનો વીચાર કરીએ છીએ એટલે કે કલમ ૪૫૩ મીમાં "એકજ પ્રકારના ગુનહાઓ" કહેલા છે તેનો હેતુ તે ગુનહાઓ એકને એકજ સખશના વીરૂધના ગુનહાઓનો છે એમ ઠરાવવું જોઈએ કે નહી. અમારા અભીપ્રાયમાં આવે છે તે તેની તેની મરીયાદા રાખવી નહી જોઇએ. તે પ્રમાણે તેની મરીયાદા બાંધી શકાય તેવાતે કલમના શબ્દોમાં કાંઇ નથી. માટે જ્યાંહાં સુધી અવસ્યની જરૂર ના હોયત્યાં સુધી મર્યાદા બાંધવાના શબ્દો તેમાં દાખલ કરવાને અમને છુટ નથી. અમારા જાણુવામાંછે કે આ ઠરાવ કરવાથી અમે કેશરેહીંદવી૦ મૂરારીના કામનો ઠરાવ અલ્હાબાદમાં હાયકોરટે કરેલોછે તે પ્રમાણે ચાલવાને ના પાડીએછીએ. તે ઠરાવ જે વીદવાન જડજોએ કરેલોછે તેમાંના એક જષ્ટીશ ફ્રેટ ફોજદારી કાયદાના ગ્નાન ધરાવ્યાના ઘણીજ યોગ્ય આબરૂવાળા છે તેથી તે જડજોને ઘણુંજ માન્ય આપીએ છીએ, પણ તે ઠરાવ બરોબર છે, એમ વીચારમાં આવતું નથી. તે કલમની મરીયાદા અલ્હાબાદ હાય કોરટે જેવી બાંધી છે, તે પ્રમાણે હદ બાંધવાને અમે આગળ કહેલું છે તે પ્રમાણે તે કલમમાં તેવા શબ્દો નથી. માટે અમારે અમારા હાલના ઠરાવને પુશ્ટી કરવાને આજ ફકત કારણુ બસ છે. પરંતુ અમારા વીચારને પુસ્ટી થાય તેવો આધાર ઇંગલાંડની ફોજદારી કોરટનો રીવાજ છે તે બતાવવો ઠીક છે એમ અમારી નજરમાં આવે છે. ઇંગલાંડના કામન લા પ્રમાણે કેટલાક જુદા જુદા અગોર અપરાધો બાબત તેના તે તોહોમતમાં જુદી જુદી બાબતનો આરોપ કેદી ઉપર રાખતાં અટકાવ થાય તેવું કાંઇ નથી.

"હેલ્સપ્લીસ ઓફ્ ધી ક્રાઉન" વાલ્યુમ ૨ ને પાને ૧૭૩ મે ઠરાવવામાં આવ્યું છે કે "જો એક ગુનેહગાર હોય અને તેણે કેટલાક મોહોટા ગુનાઓ કરેલા હોય તો તે તમામનો જેમકે ખાતર પાડવાનો તથા ચોરીનો આરોપ એક તોહોમતમાં રાખી શકાય છે. માટે કેટલીક વસ્તુઓની ચોરીઓ જો કે જુદી જુદી વખતે અને જુદા સખસોની કરવામાં આવેલી હોય તોપણ તેનો આરોપ એક તોહોમતમાં રાખી શકાય છે, અને માહારાણી વીરૂધ હેવુડનો ઠરાવ જુઓ. કાસ્ટ્રો વી૦ માહારાણીજીના કામમાં લોડ બ્લાકબરને પાને ૨૪૩ મે નીચે પ્રમાણે વીચારો બતાવ્યા છે:—એક તહોમતની બાબતમાં જે રીતીએ ચાલવામાં આવે છે તે આ છે કે:—માહારાણી પોતાનું કમીસન ગ્રાંડજુરીને મોકલ્યું હોય, અથવા બીજું કાંઇ કમીશન યોગ્ય અધીકારી તરફ મોકલ્યું હોય અને તે પ્રમાણે અખત્યાર પામેલા અધીકારીએ પોતાના જાણવામાં આવેલા તમામ ગુનાઓ રજુ કરવા. જો તેઓના જાણવામાં પુકત રીતે આવ્યું હોય કે એક માણસે દશ ખુન કરેલાં છે, પચાસ ખાતર પાડેલાં, અને ત્રીસ ચોરીયો કરેલી છે તો તે તમામની બાબતમાં તેઓ એક ઠરાવ કરશે નહીં. પરંતુ તે દરેક આરોપવાળો ગુનોહ કરેલો છે એવી જુદી જુદી બાબતનો તેઓ ઠરાવ કરશે. અને જો ત્યાં બીજા ઘણા માણસો હોય (જેમ ઘણું કરીને હોય છે.) તો એવું પણ ઠરાવવામાં આવે કે બીજા ઘણા સખસોના વીરૂધ સાબેત થએલા ગુનાઓ તેઓએ કરેલા છે અને આ તમામ આરોપનું એક કામ કરવામાં આવે છે. તે ઉપરથી તોહોમતવાળા ઉપર "પેટી જુરી"ના રૂબરૂ તેના ઉપરના તોહોમતવાળા ગુનહાઓનો તે ગુનેહગાર છે કે નહીં તેની તપાસ કરવાનું પ્રોસેસ કાહાડી શકાય છે.

" હવે કામનલા પ્રમાણે કાયદાની બાબતમાં એકાદા સખસના ઉપર કેટલાક ગુનહાનો આરોપ રાખવામાં આવેલો હોય અને તે ગુનહાઓ જો તમામ અઘોર હોય અગર તમામ ખોટી વરતણુંકના હોય તો તેને પેટી જુરીની રૂબરૂ એક વખતે તે તમામની બાબતમાં જવાબ માગવાને કાંઇ હરકત નથી. અઘોર અપરાધ અને ખોટી વરતણુંકની તપાસોમાં જે સાંમી તકરારો કરવાની તથા લાગુ હકીકતો આવે છે તે તેની તેજ નથી હતી. માટે અઘોર ગુનહાની અને ખોટી વરતણુંકની તપાસ એકઠી થઇ શકતી નથી. પરંતુ ગમે તેટલી સંખ્યા અઘોર ગુનહાઓની હોય તો તેની અથવા ગમે તેટલી સંખ્યા ખોટી વરતણુંકની હોય તો તેની એકઠી તપાસ થઇ શકે છે. વિદ્વાન કાંઉનસીલે તેથી વીરૂધ કહેલું છે પણું જો કે તેમણે તેવી સાંમી તકરાર વારંવાર કરેલી છે, તોપણ તેઉ પોતાની તકરારની પુસ્ટીમાં એક આધાર પણ બતાવી શકયા નથી. આ કરવાને

કાંઈ કાયદેસર હરકત નહી હતી. તે પ્રમાણે કરવું એ વારંવાર ઠીક નઈ હતું કારણ કે એકાદા સખશ ઉપર એકદમ કેટલીક બાબતોનો આરોપ રાખવામાં આવે તો તે માણસને તપાસમાં હરકત પડે છે, અને કેટલીક બાબતો વીશે તેના ઉપર ફકત આરોપ રાખવાથી તે ગુનેહગાર ઠરે એવો સંભવ વધે છે એમ ધારવામાં આવેલું છે કારણ કે ખોટી વરતણુંકનો તેની વીરૂધ પુરાવ આપવામાં આવેલો હોય એમ થાય છે. કેટલીક બાબતો વીસે એકદમ તેની તપાસ કરવામાં આવે છે ત્યારે તેની બાબતમાં વ્યાજબી નથી. તેની કોરટમાં બીરાજનાર જડજને કુલ અખ્તીયાર છે તેમને એવી અરજી કરી શકાય કે મારી ફકત એક ગુનહા બાબત તપાસ કરો. અગર ફકત બે ગુનહાઓ બાબત તપાશ કરો. જો એકજ બાબત ખરી હોય તો મારી એકજ બાબત વીશે ફકત તપાશ થવા દો. અને જયારે તે ખરી બાબત હોય છે ત્યારે જડજ તે પરવાનગી આપેછે આમીશ્ર હેતુની બાબતમાં ઘણા ઠરાવો થએલા છે તેથી સાબેત થઇ ગએલું છે, (અમે કબુલ કરીએ છીએ કે પ્રથમ તે બરોબર છે કે નહી એ વીશે અમને શક હતો પરંતુ હાલ નકી કાયમ થઈ ગએલા છે અને કાયદાથી મંજુર થએલા છે એ કેવળ ખુલ્લું છે) તે ઠરાવો એવા છે કે અઘોર પ્રકારના કેટલાક આરોપો હોય તો એક મથાળા નીચે તેવા બે ગુનહાઓ સામેલ રાખવા તે અવશ્યે કરીને કેદીની બાબતમાં બ્યાજબી નથી. કારણ કે જડજને અરજી કરવામાં આવે ત્યારે તેની પસંદતા પ્રમાણે જડજે પ્રોસીકયુટરને રાખવો જોઇએ. અને તેઓને બે તપાસો સારૂ મોકલવા જોઇએ. અઘોર ગુનાહની બાબતમાં પણ એવું કોઇ દીવસ ઠરાવવામાં આવેલું નથી કે જો તે પસંદ કરવાની અરજી ના આવેલી હોયતો કેટલાક તેવા ગુનહાઓ એકઠા રાખવા. અને એક પેટી જુરીની રૂબરૂ તે કેટલાક ગુનાઓનો તપાસ કરવામાં આવે તો તે કાયદા પ્રમાણે બરોબર નથી. પરંતુ તેથી વીરૂધ વારંવાર ઠરાવવામાં આવ્યું છે કે અઘોર અપરાધના કામમાં યોગ્ય વખતે યોગ્ય અરજી જો કરવામાં આવેલી હોય તો જે પક્ષકાર ફરીઆદ ચલાવતો હોય તો તે પોતાની પસંદતા પ્રમાણે કામ ચલાવે અગર ફકત તેવા એક ગુનાહ બાબત ચલાવે અને એક વખતે બે ગુનાહ બાબત ચલાવે નહીં પરંતુ ખોટી વરતણુકની બાબતમાં તે પ્રમાણે કરવુંજ જોઇએ. એમ કોઇ રીતે નથી. અમારી નજરમાં આવે છે કે જો જડજને, અરજી કરતાં તેમની એવી ખાતરી થાયકે કેટલીક વરતણુંકો બાબત એકઠી તપાસ કરવાથી કેદીની બાબતમાં ગેરઇનશાફ થાય એવું છે. તો તેઓનો એમ કહેવાનો સંપુરણ હક છે કે અમે તે એકઠી તપાસ કરી ગેરઇનશાફ કરીશું નહીં. અને તેની સંખ્યા ઓ-

છી કરવા દો. અને યોગ્ય સંખ્યાની તપાસ કરવા દો અને બાકીનેની કર વા નહીં દો, ખોટી વરતણુંકના કામમાં આવી રીતે કરવામાં આવેલું છે કે નહીં તે અમારા જાણુવામાં નથી. પણુ તેમ થયું હશે તે વીશે અમને ઘણો થોડોક શક લાગે છે.

કાયદા કરનારાઓએ બે કામોમાં ઠરાવ્યું છે કે અઘોર ગુનાહના ત્રણુ આરોપો એક તોહોમતમાં રાખી શકાય છે. ચોવીસ અને પચીશ વીકટોરીઆ બાબ ૨૯ માં ઠરાવ્યું છે કે ચોરીના જુદા જુદા કૃત્યો ગમે તેટલી સંખ્યાના હોય પરંતુ એકના એકજ સખસ ઉપર ત્રણુ કરતાં વધારે નહી એવાં કેટલાંક મથાળા એકજ તોહોમતમાં દાખલ કરવાં તે કાયદેસર છે. પણુ તે સખસે તે કૃત્યોમાંના પેહેલાથી તે છેલા કૃત્ય સુધીમાં છ માસની અંદર એકના એકજ સખસ વીરૂધ કરેલાં હોવાં જોઇએ. અને તે બધાં અગર તેમાંના કોઇ બાબત કામ ચલાવવું અને તેજ આક્ટની કલમ ૭૧ માં ચોરીના જુદા જુદા ત્રણુ કૃત્યો સબંધી તેવોજ ઠરાવ છે.

અઘોર ગુનાઓની બાબતમાં ઇંગલાંડમાં આવો કાયદો અને રીવાજ છે. ખોટી વરતણુંકની બાબતમાં એક તોહોમતમાં જુદા જુદા ગુનાહની કેટલીક તકરારો દાખલ કરી શકાય તેની કાંઇ હદ નથી. જે ફરીઆદી લાંબી મજબુત ઠગાઇ કહેવાય છે. તેમાં દશ અગર પંદર મથાળાના આરોપો દાખલ કરવામાં આવે છે તે અસાધારણુ નથી અને જુદા જુદા સખસો ઉપર જુદા જુદા ગુનાહનો દરેક આરોપ રાખવામાં આવે છે. અમારા પોતાના અનુભવ પ્રમાણે સેંટ્રલ ક્રીમીનલ કોરટના મે માશના શેશનમાં મી૦ જસ્ટીશ હોકીન્સની રૂબરૂ એક કામની તપાસ ચાલી હતી. અને તેમાં એક તોહોમતમાં એકસોનેત્રીસ મથાળાં હતાં. તેમાં પચીશ અગર ત્રીસતો જુદા જુદા સખશોએ જુદા જુદા ગુનાઓ કરેલા તે બાબતના આરોપ રાખવામાં આવેલા હતા. આ કામમાં જે ગુનાઓ છે તે રાત્રે ઘર ફોડયાના છે. અગર ઇંગલાંડમાં બરગલરી કહેવાયા છે તે છે અને તે ઇંગરેજી લા પ્રમાણે અઘોર ગુનાઓ છે. માટે જો તે કેદીની ઈંગલાંડમાં તપાસ થઇ હોય તો તેના ઉપર બે જુદા જુદા આરોપો રાખવામાં આવત એમાં કાંઈ શક નથી. પરંતુ ખુશીની વાત છે કે અઘોર ગુનાહ અને ખોટી વરતણુંકની વચમાં જે અશલ ભેદ છે. તે વીશે અમારા જાણુવામાં કાંઇ નથી. માટે તે કાયદાનો અમે જે વીચાર કરેલો છે તે જો બરોબર હોય તો આ કામમાં જે સવાલ છે તે ફકત રીવાજનો રહે છે; અને આ બાબતમાં અમારા અભીપ્રાયમાં આવે છે કે ખોટી વરતણુંકની બાબતમાં ઇંગલાંડમાં જે રીવાજ ચાલે છે તે પ્રમાણે અહીંયાં ચાલવું જોઇએ. પરંતુ તે જડજોએ એની સંભાળ લેવી જોઇએ કે તે રીતી પ્રમાણે આ-

લવાથી કેદીઓને હરકત થએલી નથી. અને જુદા જુદા આરોપો બાબત તથા જુદા જુદા આરોપોની તપાસ બાબત કાંઇ પણ અરજી કરવામાં આવે તો તેઓએ દરેક વખતે ખુશીથી આતુરતા ભરેલી રીતે સાંભળવી જોઇએ. આ કામમાં કેદીને પોતાની કબુલત ઉપરથીજ ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે માટે અમે બતાવેલું છે તે પ્રમાણે સીક્ષાના હુકમના કાયદેશરપણા બાબત અગર કેટલે દરજ્જે અપીલ ચાલે તે શીવાય ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૩ પ્રમાણે અપીલ નથી. અમારા અભીપ્રાયમાં આવે છે કે તેમાં કાંઇ કાયદા વીરૂધ થએલું નથી. અને જે ગુનાઓ તેણે કબુલ કરેલા છે તે ઉપર લક્ષ રાખતાં અમારા અભીપ્રાયમાં આવે છે કે કરેલી શીક્ષાઓ બીલકુલ ઘણી સખત નથી.

માટે આ અપીલ કાહાડી નાંખવામાં આવે છે.

જસ્ટીસ ફીલ્ડ શાહેબઃ—અમારો પણ તેવોજ અભીપ્રાય છે. અમારી નજરમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૩ ના ખુલાસાથી તે કલમનો હેતુ વધારવામાં આવેલો છે. અને તેની મરીયાદા રાખવામાં આવી નથી. અમારા ભાઇ નોરીસ સાહેબે બતાવ્યું છે તે પ્રમાણે તે કલમમાં એવા શબ્દો નથી કે ત્રણ આરોપોજ તોહોમતવાળા ઉપર રાખી શકાય અને એકજ વખતે તેના તે સખસના વીરૂધના ગુનાહની તપાસ થઇ શકે. માટે અમારી નજરમાં આવે છે કે તે ખુલાશાથી શદરહુ કલમની સામાન્ય ભાશાની કાંઇ મરીયાદા અગર હદ રાખવામાં આવી છે. એમ તેનો અમલ થઇ શકતો નથી.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ ફેબરવારી સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

રાંગાઇ વીગરે વીરૂધ કેસરે.

રીવાજ—આકટ ૨૬ થવો—હાય કોરટને અપીલ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬—સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૦૮—હાય કોરટની ફરી તપાસની હકુમત.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬ પ્રમાણે ખાશ અખત્યાર વાપરી આશામના ડેપ્યુટી મા

ઝ્સ્રોટે તા૦ ૮ ડીસંબર સને ૧૮૮૨ ના રોજ એક સખસને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૭ અને ૧૦૯ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલો અ ને તેને ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. નવો ફો જદારી કામ ચલાવવાની રીતનો કાયદો તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૮૩ ના રોજ અમલમાં આવેલો છે. સદરહુ કેદીએ તા૦ ૨૩ જાનેવારી સને ૧૮૮૩ ના રોજ સદરહુ ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાના હુકમ ઉપર હાય કોરટમાં અપીલ કરેલી છે.

જસ્ટીસ ફીલ્ડ સાહેબે ઠરાવ્યું છે કે (જસ્ટીસ મીતર સાહેબે કાંઇ નકી અભીપ્રાય બતાવેલો નથી.) કે આ કામને નવા ફોજદારી કામ ચલા વવાની રીતના કાયદાની કલમ ૪૦૮ લાગુ થાય છે. માટે હાય કોરટમાં અપીલ ચાલી શકતી નથી.

કોરટે ઠરાવ્યું કે આ કામ હાય કોરટની ફરી તપાસની હકુમત વા- પરવા લાયક છે અને તે હકુમતને લીધે હાય કોરટને જે અખત્યાર છે તે પ્રમાણે તેની વ્યવસ્થા કરવી જોઇએ.

પાનું ૫૧૩ આ કામમાં કેદીઓના ઉપર આશામના ડેપ્યુટી કમીશન રે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૭ અને કલ મ ૧૦૯ અને ૪૧૧ પ્રમાણે ગુનાહ બાબત કેદીઓના ઉપર આરોપ રા- ખેલો છે. તે આરોપો ડેપ્યુટી કમીશનરની ખાતરી પુરવક સાબેત થએલા છે. તેથી તેમણે તા૦ ૧૨ ડીસંબર સને ૧૮૮૨ ના રોજ તે કેદીઓને ત્ર ણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. ડેપ્યુટી કમીશનરને સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬ ના ઠરાવ પ્રમાણે અખત્યાર મળેલો હતો. કેદીઓએ તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૮૩ ના રોજ હાય કોરટમાં અપીલ કરેલી છે.

અપીલવાળાઓ તરફથી બાબુ હરી મોહન ચકરબતી.

નીચે પ્રમાણે ફેંસલા આપવામાં આવેલા છે.

જસ્ટીસ મીતર સાહેબઃ—આ કામમાં ત્રણ સખસો રોંગાઇ, ગનરી ખાન, અને ખીરાઇને કલમ ૪૫૭ તથા ૧૦૯ પ્રમાણે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬ મુજબ ખાશ અખત્યાર વાપરી એક અમલદા રે ગુનેહગાર ઠરાવેલા છે તેઓને દરેકને ગયા ડીસમબર માસની તા૦ ૯ મીના રોજ ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. ગયા જાનેવારી માસની તા૦ ૨૩ મીના રોજ આ કોરટમાં અપીલ આપવામાં આવેલી છે. અને તે અપીલ તેજ તારીખે ડીવીઝન બેંચની રૂબરૂ સુના વણી ઉપર આવતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવેલો છેઃ—"આ અ- પીલ દાખલ કરવામાં આવી છે. માટે કામના કાગળો મંગાવવાને હમેશાની

રીતી પ્રમાણે નોટીસો કાહાડવી.” આ કામ અમારી રૂબરૂ રજુ થતાં : વો સવાલ છેવટનો નીકાલ કરવાને ઉતપન થએલો છે કે નીચેની કોર્ટે ઠરાવેલા ગુનાહની સાબેતીનો ઠરાવ તથા કરેલા શીક્ષાના હુકમ ઉપર અપીલ તરીકે આ કામની સુનાવણી કરવાને આ કોરટ મુખત્યાર છે કે નહી જુના કાયદા પ્રમાણે એમ જણાય છે કે જુના કાયદાના ઠરાવો તથા નવા કાયદાના ઠરાવો બરોબર એકના એકજ નથી. જુના કાયદા પ્રમાણે હાલના કામોમાં અપીલનો રસ્તો છે કે નહીં. તેનો નીરણય કરવાની અજમાશ એવી હતી કે નીચેની કોરટના અમલદારે કલમ ૩૬ માં બતાવેલા ખાસ અખત્યારનો અમલ કરેલો છે કે નહીં. આ કામમાં ખુલ્લું છે કે જે ડેપ્યુટી કમીશનરના ફેંસલા ઉપર આ અપીલ કરવામાં આવીછે તેમણે સને ૧૮૭૨ ના કાયદાની કલમ ૩૬ પ્રમાણે મળેલો ખાસ અખત્યાર વાપરેલો છે. આ કામમાં જે શીક્ષા કરવામાં આવી છે. તે શીક્ષા માજીસ્તરેટ તરીકે તેઉ કરી શકતા નહીં હતા. અને પ્રોસીડીંગ ઉપરથી વળી ખુલું જણાય છે કે તેઉ તે કલમ પ્રમાણે ખાસ અખત્યાર વાપરતા હતા આ પ્રમાણે છે તો ખુલ્લું છે કે જુના કાયદા પ્રમાણે આ કોરટમાં અપીલ ચાલતી હતી. પરંતુ નવા કાયદા પ્રમાણે આ કોરટમાં અપીલ કરવાનો હક જે કામોમાં આવા પ્રકારના અમલદારે એટલે કલમ ૩૬ મીના ઠરાવ પ્રમાણે ખાસ અખત્યાર પામેલા અમલદારોએ જે સીક્ષાનો હુકમ કરેલો હોય તે ઉપરી કોરટથી મંજુર થવો જોઇએ. અને તેવાંજ કામોમાં ફકત તે હક છે. માટે જુના કે નવા કાયદા પ્રમાણે ખુલ્લું છે કે આ કામમાં જે શીક્ષા કરવામાં આવેલી છે. તેને ઉપરી કોરટની મંજુરી જોઇતી નહીં હતી. આ પ્રમાણે છે તો વળી ખુલ્લું છે કે જો નવો કાયદો લાગુ થાય છે તો આ કામમાં આ કોરટમાં અપીલ ચાલતી નથી. નવા કાયદાની છેલી કલમમાં ઠરાવ્યું છે કે તમામ ચાલુ પ્રોસીડીંગોને તે કાયદો લાગુ થશે. માટે જો આ કામ તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૮૩ ના રોજ ચાલુ હતુ. એમ ગણી શકાય તો નવો કાયદો લાગુ થાત તેમાં કાંઇ શક નથી. પરંતુ એમ કહેવામાં આવેલું છે કે નીચેની કોરટમાં તે કામનો ફેંસલો તા૦ ૯ મી ડીસંબર સને ૧૮૮૨ ના રોજ કરવામાં આવેલો છે. બીજી બાજુ તરફ નવા કાયદાની કલમ બીજી સને ૧૮૭૨ નો આકટ ૧૦ રદ થએલો છે અને આ અપીલ તા૦ ૨૩ મી જાનેવારીના રોજ કરવામાં આવેલી છે. અને જુનો કાયદો તે તારીખે ચાલુ નહી હતો તેથી જુના કાયદા પ્રમાણે અપીલવાળાઓનો અપીલ કરવાનો કાંઇ પણ હક હતો તે હકનો તેઓ દાવો રાખી શકતા નથી. જે કલમમાં નવા કાયદામાં અપીલના હક બાબત વ્યવસ્થા કરવામાં આવી છે તે કલમ ૪૦૮ છે અને તે નીચેની મત

લખની છે:—"કોઇ સખશની આશીસ્ટંટ શેશન જડજે, જીલા માજીસ્ત્રેટે, અગર બીજા પહેલા વરગના માજીસ્ત્રેટે તપાસ કરેલી હોય અને તેને ગુનેહગાર ઠરાવેલો હોય અથવા કોઇ સખસને પહેલા વરગના માજીસ્તરેટે કલમ ૩૪૯ પ્રમાણે સાક્ષા કરેલી હોય ત્યારે તે સેશન કોરટમાં અપીલ કરી શકે છે. પણ જ્યારે કોઇ કામમાં આશીસ્ટંટ શેશન જડજ અગર જીલા માજીસ્તરેટ કાંઇ શીક્ષાનો હુકમ કરે અને તે શેશન કોરટથી મંજુર થવાની જરૂર હોય તો તેવા દરેક કામમાં હાયકોરટમાં અપીલ ચાલશે." તે કલમમાં સામાન્ય રીતે કહેવામાં આવ્યું છે કે ઉપર બતાવેલા અમલદારોએ તપાસ કરી કોઇ સખસને ગુનેહગાર ઠરાવેલો હોય તો તે સેસન જડજને અપીલ કરી શકે છે અને અમુક કામોમાં હાયકોરટને કરી શકેછે. માટે અમારા વીચાર એવો અર્થ કરવાનો થયછે કે આ કામમાં અપીલના હકને નવા કાયદાના ઠરાવો લાગુ થાય છે. આ પ્રમાણે છે તો ખરી હકીકત તરીકે અપીલવાળાઓનો આ કોરટમાં અપીલ કરવાનો હક થતો નથી. પરંતુ અમને એમ જણાય છે કે આ સવાલનો નીરણય કરવાને આ કામમાં અવસ્યે કરીને જરૂર નથી. કારણ કે સેશન જડજને અગર આ કોરટને અપીલ થઇ શકે પરંતુ નવા કાયદાથી ફરી તપાસનો અખ્તીઆર જે અમને આપેલા છે તે અખ્તીઆર વાપરવાને આ યોગ્ય કામ છે એમ જણાય છે સબબ આ બાબત અમારે નક્કી અભીપ્રાય બતાવવાની જરૂર નથી. પરંતુ આ કામમાં અપીલમાં અગર આ કોરટને મળેલા ફરી તપાસના અખ્તીઆર પ્રમાણે વીચાર કરતાં અમને એમ જણાય છે કે નીચેની કોરટે ગુનહાની સાબેતીનો જે ઠરાવ કરેલો છે તે કાયમ રહી શકતો નથી.

(તે નામદાર સાહેબે પુરાવ તપાસીને કહયું છે કે):—

તમામ હકીકત ઉપરથી અમારી નજરમાં આવતું નથી. કે કેદીઓને જે ગુનહાના ગુનેરગાર ઠરાવેલા છે તેને પુષ્ટી કરવાને પુંકત પુરાવ છે માટે તે ઠરાવ અમે રદ કરીએ છીએ. અને ફરમાવીએ છીએ કે તેઓને તરત છોડી દેવા.

જસ્ટીશ ફીલ્ડ સાહેબ:—આ કામમાં અપીલવાળાઓને ગયા ડીસેંબર માસની તા૦ ૮ મીના રોજ આસામમાં ડેપ્યુટી કમીશનરને સને ૧૮૭૨ ના (આકટ ૧૦ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૬ પ્રમાણે ખાસ અખત્યાર મળેલો છે તે વાપરતાં તેમણે અપીલવાળાઓને ગુન્હેગાર ઠરાવેલા છે. આ પ્રોસીડીંગો જોતાં ડેપ્યુટી કમીશનર આ અખત્યાર જીલ્લા માજીસ્ત્રેટ તરીકે વાપરતા હતા એમ જણાય છે. અને વળી સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૭૭ પ્રમા-

એ ખુલ્લુ જણાય છે કે તે જીલ્લા માજીસ્ત્રેટે આ અખત્યાર વાપરેલો છે. કારણ કે શીક્ષાનો જે હુકમ કરવામાં આવેલો છે તે ત્રણ વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષાનો છે, તેથી તે ઉપરથી જણાય છે કે આ મલદાર આવો ખાસ અખત્યાર વાપરતા હતા, જીલ્લા માજીસ્ત્રેટ તરીકે તે ડીપોટી કમીશનર ફક્ત બે વરસ સખત મજુરી સાથે કેદની સાક્ષાકરી શકતા હતા. આ પ્રમાણેછે તો કલમ ૨૭૦ જે હમણાંજ ખતાવવામાં આવી છે તેના ઠરાવ પ્રમાણે ખુલ્લુ છે કે તે અપીલ હાયકોરટમાં ચાલી શકે છે. અને શેશન કોરટમાં ચાલી શકતી નથી. પરંતુ અમારા મનમાં સ્પષ્ટ છે કે સને ૧૮૮૨ ના હાલના કાયદાથી તે નીયમમાં ફેરફાર કરવામાં આવેલો છે. હાલના કાયદાની કલમ ૪૦૮ માં સામાન્ય રીતે એવું ઠરાવેલું છે કેઃ—"કોઇ સખસની આશીસ્ટંટ શેશન જડજ, જીલ્લા જડજ અગર બીજા પહેલા વરગના માજીસ્ટરેટ તપાસ કરી તેને ગુન્હેગાર ઠરાવે. ત્યારે અગર કલમ ૩૪૯ પ્રમાણે પહેલા વરગના માજીસ્ત્રેટ કોઇ સખશને શીક્ષા કરે ત્યારે તે શેશન કોરટમાં અપીલ કરી શકે છે. પરંતુ હરકોઇ કામમાં આશીસ્ટંટ શેશન જડજ અગર જીલ્લા માજીસ્ત્રેટ કાંઈ શીક્ષાનો હુકમ કરે અને તે શેશન કોરટથી મંજુર થવાની જરૂર હોય તો આવા કામમાં દરેક અપીલ હાયકોરટમાં ચાલી શકે છે." હવે અમારા મનમાં ખુલ્લુ છે કે અહીંયાંજીલ્લા માજીસ્ટરેટ એવા શબ્દો છે. તેમાં હાલના કાયદાની કલમ ૩૦ પ્રમાણે ખાસ અખત્યાર પામેલા જીલ્લા માજીસ્ત્રેટનો સમાસ થાય છે માટે કોઇ અમુક કામમાં શીક્ષાનો હુકમ શેશન કોરટની મંજુરીને પાત્ર ના હોય તો તેવા અખત્યાર પામેલા જીલ્લા માજીસ્ટરેટે તપાસેલા તમામ કામોમાં હાયકોરટમાં અપીલ ચાલી શકે છે. હવે આ કામમાં જે શીક્ષા કરવામાં આવી છે તે ફક્ત ત્રણ વરશની કરવામાં આવેલી છે. તેથી તે શીક્ષા જુના તથા નવા કાયદા પ્રમાણે છે અને તે મંજુર થવાની જરૂર નહીં હતી. માટે અમારા મનમાં સ્પષ્ટ આવે છે કે હાલના કાયદાના શબ્દો પ્રમાણે આ કામમાં તે અપીલ સેશન કોરટમાં ચાલી શકે છે. કારણ કે તે શીક્ષા શેશન કોરટની મંજુરીને પાત્ર નહીં હતી. આ અપીલ તા૦ ૧ લી જાન્યુઆરી પછી હાયકોરટમાં આપવામાં આવેલી છે તેથી એવો સવાલ ઉત્પન્ન થાય છે કે તે પ્રમાણે આપેલી અપીલ સાંભળવાને હાયકોરટને હકુમત છે. અમને એમ જણાય છે કે હાયકોરટ અપીલની હકુમતની કોરટ તરીકે આ કામ અપીલ તરીકે સાંભળી શકતા નથી. આ કાયદાની કલમ ૫૫૮ ચાલુ કામોને લાગુછે. હવે આ કામ કાંઇ ચાલુ નહીં હતું, માટે તેનો તે કલમમાં સમાસ થતો નથી. પછી એવી તકરાર કે

રવામાં આવી છે કે સને ૧૮૯૮ નો જનરલ કલાઝ આક્ટ ૧ લો લા-
ગુ થાય છે. આ અપીલ તે કલમના હેતુ પ્રમાણે સને ૧૮૭૨ નો આ-
ક્ટ ૧૦ રદ થયો, ત્યાર પહેલા શરૂ થએલું પ્રોશીડીંગ છે એમ કહી શ-
કાતી નથી. અસલ તપાસમાં તા૦ ૯ ડીસેમ્બરના રોજ પ્રોશીડીંગ શ-
રૂ થએલું છે. અમારી રૂબરૂ જે પ્રોશીડીંગ છે, તે એક અપીલછે અને
આવું પ્રોશીડીંગ તા૦ ૧ લી જાન્યુઆરીના રોજ અમારી રૂબરૂ શરૂ
થએલું નહીં હતું. આ પ્રમાણે છે તો અમને ખુલ્લું જણાય છે કે તે
કામનો કલમ ૪૦૮ ની જે સામાન્ય ભાશા છે કે જીલ્લા માજીસ્ટરેટે ક-
રેલી તપાસમાં કોઈ શખસને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હોય તે સે-
શન કોરટમાં અપીલ કરી શકે છે, તેમાં સમાસ થવો જોઇએ. તે ભા-
શા ગોધમ છે અને તે કાયદો અમલમાં આવ્યો ત્યાર પછી જે શખસો-
ને ગુન્હેગાર ઠરાવવામાં આવેલા હોય તેમનીજ બાબતમાં તે છે એમ
કોઇ રીતે નથી. માટે નવો કાયદો અમલમાં આવ્યો તે પેહેલાં જે શખ-
સોને ગુન્હેગાર ઠરાવવામાં આવેલા હોય તેઓનો તેમાં સમાસ થાય તે-
વી તે પુખ્ત રીતે બોહોળી છે. તોપણ અમારા વીદ્વાન ભાઇનો જે
અભીપ્રાય છે તે સાથે અમે તદન મળતા છીએ, કે કલકત્તા અને આ
શામની વચ્ચમાં જે છેટું છે તે લક્ષમાં રાખતાં તથા કાયદામાં ફેરફા-
ર થવાથી જે ભુલો થવાનો સંભવ છે તે લક્ષમાં રાખતાં અને વળી આ
ફરીઆદ તરફની હકીકત લક્ષમાં લેતાં આ કોરટની ફરી તપાસની હકુમ
ત વાપરવાને આ યોગ્ય કામ છે. આ પ્રમાણે છે માટે આ કામ
ફરી તપાસ તરીકે લેઇ તેની સુનાવણી કરવાને અમે મળતા આવીએ
છીએ. પુરાવ તપાસીને તથા કામના સામાન્ય ગુણ દોષ ઉપર અમારા
વીદ્વાન ભાઇઆએ જે વીચારો બતાવેલા છે તે સાથે અમે તદન મળ
તા છીએ અને અમારી નજરમાં આવે છે કે આ અપીલવાળાઓને બી-
નદોશ ઠરાવી છોડી દેવા જોઇએ.

ગુન્હાની શાબેતીના ઠરાવો રદ કરવામાં આવ્યા.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ ફેબરવારી સને ૧૮૮૩.

મી૦ જસ્ટીસ મીત્તર અને મી૦ જષ્ટીસ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ બંને કંતોરાય ચોદ્રી.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૮૨ નો

આ૦ ૧૦) ની કલમ ૧૩૩—અપકૃત્ય—ઇમારતો બાંધવી—
શરત વગરનો હુકમ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૩૩ પ્રમાણે કરેલા દરેક હુકમમાં કેટલી મુદતમાં, કેઇ જગોએ, અને જે સખશને માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થવાને ફરમાવ્યું હોય તે સખસ બતાવવો જોઇએ અને તે હુકમ રદ કરવાને અગર દુરસ્ત કરવાને અરજ કરવી જોઇએ.

કાંઈ સરત વીનાનો હુકમ તે કલમ પ્રમાણે થઈ સકતો નથી.

પાનું ૬૩૭ પાટુવા ખાલીના ડીપોટી માજીસ્ત્રેટે કરેલો હુકમ રદ કરવાને સારૂ બાકરગંજના શેશનજડજે આ રેફરંસ કરેલું છે. શેશનજડજે કામની હકીકત નીચે પ્રમાણે કહેલી છે:— "ગયા જાનેવારી માસની તા૦ ૫ મીના રોજ ડીપ્યુટી માજીસ્ત્રેટે અરજદાર ઉપર એક હુકમ લખેલો તેમાં પ્રથમ એવું કહેલું છે કે ગયા વરસમાં પાટુવા ખાલીના પેટા ટુકડીના અમલદારોનું રહેવાનું સરકારી મકાન તેની બાહાર ની આરીસો સાથે આગથી નાશ પામેલું છે, તેવી આફત ફરીથી થવાને અમને ધાસ્તી રહેછે, માટે તે પેટા ટુકડીના અમલદારોના રહેવાના મકાનથી તે અરજદારે પોતાનું બજાર ખશેડવું યોગ્ય છે એવો વીચાર ચાલે છે, એવું કહીને ફરમાવ્યું હતું કે તે અરજદારે (૧) પોતાના બજારમાં (તે જમીનનો માલેક છે અને તે જમીન ઉપરની દુકાનો તથા બીજી ઈમારતો છે) અથવા કીસબણની જગામાં કાંઇ છાપરાવાળી ઇમારતો અથવા સહેલાઇથી આગ લાગે તેવા શામાનની ઇમારતો બાંધવી નહી અથવા બંધાવવી નહી અથવા બાંધવાને પરવાનગી આપવી નહી, (૨) સદરહુ હદની અંદર કોઇએ આવી ઇમારતો દુરસ્ત કરવી નહીં, અથવા દુરસ્ત કરાવવી નહીં, અગર દુરસ્ત કરવાને પરવાનગી આપવી નહીં. અને તેને એવી તાકીદ આપવામાં આવેછે. કે આવી ઇમારતો ડીપ્યુટી માજીસ્ત્રેટનો હુકમ થતાં પહેલાં તે હદની અંદર જે બંધાવવાને રાખેલી હોય તે બાંધતાં બંધ રાખવી.

"તે અરજદાર ઉપર જે હુકમ બજાવવામાં આવેલો છે તે ફરી તપાસવા સારૂ તે અરજી સાથે જોડેલો છે. તે હુકમ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૩ મી પ્રમાણે પ્રસીધ કરવામાં આવેલો છે એમ બતાવવામાં આવેલું છે, પરંતુ તે શરતી હોવાને બદલે દસ દીવશમાં તે પ્રમાણે એકદમ ચાલવું એવો કરેલો છે, અને તે માન્ય કરવામાં નહી આવેતો, તે અરજદારને જે તરદી તથા ગુનેહગારી પડશે એવી ધારેતી આપવામાં આવી છે. તેમાં કાંઇ વખત અગર જગો તે વીરૂધ કા

ણુ બતાવવાને નીમવામાં આવી નથી, તેમ તેમાં એમ પણુ કહેલું નથી કે 'અરજદારને તે હુકમ રદ કરવાને અગર દુરસ્ત કરાવવાને માજીસ્ટ્રેટને અરજ કરવા સારૂ લાગ આપવામાં આવશે" પછી તે શેશન જડજે કહેલું છે કે તે પ્રોસીડીંગ બાબત ડીપુટી માજીસ્ટ્રેટે ખુલાસો આપેલો છે, પરંતુ તે ખુલાસામાં એક ગેરશીરસ્તે થએલું છે, અને તેથી તે હુકમનું બળવાનપણું રહેતું નથી તે તેમણે જાએલી નથી એટલે તે શરત વીનાના રૂપનો છે તે જોએલું નથી."

આ કામમાં તકરાર કરવાને કોઇ હાજર નથી,

કોરટનો ફેંસલો જસ્ટીસ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

શેશન જડજે જે એવો અભીપ્રાય આપેલો છે કે પટુઆખાલીના ડીપુટી માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૩ મી પ્રમાણેના મતલબનો હુકમ કરેલો છે તે કાયદેસર નથી તે સાથે અમે મળતા છીએ. માટે તે રદ થવો જોઇએ, કારણ કે તે શરતી નથી. તે કલમ પ્રમાણે તેમાં ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ અથવા બીજા કોઇ પહેલા અથવા બીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થઇ તે હુકમ રદ કરાવવાને અથવા દુરસ્ત કરાવવાને અરજ કરવાને સારૂ કાંઇ મુદત અથવા જગો નીમવાની જરૂર છે તે નીમવામાં આવેલું નથી. માટે જે હુકમ સેશન જડજે રદ કરવાને ભલામણ કરેછે તે અમે રદ કરીએ છીએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૧ મારચ સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીસ માકલીન

સાહેબોની રૂબરૂ.

પીઆરી મોહન સરકાર વીગેરેની બાબતમાં.

પ્યારી મોહન સરકાર વી૦ કેસરેહીંદ.

ગેર કાયદે મંડળી—પીનલકોડ (સને ૧૮૬૦)ના આકટ ૪૫ ની કલમ ૧૪૩.

અમુક સખશોના ઉપર ગેરકાયદે મંડળીના અંગભુત થયાનો આરોપ રાખવામાં આવેલો તે બાબત તેમની તપાસ કરતાં એવું સાબેત થએલું છે કે અમુક જમીનના કબજા બાબત તોહોમતવાળાની તથા અમુક બીજા સખસોની વચમાં લાંબી મુદતથી તકરાર ચાલતી હતી. તેમાંથી એક પક્ષકારના કબજામાં તે જમીન બીન હરકતે નહી હતી, તોહોમતવાળા તે જમીનમાં ગળીવાવવા ગયા તે વખતે જોડે કેટલાક લાઠીવાળા માણસો ને

ઇ ગયા હતા, અને જો જરૂર પડેતો બળ વાપરવાને તેઓ તઇયાર થયા હતા, અને તે જમીન વવાતી હતી તે લાઠીયોવાળા માણસોએ પોતાંના હથીયારો તઇયાર રાખી સામા પક્ષકારોને દુર રાખેલા હતા.

તેમાં ઠરાવવામાં આવ્યું કે તોહોમતવાળાઓને પીનલકોડની કલમ ૧૪૩ પ્રમાણે ગેરકાયદે મંડળીના અંગભુત થયા બાબત ગુનેહગાર ઠરાવેલા છે તે બરોબર છે.

શંકરશીંગ વી૦ બરમા માહાતોનો ઠરાવ જુદો છે એવું ઠરાવવામાં આવ્યું.

પાનુ ૬૩૯   આ કામમાં રાજસાયના જોઇંટ માજીસ્ત્રેટે હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૩ પ્રમાણે કેદીઓને ગેરકાયદે મંડળીના અંગભુત થયા બાબત ગુનેહગાર ઠરાવી ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. રાજશાહીના સેશન જડજને તે કેદીઓએ અપીલ કરી તેમના ફેંસલાનો અગત્યનો ભાગ નીચે પ્રમાણે છે:—

સાક્ષીઓ જે જગો બતાવી છે તે જગો ઉપર ગળીવાવવાને મોહોટું ટોળું લેઇ મેશર્સ વાટસન અને કંપની ગએલા હતા, અને તેમના ઘણાંક રાખેલાં માણુસો હથીયાર બંધ હતાં તે ખરી રીતે ઇનકાર કરવામાં આવેલું નથી. આ હકીકત ચોખ્ખા ચોખા પુરાવથી સાબેત થએલી છે. અને કોનસટેબલ પરમેશ્વરસીંગની શાહેદી ઉપરથી જણાય છે કે લાઠીયોવાળા સખસો પોતાની લાઠીયોને તઇયાર કરતા હતા ને વખતે કાંઇ પચાસ માણુસો તે જમીનમાં ગળી વાવતા હતા. મેશર્શ રોબટ વાટશન અને કંપનીના વકીલે શંકરસીંગ વી૦ બરમા માહાતોના ઠરાવ ઉપર આધાર રાખી તકરાર કરી છે કે (૧) આ કામમાં તોહોમત રહી શકતું નથી, કારણ કે તોહોમતવાળાઓનો ઇરાદો હકનો અમલ કરવાનો નહી હતો. પરંતુ પોતાનો બીન તકરારી કાયમ ભોગવટો હતો તે ચલાવવાનો હતો. તોપણ ઉપર જે ઠરાવ બતાવવામાં આવેલો છે તે આ કામને લાગુ થતો નથી, એમ અમને જણાય છે, જે પાણી ખરી રીતે વહેતુ છે તેનો ભોગવટો છે, અને હકીકત પ્રમાણે પોલીસના અધીકારીઓની મદદ લેવાનો વખત નહીહતો માટે તે હકીકત પ્રમાણે તે ભોગવટાનું રક્ષણ કરવાનુ હતુ તે સબંધી તે હતો. હાલ અપીલમાં જે કામ છે તેમાં ખુલ્લું છે કે જે જમીનના ભોગવટા બાબત દાવો રાખવામાં આવેલો છે તે જમીન તકરારી જમીન છે અને એપ્રીલ અને મે સને ૧૮૮૨ ના માસમાં જેમ ત્યાર પછી નવંબર માસમાં પદમા નદીના તળીઆમાંથી પાછી માલુમ પડલી છે તેવી હતી. જોઇંટ માજીસ્ત્રેટે જે એવો નીશ્ચય કરેલો છે કે બેમાંથી એક પક્ષકારનો સુધ અંતઃકરણથી કબજો હતો એવું સાબેત ઠરાવવાને કામમાં પ્રકત પુ-

રાવ નથી. તે સાથે (શેશન જડજ કહેતા ગએલા છે કે તે મળતા છે.) તોપણ ખુલું છે કે બેઉ પક્ષકારોએ કબજાના હકનો દાવો રાખેલો છે, અને આ તકરારી જમીન તે નદીના તળીઆમાંથી પાછી જણાઇ તેવોજ તે તકરારી જમીન ઉપર આ દાવાઓ ઉતપન થએલા છે. અપીલવાળાઓની તરફથી આ દાવો જબરાઈ ભરેલી રીતે બતાવવામાં આવ્યો છે. તે દાવ ના તેમના ઉપરના આરોપની બાબત છે. તમામ પુરાવનો ફરીથી વીચાર કરતાં જોઇંટ માજીસ્રેટનો જે એવો અભીપ્રાય છે કે જે ગુનહા અસ્તત અપીલવાળાઓને ગુનેહગાર ઠરાવેલા છે તે ગુનહાના તેઓ ગુનેહગાર છે તે સાથે અમે મળતા છીએ, માટે આ અપીલ અમે કાહાડી નાંખા-એ છીએ.

તે ગુનહાની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે નથી, માટે તે રદ શા વાસ્તે નહી કરવો જોઇએ તેનુ કારણ બતાવવાનો હુકમ કરવાને સારૂ તે કેદીઓએ હાયકોરટમાં અરજ કરી છે.

તે અરજદારો તરફથી મી૦ હવંશ.

કોરટનો ફેંસલો જસ્ટીશ વીલસન સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

જે હકીકત માલુમ પડેલી છે તે ખરી છે એમ માનીએ તોપણ તે ગુનહાની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી. તે કારણથી તે ઠરાવ શાવાસ્તે રદ કરવો નહી જોઇએ તેનુ કારણ બતાવવાને આ હુકમ કરવામાં આવેલો હતો, તે અરજદારના કોનસલની તકરારો સાંભળવાને અમને ફાયદો મળેલો છે, અને અમોને એમ જણાય છે કે જે હકીકત માલુમ પડી છે તે ખરી છે, એમ ધારીએ તોપણ તે ગુનહાની સાબેતી-નો ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી. જે હકીકત સાબેત માલુમ પડે-લી છે તે એવી છે કે તકરારી જમીન કોઇના કબજામાં બીન તકરારે ન-હી હતી, પરંતુ તે જમીન ઉપર કોનો હક છે, અને કોના કબજામાં છે તે વીસે લાંબી મુદતથી બેઉ પક્ષકારોની વચમાં તકરાર ચાલતી હતી. અને અરજદારની ટોળીનાં કેટલાંક માણુશો તે જમીન વાવવા ગએલાં હ-તાં તે વખતે તેમની સાથે લાઠીયો શાથે હથીયારબંધ કેટલાંક માણુશો હતાં અને જો જરૂર પડે તો તેઓ બળ વાપરવાને તઇયાર થએલ હતાં અને આ લાઠીઓવાળા માણુશોને શામી ટોળી દુર રાખવાને ત્યાંહાં રાખે-લાં હતાં, અને તેઓ તે જમીન વાવતાં હતાં, તે દરમીયાનમાં સદરહુ માણુશો પોતાના હથીયાર તાજા કરતા હતા. તેનો તે ગુનહાની વાખ્યામાં સમાશ થાય છે, કારણ કે શાપ્રાધ બળ વાપરી અગર શાપ્રાધ બળનો દેખાવ બતાવી એક હકનો અમલ કરવાને સારૂ ગેરકાયદે મંડળી થએલી હતી.

એવી તકરાર કરવામાં આવી છે કે આ કામને શંકરશીંગ વી૦ બરમા માહાતોનો ઠરાવ લાગુ થાય છે. પરંતુ આ કામમાં આપીલ કોરટ માં જેમ જડજે બતાવ્યું છે તે પ્રમાણે તે ઠરાવ જુદો છે. તેમાં એવા કારણથી ઠરાવ કરવામાં આવ્યો હતો તેમાં જે કરવામાં આવેલું તે ખાનગી બચાવ સબંધી જે કલમો છે તે કલમો પ્રમાણે વ્યાજબી કરવામાં આવેલું હતું. અને ખુલું બતાવવામાં આવેલું છે કે પીનલકોડની કલમ ૯૯ ની રકમ ૩ માં તેનો સમાશ થતો નથી. જે કામોમાં સરકારી અધીકારીઓની મદદ લેવાનો વખત હોય તે કામોમાં ખાનગી બચાવ નો હક નથી. આ કામમાં સરકારી અધીકારીઓની મદદ લેવાને પુશકળ વખત હતો, એમ જણાય છે, માટે ખાનગી બચાવ બાબતનો કાયદાનો નીયમ લાગુ થતો નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨ મે સને ૧૮૮૩

મી૦ જષ્ટીશ પ્રીનશેપ તથા મી૦ જષ્ટીશ ઓમીનીલી સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી૦ ઇશનચંદ્રદે વીગરે.

બંગાળાના જકાત આક્ટ (સને ૧૮૭૮ ના આક્ટ ૭) ની કલમ ૧૫, ૫૩, ૬૦, ૫૧—પરવાનાવાળા વેચનાર નોકરે કરેલું વેચાણ—હાય કોરટમાં રેફરંસ—ફરી તપાસની હકુમત.

એક પરવાનાવાળા વેચનારના નોકરે દેશી જલદ દારૂની આઠ બાટલીઓ વેચી એક મજુરની સાથે તેણે મોકલી દીધી. તેથી તે નોકરને બંગાળાના જકાતના આક્ટ સને ૧૮૭૮ ના ૭ માની કલમ ૬૦ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવ્યો, અને તેજ આક્ટની કલમ ૬૧ મી પ્રમાણે તે મજુરને ગુનેહગાર ઠરાવ્યો. એવી સુચના કરવામાં આવી છે કે તે નોકરને કલમ ૫૩ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવવો જોઇતો હતો અને તે મજુરે કાંઇ ગુનહો કરેલો નથી. ઠરાવવામાં આવ્યું કે તે મજુરને ગુનેહગાર ઠરાવ્યો છે તે કાયદેસર નથી. વળી ઠરાવવામાં આવ્યું કે તે નોકરને યોગ્ય રીતે ગુનેહગાર ઠરાવેલો હતો, માટે પછી ક. ૬૦ પ્રમાણે કે ૫૩ પ્રમાણે ઠરાવેલો હોય તે અગત્યની વાત નથી.

માહારાણી વી૦ ઇશનચંદ્ર શાહા અને કેશરેહીંદ વી૦ બની માહાબશાહના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

તેવાના તેવા ગુનાહ બાબત એક કલમથી બીજી કલમ પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરાવવાની જરૂરી હોય પણ જ્યારે તેવી કોઇ ભુલથી તોહોમતવાળાને હરકત થએલી ના હોય ત્યારે ફરી તપાશની કોરટમાં રેફરંસ કરવાનુ પુક્ત કારણ થતું નથી.

પાનું ૮૪૭ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ટીપરાના શેશન જડજે આ રેફરંસ કરેલું છે. તે રેફરંશના શબ્દો નીચે પ્રમાણે છેઃ—

નંબર ૧ ના તોહોમતવાળાને બંગાળાના સને ૧૮૭૮ ના આક્ટ ૭ ની કલમ ૬૦ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે. અને નંબર ૨ ના તોહોમતવાળાને તે આક્ટની કલમ ૬૧ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે. પહેલાએ દેશી જલદ દારૂની આઠ બાટલીઓ વેચી અને બીજાએ પોતાના કબજામાં લઇને મજુર તરીકે નંબર ૧ ના તોહોમતવાળાના બતાવ્યા પ્રમાણે તે લેઇ ગયો.

એવી તકરાર કરવામાં આવી છે કે બેઉ તોહોમતવાળાના ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદેસર નથી. કારણ કે નંબર ૧ નો તોહોમતવાળો પરવાનાવાળો વેચનાર નથી. અને નંબર ૨ નો તોહોમતવાળો બાર બાટલીઓ પોતાના કબજામાં કાયદેસર રીતે રાખી શકતો હતો.

નંબર ૧ ના તોહોમતવાળાની બાબતમાં તે પરવાનાવાળો વેચનાર નથી. પરંતુ પરવાનાવાળા પરચુરણ વેચનારનો નોકર છે. અને નોકર તરીકે તેણે તે દારૂ વેચેલો છે. કલમ ૬૦મી ફકત પરવાનાવાળા વેચનારાઓએ કરેલા વેચાણને લાગુ થાય છે. માટે તે કલમ પ્રમાણે તે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવો જોઇતો નહી હતો. તેણે કલમ ૫૩ પ્રમાણે ગુનોહ કરેલો છે. એમ હોય અને આ કોરટમાં જો અપીલ ચાલતી હોયતો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૨૩ પ્રમાણે શીક્ષાનો હુકમ કાયમ રાખી તે ઠરાવમાં વખતે અમે ફેરફાર કરી શકીએ. પરંતુ તે કામ ઉપર અપીલ ચાલી શકતી નથી. માટે અમે તે પ્રમાણે કરી શકતા નથી. અને કલમ ૫૩ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનાહની તપાસ કરવાને નીચેની કોરટને અમે ફરમાવી શકતા નથી. કારણકે તોહોમતવાળાને કાંઇ છોડી દેવામાં આવ્યો હોય તોજ ફકત અમે આવો હુકમ કરીએ છીએ. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૯ 'સબબ અમારી નજરમાં આવે છે કે નંબર ૧ ના તોહોમતવાળાનું કામ કલમ ૪૩૯ પ્રમાણે વ્યવસ્થા કરવાને સારૂ હાય કોરટમાં અમારે મોકલવું જોઇએ. એવો વીચાર કરવાને અમારી વલણ થાય છે કે તેના ઉપર ફરીઆદ માંડવી નહી પરંતુ તેના શેઠ ઉપર ફરીઆદ માંડવી એ યોગ્ય રસ્તો છે.

નંબર ૨ ના તોહોમતવાળાની બાબતમાં તે ગુનાહની સાબેતીનો ઠરાવ ચાલી શકે તેવો નથી. જકાત આક્ટની કલમ ૬૧ કલમ ૧૫ સાથે વાંચવી જોઇએ કે જેમાં બાર બાટલીઓનો જથો બતાવેલો છે. કલમ ૧૫ પ્રમાણે બોર્ડ ઓફ રેવન્યુને અખત્યાર આપવામાં આવેલો છે તે પ્રમાણે તે જથો કમી કરીને છ બાટલીઓ ઠરાવી છે એમ કહેવામાં આવ્યું છે પરંતુ કેશરેહીદ વીરૂધ કોલાલા લગનના કામના ઠરાવ ઉપર અમને લક્ષ આપવાનું બતાવેલું છે. તેમાં એવું બતાવ્યું છે કે જે સખસો પરવાનાવાળા વેચનાર નથી (અને કબુલ કરવામાં આવ્યું છે કે નંબર ૨ નો તોહોમતવાળો નથી) તેઓના કબજનમાં કલમ ૧૫ પ્રમાણે મળેલા અખત્યાર પ્રમાણે બોર્ડ ઓફ રેવન્યુએ જે જથો મંજુર કરેલો હોય તે કરતાં વધારે જથો જો કે હોય તોપણ બાર બાટલીઓ કરતાં ઓછો જથો હોય તો તેઓએ ગુનાહો કરેલો થતું નથી. માટે અમે સલાહ આપીએ છીએ કે નંબર ૨ નો તોહોમતવાળો જે નીરઅપરાધી પક્ષકાર જણાય છે. તેના ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ. અને જે દંડ કરવામાં આવેલો છે તે તેને પાછો આપવાનો હુકમ કરવો જોઇએ.

આ કામમાં તકરાર કરવાને કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

કેશરેહીંદ વીરૂધ કોલાલા લગનના કામમાં આ કોરટનો ફેંસલો છે તે ફેંસલા સાથે અમે મળતા આવીએ છીએ. માટે તેના આધારથી બીજા તોહોમતવાળાઓને ખુલી રીતે નીરદોશ ઠરાવવા જોઇએ.

પેહેલાં તોહોમતવાળાની બાબતમાં અમારા અભીપ્રાયમાં આવેછે કે તેને યોગ્ય રીતે ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે પછી કલમ ૬૦ પ્રમાણે કે કલમ ૫૩ પ્રમાણે એ અગત્યની બાબત નથી:—માહારાણી વીરૂધ ઇશનચંદ્ર શાહ તથા કેશરેહીંદ વીરૂધ બની માહાધબ શાહના ઠરાવો જુઓ. વળી અમારા વીચારમાં આવે છે સેશન જડજે જે કારણો બતાવેલા છે તે કારણોથી આ કેદીની બાબતમાં રેફરંશ કરવાની તેમને જરૂર નહી હતી આવી કાંઇ ભુલથી તોહોમતવાળાને કાંઇ હરકત પડેલી ના હોય ત્યારે સરખા ગુનાહને માટે ગુનાહની સાબેતીનો ઠરાવ એક કલમથી બીજી કલમ પ્રમાણે ફેરાવવાની જરૂરી તે આ ફરી તપાસની કોરટને રેફરંસ કરવાને પુકત કારણ થતી નથી.

તા૦ ૭ મી મારચ સને ૧૮૮૩
મી૦ જસ્ટીસ મેકડોનલ્ડ અને મી૦ જસ્ટીસ તોટનહામ
સાહેબોની રૂબરૂ.

ચંડીચરણ મુકરજી વીગરે વીરૂધ કેસરેહીંદ.

શેઠ અને નોકર—નોકરનું શાપરાધ કૃત્ય—શેઠની જવાબદારી નહી તે—હીંદુસ્થાનના બંદરોનો આકટ (સને ૧૮૭૫ નો ૧૨) ની ક. ૨૨

કલકત્તાના બંદરમાં એક વહાણમાં કાંકરી પડેલી હતી તે, કાંકરી કાહાડી લેવાને એક કંટ્રાકટરે નોકરો રાખેલા તેથી તે નોકરોએ તે બંદરની હદ ના અંદરની નદીમાં તે કાંકરી નાંખી અને તેથી તેમણે હીંદુસ્થાનના બંદરોના આકટ (સને ૧૮૭૫ નો ૧૨)ની કલમ ૨૨ પ્રમાણે ગુનાહ કરેલો છે તે કંટ્રાકટરે તે ગુનાહમાં મદદ કરી હતી એમ જણાએલું નથી.

ઠરાવવામાં આવ્યું કે મદદ કરવાની સાબેતી ના હોય તો તે પોતાના નોકરોના કૃત્યને સારૂ જવાબદાર થતો નથી.

પાનું ૮૪૯. અપીલવાળા તરફથી બાબુ અંબીકાચરણ બોઝ સરકાર તરફથી સ્ટાનડીંગ કોનશલ (મી૦ ફીલીપ્સ,) અને મી૦ આડકીંગ.

આ કામની હકીકત કોરટનો ફેસલો જસ્ટીશ મેકડોનલ શાહેબે નીચે પ્રમાણે આપેલો છે તે ઉપરથી પુરતી રીતે જણાય છે.

જસ્ટીસ મેકડોનલ સાહેબઃ—અપીલવાળાઓને સને ૧૮૭૫ના આકટ ૧૨ ની કલમ ૨૨ પ્રમાણે એનંત બોસ વાહાણમાંથી, ભીસ્નો માનજી અને નરર માનજીની હોડીઓમાં યોગ્ય રીતે કાંકરી કાહાડી કલકના બંદરની અંદર નદીમાં ફેંકી દીધી. નાનો પ્રેસીડેનસી માજીસ્ત્રેટે ગુનેહગાર ઠરાવેલો છે, અને તેના રૂ. ૨૫૦ દંડની શીક્ષા કરેલી છે. આ દંડની રકમ ઉપરથી તે નોહોવાવાળાઓનો આ કોરટમા અપીલ કરવાનો હક થાયછે.'

અમારા અભીપ્રાય પ્રમાણે તે ગુનહાની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી કારણ કે જે હકીકત સાબેત થએલી છે. અગર કબુલ કરવામાં આવી છે. તે ઉપરથી તે આકટ પ્રમાણે અપીલવાળા વીરૂધ કાંઇ ગુનહો સાબેત થતો નથી. કલમ ૨૨ ની પેહેલી રકમથી કાયદેસર કારણ શીવાય તે બદરમાં કાંકરી અગર કચરો નાંખવાની મનાઇ કરવામાં આવી છે.

બીજી રકમમાં ઠરાવ્યું છે કે જે કોઇ સખશ પોતે અગર બીજાની મારફતે તે પ્રમાણે કાંઈ નાંખે તેને માટે ગુનેહગારી ઠરાવેલી છે. અને જે વાહાણમાંથી તે નાંખવામાં અગર ફેંકી દેવામાં આવે તેના મા

બેઉને માટે ગુનેહગારી ઠરાવવામાં આવેલી છે. એકાદા સખસને આ કલમ પ્રમાણે યોગ્ય રીતે ગુનેહગાર ઠરાવવાને એમ બતાવવું જોઇએ કે તોહોમતવાળા સખશે પોતે તે બંદરમાં કાંકરી અગર કચરો નાંખ્યો નથી. પરંતુ ઇરાદા પુરવક તેણે તે ગુનહો બીજા પાસે કરાવેલો છે.

આ કામમાં અપીલવાળા વીરૂધ જે સાબેત કરવામાં આવેલું છે. અગર કબુલ કરવામાં આવેલું છે તે બધુ એ છે કે એંનને વીશ વહાણુમાંથી કાંકરી ખશેડવાને તેણે કરાર કરેલો હતો અને તેણે તે કારણશર હોડીઓ રાખેલી હતી. અને આ હોડીઓમાં તે વાહાણુમાંથી કાંકરી ખશેડેલી હતી. તે હોડીવાળાઓએ તે કાંકરી યોગ્ય જગાએ ઉતારવાને બદલે તે બંદરના અંદર નદીમાં નાંખી દીધી. તેથી તેઓને પકડી ગુનેહગાર ઠરાવી અને તેમનો દંડ કરવામાં આવ્યો. ત્યાર પછી અપીલવાળાની વીરૂધ તેજ કલમ પ્રમાણે કામ ચલાવવામાં આવ્યું ત્યારે માજીસ્ટ્રેટે તેને પોતાના નોકરના કૃત્ય બાબત જવાબદાર ઠરાવ્યો. અને ગુનેહગાર ઠરાવી તેને શીક્ષા કરી. જ્યાં સુધી બીજાના કૃત્ય બાબત એકાદા સખશની જવાબદારી કાયદાથી સ્પષ્ટ રીતે ઠરાવવામાં આવેલી ના હોય ત્યાં સુધી તે તોહોમતવાળાની વ્યવસ્થા કરવામાં આ નીયમ કબુલ કરવા લાયક છે એમ અમે ઠરાવી શકતા નથી. ગુનહાની સાબેતીના ઠરાવમાં જે વીદવાન સ્ટાંડીંગ કોનશલે પુષ્ટી કરેલી છે. તેમણે કબુલ કરેલું છે કે આ કામમાં માજીસ્તરેટે જે નીયમ ઠરાવેલો છે તે ફોજદારી તપાસને લાગુ થતો નથી. પરંતુ આ કામ અડધું ફોજદારી છે. અગર કાંઇ ગુનહા સબંધી નથી. પરંતુ ફકત એક નીયમ તોડયા બાબતનું છે એમ ફોજદારી કામથી જુદુ પાડવાને તેમણે યત્ન કરેલું છે. અને આવા કામમાં તેઉએ અરજ કરી છે કે કાંઇક વાત બીજાએ કરેલી છે તે સબંધી જે સખશના ઉપર આરોપ રાખવામાં આવેલો હોય તેની માહેતી અગર ઇરાદો અવશ્યેનો નથી.

તોપણુ અમારા ધારવામાં એમ આવી શકતું નથી કે આ પ્રમાણે આ કામને અડધુ ફોજદારી ગણી જે ગેરફાયદો ભારે ગુનહાના આરોપવાળો સખશ તે બાબતમાં રહેલો છે. તે ગેરફાયદામાં તેને મુકી મદદ અગર ગરભીત કબુલતની કાંઇ પણ સાબેતી વીના તથા તેની જવાબદારી કોઇ કાયદામાં ઠરાવ્યા વીના તેને બીજાના કૃત્ય બાબત ગુનેહગાર ઠરાવી શકાય એવી સુચનાવાળો ભેદ છે. અમારા જોવામાં આવે છે કે સને ૧૮૭૫ ના આક્ટ ૧૨ માં આઠમા બાબમાં તે નીયમ તોડવામાં આવેલો તે ગુનહો છે એમ ગણવામાં આવેલું છે અને તે માજીસ્તરેટને તપાસ કરવા લાયક છે અને ગુનહો સાબેત થાય તો ગુનેહગારીનો અમલ

કરવો એવું ઠરાવેલું છે. તે તપાસ અમારા ધારવા પ્રમાણે ફોજદારી તપાસ છે અને જે નીયમો બીજી ફોજદારી તપાસોને લાગુ થાય છે. તેજ નીયમો તે તપાસને લાગુ થાય છે.

જો કાયદા કરનારનો ઇરાદો અપીલવાળાને તેના રાખેલા માણસોના કૃત્ય બાબત ફોજદારી રાહે જવાબદાર ઠરાવવાને તે કૃત્ય કબુલ કરવાનો પુરાવ ના હોય તોપણ હોય તો તે આકટમાં નહી તે વીશે ઠરાવ કરવામાં આવત. તેજ કલમ (૨૨) અને તે નીચેની કલમોમાં ઠરાવવામાં આવ્યું છે કે કોઇ વાહાણનો માલેક જો ઠરાવેલા નીયમો વાહાણ ઉપર કૃત્ય કરી તોડવામાં આવે તો તે સીક્ષાને પાત્ર થશે પછી તે તેની માહેતી વીના કરવામાં આવેલો હોય અગર તેના હુકમ વીરૂધ કરવામાં આવેલાં હોય તેની ચીંતા નહી. શેઠના વીરૂધ ફોજદારી જવાબદારી આ ખાશ ભિતપન કરવાથી જણાયછે કે તે જવાબદારી શીવાય જે કૃત્ય તેણે કરેલું ના હોય અગર કરવાને સ્પષ્ટ રીતે પરવાનગી આપેલી ના હોય તે બાબત તે જવાબદાર થતો નથી.

અપીલવાળો જે કૃત્યો બીજાઓએ કરેલાં છે અને તેની મદદથી અગર ગરભીત કબુલતથી કરવામાં આવેલાં છે એમ સાબેત થએલું ના હોય તે વીશે જવાબદાર થાય છે. એવું તે આકટમાં કાંઇ પણ અમારા જોવામાં આવતું નથી. સબબ તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરી અમે ફરમાવીએ છીએ કે જો દંડ વસુલ કરવામાં આવેલો હોય તો તે પાછો આપવો.

આ કારણોથી નંબર ૧૫૬ અને ૧૫૭ ની અપીલોમાં બતાવેલા ગુનાહની સાબેતીના ઠરાવો તથા શીક્ષાના હુકમો અમે રદ કરીએ છીએ.

ગુનાહની સાબેતીના ઠરાવો રદ કરવામાં આવ્યા.

ફોજદારી અપીલ.

તા૦ ૭ મે સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ ઓફીનીલી

સાહેબોની રૂબરૂ.

શાહાદુલ્લા હાઉલાદર વીગરે વીરૂધ કેશરેહીંદ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૩૦૯—આશેશરોની કરેલી તપાસ—પુરાવ—પુરાવ સંક્ષેપમાં સમજાવવો—આસેસરોએ અભીપ્રાય આપવા—શેશન જડજની ફરજો.

... ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦

ની કલમ ૩૦૯ પ્રમાણે પુરાવ સંક્ષેપ રીતે સમજાવવાનો અખત્યાર છે તે ને લાંબા અને ગુચવણ ભરેલા કામોમાં અમલ કરવાનો ઇરાદો છે. માટે શેશન જડજે પુરાવ સંક્ષેપ રીતે સમજાવવો જોઇએ. અને પુરાવના અમુક ભાગોના નકામાપણા વીશે અગર બીજી રીતે પોતાનો અભીપ્રાય આ શેશરોને બતાવવો નહી જોઇએ.

વળી શેશન જડજે કલમ ૩૦૯ ના શબ્દો પ્રમાણે સખતાઇથી ચાલવું જોઇએ અને દરેક આસેસરો પાસેથી તેનો અભીપ્રાય મુખ જુબાની થી કહેવાને જરૂર પાડવી જોઇએ.

આસેસરોને સંક્ષેપ રીતે જે હકીકત સમજાવવામાં આવે તે લખી લેવાને ફરીઆદ તરફના વકીલની મદદનો ઉપયોગ કરવો નહી જોઇએ. જો તે સેશન જડજ પોતાની મેળે તેની મતલબ લખી લેવાને લાયક ના હોય તો તેમણે તે કારણસર એક સ્વતંત્ર સખસને નીમવો જોઇએ.

પાનું ૮૭૫ ફરીદપુરના શેશન જડજે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ કરેલો તે ઉપર આ અપીલ કરવામાં આવી છે આ કામની હકીકત હાય કોરટના ફેંસલામાં પુકત રીતે બતાવમાં આવી છે.

અપીલવાળાઓ તરફથી બાબુ ગીરજાશંકર મોજુમદાર.

સરકાર તરફથી ડેપ્યુટી લીગલરી મેમબ્રનસર (મી. કીલણી.)

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

આ કામના કાગળોમાં જે પુરાવ છે તેનો વીચાર કરીને અમારા અભીપ્રાયમાં આવે છે કે અપીલવાળાઓને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૯ અને ૩૦૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યા છે ને બરોબર છે પ્રથમ વીચાર કરેલા બખેડામાં શહેરાડુ કલમો તે આવી જાય એ. ની જરૂરીઆત માહીતી અને ઇરાદા સાથે તેઓ આગેવાન તરીકે હતા તે ખુલ્લું છે. જે ટોળામાં અપીલવાળાઓ આગેવાન તરીકે હતા, તેમાં એકસોને પચીસ માણસો હતા. અને તે માણસો હલો ભાલા અને લાકડીઓના હથીઆર સાથે હતા એમ કહેવામાં આવેલું છે એક માણસને મારી નાંખવામાં આવ્યો હતો અને બીજાઓને ઇજા કરવામાં આવી હતી.

આ હકીકત ઉપરથી અમે ઠરાવીએ છીએ કે તે અપીલવાળાઓને યોગ્ય રીતે ગુનેહગાર ઠરાવેલા છે. અને વળી અમારી નજરમાં આવે છે કે તેઓને જે શીક્ષા કરવામાં આવેલી છે તે ઘણી સખત નથી. સબબ તે અપીલો કાહાડી નાંખવામાં આવે છે.

તોપણ શેશન જડજે કામ ચલાવવાની જે રીતી પસંદ કરેલી છે તે વીશે કેટલાક વીચારો બતાવવાની જરૂર છે તેમણે હાલના કાયદાની કલમ

૩૦૯ ના શબ્દોનો ફાયદો ફરીઆદ તથા બચાવ તરફનો પુરાવ આરોશરો ને શારાંશમાં સમજાવવામાં લીધેલો છે. આ ઠરાવ પહેલ વહેલોજ આપણા કાયદામાં દાખલ કરવામાં આવેલો છે અને અમારા અભીપ્રાય પ્રમાણે તે ઠરાવ ઠરવાનો હેતુ શેશન જડજ લાંબા અગર ગુચવણ ભરેલા કામોમાં પુરાવ સમજી શકાય તેવી રીતે મુકી શકે કે જેથી આરોશરોને જો બ્યા જબી નીશ્ચય કરવાને મદદ મળે તે છે.

આ કામમાં પુરાવમાં જે વાત આવેલી છે તે દરેક બાબત ઉપર જ ડજે જોર ભરેલા શબ્દોથી પોતાનો અભીપ્રાય બતાવવાનો કાંઇક લાગ લીધેલો છે. એમ અમારા જોવામાં આવે છે. એક બાબતમાં તેમણે કહયું છે કે તે સખસો સબંધી આ કોરટે જેમ કરેલું છે. (જેઓને નીરદોશ ઠરાવવામાં આવેલા છે) તે પ્રમાણે તે રાજીઓને નામે જો કે બીલકુલ ન માનો તો પણ જે સખસોના નામ શરૂઆતથી લેવામાં આવેલાં છે. તેમના વીશે તેઓને નહી માનવાને કાંઇ કારણ નથી.

હવે જડજે તે નકી અભીપ્રાય બતાવ્યો છે તેમ છતાં આસેશરોને પોતાનો સ્વતંત્ર અભીપ્રાય કરવાને મુસ્કેલી શીવાય બીજી રીતે થઇ શકે એવું ધારવું અશકય છે. તે હકીકત સક્ષેપ રીતે કાંઇક તેવીજ મતલબની બતાવી શકાય છે તેમાં બીજા વાકયોછે.

બીજું અમારા જોવામા આવે છે કે તે સંક્ષેપ હકીકત ફરીઆદ તરફના વકીલે લખી લીધેલી છે. અને જડજે તે ખરી તરીકે કબુલ કરેલી છે. અમારી નજરમાં આવે છે કે આ પ્રમાણે તે કરવું જોઇતું નહી હતું. અને તે સંક્ષેપ હકીકત આશેશરોને બતાવવામાં આવી તેનાં ગફાળા જો તેઉ પોતે લખી શકે તેવું નહીં હતું તો તેમણે કોઇ કોરટના અમલદારની મદદ લેવી જોઇતી હતી અગર કોઇ સ્વતંત્ર સખસને તે ઠરવાને ફરમાવવું જોઇતું હતું.

બીજું અમારા જોવામાં આવે છે કે દરેક આસેશરોનો કાયદા પ્રમાણે અભીપ્રાય લેવો જોઈએ તેને બદલે તે જડજે બધા આસેસરો તરફથી એકઠો અભીપ્રાય એકની મારફતે લીધેલો છે, અને તેને તેમણે જુરીના આગેવાન તરીકે ગણેલો છે.

વળી અમારા જોવામાં આવે છે કે અપીલવાળાઓની સાથે ચાર સખશો તપાસમાં હતા. તેમને ફરીઆદ તરફનો પુરાવ પુગે એમ શેશન જડજે નીરદોશ ઠરાવેલા છે તે નીરદોશ ઠરાવ્યાના ફેંસલાના આધારનું કારણ એવું છે કે ઓળખવા બાબતનો પુરાવ માનવા લાયક નથી.

આવી હકીકત છતાં ફેંસલો આપતાં પેહેલાં તે જડજની એવી ફરજ હતી કે તે પુરાવ વીશે આરોશરોના અભીપ્રાય પૂછી લખી લેવા. તો

પણ તે જડજે તે પ્રમાણે કરવાની જરૂર ધારી નથી કારણ કે તેમના વીચારમાં આવ્યું છે કે તે તોહોમતવાળાની વીરૂધ કાંઇ પુરાવ નથી. ખરી હકીકત એ છે કે તે જડજના વીચારમાં જે પુરાવ હતો તે માનવા લાયક આવેલો નહીં હતો.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૪ મે સને ૧૮૮૩,

મી૦ જસ્ટીશ પ્રીનશેપ. અને મી૦ જસ્ટીશ ઓફીનેલી સાહેબોની રૂબરૂ.

શીવ સારણતાતો વીરૂધ કેસરેહીંદ.

શીક્ષાનો હુકમ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૭૫—પ્રથમ ઠરેલા ગુન્હાઓની શાબેતીનો ઠરાવ.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૭૫ નો હેતુ એવુ ઠરાવવાનો છે કે બીજી વખત ગુનહો સાબેત થાય ત્યારે કાંઇ ઓછી સખત સીક્ષા નહી પણ વધારેની શીક્ષા કરવી. માટે જે ગુનહો કરવામાં આવેલો હોય તે ગુનહાને સારૂ જો શીક્ષા બસ હોય તો તે કલમની મદદ લેવી નહી જોઇએ.

પાનું ૮૭૭   તા૦ ૧૯ મી મારચ સને ૧૮૮૩ ના રોજ શાહાબાદના જડજ આસેસરો સાથે બીરાજેલા. તેમણે નીચે પ્રમાણે ઠરાવ તથા શીક્ષાનો હુકમ કરેલો તે ઉપર આ અપીલ કરવામાં આવેલી છે:—

"કોરટ આશેશરો સાથે મળી ઠરાવે છે કે તોહોમતવાળો શીવશારણ તાતો તોહોમતમાં રાખેલા ગુનહાનો એટલે તેણે તા૦ ૧૮ ફેબરવારી સને ૧૮૮૩ ના રોજ અગર તે અરસામાં આરામાં ચોરી કરવાના ઇરાદાથી રાતની વખતે ઘર ફોડયું તેનો ગુનેહગાર છે. અને પ્રથમ એટલે તા૦ ૨૫ અગષ્ટ સને ૧૮૭૪ ના રોજ ચોરી કરવાના ઇરાદાથી ઘર ફોડયા બાબત તે ગુનેહગાર ઠરી ચુકેલો છે. અને અપીલમાં તે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ થએલો નથી. તેથી તેને હીંદુસ્થાનના ફો કાયદાની કલમ ૪૫૭ પ્રમાણેનો ગુનહો તે કાયદાની કલમ ૪૫૭ પ્રમાણે સીક્ષા કરવા લાયક કરેલો છે. અને આ કલમો પ્રમાણે કોરટ ફરમાવે છે કે તે સીવશારણ તાતાને ચાર વરશ આજની તારીખથી સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવી."

આ કામમાં કોઇ તકરાર કરવાને હાજર નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

આપીલવાળાને ગુનેહગાર ઠરાવેલો છે, તેના શાચાપણા વીશે શવાલ કરવાને કાંઇ પણ કારણ નથી, અને શીક્ષા વધારે નથી. માટે અપીલ નામન્જુર કરવામાં આવે છે.

તોપણ પીનલકોડની કલમ ૭૫ નો હેતુ સેશન જડજ ખોટો સમજેલા છે. તે લક્ષમાં લેવાની જરૂર છે. તે કલમમાં બતાવેલા ગુનહાઓમાંના કોઇ ગુનહાની બીજી વખત સાબેતી થાય તો તેઉ તે કલમ પ્રમાણે શીક્ષા કરવાને બંધાએલા છે, એમ તેમણે ધારેલું જણાય છે. અને તેથી તેઉએ કહયું છે કે જો કે તે કરેલા ગુનહા બાબત (કલમ ૪૫૭) તે કેદી ચઉદ વરશની કેદને પાત્ર થાય છે. તો પણ પ્રથમ ગુન્હો સાબેત થવાના કારણથી પીનલકોડની કલમ ૭૫ પ્રમાણે ફકત દસ વરશની કેદબાબત તે જવાબદાર છે. માટે તેમણે કહયું છે કે જો તે સમુદ્રપારની શીક્ષાનો લાગ લેવાને તઇયાર થએલો હોય અને પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ તે કબુલ કરે તો તે કેદીના ફાયદાને સારૂ છે. કલમ ૭૫ નો હેતુ બીજી વખત ગુન્હાની સાબેતીનો ઠરાવ થયાથી ઓછી સખત શીક્ષા કરવાનો નથી. પણ વધારે શીક્ષા કરવાનો છે જે ગુન્હો કરવામાં આવેલો હોય તે ગુન્હાને માટે શીક્ષા બસ હોય તો કલમ ૭૫ ની મદદ લેવી નહી જોઇએ. અને તે વખને પણ તે ગુન્હાનો કેદી પ્રથમ ગુન્હાનો ગુન્હેગાર ઠરેલો હોવોજ જોઇએ એવી ફો. કા. ચ. રી. ના કાયદા પ્રમાણે જરૂરછે.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

તા૦ ૨૮ મી મે સને ૧૮૮૩

મી૦ જષ્ટીશ પ્રીનશેપ અને મી૦ જષ્ટીશ ઓફીનીલી

સાહેબોની રૂબરૂ.

ચંદખાંન વીરૂધ કૈશરેહીંદ.

અપીલ—સારી વરતણુંકના જામીન—ફો. કા. ચ. રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૧૧૦—૧૧૮—૧૨૩

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૨૩ પ્રમાણે જીલા માજીસ્ત્રેટે હુકમ કરેલો અને માજીસ્ત્રેટે રેફરંસ કરવા ઉપરથી તેજ કલમ પ્રમાણે શેશન જડજે મંન્જુર રાખેલો હતો. તે એવો હતો કે તે સારી ચાલના જામીન આપે ત્યાં સુધી એક સખશને કેદમાં રાખવો તો તે ઠ॰

મ ઉપર હાયકોરટમાં અપીલ ચાલતી નથી.

પાનું ૮૭૮ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૧૦ પ્ર-માણે પટનાના કામ ચલાઉ માજીસ્ત્રેટે અપીલવાળાના ઉપર એવો હુકમ કરેલો કે તરણ વરસ સુધી સારી ચાલ રાખવા બા-બત તેણે બે સારા અને પુકત જામીન દરેક રૂ ૫૦) નો તથા પોતાનો રૂ ૧૦૦) નો મુચરકો શા વાસ્તે નહીં આપવો તેનુ કારણ બતાવવું. તે કારણ બતાવતાં ફો, કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૧૮ પ્રમાણે તે હુકમ કાયમ કરવામાં આવ્યો પરંતુ જરૂરીઆત જામીન તે અપીલ વાળો આપી શકયો નહીં. સેશન જડજનો હુકમ ચાલુ હતો અને માજી-સ્ત્રેટે તેને કેદમાં રાખ્યો. સેશન જડજે નીચે પ્રમાણે હુકમ કરેલોછે. "અ-પીલના પ્રતીવાદી ચાંદખાંને તે માજીસ્ટરેટના માગ્યા પ્રમાણે બે જામીનો દરેક રૂ ૫૦) નો તથા રૂ ૧૦૦) નો પોતાનો મુચરકો ત્રણ વરસને સારૂં આપવોજ જોઇએ. અને તે માજીસ્ટરેટનો તે હુકમ ફોજદારી કામ ચલા વવાની રીતીના કાયદાની કલમ ૧૨૩ પ્રમાણે મંજુર રાખવામાં આવેલો છે તે હુકમ પ્રમાણે ચાલવાને કસુર કરવામાં આવશે તો તે અપીલના પ્રતીવાદીને તે હુકમ આન કરતાં સુધી ત્રણ વરસથી વધારે નહીં તેને સખત મજુરી સાથે કેદ રહેવું પડશે." ચાંદખાંને હાયકોરટમાં અપીલ કરી.

આ કામમાં તકરાર કરવાને કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જસ્ટીશ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

અમારી નજરમાં આવે છે કે આ કામમાં અપીલ ચાલતી નથી. કલમ ૪૦૬ માં સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે જીલ્લા માજીસ્ટરેટ અગર પ્રે-સીડેનશી માજીસ્ત્રેટ સીવાયના એકાદા માજીસ્ટરેટ સારી ચાલના જે સખ-સ પાસેથી જામીન માગે તેની અપીલ ચાલી શકે છે અને આ વરગના બીજા કામોમાં કાંઇ અપીલ ચાલશે એવો કાયદામાં કોઇ જગોએ ઠરાવ કરવામાં આવેલો નથી. વળી સેશન જડજની કરેલી તપાસમાં તે ગુન્હા-ની શાબેનીનો ઠરાવ કરવામાં આવેલો નથી. (કલમ ૪૧૦) તેમ જી-લ્લા માજીસ્ટરેટે કરેલી શીક્ષા શેશન જડજની મંજુરીને પાત્ર નથી. અને કલમ ૪૦૪ પ્રમાણે કાંઇ અપીલ ચાલતી નથી.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

વાલ્યુમ ૧૦ મું.

ફોજદારી અપીલ.

તા૦ ૨ આગસ્ટ સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ પ્રીનસેપ તથા મી૦ જસ્ટીસ તોટનહામ
સાહેબોની રૂબરૂ.

આનંદલાલ બેરા વીગરેની અરજીની બાબતમાં.

આનંદલાલ બેરા વીગરે વી. શીપાઈ આઝીમની ફરીઆદ ઉપરથી કેસરેહિંદ.

સરકારી નોકર—સરકારી નોકરના સામુ થવું—વારંટ-વારંટ પાછું મોકલવું—પેનલકોડની કા. ૧૮૩.

સરકારી નોકર મીલકત જપ્ત કરે તેમાં સામી હરકત કરવા બાબત એક સખશને પેનલકોડની કલમ ૧૮૩ મી પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલો હતો. તે ગુન્હો તા૦ ૪ ફેબરવારી સને ૧૮૮૩ ના રોજ કરવામા આવેલો હતો, પરંતુ જે વારંટની રૂઇએ તે સરકારી નોકરે કામ કરેલું તે સદરહુ તારીખને પેહેલે રોજ અથવા તે પેહેલાં પાછું મોકલવાનું હતું.

ઠરાવામાં આવ્યું કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૧૮ આકામમાં તમલુકના ડીપુટીમાજીસ્ત્રેટે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવ્યા હતા, એવી રીતે કે સરકારી નોકરના કાયદેશર અખત્યારથી તે મીલકત લેવાગાં તેમણે સામી હરકત કરી. તેથી તેમણે પીનલકોડની કા. ૧૮૩ મી પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો કરયો છે. હકીકત એવી છે કે સરકારી હકક વસુલ કરવાનો સને ૧૮૮૦ ના આકટની રૂઇએ સરકારી નોકરીમાં એક રેવન્યુ શીપાઈ આઝીમને એક તુલસીરામ બેદાની જંગમ મીલકત જપ્ત કરવાને એક વારંટ બજાવવાને આપવામાં આવેલું હતું. ગયા ફેબરવારી માસની તા૦ ૪ ના રોજ તે વારંટ બજાવાને તે શીપાઇ ગયો, અને તે વારંટ તે બજાવતો હતો તે દરમીઆનમાં તોહોમતવાળાઓએ તેને હરકત કરી સામી તકરાર લીધી. જે વારંટની રૂઇએ તે શીપાઈને તે બજાવવાનું કામ કરવાનું હતું તે વારંટ તા૦ ૩ ફેબરઆરીના રોજ અથવા તે પહેલાં પાછું મોકલવાનું હતું.

તોહોમતવાળાએ શદરહુ માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવાને હાયકોર્ટને અરજી કરી.

અરજદારો તરફથી બાબુ જોગેશચંદ્રદે અને બાબુ દ્વારકાનાથ મુકરજી.

કોર્ટનો ફેંસલો (જસ્ટીસ પ્રીનસેપ અને જસ્ટીસ તોટનહામ) જ-સ્ટીસ પ્રીનસેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

સરકારી હકક વસુલ કરવાના સને ૧૮૮૦ ના આકટ (બંગાળાનો આકટ ૭ મા પ્રમાણે એક સર્ટીફીકેટની બજાવણીમાં ડીપુટી કલેકટરે એક તુલશીરામ બેદ્યની મીલકત જપ્ત કરવામાં સામી હરકત લેવાને સારૂ પીનલકોડની કલમ ૧૮૩ પ્રમાણે તે અરજદારોને ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે.

આ કામમાં એવું માલુમ પડેલું છે કે તે સામી હરકત તા૦ ૪ ફે-બ્રુઆરીને રોજ લેવમાં આવી છે, અને અમારી રૂબરૂ એવી તકરાર કર-વામાં આવી છે કે આવી હરકત છતાં કાયદેસર રીતે તે હુકમ ચાલુ નહી હતો. તેથી તે કેદીએ કાંઇ ગુન્હો કરેલો નથી. દીવાની કાયદાની કલમ ૨૫૧ મીની બીજી રકમના શબ્દો લક્ષમાં લેતાં આ હરકતથી ગુન્હા-ની સાબેતી થઇ શકે એવું નથી. સબબ તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ થવો જોઇએ, અને જો દંડ વસુલ આપવામાં આવેલો હોય તો, તે પાછો આપવો.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

——

ફોજદારી અપીલ

તા૦ ૪ સપટેંબર સને ૧૮૮૩

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ ઓડીનલી

સાહેબોની રૂબરૂ

ગોવીદદાસ વી. દલાલદાસ વીગરે.

માજીસ્ટ્રેટ, તેમનો અખત્યાર- ફરીઆદ કાહાડી નાંખવી-તોહોમતવાળાને છોડી દેવો—સને ૧૮૮૨ ના ફો. કા. અ. રી. ના કાયદા ૧૦ માના કલમ ૨૫૩, ૨૫૯.

ફો. કા. અ. રી. ના કાયદાની કલમ ૨૫૩ મીની છેવટની રકમમાં જે કામોનો સમાસ થાય છે તે સીવાયના જે વારંટના કામોનો તે કાયદાની કલમ ૨૫૯ મીમાં સમાસ થતો ના હોય તેમાં ફરીઆદી ગેરહાજર હોય તેથી માજીસ્ટ્રેટ તે કામ કાહાડી નાંખવાનો અથવા તેમાં છોડી દેવાનો હુકમ કરવાને મુખત્યાર નથી.

પાનું ૬૭   આ કામમાં રંગપુરના માજીસ્ટ્રેટની રૂબરૂ તા૦ ૧૩ જુલાઇ સને ૧૮૮૩ ના રોજ એક પોલીસ ઈનસ્પેકટરે

બજાના ઉપર જબરાઇથી કબ્જાના આરોપની એક ફરીઆદ કરવામાં આવી છે.

તે ફરીઆદની સુનાવણી તા૦ ૨૩ જુલાઇના રોજ પ્રથમ ઠરાવવામાં આવેલી હતી અને ત્યાર પછી તા૦ ૩ અગસ્ટ સુધી તે બંધ રાખવામાં આવી હતી, તા૦ ૩ અગસ્ટના રોજ ફરીઆદી તેમ તેના સાહેદીઓ હાજર થયા નહીં તે કારણથી માજીસ્ત્રેટે તોહોમતવાળાને છોડી દીધો. ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે રંગપુરના જીલ્લાના જડજે તે કામ હાયકોરટમાં મોકલ્યું. કારણ કે તેમના અભીપ્રાયમાં એવું આવ્યું હતું કે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૫૯ ના ઠરાવ વીરૂદ્ધ માજીસ્ત્રેટ ચાલ્યા છે. કેમકે તે કામમાં સમાધાન થઇ શકે તેવું નથી.

આ કામમાં તકરાર કરવા કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવેલો છેઃ—

અમારી નજરમાં આવે છે કે આ કામમાં ફરીઆદી ગેર હાજર હોવાથી એ કામ કાહાડી નાંખવાને માજીસ્ત્રેટ મુખત્યાર નહીં હતા. કારણ કે વારંટનું કામ સમાધાન કરવા લાયક નથી.

એમ જણાય છે કે, પેહેલી ઠરાવેલી મુદતે ફરીઆદી તેના સાહેદીઓ સાથે હાજર હતો, પરંતુ તોહોમતવાળો એક પોલીસ અમલદાર છે તે હાજર થઇ શકયો નહીં તેથી તે કામ બંધ રાખવામાં આવ્યું હતું. અને ફરીઆદી તથા શાક્ષીઓના જે તારીખ સુધી તે તપાસ બંધ રાખી હતી. તે તારીખે હાજર રેહેવાને મુચરકા લીધા હતા તે તારીખે તોહોમતવાળો એકલો હાજર થયો હતો. તેથી માજીસ્ટરેટે તે કામ કહાડી નાંખ્યુ. કલમ ૨૫૩ ની છેલ્લી રકમ કે જે લાગુ થતી નથી, તેમાં જે વારંટનાં કામોનો સમાશ થતો હોય તે શીવાયના જે કામોનો કલમ ૨૫૯ માં સમાસ થતો હોય તેમાં તે કલમના શબ્દો ઉપર લક્ષ રાખતાં ફરીઆદીની ગેર હાજરીના કારણથી તે કામ કહાડી નાંખવાનો અગર છોડી દેવાનો માજીસ્ત્રેટ હુકમ કરવાને મુખત્યાર નથી. અમારી રૂબરૂ જે કામ છે તેમાં માજીસ્ત્રેટે તોહોમતવાળાને જામીન ઉપર છોડવો જોઇતો હતો. અને ફરીઆદી અને તેના સાહેદીઓએ પોતાને હાજર થવાને મુચરકા આપેલા હતા માટે તેઉ તેમને હાજર થવાની ફરજ પાડી શકતા હતા.

માટે તે કામની તપાસ થવી જોઇએ.

ફોજદારી અપીલ

તા૦ ૪ સપટેંબર સન ૧૮૮૩

મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ ઓમીનીલી
સાહેબોની રૂબરૂ.

કેસરહીંદ વીરૂદ્ધ પરમાનંદ વીગરે.

હકુમત—ખાસ અખત્યારવાળા અમલદાર-ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૮૨ નો આકટ ૧૦) ની કલમ ૩૦, ૩૪ અને ૨૦૯

જે કામમાં પુરાવા ઉપરથી એમ માલમ પડતું હોય કે માજીસ્ટરેટને તપાસવા લાયક ગુન્હાની હકુમત છે તે ઉપરાંત તોહોમતવાળા ઉપર આરોપ રાખી શકાય તેમ હતું. તો તે કામમાં ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૩૪ પ્રમાણે જે અમલદારને ખાસ અખત્યાર મળેલો હોય તે અમલદારને તે કાયદાની કલમ ૨૦૯ પ્રમાણે જો કોઇ કામની પોત તપાસ કરવાની હોય તો પણ તેમાં તપાસ ભાગ્યેજ કરવી જોઇએ.

પાનું ૮૫ આ કામમાં તોહોમતવાળા ઉપર સીબસાગરના ડેપ્યુટી કમીશનર જેઓ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૩૪ પ્રમાણે મળેલો ખાસ અખત્યાર વાપરે છે તેમની રૂબરૂ શીક્ષીણ્ય મનુષ્યવધનો આરોપ રાખવામાં આવેલો હતો. તે તોહોમતવાળાને ડેપ્યુટી કમીશનરે ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરી. પરંતુ આસામવાહાલેના જીલ્લા જડજ તરફ તે ઠરાવ તથા શીક્ષાનો હુકમ મંજુર થવા સારૂ મોકલવામાં આવ્યો ત્યારે પૂરાવના કેટલાક ભાગ ઉપરથી તેમના વીચારમાં આવ્યું છે કે તોહોમતવાળા ઉપર ખુનનો આરોપ યોગ્ય રીતે રાખી શકાતો હતો, માટે તેમણે તે કામ હાયકોરટમાં મોકલ્યું. અને એવી ભલામણ કરી કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઈએ. અને શેશન કોરટમાં તપાસ થવા સારૂ તે કામ કમીટ કરવાને ડેપુટી માજીસ્ટ્રેટને ફરમાવવું જોઇએ.

આ કામમાં તકરાર કરવાને કોઇ હાજર થયું નથી

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવેલો છે.

ફેજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦ અને ૩૪ માં જે ખાસ અખત્યારનું વર્ણન કરવામાં આવ્યું છે તે અખત્યારવાળા એક અમલદારે કેદીને કલમ ૩૦૪ પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલો છે,

શેશન જડજને તે શીક્ષાનો હુકમ મંજુર થવા સારૂં મોકલેલો તે ઉપરથી તેઉએ આ કામ આ કોરટમાં ફરી તપાસની કોરટ તરીકે મોકલેલું છે. એવા કારણથી કે તે પ્રોશીડીંગ રદ કરવામાં આવે અને તે

કામ તપાસ થવા સારૂં આ કોરટમાં કમીટ કરવાને ડેપ્યુટી કમીશનરને ફરમાવવામાં આવે.

કલમ ૨૦૯ માં માજીસ્રેટને એવો અખત્યાર આપવામાં આવેલો છે કે તેમની હકુમતની અંદરનો ગુન્હો ફકત બનેલો છે, એવું જો તેમની નજરમાં આવે તો તે કામની તપાસ તે માજીસ્રેટે કરવી. આ રીતી પ્રમાણે ડેપ્યુટી કમીશનર ચાલેલા છે એમ અમે શમજીએ છીએ. માટે અમે એમ ઠરાવી શકતા નથી કે ફકત કાંઈક પુરાવ છે તે જો માનવામાં આવે તો તેમની હકુમત ઉપરાંતનો ગુન્હો ખુનનો શાબીત થાય. તેટલાજ ફકત કારણથી તે તપાસ કરવાને કાયદા પ્રમાણે અખત્યાર નહીં હતો. અગર તેમને હકુમત વીના કરેલો છે. તેની સાથે અમારી નજરમાં આવે છે કે આ રીતી પ્રમાણે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૦ અને ૬૪ મુજબ મળેલા ખાસ અખત્યારવાળો અમલદાર જો ચાલે તો તે પ્રમાણે કવચીતજ ચાલવું જોઇએ; કારણ કે આવો કોઇ અમલદાર તે રીતી પ્રમાણે ચાલે તેથી ઘણી ભારે જવાબદારી ઉત્પન્ન કરે છે, કામમાં જે પુરાવ છે અને તેમાં વીશેશે કરીને વઇદકી પુરાવ છે તે ઉપરથી ડેપ્યુટી કમીશનરના ઠરાવના સાચાપણા બાબત શક રાખવાને અમારૂં વલણ થતું નથી, માટે અમે તે પ્રોશીડીંગ રદ કરી શકતા નથી. સબબ શેશન જડજે કાયદા પ્રમાણે કામ ચલાવવું.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૮૩.

મી૦ જસ્ટીશ પ્રીનશેપ અને મી૦ જસ્ટીશ તોટનહામ સાહેબોની રૂબરૂ.

હરીચરણ ચકરબત્તી વીગરે વી૦ કેસરેહીંદ.

જવાબ દેવાનો હક—બચાવ તરફથી શાક્ષીઓ બોલાવવા નહીં—પ્રોસીક્યુટરનો જવાબ—તપાશમાં અંધો જોવા—જડજે કેદીને તપાસવો—કેવી જાતના સવાલો કરી શકાય—ઠરાવની બાબતમાં જ્યુરીને પુછવું—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૨૮૯—૨૯૦—૩૦૩—૩૦૭—૩૪૨.

ફરીઆદ તરફનો પૂરાવ બંધ થયા પછી બચાવ તરફના આટરનીએ જડજને જવાબમાં કહ્યું છે કે મારો ઇરાદો શાક્ષીઓ બોલાવવા-

નો છે. તેથી કોરટે કામ બંધ રાખ્યું. અને બીજે દીવસે તે આટરની એ કહ્યું કે ફરી વીચાર કરતાં શાક્ષીઓ બોલાવવાનો મારો ઇરાદો નથી, તેથી જડજે પ્રોશીકયુટરને જવાબ આપવા દીધો.

ઠરાવવામાં આવ્યું કે જો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૮૯ અને ૨૯૨ નો સખત અરથ કરતાં આ રીતી પ્રમાણે ચાલી શકાય છે. તો પણ કાયદા કરનારાઓનો એવો હેતુ નથી કે જ્યારે બચાવ તરફથી કોઈ સાક્ષીને બોલાવવામાં આવેલો ના હોય તો પ્રોશીકયુટરે જવાબ દેવો જોઇએ. કારણ કે કાયદાનો હેતુ દેખીતી રીતે એવો છે કે દરેક બાજુને સાગી બાજુના પુરાવ ઉપર ટીકા કરવાનો લાગ આપવો અને આવા કામમાં પરોશીકયુટરને વધારે ફાયદો આપવો એમ નથી.

તેલરનો વછદક શાસ્ત્રનો જે ગ્રંથ છે તે સારો પ્રખ્યાત છે તે તપાસની દરમ્યાનમાં જોઇ શકાય છે. હાતીમ વીરૂદ્ધ કેસરેહીંદના ઠરાવ પ્રમાણે ચલાવામાં આવ્યું.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૪૨ પ્રમાણે એક કેદીની તપાસ જડજ કરતા હોય તો તેમની ઉલટ તપાસ તેઉ કરે તે બરોબર નથી. જે સવાલો ઉપરથી કેદીના વીરૂદ્ધ પુરાવમાં જે હકીકત જણાતી હોય તે હકીકતનો તે કેદી ખુલાસો કરી શકે તેજ ફકત તેને પુછી શકાય છે.

જો કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૦૩ થી જ્યુરીને તેમનો ઠરાવ કેવો છે તે મકકી કરવાને સારૂં જે સવાલો કરવાની જરૂર હોય તે સવાલો કરવાને જડજને અખત્યાર આપવામાં આવેલો છે તો પણ તેથી એવો વીચાર કરવામાં આવ્યો નથી કે જ્યુરી એકમતે નથી એવી ખાતરી જડજની થાય એટલે જડજે ઘણાં મતનો અભીપ્રાય એવી રીતનો છે કે જે એવી રીતે સમજાય કે પોતાના અભીપ્રાયની સાથે તે મળતો આવે છે કે નહીં. અને તેથી તે કબુલ કરવો કે નહીં એવો તેમને લાગ મળે તે પ્રમાણે તેઉ બારીક તપાસ કરે. જડજનો અભીપ્રાય ગમે તેમ હોય. પરંતુ તેઉ એટલા બધા જાય કે જેથી બરોબર ઘણા કીયા છે અને ઘણા મતથી કેવો અભીપ્રાય છે એવું જ્યુરીને પુછે તો તે ઠરાવ આનાકાની શીવાય તેમણે કબુલ કરવો જોઇએ. અને જો તેઉ કલમ ૩૦૭ માં ઠરાવ્યા પ્રમાણે જુદા પડે તો તેઉએ કામ ચલાવવું જોઇએ.

કેદીને અગર તેના કોંનસલને પુરાવ આપવાની છુટ તેની નજરમાં આવે તે પ્રમાણે હોય કીંવા નહીં. પરંતુ તે એક અગર બીજો રસ્તો

પ્રસંદ કરે તેથી તેના વીરૂદ્ધ કાંઇ અનુમાન થઇ શકતો નથી.

પાનું ૧૪૦ અપીલવાળાઓ તરફથી મી. અમીરઅલ્લી અને બાબુ તારકનાથસેન.

સરકાર તરફથી કામ ચલાઉ ડીપ્યુટી લીગલરી મેમબ્રનસર (મી૦ વાઇટ)

કોર્ટનો ફેંસલો જસ્ટીશ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે તે ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છેઃ—

અમારી રૂબરૂ બે અપીલવાળાઓ સહ હીસ્સેદાર જમીનદારોના ગુમાસ્તા હરીચરણ ચકરબતી અને ગોપાળચંદ્ર ચકરબતીની તપાસ હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૩૦૪ પ્રમાણે શીક્ષીણ્ય મનુષ્યવધ કરયા બાબત કલમ ૩૨૫ પ્રમાણે બુધ્ધી પુર્વક મહાવ્યથા કરયા બાબત અને કલમ ૩૨૩ પ્રમાણે બુદ્ધિપુરવક વ્યથા કરયા બાબત કરવામાં આવેલી છે. જ્યુરીએ એકમત થઇ શીક્ષીણ્ય મનુષ્યવધના ગુન્હા બાબત તેઓને નીરદોશ ઠરાવેલા છે. અને એક તરફ ત્રણ અને બીજી તરફ બે જ્યુરરો હતા. તેમાં ત્રણના ઘણા મતથી બીજા આરોપ બાબત તેઓને ગુન્હેગાર ઠરાવેલા છે. આ ઠરાવ કબુલ કરતાં પેહેલાં આરોપ બાબત નીરદોષનો ઠરાવ જડજે મંજુર રાખ્યો નથી. એવું બતાવેલું છે. પરંતુ તે નીરદોશના ઠરાવ સબંધી જ્યુરી એક મત હતી. તેથી બેઉ મથાળા ઉપરનો ઠરાવ તેઉએ કબુલ કરી કાયદામાં વધારેમાં વધારે જે શીક્ષા ઠરાવી છે. તે શીક્ષા તે કેદીઓને કરેલી છે અને વળી તેમનો દંડ પણ કરેલો છે.

જડજના પ્રોશીડીંગમાં તે પ્રોશીડીંગ બાબત તથા જ્યુરીને હકીકત સંક્ષેપમાં સમજાવી તેમાં તથા તપાસની દરમ્યાનમાં ઘણી હરકતો લેવામાં આવેલી છે અને ખરેખાત તે દેખીતી છે.

ફરીઆદ તરફનો પુરાવ બંધ થયો. પરંતુ તે દીવસે ઉઠતાં પહેલાં શેશન જડજે તોહોમતવાળાના અટરની તરફથી તપાસ કરી એવું જાણેલું છે કે બચાવ તરફથી પુરાવ ગુજારવાનો તેનો ઇરાદો છે. બીજે દીવસે જ્યારે તે તપાસ શરૂ કરી ત્યારે તે અટરનીએ કહયું છે કે ફરી વીચાર કરતાં મારો ઇરાદો કાંઇ પુરાવ આપવાનો નથી. આ ઉપરથી શેશન જડજે દેખીતી રીતે તેને ખબર આપી છે કે તેમ છતાં પણ પ્રાશીક્યુટરને જવાબ આપવાનો હકક મળશે અને હરકત તે બાબતમાં ઉઠાવ્યા છતાં તે બાબત દાવો રાખવાશી તેમણે તે બાબત કબુલ કરેલી છે.

હવે કલમ ૨૮૯ અને ૨૯૨ ના શબ્દોનો સખત અર્થ કરતાં આ પ્રમાણે થઇ શકે છે. પરંતુ જ્યારે બચાવ તરફથી કોઇ હકીકતનો પુરાવ

આપવામાં આવ્યો નથી. ત્યારે અમારી નજરમાં આવે છે કે કાયદા કરનારનો ઇરાદો આવો કોઇ દીવશ નથી અને જડજે નકકી તે કરવા દેવો જોઈતો નહી હતો. કાયદાનો હેતુ દેખીતી રીતે એક બાજુને બીજી બાજુ તરફના પુરાવ ઉપર ટીકા કરવાનો લાગ આપવાનોછે અને કેદીના વકીલને કામ બંધ રહેલું હોય તે દરમીયાનમાં પોતાના અશીલના હીતને શારૂ સારામાં સારૂ શું છે. તેનો વીચાર કરવાને લાગ મળેલો હોય તેટલાં ફકત કારણથી પ્રાશીકયુટરને વધારે ફાયદો આપવાનો નથી.

તે દીવસ પુરો થયો તે વખતે તે આટરનીએ સાવધગીરી વીના જવાબ આપ્યો. તેથી તે તપાસ ફરી શરૂ થઈ ત્યારે તેના અશીલને હરકત થવી જોઇતી નહીં હતી અને તે જવાબ વધારે વિચાર કરીને ફકત ઇરાદા તરીકે બતાવેલો હતો એમ યોગ્ય રીતે ગણી શકાય છે.

વળી અમારી નજરમાં આવે છે કે આ કામમાં વઇદકી પુરાવથી ઓછી અને અસંતોશકારક રીતે જે બાબતનો નીરણય કરેલો છે તે બાબતમાં વઈદ શાસ્ત્ર ઉપર બચાવ તરફથી ટેલર સાહેબનો ગ્રંથ જે શારી પેઠે પ્રખ્યાત છે, તે વાંચી બતાવવાની મરજી બતાવી હતી. ત્યારે જો શેશન જડજે તે ગ્રંથ કોરટની રૂબરૂ મુકી બતાવી દીધો હોત તો તેઉએ પોતાનો ડાહપણ ભરેલો કુલ અત્યાર વાપરેલો એમ થાત. હાતીમ વીરૂધ કેસરેહીંદના કામમાં આટરનીએ જે ઠરાવ ઉપર આધાર રાખેલો છે. તે આવા ગ્રંથો જોવાને એક આધાર તરીકે છે અને જો કે કોરટની અસલ બાજુમાં બીરાજેલા એક જડજનો ઠરાવ હોય અને તેમાં તેમણે વીરૂદ્ધ અભીપ્રાય બતાવેલો હોય અને તે રીપોટ કરયા વગરનો છે તો પણ અમારી નજરમાં આવે છે કે હમેશના રીવાજ પ્રમાણે રીપોટ થએલો ઠરાવ જે બીશેશે કરીને બે જડજોના બેંચે કરેલો છે તે પ્રમાણે તે જડજે ચાલવું જોઇતું હતું.

હવે શેશન જડજે કરેલા હુકમો ઉપર અપીલમાં આ કોરટના વારંવાર ફેંસલાઓ થએલા છે તેમ છતાં તેઉ કેદીઓને ઉલટ તપાસ કરે તે શીવાય બીજુ કાંઈ નહીં એવો રીવાજ ચલાવવામાં તે જ્યારી રહે તે જોવાને અમે ઘણા દીલગીર, છીએ. સને ૧૮૮૨ ના કાયદાની કલમ ૩૪૨ પ્રમાણે ફરીયાદ તરફના શાક્ષીઓ તપાસ્યા પછી કામની હકીકત વાશે શેશન જડજની નજરમાં જરૂર લાગે તેવા સવાલો તોહોમતવાળાને શેશન જડજ સામાન્ય રીતે કરી શકે છે. પરંતુ કેદીના વીરૂધના પુરાવ ઉપરથી જે કાંઈ હકીકત જણાતી હોય તે હકીકતનો ખુલાસો કરી શકે તે ફકત કારણસર તે કરવાનું છે. હવે આ કામમાં કેદી હરીચરણ ચકરબતીની લાંબી ઉલટ તપાસ કરેલી છે. એમ અમારા જોવામાં

આવે છે. તે સવાલો એવી રીતે કરવામાં આવેલા છે કે તે આ કામની તમામ હકીકતને લાગુ થાય અને તેથી વધારે એવા કરવામાં આવ્યા છે. કે આ કામમાં જે ઈસ્યુ છે. તે ઇસ્યુવાળી બાબતોને ખરી રીતે લાગતા નહી તેવા જવાબો મળે પણ તેથી જ્યુરીની ૩બરૂ તેને ભારે હરકત થાય તથા સહતોહોમતવાળા ગોપાળચંદ્રને આ કામમાં જે હુકમનામાની બજાવણીની બાબત છે તે વીશે તેની સાથે જોડી વળી તે ગુન્હેગાર બને એવાં કરેલાં છે એમ ગણવામાં આવેલું છે. ઘણા સવાલો તો નકી એવા છે કે વીરૂદ્ધ સાક્ષીને કાંનશલ ઉલટ રીતે તપાસતા હોય અને તેરૂ પુછે એવી આશે ઉમેદ રાખીએ એવા છે. જેમકે તોહોમતવાળાને પુછવામાં આવેલું છે કે જાદબને કેવી રીતે વ્યથા થઈ. જવાબઃ—હું કેવી રીતે કહી શકું. સવાલઃ—ત્યારે શું તમારો અભીપ્રાય એવો છે કે બીહારીએ જાદબને વ્યથા કરાવી. જવાબ: ના. સવાલઃ તમે અગર બીહારી તેને વ્યથા કરવામાં નહી હતા. અને ડાકતર કહે છે કે જાદબ સખત રીતે જખમી થએલો હતો. ત્યારે તેને તે ઈજા કેવી રીતે થઈ. જવાબ હું જાણતો નથી. સવાલઃ—ત્યારે તે વકીલ એમ કેમ કહે છે કે તમને તેણે જોયા અને પીડાં અને જાદબ તેને ઘેર જતા હતા. જવાબઃ—તે બીહારીનો વકીલ છે. અને બીહારીની ખાએશ ઉપરથી તેણે તે પ્રમાણે કહ્યું છે. વળી તે જડજે ઘણા નહીં લગતા સવાલો પુછેલા છે. સવાલ,—મરનારને કોરટમાં લાવવામાં આવ્યો ત્યાર પછી તમે તેની ખોરાકીના પૈસા આપેલા છે, અગર હુકમનામાની રકમ વસૂલ થએલી છે કે નહીં. જવાબઃ—તેને જેલમાં મોકલવામાં આવ્યો નથી. તેમ તે રકમ વસુલ થઇ નથી. સવાલઃ—જો તેને જેલમાં મોકલવામાં આવ્યો નથી, અને તેની સાથે તે હુકમનામાની રકમ વસુલ થઇ નથી. ત્યારે મને કહો કે તે વીશે શું થયું. અમારા અભીપ્રાય પ્રમાણે કેદીના વીરૂધના પુરાવ ઉપરથી જે કાંઇ હકીકત જણાતી હોય તેનો તે ખુલાસો કરી શકે એવા સવાલો તેને પુછવાનો કાયદાનો હેતુ છે. તે આવા સવાલો નથી. તે શવાલોનો મતલબ ખુલ્લી રીતે એવો છે કે તે તોહોમતવાળાને ગુંચવણમાં નાંખવો અને તેના વીશે જ્યુરીનું મન બગડે તેવો છે,

છેવટે જે રીતીએ જ્યુરીનો ઠરાવ લેવામાં આવ્યો છે તે અમારા અભીપ્રાય પ્રમાણે હરકત ભરેલો છે. જડજે જે હકીકત સમજાવેલી છે તે હમણાંજ જોવામાં આવશે તેનો ખુલ્લો હેતુ શીક્ષીણ્ય મનુષ્યવધ ઠરાવવાનો છે, અને જ્યુરીના આગેવાન શીવાય તે જ્યુરીના બીજા તમામ આંગભુનો તે પ્રમાણે સમજેલા છે. કારણ કે તેઓએ જડજને એવી ખબર આપી છે કે અમારા વીચારમાં આવે છે કે અમારે ફકત આ

તોહોમતનો વીચાર કરવાનો છે. આ ઉપરથી શેશન જડજનો ખુલાશો લેવાને વધારે જરૂર પડે છે. ત્યારપછી થોડી મુદત જયુરી ગઇ, અને પાછા આવીને કહયું કે પેહેલા તોહોમતની બાબતમાં અમે એકમત છીએ, પરંતુ બીજાઓ બાબત નથી. તેઓએ પેહેલા આરોપની બાબત નીરદોશ કરયાનો ઠરાવ કરેલો છે, તે ઉપરથી તે જડજે પુછેલું હતું કે "માહાવ્યથાના આરોપની બાબતમાં તમારા અભીપ્રાય જુદા જુદા કેમ થયા છે? જવાબ:—બાકીના આરોપ બાબતમાં, અમે એક બાજુ તરફ ત્રણ અને બીજી બાજુ તરફ બે છીએ. શવાલ:—માહાવ્યથાના આરોપ બાબત જયુરીનો ઘણા મતથી થએલો કેવો ઠરાવ છે? જવાબ:—ગુન્હેગાર છે તેવો છે. જડજ—"માટે બાકીના આરોપ વીશે તમારો ઠરાવ લેવાની અમારે જરૂર નથી.' હવે કલમ ૩૦૧ મા ઠરાવવામા આવ્યું છે કે જયુરીએ પોતાના ઠરાવનો વીચાર કરેલો હોય ત્યારે તેઓનો જે ઠરાવ હોય તે જયુરીનો આગેવાન જડજને જાહેર કરશે અગર ઘણા મતથી કેવો ઠરાવ છે તે પણ તે જાહેર કરશે. કલમ ૩૦૨ મા કહયુ છે કે:—"જો જયુરી એકમત ના હોય તો વધારે વીચાર કરવાને પાછા જવાને જડજ કહી શકે છે." જડજ જેટલી મુદત વ્યાજબી ગણે તેટલી મુદત પછી જયુરી પોતાનો ઠરાવ આપે, પછી તેઓ એકમત થયા ના હોય તેની ચીંતા નહીં. બેશક કલમ ૩૦૩ થી જડજને એવો અખત્યાર આપવામાં આવ્યો છે કે જયુરીનો ઠરાવ શો છે તે નકકી કરવાને જડજને જરૂર લાગે તેવા સવાલો તે જયુરીને કરી શકે છે, પરંતુ અમારા અભીપ્રાય પ્રમાણે એવું કોઇ વખતે પણ વીચારમાં આવ્યું નથી કે જયુરી એકમત નથી એવુ નકી થાય એટલે ઘણો મત કેવો છે અને કેવા પ્રકારના તેઓ છે એવું જાણવાને જડજ એવી બારીક તપાશ કરે કે જેથી તે ઠરાવ અગર અભીપ્રાય તેમના પોતાના અભીપ્રાય પ્રમાણે છે કે નહી તે જાણી તે કબુલ કરવો કે નહી એવો તેમને લાગ મળે. આ પ્રસંગે જે રીતે જડજે કામ કરેલું છે તેથી તેમણે જે રીતીએ તે કામ ચલાવ્યાનો આ હેતુ છે કે નહી તે વીશે અમને ઘણો શક રહે છે, અને આવો વીચાર કરવાનું અમારૂં વલણ થાય છે કે તે આરોપની બાબતમાં ઘણા મતથી નીરદોશનો ઠરાવ કરવામાં આવ્યો છે એવું જો તેમને કેહેવામાં આવ્યું હોત તો તે તેઉ કબુલ કરત. જો આ ધારવામાં અમે ખોટા હોઇએ તો જે યોગ્ય રીવાજ અમે ગણીએ છીએ તે સબધી ખોટો વીચાર થતાં આ કે તે શારૂ તે બાબત ઓછામાં ઓછો અમે અમારો અભીપ્રાય બતાવવાને બધાએલા છીએ, એમ અમારી નજરમાં આવે છે. આ બાબતમાં જડજનો ખા

અભીપ્રાય ગમે તે હોય તોપણ તે એટલે શુધી ગયા હોય કે ઘણો મત બરોબર કેવો છે અને તે ઘણામતથી કેવો અભીપ્રાય છે એવું જયુરીને તે પુછે તો, અમારી નજરમાં આવે છે કે તેમણે તે ઠરાવ આ નાકાની વીના કબુલ કરવો જોઇએ, અને જો તેઉ તેથી જુદા પડે તો કલમ ૩૦૭ માં ઠરાવવામાં આવ્યું છે તે પ્રમાણે તેમણે કામ ચલાવવુ જોઇએ. જયુરીએ પોતાના બરોબર વીચાર સબંધી જડજને જાહેર કરયાવીના જો આ કામમાં જયુરીને પાછા જવાની જરૂર પાડી હોય તો એમ બની શકે. વધારે વાદ વીવાદ કરતાં જે ઘણોમત હોય તે થોડા મતની બાબત થાય, માટે અમારી નજરમાં આવે છે કે કેદીઓને તમામ વ્યાજબીપણું થવાને તો જે રીતી અમે બતાવી છે તે રીતી પ્રમાણે ચાલવું જોઇએ.

હવે જડજે જયુરીને જે હકીકત સમજાવી છે તેનો વીચાર કરવાની જરૂર થાય છે. તે હકીકત ઉપરથી એવી દીલગીરી ભરેલી સમજ થએલી છે કે કેદીના વીરૂધ અને તેના લાભનો નીરપાક્ષપાત અને વ્યાજબી રીતે જે પુરાવ સારાશમાં સમજાવવામાં આવે તેના કરતાં ફરીઆદ તરફના કોનસલે જે તકરાર જાહેર કરેલી છે તે છે. ફરીઆદ તરફના પુરાવમાં જે નબળી બાબતો છે તેમાંની એક જયુરીને કહેવામાં આવી નથી, અને ઘણા અગત્યના વીચારો તથા એક બીજા વીરૂધની બાબતો બીલકુલ જોવામાં આવેલી નથી. આ કામમાં એક બાબત છે તે ઘણી અગત્યની બાબત છે તે વીશે જડજ તદન ખોટુ સમજેલા છે, અને વળી જ્યારે તે કામ પુરૂ થયું ત્યારે બચાવ તરફના આટરનીએ વીશેશે કરીને તેમની નજરે તે આણેલી હતી તેમ છતાં તે થએલું છે. તે બાબત એ છે કે બરોબર કીએ વખતે મરનારને તેની સગી આહારીએ જોયો અને તે તેને પોતાને ઘેર લેઇ ગઇ તે છે. આ ઘણીજ અગત્યની બાબત છે, કારણ કે જે ઇજા ઉપરથી તે મરનાર મરણ પામેલો કહેવામાં આવેલો છે તે ઇજાનું હમેશના રૂપ ઊપરથી વેદકી પુરાવ જેવો લખી લેવામાં આવેલો છે તે ઉપરથી તે મત થતા પહેલાં કે પછી તે પાંસળાં ભાગેલાં હતાં તે અંદેશા ભરેલું છે. જો વઇદકી અમલદાર કહે છે કે આ ઇજા ને હયાત હતો ને થએલી હતી તો પણ વળી તેમણે કહયું છે કે તે થોડી મુદત ઉપરની છે, અને જો એમ તેમને બતાવવામાં આવ્યું હોત (જેમ બતાવવું જોઈતું હતું) કે આ ઇજા તે મોત થતા પહેલાં આઠ દીવસ ઉપર થએલી એમ કહેવામાં આવેલું છે તો, તે કેઇ વખતે થએલી છે અને તેથી મરનારનું મોત થએલું છે કે નહી તે વીશે તે પોતાનો અભીપ્રાય દુરસ્ત કરત એમ અસંભવીત નથી. ઓરત આહારી ઘણી

નીચે ભરેલી રીતે કહ્યું છે કે સોમવાર વૈશાખ માસની તા૦ ૪ ના રોજ "તાલના ઝાડ નીચે મરનારને પડેલો મેં જોએલો હતો. તે મોત થયાની તારીખથી દશ દીવસની અંદર તેણીને માજીસ્ટ્રેટની કોર્ટમાં તપાસવામાં આવી છે તેમાં આ હકીકત કહેલી અમારા જોવામાં આવે છે, માટે શેશનની તપાસ પહેલાં ગએલા વખતની દરમીઆનમાં ગમે તે બનેલું હોય તો પણ તે વખતે તો ઓછામાં ઓછી તેની યાદદાસ્ત તો તાજી હતી. શેશન કોર્ટમાં પણ તેણીએ તે હકીકત ફરીથી કહેલી છે, એટલુંજ નહીં પણ તે તારીખ નકકી કહેલી તેનાં કારણ તેણીએ બતાવેલાં છે. શેશન જડજે જ્યુરીને હકીકત સમજાવી છે તેમાં તેમણે જ્યુરીને કહ્યું છે કે તેણીએ ભુલ કરેલી છે, અને જ્યારે વૈશાખ માસની તા૦ ૪ થી અથવા તા૦ ૧૬ એપ્રીલ કહેલી છે ત્યારે તેણીનો હેતુ તા૦ ૧૮ એપ્રીલ કહેવાનો હતો તે પ્રમાણે તદન બની શકે તેવું છે, માટે વઇદકી પુરાવ ઉપરથી તે મરનાર તા૦ ૧૯ મીના રોજ મરણ પામ્યો છે, એવું જણાય છે, પરંતુ પુરાવામાં આ તફાવત છે તે જ્યુરીની રૂબરૂ મુકવામાં આવ્યો નથી. બચાવ તરફથી એક ઘણી અગત્યની બાબત કહેવામાં આવેલી છે કે પાંસળીઓ મોત થયા પછી ભાગેલી છે, કારણ કે માર મારયો તેની તથા મોત થયાની વચમાં જે મુદત ગએલી છે, માટે તે મોત થતાં પહેલાં માર આઠ દીવસ પહેલાં મારવામાં આવ્યો હતો તે હકીકતની માહેતીવીના તે વઇદકી પુરાવ આપવામાં આવેલો છે તે ઘણો નબળો થાય છે. વળી ધારો કે જેમ જડજે જ્યુરીને કહેલું છે તે પ્રમાણે તે ઓરતે ભુલ કરી છે, અને તેણીએ તા૦ ૧૮ મીને બદલે તા૦ ૧૬ મી કહેલી છે તોપણ જો વધારે નહીં તો પેહેલી બે દીવસની મુદત ગએલી છે તેમાં તે મરનારની હાલચાલ કેવી થએલી તે વીશે કાંઈપણ ખુલાશો થએલો નથી. તે જડજે સેહેજ તેનો ખુલાશો કરવાને પ્રયત્ન એવું કરેલું છે કે આદારીની સાહેદી જોતાં તે મરનાર આ વખતની દરમીઆનમાં હાનાબાદમાં હતો, પરંતુ એમ ધારીએ કે તે મરનારે તેણીને કહેલું કે મને જાહાનાબાદમાં રાખવામાં આવેલો હતો, તો પણ તે બાબત વધારે આગળ જ્યુરીની રૂબરૂ મુકવાની જડજની ફરજ હતી, કારણ કે તેથી તે ઉપર કેટલું વજન રાખવે તેનો નીરણ્ય તેઉ કરી શકે. વૈદકી પુરાવમાં બીજી ઘણી અગત્યની બાબતો છે તે જોઇ શકાય છે, પણ જ્યુરીને જડજે જે હકીકત સમજાવેલી છે તેમાં જડજને તે રહી ગએલી છે, અગર તેઉ ખોટી સમજેલા છે. ગમે તેમ હોય પણ જેની શાહેદી તેમની રૂબરૂ હતી તે તો અનુભવ વીનાના અમલદારે આપેલી હતી, અને સીવીલ સરજન તેમની કોરટમાં હાજર હતા, તેમ છતાં એક પ્રવીણ શાહેદી તરી

કે તેમના તાબાના અમલદારની શાહેદીના વજન સબંધી શેશન જડજે તે શીવીલ સરજનને તપાસ્યા નથી એ ઘણું દીલગીર થવાનું છે. પરંતુ જડજે જ્યુરીને જે હકીકત સમજાવેલી છે તેની વીગત અને જે રીતે તે પુરાવ તેમને બતાવ્યો છે તે રીતી ફકત હરકત લેવા લાયક છે, એટલુંજ નહીં પણ જે રીતે તે તમામ કામના જુદા જુદા ભાગ તેમણે બતાવ્યા છે તે પ્રમાણે અમારા અભીપ્રાયમાં આવે છે કે જે કેદીની તપાસ ચલેલી તે કેદીને હરકત થયા વીના રહે નહીં. જ્યુરીની રૂબરૂ વીગતવાર પુરાવ મૂકતાં પહેલાં તેમણે જુરીને એવું પુછેલું છે કે પ્રથમના કજીયા ઉપરથી મરનાર અને કેદીના વચમાં જે સબંધ છે તે લક્ષમાં રાખતાં તોહોમતવાળો ગુન્હો તોહોમતવાળાએ કરેલો હોય એવો સંભવ નથી આ છે તે જુરીની રૂબરૂ હમેશાં જે બાબત બતાવવામાં આવે છે તેથી વીરૂધ છે. આપણી કારટોનો રીવાજ છે. પ્રથમનો કેદી વીરૂધનો પ્રત્યક્ષ પુરાવ બતાવવો, અને પછી તેમને કેહેવાનું છે તે પૂરાવન વજનનો નીરણય કરવામાં તેમણે તે ગુન્હાના કારણ તરીકે જે હેતુ બતાવવામાં આવેલો હોય તે હેતુનો વીચાર કરવો જોઈએ. સેશન જડજે જે રીતીએ તે કામની હકીકત બતાવેલી છે તે રીતીથી તોહોમતવાળાઓને ભારે હરકત થયા વીના રહી શકે એમ નથી, કારણ કે તે તોહોમતવાળાની વીરૂધ નક્કી બતાવવામાં આવી છે, અને તેથી તે પ્રથમ દર્શનીક રીતે તે ગુન્હેગાર છે એમ બતાવેલી છે. જેમ જડજે કહ્યું છે કે "પુરાવમાં જુબાની આપવામાં આવી છે તે પ્રમાણે મરનારની પાછળની બરદાશની બાબત બનતો હેતુ પુરો પાડવાને આ અગત્યનું છે." વળી પુરાવના કેટલાક ભાગો છે તે અમારી રૂબરૂ હાલ અપીલવાળાઓ છે તેમને અગત્યની રીતે અસર કરે છે, પણ જ્યુરીની રૂબરૂ મુકવામાં આવેલા નથી, જેમકે તે વકીલની શાહેદીમાં તેને પકડીને દીવાની કારટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો ત્યારે તે મરનારે શું કહેલું હતું તેનું વરણન કરેલું છે તે. તે વકીલને ખુલાસો આપતો જે બરદાસ તેની થએલી હતી તેમાં મરનારે કોઇ જગોએ એવું કહેલું નથી કે તે માર મારવામાં એક ગોપાળનો પણ સબંધ કોઇ રીતે હતો. તો પણ આ બાબત શેશન જડજને જોવી બીલકુલ રહી ગયેલી છે, અને તે કેદી ગોપાળને ઘણી અગત્યની છે. વળી ભુવનાથ અધીકારી અને કેદાર બાગડીની શાહેદીની વ્યવસ્થા કરતાં શેશન જડજે એવું બતાવ્યું છે કે ભુવનાથ તે મરનારને તેના ઘરની પાંખ નીચે માર મારવામાં આવ્યો ત્યારથી હકીકત કહે છે અને કેદાર જયારથી તેના તળાવના કીનારા ઉપર મરનારને લાવવામાં આવ્યો ત્યારની હકીકત કહે છે. તેની સાથે સેશન જડજે કહ્યું

છે કે "આ શાહેદોની શાહેદી લંબાણથી બતાવવાની અમારે જરૂર નથી." હવે જો હમે આ બે સાક્ષીયોની સાક્ષી જોઇએ તો એક માણસ ભુતનાથ કહે છે કે જયારે હું આવ્યો ત્યારે મરનાર તેના ઘરની પાંખ નીચે પડેલો તેણે જોયો, અને તે વખતે અગર બીજે વખતે મરનારને માર પડતાં મેં જોએલો નથી, તોપણ ત્યાંથી તેને તળાવ ઉપર ચોકીદારના ઘર આગલ ખસેડી લેઇ જવામાં આવ્યો તે તેણે જોએલું છે. બીજી બાજુ તરફ કેદારે તે તળાવના કીનારા ઉપર તે મરનારને મરતાં અને તેથી આગળ ખેંચી લેઇ જવાની વાત કહે છે. માટે તળાવ ઉપર માર મારયાની હકીકત કેદાર કહેછે તે ભુતનાથની હકીકત સાથે મળતી નથી.

દીવાની કોરટમાં એક ડોળીમાં મરનારને લેઈ જવામાં આવેલો તે વીશે ફરીયાદ તરફની હકીકત એવી છે કે તેને સખત માર પડેલો હતો તેથી તે કરવાની જરૂર હતી, અને બચાવ તરફથી એવું કહેવામાં આવેલું છે કે મરનારની તનદુરસ્તી નબળી હોવાથી જાહાનાબાદ પાંચ કોશ દુર છે ત્યાંસુધી તે ચાલી શકે એવું નહી હતું. તે જડજે આ બાબતમાં કહયું છે કે "તે કાંમની બીજી હકીકત એછે કે મરનાર ચાલી શકતો નહી હતો તેથી ડોળી જે ભાડે કરવામાં આવેલી તે કબુલ થએલી બાબત છે. "આ બાબત બચાવ તરફથી પણ કબુલ કરવામાં આવી છે." તે હકીકતનો આ ભાગ જયુરીની રૂબરૂ આ રીતે મુકવો તે ભાગ્યેજ વ્યાજબી રીતી હતી. પછી તા૦ ૧૪ મી અપરેલના રોજ તે મરનારને પકડયો એવો સીપાઇએ રીપોટ કરયો છે તે રીપોટમાં તેને ડોળીમાં લેઈ જવામાં આવેલો એવું બતાવેલું છે. તે જડજે આ બાબત બતાવતાં કહેલું છે કે "તે રીપોટમાંજ કહેલું છે કે તે માણસને એક ડોળીમાં લાવવો પડેલો હતો." પરંતુ તેની સામે તેમણે જયુરીને એવી સૂચના કરી કે જયુરીના વીચાર ઉપર રાખેલું નથી કે ફરીયાદ તરફથી કહેવામાં આવેલું છે તે પ્રમાણે સખત માર જો મારવામાં આવ્યો હોત તો, તે ખોટી બરદાશ બાબત જે કાંઇ ફરીયાદ થાય તેને પૂષ્ટી મળે તે પ્રમાણે તે સીપાઇ તે મરનારને ડોળીમાં લેઇ ગયાની હકીકત કહે તેવો શંભવ હતો કે નહીં. આ પ્રમાણે તે જડજે સુચના કરી કે જયુરીના વીચાર ઉપર તે બાબત રાખવી જોઇતી હતી.

આ કામનો એક બીજો અગત્યનો ભાગ લક્ષમાં લેવો રહી ગએલો જણાય છે. પકડયાથી મરનારને દીવાની કોરટમાં જાહાનાબાદમાં તા૦ ૧૩ અથવા તા૦ ૧૪ એપ્રીલના રોજ રજુ કરવામાં આવેલો હતો. તે કેદી હરી ચરણ ચકરબતીએ માજીસ્તરેટની રૂબરૂ પોતાની પહેલી તપાસ

થએલી છે તેમાં કહેલું છે કે મરનારે મને એક કબુલત લખી આપીને તેના ઉપરનું હુકમનામાનુ સમાધાન કરેલું હતું અને તે કબુલત તેજ તા રીખે રજીષ્ટર કરાવેલી છે. આ પ્રસંગે શું થએલું હતું તે વીશેની રજી- સ્ટર ઓફીસમાં કાંઇ તપાસ કરવામાં આવી નથી. તે રજીસ્ટરમાં જે સાક્ષીઓ હતા તેમની સ્થીતી ઉપર ટીકા કરવાથી તથા તે દસ્તાવેજ ઉ પરના રજીસ્ટ્રારના શેરાને તા૦ ૧૪ એપ્રીલ કે જે તારીખે તે દસ્તાવેજ રજીષ્ટર કરવા રજુ કરવામાં આવેલો તે તારીખ અને તા૦ ૧૬ મી જે તારીખે તે રજીષ્ટર સંપુરણ થઇને તે દસ્તાવેજ પાછો આપવામાં આવે લો છે તેની વચમાં તે મરનારની હીલચાલના ખુલાશાના સાધન તરીકે ગણવાથી બસ છે એવો તે જડજે વીચાર કરેલો એમ જણાય છે આ પ્રોશીડીંગ ઉપરથી તે જડજે ફકત એમ ધારેલું છે કે આ બધી વખત તે મરનાર જાહાનાબાદમાં તે કેદીઓ સાથે રહેલો હતો. આ પ્રમાણે થયું હોય એમ તદન બની શકે તેવુ છે, પરંતુ આ બાબનો પુરાવ હોવા શીવાય એવું અનુમાન બરોબર નથી. કારણ કે કેવળ સંભવીત છે, કે જો ગુમાસ્તાએ તે કબુલીયત રજીષ્ટર થયા પછી તે મેળવવાને માગી હોત તો જાદ્દમ જે પહોચ અથવા ટીકટ કહેવાય છે તે લખી આપનારો છે તેની પાસેથી મેળવીને તે હેતુ પાર પાડી શકત, કારણ કે તે પહોચ જેના કબજામાં હોય તેને તે કબુલત રજીષ્ટર થયા પછી લેવાનો હક થાત.

અપીલવાળાઓની તરફથી મી૦ અમીરઅલ્લી હાજર થએલા છે તે મણે બીજી એવી હરકત લીધી છે કે આ કામમાં જુરીની રૂબરૂ પુરાવ મુકતાં અમારા સાહેદીઓ જે માજીસ્ત્રેટની કોરટમાં તપાસવામાં આવેલા અને કેદીના લાભમાં જુબાનીઓ આપેલી તેમની ઉલટ તપાસ કરવાને જો બચાવને લાગ મળેલો ના હોય તો તે બાબત જુરીને વીચારમાં લે- વા સારૂં જડજે બતાવવાની તેમની ફરજ હતી, અને આ તકરાર સારા કારણથી લેવામાં આવી છે, એમ અમારા વીચારમાં આવે છે. બીજું અમે ધનોકાજીનો ઠરાવ અમે તે શેશન જડજને યાદ કરાવીએ છીએ. તે ઠરાવ તેમના ફેંસલા ઉપરની અપીલમાંજ હતો, અને થોડી મુદ્દત ઉપ ર આ કોરટના ડીવીજન બેંચોએ તેમને બતાવ્યું છે કે કેદી અગર તેના કોનસલ પોતાની નજરમાં યોગ્ય લાગે તેવો પુરાવ આપવાને અગર નહી આપવાને મુખત્યાર છે, પરંતુ તે આપે કીંવા ના આપે તેટલા ફકત કાર ણથી તેના વીરૂધનું કાંઇ અનુમાન થઇ શકતુ નથી. આ પ્રમાણે હુકમ ક રવામાં આવેલો તેમ છતાં તોહોમતવાળાને અગર તેની તરફથી જેમણે કામ ચલાવેલું તેને શેશન જડજે તસ્દી આપી એક વખતે તેઓનો હેતુ પુરાવ આપવાનો હતો અને પાછળથી તેમણે કહેલું છે કે અમે અમારૂ

મન ફેરવ્યું છે અને કાંઇ પુરાવ આપવાનો ઇરાદો રાખેલો નથી. એમ કહેવાનું શું કારણ હતું તે પુછેલું છે. તે જડજે કામની આ હકીકત ની બાબતમાં કહયું છે કે તોહોમતવાળાએ જે શાહેદોને બોલાવ્યા નથી, માટે તમો જુરીએ એવું અનુમાન કરવાનો હક છે કે આ બાબતમાં ફરીઆદ તરફની હકીકત તે ઉલટાવી શકે તેવું નથી". પરંતુ બીલકુલ પુરાવ બચાવ તરફથી ના આપે, પરંતુ ફરીઆદ તરફના સાક્ષીઓ ઉપર ભરૂસો રાખે, એમ બચાવની તદન મરજી ઉપરછે, કારણ કે બે અભીપ્રાયો થાય તેવું કારણ છે. પછી જડજે કહયું છે કે "ફરીઆદ તરફની જે હકીકત બાબત ઇનકારીયાત કરવામાં આવી છે તે જેથી તોહોમતવાળાઓ ગુનેહગાર થાય છે. ઘરમાં પ્રવેશ કરયો, ખેંચીને માર મારયો, ખેંચી લઈ જવામાં આવ્યો, તે વકીલને મળતું, "પરંતુ જો આ બધી સાચી હકીકત ના હોય તો તે ઉલટાવી શકાય તેવી છે. આવા કાંઇક કારણસર તોહોમતવાળાના સાહેદો હાજર હતા, તો પણ તેઓએ એકે સાહેદને બોલાવેલો નથી." વળી તેમણે એવી હકીકત ઉપર પણ ટીકા કરી છે કે શીવીલ સરજન અને ડીપોટી માજીસ્ટ્રેટ પોતે હાજર હતા પણ તેઓને તપાસેલા નથી. અમે એવી દીલગીરી બતાવી ચુકયા છીએ કે શેશન જડજે આ કામમાં પોતાનો કુલ અખત્યાર વાપરી ઇનસાફનો હેતુ પાર પાડવાને સારૂ શીવીલસરજનને તપાસેલા નથી. આસીસ્ટંટ સરજનની સાહેદીની અજમાસ કરવાને એક પ્રવીણ સાહેદી તરીકે તેમની સાહેદી અગત્યની બાત. શા કારણથી ડીપુટી માજીસ્ત્રેટને બોલાવવામાં આવેલા તે જણાતું નથી. તેમ હશે તોપણ આ શાક્ષીઓને તપાસવામાં આવેલા નહીં હતા. તેથી તે તોહોમતવાળાના વીરૂધ અનુમાન તે જડજ કરવાને મુખત્યાર નહી હતા. આ કારણોથી અમારી નજરમાં આવે છે કે જડજે જ્યુરીને આ કામમાં ઘણું ખોટી રીતે બતાવેલું છે અને તેથી ઇનસાફ નીષ્ફળ થએલો છે. અને જે તોહોમત બાબત કેદીઓને ગુન્હેગાર ઠરાવેલા છે. તે તોહોમત બાબત તેઓની ફરી તપાસ કરવી જોઇએ. માટે હુગલીની સેશન કોરટનું પ્રોસીડીંગ આ ઠરાવથી રદ કરવામાં આવે છે અને ફરી તપાસ ચાલુ રહે તે દરમીઆનમાં અપીલવાળાઓને જામીન ઉપર છોડવા. છેવટે આ કામમાં હુગલીના શેશન જડજે ઘણો મજબુત અભીપ્રાય બતલાવેલો છે તે ઉપર લક્ષ આપતાં અમારી નજરમાં આવે છે કે કોઇ બીજા અમલદારે આ નવી તપાસ કરવી દુરસ્ત છે. માટે ફરમાવીએ છીએ કે ચોવીસ પ્રગણાના શેશન જડજે આ કામની તપાસ કરવી.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો અને ફરી તપાસનો હુકમ કરયો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મી નવેંબર સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

નોબીન કીસ્ન મુકરજી.

નોબીન કીસ્ન મુકરજી વીરૂધ સુબરબાન મ્યુનશીપાલીટીના ચેરમેન.

માજીસ્ટ્રેટનું બેંચ—મ્યુનસીપલ ગુનહો—મ્યુનશીપાલેટીનો પગારવાળો અમલદાર—તેની નાલાયકાઇ-ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા(સને ૧૮૮૨ નો આક્ટ ૧૦)ની કલમ ૫૫૫.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૫૫ માં ગમે તેવો ઠરાવ છે તોપણ મ્યુનશીપલ કાયદા વીરૂધ ગુનાહની માજીસ્ટ્રેટના જે બેંચમાં મ્યુનશીપાલીટીનો પગારવાળો અમલદાર હોય તે બેંચના રૂબરૂ કરે લો સાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૧૯૪ અરજદાર તરફથી બાબુ દવારકાંનાથ ચકરબતી.

મ્યુનશીપાલીટી તરફથી બાબુ રામચરણ મીતર.

કોરટનો ફેંસલો જસ્ટીસ ફીલ્ડ સાહેબે નિચે પ્રમાણે આપેલો છે તે ઉપરથી આ રીપોટના કારણુસર આ કામની અગત્યની હકીકત જણાય છે.

જસ્ટીસ ફીલ્ડ સાહેબ:—આ કામમાં તોહોમતવાળાને પોતાના મકાનનો નળ કે જેમાંથી પાણી ધોરી રસ્તા ઉપર પડતું હતું તે ખસેડવાને અગર બદલવાને કસુર કરયા બાબત ગુનેહગાર ઠરાવેલો છે. અને તે ગુનાહની શાબેતીનો ઠરાવ બંગાળાના સને ૧૮૬૬ ના આકટ ૫ની કલમ ૩૧૭ ના ઠરાવ પ્રમાણે શુબરબાન મ્યુનસીપાલીટીએ નંબર ૧૯ નો નીયમ કરેલો છે. તે નીયમ તોડયા બાબત કરેલો છે.

પહેલી તકરાર જે અમારી રૂબરૂ ઉઠાવેલી છે તે એવી છે કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. કારણ કે માજીસ્ટ્રેટના બેંચમાં બીજાઓની સાથે વાઇસ ચેરમેન અને તે મ્યુનીશીપાલેટીમો પગારવાળો અમલદાર મી૦ સ્ટરનડેલ હતા. અને તે બેંચની રૂબરૂ કરવામાં આવેલો છે. અમારી નજરમાં આવે છે કે હાલના ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૫૫૫ માં ગમે તે ઠરાવ છે તોપણ આ હરકત મજબુત છે. તે કલમમાં ઠરાવ્યું છે કે "જે જડજ અગર માજીસ્ટ્રેટની કોરટ ઉપર જે કોરટમાં અપીલ ચાલતી હોય તે કોરટની પરવાનગી વીના તે જડજે અગર માજીસ્તરેટે જે કાંઇ કામમાં તે પક્ષકાર હોય અગર તેમનું જાતીકું હીત હોય તો તે કામની તપાશ તેમણે કરવી નહી." અને પછી એક અપવાદ છે તે નીચે પ્રમાણે છે:—"એકાદો જડજ અગ

ર માજીસ્તરેટ ફક્ત મ્યુનીશીપલ કમીશનર હોય તે ફક્ત કારણથી કોઇ કામમાં પક્ષકાર છે. અગર જાતીકા હીતવાળો છે એમ સમજવું નહી" આ અપવાદનો હેતુ અમને એવો જણાય છે કે હાલનો ફો૦ કા૦ ચ૦ની રીતીનો કાયદો અમલમાં આવતાં પહેલાં એક કામમાં આ કોરટે કાયદાનો નીયમ ઠરાવેલો છે તે પ્રમાણે એકાદો ગ્રહસ્થ ફક્ત મ્યુનીશીપલ કમીશનર હોય તેથી તે નાલાયક છે એવું ધારવામાં આવેલું છે તે ઈનશાફના હીતને શારૂં જરૂરનું નથી કારણ કે કામની બાબતમાં તેનું કાંઈ હીત નહીં હતું. પરંતુ અમારી નજરમાં આવે છે કે આ કામ તદન જુદુ છે. એક ગ્રહસ્થ સરકારી અને આનરરી પગાર વીના કરે અને જેનું કોરપોરેશન અગર મુનશીપાલેટીના પ્રોશીડીંગમાં જાતીકું કાંઇ હીત ના હોય તો તે કાયદા પ્રમાણે જે બાજા સખસો વધારે હોતવાળા છે. તેઓ ઈરસાથી વીરૂધ હોય છે એવું અનુંમાન થાય છે. તે અનુમાનમાંથી તે છુટો છે એમ શારી રીતે ધારી શકાય છે. મ્યુનીસીપાલ કોરપોરેશનનું કામ ચલાવવાને એકાદા સખસની નોકરી અને રખતના અવેજમાં પગાર આપવામાં આવતો હોય તો તે ગ્રહસ્થનું નજીકનું અને નાલાયક થાય તેવું હીત છે. એમ અમારી નજરમાં આવે છે. કાયદાની છેરસા ઉપરથી એવું અનુમાન થવું જોઇએ કે આવો સખસ ગમે તેટલો સ્વતંત્ર અને આબરૂ ભરેલી વરતણુંકનો હોય તોપણ જે ન્યાયની રૂઇના કામમાં મ્યુનશીપાલેટી પ્રોસીક્યુટર છે તેમા ભાગ લેવાને તે ના લાયક છે. (બાકીનો ફેંસલો આ રીપોટના કારણસર અગત્યનો નથી.)

જસ્ટીસ મીતર સાહેબઃ—હમણાંજ જે ફેંસલો આપવામાં આવેલો છે તે સાથે અમે તદન મળતા છીએ. પહેલી તકરારની બાબતમાં અમે વધારે કેહવાને એવી ઇચ્છા રાખીએ છીએ કે વુડ વીરૂધ કલકતા મ્યુનશીપાલેટીના કામનો ઠરાવ જે નીયમથી કરવામા આવેલો છે તે નીયમ ગરભીત રીતે કાયદો કરનારાઓએ કલમ ૫૫૫ માં મન્જુર રાખેલો છે એમ અમને જણાય છે. કલમ ૫૫૫ ના ખુલાસામાં ફક્ત એવું ઠરાવવામાં આવ્યું છે કે "કોઇ જડજ અગર માજીસ્તરેટ મ્યુનશીપાલેટીનો કમીશનર હોય ફક્ત તે કારણથી કોઇ કામમાં તે પક્ષકાર છે અગર તેમાં હીતવાળો છે એમ આ કલમના અરથ પ્રમાણે સમજવું નહી જોઇએ."

આ ઠરાવ કાયદા કરનારાઓની રૂબરૂ હતો તેથી જે કામમાં મ્યુનશીપાલેટીનું અગર કોરપોરેશનનું હીત હોય તે કામમાંજ એકાદો કમીશનર ના લાયક છે એવી તે ખુલાસાની મરીયાદા બાંધવામાં આવી છે.

તેઓએ તે ખુલાસામાં મ્યુનશીપાલેટીના અગર કારપોરેશનના પગારવાળા અમલદારનો સમાસ કરેલો નથી. અને જે નીયમથી વુડ વીરૂધ કલકત્તા મ્યુનીશીપાલેટીના કામનો ઠરાવ કરવામાં આ૦યો છે તે એવો છે કે જે કામમાં મ્યુનીશીપાલેટીનું હીત હોય તેમાં મ્યુનીશીપાલેટીનો પગાર વાળો અમલદાર ન્યાયાધીશ તરીકે બેશવાને લાયક નથી.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ નવેંબર સને ૧૮૮૩

મી૦ જસ્ટીશ મીતર અને મી૦ જસ્ટીશ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

ચંદીચરણ ભટાચારજી વીગરે વીરૂધ હેમચંદ્ર બાનરજી.

ફો૦ કા૦ ચ૦ ની રીતના કાયદા (સને ૧૮૮૨ના આકટ ૧૦) ની કલમ ૪૩૭ પ્રમાણે વધારે તપાસ—તોહોમતવાળા ઉપરનું પ્રોશીડીંગ—નોટીશ.

ફો. કામમાં તોહોમતવાળાને જે હુકમથી હરકત થતી હોય તે હુકમ વીરૂધ તોહોમતવાળો હાજર થઇ કારણ બતાવી શકે તે પ્રમાણે નોટીશ આપ્યા શીવાય તે હુકમ કરવો નહી જોઇએ.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે વધારે તપાસ કરવાને અમુક માજીસ્ત્રેટનું નામ આપી તેમને ફરમાવવાને શેશન જડજને તે કલમ પ્રમાણે અખત્યાર નથી.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૩૭ નો હેતુ વધારે તપાસ કરવાનો છે તે વધારે હકીકત ઉપરથી કરવાનો છે અને પેહેલી તપાસ જે માજીસ્ત્રેટે કરેલી હોય તે માજીસ્ત્રેટની રૂબરૂ જે પુરાવ હોય તેના તેજ પુરાવ ઉપરથી તે કામની ફરી સુનાવણી કરવાનો નથી.

પાનું ૨૦૭ આ કામમાં શીરામપુરના ડીપુટી માજીસ્ત્રેટની કોર્ટમાં હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૩૪૨ ૩૭૯ અને ૪૨૬ પ્રમાણે અરજદાર ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. જે ડીપુટી માજીસ્ત્રેટને પેહેલા વર્ગના માજીસ્ત્રેટનો અખત્યાર હતો તેમણે તે ફરીઆદ કહાડી નાંખી અરજદારને છોડી દીધેલો છે. હુગલીના શેસન જડજને ફરીઆદીએ અરજ કરી એવું માગ્યું કે પુરાવ ફરીથી લેવાને સારૂ તે કામ નીચેની કોર્ટમાં પાછું મોકલવું જોઇએ. તેથી તેમણે

નીચે પ્રમાણે હુકમ કરેલો છે:—

અમારી નજરમાં આવે છે કે જે અરજદારની ફરીઆદ બાબત જે ન્યાયની રૂઇએ તપાસ થએલી છે. તે ઘણીજ નહીં જેવી કરેલી છે. ફરીઆદીએ જે હુમલ્લો ખોટી રીતે અટકાવ અને તેને એક હુકમનામાની રૂઇએ અમુક મીલકતનો કબજો મળવાનો હતો. તે કબજો લેવાને દીવાની કોર્ટના શીપાઈ સાથે ગયા તે વખતે તેણે ચોરી તથા ગેરકાયદે મંડળી એ રીતીના ગુન્હા કરેલા છે. તે વીશે ફરીઆદ ચલાવેલી હતી. જે શાક્ષીઓ હતા તેમાં એક ડાંડી પીટનાર તથા એક પોલીશ અમલદાર હતો. અને તે પોલીશ અમલદારની બાબતમાં તોહોમતવાળો કહે છે કે હુમલ્લો કરનારાઓમાથી બચવાને સારૂ તેને નાશી જવાની ફરજ પડી હતી. જુઠો ફરીઆદી આવા જાતના શાક્ષીને અરજ કરે નહીં માટે તેની ફરીઆદનો ખરો આધાર છે એમ જાણાય છે. શદરહુ શાક્ષીઓ કાંઇ કારણને લીધે તમામ સાચી વાત કહેવાને ખુસી નથી. તે ડાંડી પીટનાર તોહોમતવાળાને ઓળખ્યાની વાત કહેતો નથી. અને પોલીસ અમલદારે જે પોતાનું કામ કરવાની પેહેલી ફરજ છે એટલે સુલેહ રાખવી. તે કામ કરવામાં મદદ આપવાની ના કહી હસવા લાયક કારણ બનાવ્યું છે. કે હું છુપી પોલીસ ખાતામાં છુ, પરંતુ હરકોઇ માજીસ્તરેટને પુરાવની વ્યવસ્થા કરવાની ટેવ છે. તેમણે જાણવું જોઇએ કે આવા સાક્ષીઓની વ્યવસ્થા કેવી રીતે કરવી. પુરાવના કાગળો જે ડેપોટી માજીસ્તરેટના લખેલા છે તે સંપુરણ રીતે ઈનશાફનું હસવું થાય તેવા છે.

"ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૭ ના ઠરાવ પ્રમાણે અમે ફરમાવીએ છીએ કે બીજા વરગના માજીસ્તરેટ શામાચરણદાસે આ કામમાં વધારે તપાશ કરવી."

શૈશન જડજની રૂબરૂ ચાલેલા પ્રોશીડીંગની તે અરજદારને કાંઇ નોટીશ આપવામાં આવી નથી. તેથી સદરહુ કહેલો હુકમ એક તરફી કરવામાં આવેલો હતો. હાલ અરજદારે તે હુકમ રદ કરાવવાને અરજ કરેલી છે.

અરજદાર તરફથી બાબુ જગતચંદર બાનરજી.

ફરીઆદી તરફથી બાબુ શામાચરણ બાનરજી.

કોરટના ફેંસલા નીચે પ્રમાણે આપવામાં આવ્યા.

જસ્ટીશ મીતરઃ—અમારા અભીપ્રાયમાં આવે છે કે જે હુકમ બાબત ફરીઆદ કરવામાં આવી છે તે રદ થવોજ જોઇએ.

અમારી રૂબરૂ પહેલી તકરાર એવી કરવામાં આવી છે કે જે અરજી ઉપરથી તે હુકમ કરવામાં આવેલો છે તે અરજીની નોટીશ તે

અરજદારને આપવામાં આવ્યા નહીં હતી. ફરીઆદીનો જે વકીલ શેશન જડજના તે હુકમની પૂષ્ટીમાં અમારી રૂબરૂ હાજર થયો છે તે આ ખા મી કબુલ કરે છે. માટે તે હુકમ આ કારણથી બરોબર નથી, બીજી હરકત અમારી રૂબરૂ એવી લેવામાં આવી છે કે અમુક માજીસ્ટ્રેટનું નામ લખી કલમ ૪૩૭ પ્રમાણે વધારે તપાસ કરવાને તેમને હુકમ કરવાનો શેશન જડજને તે કલમ પ્રમાણે અખત્યાર નથી. આ તકરાર પણ સારી આધારવાળી છે એમ અમને પણ જણાય છે. શેશન જડજે આ કામ-માં અમુક તાબાના માજીસ્ટ્રેટનું નામ લખી કલમ ૪૩૭ પ્રમાણે વધારે તપાસ કરવાને તેમને ફરમાવ્યું છે. એવો અખત્યાર વાપરવાને તે શે-શન જડજને અધીકાર નથી. તે વીશે તે કલમના શબ્દો ઉપરથી શક રાખવાને અમને કાંઇ કારણ નથી. ત્રીજી તકરાર જે અમારી રૂબરૂ ક-રવામાં આવી છે તે ઉપરથી અમારી નજરમાં આવે છે કે તે હુકમ તદ ન રદ કરવો જોઇએ. તે તકરાર એવી છે કે જે પુરાવ ગુજારવાને હું તઈયાર હતો તે પુરાવ મને માજીસ્ટ્રેટે ગુજારવા દીધો નથી. અગર હાલ હું તે ગુજારી સકું એવી સ્થીતીમાં છું માટે જો વધારે તપાસ કર-વામાં આવે તો હું તે ગુજારીશ એવી ફરીઆદ શેશન જડજને તે ફરી આદીએ કરી નથી. શેશન જડજનો હુકમ જો અમલમાં લાવવામાં આવે તોપણ કાંઇ વધારે પુરાવ છે એમ જણાતું નથી. કલમ ૪૩૭ નો હેતુ વધારે તપાસ કરવાનો છે, એટલે કે જ્યારે વધારે તપાસમાં બીજો પુરાવ ફરીઆદીને ગુજારવાનો હોય ત્યારે તે ગુજારવાની તેને પરવાનગી આપવી. પરંતુ આ કામમાં ફરીઆદીએ જે માગેલું છે તે આ નથી. ફરીઆદીએ જે માગેલું છે તે એ છે કે જે પુરાવ આપવામાં આવેલો છે એ પુરાવ ફરીથી લેવાને સારૂં તથા તે ફરીથી લીધેલા પુરાવ ઉપર થી માજીસ્ટ્રેટ ઠરાવ કરે તે સારૂં તે કામ પાછું મોકલવું જોઇએ. કલમ ૪૩૭ નો એવો હેતુ નથી.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે આ તમામ કારણોથી જે હુકમ કરવામાં આવેલો છે તે કાયદા પ્રમાણે બરોબર નથી માટે તે હુકમ અમે રદ કરીએ છીએ.

જસ્ટીશ ફીલ્ડ સાહેબઃ—જે હુકમ બાબત ફરીઆદ કરવામાં આ વી છે તે રદ કરવો જોઇએ એમ અમારી નજરમાં પણ આવે છે. પ્ર થમ અમારી રૂબરૂના અરજદારને હરકત થાય એવો જે હુકમ કરવામાં આવેલો છે તે હાજર થઈ કારણ બતાવે એવી નોટીશ આપ્યા શીવાય ફોજદારી કામમાં કરવો જોઈતો નહી હતો બીજું કે શેશન જડજે અ-મુક તાબાના માજીસ્તરેટનું નામ લખી વધારે તપાસ કરવાનો હુકમ

લખેલો છે. કલમ ૪૩૭ ના શબ્દો એવા છે કે તે માજીસ્તરેટને અગર તેમના તાબાના કોઇ માજીસ્તરેટે વધારે તપાસ કરવાનો હુકમ કરવાને શેશનકોરટ મુખત્યાર છે. આ શબ્દો પ્રમાણે તે હુકમ કરવો જોઈતો હતો એ ખુલુ છે. કાયદા કરનારાઓએ કોઇ તાબાના માજીસ્તરેટને પસંદ કરવાનો કુલ અખત્યાર જીલ્લા માજીસ્ત્રેટને આપેલો છે. એમ જણાય છે. માટે આ કુલ અખત્યાર જીલ્લા માજીસ્ત્રેટને મળેલો છે. અને શેશન જડજને નથી. ત્રીજુ કે કલમ ૪૩૭ નો હેતુ અમારા સમજવા પ્રમાણે વધારે હકીકત અગર પુરાવ ઉપરથી વધારે તપાશ કરવાનો છે. અને જે માજીસ્તરેટે પેહેલી તપાસ કરી તે માજીસ્ત્રેટની રૂબરૂ જે પૂરાવ આવેલો હોય તે પુરાવ ઉપરથી તે કામની ફરી સૂનાવણી કરવાનો નથી. હવે આ કામમાં એવી તકરાર નથી કે વધારે હકીકત અગર વધારે પુરાવ છે અને જે માજીસ્તરેટે પેહેલી તપાસ કરેલી તે માજીસ્ત્રેટે ફરીઆદીની અરજીમાં ત્રણ સાક્ષીઓનાં નામ બતાવેલાં તેમણે તપાસેલાં નથી. અને તે વીશેની તકરાર શેશન જડજની રૂબરૂ એવી રીતે કરવામાં આવી નથી કે આ સખસોને તપાસવા જોઇતા હતા અગર જો તપાસ્યા હોત તો તે કામની હકીકત વધારે જણાઇ આવત. સબબ તે હુકમ રદ કરવાને અમે મળતા આવીએ છીએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૧૪ જાન્યુઆરી સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ મેકડોનલ અને મી૦ જસ્ટીશ રીચ્ડ

સાહેબોની રૂબરૂ.

નોબીનફીરતો મુકરજીની અરજીની બાબતમાં

નોબીનફીસ્તો મુકરજી ચીરૂધ શીકલાહ.

ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદા (સને ૧૮૮૨ નો 'આકટ ૧૦) ની કલમ ૪૩૫—૪૩૭—વધારે તપાસ—જીલ્લા માજીસ્ત્રેટને તે વીસે હુકમ કરવાનો અખત્યાર—ઉતરતા દરજ્જાની ફોજદારી કોરટ—તોહોમતવાળા ઉપર નોટીશ.

ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૪૩૫ માં ઉતરતા દરજ્જાની કોરટ એવા શબ્દો છે. તેનો હેતુ જે બાબતમાં ઉપરી કોરટને તેની ફરી તપાસની હકુમત વાપરવાને અરજ કરેલી હોય તે બાબત સબંધી છે.

પેહેલા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ એક ફોજદારી આરોપ રાખવા માં આવેલો તેનો નીકાલ તોહોમતવાળાને છોડી દેવાનો હુકમ કરી તે-મણે આખરી કરેલો ત્યાર પછી ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની ક. ૪૩૭ પ્રમાણે વધારે તપાસ કરવાને જીલ્લા માજીસ્તરેટે એક તાબાના માજીસ્તરેટને હુકમ કરેલો હતો. આ હુકમ તોહોમતવાળાને નોટીશ આ-પ્યાવીના કરવામાં આવેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે વધારે તપાસનો હુકમ કરવાને જીલા માજી સ્તરેટને હકુમત નહીં હતી.

પાનું ૨૬૮ અરજદાર તરફથી મી૦ ઇવંનશ, બાબુ અંબીકાચ-રણ બોઝ, બાબુ ગીરીશચંદ્ર ચોધરી, બાબુ સરોઠા પ્રસાદરાય, બાબુ ...રેંદ્રનાથ મુકરજી, અને બાબુ દ્વારકાનાથ ચ-કરબતી.

સામાવાળા તરફથી મી૦ આલેન,

કોરટનો ફેંસલો જસ્ટીશ મેકડોનલ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે. તે ઉપરથી આ કામની હકીકત પ્રકત રીતે જણાય છે.

જસ્ટીસ મેકડોનલ સાહેબ—આ કામમાં ગયા ડીસેબર માસની તા૦ ૨૦ મીના રોજ જસ્ટીસ મેકલીન અને જસ્ટીસ નોરીસ સાહેબોએ રસી કલાલ લાહ ઉપર એવો હુકમ કરેલો છે કે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા ની કલમ ૪૩૭ પ્રમાણે ગયા ડીસબર માસની તા૦ ૫ ના રોજ ચોવીસ પરગણાના માજીસ્ટ્રેટે જે અમુક હુકમ કરેલો છે. તે શા વાસ્તે નહી ફેર વવો તેનું કારણ બતાવવું એવો હુકમ કરવામાં આવેલો છે.

આ કામની હકીકત સારાંશમાં એવી છે કે તા૦ ૨૭મી સપટેબર સને ૧૮૮૧ના રોજ અગર તે અરસામાં બાબુરામનાથ લાહે એક સખશ કે જે એક ખીરોચંદ્ર મુકરજી હું છું એમ બતાવેલું તેને એક ગીરો ખત ની રૂઇએ રૂ. ૫૦૦૦) ધીરેલા હતા. આ સખસને અમારી રૂબરૂના અ રજદાર નોબીન કીસ્તો મુકરજીએ ઓળખેલો હતો. તે ગીરોની રૂઇએ ધી રેલી રકમ છ માસ પછી પાછી લેવાની હતી. આ નાણાં આપવામાં આ વ્યાં નહી તેથી ખરા ખીરોદચંદ્ર મુકરજીની પાસે તે ગીરોવાળાની તરફ-થી ઉગરાણી કરવામાં આવી. પરંતુ તે વ્યવહારની કાંઇ માહેતી તેને ન થી, તેથી તે ગીરોની રૂઇએ હું જવાબદાર નથી એવું તેણે કહયું. ત્યાર પછી તે ખીરોદચંદ મુકરજીએ દીવાની કોરટમાં તે ગીરો ખત રદ કરાવ વાને દાવો કરયો. એવા કારણથી કે તે મેં લખી આપેલું નથી. અને તે તમામ વ્યવહાર મને ઠગવાની કોસીશ કરવાનો થએલો છે. તે દાવામાં

હુકમનામું થયું. ત્યાર પછી તરત તે રશીકલાલ લાહ જે રોગનાથ લાહ (તે દરમીઆનમાં મરણુ પામેલોછે) તેને ભાઇ થાય. તેણે અમારી રૂબરૂ ના અરજદાર નોબીન કીસ્તો મુકરજી અને એક બીજો સખસ કે જે તે બ્યવહારમાં દલાલ હતો એમ કહેવામાં આવેલું છે. તેમના ઉપર ફોજદારી ફરીઆદ કરી. તે દલાલ નાશી ગયો. અને તે ફોજદારી ફરીઆદ એકલા નોબીન કીસ્તો મુકરજી ઉપર ચલી. સીલદામાં બીરાજનાર પેહેલા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ તા૦ ૨૦ જુન ૧૮૮૩ ના રોજ તે ફોજદારી ફરીઆદ દાખલ કરવામાં આવી હતી. અને કેટલીકવાર તે કામ બંધ રાખ્યા પછી ત્રણુ માસે તા૦ ૨૫ સપટેંબર સને ૧૮૮૩ ના રોજ તોહોમતવાળાને છોડી દેવાનો હુકમ કરી તે કામનો આખરી નીકાલ કરયો. ત્યાર પછી તે જીલાના માજીસ્ટ્રેટને એક અરજી કરવામાં આવી એટલે ચોવીસ પ્રગણાના જીલા માજીસ્ટ્રેટને તે અરજી કરવામાં આવી અને તે જીલા માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવ.ની રીતના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે કામ ચલ.વી તા૦ ૫ ડીસેંબર સને ૧૮૮૩ ના રોજ જે હુકમ હાલ રદ કરવાને માગેલો છે તે હુકમ કરેલો છે તે હુકમમાં કામની સારાંશમાં હકીકત બતાવીને ફરમાવ્યું છે કે વધારે તપાસ કરવી. અને તે તપાસ થવાને સારૂ એક તાબાના માજીસ્ટ્રેટ તરફ તે કામ મોકલ્યું. હવે અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે ચોવીસ પ્રગણાના જીલા માજીસ્ટ્રેટનો તે હુકમ બરોબર નથી અને તે બે કારણોથી રદ કરવો જોઇએ. તેમાં પેહેલું કારણુ એ છે કે તે છોડી દીધાનો હુકમ પેહેલા વરગના માજીસ્ટ્રેટે કરેલો છે તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૫ યોગ્ય અરથ કરતાં તે કામના કાગળો મંગાવવાને જીલા માજીસ્ટ્રેટને હકુમત નહી હતી. તેથી કલમ ૪૩૭ પ્રમાણે વધારે તપાસ કરવાનું ફરમાવવાને તેમને હકુમત નહી હતી. બીજું એવું કારણુ છે કે તોહોમતવાળાને નોટીસ આપ્યા શીવાય તે હુકમ કરવામાં આવેલો છે માટે જીલા માજીસ્તરેટની રૂબરૂ તોહોમતવાળાની તકરાર સંભળાવવાનો તેને લાગ આપ્યા શીવાય તે હુકમ કરેલો છે. તે તેને હરકત કરતા છે. આ બેઉ બાબતોની વ્યવસ્થા અમે અનુક્રમે કરીશું.

પેહેલી તકરારની બાબતમાં હાલના ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૪૩૫ મીમાં ઠરાવ્યું છે તે નીચે પ્રમાણે છે:—

"હાય કોરટ. અથવા કોઇ શેશન કોરટ, અથવા જીલા માજીસ્ટ્રેટ અથવા કોઇ પેટા ટુકડીના માજીસ્ટ્રેટને સ્થાનીક સરકારે આ બાબત અખત્યાર આપેલો હોય તે કોઇ પણુ ઉતરતા દરજ્જાની ફોજદારી કોરટ તરફથી કામના કાગળો મંગાવી તે તપાસવાને મુખત્યાર છે વીગરે." પછી

કલમ ૪૩૭ મીમાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:—"કલમ ૪૩૫ અથવા બી જી રીતે કામના કાગળો તપાસતાં કલમ ૨૦૩ પ્રમાણે કોઇ ફરીઆદ કાહાડી નાંખવામાં આવી હોય તેમાં અથવા કોઇ તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો હોય તેના કામમાં વધારે તપાસ કરવાને હાય કોરટ અથવા શેશન કોરટ જીલા માજીસ્ત્રેટને પોતે કરવાને અથવા તેમના તાબાના કોઇ માજીસ્ત્રેટે કરવાને હુકમ કરવાને મુખત્યાર છે. અને જીલા માજીસ્ત્રેટ પોતે કરવાને અથવા પોતાના તાબાના માજીસ્ત્રેટે તે કરવાને હુકમ કરવાને મુખત્યાર છે." હવે કલમ ૪૩૫ મીમાં "ઉતરતા દરજ્જાની કોરટ" એવા શબ્દો છે તેનો અરથ શો છે તેનો અમારે પ્રથમ વીચાર કરવાનો છે, અને તે શબ્દોનો ખરો અરથ કરવાને અમારે અરથ કરવાની જે હમેશાંની રીતી છે તે પ્રમાણે ચાલવું જોઇએ, એટલે અમારે હાલનો કાયદો પહેલાંના કાયદાના ઠરાવ સાથે આ બાબતમાં મુકાબલ કરી તપાસવો જોઇએ. હાલના કાયદાની કલમ ૪૩૫ મી સને ૧૮૭૨ ના કાયદાની કલમ ૨૯૫ મી સાથે મળતી છે અને તે કલમમાં જે શબ્દો વાપરવામાં આવેલા તે એવા છે કે "આવી કોરટ અથવા માજીસ્ત્રેટના તાબાની હરકોઇ કોરટ." હવે અમે એવું અવલોકન કરી શકીએ છીએ કે "તાબાની" એ શબ્દના અરથ બાબત કાંઇ સવાલ ઉતપન થઇ શકતો નથી. જીલાની અંદરના જીલા માજીસ્ત્રેટ શીવાયના માજીસ્ત્રેટોની તાબાની બાબતમાં સને ૧૮૭૨ ના કાયદાની કલમ ૨૯૫ મીની બીજી રકમમાં ઠરાવ કરવામાં આવેલો છે, અને આ ઠરાવ હાલના કાયદાની કલમ ૧૭ મીમાં ફરીથી કરી તે વીશાળ કરવામાં આવેલો છે. માટે ખુલ્લું છે કે માજીસ્તરેટના તાબાની બાબતમાં કાયદા કરનારાઓએ કાંઇ ફેરફાર કરેલો નથી. સબબ આગળના કાયદામાં "આવી કોરટના તાબાની" એવા શબ્દો હતા તેને બદલે ઉતરતા દરજ્જાની ફોજદારી કોરટ" એવા શબ્દો હાલના કાયદામાં છે તે ઉપરથી કેવો ઇરાદો સમજવાનો છે તેનો વીચાર અમારે કરવાનો છે. કાંઇ પણ હેતુ વીના આ નવા શબ્દો દાખલ કરવામાં આવેલા છે એવું ધારવું બાજબી નથી એમ અમને જણાય છે. માટે છેવટે અમારો એવો નીરચય થાય છે કે "ઉતરતા દરજ્જાની ફોજદારી કોરટ" એ શબ્દોનો અરથ એવો કરવો જોઇએ કે "ન્યાયની રૂઇએ ઉતરતા દરજ્જાની" એટલે જે કોરટ ઉપર તે કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે ચાલતાં કોરટ અગર માજીસ્તરેટને અપીલની હકુમત છે તે છે. અમારી રૂબરૂ વીદવાન કાંનશલ મી૰ આલને એવી તકરાર કરી છે કે પેહેલા વરગના તાબાના માજીસ્તરેટ તે જીલા માજીસ્ત્રેટના તાબાની ફોજદારી કોરટ છે. કારણ કે હાલના કાયદામાં એવા કેટલાક ઠરાવો છે કે જેથી પેહેલા વરગના માજીસ્તરેટ કેટલીક

બાબતમાં જીલ્લા માજીસ્તરેટની અપીલની હકુમતને તાબે છે. આ ઠરાવો કલમ ૪૦૬ અને ૫૧૫ માં કરેલા જણાય છે. બેશક આ તકરાર ઘણીજ વજનદાર છે અને તેનો અમે સંભાળથી વીચાર કરેલો છે. તોપણ કલમ ૪૩૫ નો અરથ એવી રીતે થઈ શકે છે કે કલમ ૪૦૬ અને ૪૧૫ પ્રમાણે પેહેલા વરગના માજીસ્ટ્રેટની ઉપર જીલ્લા માજીસ્તરેટને અપીલની હકુમત આપેલી છે તેથી કોઇ રીતે તે ઉલટાવી શકાતો નથી એમ અમને જણાય છે. અમારી નજરમાં આવે છે કે કલમ ૪૩૫ માં "ઉતરતા દરજાની ફોજદારી કોરટ" એવા શબ્દો છે તેનો અરથ એવી ઉતરતા દરજાની ગણવી જોઇએ કે અમુક બાબતો સબંધી ચડતા દરજ્જાની કોરટને ફરી તપાસની હકુમત વાપરવાને અરજ કરી શકાય છે તે સબંધી છે એવો કરવો જોઇએ. આ નીસ્ચય કરવામાં અમે આગળ કહ્યું છે તે પ્રમાણે સને ૧૮૭૨ ના કાયદામાં "તાબાની" એ શબ્દ છે તેને બદલે હાલના કાયદામાં "ઉતરતા દરજ્જાની" એ શબ્દો દાખલ કરવામાં આવેલા છે તે ઉપરથી નીકળતા ઇરાદાનો અમે વીચાર કરેલો છે. જુના કાયદા પ્રમાણે એવો નકી થએલો કાયદો હતો કે ફરીઆદ તરફનો પુરાવ સાંભળ્યા પછી જીલ્લા માજીસ્તરેટે તોહોમતવાળાને છોડી દીધેલો હોય તો જીલ્લા માજીસ્તરેટને તેના તેજ પુરાવ ઉપરથી વધારે તપાસ કરવાને અગર તે ફરીઆદનું કામ તાજુ કરવાને હુકમ કરવાને હકુમત નહી હતી. મોહેશ મીસ્રી અને ડોનલી એ બેઉના કામમાં ઠરાવવામાં આવ્યું છે કે કામમાં જે પુરાવ હોય (એટલે જે કામમાં નવો પૂરાવ ના હોય, આ બીજા ઠરાવના રીપોટને પાને ૪૧૧ મે જુઓ.) તે પુરાવ ઉપરથી જીલ્લા માજીસ્તરેટનો અભીપ્રાય જો એવો થતો હોય કે કામ આગળ ચલાવવું જોઇએ. કે તેમણે તે કામમાં હાય કોરટમાં હુકમ થવા સારૂ રેફરંસ કરવું જોઇએ. તેની સાથે જીલ્લા માજીસ્તરેટને એક અમુક કામમાં એટલે જે કામમાં ફરીઆદ કરવામાં આવેલી હોય અને સાક્ષીઓને તપાસ્યા વીના તે ફરીઆદ સંક્ષેપ રીતે કાહાડી નાંખવામાં આવેલી હોય તેમાં વધારે તપાસ કરવાને હુકમ કરવાનો અખત્યાર હતો, (સને ૧૮૭૨ ના કાયદાની કલમ ૨૯૮મી સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૩૧ થી દુરસ્ત થએલી છે તે જુઓ.) હાલના કાયદાની કલમ ૪૩૭ થી આ અખત્યાર વધારીને હરકોઇ તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો હોય તેના કામને લાગુ કરયો છે. (તે કલમના છેવટના ૧૦ શબ્દો જુઓ) માટે સને ૧૮૭૨ ના કાયદા પ્રમાણે જે અખત્યાર વાપરવાને જીલ્લા માજીસ્તરેટ મુખત્યાર નહી હતા. એવો નવો અખત્યાર કાયદા કરનારાઓએ જીલ્લા માજીસ્તરેટને આપેલો છે તેથી તેઓએ જે માજીસ્તરેટો ફક્ત તેમની અપીલની હકુમતને તાબે છે

તેમના ઉપર આ અખત્યાર વાપરવો જોઇએ. એવું યોગ્ય રીતે ધારેલું છે આવું ધારવું ઘણું વ્યાજબી છે. અમારી નજરમાં આવે છે કે આ ઘણો વ્યાજબી હક છે અને વળી "ઉતરતા દરજ્જાની એ શબ્દો કલમ ૪૩૫ માં વાપરવામાં આવેલા છે તેનો અમે આગળ કહી ચુકયા છીએ તે પ્રમાણે એવો અરથ કરીએ છીએ કે તે ઉતરતા દરજ્જાની અમુક બાબતો સબંધી છે. ત્યારે તે કાયદાનો અરથ અમે એવો કરી શકીએ છીએ કે જેથી પ્રથમ કલમો એક બીજા વીરૂધ માલમ પડે છે તે એક બીજા સાથે મળતી આવે છે. પણ પછી એવી તકરાર કરવામાં આવી છે કે કલમ ૪૩૭ માં "અથવા બીજી રીતે" એવા શબ્દો છે. તેથી કલમ ૪૩૫ પ્રમાણે જીલા માજીસ્તરેટે જે કામો ચલાવેલાં હોય તેમાં તેમને જે અખત્યાર આપવામાં આવેલો છે. તે શીવાયનો તદન એક અખત્યાર આપવામાં આવેલો છે. અમે આ તકરારનો વીચાર કરેલો છે અને તે અમે કબુલ કરી શકતા નથી. અમારી નજરમાં આવે છે કે "અથવા બીજી રીતે એ શબ્દો છે તે "કલમ ૪૩૫ પ્રમાણે" એ શબ્દોની નીચે છે માટે હમેશાંના નીયમ પ્રમાણે તેનો અરથ થવો જોઇએ કારણ કે તે સામાન્ય અરથનો છે અને તેનો અરથ હરકોઇ "બીજી રીતે એવો થતો નથી. પણ કાયદામાં જે કોઇ બીજી રીતી ઠરાવેલી હોય તે રીતે, એવો થાય છે જેમકે એક અપીલના કામમાં કલમ ૪૨૩ પ્રમાણે અપીલ કોરટને કામના કાગળો મંગાવવાનો અખત્યાર છે, તે લગનો દાખલો છે. પછી વળી એવી તકરાર કરવામાં આવી છે કે "અથવા બીજી રીતે" એ શબ્દોનો અરથ ઘણો બોહોળો અને સામાન્ય રીતનો અમે કરીએ તો તમામ મરીયાદા જે અવસ્યે કરીને કલમ ૪૩૫ ના ઠરાવમાં ગરભીત રીતે થાય છે. તે જરૂરની રહે નહી. અને આવા પરીણામથી કાયદા કરનારનો કાંઇ ઇરાદો નહી હતો એમ ધારવામાં આવે. પરંતુ અમારી નજરમા આવે છેકે તેવું ધારવું નહી જોઇએ અગર અનુંમાન કરવું નહી જોઇએ.

હવે જે બીજી તકરાર છે કે તોહોમતવાળાને નોટીશ આપવામાં આવી નહીં હતી. અને તેને સાંભળવાનો લાગ તેને આપ્યા શીવાય કાંઇ હુકમ થઇ શકતો નહીં હતો. તે ઉપર અમે આવીએ છીએ કલમ ૪૪૦ માં નીચે પ્રમાણે ઠરાવેલું છે: "જયારે કોઇ કોરટ પોતાનો ફરી તપાસનો અખ્તીઆર વાપરતી હોય ત્યારે કોઇ પક્ષકારનો જાતે અગર વકીલની મારફતે પોતાની તકરાર સંભળાવવાનો હક નથી. પરંતુ તે કોરટ આવો અખ્તીઆર વાપરતાં કોઇ પક્ષકારને જાતે અથવા તેના વકીલની મારફતે સાંભળવાને મુખ્તીયાર છે વીગરે." આ સામાન્ય નીયમ કાયદામાં ઠરાવેલો છે માટે એમ માનવું જોઇએ કે હમેશાંનો જે નીય-

મ છે કે જે સખસોને હરકત થાય તેવો હુકમ થઇ શકે તે પેહેલાં તે સખસોને તકરાર કરવાનો હક છે. તે નીયમ કાયદાથી રદ કરવામાં આવ્યો છે. કાયદામાં આ પ્રમાણે ઠરાવેલા સામાન્ય નીયમના બે અપવાદો તે કાયદામાં જણાય છે. પેહેલાં કલમ ૪૩૬ ના વીશેશ ઠરાવની રકમ (અ માંહે) બીજો કલમ ૪૩૯ ની બીજી રકમમાં છે. અમારી રૂબરૂ જે કામ છે તે આ અપવાદોમાંના એકે અપવાદમાં આવતું નથી. સબબ અમારી નજરમાં આવે છે કે કાયદાની સખત હકીકત તરીકે આ કામમાં અરજદારનો જે હુકમ બાબત ફરીયાદ કરવામાં આવેલી છે. તે હુકમ કરી શકાય તે પેહેલાં ચોવીશ પ્રગણાના જીલ્લા માજીસ્ટ્રેટની રૂબરૂ તકરાર સંભળાવવાનો હક હતો એમ કહેવું અશક્ય છે. પરંતુ આ કોરટ પોતાની ફરી તપાસની હકુમત વાપરતાં કાંઇ ઠરાવ, શીક્ષાનો હુકમ, અગર હુકમના ફકત કાયદેસરપણા વીશે સવાલ ઉઠાવવાને મુખ્તીઆર છે એટલુંજ નહીં પણ તેની યોગ્યતા વીશે પણ સવાલો ઉઠાવવાને મુખ્તીયાર છે. માટે અમારી નજરમાં આવે છે કે જીલા માજીસ્તરેટે કલમ ૪૩૭ પ્રમાણે આપેલો અખત્યારનો અમલ કરતાં તોહોમતવાળાને નોટીશ આપ્યા સીવાય તથા તેને શાંભળવાનો લાગ આપ્યા સીવાય વધારે તપાસ કરવાને હુકમ કરે તેથી તેમણે યોગ્ય અખ્તીઆર વાપરેલો છે કે નહીં તે સવાલની વ્યવસ્થા અમે કરી શકીએ છીએ તોપણ પેહેલી તકરાર ઉપરથી આ કામનો નીકાલ પુકત રીતે થઇ શકે છે. માટે કામના ગુણદોશમાં પેસવાને અગર તોહોમતવાળાને નોટીશ આપ્યા શીવાય તે હુકમ જીલ્લા માજીસ્તરેટે કરેલો છે. તેમાં તેમણે યોગ્ય ડાહાપણ વાપરેલું છે કે નહી તે વીસે કાંઇ અભીપ્રાય બતાવવાને અમે માગતા નથી. અરજદાર તરફથી વીદવાન કાંઉનશીલે એક ઠરાવ બતાવેલો છે તેમાં મી० જસ્ટીશ મીતર તથા અમે પોતે વીચારેલું છે કે તોહોમતવાળાને નોટીશ આપવી જોઇએ. તે અભીપ્રાય તે કામની અમુક હકીકત સબંધી હતો. અને તેથી અમે કાંઇ સામાન્ય રીતે નીયમ ઠરાવેલો નથી. હાલ જે અમારી રૂબરૂ કામ છે તેમાં જીલ્લા માજીસ્તરેટને આપેલી અરજી વાંચીને અમારા મનમાં એમ આવે છે કે તે અરજીમાં તકરાર કરવા બાબત હતી. અને તે હુકમ કરતાં તે બાબત તોહોમતવાળાને જાતે અગર કાઉશીલની મારફતે સાંભળ્યો હોત તો તેની બાબતમાં વ્યાજબી હતું પરંતુ તે હુકમ કરીને તેને પકડવાનુ તરત વારંટ કાહાડવામાં આવેલું છે, પરંતુ અમે આગળ કહયું છે તે પ્રમાણે પહેલી તકરાર ઉપરથી આ કામનો નીકાલ પુકત રીતે થઇ શકે છે. માટે અમારી નજરમાં આવે છે કે બીજી તકરાર બાબત કાંઇ નકી ઠરાવ કરવાને જરૂર નથી.

જે કારણો અમે બતાવેલાં છે તે કારણોથી ચોવીશ પ્રગણાના માજીસ્તરેટને તા૦ ૫ ડીસેંબર સને ૧૮૮૩ ના રોજના જે હુકમ બાબત ફરીઆદ કરવામાં આવી છે તે હુકમ કરવાની હકુમત નહી હતી. માટે અમારે તે રદ કરવો જોઇએ. સામા પક્ષકારના વીદવાન કાંઊશીલે અગારી પાશે એવું માગેલું છે કે કલમ ૪૨૯ પ્રમાણે આ કામ લેઇ કામના ગુણદોશનો તપાસ કરી અમારે અમારી ફરી તપાસની હકુમતનો અમલ કરવો જોઇએ. અમે આ અરજીનો વીચાર કરેલો છે. અને અમારી નજરમાં આવેછે કે તે અમે કબુલ કરી શકતા નથી. આ અરજીની નોટીશ તોહોમતવાળાને આપેલી નથી. અને આવી હકીકતનો જવાબ દેવાને તોહોમતવાળો તઇયાર થઇ આવેલો નથી. જો અમારા વીચારમાં એમ આવે કે અમારી ફરી તપાસની હકુમતનો અમારે અમલ કરવો જોઇએ. તો નવી નોટીશ કહાડવાની જરૂર થાય. અને કામના ગુણદોશ ઉપર શુનાવણી કરવાને બીજો દીવશ ઠરાવવો પડે. પરંતુ જે એવી હકીકત છે કે જો ફરીઆદીની મરજી તે કામ આગળ ચલાવવાની હોય તો ચોવીશ પરગણાની શેશન કોરટને હકુમત છે અને તે નજીક છે. માટે અમારી નજરમાં આવે છે કે જે કામની વ્યવસ્થા તે કોરટ કરી સકે છે. તે કામની વ્યવસ્થા કરવાને હાય કોરટે વખત ગાળવો એ જરૂરનુ નથી.

હુકમ કાયમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ જાન્યુએરી સને ૧૮૮૪

મી૦ જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ ફીલ્ડ સાહેબ

ઓની રૂબરૂ

સુરત ધોબણીની અરજીની બાબતમાં

પુરાવ આકટ (સને ૧૮૭૨ નો પેહેલો ૧) ની કલમ ૬ ત્રીજા સખશની રૂબરૂ જે સખસને ઇજા થએલી તેણે કહેલી હકીકત,

એક કેદીના ઉપર બુધી પુરવક મહાવ્યથા કરયાનો આરોપ રાખવામાં આવેલો છે, તેમાં પુરાવમાં ફકત જે સખશને ઇજા થએલી તે સખસે ગુનહો થયા પછી તરત તીજા સખશની રૂબરૂ જે હકીકત કહેલી છે તેજ ફકત છે. જે વખતે તે હકીકત કહેવામાં આવી તે વખતે તે કેદીએ ફરીઆદવાળું કલ્સ કરેલું તે વીસે ઇનકારીયત કરેલી નથી.

ઠરાવવામાં આવ્યું કે પુરાવ આકટની કલમ ૬ અને ૮ ઉદાહરણ (જી) પ્રમાણે તે પુરાવ દાખલ કરવા લાયક છે.

પાનું ૩૦૨ આ કામમાં દીબરૂગડના કમીશનરે કેદીયણને હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૩૨૪ પ્રમાણે એવી ગુનેહગાર ઠરાવેલી છે કે તેણીએ પોતાના છોકરાની વહુને એક ચીપીઆની જોડ લાલ ધીકાવેલી તેથી તેને બાળી અને તેથી તે સ્ત્રીએ બુધી પુરવક વ્યથા કરેલી છે. આ આરોપના પુરાવમાં તે કેદીયણની રૂબરૂ તે ગુનહો થયા પછી તરત તે છોકરાની વહુએ એક પડોશીને હકીકત કહેલી તે હકીકત ફકત છે. વળી તે કેદીયણે તે ઇજા કરેલી તે બાબત તેણે ઇનકાર કરેલી નથી એમ જણાય છે. તે કેદીયણે આસામ વાહાલી જીલ્લાના કામ ચલાઉ જડજને અપીલ કરેલી હતી તેમાં તેમણે ઠરાવેલું છે. કે તે હકીકત તે બનાવ સાથે એટલી બધી નજીક જોડાએલી છે કે પુરાવ આકટની કલમ ૬ પ્રમાણે તે દાખલ કરવા લાયક છે. માટે તેમણે તે ગુનહાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખ્યો.

તે કેદીઅણે હાયકોરટમાં એક અરજી કરેલી છે.

અરજદાર તરફથી બાબુ જોગેશચંદ્રરાય.

સરકાર તરફથી કોઇ હાજર થયું નથી.

કોરટના ફેંસલા નીચે પ્રમાણે આપવામાં આવેલા છે.

જસ્ટીસ ફીલ્ડ સાહેબ:—ગયા ડીસંબર માસની તા૦ ૧૧ મીના ગેજના અમારા હુકમથી જે વધારાનો પુરાવ લેવાને અમે ફરમાવેલું હતું તે પૂરાવ હાલ શેશન જડજે મોકલેલો છે. અમારા વીદવાન ભાગીયને કેટલોક સક હતો તેથી જે સવાલની વ્યવસ્થા અમારે કરવાની છે તેનો વીચાર અમે ગણી સંભાળથી કરેલો છે. અમારા વીદવાન ભાગીયાના ફેંસલામાં માહારાણી વીરૂધ ઓસબરનનો ઠરાવ બતાવવામાં આવેલો છે તેમાં જસ્ટીસ કરેશવેલ સાહેબે કહયુંછે કે "ફરીઆદણે ગુનોહ બનતી વખતે જે કહેલું તે પુરાવમાં લેવા લાયક છે. એવા કારણથી કે કેદી હાજર હતો. અને માર મારવામાં આવતો હતો. પરંતુ જો તે મારની બાબત પુરી થઇ હોત અને તે ફરીઆદણ દોડતી દોડતી જઇ તેણીએ તે સખસનુ નામ બુમ પાડીને દીધું હોત અને તે ગઇ હોત તો તે કાંઇ પુરાવ નથી. તે બલાતકાર સંભોગનુ કામ હતું. માટે અમે એમ સમજતા નથી કે જસ્ટીસ કરેસવેલનો હેતુ તે ફરીઆદણની કહેલી હકીકત પુરાવમાં દાખલ થવા લાયક થવા સારૂ કેદી હાજર હોવો જોઇએ અને તેની સાથે તે હકીકત કહેતી વખતે તે માર જારી હોવો જોઇએ. અમારા સમજવામાં છે કે તે જડજે પોતાની રૂબરૂના કામમાં જે કહેલું છે તેથી કાંઇ કાયમ નીયમ એવો ઠરાવેલો હોય કે જેથી તે લાગુ કરવાને હમણાં જે બે હકીકતો કહી તે એકઠી હોવી જોઇએ એવો તેમનો હેતુ હોય તે કરતાં તેમણે

પોતાની રૂબરૂની હકીકત સબંધી કહેલું છે. માહારાણી વીરૂધ ફોસટરનુ કામ ત્રણુ વીદવાન જડજો જસ્ટીસ પાર્ક અને જસ્ટીસ પાંટીસન અને બ્યાર નગરનીના રૂબરૂ હતું તેમાં કેદીના ઉપર અમુક વાહાણુ હાંકીને અમુક સખસને મારી નાંખ્યો તેથી મનુસ્યને વધ કરેલો છે. એવો આરોપ રાખવામાં આવેલો છે. એક વાગેનવાળાને સાક્ષી તરીકે બોલાવવામાં આવેલો છે અને તેણે કહયું છે કે હુ માહારૂં વાગેન હાંકતો હતો. અને નજીકમાં થઇ મેં એક ઝડપથી વાહાણુ હાકી લઇ જતાં જોયું. પરંતુ મેં કાંઇ અકસ્માત બનાવ બનેલો જોયો નથી. પણુ પછી તેણે કહયું છે કે તરતજ મેં મરનારનો ઘાંટો સાંભળ્યો તેથી તેની પાસે જઇ મેં તેને પૂંછયું કે શું થયું છે. એવી હરકત લેવામાં આવી છે કે તે અકસ્માત હકીકત ન.વી થઇ તે વાગે કેદીની ગેરહાજરીમાં મરનારે જે કહેલું તે પુરાવમા દાખલ કરવા લાયક નથી પરંતુ તે ત્રણે વીદવાન જડજોએ એકમત થઇ ઠરાવેલું છે કે તે હકીકત પુરાવમાં લેવી જોઇએ. આ ઠરાવ મહારાણી વીરૂધ ઓસબરનના ઠરાવ કરતાં વધારે લગતો છે. એમ અમને જણાય છે તોપણ મનમાં એટલું યાદ રાખવું જોઇએ કે આ ઇંગરેજી ઠરાવો ફકત દાખલા તરીકે જોઇ શકાય છે. પૂરાવ આકટની કલમ ૨ ની રૂકમ ૧ ના ઠરાવ લક્ષમાં રાખતાં તે ઠરાવો કોઇ રીતે અમને બંધન કારક નથી. અમારે જે ખરી રીતે વીચાર કરવાનો છે તે એ છે કે હીંદુસ્થાનના પૂરાવ આકટ પ્રમાણે તે પુરાવ દાખલ કરવા લાયક છે કે નહી. અને તે બાબતનો અમારો ઘણો સભાળ ભરેલો વીચાર કરતાં અમારો એવો નીસ્ચય થએલો છે કે તે દાખલ કરવા લાયક છે. શેશન જડજે વધારાનો જે પુરાવ હાલ મોકલેલો છે તેથી ખુલું છે કે તે છોકરીએ તે હકીકત તે કેદીબાઇની રૂબરૂ કહેલી હતી. અને તે ચીપીયાથી તેણીને ઇજા કરવામાં આવી તે પછી તરતજ ઘણું કરીને કહેલી હતી સબબ અમારી નજરમાં આવે છે કે હીંદુસ્થાનના પુરાવ આકટની કલમ ૬ ના હેતુમાં તેનો સમાસ થાય છે. (દ્રસ્ટાંત અ જુઓ) વળી અમારી નજરમાં આવે છે કે તેનો કલમ ૮ ના દ્રસ્ટાંત (જી) મા સમાસ થાય છે કારણ કે તોહોમતવાળી હાજર હતી અને તેણીએ તે છોકરીને ઇજા કરી હતી. તેની ઇનકારીયતનો જવાબ તેણીએ દીધો નથી તે સાક્ષીની ફરી તપાસમાં અમુક બાબત તેણે વધારે કહેલી છે. પણુ અમો એઉ કબુલ કરીએ છીએ કે અમારે તે વીચારમાં લેવી નહી જોઇએ. પરંતુ આ બાબત બાતલ કરતાં અમારા અભીપ્રાય પ્રમાણે હમણાં જે દ્રસ્ટાંત બતાવેલું છે તેમાં તે હકીકતનો સમાસ થાય છે તે પ્રસગ નકી એવો હતો કે તે છોકરીને કેદીએણે જો ઇજા કરી ના હોતતો તે છોકરીએ તેણીના ઉપર રાખેલો આરોપ ઘ

થું કરીને તે કેદીયણ ઇનકાર કરત. પણ તેણીએ તે પ્રમાણે કરયું નથી. તેથી તે છોકરીએ રાખેલો આરોપ સાચો છે એમ તેણીએ કબુલ કરેલુ જણાય છે. તે પુરાવ બસ છે કે નહી તે વીશે કાંઇ અભીપ્રાય બતાવવા ની હમારે જરૂરી નથી. આ કામ ફક્ત અમારી ફરી તપાસની હકુમત નો અમલ કરી અમે સાંભળીએ છીએ. અને તેથી જે બાબત ઉપર હ મારે ફક્ત રહેવું જોઇએ તે ફક્ત એટલીજ છે કે તે કેદીઅણને ગુનહેગાર ઠરાવી શકાય એવો કાયદેસર પુરાવ છે કે નહીં અને આ સવાલનો જવાબ દેવાની અમને એવી ફરજ લાગે છે કે તે હાકારમાં દેવો જોઇએ.

જસ્ટીસ મીતર સાહેબઃ—અમે મળતા આવીએ છીએ. જે બાબત વીશે અમારા વીદ્વાન ભાગીઆએ પોતાના ફેસલામાં સંપુરણ રીતે વીચાર કરેલો છે તે વીશે અમને કેટલોએક શક હતો પરંતુ તેમાં જે આ ધારો બતાવેલા છે તેનો વીચાર કરીને તેમણે જે નીરચય કરેલો છે તે જ નીશ્ચય અમારો થાય છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ સપટેંબર સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ પીગટ

સાહેબોની રૂબરૂ.

પ્રે વીરૂધ માહારાણી કેશરેહીંદ.

બખેડો કરવો—પીનલકોડની કલમ ૧૫૬—ગળીના કારખાના- નો વહીવટદાર.

એક ગળીના કારખાનાના વહીવટદારને પીનલકોડની કલમ ૧૫૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવવાને કાયદેસર પુરાવથી એવું બતાવવું જોઇએ કે (૧)બખેડો કરવામા આવેલો છે, (૨) કે જો બખેડો કરવામાં આવેલો છે તો તે તોહોમતવાળાના ફાયદા સારૂ કરવામાં આવેલો હતો. અને (૩) તે બખેડો કરવાનો સંભવ છે એમ માનવાને તોહોમતવાળાને કારણ હતું.

પાનુ ૩૩૮ એક ગળીના કારખાનાના વહીવટદાર ઉપર પીનલકોડ ની કલમ ૧૫૫ પ્રમાણે એક ફરીઆદ ચલાવવામાં આવેલી છે. તેમાં તેના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે એક તરફ તેના નોકરો અને બીજી તરફ નજીકની જમીનના માલેકના ભાડુઆતોની વચમાં જે બખેડો થએલો કહેવામાં આવેલો છે. તે થતાં અટકે એવા તમામ કાયદેસર ઉપાયો તેણે કરેલા નથી, તે બખેડો તેના ફાયદા સારૂ કરવામાં આવેલો હતો. અને તે થવાનો સંભવ છે એમ માનવાને તેને કારણ હતું.

ફરીઆદ તરફની હકીકત એવી છે કે તે કારખાનાના લોકોએ અમુક જમીન અમુક રઇયત પાસેથી જબરાઇથી લીધેલી અને તે ઉપર ગળી વાવેલી તેથી ઘણી મુદતથી તે કારખાનાના લોકોની તથા તે રઇયતની વચમાં તકરાર ચાલતી હતી. અને તે જમીન સબંધી તે રઇયતે દાવા કરેલા અને હુકમનામાં મેળવેલાં હતાં. અને જે બનાવ બનેલો કહેવામાં આવેલો છે તે પહેલાં બે દીવશ ઉપર તે જમીન છેવટે તેમના કબજામાં અપાવવામાં આવેલી હતી. જે વખતે દીવાની કોરટના નાજરે તે કબજો અપાવ્યો એ વખતે તે કારખાનાના કેટલાક નોકરો હાજર હતા. અને આ વખતે તે જમીન ઉપર છ ઇંચ ઉંચી ગળી ઉગેલી હતી. તારીખ ૯ મારચના સવારમાં શુમારે સાત વાગે તે કારખાનાનો વહીવટદાર એ ઘોડા ઉપર બેશી તકરારી જમીન તરફ ગયો. અને તે સવારમાં તેથી મોડા પોતાના માણશોમાંના કેટલાક માણસો સાથે તે જમીન નજીક ૧૪ ઇંચ તે ઉપર ઉગેલી ગળી તપાશી શુમારે સવારના આડાદશ અગર અગીઆર વાગે તે કારખાનાના નોકરોનું મોટું ટોળું લાઠીઓના હથીઆર સાથે તથા તેમાંનો એક બંદુક સાથે તે જમીન ઉપર ગયું ત્યાં તે હુકમનામાવાળાઓ ગળી ખેડવી શરૂ કરતા હતા અને ત્યાં બખેડો થયો અને તેમાં તે ભાડુઆતોની ટોળીમાંના એકને તે કારખાનામાંના જામીનને ગોળી મારી મારી નાંખ્યો. જે વખતે આ બખેડો થયો તે વખતે ત્યાંથી બે માઇલ દુર એ પોતાને ઘેર હતો. અને તે અટકાવવાને તેણે કાંઇ ઇલાજ કરેલા નથી,

અપીલવાળા તરફથી કહુન તે મેનેજર ઉપર કલમ ૧૫૬ પ્રમાણે આરોપ રાખી શકાય છે અને કલમ ૧૫૫ પ્રમાણે રાખી શકાતો નથી. અને તેને જવાબદાર ઠરાવવાને સારૂ એવું બતાવવું જોઇએ કે જે કૃત્યો કરવામાં આવેલાં છે તે પ્રતક્ષ અગર આડી રીતે તેનાં ઉશકેરેલાં હતાં. અને તે માલેકના અગર જમીનના કબજેદારના ફાયદા સારૂ હતાં.

આ કામમાં ખરી રીતે બખડો થયેલો છે એવુ બતાવવાને કાંઇ નથી, કારણ કે એવી કાંઇ હકીકત કહેવામાં આવી નથી કે જે ઉપરથી એક સખશનુ ગોળીથી મોત થએલું કહેવામાં આવ્યું છે તે શીવાય કાંઇ પણ એક સરખા હેતુનું અનુમાન થઇ શકે. પરંતુ એવી શુચના થતી નથી કે આવું કામ એની ઉશકેરણીથી થએલું છે. તેમ તે માલેક અગર કબજેદારના ફાયદા સારૂ કરવામાં આવેલું છે એમ કહી શકાતું નથી. વળી તે બખેડો થશે એવું માનવાને તે વહીવટદારને કારણ હતું એવું બતાવવામાં ફરીઆદ તરફથી નીશફળ થએલો છે. કારણ કે તે હુકમ નામાવાળાઓને કબજો આપવામાં આવેલો છે તે હકીકત તે મતલબનુ

અનુમાન કરવાને બસ થતી નથી. વળી જે રીતનો બખેડો કહેવામાં આવેલો છે તે રીતતો બખેડો અટકાવવાને તે ના અખત્યારમાં કાંઇ સાધન હતું એવું કાંઇ બતાવવામાં આવ્યું નથી.

સરકાર તરફથી ડેપુટી લીગલરી મેમબ્રનમર (મી૦ વાઇટ) ગળીના કારખાનાના વહીવટદારોએ જે બખેડા કરેલા હોય અગર તેમાં મદદ કરી હોય તે બંધ કરવાનો આ કલમોનો ઇરાદો છે માટે તે કલમો પ્રમાણેની ફરીઆદોના કામમાં જે પુરાવ આપવાનો છે તેમાં માજીસ્રેટની કોરટમાં પ્રથમ દરશનીક હકીકત બનેલી સાબીત કરવાની છે અને કાંઇ વધારે નથી. કાયદા કરનારાઓએ જયારે આ કલમો ઘડી તે વખતે દેખીતી રીતે એવો વીચાર કરેલો છે કે બખેડાના અશલ કામની તપાસ થવી જોઇએ. અને તે ગુનેહગારોને શેશન કોરટથી સીક્ષા થવી જોઇએ. અને ત્યાં બારીક અને ઘણા પ્રકારનો પુરાવ થાય છે અને તે કામનો નીકાલ થયા પછી આવી જાતનું કામ તે વહીવટદારને નશીયત પોહોચાડવાને ચલાવવુ જોઈએ. તે બખેડો થએલો હતો એવું બતાવવાને પુશકળ પુરાવ છે. અમે બતાવીએ છીએ કે તે કારખાનાના નોકરોમાંના એક નોકરને બંદુક આપવામાં આવી હતી અને તેણે એક માણસને મારી નખેલો છે. અને બતાવીએછીયે કે પ્રે તે સવારમાં તે જમીન ઉપર કેટલાંક માણસોની જોડે ગયો હતો અને તેણે તે જમીન તપાસેલી હતી. અને ત્યાર પછી થોડીક વારે તેના કેટલાક લોકો હથીઆર સાથે તે હુકમનાગાવાળાની જમીન ઉપર ગયા. અને ગમે તે તકરાર થઇ હોય પણ એક માણસને મારી નાંખવામાં આવ્યો હતો. તે જમીન ઉપર જે ગળી હતી. તે ઘણી કીમતી હતી. માટે તે માણસોનો એવો હેતુ હતો કે તે જમીન ખેડતાં અટકાવવી. અને જો તે પ્રમાણે કરેલું હોય તો નકી તે માલેકના ફાયદાને સારૂ થાય. ઓફીનીલી પીનલકોડ પાનું ૫૪ અને માહારાણી વીરૂધ હરનાથ રાયનો ઠરાવ દેખાડવામાં આવ્યો.

કોરટના ફેંસલા નીચે પ્રમાણે આપવામાં આવેલા છે.

આ કામમાં અપીલવાળાને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૫૫ મી પ્રમાણે જેડીયાના પેટા ટુકડી માજીસ્રેટે ગુનેહગાર ઠરાવેલો છે તેને આ કલમ પ્રમાણે ગુનેહગાર ઠરાવવો જોઇતો નહી હતો, એ કેવળ ખુલું છે, અને તે વીશે કાંઇ તકરાર નથી. તે અપીલવાળો ફકત વહીવટદાર હતો અને જે જમીન સબંધી તે બખેડો થએલો કહેવામાં આવેલો છે તે જમીનનો તે માલેક નથી. તેને કલમ ૧૫૬ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવવો જોઇતો હતો, પરંતુ ત્રણ અવસ્યની બાબતમાં જે પુરાવ ગુજારવામાં આવેલો છે. તે કલમ ૧૫૬ મી પ્રમાણે ગુનોહ સાબેત ઠરાવવાને

બસ નથી એમ અમને જણાય છે.

પહેલી બાબત જરૂરે કરીને સાબેત થવાની જરૂર છે તે બખેડો કરવામાં આવેલો છે તે છે, પરંતુ પીનલકોડમાં વાખ્યા કરેલી છે તેવો બખેડો કરવામાં આવેલો છે એવો કાંઇ પુરાવ નથી. પંચ કરતાં વધારે સખસોની મંડળી હતી અને તેઓના વીચાર એક સરખો હેતુ હતો એવું બનાવવાની જરૂર છે, પરંતુ આ કામમાં તે કારખાનાના નોકરોની કાયદેશર મંડળી થએલી કહેવામાં આવેલી છે તેઓનો આવો એક સરખો હેતુ હતો એવું બનાવવાને કાંઇ પુરાવ નથી. એવું કહેવામાં આવેલું છે કે તેઓનો હેતુ ગળીના છોડવા ખોદી નાંખતાં અટકાવવાનો હતો, પરંતુ ફરીયાદ તરફથી આ વશે કાંઇ પુરાવ ગુજારવામાં આવેલો નથી. માટે તે બખેડો કરવામાં આવ્યો હતો તે સાબેત કરવાને કાયદેસર કાંઇ પુરાવ નથી.

બીજી જે બાબત વીશે ફરીઆદ તરફનો પુરાવ નથી તે એ છે કે તે બખેડો કરવામાં આવેલો છે, એમ ધારીએ તોપણ તે જે જમીન સબંધી તે બખેડો થએલો તે જમીનના માલેક અથવા કબજેદારના ફાયદા સારૂ તે કરવામાં આવેલો હતો તે બતાવવામાં આવેલું નથી. જો તે ગળીના છોડ ખોદી નાખતાં અટકાવવાનો એક સરખો હેતુ હતો, તો તેવખત બેશક વ્યાજબી રીતે એવું અનુંમાન થઇ શકતું હતુ કે તે બખેડો તે જમીનના માલેક કબજેદારના ફાયદા સારૂ કરવામાં આવેલો હતો, પરંતું તે વાત સાબેત થએલી નથી તો તે ઉપરથી એમ નીકળે છે કે જો તે બખેડો કરવામાં આવેલો હોય તોપણ તે જમીનના માલેકના અગર કબજેદારના ફાયદા સારૂ કરવામાં આવેલો હતો એમ બતાવવામાં આવેલુ નથી.

ત્રીજી બાબત એવી છે કે કાંઇ બખેડો થવાનો સંભવ હતો એવું અમારી રૂબરૂના અપીલવાળાને માનવાનુ કારણ હતું એવું બતાવવામાં આવેલું નથી. બેશક આવી બાબત પ્રતક્ષ પુરાવ ઉપરથી ભાગ્યેજ સાબેત થાઇ શકે છે, પરંતુ જે હકીકત ઉપરથી તે વીશે વ્યાજબી રાહે અનુમાન થઇ શકે તેવી હકીકત હોવી જોઇએ. આ કામમાં જે હકીકત સાબેત થએલી છે તે ફકત એ છે કે જે વખતે તે કહેવાએલો બખેડો થયો તે વખતે મી૦ બ્ર તે કારખાનામાં હતો. અને તે બખેડો કરનારાઓમાં તે કારખાનાના કેટલાક નોકરો હતા. પરંતુ આ હકીકત તે બખેડો જો થએલો હોય તો તે થતા પેહેલાં તે થવાનો સંભવ છે. એમ અપીલવાળાને માનવાનું કારણ હતું એવું અનુમાન કરવાને બસ નથી.

આ ત્રણે બાબતો વીશે પુરાવ બસ નથી એમ અમને જણાય છે. માટે ગુનાહની શાબેતી અને શીક્ષાનો હુકમ રદ કરવામાં આવે છે, અને જો દંડ વસુલ આપવામાં આવેલો હોયતો, તે પાંછો આપવો.

જસ્ટીસ પીગટ સાહેબ:—અમે તદન મળતા છીએ. અમે ફકત વધારે એટલું કહીએ છીએ કે આવો અચંબા લાયક ભારે અખત્યાર માજીસ્ટ્રેટને આપવામાં આવેતો, જેઓને તે અખત્યાર આપવામાં આવેલો હોય તેઓને અભીપ્રાય પ્રમાણે અનુમાનો અથવા અંદેશા ઉપરથી ચાલવાની ફરજ નથી, પણ પુરાવ પ્રમાણે ચાલવાને ફરજ છે. ફરીયાદ તરફના વીદવાન કોનશલે જેવા હેતુનો ખુલાસો કરેલો છે તેવો કાયદા કરનારનો હોય કે નહી અને આ ઘણીજ ભયંકર કલમો તે કાયદામાં દાખલ કરવાનો ગમે તેવો પ્રસંગ હોય, પણ અમારે ઠરાવવું જોઈએ કે તે કલમોથી જે કાયદાનો નીયમ ઠરાવવામાં આવેલો છે તેથી અમારે ઠરાવવું જોઈએ કે તેનો ઇરાદો તર્ક ઉપરથી તે લાગુ કરવાનો નથી પણ પુરાવ ઉપરથી લાગુ કરવાનો છે.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૭ ફેબરવારી સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મેકડોનલ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબોની રૂબરૂ.

નથુશેખ વીગરે—જુદી જુદી તપાસ—એકજ પ્રોસીડીંગમાં જુઠી સાહેદી આપ્યા બાબતનો આરોપ એક કરતાં વધારે સખસ ઉપર આરોપ રાખવામાં આવેલો હોય ત્યારે કામ ચલાવવાની રીતી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦)ની કલમ ૧૬૧—પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫)ની કલમ ૧૯૩

જ્યારે એક નહીંતો બીજો આરોપ રાખવામાં આવ્યો હોય તેમાં જુઠી શાહેદીનો ગુનહો સાબેત ઠરાવવાને સારૂ જ્યારે વીસેસ કરીને બેમાંથી એક હકીકત જુઠી છે એવું સાબેત કરવાને જ્યારે પુરાવ આપવામાં આવેલો ના હોય, ત્યારે તે હકીકતો એક બીજા વીરૂધ છે એમ સ્પષ્ટ હોવું જોઇએ.

કેશરેહીંદ વીરૂધ કાશીમંખાંનના કામમાં ફુલબેંચે જે નીયમ ઠરાવેલો છે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦)ની કલમ ૧૬૧ મીના ઠરાવથી ફેરવવામાં આવેલો છે, માટે એક પોલીસ અમલદારની રૂબરૂ સાક્ષી જે સવાલનો જવાબ દેવાને બંધાએલો હોય તે જવાબમાં તે જુઠી હકીકત કહેતો, તે ઇરાદા પૂરવક જુઠી શાહેદી આપ્યાનો ગુનેહગાર છે.

તેના તે પ્રોસીડીગમાં ચાર સખસોના ઉપર જુઠી સાહેદી આપ્યાનો

આરોપ રાખવામાં આવેલો તેમાં શેશન જડજે દરેકની તપાસ જુદી જુદી કરવાનુ બતાવતાંશાક્ષીઓનો પુરાવ ફકત એક વખત સાંભળ્યો. ઠરાવવામા આવ્યું કે આથી મતલબે ચારે કેદીઓની એકઠી તપાસ કરવામાં આવી થાયછે, માટે તે કામ ચલાવવાની રીતી બરોબર નથી.

પાનું ૪૦૫ પીનલકોડની કલમ ૧૯૩ પ્રમાણે ગુનાહની સાબેતીના ઠરાવે. આ અપીલ કરવામાં આવી છે. એકજ તપાસ ઉપરથી ઉતપન થતા એકજ પ્રકારના ગુનાહ બાબત તે અપીલવાળાને તથા ત્રણ બીજા તોહોમતવાળાઓ ઉપર આરોપ રાખી તેઓને દરેકને ગુનેહગાર ઠરાવી છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. એક અબુચી બીસ્વાસ અને એક બીજાના મોત સબધી પોલીસે તપાસ કરેલી તેમાં પોલીસને કહેલી હકીકતના આધારથી તે ગુનાહનો આરોપ રાખવામાં આવ્યો છે, અને જ્યારે તે કામ જોઇંટ માજીસ્ત્રેટની રૂબરૂ તપાસ સારૂ આવ્યું ત્યારે એક બીજી વીરૂધ હકીકત કહેલી છે.

જીલ્લા માજીસ્ત્રેટના વાપરેલા શબ્દો વાપરતાં તે ચારે તોહોમતવાળાઓની તપાસ જુદી જુદી કરવામાં આવી છે, તોપણ તે સાક્ષીઓની શાહેદી ફકત એક વખત સાંભળવામાં આવી છે, અને શેશન જડજે પોતાના ફેંસલામાં કહેલું છે કે આ રીતી પ્રમાણે કાંઇ કાયદા વીરૂધ થયાનું કહી શકાય નહી તે સારૂ ચાલવામાં આવેલુ છે. તોપણ તેમના વીચારમાં આવેલું છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૩૯ પ્રમાણે તે તોહોમતવાળાઓની તપાસ એકઠી થઇ શકતી નહી હતી એવું કોઇ રીતે ખુલ્લું નથી જે હકીકતના પ્રકાર ઉપર તે ગુનાહની સાબેતીનો આધાર છે અને જે ઉપરથી તે મંજુર રાખવાને માગવામાં આવેલું છે તે હાય કોરટના ફેસલામાં પુરત રીતે બતાવવામાં આવી છે.

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીન્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો છેઃ—

નીચે બતાવેલા આરોપ બાબત અપીલવાળા નીજામશેખની તપાસ કરવામાં આવેલી છે. "તા૦ ૨૧ મે સને ૧૮૮૩ ના રોજ અથવા તે અરસામાં થાજેદપુરના થાણામાં આજુગેરામાં આબુચી બેવા અને કેફાત ચોકરાના મોતના કારણની શાહાજેદપોરમાં સબોરડીનેટ ઇનસ્પેકટરે તપાસ કરેલી તેમાં તમે સાહેદીમાં કહેલું છે કે "આબુચીબેવા ચીસો સાંભળીને તે બનાવની જગોએ આવ્યો, મોરા, ધનુ અને પાંનાને આબુચીની લાશ તેણીના ઘર તરફ ખેંચી જતાં મેં જોઇ." અને તા૦ ૧૪ અગસ્ટ સને ૧૮૮૩ ના રોજ શેરાજગજમાં આબુચી બેવા અને કેફાત ચોકરાના મોતની ન્યાયની રૂઇએ તપાસ જોઇંટ માજીસ્ત્રેટે કરી તેમાં તમે શાહેદીમાં કહેલું છે કે "મોટર, પાનુલા અને ધનુંને આબુચી બેવાને રાત્રે તેણીની

બારી તરફ ખેંચી લઇ જતાં મેં જોયા નથી. મેં તે રાત્રે મદદ કરો, મને મારી નાંખે છે એમ કોઇએ બોલતાં સાંભળ્યું નથી." મોહર અને તેના સોબતીયોને આબુચી બાવાની લાશ ધારમાં પૂર્વ તરફનુ મોહો રાખી મુકતાં જોએલી નથી. આ હકીકતોમાંની એક હકીકત જુઠી છે એમ તમે જાણોછો અગર માનોછો અથવા તે સાચી છે એમ તમે માનિતું નથી. તેથી શેશન કોરટને તપાસવા લાયક હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ પ્રમાણે ગુનોહ કરેલો છે વીગરે" એક નહીતો બીજા આ આરોપની બાબતમાં તે કેદીને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે.

એક પોલીસ અમલદાર તપાસ કરતો હોય તે દરમીઆનમાં એક સાક્ષીને તેમણે તપાસેલો તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૬૧ મી પ્રમાણે જે સવાલના જવાબથી તેના ઉપર ફોજદારી આરોપ રહે એવું થાય અથવા ગુનેહગારી અથવા દંડને પાત્ર થાય તે શીવાયના સવાલના જવાબ સાચી રીતે દેવાને તે બંધાએલો હતો. માટે પોલીસ અમલદારની રૂબરૂ એકાદો સાક્ષી જે સવાલનો જવાબ દેવાને તે કલમથી બંધાએલો હોય તે જવાબમાં જુઠી હકીકત જોતે કહેતો તે ઇરાદાપુરવક જુઠી શાહેદી આપ્યાનો ગુનેહગાર થાય છે. માટે કાયદો કરનારાઓએ કેશરેહીંદ વીરૂધ કાશીગખાંનના કામમાં જે કાયદાનો નીયમ ઠરાવેલો છે તે ફેરાવેલો છે એમ માનવુંજ જોઇએ.

જ્યારે એમાંથી વીસેશે કરીને એકે હકીકતનું શાચાપણું સાબેત કરવાને કાંઇ પુરાવ આપવામાં આવેલો ના હોય ત્યારે એક નહીતો બીજા આરોપની બાબતમાં જુઠી શાક્ષી આપ્યાના ગુનાહની સાબેતીનો ઠરાવ ચાલી શકે તે સારૂ તે બેઉ હકીકતો એક બીજા વીરૂધ છે. એમ ખુલ્લું હોવું જોઇએ. આ બાબત આ કામમાં સ્પસ્ટ નથી. પોલીસની રૂબરૂ જે હકીકતો કહેવામાં આવી છે તે નીચે પ્રમાણે છે:—

(૧) હું જે જગોએ તે બનાવ બન્યો તે જગોએ આવ્યો.

(૨) મેં આબુચીબેવાની ચીશો સાંભળી.

(૩) આબુચીની લાશ તેના ઘર તરફ अ, ब અને क લેઇ જતાં મેં જોએલા હતા.

માજીસ્ત્રેટની રૂબરૂ હકીકત નીચે પ્રમાણે કહેવામાં આવી છે:—

(૧) રાત્રે આબુચીબેવાને તેણીની બારી તરફ ખેંચી લઇ જતાં મેં अ, ब અને क ને જોયા નથી.

(૨) મેં તે રાત્રે કોઇને મદદ માગતાં, મને મારી નાંખે છે એમ સાંભળ્યું નથી.

(૩) ધારમાં પુર્વ તરફના મોહાની આબુચીને નાંખતાં મોહર અને

તેના મેં જોએલા નથી.

દેખીતું છે કે આ પહેલી ત્રણ હકીકતોમાંની એક હકીકત બીજી ત્રણ હકીકતોમાંની એક હકીકત વીરૂધ અવશ્યે કરીને છે એમ નથી.

શેશન જડજની રૂબરૂના પ્રોશીડીંગમાં વળી એક બીજી ભુલ છે કે જેથી ઘણું કરીને તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રહેતો નથી. એમ શાબેત થએલું છે. શેશન જડજે પોતાના ફેંસલામાં કહ્યું છે કે "તોહોમતવાળાના વકીલની અરજ ઉપરથી ફકત એક વખત શાક્ષીઓ સાંભળવામાં આવેલા છે. પરંતુ તે ચાર કામો એટલે નીઝામ શેખનું તથા બીજા ત્રણ સખસો કે જેમના ઉપર એવોજ આરોપ રાખવામાં આવેલો હતો તેમની તપાશ જુદી જુદી કરવામાં આવેલીછે." જો તે શાક્ષીઓ એકજ વખતે સાંભળવામાં આવેલા હોય તો તે ચારે કેદીઓની તપાસ જુદી જુદી કેવી રીતે થઈ શકે તેનો ખુલાસો શેશન જડજે કરયો નથી. અને તે સમજવું સેહેલું નથી. જો શેશન જડજનો ઇરાદો એવો હોય કે કામ જુદાં જુદાં લખી લેવામાં આવેલાં છે, પરંતુ શાક્ષીઓની તપાસ જે તપાસનો મુદાનો ભાગ છે તે ચારે કેદીઓની બાબતમાં ફકત એકજ વખત કરવામાં આવેલી હોય તો આથી ખરી રીતે ચારે કેદીઓની તપાસ એકઠી કરી શકાય છે. અને આ પ્રમાણે કામ ચલાવવું એ બરોબર નથી, એવું એક કરતાં વધારે વાર બતાવવામાં આવેલું છે. (જેમકે હીંદુસ્તાનના કેસરેહીંદ વીરૂદ્ધ અનંતરામના કામનો દાખલો જુઓ.) માટે અમે ફરમાવીએ છીએ કે તે કેદી નીઝામ સેખને નીરદોશ ઠરાવી છોડી દેવો. આ ફેંસલા પ્રમાણે નથુ શેખના કામમાં તથા જાદુ સેખના કામમાં અને ચામુ ચોકીદારના કામમાં ચાલવું.

અપીલ મંજુર રાખવામાં આવી.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૫ ફેબરવારી સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ ઓકીનીલી સાહેબોની રૂબરૂ.

ગામી રૂલ્લા સરકારની બાબતમાં.

ગામી રૂલ્લા સરકાર વીરૂદ્ધ અબદુલ સેખ.

સંક્ષેપ રીતે તપાસ કરવાની માજીસ્ટ્રેટની હકુમત—શાપરાધ પ્રવેશ—બીગાડ—પીનલકોડની કલમ ૪૨૭—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૮૨ નો આક્ટ ૧૦)ની કલમ ૨૬૦.

માજીસ્ટ્રેટની હકુમત બાતલ થાય એવા શુદ્ધ અંતઃકરણથી હકકનો દાવો ના હોય તો સાપ્રાધ પ્રવેશ અને બીગાડ બાબત એકાદા સખસની સંક્ષેપ રીતે તપાસ થઇ શકે છે.

શાકર મહમદ વીરૂદ્ધ ચંદરે મોહનશાનો ઠરાવ ના પ્રસંદ કરવામાં આવ્યો.

પાનું ૪૦૮ આ કામમાં માજીસ્તરેટના એંચે તોહોમતવાળાને ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૮ પ્રમાણે રંગપુરના શેશન જડજે તે કામના કાગળો નીચેના રીપોર્ટ સાથે હાયકોરટને મોકલેલા છે:—

"એક શાપરાધ પ્રવેશ તથા બીગાડ બાબત ફરીઆદ કરવામાં આવેલી હતી. તોહોમતવાળા ઉપર ફરીઆદીની કલઇમાં પોતાના ઢોર ફેરવી તથા તેમાં હોળ ફેરવી તે કલઇનો નાશ કરેલો છે એવો આરોપ રાખવામાં આવેલો છે. તેઓએ તે જમીન ઉપર એવો દાવો રાખેલો છે કે તે ત્રીજા પક્ષકાર તરફથી અમારા કબજામાં છે એવું તેમણે કહેલું છે. આ કામની તપાસ સંક્ષેપ રીતે કરી અને તોહોમતવાળાને ત્રણ માસની સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે તે ફેંસલામાં બે દસ્તાવેજો બતાવેલા છે કે જે તોહોમતવાળાની વીરૂધ બીલકુલ પુરાવ નથી તેના ઉપર મુખ્યત્વે કરીને આધાર રાખીને તે ફેંસલો કરેલો જણાય છે. તે દસ્તાવેજમાં એક અ નીશાનનો છે તે એક નકલ છે. માટે તેના અસલ દસ્તાવેજનું જ્યાં સૂધી ખુલાસો કરવામાં ના આવે ત્યાં સુધી તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી. અને એક બ નીશાનવાળો દસ્તાવેજ છે તે ફરીયાદી તથા ત્રીજા પક્ષકારની વચ્ચમાં થએલું હુકમનામું છે. આ જોડે ડેપ્યુટી માજીસ્ટ્રેટનો ખુલાસો મોકલેલો છે તેમાં તેઉએ કહયું છે કે આ દસ્તાવેજો શીવાય બીજો પૂરાવ છે તેવી હકીકત હોય તો તે ફેંસલો બરોબર નથી. કારણ કે ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવાને જો કોઇ બળવાન કારણ હોય તો તે લખવામાં આવેલાં નથી.

"આ શીવાય આ કામ એવું નથી કે જેમાં સંક્ષેપ રીતે તપાસ કરવી જોઇતી હતી, એમ અમને જણાય છે.—શકર મહમદ વીરૂદ્ધ ચંદર મોહનશા અને ઈશરચંદ મંડળના ઠરાવો છે, માટે અમે ભલામણ કરીએ છીએ કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ. અને જો કોરટની નજરમાં યોગ્ય લાગે તો સામાન્ય રીતે કામ ચલાવવાની રીતી પ્રમાણે ફરી તપાસ કરવા શારૂ તે કામ પાછું મોકલવું જોઇએ."

જીલ્લાના માજીસ્ટ્રેટે તોહોમતવાળાને જામીન ઉપર છોડેલો છે એ

હું કહીને કે અડધા કરતાં વધારે શીક્ષા પુરી થએલી છે. ડેપ્યુટી માજીસ્ત્રેટે શેશન જડજને જે ખુલાસો મોકલેલો છે તેમાં (૧) તોહોમત વાળાને ગુન્હેગાર જે પુરાવ ઉપરથી ઠરાવેલો છે તે સબંધી અને (૨) સંક્ષેપ રીતે તોહોમતવાળાની તપાસ કરેલી છે તે સબંધી તેઉએ કહ્યું છે કે.

"પેહેલી બાબત સબંધી હું નમ્રતા પુરવક કહું છે કે તોહોમત વાળાને તે ફેંસલામાં બતાવેલા બે દસ્તાવેજોના આધારથી ફકત ગુન્હેગાર ઠરાવેલો નથી. બેઉ બાજુ તરફના સ્વતંત્ર શાક્ષીઓ તપાસવામાં આવેલા છે. અને એક બાજુ કરતાં બીજી બાજુના શાક્ષીઓને માનવાના ફકત પ્રત્યંતરી પુરાવા તરીકે તે બે દસ્તાવેજો બનાવવામાં આવેલા છે. તે બેંચે કહ્યું નથી કે સોહોબતઅલી અગર તો તોહોમતવાળો દીવાની કોરટના તે હુકમનામાથી બંધાએલો છે. પરંતુ તે બાબતનો ઇનશાફ એક વખત દીવાની કોરટથી થઇ ગએલો છે. માટે દીવાની કોરટના તે હુકમમાં હાથ ધાલવાને કોઇનો હક નથી. જો કોઇ પક્ષકાર નારાજી થએલો હોય તો તે દીવાની કોરટને અરજ કરી તે દીવાની કોરટથી અગર કોઇ ઉપરી અધીકારીથી તે હુકમ રદ કરાવવાનો તેનો ઇલાજ છે અને દીવાની કોરટનો તે હુકમ નહીં જેવો કરવાને તેને પોતાની મેળે કોશીશ કરવાની નથી. જે સખસને દીવાની કોરટના હુકમથી કબજો અપાવવામાં આવેલો હોય તેના કબજામાં તે મીલકત ખરી રીતે છે માટે તે સખસને કબુલ કરવાને ફોજદારી કોરટ બંધાએલી છે.

"બીજી બાબતમાં હું એવી અરજ કરૂં છું કે માહારી પાસે વીકલી રીપોટર નથી. અને તેથી હું કહી શકનો નથી કે આ કામ સંક્ષેપ રીતે તપાસવાને શી હરકત છે. જ્યારે એકાદા સખસને દીવાની કોરટના હુકમનામાથી અમુક જમીનનો કબજો એક વાર અપાવેલો હોય ત્યારે તે બેંચે માનેલું છે કે તેની પાસેથી તે કબજો છોડાવવાને કોઇ ખાનગી સખસનો હક નથી પરંતુ કોઈ સખસ તે હુકમથી નારાજી થએલો હોય તો તે હુકમ રદ કરાવવાને દાવો અગર રેગ્યુલર દાવો કરી શકે છે. દરેક દબાણના કામમાં એકાદા માણસને દીવાની કોરટની મદદ માગવી પડેતો દરેક માણસની મીલકતનો આધાર પઇસાવાળો તેના સામાવાળો હોય તેની દયા ઉપર રહે અને આ કારણથી તે બેંચે એવું માનેલું છે કે આવા કામોમાં વ્યાજબી રાહે ફોજદારી કોરટ હાથ ધાલી શકે છે."

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

બીગાડ તથા શાપરાધ પ્રવેશ બાબત સંક્ષેપ તપાસ કરી અરજદારોને ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે.

શેશન જડજે તે પ્રોશીડીંગ ગુન્હાની સાબેતી તથા શીક્ષાનો હુકમ રદ કરવા સારૂ મોકલેલું છે. પેહેલું એવા કારણથી કે તે ફેંસલામાં જે બે દસ્તાવેજો બતાવેલાછે તે બે દસ્તાવેજોના આધારથી તે ફેંસલો વીશેશે કરીને કરેલો છે. પણ તે તોહોમતવાળા વીરૂદ્ધ તે દસ્તાવેજો બીલકુલ પુરાવ નથી. પણ આ હરકતની વ્યવસ્થા કાયદેસર પૂષ્કળ પુરાવ છે તે ઉપરથી થઇ ગએલી છે. માટે પુરાવ આકટની કલમ ૧૬૭ પ્રમાણે અમે તેમાં હાથ ઘાલી શકતા નથી.

પછી શેશન જડજે શકર મહમદ વીરૂદ્ધ ચંદર મોહનશા અને ઈશર ચંદરમંડળ વીરૂદ્ધ રહીમશેખના ઠરાવ ઉપર આધાર રાખેલો છે. પેહેલા ઠરાવ બાબત અમે શેનાઇ શરદાર વીરૂદ્ધ બખતાર સરદારનો ઠરાવ બતાવીએ છીએ. તેથી એવો ખુલાસો થાય છે કે જે નીયમ બતાવવામાં આવેલો છે તેનો તે આધાર નથી. અને બીજા ઠરાવ સબંધી અમે એમ કહીએ છીએ કે આ કામ એવું ગણી શકાતું નથી કે જેમાં માજીસ્ટ્રેટની હકુમત બાતલ થાય તે પ્રમાણે હકકનો શુધ્ધ અંતઃકરણથી દાવો ગણી શકાય માટે તે બતાવેલો ઠરાવ લાગતો નથી. સબબ તેમાં હાથ ઘાલવાને કાંઈ કારણ અમારા જોવામાં આવતું નથી.

ફોજદારી રેફરંસ.

તા૦ ૩ અપ્રેલ સને ૧૮૮૪

મી. જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ મેકલીન
સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ્ધ નવાબ જાહાન.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૮૨ નો આકટ ૧૦) ની કલમ ૨૪૮-૨૫૯-૩૪૫-૪૩૭-જીલ્લાના માજીસ્ટ્રેટનો વધારે તપાસ કરવાનો અખત્યાર તાબાના માજીસ્તરેટ સમાધાન કરવા લાયક ગુન્હો.

હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૪૪૮ પ્રમાણે આરોપ રાખ્યાની એક ફરીયાદ કરવામાં આવેલી તેમાં તોહોમતવાળાને પોલીસે પેહેલા વરગના ડેપ્યુટી માજીસ્તરેટ તરફ મોકલી દાધો, કાંઇ પણ પુરાવો લેતાં પેહેલાં તે ફરીઆદીએ તે માજીસ્ટ્રેટને જાહેર કરયું કે તે કામનું અંદર અંદર સમાધાન થઈ ગએલું છે. માટે તે બાબત આગળ કામ ચલાવવાને મારી મરજી નથી તે ઉપરથી માજીસ્ટ્રેટે એવો હુકમ લખ્યો કે "સમાધાન થઇ ગએલું છે તોહોમતવાળાને નીરદોશ ઠરાવેલો છે." ત્યાર પછી જીલ્લાના

માજીસ્ત્રેટે કલમ ૨૪૮ અને ૨૫૯ ઉપર આધાર રાખી ફો૦કા૦ ચ૦રી૦ ના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે કામ ચલાવવામાં આવે છે એવું બતાવી ડેપ્યુટી માજીસ્તરેટને હુકમ કરયો કે તે પક્ષકારોને બોલાવી રીતી શર કામ ચલાવવું.

ઠરાવવામાં આવ્યું કે કલમ ૨૪૮ અને ૨૫૯ નો આ કામ સાથે સબંધ નથી અને તોહોમતવાળાને પોલીસે ફકત મોકલી દીધેલો તેટલા ફકત કારણથી તે ગુન્હો કાયદેસર રીતે સમાધાન થઇ શકે તેવો હતો. તેનું સમાધાન કરવાને અટકાવ થતો નથી. સબબ તે સંપૂરણ રીતે તે ડેપ્યુટી માજીસ્તરેટનો હુકમ બરાબર કાયદેસર છે.

વળી ઠરાવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ત્રેટ પેહેલા વરગના માજીસ્તરેટ છે તેથી તે જીલ્લા માજીસ્ત્રેટથી તે ઉતરતા દરજાના નથી. માટે કલમ ૪૩૫ પ્રમાણે કલમ ૪૩૭ મુજબ ચાલતાં એક માજીસ્તરેટ તરફથી કામના કાગળો મંગાવવાને તે માજીસ્તરેટ ઉતરતા દરજાના ના હોય તો જીલ્લા માજીસ્તરેટને હકુમત છે. માટે તે માજીસ્તરેટનો હુકમ કાયદેર નથી. નોબીન કીસ્તો મુકરજી વીરૂધ્ધ રશીકલાલ લહાના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૫૫૧   આ રેફરંસની હકીકત નીચે પ્રમાણે છેઃ—

તા૦ ૨ ડીસંબર સને ૧૮૮૩ના રોજ એક પીરબખસે મહીનાપુરના થાણામાં પોલીસની રૂબરૂ નવાબ જાહાન ઉપર એવી ફરીયાદ કરીકે તેણે ઘર પ્રવેશ કરેલો છે. પોલીસે હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૪૪૮ પ્રમાણે તપાસ થવાને સારૂ લાલબાગના ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ તોહોમતવાળાને તા૦ ૬ ડીસંબરના રોજ મોકલી દીધો તે કામ બે વખત બંધ રાખ્યું પણ કાંઇ પુરાવ લેવામાં આવેલો નહીં હતો અને તા૦ ૨૧ ડીસેબરના રોજ તેની મુદત ઠરાવવામાં આવી પણ તા૦ ૨૦ ડીસેંબરના રોજ ડેપ્યુટી માજીસ્તરેટને પીરબખસે અરજી કરી એવું જાહેર કરયું કે આ કામની ગોઠવણ થઈ ગએલી છે. માટે તે ફરીઆદ ચલાવાની મારી મરજી નથી. આ કામ હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૪૪૮ પ્રમાણેનું હતું તેથી તે સમાધાન થવા લાયક ગુન્હાનું હતું. માટે ડેપ્યુટી માજીસ્તરેટે તેજ તારીખે એવો હુકમ લખ્યો કે સમાધાન થઇ ગએલું છે "માટે" તોહોમત વાળાને નીરદોશ ઠરાવવામાં આવેલો છે. તેથી તે તોહોમતવાળાને છોડી દેવામાં આવ્યો

જીલ્લાના માજીસ્ત્રેટે પોતાની ખાએસ ઉપરથી અગર પોલીસની ખાએસ ઊપરથી એવો સેરો લખ્યો કે જ્યારે આ કામ પોલીસે મોકલેલું હતું ત્યારે કોઇ પણ ખાનગી સખસ તે ખેંચી લે તેથી તે બંધ પાડી

શકાતુ નહી હતું અને તેમણે તે વીચારની પુષ્ટીમાં ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૪૮ અને ૨૫૯ ઉપર આધાર રાખ્યો તે ઉપરથી કલમ ૪૩૭ ના છેવટના ભાગ પ્રમાણે ડેપ્યુટી માજીસ્તરેટને એવો હુકમ કર્યો કે તે પક્ષકારોને બોલાવી તે કામ રીત સર ચલાવવું.

આ પ્રમાણે ચાલવામાં આવ્યું અને પરીણામે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો. અને તેને કેદની શીક્ષા કરવામાં આવી. આ પ્રોશીડીંગ શેશન જડજની નજરે લાવતાં તેમણે તે હાયકોરટનો હુકમ થવા સારૂ તે મોકલ્યું અને તેની સાથે હાયકોરટના રજીસ્ટાર ઉપર એક પત્ર લખ્યો તેમાંનો ઈનતેખાપ નીચે પ્રમાણે છે:—

"જીલ્લા માજીસ્ત્રેટે જે એહેવો વીચાર કરેલો છે કે તે નીરદોશનો હુકમ તે રદ કરી શકે છે તે બરોબર નથી. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે જુદી જુદી સ્થીતીની બાબતોની વ્યવસ્થા કરવામાં આવેલી છે. કલમ ૨૪૮—૨૫૯ નો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાના કલમ ૩૪૫ સાથે કાંઇ પણ સબંધ નથી. માટે તે કલમોનો વીચાર તેઉએ કરેલો છે તે બરોબર નથી. કારણ કે તે કલમો કેવળ જુદી બાબત છે. તે ગુન્હો હીદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૪૮ પ્રમાણેનો છે. અને જે સખસની મીલકત ઉપર પ્રવેશ કરવામાં આવેલો હતો તે સખશે તેનું સમાધાન કરેલું છે, માટે નીરદોશનો ઠરાવ કરવાને ડેપ્યુટી માજીસ્ત્રેટને ફરજ પડેલી હતી. નવાબ જાહાનને નીરદોશ ઠરાવવામાં આવેલો છે અને તે બરોબર ઠરાવવામાં આવેલો છે. માટે તેજ ગુન્હા વીશે તેની ફરી તપાસ થવાને તે જવાબદાર નથી. માટે તેને ગુન્હેગાર ઠરાવી શીક્ષા થઇ શકતી નથી."

આ રેફરેંસની સુનાવણી વખત કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ મીતર સાહેબે નીચે પ્રમાણે આપેલોછે:—

જીલ્લા માજીસ્ત્રેટે અવલથી તે આખર સુધી કાયદાનો ભુલ ભરેલો વીચાર કરેલો છે એમાં કાંઇ શક નથી.

પીરબખસે પીનલકોડની કલમ ૪૪૮ પ્રમાણે આરોપ રાખવાથી એક નવાબ જાહાનને તપાસ થવાં સારૂ પોલીસે મોકલેલો છે એમ જણાય છે.

ત્યાર પછી તા૦ ૧૯ ડીસેંબરના રોજ પીરબખસે તે પેહેલા વરગના માજીસ્ત્રેટને એવી અરજી કરેલી છે કે આ કામનું અંદર અંદર સમાધાન થએલું છે માટે તે આગળ ચલાવવાની મારી મરજી નથી. સબબ તે ફેંસલ કરવું જોઇએ,

તે માજીસ્ત્રેટે તે ઉપરથી તે અરજી ઉપર એવો શેરો લખ્યો કે સમાધાન થએલું છે માટે તોહોમતવાળાને નીરદોશ ઠરાવેલો છે.

કલમ ૩૪૫ સાથે જોડેલાં ટેબલના ત્રીજા ખાનામાં પીરબખશનું વરણુન કરેલું છે અને તે ટેબલના બીજા ખાનામાં તે ગુન્હાનું વર્ણુન કરેલું છે માટે તે માજીસ્ત્રેટનો તા૦ ૨૦ ડીસેંબરના રોજનો હુકમ કેવળ બરોબર અને કાયદેસર છે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૯ નો કે કલમ ૨૪૮ નો આ કામ સાથે સબંધ નથી. કારણ કે આ તપાશવાળા ગુન્હાનું સમાધાન કરવાને જે બાબતોની જરૂર છે તે તમામ કલમ ૩૪૫ માં માલમ પડે છે, અને અમારા સમજવામાં આવતું નથી કે ગમે તે હકીકત હોય પણ પોલીસે મોકલેલું કામ ખેંચી લેવાની પરવાનગી આપવાનો અખત્યાર માજીસ્ત્રેટને નથી એવો કાયદાનો હેતુ છે.

તે જીલ્લા માજીસ્તરેટનો હુકમ કલમ ૪૩૭ પ્રમાણે કરેલો હોય તેવો છે માટે જે કારણો બતાવેલાં છે તે કારણોથી તે ચાલી શકતા નથી. અને મી૦ બન્સ પેહેલા વરગના માજીસ્ટરેટ છે તેથી તે જીલ્લા માજીસ્ત્રેટથી ઉતરતા દરજ્જાના નથી. માટે તે કાયદેસર નથી. જીલ્લા માજીસ્ત્રેટને કમલ ૪૩૫ પ્રમાણે એક માજીસ્તરેટ તરફથી કામ મંગાવવાની હકુમત મળવાને તે માજીસ્ત્રેટ ઉતરતા દરજ્જાનો હોવો જોઇએ. નોબીન ફીરતો મુકરજીનો ઠરાવ જુઓ.

તા૦ ૨૦ ડીસેબર પછી જે પ્રોશીડીંગ ચલાવવામાં આવ્યું છે તે તા૦ ૨૭ ફેબરવારી સને ૧૮૮૪ ના રોજ નવાબ જાહાનને ગુન્હેગાર ઠરાવી તેને શીક્ષા કરેલી છે. તે હુકમ સુદ્ધાંત અમે રદ કરીએ છીએ.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

—o—

ફોજદારી અપીલ.

તા૦. ૧૭ એપ્રીલ સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીશ નોરીસ સાહેબોની રૂબરૂ.

જાન મહમદ અને જબાર મહમદ.

(અપીલવાળાઓ) વીરૂધ માહારાણી કેશરેહીંદ (અપીલના પ્રતીવાદી) અને વારી મીયાં વીરૂધ માહારાણી કેસરેહીંદ.

પીનલકોડની કલમ ૨૪—૨૫—૪૬૪—૪૬૭—૪૭૧.

ઠગવાન ઇરાદાથી જુઠો બનાવટનો દસ્તાવેજ ખરા તરીકે વાપરવાને એક સનંદથી આબરૂનો કીતાબ મળેલો તે સનંદ કીમતી દસ્તાવેજ નથી.

તોહોમતવાળાએ સેંટલમેન્ટ ઓફીસર તરફથી પોતાને આબરૂ મળ-વા સારૂ તે ઓફીસરની રૂબરૂ એક સનંદ ફાઇલ કરી એવા કારણથી કે તે શનંદથી આવેલો લશકરનો ખીતાબ મને મળવાને અમારો હકક છે. આ દસ્તાવેજ સાચો નહીં હતો. એવું માલમ પડયું તેથી શેશન જડજે પીનલકોડની કલમ ૪૭૧ અને ૪૬૪ પ્રમાણે તે તોહોમતવાળાને ગુન્હે-આર ઠરાવ્યો. અપીલમાં ઠરાવવામાં આવ્યું કે તે દસ્તાવેજ સાચો ન-થી, એમ જાણવા છતાં તોહોમતવાળાએ તેનો ઉપયોગ કરયો છે. એમ ધારીએ તોપણ ખોટી રીતનો ફાયદો અગર કોઇને ખોટી રીતનું નુકશાન કરવાનો તોહોમતવાળાનો ઇરાદો નહીં હતો માટે તેઓને ગુન્હેગાર ઠરા-વી શકતા નથી તેઓનો ઈરાદો સેટલમેંટ આફીસરને એવું મનાવવાનો હતો કે લશકરનો ખીતાબ મળવાનો અમારો હકક છે. તેથી ઠગવાનો ઇરા-દો થાય છે એમ કહી શકાતું નથી.

એક શનંદ ઉપરથી એક સખશને આબરૂનો ખીતાબ આપવામાં આ-વેલો હોય તે પીનલકોડના અર્થ પ્રમાણે કીમતી દસ્તાવેજ નથી.

પાનું ૫૮૪ તા૦ ૪ મારચ સને ૧૮૮૩ ના રોજ જાહાન મહમદ અને જબાંર મહમદે કાચરના સેંટલમે-ન્ટ ઓફીસરને એક અરજી આપી, તેમાં તેઓએ એવું કહેલું છે કે કા-ચરના રાજા પાસેથી અમારા બાપને "લસકર" નો ખીતાબ આપ્યાની સનદ મળેલી હતી, અને આ શનદ ગુમ થઈ ગએલી છે, માટે તેમાં તેઓએ એવું માગેલું છે કે પડોશના આબરૂદાર માણસોની તે બાબતમાં શાહેદી લેવી જોઇએ, અને તે નવા સેટલમેંટમાં અમો અરજદારનો તે હકક કબુલ કરવો જોઇએ. ત્યાર પછી તા૦ ૩૧ અગષ્ટના રોજ તેઓ એ તેવીજ મતલબની એક બીજી અરજી ફાઇલ કરેલી છે તેની સાથે એક સનંદ રજુ કરેલી છે તેમાં તેઓએ કહેલું છે. કે અમારા દાદાનું નામ છે, અને વળી તેમાં કહેલું છે કે તા૦ ૪ મારચના રોજની અરજી બરોબર નથી, તે ફાઇલ કરેલી અરજીમાં કાચરના રાજાની મોહોર હોય તે પ્રમાણે હતી.

આ બાબત ડીપ્યુટી કલેકટરની રૂબરૂ આવતાં જાહાન મહમદ અને જબાર મહમદને પીનલકોડની કલમ ૪૬૪ અને ૪૭૧ પ્રમાણેના તોહો-મત બાબત શેશન કમીટ કરવામાં આવ્યા. અને તેની સાથે એક વારી મીઆંને તેણે એક પટો સાચા તરીકે વાપરયા બાબત મોકલેલો છે; એવા કારણથી કે તે પટામાં પોતાના નામની સાથે લશકરના ખીતાબ માલુમ પડે તેવો દશકત વધારેલો હતો, અને સદરહુ પેહેલાં કહેલા બે

તોહોમતવાળાઓના હેતુ પ્રમાણેનાજ હેતુથી સેટલમેન્ટ ઓફીસરની રૂબરૂ તેણે તે ફાઈલ કરેલો છે.

શેશન જડજે આશેસરો સાથે મળતા આવી એવો ઠરાવ કરેલો છે કે કાગળના દેખાવથી જેટલો જુનો તે બતાવવામાં આવેલો છે તેટલો જુનો નથી અને એક શાચી શનંદ તે રાજાની કોરટમાં ફાઈલ કરવામાં આવી છે તે સાથે આ સનંદ મુકાબલા કરતાં તે ઉપરનો શીક્કો દેખીતો બનાવટનો છે, અને કાંઈ મળતો આવતો નથી, અને એવું ઠરાવ્યું છે કે તે સનંદ કીમતી દસ્તાવેજ છે. કારણ આ સનંદોની રૂએ તે કીતાબો તે રાજાએ કેટલાક સખસોને વેચાણ આપ્યા હતા, તેથી તે સનંદ તોહોમત વાળાએ ફાઇલ કરેલી છે તે કપટથી કરેલી છે, કારણ કે તે સનંદ તેઓ એ એવા ઇરાદાથી ફાઇલ કરેલી છે કે સેટલમેંટ આફીસર એમ માને કે તે જુઠી બનાવેલી સનંદ શાચી છે, અને તેથી તેઓને નવા સેટલમેંટમાં "લશકર" નો કીતાબ મળેછે તેથી તેઉ સાહેબ તેમને કીમતી દસ્તાવેજ જે હતો તે જુઠો બનાવટનો છે એમ તોહોમતવાળાઓ જાણુતા હતા તેમ છ તાં ખરા તરીકે તેમણે ઉપયોગ કરયો એમ ગુન્હેગાર ઠરાવી પીનલકોડ-ની કલમ ૪૭૧ અને ૪૬૪ પ્રમાણે ૧૮ માસ શખત મજુરી સાથે કેદ ની શીક્ષા કરેલી છે.

વારીસ મીઆંના ઉપર જે કામ છે તે સબંધીમાં સેશન જડજ આ-શેસરો સાથે મળતા આવ્યા અને તેમણે ઠરાવ્યું છે કે શેટલમેંટ ઓફી સરને છેતરીને તેમની પાસે એવું મનાવવું કે તેનો લશકરનો કીતાબ ક-ચારના રાજાએ કબુલ કરેલો હતો માટે તે હકની રૂએ નવા શેટલ-મેંટમાં તે કીતાબ તેનો કબુલ કરવો જોઇએ, અને તે પટો કીમતી દ-સ્તાવેજ છે તેથી તે તોહોમતવાળાને જમીન ઉપર કાયદેસર હક ગળેલો છે એ પ્રમાણે તે જુઠા દસ્તાવેજથી ઠગવાની કોશીશ કરી છે. તેથી જે દસ્તાવેજ તે જુઠો બનાવટનો છે એમ જાણુતો હતો તેમ છતાં તેણે તેનો ઉપીયોગ કરયો તેથી તેને તેમણે પીનલકોડની કલમ ૪૭૧ મી કલમ ૪૬૭ સાથે વાંચતાં ગુનેહગાર ઠરાવી તેને ૭ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા તથા રૂ ૫૦) દંડ અને તે આપવામાં કશુર કરવામાં આવે તો બીજા ૭ માસ સખત મજુરી સાથે કેદ રહેવું એવી શીક્ષા કરેલી છે.

આ બેઉ કામોમાં કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી.

કેદીઓ તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

અ નીશાનનો દસ્તાવેજ જુઠો છે એવું સાબેત કરવાને જોઇતો પુરાવ છે એમ અમારી નજરમાં આવતું નથી, સેશન જડજે રૂબકારીઓ

ઉપર આધાર રાખેલો છે. પરંતુ તે ફક્ત રજુ કરવાથી પુરાવ તરીકે ગ- ણી શકાતી નથી. તે બાતલ કરતાં ગુનહાની સાબેતીના ઠરાવનો આધા ર વીશેશે કરીને બે કારણો ઉપર રહે છે. પેહેલું કે અ નીશાંનના દ- સ્તાવેજ ઉપર જે સીકો છે તે કાચરના રાજાએ એક બીજો દસ્તાવેજ લખી આપેલો એમ સાબેત થએલું છે તે ઉપરના સીકા સાથે મુકાબલ કરતાં શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું છે કે તે બે શીકાઓ મળતા નથી. બીજું કે તે કાગળના દેખાવ ઉપરથી જણાય છે કે જેવો તે જુ નો બતાવવામાં આવેલો છે તેવો તે જુનો નથી.

અમારા અભીપ્રાય પ્રમાણે આ કારણો ગુનહાની સાબેતીના ઠરાવને પુષ્ટી કરવાને બસ નથી. તે રાજાએ પોતાનો સીકો બદલ્યો હોય અને તેથી તે શીકાઓમાં તફાવત પડે.

બીજા કારણુનો આધાર ફક્ત કલ્પના ઉપર છે. તેમ છતાં અ ની શાંનનો જે દસ્તાવેજ જુઠો બનાવટનો છે એમ કબુલ કરીએ તોપણુ અ- પીલવાળાઓ તે જુઠો છે એમ જાણુતા હતા એમ બતાવવામાં આવે- લું નથી. વળી શેશન જડજને જેવી હકીકત માલમ પડેલી છે તે તમામ તેમને ખરી રીતે માલમ પડેલી છે. એમ કબુલ કરીએ તોપણુ પીનલ- કોડ પ્રમાણે કોઇ ગુનહાના અપીલવાળાઓ ગુનેહગાર છે એમ અમારી નજરમાં આવતુ નથી. તે હકીકત ફક્ત એવી છે કે તે અપીલવાળાઓ એ સેટલમેંટ ઓફીસર તેઓનો લશકરનો ફીતાબ કબુલ કરે એવી કબુલ ત તેમની પાસેથી મેળવવાને સારૂ તેઓએ કાચરના રાજાએ એક સનંદ આપેલી હોય તેવી સનંદ રજુ કરેલી છે તે દસ્તાવેજ સાચો નથી એમ માલમ પડેલું છે. શવાલ એ છે કે આ દસ્તાવેજ ખરો નથી. એમ અ પીલવાળાઓ જાણુતા હતા તેમ છતાં શેટલમેંટ આફીસર તરફથી તેઓ નો કહેવાએલો લશકરનો ફીતાબ કબુલ કરાવવાના ઇરાદાથી તે દસ્તાવેજ વાપર્યો. એમ ધારીએ તોપણુ હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૪૭૧ પ્ર માણે અગર દેશના ગુનહા સબંધી બીજા કોઇ કાયદા પ્રમાણે તે ગુનહો છે કે નહી. શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું છે કે હીંદુસ્થાનના ફો. કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે તે ગુનેહગાર છે. જો તેઓનો ઇરાદો કપટ ભરેલો અગર બદદાનતનો તે દસ્તાવેજ વાપરવામાં ના હોય તો તેઓ હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૪૭૧ પ્રમાણે ગુનેહગાર ઠરી શક તા નથી.

"બદદયાનતથી" એ શબ્દની વાખ્યા તે કાયદાની કલમ ૨૪ મીમાં કરવામાં આવેલી છે. તે નીચેની મતલબની છે:

"હર કોઇ શખસ એકાદા સખસને ખોટી રીતે ફાયદો કરવાને અગર

બીજા સખશને ખોટી રીતે નુકસાન કરવાને ઇરાદો રાખી કાંઇ વસ્તુ કરે તો તે કરવું બદદાનતથી છે." હવે અપીલવાળાઓનો ઇરાદો કોઇ સખસને ખોટી રીતે ફાયદો અગર ખોટી રીતે નુકશાન કરવાનો નહીં હતો.

"કપટ ભરેલી રીતે" એ શબ્દની વાખ્યા તે કાયદાની કલમ ૨૫ મીમાં કરવામાં આવેલી છે. "જો એકાદો સખશ ઠગવાના ઇરાદાથી કાંઇ વસ્તુ કરે પણુ બીજી રીતે કરે નહી તો તે કપટ ભરેલી રીતે કરે છે એમ કહેવામાં આવે છે,"

આ કામમાં અપીલવાળાઓનો ઇરાદો દેખીતી રીતે એવો હતો કે શેટલમેંટ આફીશરના મનમાં એવું ખોટું મનાવવું કે તેઓનો બશકરનો કીતાબ મળવાનો હક છે. અને આવું માનવું ઉતપન કરવાને તેઓએ આ નીશાનવાળી સનંદ રજુ કરેલી છે. અને તે સનંદ સાચી માલમ પડી નથી. ઠગવાનો ઇરાદો સાથી થાય છે તેની બરોબર વાખ્યા કરયા સીવાય અમને સ્પષ્ટ જણાય છે કે આ કામમાં અપીલવાળાઓએ શેટલમેંટ આફીસરને ઠગવાના ઇરાદાથી તે સનંદ રજુ કરેલી છે એમ ઠરાવી શકાતુ નથી અને તેથી એમ કહી શકાતું નથી કે હીંદુસ્થાનના ફો. કાયદાની કલમ ૨૫ પ્રમાણે કપટ ભરેલી રીતે તે દસ્તાવેજ તેઓએ વાપરયો હતો. સબબ શેશન જડજે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૭૧ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલા છે તે સાથે અમે મળી શકતા નથી. તેમ અમારા અભીપ્રાય પ્રમાણે અપીલવાળાના તે કસથી કાંઇ બીજો ગુનહો બનતો નથી. શબબ તે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરી અપીલવાળાઓને અમે નીરદોશ ઠરાવીયે છીએ.

જષ્ટીશ મીત્તર સાહેબઃ—વારીશ મીર્આએ તેના તેજ શેશન જડજે ગુનહો સાબેત ઠરાવેલો તે ઠરાવ ઉપર અપીલ કરેલી છે. અને તેમાં કાયદાનો તેજ શવાલ ઉતપન થાય છે. નંબર ૮૭ ની અપીલમાં જે કારણો બતાવેલાં છે તે કારણોથી આ કામમાં પણુ અમારો અભીપ્રાય થાય છે કે નીચેની કોરટને જે હકીકત માલમ પડેલી છે તે શાચી માનતાં પણુ તે અપીલવાળો કોઇ ગુનહાતો ગુનેહગાર નથી, શેશન જડજે એક દસ્તાવેજ કીમતી દસ્તાવેજ ઠરાવેલો છે. તે દસ્તાવેજ વાપરયા બાબત તે અપીલવાળાને ગુનેહગાર ઠરાવેલો છે. તે તકરારી દસ્તાવેજ એક સનંદ છે. અને જેથી તે આપવામાં આવેલી તેને તેથી સદરહુ પ્રકારનો અમુક કીતાબ આપેલો છે. આવી જાતના દસ્તાવેજ અમારા અભીપ્રાય પ્રમાણે હીંદુસ્થાનના ફોજદારી કાયદામાં બતાવેલી વાખ્યા પ્રમાણે કીંમતી દસ્તાવેજ છે એમ કહ

વી શકાતું નથી. માટે આ અપીલમાં પણ અપીલવાળાના ગુનહાની સા બેતીનો ઠરાવ અમે રદ કરીએ છીએ.

અપીલો મંજુર રાખવામાં આવી.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૪ મી મારચ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ ટોટનહામ અને મી૦ જસ્ટીસ નોરીસ

સાહેબોની રૂબરૂ.

માહારાણી કૈશરેહીંદ વીરૂધ બતેશર મંડળ.

એક રજીસ્ટ્રારની રૂબરૂ કહેલી જુઠી હકીકત—રજીસ્ટર આકટ (સને ૧૮૭૭ નો ૩ જો) ની કલમ ૮૨ ની રકમ ૪ અને કલમ ૮૩ પ્રમાણે ફરીઆદ—કલમ ૭૨ અને ૭૩.

એક રજીસ્ટ્રારની રૂબરૂ અમુક કામ ચાલેલું તે દરમીઆનમાં ઇરાદા થી જુઠી હકીકત કહયા બાબત તોહોમતવાળાની તપાસ કરવામાં આવી હતી. ઠરાવવામાં આવ્યું કે તે કામ રજીસ્ટર આકટની કલમ ૭૨ પ્રમાણે ચલાવવામાં આવેલું હતું. અને કલમ ૭૩ પ્રમાણે ચલાવવું જોઇતું હતું તે પ્રમાણે ચલાવેલું નહી હતું એમ ધારીએ તોપણ રજીસ્ટરારની રૂબરૂ તો- હોમતવાળો હાજર થયો અને તે પ્રોસીડીંગના રૂપ બાબત કાંઇ હરકત તે ણે લીધી નથી. તેથી રજીસ્ટર આકટના ઠરાવ પ્રમાણે ફોજદારી તપાસના કારણસર તે ગેર શીરસ્તે થએલું દુરસ્ત થાય છે. તેમ તે આકટની કલ- મ ૭૩ પ્રમાણે અરજદારે અપીલની અરજી ઉપર આવી હકીકતને લીધે પ્રતીક્ષા કરેલી નથી. તેથી ફોજદારી કોરટની હકુમત જતી નથી.

મહારાણી વીરૂધ જેમ્સબેરી, માહારાણી વીરૂધ થામસ ફ્લેચસ, ટ રનર વીરૂધ પોષ્ટ માસ્તર જનરલ, માહારાણી વીરૂધ હુંગ તથા માહારા- ણી વીરૂધ સ્મીથના ઠરાવો પ્રમાણે ચાલવામાં આવ્યું.

વળી ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૭ ના આકટ ૩ ની રકમ ૮૨ માં ઠરાવ્યા શીવાય રજીસ્ટરના પ્રોસીડીંગમાં રજીસ્ટર અમલદારની રૂબરૂ અ મુક હકીકત સબંધીમાં ચાલેલી તપાસમાં કાંઇ પુરાવ આપવામાં આવેલો હોય તે ઉપરથી તોહોમતવાળા ઉપર માજીસ્ટ્રેટને પોતાની ખાએશથી કાંઇ આરોપ મુકવાનો અખત્યાર નથી.

પાનુ ૬૦૪ આ કામમાં એક બટેશર મંડળે દરભંગાના માહારા જાને એક કબુલત લખી આપેલી એમ કહેવામાં આવેલું છે. માટે તે દસ્તાવેજ રજીસ્ટર કરાવવાના કારણસર તે બટેસરને હાજર

થવાની અગર તેની શાહેદીની જરૂર હતી. તેથી સબ રજીસ્ટરારે તેના ઉપર સમન કરયો. અને તેણે સોગન ખાઇને તે કબુલત ઉપર સહી કરવા ની વાત ઇનકાર કરી તેથી તે રજીસ્ટર કરવાની ના કહેવામાં આવી. યોગ્ય રીતે તે માહારાજના વહીવટદારે અપીલ તરીકે રજીસ્ટરારને એક અરજી આપી તે નીચે તેણે નીચે પ્રમાણે ઇકરાર કરેલો છે. "હું ઇકરાર કરૂછું કે આ અરજીમાં જે મજકુર છે તે મારા જાણવા તથા માનવા પ્રમાણે સાચો અને ખરો છે—અબ્દુલ વાહીદ મુખત્યારની સહી". તે અરજી દાખલ કરવામાં આવી ત્યાર પછી રજીસ્ટર ઓફીસમાં તેના હાંસીઆ ઉપર સને ૧૮૮૩ ના અપીલ નંબર ૧૫ એમ લખ્યું. રજીસ્ટરારે જરૂરી બાત તપાસ કરીને તથા બટેસર મંડળ વીગરેને તપાસીને નીચે પ્રમાણે ઠરાવ કરયો. "અપીલના પ્રતિવાદીના સાક્ષીઓએ તથા તેણે પોતે આ કામો જાણીબુજીને જુઠી શાક્ષી આપી છે. એમાં અમને કીંચીતપણ શક નથી. માટે તે અપીલ પ્રમાણે હુકમ કરવામાં આવે છે અને તે કબુલત રજીસ્ટર કરવાને ફરમાવવામાં આવે છે.

બટેસરમંડળ તથા તેના છ સાક્ષીઓને આ ફેંસલાની નકલ સાથે માજીસ્ટ્રેટ તરફ મોકલવામાં આવે છે માટે તે માજીસ્તરેટની રૂબરૂ ચાલતા માસની તા૦ ૧૦ મીના રોજ તે બટેશર મંડળે હાજર થવાને સારૂ જામી ન આપવા એવો તેને હુકમ કરવામાં આવ્યો છે." પછી આ હુકમ પ્રમાણે તે તોહોમતવાળો જોઇંટ માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થયો રજીસ્ટરારની રૂબરૂ જે હકીકત જુઠી કેહેવામાં આવેલી એમ કહેવામાં આવેલું છે તે વીશે જોઇંટ માજીસ્ટ્રેટે તપાસ ચાલતાની દરમીઆનમાં સબરજીસ્ટરારની સાક્ષી લીધી અને તે સાક્ષીથી માજીસ્ટ્રેટે પોતાની ખાએશ ઉપરથી વળી તોહોમતવાળા ઉપર એવો આરોપ રાખ્યો કે તેણે સબ રજીસ્ટરારની રૂબરૂ પણ જુઠી હકીકત કહેલીછે. જયારે આ કામ ફેંસલો આપવામાં આવે એવું તઇયાર થયું ત્યારે સેશન જડજને એક એવી અરજી આપવામાં આવી છે કે આ કામના કાગળો મંગાવી તે વીશે હાય કોરટમાં રેફરંસ કરવું જોઇએ. તે શેશન જડજે હાય કોરટમાં રેફરંસ કરયું. તોહોમતવાળા તરફથી મી૦ ગ્યાસપરે તકરાર કરી કે (૧) તે આરોપની બાબતમાં તે રજીસ્ટરાર રૂબરૂનું તમામ પ્રોસીડીંગ ન્યાયની રૂઇનું નથી. કારણ કે તે અપીલ તરીકે ચાલવામાં આવેલું છે. અને સને ૧૮૭૭ ના આક્ટ ૩ની કલમ ૭૨ પ્રમાણે જેવું ચાલવું જોઇતું હતું તેવું ચલાવેલું નથી. "(૨) રજીસ્ટરારને જે અરજી આપવામાં આવેલી છે તે ઉપર કાયદા પ્રમાણે જેવી દાવાની અરજીમાં પ્રતીગ્યા કરવામાં આવેછે તેવી પ્રતીજ્ઞા કરેલી નથી. સબબ તે અમલદારની રૂબરૂનું તમામ પ્રોસીડીંગ રદબાતલ છે, (૩) સબ

રજીસ્ટરારની રૂબરૂ જુઠી સાહેદી આપેલી તે બાબતનો આરોપ રાખવા સારૂ ફરીઆદ કરવાને કાંઇ મંજુરી નથી. માટે તે તોહોમતવાળા ઉપર તે આરોપ ઘડવાને જોઇંટ માજીસ્ટ્રેટને અખત્યાર નથી.

કોરટનો ફેંસલો આ રીપોર્ટના કારણસર જેટલો જરૂર છે તેટલો નીચે પ્રમાણે છે:—પેહેલી બાબત સબંધી તકરારની દરમીયાનમાં મી૦ આસપરની તકરાર સારા આધારવાળી છે એમ વીચાર કરવાને અમારી મરજી થઇ હતી. પરંતુ તે આધારોનો વીચાર તથા તપાસ કરતાં અમારા અભીપ્રાયમાં આવે છે કે તે તકરાર ચાલી શકતી નથી. આ કામના કારણસર અમે એવું માનીએ છીએ કે રજીસ્ટરારની રૂબરૂ ચાલેલું પ્રોસીડીંગ તે આકટની કલમ ૭૨ પ્રમાણે ચલાવેલું હતું. અને કલમ ૭૩ પ્રમાણે ચાલવું જોઇતું હતું તે પ્રમાણે ચાલેલું નથી અને રજીસ્ટરારે જે સાંભળેલું છે તે અપીલ હતી. અને અરજી નહીં હતી. હવે બેશક જ્યારે તોહોમતવાળો રજીસ્ટરારની રૂબરૂ હાજર થયો ત્યારે તે આ ગેરશીરસ્તે પએલું તે બતાવી શકતો હતો અને રજીસ્ટરારને એવી અરજ કરી શકતો હતો કે કાંઇ હુકમ કરવો નહીં. અગર અપીલ કાહાડી નાંખવી જોઇએ પરંતુ તે હાજર થયો તેમ છતાં તે પ્રોશીડીંગના રૂપ બાબત તેણે કાંઇ હરકત લીધી નથી. માટે તે ગેરશીરસ્તે થએલી બાબત તેણે કબુલ રાખીછે એમ ઠરાવવું જોઇએ. આ હકીકતને લીધે અમારા અભીપ્રાયમાં આવે છે કે માહારાણી વીરૂધ બેરી, માહારાણી વીરૂધ ફ્લેચર, ટરનર વીરૂધ પોસ્ટ માસ્તર જનરલ તથા માહારાણી વીરૂધ હુંગના ઠરાવો પ્રમાણે રજીસ્ટરારની રૂબરૂની તપાસમાં તોહોમતવાળાએ જુઠી શાહેદી આપી છે એવો આરોપ તેના ઉપર યોગ્ય રીતે રાખી શકાય છે. વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે તે અપીલની અરજી કલમ ૭૩ પ્રમાણે એક અરજી છે એમ ગણતાં તે ઉપરની પ્રતીજ્ઞામાં કાંઇ ગેર શીરસ્તે થએલું તે તોહોમતવાળાએ કબુલ રાખેલું છે માટે મી૦ આસપરની બીજી તકરાર નીશફળ જાય છે. સદરહુ બતાવેલા ઠરાવો તથા માહારાણી વીરૂધ રમીઘનો ઠરાવ જુઓ.

બીજી જે તકરાર ઉઠાવવામાં આવી છે તે વીશે અમારા અભીપ્રાયમાં આવે છે કે બીજો આરોપ ઘડવાને તે જોઇંટ માજીસ્ટ્રેટને અખત્યાર નહી હતો. સબબ રજીસ્ટરારની રૂબરૂ જુઠી શાહેદી આપ્યા બાબતના ગુનાહની ફરીઆદ તેમણે અગર કલમ ૮૩ માં કહેલા કોઇ અમલદારે ઘર કરી નથી. એમ કોઇએ અગર તેમાંના એકે તે વીશે મંજુરી આપી નથી. આ કામમાં અમારો આ પ્રમાણે વીચાર છે માટે માજીસ્તરેટની રૂબરૂ જે પુરાવ છે તે બસ છે કે નહી તે વીસે અમે કાંઇ અભીપ્રાય

આપતા નથી પણ તે પુરાવ લક્ષમાં લેઇ તેમની નજરમાં યોગ્ય આવે તે પ્રમાણે તોહોમતવાળા ઉપરના પેહેલા આરોપનો તે માજીસ્ટ્રેટે ફેંસલો કરવો. બીજા આરોપ બાબતનું પ્રોસીડીંગ રદ થવુંજ જોઇએ.

વધારાનો આરોપ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ નોરીસ

સાહેબોની રૂબરૂ

જંખુશીંગ વીગરે અરજદારોની બાબતમાં.

મુદત—સને ૧૮૭૭ ના આકટ ૧૫ ની કલમ ૧૨—ફેંસલાની નકલ મળતાં જે મુદત ગએલી તે બાતલ કરવી.

અમુક સખસોને તા૦ ૨૯ મી ફેબ્રવારી સને ૧૮૮૪ ના રોજ ગુનેહગાર ઠરાવવામાં આવ્યો તેથી તા૦ ૨૫ મી મારચના રોજ ફેંસલાની નકલ મળવાને પેહેલી અરજી કરી અને તે નકલને સારૂ સ્ટાંપનો કાગળ તા૦ ૨૬ અને ૨૯ મી મારચના રોજ આપ્યો. તે નકલ તા૦ ૩૦ મીના રોજ તઇયાર થઇ અને તે કેદીઓ કે જેઓને તા૦ ૫ મારચના રોજ જામીન ઉપર છોડેલા હતા. તેમણે તા૦ ૭ એપ્રીલ સને ૧૮૮૪ રોજ પોતાની અપીલ આપી. તેમાં ઠરાવવામાં આવ્યું કે તે અપીલ દાખલ કરવી જોઇતી હતી.

પાનું ૬૪૨ તા૦ ૧૯ મી ફેબ્રવારી સને ૧૮૮૪ ના રોજ બે સખસોને બખેડો કરયા બાબત તેમને ગુનેહગાર ઠરાવી ૭ માસ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરેલી હતી. તા૦ ૫ મારચના રોજ તેઓએ એક મુખત્યારની મારફતે અરજી આપેલી તેમાં એવું કહેલું છે કે અમને ફેંસલાની નકલ મળી શકતી નથી. માટે અમે અપીલ કરી શકતા નથી. (પણ ખરી રીતે તે વખતે તેઓએ તે લેવાને કાંઇ કોસીશ કરી નહી હતી) પરંતુ જેવી અમને તે નકલ મળશે તેવી તરત અમો અપીલ કરીશું અને અમને જામીન ઉપર છોડવા જોઇએ એવી તેઓએ અરજ કરી હતી. સેશન જડજે તેમને જામીન ઉપર છોડ્યા. કેદીઓએ તે ફેંસલાની નકલ લેવાને તા૦ ૨૫ મારચના રોજ અરજી કરી. અને સ્ટાંપના કાગળો તે નકલ સારૂ તા૦ ૨૬ અને ૨૯ મી મારચના રોજ આપ્યા અને તા૦ ૩૦ મારચના રોજ તે નકલ આપવા લાયક તઇયાર થઇ, તે અપીલની અરજી ફેંસલા સાથે તા૦ ૭ એપ્રીલ

અને ૧૮૮૪ ના રોજ આપવામાં આવેલી છે. શબારડીનેંટ જડજે તે અપીલ લેવાને ના કહેલી છે તે વીશેના હુકમનો ભાગ નીચે પ્રમાણે છે "પ્રથમ દરશનીક એમ જણાય છે કે આ અપીલ મુદત બહાર છે. તે તા૦ ૨૭ મારચના રોજ આપવી જોઈતી હતી. કાયદા પ્રમાણે ત્રીશ દીવશની મુદત આપેલી છે. તે ગણવામાં કેટલાક દીવશ બાદ કરવા જોઈએ તે જોવાનુ રહે છે."

"ફેંસલાની નકલ તપાસતાં અમને માલમ પડે છે કે તે નકલ લેવાની અરજી તા૦ ૨૫ મી મારચના રોજ આપવામાં આવેલી હતી અને સ્ટાંપના જોઈતા કાગળો તા૦ ૨૬ મી અને ૨૭ મીના રોજ આપવામાં આવેલા હતા. અને તા૦ ૨૦ મીના રોજ તે નકલ આપવા લાયક તઈઆર થએલી છે. કેટલા દીવસ ત્યારે બાદ કરવાના છે.

"માહારા અભીપ્રાયમાં આવે છે કે ફકત બે દીવશ. કારણ કે જુ કરીઆત સ્ટાંપના કાગળો તેનો હેતુ તમામ જોઈએ તેટલા કાગળો તે છે. પરંતુ અપીલવાળાનો વકીલ એમ પૂછે છે કે કેટલાક કાગળો જોઈએ તે અપીલવાળો શી રીતે જાણે. હું જવાબ દઉછું કે તેને છોડવામાં આવ્યોતે તારીખથી તે નકલ લેવાને અરજી કરી તે તારીખ સુધીમાં શુમારે ત્રણ મહીના ગએલા છે. અપીલવાળો કહે છે કે મારી પાસે ખરચના પઈશા નહી હતા. પરંતુ તેણે તુરંગમાંથી તે નકલ લેવાને અરજી કરી હોતતો તે કાંઈ પણ ખરચ વગર તેને મળત. તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો ત્યાર પછી થોડા દીવસમાં નકલ મળવા અરજી કરી હોતતો અમારે કહેવું જોઈતું હતુ કે તમામ મુદત બાદ કરવાને દાવો રાખવાનો તેનો હક હતો. માટે મારા અભીપ્રાયમાં આવે છે કે તે અપીલ મુદત બાહાર છે માટે તે લેવાનું ના કહુછું.

ફો. કા. ય. રીતના કાયદાની ફરી તપાસની કલમો પ્રમાણે તે કેદીઓએ હાય કોરટમાં અરજી કરી.

તે અરજદારો તરફથી બાબુ જગતચંદર બાનરજી અને બાબુ તા૦ રકનાથ દત.

સરકાર તરફથી કોઈ હાજર નથી.

હાય કોરટનો અભીપ્રાય જસ્ટીસ મીતર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારી નજરમાં આવે છે કે તે અપીલ મુદતની અંદર હતી માટે તે રજીસ્ટર કરવી જોઈતી હતી સબબ અમે ફરમાવીએ છીએ કે સેશન જડજે તે રજીસ્ટર કરી સાંભળવી.

હુકમ ફેરવવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ મે સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મેકડોનલ્ડ અને મી૦ જસ્ટીસ ફીલ્ડ

સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ અજીર.

કબુલત–કબુલ કરવાને લાલચ—સને ૧૮૮૨ ના ફોંજદારી કામ ચ લાવવાની રીતીના આકટ ૧૦ ની કલમ ૧૬૩—પુરાવ આકટ—સને ૧૮૭૧ ના આકટ ૧ લાની કલમ ૨૪

એક ડેપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ પોલીસે એક સખસને રજુ કરેલો તેથી ડીપ્યુટી માજીસ્ટ્રેટે જે કાગળ ઉપર તેની હકીકત લખી લેવાની હતી તે કાગળમાં તે હકીકત લખતાં પેહેલાં નીચેના શબ્દો લખ્યા કે જે પોતાની રૂબરૂમાંથી પોલીસ અમલદારોને બાહાર કાહાડી તેમણે તોહોમતવાળાને મુખજુબાનથી કહેલાં હતાં. "માહારી રૂબરૂમાંથી જે પોલીશ અમલદારોએ તોહોમતવાળાને રજુ કરેલો તેઓને બાહાર કાહાડી તોહોમતવાળાને મેં ચેતવણી આપી છે કે જે તે કહેશે તે તેના વીરૂધ પુરાવ થશે. માટે તેણે જે ખરી વાત હોય તે કહેવી વધારે સારૂ છે." ઠરાવવામાં આવ્યું કે આવી ભાશા વાપરવાથી કેદીને કબુલ કરવાની લાલચ આપી એમ થાય છે. માટે આપેલી કબુલત તેના વીરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક નથી.

પાનું ૭૭૫ આ કામમાં એક અમીર ઉપર ખુનનો આરોપ રાખવામાં આવેલો છે. જયારે પોલીસે તેને ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કર્યો, ત્યારે તેણે નીચે પ્રમાણે હકીકત કહેલી છે. એટલે કે મારી ઓરતે તે દીવાલો લાવવાની ના પાડી તેથી તેણીને તેણીના વાળ પકડીને એક માંહેલા ઓરડામાં હું ખેંચી લઇ ગએલો હતો અને તેણીને લપડાક મારી હતી, અને હું જયારે દીવો લાવ્યો ત્યારે મેં મારી ઓરતને બેશુધ થએલી જોઇ તેથી મેં બીકમાં તેણીનુ એક દાઓથી ગળું કાપ્યું. અને પડોશીઓને પછી મેં કહયું કે તેણીએ પોતાનો આત્મઘાત કરેલો છે, આ હકીકતના પહેલાં માજીસ્ટ્રેટે એવી નોટ લખેલી છે કે "જે પોલીશ અમલદારોએ તોહોમતવાળાને રજુ કરેલો હતો તેઓને મારી રૂબરૂમાંથી દુર કરી મેં તેને ચેતવણી આપેલી છે કે જે તુ કહીશ તે તારા વીરૂધ પુરાવ થશે, માટે તારે સાચી વાત કહેવી એ વધારે સારૂ છે."

ત્યાર પછી તે તોહોમતવાળાને શેશન કોરટમાં બે. તોહોમતો રાખી કમીટ કરેલો છે. (અ) પીનલકોડની કલમ ૩૦૨ પ્રમાણે ખુન, (બ) પીન

લકોડની કલમ ૩૦૪ પ્રમાણે સીક્ષીણીય મનુષ્યવધનો ગુનહો કરયો. તે જડજે આસેસરોથી વીરૂધ પડી તે કબુલત ઉપર વીશેશે કરીને આધાર રાખીને કલમ ૩૦૨ પ્રમાણે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવ્યો છે, પણ હયાતી સુધી સમુદ્રપારની સીક્ષા કરેલી છે, કારણ કે તે વખતે તે તોહોમતવાળાનો મોત કરવાનો કાંઇ ઇરાદો હતો એમ સાબેત થએલું નથી, તો પણ તે જાણતો હતો કે તેથી મોત થવાનો સંભવ છે.

તે કેદીએ હાયકોરટમાં અપીલ કરી. અપીલમાં કોઇ હાજર થએલું નથી.

કોરટનો ફેંસલો જષ્ટીશ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામમાં અપીલવાળાને તેની ઓરતનુ ખુન કરયાનો ગુનેહગાર ઠરાવેલો છે તેથી હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨ પ્રમાણે હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરેલી છે.

શેશન જડજનું પ્રોશીડીંગ અમે વાંચેલું છે, તેથી અમારા અભીપ્રાયમાં આવે છે કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ ચાલી શકે તેવું નથી. માટે તે બનાવ જે રાતરે થયો તે રાત્રે તે કેદી અને તેની ઓરત એકલાં પોતાના ઘરમાં સુતેલાં હતાં. તે ઓરતનું ગળું કાપવામાં આવ્યું, અને તે કરેલી ઇજાથી લોહી વહ્યું અને તેથી તે મરણ પામી છે ફરીઆદ તરફની કલપના એવી છે કે તે કેદીએ પોતાની ઓરતનુ ગળું કાપેલું છે આ કલ્પનાને વઇદકી પૂરાવથી પુષ્ટી થતી નથી. તે વીરૂધ દેશી ડાકટરે વીચારયું છે કે તે જખમ પોતાના હાથથી કરવામાં આવેલો હશે. આવી જાતના સવાલ વીશે દેસી ડાકટરનો અભીપ્રાય ઘણો કીમતી નથી એમ હશે, પણ તેની કીંમત ગમે તે હોય પણ વઇદકી પુરાવ આવો છે તે કેદીએ તે જખમ કરેલો હતો એવી ફરીઆદ તરફની કલ્પના છે તેની પુષ્ટીમાં પ્રવીણ પ્રવીણની સાહેદી નથી, અને જે ફકત પૂરાવ કામમાં છે તે, તે કલ્પના વીરૂધ છે, અને એક કરતાં વધારે તોહોમતવાળાએ જે હકીકત કહેલીછે તે તેના લાભમાં છે. શેશન જડજે સાક્ષી સારાઇ બીબીને એવું કહેવા દીધું છે કે તોહોમતવાળાએ દરોગાને એમ કહયું હતું કે મેં મારી ઓરત પાસે જયારે મારે બહાર જઇ આરામ લેવાનો હતો, ત્યારે મેં પાણી માગ્યું. પણ તે આપવાની ના પાડી તેથી મેં એકદમ તેણીને મારી અને તે બેસુધ થઇ પડી, અને પછી મેં તેણીનું ગળું કાપ્યું. આ પુરાવ દાખલ કરવા લાયક નથી; માટે શેશન જડજે તે લખી લેવો જોઇતો નહી હતો.. તે ગુનહાની સાબેતીનો ઠરાવ મુખત્વે કરીને ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ તે તોહોમતવાળાએ જે કબુલત આપેલી કહેવામાં આવેલી છે તેના આધારથી કરવામાં આવેલો છે. આ કબુલતના પહે

માં નીચે બતાવેલી નોટ લખી લેવામાં આવેલી છે:—"તોહોમતવાળાને જે પોલીશ અમલદારોએ અમારી રૂબરૂ રજુ કરેલો તે પોલીશ અમલદારોને અમારી રૂબરૂમાંથી દુર કરીને મેં તેને એવી ચેતવણી આપેલી છે કે જે તુ કહીશ તે તારા વીરૂધ પૂરાવ ગણવામાં આવસે, માટે સાચી હકીકત તારે કેહેવી એ વધારે સારૂ છે" પહેલા વરગના માજીસ્ટ્રેટે જાણવું જોઇએ કે એક કેદીને એમ કહેવું કે તારે સાચુ કહેવું એ વધારે સારૂ છે તેથી કાયદા વીરૂધ કરયું થાય છે. (ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૬૩ જુઓ.) આવી ભાશા વાપરવાથી કબુલત દાખલ કરવા લાયક થતી નથી. એવું વારંવાર ઠરાવવામાં આવેલું છે, માટે અમારી નજરમાં આવે છે કે તે કેદીને આ લાલચ આપવામાં આવેલી છે તેથી આ કામમાં તે કબુલત રદ કરવી જોઇએ. અમારા વીચારમાં આવે છે કે તોહોમતવાળાને એમ કહેવું કે જે કાંઇ તે કહેશે તે તેના વીરૂધ પુરાવ થશે તે એક માજીસ્ટ્રેટની કોઇ ફરજનો ભાગ નથી. તે દાખલ કરવા લાયક નહી તેવી કબુલત તથા પોલીશ રૂબરૂ કહેલી બીજી એક કબુલત કારાણે રાખતાં તે કેદીને ગુનેહગાર ઠરાવી શકાય તેવો કાંઇ કાયદેસર પુરાવ રહેતો નથી. માટે અમે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે અપીલવાળાને નીરદોશ ઠરાવી છોડી દેવો. આ ફેંસલાની નકલ કમીટ કરનાર માજીસ્ટ્રેટની તરફ મોકલવી.

અપીલ મંજુર રાખવામાં આવી.

ફોજદારી રેફરંસ.

તા. ૨૬ જુન સને ૧૮૮૪

મી. જષ્ટીશ પ્રીનશેપ તથા મી. જષ્ટીશ મેકફરસન સાહેબોની રૂબરૂ.

મહારાણી કેશરેહીંદ વી. ધાનનજોય ચોધરી બીગરે

સાક્ષીઓ—સાક્ષીઓને સમન્સ કરવા તથા તેમનુ હાજર થવું—સાક્ષીઓને હાજર થવાની ફરજ પાડવી—પુરાવ—ફોજદારી કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આ. ૧૦) ની કલમ ૨૫૭

તોહોમતવાળાના કેટલાક સાક્ષીઓ ઉપર સમન્શ કરવામાં આવેલા પણ તેઓએ તપાસની તારીખે હાજર થવાને કસુર કરી. પરંતુ ડીપોટી માજીસ્ટ્રેટે તે કામની સુનાવણી બંધ રાખવાને અથવા તોહોમતવાળાના સાક્ષીઓ ઉપર નવા હુકમો તેમને હાજર થવાના કહાડવાને ના કહી, એ આ કારણથી તેઓ તમામ તે તોહોમતવાળાના મીત્રો છે, માટે જો તોહો

મતવાળાની મરજી હોય તો તેઓ કોરટમાં આવે. તે કેદીઓને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા.

ઠરાવ્યું કે તે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ થવો જોઇએ, કારણ કે તે માજીસ્ત્રેટે એક વખત સમન્સ કાહાડેલા હતા, માટે તે સાક્ષીઓને હાજર કરાવવાને તોહોમતવાળાને મદદ કરવાને તેઉ બંધાએલા હતા.

પાનુ ૯૩૧ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે ૨૪ પ્રગણાના શેશન જડજે આ રેફરંશ કરેલુ છે, તેમાં તેઉએ એવી ભલામણ કરેલી છે કે ડીપુટી માજીસ્ત્રેટનો કરેલો હુકમ કાયદેશર નથી, માટે તે રદ કરવો જોઇએ. કોરટના ફેંસલા ઉપરથી આ કામની હકીકત પ્રકતરીતે જણાય છે.

રેફરંશમાં કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છેઃ—

જબાવ તરફથી જે સાક્ષીઓને સમન્શ કરવામાં આવેલા તેમને તપાશ્યા વીના ડીપુટી માજીસ્ત્રેટે આ કામમાં તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેલો છે. તે કામની તપાસની તારીખે તે સાક્ષીઓ હાજર થયા નહીં તેથી નવા સમન્સો કહાડવાને તોહોમતવાળાએ માગેલું હતું. તે ડીપુટી માજીસ્ત્રેટે તે તપાસ બંધ રાખવાને અથવા નવા સમન્શ કાહાડવાની ના પાડી તેનું કારણ નીચે પ્રમાણે છેઃ—

"તે તમામ સાક્ષીઓ તોહોમતવાળાના મીત્રો છે, અને જો તેઉને સમન્શ મળેલો ના હોત તોપણ તેઓને હાજર કરી શકાત. 'માટે અમે અરજી મંજુર કરવાને ના પાડીએ છીએ" આ સાક્ષીઓના ઉપર એક સખત સમન્શ કાહાડયા, માટે તેઓની સાક્ષી લેવા સારૂ તોહોમતવાળાને મદદ કરવાને ના કહેવાને તે પુકત કારણ નહી હતુ. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૫૭ મી પ્રમાણે જો ડીપુટી માજીસ્ત્રેટના વીચારમાં પ્રથમજ એવું આવ્યું હોત કે આ સાક્ષીઓ ઉપર શમન્શ કરવાની દરખાસ્ત હેરાન કરવાને, અથવા વાર લગાડવાને અથવા ઇનશાફનો હેતુ પાર નહી પાડવાને કરવામાં આવેલી છે. તો, તેઓને શમન્શ કરવાને તે બીલકુલ ના પાડી શકતા હતા. પરંતુ એક વખતે શમન્શ કહાડેલા છે, માટે તે સાક્ષીઓને હાજર કરાવવામાં તોહોમતવાળાને મદદ કરવાને તેઉ બંધાએલા હતા. સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ તથા સીક્ષાનો હુકમ રદ કરવો જોઇએ, અને તે શાક્ષીઓને હાજર થવાના સમન્શો કાહાડી તે તપાશ ચલાવવી જોઇએ.

ગુનહાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ.

તા. ૧ જુલાઇ સને ૧૮૮૪

મી. જષ્ટીશ પ્રીનશેપ તથા મી. જષ્ટીશ મેકફરશન

સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વી. શાધી કાશલ વીગરે.

માફી—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ નાં આકટ ૧૦) ની કલમ ૩૩૭ મી કલમ ૩૩૮ સાથે વાંચતાં—ફકત શેશન કોરટને તપાશવા લાયક ગુનહો નહી તે.

જે કામમાં ગુનહો ફકત શેશન કોરટને તપાશવા લાયક ના હોય તેમાં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૩૮ મી પ્રમાણે શેશન જડજ તોહોમતવાળાને માફી આપી શકતા નથી.

પાનું ૯૩૬   એપ્રીલ અને મે માશના ગયાના જડજના ફોજદારી શેસનનું

• પત્રક તપાસતાં, ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૫ મી પ્રમાણે હાયકોરટે સદરહુ બતાવેલા કામના કાગળો મંગાવ્યા. તેમાં ચૌરી કાશલ અને સાધી કાશલના ઉપર પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે બદદયાતથી અમુક ચોરીનો માલ તે ચોરીનો છે એમ જાણ્યા છતાં રાખ્યા બાબત આરોપ રાખવામાં આવેલો હતો. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૩૮ મી પ્રમાણે સેશન કોરટમાં ચૌરી કાશલને માફી આપી છોડવામાં આવેલો જણાય છે, અને શાધી કાશલને બેઉ આશેશરોએ ઠરાવ્યું છે કે પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલો છે, અને તેને શેશન જડજે બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. તે કામના કાગળો જોઇ કોરટે નીચે પ્રમાણે હુકમ કરેલો છેઃ—

શેશન જડજનું પત્રક તપાસતાં તથા કામના કાગળો જોતાં અમને આ કામ જેવુ માલુમ પડેલું છે તે પ્રમાણે અમારી નજરમાં આવે છે કે અમે શેશન જડજને એટલું બતાવીએ તો બશ છે કે તે તપાસવાળા ગુનહાઓ ફકત શેશન કોરટને તપાસવા લાયક નહી હતા, માટે ચૌરી કાશલને માફી આપવાને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૩૮ પ્રમાણે શેશન જડજ મુખત્યાર નહી હતા.

ફોજદારી ફરી તપાસ.

તારીખ ૨૮ એપ્રીલ તથા તા. ૭ જુલાઇ સને ૧૮૮૪

મી૦ જષ્ટીશ વીલશન, તથા મી૦ જષ્ટીશ તોટનહામ તથા મી૦ જષ્ટીશ નોરીશ સાહેબોની રૂબરૂ.

હબીબુલા (તોહોમતવાળો) વી. મહારાણી કેશરેહીંદ (ફરીઆદી)

એક નહી તો બીજો આરોપ અને ગુનહાની સાબેતીનો ઠરાવ—જુઠી શાહેદી—પીનલકોડ (સને ૧૮૬૦ ના આ૦ ૪૫) ની કલમ ૧૯૩—ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આ૦ ૧૦) ની કલમ ૨૩૩, ૫૫૪ અને પ્રશીષ્ટ ૫, ૨૮, ૨ (૪)

એક કેદીને ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આ૦ ૧૦) ના પ્રશીષ્ટ ૫, ૨૮, ૨ (૪) માં ઠરાવેલા નમુના પ્રમાણે જુઠી સાહેદી આપ્યાનો એક નહી તો બીજો ગુનહો કરયો એવી રીતે કે એક જુબાનીમાં ન્યાયની રૂઇના કામમાં સાક્ષી તરીકે તેની ઉલટ તપાસ કરવામાં આવેલી તેમાં ફરી તપાસમાં એક બીજા વીરૂધ હકીકત કહેલી છે એવો ગુનેહગાર ઠરાવ્યો. કેઇ હકીકત જુઠી કહેલી છે તે વીશે કાંઇ ઠરાવ કરવામાં આવેલો નથી.

ઠરાવવામાં આવ્યું (જષ્ટીશ નોરીશ જુદા પડયા) કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૩૩ મીથી આ કામને અશર થતો નથી, માટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર છે.

\+ + + + * *

પાનું ૯૩૭   ડાકાના જોઇંટ માજીસ્ત્રેટની રૂબરૂ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ પ્રમાણે અરજદારને ગુનેહગાર ઠરાવેલો તે ઠરાવ અપીલમાં શેશન જડજે બાહાલ રાખેલો તે શા કારણથી રદ કરવો નહી જોઈએ તેનું કારણ બતાવવાને હુકમ કરવામાં આવ્યોછે.

આ કામની હકીકત નીચે પ્રમાણે છે:—

ડાકાના બીજા સબોરડીનેટ જડજની કોરટમાં અમુક દાવામાં અરજદારે એક જુબાની આપેલી તેમાં એક નહી તો બીજી બાબતમાં તેણે જુઠા સોગન ખાધા છે એવો તે અરજદાર ઉપર આરોપ રાખવામાં આવેલો હતો. તે દાવાઓમાં પ્રતીવાદીઓની તરફથી સાક્ષી તરીકે તેને તપાસવામાં આવેલો હતો, અને તેની ઉલટ તપાસ તા૦ ૧૨ સપટેંબરના રોજ શીરૂ કરેલી તેમાં તેમણેકબુલ કરેલું કે હીસાબના ચોપડામાં અમુક રકમો તથા અમુક કાગળો મારા હાથથી લખેલા છે. તા૦ ૧૩ સપટેંબર ના રોજ તેની ફરી તપાસ કરવામાં આવી (તેની ઉલટ તપાસ તા૦ ૧૨

મીની સાંજરે મોડી પુરી થએલી હતી) હતી અને તેની ફરી તપાસ કર તાં તે રકમો તથા કાગળો બાબત તેનુ જે કેહેવું હતુ તે વીરૂધ તેણે કહ્યું અને નકી એવા સોગન ખાધાછે કે તે મારા હાથ દસ્કતના નથી. આ એક બીજા વીરૂધ કહેલી હકીકતની બાબતમાં ફરીઆદ ચલાવવાને પરવાનગી અાપવામાં આવી હતી, અને આરોપ રાખવામા આવ્યો હતો. જોઈટ માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તેનો પોતાનુ પહેલું કહેવું હતું તે વી રૂધ કહેવાને મજબુત હેતુ હતો અને તે ભુલ કાંઇ ગફલતથી કરેલી ન થી, માટે કેઇ હકીકત જુઠી છે તેનો નીરણય કરયા વીના તોહોમતવાળા ને એકજ પ્રકારના બે આરોપો એક હીસાબના ચોપડામાંની રકમો બાબત અને બીજો કાગળો બાબત કહેલી હકીકત બાબત રાખી તેને ગુનેહગાર ઠરાવી દરેક આરોપ બાબત એક વરસ સખત મજુરી સાથે કેદની શી ક્ષા કરેલી છે.

આ ઠરાવ અપીલમાં શેશન જડજે બાહાલ રાખેલો છે.

તેથી અરજદારે હાય કોરટને પોતાનો ફરી તપાસનો અખત્યાર વાપ રી તે માજીસ્તરેટનો હુકમ રદ કરવાને તે કામના કાગળો મંગાવવા જોઇએ એવી અરજ કરી, એવા કારણથી કે જયારે એકની એક જુબાનીમાં એક બીજા વીરૂધ કહેલી હકીકત ઉપરથી આરોપ રાખવામાં આવેલો હોય ત્યારે હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ પ્રમાણે જુઠી શાહેદી આ પ્યા બાબત એક નહી તો બીજો આરોપ રાખી શકાતો નથી.

આ અરજીની સુનાવણી કરતાં તે અરજદારની તરફથી મી૦ પુગ અને મી૦ ગ્યાસપર હાજર થયા, અને કોરટે આ હુકમ કરેલો હતો.

હાય કોરટના જસ્ટીસ તોટનહામ તથા જસ્ટીસ નોરીસ સાહેબોના ડીવીઝનબેંચની રૂબરૂ આ હુકમ સુનાવણી ઉપર આવ્યો.

અરજદાર તરફથી મી૦ પુગ, મી૦ એમ. પી૦ ગ્યાસપર, બાબુદુર ગામોહનદાસ તથા બાબુ અંબીકાચરણ હતા.

સામાવાળા તરફથી ધી આડવોકેટ જનરલ (મી૦ જી. સી. પાલ) અને બાબુ ચંદ્રમાધવ ઘોઝ.

તે નિયમના વિરૂધ આડવોકેટ જનરલે કારણ બતાવવામાં માહારાણી વી૦ મશામત ઝમીરણ અને માહારાણી વી૦ મહમદ હુમાયુન શાહાના ઠરાવો બતાવ્યા.

તે હુકમના આધારમાં મી૦ પુગે હીંદુસ્થાનના કેસરેહીંદ વી૦ નીઆજ અલી, માહારાણી વી૦ મહમદ હુમાયનશાહના કામમાં જસ્ટીસ જાકશન સાહેબે કરેલો ઠરાવ અને એક આકટના દ્રષ્ટાંતોના અસરના સવાલ વીશે કામલાશચંદ્ર ઘોઝ વીરૂધ સોનાતન છંગબારૂઇના ઠરાવો બતાવ્યા. વળી

તેમણે ટેલર ઓન એવીડંસ ૭ મી આવૃતી, ૭૦૮ રોશકોઓન એવીડંસ. ૮૨૫, અને પીકસ નીસીપ્રાયસ, ૫૨ના આધારો બતાવ્યા.

ડીવીઝન બેંચના ફેંસલાઓ નીચે પ્રમાણે આપવામાં આવેલા છે તે ઉપર તકરારોથી કેવા પ્રકારની છે તે સંપુરણ રીતે જણાય છે.

જસ્ટીસ નોટનહામઃ—ડાકાના જોઇંટ માજીસ્તરેટની રૂબરૂ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ પ્રમાણે અરજદારને ગુનેહગાર ઠરાવેલો અને તે ઠરાવ સેશન જડજે અપીલમાં બાહાલ રાખેલો તે કાયદા પ્રમાણે બરોબર નથી. એ સબબથી શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ બતાવવા આ હુકમ કરવામાં આવેલો છે.

જે તોહોમત બાબત તે અરજદારને ગુનેહગાર ઠરાવેલો છે. તે એક નહી તો બીજું એવા રૂપનું છે. તેનો દાખલો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના ૫ મા પ્રશીસ્ટમાં બતાવેલો છે. અને તે આરોપ અરજદારોએ એકજ જુબાનીની અંદર એક બીજા વીરૂધ બે હકીકતો કહેલી તે વીસે છે. એક હકીકત એક દીવસે ઉલટ તપાસમાં કહેલી છે અને બીજી હકીકત બીજે દીવસે ફરી તપાસમાં કહેલી છે.

જે કારણથી હાથ ધાલી તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવાને અમારી પાસે માગવામાં આવેલું છે તે એ છે કે જયારે એકજ જુબાનીમાં તકરારી હકીકતો હોય ત્યારે એક બીજા વીરૂધ હકીકત કહેવાથી ઇરાદા પૂરવક જુઠી સાહેદી આપી તે બાબતનો એક નહીં તો બીજો એવો આરોપ કાયદેસર રીતે ધડી શકાતો નથી. પરંતુ જે કામમાં તે હકીકતો કેવળ જુદી જુદી જુબાનીઓમાં હોય ત્યારેજ ફકત તેવો આરોપ રાખવાની પરવાનગી આપી શકાય છે.

તે કાયદાના તે પ્રસીસ્ટમાં જે અમુક નમુનો બતાવેલો છે તે માજીસ્ટ્રેટની રૂબરૂની તપાસમાં અને ત્યાર પછી શેશન કોરટમાં થએલી તપાસમાં જુદી જુદી વખતે જુદી જુદી જુબાનીઓ આપેલી હોય તે સબંધી ખુલી રીતે છે. એવી તકરાર કરવામાં આવી છે કે કાયદા પ્રમાણે આ નમુના શીવાય કાંઇ નકી નથી. અને કલમ ૫૫૪ થી તેનો ઉપયોગ જુઠી શાહેદી આપ્યાનો એક નહીતો બીજો આરોપ એવા એકજ તોહોમતને માટે કરવાને અખત્યાર આપેલો છે અને એવી અરજ કરવામાં આવી છે કે તે કાયદો એવી રીતે આ તરફ ખેંચવો નહી જોઇએ કે એક જુબાનીમાં એક બીજા વીરૂધ હકીકતો કહેલી હોય તે વીશે એક નહી તો બીજો આરોપ એવું તોહોમત રાખી શકાય. માટે એવી તકરાર કરવામાં આવી છે કે આ પ્રમાણે રાખેલુ તોહોમત કાયદા પ્રમાણે બરોબર હોય તો એક વખત હકીકત ભુલથી કહે તે કોઇ શાહેદી નીરભયતાથી દુરસ્ત કરી શકે નહી

કારણ કે તેમ તે કરે તો તેના ઉપર ફરીઆદ ચાલે તેમાં તે જવાબદાર થાય અને જો ફરીઆદ ચલાવવામાં આવે તેમાં બે હકીકતોમાંથી કેઇ હકીકત જુઠી છે. એવું સાબેત કરવાનુ બંધન ફરીઆદ તરફની બાજુ ઉપર ના હોય તો તેના ગુનાહની સાબેતીનો ઠરાવ થયા વીના રહેજ નહીં.

આ બાબતમાં અમારા અખત્યારમાં જેટલો હતો તેટલો ઘણો સંભાળ ભરેલો વીચાર કરવાથી અમારો અભીપ્રાય થાયછે કે અમારી રૂબરૂ જે આરોપ છે તેમાં કાંઇ કાયદા વીરૂધ થયું નથી. અને તે ઉપરથી ગુન્હાની શાબેતીનો જે ઠરાવ કરેલો છે તે કાયદા પ્રમાણે બરોબર છે. આ દેશમાં એક કરતાં વધારે વાર ઠરાવવામાં આવેલું છે કે ઇરાદા પુરવક જુઠી શાહેદી આપ્યા બાબતના ગુન્હાનો ઠરાવ એક નહીં તો બીજો આરોપ એવું તોહોમત રાખી કેઇ હકીકત જુઠી છે તેનો નીરણય કરયા વીના થઇ શકે છે. માહારાણી વીરૂધ મશાગત ઝમીરણ અને માહારાણી વીરૂધ મહમદ હુમાયુશાના કામમાં ફુલબેંચના ઠરાવો છે, તેથી આ નીયમ કાયમ થઇ ગયેલો છે, અને કાયદાની જે રથીતી આગળ હતી તે આવા રૂપના આરોપનો ઠરાવ કરી હાલના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાએ જ્યારી રાખેલી છે, અને વીરૂધ વીચાર ઠરાવવાને અથવા તે વીચાર જે કામોમાં કેવળ જુદાં જુદાં બે પ્રોશીડીંગો હોય તેનેજ લાગુ થાય છે. એવું ઠરાવવાને કાઇ આધાર જણાતો નથી. અને ધારવા પ્રમાણે પ્રસંગને લાગતું પડે તે શીવાય થોડું કારણ છે. જે એવી તકરાર છે કે તે કાયદાના પરીસીષ્ટમાં દાખલા તરીકે જે નમુનો બતાવેલો છે તેથી જુદા જુદા પ્રોશીડીંગોમાં બે હકીકતો કહેવામાં આવેલી હોય તેની વ્યવસ્થા થાય છે માટે એકના એક પ્રોસીડીંગમાં જે હકીકતો કહેવામાં આવેલી હોય તે હકીકત સબંધી આવા નમુનાનો ઉપયોગ થઈ શકતો નથી. તે કાંઈ વજન રહેવાને હકદાર હોય એમ અમને જણાતું નથી. તે પ્રશીષ્ટમાં જે નમુના છે તેનો ઉપયોગ કલમ ૫૫૪ માં ઠરાવેલો છે તેમાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે કામોની હકીકતો પ્રમાણે જરૂર જણાય તે મુજબ તે નમુના દુરસ્ત કરવા. એકાદો શાક્ષી જુદાં જુદાં બે કામોમાં નજરમાં આવે તે પ્રમાણે એક બીજા વીરૂધ હકીકતો કહે તેજ પ્રમાણે એકના એક પ્રોસીડીંગમાં તે કહી શકે અને કોઇક વખતે કહે છે. માટે કેઇ હકીકત જુઠી છે તેનો નીરણય કરવો. જેમ એક કામમાં મૂશ્કેલ છે તેમજ બીજી બાબતમાં પણ મુશ્કેલ છે. એક કામમાં કાયદા કરનારનો ઇરાદો છુટ આપવાનો છે, પરંતુ બીજામાં ફરીઆદી ચલાવવાની પરવાનગી આપવાનો છે એવું ધારવાને અમે કાંઈ સબબ જોતા નથી. અમને ફક્ત એટલુંજ વ્યાજબી જણાય છે કે તે બેમાંથી ગમે તે

રીતની હકીકત હોય પણ શાક્ષીને તેની તે તસ્તી પડવી જોઇએ એવો ઇરાદો રાખવામાં આવેલો છે એમ સમજવું.

તે કાયદાનો જે એવો વીચાર કરવામાં આવેલો છે કે શાક્ષી એક વખત હકીકત કહે એટલે તે દુરસ્ત કરવાને અગર તેમાં ફેરફાર કરવાને પણ તે સાક્ષી નીર્ભય રહે નહી. તે તકરાર વીશે અમારી નજરમાં આવતું નથી કે કોઇક પ્રમાણીક સાક્ષીને ધાસ્તી રાખવાનું કાંઈ વ્યાજબી કારણ છે. જે કોર્ટની રૂબરૂ તેણે જુબાની આપેલી હોય તે કોર્ટે અગર ઉપરી કોર્ટે જરૂરીયાત તપાસ કરયા પછી ફરીયાદ ચલાવવાને મંજુરી આપેલી ના હોય ત્યાં સુધી તેના ઉપર ફરીઆદ ચાલી શકતી નથી અને જયાં સુધી તે બે હકીકતો જાણી બુજીને અને ઇરાદા પુરવક એક બીજા વીરૂદ્ધ કહેલી છે તે ફકત શુધ્ધ અંતઃકરણથી ભુલ દુરસ્ત કરવાને કહેલી નથી. પણ એક અગર બીજી બાબતમાં જે હકીકતને જુઠી જાણતો હતો અગર સાચી છે એમ જાણતો નહી હતો તેમ છતાં તે કહેવાને તેણે ઇરાદો રાખેલો હતો એવી ખાતરી જયાં સુધી થાય નહી ત્યાં સુધી શાક્ષી ઉપર ફરીયાદ ચલાવવાને કોઇ કોર્ટ મંજુરી આપે નહી. અને વળી જ્યારે ફરીઆદ માંડવામાં આવે ત્યારે પણ ભુલ દુરસ્ત કરવાને એક નહી તો બીજો આરોપ એવું તોહોમત રાખેલું હોય તે ઉપરથી કોઇ શાક્ષીને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. પરંતુ કોર્ટને ફકત એવી જ્યારે ખાતરી થાય કે એક અગર બીજી બાબતમાં તોહોમતવાળાએ ઇરાદા પુર્વક જુઠી શાક્ષી આપી છે ત્યારેજ તેને ગુન્હેગાર ઠરાવી શકાય છે. તે ગુન્હાગાં મુદ્દાની બાબત ઇરાદો છે. તે જેમ જુદા જુદા બે કામોમાં બતાવવામાં આવે છે તેમજ એક જુબાનીમાં જુદા જુદા વખતે એક બીજા વીરૂદ્ધ કહેવામાં આવેલું હોય તેમાં તેવો ઇરાદો હોઈ શકે છે. સબબ અમે એવો નીશ્ચે કરીએ છીએ કે જે આરોપ ઉપરથી તે અરજદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે આરોપ રાખવાને કાયદાએ પરવાનગી આપેલી છે. અને જે સખશે જાણી બુજીને જુઠી શાહેદી આપી હોય તેને કાયદાની તે સ્થીતીથી કાંઇ વીશેશ હરકત આયછે. એમ અમારા જોવામાં આવતું નથી.

માટે અમે આ હુકમ રદ કરીએ છીએ અને હુકમ કરીએ છીએ કે અરજદારને કરેલી સીક્ષા તેણે ભોગવવી.

જસ્ટીશ નોરીસ સાહેબઃ—ડાકાના બીજા સબારડીનેટ જડજે અમુક દાવાની સુનાવણી કરેલી તેમાં પ્રતીવાદીઓ તરફથી તે અરજદારને સાક્ષી તરીકે તપાસવામાં આવેલો હતો તે અરજદારની મુખ્ય તપાસ અને ઉલટ તપાસ તા૦ ૧૨ સપટેંબર સને ૧૮૮૩ ના રોજ થઇ. તે ઉલટ તપાસ સાંજરે મોડું થયું ત્યાં સુધી પુરી થએલી નહી હતી. એથી ફરી

તપાસ બીજા દીવસને સારૂ બંધ રાખવામાં આવી. ઉલટ તપાસમાં તે અરજદારે કબુલ કરયું છે કે અમુક હીસાબના ચોપડા મને બતાવ્યા. તેમાંની અમુક રકમો માહારા હાથ દશકતની છે. અને એક કાગળ કે જે-માં તેણે કબુલ કરેલું છે કે તે ઉચાપત કરયાનો ગુન્હેગાર છે. તે પણ મારા હાથ દશકતનો છે એવું પણ તેણે કબુલ કરેલું છે. તે રકમો તથા તે કાગળની બાબતમાં પ્રથમ તેણે કહેલું તે વીરૂદ્ધ તેણે પોતાની ફરી તપાસમાં કહેલું છે. અને તેમાંની કોઈ અગર એક તેના હાથ દશકતની છે. તેની તેણે નક્કી ઇનકારીયત કરેલી છે. તે અરજદાર ઉપર ફરીઆદ દાખલ કરવાને તે જડજની મંજુરી મેળવી ડાકાના કામ ચલાઉ જોઇંટ માજીસ્ટ્રેટની રૂબરૂ તેને રજુ કરેલો હતો. તેથી તેઓએ પુરાવ લેઈને નીચે પ્રમાણે તોહોમતનામું લખેલું છે. "તમો ખાજી હબીબુલ્લા ઉપર અમે નીચે પ્રમાણે આરોપ રાખીએ છીએ. તા૦ ૧૨ સપટેબર સને ૧૮૮૩ ના રોજ અગર તે અરસામાં ડાકામાં એક ન્યાયની રૂઈના કામમાં એટલે સને ૧૮૮૧ ના નંબર ૮૮ અને ૯૩ ના કામમાં શાબારડીનેટ જડજની કોરટમાં તે કામો એકઠાં તપાસવામાં આવેલાં હતાં અને તેમાં તમને પ્રતીવાદીઓ તરફથી સાક્ષી તરીકે બોલાવવામા આવ્યા હતા. તેમાં તમે પ્રતીજ્ઞા ઉપર કહેલું છે કે આંક ૯ વાળો દસ્તાવેજ માહારા હાથ દશકતનો છે તેમાં મારી શકી છે. અને તા૦ ૧૩ સપટેબરના રોજ તેજ ન્યાયની રૂઇના કામમાં તમે કહેલું છે કે આંક ૯ વાળો દસ્તાવેજ માહરા હાથ દશકતનો નથી. અને તેથી તે બેમાંની એક હકીકત જુઠી છે, એમ તમે જાણતા હતા અગર માનતા હતા. અગર તે શાચી છે એમ તમે માનતા નહીં હતા. માટે હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૧૯૩ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો આ કોર્ટને તપાસવા લાયક તમે કરેલો છે. એવો અમે આરોપ રાખીએ છીએ અને ફરમાવીએ છીએ કે આ આરોપ બાબત આ કોર્ટે તમારી તપાસ કરવી." વળી માજીસ્ત્રેટે હીસાબના ચોપડાની રકમો બાબત તે અરજદાર તરફથી બીજું તોહોમતનામું લખેલું છે. તે જોઇંટ માજીસ્ત્રેટે તે અરજદારને ગુન્હેગાર ઠરાવી દરેક તોહોમત બાબત એક વરશ સખત મજુરી સાથે કેદ એવી રીતે બે વરસ કેદની શીક્ષા કરેલી છે. તે અરજદારે શેશન જડજને અપીલ કરી તેમાં તેઓએ તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખ્યો. તેથી ફરી તપાસનો અખત્યાર વાપરતાં માજીસ્ત્રેટનો તે હુકમ રદ કરવાને તે કામના કાગળો મંગાવવા સારૂ અમને તેણે અરજ કરેલી છે એવા કારણથી કે હીં. ફો. કા. ની કલમ ૯૩ પ્રમાણે જે કામમાં એકજ જુબાનીમાં એક બીજા વીરૂધ હકીકત કહેવામાં આવેલી છે. એમ કહેવામાં આવેલું હોય તેમાં એક નહી તો બીજો આ-

રોપ એવું તોહોમત રાખવામાં આવે તો તે બરોબર નથી.

તે ગુન્હાની શાબેતીનો ઠરાવ શા વાસ્તે ફેરાવવો નહીં જોઇએ તેનું કારણ બતાવવાને અમે હુકમ કરેલો છે. તે હુકમની તકરારમાં કારણ બતાવવાને આડવોકેટ જનરલ હાજર થએલા છે. અને તે હુકમની પુષ્ટીમાં મી૦ પુગ અને મી૦ ગ્યાસપર હાજર થએલા છે. આ કામમાં અમે ઘણો સરસમાં સરસ વીચાર કરેલો છે. તેમ છતાં અમારા વીદવાન ભાઇ નોટનહામ સાથે તેમણે કરેલા નીશ્ચેમાં અમે મળી શકતા નથી, માટે અમે દીલગીર છીએ.

અમારા અભીપ્રાયમાં આવે છે કે તે હુકમ કાયમ રાખવો જોઇએ. આડવોકેટ જનરલે એવી તકરાર કરી છે કે આ બાબતનો નીશ્ચે આધારથી થાય છે. અને તેમણે બે ઠરાવો માહારાણી વીરૂધ મસાગત જમીરણ અને માહારાણી વીરૂદ્ધ મહમદ હુમાયુનશાહના અમે બતાવેલા છે. આ બેઉ ઠરાવો ફુલબેંચના છે. પેહેલો ઠરાવ એક નહીં તો બીજો આરોપ તે સબંધી સને ૧૮૬૧ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના ઠરાવ ઉપર છે. અને બીજો તેવા આરોપો સબંધી સને ૧૮૭૨ ના કાયદાના ઠરાવો ઉપર છે.

માટે જ્યાં સુધી તે ઠરાવોની હકીકત આ કામની હકીકતથી અમે જુદી પાડી શકીએ નહીં ત્યાં સુધી અમે તે ઠરાવોથી બંધાએલા છીએ. તો પણ અમે ભરૂસો રાખીએ છીએ કે જો અમે નમ્રતા પૂર્વક એમ કહીએ કે પહેલા કામમાં જસ્ટીશ નોરમન તથા જસ્ટીશ કેમબેલ સાહેબોએ શક બતાવેલો છે તેમાં અને બીજા કામમાં જસ્ટીશ જાકસન સાહેબે ફેંસલો આપેલો છે, તથા જે કારણોથી તેમણે નીશ્ચે કરેલો છે તે પ્રમાણે અમારો ફેંસલો બરોબર છે તો પણ અમે તે શકમાં ભાગ લેઇએ છીએ તો તે કેહેવું કીમત ભરેલું ગણાશે નહીં તો પણ ઉપર જે ઠરાવો બતાવેલા છે તેમાં અને આ કામમાં અવશ્યનો ભેદ છે એમ અમને જણાય છે તે બેઉ કામોમાં જે હકીકત એક બીજા વીરૂદ્ધ કહેવામાં આવેલી તે જુદી જુદી બે વખતે જુદી જુદી બે જુબાનીઓ આપેલી તેમાં કહેવામાં આવેલી હતી. માહારાણી વીરૂધ મશામત જમીરણના કામમાં પેહેલી હકીકત તા૦ ૧૪ અકટોબર સને ૧૮૬૫ ના રોજ માજીસ્ટ્રેટની રૂબરૂ કહેવામાં આવી હતી. અને બીજી હકીકત તા૦ ૧૮ ડીસેમ્બર સને ૧૮૬૫ ના રોજ શેશન જડજની રૂબરૂ કહેવામાં આવી હતી.

\+ \+ \+ \+

આ પ્રમાણે તે જડજો એક બીજા સાથે મળતા નહીં આવવાથી તે કામ મી૦ જસ્ટીશ વુલશન સાહેબ તરફ તેમની રૂબરૂ ફરીથી તક-

રાર થવા સારૂં મોકલ્યું.

મી૦ પુગ શીવાય પેહેલી રજુઆતે જે કાંનસલ હાજર હતો તેજ હાજર છે. તે હુકમની પુષ્ટીમાં મી૦ ગ્યાસપરે તકરાર કરેલી છે.

જસ્ટીશ વુલસન સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે.

જસ્ટીશ તોટનહામ અને જસ્ટીશ નોરીસ સાહેબોનો અભીપ્રાય જુદો જુદો થવાથી આ કામ અમારી તરફ મોકલેલું છે.

પીનલકોડની કલમ ૧૯૩ પ્રમાણેના ગુન્હાનો તોહોમતવાળા ઉપર આરોપ રાખી તેને ગુન્હેગાર ઠરાવેલો છે. તે આરોપ ફોજદારી કાયદાના પરીસ્ટ પા૦ ૨૮. ૨. (૪) પ્રમાણેના નમુના મુજબ રાખવામાં આવેલું છે, એવી રીતે કે એક ન્યાયની રૂઈના કામમાં તેણે શાક્ષી તરીકે બેએક બીજા વીરૂધ જુદા હકીકતો કહી તેમાં એક અગર બીજી તે જુઠી છે એમ જાણતો હતો. અગર સાચી છે એમ માનતો નહીં હતો. તે ગુન્હાની શાબેતીનો ઠરાવ તે રાખેલા આરોપ પ્રમાણે બેએક બીજા વીરૂધ કહેલી હકીકતોમાંની કોઇ હકીકત જુઠી છે તે વીશે સ્પષ્ટ ઠરાવ કરયા વીના કરેલો છે.

તોહોમતવાળા તરફથી મી૦ ગ્યાસપર હાજર થએલા છે તેમણે આ તકરારો ઉઠાવેલી છે. પેહેલી એવી તકરાર કરી છે કે હાલના કાયદા પ્રમાણે કોઇ કામમાં આવી જાતનો આરોપ અને ગુન્હાની શાબેતીનો ઠરાવ બરોબર નથી. આવા આરોપનું બળવાનપણું આ કોરટના ફુલબેંચની રૂબરૂ બે વખત આવેલું છે.

માહારાણી વીરૂધ ગસામત જમીરણના કામમાં આવો આરોપ એક વખત અગર બીજી વખતે જુઠા સોગન ખાવા એવો આરોપ ગણવામાં આવેલો છે. અને તે કારણથી તે વખતના ચાલુ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે તે બરોબર છે એમ ઠરાવવામાં આવેલું છે. જો તે બાબતનો તેવી રીતે વીચાર કરવામાં આવે તો આવા આરોપનું સને ૧૮૭૨ ના કાયદાની કલમ ૪૫૨ સાથે અગર હાલના કાયદાની કલમ ૨૩૩ સાથે સમાધાન કરવું ઘણું મશકેલ છે. કારણ કે તે પ્રમાણે અમુક કામોમાં (જેમાંનું આ કામ નથી) એક નહીં તો બીજો આરોપ રાખવાની સ્પષ્ટ રીતે પરવાનગી આપવામાં આવેલીછે તે શીવાય દરેક ગુન્હા બાબત જુદો આરોપ રાખવાની જરૂર છે.

પરંતુ માહારાણી વીરૂધ હુમાયુનશાહનો પાછળનો ફુલબેંચનો ઠરાવ છે તેમાં ચીફ જસ્ટીશ કાઉચ સાહેબે સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે આવો આરોપ બે ગુન્હાનો એક નહીં તો બીજો એવી રીતનો નથી, પણ એક ગુન્હાનો છે. અને તે સાથે જસ્ટીશ કેમ્પ સાહેબ મળતા

આવ્યા છે. અને અમારા વીચારમાં આવે છે કે જસ્ટીસ મોરીસ સાહેબના ફેંસલા સાથે જસ્ટીસ બર્ચ સાહેબ ગળતા આવેલા છે. તેમાં તથા જસ્ટીસ એઇનશલી સાહેબના ફેંસલામાં તેજ વીચાર બતાવેલો છે. બીજા બે જડજોથી કોરટનો ઘણો મત થએલો છે. તેમણે પોતાનાં કારણો બતાવેલાં નથી અમારી નજરમાં આવે છે કે જો કે કાયદાનો તે વીચાર આધારથી બાંધેલો નથી. તો પણ તે માહરેજ કરવો જોઇએ એમ નથી. માટે તે વીચાર કબુલ કરવાને અમે બંધાએલા છીએ.

જો આ પ્રમાણેછે તો કલમ ૨૩૩ થી તે કામને હરકત થતી નથી. અને તે પ્રશીસ્ટમાં જે આરોપનો નમુનો બતાવેલો છે તે કલમ ૫૫૪ થી મંજુર રાખવામાં આવેલો છે. અને તે પ્રમાણે આ કામમાં ચાલવામાં આવેલું છે. તે યોગ્ય છે અને આવાજ ગુન્હાની સાબેતીના ઠરાવમાં તે પ્રમાણે ચાલી શકાય છે. માટે અમારી નજરમાં આવે છે કે મી. ગ્યાસપારની પેહેલી તકરાર નીશફળ જાય છે.

બીજી તેમણે એવી તકરાર કરી છે કે જે કામમાં જે પૂરાવ ગણી આવતો હોય તે ઉપરથી એક બીજા વીરૂદ્ધ કહેલી બે હકીકતોમાં કેઇ શાચી છે તેનો ઠરાવ કરવાને અશકય હોય તે કામમાં હાલના રૂપનો આરોપ તથા ગુન્હાની સાબેતીના ઠરાવનો ફક્ત યોગ રીતે ઊપયોગ થઇ શકે છે. અને તેમણે આ તકરારની બાબતમાં માહારાણી વીરૂદ્ધ બેદુ, ને શીઓનો ઠરાવ બતાવેલો છે. આરોપો ઘડવામાં તથા તેની બ્યવસ્થા કરવામાં કોરટનો કુલ અખત્યાર વાપરવાને તેમાં જે કહેલું છે તે ઘણું ઉપયોગનું છે એમ અમારી નજરમાં આવે છે પરંતુ આ કામને જે કાયદો લાગુ છે તેને તે હરકત કરી શકતો નથી. તેમ તેને હરકત કરવાનો ઇરાદો પણ રાખવામાં આવ્યો નથી એમ અમારી નજરમાં આવેછે.

મી૦ ગ્યાસફૂરે ત્રીજી તકરાર એવી કરીછે કે જે કામમાં આ કામની માફક એકજ જુબાનીમાં બે એક બીજા વીરૂધ્ધ હકીકતો કહેલી હોય તેમાં તે ઠરાવેલો નીયમ લાગુ થતો નથી. એકાદો શાક્ષી પોતાની શાહેદીમાં થએલી ભુલ દુરસ્ત કરવાને પરમાણીકપણેથી મરજી રાખતો હોય તો તેને તેમ કરવામાં ફોજદારી આરોપથી અટકાવવો નહીં જોઈએ. એ ઘણી અગત્યની બાબત છે. એમાં કાંઇ શક નથી. અને એક જુબાનીમાં એક બીજા વીરૂધ્ધ હકીકતો કહેવામાં આવેલી હોય તે ઉપરથી ઉતપન્ન થતા આરોપ બાબત ખાસ સંભાલ રાખવાની જરૂર છે. અને તે પ્રમાણે જરૂર છે એમ અમારી નજરમાં આવે છે. પરંતુ નીયમ તરીકે એક જુબાનીમાં અને બે જુબાનીઓમાં એક બીજા વીરૂધ્ધ કહેવામાં આવ્યું હોય તેમાં કાંઈ જોઇતો તફાવતછે એમ અમારા જોવામાં આવતું નથી જો

એએક બીજા વીરૂધ્ધ કહેલી હકીકતોથી કલમ ૧૯૩ પ્રમાણે ગુન્હો થતો હોય તો તેમાંની એક અગર બીજી જુદી હોવીજ જોઇએ. અને એ જુદી જુદી વખતે બદદાનત ભરેલો ઇરાદો તે કહેવામાં હોવોજ જોઇએ માટે અમારી નજરમાં આવે છે કે એક વખતે તેવી હકીકતો કહેવામાં આવેતો તે એક સરખી રીતે ગુન્હો થવો જોઇએ.

આ કામ અમારી તરફ મોકલેલું છે તેમાં અમે જસ્ટીસ તોટનહામ સાહેબના વીચાર સાથે અમે મળતા આવીએ છીએ.

જસ્ટીસ વુલસન સાહેબ (જસ્ટીસ તોટનહામ મળતા આવ્યા.) તે હુકમ રદ કરવો જોઇએ પરંતુ શીક્ષાની સખત મંજુરીનો ભાગ જેટલી મુદત બંધ રાખવામાં આવેલો હોય તેટલી મુદત અસલ શીક્ષાના ભાગ તરીકે ગણુતા.

તે હુકમ રદ કરવામાં આવ્યો અને ગુન્હાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૬ જુન સન ૧૮૮૪

મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ મેકફરસન સાહેબોની રૂબરૂ.

કેસરેહીદ વીરૂદ્ધ બેપીન બીસવાસ વીગેરે.

જયુરીએ કરેલી તપાસ—જડજની હકુમત—માફી શાક્ષીની સાહેદી—પ્રસંગતરી પૂરાવ— કેટલાક કદીઓમાંના એક કેદીની કબુલત

પૂરાવના અમુક ભાગના અશર બાબત જડજ દાગની હકીકત જયુરીને શમજાવે તે વખતે તેઉ પોતાનો અભીપ્રાય બતાવી શકે છે. પણ તેમણે હમેશાં એમ કહેવાની સંભાળ રાખવી જોઇએ કે જયુરીએ પોતાનો અભીપ્રાય પોતાની મેળે બાંધવાનો છે.

એક માફી શાક્ષીએ કેટલીક હકીકતો તપાસની દરમીયાનમાં કહેલી હોય તેની વીગતમાં બરોબર મળતું આવતું હોય તેથી એકાદા કેદીને નીરભય ભરેલી રીતે ગુન્હેગાર ઠરાવવાને તે માફી સાહેદીને પુષ્ટીકાર્ક જેવા પુરાવની જરૂર છે તેવો તે પુરાવ થતો નથી.

જે વખતે કબુલતો આપવામાં આવેલી હોય તે વખતે સાથેના કેદીઓ હાજર ના હોય તો તેમના વીરૂદ્ધ તે કેદીની કબુલતો માફીની શાહેદીને એવી રીતે પુષ્ટી કરતા થતી નથી કે જેથી કરીને બીજા કેદીઓને વ્યાજબી રાહે ગુન્હેગાર ઠરાવાય.

બે તોહોમતવાળાઓની કબુલતો બીજાઓની ગેર હાજરીમાં આ પવામાં આવેલી તે બીજાઓની વીરૂધ્ધ વજનદાર નથી.

આવી કબુલતો તેમજ માફી સાહેદીઓએ કહેલી હકીકત હમેશાં દોશવાળી ગણવામાં આવે છે. કારણ કે તે સખસોની સ્થીતી એવી હોય છે કે જેથી સાધારણ રીતના શાક્ષી જેટલું તેમના ઉપર વજન રાખવાનો તેમનો હક નથી.

એકાદા તોહોમતવાળાને પ્રથમ દરશનીક ગુન્હેગાર ઠરાવવાને કાયદેશર રીતે પુક્ત પુરાવ ના હોય તો જે વખતે ગુન્હો બન્યો તે વખતે અગર તે અરસામાં તેની પોતાની હીલચાલ બાબત ખુલાશો કરવાને તે બંધાએલો નથી.

પાનું ૫૭૦ આ કામમાં અગીઆર સખસો નામે બેપીન બીસવાસ, કંજુસ મંડળ, દકીગોજ, બીદેશીગોજ, દકીદાઇ, નાદીગોજ, તીનકોરી, રાંમમંડળ, શામગોજ, ગોપીગોજ, અને સન્યાશીગોજના ઉપર એક શેશન જડજની રૂબરૂ ડેકાઇટી બાબત આરોપ રાખી તેઓની તપાશ કરવામાં આવેલી હતી. માજીસ્ટ્રેટની રૂબરૂ અસલ જે તોહોમતવાળા હતા તેમાંનો એક માફી સાહેદી થયો. અને સદરહુ બતાવેલા સખસોમાંથી બે સખસો નામે બેપીન બીસવાસ, અને કંજુ મંડળે માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલતો આપેલી છે. અને તે તેઓએ પાછળથી પાછી ખેંચી લેઇ ઇનકાર કરેલીછે. કે જયુરીનો ઠરાવ નીચે પ્રમાણે છે:—

"અમો એકમત થઈ એવો અભીપ્રાય આપીએ છીએ કે હીંદુસ્થાનના ફો૦ કાયદાની કલમ ૩૯૫ પ્રમાણે બેપીન બીસવાસ, કંજુમંડળ, દકીગોજ, અને નાદીગોજ, ડાકાઇટીના ગુન્હેગાર છે. બીજાઓને એટલે તીકોરી, રામમંડળ, શામગોજ, ગોપીગોજ અને સન્યાશીગોજને અમે નીરદોશ ઠરાવીએ છીએ. અમારા અભીપ્રાયમાં આવે છે કે બેપીન અને કંજુએ જે કબુલતો આપેલી હતી તે ખુશીથી આપેલી હતી." તે કેદીઓએ હાઇકોરટમાં અપીલ કરી.

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

૭ અપીલવાળાઓને એક જયુરીએ કરેલી તપાશમાં ડાકાઇટીના ગુન્હેગાર ઠરાવેલા છે. તેઓના વીરૂધ પુરાવમાં માફી સાક્ષીની સાહેદી તથા અમુક સાક્ષીઓ કે જેમણે એમ કહેલું છે કે તે ડાકાઇટીમાં અપીલવાળાઓને અમે ઓળખેલા હતા. તે સાહેદીઓ તે સાક્ષી છે. વળી એવો પુરાવ છે કે ચોરેલી મીલકતમાંનો કેટલોક માલ અપીલવાળાઓમાંના એક ડકીદાઇના ઘરમાંથી મળેલો છે. અને બીજા બે બેપીન અને

ફેંજુએ માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલતો આપેલી તે તેઓએ પાછળથી એં-ચી લઇ ઇનકાર કરેલી છે. જયુરીની રૂબરૂ જે સાક્ષીઓની સાહેદીઓ લેવાએલી છે તે સાક્ષીઓએ કહેલું છે કે અમે તે કેદીઓને ઓળખીએ છીએ. તે પુરાવ મુકતાં જડજે ઘણી યોગ્ય રીતે બતાવેલું છે કે જે વખતે પોલીશને તે ગુન્હા બાબત રીપોટ કરવામાં આવ્યો. તે વખતે ડાકાઇટી કોઇએ કરી એમ કોઇનું નામ દેવામાં આવેલું નથી. અને તે વાત તે ડાકાઇટી કરનારાઓમાંના કોઈને ગામના લોકોએ જો ઓળખ્યા હોત તો તે ઘણું અસંભવીત છે. વળી તેમણે કહેલું છે કે આ સાક્ષીઓએ કબુલ કરયું છે કે ડાકાઇટીના ગડબડાટમાં જેઓને તે ઓળખ્યાનું બતાવે છે તેઓને તેઓ પ્રથમથી ઓળખતા નહીં હતા.

નીચેના શબ્દોથી જડજે સારાંશમાં આ પુરાવ બતાવેલો છેઃ—

"આ પ્રમાણે ઓળખવાની બાબત ઉપર અમે કાંઇ વજન રાખી શકતા નથી. કેટલેક દરજજે એવી કલ્પનાથી ખુલાશો થઇ શકે છે કે આ સાક્ષીઓએ તે રાતરે આ શખસોને જોયા હતા. તેથી તે કોણ છે એવું નકી થયા વીના તેઓના દેખાવની સામાન્ય સમજ જે મનમાં રહેલી તેથી કેદીઓને પકડવામાં આવ્યા ત્યારે તે શમજ સાથે તેઓ મળતા આવેલા છે. અને ખરી રીતે તે સખસો કે જેમને તેઓ આગળ ઓળખતા હતા તે સખશો છે.

"તેની સાથે અમને ઘણુંજ સંભવીત જણાય છે કે જે સખસો પાછળ પડેલા તે જેઓની પાછળ પડેલા તેઓના વીશે કાંઇક વીચાર તેમને આવી રહેલો હતો. અને જે સખસોને તેઓ નામથી આગળ ઓળખતા નહીં હતા. તેઓને પોતાની બનતી શકતી પ્રમાણે અને ચોકસ રેહેવાની દરેક મરજી સાથે તેમને ઓળખવામાં આવેલા એ કોઈ રીતે અસંભવીત નથી"

જયુરીના રૂબરૂં જયુરીના વીચાર સારૂ પુરાવ બતાવવાની આ રીતી બરોબર નથી. તે બાબત જડજ પોતાનો નકી અભીપ્રાય બતાવી શકતા હતા, અને તે ઉપર હું કાંઇ વજન રાખી શકતો નથી. એવું તેમણે કહેલું છે તેથી તેમણે પોતાનો અભીપ્રાય પણ બતાવેલો છે. પરંતુ આ પુરાવ ઉપરથી જયુરીએ અભીપ્રાય બાંધવો તે પોતાની મેળે બાંધવાનો છે, એવું કહેવાને તેમણે સંભાળ રાખવી જોઇતી હતી. પરંતુ તેમણે પાછળથી જે કહેલું છે તેથી જયુરીની રૂબરૂ જે પુરાવ બતાવવામાં આવેલો છે તે નકી એવી રીતે બતાવામાં આવેલો છે કે તેથી કેદીઓને ઘણું હરકત ભરેલું થાય; એમ ગણવામાં આવેલું છે, કારણ કે આગળ કહેવામાં આવેલો છે તે પ્રમાણે ઘણો અગત્યનો વીચાર કે

રાત અંધારી હતી. અને પોલીશની તપાશની શરૂઆતમાં કોઈનું નામ તે ડાકાઇટી કરવામાં હતા, એમ દેવામાં આવેલું નથી તે વીચાર જયુરી તદન વીસરી જાય.

પરંતુ બીજી બાબતોમાં જયુરીને જડજે જે હકીકત સમજાવેલી છે. તે વીશે વધારે મજબુત હરકત છે. જે શાક્ષીઓએ અપીલવાળાઓને ઓળખેલા છે તેઓની શાહેદી આ કામમાં મુખ્ય પુરાવ નથી એ ખુલ્લું છે. તેમ છતાં જ્યુરીને જે હકીકત સમજાવવામાં આવી છે તેના રૂપ ઉપરથી જે અમે નીરણય કરી શકીએ તે પ્રમાણે જડજે પોતે અને જ્યુરીએ ડકીદાઇના ઘરમાંથી માલ મળી આવ્યો તે વીશે જે કહેવામાં આવ્યું છે તે શીવાયની બાબત ઉપર આધાર રાખવો જોઈતો હતો. તે પુરાવમાં એક મારી શાહેદીની શાક્ષી છે. અને વળી માજીસ્ટ્રેટની રૂબરૂ બેપીન અને કંજુએ બે હકીકતો કહેલી અગર કબુલતો આપેલી તે પણ અમારી રૂબરૂ છે. જડજે જ્યુરીને આ બાબતમાં એવું બતાવેલું છે કે મેળાપીની પ્રત્યંતરી પુરાવ વીનાની શાક્ષી જો તમે સંપુર્ણ રીતે માનો અને તમે ગુન્હેગાર ઠરાવા તો તે કાયદા વીરૂધ નથી."

"પરંતુ સામાન્ય રીતે આવા પુરાવ ઉપરથી ગુન્હાની શાબેતીનો ઠરાવ કરતાં પહેલાં તમારે જોવું જોઇતું હતું કે તે પુરાવની પુષ્ટીમાં બીજો મજબુત પુરાવ છે કે નહીં. અમારા અભીપ્રાયમાં આવે છે કે મારી શાક્ષી હીરાલાલે આ કોરટમાં જે હકીકત કહેલી છે તેની પુષ્ટીમાં મજબુત પુરાવ નાહોય તો તે હકીકત ઉપરથી ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવો એ નીર્ભય નથી. હવે ગઇ કાલે હીરાલાલે તમારી રૂબરૂ જે હકીકત કહી તેની પૂષ્ટીમાં આગળ તા૦ ૫ અને તા૦ ૨ એપ્રીલે તેણે બે હકીકતો તે રાતના બનાવની સંપૂરણ વીગતવાર કહેલી છે તે છે. આ હકીકતો તમામ અગત્યની લીગતની બાબતમાં એક બીજા સાથે મળતી છે. ફકત એક અગર બે હલકી બાબતો તોહોમતવાળામાંના એકે અગર બેએ તે ઘર લુટવામાં જે ભાગ લીધેલો તે સબંધાની છે તેમાં તફાવત છે. પરંતુ જયારે કોઇ સખ્સ એમ વીચાર કરે કે તે કામ કરનારાઓ કાંઇ સ્થીર ઉભાં રહેલાં નહોતાં. પરંતુ હીલચાલ અને કામમાં વળગેલાં હતાં. ત્યારે તે પ્રમાણે થાય. તો પણ તમારે એવું જોવાની અગત્ય છે કે આ ત્રણે વખતોમાંના દરેક વખતે તેણે તેની તેજ બાબત કહેલી છે."

પછી તે જડજે એક બીજા સાથે મળતી હકીકતો બતાવેલી છે. પરંતુ તેમણે તફાવત પણ બતાવેલો હતો અને તેમનું લક્ષ તે ઉપર ખેંચ્યું હતું એમ અમારા જોવામાં આવતું નથી.

કાંઇ પણ ઉલટ સુલટ થયા વિના અગર મુદ્દાની બાબતમાં તફા-

વત પડયા વિના તેની તે હકીકત ફકત વારંવાર કહેવામાં આવેલી હોય તે પણ પુરાવ આકટની કલમ ૧૫૭ પ્રમાણે તે. હકીકતના સાચાપણા બાબત કાંઈ પ્રસંતરી પુરાવ થાય છે એમ કબુલ કરવામાં આવ્યું છે, પરંતુ તે મારી શાક્ષીની સ્થિ.ી ઉપરથી તેની સ.ક્ષી દોશવાળી તરીકે ઘ- ણી અંદેસા ભરેલી ગણુવામાં આવે છે અને તે ગુન્હો કરવામાં આવ્યો તે સાથેની મુદ્દાની હકીકતની બાબતમાં તે શાચો અને ભરૂસો રાખવા લા યક તે હશે તોપણ જ્યારે તે અમૂક સખસને તે લપેટવાને આવે છે. ત્યા રે તેની સાહેદી ઘણી સખ્તવગીરીથી કબુલ કરવી જોઈએ એ વાત જડ- જને લક્ષમાં રહેલી નથી. અમુક હકીકત ચોકસ રીતે કહેલી તે કરત મા- ણસને વધારે સહેલું કાંઇ નથી, તોપણ જ્યારે અમુક સખસના કૃત્યનું જ્યારે તે વરણન કરે ત્યારે ગુન્હેગાર મીત્રને ગુન્હામાંથી બચાવવામાં આ- વે તે પ્રમાણે તેના વીશે જે ફેરફાર કરે અને નીર અપરાધી સખસને અગ ર દુશમનને ગુન્હામાં લપેટે ત્યારે તે પ્રમાણે વધારે છે.

આ કારણથી મહારાણી વીરૂધ્ધ નવા જાહાનના કામમાં જે "નીયમ ઠરાવવામાં આવેલો છે તે હમેશાં કબુલ કરવામાં આવ્યોછે. તે કામમાં જ સ્ટીસ મેકફરસન સાહેબે બતાવ્યુંછે કે "નવાબ જાહાનની વીરૂદ્ધ મારી સા ક્ષીની સાહેદી છે તેમાં વધારો થાય તેવો પ્રતંત્યરી પુરાવ કાંઇ નથી" કારણકે મેળાપીની સાક્ષી શીવાય એવો કાંઇ પૂરાવ નથી કે જે ઉપરથી કેદી ઉપર જે તોહોમત રાખવામાં આવ્યું છે તે તોહોમત વાળો ગુન્હો તેણે કરયો છે એમ માલમ પડી આવે. તે મુખ્ય ગુન્હા- ઓ કરવામાં કાઇ રીતે તેનો સબંધ હતો એવું શાબેત કરવાને સ્પષ્ટ કાંઇ નથી. આવા કામોમાં પ્રસંતરી પુરાવ શબ્દો વાપરવામાં આવે છે તેના હેતુ પ્રમાણે તોહોમતવાળા ઉપર જે ગુન્હાનો આરોપ રાખવામાં આ વ્યો છે તે ગુન્હા સાથે તે કેદીને સબંધ છે. એવું તે હકીકત ઉપરથી માલમ પડી શકતું નથી. પછી તે ઉપરથી એમ માલમ પડતું હોય કે સોબતીઓએ જે કહયું છે તેમાંનો કેટલોક ભાગ સાચો છે તેની ચીંતા નહી. વળી તેમણે માહારાણી વીરૂધ બઇકુંઠનાથ બાનરજી અને માહારા- ણી વીરૂધ મોહેશ બીસવાસ તથા માહારાણી વીરૂધ માલાપાબીન કપા- નાના ઠરાવો જડજને બતાવેલા છે. છેલા કહેલા કામમાં મુંબાઇ હાઇકોરટે મારી સાક્ષીએ ખુન થયા પછી પોતાના માબાપને થોડીકવારે જુદી જુ- દી વખતે જે હકીકતો કહેલી તે હકીકતો મારી સાક્ષીની સાહેદીની પુ- ષ્ટીમાં પ્રસંતરી પુરાવ તરીકે ગણુવાને ના કહેલી છે. પછી તે તપાસ- નીં દરમીઆનમાં અગર તે પહેલાં કહેલી હોય અને કોરટની રૂબરૂ ગ- મે તે રૂપમાં આવતી હોય તો પણ તે ફકત સોબતીની કહેલી હકીકત

છે. અને તે વારંવાર કહેવાથી તે કાંઇ શુધરતી નથી." પકડતાં પહેલાં જે હકીકત કહેવામાં આવેલી હોય તે હકીકત બાતલ થાય તે પ્રમાણે આ નીયમ વધારી લાગુ કરવો કે નહીં તે વીશે અમારે કાંઈ વીચાર કરવાની જરૂર નથી. પરંતુ તપાસ ચાલતાંની દરમીઆનમાં માફી સાક્ષીએ કેટલીક હકીકતો વીગતવાર કહેલી હોય અને તે વીગતમાં મળતી હોય તેથી અમુક કેદીને નીરભય ભરેલી રીતે અમે ગુન્હેગાર ઠરાવીએ તે કારણ સારૂ સાધારણ રીતે જેવો પ્રત્યંતરી પુરાવ અમારે જોઇએ છીએ તેવો તે પ્રત્યંતરી પુરાવ નથી.

વળી જડજે કેદી બેપીન અને કંજુને જ્યારે માજીસ્ટ્રેટે તપાસ્યા તે વખતે તેમણે જે હકીકતો કહેલી તે હકીકતો માફી સાક્ષીની સાહેદીની પુષ્ટીમાં પ્રત્યંતરી પૂરાવ તરીકે ગણવાનું જ્યુરીને કહેલું છે તે ખોટું બતાવેલું છે. આવી કહેલી હકીકતો માફી શાક્ષીની દોશવાળી શાહેદીનો કાયદેશર પ્રત્યંતરી પૂરાવ થતો નથી. મહારાણી વીરૂધ્ધ મલાપાબીન કપાના, મહારાણી વીરૂધ બુધુ નાનકુ માહારાણી વીરૂધ જાફરઅલીના ઠરાવો જુઓ આ પ્રમાણે કહેલી હકીકતો માફી સાક્ષીની સાહેદી કરતાં વધારે કીમતી નથી. વળી યાદ રાખવું જોઇએ કે જે કેદીની તપાસ ચાલતી હોય તે કેદીને માફી સાક્ષીને ઉલટ તપાસ કરવાનો ફાયદો મળે પરંતુ સહ કેદીએ જે હકીકત કહેલી હોય તે ઘણી માફી સાહેદીની સાહેદી પ્રમાણે દોશ વાળી છે. કારણ કે ઉલટ તપાસ જેવી અજમાશને તે પાત્ર થતી નથી. માહારાણી વીરૂધ નાગા. હાલ અમારી રૂબરૂ જે કામ છે. તેમાં વળી અમો બતાવીએ છીએ કે માજીસ્ટ્રેટની રૂબરૂ બેપીન તથા કંજુએ જે હકીકતો કહેલીછે તેથી બીજા કેદીઓને ગુન્હામાં લપેટવાને ઇરાદો રાખેલોછે. પણ તે હકીકતો બીજા કેદીઓની ગેરહાજરીમાં કહેલીછે માટે જેઓએ તે કહેલીછે તેમના વીરૂધ સીવાય તે કેદીઓની બાબતમાં બીલકુલ વજન રાખવું નહીં જોઇએ. એમ જ્યુરીને શાવધ કરવાને તેથીજ ફક્ત જડજે લલચાવવા જોઇતા હતા. બીજું તે શેશન જડજે તે જ્યુરીને એવું કહેવું જોઇતું નહીં હતું કે "દુશમનાઇ બતાવવાને અગર તે માફી સાક્ષીએ તથા બે કબુલ કરનાર કેદીઓએ તે બીજા કેદીઓનાં નામ જુઠાં શા વાસ્તે દેવાં જોઈએ તે બતાવવાને કાંઇ નથી. માટે કેવી હકીકત ઉપરથી તેમને કાયદેશર રીતે ગુન્હેગાર ઠરાવવા તે બસ છે. પરંતુ તેની સાથે જો બની શકે તો તોહોમતવાળાને ઓળખવાનો સ્વતંત્ર પૂરાવ જ્યુરી પાસે હોવો જોઇએ એ દુરસ્તછે"

આ પ્રમાણે જ્યુરીને બતાવવાથી તે માફી સાક્ષીની સાહેદી તથા માજીસ્ટ્રેટની રૂબરૂ તે બે કેદીઓએ કહેલી હકીકતો જેમ કોઇ સાધારણ સાક્ષીએ સાહેદી આપી હોય તે પ્રમાણે જડજે ગણેલી છે. આવી હકી-

ફતો દોશવાળી ગણવામાં આવેછે એવો હમેશાંનો રીવાજછે. કારણ કે તે હકીકત કહેનારની સ્થીતી ઉપરથી જેવું સ્વતંત્ર સાક્ષીની સાહેદી ઉપર વજન રાખી શકાયછે. તેવું તે હકીકત ઉપર રાખી શકાતું નથી. એ બાબત જોવાનું તેમને બીલકુલ રહી ગએલુંછે.

બીજુ અમારા જોવામાં એવું આવે છે કે ડાકાઈટીની રાતરે અપીલવાળાઓમાંનો એક પોતાના ઘરમાં નહી હતો. અને તે ઉલટાવવાને અગર તે નીર અપરાધી રીતે કામમાં રોકાએલો હતો એવું બનાવવાને તેણે કાંઈ પુરાવ ગુજારેલો નથી તે વીશે જડજે ટીકા કરેલીછે. આ વીચાર બતાવવા જોઇતા નહીં હતા. કારણ કે કેદી બીદેસીને તેથી ભારે હરકત થયા વીના રહે નહીં કેમકે તેને તે ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવાને પ્રથમ દર્શનીક પુકત કાયદેસર પુરાવ જ્યાં સુધી હોય નહીં ત્યાં સુધી, તેનું પોતાના ઘરમાંથી ગેર હાજર રહેવું તે માફી સાક્ષીની સાહેદીનો કાયદેસર પ્રત્યંતરી પુરાવ થતું નથી અને તેથી તેની પોતાની હીલચાલ બાબત ખુલાસો આપવાને તે બંધાએલો નથી.

સબબ શેશન જડજે જ્યુરીને એવી ખોટી રીતે બતાવ્યુંછે કે જેથી નવી તપાસ કરવાની જરૂર થાયછે એમ ઠરાવવાને અમને કાંઈ આંનાકાંની રહેતી નથી. જ્યુરીએ બેપીન અને કંજુને ગુન્હેગાર ઠરાવવાને જે ઠરાવ કરેલો છે તે ઠરાવના ખાસ શબ્દો ઉપર લક્ષ રાખતાં તેઓના ગુન્હાની શાબેતીના ઠરાવો અમારે સાધારણ રીતે બાહાલ રાખવા જોઈતા હતા. પરંતુ જડજે જે હકીકત શમજાવેલીછે તેથી તેઓને ભારે હરકત થએલી નથી. એવું ઠરાવવાને અમે શકતીવાનનથી એમ અમારા અભીપ્રાયમાં આવેછે, જેમકે શેશન જડજે જ્યુરીને કહેલુંછે કે અમે કહી શકીએ છીએ કે "જે પુરાવનો અમે વીચાર કરેલોછે તે ગમે તેમ હોય પણકંજુ અને બેપીનની બાબતમાં ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવાને તે પુશકળછે." વળી તેમણે કહયુંછે કે "પણ તેવીજ રીતે ગામના કોઇ પણ માણસોએ બેપીનનું નામ દીધું નથી. તો પણ તેના ગુન્હા બાબત પુરાવ વીશે કાંઇ પણ શક રાખી શકાતો નથી. "સાચી વાત છે કે જડજે જ્યુરીને જે હકીકત સમજાવેલી તેમાં છેવટે તેમણે કહ્યું છે કે "જો તમને કંજુ અને બેપીનની કહેલી હકીકતો ઉપર બરોબર ભરૂસો પડી શકતો હોય તો બીજો પ્રત્યંતરી પુરાવ નથી, તો પણ તેઓને તમારે ગુન્હેગાર ઠરાવવા જોઇએ." પરંતુ પ્રથમ જે વિચારો બતાવેલા અને હાલ જે બતાવવામાં આવ્યા છે તેથી તમામ વીચારો કારાણે રાખી જ્યુરીએ પોતાનો ઠરાવ કરવો એવો અસર જ્યુરીના મનમાં કેવી રીતે ના થાય તે કહેવું અશક્ય છે.

આવી હકીકતથી અમારી નજરમાં આવે છે કે તે બધાઓની તપાસ ફરીથી થવી જોઇએ.

નવી તપાસ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

અસલ ફોજદારી મુકરદમામાં.

તા૦ ૨૧ જુલાઇ સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂધ માથીયુસ.

કેદીએ પોલીસ અમલદારની રૂબરૂ ગુન્હો થાય એવી કહેલી હકીકત—પોલીસ અમલદારની શાહેદી.

એક પોલીશવાળાએ પોતાની ઉલટ તપાસમાં કહ્યું છે કે જે વખતે તમે કેદીને પકડયો તે વખતે તે કેદીએ મને કહયું હતું કે જે વખતે તે બનાવ બન્યો તે વખતે કેટલાક ચીના વાંસલા લેઇ બાહાર આવ્યા, તેની ફીર તપાસમાં તે પોલીશવાળાએ કેદીએ જે શબ્દો વાપરેલા. તેમાં તે "બનાવની વખતે" એ શબ્દોને બદલે તે "વખતે" એવા શબ્દો કહયા. અને તેને એમ પુછવામાં આવ્યું કે "કેઇ વખતે" તેનો તે કેદીએ ખુલાસો કરયો હતો કે નહીં તેના જવાબમાં તેણે કહયું હતું કે મરનારને મારયો તે વખતે.

કેદી તરફના કાંનશલે તે પૂરાવ બાબત હરકત લીધી. સ્ટાંડીંગ કાનશલે તકરાર કરેલી છે કે જે બાબત ઉલટ તપાસમાં શક ભરેલી રહેલી છે તે બાબત સફાઇ કરવાને માહરો હક છે.

ઠરાવવામાં આવ્યું કે તે પુરાવ આપી શકાતો નથી.

પાનું ૧૦૨૨ કલકતાના પ્રેશીડેન્સી માજીસ્ત્રેટે એક માથીયુસના ઉપર ખુનનો આરોપ રાખી તેને શેશન્સમાં કમીટ કરેલો છે. તપાસમાં ફરીઆદ તરફથી એક પોલીસ અમલદારને તપાસવામાં આવેલો છે. અને બચાવ તરફથી મી૦ ગ્યાસપર હાજર થએલા છે. તેમને ઉલટ તપાસમાં તેણે નીચે પ્રમાણે જવાબ આપેલો છે.

જવાબ.—જ્યારે કેદીને મે પકડયો ત્યારે મને તેણે કહયું હતું કે "તે બનાવ વખતે કેટલાક ચીનાઓ વાસલાઓ લઇ બાહર આવ્યા."

સ્ટાંડીંગ કાંનશલે (મી. ફીલીપ્સ) ફરી તપાસ કરી.

સવાલ—"બનાવ" એ શબ્દો તોહોમતવાળાએ વાપરયો હતો કે નહીં.

જવાબ—તેણે કહયું હતું કે "તે વખતે"

સવાલ—બીયો વખત તેનો તોહોમતવાળાએ ખુલાસો કરયો હતો કે નહીં.

જવાબ— તેણે કહયું હતું કે " જે વખતે મેં મરનારને મારયો તે વખતે.

મી૦ ગ્યાસપર—આ બાબત હું હરકત લેઉછું

(જસ્ટીસ ફીલ્ડ સાહેબ આ પૂરાવ આપી શકાતો નથી. અમારે જયુરીને બતાવવું જોઇએ કે આ સાક્ષી પોલીસવાળો છે માટે કેદીએ શબ્દો વાપરેલા હતા એવા શબ્દો કહીને તે કેદીને ગુન્હામાં નાંખવાને તે કાંઈ કહે તે જયુરીએ પોતાના મનમાં રાખવું નહીં)

સ્ટાંડીગ કાનશલ (મી૦ ફીલીપ્સ) આપ નામદાર સાહેબ આ બાબત મને સાંભળશો. જે શવાલ મે પુછેલો છે તેના જવાબમાં કાંઇ એવી હકીકત નીકળે કે તોહોમતવાળાઓ પોતે ગુન્હામાં આવે તેવી હકીકત અગર તેનો ભાગ થાય તો પણ તે સવાલનો જવાબ લેવાને અમારો હક છે. કોરટ યાદ રાખશે કે જે બાબત ઉલટ તપાસથી શકમાં રહેલી છે, તેની સફાઈ કરવાને આ સવાલ પુછવામાં આવેલો છે અને ફરીઆદ તરફથી કાંઇ સ્વતંત્ર તજવીજ કરવાને ઉઠાવેલી નથી. તે શાક્ષીએ અંદેસા ભરેલા શબ્દો તે વખતે "એવા વાપરેલા છે. આ શબ્દોનો બરોબર અર્થ તે કેવો કરે છે તે નકકી કરાવવાનો માહરો હકક છે. જેમકે જો તે તોહોમતવાળાએ પોલીશ અમલદારની રૂબરૂ એમ કહ્યું હોત કે "મેં મરનારને છરીથી મારી નાંખ્યો નથી, પણ એક પીસ્તોલથી મારી નાંખેલો છે. અને ઉલટ તપાસ કરનાર કાંનસલે તે શાક્ષી પાસેથી એવી હકીકત કઢાવેલી હોય કે જેમાં તેણે એવા શબ્દો વાપરયા હોય કે મેં મરનારને મારી નાંખ્યો નથી." તો તે શાક્ષી પાસેથી તોહોમતવાળાએ તે વખતે જે હકીકત કહેલી તે તમામ હકીકત કઢાવવાને ફરી તપાસમાં ફરીઆદ તરફનો હકક છે.

(જસ્ટીશ ફીલ્ડ સાહેબ—અમારા વીચારમાં આવતું નથી કે વીગતવાર શબ્દો મળવાને તમારો હક છે. વખતે તે સાક્ષી પાશે તમે એમ કહેવરાવો કે તોહોમતવાળાએ તે હકીકતની સાથે કાંઇ બીજી હકીકત કહેલી હતી. પરંતુ જે શબ્દો તેણે વાપરયા હોય તેથી ગુન્હો થાય તેવી હકીકત બનતી હોત તો તે બરોબર શબ્દો તમે મેળવી શકતા નથી. આ બાબતમાં કાયદો નકી છે.)

મી૦ ગ્યાસપર—તોહોમતવાળાએ જે હકીકત કહેલી તેનો એક ભાગ સાક્ષી આપણી રૂબરૂ કહી ચુકેલો છે. માટે જયુરીની રૂબરૂ તે તમામ હકીકત કહે એમ હું પસંદ કરૂંછું. કારણ કે તમામ હકીકત

ઉપરથી જણાય છે કે તેણે મરનારને છરીથી મારયો નથી.

(જસ્ટીશ ફીલ્ડ સાહેબઃ—અમને લાગે છે કે અમે કાંઇ પરવાનગી આપી શકતા નથી. પોલીસના કબજામાં એક તોહોમતવાળો હોય અને તેના તરફથી પોતે ગુન્હામાં આવે તે પ્રમાણે કહેવામાં આવે તો તે બાતલ કરવાને કાયદો નક્કી છે.

તા૦ ૨૨—તા૦ ૨૯—તા૦ ૩૦ જુલાઇ સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબની રૂબરૂ.

માહારાણી કૈસરેહીંદ વીરૂધ ગીરીશચંદર બાનરજી.

પુરાવ—એક ચોપડામાં રકમ નહીં હતી તે લગતી હકીકત નથી—સને ૧૮૭૨ ના આક્ટ ૧ લાની કલમ ૩૪—ફરીઆદીનો જવાબ આપવાનો હક્ક—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૨૮૯ અને ૨૯૨.

રીતસર રાખેલા હીસાબના ચોપડામાં જે ખરી રીતે જે રકમો હમેશનું કામ ચાલતાં લખવામાં આવેલી હોય તે પુરાવ આક્ટની કલમ ૩૪ માં જેટલે દરજ્જે લાગતી હકીકત તરીકે ઠરાવેલી છે તેટલે દરજ્જે તે જો કે લાગતી હકીકત છે તો પણ અમુક બાબત સબંધી કોઇ રકમ લખવામાં આવેલી ના હોય તે ઉપરથી અનુમાન કરવાને તે ચોપડો લાગતી હકીકત થતો નથી.

તોહોમતવાળાએ ફરીઆદ તરફના શાક્ષીઓની ઉલટ તપાસમાં અમુક દસ્તાવેજો વાપરેલા છે, અને તે દસ્તાવેજો તેની તરફથી પુરાવમાં રજુ કરવામાં આવેલા છે. તો પણ ફરીઆદ તરફનું કામ પુરૂં થએ તોહોમતવાળાને પુછવામાં આવે કે પુરાવ આપવાનો તારો ઇરાદો છે કે નહીં. અને તોહોમતવાળો કહે કે મારો ઇરાદો નથી તો તે દસ્તાવેજ પુરાવમાં આપવાથી ફરીઆદીનો જવાબ દેવાનો હક્ક થતો નથી.

પાનું ૧૦૨૪   હાયકોરટના એક આટરની એક મોહેંદ્રનાથ હોલદરની ખાયશ ઉપરથી આ ખાનગી ફરીયાદ માંડવામાં આવેલી છે. જે આરોપો રાખવામાં આવેલા છે તે જુઠો બનાવટનો દસ્તાવેજ, તે જુઠો બનાવટના દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરયો, અને જુઠી શાહેદી આપી એવો આરોપ રાખવામાં આવ્યો છે,

તે આરોપો એક પ્રોમીશરી નોટ તથા અમુક કાગળો ફરીઆદીના હાથ દસ્કતના હોય તે પ્રમાણેના કાગળો જે કલકતાની સ્માલકોઝ કોરટમાં સાચા હોય તેવા ઉપયોગમાં લીધેલા છે તે સબંધી આ આરોપો રાખવા

માં આવેલા છે.

ફરીયાદ તરફથી મી૦ એ. સી. મલીક.

બચાવ તરફથી મી૦ એમ. પી. ગ્યાસપર અને મી૦ ટ્રીવેલીઅન અને મી૦ રાય.

ફરીઆદીની મુખ્ય તપાસમાં તેણે એક હીસાબનો ચોપડો જોઇ કહયું છે કે:—

" આ મારો રોકડનો ચોપડો છે. તે હમેશાંની રીતી પ્રમાણે કામ ચાલતાં રાખવામાં આવેલો છે. તે મેં લખેલો છે. જે રકમો મારી પાસે આવે તથા જે રકમો હું આપુ તે તમામ આ ચોપડામાં દાખલ કરવાનો મારો રીવાજ છે. તા૦ ૨૬ અકટોબર અગર બીજા કોઇ દીવસે તોહોમ તવાળા પાસેથી મને રૂ. ૫૦૦) મળ્યા નથી."

મી૦ મલીકે તે સાહેદીને પુછ્યું—"તમારો ચોપડો જુઓ અને કહો કે તા૦ ૨૬ અકટોબર સને ૧૮૮૦ ના રોજ અગર બીજે કોઇ દીવસે તે કેદી પાસેથી તમને રૂ. ૫૦૦) મળ્યાની રકમ તેમાં છે કે નહી," અને તેમણે તે ચોપડામાં રકમ નથી એવું બતાવવાને તે ચોપડો પુરાવ તરીકે રજુ કરવા માંડયો.

મી૦ ગ્યાસપરે તે ચોપડો જે કારણસર ઉપયોગમાં લેવાનો હતો તે કારણસર દાખલ કરવાની બાબતમાં હરકત લીધી. તેમણે પુરાવ આકટની કલમ ૩૪ મી ઉપર આધાર રાખી તકરાર કરી છે કે જો કે તે કલમમાં હીસાબના ચોપડામાં લખેલી રકમ લાગતી હકીકત છે એમ ઠરાવેલું છે તોપણ તેમાં કાંઇ રકમ ના હોય તે લાગતી હકીકત ઠરાવેલી નથી. આવા પુરાવની કીમત કાંઇ નથી.

મી૦ મલીકે આ સવાલ બાબત આગ્રહ કરયો.

(જસ્ટીસ ફીલ્ડ સાહેબઃ—તે રકમ તે ચોપડામાં છે કે નહી એવું જોવાને તે કેદીને લાગ આપવાને ફરીયાદ તરફથી તે ચોપડો રજુ કરવામાં આવ્યો છે તે બેશક સારૂ છે, પરંતુ તે ચોપડામાં કાંઇ રકમ નથી. તેથી જે વ્યવહાર કહેવામાં આવેલો છે તે નાસાબેત કરવાને તે ચોપડો કાંઇ લાગતી હકીકત નથી, એમ અમારી નજરમાં આવે છે.)

તે તપાસ ચાલતાની દરમીઆનમાં મી૦ ગ્યાસપરે અમુક દસ્તાવેજો ફરીઆદ તરફના સાક્ષીઓના હાથમાં આપેલા હતા, અને ઉલટ તપાસથી તે સાબેત કરી પુરાવમાં રજુ કરેલા છે, અને કેદી તરફના કામના કાગળો તરીકે તે ઉપર નીશાન કરવામાં આવેલાં છે, અને તેની સાથે તેમણે એવું કહેલું છે કે બચાવ તરફથી કોઇ સાક્ષીને બોલાવવામાં આવ્યો નથી માટે ફરીઆદ તરફના કોનશલને તેની હકીકત બાબત તે ક

રવાથી જવાબ દેવાનો હક મળતો નથી એવી હું તકરાર કરીશ.

ફરીયાદ તરફનું કામ જ્યારે બંધ કરવામાં આવ્યું ત્યારે મી૦ આ્યા-સપરે કહ્યું છે કે હું કોઇ સાક્ષી બોલાવવાનો ઇરાદો રાખતો નથી.

ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૨ મી કલમ ૨૮૯ સાથે વાંચતાં મી૦ મલીકે તકરાર કરી છે કે સદરહુ દસ્તાવેજ કામમાં રજુ કરવાથી મારો જવાબ આપવાનો હક છે. તેમણે તકરાર કરી છે કે બચાવ તરફનો તે દસ્તાવેજોનો કેવો ઉપયોગ કરવાનો ઇરાદો છે તે બાબત ફરીઆદ તરફથી વધારે કહી શકાતું નથી.

મી૦ જ્યાસાપરને પુછવામાં આવ્યું નથી.

(જસ્ટીસ પીગ્ઉ સાહેબઃ—તમે તમારા કામની હકીકત બધી બતાવી ત્યારે તમે જાણતા હતા કે તે દસ્તાવેજો ઉલટ તપાસમાં અમુક કારણસર ઊપયોગમાં લવામાં આવેલા છે, અને તે વીશે વીચાર બતાવવાનો તમને લાગ હતો. ફો. કા ચલાવવાની રીતનો કાયદો ગુનેહગારી સબંધી કાયદો છે. માટે તે કલમોનો અરથ કરવામાં જે નીયમ લાગુ કરવાના છે તે એવો છે કે જે અરથ કેદીને ઘણોજ માફક આવે તેવો કરવો જોઇએ. આ વીચાર પ્રમાણે અમે ઠરાવીએ છીએ કે કલમ ૨૯૨ પ્રમાણે ફરીયાદ તરફથી જવાબ દેવાનો હક નથી.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૨ જુલાઇ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ તોટનહામ તથા મી૦ જસ્ટીસ નોરીસ સાહેબોની રૂબરૂ.

પુરાવ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા—સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૦—"આડીશનલ કેમીકલ એકઝામીનર."

એકાદી વસ્તુ અથવા ચીજ આડીશનલ કેમીકલ એકઝામીનર તરફ મોકલેલી તેથી તેમણે તે તપાસી તેમના હાથનો રીપોટ હોય તે સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૦ પ્રમાણે પુરાવમાં દાખલ થઇ શકતો નથી.

પાનું ૧૦૨૬ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ક. ૪૩૮ મી પ્રમાણે આ રેફરંસ કરેલું છે.

એક અઉચલ મુચી ઉપર ઢોરને ઝેર દીધાની કોશીશ કરયા બાબતનો આરોપ પીનલકોડની ક ૪૨૮, ૫૧૧ પ્રમાણે રાખવામાં આવેલો છે.

તપાસમાં તેના ઉપરનો પુરાવ એવો છે કે કેટલાંક ઢોરોને વાંસ

નાં પાદડાં ખવરાવતાં તેને જોવામાં આવેલો છે. તે ગામના રેહેવાશીઓએ તેના ઉપર અંદેશો લાવી તેની ઝડતી લીધી અને તેની પાસેથી એક નહાનું પાકીટ મળ્યું તેમાં કાંઇ સફેત ભુકો હતો. પછી એવું સાબેત થએલુ છે કે જે પાકીટ તેની પાસેથી માલુમ પડેલું તે કલકતામાં કેમીકલ એકઝામીનર તરફ મોકલવાને તે જગાના સીવીલ સરજન તરફ મોકલવામાં આવેલું હતું, પ્રરંતુ જે પાકીટ કોરટમાં રજુ કરવામાં આવેલું છે તેનો જે પાકીટ શીવીલ સરજન તરફ મોકલવામાં આવેલું તે સાંથે કાંઇ સબંધ નથી. અને જે રીપોટમાં તે રજુ થએલ પાકીટ તપાસ્યા બાબત વીગત બનાવી છે તે એક સખસ જે "આડીશનલ કેમીકલ એકઝામીનર" કહેવાય છે તેની સહીનો છે.

તે ડીપુટી માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે તે કેદી ગુનેહગાર છે, તેથી તેના બે રૂપીઆ દંડ કરયા.

જીલા માજીસ્તરેટે ડીપુટી માજીસ્તરેટનો ખુલાસો માગીને તે કામમાં હાય કોરટમાં રેફરંસ કરેલું છે.

રેફરંસમાં કોઇ હાજર થએલું નથી.

કોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે છે:—

આ કામમાં ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ. માટે જો દંડ વસુલ આપવામાં આવેલો હોય તો, તે પાછો આપવો. કામના કાગળોમાં એવો કાંઇ પૂરાવ નથી કે જે ઉપરથી કલકતામાં કેમીકલ એકઝામીનરને જે પાકીટ મળેલું હતું તેજ પાકીટ તે કેદી પાસેથી લીધેલું હતું એવું માલમ પડે. તે પાકીટ શીવીલ સરજનની પાસેથી માલુમ પડેલું હતુ અને બીજા કોઇ પાસેથી માલુમ પડેલું નથી. શીવીલ સરજનને શા માટે બોલાવવામાં આવ્યા નથી તે અમારા સમજવામાં આવતું નથી. પરંતુ તે પાકીટ તેજ છે એમ સાબેત થએલું હોય તોપણ જે સરટીફીકેટ તપાસમાં રજુ કરવામાં આવેલું છે તે પુરાવમ દાખલ કરવા લાયક નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૦ મીમાં ઠરાવવામાં આવેલું છે કે જે રીપોટ કેમીકલ એકઝામીનર અથવા આશીસટંટ કેમીકલ એકઝામીનરના હાથનો હોય તેનો કોઇ પણ તપાસમાં ઉપયોગ થઇ શકે છે. આ કામમાં જે સરટીફીકેટ છે તે એક સખસ જે "આડીશનલ કેમીકલ એકઝામીનર" કહેવાય છે તેનુ સહી કરેલું છે, માટે એક રદી કાગળના કરતાં વધારે કીમતી નથી,

હાલ જેવા સરટીફીકેટનો વીચાર કરવામાં આવે છે તેવું સરટીફીકટ રજુ કરવામાં આવે તો ભારે ગેર ઇનશાફ થાય. સ્થાનીક સરકાર વખતે હીંદુસ્થાન સરકારને એવી અરજ કરી શકે છે કે "આડીશનલ કેમીકલ

એકઝામીનર" એવા શબ્દો તે કલમ ૫૧૦ મીમાં દાખલ કરી તે દુરસ્ત કરવી જોઇએ.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૩૧ જુલાઇ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ તોટનહામ અને મી૦ જસ્ટીસ નોરીશ

સાહેબોની રૂબરૂ.

જીબન કીસ્તોરોય વીગરે (અરજદારો) વી૦ સીબચંદ્રદાસ

(સાંમાવાળા)

તોહોમતવાળાને છોડી દેવો—વધારે તપાસ કરવાનો અખત્યાર—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૨૫૩, ૪૩૭.

યોગ્ય કોરટની રૂબરૂ એક તોહોમતવાળાની સંપુરણ તપાસ થયા પછી જો વધારે પુરાવ માલુમ પડી આવે નહી તેનો છુટવાનો કાયદો મળવાનો હકછે, માટે મુખત્યારકોરટની રૂબરૂ જે કામમાં સંપુરણ તપાસ થએલી હોય અને કાંઇ વધારે પુરાવ માલમ પડેલા ના હોય ત્યારે માજીસ્તરેટે તોહોમતવાળાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૩ મી પ્રમાણે છોડી દીધો હોય તો તે કાયદાની કલમ ૪૩૭ મી પ્રમાણે જીલા જડજે તે કામમાં વધારે તપાસ કરવાનો હુકમ કરેલો હોય તે ફક્ત એવા કારણથી તેમના અભીપ્રાય પ્રમાણે તે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવાને જે પુરાવ દાખલ કરવામાં આવેલો છે તે બસ છે તો તે કાયદા પ્રમાણે નથી.

પાનું ૧૦૨૭ એક કામમાં ડીપુટી માજીસ્તરેટે તપાસ કરેલો તેમાં પરીણામે તોહોમતવાળાને છોડી દીધેલો હતો. તેમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૭ મી પ્રમાણે વધારે તપાસ કરવાને હુકમ જીલા જડજે હુકમ કરેલો તે રદ કરવાને આ એક અરજી કરવામાં આવી છે, એક જમીનના કબજા બાબત તકરાર છે તેમાં પ્રવેશ કરયા બાબત તથા અમુક કરસણ તેમાંથી ગેરકાયદે કાપ્યા બાબતનું આ કામ છે ડીપુટી માજીસ્ત્રેટે ફરીઆદ તરફનો પુરાવ નહી માનતાં તે કામ કાઢી નાંખી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૫૩ મી પ્રમાણે તોહોમતવાળાને છોડી દીધો.

તે ઉપરથી પ્રોસીક્યુટરે જીલા જડજને અરજી કરી. તેમાં તેઓએ

એવો નીશ્ચય કરેલો છે કે તોહોમતવાળાના વીરૂધ પ્રથમ દરશનીક રીતે હકીકત સાબેત થએલી છે. માટે તોહોમતવાળાઓનો બચાવ પુછવો જોઇતો હતો. વળી ફરીઆદ તરફના પુરાવના વજનનો ખુલાસો કરવાને માજીસ્ટ્રેટનો હુકમ લાંબો અને શ્રમ ભરેલો છે એવું તેમણે ગણેલું છે, કારણ કે ફરીયાદ તરફનો પુરાવ રદ કરવાને કાંઇ છે નહી, માટે તેથી ખુલ્લી રીતે તે હકીકત શાબેત થએલી છે, એમ સ્પષ્ટ રીતે તેમના વીચારમાં આવેલું છે. માટે તેમના વીચારમાં આવ્યું છે કે વધારે તપાસ થવો જોઇએ અને તે કરવાને કલમ ૪૩૭ મી પ્રમાણે હુકમ કરવો જાઇએ.

આ છેવટનો હુકમ રદ કરવાને તોહોમતવાળાએ હાય કોરટમાં અરજી કરી છે.

અરજદાર તરફથી બાબુ અંબીકાચરણ બોઝ હાજર છે.

શામાવાળા તરફથી કોઇ હાજર નથી.

હાય કોરટનો ફેંસલો જસ્ટીસ તોટનહામ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે.

અમારી નજરમાં આવે છે કે આ કામમાં શેશન જડજે વધારે તપાસ કરવાને જે હુકમ કરેલો છે તે કાયદા પ્રમાણે નથી. એવું અમને જણાય છે કે કાયદા પ્રમાણે જે કામમાં સંપુરણ તપાસ થએલી ના હોય અને વધારે પુરાવ માલુમ પડતો હોય તેજ ફકત કામમાં વધારે તપાસ કરવાને કાયદામાં પરવાનગી આપેલી છે. તે જડજને એવી અરજી કરવામાં આવી છે કે તે એવી મતલબની છે કે ડીપુટી માજીસ્ટ્રેટે તે કામમાં જે પુરાવ લીધો છે તે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવાને બસ છે, માટે તે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવો જોઇતો હતો. શેશન જડજે અરજદારના અભીપ્રાયને પુસ્ટી કરેલી જણાય છે અને તે કારણથી તેમણે વધારે તપાસ કરવાને હુકમ કરેલો છે. મુખત્યાર કોરટે સંપુરણ તપાસ કરીને તે તોહોમતવાળાને છોડી દીધો છે, માટે જો બીજો પુરાવ જો માલુમ પડેલો ના હોય તો તેનો છુટવાનો ફાયદો મળવાનો હક છે.

માટે શેશન જડજનો હુકમ રદ કરવામાં આવશે અને પ્રોસીડીંગ બંધ પાડવામાં આવશે.

હુકમ રદ કરવામાં આવ્યો અને પ્રોસીડીંગ બંધ પાડવામાં આવ્યું.

તા૦ ૧૪ અગસ્ટ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ પીગટ સાહેબોની રૂબરૂ.

બંગાળા સરકાર (અરજદાર લીગલરી મેંમબ્રસરની મારફત) વી૦ પરમેશર મલીક સાંમાવાળો.

સ્થાનીક સરકારે કરેલી અપીલ—જુરીના ઠરાવ ઉપરથી હકીકતની બાબતમાં અપીલ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૪૧૭, ૪૧૮, ૪૨૩.

જયારે જુરીએ ઠરાવ કરેલો હોય ત્યારે ફકત હકીકતની બાબતમાં નીરદોશના ઠરાવ ઉપર સ્થાનીક સરકારની ખાયશ ઉપરથી (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના ઠરાવ પ્રમાણે અપીલ ચાલતી નથી, કારણ કે તેવી અપીલ ચાલવાને કલમ ૪૧૮ પ્રમાણેના કારણની તેને પૃષ્ટી થએલી હોવી જોઇએ.

પાનું ૧૦૨૯ એક અપીલ દાખલ કરવાને સ્થાનીક સરકારે આ એક અરજી કરી છે.

સ્થાનીક સરકાર તરફથી મી૦ લીચે (ડીપુટી લીગલરી મેમબ્રનશર) કહેલું છે કે આ કામની તપાસ જુરીએ કરેલી છે, અને તે અપીલનો આધાર તદન હકીકતના સવાલો ઉપર છે. આ અરજી એવી હકીકતથી કરવામાં આવી છે કે જે કામોમા જુરીએ ભુલ ભરેલો ઠરાવ કર્યો હોય એવી સમજથી કરેલો હોય કે જો સ્થાનીક સરકારની નજરમાં ગોગ્ય આવે તો, તે સરકાર અપીલ કરી શકે છે તો, તેમાં ફોજદરી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૭ ના ઠરાવ પ્રમાણે ચાલવાને સેશન જડજો વારંવાર છોડી દે છે. માટે નામદાર સાહેબોને નીરણય કરવાનો છે કે સને ૧૮૮૨ ના આકટ ૧૦ ના ઠરાવ પ્રમાણે કાયદા કરનારાઓએ ઇરાદો રાખેલો છે કે નહી, અને હકીકત તરીકે તે પ્રમાણે કરવામાં આવેલું છે કે નહી.

આ શવાલને લાગતી કલમો મી૦ લીચે બતાવેલી છે.

કોરટનો ફેંસલો જસ્ટીસ મીત્તર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

એક જુરીએ તપાસ કરેલી તેમાં નીરદોશનો ઠરાવ કરેલો છે તે ઉપર ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૧૭ પ્રમાણે અપીલ કરવાની પરવાનગી મળવાને સ્થાનીક સરકારે આ અરજી કરી છે. જે કારણોથી અપીલ કરવાને માગેલુ છે તે કારણોથી તમામ હકીકતના સવાલો છે એવી તકરાર કરવામાં આવી છે કે જો કે જુરીએ કરેલી તપાસમાં તે નીરદોશનો ઠરાવ કરવામાં આવ્યો છે તોપણ હકીકતની બાબ

તમાં કલમ ૪૧૭ મા પ્રમાણે તે કાયદા મુજબ હકીકતના સવાલો બાબત અપીલ ચાલી શકે છે અમારા અભીપ્રાયમાં આવે છે કે આ તકરાર બળવાન નથી. કલમ ૪૧૭ મીમાં અપીલ બાબત ઠરાવ કરવામાં આવ્યો છે તેમાં એવું ઠરાવ્યું છે કે "હાય કોરટ શીવાયની હરકોઇ અશલ અથવા અપીલની કોરટના નીરદોશના ઠરાવ ઉપર હાય કોરટમાં અપીલ આપવાને પબલીક પ્રોસીક્યુટરને સ્થાનીક સરકાર હુકમ કરવાને મુખત્યાર છે." પછી કલમ ૪૨૩ ની રકમ (ડ) માં કહ્યું છે કે "જો તે કોરટના અભીપ્રાયમાં એવું ના આવે કે જડજે એ રૂ બતાવવાથી અથવા કાયદા બાબત જડજે ઠરાવ્યા પ્રમાણે જુરીની પેટી સમજ ચુકેલી છે, તેથી જુરીનો ભુલ ભરેલો ઠરાવ થએલો છે તો, તે ઠરાવમાં ફેરફાર કરવાને અથવા તે ફેરવવાને તે કોરટને અખત્યાર છે એવું આ કલમમાં કાંઇ નથી." આ ઠરાવો ઉપરથી ખુલ્લું જણાય છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૧૮ પ્રમાણેના કારણોથી જે કામમાં જુરીના તપાસવાથી નીરદોશનો ઠરાવ કરવામા આવેલો હોય તે ઠરાવના હુકમ ઉપરની અપીલને પુષ્ટી મળેલી હોવી જોઇએ. આ કામમાં એવું કબુલ કરવામાં આવેલું છે કે અપીલની અરજીમાં આવું કાંઇ કારણ બતાવવામાં આવેલું નથી. માટે અમે આ અરજી ના મંજુર કરીએ છીએ.

અરજી નામંજુર કરવામાં આવી.

તા૦ ૨૨ આગસ્ટ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ મેકફરસન
સાહેબોની રૂબરૂ.

બારકચંદપાળ (અરજદાર) વીરૂધ તારકચંદર ગુપતા મ્યુનશીપલ ઓફઝરવર (સામા પક્ષકાર)

હીંદુસ્થાનનો ફોજદારી કાયદો (સને ૧૮૬૦ ના આકટ ૪૫ની કલમ ૧૮૮—બંગાળાના શને ૧૮૭૬ ના આકટ ૫ ની કલમ ૨૫૬—કાયદેશર હુકમ નહી માનવો—કેદીને ગુનેહગાર ઠરાવવામાં માજીસ્ત્રેટનું હીત—જડજનુ નાલાયકપણું

તા૦ ૨૯ મી મારચ શને ૧૮૮૩ ના રોજ કોમીલાના મ્યુનશીપલ કમીશનરોએ બંગાળાના મ્યુનશીપલ આકટ સને ૧૮૭૬ નો છે તેની કલમ ૨૫૬ પ્રમાણે એક મીટીંગમાં એક હુકમ કરેલો છે.

તોહોમતવાળાની તપાસ કરી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૮ પ્રમાણે જીલા માજીસ્ત્રેટની રૂબરૂ તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો

છે. અને સદરહુ હુકમ નહી માનવાના કારણથી તેના રૂ. ૧૦૦) દંડ કર વામાં આવેલા છે.

જે માજીસ્ટ્રેટે તે તોહોમતવાળાની તપાસ કરી તેને ગુનેહગાર ઠરાવેલો છે તે માજીસ્ટ્રેટ તા૦ ૨૯ મી મારચના રોજ જે વખતે હુકમ કર વામાં આવ્યો તે વખતે મીટીંગમાં મ્યુનશીપલ કમીશનરોના ચેરમેન હતા અને તે હુકમનું અપમાન કરયા બાબત તોહોમતવાળાની તપાસ કરી તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે.

ઠરાવ્યું કે તે ગુનાહની શાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે માટે તે રદ થવો જોઇએ.

સરજંટ વીરૂધ ડેલનો ઠરાવ બતાવવામાં આવ્યો અને તે પ્રમાણે ચાલવામાં આવ્યુ છે.

પાનું ૧૦૩૦ આ કામની હકીકત જસ્ટીસ પ્રીનસેપ સાહેબે આપેલા ફેંસલામાં સંપુરણ રીતે બતાવવામાં આવેલી છે.

અરજદાર તરફથી મુનશી શીરાજુલ ઇશલામ.

બીજી બાજુ તરફથી કોઇ હાજર થયું નથી.

જસ્ટીસ પ્રીનશેપ સાહેબઃ—આ કામમાં અરજદારને બંગાળાના સને ૧૮૭૬ ના આકટ ૫ ની કલમ ૨૭૬ પ્રમાણે કોમીલાના મ્યુનસીપલ કમીશનરોએ તા૦ ૨૯ મી મારચ સને ૧૮૮૩ ના રોજ એક હુકમ કરેલો તેનું અપમાન કરયા બાબત પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ગુનેહગાર ઠરાવેલો છે.

તપાસ કરી અમે નકી કરયું છે કે તા૦ ૨૯ મી મારચ સને ૧૮૮૩ ના રોજ જે વખતે તે હુકમ કરવામાં આવ્યો તે વખતે મીટીંગમાં મ્યુનશીપલ કમીશનરોના ચેરમેન તે અરજદારનો તપાસ કરી તેને ગુનેહગાર ઠરાવનાર જીલા માજીસ્તરેટ હતા. અને તે હુકમ આ કામની બાબતમાં છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૫૫ માં ઠરાવેલું છે કે માજીસ્તરેટનીજ કોરટના ઉપર જે કોરટમાં અપીલ ચાલતી હોય તે કોરટની પરવાનગી શીવાય તે માજીસ્તરેટે જે કામમાં પોતે પક્ષકાર હોય અગર તેમનું પોતાનું હીત હોય તે કામની તપાસ કરવી નહીં. અગર તપાસ થવાને કમીટ કરવું નહી. (આ કામમાં આવી પરવાનગી મળવાને અરજ કરવામાં આવી નથી.) વળી તે કલમ ૫૫૫ ના ખુલાસામાં ઠરાવ્યું છે કે એકાદો માજીસ્ટ્રેટ ફકત મ્યુનશીપલ કમીશનર હોય તેથી આ કલમના અરથ પ્રમાણે તે પક્ષકાર છે અગર તેનું પોતાનું હીત છે એમ સમજવું નહીં જોઈએ.

તોપણ અમારા અભીપ્રાય પ્રમાણે જે કોઇ કામમાં માજીસ્તરેટની

રૂબરૂ જે તપાસવાળી બાબત હોય તે બાબતમાં તે માજીસ્તરેટનો મ્યુનશીપલ કમીશનર તરીકે સંબંધ હોય તો તેને તે ખુલાસો લાગુ થતો નથી. તે ખુલાસાનો હેતુ માજીસ્ટ્રેટ ફકત મ્યુનશીપલ કમીશનર હોય તેથી જે કામમાં ફકત મ્યુનશીપલ બાબત હોય તે બાબત તે તપાસ કરવાને તે અવસ્યે કરીને ના લાયક થાય છે. એવી હરકત લેતાં અટકાવ કરવાનો છે આ કામમાં માજીસ્ટ્રેટ ખરી રીતે પ્રાસીકયુટર અને જડજ હતા એમ અમારા જોવાગાં આવે છે, માટે તે ઘણી જુદી બાબત છે.

અમારી રૂબરૂ એક હરકત લેવામાં આવેલી છે અને તે ઘણું કરીને જીલા માજીસ્ટ્રેટની રૂબરૂ લેવામાં આવી હતી કે જે હુકમનું અપમાન કરવામાં આવ્યું છે તે હુકમ કાયદેસર નહી હતો. દેખીતી રીતે તે હુકમમાં જીલા માજીસ્ટ્રેટ પક્ષકાર હતા. માટે આવી હરકતની તપાસ કરવાને તેઉ ચોગ્ય સખસ નહી હતા. આ કામમાં તકરારી હુકમ કોઇ રીતે ગેર કાયદે છે એમ અમારા જોવામાં આવતું નથી. પરંતુ આથી જે તપાસ કરવામાં આવેલી છે તેની ચોગ્યતાને કોઇ રીતે અસર થતો નથી. અમે સરજંટ વીરૂધ ડેલનો ઠરાવ બતાવીએ છીએ, તેમાં જે વાકય છે તે પાને પ૬૬ અને પ૬૭ મે બતાવેલું છે. જરૂરના જે કામોમાં બીજા કોઇ જડજને હકુમત ના હોય તે કામો શીવાય એકાદા જડજનું એકાદા દાવાના પરીણામમાં હીત હોય તો તે જડજ તરીકે કામ કરવાને ના લાયક છે. જે હીત જડજનું હોય છે તે કેટલું છે તેનું માપ કાયદામાં કરેલું નથી. કોઇ સવાલના ઠરાવમાં તેનું કાયદેસર હીત એક રીતનું હોય તો તે નાલાયક થાય છે પછી ગમે તેટલું ઓછું હીત હોય પણ તેની ચીતા નહી આ સખત નીયમ કાયદામાં ઠરાવતાં જડજની આનાકાની ધારવામાં આવે તે ઉપર લક્ષ પક્ષકારોના અંદેશા કરતાં વધારે આપવામાં આવેલું નથી. એક અગત્યનો હેતુ એવો છે કે કોરટના ઉપર જે કોઇ બાબતથી અંદેશો રેહે અગર અવીસ્વાસ ઉતપન થાય તે દરેક બાબત ગમેતે હકીકત હોય તોપણ દુર કરવી. અને તેથી ઇનશાફના કારોબારના ઉપર જે અવસ્યે કરીને રીતી અને નીરભયતાને સારૂ ભરંસાની શમજની જરૂર છે. તે સમજનો વધારો કરવો. આ ભાશા વાપરવામાં અમે ખોટા સમજાઇએ નહી તે વીશે અમે આતુર છીએ. કોઇ ખરા દીલનો માણસ એક ક્ષણવાર પણ એવો વીચાર કરે નહી કે ખરો માનવંતો અધીકારી (અગર આ કામમાં જીલા માજીસ્ટ્રેટ) કે જેની પાસે આ કામમાં કામ ચલાવવાને માગવામાં આવેલું હતું તેનું તે પ્રોસીડીંગમાં જાતીકા હીતના વીચારથી કાંઇ અશર થયો હતો. અગર કાઇ અશર થઇ શકે છે. તે અરજદાર પોતાના કાયદેસર હક ઉપર આધાર રાખે છે અને તે હકનો અમલ કર-

વાને અમારી પાસે માગે છે.

આ કારણોથી અમારી નજરમાં આવે છે કે તે માજીસ્રેટની રૂબરૂનું પ્રોશીડીંગ રદ કરવું જોઇએ અને જો દંડ વસુલ કરવામાં આવેલો હોય તો તે પાછો આપવો જોઇએ.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૧ અગસ્ટ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ ફીલ્ડ અને મી૦ જસ્ટીસ નોરીસ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ રામસાહલાલ.

સાક્ષી રજુ કરવાની ફરીઆદીતરફની ફરજ.

ફરીઆદ તરફના સાક્ષીઓ કોરટમાં નહી રજુ કરવાને માટે શેશન જડજે પુકત કારણ તરીકે એવું બતાવેલું કે કમીટ કરનાર માજીસ્રેટે ફરી આદ તરફનું કામ જે પોલીસ અમલદારના ચારજમાં હતું. તે પોલીસ અમલદારની ખુશી મરજી વીરૂધ તે સાક્ષીઓ તપાસવામાં આવેલા છે જેમાં ઠરાવવામાં આવ્યું કે શેશન કોરટમાં તે સાક્ષી રજુ નહી કરવાને બસ કારણ નથી.

ફરીઆદ તરફનું કામ ચલાવવામાં જે સખસોની માહીતી વીશે કહેવામાં આવેલું હોય અગર જાણવામાં આવેલું હોય તે તમામ સખસોને કોરટની રૂબરૂ રજુ કરી તેમને તપાસવા જોઇએ.

પાનુ ૧૦૭૦ આ કામમાં બે તોહોમતવાળાઓ ઉપર એક ગંદારી કાહારને વ્યથા કરયા બાબત તથા સીક્ષણીય મનુશવધ કરયા બાબત આરોપ રાખવામાં આવેલા છે. ગંદારીના ભાઇ પોખાને થાણામાં તોહોમતવાળા ઉપર તે આરોપની ફરીઆદ કરી. અને જે હકીકત બનેલી હતી તેની કેટલીક વીગત બતાવવામાં તેણે કહ્યું છે કે તે બાતમી જીતનશીંગ, ચીંતાશીંગ, અને તીલોક તરફથી મને મળેલી છે. અને તે મારા શાક્ષીઓ છે સબ ઇનસ્પેકટર મહમદ બેકરના હવાલામાં ફરીઆદ તરફનુ કામ ચલાવવાનું હતું, તેથી તેણે આરંભની તપાસમાં એવી હરકત લીધી છે કે જીતનશીંગ, ચીતાસીંગ અને તીલોકને સરકાર તરફથી તપાસવા નહી જોઇએ કારણ કે તેઓ વીરૂધ સાક્ષીઓ માલમ પડેલા છે. તેમ છતાં ડીપુટી માજીસ્રેટે તેઓની તપાસ માટે આગ્રહ કરી તેઓની સાક્ષી લીધી તોહોમતવાળાને શેશન કોરટમાં કમીટ કરવામા આવ્યો પણ તે ત્રણ સાક્ષીઓ રજુ કરવામાં આવ્યા નહીં અને જડજે એવો અભીપ્રાય

બતાવ્યો છે કે હકીકત પ્રમાણે તે સાક્ષીઓને હાજર કરવાને ફરીઆદ તરફથી બંધન નથી. તે તોહોમતવાળાઓને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા અને તેઓએ હાય કોરટમાં અપીલ કરી.

અપીલવાળાઓ તરફથી મી૦ આલન અને બાબુ રાજંદ્રનાથ બોઝ.

સરકાર તરફથી બાબુ રામચરણ મીતર.

કોરટનો ફેંસલો જસ્ટીસ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામનો પુરાવ અમે સાંભળ્યો છે અને અપીલવાળા તરફથી વીદવાન કોંનશલે જે તકરારો અમને જાહેર કરી છે તેનો અમે વીચાર કરેલો છે તેથી અમારી નજરમાં આવે છે કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરી કેદી રામસાહાલાલની નવી તપાસ કરવાનો હુકમ કરવો એ યોગ્ય રસ્તો છે અને આ મારણુથી મરનાર ગંદારીના ભાઇ પોખને પોલીસને પેહેલી ખબર આપેલી છે. જે કસથી પરીણામે ગંદારીનું મોત થયું તેની હકીકત પોખને પોતાની માહીતી ઉપરથી કહેલી નથી. પરંતુ તેણે કેટલીક વીગત કહેલી છે. અને એમ કહયું છે કે આ વીગત ત્રણ સખસ જેતીલાક, જીતન અને ચીના તરફથી મળેલી છે. અને વધારે એવું કહયું છે કે આ ત્રણ સખશો મારા શાહેદીઓ છે. આ ત્રણે સાહેદીઓને ડેપુટી માજીસ્ત્રેટે તપાસ્યા હતા. પરંતુ તેમની સાહેદી ઉપરથી ફરીઆદ તરફના કામને પુસ્ટી થઇ નથી. વીદવાન શેશન જડજના ફેંસલા ઉપરથી જણાય છે અને એમ કહેવામાં આવેલું છે કે જે પોલીસ અમલદારના હવાલામાં તે કામ હતું. તેની મરજી આ સાહ્દીઓ આપવાની નહી હતી. તેમ છતાં ડીપુટી માજીસ્ત્રેટે તે લેવાની મરજી બતાવી તે સાક્ષીઓ લીધેલા છે. અને આ કારણ સેશન કોરટમાં તે સાહીઓને નહી બોલાવવાને અથવા ઉલટ તપાસને સારૂ તે કોરટમાં નહી રજુ કરવાને સારૂ કારણ ગણેલું છે, હવે એમ સમજવું જોઇએ અને એક કરતાં આ કોરટના વધારે ફેંસલામાં એમ બતાવવામાં આવેલું છે કે જે સખશોનાં નામ દેવામાં આવેલાં હોય અગર જેઓના જાણવામાં હોય કે તેઓને હકીકતની માહેતી છે તો તેમને કોરટની રૂબરૂ રજુ કરી તપાસવા જોઇએ. બેશક એમ બની શકે કે કેટલાક સાક્ષીઓ જે હકીકત જાણતા હોય તેઓ તે છુંપાવે, અગર જે હકીકત તેઓએ જોઇ હોય તેમાં તેઓ ફેરફાર કરે. તોપણ કોરટની રૂબરૂ અને જડજ અને આશેસરોની રૂબરૂ અગર જુરીની તપાસનું કામ હોય તો જુરીની રૂબરૂ તેઓને હાજર કરવા જોઇએ કે જે ઉપરથી તેઓને માનવા કે નહીં એ વીશે ન્યાય કરવાને તેઓને લાગ મળે. આ કામમાં આ રીતી પ્રમાણે ચાલવામાં આવ્યું નહીં. તેથી અમારી નજરમાં આવે છે કે શદરહુ કારણથી કેદીને પોતાના બચા

ણમાં હરકત થએલી છે. એવો આગ્રહ અમારી રૂબરૂ વીદવાન કાંનશલે કરેલો છે તે બરોબર છે. આ કારણથી અમે ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરવીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે કેદીની ફરી તપાસ કરવી.

જશ્ટીસ નોરીસ સાહેબ:—અમારો પણ તેવોજ અભીપ્રાય છે. અમે વધારે એટલુંજ કહીએ છીએ કે આ સીવાય વીદવાન શેશન જડજે આ કામની તપાસ ઘણી હુસીયારીથી કરેલી છે એમ અમારી નજરમાં આવે છે અને અમને ભરૂંસો છે કે જ્યારે આ કામ તેમની પાસે પાછું જાય છે ત્યારે તેઉ તે તદન નવું કામ છે એમ તેનો વીચાર કરશે. અને તે કામ પ્રથમ તપાસવામાં આવેલું હતું તે કારણથી કાંઇ વીરૂધ અશર પોતાના મનમાં થવા દેસે નહી.

ફરી તપાશનો હુકમ કરવામાં આવ્યો.

અસલ ફોજદારી હકુમત.

તા૦ ૧૩ મી શપટેંબર શને ૧૮૮૪

કેસરે હીંદ વીરૂધ સીબચંદર મીતર.

ખોટું સમજાવવું—સને ૧૮૬૫ ના ચારટરની કલમ ૨૬—ખોટી સમજનો આરોપ.

જ્યુરીને જડજે હકીકત સમજાવતાં જે શબ્દો વાપરયા હોય તે કોરટમાં નજીક ઉભા રહેનારા અગર કાંમના કાંનશલ ખોટું સમજે તેથી (જયાં એમ જણાતું હોય કે કામમાં જે સાબેત થએલું છે તથા જુરીને જે પાછળથી કહેવામાં આવેલું છે તે ઉપર લક્ષ રાખતાં જડજે એવા શબ્દો વાપરેલા હોય કે જે હરકોઈ સમજદાર માણસે સમજવા જોઇતા હતા તો) ખોટું બતાવ્યું થતું નથી.

પાનું ૧૦૭૯ ચારટરની કલમ ૨૬ મીના ઠરાવ પ્રમાણે સરકારના કાયદાના અમલદારોના ઉપર એવો હુકમ કરાવવામાં આવ્યો છે કે મી૦ જસ્ટીસ ફીલ્ડ સાહેબે જુરીને ખોટી રીતે કાયદાની બાબતમાં બતાવેલું, માટે તે કારણથી કેદી શીબચંદ્ર મીતરને શા કારણથી નીરદોશ નહી ઠરાવવો અથવા તેની નવી તપાશ નહી કરવી તેનું કારણ બતાવવુ.

હકીકત એવી છે કે:—તે કેદી, રામસે, લેટફીલ્ડ અને કંપનીની પેહેડીમાં રોકડ નાણા રાખનાર હતો, તેની હાય કોરટમાં મી૦ જસ્ટીશ ફીલ્ડ સાહેબની તથા સામાન્ય જુરીની રૂબરૂ ફોજદારી સેશનમાં જુઠા દસ્તાવેજ તે સાચો છે એમ કહી વાપરયો, તથા પોષ્ટ ઓફીસના એક

શીપાઇને તેણે નાહાની રકમ આપેલી તે બાબતમાં સાપ્રાધ વીસ્વાશ શ્રાત કરયા બાબત તપાશ કરવામાં આવેલી હતી. તેમાં એવું કહેવામાં આવેલુ હતું કે તે કેદીએ તે રકમની બાબતમાં ભારે રકમનું વોચર કરેલું હતું, અને તેવી ભારે રકમો તેણે જમે કરેલી હતી. આ વોચરો ૮ આના, ૪ આના અને ૮ આનાની બાબતના છે, પરંતુ તે બદલીને રૂ. ૨—૮—૦ રૂ. ૩—૪—૦ અને રૂ ૨—૮—૦ કરેલા છે. તે તપાશમાં મુખ્ય શવાલ એ હતો કે તે ફેરફાર કોણે કરયો એટલે કે કેદીએ કે પોષ્ટઓફીશના સીપાઇએ કરયો છે.

તે તપાસમાં જે પુરાવ આપવામાં આવેલો છે તે ઉપરથી જણાય છે કે પોસ્ટ ઓફીસ તરફથી તે પહેડીને હમેશાંની રીતી પ્રમાણે કાંમ ચલાવવામાં પારસલો આપવામાં આવે છે તેના વોચરોની બાબત નીચે પ્રમાણે ચાલવામાં આવે છે:—

પોસ્ટ ઓફીસનો શીપાઇ પારસલ તથા પીળીટીકટ તે પહેડીના યુરોપીઅન આશીસ્ટંટને આપે છે, એટલે તે પીળી ટીકીટ ઉપરસહી કરે છે અને પારસલ લેછે, અને તે પારસલની પહોચ તરીકે તે પીળી ટીકીટ પોષ્ટ ઓફીસના શીપાઇની પાસે રાખવામાં આવે છે, પછી તે યુરોપીયન આશીસ્ટંટે એક સફેત ટીકીટ સાબેત કરી છે તેમાં તે પારસલની બાબતમાં કેટલી રકમ આપવી તે બતાવવામાં આવેલું છે. અને તે ટીકીટ તે પહેડીમાં લઇ જઇ નાંણું લેવાની પોષ્ટ ઓફીસના શીપાઇની ફરજ છે.

તે કેદી ઉપર જે આરોપ રાખવામાં આવેલો છે તે આ સફેત ટીકટો અથવા વોચરો જુદા બનાવ્યા વીગરેનો છે.

વળી તે પુરાવ ઉપરથી જણાય છે કે એક ચોપડી હતી તેમાં પોષ્ટ ઓફીસના શીપાઇએ જે પારસલો આપવાની તે લખેલી છે, અને તે બાબત કેટલી રકમો લેવાની તેપણ તેમાં લખેલી છે, અને આ ચોપડી જોતાં તકરારી પારસલોની બાબતમાં ૮ આંના, ૪ આના, અને ૮ આનાની રકમો દાખલ કરવામાં આવી છે, અને તે સીપાઇએ તે રકમોની બાબતમાં એવું કહેલું હતું કે "તે ચોપડીમાં હું પોતે તે લખુછુ. અને તે રકમોમાં હું ફેરફાર કરતો નથી. અને જયારે મારા હાથમાં હતી ત્યારે તેમાં (તકરારી રકમો) ફેરફાર કરેલો નહી હતો. વળી તેણે કહેલું છે કે આ કામમાં હું રોકડ નાંણું આપનારની પાસે તે સફેત ટીકીટો બારોબાર લેઈ ગયો હતો, અને તેની ચોપડીમાં લખેલી રકમો મેં લીધી છે. આ પાછલી બાબતમાં યુરોપીઅન આશીષ્ટંટ મી૦ ડેવીસે તે સફેત ટીકટો સાબેત કરેલી છે તેમણે કહેલું છે કે તે શીપાઇ બારોબા

૨ રોકડ નાણું આપનારની પાસે બારોબાર ગયો હતો કે નહી! તે મેં જોએલું નથી.

એવું સાબેત થએલું છે કે ઇંગરેજી હરફ તથા આંકડાનુ ગ્નાંન તે શીપાઇને પુકત રીતે છે કે જેથી જો તેને લાગ હોત તો, તેમાં ફેરફાર તે કરી શકે.

તે તપાસમાં જે બચાવ બતાવવામાં આવેલો છે તે એવો છે કે તે પોષ્ટ ઓફીસના શીપાઇ તે ગુનહાનો ગુનેહગાર હસે, અને તે સીપાઇ સફેત ટીકીટો લેઇ રોકડ નાણું આપનાર પાસે બારોબાર ગએલો તે બાબતનો તે શીપાઇની સાહેદી શીવાય કાંઇ પુરાવ નથી. તે સફેત ટીકીટો યુરોપીઅન આશીષ્ટંટ પાસેથી લેઇને તે દુકાન છોડી ગયો હશે અને તે ફેરફાર કરયો હશે એમ ઘણું બની શકે તેવું છે. તે કેદી ગુનેહગાર માલુમ પડેલો છે તેને ત્રણ વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

જે અરજી ઉપરથી કારણ પુછવાનો હુકમ મેળવવામાં આવેલો છે તેમાં તે વીદવાન જડજે જુરીને જે હકીકત શમજાવી છે તે વીશે એવી હરકત લેવામાં આવી છે કે જુરીને જડજે જે રીતીએ એવું કહેલું કે "તે શીપાઇ ૨ નો અને ૩ નો ઇંગરેજી આંકડો કરી શકછે તે વીશે કાંઇ પૂરાવ નથી" તે લક્ષમાં લેતાં જુરીને ગુનેહગાર ઠરાવ્યા વીના ચાલે તેમ તેમની મરજી ઉપર રાખવામાં આવેલું નહી હતું અને કેદીના કોનસલે તે શીપાઇની જુબાની તથા તેની ચોપડી ઉપર તથા મી૦ ડેવીશની સાહેદી છે કે તે સીપાઇ ઇંગરેજી હરફ તથા આંકડા જાણે છે તે ઉપર તે વીદવાન જડજનુ લક્ષ ખેંચતાં તે વીદવાન જડજે કહેલું છે કે "અમે તે જાણીએ છીએ. પરંતુ અમે હજુ એમ માનીએ છીએ કે તે શીપાઇ તે વોચરમાં ૨ અને ૩ ના આંકડા કરી શકે અને ઇંગરેજી લખી શકે" અથવા તે મતલબના શબ્દો લખી શકે તેવો પુરાવ નથી.

આ હુકમની પુષ્ટીમાં સુનાવણી વખતે મી૦ આલન હાજર થએલા છે, અને મી૦ ફીલીપ્સ (સ્ટાંડીંગ કોનશલ) સરકાર તરફથી હાજર છે.

મી૦ આલને અમુક સખસોના આફીડેવીટ ઉપરથી તે નીયમને પુષ્ટી કરી છે, તેમાંના પાંચ તે જુરીમાં હતા પણ તે જુરીવાળાઓના આફીડેવીટો તે વીદવાન જડજે જે કહેલું તે જે સખસોએ સાંભળેલું તેમની સાહેદી તરીકે તથા તે તપાસમાં કાંનશીલની નોટમાં કાંઇ ખામી હોય તો તે પૂરી પડી શકે તે બાબતમાં ઉપીયોગમાં લીધા છે. અને વધારે લેવાને માગેલું નથી વળી બચાવ તરફના અટરની તથા તેના કલા-

રકના આસીડેવીટો છે. આ બાબતે વીસે એવી તકરાર કરવામાં આવી છે કે જયારે બચાવ તરફની તકરાર એવી છે કે કેદીનો હેતુ, શકતી અને લાગ તે જુઠા દસ્તાવેજો બનાવવાને માટે શીપાઇનાજ જેવા હતા. ત્યારે આ ઘણીજ અગત્યની બાબતમાં આ કામમાં તે વીદવાન જડજે જે અભીપ્રાય બતાવેલો છે. તેથી તે જુરીના ઠરાવને હરકત થયા વીના રહી શકે નહીં.

(મી૦ ફીલીપ્સ—સરકાર તરફના કાંનસીલે જે નોટ આ બાબતમાં લીધેલી છે તે એવી છે કે તે વોચરોમાં ૨ મા અને ૩ નો આંકડો તે સીપાઇ ફેરવવાને તથા લખવાને શકતીવાન હતો, એવો કાંઇ પુરાવ નથી.)

મી૦ જસ્ટીશ રીલ્ડ—અમે જે કહેલું હતું તે એવું હતું કે તે વોચરોની પીઠ ઉપર જે આંકડા લખેલા છે ને સીપાઇના હાથના લખેલા છે એવો કાંઇ પુરાવ નથી.)

અમે એવી કોઇ રીતની તકરાર કરી નથી કે તે વોચરોની પીઠ ઉપરના આંકડામાં ફેરફાર તે શીપાઇએ કરેલો છે. મારી એવી તકરાર હતી કે તે કેદીએ તે ફેરફાર કરેલો છે. એવું સાબેત કરવાની ફરીઆદ તરફની ફરજ છે. અને અમે કહયું હતું કે તેઓએ તે સાબેત કરયું નથી. કારણ કે તે બેઉ સખશોની બાબતમાં હેતુ અને શકતી એક સરખી છે. એમ કહી શકાય છે. અને હકીકત પ્રમાણે તે લાગ પણ એક સરખો હતો.

(ચીફ જષ્ટીશ ગાર્થ સાહેબ—તે માણસ ઇંગરેજી લખી શકતો નથી એવુ તે જડજે જુરીને શમજાવ્યું છે. અગર તે સમજાવવાને ઇરાદો રાખેલો છે તે બતાવવાને તમે નીશફળ ગયાછો. જે કહેવામાં આવેલું તે આમારા સમજવા પ્રમાણે તેમણે એવું કહયું હતું કે તે માણસતે ફેરફાર કરી શકે એવો કાંઇ પુરાવ નથી.

(જસ્ટીસ રીલ્ડ—જુરીને જે સમજાવવાને અમે ઇરાદો રાખેલો તે આજ હતું.) આપ નામદાર સાહેબે એવું કહેલું કે તે ફેરફાર કરવાને ઇંગરેજી ભાશાનું ગ્નાન તેના હાથથી તે કરી શકે એવું હતું તેનો પુરાવ નથી. એમ હું સમજયોછું.

(જસ્ટીસ રીલ્ડ સાહેબ—મી૦ આલન એ પ્રમાણે અમે શી રીતે કહી શકીએ. અમે એવું કહયું હતુ કે ડાકના સીપાઇએ તે આંકડામાં ફેરફાર કરયો હતો તેનો કાંઇ પુરાવ નથી. પછી તમે વચમાં બોલ્યા અને કહયું કે મુકાબલો કરતાં જણાશે કે કેદીના હાથ દસ્કત કરતાં તે શીપાઇના હાથના ફેરફાર કરેલા આંકડા છે એમ વધારે જણાય છે. અમે કહયુ

હતું કે તે આંકડા શીપાઇના હાથના લખેલા છે એવું બતાવવાને તમે કાંઇ પુરાવ આપ્યો નથી. તે ચોપડીઓ અહીંઆં છે અને જુરી તે જોઇ શકે છે. તે ચોપડીઓ જુરીએ જોઇ નથી.)

(જષ્ટીસ ગાર્થ સાહેબ—તે વીદવાન જડજે કહેલું છે તેથી તે જુરી ખોટું સમજેલા છે. અને ખોટું બતાવવામાં આવેલું છે એમ થતું નથી. અમારે શું કરવું જોઇએ તે બાબત તમે શું કહોછો.) હું કહુંછુ કે કોરટે નવી તપાસ કરવાનો હુકમ કરવો જોઇએ. હકીકતની બાબતમાં સાત આરીડેવીટો છે તે ઉપરથી તે વીદવાન જડજે જે શબ્દો વાપરેલા તેનો અરથ તે આંકડા લખવાની શકતી એવો થાય છે એમ જણાય છે. બીજી બાજુ તરફના જે આરીડેવીટો છે તેમાં આ વાત ઇનકાર કરવામાં આવી નથી.

(જસ્ટીસ ફીલ્ડ સાહેબ—જો આ પ્રમાણે ખોટી સમજ થએલી હોય તો મારે એકદમ કહેવું જોઇએ કે નવી તપાસ કરવાને અમારે મ૨જી રાખવી જોઇએ.)

સરકાર તરફથી મી૦ ફીલીપ્સ—નવી તપાસનો હુકમ કરવાને કોરટને અખત્યાર છે એમ અમારી નજરમાં આવતું નથી.

ચારટરની કલમ ૨૬ ની અંદર સમાસ થાય તેવું આ પ્રોસીડીંગમાં કાંઇ નથી. કાયદાની ભુલ થએલી છે. એવું આડવોકેટ જનરલે સરટીફીકેટ આપ્યું નથી. પરંતુ તેઉએ કહેલું છે કે તે બાબતનો વધારે વીચાર કરવો જોઇએ. મી૦ જષ્ટીસ ફીલ્ડ સાહેબે કાયદાની બાબતનો નીરણ્ય કરયો નથી કે જેથી આ કોરટ હાથ ઘાલી શકે તે જડજે જુરીને કહ્યું હતું કે તે શીપાઇ તે વોચરો ઉપર આંકડા લખી શકે તેમાં કાયદાની શી બાબત છે. ફકત કાયદાની બાબતનો નીરણ્ય કરવામાં આવ્યો હતો. એ વીશે હું તકરાર કરૂછું. આડવોકેટ જનરલની રૂબરૂ આ કામનો પુરાવ મુકવો જોઇએ. એવો કોઇ દીવસ ઇરાદો થઇ શકે નહીં. તેઉ હકુમતની ખામી જેવી બાબતોની અથવા શીક્ષાના હુકમમાં કાયદા વીરૂધ થએલું હોય તેની ફકત વ્યવસ્થા કરી શકે છે. ખોટું બતાવવાની બાબતમાં હું એમ માનુછું કે તે વીદવાન જડજનું જે કહેવું છે તે નીશ્ચય કારક છે. આ સવાલ જડજ અને પાસે ઉભા રહેનારાઓની વચમાં છે માટે જડજનું કહેવું બરોબર છે. એમ માનવુંજ જોઇએ. માહારાણી વીરૂધ પેસ્તનજી દીનશા અને માહારાણી વીરૂધ આરન મેલરના ઠરાવો જુઓ.

માહારાણી વીરૂધ હરીબોલ ચંદર ઘોજનો ઠરાવ આ કામના જેવો છે. તેમાં જુરી પાસેથી પુરાવ ખેંચી લેવાનો શવાલ છે. પાને ૨૧૭ મે એવું ઠરાવવામા આવેલું છે કે નવી તપાસનો હુકમ કરવાને કોરટનો

અખત્યાર નથી. અને અશલ કોરટમાં તે કામ પાછું મોકલવાને પણ અ ખત્યાર નથી.

જે બતાવવામાં આવેલું છે તે જોતાંજ ખોટું છે કારણ કે જડજે તે કરવાને એક સખસની ખરી રીતે નાલાયકાઇ હતી. એવું શરૂમાં કહી ને તેઉ એમ કહવાને ગએલા છે કે તે કરવાને સરસમાં સરસ લાગ તે સખસોમાંથી કોને હતો તે શોધી કાહાડવું.

આ પ્રમાણે છતાં કોરટની નજરમાં એમ આવે કે ખોટી રીતે બ તાવવામાં આવેલું છે તો હું અરજ કરૂછું કે આપ નામદાર સાહેબોએ આ કામની ફરી તપાસ કરીને જોવું જોઇએ કે શીક્ષાના હુકમમાં શો ફેરફાર કરવો જઇએ. તે શીક્ષાનો હુકમ ઓછો થઇ શકતો નથી. અને તેથી તેમાં ફેરફાર કરવાથી નીરદોશનો ઠરાવ કરવો જોઇએ. કારણ કે આ કા મોમાં કોરટને જે અખત્યાર આપવામાં આવેલો છે તે ફકત શીક્ષાના હુકમની વ્યવસ્થા કરવાને આપવામાં આવેલો છે. બીજી બાજુના આરીકે વીટો ઉપરથી એવું માલમ પડતું નથી કે જે હકીકત સમજાવવામાં આ વી હતી. તે તમામ આડુ દોરે તેવી હતી. પરંતુ અમુક શબ્દો વાપરયા ના મતલબની હતી. ખોટી સમજ થએલી હોય તેથી નવી તપાસ કર વાનું કાંઇ કારણ બનતું નથી. કારણ કે કોઇ પણ કેદીનો મીત્ર આગળ આવી એમ કેહે કે હું જડજને બરોબર સમજેલો નથી. અને નવી ત- પાસ કરાવે

કોરટનો ફેસલો નીચે પ્રમાણે આપવામાં આવ્યો

ચીફ જસ્ટીસ ગાર્થ સાહેબે (જસ્ટીશ પ્રીનસેપ શાહેબ મળતા આ- વ્યા) હકીકત કહીને કહયું છે કેઃ—

અરજદારે પોતાની અરજીમાં કારણ પુછવાનો હુકમ કરવાને જે અરજ કરેલી છે તેના થોડાક આધારમાં એવું કહેલું છે કે તે વીદવાન જડજે જુરીને જે હકીકત સમજાવી તેમાં તેઓને એવું બતાવેલું હતું કે તે શીપાઇ—૨ અને ૩ નો આંકડો ઇંગરેજી લખી શકે છે એવો તે- મની રૂબરૂ પુરાવ નથી. અને તે કેદીના કાંનશલે તે ઉપરથી તરત તે વીદવાન જડજનુ લક્ષ તે સીપાઇની જુબાની ઉપર તથા તેની ડાક બુક ઉપર તથા મી૦ ડેવીશની જે એવી સાહેદી છે કે તે સીપાઇ ઇગરેજી હરફ તથા આંકડા જાણે છે તે ઉપર ખેંચેલું હતું. તે ઉપરથી તે વીદ- વાન જડજે જવાબ આપ્યો છે કે "અમે તે જાણીએ છીએ તોપણ અમે એમ માનીએ છીએ કે તે વોચરમાં તે શીપાઇ ૨ અને ૩ નો આંકડો લખી શકે અને તે ઇંગરેજી આંકડા લખી શકેછે એવો કાંઇ પુરા વ નથી." અગર તેવીજ મતલબના શબ્દો હતા. અને વળી તે અરજીમાં

કહેલું છે કે. તે જડજે જે હકીકત જુરીને સમજાવેલી છે તેમાં અવલથી તે આખર સુધી પોતે જે બતાવેલું તેના અસરમાં ફેરફાર કરવાને અગર તે દુરસ્ત કરવાને કાંઇ કહેલું નથી. તે અરજીમાં જે હકીકત કહેલી છે તે ઉપર કેદીએ પોતેજ પ્રતીજ્ઞા કરી છે. એટલુંજ નહી પણ વળી વાસ્તવીક રીતે તે કેદીના આટરની તથા આટરનીના કલારકો તથા પાંચ જુરીવાળાઓએ કરેલી છે. જે હકીકતથી તે બીના સમજાવવામાં આવેલી તે ઉપર તથા તે આંકડા જુદા બનાવ્યા તે તે કેદીએ અગર તે સીપાઇએ બનાવેલા હોવા જોઇએ. એક કબુલ કરેલી બાબત છે તે ઉપર લક્ષ આપતાં જો કાંઇ ખોટું બતાવવામાં આવેલું હોય તો બેશક કામની અગત્યની બાબત સબંધી છે. કાંશલની નોટો તથા તે વીદવાન જડજે પોતે કરેલી નોટ ઉપરથી જે ખોટું બતાવવામાં આવેલું કહેવામાં આવ્યું છે તે વખત ખરી રીતે શું કહેવામાં આવ્યું હતું તે નકી કરવાને અમારાથી બને તેટલો યત્ન અમે કરેલો છે. એકાદા કામમાં ખોટું બતાવેલું કહેવામાં આવેલું હોય તો જુરીને તે વીદવાન જડજે ખરી રીતે શું કહયું હતું તે બાબત તે જડજનું જે કહેલું હોય તે ઉપર તમામ ઘટતુ વજન આપવાને અલબત અમે બંધાએલા છીએ. અને એક બાજુ તરફ કાંનશલની નોટો અને બીજી બાજુ તરફ તે વીદવાન જડજનું કહેવું તેમાં ઘણોજ થોડો કેવો તફાવત છે એ ઘણું ટીકા કરવા લાયક છે. તે વીદવાન જડજે કહયું છે કે જુરીને અમે જે કહયું હતું તે એ હતું કે તે વોચરોમાં ટપાલના શીપાઈએ ફેરફાર કરયો તે વીસે કાંઇ સાબેતી નથી. અને જુરીને જે સમજાવવાનો અમારો હેતું હતો તે એવો નહીં હતો કે તે ફરી તે આંકડા લખી શકતો નથી. કારણ કે સ્પષ્ટ રીતે સાબેત થએલું છે કે તે શીપાઇ ઇંગરેજી જાણેછે. પરંતુ તે જુરીને સમજાવવાને અમારો હેતુ એવો હતો કે ખરી રીતે તે શીપાઇએ તે વોચરોમાં ફેરફાર કરયો અગર તે વોચરો તે દુકાનમાં મુકયાં તેથી તેને તે વોચરોમાં ફેરફાર કરવાનો લાગ હતો એવો કાંઇ પૂરાવ નથી. અને તે શીપાઇએ એક પળને સારૂ તે દુકાન છોડી હતી. અગર તે કલમ અને રૂસનાઇ લેઇ સકે તેવું હતું અગર વોચરમાં ફેરફાર કરવાને તેને કાંઇ લાગ હતો. એવું કાંઇ બતાવવામાં આવેલું નથી. મી૦ આલનની જે નોટ જડજે બતાવેલી હકીકત બાબત તથા જે ખોટું બતાવવામાં આવ્યું છે તે બાબતમાં છે. તે અમે જોઇએ છીએ તો અમને એવું માલુમ પડે છે કે જશ્ટીશ. ફીલ્ડ સાહેબ—જુરીને એવું સમજાવે છે કે તે શીપાઇ ૨ અને ૩ નો આંકડો તે વોચરમાં લખે તેવો ફેરફાર કરવાને શકતીવાન હતો એવો કાંઇ પુરાવ નથી. મી. આલને તે જડજનું તે શીપાઇની સાક્ષી

તથા ટપાલવાળાની બુક ઉપર લક્ષ ખેંચેલું છે." પછી આગળ એવું કહેછે કે "કોરટ કહે છે કે તે સીપાઇને આ આંકડા [illegible] કાંઇ પુરાવ નથી. પછી મી૦ ફીલીપની નોટ ઘણીજ રીતે [illegible]ની મતલબની છે. અને જડજે જુરીને જે હકીકત સમજાવી છે તેમાં તેમણે કહેલું છે કે તે ટપાલના માણસની ચોપડી તે ટેબલ ઉપર છે. અને તે ફેરફાર કરેલા વોચરો સાથે તે બુકમાં લખેલી હકીકત મુકાબલ કરવાનો લાગ તેઓને હતો. અને જો તેઓની નજરમાં આવ્યું હોય કે તે ફેરફાર કરેલા વોચરો તે બુકમાં જે લખાણ છે તે સાથે મળતા છે તો તેઓ તે કેદીને તે મુકાબલાનો લાભ આપી શકતા હતા. પ્રથમ તે વીદવાન જડજે ખરી રીતે શું કહેલું હતું તેનો અમારે વીચાર કરવાનો છે. અને શું શાબેત થએલું છે તે લક્ષમાં રાખતાં તથા જુરીને પાછળથી શું કહેવામાં આવેલું હતું તે જોતાં હરકોઇ સમજદાર માણસે જડજની સમજાવેલી હકીકત ઉપરથી શું સમજવું જોઇતુ હતું તેનો અમારે બીજો વીચાર કરવાનો છે. મી૦ આલને પોતાની નોટ ઉપરથી અમારી નજરમાં આવે છે કે જ્યારે જડજે જુરીને એમ કહ્યું કે કાંઇ પુરાવ નથી. ત્યારે તેમનો હેતુ તેઓને એમ કહેવાનો નહી હતો કે તે કેદી ૨ અને ૩ ના આંકડા લખી શકતા નહી હતા કારણ કે જડજની નોટ ઉપરથી તે લખી શકે છે. એમ જણાય છે. એટલુંજ નહી પણ ટપાલની બુકમાં તે સીપાઇએ પોતે ઇંગરેજી લખેલું છે એમ પણ નીકળે છે. પરંતુ જ્યારે તે જડજે તે વાત વીશે શક રાખ્યા વગર અગર તે ઈનકાર કરવા વગર એમ કહેલું કે "અમે તે જાણીએ છીએ પરંતુ હજુ અમે માનીએ છીએ કે કાંઇ પુરાવ નથી." વીગરે ત્યારે મી૦ આલને તે હકીકત ઉપર તે વીદવાન જડજનો લક્ષ આપવાને માગેલું હતુ. અને ત્યાર પછી તે જડજે તે ચોપડી જુરીનીરૂબરૂ મુકેલી હતી. એવા કારણથી કે કેદીના લાભમાં જુરીની નજરમાંયોગ્ય લાગે તે પ્રમાણે તેઉ કાંઇપણ અનુમાન કરે. અને મી૦આલને તે સીપાઇની તે ફેરફાર કરેલા આંકડા હાથથી લખવાની બાબતમાં જે સાહેદી હતી એ વીશે જે તકરાર કરેલી છે તે તેઓના વીચારમાંથી એકી લેવામા આવી નથી, એ ખુલું છે. સબબ તે વીદવાન જડજે જુરીને જે કહેલું હતું અને તેમનો જે કહેવાનો હેતુ હતો તે એવો જણાય છે કે તે ફેરફાર તે સીપાઇએ ખરી રીતે કરયો એ વીશે કાંઇ પુરાવ નથી. અને બીજુ કે તે ફેરફાર કરી શકતો હતો એટલે તે ફેરફાર કરવાને તેને લાગ હતો અગર સેહેલાઇ હતી, એ વીશે કાંઇ પુરાવ નથી. સબબ અમારી નજરમાં આવે છે કે કોઇ પણ સમજદાર માણસે આ મતલબ શીવાય બીજી રીતે સમજવું નહી જોઇએ. આ પ્રમાણે છે તો અમારી નજરમાં આવે છે

કે કોઇ રીતે ખોટું બતાવવામાં આવ્યું નથી. અને આ કામમાં જુરીને તે વીદવાન જડજે જે હકીકત સમજાવેલી તેમાં કાયદાની કાંઇ ચુક કરી છે એવું અમારી નજરમાં આવતું નથી. સબબ અમે તે હુકમ રદ કરીએ છીએ.

જષ્ટીશ ફીલ્ડ સાહેબ—અમે સદરહુ ફેંસલા સાથે મળતા છીએ અમે ફકત એવું કહેવાને માગીએ છીયે કે તે જુરીની રૂબરૂ પ્રથમ અમારી મરજી એવું બતાવવાની હતી કે ખરી હકીકત તરીકે તે ડાકના સીપાઇએ તે ફેરફાર કરયો એવો કાંઇ પુરાવ નથી. અને બીજુ કે તે કરવાને તેને કાંઇ લાગ હતો એવો કાંઇ પૂરાવ નથી. મી० આલને તે કેદીનો બચાવ ઘણી આતુરતાથી અને હુશીઆરીથી કરેલો છે. તેમાં તેમણે અમારી રૂબરૂ એવો આગ્રહ કરયો હતો કે તે ટીકીટોમા અગર નાંણાં આપવાના હુકમોમાં તે ફેરફાર તે ડાકના શીપાઇએ કરેલો છે તે વીશે તે ડાકના સીપાઇની ચોપડી પુરાવ છે. આ તકરારથી અમે તેમનાથી જુદા પડયા, તે ડાકના શીપાઇની સાહેદીમાં તથા જુરીને મી० આલને તકરાર જાહેર કરેલી તેમાં તે ડાકનો સીપાઇ લખી શકેછે. અને તે આંકડા પોતાના હાથે લખવા લાયક હતા. એવું બતાવેલું છે. આ બાબતમાં કાંઇ પણ શક રહી શકે એમ અમારા વીચારમાં આવ્યું નથી. પરંતુ જયારે મી० આલને તે ચોપડી ઉપર ત્યાર પછીની વાત ચીતમાં અમારૂં લક્ષ ખેંચ્યું ત્યારે અમારી નજરમાં આવ્યું હતું કે મી० આલન અને અમે તે શીપાઇની લખવાની શકતી વીશે જુદા જુદા હેતુથી બોલીએ છીએ. કારણ કે તેમના મનમાં તે શીપાઇની શકતી તે આંકડા લખવાની હતી. અમારા મનમાં તેની લખવાની શકતીનો આધાર તે લખવાના લાગ અગર સેહેલાઇ ઉપર હતો. અને આ છેવટ બતાવેલી તેની લખવાની શકતી વીશે અમે જુરીને બતાવેલું છે કે તે શીપાઇએ તે દુકાન છોડી તે બાબતનો કાંઇ પુરાવ નથી. અને જો કાંઇ પુરાવ હોય તો જુરી તે પુરાવ પોતાના સંભાળ ભરેલા વીચારમાં તે પુરાવ લેવાને બંધાએલા છે. આ તમામ હકીકત ઉપરથી જુરીએ યોગ્ય રીતે ખોટું સમજે એવું અમે કાંઇ પણ કહયું હોય એમ માનવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી. છેવટે અમે એટલું બતાવી શકીએ છીએ કે તે જુરીનો ઠાવ બરોબર છે તે વીશે અમને કાંઇ પણ શક નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ સપટેંબર સને ૧૮૮૪

મી૦ જષ્ટીશ વીલસન અને મી૦ જષ્ટીશ મેકફરસન

સાહેબોની રૂબરૂ.

ગરભીનબીંદ (અપીલવાળો) વીરૂધ મહારાણી કેશરેહીંદ.
(અપીલના પ્રતીવાદી)

જે કામમાં તોહોમતવાળો નાશી ગએલો હોય તેમાં થએલી જુબા
ની—ફો. કા ચ. ની રીતીના સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની
કલમ ૫૧૨—તોહોમતવાળાની ગેરહાજરીમાં પુરાવ લખી લેવો.

જે કામમાં તોહોમતવાળો નાશી ગએલો હોય અને તેની ગેરહાજ-
રીમાં તેની વીરૂધ પૂરાવા લેવાનો ઇરાદો રાખવામાં આવે તો ફો. કામ
ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૨ પ્રમાણે તોહોમતવાળો નાશી ગ-
એલો છે તે બતાવવું જોઇએ. અને તેની તપાસ કરવી જોઈએ. . અને
તે નાશી ગએલો છે એવું જુબાનીઓ લખતાં પહેલાં સાબેત થવું જો-
ઇએ. એવી જરૂર છે.

પાનું ૧૦૭૭ કેદી ધરબીનબીંદની ઉપર પીનલકોડની કલમ ૩૯૫
મી પ્રમાણે ડાકાઇટીનો આરોપ રાખવામાં આવ્યો હ-
તો. અગષ્ટ સને ૧૮૮૦ બીંદના ૧૨ અગર ૧૩ માણસોનુ એક-
ટોળુ નદીમાં બોટમાં બેશી ગયું અને દીનાજપુર પ્રગણામાં ચટનાગર
ગામમાં ડાકાઇટી કરી રૂ ૩૦૦) ની મીલકત જબરાઇથી તેઓ લઇ ગ
યાં. પરંતુ તે લુટના માલની વહેંચણી કરતાં તકરાર થવાના કારણથી
તે ટોળીમાંના એક નામે જોગેશરબીંદે પોલીસને તે જાહેર કરયું. તે ઉપર
થી તે ડાકાઇટોમાંના સાતેકને પકડવામાં આવ્યા અને તેમને શેશન કોર
ટમાં કમીટ કરવામાં આવ્યા. તેમાંનો એક જોગેશરબીંદ હતો, અને જે
માફી સાક્ષી થએલો હતો, તેની સાક્ષી ઉપરથી તે કેદીઓને સને
૧૮૮૦ ના નવેંબર માસના માલદાહાના શેશનમાં ગુનેહગાર ઠરાવી તેમને
શીક્ષા કરવામાં આવી.

આ ટોળામાંના પાંચ શખશો નાશી ગયા હતા. તેઓનાં નામ તથા
વરણન તા૦ ૨૪ સપટેંબર સને ૧૮૮૦ ના રોજના પોલીશ ગેજીટમાં
પ્રશીધ કરવામાં આવેલા છે. સને ૧૮૮૪ શુધી આ નાશી ગએલા સખ
શોમાંના કોઇનો પતો લાગેલો નહી હતો. પણ ત્યાર પછી ધરબીંનબીંદને
ગોસાઇપુરમાં પકડવામાં આવ્યો. સને ૧૮૮૦ માં તપાસ થયા પછી અને
ધરબીંનને પકડવામાં આવ્યો ત્યાર પછી જોગેશરબીંદ મરણ પામ્યો.

ધરબીનને સને ૧૮૮૪ ના જુલાઇ માસમાં શેશન કોરટમાં કમીટ કરવામાં આવ્યો, અને તપાસમાં એમ સાબેત થએલું છે કે સને ૧૮૮૦ માં તે ડાકાઇટી થઇ તે અરસામાં તે ધરબીન પોતાના ગામમાંથી નાશી ગએલો હતો, અને પછી કોઇ દીવશ તાંહાં પાછો આવ્યો નહી હતો, અને જે ગામમાં તે પોતે ઘર કરી રહેલો ત્યાંહાં તેણે પોતાનુ બીજુ નામ પાડેલું હતું, અને સને ૧૮૮૦ ના સપટેંબર માસની તા૦ ૨૪ ના રોજના પોલીસ ગેજીટમાં જે વરણુન તેનુ બતાવેલું તે સાથે તેની જાત નો દેખાવ બારીકાઇથી મળતો હતો. જોગેસરબીંદની જુબાની કમીટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂ સને ૧૮૮૦ માં લેવામાં આવેલી હતી. (શેશનની તપાસ સને ૧૮૮૦ માં થએલી તે કામના કાગળો નથી.) તે રજુ કરવામાં આવવાથી સેશન જડજે તે કેદી વીરૂધ પુરાવ તરીકે દાખલ કરી. તે જુબાનીમાં સ્પષ્ટ કહેલું છે કે તે ડાકાઇટીમાં ધરબીન હતો. આ જુબાની દાખલ કરવાની બાબતમાં શેશન જડજે નીચે પ્રમાણે લખાણ કરેલું છે:—

"ડાકાઇટ જોગેશરબીનને માફી આપવામાં આવેલી અને તેથી માફી "શાહેદી થએલો હતો અને તે હાલ મરણ પામેલો છે. તેની જુબાની પુ- "રાવ આકટની કલમ ૩૨ ની રકમ ૩ તથા કલમ ૮૦ તથા ફોજદારી "કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૨ મી પ્રમાણે દાખલ કરવા "માં આવી છે. શેશન કોરટની રૂબરૂની તપાશના કામના કાગળો છે "નહી, માટે આ જુબાની કમીટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂની છે. તે અં- "ગરેજી ભાષામાં ડીપુટી માજીસ્ત્રેટ કાશીકીંકરસેને લખી લીધી છે. વળી "પુરાવ આકટની કલમ ૩૩ પ્રમાણેની તે શાહેદી છે. જે વખતે પુરાવ "લખી લેવામાં આવ્યો તે વખતે તે કેદી હાજર નહી હતો તે શાચી વાત "છે, અને તેથી તેને ઉલટ તપાસ કરવાનો અખત્યાર નહી હતો. પરંતુ "તે નાશી ગયો હતો તે તેનો પોતાનોજ વાક છે. જો તે હાજર થઇ પો- "તાની ચોકશી તેણે કરાવી હોતતો જેમ તેની સાથે કેદીઓને તે જોગેશર "બીનની ઉલટ તપાસ કરવાનો હક હતો તે તપાસ તેમણે કરી છે તે પ્ર "માણે તેને પણ તે હક અને લાગ મળત, અને ફોજદારી કામ ચલાવ- "વવાની રીતના કાયદાની કલમ ૫૧૨ પ્રમાણે આવી જુબાનીના નાશી ગ "એલા કેદીની બાબતમાં કલમ ૨૩ પ્રમાણે સામાન્ય રીતે કામ ચલાવ "વાની રીતી છે તેમાંથી માફી કરવામાં આવી છે. (અ) નમુનો આંક ૯ "નો આવીજ તપાસ (નંબર ૭) લખેલી તેમાં તે આરોપની તપાસમાં "આ જુબાની દાખલ કરવામાં આવી હતી તેમાં આ કેદીનુ નામ નાશી "ગએલા તરીકે છે, માટે આ કામમાં જે પુરાવ છે તેથી કેદી ધરીબીન

"નાશી ગએલો હતો તેને પુષ્ટી થાય છે જ્યારે કોઇ સખસો નાશી જાય "અને એમ કહીએ કે તેવીશ વરશ સુધી પકડાએલા ના હોય તો પછી હ "યાત સાક્ષીઓની સાહેદી મળવી મુશકેલછે એ દેખીતુ છે. માટે જંગેશરની "જુબાની તે કેદી અને તેનો કોનશલ કબુલ કરે છે કે તે કેવા વીરૂ "આપવામાં આવેલી છે તે જોતાં તેમાં તેણે ખુલી રીતે કહેલું છે કે "આવરીબાને તે ડાકાઇટીમાં ભાગ લીધો છે."

જંગેશરની શાહેદી તથા બીજા બતાવેલા પૂરાવ ઉપરથી સેશન જજ તે આસંશરો સાથે મળતા આવે છે અને ઠરાવે છે કે ધરબીન ગુને હગાર છે તેથી તેને પાંચ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તે કેદીએ હાય કોરટમાં અપીલ કરી.

સુનાવણી વખતે બેમાંથી એકે બાજુ તરફથી કોઇ હાજર થએલું નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ મેકફરસન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

તે કેદી ધરબીન બીદને ડાકાઇટીના આરોપ બાબત ગુનેહગાર ઠરા વ્યો છે તેથી તેને પાંચ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. તે ડાકાઇટી સને ૧૮૮૦ ના ઓગસ્ટ માસમાં કરવામાં આવી હતી. ત્યાર પછી થોડીક મુદતમાં કેટલાક શખસો ઉપર આરોપ રાખવામાં આવ્યો હતો અને તેમની તપાસ કરી તેમને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા હતા, પરંતુ કેદી જે નાશી ગએલો કહેવામાં આવેલો છે તે થોડી મુદત ઉપર જ પકડાએલો છે. તેના વીરૂધ સાબેતીમાં એક જંગેશરબીન કે જેને માફી સાહેદી અશલ તપાસમાં કરવામાં આવેલો હતો અને જે હાલ મરણ પામેલો છે તેની જુબાની અને બીજો કેટલાક પુરાવ તે ડાકાઇટીની વખતના સુમારમાં તે કેદી પોતાના ગામમાંથી ગેરહાજર હતો. અને પાછળથી નાસી ગએલો હતો તે બાબતનો ફકત છે. તે જડજના વીચારમાં આવ્યું છે કે તે જંગેશરની જુબાની પુરાવા આકટની કલમ ૩૩ અને ૫૧૨ મી પ્રમાણે તે કેદી વીરૂધ પુરાવ છે. તે જુબાની તે કેદીની રૂબરૂમાં લખી લેવામાં આવી નથી, માટે તે પેહેલા આકટ પ્રમાણે દાખલ કરવા લાયક નથી એ ખુલ્લુ છે, અને પાછળ બતાવેલા કાયદા પ્રમાણે જો તે આકટની કલમ ૫૧૨ મુજબ ચાલવામાં આવેલું હોયતો દાખલ કરવા લાયક તે છે. અમારા વીચારમાં આવે છે કે તે કલમ પ્રમાણે તે નાશી ગયો હતો એમ કહેવું જોઇએ, તેની તપાસ થવી જોઇએ, અને તે જુબાની લેતાં પેહેલાં તે સાબેત થવું જોઇએ એવી જરૂર છે. ખરી રીતે તે જુબાની તે કલમ પ્રમાણે લેવામાં આવેલી હોય એમ બીલકુલ જણાતુ નથી. બીજા સખસોના વીરૂધ કામ ચાલેલું તે દરમીયાનમાં તે લેવામાં આ

વેલી છે. માટે તે આ કેદીના વીરૂધ દાખલ કરવા લાયક નથી.

એમ ધારીએ કે તે દાખલ કરવા વાયક છે તોપણ અમારી નજર માં આવે છે કે જોઇતો પ્રત્યંતરી પૂરાવ નથી. તે નાશી ગયાનો જોઇતો પુરાવ નથી. તે એક શકવાળા સખસોના વરગમાંનો છે, અને તે કામમાં તે વરગના કેટલાક સખસો લપેટાએલા હતા ત્યારે તેણે તે જગો છોડવા ને દુરસ્ત ધારેલું હતું. પુરાવ ઉપરથી જણાય છે કે ત્યારથી પ્રમાણીક પણેથી રહેલો છે. માટે તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને તે કેદીને છોડી દેવો જોઇએ.

અપીલ મંજુર રાખવામાં આવી.

તા૦ ૧૯ અગષ્ટ સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ ફીલ્ડ અને મી૦ જસ્ટીસ નોરીસ સાહેબોની રૂબરૂ.

અબીલખશીંગ (અરજદાર) વી૦ ખુબલાલ (સાંમાવાળો)

ફરીયાદ ચલાવવાની પરવાનગી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૧૯૫ ની રકમ સી. ની પેટા રકમ ૨—મંજુરી આપતાં પેહેલાં નોટીસ આપવાની કયારે જરૂરછે.

જે કામ ચાલતાંની દરમીઆનમાં જે કહેવાએલો ગુનહો થએલો હોય તે કામ પુરૂ થયા પછી જ્યારે ફરીઆદ ચલાવવાની પરવાનગી મળવાને અરજ કરવામાં આવે તો, જે સખસના વીરૂધ તે પરવાનગી મળવાને અરજ કરવામાં આવી હોય તેને નોટીસ તે અરજીની આપી તેને સાંભળવાનો લાગ આપવામાં આવેલો ના હોય તો તે મંજુરી આપવી જોઇએ નહી.

પાનું ૧૧૯૦ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૫ મી પ્રમાણે ફરીઆદ ચલાવવાની મંજુરી બાબત આ અરજી કરવામાં આવી છે.

દરભંગા જીલ્લામાં ન્પુપરી કારખાનાના મી૦ વીલસનના નોકરો એક અબીલાખશીંગે હુમલો કરયા બાબત તથા જબરાઇથી તેની જમીન ઉપર જવા બાબત આરોપ રાખવામાં આવેલો હતો ડેપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ જે બચાવ આપવામાં આવેલો છે તે એવો છે કે અબીલાખના બાપે લખેલા ઇસ્તીફા અથવા ફારગતીના લેખથી તે જમીન છોડી દીધી છે અગર જે જમીન બાબત આ ફરીઆદ કરવામાં આવી છે તે બાબત જોટ કરી આપેલું છે. તે ઉપરથી તે અબીલાખે જીલામાં એવી મતલબની અરજી આપેલી છે કે મારા બાપે જે દસ્તાવેજ જીલામાં રજુ કરેલો કહે-

વામાં આવેલો છે, અને જે તે કારખાનાના લોકોએ રજુ કરેલો છે તે જુ-ઠો બનાવેલો દસ્તાવેજ છે. તે અરજી તથા તે ફરીઆદનો નીકાલ તે ડેપ્યુટી માજીસ્ટ્રેટે કરેલો છે, અને તે તોહોમતવાળાઓને (તે કારખાનાના નેકરોને) ગુનેહગાર ઠરાવી તે ઇસ્તીફાનો દસ્તાવેજ જુઠો બનાવટનો ઠરાવ્યો છે. તા૦ ૧૪ ફેબરવારી સને ૧૮૮૪ ના રોજ તે કારખાનામાંના એક નોકર ખુબલાલે ઢ્હલામાં પોતાની અરજીમાં તે કારખાનાના નોકરોએ એક જુઠો દસ્તાવેજ બનાવેલો છે તે બાબત તે અબીલાખ ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી મળવાની અરજી કરી છે. તા૦ ૧૬ ફેબરવારી સને ૧૮૮૪ ના રોજ અબીલાખના ઉપર કાંઇ નોટીસ બજાવ્યા વીના ફરીઆદ ચલાવવાની પરવાનગી તે માજીસ્ટ્રેટે આપી છે. આ હુકમ ઉપર અબીલાખે હાય કોરટમાં અરજી આપી છે

અરજદાર તરફથી મોલવી સીરાજુલ ઇશલાંગ.

સામાવાળા તરફથી મી૦ શી, ગ્રેગરી.

કોરટનો ફેંસલો જષ્ટીસ વીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

તા૦ ૧૬ ફેબરવારી સને ૧૮૮૪ અરજદાર ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી આપવાનો હુકમ કરવામાં આવેલો તે રદ કરવાને ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૫ ની રકમ ૪ ની પેટા રકમ સી. પ્રમાણે આ અરજી કરવામાં આવી છે. અમારી નજરમાં આવે છે કે આ મંજુરી બે કારણોથી રદ કરવી જોઇએ. કલમ ૧૯૫ ની ૨ જી રકમની પેટા રકમ (સી) માં ઠરાવ્યું છે કે તે મંજુરીમાં બની શકે તે પ્રમાણે કેસ કોરટમાં અથવા બીજી જગોએ અને કીએ પ્રસંગે તે ગુનહો કરવામાં આવેલો છે તે બતાવવું." જે બાબત આ મંજુરી આપવામાં આવી છે. તે વીસે કાયદાના આ ઠરાવો પ્રમાણે ચાલવામાં આવેલું નથી.

બીજા જે કારણથી આ મંજુરી રદ કરવી જોઈએ તે વીશે અમારી નજરમાં એવું છે કે જે કામમાં તે ઇસ્તીફા અથવા તે છોડી દીધાની નોટીસના ખરાપણા બાબતમાં સવાલ ઉતપન કરવામાં આવેલો તે કામ પુરૂ થયું એટલે તે મંજુરી આપવામાં આવી નથી. આવી પ્રકારની હકીકતથી એટલે જે કામ ચાલતાંની દરમીયાનમાં તે કહેવાએલો ગુનહો બનેલો હોય તે કામ પુરૂ થયા પછી જયારે તે મંજુરી મળવાની અરજી કરવામાં આવી હતી ત્યારે અમારી નજરમાં આવે છે કે જે સખસના વીરૂધ તે મળવાની અરજી કરવામાં આવી હોય તે સખસને તે અરજીની નોટીસ આપી તેને સાંભળવાનો લાગ આપવો જોઇએ, અને તેને નોટીસ આપી તેને સાંભળવાનો લાગ આપ્યા વીના તેને હરકત થાય તેવી રી

તે તે કામ ફરીથી ખોલવું નહીં જોઇએ. આ હકીકતથી અમે તે કલમ ૨૧૧ મી સબંધીના આરોપ સબંધીની મંજુરી રદ કરીએ છીએ. અમારા સમજવામાં છે કે તે કામના કાગળોમાંજ તે અરજદાર ઉપર પીનલ કોડની કલમ ૫૦૦ મુજબનુ તોહોમત રહેલું છે. પરંતુ તે ગુનહો એવો છે કે જે વીશે ફરીઆદ ચલાવવાને મંજુરીની જરૂર નથી. માટે તે ગુનો હ છે તે સબંધી અમે કાંઇ હુકમ કરતા નથી.

મંજુરી રદ કરવામાં આવી.

વાલ્યુમ ૧૧ મુ.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૧ આકટોબર સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ વીલસન અને મી૦ જસ્ટીસ મેકફરશન

સાહેબોની રૂબરૂ.

બસારૂદીન ભુઇયા (ફરીયાદી) વી૦ બાહારાલી (સામાવાળો.)

લોકોને જવા આવવાના રસ્તાનો હક્ક—જાહેરાત રસ્તાનો હક્ક—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમો ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭ માં જાહેરાત રસ્તાને હરકત કરવાની બાબતમાં જે અખત્યાર આપવામાં આવેલા છે તેનો ઇરાદો જે કામમાં સાર્વજનીક હકની શુધ અંતઃકરણથી તકરાર હોય તે કામમાં અમલ કરવાનો નથી. જે કામમાં આવી તકરાર હોય તેમાં યોગ્ય કામ દિવાની અગર ફોજદારી રાહે ચલાવી સારવજનીક હક્ક શાબેત ઠરાવયામાં આવે ત્યાં સૂધી તે કામમાં તે કલમો પ્રમાણે કોર્ટે હુકમ કરવો નહીં જોઇએ.

પાનું ૮ મું. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ડાકાના શેશન જડજે હાયકોરટમાં આ રેફરંસ કરેલું છે.

એક શેખ બસૂરીદીને મુનશીગંજના ડીપ્યુટી માજીસ્ત્રેટને અરજી આપી એવી ફરીઆદ કરી છે કે બાહાર અલ્લી વીગેરે જાહેરાત રસ્તામાં હરકત કરેલી છે. ડીપ્યુટી માજીસ્ત્રેટે હુકમ કરયો કે નજીકના એક પડોશીએ તપાસ કરવી, અને તેના રીપોર્ટ ઉપરથી નીચે પ્રમાણે હુકમ કરેલો છે. “ જે સખશોના ઉપર ફરીઆદ કરવામાં આવી છે તેના ઉપર દિવાની કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે તે હરકત દુર કરવી અથવા સાત

દિવસની અંદર કારણ બતાવવું "

આ હુકમ પ્રમાણે બે સખસો બાહાર અલ્લી અને કરીમ કારણ બતાવવાને હાજર થયા. અને તેમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટે પુરાવ લેઈને ઠરાવ્યું હતું કે તે ફરીઆદના પેહેલાં એક વરશ ઉપર તે બાહારઅલ્લીએ પોતાના ઘાટની ખાળ ઉપર થઈને ગામના ઢોર જવા બાબત હરકત કિધાવેલી હતી અને તે હરકતને લીધે જમીનદારી અમલદારે તે ઘાટ ઉપર આવી તે ગામના લોકોને એક નવો ઘાટ એટલે કરીમનો ઘાટ આપેલો હતો તે કરીમે હાલ પોતાના તે ઘાટ ઉપર હરકત કરેલી છે. તેથી ફરીઆદી તથા તેના ગામના બીજા લોકો પોતાનાં ઢોર બાહારઅલ્લીના અગર કરીમના ઘાટ ઉપરના ખાળ ઉપર થઈને લેઈ જઈ શકતા નથી. વળી તેમના અભિપ્રાયમાં આવ્યું હતું કે બાહારઅલ્લીનો ઘાટ એક વરશ ઉપર સુધી ધોરી રસ્તો હતો, અને ફક્ત એક વરસથી તે ધોરી રસ્તો વાપરવામાં ના આવે તેથી તે ફરીઆદીનો તથા તેના ગામના લોકોનો તે વાપરવાનો હક્ક જતો નથી. માટે તેમણે ઠરાવ્યું છે કે બાહારઅલ્લીએ કરેલી હરકત કાયદેસર નથી.

તે હકીકત બાબતનો ઉપર પ્રમાણે નીસ્ચે કરીને તે ડેપ્યુટી માજીસ્ટ્રેટે એવો હુકમ લખેલો છે કે "કરીમ વીરૂદ્ધનો હુકમ રદ કરવામાં આવેલો છે, ફોજદારી કાયદાની કલમ ૧૩૭ પ્રમાણે બાહારઅલ્લી વિરૂદ્ધ તે હુકમ હું કાયમ કરૂં છું."

શેશન જડજના અભીપ્રાયમા આવ્યું કે આ હુકમ કાયદા પ્રમાણે નથી. કારણ કે એકાદા સખશની ખાનગી જમીનમાં થઈને રસ્તો હોય તે ગામના લોકોની કબુલાતથી થએલી ગોઠવણ પ્રમાણે એક વરસ ઉપર છોડી દીધેલો હોય તો તે ધોરી રસ્તો કહી શકાતો નથી. તેથી તે માજીસ્ટ્રેટને હકુમત નહીં હતી. વળી તેમના અભીપ્રાયમાં આવ્યું છે કે કલમ ૧૪૭ માં જે મુદતની હદ બતાવવામાં આવેલી છે તે લાગુ કરવી જોઈતી હતી. અને ડેપ્યુટી માજીસ્તરેટે તે પક્ષકારોને દીવાની કોરટમાં મોકલવા જોઈતા હતા. માટે તેમને હાયકોરટમાં આ રેફરંસ કરેલું છે.

રેફરંસમાં કોઈ હાજર નથી.

કોરટનો હુકમ જસ્ટીશ વીલશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારી નજરમાં આવે છે કે ડેપ્યુટી માજીસ્ટરેટનો હુકમ ચાલી શકનો નથી. આ કોરટે એક કરતાં વધારે વખત ઠરાવ્યું છે કે જે કામમાં સારવજનીક હકની શુદ્ધ અંતઃકરણથી તકરાર હોય તે કામમાં સારવજનીક રસ્તાને હરકત કરયા સબંધી કલમ ૧૩૩ થી તે ૧૩૭ સુધીમાં જે અખત્યાર આપવામાં આવેલો છે તેનો અમલ કરવાનો નથી.

આ કામમાં ખુલ્લું છે કે રસ્તાના હક્કની ખરી રીતે તકરાર છે અને તે હક્ક છે તે વિશે તો ઓછામાં ઓછો શક તો છેજ, માટે યોગ્ય કાંયદેસર કામ દિવાની અગર ફોજદારી રાહે ચલાવી તે સારવજનીક હક્ક કરવામાં આવે ત્યાં સુધી તે બતાવેલી કલમો પ્રમાણે કાંઈ હુકમ થઈ શકતો નથી.

હુકમ ફેરવવામાં આવ્યો.

તા૦ ૨૪ આક્ટોબર સન ૧૮૮૮
મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીસ મેકફરસન
સાહેબોની રૂબરૂ.

મહારાણી કેસરેહીંદ વીરૂદ્ધ ઇશ્વર ચંદરસર (તોહોમતવાળો) ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦ની કલમ ૧૦૯ ૧૧૦–૧૧૨- સારી ચાલના જામીન.

તોહોમતવાળાને સારી ચાલના જામીન આપવાને માજીસ્ત્રેટ હુકમ કરી શકે તે પેહેલાં તે તોહોમતવાળાને પોતાનો બચાવ આપવાનો લાગ આપવો જોઇએ. અને તેના ઉપર કેવું તોહોમત રાખવામાં આવેલું છે તેની તેને સ્પષ્ટ ખબર કરવી જોઈએ.

પાનું ૧૩ એક ઇસ્વર ચંદરસર પ્રખ્યાત રીતે ખોટી ચાલનો છે એવો ડાકાના માજીસ્તરેટને રીપોર્ટ કરવામાં આવેલો હતો. અને તે ઉપરથી તે માજીસ્ત્રેટે તે ઇશવરને પકડવાનો હુકમ કરયો. અને તે હાજર થયો એટલે તેના વીરૂધ્ધ પુરાવ લેઇ તોહોમતવાળાને જાહેર કરવામાં આવ્યું કે જો હુકમ કરવામાં આવસે તો કાયદાની કલમ ૧૧૦ પ્રમાણે એક વરશ સારૂં કરવામાં આવશે અને તેણે પોતાની સારી ચાલના જામીન શા વાસ્તે નહીં આપવા તેવું કારણ બતાવવું એવું તેની પાસે માગ્યું. તોહોમતવાળાનો જવાબ લખી લેઇને તે માજીસ્ત્રેટે નીચે પ્રમાણે હુકમ કરેલો છે કે: "તેમણે રૂ. ૫૦) નો મુચરકો અને રૂ. ૫૦) ના જામીન ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૦૯ પ્રમાણે આપવા. અને તે આપવામાં કસુર કરે તો તેટલી મુદત અગર તે જામીન આપે ત્યાં સુધી તેણે સખત મજુરી સાથે કેદ રહેવું" તો પણ માજીસ્ત્રેટે તે હુકમમાં પોતાના હાથથી એવી એક નોટ લખેલી છે કે "કલમ ૧૧૦ પ્રમાણે એક વરસ સારૂ."

કામ ચલાઉ શેશન જડજના વીચારમાં આવ્યું છે કે તે હુકમ નીચેના કારણોથી બરોબર નથી. એટલે (૧) તે કાયદાની કલમ ૧૧૨ માં ક-

રાખ્યા પ્રમાણે માજીસ્ટ્રેટે કાંઇ હુકમ લખેલો નથી. (૨) કેઇ કલમ પ્રમાણે અગર કેવા ઠરાવથી તેની પાસેથી જામીન માગામાં આવેલા છે તે વીશે સફાઇ નથી. અને (૩) તે તોહોમતવાળાને પોતાનો બચાવ આપવાનો લાગ આપવામાં આવ્યો નથી અગર સાહેદીઓ આપવા છે કે નહી એમ પુછવામાં પણ આવ્યું નથી. આ પ્રમાણે કારણોથી શેશન જડજે તે માજીસ્ટ્રેટનો ખુલાશો મોકલીને હાયકોર્ટને ભલામણ કરી છે કે તે હુકમ રદ થવો જોઇએ.

કોર્ટનો અભીપ્રાય જસ્ટીશ મેકફરશન સાહેબે નીચે પ્રમાણે આપેલો છે.

અમારી નજરમાં આવે છે કે શેશન જડજનો અભીપ્રાય બરોબર છે અને તે હુકમ રદ થવો જોઇએ તે કામના કાગળો ઉપરથી જણાતું નથી. અને માજીસ્ટ્રેટે પોતાના ખુલાસામાં કહયું નથી કે તે તોહોમતવાળાને પોતાનો બચાવ આપવાનો અગર સાક્ષીઓ બોલાવવાનો લાગ આપવામાં આવેલો હતો.

વળી કોઇ રીતે ખુલ્લું નથી કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૧૦૯ કે ૧૧૦ પ્રમાણેના તોહોમત બાબત તોહોમતવાળાને જવાબ દેવાનો છે. તે તોહોમતવાળો જાણતો નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૧૮ સપટેંબર સને ૧૮૮૪

મી૦ જસ્ટીશ વીલશન અને મી૦ જસ્ટીશ મેકફરસંન સાહેબોની

રૂબરૂ.

ચદ્રસેખરરાય અરજદારની બાબતમાં

જમાની ખત—ફો. કા. ચ. રી. ના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૪.

ફો. કા. ચ. રી. ના કાયદામાં પોલીસની રૂબરૂ કોઇ શખસને રજુ કરવા સારૂ જામીન ખત લેવાને પોલીસ અમલદારને અખત્યાર આપવામાં આવેલો નથી માટે તેવું ખત રદ બાતલ છે. અને તે ખતમાં ફેરફાર કરવાને અને તેની રૂઇએ નવા બંધનો ઉતપન કરવાને માજીસ્ટ્રેટને અખત્યાર નથી.

પાંનું ૭૭ ઢાકાના જડજે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૧૪ પ્રમાણે એક હુકમ માજીસ્તરેટે કરેલો તે સબંધી હાયકોરટમાં આ રેફરંસ કરેલું છે. આ કામની હકીકત સારાં

શમાં એવી છે કે અમુક તારીખે પોલીસના ઈનસપેકટરે ડાકાના માજી સ્ટ્રેટને એવો રીપોર્ટ મોકલ્યો છે કે બાર સખસોને તેની રૂબરૂ રજુ કરવાને એક ચંદરશેખરરાયે મને એક જમાની ખત લખી આપેલું હતું. પરંતુ તે પ્રમાણે તે રજુ કરી શકયો નહીં. તેથી તે ખતમાં લખેલી ગુન્હેગારીનો તે જવાબદાર થએલો છે. ચદરશેખરરાયને એક નોટીસ આપવામાં આવેલી તે પ્રમાણે તે માજીસ્તરેટની રૂબરૂ હાજર થયો. અને તે માજીસ્ટ્રેટે તા૦ ૧૨ મી અગસ્ટના રોજ નીચે પ્રમાણે હુકમ લખેલો છે: "અમારા અભીપ્રાયમાં આવે છે કે તોહોમતવાળાને હાજર થવાને હુકમ કરવામાં આવેલો હતો. પરંતુ પોલીસની રૂબરૂ કે માજીસ્તરેટની રૂબરૂ તે કહેવામાં આવ્યું નથી. તે સખસોને પોલીસની રૂબરૂ હાજર થવાને કાંઇ જામીન લેઈ શકાતા નથી. પરંતુ ફકત માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવાને લેઇ શકાય છે. માટે હું ફરમાવું છું કે ચંદરશેખરરાયે તે બારે માણસોને મારી રૂબરૂ દસ દીવસની અંદર રજુ કરવાં." આ હુકમ તા૦ ૧૨ અગસ્ટના રોજ ચંદરશેખર ઉપર બજાવવામાં આવ્યો. તે ઉપરથી ચંદરશેખરે માજીસ્તરેટને એક અરજી આપી તે ખત લખી આપ્યાની વાત ઇનકાર કરી તોપણ તે માજીસ્તરેટે તા૦ ૧૮મી અગસ્ટના રોજ ઠરાવ્યું છે કે તે ખત પ્રમાણે ચાલવામાં આવ્યું નથી માટે ફરમાવ્યું કે તે અરજદારની જંગમ મીલકત જપ્ત કરી લીલામ કરવી.

હાયકોરટે નીચે પ્રમાણે હુકમ કરેલો છે.

જસ્ટીસ મેકફરસન સાહેબ—તે માજીસ્ટ્રેટે અરજદારે જામીન ખત રૂ ૨૦૦)બાબતનું લખી આપેલું તે ખત તોડયા બાબત તેની જંગમ મીલકત જપ્ત કરી લીલામ કરવાનો હુકમ કરેલો છે તે કાયદા વીરૂદ્ધ છે માટે તે રદ થવો જોઇએ છે. કા. ચ. રી. ના કાયદામાં પોલીશની રૂબરૂ કોઇ સખશને હાજર કરવાને જામીન લેવાનો પોલીશને અખતયાર આપ્યો હોય એવો કોઇ ઠરાવ નથી. જો તે ખત આ બાબતમાં બરોબર નથી તો તેમાં ફેરફાર કરવાને અને તે અરજદાર ઉપર નવા બંધનો ઉતપન કરવાને તે માજીસ્ટ્રેટને અખત્યાર નહીં હતો.

તોપણ એમ ધારીએ કે તે શરતોનો અમલ કાયદેશર રીતે થઈ શકે છે તો પણ તે કાયદાની કલમ ૫૧૪ પ્રમાણે બીલકુલ ચાલવામાં આવ્યું નથી. તે ખત એક પોલીશ અમલદારે લખાવી લીધેલું છે. અને તે કલમ પ્રમાણે કોર્ટની ખાત્રી થાય તે પ્રમાણે સાબેત થાય કે તે ખતના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું નથી તો કોર્ટે તેની શાબેતીના કારણો લખવાં અને જે સખશ તેથી બંધાએલા હોય તેને પુછવું જોઇએ કે ગુન્હે-

ગારી શા વાસ્તે આપવી નહી જોઇએ તેનું કારણ બતાવવું. આ કામમાં અરજદારે ખત લખી આપ્યાની વાત ઇનકાર કરી છે અને જે પોલીશ અમલદારને તે ખત લખી આપવામાં આવેલું કહેવામાં આવ્યું છે તે પોલીસ અમલદાર તથા બીજા પોલીસ અમલદારને પોતાના શાક્ષી તરીકે તે અરજદારોએ બોલાવ્યા હતા. આ શાક્ષીઓને માજીસ્ત્રેટની મદત વીના તે હાજર કરી શકે તેવું નહી હતું. માટે ફકત પોલીસ અમલદાર કે જેની આ કામમાં થએલી વરતણુંક બાબત શીધી રીતે સામી તકરાર કરવામાં આવી છે. તેના ફકત રીપોટ ઉપરથી તે ખત લખી આપવામાં આવેલુ હતું એવી માજીસ્ત્રેટને ખાત્રી શી રીતે થાય તે સમજવી મુશકેલ છે.

કલમ ૫૧૪ પ્રમાણે માજીસ્ત્રેટે ચાલતા કાયદેશર પુરાવ પ્રમાણે કરવું જોઇએ. અને તે ખત યોગ્ય રીતે લખી આપવામાં આવ્યું હતું. અને તેના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું નથી તેની સાબેતી ઉપરથી ફકત તે ગુન્હેગારીનો અમલ થઇ શકે છે. અરજદારે તે લખી આપ્યાની વાત ઇનકાર કરેલી છે. માટે તે લખી આપ્યા વીશે પુરાવ લેવાની તે માજીસ્ત્રેટને જરૂર હતી.

માજીસ્ત્રેટનું બીજી બાબતોને માટે પ્રોશીડીંગ કાયદેશર નથી. તે તોહોમતવાળાઓને દશ દીવસમાં રજુ કરવાની નોટીશ તે અરજદાર ઉપર તા૦ ૧૨ મી અગસ્ટના રોજ બજાવવામાં આવેલી હોય તો તા૦ ૧૮ મીના રોજ માજીસ્તરેટે સંક્ષેપ રીતે હુકમ કરેલો છે કે તે રકમ તેની જંગમ મીલકત જપ્ત કરી વેચાવી વસુલ કરવી તે તારીખે તે શરત તુટેલી નહી હતી.

હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૩ નવેંબર સને ૧૮૮૪

મી૦ જસ્ટીશ વીલશન અને મી૦ જસ્ટીશ મેકફરસંન સાહેબોની રૂબરૂ.

માહારાણી કૈસરેહીંદ વીરૂદ્ધ અંતરઅલ્લી (તોહોમતવાળો)

જુઠો આરોપ—સમાધાન કરવા લાયક ગુન્હો—અસલ આરોપનું સમાધાન થએલું છે એવી તકરાર ઉપરથી હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૨૧૧ પ્રમાણે તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવેલો તેને છોડી દેવો—સને ૧૮૬૦ ના આકટ ૪૫ (હીંદુસ્થાનનો ફો. કાયદો) ની કલમ ૨૧૧, ૩૪૨, ૩૪૭—સને ૧૮૮૨ નો આકટ ૧૦ (ફો. ચ. રી. નો કાયદો) ની કલમ ૩૪૫.

જે ગુન્હો કહેવામાં આવેલો તેનું સમાધાન થઇ ગએલું હોય તે હકીકત પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદી ઉપર આરોપ રાખવામાં

આવ્યો હોય તે આરોપનો નીશ્ચેકાકે જવાબ થતો નથી.

અ. એ. મ ઉપર ખોટી રીતનો અટકાવ કરયા બાબતનો આરોપ રાખ્યો. પોલીસે રીપોટ કરયો કે તે કામ જુઠું છે. અને **અ.** પોતાની ફ. રીઆદ સાબેત કરવાને હાજર થયો નહી તેથી જીલ્લા માજીસ્તરેટે તેના ઉપર કલમ ૨૧૧ પ્રમાણે ફરીઆદ ચલાવવાને હુકમ કરી તેને ડીપોટી માજીસ્તરેટ તરફ મોકલી દીધો. આરોપની સુનાવણી થતાં **અ. એ.** તકરાર કરી કે મેં અસલ જે આરોપ **મ** ઊપર રાખેલો હતો તેનું સમાધાન કરેલું છે. માટે કલમ ૨૧૧ પ્રમાણે મારા ઉપર આરોપ ચાલી શકતો નથી.

તે ડીપુટી માજીસ્તરેટે કાંઇ પણ પુરાવ સાંભળ્યા વીના તે કામ કાહાડી નાખ્યું.

ઠરાવવામાં આવ્યું કે જે રીતી પ્રમાણે ચાલવામાં આવેલું છે તે કાયદેશર નથી. કારણ કે આવી તકરાર કલમ ૨૧૧ પ્રમાણેના આરોપમાં નીશ્ચેકાકે જવાબ નથી.

પાનું ૭૯ જે હકીકત ઉપરથી રેફરંસ ઉતપન થએલું છે તે નીચે પ્રમાણે છેઃ—

તા૦ ૨૯ જુનના રોજ એ. અંતરઅલ્લીએ ચારશીધીની પોલીસને એવી ખબર આવી છે કે મારા બાપને મીનતઅલીએ ખોટી રીતે તેની પાસેથી કબુલત લેવાના હેતુથી ખોટી રીતે અટકાવેલો છે. પોલીશે તે હ. કીકત જુઠી છે એવો રીપોટ કરયો. અને તે ફરીઆદી પોતાની ફરીઆદી હાજર થઇ શાબેત કરવાને નીષ્ફળ થએલો છે, તેથી જીલ્લા માજીસ્તરે- ટે તા૦ ૨૩ અગસ્ટના રોજ પીનલકોડની કા. ૨૧૧ પ્રમાણે તેના ઉપર ફરીઆદ ચલાવવાને હુકમ કરેલો છે. અને ડીપુટી માજીસ્તરેટ પહેલા વર્ગના માજીસ્તરેટ છે તેમણે તે કામમાં કહેલું છે. તા૦ ૨૬ અગષ્ટના રોજની મુદ ત તે ઉપરી માજીસ્તરેટે સુનાવણી સારૂ ઠરાવી અને પીનલકોડની કા૦ ૨૧૧ મી પ્રમાણે અંતરઅલી ઉપર સમન્સ કરયો. તા૦ ૯ સપટેબરના રોજ તે કામ તા૦ ૧૦ સપટેબર સુધી બંધ રાખવામાં આવ્યું તા૦ ૧૦ સપટબરના રોજ અંતરઅલીએ એક અરજી આપી કે પીનલકોડની ક૦ ૩૪૨ મી પ્રમાણેના અસલ આરોપનું મેં "સમાધાન કરેલું છે, માટે ક. ૨૧૧ મી પ્રમાણેના આરોપનું કામ ચલી શકતું નથી. તેથી તોહોમતવાળા ની બાબતમાં કાંઇ હુકમ કરયાવીના ડીપ્યુટી માજીસ્તરેટે તે કામ કાહાડી નાખ્યું ડીપ્યુટી માજીસ્તરેટનો ખુલાસો માગતાં તેમણે જે રીતીએ કામ ચ. લાવેલું તેના કારણો નીચે પ્રમાણે આપેલાં છે" આ કામમાં ફરીઆદીને એવો હુકમ કરવામાં આવ્યો હતો કે જે અસલ આરોપ રાખવામાં આ. વેલો છે તે બાબત તમારે આવી કામ ચલાવવું. પરંતુ તેમણે તે પ્રમાણે ક.

રેલું નથી. એવા કારણોથી કે તેણે તોહોમતવાળા સાથે સમાધાન કરેલું છે. હવે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૩૪૫ પ્રમાણે કલમ ૩૪૨ મુજબના કામનું કોર્ટની બહાર સમાધાન કરવું હોય તો કાંઇ અટકાવ થતો નથી, માટે જો ફરીઆદી તે આરોપ બાબત કામ ચલાવવાને હાજર ન થાય તો વીશેશે કરીને પોલીશની અરજ ઉપરથી તેના ઉપર કલમ ૨૧૧ પ્રમાણે આરોપ ચાલી શકતો નથી."

તે ઉપરથી જીલ્લા માજીસ્તરેટે હાય કોર્ટમાં આ રેફરંસ કરેલું છે તેની સાથે એક પત્ર લખ્યો છે તેમાં નીચે પ્રમાણે છેઃ—

"ડીપુટી માજીસ્તરેટનો તે હુકમ તદન કાયદા વીરૂધ છે એમ મને જણાય છે. પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણેના આરોપનું સમાધાન થઇ શકતું નથી. પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે તોહોમતવાળા ઉપર સમન્સ કરવામાં આવ્યો હોય તો ફરીઆદ તરફનો પુરાવ લીધા વીના તોહોમતવાળાને છોડી શકાતો નથી. પોલીસની રૂબરૂ જે ફરીઆદ છે તે પીનલકોડની કલમ ૩૪૭ પ્રમાણેના ગુન્હા બાબતની છે. અને તેનું વરણન તેમણે તે પ્રમાણેજ કરેલું છે. અને તેવો ગુન્હો ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૩૪૫ પ્રમાણે સમાધાન કરવા લાયક નથી. જો ફરીઆદી પોતાની ફરીઆદ સાબેત કરવાને નીશફળ થાય તો ખોટી રીતે અટકાવ કરયા બાબતના જુદા આરોપ વીશે તજવીજ થઇ શકતી નથી એવો કોઇ કાયદો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૫ પ્રમાણે સમાધાન કરવાના હકકનો અમલ તોહોમત ફરમાવ્યા પછી અગર ફરીઆદ તરફના શાક્ષીઓ લીધા પછી થઇ શકે છે અગર ફરીઆદનું શરૂ કામ ચાલે એટલે તોહોમતવાળો હાજર થાય અથવા માજીસ્ત્રેટની રૂબરૂ તેને રજુ કરવામાં આવે તે વખતે તે અમલ ફરીઆદી કરી શકે છે. (૨) હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેની ફરીઆદ સદરહુ જે હકક કહેવામાં આવેલો છે તેથી નીશફળ જાય છે કે નહીં એટલે અશલ ફરીઆદીને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેની તપાસમાં આરંભની તપાસ તરીકે પોતાની ફરીઆદ શાબેત કરવાને જ્યારે હુકમ કરવામાં આવેલો હોય ત્યારે તે પોતે એમ કહી નીકળી જઇ શકે છે કે મેં તે ગુન્હાનું સમાધાન કરયું છે કે શી રીતે. આ સવાલો વારંવાર અમારી રૂબરૂ આવે છે.

"આ રેફરંસની સાથે આ બેઉ બાબતોનો સબંધ છે. માટે હું વિનંતી કરૂં છું કે નામદાર જડજ શાહેબો મેહેરબાની કરી એક નક્કી નીયમ ઠરાવી અમારો શક દુર કરશો."

રેફરંસ વખત કોઇ હાજર થયું નથી.

હાયકોર્ટનો અભીપ્રાય જસ્ટીશ વીલશન સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

"જીલ્લા માજીસ્ત્રેટે જે હુકમ કરેલો છે કે ડીપ્યુટી માજીસ્તરેટનો હુકમ કાયદા વીરૂધ્ધ છે તે વીચાર સાથે અમે મળતા છીએ. એવા કારણથી કે અસલ આરોપનું સમાધાન કરવામાં આવ્યું હોય તેથી તે સમાધાનની બાબત કલમ ૨૧૧ પ્રમાણેના આરોપમાં નીશ્ચેકારક જવાબ થતો નથી. માટે તે હુકમ રદ કરવામાં આવે છે. અને જીલ્લા માજીસ્ત્રેટ હુકમ કરે તે પ્રમાણે તે માજીસ્તરેટની રૂબરૂ કામ ચલાવવામાં આવશે.

જીલ્લા માજીસ્ત્રેટે જે બીજો સવાલ ઉત્પન્ન કરેલો છે તે આ રેફરંસની વ્યવસ્થા કરવામાં જરૂરનું નથી. એમ અમારી નજરમા આવે છે.

—

તા૦ ૧૨ નવેમ્બર સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ ઓકીનીલી
સાહેબોની રૂબરૂ.

ચંદ્રનાથ ગોજ (અરજદાર) વીરૂધ્ધ નંદલાલ ચાતરજી
(સામાવાળો.)

પીનલકોડની કલમ ૪૯૭—૪૯૮—લગ્ન બેછતી રીતે શાબેત થએલું નહીં—તોહોમતવાળાને છોડી દેવો—ફરી તપાસનો હુકમ કરવો—ફરી તપાસમાં ધણીઆણીને તપાશવાનો હુકમ કરવામાં આવ્યો.

છીનાળાનો તથા બેરકાયદે સંભોગને સારૂં પરણેલી સ્ત્રીને ફોસલાવી લેઇ ગયા બાબતનો ગુન્હો કરવાનું કહેવામાં આવેલું છે તે કામમાં તપાસમાં તે ફરીઆદીએ લગનની બાબત પોતાની ઓરતને તપાસવાની ના કહી. તે ઉપરથી ડીપ્યુટી માજીસ્ટરેટે તોહોમત ફરમાવવાને ના પાડી અને તોહોમતવાળાને છોડી દીધો.

શેશન જડજે ફરમાવ્યું કે એક બીજા ડીપ્યુટી માજીસ્ટરેટે આ કામની ફરી તપાસ કરવી અને તે ઓરતની શાહેદી લગનની બાબતમાં લેવી જોઇએ એવો હુકમ કરયો.

ઠરાવવામાં આવ્યું કે શેશન જડજે કબુલ કરેલું છે કે તે લગ્ન શાબેત કરવાને ફરીઆદ તરફથી નીશફળ ગએલો છે. અને ફરીઆદ તરફથી કાંઇ પુરાવ આપવામાં આવેલો હતો અને તે ડીપુટી માજીસ્ત્રેટે લીધો નથા એમ કહેવામાં આવેલું નથી. સબબ શેશન જડજે ફરી

તપાસનો હુકમ કરેલો છે તેમાં તેમણે પોતાનું યોગ્ય ડાહાપણ વાપરયું નથી.

પાનું ૮૧ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૩૨ પ્રમાણે હાયકોરટમાં આ અરજી કરવામાં આવેલી છે.

એક નંદલાલ ચાતરજીએ તોહોમતવાળા નારાયણ માઇતીના ઉપર એવો આરોપ રાખેલો છે કે તેણે તેની (ફરીઆદીની) ઓરત સાથે વ્યભીચાર કરયો અને યોગ્ય કારણસર તેણીને તે ફોસલાવી લેઈ ગયો.

ફરીઆદીએ કેટલાક શાક્ષીઓ બોલાવ્યા છે (તેમાં તેની ઓરત પણ છે) પણ જો કે કોરટમાં તે ઓરત હાજર છતાં ડીપ્યુટી માજીસ્ત્રેટે જ્યારે ફરીઆદીને કહયું ત્યારે તેણીને તપાસવાને તેણે ના કહેલી છે. લગ્ન બાબત પુરાવ આપવાને કોશીશ કરવામાં આવેલી છે. પરંતુ તે પૂરાવ જોઇએ તેટલો નથી.

ડીપ્યુટી માજીસ્ત્રેટે ઠરાવ્યું છે કે બ્યાજબીરાહે તોહોમત મુકવાને ફરીઆદ તરફનો પુરાવ બસ નથી. તેથી તેમણે તે કામ કાહાડી નાખ્યું. અને ફરમાવ્યું છે કે તોહોમતવાળાને છોડી દેવો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે નંદલાલ ચાતરજીએ શેશન જડજને અરજ કરી એવા કારણથી કે તે પૂરાવ બ્યાજબી રાહે ગુનાહની સાબેતીનો ઠરાવ કરવાને બસ હતો.

શેશન જડજે તે કામના કાગળો મંગાવ્યા. અને નીચે પ્રમાણે હુકમ કરયો:—

" આ કામમાં ડીપુટી માજીસ્ત્રેટનો ફેંસલો સંતોશ કારક છે એમ માહારી નજરમાં આવતું નથી. તે ઘણોજ ટુંકો છે અને ફરીઆદ તરફનો પુરાવ નહી માનવાને કાંઇ કારણો બતાવ્યાં નથી. જે ઘરમાં તે ઓરત તથા તેણીનો ધણી રહેતા હતા. એ ઘર તેણે છોડેલું અથવા સાક્ષીએ કહેલા વખતના સુમારે તેણીએ તે છોડેલું એમાં કાંઇ શક રાખી શકાતો નથી. તે સારી ચાલની નહી હોય તોપણ તે એકલીજતો ભાગ્યેજ જાય. અને તેણીને જવામાં જો તોહોમતવાળાએ મદદ કરી હોત તો કલમ ૪૯૮ પ્રમાણે તેઓ ગુનેહગાર છે.

તે લગ્ન યોગ્ય રીતે સાબેત થએલું નથી. એવી હરકત લેવામાં આવી છે. આ સાચી વાત છે પરંતુ તે ધણી અને જે હજામ સાક્ષી હતો. એમને યોગ્ય રીતે તપાસવામાં આવ્યા નથી. માટે આ પ્રમાણે થએલું જણાય છે. તે લગ્ન વીશેક વરસ ઉપર થએલું હતું. તેથી તે વીશે સખત પુરાવ થઇ શકે તેવું નથી. આ બાબત એવી છે કે જે વીશે તે સ્ત્રી

ને તપાશી શકાય છે તેણીની જુબાની નકી થવી જોઈતી હતી. તે તોહો મતવાળાને છોડી દેવામાં આવેલો છે. તે બરોબર નથી એમ અમને જ ણાય છે માટે અમે ફરમાવીએ છીએ કે તે કામનો વધારે તપાસ કરવો. આ કામનો પુરાવ એક વખતે નવાબ અબદુલ લતીફે લીધેલો છે. અને તેમણે તે નહી માનવાના કાંઇ કારણો બતાવ્યા શીવાય તે માનેલો નથી. માટે અમારી નજરમાં આવે છે કે કોઇ બીજા માજીસ્તરેટે તે કામની ફરી તપાસ કરવી. તે ઓરતને બોલાવવી અને તેને તપાસવી. અને લગ્ન વીશે પુરાવ લેવો જોઇએ."

આ ઉપરથી તોહોમતવાળાએ નીચેના કારણોથી શેશન જડજનો હુકમ રદ કરવાને હાય કોરટને અરજ કરીઃ—

(૧) ફરીઆદીએ જે ઓરતને ફોસલાવી લઇ જવા કહેવામાં આવેલું છે તે ઓરતની શાથે તેનું લગ્ન થયું હતું એવું સાબેત કરવા ને કોસીસ કરેલી છે પણ તે સાબીત કરી શક્યો નથી. માટે તે કહેવાએલી ધણીઆણીને બોલાવી તે લગ્ન બાબત તેણીને તપાસવી એવો સેશન જડજે હુકમ કરેલો છે તે બરોબર નથી. કારણ કે ફરીયાદ તરફથી તેણીને સાક્ષીમાં બોલાવવામાં આવી હતી અને તપાસમાં તે દરેક દીવસે કોરટમાં હાજર થઇ હતી તેમ છતાં ફરીઆદીએ ડીપુટી માજીસ્તરેટને તેણીને તપાસવાની ના કહી હતી, અને તેણીને તપાસેલી નથી.

(૨) નવી તપાસવાને તથા તે નવી તપાસ ડીપુટી માજીસ્તરેટ સીવાય બીજા અમલદારે કરવાને શેશન જડજે હુકમ કરેલો છે તે બરોબર નથી.

અરજદાર તરફથી બાબુ અશુતોશધર અને બાબુ શામલાલ મીતર.
શામાવાળા તરફથી બાબુ કાળીચરણ બાનરજી.

કોરટનો હુકમ નીચે પ્રમાણે છે આ કામ છીનાળાનું તથા પરણેલી ઓરતને સાપરાધ ઇરાદાથી ફોસલાવી લઇ ગયા બાબતનું પીનલકોડની કલમ ૪૯૭ અને ૪૯૮ પ્રમાણેનું છે. ફરીઆદ તરફનો તમામ પુરાવ સાંભળીને તોહોમતવાળાને માજીસ્તરેટે છોડી દીધો છે. એવા કારણથી કે તે તોહોમત ઠરમાવવાને વ્યાજબી રાહે જોઇતો પુરાવ નથી. તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે શેશન જડજને અરજ કરવા ઉપરથી વધારે તપાસ કરવાને તેઓએ હુકમ કરેલો છે. તેની સાથે શેશન જડજે કબુલ કરેલું છે કે લગ્ન કે જેના ઉપર આ કામનો આધાર છે તે સાબેત કરવાને ફરીયાદ તરફથી નીશફળ ગએલા છે. ફરીયાદ તરફથી કાંઇ પુરાવ આપવામાં આવેલો હતો અને તે માજીસ્તરેટે લી

ધો નથી. એવું કહેવામાં આવેલું નથી. પરંતુ તે ઓરતને ફરીયાદી કે જે તેનો ધણી થાય તેણે સાક્ષી તરીકે બોલાવવાની ના, પાડેલી છે. પરંતુ તેને સાક્ષી તરીકે બોલાવવી જોઇતી હતી. એવું શેશન જડજના વીચારમાં આવેલું જણાય છે. અને જો તે કામ ફરી તપાસવામાં આવે તો જુદા રૂપનું તે માલમ પડી શકે. એવી ધારણા ઉપરથી તેમની નજરે એવું દુરસ્ત લાગેલું છે કે બીજા માજીસ્તરેટે તે કામની ફરી તપાસ કરવી એવો હુકમ કરવો.

આ કામની વ્યવસ્થા કરતાં અમારી નજરમાં આવે છે કે જો આવી અરજી અગાઉ કરવામાં આવી હોત તો તે અમારે મંજુર રાખવી જોઇતી હતી કે નહીં તેનો અમારે વીચાર કરવો જોઇએ તેવી અરજીના લાભમાં અમે વીચાર કરત નહીં. અને તે કામ ફરીથી નવું ખોલવું જોઇતું નહી હતું એ વીસે અમને કાંઇ શક નથી. સબબ વધારે તપાસ કરવાને અગર ફરી તપાસ કરવાને જે હુકમ કરવામાં આવેલો છે તેમાં તે જડજે પોતાનો કુલ અખતીઆર યોગ્ય રીતે વાપર્યો નથી. એમ અમારે ઠરાવ્યા વીના ચાલી શકતુ નથી. સબબ તે હુકમ રદ કરવામાં આવે છે.

તે હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૫ ડીસેંબર સને ૧૮૮૪

મી૦ જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ નોરીશ સાહેબોની રૂબરૂ

ઉમાચરણ મંડળ વીગરે (ફરીઆદીઓ) વીરૂધ જોશેલશેખ વીગરે (તોહોમતવાળાઓ)

.ફો. કા. ચ. ની રીતીના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૩૩—૧૩૮—૧૩૯—કાયદા વીરૂધ નીમેલી જુરી—જુરરે કામ કરવાને ના કહી.

સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૩૮ પ્રમાણે નીમેલા પાંચ જુરરોમાંથી એક જુરરે જુરીમાં કામ કરવાની ના કહી. તે જુરીના બાકીના સખસોમાંના બે સખસો કલમ ૧૩૩ પ્રમાંણે જે હુકમ થોડી મુદતને સારૂ કરવામાં આવેલો તે ચાલવો જોઇએ. એ પ્રમાણે તે હુકમના લાભમાં હતા. અને બીજા બે તે હુકમના વીરૂધ હતા, ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૩૯ પ્રમાણે કાંઇ પણ હુકમ કરવાને ડીપુટી માજીસ્ટ્રેટે ના કહી. કારણ કે તે થોડી મુદતનો હુકમ વ્યાજબી અને બરોબર છે. એવું જુરીના ઘણા મતથી ઠરાવવામાં આવેલું નથી.

ઠરાવવામાં આવ્યું કે ડીપુટી માજીસ્ટ્રેટે તે ગેરશીરસ્તે કરેલું છે માટે હુકમ કરવામાં આવે છે કે નવી જુરી બોલાવી તે કામની ફરી તપાસ કરવી.

પાનું ૮૪ · સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૪૩૮ પ્રમાણે આ કામમાં હાયકોરટમાં રેફ્રંસ કરવામાં આવેલુછે.

એક જોશેનશેખે એક ધોરી રસ્તા ઉપર આડીવાડ બાંધી તે રસ્તો બંધ કરલો હતો તેથી એક ઉમાચરણ મંડળે ફરીઆદ કરી, તે ઉપરથી હાઉરીના ડીપુટી માજીસ્ટ્રેટે ફો. કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે એવો હુકમ કરયો કે તે જોશીનશેખે તે હરકત દુર કરવી અગર અમારી રૂબરૂ હાજર થઇ તે હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ બતાવવું,

તે પક્ષકારો હાજર થયા તેથી ફો. કા, ચ, રી. ના કાયદાની કલમ ૧૩૮ પ્રમાણે પાંચ સખસોની જુરી નીમવામા આવી, આ પાંચ જુરરોમાંથી એક જુરરે જુરીમાં કાંમ કરવાને ના કહી, અને બાકીના જે જુરરો હતા, તેમાંના બે સખસો તે હુકમ ચલાવવાના લાભમાં હતા અને બે તેના વીરૂધ હતા.

તે ઉપરથી ડીપુટી માજીસ્ટ્રેટે નીચે પ્રમાણે હુકમ કરયો:—"પાંચ જુરરો નીમવામાં આવેલા છે તેમાંથી એકે બીલકુલ કામ કરવાની ના કહેલી છે, બે તે હુકમના લાભમાં અને બે તેની વીરૂધ રીપોટ કરેછે, તે જુરરોના ઘણા મતથી તે હુકમ વ્યાજબી રાહે થએલો નથી. માટે કલમ ૧૩૯ પ્રમાણે કાંઇ ઇલાજ થઇ શકતો નથી. કામ ફાઇલ ઉપરથી દુર કરવામાં આવ્યું". ફરીયાદીની ખાએશ ઉપરથી તે માજીસ્તરેટના વીચારમાં આવ્યું કે આ હુકમ કાયદેસર નથી. કારણ કે (૧) તે જુરી ફક્ત ચાર સખસોની હતી તેથી તે કાયદેસર નીમવામાં આવેલી નહી હતી. અને (૨) તે ડેપ્યુટી. માજીસ્તરેટે જે જયુરરે કામ કરવાને ના કહી તેની જગો એ એક બીજો જયુરર નીમવાને યોગ્ય ઇલાજ કરવો જોઇતો હતો. ડીપુટી માજીસ્તરેટનો ખુલાસો માગતાં તેમણે જે રીતીએ કામ ચલાવેલુ તે રીતીની પુષ્ટીમાં કાંઇ ખુલાસો આપવાને જરૂર છે એમ તેમણે વીચારેલું નથી. કારણ કે તેમનો એવો અભીપ્રાય થયો હતો કે હાય કોરટને કાંઇ પણ રેફ્રંસ કરયા વીના તે કામ તાજુ થઈ શકે છે અને વળી તેમના વીચારમાં આવ્યુ છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮—૪૩૯ જે કામમાં શીક્ષાના હુકમની ફરી તપાસ કરવાની નથી. તેને લાગુ થતી નથી.

તે રેફ્રંસમાં કોઇ પક્ષકાર હાજર થયો નથી

કોરટનો હુકમ નીચે પ્રમાણે છે,

અમારી નજરમાં આવે છે કે ડીપુટી માજીસ્ત્રેટે જે રીતે કામ ચલાવેલું છે. તે ગેર શીરસ્તે છે. તેમણે નવી જુરી બોલાવી ફરી તપાસ કરવીજ જોઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૮ ડીસબંબર સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ નોરીસ સાહેબોની રૂબરૂ.

માહ.રાણી કેસરેહીંદ વીરૂધ જયાકવીત.

તોહોમત પ્રમાણે ઠરાવ—જુરીના ઠરાવ સાથે જડજ મળતા નહી આવ્યા—સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૩૦૭ પ્રમાણે રેફરન્સ.

જુરીનો અભીપ્રાય દેખીતી રીતે ભુલ ભરેલો છે એવું બતાવવામાં આવે નહી તો કોરટ તેમાં હાથ ઘાલતા નથી.

એક કેદી ઉપર પીનલકોડની કલમ ૩૦૨ અને ૩૦૪ પ્રમાણે આરોપ રાખવામાં આવેલા હતા. અને જડજે કલમ ૩૨૫ પ્રમાણેનો આરોપ તે તપાસમાં વધારયો. જડજે જુરીને હકીકત સમજાવી તેમાં તેઓને એવું બતાવેલું છે કે જો તેઓના અભીપ્રાયમાં કલમ ૩૦૨ અને ૩૦૪ પ્રમાણેના આરોપો ચાલી શકે તેવું નથી એવું આવે તો. તેઓ તે કેદીને કલમ ૩૨૫ પ્રમાણે ગુનેહગાર ઠરાવી શકે છે.

જુરીએ એક મત થઇને કલમ ૩૦૨ પ્રમાણેના આરોપનો તે કેદીને નીરદોશ ઠરાવ્યો. અને ઘણા મતથી કલમ ૩૦૪ પ્રમાણેના આરોપનો તેને નીરદોશ ઠરાવ્યો. પરંતુ કલમ ૩૨૫ પ્રમાણેના આરોપ બાબત ઘણા મતથી તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો.

કલમ ૩૦૪ પ્રમાણેના આરોપ સબંધીના ઠરાવ બાબત જડજ મળતા આવ્યા નહીં અને ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૩૦૭ પ્રમાણે હાય કોરટમાં તેમણે રેફરંસ કરયું.

તે ઠરાવમાં હાથ ઘાલવાને હાય કોરટે ના કહી એવા કારણથી કે તે જુરીનો ઠરાવ દેખીતી રીતે ભુલ ભરેલો છે એમ કહી શકાતું નથી. અને જડજે પુરાવ સાંભળીને પોતાનો અભીપ્રાય જુરીને બતાવેલો છે કે તેઓ કલમ ૩૨૫ પ્રમાણે તે કેદીને ગુનેહગાર ઠરાવી શકે છે.

પાનું ૮૫ ઇષ્ટ ઇંડીઆ રેલવે કંપનીની નોકરીમાં એક ગાર્ડ એક થામસ જયાકવીત હતો તેને બરદવાનના શેશન જડજની કોરટમાં પોતાની ઓરતનું કલમ ૩૦૨ અને ૩૦૪ પ્રમાણે મોત કરયાના

આરોપ બાબત કમીટ કરવામાં આવેલો હતો.

તે કેદીની ઓરતના મરણના બરોબર કારણો વીશે નીચેની કોરટ-માં વઇદકી અમલદારે કાંઇ શક ભરેલી જુબાની આપેલી છે .તેથી ખુ-લાસા તરીકે તે શેશન જડજે પોતાની ખાએશથી પીનલકોડની કલમ ૩૨૫ પ્રમાણે એક વધારે આરોપ રાખેલો છે.

શેશન કોરટમાં જે પુરાવ આપવામાં આવેલો છે તે એવી મતલનો છે કે તા૦ ૨ ૭ અકટોબરના રોજ તે જ્યાકવીત પીધેલો અને નાલાયક સુગારે સવારના અગીઆર વાગે થએલો હતો. અને તેને ઘેર લઇ જ-વામાં આવ્યો. તે વખતે મીસીસ જ્યાકવીત પોતાના બીછાનામાં સુતેલી હતી. અને એવું માલમ પડે છે તે કેદીએ દીવસના એક વાગે પોતાના નોકરને પોતાના છોકરાં સાથે ઘર બાહાર મોકલ્યો. અને તે વખતે તે પો તે એકલો પોતાની ઓરત સાથે હતો. સાંજના છ વાગે વળી તે કેદીને જોવામાં આવેલો હતો અને તે ઉભો રહેવાને તથા વાત કરવાને તે વખ તે સકતીવાન હતો એમ કહેવામાં આવેલું છે. દીવસના એક અને સાંજ ના છ વાગ્યાની વચમાં મીસીશ જ્યાકવીતનું ખુન કરવામાં આવ્યું છે. વઇદકી પુરાવ છે તે ઉપરથી જો કે ખુલ્લું જણાય છે કે તે ઓરતની ઘણી ઘાતકી રીતે બરદાશ કરવામાં આવેલી હતી. તોપણ તેણીના મરણ-ના ખરા કારણ વીશે થોડુંક અનીશ્ચીતપણું છે.

શેશન જડજે આ કામની હકીકત જુરીને નીચે પ્રમાણે સમજાવીછે.

"આ કામમાં તે કેદીના લાભમાં અને તેના વીરૂધની બાબતમાં ત મારી રૂબરૂ બેઉ બાજુના કોનશલે સંપુરણ રીતે વીચાર બતાવેલા નહીં એવી કોઇ ભાગ્યેજ બાબત છે. અને તમને સ્પષ્ટ રીતે બતાવવામાં આ વેલું છે કે મુખ્ય સવાલનો જે તમારે ઘણી સંભાળથી વીચાર કરવાનો છે તે એ છે કે તે કેદીએ કાંઇ ગુનહો કરવાને ઇરાદો રાખ્યો હતો કે ન હી અને જો રાખ્યો હતો તો કેવો ગુનહો કરવાનો ઇરાદો રાખેલો હતો. અને કેવો ગુનહો કરેલો છે. અમારે ભાગ્યેજ કહેવું જોઇએ કે તે કેદીએ પોતાની ઓરતનો ઝાહાન લીધેલો છે એમાં કીંચીત પણ શક રાખી શ-કાતો નથી. કારણ કે મીસીશ જ્યાકવીતને જે ઇજા થએલી તે પોતાની મેળે થએલી અગર અકસ્માત હકીકતના કારણથી થએલી છે. એવું ઠરા વવું એ બીલકુલ બરોબર નથી. કોઇ સખસે તે ઇજા કરેલી હોવીજ જો ઇએ અને તે દીવસે તે કેદી પોતાના ઘરમાં પોતાની ઓરત સાથે એકલો હતો એવું કબુલ થએલું છે. માટે તેના શીવાય તેણીને કોઇ બીજો મારી નાંખી શકે નહી. વળી અમારા જોવામાં એમ આવી શકે છે કે તે કેદી ના કોંનશલે પોતાની તકરારમાં પીનલકોડની કલમ ૩૨૫ માં સમાપ્ત થા

ય એવી હકીકત ફકત બતાવવાને પ્રયત્ન કરેલો છે. પરંતુ બીજા કોઇને શીર તે જવાબદારી નાંખવાને કાંઇ પણ કોશીશ કરવામાં આવી નથી. કેટલાંક તોહોમતો જોતાં તમારા જોવામાં આવશે કે ઇરાદો અગર માહીતીની બાબત તેમાં અવસ્યની રહેલી હોયછે. જે હકીકત માલમ પડેલીછે તે તમામનો વીચાર કરતાં જો તમારા અભીપ્રાયમાં આવે કે પીનલકોડની કલમ ૩૦૦ માં બતાવેલી શરતોમાંની કોઇ શરતો પ્રમાણે તે કેદીએ પોતાની ઓરતનો જાહાન લેવાને ખરી રીતે ઇરાદો રાખેલો હતો. તો તે ઘણુાજ જુલ્મી ખુનનો ગુનેહગાર છે એમ ઠરાવવું જોઇએ. તોપણ હકીકત ઉપરથી જો તમારા સમજવામાં એમ આવે કે તેની હકીકત ખુન કરતાં ઓછી છે તો તે કેદી ઉપર પીનલકોડની કલમ ૩૦૪ મુજબ તોહોમત રાખવામાં આવ્યું છે. પણ જો કોઇ પણ સારા કારણથી તમે એમ ઠરાવો કે પીનલકોડની કલમ ૩૦૪ તે કેદીના કામને લાગુ પડતી નથી. તો ત્રીજો આરોપ કલમ ૩૨૫ પ્રમાણેનો છે. માટે જો બીજા આરોપો નીશફળ જાય તોપણ તેની હકીકતનો તે ત્રીજા આરોપમાં સમાસ નહી કરવાને ઘણું મુશકેલ પડશે. તમને ખરી રીતે કહેવામાં આવેલું છે કે નીશાથી ગુનહો કરવાને માફી છે એવી તકરાર થઇ શકતી નથી. પરંતુ જ્યાં ઇરાદો અગર માહીતી એ કેદી ઉપરના આવા ભારે તોહોમતવાળા ગુનહામાં તે કેદીના ગુનહા અગર નીરઅપરાધીપણા સબંધી પ્રતક્ષ રીતે લાગતી છે ત્યારે તેવી માહેતી અગર ઇરાદાના સવાલનો નીરણય કરવાને આવી તકરારનો વીચાર કરવાને આપણી કોરટોનો, રીવાજ છે. અને તે તકારાર વીચારમા લેવાની વધારે જરૂર એટલા કારણથી છે કે દીવસના એકથી તે કેદીના પડોશીઓએ મીશીશ જયાકવીતની લાશ દીઠી તે વચમાં ઘણીક હકીકત બનેલી છે. તે વીશે આપણે ઘણુાજ અંધારામાં રહેલા છીએ. તમારી પાસે એવી હકીકત છે કે તે મરનારનો જાહાન ગયો. તે તારીખના સવારમાં તે કેદી ઘણોજ પીધેલો હતો. અને તેની ઓરત પણ તેવીજ પીધેલી હતી તમને કહેવામાં આવ્યું છે કે ત્યાં બ્રાંડીનો એક સીસો હતો. અને જો કે તે સવારમાં ઘણું કરીને ભરેલો હતો પણ સાંજરે તે ખાલી થએલો માલમ પડેલો હતો. આ શીશાને આ બે સખસો શીવાય કોઇ અડે તેવું નહી હતું. અને એવું અનુમાન થઇ શકેછે કે તે સખસોમાંના એક અગર તે બેઊએ તે સીસામાં જે હતુ તે તે દીવસે પીઇ ગએલા હતા. બીજી બાજુ તરફ તમને એવું કહેવામાં આવેલુંછે કે તે દીવસે સાંજની વખતે તે તોહોમતવાળો જોઇતી રીતે હુશીઆર થએલો હતો. અને સમજે તેવા ભાનમાં હતો, માટે મારી નજરમાં આવેછે કે દીવસે એક વાગ્યા પછી તે કેદી પીવાના કારણથી તે શું કરતો હતો તે સમજે તેવો નહી હતો એવું ઠરાવવું

મુશકેલછે. આ વખત સુધી કાંઇ પણ ગુચવણ ભરેલું થએલુ જણાતુ નથી. તોપણ તે બાબત ઉપર આપણને મુશકેલી લાગેછે અને તમારે પણ અહીંઆંથી આસપાસની હકીકત તમારે તમારા સારામાં સારા વીચારમાં લેવી જોઇએ. એ બાબતો વીશેશ કરીને છે તે ઉપર અમો તમારૂં લક્ષ ખેંચીએ છીએ. કારણ કે તેની ખુજ કરવાથી ઇરાદાના અથવા માહેતીના સવાલનો નીરણય કરવાને તમને ઘણી મદદ મળશે. પહેલી એવી તકરાર કરવામાં આવી છે કે કેદીએ પોતાના છોકરાને બાહાર મોકલી દેવાથી તે કેદીએ તે ખુનનો વીચાર કરેલો હોવો જોઈએ; અને બીજુ કે તેનાં કપડાં બદલીને તે છુપાવવાથી તેણે પોતાના પહેલેથી વીચારેલા તરકટનો અમલ કરેલો છે. બીજું જે કહેવામાં આવેલું છે તે તદન ખરૂં નથી. કારણ કે તે કેદીએ પોતાના લોહીવાળા ડાઘા પડેલાં કપડાં છુપાવેલાં નથી, પરંતુ બીજું બગડેલું શણુ હતું તેની સાથે મેલાં લુગડાની ટોપલીમા તે મુકેલાં હતાં, અને તે પોતાની ઓરતના મરણની ખબર પોતાના સગાંને આપવા સારૂં તાર મુકવાને સ્ટેશન ઉપર ગયો ત્યાંહાં સુધી તેણે પોતાનાં કપડાં બદલ્યાં નહીં હતાં. જ્યારે તેના પડોશીઓ તે લાસ જોતા હતા ત્યારે તેણે આ જાહેરાત રીતે તે પોતે લોહીવાળાં લુગડાં પહેરીને મીઃ રોગને પોતાની ઓરતને જોવા સારૂં બોલાવવા ગયો ત્યાર પછી કરેલુ છે. તે સખસ ઘણોજ ખુલ્લા અને જાહેરાત વરતેલો છે. માટે તેણે કાંઇ છુપાવેલું હોય તેમ નથી. ખરેખાત જો તમે તેની તમામ વરતણુંક જુઓ તો એક માણસે જાણી બુજીને પ્રથમ વીચાર કરયો હોય તે પ્રમાણે ખુન કરે અને પછી તે છુપાવવાને પ્રયત્ન કરે તે કરતાં પોતાના ઘેલછા ભરેલા કૃત્યના થએલા પરીણામથી થોડોક તે દબાઈ ગયા જેવો હતો. જો આ બાબત તમે મારી સાથે મળતા આવો તો તેણે પોતાનાં છોકરાંને નોકર સાથે બાહાર જે વખતે તે પોતે સવારમાં પીવામાં આવેલું તેથી નીશામાં હતો તે વખતે મોકલી દીધાં તે ઉપરથી એમ માલુમ પડતું જોઇએ કે તેણે ખુન કરવાનું વીચારેલું હતું એવું શું તમે ઠરાવવાને તૈયાર થએલા છો? હું કબુલ કરૂં છું કે તેવો વિચાર કરી શકતો નથી. પરંતુ આ બધુ ધોરાણે રાખતાં એક ઘણી અગત્યની હકીકત છે, જેનો આ ઇરાદાના સવાલના સબંધમાં તમારે વીચાર કરવાનો છે. તમોએ સાંભળ્યું છે કે તે કેદી કોઇ કોઇ વખતે આથી પણ વધારે ખરાબ દારૂથી થએલો તેમ છતાં ઘણું કરીને કાંઇ ઇજા કરે નહીં તેવો અને પોતાની ઓરત ઉપર પ્યાર રાખનાર સખસ હતો અને તેના વીરૂધ ફકત એક શાક્ષી કહી શકયો છે કે કોઇ કોઇ વખતે તેણે પોતાની ઓરતને તમાચો મારેલો હતો. જે તારીખે તે ઓરતે પોતાનો જાહાન ખોએલો છે તે

તારીખે તેની તથા તેણીના ધણીના વચમાં-કાંઇ બનાવ બન્યો હતો અને તેથી તે ચીડાએલો હતો અને પોતાની ઓરત સાથે નાખુશ થયો હોય એવું અનુંમાન થઇ શકે તેવો કીંચીત પણ પુરાવ નથી. આ પ્રમાણે હકીકત હતી તો, તમે એવું શું કહેવાને તઈયાર થયા છો કે તે કેદીએ પોતાની ઓરતનો જાહાન લેવાને ઇરાદો કરયો હતો? એકાદો સખસ પોતાની ઓરતની સંભાળ રાખતો હોય અને તેણીના વીરૂધ ફરીઆદ કરવાનું કાંઇ કારણ ના હોય અને તે ગુસ્સે પણ થએલો ના હોય તેમ છતાં જો તે જાણી બુજીને ખુન કરે તો, તે કૃત્ય એક દિવાના સખસનું છે એમ વિચાર કરયા વિના કોઇને કેવી રીતે ચાલે તે અમારા જોવામાં આવતું નથી. પરંતુ તે કેદી દીવાનો નથી, માટે આપણે કાંઇ બીજી બાજુથી અભીપ્રાય તે હકીકતની બાબતમાં બાંધવો જોઈએ. પરંતુ તે કરવાને આપણે ફક્ત કલ્પના ઉપર આધાર છે. તે તકરારી દિવશે કેટલાક કલાક સુધી તે ધણી અને તેની ઓરત એકલાં હતાં, અને તેમની વચ્ચમાં શું બન્યું તે જોવાને કે સાંભળવાને કોઇ નહીં હતું.

આપણે ફક્ત પરીણામ જાણીએ છીએ. અને આવી હકીકત પ્રમાણે કોઇ પણ સમજવાળા સખશનો વિચાર ખુન કરવાનો હોઈ શકે એ ઘણી અસંભવીત વાત છે, તે સાથે જો તમે મળતા આવો તો, આપણે એવો નીશ્ચે કરવાની ફરજ પડે છે કે તે બેઉની વચમાં કાંઇક બનેલું હોવુંજ જોઇએ કે જેથી તે કૃત્ય કરવાને કેદીનું દિલ થાય, પરંતુ તે બેઉની વચમાં બોલા બોલ થએલી (જે વખતે તે હજુ સવારના નીશામાં હતાં) અને તે કેદી કજીયાની દરમ્યાનમાં પોતે પોતાના ઉપર દાબ રાખી શક્યો નહીં તેથી જે જંગલી રીતનો હુમલો પોતાની ઓરત ઉપર થવો જોઈએ તેવો થએલો છે તે શિવાય બીજું વધારે સંભવીત નથી. જો કાંઇ ગુસ્સો કરવામાં આવેલો હોય તો, તે ગુસ્સો કેવો હતો તે બતાવવાને કાંઇ પુરાવ જો હોત તો કાંઇ મુશકેલી વિના તે ગુસ્સો ભારે એકાએક એવી રીતે કરવામાં આવેલો હતો કે જેથી કાયદા પ્રમાણે ખુનનો આરોપ તે શીક્ષીણ્ય મનુંષ્યવધનો આરોપ થાય એમ માલુમ પડી શકે છે, પરંતુ આવો પુરાવ નથી. માટે તે વીશે કાંઇ ખુલાસો નથી તે ખુલાશો આપણે કરી શકીએ. તે વીશે આપણે વધારેમાં વધારે કરવાનું છે. જ્યાંહાં શક હોય ત્યાંહાં કેદીનો તે શકનો ફાયદો મળવાનો હક છે, અને પીનલકોડની કલમ ૩૦૦ મીની વાખ્યામાં બતાવ્યા પ્રમાણે ખુન કરવાને ઈરાદો શાબેત થયા વિના રહેલો છે. જો આ બાબતમાં તમને શક રહેલું હોય તો આવા શકનો ફાયદો તમારે કેદીને આપવો જોઇએ. કલમ ૩૦૪ ના આરોપની બાબતમાં અમે તમને એમ કહેવાને બંધાએલા

છીએ કે જો તે હકીકત માનવામાં આવતી હોય તો. તે ઉપરથી તે આરોપ શાબેત થાય છે કારણ કે તે કેદી કાંઈ તેવો પીધેલો નહીં હતો કે તે કાંઇ ભાંનમાં નહીં હતો, અને તે હુમલ્લો એવો જંગલી હતો, અને જખમો એવા સખત રીતના થએલા હતા કે શો પરીણામ થવાનો સંભવ છે એ તેણે જાણેલું હોવું જોઈએજ. કલમ ૩૨૫ મી પ્રમાણેના આરોપ બાબત અમારે તમને બાગેજ કહેવાની જરૂર છે કે તે ઘણો હલકો ગુન્હો છે અને વૈદકી અમલદારે નીચેની કોરટમાં મોતના કારણની જુબાની આપી ત્યારે તેમણે ઘણી અંદેશા ભરેલી શાહેદી આપેલી છે, તેનો ખુલાશો કરવાને તે આરોપ વધારવામાં આવ્યો છે..જો કોઈ શારા કારણથી તમે એમ કહી શકતા હો કે તે કામનો કલમ ૩૦૨ અથવા ૩૦૪ માં સમાસ થતો નથી. અને તમે એવું ઠરાવોછો કે એક હલકો ગુન્હો કરવામાં આવેલો છે, તે બુદ્ધી પુરવક માહાવ્યથા કરવામાં આવેલી છે એવું માલુમ પડે તેવો પુશકળ પુરાવ છે. આ કામમાં જે જે હકીકત ખુલ્લી પડેલી છે તે તમામ હકીકત ઉપર તમારે લક્ષ આપવાનું છે."

તે જ્યુરીએ એકમતથી ઠરાવ્યું કે તે કેદી કલમ ૩૦૨ ના આરોપ પ્રમાણે ગુન્હેગાર નથી, અને એક તરફ બે અને બીજી તરફ ત્રણે ઠરાવ્યું છે કે કલમ ૩૦૪ પ્રમાણે તે ગુન્હેગાર નથી અને એક તરફ બે અને બીજી તરફ ત્રણે ઠરાવેલું છે કે કલમ ૩૨૫મી ના તોહોમતવાળો ગુન્હો કરેલો છે.

તો પણ પીનલકોડની કલમ ૩૦૪ પ્રમાણેના તોહોમત બાબતના જ્યુરીના ઠરાવ સાથે તે શેશન જડજ મળતા આવેલા નથી. અને કલમ ૩૨૫ મી પ્રમાણે તેઉ શીક્ષા જે કરી શકે તે જે ગુન્હો કરવામાં આવેલો છે તે બાબત બીલકુલ જોઇએ તેટલી નથી, તેથી તેમણે ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૩૦૭ મી પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂં તે કામમાં રેફરંસ કરેલું છે.

આ કામ હાયકોરટની રૂબરૂ આવ્યું.

સરકાર તરફથી વી. ડીપ્યુટી લીગલરી મેમબ્રંસર (મી૦ લીથ) હાજર છે.

કેદીની તરફથી બાબુ બેતર મોહન ગાંગુલી છે.

કોરટનો હુકમ નીચે પ્રમાણે જસ્ટીશ નોરીસ સાહેબે નીચે પ્રમાણે કરેલો છે.—

આ કામમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૭ મી પ્રમાણે બર્દવાનના શેશન જડજે રેફરંસ કરેલું છે. આ કામની હકીકત એવી છે કે પીનલકોડની કલમ ૩૦૨ અને ૩૦૪ પ્રમાણે

તપાસ થવા સારૂં તે કેદીને કમીટ કરવામાં આવેલો હતો. તે તપાસમાં તે શેસન જડજે પોતાની ખાયસથી પીનલકોડની કલમ ૩૨૫ મી પ્રમાણે વધારાનો આરોપ રાખેલો છે. આ ત્રણે આરોપોની પૂષ્ટીમાં પુરાવ ગુજારવામાં આવેલો છે. અને ફરીયાદ તરફથી પુરાવ બંધ થયા પછી તથા ફરીયાદ તરફથી તથા બચાવો તરફથી કરેલાં ભાષણો પુરાં થયા પછી તે શેશન જડજે કાંમની હકીકત તે જયુરીને સમજાવેલી છે. તેમણે તે સમજાવવામાં શીરૂમાં કહેલું છે કે બચાવ તરફના કોનસલે તે કાંમની હકીકતનો કલમ ૩૨૫ મીમાં અથવા બીજા શબ્દોમાં કહીએ તો, તેંના અસીલનો જાહાન બચાવવાને પ્રયત્ન કરેલો છે. પછી તે જડજે તે જયુરીને બતાવેલુંછે કે કલમ ૩૦૨ પ્રમાણેના આરોપની બાબતનો શો પુરાવછે અને તેના વીરૂધ શો પુરાવ છે. તેજ પ્રમાણે તે જડજે બતાવેલું છે કે કલમ ૩૦૪ પ્રમાણેના આરોપની બાબતમાં અને તેના વીરૂધ શો પુરાવછે. પછી તે જડજે કહયુંછે કે કલમ ૩૨૫ મી પ્રમાણેના આરોપ બાબત અમારે તમને ભાગેજ કહેવું જોઇએ કે તે ઘણો હલકો ગુન્હોછે, અને વૈદકી અમલદારે નીચેની કોર્ટમાં તે મોતના કારણ બાબત જયારે સાક્ષી આપી ત્યારે સક ભરેલી સાક્ષી આપેલી છે તેનો ખુલાસો કરવાને તે આરોપ વધારવામાં આવ્યો છે. જો કોઇ સારા કારણથી તમે કહી શકો કે કલમ ૩૦૨ અથવા કા. ૩૦૪ માં તે કામની હકીકતનો સમાસ થતો નથી, અને તમે ઠરાવો કે હલકો ગુન્હો કરવામાં આવેલો છે તો, બુધ્ધી પુરવક મહાવ્યથા કરેલી છે એવું બતાવવાને પુશકલ પુરાવ છે.'' હવે જો નીચેની કોર્ટના જડજના અભીપ્રાયમાં જેમ તેમના રેફરંસના પત્ર ઉપરથી જણાય છે તેમ એવું આવેલું હોય કે આ કેદી ખુનનો ગુન્હેગાર છે કે શીક્ષીજ્યમનુંષ્યવધનો છે તે સવાલનો ફકત નીશ્ચે કરવાનો આ કામમાં છે, ત્યારે તેમણે જયુરીને બતાવ્યું છે કે તેઓ કલમ ૩૨૫ મી પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવી શકે છે તે બતાવવાને બદલે આ કલમ પ્રમાણેનો આરોપ તેમણે કાહાડી નાંખવો જોઇતો હતો, પછી તે કલમ પ્રમાણે તેના 'ઉપર' અસલ આરોપ રાખવામાં આવ્યો હોય તેની ચીંતા નહીં. તેમણે કહેવું જોઇતું હતું કે ''ગ્રહસ્થો, કલમ ૩૨૫ મી પ્રમાણેનો આરોપ છે, પણ તે કાહાડી નાખવાને મેં મારે માથે રાખેલું છે, કારણ કે તે કેદીના ગુન્હાનો તે કલમમાં સમાસ થઇ શકે તેવું નથી.'' તે કરવાને બદલે તે જડજે જયુરીને એવું બતાવેલું છે કે જો તેઉ કલમ ૩૦૨ અથવા ૩૦૪ પ્રમાણેના આરોપ બાબત ગુન્હેગાર ઠરાવી શકે નહી તો, તેઉએ કલમ ૩૨૫ મી પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવવો. આ પ્રમાણે તેમણે જયુરીને સમજાવેલું છે તેમ છતાં ફો. કા. સ. રી.

ના કાયદાની કલમ ૩૦૭ મી પ્રમાણે તે કામની વ્યવસ્થા કરવાની જવાબદારી અમારા શીર નાંખી તે જ્યુરીના ઠરાવ બાબત તેઉ ફરીઆદ કરે તે વ્યાજબી નથી. અમે જ્યુરીના તે ઠરાવમાં હાથઘાલવાને ના કહીએ છીએ. તોહોમતવાળાને કલમ ૩૨૫ મી પ્રમાણેના આરોપ બાબત ગુન્હેગાર ઠરાવી અમે તેને સાત વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ. જસ્ટીશ મીત્તર સાહેબઃ—અમે મળતા આવીએ છીએ. જ્યાં સુધી જ્યુરીનો ઠરાવ દેખીતી રીતે ભુલ ભરેલો ના હોય ત્યાંહાં સુધી જ્યુરીના ઠરાવમાં હાથ ઘાલવાને થએલા ફેંસલાઓના આધારથી આ કોર્ટ ના પાડે છે. જ્યુરીને તે હકીકત સમજાવવામાં આવી છે તેમાં શેશન જડજે કહયું છે કે જો બીજા આરોપો ચાલી શકે તેવું નથી. એમ જ્યુરી ઠરાવે અને કલમ ૩૨૫ મી પ્રમાણે પુરાવ ઉપરથી એમ સાબેત થાય કે તે કેદી ગુન્હેગાર છે તો, તે કલમ પ્રમાણે તેઉ તેને ગુન્હેગાર ઠરાવી શકે છે. શેશન જડજે પુરાવ સાંભળ્યો છે, અને લખી લીધા પછી તેમણે એવો અભીપ્રાય બતાવ્યો છે કે તે પુરાવ ઉપરથી તેઓ તે કેદીને કલમ ૩૨૫ મી પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકે છે. આ પ્રમાણે છે તો, કામમાં લીધેલો પુરાવ છે તે જોઇ જ્યુરીનો ઠરાવ દેખીતી રીતે ભુલ ભરેલો છે એમ કહેવાને અમે તઇયાર થએલા નથી.

ઠરાવ બાહાલ રાખવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૬ નવેંબર સને ૧૮૮૪.

મી. જસ્ટીશ વીલસન અને મી. જસ્ટીશ મેકફરસન સાહેબોની રૂબરૂ

રાજનારાયણ કુંવર (અરજદાર) વી. લાલા તામોલીરાત (શામાવાળો)

આરોપ એકઠા કરવા—સમન્સ તથા વારંટ ના કામો—ફો. કા. ચ. રી. ના કાયદાની કા. ૨૪૭ અને ૨૫૩

એકના એકજ બ્યવહાર ઉપરથી ઉતપન થતા બે જુદા જુદા આરોપોની ફરીયાદના તપાસમાં એક ગુન્હો સમન્સનોછે, અને બીજો વારંટનો છે. તો તેમાં કાંમ ચલાવવામાં વારંટના કામ પ્રમાણે ચલાવવું જોઇએ.

પાનું ૯૧. અમુક એક ખેતરની તકરારમાંથી આ કામ ઉતપન થએલું છે. એવું કહેવામાં આવેલુ છે કે તે તકરારની દરમીયાનમાં એક લાલા તામોલીના ઉપર સખત હુમલો કરવામાંઆવેલો હતો, અને તેનું વાવેતર લેઈ જવામાં આવેલું હતુ. જે આરોપ રાખવા

માં આવેલો તે ચોરીનો તેમજ બુદ્ધી પુરવક બ્યથા કરયાનો હતો. ડીપ્યુ ટી માજીસ્તરેટે ફરીયાદી (લાલા તામોલી) તપાસવાને ઠરાવેલા દીવશે હા જર થએલો નથી એવું જોઈને ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની ક. ૨૪૭ મી પ્રમાણે હુકમ કરયો તેનો અસર તે તોહોમતવાળાને નીરદોશ ઠરા વ્યાનો થએલો છે. જીલ્લા માજીસ્ત્રેટને એક અપીલ કરવામાં આવી જણા ય છે. તેમાં માજીસ્તરેટે જે રીતીથી તે કામનો નીકાલ કરવામાં આવેલો તેથી સંતોશ નહી થવાથી એક બીજી માજીસ્ત્રેટને નવી તપાસ કરવાને હુકમ કરયો. તે કાયદાની ફરી તપાસની કલમો પ્રમાણે તોહોમતવાળાએ હાયકોરટને અરજી કરી તેમાં બીજી તકરારોની સાથે એવી તકરાર કર વામાં આવી છે કે જે કામમાં નીરદોશનો ઠરાવ કરવામાં આવેલો હોય તે કામમાં નવી તપાસ કરવાનો હુકમ કરવાને જીલ્લા માજીસ્ત્રેટને અખત્યાર નહીં હતો.

અરજદાર તરફથી બાબુ ગોપીનાથ ચાનરજી

સામાવાળા તરફથી બાબુ આમાનંદનાથ નાારજી

કોરટનો ફેંસલો જજ મીશ. પાલસાન સાહેબે નીચે પ્રમાણે આપયો:—

કે એકજ હકીકત અને એકજ પ્રકારની હકીકત ઉપરથી તોહોમત વાળાઓની ઉપર બે આરોપ રાખવામાં આવેલા છે. એક બુદ્ધી પુરવક બ્યથા કરયાનો સમનનો આરોપ છે, અને બીજો ચોરીનો વારંનો આ રોપ છે. પરંતુ તે બેઉ આરોપનો આધાર એકજ પુરાવ ઉપર છે, અ ને એકજ હકીકત ઉપર છે, અને જુદી તપાસ કરવાને કાંઈ હુકમ કરવા માં આવેલો નથી. તેથી ખુલ્લું છે કે ભારે ગુન્હાની બાબતમાં ઠરાવેલી કામ ચલાવવાની રીત પ્રમાણે એટલે કે તે વારંટનું છે એ પ્રમાણે ડી. પ્યુટી માજીસ્તરેટે ચલાવવું જોઈતું હતું. પરંતુ જે હકીકત બની છે તે આ છે: જે દીવસને શરુ તે કામ મુલતવી રાખવામાં આવેલું તે દી વશે ફરીઆદી ઘેર હાજર હતો, તેથી ક૦ ૨૪૭ મી પ્રમાણેનો હુકમ કરવામાં આવેલો હોય તે પ્રમાણે ડીપુટી માજીસ્તરેટે હુકમ કરયો આ ક લમ પ્રમાણે જે હુકમ કરવામાં આવેલો હોયને નીરદોશ ઠરાવવાનો હુકમ છે. તેમણે જે કરવું જોઈતું હતું તે કલમ ૨૫૩ પ્રમાણે હુકમ કરવો જોઈતો હતો, એટલે નીરદોશનો નહી, પણ છોડી દેવાનો હુકમ કરવો જોઈતો હતો. હવે એક અગર બીજી તે બેમાંથી બાબત થએલી હોવી જોઈએ. યોગ્ય રીતે કામ ચલાવવાને ડીપ્યુટી માજીસ્ત્રેટે ઈરાદો રાખ્યો હો ય અને કલમ ૨૫૩મી પ્રમાણે હુકમ કરવાનો ઈરાદો રાખ્યો હોય તો પણ તેમણે કલમ ૨૪૭મી બતાવેલી છે જેને આ પ્રમાણે છે તો, તે હુ કમ વખતે કલમ ૨૫૩ મી પ્રમાણે માનવો જોઈએ. પરંતુ આ કામ

માં જીલ્લા માજીસ્ટ્રેટનો હુકમ દેખીતી રીતે બરોબર છે. અગર બીજી બાજુ તરફ ડીપુટી માજીસ્તરેટે કલમ ૨૫૩ પ્રમાણે ચાલવાને ઇરાદો રાખ્યો નથી, અને તેમ હોય તો તેમણે તે હુકમ ખુલ્લી રીતે કાયદા વીરૂધ કરેલો છે. જીલા માજીસ્તરેટને તે કાયદા વીરૂધ હુકમ રદ કરવાને અખત્યાર નહી હોય એમ હશે માટે જો કે તે અખત્યાર જીલા માજીસ્તરેટને નહી હતો તો પણ આ કામ અમારી નજરે લાવવામાં આવેલું છે, માટે અમારી નજરમાં આવે છે કે જે હુકમ કરવાનો અમને અખત્યાર છે તે કરવો બરોબર છે. આ પ્રમાણે છે તો જીલ્લા માજીસ્ટ્રેટના હુકમમાં હાથ ઘાલવો એ સુસ્ત રીતી છે.

ફરી તપાસ કરવાની પરવાનગી આપવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૬ ડીસેંબર સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મીતર અને મી૦ જસ્ટીસ નોરીસ

સાહેબોની રૂબરૂ

બેહારી માહાતન અપીલવાળા વીરૂદ્ધ મહારાણી કેશરેહીંદ અપીલની પ્રતીવાદી

તોહોમત—તોહોમતવાળાની વીરૂધ્ધ તોહોમતની કીમત બરોબર કેહલી છે. તે બરોબર જાણવાનો તોહોમતવાળાનો હક—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ની કલમ ૨૨૧

તોહોમતવાળાના ઉપર જે આરોપ રાખવામાં આવેલો હોય તેની બરોબર બુજ કેવીછે તે નીસ્ચેથી તથા ચોકશીથી જાણવાને તોહોમતવાળાનો હક છે માટે જો તેને આ માહીતી નાહોય તો તેને પોતાના બચાવમાં ભારે હરકત થવીજ જોઇએ. આ વાત તમામ કામોમાં ખરી છે. પરંતુ જે કામોમાં જે કૃત્ય તેણે પોતે કરેલું ના હોય પણ પોતાની સાથેના બીજા સખશોએ કરેલું હોય અને તે કૃત્યની બાબત તેને ગુન્હામાં નાંખવાને માગવામાં આવેલું હોય તે કામોમાં વીશેશે કરીને તે ખરી વાત છે.

પાનું ૧૦૬ — આ કામમાં તોહોમતવાળા બીહારી માહાતનને પટનાની શેશન કોરટમાં નીચે પ્રમાણે આરોપ રાખી કમીટ કરવામાં આવ્યો હતો.—

(૧) "તા૦ ૧૪ જાનેવારી સને ૧૮૮૪ ના રોજ અગર તે અ-

રસામાં તે એક ગેરકાયદે મંડળીનો એક અંગભુત હતો. અને તે મંડળીને એક સરખો હેતુ પાર પાડવાને બળ વાપરી બખેડાનો ગુનહો કરેલો છે. તેથી પીનલકોડની કલમ ૧૪૭ પ્રમાણે શીક્ષા થવા લાયક ગુન્હો કરેલો છે."

(૨) "તે ગેરકાયદે મંડળી કે જેનો તે એક અંગભુત છે તે મંડળીના એક સરખા હેતુ પ્રમાણે એક ભાગત ગોવાલાનું ખુન તે મંડળીના બીજા અંગભુતોએ કરેલું છે. માટે પીનલકોડની કલમ ૧૪૯ પ્રમાણેના ગુન્હાનો તે ગુન્હેગાર છે."

આ છેલ્લા આરોપમાં શેશન જડજે એવા શબ્દો વધારેલા છે કે "અને તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨. ૧૪૯ પ્રમાણે શીક્ષા થવા લાયક અને શેશનકોર્ટે તપાસવા લાયક ગુન્હો કરેલો છે." વળી તેઉએ બે બીજા આરોપો વધારેલા છે. એટલે.

(૩) "કે તમો બેહારી માહાત્તમને તા૦ ૧૪ જાનેવારી સને ૧૮૮૪ ના રોજ અગર તે અરશામાં કુરહારામાં તે ગેરકાયદે મંડળીના તમે એક અંગભુત હતા. અને તે મંડળીનો એક શરખો હેતુ જબરાઇથી વાવેતરની ચોરી કરેલી તેના સામુ થવાનો હતો. તેમ છતાં તે મંડળીના બીજા અંગભુતોએ (જેના નામ જાણવામાં નથી) ભગત ગોવાળાનો મનુષ્યવધ કરયાનો ગુન્હો કરેલો છે. અને તે ગુન્હો તે એક સરખો હેતુ પાર પાડવાને થવાનો સંભવ છે એવું તમે જાણતા હતા. માટે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૯ પ્રમાણે તે ગુન્હાના તમે ગુન્હેગારછો, અને તેથી શેશન કોરટને તપાસવા લાયક અને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૪—૧૪૯ પ્રમાણે શીક્ષા થવા લાયક ગુન્હો કરેલો છે."

(૪) "તમો બીહારી માહાતમને તા૦ ૧૪ જાનેવારી સને ૧૮૮૮ ના રોજ અગર તે અરસામાં કુરહારામા જે ગેરકાયદે મંડળીના તમે અંગભુત છો. તેનો એક સરખો હેતુ પાર પાડવાને અમુક વાવેતરની જબરાઇથી કરેલી ચોરીના સામુ થવાને કરેલુ છે તેમાં તે ગેર કાયદે મંડળીના કેટલાક બીજા અંગભુતોએ (જેમના નામ જાણવામાં નથી) માહાવ્યથાનો ગુન્હો કરેલો છે. અને તે એક સરખો હેતુ પાર પાડવાને તે થવાનો સંભવ છે એવું તમે જાણતા હતા. અને તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૨૫ અને ૧૪૯ પ્રમાણે શીક્ષા થવા લાયક અને કોર્ટને તપાસવા લાયક ગુન્હો કરેલો છે."

જડજે જ્યુરીને જે હકીકત સમજાવેલી છે. તેમાં એમ બતાવવું રહી ગએલું છે તે હુમલ્લો કરવામાં આવે તે પેહેલાં તે મંડળીનો એક

સરખો હેતુ જો કાંઇ હતો તો તે કેવો હતો અને વળી તેઉને એવું બતાવવું રહી ગયું છે કે જો તોહોમતવાળાની ગેરહાજરીમાં તે હુમલો કરવામાં આવેલો હોય તો તેઓની એવી ખાતરી થવી જોઇએ કે એક સરખો હેતુ કે જેથી પીનલકોડની કલમ ૧૪૯ પ્રમાણે તે મંડળી ગેરકાયદે થાય તે હેતુ પ્રમાણે તે હુમલો કરવામાં આવેલો હતો.

જ્યુરીએ પેહેલા અને ૩ જા આરોપ બાબત તે બેહાદીને નીરદોશ ઠરાવેલો છે. પરંતુ છેલ્લા આરોપ બાબત તેને ગુન્હેગાર ઠરાવેલો છે.

(બીજા આરોપ બાબત કાંઇ ઠરાવ કરવામાં આવ્યો નથી.)

તે કેદીને અઢાર માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી.

તે કેદીએ હાયકોરટમાં અપીલ કરી.

સુનાવણી વખત કોઇ હાજર નથી

પહેલાં બે આરોપો બાબતની હકીકત વીગતવાર બતાવ્યા પછી કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે પહેલાં બે આરોપો જોઇતી રીતે સ્પષ્ટ શાબેત થએલાં નથી. અને તે આરોપોમાં જે રીતીએ થએલો કહેવામાં આવેલો છે તે રીતીની વીગત એવી વીગતવાર બતાવવી જોઇતી હતી કે કેઇ બાબતમાં તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવેલો છે. તેની તોહોમતવાળાને જોઇતી નોટીસ મળે.

આ બેઉ આરોપોનો આધાર એવી હકીકત ઉપર છે કે તે તોહોમતવાળો એક ગેરકાયદે મંડળીનો અંગભુત હતો એમ કહેવામાં આવેલું છે. "એક ગેરકાયદે મંડળી એ શબ્દોની વાખ્યા હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૧ માં કરવામાં આવેલી છે અને તે મંડળીનો જે એક સરખો હેતુ જે કહેવામાં આવેલો હોય તે તોહોમતોમાં બતાવવો જોઇતો હતો. તોહોમતવાળાનો પોતાના ઉપર રાખેલાં આરોપની બરોબર મુજ નક્કી અને ચોકસ રીતે જાણવાનો હક્ક છે. જ્યાં સુધી તેને આ માહીતી ના હોય ત્યાં સુધી તેમે પોતાના બચાવમાં ભારે હરકત થવીજ જોઈએ. આ વાત તમામ કામોમાં ખરી છે, પરંતુ વીશેશે કરીને જે કામોમાં જે કૃત્યો તોહોમતવાળાએ કરેલાં ના હોય પરંતુ તેની સાથેના બીજા સખસોએ કરેલાં હોય તે કૃત્યો સારૂં તોહોમતવાળાને ગુન્હામાં નાંખવાને માગવામાં આવેલું હોય તે કામોમાં તે ખરી છે.

શેશન જડજે આ આરોપો યુકત નથી એમ કબુલ કરેલું છે. કારણ કે તે નવા આરોપો નંબર ૩ અને ૪ ના તેમણે રાખેલા છે. (અહીંયાં નંબર ૩—૪ ના આરોપો ઉપર પ્રમાણે બતાવવામાં આવ્યા છે.

તે જુરીએ એકમત થઇને પેહેલા આરોપ બાબત તથા બીજા દુરસ્ત કરેલા આરોપ બાબત (૧—૨) તોહોમતવાળાને નીરદોશ ઠરાવેલા છે. કામના કાગળો ઉપરથી અમારા સમજવામાં આવે છે તે પ્રમાણે જો કે તે કાગળો વાંચી શકાય તેવા નથી અને તેની સાફ નકલો કરવાને તે પાછા આપવાની અમને ફરજ પડેલી છે. તોપણ તે પ્રમાણે તેઓએ બીજા આરોપની બાબતમાં કાંઇ ઠરાવ કરયો નથી. તેમ સેશન જડજે સંક્ષેપ હકીકત સમજાવવામાં તે આરોપ ઉપર લક્ષ આપવાને બતાવ્યું છે. તોપણ અમારી એવી ખાતરી થાય છે કે તે બીજો આરોપ યોગ્ય રીતે ઘડવામાં આવેલો હોત તોપણ તે આરોપ વીશે એવો કાંઇ પુરાવ નથી કે જેથી તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવી શકાય. તોપણ બીજા દુરસ્ત થએલા આરોપ બાબત (નંબર ૪ નો આરોપ) તે જુરીએ તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેલો છે.

હવે તે આરોપનુ રૂપ જોતાં અને જડજે સંક્ષેપ રીતે જે હકીકત સમજાવેલી તે જોતાં તે ગુનહાની સાબેતીના ઠરાવને પુષ્ટી થઇ શકેછે કે નહી તેનો અમારે હાલ વીચાર કરવાનો છે. કારણ કે કાયદાની કાંઇ ચુક ઉપરથી અમે તે રદ કરી શકીએ છીએ.

અમારા અભીપ્રાયમાં આવેછે કે તે તોહોમત જેવું રાખવામાં આવ્યું છે તે પ્રમાણે તે ઉપરથી કાંઇ ગુનહો થયો એમ માલમ પડે છે.

તે ગેરકાયદે મંડળીનો એક સરખો હેતુ કે જે તે તોહોમતમાં બતાવવામાં આવેલો છે. તે પ્રમાણે જબરાઇથી વાવેતરની ચોરીના સામું થવાનો છે. તે કામનાં કાગળોમાં તોહોમત જેવું બતાવવામાં આવેલું છે. તેમાં બરોબર ચીનો કરવામાં આવેલાં નથી. પરંતુ અમારા ધારવામાં આવે છે કે જે એક સરખા હેતુ બાબત આરોપ રાખવાનો હતો તેનો હેતુ વાવેતરની ચોરીમાં જબરાઇથી સામા થવાનો છે.

હવે ખુલું છે કે હીં. ફો. કા. ની કલમ ૯૬ પ્રમાણે તોહોમતવાળો પોતાનુ અગર બીજા કોઇ સખશોનું વાવેતર સાચવવાને બ્યાજબી રાહે બળ વાપરી શકતો હતો. પરંતુ તે હક વાપરતાં તે સાચવવાના કારણસર જે ઇજા કરવાની જરૂર હોય તે કરતાં વધારે તેણે કરેલી નહીં જોઇએ.

તે આરોપ ઉપરથી જે ગુનહો માલમ પડતો હોય તેમાં એવું કહેવુ જોઇતું હતું કે વાવેતરની ચોરી સામું ગેરકાયદે બળ વાપરી સામા થવું અગર તેથી વધારે સારૂ સ્થાવર મીલકતનું રક્ષણ કરવાને એટલે વાવેતરનું ચોરીના ગુનહા સામું રક્ષણ કરવાને તે કરવામાં આવેલું હતું. અને એવો બચાવ કરવામાં જે ઇજા કરવાની જરૂર હતી તે કરતાં વધારે કરવામાં આવેલી છે.

ફરીઆદી તરફની એવી હકીકત છે કે તોહોમતવાળા શીવાય તે મંડળીના બીજા અંગભુતે જરૂર વીનાનુ બળ વાપરેલું હતું. અને તે બાબત પીનલકોડની કલમ ૧૪૯ થી તે તોહોમતવાળો જવાબદાર થએલો છે એમ સ્પષ્ટ કહેવું જોઇતું હતું. જડજે જે સંક્ષેપ હકીકત સમજાવેલી તે અમે સંભાળથી જોએલી છે. અને આ બાબતમાં તે જોઇતી રીતે નથી ;એમ અમારી નજરમાં આવે છે. કારણ કે જુરીને તે મંડળીનો એક સરખો હેતુ તે હુમલો કરતાં પેહેલાં જો કાંઈ હતો તો તે કેવા હતો તેનો વીચાર કરવાને ફરમાવેલું નથી. તેમ તેમણે જુરીને એમ પણ કહયું નથી કે તોહોમતવાળાની ગેરહાજરીમાં જો તે હુમલો કરવામાં આવેલો હોય તો તે એવા એક સરખા હેતુથી કરવામાં આવેલો હતો કે જેથી હી. ફો. કાયદાની કલમ ૧૪૯ ના હેતુ પ્રમાણે તે મંડળી ગેરકાયદે થાય એવી તમારી ખાતરી થવી જોઇએ. માટે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવાની અમને ફરજ પડે છે. જે હકીકત છે તે પ્રમાણે અમારી નજરમાં આવે છે કે નવી તપાસ કરવાનો ઠરાવ કરવાથી કાંઇ સારો પરીણામ થવાનો નથી. સબબ અમે ફરમાવીએ છીએ કે તોહોમતવાળાને પેરામાંથી છોડી દેવો.

અપીલ મંજુર કરવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૭ જાન્યુએરી સને ૧૮૮૫

મી૦ જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ નોરીશ સાહેબોની રૂબરૂ.

ઇનાશેખ (અપીલવાળો) વીરૂધ મહારાણી કેશરેહીંદ (અપીલના પ્રતીવાદી)

પીનલકોડ—સને ૧૮૬૦ ના આકટ ૪૫ ની કલમ ૪૧૧—ચોરેલી મીલકત લેનાર—ચોરી થયા પછી મીલકતના કબજા બાબત અનુંમાન—ચોરેલી મીલકતનો કબજો.

પીતલનો પાણી પીવાનો એક સાધારણ પ્યાલો સને ૧૮૮૩ ના અકટોબર માસમાં ચોરાએલો હતો. અને તે પ્યાલો સને ૧૮૮૪ ના સપટેંબર માશમાં તોહોમતવાળાના કબજામા માલમ પડયો. ઠરાવવામાં આવ્યું કે જે કામમાં તોહોમતવાળાની ચોરેલી મીલકત રાખ્યા બાબતની તપાસ કરવામાં આવેલી તેમાં ચોરેલી મીલકતનો કબજો થએલો છે પણ

તે કેવી રીતે થયો તેનો ખુલાસો તે આપી શકયો નથી, તેથી શાધારણ હકીકત પ્રમાણે તેના ગુનહા બાબત સંભવીત અનુંમાન થાય છે. પરંતુ જે કામમાં આ કામની માફક થોડી મુદતનો કબજો ના હોય પણ ચોરી થયા પછી અગીયાર માશ સુધીનો હોય તો તે અનુમાન તેના વીરૂધ એવુ હલકું થાય છે કે જેથી તેણે તે કબજો કેવી રીતે મેળવેલો તેનો ખુલાસો આપવાને તેને પૂછવું નહી જોઇએ.

ચોરેલી મીલકતનો થોડી મુદતનો કબજો કોને કહેવો અને કોને નહી કેહેવો તેનો વીચાર જે પ્રકારની વસ્તુ ચોરવામાં આવેલી હોય તે પ્રકારના સબંધમાં કરવો જોઇએ.

માહારાણી વીરૂધ આડમ, માહારાણી વીરૂધ કુપર અને મહારાણી વીરૂધ પાટ્રીજના ઠરાવો પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૧૬૦ એક ઈનાશેખ ઉપંર મીમાંનશીંગના શેશન જડજની રૂબરૂ એવો આરોપ રાખવામાં આવ્યો હતો કે તેણે પીનલકોડની કલમ ૪૫૩ પ્રમાણે ચોરી કરવાને રાતરે ધર ફોડયું.

તા૦ ૧૦ અકટોબર સને ૧૮૮૩ ના રોજ રાતરે ફરીઆદીનુ ઘર ફોડવામાં આવેલું અને તે વખતે તેમાંથી એક પાણી પીવાનો પીતલનો પ્યાલો ચોરવામાં આવેલો હતો, એમ જણાય છે. તે કેદીએ ઘર ફોડયું એવું બતાવવાને તે તપાસમાં કાંઇ સાબેત થએલું નથી. પરંતુ તે ફરીઆદીએ તથા તપાશ કરનાર એક પોલીશ અમલદાર ગરૂચરણે એવી સાહેદી આપેલી છે કે તે કામની તપાસ વખતે આ કેદીએ પોતાના ઘરની નજીકના જંગલમાંથી એક પાણી પીવાનો પ્યાલો રજુ કરેલો હતો. અને આ તપાસ સને ૧૮૮૪ ના સપટેંબર માશમાં થએલી હતી. તે પ્યાલો ફરીઆદીની માલકીનો છે, એમ ઓળખવામાં આવેલો હતો. તે કેદીએ પોતાની ચાલના પુરાવ વીના બીજો કાંઇ પુરાવ આપેલો નથી પરંતુ તેણે જે હકીકત કહેલી છે, તેમાં કહયું છે કે તે પ્યાલો મારી મીલકતનો છે, અને તે જંગલમાં છુપાવ્યાની વાત તેણે ઇનકાર કરી છે, અને કહયું છે કે તે પ્યાલો મારો નાહાનો છોકરો લઇને તે જંગલમાં રમતો હતો, તેની પાસેથી તે લેવામાં આવેલો છે, અને આરોપ રાખવામાં આવેલો છે.

આસેસરોના અભીપ્રાયમાં આવ્યું છે કે કેદીનું જે કહેવુંછે કે તે મીલકત મારી છે તે સાબેત કરવાને તેણે કાંઇ પુરાવ આપેલો નથી, માટે પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવવો જોઇએ.

તે જડજે પોતાનો ફેસલો નીચેના શબ્દો લખી પુરો કરેલો છે:—

" આ શેશનમાં ત્રણ કામો હતાં તેમાંના એકમાં તે કેદીને ગુનેહગા

ર ઠરાવવામાં આવેલો છે, માટે તેને ગુનાહ કરવાની ટેવ છે એમ જણાય છે. તે ગુનાહની સાબેતીનો ઠરાવ પીનલકોડની કલમ ૪૧૧ મી પ્રમાણે કરવામાં આવેલો છે તે કલમ ૪૫૭ મી કરતાં વધારે બરોબર છે એમ જણાય છે. કારણ કે તે કેદીને ઘર ફોડયાની બાબત સાથે પ્રતક્ષ રીતે જોડવાને કાંઈ પણ નથી. અને તે ચોરી થઇ ત્યારથી તે મીલકત તેના કબજામાંથી માલુમ પડી તેની વચમાં એક વરસ સુમારે થઇ ગએલું છે."

"કોરટ આસેસરો સાથે મળતા આવી ઠરાવે છે કે ઇનાસેખ તે મીલકત ચોરાએલી છે એમ જાણતો હતો, અથવા તેવું જાણવાને તેને કારણ હતું. તેમ છતાં તેણે તે બદદયાનતથી રાખેલી છે, માટે તેણે પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે ગુનહો કરેલો છે, તેથી તેને ફરમાવે છે કે તે ઇનાશેખે બે વરસ સખત મજુરી સાથે કેદ ભોગવવી.

તે કેદીએ હાય કોરટમાં અપીલ કરી.

તે પક્ષકારોમાંના કોઇ તરફથી કોઈ હાજર નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

આ કામમાં કેદીને બદદયાનતથી એક પાણી પીવાનો પીતળનો પ્યાલો રાખ્યા બાબત તેને હીં. ફો. કાયદાની કલમ ૪૧૧ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલો છે.

કામમાં જે પૂરાવ લેવામાં આવેલો છે તે ઉપરથી ખુલ્લી રીતે સાબેત થાય છે કે તે ફરીઆદીનુ ઘર અકટોંબર સને ૧૮૮૩ ના માસમાં ફોડવામાં આવેલું હતું અને તે પ્યાલો ફરીઆદીનો છે એવું મુશકેલ રીતે ઓળખવામાં આવેલું છે તે તે ઘરમાંથી ચોરવામાં આવ્યો હતો.

ખરી રીતે તે ઘર ફોડયાની બાબત સાથે તે કેદીને જોડવાને કાંઈ પુરાવ નથી. માટે અમારે જે સવાલનો વીચાર કરવાનો છે તે એવો છે કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪ ૧ મી પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ કરવાને પુકત પુરાવ છે કે નહી.

તે પ્યાલો અકટોંબર સને ૧૮૮૩ માં ચોરાએલો હતો, અને તારીખ ૪ સપટેંબર સને ૧૮૮૪ ના રોજ ફરીયાદી તરફથી કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જંગલમાં એક "રાણુગી"ના ઝાડ નીચેથી તે કેદીએ પોલીસને આપેલો છે, અને ત્યાં સુધી તે માલમ પડેલો નહી હતો. તે પ્યાલો તે જંગલમાં છુંપાવવામાં આવેલો તે વાત તપાસ વખતે ઇનકાર કરવામાં આવી છે. કેદીએ કહેલું છે કે માહરો નાહાનો છોકરો તે પ્યાલો લેઇ તે જંગલમાં રમતો હતો. તે પોલીસે લેઇ લીધો અને તે જંગલમાં છુંપાવેલો હતો એવું જુઠ્ઠુ કહેલું છે. તે કેદીએ વળી કહેલું છે કે તે પ્યાલો મારી મીલકતનો છે.

આસેસરોના અભીપ્રાય ઉપરથી જણાય છે કે તે કેદીએ જે એવું કહેલું કે તે પ્યાલો મારો છે તે વાત તે શાબેત કરી શકયો નથી, માટે તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે. તેઓનો અભીપ્રાય જે લખી લેવામાં આવેલો છે તે નીચે પ્રમાણે છેઃ—"બેઉ આસેશરોના વીચારમાં આવે છે કે તોહોમતવાળો તે મીલકત તેની છે એવો કાંઇ પુરાવ આપી શકયો નથી, માટે તેને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૧૧ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવવો જોઇએ"

અમારા અભીપ્રાયમાં આવે છે કે જે પ્યાલો છુપાવવાની વાત કહેવામાં આવી છે તે વીશેના પુરાવ બાબત અમે હમણાંજ જોઇશુ, પરંતુ તે પુરાવ વીના તે કેદી વીરૂધ કાંઇ એવી હકીકત નથી કે જેથી તેના કબજાની બાબતમાં તેનો ખુલાસો પુછવામા આવે.

મીલકતની ચોરી થાય ત્યાર પછીનો તરતનો કબજો હોય તો તે ઉપરથી એવું અનુમાન થાય છે કે જે સખસના કબજામાં તે માલમ પડે તે ખરી રીતે ચોર છે, અથવા તેણે બદદયાનતથી તે રાખેલી છે. માટે જે સખસના કબજામાં તે હોય તેણે પોતે તે કબજો કેવી રીતે મેળવ્યો તેનો સંતોશકારક ખુલાશો બતાવવામાં તે નીશફળ જાય અથવા જુઠો હેવાલ તે બાબત બતાવે અથવા વીરૂધ ખુલાસો બતાવે અથવા તે મીલકત છુંપાવવામાં આવેલી હોય તો આ અનુમાન તેથી મજબુત થાય છે. પરંતુ તે કબજો કેવી રીતે મેળવ્યો તેનો ખુલાસો ના થઇ શકે અથવા તે બાબત જુઠી હકીકત બતાવવામાં આવે અથવા વીરૂધ હકીકત કહેવામાં આવે અથવા તે મીલકત છુપાવવામા આવેલી હોય એવું તે કબજાની હકીકત સાથે થએલું હોય તો, તેથી જબરજસ્ત અથવા મજબુત અનુંમાન થતું નથી, પરંતુ ફકત સંભવીત અનુમાન થાય છે.

પરંતુ આ કામ થોડી મુદતના કબજાનુ નથી, અથવા પાછળથી કાંઇક મુદત ગયા પછીના કબજાનું નથી, પરંતુ ચોરી થયા પછી ૧૧ માસના કબજાનું છે, અને આવા કબજા ઉપરથી તે તોહોમતવાળા વીરૂધ કાંઇક અનુંમાન થાય છે, અને તે એવું હલકુ થાય છે કે તેનો કબજો કેવી રીતે મેળવવામાં આવેલો હતો તે તેને પુછવું જોઇતું નહી હતું.

માહારાણી વીરૂધ જસ્ટીસ બેલી સાહેબે કહેલું છે કે "કાયદાનો નીયમ એવો છે કે ચોરાએલી મીલકત ચોરી થયા પછી થોડી મુદતમાં એક સખસના કબજામાં માલુમ પડે તો તેના કબજામાં તે કેવી રીતે આવી તેનો ખુલાસો તેણે આપવોજ જોઈએ, અને જો તે ના આપે તો તે ચોર છે એવું અનુમાન થાય છે, પરંતુ અમારી નજરમાં આવે છે કે ૧૬ માસ જેવી લાંબી મુદત થઇ ગયા પછી જે મીલકત ચોરાએલી ધારવામાં

હોય તો, તેના કબજામાં કેવી રીતે આવી તેનો ખુલાસો તે કેદી પાસે મા ગવો તે વ્યાજબી નથી."

માહારાણી વીરૂધ આડમ્સના કામમાં જસ્ટીસ પાર્ક સાહેબે એવો વીચાર કરેલો છે કે ચોરાએલી મીલકતનો તે ગુમ થયા પછી ત્રણ માસે કબજો માલુમ પડેતો એવો થોડી મુદતનો કબજો નથી કે જયાં સુધી તે ગુમ થયા પછી આટલી લાંબી મુદતના કબજાની હકીકત કરતાં કાંઇ વ ધારે પૂરાવ ના હોય ત્યાં શુધી તે કેદીના કબજામાં કેવી રીતે આવી તે બતાવવાને કેદીને શીર નાંખવામાં આવે.

માહારાણી વી૦ કુપરના કામમાં જસ્ટીસ માલ માહેબે કહેલું છે કે "જયારે એકાદા માણુસના કબજામાં એક ઘોડો છ અથવા સાત માસ તે ગુમ થયા પછી માલુમ પડે, અને તે કબજા શીવાય તેના વીરૂધ બીજો કાંઇ પુરાવ ના હોય તો, તેનો ખુલાશો આપવાને તેને કહેવું નહી જોઇયે."

માહારાણી વીરૂધ પાટ્રીજના કામમાં જસ્ટીસ પાટીસન સાહેબે બતાવેલું છે કે ચોરેલી મીલકતનો કબજો એવી થોડી મુદતનો છે કે નહી જેથી તે કબજો કેવી રીતે થયો તે જેના કબજામાં હોય તેનો ખુલાશો માગી શકાય તે સવાલનો વીચાર ચોરાએલી વસ્તુના પ્રકાર ઉપર નજર રાખી કરવાનો છે, અને તેની સાથે તેમણે એવું કહેલું છે કે "જો તે વસ્તુઓ એવી હોય કે એક હાથમાંથી બીજા હાથમાં જાય અને તે પ્રમાણે ત્રીજાના હાથમાં જાય તો ખરી રીતે બે માશની મુદત તે લાંબી મુદત છે."

આ કામમાં જે વસ્તુ ચોરાએલી હતી તે કાંઇ અસાધારણ જાતની નથી, પરંતુ એવી છે કે દરેક દેશીના કુટુંબના ઘરમાં હોય, અને તે એકની પાશેથી બીજાની પાશે તરત જાય તેવી છે.

આ ઠરાવોના આધારથી અમારા અભીપ્રાયમાં આવે છે કે તે પ્યાલો ચોરાયા પછી ૧૧ માશે કેદીનો કબજો માલુમ પડેલો છે તે એવો થોડી મુદતનો કબજો નથી જેથી તે તેના કબજામાં કેવી રીતે આવ્યો તેનો પૂરાવ તેની પાસે માગી શકાય.

પરંતુ બેશક ફરીઆદ તરફના પુરાવ શીવાય બીજો પુરાવ હતો તેનો વીચાર કરવાનો છે, અને જો અમને એમ લાગ્યું હોત કે તે પ્યાલો છુપાવ્યાનો પુરાવ અમારે માનવો જોઇએ તો, ગુનાહની સાબેતીના ઠરાવમાં હાથ ઘાલવાને અમારે આનાકાની કરવી જોઇએ, પરંતુ આ પુરાવ કબુલ કરવાને અમે તઇઆર થએલા નથી અને તેથી અમે તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૩ મારચ સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ ફીલ્ડ અને મી૦ જસ્ટીસ બીવરલી સાહેબોની રૂબરૂ.

રામાનંદ માહાતન ફરીયાદી વીરૂધ કોયલાશ માહાતન તોહોમતવાળો.

જીલ્લા માજીસ્ટ્રેટની ઓફીસ—જીલા માજીસ્ટ્રેટની ઓફીસનું ચાલુ કામ ડીપુટી માજીસ્ટ્રેટના ચારજમાં ગએલું—હકુમત—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૭, પીનલકોડ સને ૧૮૬૦ ના આક. ૪૫ ની કલમ ૩૭૯ અને ૪૧૭—સંક્ષેપ તપાસ—હકુમતના કારણસર તોહોમતો જુદાં જુદાં પાડવાં.

એક ડીપુટી માજીસ્ટ્રેટના ચારજમાં જીલા માજીસ્ટ્રેટની ઓફીસનું ચાલુ કામ હોય તેથી ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૭ મા પ્રમાણે તે ડીપુટી માજીસ્ટ્રેટને હકુમત મળતી નથી.

એક તોહોમતવાળાના ઉપર એક સંક્ષેપ રીતે તપાસ કરવા લાયક ગુનહાનો આરોપ રાખવામાં આવેલો, અને બીજો જે આરોપ તેના ઉપર રાખવામાં આવેલો તે તેવી તપાસ કરવા લાયક નહી હતો. માટે આ બીજો આરોપ નહી ગણગારતાં તોહોમતવાળાની માજીસ્ટ્રેટ સંક્ષેપ રીતે તપાસ કરી શકતા નથી.

પાનું ૨૩૬ એક રામાનંદ માહાતને એક કઇલાશ માહાતન ઉપર પીનલકોડની કલમ ૩૭૯ અને ૪૧૭ પ્રમાણે સારણના માજીસ્તરેટને ફરીઆદ કરેલી હતી. તે માજીસ્તરેટે તે કામ માજીસ્તરેટોના બેંચ તરફ મોકલી દીધું. તે બેંચે ફરીઆદીની શાહેદી લઇને તે કામ પોલીસ તરફ તપાસ કરી રીપોટ કરવાને સારૂ મોકલ્યું. પોલીસનો રીપોટ આવતાં, (અનુંમાન પ્રમાણે ફો. કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૦૩ મુજબ) તે બેંચના પ્રમુખે નીચે પ્રમાણે હુકમ કરેલો છેઃ—

"ચોરી થઇ નથી, તેમ ઠગાઇ પણ થએલી નથી. માટે અવેજનાં નાણાં વસુલ કરવાને વાદીને દીવાની કોરટ તરફ હું મોકલું છુ. કામ કાઢી નાંખવામાં આવ્યું."

તે ફરીઆદીએ પોતાના કામની ફરી તપાસ કરવાને અરજ કરી. તેથી તે માજીસ્તરેટના બેંચના પ્રેસીડંટ (જે તે વખતે જીલા માજીસ્ટ્રેટની ઓફીસના ઇનચારજ હતા) તેગણે જીલા માજીસ્ટ્રેટની ઓફીસ ઇનચારજના હોદ્દા તરીક તે કામ ફરી ફાઇલ ઉપર લેવાને હુકમ કરયો.

તે બેંચે (ડીપુટી માજીસ્ટ્રેટ પ્રમુખ હતા) પીનલકોડની કલમ ૩૭૯ મી પ્રમાણે તે કામની સંક્ષેપ રીતે તપાસ કરી, અને તોહોમતવાળાને ગુ

નેહગાર ઠરાવી તેના રૂ. ૫૦ દંડ અને તે દંડ આપવામાં કસુર કરવામાં આવે તો, એક માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તે કેદીએ આ કામમાં નીચેના કારણથી હાય કોરટમાં રેફરંસ કરવાને શેશન જડજને અરજ કરેલી છેઃ—(૧) જે ફરીયાદ તે ડીપુટી માજીસ્તરેટે ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે કાહાડી નાખેલી હતી તે ફરીઆદની ફરી સુનાવણી કરવાની તેમને હકુમત નહી હતી, કારણ કે તેઉ જીલા માજીસ્તરેટની ઓફીસનો ચારજ તેમની પાસે હતો, તેથી તેમને આવો હુકમ કરવાનો અખત્યાર નથી. અને (૨) જીલા માજીસ્ટ્રેટે પીનલકોડની કલમ ૩૭૯ અને ૪૧૭ પ્રમાણે વ્યવસ્થા કરવા સારૂ તે બેંચને જીલા માજીસ્ટ્રેટે તે કામ મોકલવાથી કલમ ૪૧૭ પ્રમાણેની ફરીઆદનો એક ભાગ તેમને સંક્ષેપ રીતે તપાસ કરવાની હકુમત મળવાના કારણથી રદ કરવાને અખત્યાર નહી હતો, કારણ કે તે સંક્ષેપ રીતે તપાસવા લાયક નહી હતો. અને તેથી તેઉને કલમ ૩૭૯મી પ્રમાણેનો તે ફરીઆદનો બીજો ભાગ કબુલ કરવાને અખત્યાર નહી હતો, અને તેજ ભાગ ફકત સંક્ષેપ રીતે તપાસ કરવા લાયક હતો.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે સદરહુ બતાવેલાં કારણોથી માજીસ્ટ્રેટોના બેંચનું પ્રોસીડીંગ રદ થવું જોઇએ તેથી તેમણે હાય કોરટમાં રેફરંસ કર્યું.

રેફરંસમાં કોઇ હાજર નથી.

કોરટનો હુકમ નીચે પ્રમાણે છે.

શેશન જડજે જે કારણો બતાવેલાં છે તે કારણોથી અમે કાયલાશ માહાતનની ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરાવીએ છીએ. અને ફરમાવીએ છીએ કે જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

જીલા માજીસ્તરેટના ઓફીસના ચાલતા કામનો ચારજ ડીપુટી માજીસ્ટ્રેટ પાસે હતો. તેથી ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે તેમને હકુમત મળેલી નથી.

ગુનાહની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૪ ફેબરવારી, સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ તોટનહામ અને મી૦ ગોઝ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ જગરનાથ તોહોમતવાળો.

સ્ટાંપ આકટ (સને ૧૮૭૯ નો ૧ લો) ની કલમ ૩ રકમ ૧૭ અને

૧ લા પ્રશીષ્ટની આરટીકલ ૨૨—પોહોંચ—કબુલ.

દેણદારની ખાતાબુકમાં લેણદારે રકમ લખી આપી હોય અને દેવું વસુલ આપવામાં એક રકમ વસુલ થએલી તે ઉપર તેની સહી હોય તો તે ષ્ટાંપ આકટની કલમ ૩ ની રકમ ૧૭ ના હેતુ પ્રમાણે પોહોચ છે. માટે તે આકટના પ્રસીષ્ટ પેહેલાની આરટીકલ ૫૨ પ્રમાણે પોહોચ તરીકે તેના ઉપર ષ્ટાંપ હોવો જોઇએ.

પાનું ૨૬૭ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૨ પ્રમાણે કલકતાના પ્રેસીડેનશી માજીસ્તરેટ તરફથી આ રેફરંશ કરવામાં આવેલું છે અને તેમાં જે સવાલ પુછવામાં આવ્યો છે. તે એવો છે ? ખાતાબુકમાં લખેલી એક રકમ ઉપર તોહોમતવાળાએ સહી કરી આપેલી છે. તેથી સ્ટાંપ આકટ (સને ૧૮૭૯ નાં ૧ લાની કલમ ૩ ની રકમ ૧૭ ના હેતુ પ્રમાણે પોહોચ છે કે નહી. અને પોહોચ તરીકે તે આકટના પ્રસીષ્ટ ૧ લાની આરટીકલ ૫૨ પ્રમાણે તે ઉપર એક આનાનો ષ્ટાંપ જોઇએ કે નહીં.

માજીસ્તરેટે પોતાના કાગળમાં આ શવાલ પુછી નીચે પ્રમાણે કહેલું છે.

" તે રકમ એક દેવું વસુલ આપવાને આપેલી છે. એવું બતાવવાને સ્વતંત્ર પુરાવ છે. અને જે વ્યવહારમાંથી તે કરજ ઉતપન થએલું તે સબધી સ્પષ્ટ રીતે તે રકમ છે. આંકડાથી જે રકમ લખવામાં આવેલી છે. અને તોહોમતવાળાનું નામ લખવામાં આવેલું છે તે તોહોમતવાળાને જે વખતે નાણું મળ્યાં તે વખતે તે તોહોમતવાળાએ લખેલું છે. અને એવું કબુલ કરવામાં આવ્યુ છે કે તોહોમતવાળા તરફથી અગર જે પેહેઢી તરફથી તેને તે નાંણું મળેલાં તેની તરફથી કોઇ પ્રકારની જુદી પહોંચ લેવામાં આવેલી નથી.

અજંદર કુમાર વીરૂધ બ્રમોમોય ચોદ્રાણી અને બીજારામ વીરૂધ રાજમોહનરાયના કામના ઠરાવો અમે જોએલા છે પરંતુ તે ઉપરથી કાંઇ સામાન્ય નીયમ નીકળી શકતો નથી અને દરેક કામનો આધાર અમુક રકમ અને તેમાં ગુજારેલા "પૂરાવના પ્રકાર ઉપર રહેવું જાઇએ."

આવી કેટલીક ફરીઆદી કલકતાના કલેકટરે આવી રકમો ઉપર ષ્ટાંપનો જરૂર નથી કે શી રીતે તે અજમાવવાને સારૂ દાખલ કરેલીછે તેમાંની આ એક ફરીઆદ છે.

દેણદારના ચોપડામાં જે રકમ છે તે નીચે પ્રમાણે છે:—

નંબર ૯૯.

૧૨૯૧ ની સાલ

અશાડ મહીનાના ૧૭ મી તારીખ.

ઉધાર બાજુ

સેબારામ મેઘરાજને ખાતે ઉધાર.	૪૦૫—૪—૦
વઇશાખ માસની ૧૩ મી તારીખના હીસાબે	
જગરનાથની મારફતે સરકાર નોટ. પી. ૨૩૪૬૬-૧ ૪૫ કડકો	૫૦૦-૦-૦
પાછા આવેલા બાદ.	૯૪-૧૨—૦
	૪૦૫—૪—૦

પુરાવ ઉપરથી એવું સાબેત થએલું છે કે કપડની એક ગાંસડી ખરીદ કરવામાં આવેલી તેની વીગત બતાવવાને આગળ જે રકમ લખેલીને સબંધી તે છે. અને જગરનાથ જે તે પેહેડીનો ગુમાસ્તો થાય છે. તેને રૂપીઆ ૫૦૦ની રકમ આપવામાં આવેલી હતી પણ તેણે લેહેણા રૂપીઆ ૪૦૫—૪—૦ રાખીને બાકીના રૂ. ૯૪-૧૨—૦ પાછા આપેલા છે અને જગરનાથે તે રકમ લખી તે ઉપર સહી કરેલી છે.

વળી પુરાવ ઉપરથી એવું સાબેત થએલું છે કે 'જુદી પોહોચો લેવાનો રીવાજ નથી, પરંતુ જે સખસને નાણાં મળેલાં હોય તેઓ ચોપડામાં સદરહુ પ્રકારની રકમ લખીને સહીઓ કરે છે.

સરકાર તરફથી આડવોકેટ જનરલ મી૦ ફીલીપ્સ હાજર થયા.

તોહોમતવાળા તરફથી મી૦ સેલ અને મી૦ ચીક.

મી૦ ફીલીપ્સ—આ દસ્તાવેજ નાણાં વસુલ આપ્યાની કબુલત તરીકે છે. અને તેથી તે પ્રથમ દરસનીક તે પોહોચ છે અને જે ફક્ત પોહોચો સ્ટાંપના કરમાંથી માફી કરવામાં આવેલી છે. તે મશીષ્ટ બેની રકમ ૧૫ પ્રમાણેની છે. તે રકમની પેટા રકમ (ब) થી અવેજ વીના કાંઇ નાંણાં મળેલાં હોય તો તેની પોહોચોની બાબતમાં માફી કરવામાં આવેલી છે. પરંતુ તેની હકીકત અહીંયાં નથી. કારણ કે આ રકમ વસુલ આપવાને અવેજ હતો એમાં કાંઇ શક નથી. તે રકમ ઉપર વળી સહી છે. અને આવી સહી ઉપરથી તે સહી કરનાર સખશને તે રકમ મળેલી છે. એમ જણાય છે.

મી૦ શેલ—તે દસ્તાવેજનું રૂપ અને પ્રકાર તેમજ તે લખી આપનાર પક્ષકારોનો ઇરાદો જે દસ્તાવેજો સ્ટાંપના કરને પાત્ર હોય એ બાબતમાં જોવો જોઇએ. જેમ કે સાધારણ રોકડમાં કે રોકડના ચોપડામાં નાણાં આવેલાં હોય તેની રકમ લખવામાં આવેલી હોય પરંતુ તેનો ઇરાદો પોહોચો તરીકે રાખવામાં આવેલો હોય એમ બની શકતું નથી. (સને ૧૮૬૯ ના આકટ ૧૮ અને સનદ વગરની નોકરીની બેંક, બર્જેસ

કુમાર વીરૂધ બ્રામોમોયચોદ્રાણી, બીજારાય વીરૂધ રાયમોહનરાય, અને ગોબીંદશાહ વીરૂધ ગોલખચંદ્રશાહના ઠરાવો જુઓ.)

હીસાબની બેમાંથી એક બાજુએ આવી રકમો લખવામાં આવેલી હોય તેનો ઇરાદો નાણાં મળ્યાની કબુલાત તરીકે અગર કરજની કબુલાત તરીકે અમલ કરવાનો નથી. તે રકમો ફક્ત જે ચોપડામાં હોય તે ચોપડાના માલેક જાણવા સારૂ તથા તેના ધંધાને સારૂ લખવામાં આવે છે. જે સખસને નાણાં મળેલાં તેણે તે રકમ લખેલી છે. અને તે ચોપડાના માલેકે લખેલી નથી. તે અગત્યની વાત નથી. કારણ કે જો એમ ના હોય તો એક સરખી રીતે એમ કહી શકાય કે જો તે રકમ લેહેણદારની રૂબરૂ લખવામાં આવેલા હોય અને તે તેણે કબુલ રાખેલી હોય તો તે કલમ પ્રમાણે સ્ટાંપના કરને પાત્ર થવાને બસ છે જો તકરારી રકમ ઉપર સ્ટાંપની જરૂર છે. તો તેવીજ રકમ હીસાબની બીજી બાજુએ લખવામાં આવેલી છે. તેના ઉપર પણ દેવાની કબુલાત તરીકે સ્ટાંપ જોઇએ આ પ્રમાણે ચોપડામાં દરેક રકમ ઉપર જેમ લેહેણદારના ચોપડામાં તેવીજ વસુલની રકમ લખવામાં આવેલી હોય તે પ્રમાણે જોઇએ. જો કાયદાનો આ વીચાર બરોબર હોય તો ખાતા અગર દેસી હીસાબના ચોપડા રાખી શકાય નહી અને બજારમાં હીસાબ રાખવાની જે રીતી છે તે બીલકુલ ફરી જાય અને તેથી ભારે હરકત થાય.

મી૦ ફીલીપ્સે જવાબ આપ્યો—મી૦ શેલની તકરાર એવી છે કે તે દસ્તાવેજનો તે કલમમાં સમાશ થાય છે કે નહી તે સવાલનો વીચાર કરવાનો નથી. પરંતુ તે દસ્તાવેજનો તેમાં સમાશ થવો જોઇએ એવો પક્ષકારોનો ઇરાદો હતો કે નહી તેનો વીચાર કરવાનો છે. આ પ્રમાણે આ બાબત જોવામાં આવે તો તે ભાગ્યેજ બરોબર રીતી કહેવાય. વળી તે કહે છે કે જેમ સાધારણ રીતે પોહોચ આપવાના કૃત્યથી જેવો ઇરાદો સાધારણ રીતે સમજવામાં આવેછ તેવા ઇરાદાથી તે દસતાવેજ ઉપર સ્ટાંપ જોઇએ. તે પ્રમાણે તે લખી આપવામાં આવેલો છે એવો હોવો જોઇએ. અને આવી રકમ ઉપર સ્ટાંપ જોઇએ એવું ઠસવવામાં આવે તો ભારે હરકત થાય. પરંતુ કાયદા કરનારાએ પોહોચ શબ્દની વાખ્યા કરેલી છે. (કલમ ૩ ની રકમ ૧૭ જુઓ) અને જે શબ્દ વાપરવામાં આવેલો છે. તે ઇંગરેજી "એકનોલેજડ છે,' અને 'એડમીટેડ' નથી. કબુલત હરકોઇને આપી શકાય છે, માટે એકાદો સખશ પોતાના ચોપડામાં રકમ લખે તો તેનો આ કલમમાં સમાશ થતો નથી. પોહોચ આપવામાં આવે તેથી પહેલા પ્રસીષ્ટની કલમ ૧ લી પ્રમાણે વસુલ કબુલ કરયું ફક્ત થાય છે. માટે ચોપડામાં જે કબુલત થએલી હોય તે ઉપર સ્ટાંપ હોવો જોઇએ

સને ૧૮૬૯ ના આકટ ૧૮ ની બાબત તથા સનંદ વગરની નોકરીની બેંક અને પ્રજદ્રકુમાર વીરૂધ બ્રામોમોય ચોદ્ધાણીના ઠરાવો જુના સ્ટાંપ આકટ પ્રમાણે છે, અને તે આકટમાં જે સબ્દો છે તે જુદા છે.

હાયકોરટનો અભીપ્રાય જષ્ટીશ તોટનહામ સાહેબે નીચે પ્રમાંણે આપ્યો છે:—

પ્રેશીડેનશી માજીસ્ત્રેટે ગયા જાનેવારી માસની તા૦ ૮ મીના રોજના પોતાના પત્ર સાથે ब નીશાનનો જે દસ્તાવેજ મોકલેલો છે તેનો સમાશ સ્ટાંપ આકટ (સને ૧૮૭૯ નો ૧ લો) ની કલમ ૩ ની રકમ ૧૭ માં થાય છે. જગરનાથની સહી અને તેના હાથની ३४०५-४-०ની રકમ છે તેથી અમારા અભીપ્રાય પ્રમાણે એક લખત થાય છે. અને તે ઉપરથી લેહેણું વસુલ આપવામાં આવેલું એમ કબુલ કરવામાં આવેલું છે જે જગોએ આ લખત થએલું છે એટલે દેણુદારના ચોપડામાં જે જગોએ દેણુદારે પોતાનું દેવું વસુલ આપ્યાની રકમ લખેલી છે તેના સામી તે રકમ લખવામાં આવેલી છે તે ઉપરથી અમારી નજરમાં આ પ્રમાણે આવે છે. જગરનાથે આ લખત કેરેલું તેનો અરથ કેવો કરવાના ઇરાદાથી કરી આપેલું તે વીશે પક્ષકારોનો ઇરાદો અમારે જોવો જોઇએ. આ સાચી વાત છે અને જગરનાથે જે લખેલું છે તેનો ઇરાદો એક પોહોચ તરીકે રાખવામાં આવેલો હતો. એવું પુરાવ ઉપરથી જણાય છે એમાં અમને કાંઇ શક નથી. સબબ અમારી નજરમાં આવે છે કે સ્ટાંપ આકટની કલમ ૩ ની રકમ ૧૭ માં પોહોચની વાખ્યા છે તેમાં આ લખતનો સમાસ થાય છે

જસ્ટીસ ઘોઝ—અમારો પણ તેવોજ અભીપ્રાય છે. ब નીશાંનની રકમ જગરનાથ એક મેઘરાજની પેહેડીનો ગુમાસ્તો છે. તેણે પોતાના હાથથી લખી તે ઉપર સહી કરેલી છે, તેથી સ્ટાંપ આકટની કલમ ૩ ની રકમ ૧૭ ના અરથ પ્રમાણે તે એક પહોચ છે.

જગરનાથ તરફથી મી૦ સેલે આ કામમાં તકરાર કરી છે કે પક્ષકારોએ તકરારી રકમ તથા સહીનો અમલ પોહોંચ તરીકે કરવો જોઇએ એવો ઇરાદો પક્ષકારોએ રાખેલો છે કે નહી એવો શવાલ છે. આ તકરાર સંપુરણ રીતે મજબુત છે એમ અમે કબુલ કરીએ છીએ. અને આવી જાતના દરેક કામમાં હમેશાં ઇરાદાનો સવાલ હોવો જોઇએ. એમ અમને જણાય છે. શ્રીરસચંદર ઘોઝ જે એક દુકાન પાસે તકરારી લેહેણું હતું તેનો માલેક છે તેની સાહેદી જોતાં તથા તે શાહેદી પ્રમાણે ब નીશાનનો દસ્તાવેજ વાંચતાં અમને ખુલ્લું જણાય છે કે પક્ષકારોનો ઇરાદો એવો હતો કે જગરનાથે તે રકમ લખી અને તે ઉપર સહી કરેલી છે તે

નો અમલ એક પોહોંચ તરીકે થવો જોઇએ.

મી૦ સેલેઃ—આ કોરટના કેટલાક ઠરાવો ઉપર અમારૂં લક્ષ માગેલું છે. અમારા જોવામાં આવે છે કે તે ઠરાવો સને ૧૮૬૯ ના આકટ પ્રમાણે થએલા હતા. હાલનો સને ૧૮૭૯ નો ષ્ટાંપ આકટ પોહોચની વાખ્યા છે તે પ્રમાણે વધારે એ.ેજો છે. અને જે કામોમાં તે ઠરાવો થએલા તેમાં ખરો શવાલ એવો હતો કે અમુક દસ્તાવેજ ઉપર ષ્ટાંપ વાપરવામાં આવેલો નથી. તેથી તે પુરાવમાં દાખલ કરવા લાયક કાયદા પ્રમાણે છે કે નહીં. અહીંયાં જુદો શવાલ છે. અને તે કામોમાં વીદવાન જડજોએ જે વીચારો બતાવેલા છે તે તપાસતાં એવું જણાય છે કે કાયદાનો કોઇ નીયમ આ કામને લાગુ થઇ શકે એવો નીકળી શકતો હોય તો તે સરકારે કરેલા વીચારના કાયદામાં છે અને તે વીરૂધ નથી,

તા૦ ૧૯ ફેબરવારી સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ તોટનહામ અને મી૦ જસ્ટીસ ગોઝ સાહેબોની રૂબરૂ.

મખનલાલ શાહ (અરજદાર) મખનચોરા શાહ (શામાવાળો.)

સાર્વજનીક અપકત્સ—હરકત—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૧૩૩ પ્રમાણે તપાસ—આવી તપાસને પ્રથમના હુકમોથી કયારે હરકત થતી નથી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની ક. ૧૩૩

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ નો આકટ ૧૦)ની કલમ ૧૩૩ પ્રમાણે જાહેરાંત રસ્તામાં હરકત કરવામાં આવેલી તે હરકત દુર કરવાને એક અરજી કરવામાં આવેલી. પરંતુ માજીસ્તરેટે જાતે સ્થાનીક તપાસ કરી પણ પુરાવ નહી લેતાં પક્ષકારોને દીવાની કોરટમાં જવાનો હુકમ કરયો અને તે રસ્તો જાહેરાંત નથી એવું ઠરાવીને માજીસ્તરેટે તે હુકમ કરવાની ના કહી.

પછી દીવાની દાવો ફાઇલ કરવામાં આવ્યો તે ચાલતાંની દરમીયાનમાં સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૩૩ પ્રમાણે તેવાજ હેતુથી બીજી અરજી કરી. તે રદ કરવામાં આવી એવા કારણથી કે દીવાની દાવો ચાલું છે. અને સુલેહનો ભંગ થવાનો સંભવ નથી.

તે દીવાની દાવાના પરીણામમાં એવી રીતે ઠરાવવામાં આવ્યું કે તે રસ્તો જાહેરાંત છે.

આ ઊપરથી કલમ ૧૩૩ પ્રમાણે તે હરકત દુર કરવાને એક ત્રીજી અરજી કરવામાં આવી. પરંતુ માજીસ્રેટે ઠરાવ્યું કે પ્રથમના બે હુક

મો થએલા છે માટે અમે હાથ ઘાલી શકતા નથી.

ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટનો હુકમ બરોબર નથી એવા કારણ થી કે આવી તપાસ કરવાને તેવો બંધાએલા હતા અને તે બાબતની કો ઈ વખત તપાસ કરવામાં આવેલી નહી હતી. પહેલાં જે સવાલ છે તે ફેંસલો બીલકુલ નથી. કારણ કે માજીસ્તરેટે ફકત સ્થાનીક તપાસ કરી પોતાનો અભીપ્રાય આપેલો છે. અને પુરાવ પણ લીધેલો નહીં હતો. તે- થી તે કાંઇ ન્યાયની રૂઇની તપાસ નહીં હતી. અને બીજો ઠરાવ દીવા- ની દાવો ચાલું હતો અને પ્રથમનો હુકમ બરોબર નથી. તે કારણથી ફ કત કરવામાં આવેલો હતો. માટે આ હુકમોમાંથી એકે હુકમ હાલની ફરીઆદમાં તપાસ કરવાને માજીસ્તરેટને હરકત કરતો નથી.

પાનુ ૨૭૧ ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૧૩૩ પ્રમાણે જાહેરાંત રસ્તામાં પાકી ઇમારત બાંધી હરકત કરેલી તે દુર કરવાને એક અરજી કરવા ઉપરથી આ કામ ઉતપન થએલું છે. તેના તેજ હેતુથી આ ત્રીજી અર જી થએલી છે.

સને ૧૮૮૧ માં તે ઇમારત જ્યારે બંધાતી હતી ત્યારે પેહેલી અ રજી કરવામાં આવેલી હતી. પરંતુ પેટાહુકડીના માજીસ્તરેટ કે જેમની રૂબરૂ તે અરજી કરવામાં આવી હતી. તેમણે પુરાવ લીધા વીના સ્થાની ક તપાસ કરીને તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૮૧ ના રોજ તેમાં હા થ ઘાલવાને ના કહી હતી. અને પક્ષકારોને દીવાની કોરટમાં મોકલ્યા હતા. આ ઉપરથી પગ રસ્તો ખાનગી છે તેવા આધારથી તે હરકત દુર કરવાને એક દીવાની દાવો દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ તે દાવા માં છેવટે હાયકોરટમાં બીજી અપીલમાં નીશફળ ભરેલું થએલું હતું. તેથી પ્રતીવાદીની તકરાર એવીછે કે તકરારી રસ્તો જાહેરાંત છે એમ સા બેત થએલું છે.

બીજી અપીલ સાંભળતાની દરમીઆનમાં તે હરકત દુર કરવાને કલમ ૧૩૩ પ્રમાણે એક બીજી અરજી કરવામાં આવેલી. પરંતુ ડીપુટી માજીસ્તરેટે તા૦ ૮ સપટેંબર સને ૧૮૮૩ ના રોજનો હુકમ કરી તેમાં હાથ ઘાલવાની ના કહી. એવા કારણથી કે સુલેહનો ભંગ થવાનો સંભ વ નથી. અને તે રસ્તો જાહેરાંત કે ખાનગીછે તે વીશેનો શવાલ હાયકો રટની રૂબરૂ શરૂ છે. આ હુકમ ઉપર અરજદારે હાયકોરટમાં અરજી ક રી પણ તેમાં કાંઇ ફતેહ મળી નહીં. કારણ કે તે વખતે તે અપીલ ચા લુ હતી માટે તેનો નીકાલ થતાં શુધી કોરટે તેમાં હાથ ઘાલવા- ને ના કહી.

તા૦ ૬ જુન સને ૧૮૮૪ ના રોજ તે અપીલ સાંભળવામાં આવી અને પરીણામે એવો ઠરાવ કરવામાં આવ્યો કે તે રસ્તો જાહેરાંત છે.

આ ઉપરથી હાલની અરજી કરવામાં આવેલી છે. અને સામા પક્ષકાર ઉપર એવો હુકમ કરવામાં આવેલો છે કે તે હરકત શાવાસ્તે દુર નહી કરવી તેનું કારણ બતાવવું, સામા પક્ષકારે હાજર થઇ એક લખેલી હકીકત ફાઇલ કરી. તેમાં એવી હરકત લીધી કે માજીસ્તરેટની સરખી હકુમતવાળા અમલદારોએ કરેલા પ્રથમના બે હુકમો છે માટે આ બાબત સાંભળવાનો માજીસ્તરેટનો હક નથી. અને વળી સુલેહનો ભંગ થવાનો સંભવ નથી, માટે તે પોશીડીંગ કાયદા પ્રમાણે વ્યાજબી નથી. માજીસ્તરેટે સદરહુ હરકત રદ કરી એવું ઠરાવીને કે કલમ ૧૩૩ પ્રમાણે કામ ચલાવતાં પહેલાં સુલેહના ભંગનું સંભવીતપણું હોવું જોઇએ. એવી જરૂરીઆત શરત નથી. પરંતુ બીજી હરકત મંજુર રાખી અને તે કામમાં કાંઇ હુકમ કરવાને ના પાડી.

આ ઠરાવ ઉપર અરજદારે હાલ હાયકોર્ટમાં તેના ફરી તપાસના અખત્યાર પ્રમાણે અરજી કરેલી છે.

અરજદાર તરફથી આશુતોશધર અને બાબુ અંબીકાચરણ બાનરજી

શામાવાળા તરફથી બાબુ અંબીકાચરણ બોઝ.

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

જષ્ટીશ તોટનહામ—અમને એમ જણાય છે કે ડેપુટી માજીસ્ત્રેટે જે એવું ધારેલું છે કે તેમના પૂર્વાધીકારીઓએ જે ઠરાવો કરેલા છે તે કારણથી આ કામ સાંભળવાને તેમને હરકત છે તે ભુલ ભરેલું છે. શવાલ એવો છે કે જે હરકત બાબત ફરીઆદ કરવામાં આવી છે તે હરકત જાહેરાંત રસ્તામાં થએલી છે કે કેમ. પહેલી વખતે માજીસ્તરેટને અરજી કરવામાં આવેલી તે વખતે કાંઇ તપાસ કરવામાં આવી નથી. તેથી તે કાંઇ ન્યાયની રૂઇની તપાસ નથી. પરંતુ તે માજીસ્તરેટે ફક્ત તે જગો તપાસેલી છે. અને તે તપાસ ઉપરથી એવો નીરણય કરયો હતો કે તે રસ્તો જાહેરાંત નથી. તેથી તેઓએ હાથ ઘાલવાને ના કહેલી હતી. આ ઉપરથી ફરીઆદી દીવાની કોરટમાં ગયો. અને એવું બતાવવાને કોશીશ કરી કે તે રસ્તો જાહેરાંત છે. માટે તે હરકતથી તેને ખાશ રીતે ઇજા થએલી છે. દીવાની કોરટમાં તે નીશફળ ગયો. એવા કારણથી કે તે જાહેરાંત રસ્તો છે. પરંતુ દીવાની કોરટમાં તેને દાદ મળવાનો હક થાય તેવી હકીકત પુક્ત રીતે તેને સાબેત કરી નથી.

દીવાની કોરટમાં અપીલમાં તે ઠરાવ ચાલું હતો તે દરમીયાનમાં તે

ફરીઆદીએ માજીસ્તરેટને અરજ કરી કે દીવાની કોરટના ઠરાવના આ ધારથી તે રસ્તો જાહેરાંત છે. માજીસ્તરેટે તેમાં હાથ ઘાલવાને બીલકુલ ના કહી નહી. પરંતુ ના કહી એવા કારણથી કે દીવાની દાવો હજુ ચાલું છે તેમજ તેમના પુર્વાધીકારીએ ઠરાવેલું છે કે તે રસ્તો જાહેરાંત નથી. આ કોરટમાં બીજી અપીલમાં કરેલા ઠરાવથી દીવાની કામનું છેવટ થયું તેથી તે અરજદારે ફરીથી હાલના માજીસ્તરેટને અરજ કરેલી છે. તે માજીસ્તરેટ હાલ એવો વીચાર કરે છે કે દીવાની કોરટનો ઠરાવ થએલો છે તોપણ અમે તેમાં હાથ ઘાલી શકતા નથી. કારણ કે અમારા પુર્વાધીકારીના વીચારમાં આવ્યું છે કે તે રસ્તો જાહેરાંત નથી.

આ પ્રમાણે ફો. કોરટમાં તે અરજદાર હારેલો જણાય છે. એવા કારણથી કે તે જાહેરાંત રસ્તો નથી. અને દીવાની કોરટમાં તે જાહેરાંત રસ્તો છે એમ ઠરેલું છે. અમારી નજરમાં આવે છે કે તે માજીસ્તરેટના પુર્વાધીકારીઓએ ઠરાવો કરેલા છે તોપણ તે માજીસ્તરેટ તપાસ કરવાને બંધાએલા છે. આ બે ઠરાવોમાંનો છેલો ઠરાવ એવા કારણથી કરવામાં આવેલો છે કે દીવાની કામ ચાલુ હતું. અને માજીસ્તરેટે ઠરાવ કરેલો છે. તે માજીસ્તરેટનો પેહેલો ઠરાવ સખતાઇથી બોલતાં બીલકુલ ફેંસલો નથી. પરંતુ તે જગો તપાશીને ફકત એક અભીપ્રાય આપેલો છે. પુરાવ લીધા વીના એક રસ્તો જાહેરાંત છે કે નહીં એમ કોઇ માજીસ્તરેટ કહી શકતા નથી.

આવી હકીકત છતાં અમારા અભીપ્રાયમાં આવે છે કે તે હુકમ કાયમ કરવો જોઇએ અને તે રસ્તો જાહેરાંત છે કે નહીં તે વીશે ઠરાવ કરવાને તે માજીસ્તરેટને ફરમાવવામાં આવે છે. અને જો તે જાહેરાંત હોય તો તે હરકત દુર કરવી જોઇએ કે નહીં તેનો ઠરાવ કરવો તે હરકત દુર કરવાની બાબત તેમના કુલ અખ્તીઆર પૈકીની તદનછે.

જસ્ટીસ ગોઝ સાહેબઃ—અમારો પણ તેવોજ અભીપ્રાય છે ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે પેહેલી વખતે કે બીજી વખતે પ્રથમના બેઉ ડીપુટી માજીસ્તરેટોએ પોતાની રૂબરૂની ફરીઆદમાં કાંઇ ન્યાયની રૂઇએ તપાસ કરી નથી. આ પ્રમાણે હકીકત છે તો પેહેલા કે બીજા હુકમથી આ વખતે તે ફરીઆદ બાબત તપાસ કરવાને ડેપુટી માજીસ્તરેટને હરકત નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૬ મારચ સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ તોટનહામ અને મી૦ જસ્ટીસ ગોઝ સાહેબોની રૂબરૂ.

લોકનાથ સરકાર વીગરે (અપીલવાળાઓ) વીરૂધ માહારાણી કેશરેહીંદ (અપીલના પ્રતીવાદી)

રીવાજ—ભયંકર શસ્ત્રથી બખેડો તથા વ્યથા કરયા બાબત ગુનહાની સાબેતીનો ઠરાવ—એકઠી શીક્ષાઓ—જુદા જુદા ગુનાઓ—જુદા જુદા આરોપો—પીનલકોડ સને ૧૮૬૦ નો આકટ ૪૫ ની કલમ ૭૧ ૧૪૮, ૧૪૯, ૩૨૪—સને ૧૮૮૨ નો આકટ ૧૦ ની કલમ ૧૩૫, અને ૨૩૫ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૧૪, ૪૫૪—સને ૧૮૮૨ ના આકટ ૮ ની કલમ ૪.

ભયંકર શસ્ત્ર શાથે બખેડો કરયા બાબત તથા ભયંકર સસ્ત્રથી બે સખસોને વ્યથા કરયા બાબતના ગુનાઓ જુદા જુદા છે. માટે જે સખસો ઉપર આવા ગુનહાઓનો આરોપ રાખવામાં આવેલો હોય તો બખેડો કરયા બાબત તથા દરેક સખસને ઇજા કરયા બાબત ગુનેહગાર ઠરાવી શકાય છે.

પાનુ ૩૪૯ આ કામમાં બે તોહોમતવાળા લોકનાથ સરકાર તથા સચાનીશેખના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો કે તેમણે ભયંકર શસ્ત્ર સાથે એક બખેડામાં ભાગ લીધો હતો. બેઉ કેદીઓના ઉપર જે આરોપો બાબત હકીકતપાસમાં આવેલીછે તે નીચે પ્રમાણે છે. તે બખેડો કરનારાઓમાંના એક કંગાલીશીગ જે કોરટની રૂબરૂ નહી હતો. તેણે એક જોયચરને ઇજા કરેલી તે સબંધી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૮ મી તથા વળી કલમ ૧૪૯ મી સાથે કલમ ૩૨૪ વાંચતાં આરોપ તે બેઉના ઉપર રાખવામાં આવેલો છે.

વળી તે કેદી સચાની ઉપર કલમ ૩૨૪ પ્રમાણે આરોપ રાખવામાં આવેલો છે અને કેદી લોકનાથ સરકાર ઉપર સચાનીએ એક બીજા સખસ નામે કમાલાકંત પોદરને જે ઇજા કરેલી કહેવામાં આવી છે તે વીસે તે કલમ, કલમ ૧૪૯મી સાથે વાંચીને તે આરોપ રાખવામાં આવેલોછે.

જે બખેડામાંથી આ આરોપો ઉતપન થએલા છે તે તમામ મળી ૪૦ અથવા ૬૦ માણુસો લાઠીઓ તથા ભાલા સાથે હતાં, અને એક માણુસ તલવાર સાથે હતો, તેમાં આ તોહોમતવાળાઓ હતા, અને તે માણસો એક નસરૂદીનના ખેતરમાં ડાંગરનું વાવેતર હતું તે ખતરાતા દેવાકે

ઢોર મુકવાને ઢોરો સાથે ગયા હતા તે ઉપરથી તે બખેડો થએલો હતો. ન સરદીને તથા તેના કેટલાક માણુસોએ શામી હરકત લેવાથી તે બખેડો થયો અને તેમાં આ આરોપોના કેટલાક આરોપોવાળી ઈજા કરવામાં આવેલી છે.

સેશન જડજે આશેસરો સાથે મળતા આતી તમામ આરોપો બાબત તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેલો છે, અને નીચે પ્રમાણે શીક્ષાના હુકમો કરેલા છે:—

કલમ ૧૪૮ પ્રમાણે લોકનાથ સરકારે બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી.

કલમ ૧૪૮ મી પ્રમાણે સચાનીશેખે ૧॥ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી.

કલમ ૧૪૯ મી સાથે કલમ ૩૨૪ વાંચતાં લોકનાથે ૨૦૦)અને સાચાનીએ રૂ, ૫૦ દંડ આપવો, અને જો તે આપવામાં કસુર કરવામાં આવેતો, દરેકે વધારાની કેદ નવ માસ ભોગવવી.

કલમ ૧૪૯ મી શાથે કલમ ૩૨૪ મી વાંચતાં ત્રીજા આરોપની બાબતમાં લોકનાથ શરકારે ૧॥ વરશ શખત મજુરી શાથે કેદની શીક્ષા ભોગવવી અને તે શીક્ષા તે આરોપના પેહલા મથાળા બાબત કરેલી શીક્ષા પુરી થએ શીરૂ થાય અને.

કલમ ૩૨૪ મી પ્રમાણે તે તોહોમતના પેહલા મથાળા પ્રમાણે શીક્ષા પૂરી થએ શાચાનીશેખે ૧॥ વરશ શખત મજુરી શાથે કેદની શીક્ષા ભોગવવી.

આ ગુનાહની શાબેતીના ઠરાવો તથા શીક્ષાના હુકમો ઉપર આ કેદીઓએ આ અપીલ કરી છે તે બેઉએ એવા કારણથી કે તે પુરાવ ઉપરથી નીચેની કોરટના ઠરાવને પુષ્ઠી થતી નથી, તેથી શીક્ષાના હુકમો કાયદેસર નથી અને તે રદ થવા જોઇએ.

અપીલવાળા તરફથી બાબુ અંબીકાચરણ બોઝ.

સરકાર તરફથી કોઇ હાજર નથી.

હાય કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

નીચેની કોરટને જે હકીકત માલુમ પડેલી છે તેથી તે બાબતમાં તેમનાથી જુદો અભીપ્રાય બાંધવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતુ નથી. તે હકીકત એવી છે કે બેઉ કેદીઓએ ભયંકર શસ્ત્ર સાથે એક બખેડામાં ભાગ લીધો. તે બખેડો કરનારાઓનો એક સરખો હેતુ પાર પાડવામાં કેદી સચાનીશેખે ભયંકર શસ્ત્રથી એક કમળાકત પોદ્દરને વ્યથા કરી અને બખેડો કરનારાઓમાંના એક બીજાએ એક જોયધરને ભ

યંકર શસ્ત્રથી વ્યથા કરી છે.

આ હકીકત ઉપરથી એઉ કેદીઓને પીનલકોડની કલમ ૧૪૮ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવેલા છે. એઉને કલમ ૧૪૯ મીનો અમલ કરતાં, કલમ ૩૨૪ મી પ્રમાણે જોયધરને વ્યથા કરયા બાબત ગુનેહગાર ઠરાવ્યા છે. વળી કમળાકંથને વ્યથા કરયાની બાબતમાં લોકનાથ સરકારને તેજ ક લમ પ્રમાણે ગુનહેગાર ઠરાવવામાં આવેલો છે અને વળી સચાનીશેખે પોતાની મેળે વ્યથા કરેલી તેથી ફકત તે વીસે કલમ ૩૨૪ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો છે.

દરેક જુદા જુદા ગુનાહ સબંધીમાં તે કેદીઓને જુદી જુદી શીક્ષા ઓ કરવામાં આવી છે. લોકનાથ સરકારને કુલ શીક્ષા સાડાત્રણ વરસ સખત મજુરી સાથે કેદની અને રૂ. ૨૦૦) દંડની શીક્ષા કરવામાં આવી છે, અને સચાનીશેખને ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની અને રૂ. ૫૦) દડની શીક્ષા કરેલી છે અને તે દંડ આપવામાં કસુર કરવામાં આવે તો, તે કેદીઓ દરેકે વધારાની નવ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી એવો હુકમ કરેલો છે.

આપીલવાળાઓ તરફથી બાબુ અંબીકાચરણ બોઝ તકરાર કરી છે કે તે કેદીઓને તે ગુનાઓમાંના એક કરતાં વધારે ગુનહા બાબત ગુનેહ ગાર ઠરાવી શકાતા નથી, કારણ કે તમામ તેનાતેજ કામના ભાગો છે. અ ગર ગમે તેમ હોય પણ જો કે કેટલાક ગુનાહની શાબેતીના ઠરાવો કાયદે સર છે, તોપણ તે ગુનાઓમાંના એક કરતાં વધારે બાબત તેમને શીક્ષા થઇ શકતી નથી. તેમણે આ કોરટના ઠરાવો માહારાણી વીરૂધ દરજુલ્લા માહારાણી વીરૂધ દીનાશેખ, માહારાણી વીરૂધ શાહાબતશેખ અને કેશરેહીંદ વીરૂધ જબ્બર કાઝીના કામમાં થએલા છે તે ઉપર આધાર રાખેલો છે તે થોડા અગર ઘણા તેમની હકીકતને મદદ કરે છે.

તોપણ જે વીદવાન જડજોએ તે ઠરાવો કરેલા છે તેઓના કારણ ત માામ અમે સમજી શકતા નથી, માટે અમારી નજરમાં આવેછે કે તે ઠ રાવોથી અમે મળતા આવીએ છીએ કે જુદા પડીએ છીએ તે બતાવવા ની આ કામમાં જરૂર નથી. જુના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના શબ્દો પ્રમાણે તે ફેંસલાઓ કરવામાં આવેલા છે. અને શબ્દો હાલના કાયદાના ઠરાવ કરતાં ઓછા સ્પષ્ટ હતા. તે કાયદાની કલમ ૩૫ મીથી તેમજ પ્રથમના કાયદાની કલમ ૩૧૪ થી એવું ઠરાવવામાં આવેલું છે કે જ્યારે એક સખસની એક તપાસમાં બે અગર, તે કરતાં વધારે જુદા જુદા ગુનાહની એક તપાસ કરવામાં આવી હોય તો તે જુદા જુ દા ગુનાહ બાબત જે શીક્ષાઓ ઠરાવવામાં આવી હોય તે શીક્ષા કોરટ ક

રવાને મુખત્યાર છે, પરંતુ વધારેમાં વધારે જે અમુક ઠરાવો છે તેને તે પાત્ર છે અને તે ઠરાવ આ અપીલમાં અગત્યના નથી. કલમ ૨૩૫ ની રકમ (૧) આ કામને લાગુ થાય છે એમ જણાય છે. તેમાં ઠરાવ્યું છે કે કેટલાંક કૃત્યો એવી રીતે જોડાએલાં હોય કે જેથી તેનું તે કામ બનતું હોય, અને એકના એક સખશે એક કરતાં વધારે ગુનાઓ કરેલા હોય તો. તેના ઉપર દરેક ગુનાહ બાબત તેના ઉપર આરોપ રાખી શકાય છે, અને તે દરેક ગુનાહ બાબત એક તપાસમાં તેની તપાસ થઈ શકે છે, અને જો તપાસવામાં આવે તો, તેને નીરદોશ ઠરાવી શકાય છે અથવા ગુનેહગાર ઠરાવી શકાય છે.

શીક્ષાઓની બાબતમાં આ કલમમાં એવું ઠરાવવામાં આવેલું છે "કે હિં ફો. કાયદાની કલમ ૭૧ મીને આ કલમના કાંઇ ઠરાવથી હરકત થશે નહી" અને તે ઉપરાંત તેમાં કાંઇ નથી. સને ૧૮૮૨ ના આ૦ ૮ માની કલમ ૪ થી તે કલમ શુધારવામાં આવી છે તે પ્રમાણે તેમાં જુના ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫૩ ની રકમ ૨ અને ૩ માં સીક્ષાની મર્યાદા બાબત જેવો ઠરાવ હતો તેવોને તેવો ઠરાવ છે. માટે હાલ કાયદો છે તે પ્રમાણે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૩૫ મી પ્રમાણે એક સખશની કેટલાક ગુનહાઓ બાબત તપાસ કરીને તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો હોય અને જો તેનું પીનલકોડની કલમ ૭૧ મી પ્રમાણે રક્ષણ કરવામાં આવેલું ના હોય તો તેવા દરેક ગુનહાની બાબત સીક્ષાને પાત્ર થાય છે. કલમ ૭૧ મીમાં ઠરાવવામાં આવેલું છે કે "જયારે કાંઇ બાબત ગુનહો હોય અને તે કેટલાક ભાગોથી બનતો હોય તો તેમાંનો હરકોઇ ભાગ ગુનહો છે અને જો સ્પષ્ટ રીતે ઠરાવવામાં આવેલું ના હોય તો તે ગુનેહગારને એક કરતાં વધારે ગુનહાનો ગુનેહગાર ઠરાવવો નહી જોઇએ. (૨) જો એક કૃત્યનો ગુનહાઓની જુદી જુદી વાખ્યાઓમાં સમાશ થતો હોય તો તે ગુનેહગાર તે ગુનહામાંના એક ગુનહાની શીક્ષા હોય તે કરતાં વધારે સખત શીક્ષાને પાત્ર થતો નથી. અને (૩) કેટલાક કૃત્યોમાંના એક અગર વધારેથી ગુનહો બનતો હોય અને જયારે તે એકઠા કરવામાં આવે ત્યારે જુદો ગુનહો થતો હોય તો આવા એક ગુનહાની બાબતમાં જે સીક્ષા ઠરાવવામાં આવેલી હોય તે કરતાં વધારે સખત સીક્ષા તે ગુનેહગારને થવી જોઇએ નહી.

આ કામનો કલમ ૭૧ ના હેતુમાં સમાશ થતો નથી એમ અમને જણાય છે.

જે ગુનહાઓ બાબત તે કેદીઓને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા છે તે આ છે કે (૧) ભયંકર સસ્ત્રની સાથે બખેડો કર્યો, (૨) ભયંકર

શસ્ત્રથી કમળાકંત પોદારને બુધી પુરવક વ્યથા કરી, (૩) જોયધરની બા બતમાં પણ તેવોજ ગુનહો કરેલો છે.

જે કૃત્યોની પુષ્ટીમાં તે કેદી ઉપર આરોપ રાખવામા આવેલો છે તે એકઠા હોવાથી અમારા જાણવામાં જે કોઇ કાયદો છે તેમાં બતાવેલી વાખ્યા પ્રમાણે બીજો કોઇ ગુનહો બનતો નથી, તેમ કલમ ૭૧ થી એક શીક્ષા કરતાં વધારે શીક્ષામાંથી તોહોમતવાળાનું રક્ષણ કરવામાં આવ્યુંછે. અગર તેઓને કરેલી શીક્ષાની સખતાઇની મરીયાદા રાખવામાં આવેલી છે માટે તે કલમની કોઇ બીજી શરતો તેથી પુરી પડતી નથી.

કે જો એમ માલમ પડેલું હોય કે જે વ્યથા કરવામાં આવેલી છે તે બળ અગર જણાઇ હતી અને ફકત તેથીજ આ કામમાં બખેડો થ એલો છે તો અમારે એમ ઠરાવવાને તઇયાર થવું જોઇએ કે તે કેદીઓને વ્યથા અને બખેડો એ બેઉ બાબત શીક્ષા થઇ શકતી નથી. પરંતુ કામ ની હકીકત ઉપર આવો ઠરાવ થતો નથી. કારણ કે જે બે માણસોને જ ખમ કરવામાં આવેલાં છે તેમને વ્યથા કરતાં પહેલાં બખેડો કરવામાં આ વેલો હતો.

અમે અહીંઆં બતાવીએ છીએ કે કાયદાનો જે વીચાર અમે કરે લો છે તે થોડીક મુદત ઉપર માહારાણી કેશરેહીંદ વીરૂધ ડુંગરશીના કામ મા અલહાબાદમાં હાય કોરટે પસંદ કરેલો છે.

સબબ અમને એમ જણાયછે કે ગુનાહની સાબેતીના ઠરાવો તથા જુ દી જુદી શીક્ષાના હુકમો બરોબર કાયદેસર છે તેથી અપીલવાળાના વ- કીલે જે કારણો બતાવેલાં છે તે કારણોથી તે રદ થઇ શકતા નથી.

પરંતુ કામની હકીકત પ્રમાણે અમારી નજરમાં આવે છે કે કેટલે દરજે તે શીક્ષા અમે કમી કરી શકીએ છીએ. માટે કલમ ૧૪૮ પ્રમાણે લોકનાથ સરકારને દોઢ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ. અને સચાનીશેખને છ માસની શીક્ષા કરીએ છીએ. અને તોહોમ તના બીજા મથાળા સબંધી જે દંડ કરવામાં આવેલો છે તે કમી કરી એકના રૂ. ૧૦૦) અને બીજાના રૂ. ૩૦ દંડ અમે કરીએ છીએ.

ગુનાહની શાબેતીના ઠરાવો મંજુર રાખવામાં આવ્યા અને અપીલો કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦, ૨૫ મારચ સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ ફીલ્ડ અને મી૦ જસ્ટીસ બીવરલી સાહેબોની રૂબરૂ.

નેતાઇ લશકર (અપીલવાળો) વીરૂધ માહારાણી કેશરેહીંદ (અપીલનો પ્રતીવાદી).

ખુનના આરોપના જવાબમાં તોહોમતવાળાએ કહેલી હકીકત—પીનલકોડની કલમ ૩૦૨, ૩૦૦ નો પેહેલો અપવાદ તથા ખુલાશો—ગુનોહો કબુલ કરવો—સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૭૧, ૨૯૯—ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો.

ખુનના આરોપના જવાબમાં તોહોમતવાળાએ કહયું છે કે મે મારી ઓરતને મારી નાંખેલી છે. પરંતુ આગલા દીવસે મેં તેને વ્યભીચાર કરાવતાં જોએલી તેથી તે પ્રમાણે મેં કરેલું છે. ઠરાવવામાં આવ્યું કે આવી કહેલી હકીકત ઉપરથી તોહોમતવાળો ગુનોહો કબુલ કરયો થનો નથી. માટે જે ગુસ્સો તે ઉપરથી માલમ પડેલો છે તે શીક્ષા કમી થઇ શકે તેવો ભારે અને એકાએક જોઇએ તેટલો હતો કે નહીં તેની તપાસ કરવાની ફરજ કોરટની છે.

પાનું ૪૧૦   એકને તાઇલસકરને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨ પ્રમાણે ખુનના આરોપ બાબત શેશન કોરટમાં કમીટ કરવામાં આવેલો છે. તોહોમતનામું વાંચી બતાવેલું તે સાંભળીને તોહોમતવાળાએ નીચે પ્રમાણે હકીકત કહી છે. "મે મારી ઓરતને મારી નાંખી છે. મેં તેને ખુશીથી મારી નાંખેલી છે. મેં તેને વ્યભીચારના કૃત્યમાં જોઇ તેથી હું બીલકુલ અટકી શકયો નહી. તેથી મેં તેણીને મારી નાંખી. મેં તેણીને મારી નાંખવાનો ઇરાદો કરયો હતો, હું નાતથી દુર થએલોછું, મેં તેણીને મારી નાંખીને આતમઘાત કરવાને નીશ્ચય કરેલો હતો; મેં શુકરવારને રોજ તેણીને વ્યભીચાર કરાવતાં જોઇ. મેં તે વખતે તેણીને મારી નાંખેલી નહી હતી. શનીવારને દીવસે હું તેણીને મદનરાયની વાડીમાં લઇ ગયો અને તેણીને મારી નાંખી. શુકરવારને રોજ તે વ્યભીચાર મેં જોયો ત્યાર પછી મને તાવ આવેલો હતો અને મેં ખાધું નહી હતું. જયાં સુધી હું તેણીને મારી નાંખુ નહીં ત્યાં સુધી મારે ખાવું નહી એવી મેં બાધા લીધી હતી. તે કરવાને મેં જે ઇરાદો કરેલો હતો. તે મેં ગોબરધનને કહયો હતો. તેણે મને તે નહી કરવાને સલાહ આપી હતી. મેં કહયું કે હું તે કરયા વગર રહી શકતો નથી. કારણકે મારી ફજેતી થએલી છે. અને આવી ફજેતી સહેવી તેના કરતાં મરવું

વધારે સારૂ છે મેં તે ઓરતને હાંસલાથી મારી નંખેલી છે. મેં તે લાશ એક તળાવમાં સંતાડી હતી. અને પાછળથી પોલીસને બતાવી હતી. ગોબરધને તે લાશ પાણીમાંથી કાહાડી હતી. હું ખુશીછું કે મેં મારી ઓરતને મારી નાંખી. હું તેણીના લોહીમાં નાહેલોછું. હું કબુલ કરૂછું કે મેં તે ખુશીથી કરયું હતું"

આ હકીકત ઉપરથી ખુનનો આરોપ કબુલ કરયાની હકીકત જડજે લખી અને તોહોમતવાળાને ફાસીએ લટકાવવ નો હુકમ કરયે તે કેદીએ હાયકોરટમાં અપીલ કરેલી છે. અને તે શીક્ષાની મંજુરી સારૂ કામ મોકલવામાં પણ આવેલુ હતું.

કોઇ હાજર થયુ નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ ફીલ્ડ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

આ કામમાં ચોવીસ પ્રગણાના આડીશનલ શેશન જડજે કેદીને મોતની શીક્ષા કરેલી તેથી તે સીક્ષા મંજુર થવા સારૂ કલમ ૩૭૪ ના ઠરાવ પ્રમાણે આ કામ અમારી તરફ મોકલવામાં આવેલું છે.

તોહોમતવાળાએ તે ગુનોહ કબુલ કરેલો છે એમ કહેવામાં આવેલુંછે અને તે ઉપરથી જડજે શીક્ષાનો હુકમ કરેલો છે. (ગુનોહ સાબેત ઠરાવ્યો નથી.) કામમાં કાંઇ ઠરાવ કરવામાં આવ્યો નથી.

આ કોરટમાં તોહોમતવાળાએ અપીલ પણ કરેલી છે.

શેશન કોરટમા તોહોમતવાળાએ શેશન જડજના લખવા પ્રમાણે નીચે પ્રમાણે હકીકત કહેલી છે.

ખુનના આરોપના જવાબમાં તોહોમતવાળાએ કહયું છે કે મેં મારી ઓરતને મારી નાંખેલી છે. પરંતુ આગલા દીવસે મેં તેને વ્યભીચાર કરાવતાં જોએલી તેથી તે પ્રમાણે મેં કરેલું છે. ઠરાવવામાં આવ્યું કે આવી કહેલી હકીકત ઉપરથી તોહોમતવાળાએ ગુનહો કબુલ કરયો થતો નથી. માટે જે ગુસ્સો તે ઉપરથી માલમ પડેલો છે તે શીક્ષા કમી થઇ શકે તેવો ભારે અને એકાએક જોઇએ તેટલો હતો કે નહી તેની તપાસ કરવાની ફરજ કોરટની છે

બેશક આ હકીકતમાં એવી કબુલત છે કે તે તોહોમતવાળાએ પોતાંની ઓરતને મારી નાંખેલી છે પરંતુ આ કબુલતની સાથે ખુલાસા તરીકે હકીકત કહેલી છે એવી મતલબની કે તેણે ભારે એકાએક ગુસ્સો થવાથી તેણીને મારી નાંખેલી છે. અમારી નજરમાં આવે છે કે તમામ હકીકત એકઠી સમજવી જોઇએ અને તે પ્રમાણે સમજતાં પીનલકોડની કલમ ૩૦૨ પ્રમાણે ખુનના આરોપ બાબતં ગુનહો કબુલ કરયા જેવું નથી. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૦ ના પેહેલા અપવાદમાં કહેલ

છે કે ગુસ્સો ભારે અને એકાએક એવી રીતનો હતો કે જેથી ખુનનો ગુ નહો થતાં અટકાવ થવાને તે બસ થાય કે શી રીતે એ સવાલ હકીકત નો છે. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૯ પ્રમાણે હકીકતના સવાલો જે સમજવાના છે તે તમામ સવાલોનો નીરણય કાયદા પ્રમાણે જુરીએ કરવાનો છે. માટે અમારી નજરમાં આવે છે કે આ કામની તપાસ કરવી જોઇતી હતી. અને તોહોમતવાળાએ ઉઠાવેલી તકરાર ઉપરથી જુરીનો ઠરાવ કરાવવો જોઇતો હતો. માટે શેશન જડજે કરેલી શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ. અને ફરમાવીએ છીએ કે તોહોમતવાળા નેતાઇલ શકરને જે આરોપો બાબત શેશન કોરટમાં કમીટ કરવામાં આવેલો હતો. તે આરોપો બાબત તેની તપાસ કરવી.

શીક્ષાનો હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૪ મી મારચ સને ૧૮૮૫

મી૦ જષ્ટીશ ફીલ્ડ તથા જષ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

પ્રમાથભુશાના દેબરાય (અરજદાર) વીરૂધ્ધ દુરગાચરણ ભટાચારજી વીગરે (સામાવાળા)

સાંથ વસુલ કરવાના હક બાબત તકરાર—ફો. કા. ચ. ની રીતીના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૫—સમજાય તેવી સ્થાવર મીલકત—સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૦

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ ના અર્થ પ્રમાણે સાંથ વસુલ કરવાના હક સબંધી તકરાર તે સમજાય તેવી સ્થાવર મીલકત સબંધી છે.

પાનું ૪૧૩ અમુક જમીન ઉપરનો હક જે સચાની તરફ તે ઓળખાય છે તેમાં અઠાવીશ મોજાઓ છે. તે ચડેલી સાંથ બાબત તા૦ ૧ લી સપટેંબર સને ૧૮૮૪ ના રોજ વેચવામાં આવેલો અને તે હુકમનામાવાળા કુમાર પ્રમાથ ભુશાના દેબરાય બાહાદુર નળદંગાનાએ ખરીદ કરેલો છે. તા૦ ૨૧ મી ડીસેંબરના રોજ સદરહુ અઠાવીશ મોજામાં નાડીગલઆંમ ગામ લીલામમાંથી તે ખરીદ કરનારને દીવાની કોરટના નાજરે કબજામાં અપાવેલું છે. તે ઉપરથી તે ગામના સાંથે રાખનારાઓ પાસેથી તે કુમારના લોકો જેમ બની શકે તેમ તે સાંથ વસુલ કરતા હતા. તોપણ એક દુરગાચરણ ભટાચારજી કે જે તે ગામ ઉપરનો હક પેટા હક રાખનાર તરીકે રાખતો હતો. અને એમ કહેતો હતો કે

ત્રીશ વરશ કરતાં વધારે મુદતથી તે બીન હક તે મારા કબજામાં છે ને તેઓના સામો થયો. માગુરાના ડીપુટી માજીસ્તરેટને પોલીસના સબ ઇ ન સપેકટરના રીપોટ ઉપરથી એવી ખાતરી થઇ કે મોજે ધીગલગ્રામ સબંધી સુલેહનો ભંગ થવાનો સંભવ હતો. અને તે ગામ તેમની હકુમતમાં હતુ. તેથી તેમણે બેઉ પક્ષકારો ઉપર એવો હુકમ કરયો કે તમારા તે મોજા ઉપરના પોતા પોતાના દાવા સબંધી તમારે હાજર થઇ લખેલી હકીકતો દાખલ કરવી. કામની તમામ હકીકતનો વીચાર કરતાં ડીપુટી માજીસ્તરે- ટે ઠરાવ્યું કે તે મોજા ભટાચારજીની ટોળીના કબજામાં છે. માટે કાયદા પ્રમાણે તેની પાસેથી કબજો છોડાવવામાં આવે ત્યાં શુધી તે મોજાનો કબજો તેમને રાખવાનો હક છે. આ હુકમ ઉપર કુમારે હાયકોરટમાં અ- રજી કરી. અને જષ્ટીશ ફીલ્ડ સાહેબના ફેંસલામાં બતાવેલો હુકમ તેણે મેળવ્યો. આ હુકમ તકરાર ઉપર આવતાં અરજદારની તરફથી એવી ત કરાર કરવામાં આવી છે કે નીચેની કોરટને હકુમત નથી. કારણ કે તે ત- કરાર ફકત સાંથ વશુલ કરવા સબંધી છે.

અરજદાર તરફથી મી૦ પુગ અને બાબુ રાસબેહારી.

સામાવાળા તરફથી આડવોકેટ જનરલ (મી૦ જી. શી. પાલ) કોરટ નો હુકમ નીચે પ્રમાણે છે.

• જષ્ટીસ ફીલ્ડ સાહેબ (જષ્ટીશ બીવરલી સાહેબ મળતા આવ્યા) આ કામમાં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ ના અરથ ઉપરથી જે શવાલ ઉતપન થએલો છે તેનો નીરણય કરવાને એક હુકમ કરવામાં આવેલો છે. તે હુકમના શબ્દો નીચે પ્રમાણે છે:–"ખમાર જમી ન સીવાયની જમીન બાબત ડેપુટી માજીસ્તરેટનો જે હુકમ છે તે કાયદા પ્રમાણે બરોબર નથી. કારણ કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલ મ ૧૪૫ ના અરથ પ્રમાણે સાંથે રાખનારાઓ પાસેથી સાંથ વશુલ કર વાનો હક તે સમજાય તેવી સ્થાવર મીલકત નથી માટે તે શાવાસ્તે રદ કરવો નહીં જોઇએ. તેનું કારણ બતાવવાનો હુકમ સામા પક્ષકાર ઉપર કરવો. સને ૧૮૮૨ નો આકટ ૧૦ અમલમાં આવતા પેહેલાં જે કાય દો ચાલું હતો. તે પ્રમાણે કાંઇ શક રહી શકતો નથી. કે આ કોરટના ઠરાવો મુજબ રૂઇયત પાસેથી સાંથ વસૂલ કરવાના હકનો જુના કાયદાની તેવીજ કલમ ૫૩૦ ની હતી. તેમાં સમાશ થતો હતો. આ પ્રમાણે કેટ લાક કામોમાં ઠરાવવામાં આવેલું છે તેમાંના સદરલેન વીરૂધ ફાઉડી અને હરખનારાયણશીંગ વીરૂધ લછમી બખશરાય એ બે કામોના ઠરાવ છે તે ની સાથે એવું ઠરાવવામાં આવ્યું કે જમીન ધરને રઇયતની વચમાં જયા રે પેટા કબજેદાર હોય ત્યારે કલમ ૫૩૦ નો ઠરાવ લાગુ થતો નથી,

તે બાબત કેશરેહીંદ વીરૂધ ઠાકોર દયાલશીંગના કામમાં ઠરાવવામાં આવે લું છે. તોપણ આ કામ તમામ રીતે આ છેવટ કહેલા ઠરાવ પ્રમાણે નથી. મદ્રાશ હાયકોરટે જુદો વીચાર કરેલો છે. અને અમારે જે વીચાર કરવાનો છે તે એ છે કે કાયદા કરનારાઓએ આ કોરટના ઠરાવોથી જે કાયદો નક્કી થએલો તેમાં ફેરફાર કરીને મદ્રાશ હાટકોરટે કરેલો વીચાર પ્રસંદ કરવાનો ઇરાદો રાખેલો છે કે કેમ.

આ બાબતનો નીરણય કરવાન અમારે જુના કાયદાની કલમ ૫૩૦મી તપાસવી જોઇએ, અને તેનો હાલના કાયદાની કલમ ૧૪૫ મી ના શબ્દો સાથે મુકાબલો કરવો જોઇએ, જુના કાયદાની તે કલમ નીચે પ્રમાણે હતી:–

ડીસ્ટ્રીકટના માજીસ્તરેટની અથવા ડીસ્ટ્રીકટના ભાગના માજીસ્તરેટની અથવા પેહેલા વરગના માજીસ્તરેટની જ્યારે એમ ખાતરી થાય કે આપણી હકુમતની હદમાં કાંઇ જમીન, જમીનની હદો, ઘર, પાણી, માંછલી પકડવાના ઠેકાણાં પાક અથવા જમીનની બીજી પેદાસ બાબતની એવી કાંઇ તકરાર છે કે તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે.

હાલના કાયદાના શબ્દો નીચે પ્રમાણે છે.

જ્યારે જ્યારે કોઇ પોલીસ રિપોરટ ઉપરથી અથવા બીજી ખબર ઉપરથી કોઈ જીલ્હા માજીસ્તરેટની અથવા પેટા તુકડી માજીસ્તરેટની અથવા પેહેલા વરગના માજીસ્રેટની એમ ખાત્રી થાય કે પોતાની હકુમતની સ્થાનિક હદમાં કોઇ પણ સ્પર્શજ્ઞેય સ્થાવર મિલકત સંબંધી અથવા તેની હદ સંબંધી એવી કોઈ તકરાર છે કે જેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે, ત્યારે ત્યારે તેણે એક લેખી હુકમ કરવો અને તેમાં પોતાની ઉપલી ખાત્રીનાં કારણો લખવાં, અને પોતે મુદત ઠરાવીને તે તકરારમાં જેઓનું લાગતું વળગતું હોય તેવા સઘળા પક્ષકારોને ફરમાવવું કે આટલી મુદતમાં તમે જાતે અથવા પ્લીડરની મારફતે હમારી કોરટમાં હાજર થઇને તે તકરારની વસ્તુ ખરેખર કોના કબજામાં છે તે વિશે તમે તમારા પોતપોતાના દાવાની લખેલી કેફિયત આપો.

એવી તકરાર કરવામાં આવી છે કે "કબજો" એ શબ્દના પેહેલાં "આવો" શબ્દ હમણાંજ જે કલમ બતાવવામાં આવી તેની છેવટની ૧૨૬મમાં દાખલ કરવામાં આવેલો છે તેથી કાયદા કરનારાઓનો ઇરાદો તે કાયદાના નીયમમાં ફેરફાર કરવાનો છે. અમે આ તકરાર કબુલ કરી શકતા નથી. અમારી નજરમાં આવે છે કે જુના અને હાલના બેઉ કાયદા પ્રમાણે પક્ષકારોને ખરી રીતના કબજા બાબત તકરાર કરવાની છે, અને તે કબજા ઉપર માજીસ્રેટે ઠરાવ કરવાનો છે. હાલના કાયદા પ્રમાણે આ બાબત સ્પષ્ટ છે, કારણ કે "આવો કબજો" તે ખરી રીતનો કબજો બ

તાવી આપે છે, જુના કાયદા પ્રમાણે તે એટલો બધો સ્પષ્ટ નહી હતી, કારણ કે "કબજો" એ શબ્દના પેહેલાં "આવો" શબ્દ તેમાં નહી હતો. પરંતુ અમારી નજરમાં આવે છે કે જુના કાયદા પ્રમાણે પક્ષકારોને ખરી રીતના કબજા બાબત તકરાર કરવાની હતી, માટે એવો ઇરાદો રાખવામાં આવેલો હતો કે માજીસ્ટ્રેટનો ઠરાવ તે કબજાની બાબતમાં થવો જોઇએ એટલે ખરી રીતના કબજાની બાબતમાં થવો જોઈએ. કાયદા કરનારાઓએ "સ્થાવર મીલકત" એ શબ્દોના પહેલાં "સમજી શકાય" એવા શબ્દો દાખલ કરેલા છે તેથી તેમની તે ભાશામાં જે ફેરફાર છે તેની વ્યવસ્થા કરવી વધારે મુશકેલ છે. જો "સમજી શકાય" એ શબ્દો "કબજો" શબ્દના પેહેલાં દાખલ કરવામાં આવ્યા હોતતો એમ સ્પષ્ટ થાત કે સધરલાંન્ડ વી૦ ક્રાઉડી અને તેવાજ બીજા ઠરાવોમાં ઠરાવ્યા પ્રમાણે કાયદા કરનારનો ઇરાદો તે ફેરફાર કરવાનો છે. પરંતુ "સમજી શકાય", એ શબ્દો "કબજો" શબ્દના સબંધમાં વાપરેલા નથી, પરંતુ "સ્થાવર મીલકત"ના સબંધમાં વાપરેલા છે તેથી અમારા વીચાર પ્રમાણે તેવો ઇરાદો માલુમ પડતો નથી. કાયદા કરનારાઓની તરફથી કાંઇ પણ ઇરાદો આ કોરટના ઠરાવોમાં જે ઠરાવવામાં આવેલુ છે તે પ્રમાણે કાયદાનો ફેરફાર કરવાનો છે એમ કાંઇ પણ ધારયા વીના કેવળ ખુલાસો થઇ શકે તેવું છે, એમ અમારી નજરમાં આવે છે, જુના કાયદા પ્રમાણે "કોઈ જમીન, અથવા કોઇ જમીનની હદ, અથવા કોઇ મકાનો, પાંણી, માંછલાં પકડવાની જગા, જમીનનું વાવેતર અથવા બીજી ઉપજ સબંધી તકરાર હતી. હવે માછલાં પકડવાની જગાની એટલે આવા દેખાય નહી તેવા હકની તકરાર તે સમજી શકાય નહી તેવી મીલકત સબંધી નક્કી હતી. હાલના કાયદામાં જે તકરાર બતાવી છે તે "કોઇ સમજી શકાય તેવી સ્થાવર મીલકત સબંધી છે" અને માંછલાં પકડવાના હક વીગરે શબ્દો છોડી દેવામાં આવેલા છે. માટે ખુલુ છે કે જે વસ્તુ દેખાવમાં માલમ પડતી નથી. તે બાબતની તકરારનો હાલના કાયદાના હેતુમાં સમાસ થતો નથી માટે હાલના કાયદાની ભાષામાં "શમજી શકાય" તેવા શબ્દ દાખલ કરીને જે ફેરફાર કરવામાં આવેલો છે તેનો ખુલાસો તે માલુમ પડે નહી અથવા સમજી શકાય નહી તેવા હક અથવા મીલકતના શબ્દો હાલના કાયદાની કલમમાંથી બાતલ કરવાથી થાય છે એમ અમારી નજરમાં આવે છે. જુના કાયદા પ્રમાણે એવું ઠરાવવામાં આવેલું હતું કે સાંથ વસુલ કરવાના હકની તકરાર સરખી રીતે હક રાખનારા જમીનદારોની વચમાં હોય તો, તે જમીન સબંધી તકરાર છે. અમારી નજરમાં આવે છે કે હાલના કાયદાના હેતુ પ્રમાણે આવી તકરાર "સમજી શકાય તેવી સ્થાવર

મીલકત સબંધી" નથી એમ કહેવું અશકય છે. "સબંધી" શબ્દ તે વાક્યામાં છે તેથી આવો ઓળો અરથ થઇ શકે છે એમ જણાય છે, અને આ શબ્દ હાલના કાયદામાં રાખવામાં આવેલો છે.

અમે અમારી જાતીકી બાબતમાં કહેતાં અમે કહી શકીએ છીએ કે અમે ખુશીથી જુદો નીસ્ચય કરત, કારણ કે અમારી નજરમાં આવે છે કે જમીનદારોની વચમાં સાંથ વસુલ કરવાના હકની તકરારો આ દેશમાં ઉતરતા દરજાની ફોજદારી કોરટોમાં થવી જોઇએ. પરંતુ અરથ કરવાનો આ શામાન્ય નીયમ લાગુ કરતાં, આ કોરટના ફેંસલાઓથી નકી કરેલો જે નીયમ છે તે ફેરવવાને કાયદા કરનારાઓએ ઇરાદો રાખેલો નથી એવો નીસ્ચય કરયા વીના બીજો નીસ્ચય અમે કેવી રીતે કરી શકીએ તે અમારા જોવામાં આવતું નથી. માટે તે હુકમ રદ કરવો જોઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૧૪ એપ્રીલ સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ પીગટ અને મી૦ જસ્ટીશ ઓકીનલી સાહેબોની રૂબરૂ.

કમરૂદીન દાઇ વિગેરે (અરજદારો) વીરૂધ સનાતન મંડળ (સામાવાળો.)

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬૭, ૪૨૪, ૪૨૬—ફેંસલો તેનો મજકુર.

એક શેસન જડજે એક અપીલ સાંભળીને નીચે પ્રમાણે ફેંસલો આપ્યો છે. "એવી તકરાર કરવામાં આવી છે કે તે પુરાવ તદન વીશ્વાસ રાખવા લાયક નથી, માટે તે ઠરાવ ફેરવવો જોઈએ. તે જુબાનીઓ તમામ જોવામાં આવી છે, અને લંબાણથી તે ઉપર ટીકા કરવામાં આવી છે. કોર્ટને તેમાં હાથ ધાલવાનું કોઇ કારણ જણાતું નથી. અપીલ કાહાડી નાંખવામાં આવી છે." ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬૭ અને ૪૨૪ પ્રમાણે જોઈતી રીતે ચાલવામાં આવ્યું નથી,

માટે તે કામની ફરી તપાસ કરવી જોઇએ.

પાનું ૪૪૯ એક કાલીદાસરાયના ચાર સખસો આશ્રીતો છે, એમ કહેવામાં આવેલું છે તેમના ઉપર એક સનાતન મંડળીએ એવો આરોપ રાખેલો છે કે તા૦ ૨૧ નવેમ્બર અને

૧૮૮૪ ના રોજ બીજાં ૧૫૦ માણુસો સાથે તે મારા ઘરમાં ગેરકાયદે પેઠા, અને કેટલીક ચીજો ઘરમાંથી લેઇ ગયા. આ તોફાન કરવાનું કારણ એવું કહેવામાં આવેલું છે કે કાળીદાસરાયના લાભમાં કબુલત આપવાને સનાતનમંડલે ના પાડી છે.

તોહોમતવાળાની તપાસ નારેલના ડીપ્યુટી માજીસ્ટ્રેટે કરી, અને તેઓને પીનલકોડની કલમ ૧૪૭ મી પ્રમાણે બખેડો કરયા બાબત ગુન્હેગાર ઠરાવ્યા છે, અને બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી છે. તે કેદીઓએ નીચેના કારણોથી જેસોરના શેશન જડજને અપીલ કરેલી છે. જે પુરાવ ફરીઆદ તરફથી ગુજારવામાં આવેલો છે તે ભરૂસા લાયક નથી. કારણ કે (૧) જે બનાવ કહેવામાં આવેલો છે તે નવ શાક્ષીઓએ પોતે જોએલો એમ પહેલી બાતમીમાં કહેલું હતું. અને આ સખસોમાંના ફકત એક શાક્ષીને શાહેદી આપવાને બોલાવવામાં આવ્યા છે, (૨) જે શાક્ષીઓને તપાસવામાં આવેલા છે તે એક ચંદ્રકાંતરાય કે જેની સાથે કાલીદાસરાયને તકરાર છે તેની રઇયત અથવા આશ્રીતો છે, અને (૩) જે તોફાન કહેવામાં આવેલું છે તે તે બજારની વચમાં જે વખતે લોકો હાટમાં જતા હતા તે વખતે કરવામાં આવેલું કહેવામાં આવેલું છે, તેમ છતાં એક પણ સ્વતંત્ર શાક્ષી ફરીઆદ તરફથી બોલાવવામાં આવ્યો નથી. (૪) ફરીઆદીએ કહેલું છે કે મારા ઘરમાંથી કેટલીક ચીજો ચોરી લેઇ જવામાં આવેલી તે પોલીસને તોહોમતવાળાના ઘરમાંથી મળેલી છે. પરંતુ આ ચીજો રજુ કરીને આ હકીકત શાબેત કરવાની કોશીશ કરવામાં આવી નથી. (૫) તોહોમતવાળાની પાસે કબુલત માગેલી હતી તે બતાવવાને ફરીઆદીની શાહેદી શિવાય કોઇ પુરાવ નથી, અને તે ફરીયાદી તે કાલીદાસની "રઇયત" નથી એવું શાબેત થએલું છે, અને (૬) જે તોફાન કહેવામાં આવેલું છે તે બાબત પોલીસને ખબર આપવાને ભારે ઢીલ થએલી છે. શેશન જડજે તે અપીલ સાંભળીને નીચે પ્રમાણે ફેંસલો આપેલો છેઃ—

"એવી તકરાર કરવામાં આવી છેકે તે પુરાવ તદન ભરૂસો રાખવા લાયક નથી, માટે તે ઠરાવ ફેરવવો જોઇએ. તે જુબાની જોવામાં આવેલી છે, અને ઘણી લંબાણુથી ટીકા કરવામાં આવેલી છે. કોરટને તેમાં હાથ ઘાલવાનું કાંઇ કારણ જણાતું નથી. તે અપીલ કાહાડી નાંખવામાં આવી.

તે કેદીઓએ હાયકોરટમાં કાયદાની ફરી તપાસની કલમો પ્રમાણે અરજી કરી એવી તકરાર કરી કે શેશન જડજે અપીલના કોઇ કારણો ઉપર કાયદાની કલમ ૩૬૭ અને ૪૨૪ પ્રમાણે ઠરાવ કરેલો નથી. અને

આ કારણથી તે ફેંસલો રદ થવો જોઇએ અને અપીલની ફરી સુનાવણી થવી જોઈએ.

અરજદારો તરફથી મી૦ એચએલ.

કોર્ટે અરજદારોની ખાએશ ઉપરથી સનાતનમંડળના ઉપર એવો હુકમ કરયો કે શેશન જડજનો ફેંસલો શા વાસ્તે ફેરાવવો નહીં જોઈએ, અને તે અપીલની ફરી સુનાવણી કરવાને તેમને શા વાસ્તે ફરમાવવું નહીં જોઈએ તેનું કારણ બતાવવું.

કોરટે આ હુકમ કરતી વખતે તે કેદીઓ શેશન જડજે કરેલા ઠરાવ સુધી જામીન ઉપર હતા તે બાબત લક્ષમાં રાખી તથા હજુ સુધી કાંઈ બરોબર ઠરાવ કરવામાં આવેલો નથી તેનો વિચાર કરી આ હુકમની સુનાવણીની દરમીયાનમાં તે કેદીઓને જામીન ઉપર છોડયા.

આ હુકમ સુનાવણી ઉપર આવ્યો અને કારણ બતાવવાને કોઈ હાજર થયું નહીં. તેથી અરજદારો તરફથી મી૦ એલ (જેમની સાથે બાબુ જગતચંદર બાનરજી હતા) મી૦ એલે હાજર થઇને એવી અરજ કરી કે તે હુકમ કાયમ કરવો જોઇએ.

કોર્ટે આ ઉપરથી શેશન જડજનો ફેંસલો ફેરાવ્યો, ફરી સુનાવણીનો હુકમ કરયો. અને તે ફરી સુનાવણીની દરમીયાનમાં તે કેદીઓને જામીન ઉપર છોડયા,

હુકમ કાયમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ એપ્રેલ સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ પીગટ સાહેબોની રૂબરૂ.

મેહેતરઅલ્લી વિગેરે (અપીલવાળાઓ) વિરૂદ્ધ માહારાણી કેસરેહીંદ. (અપીલવાળાના પ્રતીવાદીઓ)

અપીલમાં શીક્ષા વધારવી—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૨૩—૪૩૯—પીનલકોડની કલમ ૨૩૦.

પીનલકોડની કલમ ૨૩૦ પ્રમાણે એક હેડકોનસ્ટેબલને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હતો. અને શેશન જડજની રૂબરૂ થએલી તપાસમાં તેને ચાર માસની આશાન કેદની શીક્ષા કરવામાં આવેલી હતી. તે કેદીએ અપીલ કરી. હાઇકોરટે તે અપીલ કાહાડી નાંખી. ફરી તપાસની કોર્ટ

તરીકે હુકમ કર્યો કે તે શીક્ષા વધારવી જોઇએ.

પાનુ ૫૩૦ ચાર સખસો નામે મનુલાલ, સબ ઇનસ્પેકટર, મેહેતરઅલ્લી, હેડકોનસ્ટેબલ, કુસનબખક્ષ, કોનસ્ટેબલ, અને અમીરબખક્ષ કોનસ્ટેબલના ઉપર પીનલકોડની કલમ ૩૩૦ પ્રમાણે એવો આરોપ રાખવામાં આવેલો છે કે એક મસામત ધરીનું ખુન કરનારનો પત્તો લાગી શકે તે સારૂં અમુક સખસોની પાસે કબુલતો જબરાઇથી કરાવવાને તેઓને બુદ્ધી પુરવક વ્યથા કરી છે. શેશન જડજે બેઉ આસેસરોથી જુદા પડી ઠરાવ્યું કે મનુલાલ અને મેહેત્તર અલ્લી પીનલકોડની કલમ ૩૩૦ પ્રમાણે ગુન્હેગાર છે તેથી મનુલાલને એક વરશ આશાન કેદની શીક્ષા કરી. અને મેહેત્તરઅલ્લીને ચાર માસ આશાન કેદની શીક્ષા કરેલી છે, વળી આસેસરોમાંના એક આસેસર સાથે તેઉએ મળતા આવી ઠરાવ્યું છે કે પીનલકોડની કલમ ૩૩૦ પ્રમાણે કુસંનબક્ષ અને અમીરબક્ષ પણ ગુન્હેગાર છે. તેથી તેઓને બે વરશ સખત મજુરી સાથે કેદની શિક્ષા કરેલી છે.

તે કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી.

મેહેતરઅલ્લી તરફથી બાબુ બઇડોનાથ દત્ત. બીજા કેદીએ. તરફથી કોઇ હાજર નથી.

સરકાર તરફથી કામ ચલાઉ ડીપોટી લીગલરી મેમબ્રનસર.

(મી० લીથ.)

કોરટનો ફેંસલો જસ્ટીસ પ્રીનશેપ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

પુરાવ ઉપરથી બે કોન્સટેબલોની બાબતમાં શેશન જડજે તેઓને એવી રીતે જે ગુન્હેગાર ઠરાવેલા છે કે મસામત ધરીના ખુન બાબત અમુક સખસો તોહોમતવાળા છે, તેમની પાસેથી કબુલતો જબરાઇથી કઢાવવાના ઇરાદાથી પીનલકોડની કલમ ૩૩૦ પ્રમાણે તેમને વ્યથા કરેલી છે. એ વીશે અમારા મનમાં કાંઇ પણ શક નથી.

બીજો અપીલવાળો મેહેતરઅલ્લી હેડ કોન્સટેબલ છે અને તેથી કાંઇ ચડતા દરજ્જાનો છે તેના વીશે એવી તકરાર કરવામાં આવી છે કે તેણે પોતે આ સખસોમાંના કોઇ સખસે વ્યથા કરી એવી ખરી રીતે શાબીતી થાય તેવો કામમાં પુરાવ નથી. આ તકરારની પુષ્ટીમાં કામમાં જે પુરાવ દાખલ છે તેમાં પડેલા તફાવત ઉપર તથા વિશેશે કરીને તે તપાસમાં મુખ્ય શાક્ષીઓએ જે શાહેદી આપેલી છે તે શાહેદીનો આ પ્રોશીડીંગના જુદા જુદા આરંભની વખતોએ જે હકીકત કહેવામાં આવેલીછે તે હકીકતો સાથે મુકાબલો કરતાં જે તફાવતછે તે ઉપર અમારૂં

લક્ષ ખેંચેલું છે. પરંતુ આ તફાવત ઉપરથી તે પુરાવના સામાન્યરૂપને હરકત થતી નથી. પુરાવ ચોખ્ખો છે કે ઓરત ધરીને મારી નાંખ્યાના શક ઉપરથી આ સખશોને પોલીસે પકડેલા તેમની પાસેથી જુઠી કબુલતો મેળવેલી છે અને તે કબુલતો તે બે કોનસ્ટેબલોએ ખુલ્લી રીતે આ સખસોની તરફ જે બળ વાપરેલું તેના તથા કાયદામાં ઠરાવેલી મુદત ઉપરાંત પોલીસના પેરામાં ગેરકાયદે તેમને રાખેલા તેના પરીણામથી થએતી છે. અપીલવાળો હેડકોનસ્ટેબલ પોલીસની તપાસમાં કેટલાક દિવસ હતો અને આ કોનસ્ટેબલોનો ઉપરી અમલદાર તેમના કબજાના કેદીઓ ઉપર ખુલ્લી રીતે જફા જ્યારે વાપરવામાં આવી ત્યારે જ્યાં આગળ તે જફા વાપરવામાં આવેલી તે જગાની નજીકમાં હતો. અને તે કોનસ્ટેબલોની સાથે જાથુ હતો. માટે તે માર મારયા બાબત તેને માહીતી હતી એટલુંજ નહીં પણ ગેરકાયદે અટકાવ કરીને જુઠી કબુલતો મેળવવાને તેણે ઈરાદો રાખેલો હતો અને તેથી તે તેઓનો સોબતી હતો. એમ અમારે ઠરાવ્યા વિના ચાલી શકતું નથી.

સબબ અમારી નજરમાં આવે છે કે હેડકોનસ્ટેબલ મેહેતરઅલ્લીના ગુન્હાની શાબેતીના ઠરાવના ખરાપણા બાબત અંદેશો લાવવાને કાંઇ પણ વ્યાજબી કારણ નથી.

તે હેડકોનસ્ટેબલને ચાર માસ આશાન કેદની શીક્ષા કરવામાં આવેલી છે. પરંતુ સેશન જડજની રૂબરૂ એવી હકીકત હતી કે તેમાં એક ઉપરી અમલદાર પણ તે તપાસમાં હતો. અને તેથી તે હેડ કોનસ્ટેબલ કરતાં તે વધારે ગુન્હેગાર હતો. સબ ઇન્સપેકટરની હકીકત અમારી રૂબરૂ નથી તેથી અમે તે વિશે કાંઈ અભીપ્રાય બતાવવાને મરજી રાખતા નથી. પરંતુ શેશન જડજે જે વિચાર કરેલો છે તે પ્રમાણે પણ અમારી નજરમાં આવે છે કે જે શીક્ષા કરવામાં આવેલી છે તે જોઈએ તેટલી નથી, માટે અમારી નજરમાં આવે છે કે મેહેતરઅલ્લીની અપીલ કાહાડી નાંખતાં ફરી તપાસની કોરટ તરીકે શેશન જડજની કરેલી શીક્ષાને બદલે તેણે છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી અને શેસન કોરટના શીક્ષાના હુકમની તારીખથી તે ગણવી એવો હુકમ અમારે કરવો. જોઈએ.

બે કોનસ્ટેબલોની અપીલો કાહાડી નાંખવામાં આવેલી છે.

અપીલો કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૨ મી મે સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીશ નોરીસ સાહેબોની રૂબરૂ.

જયદેવસીંગ (અરજદાર) વિરૂદ્ધ હરીહર પ્રસાદશીંગ (સામાવાળો.)

મંજુરી—પેહેલી મંજુરીથી ૭ માસ પુરાં થયા પછી ફરી મંજુરી આપેલી—આવી ફરી મંજુરી શા વાસ્તે નહીં આપવી જોઇએ. તેનાં કારણો—ફો૦ કા૦ ચ૦ રી૦ના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૯૫.

એક દીવાની દાવો તા૦ ૨૨ અગસ્ટ સને ૧૮૮૨ ના રોજ પ્રતીવાદીના વીરૂધ ફેંસલો કરવામાં આવ્યો. તેમાં પ્રતીવાદીએ જુઠો દસ્તાવેજ બનાવ્યો તથા જુઠા શોગન ખાધા એવું કહેવામાં આવેલું છે. તે બાબત પ્રતીવાદીના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપવામાં આવેલી હતી. પ્રતીવાદીએ અપીલ કરી તે તા૦ ૯ અગસ્ટ સને ૧૮૮૩ ના રોજ કાહાડી નાંખવામાં આવી, વાદીએ તા૦ ૨૩ જુલાઇ સને ૧૮૮૪ ની મંજુરીની રૂઇએ પ્રતીવાદી ઉપર ફોજદારી કામ ચલાવવું શરૂ કરયું. પરંતુ તે મંજુરીની તારીખથી ૭ માસ પછી તે શરૂ કરવામાં આવેલું તેથી તે આરોપ કાહાડી નાંખવામાં આવ્યો. તે ઉપરથી તા૦ ૨૦ મી અગસ્ટ સને ૧૮૮૪ ના રોજ ફરીથી મંજુરી મળવાને વાદીએ અરજ કરી. અને તે મંજુરી તા૦ ૧૩ અપરેલ ૧૮૮૫ ના રોજ આપવામાં આવી.

ઠરાવવામાં આવ્યું કે તે મંજુરી ફરી આપવાને માટે તે મુનશફને અખત્યાર હતો કે નહીં તે વીશે કોરટ કાંઇ અભીપ્રાય બતાવતી નથી. પણ તે મુનસફને તે અખત્યાર હતો એમ ધારીએ તોપણ ૭ માસની અંદર તે કામ ચલાવવું શરૂ શા વાસ્તે કરવામાં નહી આવ્યું હતુ તેનો કાંઇ ખુલાસો બતાવવામાં નહી આવે ત્યાંસુધી તે મંજુરી ફરીથી આપવી જોઇતી નહી હતી. અને તેવો ખુલાસો આપવામાં આવ્યો નથી અગર ફરીથી મંજુરી આપવી જોઇએ. તેનું કાંઇ ખાસ કારણ બતાવવામાં આવ્યું નથી. તેથી તે મુનશફે ફરીથી મંજુરી આપવામાં પોતાનો કુલ અખત્યાર બરોબર વાપરયો નથી. સબબ તેમનો હુકમ રદ કરવામાં આવે છે.

પાનું ૫૭૭ અરજદારે આ અરજી પોતાના ઉપર જુઠા દસ્તાવેજ તથા જુઠી સાહેદી આપ્યા બાબત કામ ચલાવ-

વાને સારૂ જે મંજુરી આપવાનો હુકમ કરેલો તે રદ કરાવવાને કરેલીછે.

હકીકત નીચે પ્રમાણે છે:—

એક દાવામાં અરજદાર એક જયદેવસીંગ કેટલાક પ્રતીવાદીઓમાંનો એક પ્રતીવાદી હતો અને હરીહર પ્રસાદસીંગ સામાનો વાદી હતો. આ દાવાનો ફેંસલો તા૦ ૨૨મી અગષ્ટના રોજ તે પ્રતીવાદી વીરૂદ્ધ કરવામાં આવ્યો અને વાદીની અરજ ઉપરથી મુનસફે તે તારીખે જયદેવસીંગ અને એક ચારણસીંગના ઉપર જુઠા દસ્તાવેજ તથા એક જુઠી સાહેદી આપ્યા બાદ કામ ચલાવવાને વાદીને પરવાનગી આપી. પ્રતીવાદીઓએ મુનસફના ફેંસલા ઉપર અપીલ કરી. પરંતુ તા૦ ૯ અગસ્ટ સન ૧૮૮૩ ના રોજ તે અપીલ કાહાડી નાંખવામાં આવી. તા૦ ૨૩ મી અગસ્ટ સને ૧૮૮૪ ના રોજ તા૦ ૨૨ અગસ્ટ સને ૧૮૮૨ ના રોજની પરવાનગીની રૂહએ જય દેવસીંગ અને ચારણશીંગ ઉપર ફો૦કા૦ ચલાવવા વાદીએ ફરીઆદ કરી. આ કામ ૧૫મી અગસ્ટ સને ૧૮૮૪ ના રોજ ડેપ્યુટી માજીસ્ત્રેટની રૂબરૂ સુનાવણી ઉપર આવ્યું. અને તે વખતે પેહેલ વહેલું તેમને માલમ પડયુંકે જે પરવાનગીની રૂહએ આ કામ ચલાવવામાં આવેલું છે. તે ૭ માસ કરતાં વધારે મુદત આપવામાં આવેલી હતી, માટે તેમણે તે કામ કહાડી નાંખ્યું. તે ઉપરથી વાદી "હરીહર પ્રસાદસીંગે ઓરંગાબાદના માજી મુનસફ (બાબુ ગોકળચંદ મૂનશફ જેમણે તે રેગ્યુલર દાવો સાંભળેલો અને પ્રથમ પરવાનગી આપેલી તેમની તે દરમીયાનમાં બદલી થએલી હતી) મોલવી આતાહુસેનને અરજ કરી કે તેમના પુરવાધીકારીએ જયદેવશીંગ અને ચારણસીંગના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપેલી હતી. તે તાજી કરી આપવી જોઇએ. તે ઉપરથી તે અમલદારે તે અરજદાર ઉપર એવો હુકમ કરેલો છે કે આ અરજી શા વાસ્તે કબુલ કરવી નહી જોઇએ તેનું કારણ બતાવવું. આ હુકમ તા૦ ૧૩ એપ્રીલ સન ૧૮૮૫ ના રોજ સુનાવણી ઉપર આવ્યો. અને પરીણામે જયદેવ સીંગ ઉપર ફરીઆદ ચલાવવાને ફરી મંજુરી આપવામાં આવી. તે હુકમ નીચેના કારણોથી રદ કરાવવાને હાયકોરટમાં જયદેવસીંગે હાલ અરજ કરેલી છે:—

(૧) મુદત બાહાર થએલો હુકમ મુનસફે તાજો કરેલો છે તે બરોબર નથી.

(૨) કાયદામાં ફરીઆદ ચલાવવાની પરવાનગી આપવાનો હુકમ તાજો કરવાને ઠરાવ કરેલો હોય એવો કોઇ ઠરાવ નથી.

(૩) કે જે અમલદારે તે મંજુરી આપેલી છે તે અમલદારે તે અસલ દાવો સાંભળેલો નથી અથવા પ્રથમની મંજુરી આ

પી નહીં હતી. માટે પ્રથમ આરંભની તપાસ કરયા સીવા
ય તે મંજુરી આપી શકતા નહીં હતા. અને

(૪) તે હુકમ હકુમત વીના કરવામાં આવેલો છે તે કાયદા પ્રમાણે બરોબર નથી.

અરજદાર તરફથી મુનશી મહમદ યુસફ.

સામાવાળા તરફથી મી૦ દવીડેલ.

કોર્ટનો ફેંસલો જસ્ટીસ મીત્તર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારી રૂબરૂ જે અરજદાર છે તે એક દીવાની દાવામાં પ્રતીવાદી હતો. તા૦ ૨૨ અગસ્ટ સને ૧૮૮૨ ના રોજ મુનસફે તે દાવાનું હુકમનામુ કરેલું હતું. અને તે ફેંસલાની છેવટે અરજદાર ઉપર જુઠા દસ્તાવેજ તથા જુઠી સાહેદી આપ્યા બાબત ફરીઆદ ચલાવવાને મંજુરી આપેલી છે. મુસફના હુકમનામા ઉપર અપીલ કરવામાં આવી હતી. અને તે અપીલનો ફેંસલો અરજદાર વીરૂધ તા૦ ૯ અગસ્ટ સને ૧૮૮૩ ના રોજ કરવામાં આવેલો છે.

પછી તા૦ ૨૨ મી અગસ્ટ સને ૧૮૮૨ ના રોજ વાદીએ જે મંજુરી મેળવેલી તેથી તા૦ ૨૩ જુલાઈ સને ૧૮૮૪ ના રોજ તે વાદીએ ફો. ફરીયાદ શરૂ કરેલી છે.

આ પ્રોશીડીંગ ચાલતું હતું તે દરમીયાનમાં એવું માલમ પડયું કે જે મંજુરીના ઉપર તે ફરીઆદનો આધાર છે. તે છ માસ ઉપરાંતની છે. તેથી ફરીથી મંજુરી મેળવવાને તા૦ ૨૦ અગસ્ટના રોજ એક બીજી અરજી કરવામાં આવેલી હતી. અને તે ઊપરથી તા૦ ૧૩ એપ્રીલ સને ૧૮૮૫ના રોજ નવી મંજુરી આપવામાં આવેલી છે.

મુનસફનો તા૦ ૧૩ એપ્રીલ સને ૧૮૮૫ ના રોજનો હુકમ શા વાસ્તે ફેરવવો નહી તેનું કારણ વાદીએ બતાવવું એવો અરજદારે હુકમ મેળવેલો છે.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે એવી તકરાર કરવામાં આવી છે કે તે ફરીઆદ ચલાવવાને ફરી પરવાનગી આપવાને તે મુનસફ મુખત્યાર નહી હતા. આ વીશે કાંઇ અભીપ્રાય બતાવવાને અમને જરૂર જણાતી નથી. કારણ કે તે ફરી મંજુરી આપવાને મુનસફને અખત્યાર હતો. એમ માનીએ તો પણ જ્યાં સુધી છ માસની અંદર તે કામ શા વાસ્તે શરૂ કરવામાં ના આવ્યું તેનો કાંઇ ખુલાસો આપવામાં આવે નહી ત્યાં સુધી તેમણે તે મંજુરી આપવી જોઇતી નહી હતી. તા૦ ૧૩ એપ્રીલ સને ૧૮૮૫ ના રોજનો હુકમ અમારી રૂબરૂ વાંચી બતાવવામાં આવેલો છે તે ઉપરથી ફરી મંજુરી આપવા જો કાંઈ ખાશકારણ માલમ પડતું નથી. તેમ કામના કાગળો ઉપરથી જણાતુ નથી. કે મુનસફનું કરેલું

હુકમનામું અપીલમાં બાહાલ રહયું તે તારીખથી ઓછામાં ઓછા છ માસની અંદર તે કામ શા વાસ્તે ચલાવવામાં આવેલું નથી. તેનું કારણ બતાવવાના હુકમમાં સામાવાળાએ કાંઇ ખુલાસો આપેલો હોય.

આ હકીકતથી અમારા અભીપ્રાયમાં આવે છે કે તે મુનસફે તે ફરી મંજુરી આપવામાં પોતાનો કુલ અખત્યાર બરોબર વાપરયો નથી, સબબ અમે તા૦ ૧૩ એપ્રીલ સને ૧૮૮૫ ના રોજનો મુનસફનો હુકમ આગે રદ કરીએ છીએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૨૬ મી મે સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીશ નોરીસ સાહેબોની રૂબરૂ.

માહારાણી કૈસરેહીંદ વિરુદ્ધ દુરગા સોનાર (તોહોમતવાળો.)

પુરાવ—તોહોમતવાળાએ આપેલી જુબાની તોહોમતવાળાની વિરૂધ પાછળથી ચાલેલા કામમાં કયારે દાખલ કરવા લાયક છે—પુરાવ આકટ—(સને ૧૮૭૨ નો ૧) ની કલમ ૮૦,

એક સખસે જુબાની આપેલી હોય અને તે સખસને તપાસવામાં આવેલો હતો, અને તેણેજ તે જુબાની આપેલી છે. એવું પ્રથમ શાબેત થયા શિવાય પાછળથી ચાલેલાં કામમાં તે સખસના વીરૂદ્ધ પુરાવ તરીકે તે જુબાની દાખલ કરવા લાયક નથી.

તોહોમતવાળાને માફી આપવામાં આવેલી હતી, અને તેની શાહેદી માજીસ્ત્રેટે લખી લીધેલી હતી. પાછળથી તે માફી રદ કરવામાં આવી, અને બીજા તોહોમતવાળાની સાથે શેશન જડજની રૂબરૂ તેની તપાસ કરવામાં આવી તે તપાસમાં તેણે માજીસ્ત્રેટની રૂબરૂ આપેલી જુબાની, એવી કાંઇ પણ શાબેતી વિના તેની વિરૂધ દાખલ કરી ઉપયોગમાં લેવામાં આવેલી છે.

ઠરાવવામાં આવ્યું કે તોહોમતવાળાનેજ શાક્ષી તરીકે માજીસ્ત્રેટની રૂબરૂ તપાસવામાં આવેલો હતો એમ તેને ઓળખ્યા બાબતનો પુરાવ હોવા શિવાય તે જુબાની દાખલ કરવા લાયક નથી.

પાનું ૫૮૦ આ કામમાં તોહોમતવાળા અને બીજા ત્રણ સખસો ઉપર એક નેમાની સોનારનું ખુન કરયા બાબત આરોપ રાખવામાં આવેલો હતો.

તા૦ ૨ જી ફેબરવારીના રોજ તોહોમતવાળા દુરગાએ જોઇન્ટ માજીસ્ત્રેટની રૂબરૂ કબુલત આપી તેથી તે કબુલતની નીચે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૬૪ પ્રમાણે હમેશાંની રીત પ્રમાણે યાદ લખેલી છે. ત્યાર પછી તા૦ ૧૦ ફેબરવારીના રોજ જોઇન્ટ માજીસ્તરેટે તે દુરગાને માફી આપેલી છે અને તેઉ સાહેબે તે પ્રમાણે કરવાને તે કાયદાની કલમ ૩૩૭ પ્રમાણે પોતાનાં કારણો નીચે પ્રમાણે લખેલાં છે: "એમ માનવાને અમારા મનમાં આવે છે કે તે દુરગો એમ સમજતો હતો કે જે વખતે તેણે પોલીસ અને અમારી રૂબરૂ હકીકત કહી તે વખતે તેને માફી આપવામાં આવશે. અને તેથી તેની કબુલત તેના પોતાના વિરૂદ્ધ અગર બીજા તોહોમતવાળાના વીરૂધ્ધ પુરાવ થશે નહીં."

ત્યાર પછી તે માફી રદ કરવામાં આવી એવા કારણથી કે તમામ હકીકત તેણે સંપૂર્ણ રીતે બતાવેલી નથી. તેથી બીજા તોહોમતવાળાઓની સાથે ખુન બાબત તેની તપાસ કરવામાં આવી.

શેશન જડજે તે તપાસમાં તે કબુલત દાખલ કરી નહીં, કારણ કે તેમના વિચારમાં એવું આવેલું હતું કે માફી આપતી વખતે જોઇન્ટ માજીસ્ટરેટે જે હકીકત લખેલી છે તેથી અમે બંધાએલા છીએ. દુરગાએ જોઇન્ટ માજીસ્ત્રેટની રૂબરૂ જે જુબાની આપેલી તેમાં તેણે કહેલું હતું કે તે ખુનમાં મેં મદદ કરેલી હતી તે જુબાની તેના વિરૂધ પૂરાવમાં દાખલ કરવામાં આવી.

પણ તે સખસે જોઇન્ટ માજીસ્ત્રેટની રૂબરૂ તે જુબાની આપેલી હતી એવો કાંઇ પુરાવ આપવામાં આવેલો નથી.

શેશન જડજે આસેસરો સાથે મળતા આવી બીજા તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યા. એવા કારણથી કે દુરગાની જુબાની તેમના વિરૂદ્ધ કાંઇ પૂરાવ નથી. અને બીજો પુરાવ ભરૂસો રાખવા લાયક નથી. પરંતુ તેમણે દુરગાને મુખ્યત્વે કરીને તેની પોતાની જુબાનીમાં જે કહેલું હતું તથા એવો બીજો માનવા લાયક પુરાવ હતો કે તેની તથા જે સખસનું ખુન થએલું છે તેની વચ્ચમાં કજીયો હતો. અને તે લાશ જે સાંજરે માલમ પડી તે પેહેલાં તેઓને એકઠાં જોવામાં આવેલા હતાં. તે ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવ્યો.

તેથી તેમણે તેને મોતની શીક્ષા કરી અને શીક્ષાનો હુકમ મંજુર કરવાને હાયકોર્ટમાં તે કામ મોકલ્યું.

વળી દુરગાએ અપીલ કરેલી છે.

કોઇ પક્ષકાર હાજર નથી.

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

કેદીએ તા૦ ૧૦ ફેબરવારી સને ૧૮૮૫ ના રોજ મોંઘીરના જોઇંટ માજીસ્ટ્રેટની રૂબરૂ જુબાની આપેલી તે જુબાની તેને ઓળખ્યાના પુરાવ શિવાય દાખલ કરેલી છે.

શેશનના કાગળોને પાને ૫૪ મે તે જડજે કહ્યું છે કે "ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૭ પ્રમાણે માફી આપ્યા પછી તા૦ ૧૦ ફેબરવારીના રોજ દુરગાની સોગન ઉપર કહેલી હકીકત સરકારી વકીલે પુરાવમાં રજુ કરેલી છે"—(પછી કેટલાક શબ્દો તદન વાંચી શકાય તેવા નથી.)—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૯. "અને અગારા ધારવામાં આવે છે કે પુરાવ આકટની કલમ ૮૦ પ્રમાણે તેમના વિચારમાં એવું આવેલું છે કે જે દુરગા સોનારની હાલ તપાસ ચાલે છે. તેજ દુરગા સોનારે તે જુબાની આપેલી હતી. એવી શાબેતી શિવાય તે દાખલ કરવા લાયક છે.

આ ભારે ભુલ છે. તે જુબાની શીવાય તે કેદીને ગુન્હેગાર ઠેરાવવાને કાંઈ યુકત કારણ નથી, માટે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ અમે રદ કરીએ છીએ, અને ફરમાવીએ છીએ કે તેને છોડી દેવો.

ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ મે સન ૧૮૮૫

મી૦ જસ્ટીશ મીતર મી૦ જસ્ટીશ મેકફરસન અને મી૦ જસ્ટીશ પ્રીનશેપ સાહેબોની રૂબરૂ.

ગાતુ કમીસર વીરૂદ્ધ કેસરહીંદ માહારાણી (અપીલના પ્રા૦)

ગુન્હાનો પુરાવ ગુમ કરવો—અકસ્માત, અસ્વભાવીક, અગર અંદેશા ભરેલા મોતનો રીપોટ નહીં કરવો—હીં૦ ફો૦ કા૦ ની (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૧૭૬—૨૦૧ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૪૫

હીંદુસ્થાનના ફો૦ કાયદાની કલમ ૨૦૧ પ્રમાણેના ગુન્હાનો તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી શકાય તે પેહેલાં એમ શાબેત થવું જોઇએ કે જે ગુન્હા બાબત તેના ઉપર આરોપ રાખવામાં આવેલો છે કે તેનો પુરાવ ગુમ કરેલો છે તે ગુન્હો કરેલો હતો. અને વળી તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તોહોમતવાળાને જાણવાને અગર માનવાને જોઇતી હકીકત હતી.

હીંદુસ્થાનના કેસરેહીંદ વીરૂધ્ધ અબદુલ કાદીરના ઠરાવ પ્રમાણે ચા લવામાં આવ્યું.

પાનું ૬૧૯ આ કામમાં અપીલવાળા અને એક બદુ . ચો કીદાર ઉપર હીં૦ ના ફો૦ કાયદાની કલમ ૧૭૬ અને ૨૦૧ પ્રમાણેના ગુન્હાના આરોપ રાખવામાં આવેલા હતા.

કામની હકીકત નીચે પ્રમાણે છેઃ—

અપીલવાળાના ભત્રીજાએક ગોધનના ખેતરમાં તા૦૧૬ નવેંબરના રોજ અગર તે અરસામાં એક મસામત ભુલકીયા ગઇ. ગોધનને લાંહ આવે લી માલુમ પડવાથી તેણે તેણીને બેવાર તમાચા મારયા, અને તેથી તે નીચી પડી ગઈ અને બીજે દીવસે જે ખેતરમાં હતી તેના નજીકના ખે તરમાં મરણ પામેલી માલુમ પડી અને લાંહાં તેણીને મારવામાં આવી હતી કહેવામાં આવેલું છે એમ ફરીઆદ તરફથી કહેવામાં આવેલું છે. વળી ફરીયાદ તરફથી કહેવામાં આવેલું છે કે તે મોત તે તમાચાને લી ધે થએલું છે, અને અપીલવાળાએ પોતાના ભત્રીજાનો બચાવ કરવા સારૂ તે મરનારીના છોકરા સાંગલીને તેણીની લાશ બાળવાને લલચાવ્યો અને તે બાબતનો રીપોટ કરતાં તેને અટકાવ્યો. ખરી રીતે જે દીવસે તે લા શ માલુમ પડેલી હતી તેની રાતરે તે બાળવામાં આવી હતી, અને તા૦ ૨૫ નવેંબરના રોજ ભાતુએ નજીકના ગામમાં સબ.ઇનસપેકટરને ખબર આપી તાંહાં સુધી પોલીશને કાંઇ રીપોટ કરવામાં આવેલો નહી હતો. પ૦ છી તપાસ ચાલી અને પરીણુમે પીનલકોડની કલમ ૩૦૪ પ્રમાણે તે ગો ધનની તપાસ કરવામાં આવી, અને તેનેછો પુરાવા નહી હોવાથી તેને છોડી દેવામાં આવ્યો. શેશન કોરટની રૂબરૂ હાલના અપીલવાળા માતુકી એ એવી હરકત લીધેલી હતી કે તે ગોધનને છોડી દેવામાં આવેલો છે, માટે ગુનહો બન્યો નથી એવું ઠરાવવું જોઇએ, માટે કલમ ૨૦૧ પ્રમાણે તોહોમત રહી સકતું નથી. અને આ પ્રમાણે ઠરાવ કરવાને તેણે જે દ૦ રખાસ્ત કરેલી તેની પૂષ્ટીમાં હિંદુસ્થાનના કેશરેહીંદ વી. અબદુલ કાદીર ના કામના ઠરાવ ઉપર આધાર રાખેલો છે, પરંતુ આ હરકત કોરટે મા હારાણી વી૦ હરદત સરમાના ઠરાવ પ્રમાણે ચાલી રદ કરેલો છે.

આ આરોપોની પુષ્ટીમાં પુરાવ જે ગુજારવામાં આવ્યો છે તે કેવો છે તે અને સેશન જડજનો ઠરાવ નીચે પ્રમાણે છેઃ—

બે ઓરત્ત સાક્ષીઓએ એવી જુબાની આપી છે કે ગોધને તે ભુ લકીઆને માર મારેલો હતો, અને ગોધનના કામમાં તેઓની સાક્ષીઓ ભરૂંસા લાયક નથી એવુ ઠરાવવામાં આવેલું છે, તેમ છતાં શેશન જડ

જે તે ભરૂંશા રાખવા લાયક માંનેલી છે. બીજા સાક્ષીઓએ એવી જુબાની આપી છે તેમાં તેઓએ કહેલું છે કે ગોધને ભુલકીઆને મારી હતી એવુ અમે સાંભળેલું છે. પરંતુ બે સાક્ષીઓ જેમણે તે લાશ બાળવામાં મદદ કરેલી તેઓએ કહેલું છે કે અમે કાંઇ તેવી અફવાઇ સાંભળી નથી. ભાટુએ પોલીશને કહેલું હતું કે જે દીવશે તે લાશ બાળવામાં આવી તે દીવસે મેં શાંભળ્યું હતુ કે ગોધને ભુલકીઆને મારી હતી. શેશન જડજે એવો નીશ્ચે કરેલો છે કે બેઉ આરોપો સાબીત થએલા છે એવો અભીપ્રાય થવાથી કે આ અપીલવાળાનો તે મોત છુંપાવવાનો તથા તે લાશની વ્યવસ્થા કરવાનો મજબુત હેતુ હતો. અને તે બ્રાહ્મણ હતો અને સતાવાળો હતો, તેથી બાટુ સ્વભાવીકરીતે તેના હુકમ પ્રમાણે કામ કરે.

તેથી આસેસરોમાંના એક આસેસર સાથે ભાટુ ઉપરના કલમ ૨૦૧ પ્રમાણેના આરોપ બાબત મળતા આવ્યા અને તેને ગુનેહગાર ઠરાવી છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી અને બેઉ આસેસરો સાથે મળતા આવી તેને કલમ ૧૭૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યોછે અને તબાશની એક અઠવાડીયાની આશાન કેદની શીક્ષા કરેલી છે.

અપીલવાળાની બાબતમાં બેઉ આસેસરોના અભીપ્રાયમાં આવેલું છે કે બેઉ આરોપોની બાબતમાં તે અપીલવાળો ગુનેહગાર નથી. પરંતુ શેશન જડજે તેઓની સાથે નહી મળતાં તેને ગુનેહગાર ઠરાવ્યો છે અને ભાટુને જે શીક્ષા કરેલી છે તેવીજ શીક્ષા તેને કરેલી છે.

માટે તે ગુનાહની સાબેતીના ઠરાવ અને શીક્ષાના હુકમ ઉપર આ અપીલ માતુ ફીમીસરે કરેલી હતી. પરંતુ તેની સુનાવણી વખતે બેમાંથી એકે બાજુ તરફથી કોઇ હાજર નહી હતું.

હાય કોરટની રૂબરૂ તે અપીલ સાંભળવામાં આવેલી તેથી હાયકોરટના ઠરાવો નીચે પ્રમાણે છે—

જષ્ટીસ મેકફરસન સાહેબેઃ—પીનલકોડની કલમ ૨૦૧ અને ૧૭૬ પ્રમાણે અપીલવાળાને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે. પહેલી કલમ પ્રમાણે તેને છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે; અને પાછળની કલમ પ્રમાણે એક અઠવાડીયુ કેદની આશાન કેદની શીક્ષા કરેલી છે. અમારી નજરમાં આવે છે કે કલમ ૨૦૧ પ્રમાણેની ગુનાહની સાબેતીનો ઠરાવ જે ગુનાહની બાબતમાં તેણે પુરાવ ગુમ કરેલો છે તે ગુનોહ બનેલો હતો એવો પુરાવ ના હોય તો ચાલી શકતો નથી. બે ઓરત સાક્ષીઓએ જે એવી જુબાની આપી છે કે તેમણે ગોધન મીસરે મસામત ભુલકીઆને બે તમાચા મારતાં જોયો હતો તે પુરાવ બીલકુલ ભ

ફેંસો રાખવા લાયક નથી, અને કાંઇ ગુનોહ બનેલો તે બાબત કાંઇ પુરાવા નથી, તેમ જે વખતે તે લાસની વ્યવસ્થા કરવામાં આવેલી તે વખતે તે અપીલવાળાને ખુન અથવા શીક્ષણ્યમનુશવધ્ય થયાની કાંઇ ખબર હતી, અથવા તે થયાનું તે માને તેવી કાંઇ તેને ખબર હતી એવી કાંઇ સાબેતી નથી.

અમારી નજરમાં આવે છે કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫ પ્રમાણે દરેક જમીનનો કબજેદાર તેને જેગામની હદમાં તે જમીન હોય તે ગામમાં કાંઇ બનાવ (કારણ કે રકમ ક માં જે "ત્યાંહાં" એવો શબ્દ છે તેનો અમે તેવો અરથ કરીએ છીએ.) અકસ્માત અથવા અસ્વભાવીક મોત અથવા શક ભરેલી હકીકત કાંઇ મોત થયાનો થાય તો તેની ખબર નજીકમાં નજીકના પોલીસ સ્ટેશનના ઇનચારજ અમલદારને આપવાને બંધાએલોછે. આવી ખબર ઇરાદા પુરવક આપવામાં ન આવે તો પીનલકોડની કલમ ૧૭૬ મી પ્રમાણે તે ગુનાહ ભરેલું થાય છે. એવું સાબેત થએલુંછે કે તે મોત અકસ્માત, અસ્વભાવીક અને અંદેશા ભરેલું છે એવી ધારણને અનુસરતી ફકત હકીકતથી ગસામત ભુલકીઆની લાશ તે અપીલવાળાના ખેતરમાંથી જડેલી હતી, અપીલવાળો તે જાણતો હતો તે ખરી વાત છે, અને તે બાતમી આપવાનો એટલો બીધો નહીહતો કે મરનારના સગા ચોકીદારને તે લાશની વ્યવસ્થા કરવાને તેણે બતાવેલું હતું. કલમ ૪૫ ના હેતુ પ્રમાણે તેને "બાતમી" મળી હતી અને તે ખબર તેણે નહી આપેલી તે ઇરાદાથી નહી આપેલી હતી એમાં કાંઇ શક રહી શકતો નથી. પરંતુ તે ગામમાં ખરી રીતે મોત થએલું તે વીશે કાંઇ શાબેતી નથી. એટલે તે ખેતરમાં થએલું તેની સાબેતી નથી. માટે સવાલ એવો ઉત્પન થાય છે કે આ હકીકતનો પુરાવ ગુનાહની સાબેતીનો ઠરાવ કરવાને અવશ્યની છે કે નહી? જે હકીકત છે તે પ્રમાણે તેવી અવસ્યની નથી. તે મોત અકસ્માત, અસ્વભાવીક અથવા અદેશા ભરેલી હકીકતથી થએલુ છે એવું માલુમ પડે તો હકીકતની એક પોતાના ગામના સખશની લાશ પોતાની જમીન ઉપર અજાણ્યા સખશને જે માલુમ પડે તો પોતાના ગામમાં મોતની હકીકત બનેલી છે તેવી ખબર તેને છે અને કલમ ૪૫ પ્રમાણે તેની ખબર આપવાને બંધાએલો છે, એમ અમારી નજરમાં આવે છે. જ્યાંહાં સુધી વીરૂધ પુરાવ ના હોય ત્યાંહાં સુધી મરનારની લાશ પોતાની જમીન ઉપર માલુમ પડેલી હોય તેથી કોરટ એવુ અનુમાન કરી શકે છે તે મોત થએલું છે. આ કામમાં તે મોતનું કારણ અમે કબુલ કરી શકીએ તેવો કાંઇ પુરાવ નથી. પરંતુ અંદેશા ભરેલી હકીકતથી

તે મોત થએલું છે તે વીસે કાંઇ તકરાર નથી. વળી તે કલમમાં અકસ માત મોત વીશે ઠરાવ કરવામાં આવેલો છે એમ ધારીએ કે તે મોત અ કસમાત થએલું હતુ અને અ ના ખેતરમાં લાશ માલમ પડેલી હતી. તો શું ફરીઆદ તરફથી એમ સાબેત થવું જોઇએ કે બીજા ગામમાં નજીક નુ ખેતર હોય તેમાં તે મરનાર મુએલો પડેલો નહી હતો. અને તે પછી અ ના ખેતરમાં તેને ખસેડવામાં આવ્યો નહી હતો. આવો પુરાવ શો કામમાં નવાણું કામમાં મળવો અશક્ય છે.

તેમાં "આ બનાવ" એવા શબ્દો છે. તેને "જે કાંઇ બાતમી સબં ધી મળી શકે" તે શબ્દો લાગુ થાય છે. માટે આ કામનો તે કલમમાં સમાશ શારી રીતે થાય છે એમ અમારી નજરમાં આવે છે. માટે કલમ ૧૭૬ પ્રમાણે ગુનહાની સાબેતીનો ઠરાવ અમે બહાલ રાખીએ છીએ.

જષ્ટીશ મીતર સાહેબ:—અમારા વીદવાન ભાઇએ જે એવો ઠરા વ કરેલો છે કે હીં. ફો. કાયદાની કલમ ૨૦૧ પ્રમાણે તે ગુનહાની સા બેતીનો ઠરાવ ચાલી શકતો નથી તે સાથે અમે તદન મળતા આવાએ છીએ. એવો નીશ્ચે કરવાને તેમણે જે કારણો બતાવેલાં છે તે સાથે અમે મળતા છીએ.

પરંતુ હી. ફો. કા. ની કલમ ૧૭૬ પ્રમાણે ગુનહાની સાબેતીના ઠરાવને પુષ્ટી કરવા સારૂ જે ગામમાં લાશ માલમ પડેલી હતી તે ગામ માં તે મોત ખરી રીતે બનેલું છે, એની સાબેતીની અગત્ય નથી એવું જે કહેવામાં આવેલું છે તે અમે કબુલ કરી શકતા નથી. તેથી અમે દીલગીર છીએ.

ફો. કા, ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫ ની રકમ (ડ) પ્ર માણે એકાદા ગામની હદની જમીનનો કબજેદાર કે કોઇ મોત અકસમા ત અગર અસ્વભાવીક, અગર અંદેશા ભરેલી હકીકતથી થએલું હોય તો તે મોતની નજીકમાં નજીકના મજીસ્ટ્રેટ વીગેરેને ખબર આપવાને તે બં ધાએલો છે. માટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ કરવાને તે ગામમાં મોત થએલું હતું એમ સાબેત કરવાને અવશ્ય કરીને જરૂર છે. ગામમાં લાશ માલમ પડે તેથી આ પુરાવ અમારા અભીપ્રાય પ્રમાણે થતો નથી. ફકત આ હકીકત ઉપરથી તે ગામમાં મોત થએલું હતું એવુ અવશ્ય કરીને અનુમાન થતું નથી તે મોત એક ગામમાં થયું અને લાશ પાછળથી અ પીલવાળાના ગામમાં લેઇ જવામાં આવી તે બાબત એક સરખી રીતે અનુંસરતી છે.

વળી જેએ ઓરતોએ એવી જુબાની આપીછે કે અમે ઓરત ભસા મત ભુલકીયાને ગોગન મીશરે બે લપડાકો મારી તે જોએલું હતું; તે પ્ર

લાશ રદ કરતાં તેણીનું મોત અકસ્માત થએલું હતુ એવું સાબેત કરવાને કાંઇ પુરાવ નથી. જો આવો કાંઇ પુરાવ હોય તો જે જે ખેતરમાં તે લાશ માલુમ પડેલી તે ખેતરમાં અગર તેની નજીક તે અકસમાત મોત થએલું હતું એવું અનુંમાન અમે કરી શકીએ.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે અપીલવાળાના ગામમાં અકસામત ભુલકીઆનું મોત થએલું હતું એવો કાંઇ પુરાવ નથી. માટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫ પ્રમાણે બધી બાબતમાં ચાલવામાં આવેલું નથી. અને તેથી હીં. ફો. કા. ની કલમ ૧૭૬ પ્રમાણેની ગુનહાની સાબેતીનો ઠરાવ પણ રદ થવો જોઇએ.

કલમ ૧૭૬ પ્રમાણે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર છે કે નહી એ સવાલ વીશે તે જડજોનો અભીપ્રાય એક બીજા વીરૂધ થએલો છે તેથી તે શવાલ ચી૦ જષ્ટીશ પ્રીનશેપ સાહેબને પુછવામાં આવેલો છે, અને તેઊ સાહેમે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છેઃ—

જષ્ટીશ પ્રીનશેપ સાહેબઃ—અપીલવાળાઓનો ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૫ માં સમાશ થાય છે. અને તેઓની જમીનમાં તે લાશ માલમ પડેલી તેથી તે મોત અસ્વભાકીક રીતે થએલું તેના ભુલ વીનાના ચીન્હો માલમ પડે છે. અથવા તે અંદેશા ભરેલી હકીકતથી થએલુ હતું અને તેઓએ નજીકમાં નજીકના માજીસ્તરેટને અગર પોલીશ સ્ટેશનને તે સબંધી કાંઇ ખબર આપવાને કશુર કરેલી છે.

"સવાલ માત્ર એટલો છે કે અપીલવાળાઓની જમીનં ઉપર તે મોત થએલું છે. એમ બતાવવામાં આવેલું છે કે નહી.

કાયદાનો હેતુ ખુલી રીતે એવો છ કે જેઓને તે હકીકત મળી શકે તેવી સારામાં સારી સ્થીતીમાં હોય અગર જેઓનો તે જમીન સાથે સબંધ હોવાથી કાંઇ અખત્યાર હોય તેઓએ વેહેલામાં વેહેલી ખબર આપવી જોઇએ. અને તે બાબત તપાસ થાય તે કારણસર આ ફરજ બાબત તેઓને જવાબદાર ઠરાવવા જોઇએ. આવી ફરજ બજાવવાને જે સખત જરૂર છે તે દેખીતી છે માટે તે વીશે કહેવાની કાંઇ જરૂર નથી. કાયદા પ્રમાણે જે જમીન ઉપર મોત થએલું હોય તે જમીન સાથે અમુક શખશને બતાવેલી રીત પ્રમાણે સબંધ હોવો જોઇએ એવી જરૂર છે. અમે એમ શમજતા નથી કે આ કહેવાનો અરથ એમ થાય કે નજરે જોએલી સાક્ષીઓના પ્રતક્ષ પુરાવથી તે સાબેત થવી જોઇએ. પરંતુ તે હકીકત બાબત સાબેતી થાય તેવું કાંઇ કહેવું જોઇએ. માટે જો એકાદા માણુશનુ ગળું કાપેલુ એક ખેતરમાં માલમ પડે તો વ્યાજબી રાહે એવો અનુંમાન થઇ શકેછે કે તે એવી રીતે તે મરણ પામેલોછે કે જેથી અપીલવાળા

ઓની સ્થીતી જેવા સખસ ઉપર તે મોતની ખબર આપવાનુ બંધન થાય છે પૂરાવ આકટની કલમ ૧૧૪ ના શબ્દો પ્રમાણે કોરટે સ્વભાવીક બનાવોની ચાલતી રીતી, મનુષ્યની વરતણુંક અને અમુક કામની હકીકત સાથે તેઓનો સારવજનીક અને ખાનગી કામમાં સબંધ તે ઉપર લક્ષ રાખતાં જે હકીકત બનવાનો સંભવ ધારતા હોય તે હકીકત બની છે એમ અનુંમાન કરી શકેછે "આવું અનુમાન રદ કરવાનુ કામ અપીલવાળાઓનુ છે. તે પ્રમાણે કરવાને તેઓ નીશફળ ગએલા છે. એટલુંજ નહી પણ અસ્વભાવીક અગર અંદેશા ભરેલું મોતના કારણનો કાંઇ પતો લાગી શકે નહી એવી રીતે તે લાશ જલદીથી બાળી નંખાવેલી છે. તેથી તેમની વરતણુંક ઉપરથી કેટલે દરજે આ અનુમાન મજબુત થાય છે.

\+ \+ × × તે જમીન ઉપર તે લાશ માલમ પડેલી હતી તેથી અમારા અભીપ્રાય પ્રમાણે શાધારણ રીતે એવો અનુમાન થાય છે કે તે જગોએ તે મોત એવી રીતે થએલું હતું કે જેથી તે જમીન સબંધી એકાદા સખશની સ્થીતી કલમ ૪૫ પ્રમાણે હોય તે સખશના ઉપર તે બાબતની ખબર આપવાનુ બંધન થય છે. આ ખબર આપવાને જો તેણે કશુર કરી હોય અને આની વરતણુંક બાબત તેના ઉપર ફરીઆદ ચલાવવામાં આવેલી હોય તો તેણે તે ખબર આપેલી નથી એ વ્યાજબી કરયું છે એવું બતાવવાને તેણે તઇયાર થવું જોઇએ.

સબબ અમે હાથ ઘાલતા નથી.

અપીલનો એક ભાગ મંજુર રાખવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ મી મે સને ૧૮૮૫

મી૦ જષ્ટીશ મીતર અને મી૦ જષ્ટીશ નોરીશ

સાહેબોની રૂબરૂ,

આહુસીખદાર (અપીલવાળો) વીરૂધ મહારાણી કેશરેહીંદ (અપીલના પ્રતીવાદી)

પોલીશ અમલદારની રૂબરૂ કરેલી કબુલત—પુરાવ આકટ—(સને ૧૮૭૨ ના આકટ ૧ લા) ની કલમ ૨૭—જયારે લાશ માલમ પડેલી ના હોય. ત્યારે ખુનનો આરોપ—ચોરીનો ગુનહો સાબેત કરાવવાનો ઇરાદો.

એકાદો પોલીસ અમલદાર પોતાની રૂબરૂ કહેલી હકીકતની વીગતવાર જુબાની આપતો હોય અને તે હકીકત ઉપરથી હકીકત માલુમ પડે

લી હોય તો તોહોમતવાળા સબંધી તે હકીકત તેના વીરૂધ લાગતી હકીકત તરીકે થાય તે પ્રમાણે માલમ પડવાને જેટલી જરૂર હોય તે કરતાં એક શબ્દ પણ તે પોલીસ અમલદારને પોતાની જુબાનીમાં બોલાવવાને સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૨૭ ના ઠગાવની વ્યવસ્થા કરતાં કોઇ ન્યાયાધીકારીએ પરવાનગી આપવી નહી જોઇએ.

કલમ ૨૭ નો ઇરાદો સામાન્ય રીતે ન્યુસન્ત આપવા દેવાનો નથી. પરંતુ કબુલતના આમુક જે ભાગ ઉપરથી જેની રૂબરૂ તે આપવામાં આવે તે કાંઇ કામ કરી શકે અને હકીકત અગર હકાન્તો બાબત તે સાહેદી આપતો હોય તે, નકી થતી હોય તેટલોજ ભાગ રહેવા દેવાનો ઇરાદો છે.

હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ પંચમ તથા મહારાણી કેશરેહીંદ વીરૂધ બાબુલાલના ઠરાવોના વીચાર કરીને ઉપર ટીકા કરવામાં આવી.

પાનુ ૬૩૫ જે કામ ઉપર તે આ અપીલ મુકેલી છે તેમાં કેદીની પાંચ આરોપો બાબત તપાસ કરવામાં આવેલી છે એટલે ૧ લો એક રામક્રીસ્તોરીશીનું ખુન કરયુ. ૨ જો તે સખસને કાપવાના હથીઆરથી મહાવ્યથા કરી ૩ જો ચોરી કરવાને સારૂ તે સખસને બુધીપૂરવક વ્યથા કરી આપવાનુ કરયું ૪ થો એક અસુદીનની હુંડી ચોરી. ૫ મો એક રાજબહદરગીરીના ઘરમાંથી ઓગણીસ ચામડાં ચોરયાં. પેહેલા ચાર ગુનાઓ તા૦ ૧૪ નવબર સને ૧૮૮૪ રોજ કરવામાં આવેલા એમ કહેવામાં આવેલુ છે. અને છેલો ગુનહો તા૦ ૧૧ નવેંબરના રોજ કરેલો છે અને તે કેદીને પાંચ આરોપો બાબત ગુનેહગાર ઠરાવીને પેહેલા આરોપ બાબત હયાતી સુધીની સમુદ્રપરની શીક્ષા કરેલી છે.

આ બેઉ ગુનાહની સાબેતીના ઠરાવ તથા શીક્ષાના હુકમ ઉપર હાયકોરટમાં તેણે હાલ અપીલ કરેલી છે. કામની હકીકત જેટલી અગત્યની છે તેટલી સોગન ઉપર નીચે પ્રમાણે કહેવામાં આવેલી છે:—

રામક્રીસ્ટોરીશીનું મોત કરેલું કહેવામાં આવેલુ છે. તેણે એક ધનો મોનીની સાથે સંભોગ એક ગાંમ નામે હોગલા કહેવાય છે ત્યાંહાં કરેલો હતો, પછી તેના વતનનું ગામ બાબલા કરીને છે તે દોઢ કલાકમાં જવાય તેટલું છે, તેથી તેને ફરીયાદ તરફથી સાક્ષી તરીકે બોલાવવામાં આવેલો હતો. કારતીક માસની તા૦ ૨૯ મીના એટલે તા૦ ૧૩ નવંબરની રાત્રે તેણે બારીસલ જવાને હોગલા મુકયું, અને તેણે પોતાની જુબાનીમાં કહેલું છે કે હું ત્યાં ચામડાં વેચવા જાઉંછું અને તે સુમારે ત્રણ દીવસમાં પાછો આવીશ.

રામક્રીસ્તોરીશીએ એક કમરૂદીન પાસેથી હોડી ભાડે લીધેલી તે હોડીમાં બેશી તે રામક્રીસ્તો તથા તોહોમતવાળો એકઠા નીકળ્યા એવું માલમ

પડેલું છે કે રામક્રીસ્તોએ પોતાની ભાણેજને જાહાલો કોટીથી લાવવાને સારૂ મારે હોડી જોઇએ છીએ. એમ કહી તે હોડી ભાડે રાખી હતી પણ તે કારણ દેખીતુ જુઠું છે.

બારીસલ જતાં રસ્તામાં રામક્રીસ્તો ચંડુલ પીનારો હતો તેથી એક તારીનીદાસની દુકાનમાં થોભ્યો અને ત્યાં એક કુંચીની રૂપાની સાંકળી વેચીને આઠ આના રોકડા તથા બાકીનુ અફીણ લીધું. આ હકીકત કારતક માસની તા૦ ૨૯ મીની સાંજરે બની હતી. પછી તે ખુલી રીતે તેઓ બારીસલ ગયો, અને ત્યાં રામક્રીસ્તોએ ૨૧ ચામડાં રૂ. ૫૦) માટે એક કસાઇ રહીમબક્ષને વેચાણ આપ્યાં તે કીમત રોકડી આપવામાં આવી હતી, પરંતુ રહીમબક્ષના ચોપડામાં તે ચાંમડાં કોણે વેચેલાં તેની રકમ નહી હતી, પરંતુ રામક્રીસ્તોએ તે વેચેલાં છે એવું ખુલી રીતે શાબીત થએલું છે માટે જો કે એવું સાબેત કરવાને કોશીશ કરવામાં આવી છે કે જે વખતે તે વેચાણ થયું તે વખતે તોહોમતવાળો તેની સાથે હતો, તોપણ પુરાવના તે ભાગ ઉપર શેશન જડજ તથા આશેશરોએ ભરૂસો રાખ્યો નથી, અને તેઓનો અભીપ્રાય હાય કોરટે મંજુર રાખેલો છે. પરંતુ એવું શાબેત થએલું છે કે કારતક માસની તા૦ ૩૦ મીની સાંજરે બારીશલમાં કશાઇ રહીમબક્ષને ત્યાં તે કેદીએ ખાધુ હતું, અને તે ચામડાં વેચ્યાની વાત જાણતો હતો.

કારતક માશની તા૦ ૩૦ મીની શાંજ પછી રામક્રીસ્તોને જીવતો કોઇ વખત જોવામાં આવેલો નથી અને તેની લાશ જડેલી નથી.

તે હોગલે પાછો આવવાને જ્યારે ઉમેદ રાખવામાં આવેલી ત્યારે તે પાછો આવ્યો નહી ત્યારે કુટુંબીઓની તેને સોધવા સારૂ નલચીટા તથા બારીસલ ગઇ, પરંતુ તે કાંઇ માલમ પડયો નહી અને કાંઇ પતો લાગ્યો નહી ત્યારે પોલીસને તેણીએ ફરીઆદ કરી તે ઉપરથી હેડકોનસટેબલે તે બાબત તપાસ કરી

તોહોમતવાળાના ઉપર અંદેશો રાખીને તોહોમતવાળાને પકડવામાં આવ્યો હતો. તેથી પ્રસનો કુમાર મુકરજી પોલીસના ઇનસ્પેકટર તરફ તે કામ પાછળથી મોકલવામાં આવેલું હતું અને તે સબ ઇનસ્પેકટરને સાક્ષી તરીકે તપાશમાં બોલાવવામાં આવ્યો હતો અને તેણે બીજી હકીકતોની શાથે નીચે પ્રમાણે હકીકત કહેલી છે:—

"તા૦ ૩ ડીશંબરના રોજ ક્રીસ્તોરશી ગુમ થઇ તે વીશે મેં તપાશ શરૂ કરી. તા૦ ૭ ડીશંબર સુધી કાંઇ પતો મને મળ્યો નથી. તા૦ ૩ ડીશંબરના રોજ મેં આ ગુનહો પકડયો. કીવારીના બાહારના થાણાના

હેડ કોનસ્ટેબલ નોબીન ગેઝે પોતાના કાગળો તે થાણામાં મને આપ્યા. અને તે આદુ હેડ કોનસટેબલની સાથે નહી હતો અને તેને ઘેર હતો તેથી તેને બોલાવવાને મેં એક કોનસ્ટેબલ મોકલ્યો. તા૦ ૭ ડીસેંબરના રોજ આદુની ઓરત તરફથી એવી ખબર મળી કે ફીસ્ટોરશીએ કેટલાંક ચામડાં બારીસલમાં વેચેલાં એમ કહેવામાં આવેલું છે. અને ફરીથી તે ચામડાં વીશે આદુને મેં પુછ્યું હતું. તેણે તે ચામડાંની માહેતી વીશે બીલકુલ ઇનકાર કરી. પરંતુ જ્યારે તેને તેની ઓરતની રૂબરૂ લેઈ જઇ તેણીએ શું કહેલું તે કહેવામાં આવ્યું ત્યારે તેણીએ કહેલી હકીકત સાચી છે એમ કબુલ કરયું અને બીજી હકીકતો કહી. તેણે કહયું હતું કે મેં ફીસ્તોરસીના રૂ. ૪૮) ચોરયા હતા તેમાંના રૂ. ૮ વાપરેલા છે અને રૂ ૪૦) મારી પાસે છે. આ રૂપીઆ લાવવાને પોતાની ઓરતને કહયું અને તેણીએ તે રૂપીઆ પોતાના ઘરમાંથી લાવીને આદુને આપ્યા. અને આદુએ તે રૂપીઆ ૪૦ મને આપ્યા પછી તેણે કહયું હતું કે 'બારીસલથી પાછા આવતાં ગોપાળપુર, ભોરણીઆળામાં એક હોડીને રોકેલી છે અને તે હોડીનો શોધ કરવાને બીદુ તથા ગરીબુલા ચોકીદારને મેં મોકલેલા છે. બીજે દીવસે તા૦ ૮ ડીસેમબરના રોજ જે બે હોડીઓ હાલ કોરટના બાહાર પડેલી છે તેમાંની નાહાની હોડી મારી પાસે લાવ્યા. અને તે હોડી ઉપર મોગરનો સાક્ષી અમુદીન પોતાની છે એ પ્રમાણે દાવો રાખે છે. વળી આદુએ મને કહયું હતુ કે ફીસ્તોરશીએ બારેલ જતાં અમરાજુરીના એક ઇશનદાસને ત્યાં કુંચીની સાંકળી સાંનમાં મુકેલી હતી. અને પછી હું આદુની સાથે તા૦ ૮ ડીસંબરના રોજ અમરાજુરી ગયો, અને સાક્ષી ઇશનદાસે રજુ કરેલી કુંચીની સાંકળી મને મળી વળી તેણે જે કહેલું હતું તે ઉપરથી મને સાક્ષી જોસીમ અને તેના કુટંબનો પતો લાગ્યો. તેઓએ પ્રથમ ફીસ્તોરસી અમારે ઘેર આવેલો હતો એ વાત ઇનકાર કરી. તેઓએ ભાગેલા ફીનારા ઉપર કહયું હતું કે તે આવ્યો હતો. અને 'તેણે અમારી સાથે વાત કરી હતી તેમા તેણે પોતાનું નામ ફીસ્તોરસી છે. તેની રેહેવાની જગો બાબલાછે, અને આદુએ મને જખમ કરેલો હતો' એમ અમને કહયું હતું અને પછી તેને ગસેડી ખેચી ગયા. તા૦ ૨૦ ડીસંબરના રોજ તેઓએ જે મને કહેલું તે તમામ આ છે. તા૦ ૨૨ મીના રોજ તે ઇનસ્પેકટરે તપાસ કરી અને હું કેટલીકવાર તેણી સાથે રહયો. જે રૂ. ૪૦ મને આદુ પાસેથી મળેલા હતા. તે હાલ માહારી રૂબરૂ ટેબલ ઉપર પડેલા છે તેછે. આદુએ જે હકીકત મને કહેલી તેથી બરકા કાઠીના રામચંદર રાસીપાસેથી ચામડાંની ચોરી મને માલમ પડી તા૦ ૭ ડીસંબરના રોજ આદુએ મને કહેલું છે કે મેં અને ફીસ્તોરસીએ તે ચામડાં

ચોરેલાં હતાં. તેણી રાજચંદરરસીને મેં બોલાવવા મોકલ્યો અને તા૦ ૮ ડીસેંબરના રોજ તે ચોરી બાબતની તેની હકીકત લખી લીધી. "હોગલા અને બાબલા બે દહાડાની મુસાફરી જેટલાં દુર છે. હોધલાથી અમરાજુરી ત્રણ દહાડાની મુસાફરી જેટલાં દુર છે. અને હોગલાથી બારીસલના રસ્તા દુર છે. હોધલાની પુરવમાં ગોપાલપુરની ટેકરી સુમારે ત્રણ દહાડાની મુસાફરી જેટલાં દુર છે. અને તે શીરસાની ટેકરીને ગળે છે. હોધલાથી મોગર એક દહાડાનો રસ્તો છે અને સજાબાદને લાગતું છે."

તા૦ ૧૭ મી નવેંબરના રોજ બારીસલથી કેટલાક કલાકના રસ્તા ઉપર કાળીગરા નદી છે. તે નદીમાં બારીશલ જતાં રામ કીસ્તો તથા તોહોમતવાળાને એક કમરૂદીનની હોડીમાં જતાં જોએલા હતા એમ કહેવામાં આવેલું છે, ફરીઆદી તરફથી એવી સુચના કરવામાં આવી છે કે રાજચંદર રશી પાસેથી જે ઓગણીશ ચામડાં ચોરવામાં આવેલાં તે બારીશલમાં મરનારે જે ચામડાં વેચેલાં હતાં, તેનાં હતાં. અને તે કેદી ઉપર તે ચામડાં ચોરયાનો આરોપ રાખવામાં આવેલો છે. વળી એવું સાબેત થયું છે કે આદુને પકડતાં પેહેલાં રાજચંદરે પોતાનાં ચામડાંની ચોરીની ફરીઆદ પોલીસને કરેલી હતી પરંતુ એમ કહેવામાં આવેલુ છે કે પ્રસનોકુમાર મુકરજીએ તોહોમતવાળાને જે વખત પુછ્યું તે વખતે તે ચોરીની વાત જાણતા નહી હતા. તોહોમતવાળાએ જે હકીકત કહેલી છે તે ઉપરથી કુંચીની સાંકળી તથા કુચીઓ ઇશનદાશ પાસે માલમ જડી હતી, અને તે ધાનમુળીએ ઓળખેલી છે.

તે હોડી અમુદીનની છે એવું તે કેદીના કહેવા ઉપરથી માલમ પડયું હતું અને તે ગુમ થવા બાબત ને અમુદીને રીપોટ કરેલો નથી તો પણ તે તેણે ઓળખેલી છે. અને કહયું છે કે તે હોડી તે ટેકરીમાંના એક ઝાડ સાથે મેં બાંધેલી હતી અને અગરાનની તા૦ ૧ લીના રોજ મને માલમ પડયું કે તે ઝાડની ડાળી ભાંગી નાખવામાં આવેલી છે અને તેથી તે હોડી લેઇ જવામાં આવી છે અને તેથી તે ગુમ થએલી છે.

ફરીઆદ તરફથી જે ઘણોજ અગત્યનો પુરાવ આપવામાં આવેલો છે તેમાં બે ભાઇઓ નામે જાશીમ તથા મજુદીન અને તેઓની મા અશમામબીબીની સાહેદી છે. તેમાં તેઓએ કહયું છે કે અમુદીનના ગામની નજીક અમારા ઘરબારની જમીન છે તેની નજીકમાં કારતક માસની તા૦ ૩૦ મીના રાતરે એક તોફાન થએલું અમે સાંભળ્યું હતું તેઓના ઘર આગળ થઇને નદી વહે છે. અને ત્યાંથી બારીસલથી હોધલે જવાનો રસ્તો છે. તેઓએ કહયું છે કે તે તોફાન થયા પછી થોડીક મુદતમાં એક માણસ અમારી જગોમાં આવ્યો. અને અમને બોલાવ્યા અને અમે જે પુ

છયું તેના જવાબમાં તેણે કહયું કે હું બાબજાનોછું અને મારૂ નાગ ફીરતો રથી છે. અને તેણે અમને કહયું હતું કે પેલા આદુ ચોરે મને જખમ ક રયો છે અને મારા રૂ. ૫૦ ચોરીને મને મુકીને ગએલો છે. તેઓ પોતાના ઘરની બાહાર આવ્યા. અને તે માણસને જોયો. અને તે વખતે તેનાં આંતરડાં તેના કોઠામાં વાગવાથી ધસી આવેલાં હતાં. અને તેઓના પગ આગળજ તે મરણ પામ્યો. પછી તેઓએ કહયું છે કે તસ્દી દુર કરવાને તે લાશ તે નદીમાં અમે નાંખી હતી.

આ તમામ હકીકત ભારે તફાવત પડવાથી શેશન જડજે તથા આ શેશરોએ માનેલી નથી. અને પોલીશે તે તમામ જુકી જોડી કાહાડેલી છે. એમ જડજે બતાવેલું છે અને તે વીચાર સાથે હાય કોરટ મળતા આવ્યા છે.

તોહોમતવાળાએ તે મરનારની સાથે કોઇ દીવસ તે બારેશાલ ગએલો હતો એ વાત ઇનકાર કરેલી છે અને કહયું છે કે માહારી ખોટી બરદાસ કરીને પોલીસે તે હકીકત માહારી પાસે જબરાઇથી કહડાવેલી છે અને તે હકીકતના સાચાપણા વીશે તે તપાસમાં તેણે ઇનકાર કરેલું છે.

ઉપર કહેલું છે તે પ્રમાણે શેશન જડજના અભીપ્રાયમાં આવેલું કે તે કેદીએ પોલીસ ઇનસ્પેકટરને કહેલી હકીકત પુરાવમાં દાખલ કરવા લાયક છે. અને તેના સાથે જુબાનીમાં જે હકીકત કહેવામાં આવેલી છે. તેથી તેનો ગુનહો સાબેત થાય છે તેથી તે કેદીને તમામ આરોપો બાબત ગુનેહગાર ઠરાવેલો છે. પરંતુ મરનારની લાશ મળેલી નથી. અને તોહોમતવાળાએ તેનું મોત કેવી રીતે કરયું તેનો કાંઇ પુરાવ નથી. માટે તેમણે તેને હયાતી સુધીની સમુદ્રપારની શીક્ષા કરેલી છે.

અપીલની સુનાવણી વખતે કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો જસ્ટીસ નોરીસ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

(હકીકત તથા પુરાવની વીગત બતાવ્યા પછી કહયું છે કે)—અમારા મનમાં એવો વીચાર થાય છે કે જે હકીકતથી તોહોમતવાળાએ પોતાની હકીકત કહેલી છે તે હકીકત ઉપર તે જડજે ઘણું થોડું વજન રાખેલું છે, પરંતુ તે ગમે તેમ હોય તોપણ અમારા અભીપ્રાયમાં આવે છે કે તે કહેલી હકીકતમાંની જેટલી હકીકત ઉપરથી કામની હકીકત માલમ પડેલી છે તેટલી પુરાવમાં દાખલ કરવા લાયક છે. તે કબુલત તરીકે નહી પણ તે ઉપરથી હકીકત માલમ પડેલી છે તેથી પુરાવ તરીકે દાખલ કરવા લાયક છે.

હવે અમને એમ જણાય છે કે કેદીએ જે એવું કહેલું છે કે "મે ફીરતો રથીના રૂ ૪૮) ચોરયા હતા. અને તેમાંથી ૨ ૮—૦—૦ મેં

વાપરેલા છે અને રૂ ४०) મ્હારી પાસે છે," હકીકત ઉપરથી શોગન ઉ પર જે હકીકત કહેવામાં આવેલી છે. તેમાંની કાંઇ માલમ પડેલી નથી હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ પંચામ અને મહારાણી કેશરેહીંદ વીરૂધ બાબુ લાલના કામના ઠરાવો પ્રમાણે શેશન જડજે આ બાબતમાં કહેલું છે કે જસ્ટીશ સ્ટ્રેટ સાહેબના કહેવા પ્રમાણે કે આદુનું જે એવું કહેવું છે કે મેં કીસ્તો રશીના જે રૂ ४८) ચોરવા હતા. તે કહેવું પુરાવમાં દાખલ કરવા લાયક નથી. પરંતુ ચીફ જષ્ટીશ સ્ટુઅર્ટ સાહેબને અભીપ્રાય પહેલા કામમાં નાંણું આપ્યાના ખુલાશા વીશે તે દાખલ કરવાના લાભમાં છે. અને મહારાણી વીરૂધ પગારીશાહના કામને ઠરાવ આ બાબતમાં સ્પષ્ટ આધાર છે. સને ૧૮૭૨ ના ૧ લાની કલમ ૨૭ ઉપરથી વળી તો હોમતવાળાની હરકોઇ કહેલી હકીકત કાયદા પ્રમાણે દાખલ થાય છે. પછી તેના તે કહેવા ઉપરથી મુદ્દાની હકીકત માલુમ પડતી હોય પણ તે કબુલત થતી હોય કે નહી અને ખુલું છે કે ચોરી બાબત જે કબુલત આપવામાં આવેલી છે તે રૂ ४०) આપતાં પેહેલાં તે આપવાની જરૂર હતી અને તેથી તે જુદા પાડવા અશકય છે. આદુએ જો તે કબુલત ના આપી હોય તો સબ ઇનસ્પેકટરને કાંઇ નાંણું તે આપત નહીં માટે જયારે નાંણું રજુ કરવામાં આવ્યાં ત્યારે તેની સાથે અથવા તેના પહેલાં કાંઇક ખુલાશા ભરેલી હકીકત કહેવીજ જોઇએ. માટે અમે આ પુરાવ લીધેલો છે. હવે જડજ જયારે એમ કહે છે કે રૂ ४०) રજુ કરયા. એટલે તે પેહેલાં તે ચોરી કબુલ કરવી જરૂર હતી, પરંતુ જયારે તેઉ એમ કહે છે કે અમે તે જુદા પાડી શકતા નથી. ત્યારે તેઓની સાથે અમે મળી શકતા નથી. કારણ કે તે કહેવાથી અમારા ધારવામાં એમ આવે છે કે તે કેદીના કહેવાનો આ ભાગ તે પહેલાં અને પાછળ કહેલી હકીકતથી જુદો પાડવો અશકય છે.

કેશરેહીંદ વીરૂધ બાબુલાલનાં કામમાં જસ્ટીશ સ્ટ્રેટસાહેબે જે વીચારો બતાવેલા છે તે સાથે અમે ખરી રીતે મળતા છીએ, તે કામમાં તેઉએ કહયું છે કે "આવા ઠરાવની બ્યવસ્થા કરતાં કોઇ પોલીશ અમલદાર પોતાની રૂબરૂ તોહોમતવાળાએ કહેલી હકીકતની વીગત કહેતો હોય અને તે હકીકત ઉપરથી તેને કાંઇ હકીકત માલુમ પડી હોય તો જે હકીકત માલુમ પડેલી હોય તે તોહોમતવાળાની સાથે એવો સબંધ રાખનારી છે કે જેથી તેના વીરૂધ લાગતી હકીકત થાય એવું બતાવવાને જેટલી જરૂર હોય તેટલી હકીકત કરતાં એક શબ્દ પણ તે પોલીશ અમલદારને કહેવાને કોઇ ન્યાયાધીકારીએ પણ પરવાનગી આપવી નહી જોઇએ કલમ ૨૭ નો ઇરાદો સામાન રીતે કબુલત દાખલ કરવા દેવાનો નથી,

પરંતુ ફકત તેના જે ભાગ ઉપરથી જેની ખબર તે કરવામાં આવેલી હોય તે સખશ કાંઇ કૃત્ય કરી શકે અને જે વીશે તે પૂરાવ આપતો હોય તે વીશેની હકીકત અગર હકીકતો તે નકી કરી શકે તેટલોજ ફકત ભાગ પુરાવમાં લેવાનો તેનો ઇરાદો છે." અને હીંદુસ્થાનના કેશરેહીંદ વી રૂધ પંચામના કામમાં ચીફ જસ્ટીસ સ્ટુઅરટ સાહેબે જે વીચારો બતાવેલા છે. તે વીચારોથી અમારે નમ્રતા પુરવક પરંતુ ઘણી મજબુતાઈથી અમારો અભીપ્રાય જુદો છે એમ બતાવવું જોઇએ. તે કામમાં તે વીદવાન જડજે કહયું છે કે "પરંતુ તોહોમતવાળાએ ગુનાહની કબુલત તરીકે તે કહેલું હોય તે પોલીસની કહેલી હકીકતમાં છે અગર તે આવી જતુ હોય તો તે પોલીસ અમલદારનું કહેવું બીલકુલ દાખલ કરવા લાયક નથી. પરંતુ તે લખી લઇ શકાય છે. અને તે ઉપરથી ફકત પ્રત્યંતરી હકીકત સાબેત થતી હોય તેટલું તે લાગુ થઇ શકે છે. અને ગુનાહની કેવળ કબુલત તરીકે તે લાગુ થઇ શકતું નથી."

વળી અમારા અભીપ્રાયમાં આવેછે કે રાજચંદર રશીના ચામડાંની ચોરીમાં રામકીસ્તોને કેદીએ મદદ કરેલી હતી. એવી તે કેદીની કબુલત છે તે દાખલ કરવા લાયક નથી. તે ચોરીની વાત જોકે સબઇનશપેકટરને ખબર નહીં હતી. તોપણ તે સારી રીતે જાણીતી હતી. માટે અમારી નજરમાં આવે છે કે કલમ ૨૭ નો ઠરાવ લાગુ કરી જે પોલીસ અમલદાર એક કામની તપાસ કરતો હોય તે પોલીસ અમલદારને પોલીસના કબજામાંના તોહોમતવાળાએ જે બાતની આપેલી હોય તે બાતની સાબેત કરવાને એવા કારણથી પરવાનગી આપવામાં આવે કે બીજા પોલીસ અમલદારના જાણવામાં સારી પેઠે હતી. પરંતુ તે પોલીસ અમલદાર તે ઉપર તે મુદાની હકીકતનો પતો લગાડી શકયો હતો તો તે ઘણોજ ભયંકર છે.

હવે તમામ પુરાવનો વીચાર કરતાં અને કેદીની કબુલતો શાચી છે. એમ કબુલ કરતાં કામની હકીકત કેવી છે.

અમારી નજરમાં આવે છે કે તે કેદી અને રામકીસ્તો કારતક માસની તા૦ ૨૯ મીના રોજ એક કમરૂદીનની હોડીમાં હોધલાથી નીકલ્યા અને રસ્તામાં તે રામકીસતોએ સાંકળી તથા કુંચીઓ ઇશનચંદર દાસને ત્યાં ગીરો મુકી અને તેઓ બારીસળ ગયા અને કારકત માસની તા૦ ૩૦ મી ના રોજ ત્યાં પોહોચ્યા. અને એકવીશ ચામડાં રૂ૫૦ માટે રહીમ બખસને રામકીસ્તોએ વેચ્યાં. અને રોકડી કીમત લીધી. અને જો કે તે કેદી તે વેચાણ વખતે ખરી રીતે હાજર નહી હતો. તોપણ તે વેચાણની વાત જાણતો હતો અને રામકીસ્તોને રૂપીયા ૫૦ મળેલા

હતા તેપણ જાણતો હતો. અને તેઓએ બારીસલ સાથે છોડયું અને કેટલીક મુદતે કમરૂદીનની હોડી છોડી અને અનુકદીનની હોડી લીધી અને કેટલેક દુર મુસાફરી કરી પછી તે છોડીને ઘેર ગયા. અને ત્યારપછી રામફીરસ્તો વીશે કાંઇ સાંભળવામાં આવેલું નથી. એમ સાબેત થએલું છે. એવું માની શકાય છે કેદીની કબુલત સાચી છે. એમ માનીએ એ તો બધામાં આ સાબેત થએલું છે. એમ માની શકાય છે. એવું અમારી નજરમાં આવે છે.

તે કેદીને ખુનનો ગુન્હેગાર ઠરાવવાનેનું આ બસ છે એમ અમારી નજરમાં આવતું નથી.

રસલઓન ક્રાઇમ્સ, ચોથી આવૃતી વાલ્યુમ ૧ પાને ૭૭૦ મે કહેલું છે કે "મરનારની લાશ માલમ પડેલી ના હોય તો કોઇ સખસને ખુનનો ગુન્હેગાર ઠરાવવો નહી એવો નીયમ ગણવામાં આવેલો છે." અને એક મોટા જડજે કહેલું છે કે "જો ખુન અગર મનુશવધની હકીકત સાબેત થએલી ના હોય અગર ઓછામાં ઓછું તેની લાશ માલમ પડેલી ના હોય તો અમે કોઇ સખશને ખુન અગર મનુંશવધનો ગુન્હેગાર ઠરાવીશું નહીં. પરંતુ આ નીયમ કેટલીક શરતોની સાથે સમજવો જોઇએ. અને જો કે લાશ માલમ પડેલી ના હોય તો પણ ખુનની હકીકત માલમ પડે તે પ્રમાણે મજબુત જોઇતી હકીકત હોઇ શકે છે. માટે એક દરીઆનો સખશ કેદી હોય અને તેના ઉપર દરીઆમાં પોતાના કપતાનનું ખુન કરવાનો આરોપ રાખવામાં આવેલો હોય અને એક શાક્ષીએ એમ કહેલું હોય કે તેણે તે કપતાનને મારી નાંખવાને કહેલું હતું. અને રાતમાં બળ વાપરયાનો અવાજ થવાથી તે શાક્ષી જાગી ઉઠયો હતો. અને તેથી તે વહાણના આગલા ભાગ ઉપર ગયો હોય અને એવું જોયું હોય કે તે કેદીએ તે કપતાનને વાહાણમાંથી લેઇને દરીઆમાં નાંખી દીધો. અને ત્યાર પછી તે કપતાનને જોવામાં આવેલો ના હોય અગર તેના વીશે સાંભળવામાં આવેલું ના હોય અને એક લાકડાનો કડકો તે વાહાણના આગલા ભાગ ઉપર જ્યાં કપતાનને જોએલો હોય ત્યાં પડેલો હોય અને તે વહાણનો આગલો ભાગ તથા તે કેદીના લુગડાનો ભાગ લોહીવાળો થએલો હોય તો કોર્ટે કાયદાનો સામાન્ય નીયમ જો કે કબુલ કરેલો હોય તો પણ પુરાવ ઉપરથી તે મરનારની લાશ દરીઆમાં નાંખી દેવામાં આવી નો પણ તે પહેલાં તેને મારી નાંખવામાં આવ્યો હતો કે નહી એવું પુરાવ ઉપરથી કહેવાને આવી હકીકતથી જયુરીને કહેવામાં આવેલું છે અને જયુરીના અભીપ્રાયમાં આવ્યું છે કે તે કેદી ગુન્હેગાર હતો. અને (તે ગુન્હા-

ની સાબેતીનો ઠરાવ તે જડજોએ એક મતથી મંજુર કરેલો છે) તેને પાછળથી ફાંશી દેવામાં આવેલો હતો.

પરંતુ કેદીના ઉપર તેના કાયદા વીરૂધના છોકરાંને મારી નાંખ્યા નો આરોપ રાખવામાં આવ્યો હતો. અને તેમાં એવું માલમ પડયું હતું કે જ્યાં તે કેદીઅણ નોકર હતી. ત્યાંથી તે પોતાનો બાપ જ્યાં રહેતો હતો ત્યાં સાંજના સુમારે ૭ વગે જતી હતી. અને રસ્તામાં તેના હાથ માં તે છોકરૂં જોએલું હતું પરંતુ આઠ અને નવ વાગ્યાની વચમાં જ્યારે તે બાપને ઘેર આવી પહોંચી ત્યારે તે છોકરાં વીનાની હતી. અને તે છોકરાંની લાસ રસ્તામાં નદીમાં થઇને આવેલી તે ભરતી વાળી નદીમાં તે ગાલા પડેલી હતી. પરંતુ તે કેદીના છોકરાંના જેવી લાશ ઓળખી શકાઇ નહીં હતી અને પુરાવ ઉપરથી એમ જણાતું હતું કે તેવા છોકરાંની તે લાશ નહીં હતી. તેથી ઠરાવવામાં આવેલું હતું કે તેણીને નીરદોશ ઠરાવેલી છે તે પુરાવ ઉપરથી જે છોકરૂં માલમ પડેલું તે કેદીઅણું છોકરૂં નહીં હતું એમ સંભવીત જણાય છે અને તે છોકરૂં ખરી રીતે તે કેદીઅણનું હતું. તોપણ જ્યાંસુધી તે છોકરૂં ખરી રીતે મરણ પામેલું છે એવું માલમ ના પડે ત્યાં સુધી તે કેદીઅણને તેના વિશે ખુલાસો કરવાને અગર તે ક્યાં છે તે પુછવાને કહી શકાતું નથી. ”

આ દેશમાં કોઇ પણ હકીકત પ્રમાણે લાશ માલમ પડયાનો પુરાવ હોવા શીવાય ખુનનો આરોપ ચાલી શકતો નથી. એટલું બધું કહેવાને અમે જતા નથી. પરંતુ જે સખસાનું ખુન થયેલું કહેવામાં આવેલું છે અને જેઓના ખુન બાબત નજરે જોએલા સાક્ષીઓએ શોગન ઉપર કહેલું છે. તેમના માંસના પાછલના દેખાવના સારા દાખલાઓનો તથા તે કહેવાએલા સખસનાં હાડકાં રજુ કરવામાં આવેલાં હોય અને તે એક ઓરતનાં હોય એમ માલમ પડેલું હોય તેનો તથા નીરઅપરાધી લોકો ઉપર ઘણા જુઠા આરોપો રાખવામાં આવે છે. તેનો વીચાર કરતાં જો લાશ માલમ પડેલી ના હોયતો ખુન થવાની હકીકતનો બની શકે તેટલો મજબુતમાં મજબુત પૂરાવો અમારે માગવો જોઇએ. અને તે પુરાવ આ કામમાં નથી એમ અમારી નજરમાં આવે છે.

એક બાજુ તરફ રામકીસ્તોની મરણની વખત કહેલી હકીકત વીશે જાશીમુદીન, તેનો બાઇ, અને તેની માની જે સાહેદી છે જે અમારે રાખવી જોઇએ એમ અમારી નજરમાં આવે છે અને તે રાખતાં મારામારી અને અપહરણના આરોપોને પુષ્ટી કરવાને કાંઇ પુરાવ નથી.

અમુદીનની હોડી ચોરયા બાબતના આરોપ વીશે અમારી નજરમાં

આવે છે કે તે ચાલી શકતો નથી. કારણ કે કેદીએ તે પોતાના ઉપીયોગમાં લેવાને તથા કાયમ રીતે પોતાની મીલકત ગણવાને ઇરાદો રાખ્યો હતો એવો કાંઈ પુરાવ નથી. પરંતુ પુરાવ તદન બીજી રીતનો છે.

રાજચંદરરશીના વરંડામાંથી ઓગણીસ ચામડાં ચોરયાના આરોપનો આધાર મુકરજીની રૂબરૂ તે કેદીએ જે હકીકત કહેલી છે તેના ઉપર બીલકુલ છે. અને તે હકીકત અમારી નજરમાં આવે છે કે તે દાખલ કરવા લાયક નથી. અને તેમ અમે કહી ચુકયા છીએ.

આ પ્રમાણે અમારા અભીપ્રાયમાં તે આવેછે કે કેદી ઉપરના તમામ આરોપો બાબત તેને નીરદોશ ઠરાવવો જોઇએ અને કેદમાંથી તેને છોડી દેવો જોઈએ.

અપીલ મંજુર કરવામાં આવી.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૨૦ મી જુલાઈ સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ ગ્રાંટ

સાહેબોની રૂબરૂ.

રાજેંદ્રચંદરરાય ચોદ્રી વિગેરેની અરજીની બાબતમાં.

સુલેહ રાખવાને માટે મુચરકા—બીજા જીલ્લાની અંદર એકાદો સખસ રહેતો હોય તે સખસ પાસેથી જામીન લેવાને હુકમ કરવાનો જીલ્લા માજીસ્તરેટનો અખત્યાર.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૮૨ ના આક્ટ ૧૦) ની કલમ ૧૦૭—કામ ચલાવવાની રીતી.

સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૦૭ ના ઠરાવથી માજીસ્ત્રેટને પોતાના જીલ્લાની હદમાં જે સખસો રહેતા ના હોય તેમના ઉપર હુકમ કાહાડવાને અખત્યાર આપવામાં આવેલો નથી.

જ્યાં માજીસ્ત્રેટ એમ માનતો હોય કે અમારા જીલ્લાની હદની બાહાર રહેનારા અમુક સખસો અમારા જીલ્લાની અંદર સુલેહનો ભંગ કરે તેવો સંભવ છે. તો તે માજીસ્તરેટે યોગ્ય રીતીએ એવું કરવાનું છે કે જે જીલ્લાની અંદર તેઓ રહેતા હોય તે જીલ્લાના માજીસ્ત્રેટને તે હકીકતની ખબર કરાવવી, અને સદરહુ વિચારની પુષ્ટીમા પુરાવ રજુ કરાવવો કે જેથી હકુમતવાળી કોરટ તેઓના ઉપર કામ ચલાવી શકે.

પાનું ૭૩૭ ફરીદપુરના રેહેવાસીઓ બે જમીનદારો રાજેંદ્ર ચંદરરાય તથા મહીમા ચંદ્રરાય ચૌધ્રીની બા

કરગંજ અને ફરીદપૂરમાં મીલકત છે, અને તેનો વહીવટ એજંટો કરેછે તેમના ઉપર બાકરગંજના જોઈટ માજીસ્ત્રેટે એવો હુકમ કરયો કે તેમણે જામીન સાથેના મુચલકા રૂ. ૨૦૦૦૦) ના એક વરસ સુધી સુલેહ રાખવાને સારૂં શા વાસ્તે નહીં આપવા તેનું કારણ બતાવવું.

જોઇન્ટ માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે આ સખસો બાકરગંજમાં સુલેહનો ભંગ કરે તેવો સંભવ છે. તેથી તેઉએ એવો હુકમ કરયો કે દરેકે રૂ. ૫૦૦૦) ના જામીનનું જામીનખત એક વરશ સુલેહ રાખવા સારૂં લખી આપવું. તે જમીનદારોએ હાયકોરટમાં એવી અરજ કરી કે તે હુકમ રદ કરવો જોઇએ, એવા કારણથી કે તેઓ ફરીદપુરના રેહેવાશીઓ છે, માટે બાકરગંજ જોઇંટ માજીસ્ત્રેટે તેઓને સુલેહ રાખવા સારૂં હકુમત વિના બંધનમાં રાખવાને કરેલું છે.

તે અરજદારો તરફથી બાબુ દુરગા મોહનદાસ.

બીજી બાજુ તરફથી બાબુ ચંદ્ર કાનસેન.

કોરટનો (જસ્ટીશ પ્રીનસેપ તથા જસ્ટીસ ગ્રાંટ સાહેબો) ઠરાવ નીચે પ્રમાણે છે:—

જસ્ટીશ પ્રીનસેપ સાહેબઃ—તે અરજદારોને સુલેહ રાખવા સારૂં બંધનમાં રાખવાનો હુકમ રદ કરવોજ જોઇએ. આ સખસો બાકરગંજના માજીસ્તરેટની હકુમતમાં નથી, પરંતુ તેઓ ફરીદપુરના માજીસ્ટરેટની હકુમત તળે છે, અને તેઓ બાકરગંજ જીલ્લાની અંદર સુલેહનો ભંગ કરે તેવો સંભવ છે એમ માલુમ પડેલું છે. આવી હકીકતને લીધે જો ચપરકાશલાલના કામમાં અલહાબાદ હાયકોરટના પુલબેંચે ઠરાવ્યું છે તે પ્રમાણે તથા આ કોરટના કેટલાક ઠરાવો છે તે પ્રમાણે આ સખસોને બાકરગંજના માજીસ્ત્રેટ બંધનમાં લાવી શકતા નથી, તેમને યોગ્ય રીતે એવું કરવાનું હતું કે જો તેમની નજરમાં એવું આવેલું હોય કે બાકરગંજ જીલ્લાની અંદર સુલેહનો ભંગ તેઓ કરે તેવો સંભવ છે તો તેમણે ફરીદપુરના માજીસ્તરેટની રૂબરૂ તે હકીકત જાહેર કરવી, તેની પુષ્ટીમાં પુરાવ રજુ કરાવવો કે જેથી યોગ્ય હકુમતવાળી કોરટ કામ ચલાવી શકે.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૧૩ જુલાઈ સને ૧૮૮૫.

મી. જસ્ટીશ પ્રીનસેપ તથા મી. જસ્ટીશ ગ્રાંટ સાહેબોની રૂબરૂ.

હરેંદ્રનારાયણસીંગ ચોધરી વીગેરેની અરજીની બાબતમાં
હરેંદ્રનારાયણસીંગ ચોધરી વી. ભોબાનીપ્રીય બારૂઆની વીગેરે

ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૮૨ ના આ. ૧૦) ની કા. ૧૪૫—તે કલમ પ્રમાણે કામ ચલાવવાની રીતી—શાક્ષીઓનું હાજર થવું-હાજર કરવાનો હુકમ.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે કામ ચલાવવાની રીતી તે કામ ચલાવવાની રીતીની તમામ બાબતોમાં સમન્સના કામો પ્રમાણે ગણવી જોઇએ, અને આવા કામમાં શાક્ષી ઉપર સમન્સ કાહાડવાનો માજીસ્ટ્રેટનો ફુલ અખત્યાર છે. તોપણ સાક્ષીઓને હાજર કરવા નારૂ યોગ્ય વખતે એકાદો પક્ષકાર અરજ કરે ત્યારે તે માજીસ્ટ્રેટે સ્વચ્છંદાઈથી પોતાની મદદ આપવાને ના પાડવી નહીં જોઇએ અને જ્યાંહાં આવી ના પાડવામાં આવી હોય ત્યાંહાં તે ના કહેવાના માજીસ્ટ્રેટે પોતાનાં કારણો લખવાં જોઇએ.

પાનું ૭૬૨ તા૦ ૧૨ ડીસંબર સને ૧૮૮૪ ના રોજ પહેલાં ભોબાનીપ્રીય બારૂઆની વીગેરે (હવે પછી પહેલી ટોળી કહેવામાં આવશે) અને હરેંદ્રનારાયણસીંગ ચોધરી વીગરે (હવે પછી બીજી ટોળી કહેવામાં આવશે) ની વચમાં ધુપગુપતા ા જંગલના કબજાના હક બાબત તકરારો ઉતપન થએલી હતી.

પહેલી અને બીજી ટોળીની વચમાં જે વધારે તકરાર થએલી તેથી તા૦ ૧૨ ડીસંબર સને ૧૮૮૪ ના રોજ ડીપ્યુટી કમીશનરે એવો હુકમ કરયો છે કે ગૌવરીપુરના કલેકટરે સરકાર તરફથી તે જંગલનો કબજો તે તકરારના પક્ષકારોમાં જો એક કબજા બાબતનો હક દીવાની કોર્ટમાંથી ઠરાવી લાવે ત્યાંહાં સુધી રાખવો.

તે નીશબત રાખનારા પક્ષકારોની અરજ ઉપરથી આ હુકમ હાય કોર્ટે રદ કરયો, અને ડીપ્યુટી કમીશનરને એવો હુકમ કરવામાં આવ્યો કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે રીતસર ચલાવી તે જંગલ કબજે રાખવાનો પોતાનો હક તે પક્ષકારોને શાબેત કરવાનો લાગ આપવો.

આ ઉપરથી ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે તપાસ તે ડીપ્યુટી માજીસ્ટ્રેટે કરી ફરી માહારાણી કેશરેહીંદ વિરૂધ ભોબાની પ્રીયબારૂઆની વિગેરે (પહેલી ટોળી) અને હરેંદ્ર નારાયણ સીંગ ચોધ્રી વીગેરે (બીજી ટોળી) નું કામ એવું તે કામનું નામ પાડયું. સામા પક્ષકારો ઉપર જે નોટીસો કાહાડવામાં આવી છે તેમાં તે જંગલની હદ બતાવવામાં આવી નથી. એવું માલુમ પડેલું છે કે આવી

તપાસમાં બીજી ટોળીને જે શાક્ષીઓ હાજર કરવવાના હતા તેઓને હાજર કરવાને હુકમ કરવા સારૂં તથા કોરટની હકુમત બાહાર રહેનારા શાક્ષીઓ આ ટોળીના હતા તેમને તપાસવાનુ કમીશન કાહાડવાને તે ડીપ્યુટી કમીશનરે ના પાડી છે. અને તેમણે ઠરાવ કરતાં પહેલાં, પેહેલી અને બીજી ટોળીના વકીલોની તકરાર સાંભળવાને પણ તેઉએ ના પ.ડી છે.

તે ડીપ્યુટી કમીશનરનો હુકમ નીચે પ્રમાણે છે —

"તા૦ ૬ માર્ચ સને ૧૮૮૫ ના રોજના હાયકોરટના હુકમ પ્રમાણે તકરારી ધુપ ગુપતાના જંગલના ખરી રીતના કબજા વિશે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૨ પ્રમાણે અમે તપાસ કરવા માંડેલી હતી. તે તપાસ લાંબી કરવામાં આવેલી છે. અઠાવીશ શાહેદો અને ઘણા દસ્તાવેજો અમે તપાસ્યા છે, પણ અમારા અભીપ્રાય પ્રમાણે આ તપાસ સાથે કાંઇ સબંધ આ દસ્તાવેજોનો નથી તેમ છતાં તે ફાઇલ કરવામાં આવેલી છે. તા૦ ૧૨ ડીસેમ્બર સને ૧૮૮૪ ના રોજ ખરી રીતે જે કબજો હતો તેજ બાબત તપાસ અમે કરેલી છે, કારણ કે તે તારીખે ગોઆલપરાના કલેકટરે તે જંગલ કબજામાં લીધું છે. આ જંગલ કબજે રાખવાના હકક બાબત કેટલાક વરશોથી તકરાર ચાલે છે તેથી તે જીલ્લામાં જાથુ તોફાન થવાનું કારણ બનેલું છે, અને બેમાંથી એકકે પક્ષકાર દિવાની કોરટની મદદ લે તેવું નથી.

"ખરી રીતના કબજા બાબત જે પુરાવ અમે લીધેલો છે તે ઘણોજ એક બીજા વીરૂધ છે. એક પક્ષકારે જે કહેલું છે તે બીજા પક્ષકારે સ્પષ્ટ રીતે ઇનકાર કરેલું છે. તોપણ અમારી એવી ખાતરી થએલી છે કે તકરારી જમીનનો કબજો કલેકટરે જે વખતે લીધો તે વખતે પહેલી ટોળીનો લાંબી મુદતથી કબજો હતો; તોપણ તેના તે કબજા બાબત બીજી ટોળી તકરાર કરતી હતી. અને તે જગામાંથી તે પહેલી ટોળીને કાહાડવાને જાથુ ઇલાજો કરવામાં આવેલા છે. બીજી ટોળીએ જે સાક્ષીઓ રજુ કરેલા તે તમામની સાહેદી અમે લીધી છે, પરંતુ એકે બાજુના કોનસલની તકરાર સાંભળવાની જરૂર અમારી નજરમાં આવતી નથી. અમારા અભીપ્રાયમાં આવે છે કે તા૦ ૧૨ ડીસંબર સને ૧૮૮૪ ના રોજ તે ધુપચુપતા જંગલ (જે તારીખે ગોઆલપુરાના કલેકટરે તે જપ્ત કરયું) ગૌરીપૂરના જમીનદાર (પહેલી ટોળી) ના કબજામાં હતું. માટે અમે ઠરાવીએ છીએ કે કાયદા પ્રમાણે તેમની પાસેથી કબજો છોડાવવામાં આવે ત્યાંહાં સુધી તે પહેલી ટોળીનો તે કબજો રાખવાનો હકક છે. માટે આ પ્રમાણે કબજો છોડાવતાં સુધી તે કબજા વિશે તમામ તો-

ફાનની મનાઈ કરૂં છું."

હરેંદ્ર નારાયણસીંગ ચૌધ્રી વીગેરેએ (બીજી ટાળી) હાયકોરટને આ હુકમ રદ કરવાને અરજ નિચેના કારણોથી કરી છે:—

(૧) ડીપ્યુટી માજીસ્ત્રેટે કલેકટર તરીકે તા૦ ૧૨ ડીસેમ્બર સને ૧૮૮૪ ના રોજ તે જંગલનો કબજો લીધો તે તારીખના કબજા બાબત તપાસ કરવામાં આવેલી છે તે ડીપ્યુટી કમીશનરની ભુલ છે.

(૨) જે વખતે પક્ષકારોની વચમાં તકરાર ઉત્પન્ન થઇ અને કામ શીરૂ થયું તે વખતે ખરી રીતે જે કબજો હતો તે હકીકત બાબત ઠરાવ કરવાને તે ડીપ્યુટી કમીશનરે તપાસ કરવી જોઇતી હતી.

(૩) બીજી ટાળીએ જે શાક્ષીઓ બોલાવેલા હતા તેમના ઉપર ડીપ્યુટી કમીશનરે હુકમો કાહાડીને શાક્ષીઓને હાજર થવાની ફરજ પાડવી જોઇતી હતી, અને કાંઇ ઠરાવ કરતાં પહેલાં વકીલોની તકરાર તેમણે સાંભળવી જોઇતી હતી.

(૪) પક્ષકારોએ જે શાક્ષીઓ રજુ કરેલા છે તેમની શાહેદી લેવાનેજ તે ડીપ્યુટી કમીશનરે તપાસ કરવી જોઇતી નહીં હતી.

(૫) બીજી ટોળીના જે શાક્ષીઓ હકુમત બાહાર છે તેમની શાક્ષી લેવાને કમીસન કાહાડવાની અરજ તે ડીપ્યુટી કમીશનરે કબુલ કરવી જોઇતી હતી.

(૬) બીજી ટોળીએ જે દસ્તાવેજી પુરાવ રજુ કરેલો છે તે ડીપ્યુટી કમીશનરે વિચારમાં લેવો જોઈતો હતો.

(૭) બીજી ટોળીની તરફથી જે સાક્ષીઓ તપાસવામાં આવેલા છે તેમના ઉપર ભરૂંસો નહીં રાખવાને ડીપ્યુટી કમીશનરે કાંઇ કારણ બતાવ્યું નથી.

(૮) તે તપાસ અને તપાસ ખાંમી ભરેલું અને બીલકુલ બરોબર નથી, કારણ કે જે નોટીશો કાહાડવામાં આવેલી તેમાં અથવા કરેલા હુકમમાં તે જંગલના તકરારી ભાગની હદ બતાવવામાં આવી નથી.

(૯) તે ડીપ્યુટી કમીશનરે તે જંગલ ખરી રીતે એમાંથી કીયા પક્ષકારના કબજામાં હતું અને કેટલુ અને તેનો કીયો ભાગ તે નક્કી કરી ઠરાવવું જોઇતું હતું.

(૧૦) પહેલી ટોળીએ તે તમામ જંગલ પોતાના કબજામાં રહેવા દેવું એવો તે ડીપ્યુટી કમીશનરે હુકમ કરવો જોઇતો નહીં

હતો, કારણ કે જે પેહેલી ટોળી કહેવામાં આવી છે તે ટોળીએ આ કામમાં ધુપગુપ્તા જંગલ કહેવામાં આવેલું છે તે તમામ તેમના કબજામાં હતું એવું શાબેત કરેલું નથી.

(૧૧) કામની હકીકત પ્રમાણે તે ડીપ્યુટી કમીશનરે સ્થાનીક તપાસ કરવી જોઇતી હતી, અથવા તે કરવાને ફરમાવવું જોઇતું હતું.

અરજદારોના તરફથી મી० આડવોકેટ જનરલ (મી० જી. સી. પાલ,] બાબુ હેમચંદ્ર બાનરજી અને બાબુ ઉમાકાલી મુકરજી.

સામાવાળા તરફથી મી० પુગ, બાબુ શ્રીનાથદાસ અને બાબુ કીશોરલાલ સરકાર.

કોરટનો હુકમ (જસ્ટીસ પ્રીનસેપ તથા જસ્ટીસ ઘોંઠ સાહેબો) નીચે પ્રમાણે છે:—

આ કોરટના એક બીજા ડોવીઝન બેંચની રૂબરૂ આ કામ ચાલેલું હતું. તે બે જમીનદારોની વચમાં એક જંગલ સબંધી તકરાર બાબતનું છે. પહેલી વખતે ડીપ્યુટી કમીશનરના અભીપ્રાયમાં એવું આવેલું કે આ જંગલ બાબત તકરાર છે; માટે તે તકરાર કરનાર પક્ષકારોમાંનો એક પક્ષકાર દીવાની કોરટથી તે ઉપર પોતાનો હકક ઠરાવી લાવે ત્યાં હાં સુધી તે કબજો કલેકટરે રાખવો એવું ફરમાવેલું હતું. આ હુકમ ગયા માર્ચ માસમાં આ કોરટના ડીવીઝન બેંચે રદ કરેલો હતો, અને એવું ઠરાવ્યું હતું કે કલમ ૧૪૫ મી પ્રમાણે રીતસર કામ ચલાવી પક્ષકારોને તે જંગલનો પોતાનો કબજો શાબેત કરવાનો લાગ આપવો જોઇતો હતો, અને પક્ષકારો હાજર હતા, તેથી હાયકોરટે ઠરાવેલું છે કે તે કામ ચલાવવું.

આ હુકમ કરવામાં આવ્યો તે વખતે કીયા પક્ષકારનો કબજો હતો એ વિશે ઠરાવ કરવાથી કાંઇ ફળ નથી, કારણ કે તે કબજો કલેકટરની પાસે છે એમાં કાંઇ વાંધો નથી, માટે અમે સમજીએ છીએ તે પ્રમાણે આ કામનો એવો હેતુ થાય છે કે જ્યારે કલેકટરે કબજો લીધો તે વખતે જે કબજો હતો તેનું નક્કી કરવું.

બીજી જે બાબત અમારે અભીપ્રાય આપવાની જરૂર છે તે હાલ જે તકરારી મીલકત છે તે સબંધી છે. વિદ્વાન આડવોકેટ જનરલે ફરીયાદ કરી છે. કાંઇ ખાસ હદ બતાવવામાં આવી નથી. પરંતુ તે પ્રોસીડીંગ ઉપરથી અમારા સમજવામાં આવે છે તે પ્રમાણે તે પક્ષકારો તથા જે ડીપ્યુટી કમીશનરે તે કામની તપાસ કરેલી છે. તેમના જાણવામાં સારી

પેઠે છે કે તકરારી બાબત શી છે. એટલે દેશનો રીવાજ જે આ જંગલ પ્રમાણે છે તે તેમના જાણવામાં સારી પેઠે છે.

માટે અમારી નજરમાં આવે છે કે આ તકરારમાં કાંઇ નથી.

કલમ ૧૪૫ મી પ્રમાણે તે ડીપ્યુટી કમીશનરે કામ શીરૂ કરયું ત્યાર પછી બીજી ટોળીએ બે દરખાસ્તો આપી અરજ કરેલી છે કે અ-ગારા શાક્ષીઓ ઉપર સમન્સ કરવા જોઈએ. આ બેઉ દરખાસ્તો કાંઇ કારણ બતાવ્યા વિના ડીપ્યુટી કમીસનરે રદ કરી છે. હવે આ બાબતમાં કલમ ૧૪૫ મીના શબ્દો કેટલાક સ્પસ્ટ નથી. તે શબ્દોથી ફકત એવું ઠરાવવામાં આવેલું છે કે તે તપાસની તારીખે પક્ષકારોએ પોત પોતાનો રજુ કરેલો પુરાવ માજીસ્ત્રેટે લેવો. તે કાયદામાં કોઇ ઠેકાણે ઠરાવ્યું ન-થી કે આ પ્રોશીડીંગ જે સમન્સના કામોથી અથવા વારંટના કામોથી ઓળખાય છે તે પ્રમાણે કીયા પ્રોસીડીંગ પ્રમાણે ગણવું. પરંતુ અમારા વિચારમાં આવે છે કે તમામ બાબતમાં આ પ્રોસીડીંગ સમન્સના કામ પ્રમાણે ગણવું જોઇએ, તો પણ અમારી નજરમાં જો કે એવું આવે છે કે યોગ્ય વખતે દરેક પક્ષકારે બોલાવેલા શાક્ષીઓ ઉપર સમન્સ કાહાડવાને તથા તેમને હાજર થવાનો હુકમ કરવાને માજીસ્ત્રેટનો તદન કુલ અખત્યાર છે તો પણ માજીસ્ત્રેટે પોતાની મદદ આપવાને સ્વચ્છંદાઇથી આ કામમાં દેખીતુ કરેલું છે તે પ્રમાણે ના પાડવી નહીં જોઇએ. આ કામમાં સમન્સની બાબત દરખાસ્તો તા૦ ૩૧ માર્ચ ના રોજ કરવામાં આવી છે, અને તે કામનો નિકાલ તા૦ ૭ મે સુધી કર-વામાં આવેલો નહીં હતો, માટે તે સમન્સો બજાવવાને પુસકળ લાગ હતો. તો પણ માજીસ્ત્રેટે એક વખતે કહેલું છે કેઃ—"તે પક્ષકારોએ પોતાના શાક્ષીઓ રજુ કરવા નહીં જોઈએ. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણેના કામમાં ૯૯ કરતાં ઓછા શાક્ષીઓ ઉપર સમન્સ કરવાની આ દરખાસ્ત નથી.!' અને બીજી દર-ખાસ્ત ઉપરથી તેમણે તેવોજ હુકમ લખેલો છે કે ૯૯ શાક્ષીઓને બ-દલે ૧૧૪ શાક્ષીઓની સંખ્યા છે. પરંતુ સમન્સ કાહાડવાની ના કેહેવાને શાક્ષીઓની સંખ્યા ઉપરથી અવસ્યે કરીને કારણ થતું નથી. જો પક્ષ-કારોએ ૯૯ અને ૧૧૪ શાક્ષીઓ કોરટમાં રજુ કરયા હોત તો, તેઓને તપાસવાને માજીસ્તરેટ બંધાત. શાક્ષી ઉપર સમન્સ કરવાની દરખા-સ્તમાં શાક્ષીઓની ઘણી સંખ્યા હોય તેથી તે દરખાસ્ત નામંજુર કરવાનું કાંઇ કારણ નથી.

અમારી નજરમાં આવે છે કે જે બીજી હરકત લેવામાં આવી છે તે વિશે કાંઇ બળવાન કારણ નથી. કારણ કે જે શાક્ષીઓ હાજર હતા

તેમાંના કોઇ શાક્ષીને તપાસવાને માજીસ્રેટે ના કહેલી હોય એમ જણાતું નથી. તે હુકમ એવો છે કે જે શાક્ષીઓ હાજર છે તેમાંના વધારે તપાસવાને વકીલો મરજી રાખતા નથી.

બીજી હરકત જે દસ્તાવેજી પુરાવ રજુ કરવામાં આવેલો છે તે માજીસ્રેટે વિચારમાં લીધો નથી તે બાબતની છે. તેમણે પોતાનો અભીપ્રાય કહી બતાવ્યો છે કે તે દસ્તાવેજોને આ તપાસ સાથે સબંધ નથી. જેમ વિદવાન કોનસલે બતાવ્યું છે તે પ્રમાણે તેમણે પોતાના ફેંસલાના એક બીજા ભાગમાં બેઉ બાજુના વકીલોની તકરાર સાંભળવાને ના પાડી છે તેથી માજીસ્ટરેટે ઘણું કરીને આવો નીશ્ચે કરેલો છે. જો તેમણે તે તકરારો સાંભળી હોત તો, બીજી બાબતો ઉપર તે દસ્તાવેજી પુરાવ આપવાનો ઇરાદો છે તે બાબતો ઉપર તેઉનું લક્ષ દેવરાવવામા આવત.

આ કામનો ઠરાવ કરતાં પહેલાં વકીલોની તકરાર સાંભળવાની માજીસ્રેટે ના કહેલી છે તે પણ તેમણે ખોટું કરેલું છે.

માટે અમારી નજરમાં આવે છે કે તે કામની તપાસ તે ડીપ્યુટી કમીશનરે ફરીથી કરવી જોઇએ, અને તે પક્ષકારો યોગ્ય મુદતની અંદર સમન્સ કરવાને દરખાસ્તો આપે તો, તેમને હાજર કરાવવાનો તે પક્ષકારોને તેમણે લાગ આપવો. તો પણ જો તેમની નજરમાં એ આવે કે તે શાક્ષીઓ ફકત હેરાનગતી વાર લગાડવા અથવા ઇનશાફનો હેતુ પાર નહીં પાડવા દેવાને અથવા બીજા બળવાન અથવા ગુપ્ત કારણથી કરવામાં આવી છે તો તે દરખાસ્તો ના મંજુર કરવાનો કુલ અખત્યાર તેમણે પોતાના રાખવાનો છે.

ફરી તપાસ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૧૨ મું.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૨૨ સપટેમ્બર સને ૧૮૮૫.
મી૦ જસ્ટીશ પીગટ અને મી૦ જસ્ટીશ ઓફીનીલી
સાહેબોની રૂબરૂ.

જગેશ્વરદાસ વિગેરેની અરજીની બાબત.

જગેશ્વરદાસ વિગેરે વિરૂદ્ધ કઈલાશચંદ્ર ચાતરજી.

બીગાડ—પીનલકોડ (સને ૧૮૬૦ ના આક્ટ ૪૫) ની કલમ ૩૪૧, ૪૨૫—ખોટી રીતે અટકાવ—ખોટી રીતે નુંકસાન કરે તેવો હકકનો હુમલ્લો.

એક ગાડામાં અમુક માલ હતો તે માલ તે ગાડામાં ફરીઆદીએ ખસેડવાને સારૂં મુકેલો હતો પરંતુ તોહોમતવાળો આવ્યો, અને બળદો ઉપરથી ધુંસરૂં ઉતારી દીધું. અને તે ગાડા ઉપરથી તે માલ ફેંકી દીધો. તે ઉપરથી તે ફરીઆદી એકદમ ત્યાં પડતો રાખી ગયો. તેમાં ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૪૧ પ્રમાણે હકીકત છે તે પ્રમાણે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી.

પરંતુ કલમ ૪૨૫ માં તે ગુન્હાનો સમાસ થાય એવો બીગાડ થએલો છે.

વળી ઠરાવવામાં આવ્યું કે કલમ ૪૨૫ પ્રમાણે નાશકારક રૂપનું નુકશાન થવામાં અવશ્ય કરીને હેતુ નથી. તે કલમ પ્રમાણે ફકત હકકનો હુમલ્લો થવો જોઇએ. અને તે હુમલ્લો થવાથી એકની મીલકતની કીમત માં કમી થવું જોઈએ અને તે હુમલ્લો કરનારનો હેતુ તે હુમલ્લો કરતી વખતે તેવું કરવાનો હેવો જોઈએ.

પાનું ૫૬ મું. આ કામમાં અરજદારોને પીનલકોડની કલમ ૩૪૧ પ્રમાણેના ગુન્હાના ગુન્હેગાર ઠરાવેલા છે.

ગયા અગષ્ટ માસની તા૦ ૫ મીના રોજ તે ફરીઆદીએ પોતાની દુકાનમાંથી એક લોઢાની પેટી તથા એક બીજી પેટી ખસેડી બીજા હાટમાં લેઇ જવાને કરેલું હતું એવું પુરાવ ઉપરથી જણાય છે. તોહોમતવાળો આવી પોહોચ્યો અને તેણે તેને હુકમ કરયો કે તારે તે પેટીઓ ખશેડવી નહીં. પરંતુ તે હુકમ માનવાને તેને ના કહી તેથી તે ગાડી ઉઠલાવી રસ્તા ઉપર તે પેટીઓ નાંખી દીધી. અને ફરીઆદી જ્યાં તે પડેલી હતી તે મુકીને નવા હાટમાં ગયો. જે હાટમાંથી તે પેટીઓ ખસેડતો હતો તે હાટ તે તોહોમતવાળાને નોકરીમાં રાખનારાઓનું હતું.

તોહોમતવાળાઓએ સોગન ઉપર કહ્યું છે કે ફરીયાદીએ કહેલી હકીકત બાબત અમે કાંઈ જાણુતા નથી. પરંતુ ખોટી રીતે અટકાવ કરવા બાબત તેમને ગુન્હેગાર ઠરાવ્યા. અને પીનલકોડની કલમ ૩૪૧ પ્રમાણે પંદર દિવસ સખત મજુરી સાથે કેદની સિક્ષા કરી.

આ શીક્ષાના હુકમ ઉપર તોહોમતવાળાએ આ અરજી આપેલી છે.

અરજદારો તરફથી મી૦ આર. મીત્તર અને મુનશી શીરાજુલ ઇસલામ.

કોરટનો ફેંસલો જસ્ટીશ પીગટ સાહેબે નીચે પ્રમાણે આપેલો છે.

અરજદારોને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૪૧ પ્રમાણે માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવેલા છે. સમન્સ કાહાડતી વખતે. પરંતુ તે કાહાડતાં પેહેલાં માજીસ્ત્રેટે તે ફરીઆદીને તપાશેલો હતો. તે અરજીની પીઠ ઉપર માજીસ્તરેટે તેની જે સાહેદી લીધેલી છે તેમાં તેણે કહયું છે કે જે મુખ્ય બનાવ વીસે હું ફરીઆદ કરૂં છું તે વખતે હું જાતે હાજર નહી હતો. માજીસ્ત્રેટની રૂબરૂ તેણે એમ કહેલું જણાય છે કે તે હાજર હતો. તેણે જે ફરીઆદ કરેલી છે તે એવી છે કે તા૦ ૫ અગસ્ટના રોજ હું અગર જેઓ માહારી નોકરીમાં હતા. તેઓ તોહોમતવાળો જેઓના નોકરીમાં હતો. તેઓના હાટમાંથી ચાંપ દાંડીમાં એક નવા હાટમાં કેટલીક નવી ચીજો ખસેડી લેઇ જતા હતા, તોહોમતવાળાએ કહયું કે તે ચીજો ખસેડવી નહી જોઇએ. અને તેને તે નહી સાંભળતાં તેઓએ તે ગાડી ઉંધી વાળી તેથી તે ચીજો જમીન ઉપર પડી ગઇ અને જ્યાં હતી ત્યાં કેટલાક દીવસ સુધી રહી. ફરીઆદીની આ વાત બાબત કાંઇ તકરાર કરવામાં આવેલી નથી. અને આવી હકીકતને લીધે માજીસ્ત્રેટે હીં૦ ફો૦ કા૦ ની કલમ ૩૪૧ પ્રમાણે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવેલો છે.

અમારી નજરમાં આવતું નથી કે જે હકીકત છે તે પ્રમાણે તે કલમ મુજબ તે ગુન્હાની સાબેનીનો ઠરાવ ચાલી શકે છે. તે આરોપ ખોટી રીતે અટકાવ કરયા બાબતનો રાખવામાં આવેલો છે. અને ફરીઆદીનો [illegible] સમન્સ કાહાડતી વખતે અગર સમન્સ કાહાડતાં પહેલાં જેઓ આપેલો છે તેવો લેવાનો હોય અગર માજીસ્ત્રેટની રૂબરૂ સુનાવણી વખતે આપેલો હોય તોપણ તે ખોટી રીતે અટકાવ કરયાના વીચારથી અનુંસરતો નથી. એમ અમને જણાય છે. એક બાબતમાં તે હાજર નહી હતો અને બીજી બાબતમાં તે ચીજો ને ગાડીમાંથી કાહાડી નાંખવામાં આવી ત્યાર પછી તે નવે હાટ ગયો હતો. પરંતુ અમારી નજરમાં આવે છે કે આ કામનો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૨૫ માં સમાસ થતો ન-

થી. અને જે સખસોએ તે મીલકતની સ્થીતીમાં ફેરફાર કરવાને ઇરાદો રાખેલો હતો અગર તેથી ખોટી રીતનું નુકશાન કોઇ સખસને એટલે ફરીઆદીને એવી રીતે થશે કે તેની કીમત અગર ઉપયોગીપણામાં હરકત થાય. અગર તેને ઇજાકારક નુંકશાન થાય તેવું તેઓને જાણવાને સંભવ હતો. તેમ છતાં તેવો ફેરફાર તે મીલકતમાંથી થએલો છે. અમારી નજરમાં આવે છે કે આ કામની હકીકતથી તે શબ્દો પ્રમાણે જોઇતી રીતે થએલું છે. તે ગાડીમાંથી ગેરકાયદે માલ ખશેડવામાં આવેલો હતો. અને તે માલના માલેકે થોડી અગર વધારે હરકત થશે તેવો ફેરફાર તેમાં થવોજ જોઇએ. એવું જાણીને તે માલની સ્થીતીમાં ગેરકાયદે થએલો છે. અને તેથી કરીને એક જગોએથી બીજી જગોએ તે માલ લઇ જતાં ગાડીમાંથી તેને નાંખી દેવામાં આવ્યો તેથી તેના ઉપયોગીપણામાં કેટલેક દરજ્જે કમી થવું જોઇએ. માટે તેટલે દરજ્જે તે માલનો ઉપયોગ ઓછો થયો હતો અને તેટલે દરજ્જે તેને ઇજા થએલી. અમારી નજરમાં આવે છે કે જે નુકશાન આ કલમ પ્રમાણે થવું જોઇએ તે સારૂં તે નાશકારક રીતનું થવાની જરૂર નથી. જે થવું જરૂરની જરૂર છે તે એટલુંજ છે કે હકનો હુમલો થવો જોઇએ અને તે હકના હુમલો કરતી વખતે તે કરનારનો જેવો ઇરાદો હોવો જોઇએ તે પ્રમાણે તેથી એકની મીલકતની કીમત કમી થવી જોઇએ.

સીક્ષા સબંધી અમારી નજરમાં આવતું નથી કે જે હકીકત છે તે પ્રમાણે તે સીક્ષા જોઇએ તેના કરતાં વધારે છે તે ગુનહો એવો છે કે જો કે તે ગુનહો ભારે નથી તોપણ તેમાં કેટલે દરજ્જે ઘણી અગત્યતા રહેલી છે માટે અમારી નજરમાં આવે છે કે માજીસ્તરેટે પોતાના ફેંસલામાં જે કારણો બતાવેલાં છે, તે હકીકત પ્રમાણે તે સીક્ષા બરોબર છે એવુ બતાવવાને તદન બસછે. સબબ અમો કલમ ૩૪૧ પ્રમાણેના ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ અને તેને બદલે કલમ ૪૨૬ પ્રમાણે ગુનહાની શાબેતીનો ઠરાવ અમે કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે જેટલી શીક્ષા ભોગવવાની હજુ બાકી રહેલી છે તેટલી કેદની શીક્ષા તે કેદીઓએ ભોગવવી,

(આ ફેંસલાનો બાકીનો ભાગ આ રીપોર્ટના કારણસર અગત્યનો નથી.)

ગુનહાની સાબેતીના ઠરાવમાં ફેરફાર કરવામાં આવ્યો પણ શીક્ષાનો હુકમ કાયમ રાખવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૨૪ આગસ્ટ સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીસ ગોઝ સાહેબોની રૂબરૂ.

દીનોનાથ મલીકની અરજીની બાબતમાં.

દીનોનાથ મલીક વીરૂધ ગીરજાપ્રસનો મુકરજી.

સુલેહ રાખવાને સારૂ મુચરકો—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) ની કલમ ૧૦૭—બીજા જીલ્લામાં રહેનાર સખસના જામીન માગવાને જીલા માજીસ્ટ્રેટનો અખત્યાર.

જે સખસ જે માજીસ્ટ્રેટની હકુમતની અંદર જાતે ના હોય તેના ઉપર ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૦૭ પ્રમાણે કામ ચલાવવાનો તે માજીસ્તરેટને હકુમત નથી. જયપ્રકાશલાલની અરજીની બાબતમાં તથા રાજેન્દ્રચંદ્રરાય ચોઢીની અરજના કામમાં જે ઠેરાવ કરેલો છે તે પ્રમાણે ચાલતામાં આવ્યું.

એમ ધારીએ કે હકુમત છે. તોપણ તે એવું કામ નથી કે અરજદારે જાતે હાજર થવાને માજીસ્તરેટે હુકમ કરવો જોઇએ. કારણ કે તે દુર રહે છે અને એવી કાંઇ ખાસ હકીકત નથી કે જેથી તેને જાતે હાજર રહેવાની જરૂર થાય. અને કલમ ૧૧૬ પ્રમાણે વકીલની મારફતે તેને હાજર રહેવાની પરવાનગી આપવાને તે માજીસ્તરેટને અખત્યાર છે.

પાનુ ૧૩૩ અરજદાર દીનોનાથ મલીકે પોતાના એક એજંટની મારફતે બાંનગાંગના ડેપુટી માજીસ્તરેટને એવી મતલબની અરજી કરેલી છે કે અરજદારના બાગ ઉપર ગીરજાપ્રસનો મુકરજી અને તેના નોકરો જબરાઇથી એક બાજુ બાંધવાને કોશીશ કરી સુલેહનો ભંગ કરે એવી ધાસ્તી છે. માટે અમારી સાથે તે સુલેહ રાખે એવા તેઓના મુચરકા લેવા જોઇએ. આવીજ અરજીઓવળી પાછળથી ગીરજાપ્રસનો મુકરજી તથા તેના માણુસો તરફથી તે અરજદાર અને તેના નોકરોની તરફ શુલેહ રાખવાને સારૂ જામીન લેવા સારૂ કરવામાં આવેલી છે. તે માજીસ્તરેટે પોલીસનો રીપોટ માગ્યા પછી બેઉ પક્ષકારો અને તેઓની સાથે એવો હુકમ કરવામાં આવેલો છે કે તા૦ ૬ અગસ્ટના રોજ તે માજીસ્તરેટની રૂબરૂ હાજર થઇ તેઓના જામીન શા વાસ્તે લેવા નહી જોઇએ તેનું કારણુ બતાવવું.

આ ઉપરથી બીજાઓની સાથે તે અરજદાર ઉપર એવી નોટીશ કાહાડવામાં આવી કે તે ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ તમારે જાતે હાજર થઇ સુલેહ રાખવાને સારૂ શાવાસ્તે તમારે બંધાવવું નહી જોઇએ તેનું

કારણ બતાવવું.

તા૦ ૩ અગર તા૦ ૪ થી ઓગસ્ટ સને ૧૮૮૫ ના રોજ અગર તે અરસામાં તે અરજદારે વઇદકી શરટીફીકેટ સાથે તે ડીપુટી માજીસ્તરેટને એવી અરજ કરી કે ઘણી ગંદગી છે માટે તે કારણથી મને જાતે હાજર થવાને માફ કરવો જોઇએ. પરંતુ તે અરજી નામંજુર કરવામાં આવી. અને બંનગોગામાં ડીપુટી માજીસ્તરેટની કોરટમાં તે અરજદારને જાતે હાજર થવાને તેના ઉપર વારંટ કહાડવાગાં આવ્યું. અને તે વારંટની રૂઇએ તેને પકડવામાં આવ્યો. પણ તેને જામીન ઉપર છોડવામાં આવ્યો.

તે અરજદારે કહ્યું છે કે હું કલકતાગાં અપર સરક્યુલર રોડ ઉપર નંબર ૮૧ ના મકાનમાં રહુછું. અને મહારી જમીનદારી કે જયાં સુલેહનો ભંગ થવાની ધારતી છે, ત્યાં હું કોઇ દીવશ ગએલો નથી. અને તે જમીનદારી જેસોર જીલામાં છે. અને તે મહારા નાએબના વહીવટ નીચે છે. તેથી તેણે અરજ કરી કે માજીસ્રેટનું તે પ્રોશીડીંગ રદ થવું જોઇએ અને નીચેના કારણોથી મને મહારા મુખત્યારની મારફતે હાજર થવાને પરવાનગી આપવી જોઇએ:—

(૧) બંગગાંગના ડીપુટી માજીસ્તરેટનુ પ્રોશીડીંગ કાયદા વીરૂધ અને ગેરશીરસ્તે છે.

(૨) આ કામની હકીકત છે તે પ્રમાણે માજીસ્તરેટે મને જાતે હાજર થવાને ફરમાવેલું છે તે હુકમ કાયદા વીરૂધ અને ગેર વ્યાજબી છે.

(૩) ફો. કા. ચ. ની રીતીના કા. ની કલમ ૧૦૭ પ્રમાણે તે માંજીસ્તરેટને જે સખશ જીલાની હદની અંદર રહેતો ના હોય તેના ઉપર હુકમ કહાડવાને હકુમત નથી.

અરજદાર તરફથી મી૦ પુગ અને બાબુ બઇકોનાથ દત:—

અરજદાર તરફથી મી૦ પુગે તકરાર કરી કે માજીસ્તરેટની હકુમતની અંદર જે સખશ રહેતો ના હોય તે સખશના ઉપર હુકમ કરવાને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૦૭ પ્રમાણે તે માજીસ્તરેટને હકુમત નથી. અને તેમણે જયપ્રકાશલાલની બાબતનો તથા રાજેંદ્ર ચંદરરાય ચોદ્રીની અરજીની બાબતનો ઠરાવ બતાવ્યો.

કોરટનો ફેંસલો જષ્ટીશ વીલસન સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામમાં અરજદાર બાબુ દીનોનાથ મલીક છે. તેમણે એવો હુકમ મેળવ્યો છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૦૭ અને તે નીચેની કલમો પ્રમાણે બંનગાંગના ડીપુટી માજીસ્તરેટે જે કામ

ચલાવેલું છે અને જેથી તે અરજદારને હરકત થાયછે. તે કામ શા વાસ્તે રદ કરવું નહી જોઇએ તેનું કારણ બતાવવું. જે મુખ્ય કારણ ઉપરથી તે પ્રોશીડીંગ ગેરકાયદે છે એવી તકરાર કરવામાં આવી છે તે આ છે. એવું કહેવામાં આવ્યું છે કે કલમ ૧૦૭ પ્રમાણે તે ડીપુટી માજીસ્તરેટની હકુમતની અંદર જે સખશ કોઇ રહેતે નથી, તે સખશના વીરૂધ કાંઇ પણ પ્રોશીડીંગ ચલાવવાને તે ડીપોટી માજીસ્ત્રેટને હકુમત નહી હતી. તે કલમ એકલીજ જોતાં તેનો અરથ તદન અંદેશાગાંથી રહીત છે. એમ નહી હોય. તે કલમના શબ્દો ઘણુંજ સ્પસ્ટ નથી. અને વખતે તેના બે અરથ થઇ શકે વખતે તે કલમનો અરથ એવી રીતે થાય કે એકાદો સખશ ગમે તે હોય પરંતુ તે સખશ માજીસ્તરેટની સ્થાનીક હકુમતની અંદર સુલેહનો ભાગ કરે તેવો સંભવ છે. તો તે માજીસ્તરેટ કામ ચલાવી શકે આ પ્રમાણે તે વાંચી શકાય બીજી બાજુ તરફ માજીસ્તરેટની હકુમત સાધારણ રીતે તેની સ્થાનીક હકુમત સબંધી છે. અને આ તેમની સ્વતા હકુમત છે. એટલે ગુનહાની શીક્ષા કરવાની હકુમત નહીં પણ ગુનહા કરતાં સખસોને અટકાવવાને તે એક હકુમત છે. વળી એમ કહી સકાય કે જે અશલ નીયમ છે કે માજીસ્તરેટની હકુમત તે સ્થાનીક છે. તે સબંધીમાં તે કલમ વાંચવી જોઇએ. અને જે એવા શબ્દો છે કે "જ્યાં માજીસ્તરેટને એવી ખબર મળે કે કોઇ સખશ તેમની સ્થાનીક હકુમતની અંદર સુલેહનો ભંગ કરે તેવો સંભવ છે." તો તે શબ્દો હરકોઇ સખશ તેમની હકુમતને પાત્ર હોય તેનેજ લાગુ થઇ શકેછે. અમે અમારા પોતાના વીચાર પ્રમાણે કહેતાં તે શબ્દો ઉપરથી અમારે એવો વીચાર કરવો જોઇએ કે તે શબ્દોનો વધારે સંકોચતા ભરેલો અરથ છે. અમારી નજરમાં આવે છે કે સુગમતા પ્રમાણે નકી તે અરથ ઘણોજ થાય છે. વધારે બોહોળો અરથ કરવાથી હીંદુસ્થાનના કોઇ પણ ભાગમાં કોઇ પણ માજીસ્તરેટને એવી એક તરફી હકીકત મળે કે તેમની હકુમતની અંદર સુલેહનો ભંગ હીંદુસ્થાનમાંના ભાગમાંનું કોઇ પણ માણસ કરે તેવો સંભવ છે, તો તે હરકોઇ ભાગમાંથી તે માણસને પોતાની કોરટમાં હાજર થવાની ફરજ પાડે એવો તેમને તેથી અખત્યાર મળે. આથી ઘણી ભારે હરકત થાય અને ઘણીજ બીન જરૂરીયાત હરકત થાય. કારણ કે તે કલમના છેલા ભાગમાં ઠરાવ્યું છે કે જ્યારે સુલેહનો ભંગ થવાને સંભવ હોય ત્યારે જે કોઇ સખશ જે જીલામાં હોય તે જીલામાં તેના વીરૂધ કામ ચલાવી શકાય છે. માટે શુગમતાના વીચારો વધારે સંકોચતા ભરેલા અરથના લાભમાં છે.

વળી તે વીચારોને આધારથી પુષ્ટી મળે છે. અમને બે કામો બ

તાવવામાં આવેલાં છે તેમાં જયપ્રકાશલાલની અરજીનુ પેહેલુ કામ છે તેમાં અલ્હાબાદ કોરટના ફુલબેંચે તે બાબત વીસે વીચાર કરેલો છે, અને તે ઓએ એવો નીશ્ચે કરેલો છે કે માજીસ્તરેટની સ્થાનીક હકુમતની અંદર જે સખશ ના હોય તેના ઉપર કામ ચલાવવાને માજીસ્તરેટને હકુમત નથી. તે શવાલનો વીચાર ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણેના ફરી તપાસમાં રાજેંદ્રચંદ્રરાયચોદ્રીની અરજીનુ હતુ તેમાં આ કોરટનાં ડીવીઝન બેંચે વીચારેલો જણાય છે. અને તે કલમનો અરથ તેવોજ કરેલો જણાય છે. આ ઠરાવો પ્રમાણે ચાલવું તે બરોબર છે એમ અમારી નજરમાં આવે છે. તે કારણથી અમારા સમજવામાં આવે છે કે બાબુ દીનાનાથ મલીકને તે પ્રોશીડીંગથી જે અશર થાય છે તે તમામ પ્રોશીડીંગ હકુમત વીનાનુ છે માટે તે રદ થવું જોઈએ.

અમારી નજરમાં એટલું વધારે કહેવાનુ આવે છે કે તે હકુમત છે એવો અમે નીશ્ચે કરયો હોત તોપણ તે હકુમત વ્યાજબી રાહે વાપરવામાં આવી નથી. એવો અમારો અભીપ્રાય થવો જોઇએ. બાબુ દીનાનાથ મલીકને જાતે તે શુલેહના ભંગમાં લપેટવામાં આવે એવી કાંઇ પુકત હકીકત ડીપુટી માજીસ્તરેટની રૂબરૂ હોય એમ અમને માલુમ પડતું નથી. માટે તે કામ તેમના વીરૂધ ચલાવવું જોઈતું નહી હતું.

વળી જે સખસના ઉપર તે કામ ચલાવવામાં આવેલું તે દુર હતો. અને તેને જાતે હાજર થવાને સારૂ કાંઇ ખાશ હકીકત હતી નહી. અને કલમ ૧૧૯ પ્રમાણે તેને વકીલની મારફતે હાજર થવાની પરવાનગી આપવાને તે માજીસ્તરેટને અખત્યાર હતો. માટે તેને જાતે હાજર કરવાને તેમણે જે હકુમત વાપરેલી છે તે ઘણુંજ ડાહાપણ વીરૂધ છે એમ અમને જણાય છે.

તે અરજદારને અશર થાય એવું જે ડીપુટી માજીસ્તરેટનુ પ્રોશીડીંગ છે તે તમામ રદ કરવામાં આવે છે.

પ્રોશીડીંગ રદ કરવામાં આવ્યું.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૭ સપટેબર શને ૧૮૮૫

મી૦ જષ્ટીશ પીગટ અને મી૦ જષ્ટીશ ઓફીનીલી સાહેબોની રૂબરૂ.

અશકરમીયાં વીરૂધ સબદારમીયાં.

ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ નો આકટ ૧૦) ની

કલમ ૧૩૩—૧૩૫—હરકત દુર કરવાને હુકમ કરવાની અરજી—તકરારી હક—ફોજદારી કોરટની હકુમત.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે એક સખશ ઉપર હરકત દુર કરવાનો હુકમ કરવાને અરજી કરવામાં આવેલી હતી. અને તેમાં તે સખસે સુધ અંતઃકરણથી હકનો શવાલ ઉઠાવેલો છે.

ઠરાવવામાં આવ્યું કે જો તેમ છે તો તે કામ દીવાની કોરટનુ થાયછે તે કલમનો હેતુ જે હરકત બાબત ફરીઆદ કરવામાં આવેલી હોય તે હરકત છે કીંવા નહી તેની ફકત તપાસ કરવાનો છે. અને હકના તકરારી શવાલો બાબત તપાસ કરવાનો નથી.

પાનુ ૧૩૭ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે શાહાબાદના ડીપુટી કમીશનર ઉપર આ રેફરંસ કરવામાં આવેલું છે.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૩૩ મી પ્રમાણે જે રસ્તો જાહેરાંત કહેવામાં આવેલ છે તેને શબદારમીયાં વાગરેએ બંધ કરેલોછે તે બાબત આ અરજી કરવામાં આવેલી છે, ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૩૩ મી પ્રમાણે તેમના ઉપર એવો હુકમ કરવામાં આવેલો છે કે તે હરકત દુર કરવી અગર તે શાવાસ્તે દુર નહી કરવી જોઇએ તેનું કારણ બતાવવું.

સબદારમીયાએ એક અરજી કરી એવુ કારણ બતાવ્યું કે તે રસ્તો બીલકુલ નથી એવું કેટલીક બીજી બાબતો સાથ બતાવેલું છે તો પછી બાગેજ ધોરી રસ્તો છે, માટે તેણે અરજ કરી છે કે એક જુરી નીમવી જોઇએ, આસીસ્ટંટ કમીશનર મી૦ પોપે જુરીનાં બાબતની અરજી દેખીતી રીતે લક્ષમાં નહી રાખતાં પુરાવ લેવા માંડ્યા. અને હુકમ કર્યો કે તે રસ્તો [illegible] જોઇએ.

આ કામમા રેફરંસ કરવામાં તે ડીપુટી કમીશનરે એવી અરજ કરેલી છે કે આસીસ્ટંટ કમીશનરની તે કામ ચલાવવાની રીતી કાયદા પ્રમાણે ખામી ભરેલી છે, તેનું કારણ (બીજા કારણો સાથે) નીચે પ્રમાણે છે.

પ્રીનશેપના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં કલમ ૧૩૩ મી નીચે જે હાય કોરટના જે ઠરાવો બતાવવામાં આવ્યા છે (બસારૂદીન ભુઇયા વી. બાહાદરઅલીનો ઠરાવ મુકાબલ કરો) તે પ્રમાણે ડીપુટી કમીશનરને તે રસ્તો જાહેરાંત નથી એવી તકરાર બતાવવામાં આવી છે તેમાં પેશવાને અખત્યાર નહી હતો. બેશક આસીસ્ટંટ કમીશનરના કહેવા પ્રમાણે તે પરીણામથી ખરી રીતે તે કાયદાનો આ ભાગ નહી જેવો કરેલો થાય છે. પરંતુ આવો કાયદાનો ખુલાસો છે."

કોરટે નીચે પ્રમાણે ફેંશલો આપ્યો છેઃ—

જે રેફરંસ કરવામાં આવ્યું છે તેમાં માજીસ્તરેટ બરોબર છે એમ અમારી નજરમાં આવે છે, માટે હુકમ કરીએ છીએ કે તે હુકમ રદ કરવો જોઇએ.

આ કામમાં તે પ્રમાણે અમે એવા કારણથી કરીએ છીએ કે તકરારી જગોએ કોઇ વખતે પણ જાહેરાંત રસ્તો હતો કે નહી એ શુધ અંતઃકરણનો સવાલ છે. જ્યારે આવો સવાલ ઉતપન થાય ત્યારે બસારૂદીન ભુઇયા વીરૂધ બાબારૂઅલ્લીના કામમાં ઠરાવેલું છે તે પ્રમાણે તે શીવીલ કોરટનો છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની જે કલમોનો હેતુ તે તપાસ કરવાનો છે તે જે હરકત બાબત ફરીઆદ બાબત તપાસ કરવામાં આવીછે તે છે કે નહી તેનોછે અને તકરારી હકની તપાસ કરવાનો નથી.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૨ સપટેંબર સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ તોટનહામ તથા મી૦ જસ્ટીસ એગન્યુ સાહેબોની રૂબરૂ

માહારાણી કેશરેહીંદ વી૦ તફાઉલ્લા.

કાયદેસર પેહેરામાંથી નાશી જવું—દીવાની હકુમતથી પકડાવું, માંથી નાશી જવું—જે અમલદાર નાશી જવા દે તેની ફોજદારી રાહે જવાબદારી—પીનલકોડ (સને ૧૮૬૦ ના આકટ ૪૫) ની કલમ ૨૨૩

પીનલકોડની કલમ ૨૨૩ ગી જે કામોમાં જે સખસોને નાશી જવા દેવામાં આવેલા હોય તે એકાદા ગુનાહ બાબત પેહેરામાં હોય તેને ફકત લાગુ થાય છે અગર જેને પેહેરામાં મોકલવામાં આવેલા હોય તેને લાગુ થાય છે, અને જે સખસ ફકત દીવાની રાહાના હુકમથી પકડવામાં આવેલો હોય તેને લાગુ થતી નથી.

પાનું ૧૯૦ એક હુકમનામાની બજાવણીમાં હુકમનામાના દેણદાર નામે અલીમુલ્લા સરકારને પકડવાનું વારંટ મુનસીફની કોરટના શીપાઇ તફાઉલ્લાને આપવામાં આવેલું હતું. તેણે અબીમુલ્લાને પકડયો, પરંતુ મુનશીફની કોરટમાં લાવતાંની દરમીઆનમાં તે નાશી ગયો. તે ઉપરથી તે મુનસીફે કામ ચલાવીને પોતાનો એવો અભીપ્રાય લખ્યો કે "દીવાની કાયદાની કલમ ૬૫૧ પ્રમાણે માજીસ્તરેટે તપાસ કરવાના

ણ્યા છે," અને તે કાગળો પેટા ડુકડીના માજીસ્તરેટ તરફ મોકલી દીધા એ વી વીનંતીની સાથે કે તેમણે તે બાબતની કાયદા પ્રમાણે બ્યવસ્થા કરવી જોઇએ, અને એવી ખબર આપવામાં આવી હતી કે જ્યારે મુદત ઠરાવ્યા ની નોટીસ મળશે ત્યારે શીપાઇ તફાઉલ્લાને મોકલવામાં આવશે.

તોપણ ડીપુટી માજીસ્ટ્રેટે દીવાની કાયદાની કલમ ૬૫૧ પ્રમાણે તો હોમતવાળા ઉપર સમન્સ કરયો અને તોહોમત ફરમાવ્યા વીના હીંદુસ્થાન ના ફોજદારી કાયદાની કલમ ૨૨૩ મી પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવી તે ના રૂ. ૫૦ દંડ અને તે આપવામાં કસુર કરવામાં આવે તો, ત્રણ માસ આશાન કેદની શીક્ષા કરેલી છે.

આ બાબત શેસન જડજની નજરે લાવવામાં આવી, અને તેમણે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે હાય કોરટમાં રેફરંસ કરયું, એવું કહીને કે તે બાબતમાં તેમનાં કારણો નીચે પ્રમાણેછે.

"એમ ધારીએ કે કલમ ૨૨૩ મી લાગુ થાય છે તો, અમારી નજ રમાં આવતુ નથી કે તોહોમત નહી ઘડવાથી કાંઇ ઇનશાફ નીશફળ ગએ લો છે, કારણ કે શીપાઇએ જે હકીકત ડીપૂટી માજીસ્તરેટને કહેલી છે તે ઉપરથી ખુલ્લું છે કે શી બાબતમાં તેની તપાસ ચાલતી હતી તે સં પુરણ રીતે સમજેલો હતો. માટે આ કારણથી અમે આ કામમાં રેફરંસ કરતા નથી.

પરંતુ વધારે સારામાં સારો વીચાર અમે આ કામમાં કરી શકયા છીએ તે પ્રમાણે કલમ ૨૨૩ (સને ૧૮૭૦ ના આકટ ૨૭ માથી દુરસ્ત કરવામાં આવી છે તે પ્રમાંણે) આ હકીકતને લાગુ થાય છે એમ અમા રી પોતાની ખાત્રી થઇ શકતી નથી, તે સવાલનો આધાર "કાયદેસરરીતે પહેરામાં મોકલવામાં આવ્યો હોય" તે શબ્દો ઉપર છે. આ બાબતમાં કો ઇ હાય કોરટનો ઠરાવ લાગુ હોય એમ અમને માલુમ પડી શકયો નથી, પરંતુ અમારી નજરમાં આવતું નથી કે "વારંટથી પકડવું" અને "પેહે રામાં મોકલવું" એ એક બીજાને બદલે વપરાય તેવા શબ્દો છે. "પકડવુ" અને "પેહેરામાં" એ શબ્દોની વચેનો ભેદ બતાવ્વાની અમારી મરજી ન થી પરંતુ પકડવાની તથા કમીટ કરવાની વચમાં ભેદછે તે પાછલો શબ્દ છે તે કોરટ પોતે પોતાની રૂબરૂનો સખસ કમીટ કરે તે બાબતમાં કોરટ ના પ્રતક્ષ કૃત્યને લાગુ થાય છે એમ જણાય છે. અમે આ વીચારનો આ ધાર દીવાની કાયદાની કલમ ૩૩૬ મીની છેલી રકમ ઉપર તથા હેન્ડીના કામમાં જે ભાશા વાપરવામાં આવી છે તે ઉપર રાખીએ છીએ, કારણ કે ફક્ત "એક વખતે જ્યારે એકાદા માણુસને પકડવામાં આવે (આ કામમાં જેમ હતું તે પ્રમાણે) અને તેને કમીટ કરવાને રજુ કરવામાં આવે, પર

તુ કમીટ કરવામાં આવેલો ના હોય" એવા શબ્દો ઉપરથી "પકડવું" અને "કમીટ કરવું" એ બેઉની વચમાં ખુલી રીતે ભેદ છે એમ કબુલ થાય છે એવું જણાય છે.

દીવાની કોરટનો શીપાઇ રસ્તામાં કસુરથી પોતે પકડેલા કેદીને નાશી જવા દેતો તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૨૩ મી પ્રમાણે ફોજદારી રાહે જવાબદારછે કે નહી તે સવાલ ખારી રીતે ઘણો અગત્યનોછે તે કહેવાની અમારે ભાગ્યેજ જરૂર છે, અને ઉપરના વીચાર પ્રમાણે તે જવાબદાર નથી એમ જણાય છે, માટે અમે ભલામણ કરીએ છીએ કે તે માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવો જોઇએ."

રેફરંસમાં કોઇ હાજર નથી.

હાયકોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે છેઃ—

તે ગુનાહની શાબેતીનો ઠરાવ કાયદેસર નથી એવું શેશન જડજે વીચારેલું છે તે બરોબર છે, એમ અમારી નજરમાં આવે છે. જે કામોમાં એકાદા સખસને નાશી જવા દેવામાં આવેલો હોય તે ગુનાહ બાબતમાં પહેરામાં હોય અગર તેને પહેરામાં મોકલવામાં આવેલો હોય તે કામોનેજ કલમ ૨૨૩ મી લાગુ થાય છે, ફકત દીવાની હુકમથી પકડવામાં આવેલો હોય તેને લાગુ થતી નથી. માટે અમે તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ અને હુકમ કરીએ છીએ કેજો દંડ વસુલ આપવામાં આવ્યો હોય તો, તે પાછો આપવો,

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફેરી તપાસ.

તા૦ ૨ સપ્ટેંબર સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીસ ગોઝ સાહેબોની રૂબરૂ.

ઇ. જી. બસકીનની અરજીની બાબતમાં.

શી. એફ. થોમસની અરજીની બાબતમાં.

ઇ. ડબલ્યુ હાર્ટ વી૦ ઇ. જી. બસકીન.

ઇ. ડબલ્યુ હાર્ટ વી૦ શી. એફ. થોમસ.

રેલવે આકટ (સને ૧૮૭૯ ના આકટ ૪) નીં કલમ ૧૭, ૩૧—પાસેંજરો પાસે રૂતુની ટીકીટ માગવામાં આવે તે રજુ કરે નહી—ટીકટ વીના મુસાફરી કરવી—તુંર વસુલ કરવાનો હુકમ.

એકાદા સખસને દર માસની ટીકીટ મળેલી હોય ત્યારે જેટલી મુસાફરીની તે મળેલી હોય તેટલી મુસાફરીમાં જે વખતે માગે તે વખતે

રજુ કરવાને જવાબદાર છે, અને જો તે પ્રમાણે તે રજુ ના કરેતો, રેલ વે આકટની કલમ ૧૭ અને ૩૧ મી પ્રમાણે જે સ્ટેશનોની વચમાં મુસાફરી કરવાને તે ટીકીટ આપવામાં આવી હોય તે મુસાફરીનુ નુર આપવાને તે જવાબદાર છે. કલમ ૩૧ મી પ્રમાણેનો જો તે આપવામાં આવેતો હુકમ જે નુર લહેણું થએલું હોય તે ફકત વસુલ કરવાનો થવો જોઇએ અને તે રકમ અગર બીજી રકમ જાણે દંડ હોય તે પ્રમાણે આપવાનો તે હુકમ નથી.

એકાદા પાશેંજર પાસે આવી ટીકીટ હોય અને તે હજુ ચાલુ હોય અને તે તેના કબજામાં હોય તો, તે ટીકીટ ફકત તેની સાથે ના હોય અને તેથી તે રજુ કરવાને કહયા છતાં રજુ કરી શકતો ના હોય તેથી કલમ ૩૧ મીના અરથ પ્રમાણે તે ટીકીટ વીના મુશાફરી કરે છે એમ કહી શકાતું નથી.

પાનું ૧૯૨ આ બે કામોમાં તે અરજદારોના ઉપર રેલવે આકટ (સને ૧૮૭૯ ના આકટ ૪) ની કલમ ૩૧ પ્રમાણે ફરીઆદ કરવામાં આવેલી હતી. પહેલા કામનો અરજદાર મી૦ બસકીનની પાસે ઇસ્ટર્ન બંગાલ રેલવે ટીકીટની માશીક ટીકીટ હતી, અને તેની ટીકીટથી તેનો બારકપુર અને શીલદા સ્ટેશનની વચમાં મુસાફરી કરવાનો હક હતો. ગયા જુન માસની તા૦ ૨૯ મીના રોજ તે શીલદાહ જતો હતો. તે વખતે તેની પાસે ટીકીટ બતાવવાને માગવામાં આવી, પરંતુ તેણે અફલતથી પોતાને ઘેર પાછળથી રાખેલી હતી, તેથી તે રજુ કરી શકયો નહી.

ડીપુટી માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે જયારે તેની પાસે ટીકટ માગવામાં આવી ત્યારે તેણે બતાવી નથી માટે શંકીત રીતે તે બાબત ગુનેહગાર છે તેથી તેમણે એવો હુકમ કરયો કે તેમના "૧૪ આના દંડ કરયો અને જો તે વસુલ કરવામાં ના આવે તો જપ્તી કરી દંડ વસુલ કરવો."

બીજા કામમાં અરજદાર શી. એફ. થોમસ. છે તેની પાસે પણ તે જ લાઇન ઉપરની અને તે સ્ટેશનો વચેની માશીક ટીકટ છે. અને તારીખ ૩ જુલાઇના રોજ તે ટીકટ લેનાર મુશાફરી કરતો હતો. એવું માલમ પડયું. સવારમાં શીલદાહમાં જયારે તે આવ્યો ત્યારે તેની પાસે ટીકીટ હતી. પરંતુ તે ટીકટ તેણે પોતાની ઓફીસમાં મુકેલી હતી તેથી પાછી જતી વખતે તેને ટીકટ બતાવવાનું કહયું ત્યારે તે બતાવી શકયો નહી. આ કામમાં ડીપુટી માજીસ્ટ્રેટે નાગનો એક આનો દંડ કરેલો છે.

આ બેઉ કામોમાં ડીપુટી માજીસ્ટ્રેટના હુકમ રદ કરાવવાને તેઓ સવાળીઓએ અરજ કરેલી છે.

અરજદારો તરફથી મી૰ હીલ.

જે પાસેનજરો ઠગવાની મરજી રાખ્યા વીના ટીકટ વીના મુસાફરી કરતા માલમ પડે તેમની બાબતમાં સને ૧૮૭૯ ના આક્ટ ૪ ની કલમ ૩૧ માં વ્યવસ્થા કરવામાં આવેલી છે. હવેથી માજીસ્ટ્રેટના હુકમના શબ્દો ઉપરથી એવું જણાય છે કે તેમણે તે બાબત ફોજદારી તરીકે ગણેલી છે. કારણ કે એક કામમાં ચઉદ આના અને બીજા કામમાં એક આનો એ પ્રમાણે અરજદારોનો દંડ કરવામાં આવેલો છે. હું અરજ કરૂં છું કે તે અરજદારો ઉપર ફોજદારી રાહે ફરીઆદ ચલાવી શકાતી નથી. કોરટની રૂબરૂ જે કામ હતું તે દીવાની જવાબદારીનું હતું. એવા ઠરાવની સાથે કે અરજદારોની પાસે જે લેહેણું હતું તે જપતી અગર વારંટથી વસુલ થઇ શકે. કલમ ૩૧ થી કલમ ૩૨ જુદી છે અને તે કલમ ૩૨ ઉપરથી આ રીતે ખુલ્લું છે. તોકીબીબી વીરૂધ અબદુલખાનના કામમાં બતાવવામાં આવેલું છે કે આ કાંમના પ્રકાર જેવું કામ ફોજદારી નથી. કલમ ૩૧ પ્રમાણે પાસેનજરને પહેલેથી નુર આપવાની જવાબદારી છે. પરંતુ ગુનાહની સાબેતી ઠરાવવામાં આવે ત્યાં સુધી દંડ પહેલેથી આપવાની જવાબદારી નથી. નુર આપવાની બાબતથી શીક્ષાની બાબત તે આકટમાં તદન જુદી રાખવામાં આવેલી છે.

આ કામ ફોજદારી ગણવું જોઇએ કે દીવાની ગણવું જોઇએ તે વીશે માહારાણી વીરૂધ ફલેચર અને મેલર વીરૂધ દેનહામના ઠરાવો જુઓ. હું અરજ કરૂંછું કે કલમ ૩૧ પ્રમાણે આ કામ દીવાની છે.

(જસ્ટીસ વીલસન સાહેબઃ—આ બાબતમાં વધારે તમને તસ્દી આપવાને જરૂર નથી.)

બસકીનની પાસે જે નુર આપવાને માગેલું તે હું અરજ કરૂંછું કે તે બસ નહી હતું. અમુક રકમ માગવી જોઇતી હતી ધારો કે બસકીન બારેકપુરથી નીકળ્યો હતો એમ તે સાબેત કરી શકયો નહી. તો જો તે દીવાની બાબત હોય તો રેલવે કંપની તે ટરેન જ્યાંથી નીકળતી હોય તે જગો જાણે છે. માટે તે રેલવે કંપનીને અમુક રકમ માગવી પડે, આ બાબતમાં બ્રાઉન વીરૂધ ગ્રેટ ઇસ્ટર્ન રેલવે કંપનીનો ઠરાવ જુઓ. જે નીયમથી પાસેનજરને જ્યારે જોઇએ ત્યારે ટીકટ બતાવવાની જરૂર પાડવામાં આવે છે. તે નીયમના વ્યાજબીપણા બાબત સોનડર્સ વીરૂધ સાઉથ ઇસ્ટર્ન રેલવે કંપનીનો ઠરાવ જુઓ. મેજર થોમસની બાબતમાં તેમનો એક આનો દંડ કરવાને માજીસ્તરેટને અખત્યાર નહી હતો તેઉ એમ ઠરાવી શકતા હતા કે ચઉદ આના આપવાને તે જવાબદાર છે. પણ તેમણે તેમ કરેલું નથી હું અરજ કરૂંછું કે તે કામો ફોજદારી ગણવામાં આવેલાં છે.

માટે બીજા કોઇ કારણથી નહી તો તે કારણથી તે હુકમો રદ્દ કરવા જોઇએ. તોપણ શું અરજદારો ઉપર કલમ ૩૧ પ્રમાંણેના ગુનાઓ બાબત તોહોમત રાખી શકાય છે. કલમ ૩૧ મીમાં કલમ ૧૭ બતાવેલી છે. અને આ પાછલી કલમ કરાર ઉતપન કરવાના શવાલ સબંધી છે. હું અરજ કરૂં છું કે તે અરજદારોની જવાબદારી કલમ ૧૭ થી ઉતપન કરેલા કરાર ઉપરથી ઉતપન થાય છે.

(જસ્ટીસ વીલસન સાહેબ:—કલમ ૩૧ મીમાં "ટીકટ વીના મુસાફરી કરવી" તેનો હેતુ ટીકટ લીધા વીના મુસાફરી કરવી એવો હોવો જોઇએ.)

હા. પાસેનજરો કલકતે જનારા જે હોય છે તેમની પાસેથી બારેકપુરમાં ટીકટો લેવામાં આવે છે અને જો કલમ ૩૧ તે પ્રમાણે વાંચવામાં ના આવે તો તે પાસેનજરોએ ટીકીટ લીધા વીના મુસાફરી કરી તે બાબત તેમની વીરૂધ કામ ચાલી શકે છે. કલમ ૩૧ ના બીજા ભાગ ઉપરથી જે પાસેનજરો પાસે "ટીકટ હોય અને બતાવે નહીં" તે સબંધી છે માટે તે ઉપરથી આવી જવાબદારી ઉતપન થતી નથી. કારણું કે તે શબ્દો ઉપરથી ટીકીટ બતાવવાને તીરસ્કાર ભરેલી રીતે ના કહેવામાં આવે એવો અરથ થાય છે. આ બાબતમાં ડીઆરડન વીરૂધ ટાઉનશેંડનો ઠરાવ જુઓ.

શામાવાળા તરફથી મી૰ બેનરજીએ તકરાર કરી કે માજીસ્ટ્રેટનો તે હુકમ મતલબે ખરો છે. અને જો કે તેમણે ભુલથી દંડ શબ્દ વાપરેલો છે તોપણ ખુલ્લું છે કે તે બાબત દીવાની રાહે ગણવાનો ઇરાદો રાખેલો છે.

કોરટનો ફેંસલો જસ્ટીસ વીલસેન સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામની હકીકત એવી છે કે અરજદાર મી૰ બસકીનની પાસે ઇસ્ટર્ન બંગાલ સ્ટેટ રેલવેની બારાકપુર અને શીલદાની વચમાં મુસાફરી કરવાની એક માશીક ટીકીટ હતી. ગયા જુન માસની તા૰ ૨૫ મીના સવારમાં તેણે બારાકપુરથી શીલદા જવાને મુસાફરી કરી તે ટરેનમાં બેઠેલો હતો. અને રેલવેની નોકરીના ટીકીટ કલેકટરે તેને ટીકીટ બતાવવાનું કહ્યું. પરંતુ અકસ્માત તે ટીકીટ બારાકપુરમાં તેના ઘર આગળ રહી ગએલી તેથી તે બતાવી શકયો નહી. તે ટીકીટ કલેકટરે તેની પાસે નુર માગ્યું પરંતુ તેણે તે આપવાને ના કહી. બારાકપુરથી શીલદાનું નુર આઠ આના છે તે ટીકીટ કલેકટર જાણતો હતો કે મી૰ બસકીનની પાસે માશીક ટીકીટ છે.

બશકીનના ઉપર ટીકીટ વીના મુશાફરી કરી અને જયારે તેની પાસે નુર માગ્યું ત્યારે તેણે તે આપવાને ના કહી તેથી હીંદુસ્થાનના રેલવે આકટ સને ૧૮૭૯ નો ૪ ની કલમ ૧૭ અને ૩૧ પ્રમાણે ફોજદારી

કાહાડવાને શીલદાના પોલીસ માજીસ્ટ્રેટને શીલદાના સ્ટેશન માસ્તરે અરજી કરી. તે દરમીઆનમાં કેટલુંક કામ ચાલ્યા પછી તા૦ ૩ જી જુલાઇના રોજ મી૦ બસકીનના ઉપર એવો સમન્શ કાહાડવામાં આવેલો છે કે તેના ઉપર ટીકીટ વીના મુસાફરી કરી તુંર માગ્યા છતાં તે આપવાને ના કહી. અને વળી તેની પાશે ટીકીટ માગ્યા છતાં તેણે બતાવી નહી એવો આરોપ રાખવાની ફરીઆદ કરવામાં આવેલી છે. તે ફરીઆદનો જવાબ દેવા તા૦ ૧૫ મી જુલાઈના રોજ તેણે હાજર થવું. મી૦ બસકીન હાજર થયો અને કેટલીક મુદતોએ તે કામ બંધ રાખ્યા પછી તા૦ ૨૫ મી જુલાઇના રોજ તે કામનો આખર નીકાલ કરવામાં આવ્યો. માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે તે વખતે મી૦ બસકીન પોતાની ટીકીટ બનાવી શકતા નહી હતો. તેથી તેમણે કહ્યું છે કે તે તોહોમતવાળો તે આકટમાં ઠરાવ્યા પ્રમાણે કસુરનો શાંકીત રીતે ગુનેહગાર છે તેથી તેના ચઉદ આના દંડ કરવામાં આવેલા છે માટે જો તે વસુલ આપવામાં ના આવ્યા હોય તો જપતી તથા વેચાણ કરી વસુલ કરવા.

આ હુકમ રદ કરવાને અમારી પાશે માગવામાં આવેલું છે:—

મુખ્ય સવાલની બાબતમાં અમારી નજરમાં આવે છે કે તે માજીસ્તરેટે બરોબર કરયું છે એટલે મી૦ બસકીન બારાકપુરથી શીલદા શુધીનું ચઉદ આના તુંર થાય છે તે આપવાને બંધાએલા હતા.

રેલવે આકટ (સને ૧૮૭૯ નો ૪ થો) ની કલમ ૧૭ થી "દરેક સખશ રેલવેમાં મુસાફરી કરવાને મરજી રાખતો હોય તે પોતાનુ તુંર આપે એટલે તેને એક ટીકીટ આપવી તેમાં ઇંગરેજી તથા મૂખ્ય દેશી ભાશા જે જીલામાં તે આપવામાં આવેલી હોય તે જીલાની ભાશામાં કીયા વરગની ગાડીને સારૂ તે છે. અને કયાંથા તે કેઇ જગો સુધીનુ તુર આપવામાં આવેલું છે. અને તે તુરની રકમ કેટલી છે. એવુ બતાવેલી તે જોઇએ. અને તે ટીકીટ તપાસવાને યેગ્ય રીતે અખત્યાર પામેલો હર કોઇ રેલવેનો નોકર જયારે માગે ત્યારે તે બતાવવી જોઇએ. અને જે હરકોઈ રેલવે નોકર તે ટીકીટો એકઠી કરવાને યોગ્ય રીતે અખતીઆર પામેલો હોય તેને તે આપવી જોઇએ." કલમ ૩૧ થી "ટીકીટ વીના અગર ટીકીટ હોય અને જયારે માગવામાં આવે ત્યારે તે બતાવે નહીં. અગર તે આપે નહી એવો રેલવેમાં મુશાફરી કરનાર કોઇ પાશીનજર જો એમ સાબેત ન કરે કે અશલ જયાંથી તે ટરેન ઉપડેલી હોય તેથી ઓછે દુરથી મેં મુશાફરી કરેલી છે. તો કલમ ૧૭ પ્રમાણે અસલ ટરેન જયાંથી ઉપડેલી હોય ત્યાંથી જે વરગમાં તે માલમ પડેલો હોય તે વરગ

નું નુર આપવાને જવાબદાર છે. પરંતુ ઓછે દુરથી તેણે મુશાફરી કરેલી છે. એવુ તે સાબેત કરે તો સહરહુ વરગનુ નુર જે જગાએથી તેણે મુશાફરી કરેલી હોય તે જગોનું આપવાને ફકત જવાબદાર છે. આવું દંડ નુર રેલવેનો નોકર માજીસ્તરેટની રૂબરૂ અરજ કરી પાશેનજર આપવાને જવાબદાર છે એમ સાબેત કરે એટલે તે સખશ પાશેથી જાણે તે દંડ હોય તે પ્રમાણે વસુલ કરવા લાયક થાય છે. અને જયારે . તે વસુલ કરવામાં આવે ત્યારે તે રેલવેના કારોબારમાં આપવું."

આ કલમો પ્રમાણે દરેક પાશેનજરને રેલવે કારોબાર તરફથી એક યોગ્ય ટીકીટ આપવાની છે, કોઇ પાશીનજરે ટીકીટ વીના મુશાફરી કરવાની નથી, દરેક પાશેનજર પાસે તે માગવામાં આવે ત્યારે તે ટીકીટ બતાવવાની અગર આપવાની છે. અને હરકોઇ પાશેનજર આ બેમાથી એક બાબત કશુર કરે તો તે પોતાની મુશાફરીનુ સાધારણ રીતે નુર આપવાને જવાબદાર છે. અગર જો તે ટરેનમાં કયાંથી બેઠો એવું બતાવી શકે નહી તો તે ટરેન જયાંથી ઉપડેલી હોય તે જગોનુ સાધારણ નુર આપવાનું છે.

અમારી નજરમાં આવતું નથી કે ટીકીટ વીના મુશાફરી કરવા બાબત જે ઠરાવ છે તેમાં મી૰ બસકીનના કામનો ઠરાવ થાય છે. અમારી નજરમાં એમ આવતું નથી કે એક પાશેનજરને યોગ્ય રીતે એક ટીકીટ આપવામાં આવેલી હોય અને તે ચાલુ હોય અને તેના કબજામાં હોય. અને જે મુશાફરીની બાબત તે આપવામાં આવેલી હોય તે મુશાફરી કરતાં તે ટીકીટ વીના મુશાફરી કરેછે એમ કહી શકાય. પરંતુ તે આકટના હેતુ પ્રમાણે મી૰ બસકીને તે ટીકીટ બતાવવાને કશુર કરેલી છે એમ અમને જણાય છે. એક જાતની ટીકીટ અને બીજી જાતની ટીકીટની વચમાં કાંઇ ભેદ બતાવવામાં આવ્યો નથી. દરેક પાશેનજરની પાસે એક રૂતુની ટીકીટ હોય કાંવા નહીં. તોપણ તેની પાસેથી તેની ટીકીટ બતાવવાને માગી શકાય છે. અને જો તે માગવામાં આવેલું હોય અને તે બતાવવાને તેની પાસે ના હોય તો સાધારણ નુર આપવાને તેને ફરજ પાડી શકાય છે, અમારા અભીપ્રાયમાં આવે છે કે તે આકટની કલમ ૧૭ ની ભાશા અને સમાવેશપણું લક્ષમાં રાખતાં કલમ ૩૧ મી એવી રીતે વાંચવી જોઇએ કે કોઇ પાશેનજર રેલવેમાં યોગ્ય ટીકીટ લીધા વીના મુસાફરી કરે અગર લીધેલી હોય ને કલમ ૧૭ પ્રમાણે જયારે માગવામાં આવે ત્યારે તે બતાવે નહી અગર આપે નહી. તો તે જવાબદાર થાય છે વીગરે. માટે બારાકપુરથી શીલદાહ શુધીનુ ચઉદ આના નુર મી૰ બસકીન આપવાને જવાબદાર છે. એવુ માજીસ્તરેટે ઠરાવેલું છે તે

બરાબર છે. પરંતુ તે હુકમનું રૂપ તે ફેંસલામાં બતાવેલુ છે. તેથી મી૦ બસકીનના ચઉદ આના દંડ કરવા એવું ઠરાવેલું છે. તે તદન ખોટું છે, તે રેલવે આકટની ઘણી કલમોમાં પાશેનજરો કપટો કરે અને જાણી બુજીને બીજા ખોટાં કૃત્યો કરે તે વીશે વ્યવસ્થા કરવામાં આવેલી છે. અને આ કલમોમાં કહેલું છે કે ગુનેહગારોને દંડની શીક્ષા કરવી. પરંતુ કલમ ૭૧ મીમાં બસકીન જેવા નીરઅપરાધી સખસોએ અકસ્માત રીતે ખોટું કરેલું હોય તેથી તેમને તે શીક્ષા અથવા ગુનેહગારી અગર દંડ સાથે કાંઇ નીશબત નથી. તે કલમથી ફકત નુંર વસુલ થઈ શકેછે. અને તે સંક્ષેપ રીતે વસુલ થઇ શકેછે જો કાંઇ આખર હુકમ આ કામમાં બખવામાં આવે તો બારાકપૂરથી સીલદાહ સુધીનું નુંર ચઉદ આના આપ વાને તે હુકમ થવો જોઇએ. તોપણ મતલબે માજીસ્તરેટનો હુકમ બરોબર છે.

હાર્ટ વીરૂધ થોમસનો મુકદમો દરેક બાબતમાં ફકત એક બાબત સીવાય મી૦ બસકીનના જેવો છે. પરંતુ તે એક બાબત ઘણી મુદ્દાની છે, માજીસ્તરેટે ફકત નુંરની રકમ અપાવેલી નથી. કે જે અપાવવાને તે કલમ પ્રમાણે તેઉ હુકમ કરી શકતા હતા. પરંતુ સ્વછંદી રીતે એક આનો દંડ કરેલો છે, માટે તે હુકમ મતલબે ખોટો છે. સબબ તે રદ થવો જોઇએ,

---

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૪ ડીસેંબર સને ૧૮૮૫

મી૦ જષ્ટીસ મીતર અને મી૦ જષ્ટીશ આગન્યુ સાહેબોની રૂબરૂ.

ભોળાનાથદાશની અરજીની બાબતમાં.

પોલીશ આકટ—(સને ૧૮૬૧ નો આકટ ૫) ની કલમ ૨૯—પોલીસ કોનસટેબલ—કામની કસુર—કાયદેસર હુકમ—વધારાની કવાયત,

એક જીલ્લાના પોલીશ સુપ્રીનટેડેંટ પોતાના કોનસટેબલો ઉપર તેઓની લાઇનની નજીકમાં જંગલ હતુ તે કાપવાને હુકમ કરયો. અને તેઓએ તે કાપવાને ના કહેવાથી દરરોજ વધારાની કવાયત કરવી એવો તેઓને હુકમ કરયો. આ કોનસ્ટેબલોમાંના એક, કોનસ્ટેબલે વધારાની કવાયત કરી નહી તેથી સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે તેના ઉપર ફરીઆદ ચલાવવામાં આવી. અને કામમાં કસુર કરવાનો ગુનેહગાર ઠરાવ્યો.

ઠરાવવામાં આવ્યું કે કલમ ૨૯ મીમાં આવા ગુનહાઓ બાબત કાંઇ ઠરાવ કરવામાં આવ્યો નથી. અને જે ફરજ ભંગ થાય તે કરતાં ઓછી કામની જે કશુર હોય તે આ કલમ પ્રમાણે ગુનહો થતો નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે આવી વધારાની કવાયતમાં હાજર રહેવાને કશુર કરવાથી તે કલમ પ્રમાણે ગુનહો બન્યો નથી. કારણ કે તે કલમમાં કાયદેસર હુકમ એવા શબ્દો વાપરેલાં છે તેનો અરથ જે હુકમ તે કલમમાં બતાવેલા યોગ્ય અધીકારીએ કરેલો હોય તેછે. અને કોનસ્ટેબલોની લાઇનની નજીક જંગલ કાપવાને કોનસ્ટેબલોને હુકમ કરવાને અને તે કાપવાને તે ના કહે તો વધારાની કવાયત કરવાનો હુકમ કરવાને પોલીશ સુંપ્રીટેંડેંન્ટ મુખત્યાર છે એમ જણાતુ નથી.

પાનુ ૪૨૭ આ કામમાં તોહોમતવાળો ગોઆળપરા પોલીશનો કોનસ્ટેબલ છે તેના ઉપર સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે કામની કશુર કરયા બાબત આરોપ રાખવામાં આવેલો છે.

ફરીઆદી જે ઇનસપેકટર છે. તેની કહેલી હકીકત ઉપરથી જણાય છે કે જીલાના પોલીશ સુપ્રીનટેંડેંટે પોતાના માણશો ઉપર એવો હુકમ કરયો હતો કે તેમની લાઇનની નજીક જે જંગલ છે તે કાપી નાંખવું. કેટલાક માણશો અને તેમાંથી આ તોહોમતવાળો હતો તેમના વીચારમાં આવ્યું કે આ કામ નીચું પાડનારૂં છે. માટે તે હુકમ માનવાને તેમણે ના કહી. આ ઉપરથી તે જીલા શુપ્રીનટેંડેનટે સીક્ષા તરીકે તે માણશોને એવો હુકમ કરયો કે તેમણે દરરોજ વધારાની કવાયત કરવી. તા૦ ૩ જી જુલાઇ કે જે પેહેલે દીવશે તે વધારાની કવાયત કરવાનો હુકમ કરવામાં આવેલો હતો તેમાં તોહોમતવાળો ગેરહાજર રહયો. માટે આરોપ તેના ઉપર રાખવામાં આવેલો છે. અને તેને સદરહુ કહેલી કલમ પ્રમાણે ગુનહાનો ગુનેહગાર ઠરાવેલો છે, કારણ કે ડીપુટી કમીશનરના અભીપ્રાયમાં એવું આવેલું હતું કે તે જંગલ સાફ કરવાને જીલ્લા સુપ્રીનટેડેન્ટે તે માણશો ઉપર હુકમ કરેલો હતો. તે સંપુરણ રીતે બરોબર છે. અને તે નહીં માનવાને સારૂ જે શીક્ષા કરેલી છે. તેપણ સંપુરણ રીતે બરોબર છે. તે ડીપુટી કમીશનરના અભીપ્રાયમાં આવ્યું કે તે તોહોમતવાળો તે આગેવાનોમાંનો એક આગેવાન છે તેથી તેને તરણ માસ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરેલી છે, તે ઉપરથી તોહોમતવાળાએ હાયકોરટમાં ફેરી તપાસ કરવાની અરજી મોકલી. અને જષ્ટીશ પ્રીનસેપ અને જષ્ટીશ ઘોટ સાહેબોની રૂબરૂ તે કાગળો મુકતાં ડીપુટી કમીશનર ઉપર એવો હુકમ કરવામાં આવ્યો કે તેમનો તે હુકમ શાવાસ્તે રદ કરવો નહીં

જોઈએ તેનું કારણ બતાવવું. અને તે હુકમની સુનાવણીની દરમીયાનમાં તે તોહોમતવાળાને જામીન ઉપર છોડી દેવાનો હુકમ કરવામાં આવ્યો.

'વેકેશનની રજામાં તા૦ ૧૮ મી સપટેંબરના રોજ જષ્ટીશ પીગટ અને જષ્ટીશ ઓકીનીલી સાહેબોના બેંચની રૂબરૂ તે હુકમ સુનાવણી ઉપર આવ્યો. અને તે ઉપરથી તેઓના વીચારમાં આવ્યું કે વધારાની કવાયત કરવાનો હુકમ કરવાને જીલા પોલીશ સુપ્રીટેંડેંટને અખત્યાર હતો કે નહી એ શવાલ પોલીશના અધીકારીઓને કેટલીક મુશકેલી અને અગત્યનો છે, માટે તેમની તકરાર સાંભળવાને તેમને લાગ આપવો જોઇએ. તેથી વેકેશન પુરો થતાં સુધી તે કામ બંધ રાખવામાં આવ્યું. અને હાલ આ કામ જષ્ટીશ ગીતર અને આગન્યુ સાહેબોના બેંચની રૂબરૂ સુનાવણી ઉપર આવેલું છે.

અરજદાર તરફથી બાબુ દવારકાંનાથ ચકરબત્તી.

સરકાર તરફથી ડીપોટી લીગલરીમેમબ્રનસર (મી. કીલબી.)

અરજદાર તરફથી બાબુ દવારકાંનાથ ચકરબતીએ એવી તકરાર કરી છે કે શીક્ષા ભોગવવાને હાજર થવા શારૂં કસુર કરવામાં આવે તે કામની કસુર નથી. કારણ કે શીક્ષા ભોગવવાની જવાબદારી એ ભાગ્યે જ નોકરીનું કામ છે, આ પ્રમાણે ધારતાં સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ ના હેતુ પ્રમાણે જાણી બુજીને તે હાજર થવામાં કસુર કરેલી હતી, એવો કાંઇ નીચેની કોરટનો ઠરાવ નથી. જીલ્લાના પોલીસ સુપ્રીનટેન્ડેન્ટને વધારાની કવાયત કરવાનો હુકમ કરવાને અખત્યાર નહીં હતો કારણ કે તે શરીરને લગતી સિક્ષા છે. માટે તે હુકમ માનવાને ની શફળ થવું તે સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે ફરજનો ભંગ કરયો અગર તે તોડી એમ થતું નથી. કલમ ૭ પ્રમાણે જીલ્લા પોલીસ સુપરીનટેન્ડેન્ટને પોતાના તાબાના માણસોને સીક્ષા કરવાનો અખત્યાર છે, પરંતુ શરીરે ભોગવવી પડે તેવી શીક્ષા કરવાનો તેમને અખત્યાર નથી. જંગલ કાપવાનો હુકમ કાયદા વિરૂદ્ધ છે કારણ કે જંગલ કાપવું એ કોનસ્ટેબલનું કામ નથી. માટે કાયદા વિરૂદ્ધ જે બાબત કરવાને કસુર કરવામાં આવેલી હોય તે બાબત કરેલી શીક્ષા કાયદા વિરૂધ છે. તેથી તે હુકમ પ્રમાણે ચાલવાને કસુર કરવામાં આવે તો કલમ ૨૯ પ્રમાણે ગુન્હો નથી.

ડીપોટી લીગલરીમેમબ્રનસર—તે જંગલ કાપવાનો હુકમ કાયદેસર છે કારણ કે પોલીસ મેન્યુઅલમાં ઠરાવ્યું છે કે કોનસ્ટેબલોએ પોતાની લાઇન સાફ રાખવી, વધારાની કવાયત કરવાનો હુકમ કરવાનો

અખ્ત્યાર જો કે સ્પષ્ટ રીતે ઠરાવવામાં આવેલો નથી તો પણ તે પોલીસ મેન્યુઅલમાં ઘણા હલકા પગારવાળા નોકરોની બાબતમાં તે વીશે ભલામણ કરવામાં આવેલી છે.

બાબુ દ્વારકાંનાથ ચકરબતીએ જવાબ આપ્યો.

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

આ કામમાં અરજદારને નીચેની હકીકતથી સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે કામમાં કસુર કરયાનો ગુન્હો કરયા બાબત એક સંક્ષેપ તપાસમાં ગોઆલપરાના ડીપ્યુટી કમીશનરે ગુન્હેગાર ઠરાવેલો છે

અરજદાર ગોઆળપરા પોલીસનો એક કોનસ્ટેબલ છે તેને જીલ્લાના પોલીસ સુપરીટેનડેન્ટે એવો હુકમ કરેલો હતો કે પોલીસની લાઇનની નજીકમાં જંગલ છે તે કાપી નાંખવું. તેણે આ હુકમ માનવાને ના કહેવાથી જીલ્લાના પોલીસ સૂપરીનટેન્ડેન્ટે તે અરજદારને અને બીજા તેવાજ ગુન્હેગારોને દરરોજ વધારાની કવાયત કરવાનો હુકમ કરયો. આ પ્રમાણે હુકમ કરેલી વધારાની કવાયતમાં અરજદાર હાજર થયો નહીં, તેથી તેને સદરહુ બતાવ્યા પ્રમાણે ગુન્હેગાર ઠરાવી ત્રણ માસ સંખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

અરજદારને જે ગુન્હા બાબત ગુન્હેગાર ઠરાવેલો છે તે સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે કામની કસુર કરયા બાબતનો છે. તે કલમમાં આવા કોઇ ગુન્હા બાબત કાંઇ ઠરાવ કરવામાં આવ્યો નથી. કાંઇ કામનો ભંગ કરવામાં આવે અગર કોઈ નીયમ અગર કાનુન અગર કાયદેસર હુકમ પોલીસ અમલદાર તરફથી યોગ્ય અધીકારીએ કરેલો હોય તે જાણી જોઇને તોડવામાં આવે તો તમાંના કોઇ ગુન્હા બાબત તે કલમમાં વ્યવસ્થા કરવામાં આવેલી છે. ફરજનો ભંગ થાય કે ઓછી કામની કસુર તે સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે ગુન્હો થતો નથી. પરંતુ આ ચુક કોરાણે રાખતાં અમને એમ જણાય છે કે કામની હકીકત પ્રમાણે જીલ્લાં પોલીસ સુપરીનટેન્ડેન્ટની હુકમ કરેલી વધારાની કવાયતમાં તે અરજદાર હાજર થયેલો નહી હતો તેથી આ કલમ પ્રમાણે ગુન્હો બનતો નથી. તે કલમમાં કાયદેસર હુકમ એવા શબ્દો છે. તેનો અર્થ તે કલમમા બતાવેલા યોગ્ય અધિકારી જે હુકમ કરે તે છે. અમને એવું બતાવવામાં આવ્યું નથી કે જીલ્લાના પોલીસ સૂપરીનટેન્ડેન્ટ આ કામમા પોતાના કોનસ્ટેબલોને તેઓની લાઇનની નજીકમાં જંગલ છે તે કાપી નાંખવાનો હુકમ કરવાને મુખત્યાર છે. અને તે કાપવાને જો તે ના કહેતો વધારાની કવાયત તે

બાબત કરવાને હુકમ કરવાને મુખત્યાર છે. આ પ્રમાણે છે તો અમારા અભીપ્રાય પ્રમાણે કાંઇ ફરજનો ભંગ થયો હતો, અગર યોગ્ય અધીકારીએ કરેલો કોઇ કાયદેસર હુકમ જાણી બુજીને તોડયો હતો અગર તેની કશુર કરેલી છે એવું અરજદાર તરફથી થએલું છે એમ શાબેત કરવાને ફરીઆદ તરફથી નીશફળ થવામાં આવ્યું છે. સબબ તે ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા તે ઠરાવ ઉપરથી તેને કરેલી શિક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ.

ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૧૧ ડીસેમ્બર સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

ચંદ્રકાંત ભટાચારજીની અરજીની બાબતમાં.

ચંદ્રકાંત ભટાચારજી વિરૂદ્ધ માહારાણી કેસરેહીંદ.

શીક્ષાનો હુકમ—એકઠી શિક્ષાઓ—જે કર્યો એકઠાં થવાથી એક ગુન્હો બનતો હોય તેમાં એક કરતાં વધારે ગુન્હા બાબત શાબેતીના કરેલા જુદાજુદા ઠરાવો—પીનલકોડ (સને ૧૮૬૦ નો આક્ટ ૪૫) ની કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૪, ૩૫૩. (સને ૧૮૮૨ ના આક્ટ ૮) ની કલમ ૪ ફો૦ કા૦ ચ૦ રી૦ કાયદા સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૩૨૫.

ચાર સખસોના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે તેઓની તથા બીજાઓની એક ગેરકાયદે મંડળી હતી તેના તે અંગભુતો છે. અને તે મંડળીનો એક સરખો હેતુ એવો હતો કે કાયદેસર હુકમ એટલે હુકમનામાના દેણદારને દીવાની કોરટનો સીપાઇ પોતાની સાથે અ અને બ એવા બીજા સખસોને તેને ઓળખવા સારૂં જોડે લેઇને પકડવાને ગએલો તેમાં તે હુકમની બજાવણીમાં તે સામા થયા, તથા તે એક સરખો હેતુ પાર પાડવાને બળ તથા જફા વાપરી એવી રીતે કે દિવાની કોરટના શીપાઇને માર મારયો અને એક બીજા સખસને ભયંકર સસ્ત્રથી હુમલ્લો કરયો. તે ડીપ્યુટી માજીસ્રેટે તમામ તોહોમતવાળાઓને પીનલકોડની કલમ ૧૪૭ અને ૩૫૩ પ્રમાણેના ગુન્હાના ગુન્હેગાર ઠરાવ્યા. અને પેહેલી કલમ પ્રમાણે તેમને ૭ માસ સખત મજુરી સાથે કેદની શિક્ષા કરી. અને બીજી કલમ પ્રમાણે બે માસ સખત મજુ-

રી સાથે કેદની શીક્ષા કરી. વળી એક અ ઉપર હુમલ્લો કરયા સબંધી કલમ ૩૨૪ પ્રમાણે એક તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવ્યો. અને તે વીશે તેને એક માસ સખત મજુરી સાથે કેદની શિક્ષા કરી. અને ફરમાવ્યું કે તે શિક્ષા પુરી થયા પછી બીજી શીક્ષા શરૂ થાય.

ઠરાવવામાં આવ્યું કે અ ના ઉપર હુમલ્લો કરવાથી બખેડો પૂર્ણ થએલો છે અને તે સીપાઇના ઉપર હુમલ્લો કરવાથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૩૫ ની પેહેલી પેટા રકમ પ્રમાણે ગુન્હો થએલો છે.

વળી ઠરાવવામાં આવ્યું કે જો અ, ના ઉપર હુમલ્લો કરવામાં ના આવ્યો હોત તો પણ બખેડાના ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ કાયદેસર છે કારણ કે તે તોહોમતવાળાનાં કૃત્યો જુદાં લેતાં પીનલકોડની કલમ ૧૪૩ અને ૩૫૩ પ્રમાણે ગુનહા બનેલા છે. અને તે એકઠો લેતાં કલમ ૧૪૭ પ્રમાણે ગુન્હો બનેલો છે. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૩૫ ની પેટા રકમ ૩ પ્રમાણે તે તોહોમતવાળા ઉપર કલમ ૧૪૭ તથા ૧૪૩ અને ૩૫૩ પ્રમાણે આરોપ રાખી એક તપાસમાં તેમની ચોકશી થઇ શકે છે. અને તેથી જુદા જુદા ગુન્હેગાર ઠરાવી દરેક ગુન્હા બાબત તેમને શિક્ષા કરવામાં આવેલી છે. પરંતુ તે શીક્ષા પીનલકોડની કલમ ૭૧ સને ૧૮૮૨ ના આક્ટ ૮ ની કલમ ૪ થી દુરસ્ત કરવામાં આવેલી છે તેમાં બતાવેલી હદ ઉપરાંત તે શિક્ષા થવી નહીં જોઇએ. અને આ કામમાં તે હદ ઉપરાંત શિક્ષા કરવામાં આવેલી નથી.

પાનું ૪૯૫. કામની હકીકત નીચે પ્રમાણે છે. એક રામ દયાળદે દીવાની કોરટનો સીપાઇ છે. તેની પાસે હુકમનામાના દેણદાર કાશીચંદર ભટાચારજીને પકડવાનું વારંટ હતું તેથી તેને પકડવાને સારૂં તે શિપાઇ પોતાની સાથે આબાસ મીરધા-લાલ મહમદ વીગેરેને લેઇ તે કાશીચંદરને ઘેર ગયો. એવું કહેવામાં આવેલું છે કે તે કાશીચંદરને પકડવામાં આવ્યો ત્યારપછી તોહોમતવાળો ચંદ્રકાંત ભટાચારજી, સોશી ભટાચારજી, કળીપ્રસનો મુકરજી, અને મોહીની બાસી મંડળ વીગેરે લાઠીઓ તથા એક દાતના હથીઆર સાથે આવ્યા અને તે શિપાઇના કબજામાંથી ને કાશીચંદરને બચાવી દીધો, અને તેને છોડાવવાને સારૂં તેઓએ તે શીપાઇ ઉપર હુમલ્લો કરયો અને આબાશ મીરધા અને લાલ મહમદ જે તે હુકમનામાના દેણદારને ઓળખવાને સાથે ગએલા હતા. તેમણે તોહોમતવાળાને કાશીચંદરને છોડાવતાં અટકાવવાને કોસીશ કરી તેથી તે આબાશ મીરધા ઉપર હુમ-

હલ્લો કરી તેને જખમ કરવામાં આવ્યો. અને લાલ મહંમદને પણ મા-રવામાં આવ્યો. તોહોમતવાળા તરફથી જે બચાવ આપવામાં આવેલો છે તે એવો છે કે ચંદ્રકાંતને પકડવામાં આવ્યો હતો. અને કાશીચંદરને પકડવામાં આવ્યો નથી. અને તે શીપાઇ પાસેથી જતો રહી પોતાના ઘ-રમાં પેશી જતો હતો તેવામાં તે શીપાઇએ તથા બીજા કેટલાક સ-ખશો તેની પાછળ જઇ તેના ઉપર હુમલો કરી તેને ગેરકાયદે પકડવામાં આવતો હતો તેમ છતાં ખેંચ્યો, અને તે શીપાઇ વીગેરેને પોતાની ભુલ માલમ પડી ત્યાંસુધી તેને છોડવામાં આવેલો નહી હતો.

ડીપુટી માજીસ્તરેટે બચાવ તરફનો પુરાવ માન્યો નહી અને એવું ઠરાવ્યું કે એક ગેરકાયદે મંડળીનો એક સરખો હેતુ કાશીચંદરને પકડ-વાને કાયદેશર હુકમ હતો તેની બજાવણીમાં સામા થવું તે મંડળીના તોહોમતવાળાઓ અંગભુતો હતા, અને તે ગેરકાયદે થએલી મંડળીએ પોતાનો એક સરખો હેતુ પાર પાડવાને બળ અથવા જોર વાપરેલું હ-તું. વળી તેમના અભીપ્રાયમાં આવ્યું કે તે તોહોમતવાળાએ તે હુકમ નામાના દેણદારને પકડવાની સીપાઇને પોતાની ફરજ અદા કરવાની હ-તી, તેમાં હરકત કરી. આ ઠરાવો ઉપરથી તેમણે તે તોહોમતવાળાઓને પીનલકોડની કલમ ૧૪૭ અને ૩૫૩ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યા. અને કલમ ૧૪૭ પ્રમાણે તેમને છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી. અને કલમ ૩૫૩ પ્રમાણે બે માસ સખત મજુરી સાથે કેદની શી-ક્ષા કરી, વળી પીનલકોડની કલમ ૩૨૪ પ્રમાણે આબાસને વ્યથા કરવા સબંધી શોશી ભટાચારજને ગુન્હેગાર ઠરાવ્યો. અને તે આરોપની બાબત તેને એકમાસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

વળી તે ડીપુટી માજીસ્તરેટે ઠરાવ્યું છે કે તે શીક્ષાઓ એક પુરી થયા પછી બીજી શરૂ થાય.

તોહોમતવાળાએ તે ગુન્હાની સાબેતીના ઠરાવ અને શીક્ષાના હુકમ ઉપર શેશન જડજને અપીલ કરી. પરંતુ તે જડજે નીચેની કોરટના ઠરાવો મંજુર રાખ્યા. અને કરેલી શીક્ષા વધારે સખત નથી એમ ગણી તે અપીલો કાહાડી નાંખી. તે ઉપરથી તોહોમતવાળાએ હા-યકોરટમાં તે કોરટના ફરી તપાસના અખત્યાર પ્રમાણે કામના કાગળો મંગાવવાને અરજ કરી. એવા કારણથી કે પીનલકોડની કલમ ૩૫૩ અને તેમજ કલમ ૧૪૭ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષા ના હુકમો ચાલી શકતા નથી.

હાલ તે કામ તકરાર ઉપર આવેલું છે.

અરજદારો તરફથી બાબુ અભીકાચરણ બોસ.

સામાવાળા તરફથી કોઇ હાજર નથી.

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

આ કામમાં હીં૦ ફો૦ કાયદાની કલમ ૩૫૩ તેમજ કલમ ૧૪૭ મી પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ ચાલી શકે છે કે નહીં તે નકકી કરવા સારૂ કામના કગળો મંગાવવામાં આવ્યા છે.

અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે હીં૦ ફો૦ કાયદાની કલમ ૧૪૬ મીમાં બખેડાના ગુન્હાની વાખ્યા કરવામાં આવી છે તે પ્રમાણે તેમાં બળ અથવા જોર વાપરવાની બાબત આવી જાયછે, માટે તે ગુન્હાની શાબેતીના ઠરાવ બાબતનો જુદો ઠરાવ કરી શકાતો નથી અને તેજ બળ વાપરયા બાબત કલમ ૩૫૩ મી પ્રમાણે શીક્ષા થઇ શકતી નથી.

નીચેની કોરટના અભીપ્રાયમાં જે એવી હકીકત આવેલી છે તે પ્રમાણે એક દીવાની કોરટનો શીપાઇ રામદયાળદે પોતાની સાથે અબાસ મીરધા અને લાલમહમદને સાથે લેઇ એક કાશીચંદ્ર ભટાચારજીને પકડવાને તેને ઘેર ગયો. તેમાં જે હુકમનો અમલ કરવાનો હતો તે અમલ કરવાની શાગી હરકત તોહોમતવાળાએ કરી, અને જે કજીઓ ચાલ્યો તેમાં તે શીપાઇ તથા આબાશ મીરધા એ બેઉનો હુમલો કરવામાં આવ્યો.

પીનલકોડના કલમ ૧૪૭ અને ૩૫૩ પ્રમાણે ચારે તોહોમતવાળાઓને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા અને દરેક કલમ પ્રમાણે જુદી જુદી શીક્ષા કરવામાં આવી છે. શેશી ભુસન ભટાચારજીને તેણે આબસના ઉપર હુમલો કરયો તે બાબત ગુન્હેગાર ઠરાવી તેને શીક્ષા હિં૦ ફો૦ કાયદાની કલમ ૩૨૪ મી પ્રમાણે કરવામાં આવી છે.

તે શીપાઇના તથા વળી આબાશના એ બેઉના ઊપર બળ વાપરવામાં આવ્યું હતું એવું નીચેની કોરટે ઠરાવેલું છે, માટે ખુલ્લુ જણાય છે કે તેમાંના એક ઉપર ગેરકાયદે મંડળીના કોઇપણ અંગભુતે બળ વાપરેલું હોય તો બખેડાનો ગુન્હો થવાને બસ થાય છે. તે ઉપરથી એમ થાય છે કે બખેડાનો ગુન્હો આબાશ ઉપર હુમલ્લો કરવાથી સંપુરણ થએલો છે અને તે સીપાઇ ઊપર જે હુમલો કરવામાં આવ્યો છે. તેથી ફો૦ કા૦ ચ૦ રી૦ કાયદાની કલમ ૨૩૫ મી ની પહેલી પેટા રકમ પ્રમાણે એક બીજો ગુન્હો થાય છે.

પરંતુ એવી ધારણા કરી અમારી રૂબરૂ તકરાર કરવામાં આવી છે કે તે સીપાઇ ઉપર જબરાઇ વાપરવામાં આવી હતી તેથી બખેડાનો ગુન્હો સંપુરણ થએલો હતો, માટે તોહોમતવાળાને વ્યાજબી રાહે ગુ-

ન્હેગાર ઠરાવી શીક્ષાનો હુકમ તેજ બળ વાપરયા બાબત બીજી કલમ પ્રમાણે થઈ શકતો નથી.

અમારી નજરમાં આવે છે કે તે કાયદાનો આ વીચાર બરોબર નથી, અને જો આભાસ ઉપર હુમલો કરવામાં આવેલો ના હોય તો પણ તે ગુન્હાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાના હુકમો જે હુમલો સી પાઇના ઉપર કરવામાં આવેલો તે બાબતમાં કરેલા છે તે કાયદેશર છે. માટે તે કાયમ રાખવા જોઇએ. તકરારી કલમ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૩૫) ની ૩૭ પેટા રકમ નીચે પ્રમાણે છે:—"જો કેટલાંક કૃત્યોમાંનું એક અથવા એક કરતાં વધારે કૃત્યો ઉપરથીજ ગુન્હો બનતો હોય અને જયારે તે એકઠાં લેવામાં આવે ત્યારે એક જુદો ગુન્હો બનતો હોયતો તે કૃત્યો એકઠાં રાખવાથી જે ગુન્હો બનતો હોય તે ગુન્હા બાબતની અથવા એક અથવા વધારે કૃત્યોથી જે ગુનહો બને તે બાબત એક તપાસમાં જેના ઉપર આરોપ રાખવામાં આવ્યો હોય તેની ચોકસી થઇ શકે છે."

આ કામમાં અમારી રૂબરૂ જે કૃત્યો છે તે એવાં છે કે જે ઉપર થી હિ૦ ફોં૦ કા૦ ની કલમ ૧૪૩ અને ૩૫૩ પ્રમાણેના ગુનહા જુદી જુદી રીતે થાય છે. અને જયારે તે એકઠાં લેવામાં આવે ત્યારે હિ૦ ફોજદારી કાયદાની કલમ ૧૪૭ મી પ્રમાણે ગુનો થાય છે. માટે જે પેટા રકમ બતાવવામાં આવી છે તે પ્રમાણે તોહોમતવાળાના ઉપર કલમ ૧૪૭ મી પ્રમાણેના ગુનહા બાબત, કલમ ૧૪૩ મુજબના આરોપ બાબત અગર કલમ ૩૫૩ ના ગુન્હા બાબત આરોપ રાખી શકાય છે તે ઉપરથી એમ થાય છે કે તેઓને જુદા જુદા ગુન્હેગાર ઠરાવી શકાય છે. અને દરેક ગુન્હા બાબત શીક્ષા થઇ શકે છે.

તોપણુ કલમ ૨૩૫ મીમાં એવું કહેવામાં આવેલું છે કે "આક્લમના કોઇ ઠરાવથી હિ૦ ફો૦ કાયદાની કલમ ૭૧ મીને હરકત થતી નથી." અને તે કલમ સને ૧૮૮૨ ના આક્ટ ૮ માથી દુરસ્ત કરવામાં આવી છે તે જોતાં અમારા જોવામાં એવું ઠરાવેલું જણાય છે કે ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૨૩૫ મીની પેટા રકમ (૩) માં જે કામોનો સમાસ થાય છે તે કામોમાં ગુનેહગારને જે કોરટે તેનો તપાસ કરેલો હોય તે કોરટને શીક્ષા કરવાનો અખત્યાર હોય તે કરતાં વધારે શીક્ષા કરવી નહીં.

હવે હિ૦ ફો૦ કા૦ ની કલમ ૧૪૭ અને ૩૫૩ પ્રમાણે જે કુલ શીક્ષા કરવામાં આવેલી છે તે આઠ માસની ફકત છે, પરંતુ ડીપુટી

માજીસ્ત્રેટ ફકત કલમ ૧૪૭ મી પ્રમાણે બે વરશની કેદની શીક્ષા કરી શકતા હતા.

સબબ તે કરેલી શીક્ષામાં કાયદા વીરૂધ કાંઇ નથી.

ગુનહાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાના હુકમો બાહાલ રાખવામાં આવ્યા.

ફોજદારી રેફરંસ.

તા૦ ૫ ફેબરૂઆરી સને ૧૮૮૬

મી૦ જસ્ટીશ મેકડોનલ તથા મી૦ જસ્ટીશ બોવરલી

સાહેબોની રૂબરૂ.

ઉપેંદ્રનાથધાલ (અરજદાર) વી૦ સુદામીનીદાસી (સામાવાળો)

ખોરાકી પોશાકી—ફો૦ કા૦ ચ૦ રીતના કાયદા (સને ૧૮૮૨ ના આ૦ ૧૦ ની કલમ ૪૮૮—૪૮૯

ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૪૮૮ મી પ્રમાણે ધીમેધીમે ખોરાકી પોશાકીનો દર વધતો જાય તેવા દરની ખોરાકી પોશાકીનો હુકમ કરવાને માજીસ્ત્રેટને અખત્યાર નથી.

તોપણ કલમ ૪૮૯ પ્રમાણે વખતે વખતે કલમ ૪૮૮ મી પ્રમાણે અપાવેલી ખોરાકીપોશાકીના દરમાં ફેરફાર તેઉ કરી શકેછે.

પાનું ૫૩૫ સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૮ પ્રમાણે આ રેફરંશ હાયકોરટમાં કરવામાં આવેલું છે.

તા૦ ૨૯ અકટોબર સને ૧૮૮૫ ના રોજ સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૮૮ પ્રમાણે મીદનાપુરના ડીપુટી માજીસ્ત્રેટે એક અનઉરશ છોકરાની ખોરાકી પોશાકી બાબત નીચે પ્રમાણે હુકમ કરેલો છે:—(૧) તે તારીખથી બે વરશ સુધી દરમાશે રૂ ૧—૮—૦ પ્રમાણે, (૨) બે વરશ પછી બીજા બે વરશ દરમાશે રૂ ૧—૮—૦ પ્રમાણે (૩) તે પછી લગન થતાં સુધી દરમાશે રૂ ૬—૦—૦ પ્રમાણે.

સેસન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તે અલાવંશ હવે પછી વધતું જાય તેવો હુકમ કરવામાં આવેલો છે તે બરોબર નથી. મસામત મંગલો વી૦ જમુનાદાશ તેથી તે કામ તેમણે હાયકોરટમાં મોકલી એવી ભલામણ કરી છે કે તે હુકમમાં ફેરફાર કરવો.

તે રેફરંશમાં બીજુ કોઇ હાજર નથી.

કોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે છે:—

અમારી નજરમાં આવે છે કે શેશન જડજનો અભીપ્રાય બરોબર

છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૮ પ્રમાણે હવે પછી ખોરાકી પોશાકીનો દર વધતો જાય એવો હુકમ કરવાને માજીસ્તરેટ ને અખત્યાર નથી. તે કલમ પ્રમાણે દરમાશે અમુક ઠરાવેલી રકમનો અલાઉંશ આપવાને હુકમ થવો જોઇએ. પરંતુ કલમ ૪૮૯ પ્રમાણે વખતે વખતે તેનો ફેરફાર થઇ શકે છે. સબબ ડીપુટી માજીસ્તરેટના હુકમના જે ભાગ ઉપરથી હવે પછી તે દર વધતો જાય એવો હુકમ કરવામાં આવેલો છે તે અમે રદ કરીએ છીએ. અને ફરમાવીએ છીએ કે કલમ ૪૮૦ પ્રમાણે તે હુકમમાં ફેરફાર થઇ શકે ત્યાં સુધી દરમાસે ૩૧—૮—૦ ના ફક્ત દરથી તે અલાંઉસ વસુલ કરવું જોઈએ.

તે હુકમમાં ફેરફાર કરવામાં આવ્યો.

ફોજદારી ફેરી તપાસ.

તા૦ ૮ ફેબરવારી સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ મેકડોનલ અને મી૦ જસ્ટીસ બીવરલી

સાહેબોની રૂબરૂ.

કીસનઘોનદત વીગરે (અરજદારો) વીરૂધ તઇલોકનાથ બીસવાસ વીગરે (સામાવાળો.)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આક્ટ૧૦ ની કલમ ૧૪૫—સમજાય તેવી સ્થાવર મીલકત—જળકરની બાબતમાં તકરાર.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ ના હેતુ પ્રમાણે એક જળકરમાં માંછલાં પકડવાના હક સબંધીની તકરાર તે સમજાય તેવી, સ્થાવર મીલકત વીસેની તકરાર નથી.

તે બાબતમાં કામ ચલાવતાં પેહેલાં તકરારી મીલકત કીયા પક્ષકાર ના કબજામાં હતી એ સવાલ વીશે કલમ ૧૪૫ પ્રમાણે તપાસ થવો જોઇયે.

પાનું ૫૩૯ કીસ્નઘોનદીત વીગરે (પેહેલી ટોળી) અને તઇલોકનાથ બીસવાસ વીગરે (બીજી ટોળી)ની વચમાં નારાયણપુર જળકરના ભાગના જળકરના કબજા વીસે તકરાર થએલી, પરંતુ તેની હદ એક કીનારાથી બાંધવામાં આવેલી છે. અને નારાયણપુર જળકર પેહેલી ટોળીની તરફથી અમુક સખસના કબજામાં છે તેથી તે તકરાર ઉપરથી આ અરજી ઉતપન થએલી છે.

તા૦ ૧૬ અગષ્ટ સને ૧૮૮૫ ના રોજ તે ડીપ્યુટી માજીસ્તરેટને પેહેલી ટોળીએ એક અરજી આપી એવું કહેલું છે કે તે જળકરની નીશા

નવાળી. હદમાં એકશોપાંચ વીઘા છે. તે સબંધી સુલેહનો ભંગ થાય એ વી ધાસ્તી છે. કારણ કે બીજી ટાળીએ તે જળકરમાં જાય તેવી એક ખાળ અગર નેહેર ખોદેલી છે એવા હેતુથી કે તે જળકરનાં માંછલાં ખેંચીને પકડાય. આ અરજી તા૦ ૨૪ અગસ્ટ સુધી તે માજીસ્તરેટે સુનાવણી ઉપર લીધેલી નહી હતી. પરંતુ તા૦ ૨૩ અગસ્ટના રોજ એમ માલમ પડયું કે તે કીનારો એવી રીતે કાપવામાં આવેલો છે કે જેથી કરીને તે ખાળ અને જળકરની વચમાં સબંધ થાય.

તા૦ ૨૪ મી અગસ્ટના રોજ તે ડીપુટી માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે સુલેહનો ભંગ થવાની ધાસ્તી છે. તેથી તકરારી એકશોપાંચ વીઘાના કબજા સબંધીના દાવા વીસે જુદા જુદા પક્ષકારોએ .પોતાની લખેલી હકીકતો રજુ કરવી એવો તેમના ઊપર હુકમ કરયો.

તા૦ ૧૭ મી નવેંબરના રોજ જે જોઇંટ માજીસ્તરેટ તરફ આ કાગ઼ મોકલવામાં આવેલું તેમણે ઠરાવ્યું કે તા૦ ૨૪ અગસ્ટના રોજ તકરારી જળકરનો તે ભાગ એકે પક્ષકારના કબજામાં નથી. તેથી તે જળકરનો તે ભાગ તેમણે જપત કરયો. પરંતુ તેમના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તા૦ ૨૩ અગસ્ટના રોજ બીજી ટાળીએ તે કીનારો કાપેલો છે તેથી તે ખાળ અગર કાપ તે તા૦ ૨૩ અગસ્ટના રોજ તે બીજી ટાળીના કબજામાં હતો. તેથી તેમણે હુકમ કરયો કે દીવાની કોરટના હુકમના માથી તે ખાળ અગર કાપનો કબજો તે બીજી ટાળી પાસેથી છોડાવવામાં આવે ત્યાં સુધી તે બીજી ટાળીએ તે કબજો રાખવો.

પેહેલી ટાળીએ તે કાયદાની ફરી તપાસની કલમો પ્રમાણે આ હુકમ રદ કરાવવાને હાય કોરટને અરજ કરી.

મી૦ હેડરસંન-(તેમની સાથે બાબુ નીલમાધબ બોઝ.) અરજદારો તરફથી તકરાર પહેલી એવી કરી કે આ તકરાર કાંઇ સમજાય તેવી સ્થાવર મીલકત સબંધી નથી. માટે કલમ ૧૪૫ પ્રમાણે કાંઇ હુકમ કરવો જોઇતો નહી હતો.—બીજયનાથ ચાતરજી વીરૂધ બંગાલ કોલ કંપની અને પ્રમાથા ભુસાના દેબરાય વીરૂધ દુરગાચરણ ભટાચારજી અને બીજી એવી કરી કે કલમ ૧૪૫ લાગુ થાય છે એમ ધારીએ તોપણ તા૦ ૨૪ અગસ્ટના રોજના કબજા બાબતજ માજીસ્તરેટે તે તપાસ કરવી જોઇએ એમ થવું જોઇતું નહી હતું. પરંતુ તા૦ ૧૯ અગસ્ટના રોજ કીયા પક્ષકારોનો કબજો હતો. તે વીશે તેમણે વીચાર કરવો જોઇતો હતો—એમ બલર વીરૂધ પુસંગ. અને ત્રીજી એવી તકરાર કરી કે તે તકરારી એકસોનેપાંચ વીઘા એકે પક્ષકારના કબજામાં માલમ પડેલા નથી. પરંતુ જે ખાળ બાબત તક

રાર નહી હતી તેનો કબજો બીજી ટોળીને તે હુકમથી અપાવવામાં આવેલોછે
શામાવાળા તરફથી આપ્યુ અંબીકાચરણ બોઝ.
કોરટનો હુકમ નીચે પ્રમાણે છે:—
જે હકીકતને લીધે આ હુકમ કરવામાં આવેલો તે નીચે પ્રમાણે છે:—તા૦ ૧૬ અગસ્ટના રોજ માજીસ્તરેટને એક અરજી આપેલી જણાય છે કે નારાયણપુર જળકરૂ અગર તળાવ એક મોટું છે. તેમાંના એક શો પાંચ વીઘા સબંધી સુલેહનો ભંગ થવાની ધાસ્તી છે. અને જોઇંટ માજીસ્તરેટે કહેલું છે કે તે તળાવ ટોળીની તરફથી અમુક સખશના કબજામાં છે એવુ કબુલ કરવામાં આવ્યું છે, તે અરજીમાં કહેલું છે કે બીજી ટોળીએ તે જળકરમાં જાય એવી એક ખાળ અગર નેહેર એવા હેતુથી બીજી ટોળીએ બાંધેલી છે કે તે જળકરમાંથી માંછલાં ખેંચીને પકડાય. તા૦ ૨૩ અગષ્ટના રોજ તે કીનારો એવી રીતે કાપવામાં આવ્યો હતો કે જેથી તે ખાળ અને જળકરનો સંયોગ થાય. અને તેજ માસની તા૦ ૨૪ મીના રોજ માજીસ્તરેટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે એવો લેખી હુકમ કરેલો છે કે નીશબત રાખનાર પક્ષકારોએ તકરારી એકસોને પાંચવીઘાના કબજા બાબતના પોતાના દાવા વીશે લખેલી હકીકતો રજુ કરવી. તા૦ ૧૭ મી નવેંબરના રોજ જોઇંટ માજીસ્તરેટે તે કામનો નીકાલ આ રીતે કરયો. તેમણે ઠરાવ્યું છે કે એકસો પાંચ વીઘા સબંધી તા૦ ૨૪ મી અગષ્ટ કે જે તારીખે માજીસ્તરેટે તે હુકમ કરેલો છે તે તારીખે તે કોઇના કબજામાં નહીં હતા, તેથી તેમણે તે જળકરનો તેટલો ભાગ જપ્ત કરયો. પરંતુ તેમના અભીપ્રાયમાં આવ્યું છે કે તા૦ ૨૩ મીના રોજ બીજી ટોળીએ તે કીનારો કાપેલો છે. તેથી તે કાપ તા૦ ૨૪ મીના રોજ તે બીજી ટોળીના કબજામાં હતો. માટે તેમણે હુકમ કરયો છે કે દીવાની કોરટના હુકમનામાથી તે બીજી ટોળી પાશેથી કબજો છોડાવવામાં આવે ત્યાં સુધી તે કાપનો કબજો તે બીજી ટોળીએ રાખવો. એવી તકરાર કરવામાં આવી છે કે કેટલાંક કારણોથી જોઇંટ માજીસ્ટ્રેટનો તે હુકમ બરોબર નથી. પ્રથમ એવું કહેવામાં આવેલું છે કે તકરારી બાબત તે જળકરમાં માંછલાં પકડવાના હક સબંધી છે. કારણ કે તે તકરાર કાંઇ સમજાય તેવી સ્થાવર મીલકત સબંધી નથી. સબબ કલમ ૧૪૫ પ્રમાણે તે માજીસ્તરેટે કાંઇ હુકમ કરવો જોઇતો નહી હતો. આ તકરારની પુષ્ટીમાં બીજયનાથ ચાતરજી વીરૂધ બંગાળકોલ કંપની અને પ્રમાથા ભુસાના દેબરાય વીરૂધ દુરગાચરણ ભટાચારજીના કામમાં બતાવેલા વીચારો અમને બતાવવામાં આવેલા છે. અમારી નજરમાં આવે છે કે આ તકરારમાં વજન છે માટે આ કારણથી જોઇંટ

માજીસ્તરેટનો હુકમ બરોબર નથી.

બીજી એવી તકરાર કરવામાં આવી છે કે કલમ ૧૪૫ પ્રમાણે તે જોઈંટ માજીસ્તરેટને હકુમત હતી. તોપણ તા૦ ૨૪ મીના રોજ ડાપુટી માજીસ્તરેટે પોતાનો હુકમ કરેલો છે તે તારીખના રોજના કબજા બાબત જ તે તપાસ કરવામાં આવેલી છે તે તેમણે બરોબર કરયું નથી. એમ કહેવામાં આવેલું છે કે તા૦ ૧૬ મી અગસ્ટની રોજ તે અરજી કરીને કામ શરૂ કરવામાં આવ્યું. તે તારીખે અગર તે પહેલાં કીયા પક્ષકારનો કબજો હતો તે વીશે તપાસ થવી જોઇએ. અને ત્યાર પછી જે કાંઇ બને લું તેના અશરથી તે પક્ષકારોની સ્થીતીમાં ફેરફાર થાય છે. તે વીચાર માં લેવું જોઇતું નહી હતું. અમારી નજરમાં આવે છે કે આ તકરારમાં વજન છે. અને આવા કામમાં તકરારી બાબતનું કોરટમાં કાંઇ પ્રોસીડીંગ ચાલતાં પહેલાં કબજો કીયા પક્ષકારનો હતો તે વીશે તપાસ થવી જોઇએ.

વળી એક બીજી હરકત જે માજીસ્તરેટના હુકમને નાબુદ કરનારી છે તે આ છે:—તકરારી એકશોનેપાંચ વીધા કોઇ પક્ષકારના કબજામાં નથી. એવું જોઇંટ માજીસ્તરેટના અભીપ્રાયમાં આવેલું છે. અને જે ખા ળ અને કાપ વીશે તકરાર નહી હતા, તેનો કબજો બીજી ટોળીએ રાખ વો એવો તેમણે હુકમ કરેલોછે. આ હુકમનો અરથાંત રીતે અશર એવો થાયછે કે જેથી બીજી ટોળીને તમામ જળકરનો એવી રીતે કબજો મળેકે જેથી તે ખાળમાં પાણી સાથે માંછલાં ખેંચાઇને જાય. આ તમામ કાર ણોથી અમારી નજરમાં આવે છે કે તે જોઇંટ માજીસ્તરેટનો હુકમ કાય દા પ્રમાણે નથી માટે તે રદ થવો જોઇએ.

સબબ જે રદ કરવાનું કારણ પૂછવાને હુકમ કરવામાં આવેલો છે તે અમે કાયમ રાખીએ છીએ અને જોઇંટ માજીસ્તરેટનો હુકમ રદ ક૦ રીએ છીએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૬ ફેબરવારી સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ મેકડોનલ અને મી૦ જસ્ટીસ બીવરલી

સાહેબોની રૂબરૂ.

રામસુંદર દે (ફરીઆદી) વીરૂધ્ધ રજબઅલી વીગરે (તોહોમતવાળા).

માજીસ્તરેટનું બેંચ—ગેર શીરસ્તે કરેલો હુકમ—એક બેંચે કામ થો ડું સાંભળેલું અને બીજા બેંચે ઠરાવ કરયો.

એક સંક્ષેપ તપાસના કામમાં માજીસ્તરેટના બેંચે ફરીઆદ તરફ નો પૂરાવ લઇને બચાવ તરફનો પુરાવ સાંભળવાને કામ બંધ રાખ્યું. અને ઠરાવેલી મુદતે માજીસ્તરેટોનું બીજું બેંચ હતું. પરંતુ પહેલા બેંચ માંનો એકે અંગભુત તેમાં નહી હતો. તેમ છતાં તે બીજા બેંચે બચાવ તરફનો પુરાવ દાખલ કરી તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યા. હાય કોરટમાં રેફરંસ કરતાં ઠરાવવામાં આવ્યું કે તે હુકમ ગેરશીરસ્તે કરેલોછે માટે રદ થવો જોઇએ.

પાનું ૫૫૮ આ કામના રીપોર્ટનો જે સાર જે હકીકત અગત્યની છે. તે રેફરંસમાં નીચે પ્રમાણે કહેલી છે.

" ફરીઆદીએ તોહોમતવાળા ઉપર બીગાડ બાબત ફરીઆદ કરેલી છે. જે ગુનોહ કહેવામાં આવેલો છે તેમાં સીતુમાં કેટલાંક વરસથી એક વાડ હતી, તેનો નાશ કરવામાં આવેલો છે. પ્રથમ તપાસ કરયા પછી કલમ ૨૦૨, પ્રમાણે અમે તે કામ તપાસ થવા સારૂ કોમીલાના આનરેરી માજીસ્તરેટના બેચ તરફ મોકલેલું હતું. ત્રણ ઓનરરી માજીસ્તરેટના બેંચે સાક્ષીઓની જુબાની સક્ષેપ રીતે લખી લીધી. અને બચાવ તરફના સાક્ષીઆને હાજર થવા સારૂ તે કામ બંધ રાખ્યું. સુનાવણીના ઠરાવેલા દીવસે ચાર ઓનરેરી માજીસ્તરેટો કે જેમાંનો એકે આગળ હાજર નહી હતો. તેમણે બચાવ તરફથી પુરાવ લખી લીધો. અને તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યા એવા કારણથી કે તે કામ દીવાની રાહાનું છે.

" તે વાડ પાંચ અગર સાત વરસથી હતી. તેનો જાણી બુજીને નાશ કરવામાં આવેલો છે. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૨૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક તે બીગાડ થાય છે. એમ કહેવું કે એકાદો સખસ પોતાના હાથમાં કાયદો લે અને આવી સંક્ષેપ રીતે પોતાના જુઠા દાવાનો અમલ કરે એ બરોબર નથી. જો તે વાડ નવી બનાવેલી હોતતો ખરેખાત જુદી જુદી હકીકત હતી. પરંતુ આ કામમાં જેવું ખોટી રીતે નુકશાન કરવામાં આવેલું છે. તેને કોઇ દીવાની દાવાથી માફી મળતી નથી. વળી એક ઓનરેરી માજીસ્ત્રેટે તે કામ શરૂ કરેલું અને ફરીઆદ તરફનો પુરાવ સાંભળ્યા પછી બચાવ તરફની હકીકત સારૂ બીજા બેંચ તરફ મોકલવામાં આવ્યું. (આ ઉપરથી એમ જણાય છે કે પ્રથમ દરશનીક તે હકીકત સાબેત થએલી હતી એમ તેઓની નજરમાં આવ્યું હતું.) અને બીજા બેચે તે તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યા. તેથી આગલની રીતે તે ફરીઆદ ચલાવનારને હરકત ભરેલું થએલું છે. અને જ્યારે તે કામની તપાસ સંક્ષેપ રીતે કરવામાં આવેલી છે. ત્યારે તે વધારે હરકત ભરેલું થએલું છે. કારણ કે જે બીજા બેંચે પોતાનો અ-

ભીપ્રાય બાંધેલો છે તે અવસ્યે કરીને પોલો છે.”

રેફ્રંસમાં કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

કોઇ ફોજદારી ગુનહો બનેલો છે કે નહી એ શવાલ જોયા વીના અમારી નજરમાં આવે છે કે તે બેંચના જે હુકમથી તોહોમતવાળાને નીરદોશ ઠરાવેલો છે તે રદ થવો જોઇએ. કારણ કે તે બેંચનો કોઈ અંગભુત આ કામમાં જે બેંચે ફરીઆદ તરફનો પુરાવ સાંભળેલો તે બેંચમાં નહી હતા. તે તપાશ સંક્ષેપ રીતે કરવામાં આવેલી છે તેથી તેમાં પુરાવ વીગતવાર લખી લેવામાં આવ્યો નથી. માટે જે માજીસ્ત્રેટની રૂબરૂ સાક્ષીઓ તપાસવામા આવેલા હતા તેમાંના એક અગર વધારે માજીસ્ત્રેટોએ તે કામનો નીકાલ કરવો જોઇતો હતો. એવી વધારે જરૂર હતી. સબબ અમે તે કાહાડી નાંખ્યાનો હુકમ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે તપાસ ફરીથી કરવી. અગર જો બની શકે તો જે માજીસ્ત્રેટના બેંચે તે ફરીઆદ તરફનો પુરાવ સાંભળેલો હતો તેમાંના એક અગર વધારે તે બેંચમાં અંગભુત થઇ તેનો નીકાલ કરે.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૧૪ અપ્રેલ સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ વીલસન અને મી૦ જસ્ટીસ પોર્ટર

સાહેબોની રૂબરૂ.

ધરમદાસ ગોઝ વીરૂધ નશરૂદીન (સામાવાળો)

બીગાડ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫)ની કલમ ૪૨૫ રેવન્યુ લીલામ—લીલામ અને લીલામનું સરટીફીકેટ આપ્યાની વચમાં થએલું નુંકશાન—અપુર્ણ હકથી લીધેલી મીલકતને ખોટી રીતે નુકશાન.

પીનલકોડની કલમ ૪૨૫ ના હેતુ પ્રમાણે જે નુકશાન છે તે અવશ્ય કરીને કાયમ, હાલના સંપુરણ હક તોડવાથી થવાની જરૂર છે એમ નથી. પરંતુ જે હક થવાનો હોય તે હક નહી જેવો થવાને સારૂ તે નહી જેવો કરવાના ઇરાદાથી જે કાંઇ કૃત્ય હાલ કરવામાં આવેલું હોય તેથી પણ તે થઇ શકે છે.

કોઇ સખસ મીલકત ખરીદ કરવાને કરાર કરે અને તે વેચાણુની કીંમતનો થોડો ભાગ આપે તેથી તે મીલકત ઉપર તેનો એવો હક થાય છે. પછી તેનો તે હક સંપુરણ ના હોય અગર આખરનો અને નીસ્યય

કારક ના હોય કે જેથી તે મીલકત નાશ થવાથી કલમ ૪૨૫ ના હેતુ પ્રમાણે તેને ખોટી રીતનું નુકશાન અગર બીગાડ થાય.

પાનું ૬૬૦ નીચેની હકીકત પ્રમાણે શીલદાના ડીપુટી માજીસ્ટ્રેટ ની રૂબરૂ એક ધર્મદાસ ગોઝના ઉપર આરોપ રાખવામાં આવ્યો છે:—

તા૦ ૧૪ ડીસેંબર સને ૧૮૮૫ ના રોજ સરકાર પાશેથી એક થોડી જમીન તોહોમતવાળાએ રાખેલી તે મેહેસુલની ચડેલી બાકી સારૂ ૨૪ પ્રગણાના કલેકટરે વેચેલી અને ફરીઆદીએ વેચાણના કાયદા પ્રમાણે તે વેચાણની તારીખે તે ખરીદ કરીને તે વેચાણની કીમતનો એક ભાગ અનામત રાખવામાં આવેલો છે. તે તોહોમતવાળો તે વેચાણ વખતે હાજર હતો, અને તે જમીનનો કબજો ફરીઆદીએ ખરીદ કરેલો છે એ તોહોમતવાળો જાણતો હતો.

તોપણ આ વેચાણ પુરૂ થતાં પહેલાં અને વેચાણની તારીખથી ૬૦ દીવસ પુરા થતા પહેલાં એટલે જે તારીખે ફરીયાદીને તે બાબતનું સરટીફીકેટ મળત તે પહેલાં તોહોમતવાળાએ આ જમીનમાંનાં કેટલાંક ઝાડ કાપ્યાં, અને તે ઉપરથી સદરહુ બતાવેલા ગુનાહ બાબત તેના ઉપર આરોપ રાખવામાં આવ્યો છે. ડીપુટી માજીસ્તરેટના અભીપ્રાયમાં આ હકીકત સાબેત થએલી આવેલી છે, અને તોહોમતવાળાનો ફરીઆદીને ખોટી રીતે નુકશાન કરવાનો ઇરાદો હતો, કારણ કે તે જમીન ઉપરનો હક તે ફરીઆદીને મળવાનો હતો, તેથી તેઓએ તે તોહોમતવાળાને પીનલકોડની કલમ ૪૨૫ પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો અને રૂ. ૧૦૦ દંડ અથવા તે આપવામાં કસુર કરવામાં આવેતો, બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી છે.

તા૦ ૨૯ મારચ સને ૧૮૮૬ ના રોજ તે કેદીએ એવો હુકમ જસ્ટીસ પ્રીનસેપ તથા જસ્ટીસ ગ્રાંટ સાહેબો પાસેથી કરાવેલો છે કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ તે કેદીના કૃત્યથી બીગાડ થતો નથી એવા કારણથી શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ ફરીઆદીએ બતાવવું.

જસ્ટીસ વીલસન અને જસ્ટીસ પોર્ટર શાહેબોની રૂબરૂ તા૦ ૧૪ એપ્રીલ સને ૧૮૮૬ ના રોજ સદરહુ હુકમ સુનાવણી ઉપર આવ્યો.

બાબુ અંબીકાચરણ બોઝે તે હુકમના પુસ્ટીમાં એવી તકરાર કરીછે કે તે ગુનહો કરવામાં આવેલો નથી. કારણ કે જે વખતે તે ઝાડ કાપવામાં આવ્યાં તે વખતે તે જમીનના કબજાનો હક તોહોમતવાળાનો હતો, અને તે ફરીઆદીનો હક પુરણ થએલો નહીં હતો, કારણ કે બેચાણ

...ના કાયદા પ્રમાણે તે વેચાણની તારીખથી સાઠ દીવસ પુરા થતા સુધી તે વેચાણ પુરૂ થતુ નથી અને તે ખરીદ કરનાર વેચાણનું સરટીફી ... મેળવે ત્યાંહાં સુધી તેનો માલકીનો હક થતો નથી; માટે તે તોહોમત ...ના કૃત્યથી તે ફરીઆદીને કાંઇ નુકશાન થઇ શકતું નહી હતું.

બાબુસરજેંદ્રનાથ એજ કારણ બતાવ્યુ.

કોરટનો હુકમ નીચે પ્રમાણે છે:—

આ હુકમમાં એવો સવાલ ઊઠાવવામાં આવ્યો છે કે જે હકીકત મા લુમ પડેલી છે તે પ્રમાણે બીગાડનો હુકમ થએલો છે કે નહીં. (અહીં આં ડીપુટી માજીસ્ટેટના બનાવ્યા પ્રમાણે તે હકીકત અને જે ઇરાદાથી તે કૃત્ય કરવામાં આવેલું છે તે બતાવવામાં આવ્યું છે.)

હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૨૫ મીમાં નીચે મુજબ બીગાડના ગુનાહની વાખ્યા કરવામાં આવી છે.

લોકોને અથવા કોઇ સખસને ગેરવાજબી હાની અથવા નુંકશાની કરવાના ઇરાદાથી અથવા તેવી હાની કે નુંકશાની કરવાથી થવાનો સંભવ છે એમ જાણીને જે માણસ કાઇ મીલકતનો નાશ કરે અથવા કાંઇ મી લકતમાં કે તેની સ્થીતીમાં એવો કાંઇ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કીમત કે ઉ પયોગીપણું ઓછુ થાય અથવા તેથી તે ઉપર નુંકશાન ભરેલી અશર થાય તો તે માણસે "બીગાડ કરયો એમ સમજવું."

તે કલમનો પેહેલો ખુલાસો એવો છે કે—

ખુલાસો ૧ લો—જે મીલકતને નુંકશાન કરયું હોય અથવા જેનો ના શ કરયો હોય તે મીલકતના ધણીને કાંઇ હાની અથવા નુંકશાની કરવા નો ઇરાદો તે ગુનોહ કરનારે કરવો જોઇએ. એવું કાંઇ બીગાડના ગુંનાહમાં જરૂર નથી અગર મીલકતને નુંકશાન કરીને કોઇ પણ સખસને ગેરવા જબી હાની અથવા નુંકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેવી હા ની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ તેના જાણ્યામાં હોયતો બસ છે, પછી તે મીલકત તે સખસની હોય કે નહી તોપણ.

"કોઇ સખસને તેની પોતાની અગર બીજા સખસની કોઇ મીલકત હોય પણ તે મીલકતને ઇજા કરી ખોટી રીતે નુંકશાન કરવાને જો તે ઇરાદો રાખે અથવા તેવું નુંકશાન થવાનો સંભવ છે, એવું તે જાણતો હોય તો તે બસ છે" અને બીજો ખુલાસો એવો છે કે.—

ખુલાસો ૨ જો—પોતાનીજ અથવા પોતાનીજ સાથે બીજા સખસો ના સાથ પોતાની કાંઈ મીલકત બાબત કાંઇ પણ કામ કરીને તે કામ ક રનાર તે કામથી બીગાડ કરી શકે.

માટે કોઇ સખસ પોતાની મીલકતનો નાશ કરે તે વખત પોતાની હોય, પણ એવા ઇરાદાથી કે બીજા કોઇને ખોટી રીતે નુકશાન થશે અથવા તે થવાનો સંભવ છે એવું તે જાણતો હોયતો, બીગાડનો ગુનેહગાર થાયછે.

સને ૧૮૫૯ ના આ૦ ૧૧ પ્રમાણે વેચાંણ થયા પછી અને નાંણાં આપ્યા પછી તથા તીશ દીવસ પુરા થયા પછી જો અપીલ ફાઇલ કરવામાં ના આવે તો તે વેચાણ આખરનું અને નીશ્ચેકારક થાય છે.

સને ૧૮૬૮ ના બંગાળાના આકટ ૭ ની કલમ ૪ થી ત્રીશ દીવશની મુદત હતી તે સાઠ દીવશની મુદત ઠરાવવામાં આવી છે. સને ૧૮૫૯ ના આકટ ૧૧ ની કલમ ૨૮ પ્રમાણે વેચાણ આખરનું અને નીશ્ચેકારક થાય એટલે તે વેચાણ બાબતનું સરટીફીકેટ આપવાનું છે. અને તે વેચાણનું સરટીફીકેટ તેમાં બતાવેલી તારીખથી હક વીશે પુરાવ થાયછે.

અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે આ કામમાં બીગાડનો ગુનહો બન્યો નથી. કારણ કે જે વખતે તે ઝડ કાપવામાં આવ્યાં તે વખતે તેપણ કાયદેસર હક તોહોમતવાળાનો હતો. અને ફરીઆદીનો હક આખરનો અને નીશ્ચેકારક થએલો નહીં હતો. બેશક તે ફરીઆદીનો હક સંપુરણ થએલો નહી હતો તેમ તે આખરનો અને નીશ્ચેકારક પણ નહીં હતો. પરંતુ તે જમીનમાં કાંઇ હરકત કરવામાં આવે તો તેને ખોટી રીતનું નુકશાન થાય એવો તેમાં તેનો હક નહીં હતો. એ કહેવું તો ઘણું ખોટું છે. કોઇ માણસ મીલકત ખરીદ કરવાને કરાર કરે અને કીમતના થોડાં નાંણાં આપે પછી તેનો હક પુરણ થએલો ના હોય તેમ તેનો હક આખર અને નીશ્ચેકારકનો થએલો ના હોય તોપણ તે મીલકત ઉપર તેનુ આવું હીત થાય છે. અને અમારી નજરમાં ખુલી રીતે આવે છે કે તેનું એવુ હીત થાય છે કે તે મીલકતનો નાશ કરવાથી તેને ખોટી રીતનું નુકશાન થાય. માટે આ કારણથી અમારી નજરમાં આવે છે કે આ કામમાં બીગાડનો ગુનહો થએલો છે.

પરંતુ તે તોહોમતવાળો બીગાડનો ગુનેહગાર છે. એવું ઠરાવવાને એક બીજુ પણ કારણ છે. હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૪૨૫ ના હેતુ પ્રમાણે કાયમ, હાલના, સંપુરણ હક તોડીને તે નુકશાન થવું જોઇએ, એમ જરૂર નથી. પરંતુ જે કૃત્ય એવા ઇરાદાથી કરવામાં આવેલું હોય કે હવે પછી જે હક થવાનો છે. તે હક પ્રાપ્ત થાય નહીં. અને તે તુટે તો તે નુકશાન થાય છે. આ પ્રમાણે કલમ ૪૨૫ ના (ક) દ્રષ્ટાંત ઉપરથી ખુલી રીતે બતાવવામાં આવેલું છે.

તે દ્રસ્ટાંતમાં કહયું છે કે "અ એમ જાણુતો હોય કે માહારી પાસે ય નું લેહેણું છે. તે લેહેણું વસુલ લેવાને માહારી મીલકત બજાવવામાં

જવાની છે તેમ છતાં તે લેણું વસુલ લેવાને તે ક ને અટકાવ થાય અને તેથી ક ને નુકશાન થાય. એવા ઇરાદાથી તે પોતાની મીલકતનો નાશ કરે તો અ એ બીગાડ કરયો થાય છે." આ શબ્દોમાં ઘણો થોડો ફેરફાર કરવાથી તે હકીકત આ કામને બેસતી આવે છે. ગ એમ જાણે છે કે આહારી મીલકત સરકારનું લેહેણું વસુલ કરવા બદલ વેચવામાં આવેલી છે અને ખરીદ કરનારનો હક સાઠ દીવસ પછી આખરનો અને નીશ્ચય કારક થવાનો છે. તેમ છતાં તે ખરીદદારને ખરીદ કરેલી મીલકતનો ફાયદો મળતાં અટકાવવાના ઇરાદાથી તે જમીન ઉપરના પડાઉ ઝાડનો નાશ કરે તો અ એ બીગાડ કરયો થાય છે.

આમ અમારી નજરમાં આવે છે કે કારણ પુરતા તે હુકમ રદ કરવો જોઇએ.

તે હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૫ માર્ચ સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ મેકડોનલ્ડ ઓનસ્લો અને મી૦ જસ્ટીસ ગ્રાંટ

સાહેબોની રૂબરૂ.

આગરીયાં વીગરે (ફરીઆદીઓ) વિરૂદ્ધ નાઝીર અલાસી વીગરે

તોહોમતદારો.

ફો. કા. ચ. ની રીતના સને ૧૮૮૨ ના કાયદાની કલમ ૧૩૩–જાહેર રસ્તામાંની હરકત દુર કરવી—હકનો સવાલ.

જ્યારે સાર્વજનીક હક વીષે પુરી રીતે તકરાર હોય ત્યારે સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૩ અને તે નીચેની કલમોમાં સાર્વજનીક રસ્તામાંની હરકત દુર કરવાને જે અખત્યાર આપવામાં આવેલો છે તેનો અમલ કરવાનો ઇરાદો નથી. તે કલમો પ્રમાણે હકના તકરારી સવાલોનો તપાસ કરવાનો હેતુ નથી.

પાનું ૬૯૬ આ કામમાં બારીરૂદીન ભુઇયા વીરૂધ બાહારઅલી અને આશકરમીયા વીરૂધ શામદાગીયાના ઠરાવો પ્રમાણે આ ઠરાવવામાં આવ્યું છે.

વાલ્યુમ ૧૩ મું.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૭ મેએ સને ૧૮૮૬.

મી૦ જસ્ટીશ પીગાટ અને મી૦ જસ્ટીશ મેકફરસન
સાહેબોની રૂબરૂ.

કલકત્તા ટાહરની મ્યુનીસીપાલીટી વી૦ માતુએવાહ વીગરે.

બંગાળાનો સને ૧૮૭૬ નો ૪ થો આકટ, કલમ ૨૪૮— પરવાના શીવાય જાનવરો રાખ્યા વાસ્તે ગુન્હેગાર ઠરાવીને કરેલી શીક્ષા—સમન કાઢયા પછી ગુન્હો શાબેત ઠરાવ્યા તે દરમ્યાન ગુનો કરવો જારી રાખવો—જુદી જુદી તારીખે તેનો તેજ ગુન્હો કરયા વાસ્તે બીજું ચલાવેલું ફોજદારી કામ.

બંગાળાના સને ૧૮૭૬ ના ૪ થા આકટની કલમ ૨૪૮ પ્રમાણે એક દુધવાળાના ઉપર પરવાના વગર જાનવર રાખ્યા વાસ્તે ગુનેહગાર ઠરાવી તપાસ ચલાવી તેનો દંડ કીધો. તેના ઉપર ગુન્હો સાબેત ઠરાવતાં પેહેલા ગુનો 'કરવો જારી રાખવા વાસ્તે કામ ચલાવાય નહીં, તેમજ તેના ઉપર એના એજ ગુન્હાને વાસ્તે જુદુ જુદુ કામ ચલાવાય નહીં. કારણ કે ઉપર કહેલી કલમ પ્રમાણે ગુન્હો શાબેત ઠરાવતાં પહેલાં તે ગુનો એક જુદો અને દર એક કરવો જારી રાખેલો છે. બંગાળાના સને ૧૮૭૬ ના ૪ થા આકટની કલમ '૨૪૮ પ્રમાણે કરેલા ગુન્હાને માટે દુધવાળા ઉપર ૨૭ મીં મારચે સમન કાઢેલો ત્યારે તે ગુનો તા૦ ૧૬ મી મારચે થયેલો છે એમ કહેવામાં આવેલું હતું. તે કામ તા૦ ૯ મી એપ્રીલે ચલાવવાનું હતું તેથી તે તારીખે માજીસ્ત્રેટે ગુન્હેગાર ઉપર ગુનો ઠરાવી તેનો દંડ કીધો, બીજો શમન તેજ દહાડે (૨૭ મારચ) તેના પર તેનો તેજ ગુનો તા૦ ૨૫ મી મારચે કરેલો એમ કહેવામાં આવેલું, તે ગુનાહને વાસ્તે કાડેલો હતો. ઠરાવવામાં આવ્યું કે બીજા આરોપ બાબત તેને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી.

પાનું ૧૦૮ આ રેફરંશની હકીકત નીચે પ્રમાણે છે:—

સને ૧૮૭૬ ના બંગાળાના ૪ થા આકટની કલમ ૨૪૮ પ્રમાણે ગયા માર્ચ માસની તા૦ ૨૭ મીએ કલકતા શેહેરની મ્યુનીશીપાલીટી તરફથી મી૦ રેબીશ ઓવરશીયરે સમન કઢાવેલા તે પ્રમાણે જે દુધવાળાઓ ગુન્હેગાર હતા તેમના ઉપર કામ ચલાવ્યું. તે અરજીમાં એમ કહેલું છે કે ગુનો તા૦ ૧૬ મી મારચે થયો હતો અને તેની તપાસની સુનાવણી

તા૦ ૮ મી એપ્રીલે રાખી હતી, તે વખતે આ કામની સુનાવણી પ્રેશીડેન્શી માજીસ્તરેટની આગળ થઇ હતી અને તેઉ સાહેબે તેમને ગુન્હેગાર ઠરાવી અનુક્રમે ૮—૧૨ અને ૧૫ રૂપીઆ દંડ કરયો. તેજ કલમ પ્રમાણે. ઇનસ્પેકટર મી૦ જોર્જ મ્યુનીશીપાલીટી તરફથી તેજ દહાડે એટલે તા૦ ૨૭ મી મારચે આ કેસ ચાલતાં પહેલાં તેઓની ઉપર સમન કઢાવ્યા હતા.

તે અરજીમાં કહેલું છે કે તે ગુનો તા૦ ૨૫ મારચે થયો હતો અને તેની સુનાવણીને વાસ્તે તા૦ ૧૦ મી એપ્રીલ ઠરાવી હતી. ઓનરરી માજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ તે કામ જ્યારે ચાલ્યું ત્યારે તેઉ સાહેબને, ગુનેગારો જેના ઉપર બીજા સમન જે કે પેહેલા ચાલુ હતા અને તેમનો નીકાલ આવ્યો નહોતો તો પણ કાઢવામાં આવ્યા હતા તે પ્રમાણે ગુન્હેગારોના ઉપર કામ ચલાવાય કે નહીં એવો શક પડયો. મ્યુનીશીપાલીટી તરફથી એવી તકરાર કરવામાં આવી કે એ જુદા જુદા ગુનાહ કરવામાં આવેલા હતા:—એક તા૦ ૧૬ મી મારચે અને બીજો તા૦ ૨૫ મી મારચે અને વળી એમ તકરાર કરવામાં આવી હતી કે પેહેલા કાઢેલા સમન પ્રમાણે ગુનહેગાર ઠરાવી કરેલી તપાસથી બીજા કાઢેલા સમનથી તપાસ ચલાવવાને કાંઇ અડચણ નથી એમ છતાં માજીસ્તરેટ સાહેબનો એવો અભીપ્રાય હતો કે કલમ ૨૪૮ માં એમ કહેલું છે કે પરવાના શીવાય જનાવરો રાખવા બાબતનો એક ગુનાહ ઠરવી અને ૧૦૦ રૂપીઆ કરતાં વધારે નહીં એવો દંડ કરવામાં આવે તો તે ગુનો જે દહાડે થયો તે દહાડેથી તે ગુન્હો શાબેત ઠરાવ્યાની તારીખ સુધી જે ગુન્હો કરેલો હોય તેનો સમાસ થાય છે. અને સમનો કાઢયા ત્યાથી તે ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો ત્યાં સુધીના તેના તેજ ગુન્હાને વાસ્તે કામ ચલાવાય નહીં. પણ મ્યુનીશીપાલીટીની ફરીયાદથી તેઉ સાહેબે હાઇકોરટના અભીપ્રાય માટે નીચેના સવાલો પૂછયા.—

સને ૧૮૭૬ ના બંગાલાના ૪ થા આકટની કલમ ૨૪૮ મીમાં કહયા પ્રમાણે દુધવાળો પરવાના વીના કોઇ જનાવર રાખે અને તેને તે બાબત તે કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેનો દંડ કરવામાં આવેલો હોય આવા ગુનાની સાબેતીની તારીખ પહેલાં તેજ ગુનો કરવો જારી રાખવાને વાસ્તે ફરીથી તેના ઉપર કામ ચલાવાય કે નહી?

સને ૧૮૭૬ ના બંગાલાના ૪ થા આકટની ૨૪૮ કલમ પ્રમાણે જે દુધવાળો કોઇ જનાવરને કલમમાં જે પરવાના સાથે રાખવાને કહેલું છે તે સીવાય રાખે છે તો તેનો તેજ ગુનેહગાર જે જે તારીખે તે ગુનહો જારી રાખેલો હોય તેજ ગુનહા બાબત ગુનહાની સાબેતીના ઠરાવ પેહેલાં

જુદો સ્પષ્ટ ગુનહો કરેલો હતો તે વીશે જુદી ફરીઆદી ચાલી શકે કે નહીં.

આ મોકલેલા કામની સુનાવણી વખતે હાઇકોરટની રૂબરૂ કોઇ પક્ષકારોમાંનો કોઇ હાજર થયો નહીં.

કોરટનો અભીપ્રાય નીચે પ્રમાણે છે:—

અમારો અભીપ્રાય એવો છે કે બંને સવાલના જવાબો નકારમાં હોવા જોઇએ તે કલમમાં એમ બતાવેલું છે કે એક ગુનાહો અને એક ફરીઆદ બાબત ગુનાહાની સાબેતીનો ઠરાવ કરીને રૂ ૧૦૦ કરતાં વધારે દંડ નહીં કરવો અને જે દીવસે ગુનોહ જારી છે તે દરેક દીવશને માટે રૂ ૧૦ થી વધારે દંડ કરવો નહીં.

ગેરેટ વી૦ મેસેન્જરના કામમાં એક ઘર પરવાના શીવાય જાહેરાંત નાચને વાસ્તે રાખવાનો ગુનહો હતો અને ૬૮ કલમ પ્રમાણે તે ગુનહાની ફરીઆદ ચલાવી હતી તે કામમાં એમ ઠરાવ્યું છે કે દરેક માણસ ઉપર કહેલા પરવાના શીવાય એક ઘર વીગરે રાખે તો તેને જે માણસ તેના ઉપર દાવો કરશે તેને ૧૦૦ પાઉંડની રકમ આપવી પડશે. બે સાધારણ ખબર આપનારાઓએ આ આક્ટ પ્રમાણે બે દાવા દરેકે ૧૦૦ પાઉંડ ગુનેહગારીના લેવાને કરેલા હતા. એકને વાસ્તે હુકમનામું કરવામાં આવ્યું હતું. અને બીજામાં મી૦ જષ્ટીશ વીલસનનો અભીપ્રાય એમ થયો કે એકનો દંડ લેવાથી બીજાને વાસ્તે કાયદાની ગુનેહગારીનો અખત્યાર પુરો થએલો છે. ફુલકોરટે અભીપ્રાયને સ્વીકારયો અને ચીફ જસ્ટીસ બોવી સાહેબે એમ કહયું છે કે જો કાયદા બાંધનારી સભાનો એમ અભીપ્રાય હતો કે અહીંઆં એક કરતાં વધારે શીક્ષા હોવી જોઇએ તો તે સભાએ તેનો વીચાર ચોખી રીતે દરશાવ્યો હોત.

આ કામ ગીલન વીરૂધ ગેલના કામમાં બતાવેલું છે. જે જે કામોમાં ગુનો જારી રાખ્યા બદલ દંડ કરવામાં આવ્યો હોય તેમની અને જે કામોમાં ગુનો ખુલ્લો પુરો થએલો હોય તેમાં દંડ કરવામાં આવેલો હોય તેમની વચ્ચે ફેર બતાવેલો છે. આ કેસમાં પરવાના શીવાય જાનવર રાખવાં એ ગેરેટ વીરૂધ મેસેન્જરના કામ પ્રમાણે પરવાના શીવાય મીજબાની સારૂ એક ઘર રાખવું એ ઘણા કૃત્યોથી સાબેત થઇને અને ફકત એક ગુનોહ થાય છે જેને વાસ્તે ફકત એકજ શીક્ષા થાય છે. જે શીક્ષા રૂ. ૧૦૦ ના દંડ કરતાં વધારે નહી એવો દંડ છે તથા બીજો જે વધારે દંડ કરવામાં આવે તે જે કૃત્યો સમનો નીકળ્યા પછી અને ગુનાહની સાબેતીનો ઠરાવ કરતાં થયેલા હોય તેમને તે ગુનાહનો ભાગ ગણવો જોઇએ તેટલા વાસ્તે માજીસ્ટ્રેટે જે સવાલો પુછેલા તેના જવાબ અમે નાકારમાં આપીએ છીએ.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૨૦ મે સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ નોરીસ અને મી૦ જસ્ટીસ મેકફરસન
સાહેબોની રૂબરૂ.

રામદાસ માઝી વીગરેની અરજીના કામમાં

જજમેન્ટ—જજમેન્ટનો નમુનો અને તેનો મજકુર—માજીસ્તરેટને આં કરેલી ફોજદારી અપીલ.

ફોજદારી કામ ચલાવવાની રીતના સને ૧૮૮૨ ના કાયદાની કલમ ૩૬૭ અને ૪૨૪

ડીપોટી માજીસ્તરેટને ત્યાંથી મોકલેલી અપીલ માજીસ્તરેટે સાંભળી નીચે પ્રમાણે ફેંસલો આપેલા છે. નીચેની કોરટનો ફેસલો નહી માનવાને કાંઇ કારણ મને માલમ પડતું નથી એમ છે તો પણ જે સજા કરવામાં આવેલી છે તે સખત છે. અમે કેદની સજા જે છે તેને ઓછી કરી ને પંદર દહાડાની કરીએ છીએ. દંડ અને કેદની સજામા દંડ ના આપે તો કેદની સજા કાયમ રહેશે.

કમરૂદીન દાઇ વીરૂધ સોનતન મેડલના કામના ઠરાવ ઉપર આધાર રાખીને એવો અભીપ્રાય આપ્યો કે તે ફેસલો ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૬૭ અને ૪૨૪ ના હેતુ પ્રમાણે નથી.

પાનું ૧૧૦ આ કામમાં કમીરૂદીનદાઇ વીરૂધ શોનતના મેડલના કામમાં જે ઠરાવ કરેલો છે તે ઠરાવ ઉપર આધાર રાખીને કલમ ૩૬૭ અને ૪૨૪ પ્રમાણે માજીસ્ટ્રેટનુ જજમેંટ નથી.

કોરટે હુકમ કરયો કે અશાનનો ફેંસલો રદ કરવામાં આવે છે અને હુકમ કરવામાં આવે છે કે અપીલ ફરીથી સાંભળવી જોઇએ.

અરજદાર તરફથી બાબુ ઇસ્વરચંદર ચકરબતી.

સામાવાળાની તરફથી બાબુ દુરગામોહનદાસ.

ફોજદારી અપીલ.

તા૦ ૩૦ જુન સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ ઓકીનીલી અને મી૦ જસ્ટીસ એગન્યુ
સાહેબોની રૂબરૂ

અભ્યાનશીંગ વીરૂધ માહારાણી કેશરેહીંદ.

તોહોમતવાળાને છોડી મુકવો—શેશન જડજે કમીટ કરવાને અને

અગાડી તપાસ કરવાને કરેલો હુકમ—જુબાનીઓ તોહોમતદારને સમજાવેલી નહી—મોહોડાની જુબાની—મુખતીઆરની ભુલ ભરેલાં લખેલાં કાગળો બાબત હકીકત—ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો(સને ૧૮૮૦ ના આક્ટ ૧૦) ની કલમ ૩૬૦—પુરાવનો આકટ (શને ૧૮૭૨ નો આક્ટ ૧ લાની કલમ ૯૧

શેસન જડજે આ કામમાં થએલા મુખત્યારની એકંદર હકીકત સાંભળીને વીચારયું કે અમુક સાક્ષીએની જુબાની માજીસ્તરેટ આગળ થએલી છે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલલ ૩૬૦ પ્રમાણે જેમ થવી જોઇએ તેમ નથી. અને આ જુબાનીઓ પુરાવા તરીકે લેવાની ના પાડી અને વળી સાક્ષીઓએ કહેલી હકીકત સબંધી મોહોડેથી જે પુરાવ આપેલો છે તેપણ લેવાની ના પાડી. અને સરકાર તરફથી આ જુબાનીઓ દાખલ કરાવવાને કાંઇ હરકત લેવામાં આવી નથી. અને તોહોમતવાળાઓ ઉપર છેવટે ગુનહો સાબેત ઠરાવ્યો. અને સખત મજુરી સાથે કેદની સજા તેમને કરી.

અપીલમાં ઠરાવવામાં આવ્યું કે ગુનહાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ જોઇએ.

પાનુ ૧૨૧ તા૦ ૩૧ ડીસેંબર સને ૧૮૮૫ ના રોજ એમ જણાવવામાં આવેલું છે કે એક અધ્યાનશીંગ નામના સખસે એક બુધન નામના માણુશના હાથ ઉપર એવો સખત ઘા કરયો કે જેથી કરીને તેનુ મોત થયું.

આસીસ્ટંટ માજીસ્ત્રેટે જેમણે આ કામમાં તપાસ કરી તેમણે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૯ અને ૨૫૩ પ્રમાણે તોહોમતવાળાને છોડી મુકયો.

મરનાર માણુશની સ્ત્રીએ શેશન જડજને આ છોડી મુકવાનો હુકમ રદ કરાવવાને પછીથી અરજી કરી.

શેશન જડજ સાહેબે તા૦ ૧૧ મી ફેબરવારીએ નીચે પ્રમાણે હુકમ કરયો.

"અમારી નજરમાં એમ આવે છે કે તોહોમતવાળાએ શીક્ષાણીય મનુંષ્યવધનો ગુનહો કરેલો તેને વાસ્તે તેને કમીટ કરવો જોઇએ. પણ આવો હુકમ કરતાં પેહેલાં અધ્યાનને આવો હુકમ કેમ ન થવો જોઇએ તેનું કારણ બતાવવાને નોટીશ આપવી જોઇએ; એ હુકમ થશે એટલે અમે વળી ઇનસપેકટર, સબઇનસપેક્ટર, આશીસ્ટંટ સરજંટ અને સબ ડીપુટી માજીસ્ટ્રેટને તપાસવાને હુકમ કરીશું." આ હુકમ સાંભળતાં શેશન જડજે નીચે પ્રમાણે હુકમ કરયો "હું તોહોમતવાળાને કમીટ કર

વાનો હુકમ કરવું અને તા૦ ૧૧ મીના રોજના મહારા આગળ ચાલેલા પ્રોસીડીંગમાં જે વધારેનો પુરાવો બતાવવામાં આવેલો છે. ને તે પ્રમાણે તોહોમતવાળાની રૂબરૂમાં બની શકે તો એકદમ થવું જોઇએ.

સેશન જડજની રૂબરૂ જે કામ ચાલ્યું તેમાં તોહોમતવાળા તરફથી કોન્શલે ફરીઆદીના સાક્ષીઓને તોડવાને આસીસ્ટંટ માજીસ્તરેટની કોરટમાં જે હકીકત તેમણે કહી હતી તે સબંધી શવાલો પુછવાનો પ્રયત્ન કરયો અને તે કોરટમાં જે જુબાનીઓ તેમણે આપેલી હતી તે તેમના વીરૂધ પૂરાવમાં રજુ કરી. શેશન જડજે આ જુબાનીઓ દાખલ કરવાની ના પાડી. એવા દેખીતા કારણથી કે મુખત્યાર જે તોહોમતવાળા તરફથી હાજર હતા. અને જેમણે આશીસ્ટંટ માજીસ્તરેટની રૂબરૂ કામ ચલાવેલું હતું. તેમણે શેશન જડજને એવું જાહેર કરયું હતું કે આસીસ્ટંટ માજીસ્તરેટે આ જુબાનીઓ સાક્ષીઓને વાંચી સંભળાવી નહોતી. અને વળી જાહેર કરયું કે આશીસ્ટંટ માજીસ્તરેટ સાહેબનો ફો. કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૬૦ માં કરેલા ઠરાવ ઉપર લક્ષ નહીં રાખવાનો હમેશનો રીવાજ છે. તોહોમતવાળા તરફથી કાંઉશલ જે હાજર હતા તેમણે એવી અરજી કરી કે આશીસ્ટંટ માજીસ્તરેટની આ કામમાં સાક્ષી તરીકે જુબાની લેવી જોઇએ. પણ આ અરજી નામંજુર કરવામાં આવેલી હતી. એવા કારણથી કે સાક્ષીઓએ આશીષ્ટંટ માજીસ્તરેટની રૂબરૂ જે જુબાની આપેલી છે. તે જુબાની માજીસ્તરેટ કબુલ કરી શકતા નથી. કારણ કે પુરાવ આકટની કલમ ૯૧ પ્રમાણે તે બાબતોની સાબેતી ફકત લખેલી જુબાનીઓ છે. આ કામની આખરે શેશન જડજે જુરીનો ઘણો મત કબુલ રાખીને તોહોમતવાળાને માહાવ્યથા કરવાનો ગુનેહગાર ઠરાવ્યો. અને તરણ વરશ સખત મજુરી સાથે કેદની સજા કરી.

કેદીએ અપીલ કરી.

અપીલવાળા તરફથી મી. જી. ગ્રેગરી (તેમની સાથે ઓમીતનાથ બોઝ) એ એવી તકરાર કરી કે કમીટ કરવાનો હુકમ શેશન્શ જડજે કરયો તેની સાથે આશીસ્ટંટ માજીસ્તરેટે નવો પુરાવો લેવો એ હુકમ પણ કરયો તે ગેરકાયદે છે. અને આ બાબતમાં દાહુશાંગના કામનો ઠરાવનો રીપોટ કરવામાં આવેલો નથી. અને જે સને ૧૮૮૬ ની ૪ થી મારચના રોજ સને ૧૮૮૬ ની ફોજદારી અરજીમાં એજ કામનો ઠરાવ જસ્ટીસ પ્રીનસેપ અને મી૦ જસ્ટીસ ગ્રાન્ટ સાહેબે કરયો હતો તેમાં તેના તેજ સેશન જડજ મી૦ કર્નેડે તોહોમતવાળાને માજીસ્ટેટ છોડી મુક્યા.

પછી અગાડી તપાસ કરવાનો હુકમ કરયો અને તેજ વખતે કોરટ થી તોહોમતવાળો કમીટ કેમ થાય નહીં એનું કારણ બતાવવાને તોહોમત વાળાને હુકમ થયો હતો. કારણ બતાવવાના હુકમની સુનાવણી થતી વખતે તોહોમતવાળાને કમીટ થવાનો હુકમ કરયો અને માજીસ્તરેટને બે નવા સાક્ષીઓની જુબાનીયો લેવા ફરમાવ્યું. જસ્ટીસ પ્રીનશેપ અને જસ્ટીસ ગ્રેન્ટ સાહેબોની રૂબરૂ આ કામ આવતાં કમીટ કરવાના હુકમ ઉપર નીચે પ્રમાણે કહી રદ કરયો. "અમને એમ માલમ પડે છે કે શેશન જડજનો હુકમ આ કહેવામાં આવેલા ગુનાહની અગાડી તપાસ ચલાવાનો હુકમ અને તેની સાથે તોહોમતવાળાને કમીટ કરવાનો હુકમ કરવામાં આવેલો હોય તેવો છે. ને તોહોમતવાળાને બગેબર રીતે કમીટ કરવામાં આવે તે પેહેલાં તેમના વીરૂધ જે સઘળો પુરાવો છે તેની અને નવો પુરાવો જે લેવાનો છે તેની બુજ ધ્યાંનમાં લેવી એ જરૂરનું છે. આ ઉપર કહેલાં કારણોને લીધે અમારી નજરમાં એમ આવે છે કે કમીટ કરવાનો જે કરેલો હુકમ તે યોગ્ય વખતે કરેલો નથી; ને પણ રદ કરવો જોઇએ. ડીપોટી માજીસ્ટ્રેટે શેશન જડજના અગાડી તપાસ ચલાવવા સબંધી જે હુકમો કરેલા છે તેનો અમલ કરવો અને જે પુરાવો લેવાનો છે તે ધ્યાનમાં લઇને અને પેહેલાં જે પુરાવો તેઉ સાહેબે લીધો છે તે ધ્યાંનમાં લઇને જેવા હુકમો કરવા ઘટે તેવા કરવા." (૨) વળી એવું અમને માલમ પડે છેકે જડજ સાહેબે તે જુબાનીઓ પુરાવમાં નહી દાખલ કરવાથી ખોટું કરયું છે, અને પુરાવ આકટની ૯૧ મી કલમ લાગુ પડતી નથી. અને જે જુબાનીઓ માજીસ્તરેટે છોડી દેવાથી આ સાક્ષીઓની જુબાનીઓ તરીકે ગણી શકાય નહી. માટે શાક્ષીઓએ જે કહયું તેમાનું કશું લખેલું નથી અને તેટલા માટે મુખજુબાની પુરાવ દાખલ કરવા લાયકછે. (૩) અને મુખત્યારે જે કહયું તે સેશન જડજે સ્વીકારવું જોઇતુ નહી હતું.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસર મી૦ કીલબી.

કોરટે નીચે પ્રમાણે હુકમ કરયો.

આ કેસમાં મુહાવ્યથાના ગુનાહ બાબત કેદીના ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું અને ત્રણ વરસની સખત મજુરી સાથે કેદ અને ૨૦૦ રૂપીઆ દંડની સજા કરેલી હતી. પટનાના શેશન જડજ સાહેબ અગાડી તેનું કામ ચાલતું હતું તે વખતે જયારે અમુક સાક્ષીઓની ઉલટ તપાસ થતી હતી ત્યારે તેઓએ કમીટ કરનાર અમલદારની રૂબરૂ આપેલી જુબાનીઓ તે વખતે કહેતા હતા તે તોડી નાંખવાને પુરાવમાં રજુ કરી.

સરકાર તરફથી આ જુબાનીઓ સ્વીકારવાને કાંઇ પણ હરકત બતાવવામાં આવી નથી. પણ જે મુખ્તીઆરે તોહોમતવાળાની તરફથી ની

અલી કોરટમાં કામ ચલાવ્યું હતું તેમણે કહ્યું કે તે કમીટ કરનાર અમ લદારને સાક્ષીઓની જુબાની વાંચી બતાવવાનો રીવાજ નથી. અને તે કા રણથી શેશન જડજે પોતે હરકત લીધી અને તોહોમતવાળા તરફથી જે પુરાવો આપવામાં આવેલો તે લેવાની ના પાડી. અમારી નજરમાં એમ આવે છે કે એમ કરવામાં તેઉ સાહેબની ભુલ હતી. અને જુબાનીઓ નહી લેવાને કાંઇએ કારણ નથી. વળી અમારી નજરમાં આવે છે કે જો તેમણે ખરી રીતે સ્વીકારી નહી હોતતો કેદીને આશીસ્ટંટ માજીસ્તરેટને સાક્ષી આપવા બોલાવતાં હરકત કરવી ન જોઇએ.

અમે ગુનાહની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ કરીએ છીએ. અને કેદીનું કામ ફરીથી ચલાવવાનો હુકમ કરીએ છીએ. જો જુ બાનીઓ પૂરાવામાં રજુ કરેલી હોય તો તે પુરાવમાં દાખલ થવા દેવી.

ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૩૦ એપ્રીલ સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ પ્રીનસેપ અને મી૦ જસ્ટીસ ગ્રાંટ સાહેબોની રૂબરૂ.

ગોલકચંદરપાળ વીગરે (અરજદારો) વીરૂધ કાળીચરણદે.

(સામાવાળા)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫—પીનલકો ડની કલમ ૧૮૮—સરકારી નોકરનો હુકમ અપમાન કરવો—કબજા બાબ ત તપાસ—તપાસના પક્ષકારો.

સને ૧૮૮૩ ના મે માસમાં ટીપરાના જીલા માજીસ્તરેટે અ તથા બ એ રાખેલા દાવાવાળી અમુક જમીનના કબજા બાબત તપાસ કરી અ ને તેમના અભીપ્રાયમાં એવું આવ્યું કે તેમણે જે પૂરાવ લીધેલો છે તે ઉપરથી અ નો કબજો છે. માટે તેમણે તા૦ ૨૧ મે સને ૧૮૮૩ ના રો જ એવો હુકમ કર્યો કે કાયદા પ્રમાણે રીતસર અ પાસેથી કબજો છોડા વવામાં આવે ત્યાં સુધી અ ને કબજો રાખવાનો હક છે અને કાયદા પ્રમા ણે રીતીસર તે કબજાને હરકત થાય નહીં ત્યાં સુધી અ ના કબજામાં બ વીગરેએ હરકત કરવી નહી. સને ૧૮૮૫ ના નવબર માસ પહેલાં તકરા રી જમીનનો આઠ આની ભાગ બ નો હતો તે બ એ ક ને વેચ્યો. તે વખતે ક ને ખબર હતી કે તા૦ ૨૧ મે ૧૮૮૩ ના રોજનો હુકમ થ એલો છે. સને ૧૮૮૫ ના નવેંબર માસમાં ક વીગરે તકરારી જમીન ઉપર ગયા. અને જબરાઇથી અ ની પાસેથી કબજો લેઇ લેવાને બ તથા ક

ને સાંથ તથા કબુલતો આપવાને સાંથે રાખનારાઓને ફરજ પાડવાને કોશી શ કરી. જે વખતે બ અને તેના સોબતીઓ તકરારી જમીન ઉપર ગયા હતા. તે વખતે તે સોબતીઓને તા૦ ૨૧ મી મે સને ૧૮૮૩ ના રોજ ના હુકમની ખબર હતી તોપણ જીલા માજીસ્તરેટે જે તજવીજ કરેલી હતી તેમાંનો કોઇ પક્ષકાર નહી હતો. સરકારી નોકરે યોગ્ય રીતે એક હુકમ પ્ર શીધ કરેલો તેનું અપમાન કરયા બાબત તે તમામને તપાસ કરી ગુનેહગાર ઠરાવેલા હતા. ઠરાવવામાં આવ્યું કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર છે

પાનું ૧૭૫ આ કામમાં તોહોમતવાળાઓમાંથી એક તોહોમતવાળા બક્ષી સોનારના પીનલકોડની કલમ ૧૫૭ પ્રમાણે ગેરકાયદે મંડળીમાં ભાડે રાખેલા માણસો પોતાને ઘેર રાખ્યા એ બાબત તપાસ કરી ગુનેહગાહ ઠરાવવામાં આવેલો હતો. અને બીજા તોહોમતવાળાઓને પીનલકોડની કલમ ૧૮૮ પ્રમાણે એક સરકારી નોકરે પ્રશીધ કરેલો હુકમ નહીં માન્યા બાબત તપાસ કરી ગુનેહગાર ઠરાવેલા હતા. આ કામની હકીકત નીચે પ્રમાણે છે:—

સને ૧૮૮૩ ની શરૂઆતમાં તોહોમતવાળાઓમાંના એક તોહોમતવાળા કુતુબુદીન તથા તેના જેવો દાવો રાખનાર જમીનદારો નામે નાગની વચમાં અમૂક જમીનના માલેકપણા સબંધી તકરાર ઉતપન થએલી હતી. કારણ કે તેઉ બે પક્ષકારો કબજો લેવાને દાવો રાખતા હતા. સને ૧૮૮૩ ના મે માસમાં પોલીશ તરફથી કેટલાક રીપોટો આવવા ઉપરથી જીલા માજીસ્તરેટ મી૦ હોપકીન્સે ફો. કા. ય. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે કામ ચલાવ્યું, અને પુરાવ ઉપરથી એવો નીસ્ચે કરયો કે તકરારી જમીન નાગ જમીનદારોના કબજામાં છે તેથી તેમણે કા મમાં એવો હુકમ લખેલો છે કે જવારની લાખીનો કબજો રાખવાનો હક નાગ જમીનદારોનો તેમને કાયદા પ્રમાણે કાહાડવામાં આવે ત્યાં શુધી છે. અને કાયદા પ્રમાણે તે કબજાને હરકત કરવામાં આવે ત્યાં શુધી કુતુબુદીન વીગરે તમામ પક્ષકારોએ હરકત કરવી નહી: આ હુકમ તા૦ ૨૧ મે સને ૧૮૮૩ ના રોજ કરવામાં આવ્યો હતો. કુતુબુદીને જીલા માજીસ્તરેટનો સદરહુ હુકમ રદ કરાવવાને શેશન જડજને અરજ કરી. પ રંતુ તે અરજી નામંજુર કરવામાં આવી હતી.

નવેંબર સન ૧૮૮૫ ના પહેલાં કુતુબુદીને તકરારી જમીનમાંનો ની મે ભાગ એક અબદુલબારીને વેચાણ આપ્યો હતો. અને તેને તા૦ ૨૧ મી મે સને ૧૮૮૩ ના રોજની હુકમની સંપૂરણ રીતે ખબર હતી. તેમ છતાં તે ભાગ તેણે ખરીદ કરયો હતો. અને તા૦ ૨૧ મી નવેંબર સન ૧૮૮૫ ના રોજ એક કાળીચરણદે જે નાગ જમીનદારોનો તેહસલદાર છે

તેણે જીલ્લા માજીસ્તરેટને એવી ફરીઆદ કરી કે કુતુબુદીન વીગરે તોહોમતવાળાઓ લાઠીઓ તથા ભાલા લઇને એક ટોળામાં નીકળી ગયા હતા. અને તે જગોની રઇયત પાસેથી જબરાઇથી તેમણે નાંણું કઢાવેલાં છે. તથા કુતુબુદીન અને અબદુલ બારીને કબુલતો કરી આપી તેના ઉપર સહી કરાવી લીધી છે. જીલ્લા માજીસ્તરેટે તે કામ ડીપોટી માજીસ્તરેટ તરફ મોકલ્યું. તેમાં તેઉ સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે બક્ષીસોનાર શીવાય તમામ તોહોમતવાળાઓને તા૦ ૨૧ મે સને ૧૮૮૩ ના રોજના હુકમની સંપુરણ ખબર હતી તેમ છતાં કુતુબુદીન અને અબદુલ બારીના દાવાઓને પુષ્ટી કરવા સારૂ તે નીકળી ગયા હતા. તેથી તેમણે ઠરાવ્યુ કે બક્ષીસોનાર શીવાય તમામ તોહોમતવાળા વીરૂધ તેશીલદારે રાખેલો આરોપ સાબીત થાય છે. અને અબદુલ બારીને ગેરકાયદે મંડળીમાં અગજુત થવાને નોકર રાખેલા બીજા માણુસો છે એમ જાણ્યા છતાં તેણે પોતાને ઘેર રાખ્યા એમ ગુનેહગાર ઠરાવેલો છે. તેથી તેઉએ કેટલાકને કેદની અને કેટલાકને દંડની શીક્ષા કરેલી છે. આ ઠરાવ તથા શીક્ષાના હુકમો તા૦ ૭ જાનેવારી સન ૧૮૮૬ ના રોજ જીલા માજીસ્તરેટે મંજુર રાખેલા છે. તે ઉપરથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૫ ના ઠરાવ પ્રમાણે તોહોમતવાળાએ હાયકોરટમાં અરજ કરેલી અને સામી બાજુ ઉપર એવો હુકમ કઢાવેલો છે કે તે ગુનહાની સાબેતીના ઠરાવો શાવાસ્તે રદ કરવા નહી જોઇએ તેનુ કારણ બતાવવું.

અરજદારો તરફથી મી૦ ઇવન્સ એવી તકરાર કરી કે (૧) તા૦ ૨૧ મી મે સન ૧૮૮૩ ના રોજનો હુકમ કોઈ તોહોમતવાળાને કરવામાં આવેલો નથી અને (૨) તે હુકમ કાયદેસર નથી તેથી તોહોમતવાળાઓ બંધાએલા નથી. તેમણે ચંદર માધવ ગોઝ વીરૂધ જગતચંદરશેન અને કુનંદ નારાયણ ભુપનો ઠરાવ બતાવ્યો.

સામાવાળા તરફથી મી૦ વ્યાસપર અને બાબુ અંબીકાચરણ છે,

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવેલો છે:—

આ અરજી ચોવીસ સખસો તરફથી કરવામાં આવેલી છે, તેમાંના એક બક્ષીસોનારને હી. ફો. કાયદાની કલમ ૧૫૭ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલો છે. અને બીજાઓને કલમ ૧૮૮ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલા છે બક્ષીસોનારની બાબતમાં એટલું કહેવું બશ છે કે ડીપોટી માજીસ્તરેટ તથા અપીલમાં જીલા માજીસ્ટ્રેટે જે પુરાવ્ર માનેલો છે તે તેને ગુનેહગાર ઠરાવવાને બસ છે. માટે આ સખશ બાબત ફરી તપાસની કોરટ તરીકે હાથ ઘાલવાને કાંઇ કારણ નથી.

સને ૧૮૮૩ માં નાગ કુટંબના કેટલાક લોકો અને કુતુબુદીનની

વચમાં તકરાર થએલી તેમાં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે માજીસ્ત્રેટે જે હુકમ કરેલો હતો એમ જણાય છે. તેમાં એવું ઠરાવવામાં આવેલું હતું કે અમુક જમીનનો કબજો નાગ કુટંબના તે માણશોનો છે. માટે તેમની પાસેથી કાયદા પ્રમાણે કબજો છોડાવવામાં આવે ત્યાં શુધી તે કબજો રાખવાનો હક તે માણસોનો છે. અને તે પ્રમાણે કબજો છોડાવવામાં આવે ત્યાં શુધી તે કબજામાં કોઇ પ્રકારે હરકત કરવી નહી એવી મનાઇ ઠરવામાં આવી છે.

અરજદારો તે કુતુબુદીન અને એક તેની નજીકની જમીનનો થોડો હીસો ખરીદ કરનાર છે, તેના નોકરો છે. અગર આ જમીનની નજીકમાં તે સખસોનીં તરફથી જે માણુસો છે તેમણે તેઓને રાખેલા છે. તેઓને એવી રીતે ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે કે નાગ કુટંબના કબજામાં કોઇએ હાથ ઘાલવો નહી એવો તે હુકમથી ઠરાવ કરવામાં આવેલો હતો એમ જાણ્યા છતાં સને ૧૮૮૩ માં ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ માં કરેલા હુકમનું અપમાન કરયું તેથી હીં. ફો. કાયદાની કલમ ૧૮૮ પ્રમાણે ગુનેહગાર છે.

પેહેલી એવી હરકત લેવામાં આવી છે કે તે હુકમ તેમના ઉપર કરવામાં આવેલો નહી હતો માટે કલમ ૧૮૮ પ્રમાણે યોગ્ય રીતે તેમને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા નથી.

બેશક તે હુકમ જે કામમાં કરવામાં આવેલો તે કામમાં તે અરજદારોમાંનો એકે પક્ષકાર નહી હતો. પરંતુ તે જનરલ હુકમ હતો કે જેનો અશર તે વખત જે તકરારનો નીરણય કરવાનો હતો તે તકરારની સાથે સબંધ રાખનારા તમાંમ માણુસોને એવી ખબર મળે કે તે સખસો તથા નાગ લોકોની વચેની તકરારમાં નાગ લોકોએ તે કબજો રાખવાનો છે, તે કામમાં હારેલા પક્ષકાર કુતુબુદીનના અગર તેની મીલકતના હીસાના ખરીદદારના તે અરજદારો નોકરો છે. અને તે કામમાં જે કારણથી નાગ કુટુંબ પાસેથી કબજો લેવાને જે કોસીશ કરવામાં આવેલી હતી એજ કારણથી કોસીશ કરવામાં આવેલી છે. તે અરજદારોને માજીસ્ત્રેટના હુકમની ખુલી રીતે ખબર હતી માટે શવાલ માત્ર એટલો છે કે તે હુકમ નહી માનવાથી તેઓને યોગ્ય રીતે શીક્ષા થઇ શકે છે કે નહી. તે હુકમથી નાગ કુટુંબના કબજામાં કોઇ પ્રકારથી હરકત કરવી નહી એવી મનાઇ કરવામાં આવેલી છે એટલુંજ નહી પણ શામા પક્ષકાર જે કબજાનો દાવો રાખે છે તેમણે દીવાની કોરટમાં જઇ નીરણય કરાવવો એવું તેમને ફરમાવેલું છે. તેજ દાવો બતાવવાથી આ કામ આવેલું છે. હકીકત ઉપરથી એવું જણાય છે કે કુતુબુદીનની ખાએસ ઉપરથી આ અરજદારો

એ માજીસ્તરેટના હુકમનુ અપમાન કરી નાગોના કબજામાં હરકત કરવાને કોસીશ કરેલી છે. માટે જે પરીણામની બાબત જેવો કુતુબુદીન જવાબદાર થાય છે. તેવાજ તેઓ જવાબદાર છે. સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે નીચેની કોરટના અભીપ્રાયમાં જેવી હકીકત આવેલી છે તે પ્રમાણે તે અરજદારોને યોગ્ય રીતે ગુનેહગાર ઠરાવેલા છે.

બીજી એવી હરકત લેવામાં આવી છે કે તે હુકમ કાયદેસર નથી. માટે તે અરજદારો માન્ય કરવાને બંધાએલા નહીં હતા.

આ તપાસના કાગળોમાં તે હુકમ એક આંક તરીકે દાખલ કરવાને બદલે માજીસ્ત્રેટે પ્રથગનું તમામ કામ આ કામના ભાગ તરીકે દાખલ કરેલું છે. આ વીશે અમે કહીએ છીએ કે તેવી રીતે પ્રોશીડીગ રાખવું તે ઘણું અસાધારણ અને જરૂર વીનાનું છે. કારણ કે તે કામનો જે ભાગ આ તપાસને લાગુ હતો તે ફકત તે હુકમજ હતો. માટે મી૦ ઘન્સે આ તમામ પ્રોશીડીંગો જોવાનો હકનો દાવો રાખેલો છે. અને એવી તકરાર કરી છે કે પક્ષકારોની વચમાં હાથ ઘાલવાને અખત્યાર મળે એવી સુલેહનો ભંગ થવાની ધાસ્તી હતી એવું માજીસ્ત્રેટે વીચારેલું છે, તેના કારણો બતાવવાને માજીસ્ત્રેટે કાંઇ પ્રોશીડીંગ લખેલું હોય એવું કાંઇ નથી. અને વળી તેમણે એવી તકરાર કરી છે કે હાયકોરટના કરેલા કેટલાક ફેંસલાઓના આધાર પ્રમાણે હકુમતની ખામીના કારણથી તે પ્રોશીડીંગ બરોબર નથી, માટે તે હુકમ અખતીયાર વીના છે તેથી તેનો અમલ થઇ શકતો નથી.

આ બાબતમાં જે ઠરાવો હોય છે તે એકબીજા વીરૂધ છે. અને જો તે તકરાર ખરી રીતે ઉતપન થતી હોય તો તે વીશે નીરણય કરવાને ફુલબેંચ તરફ કામ મોકલવાને અમે બંધાએલા છીએ એમ અમારે સમજવું જોઇએ. પરંતુ કામના કાગળો તપાસતાં આ હરકતનું કાંઇ સબળ કારણ અમારા જોવામાં આવતું નથી. માજીસ્તરેટે પોલીસનો રીપોટ બતાવેલો છે તેમાં સુલેહનો ભંગ થવાનો સંભવ ખુલી રીતે બતાવેલો છે માટે તે રીપોટ માજીસ્તરેટના પ્રોસીડીંગનો ભાગ છે અને તેમાં દાખલ કરેલો છે એમ અમારે માનવું જોઇએ.

સબબ ફરી તપાસની કોરટ તરીકે હાથ ઘાલવાને કાંઇ પુકત કારણ અમારા જોવામાં આવતું નથી.

તે હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૨૮ જુન સને ૧૮૮૯.

મી૦ જસ્ટીસ ઓકીનીલી અને મી૦ જસ્ટીસ આમન્યુ

સાહેબોની રૂબરૂ.

આનંદમોહ દેબીઆ (અરજદાર) વીરૂધ શરણોમોહ (સામાવાળા.)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫—જળકરનો હક—શમજાય તેવી સ્થાવર મીલકત—જળકર સબંધી તકરાર.

જળકર હક સબંધી તકરાર તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ ના હેતુ પ્રમાણે શમજાય તેવી સ્થાવર મીલકત સબંધીની તકરાર નથી. માટે તે કલમના ઠરાવ પ્રમાણે માજીસ્રેટ તે વીશે તકરાર કરી સકતા નથી.

પાનું ૧૭૯ આ કામમાં અરજદાર રાણી આનંદમોહ દેબીઆ અને માહારાણી શરણોમોહ એક ચોરા અગર ધરલા નદીનું છોડી દીધેલું તળીયું જે સાધારણ રીતે ડશેરહાટ ચોરા કહેવાય છે તેના કબજા વીશે દરેકે દાવો રાખેલો છે. તે માહારાણીએ અરજદારના પુર્વે થઇ ગએલા સખશો ઉપર સને ૧૮૬૭ માં હુકમનામું મેળવેલું તેના ઉપર તથા ૧૨૮૨ ની શાલમાં તે માંછલાં પકડવાની જગા બાબુ લખીકંતા સરકાર પોતાનો જોતદાર હતો તેને ઇજારે આપેલી હતી અને તેનો કબજો હમેશાં થએલો હતો. તેના ઉપર પોતાના દાવાનો આધાર રાખે છે. રાણી આનંદમોહ દેબીઆ પોતાના ઇજારદાર ચંદ્રકંતો મનજી તરફથી તે માંછલાં પકડવાની જગાનો દાવો રાખે છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે કરીગરામના ડીપોટી માજીસ્તરેટે કામ ચલાવ્યું અને એવો નીશ્ચય કરયો કે પુરાવ પ્રમાણે માહારાણી શરણોમોહનો કબજો છે. તેથી તેમણે તા૦ ૧૦ મારચ સને ૧૮૮૯ ના રોજ નીચે પ્રમાણે હુકમ કરેલો છે.—

"આ હકીકત પ્રમાણે (પક્ષકારોની વચેની તકરારનો પુરાવો જોઇને) જે કારણો બતાવવામાં આવેલાં છે તે ઉપરથી અમને એમ જણાય છે કે માહારાણી શરણોમોહ બાહીરબંદ પ્રગણાના જમીનદાર છે તેની અને પણુધા પરગણાની જમીનદાર રાણી આનંદમોહની વચમાં અમારી હકુમતની અંદર જે માંછલાં પકડવાની જગો દશેહાટચોરાથી ઓળખાય છે તે વીશે સુલેહનો ભંગ થવાનો સંભવ છે માટે તે પક્ષકારોને તે માંછલાં પકડવાની જગાના ખરી રીતના કબજા બાબત પોત પોતાની લખેલી હકીકતો આપવાને હુકમ કરવામાં આવેલો હતો અને તે ઉપરથી કાયદેસર કબજો રાખવાનો હક તે બેમાંથી કીયા પક્ષકારનો છે તે વીશે કામનો શુ

કુદરેશ જોયા વીના યોગ્ય તપાસ ઉપરથી એવી ખાતરી થાય છે કે મહારાણી શરણો મોઇનોકોવાળી પરાધાટથી તે નકશામાં બતાવેલી ધરલા નદી સુધી ખરી રીતે કબજે છે. માટે અમે ઠરાવીએ છીએ કે નકશામ જી. થી એચ નીસાન સુધીની તે માંછલાં પકડવાની જગોનો તેણીનો ક બજો છે. અને યોગ્ય કબજા પ્રમાણે તેણીનો કબજો છોડાવવામાં આવે ત્યાંશુધી તેણીને તે કબજો રાખવાનો હક છે માટે તે દરમીયાનમાં તેણીના કબજામાં કોઇ પ્રકારની હરકત કરવી નહી એવી સખત મનાઇ અમે કરીએ છીએ."

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે ડીપોટી મા જીસ્તરેટનો આ હુકમ રદ કરાવવાને રાણી આનંદ મોઇદેબીઆએ હાય કોરટમાં અરજ કરેલી છે.

અરજદાર તરફથી મી૦ ઇવન્સે (બાબુ ગીરંનશંકર મોજુમદાર તેમની સાથે હતા.) તકરારો કરી છે કે તકરારી બાબત ફકત માંછલા પકડવાના હકક સબંધી છે. અને સમજાય તેવી સ્થાવર મીલકતના હક સબંધી નથી. સબબ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે કાંઇ પણ હુકમ કરવાને તે ડીપોટી માજીસ્ટ્રેટને હકુમત નહીં હતી. તેમણે પ્રોમોથાનુસા નાદેબરાય વીરૂદ્ધ દુરગાચરણ ભટાચારજી, તથા કીસ્નધોનદત્ત વીરૂદ્ધ તિલોકનાથ બીસવાસના ઠરાવો બતાવ્યા.

સામાવાળા તરફથી બાબુ શ્રીનાથદાસ હાજર છેઃ—

કોરટનો ફેંસલો જસ્ટીસ ઓકીનીલી સાહેબે નીચે પ્રમાણે આપેલો છેઃ—

અમારા અભીપ્રાયમાં આવે છે કે આ હુકમ કાયમ કરવો જોઈએ.

આ કામની વ્યવસ્થા કરવામાં અમારે ફકત એટલી બાબતનો નીરણ્ય કરવાનો છે કે જળકર હકક સબંધી તકરારના કામ તરીકે ફકત ડીપોટી માજીસ્ટરેટે ઠરાવ કરેલો છે કે પાણીથી ઢંકાએલી જમીનના કબજા સબંધી તકરારનો ઠરાવ કરેલો છે. જો પાણીથી ઢંકાએલી જમીનના કબજા સબંધી તે કામ હોય અને તે જમીન જે સખસના માલેકપણાની હોય તેનો સામાન્ય રીતે માંછલાં પકડવાનો હક હોય તો સ્પષ્ટ રીતે માજીસ્ટ્રેટની હકુમત છે. બીજી બાજુ તરફ માછલાં પકડવાના હક સબંધી ફકત તેમણે નીરણ્ય કરેલો હોય અને કાંઇ વધારે ના હોય તો આ કોરટના ઠરાવો ઉપરથી જણાય છે કે તે કામનું નીરણય માજીસ્ટ્રેટ કરી શકતા નથી. સબબ અમે આગળ કહ્યું છે તે પ્રમાણે અમારે એવું નીરણ્ય કરવાનો છે કે માજીસ્ટ્રેટે આ કામની તપાસ પાણીથી ઢં-

કાએલી જમીનના કબજા સબંધી કરેલી છે કે ફકત માંછલા પકડવાના હ-કની તકરાર વીશેની કરેલી છે.

"તે માજીસ્ટ્રેટે કહયું છે કે અમે નીરણય કરી ઠરાવીએ છીએ કે જી. થી એચ. નીશાન સુધી માછલા પકડવાનો કબજો તેણીનો છે."

× × + અને પાણીથી ઢંકાએલી જમીનના કબજા બા-બત આ કામની તપાસ માજીસ્ટ્રેટે કરેલી એવું બતાવવાને કાંઈ પણ નથી.

આ પ્રમાણે છે તો અમારે ડીપોટી માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવો જોઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી ફેરી તપાસ.

તા૦ ૨૨ જુલાઇ સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીસ ગ્રાંટ
સાહેબોની રૂબરૂ.

પુનીતસીંગ (અરજદાર) વીરૂદ્ધ માધોભટ વીગરે (સામાવાળા.)
પીનલકોડની કલમ ૧૮૨—સરકારી નોકરને ખોટી ખબર આપ્યાનો આરોપ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૫—ફરીઆદ ચલાવવાને મંજુરી—એક હકીકત બાબત ગુન્હા-ની શાબેતીના જુદા ઠરાવો કરેલા તે કાયદા વીરૂદ્ધ છે

એક પોલીસ અમલદારને એક બાતમી આપવામાં આવેલી તે દર મ્યાનમાં બે સખસોનાં નામ દેવામાં આવેલાં હતાં, કે જેમના ઘરોમાંથી અમુક સખસનો ચોરાએલો માલ માલમ પડશે. ફરીઆદ થતા ઉપરથી આ બાતમી જુઠી માલમ પડી, તેથી તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી જુદા જુદા બે સખસોની બાબત કલમ ૧૮૨ પ્રમાણે બે ગુન્હા વીશે શીક્ષા કરવામાં આવી.

ઠરાવવામાં આવ્યું કે જો કે તે બાતમી બે જુદા જુદા સખસોની બાબત આપવામાં આવેલી હતી, તો પણ ફકત એક જુઠી કહેલી હકીકત બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખી શકાય છે. અને કલમ ૧૮૨ પ્રમાણે એક ગુન્હા સબંધી તેને શીક્ષા થઇ શકે છે.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૯૫ ઉપરથી ખુલ્લુ જણા-ય છે કે સરકારી નોકરે પોતેજ તેમાં બતાવ્યા પ્રમાણે ફરીઆદ કરેલી હો-ય તો તેમની મંજુરી પ્રમાણે તે તદન બસ છે.

હીંદુસ્થાનના કેસરેર્હાઇ વીરૂદ્ધ રાધા કીશ્નના ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

પાનું ૨૭૦. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૫ મી પ્રમાણે ફરી તપાસ કરવા સારૂં આ અરજી કરવામાં આવી છે.

આરામાં ભટોવાળી ગામના માલેકોનો • ભાગીઓ આનંદીદોસ છે, અને તે ગામનો રહેવાસી અરજદાર પુનીતસીગ છે. આનંદીદોસના ઘરમાં એક ચોરી થએલી એવો રીપોર્ટ કરવામાં આવેલો હતો તેથી પોલીસની તપાસ ચાલતી હતી. તા૦ ૩ એપ્રીલના રોજ પૂનીતસીંગ જીલ્લા સુપરીનટેન્ડેન્ટની રૂબરૂ હાજર થયો, અને કહયું કે "આરાના કેટલાક જમીનદારો તથા માહાજનોના મકાનોની ઝડતી લેવી જોઈએ, કારણ કે મેં મારાં ગામ (ભટોવાળી) ના ચાર હરામખોરોને કચેરીના વરંડામાં એમ કહેતાં સાંભળ્યું હતું કે તેઓએ આનંદીદોસના મકાનમાંથી ચોરી કરેલી છે, અને ચોરેલો માલ ચંદરકુમાર, અબદુલ વીગરેના ઘરોમાં છે." આ બાતમી તેજ તારીખે સબ ઇનસપેક્ટરે ઘટતી રીતે થાણામાં લખી લીધી, અને પોલીસે ચદ્રકુમાર તથા અબદુલના મકાનોની ઝડતી લીધી. કાંઇ મીલકત માલુમ પડી નહીં, અને અસલ હકીકત જુઠી કહેવામાં આવેલી છે, એમ માલુમ પડયું.

ફરીયાદ કરવા ઉપરથી ડીપુટી માજીસ્ત્રેટે પુનીતસીંગને પીનલકોડની કલમ ૧૮૨ મી પ્રમાણે બે આરોપો એક ચંદ્રકુમાર અને બીજો અબદુલાની બાબતમાં રાખેલો તેની બાબત ગુન્હેગાર ઠરાવી દરેક બાબત ત્રણ માસ કેદની શીક્ષા કરેલી છે.

હાયકોરટની રૂબરૂ તે અરજદાર તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે (૧) સરકારી નોકરની મંજુરી વીના ખાનગી સખસની ફરીયાદ ઉપરથી કલમ ૧૮૨ મી પ્રમાણે ગુન્હાની તપાસ કરવાને તે ડીપુટી માજીસ્ત્રેટને હકુમત નથી, અને (૨) તેના તેજ ગુન્હા બાબત બે જુદી જુદી શીક્ષાઓ કરેલી છે તે ડીપુટી માજીસ્તરેટની ભુલ છે.

અરજદાર તરફથી મી૦ આર મીત્ર અને બાબુ ભગોબનીચર્ણ ગોશ

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

કાયદાની બે બાબતો વીશે અમારી રૂબરૂ તકરાર કરવામાં આવી છે. પહેલી એવી કે ખાનગી સખસની ફરીયાદ ઉપરથી આ ફરીયાદ ચલાવવાની પરવાનગી આપવાને કાયદા પ્રમાણે તે માજીસ્ત્રેટને અખત્યાર નહીં હતો. આ તકરારની પૂસ્ટીમાં અરજદાર તરફથી જે વિદ્વાન કોનસલ

જ હાજર છે તેમણે અલ્હાબાદ હાયકોરટનો હીંદુસ્થાનના કેસરેહિંદ વીરુ-ધ રાધાકીશનનો ઠરાવ બતાવેલો છે, જે વિદવાંન જડજે તે ફૈસલો કરેલો છે તેમને ઘટતું માન્ય આપી તે ફૈસલામાં કાયદાનો જે વીચાર કરેલો છે તે અમે કરી શકતા નથી. કલમ ૧૯૫ મીની ભાષા સ્પષ્ટ છે કે તેમાં કહેલી મંજુરી સરકારી નોકરની આપેલી જોઈએ કે સરકારી નોકરે પોતેજ તે ફરીયાદ કરી હોય તો તદન બસ છે. માટે આ તકરાર નીશફળ થાય છે. પરંતુ જે બીજી તકરાર અમારી રૂબરૂ કરવામાં આવી છે, તે વીશે અમારી નજરમાં આવે છે કે બે કામોમાંથી એક કામમાં ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ બરોબર નથી. તોહોમતવાળા ઉપર શરકારી નોકરને જુઠી બાતમી આપ્યાનો આરોપ રાખવામાં આવ્યો હતો, અને તે બાતમીમાં બેશક તેણે બે નામો દીધાં હતાં એવી રીતે કે તે તોહોમતવાળાને ખબર મળી છે કે આનંદીદાસનો ચોરાએલો માલ તેમનાં ઘરોમાંથી જડશે, પરંતુ તે કહેલી હકીકત એક છે, માટે તેના ઉપર ફકત એક જુઠી હકીકતનો આરોપ રાખી શકાય છે. સબબ કલમ ૧૮૨ મી પ્રમાણે બે જુદા જુદા ગુન્હા બાબત તેની તપાસ ભુલથી કરવામાં આવેલી છે. માટે બીજા કામમાં કે જે શેખ અબદુલાની ફરીયાદ ઉપરથી ચલાવવામાં આવેલું છે તેમાં કરેલા ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ. બાબુ ચંદર કુમારના ગુમાસ્તા માચોબોટની ફરીયાદ ઉપરથી જે કામ ચલાવવામાં આવેલું છે તેમાં જે ગુન્હાની શાબેતીના ઠરાવ તથા શીક્ષાનો હુકમ કરેલો છે તે કાયમ રહેલો છે.

ગુન્હાની શાબેતીના ઠરાવનો તથા શીક્ષાના હુકમનો ભાગ રદ કરવામાં આવ્યો.

તા० ૪ આગસ્ટ સને ૧૮૮૬.

મી० જસ્ટીશ પ્રીનશેપ તથા મી० જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

યાકુબની અરજીની બાબતમાં

યાકુબ વી. આડમશન

પ્રેશીડંસી માજીસ્તરેટ—શંક્ષેપ તપાસ—જે ગુન્હાની સાબેતીના ઠરાવ અપીલ કરવા લાયક નહીં તે—ફરી તપાશની કોર્ટ તરીકે હાયકોર્ટ—ફો. કા. ચ. રી. ના કાયદાની કા. ૩૭૦, ૪૩૭.

દરેક જે કામમાં હાયકોર્ટમાં અપીલ ચાલે તેવું ના હોય તે કામમાં કેદીને ગુન્હેગાર ઠરાવવાને પ્રેશીડંન્સીમાજીસ્તરેટે પોતાનાં કારણો એવી રી-

તે બતાવવાં જોઇએ કે તે ગુન્હાની સાબેતીના ઠરાવની પુષ્ટીમાં તે મા- જીસ્ટ્રેટની રૂબરૂ પુકત હકીકત હતી કે નહી એ વીશે હાયકોર્ટ ન્યાય કરી શકે

એક કામમાં તોહોમતવાળાને ચોરી કરવાનો ગુન્હેગાર ઠરાવી તેને ૭ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. પરંતુ માજીસ્તરેટે જે પુરાવાની નોટ કરેલી છે તે ઉપરથી તે કેદીને કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવવાને પુકત હકીકત હતી એવું માલુમ પડતું નથી. અને તે માજીસ્તરેટે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૩૭૦ ની રકમ (આઇ) પ્રમાણે પોતાનાં કારણો ગુન્હો સાબેત ઠરાવવાને બતાવેલાં નથી.

ફરી તપાસની કોર્ટ તરીકે હાયકોર્ટે ઠરાવ્યું કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૨૭ માંનો ઠરાવ છે તોપણ તે ગુન્હાની સાબેતીના ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરવા જોઇએ.

આ કામમાં તોહોમતવાળા શેખ યાકુબે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૯ પ્રમાણે એવી હાયકોર્ટને અરજી આપી કે અરજદારના ઉપર જે કામમાં ચલણી નોટો ચોરવાનું તોહોમત મુકવામાં આવ્યું હતું તે કામમાં પ્રેસીડન્સી માજીસ્તરેટના ઠરાવ અને શીક્ષાના હુકમ તે ગુન્હાની સાબેતીના ઠરાવને મજબુતી આપવાને કાંઇ તે કામમાં પુરાવો નથી વાસ્તે રદ કરવા જોઇએ. ચીફ માજીસ્તરેટે આપેલો ફેંસલો નીચે પ્રમાણે છે—

"આ કામમાં કેપટન એડમસને, રૂ ૧૦૦ નું નોટ એયું, અને કેટલાક રૂપીઆ ૧૦ ના નોટો જે ઓરડીમાં નંબર ૧ લાનો તોહોમતવાળો ખુલ્લી રીતે જતો આવતો હતો અને જે તેને ખરી રીતે સોંપેલી હતી તેમાંથી ખોયા છે. જ્યાં સુધી રૂ ૧૦૦ નું નોટ નંબર બીજાના તોહોમતવાળા રહીમ બક્ષે શાહેદી એડમ્સને કહ્યું કે નંબર ૧ ના તોહોમતવાળા પાસેથી એ નોટ મળ્યું અને તે નંબર ૨ નાએ વટાવ્યું હોય એમ લાગ્યુ ત્યાંસુધી લગભગ પખવાડીઆ સુધી એ બાબત કાંઈ જણાયું નથી. રૂ ૧૦૦ ના નોટનો નંબર સંતોશ કારક રીતે બતાવેલો નથી અને તેથી અમારા અભીપ્રાયમાં આવે છે કે નંબર બીજાના તોહોમતવાળાને નીરદોશ ઠરાવવો. યાકુબને વાસ્તે અમને બીલકુલ શક નથી. કે ગમે તેમ થયું તોપણ ચોરી એણે કરી છે તેથી ૭ મહીનાની સખત મજુરી સાથે કેદનો હુકમ કરવામાં આવેલો છે.

અરજદાર તરફથી મીο એચ. ઇ. મેન્ડીઝ

સરકાર તરફથી મીο ડબલ્યુ સી. બોનરજી

કોરટ (મીο જસ્ટીશ પ્રીનશેપ અને મીο જસ્ટીસ બેવરલી) નો ફેંસલો નીચે પ્રમાણે હતો:—

"કવીન ઓફ્ સ્કોટસના કમાન્ડર કેપટન એડમસને જે ઇન્સાફ પોતાની ઓરડીમાં હતા તેના ગજવામાંથી કેટલાંક ચલણી નોટો ખોયાં તે કહે છે કે અમારી રૂબરૂ જે અરજદાર છે તેજ વહાણોનો કારભારી હતો તેને અને કેટલાક બીજાને હું લાવ્યો, અને પોલીસને બોલાવી જોઇ તો પુરાવો મળયો નહીં તેથી આ બાબત અગાડી ચાલી નહી. અરજદારે નોકરી છોડી દીધી પણ એક પખવાડીયા પછી નોટો વટાવ્યાથી એના ઉપર મને શક ભરાયો અને એજ ચોરીની બાબતની પ્રેસીડેનસી માજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ તપાસમાં બીજા સખસની સાથે એની તપાસ થઇ હતી. છેવટે માજીસ્તરેટ સાહેબની નજરમાં એમ આવ્યું કે ચોરાએલા નોટનો સંતોશકારક રીતે પતો લાગ્યો નથી. અને તેથી બીજા માણસને છોડી દીધો. અરજદાર (વહાણનો કારભારી) સબંધી પ્રેશીડન્શી માજીસ્તરેટે એમ કહ્યું કે ગમે તેમ થયું પણ ચોરી કરનાર તો આજ સખસ છે, અને તેને છ મહીનાની કેદનો હુકમ કરીએ છીએ." માજીસ્ટ્રેટે આ તપાસમાં જે પુરાવાની નોંધ લીધેલી છે તેમાં અમારા સમજવામાં આવે છે તે પ્રમાણે એવું કાંઈ નથી કે જેથી અરજદારના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ થાય, અગર એવું પણ કાંઈ નથી કે જેથી પોલીસે પેહેલી તપાસ કરી તેના કરતાં એની વીરૂધ અગાડી જવાય. જે હુકમ થયેલો છે તેના ઉપર અપીલ ચાલે નહીં, પણ આ કેસ અરજદાર જે કેદમાં છે તેની અરજીથી ફરી તપાસને માટે આવેલો છે. જે કામોમાં શીક્ષાનો હુકમ અથવા તે હુકમ ઉપર અપીલ ચાલતી નથી તેવા કામોમાં પ્રેશીડન્શી માજીસ્તરેટે પુરાવો કેવી રીતે લખી લેવો તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદામાં નથી. પરંતુ તેમાં (કલમ ૩૭૦) માં એવું ઠરાવ્યું કે બીજી કોરટોને વાસ્તે ઠરાવેલી રીત પ્રમાણે ફેંસલો લખવાને બદલે પ્રેશીડન્શી માજીસ્તરેટે પોતાના ફેંસલામાં અમુક વીગત લખવા બાબત કેટલીક હકીકત જેમાં રકમ (આઇ)માં ગુનાની સાબેતીના ઠરાવનાં કારણો ટુંકામાં તેમણે લખવાં. આ કામમાં જે પુરાવાથી અરજદાર ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ થાય એવો કાંઇ પુરાવો નથી અને માજીસ્તરેટ ગુનાની સાબેતીનો ઠરાવ લખવામાં જે કારણોથી એના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ થયો તેમાંનું બીલકુલ કાંઇ લખેલું નથી. કલમ ૫૩૭ મીમાં એમ બતાવવામાં આવ્યું છે કે લાયક હકુમતની કોરટથી થયેલો શીક્ષાનો હુકમ અથવા હુકમ ફરી તપાસમાં, ફેંસલામાં કાંઈ ભુલને લીધે કાંઇ મુકી દેવાને લીધે અથવા અનિયમીત હોવાને લીધે કે જેથી ન્યાય થાય નહીં એવું ના હોય તો આ ગેરઇનશાફ થતો ના હોય તો કોઇ પણ યોગ્ય હકુમત વાળી

કોરટનો ઠરાવ અગર શીક્ષાનો હુકમ ફેરવવામાં આવશે નહી, આ કામ-માં પ્રેશીડેન્સી માજીસ્તરેટની આ ભુલ, મુકી દેવું અને અનીયમીત પ ણાનો કેનો પરીણામ થાત કે નહી થાત એ કેવું અશકય છે. અમારી અગાડી આ કામ છે તેમાં અરજદારની વીરૂધ કાંઇ પુરાવો બીલકુલ નથી, અને જે ખરાં કારણોથી ગુનાની સાબેતીના ઠરાવને મજબુતી અપાય એવું કાંઇ કારણ બતાવવામાં આવેલુ નથી. જો આવા ગુનાની સાબેતીનો ઠરાવ મંજુર કરવામાં આવેતો ફરી તપાસની કોર્ટ તરીકે જે સત્તા આ કોર્ટની છે તેનો અમલ થઇ શકે નહીં. અમારી નજરમાં કાયદા બાંધનારી સભાનો આ વીચાર હોય એમ આવતું નથી. કેસરેહીંદ વી. પંજાબસીંગનું કામ જે અમારી પાસે આ કામ છે તેના જેવું છે, તેમાં જે તપાસમાં માજીસ્ટ્રેટ કલમ ૨૬૩ ની રકમ (એચ) પ્રમાણે ચાલવાને ગુનાની સાબેતીના ઠરાવના કેટલાંક કારણ ટુંકામાં લખવાં જોઈએ, તે પ્રમાણે વરતના નીષ્ફળ ગયા હતા તે પ્રમાણે સંક્ષેપ તજવીજમાં એક હુકમ કરેલો હતો તેની ફરી તપાસ અમારી રૂબરૂ છે. આ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે ગુનાની સાબેતીના ઠરાવને મજબુતી આપવાને જોઈતાં કારણ માજીસ્તરેટને હતાં કે નહોતાં તેની ફરી તપાસની આ કોર્ટ વીચાર કરી શકે તે પ્રમાણે તેણે સહેજે લખવા જોઈએ. એ કામ ઉપર આધાર રાખીને અમે આ કામમાં થએલી ગુનાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ કરીએ છીએ,

ગુનાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો
હુકમ રદ કર્યો.

ફોજદારી રેફરંસ.

તા૦ ૩ અગસ્ટ સને ૧૮૮૬

મી૦ જસ્ટીશ પ્રીનશેપ અને મી૦ જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ

દુરગાચરણદાસ વીરૂદ્ધ સાશીભુશન ગોટો અને બીજાઓના કામમાં

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૩૩—ધોરીરસ્તા—ગંદકી-હરકત દુર કરવી—જ્યુરી-જ્યુરીનાં ઘણાં મત.

જ્યારે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે નીમેલી જયુરીના થોડા મતવાળા માણસો કામ કરે નહીં ત્યારે માજીસ્તરેટે જ્યુરીના ઘણા મતથી થએલા રીપોટ ઉપરથી માજીસ્તરેટ તે કલમ પ્રમાણે કામ ચલાવી શકતા નથી.

બાકરગંજના શેશન જડજે રેફરંસ કરેલું તેના શબ્દો નીચે પ્રમાણે છે.

પાનુ ૨૭૫ દુરગાચરણદાસ વીરૂદ્ધ શાસીભુશન ગોહો વી-
ગરેની અરજી ઉપરથી ફો૦ કા૦ ચ૦ રી૦
ના કાયદાના બાબ ૧૦ પ્રમાણે જીલ્લા માજીસ્તરેટના કામના કા-
ગળો અમે મોકલીએ છીએ. અને ભલામણ કરીએ છીએ કે જે કા-
રણો આ લગાયત બતાવેલાં છે તે કારણોથી માજીસ્તરેટનો આખરનો
હુકમ રદ થવો જોઇએ, અને માજીસ્તરેટને કાયદા પ્રમાણે તદ્દન ફરીથી
કામ ચલાવવાને ફરમાવવું જોઇએ.

"એવું માલમ પડે છે કે તા૦ ૩૦ અકટોબર સને ૧૮૮૫ ના રોજ ફરી તપાસ કરાવવાને વાસ્તે જે અરજદાર છે તે અરજદારનો પડોશી રણસીના દુરગાચરણદાસે માજીસ્તરેટને એવી અરજી આપી છે કે ફરી તપાસના અરજદાર અને બીજા નવ સખશોએ કાંટાવાળી વાડ કરી અને કેળોના ઝાડ વાવી સરીઆમ રસ્તો બંધ કરેલો છે.

"અરજીના ઉપર અરજદારની જુબાની માજીસ્તરેટ લખી લીધેલી:—તોહોમતવાળાઓએ માહારી "બારીની" દક્ષીણ દીશામાં શોશીપુરમાં માહારો રસ્તો બંધ કરેલો છે. તે કાપી નાંખ્યો અને તે ઉપર સોપારી અને કેળના ઝાડ વાવ્યાં છે, અને નવી વાડ કરી છે. અને જે ચારો હતો તે કાહાડી નાખ્યો છે. સરકારી રસ્તા ઉપર જવાનો બારી રસ્તો છે." અરજદારને સાત દહાડાની અંદર પુરાવા રજુ કરવાને ફરજ પાડી હતી. તા૦ ૯ નવેંબરે બે શાક્ષીઓની જુબાની લીધી હતી, અને તેજ દાહાડે માજીસ્તરેટે કલમ ૧૩૩ પ્રમાણે તોહોમતવાળાઓને તા૦ ૧૮ મી ના રોજ રસ્તો ખુલ્લો કરવાને અથવા તે શા વાસ્તે ખુલ્લો નહીં કરવો તેનું કારણ બતાવવાને નોટીશ કરી હતી. અને તા૦ ૧૮ મી નવંબરના રોજ ફરી તપાસના અરજદાર શાશીભુશનગોહો હાજર થયો અને સામી અરજી આપીને કારણ બતાવ્યું કે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૩૨ પ્રમાણેની નોટીશ ફરી તપાસના અરજદાર એકલાના ઉપર કાહાડેલી જણાય છે. અને વાડ કુહાડી નાખવાને તથા બીજી હરકતો દૂર કરવાને તથા તા૦ ૧૯ મી નવંબર પહેલાં રસ્તાની સ્થીતી જે હતી તે પાછી લાવવાને અથવા દુરગાચરણદાસની અરજી વીરૂદ્ધ તે તારીખે કારણ બતાવવાને ફરજ પાડી; પરંતુ તે નોટીશ અથવા તે અરજી ખુલ્લી રીતે વાંસનો પુલ અથવા "ચાર" અગર પુલ જે ખાઇ ઉપર છે. અને જે રસ્તાના બે ભાગ કરી નાંખે છે તે સંબધી નથી. ફરી તપાસના અરજદારની સામી અરજીમાં કાંઇ સરીઆમ રસ્તાને હરકત કરયાની બાબત છનકાર કરી, દુરગાચરણદાસની અરજીમાં જે કહેલું છે તે જુઠું છે એવું કબુલ કરેલું છે. અને થએલો હુકમ રીતસર છે કે નહીં

તે વીશે અભીપ્રાય આપવાને માજીસ્ટ્રેટે જ્યુરી નીમવી જોઇએ. ફરી તપાસના અરજદારનો બચાવ અવલથી તે આખર-સુધી એવો છે કે અરજદાર જે હમેશનો સરીઆમ રસ્તો કહે છે તે ખરી રીતે થોડી મુદતને વાસ્તે અરજદારની જમીન ઉપર ખાંનગી રસ્તો છે. માજીસ્ટ્રેટે જ્યુરી નીમી તેમાં બાકરગંજના સબ રજીસ્ટ્રારને આગેવાન બનાવ્યો તથા માજીસ્ટ્રેટના નીમેલા રાજમોહન ચકરબત્તી તથા રામ કુમારપાળને તથા ફરી તપાસના અરજદારે નીમેલા બીસબરસ અને મોહીનાચંદરને જ્યુરરો નીમી એવો હુકમ કર્યો કે તા૦ ૨૮ મી સુધીમાં ઠરાવ રજુ કરવો.

"તે ઠરાવ રજુ કરવાને એક પછી એક તા૦ ૨૮ મી નવેમ્બર તા૦ ૧૦ ડીસેમ્બર, તા૦ ૨૧ મી ડીસેંબર તા૦ ૪ જાન્યુઆરી, તા૦ ૧૮ મી જાન્યુવારી, તા૦ ૨૨ મી ફેબરવારી, તા૦ ૨૭ મી ફેબરવારી. તા૦ ૮ મી મારચ, તા૦ ૧૫ મી મારચ, તા૦ ૧૦ અને તા૦ ૨૫ મી એપ્રીલના રોજની મુદતો ઠરાવેલી પણ કાંઇ વળ્યું નહીં. ઠરાવ મળી શકયો નહીં, અને તા૦ ૧૧ મી મેએના રોજ માજીસ્તરેટે નવી જ્યુરી બોલાવવાની અરજ કરવાને પક્ષકારોને હુકમ કરયો. છેવટે તા૦ ૨૦ મી મેના રોજ માજીસ્ટ્રેટે જ્યુરી નીમી અને તેમાં બાકરગંજના પોલીસ સ્ટેશનના સબ ઈનસ્પેટરને આગેવાન ઠરાવ્યો, અને માજીસ્તરેટના બતાવેલા ચંદર ગંગુલી અને રાજકુમારદોસ્ત તથા ફરી તપાસના અરજદારે બતાવેલા જગત ચંદરદાસ અને કાળીદાદત્તોને જ્યુરર નીમ્યા. અને તેઓનો ઠરાવ રજુ કરવાને તા૦ ૨ જુન નીમવામાં આવી હતી. અને તા૦ ૨ જી જુનના રોજ મુદત વધારીને તા૦ ૧૧ મી જુન ઠરાવવામાં આવી હતી."

"તા૦ ૧૧ મીના રોજ એક કાગળ બાકરગંજ પોલીશ સ્ટેશનના સબ ઇનસ્પેકટર પ્રસુના મુખરજી મણીચંદર ગંગોલી અને રાજકુમાર દેની સહીઓનો મળ્યો હતો. તેમાં એમ બતાવેલું છે કે તપાસના અરજદારે નીમેલા જ્યુરરોએ તે ઠરાવ કરવામાં કાંઇ ભાગ લીધો નથી, વળી જગતદાસે જ્યુરીના કોઇ વીચારમાં મદદ કરી નથી અને કાળીનાથ દત્તતો પેહેલા આવ્યા હતા પણ પાછળથી ગેરહાજર રહયા હતા. ને ફરી તપાસના અરજદારે નીમેલા માણસોએ કાંઈ ઠરાવ કરી મોકલ્યો નથી.

"બીજા ત્રણુ જ્યુરરોએ એવો રીપોર્ટ કરેલો છે કે ફરી તપાસના અરજદારે બતાવેલી "લાઇન" ઉપર એક રસ્તો હતો તેનો ઉપયોગ લોકો કરતા હતાં, તે ખાઇ ઉપર જે પુલ હતો, તેથી શંભુ સુશરીફના ઘરથારની જમીન જુદી જુદી પડેલી હતી, પરંતુ આ રીપોર્ટની તારીખે તે ઉપર અરજદારના કબજા વાવેલા છે, તેથી ફરી તપાસના અ-

રજદારની ધરથારની જમીનને ઘણી સુગમતા થએલી છે, અને તે હો. વાથી કોઇને હરકત થએલી નથી. માજીસ્તરેટે તે ઠરાવ જ્યુરીના ઘણા મતથી કરવામાં આવેલો છે, એ પ્રમાણે તે રીપોર્ટ તા૦ ૧૨ જુનના રોજ સ્વીકારયો, અને ઠરાવ્યું કે તે "ચાર" ધોરી રસ્તો છે, અને જે ખાઇના કીનારા ઉપર થઇને તે રસ્તો જાય છે. તે ગામના જે લોકો તે ચાર આગળ થઇને જાય તે વાપરે છે." બાકીનો જે રસ્તો કહેવામાં આવેલો છે તે ફકત ફરીઆદીની ખાંનગી બાબત છે માટે તેઉએ કહ્યું છે કે "અમે ઠરાવીએ છીએ કે તોહોમતવાળાઓએ દસ દીવશની અં. દર તે "ચાર" ફરીથી કરવો, અને બીજો કોઈ હુકમ કરતા નથી. આ હુકમ કલમ ૧૩૯ પ્રમાણે કરવામાં આવેલો છે. કલમ ૧૪૦ મી પ્રમાણે નોટીશ કાહાડવી." આ પ્રમાણે ફરી તપાસના અરજદારને તે હુકમ બાબત ખબર આપવામાં આવી હતી અને તેને એવો હુકમ કરવામાં આવેલો હતો કે તે ખાઇ ઉપર દશ દીવશની અંદર પુલ ફ-રીથી બાંધવો. તા૦ ૧૬ જુનના રોજની તે નોટીશ છે, અને તેના સામા હાલ ફરી તપાસનો અરજદાર અરજ કરે છે. તે નોટીશમાં એવું બ-તાવેલું છે કે તા૦ ૧૪ નવેમ્બરના રોજના હુકમથી તે પૂલ ફરીથી બંધાવવાને ફરમાવવામાં આવેલું હતું. ખરી રીતે તે હુકમમાં પુલ વીશે કાંઇ નથી, પરંતુ તેથી ફરી તપાસના અરજદારને એવો હુકમ કરવામાં આવેલો છે કે તે રસ્તાનો ઉપયોગ કરવામાં જે હરકતો કરવામાં આવી છે તે તમામ દુર કરવી, અને તે રસ્તો પેહેલાં જે સ્થીતીમાં હ-તો તે સ્થીતીમાં તે લાવવો. વળી આખરની નોટીશ પ્રમાણે ફકત ફરીથી તે પુલ કરવાનું છે, અને પુલ તરફ જવાના જે રસ્તાને હરકત થએલી છે તે ફરીથી ખુલ્લો કરવાનું નથી.

"જો પુલ એક તરફના છેડેથી બંધ કરવામાં આવે તો પછી તે પુલ શા કામમાં આવે? ફરી તપાશના અરજદારે પૂલ તરફ જવા નો રસ્તો બંધ કરયો, અને તેથી તે રસ્તો નકામો કરવામાં આવેલો છે. હવે તે પુલ ફરીથી કરવાને તાકીદ આપવામાં આવી છે, પરંતુ જે રસ્તો કહેવામાં આવેલો છે તે ફકત ફરીયાદીનો ખાંનગીનો છે.

જે રસ્તો કહેવામાં આવેલો છે તે વીશે માજીસ્તરેટ બોલેલા છે પરંતુ ફરી તપાસના અરજદારે જે રસ્તો બંધ કરેલો છે તે અમે મા નીએ છીએ જો એમ ના હોત તો કાંઇ પુલ હોત નહીં. તો પણ છેવટ જે વાકય બતાવ્યું છે તેનો બાકીનો ભાગ અમે સમજતા નથી. "જે માજીસ્તરેટ કહે છે કે જે રસ્તો કહેવામાં આવેલો છે. તેનો બાકીનો ભા ગ ફકત ફરીઆદીની ખાંનગી બાબત છે."

"જે રસ્તો કહેવામાં આવેલો છે તેનો બાકીનો ભાગ" એટલે તમામ રસ્તો અથવા તે પુલથી થોડા ઘન ફુટ શીવાયનો તમામ રસ્તે કેમ "અને ફરીઆદીની ફકત ખાનગી બાબત" એ શબ્દોનો શો અર્થ છે. શું તે ઉપરથી એમ જણાય છે કે જે બાકીના રસ્તા બાબત માજીસ્તરેટની એવી ખાતરી થઇ છે કે અરજદાર દુરગાચરણદાસનો જવા આવવાનો ભોગવટો અગર હક્ક હોય પરંતુ તે ધોરી રસ્તો નથી કે કેમ. તેનો બીજો કાંઇ અર્થ થઇ શકે તેવું નથી. તેમ છતાં આખરનો હુકમ ફકત તે પુલ ફરીથી કરવા બાબતનો છે. માટે તે અર્થથી તે હુકમ નહી જેવો થાય છે. અમે આગળ કહી ચુકયા છીએ તે પ્રમાણે એકાદો પુલ એક છેડેથી તમામ બંધ કરવામાં આવ્યો હોય તો તે શા ઉપયોગ્યનો છે. તેમ છતાં માજીસ્તરેટે તે હરકત એટલે વાટ ખશેડવાને હુકમ કરેલો નથી. ફરી તપાસના અરજદારને ફકત એવી ફરજ પાડી છે કે જે અસલ જગોએ તે પુલ હતો તે જગોએ ફકત તે ફરીથી બાંધી જેવો આગળ હતો તેવો કરવો.

"ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે કાંઈ પણ કામ કાયદેશર રીતે ચલાવી શકાય તે પેહેલાં માજીસ્તરેટની એવી ફરજ છે કે પુરાવ ઉપરથી તકરારી રસ્તો છે અગર કાયદા પ્રમાણે લોકો ઉપીયોગ કરી શકે તેવો છે તે વીશે ઠરાવ કરવો. તે રસ્તો એવો હોવો જોઇએ કે લોકો હકકથી વાપરવાને હકકદાર થાય અને પડતર જમીન હોય અને તે ઉપર થઇને લોકોને તે જમીનનો માલેક અગર ભાડે રાખનાર જવા આવવા દેતો હોય એવો હોવો નહીં જોઇએ. જે જમીન ઉપર થઇને લોકોને તેનો માલેક અગર ભાડુવાત જવા આવવા દેતો હોય પણ તે માલેક અગર ભાડુવાત પોતાની ખુશીમાં આવે તે વખતે હરકત કરી શકે છે. આ કામમાં માજીસ્તરેટે જયુરી નીમતાં પેહેલાં ઠરાવ્યું નથી કે તે ધોરી રસ્તો હતો. તે રસ્તાના પ્રસીધ્ધપણા બાબતનો શવાલ જ્યુરીને માટે નથી અને વળી માજીસ્તરેટના અભીપ્રાયમાં ખુલ્લું આવેલું છે કે તકરારી રસ્તાના ઓછામાં ઓછા એક ભાગ સાથે લોકોને નીશબત નથી. માટે તે જ્યુરીની નીમનોક ગેર શીરસ્તે કરી છે. ચંદ્રનાથશેન, બસારૂદીનબોહા વીરૂદ્ધ બાહારઅલ્લી, અશકરમીઆ શબદારમીઆ, અને લાલમીઆ વીરૂદ્ધ નાજીર ખલાશીના કામના ઠરાવો આધાર તરીકે બતાવવામાં આવ્યા.

"વળી એમ કહી શકાતુ નથી કે પાંચ સખસોને જ્યુરીમાંથી ત્રણ સખશોએ કરેલો ઠરાવ છે અને બાકીના બે શખસોમાંથી કોઇએ કાંઇ અભીપ્રાય આપ્યો નથી. અને એક તો તપાસમાંથી તદન અલગ રહેલો છે. તેમ છતાં તે જ્યુરીના ઘણા મનનો ઠરાવ છે. તે જ્યુરીમાના એક સખશ

કામ કરવાને ના કહી હતી. તેથી માજીસ્તરેટનો યોગ્ય રસ્તો એવો હતો કે તેમણે નવી જ્યુરી નીમવી—ઉમાચરણમંડળ વીરૂધ જોસેમસેખ, અગર ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૪૧ પ્રમાણે કામ ચલાવવું.

"છેવટે તે હુકમ કાયમ કરવામાં આવેલો હતો પરંતુ ફો૦ કા૦ ચ૦ રી૦.ના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણેની અસલ નોટીશને અનુસરતો નથી. અને તે હજુ કાયમ છે. માટે તે હદ વીનાનો છે એમ નથી બનેરોબર તે પ્રમાણે ચાલવામાં આવે તોપણ તે રસ્તો આગળની માફક હરકત ભરેલો રહે અને તેના શબ્દો પ્રમાણે ચાલવાને ઠીં૦ ફો૦ કા૦ ની કલમ ૧૮૮ પ્રમાણે ફકત તેનો અમલ થઇ શકે. અમારી નજરમાં આવે છે કે તે તમામ પ્રોશીડીંગ રદ કરવું જોઇએ, અને માજીસ્તરેટને ફરમાવવું જોઇએ' કે કાયદા પ્રમાણે તેમણે ફરીથી કામ ચલાવવું."

રેફરંસ વખત કોઇ હાજર નથી.

હાયકોર્ટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

ફો૦ કા૦ ચ૦ રી૦ના કાયદાની કલમ ૧૩૯ ના હેતુ પ્રમાણે જ્યુરીનો ઘણો મત તે અમારા અભીપ્રાય પ્રમાણે નીમેલા જ્યુરરોમાંના ઘણા મતથી યોગ વીચાર કરીને જે નીશ્ચે કરેલો હોય તે છે. આ કામમાં ફકત જે જ્યુરરોએ તેમની મળેલી મીટીંગમાં હાજર થવાની તસ્દી લીધેલી તેમનોજ ઘણો મત છે. માટે તે પ્રમાણે મોકલેલો રીપોટ કલમ ૧૩૯ પ્રમાણે જ્યુરરોના ઘણા મતથી કરેલા ઠરાવ ઉપરથી માજીસ્ત્રેટ વરતી શકે એવો તે ગણી શકાતો નથી. પરંતુ તેની સાથે કલમ ૧૪૧ પ્રમાણે માજીસ્તરેટ પોતાની નજરમાં યોગ લાગે તેવો હુકમ કરવાને તથા વર્તવાને મુખત્યાર છે. અને જે હકીકત હાલ છે તે પ્રમાણે અમારી નજરમાં આવે છે કે પક્ષકારોએ જે વધારે હકીકત બતાવેલી હોય તે ઉપરથી અમારી રૂબરૂ જે હાલ હુકમ છે તે કરવામાં આવેલો છે એમ અમે માનીએ છીએ.

તે ખાઇના ઉપર "ચાર" અગર વાંસનો પુલના સબંધી કાંઈ સબળ હરકત અમારા જોવામાં આવતી નથી. તે અરજદારે તે ખસેડેલો છે એમ માલમ પડેલું છે. અને તે ખસેડવાથી અદ્યાપી સુધી જે રસ્તો ભોગવવામાં આવતો હતો તેમાં હરકત થએલી છે. સબબ અમે તેમાં હાથ ઘાલવાને ના કહીએ છીએ.

ફોજદારી રેફરંસ.

તા૦ ૧૯ મી અગસ્ટ સને ૧૮૮૬

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ ગોજ સાહેબોની રૂબરૂ

ઉમરઅલ્લી (ફરીઆદી) વિરૂધ સફરઅલ્લી વીગરે (તોહોમતવાળો)

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૯૧—૨૦૨—૨૦૩—ફરીઆદ—માજીસ્તરેટનો અખત્યાર—"તપાસવાને મુખત્યાર છે" એ શબ્દોનો અર્થ

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૯૧ માં "કોઇ ગુન્હાની તપાસ કરવાને મુખત્યાર છે. એવા શબ્દો વાપરવામાં આવ્યા છે તેથી કોઇ ફરીઆદ સાંભળવાને માજીસ્તરેટની મરજી ઉપર છે એમ થતું નથી.' પરંતુ માજીસ્તરેટની નજરે કોઇ ગુન્હો બને તેવી હકીકત બતાવેલી રીતી પ્રમાણે લાવવામાં આવે તો તે રીતીમાની એક રીતી પ્રમાણે બનેલા ગુન્હાની માજીસ્તરેટ તપાસ કરે તે સબંધી છે. ફરીઆદીને તપાશીને તેહોમતવાળા ઉપર સમન્સ કાહાડવાને અગર કલમ ૨૦૨ પ્રમાણે તજવીજ કરવાનો હુકમ કરવાને અગર કલમ ૨૦૩ પ્રમાણે ફરીઆદ કાહાડીનાંખવાને તેઉ બંધાએલાં છે.

પાનું ૩૩૪ હાયકોર્ટમા જે રેફરંસ કરવામાં આવેલું છે તેનો અગલનો ભાગ નીચે પ્રમાણે છે:—

"તા૦ ૨ જુનના રોજ સફરઅલ્લી વીગેરે ઉપર ચીત્તાગોંગના જોઇંટ માજીસ્તરેટ મી૦ એસ૦ જે ડાંઉગલાસની રૂબરૂ પીનલકોડની કલમ ૩૨૩ અને ૩૫૨ પ્રમાણે ગુન્હાનો આરોપ રાખ્યાની ફરીઆદીએ ફરીઆદ આપેલી છે. માજીસ્તરેટે નીચેની મતલબનો હુકમ કરેલો છે. "આ નહીં જેવી બાંબતની તપાસ કરવાને અમે ના કહીએ છીએ. જે સખસે ફરીઆદીને લપડાક મારેલી તેમે ફરીઆદીએ છુટી રીતે ગાળો દીધેલી જણાય છે." આ હુકમ ઉપરે માજી કામ ચલાઉ શેશન જડજ મી૦ આર. એચ. શ્રીવઝની રૂબરૂ તે ફરીઆદીએ અરજ કરી તે ઉપરથી તે જોઇંટ માજીસ્તરેટની પાસે તેઉએ એવું માગ્યું કે ફરીઆદીની ફરીઆદ કાહાડી નાંખતાં પહેલાં તેને તપાસવામાં આવ્યો હતો કે નહી તેની અમને ખબર આપવી. તે જોઇંટ માજીસ્તરેટે પોતાના જવાબમાં તેમને એવું જાહેર કરેલું છે કે તે ફરીઆદ ખીલકુલ કાહાડી નાંખેલી નથી. પરંતુ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૯૧ પ્રમાણે તે નહીં સાંભળવાને અમે કહેલું હતુ. કારણ કે તે કલમમાં જે એવા શબ્દો વાપરવામાં આવ્યા છે કે "આવો ગુન્હો બને તેવી હકીકતની ફરીઆદ આવતાં તે ગુન્હાની તપાસ કરવાને મુખત્યાર છે."તેથી તે તપાસ કરવી એ વીશે

માજીસ્તરેટને પોતાનો કુલ અખત્યાર વાપરવાને અધીકાર આપવામાં આ- વેલો છે. કાયદાના આ વીચાર સાથે માજી કામ ચલાઉ શેશન જડજ મળતા આવ્યા નહીં. તેથી તેમણે તે જોઈંટ માજીસ્તરેટનો વધારે ખુલા- સો માગ્યો અને તે ખુલાસો આવેલો છે. માજી કામ ચલાઉ શેશન જડજ નો અભીપ્રાય આ બાબતમાં હાયકોર્ટમાં પુછવું જોઇએ એવો હતો. અને અમારો પણ એવોજ અભીપ્રાય છે તેથી અમે આ રીતી પસંદ કરી છે.

"ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૯૧ મી નો હેતુ જાઈં- ટ માજીસ્તરેટે જે રીતીએ કામ ચલાવેલું છે તે રીતીએ કામ ચલાવવાનો નથી એમ અમને જણાય છે. તેમાં અમુક હકીકત હોય તો માજીસ્ટ્રેટ ગુન્હાની તપાસ કરી શકે છે અને જો તે ના હોય તો તે તપાસ કરી શકતા નથી, એવું બતાવેલું છે. "તપાસ કરવી એ શબ્દોની વાખ્યા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં કરવામાં આવી નથી. આ કામમાં જાઇંટ માજીસ્ટ્રેટની કોર્ટના તાબાના નોકરોએ અરજી લીધેલી છે, અને સ્ટાંપ ઉપર પંચ કરેલું છે. આટલું બધું કરયા પછી જોઇંન્ટ માજી સ્ટરેટ કલમ ૨૦૦ પ્રમાણે ફ્રીઆદીની જુબાની લખી લેવાને બંધાયે- લા હતા એમ અમને દીસે છે. અને ત્યાર પછી જો તેમના વીચારમાં યોગ્ય લાગે તો કલમ ૨૦૨ અને ૨૦૩ પ્રમાણે તે કામની વ્યવસ્થા તે ઓ કરી શકતા હતા.

"આ કામ એવું છે કે જેની વ્યવસ્થા કલમ ૪૩૭ પ્રમાણે અમે કરી શકતા નથી, કારણ કે કલમ ૨૦૩ પ્રમાણે તે ફ્રીઆદ કરવામાં આવેલી નથી. કલમ ૧૯૧ નો ઈરાદો જાઇંટ માજીસ્ટરેટે જે રીતીએ કામ ચલાવેલું છે તે રીતીએ ફ્રીઆદોની વ્યવસ્થા કરવાને માજીસ્ટ્રેટને અખત્યાર આપવાનો નથી, એવું કલમ ૨૦૩ પ્રમાણે કાહાડી નાંખેલી ફ્રીઆદીમાં તપાસ કરવાનો હુકમ કરવાને શેસન કોરટને કલ- મ ૪૩૭ મુજબ અખત્યાર આપવામાં આવેલો છે પરંતુ જે ફ્રીઆદો સાંભળવાને માજીસ્ટ્રેટે ના કહેલી હોય તે ફ્રીઆદોની બાબતમાં તે કલમ પ્રમાણે અખત્યાર આપવામાં આવેલો નથી એ હકીકત ઉપરથી ખુલ્લું છે એમ અમારી નજરમાં આવે છે. આજે તેમણે કરેલું નથી તે ઘણું અસંભવીત છે કારણ કે કલમ ૧૯૧ પ્રમાણે તપાસ કરવાની ના કહે- વાને આ અખત્યાર બતાવેલો છે. તેથી તેનો કલમ ૨૦૩ પ્રમાણે ફ્- રીઆદ કાહાડી નાંખવામાં આવે તે કરતાં વધારે તીરસકાર થવાનો સંભવ છે.

"આ બાબત ઘણી અગત્યની છે. માટે તે વીશે કાંઇ આધાર સં- ગીત ઠરાવ થાય એ દુરસ્ત છે એમ અમારી નજરમાં આવે છે."

રેફરંસ વખતે કોઈ હાજર થયું નથી.

કોર્ટનો અભીપ્રાય નીચે પ્રમાણે છેઃ—

ફરીઆદ આવે એટલે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૧ પ્રમાણે કામ ચલાવવા સબંધી તે જાઇન્ટ માજીસ્રેટે કાયદાનો ભુલ ભરેલો વીચાર કરેલો છે. જે હકીકત ઉપરથી ગુન્હો બને તે હકીકત બાબતની ફરીઆદ આવતાં તે ગુન્હાની તપાસ કરવાને ના કહેવાને તેઓ મુખત્યાર નથી. પરંતુ તે ફરીઆદીને તપાસવાને કાંઇ બંધાએલા છે. પછી તેઉ તોહોમતવાળા ઉપર સમન્સ કાહાડી શકે છે અગર કલમ ૨૦૨ પ્રમાણે તજવીજ કરવાને હુકમ કરી શકે છે. અગર કલમ ૨૦૩ પ્રમાણે તે ફરીઆદ કાહાડી નાંખી શકે છે. "કોઇ ગુન્હાની તપાસ કરવાને મુખત્યાર છે." એવા શબ્દો વાપરવામાં આવેલા છે, તેથી તે ફરીઆદ સાંભળવાને માજીસ્ટરેટની મરજી ઉપર છે એમ નથી. તેમાં એમ બતાવવામાં આવ્યું છે કે જે રીતીએ ગુન્હો બને તેવી હકીકત માજીસ્રેટની નજરે લાવવામાં આવે તેમાંની એક રીતી પ્રમાણે ગુન્હાની તપાસ કરવામાં માજીસ્રેટે કેવી રીતે ચાલવું તે બતાવેલું છે. માટે આ કામની તપાસ થવીજ જોઈએ.

ફોજદારી અપીલ.

તા૦ ૭ સપટેમ્બર સને ૧૮૮૬.

મી૦ જસ્ટીશ મીત્તર અને મી૦ જસ્ટીશ ગ્રાંટ

સાહેબોની રૂબરૂ.

અબદુલ હમીદ વીરૂદ્ધ કેસરેહીંદ.

જુઠો બનાવેલો દસ્તાવેજ—પીનલકોડની કલમ ૪૬૪—દસ્તાવેજો જુઠા બનાવવામાં ઈરાદો—કપટ ભરેલી રીતે તથા બદદાનતથી જુઠું બનાવવું.

ब માં પેટા દુકડીની ઓફીસમાં તોહોમતવાળો એક નકલ કરનાર હતો. તેણે તે ઓફીસમાં ખાલી પડેલી કલાર્કની જગો બાબત અરજ કરી. તેની અરજી ઊપર ब ના પેટા દુકડીના અમલદારે પોતે તે જગો બાબત ભલામણ કરયાનો એક શેરો કરવામાં આવ્યો, અને તે તોહોમતવાળાએ જુઠો કરેલો છે એવું માલમ પડયું. તે અરજીની સાથે એક કાગળ મોકલવામાં આવ્યો તે પણ તોહોમતવાળાએ એવી રીતે જુઠો બનાવેલો હતો કે કલેકટરે તે પેટા દુકડીના અમલદારને એવી ખબર આપી હોય કે અમે તોહોમતવાળાને ખાલી પડેલી જગો બાબત પસંદ ક-

રેલા છે. તે પેટા ટુકડીના અમલદારને આ કાગળના સાચાપણા બાબત શક પડવાથી કલેકટરને દમી ઓફીશીયલ કાગળ તે કલેકટર ઉપર લખ્યો એવી ખાતરી કરવાને કે તેમણે ખરી રીતે તે લખેલો છે કે નહીં. પછી તે જગોની ટપાલ ઓફીસમાં તે કાગળ બીડવામાં આવ્યો. પરંતુ તોહોમતવાળાએ ત્રીજો કાગળ જુઠો બનાવ્યો એવી મતલબનો કે તે દમી ઓફીશીયલ કાગળ રવાને કરવો નહીં એવું પેટા ટુકડીના અમલદારે પોસ્ટ માસ્તરને લખેલું હોય. આ ત્રણે દસ્તાવેજોની બાબતમાં તોહોમતવાળાને પીનલકોડની કલમ ૪૬૪ પ્રમાણે શેશન કોરટે ગુન્હેગાર ઠરાવ્યો. ઠરાવવામાં આવ્યું કે પેહેલાં બે કાગળોની બાબતમાં તે ગુનહાની શાબેતીનો ઠરાવ બરોબર છે, પરંતુ ત્રીજા કાગળ સબંધી એમ કહી શકાતું નથી કે તે કલમના હેતુ પ્રમાણે તે કાગળ બદદાનતથી અથવા કપટ ભરેલી રીતે તેણે જુઠો બનાવેલો છે.

પાનું ૩૪૯. કોરટના ફેંસલામાં આ કામની હકીકત પુક્ત રીતે બતાવવામાં આવેલી છે.

અપીલવાળા તરફથી બાબુ અંબીકાચરણ બોઝ.

સરકાર તરફથી ડીપોટી લીગલ રીમેમબ્રનસર. (મી૦ કીલબી.)

અપીલવાળાના વીદવાન વકીલે શેશન જડજના ઠરાવ બાબત તકરાર કરી નથી. પરંતુ એવી તકરાર કરી છે કે શેશન જડજે તે ઠરાવ ઉપરથી અપીલવાળા ઉપર ક્ષ, સી, અને ક, ના દસ્તાવેજો બાબત આરોપ રાખવામાં આવેલા છે. એ વીશે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૪ ના હેતુ પ્રમાણે અપીલવાળાએ જુઠો દસ્તાવેજ બનાવ્યો એમ શેસન જડજે ઠરાવવું જાઇતું નહીં હતું. આ કામની હકીકત એવી છે કે બદરકની પેટા ટુકડીની ઓફીસમાં ત્રીજા કલારકની જગો ખાલી થવાથી અપીલવાળો કે જે તે ઓફીસમાં નકલ કરનારો છે. તેણે અરજી કરેલી હોય તે પ્રમાણેની અરજી તે જગોને સારું બાલાસોરના કલેકટરને પોહોચી. આ અરજીની નીચે એવી મતલબનો શેરો હતો કે બદરકના પેટા ટુકડીના અમલદારે અરજદારને તે જગો આપવાને માટે ભલામણ કરેલી છે. ક્ષ, નીશાનનો દસ્તાવેજ તે તકરારી શેરો છે અને તે અપીલવાળાએ જુઠો બનાવેલો છે એમ માલમ પડયું છે. સી. નીશાનનો દસ્તાવેજ એવી મતલબનો છે કે બદરકના પેટા ટુકડીના અમલદારને બાલાસોરના કલેકટર તરફથી એવી ખબર આપવામાં આવેલી કે તે ખાલી પડેલી જગો ઉપર અપીલવાળાને પસંદ કરેલો છે. આપણ અપીલવાળાએ જુઠો બનાવેલો છે એમ માલમ પડેલું છે. બદરકના પેટા ટુકડીના અમલદારના મનમાં આ દસ્તાવેજના સાચાપણા

વીશે અંદેશો આવવાથી તે સી. નીશાનનો દસ્તાવેજ સાચો છે કે નહીં તેની ખાત્રી કરવાને બાલાસોરના કલેકટરને એક દમી ઓફીસીયલ પત્ર લખ્યો. આ પત્ર તે જગોની ટપાલ ઓફીસમાં બીડવામાં આવ્યો. તે અપીલવાળાના જાણવામાં આ વાત કોઈક રીતે આવવાથી તેણે એક કાગળ જુઠો બનાવ્યો એવી મતલબનો બનાવ્યો કે તે પેટા ટુકડીના અમલદારે તે પોસ્ટ માસ્તરને લખી એવું કહયું હોય કે તે દમી ઓફીશીયલ કાગળ રવાને કરવો નહીં. આ દસ્તાવેજ ક નીશાનનો છે, અને તે અપીલવાળાએ જુઠો બનાવેલો છે એમ માલમ પડેલું છે. આ ત્રણ દસ્તાવેજો સબંધી અપીલવાળાને જુઠા દસ્તાવેજના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો અને શેશન જડજે ત્રણ વરશ સખત મજુરી સાથે કેદની સજા તેને કરી એટલે તે ત્રણે દસ્તાવેજોમાંના દરેક દસ્તાવેજને માટે એક વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. એવું માલમ પડેલું છે. અને તે ખુલ્લુ છે કે આ દસ્તાવેજોમાંના બે દસ્તાવેજ જુઠા બનાવવાનો હેતુ બદરકના પેટા ટુકડીના અમલદાર તથા બાલાસોરના કલેકટરને ઠગીને તે ખાલી પડેલી જગો મેળવવી એવો હતો. આ હકીકત ઉપરથી અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે ઉપર કહેલા ત્રણે દસ્તાવેજોમાંના એકે જુઠા દસ્તાવેજ સબંધી અપીલવાળાને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૪ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. તે વીદવાન વકીલની તકરાર એવી છે કે જો કે તેણે આ દસ્તાવેજો જુઠા બનાવ્યાં તોપણ એમ કહી શકાતું નથી કે હીં. ફો. કા. ની કલમ ૨૪ અને ૨૫ માં બદદાનત અગર કપટ ભરેલી રીતે એ શબ્દોની વાખ્યા કરવામાં આવેલી છે તે પ્રમાણે બદદાનતથી અગર કપટથી તે દસ્તાવેજો તેણે જુઠા બનાવ્યા છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે આ તકરાર ક્ષ. અને શી. દસ્તાવેજ સબંધી મજબુત નથી. ઉપર કહેલી હકીકત પ્રમાણે આ બે દસ્તાવેજો અપીલવાળાએ "બદદાનતથી" બનાવ્યા એમ કહી શકાય કે નહીં. અમને ખુલું જણાય છે કે હીં. ફો. કાયદામાં તે શબ્દની વાખ્યા આપવામાં આવેલી છે. તે પ્રમાણે તેણે કપટથી જુઠા બનાવેલાછે. આગળ કહ્યા પ્રમાણે તેનો હેતુ બદરકની પેટા ટુકડીની ઓફીસમાં ખાલી પડેલી જગો મેળવવાનો હતો. માંટે તે પેટા ટુકડીના અમલદારને તેમજ કલેકટરને ઠગીને કાંઇક નાણાનો ફાયદો મેળવવાને આ બે દસ્તાવેજો જુઠા બનાવવામાં તેનો ઇરાદો હતો. ક્ષ. નીશાનનો દસ્તાવેજ જુઠો બનાવવામાં બાલાસોરના કલેકટરને ઠગવાનો ઇરાદો હતો. અને સી. નીશાનનો જુઠો બનાવવામાં તેનો ઇરાદો બદરકના પેટા ટુકડીના અમલદારને ઠગવાનો હતો. માટે

તેણે તે બે દસ્તાવેજો બાલાશોરના કલેકટરને તથા બદરકના પેટા ટુકડીના અમલદારને ઠગવાના હેતુથી તથા બદરકની પેટા ટુકડીની ઓફીશમાં ખાલી પડેલી જગો ઉપર પોતાની નીમનોક કરાવી નાંણુંનો ફાયદો મેળવવાના ઇરાદાથી તે જુઠા બનાવેલા હતા. આ પ્રમાણે છે તો અમારી નજરમાં આવે છે કે આ દસ્તાવજો હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૨૫ ના અર્થ પ્રમાણે તેણે કપટથી બનાવેલાછે. પરંતુ क નીશાનના દસ્તાવેજ સબંધી અમારી નજરમાં આવેછે કે તેવ્વીદ્વાન વકીલની તકરાર બરોબરછે. જે ઇરાદાથી અપીલવાળાએ આ દસ્તાવેજ જુઠો બનાવ્યો તે તેણે (ક્ષ) અને (સી) નીશાનના દસ્તાવેજો જુઠા બનાવી જે કપટ કરેલું હતું તે મા લમ પડે નહીં એવો પોતાનો બચાવ કરવાનો હતો. જ્યારે क નીશાનનો દસ્તાવેજ આવા ઇરાદાથી બનાવેલો હતો ત્યારે તે બદદયાનતથી અગર કપટથી જુઠો દસ્તાવેજ બનાવ્યો એમ કહી શકાતું નથી. તેનો ઇરાદો કોઇ બીજા સખસને નુકશાન કરવાનો નહીં હતો અગર પોતાને ખોટી રીતે ફાયદો મેળવવાનો નહી હતો, અગર પોતાને નાણું સબંધી ફાયદો મેળવવાનો નહી હતો, માટે क નીશાંનના દસ્તાવેજ સબંધી ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ પરંતુ (ક્ષ) અને (સી) નીશાનના દસ્તાવેજ સબંધી ગુનાહની સાબીતીના ઠરાવો કાયમ રહે છે. અપીલવાળાએ જે ભારે ગુનોહ કરેલો છે તે લક્ષમાં રાખતાં અમારા અભીપ્રાયમાં આવે છે કે શેશન જડજે કરેલી શીક્ષા કરતાં હલકી શીક્ષા કરવાથી ઇનસાફનો હેતુ પાર પડે નહી. સબબ અમે અપીલવાળાને (ક્ષ.) નીશાનના જુઠા દસ્તાવેજ સબંધી બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ. અને (સી) નીશાનના દસ્તાવેજ સબંધી જે શીક્ષા કરવામાં આવેલી છે તેમાં કાંઇ ફેરફાર કરતા નથી.

શેશન જડજે જે ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા એકઠી કરેલી છે. તે પરીણામે કાયમ રહે છે.

વાલ્યુમ ૧૪ મું.

ફોજદારી અપીલ.

તા૦ ૮ સપટેંબર સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ પ્રીનસેપ અને મી૦ જસ્ટીસ બીવરલી સાહેબોની રૂબરૂ.

ખુદાબખસ મંડળ વીગરે (પ્રતીવાદીઓ) વીરૂધ માગેલાઇ મંડળ વીગરે (વાદી.)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૩૩—અપકલ્સ દૂર કરવું—સરીઆમ રસ્તો—કબજાનોહક ઠરાવવાને તથા કબજો કાયમ કરાવવાને વાસ્તે દાવો કરેલો—દાવાનું કારણ.

તા ૬ જુલાઈ સને ૧૮૮૨ ના રોજ કીસનગરના જોઇંટ માજીસ્ટ્રેટે અ નામના સખસની ફરીઆદથી બ નામના સખસને ગઉખાનું જે તેણે કેટલાક મહીના પેહેલાં બાંધેલું હતું તે તોડી નાંખવાને હુકમ કરયો. કારણ કે જે જગ્યા ઉપર તે બાંધવામાં આવ્યું હતું તે શરીઆમ રસ્તાનો ભાગ હતો. તે ઉપરથી બ એ પોતાની ખાનગી મીલકતનો હક અને કબજો ભોગવટો અને હક ઠરાવવાને અ ના ઉપર દાવો કરયો. દાવાની અરજીમાં બ ને માજીસ્ટ્રેટે અ ઉપર દાવો દાખલ કરાવવામાં દવેશ બુધીવાળી સમજે તે વરત્યો હતો. અને વાદીને ખોટી રીતે હરકત કરવાના ઇરાદાથી વરત્યો હતો.

તેમાં ઠરાવવામાં આવ્યું કે દાવો ચાલશે નહી. મોતીરામ સાહુ વીરૂધ મોહીલાલરાયના કામના ઠરાવથી જુદા પડેવામાં આવ્યું.

પાનું ૬૦ તા૦ ૨૮ મારચ સંને ૧૮૮૩ ના રોજ અસલ કોરટમાં જે ફેંસલો આપેલો છે તેની હકીકત નીચે પ્રમાણેછે.

"દાવાની અરજીમાં કહેલું છે કે જે જમીન તે અરજીમાં બતાવેલી છે તે વાદીના જમાનાના કબજાની જમીન ૨૧ ધનફુટ પોહોળી અને ૧૬ ધનફુટ લાંબી છે. અને તે તેમના સ્વતંત્ર કબજામાં છે. ૧૨૮૮ ના સાલના ચઇતર મહીનામાં કોઇની હરકત શીવાય તે જગ્યા ઉપર ગઉખાનું બાંધ્યું. અને પ્રતીવાદીએ એવી ફરીઆદ કરી કે તે જમીન સરીઆમ રસ્તાનો ભાગ છે. માટે માજીસ્ટ્રેટે ગયા માસની તા૦ ૬ જુલાઇના રોજ એવો હુકમ કરયો કે તે ગૌખાનું પંદર દીવસની અંદર વાદીને એવો હુકમ કરયો કે કાહાડી નાંખવું જોઇએ. પણ તે જમીન અમો અરજદારની ખાનગી જમીન છે માટે તે જમીન ઉપર અમારા કબજા ભોગવટાનો હક છે એવું ઠરાવી આપવું જોઇએ, એવું ઠરાવવાને

આ દાવો દાખલ કરેલો છે. પ્રતીવાદીએ તકરાર કરી છે કે આ દાવો અર્થાર્થ રીતે ફોજદારી કોરટનો હુકમ રદ કરાવવાને કરેલો છે તે ચાલી શકે એવો નથી. અને તે દાવો સરકારની તથા જમીનના માલેકની ગેર હાજરીમાં સાંભળી શકાતો નથી. અને તે દાવાવાળી જમીન શરીઆમ રસ્તાનો ભાગ છે અને તે વળી મુદતની તકરાર કરે છે.

નીચે પ્રમાણે કોરટે ઈસ્યુ કાહાડેલા છે.—

(૧) તે જમીન શરીઆમ રસ્તાનો ભાગ છે એવું માજીસ્ટ્રેટે ઠરાવ્યા છતાં આ દાવો ચાલી શકે કે નહી.

(૨) આ દાવામાં જોઇતા પક્ષકારની ખાંમી છે કે નહીં.

(૩) આ દાવાને મુદતની હરકત છે કે નહી.

(૪) તકરારી જમીન એ વાદીની ગીલકત છે કે નહી ને તે તેના સ્વતંત્ર કબજામાં છે કે નહી.

મોતીરામશાહુ વીરૂધ મોહીલાલ રાયનાં કામના ઠરાવ ઉપર આધાર રાખીને અશલ કોરટે વાદીના લાભમાં પેહેલા મુદા વીશે ઠરાવ કરયો છે. તેહ સાહેબે ૩ જા અને ૪ થા મુદા વીશે વાદીના લાભમાં ઠરાવ કરયો અને ૪ થાંની બાબતમાં એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે દાવાવાળો જમીનનો ભાગ વાદીની મીલકત છે અને તે તેના સ્વતંત્ર કબજામાં છે. આ ભાગ સબંધી વાદીનું હુકમનામુ કરવામાં આવ્યું, બંને પક્ષકારે નદી આના પેંહેલા વરગના સબારડીનેટ જડજને અપીલ કરી તે ઉપરથી તે મણે ૪ થા મુદા વીશે વાદીઓના લાભમાં ઠરાવ કરયો. અને તે દાવાવાળી જમીનનું તેઓના લાભમાં હુકમનામુ કરયું. બીજા કારણોની સાથે નીચેના કારણોથી તેઓએ હાય કોરટને અપીલ કરી—તે કામમાં ખરા શવાલ બાબત તપાસ કરવામાં નીચેની કોરટોએ ભુલ કરેલી છે. તકરારી જમીન શરીઆમ રસ્તાનો ભાગ હોય કે નહી. અને જો હોયતો દીવાની કોરટને દાવો દાખલ કરવાની સતા છે કે નહીં.

(૨) તે કામમાં નીચેની કોરટોએ ઠરાવવું જોઇતું હતું કે જરૂરી આત પક્ષકારોની ખામીને લીધે આ દાવો ચાલી શકતો નથી.

અપીલવાળા તરફથી બાબુ કલોદા કીંકરરાય.

અપીલના પ્રા. તરફથી બાબુ જગતચંદર બાનરજી.

હાય કોરટનો ઠરાવ નીચે પ્રમાણે છે.

પ્રતીવાદીઓએ ખબર આપવા ઉપરથી ફો. કા. ચ. ની રીતીના કાયદાના બાબ ૧૦ મા પ્રમાણે માજીસ્તરેટે કામ ચલાવી ઠરાવ્યું કે જે રસ્તો ઘોરી અમારી નજરમાં આવે છે તે રસ્તા ઉપર વાદીએ બાંધેલું ઝુપડું ખશેડવું, વાદીએ હાલ આ પ્રતીવાદીઓ ઉપર તે જમીન મારી

ખાનગી છે એવું ઠરાવી પોતાનો કબજો મંજુર કરવા સારૂ આ દાવો કરયો.

પ્રતીવાદીએ તકરાર કરી કે માજીસ્તરેટનો હુકમ જે એવો છે કે તે જમીન ઘોરી રસ્તાનો ભાગ છે તે હુકમ રદ કરવાને દાવો ચાલી શકતો નથી.

મતીરામ સાહુ વીરૂધ મોહીલાલરાયના કામના ઠરાવ ઉપર બેઉ કોરટોએ આધાર રાખેલો છે. તેમાં એવું ઠરાવવામાં આવ્યુ છે કે માજીસ્તરેટના આવા હુકમ શીવાય પણ તે હુકમવાળી જમીન ખાનગી મીલકત છે કે નહી અને ઘોરી રસ્તો નથી. એવો તે દાવાના પક્ષકારો અગર તેમની તરફથી દાવો રાખનારાઓની વચેનો સવાલ દીવાની કોરટ તપાશી શકે છે. તેમાંના એક વીદવાન જડજ જષ્ટીશ ફીલ્ડ સાહેબ વધારે આગળ ગએલા જણાય છે પરંતુ જષ્ટીશ વાઇટ સાહેબે દીવાની કોરટની રૂબરૂ જે પક્ષકારો હોય તે પક્ષકારોની બાબતમાંજ દીવાની કોરટના હુકમનો અમલ થઇ શકે છે એવી મરીયાદા બાંધેલી છે. માટે તે ઠરાવ તે મરીયાદા ઉપર અમે આધાર તરીકે કબુલ કરી શકતા નથી. પરંતું અમારા અભીપ્રાયમાં આવે છે કે તેમાં જે કાયદાનો નીયમ ઠરાવવામાં આવેલો છે તે આજ બાબતમાં આગળ જે ઠરાવો થએલા છે તે બાબતના નથી તે ઠરાવો કરેલી તકરારમાં અગર તે વીદવાન જડજના ફેંશલાઓમાં બતાવવામા આવેલા નથી,

મેચુચદર સરકાર વીરૂધ રાવેનસાના કામમાં ચીફ જષ્ટીશ કાઉચ સાહેબ તથા જષ્ટીશ કેંપ સાહેબે ઠરાવ્યું છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદામાં ઠરાવેલી રીતે એક બાબતની તપાસ થઇ કાયદા પ્રમાણે જે વાદીને મળતું હોય તે મળેલું હોય તો વાદી તે સવાલનો તપાસ ફરીથી કરાવવાને મુખ્તીઆર નથી, તેનો પરીણામ એવો થાય કે માજીસ્તરેટ બીજો હુકમ કરે ને તે ઉપરથી બીજો દાવો થાય અને તે પ્રમાણે થએ જાય.

બેશક તે કામમાં વાદી અને માજીસ્તરેટ વચેનો સવાલ જુરીને સોંપેલો હતો. અને જુરીએ ઠરાવ્યું હતું કે દાવાવાળી જમીન ઘોરી રસ્તાનો ભાગ છે. પરંતુ આ પ્રમાણે જુરીને તે કામ સોંપવું તે વાદીઓની સ્થીતીના સખશની તદન મરજી ઉપર છે માટે જુરીને નીમવા સારૂ તેણે અરજ કરી નહી હતી. અને માજીસ્તરેટના હુકમ વીરૂધ કારણ બતાવવાને પસંદ કરયું હતું. તેથી તે કામ પુરૂ થયા પછી તે હુકમનું આખરપણું કાંઇ ઓછુ બંધનકારક થતુ નથી. રૂક વીરૂધ પ્યારીલાલ કોલ કંપનીનો ઠરાવ તેનીજ રીતનો આધાર છે. અને ચીંતા મોની બપુલી વીરૂ

ધ ડીંગબર મીતરના કામમાં ઠરાવવામાં આવ્યું છે કે જો અમુક સખસો દ્વેશ ભરેલા હેતુથી તથા વાદીને ખોટી રીતે ઇજા કરવાના ઇરાદાથી ઉશ કેરાએલા છે એમ બતાવી શકાય નહી તો તેમણે માજીસ્તરેટ પાશે જઇ કામ ચલાવ્યું હોય તો તે સખસોના ઉપર દાવો કરવાને કારણ ઉતપન થતું નથી.

જો નીચેની કોરટનાં હુકમો ચાલી શકે અને જે આગળ ઠરાવો બતાવવામાં આવેલા છે તે પ્રમાણે પ્રતીવાદીઓના વીરૂધ ઠરાવવામાં આવે તો વાદીએ પોતાની ખાનગી મીલકતનો હક શાબેત કરેલો છે અને વાદી જો ફરીથી તે જગોએ ઇમારત બાંધેનો આગળની માફક ચલાવવાને અમ ૨ પ્રથમનો હુકમ જે હજુ જારી છે. તેનો અમલ કરવાને માજીસ્ટ્રેટને અ. ટકાવ થતો નથી આ કામમાં થએલું હુકમનામુ માજીસ્ટ્રેટના વીરૂધ અમ લમાં લાવવા લાયક ના હોય તો ચીફ જસ્ટીશ કાઉચ શાહેબે મેચુચદર શરકાર વીરૂધ રાવેનશાના કામમાં જે દરમીઆન કામ ચલાવવાની રીતી બંધ કરેલી છે તેવો પરીણામ થાય. પરંતુ ચીંતામોની બાપુલી વીરૂધ ડીં ગબર મીતરના કામનો ઠરાવ ૧૦ વીકલી રીપોર્ટ ૨ પાને ૪૦૫ મે છે. તે ઠરાવના આધારથી અમારી રૂબરૂના પ્રતીવાદીઓના ઉપર કાંઇ દાવો ચાલી શકતો નથી. મતીરામ સાહુ વીરૂધ મોહીલાલરાયના કામમાં તે ઠરા વો બતાવવામાં આવેલા નથી. અને પ્રથમના આધારથી અમને કાંઇ મુશ કેલી પડતી નથી. શને ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાય દો આ ફેંશલો આપ્યા પછી મંજુર થએલો છે તેની કલમ ૧૩૩ માં ઠ- રાવવામાં આવ્યુ છે કે કોઇ માજીસ્ત્રેટે તે કલમ પ્રમાણે યોગ્ય રીતે હુક મ કરેલો હોય તે વીશે દીવાની કોરટમાં કાંઇ તકરાર થઇ શકતી નથી.

માટે તમામ કોરટના ખરચ શાથે દાવો કાહાડી નાંખવો જોઇએ અને નીચેની બેઉ કોરટોના હુકમો રદ કરવામાં આવે છે;

હુકમો રદ કરવામાં આવ્યા અને દાવો કાહાડી નાંખવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૨૩ નવંબર શને ૧૮૮૬

શર ડબલ્યુ કોમરપેથીરામ નોર્રીસ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ બીવરલી શાહેબોની રૂબરૂ.

લછમીનારાયણ અરજદારના કામમાં

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (શને ૧૮૮૨ નો આકટ ૧૦)ની કલમ ૨૩૪, ૫૨૮—એકજ પ્રકારના ત્રણ ગુનાઓનો આરોપ—

ગેરરીતીરસ્તે થવાથી ગેર ઇનશાફ થવો.

ત્રણુ જુદા જુદા હીશાબોથી સેવીંગબેંકમાં ત્રણુ જુદી જુદી રકમો નાખ્યાની ડીપાઝીટ મુકવામાં આવેલી તે રકમો શબંધી શરકારી નોકર તરીકે તોહોમતવાળાએ શાપરાધ વીશ્વાશઘાત કરયો એવો તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવ્યો હતો.

આ ત્રણુ આરોપોમાંનો ત્રીજો આરોપ રૂ. ૧૫૦ અને રૂ. ૪૫) નો જે તા૦ ૧૬ અને તા૦ ૨૫ નવંબરના રોજ ખોટો ઉપયોગ કરવામાં આવેલો છે એમ કહેવામાં આવેલું છે તેથી તે બે રકમો મળીને રૂ. ૧૯૫) નો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો એવો છે. તોહોમતવાળાએ પોતાની તપાસમાં હકીકતમાં કહયું છે કે મેં તે રકમો તે ડીપાઝીટ કરનારને તે તારીખોએ આપેલી છે અને હીસાબની ચોપડી રજુ કરી તેમાં તે તારીખે વસુલ આપેલી રકમો છે. આ હકીકત ખોટી છે એવું સાબેત થયું તેથી તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો.

આ ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવાને અરજ કરવામાં આવેલી છે એવા કારણુથી કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૪ ના ઠરાવ વીરૂધ તે તપાસ થએલી છે, તેમાં ઠરાવવામાં આવ્યું કે તે હીસાબની ચોપડીઓમાં જે રકમો દાખલ કરેલી છે તે ઉપરથી ખુલું એમ માલુમ પડતું નથી કે રૂ. ૧૯૫ ની રકમનો બે તારીખોએ ખોટો ઉપયોગ કરયો હતો અગર તે બે વ્યવહાર હતા. માટે સાપરાધ વીશ્વાસઘાત છુંપાવવાને કારણુસર તે રકમો લખવામાં આવી હતી. આવી હકીકત છતાં રૂ. ૧૯૫) સબંધી સાપરાધ વીશ્વાસઘાત કરવામાં આવેલો છે તે ખરી રીતે એક ગુનોહ છે. સબબ તેનો એક તોહોમતમાં સમાસ થઇ શકે છે.

પાનું ૧૨૮ ચપરા પોષ્ટ ઓફીસમાં સેવીંગબેંકના એક કલાર્ક લછમી નારાયણુદાસના ઉપર ચપરાના કામ ચલાઉ જીલા માજીસ્ટ્રેટની રૂબરૂ એવો આરોપ રાખવામાં આવેલો છે કે ત્રણુ જુદા જુદા હીસાબોથી સેવીંગબેંકમાં ત્રણુ જુદી જુદી રકમો ડીપાઝીટ મુકવામાં આવેલી તે સબંધી તેણે સરકાર નોકર તરીકે સાપરાધ વીશ્વાસઘાત કરયો.

તોહોમતનામામાં ફકત ત્રણુ આરોપો રાખવામાં આવેલાં છે પરંતુ ત્રીજો આરોપ એક નારણુદાશના રૂ. ૧૯૫) ની રકમ બે રકમે એટલે રૂ. ૧૫૦) અને રૂ. ૪૫) તા૦ ૧૬ અને તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૮૫ ના રોજ તોહોમતવાળાએ સાપરાધ રીતે ખોટા ઉપયોગમાં લીધા એવું કહેવામાં આવેલું છે તે વીશેનો છે. તોહોમતવાળાના હાથ દસ્કતથી લખેલી રકમો ઉપરથી એવું જણાય છે કે બે જુદા જુદી વખતે તેણે

રૂ. ૧૯૫ ની રકમ તે ડીપાઝીટરને આપેલી હતી અને, તે પ્રમાણે તે કેદી એ તપાસમાં કહેલું છે. રૂ. ૧૫૦) અને રૂ. ૪૫) નારણદાસના ડીપાઝીઠના હીસાબમાંથી લઇ લેવામાં આવ્યા વીશેની હકીકત એટલી બધી એક બીજા સાથે ગુંથાએલી છે કે આ રકમોની એક રકમ સબંધીના આરોપ વીશે તોહોમતવાળાની તપાસ કરવામાં એક રકમને લાગુ થાય અને બીજાને લાગુ ના થાય એવો પુરાવ ગુજારવાને અશકય જેવું છે.

માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે તે ડીપાઝીટ કરનારને રૂ. ૧૯૫ ની રકમ આપેલી છે, એવું તોહોમતવાળાનું કહેવું છે તે ખોટું છે. તેથી તોહોમત વાળાને ગુનેહગાર ઠરાવી તેને કુલ શીક્ષા ૭ વરસ સખત મજુરી સાથે કેદ તથા રૂ. ૬૦૦) દંડ અગર તે આપવાને કસુર કરેતો ૧૮ માસ વધારાની સખત મજુરી સાથે કેદ ભોગવવી એવી શીક્ષા કરેલી છે.

તે કેદીએ શેશન જડજને અપીલ કરી તેમાં તેઉ સાહેબે ઠરાવ્યું કે જો કે ત્રીજા આરોપમાં બે જુદા જુદા ગુનહા થએલા બતાવેલું છે. તેથી એકજ પ્રકારના ચાર ગુનહા થએલા છે તોપણ રૂ ૧૫૦) અને રૂ ૪૫) (ત્રીજા આરોપવાળા) ની રકમો લેઇ લેવાની હકીકત એટલી બધી એકઠી ગુંથાએલી છે કે જો તે કેદીના ઉપર રૂ ૧૫૦) અગર ૪૫ નો ખોટો ઉપીયોગ કરયા બદલ ખાશ તોહોમત રાખવામાં આવ્યું હોત તોપણ ફરીઆદ તરફનો પુરાવ તીજા આરોપ બાબત જેવો લેવામાં આવેલો છે તેવોને તેવોજ પુરાવ બરોબર લેવાત. તેથી જો કે માજીસ્ટ્રેટનુ આ બાબત પ્રોશીડીંગ ગેરશીરસ્તે ચાલેલું હોય તોપણ તે કેદીને પોતાના બચાવમાં ગેરઇનસાફ થાય એવી હરકત થએલી નથી, માટે તે તોહોમતો સ્પષ્ટ રીતે સાબેત થએલાં છે. સબબ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૩૭ ઉપર તથા કેશરેકોર્ડ વીરૂધ ઉતમ કોર્ટના ઠરાવો ઉપર લક્ષ રાખતાં શદરહુ કારણોથી નવી તપાસ કરવાનો હુકમ કરવાને તેઉ સાહેબે ના પાડેલી છે, અને તે અપીલ કાહાડી નાંખેલી છે. પરંતુ તેમના અભીપ્રાયમાં આવેલું છે કે કામ ચલાઉ જીલા માજીસ્તરેટે જે શીક્ષા કરેલી છે, તે કાયદા વીરૂધ છે, કારણ કે ફોજદારી કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૫ ની રકમ (બ) પ્રમાણે જે તેમને અખ્તીઆર છે તે કરતાં તેમણે તે વધારે કરેલી છે. માટે તે શીક્ષા કમી કરી એક વરસ ચાર માશની સખત મજુરી સાથે કેદ તથા રૂ ૨૦૦) દંડ અગર તે આપવામાં કશુર કરવામાં આવે તો ચાર માસ વધારે સખત મજુરી સાથે કેદ ભોગવવી એવી દરેક તોહોમત બાબત શીક્ષા કરવામાં આવે છે. અગર તમામ મળીને ચાર વરસ સખત મજુરી સાથે કેદ અને રૂ ૬૦૦) દંડ અગર તે આપવામાં કશુર કરવામાં આવે તો એક

વરસ સખત મજુરી સાથે કેદ ભોગવવી એવી શીક્ષા કરવામાં આવેલીછે.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની ફરી તપાસની કલમોના ઠરાવ પ્રમાણે તે કેદીએ હાયકોરટમાં અરજ કરી. અને આ કામમાં જે હુકમ કરવામાં આવેલો છે તે શાવાસ્તે ફેરવવો નહી જોઇએ તેનુ કારણ બતાવવાને સરકાર ઉપર હુકમ કરાવ્યો.

તે કારણુ બતાવવાને ડીપોટી લીગલરી મેમબ્રનસર (મી૦ કીલખી) હાજર થયા અને તેમણે તકરાર કરી છે કે બે જુદા જુદા ગુનહા બને તે પ્રમાણે ત્રીજા તોહોમતના ભાગ થઇ શકતા નથી.

અને એમ ધારીએ કે તે પ્રમાણે વીચાર થઇ શકેછે તોપણુ તે ગેરસીરસ્તે થએલી બાબત તે કાયદાની કલમ ૫૩૭ થી દુર થએલી છે કારણુ કે કેદીને પોતાના બચાવમાં હરકત થએલી નથી.

સામાવાળા તરફથી બાબુ અંબીકાચરણુ બોજે તકરાર કરી કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૩૪ પ્રમાણે તે તપાસ કાયદા પ્રમાણે નથી; કેદી ઉપર જે ગુનહાના આરોપો રાખવામાં આવેલા છે તે જુદા જુદા સખસોની જુદી જુદી નાણાંની રકમો સબંધી છે માટે તેની એક તપાસ કરી ગુનહેગાર ઠરાવવો જોઇતો નહી હતો. અને આ ગેરસીરસ્તે થવાથી કેદીને પોતાના બચાવની બાબતમાં મુદાની બાબતમાં હરકત થએલી છે. વળી તેમણે તકરાર કરી છે કે જે શીક્ષા કરવામાં આવી છે તે ઘણી સખત છે.

કોરટનો હુકમ ચીફ જષ્ટીસ પેથેરાંમ સાહેબે નીચે પ્રમાણે કરયો.

આ કામમાં જુદા જુદા માણુસે જુદી જુદી રકમો ડીપાજીટ મુકી હતી અને તે રકમો ઉચાપત કરી હતી અને તે માણુસ પોષ્ટ ઓફીસમાં એક કલાર્ક છે. અને આ અરજીમાં એવું માગ્યું છે કે જે હુકમ થયો છે તે ગેરકાયદે થયો છે અને જે તપાસ થઇછે તે ગેરકાયદે થઇ છે. કારણુ કે જો કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૩૪ પ્રમાણે એક કામમાં ત્રણ ગુનહાની તપાસ થઇ શકેછે. તોપણુ કેદી ઉપર એક તપાસમાં ચાર ગુનહાની તપાસ કરવામાં આવી છે. તે કલમના ઠરાવમાં ખુલુ છે કે એકજ તપાસમાં એકજ જાતના ત્રણ ગુનહાની તપાસ થઇ શકે અને અમારી નજરમાં તો એમ આવે છે કે જો એક સખશના ઉપર એક તપાસમાં ચાર ખાસ ગુનહાઓની તપાસ કરવામાં આવે તો અનીયમીતપણું જે કાયદાની ૫૩૭ મી કલમ દુરસ્ત થાય એટલુંજ નહી પણુ તપાસમાં ખામી જે તોહોમતનામાનો કેટલોક ભાગ કાહાઢી નાંખીને દુરસ્ત કરીએ તે શીવાય તે ખામી આખી તપાસને અમલમાં ના આવે

એવી કરી નાંખે છે અને આવી રીતે કામ ચલાવવું તે કાયદેસર અને બરોબર છે કે નહી તેના વીશે અમારો અભીપ્રાય હમણાં બતાવતા નથી.

પેહેલો સવાલ એ છે કે કેદીના ઉપર ત્રણ કરતાં વધારે જુદા જુદા ગુનાઓ માટે તપાસ કરવામાં આવી છે કે નહીં. મુકવામાં આવેલાં તોહોમતો, પોસ્ટ માસ્તર જનરલની પાસે પૈસા મુકવામાં આવ્યા હતા અને તેજ પોતે જવાબદાર હતો અને તેમના પૈસા ઉચાપત કરયાના તોહોમત છે કે નહીં. સાબેત એટલું થયું કે ડીપાઝીટ લેવાનું અને આપવાનું કામ કેદીનું હતું. અને પોસ્ટ ઓફીસની બુકોમાં અને અનામત મુકનારાઓની બુકોમાં પોસ્ટ ઓફીસને રકમ મળેલી તે અને તેણે આપેલી રકમો દાખલ કરવાનું કામ કેદીનું હતું. ગમે તેમ થયું પણ શક ઉતપન થયો અને તપાસ કરવામાં આવી હતી. અને તે તપાસના પરીણામ તરીકે એમ નકી કરવામાં આવ્યું કે આ માણસની રોકડમાં અમુક રકમ ખુટતી હતી. આ માલમ પડ્યા પછી એનું શું થયું તેની તપાસ કરવાનું તેનું કામ હતું અને તેની ત્રણ બુકોમાંથી ત્રણ ડીપાઝીટરના હીસાબને લીધે આ ખોટ છે. એમ માલમ પડે છે ડીપાઝીટરના હીસાબમાં અમુક પૈશાની રકમો તેમને મળી હતી એમ માલમ પડ્યું. અને કેદીની રોકડમાં એ રકમોની ભુલ હોવાથી અને ડીપાઝીટરને નહી મળવાથી એ પૈશા એ ઉચાપત કરી ગયો એમ અનુંમાન કરવામાં આવ્યું હતું.

એ ડીપાઝીટરની બાબતમાં કેદીની બુકોમાં જે રકમો દાખલ કરેલી છે તે અમુક દાહાડે એણે આપેલી છે. એમ જે બતાવવામાં આવેલું છે તે એ રકમો છે. પણ તે કાંઇ શોધી કાહાડવામાં આવ્યું નથી. કારણ કે ખરી વાત તો એછે કે જે તે પૈશા એ ઉચાપત કરી ગયાથી તેનું આ ઉચાપત કરી જવું છાનું રાખવાને તે અમુક દીવસે દાખલ કરેલી છે. પણ આ ડીપાઝીટ કરનારની બાબતમાં એક કરતાં વધારે ગુનહો થયો તેના વાસ્તે કાંઇ અંદેશો નથી. અને એ કરતાં વધારે ગુનાહ થયા છે એવી સુચના કરવાને કાંઇ કારણ નથી.

ત્રીજા ડીપાઝીટરની બાબતમાં રૂ. ૧૯૫)ની રકમ ખુટે છે એની રોકડ હીસાબ જે ખુટયો છે તે આથીજ ખુટયો છે. અને એને એજ રકમ મળી નથી એમ કહે છે. પૈશાનું શું થયું તેની ખબર કાહાડવાને જે ચોપડીઓ એણે રાખી હતી તે પેહેલી તપાસવી જોઇતી હતી. અને એ જુદે જુદે વખતે આ ડીપોઝીટ મુકનારને તેણે નાણાં આપ્યાં તે રકમો દાખલ કરવાની ચોપડી પોતાના હાથની છે તેમાં માલમ પડે છે. અને તેણે હકીકતમાં પણ એવું કહેલું છે. નાણા આપ્યાં એવી એ જે હકીકત કહે છે તે ખરી નથી એમ સાબેત થયું નથી. અને કપટ અને

નાણું ઉચાપત કરી જવાને વાસ્તે એ જેનો ગુનેહગાર છે તે છુપાવવાને વાસ્તે એવી હકીકત જાહેર કરી છે.

હવે સવાલ એવો ઉત્પન થાય છે કે જે રકમ લખવામાં આવી છે તે ઉપરથી એ રકમો જુદે જુદે દીવસે એ જુદા જુદા વહેવારથી આ રૂ. ૧૯૫) રૂપીઆનું ઉચાપત થયું છે કે નહીં અને તેથી એ ગુનહો એવો હતો કે બે તોહોમતો મુકી શકાય. પણ ગુનહો રૂ. ૧૯૫) ઉચાપત કરી ગયાનો એક ગુનહો છે. આપણા જાણવામાં આવે છે તે પ્રમાણે તે એકજ વખતે તે ઉચાપત થઇ ગઈ હશે અને બે ખોટી દાખલ કરેલી રકમો ઉચાપત કરી ગયાના સાંમાન્ય તોહોમતમાં પુરાવનો ભાગ કરવાને કરેલી છે. આ હકીકતને લીધે અમારા અભીપ્રાયમાં એમ આવે છે કે રૂ. ૧૯૫) ની રકમ ઉચાપત થઇ તે એક ગુનોહ ખરી રીતે બન્યો છે. અને તે એક તોહોમતમાં લેવાય અને જો કે તે બે રકમોની બાબત છે તોપણ બે ગુનાહ થતા નથી.

આ હકીકતથી અમારી નજરમાં એમ આવતું નથી કે કદીની એક તપાસમાં ત્રણ ગુનાહ કરતાં વધારે તપાસ કરેલી છે અને તે તપાસ ગેરકાયદેછે એમ બતાવવાને કાંઇ કારણ છે માટે તે હુકમ રદ થવો જોઇયે.

હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૭ સપટેંબર સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ મીત્તર અને મી૦ જસ્ટીસ ગ્રાંટ સાહેબોની રૂબરૂ.

બૈદનાથશીંગ (અરજદાર) વીરૂધ મશપ્રાત વીગરે (સાંમાવાળાઓ)

ફરીયાદ કાહાડી નાંખવી—જે તોહોમતવાળો પોલીસ અમલદાર છે તેનો રીપોટ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આક્ટ ૧૦)ની કલમ ૨૦૦, ૨૦૩, ૪૩૭

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૦૦થી ૨૦૩ સુધીની કલમો એકઠી વાંચવી જોઇએ, અને જે માજીસ્ટ્રેટ કલમ ૨૦૩ પ્રમાણે નીચે બતાવેલા ત્રણ કારણોમાંથી એક કારણથી ફરીઆદ કાહાડી નાંખે એટલે.—

(૧) ફરીયાદીની હકીકત કલમ ૨૦૦ પ્રમાણે લખી લેવાથી તેમના અભીપ્રાયમાં એમ આવે કે કાંઇ ગુનહો થએલો નથી;

(૨) ફરીઆદીની કહેલી હકીકત ઉપર તેઓને ભરૂંસો રહેતો ના હોય અને

(૩) જો તેઉ તે કહેવા ઉપર ભરૂસો રાખતા ના હોય પણ કલમ ૨૦૨ પ્રમાણે વધારે તપાસ કરયા વીના તે કમ ભરૂંસા ઉપરથી વરતી શકાય તેવો તે પુકત કમ ભરૂંસો ના હોય તો તેમાંના એક કારણથી ફરીઆદ તેઉ કાહાડી નાંખે ત્યારે તે કાહાડી નાંખવાનાં કારણો તેમણે લખવાં જોઇએ, કારણ કે જો તે કારણો લખવામાં આવેલાં ના હોય તો, હાયકોરટ પોતાનો ફો. કા'ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૭ મી પ્રમાણે ફરી તપાસનો અખ્તીઆર વાપરે ત્યારે માજીસ્તરેટ પોતાનો અખત્યાર યોગ્ય રીતે વાપરવામાં આવેલો છે કે નહી તે વીશે વીચાર કરી શકે નહીં.

જો તોહોમતવાળો માજીસ્તરેટના તાબાનો અમલદાર હોય તો ફરીઆદના સાચાપણા વીશે નકી કરવાને કલમ ૨૦૨ મુજબ માજીસ્તરેટે તોહોમતવાળાનો રીપોર્ટ માગવો જોઇએ એવો કોઇ વખતે પણ વીચાર કરવામાં આવ્યો નથી.

માટે જે કામમાં ફરીઆદ પોલીશ અમલદારના ઉપર કરવામાં આવેલી અને ફરીઆદીની હકીકત યોગ્ય રીતે લખી લેવામાં આવેલી તેથી માજીસ્તરેટે કલમ ૨૦૨ ના ઠરાવ પ્રમાણે ચાલતાં પોલીશ અમલદારનો રીપોટ માગ્યો અને તે રીપોર્ટ ઉપરથી કલમ ૨૦૩ પ્રમાણે તે ફરીઆદ કાહાડી નાંખી તેમાં ઠરાવવામાં આવ્યું કે તેઉએ ગેરકાયદે કરયું છે અને છેવટ કહેલી કલમ પ્રમાણે જે તેમનો હુકમ છે તે રદ થવો જોઇએ. આને ફરીંઆદ કરવામાં આવી તથા ફરીઆદીની હકીકત લખી લેવામાં આવા ત્યાંથી તે કામ કાયદા પ્રમાણે ચલાવવું જોઇએ.

પાનું ૧૪૧ જે હકીકત ઉપરથી આ હુકમ કાહાડવામાં આવેલો છે તે નીચે પ્રમાણે છેઃ—તા૦ ૨૭ મી જુનની રાતરે કેટલીક વગર કાપેલી ગળી કાપવામાં આવી અને અમુક જમીનમાંથી લેઇ જવામાં આવી તેથી ગોપી મોહનમીશર વીગરેના ઉપર તે ગળીની બાબતમાં ચોરીનુ તોહોમત રાખવામાં આવ્યુ' તે કામની તપાસ ચાલતાંની દરમીઆનમાં આસીસ્ટંટ પોલીસ સુપ્રીટેંડેન્ટ મી૦ મસપ્રરાત પોતાની સાથે ગળી વાવનાર મી૦ હેમીંગ અને ગોપી મોહનમીસર ઉપરતો ફરીઆદી તથા તેનો વહીવટદાર મી૦ રાઇસને સાથે લેઇને તોહોમતવાળાનું નરતંનપુર ગળીનું કારખાનુ છે ત્યાં ગયા અને ત્યાં એમ કહેવામાં આવેલું હતુ કે તે બાબતની તપાસ કરવા સારૂ ચોરાએલી ગળી લેઇ જવામાં આવેલી છે, તા૦ ૫ જુલાઇના રોજ ગોપી મોહન મીશરના એક નોકર બઇદનાથ શીંગે મી૦ મસપ્રરાત, મી૦ હેમીગ તથા મી૦ રાઇસના ઉપર ચોરી, સાપરાધ પ્રવેશ અને હુમલો કરયાનો આરોપ રાખ્યો, ફરીઆદીએ કહ્યું છે

કે તરણ તોહોમતવાળા બીજા કેટલાકોને પોતાની સાથે લેઇ કોઇ પણ અખ્તીઆર શીવાય ગોપી મોહન મીશરનાં કારખાનામાં ચાલ્યા. અને એક લોઢાની પેટી તોડી અને તેમાંથી કેટલાંક નાણાં લીધાં તથા ઓરડાની જમીન ખોદીને બીગાડ કરયો અને રસોડામાં જઇને રાંધવાનાં વાસણ ભાગી નાખ્યાં તથા જે ખોરાકની રસોઇ થતી હતી તે ખોરાકમાં થુંક્યા. વળી એમ કહેવામાં આવ્યુ છે કે ગોપી મોહનના નોકરો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. ફરીઆદ ફાઇલ થયા પછી તે ફરીઆદની પુસ્ટીમાં તેજ તારીખે બૈદનાથશાંગને તપાસવામાં આવેલો છે. અને તે ફરીઆદમાં લખેલી હકીકતના સત્ય પણા બાબત તેણે જુબાની આપેલી છે.

પુરાવ લીધા પછી તે ફરીઆદ ઉપર માજીસ્ત્રેટે "નીચેની મતલબનો હુકમ લખ્યો:—"ગોપીમોહન બાબુના ઘરની જડતી જો લેવામાં આવેલી હોય તો તે કેવી હકીકતથી લેવામાં આવી હતી. તે બતાવવાને આશીસ્ટંટ શુપ્રીટેંડેંન્ટને વીનંતી કરવામાં આવે છે અને તેમની તરફ મોકલવામાં આવે છે."

માજીસ્ત્રેટની સદરહુ વીનંતીના જવાબમાં મી૦ મસપ્રાતે એક રીપોટ કરયો તેથી તા૦ ૧૩ જુલાઇના રોજ માજીસ્ત્રેટે નીચે પ્રમાણે હુકમ લખેલો છે. "જે જડતી બાબત ફરીઆદ કરવામાં આવેલી છે તે સ્પષ્ટ રીતે પોલીશના અખ્તીઆર પઇકીની છે અને આશીસ્ટંટ શુપ્રીટેંડેન્ટે જે રીપોટ મોકલેલો છે તે ઉપરથી એમ જણાતું નથી કે તે અઘટીત રીતી કરવામાં આવી હતી. ચોરીની હકીકત પ્રથમ દરશનીક સાબેત થએલી છે. અને તેના હેવાલ ઉપરથી એમ જણાય છે કે તોહોમતવાળાને જો જરૂર પડે તો પોતાનો હેતુ પુરો કરવાને જોર અગર બળ વાપરવાને તેનો ઇરાદો હતો. માટે આવી હકીકતને લીધે પરવાના વીના હથીઆરો અગર અસાધારણ સંખ્યાની લાઠીઓ છે કે નહી તે જોવાને સારૂ જડતી લેવી એ વ્યાજબી હતું. તે ફરીઆદ ફાઇલ કરવામાં આવશે."

તા૦ ૧૬ મી જુલાઇના રોજ ફરીઆદી બૈદનાથશીંગે માજીસ્ત્રેટને એક અરજી આપી અરજ કરી કે મારી ફરીઆદ ઉપર કેવો હુકમ થએલો છે તે મને જણાવવું જોઇએ. અને મારી પાસેથી ભથુ લઇ તોહોમતવાળા તથા શાક્ષીઓના ઉપર સમન કાહાડી કામની તપાસ કરવી જોઇયે.

"તા૦ ૨૧ જુલાઇના રોજ માજીસ્ત્રેટે નીચે પ્રમાણે હુકમ લખ્યો."

ફરીઆદ ઉપરથી કાંઇ ગુનોહ બન્યો હોય એમ જણાતું નથી તે જડતી કાયદા પ્રમાણે લેવામાં આવેલી હતી અને આશીષ્ટંટ સુપ્રીનટેંનડેનટે તે જડતી લેવામાં પોતાના અખત્યાર પ્રમાણે કરેલું છે. બીજા પક્ષકારોનાં જે નામ દેવામાં આવેલાં છે તે ફકત તેમની સાથે સાક્ષીઓ તરીકે

ગયા હતા. એમ આશીસ્ટંટ સુપ્રીનટેન્ડેન્ટના રીપોટ ઉપરથી જણુાય છે. ફરીઆદ કાહાડી નાંખવામાં આવેલી છે.”

તા૦ ૧૭ મી અગસ્ટના રોજ ફોજદારી કામ ચલાવવાની રીતના કા યદાની કલમ ૪૩૭ ના ઠરાવ પ્રમાણે તે હુકમ રદ કરાવવાને ફરીઆદીએ હાલ કોરટને અરજ કરી એવા કારણથી કે માજીસ્ટ્રેટે જે રીતે કામ ચલા વેલું છે તે કાયદા પ્રમાણે નથી અને માહારી અરજી તથા હકીકત પ્રતી ગ્ન ઉપર લીધેલી છે તેથી જે કલમો પ્રમાણે તોહોમતવાળા ઉપર આરોપ મેં રાખેલો છે તે આરોપવાળા ગુનાહ તે કલમો પ્રમાણે બનેલા છે એવી હકીકત ખુલી રીતે જણાઇ આવેલી છે,

તે અરજી ઉપરથી માજીસ્ટ્રેટના ઉપર આ હુકમ કાહાડવામાં આવે લો કે તેમણે તે ફરીઆદ કાહાડી નાંખવાનો જે હુકમ કરેલો છે તે શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તથા તે ફરીઆદ સાંભળીને કામની તપાસ શા વાસ્તે કરવી નહી જોઇએ તેનું કારણ બતાવવું

આ હુકમ હાલ સુનાવણી ઉપર આવેલો છે.

અરજદાર તરફથી મી૦ એમ. એમ. ગોજ તથા મી૦ એ. પી. ગ્યાસફૂર.

સરકાર તરફથી મી૦ કીલબી અને મી૦ એમ, પી. ગ્યાસફૂર

હાઇ કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે

ગયા અગસ્ટ મહીનાની તા૦ ૧૭ મીના રોજ તે માજીસ્તરેટ ઉપર એવો હુકમ કાહાડવામાં આવેલો છે કે તેમણે ગયા જુલાઇ માસની તારી ખ ૨૧ મીના રોજ અરજદારની ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ કરેલો છે તે શા વાસ્તે રદ કરવો નહી જોઇએ તેનુ કારણ બતાવવું.

નીચેની હકીકતના કારણથી માજીસ્ટ્રેટે હુકમ કરેલો છે. અરજદારે ગયા જુલાઇ માસની તા૦ ૫ મીના રોજ તે માજીસ્તરેટની રૂબરૂ એવી અરજ કરેલી છે કે ત્રણે તોહોમતવાળાઓએ અમુક ગુનહા કરેલા છે તે જ તારીખે તેને તપાસવામાં આવ્યો હતો. અને તેની તપાસ લખી લીધા પછી માજીસ્તરેટે તેજ તારીખે નીચે પ્રમાણે હુકમ કરેલો છે. “આ શીસ્ટંટ સુપ્રીટેંડેન્ટ તરફ મોકલવામાં આવે છે અને તેમને વીનંતી કર વામાં આવે છે કે જો ગોપીમોહન બસુનાઘરની જડતી લેવામાં આવી હોય તો તે કેવી હકીકતથી લેવામાં આવી હતી તે બતાવવી,” અહીંયાં એમ કહી શકાય છે કે તે હકીકત બતાવવાને જે આશીસ્ટંટ સુપ્રીટેંડેન્ટ ને વીનંતી કરવામાં આવેલી તે નંબર ૩ નો તોહોમતવાળો છે તે ઉપર થી આશીસ્ટંટ સુપ્રીનટેનડેનટે તા૦ ૧૧ જુલાઇના રોજ રીપોટ કરયો હતો એમ અમને ખબર આપવામાં આવી છે. જો કે તે રીપોટ આ કા

મના કાગળોનો ભાગ છે અને તે મગાવવામાં આવ્યો હતો તોપણ કામ ના જે કાગળો મોકલવામાં આવેલા છે તે સાથે મોકલવામાં આવ્યા નથી તા૦ ૧૩ મી જુલાઇના રોજ તે રીપોર્ટ મોકલવામાં આવ્યો એટલે માજીસ્ટ્રેટે નીચે પ્રમાણે હુકમ કરેલો છે.

"જે જડતી બાબત ફરીઆદ કરવામાં આવેલી છે તે સ્પષ્ટ રીતે પોલીશના અખ્તીઆર પઇકીની છે અને આશીસ્ટંટ સુપ્રીંટેંડેંન્ટે જે રીપોર્ટ મોકલેલો છે તે ઉપરથી એમ જણાતું નથી કે તે અઘટીત રીતી કરવામાં આવી હતી. ચોરીની હકીકત પ્રથમ દરશનીક સાબેત થએલી છે અને તેના હેવાલ ઉપરથી એમ જણાય છે કે તોહોમતવાળાને જો જરૂર પડે તો પોતાનો હેતુ પૂરો કરવાને જોર અગર બળ વાપરવાને તેનો ઇરાદો હતો. માટે આવી હકીકતને લીધે પરવાના વીના હથીઆરો અગર અસાધારણ સંખ્યાની લાઠીઓ છે કે નહીં. તે જોવાને સારૂ જડતી લેવી એ વ્યાજબી હતું, તે ફરીઆદ ફાઇલ કરવામાં આવશે."

તા૦ ૨૧ મી જુલાઇના રોજ માજીસ્ટ્રેટે તે ફરીઆદ કાહાડી નાંખવી અને જો કે તે કાહાડી નાંખ્યાના હુકમમાં ફોજદારી કામ ચલવવાની રીતના કાયદાની કલમ ૨૦૩ બતાવેલી નથી તોપણ દેખીતી રીતે તે કલમ પ્રમાણે તે હુકમ કરેલો છે. તે ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ નીચે પ્રમાણે છે.

"ફરીઆદ ઉપરથી કાંઇ ગુનહો બન્યો હોય એમ જણાતુ નથી તે જડતી કાયદા પ્રમાણે લેવામાં આવેલી હતી અને આશીસ્ટંટ સુપ્રીનટેનડેનટે તે જડતી લેવામાં પોતાના અખત્યાર પ્રમાણે કરેલું છે. બીજા પક્ષકારોનાં જે નામ દેવામાં આવેલાં છે તે ફકત તેમની સાથે સાક્ષીઓ તરીકે ગયા હતા. એમ આશીસ્ટંટ સુપ્રીનટેનડેનટના રીપોર્ટ ઉપરથી જણાય છે. ફરીઆદ કાહાડી નાંખવામાં આવેલી છે."

આ હુકમ સબંધી હાલની સુનાવણીવાળો હુકમ કરાવવામાં આવેલોછે. ફોજદારી કામ ચલાવવાની રીતના રીતના કાયદાની ક. ૨૦૩પ્રમાણે તેકરવામાં આવેલોછે તે કલમથી તોહોમતવાળા ઉપર બીલકુલ સમન નહી કાહાડતાં ફરીઆદ કાહાડી નાંખવાને માજીસ્ટ્રેટનો ઘણોજ ભારે અખ્ત્યારછે. પરંતુ જે બાબમાં તે કલમ છે તે બાબમાં કેટલીક સર્તો ઠરાવવામાં આવેલી છે માટે ક.૨૦૩ હુકમ કરતાં તેકલમો પ્રમાણે સખતાઇથી ચાલવું જોઇએ. ક.૨૦૦ માંઠરાવ્યું છે કે ફરીઆદ ઉપરથી માજીસ્તરેટ એકાદા ગુનહાની તપાસ કરે તેમાં તેમણે એકદમ ફરીઆદીને શોગન ઉપર તપાસવો અને તેની તપાસનો મતલબ લખી લેવો અને તે ઉપર ફરીઆદીએ તથા માજીસ્તરેટે

સહી કરવી જોઇએ. પછી કલમ ૨૦૧ માં ઠરાવ્યું છે કે જો માજીસ્તરેટ ના અભીપ્રાયમાં એમ આવે કે તે કામની તપાસ કરવાને અમે મુખતીયાર નથી તો પછી તેમણે કેવી રીતે કામ ચલાવવું. કલમ ૨૦૨ માં ઠરાવ્યું છે કે સ્થાનીક સરકારે વખતે વખતે ચીફ પ્રેશીડેન્શી માજીસ્તરેટ અગર બીજા કોઇ પ્રેશીડેન્સી માજીસ્તરેટને આ બાબતમાં અખ્તીઆર આપેલો હોય તેમની અગર પહેલા અગર બીજા વર્ગના હરકોઇ માજી· સ્તરેટની નજરમાં એમ આવે કે જે ગુનહાની તપાસ કરવાને અમને અખત્યાર છે., તે ગુનહાની ફરીઆદનુ સાચાપણું નથી. તો ફરીઆદીને તપાશી ફરીઆદનુ સાચાપણું નહી માનવાનાં પોતાનાં કારણો લખવાં અને પછી જે સખશ ઉપર ફરીઆદ કરવામાં આવી હોય તેને હાજર થવાની ફરજ પાડવાને સમન્સ કાહાડવો તેવું બંધ રાખે અને તે કામની તપાસ પોતે કરે અગર પોતાના તાબાના કોઇ અમલદારને અગર પોલીશ અમલદારને અગર 'તેવા નહી તેવા બીજા યોગ્ય સખશને તે ફરીઆદનુ શાચા અગર જુઠાપણું નકી કરવાને પ્રથમ સ્થાનીક તપાસ કરવા સારૂ ફરમાવે. પછી કલમ ૨૦૩ માં કહ્યું છે કે જે માજીસ્તરેટની રૂબરૂ ફરીઆદ કરવામાં આવેલી હોય અગર જેમની તરફ તે મોકલવામાં આવેલી હોય તે માજીસ્તરેટ ફરીઆદીને તપાશી કલમ ૨૦૨ પ્રમાણે જો કાંઇ તપાસ કરવામાં આવેલી હોય તો તે તપાસના પરીણામનો વીચાર કરીને જો તેમની નજરમાં યોગ્ય લાગે કે આગળ કામ ચલાવવાને પુકત કારણ નથી તો તે ફરીઆદ કાહાડી નાંખવાને મુખ્તીયાર છે. કલમ ૨૦૩ પ્રમાણે પ્રથમના ફરીઆદીની કહેલી હકીકત કલમ ૨૦૦ પ્રમાણે લખી લેવામાં આવેલી હોય અને એમ માલમ પડે કે ગુનહો થયો નથી. બીજું કે ફરીઆદીની કહેલી હકીકત જો તેઉના માનવામાં ના આવે તો તે ફરીઆદ કાહાડી નાંખી શકે છે. અને ત્રીજું કે તે ફરીઆદીની હકીકત ના માને પરંતુ તે તેમનુ નહી માનવું એવી રીતનું ના હોય કે જેથી કરીને તે કાયદા પ્રમાણે કરી શકે તો કલમ ૨૦૦ પ્રમાણે વધારે તપાસ કરવાને ફરમાવે અને તે તપાસ પોતે કરે અગર તાબાના એક અમલદારને નીમે આ ત્રણ પ્રસંગ કેલમ ૨૦૩ મુજબ ફરીઆદ કાહાડી નાંખવાને તથા પ્રોશેશ નહી કાહાડવાને માજીસ્ત્રેટને અખત્યાર છે. કલમ ૨૦૨ મુજબ ફરીઆદીનું કહેવું તે નહી માને તો તેમણે તે નહી માનવાનાં કારણો લખવાં જોઇયે. એ વીશે અમને કાંઇ શક નથી. ગમે તેમ હોય પણ ફરીઆદ નહી માનવાનાં કારણો લખવાને તેઉ બંધાએલા છે તે તદન વ્યાજબી છે એમ અમને જણાય છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે આ કોરટને પોતાની તાબાની કોરટો

ક. ૨૦૩ મુજબ જે હુકમો કરે તે હુકમોની ફરી તપાસ કરવાને અખત્યાર આપેલોછે. માટે ક. ૨૦૩ મુજબ ફરીયાદ કહાડી નાંખ્યાનાં માજીસ્ત્રેટ 'કારણો ન લખેતો કલમ ૨૦૩ પ્રમાણે માજીસ્ત્રેટે પોતાનો અખત્યાર બરોબર વાપરયોછેકે નહી તેનો વીચાર કરવાને આ કોર્ટને અશકય થાય. હવે આ કામમાં અમને એમ જણાયછે કે જે કારણોથી માજીસ્તરેટે.તે ફરીઆદ.કાહાડી નાંખેલીછે.તે કારણોની ફરીતપાસ કરવાને આ કોરટને જરૂર પડેછે. પેહેલું કારણ એવુંછે કે ફરીઆદ ઉપરથી કાંઇ ગુનહો બન્યો છે એમ માલુમ પડતું નથી. અમે ફરીઆદમાં કહેલી હકીકત વંચી છે અને તે ઉપરથી અમારી નજરમાં આવે છે કે જો તે હકીકત માનવામાં આવે તો તોહોમતવાળા ઉપર કોઇ પ્રકારનો ફોજદારી આરોપ રાખવાને પુકત આધાર છે. પછી તે હુકમમાં કહયું છે કે તે જડતી કાયદા પ્રમાણે કરવામાં આવેલી હતી. અને આશીસ્ટંટ સુપ્રીટેડેંન્ટે તેમાં પોતાના અખ્તીઆર પ્રમાણે કરયું છે. બીજા જે પક્ષકારોનાં નામ આપવામાં આવેલા છે તેઓ ફકત સાક્ષી તરીકે સાથે ગએલા હતા એમ આસીસ્ટંટ પોલીસ સુપ્રીટેડેંન્ટના રીપોટ ઉપરથી જણાય છે કે માજીસ્તરેટે આ કારણો આશીસ્ટંટ સુપ્રીટેડેન્ટના રીપોટ ઉપરથી તદ્દન બતાવેલાં છે એવું ખુલું જણાય છે કારણ કે તેમણે રીપોટ માગ્યો હતો. અને તા૦ ૧૧ મી જુલાઇના રોજ તે રીપોટ આપ્યો એટલે તા૦ ૧૩ મીના રોજ ઉપર બતાવેલા ઇનતેખાપ પ્રમાણે તેમણે તે હુકમ લખ્યો અને તે હુકમના છેવટમાં તેમણે તે રીપોટ તથા તે ઉપરથી તેઉ ચાલેલા છે એમ બતાવેલું છે. હવે આશીસ્ટંટ સુપ્રીટેડેન્ટ આ કામમાં તોહોમતવાળાઓમાંનો એક તોહોમતવાળો છે માટે તેમની પાસેથી રીપોટ માગ્યો તે માજીસ્તરેટે ગેરકાયદે કરેલું છે અને તે તોહોમતવાળો માજીસ્તરેટનાં તાબાનો અમલદાર હોય તો તેની પાસેથી તે રીપોટ માગી શકાય એવો કલમ ૨૦૧ નો હેતુ નથી. ફકત આ ગેરસીરસ્તે થવાથી અમારી નજરમાં આવે છે કે માજીસ્તરેટે તે ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ કરેલો છે તે રદ થવો જોઇએ. સબબ અમે તે રદ કરી કામના કાગળો અમે તે માજીસ્તરેટને પાછા મોકલીએ છીએ અને ફરમાવીએ છીએ કે તેમણે કાયદા પ્રમાણે કામ ચલાવવું. તેમણે ફરીયાદ દાખલ કરી ત્યાં શુધીનુ કામ રીતી પુરવક તથા કાયદેસર છે માટે ત્યાંથી તે કામ ચલાવવું. ત્યાંથી તે કામ ચલાવતાં તે કામની વ્યવસ્થા ફો. કા. ચ. ની રીતીના કાયદાના ઠરાવ પ્રમાણે કરવી.

હુકમ કાયમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૧ ડીસેંબર સને ૧૮૮૬

શર ડબલ્યું કોમર પેથીરામ નાઈટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટી શ બીવરલી સાહેબોની રૂબરૂ.

જશપથશીંગ વી૦ માહારાણી કેશરેહીંદ.

જુરીને સમજાવવું—ફો. કા. ચ. ની રીતોના કાયદા (સને ૧૮૮૨ ના આ૦ ૧૦) ની કલમ ૨૯૮—ગુનહો થયા બાબત જુરીને ખાત્રી ના હોય ત્યારે જડજની ફરજ—કેટલાક ભાગીને પુરાવ નહી માંનવામાં આવેલો અને કેટલાકનો કબુલ કરવામાં આવેલો.

જુરી વીચાર કરવાને ગયા પછી પાછા પોતાની જગાએ આવી એકમતથી ઠરાવેલું છે કે બેઉ કેદીના ઉપર જે આરોપ રાખવામાં આવેલો છે તે આરોપવાળા ગુનહાના તેઓ ગુનેહગાર નથી, પછી તેમણે જડજને કહેલું છે કે તેમાંના એક સખશે એક ગુનહો કરેલો છે, પરંતુ તેના કાંમને પીનલકોડની કેઇ કલમ લાગુ છે તેની ખાત્રી નથી. તે ઉપરથી જડજે પીનલકોડની એક ચોપડી તેમને આપી અને કેઇ કલમ પ્રમાણે તેઉ ગુનેહગાર ઠરાવે છે, તે તેમના ઉપર રાખ્યું. ઠરાવવામાં આવ્યું કે તેઉએ પોતાની ફરજ બજાવવાને કશુર કરી છે, અને જુરી ને તેમણે પુછવું જોઇતું હતું કે જે ગુનહો કરવામાં આવેલો છે તે વીશે તેઓને સો શક છે, અને તેઉને સમજાવવું જોઇતું હતું કે હકીકત જો કેદીના વીરૂધ તેમણે માંનેલી હોય તો તે હકીકત કાયદો કેવો છે અને શો ગુનહો તેથી સાબેત થાય છે.

તપાસમાં પુરાવનોભાગ માંનવામાં આવેલો ના હોય અને તે બાબતમાં સાક્ષીઓએ જુઠા સોગન ખાધા છે એમ વીચારવામાં આવેલું હોય તો બીજા ભાગનો તે સાક્ષીઓનો પુરાવમાંની તે ઉપરથી કેદીને ગુનેહગાર ઠરાવવો એ નીરભય નથી.

પાનું ૧૬૪ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૦૪—અને ૩૨૬ પ્રમાણે જશપતશીંગ અને દીનોનાથશેનના ઉપર તોહોમત મુકવામાં આવ્યાં હતાં ફરીઆદીમાંના ઘણાં સાક્ષીઓમાંના પાંચ જણે શેશન જડજે કરેલી તપાસમાં એવું કહયું છે કે જશપતશીંગે દીનોનાથના કહેવાથી ઘા જેથી મરનારા તારાચંદનું મોત થયું) કરયો પુરાવાના અશર વીશે જડજે જુરીને હકીકત સમજાવતાં બીજી કેટલીક હકીકતની સાથે કહયું છે કે "આ બનાવ બન્યો તેના પાંચ નજરે જોનારા સાક્ષીઓ કહેવામાં આવેલા છે અને તમારે નકી કરવાનું એટલુંજ છે કે આ સાક્ષીઓને તમો માનોછો કે નહી જો તમે તેમને માનો તો બેશક

તોહોમતવાળાના વીરૂધ પુશકળ પુરાવો છે તોપણ જો તમે તે સાક્ષીઓને ના માનો અને ખરી વાત છુંપાવી રાખવામા આવી છે એની જે કેદીના કાંઉશીલે સુચના કરેલી છે તે અને તેઓની વચમાં અંદર અંદર લડાઇ થઇ છે તે નજરમાં લ્યો તો તમારે છોડી દેવો જોઇએ.

જો કે ખરી હકીકત જરૂરની બાબતમાં ખોટી રીતે કહેવામાં આવેલી હોયતોજ તમે જે પૂરાવો બતાવવામાં આવેલો છે તેનું ભારે વજન ધ્યાંનમાં નહી લેવામાં ખરા ઠરશો. જડજ સાહેબે કાયદો નીચે પ્રમાણે સમજાવ્યો.

" જો તમે પુરાવો માનતા હોય તો એ ગુનહો ખુનનો ગુનહો થાય એવો ગુનોહ છે એમાં બીલકુલ શક નથી. લાઠીથી માથામાં મારવું પણ માથું એ શરીરનો ભયંકર ભાગ છે એ સારી પેઠે જાણીતું છે જે માણસે મરનારને માર્યો તેણે મારવાનો ઇરાદો કરેલો હોવોજ જો ઇએ. અગર તે પ્રમાણે ખુન થશે એવો સભવ છે એમ તે જાણતો હતો માટે કલમ ૩૦૪ ની રકમોમાંની એક રકમ પ્રમાણે તે ગુનહેગાર છે. તો પણ તમે જુદો અભીપ્રાય બાંધી શકોછો અને જો તમારી ધ્યાનમાં આવે તો તમે કેદીઓને કલમ ૩૨૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવી શકો છો. અને તમોને જે વ્યાજબીરાહે શક હોય તો તે શકનો ફાયદો કેદીઓને આપી શકોછો "

છેવટે તે જુરીને પીનલકોડની કલમ ૩૦૪ અને ૩૨૬ પ્રમાણેના આરોપમાંથી નીરદોશ ઠરાવ્યા. પરંતુ તેમના વીચારમાં આવેલું છે કે જસપતશીંગે કાંઇ ગુનહો કરેલો છે તોપણ પીનલકોડની કેઇ કલમ પ્રમાણે (જો કાંઇ કરેલો હોય તો) તેની ખાતરી નથી. આ ઉપરથી જડજે પીનલકોડનું એક પુસ્તક તે જુરીને આપ્યું અને કેઇ કલમ તેને લાગુ કરવી તે તેઓની મરજી ઉપર રાખ્યું. તે જુરી વીચાર કરવાને ગએલી ત્યાંથી પોતાની જગોએ પાછી આવીને કહયું કે જસપતસીંગ પીનલકોડની કલમ ૩૨૫ પ્રમાણે ગુનેહગાર છે.

જે હકીકત બાબત અનુમાન રીતે જુરીએ પોતાનો અભીપ્રાય બતાવેલો તે વીશે જડજે કાંઇ પૂછેલું નહી હતું. અને કલમ ૩૨૫ માં જે કાયદાનો નીયમ ઠરાવેલો છે તે જુરીને સમજાવેલો નહીં હતો તોપણ જસપતશીંગને ચાર વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

તે કેદીએ હાય કોરટમાં અપીલ કરી.

અપીલવાળા તરફથી મી૦ ગોઝ.

અપીલવાળા તરફથી મી૦ ગોઝે તકરાર કરી કે જુરીએ કલમ ૩૦૪ અને ૩૨૬ પ્રમાણે નીરદોશનો ઠરાવ કરેલો છે માટે તે ઠરાવ જડજે કબુલ કરવો જોઇતો હતો. અને કલમ ૩૨૫ પ્રમાણેના ગુનાહની સામે

તીનો ઠરાવ પુરાવ ઉપરથી ચાલી શકે તેવો નથી. અને જડજે પીનલ કોડની જે કલમ શોધી કાહાડી હતી કે તે પ્રમાણે જસપતશીંગને ગુનેહગાર ઠરાવાય તે બરોબર નહી હતી.

હાય કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવેલો છે.

અમારી નજરમાં આવે છે કે તે અપીલ કાહાડી નાંખવી જોઇએ અને તે એવા કારણથી કે આ ઠરાવ જુરીનો છે તેમાં આ કોરટને હાથ ઘાલવાને અખત્યાર નથી. અને જો તે જુરીનો ઠરાવ બરોબર હોય અને તે અમે આગળ કહ્યું છે તે પ્રમાણેની હકીકતને લીધે અમને તેમાં હાથ ઘાલવાનો અખત્યાર નથી માટે તે બરોબર છે એમ અમારે માનવું જ જોઇએ. સબબ આ માણસને મારી નાંખવા બાબત કેદીને જે શીક્ષા કરવામાં આવેલી છે તે ઘણી ભારે નથી.

આ કામ અમારી રૂબરૂ જે રીતે આવેલું છે તે ઉપરથી આ દેશમાં જુરીથી થતી તપાસ કેવી રીતે ચાલે છે તે ખુલ્લું પડી આવે છે માટે તે બંધ થવી જોઇએ. અને અમારા એકલાના બાબતમાં કહેતાં તે કાયદાની કલમોના ઠરાવો સમજાવવાને જે કામોમાં જુરી બેઠેલી હોય તે મા વધારે તસદી તે જડજો લેશે. અને તે કાયદાનો અરથ શોધી કાહાડવાને તેઓના હાથમાં કાયદો આપશે નહી એવી અમે આશા રાખીએ છીએ.

અમારી નજરમાં આવે છે કે આ કામમાં ઘેર ઇનસાફ થાય એમ બની શકે તેવું છે અને તે થવાનો સંભવ છે એમ અમે કહેતા નથી અને અમે ધારીએ છીએ તે પ્રમાણે જો તે ઘેરઇનસાફ થઇ શકે એવું હોય તો તે ફકત એકલી હકીકત ઉપરથી તે જડજે જુરીને કાયદો સમજાવેલો નથી. અને જડજે જુરીને જે હકીકત સમજાવેલી છે તે ઉપરથી જણાય છે કે તેમણે એવો નીશ્ચય કરયો છે કે ફરીઆદ તરફનો પુરાવ એકલો વીચારમાં લેવો. માટે જો જુરી તે માનતા ના હોય તો કેદીને નીરદોશ ઠરાવવો. તે જુરી તે પ્રમાણે ચાલી નથી. તેઓના અભીપ્રાયમાં એવું આવેલું છે કે તેઓએ ફરીઆદ તરફનો કેટલોક પુરાવો માનેલો નથી તે વીશે તેઓના વીચારમાં આવ્યું છે કે સાક્ષીઓએ જુઠા શોગન ખાધા છે અને તેઓ કહેછે કે તે કહેલી હકીકત ખોટી છે. પરંતુ તેઓએ તે પુરાવના બીજા ભાગો કબુલ કરી કેદીઓને ગુનેહગાર ઠરાવેલા છે અને જડજે જુરીને જે હકીકત સમજાવેલી છે તે ઉપરથી જણાય છે કે તે બરોબર નહી હતું અને અમે પોતે કહીએતો અમે પણ તદન તેમની સાથે મળતા છીએ. અમારી નજરમાં આવે છે કે સાક્ષીઓની સાહેદીના જે ભાગ બાબત સાક્ષીઓએ જુઠા સોગન ખાધેલા છે અને તેજ સાહેદી

ના બીજા ભાગો કબુલ કરી તે પ્રમાણે ચાલવામાં આવે તો તે બીલકુલ નીરભય નથી. માટે આજ બાબતમાં જડજના પોતાના વીચાર પ્રમાણે અમારી નજરમાં આવે છે કે ઘેરઇનશાફ થયો છે. પરંતુ અમે આગળ કહ્યું છે એ પ્રમાણે તે કારણથી અમે હાથ ઘાલી શકતા નથી. કારણકે જે કામમાં જુરીની રૂબરૂ જુરોને ચાલવાને પુરાવ હોય અને આ કામમાં તેવો પુરાવ તેમની રૂબરૂ હતો માટે તેમાં હાથ ઘલવાનેં કાયદા પ્રમાણે અમને અખત્યાર નથી.

માટે શવાલ એવે છે કે તે જડજે જુરીને જે હકીકત સમજાવેલી છે તે જોઇતી રીતે સમજાવેલી નહી તેથી તે કેટલેક દરજે ઉત્પન થએલી છે. અશલ જેવો આરોપ આ બે સખસો ઉપર રાખવામાં આવેલો હતો તે પ્રમાણે તે ઇજા કરયા બાબતનો હતો કે જેથી મનુષ્યવધ અગર મહાવ્યથા થાય અને તે આરોપોમાથી એકે આરોપોની બાબતમાં કાઇ ગુસ્સો ઉતપન થએલો હતો તે વીશે તે જડજની રૂબરૂ કાઇ સવાલ નહી હતો. અને તેથી જડજે તે બાબતનો વીચાર કરી તે આરોપ માંના એક આરોપ વીશે ગુનહેગાર ઠરાવવા એવું જુરીને સમજાવ્યું એટલે બે બાબતો વીશે આ સખસોની તપાસ ચાલે છે માટે ફરીયાદ તરફનો પુરાવ તમે માનોછો કે નહી એ વીશે તમારે કહેવાનું છે જો તમે માનતા હોયતો તમારે તે કેદીઓને ગુન્હેગાર ઠરાવવા જોઇએ પરતુ બીજી બાજુ તરફ તમે ના માનતા હોય તો તમારે તેમને નીરદોશ ઠરાવવા જોઇએ. અને કાંઇ પણ કપેસ થાય એવી હકીકતના શવાલ સીવાય ફકત એકલા આ બે આરોપનો સવાલ જુરીની રૂબરૂ છે. કેદી અમારી રૂબરૂ છે તેની બાબતમાં એમ જણાય છે કે જુરી પોતાના મનમાં કાંઇ નીશ્ચે કરીને આવેલી નહીં અને તેમણે જડજને કહ્યું હતુ કે કેઇ કલમમાં તે ગુન્હાનો સમાસ થાયછે તે અમે સમજી શકતા નથી. અમારી નજરમાં આવે છે કે આ ઉપરથી જુરીને તે જડજે પુછવું જોઇતું હતું કે ગુન્હો થએલો છે તે બાબતમાં તમને શો શખ છે. અને જો તેમને પુછ્યું હોત તો તેમને માલમ પડત કે તું ગુન્હો ગુન્હો થાય તેવો મનુસ્યવધ છે અગર મહાવ્યથા છે એ વીશે તેમને શક નહી હતો. પરંતુ એવો શક હતો કે એક તદન બીજી કલમ કે જે તેમને સમજાવવામાં આવેલી નહી હતી. તે કલમ પ્રમાણે ભારે અને અકસ્માત ગુસ્સો થાય એવી હકીકતથી આ માણસે વ્યથા કરેલી છે કે નહીં તે વીશે તેમને શક હતો. જો જડજે તે શવાલ પુછયો હોત તો તે પોતાની ફરજ બજાવી શકત, અને જુરીને એમ સમજાવી શકત કે બીજી કલમની શરતવાળી રકમથી આવી જાતના શવાલોમાં વાસ્તવીક રીતે ગુન્હાને કેવી રીતે અસર થાયછે. પણ તેમણે તે

વું કાંઇ કરયું નથી તે કરવાને બદલે તેમણે પીનલકોડ જુરીને આપેલો છે એટલા કારણથી કે તેઉ પોતે તે વાંચી શકે અને જેમ પોતાની નજરમાં આવે તેમ લાગુ કરી શકે. અમે ફકત એમ કહી શકીએ છીએ અને અમારે અહીંયા કહેવું જોઇએ કે તે કરવામાં જડજે પોતાની ફરજ બજાવી નથી. એમ અમારા વીચારમાં આવે છે. અમારી નજરમાં આવે છે કે જુરીને કાયદો સમજાવવો તથા જુરી જે હકીકત માનતા હોય તો તે ઉપરથી કેવો ગુન્હો શાબેત થાય છે તે કેહેવું તે જડજની ફરજ છે અને પછી જ્યુરીએ કેહેવાનું છે કે જે હકીકત સાબેત થએલી છે તે પ્રમાણે જડજની બતાવેલી વાખ્યા મુજબ ગુન્હો બનેલો છે કે નહીં. જે ગુંચવણ આ કામમાં થએલી છે તે ગુંચવણ જો જડજે આ કરયું હોત તો થાત નહીં એમ અમારી નજરમાં આવે છે. અને જડજે જ્યુરીને આવી રીતે વાંચવાને કાયદો સોંપી અહીંઆં તેનો અરથ જ્યુરી પોતાની મેળે કરે એમ તેમણે કરવું નહીં જોઇએ એ ઘણી અગત્યની બાબત છે એવું બતાવવાને આ કામ સારો દાખલો છે. પરંતુ અમે આગળ કહ્યું છે એ પ્રમાણે કેઇ કલમ પ્રમાણે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવો એમ જ્યુરીને કાયદો સમજાવી કેહેવાનું નથી. પરંતુ કાંઇક એવી સમજ પડે એવી બાશા કે જે ઉપરથી તેઓ સમજી શકે કે કીયા ગુન્હા બાબત અમો તેને ગુન્હેગાર ઠરાવી શકીએ છીએ. પછી તે મનુષ્યવધનો હોય કે મહા વ્યથાનો હોય અગર બીજા કોઈ પ્રકારનો હોય તેની ચીંતા નહીં. તે કાયદો સમજાવવો તે જડજનું કામ છે. હકીકત બાબત ઠરાવ કરવો એ જ્યુરીનું કામ છે અને અમે ઉમેદ રાખીએ છીએ કે આ જ્યુરીની તપાસોમાં જ્યુરીને કાયદો ફકત જડજો હવે પછી નહીં આપવાને સંભાળ રાખસે પરંતુ તે સમજાવવાને પોતે તસ્દી લેસે. આ કારણ છે પણ જે ગુન્હા બાબત કેદીને ગુન્હેગાર ઠરાવેલો છે તે બાબત પુરાવ છે એ વાત લક્ષમાં રાખતાં હકીકતની બાબત જ્યુરીએ ઠરાવ કરવાનો છે અને તેઓના ઠરાવ ઉપર અપીલ કરવામાં આવેલી નથી. સબબ અમારી નજરમાં આવે છે કે આ અપીલ કાહાડી નાંખવી જોઇએ.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી ફેરી તપાસ.

તા૦ ૨૭ નવેમ્બર સને ૧૮૮૬.

સર. ડબલ્યુ. કોમર પેથીરામ નાઇટ ચીફ જસ્ટીશ અને
મી૦ જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

રાજા બાબુ (અરજદાર) વી૦ મદન મોહનલાલરાય. [સામાવાળા.]

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા [સને ૧૮૮૨ ના
આક્ટ ૧૦] ની કલમ ૧૪૫—કબજો—હકક—નીશાન
દાખલ કબજો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે એક માજીસ્ત્રેટે એક કામની તપાસ કરવામાં કબજાના સવાલનો નીર્ણય કરતાં હકકના સવાલનો વીચાર કરયો. ઠરાવવામાં આવ્યું કે જો તેમના અભીપ્રાય પ્રમાણે કબજાના સવાલ બાબત હકના સવાલની બાબત અગત્ય છે એવું આવેલું હોય તો, તે હકના સવાલનો વિચાર કરવાનો તેમનો હક હતો, અને તેમણે ફકત હકના સવાલનો વિચાર કરેલો છે તેથી કબજા બાબતનો ફેંસલો નાબુદ થતો નથી. પરંતુ તે પ્રસંગે તેમની રૂબરૂ કબજો કોનો હતો તે બાબતનો પુરાવ હોવો જોઇએ.

પાનું ૧૬૯ તા૦ ૨૯ અકટોબર સને ૧૮૮૬ ના રોજ રાજા બાબુ વીગેરેએ મદન મોહનલાલ વીગરે ઉપર તા૦ ૨૧ સપટેમ્બર સને ૧૮૮૬ ના રોજ મોંઘીરના ડીપ્યુટી માજીસ્ટ્રેટ જે એવો હુકમ કરેલો કે મદન મોહન તથા તેની ટોળીએ અમુક બગીચો પોતાના કબજામાં રાખવો તે હુકમ શા વાસ્તે ફેરવવો નહીં જોઇએ તેનું કારણ બતાવવું.

કામની હકીકત એવી છે કે મદન મોહનલાલનું એક શીતળ પ્રસાદ, જે રાજાબાબુનો બાપ થાય તેના ઉપર તા૦ ૮ અગસ્ટ સને ૧૮૮૪ ના રોજ એક હુકમનામું રૂ ૪૦૦૦] નું મેળવેલું હુકમનામું તા૦ ૧૭ સપટેમ્બર સને ૧૮૮૪ ના રોજ બજાવવાને દરખાસ્ત કરી અને સદરહુ બતાવેલો બગીચો જપ્ત કરાવ્યો, અને તેના લીલામની મુદત તા૦ ૧૬ મારચ સને ૧૮૮૫ ના રોજની ઠરાવવામાં આવી હતી. તે લીલામ બંધ રાખવામાં આવ્યું, અને તે બગીચો સને ૧૮૮૫ માં એક વખતે મદન મોહનલાલને આખરે વેચાણ આપવામાં આવ્યો. આ વેચાણ તા૦ ૧૬ મે સને ૧૮૮૫ ના રોજ કાયમ કરવામાં આવ્યું. તે વેચાણ મંજુર કરવાના હુકમ ઉપર સીતલે હાયકોર્ટમાં અપીલ કરી, પરંતુ તેની અપીલ કાહાડી નાંખવામાં આવી. તા૦ ૧૯ જાન્યુઆરી સને ૧૮૮૬ના રોજ

સબોરડીનેટ જડજે એવો હુકમ કરયો કે તે બગીચાનો કબજો મદનમોહનને આપવો, અને તા૦ ૨૪ જાન્યુઆરીને રોજ તેને નીશાન દાખલ કબજો આપવામાં આવ્યો.

તા૦૫ જાન્યુઆરી સને ૧૮૮૬ ના રોજ રાજા બાબુએ માજી એટને અરજી આપીને કહયું છે કે કોઇ ત્રીજા પક્ષકારે શીતલ પ્રસાદના ઉપર હુકમનામું મેળવેલું તે હુકમનામાની બજાવણીમાંથી તા૦૪ મારચ સને ૧૮૮૪ ના રોજ તે બગીચો એક નરશીંગ સાહીના નામથી ખરીદ કરેલો છે. તેથી તેણે અરજ કરી છે કે તે બગીચાનો કબજો મને અપાવવો જોઇએ, કારણ કે કાયદેસર રીતે મારો કબજો થએલો હતો. પરંતુ આ અરજી નામંજુર કરવામાં આવી. તા૦ ૨૬ જાન્યુઆરી ના રોજ નરશી સાહીએ પોતાને હીસાબે કબજો માગેલો પણ તે ફરી પામેલો નથી.

તારીખ ૨૫ મી મારચના રોજ તે પક્ષકારોની વચમાં તોફાન થયું તેથી જોઇન્ટ માજીસ્ટરેટે તેમાં વચમાં આવી હુકમ કરયો કે સુલેહ રાખવાને બેઊ પક્ષકારોએ શા વાસ્તે બંધાવું નહીં તેનું કારણ બતાવવું. ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે કામ ચલાવવામાં પણ આવેલું હતું; રાજા બાબુએ પોતાની તા૦ ૫ જાન્યુઆરીના રોજની અરજીમાં હકીકત બતાવી કા૦ ૧૦૭ પ્રમાણે પરીણામે સીતલપરસાદ, રાજા બાબુ અને તેના નોકરોએ સુલેહ રાખવાને મુચરકા આપવા એવો ઠરાવ થયો. અને કલમ ૧૪૫ મી પ્રમાણેના કામના પરીણામમાં મદન મોહનલાલને તે બગીચાનો કબજો રાખવાનો હક છે એવો ઠરાવ કરવામાં આવ્યો. પછી બેઉ કામોમાં રાજા બાબુએ હાઇકોરટમાં અરજી કરી, અને તેના વીરૂધના કલમ ૧૦૭ પ્રમાણેના કામમાં થએલો હુકમ રદ કરવામાં આવ્યો. અને કલમ ૧૪૫ પ્રમાણેનો હુકમ પણ રદ કરવામાં આવ્યો એવા કારણથી કે તેની તરફના તે બગીચાના કબજા બાબત કાંઇ પૂરાવ લેવામાં આવેલો નથી.

તા૦ ૨૦ જુન સને ૧૮૮૬ ના રોજ પક્ષકારોની વચમાં વધારે તોફાન થયું, તેથી ડીપુટી માજીસ્ટરેટે પોલીસને તપાસ કરવાનો હુકમ કરયો તેથી પોલીસે રીપોટ કરયો કે રાજાબાબુનો કબજો છે; અને મદન મોહનલાલે તેની પાસેથી કબજો છોડાવવાને કોશીશ કરી છે. ડીપુટી માજીસ્તરેટ પોતે તે જગોએ જઇ આવ્યા ત્યારપછી કલમ ૧૪૫ મી પ્રમાણેની રાજા બાબુની અરજી તરીકે તે કામ લીધું, અને પહેલું વેચાણ બેનામી કરવામાં આવેલું છે કે નહી એ વીસેના શવાલોનો તપાસ કરયા પછી અને મદન મોહનલાલને નીશાની દાખલ કબજો કોરટના સીપાઇએ આપેલો હતો કે નહીં તેનો તપાસ કરીને તા૦ ૨૧ સપટેંબર

સને ૧૮૮૯ ના રોજ તેઉએ ઠરાવ્યું છે કે તે બગીચાનો કબજો રાખવાને મદન મોહનલાલનો હક હતો.

પછી રાજા બાબુએ હાલનો હુકમ એવો કરાવેલો છે કે તા૦ ૨૧ સપટેમ્બરના રોજનો સદરહુ હુકમ શા વાસ્તે ફેરવવો નહીં જોઇએ. તેનું કારણ મદન મોહને બતાવવું.

મી૦ બોનરજી (તેમની સાથે મી૦ ટવીડેલ) તે કારણ બતાવવાને હાજર થઇ જે હકીકત ઉપરથી આ કામ ઉત્પન્ન થએલું છે તે હકીકત કહી અને એવી તકરાર કરી છે કે માજીસ્ટ્રેટના ફેંસલામાં બીજી બાબતો જે બતાવવામાં આવી છે તે શીવાય પણ તેમની રૂબરૂ પુરત પુરાવ હતો તેથી માલુમ પડતું હતું કે તપાસની વખતે કોનો કબજો છે અને તેથી જે ફેંસલો કરેલો છે તે તેમણે વ્યાજબી રાહે કરેલો છે.

તે હુકમની પુરટીમાં મી૦ વુડ્રાફ (તેમની સાથે મી૦ આમીરઅલી) રાજા બાબુ તરફથી હાજર થયા અને તકરાર કરી છે કે તે બગીચો "બેનામી" ખરીદ કરવામાં આવ્યો છે કે નહીં તે સવાલ બાબત માજીસ્ટ્રેટે તપાસ કરેલી છે, પરંતુ તેમણે તો ખરી રીતે કબજાની બાબતમાંજ પોતાનું ધ્યાન આપવું જોઇતું હતું. વળી ડીપોટી માજીસ્ટ્રેટે દીવાની કોરટના નીશાન દાખલ અપાવેલા કબજાના આધારથી હુકમ કરેલો છે, અને જગોબંધુ મુકરજી વી૦ રામચંદ્ર બેશાખનો ઠરાવ ત્રીજા પક્ષકારના વીરૂધ નીશાન દાખલ કબજો તે કાંઇ કબજો નથી અને ખરી રીતના કબજાનો કાંઇ પુરાવ નથી એ વીશેના આધાર તરીકે બતાવ્યો. તે ડીપ્યુટી માજીસ્ટ્રેટે એંબલર વીરૂધ પુરાંગના ઠરાવ પ્રમાણે ફકત એટલોજ નીરણય કરવાનો હતો કે જે વખતે કલમ ૧૪૫ મી પ્રમાણે કામ ચલાવવામાં આવ્યું તે વખતે કોનો કબજો હતો. જે રીતીએ કામ ચાલેલું છે તે રીતીથી ડીપ્યુટી માજીસ્ટ્રેટનું ચલાવેલું તમામ પ્રોશીડીંગ નાબુદ થએલું છે. કારણ કે (अ) ડીપ્યુટી માજીસ્ટ્રેટે પોતાના હુકમમાં "બેનામી" વેચાણનો વીચાર કરેલો છે, અને મદન મોહનલાલને વેચાણ કરવામાં આવેલું ત્યાંહાં સુધી કાંઇ રીતસર કબજો આપવામાં આવેલો નહીં હતો, (ब) કોરટના શીપાઇએ મદન મોહનલાલને કબજો અપાવેલો છે કે નહીં તેનો વીચાર તેમણે કરેલો છે, અને (क) તપાસમાં જે પુરાવ છે તે ઉપરથી જણાય છે કે રાજા બાબુનો ખરી રીતે કબજો હતો, અને રાજા બાબુ તરફનો પુરાવ પોલીસે આપેલો છે. અને બીજી બાજુ તરફના પુરાવમાં મદન મોહનરાયના રાખેલા માણસો છે. વળી તેમણે તકરાર કરી છે કે તા૦ ૮ મારચ સને ૧૮૮૪ થી તા૦ ૨૪ જુન સન ૧૮૮૯ ના રોજ સુધી રાજા બાબુનો કબજો હતો તો,

કાયદા પ્રમાણે એવું અનુમાન થાયછે કે તે કબજાનો ફેરફાર કરવામાં આવ્યો ત્યાંહાં સુધી તેનો કબજો હતો. પરંતુ તે માજીસ્તરેટે પોતાના તા૦૨૧ સપટેમ્બરના રોજના હુકમથી એવું ઠરાવેલું છે કે શીતળપ્રસાદનો કબજો છે. માટે જે સવાલ તેમના અખત્યારનો નહીં હતો તે સવાલનો તેમણે તપાસ કરેલો છે, અને તે ઉપરથી અનુમાન કરેલું છે. તે વિદ્વાન કોંનસલે કાળી કીસ્તો ઠાકરનો ઠરાવ બતાવ્યો.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

મી૦ જસ્ટીશ પેશીરામ સાહેબ—આ વરશમાં તા૦ ૨૧ જુલાઈના રોજ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે અમુક મીલકત અમુક સખસે પોતાના કબજામાં રાખવાનો હકક છે એવા હુકમ કરેલો છે તે હુકમ રદ કરાવવાની બાબતમાં આ હુકમ કરાવવામાં આવેલો છે.

તે નજીકમાં સુલેહનો ભંગ થવાનો સંભવ થવાથી પોલીસે તપાસ કરેલી તે ઉપરથી માજીસ્ત્રેટે કામ ચલાવેલું જણાય છે. અને તે ચલાવતાંની દરમીયાનમાં એકાદો પક્ષકાર દીવાની કોર્ટમાં જઇ પોતાનો હક્ક ઠરાવી લાવે જ્યાંહાં સુધી કીયા પક્ષકારને કબજો રાખવાનો હક્ક છે તે વીશે નીર્ણય કરવાની તેમની ફરજ તે કલમ પ્રમાણે છે, તેથી તેમણે તે તપાસ કરી.

અમને યાદછે તે પ્રમાણે આ હુકમ મી૦ વુડ્રોફે એટલા કારણ ઉપરથી કરાવેલો હતો કે માજીસ્ત્રેટ તે કબજાના સવાલનો તપાસ કરવાને બીલકુલ નીષ્ફળ ગએલા છે, અને તેમને પોતાનું ધ્યાન ફકત હકના સવાલ ઉપર આપેલું હતું. અને બેશક તેમનો ફેંસલો જોતાં ઘણે દરજ્જે તેમણે એવા સવાલોનો વીચાર કરેલો છે કે આ મીલકત કાયદા પ્રમાણે ભોગવવાનો કોનો હકક છે. અને અમારી રૂબરૂ એવો આગ્રહ કરવામાં આવ્યો છે કે તે સવાલનો વીચાર તેમણે એટલે બધે સુધી કરેલો છે કે જેથી પોતાની રૂબરૂ ખરો સવાલ હતો કે તે વખતે કોનો કબજો હતો. અને કાયદાની આ કલમ પ્રમાણે કોનો કબજો રેહેવો જોઇએ તે સવાલ તદન તેઉ ભુલી ગયા છે.

આ પ્રમાણે હકીકત છે તો માજીસ્ત્રેટે જે નીશ્ચે કરેલો છે તે નીશ્ચે વ્યાજબી રાહે કરવાને તેમની રૂબરૂ જોઇતી હકીકત હતી કે નહીં એટલે જે સખશના લાભમાં તેમણે હુકમ કરેલો છે. તે સખશના કબજામાં તે મીલકત ખરી રીતે હતી કે નહીં. સાચી વાત છે કે જે સખશનો હક્ક છે એવો તેમણે નીશ્ચે કરેલો છે તેમાં હકકના સવાલનો હકકનોજ તેમણે વીચાર કરેલો છે અને સી૦ વુડ્રોફે જે છેવટ આધાર બતાવેલોછે તે ઉપરથી એમ માલમ પડે છે કે તેમની રૂબરૂ કબજાના સવાલ વાશેની હકી-

કતમાં હકના સવાલનો વીચાર કરવાનો તેમનો હક્ક હતો અને જો કબજા બાબતનો પુરાવ છે તો કબજા વીશે કરેલો ઠરાવ હકના સવાલનો વીચાર કરવાથી નાબુદ થતો નથી.

પછી એવો સવાલ છે કે કાંઇક કબજાનો પુરાવ છે કે નહીં તે વીશે એવો પુરાવ છે કે આ જે સખશના કબજામાં તે મીલકત માલમ પડેલી છે તે સખશે કોર્ટના હુકમનામાની બજાવણીમાં રીતસર જપ્તી તથા જાહેરનામાં કરાવી તે મીલકત લીલામ કરવામાં આવી તેમાંથી તેણે ખરીદ કરેલી છે. તે જાહેરનામાં જે રીતે આ દેશમાં લીલામની ખબર આપવામાં આવે છે તે પ્રમાણે કરવામાં આવ્યાં હતાં એટલે કે તે લીલામનું જાહેરનામું કોર્ટના મકાન ઉપર ચોડવામાં આવેલું હતું અને તે લીલામના જાહેરનામાની ઠરાવેલી મુદતે તે લીલામ કરવામાં આવ્યું હતું. અને ખરીદદારે તે મીલકત ખરીદ કરી ત્યાર પછી કબજો આપવાની રીતી પ્રમાણે ચાલવામાં આવ્યું છે. આ વાત શાબેત થએલી છે. બેશક એમ કહી શકાય કે આ ફકત નીશાન દાખલ કબજો છે પરંતુ જ્યારે બીજું કાંઇ ના હોય ત્યારે સવાલ એટલો છે કે આવી હકીકતને લીધે જે જડજને એટલી ખાતરી થાય કે આ પ્રમાણે કબજો લેવામાં આવ્યો હતો તો તેઉ બ્યાજબી રાહે તે કબજો છે એમ ઠરાવી શકે છે કે નહીં. એમ ધારીએ કે બીજો કાઇ પુરાવ નથી તો પણ અમારી નજરમાં આવે છે કે તેનો કબજો છે. જ્યારે એમ શાબેત થએલું છે કે બજાવણીમાં થએલા લીલામમાંથી તે મીલકત ખરીદ કરવામાં આવી છે અને તે ખરીદદારને કોર્ટના શીપાઇએ રીતસર કબજો અપાવેલો છે ત્યારે અમારી નજરમાં આવે છે કે તે ખરીદદારે કબજો લીધેલો છે તે વીશેનો કાંઇક પુરાવ છે. દેશના રીવાજ પ્રમાણે તે કબજો રદ કરવાને ઘણો થોડો પુરાવ જોઇએ એમ હોય તો હકીકત ઉપરથી તેવો થોડામાં થોડો પુરાવ છે કે નહીં તે વીશે માજીસ્ટરેટે ઠરાવ કરવો જોઇતો હતો. પરંતુ આ કામમાં તો માજીસ્ત્રેટે કહ્યું છે કે બીજો પુરાવ છે અને તે ઉપર તેમણે ટીકા કરેલી છે અને તે પુરાવ ઉપરથી તથા બીજો જે પુરાવ આમ બતાવેલો છે તે ઉપરથી તેમણે એવો નીશ્ચે કરયો છે કે આ સખસ પોતાના લીધેલા વેચાણની રૂઇએ કબજો લીધો છે અને તે તારીખથી તેનો કબજો થએલો છે અને આવો નીશ્ચે તેમણે કરીને તેનો કબજો મંજુર રાખવાનો હુકમ કરેલો છે.

અમે આગળ કહેલું છે તે પ્રમાણે ફકત એટલા સવાલનો વીચાર કરી શકીએ છીએ કે માજીસ્ત્રેટ એટલા સવાલનો નીશ્ચે કરી શકે તેવો પુરાવ છે કે નહી. અમારી નજરમાં આવે છે કે તેવો પુરાવ છે. માટે

તેમના હુકમમાં હાથ ઘાલી શકાતો નથી અને કારણ પૂછવાનો હુકમ રદ થવો જોઇએ.

હુકમ રદ કરવામાં આવ્યો.

તા૦ ૭ ડીસેંબર સને ૧૮૮૬

સર ડબલ્યુ કોમરપેથીરામ નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

મોતીરામ (અરજદાર) વીરૂદ્ધ બેલાશીરામ (સામાવાળો)

ફોજદારી કામ ચ૦ રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૩૭૦ (રકમ આઇ)—સંક્ષેપ કામ ચલાવવાની રીતી—ગુન્હા-ની સાબેતીનાં કારણો.

સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૩૭૦ (રકમ આઇ) નો હેતુ એવો છે કે જે કામમાં ગુન્હો પુકતરીતે એવો ભારે માલમ પડે કે જેમાં રૂ ૨૦૦) દંડ કરવા પડે અગર કેદની શીક્ષા કરવી પડે તો તે કામમાં ગુન્હાની સાબેતીના કારણો માજીસ્તરેટ લખવાને બંધાએલા છે કે જેથી પક્ષકાર તે કામ હાયકોરટ સુધી લેઈ જઇ શકે પરંતુ હલકા કામો કે જેમાં ફકત થોડા રૂપૈઆ દંડ કરવાની જરૂર પડે તો માજીસ્રેટનો ફેંસલો ટુંકાણમાં લખી શકાય છે. રૂ ૧૦) દંડ અને તે આપવામાં કસુર કરવામાં આવે તો કેદ એવી શીક્ષા કરવામાં આવેલી હોય તો તે કલમના હેતુ પ્રમાણે તે કેદની શીક્ષા નથી.

પાનું ૧૭૪ 'આ કામમાં તોહોમતવાળા ઉપર પ્રેશીડેન્શી માજીસ્રેટની રૂબરૂ હુમલો કરયા બાબત શંક્ષેપ રીતે તપાસ કરી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હતો. તેમાં માજીસ્રેટે નીચે પ્રમાણે હુકમ કરેલો છે. " પીનલકોડની કલમ ૩૫૨ પ્રમાણે તોહોમતવાળાને હુમલાના આરોપ બાબત ગુન્હેગાર ઠરાવેલો છે. માટે તેના રૂ ૧૦) દંડ અગર એક આઠવાડીયું સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવેલી છે. "

તે કેદીએ માજીસ્તરેટના ઉપર એવો હુકમ કરાવ્યો કે ફોજદારી કામ ચ૦ રીતના કાયદાની કલમ ૩૭૦ પ્રમાણે ગુન્હાની સાબેતીનાં કારણો માજીસ્રેટે બતાવવાં જોઇતાં હતાં. માટે તે હુકમ શાવાસ્તે રદ કરવો નહીં જોઇએ તેનું કારણ બતાવવું.

તે હુકમની પુષ્ટીમાં મી૦ હેંડલે

સામાવાળા તરફથી બાબુ બોધીનાથ દત.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ પેથેરામસાહેબે નીચે પ્રમાણે આપ્યો છે.

અમારી નજરમાં આવે છે કે આ હુકમ રદ કરવો જોઇએ.

આ કામ કલમ ૩૭૦ પ્રમાણે ચલાવવામાં આવ્યું હતું અને પ્રેશીડન્શી માજીસ્ટરેટ જે લખવાને બંધાએલા હતા. તે સદરહુ કલમમાં ઠરાવેલી ફકત બાબતો લખવાને બંધાએલા હતા. આ કામમાં પેહેલો અને ખરી રીતનો સવાલ એવો છે કે આવા પ્રકારના શીક્ષાના હુકમમાં માજીસ્ટ્રેટ કાંઇ પણ કારણો લખવાને બંધાએલા હતા કે નહીં. તે શીક્ષાના હુકમમાં રૂ. ૧૦) દંડ અને તે આપવામાં કસર કરવામાં આવે તો ટુંકી મુદતની કેદની શીક્ષા કરવામાં આવેલી છે. સવાલ એ છે કે કલમ ૩૭૦ [રકમ આઇ) ના હેતુ પ્રમાણે તે કેદની શીક્ષા છે કે નહીં. અમારા અભીપ્રાય પ્રમાણે તે નથી. અમારી નજરમાં આવે છે કે તે દંડની શીક્ષા છે અને દંડ વસુલ કરવાની ફરજ પાડવાને તે કેદની શીક્ષા ઠરાવવામાં આવેલી છે અને તે કલમનો હેતુ એવો છે કે જે કામમાં ગુન્હો મુકત રીતે એવો ભારે હોય કે જેમાં રૂ. ૨૦૦] દંડ અગર કેદની શીક્ષા કરવી પડે. તો માજીસ્ટ્રેટ પોતાનાં કારણો લખવા બંધાએલા છે કે જેથી પક્ષકાર આ કોરટ સુધી કામ ચલાવી શકે. પરંતુ જે હલકા કામોમાં મ.જીસ્ટરેટના વીચારમાં એવુ આવે કે થોડા રૂપૈઆ દંડ કરવામાં આવે તો બસ છે. તો કાયદા કરનારે એવો વીચાર કરેલો છે કે તેમણે પોતાનો ફેંસલા ટુંકાણમાં લખવો જોઇએ અને પક્ષકારોએ જો તે કામ ચલાવવું હોય તો બીજા કોઈ રૂપમાં લાવી શકે છે. આ કારણોથી અમારી નજરમાં આવે છે કે માજીસ્ટરેટનો તે હુકમ કલમ ૩૭૦ પ્રમાણે તદન જોઇએ તેવો છે માટે તે રદ કરવાનો હુકમ રદ કરવો જોઇએ.

તે હુકમ રદ કરવામાં આવ્યો.

ફોજદારી રેફરંશ.

તા૦ ૨૦ ડીસેંબર સને ૧૮૮૬

સર ડબલ્યુ કોમર પેથેરામ અને જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

નીઆંજ વીરૂધ મોનસર વીગરેની બાબતમાં.

જાનવર પ્રવેશ (સને ૧૮૭૧ નો ૧ લો) ની કલમ ૨૨—એકઠો દંડ—દંડ અને કંપન સેશન.

જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૨ પ્રમાણેનું પ્રોસીડીંગ અડધુ

દીવાની પ્રકારનું છે માટે તે કલમ પ્રમાણે નુકશાન થવા બાબત કંપન સેસન માજીસ્ટ્રેટ ઠરાવી તેનો અમલ કરી શકે છે. કે જે બાબત દીવાની રાહે દાવો પણ ચાલી શકે છે.

માટે બે સખસો વીરૂધ તે કલમ પ્રમાણે દંડ અને કંપન સેસન આપવાનો હુકમ કરવામાં આવેલો પરંતુ દરેકે કેટલી રકમ આપવી તે બતાવવામાં આવેલું નથી તોપણ તે રકમ બરોબર છે.

પાનું ૧૭૫ આ કામમાં બમાન બારીયાના ડેપીયુટી માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું છે કે બે સખસો નામે મોનસર અને ડીંગુએ ફરીઆદીનાં ઓગણીસ જાનવર ગેરકાયદે ડબામાં પૂર્યાં તેથી તે છોડાવવાને તેને રૂ ૭—૨—૦ આપવાં પડયાં તે ઉપરથી માજીસ્ટ્રેટે સન ૧૮૭૧ ના આકટ ૧ લા ની કલમ ૨૨ પ્રમાણે તેમને ગુન્હેગાર ઠરાવી ફરીઆદીને રૂ. ૭—૨ પાછા આપવાનો તથા કંપન શેશન રૂ. ૨૦] આપવાને હુકમ કરયો તે મોનસર અને ડીંગુએ દરેકે કેટલી રકમ આપવી તે બતાવેલું નથી.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે તે હુકમ ગેરકાયદે છે. એવા કારણથી કે તે મોનસર અને ડાંગુનો એકઠો રૂ. ૨૭ દંડ કરવામાં આવેલો છે તેથી હાયકોર્ટમાં તે કામ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે મોકલ્યું.

પક્ષકારો તરફથી કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે ડીપોટી માજીસ્ટ્રેટનો કરેલો તે હુકમ સને ૧૮૭૧ ના આકટ ૧ લાની કલમ ૨૨ પ્રમાણે કાયદેસર છે. જે કામમાં તે હુકમ કરવામાં આવેલો છે તે રેગયુલર ફોજદારી કામ નથી. પરંતુ અડધું દીવાની રાહનું કામ છે. અને તેમાં જે નુકશાન થાય તેનું કંપન શેશન લેવા બાબત દીવાની દાવો થઈ શકે છે. માટે તે કંપન શેશનનો શક્ષેપ રીતે ઠરાવ કરી તેનો અમલ કરવાને માજીસ્તરેટને અખત્યાર છે.

આવી હકીકત છે માટે અમારી નજરમાં આવે છે કે આ કામમાં તે કહેવાએલા તોહોમતવાળાને કંપન શેશન તથા ખરચ અપાવવામાં આવેલું છે. તે બાબત એકામતે એકાજુતે જવાબદાર છે સબબ અમે તેમાં હાથ ઘાલવાને કાંઇ સબબ જોતા નથી.

હુકમ મંજુર રાખવામાં આવ્યો.

અસલ ફોજદારી તપાસ

તા૦ ૨૬ જાનેવારી તથા તા૦ ૨ ફેબરવારી સને ૧૮૮૬
મી૦ જસ્ટીશ ટ્રીવેલીઅન સાહેબની રૂબરૂ
કેસરેહીંદ વીરૂધ કાલીપ્રસોનો દાસ વીગેરે

રીતી પુરાવો—ફરીઆદીનો જવાબ આપવાનો હક-કોરટે બોલાવેલા શાક્ષી—ઉલટ તપાસને વાસ્તે શાક્ષીઓ રજુ કરવા. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૮૨ નો ૧૦ મો) ની કલમ ૨૮૯ અને ૫૪૦

ફરીઆદીના સાક્ષીઓની ઉલટ તપાસ વખતે તોહોમતવાળાએ દસ્તાવેજી પુરાવો આપવાથી તથા જે ૨૮૯ મી કલમ પ્રમાણે તેને હુકમ કરવામાં આવે તે પહેલાં તે એ પુરાવો આપવાને ખુશી હોત તો તેનો જવાબ લેવાને ફરીઆદીને હક મળતો નથી કેસરેહીંદ વી. ચોસચંદર બેનરજીના કામમાં થયેલા ઠરાવ ઉપર આધાર રાખવામાં આવ્યો હતો.

શેશન જડજ આગળ તપાસ થઇ તેમાં કમીટીંગ માજીસ્તરેટ આગાડી જે શાક્ષીઓ રજુ કરેલા હતા, તે શાક્ષીઓને બધાને રજુ કરવાને, ફરીઆદી બંધાએલા નથી જે શાક્ષી ઉપર પૂરણ ભરૂસો કોરટ રાખે નહીં એવા શાક્ષીને કોરટે બોલાવવા જોઇએ નહીં.

પાનું ૨૪૫ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૨૦ અને ઇન્ડીઅન પીનલકોડની કલમ ૧૦૯ અને ૪૨૦ પ્રમાણે ઠગાઇ કરયાનું, અને ઠગાઈમાં મદદ કરવાનું કેદીઓના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતું.

એક શોશી ભુસનબોસની ખાએસ ઉપરથી કહયું કે તેને અમારા નારણગંજ અને સેસગંજના શણના ધંધાની અંદર મેનેજર નીમીશું કેદીઓએ એવું કહયું તે ઉપરથી ત્યારે ૩૮૫૦ રૂપીયાની રકમ આપવાની અને ૧૧૫૦ રૂપીયાના બે પ્રોમીસરી નોટ અને ૩૦૦ રૂપીયાનો ચેક આપવાની જરૂર પાડી હતી, તે હકીકત ઉપરથી તોહોમતો મુકવામાં આવ્યાં હતાં.

ફરીઆદી તરફથી કાઉન્સેલ (મી૦ ફીલીપ્સ) અને કાળી પ્રોસોનો દાસ અને બીજાની તરફથી મી૦ એમ. પી. ગેસ્પર અને મી૦ કે. એન. મીત્તર.

બાકીના કેદીઓ તરફથી મી૦ હેન્ડરસન, મી૦ એ. એફ. એમ. અબદુલ રેહમાન અને મી૦ પેનીઇટી.

મી૦ હેનડરસને ફરીઆદી શોશી ભુસન ગોસની, ઉલટ તપાસ કરતાં તે કાઉન્સલે, થાણા બુક જેમાં તોહોમતવાળાઓમાંના કોઇના ઉપ-

રના તોહોમતની નોંધ કરેલી હતી અને જે નોંધ ફરીઆદીએ ખાણામાં કરેલી હતી, અને જે નોંધનો ભાવાર્થ એવો હતો કે તેમાં ફરીઆદીએ સહી કરેલી હતી અને જે ઉપરથી ફરીઆદીની સહી સાબેત કરવાને પ્રયત્ન કરયો અને તે નોંધ બચાવના પુરાવા તરીકે દાખલ કરાવવાને, શાક્ષીના હાથમાં આપી. સરકાર તરફના શાક્ષીઓની ઉલટ તપાસમાં, દસ્તાવેજી પુરાવો દાખલ કરવામાં આવે તો અમે જ્યુરીના આગળ ભાશણ કરી રહીએ ને પછી ફરીઆદીને એના જવાબનો હક છે કે નહીં એને વાસ્તે મી૦ હેન્ડરસને તે હાથમાં આપતાં પહેલાં કોરટનો હુકમ માગ્યો. ફરીઆદીને જવાબનો હક નથી તેના આધાર વાસ્તે તેઉ સાહેબે કેસરેહીંદ વીરૂધ શ્રીઝચંદર ખાનગીના કામમાં થયેલો ઠરાવ બતાવ્યો અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૮૯ માં જે કહેલું છે તેના ઉપર આધાર રાખ્યો.

ફરીઆદીને જવાબનો હક છે એવી મી૦ કે. એને તકરાર કરી અને કહયું કે મી૦ હેન્ડરસને મી૦ જસ્ટીસ ફીલ્ડના ઠરાવ ઉપર આધાર રાખ્યો તે પ્રમાણે એક સરખી રીતે આધાર રાખવામાં આવતો નથી અને જે કામનો રીપોટ થયો નથી અને જેમાં જસ્ટીશ નોરીસે બીજી રીતે ઠરાવ કરયો છે તે કામમાં બતાવવામાં આવેલો છે.

મી૦ જસ્ટીસ ટેવેલીયન સાહેબનો ઠરાવ—

તોહોમતવાળાને કાંઈ પણ પુરાવાને વાસ્તે હુકમ કરતાં પહેલાં, દસ્તાવેજી પુરાવો જો એ દાખલ કરાવે તેમા સરકારને જવાબનો કાંઇ હક મળતો નથી એવું ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૮૯ પ્રમાણે અમારી નજરમાં આવે છે કેસરેહીંદ વીરૂધ શ્રીઝચંદર ખાનરજીના કામમાં મી૦ જસ્ટીશ ફીલ્ડે કરેલો ઠરાવ અને જે કામનો રીપોટ કરવામાં આવેલો નથી અને જેમાં જસ્ટીશ નોરીસે ઠરાવ કરેલો છે તે અમને બતાવવામાં આવેલો છે. પાછલના ઠરાવના કારણો જણાતા નથી અને મી૦ જસ્ટીશ ફીલ્ડનો કરેલો ઠરાવ જે ઉપર બતાવવામાં આવ્યો છે તેના ઉપર આધાર રાખવાને અમે પસંદ કરીએ છીએ. માટે અમે ઠરાવીએ છીએ કે આ દસ્તાવેજ તોહોમતવાળાએ રજુ કરયો તેથી સરકારને જવાબ આપવાનો હક થતો નથી.

મી૦ ફીલીપ્સ ફરીઆદીના કેટલાક શાક્ષીનો તપાસ કરી રહયા પછી અને બીજા સખસો જે માજીસ્તરેટ સાહેબ રૂબરૂ બોલાવામાં આવ્યા હતાં તેમને ઉલટ તપાસને વાસ્તે રજુ કરયા પછી તેઉ સાહેબે, ભામો પરસાદસીંગ જે પોલીસ ઇન્સપેકટરને બોલાવ્યા, મગર તેમને ઉલટ તપાસને વાસ્તે રજુ કરયા, શીવાય તેગણે ફરીઆદી તરફનું કામ બંધ ક-

રેશ્યું. સુકી સ્ટ્રીટથાનામાં જયાં અસલ તોહોમત મુકયું હતું, તેનો પોલી-સ ઇન્સપેકટર શ્યામોપ્રસાદસીંગ હતો અને તેને ફરીઆદીના શાક્ષી તરીકે માજીસ્ટ્રેટની રૂબરૂ બોલાવવામાં આવ્યો.

આ ઉપરથી મી૰ વ્યાસપરે તકરાર કરી છે કે ફરીઆદ તરફ શ્યામોપરસાદસીંગે ઉલટ તપાશ કરાવવા સારૂ રજુ કરવાને બંધન હતું. અગર કેદીઓને તેની ઉલટ તપાસ કરવાનો લાગ મળે તે પ્રમાણે કોરટે તેને બોલાવવો જોઇએ. અને તેમણે પોતાની આ તકરારના આધારમાં કેસરેહીંદ વીરૂધ ગીસચંદર તાલુકદાર તથા રોસકો ક્રીમીનલ એવીડેન્સ ૯ મી આવૃતી પાનું ૧૩૮ બતાવ્યું. તેમણે અરજ કરી છે કે ગમે તેમ હોય પણ કોરટે તે શાક્ષીને બોલાવવો જોઈએ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૪૦ મી. હું-ડરસને બતાવી અને તકરાર કરી કે જે વરગનો તે શાક્ષી છે તે વર્ગ તે કલમમાં બતાવેલો છે એવું ખુલ્લુ છે, કારણ કે તેની શાહેદી આ કામનો નીરણય કરવાને અવસ્યની છે. વળી તેમણે આર વીરૂધ સીમંડસ. અને આર વીરૂધ્ધ બોડલના ઠરાવો બતાવ્યા.

સામાવાળા તરફથી મી૰ ફીલીપ્સઃ—ઉલટ તપાસને સારૂં માજીસ્ટરેટની રૂબરૂ કોઈ શાક્ષી બોલાવવાને અગર રજુ કરવાને ફરીયાદ તરફથી બંધન નથી. જે તેમને બંધન છે તે ફકત એટલુંજ છે. કેવા તેવા શાક્ષીઓને હાજર રાખવા કે જેથી બચાવની નજરમાં આવે તો તેઉ તેમને બોલાવી સકે. જે શાક્ષીની શાહેદી ઉપર ભરૂસો રાખી શકાય નહીં તેને રજુ કરવાને ફરીઆદ ઉપર ફરજ પાડી શકાતી નથી.

જસ્ટીશ ટ્રીવેલીઅન સાહેબ (તે સવાલનો વીચાર કરવાને વખત લીધા પછી) મી૰ વ્યાસપરે અમારી પાસે એવું માગેલું છે કે બચાવ તરફથી શ્યામોપરસાદસીંગની ઉલટ તપાસ કરવાનો લાગ મળે તે પ્રમાણે તે શ્યામોપરશાદનો શાક્ષી તરીકે બોલાવવો જોઈએ. પોલીશકોરટમાં સુખીઆ મેહેલાથાનાના ઇનસ્પેકટર શ્યામોપરસાદ હતો તેથી તેને શાક્ષી તરીકે બોલાવવામાં આવ્યો હતો. મી૰ હેન્ડસને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ક. ૫૪૦ નો ઠરાવ તથા આ બાબતમાં થએલા બે ઇંગરેજી ફેંસલાઓ અમને બતાવેલા છે. જે કામમાં તપાસ કરવાની જરૂર હોય અગર એકાદા શવાલની શફાઈ કરવાની હોય અને જે શાક્ષીને બોલાવવામાં કહેવામાં આવેલું હોય તે એવો હોય કે જેની જુબાની ઉપર કોરટે ભરૂસો રાખવો જોઇએ તો અમારી નજરમાં આવે છે કે અમારે તેને બોલાવવો જોઇએ. પરંતુ જે કામમાં કેદી તરફથી બચાવ કરવાને કોંશલ હોય તે કામમાં જે શાક્ષીની શાહેદી ઉપર અમે ભરૂસો

રાખી શકીએ નહીં તે શાક્ષીને અમારે નક્કી બોલાવવો નહીં જોઇએ.

પોલીસ માજીસ્ટ્રેટની રૂબરૂ પ્રામોપરસાદરશીંગે જે જુબાની આપેલી છે તે જુબાની અમે ફરીથી વાંચી છે. તે ઉપરથી અમે તે ઉપર કાંઇ ભરૂસો રાખી શકીએ એમ અમારી નજરમાં આવતું નથી. સબબ અમે તેને બોલાવવાની ના પાડીએ છીએ.

ઉલટ તપાસને સારૂં તેને રજુ કરવાને અગર તોહોમતવાળાની નજરમાં આવે તો તેને બોલાવે તે સારૂં કોરટમાં તેને હાજર રાખવો તે કરતાં કાંઇ વધારે કરવાને ફરીયાદ તરફથી બંધન છે એમ અમારી નજરમાં આવતું નથી.

ફોજદારી ફરી તપાસ.

તા૦ ૧૯ ફેબરવારી સને ૧૮૮૭.

સર ડબલ્યુ કોમર પેથેરામ નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

ગુલામ અહમદ કાજીની અરજીની બાબતમાં.

પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૧૮૨—પોલીસને જુઠી બાતમી આપવી—કોઇ ખાસ બતાવેલા સખસના ઉપર આરોપ રાખેલો નહીં—ખાસ આરોપ.

પીનલકોડની કલમ ૧૮૨ મી તમામ કલમ વાંચવી જોઇએ. અને તે પ્રમાણે વાંચતાં જો પોલીસને પોતાની રૂબરૂ કહેલી હકીકતના સાચાપણાની ખબર પડી હોય તો ત્રીજા સખશને અસર થાય તે પ્રમાણે કાંઇ કરવાને અગર નહીં કરવાને પોલીસ લલચાત નહીં તેવી ખબર પોલીશની રૂબરૂ આપવામાં આવી હોય તેને તે કલમ લાગુ થાય છે.

પાનુ ૩૧૪   તા૦ ૧૪ ડીસેમ્બર સને ૧૮૮૬ ના રોજ રાતની વખતે એક ગુલામ અહમદ કાજી રસ્તે થઇને જતો હતો તે વખતે તેના ઉપર હુમલો કરી એક સાલ ચોરી લેવામાં આવી. એવી તેણે પોલીશને ખબર આપેલી છે. તોપણ તે હુમલામાં કોઇ અમુક સખસ ગુંથાએલો હતો એવું કોઇનું નામ દીધું નથી આ ખબર ઉપરથી પોલીસે તે બાબતની તપાસ કરી અને ગુલામ અહમદની રાખેલી ઓરતના મકાનની જડતી લીધી. પરંતુ તે તપાસમાં તેણીની શાક્ષી લેતાં એવું માલમ પડેલું છે કે તકરારી સાલ તે મુદત પહેલાં કેટલીક મુદત ઉપર ગુલામ અહમદ કાજીએ તેણીને આપેલી હતી. અને તા૦ ૧૪ ડીસેમ્બરની રાતરે તેણે તે શાલ ઓઢી હતી અને

તેણીના માગવાથી તે શાલ તેણીને પાછી આપેલી છે. આ ઉપરથી ગુલામ અહમદ કાજી ઉપર તે શાલ ચોરાએલી છે એવી મતલબની ખોટી બાતમી આપ્યા બાબત પોલીશ ઈનસ્પેક્ટરે તેના ઉપર આરોપ રાખ્યો.

શીલદાન જોઈંટ માજીસ્ટ્રેટની રૂબરૂ આ કામ ચાલતાં તેઉ સાહેબે પીનલકોડની કલમ ૧૮૨ પ્રમાણે તોહોમતવાળા ઉપર આરોપ રાખ્યો. અને તેને તે ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી છ અઠવાડીયાં સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

તે કેદીએ નોટીસ પરગણાના સેશનજજને એવી અરજ કરેલી છે. કે આ કાસન કાગળો મંગાવી તે ગુન્હાની સાબીતીનો ઠરાવ રદ કરવો જોઇએ. પણ સેશનજજે તેમાં હાથ ઘાલવાની ના કરી. અને માહારાણી વીરૂધ નીરાકજેમાહ ઠરાવ મી॰ આકાનાલીના પીનલકોડ ઉપરની નોટના પાને ૧૨૨ ને બતાવેલો છે તે આ અરજ કરનાર વીગલ બતાવેલો છે તે બાબતમાં તેઉ સાહેબે કહ્યું છે કે તે ઠરાવ ઘણો જુનો છે અને મી॰ ઓકાનાલી સાહેબે પસંદ કરી બતાવેલો નથી.

આ ઉપરથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ફરી તપાસની કલમોના ઠરાવ પ્રમાણે તે કેદીએ હાયકોરટમાં અરજ કરી અને તે જોઈંટ માજીસ્ટ્રેટનો હુકમ શા વાસ્તે ફેરવવો નહીં જોઇએ તેનું કારણ બતાવવાને સરકાર ઉપર હુકમ કઢાવ્યો.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસર (મી॰ કીલબી)

કેદી તરફથી બાબુ કીશોરીલાલ સરકારે તકરાર કરી છે કે કલમ ૧૮૨ લાગુ થતી નથી, કારણ કે પોલીસની રૂબરૂ જે આરોપ રાખવામાં આવેલો તેમાં કોઇ ખાસ સખસનું નામ બતાવવામાં આવ્યું નથી. અને સદરહુ કહેલો મુંબાઈનો ફેંસલો તેમને રજુ કરેલો છે.

કોર્ટનો હુકમ ચીફજસ્ટીશ પેથેરામ સાહેબે નીચે પ્રમાણે આપ્યોઃ—

અમારી નજરમાં આવે છે કે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ નહીં કરવાને જે કારણ પુછવામાં હુકમ કરવામાં આવેલો છે તે મંજુર રાખવો જોઇએ.

કામની હકીકત એવી છે કે એક સખસ એક વખત પોલીશને જાહેર કરયું કે રસ્તામાં માહારી એક સાલ ચોરાએલી છે પરંતુ તે કહેવામાં કોઇ સખસને તેણે બતાવ્યો નથી. અગર કોઈ સખસનું એવી રીતે વર્ણન કરેલું નથી કે જેથી અમુક સખશે તે ચોરી કરી તે પ્રમાણે તે ગું થાએલો છે એવી ધારણા થઇ શકે. બધામાં ફકત તેણે એટલું કહયું છે કે કોઇ શખસ માહારી સાલ ચોરી લેઇ ગયો પણ મેં તેને જોયો નથી.

તેથી તે કહેલી હકીકતથી અમુક શખશ ઉપર અંદેશો નાંખવાને તેણે કાંઇ કહેલું નથી. આવી હકીકત છે તો પીનલકોડની કલમ ૧૮૨ પ્રમાણે કાંઇ ગુન્હો નથી. તે કલમમાં ઠરાવ્યું છે કે કોઇ સખશને ઇજા થાય અગર હરકત થાય તે સારૂ પોલીસ પોતાનું જોર વાપરવાને લલચાય. અગર તે આપેલી ખબરથી જે હકીકત કહેવામાં આવેલી હોય તે હકીકત સાચી છે એમ જાણવામાં જો હોત તો કોઇ સરકારી નોકર કાંઇ કરે અગર ના કરે તે કરવાને અગર નહીં કરવાને પોલીસ લલચાય એવી કોઇ સખૃશે બાતમી આપેલી હોય તો તેમાં તે અમુક બતાવેલી રીતે તે શીક્ષાને પાત્ર થાય છે.

અમારી નજરમાં આવે છે તે પ્રમાણે તે કલમ તમામ વાંચવી જોઇએ અને જે હકીકતનું સાચા પણું પોલીશના જાણવામાં આવ્યું હોત તો તે પોલીશ કરત નહીં એવી ત્રીજા સખશને હરકત થાય તે પ્રમાણે પોલીશ કાંઇ કામ કરે અગર ન કરે એવી બાતમી આપવામાં આવેલી હોય તો તેને તે કલમ લાગુ થાય છે.

જે બાતમી આપવામાં આવેલી હતી તે ઉપરથી તે પોલીસ કોન્સટેબલ શી હકીકત બનેલી છે તે બાબત વ્યાજબી રાહે તે બાતમી આપનારને તપાશી સકતા હતા. અને તે તપાસવાના પરીણામ ઉપરથી જેવી તપાસ કરવી દુરસ્ત લાગે તેવી તપાસ કરી શકતા હતા. પણ કોઇને હરકત કરવાને અગર તેઓના મકાનની જડતી લેવાને તેમનો હક્ક નહીં હતો કારણકે આ સખશે જે તેમને બાતમી આપેલી હતી તે ઉપરથી અમુક સખશે તે ગુન્હો કરેલો છે એમ ધારવાને તેમનો હક્ક થતો નહીં હતો આવી હકીકત છે તો તોહોમતવાળાની કહેલી હકીકતથી એટલું થાય છે કે તે હકીકત સાચી નહીં હતી અને પોલીસને ભમાવવાના કારણુશર કરેલી હતી. આ પ્રમાણે કોઈ માણસ કરે એ ખોટું છે એમાં કાંઇ શક નથી. પ્રથમ તો જુઠું બોલવું એ ખોટું છે. અને બીજું કે આવી જાતની હકીકતથી સરકારી નોકરોને નકામી તજવીજ કરવામાં તેમનો વખત લેવો એ ઘણુંજ ખોટું છે. પરંતુ અમારી નજરમાં આવતું નથી કે આવી વરતણુંક ઉપરથી આ કલમના હેતુમાં તેનો સમાસ થાય છે. અગર ભમાવવા કરતાં કાંઈ વધારે થાય છે અને તે ભમાવવા બાબત તે કાયદામાં કાંઇ શીક્ષા ઠરાવેલી નથી. આવી હકીકત છે તો જ્યારે કાયદાએ તે ગુન્હો ઠરાવેલો નથી. અગર તે બાબત શીક્ષા ઠરાવેલી નથી ત્યારે તે ગુન્હો છે. એમ અમે ઠરાવી શકતા નથી.

સબબ ગુન્હાની સાબેતીનો ઠરાવ શા વાસ્તે રદ કરવો નહીં જોઇએ

તેનું કારણ બતાવવાનો હુકમ કાયમ રાખવામાં આવે છે અને કેદીને છો-ડવામાં આવે છે.

હુકમ કાયમ રાખવામાં આવ્યો

ફોજદારી રેફરંશ.

તા૦ ૨૧ મારચ સને ૧૮૮૭

સર ડબલ્યું. કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીશ તથા મી૦ જસ્ટીશ નોરીસ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂદ્ધ ચંદુગોવાલા વીગરે.

માજીસ્ટ્રેટની હકુમત—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૪૪૯ પીનલકોડ સને ૧૮૬૦ નો આકટ ૪૫ ની કલમ ૪૧૧—ચોરેલો માલ રાખવો.

બીજા વરગના માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં એવું આવ્યું કે અમને જે સજા કરવાનો અખીત્યાર છે તેના કરતાં તોહોમતવાળો વધારે સજાને લાયક છે. તેથી તે બીજા વરગના માજીસ્ટ્રેટે તે કામ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૯ પ્રમાણે જીલા માજીસ્તરેટ તરફ મોકલ્યું જીલા માજીસ્ટ્રેટે તે કામના કાગળો બીજા વરગના માજીસ્તરેટ તરફ પાછા મોકલ્યા અને તેમને એવું ફરમાવ્યું કે તે કામ શેશન કોરટમાં કમીટ કરવું તે ફરમાવ્યા પ્રમાણે યોગ્ય રીતે તે કામ કમીટ કરવામાં આવ્યું હાયકોરટે તે કામમાં હાથ ઘાલવાને ના પાડી એવુ ઠરાવીને કે બીજા વરગના માજીસ્ટ્રેટનું પ્રોશીડીંગ કાયદા વીરૂધ નથી. અને બીજા વરગના માજીસ્ટ્રેટને કમીટ કરવાની હકુમત છે તે તેમની ગએલી હોય એવું કાંઈ થએલું નથી.

પાનું ૩૪૫ સેકન્ડ કલાસ માજીસ્તરેટ બાબુ ચંદ્રમુસન ચક્રવતી સાહેબોની રૂબરૂ. બે માણસોના ઉપર ચોરાયેલી મીલકત અપ્રમાણીક પ્રમાણે રાખ્યાનું તોહોમત મુકયામાં આવ્યું હતું અને તે ગુનેગાર ઠરેલા હતા. એ બે તોહોમતદારોમાંના એકના ઉપર એજ તરેહનો ગુનો કરવાનો ઠરાવ પહેલાં થએલો હતો તે ઉપરથી એજ સાહેબ સેકન્ડકલાસ માજીસ્ટ્રેટને શીક્ષા કરવાની શતા છે તેના કરતાં આ કામમાં વધારે કરવાની જરૂર છે તે માજીસ્ટ્રેટની નજરમાં આવવાથી આ તોહોમતવાળાઓને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૯ પ્રમાણે તેમની તપાસ થાય એટલા માટે જીલ્લા માજીસ્તરેટને ત્યાં મોકલ્યા.

જીલ્લા માજીસ્તરેટની નજરમાં આવ્યું કે એ કામ બરોબર નથી. તેથી તેઉ સાહેબે એ કામના કાગળ પાછા સેકન કલાસ માજીસ્રેટને મોકલ્યા અને તે કામ સેસન કમીટ કરવાને ફરમાવ્યું તે માટે તોહોમતવાળાઓ ઉપર પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે તોહોમત મુકવામાં આવ્યું હતું અને તેમની તપાસ થવાને શેશન્સ કમીટ કરયા.

કેસરેહીંદ વીરૂધ હરીઆતીલાપાના કામમાં થએલા ઠરાવ ઉપર શેશન્સ જડજે આધાર રાખીને, જીલા માજીસ્રેટનો હુકમ અને સેકનકલાસ માજીસ્તરેટનો કમીટ કરયાનો છેવટનો હુકમ ગેરકાયદે છે એવું તે શાહેબે ધારીને આ બાબતનો હાઇકોરટને રીપોટ કરયો અને તે રીપોટમાં કમીટ કરયાનો હુકમ રદ કરવો જોઇએ અને ડીસ્ટ્રીકટ માજીસ્તરેટની નજરમાં જો એમ આવે કે તે કામ શેશન્સ કોરટને લાયક કામ છે તેથી તેઉ સાહેબે શેશનમાં કમીટ કરી તેનો નીકાલ કરવો જોઇએ, એવી ભલામણ કરી અને જે માણસની વીરૂધ અગાડી કરેલા ગુનાના ઠરાવને વાસ્તે જે તોહોમત મુકવામાં આવ્યું હતુ તે તે વખતે જેલમાં મરી ગયો હતો એવું બતાવેલું છે.

હાયકોરટમાં કોઇ હાજર થયું નહીં તેથી કોરટે નીચે પ્રમાણે હુકમ કરયો.

શેશન કોરટને કમીટ કરવાનો જે હુકમ કરયો તેથી સેકન કલાસ માજીસ્તરેટનો અધીકાર જાય છે એમ અમારી નજરમાં આવતું નથી અને જે તેમણે કરેલું તે ગેરકાયદે નથી વાસ્તે અમે વચમાં પડતા નથી શેશન જડજે તે કામની તપાસ કરવી અને તેનો ફેંસલો આપવો કમીટ કરયાનો હુકમ મંજુર રાખવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૧૯ મારચ સને ૧૮૮૭

નાઇટ ચીફજસ્ટીસ સર. ડબલ્યુ. કોમર પેથીરામ અને મી૦ જસ્ટીશ કનીંગહામ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વી શ્રી ચરણ બાઉરી.

શીક્ષાનો હુકમ—પીનલકોડ સને ૧૮૬૦ ના ૪૫ મા આકટની કલમ ૭૫, ૧૭૯, ૫૧૧—ગુનો કરવાની કોશીશ—અગાઉ કરેલા ગુનાની સાબીતીના ઠરાવને વાસ્તે સીક્ષા વધારેલી—અગાઉ કરેલા ગુનાની સાબીતીનો ઠરાવ.

ચોરીનો ગુનો (જે પીનલકોડના ૧૭ મા પ્રકરણ પ્રમાણે શીક્ષા કરવા

લાયકછે તે) ની સાબેતીનો ઠરાવ જેના ઉપર થયો છે તે માણસના ઉપ-ર ચોરીનો ગુનો કરવાની કોશીશનો ગુન્હો સાબેત થાય તો પીનલકોડની ૭૫ મી કલમમાં કહેલી વધારેલી શીક્ષાને પાત્ર થતો નથી.

પાનું ૩૫૭ એક શ્રીચરણબોશીને તા૦૭ એપ્રીલ સને ૧૮૮૫ ને રોજ પીનલકોડની કલમ ૩૮૦ પ્રમાણે ગુનેગાર ઠરાવેલો હતો. અને ત્રણ મહીનાની કેદનો હુકમ કરયો હતો તેના ઉપર પીનલકોડની કલમ ૩૭૯ અને ૫૧૧ પ્રમાણે ચોરી કરવાની કોસીશને વાસ્તે કામ ચલાવવામાં આવ્યું હતું.

ડીપોટી માજીસ્ત્રેટની રૂબરૂ આ કેશની તપાસ થઇ હતી અને તેમણે સીક્ષાનો હુકમ શ્રીચરણના ઉપર કરતી વખતે અગાઉ થએલો ગુનાની સાબેતીનો ઠરાવ જે તેની વીરૂધ જોઇએ તેવી રીતે સાબેત કરવામાં આવ્યો હતો તે ધ્યાનમાં લેવાની ના કહી કારણ કે જે ગુનાની હમણાં તપાસ ચાલી તે ગુનાની કોશીશ કરયાને વાસ્તે હતી અને એમ હોવાથી પીનલકોડની ૭૫ મી કલમના અર્થ પ્રમાણે તે ગુનો આવતો નથી.

શીક્ષા વધારવાને વાસ્તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ કામ સેશન્સ જડજે હાઇકોર્ટને મોકલ્યું.

બંને પક્ષકારોમાંનું કોઇએ આની સુનાવણી વખતે હાજર થયું નહીં.

કોર્ટે (મી૦ ચીફજસ્ટીસ પેથીરામ અને મી૦ જસ્ટીસ કનીંગહામ.) ઠરાવ નીચે પ્રમાણે કરયો.

અમે હાથ ઘાલવાને માગતા નથી. તોહમતવાળાને કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવેલો છે.

માટે ગુનાની સાબેતીનો ઠરાવ પીનલકોડની ૭૫ મી કલમના અર્થ પ્રમાણે બરોબર નથી.

ફોજદારી અરજી

સર ડબલ્યુ કોમર પેથીરામ નાઇટ ચીફજસ્ટીસ અને મી૦ જસ્ટીસ બેવરલી સાહેબોની રૂબરૂ

તા૦ ૧૧ ડીસેમ્બર સને ૧૮૮૬

બસુમુલ્લા વીગેરે (અરજદાર) વી. શી આરામસીંગ વીગેરે (સામાવાલા)

ફોજદારી તપાસ ચલાવવામાં ગેરશીરસ્તાપણું—હુલ્લડ કરવું—સામસામા તોહમતો—સામસામાં કામો ચલાવેલાં—ફોજદારી કામ ચલાવવાના સને ૧૮૮૨ ના ૧૦ મા આકટની કલમ ૫૩૭—તોહમતદારને હરકત થાય એવું ગેરશીરસ્તે—ગેરઇનસાફ થવો.

માજીસ્ત્રેટે, હુલ્લડના સામસામી તોહમતોવાળા કામમાંના એક કામની તપાસ કરી અને ફરીઆદીનો પુરાવો સાંભળીને તેની વીરૂધનું કામ લીધુ આ પાછલા કામમાં પેહેલા કામના કેટલાક તોહમતદાર હતા તેની સાક્ષી તરીકે તપાસ કરી આખરે પેહેલા કામના તોહમતદાર હતા તેમના ઉપર ગુનાની સાબીતીનો ઠરાવ કરયો.

ઠરાવ્યું કે આ રીતે કરવથી ઘણુંજ ગેરશીરસ્તાપણું થયું પણ આ મુક કામની હકીકત પ્રમાણે તે ગેરશીરસ્તાપણું ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૭ પ્રમાણે દુરસ્ત થયું છે.

પાનું ૩૫૮ ભાગલપુરના શેશન જડજનો હુકમ, જેથી બીગુસ્તરાઇના ડીપોટી માજીસ્તરેટના બચુ અને તેની સાથેના દરેક માણુસોના બખેડાના ગુન્હેગાર ઠરાવી છ મહીનાની સખત મજુરી સાથે કેદ અને રૂ. ૨૫ દંડ અને દંડ ન આપેતો બે મહીનાની સખત મજુરી સાથે કેદ વધારે દરેકે ભોગવવી એવો કરેલો હુકમ કાયમ રાખ્યો છે તે કેદ રદ થાય નહીં તેનું કારણ બતાવવાને માટે બચુમુલ્લા વીગરેએ તેના સામાવાળા ઉપર હુકમ કરાવ્યો હતો.

અસલ સામસામી બખેડા તથા હુમલાનાં તોહમતો ડીપોટી માજીસ્તરેટની કોર્ટમાં મુકવામાં આવેલાં તેમાં એક બચુમુલ્લાવીગરેએ શીઆરામશીંગ વીગરેના ઉપર અને બીજું શીઆરામસીંગ વીગરેએ બચુમુલ્લા વીગેરેના ઉપર તોહમત મુકેલાં હતાં અને ડીપેટી માજીસ્તરેટે બચુમુલ્લાનું કામ પેહેલું સાંભળ્યું અને તેમાં કાંઈ ઠરાવ કરયા શીવાય તેના વીરૂધનો શીઆરામશીંગના કામની તપાસ ચલાવી અને આ કામમાં બચુમુલ્લા વીગેરેને સાક્ષી તરીકે બોલાવ્યા. શીઆરામશીંગની સાથેના માણુસોનું કામ રદ કરી બચુમુલ્લા વીગેરેને ગુન્હેગાર ઠરાવ્યો અને આખરે શીક્ષા કરી.

મી० વુડરોફે કારણ બતાવ્યું.

સદરહુ હુકમની પુષ્ટીમાં મી० એમ. ગોઝ

કોરટનો ઠરાવ નીચે પ્રમાણે છેઃ—

ગુન્હાની શાબેતીના ઠરાવને જેટલું લગતું છે તેટલામાં તો ગમે તેમ થાય પણ હુકમ કાહાડી નાંખવો જોઇએ.

માજીસ્ત્રેટે જે બે કામમાં બખેડો તથા હુમલો સામ સામી ખરે ખરાં તોહોમતો છે, તે બે કામોની તપાસ ચલાવી છે. પેહેલે તો એક પક્ષકારના ઉપર તપાસ ચલાવી અને એ કામનો પૂરાવો લઇ લીધા પછી તે તપાસના ઉપર કંઇ ઠરાવ કરયા શીવાય બીજા પક્ષકારનો પુરાવો લીધો. અને આ બીજી તપાસમાં જે માણુસો કે જેમની ચાલને વાસ્તે

પેહેલી તપાસમાં, તપાસ કરવામાં આવી હતી, અને જેમના દોષીતપણા અગર નીરદોષીતપણા ઉપર તેમના ઠરાવનો આધાર હતો તેમને બોલાવવામાં શાક્ષીં તરીકે આવ્યા હતા.

અમારી નજરમાં એમ આવે છે કે આ રીવાજ છેવટ સુધી ધીકારીએ એવો છે.

અમારી નજરમાં એમ આવે છે કે માજીસ્ટ્રેટો આ પ્રમાણે ચાલે એ ઘણું લાચારી ભરેલું છે. આથી ઘણુંજ ગેરશીરસ્તાપણું થાય છે. એમાં બીલકુલ સક નથી. અને એ હરકત લેવા લાયક કેમ છે એનું કારણ એ છે કે જેઓની ચાલને વાસ્તે તપાસ કરવામાં આવી છે પણ તેમના કામમાં ઠરાવ કરવામાં આવ્યો નથી. તેમને શાક્ષી તરીકે બોલાવો છો, જેને તેના દોષીત અગર નીરદોશપણા ઉપર ઠરાવ કરવાનો છે તેમની આગળ જે કામની હકીકત તેણે કહેલી તે હકીકત તમે સાંભળો છો તેથી એમ કરીને તે શાક્ષી સાચુ કહેશે કે નહીં એવો એક સવાલ ઉત્પન કરયો છે જે તેને તપાસમાં પોતાનો સ્વારથ હોવાથી ત્યાં કરવો જોઇએ નહીં. તેની સ્વતંત્રતા અથવા જીંદગી તેના કામમાં જે ઠરાવ કરવામાં આવે તે ઉપરથી જોખમમાં આવી પડે. અને માણસ જાતમાં એમ ધારવામાં આવતું નથી કે તેણે આવી હકીકત હોય ત્યારે ન્યાયની કોરટમાં જે સ્વારથ રહીત જુબાની આપવી જોઈએ તે આપે. માટે અમારી નજરમાં એમ આવે છે કે તે કોઇ સાધારણ ગેરશીરસ્તાપણું છે એટલુંજ નહીં પણ ભારે ગેરશીરસ્તાપણું છે. અને આ બાબતમાં એમ અમારી મેળે કહીએ છીએ 'એટલુંજ નહીં પણ અમારા ભાઇ મી૰ જસ્ટીશ બીવરલી સાહેબને વાસ્તે પણ કહું છે એમ અમે ધારીએ છીએ, તેથી આવી તપાસોમાં હવેથી જડજોને માજીસ્ટ્રેટો આ ગેરશીરસ્તા અને ઘણી હરકત કરવા લાયક રીવાજ છે તે છોડી દેશે એવી અમે આશા રાખીએ છીએ. આવી જાતના કામોમાં તેઓ કરી શકે છે તે એ છે કે તેઓ તે કામની તપાસ કરે અને તેમાં ઠરાવ કરે. અને તે કામમાં ઠરાવ કરીને તોહોમતવાળાઓ જેમનો તે તપાસમાં સ્વારથ પુરો થયો હોત તેમના ઉપર ગુન્હાની સાબેતીનો ઠરાવ કરી શકે અગર નીરદોશ ઠરાવે પછીથી તેઓને શાક્ષી તરીકે બોલાવી શકાય. અને બીજા કામમાં જુબાની લેવાય. અને ત્યારે જે પુંરાવો આપવાને તેમને બોલાવવામાં આવેલા છે તેમાં એ લોકો પોતાના સ્વારથ રહીત જુબાની આપવાને શકતીવાન થશે.

ઉપર કહેલાં કારણોને વાસ્તે અમારી નજરમાં એમ આવે છે કે આ ગેરશીરસ્તાપણું ઘણું હરકત લેવા લાયક છે; અને અમે આશા રા

ધારીએ છીએ કે તે છોડી દેવામાં આવશે. પણ એ ગેરશીરસ્તાપણું જે-થી અમારે ઠરાવ રદ્દ કરવો પડે અને નવી તપાસનો હુકમ કરવો પડે એ જુદી વાત છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૭ માં એમ કહેલું છે કે તપાસમાં ગેરઇનસાફ થએલો છે. તેવો કોર્ટ નીશ્ચય કરયા શીવાય "તે ગેરશીરસ્તા" પણાને વાસ્તે તપાસ રદ્દ કરવામાં આવતી નથી, તેથી તપાસને રદ્દ કરતાં પહેલાં ગેરશીરસ્તાપણાથી ખરી વાત માલમ પડતી નથી અથવા તો માલમ પડશે નહી એવો ભય છે. એમ બતાવવું જોઇએ, પણ આ કામમાં તો એમાંનું કશું નથી. જેવી રીતે અમે ઉપર કહી ગએલા છીએ તે પ્રમાણે આ ગેરશીરસ્તેપણું કેમ હરકત કરવા લાયક છે એનું કારણ એજ છે કે માણસોને પોતાના પક્ષમાં પુરાવો વધારીને આપવાને લલચાવે છે. આ કામમાં તેઓએ પુરાવો આપ્યો છે અને માણસો જે રીતસર હરકત કરે છે તે જેઓએ પૂરાવો ખરી રીતે આપ્યો છે તેછે. તે માણસોએ તેઓના પક્ષમાં પુરાવો મજબુતાઇથી આપવાથી હરકત થઇ હોય એમ કહેવાય નહીં. બીજા તોહોમતવાળાઓને ગમેતે રીતે લાગતું વળગતું નહોતું. તેથી તોહોમતવાળાઓને ગેર ફાયદો થાય એવું નુકશાન કારક બતાવવામાં આવ્યું નથી એમ અમે ધારીએ છીએ. એમ હોવાને લીધે ખરી વાત છે તોપણ તે તપાસ ગેરશીરસ્તે છે તો, અમે એમ ધારીએ છીએ કે તે ગેરશીરસ્તાપણું તે કલમથી દુરસ્ત થયું છે અને તે ગુનાહની શાબેતીના ઠરાવની વચમાં અમે પડતા નથી. તેથી તે કારણને લીધે અમે એ ઠરાવ રદ્દ કરીએ છીયે.

તોપણ શીક્ષા જોઇને અમારી નજરમાં આવે છે કે કેદની શીક્ષાનો હુકમ વધારામાં દંડ શીવાય જોઇએ એટલી છે. તેટલા માટે અમે શીક્ષાનો હુકમ જ્યાં સુધી કેદના હુકમને લગતો છે એટલો અમે મંજુર રાખીએ છીએ અને દંડ પાછો અપાવીએ છીએ.

ઠરાવ રંદ કરવામાં આવ્યો.

તા૦ ૧૬ માર્ચ સને ૧૮૮૭

સર કોમર ડબલ્યુ પેથીરામ નાઇટ ચીફ જસ્ટીસ, અને મી૦ જસ્ટીસ કનીંગહામ સાહેબોની રૂબરૂ,

સદોવાના કારખાનાના વહિવટદાર રીડ (અરજદાર) વી. રાજપુરના કારખાનાના વહીવટદાર રીચર્ડસન (સામાવાળા)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ આક્ટ ૧૦ ની કલમ ૧૪૫—ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે

ચલાવેલા કામ ઉપરથી કલમ ૧૪૬ મી પ્રમાણે કરેલો હુકમ—ફરી તપા-
ની કોરટનો અખત્યાર.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે હુકમ કરવા
માં આવેલો હોય પરંતુ કલમ ૧૪૬ મી પ્રમાણે યોગ્ય રીતે હુકમ કરવો
જોઇતો હોય તો, જે હુકમ નીચેની કોરટે કરવો જોઇતો હતો તે હાયકોર
ટ ફરી તપાસમાં કરી શકે છે.

જે કામમાં હાય કોરટે તમામ પુરાવનો વીચાર કરેલો છે તે રાજા
બાબુ વી૦ મદનમોહનલાલના કામનો ઠરાવ સમજાવવામાં આવ્યો.

પાનું ૩૬૧   સદોવા અને રાજપૂરના કારખાનાની વચમાની હદ સ
બંધી તકરાર થએલી તે ઉપરથી અસલ આ કામ ઉતપ
ન થએલું છે. તપાસ કરયા પછી પોલીસે એવો રીપોટ કરયો કે ફોજ
દારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે કામ ચ-
લાવવાની જરૂર છે, તેથી સુલેહની ધાસ્તી છે.

સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવી ખાત્રી કરીને માજીસ્ટ્રેટે પ-
ક્ષકારો ઉપર પોતાની રૂબરૂ હાજર થવું અને એવું કહેલું હતું કે અમુક
"દેઆરા" ની ખેડેલી જમીનના ઉતરના ભાગમાં અમુક "બોરારી" જ
મીન સદોવાના કારખાનાના કબજામાં છે કે રાજપુરના કારખાનાના કબ-
જામાં છે તે વીશે શવાલ ઉતપન થએલો છે. બેઉ બાજુનો પુરાવ સાંભ
ળીને તેમણે ઠરાવ્યું કે તકરારી જમીનનો કબજો સાબેત કરવાને
સદોવાના કારખાના તરફથી નીશફળ જવામાં આવેલુંછે, અને રાજપુરના
કારખાનાનો કબજો છે, માટે યોગ્ય કોરટના હુકમથી તેમનો કબજો છોડા
વવામાં આવે ત્યાંહાં સુધી તે કબજો રાજપુરના કારખાનાએ રાખવો.

આ ઉપરથી શદોવાના કારખાનાના વહીવટદારે હાયકોરટમાં અરજ
કરી રાજપુર કારખાનાના વહીવટદાર ઉપર એવો હુકમ કરાવ્યો કે માજી
સ્ટ્રેટનો સદરહુ હુકમ શાવાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ
બતાવવું.

સુનાવણી વખતે તે કામનો તમામ પુરાવ જોઇને તથા તેનો વીચાર
કરીને કોરટે એવો હુકમ કરેલો છે કે જો કે કબજા બાબત અગત્યના
સાક્ષીને તપાસવાને અરજ કરવામાં આવી હતી. તોપણ તેને તપાસવામાં
આવેલો નથી અને કબજાનો પુરાવ ઘણોજ અશતોશ કારક છે. અને
તેથી કબજા બાબતના મુદા વીશે યોગ્ય તપાસ થએલી નથી. અને ફો.
કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે કામ ચલાવી તે પ્રક્ષ-
કારોએ પોતાની મીલકતની હદ બાબત ઠરાવ કરાવવાને પ્રયત્ન કરેલો છે.
માટે જે કારણોથી આ હુકમ મેળવવામાં આવેલો તથા તે વીશે કાંઇશીલે

તકરારો કરેલી તે બતાવવામાં આવી નથી.

મી૦ વુડરૂફે તથા કામ ચલાઉ સ્ટાંડીંગ કાંઉશીલે (મી૦ બોનરજી) કારણ બતાવ્યું.

આડવોકેટ જનરલ (મી૦ પાલ) અને મી૦ પૂગે તે હુકમને પુષ્ટી કરી કોરટનો ફેંસલો જષ્ટીશ કનીગ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

આ કામની હકીકતનો ઘણી લંબાણથી અમે વીચાર કરેલો છે અને ફરી તપાસના કામોમાં કોરટે જે સામાન્ય નીયમ ઠરાવ્યોછે તેથી જુદા પડી અમે એવો વીચાર કરેલો છે કે કામના તમામ પુરાવ ઉપરથી કબજા વીશે તમામ હકીકત જે જણાતી હોય તે અમારા જાણવામાં આવે તે હેતુથી તમામ પુરાવ જોવો એ દુરસ્ત છે. વળી આવા કામોમાં જે હકીકત હમેસાં અમારી રૂબરૂ આવે છે તે અમે લક્ષમાં રાખેલી છે. તે હકીકત એ છે કે ફો. કા. ચ. ની રીતોના કાયદાની કલમ ૧૪૫ નો અશલ ઇરાદો તદ્દન જુદી બાબતનો છે અને તેથી જેના લાભમાં તેનો ઉપીયોગ કરવામાં આવે તેને ઊમેદ રાખવામાં આવેલી ના હોય તેવો ગેરવ્યાજબી પરીણામ થાય છે, એટલે ખરી રીતે કાંઇક ઘાસની તકરાર હોય તે તકરારને મોટી બે જાગીરોની હદ બાબત ન્યાયની રૂઇએ ઠરાવ કરવાને અગત્યની હકીકત કરવામાં આવી એમ થાય છે તેવી સદરહુ કલમ ૧૪૫ આ કામમાં પક્ષકારોની વચે લાગુ કરવામાં આવી છે. આ હકીકત અમે ઘણુ નાપસંદ પાડીએ છીએ અને જેમ બને તેમ ના થાય એમ આ કોરટનો હેતુ છે. અને આ કામમાં ઠરાવ ગમે તે તરફ થાય તોપણ તેથી ઘણું દરજે આ અશર થાય એમ ગણવામાં આવે છે. માટે ઘણી જ બારીકાઇથી જે કાયદેસર કારણ ઉપર આ ઠરાવનો આધાર છે. તે કારણોનો તથા જે પુરાવ ઉપરથી માજીસ્રેટે ઠરાવ કરેલો છે તે જોઇએ તેટલો છે કે નહી તે બારીકાઇથી જોવાને અમને જરૂર લાગે છે.

રાજા બાબુ વી૦ મદનમોહનલાલના કામનો ઠરાવ થોડી મુદત ઉપર થયેલો છે તે તથા તે પ્રસંગે ચીફ જષ્ટીશ સાહેબે જે વીચારો બતાવેલા છે તે બતાવી અમારી રૂબરૂ મી૦ બોનરજીએ તકરાર કરી છે કે નીચેની કોરટનો ઠરાવ વ્યાજબી રાહે થવાને કાંઈ પુરાવ છે કે નહી. તે શીવાય બીજો કાંઇ ઠરાવ કરવાને અમને અખ્તીઆર નથી. માટે આ કામની વ્યવસ્થા કરતાં પહેલાં તે વીચારનો ખરો હેતુ બતાવવાને અમે દુરસ્ત ધારીએ છીએ. તે વખતે કોરટની રૂબરૂ જે શવાલ હતો તે હાલ અમારી રૂબરૂ જેવો શવાલ છે તે નહી હતો. પરંતુ તે એવો હતો કે હકના સવાલ વીશે નીચેની કોરટે ઘણું ધ્યાન આપેલું છે. તેથી નીચેની કોરટનો ઠરાવ નાબુદ થાય છે કે નહી. ફરી તપાસના કામોમાં આ

કોરટની સામાન્ય કામ ચલાવવાની રીતી પ્રમાણે હકીકતના ઠરાવ સબંધી તે કામમાં વીચાર કરવામાં આવ્યો હતો તેથી જો અમારી નજરમાં ત મામ પુરાવનો વીચાર કરવો દુરસ્ત જણાતો હોય તો ફરી તપાસના અખ્તીઆર પ્રમાણે અમને તે વીચાર કરવાનો અખ્તીઆર છે તેમાં કાંઇ ફેરફાર થતુ નથી એમ અમારા વીચારમાં આવે છે.

જે તમામ પુરાવ ઉપરથી માજીસ્ત્રેટે પોતાના ઠરાવનો આધાર રાખેલો છે તેનો વીગતવાર વીચાર કરવાને અમે કહેતા નથી. હકુમતના સવા લ સબંધીમાં માજીસ્ત્રેટને તે તપાસ કરવાની હકુમત મળે એવાં કાંઇ કારણો છે કે નહી એ વીશે ઘણીવાર સુધી અમને કેટલીક આનાકાની લા ગી હતી. પ્રથમ તકરાર થવાનો સભવ છે એવું બતાવવાને એક ફરીયાદ થએલી એ નક્કી છે. તે ફરીઆદ ઉપરથી પોલીશને તપાસ કરવાને હુકમ કરવામાં આવેલો તે ઉપરથી પોલીશે જે રીપોટ કરેલો છે તેમાં જો કે કલમ ૧૪૫ પ્રમાણે માજીસ્ત્રેટને હકુમત મળે એવી જરૂરીયાત તકરાર થવાનો સંભવ છે એવું માલમ પડે તેવાં કારણો રીતી પુરવક બતાવવામાં આવેલાં નથી તોપણ અમારી નજરમાં આવે છે કે તમામ વાતનો વીચાર કરતાં તે કલમ પ્રમાણે માજીસ્ત્રેટને તે હકુમત મળે તે સારૂ તે રીપોટ બસ છે એવું માનવું જોઈએ.

હવે કબજા બાબતના પુરાવનો અમે વીચાર કરીએ છીએ. હવે જો કે આ પુરાવ જથામાં ઘણોજ છે તોપણ અમારા મનમાં તે ઘણોજ અસંતોષ કારક છે. તે વીશે સારામાં સારો વીચાર અમે જે કરી શકીએ તે કરેલો છે તોપણ તપાસમાં જુદી જુદી હકીકતો માલમ પડે છે તે જીતી શકાય તેવી નથી તેથી માજીસ્ત્રેટે જે નીશ્ચય કરેલો છે તે ના વ્યાજબીપણા બાબત અમને ઘણુંજ અંદેશા ભરેલું લાગે છે. અને તેમાં વીશેષે કરીને ઘણોજ અગત્યનો સાક્ષી તપાસમાં છોડી દીધેલો છે તે છે. હાલ જેવું પ્રોસીડીગ છે તે ઉપરથી અમે એમ વીચાર કરી શકતા નથી કે કોઇ રીતે સતોશકારક અગર જ્યારે અમારી રૂબરૂ તે સાક્ષીની જુબાની ઘણી મુદ્દાની છે તેમ છતાં તેને કોરટની રૂબરૂ બોલાવવાને પેહેલી ટોળીએ માગ્યા છતાં બોલાવવામાં આવેલો નહી હતો. એવી હકીકત છે ત્યારે અગત્યના મુદ્દાની યોગ્ય તપાસ જેવી થવી જોઇએ તેવી કોઇ રીતે થએલી નથી.

આ કામમાં જે કોરટ તપાસ કરે છે તેમને એકાદી દીવાની કોરટ તપાસ કરે તેમને જરૂર છે તેવી જરૂર નથી, અગર સામાન્ય રીતના ફોજદારી કામોમાં નીશ્ચય કરવાની જેવી જરૂર છે તેવી જરૂર નથી. કાયદા કરનારનો હેતુ એવો છે કે ડીપોટી માજીસ્ત્રેટ જેવો અધીકાર

દીવાની સહાનું કામ ચલાવવાને અંજાણ્યો હોય છે એમ અનુંમાન થાય છે. અને તે ખરી રીતે ફોજદારી અધીકારી છે. માટે એમ કહેવું દુરસ્ત થાય કે કામની હકીકત ઉપરથી તેઉ નીશ્ચય કરી શકે નહી અને આ કામની હકીકત જોતાં તથા પુરાવ એક બીજા વીરૂધ છે તે જોતાં તથા જુદી જુદી બીજી હકીકતો જે માજીસ્ટ્રેટની રૂબરૂ હતી તે જોતાં અમારી નજરમાં આવે છે કે તે માજીસ્ટ્રેટે કબજા બાબત કાંઇ ઠરાવ નહી કરતાં કલમ ૧૪૬ પ્રમાણે હુકમ કરવાને કાયદા પ્રમાણે છુટ લીધી હોતતો તેમણે ડાહાપણ અને યોગ્ય રીતે કર્યું થાત. અને ફરી તપાસમાં નીચેની કોરટે જે હુકમ કરવો જોઇએ તે હુકમ કરવાને આમને સતા છે. માટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે જે હુકમ કરેલો છે તે ફેરાવી તે કાયદાની કલમ ૧૪૬ પ્રમાણે અમે હુકમ કરીએ છીએ. અને ફરમાવીએ છીએ કે આ કામના પક્ષકારો યોગ્ય દીવાની કોરટથી હકનો ઠરાવ કરાવી લાવે અગર તકરારી મીલકતનો કબજો લેવાનો તે સખસ ઠરાવ કરાવી લાવે ત્યાં સુધી તે તકરારી મીલકત માજીસ્ટ્રેટ જપ્ત રાખવી.

હુકમમાં ફેરફાર કરવામાં આવ્યો.

ફુલબેંચ.

તા૦ ૪ જાન્યુઆરી તથા તા૦ ૪ જુન સને ૧૮૮૭

શર. ડબલ્યું. કોમર પેથીરામ નાઇટ ચીફ જસ્ટીશ, મી૦ જસ્ટીશ વીલસન, મી૦ જસ્ટીશ પીટનહામ. મી૦ જસ્ટીશ નોરીશ, અને મી૦ જસ્ટીશ, ગોઝ સાહેબોની રૂબરૂ.

હરપ્રાન માઇતી (અપીલવાળા) વી૦ મહારાણી કેશરેહીંદ, (અપીલના પ્રતીવાદી)

જુઠો દસ્તાવેજ—ઇરાદો—પીનલકોડની કલમ ૪૬૬

ન્યાયની કોરટને ઠગવાને સારૂ એકાદો દસ્તાવેજ કરવામાં આવેલો હોય તો તે કારણસર તે વાપરવાના ઇરાદાથી કરવામાં આવેલો થાય છે.

માટે એકાદા સખસે બીજા સખશની વીનંતી ઉપરથી તેને ફશાવવાને મોકલી ડીપોટી કલેકટરની સહીને શીકાની એક નોટીશ જુઠી બનાવી અને તેને કહેવામાં આવ્યું હતું કે એક દાવો ચાલુ છે (ખરી રીતે તે દાવો ચાલતો નહીં હતો.) તો તે જુઠો દસ્તાવેજ બનાવ્યાનો ગુનેહગાર થાય છે. અને તે દસ્તાવેજ જે સખશે જુઠો બનાવ્યો તે સખશ શીવાય બીજા કોઇ સખશના મનમાં તે કપટથી વાપરવાનો ઇરાદો હતો એવું હોવું જોઇએ એમ જરૂર નથી.

પાંનું ૫૧૩ એક શેશન કોરટ આસેસરોની સાથે કામ ચલાવ તા હતા તેમની રૂબરૂ તે હરધાન માઈતીના ઉપર પીનલકોડની કલમ ૪૬૬ પ્રમાણે એવો આરોપ રાખવામાં આવ્યો હતો કે સરકારી નોકરે પોતાના સરકારી હોદાની રૂઇએ દસ્તાવેજ લખેલો હોય તેવોજ જુઠો દસ્તાવેજ બનાવ્યો. તથા પીનલકોડની કલમ ૧૦૯ અને ૪૬૬ પ્રમાણે તે જુઠા દસ્તાવેજના ગુનહામાં મસલત કરી મદદ કરીછે.

કામની હકીકત એવી છે કે આગળથી રચેલી ગોઠવણ પ્રમાણે એક પોલીશના સબ ઇનસપેકટરે મસલાનદીન નામના કાંનસટેબલને વેશ ધારણ કરાવી હરધાનને ઘેર મોકલ્યો. એવું કહીને કે તે હરધાનને (જેનો જુઠા દસ્તાવેજો બનાવવાનો ધંધો કહેવામાં આવેલો છે.) સમજાવવો. અને ડીપુટી કલેકટરની ઓફીસમાંથી અમુક નોટીશ કાહાડવામાં આવેલી હોય તેવી એક નોટીશ બનાવરાવવી. તેથી તે હુકમ પ્રમાણે મસલાનદીન ડીપુટી કલેકટરની ઓફીસમાંથી એક મનું ઉપર અસલ નોટીશ કાહાડવામાં આવેલી એ સાથે લેઇને હરધાનને ઘેર ગયો. અને માહારી તથા એક રઇયતની વચમાં એક દાવો ચાલે છે (જે દાવો ખરી રીતે ચાલતો નહી હતો) તે દાવાના કારણસર નોટીશની મારે જરૂર છે, માટે તેણે પોતાના નામથી નોટીશ બનાવવાની મરજી બતાવી. અને એવી ગોઠવણ કરી કે તે જુઠી નોટીશ તઇયાર કરી બીજે દીવશે આપવી જોઇએ. અને તે કામને સારૂ તેને રૂ ૨૫) આપવામાં આવશે. બીજે દીવશે તે રૂપીઆ આપવામાં આવ્યા. તેમાથી કેટલાક ઉપર પેહેલેથી નીશાંન કરવામાં આવ્યાં હતાં. અને તે આપેલી રકમ હરધાને પોતાના બાપને આપેલી હતી. અને હરધાનના ઘરની જડતી લેતાં અશલ નોટીશના મુસદાના કાગળ માલમ પડયા તે તપાસમાં તે કેદીએ કાંઇ પુરાવ રજુ કરયો નથી. જડજે આશેશરો સાથે મળતા આવી પીનલકોડની કલમ ૪૬૬ પ્રમાણેના ગુનહાનો હરધાનને ગુનેહગાર ઠરાવી તેને સાત વરશ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરી.

તે કેદીએ હાયકોરટમાં અપીલ કરી. આ કામ ચીફ જષ્ટીશ સર કોમર પેથેરામ અને મી૦ જષ્ટીશ ગોઝ સાહેબોની રૂબરૂ આવતાં તેઉ સાહેબોને ઉપર પ્રમાણે હકીકત માલમ પડી પરંતુ તે હકીકત ઉપરથી તે કેદીને ગુનેહગાર ઠરાવી શકાય કે નહી એ વીશે અંદેશો રાખી એ વીશેનો સવાલ ફુલબેંચને પુછયો.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસર (મી૦ કીલબી.)

તોહોમતવાળાને મુનશફની સહી અને ઠીકાના દસ્તાવેજની નકલ કરવાને નાણાં મળેલાં છે અને જે સખસે તેને નાણાં આપ્યાં તે સખસ-

ના લાભમાં નુકમનામું થાય તે કારણુસર તે દસ્તાવેજ ઉપયોગમાં લઇ શ કાય એવી હકીકત હતી માટે તે ઉપરથી જણાય છે કે તે દસ્તાવેજ પીનલકોડની કલમ ૪૬૪ ની વાખ્યા પ્રમાણે જુઠો બનાવેલો છે અને આવો દસ્તાવેજ કરવો તે કલમ ૪૬૩ ના અર્થ પ્રમાણે જુઠો બનાવટનો દસ્તાવેજ છે કારણ કે કપટ કરી શકાય તે ઇરાદાથી કરવામાં આવેલો છે. તે દસ્તાવેજ કરવામાં આવ્યો અને કપટ ભરેલો ઇરાદો હતો તેથી તે ગુ-નહો થએલો છે. જે સખસે તોહોમતવાળાને તે દસ્તાવેજ કરવાને સારૂ નાણાં આપ્યા.તે સખસનો કપટથી તે દસ્તાવેજ વાપરવાનો ઇરાદો નહી હ-તો તેથી તે તોહોમતવાળાને કાંઇ અશર થતો નથી. અને કાયદામાં તેના ઇરાદા સબંધી ફક્ત બતાવેલું છે અને તેનો ઇરાદો કપટ ભરેલો હતો. એ વીશે કાંઇ શક નથી. હું અરજ કરૂછું કે જે કામમાં ઇરાદો સ્પષ્ટ હોય તે કામમાં કપટ થઇ શક એવી કાયદા પ્રમાણે જરૂર નથી. માહારાણી વીરૂધ ટીટલેના કામમાં એક ઓરતને ગર્ભપાત કરવા સારૂ અમુક અઉષધી આપવામાં આવેલી હતી તેમાં ઠરાવવામાં આવ્યુ છે કે જો કે તે ઓરતની તે અઉશધી વાપરે તેવી જરૂરીઆત સ્થીતી નહી હતી અને તેણીનો તે વાપરવાનો ઇરાદો પણ નહી હતો. પરંતુ તોહોમતવાળાને ફસાવવાને પોલીસે તેણીની પાશે તે કરાવેલુ હતું તોપણ તોહોમતવાળાએ તે અઉશધી તે પ્રમાણે વપરાય એવા ઇરાદાથી વેચેલી છે માટે તે ગુનેહગાર છે.—આર વીરૂધ નાસનના કામમાં જસ્ટીસ મોલ સાહેબે કહયું છે કે કોઈ અમુક સખસને ઠગવાનો ઇરાદો બનાવવાની જરૂર નથી. અને આર વીરૂધ હોલડન તથા આર વીરૂધ માર્કસના કામમાં કોઇ સખસ ઠગી શ-કાય તેવું નહી હતું.

કેદી તરફથી કોઇ હાજર થયું નથી.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીસ પેથેરામ સાહેબે નીચેપ્રમાણે આપ્યો.

આ હરધાન માઇતીના કામમાં અમને તથા મી० જસ્ટીશ ગોઝને ગુનહાની સાબેતીના કાયદેસર પણા વીશે શક હતો. કારણ કે જેવી હકીકત માલમ પડેલી છે તેવી હકીકત ઉપરથી ગુનહોં બનેલો છે કે નહી એ વીશે શવાલ ઉતપન થાય એમ અમને લાગ્યું હતું. જે હકીકત આસેસરો તથા જડજે પોતાને માલમ પડેલી બતાવેલી છે. તથા તે ઉપરથી તેમણે જે નીશ્ચે કરેલો છે. તે સાચો છે એ વીસે અમને કાંઈ શક હતો એમ અમારી નજરમાં આવતું નથી. ફક્ત શક અમને એવો લાગ્યે હતો કે તે હકીકત ઉપરથી ગુનહો થાય છે કે નહીં.

કામની હકીકત એવીછે કે એકાદા શેહેરમાં રેહેનાર એક સખસ ઉપર એવો અંદેશો હતો કે તેનો ધંધો જુઠા દસ્તાવેજ બનાવવાનો છે તે

ચી જડજની કોરટના શીરસ્તેદારે તથા પોલીશે તેને પકડવાને ગોઠવણ કરી અને તે ગોઠવણુ તેને પકડવાની એવી કરી કે તેઓ તેને ઘેર એક નોટીસ લઇ ગયા કે જે નોટીસ એક દાવામાં વાપરવામાં આવી હતી. અને તેને કહ્યું કે તે નોટીસ જેવી એક નોટીસ કરવી. એટલે તેના નમુના પ્રમાણે બરોબર એક નકલ કરવી અને ફક્ત એક અગર બે નામોનો ફેરફાર કરવો. અને તેઓએ તેને કહ્યું કે અમારો હેતુ એ નકલ કરાવવાનો એવો છે કે કોરટને ઠગબાના કારણુસર અમુક કામમાં તેનો ઉપયોગ કરવો છે. આ પ્રમાણે તેને તે દસ્તાવેજ જુઠો બનાવવાને અગર તેના સમજવા પ્રમાણે કોરટને ઠગવાને તે વાપરવાનો છે. માટે તે તઇયાર કરવાને તેને નાખ્યો.

જે સખસોએ આ દસ્તાવેજ તઇયાર કરવાને તે કેદીને રાખેલો તે સખસો ખરી રીતના દાવામાં જો પક્ષકારો હોત, અને તે દાવામાં કોરટને તેઓ ઠગી શકે તે કારણુસર તે દસ્તાવેજ તૈયાર કરાવવા તેઓ તેની પાસે ગયા હોય, અને તે પ્રમાણે ઉપીયોગમાં લાવવા સારૂ તેણે તે દસ્તાવેજ કરયો હોતતો, તે જુઠો દસ્તાવેજ બનાવ્યાનો ગુન્હેગાર થાત. એ સંપુર્ણુ રીતે ખુલ્લું છે. પરંતુ અમને એવો શક હતો કે જ્યારે તે દસ્તાવેજનો બીલકુલ ઉપયોગ કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો ના હોય અને તે ઉપરથી કાંઈ બનાવવામાં આવેલું નાં હોય તો તે સખસ તે દસ્તાવેજ જુઠો બનાવ્યાનો ગુન્હેગાર થઇ શકે છે કે નહીં એટલે જે સખસ બીજાનો આ દસ્તાવેજ કરવાને એજંટ હતો તેને તે કારણુસર નીમવામાં આવ્યો તે વખતે તે મુખ્યનો આવો ઇરાદો નહીં હતો તો તે દસ્તાવેજનો ઘાતકી ઇરાદો હતો કે નહીં. આવો શક પડવાથી અમે એવો ઠરાવ કરયો હતો કે તે કામનો વીચાર પાંચ જડજોની રૂબરૂ થાય તો વધારે સારૂં છે, કારણુ કે તેથી તે વીશે વીચાર થઇ શકે અને હમેશને માટે એક વખત તેનો નીરણય થાય, અને તે સવાલનો વીચાર કરતાં અમારા બધાઓનો એવો નીશ્ચે થએલો છે કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ આલવાને તે હકીકત બસ છે, અને અમે માહારાણી વીરૂધ હીલમેનના ઠરાવ ઉપર આધાર રાખીએ છીએ. તે કામમાં કેદી ઉપર એવો આરોપ રાખવામાં આવ્યો હતો કે એક ઓરતને ગર્ભપાત કરવા સારૂં કાંઈ ઇજા કારક ઔષધી આપેલી છે. હકીકત એવી શાબેત થએલી હતી કે તેણે એક ઔષધી આપી હતી તેનો અશર એવો હતો કે જો ગર્ભવંતી ઓરતે તે ખાધી હોત તો, ગર્ભપાત થાત. પરંતુ તે ઔષધી જે સખશનો હેતુ તે કેદીને ફસાવવાને તેણે ખરીદ કરેલી હતી અને ગર્ભપાત કરવાનો ઇરાદો હોય એવી ગર્ભવંતી કોઇ ઓરત નહીં હતી. તે કામમાં એવોજ સવાલ

ઉત્પન્ન થયો હતો કે જ્યારે ગર્ભપાત કરવાનો ઇરાદો નહીં હતો, ત્યારે ગર્ભપાત કરવાને સારૂં તે ઔષધી આપવાથી ગુન્હો બનેલો છે કે નહીં. તે કામમાં તે વખતની "કામન પ્લીઝ" ચીફ જસ્ટીશ સર. વીલીયમ અર્લ સાહેબ કે જેમના કરતાં વધારે સારા જડજ ઇંગરેજી બેંચ ઉપર બીરાજેલા નથી તેમણે કોરટનો ફેંસલો આપેલો હતો. તેમણે એવું કહ્યું છે કેઃ—"તોહોમતવાળા શીવાય બીજા કોઇ સખસના ઇરાદાની તે ગુન્હો શીક્ષાને પાત્ર ઠરાવવાને આ સ્ટાટયુટ (વીક ૨૪ અને ૨૫ બાબ ૧૦૦ ની કલમ ૫૮) પ્રમાણે જરૂર છે કે નહીં. અમારા બધાના અભીપ્રાયમાં આવે છે કે તે સવાલનો જવાબ નાકારમાં દેવો જોઇએ, તે સ્ટાટયુટમાં એવું ઠરાવેલું છે કે ગર્ભપાત કરવાને ઉપયોગમાં લેવાના ઇરાદાથી કાંઇ પદાર્થ આપવો નહીં, આ કામમાં તે કેદીએ તે પદાર્થ આપેલો છે; અને ગર્ભપાત કરવાને સારૂં તેનો ઉપયોગ કરવો એવો તેણે ઈરાદો રાખેલો છે. તે પ્રમાણે તેનો ઉપયોગ કરવો જોઇએ, એવા પોતાના ઇરાદાની તેને પોતાને માહેતી હતી, તેથી સ્ટાટયુટના શબ્દોનો અમે અર્થ કરીએ છીએ તે પ્રમાણે તે શબ્દોમાં તેનો સમાસ થાય છે. વળી અમારા અભીપ્રાય પ્રમાણે તેનો તે સ્ટાટયુટના નુકશાનમાં સમાસ થાયછે, માટે તેને ગુન્હેગાર ઠરાવવો જોઇએ."

તે કામ તદન આ કામના જેવું છે એમ અમને જણાય છે. કારણ કે સર વુલીયમ અર્લ સાહેબે કહ્યું છે કે તે ઔષધી ગર્ભપાત કરવાને સારૂં મેળવવામાં આવેલી હતી એટલે ગર્ભપાત મેળવવાના ઇરાદાથી તે આપવામાં આવેલી હતો, એમ થયું થાય છે. આ અમુક દસ્તાવેજ જે અમારી રૂબરૂ છે તે કોરટને ઠગવાને સારૂં કરવામાં આવેલો હતો અને તેટલાજ કારણસર તે કરવામાં આવેલો હતો માટે જે કારણથી બીજા કામમાં ગુન્હો કરયો ઠરાવવામાં આવેલો તેજ કારણથી અમે કહીશકીએ છીએ કે આ દસ્તાવેજ તે કારણસર વાપરવાના ઇરાદાથી કરવામાં આવેલો હતો માટે અમારી નજરમાં આવે છે કે તે ગુન્હો કરવામાં આવેલો હતો. અને તે કેદીએ તેજ સ્ટાટયુટના ઠરાવ પ્રમાણે અપકૃત્ય કરેલું છે અને જડજ તથા આશેસરોને જે હકીકત માલમ પડેલી છે, તે બરોબર માલમ પડેલી છે, એ વીશે અમને કાંઇ શક લાગતો નથી. સબબ અમે ગુન્હાની શાબેતીનો ઠરાવ મંજુર રાખી અપીલ કાહાડી નાંખીએ છીએ.

અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી રેફરંસ.

તા૦ ૨૧ એપ્રીલ સને ૧૮૮૭.

મી૦ જસ્ટીસ તોટનહામ અને મી૦ ગોઝ સાહેબોની રૂબરૂ.

ફેકુમાયો વીરૂદ્ધ કેસરેહીંદ.

કબુલત—તોહોમતવાળાની કબુલત—કબુલત પુરાવમાં દાખલ કરવી—સવાલ અને જવાબ—માજીસ્ટ્રેટે ઇંગરેજીમાં કરેલી નોંધ—ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૮૨ના આક્ટ ૧૦) ની કલમ ૧૬૪, ૩૬૪, અને ૫૩૩.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૬૪ ની રકમ ૩ માં જે ઇંગરેજી નોંધ બતાવેલી છે તે કલમ ૧૬૪ પ્રમાણે લખી લીધેલી કબુલતોની બાબતમાં કરવાની જરૂર નથી. કારણ કે તે કલમના ઠરાવ પ્રમાણે જે રીતીએ કબુલત લખી લેવાની છે તે રીતી સંપુરણ રીતે કલમ ૩૬૪ ની રકમ ૧ લી અનેફુબીજીમાં બતાવવામાં આવેલો છે.

ડેપ્યુટી માજીસ્ટ્રેટના એક કલારક પોલીશની તપાસ ચાલતી હતી તે દરમીયાનમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૬૪ ના ઠરાવ પ્રમાણે તોહોમતવાળાની એક કબુલત લખી લીધી હતી. કલમ ૩૬૪ માં બતાવેલા પ્રકારની કાંઇ અંગરેજી નોંધ ડેપ્યુટી માજીસ્ટ્રેટે કરી નથી. વળી ડીપુટી માજીસ્ટ્રેટની રૂબરૂ તે કામ ચાલતું હતું તે દરમ્યાનમાં કલમ ૩૬૪ પ્રમાણે તે કબુલત લખી લીધેલા છે. બેઉ કબુલતો હકીકત રૂપે લખી લેવામાં આવી હતી અને સવાલ અને જવાબ તરાકે લખી લેવામાં આવી નહીં હતી. શેશન જડજની રૂબરૂ તપાસમાં બેઉ કબુલતો પુરાવમાં દાખલ કરવામાં આવી. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૩ પ્રમાણે કાંઇ પુરાવ તોહોમતવાળાએ તે હકીકત કહેલી છે અને લખી લેવામાં આવીછે એ વીશે આપવામાં આવેલો નહીં હતો. તે કબુલતો ઉપરથીજ ફક્ત તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે તીતું માયા વીરૂધ માહારાણીના ઠરાવના આધાર પ્રમાણે સવાલ અને જવાબના રૂપમાં તે લખી લેવામાં આવેલી નથી. તેથી તોહોમતવાળાને હરકત થએલી નથી અને કલમ ૫૩૩ પ્રમાણે જડજને પુરાવ લેવાની જરૂર નહીં હતી. સબબ તે કબુલતોના આધારથી ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે કાયમ રાખવો જોઇએ.

પાનું ૫૩૯. આ કામમાં તોહોમતવાળાના ઉપર તેની બેહેન અને એક છોકરાનું ખુન કરયાનો આરોપ રાખવામાં આવેલો છે તેના વીરૂદ્ધ પૂરાવમાં બે તેણે કરેલી કબુલતો છે પેહેલી તા૦ ૨૨ નવેમ્બરના રોજ પેટા દુકડીના માજીસ્ટ્રેટની રૂબરૂ કરવામાં આવેલી છે. અને બીજી તા૦ ૧૫ મી ડીસેમ્બરના રોજ પોલીસની તપાસ ચાલતાની દરમ્યાનમાં માજીસ્ટ્રેટની રૂબરૂ કરવામાં આવેલી છે. પેહેલી કબુલત ડીપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ એક કલારક હકીકતના રૂપમાં સવાલ લખી લીધા શીવાય કાઇથી ભાશામાં લખી લીધેલી છે. અને વળી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૬૪ પ્રમાણે ઇંગરેજી નોંધ કરી અગર તે ઉપર સહી કરી માજીસ્ટ્રેટે તે સાથે નોંધ કરી લીધેલી છે. બીજી કબુલત હકીકતના રૂપમાં લખવામાં આવી છે. પરંતુ તેની સાથે જરૂરીઆત નોંધ છે. આ કામનો બીજો પુરાવ અને હકીકત આ રીપોટના કારણસર અગત્યનો નથી કારણકે સવાલ માત્ર એ છે કે એ બે કબુલતો શેશન જડજે પુરાવમાં દાખલ કરેલી છે અને તે બરોબર છે કે નહીં. તોહોમતવાળાને પોતાની બેહેનનું ખુન કરયા બાબત મોતની શીક્ષા કરેલી છે અને તેણીના નાહાની ઉંમરના છોકરાનું ખુન કરયા બાબત હયાતી શુધી સમુદ્રપારની શીક્ષા કરી છે. માટે ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૩૭૮ પ્રમાણે શેશન જડજે આ કામ હાયકોરટમાં મોકલેલું છે. વળી તોહોમતવાળાએ અપીલ કરી છે.

જે કારણોથી એવી સુચના કરવામાં આવી છે કે આ બેઉ કબુલતો પુરાવમાં દાખલ કરવા લાયક નથી તે હાયકોરટના ફેંસલામાં પુકલ રીતે બતાવેલું છે.

અપીલવાળા તરફથી કોઇ હાજર નથી.

સરકાર તરફથી મી૦ કીલબી

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

આ કામમાં બીરભુંમના શેશનજડજે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા કલમ ૩૭૪ પ્રમાણે કેદીને કરેલી શીક્ષાનો હુકમ મંજુર રાખવા સારૂ આ કામ આ કોરટને મોકલેલું છે. તે કેદીએ વળી ગુનાની સાબેતીના ઠરાવ તથા શીક્ષાના હુકમ ઉપર અપીલ કરેલી છે. તેને બે ખુન બાબત એટલે પોતાની બેહેન બસેજાનું અને તેણીના છોકરાનું ખુન કરયા બાબત ગુન્હેગાર ઠરાવેલો છે. બસેજાના ખુન બાબત મોટી શીક્ષા ફરમાવવામાં આવેલીછે અને બીજા ખુન બાબત હયાતી સુધી સમુદરપારની શીક્ષા કરેલીછે તેણે બેઉ ગુન્હાની શાબેતીના ઠરાવ ઉપરઅપીલ કરેલીછે.

અમે કહી શકીએ છીએ કે આ કામનો આધાર શેશન જડજે પુરાવામાં કબુલતો દાખલ કરેલી છે તે ઉપર છે. બે કબુલતો માજીસ્ટ્રેટની રૂબરૂ તે કેદીએ [illegible]લી હતી. પેહેલી કબુલત પોલીસની અંદર તપાસ ચાલતી હતી તે દરમીઆનમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૬૪ પ્રમાણે દેખીતી રીતે કરેલી છે. આ કબુલત ગયા નવેંબર માસની તા૦ ૨૨ મીના રોજ કરવામાં આવેલી છે, બીજી કબુલત પોલીસે તે કામ મોકલ્યા પછી માજીસ્તરેટની રૂબરૂ કેદીને તપાસવામાં આ૦યો તે દરમીઆનમાં કરવામાં આવેલી છે. આ તપાસ કલમ ૩૬૪ પ્રમાણે હતી. કલમ ૧૬૪ પ્રમાણે કરેલી તપાસ અને કબુલતમાં કેદીને પુછેલા શવાલો લખી લેવામાં આ૦વ્યા નથી એ ખામી છે. જવાબો હકીકતના રૂપમાં લખવામાં આવેલા છે. કલમ ૩૬૪ પ્રમાણેની તપાશ સબંધી બીજી કાંઇ ખામી નથી. તે વખતે માજીસ્તરેટે કેદીની તપાશ લખી લીધી તેમાં ઇંગરેજી નોંધ કરેલી છે. અને માજી૦ સરટીફીકેટ ઉપર યોગ્ય રીતે સહી કરેલી છે. કલમ ૧૬૪ પ્રમાણે લખી લીધેલી કબુલત વીશે માજીસ્તરેટે કાંઇ ઈંગરેજી નોંધ કરેલી હોય એમ અમારા જોવામાં આવતું નથી. પરંતુ તે કલમ પ્રમાણે જરૂરીઆત સરટીફીકટ યોગય રીતે લખવામાં આવેલું છે. શેશન કોરટમાં બેઉ કબુલતો પૂરાવમાં દાખલ કરવામાં આવી છે. અને ગુન્હાની સાબેતીનો ઠરાવ વીશેસે કરીને તે કબુલતો ઉપરથી કરેલો છે. હવે કલમ ૫૩૩ માં ઠરાવ્યું છે કે "કોઇ કોરટની રૂબરૂ તોહોમતવાળાની કબુલત અગર બીજી હકીકત કલમ ૧૬૪ અગર ૩૬૪ પ્રમાણે લખી લીધેલી તે પુરાવમાં રજુ કરવામાં આવે અને તે કોરટને એમ માલમ પડે કે તે કલમના ઠરાવ પ્રમાણે માજીસ્તરેટ હકીકત લખી લેઇને સંપુરણ રીતે ચાલેલા નથી. તો તે સખસને હકીકત કહેલી તે યોગ્ય રીતે લખી લેવામાં આવેલી છે સે બાબતનો તે૦કોરટે પુરાવે લેવો." કલમ ૫૩૩ પ્રમાણેના પુરાવ શીવાય કલમ ૧૬૪ પ્રમાણે લખી લીધેલી કબુલત દાખલ કરવા લાયક છે કે નહીં તે વીશે અમને થોડોકજ શક હતો. કારણ કે જે વખતે તે લખી લેવામાં આવી તે વખતની કાંઇ ઇંગ્રેજી નોધ કરવામાં આવેલી નથી. પરંતુ તે કલમ તપાસતાં તે કબુલત સબંધી એવી કાંઈ ઇંગરેજી નોધની જરૂર છે એમ અમારી નજરમાં આવતું નથી. કલમ ૧૬૪ માં ઠરાવ્યું છે કે આવી કબુલત કલમ ૩૬૪ પ્રમાણે લખી લેઇ તેમાં બતાવેલી રીતીએ સહી કરવી. કલમ ૩૬૪ માં તોહોમતવાળાની તપાસો કેવી રીતે લખી લેવી જોઇએ તે બતાવેલું છે. તે તપાસો કેવી રીતે લખી લેવી જોઇએ. તે શદરહુ કલમની પેહેલી અને બીજી રકમમાં

સંપુર્ણ રીતે બતાવેલું છે એમ અમને જણાય છે. ઇંગરેજી નોંધ કરવાનો ઠરાવ ત્રીજી રકમમાં છે. તે રકમમાં ઠરાવ્યું છે કે જો કોર્ટ ઇંગરેજી ભાશાથી જોઇતી રીતે વાકેફ હોય તો માજીસ્ટ્રેટ તે નોંધ ઇંગરેજીમાં કરવાને અગર કોર્ટની ભાશામાં કરવાને બંધાએલા છે. અને તે નોંધ માજીસ્ટ્રેટે અથવા જડજે પોતાના હાથથી લખી તે ઉપર સહી કરવી અને કામના કાગળો સાથે રાખવી. આ ઉપરથી જણાય છે કે તે નોંધ તે તપાસમાં ભાગ નથી. જે પુરાવમાં દાખલ કરવામાં આવેલું છે તે કલમ ૩૬૪ ની ૧ લી અને ૨ જી રકમમાં ઠરાવ્યા પ્રમાણેની/તપાસ અગર કબુલત છે. અમે કહી ચુકયા છીએ તે પ્રમાણે પુછેલા સવાલો લખી લેવામાં આવ્યા નથી. તે શીવાય તા૦ ૨૨ નવંબરના રોજની કબુલત ઠરાવેલી રીતે લખી લેવામાં આવેલી છે. પરંતુ જે કામમાં તે નહીં લખી લેવાથી તોહોમતવાળાને હરકત થએલી ના હોય તેથી હરકત થતી નથી. એવું મનશીસેખની અરજીની બાબતમાં કરેલા ઠરાવની નોટમાં તીતુમાયા વીરૂધ માહારાણીના કામનો ફુલબેંચનો ઠરાવ રીપોટ કરેલો છે તે ઉપરથી જણાય છે. તે કામ આ કોર્ટના ડીવીઝન બેંચે ચુકવેલું હતું. પરંતુ તેની નોટમાં બતાવેલો ઠરાવ જે અમે બતાવેલો છે તે ફુલબેંચનો છે આ પ્રમાણે છે તો કલમ ૧૬૪ પ્રમાણેની કબુલત અગર કલમ ૩૬૪ પ્રમાણેની તપાસની બાબતમાં કલમ ૫૩૩ પ્રમાણે પુરાવ લેવાની જડજને જરૂર છે. એમ અમારી નજરમાં આવતું નથી. અને આ કબુલતો વાસતવીક રીતે સાચી છે. માટે તે ઉપર શક રાખવાને વ્યાજબી રાહે કાંઇ કારણ છે એમ અમારી નજરમાં આવતું નથી. એ બે કબુલતોની વચમાં ત્રણ અઠવાડીઆં કરતાં વધારે આંતરો હતો અને આ દરમીયાન તે કેદી પોલીસના પેરામાં હતો. ગઇ તા૦ ૨૨ મી નવેબરે જે હકીકત એણે કહી હતી તે તેણે જ્યારે તા૦ ૨૫ મી ડીસંબરે તપાસમાં જુબાની લીધી ત્યારે તે કાયમ રાખી અને કહ્યું કે તે સઘળું ખરૂં છે. જે હકીકતથી ખુન શોધી કાઢવામાં આવ્યું છે અને કેદીના ઉપર વેહેમ પડયો છે તે શેશન કોરટના ઠરાવની અંદર કહેવામાં આવેલી છે, અને તે એવી છે કે તે કેદી જે એક સાધારણ ગામડીઓ છે તે પોતાનો કરેલો ગુનો ઇનકાર કરવો એ નકામું છે એમ ધારશે, અને પોતા ની બરોબર કબુલત આપશે, એવું સંભવીત છે એમ અમારી નજરમાં આવે છે. જે પુરાવાથી એમ માલમ પડે છે. કે એ કેદીએ ખુનનો બરોબર દેખાવ આપીને, અને મરનારના કબજામાં જુદી જુદી જાતની ચીજો અને તેમાંની જે એ કેદીએ તે બાયડીના મોત પછી સંતાડી હતી તે બતાવીને તથા આપીને પોતાની કબુલત આપી.

શેશન્સ કોર્ટમાં એ કેદીએ પોતાની કબુલત પાછી ખેંચી લીધી અને તેના સબંધમાં બે નવી વાતો કહેલી છે. એકતો એકે તેણે એ લખેલી કબુલત બીલકુલ આપી નથી અને બીજી એકે કહેવામાં આવેલા તપાવેલા લોઢાના સળીઆથી ડામ દઇને કરેલા જોર જુલમે કરીને તે જબરાઇથી કઢાવેલી છે. આ બંનેમાંની એકે વાત માનવા લાયક છે એમ અમારી નજરમાં આવતું નથી.

પેહેલી વાત એકે તેણે કબુલત આપેલી નથી તેની તો માજીસ્ટ્રેટના સરટીફીકેટથી સંપુરણ રીતે કબુલ થએલી છે. બીજી વાતમાં તો પોલીસે કોઇ કેદીને પોતાની કબુલત લખાવવાને મોકલી ને આવી રીતે લોઢાના તપાવેલા સળીઆથી જેમ હમણાં રામ દીધેલા છે એવી નીશાનીઓ ઉઘાડી રીતે દેખાય એમ ડામ દીધા હોય એમ અમારી નજરમાં આવતું નથી. વળી આ જોર જુલમની વાત શેશન્સ કોરટ આગાડી તેની તપાસ થઈ તેમાં તેણે બીલકુલ જાહેર કરી નથી.* કબુલતમાંની મુખ્ય જે કેદીએ આપેલી છે અને જેના ઉપર ગુનાની શાબેતીના ઠરાવનો આધાર છે તેના સાચાપણા વીશે શક લાવવાને કંઈ કારણ નથી, એવું એથી અમારી નજરમાં આવે છે. કબુલતની સાથે એવો પુરાવો છે કે એ કેદીની સાથે છેવટ સુધી મરનાર જીવતી જોવામાં આવી હતી અને શેશન્સ કોરટમાં તપાસમાં તેની જુબાની લેવામાં આવી તે વખતે મરનાર એને ઘેર આવી હતી તે, અને તે બાઇને એણે ગામ બાહાર જોઇ હતી, એ વાત ઇનકાર કરી તેણીને ખસેડવાનું કારણ એ હતું કે, જો તેણીને તે પોતાના ઘરમાં વધારે વાર રહેવા દેતો તે નાતના માણસોની તેને નાત બહાર મુકવાની ધમકી હતી.

સેશન્શ જડજના ઠરાવમાંથી જુદા પડવાને કાંઇ કારણ નહીં મળવાથી અમે ફાંસીનો હુકમ મંજુર રાખીએ છીએ અને અપીલ કાઢી નાંખીએ છીએ.

અપીલ કાઢી નાંખી અને ઠરાવ કાયમ રાખ્યો.

ફોજદારી અપીલ.

તા० ૩૦ એપ્રીલ સને ૧૮૮૭.

મી० જસ્ટીશ તોટનહામ અને મી० ગોઝ સાહેબોની રૂબરૂ.

મુખારૂ કોબીરાજ (અપીલવાળો) વીરૂધ કેસરેહીંદ (અપીલના પ્રતીવાદી.)

અવીચારી અને કસુર ભરેલાં કૃત્યથી મોત કરવું—કોબીરાજ—દાકટરનું કાપવાનું કામ—સમજ વગરનો વધદકી કામ કરનાર—સારી દાનત—જોખમ કબુલ કરવું—પીનલ કોડ—(સને ૧૮૬૦ નો આકટ ૪૫) ની કલમ ૩૦૪ અને ૮૮, અને ,પર.

સાધારણ છરીથી અંદરના મશા એકાદા માણસના કાપી નાંખી તેના ઉપર એક કોબીરાજે અમલ કરેલો હતો. તે ઉપરથી તે માણસ મરણ પામ્યો તેથી અવીચારી અને કસુર ભરેલાં કૃત્યથી મોત કરયું. એવો તે કોબી રાજ ઉપર પીનલકોડની કલમ ૩૦૪ અ પ્રમાણે આરોપ રાખવામાં આવ્યો.

એવી તકરાર કરવામાં આવી છે કે પ્રથમની વખતોએ આ કેદીએ તે પ્રમાણે કાપેલું હતું માટે તે કલમના હેતુ પ્રમાણે અવીચારનું કામ નથી. અને મોત કરવાના કાંઇ ઇરાદા શીવાય તથા તે માંદા માણશે જોખમ કબુલ કરેલું તેના ફાયદાને સારૂં શુધ દીલથી તેણે તે કામ કરેલું છે. માટે પીનલકોડની કલમ ૮૮ પ્રમાણે ગમે તેમ હોય પણ ફાયદો મળવાનો તેનો હકક છે.

ઠરાવવામાં આવ્યું કે તે કેદી દાકતર તરીકે કાપવાના કામમાં કેળવાએલો નહીં હતો એ કબુલ થએલી બાબત છે. અને પીનલકોડની કલમ પર માં શુદ્ધ અંતઃકરણ વીશે જે વાખ્યા બતાવવામાં આવી છે તે ઉપર લક્ષ રાખતાં કલમ ૮૮ પ્રમાણે તેને ફાયદો મળવાનો હકક નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે કલમ ૮૮ આ કામને લાગુ થતી નથી. કારણ કે તે કેદીએ એમ બતાવ્યું નથી કે તે હકીકત શાબેત કરવાનો બોજો કોના ઉપર છે અને તે કાપવામાં આવ્યું તે મરનારે કબુલ કરી પોતાને માથે જોખમ રાખ્યું હતું. માટે તેણે તે જોખમ રાખેલું છે એમ કહી શકાતું નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે હકીકત પ્રમાણે કલમ ૩૦૪ અ પ્રમાણે ગુન્હાની શાબેતીનો ઠરાવ બરોબર છે.

પાનું ૫૬૬. આ કામમાં કેદી ઉપર પીનલકોડની કલમ ૩૦૪ અ પ્રમાણેના ગુન્હાનો આરોપ રાખવામાં આવેલો છે. હકીકતની બાબતમાં કાંઇ તકરાર નથી. તે કેદી એક કોબી રાજ છે અને તેણે એક ગામડાના મનાઇના અંદરના મસા કાપેલા છે. એક લોઢાના આંકડા વતે તે મસા ખેંચી કાહાડીને તે સાધારણ છરીથી તે મસા કાપી નાંખવામાં આવેલા છે, તે કાપવાના પરીણામમાં એવું થયું કે લોહી એટલું બધું નીકળ્યું કે તે ઘરડો અને નબળો માણસ મરણ પામ્યો. શીવીલ સરજનને બોલાવી તપાસવામાં આવેલા છે અને તે

મણે કહ્યું છે કે તે કાપવાનું કામ ઘણું ભયંકાર હતું. તે કેદીએ પોતાનાં બચાવમાં ચાર શાક્ષીઓ બોલાવેલા છે તેમાંના બેએ કહ્યું છે કે તેણે અમને મસાના દરદનો આરામ કરેલો છે અને બીજા બે સખસોએ કહ્યું છે કે તે છરીથી અમને બીજા બે રોગો મટાડેલાં છે. જીલ્લા જડજ આસેસરો સાથે મળતા નહીં આવી તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી તેને એક વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તે કેદીએ અપીલ કરી.

અપીલવાળા તરફથી બાબુ ઇશરચંદ્ર ચક્રબતી.

સરકાર તરફથી. મી૦ ફીલ્બી.

હાયકોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવેલોછે તેમાં શા કારણથી તે ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવાને માગવામાં આવેલુંછે તે પુકતરીતે બતાવેલું છેઃ—

અપીલવાળો એક કાબી રાજ છે તેને પીનલકોડની કલમ ૩૦૪ અ પ્રમાણેના ગુન્હા બાબત રંગપુરના સેશન જડજે ગુન્હેગાર ઠરાવેલો છે અને તેથી તેને એક વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. તેણે એક માંદા માણસના અંદરના મસાં કાપી ઘણી ભયંકર રીતે તે કાપવાનું કામ કરયું તેથી તે માંદા માણસનું મોત કરેલું છે તેથી જે લોહી નીકળ્યું તે બંધ કરી શકયો નહીં, અને તે માંદો માણસ બીજે દીવસે મરી ગયો. શેશન જડજે કલમ ૩૦૪ અ ના હેતુ પ્રમાણે આ બાબત અવીચારની છે એમ ઠરાવેલું છે.

અપીલવાળા તરફથી બાબુ ઇશરચંદર ચુકરબતીએ અમારી રૂબરૂ એવી તકરાર કરી છે કે તે કલમના હેતુ પ્રમાણે તે અવીચારનું કામ નથી. કારણ કે તે કેદી એક કાબીરાજ છે અને તેવીજ જાતના એક બે રોગના કામમાં તથા બીજી જાતના રોગોમાં આગળ તેણે કાપવાનું કામ કરેલું હતું અને આગળ કોઇ માંદા માણસનું મોત કરયું હોય એમ તેણે બતાવેલું નથી. આવા વીચારો છતાં કોર્ટે કલમ ૩૦૪ અ ના હેતુ પ્રમાણે તે કૃત્ય અવીચારનું છે એમ ઠરાવેલું છે. પરંતુ પીનલકોડની કલમ ૮૮ નો ફાયદો મળવાનો તેનો હકક છે કારણ કે મોત કરવાના કાંઇ ઇરાદા શીવાય અને તે માંદા માણસે તે જોખમ કબુલ કરેલું તેના ફાયદાને સારૂ શુધ દીલથી તે કૃત્ય તેણે કરેલું છે એવી પણ તે વકીલે તકરાર કરેલી છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે તે કેદીને કલમ ૮૮ નો ફાયદો મળવાનો હક નથી. તે માંદા માણસનુ મોત કરવાનો તેનો ઇરાદો નહી હતો એ તદન સાચી વાત છે એવો ઇરાદો હતો તેમ તેના ઉપર

કાંઇ દોશ મુકતું, નથી. તેના વીચાર પ્રમાણે તેણે તે માંદા માણસના ફાયદાને સારૂ કરેલું છે, એપણ સાચી વાત છે. પરંતુ પીનલકોડની કલમ પર માં સુધ અંતઃકરણ વીશે જે એવી વાખ્યા છે કે કાંઇ પણ કત્ય યોગ્ય સંભાળ અને ધ્યાન આપ્યા વગર કરવામાં આવે તો તે શુધઃઅંતકરણથી કરવામાં આવેલું છે એમ કહી શકાતું નથી. તે ઉપર લક્ષ રાખતાં તેણે તે કામ શુધઅંતઃકરણથી કરેલું છે કે નહી એ ઘણું શક ભરેલું છે. વઇદકી રીતે કાપવાના કામમાં તે કેદી કેળવાએલો નથી તે કબુલ કરેલી બાબત છે. અઉશધની બાબતમાં તેને રીતી પુરવક કેળવણી મળેલી નથી.

તેની તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે તેણે તે કાપવાનું કામ કરવાને 'માંથે લીધું' અને તે કરયું તેમાં, તે માંદા માણસને ભય છે. એવો તેને કાંઇ વીચાર આવેલો નહી હતો. પરંતુ પ્રવીણ વઇદકી અમલદારની જુબાની ફરીઆદી તરફથી આપવામાં આવેલી છે તેથી સાબેત થએલું છે કે તેણે જે કાપવાનું કામ કરેલું છે. તે એટલુ બધું ભયંકર હતું કે કેળવાએલા શરજનો તે કરવા ભાગ્યેજ કોશીશ કરે. તેઓ અંદરના મસાના રોગની કેવળ જુદી રીતે બરદાશ કરેછે. માટે આ બાબતમાં કાંઇ પણ માહેતી વીના તે કેદીએ જે કામ કરયું છે તે તેણે શદરહુ બતાવેલી વાખ્યાના હેતુ પ્રમાણે શુધ અંતઃકરણથી કરેલું છે એમ કહેવું અશકય છે, એવું અમને જણાય છે. પરંતુ તે વાત કોરાણે રાખતાં પણ અમારી નજરમાં આવે છે કે કલમ ૮૮ મી પણ આ કામને લાગુ થતી નથી. કારણ કે જે જોખમથી તે માંદો માણસ મરણ પામ્યો તે જોખમ તેણે કબુલ કરયું હતું એમ બતાવવામાં આવેલું નથી. જો જોખમની માંદા માણસને ખબર ના હોય તો તેણે કબુલ કરેલું હતું એમ ભાગ્યેજ કહી શકાય. તે અપવાદ વીશે બચાવ તરફથી તકરાર કરવામાં આવેલી છે. માટે આ કામમાં તે માંદા માણસે તે જોખમ કબુલ કરયું હતું અને તેથી તેને માહેતી હતી. તે બતાવવાનું કામ બચાવ તરફનુ છે. પરંતુ તે માંદો માણસ કેવા જોખમમાં પડે છે તે જાણતો હતો એમ બતાવવાને કાંઇ કોશીશ કરવામાં આવી નથી. પુરાવ ઉપરથી ફકત એટલુંજ માલમ પડે છે કે તેણે ઘણી નાખુશીથી તે કાપવાનુ કામ કબુલ કરયું હતું. અને તે કેદીએ તે બાબતમાં તેને એટલીજ ખબર આપી હતી કે જો તે કાપવા દેસે તો તેને આરામ થશે. આ સબબ જથી તેણે તે કરવા દીધું અને મરણ પામેલો છે. માટે તે કેદીના કલનું જોખમ તેણે કબુલ કરયું હતું. એમ કહેવું તદન અશકય જણાયછે.

હવે કલમ ૩૦૪ અ. પ્રમાણે કેદી ગુનેહગાર છે કે નહી. એ સવાલ

માત્ર રહેછે. તેના કૃત્યથી મરનારનું મોત થએલું છે તેમાં કાંઇ શક નથી. ઇંગ્લાંડમાં તેના ઉપર મનુષ્યવધનો આરોપ રાખવામાં આવેલો હોત. આ દેશમાં જે કામોમાં મોત કરવાનો ઇરાદો નથી હોતો અને કરેલા કૃત્યથી મોત થવાનો તમામ સંભવ છે એવું જાણુવામાં ના હોય તે કામોને કલમ ૩૦૪ અ નો ઠરાવ લાગુ થાય છે. કેદી તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે બીજા સખશોને ફતેહ ભરેલી રીતે કાપવામાં આવેલું હતું. માટે આ કામમાં મોત થવાનો સંભવ છે એવું તેના જાણુવામાં આવી શકે નહીં.

તે બાબતનો આ વીચાર કબુલ કરવાને અમે ખુશી છીએ. પરંતુ અમે આગળ બતાવેલું છે તે પ્રમાણે કેદીની ફકત અજ્ઞાનતાથી તે કેદીનું તે કૃત્ય વધારે અવીચાર ભરેલું થએલું છે. જે ગુનાહ બાબત તેને ગુનેહગાર ઠરાવવામા આવેલો છે તે ગુનાહમાં નીરદોશ ઠરાવવો અશક્ય છે એમ અમારી નજરમાં આવે છે. આ ઠરાવ કરવાથી અમારી એવી મરજી નથી કે કોબીરાજોને પોતાનો યોગ્ય ધંધો કરતાં અટકાવવા. બેશક ઘણા કામોમાં શરીરના કેટલાક બીગાડોની બરદાશ તેઓ ઘણી ફતેહ ભરેલી રીતે કરે છે, પરંતુ અમારી નજરમાં આવે છે કે લોકો અને વીશેસે કરીને તેમાંના ઘણા ગરીબ લોકો કોબીરાજ જેવા વઇદોના ઉપર ઘણું કરીને આધાર રાખે છે તેમને કાપવાના અજાણ્યા અનુભવોમાંથી બચાવવા જોઇએ એ ઘણી અગત્યની બાબત છે.

માટે અમારી નજરમાં આવે છે કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયમ રહેવો જોઈએ. પરંતુ તે કેદીને જે સખત શીક્ષા કરવામાં આવેલી છે તે ન્યાયના કામમાં જરૂર છે એમ અમારી નજરમા આવતું નથી. ખરા વઇદો આવાં કૃત્યો કરે છે તેને આ દેશમાં ઘણી ઓછી શીક્ષા કરવામાં આવે છે. જીલ્લાની અંદરથી આ અપેહેલ વેહેલું કામ અમારે બયત્રસ્થા કરવાનું છે માટે કેદને બદલે દંડની શીક્ષા કરવામાં આવે તો બસછે એમ અમારી નજરમાં આવે છે.

માટે એક વરસની શખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી છે તે રદ કરવામાં આવે છે અને તે કેદીનો રૂ. ૧૦૦) દંડ કરવામાં આવે છે જો તે આપવામાં કશુર કરવામાં આવેતો તેણે ત્રણ માબુસ સખત મજુરી સાથે કેદ રહેવું.

ગુનાહની શાબેતીનો ઠરાવ બાહાલ રાખયામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૧૦ મી જુન સને ૧૮૮૭

સર ડબલ્યુ કોમર પેથીરામ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ ગોઝ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વી૦ કરીમબખસ.

જુઠો આરોપ—પીનલકોડની ટલમ ૨૧૧—

પોલીસની રૂબરૂ જુઠો આરોપ રાખવામાં આવે તે પીનલકોડની કલમ ૨૧૧ ના પેહેલા ભાગમાં આવી જાય છે.

પીનલકોડની કલમ ૨૧૧ નો પાછલો ભાગ જે કામોમાં. ફોજદારી ફરીઆદો દાખલ થએલી હોય તેને લાગુ થાય છે. અને ફક્ત જુઠા આરોપને લાગુ થતી નથી. હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ પીતમરાય અને કેશરેહીંદ વીરૂધ પરચુના ઠરાવો પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૬૩૬ આ કામમાં તોહોમતવાળા એક કરીમબક્ષ લખનાર કોનસ્ટેબલ છે તેણે પોલીસની રૂબરૂ એક સખસ ઉપર ચોરીનો આરોપ રાખ્યો. તે પોલીસે તે કામ જુઠું છે એવો રીપોટ કરયો તે ઉપરથી જીલા માજીસ્ટ્રેટે તે કામ તપાસ થવા સારૂ ડીપુટી માજીસ્તરેટ તરફ મોકલ્યું. તપાસની તારીખે કરીમબક્ષ ફરીઆદ ચલાવવાને હાજર થયો નહી, તેથી ડીપુટી માજીસ્ટ્રેટે તે કામના કાગળો જીલા માજીસ્તરેટ તરફ મોકલી દીધા: તેથી જીલા માજીસ્તરેટે તે કામમાં એવો હુકમ લખ્યો કે તે કામની હકીકત જુઠી છે માટે તેમણે ફરમાવ્યું કે તે કરીમબક્ષ ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે કામ ચલાવવું. પછી કરીમબક્ષ ઉપરનું કામ ચલાવવામાં આવ્યું. અને પીનલકોડની કલમ ૨૧૧ મી પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવી તેના રૂ, ૫૦ દંડ અને જો તે દંડ આપવામાં ના આવેતો, બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલીછે.

જીલા માજીસ્ટ્રેટે આ કામ હાયકોરટમાં ફરી તપાસ થવા સારૂ મોકલ્યું એવા વીચારથી કે, ડીપુટી માજીસ્ટ્રેટે કરેલો હુકમ ,કાયદા પ્રમાણે બરોબર નથી, કારણ કે કરીમબક્ષે જે ફોજદારી ફરીઆદ કરેલી હતી તે પીનલકોડની કલમ ૩૮૦ મી પ્રમાણે ચલાવવામાં આવેલી હતી અને તેમાં વધારેમાં વધારે શીક્ષા સાત વરસ સખત મજુરી સાથેની કરવામાં આવીછે, માટે પીનલકોડની કલમ ૨૧૧ મીના પાછલા ભાગ પ્રમાણે કેદની શીક્ષા શીવાય બીજી શીક્ષા કરવાને ડીપૂટી માજીસ્તરેટનો ઈલાજ નહી હતો.

કરીમબક્ષરાયની તરફથી બાબુ મુકંદનાથરાએ તકરાર કરી છે કે તે દંડની શીક્ષા કાયદેસર નથી, કારણ કે પીનલકોડની કલમ ૨૧૧ મીમાં આ કામનો સમાસ થાય છે. પહેલા ભાગમાં ફોજદારી પ્રોસીડીંગો તેમજ

જુઠા આરોપોની વ્યવસ્થા કરેલી છે, માટે જો કે તે જુઠા આરોપો જે ગુનાહ મોતની, હયાતી સુધી સમુદ્રપારની; અથવા સાત વરસ અથવા તેથી પણ વધારે કેદની શીક્ષાને પાત્ર હોય તોપણ ફક્ત દંડની શીક્ષા કાયદેસર થાય છે, અને તે કલમના પાછલા ભાગમાં ફોજદારી પ્રોસીડીંગો ફક્ત બતાવવામાં આવેલાં છે; અને આ કામમાં જુઠો આરોપ પોલીસ અમલદારની રૂબરૂ ફક્ત રાખવામાં આવેલો હતો અને કોઇ કોરટમાં કાંઇ ફોજદારી કામ ચલાવવામાં આવેલું નહી હતું, માટે ફક્ત દંડની શીક્ષા કરવાને ડીપુટી માજીસ્તરેટ તદન લાયક હતા. હિંદુસ્થાનના કેસરેહીંદ વીરૂધ પીતમરાય અને કેશરેહીંદ વી૦ પારાહુ.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છઃ—

ચીફજષ્ટીસ પેથીરામ સાહેબઃ—આ કાગમાં અમારી નજરમાં આવે છે કે કોરટને હાથ ઘાલવાનું કાંઈ કારણ નથી. આ કામ માજીસ્તરેટે અમારી તરફ મોકલેલું છે એવા કારણથી કે તોહોમતવાળાને પોલીસની રૂબરૂ જુઠો આરોપ મુકવાનો ગુનહેગાર ઠરાવવામા આવેલો છે તે બાબત ફક્ત દંડની શીક્ષા તેને કરવામાં આવી છે તે શીક્ષાના હુકમની ફરી તપાસ કરવામાં આવે, કારણ કે જે જુઠો આરોપ રાખેલો તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૮૦ મી પ્રમાણેના ગુનાહનો અને સાત વરસ સુધી સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી શકાય તેવો હતો, માટે માજીસ્ટ્રેટની નજરમાં આવ્યું છે કે દંડની શીક્ષાનો હુકમ કાયદેસર નથી, કેમકે કેદની શીક્ષા થવી જોઇએ, અને દંડની ફક્ત શીક્ષા કરવાનું મરજી ઉપર નહી હતું. આ કામની હકીકત એવીછે કે તોહોમતવાળાએ પોલીસની રૂબરૂ એક આરોપ રાખ્યો, પણ તે બાબત માજીસ્ટ્રેટની રૂબરૂ તેણે આગ્રહ કરયો નહી, અને પોલીસની રૂબરૂ જે જુઠો આરોપ રાખવામાં આવેલો છે તેજ ફક્ત ગુનહો છે અને તે ઉપરાત તેણે કાંઇ ફોજદારી કામ ચલાવેલું નથી, માટે સવાલ એવો ઉતપન થાય છે કે તેણે જે ગુનહો કરયો છે તેનો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ મીના પેહેલા અગર પાછલા ભાગમાં સમાસ થાય છે.

તે કલમના પેહેલા ભાગમાં એમ કહેલુંછે કે "કોઈ માણુસને નુંકશાન કરવાના ઇરાદાથી તે માણુસની ઉપર ફોજદારી ફરીઆદ કરે અગર કરાવે, અથવા તો કોઇ માણુસના ઉપર તેણે ગુનોહ કરયો છે એવું જુઠું તોહોમત મુકે અને તે માણુસ એવું તોહોમત મુકવાને અગર તેના ઉપર ફોજદારી કામ ચલાવવાને વ્યાજબી અથવા કાયદાસર કારણુ નથી તો તે માણુસને બેમાંથી એક પ્રકારની બે વરસની કેદ અથવા દંડ અગર તે બેઉ શીક્ષાઓ કરવામાં આવશે."

આ કલમનો પેહેલો ભાગ છે અને પછીથી તે કલમમાં એમ કહેલું છે કે "મેં જે ગુનાહની સજા ફાંસી, જીંદગી સુધી સમુદ્રપાર અથવા સાત વરસ કરતાં વધારે કેદની કરવામાં આવે તેવા ગુનાહનું ખોટું તોહોમત મુકયા બાબત આવી ફોજદારી ફરીઆદ કરનાર માણસને સાત વરસ સુધીની એમાંથી એક પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા દંડ કરવામાં આવશે." તે કલમના છેવટના ભાગમાં જે ગુનાહનો વરગ કહેલો છે તેમાં દંડની શીક્ષાનો મરજી ઉપર નહી રાખતાં કેદની શીક્ષા ઠરાવેલી છે માટે સવાલ એ છે કે જે ગુનાહનો તોહોમતવાળો ગુનેહગાર ઠરયો છે તેનો આ કલમના પાછલા ભાગમાં સમાસ થાયછે કે નહી.

હવે તે કલમનો પાછલો ભાગ તે ફોજદારી ફરીઆદો જે ખોટા તોહોમતને માટે કરવામાં આવી છે તેનેજ લાગુ પડેછે. અને તે કલમના પેહેલા ભાગથી ફોજદારી ફરીઆદો કરેલી અને ખોટા તોહોમતોની વચે ભેદ બતાવેલો છે. આપણે પણ તેજ ફેરફાર કરવો જોઇએ અને અલાહબાદ કોરટમાં કેટલાકકામોમાં જેમ ઠરાવ કરયોછે, (જો કે આ કોરટમાં કરવમાં આવ્યો નથી) તેવો, તે કલમનો પાછલો ભાગ જેમાં ફોજદારી ફરીયાદો દાખલ કરવામાં આવી છે અને ખોટા તોહોમતને ફક્ત લાગુ પડતા નથી એ આપણે ઠરાવવું જોઇએ એમ અમારી નજરમાં આવેછે.

પણ હમે જેમ અગાડી કહયું તેમ તોહોમતવાળાએ આ કામમાં જેમ બીજી કોરટમાં ફરીઆદ કરેછે તેવી રીતે કરેલી નથી. એણે પેહેલાં પોલીશની રૂબરૂ ખોટું તોહોમત મુકયું એ ફરેલું છે. અને તે કલમના પેહેલા ભાગમાં આવે એવું એક જાતનું ખોટું તોહોમત છે એવું હમારી નજરમાં આવે છે. તેથી કરીને માજીસ્તરેટને તે કલમના તે ભાગમાં જે ઠરાવેલું છે તે પ્રમાણે શીક્ષા કરવાને હક છે, અને તે કલમના પાછલા ભાગમાં જે સીક્ષા ઠરાવેલી છે તે પ્રમાણે તેમને શીક્ષા કરવાને જરૂર પાડેલી નથી અથવા ખરેખરો અખત્યાર તે કલમના પાછલા ભાગ પ્રમાણે આપવામાં આવ્યો નથી અને તે માટે તેમની નજરમાં જો બરાબર આવે તો ફક્ત દંડનો હુકમ કરવાને મુખત્યાર હતા.

આ હકીકતથી હમારી નજરમાં એમ આવે છે કે માજીસ્તરેટે આ કામમાં આવી રીતે વરતવામાં કંઇ કાયદાની ભુલ કરેલી નથી અને તેમાં આ કોરટને વચમાં પડવાનું કારણ નથી.

હુકમ કાયમ રાખ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૩૦ જુન સને ૧૮૮૭

સર ડબલ્યુ. પેથીરામ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ ગોઝ સાહેબોના રૂબરૂ.

ઇશવરચંદ્ર ગોઝ વીગરેની અરજીના કામમાં.

ખોટો પુરાવો—ડેપોટી માજીસ્તરેટની રૂબરૂ આફીડેવીટ કરયામાં જે હકીકત કહેલી તે ઊપરથી ફરીઆદ—પીનલકોડ સને ૧૮૬૦.ના આ૦ ૪૫ ની કલમ ૧૯૩, અને ૧૯૯—પુરાવા તરીકે દાખલ કરવા લાયક બાબત કાયદાનો ઠરાવ —તપાસ ચલાવવાના શાંક્ષનનો હુકમ રદ કરયો.

જે માણસ આફીડેવીટની રીતે કાંઈ કેહેતો હોય તેને માજીસ્રેટને શોગન ખવરાવવાને અખ્તીઆર નથી. અને આ માણસ આવી રીતે જાહેર કરવામાં ખરી વાત કહે તેને વાસ્તે પીનલકોડની કલમ ૧૯૩ અથવા ૧૯૯ માંની એક કલમ પ્રમાણે ગુનહો કરયાની ફરીઆદ ચલાવી શકાતી નથી.

પાનુ ૬૫૩ આ ઠરાવ મીમનશીંગના ડીસ્ત્રીકટ માજીસ્રેટે પીનલકોડની કલમ ૧૯૯ પ્રમાણે કરેલો. તજવીજના સાંક્ષનનો હુકમ રદ કેમ ન કરવો તેનું કારણ બતાવવાને જરૂર પાડવાનો હતો.

ઉપર કહેલું સાંક્ષન નીચે કહેલી હકીકતથી આપેલું હતું.

એક ધીરાઇ ડફેદાર નામના જાનવરના વેપારી સરતચંદર (અને ગાજીશેખના ઉપર અમુક મેલ્લામાં તેનાં ઢોર લેઇ જતાં ખોટી રીતે અટકાવ્યાનુ તોહોમત મુકી ફરીઆદ કરી હતી. જમાલપુરના ડેપુટી માજીસ્રેટ બાબુ ચંદરદાસે આ ફરીઆદમાં તપાશ કરવાને પોલીશને મોકલી. અને પછીથી પોલીશે તોહોમત ખરૂં છે એ રીપોટની સાથે બે તોહોમતવાળાને મોકલ્યા. ગાઝીસેખની અરજીથી જીલા માજીસ્રેટે મીમેનશીંગના ડેપુટી માજીસ્રેટ બાબુ અખોયકુમાર બોઝની કોરટમાં કામ મોકલવાનો હુકમ કરયો, પણ કાંઇ કારણને લીધે બાબુ શામચંદરદાસને હુકમ નહી મળવાથી તે કામની પોતે સુનાવણી કરી. પણ તે કામની તપાસ કરતાં પેહેલાં એક ઈસ્વરચંદ્ર ગોહો નામના સખશે શરતચંદર ભુમીક નામના સખસની અરજથી એક અરજી બાબુ સામચંદરદાશે સાંભળવી નહી કારણ કે તે ખરી રીતે તે કામમાં પ્રાસીક્યુટર હતા. અને કામ ટ્રાનસફર કરવામાં આવેલું હતું પણ તે હુકમ નહીં આવવાથી અરજદાર તે બાબત ફરીથી તે કામ ટ્રાનશફર કરવાની અરજી કરવાને ઇચ્છા રાખેછે. એવી લખી આપી.

આ અરજી શરતચંદર ભુમીકે એફીડેવીટ જે માજીસ્ટ્રેટની રૂબરૂ કરેલી હતી. તેમાં એમ કહેલું હતું કે પોલીશે ડેપુટી માજીસ્ટ્રેટના જાતની મદદ અને તેમના બતાવવાથી પોલીશે કામ ઉભુ કરયું છે. અને તોહોમત જુઠું છે એની સાથે આપવામાં આવેલી છે. એમ છતાં કામ ચલાવવામાં આવ્યું હતું. અને તોહોમતવાળાઓને નીરદોશ ઠરાવવામાં આવ્યા હતા. બાબુ શામચંદરદાશે પછીથી ડેપુટી માજીસ્તરેટ મી૦ ગ્લેજીઅરને શરતચંદર ભુમીક, અને ઇશવરચંદર ગોહાના ઉપર ન્યાયની રૂઇના કામની દરમીયાનમાં જુઠો પુરાવો આપ્યાને વાસ્તે કામ ચલાવવાને મંજુરી મળવા અરજ કરી. આ કેહેવાએલો જુઠો પુરાવો શરતચંદર ભુમીકના આફીડેવીટમાં એક કામમાં ડેપૂટી માજીસ્તરેટે ફરીઆદ ઉભી કરી છે એવું તેમના ઉપર તોહોમત રહે એવી હકીકત છે. તે ઉપરથી તે સખશોના ઉપર ફરીઆદ ચલાવવાને મી૦ ગ્લેજીઅરે મંજુરી આપી. અને મીમોનશીંગના ડેપુટી માજીસ્તરેટ મી૦ મોલવી મહમદને તે કામ તપાસ કરવાને મોકલ્યું.

તોહોમતવાળાએ અરજ કરી એવો હુકમ મીમાનશીંગના જીલા માજીસ્તરેટ મી૦ ગ્લેજીયરના ઉપર કરાવ્યો કે તેમના ઉપર કામ ચલાવવાને તેમણે જે હુકમ કરેલો છે તે શાવાસ્તે રદ કરવો નહી જોઇએ તેનું કારણ બતાવવું.

તોહોમતવાળા તરફથી મી૦ મનમોહન ગોઝે તકરાર કરી કે સરતચંદરભુમીકે કાંઇ ગુનહો કરેલો નથી, ડેપુટી માજીસ્તરેટને ફોજદારી તપાસ ચાલતાંની દરમીયાનમાં કાંઇ આંફીડેવીટ લેવાને અખ્તીઆર નથી, તેમ આફીડેવીટ ઉપર જે કોઇ સખૃશ સોગન ખાય તેને સોગન આપવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે તેમને અખ્તીઆર નથી. માટે પીનલકોડની કલમ ૧૯૯ પ્રમાણે તોહોમતવાળા ઉપર ફરીઆદ ચલાવી શકાતી નથી. અને ઇશવચંદર ગુહોએ ફકત અરજી લખેલી છે. અને ટરાનસફરનો હુકમ જારી હતો તે દરમીયાનમાં બાબુ સામચંદરદાસે કામ ચલાવર્યું છે તે કાયદા પ્રમાણે નથી.

કારણ બતાવવાને કોઇ હાજર થયું નહીં.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છેઃ—

બે સખશોના બીરૂધ જુઠા સોગન બાબત કામ ચાલતું હતું તે રદ કરાવવાને સારૂ આ હુકમ કરાવવામાં આવેલો છે. તેઓના ઉપર ફરીઆદ ચલાવવાને હુકમ કરવામાં આવેલો છે પરંતુ કમીટ કરવામાં આવેલા નથી. માટે શવાલ એવો છે કે તેઓએ જુઠા સોગનનો ગુનહો કરયો તે વીશેનો કાંઈ પુરાવ છે કે નહી, જે કેહેવામાં આવેલું છે તે એ

છે કે ડેપુટી માજીસ્તરેટની રૂબરૂ સોગન અથવા પ્રતીજ્ઞા લેવામાં આવી તે પ્રમાણે આરીડેવીટ કરવામાં આવેલી છે. અને તે ડેપુટી માજીસ્તરેટને તેમાંના એક સખસે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ પર૬ પ્રમાણે કોઇ બીજી કોરટમાં તે કામ ટરાનશફર કરાવવાને અરજ કરવાને ઇરાદો રાખેલો છે તે બાબત તે ડેપુટી માજીસ્તરેટ તપાસ કરતા હતા.

આ પ્રમાણેની હકીકત ઉપરથી એવો સવાલ ઉતપન થયો છે કે આરીડેવીટ કરનારને હીં. ફો. કા. ની કલમ ૧૯૯ પ્રમાણે બંધનકારક થાય તે પ્રમાણે સોગન આપવાને તેમને અખ્તીઆર હતો કે નહીં

અમે કાયદામા શોધ કરયો અને આ બાબતની તપાસ કરી. પરંતુ ઓરીડેવીટના રૂપમાં જે કોઇ સખસ પ્રતીજ્ઞા કરે તેને સોગન આપવાને ડેપ્યુટી માજીસ્રેટને કાંઇ અખત્યાર હોય એમ અમારી નજરમાં જોવામાં આવી શકતું નથી.

આવી હકીકત છે તો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૯ પ્રમાણે આ કામ કેવી રીતે થાય તે અમારા જોવામાં આવતું નથી. કારણ કે તે પ્રતીજ્ઞામાં કહેલી હકીકત કોઇ પણ સરકારી નોકર પુરાવ લેવાને બંધાએલા હોય અગર કાયદા પ્રમાણે પુરાવમાં લેવાને તેમને અખત્યાર હોય એમ માલમ પડતું નથી.

આવી હકીકત છે તો અમારી નજરમાં આવે છે કે આ કામની કબુલ થએલી હકીકત ઉપરથી પીનલકોડના હેતુ પ્રમાણે આ સખસોએ કાંઇ પ્રતીજ્ઞા અગર સોગન લીધા હોય એમ કહેવામાં આવેલું નથી. માટે કલમ ૧૯૯ અગર ૧૯૩ પ્રમાણે જુઠા સોગન બાબતની ફરીઆદને તે પાત્ર થતા નથી. માટે આ કામ ડેપ્યુટી માજીસ્રેટની રૂબરૂ ઇસ્વર ચંદરગુહો અને સરતચંદર ભુમીકના ઉપર ચાલુંછે તે રદ કરવામાં આવેછે.

હુકમ કાયમ કરવામાં આવ્યો.

(૦)

તા૦ ૯ જુલાઇ સને ૧૮૮૭.

સર કોમર પેથેરામ નાઇટ ચીફ જસ્ટીસ તથા મી૦ જસ્ટીસ બીવરલી સાહેબોની રૂબરૂ.

ઓમેશચંદરકાર વીગરેની અરજીની બાબતમાં.

સાર્વજનીક અપકસ—પીનલકોડ સને ૧૮૬૦ ના આકટ ૪૫ ની કલમ ૨૬૮, ૨૮૩, ૨૯૦—ભરતી આવે તેવી અને વાહાણ ફરે એવી નદીમાં હરકત.

એક ભરતીવાળી વાહાણ ફરે તેવી નદીમાં અમુક સખસોએ માંછ

લાં પકડવાને સારૂ વાંસનો ખપેડો વચમાં નાંખ્યો હતો તોપણ હોડીઓ-ને જવાને સારૂ તે ખપેડાની અંદર સાંકડો રસ્તો રાખવામાં આવેલો હતો. પરંતુ હોડી જતી વખતે તે ઉઘાડો રાખવામાં આવતો હતો શીવાય બંધ રાખવામાં આવતો હતો તેથી પેટા ટુકડીના અમલદારની ખાએસ ઉપરથી તે સખસો ઉપર પીનલકોડની કલમ ૨૮૩ પ્રમાણે હરકત કરવા બાબત આરોપ રાખવામાં આવ્યો.

ઠરાવવામાં આવ્યું કે જો કે કલમ ૨૮૩ આ કામને લાગુ થાય છે એ શક ભરેલું છે તોપણ પીનલકોડની કલમ ૧૯૮ મુજબ તેઓએ ગુનો હ કરેલો છે. માટે તે કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે તેઓ શીક્ષાને પાત્રછે.

પાનું ૬૫૬ મીરજાપુરની નજીકમાં ભરતી આવે એવી એક ભારૂ નદી છે તેના તમામ પટ ઉપર માંછલાં પકડવાને સારૂ તોહોમતવાળાઓએ વાંસનો ખપેડો ઉભો કરેલો તેથી સાર્વજનીક હરકત તેઓએ કરી એવો આરોપ પીનલકોડની કલમ ૨૮૩ પ્રમાણે પેટા ટુકડીના અમલદારની ખાએશ ઉપરથી તેમના ઉપર રાખવામાં આવેલો છે. ડેપુ-ટી માજીસ્ટ્રેટની રૂબરૂ તપાસમાં એવું સાબેત થએલું છે કે તે નદીમાં એક કીનારાથી બીજા કીનારા સુધી ખપેડો પોહોચેલો હતો. અને તે નદીના ઉતરના કીનારાની નજીકમાં હોડીઓ જવાને સારૂ ચાર અગર પાંચ ધનફુંટનું એક બાકુ રાખવામાં આવેલું હતું અને તે બાકુ વાંસથી બંધ રાખવામાં આવતું હતું અને તે ફકત હોડીઓ આવે ત્યારે જરૂરીઆત ઉઘાડવામાં આવતું હતું અને તે ખપેડા ઉપર રાતરે દીવો રાખવામાં આવતો હતો. પરંતુ આગલા વરસોમાં તે ખપેડાનો ઉપયોગ કરવામાં આવેલો નહીં હતો અને જો કે તે રસ્તો-હોડીઓ છુંટી રીતે જાય તેને માટે બસ હતો. તોપણ વધારે માલ સાથેની હોડી ઘણી મુશકેલીથી ફકત જઇ શકતી હતી. અને કેટલાક માંછીઆને બોલાવવામાં આવેલા છે તેઓથી એમ સાબેત થએલું છે કે તે જગોએ તે નદીના તમામ ભાગ ઉપર તેઓની હોડીઓને છુંટી જતાં અટકાવ થએલો છે સદરહુ હકીકત ઉપરથી ડે-પુટી માજીસ્તરેટે ઠરાવ્યું છે કે તે નદીનો તમામ પટ ઉપયોગમાં લેવાને સાર્વજની હક છે. અને તોહોમતવાળાઓએ આ ખપેડો તે નદી ઉપર આડો નાંખવાથી તેમણે હરકત કરેલી છે. તેથી પીનલકોડની કલમ ૨૮૩ પ્રમાણે તેમણે ગુનોહ કરેલો છે માટે તેમણે દરેકના રૂપીઆ ૧૫) દંડ અગર તે આપવામાં કસુર કરવામાં આવે તો ૧૫ દીવસ કેદ ભોગવવાની શીક્ષા કરેલી છે.

હાયકોરટમાં ચીફ જષ્ટીશ પેથેરામ અને જષ્ટીશ ગોઝ સાહેબના બેંચની રૂબરૂ તે કેદીઓએ અરજ કરી એવો હુકમ કરાવેલો છે કે તે

ગુનહાની સાબેતીનો ઠરાવ તથા સીક્ષાનો હુકમ કોઇ સખશને ઇજા થયા બાબતનો પુરાવ નથી. અને કોઇ સખસે તેની ઇજાની ફરીઆદ કરી નથી. પીનલકોડની કલમ ૨૮૩ પ્રમાણે ગુનહો થયો નથી. કારણ કે તે કલમના હેતુ પ્રમાણે કોઇ શખશને ઇજા થવી જોઈએ. એ કારણથી શાવાસ્તે રદ કરવો નહીં જોઈએ તેનુ કારણ સરકારે બતાવવું.

ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ મીત્તરલી સાહેબોની રૂબરૂ આ હુકમ સુનાવણી ઉપર આવ્યો.

તે હુકમની પુષ્ટીમાં મી૦ ઓશી મલીક અને બાબુ જશોદાનંદન પ્રમાણીકે માહારાણી વીરૂધ રામશીંગ અને મહારાણી વીરૂધ ખાદર મોઇદીનના ઠરાવો એવું બતાવવાને બતાવ્યા કે કલમ ૨૮૩ પ્રમાણે ગુનહાની સાબેતીનો ઠરાવ કરતાં પેહેલાં અમુક સખશને હરકત થએલી છે એમ સાબેત થવુંજ જોઇએ.

ડેપૂટી લીગલરી મેમબ્રનસર (મી૦ કીલબી) એ કારણ બતાવવા માં તકરાર કરી કે કલમ ૨૮૩ લાગુ થતી હોય કીવા નહી. પરંતુ આ કામનો પીનલકોડની કલમ ૨૬૮ અને ૨૯૦ માં સમાશ થાયછે.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવ્યો.

ભરતી આવે એવી નદીમાં સાર્વજનીક અપકત્ય કરયા બાબત હરકત કરવાથી અરજદારોને ગુનેહગાર ઠરાવી શીક્ષાનો હુકમ કરવામાં આવેલો છે તે રદ કરવાને આ હુકમ મેળવવામાં આવેલો છે. હવે હકીકત તદન બીન તકરારી છે તે એવી છે કે બંગાળામાં એક જગોએ ભરતી આવે એવી નદી છે તેના ઉપર તોહોમતવાળાઓએ માંછલાં પકડવાને સારૂ આડો વાંસનો બધ બાધેલો છે. તે બંધ તમામ પટ ઉપર છે એમ જણાય છે. પરંતુ વખતે વખતે તેમાં એક જગો ખુલી રાખવામાં આવેછે અને તેમાં થઇને હોડીઓ જઇ શકેછે અને તે ઉપર દીવો રાખી કાંઇ હરકત થાય નહી તે સારૂ ચોકી રાખવામાં આવેલી છે. ખરી રીતે પેહેલો અને ફકત શવાલ એ છે કે હીંદુસ્થાનના ફો. કાયદાની કલમ ૨૬૮ પ્રમાણે સારવજનીક અપકત્ય છે કે નહીં. આ નદીમાં વાહાણ ફરે તેવી તેછે. માટે તે નદીમાં તમામ જગોએ વાહાણ ચલાવવાનો લોકોનો હક છે માટે જે કોઇ સખશ કાંઇ હક શીવાય છુટી રીતે વાહાણ ફરવામાં હરકત કરે તેણે સારવજનીક અપકત્ય કરયું થાય છે. માટે એ વીશે કીંચીત પણ શક છે એમ અમારી નજરમાં આવતું નથી. થોડીક જગા રાખવામાં આવી છે તે શીવાય તે નદીના તમામ પટ ઉપર તે હરકત કરવામાં આવી છે અને તે રાખેલી જગોમાં થઈને હોડીઓ ઘણી સાવધગીરી સાથે જઇ સકેછે. એ કબુલત થએલી વાત છે. આવી

હકીકત છે માટે સારવજનીક અપકત્ય છે એ વીશે અમને કાંઇ શક રહેતો નથી. હવે ફકત બીજો સવાલ એ છે કે હીંદુસ્થાનના ફો. કાં૦ પ્રમાણે તે ગુનહામાં ફકત દંડની શીક્ષા થઇ શકે છે કે નહીં. જ્યારે આ હુકમ બાબત અરજ કરવામાં આવી હતી ત્યારે તે આંવા કારણથી કરવામાં આવી હતી અને એવા કારણથી તે હુકમ કરવામાં આવેલો છે કે કોઇ સખશને ઇજા થવાનો પૂરાવ નથી. અને તે વીશેની કોઇની ફરીઆદ નથી. અને તે કારણથી કલમ ૨૮૩ પ્રમાણે તે અરજદારો શીક્ષાને પાત્ર નથી કારણ કે કલમ ૨૮૩ પ્રમાણે અમુક સખસને ઇજા થવી જોઇએ એવો તે કલમનો હેતુ છે પરંતુ વળી કલમ ૨૯૦ જોતાં તેમાં એવું ઠરાવેલું છે કે જે સાર્વજનીક અપકૃત્ય બાબત ખાસ શીક્ષા ઠરાવવામાં આવેલી ના હોય તે વીશેનો તેમાં ઠરાવ છે. અને ખુલ્લું છે કે એકાદો સખસ સાર્વજનીક અપકત્ય કોઇ પ્રકારનું કરવા બાબત ગુનેહગાર માલમ પડે ત્યારે કલમ ૨૯૦ પ્રમાણે તેને શીક્ષા થઇ શકેછે આવી હકીકત છે તો તે કાયદાની કલમ ૨૬૮ પ્રમાણે તે અપકત્ય છે એ વીશે ક્વચીત પણ શક છે એમ અમારી નજરમાં આવતું નથી. અને અમે આગળ કહ્યું છે તે પ્રમાણે જો કે કલમ ૨૮૩ પ્રમાણે તે શીક્ષા થવા લાયક છે કે નહી એ વીશે અમને કાંઇ શક છે તોપણ હીં. ફો. કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે તે શીક્ષા થવાને લાયક છે એ વીશે અમને કાંઇ શક નથી માટે આ કામમાં જે રૂ. ૨૫) દંડ કરવામાં આવેલા છે તે કાંઇ બહુ વધારે નથી.

માટે અમારી નજરમાં આવે છે કે તે હુકમ રદ કરવો જોઇએ.

હુકમ રદ કરયો.

ફુલબેંચ.

તા૦ ૨૨ જુન ૧૮૯૭

સરકોમર પેથીરામ નાઇટ ચીફ જસ્ટીસ, મી૦ જસ્ટીસ વીલસન, મી૦ જસ્ટીસ તોટનહામ, મી૦ જસ્ટીસ નોરીસ અને મી૦ જસ્ટીસ ગૌઝ સાહેબોની રૂબરૂ.

કેશરેહીદ વી૦ શામલાલ.

જુઠો આરોપ-ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૧૯૧—શક પડવાથી ગુનાહની તપાસ કરવી—પીનલકોડ સને ૧૮૬૦ ના આકટ ૪૫ ની કલમ ૨૧૧—પોલીસનો રીપોટ—અશલ ફરીઆદીની તપાસ કરયા શીવાય જુઠા આરોપની ફરીઆદ

એક માણસે પોલીસને ખબર આપવાથી પોલીસે રીપોટ કરયો કે

તે હકીકત જુઠી છે. ખબર આપનાર માજીસ્તરેટની રૂબરૂ અરજ કરીકે મારા કામની તપાસ ચલાવવી જોઇએ અને સાક્ષીઓને સમન્સ કાહાડવા જોઇએ. આ અરજ નામંજુર કરવામાં આવી હતી અને માજીસ્તરેટે પોલીસનો રીપોટ વાંચી તેના ઉપર પીનલકોડની કલમ ૨૧૧મી પ્રમાણે કામ ચલાવવું જોઇએ. એવો હુકમ કરયો.

ઠરાવવામાં આવ્યું કે તે ફરીઆદની અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૧ મીના હેતુ પ્રમાણે છે અને તે પ્રમાણે માજીસ્તરેટ તપાસ કરવાને બંધાએલા છે. પોલીસે કરેલા રીપોટ ઉપરથી જે ગુનાઓ ઉપરથી શક રહેવાનું કારણ માલમ પડતું હોય તે ગુનાહની ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૫૧ અને ૨૫૨ પ્રમાણે તપાસ કરવાને માજીસ્તરેટ મુખત્યાર છે.

ન્યાયની રૂએ કુલ અખત્યાર વાપરીને માજીસ્તરેટે કોઇ સખસને નુંકશાન થયું હોય એવા સખસે ફરીઆદ કરી ના હોય ત્યાં સુધી જે સખસના ઉપર શક રાખવામાં આવ્યો હોય તેની તપાસ કરવી નહી. અગર જે ગુનાહ બાબત તપાસ કરવાની હોય તે ગુનાહની બાબત પોલીસનો રીપોટ આવ્યો હોય અને કહેવાએલા જુઠા આરોપો છોડી દેવામા આવેલા અગર સાંભળવામાં આવેલો હોય તે શીવાય માજીસ્તરેટે તેની તપાસ કરવી નહી અને જુઠા આરોપને વાસ્તે તપાસ ચલાવવાને હુકમ કરવામાં આવે તે પેહેલાં જે માણસે તે જુઠું તોહોમત મુક્યું. તેને તે તોહોમતને ટેકો આપવાને અથવા છોડી દેવાને તક આપવી જોઇએ.

પાનું ૭૦૭ ભાગલપુરના શેશન જડજે હાય કોરટમાં રેફરંસ કરયું

તા૦ ૧૫ મી મારચ સને ૧૮૮૭ ના રોજ એક શામલાલ નામના સખશે, મુનીલાલ વીગરેએ તેનું પાકેલું અનાજ લુટી લીધું છે એવી પોલીસને ખબર આપી. રજીસ્ટર કરેલો પટો રજુ કરવામાં આવેલો નથી તે ઉપરથી શામલાલે જે જગ્યામાં અનાજ પાકેલું હતું તે જગ્યા માહારી છે એવો હક રાખ્યો તે બાબત પોલીસે તપાસ કરી અને ખબર આપનાર શામલાલના છ સાક્ષીઓની અને મુનીલાલ અને બીજા તોહોમતદારો તરફથી બાર સાક્ષીઓની જુબાની લઈને એવું ઠરાવ્યું કે તે જગ્યા મુનીલાલે વાવી અને ખેડી છે અને કામમાં હકનો સવાલ રહયો છે અને જે હકીકત કહેવામાં આવેલીછે તે જુઠીછે માટે તે કામ કોરટમાં પાછું મોકલ્યું.

આ રીપોટ તા૦ ૨૨ મી મારચના રોજ માજીસ્તરેટની તરફ મોકલવામાં આવ્યો. અને તા૦ ૨૪ મી મારચના રોજ જીલા માજીસ્તરેટે રીપોટ વાંચીને આરોપ જુઠો છે એવું ઠરાવ્યું અને શામલાલના ઉપર જુ

ઠી ફરીઆદ કરવા બાબત કામ ચલાવવાને હુકમ કરયો. તા૦ ૨૪ અગર તા૦ ૨૫ મી મારચે સામલાલે જીલા માજીસ્તરેટની રૂબરૂ હાજર થઇ અરજ કરી કે મ્હારા સાક્ષીઓના ઉપર સમન કાહાડવા જોઇએ અને તે કામમાં તપાસ કરવી જોઇએ. આ અરજી તા૦ ૩૧ મી મારચના રોજ નામંજુર કરવામાં આવી. તા૦ ૧ લી અપરેલના રોજ સામલાલે એ મતલબની બીજી અરજી કરી, પણ વળી આ અરજી તા૦ ૫ મી એપ્રીલના રોજ નામંજુર કરવામાં આવી.

સામલાલે શેશન જડજને માજીસ્રેટે જે મંજુરી આપેલી છે તે રદ કરવાનો હુકમ કરવાને અરજ કરી. શેશન જડજે તેમાં હાથ ઘાલવાની ના કહી એવું કહીને કે અમે તે કરી શકતા નથી કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૫ મીના ઠરાવ પ્રમાણે ફરીઆદ ચલાવવાનો હુકમ છે તે માજીસ્રેટની મંજુરી નથી. કારણ કે જે ફરીઆદ જુઠી કહેવામાં આવેલી છે તે ફરીઆદ કોઇ કોરટમાં કરવામાં આવેલી નથી. પરંતુ પોલીસની રૂબરૂ કરવામાં આવેલી હતી. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે તે ફરીઆદ કાહાડી નાંખવામાં આવેલી નથી. અને તે તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો નથી માટે તેજ કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે તે ફરીઆદમાં હુકમ થવો જોઈએ એવું તે કરી શકતા નથી. પરંતુ સામલાલના ઉપર ફરીયાદ ચલાવવી જોઇએ એવો અભીપ્રાય શામલાલને પોતાની ફરીઆદ સાચી છે એવું સાબેત ઠરાવવાને લાગ મળે તે પહેલાં શેશન જડજે હાય કોરટને કામ મોકલ્યું અને ભલામણ કરી કે તા૦ ૨૪ મી મારચનો જીલા માજીસ્રેટનો હુકમ રદ કરવો જોઇએ અને અશલ ફરીઆદ સાંભળવી જોઇએ.

એ કામ તે કોરટની ફુલબેંચની રૂબરૂ સુનાવણીના વાસ્તે આવ્યું.

તોહોમતવાળા તરફથી મી૦ એલ એમ ગોઝ:—તા૦ ૨૪ મારચના રોજ જે હુકમ કરવામાં આવેલો છે તે શરૂઆતમાંથી બરોબર નથી. કારણ કે જે નીશ્ચય પોલીશે કરેલો છે તે જો સાચો હોય અને પોલીશના રીપોરટમાં દાખલ કરવામાં આવેલો હોય તો પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણેનો તેજ કાયદાની કલમ ૧૮૨ અને ૪૯૯ પ્રમાણે ગુનહો છે એમ માલમ પડે તેમ કલમ ૧૮૨ અને ૪૯૯ પ્રમાણેના ગુનહાની બાબતમાં જે શીક્ષા કરવામાં આવે છે તે કલમ ૨૧૧ પ્રમાણેના ગુનહાની શીક્ષા કરતાં ઓછી ભારે હોય છે. એમ સમજવામાં આવે છે. પરંતુ કલમ ૧૮૨ પ્રમાણે તે ગુનહાની તપાસ નીશબત રાખનાર સરકારી નોકર વીગરેની ફરીઆદ અને પ્રથમની મંજુરી હોવા શીવાય તપાસ ચાલી શકતી નથી. અને કલમ ૪૯૯ પ્રમાણેના ગુનહાની તપાસ તે ગુનહાથી

જે કોઇને ઇજા થએલી હોય તેની ફરીઆદ ઉપરથીજ ફકત થઈ શકેછે. માટે કલમ ૧૮૨ અને ૪૭૯ પ્રમાણેના ગુનહાની તપાસ કરવાને માજીસ્ટ્રેટનો અખ્તીઆર થાય તે પેહેલાં જે શરતો છે તેમાંની એક અગર બીજી પ્રમાણે ચાલ્યા વીના કલમ ૨૧૧ પ્રમાણે જુઠો આરોપ મુકયા બાબતના ગુનહાની તપાસ કરવાને માજીસ્ટ્રેટને પરવાનગી આપવી એવો કાયદા કરનારનો ઇરાદો હોઇ શકે નહીં. અને શામલાલે અશલ જે આરોપ મુકલો તે સાબેત કરવાને તેને લાગ આપવામાં આવેલો નહી હતો. માટે પ્રથમ તેને લાગ આપ્યા વીના પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે તે સામલાલના ઉપર ફરીઆદ ચલાવવાનો હુકમ કરવાની તે માજીસ્ટ્રેટને હકુમત નહી હતી. હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ રાધા કીશનના કામમાં કેશરેહીંદ વીરૂધ કરીમદાદના કામના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું છે માટે તે ઠરાવ તથા કેશરેહીંદ વીરૂધ જમની અને મહારાણી કેશરેહીંદ વીરૂધ ગંગારામના ઠરાવો જુઓ. વળી રામા સામી વીરૂધ કેશરેહીંદના કામનો ઠરાવ છે તેમાં સદરહુ છેવટ બતાવેલો ઠરાવ જુદો છે એમ બતાવવામાં આવેલું છે. શેખ ઇરાદ વીરૂધ નશીબુ નીસાબીબીનો ઠરાવ મહારા લાભમાં છે. એક અગર બે ઠરાવો એટલે નશીબુ નીશાબીબી વીરૂધ શેખ ઇરાદઅલીનો ઠરાવ મહારા વીરૂધછે. તોપણ તે કામ એવા મુદા ઉપર ચાલ્યું હતું કે નીચેની કોરટને આપેલી મંજુરીમાં હાથ ઘાલવાને અખ્તીયાર નથીને અશલ ફરીયાદ બાબત જે તપાસ કરવામાં આવેલીછે તે પુર્ણરીતે ન્યાયની રૂઇએ નથી. એકબીજોઠરાવ બ્રમાનંદ ભટાચારજીના કામનોછે તેકાંઇક અમારા વીરૂધછે પરંતુ માજીસ્ટ્રેટની રૂબરૂતે કામમાં ફરીઆદ નહી હતી માટે તેકામનો બરોબર નીરણય કરેલો નથી. ગ્યાનચંદરરાય વીરૂધ પ્રતાપચંદર દાસના કામમાં સને ૧૮૭૨ નો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૦ પ્રમાણે મંજુરી આપેલી હોય તેમાં અને કોરટે પોતાની ખાએશ ઉપરથી જે કામ ચલાવેલું હોય તેમાં જસ્ટીસ પ્રીનશેપ સાહેબે ભેદ બતાવેલો છે અને તેમણે કહયું છે કે જ્યારે કોરટ ફરીઆદ ચલાવવાને હુકમ કરવાનો પોતાને માંથે લે ત્યારે આરંભની તપાસ ફકત જરૂર છે પરંતુ તે ભેદ ભુલ ભરેલો છે અને તે બતાવેલો અભીપ્રાય ઉપયોગનો નથી. આ કામમાં જે પોલીસ રીપોટ છે તે પ્રોસીજરકોડની કલમ ૧૯૧ પ્રમાણે માજીસ્ટ્રેટ ધ્યાનમાં લઇ શકતા નથી. અને તે કલમ પ્રમાણે કોઇ સખસે તેમની પોતાની રૂબરૂ અગર પોલીસની રૂબરૂ એકાદા ગુનાહ બાબત ફરીઆદ કરેલી હોય અને તેમની ખાએશ ઉપરથી કરેલી ના હોય ત્યારેજ ફકત તે ગુનાહની તપાસ તેઉ કરી શકે છે. (ચીફ જસ્ટીસ પેથેરામ—કલમ ૧૯ ની પેટા રકમ ક તમારા વીરૂધ છે. તેઉ શક ઉપર

થી તપાસ કરી શકે છે.) તે માજીસ્તરેટે તે પેટા રકમ પ્રમાણે તે કામ કરેલું હોય એમ બતાવતા નથી, કલમ ૧૫૭ પ્રમાણે પોલીસ પોતાનો રીપોટ માજીસ્તરેટ તરફ મોકલી શકે છે. અને કલમ ૧૬૭ પ્રમાણે માજીસ્તરેટ તે બાબતની તપાસ કરી શકે છે. પોલીસ રીપોટથી તે પ્રોસીડીંગ પુરૂ થતું નથી. કારણ કે તેમને તો તોહોમતવાળાને જામીન ઉપર અગર પેરામાં રજુ કરવાનો છે. અને માજીસ્તરેટ તે કલમ પ્રમાણે જે ગુનાહની તપાસ કરી શકે છે તે પોલીસની તપાસની રૂઇએ થએલો ગુનહો છે.

સરકાર તરફથી ડીપોટી લીગલરી મેમબ્રનસર (મી૦ કીલબી) જુનો ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો થતાં પેહેલાં ભારે ગુનાઓની બાબતમાં પ્રથમ ફરીઆદીએ પોલીસને ખબર આપવી જોઇએ. એ પ્રમાણેના રીવાજ પ્રમાણે વીચાર કરવામાં આવેલો છે તે કાયદો થયા પછી ફેંસલા ઉપરથી માલમ પડે છે કે પોલીસની રૂબરૂ ચાલતું કામ પુરૂ થાય છે એટલે તે બાતમી આપનાર માજીસ્તરેટની રૂબરૂ આવી ફરીઆદ કરી શકે છે અને તે ફરીઆદ સાંભળવાને બંધાએલાછે. મદ્રાસ હાય કોરટે ઠરાવ્યું છે કે બાતમી આપનારની ઉપર જુદા શોગન બાબત ફરીઆદ ચલાવતાં પહેલાં તેના અશલ મુકદમાનો નીરણય થએલો હોવો જોઇયે.

કોરટનાં ફેંસલા નીચે પ્રમાણે આપવામાં આવેલા છે:—

ચીફ જસ્ટીસ પેથેરામ સાહેબે હકીકત બતાવ્યા પછી કહયું છે કે સદરહુ હકીકત ઉપરથી ત્રણ સવાલો ઉતપન થાય છે.

પેહેલો કે તા૦ ૪ અગર તા૦ ૨૫ મારચ અને તા૦ ૧ લી એપ્રેલના રોજ સામલાલે તે માજીસ્તરેટને જે અરજીઓ કરેલી છે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૧ ના હેતુ પ્રમાણે ફરીઆદો છે કે નહી. અને તે બાબત માજીસ્તરેટ તપાસ કરવાને બંધાએલા છે કે નહી.

બીજો તા૦ ૧૨ મારચ સને ૧૮૮૭ ના રોજ પોલીસના રીપોટ ઉપરથી તારીખ ૨૪ મારચ સને ૧૮૮૭ ના રોજ હુકમ કરવાને તે માજીસ્તરેટને હકુમત હતી કે નહી અને.

ત્રીજુ જો તે હુકમ કરવાને હકુમત હતી તો તે હુકમ કરવામાં તેમણે મજબુત રીતે પોતાના ન્યાયની રૂઇએ કુલ અખત્યાર વાપરેલો છે કે નહી.

અમારા અભીપ્રાયમાં સ્પષ્ટ આવે છે કે પેહેલા સવાલનો જવાબ હાકારમાં દેવો જોઇએ.

તકરારી દીવસોએ સામલાલ માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થયો અને તેણે કહયું છે કે તે ગુનહો કરવામાં આવેલો છે માટે મારા સાક્ષીઓને

બોલાવી તે વીસે તપાસ થવી જોઇએ. અમારી નજરમાં આવે છે કે આવીજ ફરીઆદ તે કરી શકતો હતો અને તેણે તે કરેલી છે ત્યારે સામાન્ય ન્યાય તરીકે માજીસ્ટ્રેટ પાશે તે વીશેની તપાસ કરાવવાનો તેનો હક હતો. અને તે ગ્રહસ્થ આ બાબત પોલીશે કરેલો નીશ્ચય ફક્ત કબુલ કરી પોતાની તપાસ કરવાની જે જવાબદારી તે દુર કરી શકતા નહીં હતા.

બીજો શવાલ વધારે મુશકેલી ભરેલો છે પરંતુ તે વીશે કાયદાની કલમો અને તે બાબતના ઠરાવોનો સંભાળ ભરેલો વીચાર કરતાં અમારો એવો નીશ્ચય થએલો છે કે તેનો જવાબ પણ હાકારમાં દેવો જોઇએ.

જે હકીકત કહેવામાં આવેલી છે તે જો સાચી હોય તો કલમ ૨૧૧ પ્રમાણે ગુન્હો બની શકે છે. અને જો તે યોગ્ય રીતે માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવી હોય તો માજીસ્ટ્રેટ તેનો તપાસ કરવાને મુખત્યાર છે અને અમારી નજરમાં આવે છે કે જે હકીકતની સ્થીતી પોલીશ રીપોટમાં માજીસ્ટરેટની નજરે આણેલી હોય તેથી ગુનહો બન્યો છે એમ ધારવાનું કારણ બનતું હોય તો કલમ ૧૯૧ અને ૧૯૨ પ્રમાણે તે તોહોમતનો પોતે તપાસ કરવાને અગર પોતાના તાબાના માજીસ્ટ્રેટ તરફ તપાસ કરવાને મોકલવાને તેમને હકુમત છે;

માટે બીજા સવાલ વીશે અમારો જવાબ હાકારમાં છે.

ત્રીજા સવાલ વીશે અમારા અભીપ્રાયમાં આવે છે કે તેનો જવાબ નાકારમાં દેવો જોઇએ. આગળ સમજાવવામાં આવેલું છે તે પ્રમાણે અમારા વીચારમાં આવે છે કે હકીકત પ્રમાણે તે માજીસ્ટ્રેટને હકુમત મળે. પરંતુ મજબુત રીતે ન્યાયની રૂઇનો કુલ અખત્યાર તરીકે જે કામમાં અંદેશો હોય તે ફક્ત અંદેશો કહેવાય છે અને બીજા આરોપ બાબતના તપાસનો રીપોટ વાંચતાં જે હકીકત તેમની નજરે આવેલી હોય છે તે ઉપરથી એવો અંદેસો ઉતપન્ન થાય કે અમુક ગુન્હો બનેલો છે પરંતુ તે વીશે કોઇએ ફરીઆદ કરેલી નથી, તો તેવા અંદેશા ઉપરથી ક૦ ૧૯૧ પ્રમાણે તેવા ગુન્હાની તપાસ કરી શકવાળા સખસની તેનાથી થએલી ઇજાવાળા સખસે ફરીઆદ કરી ના હોય ત્યાંસુધી અગર જે ગુન્હાની તપાસ પોલીસે કરી રીપોરટ કરેલો હોય અને તે રીપોરટ તેમની રૂબરૂ આવે નહીં ત્યાંસુધી અને જે જુઠા આરોપો કહેવામાં આવેલા હોય તેમાં અશલ આરોપની સુનાવણી કરી તે કાહાડી નાંખવામાં આવેલો ના હોય અગર છોડી દેવામાં આવેલો ના હોય ત્યાંસુધી તે શકવાળા સખશની તપાસ કરવાને ફરમાવવું નહીં જોઇએ એમ અમારી નજરમાં આવે છે. અને અમારે કહેવું જોઇએ કે આવો આરોપ છોડી દેવામાં

આવેલો છે એવું નીશ્ચેકારક બતાવવાને સારૂં જુઠા આરોપની ફરીઆદ ચલાવવાનો હુકમ કરતાં પહેલાં જે સખસે જુઠો આરોપ રાખેલો હોય તેને તે આરોપની પુષ્ટી કરવાને અગર છોડી દેવાને લાગ આપવો જોઇએ એમ અમારી નજરમાં આવે છે. આ કામમાં આ કારણો આવા તમામ કામોને લાગુ થાય છે તેની સાથે અમારી નજરમાં આવે છે કે માજીસ્ટરેટનો હુકમ રદ કરવો જોઇએ કારણ કે જે અંદેશો રાખવામાં આવેલો છે તે તેનો આધાર પોલીશના રીપોરટ ઉપર છે. પરંતુ પોલીશના રીપોર્ટ પ્રમાણે તે વ્યાજબી નથી.

માટે માજીસ્ટરેટનો હુકમ રદ કરવામાં આવશે.

જસ્ટીશ નોરીશ સાહેબ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ભાગલપુરના શેશન જડજે કરેલા રેફરંસ ઉપરથી આ કામ અમારી રૂબરૂ આવેલું છે.

કામની હકીકત નીચે પ્રમાણે છેઃ—તા૦ ૧૫ મારચ સને ૧૮૮૭ ના રોજ એક શામલાલે પોલીશને એવી ખબર આપી કે આગલે દીવસે સવારના ચાર વાગતાં ત્રણ સખસો નામે મુનીલાલ, અન્તારાય અને લખ મણરાએ માહારા ખેતરમાંથી રૂ.૧૦૦) ની કીમતના વાવેતર દાણા ચોરી ગયા છે.

શામલાલે પોતાની પેહેલી ફરીઆદમાં ચાર શાક્ષીઓનાં નામ આપેલાં છે. પોલીશ તે જગોએ કહેવાએલી ચોરીની તપાસ કરવા આવી ત્યારે તેણે કહયું છે કે માહારા ત્રણ શાક્ષીઓ તોહોમતવાળા તરફ થઈ ગયા છે અને તેણે નવા છ શાક્ષીઓનાં નામ દીધાં.

પહેલાં જે ચાર શાક્ષીઓના નામ દીધેલાં હતાં અને જેઓ તોહોમતવાળાની તરફ થઇ ગયા હતા તેમાંના એક શાક્ષીને પોલીસે તપાસ્યો અને પાછળથી બતાવેલાં છ શાક્ષીઓમાંથી પાંચ શાક્ષીઓને તપાસ્યા. એક શાક્ષીએ કહયું છે કે "સોમવારને રોજ સવારમાં હું તે ખેતરમાં ગયો તે વખતે મેં તોહોમતવાળાઓને મારા શેઠના ખેતરનું વાવેતર પોતાના મજુરો તથા કોળીઓ પાસે કપાવતાં જોયા તેથી હું મોગીર ગયો અને મારા શેઠને ખબર આપી. મારો શેઠ આવ્યો અને ફરીઆદી કરી" બીજા શાક્ષીએ કહયું છે કે "મંગળવારની રોજ ફરીઆદીના ખેતરમાંનું વાવેતર કાપતાં મેં તોહોમતવાળાને જોયા." બાકીના શાક્ષીઓએ જુબાનીઓ આપેલી છે તેમાં પોતે સાંભળ્યા ઉપરથી કહેલું છે કે "આ વરશમાં તકરારી ખેતરમાં ફરીઆદીએ જવ વાવ્યા હતા અને શદરહુ ખેતર તોહોમતવાળામાંના એક તોહોમતવાળા મુનીલાલનું જોટ છે." મુનીલાલે તે તોહોમતના જવાબમાં કહયું છે કે "આ ખેતર મારા જો

ટમાં પાંચ અગર સાત વરશથી છે આ વરશમાં મે વાવેતર કરયું હતું અને ગયા શોમવારને રોજ રવીનું વાવેતર હું કપાવી લાવ્યો છું તે ફરીઆદીએ જે કહયું કે આ વરશમાં તેણે વાવેતર કરેલું હતું. અને તે ફાળ વાવ્યો હતો તે જુઠું છે કારણ કે જખમરામ ખુમાર એક લીલામમાંથી ખરીદદાર છે. અને તેનો એક ગોકુળ ખુમાર શાળો અગર બનેવી છે, અને તે ગોકળ ખુમાર તે જખમરામ ખુમાર તરફથી તે ખેતરને કદી જોટ તરીકે કબજે રાખતો હતો. અને તેની તરફથી જોટ તરીકે માહરો કબજે છે. બે વરસથી આ ખેતરની સાંથ માહરે આપવી રહેલી છે તેમા ખરા જોટદાર ગોકળ ખુમાર તરફથી તે જખમરામ ખુમારે માહરા ઉપર ચડેલી સાંથનો દાવો કરાવ્યો હતો. શદરહુ સાંથ નહીં આપવાથી થએલી હેરાનગતી ઉપરથી ખરા જોટદાર ગોકળ ખુમારની સલાહ ઉપરથી જખમ ખુમારે ફરીઆદ સામલાલ ખુમારના લાભમાં એક પટો લખી આપી રજીસ્ટર કરાવી આપ્યો છે. કે જે તેની ન્યાતનો અગર સગો થાય છે અને આ પટો માહારી અણજાણતામાં તે ખેતરનો માહારો કબજો છોડાવવા સારૂ કરી આપવામાં આવેલો છે અને માહરૂ કરેલું વાવેતર લેઇ જવા બાબત તે ફરીઆદી પાશે માહારા ઉપર જુઠી ફરીઆદી કરાવેલી છે. પરંતુ આગળના વરસો પ્રમાણે આ વરશમાં મેં ખેતી કરી વાવેતર કરેલું છે અને તે ખેતરનું વાવેતર હું લેઇ ગએલો છું."

આંત્તારાએ આ ખેતરની બાબતમાં પોતે ગેરહાજર હતો એવી તકરાર કરી મુનીલાલના જવાબ પ્રમાણે તે જવાબ તોહોમતવાળા મુનીલાલનું જોર છે એવી પુષ્ટી કરેલી છે. લક્ષમણરાયને તપાસેલો જણાતો નથી. મુનીલાલની તરફથી બાર શાક્ષીઓ તપાસવામાં આવેલા છે તેમાંનો એક શાક્ષી ફરીઆદીએ પોતાની પેહેલી ફરીઆદમાં જે સાક્ષીઓ બતાવેલા છે અને જેઓ તોહોમતવાળાની તરફ ગએલા છે એમ કહેવામાં આવેલું છે તેમાંનો એક શાક્ષી તપાસવામાં આવેલો છે. મુનીલાલની કહેલી હકીકત અને તેના શાક્ષીઓએ આપેલી શાહેદી ઉપરથી પોલીશની એવી ખાતરી થઇ છે કે" ફરીઆદીએ તે ખેતર વાવેલું નથી અને તે ફરીઆદી કેવળ જુઠી છે તથા તે ગોઠવણ તોહોમતવાળાને પોતાના ખેતરમાંથી કાહાડવાને સારૂં તથા તેનું આ વરશનું વાવેતર લઈ જવાને સારૂં જમીનદાર જમખરામ ખમાર તરફથી કરવામાં આવેલી છે. અને ખરી રીતે તોહોમતવાળા મુનીલાલે તે વાવી વાવેતર કરેલું હતું. " માટે ક નીસાનના નમુનાનો રીપોર્ટ (જુઠી હકીકત) તેઓએ મોકલેલો છે તેમાં કોઇ તોહોમતવાળા સખસોના નામ અ-

થવા શક રાખવામાં આવેલા પણ પકડવામાં આવેલો નહીં તેમની ત- પાસની વીગતના મથાળા નીચે સાતમા ખાનામાં તે જુઠી છે એમ કહેલું છે." "તપાસ ઉપરથી મુનીલાલ, અત્તારાય, અને લક્ષમણરાય તોહોમ- તવાળા ઉપર તે તોહોમત સાબેત થતું નથી. કારણ કે આ કામમાં હકનો સવાલ રહેલો છે." અને પોલીસે જે રીતીએ કામ ચલાવેલું તથા નીષ્ફળ ગયાનાં કારણો એ મથાળા નીચે નવમા ખાનાની આખરે તેઓએ કહ્યું છે કે તેમાં હકનો સવાલ છે માટે હકીકત જુઠી માલમ પડી છે. સબબ જુઠી ફરીઆદ કરયા બાબત કાંઈ આરોપ રહી શકતો નથી. તે રીપોર્ટ ડીપ્યુટી માજીસ્ટ્રેટને મોકલવામાં આવેલો હતો અને તેમણે જીલ્લા માજીસ્ટ્રેટ મી૦ મોશલી તરફ મોકલેલો છે. અને તેઉ સાહેબે તા૦ ૨૪ મા- રચના રોજ એવો હુકમ કરયો છે કે તે ફરીઆદીના ઉપર જુઠી ફરી- આદ કરયા બાબતની ફરીઆદ ચલાવવી. કારણ કે તે હકીકત જુઠી છે. તા૦ ૨૪ અગર તા૦ ૨૫ મારચના રોજ સામલાલે જીલ્લા માજીસ્તરેટને એવી અરજ કરી કે મારા શાક્ષીઓ ઉપર સમન કાહાડી કામની તપાસ કરવી જોઇએ તેથી તા૦ ૩૧ મી માર્ચના રોજ આ અરજી ના મંજુર કરવામાં આવી. તા૦ ૧ લી એપ્રીલના રોજ સામલાલે આ ફરીઆદની તપાસ કરવાને ફરીથી અરજ કરી અને તે અરજી તા૦ ૫ મી એપ્રીલના રોજ ના મંજુર કરવામાં આવી અને તા૦ ૭ મી એપ્રીલના રોજ સા- મલાલ ઉપર જુઠો આરોપ રાખ્યાની ફરીઆદ જીલ્લા માજીસ્ટ્રેટે તજ- વીજ અગર તપાસ થવા સારૂ ડીપ્યુટી માજીસ્ટ્રેટ તરફ મોકલ્યું.

પછીથી સામલાલે શેશન્સ જડજ સાહેબને, "જીલ્લા માજીસ્ટ્રેટની મંજુરીનો હુકમ રદ કરાવવાને" અરજી કરી.

શેશન્સ જડજના રેફરંન્સમાં જેવી રીતે સફાઇથી બતાવવામાં આ- વેલું છે તેવી રીતે તેઉ સાહેબ હાથ ઘાલી શકે જ નહીં. શામલાલ ઉપર ફ- રીઆદ ચલાવવાનો માજીસ્ટ્રેટનો જે હુકમ છે તે ફોજદારી કામ ચલાવવા- ની રીતીના કાયદાની કલમ ૧૯૫ મીના અર્થ પ્રમાણે "મંજુરીનો હુકમ નથી, કારણ કે જે જુઠો આરોપ રાખ્યાનો ગુનો કહેવામાં આવેલો છે તે પોલીશની રૂબરૂ શીવાય કોઇ કોરટમાં કોઈ કામમાં અગર કોઇ કામના સબંધમાં કરવામાં આવેલો નથી, તેથી તે ફરીઆદ ચલાવવાની મંજુ- રીના હુકમની કાંઇ જરૂર નથી. માટે શેશન્સ જડજના તાબાના અધીકા રીએ કરેલો મંજુરીનો હુકમ જે તેઉ સાહેબ રદ કરી શકે છે તે નથી. શામલાલની મુનીલાલ વીગરેના ઉપર જે ફરીઆદ તેમાં તપાસ ચલા- વવાને શેશન્સ જડજ સાહેબ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે જીલ્લા માજીસ્ટ્રેટને પોતે તપાસ ચલાવવાને અ-

થવા તેમના તાબાનાને એવો હુકમ કરી શકતા નથી કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે તે કામ કાહાડી નાંખવામાં આવ્યું નથી અને તોહોમતદારોને છોડી દેવામાં આવેલા નથી.

આ હકીકત ઉપરથી શેશન્સ જડજ સાહેબે અમને તે કામ મોકલ્યું છે. અને ભલામણ કરી છે કે જીલ્લા માજીસ્ટરેટનો તા૦ ૨૪ મી મારચના રોજનો હુકમ રદ કરવો જોઇએ અને તેમને શામલાલની ફરી આદ સાંભળવાને હુકમ કરવો જોઇએ.

શેશન્સ જડજ સાહેબની ભલામણ પ્રમાણે અમારે કરવું જોઇએ એમ અમારી નજરમાં આવે છે. તે જીલ્લા માજીસ્રેટ તેમના ખુલાશાના કાગળમાં કેહે છે કે ફરીઆદ ચલાવવાની બાબતમાં ઇન્ડીઅન પીનલકોડની કલમ ૧૮૨ અને ૨૧૧ બાબત એક બીજાની વીરૂધ ઠરાવો થએલા છે. પણ અમે સલાહ લીધેલી છે તે બધાનો જે ભાવાર્થ આ પ્રમાણે છે કે જ્યારે માજીસ્તરેટને કોઇ માણસ ફરીઆદ કરે તો તે માણસ ઉપર ઉપર કહેલી કલમો પ્રમાણે કામ ચલાવતાં પહેલાં તે માણસને તેનું કામ સાબેત કરવાને જોઈતી તક આપવી જોઇએ. પણ આ કામમાં માજીસ્રેટની રૂબરૂ શામલાલની ફરીઆદ 'નથી કારણ કે અસલ શાક્ષીઓ બોલાવવાની રજા મળવાને એક અરજી, ફરીઆદ નોંધાઇ ત્યારપછી જે દાખલ કરી તે ફરીઆદની અરજી નથી." અમારી નજરમાં એમ આવે છે કે જીલ્લા માજીસ્રેટે જે શામલાલની અરજીને વાસ્તે વીચાર કરયો તે ભુલ ભરેલો છે. અમારો અભિપ્રાય એવો છે કે એ ફરીઆદ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૧ મીના અર્થમાં સમાય છે. જે હકીકતથી ગુનો બને તેવી ફરીઆદ આવે તો તેવા ગુનાની સુનાવણી કરવાને માજીસ્તરેટને તેજ કલમ પ્રમાણે અખત્યાર છે. આ ફરીઆદ લખેલી હોય અને મોંઢેથી કરે. કોઇ અમુક રીતે કરવી એવી કાંઇ જરૂર નથી. જરૂરનું તો આટલુંજ કે ખરી વાત જેથી ગુનો થયો તેની હકીકત માજીસ્ટેરેટને ફરીઆદીએ જાહેર કરવી. કેઇ વખને માજીસ્રેટને અરજી કરવામાં આવી તે ફરીઆદ છે કે નહીં એ વીશેનો નીશ્ચે કરવાને વીચાર કરતાં કાંઇ સવાલ થઈ શકતો નથી.

શામલાલની અરજીનું કેવું રૂપ છે તે બરોબર અમને આપેલું નથી. ડીસ્ટ્રીકટ માજીસ્ટરેટનું તેના વાસ્તે કહેવું એવું છે કે એ અરજીમાં તેના અસલ શાક્ષીઓને બોલાવવાની પરવાનગીને વાસ્તે અરજ કરેલી હતી. શેશન જડજ સાહેબનું કહેવું એવું છે કે સામલાલે તેના શાક્ષીઓ ઉપર સમન કડાવવાની અને તે કામમાં તપાસ કરાવવાની અરજ

કરેલી હતી. જેવી રીતે ડીસ્ત્રીકટ માજીસ્તરેટ કહે છે કે તે અરજી અ-સલ શાક્ષીઓ બોલાવવાની પરવાનગીને વાસ્તે હતી તોપણ પોલીશનો રીપોરટ જે માજીસ્ત્રેટની રૂબરૂ આવેલો છે, અને જે તેઉ સાહેબ કહે છે કે કાળજી પુરવક ધ્યાનમાં લીધેલો છે તેની સાથે તે આ બાબત વાંચવી જોઇએ. અને અમે તેમ તે અરજી વાંચીએ છીએ ત્યારે તે અરજીનો અરથ પોલીશની રૂબરૂ શાગલાલે તેના તોહોમતનું કહેલું છે અને આ તોહોમતમાં તપાસ ચલાવવી જોઇએ એવી અરજ કરેલી જણાય છે અ-ને તેનો બીજો અરથ થતો નથી. શેશન જડજ સાહેબ કહે છે કે શામલાલે તેના પોતાના શાક્ષીઓ ઉપર સમન કરાવવાને પરવાનગીને વા-સ્તે અને તે કામમાં તપાસ ચલાવવાને વાસ્તે અરજ કરેલી છે તેમ હો-ય તો ગુન્હો બનવાને કીયા સાધનની ખામી છે તેનો વીચાર કરવો મુ-શ્કેલ છે.

અમારી નજરમાં શામલાલની અરજી ફરીઆદની અરજી છે એમ આવે છે તેથી તેની સાથે કાયદા પ્રમાણે કરવાની માજીસ્તરેટની ફરજ છે, અને આગ કરવામાં એમની ફરજ કાંઇ ઓછી નથી. કારણ કે જે તોહોમત સબંધી ફરીઆદ કરવામાં આવી છે તે પોલીસે જુઠી ઠરાવીને પાછી મોકલી દીધી છે.

વળી અમારી નજરમાં એમ આવે છે કે સામલાલની ફરીઆદની અરજીમાં તપાસ ચલાવવી જોઇએ અને કાયદા પ્રમાણે થવું જોઇએ.

જીલ્લા માજીસ્ત્રેટનો ફો૦ કા૦ ની કલમ ૨૧૧ પ્રમાણેના ગુ-ન્હાને વાસ્તે સામલાલના ઉપર ફરીઆદ ચલાવવી જોઇએ એવો હુકમ જ કરવો જોઇએ કે નહી તે નકી કરવામાં બે શાવાલો ઉતપન થાયછે. માજીસ્ત્રેટને તે કામની હકીકત ઉપરથી અને તેમની રૂબરૂના સાધનો ઉપ-રથી પહેલાં તો તે હુકમો કરવાને સતા છે કે નહી. બીજો એ કે તે-મણે ન્યાયની રૂઇએ સતા વાપરી છે કે નહી.

અમારો અભીપ્રાય એવો છે કે પહેલાં શવાલનો જવાબ હાઇકોરટ-માં દેવો જોઇએ. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૧ પ્રમાણે માજીસ્તરેટને જે હકીકતથી આવો ગુન્હો બન્યો તેની ફરીઆદ આવેથી આવી હકીકતના પોલીસના રીપોટથી અને પોલીસ આફીસર શીવાયના કોઇ બીજા માણસ પાસેથી ખબર મળવાથી અથવા તો આ ગુન્હો કરવામાં આવેલો છે. એવા તેના માહેતગારપણાથી અગર શકથી કોઇ પણ ગુન્હાની સુનાવણી કરવાને અખત્યાર આપવામાં આવેલોછે.

એ ખુલ્લું છે કે માજીસ્ત્રેટની રૂબરૂ આ કામમાં એવાં સાધાનો છે કે જે ધ્યાનમાં લેવાથી ગુન્હો કરવામાં આવેલો છે એવો શક રહે.

અરજદાર તરફથી ગોઝે એવી તકરાર કરી કે જો પોલીસે કરેલા ઠરાવો અને તેમના રીપોરટમાં જે કહેવામાં આવેલું તે ખરૂ હોય તો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ અને ૪૯૯ પ્રમાણે અને તેજ કાયદાની કલમ ૨૧૧માં કહેલા ગુન્હાના જે ા ગુન્હો શામલાએ કરેલો છે એમ માલમ પડે. અને વળી તકરાર કરી કે જો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ અને ૪૯૯ પ્રમાણેના ગુન્હાઓમાં જે સજા થઇ શકેછે એવો ઇનશાફ કરવામાં આવે તો તે ગુન્હો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેના ગુન્હા કરતાં કાંઇક હલકો છે. અને વળી એવી તકરાર કરવામાં આવી કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ પ્રમાણેનો ગુન્હો પથમની મંજુરી સાથે અથવા તો લગતા સરકારી નોકરની ફરીઆદથી અથવા તો કોઇ એક સરકારી નોકર જેના હાથ નીચે તે છે. તેમની ફરીઆદ ઉપરથી સુનાવણીમાં ફકત લેઇ શકાય. અને વળી તકરાર કરવામાં આવી કે જયારે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૯ પ્રમાણેનો ગુન્હો કેટલાંક માણસો જેમને આવા ગુન્હાથી ઇજા થએલી હોય તેમની ફરીઆદ ઉપરથી ફકત સુનાવણીમાં લેવાય છે ત્યારે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ અને ૪૯૯ પ્રમાણેના ગુન્હાઓ માજીસ્તરેટ તપાસ કરી શકે તે પહેલાં એક અગર બીજી સરત પ્રમાણે ચાલ્યા શીવાય હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે જુઠુ તોહોમત રાખ્યાના ગુન્હા બાબત માજીસ્ટ્રેટ તપાસ કરી શકે એવો કાયદા કરનારોઓનો હેતુ હોઇ શકે નહીં આ તકરારનો અમે અમલ કરી શકતા નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ (રકમ બ) થી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેના ગુન્હા બાબતમાં પ્રથમ મંજુરીનું જે રક્ષણ આપવામાં આવેલું છે તે જે ગુન્હા કોઇ કોરટમાં ચાલતા પ્રોશીડીંગમાં અગર તે સબંધી કરવામાં આવેલા હોય તેજ ગુન્હા બાબતજ છે એવો કાયદા કરનારાઓએ વીચારથી ઠરાવ કરેલો છે. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ના ઠરાવ પ્રમાણે જે ગુન્હા કોઈ કોરટમાં પ્રોશીડીંગમાં અગર તે સબંધી બનેલા હોય અને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ અને ૪૯૯ પ્રમાણે જે સખસો ઉપર આરોપ રાખવામાં આવેલો હોય તેમાં જેમ મંજુરીની જરૂર છે તેમ પોલીશની રૂબરૂ જુઠો આરોપમુકવા સબંધીના ગુન્હાની બાબતમાં સદરહું કલમ ૨૧૧ પ્રમાણે જે સખસના ઉપર આરોપ રાખવામાં આવેલો હોય તેજ સખશોને તેજ રક્ષણ આપવું જોઇએ કે નહીં તે કાયદા કરનારાઓને ઠરાવવાનું છે.

વળી મી૦ ગોઝે તકરાર કરેલી છે કે આ કામની માફક જયારે ફરીઆદીને પોતાની અસલ ફરીઆદ શાબેત કરવાને લાગ આપવામાં આવેલો ના હોય તો જયાંસુધી તેને તેવો લાગ આપવામાં આવેલો ના હોય ત્યાંસુધી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેના જે ગુન્હા કેહેવામાં આવેલા હોય તે ગુન્હાનો તપાસ કરવાને માજીસ્ત્રેટને હકુમત નથી. આ પ્રમાણે છે એવું અમારી નજરમાં આવતું નથી. માજીસ્ત્રેટની હકુમતને આવી રીતે બંધનમાં નાંખવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદામાં કાંઇ ઠરાવ અમને માલમ પડી શકતો નથી અને રીપોર્ટ થએલા ફેંસલાઓથી તે તકરારને પુષ્ટી મળતી નથી.

કેસરેહીંદ વીરૂધ કરીમદાદના કામ ઉપર મી૦ ગોઝે મુખ્યત્વે કરીને આધાર રાખેલો છે અને તે કામમા ચીફ જસ્ટીશ ગાર્થ સાહેબનો ફેંસલો રીપોરટ થએલોછે તે પ્રમાણે તેઉ સાહેબે તેમાં કહેલું છે કે "ફરીઆદી કરીમદાદ જયારે પોતાના શાક્ષીઓ સાથે હાજર થયો અને પોતાની ફરીઆદ સાબેત કરવાને પરવાનગી માગી તે ઉપરથી પોલીશનો રીપોરટ જે માજીસ્ટરેટને કરવામાં આવેલો છે તે ઉપરથી કરીમદાદની ફરીઆદના સાચાપણા વીસે માજીસ્તરેટે ગમે તે અભીપ્રાય બાંધેલો હોય. પરંતુ અમારી નજરમાં આવે છે કે ફરીયાદી અને તેના શાક્ષીઓને સાંભળી તથા તેનો મુકેલો આરોપ સાચો છે કે જુઠો તેનો ઠરાવ કરે તે શીવાય ફરીઆદીને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે તપાસ થવા સારૂં માજીસ્ત્રેટ મોકલી શકતા નથી. જો તે વીદવાન જડજે "સખતા નથી" એ શબ્દોનો અર્થ "કાયદા પ્રમાણે અખત્યાર આપવામાં આવેલો નથી." એવો કરતા હોય તો અમે તેમની સાથે મળી શકતા નથી. પરંતુ તેમના ફેંસલાની છેવટની કલમ જોતાં તેઉ સાહેબનો જેવો હેતું જણાય છે તે પ્રમાણે અમારા વીચારમાં આવે છે કે "ન્યાયની રૂઇની કુલ અખત્યાર ઉપર ધટતું લક્ષ આપતાં તે કરી શકતા નથી" એવો તેમને અર્થ કરેલો છે. માટે મી૦ ગૌઝના લાભમાં તે ઠરાવ નથી પરંતુ તેમના વીરૂદ્ધ તે ઠરાવ છે.

અમુક આ કામમાં હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેના કહેવાએલા ગુન્હા બાબત તપાસ કરવામાં તથા તે વીશે ફરીયાદ ચલાવવાનો હુકમ કરવામાં તે માજીસ્તરેટે પોતાનો કુલ અખત્યાર ન્યાયની રૂઇએ વાપરયો છે કે નહીં તેનો હાલ અમે વીચાર કરીએ છીએ અમારા અભીપ્રાયમાં આવે છે કે તેમણે તે પ્રમાણે અખત્યાર વાપરયો નથી માટે તેમનો હુકમ રદ થવો જોઇએ.

અમે આગળ બતાવ્યું છે તે પ્રમાણે જીલ્લા માજીસ્ટ્રેટે કબુલ કરયું છે કે, જો કે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ અને ૨૧૧ પ્રમાણેની ફરીઆદો સબંધી એક બીજા વીરૂધ ઠરાવો છે તો પણ એકાદા સખસે માજીસ્તરેટની રૂબરૂ ફરીઆદ કરેલી હોય તો તેના ઉપર સદરહુ કલમો પ્રમાણે ફરીઆદ ચાલી શકે તે પેહેલાં તેને પોતાની ફરીયાદ શાબેત કરવાનો યોગ્ય લાગ આપવો જોઇએ એ તમામનો ભાવાર્થ છે. ફરીઆદ ચાલી શકે છે. એ શબ્દોને બદલે ફરીઆદ ચલાવવી જોઇએ. એ શબ્દો જો અમે વાંચીએ તો જીલ્લા માજીસ્ટરેટે તે ઠરાવનો જે અર્થ કરેલો છે તે બીલકુલ બરોબર છે.

માટે સામલાલની તા૦ ૨૪ મી મારચની અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૧ ના હેતુ પ્રમાણે ફરીઆદ છે એવું અમે ઠરાવી ચુકયા છીએ. સબબ માજીસ્તરેટે જે આધારોનો વીચાર કરેલો છે તે વીચારો પ્રમાણેજ તે માજીસ્તરેટનો હુકમ રદ થવો જોઇએ.

જીલ્લા માજીસ્ટ્રેટે આ કામમાં પોલીશનો રીપોર્ટ કવી પ્રકારનો છે તે સમજવામાં ભૂલ કરેલી છે. એ દેખીતું છે. તેમણે શેશન જડજને ખુલાસાનો કાગળ લખેલો છે. તેમાં તેઓએ કહ્યું છે કે "પોલીશ રીપોર્ટમાં તે ફરીઆદ ખરી રીતે છે અને તેમાં પોલીસે સામલાલ ઉપર ફરીઆદ કરી. ફરીઆદ ચલાવવાને માગેલું છે માટે તે ફરીઆદનો સંભાળથી વીચાર કરી તથા જે પુરાવથી તે ફરીઆદને પુષ્ટી થએલી છે તે પુરાવ જોઇ અમે તે કામ તપાસ થવા સારૂં મોકલેલું છે." હવે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૧ પ્રમાણે ગુન્હો બનવાને જેવી હકીકત જોઇએ તેવી હકીકતની ફરીઆદ તે પોલીશ રીપોર્ટમા નથી. અને ફરીઆદ ચલાવવાનું તેમણે માગ્યુ હોય એમ જણાતું નથી. તેમાં સ્પષ્ટ કહેલું છે કે તેમા હકકનો સવાલ છે માટે જુઠી ફરીઆદનો આરોપ રહી શકે નહીં માટે તે કારણો તદન જોઈએ તેટલાં નથી."

વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે પોલીસે જે નીશ્ચય તેમના રીપોરટમાં બતાવ્યા પ્રમાણે કરેલા છે તે એવી રીતના નથી કે જેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેનો ગુન્હો સામલાલે કરેલો છે એવો વ્યાજબીરાહે માજીસ્ટ્રેટ શક રાખી શકે.

વારંટ સાથેના ગુન્હામાં જે સખસોને ગુન્હાથી ઇજા થએલી હોય તે સખસોની ફરીઆદ શીવાય માજીસ્તરેટ તપાસ કરે એવો ફોજદારી કામમાં સામાન્ય રીવાજ નથી. તોપણ કેટલાંક ખાસ કામ હોય છે કે

જેમાં માજીસ્તરેટો પોતાનો ન્યાયની રૂઇનો અખત્યાર વાપરી શકે. અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા ઉપરથી એવું કાંઇ જણાતું નથી કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેના આરોપો વારંટ સાથેના જે આરોપો હોય છે તેથી કાંઇ જુદા આધારના છે એવો કાયદા કરનારાઓએ ઇરાદો રાખેલો હોય.

વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે જયાંસુધી કહેવાએલા ગુન્હેગારને પોતાની અસલ ફરીઆદ સાબેત કરવાનો લાગ આપી તે અસલ ફરીઆદનો કાયદેશર નીકાલ કરવામાં આવે ત્યાંસુધી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેના ગુન્હા બાબત માજીસ્તરેટે તપાશ કરવી નહી જોઇએ.

એવા ફેંશલાઓ બેશક થએલા છે કે જે ઉપરથી એમ જણાય છે કે જયારે અસલ ફરીઆદ છોડી દેવામાં આવેલી હોય ત્યારે જુઠા આરોપ મુકયા બાબતનો તપાસ માજીસ્તરેટ કરી શકે છે. પરંતુ તેમણે તે બરોબર સાધનો સાથે કરવું જોઇએ.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે જુઠો આરોપ થવાને ત્રણ બાબતો અવસ્ય કરીને હોવી જોઇએ બીજુ કે તે જુઠો હોવો જોઇએ, પ્રથમ તે નુકશાન કરવાના ઇરાદાથી રાખેલો જોઇએ અને ત્રીજુ કે વ્યાજબી અગર કાયદેસર કારણ શીવાય એટલે બીજા શબ્દોમાં કહેતાં દવેશબુધીથી રાખેલો હોવો જોઇએ.

હવે એકાદા સખશે બીજા શખસના ઉપર એક આરોપ જેમકે ચોરીનો પોલીસની રૂબરૂ રાખેલો હોય અને તે આરોપ બાબત તપાસ કરવાને પોલીસે તે જુઠો ઠરાવ્યા પછી તેણે માજીસ્રેટને ફરીઆદ કરેલી ના હોય અને તે પ્રમાણે તેણે તે છોડી દીધેલો હોય તેથી તેણે તે નુકસાન કરવાના ઇરાદાથી અગર દવેશબુદ્ધીથી રાખ્યો હતો એમ તેણે કબુલ કરી એમ આ ઉપરથી થતું નથી. આ કામમાં જે ત્રીજા સખશે આપેલી ખબર ઉપરથી તેણે આરોપ રાખેલો અને તે પ્રમાણે આરોપ રાખવામાં આવે અને પોલીસની તપાસ ચાલતાંની દરમીઆનમાં તેની દરમીઆનમાં તેની એવી ખાતરી થાય કે મને ખબર આપનાર ભુલ ભરેલો હતો અને તે ખબર જુઠી છે. અગર વળી તે પોતાની જવાબદારીથી આરોપ મુકે અને પોલીસે તપાસ કરયા પછી તેની એવી ખાતરી થાય કે તે ભુલ ભરેલી રીતે મુકવામાં આવેલોછે.

માટે પોલીસને જે આરોપ જુઠો માલમ પડે ત્યારપછી માજીસ્તરેટને એકાદો સખશ અરજ કરે નહીં તે ઉપરથી હીંદુસ્થાનના ફોજ-

દારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે જુઠા આરોપનું તોહોમત મુકવાને કાંઇ કારણ નથી.

જસ્ટીસ વીલ્સન સાહેબ—જે ફેંસલો આપવામાં આવેલો છે તે સાથે અમે મળતા છીએ.

જસ્ટીશ તોટનહામ સાહેબ—આ ફેંસલાઓ સાથે અમે પણ ઘણું કરીને મળતા છીએ. પરંતુ સારવજનીક ન્યાય વીરૂધના ગુન્હાઓમાં જે પક્ષકારોને ખરી રીતે ઇજા થએલી હોય તેમની ફરીઆદ શીવાય તે ગુન્હાઓની તપાશ કરવાને માજીસ્તરેટને અટકાવ કરવો જોઇએ. એવી અમારી તદન ખાતરી થતી નથી.

જસ્ટીશ ગોઝ સાહેબઃ—ચીફ જસ્ટીશ તથા મી૦ જસ્ટીશ નોરીસ સાહેબોએ જે ફેંસલાઓ આપેલા છે. તેની સાથે અમે ઘણું કરી મળતા છીએ.

તા૦ ૨૦ જુલાઇ સને ૧૮૮૭

સર ડબલ્યુ કોમરપેથીરામ નાઇટ ચીફ જસ્ટીશ તથા મી૦ જસ્ટીશ પ્રીનસેપ. મી૦ જસ્ટીશ પ્રીગટ. મી૦ જસ્ટીશ ગોઝ, અને મી૦ જસ્ટીશ બીવરલી સાહેબોની રૂબરૂ.

મહારાણી કેસરેહીંદ વીરૂધ કાતીકચંદ્રદાસ.

પુરાવ દાખલ કરવો—તોહોમતવાળાની તપાસમાં પુરાવ વધારવાને સારૂ પ્રથમના ગુન્હાઓની સાબેતીનો ઠરાવ—પુરાવ આકટ (સને ૧૮૭૨ નો ૧ લો) ની કલમ ૫૪ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૮૨ નો આકટ ૧૦) ની કલમ ૩૧૦

પુરાવ આકટની કલમ ૫૪ પ્રમાણે તમામ કામોમાં તોહોમતવાળા સખસની વીરૂધ પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ પ્રરાવમાં દાખલ કરવા લાયક છે.

પાનું ૭૨૧ તા૦ ૧૦ જુન સન ૧૮૮૭ ના રોજ એક કાર્તીક ચંદ્રદાશના ઉપર પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે ચોરેલો માલ રાખ્યાનો આરોપ રાખવામાં આવ્યો. તે તપાસ ચાલતાની દરમ્યાનમાં ત્રણ વરસ ઉપર તેવોજ ગુન્હો કરવાની કોશીશ કરયા બાબતનો ગુનહો તે તોહોમતવાળા ઉપર પ્રથમ શાબેત થએલો તે શાબેતીનો ઠરાવ ફરીઆદ તરફથી પુરાવમાં રજુ કરવામાં આવ્યો. તે પુરાવ બદદાનત બતાવવાને સારૂં પુરાવ આકટની કલમ ૫૪ પ્રમાણે રજુ કરવામાં આવેલો છે. આ પુરાવ વીશે હરકત લેવામાં આવી પરંતુ તે

હરકત માજીસ્તરેટે ના મંજુર કરી, અને તે પૂરાવ દાખલ કરયો. તે ફેંદી ઉપર પાછળથી તે ગુન્હા બાબત સાબેતીનો ઠરાવ કરયો એવી શરતની સાથે કે પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ યોગ્ય રીતે પુરાવમાં દાખલ કરવામાં આવેલો છે કે નહી એ શવાલ વીશે હાયકોરટમાં રેફરંસ કરવું.

આ રેફરંસ સુનાવણી ઉપર આવતાં કોર્ટે (ચીફ જસ્ટીશ પેથેરામ અને જસ્ટીશ બીવરલી સાહેબો) ઠરાવ્યું કે તે સવાલ ઘણો અગત્યનો છે. માટે તે વીશે કાંઇ અભીપ્રાય નહીં આપતાં ઠરાવ્યું કે આ બાબતની તકરાર સાંભળવાને ફુલબેંચમાં લાવવું. તે ઉપરથી આ કામ ફુલબેંચની રૂબરૂ આવ્યું.

સરકાર તરફથી કામ ચલાવે સ્ટાંડીંગ કોંઉશલ (મી० ઓનર જી)—પુરાવ આકટ થયા પછી કલમ ૫૪ ઉપર રીપોર્ટ થએલા ફેંસલા બે છે. એટલે રોશન દુસાધ વીરૂદ્ધ કેસરીહીંદ અને માહારાણી વીરૂદ્ધ પ્રભુદાસ અંબારામ એ બે ફેંસલાઓ છે. મુંબાઈના ફેંસલાઓ ઉપરથી કલમ ૫૪ ના બે ભાગોની અંદર જે ભેદ છે તે બતાવી આપવામાં આવેલો છે. પુરાવ આકટની કલમ ૨ જી અને પાંચમી એકઠી વાંચતાં એમ જણાય છે કે તોહોમતવાળાઓની ઉપર પ્રથમ જે ગુન્હા સાબેત થએલા હોય તે સાબેતીના ઠરાવો ફો. કામમાં પુરાવામાં જાણે આપી શકાય છે કલમ ૧૧ ઉપરથી જણાય છે કે જ્યારે હકીકત બીજી રીતે લાગતી ના હોય ત્યારે તે લાગતી થાય છે. પુરાવ એ શબ્દોની વાખ્યા કલમ ૩ માં બતાવવામાં આવેલી છે. હીંદુસ્થાનનો પુરાવ આકટ મંજુર કરવામાં આવ્યો ત્યાર પેહેલાં ઇંગ્લાંડમાં કલમ ૫૪ ના જેવી ૩૪ અને ૩૫ વીક બાબ ૧૧૨ ની કલમ ૧૯ ચાલુ હતી. અને તે કલમ ખાસ કામોને લાગુ કરવામાં આવતી હતી. કલકત્તાનો ફેંસલો જે બતાવવામાં આવેલો છે તેમાં જડજોએ કહયું છે કે ખોટી વરતણુંકનો પુરાવ લગતો છે. પરંતુ તેઉએ એમ નથી કહયું કે શેશન જડજે તે પુરાવ દાખલ કરવામાં ચુક કરી છે. પરંતુ તેઉએ કહયું છે કે તે જડજે તે પુરાવ ખોટી વરતણુંકના પુરાવા તરીકે ગણેલો છે તે બરોબર નથી. પુરાવ આકટના પહેલાં એક કામ હતું. તેમાં એવું ઠરાવવામાં આવેલું છે કે પ્રથમના ગુન્હાઓની સાબેતીનો ઠરાવ દાખલ કરવા લાયક નથી. તે ઠરાવ માહારાણી વીરૂદ્ધ ઠાકોરદાસ ચુતરનો છે.

(ચીફ જસ્ટીશ પેથેરામ —ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૩૧૦ કાયદા કરનારાઓએ શા વાસ્તે કરી છે. જો કે કલમ ૫૪ નો અર્થ તમે બતાવોછો તે પ્રમાણે જો થતો હોય તો કલમ ૩૧૦ થી દરેક

હકીકત જે તમામ કલમ ૩૧૦ થી બંધ કરવામાં આવેલી છે તે પુરાવ આકટની કલમ ૫૪ પ્રમાણે કામમાં લાવી શકાય.) તે કાયદાની કલમ ૩૧૦ પુરાવ આકટની કલમ ૫૪ સાથે વાંચવી જોઇએ.

(ચીફ જસ્ટીશ પેથેરામ—ફો. કા. ચ રી. ના કાયદાની કલમ ૩૧૦ નો ઠરાવ કેદીઓના રક્ષણને માટે કરેલો છે અને તે કાયદો સને ૧૮૮૨ માં મંજુર થએલો છે માટે તે ઠરાવ સને ૧૮૭૨ નો પુરાવ આ-કટથી નહીં જેવો થાય છે એમ ધારી શકાતું નથી.)

ટેલર ઓનએવીડેન્સની સને ૧૮૮૫ ની આવૃતીના પાને ૩૨૫ માં કલમ ૩૪૫ મી છે તેમાં આ વીશે ઇંગરેજી લહા સારાંઉસમાં બતાવેલો છે. કલમ ૫૪ કાંઇ અમુક કામો સબંધી એમ થઇ શકતું નથી. તે બો-હોળી રીતે વાંચવી જોઇએ અને તેનો યોગ્ય રીતે ઉપીયોગ થાય એવી ન્યાયાધીકારીઓએ સંભાળ રાખવી જોઇએ. પીનલકોડની કલમ ૪૧૩ પ્રમાણેના આરોપોમાં પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ પુરાવમાં દાખલ કરવા લાયક છે. પુરાવ આકટની કલમ ૧૪ પ્રમાણે તોહોમતવાળાના કબ-જામાં બીજે ચોરેલો માલ હતો એ વીશે તમે પુરાવ આપી શકોછો. માટે હું અરજ કરૂંછું કે પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ જે ગુન્હા બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવ્યો હોય તે ગુન્હા સાથે સબંધ રાખતો હોય કીંવા નહીં તોપણ તમામ કામોમાં પ્રથમના ગુન્હાની સાબેતીના ઠરાવનો પુરાવ આપી શકાય છે.

તોહોમતવાળા તરફથી મી૦ ગાર્થ—તે સવાલ ઈંગરેજી કાયદાનો નથી પણ હીંદુસ્તાનના કાયદાનો છે. ઇગ્લંન્ડમાં પણ શીક્ષા વધારવાનો હેતુ શીવાય ૩૪ અને ૩૫ વીક્ટ બાબ ૧૧૨ થતાં પેહેલાં પ્રથમના ગુન્હા-ની સાબેતીના ઠરાવો પુરાવામાં લઇ શકાતા નહોતા અને તે સ્ટાટીયુટ થયા પછી તે ઠરાવો ફકત કોઇ અમુક કામમાં અને અમુક ઇરાદાને વાસ્તે આ-પાઈ શકાય છે.

એ ખુલ્લું છે કે હીંદુસ્તાનના પુરાવાનો આકટ મંજુર કરવામાં આ-વ્યો તે પેહેલાં ઇંગરેજી કાયદો ૩૪ અને ૩૫ વીક બાબ ૧૧૨ નો ઠરાવ થતાં પેહેલાં હીંદુસ્તાનમાં ચાલુ હતો. કેસરેહીંદ વીરૂદ્ધ ઠાકોરદાસ સુતર, કે સરેહીંદ વી. ગોપાલ ઠાકોર અને કેસરેહીંદ વી. ફુલચંદના કામમાં કરેલા ઠરાવ જુઓ. તે આકટની કલમ ૫૪ માં કરેલા ઠરાવ વીશે જે તકરાર સરકારે કરેલી તે જો ખરી હોય તો કોઇ પ-ણ ગુનાનો પ્રથમનો ઠરાવ હાલના તોહોમતવાળા ગુનાથી તદન જુદા રૂપનો હોય તોપણ તપાસની હરકોઇ વખતે પ્રથમનો ઠરાવ દા ખલ થઇ શકે. આથી ઘણોજ ફેરફાર થઇ જાયછે અને ઈંગલાંડમાં

જે કાયદો ચાલે છે તેના ઉપરાંત થઇ જાય છે અને સઘળા ઇંગરેજી આધારોની વીરૂદ્ધ થાયછે જો આ ઈરાદો નકી હોત તો તે બીલને વાસ્તે સર ટી ફીટજ જેમ્સસ્ટીવનના ભાષણોમાં આ ફેરફાર જરૂર કહેવામાં આવ્યો હોત. પણ તે કલમને ઇસારો પણ કરવામાં આવ્યો નથી. વળી આ ફેરફાર ઘણા લાયક અને બરોબર શબ્દોમાં કરવામાં આવ્યો હોત. એવું કહેવામાં આવ્યું છે કે ૫૪ મી કલમ ખરેખરી ચાલતા કાયદાનો સંગ્રહ કરવાના ઇરાદાથી કરેલી પણ તે બદલવાને કરેલી નથી. અગાઉના ગુનાની શાબેતીના ઠરાવનો પુરાવો લાગુ પડે એવો છે. અને ફોજદારી કામમાં પુરાવાનો આકટ મંજુર કરવામાં આવ્યો તે પહેલાંનો તે લાગુ પડેલ છે પરંતુ શીક્ષા વધારવાના કારણસર તે લાગુ હતો અને આજ ઇરાદાને વાસ્તે કાયદા બાંધનારે તે પુરાવો આ આકટથી લાગુ રાખેલો છે આ વીચારને મી૦ નોરટને પોતાના પુરાવાના આકટના ગ્રંથમાં ટેકો આપ્યો છે કલમ ૫૫ માં વરતણુંક એ શબદમાં આબરૂ અને સ્વભાવ આવી જાય છે માટે સામાન્ય આબરૂ છે તે તરીકે ગુનાનો અને સ્વભાવનો ફકત પુરાવ આપી શકાય છે. અને અમુક કૃત્યનો આપી શકાતો નથી. એવી અરજ કરવામાં આવી છે કે ગુનાની સાબેતીનો ઠરાવ કરતાં પહેલાં પ્રથમ એકાદા ગુન્હાની સાબેતીનો ઠરાવ થએલો હોય તે જો લાગુ હોય તો આબરૂ અગર સ્વભાવ જે અમુક હકીકત ઉપરથી જણાય તે હકીકત તરીકે ફકત તે લાગુ છે. માટે જો તેમ છે તો તે આકટના સ્પષ્ટ શબદો પ્રમાણે તે દાખલ કરવા લાયક નથી.

કાયદા બાંધનારે એક કલમનો અરથ કરયો છે—ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૩૧૦ જુઓ. જો તે પુરાવો ૫૪ મી કલમ પ્રમાણે દાખલ કરવા લાયક છે તો ઘણીજ સાવચેતીઓ જે ત્યાં બતાવામાં આવેલી તે નકામી છે. જો સરકાર તરફની તકરાર ખરી હોય તો તે તપાસમાં તે પેહેલે પુરાવા તરીકે આપવી જોઇએ અને ગુનાની સાબેતીનો ઠરાવ કરયા પછી તેને શીક્ષા વધારવાના ઇરાદાને વાસ્તે તોહોમતનામા ઉપર નવું તોહોમત મુકવાનો મુખ્ય આધાર તરીકે ગણવો જોઇએ આવો ઈરાદો રાખવામાં આવી શકેલો નહીં હોય. જે અરથ વીશે તકરાર કરવામાં આવી તેથી ઘણો ગેર ઇનસાફ થાયછે. એવું કહેવામાં આવ્યું છે કે કોર્ટને કુલ અખત્યાર છે. પણ તે કલમના શબ્દ બરોબર જોઇએ તેવા છે. અને કુલ અખત્યાર આપે તેવા નથી. દેશની તાબાની કોર્ટોને કોઇ પણ કામમાં કુલ અખત્યાર આપવો તે જોખમ કાર્ક છે.

ફુલબેંચનો અભીપ્રાય જસ્ટીશ પીગટે (ચીફ જસ્ટીશ પીતરહામ અને જસ્ટીશ પ્રીનશેપ અને જસ્ટીશ ગોઝ અને જસ્ટીશ બીવરલી સા-

હેઓના અનુમતથી) આપ્યો.—જે સવાલ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે અમને પુછેલો છે તે એ છે કે કોઈ માણસ ચોરાએલો માલ અપ્રમાણીક પણે કબજે રાખ્યાના તોહોમત બાબત તપાસ કરવામાં આવે તે વખતે હીં૦ ફો૦ કા૦ ની કલમ ૫૧૧ અને ૪૧૧ પ્રમાણે મીલકત ચોરીની છે એવું જાણીને તે ચોરીનો માલ લેવાનો પ્રયત્ન કરવાને વાસ્તે તોહોમતદાર ઉપર પ્રથમ ગુન્હાની સાબેતીના ઠરાવો પુરાવા તરીકે અપાય કે નહીં.

આ દેશના કાયદામાં વીક. ૩૪ અને ૩૫ બાબ ૧૧૨ ની કલમ ૧૯ મીમાં જે કોઈપણ માણસ ચોરીનો માલ છે એમ જાણીને તે માલ તેણે રાખેલો છે તે વીશેના તોહોમતના કામમાં પ્રથમ કોઇ કામમાં બદદાનત અથવા કપટ કરેલું એવા તેના ગુન્હાની સાબેતીનો ઠરાવ પુરાવમાં દાખલ થઇ શકે એવો ઠરાવ છે તેવો ઠરાવ નથી. માટે પુરાવ આકટની કલમ ૫૪ નો અર્થ કરવા ઉપર આ સવાલનો નીર્ણય કરવાનો છે.

કલમ ૫૪ મી તે આકટમાં ચાલ કયારે લગતી હકીકત છે તે બાબના મથાળા નીચે કલમ ૫૨થી તે ૫૫ સુધીમાં જે કલમો છે તેમાં તે રાખવામાં આવેલી છે. કલમ ૫૩ ૫૪ ફકત ફો. કામ સબંધી છે. કલમ ૫૨ અને ૫૫ ફકત દીવાની કામ સબંધી છે. અને કલમ ૫૫ મીનો જે ખુલાસો છે તે ચાર કલમો સબંધી છે. કલમ ૫૩ અને ૫૪ અને આ ખુલાસો નીચે પ્રમાણે છે. કલમ ૫૩ માં કહ્યું છે કે "જે સખસ ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તેની સારી ચાલ તે લાગતી હકીકત છે."

કલમ ૫૪ માં કહ્યુ છે કે "ફોજદારી કામમાં તોહોમતવાળાના ઉપર પ્રથમ ગુન્હાની સાબેતીનો ઠરાવ થએલો હોય તે લગતી હકીકત છે. પરંતુ ખોટી ચાલનો પુરાવો આપવામાં આવેતો જ્યાં સુધી તેની સારી ચાલ બાબતનો પુરાવો આપવામાં આવ્યો ના હોય ત્યાં સુધી તે લગતો પુરાવ નથી. અને જો સારી ચાલનો પુરાવો આપવામાં આવે તો તે ખોટી ચાલનો પુરાવ લગતો પુરાવો થાય છે."

"ખુલાસો"—કલમ ૫૨—૫૩ અને ૫૪ મી "ચાલ" એ શબ્દમાં આબરૂ અને સ્વભાવનો સમાશ થાય છે. પરંતુ સાધારણ ચાલ અને સાધારણ આબરૂનો પુરાવો આપી શકાય અને અમુક કૃત્યથી ચાલ અગર આબરૂ જણાય એવો પુરાવ આપી શકાતો નથી."

સરકારના સ્ટાંડીંગ કૌંશલે તકરાર કરી છે કે પ્રથમ તોહોમતવાળાના ઉપર હરકોઈ ગુન્હાની સાબેતીનો ઠરાવ થએલો હોય તે ઠરાવને હાલના ગુન્હાના સબંધ સાથે કાંઇ સબંધ હોય કે નહીં તોપણ તે પુરાવમાં આપી શકાય છે. અને તે તેની તપાસમાં પ્રતક્ષ પુરાવ તરીકે આપી શકાય

છે. અને તોહોમતવાળાની તરફથી સારી ચાલનો પુરાવ આપવામાં આવે તેના જવાબમાં ફકત આપી શકાય એમ નથી. અને બેશક ક્રીં૦ ફો૦ કા૦ ની કલમ ૭૫ મી પ્રમાણે તોહોમતદારના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય કે ના આવ્યું હોય તો પણ તે આપી શકાય.

તોહોમતવાળા તરફથી મી૦ ગારથે તકરાર કરી કે કાયદા કરનારાઓએ આ કલમનો જેવો અર્થ થાય તે પ્રમાણે ફોજદારી કામ બાબતમાં પુરાવાના કાયદામાં આવો ભારે ઇરાદો રાખ્યો હોય એમ બની શકે નહીં. અને વળી તકરાર કરી કે તે કલમનો હેતુ ચાલતા કાયદામાં ફેરફાર કરવાનો નથી. પરંતુ એક કાયદાનો ઠરાવ કરવાનો છે. અને વળી તકરાર કરવામાં આવી કે પ્રથમ થઇ ગએલા ગુન્હાની સાબેતીના ઠરાવનો પુરાવો ક્રી૦ ફો૦ કા૦ ની કલમ ૭૫ મી પ્રમાણે શીક્ષાના હેતુ શીવાય આપવો જોઇએ. એવો ઈરાદો હોઇ શકે નહીં અને તેમણે એવો આગ્રહ કરયો કે કલમ ૫૬ મીના ખુલાસા પ્રમાણે પુરાવો ફકત સાધારણ આબરૂ અને ચાલ વાશે ફકત આપી શકાય. અને જે અમુક કામોથી ચાલ અગર આબરૂ જણાય એવો પુરાવો આપી શકાય નહીં.

તે સવાલ ઘણો અગત્યનો છે એટલુંજ નહીં પણ મુશકેલી ભરેલો છે. પરંતુ તે કલમના શબ્દ સ્પષ્ટ છે બીજી બાજુ તરફ તે શબ્દોનો અર્થ કરવાથી તોહોમતવાળાની વીરૂદ્ધ ગુન્હાની સાબેતીના ઠરાવની કબુલત પુરાવ તરીકે થતી હોય અને તે હકીકત ઘણા કામોમાં તોહોમતવાળાના ઉપર ગુન્હા બાબત જે આરોપ હોય છે તે ગુન્હાનો તે ગુન્હેગાર છે કે નહીં એ વીશે કાંઇ પણ લગતી થઇ શકતી નથી. માટે આવા કામોમાં તોહોમતવાળાના વીરૂધના આરોપની બાબત સબંધી વ્યાજબી અને નીરપક્ષપાત તપાસને અનુસરતી નહીં એવા શબ્દો તે ઇંગરેજી આકટમાં છે તે પ્રમાણે તોહોમતવાળાની વીરૂધ એક હરકત ઉત્પન્ન કરી થાય છે અને તે શીવાય કાંઇ બીજુ કરયું થતું નથી."

કાયદા કરનારાઓ આ ભય અટકાવવાને સારૂ છોડી દેઈ શકેલા છે કે શી રીતે તે વીશે અમને અંદેશો છે. માટે તે ભય દુર કરવાને તે કલમનો યોગ્ય રીતે કાંઇ અર્થ થઇ શકે છે કે નહીં તેનો વિચાર કરવાની અમારી ફરજ છે. એમ અમારી નજરમાં આવે છે.

કલમ ૭૫ પ્રમાણે પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ જયુરીના જાણુવામાં આવે તેથી કેદી વીરૂધ જયુરીનું દીલ વીરૂધ ન થાય તેના સારૂ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૩૧૦ માં સ્પષ્ટ ઠરાવ કરેલો છે. તેથી આ વીચારથી અમને વધારે અસર થએલો છે.

જ્યુરીથી અથવા આસેસરોની મદદથી ઇનસાફ કરવામાં આવે તેમાં તોહોમતવાળાની ઉપર જે ગુન્હાનું તોહોમત મુકયું હોય ત્યારે ૨૭૧ મી, ૨૮૬ ૩૦૫ મી, ૩૦૬ ઠી અને ૩૦૯ મી કલમમાં કામ ચલાવવાની જે રીત ઠરાવી છે તેમાં હેઠલ લખ્યા મુજબ ફેરફાર કરવો:—

સાચી વાત છે કે તે કલમ ઘણા થોડાજ કામને લાગુ થાયછે. તોપણ એમ જણાય છે કે કેદીની તપાસ ચાલતી હોય તે વખતે તેના ઉપર પ્રથમ ગુન્હાની સાબેતીનો ઠરાવ થયો હતો. એ હકીકત કહીને તે કેદીને હરકત થવી નહીં જોઇએ એ નીયમ ઓછામાં ઓછું આવા કામોમાં કબુલ કરવામાં આવે છે. તે ઠરાવ પ્રથમ ઇંગરેજી સ્ટાટયુટલોમાંથી લેવામાં આવેલો જણાય છે. અને જ્યુરીની રૂબરૂ કામ હોય તેમાં ચાલ બાબત પુરાવો આપવામાં આવે તે શીવાય તેમની રૂબરૂના પુરાવમાં "પ્રથમના ગુન્હાની સાબેતીનો ઠરાવ પુરાવમાં આપતાં તે અટકાવવાનો આકટ " અને ૭ વુલીયમ ૪ બાબ ૩ અસલ તે ઠરાવ માલમ પડેલો છે.

\+ × × +

અમે કહ્યું છે તે પ્રમાણે અમને લાગે છે કે તોહોમતવાળાની વીરૂદ્ધ કોઇ પણ પ્રથમના ગુન્હાની શાબેતીનો ઠરાવ જોઇતા વીચાર વીના પુરાવામાં દાખલ કરવામાં આવે તો તેથી ઘણા કામોમાં ગેરવ્યાજબી અને કારણ વીનાની હરકત અમારે કેહેવી જોઈએ તેવી હરકત થાય છે એટલુંજ નહીં પણ ફરીઆદ તરફથી જે અર્થ કરવાને તકરાર કરવામાં આવી છે તેથી ફોજદારી કામમાં પુરાવાના જે નીયમો લાગુ છે તેમાં હદવગરની નવાઇ દાખલ કરવી પડે છે કારણ કે ઘણા કામોમાં તે કલમનો આ અર્થ કરવાથી જે હકીકત કાયદાની બારીકઈ રીતે લગતી હકીકત થઇ શકે તે શીવાય લગતી થઇ શકતી નથી તેવી હકીકત પુરાવમાં દાખલ કરવા લાયક થાય. અને કાયદાના જોરથી તે લગતી છે એવો ઠરાવ થાય, ઘણા અગણીત દાખલા સુચવી શકાય છે તે બતાવવાની જરૂર નથી. આ અર્થ પ્રમાણે ચોરીના તોહોમતમાં પ્રથમ એક કરતાં વધારે સ્ત્રી અગર પુરૂશ સાથે પરણવામાં આવ્યું હતું. એવા ગુન્હાની શાબેતીનો ઠરાવ પણ લગતી હકીકત થાય તેમજ પ્રથમ ઠગાઇના ગુન્હાની શાબેતીનો ઠરાવ થએલો હોય તે બખેડાના આરોપમાં લાગતી હકીકત થાય વીગરે. માટે તે કલમના શબ્દો ફકત જોતાં બીજો કાંઇ અર્થ પસંદ કરવો એ ઘણું મુસ્કેલી ભરેલુ છે. સબબ કલમ ૩૧૦ માં કાયદા કરનારાઓએ પોતાનો ઇરાદો જે બતાવેલો છે તે ઈરાદાની મદદથી વખતે અમે આ કોરટના ડીવીઝનબેંચે દુસાધ વીરૂધ કૈસરેહીંદના કામમાં તે કલમનો જે અર્થ ઠરાવેલો છે તે

અમે પસંદ કરી શકીએ.

પરંતુ આ ઠરાવ જે વખતે તઇયાર થતો હોય તે વખતના કાયદા કરનાર સભાના પ્રોસીડીંગ ઉપરથી તે કલમના અર્થ અને ઇરાદા વીશે કેવો ખુલાસો મળે છે તે મેળવવાને અમે દુરસ્ત ધારેલું છે. હાલની વખતમાં અહીંઆની કોરટો એક કરતાં વધારે વખત આવી રીતે ચાલેલાં છે અને આવી મુશકેલી અને અગત્યના કામમાં તે પસંદ કરવાને અમે બંધાએલા છીએ એમ અમને લાગે છે.

પુરાવા આકટ જેવો ઇરાદો રાખવામાં આવેલો છે તે પ્રમાણે હીંદુસ્તાનના ઇંગરેજી રાજ્યના પ્રમાણુશાસ્ત્રનો સંપુર્ણ કાયદો છે. તે તા૦ ૧૫ મી મારચ શને ૧૮૭૨ ના રોજ ગવરનર જનરલ ઇનકોંસિલે મંજુર કરેલો છે. તે કોંનસલની શીલેક્ટ કમીટીઓના બે રીપોરટોની તે બાબત છે. આ રીપોર્ટોના પહેલા રીપોરટમાં હાલ જે બાબતનો વીચાર કરવાનો છે તે બાબતની વ્યવસ્થા કરેલી છે તે રીપોરટ તા૦ ૨૪ જુન સને ૧૮૭૧ હીંદુસ્થાન ગેજીટને પાને ૨૩૫—૨૪૨ મે પ્રશીદ્ધ થએલો છે. તે ઉપર તે વખતના કાંશલના કાયદાના મેંબર (હાલ મી૦ જસ્ટીસ સ્ટીફન) તથા કમીટી તથા બીજા મેમ્બરો મેસર્સ જે. સ્ટ્રેચી, એફ. એસ. ચાફમેન, એફ. આર. કોકરેલ, જે. એફ. બી. ઇંગલીશ, અને ડબલ્યુ રોબીનસન સાહેબોએ તે ઉપર સહીઓ કરેલી છે. કાયદા કરનારની સભાના ઘણું કરીને નીમેં ભાગની કમીટીનો તે રીપોર્ટ છે, અને તે બીલનો ચાર્જ, જે કાયદાના મેમ્બર પાસે હતો તે પણ તેમાં હતા. અને તે રીપોરટ તે બીલના મુસદા સાથે જોડેલો છે અને તેમાં આ ઠરાવ વીશે તેના હેતુ અને ઇરાદાથી તે કરવાને જે અસર થએલો તે લંબાણથી બતાવેલું છે અને તે બેઉ કાંસલને મોકલેલાં છે. બીજો રીપોર્ટ તે બીલ ઉપર શીલેકટ કમીટીએ બીજા વરશમાં રીપોરટ કરેલો તે છે અને તે કમીટીમાં સહરકુ તેના તેજ ગ્રહસ્થો અને તેમની સાથે મેસર્સ સ્ટુઅર્ટ અને બુલન સ્મીથ સાહેબો હતા તેમાં આ કલમ વીશે બીલકુલ બતાવવામાં આવ્યું નથી.

× + + + × ×

કાયદાની તે કલમના શબ્દો ઉપરથી જે અર્થ પ્રથમ દર્શનીક નીકળવો જોઇએ તેવો અર્થ નકી કરતાં અમને જે બીજી મુશકેલી લાગે છે તે અમારે રહેતી નથી. પ્રથમના ગુન્હાની શાબેતીના ઠરાવોની હકીકત લાગુ થઇ શકે તેવી ન હોય અને તપાસવાળા આરોપના સાચાપણા બાબતના સવાલ બાબત કાંઇ ખુલાસો થઇ શકે તેવું ના હોય તો

ખરી રીતે થોડા અગત્યના છે તે એટલા કારણથી નહીં કે તે પુરાવ—માં દાખલ કરી શકતા નથી, પરંતુ તદન જુદી બાબત છે કે જે વીશે સાધારણ હેતુ પ્રમાણે લગતી હકીકતની બાબત અગત્યની નથી.

સબબ આ રેફરંસનો જવાબ એમ કહી અમારે આપવાની ફરજ પડે છે કે દરેક કામમાં પ્રથમના ગુન્હાની શાબેતીના ઠરાવો પુરાવમાં દાખલ કરવા લાયક છે. જ્યાં સુધી આ કલમમાં ફેરફાર થાય નહીં ત્યાં સુધી કાયદાનો તેજ નીયમ હોવો જોઇએ.

અમે કબુલ કરીએ છીએ કે જત બીજો નીશ્ચય અમારાથી થઇ શકતો હોત તો તે અમારે કરવો જોઇતો હતો પરંતુ કાયદા કરનારના ઇરાદાનો અમલ કરવો એ અમારી ફરજ છે

ફોજદારી અરજી.

તા૦ ૮ મી અગષ્ટ સને ૧૮૮૭.

મી૦ જસ્ટીસ પ્રીન્સેપ અને મી૦ જસ્ટીસ પીગટ

સાહેબોની રૂબરૂ.

બાસુદેવ સરમા ગોસાઇ વીગરેની અરજીની બાબતમાં.

બાસુદેવ સરમા ગોસાઇ વીરૂદ્ધ નાજીરૂદીન,

સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૧૭—જે મીલકત સબંધી ગુન્હો કરવામાં આવેલો તે મીલકત સબંધી હુકમ—તોહેમતવાળાને છોડી દેવો.

અમુક સખસોના ઉપર એક હાથીનો સાપરાધ રીતે ખોટો ઉપયોગ કરયો એવો આરોપ રાખવામાં આવ્યો હતો, તે આરોપ કાહાડી નાંખવામાં આવ્યો. તેથી માજીસ્ત્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે તે હાથી સરકારી મીલકત છે એમ ઠરાવી તે જીલ્લાના એકજીકયુટીવ ઇજનીયરને આપવાનો હુકમ કરયો. ઠરાવવામાં આવ્યું કે તે આરોપ કાહાડી નાખવાથી તે હાથી સબંધી કાંઇ ગુન્હો બન્યો નથી, એવો એક ખરી રીતે ઠરાવ છે. માટે માજીસ્ટરેટનો હુકમ ગેરકાયદે છે માટે તે રદ થવો જોઇએ. હાયકોરટે ઠરાવ્યું કે અનપુર્ણાબાઇના ઠરાવ પ્રમાણે ચાલતાં તે હાથી પાછો અપાવવાને હુકમ કરવાને અમને અખત્યાર નથી.

પાનું ૮૩૪ અરજદારો અમુક સરકારી મહાલના મુદતી ભાડુતીઓ છે અને ફોજદારી કાયદાની કલમ ૪૦૩ અને ૧૭૬ પ્રમાણે અને સને ૧૮૭૯ ના ૬ ઠા આકટની કલમ

૭ પ્રમાણે એક હાથીનો સાપરાધ રીતે ખોટો ઉપીયોગ કરયાનું તોહો-મત મુકવામાં આવેલું છે. તેઝપુરના એકસ્ટ્રા આસીસ્ટંટ કમીશનર સાહેબની રૂબરૂ તેમને લાવવામાં આવ્યા હતા અને તેમને તેઉ સાહેબે છોડી મુકયા. અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે તે હાથી સરકારી મીલકત છે માટે તે જીલ્લાના એકઝીકયુટીવ ઈનજીનીયર સાહેબને સોંપી દેવો જોઇએ એવો હુકમ કરયો.

એ અરજદારોએ હાયકોરટને આ હુકમ રદ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૯ પ્રમાણે અરજી કરી.

અરજદાર તરફથી મી૦ બાબુ અખીકાચર્ન બોઝ

વીરૂદ્ધ બાબુ રામચર્ન મીટર.

કોર્ટે (મી૦ જસ્ટીશ પ્રીનશેપ અને મી૦ જસ્ટીશ પીગટ) ઠરાવ કરેલો તે નીચે પ્રમાણે છે.

તેઝપુરના ફર્સ્ટકલાસ માજીસ્ટ્રેટ જે એકસ્ટ્રા આસીસ્ટંટ કમીશનર સાહેબ છે તે સાહેબની રૂબરૂ એ માણસો રજુ કરવામાં આવ્યા હતા તેમના ઉપર હાથીનો સાપરાધ રીતે ખોટો ઉપયોગ કરયાનું તોહોમત મુકવામાં આવ્યું હતું. તેમને તે તોહોમતમાંથી છોડી મુકવામાં આવ્યા હતા. એમ છતાં પણ માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે તે હાથીને એકઝીકયુટીવ ઇંજીનીઅર મી૦ ડરંગને સોંપી દેવો જોઇએ. એમ હુકમ કરયો એવું ઠરાવીને કે તે હાથી સરકારી મીલકત છે અને તેથી પોલીસે તે હાથીને એ અમલદારને સોંપી દીધો છે. અમારા અભીપ્રાયમાં એમ આવે છે કે ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે આવો હુકમ કરવો એ માજીસ્ટ્રેટને બરોબર નથી કારણ કે તે હાથી મીલકત, "જેને વાસ્તે કાંઇપણ ગુનો બન્યો હતો અગર ગુનો કરવામાં તે સાધન થઇ પડેલો હતો." અને માજીસ્ટ્રેટનો જે ઠરાવ કે એ પ્રાણી સબંધી કંઇ ગુન્હો કરવામાં આવેલો નથી તે ધ્યાનમાં લેતા જે હાથી તેઉ સાહેબની રૂબરૂ રજુ કરવામાં આવેલો તે મીલકત નથી. જો તે હાથી પાછો આપવાનો હુકમ કરીને તે ઠરાવને અમલમાં લાવી શકતા નથી માટે આ હુકમ રદ કરીએ છીએ. આ કામમાં અમે ઈનરી અનોપુરણાબાઈના કામમાં જે કરેલો ઠરાવ તેના ઉપર આધાર રાખીએ છીએ એ ઠરાવ ખરચ સીવાય મંજુર રાખીએ છીએ.

ઠરાવ મંજુર રાખ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૧ લી નવેંબર સને ૧૮૮૭ ના રોજ
મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ પીગટ
સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂદ્ધ રીઓલાહ વીગરેના કામમાં,

રીવાજ—ફોજદારી કામ ચલાવવાના કાયદા (સને ૧૮૮૨ નો ૧૦ મો આકટ) ની કલમ ૪૩૫—હાયકોરટે કરેલી ફરી તપાસ—જે કામમાં નીચેની કોરટને અને હાઇકોરટને એક સરખો અધીકાર છે તે કામમાં ફરી તપાસ.

હાઇકોર્ટ, જે કામમાં ડીસ્ટ્રીકટ કોરટને અથવા માજીસ્ત્રેટને ફરી તપાસ ચલાવવામાં સરખોજ અધીકાર છે, તેવા કામની ફરી તપાસને માટે કરેલી અરજી, નીચલી કોર્ટને અરજી કરયા શીવાય અને કંઇ ખાસ કારણ બતાવ્યા શીવાય સાંભળે નહીં. પણ જે કામોમાં નીચેની કોર્ટોને હાઇ કોર્ટના જેટલો અખતીઆર નથી તે કામોમાં આવો સામાન્ય નીયમ નથી.

પાનું ૮૮૭ આ અરજી તા૦ ૭ મી અકટોબર સને ૧૮૮૭ ના રોજ રજાના દરમીયાન ગીરધીના ડેપ્યુટી માજીસ્તરેટે કરેલા ગુનાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ કરાવવાને કરવામાં આવેલી છે એવા કારણથી કે તેઉ સાહેબે હુલડ કરયાના એક બીજાની વીરૂદ્ધ ફરીઆદોમાં સાથે તપાસ ચલાવવી હતી અને અરજદારને તેમના બચાવમાં નુકશાન કરયું હતું.

પણ તે અરજી સાંભળતાં પહેલાં તે કોર્ટને (મી૦ જસ્ટીશ નોરીસ અને મી૦ જસ્ટીશ ગોઝ)એ અરજી હાઇકોર્ટમાં કરતાં પહેલાં સેશન્સ જડજને કરવામાં આવેલી નથી એવું માલમ પડવાથી અને અરજદાર તે અરજી પેહેલી શેશન્સ જુડજ સાહેબને કરવાને કાયદેસર બંધાએલો છે કે નહીં એ બાબતમાં અભીપ્રાય જુદા થવાથી એવો હુકમ કરવામાં આવ્યો કે તે અરજી જો રજા પછી કોર્ટ ઉઘડે ત્યારે ફોજદારી બેંચની રૂબરૂ જો જરૂર હોય તો ફરીથી કરવી.

તારીખ ૧ લી નવેંબર સને ૧૮૮૭ ને રોજ તે અરજી મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીસ પીગટ સાહેબોની રૂબરૂમાં ફરીથી કરવામાં આવી હતી. તેઉ સાહેબે અરજદાર તરફથી મી૦ બેલને સાંભળી અને તે બાબત ચીફ જસ્ટીશ અને કોરટના બીજા જડજોની સલાહ લેઇ એવો ઠરાવ કરયો કે તે અરજીની સુનાવણી તેઉ સાહેબ કરસે અને ખબર આપી કે કોરટનો રીવાજ એવો સમજવો જોઇએ કે જે કામમાં

હાઇકોરટને અને ડીસ્ટ્રીકટ કોરટ અથવા માજીસ્ત્રેટને ફરી તપાસ ચલાવ-વાની બાબતમાં સરખો અધીકાર છે તે કામની ફરી તપાસની અરજી, નીચલી કોરટને જો પહેલાં અરજી કરવામાં નહી આવી હોય તો અને ખાસ કારણ બતાવેલું નહીં હોય તો સાંભળવામાં આવશે નહીં પણ જે કામમાં નીચેની કોરટને સરખો અધીકાર નથી તેવા કામને વાસ્તે આ-વો સામાન્ય નીયમ નથી.

અરજી દાખલ કરી.

વાલ્યુમ ૧૫ મુ

ફોજદારી ફરી તપાસ

તા૦ ૯ અગષ્ટ સને ૧૮૮૭.

મી૦ જષ્ટીશ પીગટ અને મી૦ જષ્ટીશ મેકફરસન સાહેબોની રૂબરૂ.

કુતુહલશીંગ વીગરે (અરજદારો) વી૦ ઉમાશીંગ વીગરે (સામા પક્ષકાર)

ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના ઍક્ટ ૧૦) ની કલમ ૧૪૫—કેટલાક દાવેદારોના કાંમની એકઠી સુનાવણી—કબજો—જમીનના કકડાની સંખ્યા—તે બાબત કરાર—રીવાજ.

પાનું ૭૧ ૭૦૮ વીઘા જમીનનો એક તોકુઝુગ્રહુસેમ જમીનદાર છે, તે ઉમાશીંગની ટોળીનો છે. તે ટોળીની સંખ્યા ઓગણચાલીશ છે અને તે જમીનના કબજા બાબત દાવો કરવામાં આવ્યો. અને કુતુહલશીંગની ટોળીની સરતની સંખ્યા છે. તેઓ તે જમીનના જુદા જુદા ભાગમાં "મોરાશી જોટ" તરીકે નીશબત રાખનારા છે. તેથી તેમાંથી આ કામ ઉતપન્ન થએલું છે. આવી હકીકત હોવાથી તા૦ ૧૧ ફેબરૂવારી સને ૧૮૭૭ ના રોજ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે માજીસ્તરેટે બેઉ ટોળીઓને ફરમાવ્યું કે તેઓ જે જમીન ઉપર દાવો રાખેછે, તે બાબત તેમણે પોત પોતાની સવીસ્તર હકીકત લખી આપવી. કુતુહલશીંગની ટોળીના આગુઆનોએ પોત પોતાના જુદા કબજાની જમીન બાબતમાં જુદી જુદી હકીકતો રજુ કરી, અને તેઓએ તેમના કામની એકઠી ચોકશી કરવાને માજીસ્તરેટની રૂબરૂ હરકત લીધી. પરંતુ માજીસ્તરેટે તે હરકત નામંજુર કરી. અને તા૦ ૨૩ જુન સને ૧૮૮૭ ના રોજનો એવી મતલબનો હુકમ કર્યો કે યોગ્ય ઇલાજ કાયદા પ્રમાણે લેઇને ઉમાશીંગની ટોળી પાસેથી કબજો છોડાવવામાં આવે ત્યાં સુધી જે ઉમાશીંગની ટોળીનો તે ૭૦૮ વીઘા જમીનનો કબજો રાખવાનો હક છે.

કુતુહલશીંગની ટોળીએ હાયકોરટમાં એવો હુકમ મેળવ્યો કે બીજાં કારણો છે. તેની સાથે નીચેના કારણો છે કે (અ) ઉમાશીંગની ટોળીના કેટલાક અંગજુનોના કબજામાં તે જમીનના કીયા ભાગો ઠરાવેલા છે તે તારીખ ૨૩ જુનના હુકમમાં બતાવેલા નથી, તેથી તે જમીન જે પક્ષકારોના કબજામાં ઠરાવવામાં આવેલી છે. તેમના ઉપર દીવાની દાવા દીવાની કોરટમાં કરવાને કુતુહલશીંગની ટોળીના જુદા જુદા સખસોને હરકત થએલી છે. અને (બ) માજીસ્તરેટે એક બાજુ તરફ જુદા જુદા દાવા કબજા બાબત કેટલાક સખસોના છે. તેનો એકઠો તપાસ એકઠો પુકત વીચાર કરયા વીનાનો હુકમ કરી કરવો જોઇતો નહી હતો માટે તે તારીખ ૨૩ જુનનો હુકમ શાવાસ્તે રદ નહી કરવો તેનુ કારણ ઉમાશીંગની ટોળીએ બતાવવું.

મી૦ ગોઝ, મી૦ અબદુલહુસન, અને મી૦ સી૦ ગ્રેગરીએ કારણ બતાવવામાં અઝીલ મુલ્લા વી૦ સાતુ પોરામાનીકના કામનો ઠરાવ બતાવ્યો.

તે હુકમની પુષ્ટીમાં બાબુ અંબીકાચરણ બોઝ છે.

કોરટનો (મી૦ જષ્ટીશ પ્રીગટ અને મી૦ જષ્ટીશ મેકફરસન) ઠરાવ નીચે પ્રમાણે છે:—

અમારી રૂબરૂ તા૦ ૨૦ જુલાઇ સને ૧૮૮૭ ના રોજ કલમ ૧૪૫ મી પ્રમાણે જે ટોળીના લાભમાં હુકમ કરવામાં આવેલો છે, તેમને તા૦ ૨૩ જુન સને ૧૮૮૭ ના રોજ આશીસ્ટંટ માજીસ્તરેટનો હુકમ છે તે શાવાસ્તે નહી ફેરવવો તેનું કારણ બતાવવાનો હુકમ કરવામાં આવેલો તે ઉપરથી આ કામ અમારી રૂબરૂ છે, જે તકરાર કહેવામાં આવેલી તે ઉપરથી માજીસ્તરેટે કામ ચલાવેલું છે, તે એક જમીનનો તાકુઝુસ હોસન જમીનદાર છે તે જમીનનો કબજો રાખવાને જે વરગના સખસો દાવો રાખે છે તેમની વચમાં ઉતપન થએલી છે. જે સખસો તરફથી મી૦ એમ ગોઝ અને મી૦ ગ્રેગરી હાજર છે. તે ઓગણચાળીશ છે. તે જમીન સંબંધી હુકમ કરવામાં આવેલો છે. તેના જમીનદાર પાસેથી સાંથે રાખનારાઓ તરીકે હક રાખે છે જે સખસોના ઉપર હુકમ કરવામાં આવ્યો છે અને જેમની તરફથી બાબુ અંબીકાચરણ બોઝ હાજર છે, તે કુતુહલશીંગ

વીગરે સતર સખસો છે. તે જમીનના જુદા જુદા સાંથે રાખનારા તરીકે દાવો રાખે છે, અને તે હક તેઓએ જુદી જુદી વખતે મેળવેલો જણાય છે. આવી હકીકત છતાં માજીસ્તરેટે તા૦ ૧૧ ફેબરવારીના રોજની નોટીસ આ વર્ષ ફેબરવારી માસની તા૦ ૧૯ મીના રોજ બજાવી. કલમ ૧૪૫ પ્રમાણે કામ ચલાવ્યું.

તે કલમ પ્રમાણે તે કામ કેવી રીતે ચલાવવામાં આવ્યું, તે જોવાની હાલ જરૂર નથી તે બાબત વીગતવાર તપાસ કરવામાં આવેલો છે, અને અમને ખબર આપવામાં આવી છે તે પ્રમાણે બેઉ બાજુ તરફના તકરારી જમીન ઉપરના હકની બારીકાઇથી તપાસ કરી માજીસ્તરેટે એવા શબ્દોથી ઠરાવ કરેલો છે કે "માટે અમે હુકમ કરીએ છીએ કે ગોગી કંવા, મોઝામોકાગાની ૭૦૮ વીઘા જમીનનો પેહેલી ટોળી પાસેથી કાયદેસર ઇલાજ કરી કબજો લેવામાં આવે ત્યાં સુધી તેમનો કબજો રાખવાનો હક છે, માટે આવી રીતે કબજો છોડાવવામાં આવે ત્યાં સુધી તે કબજા બાબત હરકત કરવાને અમે મનાઇ કરીએ છીએ." અરજદાર કુદુહલશીંગ વીગરેએ આ હુકમ મેળવ્યો છે, અને પેહેલી તેઓ એવી હરકત લે છે કે તે હુકમ બરોબર નથી. અને જે તપાસ ઉપરથી તે હુકમ કરવામાં આવેલો છે, તેપણ બરોબર નથી. કારણ કે દરેક બાજુ તરફ કેટલાક સખશોના કેટલાક દાવાનો એકઠો તપાસ કરવામાં આવ્યો છે, અથવા ઓછામાં ઓછું પુકત વીચાર વીના તપાસ કરવામાં આવ્યો છે, અને તેથી તેમનો એકઠો યાને પુકત વીચાર વીના તપાસ કરવામાં આવ્યો છે તે હરકત તેઓએ આગળ આ વરશના એપ્રીલ માસની તા૦ ૧૫ મીના રોજ પ્રોશીડીંગમાં લખેલી હકીકત ફાઇલ કરેલી તેમાં લીધેલી છે, અને આ કોરટના ઓફીસીયલ ઇંટરપ્રીટરે કરેલા તરજુમા મુજબ આ શબ્દોથી હરકત લીધી છે:—માલેક તાલુકદારો કહેલા સાંથે રાખનારાઓએ જમીનના જે કટકા બાબત દાવો કરેલો છે તે કટકા કીયો સાંથે રાખનાર હક રાખે છે એવું બતાવવામાં આવે ત્યાં સૂધી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ મી પ્રમાણે તે કામ એકઠું અને સામટું ચાલી શકતું નથી. પરંતુ તે કામના કાગળોમાં આવી કાંઇ હરકત નથી." અમને આઝીમમેલા વી૦ સાતુપેરા માનીકના કામનો ઠરાવ બતાવવામાં આવ્યો છે તે એવું બતાવવાને કે જો કે કલમ ૧૪૫ મી પ્રમાણેના હુકમથી સાંરાંસમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે એક ટોળીનો બીજી ટોળી વીરૂધ કબજો છે, પરંતુ તકરારી જમીનના કીયા ભાગોનો કોનો કોના સામે કબજો છે તે બતાવેલું નથી, તોપણ તે કલમ ૧૪૫ મી પ્રમાણે તે હુકમ થઇ શકે છે તે કામની હકીકત આ કામની હકીકતથી પુકત રીતે જુદી છે.

આ કામમાં તેનાતેજ જમીનદાર તરફના સખસો ને જમીનના જુદા જુદા જથા બાબત સ્વતંત્ર હકના દાવા રાખે છે. અને તે દરેક જથા બાબત કુતુબીલશીગ તથા તેની ટોળીમાંનો કોઇક દાવો રાખેછે. તેથી તે સખસઓને બીજી બાજુના સખસો જેઓ તે જમીનના જથા ઉપર દાવો રાખેછે તેમની વચમાં તકરાર છે. તે હુકમનું જે રૂપ છે, તે ઉપરથી હવે પછી હરકત થાય તે સવાલ કોરાણે રાખતાં પણ અમારી નજરમાં આવે છે કે જે ટોળી તે તપાસ એકઠી કરયા બાબત ફરીયાદ કરે છે. તેમનો તે હરકત લેવાનો હક છે. એવા કારણથી કે તે પ્રમાણે કામ ચલાવવાથી તેમની તરફના કામમાં હરકત થઇ શકે અને ઘણું કરીને થએલી છે. અમારી નજરમાં આવે તે હુકમના રૂપ બાબતમાં વળી જે કારણ તેમના વીકાલત વકીલે બતાવેલું છે કે તેઓને હરકત લેવાનો હક છે, કારણ કે આવી તરેહનો હુકમ જોવાથીજ દીવાની દાવો કરવામાં આવે તેમાં તે હુકમથી કેટલાક સખસોનો કબજો ઠરાવવામાં આવેલો છે. તે તમામને પક્ષકારો કરવાની જરૂર થાય એવી સુચના કરવામાં આવી છે કે તે ઠરાવમાં તે હુકમની ખામી દુરસ્ત થવાને ઠરાવ માજીસ્તરેટ તરફ મોકલવો જોઇએ. કે જેથી કલમ ૧૪૫ પ્રમાણે ઓગણચાળીસ હુકમ કરી દાવાવાળી જુદી જુદા દાવા કરેલા છે. અને તેમની લખેલી હકીકત ખુંટ બતાવેલા છે, તે પ્રમાણે તે જમીનનો કબજો છે. એવું તેઉ ઠરાવી શકે અગર ખરી રીતે તેવા હુકમ કરવાને તેમને ફરમાવવું. આ પ્રમાણે થઇ શકે તેવું હોય તોપણ બીજા કારણોથી આ કામમાં તે હરકતો છે; ને દુરસ્ત થતી નથી. પરંતુ તે કામના ઘણા ખરા ભાગની જે માજીસ્તરેટે તપાશ કરેલી છે, તેઉ હવે તે જીલામાં માજીસ્તરેટ નથી. જો તેઉ ત્યાં હોતતો પણ અમારી રૂબરૂ સારાંશમાં જે હુકમ છે અને જેનો હેતુ આ લોકો (ઉમાશીંગની ટોળીના) નો તકરાર તમામ જમીનનો કબજો, છે, તે કરતાં તે વધારે કરી શકતા નથી. પણ ગમે તેમ હોય તોપણ જે લખેલી હકીકત અમને બતાવવામાં આવી છે તેની કલમમાં પ્રોસીડીંગની અશુદ્ધ ખામી છે. તે હાલ દુરસ્ત કરવી અશકય છે. વળી હકીકત છતાં અમારી નજરમાં આવે છેકે તે હુકમ કાયમ કરવો જોઇએ, અને ચાલેલું પ્રોસીડીંગ રદ કરવું જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ મી અકટોબર સને ૧૮૮૭

મી૦ જષ્ટીશ નોરીશ અને મી૦ જષ્ટીશ ઘોઝ સાહેબોની રૂબરૂ.

અહમદ મહમદની અરજીની બાબતમાં.

મહમદ ઝકરીયા અને કંપની વી૦ અહમદ મહમદ.

ફોજદારી કામમાં દસ્તાવેજની તપાસણી—તે માલુમ પડયો—તપાસ કરવાનો હુકમ કરવાને કોર્ટનો અખત્યાર—સને ૧૮૮૨ ના ફોજદારી કા. ચ. ની રીતીના કાયદાનાની કલમ ૯૪, ૯૯—સોધનુ વારંટ—તેનુ રૂપ અને બળવાનપણું.

પાનું ૧૦૯ — અ અને ह, તેમાં ह તે ज म ની પેહેડીમાં ચોપડા રાખનાર હતો, તેગના ઉપર તે પેહેડીની ફરીઆદ ઉપરથી સને ૧૮૮૨ અને સન ૧૮૮૭ ની વચમાં અને અમુક રકમ આપવાને તે પેહેડીની બદ દયાનતથી લલચાવીને ઠગાઇ કરયાનો તથા તે ગુનહો કરવામાં એક બીજાને મદદ કરયાનો આરોપ રાખવામાં આવેલો હતો, તે ગુનાનો અમલ ह એ તે પેહેડીનું અ પાસે જે રકમોનુ લેહેણું તે રકમો હીસાબના ચોપડાગાં દાખલ કરવી છોડી દઇ અને અ એ વસુલ આપ્યાની તેમાં જુઠી રકમો લખીને કરેલો છે આ તોહોમત ચાલુ હતું તે દરમ્યાનમાં જે પ્રશીડેનશી માજીસ્ટ્રેટની રૂબરૂ તે રાખવામાં આવ્યો હતો તે માજીસ્ટ્રેટે નીચેના રૂપનું સોધનું વારંટ આપ્યું. "ઇનસ્પેકટરને જોગ—અ વીગરેના ઉપર ગારી રૂબરૂ ઠગાઇનો ગુનો કરયાનો અગર તે ગુનહો કરયાના અંદેશાનું તોહોમત રાખવામાં આવેલું છે, અને તે ગુનાહની અગર અદેશો રાખેલા ગુનાહની તપાસ જે હાલ ચાલે છે, અગર કરવાની છે તેમાં સને ૧૮૮૨ થી સને ૧૮૮૭ સુધીના ખાતાના ચોપડાં રજુ કરવા તે તપાસમાં અવશ્યના છે, તેમ મને જણાય છે, માટે આથી તમને અખત્યાર આપવામાં આવે છે અને તમોને કહીએ છીએ કે તમારે અ નુ નંબર ૧૩ નું પોલોકસ્ટ્રીટમાં મકાન છે, તેમાં તે મીલકતનો શોધ કરવો, અને જો તે મળી આવે તો તરત કોરટમાં રજુ કરવી." આ વારંટની બજાવણીમાં अ ના ઘરમાંથી કેટલાક ચોપડા તથા કાગળો માલુમ પડયા. તે પકડી પોલીસે કબજે કરયા, અને આ ચોપડા અને કાગળોમાંથી ફરીઆદીની અરજી ઉપરથી માજીસ્ટ્રેટે તપાસવાને હુકમ કરયો. તે તપાસવાનો હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઇએ, તેનું કારણ બતાવવાને જે હાઇ કોરટે હુકમ કરેલો તે ઉપરથી એવી તકરાર કરવામાં આવી છે કે યોગ્ય રીતની ન્યાયની રૂઇની તપાસ કરયા વીના અને ફુકત હકીકત

વીના તે સોધનું વારંટ આપવામાં આવેલું છે, અને જોતાંજ તે બરોબર નથી; કારણ કે ફો. કામ ચ. ની રીતના કાયદાના ૫ મા પરીશીસ્ટના ૮મા નમુનામાં ઠરાવ્યા પ્રમાણે કોના ખાતાના ચોપડા રજુ કરવાના છે. તે સ્પસ્ટ તેમાં બતાવેલું નથી, અને ફોજદારી કામમાં ફરીઆદ તરફથી દસ્તાવેજ તપાસવાનો કોરટ હુકમ કરી શકે તેવું ફોજદારી કાયદામાં કાંઇ નથી. જસ્ટીશ નોરીશ સાહેબના અભીપ્રાય પ્રમાણે ઠરાવવામાં આવ્યું કે તે હુકમ જેવો કરવામાં આવ્યો છે તે ઉપરથી સોધના વારંટની તકરાર ઉતપન થઈ છે. એમ ધારીએ તોપણ તે વારંટ તમામનો વીચાર કરવો જોઇએ, અને તેમ જોતાં તેમાં તપાસમાં અવશ્યના જે ખાતાના ચોપડા બતાવ્યા છે, તે અ ના ખાતાના ચોપડા છે, અને તે સોધ કરવાને ફરમાવવામાં આવ્યું છે, તેનો તે ચોપડાનો હેતુ છે. એમ પુક્ત રીતે ખુલું જણાય છે, તેમ તે વારંટ રીતસર અને યોગ્ય રીતીએ કાહાડવામાં આવ્યું નથી એવું બતાવવાને તેમાં કાંઇ નથી. જસ્ટીશ નોરીશ સાહેબનો અભીપ્રાય:—ઇંગલાંડમાં કોરટોએ હમેશાં દસ્તાવેજો શોધી કાહાડવાની ફરજ પાડવાને ફોજદારી કામોમાં ના પાડી છે. એવા કારણથી કે કોઇ સખસને પોતે ગુનેહગાર થાય તે પ્રમાણે પુરાવ રજુ કરવાને ફરજ પાડવી નહી જોઇએ તોપણ આ દેશમાં કાયદા કરનારાઓએ તે રજુ કરવાને ફરમાવેલું છે. અને કેટલીક હકીકત હોય તો તોહોમતવાળા સખસે પોતાના દસ્તાવેજો કોરટમાં રજુ કરવાની તેને ફરજ પાડવી એવું ઠરાવેલું છે. જયારે એક વખતે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૯૬ ના ઠરાવ પ્રમાણે, કાહાડેલા વારંટની યોગ્ય રીતે બજાવણી કરતાં, તોહોમતવાળાના દસ્તાવેજો કોરટમાં આવે એટલે તે દસ્તાવેજો અને હરકોઇ પ્રકારના દસ્તાવેજો તેને પકડતી વખત તેની પાસેથી અગર તેના મકાનમાંથી અગર તેને પકડયા પછી માલુમ પડી આવે તેમાં કાંઇ તફાવત નથી. અને આ પાછલા પ્રકારના દસ્તાવેજોનો તેના વિરૂધ પુરાવમાં ઉપીયોગ થાય છે, તેમાં કોઇ દીવશ શક રાખવામાં આવેલો નથી. દીલના વીરૂધ ઓબ રાયણના કામમાં ઠરાવ્યા પ્રમાણે કોઇ સખશને રાજ વીરૂધ ગુનાહ બાબત અઘોર અપરાધ બાબત અગર ખોટી વરતણુંક બાબત કાયદેસર રીતે પકડવામાં આવે એ તેની પાસેથી કોઇ પ્રકારની મીલકત હોય તો તે પકડીને અટકાવવાના હકનો આધાર સરકારનુ જે હીત વ્યાજબી રાહે જે સખસે ગુનોહ કરેલો માનવામાં આવે તેનો ન્યાય કરવાનુ છે તે ઉપર છે. અને ફરીઆદ તરફનું કામ એક વખતે સરૂ થયું એટલે તે કાયદાની યોગ્ય રીતે પુરૂ થાય છે. માટે આવી મીલકત તપાસવાનો તેમજ તે પકડી અટકાવવાનો ફરીઆદ તરફનો હક હોવોજ

જોઇએ. માટે તે તપાસવાને યોગ્ય સખસો તે ફરીઆદનું કામ ચલાવનાર છે, વળી કેદીને પકડવામાં આવે તે વખતે અગર ત્યાર પછી તેની પાસે અગર તેના મકાનમાં જે દસ્તાવેજો વીગેરે માલુમ પડે તે પુરાવમાં ગુજારતાં પેહેલાં પોલીશ અગર ફરીઆદ તરફથી કામ ચલાવનાર સખસોને તે તપાસવાનો લાગ ન મળે એ ગેરવ્યાજબી છે.

જસ્ટીસ ઘોઝ સાહેબનો અભિપ્રાય—જે હુકમ કરવામાં આવેલો છે તે પ્રમાણે તે હુકમ ઉપરથી શોધના વારંટના બળવાનપણા વીશે તકરાર ઉતપન થઇ નથી. પણ એ મળેલી તકરાર થઇ છે કે તે શોધનું વારંટ કાયદા પ્રમાણે નહી હતું. અને તેથી પ્રથમ તે દસ્તાવેજો રજુ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૯૪ પ્રમાણે કાંઇ સમન કહાડવામાં આવેલો નથી. અને ફકત સમન ઉપરથી તે રજુ કરવામાં આવતે નહી એવું બતાવવાને કાંઇ નથી. અને જો કે તે વારંટમાં ખાસ રીતે બતાવવામાં આવેલું નથી. તોપણ તે વારંટના નમુની બાબત માજીસ્ટ્રેટની રૂબરૂ કાંઇ હરકત લેવામાં આવેલી નથી. અને તે દસ્તાવેજોની બાબત કાંઇ ખુલી રીતે તેમાં બતાવવામા આવેલી નથી, તેથી તોહોમતવાળાને કાંઇ હરકત થએલી નથી. અને ખરી રીતે કેવો હેતુ હતો તે સ્પષ્ટ રીતે બતાવવામાં આવેલું છે માટે વારંટના નમુના વીશેની હરકત નામંજુર કરવી જોઇએ.

જસ્ટીસ ઘોઝ સાહેબનો અભિપ્રાય--સને ૧૮૬૧ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદામાં ઠરાવ્યું છે તે પ્રમાણે આ દેશના ફોજદારી કાયદાથી જે પુરાવથી તોહોમતવાળો ગુનેહગાર થઇ શકે તેવો પુરાવ ગુંજારવાની પણ ફરજ પાડી શકાય છે. એમાં કાંઇ શક નથી. તે કાયદાની કલમ ૯૪ પ્રમાણે જયારે હુકમ કરવામાં આવે ત્યારે અગર કલમ ૯૬મી પ્રમાણે વારંટ કાહાડવામાં આવે ત્યારે તે દસ્તાવેજો તજવીજમાં છે કીંવા નહી તે માજીસ્ટ્રેટે નકી કરવાનું છે પણ જયારે તે કોરટમાં રજુ થાય ત્યારે તે તપાસવાનું કામ માજીસ્ટ્રેટનું નથી. કારણ કે ફરીઆદ તરફના કામનો પરીણામ એક રીતે થાય અગર બીજી રીતે થાય તેમાં તેમનું હીત નથી. જેઓ ફરીઆદ તરફનું કામ ચલાવતા હોય તેઓએ તે તપાસવા જોઇએ એ વ્યાજબી છે કારણ કે આવા દસ્તાવેજો રજુ કરવાનું કારણ પુરાવમાં ઉપયોગ લેવાનું છે. માટે ફરીઆદ તરફના સખસોને તે તપાસવાનો લાગ આપવામાં ન આવે તો તે થઇ શકે નહી. ફો. કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૪ પ્રમાણે પોલીસે શોધ અગર પકડવાથી ફરીઆદ ચલાવનારને જે દસ્તાવેજો તથા વસ્તુઓ પકડવામાં આવેલી હોય તે જોવાનો અવસ્યે કરીને લાગ આપવો જોઇએ, અને તેમ છે

તો કોરટના હુકમથી અમુક દસ્તાવેજ અગર બીજી વસ્તુ શોધના વારંટ થી પકડીને કોરટમાં રજુ થએલી હોય તો તેવોજ લાગ અગર હક તેમ ને શા વાસ્તે મળવો નહી જોઇએ. જે કારણુસર કાંઇ દસ્તાવેજ અગર વસ્તુ પકડીને કોરટની રૂબરૂ રજુ કરવામાં આવી હોય તે કારણ લક્ષમાં રાખતાં એવું જણાય છે કે કાયદા કરનારાઓએ તે દસ્તાવેજો વીગરે પકડીને કોરટમાં રજુ કરવા બાબત ઠરાવ કરયો છે. તેની સાથે તેઓએ ગરભીત રીતે એવો ઇરાદો રાખ્યો છે કે કોરટના હુકમથી ફરીઆદ તરફથી તે તપાશી તે પુરાવમાં રજુ કરવો નહી તે નકી કરવાનો અખત્યાર છે.

ઠરાવવામાં આવ્યું કે ઉપર જે કારણો બતાવ્યાં છે. તે કારણોથી તે તપાસ કરવાને પરવાનગી આપવાને તે માજીસ્રેટને અખતીઆર હતો. પરંતુ સોધના વારંટમાં જે ચોપડા બતાવેલા છે તે ચોપડાજ તપાસવા જોઇએ.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૯ આગષ્ટ સને ૧૮૮૭

મી૦ જષ્ટીશ પ્રીનશેપ તથા મી૦ જષ્ટીશ પીગટ સાહે બોની રૂબરૂ.

અબદુલ હુસનની અરજની બાબતમાં.

માહારાણી કેશરેહીંદ વી૦ અબદુલહુસેન.

પોલીશ આકટ (સને ૧૮૬૧ના ૫ મા) ની કલમ ૨૯—સને ૧૮૬૧ ના આકટ ૫ પ્રમાણે નીયમો કરવાનો અખત્યાર—જીલાના પોલીશ સુપ્રીટેન્ડન્ટ, તેમનો અખત્યાર—એક નીયમ અથવા કાયદો અને કાયદે સર હુકમ જુદો સમજવામાં આવ્યા.

પાનુ ૧૯૪ એક પોલીશ કાનસટેબલ અબદુલ હુસેનને સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે હુકમનુ અપમાન કરવા બાબત દીનેજપુરના જીલા માજીસ્રેટે છ અઠવાડીઆં સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી હતી, જે હુકમનુ અપમાન કરવાનું કહેવામાં આવેલું છે. તે એવી મતલબનો હતો કે કાનસટેબલોએ રાતના નવ વાગતાની અંદર લાઇનની અંદર રહેવું. સેશન જડજના અભિપ્રાયમાં આવ્યું કે રાતના નવ વાગ્યા પછી ગેરહાજર રહેવુ. તે નીયમ વીરૂધ છે, એવું બતાવવાને કાંઇક સંતોશકારક પુરાવ નથી. અને વળી તે આકટની કલમ ૨૯ પ્રમાણે તે કેદીને સીક્ષા કરવા સારૂ તે ગુનાનો સમાશ

તે આકટની કલમ ૧૨ માં થાય છે, એવું સાબેત કરવાની જરૂર છે. તે થી સેસન જડજે તે ગુનાની સાબેતી અને શીક્ષાનો ઠરાવ ફેરવવાના હેતુ થી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે તે કામમાં હાયકોરટમાં પુછ્યું.

ગુનાની સાબેતીના ઠરાવના આધારમાં બાબુ રામચરણ મીતર.

કોરટ (જષ્ટીશ પ્રીનસેપ અને જષ્ટીશ પીગટ સાહેબો) નો ફેંસ લો નીચે પ્રમાણે છે:—

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે દીનેજપુરના સેસન જડજે સદરહુ કલમ પ્રમાણે અરજદારને કરેલી શીક્ષા નો હુકમ બંધ રાખી તેને જામીન ઉપર છુટો મુકી આ કામમાં રીપો ટ કરેલો છે.

અરજદાર એક પોલીશ કોનસટેબલ છે, તેની તપાસ સંક્ષેપ રીતે દીનેજપુરના જીલા માજીસ્તરેટે કરી તેને સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે હુકમનું અપમાન કરયા બાબત ગુનેહગાર ઠરાવી છ અઠવાડીઆં સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે માજીસ્તરેટે ગુનાની સાબે તીનો ઠરાવ કરયો છે તે કાયદા પ્રમાણે બરોબર નથી.

અરજદારને જીલાના સુપ્રીનટેડેંન્ટે કામમાં જોડેલી યાદની સાથે તે માજીસ્તરેટ તરફ શીક્ષા થવાને સારૂ મોકલેલો છે તે યાદ નીચે પ્રમાણે છે:—એટલે ૨૪૬—ડબલ્યું શી અબદુલ હુસેન તા૦ ૪ મેએની રાતરે હાજરી વખત બોલાવતાં-ફરીથી ગેરહાજર હતો, એનો રીપોટ કરેલો છે અને તે કહે છે કે હું મારે ઘેર ખાવા ગએલો હતો ને ત્યાં ઉંઘી ગયો, ડી. ઓ. ૩૮૫ માં તેજ ગુનહા બાબત તેનો દશ દીવશનો પગાર દંડ કરવામાં આવેલો હતો, અને તેને ચેતાવવામાં આવ્યો હતો કે તારે તા રી લાઇન છોડવી નહી. માટે તેણે તે હુકમનું અપમાન જાણી બુજીને મારા અધીકારનું તીરસ્કાર કરી કરેલું છે. તેકુ કાર્ આકટ ૫ માની કલમ ૨૯ પ્રમાણે દાખલો બેસવા લાયક શીક્ષા થવા સારૂ માજીસ્તરેટ તરફ હું મોકલુછું. તે કેદી ઉપર હુકમનું અપમાન કરયાનું આરોપ રા ખવામાં આવેલું છે. માજીસ્તરેટનો ઠરાવ એવો છે કે તે તોહોમતવાળો તકરારી રાત્રે નવ વાગ્યા પછી લાઇનમાંથી ગેરહાજર હતો એવું સંતોશ કારક રીતે સાબીત થએલું છે. અને તે ધારા વીરૂધ છે. તે ધારા બાબ ત લાઇનના સબ ઇનસ્પેકટરની સાહેદી છે. તેઉ કહેછે કે રાતના નવ વાગ્યાની અંદર કોનસટેબલોએ લાઇનની અંદર રહેવું એવો હુકમ છે. તો હોમતવાળા વીરૂધ પહેલો પુરાવ એવો છે કે પ્રથમ નવ વાગ્યાની હાજ-

રી વખત તે ગેરહાજર હોવાથી તેને શીક્ષા કરવામાં આવી હતી. બીજો પુરાવ એવોછે કે દબીરાગની સાહેદીછે તે એવી છે કે તોહોમતવાળો બાર વાગ્યાની હાજરી વખતે ગેરહાજર હતો. ત્રીજુ બીટકસે ગેરહાજર સખસો નુ પત્રક સાબેત કરેલું છે, હું નામથી બોલાવુંછું. હવાલદારે કહ્યું કે અમુક અમુક સખશ હાજરે નથી, ને મેં તેનું નામ લખી લીધું અઢાર કાનસટેબલો ગેરહાજર હતા. હવાલદાર જે માણશો હતા તેની પાસે હતો હું એ બંતેની સાથે ઝુંપડામાં હતો, ચોથું રામગ્નાલે કહ્યું છે કે અબદુલ હુસેન નાં૦ ૪ થા મેઅંને રોજ અડધી રાતરે હાજરી વખત ગેરહાજર હતો. હવાલદારને હાજરી પૂરવાને હું મદદ કરતો હતો, બીતક્ષ નામથી બોલાવતો હતો. તે એક બારણા આગળ ફાનસ લેઇ બેઠો હતો. જે સખસોએ જવાબ દીધા નહીં ત્યારે તેઓની બાબત અમે જોયું, ત્યારે બીટલ મારી સાથે હતો. જે સખસો ગેરહાજર હતા તેમને બોલાવ્યા ને તેમણે જવાબ દીધો નહી તેઓની બાબત બીટકલે લખી લીધી. ફરીઆદ તરફથી આ પુરાવ છે. તોહોમતવાળા તરફથી કેટલોક પુરાવ છે. તે દેખીતી રીતે માજીસ્તરેટે માનેલો નથી. સેશન જડજના વીચારમાં પેહેલું એવું આવ્યું છે કે તોહોમતવાળો લાઈનમાંથી બાર વાગે ગેરહાજર હતો એ વીશે સંતોશકારક પુરાવ નથી. બીજું એવું આવ્યુ છે કે નવ વાગ્યા પછી લાઇનમાંથી ગેરહાજર રહેવું, તે ધારા વીરૂધ છે. તે વીસે સબ ઇનસ્પેકટરનું ઉપર બતાવ્યા પ્રમાણે જે કહેવું છે તે સીવાય કાંઇ પુરાવ નથી. ત્રીજુ એવું આવ્યું છે કે જો તે ધારો હોય તો તે ધારો કોણે કરયો તે બતાવવાનો કાંઇ પણ નથી. અને ચોથું તેમની નજરમાં એવું આવ્યું છે કે પોલીશ આકટની કલમ ૨૯ પ્રમાણે કોઇ ધારા વીરૂધ ચાલવામાં આવે તો શીક્ષા થવા લાયક થતું નથી. ફકત તે આકટની કલમ ૧૨ પ્રમાણે ઇનસપેક્ટર જનરલ શીક્ષા કરી શકેછે, અમારી નજરમાં આવેછે કે પેહેલાં ત્રણ કારણો ગુનાનો સાબેતીનો ઠરાવ ફેરવવાને બસછે.

જો એવો નીયમ હોય કે રાતના નવ વાગ્યા પછી અમલદારોએ લાઇનની અંદર રહેવું જોઇએ. તોપણ તોહોમતવાળાએ તે નીયમ તોડેલો છે તે વીશે કાંઇ પુરાવ નથી. કારણ કે તેને શોધવામાં આવ્યો હતો અને ખરી રીતે તે લાઇનમાંથી ગેરહાજર હતો એવું સાબેત કરવાને કાંઇ પુરાવ નથી. જો એવો નીયમ હોય કે અડધી રાતરે હાજરી વખત અગર હરકોઇ બીજી વખતે હાજરી બોલાવવામાં આવે તે વખતે અમલદારોએ હાજર રહેવું જોઇએ તો તેવો નીયમ છે તે વીશે કાંઇ પુરાવ આપવામાં આવેલો નથી. એટલું જોવાનું છે કે હાજરી વખતે ગેરહાજ

ર હોવાથી તોહોમતવાળાને બોલાવવામાં આવેલો હતો, અને તે હાજરી વખતે હાજર નહી હતો તે વીશેનો પુરાવ છે. અમારી નજરમાં આવેછે કે સેશન જડજે ન્યાયની રૂઇએ અને ડીપાર્ટમેંટલ શીક્ષાની વચમાં જે ભેદ બતાવ્યો છે, તે બરોબર છે. સખત મજુરી સાથે કેદની શીક્ષા એ કાંઇ હલકી શીક્ષા નથી, માટે જે કાયદો અગાર નીયમ તોડયા બાબત જે સીક્ષા કરવામાં આવેલી છે, તે તથા તે તેડયાની હકીકત તે શીક્ષા કરવાને સારૂ સ્પષ્ટ રીતે સાબેત થએલી જોઇએ. કાયદા પ્રમાણે કોઇ સખશને તેના છુટાપણામાંથી બાતલ કરતાં પેહેલાં પુરાવો હોવાની જરૂર છે. અને ફકત સંભવીતપણું બસ નથી ઘણું કરીને અગર વખતે રાતરે નવ વાગે તો હોમતવાળાએ હાજર રહેવાની જરૂર હતી અગર જે વખતે તેને બોલાવવામાં આવ્યો તે વખતે હાજર રેહેવાની જરૂર હતી, તે નીયમ તેના જાણવામાં હતો, ઘણું કરીને તે નીયમ પ્રમાણે તે ચાલ્યો નથી, અગર ચાલી શક્યો ના હોય. જો આવો નીયમ હોય તો તે યોગ્ય અધીકારીએ કરેલો હોય એમ પણ હોય. પણ તે વીશેનો કાંઇ પુરાવ નથી. અગર તે બાબત તોહોમતવાળાને ખબર આપવામાં આવી હતી, અગર જો તે નિયમ હોય તો તે તેણે તોડેલો છે તે વીસે પુરાવ નથી. આ કામમા ફકત એટલું સાબેત થએલું છે કે જ્યારે તેને બાર વાગે બોલાવવામાં આવ્યો ત્યારે તેણે જવાબ દીધો નહી. અને તે જવાબ દેવાને બંધાએલો હતો એવું બતાવવાને કીચીત પણ પુરાવ નથી. કાઇ પણ બરોબર તેવો નીયમ હોય તે વીસે પૂરાવ નથી.

ચોથી બાબત સેસન જડજે કહેલી છે. તે અગત્યની છે. તેમણે ઠરાવ્યું છે કે રૂલ પ્રમાણે લાઇનમાં અગર હાજરી વખતે હાજર રેહેવું જોઇએ એવો નીયમ જીલ્લા સુપ્રીનટેડેન્ટે કરેલો છે. એમ સાબેત થયું હોય તો તે નીયમ તોડવાથી તે આકટની કલમ ૨૯ પ્રમાણે શીક્ષા કરવા લાયક થતું નથી તે આકટ પ્રમાણે ઇનસપેકટર જનરલ શીવાય નીયમ બાંધવાને બીજા કોઇ અમલદારને ખુલી રીતે અખ્તીઆર આપવામાં આવેલો નથી. પોલીશના ઇનસપેકટર જનરલ ફકત બીજા કારણોની સાથે કામની થતી કસુર અટકાવવાને કલમ ૧૨ પ્રમાણે નીયમો કરી શકે છે. તે નીયમો સ્થાનિક સરકારે મંજુર કરેલા હોવા જોઇએ. અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવીછે કે કલમ ૪ થી તમામ જીલ્લામાં પોલીશનો કારોબાર ઠરાવેલો છે. તેથી જીલ્લા સુપ્રીટેડેન્ટને અખ્તીઆર આપવામાં આવેલો છે. પણ એટલું જોવાનું છે કે માજીસ્તરેટના સાધારણ દાબ નીચે છે. આ કામમાં તે સવાલનો નીરણય કરવાની જરૂર નથી. પરંતુ આ બાબત એ

વી અગત્યની છે કે અમારી મરજી અમારો અભીપ્રાય કહેવો [illegible] છે એવી થાય છે. તે એવો છે કે જે પ્રકારનો સાધારણ નીયમ [illegible] વવામાં આવેલો છે. પણ આ કામમાં સાબેત થએલો નથી, તે [illegible] સુપ્રીટેંડંન્ટે કરેલો હોય તો તેનો તે આકટમાં સમાશ થતો નથી. પરંતુ ઘણું કરીને કોઇ અમલદાર અગર અમુક અમલદારોએ પોલીશની લાઇનની અંદર હાજર રહેવું જોઇએ. એવો ખુલી રીતે ખાસ હુકમ તેને અગર તેઓમાંના દરેકને આપેલો હોય તો તે હુકમનો કલમ ૨૯ માં સમાશ થાય છે કારણ કે તે કાંઇ નીયમ અગર કાનુન નથી. પણ યોગ્ય અધીકારીએ કાયદેસર કરેલો હુકમ જે અમલદારની નોકરીની તરત જરૂર હોય તેના કામ સબંધીની છે. તે આકટ પ્રમાણે એકાદો નીયમ કરવામાં આવેલો હોય તો તે અમલદારો જાણવાને તથા તે પ્રમાણે ચાલવાને બંધાએલા છે, એકાદા અમલદારને હુકમ બંધનકારક થવાને તે હુકમ તેનેજ આપેલો જોઇએ, અને તે હુકમનો અમલ નહીં કરવા બાબત સીક્ષા થવા સારૂ તે હુકમ તેને આપેલો હતો એમ સાબેત થવું જોઇએ પોલીશમાં કવાયતનો અમલ કરવામાં કાંઇક કશુર કરયાનો દાખલો હોય એ ઘણું દીલગીર ભરેલું છે, અને તે કાનુનો અગર તેવા હુકમો તેવી રીતે ઘડવામાં આવે અને પ્રસિધ કરી કાહાડવામાં આવે અને પછી તે તોડવામાં આવે તો તેથી તે આકટ પ્રમાણે કાયદેસર શીક્ષા થઇ શકે છે. માટે અમે ગુનાની સાબેતીનો ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ કરીએ છીએ.

ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

——※——

ફોજદારી અરજી

તા૦ ૨૧ ડીસેંબર સને ૧૮૮૭

મી૦ જષ્ટીશ વીલસૄન અને મી૦ જષ્ટીશ તોટનહામ સાહેબોની રૂબરૂ.

પનાતુલાની અરજીની બાબતમાં.

પનાતુલા વી૦ મહારાણી કેશરેહીંદ.

પીનલકોડની કલમ ૧૭૭-ગુનહો થતાં અટકાવવાને જુઠી બાતમી આપવી તેનો હેતુ.

પાનું ૩૮૬ પનાતુલા એક કોનસ્ટેબલ હતો, તેને રાતરે રાઉન્ડ ફરી જે પ્રખ્યાત ખરાબ સખસો જે પોલીશની નીગેબાની નીચે હતા, તેમને ઘેર જઇ બોલાવી જોવા કે તેઓ ઘરમાં છે કી

ખા નહી તે કામ ઉપર નીમેલો હતો. એક પ્રસંગે તે રાઉન્ડ ફરી આ વ્યો, અને સદરહુ કેટલાક સખસો માંહેના સખસો ઘરમાં નહી હતા, તે મ છતાં પોતાના ઉપરીને આવી કહ્યું કે તેઓ ઘરમાં છે. આ હકીકત ઉપરથી ડીપુટી માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તોહોમતવાળાએ જે જે બાતની આપવાની જરૂર હતી અને જે તેણે જુઠી આપેલી છે તે હકી કત ગુનહો થતાં અટકાવવાને સારૂ જોઇતી હતી, માટે જે ગુનહો સાબે ત થએલો છે તે પીનલકોડની કલમ ૧૭૭ ના બીજા ભાગ પ્રમાણેનો છે. તેથી તેઉએ તોહોમતવાળાને ૭ માસ સખત મજુરી સાથે કેદની સીક્ષા કરી.

અપીલમાં શેશન જડજે તેમાં હાથ ઘાલવાને ના પાડી.

તેથી તોહોમતવાળા તરફથી હાયકોરટમાં અરજી કરવામાં આવી. અને કારણ પુછવાનો હુકમ કરાવ્યો.

અરજદાર તરફથી બાબુ જશોદંન નંદન પ્રમાણીક.

કોરટનો ફેંસલો (જષ્ટીશ વીલસન અને જષ્ટીશ તોટનહામ સાહેબો) નીચે પ્રમાણે છે:—

જષ્ટીશ વીલસન સાહેબ—આ કામમાં તોહોમતવાળી ઉપર ફોજદારી કાયદાની કલમ ૧૭૭ મી પ્રમાણે આરોપ રાખવામાં આવેલો અને તે આરોપનો તેને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે. આ કલમની બે શાખાઓ છે. તે કલમની પહેલી શાખા એવી છે કે

દ્રષ્ટાંત—(अ) क જમીનદાર પોતાની જમીનદારીની હદમાં એક ખુન થએલું જાણુવા છતાં તે જીલાના માજીસ્તરેટને જાણી જોઇને એવી ખોટી ખબર આપે કે એ મોત એક સાપના ડંશથી અકસમાત થયું છે તો क એ આ કલમમાં બીયાન કરેલો ગુનહો કરયો એમ સમજવું.

આથી જે સખશ સરકારી નોકરને સાચી બાતની આપવાને બંધાએલો હોય. તેમ છતાં જુઠી બાતની તેમને તે આપે તે વીશેની ફકત વ્યવસ્થા કરવામાં આવી છે. તે અને તે કલમના આ ભાગ મુજબ વધારેમાં વધારે શીક્ષા ૭ માસ આશાન કેદની દંડ સાથે અગર દંડ વીનાની છે.

(ब) એક પાસેની જગામાં રેહેનારા એક આતબર વેહેપારી ख ના ઘરમાં ડાકાઇટીનો ગુનહો કરવા માટે પોતાના ગામમાંથી ઘણાએક અજાણ્યા માણુસો ગયા છે એમ જાણ્યા છતાં તથા બંગાળાના કાયદાના પુસ્તક માંહેલા સને ૧૮૨૧ નાં ત્રીજા કાયદાની સાતમી કલમની ૫ રકમ મુજબ તે હકીકતની જલદી તથા બરાબર ખબર પાસેનાં પાસેની પોલીસની ચોકીના અમલદારને આપવાની પોતાની ફરજ છતાં अ તે ગામનો રખવાળ જાણી જોઇને તે પોલીસ અમલદારને એવી ખોટી ખબર આપે

કે (તે માણુસો ગયાં હોય તેથી જુદી દીશા બતાવીને) આણીમેર કાંઇ દુર જગાપર ડાકાઇટીનો ગુનહો કરવાના વીચારથી જેઓના ઉપર ગુમાન જાય એવા કેટલાએક સખશનું એક ટોળું આ ગામમાંથી ગયું તો એ ઠેકાણે એ આ કલમમાં બીયાન કરેલો ગુનહો ઠરયો એમ સમજવું.

તોહોમતવાળાની બાબતૂમાં જે હકીકત માલુમ પડેલી છે તે આ છે કે તે કોનસટેબલ હતો અને જે કામને રાઉન્ડનુ કામ કહેવામાં આવે છે તેના ઉપર નીમવામાં આવેલો હતો એટલે કે તેનું કામ રાતરે રાઉન્ડ ફરવીં અને પ્રખ્યાત ખરાબ ચાલના જે સખસો પોલીશની નીગેબાની નીચે હતા તેમને ઘેર જઇ તેમને બોલાવી જોવા કે તેઓ ઘરમાં છે કીંવા નહી. અને એક વખતે તેણે રાઉન્ડ ફરી આવીને પોતાના ઉપરીને એવું જુઠુ આવીને કહયું કે તેઓમાંના કેટલાક ઘરમાં છે, પણ ખરી રીતે તેઓ ઘરમાં નહીં હતા. હવે તે હકીકત તે એક સરકારી નોકરને જણાવવાને બંધાએલો હતો. એટલે કે તે પોતાના ઉપરીને જણાવવાને બંધાએલો હતો, અને તેણે જાણી બુજીને જુઠી હકીકત કહી એવુ પણ માલુમ પડેલું છે. માટે તે ગુનહાનો તે કલમના પહેલા ભાગમાં સમાશ થાય છે. પરંતુ તેને તે કલમના બીજા ભાગ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે, એવા કારણથી કે તે હકીકત ગુનહો થતાં અટકાવવાને જોઇતી હતી. અમારી નજરમાં આવે છે કે તેનો અર્થ સામાન્ય રીતે ગુનહા થતા અટકાવવાનો અથવા તે થતાં વધારે મુશકેલી થાય તેવો થવો નહી જોઇએ. પણ અમુક ખાશ ગુનહો થતાં અટકાવવાના કારણસર તે છે. આ પ્રમાણે છે તેથી આ કામની હકીકત તે કલમના બીજા ભાગમાં આવતી નથી, માટે તે ઉપરથી એમ થાય છે કે જે સીક્ષા કરવામાં આવી છે તે શીક્ષા કરવી નહી જોઇએ. તે કેદીને છ માસ સખ્ત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી છે પરંતુ તેને વધારેમાં વધારે છ માસ આશાન કેદની સીક્ષા થઇ શકતી હતી. તે તરણ માસ સખત મજુરી સાથેની કેદ ભોગવી ચુક્યો છે, એમ જણાય છે. પણ તેને તે પાત્ર કરવો જોઇતો નહી હતો, માટે તરણ માસ સખત મજુરીની જે કેદ ભોગવી છે તે આશાન કેદની જેટલી કાયદા પ્રમાણે તેને શીક્ષા થઇ શકતી હતી, તેના બરોબર છે. એમ ન્યાયના ખાંતર થવુ જોઇએ. માટે તેને કેદમાંથી હાલ છોડી દેવો, કારણ કે જે છ માસ સખત મજુરીની કેદની શીક્ષા તેને કરવામાં આવી છે તે ગુનહાની સાબેતીના ઠરાવની તારીખથી ૧ માસ આસાન કેદની સીક્ષા કરવામાં આવી છે.

શીક્ષા કમી કરવામાં આવી.

ફોજદારી રેફરંસ

તા૦ ૨૪ જાન્યુઆરી સને ૧૮૮૮

મી૦ જસ્ટીશ નોરીસ અને મી૦ જસ્ટીશ ઘોઝ સાહેબ

ઓની રૂબરૂ.

ભાગીરામ ડોમ (ફરીઆદી) વી૦ અબારડોમ વીગરે (તોહોમતવાળો)

માંછલાં પકડવાની જગો—સારવજનીક નદીમાં સ્વતંત્ર રીતે માછલાં પકડવાનો હક તોડવો—ચોરી—સાપ્રાધ રીતે ખોટો ઉપીયોગ કરવો—બીગાડ—શાપ્રાધ પ્રવેશ—ગેરકાયદે થએલી મંડળી—પીનલકોડની કલમ ૧૪૩, ૩૭૮, ૪૦૩, ૪૨૬, અને ૪૪૭

પાનું ૩૮૮ એક સારવજનીક નદીમાંથી માછલાં પકડવાના હકનો સરકારે ફરીઆદીને પટો આપેલો તેમ છતાં તે નદી માંથી તોહોમતવાળાએ ગેરકાયદે માછલાં લીધાં તેથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૩, ૪૪૭, ૩૭૯ ૪૨૬, અને ૫૦૬ પ્રમાણે તોહોમતવાળાને ખોટી રીતે આશીસ્ટંટ કમીશનરે ગુનેહગાર ઠરાવ્યો છે. એવું સીપશાગરના ડેપ્યુટી કમીશનરની નજરથાં આવવાથી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ રેફરંસ કરેલું છે.

દરેક તોહોમતવાળાનો રૂ ૧૦) દંડ અગર તે આપવામાં કશુર કરે તો બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. આ રેફરંસ કરવામાં ડેપ્યુટી કલેકટરે કહેલું છે કે તે ગુનાની સાબેતીનો ઠરાવ કાયદાના ભુલ ભરેલા વીચારથી કરવામાં આવેલો છે. માટે તે ઠરાવ રદ થવો જોઇએ.

તેમાં હાઈકોરટે ઠરાવ્યું કે સારવજનીક નદીમાં જે માંછલાં હોય તે જેનો માંછલાં પકડવાનો હક હોય તેના કબજામાં મીલકત હોય એમ કહી શકાતું નથી. માટે એ હક તોડવાથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૭૮ પ્રમાણે ચોરી થતી નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે સરકારે ફરીઆદીને માંછલાં પકડવાનો હક પટે આપેલો હતો તેથી તોહોમતવાળા ઉપર તે સારવજનીક નદીમાંથી બીજા અગીઆર સખસોની સાથે ગેરકાયદે માંછલાં લીધા બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખેલો છે અને નીચેની કોરટે તેઓને શાપરાધ ખોટી રીતે ઉપીયોગ કરયા બાબત ચોરી કરયા બાબત, બીગાડ, સાપરાધ પ્રવેશ, અને ગેરકાયદે મંડળીના ગુનેહગાર ઠરાવેલા છે. પરંતુ તે ગુનાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. અને કાંઇ હુકમ કરવામાં આવેલો નથી.

તા૦ ૨૪ જાનેવારી સને ૧૮૮૮

મી૦ જષ્ટીશ નોરીશ અને મી૦ જષ્ટીશ ઘોઝ સાહેબોની રૂબરૂ.

મઆરામ સરમા (ફરીઆદી) નીછલ કટાણી વીગેરે (તોહોમતવાળા)

માંછલાં પકડવાં—ચાલતા વેહેળીઆ સાથે જોડાએલા તળાવમાં માંછલાં પકડવાં—ચોરી—સાપરાધ પ્રવેશ-પીનલકોડની કલમ ૩૭૯-૪૪૭

પાનું ૪૦૨ આ કામમા તોહોમતવાળા ઉપર પીનલકોડની કલમ ૩૭૯ પ્રમાણે ફરીઆદીના તાબાના તળાવમાંથી માછલાં લીધા બાબતમાં ફોજદારી કાયદાની કલમ ૩૭૯ પ્રમાણે ગુનાની તથા તે તળાવમાં સાપરાધ રીતે પ્રવેશ કરયા બાબત કલમ ૪૪૭ પ્રમાણે ગુનોહ કરયા બાબત શીપસાગરના આશીસ્ટંટ કલેકટરની રૂબરૂ તોહોમતવાળાની તપાસ કરવામાં આવી છે. આશીષ્ટંટ કમીશનરે ગુનેહગાર ઠરાવી તોહોમતવાળા દરેકના રૂ ૫) દંડ અને તે આપવામાં કશુર કરે તો એક માસ સુધી સખત મજુરી સાથે કેદની સીક્ષા કરેલી છે. પરંતુ માધવ હરીની અરજીની બાબતમાં જે ઠરાવ છે તે લક્ષમાં રાખતાં ડેપ્યુટી કમીશનરની નજરમાં આવ્યું કે જે પુરાવ છે તે જો માનવામાં આવે તોપણ ચોરીનો અગર શાપરાધ પ્રવેશનો ગુનોહ થતો નથી. તેથી નીચેની કોરટે કાયદાના ભુલ ભરેલા ઠરાવથી ફેંસલો કરેલો છે માટે તે બાબત હાઇકોરટમાં રેફરંસ કરયું.

ઠરાવવામાં આવ્યું કે તે માંછલા કે ફરીઆદીના કબજામાં મીલકત છે. એમ નથી માટે કાંઇ ગુનોહ થએલો નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે જે વખતે માંછલાં સ્વભાવીક રીતે છુટા હોય, ને તેઓનો અટકાવ કરવામાં આવેલો હોય અને તે તળાવના માલેકની ખુશી હોય તો તે લેવાય એવું હોય ને તે લેવામાં આવેલાં હોય તો ગુનાની સાબેતીનો ઠરાવ મંજુર રાખવો જોઇએ. પરંતુ તે પ્રમાણે નથી, માટે ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો છે.

વાલ્યુમ ૧૫ મું.

ફોજદારી અપીલ

તા૦ ૨૧ ફેબરવારી સને ૧૮૮૮.

મી૦ જસ્ટીશ પ્રીનસેપ અને મી૦ જસ્ટીશ પીગટ

સાહેબોની રૂબરૂ.

ઇશાનમુચી વીગરે માહારાણી કેસરેહીંદ.

ચોરેલો માલ રાખવો—પુરાવ—પીનલકોડ (સને ૧૮૬૦ નો આ. ક્ટ ૪૫) કલમ ૪૧૧.

ચોરેલા માલ રાખવાનો ગુન્હો બનતાં પહેલાં એવો પુરાવો હોવો જોઇએ કે તોહોમતવાળાને તે માલનો કબજો મળ્યોતે પહેલાં તોહોમતવા ળા સીવાય બીજા કોઇ સખસના કબજામાં તે માલ હતો.

પાનું ૫૧૧ ઈશનમુચી, આનદાસુચી, તરિતીમુચી, બો. નાગાલીમુચી, અને ઇતંબરમુચી, એ સખ સોની તપાસ જેસોરના શેશન જડજ સાહેબની રૂબરૂ પ્રથમ એક તારા- મોની બઇશનવીની મીલકત સબંધીમાં અને બીજેત નીમછકારીકા નામ ના એક બીજા સખશની મીલકત સબંધીમાં ચોરીનો માલ રાખ્યા સં- બંધી તપાસ ચાલી હતી. તે બે તપાસો કરી દરેક તપાસમાં ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

પેહેલા કામની હકીકત નીચે પ્રમાણે છે:—તા૦ ૧૬ જુન સને ૧૮૮૭ ના રોજ મધ્યરાતની વખતે તારામુનીબાઇ શનવીના બારણા ઠો- કવાથી તે જાગી ઉઠી. તેણીએ ઉઠીને દીવો કરયો અને એક પડોશીને બોલાવ્યો પરંતુ કાંઇ જવાબ મળ્યો નહીં તેણીએ આસપાસ વાસણો અથડાતાં સાંભળ્યાં અને બે પાડોશીઓ વાતો કરતા હતા તેમના અવા- જો સાંભળ્યા તેથી તેણીએ તે પડોશીઓને તથા બીજા પડોશીઓને બો લાવ્યા પરંતુ કાંઇ સંતોશ કારક જવાબો મળ્યા નહીં તેથી છેવટે ચોકી- દારને બોલાવવામાં આવ્યા. તે ચોકીદાર બે પડોશીઓ મોહનદાસ અને નંદોકપાળી સાથે લેઇ આવ્યો.

તેણીને પોતાના વરંડામાં એક ફાટેલો ટકીઓ માલમ પડયો. પ- રંતુ આ માણસોએ તે શેહેજ જોઈ તેણીને છોડીને ગયા. તે એક કલાક- ને સુમારે પોતાના વરંડામાં થોભી અને પછીથી પોતાના ઘરમાં પેઠી. અને જેવી તે બારણાં બંધ કરતી હતી તેવાજ બે માણસો તેના ઘ- રમાં પેઠા તેમાં આગેવાન એક સોનાકપાળી જેવો જણાતો હતો. અને બીજો તેના અવાજ ઉપરથી એક ગુલામકાહારના જેવો જણાતો હતો.

તેઓએ દીવો ઓલવી તેણીના બદન ઉપરથી એક શોનાનો દાગીનો તે-ઓમાંના એકે ખેંચી લીધો, તેઓએ તેણીને કહ્યું કે તું બાહાર જા. તેથી તે પડોશી નોબીનદાસના ઘરમાં ગઇ. ત્યાંથી તે પોતાના ઘરમાંથી ઘણા માણસો એક લોઢાની પેટી લેઇને દક્ષણ તરફ જતાં તેણીએ જોયા. તે લોઢાની પેટી કાંઇક મોહોટી હતી. અને તેમાં બે નાની લાકડાની પેટીઓ હતી, અને તેમાં ઘણા દાગીના હતા. જે લાકડાના ઘરમાં તે લોઢાની પેટી હતી તે ઘર ચોકમાં બાગેલું માલમ પડયું અને બીજે રોજ સવારમાં તે લોઢાની પેટી તથા બે લાકડાની પેટીઓ ખેતરમાં ઉઘાડેલી માલમ પડી. તેમાં તમામ દાગીના તેણીએ કરેલી કીમત પ્રમાણે રૂ ૩૦૮—૧૦—૦ ના હતા તે તેમાં ગયા હતા.

બીજે દીવસે તારામુનીએ પોલીશમાં ફરીઆદ કરી તેથી તા૦ ૧૯ મી જુનને રોજ તેઓ તપાસ કરવા આવ્યા પરંતુ તા૦ ૨૭ મી જુન સુધી કાંઇ મુદાની બાબત માલમ પડી નહીં. તા૦ ૨૮ જુનને રોજ તે સબઇનસ્પેકટરે તોહોમતવાળા આનંદામુચીના ઘરની જડતી લીધી અને ઇન્સપેકટરે જે ઘરોમાં બીજા તોહોમતવાળા રહેતા હતા તે ઘરોની જડતી લીધી. આનંદાપાળતા દંગામાં રહેતો હતો, અને બીજા તોહોમતવાળા સુમારે પાંચ માઈલને છેટે રગનાથપુરમાં રહેતા હતા. ગીલાપોલમાં તારામુની રહે છે ત્યાંથી તે ગામો કેટલાંક દુર છે.

ફરીઆદ તરફથી એમ શાબેત કરવામાં આવ્યું છે કે આનંદાના ઘરમાં ગાયો બાંધવાની જગોએ છાણના ઢગલા નીચેની જમીનમાં રૂપાની હાંસડી તથા બીજા કેટલાક દાગીના ડાટેલા લાલમ પડયા હતા. ઇર્શનમુચી જે ઘરમાં રહેતો હતો તે ઘરમાં એક સંચમાં એક સોનાની કંડી તથા સોનાના માદળીયાના કેટલાંક દાગીના માલમ પડયા હતા અને એક કલાઇના વાસણમાં એક સોનાની કંઠીની સાંકળી તથા કેટલાંક માદળીયાંના દાગીના માલમ પડયા હતા. તરતીમુચીના ઘરમાં જમીનમાંથી એક સોનાની કંઠી તથા કેટલાંક સોનાના માદળીયાના દાગીના માલમ પડયા હતા. બેનોમાલી અને ઇતંબરમુચી જે ઘરમાં રહેતા હતા તેમાંથી કાંઇ જડેલું નથી. તે સાંકળીયો તમામ એક સરખી હતી- અને માદળીઆં પણ તમામ એક સરખાં હતાં. તારામુનીએ જે રાતમાં અપહરણ થએલું તે રાતરે પોતાની ચોરાએલી મીલકત તરીકે તે દાગીના તથા હાંસડી ઓળખ્યાં હતાં. ફરીઆદી તરફથી કહેવામાં આવ્યું છે તે પ્રમાણે તે મીલકત માલમ પડેલી એવું તમામ તોહોમતવાળાએ કબુલ કરેલું છે. પરંતુ તેની કાંઇ પણ માહેતી ઇનકાર કરેલી છે.

બીજા કામની હકીકત પણ તેવીને તેવીજ છે.

તે બેઉ કામોમાં કોરટે પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે ચોરેલો માલ બદદાનતથી ઇશન અને આનંદા તથા તરતીમુચીએ રાખ્યો એમ તેઓને ગુન્હેગાર ઠરાવી દરેકને ત્રણ, પાંચ, અને એક વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી. અને બીજા કામમાં દરેકને એક વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

બેઉ કામોમાં ગુનોમાલી અને છતંબરમુચીને નીરદોશ ઠરાવવમાં આવ્યા.

કોર્ટે તે ચોરેલો માલ તારામોનીબાઇ શુનરી અને નીમાઇકારીકરને પાછો સોપવાનો હુકમ કર્યો.

ઇસન, આનંદા, અને તરતી મુચીએ હાયકોર્ટમાં અપીલ કરી.

અપીલ વખતે કોઇ હાજર થયું નહીં.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે—

તે કેદીઓને પ્રથમ એક સખશના માલ બાબત બદદાનતથી ચોરેલો માલ રાખ્યા વીશે કલમ ૪૧૧ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે. અને બીજે માલ બીજા સખસનો તેજ પ્રમાણે રાખેલો તે બાબત તેવીજ રીતે તેઓને ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે. તેઓની જુદી જુદી તપાસ કરવામા આવી હતી. અને દરેકને આ ગુન્હા બાબત શીક્ષા કરવામાં આવેલી છે.

આ જુદા જુદા સખસોના કબજામાંથી તે માલ જડેલો અને તે એવી હકીકતથી જડેલો કે તેમની બદદાનત સાબેત થાય તે નાતાય તેમના વીરૂદ્ધ કાંઇ પુરાવ નથી.

તેઓને તે માલ મળ્યો તે બાબત નહી પુરાવ નથી. જુદી જુદી વખતે અગર જુદા જુદા સખસો પાસેથી તેઓને તે માલ મળેલો તે બતાવવાને કાંઇ પણ નથી. દરેક કેદીના કબજામાં જે માલ હતો તે એકજ ચોરે ચોરેલો હોય અને જો કે તેણે જુદી જુદી વખતે ચોરેલો હોય તોપણ તેણે એકજ વખતે તે કેદીને સોંપેલો હોય.

દરેક કેદીના કબજામાં જે માલ જડેલો છે તે જો તેને એકજ વખતે મળેલો હોય તો ફકત એક ગુન્હો થાય છે.

હકીકતમાં એવું કાંઇ નથી કે તે માલ જુદી જુદી વખતે ચોરાએલો હતો કે જેથી જુદી જુદી વખતે તે મળ્યાનો પુરાવ થાય, અગર એવી કાંઇ હકીકત નથી કે તે રાખવામાં એક કરતાં વધારે ગુન્હો બનેલો છે એમ માલમ પડી આવે.

એક ચોર એક માલ રાખનારને બોલાવે અને કહે કે જુદા જુ

દા સખસ પાસેથી એક ડગલો અને એક વીંટી ચોરેલી છે અને એક-જ વખતે તે રાખનારને તે આપે અને તે એમ કહે કે અ પાસેથી એક ડગલો ચોરેલો છે તે આલ્યો. અને તે રાખનાર રાખે અને વળી તે એમ કહે કે બ પાશેથી આ વીંટી ચોરેલી છે તે આલ્યો. અને તે રાખનાર રાખે તો આથી જુદા જુદા ગુન્હાઓ બને છે કે નહીં તેનો વીચાર કરવાની જરૂર નથી. કારણ કે હાવી હકીકત બની હતી એવું બતાવવાને કાંઇ પણ નથી.

આ કામમાં તો ચોરેલો માલ છુપાવેલો કબજામાંથી માલમ પડેલો છે એટલુંજ શાબેત થએલું છે અને તે ફકત એક ગુન્હો કરેલો છે એમ તે માલ રાખ્યાની બાબતમાં અનુસરતી બાબત છે. પરંતુ સાચી રીતે જે ગુન્હો શાબેત થએલો છે તે ફકત ચોરેલો માલ રાખ્યાનો શાબેત થએલો છે.

આ કામમાં આગળ વીચારવામાં આવ્યું છે તે પ્રમાણે માલ ખરી રીતે રાખ્યાનો કાંઇ પુરાવ નથી, અને ઇંગ્લાંડમાં ઠરાવવામાં આવ્યું છે તે પ્રમાણે (૨) (રશલએનુ કાઇન્સમાં આર. વી. ક્રારડીનો ઠરાવ છે.) તે માલ રાખવાને કેદીના કબજામાં તે માલ આવ્યો તે પેહેલાં કોઇક બીજા સેખશના કબજામાં તે હતો એમ શાબેત થવું જોઇએ. જો એમ ના હોય તો કબજાથી ફકત ચોરીની શાબેતી થાય છે અને તે આ કામમાં ઠરાવવામાં આવ્યું નથી.

જો આ નીયમ પીનલકોડ પ્રમાણે ચાલે તેવો હોય (અને તે શા વાસ્તે નહી ચાલવો જોઇએ તેનું કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી.) તો તે કેદીઓએ તે માલ ચોરેલો છે એમ જાણીને અગર એમ માનવાનું કારણ છતાં તે ચોરેલો માલ રાખ્યો. એમ તેમને ગુનેહગાર ઠરાવવા જોઇતા હતા. કારણ કે તે ચોરેલો માલ છે એ જાણવાની અગર માનવાની બાબતમાં તે માલ છુંપાવવામાં આવ્યો હતો તે પુરાવ છે.

સબબ અમે બીજી તપાસમાં ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ. પેહેલી તપાસમાં પેહેલા ગુનાહની સાબેતીનો ઠરાવ કરેલો છે તેપણ અમે રદ કરીએ છીએ અને તેજ કલમ (૪૧૧) પ્રમાણે બદદાનતથી ચોરેલો માલ રાખ્યા બાબત તે કેદીઓને ગુનેહગાર ઠરાવીએ છીએ. અને તે પેહેલા કામમાં કરેલા ઠરાવો ઉપરથી તે કેદીઓમાંના ઇશનને ચાર વરસ, અનંદાને છ વરસ, અને તસ્તીને બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ.

ગુનાહની સાબેતીમાં અને શીક્ષાના હુકમોમાં ફેરફારકરવામાં આવ્યો.

ફોજદારી અરજી.

તા૦ ૨૦ ફેબરવારી સન ૧૮૮૮

મી૦ જસ્ટીસ પ્રીનશેપ અને મી૦ જસ્ટીસ પીગટ સાહેબોની રૂબરૂ.

સબાનંદબાસુ મોજુમદાર વીગરે (અરજદારો)વીરૂધ પ્રાણશંકર રાય ચોદ્રી (સામાવાળા)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૧૪૫—સાંથ વસુલ કરવાના હક સબંધી તકરાર—સમજાય તેવી સ્થાવર મીલકત.

સાંથ વસુલ કરવાના હકની તકરાર તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ ના હેતુ પ્રમાણે સમજાય તેવી સ્થાવર મીલકત સબંધીની તકરાર છે.

હરખનારાયણશીંગ વીરૂધ લછમીબક્ષરાય અને સધરેલ્યાંડ વીરૂધ ફરાઉડીના ઠરાવો જોવામાં આવ્યા અને પ્રમાથા ભુશનાથરાય વીરૂધ દુરગાચરણ ભટાચારજીના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યુ.

અમુક જમીન ઉપર અ અને બ બેઉ માલેકપણાનો દાવો રાખતા હતા. અને તે જમીન સાંથે રાખનારાઓ અ ને સાંથ આપતા હતા. તે તેમણે તેને આપવાની ના કહી બ તરફ ગયા તેથી તે સાંથ વસુલ કરવાના હક સબંધી તકરાર ઉતપન થઇ ઠરાવવામાં આવ્યું કે તે સાંથે રાખનારાઓ બ તરફ જવાથી અ અને તે સાંથે રાખનારાઓની વચમાં જમીનદાર તથા તેના સાંથે રાખનારાઓનો સબંધ છે તે સબંધ તથા તે સાંથ વશુલ કરવાનો અ નો હક બંધ પડે તે પ્રમાણે તે સાંથે રાખનારાઓ બ ની તરફ જવાથી અ ની વીરૂધ કબજો બતાવવામાં આવ્યો એમ થતું નથી. માટે દીવાની દાવાનું કામ ચાલે તે દરમીઆનમાં અ પોતાનો સાંથ વસુલ કરવાનો હક ચલાવી શકે તે સારૂ સુલેહનો ભંગ થવાનો સંભવ હોય તો કલમ ૧૪૫ પ્રમાણે અ ને જે મદદ મળવાનો હક છે તે હકમાંથી તે અ બાતલ થતો નથી.

પાનું ૫૨૭ ફરીદપૂર જીલામાં એક જમીનનો કટકો ફરીથી ચર કરેલો તેને અરજદારો સોમાસપર કહે છે કે તે ચરની જમીનની સાંથ રઇયત પાસેથી લેવાના હક બાબત તકરાર થએલી તે ઉપરથી આ કામ ઉતપન થએલું છે અને તે જમીનને સામાવાળા દોલત દીયા કહે છે.

સને ૧૮૫૯ માં થોડી મુદતને માટે પંચાસ હાજરી માહાલ નામે

જે જાગીર ઓળખાતી હતી તેના પુર્વમાં પદમા નામે નદી વહેતી હતી તે નદીના વેહેળાની વચમાં એક બેટ હતો તેને દોલતદીયા કહેતા હતા અને તે આ કામના સામાવાળા તીઓટાના રાજાનો હતો. એ બેટમાં થોડાક ચરો હતા. તે તીઓટાના રાજાના નહી હતા. અને તે બેટના પુર્વમાં જે ચર હતા તેને સુમાસપર કહેવામાં આવતું હતું. અને તે અરજદારો માંના એક અરજદાર સરમાનંદ, બાબુમોહનદારના તાબાનું હતું.

સને ૧૮૫૯ અને સને સને ૧૮૭૫ ની વચમાં પદમાનુ વેંણુ બદલાયું અને તેથી દોલત દીયાબેટ માલમ પડયો નહી. અને પંચાસ હાજરી માસે અગતી ઘણી જમીન રહી આ જમીનની પેલીપાર એક સાંકડો જમીનનો કકડો હતો.

સને ૧૮૭૭ ના સુમારમાં પદમાનું મુખ્યવેંણુ હતું. ત્યાં સુધી તે વધારાની જમીન હતી. અને તે પ્રથમ પંચાસ હાજરી મહાલને સોંપવામાં આવી હતી. પરંતુ પાછળથી દોલતદીયા બેટની પછમની હદની પુર્વ બાજુ ઉપરની તમામ જમીન કેટલાક ભાગ શીવાય તીઓટાના રાજાને આપવામાં આવી હતી. અને તે ઉપર સરમાનંદ બાબુ તથા એક બીજાની દાવો રાખતા હતા.

ઉતરથી કે દક્ષીણ સુધી છોડી દીધેલી જમીનમાંથી થઇને એક સુતી નામનો વેહેળો જતો હતો, આ સુતીની પુર્વમાં ઘણેક દુર પદમાનો મુખ્ય વેંણુ વહે છે. સને ૧૮૭૭ માં પદમાનું જ્યાં મુખ્ય વેંણુ વેહેછે. ત્યાં સુતીનો વહેળો પુર્વ તરફથી વેહેતો આવ્યો અને બેઉ વેંણુ પુર્વ તરફ વેહેતા ગયાં. સને ૧૮૮૧ માં આ સુતીને કુંડીબારી સુતી કહેવામાં આવેલું છે અને હજુ તેના નામથી ઓળખાય છે. આ વખતે પદમાનું મુખ્ય વેણુ સુતીની પુર્વમાં સુમારે એક માઇલ ઉપર હતું તકરારી જમીન કુંડીબારી શુધી અને પદમા નદીની વચમાં છે અને સને ૧૮૭૭ અને સને ૧૮૮૦ ની વચમાં તે ફરીથી ચરની જમીન થવા લાગી છે.

તકરારી જમીનના સાંથે રાખનારાઓએ સામાવાળા તીઓટાના રાજાને સને ૧૮૮૬ ની માર્ચ અગર એપ્રીલ માસ સુધી સાંથ આપેલી છે. ત્યાર પછી તે સાંથે રાખનારાઓ તથા તે રાજાની વચમાં તે રાજાએ સાંથ વધારવાની કોશીશ કરવાથી તકરાર ઉતપન થએલી છે. તે સાંથે રાખનારાઓ પાશેથી વધારાની સાંથ નહીમળી શકવાથી તે રાજાએ તે જમીનનો પોતાના બીજા સાંથે રાખનારાઓની સાથે ખાસ ખમાર તે જમીન છે એવો ઠરાવ કરયો અને નવા સાંથે રાખનારાઓને કબજો સોંપી જુનાઓ પાશેથી કબજો લેવાને તેમણે પ્રયત્ન કરયું. પરંતુ તેમને ફતેહ મળી નહી. તે સાંથે રાખનારાઓએ કાંઇ પણ સાંથ તે રાજાને આપવાની

ના કહી. અને સરઆનંદબાસુ વગેરે અરજદારોની તરફ થઈ ગયા.અ ને કબુલતો લખી આપી. તે સને ૧૮૮૬ ના અગસ્ટ માસની દરમીયાન માં રજીસ્ટર કરાવવામાં આવી છે તે પક્ષકારોએ સુલેહનો ભંગ થાય તે વી ધાસ્તીનો ડોળ બતાવવાથી સને ૧૮૮૬ ના અકટોબર માસમાં ફોજ-દારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે કામ ચલાવ-વામાં આવ્યું.

ગોપાલ લંદોના ડીપોટી માજીસ્ટ્રેટ મી૦ ડબલ્યુ એમ થામસને ઠરા વેલું છે કે તા૦ ૩૦ અકટોબર સને ૧૮૮૬ ના રોજ તે કામ શરૂ કર વામાં આવેલુ હતું અને અરજદારો વીરૂધ તે સાથે રાખનારાઓ પાસે-થી સામાવાળા ભાગોટાના રાજ સાથ લેતા હતા. તેથી તેમનો કબજો હતો તેથી તા૦ ૨૭ મી અગસ્ટ સને ૧૮૮૭ ના રોજ કલમ ૧૪૫ પ્ર-માણે એવો હુકમ કરવામાં આવ્યો કે સામાવાળાને તે જમીનમાંથી કાય દા પ્રમાણે કાહાડવામાં આવે ત્યાં સુધી તે સામાવાળાએ તે જમીનનો ક બજો રાખવો. અને તે પ્રમાણે કાહાડવામાં આવે ત્યાં સુધી તે કબજા-માં કોઈ પ્રકારે હરકત કરવી નહી. વળી કલમ ૧૪૮ પ્રમાણે તેમને એ-વો હુકમ કરયો છે કે અરજદારોએ સામાવાળાને ખરચ તરીકે રૂપીઆ ૧૫૦૦) આપવા.

તા૦ ૨૭ મી અગસ્ટ સને ૧૮૮૭ ના રોજનો હુકમ તા૦ ૧૯ સ પટેંબરના રોજ ફરીદપુરના શેશન જડજે બાહાલ રાખ્યો.

ફરી તપાસની કલમોના ઠરાવ પ્રમાણે અરજદારોએ હાય કોરટમાં અરજી કરી અને તા૦ ૨૭ મી અગસ્ટ સને ૧૮૮૭ ના રોજનો હુકમ શા વાસ્તે રદ કરવો નહી જોઈએ તેનું કારણ બતાવવાને સામા પક્ષકાર ઉપર હુકમ કરાવ્યો.

અરજદારો તરફથી મી૦ ઇવંશ અને મી૦ એમ પી. ગ્યાસપર, બા-બુ ગુરૂદાશ બાનરજી. અને બાબુ જોગેશચંદ્રરે.

સામાવાળા તરફથી એડવોકેટ જનરલ (મી૦ પાલ) મી૦ વુડરોફ બાબુ અંબીકાચરણ બોજ, અને બાબુ ગીરજાશંકર મોજુમદાર.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવેલો છે:—

આ કામ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે ફરીદપુર જીલ્લામાં શુમારે ૧૦૦ વીઘા ચરની જમીન છે તે સબંધી છે. તે પક્ષકારો જમીનદારો છે. અને ખેડુતો પાસેથી સાંથ લેવાના હક સં-બંધીના ઇરસુની તકરાર છે. આ રઇયતમાંથી કોઇપણ આ કામમાં પક્ષ કાર નથી. માજીસ્ટ્રેટે લાંબી અને સંભાળથી તપાસ કરી સારી પેઠે વી-ચાર કરી ફેંસલો આપેલો છે, તેમાં તેમણે ઠરાવ્યું છે કે બંગાળી વરસ

ની આખર સુધી એટલે મારચ અગર એપ્રીલ સને ૧૮૮૬ સુધીને રઇયતે તે ચરની સાંથ નંબર ૧ ના પક્ષકાર તીઓતાના રાજાને આપેલી છે. અને ત્યાર પછી તકરાર ઉતપન થઇ અને વધારાની સાંથ તે સાંથે રાખનારાઓ પાસેથી તે રાજાને મળી શકી નહી. તેથી તેમણે તે જમીન ખાસ ખમાર તરીકે ઠરાવી અને ઓછામાં ઓછો તે જમીનના કેટલાક ભાગનો બીજા સાંથે રાખનારાઓની સાથે સેટલમેંટ કરવાની કોશીશ કરી પરંતુ તેમાં તે ફતેહ પામ્યા નહી; બીજી બાજુ તરફ તે સાંથે રાખનારાઓએ તે રાજાને કહયું કે અમે કાંઇ પણ સાંથ આપીશું નહી તે સાંથે રાખનારાઓને કોઇ સતાવાળા સખશની મદદ નહી તેથી ઘણું કરીને તેઓ તીઓતાના રાજા સામા થઇ શકશે નહી એમ તેમને માલુમ પડવાથી આ કામના બીજા પક્ષકાર શરપ્રાનંદ બાસુ વીગરેના હાથમાં તેઓ ગયા. અને તેમને કબુલતો લખી આપી અગંસ્ટ માશમાં તે રજીસ્ટર કરાવી. તે પક્ષકારોએ સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવી ધાસ્તી ભરેલો ડોળ બતાવવાથી કલમ ૧૪૫ પ્રમાણે આકટોબર સને ૧૮૮૬ માં કામ ચલાવવામાં આવ્યું. આ કામનુ કારણ બતાવવાની જરૂર નથી. અને ફકત એટલુંજ કહેવું બસ છે કે તા૦ ૨૭ અગષ્ટ સને ૧૮૮૭ ના રોજ ગોવાલંદોના પેટા ટુકડીના અમલદારે ઠરાવેલું છે કે પેહેલા પક્ષકાર તીઓતાના રાજા બીજા પક્ષકારની વીરૂધ તે સાંથે રાખનારાઓ પાસેથી સાંથ લેતા હતા. તેથી તે રાજાનો કબજો છે.

અમારી રૂબરૂ ફરી તપાસની કોરટ તરીકે જે મુખ્ય હરકતો લેવામાં આવેલી છે તે એવી છે કે જે જમીન સાંથ રાખનારાઓના કબજામાં છે. તે જમીન સબંધી જમીનદારોની વચમાં તકરાર છે માટે કલમ ૧૪૫ પ્રમાણે તે તકરારનો યોગ્ય રીતે તપાસ થઇ શકતો નથી. અને માજીસ્ત્રેટનો ઠરાવ થવા ઉપરથી જો તે તપાસ કરવા લાયક હોય તો બીજા પક્ષકારનો તે કબજો રાખવાનો હક છે. એવું ઠરાવવું જોઇએ.

પેહેલી તકરારનો આધાર જુના કાયદાની કલમ ૫૩૦ સબંધી જસ્ટીશ ફીયર સાહેબે જે એવો અર્થ કરેલો કે તે કલમ રઇયત જેવા ખરી રીતના કબજા સબંધીના ફકત કામોને લાગુ થાય છે. તે પ્રમાણે આ કાયદાની આ કલમના અર્થ ઉપર રાખવામાં આવેલો છે. તોપણ આ કોરટમાં આખરે તે કલમના શબ્દોનો અરથ તેવો કરવામાં આવેલો નથી. હરખનારાયણશીંગ વીરૂધ લછમી બક્ષરાયના કામમાં જષ્ટીશ જાકશન સાહેબે કહયું છે કે કલમ ૫૩૦ પ્રમાણે એવો નકી ઠરાવ છે કે તે કલમનો હેતુ માલેકોની વચમાં તેમજ તે જમીનના કબજેદારોની વચમાં તકરારો હોય તે વીશેનો છે. તે પ્રમાણે તે અર્થ છે. અને આ ક-

રાવ કરવામાં તેઉ સાહેબ સદરહુ લાઇન વીરૂધ્ધ ક્રાકડીના ઠરાવો પ્રમાણે ચાલવામાં આવેલું છે. અને તે કામમાં તેઉએ જણાવ્યું છે કે આ બાબતનો પ્રથમ કાયદો હતો તેમાં જેવો ઠરાવ હતો. તે પ્રમાણે તે કલમનો આ અર્થ છે.

હાલની કલમ ૧૪૫ માં સ્થાવર મીલકત એ શબ્દો પહેલા સમજાય તેવી એવા શબ્દો છે. તે ઉપરથી એમ જણાય છે કે તે કલમનો હેતુ ખરી રીતના કબજા બાબતજ છે. આ બાબત જષ્ટીશ ફીલ્ડ સાહેબે પ્રમાથા ભુસાન દેબરાય વીરૂધ દુરગાચરણ ભટાચારજીના કામમાં જે શબ્દો વાપરયા છે તે અમે પ્રસંન કરી અમે ચાલી શકીએ છીએ. અમારી નજરમાં આવે છે કે સાંથ વશુલ કરવાના હક સબંધીની તકરાર ને કલમ ૧૪૫ પ્રમાણે સમજાય તેવી સ્થાવર મીલકત સબંધાની તકરાર છે. વીશેશે કરીને પાણીમાંથી નીકળેલી નવી જમીન જેવી હાલ અમારી રૂબરૂના કામમાં છે તે વીસે હરકત કરવાને આ હકનો અમલ કરવાની તકરારોનો શવાલ ઘણોજ ફળદાયક કારણ થાય છે એમાં કાંઇ શક નથી. સુલેહનો ભારે ભંગ થનો હોય તે અટકાવી શકાય તે પ્રમાણે આવા કામોમાં માજીસ્તરેટને થોડી મુદતને સારૂ હુકમ કરવાને સંક્ષેપ હકુમત મળવી જોઇએ એવી કાયદાની પદ્ધતી છે તે વીશે અમને કાંઇ શક નથી. જો બીજા એક ડીવીઝન બેંચનો ઠરાવ વીરૂધ હોત તો આ બાબત ફુલબેંચને પુછવાને અમને ફરજ હતી એમ અમને મજબુત રીતે વીચાર આવે છે. બીજી હરકતની બાબતમાં એવી તકરાર કરવામાં આવી છે કે તે સાંથે રાખનારાઓ બીજા પક્ષકાર તરફ થઈ જવાથી પેહેલા પક્ષકારનો કબજો બંધ થએલો છે માટે તેઓના લાભમાં માજીસ્ત્રેટે જે હુકમ કરેલો છે તે રદ થવો જોઇએ. અને તીઓતાના રાજાએ તે જમીન ખાશ ખમાર ઠરાવી તેથી તે પ્રથમ સાંથનો જે હક હતો તે બંધ કરેલો છે. અને વળી તે હક બંધ કરવાને આ જો બસ ના હોય તો સાંથે રાખનારાઓ બીજા પક્ષકાર તરફ થઇ ગયા તેથી તેમણે તીઓતાના રાજા વીરૂધનો કબજો એવી રીતે બતાવેલો છે કે જેથી તેમની તથા તે રાજાની વચમાં જે પ્રથમ સબંધ હતો તે બંધ થએલો છે. અને તેની સાથે તે કલમ પ્રમાણે તે સાંથ વસુલ કરવાનો આવો હક પણ બંધ થએલો છે. આ પ્રમાણે અમારા વીચારમાં આવતું નથી. બેશક એક જમીનદાર અને તેના સાંથે રાખનારો એક કરાર કરી પોતાની વચમાંનો જમીનદાર અને સાંથે રાખનાર તરીકેનો કાંઇ પણ સબંધ બંધ કરી શકેછે. પરંતુ તે પક્ષકારોના કેસ એટલે તે રાજા અને સાંથે રાખનારાઓના કેસ આ અમારી રૂબરૂના કામમાં તેથી તેઓની વચમાં આવો કરાર થાય છે એ

મ નકી સમજી શકાતું નથી કલમ ૧૪૫ પ્રમાણે કામ ચલાવવામાં આવ્યું ત્યાર પછી તે સાંથે રાખનારાઓ બીજા પક્ષકાર તરફ થઇ ગયા હતા. એમ તે રાજાના જાણવામાં આવેલું એવું બતાવવામાં પણ આવ્યું નથી. તીઓતાના રાજાએ તથા તેના સાંથે રાખનારાઓએ જે કૃત્યો કરેલાં છે તે આ પ્રમાણે છે. જે રીતી તદન ગેરકાયદે હતી. તે રીતીએ તે રાજાએ તે સાંથનો હક બંધ કરવાને કોશીશ કરેલી છે અને તેથી તે સાંથે રાખનારાઓ તેમના સામા થએલા છે પરંતુ તે રાજાને તેમની પાસેથી તે જમીન મળી શકી નથી. આવી હકીકતથી અશલ સાંથનો હક હજુ કાયમ છે અને જે સાંથે રાખનારાઓના કબજામાં તે જમીન છે તે સાંથે રાખનારાઓ આજ સુધી જેમ સાંથ આપે ગયા છે તેમ તે આપવાને જવાબદાર છે. પાછળથી તે સાંથે રાખનારાઓએ તીઓતાના રાજાને જમીનના માલેક તરીકે નાકબુલ કરી આ કામના બીજા પક્ષકાર તરફ તેઓ થઇ ગયા તેથી તેઓનો સાંથ આપવા સબંધીનો સબંધ છે તે બંધ થતો નથી. આગળ કહેવામાં આવેલું છે તે પ્રમાણે તે રાજાને તે સાંથનો સબંધ બંધ થયા બાબત કાંઇ નોટીશ આપવામાં આવી નથી. જો આવી નોટીશ આપવામાં આવી હોત તો તેનો કેવો અસર થાત તેનો વીચાર કરવાને અમારે જરૂર નથી.

એવી તકરાર કરવામાં આવી છે કે માજીસ્ટ્રેટના ઠરાવથી આ નીયમ કબુલ કરવામાં આવ્યો હોય એમ થાય છે. માટે તે ઠરાવ બરોબર નથી. અને જો કે કેટલાંક વરસો સુધી તેને સાંથ આપવી બંધ કરવામાં આવી હોય તોપણ જયાં સુધી તેનો સાંથ લેવાનો હક છે. એવું કાયદા પ્રમાણે કામ ચલાવી બતાવી શકાય ત્યાં સુધી તે જમીનદારને આ કલમ પ્રમાણે આવી કામ ચલાવવાનો હક છે અને આ કલમ પ્રમાણે માજીસ્ત રેટની રૂબરૂ ઠરાવ કરવાને હકના સવાલો લાવવાને ઇરાદો રાખવામાં આવેલો એમ ધારી શકાતું નથી. માટે આવો નીયમ કબુલ થઇ શકતો નથી. તે તકરારમાં ઘણું વજન હોય અને માજીસ્ત્રેટે જે વીચાર પ્રસંન કરેલો છે તે પ્રસંન કરવામાં બરોબર ના હોય. તે બાબત આ કામમાં અમારે નીરણય કરવાની જરૂર નથી. અને તે નીરણય અમે કરતા નથી. અહીંયાં તો ફો. કા. ચ, ની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે રાજા અને રઇયતની વચમાં તકરાર થવાથી કામ ચલાવવામાં આવ્યું તે પેહેલા સુધી સાંથ આપવામાં આવેલી છે અને તકરાર થવાથી તેઓ અંજાણ્યા સખશને ખરી રીતે સાંથ આપી અગર તે આપી અમસ્તુ કહીને તે સખશની તરફ થઇ ગએલાં છે આ કામની બીજી સાખા વીસે સવાલ એવોછે કે દીવાની કામ ચાલતાની દરમીયાનમાં તે જમી

નદાર પોતાની સાંથ લેવાનો હક ચાલુ રાખવાને સારૂ સુલેહનો ભંગ થાય તેવી ધાસ્તી રહેતો આ કલમની મદદમાંથી તે સાંથે રાખનારાઓ આવું કામ ચલાવી જમીનદારને બાતલ કરી શકેછે કે કેમ? અને તે સવાલનો નીરણય અમારે નાકારમાં કરવો જોઇએ.

માજીસ્તરેટની રૂબરૂ જે કામ ચાલેલું છે તેનું લંબાણ અને રૂપ જોતાં અમારા અભીપ્રાયમાં આવે છે કે ખરચ સબંધી તેમનો જે હુકમ છે તે કાયમ રહેવો જોઇએ.

સબબ તે કારણ પુછવાનો હુકમ રદ કરવામાં આવે છે.

હુકમ રદ કરવામાં આવ્યો.

——

ફોજદારી રેફરંસ

તા૦ ૨૪ મી મારચ સને ૧૮૮૮

મી૦ જસ્ટીશ પ્રીનશેપ અને મી૦ જસ્ટીશ પીગટ સાહેબોની રૂબરૂ.

લખી નારાયણ બાનરજી વીગરે (અરજદારો) વીરૂધ.

રામકુમાર મુકરજી (સામાવાળા)

ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આકટ ૧૦) ની કલમ ૧૩૩—૧૩૭; તે પ્રમાણે કામ ચલાવવાની રીતી—ધોરી રસ્તાને હરકત—હકનો દાવો—હકના દાવા વીશે સુધ અંતઃકરણ, માજીસ્તરેટને તપાસ કરવાનો હક—હકુમત.

વ્યાજબી કારણ શીવાય અગર પ્રમાણીક રીતે માનવું અગર પ્રમાણીક રીતે હકના દાવાને પુષ્ટી કરવાને ઇરાદો ના હોય તો ફકત હકનો દાવો બતાવવાથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૩૩—૧૩૭ પ્રમાણે ફોજદારી કોરટની હકુમત જતી નથી.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણેના કામો ધોરી રસ્તાને હરકત કરયા સબંધી હોય તેમાં તે દાવાના સાચાપણા બાબત માજીસ્તરેટ તપાસ કરી શકેછે. અને જો માજીસ્તરેટ તેના સાચાપણા વીરૂધ ઠરાવ કરે તો તેમણે પોતાના ઠરાવનાં કારણો બતાવવાં જોઇએ, અને તેનો હાયકોરટ ફરી તપાસ કરી શકેછે. આવો દાવો સુનાવણી વખતે અગર સુનાવણી પેહેલાં બતાવવો જોઇએ. અને તે પછી બતાવવો નહી જોઇએ. ચંદ્રનાથસેનનો ઠરાવ મુનીલાલ વીરૂધ રામકીશન સાહુ, મોતીરામ સાહુ વીરૂધ મોતીલાલરાય અને આર વીરૂધ રથાંડ ફાર્ડના ઠરાવો જોવામાં આવ્યા.

પાનું ૫૬૪ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ ના ઠરાવ પ્રમાણે મીદનાપુરના શેશન જડજે આ રેફ્રરંસ કરેલું છે તે રેફ્રરંસના શબ્દો નીચે પ્રમાણે છે:—

"આ કામમાં હાલના અરજદારના ઉપર જીલા માજીસ્તરેટે એવો હુકમ કરેલો છે કે જે ધોરી રસ્તો કહેવામાં આવેલો છે તે ઉપરની વાડ ખસેડવી અગર તે હુકમ શાર્વાસ્તે રદ કરવો જોઇએ. અગર દુરસ્ત કરવો જોઈએ તેનું કારણ (ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૧૩૩) આશીસ્ટંટ માજીસ્તરેટની રૂબરૂ બતાવવું. તે પેહેલાં સામા પક્ષકારે એક બીજી અરજી કલમ ૧૩૩ અને ૧૪૪ પ્રમાણે કરેલી હતી તેની વ્યવસ્થા બાબુ બનકીમચંદર ચાતરજી ડીપોટી માજીસ્તરેટે પોતાને કલમ ૧૩૩ પ્રમાણે અખ્તીઆર નહી હોવાથી ફકત કલમ ૧૪૪ પ્રમાણે કરેલી હતી. તેમણે તા૦ ૧૨ અગષ્ટના રોજ સ્થાનીક તપાસ કરીને જે હુકમ કરેલોછે તે હાલ જે હરકતનો વીચાર કરવામાં આવે છે તેથી તદન જુદી હરકત તેજ રસ્તામાં કરવામાં આવેલી તે વીશે કરેલો હતો. તેમણે તે હુકમમાં જે શબ્દો વાપર્યા છે તે ઉપરથી એમ જણાતુ નથી કે તકરારી રસ્તાનો કલમ ૧૩૩ નીં ૨ જી રકમમાં સમાશ થાય છે એમ તેમણે વીચારેલું હોય. તેમણે કહ્યું છે કે "તે બીજી હરકત (જેનો હાલ વીચાર થાય છે) એવી જગો એ છે કે જેનો સબંધ કોઇ ધોરી રસ્તા સાથે હોય એમ અમને ખુલું માલુમ પડતું નથી. તેવો સબંધ હોય એમ બની શકે પરંતુ એક ભાગ પાણીમાં છે અને બીજો ભાગ કાપી નાંખવામાં આવેલો છે તેથી પગ રસ્તો જો હોય તોપણ તેનાં નીશાન અમને માલમ પડે તેવું નથી. એક કીનારો તે રસ્તાને લગતો બતાવવામાં આવેલો છે, પરંતુ તે ઉપર બધુ જંગલ ઉગેલું છે અને કેટલીક મુદતથી ધોરી રસ્તા તરીકે તે વાપરવામાં આવેલો હોય એવું કાંઇ નીશાન નથી."

"આશીસ્ટંટ માજીસ્તરેટે બેઉ બાજુનો પુરાવ લીધા પછી તા૦ ૧૨ સપટેબરના રોજ કલમ ૧૩૭ પ્રમાણે એવો હુકમ કરયો કે તે માજીસ્તરેટે તે હરકત ખસેડવાનો જે હુકમ કરેલો છે તેનો અમલ કરવો જોઇએ. જીલાં માજીસ્તરેટે તા૦ ૪ સપટેંબરના રોજ કલમ ૧૪૦ પ્રમાણે નોટીશ કહાડવાનો હુકમ કરેલો હતો. એવી રીતે કે તે નોટીશ પોંચ્યાની તારીખથી તરણ દીવશની અંદર અશલ હુકમનો અમલ કરવો. આ રેફ્રરંસને વાસ્તે આ પ્રોસીડીંગના વીરૂધ આ અરજી કરવામાં આવેલી છે. અને બેઉ પક્ષકારોને તેમના વકીલોની મારફતે સાંભળવામાં આવેલા છે.

"હાલના અરજદાર તરફથી બસારૂદીન ભુઇયા વીરૂધ બાહારૂ અ–

હડી અસકરમીયા વીરૂધ શબદારમીયા, અને લાલમીયા વીરૂધ નાજીર ખલાસીના ઠરાવો ઉપર આધાર રાખવામાં આવેલો છે.

બીજી બાજુ તરફથી એંજીલો વીરૂધ કારગીલના ઠરાવ ઉપર આધાર રાખવામાં આવ્યો છે. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમો જે સદરહુ ઠરાવો થયા તે વખતે અમલમાં હતી. તેના શબ્દોમાં કાંઇ અગત્યનો તફાવત નથી. તેનું સમાધાન કરવું મુશકેલ છે. પરંતુ અમારા વીચારમાં આવે છે કે હાલના અરજદારને માફક આવે તે પ્રમાણે કાયદાનો વીચાર કેટલીક મુદતથી હાયકોરટે કરેલો છે તે ખુલું છે.

આસીસ્ટંટ માજીસ્તરેટે આ ઠરાવોનો આધાર કબુલ કરી એવો વીચાર કરેલો છે કે હકના સવાલના સાચાપણા બાબત એટલે અરજદારે તે જમીનનો કબજો કાંઇપણ સારવજનીક હક શીવાય રાખવાનો દાવો કરેલો છે તે દાવાના સાચાપણા બાબત તપાસ કરવાને તેઉને અખત્યાર છે.

"તેમણે બેઉ બાજુ તરફનો પૂરાવ લઇ ઠરાવ્યુ કે તે અરજદારે પોતાના દાવાના સાચાપણા વીશે તેમને ખાતરી કરેલી નથી. તેમની રૂબરૂ જે હકીકત હતી તે પ્રમાણે અરજદારે પોતાનો હક સાબેત કરયો નથી એવું ઠરાવ્યું છે તેમાં તેમણે ખોટું કર્યું છે એમ અમારે કહેવું નહી જોઇએ. પરંતુ તેણે સાચો દાવો કરેલો નથી; એવો નીશ્ચય કરવો એ મુશકેલની વાત છે. અશકરમીયાં વીરૂધ સબદારમીયાંના કામમાં હાયકોરટે કહયું છે કે જે હરકત બાબત ફરીઆદ કરવામાં આવી હોય તે હરકત છે કીંવા નહી તેનો તપાસ કરવાનો હેતુ છે. અને હકના તકરારી શવાલ બાબતનો નથી. બસારૂદીન ભુઇઆ વીરૂધ બાહારઅલ્લીના કામમાં એમ કહેવામાં આવેલું છે કેઃ—"આ કામમાં ખુલ્લું છે કે રસ્તાના હકની ખરી રીતે તકરાર છે અને તે હક છે તે વીશે કાંઇ શક રહે એવું છે. માટે યોગ્ય કાયદા પ્રમાણે દીવાની અગર ફોજદારી કામ ચલાવી તે સાર્વજનીક હક સાબેત કરવામાં આવે ત્યાં સુધી ઠરાવેલી કલમો પ્રમાણે કાઇ હુકમ થઇ શકતો નથી."

"ખરી રીતે રસ્તાના હક સબંધી તકરાર છે એ વીશે કાંઇ શક નથી. કામમાં મુખજુબાનીનો જે પુરાવછે તે શીવાય કેટલાક દસ્તાવેજોછે તે અરજદારની તકરારના લાભમાં નકી છે. આસીસ્ટંટ માજીસ્ટ્રેટના હુકમમાં જે બતાવવામાં આવેલાંછે તે શીવાય તે તળાવનો રજીસ્ટર થએલો પટો છે કે જે તળાવના દક્ષણને કીનારે તે કહેવાએલો રસ્તો છે અને તે પટો કોરટ ઓફ વોર્ડસના વહીવટદારે કરી આપેલો છે. અને એક વેંચાણ ખત ૩૦ વરસ કરતાં વધારે મુદતનું પ્રથમના માલેકે અરજદારના કાકાને કરી

આપેલું છે. આ દસ્તાવેજોમાં તે તળાવની હદ બતાવેલી છે. પરંતુ કાંઇ રસ્તો બતાવેલો નથી તે દક્ષણને કીનારે જાહેરાંત રસ્તો હોતતો આ દસ્તાવેજમાં બતાવવામાં આવત—તે નકસો જુઓ.

" માટે હકીકત ઉપરથી તે રસ્તાના હકના લાભમાં માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂની હકીકત પ્રમાણે ઠરાવ કરેલો છે. તે બરોબર છે એમ ઘણું કરીને સંભવે છે એમ અમારી નજરમાં આવે છે. પરંતુ તે અરજદારના હકનો દાવો સાચો છે એવું તેમણે ઠરાવેલું છે તે બરોબર નથી. આ પ્રમાણે છે તે હાય કોરટના પાછળના કરેલા ફેંસલાઓ જે બતાવવામાં આવેલા છે તેના વીરૂધ તેમનો તે ઠરાવ છે.

પરંતુ વળી એક બીજી મુશકેલી છે. સાંમાવાળાનું કહેવું છે (જેમણે આ પ્રોસીડીંગ દાખલ કરેલું છે) કે તે રસ્તો જાહેરાંત છે. જો આ બાબત શુધ દીલથી તકરાર કરવામાં આવી હોય તો, જે ઠરાવો બતાવવામાં આવેલાં છે તેથી માજીસ્ટ્રેટની હકુમત જાય છે. ત્યારે પછી લોકોનો શો ઇલાજ રહે છે? વારંવાર એવું ઠરાવવામાં આવેલું છે કે વાદીને સાર્વજનીક રસ્તામાં હરકત થવાથી ખાસ ઇજા થયાની સાબેતી ના હોય તો, તે હરકત કરયા બાબતનો દીવાની દાવો ચાલી શકતો નથી. આવા તમામ કામોમાં ફરીયાદીને ફોજદારી કોરટોમાં જો એમ કહેવામાં આવે કે હકનો ખરી રીતે દાવો છે, અને માજીસ્ટ્રેટ તે ઉપરથી તેમાં હાથ ધાલવાની ના પાડે તો, કાંઇ ઇલાજ રહેતો હોય એમ જણાતું નથી. દીવાની કોરટ હરકત બાબતનો દાવો કાહાડી નાંખે અને હાલના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે પણ ફરીયાદીનો કાંઇ ઇલાજ નથી. સં. ૧૮૭૨ ના કાયદામાં તે પ્રમાણે નહી હતું. તે કાયદાની કલમ ૫૩૨ મીને બદલે કલમ ૧૪૭ મીનો ઠરાવ કરવામાં આવ્યો છે, પરંતુ જો કાંઇ રસ્તાના હક બાબત તકરાર ઉતપન થએલી હોયતો, તે બાબનું માજીસ્ટ્રેટ તપાસ કરી શકે છે, અને તેમના અભીપ્રાયમાં જો એમ આવે કે તકરારી બાબત સાર્વજનીક ઉપયોગની છે તો જે સખસ પોતાનો એકલો કબજો રાખવાને દાવો રાખતો હોય તે પોતાનો હક દીવાની કોરટમાં જઇ ઠરાવી લાવે ત્યાંહાં સુધી લોકોને બાતલ કરી તેના એકલાની પાસે તે કબજો રહી શકતો નથી.

"કલમ ૧૪૭ મીથી જે કામમાં માજીસ્ટ્રેટની નજરમાં એમ આવે કે તકરારથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે તો તેજ ફકત કામમાં માજીસ્ટ્રેટ હાથ ઘાલી શકે છે.

"આ કામની આવી હકીકત છે માટે અમારી નજરમાં આવે છે કે હાય કોરટના ઠરાવ સારૂ આ કામ મોકલવાની મારી ફરજ છે. જો

બાબતથી સાર્વજનીક હકને ભારે હરકત થઈ શકે તે બાબત આધાર સા થે ઠરાવ કરવામાં આવે તે દુરસ્ત છે. આસીસ્ટંટ માજીસ્ટ્રેટના હુકમથીઆ કામમાં કાંઇ ગેરઇનશાફ થએલો છે, એમ મારી નજરમાં આવતું નથી, પરંતુ હાય કોરટે જે કાયદાનો હેતુ પસંદ કરેલો છે તે પ્રમાણે તે બરોબર નથી એમ જણાય છે. તેમનો ખુલાસો કામના કાગળો સાથે છે."

અરજદારો તરફથી મી૦ કે. બી. દત અને બાબુ જોગેશચંદ્ર દે.

સામાવાળા તરફથી મી૦ એલ. રાય અને બાબુ રોમેશચંદ્ર બોજ

મી૦ દત—આ કામમાં માજીસ્ટ્રેટની હકુમત નથી, કારણ કે હક બાબતનો દાવો છે-(બસરૂદીન ભુઇયા વીરૂધ બાહારઅલ્લી) અશકરમીયાં વીરૂધ શબદારઅલી હરકત છ ડીંવા નહી તે બાબત તપાસ કરવાને માજીસ્તરેટનો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૩૭ મી પ્રમાણે હક થાય છે, અને વધારે કાંઇ હક થતો નથી. ઇંગરેજી ઠરાવો ઉપરથી આ મારી તકરારને પુષ્ટી મળે છે. આર વી. બર્નાબી; ચાર્ટર વી૦ ગ્રીમઆર વીરૂધ ગ્રીડલાંન્ડ અને આર વી૦ નનેલીન, ઠરાવો જુઓ.

ફકત હકની સુચના કરવા ઉપરથી માજીસ્તરેટની હકુમત જાય છે એમ પણ ઠરાવવામાં આવેલું છે. દાવાના સાચાપણા બાબતની તપાસ કરવાને માજીસ્તરેટને હકુમત નથી એવી હું તકરાર કરતો નથી. દાવાના સાચાપણાની અજમાએશ એવી છે કે જુરીની પાસે જવાને કાંઇ પુરાવ છે કે નહી. (સ્ટોન્સ જષ્ટીસ ઓફ્ધીપીશ પાનું ૩૪૦)

સામાવાળા તરફથી મી૦ રોય—બીજી બાજુ તરફથી અશકરમીયાં વી૦ શબદારમીયાં અને બસરૂદીન ભુઇયા વી૦ બાહારઅલ્લીના ઠરાવો એવા બે ઠરાવો બતાવેલા છે, તેમાં ફકત એવું ઠરાવવામા આવેલું છે કે જયારે એકાદો સખસ હકના સાચાપણાનો સવાલ ઉઠાવે ત્યારે ફોજદારી કોરટોને હકુમત નથી, પરંતુ આ ફેંસલામાં એવું ઠરાવવામાં આવ્યું નથી કે દાવાની સાચાપણાની બાબત બતાવવામાં આવી હોય ત્યારે માજીસ્તરેટને હકુમત નથી. તે બાબત બીજી બાજુ તરફથી પણ કબુલ કરવામાં આવી છે. માટે આ કામની હકીકત ઉપરથી માજીસ્તરેટે જે ઠરાવ્યું છે કે જે દાવો બતાવવામાં આવ્યો છે તે માજીસ્તરેટની હકુમત નથી એવું બતાવવાને બતાવેલો છે, અને તે સાચી રીતનો નથી તે ઠરાવ તેમણે પોતાની હકુમતથી કરેલો છે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૩૩ થી ૧૨૯ સુધી ઉપરથી ખુલ્લી રીતે જણાય છે કે કાયદા કરનારાઓનો ઇરાદો માજીસ્તરેટને ઘણો ભારે અખત્યાર આપવાનો છે. માટે કાયદાનો તેવો વીચાર કરતાં જે એવી તકરાર છે કે માજીસ્તરેટને હરકત કરવામાં આવી

છે કે નહી તે બાબતમાંજ ફકત તપાસ કરવાનો હકક છે અને વધારે ન થી તે તકરાર ચાલી શકતી નથી.

બીજી બાજુ તરફની તકરારને ઇંગરેજી ઠરાવોથી પુસ્ટી થતી નથી, જો કે ઇંગરેજી ઠરાવો પ્રમાણે જે કામમાં મીલકત ઉપરના હકની તકરાર હોય તે કાંમોમાં જષ્ટીશ ઓફધીપીશની સંક્ષેપ હકુમત રહેતી નથી. તોપણ હમેશાં એક જરૂરીયાત એવી સરત છે કે તે દાવામાં કાંઇ કારણુ બતાવવું જોઇએ અને હક બતાવવાને કાંઇ વ્યાજબી કારણ છે એવી જ ષ્ટીસોની ખાત્રી પ્રતીવાદી કરી આપે નહી તો, તે બસ નથી—"કોર્નવા લ વી૦ સાંનડર્સ; હંટ વી૦ અંડરયુશ, લેગ વી. પાર્ડો, કાસ કાફ્ટ વી૦ ગીબ્શના ઠરાવો આર વી૦ નનલેના કામમાં ઠરાવવામાં આવ્યું છે કે દાવો સાચી રીતનો હોવો જોઈએ. અને તે દાવો સાચી રીતનો છે કે આમસ્તો કરવામાં આવેલો છે તે જુરીને ઠરાવવાનું છે—આર વી૦ હંટશ વર્થનો ઠરાવ તથા પીઝ વી૦ કલેકટરના ઠરાવો જુઓ.

આર વી૦ ગ્રાંડલાંન્ડના કામમાં જે હક બતાવવામાં આવેલો તે સાચી રીતે બતાવવામાં આવેલો તે કારણથી ઠરાવ કરવામાં આવ્યો હતો, માટે તે આમારા વીરૂધ નથી, આર વી. બર્નબીના કામમાં ઠરાવવામાં આવ્યું છે કે જે કાંમમાં મીલકત ઉપરના હકની તકરાર હોય તે કામમાં સારો પ્રખ્યાત ઇંગરેજી નીયમ એવો છે કે જષ્ટીશોની સંક્ષેપ રીતે અમલ કર વાની હકુમત છે તે રહેતી નથી. આ ઠરાવથી અમારી તકરારને હરકત થતી નથી.

ચાર્ટર વી૦ ગ્રીમનો ઠરાવ છે તે "દવેશ બુધીથી પ્રવેશ કરવાના, આકટ" પ્રમાણેનો છે, અને તેમાં હાલની બાબતમાં કાંઇ શબંધ નથી. હોલ્ટ ચીફ જષ્ટીશ સાહેબે "રે", ૯૦૧ મે પ્લેડરનો ઠરાવ બતાવેલો છે તે ઉપરથી ખુલું જણાય છે કે તે જષ્ટીશોએ અઘટીત હેતુથી વર્ત્યા હ- તા. વળી આર વી૦ હારપરનો ઠરાવ જુઓ.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છેઃ—

ઇંગરેજી "લા" નો એવો નીયમ છે કે હક બાબતના જે કામમાં સાચી રીતે દાવો રાખવામાં આવે તે કામમાં જષ્ટીશોને સંક્ષેપ રીતે કાંમ કરવાની હકુમત છે તે રહેતી નથી. આ વીશેનો ઠરાવ કોઇ આકટ ઉપર નથી, પરંતુ તે સ્ટાટયુટના ઠરાવ પ્રમાંણે જષ્ટીસો કાંમ કરે તે વખતે હકની તકરાર કરવામાં આવે તોપણુ તેમણે કાંમ કરતાં બંધ પડ- વું નહી અેવુ માલુમ પડતુ ના હોય તો ગુનહા સબંધી આકટોનો અમલ કરવામાં આ એક શરત ઉતપન થાય છે.

સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે ફરી ત-

માસમાં આ કોરટે ઠરાવેલું છે કે તે કાયદાની કલમ ૫૨૧ જે હાલના કાયદાની કલમ ૧૩૩ ના જેવી હતી તે પ્રમાણે જે ધોરી અગર જાહેરાંત રસ્તો કહેવામાં આવેલો હોય તે સબંધી ખાનગી હકનો દાવો કરવામાં આવે તો તે કલમ ૫૨૧ અને તે નીચેની કલમો પ્રમાણે માંજીસ્ત્રેટે હુકમ કરવો નહી જોઇએ પરંતુ કલમ ૫૩૨ પ્રમાણે કામ ચલાવવું જોઇએ કે જેથી આવા ખાનગી બાબત જે સખશે દાવો કરયો હોય તેને તે શવાલની યોગ્ય રીતે તપાસ કરાવી નીરણય કરવાનો લાગ મળે. કારણ કે તે કાયદાની કલમ ૫૨૬ પ્રમાણે ચાલતા તે માજીસ્તરેટ અગર જુરીની તે મીલકત ઉપરના હક બાબતનો નીરણય કરવાની ફરજ નથી.—ચંદ્રનાથશેન વીગરેના ઠરાવો.

હાલના કાયદાની કલમ ૧૪૭ જે કલમ ૫૩૨ સાથે મળતી છે તેનો અમલ ઘણી મરીયાદા સાથે રાખવામાં આવેલો છે. કારણ કે જે કામોમાં સુલેહનો ભંગ થાય તેવા સંભવની તકરાર હોય તે કામો સબંધી તેછે. પરંતુ કલમ ૧૩૩ ના શબ્દો કે જે જુના કાયદાની કલમ ૫૨૧ સાથે મળતા છે તેમાં કાંઇ આવો ફેરફાર કરવામા આવ્યો નથી. કે જેથી તે જુના કાયદાની આ કલમો ઉપરના ઠરાવો હાલના કાયદાની તે કલમોને લાગુ થાય નહી અને તે ઠરાવો પ્રમાણે આ કોરટે ઠરાવ્યું છે કે જ્યારે હાલના કાયદાની તે કલમો પ્રમાણે માજીસ્તરેટ કામ ચલાવે અને તેમાં હકનો સાચી રીતે દાવો બતાવવામાં આવે ત્યારે માજીસ્તરેટે હુકમ કરવો નહીં. પરંતુ જો પક્ષકાર દીવાની કામ ચલાવી તે સાબેત કરી શકતો હોય તો તે કામ ચલાવવાને તેને પરવાનગી આપવી જોઇએ. જે કારણના આધારથી આ ઠરાવો કરવામાં આવેલા છે તે એવા છે કે હકના તકરારી સવાલો વીશે તપાસ કરવાનો તે કાયદાના ૧૦ મા બાબમાં કાંઇ ઠરાવ નથી. અને આ વાત સાચી રીતે ઉતપન કરેલા સવાલો દીવાની કોરટની મદદ લેવી ન પડે. અને સંક્ષેપ રીતે આ ખરી ચુકવંવામાં આવે એવો કાયદા કરનારનો ઇરાદો છે એમ ઠરાવી શકાતું નથી. આ ઠરાવો જેમ ઇંગરેજી ઠરાવો માજીસ્ત્રેટોની હકુમત ઉપર જાય તેમ ખરી રીતે જતા નથી. પરંતુ આ કોરટે ફરી તપાસમાં ઠરાવ્યું છે તે પ્રમાણે ઇંગરેજી નીયમના આધાર પ્રમાણે ચાલતાં માજીસ્ત્રેટે પોતાના અખત્યારનો કેવી રીતે અમલ કરવો જોઇએ તે રીતી ઉપરના છે. આ કોરટના ફુલબેંચે સુનીલાલ વીરૂધ રામકીશન સાહુના કામમાં હકના શવાલ દીવાની કોરટની રૂબરૂ કેવી રીતે લાવી શકાય તે વીશે ઠરાવ કરવાનો છે તે બાબતનો ફેંસલો થોડી મુદતમાં આપવાનો છે આ કામોમાં તે કામનો ઠરાવ થતાં સુધી ફેંસલા આપવાના બંધ રાખેલા છે.

આ કામમાં પ્રતીવાદીએ તકરારી જમીન ઉપર પોતાનો હક બતાવેલોછે. એવી રીતે કે તે જમીન ઉપર થઇને કોઇ લોકોનો અગર લોકોના ભાગનો કાંઇ રસ્તાનો હક નથી.

જયારે આવો સવાલ સાચી રીતે ઉતપન કરવામાં આવ્યો છે ત્યારે તે કાયદાની આ કલમો પ્રમાણે માજીસ્તરેટે હુકમ કરવો નહી જોઇએ. પરંતુ તે સવાલનો દીવાની કોરટથી નીરણય થવાને લાગ આપવો જોઈયે.

તોપણ તે હકનો દાવો આવી રીતે લાગ મળવાને સારૂ સાચી રીતે કરેલો જોઈએ અને હકુમતને હરકત કરવાને ફકત ઢોંગ તરીકે નહીં જોઇએ માટે તે સાચી રીતે છે કે અગર ઢોંગ તરીકે છે તે માજીસ્તરેટે કહેવાનું છે. આ બાબતનો નીરણય કરતાં તે દાવો સાચી રીતે નથી એમ હકીકત વીરૂધ માજીસ્તરેટ અલબત ઠરાવ કરી શકતા નથી. પરંતુ તેમણે પોતાને ઠરાવ કરવાનો વ્યાજબી અને સંભવીત કારણ હોવું જોઇએ કે જે બાબત હાયકોરટ ફરી તપાસ કરી શકે. તોપણ માજીસ્તરેટની રૂબરૂના સંક્ષેપ રીતીના કામમાં હકના સવાલનો નીરણય થવો નહી જોઇએ એવો જે નીયમ છે. તે એવી શરતની સાથે છે કે પ્રતીવાદીએ તેવી રીતની હરકત સુનાવણી પહેલાં અગર સુનાવણી વખતે લીધેલી જોઇએ. અને વીચારની સાથે તેણે જે કામ ચાલવા દીધું હોય તે કામના પરીણામમાં હરકત લેતાં પાછળથી તેને શાંભળી શકાતો નથી.

અલબત જો પ્રતીવાદી શપસ્ટ રીતે કબુલ કરતો હોય કે તે હુકમની યોગ્તાના સવાલનો વીચાર કરવામાં આવે અને તેની સાથે હકના સવાલનો વીચાર કરવામાં આવેતો પછી તે માજીસ્તરેટની રૂબરૂ અગર પાછળથી આ કોરટમાં ફરી તપાસમાં તે હરકત લઇ શકતો નથી. જે દીવાની કામમાં તે પાછળથી પોતાનો હક ઠરાવવાને માગે તેમાં સદરહુ પ્રમાણે કરેલા હુકમનો કેવી રીતે અસર થાય તે વીશે અમે અહીંયાં કાંઇ કહેતા નથી—મોતીરામ સાહુ વીરૂધ મોહીલાલરથના કામમાં જસ્ટીસ પ્રીઅડ સાહેબે ઠરાવ કરયો છે તે જુઓ. હકનો દાવો સાચી રીતે કરવામાં આવ્યો છે કે નહી તેનો નીરણય કરતાં તે દાવા વીસે કાંઇ કારણ બતાવેલું હોવું જોઇએ અને પોતાના હકનું કાંઇક વ્યાજબી કારણ છે એવી માજીસ્તરેટની ખાતરી પ્રતીવાદી કરી આપે નહીંતો તે બસ નથી. તે શીવાય કેવા વીચાર પ્રમાણે માજીસ્તરેટે ચાલવું તે વીશે કાંઇ સામાન્ય નીયમ ઠરાવવાને કોશીશ કરવી એ નીરભય નથી. તે દાવો એવી રીતનો હોવો જોઇએ કે તે કાયદેસર છે એમ માલમ પડે અને (પાલેમાંથી બે ઇંગરેજી ઠરાવો બતાવતાં) તેથી જો કે એક નદીમાં વાહાણ ચાલતું નહી હતું. તે નદીમાં સાર્વજનીક માછલાં પકડવાના હકનો દાવો રાખવામાં આવેલો અને

પછી જો કે તે નદીમાં ભરતી ચડતી હતી અને ઉતરતી હતી. અને તે સબંધી દાવો હોતતો તે બસ થાત. પણ તેવો દાવો નથી માટે હકુમતને હરકત કરવાને પ્રતીવાદીને પરવાનગી આપવામાં આવેલી નથી.

* * * *

આ સામાન્ય વીચારો બતાવીને હાલ અમારી રૂબરૂ જે કામ છે તે વીશે અમારો ફેંસલો કહી બતાવીએ છીએ. અમે જે કહેલું છે તે ઉપરથી જણાશે કે માજીસ્ત્રેટે આ કામમાં સરસમાં સરસ ફેંસલો જ્યારે હકનો દાવો રાખવામાં આવેલો હોય ત્યારે તે દાવાના સાચાપણા વિશે માજીસ્તરેટની અભીપ્રાય બાંધવા વીશેની યોગ્યતા સબંધી આપેલો છે તેમાં જે વીચારો બતાવેલા છે તે બરોબર છે એમ અમારી નજરમાં આવે છે. અમારી નજરમાં આવે છે કે આવા કામોમાં તેમની ફરજનો આ એક જરૂરીઆત ભાગ છે. અને આ કામમાં અમારા અભીપ્રાયમાં આવે છે કે માજીસ્ત્રેટનો ઠરાવ જે એવો છે કે હકકનો જે દાવો રાખવામાં આવેલો છે તે એવો સાચી રીતનો નથી કે જેથી તેમને તે હુકમ કરવાને અટકાવ થાય, અને તે ઠરાવથી અમે જુદા પડી શકતા નથી. માજીસ્ત્રેટની રૂબરૂ જે હકીકત હતી તે તમામ હકીકતનો તથા પ્રતિવાદીઓના લાંબી મુદતના કબજાનો તથા હકકનો પુરાવ નથી તે વીશેનો વીચાર કરતાં (મોરેસી દસ્તાવેજ હતો નહીં માટે તે રજુ થઇ શકતો નથી.) થોડી મુદત ઉપર સુધી વાપરનો પુરાવ છે માટે તે ગામના પક્ષકારોની વચ્ચમાં તકરાર ઉત્પન્ન થવાથી પ્રતીવાદીઓના કૃત્યોનો કેટલો ખુલાસો થાય છે અને તે તમામ બાબતોનું આ સવાલનો નીરણય કરવાને વજન કરવાનું છે અને માંજીસ્ત્રેટની રૂબરૂ જે હકીકત હતી તે પ્રમાણે માજીસ્તરેટે જે એવો નીશ્ચે કરેલો છે કે તે હકકનો દાવો સાચી રીતે રાખવામાં આવેલો નથી. તે વ્યાજબી છે એમ ઠરાવવાને તે હકીકત બસ છે, માટે આ રેફરંસવાળો હુકમ અમે કાયમ રહેવા દેઇએ છીએ. તોપણ અમે એટલું કહીએ છીએ કે તે વીશેનો પુરાવ નથી તો પણ જો કે પ્રતીવાદીઓએ પોતાના હકકનો દાવો સાબેત કરેલો હોય એમ જણાતું નથી. તોપણ જો ખરી રીતે તેમનો હકનો દાવો હોય તો જો તેની મરજીમાં આવે તો તે દીવાની કોરટની મદદ માગી શકે છે. એમ મુનીલાલ વીરૂદ્ધ રામકીશન શાકુના કામનો ઠરાવ ફુલબેંચ આવતા અઠવાડીઆમાં આપવાના છે તે ઉપરથી માલમ પડશે. ફુલબેંચ તે ઠરાવ કરે અને તે છપાય ત્યારે તે ઠરાવની એક નકલ આ કામના કાગળો જીલ્લા જડજ તરફ પાછા મોકલતી વખતે રાખવી.

હુકમ મંજુર રાખવામાં આવ્યો.

અસલ ફોજદારી મુકરદમો.

તા૦ ૧૧ મે સને ૧૮૮૮.

જસ્ટીશ વીલસન સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂદ્ધ મેહેરઅલી મલીક વીગરે.

પુરાવ—તપાસ ચાલતાની દરમ્યાનમાં તોહોમતવાળાએ પોલીસની રૂબરૂ કહેલી હકીકત—કબુલતો (આડમીશનસ.)—કબુલનો (કંનફેસન્સ)—પ્રવીણ શાક્ષીની શાહેદી—વૈદકી શાક્ષીઓની શાહેદી—પ્રવીણ શાક્ષીઓનો અભીપ્રાય કેવી રીતે કઢાવવો—પુરાવ આક્ટ (સને ૧૮૭૨ નો ૧ લો] ની કલમ ૨૫-૨૬-૨૭-૪૫.

પોલીશની રૂબરૂ એક તોહોમતવાળાએ હકીકતો કહી તેના ઘણા ભલાઓ તે તોહોમતવાળાની વીરૂધ પુરાવમા દાખલ કરવા લાયક છે અને દાખલ કરવા લાયક નથી એમ ઠરાવવામાં આવેલું છે.

એક દાકતરે લાશ જોએલી નહીં અને તે લાશની તપાસ કરવાને પંચ નીમવામાં આવેલા હતા. પછી તે લાસની તપાસ કરવામાં જે દાક્તર હતો તેના અભીપ્રાયને પુષ્ટી કરવા સારૂં સદહુ દાકતરને બોલાવ્યો. અને તેણે મોતનું કારણ પોતાના વીચારમાં આવ્યું તે કહેલું છે, તો તે પ્રવીણ શાક્ષી તરીકે પોતાના અભીપ્રાયનો પુરાવ આપવાને લાયક છે. આવો અભીપ્રાય કઢાવવાની યોગ્ય રીતી એવી છે કે પંચે લાશની તપાસ કરી તે વખતે તેમણે જે ચીન્હો જોએલાં તે તેમણે બતાવવા અને જાણે તે ખરી રીતે હાજર હોય અને તે જોએલાં હોય તે પ્રમાણે વીચાર કરીને તેનો અભીપ્રાય માગવો.

પાનું ૫૮૯. તા૦ ૪ એપ્રીલ સને ૧૮૮૮ના રોજ પાર્ક સ્ટ્રીટમાં દોવેટન યંગ લેડી જે ઇનસ્ટીટયુશનમાં એક ગોડાઊનમાં એક હરીનું ખુન કરયા બાબત મેહેરઅલ્લી મલીક, ભટો, અને તુરાબ એ ત્રણ બંદીઓ ઉપર આ કામમાં આરોપ રાખવામાં આવેલો છે.

એ ત્રણે તોહોમતવાળાઓ તે ઇનસ્ટાટયુશનમા નોકરો છે તેમાં ખાનશામા છે અને બે ખીજમતદારો છે. ફરીઆદ તરફનો પુરાવ ફકત હકીકતનો છે. મરનારની લાસ જગરનાથ ઘાટ ઉપર એક પેટીમાં દોરડાથી બાંધેલી તે સાંજે માલમ પડી હતી અને તેની ગરદન ઉપર એક ફાટુ ઘોતીયું હતું તે વીંટેલું હતું. અને ફરીઆદ તરફની હકીકતના એક ભાગમાં એમ બતાવવામાં આવ્યું છે કે તેને ફાંસો દેઈ મારી નાંખવામાં આવેલો છે અને તે ફાંસો આ લુગડાના દોરડાથી દીધેલ હતો. તે

તપાસ ચાલતાની દરમ્યાનમાં તે સખસનું મોત કેવી રીતે થયું તે નક્કી કરવા સારૂં તા૦ ૫ મી એપ્રીલના સવારમાં પોલીશ દોવટન ઇનસ્ટીટ્યુશનમાં ગઈ અને તે તપાસ ચાલતાની દરમ્યાનમાં તુરાબે કેટલીક હકીકત કહેલી છે, તથા મરનારનાં પેહેરેલાં લુગડાં તથા તેની પાસે એક છતરી હતી તે છતરી તથા મેહેરઅલ્લી પાસેથી અમુક નાણાં લેવાનું બીલ હતું કે જે બીલ તા૦ ૪ થાના રોજ હરી પોતાની સાથે દોવટન લેઇ ગયો હતો. તે બીલ પોલીશની રૂબરૂ રજુ કરેલું છે એમ કહેવામાં આવેલું છે. જે વખતે આ હકીકત કરવામાં આવી તે વખતે મેહેરઅલીને પકડેલો હતો પરંતુ બીજા બે તોહોમતવાળામાંથી એકના ઉપર તે ખુન બાબત કાંઇ શક રાખવામાં આવ્યો નહીં હતો અને તેમને પકડવામાં આવ્યા નહીં હતા."

તપાસ ચાલતાની દરમ્યાનમાં આ હકીકતો ફરીઆદ તરફથી પુરાવામાં રજુ કરવાને માગવામાં આવ્યું તે હકીકતો નીચે પ્રમાણે નીચેની હકીકતથી કહેલી છે. પોલીશના એક સુપ્રીનટેન્ડેન્ટે પોતાની શાહેદી આપતાની દરમીયાનમાં કહ્યું છે કે જે ગોડાઉનમાં તે ખુન થયેલું કહેવામાં આવેલું તે ગોદાઉનમાં હું ગયો ત્યારે મેં તુરાબને ત્યાં જોયો. અને મેં તેને પુછયું કે તમે આગલે દીવશે હરીને જોયો હતો કે કેમ. તુરાબે શું કહ્યું એવું તેગને પુછતાં બચાવ તરફના કાંનસલે હરકત લીધી. તે હરકત ના મંજુર કરવામાં આવી. પછી તે શાક્ષીએ કહયું છે કે "તુરાબ ચુપ રહયો. અને મેં ફરીથી તે સવાલ પુછયો ત્યારે તેણે કહયું કે આગલે દીવસે બપોરે હરી તે મકાનમાં આવ્યો હતો પરંતુ તે કયારે ગયો તેની મને ખબર નથી."

પછી તે શાક્ષીએ કહયું છે કે હું તે ગોડાઉનમાં બીજા સખસોની સાથે ગયો, અને તુરાબને પોતાની પેટી ખાલી કરવાને કહ્યું તે ઉપરથી બંગાળી સદરહુ બીલ તુરાબે રજુ કરયું, અને હકીકત કહી. બચાવ તરફના કાંનશલે આ હકીકતના પુરાવની બાબત ફરીથી હરકત લીધી. જે હકીકત શાબેત કરવાને માગવામાં આવેલું છે. તે નીચેની મતલબની છેઃ—

સાહેબ માહારે કાંઇક તમને આપવાનુંછે. મેહેરઅલ્લીએ ગઇ કાલ સાંજરે આ કાગળ પોતાને સારૂં રાખી મુકવાને મને આપ્યોછે."

હરકત લેવા ઉપરથી તે સવાલ પુછવા દેવામાં આવ્યો નહીં અને તે પૂરાવ દાખલ કરવા લાયક છે કે નહીં. તે સવાલ નામદાર સાહેબે મોકુબ રાખ્યો.

તે શાક્ષીએ પોતાની તપાસમાં પાછળથી કહ્યું છે કે તે બીલ રજુ કરયા પછી તુરાબે એક બીજી હકીકત કહી હતી તેથી તેને પુછવામાં આવ્યું કે તે હકીકત શી હતી.

આ શાક્ષીની જુબાની માજીસ્તરેટની રૂબરૂ લખી લેવામાં આવેલી છે અને જે ઉપર તેને તપાસવામાં આવ્યો હતો. તે નીચે પ્રમાણે છે.—

"તુરાબે કહ્યું છે કે હરી ગઈ કાલે બપોર પછી એક વાગે આવ્યો હતો. હરી તથા હું અને ભટો મેહેરઅલ્લી આ ઓરડીમાં બેશી તેનો હીસાબ જોતા હતા તે વખતે હરી કોલેરાથી શીખ થયો. તેથી તેને ચે ન પડવાને તે ત્રણ વખત બાહાર ગયો. અને પાછો આવીને બેઠો તે વખતે તેની તથા મેહેરઅલ્લીની વચ્ચમાં ગુસ્સા ભરેલા શબ્દોની બોલ ચાલ થઇ હતી. વળી તેણે બીજી હકીકત કહેલી છે."

બચાવ તરફના કાંશલે આ સવાલ પુછવાની ફરીથી હરકત લીધી અને કહયું કે તુરાબની કહેલી તમામ હકીકત બતાવવામાં આવી નથી. અને શાક્ષીએ કારોનરની રૂબરૂ જુબાની આપેલી છે તેમાં કહેલી તેની તે હકીકત વધારે સંપુરણ રીતે લખી લેવામાં આવી છે, તે બતાવી અને તકરાર કરી કે જો તે હકીકતનો એક ભાગ દાખલ થાય તો તમામ તે દાખલ થવી જોઇએ. આ સાક્ષીએ કારોનરની રૂબરૂ જુબાની આપેલી છે. તેમાં નીચે પ્રમાણે લખી લેવામાં આવેલી છે.

"તુરાબે કહયું છે તે મરનાર હરી આગલે દીવશે આવ્યો હતો તો તે કોલેરાથી ઘણો માદો થયો અને ત્રણ વખત ઝાડો થયો અને ત્યારપછી ફ નીસાનના બંગાળી બાલના હીસાબ સબંધી તકરાર થઇ અને હરીએ મેહેરઅલીની ઓરતને ગાળો દીધી તે ઉપરથી મેહેરઅલીએ હરીનાગળા ઉપર ધકો મારયો તેથી હરી પાછળ પડી ગયો અને બેભાન થયો અને તે ઓરડીની પચ્છીમ તરફ બીજું ખાનું છે તેમાંથી એક પેટી લાવવાને મેહેનત કરી અને અમોએ તે લાશ તે પેટીમાં નાંખવાને અજમાવ્યું તે ઘણી મોહોટી હતી તેથી તે પેટીમાં બેસતી આવવાને સારૂ તે લાશને અગાડે બાંધવી પડી. અને તે લાશ ઉપર એક ચાદર ઓરાડી તે વાશી. અને પછી તાપડાથી તે પેટી ઢાંકી અને તેના ઉપર દોરડુ બાંધ્યું તે પેટી સાંજ સુધી રહેવા દીધી અને સાંજરે છ વાગે તે મેહેરઅલીએ એક મજુર બોલાવી તે ઇનસ્ટીટયુસનનું જે નાહાનું બારણું ફરી સ્કુલના મેહેલ્લામાં પડેછે તે બારણે થઇને તે પેટી તેની પાસે ખસેડાવી.

આ હકીકતનો પૂરાવ દાખલ કરવા લાયક છે કે નહીં તેની તકરાર જયુરી જાય ત્યાંસુધી બંધ રાખવામાં આવી હતી. ફરીઆદ તરફથી કામ ચલાઉ સ્ટાંડીગ કાંશલ મી૦ પુગ.

મેહેરઅલી તરફથી મી૦ ગ્યાસપર
તુરાબ અને બટો તરફથી મી૦ લાલમોહન ગોજ.

મીગપુગ—તુરાબે. જે હકીકત કહેલી છે તે પુરાવમાં દાખલ કરવા લાયક છે કારણ કે તેવી વખતે તેને પકડવામાં આવેલો નહીં હતો અને વળી તેના વીરૂધના કામમાં તે પુરાવ અગત્યની રીતે લગતો છે પૂરાવ આકટની કલમો આ બાબતમાં જે લગતી છે. તે કલમ ૨૫-૨૬ અને ૨૭ છે પરંતુ તે કલમોમાં "કંનફેસનસ" એ શબ્દ વાપરવામાં આવેલો છે તેના હેતું પ્રમાણે આ હકીકત નથી. "આડમીસનશ" તે કંન" ફેસનશ નથી અને પૂરાવ આકટમાં તેની જુદીવ્યવસ્થા કરવામાં આવેલી છે. માહારાણી વીરૂદ્ધ મ્યાકડોનલનો ઠરાવ મારા લાભમાં છે અને તે ઠરાવ પ્રમાણે કેસરેહીંદ વીરૂધ દેવીપ્રસાદના કામમાં ચાલવામાં આવેલું છે. પોલીસ અમલદારની રૂબરૂ જે ફકત કંનફેસનસ કરવામાં આવેલી હોય તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી માટે જે કહેલી હકીકત ઉપરથી તે કંનફેસનસ થતી ના હોય તો તે કહેલી હકીકત બીજી રીતે દાખલ કરવા લાયકછે. ઇંગલાંડમાં આવી હકીકતો દાખલ કરવાનો હમેશાં રીવાજ છે.— માહારાણી વીરૂધ ગ્રીનેકર. તે હકીકતો તોહોમતવાળાએ કહેલી તે તેમના બચાવ તરીકે બતાવવામાં આવેલી છે, અને તે સાચાપણા વીરૂદ્ધ છે એવું બતાવવાને સારૂં ફરીઆદ તરફથી તેનો ઉપયોગ કરવામાં આવે છે તે કાંઇ કંનફેસન્સ તરીકે બીલકુલ રજુ કરવામાં આવી નથી માટે તે સબંધમાં આ હકીકતોનો ઉપયોગ કરવાને હું દરખાસ્ત કરૂંછું.

મી૦ ગ્યાસપર—તુરાબે જે હકીકત કહી છે કે "સાહેબ માહારે તેમને કાંઇક આપવાનું છે. મેહેરઅલ્લીએ આ કાગળ ગઈ કાલે પોતાને સારૂં રાખી મુકવાને મને આપ્યો હતો."—તે હકીકત સંપુર્ણ રીતે કોઇ પ્રકારની હરકત થાય તેવું નથી. આ વીશે હું આપ નામદાર સાહેબનો વખત લેતો નથી.

આ બાબતમાં ઇંગ્લાંડમાં જે કાયદો ચાલું છે તે મી૦ પૂગના બતાવ્યા પ્રમાણે છે તે વીશે હું કાંઇ તકરાર કરતો નથી. પરંતુ અહીંયાં તો આપણે પુરાવ આકટ પ્રમાણે ચાલવાનું છે અને તે આકટમાં આ બાબત ઇંગરેજી લાથી ઘણો જુદો ઠરાવ કરવામાં આવેલો છે. તુરાબે બંગાળી હીસાબનો કાગળ રજુ કરીને જે હકીકત કહેલી છે તે વીશે હું કાંઇ હરકત લેતો નથી પરંતુ બીજી હકીકતો તમામ ઇરાદા અને કારણસર કબુલતો ઈયાને કંનફેસનસો છે અને તે કંનફેસન્સ સાધારણ રીતે જે હેતુથી કબુલ કરવામાં આવે છે તે હેતુ પ્રમાણે પણ તે જુદી પાડી શકાય તેવી નથી. એડમીશનસ અને કંનફેસન્સની વચ્ચમાં કાંઇ ભેદ

ગુરાવ આકટમાં કરવામાં આવેલો નથી એવી તકરાર કરવાને હું તૈયાર થએલો છું. કલમ ૧૭ થી ૩૧ સુધી એડમીશન્સ (દીવાની રાહની કબુલતો) ની વ્યવસ્થા કરવામાં આવેલી છે અને જે કલમોમાં પેહેલી ૨૪ મી કલમ છે તેમાં સ્વતંત્ર રીતે ફોજદારી કામોની કબુલતો વીશે વ્યવસ્થા કરવામાં આવેલી છે.

(જસ્ટીશ વીલસન સાહેબ—એડમીસન્સ (દીવાની રાહની કબુલતો) અને કંનફેસન્સ (ફોજદારી કબુલતો] બે એકજ છે એમ કહેવાને કાંઇ આધાર છે કે સું.)

મી० ગ્યાસપર—કેસરેહીંદ વીરૂદ્ધ પધારીનાથનો ઠરાવ છે, તેમાં ઠરાવવામાં આવ્યું છે કે પોલીશ અમલદારની રૂબરૂ પોતાનો બચાવ કરવાને માટે હકીકત કહેવામાં આવી હોય પણ તેથી ગુન્હો બને તેવી હકીકતની કબુલત થઇ શકે છે માટે કંનફેસન્સ કલમ ૨૫ અને ૨૬ પ્રમાણે દાખલ કરવા લાયક નથી.

(જસ્ટીશ વીલસન સાહેબ—તે કામના ઠરાવ ઉપરથી એડમીસન્સ અને કંનફેસન્સ એકજ છે એવું ઠરાવવાને બસ થતું નથી)

મી० ગ્યાસપર—તે સવાલ વીશે એક બીજો ઠરાવ છે તે માહારાણી વીરૂદ્ધ હરીબોલ ચંદ્રગોજનો છે અને તે કામમાં જે પ્રકારની હકીકત કહેવામાં આવી હતી તે પ્રકારની હકીકત યુન સાહેબની ક્રીમીનલ ડાઇજેસ્ટને પાંને ૩૧૦ મે માલમ પડે છે. વળી માહારાણી વીરૂદ્ધ મ્યાકડોનલ્ડનો ઠરાવ તે કામમાં બતાવવામાં આવેલો છે. ખરો સવાલ આ કામમાં એવો છે કે ફરીઆદ તરફથી જે મુદ્દાની હકીકત સાબેત કરવાની જરૂર છે તે હકીકતની કબુલત તે હકીકતમાં છે કે નહીં. જો તે હકીકત તેમાં હોય તો તેથી કંનફેસન્સ એટલે ફોજદારી કબુલત થાય છે અને તે દાખલ કરવા લાયક નથી. માટે હું તકરાર કરૂં છું કે જે હકીકત વીશે હું હરકત લેઉછું તે તેવી છે માટે તે દાખલ થવી નહીં જોઈએ.

મી० પુગે જવાબ આપ્યો—મી० ગ્યાસપર જે તકરાર કરે છે તેનો કાંઇ આધાર નથી. કંનફેસન્સએ ગુન્હાની કબુલત છે અને તે કબુલત કરનારે પોતાને નીકળી જવાના હેતુથી ફકત કહેલી છે અગર મી० જસ્ટીશ સ્ટીફન સાહેબના શબ્દો વાપરતાં "તોહોમતવાળા સખસે હરકોઇ વખતે પોતે ગુન્હો કરયો એવું કહયું હોય અગર તે કરયા બાબત અનુમાન કરવાની સુચના થતી હોય તેવી કંનફેસન્સ દાખલ કરવા લાયક છે." માહારાણી કેસરેહીંદ વીરૂધ બાબુલાલનો ઠરાવ જુઓ.

જસ્ટીશ વીલસન સાહેબ—(બીજે રોજ સવાર સુધી તે સવાલનો વીચાર કરવાને વખત લેઇને)—અમારો એવો નીશ્ચે થાય છે કે તુરાંબે

પોલીસને તે કાગળ આપ્યો. તે વખતે જે હકીકત કહેલી તે વીશેનો પુ-રાવ આપી શકાય છે પરંતુ જે બીજી હકીકતો સાબેત કરવાને માગેલી છે તે વીશેનો પુરાવ આપી શકાતો નથી.

પોલીસ સરજંટ દાકતર મેકેનજીને તપાસની દરમીઆનમા મોતના કારણ વીશે શાક્ષી આપવાને બોલાવવામું આવ્યા હતા અને તેમણે પોતાની સાહેદીમાં તે લાશનો તપાસ કરતી વખતે જુદા જુદા ચીન્હો અને દેખાવો માલમ પડેલા તે કહેલું છે અને પોતાના અભીપ્રાયમાં ફાસો દેવાથી તે મોત થએલું છે એમ બતાવેલું છે. બચાવ તરફના કાંશલે આ અભીપ્રાય વીશે તકરાર કરી છે અને જે પ્રમાણે મોત થયું કહેવામાં આવ્યું છે તે પ્રમાણે ન મોત થયું નથી એવું બનાવવાને દાકતર મેકેનજીની તેમણે ઉલટ તપાસ કરેલી છે. ત્યારપછી ફરીઆદ તરફથી એક બીજો શાક્ષી દાકતર મેકલીઓડ જે લાશ તપાસતી વખતે હાજર નહીં હતા અને જેમને માજીસ્તરેટની રૂબરૂ બોલાવવામાં આવેલી નથી. તેમ આ કામ સાથે તેમને કાંઈ નીસબત નથી તેમન બોલાવવામાં આવેલા છે. અને તે દાકતર મેકેલીઓડને શું સાબેત કરવા સારૂ બોલાવવામાં આવેલા છે તે હકીકત પ્રથમથી બચાવને બતાવવામાં આવેલી છે.

દાકતર મેકલીઓડને શાક્ષી પુરાવની જગાએ રજુ રાખતા દાકતર મેકેનજીએ તે લાશનો જે દેખાવ કહેલો તથા તેમણે જે ચીન્હો લાશની તપાસ કરતી વખતે જોએલાં કહેલું છે તે તેમને બતાવવામાં આવેલા છે અને આ હકીકત ઉપરથી મોતના કારણ વીશે તેમનો અભીપ્રાય પુછેલો હતો.

મી० ગ્યાસપરે તે સવાલમાં હરકત લીધી.

મી० ગ્યાસપર—આ સવાલ પુછી શકાતો નથી. આવો સવાલ ફક્ત હકીકત કબુલ કરવામાં આવી હોય ત્યારે પુછી શકાય છે અને તે સવાલ તદ્દન વૈદકશાસ્ત્રને લગતો છે. અહીંયા હકીકત કબુલ કરવામાં આવી નથી. આર વીરૂધ રાઇલ મ્યાગનાટનનો ઠરાવ.

(જસ્ટીશ વીલશન સાહેબ—આ બેઉ કામોમાં શાક્ષીને જે સવાલ પુછવામાં આવ્યો હતો તેમાં પુરાવના સાચાપણાની બાબત હતી. તે કામોમાં આ કામના જે સવાલ ઉતપન થાય છે તે ઉતપન થએલો નથી. શેગણીસાંગ વીરૂધ કેસરેહીંદનો ફક્ત ઠરાવ આ કોર્ટમાં માહારા જાણવામાં છે અને તેમાં આ કામમાં જે સવાલ ઉતપન થએલો હતો તેજ ઉતપન થયો હતો.)

તે કામનો ફેંસલો જો સંભાળથી વાંચવામાં આવે તો તે મારા લાભનો છે અને વળી કોર્ટે દાકતર શોને બોલાવેલા હતા. અને પુરાવ આકટ

પ્રમાણે સાક્ષીને કોર્ટ હરકોઇ સવાલ પુછી શકે છે. આવી જાતનો સવાલ ઉતપન થાય એવો એકે ઠરાવ નથી. અને લાશ તપાસતી વખતે જે દાકતર હાજર ના હોય તેનો તકરારી હકીકત વીશે અભીપ્રાય માગવામાં આવે એવો એકે દાખલો નથી. અહીંયાં આપણે. પુરાવ આકટની કલમ ૪૫ પ્રમાણે ચાલવાનું છે. અને આ કામમાં દાકટર મેકલીઓડ જે સાહેદી આપી શકે છે તે પ્રવીણ સાક્ષી તરીકે આપી શકે છે. અને તે શાસ્ત્રના સવાલ સબંધી ફકત અભીપ્રાય આપી શકે છે. આ શાક્ષીને ફકત એવો સવાલ થઇ શકે છે કે ફાંસો દેવાથી મોતનાં હમેશાંનાં ચીન્હો કેવાં હોય છે અને જે સવાલ પુછવામાં આવેલો છે તે પુછી શકાતો નથી.

જસ્ટીશ વીલસન સાહેબે પોતાના કામના ભાગીઆઓમાંના એક ભાગીઆની સલાહ લેવાને ઉઠયા પછી અને મી૦ ન્યુગને પુછયા વીના ઠરાવ્યું કે તે સવાલ પુછી શકાય છે એમ અમારી નજરમાં આવે છે.

ફોજદારી ફરી તપાસ

તા૦ ૪ જુલાઇ સને ૧૮૮૮

શર. ડબલ્યું. કોમર પેથીરામ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ તોટનહામ સાહેબોની રૂબરૂ.

ગંગા ચંદ્રસેન વીગરે (અરજદારો) વી૦ ગોરચંદ્ર બાનીકયા (સાંમાવાળો)

સાપ્રાધ ધમકી—પીનલકોડ (સને ૧૮૬૦ ના આ૦ ૪૫ ની કલમ ૫૦૩

પીનલકોડની કલમ ૫૦૩ માં જે ધમકી બતાવવામાં આવેલી છે તે જે સખસોના મનને તેથી અસર કરવા સારૂ આપેલી અથવા આપવાના ઇરાદાથી બોલવામાં આવેલી હોય એવી જોઇએ.

પાનુ ૬૭૧ આ કામમાં એક ગોરચંદ્ર બાનીકયાએ કેદીઓની ઉપર પીનલકોડની કલમ ૫૦૩ પ્રમાણે ગુનહો ૧૨૯૪ ના આગ્રાનની તા૦ ૨૮ મીના રોજ કરયાનો આરોપ રાખવામાં આવેલો છે.

તે કામના પુરાવ ઉપરથી એવું માલુમ પડેલું છે કે ત્રણ તોહોમત વાળા જે તાલુકદારો છે તેમના એક સાંથે રાખનાર પાસેથી ખેડુત હક ગોરચંદરે ખરીદ કરેલો હતો. તોહોમતવાળાએ આ વેચાંણની બાબતમાં હરકત લીધી, અને ફરીયાદીને એવી ધમકી આપી કે જો તે જમીન છોડી દેવામાં નહી આવે તો, તેને માર મારવામાં આવશે તથા તેનું ઘર

બાળી નાંખવામાં આવશે. ૧૨૯૪ ની આગ્રાનની તા૦ ૨૮ મીના રોજ જે વખતે અમુક સખસોની રૂબરૂ આવી ધમકી તોહોમતવાળાએ આપેલી તેથી આ ગુનહો બનેલો છે. તે બાબત તે સખસોએ તે બાબતની જુબાની આપેલી છે, અને વળી એવી જુબાનીઓ આપેલી છે કે તે વખતે ફરીયાદી હાજર નહી હતો. જે સાહેદી તે સખસોએ આપેલી છે તે ઉપરથી તોહોમતવાળાનો ઇરાદો તે ઉપાયોગમાં લીધેલી ધમકીની ખબર ફરીયાદીને કરવી જોઇએ, એવો કોઇ રીતે હતો એમ જણાતું નથી. આ ગુનહાની સાબેતીનો ઠરાવ શેશન જડજે મંજુર રાખેલો છે. પરંતુ શીક્ષા કમી કરી છ માસ આસાન કેદની શીક્ષા તેઉએ કરેલીછે.

આ હુકમો શા વાસ્તે રદ કરવા નહી જોઇએ તેનુ કારણ બતાવવાને ફરીયાદી ઉપર તે કેદીઓએ હુકમ કરાવ્યો.

આ હુકમની પુષ્ટીમાં બાબુ અંબીકાચર્ણ બોસ (તેમની સાથે બાબુ અખ્બીલચંદ્રસેન) એવી તકરાર કરી છે કે તે ફરીયાદીની રૂબરૂ ધમકી આપવામાં આવેલી નથી, માટે તોહોમતવાળાને પીનલકોડની કલમ ૫૦૩ પ્રમાણેના ગુનહાના ગુનેહગાર ઠરાવી શકાતા નથી.

ડીપુટી લીગલરી મેમબ્રનશર (મી૦ કીલબી) કારણ બતાવવાને હાજર થયા. ચીફ જષ્ટીશ પેથીરામ સાહેબઃ—હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૩ અને ૫૦૬ પ્રમાણેના ગુનાહની શાબેતીના ઠરાવની એટલે તે કલમોના હેતુ પ્રમાણે ફરીયાદીને ધમકી આપ્યાના ગુનહા બાબતની સાબેતીના ઠરાવની ફરી તપાસ કરાવવાનેઆ હુકમ કરાવવામાં આવેલો છે. તે તોહોમત ૧૨૯૪ના આચાનની તા૦૨૮ મીના રોજ તેને ધમકી આપ્યાના આરોપનું છે. અને તે આરોપના આધારમાં બે સાક્ષીઓને બોલાવવામાં આવેલા છે તેમણે તે પ્રસંગે શું બનેલું તે કહેલું છે.

તે કામની હકીકત અહીંયાં સુધી આવી છે કેઃ—તોહોમતવાળાની જમીનદારીની [illegible] ખેડુત એક ફરીયાદીએ ખરીદ કરેલો હતો, અને તોહોમતવાળાને તે ત્યાંહાં આવ્યો તે ગમ્યુ નહી અને તે સાક્ષીઓએ જે કહેલું છે તે ઉપરથી દેખીતું છે કે તેઓએ પોતાની તે અણગમતી બાબત કહી બતાવી હતી. બે સાક્ષીઓએ કહયું છે કે અમો તે રોજ તોહોમતવાળાને ઘેર હતા તે વખતે તેમનો "પીદો" આવ્યો અને કહયું કે તમે બધુ કરયું પણ ફરીઆદી હજુ તે જગો ઉપર છે અને તે જમીન ઉપરની "પાડી" લેઇ જાય છે, તે ઉપરથી તોહોમતવાળાએ કહયું હતું કે અમેતેને માર મારીને તેનું મકાન બાળી નાંખીશું. આ બાબત સાચી છે એમ ધારતાં સવાલ એ છે કે તે કલમના હેતુ પ્રમાણે તે ધમકીછે કે નહીં. કલમ ૫૦૩ માં તે ગુનાહની વાખ્યા બતાવવામાં આવી છે તેના શબ્દો

એવા છે કે.

"જે સખસ કોઈ બીજા સખસને તેના શરીરને આબરૂને અથવા મીલકતને કાંઇ નુકશાન કરવાને અથવા જેની સાથે તે બીજા સખસને સબંધ હોય તેના શરીરને અથવા આબરૂને કાંઇ નુકશાન કરવાને ડર દેખાડે એવા ઈરાદાથી કે તે સખસને ગભરાટ પેદા થાય અગર તે ડર અમલમાં ન આવે એટલા માટે જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે સખસ કરે અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામાં તે સખસ કસુર કરે તેણે સાપરાધ ધમકીનો ગુનોહ કરયો એમ સમજવું."

ખુલ્લું છે કે તે ગુનાહમાં મુખ્ય તે કલમમાં બતાવેલી વાખ્યા પ્રમાણે જે સખસને ધમકી આપવામાં આવી હોય તે સખસના મનને ધમકી આપ્યાનો અસર કરવાને ઇરાદો જે રાખવામાં આવેલો હોય તે છે, અને તેવીજ રીતે ખુલ્લુ છે કે તેના મન ઉપર કાંઇ અશર થઇ શકે તે પેહેલાં જે સખસે ધમકી આપી હોય તેણે તે સખસને આપેલી જોઇએ અથવા કાંઇ રીતે તેને તેની ખબર આપેલી હોવી જોઇએ. આ કામમાં જેને ધમકી આપવામાં આવેલી તેને જાતે દેવામાં આવેલી હતી એવી સુચના કરવામાં આવી નથી જે હકીકત બનેલી છે તે બધામાં તોહોમતવાળાઓના ઘરમાં તોહોમતવાળાઓ અમે જે શબ્દો બતાવેલા છે તે બોલેલા હતા. એક રીતે આ શબ્દોથી ઘણી ખરાબ મતલબની ધમકી થાય છે, પરંતુ તે જોતાં પુરાવ નથી, અને ફરીઆદીના મનમાં અસર થાય તે સારૂ તે શબ્દોની ફરીઆદીને ખબર આપવી જોઇએ, એવો તેમનો ઇરાદો હતો એવો બીજો કાંઇ પુરાવ નથી. આ કલમથી જે ગુનાહની વાખ્યા બાંધવામાં આવી છે તે સાબેત કરવા પુરાવ ઘણો કમી છે એમ અમારી નજરમાં આવે છે, કારણ કે જેને ધમકી આપવામાં આવે તેના મનમાં અશર થાય તે પ્રમાણે તોહોમતવાળાને તેની ખબર કરવાના ઇરાદાથી તે આપવામાં આવી હતી એવી જોઇએ. એમ અમારા અભીપ્રાયમાં આવે છે. આ કામમાં તે ધમકીની તે ફરીઆદીને ખબર કરવી જોઇએ, એવો તે તોહોમતવાળાનો ઇરાદો હતો, એવું બતાવવાને કાંઇ પણ નથી. ફરીઆદીને પોતાનેજ બોલાવવામાં આવેલો છે .અને તેણે આ ધમકી કોઈ વખતે પણ સાંભળી હતી અગર તેની તેને ખબર કરવામાં આવી હતીએવું તે કહેતો નથી. આવી હકીકત છે, તેથી અમારી નજરમાં આવે છે કે આ કલમ પ્રમાણે ગુનહો કરયા બાબત કાંઇ પુરાવ નથી, માટે તે હુકમ કાયમ રાખવો જોઇએ.

હુકમ કાયમ રાખવામાં આવ્યો.

ફોજદારી રેફરંસ

તા૦ ૧૮ મી મે સને ૧૮૮૮

મી૦ જસ્ટીસ વીલસન તથા મી૦ જસ્ટીસ નોટનહામ

સાહેબોની રૂબરૂ

ધીહુ વીગરે (ફરીઆદીઓ) વી૦ દીનોનાથ દેબ ઉરફે દીનું વીગરે (તોહોમતવાળા)

ફોજદારી કામમાં અપીલ—જાનવર પ્રવેશના આકટ (સને ૧૮૭૧ ના ૧ લા) ની કલમ ૨૨—જાનવરને કાયદા વીરૂધ પકડવાં તે.

સને ૧૮૭૧ ના આકટ ૧ લાની કલમ ૨૨ મી પ્રમાણે જાનવરને કાયદા વીરૂધ પકડવાથી કંપનશેશન આપવાનો હુકમ કરવામાં આવેલો હોય તે ઉપર અપીલ ચાલતી નથી.

માહારાણી કેશરેહીંદ વીરૂધ રાજા લક્ષમાના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું.

પાનું ૭૧૨ આ કામમાં તોહોમતવાળા ઉપર એવો આરોપ રાખવામાં આવ્યો હતો કે ફરીઆદીનાં જાનવર તેઓએ ખોટી રીતે પકડેલાં હતાં તેથી સીલહેટના હાનરેરી માજીસ્ટ્રેટ જાનવર પ્રવેશ આકટ (સને ૧૮૭૧ ના ૧ લા) ની કલમ ૨૨ પ્રમાણે તેમનો દંડ એવી રીતે કરવામાં આવ્યો કે દીનોનાથના રૂ. ૨૦ અને ગોપાના રૂ. ૧૫) કરવામાં આવ્યો અને તે ફરીઆદીને કંપનશેશન તરીકે આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

તોહોમતવાળાએ ડીપોટી કમીસનરને અપીલ કરી, તેથી તેઓએ આ જીએરે કરેલો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કર્યો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે આ કોરટમાં સીલહેટના શેશન જડજે આ રેફરંસ કરયું, એવા કારણથી કે ડીપુટી કમીશનરની હકુમત વીના તેઓએ આ હુકમ કરેલો છે, અને અપીલ સાંભળવાનો અમને અખત્યાર નથી. તે જડજે માહારાણી કેશરેહીંદ વી૦ રાજાલક્ષમાનો ઠરાવ બતાવ્યો છે, તેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે આવા કામમાં કાંઇ અપીલ ચાલતી નથી.

રેફરંસ વખતે કોઇ હાજર નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

માહારાણી કેશરેહીંદ વીરૂધ રાજાલક્ષમાના કામનો ઠરાવ મુંબાઇ હાઇ કોરટે કરેલો છે તે શેશન જડજે બતાવ્યો છે તે પ્રમાણે અમારે ચાલવું જોઇએ, એમ અમારી નજરમાં આવે છે, તેથી ડીપુટી કમીશનરના

ઠરાવ ઉપર અપીલ ચાલતી નથી. અને તેમનો હુકમ રદ કરી ફરમાવીએ છીએ કે અસલ કોરટનો હુકમ પાછો કાયમ રાખવો.

ફોજદારી અરજી.

તા૦ ૧૫ અગષ્ટ સને ૧૮૮૮

મી૦ જષ્ટીશ ઓકીનેલી અને મી૦ જષ્ટીશ રેમ્પીની સાહેબોની રૂબરૂ.

દીન તારીણી દેબીની અરજીના કામમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૮૨ ના આ૦ ૧૦) ની કલમ ૫૦૩—"પરદાનસીન" સ્ત્રી—કમીશનથી જુબાની લેવી—કોરટમાં પોતાનું હાજર થવું.

એક હીંદુ, સ્ત્રીના ઉપર તોહોમતદાર તરફથી સમન કાઢવામાં આવ્યાથી તે બાઈએ, હું પરદાનશીનછુ, તેથી મારી જુબાની એક કમીશન અગાડી લેવી જોઇએ અને હીંદુઓની મંડળીમાં ફોજદારી કોરટમાં હાજર થવાને ફરજ પાડે એવો હુકમ અમલમાં લાવવાથી મારી આબરૂ અને સ્થીતીને હરકત થાય એવો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૦૩ પ્રમાણે અરજી કરી.

ઠરાવવામાં આવ્યું કે આવી અરજી તે કલમ પ્રમાણે બરોબર કરેલી છે અને એ કામની હકીકત પ્રમાણે જે હુકમ મળવાને અરજી કરી છે તે હુકમ કરી શકાય છે.

પાનું ૭૭૫ જે હકીકત ઉપરથી ઠરાવ કરવામાં આવ્યો તે નીચે પ્રમાણે છેઃ—

ચીફ પ્રેસીડન્શી મેજીસ્ત્રેટે જે ચાર માણસોને તેમની રૂબરૂ ઠગાઇની કોસીશ કરવાનો ગુનોહ કરયાનું તોહોમત મુકવામાં આવ્યું હતું તેમને તે ગુનોહ કરયાનુ તોહોમત ફરમાવ્યાથી તેમાંના એકે પોતાની તરફ સાક્ષીને વાસ્તે એક દીનતારીણી નામની એક બામણી તીખવાના ઉપર સમન કાઢવાને અરજી કરી. તે સમન વખતસર કાઢવાથી તે બાઇને તા૦ ૭ અગષ્ટને રોજ પોહોચાડવામાં આવ્યો હતો. તેથી તા૦ ૮ અગષ્ટને રોજ એવી અરજ કરી કે તેઉ સાહેબની કોરટમાં મારે આવવું ન પડે અને મારી સાહેદી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૦૩ પ્રમાણે મારી સાહેદી લેવાને એક કમીશન કાહાડવું જોઇએ એવો હુકમ થવાને અરજી કરી. આ અરજીને ટેકો આપવામાં એમ કહેવામાં આવ્યું હતું કે તે બાઇ લોકોમાં જાય આવે નહી એવા રીવાજવાળી એક પરદાનશીન છે. અને કલકતેથી ૩૭ માઇલને છેટે ગવરદગા ના

મનુ એક પોતાનુ ગામ છે તેમાં રહેછે અને તે બાઇના ચીફ પ્રેશીડન્શી માજીસ્ત્રેટની કચેરીમાં આવવાથી જે કલમ પ્રમાણે તે બાઇએ અરજી કરેલી છે તે કલમમાં જે જાતની અગવડતા બતાવામાં આવેલી છે તે અગવડતા તે બાઇને થાય. અને અરજદાર તરફથી એમ વધારે કહેવામાં આવેલું હતું કે જો આવી અરજ મંજુર કરવાને માજીસ્ત્રેટ સાહેબને દુરસ્ત ન લાગે તો તે બાઇ કલકતે આવવાને તઇયાર છે અને એક ઘર તે બાઇ ખાસ જુબાની આપવાનેજ વાસ્તે લેશે તે ઘરમાં જો માજીસ્ત્રેટ સાહેબ હવે પછી જે દહાડો તે બાઇની જુબાની લેવાને વાસ્તે નકી કરવામાં આવે તે દહાડે મેહેરબાની કરીને પધારશે તો તે બાઇ જુબાની આપવાને હાજર થશે.

માજીસ્ત્રેટ સાહેબે જે હુકમને વાસ્તે અરજ કરવામાં આવી હતી તે હુકમનામાની અથવા તેને બદલે જે બીજી અરજ કરવામાં આવી છે તેને બદલે બીજી જે અરજ કરેલી તે મંજુર કરવા ના પાડી.

તે અરજદારે તા૦ ૯ અગષ્ટને રોજ હાયકોરટને (મી૦ જષ્ટીશ વીલસન અને મી૦ જષ્ટીશ. રેમપની સાહેબ) અરજ કરી કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે ચીફ માજીસ્ત્રેટના ઉપર, ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૦૩ પ્રમાણે મારી જુબાની લેવાને વાસ્તે એક કમીશન કેમ કાહાડવું નહી જોઇએ. તેનું કારણ બતાવવાને હુકમ થવો જોઇએ. ખરેખરા ખાતરી પુરવક વચનો જે ઉપર અરજી કરવામાં આવી છે તે નીચે પ્રમાણે છે:—

"૨૪ પરગણાના જીલામાં બારા સ્ટેટના તાબાનું ગામ ગોવદગા જે કલકતાના ચીફ પ્રેશીડન્શી માજીસ્ત્રેટની કોરટથી ૩૭ માઇલ દુર છે ત્યાંની અરજદાર રેહેવાશી છે.

આપની અરજદાર એક સારી સ્થીતીવાળી અને પોતાની જમીનદારી માંથી અને ૫૦૦૦ રૂપીઆ કરતાં વધારે બીજી ઉપજ ઉપર ગુજરાન ચલાવતી એક પરદાનશીન બાઇ છે. અને આપની અરજદારને બીજા માનવંતા જમીનદારોની સાથે સબંધ છે અને હીંદુઓની રીતભાત અને તેમના રીવાજ પ્રમાણે લોકોમાં આવતી જતી નથી.

આપની અરજદાર આજદીન સુધી કોઇ દહાડો કોઇપણ ઠેકાણે ઇનસાફની કચેરી દીવાની અથવા ફોજદારીમાં એકેમાં જુબાની આપવાને અથવા કોઇ બીજા કારણ માટે હાજર થઇ નથી અને જો આપની અરજદારને ઉપર કહેલા ચીફ પ્રેસીડેન્શી માજીસ્ત્રેટ સાહેબની કચેરીમાં હાજર થવાને જરૂર પાડવામાં આવશે તો મારી નાત જાતમાં મારી આબરૂ હમેશને વાસ્તે જશે.

૧૮૯૬

"આપની અરજદારને કલકતાની ચીફ પ્રેશીડેન્શી માજીસ્ટ્રેટની કચેરીમાં હાજર થવાને જરૂર પાડવામાં આવે તો મારી સ્થીતીના માણસોમાં અને જે નાતની હું છુ તે નાતમાં એક જાતનું એવું માનભંગ સહન કરવું પડશે કે પછીથી તેને વાસ્તે આપની અરજદાર કાંઇ કરસે નહી. અથવા તો કોઇ પણ રીતે દુર કરી સકસે નહી અથવા ફેરવી શકશે નહીં. માજીસ્તરેટે જે સમન કાઢેલા તેની ખરી નકલ આ અરજીની સાથે અ નામની નીશાનીથી લગાડેલી છે તે હુકમ બરોબર રીતે અમલમાં લાવીને આવી માન ભંગતાનો અનુંભવ લેવાના જોખમમાં પડવામાં આપની અરજદારની અરજ એછે કે મારા કોઇપણ ગુનાહથી નહી પણ મારા કમનશીબથીજ મેં જેમ કહ્યું છે તે પ્રમાણે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૦૩ માં બતાવ્યા પ્રમાણે અગવડ પડશે તેમજ વળી મને આ અરજીમાં હવે પછી જે અરજ કરેલી છે તે અરજ પ્રમાણે દાદ મળવાનો મારો હક થાય છે."

એ અરજી ઉપર હાયકોરટે (મી૦ જસ્ટીશ વીલસન અને મી૦ જસ્ટીશ રેમ્પીની સાહેબ) નીચે પ્રમાણે ઠરાવ કરયો.

"આ કામમાં અમે શમજી શકીએ છીએ તે પ્રમાણે કે તે સ્ત્રીને કોરટમાં જુબાની આપવા જરૂર પાડવી એ અમને મોટી ઇજા માલમ પડે છે. સેહલો રસ્તો તો એ છે કે આ સ્ત્રીને કોરટમાં હાજર થવાની જરૂર ન પાડવી એવો હુકમ કેમ ન થાય તેનું કારણ બતાવવાને માજીસ્તરેટ ઉપર હુકમ કરવો અને તે કારણ તેઉ સાહેબે એક પત્ર લખી અમને બતાવવું. અમે માજીસ્તરેટને કહીએ છીએ કે જો કે જે કરવાને તે માગે છે કે તે કલકતે આવે અને યોગ્ય જગાએ જુબાની આપે એટલે કોરટમાં આપે કીંવા નહી તો અમારે તેણીને હાજર થવાની ફરજ પાડવી નહી જોઇએ. માટે આવી હકીકતને લીધે માજીસ્તરેટને એવી ગોઠવણ કરવી જોઈએ કે તેણીની તપાસ તોહોમતવાળાની રૂબરૂ થાય અને તેણીને ખુલી કોરટમાં આવવાની હરકત પડે નહીં.

"અમે એવું કહીએ છીએ કે માજીસ્તરેટ આ બાબતમાં કેવી ગોઠવણ કરવાને માગે છે તે અમને જણાવવી જોઇએ. અને તે ગોઠવણ એવી યોગ્ય લાગશે કે જેથી બીજો હુકમ કરવાની જરૂર પડશે નહી એમ થશે એ વીશે શક રહેતો નથી."

આ હુકમ હાલ શુનાવણી ઉપર આવ્યો છે.

સરકાર તરફથી એડવોકેટ જનરલ (સર ચાર્લસપાલ.)

અરજદાર તરફથી મી૦ રેલી, ડાકતર ગુરૂદાસ બાનરજી અને બાબુ સુરેન્દ્રનાથદાસ.

ચીફ પ્રેસીડેનશી માજીસ્ટ્રેટે હાય કોરટ ઉપર એક પત્ર લખેલો છે તેમાં તેમણે તકરાર કરેલી છે કે માજીસ્તરેટ પોતાની કોરટ શીવાય સાક્ષીની જુબાની કમીશનથી અગર બીજી રીતે લે એવો હેતુ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાનો નથી અને હાય કોરટ આ નીયમમાં કાંઇ નવી બાબત ઠરાવે તો તેથી જે કાંઇ ખરચ અને અગવડતા પડે તે ઘણી થાય. અને ફોજદારી કોરટોમાં આવી જાતની અસંખ્યાત અરજો થવાને ઉતેજન મળે તે માજીસ્તરેટે વળી કહયું છે કે આ અરજદાર દેખીની રીતે વારંવારગોવરદંગા અને કલકતાની વચમાં મુસાફરી કરેછે. અને તે સ્ત્રી ઉચી પદવીને પોહોચેલી નથી. અને કોરટમાં હાજર થઈ પાલખીમાં જુબાની આપવાનો હક તેણીને મળેલો છે અને તેવો રીવાજ માજીસ્તરેટની કોરટમાં હમેશાં ચાલતો આવેલો છે.

આડવોકેટ જનરલ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૩ તમામ લોકો પુરૂશ હોય કે સ્ત્રી હોય તેમની પદવી અગર સ્થીતી નહી જોતાં લાગુ થાય છે. અને કામની હકીકત એ શબ્દોમા આવી જાય તેવા સાક્ષીની સ્થીતીને લાગુ થાય છે. પરંતુ સાક્ષીઓના હક અને છુંટાપણાને લાગુ થતી નથી. માટે તે પડદા નશીન સ્ત્રીને લાગુ થતી નથી. તેણીની હકીકતનો આધાર જે સામાન્ય કાયદા ઉપર મારી મળવાનો જે આધાર રાખે છે તે ઉપર રહેવું જોઇએ. આ મારી હાયકોરટની યાદદાસ્ત પ્રમાણે પોતાની ફોજદારી હકુમતમાં અગર પોલીસ કોરટમાં આપવામાં આવેલી નથી. કોરટે સાક્ષીની જુબાની સાંભળવી એવી શરત ફોજદારી તપાસમાં હમેશાં જરૂરની ગણવામાં આવેલી છે. અને કોઇ સ્ત્રી ન્યાયની કોરટમાં પાલખીમાં આવી પાલખીમાંથી જુબાની આપે તેમાં કાંઇ વીચારમાં લેવા લાયક અગવડ પડે એમ ધારવામાં આવેલું નથી. અરજદાર કહે છે કે મને ફોજદારી કોરટમાં પેસવાને ફરજ પાડવામાં આવે તેથી [illegible]સ્થીતીને નીચી પાડી થાય. પરંતુ આવા માનવાપણાને ઉતેજન નહી આપવાને કોરટે સંભાળ ભરેલા રેહેવું જોઇએ. કોરટે આવું માનવાને અગર તર્કને ઉતેજન આપવું નહી જોઇએ કારણ કે ઘણી આબરૂદાર દેશી સ્ત્રીઓએ કોરટમાં પાલખીમાંથી જુબાનીઓ આપેલી છે.

અરજદાર તરફથી મી૦ રેલી—અગવડ શબ્દ જે પડદા નશીન સ્ત્રી કોરટમાં હાજર થવાને પોતાને વાસ્તવીક રીતે દુખ થવાનું કારણ બતાવી શકે તેને લાગુ થાય છે એમ ઠરાવવામાં આવેલું છે—ફરીદુનનીશાની અરજીનું કામ જુઓ. વળી હરોસુંદરીની અરજીનું કામ જુઓ. આ દુઃખ તે ફકત આનાકાનીને લીધે હોય. પરંતુ દેશી લોકો હાલ આવા વીચારને માટે ભારે ખજાનો રાખે છે. કાયદા કરનારાઓએ દીવાની કોરટો

માં હાજર થવામાંથી કેટલાક સખસોને માફી આ શમજ કબુલ કરીને સ્પષ્ટ રીતે આપેલી છે અરજદાર આ કામમાં કાંઇક શાખનવાળી એક બાઇ સ્ત્રી છે અને તે પોતાની હરકતનું સાચાપણું બતાવવાની સાબેતીમાં કમીશન કાહાડતાં જે ખરચ થાય તે ખરચ આપવાને ખુશી છે.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

શ્રીમતી દીન તારીણીદેબીએ આ અરજી "કરી એવું માગેલું છે કે માહારી જુબાની કમીશનથી લેવી જોઇએ. અને કાયદાની કલમ ૫૦૩ પ્રમાણે કોરટમાં સોગન ઉપર મને તપાસવી નહી જોઇએ." તેણીએ પોતાની અરજીમાં એવું બતાવેલું છે કે હું એક પરદાનસીન બ્રામણીછું. અને કબુલ કરેલી આબરૂવાળા કુટંબની સાથે સબંધવાળીછું અને મારી પાસે ઘણી મીલકત છે અને જેમ કોરટમાં આગળના કામોમાં મને ફરજ પાડવામાં આવી નથી. તેમ કોરટમાં હાજર થવાને ફરજ પાડવી નહી જોઇયે. તે અરજી ઉપરથી કારણ બતાવવાને હુકમ કરવામાં આવેલો છે. અને કલકતાના પ્રેસીડેનશી માજીસ્તરેટે અને સરકારે કારણ બતાવેલું છે. સરકાર એવી હરકત લેછે કે તે સ્ત્રીએ પોતાની અરજીમાં કહયુંછે કે ખુલ્લી કોરટમાં હું હાજર થાઉ તેથી માહારી આબરૂને નુકશાન પોહોંચે અને આડવોકેટ જનરલે એવી તકરાર કરી છે કે આવો નીયમ કોરટ કબુલ કરે તે ચાલી શકે તેવો નથી. બેશક તે શબ્દો હરકત ભરેલા છે. અને ફકત કોરટમાં હાજર થવાથી આબરૂને હરકત થાય એ કબુલ કરવું અશક્ય છે. પરંતુ આટલા ઉપરથી તે કામનો નીકાલ થાય છે એમ અમારી નજરમા આવતું નથી.

બેશક આવી અરજીઓ કલમ ૫૦૩ પ્રમાણે મંજુર કરવામાં આવે છે અને તે એવા નીયમથી મંજુર રાખવામાં આવે છે કે કામ ચલાવવાની રીતીમાં લોકોની રીતભાત વીચારમાં લેવી જોઇએ. વીદવાન પ્રેશીડેન્સી માજીસ્તરેટે એવું કારણ બતાવેલું છે કે કોરટમાં પાલખીમાં સ્ત્રીઓને તપાસવામાં હમેશાંનો રીવાજ છે. પરંતુ બરોબર રીતે તે સવાલ નથી. સવાલ એ છે કે તેમની કોરટમાં પરદાનશીન સ્ત્રીઓની બાબતમાં કોઇ વખત કમીશન કાહાડવામાં આવ્યું છે કે નહી. આ બાબત તેમણે કાંઇ કહયું નથી. વળી તેમણે કહયું છે કે આ સ્ત્રી ગોવર દંગાથી તે કલકતા સુધી મુસાફરી કરેછે. પરંતુ તે ખુલી રીતે કરેછે તે વીશે તેમણે કાંઇ કહયું નથી. માટે તે વીદવાન માજીસ્તરેટે જે કારણ બતાવ્યું છે તે પ્રમાણે આવા કમીશનો જે કારણથી કાહાડવામાં આવે છે તે કારણોને તેમની કહેલી હકીકત ઉપરથી કાંઇ હરકત થાય છે એમ જણાતું

નથી. તે અરજનો પ્રકાર તથા તે બાઈએ કલકતામાં માજીસ્તરેટની કોરટથી વધારે દુર નહી એવું મકાન પોતાની જુબાની બઇ શકાય તેવું લીધેલું છે તથા કોઇ સખશને કાંઇ અગવડ પડી શકે તેવું નથી. અને વળી કમીશનનું ખરચ તે બાઈએ આપવાની ખુશી બતાવેલી છે. અને બચાવ તરફથી ખુલી કોરટમાં તેણીને તપાસવાને જરૂર રાખવામાં આવી નથી તે જોતાં આ હુકમનો અમલ શાવાસ્તે કરવો નહી જોઇએ. તેનું કારણ અમારા શમજવામાં આવી શકતું નથી.

વળી અમે ફરમાવીએ છીએ કે કલકતામાં કમીશન કાહાડવાથી જે ખરચ થાય અને જે નીચેની કોરટમાં માજીસ્તરેટને બાંજબી અને યોગ્ય લાગે તે આપવાને અરજદારે કબુલ કરેલું છે. તે આપવાને તે બંધાએલી છે